૩૮૮૨

ફોજદારી ડાઈજેસ્ટ.

સને ૧૮૬૨ થા ૧૮૮૭ સુધા.

મુંબઈ, મદ્રાસ, કલકત્તા અને અલ્હાબાદ હાઈકોર્ટો વિગરે

તમામ રીપોર્ટોનુ ગુજરાતીમાં

બનાવનાર

બાલાભાઈ નથુભાઈ કશુંબગર.

અમદાવાદ.

માણેકચોક આગળ કાગદીઓળની સામે "અમદાવાદ ટાઈમ્સ"
પ્રેસમાં કાળીદાસ સાંકળચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.

સંવત ૧૯૪૫—સને ૧૮૮૯.

કીંમત રૂ૮-૦-૦

પ્રસ્તાવના.

આવી જાતનું પુસ્તક ગુજરાતીમાં અદ્યાપી સુધી નહીં હોવાથી તેની પુરેપુરી ખોટ હતી અને તેથી ગુજરાતી જાણનારા ન્યાયાધીશો, વકીલો, મુખત્યારો તેમજ કાયદાના અભ્યાસીઓને તેની ઘણી જરૂર હતી તેથી તેવા મારા કેટલાક મીત્રો તરફથી મને સુચના થવાથી મેં આ પુસ્તક બનાવ્યું છે. આ પુસ્તકમાં સને ૧૮૬૨ થી સને ૧૮૮૭ ની સાલ સુધીના નીચે બતાવ્યા મુજબના તમામ ફેંસલાઓ દાખલ કરવામાં આવ્યા છે અને તે ઉપરાંત સને ૧૮૫૭ થી સને ૧૮૬૨ સુધીના કેટલાક રીપોર્ટોમાંથી મળી આવેલા ફેંસલા પણ દાખલ કીધા છે.

આગ્રાની હાઈ કોર્ટ—૩ વોલ્યુમ.
બંગાલા લો રીપોર્ટ—૧૬ વોલ્યુમ.
મુંબાઇ હાઈ કોર્ટના રીપોર્ટો—૧૨ વોલ્યુમ.
બર્કના રીપોર્ટો—૧ વોલ્યુમ.
કલકત્તાના લો રીપોર્ટો—૧૩ વોલ્યુમ.
હાઇડના રીપોર્ટો—૨ વોલ્યુમ.
ઈન્ડીઅન જ્યુરીસ્ટ નવા—૨ વોલ્યુમ.
,, જુના—૧ વોલ્યુમ.
ઈન્ડીઅન લો રીપોર્ટો કલકત્તા—૧૩ વોલ્યુમ.
,, મદ્રાસ—૯ વોલ્યુમ.
,, મુંબઈ—૧૦ વોલ્યુમ.
,, અલ્હાબાદ—૮ વોલ્યુમ.
મદ્રાસ હાઈ કોર્ટના રીપોર્ટ—૮ વોલ્યુમ.
મારશલના રીપોર્ટ—૧ વોલ્યુમ.
વાવ્યપ્રાતની હાઈ કોર્ટના રીપોર્ટો—૭ વોલ્યુમ.
વીકલી રીપોર્ટો—૨૮ વોલ્યુમ.

આ પુરતક રેફરન્સને માટે ઘણુંજ ઉપયોગી થાય તેવા હેતુથી જે જે ફેંસલાઓ રદ થઇ ગયેલા છે તથા જેના જેના ઉપર આધાર રાખવામાં અગર નજર રાખવામાં આવેલી છે તે તમામ ફેંસલાઓ જે ફેંસલાની અંદર આવી ગએલા છે તે ફેંસલાઓ નીચે બતાવવામાં આવ્યા છે.

આ પુસ્તકની ગોઠવણી અક્ષરવાર અને કાયદાના અર્થ પ્રમાણે કરવામાં આવી છે. જેમકે, "ક્રીમીનલ બ્રીચ ઓફ ટ્રસ્ટ એઝ પબ્લીક સરવન્ટ" એ ઇંગ્રેજી વાક્યનો ગુજરાતીમાં "સરકારી નોકરે કરેલો સાપ્રાધ વિશ્વાસઘાત" એવો અર્થ થાય છે. પરંતુ કાયદાના શબ્દો

પ્રમાણે જોવાને માટે સુગમતા પડે એવા સબબથી "સાપ્રાપ્ત વિશ્વાસઘાત સરકારી નોકરે કરેલો" એવી પદ્ધતીથી હેડીંગો મુકવામાં આવેલાં છે; માટે દરેક ફેંસલો કાયદાના ગુજરાતીમાં ઠરાવેલા અર્થ પ્રમાણે જોવાથી તરત મળી આવશે. કાયદાના કેટલાક ઈંગ્રેજી શબ્દો કે જે ગુજરાતીમાં સાધારણ રીતે વપરાય છે તે શબ્દોનો મુળ ગુજરાતી અર્થ નહીં મુકતા તે જ શબ્દો કાયમ રાખ્યા છે; પરંતુ "અપીલ" એ હેડીંગના ફેંસલાઓ "નીચેની કોર્ટના ફેંસલા સામે અરજી" એ હેડીંગ નીચે દાખલ કરી (અપીલ) એવું બતાવ્યું છે.

આ પુસ્તકની અંદર સને ૧૮૮૭ સુધીના સઘળા ફોજદારી ફેંસલાઓ આવી જાય છે તેમ છતાં કોઈપણ ફેંસલો રહી ગએલો તથા તેમાં કોઈપણ રીતની ખામી માલમ પડે તો તે દરગુજર કરતાં વાંચનાર.અમને જણાવવા તસ્દી લેશે તો તેમનો ઉપકાર માનવામાં આવશે.

દરેક ફેંસલો પક્ષકારના નામ ઉપરથી તરત જડી આવે એવા વિચારથી તેમના નામોની અક્ષરવાર અનુક્રમણીકા (ઈન્ડેક્ષ) પણ આ સાથે સામેલ કરી છે.

અમદાવાદના ફ. ક. સબોર્ડીનેટ જડજ રાવબાહાદુર ચુનીલાલ માણેકલાલ, ફ. ક. સીટી માજીસ્ત્રેટ ખાન બાહાદુર પી. એચ. દસ્તુર સાહેબ, પબ્લીક પ્રોસીક્યુટર રાવસાહેબ નરભેરામ રૂઘનાથદાસ તથા રા. વકીલ સાંકળચંદ રતનચંદ વોહોરા એઓએ આ પુસ્તક તપાસવાની તસદી લેઈ આ પુસ્તક વિશે પોતાના અભિપ્રાયો જણાવ્યાથી તેઓ સાહેબોનો હું ઘણો આભાર માનુ છું.

અમદાવાદ.
તા૦ ૧૨ મી સપટંબર
સને ૧૮૮૯

B. N. K.

દીવાન બાહાદુર મણીભાઈ જસભાઈ

વડોદરા

ગુજરાતી ભાષાની ઉન્નતિ માટે આપનો સ્વભાવિક પ્રેમ અને જુદા
જુદા લોકોપયોગી વિષયો પર નિબંધો રચાવી સારા લખનારા-
ઓને ઉતેજન આપી ગુજરાતી ભાષાના ભંડોળમાં નિરં-
તર વધારો થયેલો જોવાની આપની ઉત્કંઠા અને
કાયદા વિષે આપનો લાંબા વખતનો અનુભવ,
માહીતીપણું અને આવી જાતના પુસ્તકો વિ
ષેનો પ્રેમ તથા આપ સાહેબની મારા
ઉપર નાનપણથી પ્રીતીને લીધે
હું આપ સાહેબનું નામ
મારી સાથે જોડવાનું
યોગ્ય ધારૂં છું તે
સ્વીકારશો.

અમદાવાદ
તા૦ ૧૨ મી સપટેંબર સને ૧૮૮૯. } B. N. K.

આ પુસ્તક વિશે આવેલા અભિપ્રાયો.

આવી જાતનું પુસ્તક અદ્યાપી સુધી ગુજરાતીમાં કોઈએ કર્યું નથી તથા આવી જાતના પુસ્તકની જરૂર હોવાથી હું આશા રાખું છું જે આ પુસ્તક ગુજરાતી જાણનારા વકીલો, ન્યાયાધીશો, કાયદાના અભ્યાશીઓ તથા સરકારી નોકરો વિગેરેને ઘણુંજ ઉપયોગી થઈ પડશે. આ પુસ્તક મેં તપાસી જોયું છે તથા તેની અંદર અદ્યાપી (૧૮૮૭) સુધીના સઘળા ફોજદારી કેસો આવી ગયા છે અને તેની ગોઠવણી તથા ભાષામાં કોઇ રીતની ભુલ માલમ પુડતી નથી. તા૰ ૩૦ જુન સને ૧૮૮૮

Choonilal Maneeklal
ફ. ક. સબોર્ડીનેટ જડજ.
અમદાવાદ

Dear Sir,

The Digest of criminal cases, you have sent me, seems to be a very useful production; and I have no doubt that to those students & practitioners who are unacquainted with English, it will be an important book of reference.

Wednesday.
31-7-89.

Yours faithfully.
P. H. Dustur.
Ahmedabad.

પ્યારા સાહેબ.—

તમારી તરફથી આવેલુ ફોજદારી ડાઈજેસ્ટ નામનું પુસ્તક ઘણુંજ ઉપયોગી માલમ પડે છે, અને બેશક તે, ઇંગ્રેજી નહી જાણનારા કાયદાનો ઉપયોગ કરનારા (વકીલો, મુખત્યારો, ન્યાયાધીસો વીગેરે) અને કાયદાનો અભ્યાસ કરનારાઓને માટે ઘણુંજ અગત્યનું પુસ્તક થઇ પડશે.

બુધવાર, ૩૧-૭-૮૯.

પી. એચ. દસ્તુર.
ફરસ્ટ ક્લાસ સીટી માજીસ્ટ્રેટ
અમદાવાદ.

આ ગુજરાતી ફોજદારી ડાઈજેસ્ટ મી૦ બાલાભાઈ નથુભાઈએ કર્યો તેની બેશક ખોટ હતી. એવા પુસ્તક વના, ઈંગ્રેજી ના ભણેલા ન્યાયાધીશ, વકીલો, વીગેરેને એવા ફેંસલા જાણુંવાને સાધન નહોતું. ઉમેદ છે કે એ પુસ્તકની બોહોળી ખરીદી થઈ એવું પુસ્તક કરનારના આ પ્રથમ યત્નની મેહેનતનો બદલો મળે. આ પુસ્તકની રચના પણ એકાદ ઇંગ્રેજી ડાઈજેસ્ટના ધોરણ પ્રમાણે સારી છે. તા૦ ૧૫–૭–૮૯

નરભેરામ ફુલનાથદાસ
જડજ કોરટના વકીલ

આ ફોજદારી ડાઈજેસ્ટ જેવું પુસ્તક અદ્યાપી સુધી ગુજરાતીમાં કોઈએ બનાવ્યું નથી અને બેશક આવા પુસ્તકની ખોટ હતી તે ખોટ આ પુસ્તકથી પુરી પડશે એમ મારૂં ધારવું છે. આની અંદર સને ૧૮૬૨ થી તે સને ૧૮૮૭ સુધીના તમામ ફોજદારી ફેંસલાઓ આવી જાય છે, એટલુંજ નહી પણ દરેક ફેંસલામાં જે જે ફેંસલાઓનું રેફરન્સ થએલું તે તમામ ફેંસલાઓ તેની નીચે બતાવેલા છે તેથી આ પુસ્તક ઘણુંજ ઉપયોગી ગુજરાતી જાણનારા વકીલો, ન્યાયાધીસો, મુખત્યારો, તથા અભ્યાસીઓને પડશે. આ પુસ્તક મેં તપાસી જોયું છે, તેની ગોઠવણી તથા ભાષાંતરમાં કોઈ રીતની ભુલ માલમ પડતી નથી, ને તે ઈંગ્રેજી ડાઈજેસ્ટોની ઢબ પર થએલું હોવાથી તેની અંદરથી દરેક ફેંસલો ઘણી સહેલાઈથી મળી આવે છે.

તા૦ ૯–૯–૮૯

Sakalchand R. Vohra
Pleader.

ફોજદારી ડાઇજેસ્ટ.

ચારે હાઇકોર્ટોના તમામ ફેંસલાનું

સને ૧૮૬૨ થી સને ૧૮૮૭ સુધી.

અ

અગાઉથી ગોઠવેલી લડાઇ—
જુઓ ખુન ૧૫૫

અગાઉથી ગોઠવેલું બંડ—
જુઓ ખાનગી બચાવ. ૪

અગાઉથી ગોઠવેલો વિચાર—
જુઓ ખુન, ૬૬, ૬૮.

અચિંતિત હુમલો—
જુઓ ખુન, ૬૧.

અચિંતિત છાપો મારવો—
જુઓ, ખુન ૮૮.

અચિંતિત ખુન—જુઓ ખુન, ૪૮.

અટકાવ—
જુઓ હીબીઅસ કોરપસ.

૧ અટકાવ તોહોમતદારનો—

તોહોમતદારનો અટકાવ–ફરીથી પાછું મોકલવું–સને ૧૮૬૧ની સાલનો આક્ટ ૨૫ ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૪.,

પોલીસે તોહોમતદારને અનિયમીત વખત સુધી રોકી રાખ્યો, અને માજીસ્ટ્રેટે મંજુર રાખ્યું એ ગેરકાયદેસર છે. પકડવાના વખતથી ચોવીશ કલાક વીત્યા બાદ તેને માજીસ્ટ્રેટ પાસે લઈ જવો જોઈએ, અને માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૪, મુજબ તેને ફરીથી પંદર દીવશ, સુધી કેદમાં મોકલાવી શકે છે પણ તે મુદત ઉપરાંત મોકલાવી શકે નહી. ફરીથી કેદમાં મોકલવાનો લાંબી મુદત સુધી હુકમ રજુવાત કર્યા શીવાય થઈ શકે નહી. રાણી વી. સરકયાવાલાડ ધાકુ. ૫ મું. હા. કો. રી. ૩૧

(કામ ચલાઉ મુખ્ય જડજ મી૦ ન્યુટન અને જડજ મી૦ ટકરની રૂબરૂ તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૬૮).

રાણી વી. સરેંદ્રનાથના ફેંસલામાં આના ઉપર નજર રાખવામાં આવી હતી. ૫ મું. લૉ. રી. ૨૭૪ જુઓ કેદ. ૨

૨ અટકાવ તોહોમતદારનો—

ફરીથી પાછું મોકલવું.

સોગન ઉપર અથવા પ્રતીજ્ઞાપુર્વક પુરાવો લઈને ફરીથી કેદમાં મોકલવાનો હુકમ બરોબર રીતે કર્યા શીવાય કોઈપણ તોહોમતદારને માજીસ્ટ્રેટ કેદમાં રાખી શકે નહી. ગુલામદીન હુસેન અરજદાર ૨૫ વી. રી. ૮

(ગલોવર અને મીટરજડજોની રૂબરૂ તા૦ ૪–૧–૭૬.

મથુરાનાથ ચકરબતી વિ. હીરાલાલ દાસના ફેંસલામાં આના ઉપર આધાર રાખવામાં આવ્યો છે. ૧૭ વી. રી. ૫૫. જુઓ મોકુફી, ૨.

અટકાવ વરઘોડાનો—
જુઓ ગેરકાયદેસર મંડળી, ૧૨.
„ અપમાન કોરટનું. ૧૦, ૧૨.

,, આડો જવાબ દેવો.
,, નાપાડવી સવાલોના જવાબ દેવાની.

અડચણ—
જુઓ પાછુ ખેંચી લેવું ફરીયાદનું ૪.
,, તોડવો હુકમ સરકારી નોકરનો. ૩૮
,, પોલીસ. ૨૫.
,, જ્યુરી, ૭૯, ૮૬.
,, કબજો. ૧૨૬.
,, લોકોની ગંદકી, ૧૩, ૩૧, ૭૨, ૭૮, ૮૩, ૮૫, ૧૦૩.
,, કંપનસેશન, ૩૨.
,, મ્યુનીસીપાલ ગુન્હો, ૧, ૭

અડચણ સરકારી નોકરને.

૧ નાસી ગયેલા કેદીની પાછળ પડવું માજીસ્ટ્રેટોની હુકમત.

કેદખાનાના ઉઘાડા બારણામાંથી કેદીઓ નાસી ગયા હોય તે કેદીઓની પાછળ રહેવાના ઘરના બારણાં સુધી કોરટના સીપાઇઓ તેમની પાછળ જઈ શકે. કોઈ સરકારી નોકરને પોતાની સરકારી ફરજ બજાવવામાં અડચણ કરી હોય તે ગુન્હો માજીસ્ત્રેટો જે સરકારી નોકરને અડચણ કરી હોય તેની ફરીયાદ અથવા પરવાનગી શીવાય ચલાવી શકે નહી; જો તે સરકારી નોકર નીચી પંક્તીનો નોકર હોય તો, તેના ઉપરીની ફરીયાદ અથવા પરવાનગી જોઈએ. ડપ્યુપીન. વી. ચંદ્રોકંત ચોધરી અને બીજાઓ. ૩ વી. રી. ૬૮.

(મી૦ કેમ્પ અને મી૦ સેટનકાર ન્યાયાધીસોની રૂબરૂ ૨૮ મી અગષ્ટ સને ૧૮૬૫)

૨ પીનલકોડની કલમ ૧૮૬—ખાનગી ઘરોની માપણી—મુંબાઈનો આકટ ૧ સને ૧૮૬૫.

પીનલકોડની કલમ ૧૮૬ મુજબ કામ ચલાવી સીક્ષા કરેલી રદ કરી કારણ કે સને ૧૮૬૫ ના મુંબઈના આકટ ૧ મુજબ માપણી કારકુન તોહોમતદારનું ઘર માપવા આવેલો તેની જોડે જઈને પોતાનું ઘર તોહોમતદારે માપવા દીધું નહી તેથી સરકારી નોકરને સરકારી કામોમાં અડચણ કરયાનો ગુન્હો બનતો નથી.

સવાલ—સને ૧૮૬૫ ના આકટ ૧ ની કલમ ૧૧ મુજબ માપણીદારો ખાનગી મકાનોમાં માપવા પેશી શકે કે નહી? રાણી વી. ભકતીદાસ ભગવાનદાસ ૫ મું. હા. કો. રી. ૫૧.

(મી૦ ન્યુટન અને મી૦ ટકર ન્યાયાધીશોની રૂબરૂ ૧ જુલાઇ ૧૮૬૮)

૩ પીનલકોડ સને ૧૮૬૦ નો આકટ ૪૫ કલમ ૧૮૬—ખાનગી ઘરોની માપણી—સને ૧૮૬૫ નો આકટ ૧ મુંબઈ.

મોઆદારને પોતાની ફરજ બજાવવામાં અડચણ કરી તેથી પીનલકોડની કલમ ૧૮૬ મુજબ તોહોમત મુકવામાં આવ્યું તે રદ કર્યું કારણ કે મોઆદાર સરકારી નોકર છે એવું માનવાને કાંઈપણ કારણ નથી. જોયનાથ વિ. સુરજરામ ૮ વી. રી. ૬૬

(મી૦ જેકસન અને મી૦ હોબહાઉસ ન્યાયાધીસોની રૂબરૂ ૩ સપટંબર ૧૮૬૭)

૪ સરકારી અમલદારને ગાડાં આપવાની ના પાડવી—પીનલકોડ કલમ ૧૮૬.

ગાડાવાળાએ સરકારી અમલદારને ગાડા ભાડે આપવાની નાપાડી તેથી કરીને તે સરકારી નોકરને સરકારી કામમાં અડચણ કર્યાનો ગુન્હેગાર પીનલકોડની કલમ ૧૮૬ મુજબ નથી. રાણી વી. ધોરી કલ્લાણ. ૯ મું. હા. કોરી. ૧૬૫.

(મી૦ મેલવીલ અને મી૦ કેમ્પબેલ ન્યાયાધીસોની રૂબરૂ ૮ ફેબ્રુઆરી ૧૮૭૨)

જુઓ નાસી જવું કેદખાનામાંથી ૩
,, તપાસ વારંટ શીવાય.

અડચણ નોકાશાસ્ત્રને—

નોકા શાસ્ત્રને અડચણ સને ૧૮૬૪ નો આકટ ૫ મો.

તોહોમતદારે જાણીબુજીને નૌકાશાસ્ત્રને અડચણ કરી એવું જ્યાં સુધી સાબીત કરી તોહોમત મુંકવામાં આવ્યું નથી ત્યાં સુધી સને ૧૮૬૪ ના આકટ ૫ મુજબ તોહોમતદાર ઉપર તોહોમત મુકી શકાતું નથી.

રાણી વી. કાલિલ અને બીજાઓ ૧૧ વી. રી. ૧૮ ૨ બેં. લૉ. રી.

(મી૦ પીકોક મુખ્ય ન્યાયાધીસ અને મી૦ મીટર ન્યાયાધીસની રૂબરૂ ૫ મી માર્ચ ૧૮૬૯

અનાજ—

જુઓ સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકરનો.

અતીશય બળ—

જુઓ લુટફાટ ૧૦.

અનૌરસ છોકરૂ—

જુઓ મનુષ્ય હરણ ૨૭.

,, ભરણપોષણ.

અનિશ્ચિતપણું તોહોમતનું—

જુઓ તોહોમત, ૩૫.

,, જુઠો પુરાવો, ૬૧.

અનુમાન—

જુઓ જકાત ૧૮, ૩૩.

,, ચોરેલી મિલકત ૨૧, ૨૭, ૨૯, ૩૨.

,, ચોરી ૩૩

અનુમાન, નિરપરાધીપણાનું—

જુઓ જુઠું તોહોમત, ૧૪.

અનુમાન માણસ સામે—

જુઓ પુરાવો ૬૪.

અન્યાય—

જુઓ ભુલ.

,, જ્યુરી ૬૬, ૧૦૪, ૧૦૮.

,, મોટી ચુક.

,, ફરીયાદ કરવાની પરવાનગી.

,, ફરીઆદીના સાક્ષીઓ, ૨૮.

અનુમાન લભ્ય કબજે—

જુઓ સાપ્રાધ ધમકી, ૩.

,, કબજે ૧૦૭, ૧૧૫.

અપમાન—

જુઓ ફરીઆદ, ૩૩.

" સાપ્રાધ દેહેશત, ૩.

" સાપ્રાધ પ્રવેશ ૪.

અપમાન સરકારી નોકરનું—

૧ પીનલકોડની કલમ ૨૨૮—આકટ ૪૫ સને ૧૮૫૦

પીનલકોડની કલમ ૨૨૮ મુજબ તોહોમત મુકવામાં આવ્યું હોય તો એમ બતાવવું જોઈએ કે જડજ ઈનસાફી મુકરદમાના ભાગમાં બેઠો હતો, અને તેની રીત પણ બતાવવી જોઈએ. પ્રોકાસચંદ્રદાસ અરજદાર ૧૨ વિ. રી. ૬૪.

(મી૦ નોરમન અને મી૦ કેમ્પબેલ ન્યાયાધીસોની રૂબરૂ ૧ અકટોબર ૧૮૬૯)

---

૨ પીનલકોડની કલમ ૨૨૮—

કોઈપણ કામમાં સાક્ષીઓ, વિરૂદ્ધ જુબાની આપે અથવા નાખુશીથી જુબાની આપે અને તેથી કરીને કોર્ટનો વખત નકામો ગુમાવે, તે ઉપરથી તેમના ઉપર પીનલકોડની કલમ ૨૨૮ મુજબતોહોમત મુકી શકાય નહીં. રાણી વિ. છોટાહરી પ્રમાણીક તાંતી અને બીજો ૧૫ વિ. રી. ૫.

•(મી૦ નોરમન કામ ચલાઉ મુખ્ય જડજ અને મી૦ લોચ. ૨૧ મી જાનેવારી સને ૧૮૭૧)

---

૩ પીનલકોડની કલમ ૨૨૮.

પીનલકો`ની કલમ ૨૨૮ મુજબ સરકારી નોકરને અપમાન કર્યાનું તોહોમત મુકવા માંઆવે તે પેહેલાં અપમાન કરવાનો ઈરાદો સાબીત થવોજોઈએ. રાણી વિ. હરીક્રીષ્ણદાસ ૧૫ વિ. રી ૬૨.

(મી૦ કેમ્પ અને મી૦ ગલોવર ન્યાયાધીસોની રૂબરૂ. ૨૯ મી અપ્રેલ ૧૮૭૧)

અપમાન ભરેલી ભાષા—

સાપ્રાધ પ્રવેશ—ફરીયાદીએ અપમાન

ભરેલી ભાષા વાપરવાની પેહેલેથી ફરીયાદ કરી હોય અને સાપ્રાધ પ્રવેશની જોડે અપમાન ભરેલી ભાષાનું તોહોમત કાયદેસર ના રાખ્યું હોય તો, તેથી કરીને આખુ કામ ગેરકાયદેસર થયું એમ ગણાતું નથી. રાણી વિ. રાજકુમાર મોઈરો ૩ વિ. રી. ૨૮.

(મી૦ સેટનકાર અને મી૦ લોક ન્યાયાધીસોની રૂબરૂ ૧૨ મી જુન ૧૮૬૫).

અપમાન કોર્ટના હુકમનું—

૧ સરકારી નોકરની કાયદેસર સત્તાનું અપમાન—માજીસ્ત્રેટની હોડી ભાડે આપવાની સરતની માગણી.

માજીસ્ત્રેટે જાહેરાંત રીતે હોડી ભાડે આપવાની હરાજી કરેલી તેમાં માગણી કરીને પછી તે સરત કોઈ માણુસ નાપાળે તો તે પીનલકોડના કાયદાની કલમ ૧૮૫ મુજબ ગુન્હેગાર છે. રાણી વિ. રજ્જુદીન અને બીજા ૩ વિ. રી, ૩૩.

(મી૦ લોક અને મી૦ સેટનકાર જડજોની રૂબરૂ. ૨૧ મી જુન ૧૮૬૫).

---

૨ પ્રતીવાદીઓને સાક્ષીઓ તરીકે બોલાવેલા તેમનું દીવાની વારંટથી પકડાવવું–બચાવ.

કોઈપણ પ્રતીવાદી કોર્ટના હુકમ મુજબ પુરાવો આપવાને કોર્ટમાં જતો હોય તે વખતે કોઈપણ અમલદારે તેને કોર્ટનું અપમાન કર્યું અને બળ વાપર્યું એમ બતાવી દીવાની પ્રોસેસથી પકડયો હોય તો તે અમલદારને પીનલકોડની કલમ ૭૮ નો લાભ મળી શકતો નથી. ઠાકોરદાસ નંદી વિ. સંકરરાય અને બીજો ૩ વિ. રી, ૫૩.

(મી૦ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ. ૨૪ મી જુલાઈ, ૧૮૬૫.

---

૩ તહોમતદારની કેદ—છુટકારો કરવાની ગોઠવણ.

જ્યારે કોઈપણ માણુસ કોર્ટને અપમાન કરવાના ગુન્હા બદલ કેદમાં હોય તો તેને જે જડજ તરફ કેસ કમીટ થાય તેને કેદમાંથી છુટવાની અરજી કરવી જોઈએ. કેસ કમીટ કરવાના વખતને માટે અમુક મુદત ઠરાવવાની કાંઇ જરૂર નથી પણ તેમ કરવાની સલાહ આપવી જોઈએ. સીતારામ આતમારામની અરજી. ઈન્ડીઅન જ્યુરીસ્ટ ૧ વો.

(મી૦ પીકોક ચીફ જસ્ટીસ અને મી૦ કાઉચ જડજોની રૂબરૂ જાનેવારી ૧૮૮૬).

---

૪ નાસી જનાર ગુન્હેગાર—

ન્યાય ઉડાવી દેવાના વીચારથી તોહોમતદાર નાસી ગયો હોય અને તે ઉપરથી કોર્ટના અપમાન કર્યા બાબતનો સવાલ ઉઠયો હોય તો તોહોમતવાળાનો તપાસ થઇ શકે એવું કામ નથી એમ ધારી તે કામ માંડી વાળવાનો હુકમ થયો હોય તો તે હુકમની અંદર તે સવાલનો સમાવેશ થઈ શકતો નથી. રાણી વિ. મધુસરન ૭ વિ. રી, ૪૦.

(મી૦ કેમ્પ અને મી૦ ગલોવર જડજોની રૂબરૂ. ૧૧ મી માર્ચ ૧૮૬૭)

---

૫ નાસી ગયેલો સાહેદી—સમનની બજાવણી

સમનની બજાવણી સને ૧૮૫૯ ના આકટ ૮ ની કલમ ૧૫૯ મુજબ જાહેરનામું કર્યું હોય તો તે હાજર નહી થયેલા સાક્ષીની માલ કજ્જેરી ઉપર કાયદેસર ચોટાડાય નહી. તે કલમ મુજબ ચાલતાં પેહેલા રૂબરૂ સમન બજાવવાની કોશીસ થવી જોઈએ. સમનની કાયદેસર બજાવણી થઈ નહોતી તેથી પીનલકોડની કલમ ૧૭૪ અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૮ મુજબ માજીસ્ત્રેટનો કેદનો હુકમ રદ કરવામાં આવ્યો હતો. રાણી વિ. હરીનાથ ચોધરી. ૭ વિ. રી, ૫૮.

(મી. કેમ્પ અને ગલોવર જડજોનીરૂબરૂ ૧૭ મી અપ્રેલ ૧૮૬૭).

---

૬ નોંધ રાખનારી કોર્ટ તરીકે હાઈકોર્ટ—જીતેલા દાવા દારોની કોર્ટના અમલદારોને બક્ષીસ.

નોંધ રાખનારી કોર્ટ તરીકે હાઈકોર્ટને અપમાનને માટે સંક્ષેપમાં સજા કરવાનો અધીકાર છે. હાઈકોર્ટનો કોઈ પણ અમલદાર જે માણસના લાભમાં ફેંસલો થયો હોય તેની પાસેથી કાંઈ પણ જાતની બક્ષીસ લે અથવા કબુલ કરે તો તે પોતાની ફરજ તોડયાનો ને કોર્ટને અપમાન કર્યાનો ગુન્હેગાર છે; તેમજ બક્ષીસ આપનારો માણસ પણ કોર્ટને અપમાન કર્યાનોગુન્હેગાર છે. હાઈકોર્ટનો ચપરાસી અબદુલ માહતબની બાબતમાં ૮ વિ. રી. ૩૨.

(મી. પીકોક અને મી. હોબહાઉસ જડજોની રૂબરૂ ૬ જુલાઈ ૧૮૬૭)

૭ પીનલકોડની કલમ ૧૭૪—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૪ મુજબ મીલકતની જપ્તી—પદ્ધતિની નજીવી ભુલ.

પોતાની કોર્ટની સામે કરેલો ગુન્હો માજીસ્ત્રેટ પીનલકોડની કલમ ૧૭૪ મુજબ ચલાવી શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૪ મુજબ મીલકત જપ્ત કરવાનો હુકમ જો વાસ્તવીક રીતે કાયદેસર હોય તો પદ્ધિતીની નજીવી ભુલને માટે ફેરવી શકાય નહી. બાજુબલ વિ. ગનગન મીસર અને બીજાઓ. ૮ વી. રી. ૬૧.

(મી૦ જેકસન અને હોબહાઉસ જડજોની રૂબરૂ ૧૩ મી અગષ્ટ ૧૮૬૭)

(આ ફેંસલો રાણી વી. ચંદ્રસખરરાયના ફેંસલાથી રદ કરવામાં આવ્યો છે. ૫ બેં. લૉ. રી. ૧૦૦, ૧૩ વી. રી. ૬૬ જુઓ અપમાન કોર્ટનું ૧૩.

૮ સાહેદીઓનું અપમાન—પીનલ કોડની કલમ ૨૨૮.

ઈનસાફી મુકરદમાના ભાગમાં સેસન જડજ બેઠા હોય અને તે વખતે કોઈ પણ સાક્ષીએ જાણી બુજીને તેને અપમાન કરયું હોય અને તેને માટે જડજે તેનો દંડ કરયો હોય તો તેની અપીલ થઈ શકે છે. જ્યાં અગાડી હાઈકોર્ટને એવું માલમ પડે કે સાક્ષીનો અપમાન કરવાનો ઈરાદો નહોતો તો તે હુકમ ફેરવી દંડ માફ કરે. રાણી વિ. ચપુમેનન ૪ મદ્રાસ હા. કો. રી. ૧૪૬.

(મી૦ સ્કોટલન્ડ ચીફ જસ્ટીસ અને મી૦ ઈલીસ જડજોની રૂબરૂ. ૬ઠી નવંબર સને ૧૮૬૮).

૯ ફોજદારી કોર્ટ અપમાનને માટે દંડ કરે તો તેને દંડ કરવાના કારણો તથા અપમાનનો ગુન્હો બનતી બાબતો અને તો મનદારનો કાંઇ અભીપ્રાય હોય તે અભીપ્રાય તેમજ સીક્ષા તથા ઠરાવ એ સઘળુ વાસ્તવીક રીતે પોતાના ઠરાવમાં બતાવવું જોઈએ. જો ઉપર મુજબ કરવામાં ના આવ્યું હોય તો હાઈકોર્ટ દંડનો હુકમ રદ કરી શકે છે. પાનચંદ્ર તાંબીરનની બાબતમાં ૪ મ. હા. કો. રી. ૨૨૯.

(મી૦ સ્કોટલન્ડ ચીફ જસ્ટીસ અને મી. કોલેટ જડજોની રૂબરૂ. તા૦ ૨૨ મી જાનેવારી ૧૮૬૯).

૧૦ સીક્ષા—પીનલ કોડ (આક્ટ ૪૫ સને ૧૮૬૦).

કલમ ૨૫૮—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આક્ટ ૨૫, સને ૧૮૬૧) કલમ ૧૬૩.

પીનલકોડની કલમ ૨૨૮ મુજબ સરકારી નોકરને ઈનસાફી મુકરદમાના ભાગની અંદર અટકાવ કરયો હોય તો તે અટકાવ કરનારને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૩ મુજબ કેદની સીક્ષા થઈ શકે નહી. ૧૦ વિ. રી. ૪૭ ના ફેંસલાનું રેફરન્સ બરહામખાન.

(મી૦ લોચ અને મી૦ ગલોવર જડજોની રૂબરૂ ૧૪ મી સપટંબર ૧૮૬૮).

૧૧ ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૨૫ સને ૧૮૬૧) કલમ ૧૬૩—પીનલકોડ (આકટ ૪૫, સને ૧૮૬૦) કલમ ૧૭૯.

પીનલકોડની કલમ ૧૭૯ મુજબ અપમાન કરવાનો ગુન્હો જે કોર્ટની રૂબરૂ થયો છે તે કોર્ટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૩ મુજબ એમ ધારે કે કેદની સીક્ષા થવી જોઈએ તો તેવી બાબતમાં કોર્ટે અપમાનનો ગુન્હો બનતી બાબતો તથા તોમતદારનો હેવાલ લખીને કેસ માજીસ્ટ્રેટ તરફ મોકલવો જોઈએ. રાણી વિ. રતન સાહુ, ૧૧ વિ. રી. ૪૯.

(મી૦ નોરમન અને મી૦ જેકશન જડજોની રૂબરૂ. ૫ મી મે સને ૧૮૬૯).

---

૧૨ જામીન—સરકારી નોકરને અટકાવ—પદ્ધતિ—સમન—વારંટ ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૨૫, સને ૧૮૬૧) કલમો, ૧૬૩, ૧૮૮—પીનલ કોડ (આકટ ૪૫, સને ૧૮૬૦) કલમ ૨૨૮.

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૩ મુજબ સંક્ષેપ રીતથી કામ ચલાવી કોર્ટે અપમાનના ગુન્હા બદલ શીક્ષા કરી હોય તો. પોતાની અગાડી ગુન્હો થયો હોય તેવી રીતે તે કોર્ટે વર્તવું જોઇએ પણ બીજી કોઈ રીતે વર્તવું જોઈએ નહી, અને જે દીવશે ગુન્હો થયો હોય તેજ દીવશે તેની તપાસ થવી જોઈએ. આવી બાબતમાં દંડની જોડે કેદની સીક્ષા થઈ શકે નહી. જે ગુન્હાનો તપાસ સંક્ષેપ રીતે ન થયો હોય તેવા ગુન્હાનો તપાસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૩ મુજબ જે અમલદાર પાસે અપમાનનો ગુન્હો બન્યો હોય તે અમલદાર શીવાય બીજા અમલદાર પાસે થવો જોઈએ. પીનલકોડની કલમ ૨૨૮ મુજબ ગુન્હો કોઈ અમલદારની પાસે તેના બીજા ઓદ્ધાની રૂઈએ બન્યો હોય તો તે અમલદાર તે ગુન્હાનો તપાસ પોતાના ઓદ્ધાની રૂઈએ કરી શકે નહી. કોર્ટના હુકમના અપમાનના કેસની બાબતમાં જે કોર્ટ અગાડી તે ગુન્હો બન્યો હોય તે કોર્ટ, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૩ મુજબ જો યોગ્ય જામીન આપે તો, જામીન કબુલ કરવાને કોર્ટ બંધાયેલી છે. જ્યાં અગાડી ડેપ્યુટી માજીસ્ટ્રેટે કામ તપાસને માટે માજીસ્ટ્રેટ તરફ મોકલવાનો હુકમ એક વખત કર્યો હોય તો, તે હુકમ ફેરવીને પછી કામનો તપાસ પોતે કરી શકે નહી. માજીસ્ટ્રેટ એકી વખતે સાહેદી ઉપર સમન અને વારંટ બંને કાઢી શકે નહી; તેમજ સમન કાઢવાથી સાહેદી હાજર થશે નહી એવું માનવાના કારણ શીવાય, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૮ મુજબ માજીસ્ટ્રેટ વારંટ સાહેદી ઉપર કાઢી શકે નહી, પણ એવું કારણ હોય તોજ કાઢી શકે છે. રાણી વિ. ચંદ્ર સીકરરાય, ૧૨ વિ. રી. ૧૮.

બંગાળા સરકાર વિ. હીરાલાલદાસના કેસમાં આ ફેંસલા ઉપર નજર રાખવામાં આવી હતી ૧૭ વિ. રી. ૩૯ જુઓ રેજીસ્ટ્રેશન ૪.

(મી૦ નોરમન અને મી૦ જેકશન જડજોની રૂબરૂ. ૧ લી જુલાઈ સને ૧૮૬૯).

---

૧૩ પદ્ધતિ—પીનલકોડ (આકટ ૪૫, સને ૧૮૬૦) કલમ ૧૭૪—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૨૫, સને ૧૮૬૧) કલમ ૧૭૧

બાબુબલ વિ. ગનગનમીસર અને બીજાઓ (૮ વિ. રી. ૬૧) નો ફેંસલો રદ કરીને એવું ઠરાવવામાં આવ્યું કે, પીનલકોડની કલમ ૧૭૪ મુજબ પોતાની કોર્ટની સામે કરેલો ગુન્હો માજીસ્ટ્રેટ ચલાવી શકતો નથી, પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૧ મુજબ તે ગુન્હો તપાસને માટે બીજા માજીસ્ટ્રેટને ત્યાં મોકલવાને બંધાયેલો છે. જે કેસોમાં શેસન જડજ અથવા માજીસ્ટ્રેટને કાંઈ હીત રહેલુ છે. તેવા કેસો ફક્ત ક્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવ્યા મુજબ ચલાવી શકે છે. રાણી વ. ચંદરસીકરરાય, ૧૩ વિ. રી. ૬૬; ૫ બેં. લૉ. રી. ૧૦૦.

(મી. જેક્સન અને મી. ગલોવર જડજોની રૂબરૂ ૨૩ મી અપ્રેલ સને ૧૮૭૦)

રાણી વિ. હીરા લાલદાસ ૮ બે. લો. રી. ૪૨૨ ના ફેંસલામાં તફાવત બતાવવામાં આવ્યો છે જુઓ રજીસ્ટ્રેશન ૪

નીચેના ફેંસલાઓ રદ થઈ જાય છે:—

બાજુબલ વિ. ગનગન મીસર ૮ વી. રી. ૬૧ જુઓ કોર્ટના હુકમનું અપમાન ૮

રાણી વિ. તાજુમ દીલાહોરી ૧ બે લૉ. રી. ક્રી. અ. જુઓ નાસી જવું ગુન્હેગારનું.

નીચેના ફેંસલામાં આધાર રાખવામાં આવ્યો છે:—

ચતુરભુજ ભારથી વિ. મી૦ મેકનોટન ૧૫ વિ. રી. ૨. જુઓ કોર્ટના હુકમનું અપમાન ૧૭.

નીચેના ફેંસલામાં ધ્યાન આપવામાં આવ્યું હતું.

બેંગોલ સરકાર વિ. હીરા લાલદાસ ૧૭ વિ. રી. ૩૫. જુઓ રેજીસ્ટ્રેસન ૪.

મુંબાઈ સરકારની અરજીની બાબતમાં ૯ બે. લૉ. રી. ૩૪૨.

જુઓ નાસી જવું ગુન્હેગારનું ૬

---

૧૪ ઢંઢેરો—તોહોમતદારનું નહીં તાબે થવું.

કોઈ તોહોમતદારને હાજર થવાને જાહેરનામુ કાઢયું હોય તે જ્યાં સુધી હાજર થાય નહીં ત્યાં સુધી કોરટના હુકમનું અપમાન કર્યું એમ ગણાય અને તેના બચાવને માટે કોરટ અરજી સાંભળી શકે નહીં. માજીસ્ત્રેટે ઈનસાફની રાહે તપાસ ના કરયો હોય તો હાઈકોર્ટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ હાથ ઘાલી શકે નહીં. કોઈપણુ માણસને ગેરકાયદેસર પ્રોસેસ કાઢીને પકડવામાં આવ્યો હોય અને તેની મીલકત જપ્ત કરી હોય અને તે બાબત્ત તેને ફરીઆદ કરવી હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ હાઈ કોરટમાં અરજી કર્યા પેહેલાં જે માજીસ્ત્રેટે પ્રોસેસ કાઢયું હોય તે માજીસ્ત્રેટને મીલકત ઉપરથી જપ્તી ઉઠાડવાને અને પોતાને છોડવાને, ગેરકાયદેસર વારંટનું કારણ બતાવી અરજી કરવી જોઈએ. રાણી વી. બીસેસર પ્રસાદ ૨ નો. વે. પ્રો. ૪૪૧.

(મી૦ મોરગન ચીફ જસ્ટીસ અને મી૦ રોસ, મી૦ ટરનર અને મી૦ સ્પેંકી જડજોની રૂબરૂ ૩ ડીસેંબર ૧૮૭૦)

---

૧૫ ક્રીમીનલ પ્રોસીજર કોડ (આક્ટ ૨૫, સને ૧૮૬૧) કલમ ૧૬૩.

રેવન્યુ તપાસ ચાલતી વખતે પ્રતીવાદીએ સાક્ષી આપી પોતાની જુબાની ઉપર સહી કરવાની ના પાડી તે ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૩ મુજબ કોરટના હુકમનું અપમાન કર્યાનું તોહોમત રાખી તેને ગુન્હેગાર ઠરાવેલો તે. હાઇકોર્ટે છોડી મુકયો. ૬ મ. હા કો. રી. અ. ૧૪ તા૦ ૯–૧–૧૮૭૧

---

૧૬ ક્રીમીનલ પ્રોસીજર કોડ (આક્ટ ૨૫ સને ૧૮૬૧) કલમ ૧૬૩.

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૩ મુજબ માજીસ્ત્રેટે પ્રતીવાદી ઉપર કોર્ટના હુકમનું અપમાન કર્યાનું તોહોમત રાખી ૩૧૦ દંડ અથવા દંડ ના આપે તો બે દીવસની કેદની સજા કરી, એવું ઠરાવવામાં આવ્યુ કે માજીસ્ત્રેટે પોતાના અખત્યાર પાર્કીકાંઈ કાં જાદે કર્યું નથી- ૬ મ. હા. રી. અ. ૧૬. ૧૧ મી જાનેવારી, ૧૮૭૧.

---

૧૭ પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) ચેપટર ૧ પદ્ધતિ.

આ કામમાં શેસન જડજ એવી તકરાર બતાવે છે કે રાણિ વી. ચંદ્રસીકરરાય (૧૩ વી. રી. ૬૬; ૫ બે. લૉ. રી. ૧૦૦) ના કેસનો આધાર ફક્ત પીનલકોડના દસમા ચેપટરના કેટલાક ગુન્હાને લાગે છે; તેમ છતાં પણ ઉપલા કેસનો આધાર લેઈ એમ ઠરાવ્યું કે જે કોર્ટ અગાડી પીનલકોડના દસમા ચેપટર મુજબ ગુન્હો થયેલો છે તે કોર્ટ તે ગુ

ન્હાની તપાસ કરી શકે નહી. ચતુરભુજ ભા રથી. વી. મી૰ મેકનોટન, ૧૫ વી. રી. ૨.

(મી૰ એયલી અને મી૰ મીટર જડજોની રૂબરૂ ૧૮ મી જાનેવારી, ૧૮૭૧)

શ્રીમનતો ફુલઈ વી. ચાંદ આડક ૫ વી. રી. ૫૭ ના કેસમાં આના ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૧૩.

---

૧૮ પીનલકોડ (આકટ ૪૫, સને ૧૮૬૦) ચેપટર ૧૦—હુકમત.

પીનલકોડની કલમ ૧૯૩, મુજબ પોલીસના ડીસ્ટ્રીકટ સુપ્રીન્ટેન્ડેન્ટે તોહોમત રાખ્યું હોય તો તે ઉપરથી તેને પીનલકોડની કલમ ૧૭૭ મુજબ તોહોમત રાખવાને બાધ આવતો નથી. સને ૧૮૬૧ નો આકટ ૨૫ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૮ મુજબ માજીસ્ટ્રેટને હુકમત આપવાને ડીસ્ટ્રીકટ સુપ્રીનટેન્ડેન્ટની પરવાનગી જોઈએ પણ તે પરવાનગી કામ ઉપરથી સીદ્ધ થાય તો બસ છે. કાંઈ ખુલી રીતે પરવાનગી મેળવવાની જરૂર નથી. કેદીઅસરફ હુસેન અને બીજાના કામનુ રેફરન્સ. ૧૬ વી. રી. ૫૭.

(મી૰ એઈનસલી અને મી૰ મોલ જડજોની રૂબરૂ ૧૧ મી અકટોબર ૧૮૭૧).

મોલવી અબદુલ લતીફના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો છે. ૯ વી. રી. ૩૧ ના કામના મુકરદમાનો તપાસ જુઓ જુઠી ખબર ૩.

---

૧૯ પીનલકોડ (આકટ ૪૫, સને ૧૮૬૦) કલમ ૧૭૪-કોર્ટની રૂબરૂ ગેરહાજરી—પીનલકોડની કલમ ૧૭૪ મુજબ પુરાવો. ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં એમ બતાવવું જોઈએ કે તોહોમતદારને અમુક વખતે અને અમુક જગ્યાએ હાજર રહેવાની ખબર હતી પણ તે મુજબ હાજર રહ્યો નહી. સીબપ્રસાદ ચકરબતી અરજદાર, ૧૭ વી. રી. ૩૮.

(મી૰ બેલી અને માર્કબાય જડજોની રૂબરૂ ૫ મી માર્ચ સને ૧૮૭૨).

---

૨૦ તપાસને માટે કામનું મોકલવું.

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૧ મુજબ ગમે તે માજીસ્ટ્રેટની પાસે કામનો તપાસ કરાવવાને કામ મોકલી શકાય નહીં, પણ કામની તપાસ કયો માજીસ્ટ્રેટ કરે એ ખુલી રીતે બતાવવું જોઈએ. રાણી વિ. નરપત સીંગ ૪ નો વે. પ્રો. ૮૬.

(મી૰ ટરનર જડજની રૂબરૂ. ૮ મી જુન ૧૮૭૨.)

૨૧ ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૧૦ સને ૧૮૭૨) કલમો ૪૬૭, ૬૮, ૬૯.

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૬૭, ૬૮ અને ૬૯ માં બતાવેલા ગુન્હાઓ ખાસ સેસન લાયક ના હોય તો જે કોર્ટ અગાડી તે ન્હાઓ બન્યા હોય તે કોર્ટ તે ગુન્હાઓનો તપાસ કરી શકે નહી; પણ ફક્ત સેશન કોર્ટથી તપાસ થાય એવા ગુન્હાઓ હોય તો તે ગુન્હાઓનો તપાસ તે કોર્ટ કરી શકે. ૨૪ મી માર્ચ ૧૮૭૩. ૭ મ. હા. કો. રી. અ. ૧૭.

રાણી વિ. પરસાપા માહાદેવપાના કામમાં સાબીત થયો. ૧ મું. ઈ. લૉ. રી. ૩૩૯ જુઓ કોર્ટના હુકમનું અપમાન ૨૬.

નીચેના કેસોમાં આના ઉપર આધાર રાખવામાં આવ્યો હતો:—

૭ મ. હા. રી. અ. ૨૮. જુઓ જુઠો પુરાવો ૫૪. રાણી વિ. ગાજીકોમરાનું ૧ મું. ઈ. લૉ. રી. ૩૧૧ જુઓ જુઠો પુરાવો ૬૨.

૨૨. પીનલકોડ આકટ ૪૫, સને૧૮૬૦ કલમ ૨૨૮—સબ રજીસ્ટ્રાર—સરકારી અમલદાર—કોર્ટ—ઈનસાફી મુકરદમો—હકુમત—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૧૦ સને ૧૮૭૨) કલમો ૪૩૫-૩૬ અને ચેપટર, ૩૨ સબરજીસ્ટ્રાર સરકારી નોકર છે. પીનલકોડની કલમ ૨૨૮ મુજબ તેની કામ ચલાવનાની પદ્ધતિ એ ઈનસાફી મુકરદમો ગણાય છે, અને

પુરાવાના આક્ટના અર્થ મુજબ તેની કોર્ટ તે "કોર્ટ" ગણાય છે. પીનલકોડની કલમ ૨૨૮ મુજબ કરેલો ગુન્હો જે કોર્ટ અગાડી તે ગુન્હો બન્યો હોય તે કોર્ટ તેની તપાસ કરી શકે, પણ તપાસ કરવાની પદ્ધતિ ક્રીમીનલ પ્રોસીજર કોડના ચાપ્ટર ૩૨ માં બતાવ્યા મુજબ હોવી જોઈએ. જે કામમાં કલમ ૨૨૮ મુજબ સબ રજીસ્ટ્રાર અગાડી ગુન્હો બન્યો હોય અને તે ગુન્હાનો તપાસ કલમ ૪૩૫ અથવા ૪૩૬ મુજબ સબ રજીસ્ટ્રારે કર્યો ના હોયતો એમ ઠરાવવામાં આવ્યું કે તે ગુન્હાનો તપાસ કરવાને માજીસ્ટ્રેટનો હક નથી. સારધરીલાલ અરજદાર. ૨૨ વિ. રી. ૧૦; ૧૩ બેં. લૉ. રી. અ. ૪૦

(મી૦ કેમ્પ અને મી૦ બર્ચ જડજોની રૂબરૂ. ૨૮ મી અપ્રેલ ૧૮૭૪).

૨૩ પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૧૮૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની (આકટ ૧૦ સને ૧૮૭૨) કલમો ૪૬૭–૭૧–૭૩. સરકારી નોકરના હુકમથી હરાજીમાં મુકેલી મીલકતની ગેરકાયદેસર માગણી—કાયદેસર હુકમનું અપમાન. પીનલકોડની કલમ ૧૮૫ મુજબ કોઈએ ગુન્હો કર્યો હોય અને તેમાં સરકારી નોકરને લાગતું વળગતું કાંઈ હોય તો તે ગુન્હેગારની તપાસ પોતે કરી શકે નહી. રાણી વી. જગનાથ ૭ નો. વે. પ્રો. ૧૩૨.

(મી૦ સ્ટુઅરટ ચીફ જસ્ટીસની રૂબરૂ ૧૫ મી જાનેવારી, ૧૮૭૫)

૨૪ સરકારી ન્યાયની સામે ગુન્હો—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૧૦ સને ૧૮૭૨) કલમો ૪૬૮–૭૨–૭૩—ફરીઆદ—પદ્ધતિ. સરકારી ન્યાયની સામેનો ગુન્હો તે સને ૧૮૭૨ ના આકટ ૧૦ મા ની કલમ ૪૭૩ મુજબ કોર્ટના હુકમનો અપમાન કર્યાનો ગુન્હો ગણાય નહી. એમ છતાં પણ સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૪૬૮–૬૯ મુજબ કોઈએ ગુન્હો કર્યો હોય અને તે ગુન્હાની તપાસને માટે પુરતુ કારણ છે એવો મત કોઈ દીવાની અથવા ફોજદારી અદાલતનો હોય તો તેહોમતદારનો તપાસ એવા ગુન્હા બદલ તે કોર્ટ કરી શકે નહી પણ ૪૭૨ મી કલમમાં બતાવ્યા મુજબ ગુન્હાઓ હોય તો તપાસ થઈ શકે. રાણી વિ. કલટારનસીંગ ઈ૦ લૉ. રી. ૧ અ. ૧૨૯.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ. ૧૪ મી જાનેવારી ૧૮૭૬.

નીચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યા છેઃ—

સપુટલા અરજદાર ૨૨. વિ. રી. ૪૯ જુઓ. ફટકા મારવા ૨૫.

રાણી વિ. નવરેનબેગ ફુલ્લાબેગ. ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૭૩. જુઓ ખોટો પુરાવો ૭૩.

રાણી વિ. આરી ઈ૦ લૉ૦ રી૦ ૭ મ૦ ૧૭ જુઓ સરકારી નોકર ૧૧.

રાણી વિ. નેચીમુટુ ઈ૦ લૉ૦ રી૦ ૭ મ૦ ૧૮ જુઓ સરકારી નોકર ૧૨.

નીચેના કેસોમાં જુદા મત લેવામાં આવ્યાઃ—

રાણી વિ. કાજીકોમરાતું ઈ૦ લૉ૦ રી૦ ૧ મુ૦ ૩૧૧ જુઓ જુઠો પુરાવો ૬૨.

રાણી વિ. પરસાપા માહાદેવપા. ઈ. લૉ. રી૦ ૧ મુ૦ ૩૩૯ જુઓ અપમાન કોરટના હુકમનું ૨૬.

રાણી વિ. ગાસપરડી સીલવાના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લૉ૦ રી૦ ૬ મું. ૪૭૯ જુઓ. ફરીયાદી કરવાની પરવાનગી ૬૩.

રાણી વિ. કાસમીરીલાલ ઈ. લૉ. રી. ૧ અ. ૬૨૫ ના ફેસલાથી રદ થઈ ગયો જુઓ જુઠો પુરાવો. ૬૩

૨૫ સરકારી ન્યાયની સામે ગુન્હો ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૧૦ સને ૧૮૭૨ કલમો ૪૬૮, ૭૧, ૭૩ ફરીઆદ.

સરકારી ન્યાયની સામેનો ગુન્હો તે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૭૩ મુજબ કોરટના હુકમને અપમાન કર્યાનો ગુન્હો ગણાય નહીં પણ કોઈપણ શખસે સને

૧૮૭૨ ના આક્ટ ૧૦ માની કલમો ૪૬૭, ૬૮, ૬૯ મુજબ ગુન્હો કરયો હોય અને તે ગુન્હાની તપાસને માટે પુરતું કારણ કોઈ દીવાની અથવા ફોજદારી અદાલતની નજરમાં આવે તો તે કોર્ટને ૪૭૧ મી કલમમાં બતાવ્યા મુજબ તોહોમતદાર ઉપર મુકેલા ગુન્હાનો તપાસ કરવાને કોઈ રીતે બાધ લાગતો નથી. રાણી વિ. જગતમલ ઈ. લૉ. રી. ૧ અ.૧૬૨.

(મી૦ સ્ટુઅરટ ચીફ જસ્ટીસની રૂબરૂ. ૨૧ મી એપ્રીલ ૧૮૭૭).

રાણી વિ. ગાજી કામ રાણુ ઈ. લૉ. રી. ૧ મું ૩૧૧ ના ફેંસલાથી આમાં જુદો મત લેવામાં આવ્યો. જુઓ જુઠો પુરાવો ૬૨.

રાણી વી. કાસમીરીલાલ ઈ. લૉ. રી. ૧ અ. ૬૨૫ ના ફેંસલાથી રદ થઈ ગયો. જુઓ જુઠો પુરાવો ૬૩.

૨૬ ક્રીમીનલ પ્રોસીજર કોડ (આક્ટ ૧૦ સને ૧૮૭૨) કલમ ૪૭૩.

જે કોરટના હુકમનું અપમાન થયું હોય તે ગુન્હાની તપાસ તે કોર્ટ ૪૭૩ મી કલમ મુજબ કરી શકે નહી, પણ તે કલમમાં બતાવેલા ગુન્હાનીજ તપાસ તે કોર્ટ કરી શકે છે; વળી પીનલકોડના દસમા ચેપટરમાં આવી ગએલા ગુન્હાનેજ ફક્ત તે કલમ લાગુ પડે છે એટલુંજ નહી પણ સઘળી કોર્ટના હુકમના અપમાનનાં ગુન્હાઓને તે કલમ લાગુ પડે છે. રાણી વી. કલતારનસીંગ, ઈ. લૉ. રી. ૧ અ. ૧૨૯ ના ફેંસલાથી આમાં જુદોમત લેવામાં આવ્યો. ૭ મ. હા. કો. રી. અપેનડીક્ષ. ૧૭ નો ફેંસલો મંજુર રાખવામાં આવ્યો. રાણી વી. નવરેનબેગ દુલાબેગા મું. ૧૦ હા. કો. રી. ૭૩ નો ફેંસલામાં આધાર લેવામાં આવ્યો છે. રાણી વિ. પરસાપા માધવપા ૧ મુ. ઈ. લૉ. રી. ૩૩૯.

નીચેના ફેંસલાઓ આ કેસથી વીરૂધ છે:—

રાણી વિ. જગતમલ ઈ. લૉ. રી. ૧ અ. ૧૨૯. જુઓ કોર્ટના હુકમનું અપમાન. ૨૪.

૨૨ વિ. રી. ૪૯ ના કેસ સપુટલાનો. જુઓ જુઠો પૂરાવો ૫૭.

રાણી વિ. ગાજી કામરાનું ઈ. લૉ. રી. ૧ મું. જુઓ જુઠો પુરાવો, ૬૨.

રાણી વિ. કાસમીરીલાલ ઈ. લૉ. રી. ૧ અ. ૬૨૫.જુઓ જુઠો પુરાવો ૬૩.

રાણી વિ. પરસાપા માધવાપા. ૧ મું. ઈ. લૉ. રી. ૩૩૯. જુઓ અપમાન કોરટના હુકમનું, ૨૬.

રાણી વિ. ગુરબકસ ઈ. લૉ. રી. ૧ અ ૧૯૩. જુઓ ફરીઆદી ૫.

૭ મ. હા. કો. રી. અપે. ૧૭ નો કેસ મંજુર થાય છે. જુઓ અપમાન કોરટના હુકમનું, ૨૧.

રાણી વિ. કલતારનસીંગના કેસમાં મત જુદો પડયો. ૧ અ. ઈ. લૉ. રી. ૧૨૯ જુઓ અપમાન કોર્ટના હુકમનુ ૨૪.

રાણી વિ. ગેસ પરડી સીલવાના કેસમાં નજર રાખવામાં આવી ઈ. લૉ. રી. ૬ મુ. ૪૭૯ જુઓ. ફરીઆદી કરવાની પરવાનગી ૬૩.

૨૭ ક્રીમીનલ પ્રોસીજર કોડ (આક્ટ ૧૦ મો સને ૧૮૭૨) કલમ ૪૭૩ રચના. ક્રીમીનલ પ્રોસીજર સને ૧૮૭૨ નો આક્ટ ૧૦ માની કલમ ૪૭૩ માં જે મનાઈ કરેલી છે તે ફક્ત જાતને માટેજ મનાઈ કરેલી છે. તા૦ ૨ અકટોબર સને ૧૮૮૭ નો હાઈકોર્ટનો મુકરદમો ઈ. લૉ. રી. ૧ મ. ૩૦૫.

(મી. ઈનસ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને મી. બસટીડ જડજની રૂબરૂ ૨ અકટોબર સને ૧૮૭૭)

૨૮ ન્યાયમાં બેઠેલા જડજની આબરૂ લે એવું છાપવું-પીનલ કોડમાં નહી આવી ગયેલો ગુન્હો—આબરૂ લેવાનું લખાણ—ક્રીમીનલ પ્રોશીજર કોડ (આકટ ૧૦ મો સને ૧૮૮૨) ની કલમ ૫—સાધારણ કાયદામાં ઉપરી કોર્ટની સત્તા—સંક્ષેપમાં સજા કરવાની હાઈકોર્ટની સત્તા. હીંદુસ્થાનના મુલકમાં હાઈકોર્ટ એ ઉપલા વર્ગની કોર્ટ છે. કોર્ટના હુકમને અપમાન કરવાના ગુન્હા બદલ હાઈકોર્ટને શીક્ષા કરવાનો અધીકાર ઈંગ્લાંડની ઉપલા વર્ગની કોર્ટો જેટલો છે. ઈલાકાના મુખ્ય શેહેરોમાં આ

કોર્ટો જે વખત સ્થાપવામાં આવી તે વખત આવી સત્તા સાધારણ કાયદાના ભાગ તરીકે આપવામાં આવી હતી. કોરટ બેઠેલી ના હોય તે વખતે કોર્ટની બહાર આબરૂ જાય એવું છાપી કોર્ટના હુકમનું અપમાન કરે તેને માટે પીનલકોડમાં કાંઈ શીક્ષા ઠરાવેલી નથી, તેમ જ ઇનસાફમાં કોઈ જડજ બેઠેલો હોય તે વખતે તેના વીશે આબરૂ જાય એવું છાપીને કોરટના હુકમનું અપમાન કરે તેને માટે પણ પીનલકોડના ૨૧ મા "ડીફ્રેમેશન" ના ચેપટરમાં પણ કાંઈ શીક્ષા ઠરાવી નથી. કારણ કે છાપનારને આબરૂ જાય એવું છાપવાના ગુન્હાને માટે તે કોડ મુજબ શીક્ષા થઈ શકે છે, પણ તે ઉપરથી એમ નથી નીકળી આવતું કે હાઈકોર્ટ હુકમના અપમાનના ગુન્હા બદલ તેને સંક્ષેપથી તપાસી શીક્ષા કરી શકે નહી; આવી રીતે તપાસી તેને દંડની અથવા કેદની અથવા બંને શીક્ષા થઈ શકે. સને ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫' જેમાં પીનલકોડના સઘળા ગુન્હા તેમજ બીજા કાયદાના સઘળા ગુન્હાઓ આવી જાય છે તેની અંદર કોર્ટ ના બેઠી હોય તે વખતે તેની બહાર આબરૂ લે તેવું છાપી હાઈકોર્ટના હુકમનું અપમાન કરે એવી જાતનો ગુન્હો આવી જતો નથી. જો કે આવી જાતના અપમાનના ગુન્હામાં આબરૂ લેવાનો ગુન્હો આવી જાય. આવી જાતનું અપમાન તે આબરૂ લેવાના ગુન્હા કરતાં વધારે છે અને તે કેવળ જુદી જાતનો ગુન્હો છે. અપમાનના ગુન્હા બદલ હાઈકોર્ટને સીક્ષા કરવાની સત્તાછે તેને સને ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડથી કાંઈ અસર થતી નથી. સાધારણ કાયદાની રૂઈએ દરેક ઉપલા વર્ગની કોર્ટ હુકમના અપમાનને માટે શીક્ષા કરવાને પોતે કુલ મુખત્યાર છે. સરેન્દનાથ બેનરજી વિ. કલકતાની હાઈકોર્ટના જડજો ૧૦ ક. ઈં. લૉ. રી. ૧૦૯.

(મી૦ પીકોક, મી૦ કલીઅર, મી૦ સ્મીથ, મી૦ [illegible] અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ તા૦ ૧૬ અને ૧૮ મી જુલાઈ સને ૧૮૮૩).

જુઓ તોડવો હુકમ સરકારી નોકરનો ૪.
,, જુઠું તોહોમત, ૨૯.
,, જુઠો પુરાવો, ૫૩, ૫૭, ૬૨, ૬૩.
,, જુઠી ખબર, ૩.

૧ અપરાધી ઠરાવી શીક્ષા કરવાના કારણો—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૧૦ મો સને ૧૮૭૨) કલમ ૨૨૭ કલોઝ હ—હાઈ કોર્ટની તપાસણીનો રીવાજ.

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૭ ના કલોઝ, હ, મુજબ પુરાવો લખવાની માજીસ્ટ્રેટને જરૂર નથી પણ ગુન્હાને માટે કારણો લખતી વખતે તેને પુરાવો બતાવવો જોઈએ કે, જેથી કરીને હાઈકોર્ટ તપાસણી વખતે વીચાર કરી શકે કે ગુન્હાને માટે પુરતા કારણો છે. જ્યાં અગાડી આવી રીતે બતાવવામાં આવ્યું નોહોતું ત્યાં અગાડી હાઈકોર્ટે તકરાર ઉપરથી ગુન્હો રદ કર્યો. પંજાબસીંગની બાબતની અરજી. રાણી. વિ. પંજાબસીંગ. ઈં. લૉ. રી. ૬ ક. ૫૭૯.

(મી૦ મીટર અને મેકલીન જડજોની રૂબરૂ ૫ મી જાનેવારી સને ૧૮૮૧)

યાકુબ વી. એડમસનના કેસમાં આધાર લેવામાં આવ્યો. ઈં. લૉ. રી. ૧૩ ક. ૨૭૨. જુઓ સંક્ષેપની તપાસ. ૨૯.

૨ ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૧૦ સને ૧૮૭૨) કલમ ૨૨૭ કલોઝ, હ. નવા તોહોમતોની ઉમેરણી. અપીલ થાય નહી તેવા કેસની અંદર ગુન્હેગાર ઠરાવવાના કારણોનો હેવાલ ટુંકામાં લખવાને માજીસ્ટ્રેટ બંધાયેલો છે. કોઈપણ માણસને પકડીને પોલીસે પોતાની ચોપડીની અંદર કેટલાક તોહોમતો તેના ઉપર રાખ્યા હોય તો રજુઆતની તારીખે તેના ઉપર બીજા વધારે તોહોમતો રાખવાના છે એવી પેહેલેથી ખબર આપ્યા શીવાય તેના ઉપર તે દીવશે વધારે તોહોમતો રાખી શકાય નહી. રાણી વી. રદોઈનાથ સાહ ઈં. લૉ. રી. ૮ ક. ૧૯૫.

(મી૦ મીટર અને મી૦ મેકલીન જડજોની રૂબરૂ તા૦ ૬ ઠી શપટંબર સને ૧૮૮૧)

જુઓ શિક્ષા ૧૬.

„ સંક્ષેપમાં તપાસ. ૨૯.

અપહરણ

૧ અપહરણ અને ચોરી—બદદાનતથી લેવું.—જે માણસને અપહરણ અથવા ચોરી તે માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તેને, તે મીલકત બદદાનતથી લીધી એને માટે ગુન્હેગાર ઠરાવી શકાય નહી.

રાણી વિ. શેખ મદુનઅલી અને બીજો ૧ વિ. રી. ૬૭.

(મી૦ કેમ્પ અને મી૦ ગલોવર જડજોની રૂબરૂ, ૨૩ મી નવંબર ૧૮૬૪.

૨ અપહરણ—પીનલકોડ (સને ૧૮૬૦ નો ૪૫ મો) કલમ ૩૯૭.—જોર જુલમથી ચોરી કરવી એ અપહરણ કેહેવાય છે. ચોરો પાંચ અથવા ઓછા હોય તોપણ પીનલકોડની કલમ ૩૯૭ મુજબ સીક્ષા બરોબર છે.

રાણી વિ. દવારકા અહીઅર. ૨ વિ.રી. ૪૯.

(મી૦ ગલોવર જડજની રૂબરૂ, ૨૧ મી માર્ચ, ૧૮૬૫)

૩ અપહરણ—શાથી અપહરણ કેહેવાય તેની તકરાર.

રાણી વિ. રેહેમાનખાન અને બીજાઓ. ૩ વિ. રી. ૧૪.

(મી૦ જેક્શન અને ગલોવર જડજોની રૂબરૂ. ૧૫ મી મેએ, ૧૮૬૫.

૪ અપહરણ—બળાત્કાર. જો બીકને લીધે કોઈપણ માણસ પોતાની મીલકત લેઈ જતાં કાંઈપણ અટકાવ કરતો નથી, પણ જે માણસો મીલકત લેઇ જાયછે, તેને તે ખુશીથી આપતો નથી તો, લેઈ જવાનો ગુન્હો એ અપહરણ ગણાય છે, પણ તે જબરાઈથી કઢાવવાનો ગુન્હો ગણાય નહી.

રાણી વિ. દુલીલુદીન સેખ અને બીજો ૫ વિ. રી. ૧૯.

(મી૦ મેકફરસન જડજની રૂબરૂ, ૩૦ મી જાનેવારી સને ૧૮૬૬.

૫ અપહરણ—કોને કેહેવું. એવું ઠરાવવામાં આવ્યું કે, ચોરી કરવામાં વ્યથા કરવાનો યત્ન કરવો એવો ઈરાદો ખરી રીતે માલમ પડે તો અપહરણનો ગુન્હો ગણાય છે. રાણી વિ.ટીકઈ બીઅર. ૫ વિ. રી. ૯૫.

(મી૦ જેક્શન અને મી૦ ગલોવર જડજોની રૂબરૂ, ૨૮મી મે સને ૧૮૬૬.

૬ અપહરણ, જુદી તપાસો, અવ્યવસ્થા. જો કોઈપણ માણસોએ એકજ વખતે ત્રણ જુદા જુદા ઘરમાં અપહરણ કર્યું હોય અને તેને માટે તેમના ઉપર ત્રણ જુદા તોહોમતો મુકવામાં આવ્યાં હોયતો દરેક તોહોમતનો તપાસ જુદો થવો જોઇએ, હાલના કામમાં અવ્યવસ્થા થઇ તેના ઉપર ટીકા કરવામાં આવી. રાણી વિ. ઈટવારી ડોમ અને બીજાઓ. ૬ વિ. રી. ૮૩.

(મી. લોક અને માર્કબાય જડજોની રૂબરૂ, ૨૦ મી અકટોબર ૧૮૬૬).

૭ અપહરણ—ચોરી—મહાવ્યથા કરવાથી ચોરી એ અપહરણ ગણાય છે અને તે ગુન્હામાં જે માણસો સામેલ હોય તેમને સીક્ષા થવી જોઇએ. રાણી વિ. હસરત સેખ. ૬ વિ. રી. ૮૫

(મી૦ લોક જડજની રૂબરૂ, ૨૭ મા નવબર ૧૮૬૬.

૮ અપહરણ—હકુમત પીનલકોડની કલમ ૩૯૨ મુજબ અપહરણના ગુન્હાનીતપાસ સને ૧૮૬૬ ના ૭ મા આક્ટ મુજબ સેસન કોર્ટ અથવા ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ કરી શકે છે પણ ડેપ્યુટી માજીસ્ત્રેટ કરી શકે નહી. માધવ ઘોસ વિ. બલેમુટી અને બીજાઓ. ૭ વિ. રી. ૧૧. (મી. કેમ્પ અને મી. ગલોવર જડજોની રૂબરૂ. ૧૪ મી જાનેવારી ૧૮૬૭).

૯ અપહરણ—ઈરાદો—તોહોમતદાર ઉપર અપહરણનાગુન્હાનું તોહોમત રાખવામાં આવ્યું હતું પણ માજીસ્ત્રેટે એવું ઠરાવ્યું કે તોહોમતદારે મીલકત બદદાનતથી લીધી નથી. એવું ઠરાવ્યુ કે શીક્ષા ગેરકાયદેસર છે. પ્રો. ૨૮મી અકટોબર ૧૮૭૦. ૫ મ.હા. કો. રી. અપે. ૩૪.

૧૦ અપહરણ—મદદગારી—પીનલકોડ(એકટ ૪૫ મો સને ૧૮૬૦) કલમ ૧૧૧—મદદગારની માહીતી—મદદગારીથી બનતા પરીણામો—

એવુ સાબીત થયું કે ম અને ক નામના બે માણસોએ અપહરણ થવા દીધુ જેમાં એટલું બધુ બળ વાપરવામાં આવ્યું હતું કે જે માણસોનુ અપહરણ થયું તેમનું ખુન થયું; શેસન જડજે તેમના ઉપર ખુનમાં મદદગારીનું તોહોમત રાખ્યું. એવું કારણ બતાવીને કે જે ઈરાદાથી તેમને અપહરણ થવા દીધું તેમાંથી ખુન થશે એ સંભવીત છે. એવું ઠરાવવામાં આવ્યુંકે મદદગારીના તોહોમતોમાં.ગુન્હેગાર ઠરાવતાં પહેલાં હમેશાં એકસંપ અને ઉસકેરણી ઉપર ધ્યાન રાખીને એવું, સાબીત થવું જોઈએ કે, મુખ્ય માણસે જે ગુન્હો કરયો છે તે ગુન્હો બનશે એવું પેહેલાંથી મદદગાર માણસ એક સાધારણ અનુભવ અને અક્કલથી જાણી શકે એવો ગુન્હો હતો; અને તેટલા માટે પીનલ કોડની કલમ ૧૧૧ નો અર્થ ખરી રીતે ધ્યાનમાં લેતાં અને ગુન્હેગાર ઠરાવવાનું ધોરણ જોતાં અને વળી તેજ પ્રમાણે તે અમુક માણસના મનની સ્થિતિ કેવી હતી એ અઘરા સવાલો ધ્યાનમાં લેતાં હાલના કામમાં એમ કહી શકાય નહી કે તોહોમતદારે અપહરણ જાણીબુજીને કરવા દીધુ, અને ઘણું બળ વાપરવાથી આવો પરીણામ બનશે એ સારી રીતે તેમના સમજવામાં હતું.

રાણી વિ. મથુરાદાસ. ઈં૦ લૉ૦ રી૦ ૬ મ. ૪૯૧.

(મી૦ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જસ્ટીની રૂબરૂ. ૨૮ મી જુન, ૧૮૮૪.

૧૧ અપહરણ—હાઈકોર્ટ—રૂલનાઈસી—ચારટર એક્ટ, કલમ ૧૫—હકુમત. સેસન જડજના લખવા ઉપરથી નીચેની બાબત પેહેલાં કોર્ટના ધ્યાનમાં આવી ગઈ હોય તોપણ જે પક્ષકારને નુકશાન થયું હોય તે પક્ષકારની અરજ ઉપરથી, અધીકાર ના હોય એવા માજીસ્ટ્રેટે કરેલો હુકમ શામાટે રદ કરવો જોઈએ નહી એનું કારણ બતાવવાને, સામા પક્ષકાર ઉપર, હાઈકોર્ટ ચારટર એક્ટની કલમ, ૧૫ મુજબ, રૂલનાઈસી કાઢી શકે છે. આ બાબત વીષેના પેહેલાનાં બે કેસો ઉપર વીચાર કરવામાં આવ્યો. કાંતીનારાયણરાય ચોધરી વિ. ગફુરખાન. ૨૨ વિ. રી. ૨૪.

(મી૦ પીઅર અને મોરીસ જડજોની રૂબરૂ. ૬ ઠી જુન, ૧૮૭૪).

ભોલાનાથ બોસ વિ. કમરૂદીન, ૨૦ વિ. રી. ૫૭ ના કામ ઉપર વીચાર કરવામાં આવ્યો છે. જુઓ લોકોપકારક કૃત્ય. ૫૮ અને જુનલા વિ. નાઝર મલીક. ૨૧ વિ. રી. ૨૨ ના કામ ઉપર વીચાર કરવામાં આવે છે. જુઓ લોકોપકારકકૃત્ય ૫૯. બાની માધબ ઘોસ વિ. ધુમાનાથરાય ચોધરેના કેસ ઉપર નજર રાખવામાં આવી છે. ૨૧ વિ. રી. ૨૬. જુઓ લોકોપકારક કૃત્ય ૬૦

જુઓ કમ્પેનસેશન ૨૭.
" શીક્ષા ૪.
" સોબતી ગુન્હામા ૩૪.
" ફેરફાર શીક્ષાનો
" દેશનિકાલ, ૨.
" માહાબ્યથા .૧૧
" જ્યુરી ૯.
" ભુલ ખબર આપવામાં. ૧

અફીણ.

૧ દાનચોરીનું અફીણ રાખવુ—સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૨૧ માની કલમ ૪ મુજબ સજા—સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૨૧ માની કલમ ૪ મુજબ એક કરતાં વધારે માણસને દાનચોરીનું અફીણ રાખવાને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હોય તો દરેક માણસ તેમાં બતાવ્યા મુજબ અફીણની કીંમતથી બમણો દંડ અને જેટલું દાણ આપવું જોઈએ તેનાથી બમણું દાણ આપવાને બંધાયેલો છે. (મોરીસની ફોજદારી અદાલતના ત્રીજા વોલ્યુમના ૬૭૩ મે પાને આવેલો રાણી વિ. રાજગરવે નીઅરનો ફેંસલો રદ થઈ ગયો). રાણી વિ. વખાલચંદ ૧ મું. હા. કો. રી. ૪૦.

(મી૦ ન્યુટન, મી૦ વેસ્ટ્રોપ, અને મી૦ એરસકાઈન જડજોની રૂબરૂ. ૩૦ મી સપટંબર, ૧૮૬૩).

આશણી વિ. સોદાર ઘેનાર, ૭ મું. હા. કો. રી. ૩૯ ના ફેંસલાથી રદ થઈ ગયો. જુઓ અફીણ ૪.

૨ ગેરકાયદેસર કબજો—સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૨૧—ફુલપાવર માજીસ્ત્રેટ—હકુમત —ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૨૫, સને ૧૮૬૧) કલમ ૪૦૪—સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૨૧ ની કલમ ૧૦ ના કલોઝ ૪ મુજબ ગુન્હો ઠરાવી ફુલપાવર માજીસ્ત્રેટે શીક્ષા કરેલી તે તેની હકુમત નહી હોવાથી રદ કરવામાં આવી. આવી રીતે ગુન્હો ઠરાવી સજા કરવાની હકુમત ઉપલા રેગ્યુલેશન મુજબ ફક્ત જીલ્લા એટલે ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટનીજ છે. રાણી વિ. ગાનીઆ બીન બાપુ ૩ મું. હા. કો. રી. ૫૦.

(મી૦ કાઉચ અને મી૦ વેરડન જડજોની રૂબરૂ. તા૦ ૧ લી નવંબર સને ૧૮૬૬).

રાણી વિ. લખુવાલદ સાકરના ફેંસલા ઉપર નજર રાખવામાં આવી હતી. ૮ મું. હા. કો. રી. ૧૧૮. જુઓ અફીણ ૬. જુઓ રાણી વિ. ક્રીષ્ણાજી બાપુજી ગાયકવાડ. ૩ મું. હા. કો. રી. ૩૯; જુઓ જામીનગીરી સારી ચાલને માટે ૪.

૩ અફીણ—પરવાનગી શીવાય છુટક અફીણ વેચવું—સને ૧૮૨૭ નો રેગ્યુલેન ૨૧—જીલ્લા માજીસ્ત્રેટ—હકુમત. સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૨૧ માની કલમ ૧૦ મુજબ છુટક અફીણ વેચવાના નીયમો તોડવાને માટે ફુલ પાવર માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવી સીક્ષા કરેલી તે તેની હકુમત નહી હોવાથી રદ કરી કેમકે એવી રીતે સીક્ષા કરવાની સત્તા ફક્ત રેગ્યુલેશન મુજબ જીલ્લા માજીસ્ત્રેટની છે. રાણી વિ. સદુ વલદે પાવડી ૩ મુ. હા. કો. રી. ૩૯.

૪ દાન ચોરીનું અફીણ—કબજો—દંડ—સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૨૧ કલમ ૪—જ્યાં અગાડી ઘણા માણસો જાણીબુજીને દાનચોરીના અફીણને આશરો આપતા હોય અથવા સંતાડતા હોય અથવા રાખતા હોય તો, સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૨૧ માની કલમ ૪ મુજબ અફીણની કીંમત તથા ચોરાયેલા દાનથી બમણો દંડ લેઈ શકાય છે. રાણી વિ. વખતાચંદ ૧ મું. હા. કો. રી. ૫૦ રદ થઈ ગયો. રાણી વિ. રાજગરવેનીગર (૩ મોરીસનો ફોજદારી રીપોર્ટ પા. ૬૭૩) નો ફેંસલો મંજુર રાખવામાં આવ્યો. રાણી વિ. સોદાર ઘેનાર ૭ મું. હા. કો. રી. ૩૯.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ વેરડન, મી૦ વેસ્ટ, મી૦ ગીબ્સ અને મી૦ મેલવીલ જડજોની રૂબરૂ, ૧૩ મી જુન ૧૮૭૦)

રાણી વી. રાજગર વેનીગર. (૩ મોરીસનો ફોજદારી રીપોર્ટ પા૦ ૬૭૩) નો ફેંસલો મંજુર થાય છે. રાણી વી. વખતાચંદ ૧ મું. હા. કો. રી. ૫૦ નો ફેંસલો રદ થઈ જાય છે જુઓ. અફીણ ૧. ગંગાધર સાહુ અરજદારો ૨૨ વિ. રી. ૯ ના ફેંસલામાં આધાર રાખવામાં આવ્યો. જુઓ મીઠુ ૫.

૫ ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૨૫ સને ૧૮૬૧) કલમ ૨૧—સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૨૧ માની કલમો ૪—૭—૧૦ કલોઝ ૪—દાનચોરીનું અફીણ—કબજો ગુન્હો—હકુમત—ગેરકાયદેસર મેળવેલું સુરતી પાસેર અફીણ રાખવાનો ગુન્હો, ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ ચલાવી શકે છે. રાણી વિ. નારાનણ વાલદ નાથા અને બીજાઓ (ફોજદારી રેફરન્સ, નં. ૨૦૯ સને ૧૮૬૯) નો ફેંસલો રદ થઈ ગયો—રાણી વિ. હીરા જીવા ૭ મું. હા. કો. રી. ૫૯.

(મી૦ ગીબ્સ અને મી૦ મેલવીલ જડજોની રૂબરૂ, ૧૪ મી જુલાઈ સને ૧૮૭૦

રાણી વિ. વાલદનાથા અને બીજાઓનો ફેંસલો રદ થઈ જાય છે (ફોજદારી રેફરન્સ નં. ૨૦૯ સને ૧૮૬૯)

રાણી વી. લખુવાલદ સકર ૮ મું. હા. કો. રી. ૧૧૮ નો ફેંસલો મંજુર થયો. જુઓ અફીણ ૬.

રાણી. વી. ચંકા બાપુજી ૮ મું. હા. કો. રી. ૩૯ ના ફેંસલામાં નજર રાખવામાં આવી હતી. જુઓ મ્યુનસીપાલ ગુન્હાઓ. ૪૧.

૬ હકુમત—અફીણના કાયદાઓ સામેના ગુન્હાઓ—દાણુ ચોરેલા અફીણનો કબ

જો—સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૨૧ માની કલમો ૪–૭–૧૦—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૨૫ સને ૧૮૬૧) કલમ ૨૧.— સને ૧૮૨૭ માના રેગ્યુલેશન ૨૧ માની કલમ ૭ માં બતાવ્યા મુજબ દાનચોરીનું અફીણ રાખ્યા બાબતના ગુન્હાઓ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ અથવા ડીસ્ટ્રીકટના ભાગનો માજીસ્ત્રેટ જે જીલ્લા માજીસ્ત્રેટ તરીકે હોય છે તે ચલાવી શકે છે. તપાસ કરી આ ગુન્હાને માટે તોહોમતદાર ઉપર કામ ચલાવવાનો બીજા કોઈ માજીસ્ત્રેટનો અથવા બીજી કોઈ કોર્ટનો અધીકાર નથી; રાણી વી. હીરા જીવાનો ફેંસલો મંજુર થયો. ૭ મું. હા. કો. રી. ૫૯ અને સને ૧૮૬૭ ની સાલના નંબર ૭૦૨ નું ખાનદેશના જડજનું રેફરન્સ, તેની સામે કોરટનો જવાબ નંબર ૧૨૩૧ તા૦ ૧૯ મી અગષ્ટ સને ૧૮૬૭ માં જુદો મત લેવામાં આવ્યો. રાણી વી. લખુ વાલદ સકરૂ ૮ મું. હા. કો. રી. ૧૧૮.

(મી૦ ગીબ્સ અને મી૦ વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ, ૧૮૭૧)

રાણી વી. હીરા જીવા, ૭ મું. હા. કો. રી. નો ફેંસલો મંજુર થાય છે. જુઓ અફીણ ૫.

રાણી વી. સદુ વાલદ પાવડી ૩ મું. હા. કો. રી. ૩૯ ના ફેંસલામાં આધાર લેવામાં આવે છે. જુઓ અફીણ ૩.

રાણી વી. ગાનીઆ બીન બાપુ ૩ મું. હા. કો. રી. ના ફેંસલામાં આધાર લેવામાં આવે છે. જુઓ અફીણ ૨.

રાણી વી. સદુ દાદાભાઈ ૯ મું. હા. કો. રી. ૧૬૬ ના કામમાં આધાર લેવામાં આવ્યો. જુઓ, અફીણ ૯.

રાણી વી. નારાયણ ગંગારામ ૯ મું. હા. કો. રી. ૩૪૩; જુઓ અફીણ ૧૦.

૭ દંડ—હાઈ કોર્ટની ફરી તપાસી જોવાની સત્તા—ખબર આપનારાઓ.—સને ૧૮૫૭ ના આકટ ૨૩ માની કલમ ;૨૬ મુજબ માજીસ્ત્રેટે દંડની વેંહેચણ ઠરાવેલી તે તેના ઠરાવનો કાંઈપણ ભાગ નથી, અને તેટલા માટે તે એવી બાબત નથી કે જેના ઉપર હાઈકોર્ટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ હુકમ બજાવી શકે. જ્યાં અગાડી કોઈપણ માણસે જાતે ખુલી રીતે બહાર પડીને ખબર ન આપી હોય અને તેથી તે ખબર આપવાના લાભની સાથે જુમ્મેદારીમાં પણ ન રહ્યો હોય તો તેને દંડની રકમમાંથી કાંઈપણ મળી શકે કે નહી? રાણી વી. રામદયાલસીંગ અને બીજો. ૧૬ વિ. રી. ૬૫; ૮ મું. લૉ. રી. અપે. ૭.

(મી૦ એઈનસ્લી અને મી૦ પોલ જડજોની રૂબરૂ ૧૯ મી અકટોબર સને ૧૮૭૧)

૮ પરવાનગી પાછી ખેંચી લેવી—સને ૧૮૫૬ ના આકટ ૨૧ ની કલમ ૩૮ મુજબ જે માણસની પાસેથી પરવાનો લેઈ લેવામાં આવ્યો છે તે માણસને કલમ ૫૦ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ૧૬ વિ. રી. ૫૯ ના કામનું રેફરન્સ, રામદાસ.

(મી૦ જેકશન અને મી૦ ગલોવર જડજોની રૂબરૂ. ૨૩ મી નવંબર સને ૧૮૭૧)

૯ દાણચોરીનું અફીણ—ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટના ઠરાવ ઉપર અપીલ—સને ૧૮૨૭ના આકટની રેગ્યુલેશન ૨૧ કલમ ૭–ક્રીમીનલ પ્રોસીજરકોડ (આકટ ૨૫, સને ૧૮૬૧) કલમો ૨૧–૪૦૯.સને ૧૮૨૭ ની સાલના રેગ્યુલેશન ૨૧, માની કલમ, ૭ મુજબના ગુન્હાઓમાં જે માણસ દાણચોરી કરવામાં સામેલ રહ્યો હોય તે સઘળા ગુન્હાઓ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ તેની મુળની સત્તા પ્રમાણે ચલાવી શકે છે તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૯ મુજબ સેશન કોરટની તેના ઉપર અપીલ સાંભળવાની સત્તા કાંઈ તે કલમ ૨૧ મીથી રદ થઈ જતી નથી. રાણી વી. સદુ દાદાભાઈ. ૯ મું. હા. કો. રી. ૧૬૬.

(મી૦ ગીબ્સ અને મી૦ મેલવીલ જડજોની રૂબરૂ. ૨૯ મી ફેબ્રુઆરી ૧૮૭૨)

૧૦ અફીણના કાયદા વીરૂદ્ધ ગુન્હાઓ—સને ૧૮૨૭ ની સાલનો રેગ્યુલેશન ૨૧—તોહોમત—પકડવાની સત્તા. ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટની કોર્ટ (જે દાણચોરીના અફીણનો ગુન્હો તપાસવાને યોગ્ય કોરટ ગણાય છે) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧ મુજબ એવા ગુન્હાને માટે દંડ હજાર રૂપીઆ કરતાં વધી જાય તોપણ સને ૧૮૨૭ના રેગ્યુલેશન ૨૧ માં બતાવેલો ગમે તેટલો દંડ લેઈ શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૮ માં બતાવેલી બાબતો શીવાયની બાબતોમાં આવા ગુન્હાના તોહોમતદારને વોરન્ટ શીવાય પકડવો એ ગેરકાયદેસર છે. રાણી વિ. નારાયણ ગંગારામ ૯ મું. હા० કો० રી० ૩૪૩.

(મી० લોયડ અને મી० કેમ્પબેલ જડજોની રૂબરૂ. ૧૧ મી જુલાઈ ૧૮૭૨).

રાણી વિ. લખુ વાલદ સકરૂ ૮ મું. હા० કો. રી. ૧૧૮ જુઓ અફીણ ૬.

૧૧ કબજો—સને ૧૮૫૬ ની સાલનો આક્ટ ૨૧ કલમ ૫૩—તોહોમતદારના ચાકરના કબજામાંથી અફીણ નીકળ્યું અને ચાકરે એમ બતાવ્યું કે તેને અફીણ તોહોમતદારની સ્ત્રીએ આપ્યું હતું અને તે સ્ત્રીએ અફીણ વાવનાર પાસેથી લીધું હતું; એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૫૬ ના આક્ટ ૨૧ માની કલમ ૫૩ મુજબ તોહોમતદાર ગુન્હેગાર થઈ શકે નહી કારણ કે તોહોમતદારના હુકમથી સ્ત્રીએ અફીણ ખેડુત પાસેથી લીધું હતું એમ માલમ પડતું નથી. તેટલા માટે તેણીનો કબજો અથવા ચાકરનો કબજો, તે તોહોમતદારનો કબજો ગણી શકાય નહી. રાણી વિ. ગણેશ માના ૨૦ વિ. રી. ૫૪.

(મી. કાઉચ ચીફ જસ્ટીસ અને મી. ગલોવર જડજોની રૂબરૂ, ૨૬ મી જુલાઈ ૧૮૭૩)

૧૨ સને ૧૮૫૬ નો આક્ટ ૨૧ મો—સને ૧૮૭૧ નો આક્ટ ૧૦ મો—જ્યાં સુધી સને ૧૮૭૧ નો આક્ટ ૧૦ મો બંગાળાના નીચલા ભાગના દેશોને લાગુ પડે છે ત્યાં સુધી સને ૧૮૫૭ નો આક્ટ ૨૧ મો (અફીણ સબંધીનો કાયદો) રદ થઈ ગયો નથી. રાણી વિ. ખેતર નાથસાહ ૨૨ વિ. રી. ૭૧.

(મી. જેકસન અને મી. મેકડોનલ જડજોની રૂબરૂ, ૨૩ જુન સને ૧૮૭૪)

૧૩ દંડ-સંક્ષેપમાં.રજુઆત-સને ૧૮૫૬ નો આક્ટ ૨૧ મો—ક્રીમીનલ પ્રોસીજરકોડ (આક્ટ ૧૦ સને ૧૮૭૨) કલમ ૧૪૮—કોઈ માણસના કબજામાંથી સરકારી તીજોરીનું અફીણ નહી નીકળવાથી માજીસ્ટ્રેટે તેને સને ૧૮૫૬ ના આક્ટ ૨૧ મુજબ. ગુન્હેગાર ઠરાવી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૨ મુજબ સંક્ષેપમાં રજુઆત ચલાવીને દંડની સીક્ષા અથવા કેદ અને અફીણ જપ્ત કરવાની સીક્ષા કરી. એવું ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૮ માં વધારાની જપ્ત કરવાની સીક્ષાનો સમાવેશ થતો નથી માટે આ કામની રજુઆત સંક્ષેપમાં થઈ શકે નહીં. રાણી વિ. જદુનાથસાહ. ૨૩ વિ. રી. ૩૩.

(મી० ગલોવર અને મી० મીટર જડજોની રૂબરૂ. તા० ૬ ફેબ્રુઆરી, ૧૮૭૫).

રાણી વિ. બૈદનાથદાસના ફેંસલામાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૩ કે ૩૬૬. જુઓ સંક્ષેપમાં તપાસ, ૨૧. ખેતરમોહન ચૌરનધી અરજદાર ૨૨ વિ. રી. ૪૩ ના કામમાં આધાર રાખવામાં આવ્યો છે. જુઓ સંક્ષેપમાં તપાસ ૬.

૧૪ પરવાનગી કરતાં વધારે ગાંજાનું વેચાણ—દુકાનના માલીકની જુમેદારી—જ્યાં અગાઉ પરવાનગી શીવાય વધારે ગાંજો વેચવામાં આવ્યો હોય, અને વેચનાર આદમી એમ બતાવે કે હું તો નોકર છું, અને માલીક એમ બતાવે કે હું તો દુકાન ચલાવતો નથી અને મેં નોકરને પરવાનગી કરતાં વધારે ગાંજો વેચવાનું કહ્યું નથી. આ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હો બનવાની જુમેદારી દુકાનના માલીક ઉપર છે અને તેથીકરીને જે દંડ ઠરાવ્યો છે તે દુકાનના માલીકે

આપવો જોઈએ. રાણી વિ. ખ્રીસ્તીધર સાહ ૨૫ વિ. રી. ૪૨.

(મી૰ કેમ્પ અને મી૰ ગલેવર જડજોની રૂબરૂ. ૩ મેએ સને ૧૮૭૬.)

રાણી વિ. રામકીષ્ણુના કેસમાં નજર રાખવામાં આવી છે. ૮ વી. રી. ૪. જુઓ જકાત ૪—ઈશ્વરચંદર શાહ, અરજદારના કેસમાં નજર રાખવામાં આવી છે ૧૯ વી. રી. ૩૪ જુઓ જકાત ૧૧૫–સને ૧૮૭૮ નો આકટ ૧ કલમ ૯. ચાકરના કૃત્યને માટે શેઠ ઉપર જવાબદારી—કોઈ માણસે પોતાના શેઠના અફીણના પરવાનાની સરતની વીરૂદ્ધ સૂર્ય અસ્ત થયા પછી અને ઉગ્યાની વચમાં અફીણ વેચ્યું. શેઠ હાજર નોહોતો, તેમજ પુરાવા ઉપરથી એમ પણ સાબીત થયું નહી કે શેઠે આવી રીતે વેચવાની પરવાનગી આપી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૮ ના આકટ ૧ની કલમ ૯ મુજબ શેઠ દંડ આપી શકે નહી. ભુલન ચંદ્રશાહ અને બીજાની બાબતમાં. ૧૧ ક. લૉ. રી. ૪૬૪.

(મી૰ મેકલીન અને ઓકીનલી જડજોની રૂબરૂ, ૨૪ મી નવંબર ૧૮૮૨.)

આર. ડેવીસ વી. કોયલાલચંદ્ર ઘોસના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૩ ક. લૉ. રી. ૩૩૬. જુઓ અફીણ ૧૬.

૧૬ સને ૧૮૭૮ નો આકટ ૧—સને ૧૮૬૬ ના આકટ ૪ ની કલમો ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦ મુજબ મદત વેચવાની સર્ણંદની સરત તોડવી—સને ૧૮૭૬ નો આકટ ૨—સને ૧૮૭૮ નો આકટ ૭ મો જકાતનો એકટ—નોકરે અફીણની સણંદ તોડી તે ઉપરથી શેઠની જુમેદારી—ડેપ્યુટી પોલીસ કમીશનરે સને ૧૮૭૮ ના આકટ ૭ મા (જકાતનો આંકટ) મુજબ અ, નામના માણસને સરટીફીકેટ આપ્યું હતું કે, ઠરાવેલી સરતે મદત વેચવાને માટે આ માણસને સણંદ મળવાનો હક છે, તે ઉપરથી સને ૧૮૭૮ ના આકટ ૧ (અફીણનો આકટ) મુજબ બ. નામના માણસે તેમાં બતાવેલી સરત મુજબ સણંદ મેળવી ડેપ્યુટી કમીશનરે સણંદ આપી નોહતી કારણ કે જ્યાં અગાડી ડેપ્યુટી કમીશનરના સરટીફીકેટ ઉપરથી સણંદો કલેકટર આપી શકે તેવી બાબતમાં સણંદીઓને સણંદો પોલીસથી આપવાનો રીવાજ નોહતો. બ, નામના માણસ ઉપર સને ૧૮૬૬ ના આકટ ૪ ની કલમ ૪૦ મુજબ સરટીફીકેટની સરતો નહી પાળવાનું તોહોમત મુકવામાં આવ્યું હતું, આ કૃત્ય અ, ના ચાકરની ભુલથી થયું હતું. એવું ઠરાવવામાં આવ્યું કે મદતનું વેચાણ સને ૧૮૭૮ ના આકટ ૧ મુજબ થાય છે અને તેટલા માટે સને ૧૮૬૬ ના આકટ ૪ ની કલમો ૩૬ અને ૩૭ મુજબ પોલીસ કમીશનરની સણંદની જરૂર નથી. વળી વધારે એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૬૬ ના આકટ ૪ ની કલમ ૩૯ મુજબ મદત વેચવાને માટે ડેપ્યુટી પોલીસ કમીશનરની પરવાનગીની જરૂર છે, અને તેથી કરીને જો કે સને ૧૮૭૮ ના આકટ ૧ મુજબ સણંદ મેળવવાને માટે બ નામના માણસે ડેપ્યુટી પોલીસ કમીશનર પાસેથી શરટીફીકેટ મેળવ્યું હતું તોપણ તેને સને ૧૮૬૬ ના આકટ ૪ ની કલમ ૩૯ લાગુ પડે છે અને તે કલમ મુજબ તે શીક્ષાને પાત્ર છે. ભુખણચંદશા અને બીજાની બાબત. જુઓ ૧૧ ક. લૉ. રી. ૪૬૪. આર. ડેવીસ વી. કોયલાસચંદ્ર ઘોસ, ૧૩ ક. લૉ. રી. ૩૩૬.

(મી૰ પ્રીનસેપ અને મી૰ ઓકીનલી જડજોની રૂબરૂ, તા. ૭ સપટંબર, ૧૮૮૩).

ભુખનચંદશાની બાબત ઉપર નજર રાખવામાં આવી છે. ૧૧ ક. લૉ. રી. ૪૬૪ જુઓ અફીણ ૧૫.

અયોગ્ય લાભ

જડજનો, જુઓ અવ્યવસ્થા. ૭

અરજી.

જુઠી સાબેતી—જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૬.

મોકુફીની અરજી—જુઓ પાછું ખેંચીવું ફરીઆદનું ૫.

બગડેલા સ્ટામ્પની પરવાનગીની અરજી —જુઓ જુઠો પુરાવો ૧૦૦. જુઓ સ્ટામ્પ ૧૯.

હુકમનામુ બજાવવાની અરજી—જુઓ કપટથી બજાવણી હુકમનામાની ૪.

અશુદ્ધ ઇરાદો—

જુઓ જુઠો પુરાવો ૧૩, ૪૭.

અશક્ય સાધનો—

અશક્ય સાધનોથી ખુનમાં સામેલગીરી— જુઓ હકીકત જડજની છેવટની.

અશક્ય મન—

જુઓ જુરી ૭૪.
" ગાંડો,
" ખુન ૪૪, ૫૯.

અસ્વભાવીક મોત—

અસ્વભાવીક મોતનો રીપોર્ટ કરવામાં ભુ. જુઓ છુટી જવું પૂરાવાતું ૮.

અવગુણ કરે તેવી ચીજ—

૧ અવગુણ કરે તેવા ઈરાદાથી અવગુણ કરે તેવી ચીજ લેવડાવવી—સાપરાધ ઈરાદો— પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમો ૮૧, ૩૨૮.

• એવું ઠરાવવામાં આવ્યું કે કોઈ એક માણુસે જાણી બુજીને તાડીના વાસણમાં ઝાડનો રસ મુકયો એવું ધારીને કે તે પીનાર માણુસને ઈજા થશે અને તેથીકરીને કોઈ એક ચોર હમેશાં તે વાસણમાંથી તાડી ચોરી જઈ બાહાર વેચે છે, અને તે તાડી કેટલાક સીપાઈઓ પીએ છે અને તેથી તેમને ઈજા થાય છે, એ ચોર પકડાશે. આ માણુસને પીનલકોડની કલમ ૩૨૮ મુજબ ઈજા કરવાના ઈરાદાથી અવગુણ કરે તેવી ચીજ પીવડાવવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો તે બરોબર છે. અને આ કેસને પીનલકોડની કલમ ૮૧ લાગુ પડતી નથી. "જેમાં એવું કહેલું છે કે સાપરાધ ઈરાદા શીવાય ઈજા કરવાને કાંઈ કૃત્ય કરવું તે ગુન્હો નથી". રાણી વિ. ધાણીઆ દાજી, ૫ મું. હા. કો. રી. ૫૯.

(મી૦ ન્યુટન અને મી૦ ટકર જડજોની રૂબરૂ. તા૦ ૨૩ મી જુલાઈ સને ૧૮૬૮).

૨ "અથવા બીજી વસ્તુ" આ શબ્દોની રચના—પીનલકોડ (આકટ ૪૫, સને ૧૮૬૦) કલમ ૩૨૮—પીનલકોડની કલમ ૩૨૮ માં "અથવાબીજી વસ્તુ" એ શબ્દો પેહેલાના શબ્દો જોડે સંબંધ રાખે છે, અને તેનો અર્થ "અવગુણ કરે તેવી ચીજ" એમ કરવો જોઈએ પણ "ફક્ત બીજી વસ્તુ" એમ કરવો જોઈએ નહીં. જોટીધોરી, અરજદાર ૧ વી. રી. ૭.

(મી૦ કેમ્પ અને મી૦ ગલોવર જડજોની રૂબરૂ ૧૮ મી અગષ્ટ, ૧૮૬૪.

અવિચારી હુમલો—

જુઓ ખુન ૧૮.

અવિચારી ભુલ ભરેલું કૃત્ય—

પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૩૦૪ અ—જ્યાં અગાડી દાકતરી પુરાવો એવો હોય કે છોકરાને એટલું બધું દુધ આપવામાં આવ્યું હતું કે જેથી તેનું મોત થાય, પણ એમ પુરાવાથી નીકળી આવતું નહોતું કે માના કહેવાથી એટલું બધું દુધ આપવામાં આવ્યુ હતું અથવા એટલું બધું દુધ આપ્યું છે તે માના જાણવામાં હતું. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૦૪ અ, આ કેસને લાગુ પાડવાને જોઇએ તેવો પૂરાવો નથી. સેસન જડજે એમ ઠરાવ્યું કે આવી રીતે ઘણું ખવરાવવામાં આવે છે અને તેનો પરીણામ શું થશે એ બાબત માના અજાણપણામાં રહી શકે કે નહીં. આવી રીતનું વધારે ખવરાવવું એ પીનલકોડની કલમ ૩૦૪ અ, માં આવી જતું નથી પણ તેમાં અવિચારીપણા અને ભુલથી ખુન ના થાય એવું કૃત્ય કરવાથી મોત થયું હોય તેનો સમાવેશ થાય છે. જે માણુસ કાંઈ કૃત્ય કરે અને તેનો પરીણામ મોત થશે એવું જાણે તો તે કૃત્ય અવિચારીપણા અને ભુલથી થયું એમ ગણાય નહીં. રાણી વિ. મુસુમત પ્રેમકોર, ૫ નો. વે. પ્રો. ૩૯.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી ફેબ્રુઆરી ૧૮૭૩).

રાણી વી. ઈદુબેગના કામમાં આધાર રાખવામાં આવ્યો ઈ. લૉ. રી. ૩ અ. ૭૭૬ જુઓ. ખુન ૧૦૭.

૨ પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૩૦૪ અ.—તોહોમતદારે નજીવી તકરાર કરતાં મરનારને પુંઠેથી ધક્કો મારયો જેથી નીચેનો રસ્તો જે આશરે ધનફીટ દુર હતો ત્યાં પડયો, પડી જવાથી મરનારને ઘણું દુઃખ થયું અને તેનો અંગુઠો ભાગી ગયો જેથી તે પાંચમે દીવસે મરણ પામ્યો. ઉપરની બાબતો ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદાર પીનલકોડની કલમ ૩૦૪ અ મુજબ અથવા ખુન નહી થતુ સીક્ષણીય મનુસ્ય વધનો ગુન્હો કર્યા બદલ ગુન્હેગાર નથી કારણ કે આવો પરીણામ બનવાનો સંભવ નોહોતો અને વળી વધારે એ કે આવું કૃત્ય કરવાનો તોહોમતદારનો ઈરાદો નોહોતો. રાણી વી. આચાર્ય જા. ઈ. લૉ. રી. ૧ મ. ૨૨૪.

(મી. હોલવે અને મી. ઇન્સ જડજોની રૂબરૂ તા. ૧૯ મી જાનેવારી ૧૮૭૭)

૩ પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૩૦૪ અ—જ્યુરીને સુચના—જ્યાં અગાડી તોહોમતદાર ઉપર સીક્ષણીય મનુષ્યવધના ગુન્હાનું તોહોમત રાખવામાં આવ્યું હતું પણ પુરાવા ઉપરથી એમ માલમ પડયું કે મરનારને બહરોળની ગાંઠ હતી અને તે ગાંઠ મરનારના શરીર ઉપર મુક્કા મારવાથી ફાટી ગઈ અને તેથી તેનું મોત થયું. એમ ઠરાવવામાં આવ્યું કે અવિચારી કૃત્યને માટે તોહોમતદારને પીનલકોડની કલમ ૩૦૪ અ, મુજબ ગુન્હેગાર ઠરાવવાને પુરાવો જોઈએ તેવો નથી, અને જ્યુરીએ બહરોળના રોગનો ફેલાવો પ્રગણામાં કેવી રીતે ચાલે છે એથી સંતોષ પામી તે બાબત લક્ષમાં લઈ મરનારને માર મારવામાં તોહોમતદારે કેટલું અવિચારી કૃત્ય કર્યું એ સોધી કાઢવું જોઈએ; વળી જ્યુરીએ સંતોષ માનવો જોઈએ કે પ્રગણામાં બહરોળનો રોગ ચાલે છે એવી તોહોમતદારને ખબર હતી અને તેવા રોગવાળા માણસને માર મારવામાં જીંદગીને કેટલું જોખમ છે એ વાત પણ તેના જાણવામાં હતી.—રાણી વી. સાકુ લા. ઈ. લૉ. રી. ૪ ક. ૮૧૫.

(મી. મોરીસ અને મી. વાઈટ જડજોની રૂબરૂ, ૩૧ મી માર્ચ સને ૧૮૭૯)

૪ અવિચારી અને ભુલ ભરેલા કૃત્યથી મોત—પીનલકોડ (આકટ ૪૫, સને ૧૮૬૦) કલમ ૩૦૪ અ—ન, નામના એક રેલવે કંપનીના નોકરને, ઢોલાવ ઉપર કેટલાક નકુર ચકરો મજુરોને કામે લગાડી હલાવવાને સોંપરત કરવામાં આવી હતી, તે નોકરે પોતાની ફરજ ભુલથી બજાવી અને તેનો પરીણામ એ થયો કે ચકરો ઉપરથી દાબ જતો રહ્યો. તેના હુકમથી એકાદ મજુરે ચકરને અટકાવવાનો યત્ન કર્યો. તેમ કરવામાંતેનુમોત થયું. એવુ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૦૪ અ મુજબ અ, નામના માણસની ભુલથી મજુરનું મોત થયું.—રાણી વી. લોંગબોટમ, રાણી વી. સ્વીનડેલ. અને રાણી વી. વીલીયમસનના કેસો ઉપર નજર રાખવામાં આવી. રાણી વી. નંદકીસોર. ઈ. લૉ. રી. ૬ અ. ૨૪૮.

(મી. ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા. ૮ મી મારચ. સને ૧૮૮૪.)

જુઓ—જુઠુ તોહોમત. ૫૨
„ માહાવ્યથા. ૧૬
„ વ્યથા. ૯
„ ખુન. ૫૪—૯૪.

અવિચારીપણાથી હાંકવુ—

પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ર૭૯—અવિચારીપણે હાંકવાથી સામા માણસને અથડાઈને ઈજા થાય તેને માટે પીનલકોડની કલમ ર૭૯ મુજબ, જે માણસ બેખરી રીતે હાંકતો હોય તે માણસ ગુન્હેગાર છે પણ ગાડીનો માલીક ગુન્હેગાર ગણાય નહી. મી. એ. ડબલ્યુ. લેરીમોર વિ. પરનેન્ડુ ડીઓરાય, ૧૪ વી. રી. ૩૨.

(મી. બેલી અને મી. કેમ્પ જડજોની રૂબરૂ, તા. ૧૩ મી અગષ્ટ સને ૧૮૭૦).

જુઓ મહાવ્યથા. ૧૬.

અવ્યવસ્થા—

૧ આગલા કામોના મુકરદમાનો સબંધ—આગલા કામના મુકરદમાનો સંબંધ અનીયમી

ત ગણવામાં આવ્યો. રાણી વિ. સોબ્રાટી સેખ ૬ વી. રી. ૨.

(મી० નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ).

૨ ગેરહાજર કેદીઓને સજા—પાણીના હકો વિષેની તકરારો—જે કેદીઓ હાજર નહોતા અને જેના બચાવને માટે પુરાવો લીધો નહોતો એવા કેદીઓને માજીસ્ટ્રેટે કેદની શીક્ષા ઠરાવેલી તે રદ કરવામાં આવી. પાણીની તકરારનો નીવેડો કરવામાં માજીસ્ટ્રેટે બેશક ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૬૧ ના આકટ ૨૫) ના ચેપટર ૨૨ મુજબ વર્તવું જોઈએ. રાણી વિ. રામનાથ અને બીજાઓ ૭ વિ. રી. ૪૫.

(મી० સેટનકાર અને મી० પંડીત જડજોની રૂબરૂ. ૧૮ મી માર્ચ સને ૧૮૬૭).

૩ કેદીની ગેરહાજરીમાં ગુન્હેગાર ઠરાવી સીક્ષા કરવી—કેદીની ગેરહાજરીમાં ડેપ્યુટી માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવી સીક્ષા કરી તે ગેરકાયદેસર ગણી રદ કરવામાં આવી. રાણી વિ. રાજકુમારસીંગ, ૮ વી. રી. ૧૭.

(મી० જેકશન અને મી० હોબહાઉસ જડજોની રૂબરૂ. તા० ૧૭ મી જુન સને ૧૮૬૭)

૪ તોમતદારનો જવાબ લીધા પછી તોહોમત તૈયાર કરવું અથવા ફરીઆદીના સાહેદીઓનું તપાસવું—તોમતદારનો જવાબ લીધા પછી ફરીઆદીના સાક્ષીઓને તપાસવાની રજા આપવી એ ગેરકાયદેસર છે. વળી કેદીનો જવાબ લખી લીધા પછી તેની સામે તોહોમત તૈયાર કરવું એ પણ ગેરકાયદેસર છે. રાણી વિ. છોટીલાલ, ૩ નો વે. પ્રો. ૨૭૧.

(મી० પારસન જડજની રૂબરૂ. ૨૫ મી અગષ્ટ સને ૧૮૭૧).

૫ હકુમત-તપાસ-ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨ નો આકટ ૧૦) કલમ ૭૦. ગુન્હાની તપાસ અથવા રજુઆત ખોટા પ્રગણામાં અથવા સત્તા ના હોય એવી ફોજદારી કોર્ટમાં થયેલી છે, એટલાજ કારણ ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની ૭૦ મી કલમ મુજબ ફોજદારી કોર્ટે ઠરાવેલી સીક્ષા અથવા કરેલો હુકમ રદ થઈ શકતો નથી; પણ જો એમ માલમ પડે કે તોહોમતદારના બચાવમાં વીરૂદ્ધ અભીપ્રાય બંધાયો હતો તો ઉપર મુજબ કરેલો હુકમ ફરી શકે છે. શ્રીસચંદ્રરાય અને બીજાઓ અરજદારો ૨૧ વી. રી. ૪૬.

(મી० કેમ્પ અને મી० એઈનસ્લી જડજોની રૂબરૂ. ૧૭ મી માર્ચ સને ૧૮૭૪).

૬ હકુમત—ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨ નો આકટ ૧૦) કલમો ૭૦, ૨૮૩, ૨૯૪, ૨૯૭—એક કામમાં કલમ ૫૩૦ મુજબ હુકમ કરેલો હતો અને તેમાં નીચેની કોર્ટમાં અખીકાર બાબતનો વાંધો મજબુત રીતે ઉઠાવવામાં આવ્યો નહોતો અને અરજદારે હાઈકોર્ટમાં અરજ કરેલી તેમાં પોતાના વિરૂધ અભીપ્રાય બંધાયેલો હતો એવું કાંઈ બતાવ્યું નહોતું, આ ઉપરથી હાઈકોર્ટે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૭૦ મુજબ દરમીયાન થવાને ના પાડી. મી० એનસ્લી જડજનો મત—ગેરકાયદેસર કામ ચલાવ્યું હોય તેની તપાસ કરીને તે મુકરદમાઓ ફેરવવાની સત્તા હાઈકોર્ટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૯૪-૨૯૭ મુજબ મળેલી છે, અને જે કામોમાં હાઈકોર્ટને એમ માલમ પડે કે આવા ન્યાયના મુકરદમાઓમાં ઘણીજ અગત્યની ભુલ થઈ છે એવા કેસોમાં આ સત્તા વાપરવાની છે, અને કોને અગત્યની ભુલ કહેવી એ બાબતનો વીચાર કરવામાં તે કાયદાની બીજા ભાગની કલમો જેવીકે ૭૦, ૨૮૩ અને ૨૯૭ મુજબ ચાલવાને કોર્ટ બંધાયેલી છે. સોનાટનદાસ અને બીજાઓ વિ. ગુરૂચરન દીવાન, ૨૧ વી. રી. ૮૮.

(મી० કેમ્પ અને એનસ્લી જડજોની રૂબરૂ. તા० ૧૭ મી અપ્રીલ સને ૧૮૭૪.)

૭ ફોજદારી મુકરદમાઓ—કેદીના છોડી દેવાની અસર—જડજનો અયોગ્ય લાભ—જડજની જુબાની આપવી—જેલના કારકુનોએ ડીસ્ત્રીકટ જેલના દરોગા ઉપર એવું તેહોમત મુકયું કે તે હીસાબ ખોટો લખીને સરકારના કેટલાક પૈસા ખાઈ ગયો, આ બાબતનો

તપાસ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે કર્યો અને દરોગા ને તપાસને માટે માજીસ્ટ્રેટની બેન્ચ પાસે મોકલ્યો. આ માજીસ્ટ્રેટની બેન્ચમાં ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ પોતે હતો અને એક ક્ષ નામનો કામ ચલાઉ જેલનો સુપરીનટેન્ડન્ટ હતો અને ત્રણ બીજા ઓનરરી માજીસ્ત્રેટો હતા. રજુઆત થતા પેહેલાં સવાલ પુછવાથી કેદીએ અને તેના વકીલોએ કહ્યું હતું કે આ માજીસ્ત્રેટની બેન્ચ બનેલી છે તેમાં તેમને કાંઈ પણ વાંધો ઉઠાવવાનો નથી. પણ તોહોમત તૈયાર કર્યા બાદ કેદીના વકીલે માજીસ્ટ્રેટની બેન્ચમાં વાંધો ઉઠાવ્યો. ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટે સરકારી વકીલને કામ ચલાવવાનો હુકમ કર્યો અને પોતે અને ક્ષ નામના માણસે ફરીઆદી તરફથી જુબાનીઓ આપી. ફરીઆદી તરફથી કામ બંધ કર્યા પછી કાયદેસર બે તોહોમતો ઘડવામાં આવ્યાં હતાં. પેહેલું એ કે કેદીએ જેટલી દીવેલી ખરેખરી રીતે ખરીદ કરી તેના કરતાં સરકારને નામે દીવેલીની રકમ વધારે ઉધારેલી છે, અને બીજુ એ કે તેને તેલના પૈસા જે ભાવે સરકારમાં જમાં કર્યા છે તેના કરતાં વધારે ભાવેથી લીધેલા છે. પેહેલા તોહોમતનો મુખ્ય પુરાવો જે રસીદો છે તે રસીદોના પૈસા તેને કેટલાક વાઉચરોના આધારે મેળવેલા છે જે વાઉચરો ખરા છે એવું બતાવીને લ, નામના માણસની સહી લીધી છે, અને જે ભાવ સરકારમાં જમાં કર્યો છે તે ભાવનું વેચાણ લ નામના માણસે મંજુર કર્યું છે. કેદીએ પોતાના બચાવને માટે ધારેલા સાક્ષીઓના નામ આપ્યા પછી, બીજા માજીસ્ત્રેટોએ, જે સાક્ષીઓનો સબંધ જેલ સાથે હતો તેવા સાક્ષીઓને તપાસવામાં ભુલ ન થાય તેટલા માટે એ સાક્ષીઓને તપાસવાનુ કામ લ નામના માણસને સોંપ્યુ. ગમે તે પક્ષકારને પુરાવામાં લેવા માટે આ પ્રમાણે જુબાનીઓ લઈ દફતરમાં રાખી કેદીને ગુન્હેગાર ઠરાવ્યો. જુન્હો રદ કરવાની તકરાર ઉઠવાથી એમ ઠરાવવામાં આવ્યુ કે લ, નામના માણસને આ કામમાં વાસ્તવીકરીતે લાભ છે માટે તે આ કામમાં ન્યાયાધીશ તરીકે બેશી શકે નહીં. વળી વધારે એમ ઠરાવવામાં આવ્યું કે જા કે માજીસ્ત્રેટે કામનો મુકરદમો મુળથી બનાવ્યો છે તેટલા માટે તે ઈનસાફની રાહે કામ ચલાવવાને નાલાયક નથી, તોપણ જે કામમાં તેણે પોતેજ ગુન્હો શોધી કાઢયો છે અને કામના કાગળીઆઓ ચુકથી તેણે પોતેજ બનાવ્યા છે અને તે પોતે ફરીવાદીનો મુખ્ય સાક્ષી છે તો એવા કામમાં ઈનસાફ આપવાને તેને બેસવાની કાંઈ જરૂર નથી. વળી એવુ ઠરાવવામાં આવ્યું કે કેદીના સાક્ષીઓની હકીકત લખી છે તે ગેરકાયદેસર છે. ફોજદારી મુકરદમાઓ કાયદામાં બતાવ્યા મુજબ ચલાવ્યા શીવાય ગેરકાયદેસર ગણાય છે, અને જો તે મુકરદમાઓ ખરેખરી રીતે ગેરકાયદેસર છે તો, કેદીએ કબુલાત આપી હોય અગર ના આપી હોય તોપણ તે કાયદેસર ગણાતા નથી. રાણી વિ. ભોળાનાથસેન, ઈ૦ લૉ૦ રી૦ ૨ ક. ૨૩;૨૫ વિ. રી. ૫૭.

(મી૦ મેકફરસન અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ. તા૦ ૧૫ મી જુન સને ૧૮૭૯).

રાણી વિ. હીરા લાલદાસ અને તે૦ કામમાં ધ્યાન આપવામાં આવેલા ફેંસલાઓને મંજુર કરે છે. ૮ મું૦ લૉ૦ રી૦ ૪૨૨; ૧૭ વી. રી. ૩૯. જુઓ રેજીસ્ટ્રેશન ૪.

હુસનબક્સ વિ. રાણી, ઈ૦ લૉ૦ રી૦ ૬ ક. ૯૬ ના ફેંસલામાં આ ફેંસલો મંજુર રાખવામાં આવ્યો. જુઓ જુદા તોહોમતો ૨. રાણી વિ. એલન ઈ૦ લૉ૦ રી૦ ૬ ક. ૮૩ ના ફેંસલામાં તફાવત ગણવામાં આવ્યો. જુઓ યુરોપની ઇંગ્રેજી પ્રજા, ૧૩.

નીચેના ફેંસલામાં નજર રાખવામાં આવી હતી:—

કવીરાસ અને એક. સી. મોનડરસની બાબતની અરજી, ૬ ક. લૉ૦ રી૦ ૪૬૩. જુઓ યુરોપની ઇંગ્રેજી પ્રજા.

વુડ વિ. કલકત્તાની કોરપોરેશન ૯ ક. લૉ. રી. ૧૯૩, ઈ૦ લૉ૦ રી૦ ૭ ક. ૩૨૨. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૨૨.

રાણી વિ. ડોનેલી ઈ૦ લૉ૦ રી૦ ૨ ક. ૪૦૫, જુઓ છુટકો ૨૮.

૮ ફોજદારી મુકરદમાઓ—કાયદામાં ફરમાવ્યા મુજબ ફોજદારી મુકરદમાઓ ન ચલાવવામાં આવ્યા હોય તો તે મુકરદમાઓ ગેરકાયદેસર ગણાય છે; અને તેઓ ખરી રીતે ગેરકાયદેસર છે તો તોહોમતદારે કબુલાત આપી હોય અગર ના આપી હોય તેથી તે ખામી જતી રેહેતી નથી. જે કામમાં પોતાનું ખરી રીતે હીત રહેલું છે તે જ કામમાં કોઈ માણુસ ન્યાયાધીસ તરીકે બેસી શકે નહી. જે કામમાં માજીસ્ત્રેટ ઈનસાફદાર છે તે કામમાં જો બની શકે તો માજીસ્ત્રેટે જુબાની આપવી. રાણી વિ. ભોળાસેન ૨૫ વી. રી. ૫૭; ઈ૦ લૉ૦ રી૦ ૨ ક. ૨૩.

(મી૦ મેકફરસન અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુન ૧૮૭૬).

બંગાળા સરકાર વિ. હીરા લાલદાસના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૧૭ વિ. રી. ૩૯; ૮ બેં. લૉ૦ રી૦ ૪૨૨. જુઓ રેજીસ્ટ્રેશન ૪.

હસનબક્સ સેખ વિ. સીઆકર સેખના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૬ ક. લૉ. રી. ૫૨૧. જુઓ તહોમતદારની તપાસ ૧૪.

૯ સેસન કોરટમાં કામ મોકલવું—સેસન કોરટમાં મુકેલા તોહોમતનો ચોકસી કર્યા વગરનો જવાબ—જોઈન્ટ માજીસ્ત્રેટની રૂબરૂ પીનલકોડની કલમ ૩૪૨ મુજબ ગેરવ્યાજબી કેદની સીક્ષા કરવાનું એકલું તોહોમત મુકવામાં આવ્યું હતું, તે ઉપરથી કેદીઓએ પોતાના જવાબમાં એવું બતાવ્યુ કે જે માણુસોને પકડવામાં આવ્યા હતા તે ઘર ફાડીને રાત્રે ચોરી કરવાના ઈરાદાથી પેઠા હતા તેટલા માટે તેમને વ્યાજબી રીતે પકડવામાં આવ્યા હતા, તપાસ કરીને માજીસ્ત્રેટે કેદી ઉપર ફક્ત ગેરવ્યાજબી કેદનું તોહોમત મુક્યું એટલુંજ નહી પણ જવાબ ઉપર ભરૂસો નહી રાખીને તેને જુઠો પુરાવો ઉભુ કરવાનું અને જુઠુ તોહોમત મુકવાનું એ પ્રમાણે તોહોમતો રાખીને કામ સેસન કમીટ કર્યું. કેદીઓની તપાસ સેસન કોરટમાં ચાલી, અને સેસન જડજે તેમને એકજ વખતે ત્રણુ તોહોમતોને માટે ગુન્હેગાર ઠરાવ્યા. એવું ઠરાવવામાં આવ્યું કે છેલા બે તોહોમતોને માટે ગુન્હેગાર ઠરાવવું એ ગેરવ્યાજબી છે. કારણ કે વધારે તોહોમતો મુકવામાં આવ્યાથી માજીસ્ત્રેટે પેહેલા તોહોમતના જવાબ ઉપર ખરેખરી રીતે ચોકસી કર્યા વગર ઠરાવ કરેલો છે. કોરટ ફરીઆદી તરફનો પુરાવો પેહેલો લીધા શીવાય કેદી તરફના સાક્ષીઓ લે તો તે ગેરકાયદેસર ચાલે છે એમ ગણાય પણ ખરી રીતે તેનાથી કેદીઓના વિરૂદ્ધ અભીપ્રાય ના બંધાયો હોય તો ગુન્હો રદ કરી શકાય નહી. તુરીબુલા અને બીજાઓની બાબતમાં, ૪ ક. લો. રી. ૩૩૮

(મી. મોરીસ અને વાઇટ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી મેએ સને ૧૮૭૯).

૧૦ રજુઆત રદ કરી—ચૌદ માણસોએ પીનલકોડની કલમ ૨૯૦-૨૯૧ મુજબ લોકાપકારક કૃત્યનો ગુન્હો જુદો જુદો કર્યો એવું ઠરાવીને તેમની એકઠી તપાસ કરવામાં આવી હતી. એવું ઠરાવવામાં આવ્યું કે આ ગેરકાયદેસર છે અને તેથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાયો એમ અનુમાન થઈ શકે છે. સીક્ષા રદ કરવામાં આવી. રાણી વિ. પુંલીસંકી રેડી. ઈ. લૉ. રી. ૫ મ. ૨૦.

(મી. ઈન્સ અને મુતુસ્વામી જડજોની રૂબરૂ, ૨૪ ફેબ્રુઆરી ૧૮૮૨).

જુઓ ખોટી વર્તણુક ૧
„ બેન્ચ માજીસ્ત્રેટની
„ તોહોમત ૧૮, ૨૫, ૩૯, ૪૩.
„ ફરીઆદ ૩૩
„ કબુલાત ૧૩, ૨૪
„ સાપ્રાધ પ્રવેશ ૧૨, ૧૩
„ છુટકો ૪૨
„ ભુલ ૩, ૪
પુરાવો ૭૫, ૮૫

,, તપાસ તોમતદારની ૯
,, તપાસ ફરીઆદીની ૧
,, ફરીયાદી તરફના સાક્ષીઓ ૧,૨,૬,૨૦
,, જુઠું તોહોમત ૩૭, ૪૧
,, જુઠો પુરાવો ૩૧
,, જડજની નોટ
,, જ્યુરી ૫૪, ૧૦૪
,, સોગન ૩
,, પ્રથમની તપાસ ૨
,, રેજીસ્ટ્રેશન ૧
,, તપાસણી. ૧૮
,, લુટફાટ ૬
,, જુદા તોહોમતો ૨
,, કેટલાક ગુન્હાઓ ૧
,, લડાઈ ચલાવવી ૩
,, તોલ ૨
,, તપાસ રવીવારની

અભિપ્રાય માટે મોકલેલુ તે.

સેસન જડજનું હાઈકોર્ટના અભીપ્રાય માટે મોકલવું—સેસન જડજની ફરજ. સને ૧૮૬૧ ના ૨૫ મા આકટની કલમ ૪૩૪ મુજબ કેદીએ સેસન જડજની કોર્ટમાં અપીલ કરી હોય તો તે કોર્ટ હાઈકોર્ટમાં રેફરન્સ કરી શકે નહીં; પણ તેવી બાબતમાં ફેંસલો પોતે આપવો જોઈએ. સીકીષ્ણુ વિ. જુગલાલ અને બીજા, ૯ વી. રી. ૫.

(મી૦ કેમ્પ અને મી૦ જેકશન જડજોની બરૂબ. ૧૩ મી જાનેવારી ૧૮૬૮).

૨ અભીપ્રાય માટે મોકલેલો—(સબોરડીનેટ માજીસ્ત્રેટે ફુલ પાવર માજીસ્ત્રેટના) લખી પુછેલો આધાર—સને ૧૮૬૧ ના આકટ ૨૫ (ક્રીમીનલ પ્રોસીજર કોડ) ની કલમ ૨૭૬—અપીલ સાંભળી શકે તેવો ફુલ પાવર માજીસ્ત્રેટ. જોકે અપીલો સાંભળવાનો અધીકાર ફુલ પાવર માજીસ્ત્રેટને હોય તોપણુ તે ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ ગણાય નહીં અને તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૬ મુજબ, સબોરડીનેટ માજીસ્ત્રેટ ફુલ પાવર માજીસ્ત્રેટ તરફ કેસ મોકલી શકે નહી. પણુ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ જેના તાબામાં તે ફકત ગણાય છે તેનો અભીપ્રાય પુછી શકે છે. રાણી વિ. ત્રિભગુ ઉરફે સાબાજી, ૫ મું. હા. કો. રી. ૪૭.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ ન્યુટન જડજોની રૂબરૂ. ૧૭ મી જુન સને ૧૮૬૮).

૩ અભીપ્રાય માટે મોકલવું તે—ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટે ફુલ પાવર માજીસ્ત્રેટના અભીપ્રાય માટે મોકલેલો—સને ૧૮૬૧ નો આકટ ૨૫ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) ની કલમ ૧૪, ૨૭૩, ૪૩૪, ચેપટર ૧૬. એવું ઠરાવવામાં આવ્યું છે કે કોઈ કેસ ફરીઆદ અથવા પોલીસ રીપોર્ટ ઉપરથી ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ પાસે આવ્યો હોય તો તેવો કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૩ મુજબ ફુલ પાવર માજીસ્ત્રેટને મોકલી શકાય નહી. ઓહ્દાની રૂઈએ ફુલ પાવરે માજીસ્ત્રેટ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટથી નીચી પંકતીનો ગણાય છે; તોપણુ તે ક્રીમીનલ પ્રોસીજર કોડના ચેપટર ૧૬ મુજબ, અથવા તે કોડની કલમ ૪૩૪ મુજબ "તાબાનો માજીસ્ત્રેટ" ગણાય નહી. રાણી વિ. ક્રીષ્ણુ પરસોરામ, ૫ મું. હા. કો. રી. ૬૯.

(મી૦ કાઉચ, ચીફ જસ્ટીસ મી૦ ન્યુટન, મી૦ વેસ્ટ્રોપ, મી૦ ટકર, મી૦ વેરડન અને મી૦ ગીબ્સ જડજોની રૂબરૂ. ૨૬ અગષ્ટ ૧૮૬૮.)

રાણી વિ. દીપચંદ ખુશાલ, ૪ મું. હા. કો, રી. ૩૦ નો કેસ સમજાય છે. જુઓ ફરીઆદ ૪.

૪ અભીપ્રાય માટે મોકલેલો (સબોરડીનેટ માજીસ્ત્રેટે સબડીવીઝનલ માજીસ્ત્રેટના)—સને ૧૮૬૧ નો આકટ ૨૫ (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૨૭૭. એવું ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૭ મુજબ, ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટને નહી પણુ આસીસ્ટન્ટ માજીસ્ત્રેટ જેની પાસે તે વખતે સબડીવીઝનનો ચાર્જ હતો તેનો અભીપ્રાય

આવ્યો તે બરોબર છે.

નીદ્રી ટેલ્હીનીના કેસમાં લખી પુછેલું. ૧૧ વિ. રી. ૭.

(મી૦ જેક્સન અને મી૦ માર્કબાય જડ્જોની રૂબરૂ. ૧૧ મી ફેબ્રુઆરી ૧૮૬૯).

૫ અભીપ્રાય માટે મોકલેલો (ફુલ પાવર માજીસ્ટ્રેટે સબોરડીનેટ માજીસ્ટ્રેટના)—સને ૧૮૬૧ નો ૨૫મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૨૭૩. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૩ મુજબ ફુલ પાવર માજીસ્ટ્રેટ કોઈ ફોજદારી કેસની તપાસને માટે સબોરડીનેટ માજીસ્ટ્રેટનો અભીપ્રાય માગી શકે છે. રજુઆતને માટે તેમજ તપાસને માટે અને સેસન અથવા હાઈકોર્ટમાં કેસ કમીટ કરવાનો ઈરાદો હોય તોપણ અભીપ્રાય માગી શકે છે. પ્રો. ૨૩ મી માર્ચ ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૪૦.

૬ અભીપ્રાય માટે મોકલેલો (ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે ડેપ્યુટી માજીસ્ટ્રેટનો)—(ક્રીમીનલ પ્રોસીજર કોડ આક્ટ) ૨૫ સને ૧૮૬૧ કલમ ૨૭૩. જો ફક્ત કેસ તજવીજને માટે ડેપ્યુટી માજીસ્ટ્રેટને મોકલ્યો હોય તો તે તજવીજ તે કામની રજુઆત ગણાય નહી. જો કેસની રજુઆત ડેપ્યુટી માજીસ્ટ્રેટને કરવાનો અધીકાર હોય તો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ કેસ ફક્ત તજવીજને માટે તેની તરફ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૫ મુજબ મોકલી શકે છે કે શી રીતે તે શક ભરેલું છે. કેવળસીંગ અને સુલાબટખાન કેદીઓ. ૧ નો. વે. પ્રો. ૩૦૬.

(મી૦ પીઅરસ અને મી૦ ટરનર જડ્જોની રૂબરૂ. ૧૩ મી અગસ્ટ ૧૮૬૯)

૭ અભીપ્રાય માટે મોકલેલો (ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે ડેપ્યુટી માજીસ્ટ્રેટના) ક્રીમીનલ પ્રોસીજર કોડ સને ૧૮૬૧ નો ૨૫ મો કલમ ૨૭૬. તાબાના માજીસ્ત્રેટે ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ પાસે કોઈ કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૬ મુજબ મોકલ્યો હોય તો તે કેસની તપાસ કરવાને માટે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ ફુલપાવર માજીસ્ત્રેટનો અભીપ્રાય માગી શકે છે. રાણી વિ૦ મંગળા ભુલીયા. ૭ મુ. હા. કો. રી. ૫૯.

(મી૦ ગીબ્સ અને મી૦ મેલવીલ જડ્જોની રૂબરૂ. તા૦ ૨૯મી સપટંબર ૧૮૭૦)

૮ અભીપ્રાય માટે મોકલેલો (ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટે સેસન જડજના)—સને ૧૮૬૧ ના આકટ ૨૫ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૪૩૫—ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટને એમ લાગે કે પોતાના તાબાના માજીસ્ત્રેટે કોઈ કેસ ચલાવેલો છે અને તે કેસ સેસન કોર્ટમાં મોકલવા લાયક છતાં નહીં મોકલવાથી તે વાજબી ઈનસાફ થયો નથી તો તેવી બાબતમાં પોતાનો મત જણાવી તે સેસન જડજને લખી શકે છે. અને સેસન જડજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ કેસ કમીટ કરવાનો હુકમ કરી શકે છે. સને ૧૮૬૯ના આકટ ૮ માની કલમ ૪૩૫ માં ફેરફાર થવાથી રાણી વી. ચનવીરીયા ઉરફે ચનબાસ્યા ૫. મું. હા. કો. રી. ના કેસમાં બતાવ્યા મુજબ આવા કેસને માટે હાઈકોર્ટમાં લખી પુછવાની કાંઈ જરૂર નથી રાણી વી૦ કાલા ઉરફે હરીગામા ૭ મું. હા. કો. રી. ૭૨.

(મી૦ ગીબ્સ અને મી૦ મેલવીલ જડ્જોની રૂબરૂ. ૨૪ મી નવંબર ૧૮૭૦)

રાણી વી૦ ચનવીરીઆ ઉરફે ચનબાસ્યા ૫. મું. હા. કો. રી. ૬૫ ના કેસ ઉપર નજર રાખવામાં આવી છે.

૯ અભીપ્રાય પુછેલો, એક માજીસ્ત્રેટે બીજા માજીસ્ત્રેટનો—ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૬૧ નો ૨૫ મો) કલમ ૨૭૩ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ અગાડી પરભારી ફરીઆદ ઉપરથી અથવા પોલીસના રીપોટ ઉપરની જે ફોજદારી કેસો આવ્યા હોય તેને કલમ ૨૭૩ લાગુ પડે છે કલમ ૬૮ મુજબ તજવીજ ચલાવતો એક માજીસ્ટ્રેટ બીજા માજીસ્ટ્રેટને તપાસ અથવા રજુઆતને માટે લખી શકે એવું કોડમાં કોઇ ઠેકાણે બતાવેલું નથી.

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૮ મુજબ ફરીઆદી થયા શીવાયના ગુન્હાઓને માટે ફક્ત તે તપાસ કરી શકે છે અને સમન અથવા વારંટો કાઢી શકે છે. પ્રો. ૧૭ મી

જાનેવારી ૧૮૭૨, ૭ મદ્રાસ હા. કો. રી. અપે. ૨.

૧૦ અભીપ્રાય માટે મોકલેલુ (જ્યુડીશીઅલ કમીશનરે હાઈ કોર્ટના) સને ૧૮૬૧ નો ૨૫મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) ચેપટર ૨૯—લગ્ન સબંધી હકોનું માગવું—હુકમનો નમુનો બજાવવાની રીત—એક ડફલા પાહાડી જાતની સ્ત્રીને ડેપ્યુટી કમીશનરે તેના ધણી પાસે જવાનો હુકમ કરેલો, તે હુકમ મુજબ તેણીએ વર્તવાને ના પાડવાથી આસામના ડેપ્યુટી કમીશનરે એવો હુકમ કર્યો કે જો હુકમ પાળવાની હઠ કરે તો તે સ્ત્રીને સીમાડાની પેલી તરફ લેઈ જઈ તેણીને તેના દેશમાં પાછી મુકી આવવી જોઈએ. ડેપ્યુટી કમીશનરના હુકમ સામે અપીલ તરીખે તકરાર લેવામાં આવ્યાથી જ્યુડીશીઅલ કમીશનરે ક્રીમીનલ પ્રોસીજર કોડના ચેપટર ૨૯ મુજબ હુકમને માટે હાઈકોર્ટમાં લખાણ કર્યું. એવું ઠરાવવામાં આવ્યું કે ૨૯ મા ચેપટર મુજબ અભીપ્રાય પુછવા લાયક આ કેસ નથી. ડેપ્યુટી કમીશનરે હુકમ કરેલો છે તે કાંઈ ફોજદારી રાહે કર્યો નથી પણ ઈનસાફની રાહે લગ્ન સબંધી હકો માગવાના દાવામાં કરેલો છે અને તેટલા માટે તેના ઉપર જ્યુડીશીઅલ કમીશનરને અપીલ થઈ શકે છે. આ કેસમાં હુકમનું ખરૂ રૂપ એ હતું કે સ્ત્રીએ તેના ધણીના કબજામાં જઈ રેહેવું જોઈએ અને આવા હુકમ બજાવવાની ફકત એજ રીત છે કે તેણીને કેદ કરવી જોઈએ અથવા તેણીની મીલકત જપ્ત કરવી જોઈએ અથવા સને ૧૮૫૯ ના આંકટ ૮ માની કલમ ૨ મુજબ બંને સાથે કરવું જોઈએ. સુસામત બેરી. વિ. મીઆં ગામ. ૧૭ વિ. રી. ૧૩.

(મી. બેલી અને મી. માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ફેબ્રુઆરી. ૧૮૭૨).

છોટન બીબી વિ. અમીરચંદના કામમાં આધાર લેવામાં આવે છે. ૯ વી. રી. ૧૦૫ (દીવાની કામે)

૧૧ અભીપ્રાય માગેલો (ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે ડીવીઝનલ માજીસ્ત્રેટનો)—સને ૧૮૬૧ નો આકટ ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૨૩. ग—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩. ग મુજબ, ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ, ફુલપાવર ડીવીઝનલ માજીસ્ત્રેટનો કલમ ૨૭૩ મુજબ ફોજદારી કેસમાં અભીપ્રાય માગી શકે છે. પ્રો. તા૦ ૨૩ મી અપરેલ ૧૮૭૨, ૭ મદ્રાસ હા. કો. રી. અપે. ૫.

૧૨ અભીપ્રાય માગેલો, ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે સબોર્ડીનેટ માજીસ્ત્રેટનો—સને ૧૮૬૧ નો ૨૫ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૬૬—કોઈ કામમાં ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને ફરીયાદ કરવામાં આવી હોય તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ મુજબ અરજદારની પોતે જુબાની લેઈ લખે નહી ત્યાં સુધી તે અરજ તપાસને માટે, ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ તાબાના માજીસ્ત્રેટ ઉપર મોકલી શકતો નથી. રાણી વિ. ભીકારી, ૪ નો. વે. પ્રો. ૮૮.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ. તા૦ ૧૭ મી જુન ૧૮૭૨).

૧૩ અભીપ્રાય માગેલો (સેસન જડજે હાઈકોરટનો) સને ૧૮૬૧ નો ૨૫ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૪૩૪.

માજીસ્ત્રેટે પુરાવા ઉપર આધાર રાખ્યો હોય તેના કરતાં સેસન જડજ જુદી રીતનો આધાર રાખે તો તે કારણ ઉપરથી કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ હાઈકોરટનો અભીપ્રાય માટે મોકલી શકાય નહી. રામધન મંડલે અને બીજાઓ અરજદારો, ૧૮ વી. રી૦ ૩૯.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ એઈનસ્લી જડજોની રૂબરૂ, ૮ મી અગષ્ટ સને ૧૮૭૭).

૧૪ અભીપ્રાય માટે મોકલેલો, ફુલપાવર માજીસ્ત્રેટે સબોર્ડીનેટ માજીસ્ત્રેટના—કોઈ કેસની ફરીયાદ ફુલપાવર માજીસ્ત્રેટને થઈ હોયતો, તે કેસ તે માજીસ્ત્રેટ નીરાકરણ કરવા માટે, તાબાના માજીસ્ત્રેટ તરફ મોકલી શકતો નથી.

રાણી વિ. પાપીડીઓ મથડો. ૮ મું. હા. કો. રી. ૧૬૭.

(મી૦ લોયડ અને મી૦ મેલવીલ જડજો ની રૂબરૂ, ૧ લી મે સને ૧૮૭૨).

૧૫ અભીપ્રાય માટે મોકલેલો તે—(સ સને ૧૮૬૦ નો ૪૫ મો) પીનલકોડ, કલમ ૩૦૦—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન નહીંબ નેલું—જે કામમાં મોતની શિક્ષા કરવામાં આવી હોય છે તેવા કામમાં .ફકત અભીપ્રાય આપનારી કોરટ તરીકે હાઈકોરટ, હાથ ઘાલી શકે છે. ગામના પોલીસ કોનસ્ટેબલે નાસી ગયેલા કેદીને પકડવાને માટે ઈનામ ઠરાવી પેહેલેથી ગોઠવણ કરી મુકેલી તે ગોઠવણ મુજબ ચાલવું કાયદેસર છે એવું ધારીને કેદીઓ તેને પકડવાને ગયા અને પકડતા નાસી જવાનો યત્ન મરનારે કરવાથી તેને મારી નાખ્યો. એવું ઠરાવવામાં આવ્યું કે આ ગુન્હો પીનલકોડની કલમ ૩૦૦ ના ત્રીજા અપવાદમાં આવી જાય છે અને તેથી શિક્ષણીય મનુષ્યવધથી ખુન નહી થયાનો ગુન્હો બને છે. રાણી વિ. આમન, નો. વે. પ્રો. ૧૩૦.

(મી૦ સ્પેંકી અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૨ મે સને ૧૮૭૩).

૧૬ અભીપ્રાય માટે મોકલેલો (ડેપ્યુટી કમીશનરે હાઈકોરટના)—સેકન કલાસ માજીસ્ટ્રેટ—ક્રીમીનલ પ્રોસીજર કોડ સને ૧૮૭૨ નો ૧૦ મો, કલમ ૪૬—સેકન કલાસ માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ મુજબ વધારે સીક્ષાને લાયક ગુન્હો છે, એમ ધારી, ડેપ્યુટી કમીશનર પાસે મોકલેલો, તે કેસમાં ડેપ્યુટી કમીશનરે હાઈકોરટનો અભીપ્રાય માગેલો તેમાં હાઈકોરટે દરમીઆન થવાની ના પાડી, કારણ કે હાઈકોરટનો મત એવો હતો કે ડેપ્યુટી કમીશનરે આવા કેસમાં લખાણ કરવાને બદલે, પોતેજ તે કલમ મુજબ તે કેસ ચલાવવો જોઈએ, અને પુરાવાથી જે ગુન્હો સાબીત થાય તે મુજબ કેદીને ગુન્હેગાર ઠરાવીને શીક્ષા કરવી જોઇએ. સોભીલદાસ વિ. ચંદ્રદેબ અને બીજાઓ, ૨૦ વિ. રી. ૧૫.

(મી૦ ગલોવર અને મી૦ મીટર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી મે સને ૧૮૭૩).

૧૭ અભીપ્રાય માટે મોકલેલો (સેસન જડજે હાઈકોર્ટના) સને ૧૮૭૨ નો ૧૦ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૨૯૬—જે કેઈસમાં સેસન જડજને એમ લાગે કે ઠરાવ અથવા હુકમ ગેરકાયદેસર છે અને સજા કરેલી છે તે ઘણીજ સખત છે તો ૧૫ મી જુલાઈ સને ૧૮૬૩ ના સરકયુલર મુજબ તેણે હાઇ કોર્ટમાં રીપોર્ટ કરવો જોઈએ; જે સરકયુલર ચાલતા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ અભીપ્રાય માગેલા હોય તેને લાગુ પડે છે. રાજકીસ્તોપાલ વિ૦ નિત્યાનંદપાલ, ૨૦ વિ. રી. ૫૦

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને બર્ચ જડજોની રૂબરૂ. તા૦ ૧૧ મી જુલાઇ ૧૮૭૩,)

૧૮ અભીપ્રાય માટે મોકલેલો (એક સબોર્ડીનેટ માજીસ્ત્રેટે બીજા માજીસ્ત્રેટના)—જે કેસ ચુકાદો કરવાને માજીસ્ત્રેટની પાસે આવ્યો હોય તે કેસ તે માજીસ્ત્રેટ પોતાના તાબાના માજીસ્ત્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૪ મુજબ મોકલી શકે નહીં. પ્રો. તા૦ ૧૫ મી જુન ૧૮૭૪, મ. હા. કો. રી. અપે. ૩૩.

૧૯ અભીપ્રાય માટે મોકલેલો (હાઈકોરટના) વકીલ—રીવાજ—સને ૧૮૭૨ નો ૧૦ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૨૯૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ કોઈ કેસ હાઈકોરટના અભીપ્રાય માટે મોકલ્યો હોય તેવા કેસમાં વકીલ તકરાર કરવાનો હક માગી શકે નહીં. રાણી વિ. દેવમા, ઈં૦ લૉ૦ રી૦ મું. ૬૪.

(મી૦ વેસ્ટ અને મી૦ નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૮ ડીસેંબર ૧૮૭૫.)

૨૦ અભીપ્રાય માટે મોકલેલો (ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે હાઈકોર્ટના)—સને ૧૮૭૨ નો આકટ૧૦ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમો ૨૯૫–૨૯૬—ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટની ફરીઆદ ઉપરથી માજીસ્ત્રેટની બેન્ચે બે કેદીઓને એકઠા

ગુન્હેગાર ઠરાવેલા તે કેદીઓને સેસન જડજે અપીલમાં છોડી મુકયા હતા. આ ઉપરથી કલમો ૨૯૬ અને ૨૯૭ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે કામનાકાગળો મોકલીને હાઈકોર્ટમાં રીપોર્ટ કર્યો કે સેસન જડજનો હુકમ રદ કરવો જોઇએ, કારણકે આ કામમાં ગેરઈનસાફ થયેલો છે. એવું ઠરાવવામાં આવ્યું કે ઉપલી કોર્ટના મુકરદમા ઉપર હાઈકોર્ટમાં રીપોર્ટ કરવાને માજીસ્ત્રેટને અખત્યાર નથી. ડેવીડની બાબતમાં ૬ ક. હા. કો. રી. ૨૪૫.

(મી૦ ગ્રીનસેપ અને મી૦ ટોટનહામ જડજોની રૂબરૂ. તા૦ ૧૭ અપ્રેલ ૧૮૮૦).

૨૧ અભીપ્રાય માટે મોકલવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૧૯૩, કલોઝ ૨—એકઠા જડજો—૩૨ મી ચેપટર મુજબ અરજી—સેસન જડજે જોઈન્ટ જડજને કેસો ચુકવવાને કરેલો હુકમ—ક્રીમીનલ પ્રોસીજર કોડના ચેપટર ૩૨ મુજબ આવેલી અરજીઓનો ચુકાદો કરવાનો અખત્યાર આપી સેસન જડજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૩ ના કલોઝ ૨ મુજબ જોઈન્ટ સેસન જડજ તરફ મોકલી શકે નહીં. ક્રીમીનલ પ્રોસીજર કોડના ચેપટર ૩૨ માં આપેલો અખત્યાર જોઈન્ટ સેસન જડજ બજાવી શકે નહીં; અને કલમ ૧૯૩ ના કલોઝ ૨ નો અર્થ ફક્ત રજવાતમાં આવેલાં કામો એવો થાય છે. સુરતના સેસન જડજનું રેફરન્સ. ઈ. લૉ. રી. ૯ મુ

(મી૦ નાનાભાઈ હરીદાસ અને મી૦ વેનબર્ન જડજોની રૂબરૂ. તા૦ ૧૨ મી ફેબ્રુઆરી ૧૮૮૫).

૨૨ અભીપ્રાય માટે મોકલવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૩૪૯—કોઈ માણસ ઉપર ચોરીનું તોહોમત મુકીને સેકન્ડ કલાસ માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ મુજબ જુનો ગુન્હેગાર ઠરાવી વધારે સીક્ષા કરવાને માટે કામ ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટ તરફ મોકલ્યું; ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટે કેદીને પાછો મોકલીને કામ સેસન જડજ તરફ કમીટ કરવાનો હુકમ કર્યો. સેસન જડજે હાઈકોર્ટમાં રેફરન્સ કરવાથી, હાઈકોર્ટે કમીટ કરવું બાહાલ રાખીને, એવો હુકમ કર્યો કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ મુજબ જે કોર્ટે હાઈકોર્ટમાં રેફરન્સ કર્યું હોય તે કોર્ટે તે કેસો ચલાવવા જોઈએ, પણ જે કોર્ટે તે કેસ મોકલેલો છે તે કોર્ટમાં તે કેસ, સેસન કમીટ કરવાનો હુકમ લખી, પાછો મોકલવો નહી. રાણી વિ. વીરાના ઈ. લૉ. રી. ૯ મ. ૩૭૭.

(મી૦ કરનાન અને મી૦ મુતુસ્વામી આયાર જડજોની રૂબરૂ. ૨૦ મી એપ્રીલ ૧૮૮૬.)

૨૩ અભીપ્રાય માટે મોકલેલું—(માજીસ્ત્રેટે હાઈકોર્ટના) સને ૧૮૭૨ નો આકટ ૧૦ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૨૯૬—જે કેસમાં માજીસ્ત્રેટને ભુલ માલમ પડે તેવો દરેક કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ, હાઈકોર્ટમાં નિવેડો કરવા મોકલતા પહેલાં પોતે વિચાર કરવો જોઈએ કે કેસ મોકલવા લાયક છે કે શી રીતે, કારણ કે જે કેસમાં તેને ભુલ માલમ પડે તેવો દરેક કેસ તે મોકલવાને માટે બંધાયેલો નથી. તા૦ ૧૯ મી મે સને ૧૮૬૫ ની સાલનાં નંબર ૪૮૦ ના કાગળનો અર્થ કરી બતાવવામાં આવ્યો. નીબારન ચંદરદાસવિ૦ ભગોબતી-ચરન ચેતરજી. ૨૦ વિ. રી. ૪૦.

(મી૦ માર્કબાય અને મી૦ બર્ચ જડજોની રૂબરૂ. તા૦ ૨૪ મી જુન ૧૮૭૩).

૨૪ અભીપ્રાય માટે મોકલેલો (સેસન જડજે હાઈકોર્ટના)—માજીસ્ત્રેટની સત્તા—અપેલેટ કોર્ટનો હુકમ—ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨ નો ૧૦ મો) કલમો ૨૯૫, ૨૯૬, ૨૯૭—કેનટોનમેન્ટ માજીસ્ત્રેટે કરેલી સીક્ષા સેસન જડજે અપીલમાં ગેરવાજબી રીતે રદ કરી છે એવું ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટને માલમ પડવાથી તેને કેસ, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ હાઈ કોર્ટના નીવેડાને માટે મોકલ્યો. એવું ઠરાવવામાં આવ્યું કે આવી રીતે નીવેડાને માટે લખવાનો માજીસ્ત્રેટને અધીકાર નથી. રામલાલની અરજીની બાબતમાં ૨૧

ણી વિ. રામલાલ ઈં. લૉ. રી. ૮ ક. ૮૭૫.

(મીo પ્રીનસેપ અને મીo ઓફીનલી જ ડજોની રૂબરૂ, ૬ ઠી મે સને ૧૮૮૨.)

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું. ૧૪.
„ માંડી વાળવું ફરીઆદનું ૯.
„ જ્યુરી. ૭૧, ૭૫, ૯૭, ૯૯, ૧૧૨.
„ સુચરકો.

૨૫ શીક્ષા વધારવા માટે અભીપ્રાય માગેલો તે—સને ૧૮૭૨નો ૧૦ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૪૬—ઉપરી માજીસ્ટ્રેટની ફરજ—જે માજીસ્ટ્રેટને શીક્ષા વધારવાને માટે પુછવામાં આવ્યું હોય તે માજીસ્ટ્રેટ, ત પાસને માટે કેસ બીજા માજીસ્ટ્રેટ પાસે મોકલી શકે નહી. રાણી વિ. વેલયાદામ ઈં. લૉ. રી. ૪ મ. ૨૩૩.

(મીo કીનડરસલી અને મટુસામીઆયર જડજોની રૂબરૂ, તાo ૨૯ મી અક્ટોબર સને ૧૮૮૧).

આ

આબરૂ લેવી.

૧ પીનલકોડ (આક્ટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—કંપનસેસન—આબરૂ લેવાના કેસની અંદર ફરીયાદીએ જે તોહોમતો રાખી ફરીઆદ કરી હતી તે સઘળાં તોહોમતો કબુલ કર્યાં. ગુન્હો ઠરાવવાને માટે મુદ્દાની વાત (શુદ્ધબુદ્ધિથી તોહોમત મુકવામાં આવ્યું નથી) તદન રહી ગઈ હતી તે ઉપરથી ગુન્હો અને સજા રદ કરવામાં આવી. આવી બાબતમાં કંપનસેસન ઠરાવી શકાય નહી. અસરૂદીનખાન વિ. બાબુખાન અને બીજા. ૧ વી. રી. ૬.

(મીo કેમ્પ અને મીo ગલોવર જડજોની રૂબરૂ. ૧૭ મી અગષ્ટ સને ૧૮૬૪).

૨ પીનલકોડ (આક્ટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—પંચાતમાં સોંપેલા દાવામાં કોઈ એક સીરસ્તેદારે શી રીતે પરવાનો કાઢયા હતા તે બાબત ઉપર ફક્ત સાદુ ઈકરાર, કરેલું તે કાંઈ આબરૂને નુકશાન થાય એવું લખાણ ગણાતું નથી. રાણી વિ. હેમચંદ્ર મુકરજી ૧ વી. રી. ૨૪.

(મીo કેમ્પ અને મીo ગલોવર જડજોની રૂબરૂ. ૧૮ મી નવંબર સને ૧૮૬૪).

૩ પીનલકોડ (આક્ટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯.—ફરીઆદી કરનારની નીચી જાત—દ્વેષબુદ્ધિથી કોઇ પક્ષકાર ઉપર જુઠું તોહોમત મુકવું એ આબરૂ લેવાના તોહોમતની અંદર આવી જાય છે. ફરીયાદી નીચી જાતનો છે, તેથી તેના ઉપર ખોટું ચોરીનું તહોમત મુકેલું હોય તેને માટે આબરૂની ફરીઆદ માંડવાને તેને કાંઈ બાધ લાગતો નથી. રાણી વિ. નોબીનડોમ. ૨. વિ. રી. ૩૫.

(મીo ટ્રેવોર અને લોચ જડજોની રૂબરૂ, ૧૭ મી ફેબ્રુઆરી ૧૮૬૫).

૪ પીનલકોડ (આક્ટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯. લખવાથી અને બોલવાથી આબરૂ લેવી એમાં પીનલકોડમાં કાંઇ તફાવત બતાવ્યો નથી. રાણી વિ. મોહનત પરસોરામદાસ ૨ વિ. રી. ૩૬.

(મીo કેમ્પ અને ગલોવર જડજોની રૂબરૂ. ૨૨ મી ફેબ્રુઆરી ૧૮૬૫).

સીઓપ્રસાદ પંડયાની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ૩ ક. લૉ. રી. ૧૨૨.
જુઓ આબરૂ લેવી ૧૫.

૫ પીનલકોડ (આક્ટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—કોઈપણ માણસ પોતાના છોકરાના હીતના બચાવને માટે આબરૂ લે એવા શબ્દો વાપરી શકે નહી પણ જો તે શુદ્ધબુદ્ધિથી એટલે પુરતી સંભાળ અને ધ્યાનથી વાપરે તો વાપરી શકે છે. રાણી વિ. પરસોરામદાસ. ૩ વી. રી. ૪૫.

(મીo કેમ્પ અને મીo ગલોવર જડજોની રૂબરૂ. ૧૨ મી જુલાઈ ૧૮૬૫.

રાણી વિ. ગોદા ઈરાવતના ફેંસલાથી રદ થઈ ગયો. બેંo લૉo રીo ૪૩૬; ૫ વી. રી. ૬૧. જુઓ ફરી તપાસ ૧૨

૬ શુદ્ધબુદ્ધિ—પુરાવાનો બોજો—સને ૧૮૬૨ નો આક્ટ ૧૮—પીનલકોડ (સને

૧૮૬૦ નો આકટ ૪૫) કલમ ૪૯૯—અપવા ૬ સને ૧૮૬૨ નો આકટ ૧૮ મો હાઈકોરટ ને ફકત તેના મુળના અધીકારમાં લાગી શકે છે પણ તે જીલ્લાની કોરટોને લાગુ પડતો નથી.

આબરૂ લેવાના કેસમાં શુદ્ધબુદ્ધિ છે એવું ધારતા અવલ તે આકટની કલમ ર૭ મુજબ, બચાવમાં લેવાય એવી બાબતો સાબીત થવી જોઈએ. શુદ્ધબુદ્ધિ સાબીત કરવાનો બોજો, તોહોમત મુકનાર માણસને માથે છે. પીનલકોડની કલમ ૪૯૯ ના ૯ મા અપવાદનો આવા માણસને લાભ આપતાં અવલ તેણે એમ સાબીત કરી આપવું જોઈએ કે ઘટતી સંભાળ અને સાવચેતી રાખવામાં આવી હતી. સીલી વી. રામનારાયણ બોસ, ૪ વી. રી. ૨૨.

(મી૦ ગલોવર જડજની રૂબરૂ. ૮ મી નવંબર ૧૮૬૫).

નીચેના કેસમાં નજર રાખવામાં આવી હતી—

રાજ નારણસીંગ વિ. ડીગુબરપોલ, ૧૪ વી. રી. ૨૨; ૬ બેં૦ લો૦ રી૦ અપે. ૪૨. જુઓ આબરૂ લેવી ૮.

સાંઈપ્રસાદ પંડયાની બાબતમાં, ૩ ક૦ લો૦ રી૦ ૧૨૨. જુઓ આબરૂ લેવી ૧૫.

રાણી વિ. ભીકાભાઈ પરભુદાસ મું. હા. કો. રી. ૪૫૧, જુઓ આબરૂ લેવી ૧૩.

૭ પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—છાપવાની સાબેતી—પોષ્ટમાં રવાને કરવું—કોઈ એક પ્રગણામાં આબરૂ જાય એવો કાગળ પોષ્ટમાં મોકલવામાં આવ્યો હોય તો, એ બાબતની સાબીતી એ, આબરૂ લેવાના કેસમાં, તે પ્રગણામાં છાપવામાં આવ્યું હોય તેની બરોબર છે. રાણી વિ. કાલીદાસ મીતર અને બીજાઓ. ૫ વી. રી ૪૪.

(મી૦ કેમ્પબેલ અને મી૦ ગલોવર જડજોની રૂબરૂ. ૩ મારચ, ૧૮૬૬).

૮ પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—સરકારી નોકરનો રીપોર્ટ—કોઈ સરકારી અમલદારે પોતાના ઉપરીના હુકમ પ્રમાણે કેટલાક આદમી સામે પોતાની નોકરીની ફરજની અંદર રીપોર્ટ કરયો હોય જેમાં સારા અને ખોટા બધા દોષો આવી ગયા હોય, અને તે રીપોટ ઉપરથી એમ માલમ પડે કે, તે દોષો અવિચારીપણે અને ગેરવ્યાજબી રીતે મુકવામાં આવ્યા નથી તો તે રીપોર્ટથી આબરૂ લેવાનો ગુન્હો બન્યો એમ ધારી શકાય નહી, અને એવી જાતનો રીપોર્ટ પીનલકોડની કલમ ૪૯૯ ના ૯ મા અપવાદ મુજબ કાયદેસર ગણાય છે.

રાજ નારણસીન વી. ડીગુબરપોલ. ૧૪ વી. રી. ૨૨ ૬ બેં૦ લો૦ રી૦ અપે. ૪૨.

(મી૦ ફીયર અને મી૦ ટર જડજોની રૂબરૂ. ૨૩ મી જુલાઇ સને ૧૮૭૦).

સીલી વિ. રામનારાયણ બોસ ૪ વી. રી. ૨૨ ના કેસમાં નજર રાખવામાં આવી છે. જુઓ આબરૂ લેવી ૬.

૯ પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—છપાવવું તે—તા૦ ૧૭ મી જુન સને ૧૮૬૩ ના સરકયુલરના હુકમની મતલબ બતાવવામાં આવી. કોઈ માણસની આબરૂ જાય એવા દોષોવાળી અરજી કોરટમાં ફાઈલ કરવામાં આવે, એવા ઈરાદાથી કે બીજા માણસોના વાંચવામાં આવ્યાથી તેની આબરૂને બટ્ટો લાગશે, તો તે કૃત્ય પીનલકોડની કલમ ૪૯૯ મુજબ દોષો કાઢવા અથવા છપાવવાની બરોબર છે. આબરૂની બાબતમાં આ દેશનો ફોજદારી કાયદો, પીનલકોડની કલમ ૪૯૯ ના શબ્દોની રચના ઉપર આધાર રાખે છે, પણ તે બાબત વીલેના ઇંગ્રેજી કાયદા ઉપર આધાર રાખતો નથી. ડોકટર, જે. એ. બીન. વિ. જે. પી. ડીલેની. ૧૪ વી. રી. ૨૭.

(મી૦ ફીઅર અને મી૦ જેકસન જડજોની રૂબરૂ. તા૦ ૩ અગષ્ટ, ૧૮૭૦.)

રાણી વિ. ગોસાચંદ ગોપ, ૫. વી. રી. ૪૫ ના ફેંસલામાં નજર રાખવામાં આવી છે. જુઓ ખુન ૧૯.

સાંઈપ્રસાદ પંડયાની બાબતમાં નજર

રાખવામાં આવી ૩, ક. લૉ૦ રી૦ ૧૨૨, ઈ૦ લૉ૦ રી૦ ૪ ક. ૧૨૪. જુઓ આબરૂ લેવી. ૧૫.

૧૦ પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૫૦૦—શુદ્ધબુદ્ધિ—કોઈ મુખત્યાર અથવા વકીલ પોતાના અસીલના કહેવા ઉપર ભરૂસો રાખીને શુદ્ધબુદ્ધિથી તકરાર કરતી વખતે આબરૂ લે એવા વચનો ખાતરીથી કહેતો તે પીનલકોડની કલમ ૫૦૦ ના અપવાદ ૯ મા મુજબ આબરૂ લેવાના ગુન્હાને માટે જુમેદાર ગણાય નહીં; પણ જો તકરાર કરવાના મુદ્દાઓ આવા ઓદ્ધા વગરના કોઈ બીજા માણસે દૂષબુદ્ધિથી કાઢ્યા હોય તો તે આબરૂ લેવાના ગુન્હા માટે જુમેદાર ગણાયછે. રાણી વી. ગ્રીસીઅન, ૨ નોવે પ્રે. ૪૭૩.

(મી૦ ટરનર જડજની રૂબરૂ તા. ૧૬ મીડીસેબર ૧૮૭૦)

૧૧ પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯, અપવાદો ૮—૧૦—લખનારે ધર્મ સબંધી હીત સાચવવાને લખેલો કાગળ—શુદ્ધબુદ્ધિ—કોઈ બ્રાહ્મણે પાડોશના બ્રાહ્મણો ઉપર પોતાના તેમજ તે બ્રાહ્મણોના ધર્મ સબંધી હીતને અસર કરતી બાબત ઉપર ઠરાવ મેળવવાનાં ઈરાદાથી કાગળ શુદ્ધબુદ્ધિથી લખ્યો હોય તો તે પીનલકોડની કલમ ૪૯૯ ના ૮ મા અથવા ૧૦ મા અપવાદમાં આવી જાય છે. રાણી વિ. કાશીનાથ બચાજી ગાલબા, ૮ મું. હા. કો. રી. ૧૬૮.

(મી૦ મેલવીલ અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ. તા૦ ૩૧ મી અગષ્ટ સને ૧૮૭૧.)

૧૨ આબરૂ લેવી—પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—પરવાનગી શીવાય ખુલ્લી ન થાય તેવી બીના—કોઈ ગુરૂના ગુમાસ્તાએ, ફરીઆદીને પોતાના શેઠે ન્યાતમાંથી દુર કર્યો છે એવું છાપેલું, તેને માટે તેના ઉપર આબરૂ લેવાનું તોહોમત મુકવામાં આવ્યું હતું. જે કાગળમાં ન્યાતથી દુર કરવાનું છાપેલું હતું, તેમાં એવી હકીકત હતી કે ફરીઆદીએ કોઈ માણસનો હુકમ નહી માની તેને અપમાન કર્યું હતું. એવું ઠરાવવામાં આવ્યું કે આ કાગળમાં કાંઇ આબરૂ જાય એવુ લખાણુ નથી. જે માણુસનું અપમાન કરવામાં આવ્યું છે તે માણુસ ઓદ્ધાવાળો હોય અને તેના ઓદ્ધાની રૂઈએ હુકમ પળાવવાનો હોય, અને તેવી બાબતમાં હુકમનું અપમાન થયું હોય તો તે ગુન્હો કહેવાય, અને તે ઓદ્ધાની રૂઈએ એવી જાતનું અપમાન તે માણુસની પરવાનગી શીવાય ખુલ્લુ થાય નહી; પણુ આવી બાબત ના હોય તો ફરીઆદીએ કોઈ માણુસનો હુકમ ના માન્યો, જેનો હુકમ માનવાને તે કોઈ રીતે બંધાયલો નોહુતો, એવી જાતનું ફકત લખાણુ એથી કાંઈ આબરૂને નુકશાન થયું એમ કોઈ રીતે ગણાશે નહી. પ્રે. ૨૦ મી ડીસેંબર ૧૮૭૧. ૬ મ. હા. કો. રી. અપ. ૪૬.

૧૩ આબરૂ લેવી—(સને ૧૮૬૦ નો આ. ૪૫) કલમ ૪૯૯—તોહોમત—પુરાવાની સખતાઈ—ઉપરી તપાસનારી કોર્ટ તરીકે હાયકોર્ટની સત્તા—સને ૧૮૬૧ ના આકટ ૨૫ મજબ આબરૂ લેવાનું તોહોમત મુકતી વખતે, પીનલકોડની કલમ ૪૯૯માં બતાવેલા અપવાદોમાં નથી આવી જતું એવું બતાવવાની કાંઈ જરૂર નથી. જે માણુસ ઉપર આબરૂ લેવાનુ તોહોમત મુકવામાં આવ્યું છે તે જાણે દીવાની મુકરદમામાં પ્રતિવાદી હોય અને તેને દરેક દોષને માટે જુદો જુદો પુરાવો આપવાની તાકીદ અપાય, તેવીજ રીતે આબરૂ લે એવા આરટીકલના દોષોને માટે તેની પાસેથી જડજે જુદો જુદો પુરાવો માગવો એ કાંઈ કાયદા પ્રમાણે ભુલ નથી. લાઈબલમાં બતાવેલા લખાણો ખરા છે, અને તે શુદ્ધબુદ્ધિથી લખેલાછે, એ બાબતના સવાલો નીચેની અપીલ કોર્ટે પુછેલા તેમાં હાઈકોરટ ઉપરી કોરટ તરીકે હાથ ઘાલી શકતી નથી; પણુ આવી બાબતના સવાલોને માટે નીચેની અપીલ કોરટના ઠરાવો મુજબ ચાલવાને તે બંધાયેલી છે. રાણી વિ. કીકાભાઈ પરભુદાસ ૯ મું. હા. કો. રી. ૪૫૧.

(મી૦ લોયડ અને મી૦ કેમ્બેલ જડજો ની રૂબરૂ, તા૦ ૫ મી ડીસેંબર ૧૮૭૨.)

નીચેના કેસોમાં નજર રાખવામાં આવીછેઃ-

સીલી વિ૦ રામનારાયણ બોસ. ૪ વિ. રી ૨૨. જુઓ આબરૂ લેવી ૬.

રાણી વિ. ડરઝુલા ૯ વી. રી. ૩૩. જુઓ શીક્ષા ૧૬.

સીબુપ્રસાદ પંડયાની બાબતમાં ૩ ક.લૉ. રી. ૧૨૨, ઈ. લૉ. રી. ૪ ક. ૧૨૪. જુઓ આબરૂલેવી ૧૫.

ઈ. જે. હાવર્ડ વિ. એમ. મુલ, ૧ મુ. હા. કો. ૧ અપે. ૮૫.

૧૪. આબરૂ—લેવી પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫) કલમો ૪૯૯, ૫૦૦—નુકશાન—આબરૂ જાય એવો આરોપ મુકવાથી ફરીઆદીને પોતાની જાતને અથવા બીજી કોઈ રીતે નુકશાન થયું એવું આબરૂ લેવાનો ગુન્હેગાર ઠરાવવાને માટે સાબીત કરવાની કાંઈ જરૂર નથી. તોહોમતદાર ધારતો હતો, અથવા તેને ધારવાને કારણ હતું, અથવા તે જાણતો હતો કે, તેના મુકેલા દોષોથી ફરીઆદીની આબરૂને નુકશાન પહોચશે એટલી સાબીતી બસ છે. રાણી વિ. ઠાકરદાસ, ૬ નો વે. પ્રે. ૮૬.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, ૨ ફેબરવારી ૧૮૭૪.

૧૫ આબરૂ લેવી—પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમો ૫૨, ૪૯૯ ના અપવાદો—શુદ્ધબુદ્ધિ—મહાવરો—સને ૧૮૬૨ નો આકટ ૧૮ મો કલમો ૨૬-૨૭—(સને ૧૮૭૨ નો આકટ ૧) પુરાવાનો આકટ કલમ ૧૦૫—જ્યારથી પુરાવાનો આકટ (સને ૧૮૭૨ નો આકટ ૧) અમલમાં આવ્યો ત્યારથી જીલ્લાઓમાં ચાલતા સઘળા ફોજદારી મુકરદમાઓમાં તોહોમતદાર ઉપર જે ગુન્હો મુકવામાં આવ્યો છે તે ગુન્હાને લગતી કાંઇપણ બાબત પીનલકોડ અથવા ગુન્હાને લગતા બીજા કોઈ કાયદાની સાધારણ અથવા ખાસ અપવાદોની અંદર આવી જાય છે એવું બતાવવાની તેની ફરજ છે. શુદ્ધબુદ્ધિના સવાલનું નીરાકરણ કરતી વખતે કોર્ટને ખરો મુદ્દો એ જોવાનો છે કે તોહોમતદારને છાપેલા આરોપોની ખબર મળી હતી. અને તે ખરા છે એવું ઘટતી સંભાળ અને ધ્યાન આપ્યા પછી માનવાને તેને કારણ હતું, પણ આબરૂ લેવાના ગુન્હાના બચાવમાં મુકેલી તકરારોનો શબ્દે શબ્દ ખરો છે એ જોવાનું નથી. માર્કબાય જસ્ટીસ—સને ૧૮૬૧ના આકટ ૨૫ માની કલમો ૨૩૫ અને ૨૩૭ રદ કરવામાં આવી છે તોપણ હાલના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ નો દાખલો, આ ઉપરથી હજુ એમ અનુમાન કરી શકાય છે કે પીનલકોડમાં બતાવેલા સઘળા સાધારણ અને બીજા થોડા અપવાદોમાં ગુન્હો આવી જતો નથી એ તોહોમતમાં વાસ્તવીક રીતે બતાવવાની કાંઈ જરૂર નથી. તોપણ ખરી રીતે જોતાં તે દાખલો તોહોમતના ગુન્હાની હકીકતને લાગુ પડે છે. સીબુપ્રસાદ પંડયાની બાબતની અરજીમાં. ઈ૦. લૉ૦ રી૦ ૪ ક. ૧૨૪; ૩ ક. લૉ. રી. ૧૨૨.

(મી૦ માર્કબાય અને પ્રીન્સેપ જડજો ની રૂબરૂ, તા૦ ૧૩ મી જુન સને ૧૮૭૮.)

નીચેના કેસોમાં નજર રાખવામાં આવી છેઃ—

ડોકટર જે. એ. ગ્રીન વિ. જે. પી. ડીલેની, ૧૪ વી. રી. ૨૭. જુઓ આબરૂ લેવી ૯.

રાણી વિ. કીકાભાઈ પરભુદાસ ૯ મું. હા. કો. રી. ૪૫૧. જુઓ આબરૂ લેવી. ૧૩

મોહેનદ્રો નાથ દત્ત વિ. કાયલાસચંદર દત્ત, ૬ વી. રી. ૨૪૫.

રાણી વિ. મોહનત પરસોરામદાસ, ૨ વી. રી. ૩૬. જુઓ આબરૂ લેવી ૪.

સીલી વિ. રામનારણ બોસ, ૪ વી. રી. ૨૨. જુઓ આબરૂ લેવી ૬.

બ્રોજોનાથરાય વિ. કીષ્નલાલરાય, ૫ વી. રી. ૨૮૨.

૧૬ આબરૂ લેવી—પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯, અપવાદો ૨, ૯—શુદ્ધબુદ્ધિ—લોકોનું હીત—તોહોમતદાર એક વર્તમાન પત્રનો છાપનાર હતો, તેણે એક

આરટીકલ છાપ્યો જેમાં નીચે બતાવેલું વા
ક્ય ખરી રીતે ફરીયાદીને લાગુ પડતું હતુ—
"તેની (ફરીયાદી) ચાલ ચલગતનો તપાસ ક
રવામાં આવ્યો છે? કોઈ માણસને યાદ નથી
કે આ માણસને સોલાપુરના સબોર્ડીનેટ જડજ
સાહેબે કામ ચલાવવા ફોજદારીમાં મોકલ્યો હ
તો? સબોર્ડીનેટ જડજે તપાસ કરેલો મુકર
દમો દફતરમાં નથી મળી આવતો? માજીસ્ત્રેટે
ઠરાવ્યું કે આ વાક્યનો શબ્દે શબ્દ ખરો છે,
અને ફરીયાદીને ફોજદારીમાં તપાસ થવા મો
કલ્યો હતો. વળી એ પણ ખરૂ છે કે ફરીયાદી
ઉપરથી ફરીયાદ ડીસ્ટ્રીક્ટ જડજ સાહેબના હુ
કમથી ખેંચી લેવામાં આવી હતી, અને તે તો
હોમતદારના જાણવામાં હતુ. એવું ઠરાવવામાં
આવ્યું કે આ હકીકત ખરી છે, તોપણ અ
ધુરી અને લોકોને ભુલાવામાં નાખે તેવી છે;
અને તોહોમતદારને ખબર હતી કે ફરીયાદી
ઉપરથી ફરીયાદ ખેંચી લેવામાં આવી હતી,
અને તેથી ફરીયાદીની ચાલ ચલગતને કાંઇ
પણ નુકશાન લાગ્યું નહોતું, તોહોમતદાર
એમ બતાવી શકે નહી કે ફરીયાદીની ચાલ
ચલગત ઉપર મુકેલા આરોપો શુદ્ધબુદ્ધિથી, અ
ને લોકોના હીતને માટે મુકવામાં આવ્યા હતા.
રાણી વિ. બી. કાકડે, ઈં. લૉ રી. ૪ મું. ૨૯૮.

(મી○ મેલવીલ અને મી○ પીન્હે જડજની
ની રૂબરૂ. તા○ ૧૨ મી ફેબ્રુઆરી ૧૮૮૦).

૧૭ આબરૂ લેવી—પીનલકોડ (આકટ
૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—છાપવું.—હ
નામના એક દાકતરે ઝાહેર ખબર કાઢી હતી
જેમાં પોતાને હાથે વાઢકુટના કામમાં સાજા
થયેલા દરદીઓની સંખ્યા બતાવી હતી અને
પોતે જે હોસ્પીતાલનો કામ ચલાઉ સરજન હ
તો તે હોસ્પીતાલમાં દાખલ થવાની લોકોને આ
મંત્રણ કરી હતી, આ ઝાહેર ખબર વીશે
મ નામનો એક બીજો દાકતર જે મહીને મ
હીને દાકતરી ન્યુસપેપર કાઢતો હતો, તેણે ની
ચે મુજબ પોતાના પેપરમાં લખાણ કર્યું. "ઝા
હેર ખબર આપનારની ચમત્કારીક ફતેહને માટે
એકાદ તેને મુબારકબાદી આપવી જોઈએ; પણ
આવી રીતે લલકારબંધ ખબર આપવી એ વ
દક શાસ્ત્રના ધંધાના રીવાજથી ઉલટુ છે. જે
રીત મુજબ પોતે વરત્યો છે તે રીત તેની જો
ડેના અમલદારોએ પસંદ કરી નથી એમાં કાં
ઈ અચંબો પામવા જેવું નથી, અને આ બા
બતમાં તેની વર્તણુક કેવળ ધંધાથી ઉલટી છે,
એવું ઝાહેરાત રીતે કહેવાને અમે કોઈ રીતે
આંચકો ખાતા નથી. એવું ઠરાવવામાં આવ્યું
કે આ ચરચાપત્રીથી એ હોસ્પીતાલને માટે લો
કોમાં સવાલ ઉઠયો અને તે સવાલનું નીરાક
રણ પણ લોકોના અભીપ્રાય ઉપર મુકવામાં આ
વ્યું તેથી અને મ નામના માણસે શુદ્ધ બુદ્ધિ
થી પોતાનો અભીપ્રાય જણાવ્યો હતો, તેથી
તેનું લખાણ તે પીનલકોડની કલમ ૪૯૯ના
ત્રીજા અને છઠા અપવાદાની અંદર આવી જા
ય છે. વળી મ નામના માણસનું લખાણ તે
જ કલમના નવમા અપવાદની અંદર પણ આ
વી જાય છે. આબરૂ લે એવુ લખાણવાળુ ન્યુ
સપેપર કલકતામાં છાપી ઘરાક ઉપર પોસ્ટમાં
અલ્હાબાદ મોકલવામાં આવ્યું હોય તો, તે આ
બરૂ લે એવું લખાણ અલ્હાબાદમાં છપાયું એ
મ ગણવું જોઈએ. આબરૂ લે એવું લખાણ
પેપરમાં આવ્યું હોય અને તેની ન્યુસપેપર છા
પી પ્રગટ કરનાર માણસને ખબર હોય અગ
ર ના હોય તોપણ તે જુમ્મેદાર ગણાય છે. રા
ણી વિ. મેકલીઓડ, ઈ. લૉ. રી. ૩ અ. ૩૪૨.

(મી○ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસની રૂબરૂ,
તા○ ૭ મી ડીસેંબર ૧૮૮૦).

રામસ્વામી વિ. લકનાડરના ફેંસલામાં ન
જર રાખવામાં આવી હતી. ઈ. લૉ. રી. ૯
મ. ૩૮૭. જુઓ આબરૂ લેવી ૨૫.

૧૮ આબરૂ લેવી—પીનલકોડ (આકટ
૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—સુદબુદ્ધિ—ક
નામના માણસને તેની ન્યાતની એક બૈરી જો
કે લાગતું હતું તે ઉપરથી, તે ન્યાતના કેટલા
એક માણસોએ પંચાત કરી ન્યાત બાહાર મુ
કયો હતો, તે પંચાતમાંના કેટલાએક માણસો
એ, ઘણુંકરીને પોતાની ન્યાતના માણસોની
અંદર એક કાગળ ફેરવ્યો, તેમાં એમ બતા

વ્યુ કે **क** નામના માણુસ અને તેને જે સ્ત્રી જોડે લાગતુ છે તે બંનેને ન્યાત બાહાર મુકવામાં આવ્યા છે અને તે મુકવાનું કારણુ પણુ લખ્યું હતું, માટે તેમની જોડે કોઇએ ખાવા પીવા વગેરેનો સબંધ રાખવો જોઈએ નહી, અથવા તેમને પોતાને ઘેર પણુ બોલાવવા નહી, તેઓએ **क** અથવા તે સ્ત્રીને સરખી રીતે લાગુ પડે તેવા કેટલાક અભાપ્રાયો લખ્યા હતા, આ અભીપ્રાયો પીનલકોડની કલમ ૪૯૯ મુજબ આબરૂ લે તેવા હતા. એવું ઠરાવવામાં આવ્યુ કે જો આ માણુસોએ, **क** ને લાગુ પડે તેવી ભાષા વિચાર કર્યા વગર લખી હોય તો તેઓએ એ ભાષા પોતાને જોખમે વાપરી, અને એ ભાષા સ્ત્રીને લાગુ પડશે એમ ધારી તેઓએ વાપરી, હતી, એમ બતાવવાથી તેઓ **क** ની આબરૂ લેવાના ગુન્હાની જુમ્મેદારીમાંથી બચી શકતા નથી; આ માણુસો સુદ્ધબુદ્ધિથી ચાલ્યા છે કે નહી એ સવાલને માટે વળી એમ પણુ ઠરાવવામાં આવ્યું કે, કાગળની વર્તણુક અને જે બાબતની અંદર તે લખાયો હતો તે બાબત અને **क** ને એમાં બતાવેલા કારણુને માટે ન્યાત બાહાર મુકવામાં આવ્યો હતો તે સઘળી બાબતો જોતાં એમ માલમ પડે છે કે જો તે માણુસો જે કારણુને માટે પંચાતે ઠરાવ કરેલો તે ઠરાવ ફક્ત ઝાહેર કરીને બેસી રહયા હોત તો તેઓનો બચાવ થાત પણુ એટલેથી સતો નહી પામીને તેઓએ **क** નામના માણુસને માટે નહી માગેલી અને જુઠી હકીકત ઝાહેર કરી તે ઉપરથી તેઓ સુદ્ધબુદ્ધિથી ચાલ્યા નથી એમ ખરી રીતે અનુમાન થઈ શકે છે. રાણી. વિ. રામાનંદ ઈ. લૉ. રી. ૩ અ. ૬૬૪.

(મી. સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, ૨૮ મી માર્ચ ૧૮૮૧).

૧૯ આબરૂ લેવી–પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦ કલમો ૫૦૦–૩–૮–નુકશાન–હક–નકામું છાપવું.–**न** નામનો માણુસ હીંદુ વિધવાનું લગ્ન જે સને ૧૮૫૬ નો આકટ ૧૫ થી કાયદેસર હતુ તે લગ્નમાં ગયો તેથી તેના ધર્માધ્યક્ષ અથવા ગુરૂ **स** એ નોટીસ છપાવી એવું ઝાહેર કર્યુ કે તેને ન્યાત બહાર મુકવામાં આવ્યો છે, અને પોતાના ચેલાઓએ તે મજ જે શેહેરમાં તે રેહેતો હતો તે શેહેરના લોકોએ તે જ્યાં સુધી દેહપ્રાયશ્ચિત કરી પવીત્ર થયાનું સરટીફીકેટ મેળવે નહીં ત્યાં સુધી તેની સોબત કરવી નહીં. વળી તે. માણુસે એવીજ મતલબનું એક પોસ્ટકાર્ડ રજીષ્ટર કરાવીને **न** નામના માણુસને મોકલ્યું. **स** નામના માણુસની મનાથી તેને દેવળમાં બાધા મૂકવા દીધી નહીં, તેને પોતાના સગાની સોબત ખોઈ, અને બીજી રીતે પણુ તેને નુકશાન થયું. **न** નામના માણુસે **स** નામના માણુસ ઉપર એક સાપ્રાધ ધમકી અને બીજુ ધરમ સબંધી કોઈપણુ શખસનું દીલ દુખાવવાના પાકા ઈરાદાથી તેને વીશ્વાસ રાખવાને લલચાવવો, એવાં બે તોહોમત મુકયાં; એવું ઠરાવવામાં આવ્યું કે પેહેલા બે તોહોમતો આધાર વગરના છે પણુ **स** નામના માણુસે ન્યાત બાહાર મુકવાની સજા કરી તેની ખબર પોષ્ટકાર્ડ રજીષ્ટર કરી **न** નામના માણુસને આપી તેથી તેને આબરૂ લેવાના ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવ્યો. રાણી વિ. સંકર ઈ. લૉ. રી. ૬ મ. ૩૮૧.

(મી૦ ટરનર ચીફ જસ્ટીસ અને મી૦ મુતુસ્વામી આયાર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી ફેબ્રુઆરી અને તા૦ ૨૦ મી અપ્રેલ ૧૮૮૩).

૨૦ આબરૂ લેવી–પીનલકોડ (આકટ ૪૫ સ. ૧૮૬૦) ક. ૪૯૯–છુટ મળેલો પ્રસંગ–ફરીઆદીના સગાઓએ એકઠા કરેલા પંચના માણુસોએ, આબરૂ જાય એવી ટીકા કરવાનું શું કારણુ હતું તે પુછવાને કોઈ માણુસને બોલાવ્યો હોય અને તે માણુસે કારણુ સમજાવવામાં પોતાનો અભીપ્રાય આપ્યો હોય તો તે અભીપ્રાય આપવાની તે માણુસને છુટ છે. અને એવા અભીપ્રાયનો દોષ મુકી ગુન્હેગાર ઠરાવવું એ ગેરવાજબીછે. ગોવીંદ દાપાની બાબતમાં ઈ. લૉ. રી. ૭ મ. ૩૬.

(મી૦ ટરનર ચીફ જસ્ટીસની રૂબરૂ. તા૦ ૭ મી મે ૧૮૮૩).

૨૧ આબરૂ લેવી—પીનલકોડ (આક્ટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯, અપવાદ ૮, શુદ્ધબુદ્ધિ—વાજબી—રીવાજ—ફરીઆદીની ઉલટસુલટ તપાસ—તોહોમતદારને પીનલકોડની કલમ ૪૯૯ નો અપવાદ ૮ માનો લાભ મળી શકે કે નહીં, એ સવાલને માટે આ કામના પુરાવા ઉપરથી એમ ઠરાવવામાં આવે છે કે, તોહોમતદાર પોતે શુદ્ધબુદ્ધિથી ચાલ્યો હતો એ સાબીત કરી શકયો નથી. અબુલ હકીમ વિ. તેજચંદ્ર મુકરજી (ઈં. લૉ. રી. ૩ અ. ૮૧૭) ના કામમાં નજર રાખવામાં આવી. આબરૂ લેવાના ગુન્હામાં તોહોમતદાર આબરૂ લેવાનું લખાણ ખરી રીતે કરયું છે એ બાબત ઉપર પુરાવો આપવાનું ધારે તો, તેના વકીલે જે બાબત ઉપર પુરાવો આપવામાં આવે તે દરેક બાબત ઉપર ફરીઆદીને ઉલટસુલટ તપાસવો જોઈએ. જો તે પ્રમાણે તે ઉલટસુલટ તપાસ ના કરે તો કોઈ અગત્યની બાબત જેના ઉપર ઉલટસુલટ તપાસ થઈ ના હોય, એવી બાબત વીષે પછીથી પુરાવો લેવાય કે નહી એ મોટા વીચારની બાબત છે. રાણી વિ. ધમસીંગ, ઈં. લૉ. રી. ૬ અ. ૨૨૦.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી ફેબ્રુઆરી ૧૮૮૪).

૨૨ આબરૂ લેવી—પીનલકોડ (આક્ટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—ફક્ત આબરૂ જાય એવી બાબત ફરીઆદીને લખેલી—"લખવી"—"છાપવી"—ફુલબેન્ચે (મી૦ ડુથોઈટ જડજ વીરૂદ્ધ પડયો) એવો ઠરાવ કરયો કે, કોઈ માણસે, સીવીલ પ્રોસીજર કોડની કલમ ૪૨૪ મુજબ સરકારી નોકરને, તેની ચાલચલગત ઉપર આરોપ મુકીને, એક નોટીસ કવરમાં બીડીને ટપાલમાં મોકલી હોય પણ તે નોટીસની મતલબ તોહોમતદારે કોઈ ત્રીજા માણસને કહી ના હોય તો, એવી રીતના લખાણથી કાંઈ પીનલકોડની કલમ ૪૯૯ મુજબ ગુન્હો બનતો નથી. રાણી વિ. ટાકીહુસેન, ઈં. લૉ. રી. ૭ અ. ૨૦૫.

(મી૦ પેથેરામ ચીફ જસ્ટીસ અને મી૦ ઓલ્ડફીલ્ડ, મી૦ બ્રોધરસ્ટ, મી૦ મહમદ અને મી૦ ડુથોઈટ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી ડીસેંબર ૧૮૮૪).

કોમલચંદર બોસ વિ. નોબીનચંદર ઘોસથી જુદો પડે છે. ૧૦ વી. રી. ૧૮૪.

મહમદ ઈસ્માઈલખાન વિ. મહમદ તાહીરબીન મોટીમીનના ફેંસલાથી મત જુદો પડે છે. ૬ નો. વે. પ્રો. ૩૮.

સેપર્ડ વિ. મુંબાઈ બંદરના ટ્રસ્ટીઓના કેસ ઉપર નજર રાખવામાં આવી છે. ઈં. લો. રી. ૧ મું. ૪૭૭.

૨૩ આબરૂ લેવી—પીનલકોડ (આક્ટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯, અપવાદ ૯, શુદ્ધબુદ્ધિ, દ્વેષ, સાહેદીઓને બતાવવું—આરોપ—તોહોમતદાર પોતાના ભાગીદારને માટે દીવાની મુકરદમાની તપાસ રાખતો હતો. કેસની શરુઆત વખતે તોહોમતદારે સબોરડીનેટ જડજ સાહેબને જાહેર કરયુ કે ફરીઆદી સાહેદીઓને બતાવે છે માટે તેને કોર્ટમાં બેસાડવો જોઈએ, તે ઉપરથી સબોરડીનેટ જડજે ફરીઆદીને કોર્ટમાં બેસવાનો હુકમ કરયો ફરીઆદીએ તે ઉપરથી ફરસ્ટ કલાસ માજીસ્ટ્રેટ આગાડી, તોહોમતદાર ઉપર આબરૂ લીધાનું તોહોમત મુકી ફરીઆદી કરી. માજીસ્ટ્રેટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી તેનો રૂ ૨૫) દંડ કરયો, અને દંડ ના આપે તો એક મહીનાની આસાન કેદ ભોગવે એમ ઠરાવ્યું. તોહોમતદારે જાણુ જીલ્લાના સેસન જડજને ત્યાં કાગળો મંગાવી કેસ તપાસવાની અને યોગ્ય લાગે તો હાઈકોર્ટમાં લખાણ કરવાની અરજી કરી. કામના કાગળો મંગાવી તપાસ કરતાં સેસન જડજને એમ લાગ્યું કે આ કામમાં દ્વેષબુદ્ધિથી આરોપ મુકવાનો કાંઈ ઈરાદો જણાતો નથી, તેથી તોહોમતદારનો કેસ પીનલકોડની કલમ ૪૯૯ ના અપવાદ ૯ મામાં આવી જાય છે, અને તેથી તોહોમતદાર ગુન્હેગાર થતો નથી. આ ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૮ મુજબ જડજે હાઈકોર્ટમાં લખાણ કરયું. એમ ઠરાવવામાં આવ્યું કે સેસન

જડજનો અભીપ્રાય બરોબર છે, ગુન્હો અને સીક્ષા તે ઉપરથી રદ કરવામાં આવી. રાણી વિ. પરસોતમ કાળા, ઈં. લો. રી. ૯ મું. ૨૬૯.

(મી૦ નાનાભાઈ હરીદાસ અને મી૦ વેડનબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૪ ફેબ્રુઆરી સને ૧૮૮૫).

૨૪ આબરૂ લેવી—પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૪૯૯—ખરૂ—ખુલો દ્વેષ—લાઈબલમાં કહ્યા મુજબ અગાઉ આધાર રાખેલો ફરીઆદીનો પુરાવો—પીનલકોડ કલમ ૫૦૦ મુજબ આબરૂ લેવાની ફરીઆદના, ઉપર કહેલા લાઈબલમાં ફરીઆદી, જે એક જ્યુડીશીયલ અમલદાર હતો તેના ઉપર નીચે બતાવેલા આરોપો મુકવામાં આવ્યા હતા (૧) અમુક વખતે કોરટમાં હાજર થએલા કોઈ આબરૂદાર દેશી પક્ષકારોને ગાળો દીધી હતી; (૨) બીજે પ્રસંગે પણ બીજા આબરૂદાર દેશીઓને પણ તેજ પ્રમાણે ગાળો દીધી હતી, જેના નામો જાણવામાં આવ્યા નથી. પછીનો આરોપ છેવટ એક કાગળના કકડા ઉપર લખવામાં આવ્યો હતો. કમીટીંગ માજીસ્ટ્રેટની કોરટમાં ફરીઆદએ ફરીઆદ કરેલી તેમાં, અને જે તોહોમતનામાથી માજીસ્ટ્રેટે કેસ કમીટ કર્યો તે તોહોમતનામામાં, તકરારી આરટીકલ આખો આવી ગયો હતો, પણ તે છેવટનો આરોપ જે એક કકડા ઉપર લખવામાં આવ્યો હતો તે આવી જતો નહોતો. રજુઆત વખતે પ્રતીવાદીએ ગુન્હો કરયો નથી એમ બતાવ્યું, અને પીનલકોડની કલમ ૪૯૯ ના અપવાદો, ૧, ૮ અને ૯ ઉપર આધાર રાખ્યો. ઉપર બતાવેલા લાઈબલમાં મુકેલા દોષો ફરીયાદી ઉપર ખુલ્લી રીતે દ્વેષથી ઉસકેરાઈને પ્રતીવાદીએ મુકયા છે, એમ સાબીત કરવાને ફરીઆદીએ પૂરાવો આપ્યો. પીનલકોડની કલમ ૪૯૯ ઉપર આધાર રાખીને એમ ઠરાવવામાં આવ્યું કે, ફરીઆદીએ પહેલાં પોતાની કોરટમાં હાજર થએલા કેટલાક દેશીઓને ગાળો દીધી. એ બાબતના અમુક દાખલાઓનો પુરાવો આપી શકાય, પહેલું એ કે પ્રતિવાદી જે માણસોની આબરૂનુ નુકશાન કર્યું બતાવે છે તે માણસોની આબરૂ કેવી હતી, અને બીજુંએ કે તકરારી લેખના લખાણમાં એકંદર જોતાં દ્વેષબુદ્ધિ જણાઈ આવે છે કે નહીં એ શોધી કાઢવું જોઈએ. લેઈડમેન વિ. હીઅરસી ઈં. લૉ. રી. ૭ અ. ૫૦૬.

(મી૦ પેથેરામ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૨૧ મી જુલાઈ સને ૧૮૮૫.)

૨૫. આબરૂ લેવી—પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૫૦૦—ન્યુસપેપર લાઈબલ સને ૧૮૬૭ ના આકટ ૨૫, કલમો ૫, ૭—પુરાવાનો બોજો—સ્ટેટયુટ ૩૮, જોર્જ ૩, ચેપટર ૭૮ કલમો ૬–૧૪, અને વીકટોરીઆ ચે. ૯૬ કલમ ૭.–એક ન્યુસપેપરના છાપનારે પોતાના પેપરમાં આબરૂ જાય એવું લખાણ કરવાથી તેના ઉપર પીનલકોડની કલમ ૫૦૦ મુજબ આબરૂ લેવાનું તોહોમત રાખી, સને ૧૮૬૭ ના ૨૫ મા આકટ મુજબ ન્યુસપેપરનો તે છાપનાર તથા પ્રગટ કરનાર હતો એવું પોતાની સહીથી ઝાહેર કરેલું, તેની એક નકલ ફરીઆદીએ પુરાવામાં રજુ કરી. માજીસ્ટ્રેટે વર્તમાન પત્રના અધિપતીને ગુન્હેગાર ઠરાવેલો પણ સેસન જડજે અપીલમાં ઠરાવ્યું કે એડીટરે લખાણ કર્યું, અથવા તેને છાપ્યું એવો કાંઈ આ કામમાં પુરાવો નથી તે ઉપરથી તેનું તોહોમત રદ કર્યું. એવું ઠરાવવામાં આવ્યું કે, પેપરને છાપી પ્રગટ કરનાર એડીટર છે એવી જાહેર ખબર તેની સહીની છે, અને તેનાથી ઉલટો પુરાવો આ કામમાં મળી આવતો નથી તો તેની જાહેર ખબર એ ખરૂં જોતાં તેને છાપી પ્રગટ કર્યું એ સાબીત કરવાને જોઈએ તેવો પુરાવો છે. આબરૂ લેવાનું લખાણ તેની ગેરહાજરીમાં થયું હતું અને તેની પોતાને ખબર નોહોતી, અને પેપરની સુંપરત થોડી મુદતને માટે તેની ગેરહાજરીમાં કોઈ યોગ્ય માણસને કરવામાં આવી હતી એવુંજો એડીટરે સાબીત કર્યું હોત તો જોઈએ તેવો પુરાવો થાત. રામસામી વિ. લોકાનંદ ઈં. લૉ. રી. ૯ મ. ૩૮૭.

(મી૦ કુલીનસ ચીફ જસ્ટીસ અને મી૦ મુતુસામીઆયર જડજોની રૂબરૂ. તા૦ ૧૨ મી અપ્રેલ સને ૧૮૮૬).

રાણી વિ. હોલબ્રુક, રાણી વિ. મેકલી ઓડના ફેસલા ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે. જુઓ આબરૂ લેવી ૧૭.

રાજા વિ. હાર્ટ ૧૦, ઈસ્ટ ૯૮ ના ફેસલા ઉપર ધ્યાન આપવામાં આવ્યુ છે.

જુઓ જુઠો પુરાવો ૧૧.

" જુઠી ખબર ૩.

" ફરીઆદ કરવાની પરવાનગી ૮૨.

આત્મહત્યા.

૧ આત્મહત્યા—મદદગારી—એવું ઠરાવવામાં આવ્યું કે, કેદીઓએ આત્મહત્યા કરવામાં મદદ કરવાથી, તેમને જડજે તે ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવ્યા એ કાયદેસર હતું. કેટલીક બાબતો ઉપરથી શીક્ષા કમી કરવામાં આવી હતી. ગવરમેન્ટ વિ. ગોપાળસીંગ અને બીજા. ૧ આગ્રા હા. કો. રી. ૨૧.

(મી૦ પીઅરસન, મી૦ ટરનર અને મી૦ સ્પેકી કામ ચલાઉ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટેંબર સને ૧૮૬૬).

૨ આત્મહત્યા—સતી—પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમો ૧૦૭–૩૦૬—તોહોમતદારની રૂબરૂ કોઈ સ્ત્રીએ આપઘાત કરવાની તૈયારી કરી, અને તોહોમતદારો તેની સાથે ચિતા અગાડી ગયા અને તેણીની નજદીક ઉભા રહયા અને. તેણીના શાવકા છોકરાઓ રડવા લાગ્યા, અને રામ, રામ બોલવા લાગ્યા, અને એક તોહોમતદારે કબુલ કર્યું કે મેં સ્ત્રિને કહ્યું કે, રામ સંભાળ અને તું સતી થઈશ. આ બધી બાબતો ઉપરથી એમ સાબીત થાય છે કે તોહોમતદારોએ તેણીને મદદ આપી હતી, અને તેઓ તેણીના સતી થવાનાં કૃત્યમાં સામેલ રહ્યા હતા. રાણી વિ. મોહીતપદે ૩ નો વે. પ્રે. ૩૧૬.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ તા૦ ૬ ઠી સપટેંબર સને ૧૮૭૧.)

જુઓ આત્મઘાત કરવાનો યત્ન કરવો.

આત્મહત્યાના યત્નનો હેવાળ.

જુઓ, બળાત્કાર ૧૩.

આસેસરોથી થયેલી તપાસ.

૧ આસેસરની તપાસ—ગુન્હેગાર નથી—આસેસરોથી કોઈ કેસની તપાસ સેસન જડજ અગાડી થતી હોય, અને કેદી ગુન્હો કર્યો નથી એમ બતાવે, અને સરકારી વકીલ તોહોમત સાબીત કરવાને પુરાવો આપે નહી તો, જડજે આસેસરોને શીખવવું જોઈએ કે તેઓ તહોમતદારને ગુન્હેગાર ઠરાવી શકતા નથી.

આસેસરોનો મત.

જુઓ આસેસરો.

આસેસરો.

૧ આસેસરો—મત—નોંધવો.

જડજે દરેક આસેસરનો મત સ્પષ્ટ રીતે લખી લેવો જોઈએ. રાણી વિ. મુસામત મીના અને બીજો. ૩ વી. રી. ૬.

(મી૦ કેમ્પબેલ અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧ લી મે સને ૧૮૬૫).

૨ આસેસરોના મતના કારણો—કેદીઓની પોલીસ અગાડી કબુલાત—આસેસરો જડજના મતથી જુદા પડે તો તેમણે પોતાના મતના કારણો ઘણું કરીને બતાવવાં જોઈએ. કેદીઓએ પોલીસના તાબામાં કબુલત આપી હોય અને તે કબુલાત સાબેત કરવાને બીજા કોઈ સાક્ષીઓને બોલાવવામાં ના આવ્યા હોય તો, એવી કબુલાત પુરાવામાં લઈ શકાય નહી. રાણી વિ. બસમો આનન્ટ. ૩ વી. રી. ૨૧.

(મી૦ જેકશન અને મી૦ ગલોવર જડજોની રૂબરૂ, ૨ જુન ૧૮૬૫.

૩ આસેશરો—દંડ-ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૨૫ સને ૧૮૬૧) કલમ ૩૫૪—સેસન જડજે કોઈ આસેસરનો દંડ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૪ મુજબ કર્યો હોય તો, તેના ઉપર અપીલ થઈ શકે નહીં. તેમજ તે કોડની કલમ ૪૦૪ મુજબ હાઈ કોરટ હાથ પણ ઘાલી શકે નહીં. ગોરસ્રનદાસ અરજદાર, ૮ વી. રી. ૮૩.

(મી० કેમ્પ અને મી० ગલેવર જડજોની રૂબરૂ. ૧૮ મી નવંબર ૧૮૬૭)

૪ આસેસરો—માજીસ્ત્રેટની રૂબરૂ, તોહોમતદારનો અભીપ્રાય—આસેસરોને કેસનો મતલબ કહેવો—તોહોમતદારે માજીસ્ત્રેટની રૂબરૂ કાંઈ અભીપ્રાય આપ્યો હોય અને તેના ઉપર માજીસ્ત્રેટની સહી હોય તો, તે અભીપ્રાય તેનો પોતાનો છે એવું સાબીત કરવાને કાંઈ પુરાવાની જરૂર નથી; પણ જ્યાં સુધી ઉલટુ પુરાવાથી સાબીત કરવામાં આવ્યું નથી ત્યાં સુધી તે મુકરદમો કાયદેસર છે એમ અનુમાન કરવુ જોઈએ. આસેસરથી તપાસેલા કેસમાં પુરાવાની મતલબ કાઢવાની કાંઇ જરૂર નથી. રાણી વી. જગાપોલી, ૧૧ વી. રી. ૩૯; ૭બેં. લૉ. રી.૬૭

(મી० લોક અને મી० જેકશન જડજોની રૂબરૂ. ૧૪ મી એપ્રીલ ૧૮૬૯)

રાણી વી. ગોસટો લાલદતના કામમાં નજર રાખવામાં આવી હતી. ૭ બેં. લૉ० રી અપે. ૬૨; જુઓ તપાસ તોહોમતદારની ૭; રાણી વી. અમરૂદીન, ૧૫ વી. રી. ૨૨ ના કેસમાં નજર રાખવામાં આવી હતી. જુઓ આસેસર ૭.

૫. આસેસરોની મદદથી તપાસ—ઠરાવનાં કારણો મુકી દીધેલાં—તોહોમતદારને નુકશાન ન થાય તેવી કામ ચલાવવાની ભુલ—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૨૫ સને ૧૮૬૧) કલમ ૩૭૮—આસેસરોની મદદથી ચલાવેલા કામમાં જડજે પોતાના ઠરાવના કારણો નાબતાવ્યાં હોય તો તે ભુલ એવી નથી કે જેથી સજા રદ થઈ શકે. રાણી વિ. કાળા કરસન, ૬ મું. હાં. કો. રી. ૫૫.

(મી० વોરડન અને લોયડ જડજોની રૂબરૂ, તા० ૧૬ મી સપટંબર સને ૧૮૬૯).

રાણી વિ. સમશેર બેગ. ૯ વી. રી. ૫૧ ના કેસમા નજર રાખવામાં આવી હતી. જુઓ જુરી ૩૮.

ભગવાન વિ. ડોયલ ગોપ. ૧૦ વી. રી. ૭ ના કેસમાં નજર રાખવામાં આવી હતી. જુઓ તોહોમત ૧૮.

૬. આસેસરોનો મત—ઠરાવ—કેસના સઘળા પુરાવા ઉપર આસેસરોનો મત લીધા શીવાય કાંઈ પણ સજા કાયદેસર થઈ શકે નહી. રાણી વિ. ભગવાનલાલ અને બીજાઓ. ૧૫ વી. રી. ૩.

(મી० બેલી અને મી० મીટર જડજોની રૂબરૂ, તા० ૧૮ મી જાનેવારી ૧૮૭૧).

૭. આસેસરોએ કરેલી તપાસ—કેસનો મતલબ—રાણીની સામે લઢાઈ ચલાવવી—પુરાવો—સરકારી ગેઝેટ—દસ્તાવેજી પુરાવો—પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૧૨૧—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૨૫ સને ૧૮૬૧) કલમ ૨૦૦—સને ૧૮૫૫ નો આકટ ૨ કલમો ૬, ૮, ૨૮—આસેસરની મદદથી ચલાવેલા કેસમાં પુરાવાની મતલબ કાઢવાનું કાંઈ ક્રીમીનલ પ્રોસીજર કોડમાં ખુલ્લા રીતે બતાવ્યું નથી, તેમજ જડજે મતલબ નહી કાઢવી તેવું પણ કાંઈ બતાવેલું નથી. આસેસરોને નીમવાની મતલબ ફક્ત કોર્ટને મદદ કરવાની છે, અને આસેસરોની સાથે બેસાડીને કેસના મુદ્દા ઉપર જડજનો અભીપ્રાય લેવાની મતલબ ફકત કેસને સારી મદદ મળે, અને તેથી વાજબી ઈનસાફ થાય એ શીવાય બીજી કાંઈ નથી. ત્રીજા વીલીયમના ૭ મા સ્ટેટયુટના ચેપટર ૩ ની કલમ ૫ મુજબ, નિમકહરામી અને તેને માટે ગેરવાજબી કેદ એ બંને ગુન્હાઓની ફરીયાદ ત્રણ વર્ષની મુદતની અંદર કરવી જોઈએ, એ નિયમ ફોજદારી કેસોના સાધારણ નીયમનો અપવાદ છે. પીનલકોડની કલમ ૧૨૧, કરતી બખતે કાયદો બાંધનારાઓને તે ગુન્હાની ફરીયાદને માટે અમુક મુદત ઠરાવવી એ ઠીક લાગ્યું નહી, અને તેથી કરીને ઉપર બતાવેલી મુદત પીનલકોડના કોઈપણ ભાગમાં આવી જતી નથી, જે કેસમાં તોહોમતદાર ઉપર પીનલકોડની કલમ ૧૨૧ મુજબ રાણી સાથે લડાઈ ચલાવવામાં મદદ કરવાનું તોહોમત રાખવામાં આવ્યું હોય તેવા કેસમાં લડાઈ સબંધી સરકારી લખાણ અને જાહેર ખબર

સાબીત કરવાને, કલકત્તાનું ગેઝીટ અને હીંદુસ્થાનનું ગેઝીટ સને ૧૮૫૫ ના આકટ ૨ ની કલમ ૮ મુજબ, પુરાવામાં લેઈ શકાય છે. પંજાબ સરકારના સેક્રેટરીનો ઈંડીયા સરકારના સેક્રેટરી ઉપરનો છાપેલો કાગળ સને ૧૮૮૫ ના આક્ટની કલમ ૬ મુજબ પુરાવમાંલેઇશકાયછે ૨૦૦ મી કલમ ફક્ત સાક્ષીઓના મોહોના પુરાવા સબંધી છે. રજુઆત-ચાલતી વખતે દસ્તાવેજી પુરાવ રજુ કર્યો હોય તો તેનો બધો અથવા કોઈ પણ ભાગનો તરજુમો કરાવવાનો અથવા સમજાવવાનો કેદીનો હક છે, તોપણ જે બાબતનો વાદ ન થઈ શકે એવી કોઈ બાબત કાયદેસર સાબીત કરવાને કોઈ દસ્તાવેજ પુરાવામાં રજુ કરવામાં આવ્યો હોય તો તેવા દસ્તાવેજનો શબ્દે શબ્દનો અર્થ સમજાવવાની કાંઈ જરૂર નથી. દસ્તાવેજ શી બાબતનો અને શા મતલબથી રજુ કરવામાં આવ્યો છે એ કેદીને સમજાવવામાં આવ્યું હોય તો બસ છે. કોઇ માણસના ઉપર નીમકહરામીનું તોહોમત મુકવામાં આવ્યું હોય તો, સને ૧૮૫૫ ના આકટ ૨ ની કલમ ૨૮ ના આધારે, એક સાક્ષી લઈને તેને સજા કરી શકાય. રાણી વિ. અમરૂદીન અરજદાર, ૧૫ વી. રી. ૨૫, ૭ બેં. લૉ. રી. ૬૩.

(કામ ચલાઉ ચીફ જસ્ટીસ મી૦ નોરમન અને બેલી જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી ફેબ્રુઆરી ૧૮૭૧.)

રાણી વી. જગાપોલીના કેસમાં નજર રાખવામાં આવી છે. ૧૧ વી. રી. ૩૯; ૭ બેં૦ લૉ૦ રી૦ ૬૭ જુઓ આસેસરો ૪.

૮ આસેસરો વગર તપાસ—ખુન—પીનલકોડ (આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૩૦૦—સેસન કોરટમાં કેદીએ કબુલ કર્યું કે તેણે તેની બૈરીને મારી નાખી છે, તેથી આસેસરોને બેસાડવામાં આવ્યા નોહોતા તોપણ છેવટે તેની કબુલાતમાં તેણે બતાવ્યું કે તે વખતે તેનું મન ઠેકાણે નોહોતું. જડજે આ મુદા ઉપર, દાકતરની જુબાની તેમજ બીજો પુરાવો લીધા પછી અનુમાન કર્યું કે ખુન થતા અવલ અથવા પછી, પોતે ખુન કરે છે એ વાત તોહોમતદારના જાણવામાં હતી અને તે ઉપરથી કેદીને શીક્ષા કરી. એવુ ઠરાવવામાં આવ્યું કે આવો જવાબ તે ખરૂ જોતાં, ગુન્હેગાર નથી એવા જવાબની બરોબર છે અને તેટલા માટે આસેસરોની મદદ શીવાય કામની તપાસ થઈ શકે નહીં અને તેથી તપાસ રદ કરવામાં આવી. રાણી વી. ચીતરામ. ૫ નો. વે. પ્રો૦ ૧૧૦.

(મી૦ સ્પેન્કી જડજની રૂબરૂ, તા૦ ૧૪ મી એપ્રીલ ૧૮૭૩.)

૯ આસેસરોનો મત—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૧૦ સને ૧૮૭૨) કલમો ૨૫૫-૨૬૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૫૫ અને ૨૬૧ માં કાયદા બાંધનારાનો એવો ઈરાદો છે કે, જે કેસમાં કેદી ઉપર બે તોહોમતો મુકયાં હોય, તેવા કેસમાં આસેસરોએ ચોકસ રીતે પોતાનો મત જણાવવો જોઈએ કે આ બેમાંના એક ગુન્હાનો તોહોમતદાર ગુન્હેગાર છે, અને ગુન્હેગાર છે તો બેમાંના કયા ગુન્હાને માટે ગુન્હેગાર છે. અને જડજે આસેસરોના મત ઉપર લક્ષ આપી ઠરાવ આપવો જોઈએ. રાણી વિ. મતાભમલ, ૨૨ વી. રી. ૩૪.

(મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુન, ૧૮૭૪.)

૧૦ આસેસરો—આસેસરોથી તપાસવા લાયક કેટલાક ગુન્હાઓની જ્યુરીથી તપાસ—ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨ નો આકટ ૧૦) કલમો ૨૩૩ અને ૨૬૩—સને ૧૮૭૭ ના આકટ ૩ ની કલમ ૮૨.

કેટલાક કેસો આસેસરોથી તપાસવા લાયક અને કેટલાક જ્યુરીથી તપાસવા લાયક, એ બધા કેસોનો તપાસ સેસન કોરટમાં જ્યુરીએ કરીને, સઘળા તોહોમતોને માટે ગુન્હેગાર નથી એવો ફેંસલો ઘણા મતે જ્યુરીએ આપ્યો. ઘણા મતે આપેલા જ્યુરીના ફેંસલાથી વીરૂધ પડીને, પાછળના ગુન્હાઓ આસેસરથી તપાસવા લાયક છે, એમ ધારીને થોડા જ્યુરરના મત

પ્રમાણે મળી જઇને તોહોમતદારોને ગુન્હેગાર ઠરાવી સજા કરી એ જડજને કરવું યોગ્ય નો હોતું એમ ઠરાવવામાં આવ્યું. આવા કેસમાં છોડી મુકવાનો ફેંસલો કબુલ કરવાની જડજની ફરજ હતી અને પછીથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ હુકમ કરવો જોઈતો હતો. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૩ ની સમજુતી વીશે વીચાર કરવામાં આવ્યો. ભોલાનાથડે અને બીજાઓ અરજદારો. ૪ ક. લૉ. રી. ૪૦૫.

(મી૦ મીટર અને મી૦ પ્રીનસેપ જડજોની રૂબરૂ, ૧૦ મી જુન ૧૮૭૯).

રાણી વિ. મોહનચંદરરાયના કેસમાં નજર રાખવામાં આવી છે. ઈ. લૉ. રી. ૩ ક. ૭૬૫ જુઓ જ્યુરી ૯૮.

૧૧ આસેસરોની તપાસ—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૧૦ મો સને ૧૮૭૨) કલમ ૩૦૯—પુરાવાની મતલબ કાઢવી—આસેસરોને મત આપવો—સેસન જડજની ફરજ—સને ૧૮૮૨ નો આકટ ૧૦ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ)ની કલમ ૩૦૯ માં બતાવ્યા મુજબ પુરાવાની મતલબ કાઢવાની સતા લાંબા અને ગુંચવણ ભરેલા કેસોમાં વાપરવાની છે; સેસન જડજે ફક્ત પુરાવાની મતલબ કાઢી આપવી જોઈએ, અને આસેસરોના પૂછ્યાશીવાય પુરાવાનો કાંઈ ભાગ નકામો છે અથવા બીજી કોઈ રીતે પોતે પોતાનો મત આપવો નહી. સેસન જડજે ૩૦૯ મી કલમના અરથ મુજબ બરોબર વરતીને દરેક આસેસરના મત મોઢે લેવા જોઈએ. સેસન જડજે આસેસરોને પુરાવાની મતલબ કાઢી આપવી નહી, એ કામ ફરીઆદીના વકીલનું છે, તેમાં સેસન જડજે મદદ કરી સેહેલુ કરી આપવું જોઇએ નહી, જો વકીલ પોતે પુરાવાની મતલબ બરોબર લખી ન શકે તો તેને તે કામને માટે એક સ્વતંત્ર માણસ નીમવો જોઈએ. સાદુલા હવાલદાર વિ. રાણી. ઈ. લૉ. રી. ૯ ક. ૮૭૫; ૧૨ ક. લૉ. રી. ૫૦૬.

(મી૦ પ્રીનસેપ અને મી૦ ઓકીનલી જડજોની રૂબરૂ. ૭ મી મેએ, ૧૮૮૩.)

જુઓ અપીલ, ૯, ૩૫.
„ તોહોમતદારના અભીપ્રાયનું સરટીફીકેટ. ૨.
„ જુઠો લેખ ૯.
„ જ્યુરી ૫૧, ૬૨, ૬૯, ૯૬, ૧૧૧.
„ ખુન ૩૦, ૧૦૦.
„ જવાબ, ગુન્હેગારનો, ૧.
„ તપાસણી, ૧૮, ૨૩.
„ જુદી તપાસ.
„ આસેસરોની તપાસ.

ઇ

ઇનકમટેક્ષ—

ઈનકમ ટેક્ષ—સને ૧૮૬૯ નો આકટ ૯ કલમો ૨૪-૨૫—સંક્ષેપમાં તપાસ— રૂપીઆ નહી ભરવાનો ઇરાદો.—સને ૧૮૬૯ ના આકટ ૯ માની કલમો ૨૪ અને ૨૫ મુજબ ગુન્હો કરયો હોય તો, તેની તપાસ માજીસ્ત્રેટે સંક્ષેપમાં કરવી જોઈએ, એવો કાયદા બાંધનારાનો વીચાર હતો એવું ધારવાને ઘણા મજબુત કારણો છે, પણ તે ઉપરથી કોર્ટને એવું અનુમાન કરવું જોઇએ નહી કે તેના ઉપર અપીલ થઈ શકે નહી. આ કલમ મુજબ સજા કરવામાં આવી હોય તો જડજ તે ફેરવી શકતો નથી. નોટીસમાં બતાવેલી મુદતની અંદર રૂપીઆ ના ભર્યા હોય તો કર આપનાર માણસ કલમ ૨૫ મુજબ ગુન્હેગાર છે, અને પછીથી રૂપીઆ ભરે તો તે ગુન્હામાંથી બચી જતો નથી. કલેકટરના કહેવાથી ફરીઆદ ચલાવવામાં આવી હોય તો કરેલી સજા કાયદેસર ગણાય છે, પણ તેહેસીલદારનો રીપોર્ટ જેમાં કલેકટરે સાધારણ રીતે કર નહી ભરેલા માણસો ઉપર ફરીઆદ માંડવાને મરજી બતાવી હોય તો, તે કલેકટરના કેહેવાથી ફરીઆદ માંડવામાં આવી છે એમ ગણાય નહી. કલમ ૨૭ મી નો અર્થ એવો થાય છે કે દરેક કામમાં કલેકટરે ફરીઆદ માંડવી કે નહી તેનો વીચાર કરવો જોઈએ. રાણી વિ. ચીતરામ. ૨ નો વે. પ્રો. ૧૧૩.

(મી૰ ટરનર અને મી૰ સ્પેકી જડજો ની રૂબરૂ. તા૰ ૨૬ મી માર્ચ ૧૮૭૦).

૨ ઇનકમ ટેક્ષ—સને ૧૮૬૯ નો આ કટ ૯ કલમ ૨૫—દંડ—કેદ—ઈનકમટેક્ષને માટે દંડ કર્યો હોય અને તે દંડ ના ભરે તો, સને ૧૮૬૯ ના આકટ૯ ની કલમ ૨૫.મુજબ માજીસ્ટ્રેટ કેદની શીક્ષા કરી શકતો ન થી. રાણી વી. નોદીઆરચં

દ કુનડુ અને બીજો. ૧૪. વી. રી. ૭૦

(મી૰ બેલી અને મી૰ જેકશન જડજોની રૂબરૂ, તા૰ ૧૯ મી નવંબર ૧૮૭૦)

રાણી વિ૰ રામલાલસીંગ, ૨૨. વી. રી ૫૧ ના કેસમાં આધાર રાખવામાં આવ્યો

જુઓ ખાનગી બચાવ ૯.

ઇજા.

ઈજા દેવતાથી—પીનલકોડ—(આકટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૨૮૫—એવું ઠરાવવામાં આવ્યું કે (દેવતાથી અવિચારીપણે થયેલી) "ઈજા" એ શબ્દના અર્થમાં પીનલકોડની કલમ ૨૮૫ મૂજબ કોઈ બીજા માણસની મીલકતને ગેરકાયદેસર ગમે તે ઇજા કરી હોય તેનો પણ સમાવેશ થાય છે. પણ ઈજાનો અર્થ ફકત એકલી તેની જાતની ઈજા થતો નથી. રાણી વી૰ નાથા લાલજી ૫. મું. હા.કો રી૰ ૬૭.

(મી૰ ન્યુટન અને મી૰ ટકર જડજોની રૂબરૂ, તા૰ ૬ ઠી અગષ્ટ ૧૮૬૮)

ઇઝમેન્ટ—જુઓ કબજો ૩૬, ૧૩૩.

ઈન્ડીયામાં બનતુ રબર—જુઓ ચોરેલી મીલકત ૧૭.

ઈનસ્પેકટર.

જુઓ એકઠી તપાસ.

ઈમારતી લાકડ—

જુઓ જંગલ.

" લોકોપકાર કૃત્ય ૪૭.

ઈરાદો—

જુઓ પ્રયત્ન આપઘાત કરવાનો.

" જુઠાં કાટલાં.

" મહાવ્યથા. ૭

" બીગાડ ૪, ૬, ૧૦, ૧૬, ૧૮.

" ખુન ૧૨, ૧૫, ૬૯, ૭૩, ૭૪, ૭૫, ૯૪.

" ફરીઆદ કરવાની પરવાનગી ૭૫,

" ચોરી ૭

ઈરાદો કપટ કરવાનો

જુઓ જુઠો લેખ ૩૯, ૪૮

ઇરાદો સ્ટામ્પ નહીં ચોડવાનો

જુઓ સ્ટાંપ ૧૦.

ઈરાદો નુકશાન કરવાનો—

જુઓ જુઠો લેખ ૪૫

ઈરાદા પુર્વક ભુલ

જુઓ ભુલ ખબર આપવાની.

ઉડાવવુ (પુરાવાનું)—ખુનમાં મદદગારી—પીનલકોડ (સને ૧૮૬૦ નો આકટ ૪૫ મો)—કલમ ૨૦૧—કેદી ખુન કરતી વખતે હાજર હતો પણ આવું કૃત્ય બનશે તેની તેને ખબર નોહોતી. બીકને લીધે તે ગુન્હો અટકાવવામાં દરમીઆન એટલુંજ નહી પણ તે મુડદુ સંતાડવામાં પણ સામેલ રહયો. એવું ઠરાવવામાં આવ્યું કે ખુનની મદદગારીના ગુન્હાને માટે તે ગુન્હેગાર નથી, પણ પીનલકોડની કલમ ૨૦૧ મુજબ તે પુરાવો ઉડાવી નાખવાનો ગુન્હેગાર છે. રાણી વિ. ગોબરધન બેરા. ૬ વિ. રી. ૮૦.

(મી૰ લોક અને મી૰ પંડીત જડજોની રૂબરૂ. ૪ અકટોબર, ૧૮૬૬.)

ઉડાવવું (પુરાવાનું)—શિક્ષણીય મનુષ્યવધથી ખુન નહી થએલું—સને ૧૮૬૦ નો આકટ ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૧—કોને શીક્ષણીય મનુષ્યવધ કીધુ તેની કાંઈપણ સાબીતી ના હોય તોપણ, શિક્ષણીય મનુષ્યવધથી ખુન નહી થયાના ગુન્હાનો પૂરાવો ઉડાવી દીધાનુ તોહોમત મૂકી શીક્ષા કરવી, તે બરોબર છે. રાણી વી. મદનમોહન બોસ અને બીજો ૭. વી, રી. ૨૨

(મી૰ કેમ્પ અને મી૰ માર્કબાય જડજોની રૂબરૂ, તા૰ ૨૬ મી જાનેવારી ૧૮૬૭

૩ ઉડાવવું (પુરાવાનું)—મુખ્ય ગુન્હેગારો—પીનલકોડ (આક્ટ ૪૫ સને ૧૮૬૦) કલમ ૨૦૧—પીનલકોડની કલમ ૨૦૧, મુખ્ય ગુન્હેગાર શીવાય બીજા માણસો જે પુરાવો ઉડાવી દેઈને મુખ્ય ગુન્હેગારોને ગુન્હામાંથી બચાવે છે તેમને લાગુ પડે છે. પણ ગુન્હોકરનાર માણસ પોતે ગુન્હામાંથી બચવાને માટે પુરાવો ઉડાવી દે તો, તેના ઉપર બંને તોહોમતો રાખી સજા કરી શકાય નહીં. રાણી વી. રામસુંદર સુતાર. ૭. વી. રી. ૫૨.

(મી૰ કેમ્પ અને ગલોવર જડજોની રૂબરૂ. તા૰ ૬ ઠી એપ્રીલ, ૧૮૬૭)

રાણી વી. ડુંગરના ફેંસલામાં નજર રાખવામાં આવી. ૮ અ. ૨૫૨. જુઓ ઉડાવવું પુરાવાનું ૯.

૪ ઉડાવવું (પુરાવાનું) સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૨૦૧—જો કોઈ પણ કૃત્યથી ગુન્હો કરવાનો પુરાવો ઉડી જાય પણ તે કૃત્ય ગુન્હેગારને કાયદેસર સજામાંથી બચાવવાના ઈરાદાથી કરવામાં ના આવ્યું હોય તો તે કૃત્ય કરનાર માણસને પીનલકોડની કલમ ૨૦૧ મુજબ સજા થઈ શકે નહી. પુરાવો ઉડાવવાથી ગુન્હેગારને બચવાનો સંભવ હતો એટલુંજ બસ નથી. રાણી વિ. તુલસીરામ. ૫ નો વે. પ્રો. ૧૮૬.

(મી૰ જારડીન જડજની રૂબરૂ. તા૰ ૭ જુન, ૧૮૭૩).

૫ ઉડાવવું (પુરાવાનું)—ખુન—પીનલકોડ સને ૧૮૬૦ નો ૪૫ મો, કલમ ૨૦૧—ક અને ખ નામના બંને માણસો ગ નામના માણસને, બ નામના માણસના ખેતરમાં મારી નાંખીને, તેની લાસ સજામાંથી બચી જવાના ઇરાદાથી પોતાના ખેતરમાં લાવ્યા. આ બાબતો ઉપરથી ક નામના માણસને કલમ ૨૦૧ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એવું ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૨૦૧ મુખ્ય ગુન્હેગારો સીવાય બીજાને લાગુ પડે છે, અને તેટલા માટે જે કરયું છે તેને માટે ક નામના માણસને તે કલમ મુજબ સીક્ષા થઇ શકે નહીં. વળી ગ નામના માણસનું મડદુ એક જગ્યાએથી બીજી જગ્યાએ લેઈ જવાથી ખરી રીતે જોતાં કાંઈ ખુનનો પુરાવો ઉડી જતો નથી; અને જો કે તેની મતલબ પોતાના ઉપરથી અને ખ નામના માણસ ઉપરથી વેહેમ ટાળવાની હશે, તોપણ તેના કૃત્યથી ઉપલી કલમમાં બતાવેલો ગુન્હો બનતો નથી. રાણી વિ. કીષ્ણા ઈ. લૉ. રી. ૨ અ. ૭૧૩.

(મી૰ પીઅરસન જડજની રૂબરૂ. તા૰ ૧૮ મી ફેબ્રુઆરી, ૧૮૮૦).

રાણી વિ. ડુંગરના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લૉ. રી. ૮ અ. ૨૫૨. જુઓ ઉડાવવું પુરાવાનું ૯.

૬ ઉડાવવું (પુરાવાનું)—(સને ૧૮૬૦ નો ૪૫ મો) પીનલકોડ, કલમ ૨૦૧—પીનલકોડની કલમ ૨૦૧ મુજબ વ્યાજબી રીતે સજા કરવાને એ બાબત જરૂરની છે કે, જે ગુન્હાને માટે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવે છે તે ગુન્હો બનવો જોઈએ અથવા તેને માટે તે જુમ્મેદાર થવો જોઇએ. રાણી વી. અબદુલ કાદર. ઈ. લૉ. રી. ૩ અ. ૨૭૯.

(મી૰ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને મી૰ પીઅરસન, મી૰ ઓલ્ડફીલ્ડ અને મી૰ સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ. તા૰ ૧૧ મી નવંબર ૧૮૮૦)।

રાણી વિ. સબ્બામાનયા પીલાઈ ૩ મ. હા. કો. રી. ૨૫૧ ના કામમાં આધાર લેવામાં આવે છે. જુઓ જુઠા ખબર ૨.

મટુકી મીસર વિ. રાણીના કામમાં આધાર લેવામાં આવ્યો. ઈ. લૉ. રી. ૧૧ ક. ૬૧૯. જુઓ ઉડાવવું પુરાવાનું ૮.

૭ ઉડાવવું (પુરાવાનું)—ખુન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૨૦૧—પીનલકોડની કલમ ૨૦૧ મુજબ તોહોમત મુકેલું તેની તજવીજમાં તોહોમતદારે એવી હકીકત બતાવી કે ખુન વખતે તેની જોડે બીજા બે માણસો હતા અને પોતે ખુનમાં સામેલ થયો નહોતો, પણ ખુન કરતાં પેહેલાં ઉપર બતાવેલા માણસોમાંના એકે મરનારની પથારીમાંથી રજાઈ ખેંચી લીધી; જે રજાઈ મા

રી કુહાડ પછાથી ઓઘલામાં સંતાડવામાં આવી હતી. એ સાબીત થયું હતું કે રજાઇ મરનારની હતી, અને તે ઓઘલામાં સંતાડવામાં આવી હતી અને તે રજાઇ પોલીસને તોહોમતદારે બતાવી હતી. ગુન્હેગારને ક્રાયદેસર સીક્ષામાંથી બચાવવાને માટે પુરાવો ઉડાવી દીધો એવું તોહોમત પીનલકોડની કલમ ૨૦૧ મુજબ તોહોમતદાર ઉપર રાખવામાં આવ્યું હતું. એવું ઠરાવવામાં આવ્યું કે આ કામમાં સજા રદ કરવી જોઈએ. કારણ કે રજાઇને છુપાવી અથવા ફાડી નાંખી ના હોત તો તેથી કાંઈ ખુનનો પુરાવો થાત નહી. ગુન્હો કરવામાં કોઈ માણસ મુખ્ય ગુન્હેગાર તરીકે સામેલ હોય તો તેના ઉપર ગુન્હાનો પુરાવો છુપાવવાનુ બીજુ તોહોમત મુકી શકાય નહી. રાણી વિ. લાલી. ઈ. લો. રી. અ. ૭૪૫.

(મી૦ પેથરામ ચીફ જસ્ટીસ અને મી૦ ઓધરસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી અપ્રેલ સને ૧૮૮૫).

રાણી વિ. રામપ્રતાપના ફેંસલામાં તફાવત ગણવામાં આવ્યોછે. ઈ. લૉ. રી. ૬ અ. ૧૨૧. જુઓ કેટલાક ગુન્હાઓ. ૬,

રાણી વિ. ડુગરશીગના કામમાં નજર રાખવામાં આવી. ઈ. લૉ. રી. ૮ અ. ૨૫૨. જુઓ ઉડાવવું પુરાવાનું ૯.

૮ ઉડાવવું (પુરાવાનું)—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૭૬, ૨૦૧—અસ્વભાવીક અને અંદેશા પડતી બાબતોથી એકાએક થએલા મોતનો રીપોર્ટ નહી કરેલો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫ (સને ૧૮૭૨ નો ૧૦ મો)—પીનલકોડની કલમ ૨૦૧ મુજબ તોહોમત મુકતાં પહેલાં એવું સાબીત થવું જોઈએ કે જે ગુન્હાનો પુરાવો તેણે ઉડાવી દીધો છે તે ગુન્હો ખરી રીતે બનેલો છે, અને તે ગુન્હો બન્યાનું તોહોમતદાર જાણતો હતો, અથવા ગુન્હો બન્યો છે એવું માનવાને તેને પુરતી ખબર મળી હતી. રાણી વિ. અબદુલ કાદર. ઈ. લો. રી. ૩ અ. ૨૭૯ ના ફેંસલાનો આધાર લેવામાં આવ્યો.

મી૦ પ્રીનસેપ અને મી૦ મેકફરસન જડજોનો ઠરાવ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫ ના ક્લૉઝ ‍‍‍ માં આવી જતી બાબતોની ખબર નહી આપવાને માટે કોઈ માણસને પીનલકોડની કલમ ૧૭૬ મુજબ ગુન્હેગાર ઠરાવી શીક્ષા થઈ હોય અને જ્યાં લાસ મળી આવી હોય અને તે ઉપરથી એમ માલમ પડી આવે કે મોત અસ્વભાવીક અને અંદેશા પડતી બાબતોથી એકાએક થયું છે, તો મોત તોહોમતદારની જમીન ઉપર ખરેખરી રીતે થયું એવું તે સીક્ષાની સાબીતીમાં બતાવવાની કાંઈ જરૂર નથી. મડદુ મળી આવવાની બાબત ખરી હોય, અને તેનાથી ઉલટો પુરાવો ના હોય તો, સાધારણ રીતે કોર્ટ અનુમાન કરી શકે કે મોત તે જગ્યાએ જ થયું. મી૦ મીટર જડજનો મત એવો હતો કે ઉપલી કલમ મુજબ સીક્ષાની સાબીતીમાં એવું બતાવવું જોઈએ કે, મોત તોહોમતદારના ગામમાં અથવા તેની જમીન ઉપર થયુ; કારણ કે મડદુ મળી આવ્યુ એજ બાબત ઉપરથી ઉપલી સાબીતી મળી આવતી નથી. મહુફીમીસર વિ. રાણી ઈ. લૉ. રી. ૧૧ ક. ૬૧૯.

(મી૦ મીટર, મી૦ મેકફરસન અને મી૦ પ્રીનસેપ જડજોની રૂબરૂ. તા૦ ૧૩ મી મેએ સને ૧૮૮૫.)

રાણી વિ. હરદત સરમાના કામમાં નજર રાખવામાં આવી છે. ૮ વી. રી. ૬૮. જુઓ જાસુરી ૭૭.

૯ ઉડાવવું (પુરાવાનુ)—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૨૦૧—કોઈ ગુન્હેગારે પોતાના ગુન્હાનો પુરાવો ઉડાવી દીધો હોય તો તેને પીનલકોડની કલમ ૨૦૧ લાગુ પડતી નથી; પણ જે માણસ ખરેખરા ગુન્હેગારને શીક્ષામાંથી બચાવે છે તેજ માણસને ફક્ત તે કલમ લાગુ પડે છે. રાણી વિ, રામસુંદરસુતાર, (૭ વિ. રી. ૫૨) રાણી વી. કાશીનાથ ડીંકર (૮ સું૦ કોર્ટ રી૦ ...) રાણી વિ. ક્રીષ્ણા (ઇં૦ લૉ૦ રી૦ ૨ અ.

૭૧૩) રાણી વિ. એહલાબીબી (ઈં૦ લૉ૦ રી૦ ૬ ક. ૭૮૯) અને રાણી વી. લાલી (ઈ. લૉ રી. ૭ અ. ૭૪૯) ના કેસો ઉપર નજર રાખવામાં આવી. રાણી વિ. ડુંગર. ઈં૦ લૉ૦ રી૦ ૮ અ. ૨૫૨.

(મી૦ મેકફર્સ્ટ જડજીની રૂબરૂ, તા૦ ૫ એપ્રીલ, ૧૮૮૬.)

નીચેના ફેસલાને આ લાગુ પડે છેઃ—

રાણી વિ. રામસુંદર શુતર. ૭ વિ. રી. ૫૨. જુઓ ઉડાવવું પુરાવાનું ૩.

રાણી વિ. કાશીનાથ ડીંકર. ૮ મું. હા. કો. રી. ૧૨૬. જુઓ કબુલાત ૮૦.

રાણી વિ. એહલાબીબી. ઈં૦ લૉ૦ રી૦ ૬ ક. ૭૮૯. જુઓ જુઠો પુરાવો ૨.

રાણી વિ. ક્રીષ્ણા. ઈં૦ લૉ૦ રી૦ ૨ અ. ૭૧૩ જુઓ ઉડાવવું પુરાવાનું. ૫.

રાણી વિ. લાલી. ઈં૦ લૉ૦ રી૦ ૭ અ. ૭૪૯. જુઓ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ ૨.

જુઓ કબુલાત ૮૦.

„ ખાનગી બચાવ.

ઉત્તર કેનેરા.

ગુન્હેગાર—અપીલનો હક—સદર કોરટ—ક્રીમીનલ પ્રોસીજર કોડ (આકટ ૨૫ સને ૧૮૬૧) કલમો, ૧૯, ૪૦૮—સને ૧૮૨૭નો રેગ્યુલેશન, ૨, કલમ ૧૬. કલોઝ ૨—સને ૧૮૬૩ નો મુંબાઈનો આકટ ૩ જો—૧૬, ૧૭, વિકટોરીઆ ચેપટર ૯૫—૨૧, ૨૨, વિકટોરીઆ ચેપટર ૧૦૬—૨૪, ૨૫, વિકટોરીઆ ચેપટર ૬૭—૨૪, ૨૫, વીકટોરીઆ ચેપટર ૧૦૪—એવું ઠરાવવામાં આવ્યું કે ઉત્તર કેનેરાનો ડીસ્ત્રીકટ, મદ્રાસ ઈલાકામાંથી કાઢીને મુંબાઈ ઈલાકામાં નાખ્યો, તેથી તેમાં મુંબાઈ ઈલાકામાં ચાલતો ક્રીમીનલ પ્રોસીજર કોડ લાગુ ન પડે એવું કાંઈ નથી, અને સેસન જડજે તોહોમતદારને તે ડીસ્ત્રીકટમાં ગુન્હેગાર ઠરાવ્યો હોય તો, તેની અપીલ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૮ અને ૨૪, ૨૫, વીકટોરીઆનું ચેપટર ૧૦૪ અને ૧૮૬૨ ના લેટર્સ પેટન્ટ આકટના કલોઝ ૨૬ મુજબ મુંબાઈની હાઈકોરટ સાંભળી શકે છે. ૧૬ અને ૧૭ વિકટોરીઆના ચેપટર ૯૫ મુજબ, એક ઈલાકામાંથી કાઢીને બીજા ઈલાકામાં લેઈ જવાની સત્તા ૨૧, ૨૨, વિકટોરીઆ ચેપટર ૧૦૬ મુજબ હિંદુસ્થાનના સેક્રેટરીને આપવામાં આવી છે અને તેના તા૦ ૨૮ મી ફેબ્રુઆરી સને ૧૮૬૨ ના હુકમથી ઉત્તર કેનેરાનો પ્રાંત જોડી દેવામાં આવ્યો હતો. કોઈ મુલકની નવી ગોઠવણી, હીંદુસ્તાનની કાઉન્સીલનો ગવરનર જનરલ જે તારીખ મુકરર કરે તે તારીખે અમલમાં લાવવી જોઈએ, અને તે તારીખ સને ૧૮૬૧ ના હીંદુસ્થાનની કાઉન્સીલના આકટ મુજબ મુકરર કરવામાં આવે છે. કાયદા બાંધનારી સભાની ગોઠવણ અને કામકાજનો આધાર તદન ઉપર બતાવેલા આકટ ઉપર રાખવામાં આવે છે, પણ આ આકટ સરકારની સાધારણ સત્તા અને ન્યાયની બાબતોને અને ઈનસાફની કચેરીઓના અધીકારીને, કોઈ રીતે અસર કરતો નથી. સને ૧૮૪૨ ના આકટ ૮ અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯મીમાં બતાવ્યા મુજબ "સદર કોર્ટ" એ શબ્દોનો અર્થ કરવામાં આવે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ કોઈ પ્રગણાની અપીલ હાઈ કોર્ટને કરવાથી, મુંબાઈનો સને ૧૮૬૩ નો આકટ ૩ અને ૧૮૨૭ ના રેગ્યુલેસન, ૨ ની કલમ ૧૬, કલોઝ ૨ મુજબ તે પ્રગણું તે ઈલાકાની અંદર કાંઈ આવી જતું નથી. રાણી વિ. વ્યંકટસ્વામી. ૨ મું. હા. કો. રી. ૧૦૬.

(મી૦ ફોરબસ અને મી૦ ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૪મી સપટેંબર ૧૮૬૪).

રાણી વિ. મંગળ ટેકચંદના કેસમાં નજર રાખવામાં આવી. ઈ. લૉ. રી. ૧૦ મું. ૨૭૪. જુઓ બીજે ઠેકાણે કેસનું મોકલવું, ૨૪.

ઉલટ સુલટ કેસો.

ફોજદારી તપાસમાં અવ્યવસ્થા—સામસામી બંડ કરવાના ગુન્હા—સને ૧૮૮૨ નો ૧૦ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમ ૫૩૭—અવ્યવસ્થાથી તોહોમતદારને નુકશાન—અન્યાય—બંડ

કરવાના અને હુમલો કરવાના, સામસામી ગુન્હાઓ હોવાથી માજીસ્ટ્રેટે એમાંના એક ગુન્હાની તપાસ કરી, અને ફરીયાદી તરફનો પુરાવો લીધા પછી સામસામી કેસોની તપાસ ચલાવી અને પહેલા કેસમાં જે તહોમતદારોને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા તે તોહોમતદારોને પાછળના કેસમાં સાક્ષી તરીકે લીધા. એવું ઠરાવવામાં આવ્યુ કે કામ ચલાવવાનો આવો રીવાજ તે કેવળ ગેરકાયદેસર છે; પણ આ અમુક કેસની બાબતો ધ્યાનમાં લેતા, ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૫૩૭ મુજબ ઉપરનો રીવાજ કાયદા વિરૂદ્ધ ગણાય નહી.

બચુ મુલ્લા અને બીજાઓ વિ. સીઆરામસીંગ અને બીજાઓ, ઇ. લૉ. રી. ૧૪ ક.

(મીં૦ કોમર પેથરામ ચીફ જસ્ટીસ અને મી૦ બેવરલી જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મા ડીસંબર સને ૧૮૮૬).

૧ ઉલટ સુલટ તપાસ કરવાનો (તોહોમતદારનો હક)—કેટલાક સાક્ષીઓને તપાસવાની તક તોહોમતદારને નહીં આપવાથી સીક્ષા રદ કરવામાં આવી. રાણી વી. નોબોકુમાર બનારજી, ૩. વિ. રી. ૨૧.

(મી૦ ગ્લોવર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૬૫)

૨ ઉલટ સુલટ તપાસ કરવાનો હક બજાવવાની તક—ક્રીમીનલ પ્રોસીજર કોડના ચેપ્ટર ૧૯ મુજબ તજવીજ થતી હોય તો પ્રતીવાદીને પોતાની સામે આવેલા સાક્ષીઓની ઉલટ સુલટ તપાસ કરીને જવાબ આપવાની તક આપવી જોઈએ. અને પોતાના બચાવમાં સાક્ષીઓ પણ રજુ કરવાની તક આપવી જોઈએ, પ્રો. ૩ નવંબર ૧૮૬૮. ૪ મ.હા. કો. રી. અપે. ૨૨.

૩ ઉલટ સુલટ તપાસ—તોહોમત તૈયાર કરયા પછી અને પેહેલાં સાક્ષીઓની ઉલટ સુલટ તપાસ— ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨નો આકટ ૧૦ મો)—કલમ ૨૫૨— ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ મુજબ તોહોમતદારનો જવાબ લીધા પછી, તોહોમત તય્યાર કરયા પેહેલાં જે સાક્ષીઓની ઉલટ સુલટ તપાસ તોહોમતદારે કરી હોય તે સાક્ષીઓને ફરીયાદી તરફના સાક્ષીઓ ગણીને ફરીથી બોલાવી ઉલટ સુલટ તપાસ કરવાને માજીસ્ટ્રેટ પરવાનગી આપવાને ના પાડી શકે નહીં.

ઠાકર દયાલસેનની બાબતમાં ૧૭ વી. રી. ૫૧

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી. એનસ્લી જડજોની રૂબરૂ. તા૦ ૧૫ મી એપ્રીલ ૧૮૭૨.)

નિચેના કેસોમાં આધાર લેવામાં આવ્યોઃ—

રાણી વી. અમીનુદીન ફકીર ૨૧ વી. રી. ૨૯. જુઓ ઉલટ સુલટ તપાસ ૬.

ખરકધારીસીંગ વી. પરસાદી મંદલ. ૨૨ વી. રી. ૪૪. જુઓ ઉલટ સુલટ તપાસ. ૮.

અરજદારો નોબીનચંદ્ર બનારજી. ૨૫ વી. રી. ૩૨. જુઓ ઉલટ સુલટ તપાસ ૧૧.

રાણી વી. રામક્રીષ્ણ હલવાઈ ૨૫ વી. રી. ૪૮. જુઓ ઉલટ સુલટ તપાસ ૧૨.

રાણી વી. લાલસીંગ ૬ નો. વે. પ્રો. ૨૭૦. જુઓ ઉલટ સુલટ તપાસ ૭.

૪ ઉલટ સુલટ તપાસ— સાક્ષીઓનો પોતાની હકીકત સુધારવાનો હક—મુખ્ય તપાસમાં સાક્ષીએ જે કાંઈ હકીકત લખાવી હોય તે હકીકત ઉલટ સુલટ તપાસની વખતે સુધારવાને કોરટે પરવાનગી આપવી જોઈએ. રાણી વિ. તુલસી ડોસા, ૧૮ વી. રી. ૫૭.

(મી. એનસલી અને પોનટીફેક્ષ જડજોની રૂબરૂ. તા૦ ૨૭ મી સપટેંબર, ૧૮૭૨.)

૫ ઉલટ સુલટ તપાસ—ફરીઆદી તરફના સાક્ષીનો ઉલટ સુલટ તપાસવાનો હક—ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨નો આકટ ૧૦ મો) કલમ ૨૧૮, ૨૮૯ મો ૩૬૨—તોહોમત તઈયાર કરયા પછી અને કેદીનો જવાબ લીધા પછી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૮ મુજબ ફરીઆદી તરફના સાક્ષીઓને પાછા બોલાવી ઉલટ સુલટ તપાસ કેદી કરી શકેછે. સને ૧૮૭૨ના આ. ૧૦ મોની કલમ ૩૬૨ મુજબ તોહોમતદાર કોઈ સાક્ષીને સમન કરીને બોલાવવાની કોરટને અરજ કરે તે

અરજથી સાક્ષીને બોલાવી તપાસવાની માગ ણી કેવળ જુદી છે. ડેપ્યુટી માજીસ્ટ્રેટ ફરીઆદીના સાક્ષીઓને પાછા બોલાવી ઉલટ સુલટ તપાસવાની પરવાનગી ના આપે તો તેના ઉપર સેસન કોરટમાં અપીલ થઈ શકે નહીં, પણ આવી જાતનો હુકમ હાઈ કોરટ, ઉપલી કોરટ તરીકે કામ મંગાવી તપાસ કરે તોજ ફરી શકે, તે શીવાય ફરી શકે નહીં. જે. આર.બેલીલીઅસ વિ. રાણી, કાલીદાસ બનારજીની ફરીયાદ ઉપરથી ૧૯ વી. રી. ૫૩.

(મી૦ ફીયર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી એપ્રીલ સને ૧૮૭૩)

૬ ઉલટ સુલટ તપાસનો તોહોમતદારનો હક—ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨ નો ૧૦મો) કલમ ૨૧૮–ફરીઆદી તરફના સાક્ષીઓને પાછા બોલાવી તપાસવાનો તોહોમતદારનો હક માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૮ મુજબ ના પાડી શકતો નથી, અને તોહોમતદારને પોતાની અરજીમાં વાજબી કારણો છે એવુ બતાવવાની કંઈ જરૂર નથી. રાણી વી. અમીરૂદીન ફકીર, ૨૧. વી. રી. ૨૯.

(મી૦ કેમ્પ અને મી૦ ગલોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી, ૧૮૭૪)

ઠાકર દયાલસેનના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૧૭. વી. રી. ૫૧. જુઓ ઉલટસુલટ તપાસ ૩.

૭ ઉલટ સુલટ તપાસ–ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨ નો ૧૦ મો) કલમ ૨૧૮—વારંટ કેસમાં માજીસ્ટ્રેટની તજવીજ—જવાબ–ફરીયાદી તરફના સાક્ષીઓને પાછા બોલાવી ઉલટસુલટ તપાસવાને કેદીનો હક–ફરીઆદીના સાક્ષીઓને જવા દેવા તે–ફરીઆદીના સાક્ષીઓને પાછા બોલાવી ઉલટ સુલટ તપાસવાનો કેદીનો હક ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૮ મુજબ જવાબ આપતી વખતે અને તેની તજવીજ પુરી થતાં પહેલાં છે. અને ઉલટ સુલટ તપાસવાનો હક તેને જવાબ આપતાં પહેલાં મળેલો છે, અથવા જવાબ આપતી વખતે તે હક તેણે માગ્યો નથી, અથવા જે વખતે સાક્ષીઓ કોર્ટમાં હાજર હતા તે વખતે તેમની ઉલટ સુલટ તપાસ કરવાને ફરીથી બોલાવાની માગણી કરી નથી એ બાબતો ઉપરથી તેનો તપાસવાનો હક જતો રહેતો નથી. રાણી વિ. લાલસીંગ. ૬ નો વે. પ્રે. પા. ૨૬૦.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ. તા૦ ૨૦ મી જુલાઈ, ૧૮૭૪).

ઠાકર દયાલસેનના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૭ વિ. રી. ૫૧. જુઓ ઉલટ સુલટ તપાસ ૩.

રાણી વિ. બલદેવસાહીના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈ. લો. રી. ૨ અ. ૨૫૩. જુઓ ગેરકાયદેસર બક્ષીસ ૧૫.

૮ ઉલટ સુલટ તપાસ—સાક્ષી—હાજરી—નિયમ તરીકે ફરીઆદીના સાક્ષીઓ લેવાનો યોગ્ય વખત તોહોમતદારના જવાબ લેવાની શરૂઆતમાં છે પણ જવાબની કોઈ પણ વખતે ફરીઆદીના સાક્ષીઓને પાછા બોલાવી ઉલટ સુલટ તપાસવાનો હક કોર્ટની નજરમાં વાજબી અને બરોબર લાગે તો, તોહોમતદારને આપવો એ કોર્ટની મરજી ઉપર છે. રજુઆત પુરી થતા પહેલાં કોઈ પણ સાક્ષીને કોર્ટ ઘેર જવાની રજા આપે તો તેની જુબાનીની તોહોમતદારને જરૂર છે કે નહી અથવા પડશે કે નહી, તે શોધી કાઢવું એ કોર્ટની ફરજ છે, અને તેની જરૂરછે એમ માલમ પડે તો તે વખતે હાજર રહેવાની તેની ખાત્રી કરી લેવી જોઈએ. ખરકધારીસીંગ વી. પ્રસાદીમંડળ ૨૨ વી. રી. ૪૪.

(મી૦ ફીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઈ સને ૧૮૭૪.)

ઠાકર દયાળસેનના કામમાં આધાર લેવામાં આવે છે. ૧૭ વી. રી. ૫૧. જુઓ ઉલટ સુલટ તપાસ ૩.

રાણી વિ. રામકીષ્ણ હલવઈના કામમાં આધાર લેવામાં આવ્યો. ૨૫ વી. .રી. ૪૮. જુઓ ઉલટ સુલટ તપાસ ૧૨.

૯. ઉલટ સુલટ તપાસ—સને ૧૮૭૨ નો આકટ ૧૦ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડ)

કલમ ૨૧૮—વાર૮ કેસમાં માજીસ્ટ્રેટની રજુઆત—જવાબ—ફરીઆદીના સાક્ષીઓને પાછા બોલાવી ઉલટ સુલટ તપાસ કરવાનો કેદીનો હક—ફરીઆદીના સાક્ષીઓને જવા દેવા તે—તોહોમત તૈયાર કર્યા પેહેલાં ઉલટ સુલટ તપાસ કેદીએ કરી છે, તે ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૮ મુજબ તોહોમત તૈયાર કર્યા પછી સાક્ષીઓને ફરીથી બોલાવી તપાસ કરવાનો તેનો હક જતો રેહેતો નથી. જ્યાં સુધી કેદીએ પોતાનો ઉલટ સુલટ તપાસવાનો હક છોડી દીધો નથી ત્યાં સુધી કોઈ પણ સાક્ષીને માજીસ્ટ્રેટ પોતાની મેળે રજા આપી શકે નહી. જ્યારે પુરાવો લેવાનું બંધ થાય ત્યારે આવા કામમાં માજીસ્ટ્રેટે તોહોમતદારને પુછવું જોઈએ કે તેને ફરીઆદીના સાક્ષીઓને પાછા બોલાવી ઉલટ સુલટ તપાસ કરવી છે, અથવા સાક્ષીઓને જવા દેવા છે. જો તે જવા દેવાને કબુલ થાય અને તે મુજબ સાક્ષીઓ જતા રહ્યા હોય તો પછીથી હક તરીકે કોઈ પણ સાક્ષીને પાછો બોલાવી ઉલટ સુલટ તપાસ કરી શકે નહી. માજીસ્ટ્રેટે કેદીને તેનો હક લેવાનું પુછ્યા શીવાય, પુરાવો લેવાનું બંધ કરયું હોય, અને કેદીની કબુલાતથી સાક્ષીઓને જવા દીધા એવું સાબીત ના થયું હોય તો, તોહોમતદાર વધારે તપાસ થતી વખતે તેની મરજીમાં આવે તે સાક્ષીને બોલાવી ઉલટ સુલટ તપાસ કરી શકે એમ ઠરાવવામાં આવે છે. કામ બંધ રાખવાની પરવાનગી આપતાં પેહેલાં માજીસ્ટ્રેટે કેઇ સાક્ષીને પાછો બોલાવી ઉલટ સુલટ તપાસવાની મરજી છે, એવું તોહોમતદારને પુછયું હોય, અને તેણે ના પાડી હોય તો માજીસ્ટ્રેટ સાક્ષીઓને જવા દેઈ શકે. રાણી વિ. લાલા મહમદ, ૬ નો. વે. પ્રો. ૨૮૪.

(મી૦ ટકર જડજની રૂબરૂ, તા૦ ૮ મી ઓગષ્ટ સને ૧૮૭૪).

રાણી વિ. બળદેવ સાહીના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈં. લૉ. રી. ૨ અ. ૨૫૩. જુઓ ગોરખમહેસર બક્ષીસ.

૧૦ ઉલટ સુલટ તપાસ—સને ૧૮૭૨ નો ૧ લો (પુરાવાનો આકટ) કલમો ૧૧, ૧૫૩, ૧૫૫, ૧૫૬—કોર્ટે તપાસ્યા પછી સાક્ષીઓની ઉલટ સુલટ તપાસ—જ્યુરીથી પુછેલો તપાસ—જ્યુરીએ અટકાવેલો પુરાવો. બરોબર રીતે લેવાએલો—નવી રજુઆત—તપાસ બરોબર રીતે સાક્ષીની ખરી હકીકતને લગતી હોય અથવા તેના ઉપરથી ભરૂસો ઉઠી જાય એવા કોઈ પણ સવાલને લગતી બાબતો વીશે હોય, અને સવાલનો જવાબ આપવામાં પુરાવાના આકટની કલમ ૧૫ મુજબ વીરૂદ્ધતા જણાઈ આવે, તો જે સાક્ષીની ઉલટ સુલટ તપાસ પક્ષકારોએ કરી હોય, અથવા પક્ષકારોના ના પાડવા ઉપરથી કોર્ટે કરી હોય તો, તેવા સાક્ષીની ઉલટ સુલટ તપાસ કોરટની રજા સીવાય થઈ શકે નહી એ નિયમ એક સરખી રીતે લાગુ પડે છે. કેદી તરફના કોઈ પણ સાક્ષીએ પોતાની જુબાનીમાં એવું બતાવ્યું હોય કે, ફરીઆદીનો કોઇ સાક્ષી ગુન્હો બન્યો તે વખતે અમુક જગ્યાએ હતો, અને તેથી તે વખતે એ સાક્ષી ત્યાંહાં હોઈ શકે નહી; અને તે સાક્ષીએ પોતાની જુબાનીમાં એમ લખાવ્યું હોય કે તે વખતે તે ત્યાં હાજર હતો, અને તેણે તોહોમતદારોને જોયા હતા, એ બાબત ઉપર ફરીઆદીના સાક્ષીને ઉલટ સુલટ તપાસવામાં ના આવ્યો હોય તોપણ, સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૫, ૧૧ અને ૧૫૩ ના ક દાખલા મુજબ એ બાબત પુરાવામાં લેઈ શકાય છે. આવી હકીકત દાખલ થયા પછી, જ્યુરી પાસે નહી જવાથી હાઈકોર્ટે ફરીથી તજવીજ ચલાવવાનો હુકમ કર્યો. રાણી વિ. સેખરામ સુકનજી અને ત્રણ બીજાઓ. ૧૧ મું. હા. કો. રી. ૧૬૬.

(મી૦ વેસ્ટ અને મી૦ નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ. તા૦ ૨ સપટંબર, સને ૧૮૭૪.)

૧૧ ઉલટ સુલટ તપાસ—સાક્ષીઓને ફરીથી બોલાવવા—તોહોમતદારનો હક—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૮ મુજબ વા

૨૬ કેસમાં ફરીઆદી તરફના સાક્ષીઓને પાછા બોલાવી ઉલટ સુલટ તપાસ કરવાનો તોહોમતદારને હક છે; એક કામમાં માજીસ્ટ્રેટે આ હક તોહોમતદારને આપ્યો નોહોતો, અને તે ઘણી ખરી સીક્ષા ભોગવી ચુકયો હતો તે ઉપરથી હાઇકોર્ટે નવી તજવીજ ચલાવવાનો હુકમ કરવાની ના પાડી, અને તોહોમતદારને છોડી મુકવાનો હુકમ લખ્યો. નોબીનચંદર બનરજી અને બીજાઓ અરજદારો. ૨૫ વી. રી. ૩૨.

(મી૦ માર્કબાય અને મી૦ મીટર જડ્જોની રૂબરૂ, ૧૭ વી. રી. ૫૧. જુઓ ઉલટ સુલટ તપાસ, ૩.)

૧૨ ઉલટ સુલટ તપાસ—ફરીઆદીના સાક્ષીઓને પાછા બોલાવી તપાસવા તે—સાક્ષીઓને પાછા બોલાવવાનો હક છોડી દેવો તે—કેટલાક તોહોમતદારો જેના ઉપર સાપ્રાધ બળ વાપરયાનું તોહોમત મુકવામાં આવ્યું હતું, તેમને ફરીઆદી તરફના સાક્ષીઓને પાછા બોલાવી ઉલટ સુલટ તપાસવાની પરવાનગી માજીસ્ટ્રેટે આપી નોહોતી, કારણ કે તેનું સમજવું એવું હતું કે સાક્ષીઓને તોહોમત ઘડયા પછી તરતજ ફકત પાછા બોલાવી શકાય, એવું ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને ફરીઆદીના સાક્ષીઓને પાછા બોલાવવાનો હમેશાં હક છે, જે હક તેઓ પોતે છોડી દે તો૮ જતો રહે છે. માજીસ્ટ્રેટો તોહોમતો ઘડયા પછી સાક્ષીઓની અડચણ દુર કરવાને માટે તોહોમતદારોને પુછી શકે કે તે અને હવે સાક્ષીઓની વધારે વાર જરૂર છે. અને કાયદામાં બતાવેલો લાભ તોહોમતદારને આ કેસમાં મળ્યો નથી તેથી શીક્ષા રદ કરવી જોઈએ. રાણી વિ. રામકીશીષ્ણુ હલવઈ અને બીજાઓ, ૨૫ વી. રી. ૪૮.

(મી૦ માર્કબાય અને મીટર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી મેએ સને ૧૮૭૬).

ખરકધારીસીંગ વિ. પરસાદીમંદલના કામમાં આધાર લેવામાં આવે છે. ૨૨ વિ. રી. ૪૪. જુઓ ઉલટ સુલટ તપાસ ૮.

ઠાકોર દયાળસીંગની બાબતમાં આધાર રાખવામાં આવે છે, ૧૭ વિ. રી. ૫૧. જુઓ ઉલટ સુલટ તપાસ ૩.

૧૩ ઉલટ સુલટ તપાસ—સને ૧૮૭૨ નો આક્ટ ૧ લો, પુરાવાનો આક્ટ, કલમ ૧૬૫—કોરટે બોલાવેલા સાક્ષીઓ—ઉલટ સુલટ તપાસવાનો હક—ફરીઆદી તરફના સાક્ષીઓ ઉપર સમન કાઢ્યા હોય પણ તેઓને બોલાવ્યા ના હોય તો, ઉલટ સુલટ તપાસણીને માટે તેમને પાંજરામાં ઉભા રાખવા જોઈએ, જેથી કરીને કેદીને પોતાનો હક ભોગવવાની તક મળી શકે, અને આવા સાક્ષીને બોલાવી કોરટે પુરાવાના આક્ટની કલમ ૧૬૫ મુજબ જુબાની લીધી હોય તો કેદીને તે સાક્ષીને ઉલટ સુલટ તપાસવાનો ખાસ હક છે. ગીરીસચંદર તાલુકદારની બાબતમાં રાણી વી. ગીરીસચચંદર તાલુકદાર ઈ. લો. રી. ૫ ક. ૬૧૪. ૫ ક. લો. રી. ૩૪૬.

(મી૦ જેકશન અને મી૦ ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી નવેંબર સને ૧૮૭૯).

મીર સઈઅદઅલીખાન વી. લાલા કાશીનાથદાસના કામમાં આધાર રાખવામાં આવે છે ૬ વી. રી. ૧૮૧. ટારીનીચરન ચોબે વિરૂધ સરોદાસુંદરી. ૩ મું. લૉ. રી. અપે. ૧૭૧, ૧૫૮ (દીવાની રુલીંગ).

૧૪ ઉલટ સુલટ તપાસના હકનું માપડવું—સને ૧૮૭૨ નો આક્ટ ૧૦ નો (ક્રીમીનલ પ્રોસીજર કોડ) કલમો ૧૯૬, ૨૪૭. અ, બ, અને ક નામના ત્રણ માણસો ઉપર ખુનનું તોહોમત માજીસ્ટ્રેટે મુક્યાથી બે વકીલોએ પોતાના વકીલાતનામા રજુ કરીને, ફરીઆદી તરફથી જવાબ આપવાની પરવાનગી માગી. માજીસ્ટ્રેટે પરવાનગી નહીં આપી અને સાક્ષીઓની જુબાની લઈ કેસ સેસન કોરટમાં કમીટ કરયો. માજીસ્ટ્રેટની કોરટમાં ફરીઆદી તરફનો મુખ્ય પુરાવો ત્રણ સાક્ષીઓની જુબાની હતી, જે સાક્ષીઓ માજીસ્ટ્રેટ આગળ આપેલી સઘળી જુબાની સેસન કોરટમાં

ઈનકાર ગયા. તેમાંના બે સાક્ષીઓ તો હકીકત લખાવેલી ના મુકર ગયા અને ત્રીજા સાક્ષીએ લખાવ્યું કે માજીસ્ટ્રેટ અગાડી લખાવેલી હકીકત દબાણ થવાથી લખાવી છે. સેસન જડજે પોતાની કોરટમાં બતાવેલી હકીકત ઉપર વિશ્વાસ નહી રાખીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૯ જેમાં સુધારાના આકટની કલમ ૨૦ મૂજબ સુધારો થએલો છે, તે મુજબ પેહેલાંની હકીકત ખરી છે એમ ધારી, તોહોમતદારને ખુન કરવાનો ગુન્હેગાર ઠરાવી જીંદગી પર્યંત દેશનીકાલની સજા કરી. આ સજા સામે કેદીઓએ હાઈકોરટમાં અપીલ કરી, એવું કારણ બતાવીને કે પેહેલાંની જુબાનીઓ કેસના પુરાવામાં લેવી જોઈતી નહોતી કારણ કે માજીસ્ટ્રેટે વકીલોને ઉભા રહેવાની રજા આપી નોહોતી, અને જે સાક્ષીઓએ જુબાની આપી તેની ઉલટ સુલટ તપાસ કરવા દીધી નથી. હાઈકોરટે તોહોમત અને સજા બાહાલ રાખી. ધામ મંડળની બાબતમાં, ૬ ક. લો. રી. ૫૩.

(મી૦ જેકશન અને મી૦ ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી ફેબરવારી, સને ૧૮૮૦)

૧૫ ઉલટ સુલટ તપાસ—માજીસ્ટ્રેટની રૂબરૂ જુબાનીઓ—તફાવત—સેસન કોરટમાં કામ ચાલતી વખતે સાક્ષીઓએ જુબાની આપી હોય તેમાં, અને કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ આપી હોય તેમાં તફાવત માલમ પડે તો, માજીસ્ટ્રેટ અગાડીની જુબાનીઓ મૂક્યા શીવાય, કોરટ જ્યુરીને તે તફાવત લક્ષમાં લેવાનું કહે. રાણી વિ. હારનચંદર મીટર અને બીજાઓ, ૬ ક. લો. રી. ૩૯૦.

(મી૦ વીલસન જડજની રૂબરૂ, તા૦ ૨૩ મી મે સને ૧૮૬૦).

૧૬ ઉલટ સુલટ તપાસ—ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨ નો ૧૦ મો) કલમ ૨૫૦—કોરટ કેદીને મોઢેથી જુઠી હકીકત કેહેવરાવી ગુન્હેગાર ઠરાવવાની મતલબથી તેની ઉલટ સુલટ તપાસ કરે, અને જે બાબત વીશે તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તે બાબત વીશે તેના પોતાના કહેવાથી વિરૂદ્ધ અભીપ્રાય બંધાય તો, એ ગેરવ્યાજબી છે. રાણી વિ. બેહારીલાલબોસ, ૬ ક. લો. રી. ૪૩૧.

(મી૦ ટોટનહામ અને મી૦ મેકલીન જડજોની રૂબરૂ. તા૦ ૫ મી જુન ૧૮૮૦).

નીચેના કેસોમાં લક્ષ આપવામાં આવેછે:—

વિરાબ્રદગાડ એકલો, ૧. મ. હા. કો. રી. ૧૯૯. જુઓ તપાસ કેદીની ૪.

ચીનીબોસ ઘોસની બાબતમાં ૧ ક. લૉ. રી૦ ૪૩૬. જુઓ તપાસ કેદીની ૧૩.

રાણી વી. મખનકુમાર, ૧ ક. લૉ. રી. ૨૭૫. જુઓ જ્યુરી ૯૨.

રાણી વી. માહુદી, ૬ ક. લૉ. રી. ૩૪૯. જુઓ જ્યુરી ૧૦૦

હરીચરન ચકરબતી વિ. રાણીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૧૩ ક. લૉ. રી. ૩૫૮. જુઓ તપાસ તોહોમતદારની ૧૫.

૧૭ ઉલટ સુલટ તપાસ—રીવાજ—તોહોમતદાર તરફથી જવાબ નહી અપાએલો—ફરીઆદીના સાક્ષીઓની હકીકતનું કોર્ટનું પારખવું—પેથેરામ ચીફજસ્ટીસ—જો અગાડી કેદી તરફથી કાંઈ પણ બચાવ ના હોય તો, ન્યાયની ખાતર કોર્ટે ફરીઆદી તરફના સાક્ષીઓને ઉલટ સુલટ તપાસની રીતે સવાલો પુછી, તેમની હકીકત ખરી છે એ સોધી કાઢવું જોઈએ. રાણી વિ. કાલુ ઈ. લૉ. રી. ૭ અ. ૧૬૦.

(મી૦ પેથેરામ ચીફ જસ્ટીસ અને મી૦ ડુથોઇટ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી નવંબર સને ૧૮૮૪.)

જુઓ કબુલાત ૧૨, ૧૪.
„ પુરાવો, ૬૮, ૮૧, ૮૯, ૯૦.
„ જુઠો પુરાવો ૮૯, ૯૮.
„ ગેરકાયદેસર બક્ષીસ ૧૫.
„ જ્યુરી ૪૧.
„ સોગન ૩.
„ પડદાવાળી સ્ત્રીઓ ૩.
„ મુચરકો ૩૫, ૪૪.

„ જામીનગીરી સારી વર્તણુકની ૮.
„ તપાસ વારંટ કેસની.
„ ગેરકાયદેસર મંડળી ૧૧, ૧૪.
„ વારંટ કેસ ૨.
„ સાહેદી ૮.
„ કેદી તરફના સાક્ષીઓ ૧૯.
„ ફરીઆદી તરફના સાક્ષીઓ ૧૬.

ઉલટ સુલટ તપાસ તોહોમતદારની. જુઓ તપાસ તોહોમતદારની. ૪,૯,૧૩,૧૪,૧૫.

રૂ.

રૂલનાઈસી.

જુઓ અપહરણ ૧૧

૧ રૂ—જુદી ગાંસડી બાંધવી—કપટથી વેચવા મુકવું—સને ૧૮૨૯ નો રેગ્યુલેશન ૩ જો કલમ ૧—વાકય ૧—ઠરાવનો તરજુમો દાખલ કરવો તે—ઈન્સ્પેકટર પાસે તપાસ કરાવી રૂ આપવાનું કબુલ કરેલું તેમાં, એક ગાંસડીમાં બંને જુદી જુદી જાતનું ફક્ત રૂ ની કળવાથી, સને ૧૮૨૯ ના રેગ્યુલેશન ત્રીજાની કલમ ૧ ના વાકય ૧ મુજબ ગુન્હો બનતો નથી. ફોજદારી કેસોમાં માજીસ્ટ્રેટો પોતાના ઠરાવનો તરજુમો દાખલ કરવાને બંધાયલા છે. રાણી વિ. રતનજી ભુખણ, ૧ મું. હા. કો. રી. ૧૭.

(મી૦ સોસી ચીફ જસ્ટીસ, મી૦ ફોર્બસ અને મી૦ ટક્કર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઈ સને ૧૮૬૩.)

૨ રૂ—રૂના કપટ વિષેનો આકટ (સને ૧૮૬૩ નો ૯ મો) મુંબાઈનો—ઉપર કહેલા આકટની કલમ ૨ મુજબ ગુન્હેગાર ઠરાવી એક મહીનાની સખત કેદ તથા રૂ સરકારમાં લેવાનો ઠરાવ કરેલો, તે ઠરાવ ડેપ્યુટી માજીસ્ટ્રેટને ગુન્હેગાર ઉપર કામ ચલાવવાનો અખતીઆર હતો એવો પુરાવો તથા કપટ થયું હતું એવો પુરાવો કામમાં નહી હોવાથી રદ કરવામાં આવ્યો. ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૪, ૧૧ માં બતાવ્યા છતાં આવા કામની અપીલ કાયદેસર થઈ શકે. રાણી વિ. જીવન ઉસમન. ૩ મું. હા. કો. રી. ૧૨.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ, મી૦ ન્યુટન અને મી૦ વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૫મી જુલાઈ સને ૧૮૬૬.)

જુઓ રાણી વિ. પ્રેમજી ભગવાન, ૧૦ મું. હા. કો. રી. ૨૯૫. જુઓ રૂ ૩.

૩ રૂ—રૂના કપટનો આકટ (સને ૧૮૬૩ નો ૯ મો) મુંબાઈનો, કલમો ૨, ૮—કપટભરેલો ઈરાદો અથવા કપટ ભરેલી માહીતી—ભેગવાળું રૂ ગાંસડી બંધાવવામાં આપવાનો ગુન્હો ૧૮૬૩ ના આકટ ૯ માની કલમ ૮ માં બતાવ્યા મુજબ થવાને માટે તોહોમતદારનો વીચાર કપટ કરવાનો હતો અથવા રૂ ભેગવાળું છે અથવા હલકી કીંમતનું છે, અથવા તે આકટની કલમ ૨ માં બતાવ્યા મુજબ ભેગવાળું છે, એવી તેને માહીતી હતી એ સાબીત કરવાની કાંઈ જરૂર નથી. રાણી વિ. પ્રેમજી ભગવાન ૧૦ મું. હા. કો. રી. ૨૯૫.

(મી૦ મેલવીલ અને મી૦ નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ. તા૦ ૩ જી જુલાઈ, સને ૧૮૭૩).

જુઓ રાણી વિ. જીવણ ઉસમાન. ૩ મું. હા. કો. રી. ૧૨ રૂ. ૨.

રાણી વિ. દ્વારકાનાથ ચોધરીના કામમાં નજર રાખવામાં આવી. ૨ ક. ઈ૦ લૉ૦ રી૦ ૩૯૯ જુઓ સ્ટાંપ, ૧૪.

૪. રૂ—રૂના કપટનો આકટ, સને ૧૮૬૩ નો ૯ મો મુંબાઈનો, કલમ ૨ પેહેલાં ભેગ કરીને, બે જાતનું જુદુ જુદુ રૂ લોઢાવવું એ સને ૧૮૬૩ ના આકટ ૯ માં ની કલમ ૨ મુજબ "ભેગ" ગણાય છે. રાણી વિ, છોથમલ લછીરામ. ૧૧ મું. હા. કો. રી. ૧૪૪.

(મી૦ વેસ્ટ અને મી૦ નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૭૪).

૫ રૂ. રૂના કપટ વીષેનો આકટ, ૯ મો સને ૧૮૬૩ ની સાલનો, કલમ ૨, ભેગ—કબજો—રૂ ભેગવાળુ છે એમ જાણીને તે રૂ રાખવામાં આવે તો તેથી રૂના કપટ વીષેના આકટ મુજબ કપટથી ભેગવાળુ રૂ અથવા હલકી

કીંમતનું રૂ રાખ્યાનું તોહોમત મુકી શકાતું નથી. જ્યાં સુધી આવી જાતનું રૂ ખરેખરી રીતે વેચવામાં આવતું નથી, અથવા ગાંસડી બાંધવાને આપવામાં આવતું નથી, ત્યાં સુધી આવા રૂનો કબજો એ કાંઈ ગુન્હો ગણાતો નથી. રાણી વિ. હનુમંત ગાવડ ઈં. લો. રી. ૧ મુ. ૨૨૮.

(મી૦ મેલવીલ અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ. ૧૪ તા૦ મી જુલાઈ ૧૮૭૬).

૬ રૂ—રૂના કપટ વીષેનો આકટ, સને ૧૮૭૮ નો ૭ મો, કલમો ૬, ૧૪—કબજો—પરમુલકમાં રૂનો ભેગ—હકુમત—પરમુલકમાં ભેગ થયેલું રૂ ઈંગ્રેજી હદમાં પકડવામાં આવ્યું. એવું ઠરાવવામાં આવ્યું કે જે હદમાં તે પકડાયું છે તે હદનો માજીસ્ટ્રેટ તેની તપાસ કરી શકે છે; કારણ કે નવો આકટ સને ૧૮૭૮ નો ૭ મા ની કલમો, ૬ અને ૧૪ મુજબ, ગુન્હો બન્યો હોય તો દંડની સજા કરી પકડાયેલું રૂ જપ્ત કરવું જોઈએ, પણ ભેગ અમુક જગ્યાએ થવો જોઇએ એની કાંઈ જરૂર નથી. રાણી વિ. ખેમચંદ નારાયણ ૩ મું૦ ઈં. લૉ૦ રી૦ પા. ૩૮૪.

(મી૦ કેમ્પબેલ અને મી૦ મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મીજુન સને ૧૮૭૯).

એ

એકાંત કેદ.

પીનલકોડ આકટ ૪૫ સને ૧૮૬૦ કલમો ૭૩ ૭૪—કોઈ માણુસને કેદ કરવામાં આવ્યો હોય તો તેના બધા વખત સુધી એકાંત કેદ કરી શકાય નહી. પીનલકોડની કલમ ૭૪ મી મુજબ તેને આંતરે આંતરે એકાંત કેદ રાખવો જોઈએ. નાયસક મેથરની બાબતમાં ૩ બે. લૉ. રી. ક્રી. અ. ૪૯.

(મી૦ જેકસન અને મી૦ મીટર જડજોની રૂબરૂ, ૧૦ મી અગષ્ટ, ૧૮૬૯. જુઓ સપમાં ક્ષેત્રપાસ ૨૬.

આકટ.

સન ૧૮૩૫ નો ૬.
જુઓ હુકમત ૩૪.

સન ૧૮૩૭ નો ૨૭ મો. (મુબાઈનો મીઠાનો કર).
જુઓ, ચોરી ૩૧.

સન ૧૮૩૮ નો ૧૯ મો. (વાહાણુ કીનારા ઉપરતો)
જુઓ હકુમત ૨,૮.

સન ૧૮૪૦ નો ૪ (ટંટા ફીસાદ બંગાળા).
જુઓ જમીનની જપ્તી.

સન ૧૮૪૦ નો ૫ મો. (સોગનનો)
જુઓ જુઠો પુરાવો ૧૫.
" માહાવ્યથા ૯.

સને ૧૮૪૦ નો ૧૭ મો. (મીઠાનો મદ્રાસ)
જુઓ મીઠું ૧૧

સને ૧૮૪૧ નો ૧૯ મો. (વારસાની બાબતમાં ગેરવ્યાજબી કબજો)
જુઓ કબજો ૪૦

સન ૧૮૪૨ નો આકટ ૪ (મદ્રાસના રસ્તાનો)
જુઓ મદ્રાસના નિયમો.

સન ૧૮૪૩ નો ૧૧ મો. (વંશ પરંપરાના અમલદારોનો મુંઆઈ).
જુઓ સમન ૧૬

સન ૧૮૪૫ નો આકટ ૨૯ મો. (આસામ કંપની)
જુઓ હકુમત ૪

સન ૧૮૪૬ નો ૯ મો. (બંદરના મછવાઓ, મદ્રાસ)
જુઓ મદ્રાસ મછવાના નિયમો.

સન ૧૮૪૮ નો ૧ લો. (ખોટા દસ્તાવેજ બંગાલા)
જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨.

સન ૧૮૪૯ નો ૧ લો. (પારકા રાજ્યના ગુન્હાઓ)
જુઓ હુકમત ૧૬

સન ૧૮૫૦ નો ૯ મો. (સ્માલકોઝ કોર્ટનો)
જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪૧

સન ૧૮૫૦ નો ૧૩ મો. (વિશ્વાસ ઘાત)

સન ૧૮૬૦ નો ૪૫ મો (પીનલકોડ)

ક. ૩૧૭ જુઓ છોકરાનું ખુલ્લુ મુકવું.

ક. ૩૧૮ જુઓ છુપાવવું જન્મ થયાનું.

૩૧૯ ,, વ્યથા, ૪.

,, કેટલાક ગુન્હાઓ ૩.

૩૨૦ ,, માહાવ્યથા, ૧૩, ૧૯.

,, વ્યથા, ૪.

૩૨૧ ,, વ્યથા, ૪.

,, ખુન, ૧૦૩.

ક. ૩૨૨ જુઓ વ્યથા, ૪.

,, ખુન, ૧૦૪.

ક. ૩૨૩ જુઓ છુટકો, ૧૦.

,, કમીટ કરવું, ૪૬.

,, કોમપેનશેસન, ૧૩.

,, સમાધાન ગુન્હાઓનું, ૧.

,, છુટકો, ૨૪.

,, બમણી સીક્ષા.

,, ભૂલ, ૩.

,, જુદુ તોહોમત, ૫૨.

,, નજીવી ફરીઆદ, ૨.

,, વ્યથા, ૭, ૯, ૧૦.

,, માહાવ્યથા, ૧૮.

,, ખુન ૭, ૮.

,, સજા, ૧૦, ૧૧.

,, જુદા તોહોમતો, ૩.

,, કેટલાક ગુન્હાઓ, ૩, ૮.

,, ચોરી, ૨૭.

,, દેશનીકાલ, ૨.

,, કેદી તરફના સાહેદીઓ, ૧૬.

ક. ૩૨૪ જુઓ તોહોમત, ૨૦.

,, કબુલાત, ૨૫.

,, વર્ધમાન સજા, ૩, ૪.

,, વ્યથા, ૧, ૫, ૮.

,, રાત્રે છાનોમાનો ઘર પ્રવેશ કરવો, ૧.

,, હંગામો, ૪.

,, સજા, ૧૦, ૧૧, ૧૬, ૩૫, ૬૩.

ક. ૩૨૫ જુઓ કમીટ કરવું, ૪૬, ૫૨.

,, સમાધાન ગુન્હાઓનું, ૫.

,, બમણો દોષવાન.

સન ૧૮૬૦ નો ૪૫ મો (પીનલકોડ)

ક. ૩૨૫ જુઓ સીક્ષાનો વધારો, ૪.

,, પુરાવો, ૩, ૬૫, ૭૩.

,, મહાવ્યથા.

,, એકઠાં તોહોમતો.

,, જ્યુરી, ૭૧ ૭૨, ૯૬, ૧૦૦, ૧૧૦.

,, રાત્રે છાનોમાનો ઘર પ્રવેશ કરવો.

,, વૈદક સંબંધી પુરાવો, ૩.

,, ખુન, ૪, ૬૩, ૬૮, ૬૯, ૭૩, ૮૯, ૧૦૪.

,, ગુન્હો ઘણા ગુન્હાથી થએલો.

,, જવાબ ગુન્હો કર્યાનો, ૨.

,, ખાનગી બચાવ, ૨, ૫, ૧૨.

,, મુચરકો, ૩૩.

,, લુટફાટ, ૭.

,, જુદા ગુન્હાઓ, ૬, ૭, ૮.

ક. ૩૨૬ જુઓ કબુલાત, ૨૫.

૩૨૭ ,, ચોરી, ૨૭.

૩૨૮ ,, અવગુણ કરે તેવી ચીજ, ૧.

૩૩૦ ,, વધારો સીક્ષાનો, ૧૦.

,, વ્યથા, ૬.

,, જ્યુરી, ૬૯.

ક. ૩૩૪ જુઓ વ્યથા, ૧.

,, ખુન, ૫૪.

૩૩૫ ,, મહાવ્યથા, ૧૮.

૩૩૬ ,, ખુન, ૫૪.

,, વાહાણ.

૩૩૭ ,, ખુન, ૫૪.

૩૩૮ ,, ખુન, ૫૪.

૩૩૯ ,, પોલીસ, ૧૧.

,, ગેરવાજબી અટકાવ, ૨.

૩૪૦ ,, ગેરવાજબી અટકાવ, ૨.

ક. ૩૪૧ જુઓ બીગાડ, ૨૧.

,, સંક્ષેપમાં તપાસ, ૯.

,, ગેરવાજબી અટકાવ, ૧.

૩૪૨ ,, કોમપેનસેસન, ૯, ૨૬.

,, સમાધાન ગુન્હાઓનુ, ૯.

,, માંડીવાળવું ફરીઆદનું, ૧૫.

,, અવ્યવસ્થા, ૯.

સન ૧૮૬૦ નો ૪૫ મો (પીનલકોડ)

ક. ૪૨૬ જુઓ કોમપેનસેશન; ૧૪.
,, માંડી વાળવું ફરીઆદનું, ૨૫.
,, સીક્ષાનો વધારો, ૫.
,, વધારે તપાસ, ૩.
,, હકુમત, ૧૭.
,, બીગાડ, ૧૩, ૧૭, ૨૦.
,, મુચરકો ૨૨.
,, સંક્ષેપમાં તપાસ, ૧૫, ૧૯
,, ગેરકાયદેસર મંડળી, ૧૯.

ક. ૪૨૭ જુઓ હકુમત ૨૩.
,, બીગાડ ૭.
,, સંક્ષેપમાં તપાસ. ૨૭.
,, જુદો ગુન્હેગાર ઠરાવી સજા.

ક. ૪૩૦ જુઓ ઘટાડો પાણીનો.
,, બીગાડ ૨૨.
૪૩૪ ,, દંડ ૨.
૪૩૫ ,, વર્ધમાન સજા. ૨
૪૩૬ ,, કમીટ કરવું ૨૮
,, વર્ધમાન સજા ૨.
,, સાહેદી ૩.

ક. ૪૪૧ જુઓ ઠગાઈ ૯.
,, સાપ્રાધ પ્રવેશ.
,, સરકારી હોડી મુકવાની જગા.
,, પ્રવેશ ૯,

ક. ૪૪૨ જુઓ સાપ્રાધ ઘર પ્રવશ ૨.
,, કેદખાનું
,, ચોરી ૨૫.
૪૪૩ ,, પ્રવેસ ૫.

ક. ૪૪૫ જુઓ સાપ્રાધ ઘર પ્રવેશ ૨.
,, રાત્રે ઘર ફાડવું ૩.
૪૪૬ ,, નીરદોષ ઠરાવી છોડી મુકવું ૨૨.
,, કમીટ કરવું ૪૭.

ક. ૪૪૭ જુઓ કોમપેનસેસન ૧૪.
,, માંડી વાળવું ફરીઆદનું. ૨૫.
,, ગેરકાયદેસર બક્ષીસ. ૭.
,, મૂચરકો ૨૨, ૫૭.
,, હંગામો ૧૨.
,, પ્રવેશ.

સન ૧૮૬૦ નો ૪૫ મો (પીનલકોડ)

ક. ૪૫૨ જુઓ સાપ્રાધ ઘર પ્રવેશ ૧.
૪૫૩ ,, હંગામો ૧૨.
૪૫૪ ,, કેટલાંક તોહોમતો.
૪૫૬ ,, જુદો ગુન્હો ૧.
,, ગુન્હાઓનું જુદુ પાડવું ૧

ક. ૪૫૭ જુઓ પ્રયત્ન ગુન્હો કરવાનો.
,, એન્ય સાજીસોઠની.
,, તોહોમત ૩૦
,, કમીટ કરવું ૪૭.
,, કોમપેનસેસન ૧૦, ૧૪.
" કબુલાત ૨૮, ૩૦
" સાપ્રાધ પ્રવેશ. ૧૫
" સાપ્રાધ ઘર પ્રવેશ. ૨.
" જુઠું તોહોમત. ૪૧.
" રાત્રે ઘર ફાડવું.
" અવ્યવસ્થા ૯.
" હકુમત ૨૬.
રાત્રે છાનોમાનો ઘર પ્રવેશ કરવો ૧
" ખુન ૨૧.
" ગુન્હો ભાગથી બનેલો.
,, મારી, ૧૩.
,, તપાસણી, ૨૯.
,, સજા, ૨૬, ૩૯, ૩૫.
,, જુદી સીક્ષા, ૧.
,, સેસન કેસ, ૨.
,, ગુન્હાઓનું જુદુ પાડવું ૨.
,, તપાસ એક કરતાં વધારે ગુન્હાની.
,, ગેરકાયદેસર મંડળી, ૫.
,, ફટકા મારવા, ૪.

ક. ૪૫૮ જુઓ ચોરી, ૧૩.
૪૫૯ ,, રાત્રે છાનોમાનો ઘર પ્રવેશ ૩.
,, ચોરી, ૧૪.
૪૬૦ ,, રાત્રે છાનોમાનો ઘર પ્રવેશ કરવો ૩

ક. ૪૬૩ જુઓ જુઠો લેખ.
,, એકઠાં તોહોમતો.
,, સરકારી નોકર, ૯.
,, ફરીઆદી કરવાની પરવાનગી, ૮૦

ક. ૪૬૪ જુઓ કમીટ કરવું, ૪.

સન ૧૮૬૧નો ૨૫મો (ક્રીમીનલપ્રોસીજરકોડ).

૧૮૭ જુઓ સમન ૮.
૧૮૮ „ નાસી જનાર સાક્ષીઓ.
૧૮૯ „ નાસી જનાર સાક્ષીઓ.
„ કેદી તરફના સાહેદીઓ, ૨૨.
૧૯૧ „ કેદી તરફના સાહેદીઓ, ૨૨.
૧૯૩ „ ફરીઆદી તરફના સાહેદીઓ, ૮
૧૯૪ „ ઝાડો લેવાનું વારંટ, ૧
૧૯૫ „ પુરાવો, ૧૧.
„ જામીનગીરી સારીચાલને માટે, ૧.
૧૯૬ „ હાઈકોર્ટ, ૪.
૧૯૮ „ પુરાવો, ૩૦.
૧૯૯ „ પુરાવો, ૨૪.
„ સાહેદી, ૪.
૨૦૨ „ છુટકો, ૧૬.
„ તપાસ તોહોમતદારની, ૯.
„ પ્રથમની તપાસ, ૨.
૨૦૫ „ સરટીફીકેટ તોહોમતદારના અભીપ્રાયનું.
„ કબુલાત, ૫૩, ૫૬, ૭૭.
„ તપાસ તોહોમતદારની, ૧, ૨, ૮.
„ માફી, ૬.
૨૦૬ „ કેદનું વારંટ, ૧.
„ છુટકો, ૧૬.
૨૦૯ „ જ્યુરી, ૪૮.
„ માફી, ૧, ૭.
૨૧૧ „ માફી, ૬.
૨૧૯ „ મુચરકો, ૨૩.
૨૨૦ „ જામીન, ૨.
૨૨૧ „ તોડવો સરકારી નોકરનો હુકમ, ૧૦.
૨૨૨ „ ગેરકાયદેસર કેદ.
૨૨૪ „ અટકાવ તોહોમતદારનો, ૧.
ક. ૨૨૫ જુઓ છુટકો, ૧૬.
૨૨૬ „ રેજીસ્ટ્રેશન, ૩.
૨૨૭ „ કેદી તરફના સાક્ષીઓ, ૨૧.
૨૨૮ „ કેદી તરફના સાક્ષીઓ, ૨૧.
૨૩૨ „ ગાંડો, ૧૫.
૨૩૪ „ ગાંડો, ૧૬.
૨૩૭ „ ગાંડો, ૧૬.

સને ૧૮૬૧નો ૨૫મો. (ક્રીમીનલપ્રોસીજરકોડ)

૨૪૦ જુઓ જુદું તોહોમત ૩૮.
૨૪૨ „ જુઠો પુરાવો, ૮૬.
૨૪૪ „ છુટકો, ૬.
૨૪૮ „ સમન ૫.
„ ચોરી, ૧૬.
૨૫૦ „ છુટકો, ૧૨, ૧૩.
„ તોડવો હુકમ સરકારી નોકરનો, ૮.
„ પ્રથમની તપાસ, ૨.
„ તપાસ, ૧.
૨૫૧ „ તોડવો હુકમ સરકારી નોકરનો, ૮.
૨૫૨ „ ઉલટ સુલટ તપાસ, ૩.
„ કેદી તરફના સાક્ષીઓ, ૫, ૯. ૨૨.
૨૫૩ „ ગેરકાયદેસર બક્ષીસ, ૯.
„ કેદી તરફના સાક્ષીઓ, ૯, ૧૪, ૧૮, ૨૨.
૨૫૪ „ કેદી તરફના સાહેદીઓ, ૨૨.
૨૫૫ „ નિર્દોષી ઠરાવી છોડી મુકવું, ૧૧.
„ છુટકો, ૧.
૨૫૬ „ તપાસ, ૨.
૨૫૭ „ નિર્લજ ગીતો.
„ સમન ૫.
૨૫૮ „ જાતે હાજર થવું તોહોમતદારનું.
૨૫૯ „ માંડી વાળવું ફરીઆદનું ૨૧.
૨૬૦ „ કેદનું વારંટ
૨૬૧ „ જાતે હાજર રહેવું તોહોમતદારનું.
૨૬૨ „ કેદી તરફના સાહેદીઓ ૬,૧૨,૧૪
„ ફરીઆદી તરફના સાહેદીઓ ૭.
૨૬૩ „ કેદી તરફના સાહેદીઓ ૨, ૧૪.
૨૬૫ „ માંડી વાળવું ફરીઆદનું ૧૦.
„ નિર્લજ ગીતો.
૨૬૬ „ માંડી વાળવું ફરીઆદનું ૧.
„ દંડ ૫.
„ પ્રથમની તપાસ ૨.
„ કેદી તરફના સાહેદીઓ ૫, ૭, ૧૨, ૨૨.
૨૬૭ „ જામીનગીરી સલાહસંપ રાખવાની૯.
૨૬૯ „ માંડી વાળવું ફરીઆદનું ૧૭.
૨૭૦ „ કોમપેન સેસન.

સન ૧૮૬૧નો ૨૫મો (ક્રીમીનલપ્રોસીજરકોડ)
૪૨૬ જુઓ ચોરી ૨૭.
,, લઢાઈ ચલાવવી, ૩.
,, કેદી તરફના સાક્ષીઓ, ૯.
ક. ૪૨૭ જુઓ સીક્ષા ૧૦.
,, સજા ૧૧,
,, કેટલાક ગુન્હાઓ ૧.
૪૨૮ ,, તપાસણી ૩.
,, સજા ૫, ૬.
૪૨૯ ,, જુઠું તોહોમત, ૩૭.
,, મુચરકો ૫.
૪૩૪ ,, સીક્ષા ૧૦.
,, માંડી વાળવું ફરીઆદનું ૧, ૯.
,, પુરાવો ૨૩.
,, હાઈકોર્ટ, ૨
,, જસ્ટીસ ઓફ ધી પીસ.
,, પોલીસ ૬.
,, લોકોપકારક કૃત્ય ૧.
,, મુચરકો ૫.
,, અભીપ્રાય માટે મોકલવુતે ૧,૩,૧૩.
,, સજા ૧૦.
,, માજીસ્ટ્રેટની તાબેદારી.
,, ફટકા મારવા ૯, ૧૦.
,, સાહેદી ૭.
ક. ૩૩૫ જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું ૧૧.
,, કમીટ કરવું તે ૧૫, ૪૪, ૬૯.
,, છુટકો ૧૭, ૧૧.
,, તપાસ ૩.
,, હકુમત ૧૨.
,, ખાનગી ફરીયાદ ૨.
,, અભીપ્રાય માટે મોકલવું તે ૮.
,, ફરી તપાસ ૨.
૪૩૯ ,, કબુલાત, ૫૩.
,, પુરાવો ૮૦.
,, તપાસ તોહોમતદારની ૨.
,, જ્યુરી ૫૪.
,, ફરીથી તપાસમાં લેવું ઠરાવવું ૨.
,, ફરીયાદીના સાક્ષીઓ ૬

સન ૧૮૬૧નો ૨૫મો (ક્રીમીનલ પ્રોસીજરકોડ)
ક. ૪૪૩ જુઓ કેટલાક ગુન્હાઓ.
૪૫૪ રાત્રે છાનોમાનો ઘર પ્રવેશ કરવો ૨.
ચેપ્ટર.૧૨ જુઓ તપાસ ૨.
ચે. ૧૪ ,, કેદીના સાક્ષીઓ ૨૨.
,, તપાસ ૨.
,, પોલીસ ૧૨.
,, પ્રથમની તપાસ ૨.
,, તપાસ.
,, પાછું ખેંચી લેવું ફરીઆદનું ૨.
,, કેદી તરફના સાક્ષીઓ ૧૦, ૧૬, ૧૮, ૨૨.
,, ફરીયાદી તરફના સાક્ષીઓ ૯.
ચે. ૧૫ જુઓ સણ.
,, વારંટ કેસ.
,, સાહેદી.
,, કેદી તરફના સાહેદીઓ ૫,૧૫,૨૨.
,, ફરીયાદી તરફના સાહેદીઓ ૮.
ચે. ૧૬ જુઓ અભીપ્રાય માટે મોકલવુંતે. ૩.
૧૮ ,, મુચરકો, ૩૩.
૨૦ ,, કબજો ૪૬.
,, લોકોપકારક કૃત્ય ૮૪.
ચે. ૨૨ જુઓ તપાસ ૧.
,, અવ્યવસ્થા, ૨.
,, કબજો ૨૩, ૩૪, ૩૫, ૪૬, ૫૧ ૭૩.
,, લોકોપકારક કૃત્ય, ૧૮.
ચે. ૨૩ જુઓ જ્યુરી, ૫૩.
ચે. ૨૫ જુઓ જ્યુરી, ૫૩.
ચે. ૨૯ જુઓ અભીપ્રાય માટે મોકલવું તે ૧૦.

સન ૧૮૬૨ ના ૯ મો. (રેજીસ્ટ્રેશન)
જુઓ જુઠો લેખ, ૩૬.

સન ૧૮૬૨ ના ૧૦ મો. (સ્ટાંપ)
જુઓ ફરીઆદી કરવાની પરવાનગી ૧૧.
,, સ્ટાંપ ૧, ૯.

સન ૧૮૬૨ ના ૧૫ મો (ક્રીમીનલ પ્રોસીજર કોડનો સુધારો)
જુઓ દેશનીકાલ.

સન ૧૮૭૨ નો૧૦ (ક્રીમીનલપ્રોસીજરકોડ)

૪ જુઓ ચોરેલી મીલકત ૨૩.
" સંક્ષેપમાં તપાસ ૨૧.
૬ " ખાનગી બચાવ ૩૩.
૮ " હકુમત ૩૭.
૧૫ " હકુમત ૫૧.
૧૭ " હકુમત ૪૬.
૧૮ " સજા, ૫૧, ૫૯.
૨૬ " ચોરેલી મીલકત ૨૦.
૨૯ " હકુમત ૪૩.
૩૨ " પુરાવો ૩૯.
" ફટકા મારવા. ૨૯
૩૩ " કમીટ કરવું ૩૫.
" હકુમત ૨૬.
૩૪ " જુદુ પાડવું ગુન્હાનું ૩.
" સંક્ષેપમાં તપાસ ૨, ૬.
૩૫ " સરકારી બુક.
૩૬ " તપાસણી ૨૯,
" સજા ૬૧.
૩૭ " બદલી માજીસ્ટ્રેટની ૨.
૪૧ " હકુમત ૨૯.
" માજીસ્ટ્રેટની તાબેદારી ૨.
૪૩ " સ્ટાંપ ૧૫.
૪૪ " છુટકો ૨૯, ૩૩.
" અભીપ્રાય માટે મોકલવું તે ૧૮.
" ફરીઆદી ફરી તપાસમાં લેવી ૨.
" માજીસ્ટ્રેટની તાબેદારી ૨.
" બીજી જગ્યાએ કેસ મોકલવો તે.
૪૫ „ કમીટ કરવું ૩૭.
૪૬ „ વધારો શીક્ષાનો ૮.
„ હુકમ.
„ અભીપ્રાય માટે મોકલવું તે ૧૬.
„ સજા ૬૦.
„ માજીસ્ટ્રેટની તાબેદારી ૨.
૪૭ „ પુરાવો ૯૮.
„ ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ ૨,
„ જામીનગીરી સલાહસંપ રાખવાની ૨૧.
૪૮ " બીજી જગ્યાએ કેસ મોકલવો ૨૨.

સન ૧૮૭૨નો ૧૦મો.(ક્રીમીનલપ્રોસીજરકોડ)

ક. ૪૯ જુઓ મુચરકો ૮૪.
„ બીજી જગ્યાએ કેસ મોકલવો ૧૫.
૫૬ „ સંક્ષેપમાં તપાસ ૧૮.
„ દેશનીકાલ. ૭.
૫૯ „ ફરીઆદી ૧.
૬૦ „ ફરીઆદી ૧.
૬૩ „ કમીટ કરવું ૩૫.
૬૪ „ હકુમત ૩૬.
„ પ્રથમની તપાસ. ૫
„ તપાસણી ૮.
„ બીજી જગાએ કેસ મોકલવો૧૭,૨૧
૬૬ „ હકુમત ૨૮.
„ ચોરેલી મીલકત ૨૪.
૬૭ „ હકુમત ૩૧. ૩૨.
૬૯ „ પ્રથમની તપાસ ૫.
૭૦ „ અવ્યવસ્થા ૫, ૬.
„ હકુમત ૩૯.
૭૧ „ વર્ધમાન સજા ૪.
૭૨ „ યુરોપી ઈંગરેજી પ્રજા ૯.
૭૪ „ યુરોપી ઈંગરેજી પ્રજા ૧૧.
૮૨ „ યુરોપી ઈંગરેજી પ્રજા ૧૩.
૮૩ „ યુરોપી ઈંગરેજી પ્રજા ૧૧.
૮૪ „ યુરોપી ઈંગરેજી પ્રજા ૧૩.
૮૯ „ તોડવો હુકમ સરકારી નોકરનો ૧.
૯૦ „ તોહોમત ૨૯.
„ તોડવો કાયદાનો નીયમ ૧.
„ ભૂલ ખબર આપવામાં ૮, ૧૦.
૯૧ „ તોડવો હુકમ સરકારી નોકરનો ૧૯.
૯૨ „ ભુલ પકડવામાં.
૯૫ „ તોડવો હુકમ સરકારી નોકરનો ૧૯.
૧૦૮ „ ચોરેલી મીલકત ૧૯.
૧૧૮ „ જ્યુરી ૬૯.
„ મનુષ્યહરણ ૨૨.
૧૧૯ „ પુરાવો ૫૯.
„ જુઠો પુરાવો ૬૫, ૧૧૧.
„ વૈદક સબંધી પુરાવો ૫.

સન ૧૮૭૨ નો ૧૦ (ક્રીમીનલપ્રોસીજરકોડ)

૪૬૭ જુઓ જુઠો પુરાવો ૬૩.
„ ફરીઆદ ૫.
„ ફરીઆદ કરવાની પરવાનગી ૫૦. ૫૩, ૬૪.

૪૬૮ „ જુઠો પુરાવો ૬૩.
„ જુઠું તોહોમત ૨૩, ૨૯, ૪૬.
„ અપમાન કોરટના હુકમનું ૨૧, ૨૪, ૨૫.
„ ખુન ૫૩.
„ ફરીઆદ ૫.
„ ફરીઆદ કરવાની પરવાનગી ૩૮, ૬૫.

ક. ૪૬૯ જુઓ અપમાન કોરટના હુકમનું, ૨૧.
„ જુઠો પુરાવો ૬૩.
„ ફરીયાદ કરવાની પરવાનગી ૩૬, ૪૦, ૫૨, ૫૮,

૪૭૦ „ જુઠું તોહોમત ૪૬.
„ ફરીઆદ કરવાની પરવાનગી ૩૫, ૫૨.

૪૭૧ „ કમીટ કરવું ૨૩, ૨૫.
„ જુઠું તોહોમત ૨૭, ૪૦, ૪૬.
„ જુઠો પુરાવો ૫૩, ૫૭, ૬૧, ૬૩, ૬૭.
„ પ્રથમની તપાસ ૩.
„ ફરીયાદ ૫.
„ ફરીયાદ કરવાની પરવાનગી ૫૪.
„ સમન ૨૦.

૪૭૨ „ કમીટ કરવું ૬૭.
„ અપમાન કોરટના હુકમનું ૨૪.
„ શીક્ષા ૧૫.
„ જુઠો પુરાવો ૫૩, ૫૫, ૬૩.

૪૭૩ „ અપમાન કોરટના હુકમનું ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭.
„ તોડવો હુકમ સરકારી નોકરનો.
„ જુઠું તોહોમત ૨૯.
„ જુઠો પુરાવો ૫૩, ૫૭, ૫૮, ૬૨. ૬૩, ૭૯.

સન ૧૮૭૨ નો ૧૦ (ક્રીમીનલ પ્રોસીજરકોડ)

૪૭૩ જુઓ ફરીયાદ કરવાની પરવાનગી ૬૩
„ સેસન કેસ ૧.
„ સમન ૨૦.

૪૭૪ „ કમીટ કરવું ૫.
„ સીક્ષા ૧૫.

૪૭૭ „ જુઠો પુરાવો ૬૮.

૪૭૮ „ છીનાળુ ૧૫.
„ પુરાવો ૪૪.

૪૮૯ „ મુચરકો ૫૭, ૬૯.
„ જામીનગીરી સલાહ સંપ રાખવાની ૧૬, ૧૯, ૨૦.

૪૯૦ „ મુચરકો ૭૦.

૪૯૧ „ છુટકો ૩૨.
„ પુરાવો ૮૩, ૭૯.
„ કબજો ૮૦—૧૦૩.
„ મુચરકો ૫૮—૬૨
„ તપાસણી ૨૫.
„ જામીનગીરી સલાહ સંપ રાખવાની ૧૨—૨૧.

ક. ૪૯૨ જુઓ તપાસણી ૨૫.
„ મુચરકો ૬૨, ૮૩.
„ જામીનગીરી સલાહસંપ રાખવાની ૧૨.

૪૯૩ „ મુચરકો ૬૬.

૪૯૪ „ કબજો ૧૦૩.

૪૯૬ „ જામીનગીરી સલાહસંપ રાખવાની ૧૫.

૫૦૦ „ મુચરકો ૮૧

૫૦૨ „ મુચરકો ૬૪, ૭૧, ૭૭, ૭૮, ૮૦.

૫૦૪ „ જામીનગીરી સારી વર્તણુકની ૧૪—૨૨.
„ ફટકા મારવા ૨૭.

૫૦૫ „ પુરાવો ૫૮.
„ જામીનગીરી સારી વર્તણુકની ૧૪—૨૨.
„ જામીનગીરી ૫.
„ ફટકા મારવા ૨૭.

૫૦૬ „ જામીનગીરી સારી વર્તણુકની ૧૬—૨૨.

સન ૧૮૮૨ નો ૧૦ મો (ક્રીમીનલપ્રોસીજર)

એડન—

એડન પોલીટીકાલ રેસીડન્ટની કોર્ટની
જુઓ હકુમત ૫૦, ૫૧.

૧ **એકઠું કરવું તોહોમતેનું.**—જુદા માણસોના સબંધમાં એકજ જાતના ગુન્હાઓ કરેલા તે–ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨ નો ૧૦ મો) કલમો ૪૫૨, ૪૫૩.—**ખ** નામના માણસે બે જુદા જુદા વખતે **ગ** નામના માણસની જોડે ઠગાઈ કરી અને ત્રીજા પ્રસંગે **ક** નામના માણસની જોડે ઠગાઈ કરી અને તેના ઉપર ઠગાઈનું તોહોમત મુકયું. આ ત્રણ ગુન્હાઓ એક વર્ષની અંદર થયા હતા, અને એકજ વખતે આ ત્રણ ગુન્હાઓને માટે તજવીજ ચલાવી તોહોમત રાખવામા આવ્યું હતું. એવું ઠરાવવામાં આવ્યું કે, આવી રીતે એકઠા તોહોમતો મુકવા એ ગેરવ્યાજબી છે કારણ કે ક્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવ્યા મુજબ એક વર્ષની અંદર એકજ માણસના સબંધમાં એક કરતાં વધારે ગુન્હાઓ બન્યા હોય તો તેની તજવીજ એકઠી થઈ શકે છે પણ ગુન્હાઓ જુદા માણસના સબંધમાં બન્યા હોય અને ફરીઆદી જુદા જુદા હોય તો તજવીજ એકઠી થઈ શકે નહી. રાણી વિ. મુરારી ઈં૦ લૉ૦ રી૦ ૪ અલહાબાદ ૧૪૭.

(મી૦ સ્ટ્રેઈટ અને મી૦ ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી અકટોબર સને ૧૮૮૧ મનુમીઆં વિ. રાણીના કેસમાં જુદો મ

ત લેવામાં લેવામાં આવ્યો. ૧૧ ક. લો. રી. પર૨ ઈ૦ લૉ૦ રી૦ ૯ ક. ૩૭૧. જુઓ એ કઠા તોહોમતો ૨.

રાણી વિ. ભુલાપ્રસાદનો કેસ જોવામાં આવ્યો. ઈ૦ લૉ૦ રી૦ ૭ અ૦ ૧૭૪ એકઠાં તોહોમતો ૪.

૨ એકઠું કરવું તોહોમતોનું—જુદા માણસોના સબંધમાં એકજ જાતના ગુન્હાઓ બનેલા તે—ક્રીમીનલ પ્રોસીજરકોડ (સને ૧૮૭૨ નો ૧૦મો) કલમો ૪૫૨, ૪૫૩, ૪૫૫—તોહોમતદાર ઉપર ચાર જુદી જુદી બાબતોનો સમાવેશ કરીને એક તોહોમત મુકયું હતું પેહેલું એ કે ચોરી કરવાના ઈરાદાથી અ નામના માણસનું ઘર રાત્રે ફાડયું તે, બીજુ તે ઘરમાંથી ચોરી કરી તે, ત્રીજુ બ નામના માણસનું ઘર રાત્રે ચોરી કરવાના વીચારથી ફાડયું તે, ચોથું તે ઘરમાંથી ચોરી કરી તે, આ પ્રમાણે ચારે બાબતો હતી, તેમાં તોહોમતદારે પેહેલી અને ત્રીજી બાબત કબુલ કરી. એવું ઠરાવવામાં આવ્યું કે આ કેસનો સમાવેશ ૪૫૩ મી કલમમાં થઈ જાય છે અને તે કલમની સમજુતીથી "એક જાતના ગુન્હાઓની" હદ આવતી નથી પણ આ કેસ, જેમાં કોઈ માણસે એક વરસની અંદર ઘર ફાડવાના બે ગુન્હાઓ કર્‍યા છે તેનો સમાવેશ થઈ જાય છે. વળી એમ ઠરાવવામાં આવ્યું કે એક જાતના ગુન્હાઓથી, એકજ માણસની સામે એમ હદ બંધાતી નથી.

મી૦ ફીલ્ડ જડજનો મત—૪૫૩ મી કલમની સમજુતીથી તે કલમનો અરથ વધારે વીસ્તારથી થાય છે, એમ સમજવું જોઈએ. મી૦ નોરીસ જડજનો મત—તોહોમતો એકઠાં કરવાથી કેદીને નુકશાન ન થાય એની સંભાળ રાખવી જોઈએ અને કેદી તરફથી તોહોમતો જુદાં પાડી જુદી તજવીજ કરવાની કાંઈપણ અરજ કોઇ વખત થાય તો કોરટે હમેશાં ખુશીથી તે અરજ ધ્યાનમાં લેવી જોઈએ. રાણી વિ. મુરારીના ફેંસલાથી જુદો મત લેવામાં આવ્યો. રાણી વિ. મનુમીઆં ઈ૦ લૉ૦ રી૦ ૯ક. ૩૭૧; ૧૧ લો. રી. પ૨૨.

(મી૦ ફીલ્ડ અને મી૦ નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૮મી અકટોંબર સને ૧૮૮૨.)

રાણી વીરૂદ્ધ મુરારીના ફેંસલાથી જુદો પડે છે. ઈ૦ લૉ૦ રી૦ ૪ અ. ૧૪૭. જુઓ એકઠા તોહોમતો. ૧

રાણી વીરૂધ ભુલાપ્રસાદના ફેંસલામાં જોવામાં આવ્યો. ઈ૦ લૉ૦ રી૦ ૭ અ. ૧૭૪ જુઓ એકઠું કરવું તોહોમતોનું ૪.

૩ એકઠું કરવું તોહોમતોનું—સમન અને વારંટ કેસો—સને ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૨૪૭, ૨૫૩,—જો કોઈ પણ ફરીઆદમાંથી બે જુદા તોહોમતોના વીષયો માલમ પડે તેમાં એક વારંટ કેસનો અને બીજો સમન કેસનો ગુન્હો બન્યો હોય તો, તે ગુન્હાઓની તજવીજ વારંટ કેસ મુજબ થવી જોઈએ. રાજનારાયણ કુનવાર વિ. ગાલાતામે. લીરાટ ઈ૦ લૉ૦ રી૦ ૧૧ ક૦ ૯૧.

(મી૦ વીલસન અને મી૦ મેકફરસન જડજોની રૂબરૂ તા૦ ૬ ઠી નવેંબર ૧૮૮૪)

૪ એકઠા તોહોમતો—સને ૧૮૮૨ નો ૧૦ મો, ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૩૩, ૨૩૪—એકજ માણસના સબંધમાં એકજ જાતના ગુહાન્ઓ બનેલા તે—જુદા જુદા માણસોએ મનીઓરડરો કરાવવાને પઈસા આપેલા તે પઈસા કોઈ પોષ્ટ માસ્તર એક વરસમાં ત્રણ વખત બદદાનતથી ખાઈ ગયો અને તે બાબત તેના ઉપર તોહોમતો રહ્યાં. એવું ઠરાવવામાં આવ્યું કે, તોહોમતદાર ઉપર તોહોમત, સરકારી નોકર બદદાનતથી સરકારના પઈસા ખઈ ગયો એ બાબતનું છે કારણ કે પઈસા આપ્યા કે તરતજ તે સરકારી પઈસા થઈ જાય છે કાંઈ આપનાર માણસના ગણાતા નથી, અને આ ગુન્હાઓ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૪ મુજબ "એકજ જાતના ગુન્હાઓ" ગણાય છે, અને તેટલા માટે આ ત્રણ ગુન્હાઓની તજવીજ એકઠી થવી જોઈએ. રાણી વિ. મુરારીનો ફેંસલો જોવામાં આ

વ્યો. ઇ૦ લૉ૦ રી૦ ૪ અ૦ ૧૪૭, રાણી વિ. જુલાપ્રસાદ ઈ૦ લૉ૦ રી૦ ૭ અ. ૧૭૪.

(મી૦ પેથેરામ, મી૦ ઓલ્ડફીલ્ડ, મી૦ બ્રાધર્સ્ટ, મી૦ મહમદ અને મી૦ ડુથોઈટ જજોની રૂબરૂ, તા૦ ૨૨ મી નવેંબર સને ૧૮૮૪).

નીચેના ફેંસલાઓ જોવામાં આવે છેઃ—

રાણી વિ. મુરારી ઈ૦ લૉ૦ રી૦ ૪ અલ્હાબાદ ૧૪૭. જુઓ એકઠું કરવું તોહોમતોનું ૧

રાણી વિ. મનુમીઆં ઈ. લૉ. રી. ૯ ક. ૩૭૧. જુઓ એકઠું કરવું તોહોમતોનું ૨.

જુઓ બેમાંના એક ગુન્હાનું તહોમત ૨.

,, જુદો પુરાવો ૧૦૦.

,, કેટલાક ગુન્હાઓ ૪.

,, તપાસ એક કરતાં વધારે ગુન્હાઓની.

એકઠું--

એકઠું કુટુંબ, જુઓ સાપ્રાધ પ્રવેશ ૯.

એકઠો વહીવટ કરનાર, જુઓ કબજો ૧૦૦.

,, લોકોપકારક કૃત્ય ૫૦

એકઠા માલીકો, જુઓ ચોરી ૨૩, ૪૧.

એકઠી મીલકત, જુઓ સાપ્રાધ ખોટો ઉપયોગ ૮.

જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૩, ૧૮.

" ચોરી ૨૩.

એકઠા વેપાર ઉપર કર, જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૩૩.

એકઠું હીંદુ કુટુંબ જુઓ ચોરી ૪૧.

એકઠી મીલકત જુઓ કબજો ૧૨૦.

એકઠાં તોહોમતો—સીક્ષણીય મનુષ્યવધથી ખુન નહી બનેલું તે—બંડ—હાઈકોરટની સત્તા—ગુન્હાઓનુ એકઠું કરવું—પીનલકોડની કલમ ૩૦૦ ના ૧, ૨, ૩ અને ચોથા કલોઝમાં આવ્યા શીવાય શીક્ષણીય મનુષ્યવધના ગુન્હાથી ખુન થતું નથી. કલમ ૨૯૯ મુજબ ગુન્હો બન્યો હોય અને તે ૩૦૦ મી કલમના અપવાદોમાં ના આવી જાય તોપણ તે સીક્ષણીય મનુષ્યવધ ગણાય. ખુન ગણાય નહી, સેસન જડજે પોતાના ઠરાવમાં ખુલી રીતે એવુ બતાવ્યું હોય કે કેસનો સમાવેશ ૩૦૦ મી કલમના કોઈપણ કલોઝમાં થતો નથી તો તેથી ખુનના ગુન્હામાં છુટી ગયો એમ ગણાય અને આવી રીતે છોડી મુકયા પછી હાઈકોરટ છોડી મુકવાનો હુકમ ફેરવીને, કેદીને ગુન્હેગાર ઠરાવવાની મતલબથી, અપીલ કોરટ તરીકે અથવા ઉપરી તપાસનારી કોરટ તરીકે પુરાવો જોઈ શકે નહી. બે ટોળીઓ વચ્ચે લઢાઇ અને હંગામો થયો હતો, અને અ નામની ટોળીના કેટલાક માણુસો ઉપર બીજી ટોળીના ઉપરીનું ખુન કરયાનું તોહોમત મુકવામાં આવ્યું હતું, અને બ નામની ટોળીના કેટલાક માણુસો ઉપર અ નામની ટોળીના ઉપરીને મહા વ્યથા કરી, તેનું તોહોમત રાખવામાં આવ્યું હતું. એવું ઠરાવવામાં આવ્યું કે દરેક ટોળીના માણુસોની તજવીજ જુદી જુદી થવી જોઇતી હતી અને માજીસ્ત્રેટે બધા માણુસોની મતલબ એક હતી એમ ધારી બંને ટોળીના માણુસોની તજવીજ એકઠી કરી એ ગેરવ્યાજબી છે. રાણી વિ. સેખ બાઝું અને બીજાઓ ૮ વિ. રી. ૪૭ બેં૦ લૉ૦ રી૦ ૭૫૦.

(મી૦ પીકોક ચીફ જસ્ટીસ, અને મી૦ લોક, મી૦ બેલી, મી૦ કેમ્પ, મી૦ સેટનકાર, મી૦ ફીઅર અને મી૦ મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જુલાઈ સને ૧૮૬૭).

રાણી વિ. દુરજુલાના કામમાં આધાર રાખવામાં આવ્યો છે. ૯ વિ૦ રી૦ ૩૩. જુઓ સજા ૧૬.

ગોરચંદ ઘોસના કામમાં નજર રાખવામાં આવી. જુઓ જ્યુરી ૪૬.

રાણી વિ૦ ટોયાબસેખના કામમાં ધ્યાન આપવામાં આવે છે. ૫ વિ. રી. ૨. જુઓ ખુન ૧૭.

રાણી વિ૦ ચકરબત્તીના કામમાં ધ્યાન આપવામાં આવે છે. ૧ બે. લૉ. રી. ઑ. અ. ૮. જુઓ જ્યુરી ૪૦.

રાણી વિ. ગોરાચંદ ગોપ બે. લૉ. રી. ૪૪૩ ના કામમાં ધ્યાન આપવામાં આવે છે. જુઓ ખુન ૧૯.

રાણી વિ૦ હસનબક્ષના કેસમાં તફાવત

બતાવવામાં આવ્યો. ઈ. લૉ. રી. ૬ ક. ૯૬. ૬ ક. લૉ. રી. ૫૨૧. જુઓ તપાસ તોહોમતદારની ૧૪.

૧ એકઠી તપાસ—બીજા માણસોની સાથે તપાસેલા માણસોની હકીકત—એકજ ગુન્હાને માટે બીજા માણસોની સાથ કોઈ માણસને તપાસવામાં આવ્યો હોય અને તે માણસ કોર્ટે માફી આપ્યા પછી જે હકીકત ગુન્હા સબંધી પોતાને માટે, તેમજ બીજા માણસોને માટે બતાવે તે કબુલાત તરીકે ગણાય છે. રાણી વિ૦ બાકરખાન ૫ નો. વે. પ્રા. ૨૧૩.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, ૮ મી જુલાઈ સને ૧૮૭૩).

જુઓ રાણી વિ. બેલાટઅલી ૧૦ બેં૦ લૉ૦ રી૦ ૪૫૩, ૧૯ વિ૦ રી૦ ૬૭. જુઓ કબુલાત ૫.

—રાણી. જગરૂપના કામમાં લક્ષ આપવામાં આવ્યું. ઈ. લૉ. રી. ૭ અ. ૬૪૬ જુઓ કબુલાત ૪૯.

૨ એકઠી તપાસ—જુદા ગુન્હાઓ—સને ૧૮૭૨ નો આ. ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ. કલમ ૪૫૨, સને ૧૮૬૦નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૮—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૨, કલોઝ ૨, અને કલમ ૩૪—તોહોમતદારની ગેરહાજરીમાં અવ્યવસ્થાની માફી—ચોપડા—જાત માહીતી વગરના માણસોએ લખેલી રકમો—દુકાનના મુનમે અથવા ચાકરે રાખેલા ચોપડાઓ કબુલાત તરીકે ગણાયેલા તે—ગેરવ્યાજબી રીતે માફી આપેલા તોહોમતદારની સાક્ષી—ચોરી—તોહોમતદારો ઉપર, સને ૧૮૭૨–૭૩ની સાલમાં ચોરી, ચોરીમાં મદદગારી, ચોરેલી મીલકત રાખવા બાબત, એવાં સત્તાવીશ તોહોમતો રાખવામાં આવ્યાં હતાં, એવીજ જાતનાં તોહોમતો સને ૧૮૭૩—૭૪ અને સને ૧૮૭૪—૭૫ ની સાલોમાં પણ મુકવામાં આવ્યાં હતાં; વળી સને.૧૮૭૪—૭૫ માં સરકારી નોકરને નામે ઈનામો લેઈ તેમને આપ્યાના તોહોમતો પણ મુકવામાં આવ્યાં હતાં. છેવટે સને ૧૮૭૬ માં જુઠો પુરાવો બનાવાનું અને તેમાં મદદગારી એ બંને તોહોમતો મુકવામાં આવ્યાં હતાં. તોહોમતદારોમાંના એકને બે ગુન્હાઓને માટે ગુન્હેગાર ઠરાવી બાકીનાને છોડી મુકયા હતા. શીક્ષા થએલા કેદીએ અપીલ કરી; અને બાકીના તોહોમતો જે માંડી વાળવામાં આવ્યાં હતાં તેને માટે અને બીજા કેદીઓ જે છુટી ગયા હતા તેમને માટે સરકારે અપીલ કરી. એવું ઠરાવવામાં આવ્યું કે ક્રી. પ્રાની ક. ૪૫૨ મુજબ તજવીજ ગેરકાયદેસર છે, અને તેમજ અપીલ પણ ગેરકાયદેસર સાંભળવામાં આવી છે તોપણ હાઈકોર્ટે સને ૧૮૭૪-૭૫ ના ગુન્હાને માટે અપીલ સાંભળી કારણ કે એમ માલમ પડયું કે એ ગુન્હાની તજવીજ બરોબર રીતે કાયદેસર થઇ છે અને તેથી તોહોમતદારને કાંઈ નુકશાન થયું નથી. જે માણસને ખરી રીતે પોતાની જાતની માહીતી છે તે માણસથી અથવા તેના લખવા ઉપરથી બીજા માણસે ચોપડા લખ્યા ના હોય, પણ તે ચોપડાઓ ચાલતા કામના વહીવટની અંદર લખાયા હોય તો તે પુરાવાના આકટની કલમ ૩૪ મુજબ પુરાવામાં લેઈ શકાયછે; અને તેજ પ્રમાણે તે આકટની કલમ ૩૨ ના કલોઝ ૨ મુજબ ચોપડાઓ જો કે નીયમસર રીતે ચાલતા વહીવટની અંદર લખાયા છે એવું સાબીત ના થયું હોય, પણ કંટરાકટરોની દુકાન તરફથી તેમના મુનમે અથવા નોકરે લખેલા છે એવું સાબીત થયું હોય તો, દુકાન સામેની કબુલાત તરીકે પુરાવામાં લેઈ શકાયછે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૭ મુજબ કાયદેસર રીતે માફી આપ્યા શીવાય કોઈ તોહોમતદારને સાક્ષી તરીકે ગણવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. સેસન લાયક ગુન્હો ના હોય એવા ગુન્હાના કેસમાં કોઈ માણસને માફી આપી હોય અને તે ઉપરથી તેની આપેલી સાક્ષી પુરાવામાં લેઈ શકાય નહી, કારણ કે તે માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો નથી અથવા તેને નિર્દોષ ઠરાવી છોડી મુ

કવામાં આવ્યો નથી. જંગલ ખાતાનો ઈન સ્પેક્ટર જે સરકારી નોકર છે તેનો લાકડા ઉપરનો કબજો તે સરકારનો પોતાનો કબજો ગણાય છે; અને ઠરાવેલા પઇસા આપ્યા સીવાય બદદાનતથી લાકડાં લેઇ જવાં તે પીનલકોડ ની કલમ ૩૭૮ મુજબ ચોરી ગણાય છે; અને વળી નોકરે કબુલાત આપી હોય અને તે કબુલાત અખત્યાર વીનાની અને કપટથી આપેલી હોય તો, તે પણ ચોરી ગણાય છે. રાણી વિ. હનમંતા, ઈ. લૅા. રી. ૧ મું. ૬૧૦.

(મી૦ મેલવીલ અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી ફેબ્રુઆરી ૧૮૭૭.)

મોહેસચંદર કોપાલી વિ. મોહેસચંદર દાસના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ૧૦ ક. લૅા. રી. ૫૫૩. જુઓ પુરાવો ૬૧.

રાણી વિ. અસ્વારના કામમાં આધાર લેવામાં આવ્યો. ઈ. લૅા. ૨ અ. ૨૬૦. જુઓ સોબતી ગુન્હામાં ૩૦.

જુઓ કબુલાત ૧–૩૦, ૮૭,
,, પુરાવો ૫૧.
,, અવ્યવસ્થા ૧૦.
,, હંગામો કરવો ૧૧.
,, ગેરકાયદેસર મંડળી ૧૪.

એકઠો દંડ—

ઢોરના પ્રવેશનો આક્ટ ૧ સને ૧૮૭૨ કલમ ૨૨, એકઠો દંડ—દંડ અને કમ્પેનસેસન—ઢોર પ્રવેશ એક્ટની કલમ ૨૨ મુજબ મુકરદમો હોય તે અડધો દીવાની મુકરદમો ગણાય છે; તે કલમ મુજબ માજીસ્ટ્રેટ જેને માટે દીવાનીમાં દાવો લાવી શકાય તેવા નુકશાનને માટે કમ્પેનસેસન ઠરાવી સંક્ષેપમાં તપાસ કરીને કોમપેનસેસન વસુલ કરી શકે છે. તેટલા માટે દંડ આપવાનો બે આદમીઓને તે કલમ મુજબ કમ્પેનસેસન આપવાનો હુકમ કરેલો જેમાં દરેક માણસે કેટલું આપવું તે બતાવેલું નહોતું, તોપણ તે કાયદેસર છે. નીઝ વિ. મોનસર અને બીજો. ૧ મું. ઈ. લૅા. રી. ૧૭૫.

(મી૦ પેથેરામ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ બીવરલી જડજોની રૂબરૂ, ૨૦મી ડીસેંબર ૧૮૮૬)

ઓ.

ઓફીસની સરકારી ચોપડી—

સને ૧૮૭૨ નો આક્ટ ૧ લો પુરાવાનો આક્ટ—ચોપડીમાં લખ્યાનો પુરાવો—ચોપડીમાં નહી લખેલી રકમનો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૨, ૪૬૬—જુઠો પુરાવો બનાવવો તે—જુઠો લેખ—પુરાવાના આક્ટની કલમ ૩૫ મુજબ કોઈ ઓફીસની સરકારી ચોપડીમાં સરકારી નોકરે પોતાના ધોધાની રૂઈએ કાંઈ લખ્યુ હોય તો તે પુરાવામાં લેઇ શકાય છે, તે ઉપરથી કાંઇ અમુક રકમ લખી નથી એવું બતાવવાને તે ચોપડી પુરાવામાં લેઈ શકાય નહી. અધીકાર વિનાના માણસો જુઠું સરટીફીકેટ અથવા જુઠો લેખ સરકારી નોકરે બરોબર રીતે બનાવ્યોછે એવું ગણાવાના વિચારથી બનાવે તો તેવા કેસો પીનલકોડની કલમ ૪૬૬ માં આવી [illegible] છે, પણ જે માણસો ખરી રીતે સરકારી નોકર હોય તે માણસો અથવા તેમની જગાએ કામ કરનારા માણસો જેમની ફરજ સરકારી બુકો લખવાની છે, તેવા માણસો જાણી બુજીને જુઠું લખેતો તેવા કેસો આ કલમમાં આવી જતા નથી. કેટલું ભાડુ આવ્યું છે અને કેટલું બાકી રહેલું છે તે કલેકટરને બતાવી તે વસુલ કરવાનો હુકમ કરે તેને માટે સરકારી ચોપડી રાખેલી, તેમાં તોહોમતદારે કોઈ જાગીર સરકારી જમીમાંથી બચાવવાને માટે ભાડુ આપ્યું છે એમ ખોટુ લખ્યુ; તે બાબત તેના ઉપર તોહોમત રાખી શેસન જડજે તેને પીનલકોડની કલમ ૪૬૫ મુજબ ગુન્હેગાર ઠરાવી સજા કરી. અપીલમાં ઠરાવ થયો કે, તોહોમતદાર ઉપર પીનલકોડની કલમ ૧૯૨ મુજબ તોહોમત મુકવું જોઈતું હતું. કારણ કે ન્યાયના મુકરદમાઓમાં જુઠો પુરાવો કરે તેનોજ સમાવેસ તે કલમમાં થાય છે એમ નથી. જગનલાલની બાબતમાં ૭ ક. લો. રી. ૩૫૬.

(મી૦ ગાર્થ ચીફ જસ્ટીસ અને મી૦ ફીલ્ડ જડજોની રૂબરૂ, ૧૭મી નવંબર. ૧૮૮૦.

ફ.

કપટથી હુકમનામાની બજાવણી—

૧ કપટથી હુકમનામાની બજાવણી—જુઠો દાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમો ૨૦૯ ૧૦.

બજાવેલા હુકમનામાને ફરીથી બજાવવાને કોઈ માણુસ અરજ કરે તો તે પીનલકોડની કલમ ૨૧૦ મુજબ ગુન્હેગાર થાય છે; કલમ ૨૦૯ મુજબ ગુન્હેગાર થતો નથી. ન્યાયની કોર્ટમાં જુઠા અને કપટ ભરેલા દાવાઓને કલમ ૨૦૯ લાગુ પડે છે, અને તે કલમ દીવાની કોરટ જેમાં મુળ દાવો કરવામાં આવ્યો હોય તે કોરટને લાગુ પડે છે. રાણી વિ. બીગન માહટુંન ૧૨. વિ. રી. ૩૭.

(મી૦ નોરમન અને મી૦ જેકશન જડજોની રૂબરૂ. તા૦ ૨૬ મી જુલાઈ ૧૮૬૯).

૨ કપટથી હુકમનામાની બજાવણી—પૂરાવો—સને ૧૮૭૭ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૬૪૩, ૨૫૮—હુકમનામાના પઈસા કોરટની બાહાર આપવામાં આવ્યા હોય તે બાબત, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ મુજબ વરતવામાં ના આવ્યું હોય તોપણ લેહેણુદારની તપાસ સીવીલ પ્રોસીજર કોડની કલમ ૬૪૩ મુજબ થવાને માજીસ્ટ્રેટને ત્યાં મોકલવાને માટે, પુરાવામાં કોરટ લેઈ શકેછે. રાણી વી. મટરામન ચેટી ઈં૦ લૉ૦ રી૦ ૪ મ૦ ૩૨૫.

(મી૦ કરનાન અને મી૦ મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ. તા૦ ૫ મી ડીસેંબર ૧૮૮૧).

રાણી વીરૂધ બાપુજી દયારામના ફેંસલામાં ધ્યાન રાખવામાં આવ્યું. ઈં૦ લૉ૦ રી૦ ૧૦ મું. જુઓ કપટથી હુકમનામાની બજાવણી ૪.

૩ કપટથી હુકમનામાની બજાવણી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૨૫૮—હુકમનામાની પતવણી નોંધાયલી નહીં તે—કપટથી બજાવણી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૨૧૦—પઈસા આપ્યાનો પુરાવ—કોઈપણ હુકમનામું પતવ્યું હોય અથવા તેના પૈસા આપ્યા હોય અને તે કોર્ટમાં નોંધાવ્યું ના હોય તો તે પતવણી કોઇ દીવાની કોરટ સીવીલ પ્રો૦ કોડની કલમ ૨૫૮ માં ફરમાવ્યા મુજબ મંજુર ગણી શકે નહીં. પણ પતવેલા હુકમનામાને દગાથી બજાવી પઈસા લીધાનું તોહોમત કોઈ માણસના ઉપર રાખવામાં આવ્યું હોય તો, ફોજદારી અદાલત આ પતવણી મંજુર રાખી શકે છે રાણુ વ. પીલાલા ઈં૦ લૉ૦ રી૦ ૯ મ. ૧૦૧

(મી૦ હચીન્સ જડજની રૂબરૂ. તા૦ ૬ અકટોબર ૧૮૮૫.)

૪ કપટથી હુકમનામાની બજાવણી—સને ૧૮૮૨ નો ૧૪ મો સીવીલ પ્રોસીજર કોડ કલમો, ૨૩૫, ૨૫૮—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૧૯૯, ૨૧૦, ૫૧૦—હુકમનામાની ખાનગી પતવણીની કોરટને ખબર કરવાની વાદીની ફરજ—સને૧૮૮૨ ના આક્ટ ૧૪ માની કલમ ૨૫૮ માં "કોઈ અદાલત" એ શબ્દો અને સને ૧૮૬૦ના ૪૫ માની કલમ ૨૧૦ માં "પતવેલું" એ શબ્દોનો માયનો—સને ૧૮૮૨ નો ૧૪ મો સીવીલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ ના છેલા વાકયમાં બતાવેલું કે કોર્ટમાં નહી જણાવેલી હુકમનામાની પતવણી " કોઈ કોરટ " મંજુર રાખી શકે નહી એ ફોજદારી કાયદાને લાગુ પડતું નથી. પીનલકોડની કલમ ૨૧૦ મુજબ ગુન્હો બન્યો હોય તેની તજવીજ કોઈ ફોજદારી અદાલત કરતી હોય તો તે અદાલતને ઉપર બતાવેલી કલમના છેલા વાકયના "કોઈ કોરટ" એ શબ્દો લાગુ પડતા નથી. પ્રતીવાદી પોતાના નુકશાનને માટે કપટી વાદીની સામે પીનલકોડની કલમો ૧૯૩, ૨૧૦, ૪૦૬, અથવા તે કોડની બીજી કલમ મુજબ કાંઇ ઉપાય કરે, તે ઉપાયને આ શબ્દો અટકાવી શકતા નથી. પીનલકોડની કલમ ૨૧૦ માં " પતવેલુ " એ શબ્દોનો માયનો સાધારણ અર્થ મુજબ કરવો

જોઈએ, અને જે હુકમનામાની પતવણી કોરટને જણાવેલી છે, તેના સબંધમાં કરવો જોઇએ નહી. સીવીલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫ મુજબ વાદી અથવા જે પક્ષકાર હુકમનામું બજાવવાની અરજ કરે તેને હુકમનામું થયા પછી કાંઈ ફેંસલો થયો હોય, જે પેહેલાં કોરટમાં નેધાવ્યો હોય અગર ના નોંધાવ્યો હોય તો પણ તે ફેંસલો પોતાની અરજીમાં બતાવવો જોઈએ. પોપયા વિ. નરસન.નાહના કામમાં આધાર રાખવામાં આવ્યો. જાણી બુજીને આ હકીકત બતાવવાની ભુલ કરેતો તે પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ગુન્હેગાર થાય છે. બજાવણીની અરજીઓની જુઠી હકીકતને કલમ ૧૯૯ લાગુ પડતી નથી. રાણી વિ. બાપુજી દયારામ ઈ. લો. રી. ૧૦ મું. ૨૮૮

(મી૦ બર્ડવુડ અને મી૦ જારડીન જડ્જોની રૂબરૂ, ૧૮ મી ફેબ્રુઆરી ૧૮૮૬).

નીચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રાણી વિ. વેલાયદમ પીલાઈ ઈ. લૉ. રી. ૬ મ. ૧૪૬. જુઓ ફરીઆદી કરવાની પરવાનગી ૬૪. વિરાઘવ રેડી વિ. સુબક ઈ. લૉ. રી. ૪ મ. ૩૯૭. દિવાની રૂલીંગ. રાણી. વિ. મટરામનચેટી. ઈ. લૉ. રી. ૪ મ. ૩૨૫. જુઓ કપટથી હુકમનામાની બજાવણી ૨. સીબરામ વિ. મહીપાલ ઈ. લૉ. રી. ૩ અ. ૫૩૩. દિવાની રૂલીંગ. સાદી વિ. ગંગાસાઇ ઈ. લા. રી. ૩ અ. ૩૫૮. દીવાની રૂલીંગ. ઈસનચંદર બનડોપધ વિ. ઈનદ્રોનારાયણ ગોસામી ઈ. લૉ. રી. ૯ ક. ૭૮૮. દિવાની રૂલીંગ. પોરોમાનંદ ખાસનાબીસ વિ. ખેપુ પરમાનીક ઈ. લૉ. રી. ૧૦ ક. ૩૫૪. દિવાની રૂલીંગ. પાટનકર વિ. દેવજી ઈ. લૉ. રી. ૬ મું. ૧૪૬. દિવાની રૂલીંગ. પાંડુરંગ રામચંદ્ર ચોધલે વિ. નારાયણ ઈ. લૉ. રી. ૮ .મું. ૩૦૦. દિવાની રૂલીંગ. હરન મંડળની બાબતમાં ૨ બેં. લૉ. રી. ઓ. અ. ૧૦ જુઓ.જુદો લેખ. ૨૪.

કપટથી મીલકત ખસેડવી—

૧ કપટથી મીલકત ખસેડવી—કલેક્ટરની અદાલતનું હુકમનામુ - સને ૧૮૯૦ ને ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૬—સને ૧૮૫૯ નો ૧૦ મો કલમ ૧૪૫-કલેકટરના હુકમનામાની બજાવણી અટકાવવાને માટે કોઈ માણસ કપટથી મીલકત ખસેડે તો, તે પીનલકોડની કલમ ૨૦૬ મુજબ સીક્ષાને પાત્ર થાય છે, પણ તેને સને ૧૮૫૯ ના આક્ટ ૧૦ માની કલમ ૧૪૫ મુજબ સીક્ષા થઇ શકે નહી. ગોરચંદર ચકરબતી વિ. ક્રીષ્ણ મોહન સીંગ ૧૦ વિ. રી. ૪૬; ૨ બેં. લો. રી. ૪.

(મી. લોક અને મી. ગ્લોવર જડનોની રૂબરૂ, ૧૧ મી સપટંબર ૧૮૬૮)

૨ કપટથી મીલકત ખસેડવી—૧૮૬૦ નો ૪૫મો પીનલકોડ કલમ ૨૦૬—દંડ—મીલકતનું વેચાણ—પીનલકોડની કલમ ૨૦૬ માં, કેસ લાવવાને માટે દંડ અથવા સરકારી જપ્તીમાંથી બચાવવાને માટે મીલકત અથવા તેમાંનો કાંઈપણ હક કપટથી ખસેડવો જોઈએ અથવા વેચવો જોઈએ. બાલમુકંદ બ્રાન્જોખાસી અરજદાર ૧૮ વિ. રી. ૬૫.

(મી. કેમ્પ અને મી. પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, ૧૯ મી નવંબર, ૧૮૭૨)

૩ કપટથી મીલકત ખસેડવી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૪—પીનલકોડની કલમ ૪૨૪ માં બતાવ્યા મુજબ, મીલકત એવી રીતે સંતાડવી અથવા ખસેડવી જોઇએ કે જે જગાએ તે મુકી હોય તે જગાએથી બીજી જગાએ કપટથી લેઈ જવામાં આવી હોય એમ ધારી શકાય; જો કે કપટ લેહેણદારોને કરવામાં આવ્યું હોય અથવા ભાગીદારોને કરવામાંઆવ્યું હોય. તોપણ એમ થવુ જોઈએ કાયાસુદી.નવી. આલાબક્ષના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો ૧૫ વિ. રી. ૫૧; ગોરએનોડીદત અને બીજો અરજદારે ૨૧ વિ. રી. ૧૦; ૧૩ બેં. લૉરી. ૩૦૮.

(મી૦ માર્કબાય અને મી૦ બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૪ ડીસેંબર ૧૮૭૩).

લાલચંદરાય ૯ વી. રી. ૩૭ ના મુકરદમાની તપાસણી આનાથી વીરૂદ્ધ છે. જુઓ સાપ્રાધ વિશ્વાસઘાત ભાગીદારનો ૬.

૩ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—અંગની મિલકતનું પાછું અપાવવું—જે માણસની પાસેથી કાયદા વિરૂદ્ધ કબજો લેઈ લેવામાં આવ્યો હોય, તેને કબજો પાછો અપાવવાનો માજીસ્ટ્રેટનો અધિકાર નથી. જ્યાં સુધી કાયદા મુજબ કબજો લેઈ લેવામાં આવે, ત્યાં સુધી જે સખસનો કબજો હોય તેનો કબજો કાયમ રખાવવો જોઈએ, અને તે દરમીયાન કબજા વિષે કોઇ વાંધો ઉઠાવે નહી એવી તાકીદ આપવી જોઇએ. કોઈ સખસની પાસેથી ગેરકાયદેસર જંગમ મિલકત લેઈ લેવામાં આવી હોય એને તે મિલકત માજીસ્ટ્રેટ પાસે આવી હોય તો, માજીસ્ટ્રેટે તેના ખરા હકદારને આપવી જોઈએ, નહીતો માલીકે તેની કીંમત લેવાને દિવાની કોર્ટમાં દાવો કરવો જોઈએ. રામજીબનકુબી વિ. લચમોનીડીબી વિ. રી.

(મી૦ લોક અને મી૦ જેકસન જડજોની રૂબરૂ, તા૦ ૧ લી ફેબ્રુઆરી સને ૧૮૬૪).

૪ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રો. કોડ, કલમ ૩૧૯—જમીનના ખરા ભોગવટાની તકરાર એકઠા માલીકદારો વચ્ચે ના હોય, પણ એ બરોબરી રૈયત વચ્ચે હોય તો, એવું ઠરાવવામાં આવે છે કે તે મિલકત, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૯ મુજબ જપ્ત કરવાને બદલે, માજીસ્ટ્રેટે તે તકરારનો ફેંસલો આપવો જોઈએ. રામદયાલ અને બીજાઓ વિ. ચીંતામુની અને બીજાઓ વિ. રી. ૨૮

(મી. લોક અને મી. જેકસન જડજોની રૂબરૂ ૩ મેએ સને ૧૮૬૪).

૫ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૩૧૮. જમીનનો બધો કબજો ડેપ્યુટી માજીસ્ટ્રેટે વાદીનો ઠરાવેલો હતો તે રદ કરવામાં આવ્યો. તેનું પેહેલુ કારણ એ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ કોનો કબજો હતો તે બાબત તજવીજ કરીને ઠરાવ કરવાને માજીસ્ટ્રેટ બંધાયલો હતો, અને માજીસ્ટ્રેટની પોતાની હકીકત મુજબ કબજો પ્રતીવાદીનો હતો; બીજુ એ કે વાદીની માગણી જમીન ઉપર થઈને જવાના હકની હતી, કાંઈ કબજો લેવાની નોહોતી. રાણી વિ. સાગર મહમદ અને બીજાઓ ૧ વિ. રી. ૨૫.

(મી. કેમ્પ અને મી. ગ્લોવર જડજોની રૂબરૂ, ૨૧ નવંબર ૧૮૬૪)

૬ કબજો—કબજો ઠરાવવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૩૧૮—કાયદેસર તજવીજ કર્યા શિવાય જોઈન્ટ માજીસ્ટ્રેટ, સને ૧૮૬૧ ના આક્ટ ૨૫ ની કલમ ૩૧૮ મુજબ કબજો ઠરાવી શકે નહી. રાણી વિ. રનજત સોલા, ૨ વિ. રી. ૩૧.

(મી. કેમ્પ અને મી. ગ્લોવર જડજોની રૂબરૂ, ૩ ફેબ્રુઆરી ૧૮૬૫).

મુસામત ઝુહુરનનો ફેંસલો ઉલટો છે. ૬ વિ. રી. ૪ (જુઓ કબજો ૧૭) આ ફેંસલો પાછળના ઠરાવોથી રદ થઈ ગયો છે. નિચેના ફેંસલામાં આધાર લેવામાં આવ્યો:—

સેખ મંગલો વિ. દુરગા નારાયણ નાગ ૨૫ વિ. રી. ૭૪. જુઓ કબજો ૧૦૨ કાસી કીસોરરાય વિ. તારીનીકંત લાહોરી ૩ બેં. લૉ. રી. ક્રી. અ. ૭૬. જુઓ. કબજો ૪૫.

૭ કબજો—તજવીજની વાખ્યા—ઝાહેરાત સુલેહનો ભંગ—એક બીજાની સાબીતીનો પુરાવો લખી લીધા શીવાય બંને પક્ષકારોની હકીકત લખી લેવી એ "તજવીજ" ગણાય નહી. તકરારથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું ધાર્યા શિવાય સને ૧૮૬૧ ના આક્ટ ૨૫ માની કલમ ૩૧૮ મુજબ એક અથવા બીજા પક્ષકારને કબજો સોંપવો એમાં કાંઈ તજવીજ અથવા હુકમની જરૂર નથી. રાણી. વિ. સુન ઉલાહ ૨ વિ. રી. ૪૪.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, ૧૫ મી માર્ચ સને ૧૮૬૫)

રાણી વિ. કાલીચંદ્ર શાહના કામમાં નજર રાખવામાં આવી. ૭ બે. લૉ. રી. ૩૨૨. જુઓ કબજો ૫૭

ફીયામુદીન વિ. અલાહબક્ષના કામમાં તફાવત ગણવામાં આવે છે. ૧૫ વિ૦ રી૦ ૫૧. જુઓ ચોરી ૨૩.

કબજો—

૧ કબજો—જવાના માર્ગના હક—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦ ના અરથ મુજબ જવાનો માર્ગનો હક તે જમીનના ભોગવટાનો હક છે. પ્રે. ૧ જુન સને ૧૮૬૩; ૪ મ. હા કો. રી. અપે. ૧૧.

૨ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—જમીનના કબજાની તકરારની બાબતમાં સને ૧૮૬૧ ના આકટ ૨૫ માની કલમ ૩૧૮ મુજબ માજીસ્ત્રેટે મુકરદમો લખવો જોઈએ, અને કબજો જોવો જોઇએ, હક જોવો જોઈએ નહી એટલે જે પક્ષકારનો કબજો હોય તેનો કબજો કાયમ રાખી કબજા વીશે કાંઈ વાંધો ઉઠાવે નહીં એવો હુકમ કરવો જોઇએ. માજીસ્ત્રેટે રવીવારે ન્યાયનું કામ ચલાવવું જોઈએ નહીં. શ્રીજા સુની વિ. ઈશ્વર ચંદ્ર વિ. રી.

(મી૦ લોક અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જાનેવારી ૧૮૬૪).

૮ કબજો—જવાના માર્ગનો હક—માજીસ્ત્રેટના તાબામાં નહી એવા ફુલપાવર જોઈન્ટ માજીસ્ત્રેટ—ફુલ અખતીયારવાળા જોઈન્ટ માજીસ્ત્રેટની અગાડી કેસ થયો હોય અને તેની તજવીજ ચાલી હોય તો તે માજીસ્ત્રેટ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટના તાબાનો ગણાય નહી. અને ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ તેનો મૂકરદમો રદ કરી શકે નહી, અથવા તેના ઉપર અપીલ સાંભળી શકે નહી. રસ્તાના હકની તકરાર વીષેની બાબતમાં ફરીઆદીને તેને ઘર જવાનો બીજો રસ્તો છે, એમ ધારી તેની વીરૂદ્ધ ઠરાવ કરવાને બદલે માજીસ્ત્રેટે તપાસ કરવો જોઈએ કે, નવો રસ્તો ફરીઆદીના કબજા અને ભોગવટામાં છે કે નહી. અને તેમ હોય તો, તેનો કબજો કાયમ રાખી જમીનના માલીકને દીવાની કોર્ટમા પોતાનો હક ઠરાવવાનો હુકમ કરવો જો ઈએ. સુલેહનો ભંગ થવાની ધાસ્તી હોય તો અધીકારીઓ રસ્તાનો હક ઠરાવવાને દરમીયાન થઈ શકે એવું સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦ માં કાંઈ બતાવેલુ નથી. રાણી વિ. ટોયલુકોનાથ સરકાર ૨ વિ. રી. ૬૪.

(મી૦ જેકસન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી એપ્રીલ, ૧૮૬૫).

ભોઇરોમંડલના કામના રેફરન્સમાં મત લેવામાં આવ્યો. જુઓ કબજો ૪૭. બરડવાનના મહારાજા વિ. ડારજીલીંગ મ્યુનિસીપાલીટીના ચેરમેનના કામમાં નજર રાખવામાં આવી. ૪ ક. લા. રી. ૩૨૪. જુઓ કબજો ૧૧૪.

૯ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૩૧૯—જમીનના કબજાની તકરારમાં હુકમ કરતાં પહેલાં માજીસ્ત્રેટે સને ૧૮૬૧નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૯ માં બતાવ્યા મુજબ, મુકરદમો ચલાવવો જોઈએ. રાણી વિ. સીતાનાથરાય ૩ વિ. રી. ૯.

(મી૦ જેકસન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, ૯ મી મે સને ૧૮૬૫).

ગોરમોહનમાજી વિ. દુલભમાજીના કામમાં નજર રાખવામાં આવી. ૨૨ વિ. રી. ૮૧. જુઓ અપરાધ પ્રવેસ. ૧૨.

૧૦ કબજો—જમીનની તકરાર—પ્રવેસ કરનારાઓ—બીજાના કબજાની જમીન ઉપર, કોઈ માણસને પેસતો અટકાવવાને માજીસ્ત્રેટનો અધિકારછે. રાણી વિ. સાંદલખાન અને બીજો ૩ વિ. રી. ૧૯.

(મી૦ જેકસન અને ગ્લોવર જડજો રૂબરૂ, ૨૪ મી મે સને ૧૮૬૫.

૧૧ કબજો—જમીનની તકરાર—હકુમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૩૧૮.—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ તકરારી જમીનના કબજાની બાબતના કેસમાં માજીસ્ત્રેટે ફેંસલો આપ્યો હોયતો, તેવા કેસમાં વ્યાજબી હુકમો કરવાને, પોતે ફુલપાવર ડેપ્યુટી

માજીસ્ટ્રેટને ફરમાવી શકે; પણ ડેપ્યુટી માજીસ્ટ્રેટ પાસેથી કેસ પાછો ખેંચી લેઈ, નવો કેસ ગણી તે ચલાવી શકે નહી. રાણી વિ. જગો બંદુસીરકાર અને બીજો. ૩ વિ. રી. ૫૩.

(મિ૦ કેમ્પ અને મી૦ સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુલાઈ સને ૧૮૬૫.)

૧૨ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રો. કોડ કલમ ૩૧૮.— સુલેહનો ભંગ થવાનો સંભવ હોય એવી તકરારી જમીનના કબજાની બાબતમાં માજીસ્ટ્રેટે પક્ષકારોને ફકત સુલેહનો ભંગ નહી કરવાના બંધણીમાં રાખવાના કરતાં સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ કબજાના સવાલનુ નીરાકરણ કરવું જોઈએ. રાજા અનંદનાથરાય અરજદાર ૪ વિ. રી. ૧૨.

(મી૦ લોક અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ ૧૯. મી સપટંબર ૧૮૬૫).

નીચેના કેસો ઉલટા છેઃ—

કાલીકાપ્રસાદના કામનુ રેફરન્સ ૧૧ વિ. રી. ૫; ૫ બે. લો. રી. ૮૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૪.

રાણી. વિ. આબાસઅલી ચોધરે ૯ બેં. લૉ. રી. ૭૪. જુઓ લોકોપકારક કૃત્ય ૨૪.

ગોપી મોહન મઉલીક વિ. તારામોની ચોધરાણીના કામમાં ધ્યાન આપવામાં આવ્યુ. ૪ ક. લૉ. રી. ૩૦૯. જુઓ લોકોપકારક કૃત્ય ૬૨. આ ફેંસલો બીકંતરામ સાહકરોય વિ૦ મીજાનના ફેંસલાથી રદ થઈ ગયો. ૧૮ વિ. રી. ૪૭; ૧૦ બેં. લૉ. રી. ૪૩૪, જુઓ લોકોપકારક કૃત્ય ૫૪.

૧૩ કબજો—જમીનની તકરાર—મુકરદમો લખવાની માજીસ્ત્રેટની ચુક—સીમાડાની તકરાર— જમીનના કબજાની તકરારની બાબતમાં માજીસ્ટ્રેટે મુકરદમો લખવોને ચુક કરી, એથી કાંઇ મુકરદમો સીરસ્તા મુજબ નથી એમ ફકત ગણાય નહીં, પણ તેથી આખો મુકરદમો કાયદ વીરૂદ્ધ ગણાયછે. બે લગોલગ મીલકતની વચ્ચે હદની તકરાર હોય ત્યાં અગાડી માજીસ્ટ્રેટે હદની જમીન ઉપર જપ્તી મુકવાના કરતાં, એક અથવા બીજા પક્ષકારના કબજાના સબંધમાં ઠરાવ કરવો જોઈએ. હારવે વિ. બ્રાઇસ, ૪ વી. રી. ૨૬.

(મી૦ કેમ્પ અને મી૦ સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી નવંબર ૧૮૬૫).

નીચેના કેસોમાં આધાર લેવામાં આવ્યોઃ—

કાશી કીશોરરાય વી. ટારીનીકંટ લાહોરી ૩. બેં. લૉ. રી. ક્રી. અ. ૭૬. જુઓ કબજો ૪૫. સેખમંગલો વિ. દુરગાનારાયણ નાગ ૨૫. વિ. રી. ૭૪. જુઓ ચોરી ૩૭. દામોદર બીધાધર મોહાપટો વિ૦ સ્યામાનંદદી ઈં૦ લૉ૦ રી૦ ૭ ક૦ ૩૮૬; ૮ હા૦ કો૦ રી૦ ૫૧૪, જુઓ કબજો ૧૨૫ જે. ડી. સધરલેન્ડ વિ. એલ. ક્રાઉડી ૧૮ વી. રી. ૧૧; ૯ બેં૦ લૉ૦ રી૦ ૨૨૯ ના કામમાં નજર રાખવામાં આવી. જુઓ મુચરકો ૪૫. ગોર મોહનમાજી વી. દુલભમાજી ૨૨ વિ૦ રી૦ ૮૧. જુઓ સાપ્રાંધ્ર પ્રવેશ ૧૨. આ ફેંસલામાં નજર રાખવામાં આવી. મુસામત ગુહુરન અને બીજો ૯ વી. રી. ૪. જુઓ કબજો ૧૭. આ કેસ ઉલટો છે અને પાછળના ફેંસલાથી રદ થઇ ગયો છે.

૧૪ કબજો—જમીનની તકરાર—માજીસ્ટ્રેટની હકુમત—સને ૧૮૬૧ ના આકટ ૨૫ માની કલમ ૩૧૮ મુજબ, જમીનના કબજાની તકરારની બાબતમાં, સુલેહનો ભંગ થવાનો સંભવ ના હોય તો માજીસ્ટ્રેટ દરમીયાન થઈ શકે નહી. દીવાન ઈલાહી નુરોઝખાન અને અફતા બેગીસા. વિ. સબરનનીસા, ૫ વી રી. ૧૪.

(મી૦ જેકસન, મી૦ ફીઅર અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જાનેવારી સને ૧૮૬૬).

નીચેના કેસોમાં આધાર લેવામાં આવ્યો—

મુસામત અન્દીકુમાર વિ૦ રાણીસુન સેટકુંઅર , ૯ વી રી. ૬૪. જુઓ કબજો ૧૩.

સેખ મંગલો વિ. દુરગાનારાયણનાગ, ૨૫ વી. રી. ૭૪. જુઓ ચોરી ૩૭.

કાશી કીસોરરાય વિ. તારીનીકંત લાહોરી, ૩ બેં. લૉ. રી. ક્રી. અ. ૭૬. જુઓ કબજો ૪૫.

દામોદર વીધાધર મોહોપત્રો વિ સ્યાઆનંદડી. ઈ. લૉ. રી. ૭ ક. ૩૮૫; ૮ ક. લૉ. રી. ૫૧૪. જુઓ કબજો ૧૨૫.

જે. ડી. સધરલેન્ડ વિ. એલ. કાઉડીના કામમાં લક્ષ આપવામાં આવ્યુ. ૧૮ વી. રી. ૧૧; ૯ બેં.લૉ.રી.૨૨૯. જુઓ મુચરકો ૪૫.

રાણી વિ. કાલીચંદર સાહના કામમાં લક્ષ આપવામાં આવ્યું, ૭ બેં લૉ. રી. ૩૨૨. જુઓ મુચરકો ૫૭.

મધાન મીસર વિ. ચીમન તેલીના કામથી બાહાલ રાખ્યો. ૨ બેં. લૉ. રી. ક્રી. અ. ૭. જુઓ જામીનગીરી સલાહસંપ રાખવાની ૬.

૧૫ કબજો—હકુમત—પાણી અથવા જમીનના ભોગવટાના હક બાબતની તકરાર—પુરાવો—પોલીસનો રીપોર્ટ—ખાઇને પુરાવી નાખવાની ફરીયાદ ના હોય તો, ખાઈ જેમાં એક વખત જવાનો રસ્તો હતો, તે પછીથી પુરાવી નાંખી તે ઉઘાડીને, તેના ઉપર ભીંત ચણેલી તે ભીંત પાડી નાંખવાનો હુકમ કરવાનો સને ૧૮૬૧ ના આકટ ૨૫ માની કલમ ૩૨૦ મુજબ ડેપ્યુટી માજીસ્ટ્રેટનો અધીકાર નથી. જો કે તેને આવો અધીકાર કદાચ હોય તોપણ તે ખાઈમાં થઇને લોકોને અથવા ફરીઆદીને જવાનો હક હતો એવી સાબીતી જ્યાં સુધી કાયદેસર મળી આવે નહી ત્યાં સુધી તેને આવો હુકમ કરી શકે નહી. શ્રીમંતો દુલોઇ વિ. રામચંદ્ર આદક, ૫ વિ. રી. ૫૭.

(મી૦ સેટનકાર અને મી૦ મેકફરસન જડજોની રૂબરૂ તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૬૬)

ચતુરભુજ ભારથી વિ. મી૦ મેકનોટનના કામમાં લક્ષ આપવામાં આવ્યુ હતું, ૧૫ વિ. રી. ૨. જુઓ અપમાન કોર્ટનાં હુકમનું ૧૭.

૧૬ કબજો—જમીનની તકરાર—મોઢાનો પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ કબજાના સવાલનુ નિરાકરણુ કરતી વખતે માજીસ્ટ્રેટ મોંઢાનો પુરાવો મુખ્ય બાબત ધારી તેના ઉપર આધાર રાખી શકે. માહારાજા ગોબીનનાથરાય વિ. રાજા અનંદનાથરાય, ૫ વિ. રી. ૭૯.

(મી૦ જેકસન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, ૧૪ મી મે સને ૧૮૬૬)

મુસામત અનંદીકુંવર વિ. સુનાતકુંવર (૮ વિ૦ રી૦ ૬૪. જુઓ કબજો ૩૧) ના કામમાં આધાર રાખવામાં આવ્યો. રાણી વિ૦ કાલીચંદ્ર સાહના કામમાં નજર રાખવામાં આવી હતી, ૭ બેં લૉ૦ રી૦ ૩૨૨. જુઓ કબજો ૫૭.

૧૭ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—સુલેહનો ભંગ થશે એ બાબતની ખુલ્લી રીતે ખબર માજીસ્ટ્રેટને મળી હોય પણ તેને સીરસ્તા મુજબ લખ્યુ ના હોય કે તકરાર ઉપરથી સુલેહનો ભંગ થવાનો સંભવ હતો એવી તેની ખાતરી હતી, તેટલાજ કારણુ ઉપરથી સને ૧૮૬૧ નો આકટ ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ માજીસ્ટ્રેટે હુકમ કરયો હોય તે હુકમની દરમીયાન આવવાની કાંઈ જરૂર નથી એમ ઠરાવવામાં આવ્યું. મુસામત ગુહુરન અને બીજો અરજદારો, ૬ વિ. રી. ૪.

(મી૦ જેકશન જડજની રૂબરૂ તા૦ ૧૧ મી જુન સને ૧૮૬૬,

નિચેના કેસો ઉલટા છેઃ—

રાણી વી. રંજતમોલા ૨. વિ. રી. ૩૧ જુઓ કબજો ૬.

કાસીકીશોરરાય વિ૦ તારીનીકંત લાહોરી ૩ બેં૦ લૉ૦ રી૦ ક્રી૦ અ૦ ૭૬, જુઓ, કબજો ૪૫. આ કેસ પાછળના ફેંસલાથી રદ થઈ ગયો છે.

સેખ મંગલો વી૦ દુરગાનારાયણુ નાગ ૨૫ વિ૦ રી૦ ૭૪. જુઓ કબજો ૧૦૨

અમરીથનાથ જાહા વિ૦ અહમદ રેઝાં વિ૦ રી૦ ૬૧ જુઓ કબજો ૨૧

દામોદર વિધાધર મોહાપત્રો વિ૦ સ્યામાનંદદી ઈ૦ લૉ૦ રી ૭૦ ક૦ ૩૮૫ ના ફેસલામાં આધાર લેવામાં આવ્યો. જુઓ કબજો ૧૨૫.

જે૦ ડી૦ સધરલેન્ડની અરજીમાં નજર રાખવામાં આવી હતી. બેં લૉ૦ રી૦ ૨૨૯ જુઓ મુચરકો ૪૫.

મુસામત અનંદા કુંવર વિ૦ રાણી સુનાટ કુંવર ૯ વિ૦ રી૦ ૬૪ જુઓ કબજો. ૩૧.

આ ફેંસલો કાશી કીસોરરાય વિ૦ તારીનીકંત લાહોરીના કામથી રદ થઇ ગયો. ૩ બેં. લૉ૦ રી૦ ક્રી૦ અ૦ ૭૬. જુઓ કબજો ૪૫.

૧૮ કબજો—જમીનની તકરાર—જમીનના કબજા સંબંધી ભયંકર તકરારોમાં તાબડતોબ બંદોબસ્ત કરવો જોઈએ. કીશેસચંદ્ર સદયાલ અરજદાર. ૬ વી. રી. ૪.

(મી૦ જેકસન જડજની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન ૧૮૬૬).

૧૯ કબજો—જમીનની તકરાર—દીવાની કોર્ટના હુકમનામાથી કબજો—દીવાની કોર્ટના હુકમનામાની બજાવણીમાં માજીસ્ત્રેટ, સને ૧૮૬૧ નો આકટ ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ દરમીયાન થઈ શકે નહી. સુલેહના ભંગ થવાની ધાસ્તીથી તેને દરમીયાન થવાની કાંઈ પણ જરૂર લાગે તો જે માણસને ખરેખરી રીતે દીવાની કોર્ટે કબજો અપાવ્યો હોય, તે માણસનો કબજો તેને કાયમ રાખવો જોઈએ. શામાસુંદરી રૂખીઆ વિ. મેસર્સ જારડીન, સ્કીનર અને કો. ૬ વિ. રી. ૧૦.

(મી૦ સેટનકાર અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જુન સને ૧૮૬૬)

૨૦ કબજો—જમીનની તકરાર-તકરારી જમીનના કબજાના સબંધમાં માજીસ્ત્રેટ કાંઇ પણ હુકમ કરે તેના પેહેલાં તેને સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ જેવી જોઈએ. સાભીસંગ અને બીજાઓ ૬ વિ. રી. ૫૦

(મી૦ નોરમન અને મી૦ સેટનકાર જડજોની રૂબરૂ, ૩૦ મી જુલાઈ સને ૧૮૬૬)

૨૧ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮. સને ૧૮૬ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કો. કલમ ૩૧૮ મુજબ જમીનના કબજાની બાતની તકરારના કામમાં, એવું ઠરાવવામાં આવ્યું કે, તકરારમાંથી સુલેહનો ભંગ થવાને સંભવ છે, એવું માનવાને જે કારણો હતાં તે કારણો મુકરદમામાં નહી બતાવવાં એ માજીસ્ત્રેટની ભુલછે. આખા કામની તપાસ કરવાને કબુલત કરી પક્ષકારોએ આ મુદ્દો છોડી દીધો હોય તો માજીસ્ત્રેટ એક માણસનો હક તેજ તેના કબજાનો પુરાવો છે, એવુ ગણીને બીજા માણસને તેનો હક સાબીત કરતો અટકાવીને, તેના ઉપર પુરાવો બોજો નાખે તો, તે ગેરકાયદેસર છે. અમરીથનાથ જાહા વિ. અહમદ રેઝા અને બીજો. ૬ વિ. રી. ૬૧.

(મી૦ પીકોક ચીફ જસ્ટીસ અને મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી અગષ્ટ સને ૧૮૬૬.

કાશી કીશોરરાય વિ. તારીનીકંત લાહોરીની બાબતમાં આધાર લેવામાં આવ્યો. ૩ બેં૦ લૉ૦ રી૦ ક્રી૦ અ૦ ૭૬. જુઓ કબજો ૪૫.

મુસામત અનનંદા કુંવર વિ. રાણી રુનાટ કુંવર. ૯ વિ. રી. ૬૪ ના કામમાં આધાર લેવામાં આવ્યો. જુઓ કબજો ૩૧.

નરસીંગ નારાયણના કામના રેફરન્સમાં આધાર લેવામાં આવ્યો.

મુસામત ઝુહુરન અરજદારોનો ફેંસલો ઉલટો છે. ૬ વિ. રી, ૪ કબજો ૧૭. આ કેસ પાછળના ફેંસલાથી રદ થઈ ગયો છે.

બીશેશ્વર નારાયણ મેહેતાના કામમાં તફાવત બતાવવામાં આવ્યો હતો. ૮ વિ. રી. ૮૩. જુઓ કબજો ૨૭.

ગ્રધનમાંસર વિ. ચીમન તેલીનું કામ બાહાલ રાખવામાં આવ્યુ ૨ બેં૦ લૉ૦ રી૦ ક્રી૦ અ૦ ૭. જુઓ જામીનગીરી સલાહસંપ રાખ્યવાની ૬..

૨૨ કબજો—પાણીના ભોગવટાની બાબતની તકરારો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦ નો અર્થ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦ પક્ષકારોના હકો નકી કરવાને દીવાની દાવાને બદલે નથી; પણ આ કલમથી માજીસ્ટ્રેટનો એટલો હક છે કે જે માણુસ કબજો લેવાની અરજ કરે તે માણુસ દિવાની કોરટમાં દાવો કરી કબજાનું હુકમનામું મેળવે ત્યાં સુધી પોતે કબજાવાળા પક્ષકારનો કબજો કોઈ માણુસ લેઈ ન લે એવો બંદોબસ્ત કરી શકે. મૂનસી હરખલાલ ૬. વી. રી. ૭૪.

(મી૦ નોરમન અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ, ૨૪ મી સપટંબર સને ૧૮૬૬)

૨૩ કબજો—કબજો કાયમ રાખવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ ચેપ્ટર ૨૨. એવું ઠરાવવામા આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડના ૨૨ મા પ્રકરણની મતલબ એ છે કે જે માણુસનો કબજો હોય તે માણુસનો કબજો કાયમ રાખી કોનો કબજો લેવાનો હકછે તેનો તપાસ કર્યા સીવાય સુલેહનો ભંગ સાચવવો જોઈએ. સરકાર વિ. ગુલામ મહમદ ૧ આગ્રા. હા. કો. રી. ૩૩.

(મી૦ ટરનર અને મી૦ સ્પેકી જડજોની રૂબરૂ, ૭ મી ડીસંબર સને ૧૮૬૬)

૨૪ કબજો—જમીનની તકરાર—જબરાઈથી કાઢી મુકવાનુ તોહોમત્ત મુકવામાં આવ્યુ હોય તો માજીસ્ટ્રેટને પક્ષકારોના જમીન ઉપરના હકો જોવાની કાંઈ જરૂર નથી. ગંગાનારાયણ પોડાર વિ. ડેમુ મંડલ ૭ વિ. રી. ૧૨.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, ૧૪ મી જાનેવારી ૧૮૬૬).

૨૫ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ કબજાનો હક જોયાશીવાય માજીસ્ટ્રેટે ફકત કબજાના સવાલનું નિરાકરણ કરવું જોઈએ. રાણી વિ. મુસામત ઈમામબંદી ૭ વિ. રી. ૨૬.

(મી૦ કેમ્પ અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ ૪, ફેબ્રુઆરી ૧૮૬૭)

૨૬ કબજો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ તજવીજ—બે કામોનો એકઠો પુરાવો લેવો તે–કલમ ૪૦૪ મુજબ તપાસ કરવી તે—માજીસ્ટ્રેટને બે કામોની તજવીજ કરવાની કલમ ૩૧૮ મુજબ હતી, પણ તેને એક કામનો ફેંસલો આપ્યા પછી, બીજા કામમાં એવો શેરો કર્યો કે બે કામોનો પુરાવો એકઠો લેવામાં આવ્યાથી આ કામની વધારે તપાસ કરવાની કાંઈ હવે જરૂર નથી. કલમ ૪૦૪ મુજબ એમ ઠરાવવામાં આવ્યું કે જે પક્ષકારો પાસેથી કબજો લેઈ લેવામાં આવ્યો છે તે પક્ષકારોને પુરેપુરી તજવીજ ચલાવવાની અરજ કરવાનો હકછે. મેસર્સ વેટસન અને કો. વિ. રાણી સરનામોઈ ૮ વી. રી. ૬૩.

(મી૦ લોક અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી અગષ્ટ સન ૧૮૬૭.)

૨૭ કબજો—સુલેહનો ભંગ— સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની ક. ૩૧૮. જ્યારે કોઈ માજીસ્ટ્રેટ એવું બતાવેકે પક્ષકારોની વચ્ચે તકરારો એવી છે કે જેથી કરીને સુલેહનો ભંગ થસે એવી ખાતરી છે, અને તે મુજબ પોતાનો મત લખે તો આવી તકરારોનું નીરાકરણ કરવાનો ફકત સતોષકારક રસ્તો એ છે કે માજીસ્ટ્રેટે સને ૧૮૬૧ ના ૨૫ મો ક્રીમીનલ પ્રો. કોડની કલમ ૩૧૮ માં બતાવ્યા મુજબ વર્તવું જોઈએ. બીશેસર નારાયણ મહેતા અરજદાર ૮ વિ.રી. ૮૩.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, ૨૬ મી નવેમ્બર સને ૧૮૬૭).

અમરીથનાથ જાહા વિ. અહમદ દરેઝાના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ૬ વિ. રી. ૬૧. જુઓ કબજો ૨૧.

૨૮ કબજો—સને ૧૮૬૦ નો ૨૭ મો—સરટીફીકટ—હક—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૯—કોઈ પક્ષકારને સને ૧૮૬૦ ના ૨૭ મા મુજબ સરટીફીકેટ મળ્યું હોય તો તે સરટીફીકેટથી તેનો હક ફક્ત મરનારનું લેહેણું લેવાનો છે, પણ સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૯ મુજબ જમીન ઉપર જપ્તી મુકવામાં આવી હોય તો જમીનનો કબજો લેવાને માટે તે યોગ્ય દિવાની કોરટનો ફેંસલો છે એમ કોઈ રીતે ગણાય નહી. બીબેશરી દેબીઆ અને બીજો, અરજદારો. ૯ વિ. રી. ૧૮.

(મી૦ કેમ્પ અને મી૦ જેકસન જડજોની રૂબરૂ, ૧૭ મી ફેબ્રુઆરી ૧૮૬૮)

૨૯ કબજો—સુલેહનો ભંગ—અપીલ—ફરીયાદ કરવાનો હુકમ માજીસ્ત્રેટે વાજબી રીતે આપ્યો નથી, તે કાંઈ તેનો હુકમ ફેરવવાનું કારણ નથી. જો માજીસ્ત્રેટ એમ ધારે કે તોહોમતદારના કૃત્યોથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે અને કબજા વિષેની તેની હકીકત જુદી છે તો તેના ઉપર કાયદા વિરૂધ મંડળીનુ તોહોમત રાખવું જોઈએ કે નહી તેની તજવીજ ચલાવી શકે. સીક્ષા અને હુકમો ઉપર અપીલ કરવાને કાયદામાં જુદી રીતે બતાવેલું છે. ઈમામઅલી વિ. સદરૂદીન અને બીજાઓ ઈ. વિ. રી. ૧૮.

(મી૦ કેમ્પ અને મી૦ જેકસન જડજોની રૂબરૂ, ૧૭ મી ફેબ્રુઆરી ૧૮૬૮).

૩૦ કબજો—સાધારણ સત્તા—જમીનની તકરારો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮—કોઈ પણ કાયદામાં એવી મોઘમ સતા માજીસ્ત્રેટને આપવામાં આવી નથી કે, જેથી તે જમીનનો કબજો નીરાંતે કોઈ પણ પક્ષકારને આપવાનો હુકમ કરી શકે. આવા હુકમો તેટલા માટે અખતીયાર વિનાના અને કલમ ૩૧૮ માં બતાવેલી પદ્ધતિ પ્રમાણે ના હોવાથી રદ કરવામાં આવ્યા હતા. રાણી વિ. હેમનદ્રોનાથ ટાગોર ૯ વિ. રી. ૨૦.

(મી૦ લોક અને મિ૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

૩૧ કબજો—તપાસ—જમીનની તકરારો—સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ માં બતાવ્યા મુજબ માજીસ્ત્રેટે પોતે તપાસ કરવો જોઇએ કે સુલેહનો ભંગ થવાનો સંભવ છે કે નહીં, અને તે તપાસ કરવામાં પક્ષકારોએ આપેલા સાક્ષીઓની જુબાની લેઇ તેનુ ઈનસાફની રૂઈએ નીરાકરણ થવું જોઈએ.

મુસામત અનનંદી કુંવરનો ફેંસલો વીરૂધ છે. ૬ વિ. રી. ૪ જુઓ કબજો ૧૭. આ ફેસલો પાછળના કેસોથી રદ થઈ ગયો છે.

નિચેના કેસમાં આધાર લેવામાં આવ્યો હતો:—

દામોદર બીદ્યાધર મોહોપત્રો વિ૦ સ્યામાનંદી ઈ૦ લૉ૦ રી૦ ૭ ક. ૩૮૫. જુઓ કબજો ૧૨૫.

કાશીકીસોરરાય વિ૦ તારીનીકંત લાહોરી ૩. બે. લૉ૦ રી૦ ક્રી૦ અ૦ ૭૬. જુઓ કબજો ૪૫.

અમરીધનાથઝાહા વિ૦ અહમદ રેઝા ૬ વિ૦ રી૦ ૬૧. જુઓ કબજો ૨૧.

દીવાન ઈલાહી ન્યુઓઝખાન અને અફ્ટાઓનીસા વિ૦ સબરનનીસા ૫ વિ. રી. જુઓ કબજો ૧૪.

માહારાજા ગોબીનનાથ રાય વિ૦ રાજા અનંદનાથ રાય ૫ વિ૦ રી૦ ૭૯. જુઓ કબજો ૧૬.

જે. ડી. સધરલેન્ડની અરજીની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ૯ બેં. લૉ. રી. ૨૨૯. જુઓ મુચરકો ૪૫.

૩૨ કબજો—જમીનની તકરારો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૨, ૩૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ માજીસ્ત્રેટે હુકમ કરી, સુલેહનો ભંગ થતો અટકાવ્યો હોય તો, તે કોડની કલમ ૩૧૮ મુજબ મુકરદમો પાછળથી ચ

લાવી વધારો કરવાની કાંઈ જરૂર નથી. લતી ફહુસેન કેદી ૧૦ વિ. રી. ૧.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજો ની રૂબરૂ, તા૦ ૨ જી જુન સને ૧૮૬૮).

૩૩ કબજો—જમીનની તકરારો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ ચાલેલો મુકરદમો અમુક રીતમુજબ લખાવવો જોઇએ, અથવા જુદા સીટ ઉપર લખાવવો જોઈએ, એ બાબત કાંઈ જરૂરની નથી. જોયરામસીંગ અને બીજાઓ વિ. જગનારાયણ દુબી અને બીજાઓ ૧૦ વિ. રી. ૧૬.

(મી૦ લોક અને મી૦ ગ્લોવર જડજો ની રૂબરૂ, તા૦ ૧૩ મી જુલાઈ સને ૧૮૬૮.)

રાણી વિ. રામરટન મુકરજી ૨૪ વિ. રી. ૭. જુઓ ચોરી ૩૫ ના કામમાં આધાર લેવામાં આવ્યો હતો. રાણી વિ. ઠાકરપ્રસાદ ઈં૦ લૉ૦ રી૦ ૧ અ. ૧૫૧. જુઓ જમીન ૪.

૩૪ કબજો—જમીનની તકરાર—જમીન અથવા પાક એ બેમાંની ગમે તે બાબતના કબજા વીષે તકરાર ના હોય તો, માજીસ્ત્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડના ચેપટર ૨૨ મુજબ તજવીજ ચલાવવાનું કાંઈ કારણ નથી. પ્રો. તા૦ ૧૩ જુલાઈ સને ૧૮૬૮. ૪ મ૦ હા. કો. રી. અપે. ૧૨. ૪ મ૦ હા૦ કો૦ રી૦ ના કામમાં ધ્યાનઆપવામાં આવ્યું હતું જુઓ કબજો ૪૪.

૩૫ કબજો—જમીનની તકરારો—સુલેહનો ભંગ—બંડ—મિલકતના ખાનગી બચાવનો હક—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમો ૧૦૪, ૧૪૭—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રી. પ્રો. કો. ચેપ્ટર ૨૨—ક્રી. પ્રો. કોડના પ્રકરણ ૨૨ મુજબ બંને પક્ષકારો વચેજમીનની તકરારની બાબત વિષે તજવીજ કરતાં, માજીસ્ત્રેટને એમ લાગ્યું કે એક પક્ષકારનો કબજો છે પણ બંને પક્ષકારોના ઉપર હુલ્લડ કરવાનું તોહોમત હોવાથી તેને બંને પક્ષકારોને સજા કરી. એવું ઠરાવવામાં આવ્યુ કે કબજાવાળા પક્ષકારને પીનલકોડની કલમ ૧૦૪ નો લાભ મળે છે; અને પોતાનો કબજો સાચવવાને માટે તેને જે સીક્ષા થએલી છે તે માફ કરવામાં આવે છે. તલસીસીંગ અને બીજાઓ. ૧૦ વિ. રી. ૬૪; ૨ બેં. લૉ. રી. ક્રી. અ. ૧૬.

(મી૦ લોક અને મી૦ ગ્લોવર જડજો ની રૂબરૂ, તા૦ ૨૧ ડીસેંબર ૧૮૬૮).

૩૬ કબજો—જમીનની તકરારો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રો. કોડ કલમ ૩૨૦—થોડા વખતના મિલકતના ભોગવટાના હકનું નિરાકરણ કરવાને ક્રી. પ્રો. કોડની કલમ ૩૨૦ મુજબ, જે અધિકાર આપેલો છે તે, સ્પષ્ટ અને સંતોષકારક સાબીતી મળ્યા શીવાય વાપરવો જોઈએ નહી. જ્યાં અગાડી ફક્ત ભોગવટાનો પુરાવો હોય, તો તે ઉપરથી સંતોષકારક રીતે એમ સાબીત થવું જોઇએ કે ભોગવટો હક તરીકે અને કોઈપણ રીતે અટકાવ થયા શીવાય, લાંબા વખતનો હતો. પ્રો. ૪ જાનેવારી ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૨૪.

૩૭ કબજો—જમીનની તકરારો—સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૨૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦ મુજબ જમીનના કબજાની તકરારની બાબતમાં દરમીયાન થવુ કે નહી એ માજીસ્ત્રેટની મરજી ઉપર છે તે કલમ મુજબ માજીસ્ત્રેટને સંક્ષેપમાં દરમીયાન થવા લાયક કેસ છે એવું ફરીઆદીએ બતાવી આપવું જોઈએ. રસુલ નશો અને બીજાઓ. ૧૧ વિ. રી. ૩. ૨ બેં. લૉ. રી. અપે. ૯.

(મી૦ નોરમન અને મી૦ જેકસન જડજોની રૂબરૂ, ૨૫ મી જાનેવારી ૧૮૬૯)

૩૮ કબજો જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ માં બતાવેલા કેસમાં માજીસ્ત્રેટે કાંઈ પુરાવો લીધો હોય તો મુકરર કરેલા દીવસે લ

બીત હકીકત આપવાનું પક્ષકારો ભુલી ગયા તેટલાજ કારણ ઉપરથી તે કેસ ચલાવવાનુ ના કહી શકે નહી. ગુલોકચંદર મીટી ૧૧ વિ. રી. ૯.

(મી૦ નોરમન અને મી૦ જેકસન જડજોની રૂબરૂ, ૧૫ મી ફેબ્રુઆરી ૧૮૬૯)

૩૯ કબજો—સાંતી રાખવાનો મુચરકો—સુલેહનો ભંગ થવાનો સંભવ રહે એવું કૃત્ય કરયું હતું એવું માજીસ્ત્રેટે પોતાના ઠરાવમાં લખ્યું હોય અને તે વાજબી રીતે લખેલું હતું, એવો પુરાવો કામમાં મળી આવે તો હાઈકોરટ માજીસ્ત્રેટના મુકરદમામાં દરમીઆન થઇ શકે નહી. પ્રો. ૮ મી મારચ સને ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૩૮.

૪૦ કબજો—હકુમત—મઠના વારસ બાબત તકરાર—સરટીફીકેટ—સને ૧૮૬૧નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—સને ૧૮૪૧ નો ૧૯ મો—સને ૧૮૬૦ નો ૨૭ મો—મઠ અને તેની લગતી જમીનના વારસ બાબતની તકરાર હોય તો માજીસ્ત્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ તજવીજ કરી શકે નહીં, પણ સને ૧૮૪૧ ના આકટ ૧૯ મુજબ કયુરેટરની નીમનોક કરવાને જડજને અરજ કરવી જોઈએ અથવા વારસ નકી થતાં સુધી મીલકત સબંધી કાંઈ હુકમ થવો જોઈએ. સને ૧૮૬૦ ના ૨૭ મા મુજબ સરટીફીકેટ મળ્યું હોય તો તેથી જમીન ઉપર હક થતો નથી. રાણી વિ૦ સીપતગીરી ગોસાઈ. ૧૧ વિ૦ રી૦ ૨૩; ૨ બેં૦ લૉ૦ રી૦ ક્રી૦ અ૦ ૨૭.

(મી૦ નોરમન અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી મારચ સને ૧૮૬૯)

૪૧ કબજો—પદ્ધતિ—સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ માં બતાવેલા કેસમાં માજીસ્ત્રેટે સાક્ષીઓ ઉપર સમન કાઢવા જોઇએ નહીં, પણ તેને સુલેહનો ભંગ થવાનો સંભવ લાગે તો ડીસ્ત્રીકટ પોલીસની તજવીજ ઉપર તેણે ચાલવું જોઈએ. ક્રીમીનલ પ્રોસીજર કોડના ૧૨ મા ચેપ્ટર મુજબ મુકરદમો ચલાવવામાં માજીસ્ત્રેટે લાંબી અને વાર લાગે તેવી તપાસ કરવી જોઈએ નહીં, પણ કબજાની બાબત વીષે જેમ બને તેમ જલદીથી ટુંકામાં તજવીજ કરી દીવાની કોરટથી કબજો આપવાનો હુકમ થાય ત્યાં સુધી જે પક્ષકારનો કબજો માલમ પડે તે પક્ષકારનો કબજો કાયમ રાખવાનો હુકમ કરવો જોઈએ. રાણી વિ. ગુલબકંત ભટાચારજી અને બીજાઓ ૧૧ વિ. રી. ૩૬; ૭ બેં. લૉ. રી. ૩૨૪.

(મી૦ જેકસન અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૬ઠી એપ્રીલ સને ૧૮૬૯)

જડ્રેસરી ચોધરાણી વિ. ગોબરધન માજીના કામમાં જુદો મત લેવામાં આવ્યો. ૧૬ વિ. રી. ૧૭; ૭ બેં. લૉ. રી. ૩૨૯. જુઓ પોલીસ રી. ૨. રાણી વિ. કાલીચંદ્રશાહના કામમાં નજર રાખવામાં આવી હતી. ૭ બેં. લો રી. ૩૨૨. જુઓ કબજો ૫૭.

૪૨ કબજો—જમીનની તકરાર—ખરેખરો કબજો—માજીસ્ત્રેટની તજવીજ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ તકરારી જમીનનો ખરેખરો કબજો કોનો છે એ બાબત માજીસ્ત્રેટે તજવીજ કરવાની છે, પણ તેને કબજો શીરીતે મળ્યો એ બાબત વિશે કાંઈ તજવીજ કરવાની જરૂર નથી. દસ્તુર હોસંગ જામાસજી વિ. આર. એલ. ફેલ ૬ મુ. હા. કો. રી. ૩૦.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ન્યુટન જડજોની રૂબરૂ, ૨૧ મી એપ્રિલ ૧૮૬૯)

૪૩ કબજો—દિવાની કોર્ટની રૂલીંગ સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—વાદીએ કોઈ કેસમાં હક અને પોતાનો કબજો બતાવ્યો હતો, પણ તેણે કહેલુ પુરાવાથી સાબીત થયુ નોહતુ એવું દિવાની કોર્ટે ઠરાવ્યુ હતુ. એ ઉપરથી ક્રીમીનલ પ્રોશીજર કોડની કલમ ૩૧૮ મુજબ માજીસ્ત્રેટ તેનો

કબજો નહી ગણતાં સામા પક્ષકારનો કબજો વાજબી રીતે ગણી શકે નહી. જોગેસ પ્રોકાશ ગંગોલીની બાબતમાં ૧૧ વિ. રી. ૪૩.

(મી૦ બેલી અને મી૦ હોબહાઉસ જડ જોની રૂબરૂ, ૨૯ મી એપ્રીલ સને ૧૮૬૯).

૪૪ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રો. કોડ કલમ ૩૧૮.—સુલેહનો ભંગ થશે એવું માજીસ્ત્રેટને માલમ પડે તો ક્રી. પ્રો. કોડની કલમ ૩૧૮ મુજબ જમીનના કબજાની બાબતમાં સુલેહનો ભંગ થવાનાં કારણો બતાવી માજીસ્ત્રેટને હુકમ કરવાનો અધીકાર છે. થોડો પુરાવો હોય તો બસ નથી, પણ પુરાવા ઉપરથી સાધારણ રીતે એમ નીકળી આવવું જોઈએ કે સુલેહનો ભંગ થવાનો સંભવ છે. આવી જાતનો પુરાવો હતો એ સવાલનું નીરાકરણ હાઈ કોરટને કરવાનુંછે. પ્રો. ૧૫મીમેએ ૧૮૬૯. મ. હા. કો. રી. અપે. ૪૯;૪. મ. હા. કો. રી. અપે. ૧૨ ના કામને લાગુ પડે છે. જુઓ કબજો ૩૪.

૪૫ કબજો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—માજીસ્ત્રેટની હકુમત—સુલેહના ભંગનો સંભવ.-કબજાની તકરારમાં સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું પોતાનું ધારવું છે, એનાં કારણો મુકરદમામાં લખીતવાર બતાવે નહીં ત્યાં સુધી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ કબજાના સવાલનું નીરાકરણ કરવાને માજીસ્ત્રેટને અધીકાર નથી. કાશી કીશોરરાય વિ. તારાનીકત લાહોરોની બાબતમાં ૩ બેં. લૉ. રી. ક્રી. અ. ૭૬.

(મી૦ નોરમન અને મી૦ કેમ્પ જડ જોની રૂબરૂ, તા૦ ૨૨ મી સપટંબર સને ૧૮૬૯).

નીચેના કેસોમાં આધાર રાખવામાં આવે છેઃ—

રાણી વિ. રજંતમોલ્લા ૨ વિ. રી. ૩૧ જુઓ કબજો ૬.

હારવી વિ. બ્રાઈસ ૪ વિ. રી. ૨૬. જુઓ કબજો ૧૩.

દીવાન ઈલાહી ન્યુબાઝખાન વિ. સબરૂનીસા ૫ વિ. ૧૪. જુઓ કબજો ૧૪.

અમરીથનાથ અનંદીકુવર વિ. રાણી સુનાટકુંવર ૯ વિ. રી. ૬૪. જુઓ કબજો ૩૧.

મુસામત ઝુહુરૂન અરજદારોનો કેસ રદ થઈ જાય છે. ૬ વિ. રી. ૪. જુઓ કબજો ૧૭. (આ કેસ વળી પાછલા ફેંસલાથી રદ થઈ ગયો છે).

અભોયાચોધરે વિ. ટી. બે ૬ બેં. લો. રી. અપે. ૧૪૮ ના ફેંસલામાં મંજુર રાખવામાં આવ્યો. જુઓ કબજો ૫૩.

કનદ નારાયણ ભુપની બાબતમાં મંજુર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦રી૦ ૪ ક. ૬૫૦. ૩. ક. લો. રી. ૫૫૧. જુઓ કબજો ૧૧૩.

ગંગા નારાયણ મીતર વિ. ગોરસુંદર ચોધરેના કામમાં તફાવત બતાવવામાં આવ્યો હતો. ૧૫ વિ. રી. ૮૫. જુઓ કબજો ૫૫.

દામોદર બીધાધર મોહોપત્રો વિ. સ્યામાનંદીના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ઈ૦ લૉ. રી. ૭ ક. ૩૮૫; ૮ ક. લો૦ રી૦ ૫૧૪. જુઓ મુચરકો ૧૨૫.

ઓભોય ચોધરેના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ૧૫ વિ. રી. ૪૨. જુઓ કબજો ૫૩.

સેખ મંગલો વિ, દુરગા નારાયણ નાગ ૨૫ વિ. ૭૪. જુઓ કબજો ૧૬૨.

જે. ડી. સધરલેન્ડની અરજીની બાબતમાં ધ્યાન રાખવામાં આવ્યું. હતું ૯ બેં. લો. રી. ૨૨૯. જુઓ મુચરકો ૪૫.

૪૬ કબજો—પાણીનો હક—ઉપદ્રવ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, પ્રકરણો ૨૦, ૨૨ પાણીના ભોગવટાના હક બાબતની તકરાર બંને પક્ષકારો વચ્ચે માજીસ્ત્રેટ પાસે ચાલતી હોય તો માજીસ્ત્રેટે પ્રકરણો ૨૦ અને ૨૨ મુજબ તજવીજ કરવી જોઈએ, પણ ચેપ્ટર ૨૦ મુજબ તજવીજ કરવી જોઈએ નહી. રાણી વિ. માધોચરન અરજદાર ૧૩ વિ. રી. ૫૧.

(મી૦ કેમ્પ અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, ૨ એપ્રીલ ૧૮૭૦).

૪૭ કબજો—જવાના માર્ગનો હક—દિવાની દાવો—સને ૧૮૬૧ નો ૨૫મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૨૦. ફરીઆદી પોતાની ફરીઆદમાં બતાવે કે તેનો જવાનો માર્ગ રોકવામાં આવેલો છે તો, માજીસ્ત્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦ મુજબ કામનો તપાસ કરવાને બંધાયેલો છે, પણ ફરીઆદીને દીવાની કોર્ટમાં દાદ માગવાને મોકલી શકે નહી. ભોઈરો મંડળ અરજદાર. ૧૪ વિ. રી. ૨૮.

(મી૦ લોક અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ. ૬ ઠા અગષ્ટ ૧૮૭૦).

રાણી વિ. ટોયલકોનાથ સરકારના કામમાં આધાર લેવામાં આવે છે. ૨ વિ. રી. ૬૪. જુઓ કબજો ૮.

બરડવાનના માહારાજા વિ. ડારજીલીંગ મ્યુનીસીપાલેટીના ચેરમેનના કામમાં નજર રાખવામાં આવી હતી. ૪ ક. લૉ. રી. ૩૨૪. જુઓ કબજો ૧૧૪.

૪૮ કબજો—લોકોના ઉપયોગની જમીન—સરકારનો હક—જવાના માર્ગનો હક—સને ૧૮૫૭ નો ૬ ઠો—સને ૧૮૫૭ ના આકટ ૬ મુજબ સરકારે લોકોના ઉપયોગને માટે જમીન લીધી હોય તો, તેના ઉપર સરકારનો દાવો પુરેપુરો છે, અને તેના ઉપર થઈને જવાનો લોકોનો હક નથી. એચ. બી. ફેનવીકના કામમાં ૧૪ વિ. રી. ૭૨; ૬ બેં. લો. રી. અપે. ૪૭.

(મી૦ લોક અને મી૦ મીતર જડજોની રૂબરૂ, ૨૬ મી નવંબર ૧૮૭૦).

ચોવીસ પ્રગણાનો કલેકટર વિ. નોબીનચંદર ઘોસના કામને લાગુ પડે છે. ૩ વિ. રી. ૨૭. (દિવાની રૂલીંગ).

૪૯ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮. માજીસ્ત્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ મુકરદમો ચલાવતો હોય તો, તકરારી જમીનના ખરેખરા કબજા બાબતમાં પક્ષકારો પોતાનો હક સાબીત કરવાને સાક્ષીઓ આપે તો તે સાક્ષીઓ ઠરાવ કરતા પહેલાં લેવાને માજીસ્ત્રેટ બંધાયેલો છે. પ્રો. ૨૮ મી નવંબર ૧૮૭૦; ૬ મ. હા. કો. રી. અપે. ૪.

૫૦ કબજો—જમીનની તકરાર—જપ્તી થયેલી મીલકત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૯. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૯ મુજબ તકરારી જમીન ઉપર માજીસ્ત્રેટ જપ્તી મુકવાનો હુકમ કરે તો તે હુકમમાં સેસન જડજ દરમીયાન થઈ શકે નહી. હરોનાથ ચોધરે વિ. રાજનદર ચંદરરાય અને બીજાઓ ૧૫ વિ. રી. ૧.

(મી૦ જેકશન અને મી૦ મુકરજી જડજોની રૂબરૂ. ૭ મી જાનેવારી ૧૮૭૧).

૫૧ કબજો—જમીનની તકરાર—જપ્તી—સને ૧૮૬૧ નો ૨૫મો ક્રી. પ્રો. કોડનું પ્રકરણ ૨૨. ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૨૨ માં બતાવેલા ખરેખરા કબજામાં, ફકત પ્રવેશ કરનારના કબજાનો સમાવેશ થતો નથી. પ્રો. ૯ જાનેવરી ૧૮૭૧ ૬ મ. હા. કો. રી. અપે. ૧૩ એમબલર વિ. પસોંગના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૧૧ ક. ૩૬૫. જુઓ, કબજો ૧૩૫.

૫૨ કબજો—જમીનની તકરાર જપ્તી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ તકરારી જમીન ઉપર જપ્તી મુકવાનો અધીકાર માજીસ્ત્રેટને મળેલો છે, તે જમીનના કબજાની તકરારો જે બંને બરોબરીઆ જામીનદારો વચે હોય તેને લાગુ પડે છે. માસેક અરજદારની બાબતમાં ૧૫ વિ. રી. ૧

(મી૦ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ અને મી૦ લોક જડજોની રૂબરૂ, ૧૪ મી જાનેવારી ૧૮૭૧).

૫૩ કબજો—જમીનની તકરાર સુલેહનો ભંગ—પોલીસનો રીપોર્ટ—પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ મુકરદમો ચાલ્યો હોય, તેના ઠરાવમાં મા

જીસ્ટ્રેટે લખ્યુ હોય કે તકરાર એવી હતી કે સુલેહનો ભંગ થવાનો સંભવ હતો, તે કામના કાયદેસર પુરાવા ઉપરથી લખવું જોઈએ, આવા કેસમાં પોલીસનો રીપોર્ટ એ કાયદેસર પુરાવો ગણાતો નથી. ઓભોય ચોધરે વિ. થોમસ બ્રે. ૧૫ વિ. રી. ૪૨; ૬ બેં. લૉ. રી. અપે. ૧૪૮.

(મી૦ બેલી અને મી૦ મીતર જડજોની રૂબરૂ, ૧૮ મી માર્ચ સને ૧૮૭૧).

કાશી કીસોરરાય વિ. તારીનીકંત લાહેરીના કામમાં આધાર રાખવામાં આવે છે. ૩ બેં. લૉ. રી. ક્રી. અ. ૭૬. જુઓ કબજો ૪૫.

૫૪ કબજો—જમીનની તકરાર—સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૩૧૮—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮ કોઈ જમીનને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મૂજબ અ માણસના લાભમાં હુકમ કર્યો હોય અને પછીથી બ નામના માણસે કલેકટરને અરજ કરી પોતાના લાભમાં હુકમ મેળવે અને તે હુકમની રૂઈએ કલેકટરના અમલદારે તેને કબજો સોંપ્યો હોય તો, એવું ઠરાવવામાં આવે છે કે હુકમ તોડવાને માટે તે પીનલકોડની કલમ ૧૮૮ મુજબ ગુન્હેગાર ગણાય, ત્યાર પેહલાં એમ સાબીત થવું જોઈએ કે બ નામના માણસને માજીસ્ત્રેટે કરેલા હુકમની ખબર હતી અને તે ખબર હોવા છતાં તે હુકમ તેણે તોડયો. અબલમલાસ અને બીજાઓ અરજદારો વિ૦ સીરનામસીંગ ૧૫ વિ. રી. ૫૦.

(મી૦ જેકશન અને મી૦ મેકફરસન જડજોની રૂબરૂ. ૧૪ એપ્રીલ ૧૮૭૧.)

૫૫ કબજો— જમીનની તકરાર—સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો .ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૮ જ્યાં અગાડી બંને તકરારી પક્ષકારોને તપાસ્યા પછી, સુલેહને ભંગ કરવાને માટે સામાવાળીઆએ. માણસે એકઠા કરયાં હતાં, એમ માલમ પડે તો મજીસ્ત્રેટ વધારે તપાસકરયા શીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની, કલમ ૩૧૮ મુજબ કામ ચલાવી શકે છે, અને સુલેહનો ભગ થતો અટકાવવાને પોતાની નજરમાં આવે તેવો બંદોબસ્ત કરી શકે. ગંગાનારણ મીતર અરજદાર વિ. ગોરસુંદર ચોધરે ૧૫ વિ. રી. ૮૫.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૨૦ મી મએ સને ૧૮૭૧.

કાશીકીસોર રાય વિ૦ તારીનીકંત લાહોરીના કામમાં તફાવત બતાવવામાં આવે છો ૨ બેં. લૉ૦ રી૦ ક્રી૦ અ ૭૬. જુઓ કબજો. ૪૫.

ગોલકચંદરરાય વિ. રાજમોહન બોસના કામમાં લક્ષ આપવામાં આવ્યું હતું. ૧૭ વિ. રી. ૩૩. જુઓ કબજો ૬૪.

૫૬ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મૂજબ મુકરદમો ચલાવી પુરાવા ઉપરથી માજીસ્ત્રેટ જે માણસનો કબજો છે તે માણસના લાભમાં તકરારી જમીનનો ફેંસલો આપે તો હાઇકોર્ટ માજીસ્ત્રેટનો ફેંસલો ફરીથી ધ્યાનમાં લેઈ ક્યા પક્ષકારનો ખરેખરી રાતે કબજો છે એ ઠરાવી શકે નહી.

ભારતચંદર બોસ વિ. અરજદાર દવારકાનાથ ચોધરે ૧૫ વિ. રી. ૮૬.

(મી૦ જેકશન અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મે સને ૧૮૭૧.

૫૭ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—અમુક જગાની તજવીજ—સોગન વીનાની હકીકત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮— જમીનનો કબજો, જેના વીશે સુલેહનો ભંગ થવાની ધાસ્તી છે, તે કબજો કીયા પક્ષકારનો છે, તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ માજીસ્ત્રેટ ફકત અમુક જગાની તજવીજ અને સોગન વિનાની હકીકત ઉપરથી નીરણય કરી શકે નહી. સરકાર વિ. કાલીચંદરો શાહ ૧૬ વિ. રી. ૧૩; ૭ બેં૦ લૉ૦ રી૦ ૩૨૨.

(મી૰ બેલી અને પોલ જડજોની રૂબરૂ ૧૭ મી જુન ૧૮૭૧.)

નીચેના કેસોમાં આધાર રાખવામાં આ વ્યો:—

ભદ્રેસરી ચોધરાણી વિ. ગોબરધન મા ઝી. ૧૬ વિ૰ રી૰ ૭; ૧૭ એં૰ લો૰ રી૰ ૩૨૯. જુઓ પોલીસ રીપોર્ટ ૨.

સેખઅંગલેવિ. દુરગા નારાયણુ નાગ ૨૫ વિ. રી. ૭૪. જુઓ કબજો ૧૦૨.

નીચેના કેસોમાં નજર રાખવામાં આ વે છે:—

રાણિ વિ. સુના ઉલાહ ૨ વિ. રી. ૪૪. જુઓ કબજો ૭.

દીવાન ઈલાહી ન્યુઆઝખાન વિ. સબુરૂ નીસા, ૫ વિ. રી. ૧૪. જુઓ કબજો ૧૪.

મહારાજા ગોબીનનાથરાય વિ. રાજા અ નંદનાથરાય ૫ વિ. રી.૮૯. જુઓ કબજો ૧૯.

રાણી. વિ. આબાસઅલી ચોધરે ૬ એં. લૉ. રી. ૭૪. જુઓ લોકોપકારક કૃત્ય ૨૪.

રાણી વી. બાલાબકંત ભટાચારજી ૭. એં. લૉ. રી. ૩૨૪. જુઓ કબજો ૪૧.

૫૮ કબજો—જમીનની તકરાર દિવાની કોર્ટનુ હુકમનામું-સૂલેહનો ભંગ. સને ૧૮૬૧. નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ ક. ૩૧૮—દીવાની કોર્ટના હુકમનામાની બજાવણીમાં ક્રી મીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ માજીસ્ટ્રેટ દરમીયાન થઈ શકતો નથી. તકરા રી જમીનના આખા અથવા કોઈ પણ ભાગ ને માટે દીવાની કોર્ટે હુકમનામું કરી આપ્યુ હોય તો તે હુકમનામાને ટેકો આપવો એ મા જીસ્ટ્રેટનું કામ છે; પણ તે ફરીથી તેજ જમી નને માટે ૩૧૮ મી કલમ મુજબ મુકરદમો ચલાવી શકે નહી. રાયમોહનરાય અને બીજા ઓ અરજદારો વિ. મી. જે. પી. વાઈઝ ૧૬ વિ. રી. ૨૪

(મી૰ જેક્સન અને મી૰ મુકરજી જડ જોની રૂબરૂ, ૨૧ મી જુલાઈ સને ૧૮૭૧).

નીચેના કેસોમાં આધાર રાખવામાં આ વ્યો. રાજાગંગકોલ એસોસીએસન લીમીટેડ વિ. હેમલાલ ઘાટવલ ૨૪ વિ. રી. ૧૭. જુઓ કબજો ૧૧

ચત્રપટસીંગની બાબતમાં ૫ ક. લો રી. ૨૦૦. જુઓ કબજો ૧૧૭

ભોળાનાથ ઘોસ વિ. મથુર મંડળે ૭ ક. લો. રી. ૫૧૬. જુઓ મુચરકો ૧૨૨.

ગોબીનચંદ્ર મોઈટીરની અરજીની બાબ તમાં મંજુર રાખવામાં આવ્યો. ઈ૰ લૉ૰ રી૰ ૬ ક. ૮૩૫; લો. રી. ૨૧૭. જુઓ કબજો ૧૩૨.

૫૯ કબજો—જમીનની તકરાર સુલેહ નો ભંગ—એજન્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—સુલેહનો ભંગ નહી કરવાનો પક્ષકારનો મુચરકો લેતાં અવલ સાક્ષીઓ ઉપર સમન કાઢી તેમની રૂ બરૂ તે સાક્ષીઓને તપાસવા જોઈએ, કોઈ ગુમાસ્તો કોરટમાં ઓચીંતો આવ્યો હાય તો કાયદેસર રીતે તે હાજર ગણાય નહી, અને તેની રૂબરૂ થએલો તપાસ કાયદેસર રીતે બરોબર ગણાય નહી. કુમારપોરેસ નારાયણરાય અરજ દાર ૧૬ વિ. રી. ૪૫.

(મી૰ બેલી અને મી૰ મીતર જડજો ની રૂબરૂ, તા૰ ૧૬ મી સપટંબર સને ૧૮૭૧.)

એ. ડી. ડની વિ. હેમચંદ્ર ચોધરેના કા મમાં આધાર રાખવામાં આવે છે. ૧૨ વિ. રી. ૬૦. જુઓ જામીનગીરી સલાહસંપ રાખ વાની ૮.

૬૦ કબજો—જમીનની તકરાર—સુલેહ નો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ મુકરદમો શરૂ કર તાં પહેલાં, કાયદેસર પુરાવો લેઈ માજીસ્ટ્રેટે પોતાના મન સાથે ખાતરી કરવી જોઈએ કે સુલેહનો ભંગ થવાનો સંભવ છે, અને તે ખા તરી થવાના કારણો મુકરદમામાં લખવાં જોઈ એ. ઠારકડી મંડળ વિ. ચંદરભુસન બનારજી અને બીજાઓ ૧૬ વિ. રી. ૬૪.

(મી૰ ગલોવર અને મી૰ મીતર જ

ડજોની રૂબરૂ, તા૦ ૨ જી ડીસેંબર સને ૧૮૭૧.)

૬૧ કબજો—જમીનની તકરાર—હક ના સવાલો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮.—જમીનના કબજાના હકોના સવાલો બાબત માજીસ્ટ્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મૂજબ ફરીઆદ કરવી એ ખરેખર કાયદાની મતલબ ખોટી સમજી વખત ગુમાવવાનું અને પક્ષકારોને નકામા પૈસા ખરચવાનું છે, કારણ કે આવી બાબતનો ફેંસલો ફક્ત દિવાની કોર્ટ કરી શકે છે. કુમાર પોરેશ નારાયણરાય અરજદાર વિ૦ મેસર્સ વેટસન અને કો. અને બીજાઓ ૧૭ વિ૦ રી૦ ૩.

(મી૦ બેલી અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ. તા૦ ૬ ઠી જાનેવારી સને ૧૮૭૨)

૬૨ કબજો—જમીનની તકરારો—ગામડાના નાયબ ઉપર નોટીસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮.—નોટીસ ફક્ત ગામડાના નાયબને મળી હોય જેને તે નોટીસ પોતાની શેઠાણીને બતાવી ના હોય અથવા તેણીના હુકમ મુજબ પોતે ચાલ્યો ના હોય તો જમીનના કબજાની તકરારની બાબતમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ માં બતાવેલી નોટીસ તે ગણાય નહીં. રામરતનજીડોસી વીરૂધ ગુરૂદાસરાય ૧૭. વિ૦ રી૦ ૯.

(મી૦ કેમ્પ અને મી૦ જેકસન જડજોની રૂબરૂ. તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૭૨).

ગુલોકચંદ્રરાય વિ૦ રાજમોહન બોસના કામમાં નજર રાખવામાં આવી હતી.

૬૩ કબજો—જબરજસ્તીથી કબજો—દિવાની કોરટની કબુલાત—ફરીઆદીની ભુલ—માજીસ્ટ્રેટની સત્તા—દિવાની કોરટે જે અધીકારીને કબજો સોપાવ્યો હોય તે પક્ષકાર પાસેથી જોર જુલમથી કબજો લેઇ લીધાની ફરીઆદમાં દીવાની કોર્ટની પરવાનગીની કાંઈ જરૂર નથી, તેમજ ફરીઆદીએ કલમ ૧૮૮ જેની અંદર તે ગુન્હાનો સમાવેશ થઈ જાયછે તે કલમ ભુલથી ના લખી હોય તેથી માજીસ્ટ્રેટને તે કલમ મુજબ તોહોમત રાખવાને કાંઈ બાધ આવતો નથી. દુલારપાન્ડેની બાબતમાં ૧૭ વિ. રી. ૧૦.

(મી૦ લોક અને મી૦ એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જાનેવારી સને ૧૮૭૨).

૬૪ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—ઇજમાલી મીલકત—બે પ્રગણાના જાલકર—ડેપ્યુટી માજીસ્ટ્રેટનો ઠરાવ રદ કરવામાં આવ્યો કારણ કે તકરારી જમીન ઇજમાલી મિલકત હોવાથી તેની તજવીજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ કરવાનો માજીસ્ટ્રેટનો અધીકાર નથી, પણ નંબર ૧૦ તા૦ ૧૯ મી અપ્રેલ સને ૧૮૬૩ ના સરક્યુલર મુજબ તેણે તપાસ કરવી જોઈતી હતી; બીજુ એકે તકરારી જાલકરનો કેટલોક ભાગ બેકરગંગી ડીસ્ત્રીકટમાં હોવાથી, ફરીદપુરનો ડેપ્યુટી માજીસ્ટ્રેટ જે ભાગ ખરેખરી રીતે તેની હદમાં નોહોતો તે ભાગની તજવીજ કરી શકે નહી. ગોલકચંદરરાય અને બીજાઓ વિ. રાજમોહનબોસ અને બીજાઓ ૧૭ વિ. રી. ૩૩.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, ૨ માર્ચ સને ૧૮૭૨).

નીચેના કેસોમાં ધ્યાન આપવામાં આવે છે.

ગંગાનારાયણ મીતર વિ. ગોરસુદર ચોધરે ૧૫ વિ. રી. ૮૫. જુઓ કબજો ૫૫.

રામરતનજીનીડોસી વિ. ગુરૂદાસરાય ૧૭. વી. રી. ૯. જુઓ કબજો ૬૨.

૬૫ કબજો—જમીનની તકરાર—માજીસ્ટ્રેટની હકુમત—હક—મુકરદમો લખવો—વધારો—પુરાવો—મીલકત ઉપર જપ્તી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૦, ૩૧૮, ૩૧૯—નદીઓ સુકાઇ ગઈ હોય તેવી જગાઓમાં સુલેહનો ભંગ થતો અટકાવવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મૂજબ માજીસ્ટ્રે

ટને અધીકાર નથી. કલમ ૩૦ મી મુજબ તે જગ્યા ઉપર માજીસ્ટ્રેટની, એક વખત હકુમત હોય તો તે, પાણી સુકાઇ જઈ જમીનના દેખાવાથી, જતી રેહેતી નથી. ખરેખરા કબજાનો ખુલ્લી રીતે પુરાવો ના હોય તો, કોઈ પક્ષકાર હક સાબીત કરવાને કેટલોક દસ્તાવેજી પુરાવ આપી માજીસ્ટ્રેટના ધ્યાનમાં કબજા વીષેની હકીકત લાવે તો પછીથી તે માણસ, માજીસ્ટ્રેટે હકના સવાલ વિષે નીરાકરણ કર્યું છે, એવો વાંધો ઉઠાવી શકે નહી. કોઈ પણ પક્ષકારનો કબજો હતો એ વીષે માજીસ્ટ્રેટની ખાતરી ના થાય તો સુલભ રસ્તો એ છે કે તકરારી મીલકત ઉપર જપ્તી મુકવી જોઇએ, અને તેનો કબજો કોઈ પણ પક્ષકારને સોંપવો જોઈએ નહી. મુકરદમો પેહેલાં લખ્યા શીવાય માજીસ્ટ્રેટે કલમ ૩૧૮ મુજબ હુકમ કરેલો તે રદ કરવામાં આવ્યો હતો, અને તે કલમ મુજબ મુકરદમો ચલાવવાને કેસ પાછો મોકલવામાં આવ્યો હતો. ઈમામબંદી બેગમ વિ. ટેકબાહાદુર ૧૭ વિ. રી. ૫૩.

(મી૦ કાઉચ ચીફ્ જસ્ટીસ અને મી૦ એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી અપ્રેલ સને ૧૮૭૨).

૬૬ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮.-ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ ખરેખરો કબજો લેવાનો કોનો હક છે તે નીરાકરણ કરી શકે નહી તેમજ પેહેલાનો હક અથવા કબજો સાબીત ગણવાને આગળના ઠરાવો ઉપર આધાર રાખી શકે નહી. કયા પક્ષકારનો ખરેખરો કબજો છે તેજ ફકત શોધી કાઢવું જોઈએ. સરકાર વિ. શ્રીપતીરાય અને બીજો ૧૭ વિ. રી. ૫૯.

(મી૦ બેલી અને મી૦ મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી મે સને ૧૮૭૨).

૬૭ કબજો-જમીનનીતકરાર-સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮-તકરારી મીલકત ઉપર જપ્તી મુકતા પેહેલાં, તકરારી બાબત ખરેખરી રીતે કોના કબજામાં હતી તે શોધી કાઢવાને માટે માજીસ્ટ્રેટ પુરાવો લેવાને અને સુલેહનો ભંગ થવાની પોતાની ખાતરી હતી એના કારણો લખવાને બંધાયલો છે મુખોડાદાસી અપેલેન્ટ ૧૮. વિ. રી. ૪.

(મી. બેલી અને મી૦ મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી મેએ સને ૧૮૭૨.)

૬૮ કબજો-જમીનનીતકરાર-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮—પ્રથમનો મુકરદમો—ગેરહાજર ભાગીદાર-તકરારી જમીનમાં પોતાના ભાગના દાવા વીશે લખીતવાર હકીકત રજુ કરવાને માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ મુકરદમો શરૂઆત કરતી વખતે, હુકમ કરેલો તેનો અર્થ એ થાય છે કે, પક્ષકારોએ કબજાના સબંધમાં દાવાઓ વીશેની તેમની લખીત હકીકત રજુ કરવી જોઇએ; અને જે માણસનો કબજો સાબીત થયો તે માણસનો કબજો કાયમ રાખવાનો માજીસ્ટ્રેટે હુકમ કરેલો, તે હુકમ જો કે ગેરહાજર ભાગીદારના વિરૂદ્ધ હતો તો પણ યોગ્ય રીતે કરેલો ઠરાવવામાં આવ્યો હતો. કોઈલાસનાથરાય વિ૦ કાલી નારાયણ ચકરબતી ૧૮ વિ. રી. ૨૪.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ તા૦ ૨૬ મી જુન સને ૧૮૭૨.)

૬૯ કબજો—જમીનની તકરાર—તકરારી જમીનમાં વાવેતર-સને ૧૮૫૯ ના આકટ ૧૪ ની કલમ ૧૫ મુજબ કબજાનો ચાલતો દાવો.-સને ૧૮૫૯ ના આકટ ૧૪ માની કલમ ૧૫ મુજબ કબજાના દાવાનો ઠરાવ થતાં સુધી માજીસ્ટ્રેટ જે માણસના કબજામાં જમીન હોય નહી, તે માણસને બીજા પક્ષકારના કબજાની જમીનમાં વાવેતર કરવાની પરવાનગી જમીન સબંધી તકરારમાં આપી શકે નહી. શીબચરન ચકરબતી વિ. ઈશનચંદર ચકરબતી. ૧૮ વિ. રી. ૨૭.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૭૨).

૭૦ કબજો—જમીનની તકરાર—સને

૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—ભાડાનો ભાગ એકઠો કરવાના હકની તકરાર—નં० ૧૦, ૧૮ મી અપ્રેલ સને ૧૮૬૩ ના હુકમનો સરક્યુલર—સને ૧૮૧૨ નો રેગ્યુલેસન ૫ મો ક. ૨૬—સને ૧૮૨૭ નો ૫ મો—સને ૧૮૬૧નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ ફક્ત જમીન સબંધી તકરારને લાગુ પડે છે, પણ એકઠી નહી વેચેલી જાગીરનું ભાડું એકઠું કરવાની હકની તકરારને લાગુ પડતી નથી. ભાડું એકઠું કરવાના હકની તકરારને નં० ૧૦ તા० ૧૮ મી અપરેલ સને ૧૮૬૩ ના હુકમનો સરક્યુલર, અને સને ૧૮૧૨ નો રેગ્યુલેશન ૫ મો જેમાં સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૫ માથી સુધારો થયો છે તે લાગુ પડે છે. રામરંગીનીદાસ વિ० ગુરૂદાસરાય ૧૮ વિ. રી. ૩૬.

(મીં० કેમ્પ અને મીં० ગ્લોવર જડજોની રૂબરૂ, તા० ૨૪ મી જુલાઈ સને ૧૮૭૨)

પદોમનીદાસ વિ० જગોદંમબાદાસીના કામમાં નજર રાખવામાં આવી હતી. ૨૫ વિ. રી. ૨. જુઓ પોલીસ રીપોર્ટ ૩.

૭૧ કબજો—સને ૧૮૬૦ ના ૨૭ મા મુજબ સરટીફીકેટ—ઘરનો તકરારી કબજો—પદ્ધતિ—સને ૧૮૬૦ ના ૨૭ મા મુજબ કોઈ શખ્સને મરનારનુ સરટીફીકેટ મળ્યું હોય તો તે સરટીફીકેટથી તે ફક્ત મરનારનું લેહેણું વસુલ કરી શકે છે, પણ મરનારની મીલકત કોઈ માણસના કબજામાં ખરી અથવા ખોટી રીતે હોય તો તે મીલકત લેવાનો તેને હક મળતો નથી. માજીસ્ટ્રેટે જે માણસનો કબજો હોય તેનો કબજો કાયમ રાખી સામા પક્ષકારને દીવાની કોરટમાં પોતાની મીલકત ઉપરનો હક સરટીફીકેટને બાજુ ઉપર રાખી સાબીત કરવાને દાવો કરવાનો હુકમ કરવો જોઈએ. સીતારામ સાહુ વિ० રાયશીઓ ઘોલામસાહુ બાહાદુર ૧૮ વી. રી. ૩૪.

(મી. કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ તા० ૨૯ મી જુલાઈ સને ૧૮૭૨.)

પદોમનીદાસી વિ० જગોદંબાદાસીના કામમાં નજર રાખવામાં આવી હતી ૨૫ વી રી. ૨. જુઓ પોલીસ રીપોર્ટ ૩.

૭૨ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—જમીનના પેટા ભાગીદારોને નોટીસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—જમીનના સઘળા પેટાભાગીદારો જેઓ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮માં બતાવેલી તકરારમાં એક અથવા બીજી રીતે સામેલ હોય તે સઘળાઓને નોટીસ આપવાનું કાંઈ કાયદામાં ફરમાવેલું નથી. તકરારમાં સામેલ પક્ષકારો જેઓ સુલેહનો ભંગ કરશે એમ લાગે તેવાજ પક્ષકારોને ફક્ત નોટીસ આપવાની જરૂર છે. ગોબીનચંદર ઘોસ અને બીજો, વિ० અનંદોચંદર સીરકાર અને બીજો ૧૮ વી. રી. ૫૪; ૯ બેં. લૉ० રી० અપે. ૩૯.

(મી० ગ્લોવર અને મી० મીતર જડજોની રૂબરૂ તા० ૧૭ મી સપટંબર સને ૧૮૭૨.)

૭૩ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮, અને પ્રકરણ ૨૨—સુલેહનો ભંગ—સમનો—સાક્ષીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મોં ક્રી. પ્રોસીજર કોડના ૨૨ મા પ્રકરણમાં સાક્ષીઓને સમન કાઢવાનું બતાવેલું નથી; તો પણ કલમ ૩૧૮ મુજબ સુલેહનો ભંગ થવાના કેસોમાં પક્ષકારો સાક્ષીઓ રજુ ના કરે તો સમનો કાઢી સાક્ષીઓ બોલાવવાની કોર્ટની ફરજ છે. મસંકર મોઝુમદાર વિ. રાણી આનંદ મોઈદસ ૧૮ વિ. રી. ૬૪; ૯ બેં. લૉ० રી० અપે. ૪૫.

(મી० કેમ્પ અને મી० પોનટીફેક્ષ જડજોની રૂબરૂ, ૧૯મી નવંબર ૧૮૭૨.)

જે. ડી. સધરલાંડની અરજીની બાબતમાં લાગુ પડે છે. ૯ બેં. લૉ. રી. ૨૨૯; ૧૮ વિ. રી. ૧૧. જુઓ મુચરકો ૪૫.

૭૪ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—સુલેહનો ભંગ—રબકારી—ક્રીમીન

લ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ માં બતાવ્યા મુજબ માજીસ્ટ્રેટને ખબર મળી હોય તે કેવા પ્રકારની ખબર છે તે બતાવીને ખબર ની મુખ્ય બાબતો લખીને બતાવવું જોઇએ કે, ઈનસાફની ખાતર તપાસ કરતાં તેની નજરમાં કારણો મળી આવે છે, અને તે કારણો ઉપરથી જમીન સબંધી તકરારમાં સુલેહનો ભંગ થશે, એમ ધારવામાં આવે છે. કાંઈ પણ દસ્તાવેજ જોયા સીવાય કલમ ૩૧૮ માં બતાવેલા રબકારી ઉપરથી સાફ માલમ પડી આવવું જોઈએ કે જે બાબતો ઉપરથી માજીસ્ટ્રેટને કારણો મળી આવે છે તે બાબતો માનવા લાયક છે. સધરલાંડનો કેસ સમજાવવામાં આવ્યો. ૧૮ વ. રી. ૧૧. કીશોર મોહનરાય અને બીજાઓ અરજદારો ૧૯. વિ. રી ૧૦.

(મી૦ ફીઅર અને મી૦ એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જાનેવારી ૧૮૭૩).

જે. સધરલાંડનો કેસ સમજાવવામાં આવે છે. ૧૮ વિ. રી. ૧૧; ૯ બેં૦ લૉ૦ રી૦ ૨૨૯—જુઓ મુચરકો ૪૫.

ચંદર માહાધવ ઘોસ વિ. જગતચંદરસેનના કામમાં નજર રાખવામાં આવી હતી, ૪ ક૦ લૉ૦ રી૦ ૪૮૩. જુઓ કબજો, ૧૧૬.

૭૫ કબજો—જમીનની તકરાર—સુલેહના ભંગની અરજીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ માજીસ્ટ્રેટ અગાડી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એમ ધારી મુકરદમો ચાલ્યો હોય તેમાં પક્ષકારોનો કબજો ના ગણીને જે હુકમ કરવામાં આવ્યો હોય તે હુકમ રદ કરવાની અરજીઓ પક્ષકારોએ તાબડતોબ કરવી જોઈએ. ગોગન પરમાનીક અને બીજાઓ વિ. રાનીસરનોમોઇ અને બીજાઓ ૧૯ વિ.રી.૩૯.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩.)

૭૬ કબજો—જમીનની તકરાર—પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૩૪—જુના ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ શરૂ થએલી જમીન સંબધી તકરારના કેસમાં પુરાવો, નવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૩૪, અને તેની ૫ છીની કલમોમાં બતાવ્યા મુજબ લખવો જોઈએ. ખેત્રોમોનીદાસી વિ. શ્રીનાથ સરકાર અને બીજાઓ ૨૦ વિ. રી. ૧૪; ૧૧ બેં૦ લૉ૦ રી૦ અપે૦ ૫.

(મી૦ જેકશન અને મી૦ મીતર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૭૩.)

૭૭ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—જમીનની તકરાર જેમાં સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવો કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ માજીસ્ટ્રેટ અગાડી ચાલતો હોય તે બાબતમાં કબજા સબંધી પુરાવો આપવાનો હોય તેજ વખતે માજીસ્ટ્રેટ મુકરદમો ચલાવતો હોય તે વખતના કબજા સબંધી પૂરાવો આપવો જોઈએ, પણ માજીસ્ટ્રેટ ફેસલો આપે તે વખતના કબજાનો પુરાવો આપી શકાય નહીં. પીરથીરામ ચોધરે રાવ બાહાદુર અરજદાર, ૨૦ વિ. રી. ૫૧.

રાખલદાસસીંગ વિ. રાજાસીઓ પ્રસાદ સીંગના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ૨૪ વી. રી. ૭૩. જુઓ કબજો ૯૪.

એમબ્લર વિ. પરોગના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૧ ક૦ ઈ૦ લો..રી. ૩૬૫. જુઓ મુચરકો ૧૩૫.

૭૮ કબજો—જમીનની તકરાર—પુરાવો—અમીનનો રીપોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ જમીનના કબજાની તકરારમાં, તે જગાએ જઈને તજવીજ કરવાનું કોઈ અમીનને સોંપ્યું હોય, અને તે તજવીજ કરી રીપોર્ટ કરે તેના એકલાજ રીપોર્ટ ઉપરથી, કબજાવાળા પક્ષકારનો કબજો, દીવાની કોરટ ખુંચાવી લે

ત્યાં સુધી કાયમ રાખવાનો હુકમ કરવો, એ વ્યાજબી નથી. રાણી વિ. સોમબર આહીર ૨૦ વિ. રી. ૫૭.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જુલાઈ સને ૧૮૭૩).

૭૯ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—દસ્તાવેજ—જામીનગીરી—પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૭.— अ અને ब, નામના માણસોની વચે જમીન સબંધી તકરારના કામમાં પોલીસનો રીપોર્ટ જેમાં સુલેહનો ભંગ થવાની ભારે ધાસ્તી છે એમ બતાવ્યું હતું તે રીપોર્ટ ઉપરથી માજીસ્ત્રેટે अ, ब, અને તેના નોકરોને સમન કહાડીને બોલાવ્યા; અને बનો પુરાવો સાંભળ્યા સીવાય બાકીના માણસો સાથે તેને પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની ક. ૪૯૭ મુજબ ગુન્હેગાર ઠરાવી સુલેહનો ભંગ ન થાય તેવા જામીન આપી મુચરકો લખી આપવાનો હુકમ કર્યો. એવું ઠરાવવામાં આવ્યું કે ब નામના માણસ સબંધી હુકમ ગેર કાયદેસર છે તેથી હુકમ રદ કરવામાં આવ્યો હતો. રાણી વીરૂધ ડબલ્યુ હારવી અને બીજાઓ ૨૦ વિ૦ રી૦ ૫૮.

(મી૦ મેકફરસન અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ તા૦ ૯ મી અકટોબર સને ૧૮૭૩.)

૮૦ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧-કોઈ માજીસ્ત્રેટને એમ માલમ પડયું કે તેના પેહેલાના માજીસ્ત્રેટે બે વર્ષ ઉપર કોઈ જમીનના કબજા સંબંધી કરેલો હુકમ હજુ સુધી અમલમાં આવ્યો નથી, તે ઉપરથી તેને તે હુકમ અમલમાં આણ્યો, અને તે હુકમની રૂઈએ કબજો ફેરવી દીધો. એવું ઠરાવવામાં આવ્યુ કે તેના પેહેલાના માજીસ્ત્રેટના હુકમથી તે વિરૂદ્ધ હતું, તોપણ તે વખતે જે માણસનો કબજો હતો તે માણસનો કબજો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ તેને કાયમ રાખવો જોઈતો હતો, અને જ્યાં સુધી તે હુકમની રૂઈએ જેને કબજો મળવાનો હતો, તે માણસ, અથવા ખરેખરા કબજાવાળો માણસ ફરીઆદ કરે નહી કે તેનો કબજો લેઈ લેવાની બીક બતાવવામાં આવે છે, અથવા તેની પાસેથી હમણાંજ કબજો ખુચાવી લીધો છે માટે તે હુકમ મુજબ કબજો પાછો અપાવો, ત્યાં સૂધી માજીસ્ત્રેટ તે બાબતમાં કાંઈ પણ કરી શકે નહી. રાણી. વિ. પ્રોતાબચંદર બરૂહા. ૨૧ વિ. રી. ૨.

(મી૦ ફીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ તા૦ ૨૦ મી નવંબર સને ૧૮૭૩)

રાણી. વિ. આપાસુબન મંદરના કામમાં આધાર ઉપર નજર રાખવામાં આવી હતી. ઈ. લૉ. રી. ૮ મુ. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

૮૧ કબજો—જમીનની તકરાર—જગ્યાની તજવીજ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૩—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૩ મુજબ કોઈ જગ્યાની તજવીજ કરવામાં આવી હોય તો તે કામના મુકરદમાનો ભાગ ગણાય છે અને જે પક્ષકારને નુકશાન થયુ હોય તે પક્ષકારને તેના પરીણામથી વાકેફ કરવો જોઈએ, અને તેની મરજીમાં આવે તો તેને, સુપરત કરેલા માજીસ્ત્રેટના રીપોર્ટ સામે પુરાવો આપવાની તક આપવી જોઈએ. મીરધનુ વિ. થોમસ બ્રાઉન ૨૧ વિ. રી. ૨૫.

(મી૦ ફીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ તા૦ ૧૦ મી જાનેવારી સને ૧૮૭૪)

૮૨ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ સુલેહના ભંગના કામમાં આસીસ્ટંટ માજીસ્ત્રેટે હુકમ કરેલો તે હુકમ ફેરવવાની ભલામણ કરી શેસન જડજે કેટલાક કારણો બતાવી કેસ હાઈકોર્ટના અ

બીપ્રાય માટે મોકલ્યો હતો તેમાં અધીકાર નથી એવું કારણ બતાવવામાં આવ્યું નોહોતું. ડીવીઝન બેન્ચ કે જેના અગાડી તે લખાણ મૂકવામાં આવ્યું હતું તેણે દરમીયાન થવાની ના પાડી. પછીથી તકરાર ઉપરથી તે બાબત બીજી ડીવીઝન બેન્ચ અગાડી મુકવામાં આવી હતી, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે અધીકાર નથી એ સવાલનું નીરાકરણ થઈ સકે છે; અને માજીસ્ત્રેટના હુકમની અસર કોઈ પક્ષકારના વીરૂદ્ધમાં અભીપ્રાય બંધાઈ નુકશાન થાય તેવી છે તેથી હુકમ જે તદન અધીકાર વીનાનો છે તે રદ કરવામાં આવે છે. રનબાહાદુરસીંગ વિ. હરદોયલસીંગ ૨૧ વિ. રી. ૩૨.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જાનેવારી સને ૧૮૭૪).

૮૩ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦. મોટા આંગણાની જમીનની તકરારની બાબતમાં બંને પક્ષકારોએ એવી તકરાર બતાવી કે તે જમીન તેમની રઈયતના કબજામાં છે અને તેથી કબજો તેમનો છે. એમ ઠરાવવામાં આવ્યું કે, યોગ્ય દીવાની કોરટનો ફેંસલો આવે ત્યાં સુધી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ જમીન એક પક્ષકારના તાબામાં રેહવી જોઈએ એમ ઠરાવવાના કરતાં, માજીસ્ત્રેટે કયા પક્ષકારના તાબામાં જમીનનો કડકે કડકો હતો એ સવાલ ધ્યાનમાં લેવો જોઈતો હતો. મધુસુદન સાહ અને બીજો. વિ. બીજોયગોબીન ચોધરે અને બીજાઓ ૨૧ વિ. રી. ૫૫.

(મી૦ ફીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી મારચ સને ૧૮૭૪).

૮૪ કબજો—જમીનની તકરાર—દીવાની કોર્ટ—સને ૧૮૭૧ નો ૧લો ઢોરના અતિક્રમણ આક્ટ કલમ ૨૨—જે જમીન ઉપર ફરીઆદીનાં ઢોરો ચરતાં હતાં તે જમીનના માલીકપણા વીશે તકરાર ઉઠી; તેમાં ફરીઆદીએ બતાવ્યું કે જમીન અ નામના માણસની છે અને તે માણસે ફરીઆદીને ઢોરો ચરાવવાનો હક આપેલો છે, અને જે પક્ષકારે જમીન ઉપર પોતાનો હક છે એમ ધારીને ઢોરોને પકડી ડબામાં પુરાવ્યાં હતાં તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું; એવું ઠરાવવામાં આવ્યું કે માજીસ્ત્રેટે પક્ષકારોને દીવાની કોર્ટમાં જવાનો હુકમ કરયો તે કાયદા વીરૂદ્ધ છે, અને તેણે કેસનો ફેંસલો સને ૧૮૭૧ ના ૧ લા આકટની કલમ ૨૨ મુજબ આપવો જોઈતો હતો. શેખ ટનુ વિ. કરીમબખ ૨૨ વિ. રી. ૨.

(મી૦ કેમ્પ અને મી૦ બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૪.)

૮૫ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—હકુમત—દસ્તાવેજ—કરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૫૩૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ કબજાની બાબતમાં માજીસ્ત્રેટનો અખ્ત્યાર છે તે કબજો ખરેખરો સાફ ઉઘાડો દેખાય તેવો હોવો જોઈએ. કોઈપણ શખસનો દસ્તાવેજ અથવા કબુલાતની રૂઇએ, મુલકના કોઈ મોટા ભાગ ઉપર કાંઇ કરવાનો હક હોય, અને તે હક મુજબ જે જમીન ઉપર પોતાનો હક છે તે જમીનના એક ભાગ ઉપર કેટલાંક કૃત્યો કર્યાં હોય તો, તેનો હક કાયમ રાખવાને માટે અથવા દીવાની દાવામાં મુદતનો બાધ આવે તો તેને માટે તે કૃત્યો બસ છે, પણ આથી એવો કબજો ગણાય નહી કે જેથી માજીસ્ત્રેટ બીજાની જમીન ઉપર કેટલાંક કૃત્યો, જે ઘણુકરીને કબજાની વિરૂધ ના હોય પણ હકની વિરૂદ્ધ હોય તેવાં કૃત્યો કરવાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ મના કરી શકે. બીજોયનાથ ચતરજી વિ. બેંગોલ કોલકંપની લીમીટેડ. ૨૩ વિ. રી. ૪૫.

(મી૦ જેકસન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, ૪ માર્ચ સને ૧૮૭૫).

એમબ્લર વિ. પુશોંગના કામમાં આધાર ઉપર નજર રાખવામાં આવી હતી. ઈ. લૉ. રી. ૧૧ ક. ૩૬૫. જુઓ કબજો ૧૩૫.

૮૬ કબજો—જમીનની તકરાર—કબ

જો લેઈ લેવા તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૪—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૪ મુજબ જે માણુસના લાભમાં હુકમ કર્યો હોય તે હુકમમાં બતાવવું જોઇએ કે, તે માણુસ પાસેથી સાપ્રાધ બળ વાપરી સ્થાવર મીલકત ખુંચાવી લીધી હતી, અને તે બળ સાપ્રાધ ગુન્હેગાર ઠરાવવામાં એક મુખ્ય બાબત છે; અને તેથી તે સ્થાવર મીલકત તે માણુસને સોંપવામાં આવે છે. મોહંત લચમીદાસ અને બીજાઓ વિ. પાલટલાલ મી૦ ક્રાકડીનો નોકર. ૨૩ વિ. રી. ૫૪.

(મી૦ ફ્રીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, ૨૦ મી માર્ચ સને ૧૮૭૫.)

૮૭ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ નહી કરવાની જામીનગીરી—માજીસ્ત્રેટની મરજી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૪૦—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦ મુજબ તજવીજ ચલાવવી એ તદન ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ અથવા ડીસ્ત્રીકટના ભાગના માસ્ત્રેટની મરજી ઉપર છે, અને તે પ્રકરણ મુજબ તજવીજ ચલાવવાનો હુકમ કરવાનો હાઈકોર્ટનો અધીકાર નથી. સુલેહનો ભંગ નહી કરવાના જામીન લેવા તે પણ માજીસ્ત્રેટના વિચાર ઉપર છે. કાલી પ્રોસોનોરાય અરજદાર. ૨૩ વિ. રી. ૫૮.

(મી૦ જેકસન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, ૬ ઠી અપ્રેલ સને ૧૮૭૫).

૮૮ કબજો—જમીનની તકરાર—પુરાવો લેનાર અમલદારનો ઠરાવ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦—ડેપ્યુટી માજીસ્ત્રેટે પોતાની પેહેલાના માજીસ્ત્રેટે, પુરાવા લીધેલો તથા કેસ ચલાવેલો તેના ઉપર આધાર રાખીને અને નવેસરથી પુરાવો લીધા સીવાય તથા સાક્ષીઓને તપાસ્યા સીવાય કબજાની બાબતનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ મુકરદમો ચલાવી ફેંસલો આપ્યો તે મુકરમો હાઈકોર્ટે રદ કર્યો, ગુરૂચરન સેન વિ. કાલીનાથદાસ બીસવાસ ૨૩. વિ રી. ૬૨.

(મી૦ જેકસન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, ૮ મી અપ્રેલ સને ૧૮૭૫)

૮૯ કબજો પાણીના ભોગવટાનો હક હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૨,—મુદત—બંને પક્ષકારો વચે પાણીના ભોગવટાની બાબતમાં તકરાર ચાલતી હતી તે તકરારની બાબતમા તજવીજ ચલાવવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૨ મુજબ માજીસ્ત્રેટનો અધીકાર છે, અને કેટલાક અટકાવથી પાણી એક પક્ષકારના ભોગવટાને માટે ખુલુ હતું એમ તેને માલમ પડે તો પોતાના કબજામાં બધું પાણી રહે એવું કાંઈ કૃત્ય બીજો પક્ષકાર કરે તો તે કૃત્ય તે અટકાવી શકેછે; પણ તે ભોગવટો આખા વરસનો હોય તો ત્રણ મહીનાની અંદર તે હકનો ભોગવટો થએલો હોવો જોઇએ અથવા તે અમુક રૂતુએ ભોગવાય તેવો હક હોય તો છેલી રૂતુમાં તે હક, ઉપર કહેલા પક્ષકારે ભોગવેલો હોવો જોઈએ. ચોધરી ઝુરલ હક અને બીજાઓ વિ. કરમચંદસીંગ અને બીજાએ ૨૪ વિ. રી. ૭૫.

(મી૦ ગ્લોવર અને મી૦ મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૭૫).

બરડવાનના મહારાજ. વિ. ડારજીલીંગ મ્યુનીસીપાલીટીના ચેરમેનના કામમાં નજર રાખવામાં આવી હતી. ૪ ક. લૉ. રી. ૩૨૪. જુઓ કબજો ૧૧૪.

૯૦ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—કબજાવાળા પક્ષકારનો કબજો કાયમ રાખવાની શરૂઆતો—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૩૭ મુજબ તજવીજ ચલાવીને માજીસ્ત્રેટે કલમ ૫૩૦ મુજબ ફેંસલો આપ્યો કે, કબજો અમુક પક્ષકારનો છે તેથી તે કબજો કાયમ રાખવો જોઈએ. એવું ઠરાવવામાં આવ્યું કે, કલમ ૫૩૦ મુજબ મુકરદમો લખવામાં આવ્યો નથી તોપણ, તે કલમમાં બતાવેલી શરૂઆતો વાસ્તવીક રીતે થએલી છે. દરીઓસીંગ અને બીજાઓ વિ. ઉ

મા પ્રસાદ અને બીજો. ૨૪ વિ. રી. ૧૬.

(મી૦ ગ્લોવર અને મી૦ મીતર જડજો ની રૂબરૂ, તા૦ ૨૧ મી જુન સને ૧૮૭૫.)

૯૧ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—દીવાની અદાલતનું હુકમનામું—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ ની મતલબ, કબજાવાળા પક્ષકારનો કબજો દીવાની કોર્ટ બંને પક્ષકારોના હકોનો ફેંસલો આપે ત્યાં સુધી કાયમ રાખવામાં સુલેહનો ભંગ થતો અટકાવવાની છે. તકરારી પક્ષકારોના હકનું નિરાકરણ દિવાની કોર્ટના એક વખતનાજ ફેંસલાથી થઈ જાય છે. અને તેથી સંક્ષેપમાં હુકમ જે હક ઉપરથી નહીં પણ ફક્ત કબજા ઉપરથી કરવામાં આવે છે તે હુકમની કાંઈ જરૂર નથી. રાણીગંજે કોલ એસોશીએશન લીમીટેડ વીરૂધ હેમલાલ ઘાટવલ. ૨૪ વી. રી. ૧૭.

(મી૦ ગ્લોવર અને મી૦ મીતર જડજોની રૂબરૂ. તા૦ ૨૨મી જુન સને ૧૮૭૫)

રાય મોહનરાય વિ૦ મી. જે. પી. વાઈઝના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૧૬ વિ૦ રી૦ ૨૪. જુઓ કબજો ૫૮. ભોળાનાથ ઘોસ વિ૦ મથુરા મંડળેના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ૭ કલકતા લૉ. રી૦ ૫૧૬. જુઓ કબજો ૧૨૨. દામોદર વીઘાધર વિ૦ સ્યામાનંદડી. ૮ ક. લૉ૦ રી૦ ૫૧૪, ઈ. લૉ. રી. ૭ ક. ૩૮૫ જુઓ કબજો ૧૨૫.

૯૨ કબજો—તકરારી જમીન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૨—પક્ષકારોની વચે તકરારમાં તકરારી જમીનનો કેટલોક ભાગ લોકોનો નથી, એવો હુકમ થયો હોય તો તે હુકમનું તોડવું એ પીનલકોડની કલમ ૧૮૮ મુજબ હુકમનું તોડવું ગણાતું નથી. અનોડાપ્રસાદ દત્ત અને બીજાઓ વિ. રાની શામાસુંદરી. ૨૪ વિ૦ રી૦ ૨૦.

(મી૦ ગ્લોવર અને મી૦ મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જુન સને ૧૮૭૫).

૯૩ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦મો કલમો ૫૩૦, ૫૩૧—માજીસ્ત્રેટની જપ્તી—ડેપ્યુટી માજીસ્ત્રેટે કોનો કબજો છે એ માલમ પડતું નથી, એવી નોટીસ બંને પક્ષકારોને આપ્યા પછી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ મીલકત ઉપર જપ્તી મુકી. આ ઉપરથી ત્રીજા પક્ષકારે એવું બતાવ્યું કે, જે માણસને તે જમીન ભાડે આપી હતી તે માણસના મુવા પછી, જમીનદાર તરીકે તે જમીનનો કબજો તેને મળ્યો હતો, પણ ડેપ્યુટી માજીસ્ત્રેટે જમીનદારનો કબજો કાયદા મુજબ બરોબર નથી, એવું ધારીને જપ્તી ઉઠાડવાની ના પાડી. એવું ઠરાવવામાં આવ્યું કે ઉપલી બાબતો ધ્યાનમાં લેઈ માજીસ્ત્રેટની ફરજ પોતાનો હુકમ પાછો ખેંચી લેવાની હતી. જોયકીશન મુકરજી અને બીજો અરજદારો. ૨૪ વિ. રી. ૪૦.

(મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી અગષ્ટ ૧૮૭૫).

૯૪ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૯૧, ૫૩૦. જમીનની તકરારની બાબતમાં સુલેહનો ભંગ થવાનો સંભવ જણાય, પણ તે તાબડતોબ થવાનો સંભવ નથી એમ માલમ પડે તો માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મૂજબ નહી વરતતાં કલમ ૫૩૦ મુજબ ચાલવું જોઈએ. રાણી વિ. મોહેસચંદરરાય અને બીજાઓ. ૨૪ વિ.રી.૬૭.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી નવંબર સને ૧૮૭૫).

૯૫ કબજો—જમીનની તકરાર—જમા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૧ મુજબ આસીસ્ટન્ટ માજીસ્ત્રેટે ચલાવેલી તજવીજમાં એમ માલમ પડે કે ઈજમાલી તાલકનો બાર આની કબજો ખરેખરી રીતે એક ધણીનો હતો, અને તકરાર ઉઠી ત્યાં સુધી જમીનનું ભાડુ જુદુ જુદુ લેવાયું હતું એવું પુરાવા ઉપરથી નીકળી આ

વતું હોય તો, સઘળી જમીન તકરારમાં આ વી ગઈ છે એમ ધારી જપ્તી મુકવી એ કાયદા મુજબ માજીસ્ટ્રેટની ભુલ છે. કલમ ૫૩૧ માં "મુકરદમાનું ચલાવવું" એ શબ્દોનો અર્થ માજીસ્ટ્રેટને અરજ કર્યાથી ફેંસલો થયો હોય તે ફેંસલાની સરૂઆત, એમ થાય છે; અને નીરણય કરવાનો કબજો એ તકરાર ઉઠી અને પોલીસે સુલેહનો ભંગ થવાનો સભવ રહે છે એવો રીપોર્ટ કરયો હોય, તે વખતનો કબજો છે. રખલાલદાસસીંગ અને બીજો વિ. રાજા સીઓપ્રસાદસીંગ. ૨૪ વિ. રી. ૭૩.

(મી૦ ગ્લોવર અને મી.મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી ડીસેંબર સને ૧૮૭૫).

પીરથીરામ ચોધરે રાવબાહાદુર અરજદારના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૦ વિ. રી. ૫૧ જુઓ કબજો ૭૭.

એમબ્લર વિ. પશીંગના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૧ ક. ઈ૦ લૉ૦રી૦ ૩૬૫. જુઓ કબજો ૧૩૫.

૯૬ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦.—બંને પક્ષકારોમાંના એક પક્ષકારે એમ બતાવ્યું હોય કે મીલકત ઉપર આખો ભાગ એનો છે અને બીજા પક્ષકારનો નથી, તેવી બાબતમાં માજીસ્ટ્રેટે કોનો હક કબજો લેવાનો છે એ સવાલનું નીરાકરણ કર્યા શીવાય કબજો કોનો હતો એનો તપાસ કરી, કબજાવાળા પક્ષકારનો કબજો કાયમ રાખવાનો હુકમ કર્યો. હાઈકોર્ટે એમ ઠરાવ્યું કે આ કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ માં આવી જાય છે માટે હાઈકોર્ટને દરમીયાન થવાની કાંઈ જરૂર જણાતી નથી. બીજનાથ શાહુ વિ. રઘુનાથપ્રસાદ. ૨૫ વિ. રી. ૧૬.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, ૩ ફેબ્રુઆરી સને ૧૮૭૬).

૯૭ કબજો—વહીવટનું સરટીફીકેટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૫૩૦—સને ૧૮૬૦ નાં ૨૭ મુજબ કોઈપણ માણસને સરટીફીકેટ મળ્યું હોય તો, તેથી એવો કબજો ગણાય નહીં કે તે કબજો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ માજીસ્ટ્રેટ કાયમ રાખવાનો હુકમ કરી શકે. મુસામત અનારાગી કુંવર વિ૦ રામરચ્યાદાસ ૨૫ વી. રી. ૧૬.

(મી. ગ્લોવર અને મી. મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને સને ૧૮૭૬.

૯૮ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—ફોજદારી અદાલતની હકુમત—તકરારીકબજો—બજાવણી.—તકરારી જમીન પક્ષકારોના કબજામાં નોહોતી પણ તે જમીન ખેડુતોના કબજામાં ખરેખરી રીતે હતી, અને તેમની પાસેથી ભાડુ લેવાનો તેઓનો હક હતો, એવી જમીનના તકરારી કબજાના સવાલોનું નીરાકરણ કરવાનો માજીસ્ટ્રેટનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ અધીકાર છે, હુકમનામું બજાવવામાં ખેડુતના ભાગ તરીકે જમીનનો ભાગ વેચાયેલો તેનો કબજો બજાવનાર સીપાઈએ વેચાણ રાખનારને આપેલો તેથી પક્ષકારો વચે કબજાના સવાલનું નીરાકરણ કરવાનો માજીસ્ટ્રેટનો હુકમ કલમ ૫૩૦ મુજબ જતો રહેતો નથી. નોબીનચંદર કુન્ડુ અને બીજો વિ૦ જોગનડરેનાથ ભટાચારજી અને બીજો ૨૫. વિ. રી.૧૮

(મી૦ ગ્લોવર અને મી૦ મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬.)

ચત્રપતસીંગની બાબતમાં નજર રાખવામાં આવી હતી, ૫ ક. લૉ૦ રી૦ ૨૦૦ જુઓ કબજો ૧૭૭.

૯૯ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૩૦–૨૯૫—જોઈન્ટ સેશન જડજ હકુમત—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ ઈનસાફની રાહે તજવીજ કરીને કબજાવાળા પક્ષકારનો કબજો કાયમ રાખવાનો માજીસ્ટ્રેટે હુકમ કરવો જોઈએ. કલમ ૨૯૫

મુકદમો ચાલવાનો જોઈન્ટ સેસન જડજનો અ ધીકાર નથી. પણ તે કલમ ફક્ત સેસન જ ડજને લાગુ પડે છે. શાર્દુલનકુ નોશયે વિ૦ રંગ લાલજાહ અને બીજાઓ. ૨૫ વિ૦ રી૦ ૨૧.

(મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬.)

મુસા અમલની અરજીની બાબતમાં આ ધાર રાખવામાં આવે છે. ૯ મૂં. ઈ૦ લૉ૦ રી. ૧૬૪. જુઓ હકુમત ૪૭.

૧૦૦ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૩૦–૩૨–એકઠો વહીવટ કરનારનો કબજો—કેટલાક માલીકોના તરફથી દાટવાની જમીનનો વહીવટ કોઈ મુખત્યાર કરતો હોય અને તેથી જમીન તેના કબજામાં હોય તો તે બધા માણસોના હકોનો ફેંસલો પોતે આપી શકે નહી. દાટવાની જગાના માલીકપણા વીષે કેટલાંક માણસો વચ્ચે વાંધો હોય તો તેનું નીરાકરણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ અથવા ૫૩૨ મુજબ માજીસ્ટ્રેટને કરવાનો અધીકાર નથી, પણ તે હકનું નીરાકરણ દીવાની અદાલત કરી શકે છે. કાસી મહસ્તામ સુરતી અને બીજાઓ વિ. અબ્રાહીમ સુલેમન અને બીજાઓ. ૨૫ વિ. રી. ૨૪.

(મી૦ મેકફરસન અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, ૧૫ મી માર્ચ સને ૧૮૭૬).

૧૦૧ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦–સુલેહનો ભંગ—જપ્તી–તકરારી જમીનો ખરો માલીક એમાંથી કયો માણસ છે એ વીષે માજીસ્ટ્રેટને શક ઉત્પન્ન થવાથી સુલેહનો ભંગ થતો અટકાવવાને માટે તકરારી મીલકત જપ્ત કરી; પણ પક્ષકારો વચ્ચે કરાર થવાથી તે જપ્તી ઉઠાવી લીધી પણ પાછળથી ત્રીજો હકદાર જેનો કબજો લેવાના યત્નથી સુલેહનો ભંગ થવાની ધાસ્તી લાગી, તે ઉપરથી માજીસ્ટ્રેટે ફરીથી મીલકત જપ્ત કરી. એવું ઠરાવવામાં આવ્યું કે તજવીજ પુરી કર્યા પછી કલમ ૫૩૧ માં બતાવેલી સ્થીતિમાં માજીસ્ટ્રેટ આવી પડયો હોય તો કલમ ૫૩૦ માં બતાવેલી તજવીજ પ્રથમથી કરીને ફરીથી જપ્તી કરવાનો ફક્ત તેનો અધીકાર હતો, અને જો કાંઈ નવી તકરાર માલમ પડે તો તેને નવેસરથી મુકરદમો ચલાવવો જોઈતો હતો; પણ પ્રકરણ ૩૭ માં બતાવેલી સત્તા વાપરવી એ સઉથી ઉત્તમ રસ્તો હતો. રાણી. વિ. કાલીકીસોરરાય. ૨૫ વી. રી. ૬૮.

(મી૦ જેકસન અને મી. મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી જુન સને૧૮૭૬.)

૧૦૨ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમો ૨૯૭, ૫૩૦—નીશાનીવાળો કબજો—કોઈ જમીનના કબજાની તકરારની બાબતમાં સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવો પોલીસે રીપોર્ટ કર્યો, અને તે રીપોર્ટ ઉપર માજીસ્ટ્રેટે કોર્ટના ઈનસ્પેક્ટર તરફ પક્ષકારો ઉપર સમન કાઢવાનો, શેરો કર્યો, પણ તેમાં સુલેહનો ભંગ થવાની ધાસ્તી છે એવું પોતાનું ધારવું શા કારણોથી હતું એ કાંઈ બતાવ્યું નોહોતું, અને છેવટે જે પક્ષકારના લાભમાં માજીસ્ટ્રેટે હુકમ કરેલો, તે પક્ષકારે તકરાર લીધી કે તે હુકમમાં ગુન્હાનો સમાવેશ થયેલો છે. આ બાબત ઉપરના ચાલતા ઠરાવો ઉપર આધાર રાખીને એવું ઠરાવવામાં આવે છે કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ વાજબી રીતે દરમીયાન થવાને માટે, સુલેહનો ભંગ થવાનો સંભવ છે એના કારણો ઉપર માજીસ્ટ્રેટે ખાત્રી કરવી જોઈએ અને તે બાબત ઉપર પેહેલો પોતાનો અભીપ્રાય જણાવીને મુકરદમો આગળ ચલાવવાની સત્તા મેળવવી જોઈએ; અને મુકરદમામાં આવી રીતે નહી લખવું, તે ચુકથી ફક્ત અવ્યવસ્થા થઇ એમ ગણાય નહીં પણ તે ચુક વાસ્તવીક રીતે જોતાં એવી છે કે મુકરદમો ચલાવવાનો માજીસ્ટ્રેટનો અધીકાર જતો રહે છે. ન્યાયના મુકરદમામાં નિચેની કોરટની અમલની ભુલ સુધારવાનો અધીકાર શ્રી

મીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ હાઈકોર્ટને આપવામાં આવ્યો છે, તે અધી કાર કાયદાની ભુલોને લાગુ પડે છે, પણ હકી કત શોધી કાઢવાની ભુલોને લાગુ પડતો નથી. મી૦ કેમ્પ જડજ વિરૂધ પડીને વળી એવું ઠ રાવવામાં આવ્યું કે જે પક્ષકારનો કબજો સા. બીત થયો છે, તેની સામે નિશાનીવાળો કબ જો કાંઈ મજબુત ગણાતો નથી, તોપણ કાંઇ પુરાવો ના હોય તો તે કબજો ધ્યાનમાં લેવા લાયક છે. શેખ મંગલો અને બીજો વિ. દુર ગાનારાયણ નાગ ૨૫ વિ. રી. ૭૪.

(મી૦ ગાર્થ ચીફ જસ્ટીસ, મી૦ કેમ્પ અને મી૦ બર્ચ જડજોની રૂબરૂ. ૮ મી સપ ટંબર સને ૧૮૭૬).

નીચેના કેસોમાં આધાર પ્રમાણે ચાલવા માં આવે છે:—

કાશી કીસોરરાય વિ. તારીનીકંત લાહોરી ૩ બેં. લૉ. રી. ક્રી. અ. ૭૬. જુઓ કબ જો, ૪૫.

જે. ડી. સધરલાન્ડની અરજીની બાબ તમાં ૯ બેં. લૉ. રી. ૨૨૯; ૧૮ વિ. રી. ૧૧ જુઓ. મુચરકો ૪૫.

રાણી વિ. રણજીત મોલ્લા ૨ વિ. રી. ૩૧. જુઓ કબજો ૬.

હારવી વિ. બ્રાઈસ. ૧૪ વિ. રી. ૨૬. જુઓ કબજો ૧૩.

દીવાન ઇલાહી નવાઝખાન વિ. સબરન નીસા. ૫ વિ. રી. ૧૪. જુઓ કબજો ૧૪.

સરકાર વિ. કાલીચંદ્રો શાહ. ૧૬ વિ. રી. ૧૩. જુઓ કબજો ૫૭.

દુરગાચરનગીરી ૯ વિ. રી. ૬૪. જુઓ દંડ ૬.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

ચત્રપટસીંગની બાબતમાં ૫ ક. લૉ. રી. ૨૦૦. જુઓ કબજો ૧૧૭.

દામોદર બીધાધર વિ. સ્યામાનંદ દી. ૮ ક. લૉ. રી. ૫૧૪; ઈ. લૉ. રી. ૭ ક. ૩૮૫. જુઓ કબજો ૧૨૫.

ચંદર માધવ ઘોસ વિ. જગતચંદરસે ન. ૪ ક. લૉ. રી. ૪૮૩. જુઓ મુચરકો ૧૧૯.

ધનનકાઝી વિ. ખોર સેકકાઝી. ૧૧ ક. લૉ. રી. ૧૬૯. જુઓ જ્યુરી ૧૦૨.

નીચેના કેસો ઉલટા છે:—

મુસામત મુહુરન, ૬ વિ. રી. ૪. જુઓ કબજો ૧૭.

બંગાલા સરકાર વિ. હીરા લાલદાસ. ૧૭ વિ. રી. ૩૯. જુઓ રેજીસ્ટ્રેશન ૪.

ગોરમોહનમાજી વિ. દુલભમાજી. ૨૨ વિ. રી. ૮૧. જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૨.

કાલી કીસ્ટો થાકરના કેસમાં તફાવત બ તાવવામાં આવ્યો; ઈ. લૉ. રી. ૭ ક. ૪૬; ૮ ક. લૉ. રી. ૨૪૫. જુઓ કબજો ૧૨૪.

૧૦૩ કબજો—તકરારી જમીન—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૯૧, ૪૯૪, ૫૩૦—સબંધવાળા પક્ષકાર અગાડી લીધેલો પુરાવો—જરૂરનો મુકરદમો—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ મુકરદમો ચલાવી કબજાવાળા પક્ષકારનો કબ જો કાયમ રાખવાનો માજીસ્ત્રેટ હુકમ કરે તે પેહેલાં, જમીનની તકરારની બાબતમાં સુલેહ નો ભંગ થવાનો સંભવ છે એ બાબતની પો તાના મનને ખાત્રી થવાના કારણો મુકરદમા માં બતાવવા જોઈએ. સુલેહનો ભંગ નહી કર વાની બાબતમાં કોઈ માણુસના જામીન લે માણસની રૂબરૂ સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવો પુરાવો લેઈ ઠરાવ કરયા શીવાય, મા જીસ્ત્રેટ લેઈ શકે નહી. સમન વખતસર પો ચાડવામાં આવ્યો હોય અને તે માણુસ હાજ ર ના થયો હોય તો કલમ ૪૯૪ મુજબ વા રંટ કાઢવું જોઈએ. જામીન લેવાનો હુકમ કો ઈ પક્ષકારની ગેરહાજરીમાં થઈ શકે નહી. ઓખીલચંદર બીસ્વાસની બાબતમાં. ૧ ક. લૉ. રી. ૪૮.

મિ૦ મીતર અને મી૦ પ્રીનસેપ જડજો ની રૂબરૂ. ૬ ઠી જુલાઈ સને ૧૮૭૭).

૧૦૪ કબજો—જમીનની તકરાર—સ ને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કો

ડ કલમ ૫૩૧—જમી—માજીસ્ટ્રેટનો હુકમ.—માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ લખીત મુકરદમો ચલાવી, પુરાવો લેઈ, એમ ઠરાવ્યું હોય કે કોઈ પક્ષકારનો કબજો નથી અથવા કીયા પક્ષકારનો કબજો છે એ ખાતરી થતી નથી, તોજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૧ મુજબ માજીસ્ટ્રેટ તકરારી જમીન જપ્ત કરી શકે છે. આવી રીતે પેહેલાંથી મુકરદમો ચલાવ્યા શીવાય, સંક્ષેપમાં તજવીજ ચલાવી, મીલકતની જપ્તીનો હુકમ કરવાનો તેને અધીકાર નથી. રામસુંદરી ડીબીની બાબતમાં ૧ ક. લૉ. રી. ૮૯.

(મી૦ વાઈટ અને મી૦ મીતર જડજોની રૂબરૂ. ૩૧ મી જુલાઈ સને ૧૮૭૭).

૧૦૫ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—માજીસ્ટ્રેટનો હુકમ—હદ બાંધેલો કબજો.—જમીન ઉપરનો ઉભો પાક લણાય ત્યાં સુધી માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ કબજાવાળા માણસનો કબજો કાયમ રખાવી પછીથી તે બીજાને સોંપાવી શકે નહીં. કોર્ટમાં કબજા વીષેની ચાલતી તકરારો હોય તો તકરારોની શરૂઆતમાં કબજો કોનો હતો એ બાબત કોર્ટે નીરાકરણ કરવું જોઈએ. બનવારીલાલ મીસ્રર અને બીજાઓ વિ. રાજા રાધાપ્રસાદસીંગ ૧ ક. લૉ. રી. ૧૩૬.

(મી૦ એનસ્લી અને મી. મેકડોનલ જડજોની રૂબરૂ. તા૦ ૩૦ મી અગષ્ટ સને ૧૮૭૭.)

એમબ્લર વિ૦ પુશોંગના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૧. ક. ઈં૦ લૉ૦ રી૦ ૩૬૫. જુઓ કબજો ૧૩૫.

૧૦૬ કબજો—તકરારી જમીન—શક પડવા ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૧ મુજબ માજીસ્ટ્રેટ મુકરદમો ચલાવી શકે તે શક કબજા વિશે તકરારી પક્ષકારના પુરાવા ઉપરથી ઉત્પન થવો જોઈએ પણ એવી રીતની તજવીજ શીવાય ઉત્પન થવે જોઈએ નહીં. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ માજીસ્ટ્રેટ કામ ચલાવતો હોય તો તે દિવાની કોર્ટના હુકમનામાના અર્થનો તરજુમો કરી શકે નહીં. ખરેખરા કબજાની હકીકતનુંજ ફક્ત નીરાકરણ કરી શકે છે. રાજા લીલાનંદસીંગ બાહાદુરની બાબતમાં ૧ ક લૉ૦ રી૦ ૨૭૩.

(મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ. તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૭૭.)

૧૦૭ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—અનુમાનલભ્ય કબજો—વચેના માલીકો—બે બરોબરીઆ જમીનદારોની વચે તકરારી કબજાની બાબતમાં વચેના માલીકદારો જેઓને ખેડુતો સાંથ આપે છે તેમની મારફતે અનુમાનલભ્ય કબજો હોય તો તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ માં બતાવેલો કબજા ગણાતો નથી. રાણી વિ૦ ઠાકર દયાલસીંગ ઈં૦ લૉ૦ રી૦ ૩ ક. ૩૨૦.

(મી૦ એનસ્લી અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ. તા૦ ૯ મી જાનેવારી સને ૧૮૭૮).

હરખનારાયણસીંગ વિ. લચમીબક્ષરાય' ના કામમાં ટીકા કરવામાં આવી હતી. ૫ ક. લૉ. રી. પો. ૨૮૭ જુઓ કબજો ૧૧૫.

પ્રમાથભુશન ડેબરાય વિ. દુરધાચરનાં ભટાચારજીના કામમાં અર્થ કરી બતાવવામાં આવ્યો. ઈં૦ લૉ૦ રી૦ ૧૧ ક. ૪૧૩. જુએ કબજો ૧૩૬.

૧૦૮ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—એક પક્ષકારનું મોત—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ ચાલતી બાબતમાં કોઈ પક્ષકાર, તે મુકરદમાનો છેવટનો ફેંસલો પોતાના અને બીજા માણસના લાભમાં થતાં પેહેલાં, થોડા વખત ઉપર મરી ગયો હોય તો મુકરદમો બંધ રાખી તેની જગાએ તેના વારસને પક્ષકાર કરવો એ વધારે

સારૂ છે, તોપણ તેના મરી જવાથી મુકરદમો ઘણું કરીને ગેરકાયદેસર ગણાતો નથી કારણ કે તેના મોતથી કોઈના વિરૂદ્ધ અભીપ્રાય બંધાતો નથી. રાણી અનોન્દ મોઈડાબી વિ. લચમનપ્રસાદ ગોરગા ૨ ક. લો. રી. ૨૬૪.

(મી૦ માર્કબાય અને મી૦ પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી અપ્રેલ સને ૧૮૭૮).

૧૦૯ કબજો—જમીનની તકરાર—ખરેખરો કબજો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૩૦–૩૧.—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ તજવીજ ચાલતી હોય તો ફક્ત ખરેખરા કબજા વીષે નિરણય કરવાનો છે. કોઈ ગાંડા માણસની સ્ત્રી અને તેની મિલકતના વહીવટદારની વચ્ચે કોઈ જમીનના કબજાની તકરારની બાબતમાં કોનો કબજો છે તે નહીં માલમ પડવાથી, માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૧ મુજબ મીલકત ઉપર જપ્તી મુકી. તેની અગાડી સ્ત્રીનો કબજો સાબીત થયો હતો, પણ તે કબજો તેણીના ધણીના એજન્ટ તરીકે હતો કે શી રીતે તે બાબત વીષે શક હતો એવું ઠરાવવામાં આવ્યું કે કલમ ૫૩૦ ફક્ત ખરેખરા કબજાને લાગુ પડે છે અને તે મુજબ સ્ત્રીનો કબજો, હતો એવું માજીસ્ટ્રેટે ઠરાવવું જોઈતું હતું. જોગોડીશરી ચોધરાણીની બાબતમાં ૩ ક. લો. રી. ૯૪.

મી૦ વાઇટ અને મી૦ પ્રીનસેપ જડજોની રૂબરૂ, ૨૨ મી જુલાઈ સને ૧૮૭૮)

૧૧૦ કબજો—જમીનની તકરાર—માજીસ્ટ્રેટની તજવીજ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૩૦–૩૩. જગ્યાની તજવીજ-રીપોર્ટ.—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબના મુકરદમામાં માજીસ્ટ્રેટે જાતે પુરાવો લેઇ કબજા વિશેની બાબતનો ફેંસલો આપવો જોઈએ; પણ કલમ ૫૩૩ મુજબ પક્ષકારોની કબુલાત સીવાય તે જગ્યાએ થયેલી તજવીજ ઉપર આધાર રાખવો જોઇએ નહીં.

મી૦ પીનસેપ જડજ—કલમ ૫૩૩ માં બતાવેલી જગ્યાની તજવીજ તે ફક્ત જે મીલકત વીશે તકરાર ઉત્પન્ન થઈ છે તે મિલકતના દેખાવ સબંધી સવાલને લગતી હોવી જોઈએ, અને જે બાબત માજીસ્ટ્રેટની રૂબરૂ મોંના પુરાવાથી સાબીત થઇ શકે, તે બાબતને લગતા સવાલ વીષે હોવી જોઈએ નહીં. બૈકંત કુંમાર અને બીજાઓની બાબતમાં ૩ ક. લૅ. રી. ૧૩૪,

(મી૦ વાઈટ અને મી. પ્રીનસેપ જડજોની રૂબરૂ તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૭૮)

૧૧૧ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—દિવાની કોર્ટના હુકમ સીવાય બાહાર કાઢી મુકવું તે—નિરાંતનો કબજો-કોઈ માણસનો કાયદેસર કબજો હોય તે બીજો માણસ ખુચાવી લેઇ તેને કાઢી મુકેતો તેથી ખુંચાવી લેનાર માણસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ ચાલી શકે તેવો કાંઈ હક મળતો નથી. કોર્ટે લડાઇ થયાની અવલ કી.. પક્ષકાર નિરાતે કબજો ભોગવતો હતો તે બાબત જોવી જોઈએ. મોહેશચંદર ખાનની અરજીની બાબતમાં ઈ. લૅા. રી. ૪ ક ૪૧૭.

(મી૦ એનસ્લી અને મી૦ મેકલીન જડજોની રૂબરૂ. ૭ મી અગષ્ટ સને ૧૮૭૮).

એમબ્લર વિ. પુશોંગની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ૧૧ ક. લો. રી. ૨૬૫ જુઓ કબજો ૧૩૫.

૧૧૨ કબજો—તકરારી જમીન—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૫૩૦—બાટવારા મુકરદમાઓ—અમીને આપેલા કબજાની અસર.—બાટવારા મુકરદમાઓમાં અમીનનો આપેલો કબજો ફક્ત માલકીપણાનો છે પણ ભોગવટાનો નથી. આ કબજો આપ્યાના પેહેલાં જે ભાડવાતોનો કબજો હોય, તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ આવી જાતના કબજાથી લેઈ લેવાય નહી. મેકેનઝી વિ.

શેરી બાહાદુરશાહીની બાબતમાં ૪ ક. ઈ. લો. રી. ૭૭૮.

(મી૦ જેક્શન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ. ૨૮ મી નવંબર સને ૧૮૭૮).

૧૧૩ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦ મૂજબ માજીસ્ત્રેટની સત્તા—પક્ષકારોને હાજર રહેવાની નોટીસ—કોઇ મિલકતના કબજા વિષે બંધનકારક ઝાહેરનામું કરવાની સત્તા માજીસ્ત્રેટને આપલી છે તે અપવાદ છે, અને જે કેસોમાં એમ માલમ પડે કે સુલેહનો ભંગ થવાનો સંભવ છે તેવાજ કેસોમાં તે સત્તા કલમ ૫૩૦ મુજબ બજાવી શકે છે; આવા સંભવથી તાબડતોબ બંદોબસ્ત કરવાની જરૂર છે એમ ધારીનેજ ફક્ત આ સત્તા આપવામાં આવી છે. સુલેહનો ભંગ થવાનો સંભવ છે એનાં કારણો બતાવવાં જોઈએ આ કલમ મુજબ માજીસ્ત્રેટ અગાડી હાજર રહેવાને નોટીસ આપવાની કાંઈ અમુક રીત બતાવેલી નથી, તો પણ કલમની ભાષા ઉપરથી એમ સમજાય છે કે નોટીસ જાણીતા માણસોને આપવી જોઈએ અને તે ઝાહેરનામું અથવા ઢંઢેરાના રૂપમાં આપવી જોઇએ નહીં. આ કલમ મુજબ માજીસ્ત્રેટ મુકરદમો ચલાવતો હોય તેની વચમાં કોઈપણ માણસને આવવાની પરવાનગી આપવાનું ક્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવેલું નથી કાનંદ નારાયણ ભુપની અરજીની બાબતમાં ઈ૦ લૉ૦ રી૦ ૪ ક. ૬૫૦; ૩ ક. લો. રી. ૫૫૧.

(મી૦ એનસ્લી અને મી૦ બ્રાઉટન જડજોની રૂબરૂ. તા૦ ૧૮ મી. ડીસેંબર સને ૧૮૭૮.)

મોહેસ મીસતરીની બાબતમાં મંજુર રાખવામાં આવે છે. ઈ૦ લૉ. રી. ૧ ક. ૨૮૨ જુઓ છુટકો ૨૫.

ગોલકચંદ્રપાલ વિ. કાલીચરનડીના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લૉ૦ રી૦ ૧૩ ક. . ૧૭૫. જુઓ કબજો ૧૪૦.

કાશીકીસોરરાય વિ૦ તારીનીકંત લાહોરીના ક્રમમાં નજર રાખવામાં આવી છે. ક. બેં૦ લૉ૦ રી૦ ફી૦ બ. ૭૬. જુઓ કબજો ૪૫.

૧૧૪—તકરારી જમીન—રસ્તાનો હક—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૨—ખાનગી રસ્તાનો ભોગવટો બીજા લોકો રાત્રે કરે નહીં એવા ઈરાદાથી તે રસ્તાના કુલ માલીકદારે તેના એક છેડા ઉપર દરવાજા મુકયા તેથી ડારજીલીંગની મ્યુનીસીપાલીટીના ડેપ્યુટી કમીશનરે લોકો તરફથી અરજ કરી, માજીસ્ત્રેટ પાસેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૨ મુજબ એવો હુકમ મેળવ્યો કે લોકોને બાતલ કરીને ખાનગી રસ્તાનો કબજો જે માણસ હકદાર છે તેનાથી જ્યાં સુધી યોગ્ય દીવાની કોર્ટના હુકમથી બધો કબજો તેને મળે ત્યાં સુધી, કરી શકાય નહી. એવું ઠરાવવામાં આવ્યું કે રાતરે કોઈ માણસ તે રસ્તે થઈને ગયું હોય અથવા કોઈનો જવાનો હક હોય એવો પુરાવો નહી હોવાથી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૨ મુજબ કાંઈ તકરાર નોહોતી, અને તેથી માજીસ્ત્રેટનો હુકમ અધીકાર વીનાનો હોવાથી રદ કરવો જોઈએ. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૨ મુજબ માજીસ્ત્રેટ જાહેરાંત હુકમ કરી શકે નહી. લોકો, કોઈપણ માણસ, અથવા માણસોના વરગથી જે હકોનો ખરેખરી રીતે ભોગવટો થાય છે તે હકોની દરમીયાન ગેરવ્યાજબી રીતે કોઈ માણસ આવે તેને આ કલમ મુજબ માજીસ્ત્રેટ અટકાવી શકે છે. બરડવાનના મહારાજ વિ. ડારજીલીંગ મ્યુનીસીપાલીટીનો ચેરમેન ઈ. લૉ. રી. ૫ ક. ૧૬૪; ૪ ક. લો. રી. ૩૨૪.

(મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી એપ્રીલ સને ૧૮૭૯).

નીચેના કેસોમાં નજર રાખવામાં આવી છે.

રાણી વિ. ટોયલકોનાથ સીરકાર ૨ વિ. રી. ૬૪. જુઓ કબજો ૮.

આઇસ મંડળના કામનું રૈફરન્સ ૧૪ વિ. રી. ૨૯. જુઓ કબજો ૪૭.

રૈસીકલાલ નંદી વિ. કારતીકસાટ ૨૨ વિ. રી. ૪૮. જુઓ લોકોપકારક કૃત્ય ૩૨.

ચોધરી ગુહુરલહક વિ. કરમચંદસીંગ ૨૪ વિ. ૧૫. જુઓ કબજો ૮૯.

૧૧૫ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ ને ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—અનુમાનલભ્ય કબજો—ટીકાદાર ની મારફતે કબજો—માલીકદારો અને ભોગવટો કરનારની વચ્ચે તકરાર હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ લાગુ પડે છે.

મી૦ જેકસન જડજનો મત—જ્યાં અગાડી કોઇ જમીનદારે જમીન ગણોતે આપી હોય તો, તે તેના ખેડુતો, અને ભોગવટો કરનારી રૈયત સઘળાઓને કબજા સંબંધી કાંઇ પણ તકરાર ઉત્પન્ન થાય તો તેમાં સંબંધ છે, અને તેમના હકની જુદી જુદી જમીનને તેમનો કબજો કાયમ રાખવો જોઇએ. રાણી વિ. ઠાકોર દયાલસીંગ ઈં. લો. રી. ૩ ક. ૩૨૦ ના ફેંસલા ઉપર ટીકા કરવામાં આવી હતી. હરખ નારાયણસીંગ વિ. લચમીબક્ષરાય ૫ ક. લો. રી. ૨૮૭.

• (મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ. ૧૯ મી જુન સને ૧૮૭૯.)

પ્રમાથ ભુસનદેબરાય વિ. દુરગાચરન ભગાચારજીના કામમાં આધાર પ્રમાણે ચાલવામાં આવ્યું હતું. ઈં૦ લૅા૦ રી૦ ૧૧ ક. ૪૧૩. જુઓ કબજો ૧૩૬.

સધરલાંડ વિ૦ ક્રાઉડીના કામમાં નજર રાખવામાં આવે છે ૧૮ વિ. રી. ૧૧. જુઓ મુચરકો ૪૫.

રાણી વિ. ઠાકોરસીંગના કામમાં ટીકા કરવામા આવે છે ઈં. લૅા. રી. ૩ ક. ૩૨. જુઓ કબજો ૧૦૭.

૧૧૬—કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ ને ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—અપુર્ણ બાબતો ઉપર મુકરદમો ચલાવેલો—હુકુમત—કોઈ મુકરદમો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ ચલાવી લખવામાં આવ્યો હોય, પણ તેમાં સુલેહનો ભંગ થવાનો સંભવ છે એનાં પુરતાં કારણો જણાવ્યા વગર તકરારી બાબતના ખરેખરા કબજાને લગતા તેઓના હકોની લખીતવાર હકીકત આપવાને પક્ષકારોને કોર્ટે હુકમ કર્યો હોય તો, તે અધીકાર વીનાનો છે અને તેથી તે હુકમ રદ થઈ શકે છે. ચંદરમાધવ ઘોસ વિ૦ જગતચંદરસેન ૪ ક. લો. રી. ૪૮૩

(મી૦ મોરીસ અને મી૦ વાઈટ જડજોની રૂબરૂ, ૨૭ મી જુન સને ૧૮૭૯)

નીચેના કેસો લાગુ પડે છેઃ—

ક્રીસોર મોહનરાય અરજદારો ૧૯ વિ. રી. ૧૦. જુઓ કબજો ૭૪.

રાજારનબાહાદુર વિ. રાની ટીલેસરીકુંવર ૨૨ વિ. રી. ૭૯. જુઓ મુચરકો ૬૫.

સેખ મંગલો વિ. દુરગાનારાયણ નાગર ૫ વિ. રી. ૭૪. જુઓ કબજો ૧૦૨.

જે. ડી. સથરલાંડની બાબતમાં, ૯ બેં. લૅા. રી. ૨૨૯; ૧૮ વિ. રી. ૧૧. જુઓ મુચરકો ૪૫.

ગોલકચંદ્રપાલ વિ કાલીચર નદીની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ઈં. લૅા. રી. ૧૩ ક. ૧૭૫. જુઓ કબજો ૧૪૦.

૧૧૭ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ ને ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—દિવાની કોર્ટના હુકમનામાથી નિશાનીવાળો કબજો—હુકુમતની અસર—ગીરોખત ઉપર હુકમનામું કરાવી તેની બજાવણીમાં કોઈ એક મૌઝો વેચવામાં આવ્યો, અને તે વેચાણ રાખનારે તેની નજદીકના (હટ)નો વેચાણ ખતની રૂઈએ તે માલીક છે, એવું બતાવી દિવાની કોર્ટમાં દાવો કર્યો, અને દિવાની કોર્ટના નાજરે તે હટ અને મૌઝાનો નિશાનીવાળો કબજો વેચાણ રાખનારને અપાવ્યો હુકમનામાના દેણદારને તે હકનો ખરેખરો કબજો આપવાની ના પાડી એવું બતાવીને કે તે ડીબાટર મિલકત છે જેનો તે શીબાઈટ હતો, બરોબરીઆ હકદારોની વચ્ચે સુલેહનો ભંગ થો

ડી વારમાં થવાનો સંભવ હોવાથી ક્રીમીનલ પ્રોસી જર કોડની કલમ ૫૩૦ મુજબ માજીસ્ટ્રેટે મુક રદમો ચલાવી હુકમનામાંના દેણદારનો ખરેખરો કબજો છે એવું ધારી, દિવાની કોર્ટથી તેનો કબજો જ્યાં સુધી લેઈ લેવામાં આવે નહી ત્યાં સુધી તેનો કબજો કાયમ રાખવાનો હુકમ ક ર્યો. હુકમ રદ કરીને એવું ઠરાવવામાં આવ્યુ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુ જબ દીવાની કોર્ટ કબજો લેઈ લેવાનો હુકમ કરે ત્યાં સુધી હુકમનામાના દેણદારનો કબજો કાયમ રાખવાનો માજીસ્ટ્રેટને અખતીયાર નથી પણ દેણદારને ખરી રીતે શીબાઈટ તરીકે દ ક દિવાની કોર્ટમાં સાબીત કરવાને હુકમ ક રી, નાજરે સોંપાવેલા કબજાને ટેકો આપવાને માજીસ્ટ્રેટ બંધાયેલો હતો. તે ઉપરથી કોર્ટે હુ કમ કર્યો કે વેચાણ રાખનારને કબજો પાછો આપવો જોઈએ, અને દીવાની કોર્ટથી કબજો લેઈ લેવાનો હુકમ થાય ત્યાં સુધી માજીસ્ટ્રેટે તે નો કબજો કાયમ રાખવો જોઈએ. ચત્રપત સીં ગની બાબતમાં ૫ ક. લો. રી. ૨૦૦.

(મી૦ નોરીસ અને મી૦ પ્રીનસેપ જડ જોની રૂબરૂ, ૯ મી સપટંબર ૧૮૭૯),

રાયમોહનરોય વિ. મી૦ જે. પી. વાઈ ઝના કામમાં આધાર પ્રમાણે ચાલવામાં આ વે છે. ૧૬ વિ. રી. ૨૪. જુઓ કબજો ૫૮.

નિચેના કેસો લાગુ પડે છેઃ—

સોનઈ સરદાર વિ. બખતાર સરદાર ૨૫વિ. રી. ૪૬૦. જુઓ બીગાડ ૧૫.

સેખ મંગલો વિ. દુરગાનારાયણ નાગ. ૨૫ વિ. રી. ૭૪. જુઓ કબજો ૧૦૨.

નોબીનચંદ્ર કુનડુ. વિ. જોગેંદ્રનાથ ભટા ચારજી ૨૫. વિ.રી. ૧૮. જુઓ કબજો ૯૮

એમબ્લર વિ. પુશાંગના કામમાં નજ ર રાખવામાં આવી હતી.

૧૧૮ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ ક લમ ૫૩૦ પ્રક્ષકારો. સુલેહનો ભંગ થવાનો સંભ વ છે એવી જમીનને લગતી તકરાર હોય તેમાં માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની ક લમ ૫૩૦ મુજબ મુકરદમો ચલાવ્યો હોય તો બીજા માણસોને મુકરદમાના પક્ષકારો કર્યા સીવા ય જે પક્ષકાર જમીનનો કબજો લેવાને દાવો કરે છે, તે પક્ષકારના ચાકર ઉપર કાંઈ હુક મ કાઢી શકાય નહી. જીતબાહાન વિ. બનસર પધોબી ૬ ક. લો. રી. ૧૯૩.

(મી૦ પ્રીનસેપ અને મી૦ ટોટનહામ જડજોની રૂબરૂ, સને ૧૮૮૦).

૧૧૯ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ ક લમ કલમ ૫૩૦—હુકમનામાની બજાવણીનો અટકાવ—સને ૧૮૭૭ નો ૧૦ મો સીલીલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૯—હુકમનામાની રૂ ઈએ વેચાણ રાખનાર માણસને વેચાણ રાખે લી મિલકતનો ખરેખરો કબજો લેવામાં અટ કાવ થાય તો ફોજદારી કોર્ટ દરમીયાન થઇ શકે નહી. આવી બાબતમાં સીવીલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૯ મુજબ ચાલવું જોઈએ પ્રયાગસીંગ અને બીજો વિ. ફઝુલહુસન અને બીજાઓ. ૬ ક. લો. રી. ૨૦૬.

(મી૦ વાઈટ અને મી૦ મેકલીન જ ડજોની રૂબરૂ, તા૦ ૯મી એપ્રીલ સને ૧૮૮૦).

૧૨૦ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૫૩૦ મુજબ હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૧૮૮ મુજબ શીક્ષા—પદ્ધત્તિ—ક્રીમીનલ પ્રોસીજર કોડની ક લમ ૫૩૦ મુજબ તોહોમતદારને હુકમ કરવા માં આવ્યો હતો, એવો પુરાવો ના હોય તો તે હુકમ તોડવાને માટે તેના ઉપર પીનલકો ડની કલમ ૧૮૮ મુજબ તોહોમત મુકી શકા ય નહી. ક્રીમીનલપ્રોસીજર કોડનીકલમ ૫૩૦ મુ જબ હારેલા પક્ષકારો સીવાય બીજા માણસો ઉપર તે કલમ મુજબ હુકમ કરી શકાય, અ થવા તેવી જાતનો હુકમ લોકો ઉપર થઈ શ કે? નોબોકીશોર ચકરબતીની બાબતમાં. ૭ ક. લૉ૦ રી૦ ૨૯૧.

(મી૦ મીતર અને મી૦ મેકલીન જડ જોની રૂબરૂ, તા૦ ૪ સપટંબર સને ૧૮૮૦.)

૧૨૧ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૩૦, ૫૩૩-સુલેહના ભંગનો સંભવ—તજવીજ—તરતજ સુલેહનો ભંગ થવાનો સંભવ ના હોય પણ આગળ ઉપર થવાનો ભય લાગે તો, માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ કાયદેસર હુકમ કરી શકે નહીં. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૩ મુજબ તજવીજ ચલાવવાનું કામ માજીસ્ટ્રેટને સોંપવું જોઈએ. ઉમાચરણસંત્રા વિ. એનીમા ખબરાય ૭ ક. લૉ. રી. ૩૫૨.

(મી. ગાર્થ ચીફ જસ્ટીસ અને મી० મેકલીન જડજોની રૂબરૂ તા. ૨૨ મી સપટંબર સને ૧૮૮૦)

૧૨૨ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦-દીવાની કોર્ટના હુકમનામાની રૂઈએ કબજો—દિવાની કોર્ટનું હુકમનામું બજાવવાની માજીસ્ટ્રેટની ફરજ—માજીસ્ટ્રેટની હુકુમત—તકરારી જમીનમાં પક્ષકારોના હકો ઠરાવી દિવાની કોર્ટે હુકમનામું કરયું હોય તો તે હુકમનામાને ટેકો આપવાની માજીસ્ટ્રેટની ફરજ છે અને માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ પક્ષકારો વચ્ચે કબજાની બાબતના સવાલની નવેસરથી તજવીજ ચલાવી શકે નહીં. ભોળાનાથ ઘોસ વિ. મોથર મંડળ ૭ ક. લૉ. રી. ૫ ૬.

(મી० ગાર્થ ચીફ જસ્ટીસ અને મી० મેકલીન જડજોની રૂબરૂ તા० ૨૯ મી સપટેંબર સને ૧૮૮૦)

રાય મોહનરોય વિ० મી. જે. પી. વાઈઝના કામમાં આધાર પ્રમાણે ચાલવામાં આવે છે ૧૬ વિ० રી० ૨૪. જુઓ કબજો ૫૮.

રાનીગંગી કોલ એસોશીએશન વિ. હેમલાલ ઘાટવાલ ૨૪ વિ. રી. ૧૭. જુઓ કબજો ૯૧.

૧૨૩—કબજો—જનીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૯૧, ૫૩૦—સુલેહનો ભંગ થાય તેવી તકરાર—દિવાની કોર્ટના હક વિશેનો ઠરાવ—જોવાથી પોલીસ રીપોર્ટનું બળી જવું તે—તા० ૨૦ મી મે સને ૧૮૭૫ ને રોજ **અ**, નામના માણસે કેટલીક જમીન ખરીદ કરેલી તે જમીન પોતાના નામે રજીષ્ટર કરાવવાને અરજી કરી. **અ**, નામના માણસનો કબજો છે, અને તેનો રજીષ્ટર કરાવવાનો હક છે એવું ઠરાવી હુકમ ડેપ્યુટી કલેકટરે તા० ૨૪ મી ડીસેંબર સને ૧૮૭૯ સુધી કાઢયો નોહો તો **અ**, નામના માણસના વેચાણ રાખવા પેહેલાં તા० ૬ ઠી મારચ સને ૧૮૭૯ ને રોજ તે મિલકતનું રજીષ્ટર **બ**, અને **ક** નામના માણસોએ કરાવી દીધું હતું. આ બાબતનું કામ કમીશનર તરફ મોકલતાં તેને તા० ૨૯ મી સપટેંબર સને ૧૮૮૦ ને રોજ એવો હુકમ કર્યો કે જમીનનો હક **અ** નામના માણસનો છે; અને તે ઉપરથી તેજ શાલના અકટોબર મહીનામાં **બ** અને **ક** નામના માણસનાં નામો છેકીને, **અ** નામના માણસનુ નામ નોંધવામાં આવ્યું હતું. સને ૧૮૮૦ ના જુલાઈ માસમાં કેટલીક રૈયતે માજીસ્ટ્રેટને એવી અરજી કરી કે **અ**, નામના માણસની ઉશકેરણીથી કેટલીક બીજી રૈયત એવા કૃત્યો કરવા ધારે છે કે જેથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે, આ ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ માજીસ્ટ્રેટે મુકરદમો ચલાવ્યો. જે માણસે ડેપ્યુટી કલેકટર તરીકે, જમીનના રેજીસ્ટ્રેશન સબંધી ફેંસલો **અ** નામના માણસના લાભમાં આપ્યો હતો. તેજ અધીકારીએ ડેપ્યુટી માજીસ્ટ્રેટ તરીકે કલમ ૫૩૦ મુજબ ફેંસલો આપ્યો કે ખરેખરો કબજો **બ** અને **ક** નામના બંને માણસોનો છે. એવું ઠરાવવામાં આવ્યું કે આ મુકરદમામાં એક વખતે ડેપ્યુટી માજીસ્ટ્રેટે કરેલો હુકમ બીજી વખત રદ કરી શકાય નહી કારણ કે તે હુકમ રદ કરાવવાને દીવાની દાવો કરવો જોઈએ. એક બાજુ તરફ **અ** નામનો માણસ અને બીજી તરફ **બ** અને **ક** નામના માણસોની વચ્ચે સુલેહનો ભંગ થવાનો સ

ભવ છે, એવી તેની ખાતરી છે એવું ડેપ્યુટી માજીસ્ટ્રેટે ચલાવેલા મુકરદમામાં બતાવ્યું નહોતું; તેમજ આવી તકરારની ખાતરી શા કારણોથી થાય છે તે પણ બતાવ્યું નહોતું, આ ઉપરથી એવું ઠરાવવામાં આવ્યું કે મુકરદમો ભુલ ભરેલો ગણાય છે. મુકરદમામાં માજીસ્ટ્રેટે પોલીસના રીપોર્ટ ઉપર નજર રાખી હતી તેમાં પણ, સુલેહનો ભંગ તરત થવાનો છે, એવું કાંઇપણ બતાવવામાં આવ્યું નહોતું. એવું ઠરાવવામાં આવ્યું કે આ રીપોર્ટ ઉપર નજર રાખવાથી તે કામમાં એકઠો છે, એમ ધારીએ તોપણ તે હુકમ વ્યાજબી ગણવાનું પુરતુ કારણ નથી.

મી૦ ફીલ્ડ જડજોનો મત—તકરાર એવી જાતની છે કે જેમાં સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું પક્ષકારોના બતાવ્યા શીવાય માજીસ્ટ્રેટે મુકરદમો ચલાવવો જોઈએ નહી. પક્ષકારોના હકો વીષે દીવાની કોર્ટે ફેંસલો આપ્યો હોય તો તકરાર પુરી થાય છે, અને તેવી બાબતમાં માજીસ્ટ્રેટની ફરજ ફકત જીતેલા પક્ષકારના હકો જાળવવાની છે, અને સામા હારેલા પક્ષકારના કાંઇ કૃત્યથી સુલેહને ભંગ થવાનો સંભવ રેહેતો હોય તો સુલભ રસ્તો એ છે કે માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ સુલેહનો ભંગ ના કરે તેવા જામીન લેવા જોઇએ. ગોબીનચંદ્ર મોઇત્રની બાબતમાં ઈં૦ લો૦ રી૦ ૬ ક૦ ૩૮૫; ૮ ક૦ લો૦ રી૦ ૨૧૭.

(મી૦ પોન્ટીફેક્ષ અને મી૦ ફીલ્ડ જડજોની રૂબરૂ,તા૦ ૪થી મારચ સને ૧૮૮૧).

કાલીક્રીષ્ટો ઠાકર વિ. ગોલામઅલીચોધરેના કામમાં આધાર મુજબ વરતવામાં આવ્યું. ૮ ક૦ લો૦ રી૦ ૨૪૫; જુઓ મુચરકો ૧૨૪.

રાય મોહનરોય વિ. જે. પી. વાઈઝના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૬ વિ૦ રી૦ ૨૪; જુઓ કબજો ૫૮.

૧૨૪ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ ના ૧૦ મા ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—કારણોની નોંધ—પોલીસ રીપોર્ટ—કબજાના પુરાવાનું ભેળવી દેવું તે—હક નો પુરાવો—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ ચલાવેલા મુકરદમામાં માજીસ્ટ્રેટે નીચે મુજબ શબ્દો લખ્યા. "પોલીસના રીપોટ ઉપરથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે" અને કેટલાક માણસોનો કબજો છે એમ પણ રીપોટ ઉપરથી સોધી કાડયું. એમ ઠરાવવામાં આવ્યું કે કાયદામાં બતાવેલા કારણોમાં પેહેલું એકે સુલેહનો ભંગ થાય તેવી તકરાર છે એવી માજીસ્ટ્રેટની ખાતરી હતી, બીજુ એ કે શા કારણો ઉપરથી ખાતરી થઇ એ મુકરદમામાં બતાવવામાં આવ્યાં નહોતાં, તોપણ પોલીસ રીપોટ જેના ઉપરથી સુલેહનો ભંગ થવાની ધાસ્તીના કારણો માલમ પડયાં હતાં તે રીપોટ જોવાથી કામમાં ભળી જાય છે અને તેટલા માટે હુકમમાં ભુલ થઈ નથી. કબજા સંબંધીનો જોઈએ તેવો પુરાવો માજીસ્ટ્રેટ અગાડી રજુ કરવામાં આવ્યો નહીં પણ જે માણસના લાભમાં હુકમ કર્યો તે માણસના હક સંબંધી પુરાવો આપવામાં આવ્યો હતો; અને તે પુરાવા ઉપરથી માજીસ્ટ્રેટે પક્ષકારોના કબજા સંબંધી હકના દાવાઓનું નિરાકરણ કરયું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટ કબજા સંબંધીના પુરાવાની મજબુતીમાં હક સંબંધી પુરાવો જોઈ શકે એ વ્યાજબી છે, તોપણ હક સંબંધી પુરાવા ઉપર આધાર રાખીને તે ફેંસલો આપી શકે નહી, અને તેટલા માટે હુકમ રદ કરવામાં આવે છે. કાલીક્રીસ્ટો ઠાકરની અરજીની બાબતમાં કાલીક્રીસ્ટો ઠાકર વિ. ગુલામઅલી ચોધરી ઈં. લો. રી. ૭ ક. ૪૬; ૮ ક. લો. રી. ૨૪૫.

(મી. પોન્ટીફેક્ષ અને મી. ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી માર્ચ સને ૧૮૮૧).

શેખ મંગલો વિ. દુરગાનારાયણ નાગના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ૨૫ વિ. રી. ૭૪. જુઓ કબજો ૧૦૨.

ગોબીનચંદ્ર મોઇટરની અરજીમાં આધા

૨ પ્રમાણે વર્તવામાં આવે છે. ઈ. લો. રી. ક. ૮૩૫; ૮ ક લો.રી. ૨૧૭. જુઓ કબજો ૧૨૩.

ડીઓસરનસીંગ વિ. તુલસીકતની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ૧૨ ક. લો. રી. ૨૨૧. જુઓ કબજો ૧૨૯.

૧૨૫ કબજો—જમીનની તકરાર—સુલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—પેહેલાનો મુકરદમો માજીસ્ટ્રેટે નહી લખેલો તે ચુક—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ વ્યાજબી રીતે માજીસ્ટ્રેટને દરમીયાન થવાને માટે પેહેલાં પોતે ખાત્રી કરવી જોઈએ કે સુલેહનો ભગ થાય તેવી જમીનની તકરાર છે, એટલે કે સુલેહનો ભંગ થવાના સંભવની ધાસ્તી રેહેવી જોઈએ; જેથી તાબડતોબ તે અટકાવવાને માટે બંદોબસ્ત કરવાની જરૂર પડે, ફક્ત એટલુંજ હોવું જોઇએ નહી કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ મુકરદમો ના ચલાવવામાં આવે તો સુલેહનો ભંગ થવાનો સંભવ થાય. માજીસ્ટ્રેટને કામ ચલાવવાનો અખતીયાર મળવાને માટે પેહેલાં મુકરદમો લખવાની જરૂર છે કે નહી?

દામોદર વિદ્યાધર મોહોપત્રો વિ. સ્યાઆનંદદી. ઈ, લો. રી. ૭ ક. ૩૮૫; ૮ ક. લૉ. રી. ૫૧૪.

(મી૰ મીતર અને મી૰ મેકલીન જડજોની રૂબરૂ, ૨૭ મી મે સને ૧૮૮૧.)

નીચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

દીવાન ઈલાહી નવાઝખાન વિ. સબરનીસા. ૫ વી. રી. ૧૪૦. જુઓ કબજો. ૧૪.

ગોરમોહન માજી વિ. દુલભ માજી. ૨૨ વિ. રી. ૮૧ જુઓ.સાપ્રાધ પ્રવેસ. ૧૨.

હાર વિ. આઈસ ૪ વિ. રી. ૨૬ જુઓ કબજો ૧૩.

મુસામત ઝુરૂનની બાબતમાં ૬ વિ. રી. ૪; સધરલાન્ડની બાબતમાં ૯ બેં. લો. રી. ૨૨૯; ૧૮ વિ. રી. ૧૦. જુઓ મુચરકો ૪૫.

મુસામત અંડાકુંઅર વિ. રામ સુનાત કુંઅર. ૯ વિ. રી. ૬૪. જુઓ કબજો ૩૧.

રાનીગંગી કોલ એસોસીએશન લીમીટેડ વિ. હેમલાલ ઘટવાલ. ૨૪ વિ. રી. ૧૭. જુઓ કબજો ૯૧.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી છે:—

ટાઝુમડી લાહોરી, ૫ વિ. રી. ૪. જુઓ લોકોપકારક કૃત્ય ૧.

કાશી કીશોરરાય વિ. તારીનીકંત લાહોરી. ૩ બેં. લો. રી. ક્રી. અ. ૭૬. જુઓ કબજો ૪૫.

શેખ મંગલો વિ. દુરગાનારાયણ નાગ, ૨૫ વિ. રી. ૭૪. જુઓ કબજો ૧૦૨.

૧૨૬ કબજો—જમીનની તકરાર—માર્ગનો હક—અડચણ—ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ પદ્ધતિ. સરકારે લોકોના માર્ગને માટે રાખેલી જમીન ઉપર અટકાવ કરવામાં આવ્યાથી તે બાબત વીશે ફરીઆદ થઈ, અને તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે કબજાવાળો પક્ષકાર જ્યાં સુધી દિવાની કોર્ટમાં દાવો કરી પોતાનો બધો હક છે અને તે જમીન ઉપર અડચણ થાય નહી એવું હુકમનામું મેળવે ત્યાં સુધી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૨ મુજબ જમીનનો કબજો તે રાખી શકે નહી એવો તેની ગેરહાજરીમાં હુકમ કાઢવો એ ગેરવ્યાજબી છે. લીન્ડસેની બાબતમાં, ઈ. લો. રી. ૪ મ. ૧૨૧.

(મી૰ ટરનર ચીફ જસ્ટીસ. અને મી૰ ઈન્સ જડજોની રૂબરૂ ૩ અગષ્ટ સને ૧૮૮૧)

૧૨૭ કબજો—જમીનની તકરાર—તરત થાય તેવું બંડ—કોઈ કૃત્ય નહી કરવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮, પ્રકરણો ૩૯, ૪૦.—જમીન અને મકાનોના કબજા વીષેની તકરારોની બાબતમાં માજીસ્ટ્રેટને એમ માલમ પડે કે પક્ષકારોની વચ્ચે મારામારી અને સુલેહનો ભંગ થોડી વારમાં થવાનો સંભવ છે, તો તે ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૪૦ મુજબ નહી ચલાવતાં પ્રકરણ ૩૯ મુજબ મુકરદમો ચલાવે.

માજીસ્ટ્રેટના અધીકારવાળો મુકરદમો ઈનસાફી મુકરદમો નહી હોવાથી હાઈકોર્ટ તે ફરીથી ત પાસમાં લેઈ શકે નહી. કેવલ અને તેની મી લકતની દરમીયાન થવુ નહીં એ હુકમ ક્રીમી નલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ ના અર્થ મુ જબ "કોઈ કૃત્યથી" દુર રેહેવું એવો થાય છે. ઈ. વિ. રામનુજા જ્યારસ્વામી. વિ. રામનુ જા જીયાર. ઈ. લો.રી. ૩ મ. ૩૫૪.

(મી૦ ઈન્સ અને મી૦ મુતુસ્વામી આ યાર જડજોની રૂબરૂ, ૪ અગષ્ટ સને ૧૮૮૧.)

૧૨૮ કબજો—જમીનની તકરાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—જમીનના ઘણા કકડાઓની તક રાર—રીવાજ-પદ્ધતિ.—જમીનના ૧૦૯ કકડા ના કબજાની બાબતમાં તકરાર ઉઠી, જેમાં અ નામના ગામની રૈયતે પોતાનો હક છે એવું બતાવ્યું અને બીજી તરફ બ ના મના ગામની રૈયતે પોતાનો દાવો છે એ મ બતાવ્યું. માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કો ડની કલમ ૫૩૦ મુજબ સઘળા ૧૦૯ કકડા ની બાબતમાં મુકરદમો ચલાવી, પુરાવો લેઈ ફકત બાર જમીનના કકડા, બ, નામના ગા મની રૈયતના કબજામાં રાખવાનો હુકમ ક ર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે સઘળા કક ડાઓ એકજ બાબતના સાબીત થવાથી મા જીસ્ટ્રેટે હુકમ કરેલો છે તે પુખ્ત વિચાર કરી ને કરેલો છે. આઝમ મુલ્લા અને બીજાઓ. ૧૦ ક. લો૦ રી૦ ૫૨૪.

(મી૦ પોન્ટીફેક્ષ અને મી૦ ફીલ્ડ જ ડજોની રૂબરૂ. તા૦ ૨૧ મી ડીસેંબર સને ૧૮૮૧).

૧૨૯ કબજો—જમીનની તકરાર—સને ૧૮૬૭ નો દસમો ક્રીમીનલ પ્રોસીજર કોડ ક લમો ૨૮૩, ૫૩૦, ૫૩૧—સુલેહનો ભંગ—અવ્યવસ્થા—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમી નલ પ્રોસીજર કોડ કલમો ૧૪૫, ૧૪૬, ૫૩૭—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૧ મુજબ મુકરદમો ચલાવ વાને કેવો પૂરાવો જોઈએ એ બાબત વિષે વિચાર કરવામાં આવ્યો. ડીઓસરનસીંગ વિ૦ તુલસીકંત અને બીજાઓ. ૧૨ ક. લો. રી. ૨૨૧.

(મી૦ મેકડોનલ અને મિ૦ ઓકીન લી જડજોની રૂબરૂ. તા૦ ૭ મી અગષ્ટ સને ૧૮૮૨)

નીચેના ફેંસલા ઉપર નજર રાખવામાં આવી છે:—

કાલીક્રીસ્ટો ઠાકર વિ૦ ગુલામઅલી ચોધરે ૮ ક. લો૦ રી૦ ૨૪૫ જુઓ કબજો ૧૨૪.

રાણી વિ૦ ભીખારી, ૧૫ વિ૦ રી૦ ૬૩ જુઓ કબુલાત ૫૬.

૧૩૦ કબજો—જમીનની તકરાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૪૫, ૧૪૭—ભાડું ઉઘરાવવું તે—નહી વેહેંચેલી એકઠી મીલકત—નહી વેહેંચાએલી મીલ કતના એક ભાગીદાર અને બીજા ભાગીદાર ના ભાડવાત વચે જમીનનું ભાડુ ઉઘરાવવા ની બાબતમાં તકરાર ઉઠી, તેમાં ભાડવાતનો કબજો નથી એમ ઠરવાથી તેને હક મળ્યો નહી, તે બાબત ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્ર કરણ ૧૨ મુજબ મુકરદમો ચલાવી ભાડવાત નો લેના ભાગનો કબજો નકી કર્યો. એમ ઠ રાવવામાં આવ્યું કે આવી બાબતની તકરાર ને ઉપલુ પ્રકરણ લાગુ પડતું નથી. બાનીના રાયણ વિ. આચારજનાથ, ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૬૦૭.

(મી૦ ટીરલ જડજની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૮૩).

૧૩૧ કબજો—જમીનની તકરાર—કબ જા બાબત ફોજદારી અદાલતનો હુકમ—સુલે હનો ભંગ થાય તેવી તકરાર—માજીસ્ટ્રેટની ફરજ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રો સીજર કોડની કલમ ૧૪૫—ક્રીમીનલ પ્રોસી જર કોડની કલમ ૧૪૫ મુજબ મુકરદમો ચ લાવતાં પેહેલાં માજીસ્ટ્રેટને ખાતરી કરવાની ફ રજ છે કે, સુલેહનો ભંગ થાય તેવી તકરાર છે, અને બતાવેલી ધાસ્તી ખરી છે કે દિવા ની અદાલત લાયકની બાબતમાં તેને દરમીયા

ન કરવાની, મતલબથી બતાવેલી છે. ઓભોય ચંદ્ર મુકરજી વિ. મહમદ સમીર, ઈ. લો. રી. ૧૦ ક. ૭૮; ૧૩ ક. લો. રી. ૪૧૦.

(મી૦ મીટર અને મી૦ પીગોટ જડજો ની રૂબરૂ. ૨ અકટોબર સને ૧૮૮૩).

૧૩૨ કબજો—જમીનની તકરાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમો ૧૪૫, ૧૪૭—તાકીદ—જામીનગીરી —કોઈ ઈમારતની જમીનને માટે દાવો કરેલો તેમાં પ્રતીવાદીઓને કોરટથી એવી તાકીદ આપવામાં આવી હતી કે દાવાનું નિરાકરણુ થાય ત્યાં સુધી જમીન ઉપર કાંઇ બાંધવુ નહી. અપીલ કોર્ટે પ્રતીવાદીનો કબજો ગણી તાકીદ આપેલી રદ કરી. આ હુકમ પછી વાદીએ પ્રતીવાદી ઉપર ફોજદારીમાં ફરીઆદ કરવાથી, ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે, ક અને ખ એ બંને માણસોનો કબજો ઠરાવી, દિવાની કોર્ટ ફેંસલો આપે ત્યાં સુધી કોઈ પક્ષકારે તકરાર કરવી નહી એવો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ક અને ખ નામના માણસે મુકરદમામાં પક્ષકાર નહી હોવાથી હુકમ ગેરકાયદેસર છે. વળી એમ ઠરાવવામાં આવ્યું કે સુલેહનો ભંગ થાય એવો સંભવ માલમ પડે તો જે પક્ષકાર તરફથી સુલેહનો ભંગ થવાની ધાસ્તી રહે તે પક્ષકારના જામીન લેવા એ વ્યાજબી રસ્તો છે, તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૪૫ અને ૧૪૭ મુજબ માજીસ્ટ્રેટ મુકરદમો ચલાવે એ પણુ કાયદેસર છે. સુબા વિ. ટ્રીનકાલ, ઈ. લો. રી. ૭ મ. ૪૬૦.

(મી૦ ટરનર ચીફ જસ્ટીસ અને મી૦ મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, ૭ મી અને ૧૪ મી જુલાઈ સને ૧૮૮૪.)

૧૩૩ કબજો—ઈઝમેન્ટની તકરાર—પૂરાવાનો બોજો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૭—પોતાની જમીન ઉપર સાધારણુ માલકીપણુાનો હક બીજા માણુસને નહી કરવા દેવો તે જમીનના માલકીપણુાના સાધારણુ હકોથી જુદી જાતનો હક છે, અને તે ઇઝમેન્ટનો હક ગણુાય છે. જે પક્ષકાર આવી જાતનો હક બતાવે તે પક્ષકાર ઉપર પુરાવાનો બોજો છે. હરીમોહન ઠાકર વિ. કીસનસુંદરી. ઈ. લો.રી.૧૧ ક. ૫૨.

(મી૦ વીલસન અને મી૦ મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી અકટોબર સને ૧૮૮૪.)

૧૩૪ કબજો—જમીનની તકરાર—લોકોના ભોગવટાનો માર્ગનો હક—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૩૩, ૧૩૭—ઝાહેરાંત રસ્તાના અટકાવના સબંધમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૩૩, ૩૪, ૩૫, ૩૬, અને ૩૭ માં આપેલી સત્તા, ઝાહેરાંત રસ્તાની તકરાર સુદ્ધ બુદ્ધીથી ઉત્પન્ન થઈ હોય, ત્યાં અગાડી વાપરવી જોઈએ નહીં. આવી જાતની તકરારમાં જ્યાંસુધી ઝાહેરાંત હક વ્યાજબી કાયદેસર દિવાની અથવા ફોજદારી મુકરદમો ચલાવી સાબીત થાય નહી ત્યાંસુધી તે બાબતમાં કોઈ પણુ અદાલત કાંઈ હુકમ કરી શકે નહી. બસરૂદીન ભુઈહા વિ. બાહાર અલી, ઈ. લો. રી. ૧૧ ક. ૮.

(મી૦ વીલસન અને મી૦ મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી અકટોબર સને ૧૮૮૪).

અસકાર મીયાં વી. સબદાર મીયાંના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ઈ૦ લો૦ રી૦ ૧૨ ક૦ ૧૩૭;. જુઓ લોકોપકારક કૃત્ય ૧૦૨.

લાલમીયાં વીરૂધ નાઝરબાલસીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઇ. લો. રી. ૧૨ ક. ૬૫૬. જુઓ લોકોપકારક કૃત્ય ૧૦૩.

૧૩૫ કબજો—જમીનની તકરાર—કીયા પક્ષકારનો ખરેખરો ભોગવટો છે તે નીરણુય કરવાનો વખત—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૫ મુજબ માજીસ્ટ્રેટ તજવીજ કરતો હોય તે વખતે, તકરારી મીલકત કીયા પક્ષકારના કબજામાં છે એ માજીસ્ટ્રેટે સોધી કાઢવું જોઇએ, જે કાયદા પ્રમાણે મુકરદમો ચલાવવાની શરૂ

આતનો વખત ગણાય છે, પણ ત્યાર પહેલાં એ બાબત જોવાની નથી; અને ભોગવટાવાળા પક્ષકારને તે કબજો શી રીતે મળ્યો તે બાબત વીશે તેને કાંઇ સબંધ નથી, પણ તે પક્ષકારનો કબજો કાયમ રાખવાનો હુકમ ફકત માજીસ્ત્રેટે કરવો જોઇએ. એમબ્લર વિરૂધ પુશોંગ, ઇ૦ લો૦ રી૦ ૧૧ ક૦ ૩૬૫.

(મી૦ ટોટનહામ અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫).

નીચેના કેસોમાં નજર રાખવામાં આવી છેઃ—

બીજોયનાથ ચતરજી વિ. એંગોલ કોલ કંપની લીમીટેડ, ૨૩ વિ. રી ૪૫. જુઓ કબજો ૮૫.

બનવારીલાલ મીસ વિ. રાજા રાધાપ્રસાદસીંગ, ૧ ક. લો. રી. ૧૩૬. જુઓ કબજો ૧૦૫.

ચત્રપત્તસીંગની બાબતમાં, ૫ ક. લો. રી. ૨૦૦. જુઓ કબજો ૧૧૭.

સરકાર વિ. ગુલામ મહમદ, ૧ આગ્રા હા. કો. રી. ૩૩ જુઓ કબજો ૨૩.

મોહેશચંદ્રખાનની બાબતમાં, ઈ. લો. રી. ૪ ક. ૪૧૭. જુઓ કબજો ૧૧૧.

પીરથીરામ ચોધરે રાવ બાહાદુર અરજદાર, ૨૦ વી. રી. ૫૧. જુઓ કબજો ૭૭.

રખાલદાસસીંગ વિ. રાજા સીઓપ્રસાદસીંગ ૨૪ વિ. રી. ૭૩. જુઓ કબજો ૯૫. ૬ મ. હા. કો. રી. અપે. ૧૩. જુઓ કબજો ૫૧.

૧૩૬ કબજો—જમીનનીતકરાર—ભાડુ ઉઘરાવવાનો હક—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૧૪૫—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કો. ક. ૫૩૦–દેખાય તેવી સ્થાવર મિલકત—ભાડુ ઉઘરાવવાના હકની તકરાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૫ મુજબ દેખીતી સ્થાવર મિલકતની તકરાર ગણાય છે. પરમાથભસનાડે બરોય વિ. દુરગાચરન ભટાચારજી ઈ. લો. રી. ૧૧ ક. ૪૧૩.

(મી૦ ફીલ્ડ અને મી૦ બીવરલી જડજોની રૂબરૂ. ૨૪ મી માર્ચ સને ૧૮૮૫).

રાણી વિ. ઠાકોર દયાલસીંગનો કેસ સમજાય છે. ઈ. લો. રી. ૩ ક. ૩૨૦. જુઓ કબજો ૧૦૭.

હરક નારાયણસીંગ વિ. લચ્છમીબક્ષરાયના કેસમાં આધાર રાખવામાં આવે છે, ૫ ક. લો. રી. ૨૮૭. જુઓ કબજો ૧૧૫.

સધરલાન્ડ વિ. ક્રાઉડીના કેસમાં આધાર રાખવામાં આવે છે, ૧૮ વિ. રી. ૧૧; ૯ બેં. લો. રી. ૨૨૯. જુઓ મુચરકો ૪૫.

અનંદમોઈ ડેબીઆ વિ. સરનોમોઈના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૧૩ ક. ૭૭૯ જુઓ કબજો ૧૪૧.

૧૩૭ કબજો—જમીનની તકરાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૫—તે કલમ મુજબ કામ ચલાવવું તે—સાક્ષીઓનું હાજર થવું તે—હાજર રાખવાની બજાવણી—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૫ મી મુજબ મુકરદમો સમન કેસની માફક ચલાવવો જોઈએ, અને આવા કામમાં સાક્ષી ઉપર સમનો કાઢવા તે માજીસ્ત્રેટની મરજી ઉપર છે તોપણ કોઇ પક્ષકાર યોગ્ય વખતે પોતાના સાક્ષીઓ હાજર રહે તેને માટે પ્રોસેસ કાઢવાની અરજી કરે તો કોર્ટ તેને મદદ આપવાની પોતાની મરજીથી ના કહી શકે નહીં અને માજીસ્ત્રેટ મદદ કરવાની ના પાડે તો તેનાં કારણો લખીતવાર જણાવવાની તેની ફરજ છે. હરનદ્રોનારાયણસીંગ ચોધરે વિ૦ ભોખાનીમીયાં બરૂઆની, ઈ લો. રી. ૧૧ ક. ૭૬૨.

(મી૦ પ્રીન્સેપ અને મી૦ ગ્રાંટ જડજોની રૂબરૂ. તા૦ ૧૩ મી જુલાઇ સને ૧૮૮૫.)

૧૩૮ કબજો—જમીનની તકરાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૫—કબજા બાબતની તજવીજ—" ખરેખરો કબજો "—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૫ મુજબ તજવીજ ચલાવ

તી વખતે કીયા પક્ષકારનો ખરેખરો કબજો છે, તે માજીસ્ટ્રેટે જોવાનું છે. એમપ્લર વી૦ પુરોગના કામનો આધાર રાખવામાં આવ્યો. (ઈ. લો. રી. ૧૧ ક. ૩૬૫) ચંદ્રકુમાર પોડર વિ. ચંદ્રકાંતા ઘોસ ઈ. લો. રી. ૧૧ ક. ૫૨૧.

(મી. ટોટનહામ અને મી. એગન્યુ જડજોની રૂબરૂ. તા૦ ૧૯ મી નવંબર સને ૧૮૮૫.)

૧૩૯ કબજો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૫—"દેખીતી સ્થાવર મિલકત"—જાલકર સંબંધી તકરાર-જાલકરમાં માંછલાં પકડવાના હક વીશેની તકરારનો સમાવેશ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૫ માં બતાવ્યા પ્રમાણે દેખીતી સ્થાવર મીલકતમાં થતો નથી. કલમ ૧૪૫ મુજબ મુકરદમો કોર્ટમાં ચલાવતાં પેહેલાં તકરારી બાબતનો ખરેખરો કબજો કીયા પક્ષકારનો છે એ વીશે તજવીજ પેહેલી કરવી જોઈએ. ઓીષ્ણાધોનીડટ. વિ. ત્રૈલોક્યાનાથ બીસવાસ, ઈ. લો. રી. ૧૨ ક. ૫૩૯.

(મી૦ મેકડોનલ અને મી૦ બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૮૬).

આનંદમોઈ ડીબ્યાઆ વિ. ધરનો મોહન કામમાં નજર રાખવામાં આવી હતી, ઈ. લો. રી. ૧૩ ક. ૧૭૯. જુઓ કબજો ૧૪૧.

૧૪૦ કબજો—જમીનની તકરાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૫—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૧૮૮—સરકારી નોકરના હુકમનું અપમાન—કબજા બાબત તજવીજ—તપાસેલા કામના પક્ષકારો—**અ** અને **બ** નામના માણુસોના હકની કોઇ જમીનના કબજા વીષેની તજવીજ, ટીપરાના માજીસ્ટ્રેટે સને ૧૮૮૩ ના મે માસમાં ચલાવી અને પુરાવા ઉપરથી **અ** નામના માણુસનો કબજો સાબીત થયો; તે ઉપરથી તા૦ ૨૧ મી મેએ સને ૧૮૮૩ ને રોજ માજીસ્ટ્રેટે એવો હુકમ કર્યો કે જ્યાં સુધી દીવાની કોર્ટ તેનો કબજો લેઇ લેવાનું હુકમનામું કરે ત્યાં સુધી, **અ** નામના માણુસનો કબજો કાયમ રાખવો જોઇએ અને તેના ભોગવટામાં **બ** નામના માણુસે, અગર બીજા કોઇ શખસોએ અડચણ કરવી નહી. સને ૧૮૮૫ ની સાલના નવંબર મહીના પેહેલાં **બ** નામના શખસે પોતાના હીસ્સાનો અડધો ભાગ **ક** નામના માણુસને વેચાથી આપ્યો, જેને વેચાણ રાખતી વખતે માજીસ્ટ્રેટના હુકમની ખબર હતી. તેજ સાલના નવંબર મહીનામાં **બ** અને બીજા માણુસો તકરારી જમીન ઉપર ગયા અને જોરજુલમથી **અ** નામના માણુસનો કબજો ખુંચાવી લેવાનો પ્રયત્ન કરયો અને ભાડવાતો પાસેથી **બ** અને **ક** નામના માણુસોને ભાડુ આપવાની કબુલાત લખાવી લીધી. ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે ચલાવેલા મુકરદમાના પક્ષકારો, **બ** નામના માણુસોના સોબતીઓ નહોતા, તોપણ તા૦ ૨૧ મી મે સને ૧૮૮૩ નો હુકમ તે માણુસોના જાણવામાં હતો. સને ૧૮૮૫ ના ડીસંબર માસમાં તે સઘળા ઉપર કામ ચલાવી સરકારી નોકરના હુકમનું અપમાન કરયાનું તોહોમત રાખી, તેમને ગુન્હેગાર ઠરાવ્યા. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવ્યા તે કાયદેસર છે. પોલીસનો રીપોર્ટ જોવાથી સુલેહનો ભંગ થશે એવી માજીસ્ટ્રેટને ખાતરી થઇ એ કારણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૫ મુજબ જોઇએતેવું છે. ગોલકચંદ્રપાલ વિ. કાલી ચરનડી, ઈ. લો. રી. ૧૩ ક. ૧૭૫.

(મી૦પ્રીનસેપ અને મી૦ ગ્રાંટ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રિલ સને ૧૮૮૬)

ચંદરમાધબઘોસ વિ. જગત ચંદ્રસેનના કામમાં નજર રાખવામાં આવી છે, ૪ ક. લો. રી. ૪૮૩. જુઓ કબજો ૧૧૬.

કનંદ નારાયણ ભુપના કામમાં નજર રાખવામાં આવી છે, ઈ. લો. રી. ૪ ક. ૬૫૦ જુઓ કબજો ૧૧૩.

૧૪૧ કબજો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૫—જાલકર

હક—" દેખીતી સ્થાવર મિલકત "—જાલકર સબંધી તકરાર—જાલકરના હક સબંધી તકરાર કલમ ૧૪૫માં બતાવ્યા મુજબ "દેખીતી સ્થાવર મીલકત"ની તકરાર ગણાતી નથી, અને તેથી તે કલમ મુજબ તેની તજવીજ માજીસ્ટ્રેટ કરી શકે નહી. આનંદમોઈ ડેબીઅ, વિ. સરનોગોઈ, ઈ. લો. રી ૧૩ ક. ૧૭૯.

(મી૦ ઓકીનલી અને મી૦ એગન્યુ જડજોની રૂબરૂ, તા૦ ૨૮મી જુન સને ૧૮૮૬).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ—

ક્રીષ્ણપીની દત વિ. ત્રૈલોકીઆનાથ બીસ્વાસ, ઈ, લો. રી. ૧૨ ક. ૫૩૯. જુઓ કબજો ૧૩૯.

પરમાથ ભુસન ડેબરોય વિ. દુરગાચરન બટાચારજી, ઈ. લો. રી. ૧૧ ક. ૪૧૩. જુઓ કબજો ૧૧૩.

જુઓ સાપ્રાધ પ્રવેસ ૪, ૫, ૧૬, ૧૮, ૨૨.
,, પોલીસ રીપોર્ટ ૨, ૩.
,, ડેપ્યુટી માજીસ્ટ્રેટની સત્તા.
,, ખાનગી બચાવ, ૧૫, ૨૧.
,, લોકોપકારક કૃત્ય ૧૮, ૨૦.
,, મુચરકો, ૪૫.
,, ચોરી. ૩૧.
,, ગેરકાયદેસર મંડળી. ૨૯.

કબજો—

હથીઆરનો. જુઓ હથીઆર.

જુઠા સીક્કાનો. જુઓ જુઠા સીક્કા ૬.

જુઠી સીલ અને જુઠા દસ્તાવેજોનો. જુઓ જુઠી સીલ અને જુઠા દસ્તાવેજો.

યંત્રમાં ખેંચાય એવા પદારથનો. જુઓ જકાત ૩૩.

દારૂગોળાનો. જુઓ યત્ન ગુન્હો કરવાનો ૧.

ખોટા દસ્તાવેજનો. જુઓ ખોટી નીશાની જુઓ જુઠો લેખ.

ધણીનો. જુઓ ચોરાયેલી મીલકત ૧૮.

મોકલેલા દારૂનો. જુઓ જકાત, ૩૦.

દારૂનો. જુઓ જકાત ૧૮.

શેરનો. જુઓ મુચરકો ૪૫.

મોહુડાનો. જુઓ જકાત ૩૫.

અફીણનો. જુઓ અફીણ.

ડાકાઈટીથી મેળવેલી મિલકતનો. જુઓ કબુલાત ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૮૩.

રજીસ્ટર ટીકટનો. જુઓ ચેપીરોગો ૧.

મીઠાનો. જુઓ મીઠું ૪, ૫, ૭, ૧૨.

કેટલાક ખોટા દસ્તાવેજોનો. જુઓ જુઠો લેખ ૩૮.

ચોરેલી મિલકતનો. જુઓ સોબતી ગુન્હામાં ૩૪, ૩૫.

કબુલાત—

૧ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમ ૩૦ તોમતદારની કબુલાત તે ફકત તેનાજ વિરૂદ્ધ પુરાવો ગણાય છે. રાણી વિ. કાલીચરન લોહાર અને બીજાઓ ૬ વિ. રી. ૮૪.

(મી. લોક જડજની રૂબરૂ, ૨૦ મી નવંબર સને ૧૮૮૬).

૨ કબુલાત—એકઠા તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમ ૫૩૦—પોલીસની તપાસના કાગળો—તોહોમતદારની કબુલાતથી કોઈ માણસના સામેના પુરાવાને મજબુતી મળતી નથી, તેમજ કોઈના સામેનો પુરાવો પણ ગણાતો નથી, ફકત તેનાજ સામેનો પુરાવો ગણાય છે. પોલીસના કાગળોને પુરાવા તરીકે ઈનસાફમાં લેઇ શકાય નહી, તેમજ પુરાવો ખરો કરવાને જોઈ શકાય પણ નહી. રાણી વિ. બસીરૂડી અને બીજાઓ, ૮ વિ. રી. ૩૫.

(મી૦ હોબહાઉસ જડજની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઇ સને ૧૮૬૭)

૩ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમ ૩૦—મજબુતી—એક કેદીની કબુલાત બીજા કેદીના સામેના પુરાવાને મજબુતી આપી શકે નહી, તોહોમતદાર જાતે હાજર હતો તેને પુષ્ટી મળ્યા શીવાય, ગુન્હાની વાસ્તવીક હકીકતની મજબુતી કાંઈ કામની ગણાય

નહી. રાણી વિ દરબારૂદાસ સીરદાર અને બી જાઓ, ૧૩ વિ. રી. ૧૪.

(મી૦ જેકશન અને મી૦ માર્કબાય જ ડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જાનેવારી સને ૧૮૭૦).

૪ કબુલાત—સાથેના તોહોમતદારોની ક બુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આ કટ કલમ ૩૦—મજબુતી—સને ૧૮૭૨નો ૧૦ મો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૭ મુજબ હાઇ કોર્ટની સત્તા—સને ૧૮૬૧ નો ૨૫ મો કલમ ૨૦૫—સને ૧૮૭૨ નો ૧૦ મો કલમો ૩, ૪, ૨૬૩, ૨૯૭, ૩૪૬—જો કે જ્યુ રીના ફેંસલાથી ગુન્હેગાર ઠરાવ્યો હોય તો પ ણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૭ મુ જબ, કામ હાઈ કોર્ટના અભીપ્રાય માટે મો કલવામાં આવ્યું હોય તો, હાઈ કોર્ટ તેજ કો ડની કલમ ૨૮૮ મુજબ કામની મુખ્ય બાબ તો જોવાને બંધાયેલી છે. એકજ ગુન્હાને મા ટે એકઠી તજવીજ થયેલા માણસોની કબુલાત સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાના આકટની કલ મ ૩૦ મુજબ તેઓની સાથેના બીજા પક્ષકા રોની સામે ધ્યાનમાં લેઈ શકાય. પણ આવી કબુલાતોને બીજાની સામે પુરાવામાં લેતાં પેહેલાં મજબુતી મળવી જોઈએ, અને તે મજબુતી ગુન્હેગારોના પુરાવાથી મળી શકે નહી. સને ૧૮૭૨ ના આકટ ૧ લા ની કલમ ૩૦ નો અર્થ ઘણી સખતાઇથી કરવો જોઈએ, અને તે કલમ મુજબ બે માણસોની તજવીજ એક ઠી થઈ હોય તેમાં એકની મુખ્ય ગુન્હાને મા ટે અને બીજાની મદદગાર તરીકે હોય તો, એક માણસની કબુલાત બીજા માણસની વિ. રૂદ્ધ પુરાવામાં લેઈ શકાય નહી. જે કેદી અ પીલ કરતો નથી તેનો કેસ ક્રીમીનલ પ્રોસી જર કોડની કલમ ૨૯૭ મુજબ કોર્ટ ચલાવી શકે છે, અને તેની નજરમાં આવે તેવો હુક મ અથવા સજા કરી શકે છે. રાણી વિ. જા ફરઅલી ૧૯ વિ. રી. ૫૭.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી એપ્રીલ સને ૧૮૭૩).

ઈલાહીબક્ષ અરજદારના કામમાં આ ધારે પ્રમાણે વરતવામાં આવે છે, ૫ વિ. રી. ૮૦. જુઓ સોબતી ગુન્હામાં ૫.

રાણી વિ. બેપીન બીસ્વાસના કામમાં મંજુર રાખવામાં આવ્યો, ઈં૦ લૉ૦ રી૦ ૧૦ ક. ૯૭૦. જુઓ પુરાવો ૬૬.

નીચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

અશુટોસ ચકરબત્તીની બાબતમાં ૩ ક. લૉ. રી. ૨૭૦; ઈં૦ લૉ૦ રી૦ ૪ ક. ૪૮૩. જુઓ કબુલાત ૧૯.

રાણી વિ. ગોવીંદ બાબલીરાલ. ૧૧ મું. હા. કો. રી. ૨૭૮. જુઓ કબુલાત ૧૧.

રાણી વિ. બાલા પટેલ. ઈં૦ લૉ૦ રી૦ ૫ મું. ૬૩. જુઓ કબુલાત ૨૩.

૫ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમ ૩૦—કેદી સાથે એકઠી તજ વીજ થયેલા માણસની કબુલાત તે કેદીના વિ રૂદ્ધ લેઇ શકાય ત્યાર પેહેલાં, એમ માલમ પ ડવું જોઈએ કે જે ગુન્હામા તે બંનેની એકઠી તજવીજ થઈ છે, તે ગુન્હો કરવામાં આપેલી કબુલાત જે માણસના વિરૂદ્ધ લેવામાં આવે છે તે માણસને જેટલી સામેલ કરે છે તેટલીજ કબુલાત આપનાર માણસને વાસ્તવીક રીતે ગુ ન્હો કરવામાં સામેલ કરે છે. રાણી વિ. બે લાટઅલી મુનશી અને બીજાઓ. ૧૯ વિ.રી. ૫૭; ૧૦ બેં. લૉ. રી. ૪૫૩.

(મી૦ કેમ્પ અને મી૦ ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી એપ્રીલ સને ૧૮૭૩).

રાણી વિ. મોહેશ બીસ્વાસના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૯ વિ.રી ૧૬; ૧૦ બેં. લૉ. રી. ૪૫૫. જુઓ સોબતી ગુ ન્હામાં ૨૦.

નીચેના કેસોમાં આધાર રાખવામાં આ વ્યો:—

રાણી વિ. સધુમંડળ, ૨૧ વિ. રી. ૬૯ જુઓ કબુલાત, ૯.

રાણી વિ. ગનરંજ, ઈં૦ લૉ૦ રી૦ ૨ અ. ૪૪૪, જુઓ કબુલાત ૨૧.

રાણી વિ. મલુ ઈ૦ લૉ૦ રી૦ ૧ અ. ૬૬૪. જુઓ કબુલાત ૧૭, ૧૮.

નીચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

અશુટોશ ચકરબતીની બાબતમાં, ૩ ક. લૉ૦ રી૦ ૨૭૦; ઈ૦ લૉ૦ રી૦ ૪ ક. ૪૮૩. જુઓ કબુલાત ૧૯.

રાણી વિ. અમરીતા ગોવીન્ડા. ૧૦ મું. હા. કો. રી. ૪૯૭. જુઓ કબુલાત ૬.

તુરબક્ષ કાઝી વિ. રાણી. ઈ૦ લૉ૦ રી૦ ૬ ક. ૨૭૯. જુઓ કબુલાત ૨૪.

રાણી વિ. બકરખાન. ૫ નો. વે. પ્રો. ૨૫૩. જુઓ એકઠી તપાસ ૧.

૬ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૫, ૧૨૨, ૨૫૬, ૨૮૦ ૩૪૬—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમો ૩૦, ૯૧—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૧૧૪ - એકઠી તપાસ—જ્યુરીથી થએલી તપાસ —અયોગ્ય પુરાવાનું દાખલ કરવું તે—ફરીથી તપાસ—જો કોઈ પણ કબુલાત સવાલ અને જવાબના રૂપમાં ન લેવામાં આવી હોય, અને માજીસ્ટ્રેટે તે ખરી છે તે બાબતના શેરો પોતાની સહીથી ના કર્યો હોય તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો, ૪૫, ૧૨૨, ૨૫૬ અને ૩૪૬ અને પુરાવાના આકટની કલમ ૯૧ મુજબ દાખલ કરવાને વાંધો ઉઠાવવામાં ના આવ્યો હોય તોપણ તે પુરાવામાં લેઈ શકાય નહી. ગુન્હાનો મદદગાર ગુન્હો કરતી વખતે હાજર હોવાથી તેના ઉપર પીનલકોડની કલમ ૧૧૪ મુજબ તોહોમત મુકવામાં આવ્યું હોય તો તેની મદદગારી ગુન્હો થયો ત્યાં સુધી જારી રહેવી જોઈએ. છેવટનું કૃત્ય થતાં પહેલાં કોઈ પણ વખતે સ્પષ્ટ રીતે પોતાની મદદ પાછી ખેંચી લે તો તેની ચાલતી મદદથી ગુન્હો થયો એમ ગણાય નહી. કોઇ પણ માણસ એમ બતાવે કે તેને ખુનમાં મદદ કરી, પણ તેના સોબતીઓએ ખરેખરી રીતે ખુન કર્યું ત્યાર પહેલાં તેને પોતાની મદદ પાછી ખેંચી લીધી હતી એવી જાતની કબુલાત, તેના સોબતીઓ જેઓની તજવીજ પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ ખુનના ગુન્હાને માટે તેની સાથે થઇ હોય તોપણ, તેઓની સામે પુરાવામાં લેઈ શકાય નહી. જ્યુરીએ આપેલા કોઇ કેસના ફેંસલામાં હાઈ કોર્ટને એમ માલમ પડે કે પુરાવામાં ન લેવાય તેવી બાબત પુરાવામાં લીધી છે અને તે બાબત રદ કરતાં જ્યુરી ગુન્હેગાર ઠરાવી શકે એવો બીજો પુરાવો છે તો, તેવી બાબતમાં હાઈ કોર્ટ ગુન્હો અને સજા ફેરવીને કામ નવેસરથી તપાસ થવાને પાછું મોકલી શકે છે. રાણી વિ. અમરીતા ગોવીંદ ૧૦ મુ. હા. કો. રી. ૪૯૭.

(મી૦ વેસ્ટ અને મી૦ નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ. તા૦ ૧૭ મી ડીસેંબર સન ૧૮૭૩).

રાણી વિ. બાઈ રતનના કેસમાં આધાર રાખવામાં આવે છે ૧૦ મુ. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૭.

મોહેસ બીસ્વાસના કામમાં નજર રાખવામાં આવી છે. ૧૯ વિ. રી. ૧૬ જુઓ સોબતી ગુન્હામાં ૨૦.

રાણી વિ. બેલાટઅલી મુનશી ૧૯ વિ. વી. રી. ૬૭. જુઓ કબુલાત ૫.

રાણી વિ. બાલા પટેલના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ લો. રી. ૫ મુ. ૬૩૬ જુઓ કબુલાત ૨૩.

રાણી વી૦ પંધરીનાથના કામમાં આવાર રાખવામાં આવ્યો. ઈ૦ લૉ૦ રી૦ ૬ મું. ૩૪. જુઓ કબુલાત ૮૬.

તુરબક્ષ કાઝી વી. રાણીના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લૉ૦ રી૦ ૬ ક. ૨૭૯. જુઓ કબુલાત ૨૪.

ઈલાહીબક્ષ અરજદારનુ કામ મંજુર થાય છે. ૫ વિ૦ રી૦ ૮૦. જુઓ સોબતી ગુન્હામાં ૫.

૭ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧લો પુરાવાનો આકટ ક

લમ૩૦-એ ટોળીઓના કેદીઓની તજવીજ જુદા જુદા ગુન્હાઓને માટે એકઠી થઈ હોય તો પણ એક ટોળીના કેદીએ બીજી ટોળીએ ગુન્હો કર્યો છે એવી હકીકત બતાવી હોય તો, તે હકીકત બીજી ટોળીના કેદીના વીરૂદ્ધ પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ લેઈ શકાય નહીં. રાણી વી. બનવારીલાલ અને બીજાઓ ૨૧ વી. રી. ૫૩.

(મી૦ ફીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૭૪.)

રાણી વી. ખકરીઉરમના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૧ વિ. રી. ૪૮. જુઓ પૂરાવો ૩૬.

રાણી વી. મલાપા ઉર્ફે કપનાના કામમાં નજર રાખવામાં આવી ૧૧ મુ. હા. કો. રી. ૧૯૬. જુઓ સોબતી ગુન્હામાં ૨૬.

૮ કબુલાત-સાથેના તોહોમતદારોની કબુલાત-સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમ ૩૦-સને ૧૮૭૨ ના આકટ ૧લાની કલમ ૩૦ મુજબ એક કેદીએ કરેલી કબુલાત-કબુલાત કરનાર માણસ સીવાય બીજા માણસો સામે પુરાવામાં, જે કેસોમાં તોહોમતદાર સામે કબુલાત લેવાની છે તે તોહોમતદારની સાથે કબુલાત કરનાર માણસની તજવીજ એકઠી થઈ હોય તેવા કેસોનેજ ફકત લાગુ પડે છે. રાણી વિ૦ શેકબક્ષુ ૨૧ વિ. રી. ૬૫.

(મી૦ ફીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી માર્ચ સને ૧૮૭૪)

૯ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમો, ૩૦, ૧૧૪—સોબતી ગુન્હાનો—મજબુતી—જડજનો કેસ એકઠો કરવો તે.-પુરાવાના આકટની કલમ ૧૧૪ ઉપર વિચાર કરીને એમ ઠરાવવામાં આવે છે કે કાયદા બાંધનારે પુરાવાનો નિયમ બાંધેલો છે કે તોહોમતદારના ગુન્હા સબંધી ગુન્હાના સોબતીએ આપેલી જુબાની ઉપર ભરૂંસો રાખવો નહીં, પણ તે શખસના સબંધની કેટલીક બાબતોને મજબુતી મળે તો ભરૂંસો રાખી શકાયછે, અને જ્યાં અગાડી સોબતીની જુબાની ઉપર આધાર રાખવાનો હોય તેવી બાબતમાં ઉપલા નિયમથી તે જુબાની રદ થઈ જાય છે કે નહીં તે ઉપર વિચાર કરવો એ કોર્ટની ફરજ છે, અને જ્યુરીથી તજવીજ થતી હોય તો સોબતીની જુબાની સબંધીના નિયમો ઉપર જ્યુરીનું ધ્યાન ખેંચવું એ પણ કોર્ટની ફરજ છે. એકજ ગુન્હાને માટે તોહોમતદાર સાથે એકઠી તજવીજ થએલા કેદીઓની કબુલાત પૂરાવાના આકટની કલમ ૩૦ મુજબ જુજ બાબતમાં પુરાવા તરીકે લેઈ શકાય છે. અને તેવી જાતની કબુલાત એ અપુર્ણ પુરાવો ગણાય છે અને તેને પુરાવામાં લેતાં પેહેલાં ઘણી બારીકીથી તપાસ કરવો જોઈએ. રાણી વી. સધુમંડળ ૨૧ વિ. રી. ૬૯.

(મી૦ ફીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨ એપ્રીલ સને ૧૮૭૪).

નીચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

ઈલાહીબક્ષ અરજદાર ૫ વિ. રી. ૮૦. જુઓ સોબતી ગુન્હામાં ૫.

રાણી વિ. મોહેશ બીસ્વાસ. ૧૯ વિ. રી. ૧૬. જુઓ સોબતી ગુન્હામાં ૨૦.

રાણી વિ. બેલાટઅલી મુનશી, ૧૯ વિ. રી. ૬૭. જુઓ કબુલાત ૫.

અશુટોશ ચકરબતીના કામમાં નજર રાખવામાં આવી હતી; ૩ ક. લૉ. રી. ૨૭૦; ઈ૦લૉ૦ રી૦૪ ક. ૪૮૩. જુઓ કબુલાત ૧૯.

૧૦ કબુલાત--સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમ ૩૦—"એકઠી તપાસ"—પુરાવામાં તફાવત—તજવીજ ચાલતી વખતે ગુન્હો કરયો છે એમ કોઈ કેદીએ બતાવ્યું હોય અને તે ઉપરથી તેને ગુન્હેગાર ઠરાવી શીક્ષા થઈ હોય તો, તેજ ગુન્હાને માટે કમીટ થએલા બીજા કેદીઓ જેમને ગુન્હો કરયો નથી એમ બતાવ્યું હોય, તેની સાથે તેની તપાસ થઈ એમ ગણાય નહી. આઠ કેદીમાંના

એક કેદીએ કમીટીંગ માજીસ્ટ્રેટ આગાડી એવી જુબાની આપી કે મેં તથા બીજા પાંચ જણાએ ગુન્હો કરયો છે. અને તે ઉપરથી આસીસટન્ટ સેસન જડજે તેને ગુનેહેગાર ઠરાવી સીક્ષા કરી અને પછી તેની જુબાની પ્રતિજ્ઞા પુર્વક જડજે લેઈ બીજા કેદીઓની વીરૂદ્ધ પુરાવામાં ગણી. એમ ઠરાવવામાં આવ્યું કે આ કેદીની કબુલાત બીજા કેદીઓ જેઓ ગુન્હેગાર નથી એમ બતાવે છે, તેમની વીરૂધ લેઈ શકાય નહી. જડજને આવા કામમાં સુલભ રસ્તો એ છે કે ગુન્હેગાર કેદીને શીક્ષા કરી તેનું કામ જુદુ રાખવું જોઈતું હતુ અથવા પુરાવા ઉપરથી શું સાબીત થાય છે તે જોવું હતું. તફાવતથી પુરાવો ઘણોજ નબળો થઈ જાય છે, કારણ કે સાક્ષી જે વધારે ડહાપણથી જુબાની આપે તો તફાવત પડે નહી. રાણી વિ. કાલુ પટેલ ઈ૦ લૉ૦ રી૦ ૫ મું. ૧૩. જુઓ કબુલાત ૬૩.

૧૧ કબુલાત—સાથેના તોહોમતદારની કબુલાત—એકઠી તપાસ થયેલા કેદીઓ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમ ૩૦—તોહોમતમાં સુધારો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૪૭, ૪૪૯—અ અને બ નામના બને માણસો તેમાં અ ની ખુનના ગુન્હાને માટે અને બ ની મદદગારીને માટે, સેસન કોર્ટમાં તજવીજ ચાલી; તેમાં અ નામના માણસે એવી કબુલાત આપી કે, મેં બ નામના માણસની ઉશ્કેરણીથી ખુન કરયું છે, તે કબુલાત અ નામના માણસની વિરૂદ્ધ પુરાવામાં ગણવામાં આવી. પછીથી અ નામના માણસ ઉપર ખુનનું તોહોમત બદલી મદદગારીનું તોહોમત રાખવામાં આવ્યું, અને સેસન જડજે પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ બને માણસોની વીરૂદ્ધ કબુલાત ગણી શીક્ષા કરી. હાઈકોર્ટે એમ ઠરાવ્યું કે મુળના અને પછીથી સુધારીને મુકેલા તોહોમતો એવાં નીકટ સબંધનાં છે કે, પછીથી મુકેલા તોહોમતો ઉપર તજવીજ સારૂઆતથીજ થઇ છે એમ વાજબી રીતે ગણી શકાય; અને અ નામના માણસ ઉપર તોહોમત ફેરવવામાં આવ્યું તે વખતે, તે માણસની કબુલાત બ નામના માણસની વીરૂદ્ધ પુરાવામાં લેવાઈ તે બાબતનો વાંધો બ નામના માણસના વકીલે લીધો નોહોતો, તેટલા માટે સેસન જડજે અ ની કબુલાત બ ની વિરૂદ્ધ પુરાવામાં લીધી છે તે વાજબી છે. રાણી વિ. ગોવીંદ બાલીરામ અને બાબાજી ગોવીંદ કુંભાર ૧૧ મું. હા. કો. રી. ૨૭૮.

(મી૦ વેસ્ટ અને મી૦ નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ. તા૦ ૨ ડીસંબર સને ૧૮૭૪).

રાણી વિ. જાફરઅલીના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૯ વિ. રી. ૫૭. જુઓ કબુલાત ૪.

રાણી વિરૂદ્ધ આપાશુબાના મંદરેના કામમાં નજર રાખવામાં આવી. ઈ. લા. રી. ૮ મુ. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

૫૨ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧લો પુરાવાનો આકટ કલમ ૩૦—પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ સાથે તજવીજ થયેલા કેદીઓની કબુલાત, ઉપરથી કાંઈ અમુક ગુનો અથવા નબળાઈ માલમ પડતી નથી તેવી કબુલાત બીજા કેદીઓની વીરૂદ્ધ પુરાવામાં લેઇ શકાય નહી; કારણ કે તે કબુલાત સોગન ઉપર લીધેલી નથી તેમજ તેની ઉલટ સુલટ તપાસ પણ થઈ શકતી નથી. રાણી વિ. નાગા અને બીજાઓ ૨૩ વિ. રી. ૨૪.

(મી૦ શીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ. તા૦ ૨૨ મી જાનેવારી ૧૮૭૫).

રાણી વિ. બેપીન બીસ્વાસના કામમાં સાબીત થયા. ઈ. લૉ. રી. ૧૦ ક. ૯૭૦ જુઓ પુરાવા ૬૬.

આશોટસ સકરઆલીના કામમાં નજર રાખવામાં આવી. ૩ ક લૉ રી. ૨૭૦; ઈ. લૉ. રી. ૪ ક ૪૮૩ જુઓ કબુલાત, ૧૯.

ગોપીમોહન મલીક વિ. તારામણી ચોધરાણીના કામમાં નજર રાખવામાં આવી હતી ૪ ક. લૉ. રી. ૩૦૯. (દિવાની રૂલીંગ)

૧૩ કબુલાત સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમ ૩૦—કબુલાત લેવાની રીત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૪૫, ૩૪૬—અવ્યવસ્થા.

એક કરતાં વધારે માણસોની તજવીજ એકજ ગુન્હાને માટે એકઠી ચલાવવામાં આવી હોય, અને તેમાંના એક માણસે પોતાને માટે તેમજ બીજા કેટલાક માણસોને માટે કબુલાત આપી હોય તો, તે કબુલાત પુરાવામાં લેવાય એવુ પુરાવાની કલમ ૩૦ માં બતાવેલું નથી પણ તે કલમનો અર્થ "ધ્યાનમાં લેઈ શકાય" એવો છે. આવી કબુલાતથી ગુન્હામાં આવી જતા કોઈ પણ માણસે ગુન્હો કર્યો છે એવો બીજો પૂરાવો હોય તો, તેની સાથેના ગુન્હેગારની કબુલાત ધ્યાનમાં લેઈ શકાય છે, અને તે ઉપરથી પુરાવો સાચો અથવા બરોબર છે તે સમજાય છે ઉપર બતાવ્યા મુજબ કબુલાત કામમાં આવે તો જે માણસ વાંધે કબુલાત આપી હોય તે માણસ તે કબુલાત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૩૪૫ અને ૩૪૬ મુજબ સાબીત કરી લેવી જોઈએ એવી માગણી કરી શકે છે. મુકરદમાની શરૂઆતમાં તોહોમતદારની જુબાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૬ મુજબ ના લેવાઈ હોય તો, તે ભુલ માજીસ્ટ્રેટની જુબાનીથી મટી જતી નથી. કબુલાત બરોબર રીતે સાબીત થઇ ના હોય અને કાયદા મુજબ લેવાઇ ના હોય, તેની કબુલાત ઉપર કામનો આધાર રાખીને તે કબુલાત તોહોમતદારની વીરૂદ્ધ પુરાવામાં લેવામાં આવે તો, તે ગેરકાયદેસર ગણાય, અને તેથી તોહોમતદારની વીરૂદ્ધમાં અભીપ્રાય બંધાયો એમ ધારવું જોઈએ. રાણી વિ. ચંદ્ર ભટાચારજી ૨૪ વિ રી. ૨૨

(મી० જેકસન અને મી० મેકડોનલ જડજોની રૂબરૂ. ૧૨ મી અગષ્ટ સને ૧૮૭૪).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

અસુટોશ ચક્રવતીની બાબત ૩ ક. લૉ. રી. ૨૭૦; ઈ० લૉ० રી० ૪ ક. ૪૮૩ જુઓ કબુલાત ૧૯.

મુનસી સેખની અરજીની બાબતમાં ઈ. લૉ० રી० ૮ ક. ૬૧૬ જુઓ કબુલાત ૭૨.

ગણુપત પટયા વિ. કેનેરાનો કલેકટર ઈ० લૉ० રી० ૧ મુ. ૭ (દીવાની રૂલીંગ)

૧૪ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—પુરાવાનો આકટ સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૩૦—બનાવટનો પૂરાવો—બનાવટી પુરાવાને બીજા બનાવટી પુરાવાથી ટેકો મળે તો તે પુરાવો વધારે સારો ગણાતો નથી. કબુલાત આપનારો કેદી સામા માણસને ગુન્હામાં સામેલ બતાવે તેટલોજ પોતે ગુન્હામાં હતો એવું ના બતાવે તો પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ તેની હકીકત બીજા કેદીની સામે પુરાવામાં લઈ શકાતી નથી. પુરાવાના નિયમો તોડી શકાય નહીં. રાણી વિ० બેજુ ચૌધરે અને બીજાઓ ૨૫ વી. રી. ૪૩

(મી० કેમ્પ અને મી० ગ્લોવર જડજોની રૂબરૂ. તા० ૮ મી મે સને ૧૮૭૬.

અશુટોશ ચક્રબતીના કામમાં નજર રખવામાં આવી હતી. ૩. ક. લૉ० રી० ૨૭૦ ઈ० લૉ० રી० ૪ ક. ૪૮૩ જુઓ કબુલાત ૧૯.

૧૫ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પૂરાવાનો આકટ કલમ ૩૦—સાથે તજવીજ થએલા કેદીની જુબાની ઉપર તદન આધાર રાખીને ગુન્હેગાર ઠરાવવો એ ગેરકાયદેસર છે રાણી વી० અબીગરા હલુગ ઈ० લૉ० રી० ૧ મ. ૧૬૩.

(મી० હોલોવે અને મી० ઈન્સ જડજોની રૂબરૂ. તા० ૧૬ મી અકટોબર સને ૧૮૭૬.)

રાણી વીરૂદ્ધ બુદુનાનકુના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ० લૉ० રી० ૧ મુ. ૪૭૫. **જુઓ સોબતી ગુન્હામાં ૨૮.**

૧૬ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાના આકટ કલમો ૨૫, ૧૬૦—સને ૧૮૭૫ નો ૧૦ મો હાઈ કોર્ટનો ક્રીમીનલ પ્રોસીજર કોડ

કલમો ૩૨, ૧૦૧—સને ૧૮૬૫ નો લેટર્સ પેટન્ટ કલોઝ ૨૫—કાયદાની બાબત ઉપર હાઈ કોર્ટની સત્તા—એકઠા તજવીજ થયેલામાંના બીજા કોઈ કેદીએ પોલીસની રૂબરૂ કબુલાત આપી હોય તે કબુલાત કેદી પુરાવાના આકટની કલમ ૨૫ મુજબ પુરાવામાં આપી શકે છે, આવી જાતની કબુલાત આપનાર માણસની વીરૂદ્ધ લેઈ શકાતી નથી, પણ બીજા માણસના બચાવને માટે પુરાવામાં લેઈ શકાય છે. હાઈકોર્ટના ક્રીમીનલ પ્રોસીજર આકટની કલમ ૧૦૧ અને સને ૧૮૬૫ ના લેટર્સ પેટન્ટના કલોઝ ૨૫ મુજબ કાઢી નાખેલો પુરાવો દાખલ કરવાનો કાયદા સબંધી સવાલ હાઈકોર્ટે રાખી મુકયો હોય તો, કાઢી નાખેલો પુરાવો કામમાં લેવાથી કામના ફેંસલાને અસર થશે કે નહીં એનું નીરાકરણ આખુ કામ જોઈ કરી શકે છે; અને કહાડી નાખેલો પુરાવો ફરીથી દાખલ કરવાથી કામના ફેંસલાને અસર થાય તો સીક્ષા ફેરવી શકે છે. રાણી વિ૦ પીતાંબરજી. ઈ૦ લૉ૦ રી૦ ૨ મું. ૬૧.

(મી૦ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, મી૦ સારજેંટ અને મી૦ એટકીનસન જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જુલાઈ સને ૧૮૭૭).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી છેઃ—

રાણી વિ. નવરોજજી દાદાભાઈ, ૯ મું. હા. કો. રી. ૩૫૮. જુઓ કબુલત ૫૧.

રાણી વિ. હરી બાલચંદર ઘોસ, ઈ. લૉ. રી. ૧ ક. ૨૦૭. જુઓ કબુલાત ૮૪.

રાણી વિ. આપાસુભન મુંદરેના કામમાં નજર રાખવામાં આવી હતી, ઈ. લૉ. રી. ૮ મું. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

૧૭ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૦—મજબુતી—કોઈ માણસની તપાસ બીજા માણસો સાથે એકજ ગુન્હાને માટે થઈ હોય તો તેમાંના કોઈપણ માણસની કબુલાત, જેને બીજી કોઈ રીતે પુરાવાથી ટેકો ના મળે તો, તેવી કબુલાત ઉપર તેને સીક્ષા થઈ શકે નહી. રાણી વિ. ભવાની અને બીજો, ઈ. લૉ. રી. ૧ અ. ૬૬૪.

(મી૦ ટરનર ઓફીસીએટીંગ ચીફ જસ્ટીસ, તા૦ ૬ ઠી મે સને ૧૮૭૮.)

૧૮ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૦—મજબુતી—એકજ ગુન્હાને માટે બીજા માણસોની સાથે કોઈ માણસની તજવીજ થઈ હોય તો બીજાની કબુલાત જેને પુરાવાથી બીજી કોઈ રીતે ટેકો ના મળે તો, તેવી કબુલાત ઉપર તદન આધાર રાખીને શિક્ષા થઈ શકે નહી. રાણી વિ. ભવાની ઈ. લૉ. રી. ૧ અ. ૬૬૪; રાણી વિ. રામચંદ ઈ. લૉ. રી. ૧ અ. ૬૭૫.

(મી. પીઅરસન, મી૦ સ્પેંકી અને મી૦ ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, ૨૦ મી મે સને ૧૮૭૮).

૧૯ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—પુરાવાનો આકટ સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૩૦—મજબુતી—પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ કોઈ કેદીએ એકજ ગુન્હાને માટે કબુલાત પોતાને વિશે તેમજ બીજા માણસોને વિશે આપી હોય અને તે કબુલાત સાબીત થઈ હોય તો તે તેની સામે તેમજ બીજા માણસની સામે પુરાવામાં લઈ શકાય છે, પણ તે કબુલાતને બીજા કોઈ પુરાવાથી મજબુતી મળતી ના હોય તો બીજા માણસને તે કબુલાત ઉપરથી કાયદેસર શિક્ષા કરી શકાય નહી.

મી૦ ગાર્થ ચીફજસ્ટીસનો મત—આવી જાતનો પુરાવો બીજા પુરાવા જેવો કોર્ટે ગણવો જોઈએ; તેના ઉપર કેટલું વજન રાખવું જોઈએ અને તેના ઉપર આધાર રાખીને કાયદેસર શીક્ષા થઈ શકે કે નહી એ જડજને જોવાનું છે. બીજા પુરાવાથી તેને મજબુતી ના મળે તો તે ત્રીજા માણસના સોગન અને પ્રતીજ્ઞા વગરની જુબાની તરીકે હોવાથી તે ઘણોજ નબળો પુરાવો ગણાવવો જોઈ

એ. જો બીજા પુરાવાથી આવી જાતની કબુલાતને મજબુતી મળતી હોય તો, કબુલાત ઉપરથી બીજો પુરાવો નીકળી આવે છે અથવા બીજા પુરાવામાંથી કબુલાત નીકળી આવે છે તે જોવાની કાંઈ જરૂર નથી.

મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોનો મત—એકલા આશપાસના પુરાવા ઉપર આધાર રાખી શિક્ષા થઈ ના શકે તો તેવી જાતના પુરાવાથી આવી જાતના પુરાવાને મજબુતી મળે તો પણ, તેના ઉપર આધાર રાખી શિક્ષા થઈ શકે નહી. પુરાવાના આકટની ૩૦ મી કલમમાં "અદાલત" એ શબ્દનો અર્થ ફકત જ્યુરી સાથે જડજ થાય છે એટલુંજ નહી પણ જડજ અને જ્યુરી બને થાયછે. રાણી વિ૦ અશુટોશચકરબતી, ઈં. લૉ. રી. ૪ ક. ૪૮૩; ૩ ક. લૉ. રી. ૨૭૦.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, જેકશન, માર્કબાય, એનસ્લી અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુલાઈ સને ૧૮૭૮).

નિચેના કેસોમાં નજર રાખવામા આવી છેઃ—

મોહેસ બીસ્વાસ, ૧૯ વી. રી. ૧૬. જુઓ સોબતી ગુન્હામાં ૨૦.

રાણી વિ. જાફરઅલી, ૧૯ વી.રી. ૫૧ જુઓ કબુલાત ૪.

રાણી વિ. બેલાટઅલી મુનશી, ૧૯ વી. રી. ૬૭. જુઓ કબુલાત ૫.

રાણી વિ. મધુ મંડળ, ૨૧ વી. રી. ૬૫. જુઓ કબુલાત ૯.

રાણી વિ. નાગા, ૨૩ વી. રી. ૨૪. જુઓ કબુલાત ૧૨

રાણી વિ. ચંદ્ર ભટ્ટાચારજી, ૨૪ વી. રી. ૪૨. જુઓ કબુલાત ૧૩.

રાણી વિ. કેશબ ભુનીઆ, ૨૫ વી. રી. ૮. જુઓ પુરાવો ૪૬.

રાણી વિ. બૈજુ ચોધરે, ૨૫ વી. ૪૩. જુઓ કબુલાત ૧૪.

રાણી વિ. ક્રીષ્ણા ભટના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈં. લૉ. રીં. ૧૦ મું. ૩૧૯. જુઓ કમીટ કરવું તે ૬૯.

૨૦ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ. કલમો ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૩૦—એકજ ગુન્હાને માટે એક કરતાં વધારે માણસોની તપાસ એકઠી કરવામાં આવી હોય, અને તેમાંના એકની કબુલાત જો પુરાવામાં લેવાય તો, તે સઘળા તોહોમતદારોની વિરૂદ્ધ પુરાવામાં લેવી જોઇએ પણ એકલા કબુલાત કરનાર માણસની સામે લેઇ શકાતી નથી. પુરાવાના આકટની કલમો ૨૪ અને ૨૬ મુજબ કબુલાત પુરાવામાં લેઈ શકાય નહી એ બાબત વિષે વિચાર કરવામાં આવ્યો. રાણી વિ. રામા બીરાપા ઈં. લો. રી. ૩ મુ ૧૨.

(મી૦ વેસ્ટ અને મી૦ પીન્હે જડજોની રૂબરૂ. તા૦ ૧ લી અગષ્ટ સને ૧૮૭૮).

રાણી વિ. જોરા હાંસજીના કામમાં આ ધાર પ્રમાણે વર્તવામાં આવે છે. ૧૧ મુ. હા. કો. રી. ૨૪૨. જુઓ હકીકત પોલીસના કબજાની.

રાણી વિ. દેબીપ્રસાદના કામમાં નજર રાખવામાં આવી હતી. ૭ ક. લો. રી. ૫૪૧; ઈં. લો. રી. ૬ ક. ૫૩૦. જુઓ સ્વીકાર, ૩.

રાણી વિ. પનચાનનના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈં. લો. રી. ૪ અ. ૧૯૮ જુઓ કબુલાત ૯૩.

૨૧ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૦—બીજા માણસોની સાથે તપાસ થએલા કોઇ માણસે કબુલાત આપી હોય પણ તે બીજા માણસને ગુન્હેગાર ઠરાવે, તેટલી પોતાને ગુન્હેગાર ઠરાવતી ના હોય તો, તેના ઉપર આધાર રાખી કાયદેસર શીક્ષા થઈ શકે નહી; એમ પણ ઠરાવવામાં આવ્યું કે આવી જાતની કબુલાત બીજા માણસોની સામે પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ ધ્યાનમાં લેઇ શકાય નહી. રાણી વિ. બેલાટઅલી ૧૦ બેં. લૉ. ૪૫૩; ૧૯ વિ. રી. ૬૭ ના કામોનો આધાર લેવામાં આવ્યો હતો. રાણી વિ. ગનરાજ. ઈં૦ લૉ૦ રી૦ ૨ અ. ૧૪૪.

(મી૦ સ્ટેટ જડજની રૂબરૂ, તા૦ ૪ સપટંબર સને ૧૮૭૯).

રાણી વિ. બેલાટઅલી મુનશીના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૦ બે. લૉ. રી. ૪૫૩ જુઓ કબુલાત ૫.

રાણી વિ. મલુના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લૉ૦ રી૦ ૨ અ. ૬૪૬ જુઓ કબુલાત ૨૨.

રાણી વિ. બાકરખાન. ૫ નો. વે. પ્રે ૨૧૩ ના કામમાં આધાર રાખવામાં આવ્યો. જુઓ એકઠી તપાસ ૧.

રાણી વિ. ભવાનીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લૉ૦ રી૦ ૧ અ. ૬૬૪ જુઓ કબુલાત ૧૭, ૧૮.

૨૨ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમો ૩૦, ૩૩—મુકરદમાની સરૂઆતમાં ગેરહાજર સાક્ષીએ આપેલી જુબાની દાખલ કરવી તે—સેસન કોર્ટની તજવીજ—એકઠા તજવીજ થયેલા કેટલાક માણસોમાંના એકની કબુલાત—સને ૧૮૭૨ ના ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૯—ઘણુંજ ખરચ થાય અથવા ઘણોજ વખત જાય એવું હોય તો સેસન કોર્ટમાં સાક્ષીને જાતે બોલાવવો જોઈએ નહી, અને કમીટીંગ માજીસ્ટ્રેટ અગાડી આપેલી જુબાની જોવી જોઈએ. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે, જ્યાં અગાડી કોઈ માણસની તજવીજ બીજા માણસોની જોડે થઈ હોય અને તેમાં તે માણસે ગુન્હો દુર થાય એવી હકીકત બતાવીને બીજા માણસોને સામેલ ગણ્યા હોય તો તેવી હકીકત પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ બીજા માણસોની વિરૂદ્ધ ધ્યાનમાં લેઈ શકાય નહી. રાણી વિ. બેલાટઅલી, ૧૦ બે. લૉ. રી.૪૫૩; ૧૯ વી. રી. ૬૭ અને રાણી વિરૂદ્ધ ગનરાજ, ઈ. લૉ. રી. અ. ૪૪૪ ના કેસો ઉપર આધાર રાખવામાં આવ્યો. રાણી વિરૂદ્ધ મલુ, ઇ. લૉ. રી. ૨ અ.૬૪૬.

(મી૦ સ્ટેટ જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૮૦).

નિચેના કેસામાં આધાર રાખવામાં આવે છે:—

રાણી વિ. બેલાટઅલી ૧૦ બે. લૉ. રી. ૪૫૩; ૧૯ વિ. રી. ૬૭ જુઓ કબુલાત ૫.

રાણી વિ. ગનરાજ ઈ. લૉ. રી. ૨ અ. ૪૪૪ જુઓ કબુલાત ૨૧.

૨૩ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૦—એકઠી તજવીજ—ડાકાઈટી—ચોરેલી મીલકત લેવી—સને ૧૮૬૦ ના ૪૫ મો પીનલકોડ કલમો ૩૯૫, ૪૧૫—अ અને ब બને માણસોની તજવીજ ચાલી, તેમાં अ ની પીનલકોડની કલમ ૩૯૫ મુજબ ડાકાઈટીને માટે અને ब નામના માણસની કલમ ૪૧૨ મુજબ ચોરીની મીલકત જાણીબુજી લેવાને માટે તજવીજ ચાલી; अ એ બે કબુલતો આપી તેમાં એવું બતાવ્યું કે તેને ब નામના માણસને ડાકાઈટીમાંથી ચોરેલા કેટલાક સોના અને રૂપાના કડકાઓ આપ્યા. ब નામના માણસને પકડવામાં આવ્યો તે વખતે તેની પાસેથી સોનાની વીંટી અને રૂપાનો બાજુ નીકળ્યાં હતાં. તજવીજ વખતે अ નામના માણસે ગુન્હો કબુલ કરયો અને ब એ તજવીજ ચલાવવાનું કહ્યું. સોનીએ સાક્ષી આપી કે ब નામના માણસે સોના અને રૂપાનાં કડકાઓ આપ્યા હતા તેમાંથી તેને વીંટી અને બાજુ બનાવ્યો હતો. આ પુરાવા ઉપર અને अ નામના માણસની કબુલાત ઉપર આધાર રાખીને સેસન જડજે ब નામના માણસને ગુન્હેગાર ઠરાવ્યો. હાઈકોર્ટમાં અપીલ કરવાથી એમ ઠરાવવામાં આવ્યું કે એકજ ગુન્હાને માટે अ અને ब નામના માણસોની તજવીજ એકઠી નહી થવાથી अ ની કબુલાત ब નામના માણસની સામે પુરાવામાં લેઈ શકાય નહી. ब નામના માણસના કબજામાંથી નીકળેલી વસ્તુઓ તેજ ચોરાએલી વસ્તુઓ હતી એવો પુરાવો નહી હોવાથી ब ની સામે ગુન્હો સાબીત થતો નથી. સીક્ષા રદ કરવામાં આવી. રાણી વિરૂદ્ધ બાલા પટેલ. ઈ૦ લૉ૦ રી૦ ૫ મું૦ ૬૩.

(મી૦ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ અને મી મેલવીલ જડજોની રુબરૂ, ૭ મી એપ્રિલ સને ૧૮૮૦).

અમરીતા ગોવિંદ વિ. રાણીના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૦ મુ૦ હાઈ કો૦ રી૦ ૪૯૭. જુઓ કબુલાત ૬.

રાણી વિ૦ જાફરઅલીના કામમાં નજર રાખવામાં આવી છે, ૧૯ વિ. રી. ૫૭. જુઓ કબુલાત ૪.

રાણી વિ૦ કાનુ પટેલના કામમાં નજર રાખવામાં આવી છે. ૧૧ મુ૦ હા૦ કો૦ રી૦ ૧૪૬. જુઓ કબુલાત ૧૦.

૨૪ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આ-કટ કલમો ૩૦, ૧૩૮—સાક્ષીઓની તપાસ—જડજ—પીનલકોડ સને ૧૮૬૦ નો ૪૫ મો કલમો ૧૧૪, ૧૪૯, ૩૦૨—કોઈ કેદી ઉપર બીજાઓની સાથે કાયદા વિરૂદ્ધ મંડળીના સભાસદનું તોહોમત રાખવામાં આવ્યાથી, કમીટીંગ માજીસ્ટ્રેટ અગાડી તેને એવી હકીકત બતાવી કે બીજો માણસ અને તેની સાથેના કેદીઓ ગુન્હો કરવામાં સામેલ હતા. પછીથી તેણે આ હકીકત પાછી ખેંચી લીધી, અને બીજી હકીકત લખાવી જે પોતાના બચાવ માટે હતી. એમ ઠરાવવામાં આવ્યું કે આ હકીકત એ પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ બીજા કેદીઓની સામે પુરાવા ગણાય નહીં. તે કબુલાત પણ નોહોતી તેમજ પોતે ગુન્હો કરયો છે એમ પણ કેદીએ કોઈ રીતે કબુલ કર્યું નોહોતું; તે હકીકત ફક્ત પોતે તે વખતે હાજર હતો કે નહીં તે સમજાવી ફક્ત પોતાના બચાવને માટે આપેલી હતી; અને તેમાં બીજા માણસો હુંગામો કરવામાં સામેલ હતા એ બીના બીજાઓની સામે પુરાવામાં લઈ શકાય નહીં. સેશન કોર્ટમાં કામ ચલાવતી વખતે જડજે ફરીઆદીના સાક્ષીઓની ઉલટ સુલટ તપાસ પુરી થયા પછી, જે મુદાઓ ઉપર તેમની ઉલટ સુલટ તપાસ થઈ હતી તે મુદાઓ તેમના જાણવામાં હશે એ બાબત ઘણા સવાલો કર્યા. એમ ઠરાવવામાં આવ્યું કે આવી જાતની રીત ગેરકાયદેસર અને પુરાવાના આકટની કલમ ૧૩૮ થી ઉલટી છે. મુદાની બાબતો ઉપર બને બાજુના વકીલોએ સાક્ષીઓને સવાલ પુછયા હોય તો કોર્ટે સાક્ષીઓને સવાલ પુછવા જોઈએ; અને પુરાવાના આકટની કલમ ૧૩૮ મુજબ સાધારણ નિયમ તરીકે સાક્ષીઓને સવાલ પુછવાનું કામ વકીલોને સોંપવું જોઈએ. નુરબક્ષ કાજી વિ. રાણી ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૨૭૯; ૭ ક. લો. રી. ૩૮૫.

(મી૦ ગાર્થ ચીફ જસ્ટીસ અને મી૦ ટોટનહામ જડજોની રુબરૂ, તા૦ ૨૦ મી જુલાઈ સને ૧૮૮૦).

નીચેના કેસોમાં નજર રાખવામાં આવી છે:—

રાણી વિરૂદ્ધ એલાટઅલી. ૧૯ વી. રી. ૬૭; ૧૦ ઍં૦ લો૦ રી૦ ૪૫૩. જુઓ કબુલાત ૫.

રાણી વિરૂદ્ધ મોહેશ બીસ્વાસ. ૧૯ વી. રી. ૧૬; ૧૦ ઍં૦ લો૦ રી૦ ૪૫૫. જુઓ સાબતી ગુન્હામાં ૨૦.

રાણી વિરૂદ્ધ સાબડઅલી. ૧૧ ઍં૦ લો૦ રી૦ ૩૪૭. જુઓ ગેરકાયદેસર મંડળી, ૨૦.

રાણી વિ. અમરીતા ગોવીન્દા. ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૪૯૭. જુઓ કબુલાત ૧૬.

હરીચરન ચકરબતી વિરૂદ્ધ રાણી. ૧૩ ક૦ લો૦ રી૦ ૩૫૮ ના કામમાં આધાર રાખવામાં આવ્યો, જુઓ તોહોમતદારની તપાસ ૧૫.

૨૫ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સાથેના કેદીઓની ગેરહાજરીમાં કેદીની હકીકત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમ ૩૦—કેટલાક માણસો ઉપર પીનલકોડની કલમો ૧૪૮, ૩૦૨, ૩૨૪, ૩૨૬ અને ૧૪૯ મુજબ તોહોમત રાખવામાં આવ્યું. સેસન જડજે કેદીઓની જુબાની લેતો હતો તે વખત જે કેદીઓની તપાસ ચાલતી હતી તે શીવાય બીજા કેદીઓને તેમનો

વારો આવે ત્યાં સુધી કોર્ટમાંથી બાહાર જવાનો હુકમ કર્યો, અને કેદીઓની ગેરહાજરીમાં બીજા સાથેના કેદીઓએ આપેલી હકીકત ઉપરથી દરેક કેદીને ગુન્હેગાર ઠરાવ્યા. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતનો પુરાવો કામમાં લેઈ શકાય નહી. રાણી વિરૂદ્ધ ચંદ્રનાથ સરકાર. ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૬૫; ૮ ક. લો. રી. ૩૫૨.

(મી૦ મોરીસ અને મી૦ પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી એપ્રીલ સને ૧૮૮૧).

ચોકારીલાલ વિરૂદ્ધ મોટીકુરમીના કામમાં આધાર રાખવામાં આવ્યો ૧૩ ક. લો૦ રી૦ ૨૭૫. હંગામો ૧૩.

રાણી વિરૂદ્ધ લક્ષમન બાલા અને બાલારામ સેથ ઈ. લો. રી. ૬ મું. ૧૨૪. જુઓ કબુલાત ૨૬.

૨૬ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આક્ટ કલમ ૩૦—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૦—ખુનના ગુન્હાને માટે બે તોહોમતદારોની તજવીજ સેસન જડજ અગાડી એકઠી થઈ. સેસનજડજે દરેક તોહોમતદારની બીજા તોહોમતદારને કોર્ટમાંથી બાહાર કાઢી તપાસ કરી; અને આ બાબત વીશે તોહોમતદારના વકીલોએ કાંઈ વાંધો લીધો નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે દરેક તોહોમતદારની તપાસ તેની સામે પુરાવામાં લેવી જોઇએ, પણ તેની સાથેના તોહોમતદારની વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાય નહી. રાણી વિ. લક્ષમન બાલા ઈ. લો. રી. ૬ મું. ૧૨૪.

(મી૦ મેલવીલ અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જાનેવારી સને ૧૮૮૨).

ચંદ્રનાથ સરકારની બાબતમાં આધાર રાખવામાં આવે છે; ઈ. લો. રી. ૭ ક. ૬૫. જુઓ કબુલાત ૨૫.

૨૭ કબુલાત—સાથેના તહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આક્ટ કલમ ૩૦—સરટીફીકટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રો. કોડ કલમ ૧૨૨—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૨ મુજબ કબુલાત ખુશીથી આપેલી છે એવું સરટીફીકેટ માજીસ્ત્રેટે કબુલાત આપતી વખતે અથવા કબુલાત જે દિવસે લીધી હોય તે દિવસે આપ્યુ ના હોય તો તે કબુલાત પુરાવામાં લઈ શકાય નહી. એકજ ગુન્હાને માટે કોઈ માણસની તજવીજ બીજા માણસ સાથે એકઠી થઇ હોય તો તે માણસની હકીકત બીજા માણસની સામે ધ્યાનમાં લેવાને જે ગુન્હાનું તોહોત મુકવામાં આવ્યું છે તે ગુન્હાની જુદી હકીકત હોવી જોઈએ. રાણી વિ. દાજી નરસુ ઈ. લો. રી. ૬ મું. ૨૮૮.

(મી૦ વેસ્ટ અને મી૦ પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૮૨).

રાણી વિરૂદ્ધ બાઈ રતનના કામમાં આધાર લેવામાં આવે છે ૧૦ મું. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૦.

૨૮ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આક્ટ કલમ ૩૦—ઘર ફાડવાના ગુન્હાને માટે કેટલાક કેદીઓની એકઠી તજવીજ ચલાવતાં તેમાંના કેટલાક કેદીઓએ ગુન્હો કબુલ કર્યો. સેસન જડજે ગુન્હો કબુલ કરેલા કેદીઓની કબુલાત તજવીજ થએલા બીજા કેદીઓ સામે પુરાવામાં લીધી. એમ ઠરાવવામાં આવ્યું કે પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ આવી કબુલાત પુરાવામાં લેઇ શકાય નહી રાણી વિરૂદ્ધ વંકટ સ્વામી ઈ. લો. રી. ૭ મ. ૧૦૨.

(સી૦ હચીન્સ જડજની રૂબરૂ, તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૮૩).

૨૯ કબુલાત—સાથેના તોહોમતદારોની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આક્ટ કલમ ૩૦—**अ** નામના માણસની ખુનને માટે અને **ब** નામના માણસની મદદગારીની તજવીજમાં **अ** એ **ब** ને ગુન્હામાં સામેલ ગણી કબુલાત આપેલી તે, પુરાવાના અ

કટની કલમ ૩૦ મુજબ બ નામના માણસ ની સામે પુરાવામાં લેઈ શકાય નહી. રાણી વિરૂદ્ધ બાદી ઈ. લો. રી. ૭ મ. ૫૭૯.

(મીં૦ કેરનન અને મીં૦ હચીન્સ જડજોની રૂબરૂ. તા૦ ૨૪ અને ૩૦ મી જુલાઈ સને ૧૮૮૪).

૩૦ કબુલાત—સાથેના તોમતદારોની કબુલાત—પુરાવાના આકટની કલમ ૩૦—મજબુતી—એકજ ગુન્હાને માટે કોઈ માણસની તપાસ બીજા માણસોની સાથે થઈ હોય, તેમાં બીજા કોઈ માણસે કબુલાત આપી હોય જેને બીજી કોઈ રીતે પુરાવાથી ટેકો ના મળે તો તેની કબુલાત ઉપર તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. તોમતદારને ચોરીને માટે રાત્રે ઘર ફાડવાનો ગુન્હેગાર ઠરાવ્યો હતો, તેમાં પુરાવામાં ફક્ત તેની સાથેના તોમતદારની કબુલાત અને ગુન્હો થયા પછી કેટલેક મહીને ચોરેલી મીલકત તોમતદારે બતાવેલી એ હતુ. એમ ઠરાવવામાં આવ્યુ કે ફક્ત ચોરેલી મીલકત રજુ કરવાથી બીજા કેદીની કબુલાતને જોઈએ તેવો ટેકો મળતો નથી. રાણી વિ. ડોસા જીવા ઈ. લો. રીઃ ૧૦ મુ. ૨૩૧.

(મીં૦ બર્ડવુડ અને મીં૦ જારડીન જડજોની રૂબરૂ, ૧૭ મી ડીસંબર સને ૧૮૮૫)

રાણી વિ. નવરોજજી દાદાભાઈના કામમાં નજર રાખવામાં આવી છે. ૯ મુ. હા. કો. રી. ૩૫૮. જુઓ કબુલાત ૫૧.

૩૧ કબુલાત—માજીસ્ત્રેટની કબુલાત—સેસન જડજના પૂરાવાની નોટ—માજીસ્ત્રેટ અગાડી હકીકત બતાવતી વખતે કેદીઓની કબુલાત કામ ચાલતી વખતે પુરાવામાં લેવી જોઇએ. પુરાવા સબંધી જડજની નોટ કાયદેસર બતાવેલા નમુનામાં મોકલવી જોઈએ. રાણી વિ. ભગવાન ડોસાધ અને બીજો. ૪ વિ. રી. ૧૮.

(મીં૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી અકટોબર સને ૧૮૬૫)

૩૨ કબુલાત—માજીસ્ત્રેટ અગાડીની કબુલાત—મજબુતી—બીજા પુરાવાથી મજબુતી ના મળતી હોય તોપણ પોતાની કબુલાતથી કેદી ગુન્હેગાર થઈ શકે છે. રાણી વિ. રનજીત સોનટલ. ૬ વિ. રી. ૭૩.

(મીં૦ લોક જડજની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર ૧૮૬૬)

૩૩ કબુલાત—માજીસ્ત્રેટ અગાડીની કબુલાત—પુરાવો—દરેક કેદી સામેનો પુરાવો—માજીસ્ત્રેટના પુરાવાનું મોકલવુ—માજીસ્ત્રેટે કેસ કમીટ કરતી વખતે અને સેસન જડજે ગુન્હેગાર ઠરાવતી વખતે દરેક અમુક કેદી સામે પુરાવો ચોકસાઈથી અને બરોબર જે રીતે તેને ટેકો મળતો હોય તેવી રીતે લખવો જોઇએ. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૯ મુજબ લેવાયેલી કબુલાતોમાં કેદીઓ કોના કબજામાં હતા તથા કેટલે સુધી તેઓ સ્વતંત્ર હતા એ સઘળી બાબતો ઇનસાફની રાહે લખી હોય તો, તેવી જાતની કબુલાતો ઉપર વજન રાખી શકાય છે. માજીસ્ત્રેટ અગાડીની પ્રથમની તજવીજમાં જેમ માલમ પડે તેમ પુરાવો મોકલવો જોઇએ, પણ સઘળો પુરાવો પુરો થાય ત્યાં સુધી પોલીસે રાખી મુકવો જોઈએ નહીં. રાણી વિ. કોડકાહાર અને બીજાઓ ૫. વિ. રી. ૬.

(મીં૦ નોરમન અને મી. કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી નવંબર સને ૧૮૬૬).

૩૪ કબુલાત—માજીસ્ત્રેટ અગાડીની કબુલાત—પુરાવો—સાક્ષીઓની પેહેલાની હકીકત—અ અને બ નામના માણસોએ એવુ બતાવ્યું કે તેઓના ઉપર મુકેલો ગુન્હો ક અને ડ નામના માણસોએ કરેલો છે, અને તેઓના ભાગ જબરાઈથી ઘાલેલા છે. આવી જાતની કબુલાત ઉપરથી કોઈ માણસને ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. સાક્ષીઓએ સોગન ઉપર બતાવેલી પેહેલાંની હકીકત પછીની તજવીજમાં પુરાવા તરીકે ગણાતી નથી. રાણી વિ૦ ક્રીસ્ટો મંડળ અને બીજાઓ ૭. વી. રી. ૮.

(મીં૦ કેમ્પ અને મી. માર્કબાય જડજોની રૂબરૂ તા૦ ૭ મી જાનેવારી સને ૧૮૬૭)

૩૫ કબુલાત—માજીસ્ટ્રેટ અગાડીની કબુલાત—ખરેખરી અને ખુશીથી આપેલી કબુલાત કાયદેસર અને ગુન્હાને માટે જોઈએ તેવી સાબીતી છે. રાણી બીરૂધ જવહરી અને બીજો ૭. વિ, ૪૧.

(મી૦* સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૬૭).

૩૬ કબુલાત—માજીસ્ટ્રેટ અગાડીની—જે કામમાં ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તે કામમાં કેદીની કબુલાત, જે માણસે તે લીધી હોય અથવા સાંભળી હોય તે માણસોની સોગન ઉપર જુબાની લીધા શીવાય બીજા કેસમાં તેની વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાતી નથી. મંગર ભુયનના કેસની તપાસણી ૧૦ વી. રી૦ ૫૬.

(મી૦ શીઅર અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી નવંબર સને ૧૮૬૮.)

૩૭ કબુલાત—માજીસ્ટ્રેટ અગાડીની—સને ૧૮૬૧ નો ૨૫ મો—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૦૯—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૯—જે માજીસ્ટ્રેટ કામની તપાસ ચલાવતો હોય તે માજીસ્ટ્રેટ અગાડીની કબુલાતને લાગુ પડે છે પણ તે કલમ પોલીસ આગળની કબુલાતને લાગુ પડતી નથી. કબુલાત બરોબર રીતે તે માજીસ્ટ્રેટને આપી હોય તો, ફક્ત તે કબુલત કેદીની સામે પુરાવા તરીકે લેઈ શકાય છે પોલીસ અગાડી થયેલી કબુલાત માજીસ્ટ્રેટને મોકલાવામાં આવી હોય તો તેવી કબુલાત પુરાવામાં લેઈ શકાય નહી. રાણી વી૦ ડોમન કાહાર અને બીજાઓ ૧૨ વી. રી. ૮૨

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસંબર સને ૧૮૬૯).

રાણી વી. બાબુલાલના કામમાં નજર રાખવામાં આવી ઈ. લો. રી. ૬ અ. ૫૦૯ જુઓ કબુલાત ૮૭.

૩૮ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ બરોબર રીતે સાબીત થયેલી કેદીની કબુલાતને બીજી કોઈ રીતે પુરાવાથી મજબુતી ના મળતી હોય અને પછીથી શેસન કોર્ટમાં કેદી નામુકર જતો હોય તોપણ તેવી કબુલાત ઉપરથી કેદીને ગુન્હેગાર ઠરાવી શકાય છે. રાણી વીરૂધ ભટન ૨ જવન અને બીજાઓ ૧૨ વિ. રી. ૪૯.

(મી૦ ગ્લોવર અને મી૦ મીતર જડજોની રૂબરૂ. તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૬૯)

૩૯ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—સને ૧૮૬૯ ના આકટ ૮ મુજબ જોઈન્ટ માજીસ્ટ્રેટને કેદીની કબુલાત લેવાનો અખત્યાર નથી તોપણ, ડીસ્ટ્રીકટનો જોઈન્ટ માજીસ્ટ્રેટ જેના હાથમાં ડીસ્ટ્રીકટ સબડીવીઝનનો ચાર્જ હોય તેવા માજીસ્ટ્રેટની રૂબરૂ આપેલી કબુલાત પુરાવામાં લેઈ શકાય છે. કોઈ ખાનગી માણસની રૂબરૂ કબુલાત આપી હોય અને તેવી કબુલાત તે માણસ સાબીત કરે તો કેદીની સામે પુરાવામાં લેઇ શકાય છે. રાણી વીરૂધ ગોપીનાથ કોલુ ૧૩ વી. રી. ૬૯.

(મી૦ જેકસન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, ૭ મી મેએ ૧૮૭૦)

૪૦ કબુલાત—અધીકાર વીનાના માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૯—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૯ માં "માજીસ્ટ્રેટ" એ શબ્દનો અર્થ "કોઇ માજીસ્ટ્રેટ" એવો થાય છે પણ "અધીકારવાળો માજીસ્ટ્રેટ" એવોજ ફક્ત થતો નથી. કબુલાત આપવાને માટે અધીકાર વિનાના માજીસ્ટ્રેટ અગાડી કેદીઓને લેઇ જવા એ ઘણુ કરીને ફરમાવેલુ નથી તો પણ આવી રીતની કબુલાત સાબીત થાય તો તે કાયદેસર પુરાવામા લેઈ શકાય છે. રાણી વીરૂધ વાહાલા જેઠા ૭ મુ. હા. કો. રી. ૫૬

(મી૦ ગીબ્સ અને મી૦ મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુન સને ૧૮૭૦)

૪૧ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—ખરી કરવી તે—માજીસ્ટ્રેટ અગાડી આપેલી કબુલાતો સેસન જડજે. કેદીઓને વાંચી સંભળાવી, તેમને પુછવું જોઈએ નહીં, કે

આ કબુલાતોને કામમાં લેવાને તેમને કાંઇ વાંધો છે. માજીસ્ટ્રેટની રૂબરૂ કેદીઓની તપાસ પુરાવામાં લેવાની છે, અને માજીસ્ટ્રેટની સાક્ષીએ બરૂ જોતાં એ બાબતોની સાબીતી છે. રાણી વિ. મીસર સેખ અને બીજો ૧૪ વિ. રી.૯.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુન સને ૧૮૭૦).

૪૨ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—પુરાવાનો આકટ સને ૧૮૭૨નો ૧ લો ક. ૮, દાખલો ક—કોઈ કેદી ઉપર ચોરીનું અને ચોરેલી મીલકત રાખવાનુ બંને તોહોમતમુકવામાં આવ્યાં હતાં. ફરીઆદીને મિલકતનું નુકશાન ટ્રેનમાં બેશી કલકતે જતાં માલમ પડયું અને તેને ચોરીની ખબર થયા પછી તરતજ જ્યા અગાડી ટ્રેન પેહેલવેહેલી ઉભી રહી ત્યાં પોલીસ ઇનસ્પેકટરને ખબર આપી; કેદી આ વખતે હાજર નહોતો. આ હકીકત પુરાવાના આકટની કલમ ૮ ના (ક) દાખલા મુજબ પુરાવામાં દાખલ કરવામાં આવી હતી. જે કોનસ્ટેબલે કેદીને પકડયો તે કોનસ્ટેબલને કેદીએ બતાવ્યું હતું કે તેને કેટલોક માલ તેની બેને આપ્યો છે, અને બાકીનો માલ તેણે વેચાથી લીધો છે, આ હકીકત પણ પુરાવામાં આપવાથી દાખલ કરવામાં આવી હતી. કોર્ટે ટીકા કરી કે પુરાવાના આકટ મુજબ "કબુલાત" (કનફેશન) અને સ્વીકારવું (એડમીશન) એ બંને શબ્દો વચ્ચે તફાવત છે. રાણી વિ. મેકડોનલ ૧૦બેં. લૉ. રી. અપેં. ૨.

(મી૦ ફીઅર જડજની રૂબરૂ, તા૦ ૩ જી ડીસંબર સને ૧૮૭૨).

રાણી વિ. ડાબીપ્રસાદના કામમાં આધાર લેવામાં આવ્યો. ૭ ક. લૉ. રી. ૫૪૧. જુઓ સ્વીકારવું ૩.

૪૩ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૦. પુરાવાના આકટની કલમ ૩૦ એ અપવાદછે, અને તેના શબ્દોનો અર્થ એવો થાય છે કે, પુરાવો ધ્યાનમાં લેવામાં કબુલાત એ ફક્ત સુળનું સાહીત્ય છે. કબુલાત શીવાય કાંઇ જાદે પુરાવો ના હોય તો, કામમાં પુરાવો ગણાય નહી અને તે ઉપરથી ગુન્હેગાર ઠરાવવું ગેરકાયદેસર છે. પ્રે. તા૦ ૨૪ મી જાનેવારી સને ૧૮૭૩. ૭ મ. હા. કો. રી. અપે. ૧૫.

૪૪ કબુલાત—માજીસ્ટ્રેટ અગાડીની કબુલાત—ગુન્હેગાર ઠરાવવામાં કેદીની આખી કબુલાત લેવી જોઈએ પણ તેનો થોડો ભાગ લેવો જોઈએ નહીં. રાણી વીરૂધ ચોકુખાન અને બીજો ૫. વિ. રી. ૭.

(મી૦ નોરમન અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ એપ્રીલ સને ૧૮૮૬.)

૪૫ કબુલાત—માજીસ્ટ્રેટ અગાડીની કબુલાત—ખુન નહીં થતુ શિક્ષણીય મનુષ્યવધ—છીનાળુ—સ્ત્રી અને તેના યારને મારી નાખવું તે—કેદીની કબુલાત બધી ધ્યાનમાં લેવી જોઇએ. કેદીએ કબુલ કર્યું કે તેને પોતાની સ્ત્રીની નિમકહલાલી વિશે શક પડયો; અને તે બાહાર કામે ગયો હતો તે પાછો આવ્યા પછી તેને પોતાની સ્ત્રીની નિમકહલાલી વિશે કાંઇ જોવાથી ખાત્રી થઈ; અને તેને ઘેલા બની જવાથી તેણે પોતાની સ્ત્રી, અને તેણીનાયાર બંનેને મારી નાંખ્યા. એમ ઠરાવવામાં આવ્યું કે ખુન નહીં બનેલું સિક્ષણીય મનુષ્યવધનો તે ગુન્હેગાર છે, અને આ કામ એવી જાતનું છે કે જેની અંદર રહેમનજર રાખવી જોઈએ. રાણી વિ૦ સેખ બુધુ ૮ વિ૦ રી૦ ૩૮.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૬૭.)

૪૬ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત ઉપર ભરૂંસો—સેશન જડજ અગાડી પુરાવામાં નહી આપેલા દસ્તાવેજો—તોહોમતદારે જે કબુલાત આપી હોય અને તેમાં ખરી રીતે જે શબ્દો વાપરવામાં આવ્યા હોય તે શબ્દ પારખી કાઢવા જોઇએ. કબુલાત વીશે જે સાક્ષીઓએ જુબાની આપી હોય તે સાક્ષીઓનું છેવટનું ધારવું કોર્ટે કબુલ કરવું જોઈએ નહીં. એક અભીપ્રાયથી ગુન્હો કબુલ

થતો હોય અને બીજા અભીપ્રાયથી ગુન્હો ર દ થતો હોય એવા બે જુદા જુદા અભીપ્રાયો તોહોમતદારે બતાવ્યા હોય, અને તેમાંનો એક અભીપ્રાય તેના વિરૂદ્ધ લેવામાં આવ્યો હોય તો બીજો પણ અભીપ્રાય જેટલો તેના લાભમાં હોય તેટલો લેવો જોઈએ. એક અભીપ્રાયની શાથે બીજો અભીપ્રાય કોર્ટ પસંદ કરે ત્યાર પહેલાં બંને, અભીપ્રાયો ઉપર કેટલો વિશ્વાસ રાખવો જોઈએ એ કોર્ટે સારી રીતે તોલ કરવું જોઈએ. માજીસ્ત્રેટે કામની સાથે દસ્તાવેજો મોકલેલા પણ તે દસ્તાવેજો સેસન જડજની રૂબરૂ પુરાવામાં મુકવામાં નહીં આવ્યાથી તે દસ્તાવેજો કામમાં જોવામાં આવ્યા હતા કારણ કે તે કેદીના લાભમાં હતા રાણી વિરૂધ સુબજાન ૧૦ બેં૦ લો૦ રી૦ ૩૩૨.

(મી૦ ફીઅર અને મી૦ એન્સલી જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૭૩).

રાણી વીરૂધ મોહનલાલના કામમાં નજર રાખવામાં આવી હતી. ૪ અ. ઈ. લો. રી. ૪૬. જુઓ કબુલાત ૮૧

૪૭ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત એકંદર જોતાં કોઈપણ બાબત કેદીના લાભની જણાય અને તેની વીરૂદ્ધ બીજો પુરાવો ના હોય તો, તે બાબતનો લાભ તેને મળવો જોઈએ. નિયમ, જ્યાં અગાડી કબુલાતો એક બીજાથી પુરાવામાં વિરૂદ્ધ હોય ત્યાં લાગુ પડતો નથી; પણ કબુલાતના સાધારણ અર્થથી વધારે લાભનો અર્થ તદન વિરૂદ્ધ ના હોય તો ઉપલો નિયમ લાગુ પડે છે. રાણી વીરૂદ્ધ નીત્યોગોપાળદાસ ‹ બયાગી ૨૪ વિ. રી. ૮૦

(મી૦ ગ્લોવર અને મી. મીતર જડજોની રૂબરૂ, ૨૧ મી ડીસંબર સને ૧૮૭૫).

૪૮ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂ કબુલાત—ખુનના તોમતનો અર્થ—નવી તપાસ—ખુનના તોમતવાળા માણસે માર્યાનુ કબુલ કર્યું પણ તેનો ખુન કરવાનો ઇરાદો હતો એ કબુલ કર્યું નહી, અને શેસન જડજે આ કબુલાત ઉપરથી ગુન્હો કર્યાનું કબુલ કીધુ એમ ગણી, બીજો પુરાવો લીધો નહી. એમ ઠરાવવામા આવ્યું કે જો કબુલાત તરીકે ધારવામાં આવે તો, તોમતદારનો બધો અભીપ્રાય શેશન જડજ કબુલ કરવાને બંધાયલો છે. આ ઉપરથી ખુનનો ગુન્હો રદ કરી કામની નવેસરથી તપાસ ચલાવવાનો હુકમ કર્યો. રાણી વીરૂદ્ધ સોના ઉલાહ ૨૫ વી. રી. ૨૩

(મી૦ મેકફરસન અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, ૧૪ મી માર્ચ સને ૧૮૭૬).

૪૯ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાના આકટની કલમો ૨૬ અને ૩૦ નો અર્થ——કબુલાતો સબંધી પુરાવાના આકટની કલમોમાં વપરાયેલો "કબુલાત" એ શબ્દના અર્થમાં દોષ લાગે તેવું સ્વીકારવું જે ગુન્હાને માટે સ્વીકારવું ગણાય નહી તેનોજ ફકત સમાવેશ થતો નથી. રાણી વીરૂદ્ધ જગરૂપ ઈ. લો. રી. ૭ અ. ૬૪૬.

(મી૦ સ્ટ્રેટ જડજની રૂબરૂ, તા. ૨૧ મી માર્ચ સને ૧૮૮૫).

નિચેના કેસોમા નજર રાખવામાં આવી છે:—

રાણી વીરૂદ્ધ બાકરખાન ૫ નો બ્રે. પ્રો: ૨૧૩ જુઓ એકઠી તપાસ ૧.

રાણી વીરૂદ્ધ ડાબીપ્રસાદ ઈ. લો. રી. ૬ ક. ૫૩૦. જુઓ સ્વીકારવું ૩.

રાણી વીરૂદ્ધ મેથ્યુઝ ઈ. લો. રી. ૧૦ ક. ૧૦૨૨. જુઓ કબુલાત ૮૮.

રાણી વીરૂદ્ધ પંદરીનાથ ઈ. લો. રી. ૬ મુ. ૩૪. જુઓ કબુલાત ૮૬.

૫૦ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂ કબુલાત—કબુલ કરવાની લાલચ—માજીસ્ત્રેટ ફરીયાદી તરીકે કેદીને ગુન્હો કબુલ કરવાની કાંઈ લાલચ બતાવેતો તે પુખ્ત વિચાર કર્યા વગર કામ ચલાવે છે એમ કહી શકાય. રાણી વીરૂદ્ધ રામધૂનસીંગ અને બીજાઓ.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી નવંબર સને ૧૮૬૪).

૫૧ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—કબુલ કરવાની લાલચ - અધીકારવાળો માણુસ—ફોજદારી તપાસનો રીવાજ—લેટર્સ પેટન્ટ કલોઝ ૨૬—કાયદાના મુદ્દામાં હાઈકોરટની સત્તા—શીક્ષા ફેરવી તે—૭. આઈ. પી. રેલવે કંપનીનો ડબલ્યુ નામના ઓડીટર, કેદી જે કંપનીનો કલર્ક હતો તેના હીસાબમાં કેટલીક ભુલો માલમ પડવાથી તેની પાસે ગયો અને કહ્યું કે જેલમાં જવાના કરતાં રૂપીઆ આપવા અને ખરૂં કહી દેવું એ વધારે સારૂં છે, પછીથી કેદીને ટ્રાફીક મેનેજર પાસે લઇ ગયા અને તેની રૂબરૂ તેણે ૩૮૨૬-૮-૦ લીધાનું કબુલ કરી પોતાની સહીની પહોંચ લખી આપી. પછીથી આ અને બીજી રકમોને માટે વિશ્વાસઘાતનું તોહોમત મુકી કેદી ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું. એવું ઠરાવવામાં આવ્યું કે ડબલ્યુ નામના ટ્રાવેલીંગ ઓડીટરે કહલા શબ્દોથી કેદીને ગુન્હો કબુલ કરવાની લાલચ મળી એમ ગણાય છે; અને ડબલ્યુ નામનો માણસ પુરાવાના આકટની કલમ ૨૪ મુજબ અધીકારવાળો માણસ હતો, તેટલા માટે કેદીની સહીની પહોંચ કામના પુરાવામાં લેઇ શકાય નહી. મી. બેલી જડજ વિરૂધ પડીને એમ ઠરાવવામાં આવ્યું કે લેટર્સ પેટન્ટ આકટના કલોઝ ૮૦ મુજબ કોઈ કાયદાનું બાકી રાખેલું પોઇન્ટ ધ્યાનમાં લેતી વખતે હાઈકોર્ટને એમ માલમ પડે કે, એક ભાગનું તોહોમત જેના ઉપર કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે, તે ભાગનો પુરાવો ગેરવ્યાજબી રીતે દાખલ કરવામાં આવ્યો છે અને તેના ઉપર ગુન્હેગાર ઠરાવવું પણ ગેરવ્યાજબી છે, તો આખો કેસ તે ધ્યાનમાં લેઈ શકે છે; અને ગેરવ્યાજબી રીતે દાખલ કરેલા પુરાવાથી જ્યુરીના મનને કાંઇ અસર થઈ નથી, એમ વ્યાજબી રીતે ધારી શકાય તો, શીક્ષા રદ કરી શકાય નહી, પણ તેના ઉપર ઠરાવ લખી શીક્ષા કરવી જોઈએ. હાઇકોર્ટના જ્યુરીથી તપાસ થયેલા ફોજદારી કામોને પુરાવાના આકટની કલમ ૧૬૭ લાગુ પડે છે. રાણી વિરૂદ્ધ નવરોજજી દાદાભાઈ ૯ મું. હા. કો. રી. ૩૫૮.

(મી૦ સારજંટ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને મી૦ બેલી અને મી. ગ્રીન જડજને રૂબરૂ, તા૦ ૮ મી અક્ટોબર સને ૧૮૭૨).

(નિચેના કેસમાં નજર રાખવામાં આવી છે:—

રાણી વિ. રામસ્વામી મડલીઅર, ૬ મુ. હા. કો. રી. ૪૭. જુઓ જ્યુરી ૪૭.

રાણી વિ. એમસ્ટન વીટવેલ, ૭ મુ. હા. કો. રી. ૮૯. જુઓ હકુમત.

રાણી વિ. પીતાંબર જીણા ઈ. લૉ. રી. ૨ મુ. ૬૧ જુઓ કબુલાત ૧૬.

રાણી વિ. હરી બોલચંદ્ર ઘોસ, ઈ લૉ. રી. ૧ ક. ૨૦૭; ૨૫ વિ. રી. ૩૬. જુઓ કબુલાત ૮૦.

રાણી વિ. આપા સુભન મંડરે, ઈ લૉ. રી. ૮ મુ. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

રાણી વિ. દોસા જીવા, ઈ. લૉ. રી. ૧૦ મુ. ૨૩૧. જુઓ કબુલાત ૩૦.

૫૨ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂ કબુલાત—લાલચ આપી કબુલ કરાવવું તે સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રાસીજર કોડ ક. ૧૬૩—સને ૧૮૭૨નો ૧ લો પુરાવનો આકટ ક. ૨૪. પોલીસેલાવેલા માણુસની હકીકત લખી લેતા પહેલાં ડેપ્યુટી માજીસ્ત્રેટે, હકીકત લખવાના કાગળો ઉપર નીચે બતાવેલા શબ્દો લખ્યા અને તે શબ્દો પોલીસ અમલદારને કોર્ટની બાહાર કાઢી તોહોમતદારને મોઢે કહી સંભળાવ્યા. "જે પોલીસ અમલદાર પકડી લાવ્યો છે તેને બાહાર કાઢીને હું તોહોમતદારને ચેતવણી આપુ છું કે જે કાંઈ તે કહેશે તે તેની સામે પુરાવામાં લેવાશે માટે સાચુ કહેવું તે વધારે સારૂ છે". એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતની ભાષા વાપરવી એ કેદીને લાલચ આપી કબુલ કરાવા જેવું ગણાય છે, અને તેટલા માટે આવી રીતની કબુલાત તેની સામે પુરાવામાં લેઈ શકાય નહી. રાણી વિ. ઉઝર ઈ. લૉ. રી. ૧૦ ક. ૭૭૫.

(મી૦ મેકડોનલ અને મી૦ ફીલ્ડ જડ જોની રૂબરૂ. તા૦ ૧૬ મી મે સને ૧૮૮૪).

૫૩ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લખી લેવીતે—ક્રીમીનલ પ્રોસીજર કોડ સને ૧૮૬૧ નો ૨૫ મો કલમો ૨૦૫, ૩૬૬—પોલીસ પટેલ તરીકે પીનલકોડની કલમ ૧૬૧ મુજબ લાંચ લેવાનુ તોહોમત રાખી, સેસન જડજે કેદીને ગુન્હેગાર ઠરાવી સીક્ષા કરી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ મ બતાવ્યા મુજબ કેદીની માજીસ્ટ્રેટ અગાડી તપાસ, સવાલ અને જવાબના રૂપમાં લખી લેવામાં આવી નહોતી. કલમ ૩૬૬ મુજબ પુરાવામાં દાખલ કરવાને માટે કલમ ૨૦૫ મુંજબ લીધેલી કબુલાત નીચે તે કલમમાં બતાવ્યા મુજબ સરટીફીકેટ આપવું જોઈએ અને સવાલ અને જવાબના રૂપમાં લેવી જોઈએ. પણ હાલના કામની માફક કબુલાત ઉપર બતાવ્યા પ્રમાણે લેવામાં ના આવી હોય તો તે કબુલાત લખનારા માણસની અથવા બીજો કોઈ તે વખતે હાજર હોય તેવા માણસની જુબાની લેવી જોઈએ. તો પણ આ કામમાં કબુલાત દાખલ કર્યા શીવાય બીજો પુરાવો જોઈએ તેટલો છે, અને કબુલાત પુરાવામાં દાખલ કરી હોય તોપણ કામની તપાસ અને સીક્ષા કલમો ૪૨૬ અને ૪૩૯ મુજબ ગેરકાયદેસર ગણાતી નથી. રાણી વીરૂધ વીઠોજી વાલદ આબા ૨. મુ. હા. કો. રી. ૩૪૮.

(મી૦ ક્રોફ્ચ અને મી૦ ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી મારચ સને ૧૮૬૪).

૫૪ કબુલાત - માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત લખી લેવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૫—સેસન કોરટે કેદીને ખુન કર્યાનો ગુન્હેગાર ઠરાવી હાઈકોર્ટની મંજુરી ઉપર મોતની સીક્ષા કરી. માજીસ્ટ્રેટ અગાડી કેદીએ આપેલી કબુલાતનો બીજો પુરાવો મળી આવે તોતે લેવાને માટે કામ હાઈકોર્ટે સેશન જડજ તરફ પાછું મોકલ્યું કારણ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ માં બતાવ્યા પ્રમાણે કબુલાત લેવામાં નહીં આવ્યાથી તે પુરાવામાં દાખલ થઇ શકે તેવી નોહોતી; છેવટનો ફેસલો આપતી વખતે હાઇકોર્ટે કામમાં ટીકા કરીકે "કેવી જાતના સવાલો હતા તે બાબતનો પુરાવો નથી, પણ સાક્ષી બતાવે છે કે કબુલાત ખુશીથી કરી હતી અને કાંઈ ધમકી અથવા વચનો આપી લેવામાં આવી નહોતી. જો કે ગુન્હાનું ટોળ સમજાય છે તોપણ સવાલના રૂપની કાંઈ જરૂર નથી. કોર્ટે ખુનનો ગુન્હો બદલી સિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો ઠરાવી કેદીને દશ વર્ષની કાળા પાણીની શીક્ષા કરી." રાણી વીરૂદ્ધ પેત્રડી બીનબસાપા ૨ મુ. હા. કો. રી. ૩૪૭.

(મી૦ કાઉચ અને મી૦ ન્યુટન જડજોની રૂબરૂ, ૧૬ મી માર્ચ સને ૧૮૬૪)

૫૫ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત લખી લેવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૫, ૩૬૬—શેશન જડજે કેદીને ખુનનો ગુન્હેગાર ઠરાવી હાઈ કોર્ટની મંજુરી ઉપર મોતની સજા કરી. માજીસ્ટ્રેટની રૂબરૂ કરેલી કબુલાતનો બીજો કાંઈ પુરાવો કામમાં મળી આવે તો તે લેઈ પોતાની તરફ મોકલવાનો હાઈકોર્ટે શેશન જડજને હુકમ કર્યો, કારણ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ મુજબ કબુલાત નહી લેવામાં આવ્યાથી તે પુરાવામાં દાખલ થઈ શકે તેવી નહોતી. હાઈકોર્ટના લખવા મુજબ માજીસ્ટ્રેટે પુરાવો લેઈ હાઈકોર્ટમાં મોકલ્યો અને હાઈકોર્ટે ગુન્હો અને સજા બાહાલ રાખી રાણી. વિ. ગનુ બાપુ ૨ મું. હા. કો. રી. ૩૫૮.

(મી૦ આરનોલ્ડ આક્ટીંગ ચીફ જસ્ટીસ, મી૦ ન્યુટન અને મી૦ જનારડન જડજોની રૂબરૂ ૧૮ મી અગષ્ટ સને ૧૮૬૪)

૫૬ કબુલાત માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત— કબુલાત લખી લેવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૫ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ મુજબ બરોબર રીતે કબુલાત લખી લેઈ સા

ખ કરવાની અગત્ય બતાવે છે. રાણી વિરૂદ્ધ ભીખારી. ૧૫ વિ. રી ૬૩.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી એપ્રીલ સને ૧૮૭૧).

ડીઓસરનસીંગ વિરૂદ્ધ તુલસીકંટના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૨ ક. લો. રી. ૨૨૧. જુઓ કબજો ૧૨૯.

રાણી વિરૂદ્ધ બાઈ રતન. ૧૦ મું. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૭.

૫૭ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લખી લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૨, ૩૪૬—સહી વગરની કબુલાત દાખલ ના થઇ શકે તે—સહી વગરની કબુલાત મોંના પુરાવાથી સાબીત કરવી તે—કામ કમીટ કરવાનો અથવા ચલાવવાનો અધીકાર વીનાના માજીસ્ટ્રેટે કેદીની કબુલાત લીધી હોય અને તેના ઉપર તેની સહી પણ ના હોય અથવા પોતે નીશાન પણ કર્યું ના હોય તો, તેવી કબુલાત અધુરી ગણાય છે અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૨૨ અને ૩૪૬ મુજબ પુરાવામાં લેઈ શકાતી નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૬ ના પેહેલા વાક્યમાં "સરૂઆતની તપાસ" એ શબ્દોનો અર્થ, પ્રકરણ ૧૪ અને ૧૫ મુજબ તપાસો થએલી એવો થાય છે; અને તેટલા માટે તે વાક્ય કલમ ૧૨૨ પ્રમાણે લખી લીધેલી કબુલાતોને લાગુ પડતું નથી, પણ જે માજીસ્ટ્રેટ તોહોમતદારનો કેસ ચલાવવાનો છે, તે માજીસ્ટ્રેટ તરફ તેની લખી લીધેલી કબુલાત મોકલવાની તપાસને તે કલમ લાગુ પડે છે. તેટલા માટે જો કોઈ કબુલાત કલમ ૧૨૨ મુજબ લેવામાં આવી હોય અને તે પુરાવામાં આવી શકે નહીં તેવી હોય તો, તે કબુલાત લીધેલી હતી, અથવા તેની શું મતલબ હતી તે બાબત સાબીત કરવાને મોંનો પુરાવો, પુરાવાના આકટની કલમ ૯૧ મુજબ આપી શકાય નહી. રાણી વિરૂદ્ધ બાઈ રતન. ૧૦ મું. હા, કો. રી. ૧૬૬.

(મી૦ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, મી૦ મેલવીન, મી૦ વેસ્ટ, મી૦ પીન્હે અને મી૦ નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ તા૦ ૨૫ મી સપટંબર સને ૧૮૭૩).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

રાણી વીરૂદ્ધ ટીમી ૨ મુ. હા. કો. રી. ૧૨૫. જુઓ તપાસ તોમતદારની ૧.

રાણી વીરૂદ્ધ ભીખારી ૧૫ વી. રી. ૬૩. જુઓ કબુલાત ૫૬.

રાણી વીરૂદ્ધ અનંતરામસીંગ ઈ૦ લૉ૦ રી૦ ૫ ક. ૯૫૪; ૬ ક. લો. રી. ૨૯૭. જુઓ કબુલાત ૬૯.

ક્રીષ્ણોમુની વિ૦ રાણી ૬ ક. લો. રી. ૨૮૯. જુઓ કબુલાત ૬૮.

બીહારી હાજીની બાબતમાં ૫ ક. લો. રી. ૨૩૮. જુઓ કબુલાત ૬૬.

રાણી વીરૂદ્ધ મુસામત નીરૂની ૭ વી. રી. ૪૯. જુઓ મદદગારી ૩.

રાણી વીરૂદ્ધ દયાઆનંદ ૧૧ મુ. હા. કો. રી. ૪૪. જુઓ કબુલાત ૫૯.

મૂનશી સેખની અરજી આ કામથી ઉલટી છે. ઈ૦ લૉ૦ રી૦ ૮ ક. ૬૧૬. જુઓ કબુલાત ૭૨.

નિચેના કેસોમાં આધાર પ્રમાણે વર્તવામાં આવ્યું હતું:—

રાણી વિરૂદ્ધ મતુટમોલી, ઈ. લો. રી. ૪ ક. ૬૯૬; ૪ ક. લો. રી. ૧૩૭. જુઓ કબુલાત ૬૫.

રાણી વિરૂદ્ધ શીવયા, ઈ. લો. રી. ૧ મું. ૨૧૯. જુઓ કબુલાત ૬૨.

રાણી વિરૂદ્ધ સીરસાપા, ઇ, લો. રી. ૪ મું. ૧૫. જુઓ ના પાડવું અભીપ્રાય પરસહી કરવાનું.

રાણી વિરૂદ્ધ દાજી નરસુ અને ગોવીંદ નાથા, ઈ. લો. રી. ૬ મું. ૨૮૮. જુઓ કબુલાત ૨૧.

રાણી વિરૂદ્ધ અમરીત ગોવીંદ, ઈ. લો. રી. ૧૦ મું. ૪૯૭. જુઓ જ્યુરી ૧૧૨.

૫૮ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લખી લેવી તે—સરટીફીકેટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૯—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૮૦—પેહેલા આપેલી જુબાની કોઇ સાક્ષી કબુલ કરે તો, તે કબુલાત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૯ માં બતાવેલી સરતેજ ફક્ત કેદીની સામે પુરાવામાં લેઈ શકાય છે; તે એ કે કમીટીંગ માજીસ્ટ્રેટે તે જુબાની બરોબર રીતે કેદીની હાજરીમાં લેવી જોઈએ. પુરાવાના આકટની કલમ ૮૦ મુજબ હકીકતને લગતી બાબતો પુરાવામાં લેવાને માટે, માજીસ્ટ્રેટે તે કબુલાતની સાથે સરટીફીકેટ મુક્યું હોય તે સરટીફીકેટમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૯ મુજબ જુબાની પુરાવામાં દાખલ કરવાને માટે જે બાબતોની જરૂર છે, તે બાબતો આવી જવી જોઈએ. રાણી વિરૂદ્ધ નસરૂદીન અને બીજો, ૨૧ વી. રી. ૫.

(મી૦ ફીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, ૨૮ મી નવેંબર સને ૧૮૭૩).

નરસીંગ નારાયણના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૦ વિ. રી. ૧. જુઓ મુચરકો ૧૩.

મુનશી શેખની અરજીમાં નજર રાખવામાં આવી હતી. ઈં. લૅા. રી. ૮ ક. ૬૧૬. જુઓ કબુલાત ૭૨.

૫૯ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લખી લેવી તે—તોહોમતદારની સહી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૬૭, ૨૫૬, ૩૪૬—દાખલ ના થાય એવો પુરાવો રજુ કરવાનું અટકાવવાની જડજની ફરજ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૬ માં બતાવ્યા પ્રમાણે તોહોમતદારે આપેલી કબુલાતમાં પોતે સહી કરવી જોઈએ, તેમાં નીચે મુજબ સહી હોય તો ચાલે નહી. " अ અને ब નામના તોહોમતદારોની સહી, દસ્કત क અને ड નામના માણસોના " ઉપર મુજબ લીધેલી કબુલાત ઉપર આધાર રાખીને કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, તે બાબતમાં હાઈ કોર્ટે સજા રદ કરી, એવું ઠરાવ્યું કે આવી કબુલાતો પુરાવામાં લેવાનું અટકાવવાની સેશન જડજની ફરજ હતી. રાણી વિરૂદ્ધ દયા આનંદ અને રણછોડ ખાલપો. ૧૧ મું. હા. કો. રી. ૪૪.

(મી૦ વેસ્ટ અને મી૦ નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી માર્ચ સને ૧૮૭૪).

રાણી વિરૂદ્ધ બાઇ રતનના કામમાં નજર રાખવામાં આવી છે. ૧૦ મું. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૭.

મુનસી શેખની અરજી ઉપર નજર રાખવામાં આવી હતી. ઈં. લૅા. રી. ૮ ક. ૬૧૬. જુઓ કબુલાત ૭૨.

રાણી વિ. સીવયાના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ઈં. લૅા. રી. ૧ મું. ૨૧૯. જુઓ કબુલાત ૭૨.

રાણી વિરૂદ્ધ દેવા દયાળ ૧૧ મું. હા. કો. રી. ૨૩૭. જુઓ ભુલ ભરેલો વિચાર.

૬૦ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત લખી લેવી તે—સરટીફીકેટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રી. પ્રોસીજર કોડ કલમ ૧૨૨.—કલમ ૧૨૨ માં બતાવ્યા મુજબ માજીસ્ટ્રેટે કબુલાત ખુશીથી આપેલી છે એવું સરટીફીકેટ આપવું જોઇએ, એ નિયમ કમીટ કરતાં પહેલાં કોઈ કેસની માજીસ્ટ્રેટ તપાસ ચલાવે અને સાક્ષીઓ લે તેવા કોઈ કેસની કબુલાતને લાગુ પડતો નથી; પણ કોઈ કેસમાં કબુલાત બીજા કોઇ માજીસ્ટ્રેટની રૂબરૂ થઈ હોય, અને તે કબુલાત જે માજીસ્ટ્રેટ અગાડી તે કેસ ચાલવાનો છે તેવા માજીસ્ટ્રેટને મોકલવામાં આવે તો, ઉપર બતાવ્યા મુજબ સરટીફીકેટની જરૂર છે. રાણી વિ. જીતુ અને બીજાઓ. ૨૩ વિ. રી. ૧૬.

(મી૦ ફીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જાનેવારી સને ૧૮૭૫).

૬૧ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લખી લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૬. મુજબ કબુલાત લેવામાં આવી ના હોય તો, તેવી કબુલાત પુરાવામાં દાખલ થઇ શકે નહી. રાણી વીરૂદ્ધ કાલાચંદપાલ ૨૪ વી. રી. ૨૯.

(મી૦ બર્ચ અને લેફોર્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જુલાઇ સને ૧૮૭૫).

ગોપાલચંદર મંડલેની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ૧૦ ક. લો. રી. ૫૭. જુઓ અપીલ ૫૪.

મુનસી સેખની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ઈં૦ લૉ૦ રી૦ ૮ ક. ૬૧૬. જુઓ કબુલાત ૭૨.

૬૨ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લખી લેવી તે—સને ૧૮૭૨નો ૧૦મો ક્રી૦ પ્રો૦ કોડ કલમો ૧૨૨, ૩૪૬—નોંધ—સરટીફીકેટ.—ક્રી૦ પ્રોસીજર કોડની કલમ ૧૨૨ મુજબ પુરાવામાં દાખલ કરવાને કબુલાત ઉપર માજીસ્ટ્રેટના ધારવા પ્રમાણે કબુલાત ખુશીથી આપેલી છે, એટલુંજ ફક્ત લખવું જોઈએ નહી, પણ કલમ ૩૪૬ મુજબ સરટીફીકેટ આપવું જોઈએ કે, કબુલાત માજીસ્ટ્રેટની રૂબરૂ અને સાંભળતા લેવાયલી છે, અને તોહોમતદારે બતાવેલી સઘળી હકીકત પુરેપુરી આવી જાય છે. કબુલાત પુરાવામાં દાખલ થઈ શકે તેવી ના હોય તો તે સાબીત કરવાને મોંનો પુરાવો લેઇ શકાય નહી. રાણી વીરૂધ બાઇ રતન ૧૦ મુ. હા. કો. ૧૬૬ ના કામનો આધાર લેવામાં આવ્યો હતો. રાણી વીરૂદ્ધ સીવયા ઈં૦ લૉ૦ રી૦ ૧ મુ. ૨૧૯.

(મી૦ મેલવીલ અને મી૦ વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૫મી અપ્રેલ સને ૧૮૭૬).

રાણી વીરૂદ્ધ બાઈ રતનના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૦ મુ. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૭.

રાણી વીરૂદ્ધ દયાઆનંદ ૧૧ મુ. હા કો. રી. ૪૪. જુઓ કબુલાત ૫૯ ના કામમ આધાર લેવામાં આવે છે.

રાણી વીરૂદ્ધ ગરબડ બેહેચરના કામમાં નજર રાખવામાં આવી છે. ૯ મું. હા. કો. રી. ૩૪૪. જુઓ કબુલાત ૭૭.

ક્રીષ્ણમૂની વીરૂદ્ધ રાણીના કામમાં વિચાર કરવામાં આવ્યો. ૬ ક. લો. રી. ૨૮૯. જુઓ કબુલાત ૬૮.

રાણી વીરૂદ્ધ રામનજીયાના કામથી જુદો મત લેવામાં આવ્યો. ઈં૦ લૉ૦ રી૦ ૬ મ. ૫. જુઓ કબુલાત ૬૪.

રાણી વીરૂદ્ધ સીરસાપાના કામમાં આધાર લેવામાં આવ્યો હતો. ઈં૦ લૉ૦ રી૦ ૪ મું. ૧૫. જુઓ ના પાડવી અભીપ્રાય પર સહી કરવાની.

મુનશી સેખની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૮ ક. ૬૧૬. જુઓ કબુલાત ૭૨.

બેહારી હાજીની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ૫ ક. લો. રી. ૨૩૮. જુઓ કબુલાત ૬૬.

૬૩ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લખી લેવી તે—જરૂર ના હોય ત્યાં નીશાન કરવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૬—તજવીજ ચલાવતી વખતે તજવીજ કરનાર અમલદારની રૂબરૂ કબુલાત લેવામાં આવી હોય તો તેના ઉપર નીશાન કરવાની કાંઈ જરૂર નથી. ચમનશાહની બાબતમાં, ઈં. લો. રી. ૩ ક. ૭૫૬; ૨ ક. લો. ૩૧૭.

(મી૦ માર્કબાય અને મી૦ પ્રીન્સેપ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ ૧૮૭૮).

૬૪ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લખી લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૨૨—માજીસ્ટ્રેટ—પુરાવો—માજીસ્ટ્રેટે કેદીની કબુલાત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૨ મુજબ લીધી હોય, અને તેમાં કલમ ૩૪૬

મુજબ સરટીફીકેટ ના આપ્યું હોય તો તેવી કબુલાત પુરાવામાં બીલકુલ લેઈ શકાય નહી એમ નથી. હકીકત કેદીની લખાવેલી છે એ બાબતનો પુરાવો લેઈ શકાય છે. રાણી વિરૂદ્ધ સીવયા અને બીજાઓના કેસથી આ કામમાં જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. ઈ. લો. રી. ૧ મું. ૨૧૯. સને ૧૭૨ નો ૧ લો પુરાવાના આકટની કલમ ૨૬ ના અર્થ પ્રમાણે મદ્રાસ ઈલાકાના ગામડાનો મુનસફ તે "માજીસ્ટ્રેટ" ગણાય છે. રાણી વિરૂદ્ધ રામનજીયા, ઇ. લો. રી. ૨ મ. ૫.

(મેસર્સ ઇન્સ અને ફોરબસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી સપટંબર સને ૧૮૭૮).

રાણી વિરૂદ્ધ સીબસાપાના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૪ મું. ૧૫. જુઓ ના પાડવી અભીપ્રાય પર સહી કરવાની.

રાણી વિ. સીવયાના કામથી જુદો મત લેવામાં આવ્યો. ઈ. લો. રી. ૧ મું. ૨૧૯. જુઓ કબુલાત ૬૨.

૬૫ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત લખી લેવી તે—કબુલાત બાબતનો બીજો પુરાવો દાખલ કરવો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૬ મુજબ કબુલાત નહી લેવાએલી તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૨ મુજબ કબુલાત લીધી હોય, પણ તે કલમ ૩૪૬ માં બતાવ્યા પ્રમાણે લેવામાં આવી હોય તો તે કબુલાત ભુલ ભરેલી ગણાય છે. એમ ઠરાવવામાં આવ્યું કે કબુલાત લેનાર માણસ જુબાની આપે કે કબુલાત ખરી રીતે લેવાએલી છે તેથી ભુલ સુધરી કબુલાત પુરાવામાં લેઈ શકાતી નથી. રાણી વિરૂદ્ધ મનુ ટામુલી, ઈ. લો. રી. ૪ ક. ૬૯૬; ૪ ક. લો. રી. ૧૩૭.

(મી૦ મોરીસ અને મી૦ વાઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબરૂઆરી સને ૧૮૭૯).

નીદામારતી નાગબુસ નામનો ફેંસલો મંજુર રાખવામાં આવે છે. ૭ મુ. હા. કો. રી. ૧૧૯. જુઓ ખુન ૯૪.

રાણી વિરૂદ્ધ બાઈ રતનના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૦ મું. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૭.

રાણી વિરૂદ્ધ ઈદુબેગના કામમાં આધાર લેવામાં આવ્યો. ઈ. લો. રી. ૩ અ. ૭૭૬. જુઓ ખુન ૧૦૭.

ક્રીષ્ણોમુની વિરૂદ્ધ રાણીના કામમાં નજર રાખવામાં આવી હતી. ૬ ક. લો. રી. ૨૮૯. જુઓ કબુલાત ૬૮.

રાણી વિરૂદ્ધ અનંતરામસીંગ. ૬ ક. લો. રી. ૨૯૭. ઈ. લો. રી. ૫ ક. ૯૫૪. જુઓ કબુલાત ૬૯.

બેહારી હાજીના કેસની સાથે આ ફેંસલો મળતો આવે છે. ૫ ક. લો. રી. ૨૩૮. જુઓ કબુલાત ૬૬.

૬૬ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લખી લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૨, ૩૪૬—માજીસ્ટ્રેટ પ્રકરણ ૧૫ અથવા ૧૭ મુજબ કામની તજવીજ ચલાવતો હોય અને તેમાં, કબુલાત લીધી હોય તેવી કબુલાતને કલમ ૧૨૨ લાગુ પડતી નથી પણ પોલીસની તજવીજની દરમીયાન અથવા સરૂઆતમાં બીજા કોઈ માજીસ્ટ્રેટથી કબુલાત લેવાઈ હોય તો તેવી કબુલાતને તે કલમ લાગુ પડે છે. બેહારીહાજીની બાબતમાં ૫ ક. લો. રી. ૨૩૮.

(મેસર્સ વીલસન અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી અકટોબર સને ૧૮૭૯).

રાણી વિરૂદ્ધ મનુટામુલીના કામના અભીપ્રાય સાથે આ કેસનો મત મળતો આવે છે. ૪ ક. લો. રી. ૧૩૭; ઈ. લો. રી. ૪ ક. ૬૯૬. જુઓ કબુલાત ૬૫.

રાણી વિરૂદ્ધ અનંતરામસીંગના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૫ ક. ૮૫૪; ૬ ક. ૨૮૯. જુઓ કબુલાત ૬૮.

રાણી વિ. બાઈ રતનના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૦ મું. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૭.

૬૭ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત લખી લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૨, ૩૪૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૨ મુજબ કબુલાત લીધી હોય, અને તેમાં કાંઈ ભુલ હોય તો, કલમ ૩૪૬ મુજબ લીધેલી કબુલાતની માફક સેસન કોર્ટમાં પુરાવો લેઈ, તે ભુલ સુધારી શકાય નહીં. રાણી વિરૂદ્ધ હરીક્રીષ્ટોબીસ્વાસ ૫ ક. લો. રી. ૨૦૯.

(મી૦ વીલસન અને મી૦ ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી અકટોબર સને ૧૮૭૯)

૬૮ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત લખી લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૨, ૩૪૬—કામ ચલાવી શકે તેવા માજીસ્ત્રેટ અગાડી તોહોમતદારે આપેલી કબુલાત ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ મુજબ તજવીજ ચલાવવાની .સરૂઆતમાં અપાયેલી હોય તો, કેસ પોલીસની તપાસમાં હોય અગર ના હોય તો પણ તે કબુલાત કલમ ૩૪૬ મુજબ ગણાવવી જોઈએ.—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૨ ની મતલબ કામની તપાસ કરનાર માજીસ્ત્રેટ કરતાં બીજા માજીસ્ત્રેટને જલદીથી કબુલાત લેવાને શક્તિવાન કરેછે? બેહારીહાજી (૫ ક. લો. રી. ૨૩૮). અને રાણી વિ. સીવયા (ઈ. લો. રી. ૧ મું. ૨૧૯) ના ફેંસલાઓ ઉપર વિચાર કરવામાં આવ્યો. રાણી વિ. ક્રીષ્ણોમુની ૬ ક. લો. રી. ૨૩૯.

(મી૦ મોરીસ અને મી૦ પ્રીન્સેપ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી ફેબ્રુઆરી, ૧૮૮૦).

બેહારીહાજીના કામમાં બિચાર કરવામાં આવેછે. ૫ ક. લો. રી. ૨૩૮. જુઓ કબુલાત ૬૬.

રાણી વિ૦ સીવયા ઈ. લો. રી. ૧ મું. ૨૧૯. જુઓ કબુલાત ૬૨ ના કામ ઉપર વિચાર કરવામાં આવે છે.

રાણી વિરૂદ્ધ મનુટામોલીના કામમાં નજર રાખવામાં આવી છે. ૪ ક. લો રી. ૧૩૭; ઈ. લો. રી. ૪ ક. ૬૯૬. જુઓ કબુલાત ૬૫.

રાણી વિ. બાઇ રતન ૧૦ મુ. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૭.

રાણી વિ. અનંતરામસીંગના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૫ ક. ૯૫૪; ૬ ક. લો. રી. ૨૯૭. જુઓ કબુલાત ૬૯.

૬૯ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લખી લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રો૦ કોડ કલમો ૧૨૨, ૧૯૩, ૩૪૬—માજીસ્ત્રેટ જે પછીથી કમીટ કરતા પહેલા કેસની તજવીજ ચલાવે છે, અને તે તજવીજ ચલાવવાનો તેને .અધીકાર હોય છે, એવા માજીસ્ત્રેટે લીધેલી કબુલાત, જો કે પોલીસની તપાસ પુરી થતાં પેહેલાં તેની અગાડી તોહોમતદારને લાવવામાં આવ્યો હોય તો પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૨ મુજબ ગણાતી નથી પણ કલમ ૧૯૩ મુજબ ગણાય છે. ક્રીમીનલ પ્રો. કોડની ૩૪૬ મી કલમનો છેવટનો પેરેગ્રાફ આવી જાતની કબુલાતને લાગુ પડે છે. જે માજીસ્ત્રેટે એ કામની તજવીજ કરી હોય તેના સીવાયના બીજા માજીસ્ત્રેટોએ લીધેલી કબુલાતને ફક્ત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૨ લાગુ પડે છે. રાણી વિરૂદ્ધ અનંતરામસીંગ અને બીજાઓ ઈ. લો. રી. ૫ ક. ૯૫૪; ૬ ક. લો. રી. ૯૭.

મી૦ ગાર્થ ચીફ જસ્ટીસ, મી૦ જેકસન, મી૦ પોન્ટીફેક્ષ, મી૦ મોરીસ અને મી૦ મીટર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી એપ્રિલ સને ૧૮૮૦).

મનુટામુલીના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ઈ. લો. રી. ૪ ક. ૬૯૬; ૪ ક. લો. રી. ૧૩૭. જુઓ કબુલાત ૬૫.

નીચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

બેહારીલાલજીની બાબતમાં ૫ ક. લો. રી. ૨૩૮. જુઓ કબુલાત ૬૬.

ક્રીષ્ણમુની વિ. રાણી ૬ ક. લો. ૨૮૯. જુઓ કબુલાત ૬૮.

રાણી વિરૂદ્ધ બાઈ રતન ૧૦ મુ. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૭.

રાણી વિરૂદ્ધ નીસાઈ મીસ્ત્રીના કામમાં નજર રાખવામાં આવી. ૬ ક. લો. રી. ૩૫૩. જુઓ કબુલાત ૭૦.

રાણી વિરૂદ્ધ યાકુબખાનના કામમાં સાબીત થયો, ઈં. લો. રી. ૫ અ. ૨૫૩. જુઓ કબુલાત ૭૩.

૭૦ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૨ અને ૩૪૬—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૩—કેસ કમીટ કર્યા પેહેલાં તોહોમતદારે માજીસ્ટ્રેટને કબુલાત આપી હોય તો, તેવી જાતની કબુલાત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૨૨ અને ૩૪૬ મુજબ લેવી જોઈએ. કબુલાત લેનાર અમલદારે તે કલમોમાં બતાવ્યા મુજબ કબુલાત ના લીધી હોય તો, તે કબુલાત તોહોમતદારની છે, તેનો પુરાવો સેસન કોર્ટમાં લેઈ શકાય નહી; અને પુરાવો લેઈ શકાય તેવાં કામોમાં તોહોમતદારે લખાવેલી હકીકતની, કમીટીંગ માજીસ્ટ્રેટ અગાડી કબુલાત લેનાર અમલદારે જુબાની આપી છે, એમ સેસન કોર્ટ ગણી તેની જુબાની પુરાવામાં લેઈ શકે નહી. આવા કામમાં કબુલાત લેનાર અમલદારને બોલાવી સેસન કોર્ટે સાક્ષી લેવી જોઈએ, પણ તે કોર્ટને એમ માલમ પડે કે તેની સાક્ષી લેવામાં ઘણો વખત રોકાશે તથા ઘણું ખરચ થશે તો તેવી બાબતમાં તેને સાક્ષી તરીકે બોલાવાનું બંધ રાખી શકે છે. રાણી વિરૂદ્ધ નોશાઈમીસ્મી અને રામચંદ્ર હાલદાર, ઈ. લો. રી. ૫ ક. ૯૫૮; ૬ ક. લો. રી. ૩૫૩.

(મી० વાઈટ અને મી० મેકડોનલ જડજોની રૂબરૂ, તા० ૧૩ મી મે સને ૧૮૮૦).

રાણી વિરૂદ્ધ આનંતરામસીંગના કામમાં નજર રાખવામાં આવે છે. ૬ ક. લો. રી. ૨૯૭. જુઓ કબુલાત ૬૯.

૭૧ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલાત—કબુલાત લેવી તે—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૨૪—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૨ અને ૩૪૬—માજીસ્ટ્રેટે કબુલાત લીધી હોય અને કાયદામાં બતાવ્યા પ્રમાણે બરોબર રીતે સરટીફીકેટ તેની જોડે ના ટાંગ્યું હોય તો, તેટલાજ કારણ ઉપરથી કબુલાત કામમાં નકામી થઇ જતી નથી. રાણી વિરૂદ્ધ બૈરનસીંગ, ઈં. લો. ૩ અ. ૩૩૮.

(મી० પીઅરસન જડજની રૂબરૂ, તા० ૨૭ મી નવંબર સને ૧૮૮૦).

૭૨ કબુલાત—માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત લેવી તે—તોહોમતદારની તપાસ—સવાલ અને જવાબ—લખીતવાર તપાસ—તોહોમતદારની હકીકત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—પુરાવો દાખલ કરવો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૬ માં બતાવ્યા પ્રમાણે સવાલ અને જવાબમાં તોહોમતદારની કબુલાત લેવાને બદલે સાદી વાતના રૂપમાં લીધી હોય તો, તેવી કબુલાત ઉપરથી અથવા કેસની બાબત ઉપરથી, એમ અનુમાન થઈ શકતું નથી કે કેદીના વિરૂદ્ધ અભિપ્રાય બંધાય એવી જાતની ભુલ થઈ છે. એમ ઠરાવવામાં આવ્યું કે આવી જાતની ભુલથી પુરાવામાં દાખલ થએલી હકીકતને કાંઇ અસર થતી નથી. રાણી વિરૂદ્ધ મુનસી સેખ, ઈ.લો.રી. ૮ ક. ૬૧૬; રાણી વિરૂદ્ધ ટીકુ મયા ઈં. લો. રી. ૮ ક. ૬૧૮.

(મેસર્સ કનીંગહામ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા० ૧૫ મી માર્ચ ૧૮૮૨.)

રાણી વિ० ટીકુમયાના કામમાં આધાર લેવામાં આવે છે. ઈં. લો. રી. ૮ ક. ૬૧૬; ૧ ક. લો. રી. ૧. જુઓ કબુલાત ૭૨.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી છે:—

રાણી વીરૂદ્ધ નસરૂદીન, ૨૧ વિ. રી. ૫. જુઓ કબુલાત ૫૮.

રાણી વીરૂદ્ધ કાલાચંદપાલ, ૨૪ વિ. રી. ૨૯ જુઓ કબુલાત ૬૧.

રાણી વીરૂદ્ધ ચંદર ભટાચારજી, ૨૪ વી. રી. ૪૨. જુઓ કબુલાત ૧૩.

રાણી વીરૂદ્ધ વઝીર મંડળ, ૨૫ વિ. રી. ૨૫. જુઓ જ્યુરી ૮૭.

રાણી વીરૂદ્ધ દયા આનંદ. ૧૧ મું. હા. કો. રી. ૪૪. જુઓ કબુલાત ૫૯.

રાણી વીરૂદ્ધ દયા દયાલ, ૧૧ મું. હા. કો. રી. ૨૩૨. જુઓ વિરૂદ્ધમાં અભીપ્રાય બંધાવવો તે.

રાણી વીરૂદ્ધ સીવયા, ઈં લો૦ રી૦ ૧ મું, ૨૧૯. જુઓ કબુલાત ૬૨.

રાણી વીરૂદ્ધ બાઇ રતનનો કેસ વિરૂદ્ધ છે. ૧૦ મું. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૭.

૭૩ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત લખી લેવી તે- સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૨, ૧૯૬, ૩૪૬—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૪૨ અને ૩૬૪—મુકરર કરેલા દીવશે માજીસ્ત્રેટે તોહોમતદારની કબુલાતલેઈ, બીજે દીવશે તેજ માજીસ્ત્રેટેફરીઆદી તરફના સાક્ષીઓ લીધા, અને છેવટે કામ કમીટ કર્યું. રાણી વીરૂદ્ધ અનંતુરામસીંગના ફેંસલા ઉપર આધાર રાખીને એમ ઠરાવવામાં આવ્યું કે કામ ચલાવી શકે એવા માજીસ્ત્રેટે લીધાથી, ક્રીમીનલ પ્રોસીજર કોડ સને ૧૮૭૨ ના ૧૦ માની કલમ ૧૯૩ માં અથવા સને ૧૮૮૨ ના ૧૦ માની કલમ ૩૪૨ માં, આવી જાતની કબુલાત આવી જાય છે, અને તેથી કરીને પેહેલા આકટની કલમ ૩૪૬, અથવા પાછલા આકટની કલમ ૪૬૪ માં બતાવેલી સરતો મુજબ વર્તવામાં આવે છે. સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૪૬ અને સને ૧૮૮૨ ના ૧૦ માની કલમ ૩૬૪ જોવામાં આવી. રાણી વીરૂદ્ધ યાકુબખાન, ઈં લો૦ રી૦ ૫ અ. ૨૫૩.

(મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને મી૦ સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૮૩).

રાણી વિરૂદ્ધ અનંતરામસીંગના કામમાં આધાર રાખવામાં આવે છે. ઈ. લો. રી. ૫ ક. ૯૫૪. જુઓ કબુલાત ૬૯.

૭૪ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત પાછી ખેંચી લેવી તે—માજીસ્ત્રેટની રૂબરૂ કેદીએ કબુલાત આપી હોય અને તે સેસન જડજ અગાડી પાછી ખેંચી લે તોપણ, ખુશીથી કબુલાત આપેલી હતી એમ સાબીત થાય તો, તેવી કબુલાત કેદીના વિરૂદ્ધ પુરાવમાં દાખલ કરી શકાય છે. રાણી વિરૂદ્ધ શ્રીમતી મોંગોલા, ૬ વિ. રી. ૮૧.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૫ મી અકટોબર સને ૧૮૬૬).

૭૫ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત પાછી ખેંચી લેવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬૬—માજીસ્ત્રેટની રૂબરૂ આપેલી કબુલાત સેસન કોર્ટમાં પાછી ખેંચી લેવામાં આવે તોપણ તે કબુલાત, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૬ મુજબ કેદીની સામે પુરાવો ગણાય છે. રાણી વિરૂધ મુસામત જેમા, ૮ વી. રી. ૪૦.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુલાઇ સને ૧૮૬૭).

૭૬ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત પાછી ખેંચી લેવી તે—કમીટીંગ અમલદારની રૂબરૂ ગુન્હો કબુલ કરવો અને સેસન કોર્ટ અગાડી ના કબુલ કરવો તે—શીક્ષા—સેસન કોર્ટમાં કોઈ કેદી તકરાર બતાવે જે ઉપરથી તેણે ગુન્હો કર્યો નથી એમ સાબીત થાય તો, કમીટીંગ માજીસ્ત્રેટ અગાડી તેની આપેલી કબુલાત ઉપર તદન આધાર રાખી, તેને ગુન્હેગાર ઠરાવવો એ વાજબી નથી. રાણી વિરૂધ્ધ હરસુખ, ૨. નો. વે. પ્રો. ૪૭૯.

મી૦ સ્પેન્કી જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી ડીસંબર સને ૧૮૭૦).

૭૭ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—કબુલાત પાછી ખેંચી લેવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૫—કોઈ કેદીએ માજીસ્ત્રેટની રૂબરૂ કબુલાત આપી હોય, અને તે કબુલાત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ મુજબ વાંચી સંભળાવતાં તેને પોલીસના જુલમથી આપેલી હતી એમ બતાવી પાછી ખેંચી લીધી હોય અને પછીથી તોહોમતદારનું બતાવેલું કારણ સાબીત ના થાય તોપણ તે કબુલાત સાબીત ગણાતી નથી. રાણી વિરૂદ્ધ ગરબડ બેહેચ ૨, ૯ મું. હા. કો. રી. ૩૪૪.

(મી૦ લોયડ અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અગસ્ટ ૧૮૯૨).

રાણી વિરૂદ્ધ શીવચાના કામમાં નં૦૮૨ રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૧ મું. ૨૧૯. જુઓ કબુલાત ૬૨.

૭૮ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂના કબુલાત-કબુલાત પાછી ખેંચી લેવી તે-પોલીસની ગેરવર્તણુક-માજીસ્ત્રેટે લીધેલી કબુલાત ઉપર તદન આધાર રાખી શીક્ષા કરવી તે-સેસન કોર્ટમાં તજવીજ થતી વખતે માજીસ્ત્રેટે લીધેલી કબુલાતો ફક્ત પુરાવામાં હતી, જે પાછળથી પાછી ખેંચી લેવામાં આવી હતી; અને એવું સાબીત થયું હતું કે કેદીઓ અને બીજા માણસોનું ઘર ગેરકાયદેસર પોલીસે જોયું હતું, અને બીજો રજુ કરેલો પુરાવો ખોટો ગણી કાઢી નાખવામાં આવ્યો હતો; આ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું હતું કે, બીજી કોઈ રીતે પુરાવાથી મજબુતી મળ્યા સીવાય કેદીઓની પોતાની કબુલાત ઉપર આધાર રાખી શીક્ષા થઇ શકે નહી. સોફરૂદીન અને બીજાઓ અપેલન્ટો, ૨ ક. લો. રી. ૧૩૨.

(મી૦ માર્કબાય અને મી૦ પ્રીન્સેપ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી એપ્રિલ ૧૮૭૮).

૭૯ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—તોહોમતદારને ચેતવણી આપવી તે-કાયદેસર તોહોમત ફરમાવ્યા પેહેલાં ગુન્હો કબુલ કરવો તે—ચેતવણી આપ્યા પછી વાજબી રીતે કબુલ કરેલો ગુન્હો જો કે કબુલ કરનાર માણસ ઉપર કાયદેસર તોહોમત ફરમાવવામાં આવ્યું ના હોય તોપણ પુરાવમાં લેઈ શકાય છે. રાણી વીરૂદ્ધ રામચરન ચાંમર અને બીજાઓ, ૪ વિ. રી. ૧૦.

(મી૦ કેમ્પ અને મી૦ સેટનકાર જડજોની રૂબરૂ, ૧૨ મી સપટંબર સને ૧૮૬૫)

૮૦ કબુલાત—માજીસ્ત્રેટની રૂબરૂની કબુલાત—તોહોમતદારને ચેતવણી આપવી તે—લાલચ બતાવી કબુલાત લેતાં પેહેલાં જુલમ બતાવવો તે-સેશન કોર્ટમાં અપીલ-સેશન કોર્ટે કામમાં કરેલી તજવીજ—પુરાવો દાખલ કરવો તે-જુઠા સોગન—તજવીજ ચાલતી વખતે ફરીઆદ માંડવાની મંજુરી આપવી તે-ગુન્હો કર્યાનો પુરાવો ઉડાવી દેવો તે-તોહોમતદારે કરેલો ગુન્હો-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૧—મદદગારી-વકીલનો ભાષણ કરવાનો હક અરજીમાં બતાવેલી ખોટી હકીકત-ઈકરાર ઉપર તફાવત-સરકારી વકીલની ફરજ—અયોગ્ય નિમનોક—સોગન ઉપર માજીસ્ત્રેટની સાક્ષી-કેદીઓએ પ્રતીજ્ઞાપૂર્વક કહેલું તે—કબુલાત આપતાં પહેલાં તોહોમતદારને ચેતવણી મળી હતી કે સવાલોના જવાબ આપવા એ તેની ખુશી ઉપર છે, એ બાબત કેદીનું કામ ચલાવનાર માજીસ્ત્રેટે કામમાં જાહેર કરી હોય તો પણ, અપીલ થયા પછી એ બાબત ખરી છે એવો નિર્ણય થાય છે. પહેલાના જુલમથી ઉત્પન્ન થયેલી બીકથી આ કબુલાત આપવામાં આવી નહોતી અથવા બીજી રીતે નકામી થઈ જતી નથી. એ બાબતનો નિર્ણય અપીલ કરવાથી થતો નથી. જે માજીસ્ત્રેટે કેસની તજવીજ કરી છે તે માજીસ્ત્રેટની રૂબરૂ તોહોમતદારે આપેલી કબુલાત એવી રીતે આપવામાં આવી છે કે, જેથી તે કબુલાત પુરાવામાં દાખલ થઈ શકતી નથી, અથવા પુરાવા તરીકે તે બીલકુલ નકામી છે, એવું અપીલમાં સેસન કોર્ટની રૂબરૂ સાબી

ત કરવામાં આવે તો તેના ઉપર પુરતું લક્ષ આપી તપાસ કરવો જોઇએ. આવી રીતની તપાસ કરવાને સેસન કોર્ટે ના પાડી તો તેની કાયદા પ્રમાણે મોટી ચુક ગણાય છે. આવી બાબતો વિષે હાઈ કોર્ટે સેસન જડજને તપાસ કરવાને લખેલું તેમાં સેશન જડજે કેદીઓને પ્રતિજ્ઞાપૂર્વક જુબાનીઓ આપવાને હુકમ કરેલા તે બાબત ફરીઆદી તરફથી કાંઈ પણ વાંધો તે કોર્ટમાં ઉઠાવવામાં આવેલો નહી પણ પછી ફરીઆદીએ તેમની ઉલટ સુલટ તપાસ કરીને આ બાબતનો વાંધો તપાસ થઇ કામ પાછું હાઈ કોર્ટમાં આવ્યું તે વખતે ઉઠાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે વાંધો વખતસર ઉઠાવે તો કાયદેસર છે, પણ પછીથી ઉઠાવવો ઘણોજ મોડો છે, અને કેદીને સોગન આપવાનો હુકમ કરેલો તે વાજબી અગર ગેરવાજબી હોય તોપણ કેદીની જુબાની કામમાં લેવી જોઈએ. આવી તપાસની અંદર સેસન જડજે કેદીના સાક્ષીઓ ઉપર જુઠા સોગનનું તોહોમત રાખી પોતાની ખુશીથી સેંકસન આપેલું તે હાઈ કોર્ટે ગેરવાજબી રીતે આપેલું ઠરાવ્યું. ગુન્હો કરવાનો પુરાવો ઉડાવી દેવાને માટે કોઈપણ માણસને પીનલકોડની કલમ ૨૦૧ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી તેમજ તે ગુન્હાના મદદગાર તરીકે તહોંમત રાખી શકાય નહી. વકીલોને ભાષણ કરવાનો કેટલો હક આપેલો તે સવાલ ધ્યાનમાં લેવામાં આવ્યો હતો. હાઈ કોર્ટને કરેલી અરજીમાં બતાવેલી હકીકત ખોટી હોય તો એફીડેવીટ કરી ફેરવવી જોઈએ. જે માજીસ્ટ્રેટે પ્રથમ કેસની તજવીજ કરી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવેલો, તે માજીસ્ટ્રેટને પછીથી તેજ કેસમાં સરકારી વકીલ તરીકે નીમવામાં આવેલો એ ઘણુંજ વાંધા ભરેલું છે અને કદી એવું બનેલું નથી, એવો દોષ કાઢવામાં આવ્યો હતો. સરકારી વકીલો જે કેસ ચલાવે તેમાં તેમને કાંઇપણ લાભ હોવો જોઈએ નહી. જે પોલીસ અમલદારોના તાબામાં કેદીઓ હોય તે અમલદારો ના સાંભળી શકે તેવી રીતે તેમને પોતાના વકીલો સાથે છુટી રીતે વાતચીત કરવા દેવી જોઈએ. જે માજીસ્ત્રેટોના ઠરાવ ઉપર અપીલ કરવામાં આવી છે, અને જેમને પછીથી ફરીયાદ અને કામમાં સબંધ રાખતાં પોલીસ અમલદારોને ઉત્તેજન આપવાને કામે લગાડવામાં આવેલા છે તેવા માજીસ્ત્રેટોને, કામ ચલાવતાં જડજની સાથે બેન્ચ ઉપર બેસવા દેવા જોઇએ નહી, અથવા તેમને કોર્ટમાં ખાનગી વાતચીત પણ કરવા દેવી જોઈએ નહી. જો અપીલ ચુકવતાં કેસની કાંઈપણ બાબત વીષે ખાતરી કરવાની જડજની ઈચ્છા હોય તો સાધારણ સાક્ષી તરીકે માજીસ્ત્રેટની કોર્ટમાં સોગન અથવા પ્રતીજ્ઞા ઉપર જુબાની લેવી જોઈએ. રાણી વિરૂદ્ધ કાશીનાથી ડીકર અને બીજાઓ ૮ મું. હા. કો. રી. ૧૨૬.

(મી૦ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, મી૦ લોયડ, મી૦ મેલવીલ, મી૦ ગ્રીન અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૧–૨૩ અને ૨૪ મી માર્ચ અને તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૮૭૧).

રાણી વીરૂદ્ધ ડુંગરના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૮ અ. ૨૫૨. જુઓ ઉડાવી દેવું પુરાવાનું ૯.

૮૧. કબુલાત—પંચાયતની કબુલાત—મોંની કબુલાતની સાબેતી—ધમકી દેઈ કબુલાત લીધેલી તે—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૨૪—म અને क નામના માણસોએ ख નામના માણસનું ખુન કર્યું છે કે નહી અને તેથી તેઓ બાકીના બીજા માણસો સાથે વેહેવાર ચલાવી શકે, એ બાબત પંચાયત થઈ હતી. ब નામના માણસના ખુનને માટે તપાસ થયેલી તેમાં म અને क નામના માણસો એ પંચાયતની રૂબરૂ હકીકત બતાવેલી તે તેમની વીરૂદ્ધ પુરાવામાં લેવાનાં આવી હતી આ "કબુલાતો" સાબીત કરવાને બોલાવેલા સાક્ષીઓએ, म અને क નામના માણસોએ પંચાયતની રૂબરૂ કહેલું તે વાસ્તવીક રીતે બતાવ્યું નોહોતું. પંચાયતમાંના એક સા

સ્ત્રીએ એમ કહ્યું કે " म નામના માણસે કબુલ કર્યું અને क નામના માણસે તે મંજુર રાખ્યું." બીજો સાક્ષી જે પંચાયતમાં નોહોતો તેને એમ કહ્યું કે "ब ના ઘરનો કર, म અને क નામના માણસો પાસેથી લેવામાં આવ્યો હતો, અને તે ઉપરથી તે બંનેએ ખુન કર્યું છે એમ કબુલ કર્યું." તે સાક્ષીએ વળી એમ પણ બતાવ્યું હતું કે "કબુલાતો લખી લેવામાં આવી નોહોતી" એમ માલમ પડયું કે છ વખત પંચ ભેગુ થયેલું ત્યાં સુધી કબુલ કરવામાં આવ્યુ નેહોતું, પણ જ્યારે म અને क નામના માણસોને જીવતાં સુધી ન્યાત બહાર મુકવામાં આવશે એવી ધમકી બતાવવામાં આવી ત્યારે કબુલાતો આપવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે म અને क નામના માણસોની હકીકત ખરેખરી રીતે બતાવવામાં અને કબુલ કરવામાં આવી હતી એમ સાબીત થાય છે, તો ધમકીનું કારણ બતાવી તેને પુરાવામાં નહી દાખલ કરવાની તકરાર પુરાવાના આક્ટની કલમ ૨૪ મુજબ લાવી શકાતી નથી, કારણ કે તે કલમના અર્થ મુજબ પંચાયતના માણસોની म અને क નામના માણસો ઉપર કાંઈ સત્તા નહોતી તેમજ તેઓને કાંઈ તોહોમત સબંધી ધમકી આપવામાં આવી નોહોતી. ब નામના માણસના ખુનને માટે म અને क નામના માણસોને ગુન્હેગાર ઠરાવવાને જોઈએ તેવો ટેકો મળે છે એમ ધારી આ હકીકત કબુલ રાખી શકાતી નથી. હકીકત સાધારણ શબ્દોમાં હતી અને તે ફક્ત સાક્ષીઓના મન ઉપર થયેલી અસર બતાવે છે. ધારેલા કબુલ કરનારાઓએ કેવા શબ્દો કહ્યા હતા અને તે કેવા સવાલો અથવા બાબતોના સબંધમાં કહ્યા હતા એ જેમ બને તેમ સોધી કાઢવાની કોર્ટને હમેશાં જરૂર છે. म અને क નામના માણસોએ કહેલા શબ્દો તેમને પુછાયેલા સવાલો અને તજવીજ કરવાની બાબત સાથે બરોબર લેતાં, બીજા સાંભળનારા માણસોએ કબુલાત ગણેલી છે, પણ તે ખરૂ જોતાં ગુન્હાની કબુલાત ગણાતી નથી. રાણી વીરૂદ્ધ મોહનલાલ ઈ૦ લૉ૦ રી૦ ૪ અ. ૪૬.

(મી૦ સ્પેંકી અને મી૦ ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી મે સને ૧૮૮૧).

રાણી વીરૂધ સુબજાનના કામમાં નજર રાખવામાં આવી છે. ૧૦ બેં. લૉ. રી. ૮૩૨. જુઓ કબુલાત ૪૬.

૮૨ કબુલાત—પોલીસ અગાડીની કબુલાત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો, ૧૪૯, ૧૫૦—માજીસ્ટ્રેટની રૂબરૂ નહી આપેલી કેદીની કબુલાત પુરાવામાં લેવાને માટે તેમાંથી મળી આવેલી બાબત તેની મેળેજ પુરાવામાં લેઈ શકાય તેવી હોવી જોઈએ. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૪૯ અને ૧૫૦ ધ્યાનમાં લેવામાં આવી. ચોડાબટ ચીનાહની બાબતમાં, ૩ મ. હા. કો. રી- ૩૧૮.

(મી૦ હોલોવે અને મી૦ ઈલીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭).

૮૩ કબુલાત—પોલીસની રૂબરૂની કબુલાત—સમજુતી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૨—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૪૬, ૧૫૦—સમજુતી અને માફી આપવાના વચનો આપી પોલીસે કેદીની કબુલાત લીધી હોય તો તેવી કબુલાત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૬ માં બતાવેલી કબુલાતના વીરૂદ્ધ હોવાથી પુરાવામાં લેઈ શકાય નહીં. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૦ મુજબ કેદીની કબુલાત તેની સામે પુરાવામાં લેતાં પેહેલાં, પોલીસ અમલદારની જુબાની લેવી જોઈએ. પીનલકોડની કલમ ૪૧૨ મુજબ કેદીને ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં, એ સાબીત થવુ જોઈએ કે લુટેલી મીલકત લુટની છે એવુ જાણીને રાખવામાં આવી હતી. બિશુમાનજી અરજદાર, ૯. વી. રી. ૧૬.

(મી૦ જેકશન અને મી૦ મીતર જડજો

ની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

રાણી વિરૂદ્ધ બાબુલાલના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈ. લો. રી. ૬ અ. ૫૦૯. જુઓ કબુલાત ૮૭.

૮૪ કબુલાત—પોલીસની રૂબરૂની કબુલાત—કબુલાત દાખલ કરવી તે—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમો ૨૫, ૨૬, અને ૧૬૭—પોલીસ અમલદાર માજીસ્ટ્રેટ હોય તે—કલકત્તાની પોલીસનો ડેપ્યુટી કમીશનર—સને ૧૮૬૫ ના લેટર્સ પેટન્ટની કલમ ૨૬—એડવોકેટ જનરલે સરટીફીકેટ આપેલું કામ—કેદીએ પકડાયા પછી કબુલાતના રૂપમાં કેટલીક હકીકત બતાવેલી તે હકીકત, જો ઈન્સ્પેકટરના કબજામાં તે કેદી હતો તેને લખી લીધી હતી, અને પછીથી પોલીસના ડેપ્યુટી કમીશનરની રૂબરૂ તેની ઓફીસમાં હકીકત કેદીએ કબુલ કરી તેના ઉપર સહી કરી અને તે હકીકત ડેપ્યુટી કમીશનરે પોતાના માજીસ્ટ્રેટ અને જસ્ટીસ ઓફ ધી પીસના ઓહ્દાની રૂઈએ લેઈ તેના ઉપર નીશાન કરી. હાઈ કોર્ટની ફોજદારી સેસનમાં કેદીની તજવીજ ચાલતી વખતે આ હકીકત કેદીની વિરૂદ્ધ પુરાવામાં મુકવામાં આવી. પુરાવાના આકટની કલમ ૨૧ મુજબ પુરાવામાં દાખલ કરી શકાય નહી. એવો કેદી તરફથી વાંધો ઉઠાવેલો રદ કરી જડજે આ હકીકત પુરાવામાં દાખલ કરી. લેટર્સ પેટન્ટ આકટના કલોઝ ૨૬ મુજબ કેસમાં સરટીફીકેટ આપતાં એડવોકેટ જનરલે ઠરાવ કર્યો કે કબુલાત, પુરાવાના આકટની કલમ ૨૫ મુજબ પુરાવામાં દાખલ કરી શકાય નહી. પુરાવાના આકટની કલમ ૨૬ મીનો અર્થ ખુલ્લો સમજવામાં કલમ ૨૫ મી વાંચવાની નથી. પુરાવાના આકટની કલમ ૨૫ મીમાં "પોલીસ અમલદાર" એ શબ્દો તેના એકજ અર્થમાં વાંચવાના નથી પણ તે શબ્દો સમજાય અને લોકોને પસંદ પડે તેવા અર્થમાં વાંચવા જોઇએ. પુરાવાના આકટની કલમ ૧૬૭ દીવાની અને ફોજદારી બંને કામોને લાગુ પડે છે. મી૦ પોન્ટીફેક્ષ જડજની શક પડવાથી મી૦ ગાર્થ ચીફ જસ્ટીસનો મત—તે કલમ મુજબ ગુન્હાને ટેકો આપવાને જોઈએ તેવો પુરાવો છે એ બાબત જે કોર્ટ નીર્ણય કરે છે તે કોર્ટ લેટર્સ પેટન્ટ આકટના કલોઝ ૨૬ મુજબ નીચેની કોર્ટ ગણાતી નથી પણ "કોર્ટ ઓફ રીવ્યુ" ગણાય છે. જરૂર પડે તો જડજે પોતે તજવીજ ચલાવતી વખતે લીધેલા પુરાવા ઉપરથી અથવા જડજની નોટની ખબર મળવાથી આવા ફેંસલાઓ થાય છે. કલમ ૧૬૭ ઉપર આધાર નહી રાખતાં, લેટર્સ પેટન્ટ આકટના કલોઝ ૨૬ મુજબ આખો કેસ તપાસી શીક્ષા મંજુર રાખવાનો અથવા રદ કરવાનો કોર્ટને અખત્યાર છે. રાણી વિરૂદ્ધ હરીબોલચંદર ઘોસ, ઈ. લો. રી. ૧ ક ૨૦૭; ૨૫ વી. રી. ૮૬.

(મી૦ ગાર્થ ચીફ જસ્ટીસ અને મી૦ પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ અને ૨૬ મી માર્ચ સને ૧૮૭૬).

રાણી વિ. નવરોજજી દાદાભાઇના કામમાં નજર રાખવામાં આવી છે. ૯ મું. હા. કો. રી. ૩૫૮. જુઓ કબુલાત ૫૧.

રાણી વિ. પીતાંબર જીનાના કામમાં નજર રાખવામાં આવી. ઈ. લો. રી. ૨ મું. ૬૧. જુઓ કબુલાત ૧૬.

રાણી વિરૂદ્ધ ડાબીપ્રસાદ, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૫૩૦; ૭ ક. લો. રી. ૫૪૧. જુઓ કબુલાત ૩.

રાણી વિરૂદ્ધ સીબચંદર મીતર, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક ૧૦૭૯. જુઓ જયુરી ૧૦૭.

૮૫ કબુલાત-પોલીસની રૂબરૂની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૨૧—પુરાવાના આકટની કલમ ૨૫ મુજબ પોલીસની અગાડીની કબુલાત કલમ ૨૭ માં બતાવેલી બાબત સીવાય, પુરાવામાં લેઈ શકાતી નથી. પોલીસ અમલદાર કેસની તજવીજ કરનાર હોવો જોઈએ એ કાંઇ અગત્યનું નથી, આવો માણસ ખરેખર પોલીસ અમલદાર હોય તો કબુલાત ગેરકાયદેસર ગણાય છે.

હીસનખીમાં ઉરફે અબદુલ વાહીદની બાબત માં, ૧ ક. લે. રી. ૨૧.

(મી૦ એનસ્લી અને મી૦ મેકડોનલ જ ડજોની રૂબરૂ, તા૦ ૧૨મી જુલાઈ સને ૧૮૮૭).

રાણી વીરૂદ્ધ ડાબીપ્રસાદના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લૉ૦ રી૦ ૬ ક. ૫૩૦; ૭. ક. લૉ૦ રી૦ ૫૪૧. જુઓ કબુલાત ૩.

૮૬—કબુલાત—પોલીસની અગાડીની કબુલાત—પોલીસની રૂબરૂની પોતે ગુન્હામાંથી બચી જાય એવી હકીકત—પુરાવાના આકટની કલમો ૨૫ અને ૨૬—ફરીથી તપાસ-પોલીસના કબજામાં હતો તે વખતે પોલીસ અમલદારની રૂબરૂ તોહોમતદારે કહેલી હકીકત જો કે પોતાને ગુન્હામાંથી મુક્ત કરવાના વિચારથી કહેવામાં આવી હોય અને કબુલાત તરીકે કહેલી ના હોય તોપણ તે ગુન્હેગાર ઠરાવે એવી બાબતની કબુલાત ગણાય છે; અને એ પ્રમાણે પુરાવાના આકટની કલમો ૨૫ અને ૨૬ મુજબ તે કેદીની વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાતી નથી. ગેરકાયદેસર દાખલ કરેલો, અને જ્યુરીની રૂબરૂ મુકેલો પુરાવો કાઢી નાખ્યા પછી, હાઇકોર્ટને માલમ પડયું કે બાકીનો પુરાવો એવી જાતનો નથી કે જેના ઉપર તદન આધાર રાખી ગુન્હો ઠરાવી શકાય નહીં એવી બાબતમાં કેદીની ફરીથી તપાસ થવાનો હુકમ ના કરતાં તોહોમતદારનો ગુન્હો અને શીક્ષા રદ કરી. રાણી વીરૂધ પંધરીનાથ, ઈ૦ લૉ૦ રી૦ ૬. મું૦ ૩૪.

(મી૦ મેલવીલ અને મી૦ પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અકટોબર સને ૧૮૮૧)

રાણી વી૦ અમરીતા ગોવીંદાના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૧૦ મુ. હા. કો. રી. ૪૯૭. જુઓ કબુલાત ૬.

રાણી વીરૂધ જગરૂપના કેસમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લૉ૦ રી૦ ૭ અ. ૬૪૬. જુઓ કબુલાત ૪૯.

૮૭ કબુલાત—પોલીસ અગાડીની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમો, ૨૫, ૨૬, ૨૭—પીનલકોડની કલમ ૪૧૪ મુજબ ઠરેલા ब, અને र, નામના તોહોમતદારોએ પોલીસ અમલદારને ખબર આપ્યાથી ચોરેલી મિલકતની સોધ કરવામાં આવી આ ખબર એવી જાતની હતી કે તોહોમતદારે ગાય અને વાછરડુ ચોરીને અમુક જગ્યાએ અમુક માણસને વેચેલું છે.

મી૦ મહમદ જડજ વિરૂદ્ધ પડીને ફુલ બેન્ચે એવો ઠરાવ કર્યો કે પુરાવાના આકટની કલમ ૨૭ ની સરત ફકત કલમ ૨૬ ને લાગુ પડતી નથી પણ કલમ ૨૫ નો લાગુ પડે છે; અને તેટલા માટે તોહોમદારે પોલીસ અમલદારને આપેલી ખબર ઉપરથી કાંઈ જુદી હકીકત નીકળી આવે અને તે કબુલાત હોય અગર ના હોય તોપણ પુરાવામાં લેઇ શકાય છે. રાણી વીરૂદ્ધ કોરપાલાના કામથી જુદો મત લેવામાં આવ્યો. (વી. નોટસ સને ૧૮૮૨ પા. ૨૨૫). મી૦ મહમદ જડજનો મત—પુરાવાના આકટની કલમ ૨૭ એ તે આકટની કલમ ૨૫ ની સરત નથી પણ ફકત કલમ ૨૬ ની સરત છે અને તેટલા માટે તકરારી હકીકત પુરેપુરી પુરાવામાં લેઈ શકાય નહી. રાણી વીરૂદ્ધ પંચામના કામમાં, કામ ચલાઉ ચીફ જસ્ટીસ મી૦ સ્ટ્રેટ અને મી૦ મહમદ જડજે નજર રાખી હતી. (ઈ૦ લૉ૦ રી૦ ૪ અ. ૧૯૮). કામ ચલાઉ મી૦ સ્ટ્રેટ ચીફ જસ્ટીસનો મત—જ્યાં અગાડી તોહોમતદારે બતાવેલી કાંઈ પણ હકીકત વાસ્તવીક રીતે પોલીસ કોનસ્ટેબલે લખી લીધી હોય, અને જે ઉપરથી કોઈ બાબત માલમ પડી આવતી હોય તો, સાક્ષી લેતાં ઘણીજ સખત ચોકસાઈ રાખવી જોઈએ કે જેથી કાંઈ ભુલ અથવા ખોટું સમજવામાં આવે નહી. બે માણસોની તપાસ એકઠી ચાલતી વખતે શાક્ષીઓની જુબાની કામમાં શી રીતે લેવી જોઈએ તે બાબત ઉપર કામ ચલાઉ ચીફ જસ્ટીસ મી. સ્ટ્રેટની ટીકા. હિંદુસ્થાનમાં તોમતદારોની કબુલાત કરવાની રીત અને જે બાબતોથી કબુલાત લેવા

માં આવે છે તે બાબતો ઉપર કામ ચ લાઉ ચીફ જસ્ટીસ મી૦ સ્ટ્રેટ અને મી૦ ડુ થોઈટ જડજની ટીકા. રાણી વીરૂદ્ધ બાબુલાલ, ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૫૦૯.

(કામ ચલાઉ મી૦ જસ્ટીસ સ્ટ્રેટ મી૦ ઓલ્ડફીલ્ડ, મી૦ બ્રોધરસ્ટ, મી૦ મહમદ અને મી૦ ડુથોઇટ જડજોની રૂબરૂ, ૩૦ મી જુન સને ૧૮૮૪).

રાણી વીરૂદ્ધ કોરપાલાના કામથી આ માં જુદો મત લેવામાં આવે છે. વિકલી નોટસ પાનું ૨૨૫ સને ૧૮૮૨.

રાણી વીરૂદ્ધ રામપ્રતાપ, ઇ૦ લો૦ રી૦ ૬ અ. ૧૨૧. જુઓ કેટલાક ગુન્હાઓ ૬ ના કામમાં જુદો મત લેવામાં આવે છે.

નીચેના કેસોમાં તફાવત બતાવવામાં આવે છે:—

રાણી વીરૂદ્ધ ધરમદત ઓઝા, ૮ વી. રી. ૧૩. જુઓ કબુલાત ૯૫.

બીશુમાનજી અરજદાર, ૯ વી. રી. ૧૬. જુઓ કબુલાત ૮૩.

નીચેના કેસોમાં નજર રાખવામાં આવી છે:—

રાણી વીરૂદ્ધ ગાગરીસાહ, ૧૯ વી. રી. ૫૧ જુઓ કબુલાત ૯૧.

રાણી વીરૂદ્ધ દોમનકાહાર, ૧૨ વી. રી. ૮૨. જુઓ કબુલાત ૩૮.

રાણી વીરૂદ્ધ મુસામત લુચુ, ૫ નો. વે. પ્રો. ૮૬. જુઓ કબુલાત ૯૬.

રાણી વીરૂદ્ધ પંચામ, ઈ૦ લો૦ રી૦ ૪ અ. ૧૯૮. જુઓ કબુલાત ૯૩.

હરપ્રસાદ વીરૂદ્ધ ભગવાનદાસ, ઈ૦ લો૦ રી૦ ૪ અ. ૧૯૬ (દિવાની રૂલીંગ).

અડુસીકડાર વીરૂદ્ધ રાણીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૧૧ ક. ૬૩૫. જુઓ કબુલાત ૯૦.

રાણી વીરૂદ્ધ કામલીઆ, ઈ૦ લો૦ રી૦ ૧૦ મું. ૫૯૫. જુઓ કબુલાત ૯૪.

૮૮ કબુલાત—પોલીસ અગાડીની કબુલાત—કેદીએ પોલીસની રૂબરૂ ગુન્હેગાર ઠરે એવી હકીકત બતાવેલી તે—પોલીસ કોનસ્ટેબલની જુબાની—ઉલટસુલટ તપાસ થયા.પછી પોલીસના માણસે એવું બતાવ્યું કે તેને જ્યારે કેદીને પકડયો ત્યારે કેદીએ એવું કહ્યું હતું કે બનાવ બન્યો તે વખતે "કેટલાક ચીનાઓ કોદાળીઓ લેઈ આવ્યા હતા". ફરીથી તપાસ થતાં પોલીસે "બનાવ બન્યો તે વખતે" એ શબ્દોને બદલે "તે વખતે" એ શબ્દો કહ્યા. કયો વખત એ કેદીએ તેને સમજાવ્યો હતો એ સવાલ પુછવામાં આવ્યાથી પોલીસે જવાબ દીધો કે "મરનારને મેં મારી નાખ્યો તે વખત" કેદીનો વકીલ આ બાબત પુરાવામાં લેવાનો વાંધો લઈ દરમીઆન થયો. સામેના વકીલે તકરાર બતાવી કે ઉલટ સુલટ તપાસથી જે બાબત શક પડતી રહી છે તે બાબત તે ખુલ્લી કરી શકે છે. એમ ઠરાવવામાં આવ્યું કે પુરાવો લેઈ શકાય નહી. રાણી વિ. મેથ્યુઝ, ઈ. લો. રી. ૧૦ ક. ૧૦૨૨.

(મી૦ પીધડ જડજની રૂબરૂ, ૨૧ મી જુલાઈ સને ૧૮૮૪).

રાણી વિ૦ જગરૂપના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૭ .અ. ૬૪૬. જુઓ કબુલાત ૪૫.

૮૯ કબુલાત—પોલીસ અગાડીની કબુલાત—મિલકતનું માલકીપણું—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૧૭, ૫૨૩—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૨૫—પોલીસની રૂબરૂ કરેલી કબુલાત—કબુલાત દાખલ કરવી તે—મિલકતનું માલકીપણું જે તેઓની સામેના કામની મુખ્ય બાબત છે, એ તોહોમતદારોએ પોલીસની રૂબરૂ કબુલ કરેલું, તે તેમના ઉપર મુકેલા તોહોમતની તપાસ થતી વખતે તેમના વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાય નહી તોપણ, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૩ મુજબ માજીસ્ટ્રેટ મિલકતના માલીકપણા વિષે તજવીજ ચલાવતો હોય તે વખતે તે કબુલાત પુરાવામાં લેઈ શકાયછે. ફોજદારી અદાલતે તપાસકર્યા પછી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૭ મુજબ મિલક

ત પાછી આપવાનો હુકમ કર્યો હોય તો તે
થી તરતનો કબજો લેવાનો છેવટનો હક શીદ્ધ
થાય છે. કલમ ૫૨૩ મુજબ હુકમ કરવાનો
હોય તો, જેવો મળી આવે તેવો પુરાવો લ
ઈ તેની મરજીમાં આવે તે માણસને કબજો
અપાવી શકે છે. આથી કોઈ માણસનો છેવટ
નો હક થતો નથી. ખરો હકદાર માલ લેના
ર માણસ સામે નુકશાનને માટે અથવા પાર
કી મિલકતનો ઉપયોગ કરવાને માટે દાવો લા
વી શકે છે. મિલકત ઠરાવેલા માલીક પાસેથી
ચોરવામાં આવી હતી એવું પોલીસની રૂબરૂ
કેદીએ કબુલ કરેલું તે પુરાવા ઉપર ફક્ત આ
ધાર રાખીને માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રાસીજર
કોડની કલમ ૫૨૩ મુજબ મિલકત આપવાનો
હુકમ કરેલો તે હુકમની દરમીયાન ધરવાની હા
ઈ કોર્ટે ના પાડી. રાણી વિ૦ ત્રીભોવન માણે
કચંદ. ઈ. લો. રી. ૯ મું. ૧૩૧.

(મી૦ વેસ્ટ અને મી૦ નાનાભાઇ હરી
દાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી અકટોબર
સને ૧૮૮૪).

૯૦ કબુલાત—પોલીસ અગાડીની કબુ
લાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આક
ટ કલમ ૨૭—ખુન—ખુનનું તોહોમત—ચો
રી—ચોરી કરવાનો ઈરાદો.—તોહોમતદારે પો
લીસની રૂબરૂ કબુલાત આપેલી હોય અને તે
તેને વાસ્તવીક રીતે લખી લીધી હોય તેમાંથી
કોઈ બાબત નીકળી આવતી હોય તો તે બા
બત કેદીની વિરૂદ્ધ પુરાવામાં લેવાને કેટલી સં
બંધ રાખે છે તેના શીવાય, એકે શબ્દ વધારે
જુબાનીમાં આપવાને કોઈ ન્યાયાધીસ પુરાવા
ના આકટની કલમ ૨૭ ની શરતો મુજબ પુ
રાવો લેતી વખતે પરવાનગી આપી શકે નહી.
પોલીસ અમલદારે જુબાની આપી કે તેને તો
હોમતદારે એવું કહ્યું હતું કે ક નામના મા
ણસની પાસેથી ૩૪૮) ચોરી તેમાંના રૂપીઆ
આઠ ખરચ કર્યા છે, ને બાકીના રૂપીઆ ચા
ળીસ તેની પાસે છે જે રૂપીઆ તોહોમતદારે
મને આપ્યા છે. એમ ઠરાવવામાં આવ્યું કે
૩૪૮ ચોર્યા એ હકીકત ૩૪૦ આપ્યાની પો
હેલાની નથી અને તે તેના વિરૂદ્ધ પુરાવામાં
દાખલ કરી શકાતી નથી. વળી પોલીસ અમ
લદારે પોતાની જુબાનીમાં લખાવ્યું હતું કે,
તોહોમતદાર જેના ઉપર ખુનનું તોહોમત રા
ખવામાં આવ્યું છે તેને એમ કબુલ કર્યું હ
તું કે પોતે અને ક નામના માણસે, ક ના
મના માણસના કેટલાક ચામડા ચોરયા હતા,
અને તે ઉપરથી તેને ક નામના માણસને બો
લાવ્યો હતો અને તેને આપેલી ખબર લખી લી
ધાથી એમ માલમ પડયું કે તે માણસે ચોરી ક
રયાની બાતમી અવલથી આપેલી હતી પણ તે
સાક્ષીના જાણવામાં નહોતી. એમ ઠરાવવામાં
આવ્યું કે આવી હકીકત પુરાવામાં લેઈ શકા
તી નથી, કારણ કે પોલીસ અમલદારના ક
બજામાં તોહોમતદારે ખબર આપી હોય અ
ને તે ખબર ઉપરથી કાંઇ અગત્યની બાબત
નીકળી આવે છે, એ કારણ ઉપરથી તે બા
બત જે અમલદારે કેસની તજવીજ ચલાવી
છે તે અમલદારને પુરાવાના આકટની કલમ
૨૭ મુજબ પુરાવામાં આપવાની પરવાનગી
આપવી તે ઘણુંજ જોખમકારક છે. ખુન થ
એલા માણસનું મડદુ જ્યારે હાથ ના લાગે
ત્યારે કેટલીક બાબતો ઉપરથી પણ ખુનનું તો
હોમત મુકી શકાય છે, અને તેવી બાબતમાં
તોહોમતદારને ગુન્હેગાર ઠરાવતાં પહેલાં, બને
તેવી રીતે ખુનની બાબતનો મજબુતમાં
મજબુત પુરાવો મેળવવો જોઇએ. મછવાના મા
લીકે જે જગ્યાએ મછવો રાખેલો તે જગ્યાએ
થી મછવો લેઈ દુર જઈ મછવો છોડી દીધે
લો એવું ખુનના તોહોમતવાળા માણસને મા
ટે સાબીત થએલું હતું, અને તે ઉપરથી તે
ના ઉપર મછવો ચોરયાનું તોહોમત રાખવા
માં આવ્યું હતું. એવું ઠરાવવામા આવ્યું હ
તું કે આવી જાતનું તોહોમત મુકી શકાતું ન
થી કારણ કે, તે મછવો હમેશને માટે પોતા
ના ઉપયોગમાં લેવાનો તેનો ખુલ્લી રીતે ઇરા
દો નહોતો, પણ નાશી જવાની મતલબથી તે
ને મછવો લીધો હતો. રાણી વિરૂદ્ધ અડકીક
ડાર, ઈ. લો. રી. ૧૧ ક. ૬૩૫.

(મી૦ મીતર અને મી૦ નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧ લી અપ્રેલ સને ૧૮૭૩).

પાગરીશાહના કામમાં નજર રાખવામાં આવી છે. ૧૯ વી. રી. ૫૧. જુઓ કબુલાત ૯૧.

૯૧ કબુલાત—પોલીસની રૂબરૂની કબુલાત—મુખ્ય બાબતની સોધ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૨૭—તોહોમતદારે પોલીસ ઈન્સ્પેકટરની રૂબરૂ કબુલાત આપેલી તેનો કેટલોક ભાગ જવાહીરો સંતાડવા વીષેનો હતો, અને આવી રીતની ખબર મળવાથી જવાહીરો જપ્ત્યાં હતા. એમ ઠરાવવામાં આવ્યું કે મરનાર ઉપર હુમલો કરી મારી નાખી અને તેણીના કબજામાંથી જવાહીરો લીધાં એ બાબત વીષેની તોહોમતદારની કબુલાત ઉપરથી, પુરાવાના આકટની કલમ ૨૭ મુજબ સ્પષ્ટ રીતે ઘરાણાં સબંધી ખરી બાબત નીકળી આવે છે, માટે તે પુરાવામાં લેઈ શકાય છે. રાણી વિરૂદ્ધ પાગરીશાહ, ૧૯ વી. રી. ૫૧.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧ અપ્રેલ સને ૧૮૭૩).

રાણી વિરૂદ્ધ બાબુલાલના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૬ અ. ૫૦૯. જુઓ કબુલાત ૯૦.

રાણી વિરૂદ્ધ અહુશીકદારના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૧૧ ક. ૬૩૫. જુઓ કબુલાત ૯૦.

૯૨ કબુલાત—પોલીસની રૂબરૂની કબુલાત—મુખ્ય બાબતની સોધ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમો ૨૬, ૨૭—કેટલાક માણસો ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તેમાંના એક માણસની ખબર ઉપરથી કાંઈ બાબત નીકળી આવી હોય અને બીજા માણસોએ પણ એવીજ ખબર આપી હોય તો બધા માણસોની ખબર ઉપરથી તે બાબત નીકળી આવી છે એમ ગણવું જોઈએ નહી. **અ બ** નામના માણસની ખબર ઉપરથી કોઇ અમુક બાબત નીકળી આવી છે એમ જુબાની આપવી જોઇએ, અને આ ખબર જેટલી તેમાંથી નીકળતી બાબત જોડે સબંધની હોય તેટલી દાખલ કરવી જોઈએ. રાણી વીરૂદ્ધ રામચરન ચંગ અને બીજાઓ, ૨૪ વિ. રી. ૩૬.

(મી૦ જેકસન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, ૧૧ મી અગષ્ટ સને ૧૮૭૫).

૯૩ કબુલાત—પોલીસ અગાડીની કબુલાત—હકીકતની સોધ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમો ૨૫, ૨૬, અને ૨૭. **પ** નામના માણસ ઉપર છોડીનું ખુન કર્યાનું તોહોમત રાખવામાં આવેલું તેને પોલીસ અમલદારને ચપુ આપી એવું કહ્યું કે આનાથી તેને ખુન કર્યું હતું. તેણે વળી કહ્યું કે છોડીના સાંકળા ખુનની જગોએ ફેંકી દેવામાં આવેલા તે હું બતાવું છું. બીજે દીવશે પોલીસ અમલદારની જોડે જઈને ખુનની જગાએ તેને સાંકળા દેખાડયા. એમ ઠરાવવામાં આવ્યું કે આ હકીકત પોલીસની રૂબરૂની કબુલાત ગણાય છે, અને તે ઉપરથી કાંઇ બાબત નીકળી આવતી નથી માટે, **પ** નામના માણસની સામે પુરાવામાં લેઇ શકાય નહી. પોલીસની રૂબરૂ આપેલી કબુલાતના ઉપયોગ વીશે ટીકા. રાણી વીરૂદ્ધ જોરાહાસજી, (૧૧ મું. હા. કો. રી.) અને રાણી વીરૂદ્ધ રામા બીરાપા, (ઈ૦ લો૦ રી૦ ૩ મું. ૧૨) ના કામો ઉપર નજર રાખવામાં આવી હતી. રાણી વીરૂદ્ધ પંચામ, ઈ. લો. રી. ૪ અ. ૧૯૮.

(મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને મી. સ્ટ્રેટ જડજની રૂબરૂ, તા. ૧૦ મી જાનેવારી સને ૧૮૮૨).

રાણી વીરૂદ્ધ જોરાહાસજી ૧૧ મું. હા. કો. રી. ૨૪૨ ના ના કામમા નજર રાખવામાં આવી છે. જુઓ હકીકત પોલીસના કબજાની વખતની.

રાણી વીરૂદ્ધ રામાબીરપા ઈ. લો. રી. ૩ મું. ૧૨. જુઓ કબુલાત ૨૦.

અહુશીકદાર વીરૂદ્ધ રાણીના કામમાં

આધાર રાખવામાં આવ્યો હતો. ઈ. લો. રી. ૧૧ ક. ૬૩૫. જુઓ કબુલાત ૯૦.

રાણી વીરૂદ્ધ કમાલીઆ, ઇ. લો. રી. ૧૦ મું ૫૯૫. જુઓ કબુલાત ૯૪.

રાણી વીરૂદ્ધ બાબુલાલના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૬ અ. ૫૦૯. જુઓ કબુલાત ૮૭.

૯૪ કબુલાત—પોલીસ અગાડીની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમો ૨૫, ૨૬, અને ૨૭—ખરી બીનાની શોધ.

તોમતદાર ઉપર જુવાર ચોર્યા બાબતનું તોમત રાખવામાં આવ્યું હતુ. પોલીસે તપાસ કરેલી તે વખતે તોહોમતદારોએ કબુલ કર્યું હતું કે તેઓએ અનાજ ચોરી એક વાસણમાં સંતાડેલું હતુ જે વાસણ તરતજ રજુ કર્યુ. ચોરેલી જુવાર અને બતાવેલી જુવાર એક જાતની છે, એ કામ ચલાવનાર માજીસ્ટ્રેટને ખાતરી થઈ નોહોતી, પણ ફક્ત તોહોમતદારોની કબુલાતો ઉપર આધાર રાખીને તેઓને ચોરીને માટે શીક્ષા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે કેદીઓએ પોતે જુવાર બતાવીને તેઓનું પોતાનું કૃત્ય હતું અને કોઈ બીજાની ખબર ઉપરથી માલમ પડયું નોહોતું. માટે આવી જાતના કેસને પુરાવાના આકટની કલમ ૨૭ લાગુ પડતી નથી. મિલકત ઉત્પન્ન કર્યાની હકીકત પુરાવામાં લેઇ શકાય છે, પણ આની સાથેની પોલીસે લીધેલી કબુલાત પુરાવામાં લેઈ શકાતી નથી. રાણી વીરૂદ્ધ કમાલીઆ, ઈ. લો. રી. ૧૦ મું. ૫૯૫.

(મી૦ બર્ડવુડ અને મી૦ જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૧૯મી માર્ચ સને ૧૮૮૬).

રાણી વીરૂદ્ધ પંચામ, ઈ૦ લો૦ રી૦ ૪ અ. ૧૯૮ ના કામમાં આધાર રાખવામાં આવે છે. જુઓ કબુલાત ૯૩.

રાણી વીરૂદ્ધ બાબુલાલ, ઈ૦ લો૦ રી૦ ૬. અ. ૫૦૯ ના કામમાં આધાર રાખવામાં આવે છે. જુઓ કબુલાત ૮૭.

રાણી વી૦ જોરા હાસજીના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૧. મું.હા.કો.રી. ૨૪૨. જુઓ હકીકત પોલીસના કબજાની બખતની.

રાણી વિ. રામા બિરાપા, ૩ મું. હા. કો. રી. ૧૨. જુઓ રૂ. ૨.

૯૫ કબુલાત—પોલીસ અગાડીની કબુલાત—કબુલાત લેવાની પોલીસની લાલચ—પોલીસ અમલદારોનો પુરાવો—ઠરાવ—નહી લાગુ પડે તેવી કેદી સામેની ટીકા—કોઈ પણ પોલીસ અમલદાર કાંઈ પણ બાબત ખુલ્લી કરવાને અથવા કબુલાત લેવાને તોહોમતદારને લાલચ બતાવે તો તે ગેરકાયદેસર ગણાય છે. આવી જાતની કબુલાતમાંથી કાંઇ પણ નવી બાબત નીકળી આવે તો તે પુરાવામાં કાયદેસર દાખલ કરી શકાતી નથી. કેદી પૈશાવાળો અને વગવાળો હોવાથી ખરી બાબત નીકળી આવતી નથી, એવું પુરાવાથી સાબીત થતું ન હોય તો તેવી ઠરાવમાં ટીકા કરી શકાય નહી. રાણી વિ. ધરમદત્ત ઓઝા અને બે બીજાઓ ૮ વિ. રી. ૧૩.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુન સને ૧૮૬૭).

રાણી વીરૂદ્ધ બાબુલાલના કામમાં તફાવત બતાવતામાં આવ્યો હતો. ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૫૦૯ જુઓ કબુલાત ૮૭.

૯૬ કબુલાત—પોલીસની રૂબરૂની કબુલાત—કબુલ કરવાની પોલીસે આપેલી લાલચ ખુન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૦—પોલીસ કોનસ્ટેબલે ખાતરી કરી આપી કે કાંઈપણ થવાનું નથી તે ઉપરથી તોહોમતદારે કબુલ કર્યું કે તેણીએ પોતાના નવા જન્મેલા બાળકને મારી નાખી ઘરના વાડામાં દાટયું હતું. આ હકીકત ઉપરથી છોકરાના માથાના હાડકાઓ, લોહીવાળો એક પથ્થર અને ચપ્પુ જેના વતે ખુન કર્યું હતું એ માલમ પડી આવ્યા. કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ તેણીએ તેજ હકીકત કહી હતી. સેસનં જડજની રૂબરૂ કામ ચાલતાં તેણીએ જન્મ થયાનું કબુલ કર્યું હતું. જન્મ

થએલો તે વખતે છોકરૂ નહી રડવાથી તે જી વતું હતું કે મુએલું હતું તેની તેણીને ખબર નહી હો વાથી તે દાટવામાં આવ્યું હતું. તેણીએ એવું પણ કહ્યું હતુ કે પોલીસ કોનસ્ટેબલે ઘણી સ પડાવીને ધમકી આપી હતી અને સાચુ બો લશે તો કાંઈ થવાનું નથી એવી લાલચ બ તાવી હતી, છોકરાને પથ્થર અને દાતરડુ માર વાની વાત તે નામુકર ગઈ અને કહ્યું કે, છો કરાને ફક્ત જમીન સરસો દાબી પછી દાટયો હતો. છોકરૂ જીવતુ હતું એ બાબતનો કાંઈ પુ રાવ નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે મા જીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત ચાલી શકતી નથી, અને સેસન જડજે પોલીસ કોનસ્ટેબલના વચ નની અસર પુરેપુરી જતી રહ્યા પછી કબુલા ત લીધેલી હતી એવું કાંઈ કોર્ટે બતાવેલું ન થી, અને બચાવાનું વચન આપી કબુલાત લી ધેલી છે એ બાબત જોતાં કબુલાત પુરાવામાં લેઈ શકાતી નથી, અને છોકરૂં જીવતું જન્મે લું હતું એ બાબત પુરાવામાં સાબીત થતી નથી, અને છોકરૂં મુવેલું આવ્યું હતું એ બા બત ધ્યાનમાં લેતાં તોહોમતદારે કદાચ ખુલ્લુ થવાની બીક અને ફજેતીને લીધે તેને સંતા ડયું હોય એમ માલમ પડે છે, માટે તોહોમ તદારને ખુનના ગુન્હામાંથી છોડી મુકવામાં આ વે છે. રાણી વિ. મુસામત લુચુ. ૫ નો વ્રે. પ્રો. ૨૧૮.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ. તા૦ ૫ મી અપ્રેલ સને ૧૮૭૩).

રાણી વિ. બાબુલાલના કામમાં નજર રા ખવામાં આવી હતી. ઈ. લૉ. રી. ૬ અ. ૫૦૯ જુઓ કબુલાત ૮૭.

૯૭ કબુલાત—ગામડાના માજીસ્ટ્રેટની રૂ બરૂની કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરા વાનો આક્ટ કલમ ૨૫—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૪—ગા મડાનો માજીસ્ટ્રેટ એ પોલીસ અમલદાર ગણા તો નથી, તેટલા માટે તેની રૂબરૂ આપેલી ક બુલાત પુરાવાના આક્ટની કલમ ૨૫ માં બ તાવેલા કારણથી પુરાવામાં દાખલ થઈ શકે નહી એમ નથી. રાણી વિરૂદ્ધ સામાપાપી ઈ. લો. રી. ૭ મ. ૨૮૭.

(મી૦ ટરનર અને મી૦ હચીન્સ જડ જોની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસંબર ૧૮૮૩).

જુઓ તપાસ તોહોમતદારની.
„ વ્યથા ૬.
„ જ્યુરી ૫૮, ૬૮, ૭૮, ૮૭.
„ ખુન ૧૧, ૧૩, ૨૫.
„ મારી ૭.
„ જુદા ગુન્હાઓ ૨.
„ ચોરી ૨૧.
„ ધમકી ૨.
„ ગેરકાયદેસર મંડળી ૮.

કબુલાત—

જબરાઈથી લેવી તે. જુઓ મદદગા રી ૭.

ગુન્હાના સોબતીની લેવી તે. જુઓ ખો ટો શીક્કો ૬.

સાથેના તોહોમતદારની. જુઓ સોબતી ગુન્હામાં, ૨૩, ૨૮, ૩૦ અને ૩૪.

પાછી ખેંચી લેવી તે. જુઓ જ્યુરી ૧૪.

પોલીસની. જુઓ કબુલાત, ૧૬, ૮૨-૯૬.

કબુલાત તોહોમતદારની—

કબુલાત-કબુલાત તોહોમતદારની-પુરાવો-કં બુલાત પુરાવામાં લેવી તે સવાલ અને જવાબ-ઈં ગ્રેજીમાં નોંધ-માજીસ્ટ્રેટ-સને ૧૮૮૨નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૧૬૪, ૩૬૪ અને ૫૩૩.—કલમ ૧૬૪ મુજબ લીધેલી કબુ લાત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૪ ના ત્રીજા પેરેગ્રાફમાં બતાવ્યા પ્રમાણે ઈંગ્રેજી માં તે કલમના બીજા બે પેરેગ્રાફોમાં બતાવે લી રીત મુજબ, લખી લેવી જોઈએ. કેસની તજવીજ પોલીસ કરતા હતા તે વખતે ક્રીમી નલ પ્રોસીજર કોડની કલમ ૧૬૪ મુજબ કેદી ની કબુલાત, ડેપ્યુટી માજીસ્ટ્રેટે પોતાના એક કલાર્ક પાસે લખાવી હતી. કલમ ૩૬૪ માં બ તાવ્યા પ્રમાણે કાંઈ પણ ઈંગ્રેજી નોંધ મા જીસ્ટ્રેટે કરી નોહોતી. કામ પોતે ચલાવતી વ ખતે કલમ ૩૬૪ મુજબ બીજી કબુલાત લી ધી હતી. બંને કબુલાતો વાતના રૂપમાં લીધી

હતી અને સવાલ જવાબો લખી લેવામાં આવ્યા નોહોતા. સેસન જડજની રૂબરૂ કબ્જ ક્યા હતાં બંને કબુલાતો પુરાવામાં દાખલ કરવામાં આવી હતી પણ ક્રીમીનલ પ્રે. કોડની કલમ ૫૩૩ મુજબ તે બંને કબુલાતો કેદીની હતી એ સાબીત કરવામાં આવ્યું નોહોતું. મુખ્યતવે કરીને કબુલાત ઉપર આધાર રાખીને કેદીને સીક્ષા કરવામાં આવી હતી. રાણી વિ. ટીકું મગાના કામ (ઈં. લૉ. રી. ૮ ક. ૬૧૮) ના ફેંસલા ઉપર આધાર રાખીને એવું ઠરાવવામાં આવ્યું કે સવાલો અને જવાબો નહી લખી લેવામાં આવેલા તેથી તોહોમતદારના વિરૂદ્ધ કાંઇ અભીપ્રાય બંધાતો નથી, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૩ મુજબ પુરાવો લેવાની કાંઈ જરૂર નહોતી, અને તેથી કબુલાત ઉપર સીક્ષા કરેલી કાયમ રાખવામાં આવે છે. રાણી વિ. ફકુ માહારો. ઈં. લૉ. રી. ૧૪ ક. ૫૩૯.

(મી૦ ટોટનહામ અને મી૦ ઘોસ જડજોની રૂબરૂ, સને ૧૮૮૭).

કોમપનસેશન—

૧ કોમપનસેશન—ચોરી—હેરાન થાય તેવી ફરીઆદ—દંડ—ખેંચી લીધેલા તોહોમતની તપાસ.

કોઇ માણસ ઉપર જુઠું અને હેરાન થાય તેવું ચોરીનું તોહોમત મુકવામાં આવ્યું હોય તેવા માણસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૭ મુજબ કોમપનસેસન મળે નહી તોપણ માજીસ્ટ્રેટ ગેરવ્યાજબી તોહોમત મુકનારા માણસનો દંડ કાયદા મુજબ કરી શકે છે. ખેંચી લીધેલુ તોહોમત સાચુ છે કે જુઠું એની તજવીજ ચલાવવી જોઈએ નહી. ચીડી ચોખી વિ. ભવાની અને બીજો. ૧ વિ. રી. ૧.

(મી૦ લોક, મી. સેટનકાર અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૮ મી અગષ્ટ ૧૮૬૮).

૨ કોમપનસેશન—ચોરી—ચોરીના જુઠા તોહોમતને માટે બદલો ઠરાવી શકાતોનથી. રાણી વિ.ગોગનસીન અનેબીજાઓ. ૨ વિ.રી. ૫૭

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી અપ્રેલ સને ૧૮૬૫).

૩ કોમ્પનસેસન—ડાકાઈટી—ફરીયાદીને કેટલો દંડ અપાવવાનું ઠરાવવું તે—ડાકાઇટીના તોહોમતવાળા કેદીઓનો દંડ કરેલો તેમાંથી કેટલોક ભાગ ફરીઆદીને આપવાનો સેસન જડજે હુકમ કરેલો, તે શા કારણથી અથવા કેવી કલમ મુજબ કર્યો છે તે લખવું જોઇએ. રાણી વિરૂદ્ધ બીસોનાથ મંડલે અને બીજાઓ ૨ વી. રી. ૫૮.

(મી૦ જેકશાન જડજની રૂબરૂ, તા૦ ૧૦ મી અપ્રેલ સને ૧૮૬૫.)

૪ કોમ્પનસેસન—સને ૧૮૬૧ નો આકટ ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ મુજબના કેસોમાં દંડ કોમ્પનસેસન તરીકે નહી ઠરાવવો તે—પ્રકરણ ૧૫ પ્રમાણે ચલાવેલા કામમાં મુકરદમો લખવો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ માં આવી જતા કામોમાં કોમ્પનસેસન તરીકે દંડ કરી શકાય નહી. પ્રકરણ ૧૫ માં આવી જતા કામોમાં ફરીઆદીની હકીકત, સાક્ષીઓની જુબાની, અને તોહોમતદારોનો જવાબ એ સઘળુ લખી લેવું જોઈએ. રાણી વિરૂદ્ધ નીજાનંદ. ૩ વિ. રી. ૬૦..

(મી૦ કેમ્પ અને મી૦ સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી અગષ્ટ સને ૧૮૬૫).

૫ કોમ્પનસેસન—દંડ—ચોરીનું જુઠું તોહોમત—પીનલકોડની કલમ ૩૭૪ મુજબના કેસમાં બદલો અપાવી શકાય નહી, કારણ કે તે કેસ સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ માં આવી જાય છે. રાટીહા વીરૂધ ફેકોનડી અને બીજો ૫ વી. રી. ૧.

(મી૦ ફીઅર અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી ૧૮૬૬).

૭ કોમ્પનસેસન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૪ મુજબ કોમ્પનસેસન—નુકશાન—નુકશાન થયાને માટે નુકશાન થનાર માણસને ક્રીમીનલ પ્રોસી

જર કોડની કલમ ૪૪ મુજબ કોમ્પનસેસન અપાવ્યું હોય તો તેમાં દીવાની મુકરદમાનું નુકશાન આવી જાય છે. રાણી વિરૂદ્ધ બારજો કુરમી અને બીજો. ૫ વી. ૭૬.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડ જોની રૂબરૂ, તા૦ ૩૦ મી અપ્રેલ ૧૮૬૬).

૮ કોમ્પનસેસન—ચોરી—પીનલકોડની કલમ ૩૮૦ મુજબ કોઈ માણસના ઉપર ચોરીનું તોહોમત મૂકવામાં આવ્યું હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડ, સને ૧૮૬૧ ના ૨૫ માની કલમ ૨૭૦ મુજબ તેવા માણસને કોમ્પનશેસન અપાવી શકાતું નથી. જેલમુનશી વિરૂદ્ધ ફરનાનહુસેન ૬ વિ. રી. ૫૫.

(મી૦ નોરમન અને મી૦ સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૬૬).

૯ કોમ્પનસેસન—ગેરકાયદેસર કેદ—ગેરકાયદેસર કેદની બાબતમાં બદલો અપાવી શકાય નહી. ઝારૂ વિ. બાહારઅલી અને બીજાઓ ૭ વી. રી. ૧૧.

(મી. કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૬૭.)

૧૦ કોમ્પનસેશન—રાતરે ઘર ફાડવું તે—ચોરી —રાતરે ઘર ફાડવુ અથવા ચોરી કરવાના કામમાં બદલો અપાવી શકાય નહીં, ધુરઈનોસ્યો વીરૂધ હુબીનોસ્યો. ૭ વી. રી. ૧૨.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજો રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૬૭).

૧૧ કોમ્પનસેશન—ચોરી—ચોરીની બાબતમાં કોમ્પનસેશન અપાવાતું નથી. ચીતુધુન બારજોનીઆ વિરૂદ્ધ અબદુલ મીહ અને બીજાઓ ૭ વિ૦ રી૦ ૪૦

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૬૭).

૧૨ કોમ્પનસેશન—હાઈ કોર્ટનો ઠરાવવાનો અધીકાર—અસલ ફોજદારી હકુમત બજાવતી વખતે હાઇ કોર્ટે માહાપરાધને માટે દંડ કર્યો હોય તેમાંનો આખો અથવા થોડો ભાગ બદલા તરીકે ફરીઆદીને અપાવવાનો હાઈ કોર્ટને અધીકાર છે. રાણી વીરૂધ હુસેનજાન અને બીજો ર. ઈન્ડ જ્યુરી. મો. ૬૯૦.

(મી૦ પીકોક ચીફ જસ્ટીસ અને મી૦ નોરમન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૮૬૭.)

૧૩ કોમપનસેશન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૪.—સેસન જડજના રેફરન્સ ઉપરથી માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૪ મુજબ વ્યથાના ગુન્હાને માટે દંડ કરેલો તેમાંથી ફરીઆદીને કોમપનસેશન આપવાનો હુકમ કરેલો તે ફરીઆદીને ગુન્હાથી કાંઈ નુકશાન થયું છે અથવા કાંઈ પૈસા સંબંધી નુકશાન થયું છે એવું કામના પુરાવાથી સાબીત નહી થવાથી રદ કરવામાં આવ્યો. રાણી વિ. સામસેન બાબાજી ૩ મુ. હા. કો રી. ૪૩.

(મેસર્સ ક્રાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦૧લી મે સને ૧૮૬૭).

૧૪ કોમપનસેશન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—જુઠી ફરીઆદો—બદલો—સાપ્રાધ પ્રવેશ—જમીન ઉપર બીગાડ—રાતરે ઘર ફાડવું તે.

સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ માં, જુઠી ફરીઆદીને માટે બદલો આપવાનો અધીકાર માજીસ્ટ્રેટને આપવામાં આવેલો છે, તે ફક્ત તે કોડના પ્રકરણ ૧૫ મુજબ ફરીઆદો થઇ કામ ચાલેલું હોય તેવા કેસોને લાગુ પડે છે; અને પીનલકોડમાં બતાવેલા ૭ માસથી ઉપરાંતની સજાના ગુન્હાને તે કલમ લાગુ પડતી નથી. પણ ફક્ત ૭ માસની સજા થઈ શકે તેવા ગુન્હાને લાગુ પડે છે. તોહોમતદારોની સંખ્યા ઉપર આધાર નહી રાખતાં, પચાસ રૂપીઆ કોમપનસેસન કોઈ પણ ફરીઆદી પાસેથી ઠરાવી શકાય છે. સાપ્રાધ પ્રવેશ, એ રાતરે ઘર ફાડવું તેમજ જમીન ઉપર બીગાડ કરવાના ગુન્હાનો એક ભાગ છે. રાણી વિ. લલુસીંગ અને બીજાઓ ૮ વિ. ૫૪.

(મી૦ જેકશન અને મી૦ હોબહાઉસ

જડજોની રૂબરૂ. ૨૯ મી જુલાઈ સને ૧૮૬૭)

સને ૧૮૬૯ના આકટ ૮ માથી ફેરફાર થયો. જુઓ બીરૂલાલ ૧૪ વિ.રી. ૭૫. જુઓ કોમપનસેશન ૨૩.

રાણી વિ. ટરનરના કામમાં અર્થ બતાવવામાં આવ્યો. ૪ ને વે. પ્રે. ૯૪. જુઓ હેરાન કરે તેવી ફરીઆદ ૬.

૧૫ કોમપનસેશન—સને ૧૮૬૧ ને ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—જે કેસોમાં માજીસ્ત્રેટ ફરીઆદ ઉપરથી સમને કાઢી શકે છે તેવા કેસોમાં ફક્ત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ બદલો અપાવવો જોઈએ. રાણી વિ. રામજી વાલદહાજી. ૫ મુ. હા. કો. રી. ૧૨.

(મી૦ ક્રાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ન્યુટન જડજોની રૂબરૂ. તા. ૬ઠી ફેબ્રુઆરી ૧૮૬૮).

૧૬ કોમપનસેશન—ચોરી—દંડ—ચોરેલી મીલકત પાછી લેવી તે.—જો કે ચોરાયેલી મીલકત જડી આવી હોય અને તે તેના માલીકને મળી હોય તોપણુ, જે માણસની ચોરી થઇ છે તેને કાંઈ નુકશાન થયું હોય તેથી તજવીજ કરનાર માજીસ્ત્રેટ તોહોમતદારના કરેલા દંડમાંથી કાંઈ ભાગ અપાવે તો તે કાયદેસર છે. રાણી વિ. યસાપા ઉરફે નીંગાપા ૫ મુ. હા. કો. રી. ૪૧.

(મી૦ ન્યુટન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને મી૦ ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૬૮.)

૧૭ કોમપનસેશન—સને ૧૮૬૧ને ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૪—ગુન્હાથી જેને પોતાને નુકશાન થયું હોય તેવા માણસ સીવાય બીજા માણસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૪ મુજબ કોમપનસેશન અપાવી શકાય નહી. મરનાર માણસોના વારસોને કોમપનસેશન અપાવી શકાય નહી. રૂપલાલસીંગના કામની બાબતમાં ૧૦ વિ૦ રી૦ ૩૯.

(મી૦ જેકસન અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટેમબર સને ૧૮૬૮).

રાણી વિ૦ સીઓબાસાપાના કામમાં આધાર લેવામાં આવ્યો. ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૭૩. જુઓ કોમપનસેશન ૨૨.

૧૮ કોમપનસેશન—સને ૧૮૬૧ ને ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—બરોબર તજવીજ કર્યા પછી માજીસ્ત્રેટને એવું માલમ પડયું કે કાંઈ પણ દસ્તાવેજી પુરાવા સીવાય ફરીઆદીઓએ "જામાસ" ના મોટા હકો માગ્યા હતા, અને તે ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ માજીસ્ત્રેટે ફરીઆદીનો દંડ કરેલો, તે હુકમની દરમીયાન થવાને હાઇકોર્ટે ના પાડી. મથુર ઘોસ અને બીજાઓની બાબતમાં ૧૧ વિ૦ રી૦ ૧૦.

(મી૦ નોરમન અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯.

૧૯ કોમપનસેશન—સને ૧૮૬૧ ને ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૪—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૪ માં બતાવ્યા પ્રમાણે ઠરાવેલું કોમપનસેશન, તે કામમાં બતાવેલી જાતના ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવી હુકમ અને સજા કરી હોય તેનો, ભાગ હોવો જોઈએ અને તે કોમપનસેશન કામ ચલાવતી વખતે ખરચ અને નુકશાન જેટલું સાબીત થયું હોય તેના પ્રમાણમાં ઠરાવવું જોઈએ. રાણી વિરૂદ્ધ ગોરચરનદાસ અને બીજાઓ, ૧૧ વિ. રી. ૫૩.

(મી૦ જેકશન અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી મે સને ૧૮૬૯).

૨૦ કોમપનસેશન—સને ૧૮૬૧ ને ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦ અને પ્રકરણો ૧૪, ૧૫.—કોઈ પણ ફરીઆદી ત્રણ જુદા જુદા ગુન્હાઓની ફરીઆદ કરે તેમાંના બે ગુન્હાઓની તપાસ પ્રકરણ ૧૫ માં બતાવ્યા મુજબ થાય તેવી હોય, અને એક ગુન્હાની તપાસ પ્રકરણ ૧૪ માં બતાવ્યા મુજબ થાય તેવી હોય અને તેવી બાબતમાં માજીસ્ત્રેટને એમ માલમ પડે કે પ્રકરણ ૧૫ માં આવેલા ગુન્હાઓનું તોહોમત હેરાન કર

વાના ઇરાદાથી મુકવામાં આવ્યું હતું તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ બદલો અપાવી શકે છે. મોધુસુદનઘોસ વિ૦ જોયરામ હાઝરાહ અને બીજાઓ. ૧૩ વિ૦ રી૦ ૩૯.

(મી૦ લોક અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી એપ્રિલ સને ૧૮૭૦).

૨૧ કોમપનસેશન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—કોઈ માણસે ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ માં આવી જતી ના હોય તેવી ફરીઆદ માજીસ્ટ્રેટને કરી હોય, અને તે ફરીઆદ જો મજીસ્ટ્રેટ બદલીને તે પ્રકરણમાં લાવે તો, તેવી બાબતમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ માજીસ્ટ્રેટ કોમપનસેશન ઠરાવી શકે નહી. કારણ કે મુળનો ગુન્હો કોમપનસેશન અપાવવા લાયક નોહોતો. રાણી વિ૦ ગરનીનગાપા૦ ૭ મુ૦હા૦કો૦રી. ૫૮.

(મી૦ ગીબ્સ અને મી૦ મેલવીલ જડજોની રૂબરૂ. તા૦ ૧૪ મી જુલાઈ સને ૧૮૭૦).

૨૨ કોમ્પનસેશન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમો, ૪૦૪ અને ૪૩૪—ફુલપાવર માજીસ્ટ્રેટનું કામ મંગાવવાનો સેશન જડજનો અખતીયાર—તોહોમતદારે ભુલથી ખાડો ખોદેલો તેમાં પડી જવાથી કોઈ માણસનુ મોત થએલું તેવા માણસની વિધવા સ્ત્રીને, તોહોમતદારના દંડમાંથી અપાવેલું કોમ્પનસેશન ગેરકાયદેસર છે. ફુલપાવર માજીસ્ટ્રેટ સેશન જડજના તાબાનો ગણાતો નથી માટે તેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટની સાથે અધીકાર નથી. સેશન જડજને એમ માલમ પડે કે ફુલપાવર માજીસ્ટ્રેટે ગેરકાયદેસર હુકમ અથવા સજા કરેલી છે, તો તેને માટે સુલભ રસ્તો એ છે કે હાઈકોર્ટને રીપોર્ટ કરવો, અને તે કોર્ટની નજરમાં આવે. તો કલમ ૪૦૪ મુજબ કામ મંગાવે. રાણી વીરૂધ શીબબાસાપા ૭ મું. હા. કો. રી. ૭૩.

(મી૦ ગીબ્સ અને મી૦ મેલવીલ જડજોની રૂબરૂ. તા૦ ૨૪ મી નવંબર ૧૮૭૦)

રૂપલાલસીંગના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૦ વી. રી. ૩૯. જુઓ કોમ્પનસેશન ૧૭.

૨૩ કોમ્પનસેશન—સને ૧૮૬૯ નો ૮ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—સને ૧૮૬૯ નો ૮ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ અમલમાં આવ્યા પછી કોઇ કેસમાં એક કરતાં વધારે માણસ ઉપર તોહોમત મુકવામાં આવ્યું હોય તો, દરેક માણસને માજીસ્ટ્રેટ ૨૭૦ મી કલમ મુજબ પચાસ રૂપીયા કોમ્પનસેશન અપાવી શકે છે. ભાયરૂલાલ અરજદાર ૧૪ વી. રી. ૭૩.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૨ ડીસેંબર સને ૧૮૭૦).

કાયદાથી (સને ૧૮૬૯ ના આકટ)માં ફેરફાર થયો. જુઓ રાણી વી૦ લલુસીંગ ૮ વી. રી. ૫૪. જુઓ કોમ્પનસેશન ૧૪.

૨૪ કોમ્પનસેસન—જુઠા સોગન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—કોઈ કેસમાં ફરીઆદી જુઠા સોગનને માટે તજવીજ કરાવવાનો હોય તો પણ અધીકારવાળો માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ તોહોમતદારને ફરીઆદી પાસેથી કાંઇ બદલો અપાવે તે કાયદેસર ગણાય છે. રાણી વિરૂદ્ધ રૂપનરી૦ ૧૫ વિ. રી. ૯; ૬ બેં. લો. રી. ૨૯૬.

(મી૦ જેકસન અને મી. એન્સલી જડજોની રૂબરૂ, તા૦ ૨૬ જાનેવારી સને ૧૮૭૧).

૨૫ કોમ્પનસેસન—બદલો ઠરાવેલા ઉપર અપીલ નહી તે—સને ૧૮૭૧ નો આકટ ૧ લા ની કલમ ૨૨ મુજબ કોમ્પનસેસન ઠરાવ્યું હોય તેના ઉપર અપીલ નથી. ગણેશ પ્રસાદની બાબતમાં ૩ નો. વે. પ્રો. ૨૦૦.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૪ અગષ્ટ સને ૧૮૭૧).

૨૬ કોમ્પનસેસન—ગેરકાયદેસર કેદ—સાપ્રાધ બળ—પીનલકોડની કલમ ૩૪૩ મુજ

બ ફરીયાદ ઉપરથી ગેરકાયદેસર કેદનું તોહોમત મુકેલું, પણ કલમ ૩૫૨ મુજબ સાપ્રાધ બળનું તોહોમત રાખવામાં આવ્યું નોહોતું, તેવી બાબતમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ બદલો આપવાનો હુકમ કરેલો તે ગેરકાયદેસર ગણી રદ કરવામાં આવ્યો હતો. હજુર હાલદાર વિરૂધ્ધ અસરૂદીન અને બીજાઓ ૧૭ વિ. રી. ૧.

(મી૰ ગ્લોવર જડજની રૂબરૂ, તા૰ ૧૬ મી ડીસંબર સને ૧૮૭૧).

૨૭ કોમ્પનસેસન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦—ચોરી અથવા અપહરણ–સાપ્રાધ બળ–સાપ્રાધ બળ અને ચોરી અથવા અપહરણના કામમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ કોમ્પનસેસન ઠરાવેલું તે ગેરકાયદેસર ગણી રદ કરવામાં આવ્યું હતું, કારણ કે તેહોમતનો થોડો ભાગ ચોરી અને અપહરણનો હતો જે પ્રકરણ ૧૫ માં આવી જતો નથી અને ખરૂ જોતાં ફરીયાદી ઉપર સાપ્રાધ બળ વાપરવામાં આવ્યું હતું. ગનામાની વિરૂદ્ધ હરીદત્ત ૧૮ વિ. રી. ૬.

(મી૰ બેલી અને મી૰ મીતર જડજોની રૂબરૂ, તા૰ ૨૯ મે સને ૧૮૭૨).

૨૮ કોમ્પનસેસન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૪—ચોરી—કેટલાક બળદો ચોરવાનો ગુન્હેગાર ઠરાવી તોહોમતદારનો દંડ કરવામાં આવ્યો હતો. છઠાં નંબરના સાક્ષીએ ફરીયાદીને ખરીદ કરેલા બળદો પાછા આપ્યા તેને માટે તેને દંડમાંથી કોમ્પનસેસન આપવાનો હુકમ માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૪ મુજબ કરયો. એમ ઠરાવવામાં આવ્યું કે હુકમ ગેરકાયદેસરછે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૪ મુજબ છઠા નંબરના સાક્ષીનું વેચાણ એ "ફરીઆદ થએલો ગુન્હો નથી" તા. ૩ ડીસંબર સને ૧૮૭૨. ૭ મ. હા. કો. રી. અપે. ૧૩.

૨૯ કોમપેનસેસન—ફરીઆદ–પુરાવો—ફરીઆદીએ તોહોમતદાર ઉપર જબરાઈથી પોતાના ખેતરમાંથીમાલ કાપી જવાનું તોહોમત મુક્યું. આસીસ્ટંટ માજીસ્ટ્રેટે તે જગાએ જઈને તપાસ કરવાનું કામ એક અમીનને સોંપ્યું. ફરીઆદી તરફના સાક્ષી લીધા શીવાય ફક્ત અમીનની જુબાની ઉપરથી માજીસ્ટ્રેટે ફરીયાદ ખોટી ઠરાવી તોહોમતદારને કાપી લીધેલો માલ અપાવી કોમપનસેસન આપવાનો હુકમ કર્યો. હાઈ કોર્ટે આસીસ્ટંટ માજીસ્ટ્રેટનો હુકમ રદ કરી એવું ઠરાવ્યું કે આપેલા પૈસા ફરીઆદીને પાછા આપવા જોઈએ, અને ફરીઆદી અને તેના સાક્ષીઓ લેઈ કામ ફરીથી માજીસ્ટ્રેટે ચલાવવું જોઈએ. જીટનખાન વિરૂદ્ધ દુરગાસીંગ અને બીજાઓ, ૨૦ વી. રી. ૫૯.

(મી૰ કેમ્પ અને મી૰ પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, ૧૪ મી અગષ્ટ સને ૧૮૭૩).

૩૦ કોમપનસેસન—તોહોમત—નિરદોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૯, ૨૧૧, ૨૨૦—જ્યાં અગાડી કાયદેસર તોહોમત ઘડી તજવીજ ચલાવી તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યો હોય તો, તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૦ મુજબ છોડી મુકાએલો સમજવો જોઈએ પણ કલમ ૨૧૧ મુજબ સમજવો જોઈએ નહી, અને તેટલા માટે આવા કેસમાં તોમતદારને કલમ *૨૦૯ મુજબ કોમપનશેશન અપાવી શકાય નહી. રાધાનાથ પંજા વીરૂદ્ધ વુમાચરન ચોધરે અને બીજો ૨૨ વિ. રી. ૧૨

(મી. માર્કબાય અને મી. મીતર જડજોની રૂબરૂ, તા. ૬ મે સને ૧૮૭૪).

૩૧ કોમપનશેશન—દુખ—કેદ–વારંટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૯—માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ મુજબ કોમપનશેશન ઠરાવ્યુ હોય અને તે ના આપવામાં આવે તો જે માણસને આપવાનું હોય તેની જંગમ મીલકત કબજ કરી અને વેચીને રકમ

વસુલ કરવાને માજીસ્ટ્રેટ બંધાયલોછે. પણ દંડ ઠરાવેલો માણસ એવું કબુલ કરે કે તેની પાસે કાંઈપણ મિલકત નથી અને તેથી કબજ કરી વસુલ કરવાનો હક જતો રેહે તો માજીસ્ટ્રેટ તેને દિવાની જેલમાં મોકલાવી શકે. માલ કબજ કરી લેવાનું વારંટ કેદની સાથે એકજ વખતે અમલમાં આવી શકે નહી. બીશેશ્વર સાર. વી. બિશ્વામભરસીરકાર અને બીજાઓ, ૨૩ વિ. રી. ૬૪.

(મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી અપ્રેલ સને ૧૮૭૫).

૩૨ કોમપનસેશન–સને ૧૮૭૨નો ૧૦મો ક્રી પ્રો. કો. કલમ ૨૦૯–દિવાની કોર્ટના એક કારકુન જેને બજાવણી કરવાનું કામ સોંપ્યું હતું તેણે એવો રીપોર્ટ કર્યો કે મીલકતની જપ્તી કરવામાં કોઈ માણસે તેને અડચણ કરી, અને આ રીપોર્ટ કોર્ટે, તે માણસ ઉપર કામ ચલાવવાને માટે, માજીસ્ટ્રેટને મોકલ્યો. માજીસ્ટ્રેટે તોહોમતદારને છોડી મુકી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ મુજબ કારકુન પાસેથી તોહોમતદારને કોમપનસેશન અપાવ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે આવી જાતનો છેલો હુકમ ગેરકાયદેસર છે કારણ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ માં બતાવ્યા પ્રમાણે ફરીઆદી કારકુન નથી. ઉપર બતાવ્યા મુજબના કામમાં સબોરડીનેટ જડજ ફરીઆદી ગણાય છે, અને તેને ન્યાયની ખાતર ફરીઆદી કરેલી હોવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ માં બતાવેલો દંડ તેની પાસેથી લેઈ શકાતો નથી. કેશવ લક્ષમણની બાબતમાં ઈ. લો. રી. ૧ મુ. ૧૭૫.

(મી૦ મેલવીલ અને મી૦ વેસ્ટ જડજોની રૂબરૂ, તા. ૨૩ મી માર્ચ સને ૧૮૭૬).

મુઝઅલ્લી આદમની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૨ મુ૦ ૬૫૩. જુઓ ફરીઆદ કરવાની.પરવાનગી. ૪૬.

૩૩ કોમ્પનસેશન—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૮—જામીન—ગુન્હેગાર માણસ—કેદી—દંડ—એકઠો દંડ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ મુકરદમો ચલાવવાની યોગ્ય રીત એ છે કે દંડ ઠરાવી તે દંડમાંથી કોર્ટની નજરમાં આવે તેટલી રકમ તે કલમ ઉપર નજર રાખી ફરીઆદીને અપાવવી જોઇએ. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૯ મુજબ ગુન્હેગાર માણસના જામીન સેશન કોર્ટ લઈ શકતી નથી. મોહેશ મંડળ વીરૂદ્ધ ભોળાનાથ મંડળ, ૩ ક. લો. રી. ૪૦૪.

(મી૦ એનસ્લી અને મી૦ મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ સને ૧૮૭૮).

કાનહાઈસાહુના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૨૩ વિ૦ રી૦ ૪૪. જુઓ કાયદેસર પકડેલી ચીજનો અટકાવ.

૩૪ કોપનસેશન—નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૧ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યો હોય તો ફરીયાદી પાસેથી કોમ્પનસેશન લેવાનો હુકમ કરી શકાય છે. મોનાસેક વિરૂધ્ધ ઇશાન બરધન ઈ૦ લો. રી. ૬ ક. ૫૮૧.

(મી૦ મીતર અને મી. મેકલીન જડજોની રૂબરૂ, તા. ૧૦ મી જાનેવારી. સને ૧૮૮૧.)

૩૫ કોમપેનસેસન–સને ૧૮૭૨ નો ૧૦મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯–હેરાન કરે તેવી ફરીઆદ—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે–તોહોમતદારને કામ ચલાવી છોડી મુકવામાં આવેલો હોય તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ મુજબ કોમપનસેસન અપાવી શકાય છે. નમબર વિ. અન્નુ, ઈ. લો. રી. ૫ મ. ૩૮૧.

(મી૦ મતુસ્વામી આયર અને મી૦ ટારન્ટ જડજોની રૂબરૂ, ૨૯ થી અગષ્ટ ૧૮૮૨).

૩૬ કોમપેનસેસન–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૩,

૨૦૯,—વ્યથાની ફરીઆદ-હુમલાને માટે સમનો, કાઢવા તે-છુટકો-ફરીઆદ અને તેની સાબીતીમાં આપેલા પુરાવા ઉપરથી એમ માલમ પડયું કે તોહોમતદારને જો ગુન્હેગાર ઠરાવી શકાય તો ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૬ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી. અને માજીસ્ત્રેટે પીનલકોડની કલમ ૩૫૨ મુજબ હુમલાનું તોહોમત રાખી સમનો કાઢયા, અને ફરીઆદી તરફના સાક્ષીઓ લેઈ તોહોમતદારને છોડી મુકયો, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ મુજબ તોહોમતદારને કોમપનસેસન અપાવ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે કોમપનસેસનનો હુકમ ગેરકાયદેસર છે. રાણી વિ સોમું, ઈ.લો. રી. ૬ મ. ૩૧૬.

(મી. ટરનર ચીફ જસ્ટીસ, રબરૂ, તા. ૨૫ અકટોબર ૧૮૮૨; ૧૩ મી એપ્રીલ ૧૮૮૩).

૩૭ કોમપનસેશન-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રાસીજર કોડ કલમ ૩૦૮-ફરીઆદ થયેલો ગુન્હો-જો કોઈ માણસને ચોરી માટે ગુન્હેગાર ઠરાવી તેનો દંડ કરવામાં આવ્યો હોય તો, જે માણસે અજાણે ચોરેલી મીલકત વેચાણ રાખી હોય તેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ દંડમાંથી કાંઈ અપાવવાનો માજીસ્ત્રેટનો અધીકાર નથી. રાણી વિરૂદ્ધ રેડન ઈ. લો. રી. ૬ મ. ૨૮૬.

(મી૦ મતુસ્વામી આયર જડજની રૂબરૂ, ૩૧ મી માર્ચ સને ૧૮૮૩).

૩૮ કોમપનસેશન—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૦—ફરીઆદ ઉપરથી ચલાવેલો કેસ—નજીવી અને હેરાન કરે તેવી ફરીઆદ-ફરીઆદી ઉપરથી પોલીસે કેસની તજવીજ કરી હોય તો તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫ માં બતાવેલા અર્થ મુજબ "ફરીઆદ ઉપરથી" તજવીજ કરેલો કેસ ગણાતો નથી, અને તેટલા માટે તેવા કામમાં તે કલમ મુજબ કોમ્પનસેશન ઠરાવવું ગેરવાજબી છે. ઈશ્વરી વિ. બક્ષી ઈ. લો. રી. ૬ અ. ૯૬.

(મી. ટીરલ જડજની રૂબરૂ, તા ૨૦ મી સપટેંબર સને ૧૮૮૩).

૩૯ કોમપનશેશન—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪ અ. ૨૫૦—પોલીસને ફરીઆદ કરવી તે-પોલીસને ફરીઆદ કરવા ઉપરથી અને પોલીસે ઘડેલા તોહોમત ઉપરથી કેસની તજવીજ માજીસ્ત્રેટે ચલાવી હોય તો તેવા કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ કમ્પનસેશન અપાવી શકાતું નથી. રાણી વીરૂદ્ધ પોલવારાપુ ઈ. લો. રી. ૭ મ. ૫૬૩.

(મી. હચીન્સ જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી અગષ્ટ સને ૧૮૮૪).

૪૦ કોમપનસેશન—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૦ નજીવી હેરાન કરે તેવી ફરીઆદ—ઢોર પ્રવેશ આકટ પ્રકરણ ૫—ગેરકાયદેસર પકડવાની ફરીઆદ—ગુન્હાની ફરીઆદ-ગુન્હાની ફરીઆદ નહી તે—સને ૧૮૭૧ ની સાલના આકટ મુજબ ઢોરને પકડવામાં આવ્યું હોય, પણ તે આકટ મુજબ અથવા બીજી કોઈ રીતે તે ગુન્હો બનતો ના હોય તો. આવી ફરીઆદ ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ તોહોમતદારને કોમપનશેશન અપાવવું ગેરકાયદેસર છે. પીંચી વીરૂદ્ધ અંકાપા, ઈ. લો રી. ૯ મ. ૧૦૨.

(મી. બ્રાન્ટ જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી મે સને ૧૮૬૫).

•૪૧ કોમપનસેસન—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૨૪૫, ૨૫૦ હેરાન કરે તેવી ફરીયાદ—નિરદોશ ઠરાવી છોડી મુકવું તે—કામમાં બધો પુરાવો લખીતવાર લીધા પછી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૫ મુજબ તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યો હોય તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ કોમપેનસેશન ઠરાવી શકાય છે. નમબર વિ૦ અમભુના કામનો આધાર લેવામાં આવ્યો. રાણી વિ. પાંડુવાલ ડગોવાલ, ઈ. લો. રી. ૧૦ મું. ૧૮૯.

(મી. બર્ડવુડ અને મી. જારડીનની રૂબરૂ, તા. ૮ મી જાનેવારી સને ૧૮૮૬).

જુઓ કમપનસેશન ૩૫.

૪૨ કમપનસેશન—સને ૧૮૭૧ નો ઢોર પ્રવેશ આકટ કલમો, ૨૦, ૨૨—જુદી ફરીઆદ—ફરીઆદીનાં ઢોરો ગેરકાયદેસર પકડી ડબામાં પુરવાનું તોહોમત મુકી, ઢોર પ્રવેશ આકટની કલમ ૨૦ મુજબ કેટલાક માણસો ઉપર ફરીઆદ કરવામાં આવી હતી. આસીસ્ટંટ માજીસ્ટ્રેટ જેને ફરીઆદ કરવામાં આવી હતી તેણે ફરીઆદ ખોટી ઠરાવી, તોહોમતદારને વીસ રૂપીઆ કમપનસેશન ફરીઆદી પાસેથી અપાવ્યું, અને તે ના આપેતો એક વીસ દીવસ આસાન કેદની સજા કરી. હાઈકોર્ટને અરજ કરવાથી હુકમ ગેરકાયદેસર ઠરાવી રદ કરવામાં આવ્યો. કાલચંદ વીરૂદ્ધ ગદાધર બીસ્વાસની બાબતમાં. ઈ. લૉ. રી. ૧૩ ક. ૩૦૪.

(મી૦ પ્રીનસેપ અને મી૦ બીવરલી જડજોની રૂબરૂ. તા૦ ૩ અગષ્ટ સને ૧૮૬૬).

જુઓ ઢોર પ્રવેશ ૬, ૧૦.
,, આબરૂ લેવી તે, ૧.
,, નજીવી ફરીઆદ.
,, ચોરેલી મિલકત ૧૯.

કમીશન—

ફોજદારી ગુન્હાની તપાસમાં દાખલ કરી શકાય તેવા સાક્ષીઓની જુબાની કમીશન કાઢીને લીધી તે—સને ૧૮૭૨નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૩—સને ૧૮૭૫ નો ૧૦ મો હાઇ કોર્ટનો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૭૬—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેનસી માજીસ્ટ્રેટનો આકટ કલમ ૧૫૮.—હાઈ કોર્ટમાં ફોજદારી કેસની તપાસ ચાલતી વખતે કોઇ સાક્ષીની જુબાની કમીશન કાઢીને લીધી હોય તો તે પુરાવામાં લેઈ શકાતી નથી, પણ પુરાવાના આકટની કલમ ૩૩ મુજબ દાખલ થઈ શકે તેવી હોય અથવા સને ૧૮૭૫ ના આકટ ૧૦ માની કલમ ૭૬ મી મુજબ હુકમ કાઢી લીધી હોય તો તેવી જુબાની પુરાવામાં દાખલ થઈ શકે છે. રાણી વિ. ડાબીપ્રસાદ. ઈ. લૉ. રી. ૬ ક. ૫૩૨; ૭ ક. લૉ. રી. ૩૮૫.

(મી૦ પ્રીનસેપ જડજની રૂબરૂ. તા૦ ૩૧ મી જાનેવારી સને ૧૮૮૧).

૨ કમીશન—ફોજદારી તજવીજ—નોકરી ઉપર જતાં પેહેલાં સરકારી નોકરની કમીશન કાઢીને લીધેલી જુબાની—સને ૧૮૭૫ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૭૬—મુંબાઈની હાઈકોર્ટમાં ફોજદારી કેસ ચાલતી વખતે ફરીઆદી તરફથી સાક્ષી આપવાને કોઈ સરકારી નોકરે મુચરકો આપેલો હોય અને પછીથી સરકારી કામને માટે બાહાર ગામ જવાનો હુકમ થયો હોય, અને વખતસર કામ ચાલતી વખતે હાજર ના થઈ શકે તેવું હોય તો, હાઈકોર્ટના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૭૬ મુજબ સરકારની અરજી ઉપરથી તેવા માણસની સાક્ષી જતાં પેહેલાં કમીશન કાઢી લેઈ શકાય છે. રાણી વીરૂદ્ધ બાલગંગાધર ટીલક. ઈ૦ લૉ૦ રી૦ ૬ મું૦ ૨૮૫.

(મી૦ સારજન્ટ જડજની રૂબરૂ, તા૦ ૯ મી માર્ચ સને ૧૮૮૨).

૩ કમીશન—ફોજદારી કેસ—સાક્ષીની તપાસ—સને ૧૮૭૫ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૭૬—કોઈ ફોજદારી કામમાં કમીશન કાઢી સાક્ષી લેવાનું કામ હાઇકોર્ટને અસંતોષકારક અને કેદીને જોખમ થાય તેવું માલમ પડે તો તેવી બાબતમાં કમીશન કાઢી શકે નહી. રાણી વીરૂદ્ધ કાઉનસેલ ઈ૦ લૉ૦ રી૦ ૮ ક. ૮૯૬.

(મી૦ વીલસન જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી જુન સને ૧૮૮૨).

જુઓ પડદાવાળી સ્ત્રીઓ ૪, ૫.
,, ચોરેલી મીલકત ૨૬, ૨૯.
,, કરનામ.
,, ભુલ ખબર આપવામાં.

કમીટ કરવું તે—

૧ કમીટ કરવું તે—દીવાની કોર્ટથી ક મીટ કરવું તે—સ્માલકાઝ કોર્ટના જડજે પોતાની રૂબરૂ બનેલા ગુન્હાઓ તપાસ કરી કમીટ કરે તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૩—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૩ મુજબ મુકરદમો ચલાવવાનો સ્માલકાઝ કોર્ટના જડજનો વીચાર હોય તો, તેણે તજવીજ પુરી કરી કેસ કમીટ કરવો જોઈએ અથવા તોહોમતદારના સેસન કોર્ટમાં હાજર રહેવાના જામીન લેવા જોઈએ. નં૦ ૨૬૯ તા૦ ૪ થી અગષ્ટ સને ૧૮૬૫ નો ઠરાવ ૧ વી. રી. ૫.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી અગષ્ટ સને ૧૮૭૪).

૨ કમીટ કરવું તે—દીવાની કોરટનું કમીટ કરવું તે—જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—પેહેલાના દીવાની દાવામાં કબુલાત ખરી છે કે નહી તે બાબતનો મુદ્દો કાઢી કોર્ટે ઠરાવ કર્યો હોય કે તે ખરો નથી, પણ સામેના પક્ષકારે રજુ કરેલો પટો ખરો છે એવું સીરસ્તા મુજબ વધારેલું હોય તો, તે ઉપરથી જુઠા પટાને માટે ફરીઆદી કરવાની પરવાનગી આપી કેસ કમીટ કરવામાં કોર્ટને બાધ આવતો નથી. જગત્ત મીસર અને બીજાઓ વિરૂદ્ધ બાબુલાલ અને બીજાઓ. ૫ વી. રી. ૫૦.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ સને ૧૮૬૬.)

૩ કમીટ કરવું તે—દિવાની કોર્ટથી કમીટ કરવું તે—જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩.-પીનલકોડની કલમ ૧૯૩ મુજબ કોઈ કેસ તપાસ કરી કમીટ કરવાને માજીસ્ટ્રેટ તરફ દિવાની અદાલત મોકલે તો, માજીસ્ટ્રેટ તે કેસ ફરીથી દિવાની કોર્ટને મોકલી શકે નહી, તેમજ દિવાની કોર્ટ માજીસ્ટ્રેટને મોકલ્યા પછી તે કેસ સેસન કોર્ટમાં કમીટ કરી શકે નહી. માજીસ્ટ્રેટે પોતે કેસ ચલાવી પુરાવો લેવો જોઈએ. રાણી વિ. જાન મહમદ ૧૨ વિ. રી. ૪૧; ૩ એ. લૉ. રી. ૪૭.

(મી૦ કેમ્પ અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ. તા૦ ૩ અગષ્ટ સને ૧૮૭૯).

રાણી વિ. અમરત નથુના કામમાં નજર રાખવામાં આવી હતી. ૭ મું. હા. કો. રી. ૨૯. જુઓ તજવીજ માજીસ્ટ્રેટની ૨.

૪ કમીટ કરવું તે—દિવાની કોર્ટથી કમીટ કરવું તે—જુઠો લેખ—જુઠો પુરાવો—પેહેલાંની તજવીજ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમો ૪૭૧, ૪૬૫, ૧૯૩.-પીનલ કોડની કલમો ૪૬૫, ૪૭૧, અને ૧૯૩ મુજબ ઠરાવેલા ગુન્હેગારોની તપાસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૪ માં બતાવ્યા પ્રમાણે, પેહેલેથી કર્યા શીવાય દિવાની કોર્ટ કેસ કમીટ કરી શકે નહી. રાણી વિ. રંગાદુની અને બીજાઓ. ૨૨ વિ. રી. ૫૨.

(મી૦ માર્કબાય અને મી૦ મીતર જડજોની રૂબરૂ. તા૦ ૫ મી અગષ્ટ સને ૧૮૭૪).

૫ કમીટ કરવું તે—દિવાની કોર્ટથી કમીટ કરવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૭૧, ૪૭૪-પ્રથમની તપાસ પુરી કર્યા પછી કેસ કમીટ કરવાની સત્તા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૪ મુજબ દિવાની કોર્ટને છે, અને તે કલમ મુજબ જે કેસો તદન સેસન લાયક હોય તેવા કેસો તે કોર્ટની રૂબરૂ થયા હોય તોજ કમીટ કરી શકાય છે. કલમ ૪૭૧ માં ઘણી જાતના કેસો આવી જાય છે. જેવા કે કલમો ૪૬૭, ૪૬૮ અને ૪૬૯ના કેસો જેની તજવીજ કમીટ કરવાનો અધીકાર ના હોય તેવી કોઈ દિવાની અથવા ફોજદારી અદાલત ચલાવવાની ધારે તો ચલાવી શકે છે; અને તેવી બાબતમાં તે કલમમાં કોર્ટને બે રસ્તાઓ બતાવેલા છે, તે એ કે જો સેસન કોર્ટમાં કેસ કમીટ કરવાનો અધીકાર હોય તો તજવીજ કરી કેસ કમીટ કરવો અને તેવી જાતનો અધીકાર ના હોય અથવા તેવો અધીકાર વાપરવાની ના મરજી હોય તો જે માજીસ્ટ્રેટને કેસની તજવીજ

ફરી કમીટ કરવાનો અધીકાર હોય તેવા માજીસ્ટ્રેટ પાસે કેસ મોકલવો જોઈએ. રાણી વિ. પોપટ નથુ. ઈ. લૉ. રી. ૪ મું. ૨૮૭.

(મી૦ પીન્હે અને મી૦ મેલવીલ જડજોની રૂબરૂ. તા૦ ૧૭ મી ડીસેંબર ૧૮૭૯).

૬ કમીટ કરવું તે—કલેકટરે કમીટ કરેલો તે—કમીટ કરવાનો અધીકાર—જુઠો લેખ—માજીસ્ટ્રેટ અને કલેકટર.—પુરાવામાં કલેકટરની રૂબરૂ જુઠો લેખ રજુ કરવામાં આવ્યો હોય તો, રેવન્યુ અધીકારીઓ કેસ કમીટ કરી શકે છે પરંતુ કોઈપણ રીતે આવો કેસ કમીટ કરવાનો અધીકાર માજીસ્ટ્રેટને નથી. સરકાર વી. હંગશેસરસીન ઇન્ડ. જ્યુરીસ્ટ ૧૧.

(મી૦ સ્ટીઅર જડજની રૂબરૂ. તા૦ ૨૮ મી જુલાઈ સને ૧૮૬૨).

૭ કમીટ કરવું તે—કલેકટરે કમીટ કરેલો તે--સને ૧૮૫૯ ના આકટ ૧૦મા મુજબ કોઈ દાવાની તજવીજ કલેકટર ચલાવતો હોય તે વખતે સેશન કોર્ટમાં કેસ કમીટ કરવાનો અધીકાર છે. રાણી વીરૂદ્ધ બનસીસીંગ ૧ વી. રી. ૪૭.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોલવર જડજોની રૂબરૂ ૨૧ મી ડીસેંબર સને ૧૮૬૪).

૮ કમીટ કરવું તે—તપાસ ચાલતી વખતે કેદમાં મોકવાનો અધીકાર—કોની તરફ કમીટ કરવું તે--કલકત્તાનો મરણની તજવીજ કરનાર અમલદાર પોતાની પાસે તપાસ ચાલે ત્યાં સુધી કોઈપણ માણસને કેદમાં મોકલવી શકે નહી. ચાલતી કલમ મુજબ ઠરાવેલા અમલદાર તરફ કામ કમીટ કરવાનો અધીકાર જે કેસોમાં તેને આપેલોછે તેવા કેસો શેરીફ તરફ મોકલ્યા સીવાય તે કમીટ કરી શકે છે. વિલીયમ ટેલરની બાબતમાં ૨. ઈન્ડ જ્યુરીસ્ટ નો. સાઉથ ૧૦૧.

(મી૦ પીઅર જડજની રૂબરૂ, તા૦ ૪ જાનેવારી સને ૧૮૬૭).

૯ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટનું કમીટ કરવું તે—કમીટ રદ કરવું તે—પુરાવો બરોબર નથી એવું દેખીતું કારણ બતાવી કમીટ કરવાનો હુકમ રદ કરવાની મરજી સેશન જડજની થઇ. કમીટ કરવું ગેરકાયદેસર નહી હોવાથી કેસની તજવીજ ચલાવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ફકત નંબર ૭ નો સરકયુલર હુકમ, તદન ગેરકાયદેસર કમીટ કરેલા કેસોને લાગુ પડે છે. ગોકલ ભંડારીના કામની બાબતમાં ૧ વી. રી. ૮.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, ૨૨ મી અગષ્ટ સને ૧૮૬૪).

૧૦ કમીટ કરવું તે-માજીસ્ટ્રેટનું કમીટ કરવું તે—જુઠો લેખ-કલમ ૧૬૯ મુજબ દિવાની કોર્ટે કમીટ કરવાની પરવાનગી આપી હોય તો, ડેપ્યુટી માજીસ્ટ્રેટ કોઇ માણસનો કેસ જુઠા લેખને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૦ મુજબ કમીટ કરી શકે નહી. પણ તે કોર્ટની પરવાનગી લેઈ તે કલમ મુજબ કમીટ કરી શકે છે. રાણી વીરૂદ્ધ દવારકાનાથ બોસ રવી. રી. ૩૧.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૩ જી ફેબ્રુઆરી સને ૧૮૬૫).

રાણી વિરૂદ્ધ ચુબીસાનીના કામમાં મ. જુર રાખવામાં આવ્યો. ૮ મું. હા. કો. રી. ૨૮. જુઓ ફરીઆદી કરવાની પરવાનગી ૨૮.

૧૧ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટનું કમીટ કરવું તે—તોહોમતદાર અથવા તેના સાક્ષીઓની તપાસ કર્યા શીવાય કમીટ કરવું તે—તોહોમત તૈયાર કરયા પછી માજીસ્ટ્રેટની મુકરદમો ચલાવવાની રીત—કેદી તરફના સાક્ષીઓ—તોહોમતદારે સેશન કોર્ટમાં મુખત્યાર હાજર રાખેલો તે--તોહોમતદારની અને તેના સાક્ષીઓની તપાસ કર્યા શીવાય માજીસ્ટ્રેટ કેસ કમીટ કરી શકે છે. તોહોમત તૈયાર કર્યા પછી તે તોહોમતદારને વાંચી સંભળાવવાને અને સેશન કોર્ટમાં પોતાની તરફથી સાક્ષીઓ બોલાવવાને સમનો કાઢવાની જરૂર છે કે નહીં તે પુછવાને માજીસ્ટ્રેટ બંધાયેલો છે. કેદી તરફથી સેશન કોર્ટમાં મુખત્યાર ઉભા રાખવાની પરવાનગી માજીસ્ટ્રેટ આપી શકે છે. ૨

ણી વીરૂદ્ધ હરનાથરાય, ૨ વી. રી. ૫૦.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જ ડજોની રૂબરૂ. તા૦ ૨૧ મી૦ માર્ચ સને ૧૮૬૫).

૧૨ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—કમીટ રદ કરવું તે—સમાધાન—માજીસ્ટ્રેટે ફરીઆદનું રાજીનામું લીધુ તેથી સેશન કોર્ટમાં કમીટ કરેલો કેસ રદ થઇ શકતો નથી. રાણી વીરૂદ્ધ સાલીમ સેખ ૨. વી. રી. ૫૭.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૧ એપ્રીલ સને ૧૮૬૫).

૧૪ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—હાઈ કોર્ટે દરમીયાન થવાની ના પાડી તે—પોતાથી ચલાવાય તેવો ગુન્હો માજીસ્ટ્રેટે સેસન કોર્ટમાં કમીટ કરયો પણ સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રી. પ્રો. કોડના શેડયુલના મથાળે બતાવ્યા મુજબ જે કેસ સેસન કોર્ટે ચલાવી શકે તેવો હોવાથી, તે કોર્ટે ચલાવી શીક્ષા કરવી જોઈએ એમ લાગ્યાથી હાઈ કોર્ટે દરમીયાન થવાની ના પાડી. રાણી વિરૂદ્ધ કુનકુ ભુઈયા. ૮ વી. રી. ૪૬.

(મી૦ જેકશન અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુલાઈ સને ૧૮૬૭).

૧૫ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—છોડી મુકેલા માણસને કમીટ કરવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—માજીસ્ટ્રેટ અને જોઈન્ટ માજીસ્ટ્રેટની સત્તા—સેસન કોર્ટ લાયક ગુન્હો કરેલા માણસને છોડી મુકયો હોય તો તેને કમીટ કરવાના ઈરાદાથી ફરીથી માજીસ્ટ્રેટની રૂબરૂ લવાય છે, અને તેવા કેસમાં માજીસ્ટ્રેટ જડજના હુકમ સીવાય કામ ચલાવી શકે છે. જે કેસ કમીટ કરવા લાયક નથી એવું માજીસ્ટ્રેટને લાગ્યું હોય તેવા કેસને કલમ ૪૩૫ લાગુ પડે છે. કાયદા પ્રમાણે અને કમીટ કરવામાં માજીસ્ટ્રેટ અને જોઈન્ટ માજીસ્ટ્રેટનો સરખો અધીકાર છે, અને ઈનસાફની બાબતમાં જેવી કે પ્રથમની તપાસ કરતી વખતે માજીસ્ટ્રેટના હુકમ મુજબ જોઈન્ટ માજીસ્ટ્રેટ ચાલવાને બંધાએલો નથી. રાણી વિ. ટીલકુ ગોલા, ૮ વી. રી. ૬૧.

(મી૦ જેકશન અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૬૭).

રામજોય મજમુદારની બાબતમાં આધાર રાખવામાં આવ્યો. ૧૪ વી. રી. ૬૫; ૬ બેં૦ લો૦ રી૦ અપે. ૬૭. જુઓ છુટકો ૭.

રાણી વીરૂદ્ધ ડોનેલીના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૪૦૫. જુઓ છુટકો ૨૮.

૧૬ કમીટ કરવું તે--માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—ગેરકાયદેસર કમીટ કરવું તે—ફુલ પાવર માજીસ્ટ્રેટ—રેફ્રન્સ—કાયદેસર ફરીઆદ થયા સીવાય ફુલપાવર માજીસ્ટ્રેટે તપાસ ચલાવી કેસ કમીટ કરયો, તે કારણથી સેસન કોર્ટ ગેરકાયદેસર કમીટ થયેલું ધારી શકે નહી, પણ હમેશના રીવાજ માફક કામની તપાસ કરવી જોઈએ. રાણી વિરૂદ્ધ રણછોડદાસ નથુભાઈ, ૪ મું. હા. કો. રી. ૩૫.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી નવંબર સને ૧૮૬૭).

રાણી વિરૂદ્ધ દીપચંદ ખુશાલના કામમાં નજર રાખવામાં આવે છે. ૪ મું. હા. કો. રી. ૩૦. જુઓ ફરીઆદ ૪.

રાણી વિરૂદ્ધ કમરૂદી સીખદારના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૩ વી. રી. ૧૭. જુઓ કમીટ કરવું તે ૨૧.

રાણી વિરૂદ્ધ લક્ષમણ સખારામ. ઈં૦ લો૦ રી૦ ૨ મું૦ ૪૮૧. જુઓ ફરીયાદ કરવાની પરવાનગી ૪૪.

રાણી વીરૂદ્ધ સદાસીવપાના કામમાં અર્થ કરી બતાવવામાં આવ્યો. ૫ મું. હા. કો. રી. ૨૯. જુઓ સમન ૫.

૧૭ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—સને ૧૮૬૬ નો ૨૦ મો રજીસ્ટ્રેશ

ન આકટ, કલમો, ૯૧, ૯૫—સને ૧૮૫૪ ને ૭ મો કલમ ૫૪—સને ૧૮૬૬ ના આકટ ૨૦ મા ની કલમ ૯૧ મુજબ તપાસ ચલાવી માજીસ્ત્રેટે કેસ સેસન કોર્ટમાં કમીટ કર્યો હોય તો, તે કાયદેસર છે એમ ઠરાવવામાં આવ્યું. તે ઉપરથી તોહોમતદારની તપાસ ચલાવવાને સેસન કોર્ટને હુકમ કરવામાં આવ્યો હતો. રાણી વીરૂદ્ધ રાવલોજીરાવ ઉર્ફે હનમંતરાવ, ૫ મું. હા. કો. રી. ૭.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જાનેવારી સને ૧૮૬૮).

૧૮ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—સજા—સને ૧૮૬૧ ને ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૭—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૭ મુજબ કોઈ કેસ માજીસ્ત્રેટને કમીટ કરવામાં આવ્યો હોય તો તે પોતેજ તે કેસ ચલાવી શકે છે, પણ પોતે કરી શકે તેના કરતાં વધારે શીક્ષા થવી જોઈએ એમ ધારી કેસ સેસન કોર્ટમાં કમીટ કરી શકાય નહી. ભીખારી મુલીક અને બીજાઓ ૧૦ વી.રી. ૫૦.

(મી૦ ફીઅર અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૬૮)

ચીનીમરીગડુનો કેસ આનાથી વિરૂદ્ધછે, ઈ૦ લો૦ રી૦ ૧ મ. ૨૮૯. જુઓ શીક્ષાનો વધારો ૮.

રાણી વીરૂધ અબદુલાના કામમાં આધાર પ્રમાણે ચાલવામાં આવ્યું, ઈ૦ લો૦ રી૦ ૪ મું. ૨૪૦. જુઓ હુકમ.

જગાબંધુ મીતી વિરૂદ્ધ ગોવરધન બેરાના કામમાં નજર રાખવામાં આવી હતી. ૪. બેં.લો. રી. ક્રી૦ અ. ૧. જુઓ તોહોમત ૨૨.

૧૯ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—હુકમ કરવાનો ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટનો અખત્યાર—સબોર્ડીનેટ માજીસ્ત્રેટે છોડી મુકેલા તોહોમતદારોનો કેસ સેશન કોર્ટમાં કમીટ કરવાને ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ હુકમ કરી શકે નહીં, અને આવી રીતે સબોર્ડીનેટ માજીસ્ત્રેટ કેસ સેશન કોર્ટમાં કમીટ કરે તો તે ગેરકાયદેસર છે. કાયદા પ્રમાણે કમીટ કરવાનો હુકમ ફકત સેશન કોર્ટ કરી શકે છે. પ્રો. ૯ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯. ૪. મ. હા. કો. રી. અપે. ૩૦.

૨૦ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—જુઠો પુરાવો—ઇનસાફી મુકરદમો ચાલતી વખતે જુઠી જુબાની આપવાનું તોહોમત રાખી કોઈ માણસનો કેસ માજીસ્ત્રેટ પાસે તપાસ થવાને મોકલવામાં આવ્યો હોય તો, તોહોમતદારની રૂબરૂ ફરીઆદી અને તેના સાક્ષીઓની જુબાની લેઈ કામમાં લખ્યા શીવાય કેસ સેશન કોર્ટમાં કમીટ કરી શકાય નહીં. રાણી વી. રામધનસીંગ ૧૧ વી. રી.૨૨.

(મી૦ જેકશન અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ. તા૦ ૧૭ મી માર્ચ સને ૧૮૬૯).

૨૧ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—સને ૧૮૬૧ ને ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૫૯—જોઈન્ટ માજીસ્ત્રેટ માજીસ્ત્રેટની સત્તા ભોગવતા હોય તેણે કોઇ કેસ કમીટ કર્યો હોય તો, તે બરોબરછે, અને તેની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૯ મુજબ સેશન કોર્ટ તજવીજ ચલાવી શકે છે. અને અધીકાર નથી એ બતાવવાનો બોજો જે પક્ષકાર વાંધો ઉઠાવે તેને શીર છે. રાણી વીરૂદ્ધ કમરૂદી સીખદાર. ૧૩ વી. રી. ૧૭.

(મી૦ જેકશન અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ. તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૮૭૦).

રાણી વિરૂદ્ધ રણછોડદાસ નથુભાઇના કામમાં નજર રાખવામાં આવી છે. ૪. મુ. હા. કો. રી. ૩૫. જુઓ કમીટ કરવું તે ૧૬.

૨૨ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—વાજબી તપાસ—સેશન કોર્ટમાં કેસની કમીટ કરતાં પેહેલાં વાજબીતપાસ થવી જોઈએ, એમ બતાવવામાં આવ્યુ. અંદેસા પડતા માણસોને તજવીજ કરી ગુન્હેગાર ઠરાવવા એટલુંજ ફકત પોલીસ અને માજીસ્ત્રેટનું કામ ન

થી, પણ અંદેશો આવેલા માણસો ઉપર જે તોહોમત રાખવામાં આવેલું છે, તેમાંથી તે ઓ મુક્ત થઈ શકે છે કે નહિં એ બાબત પણ સોધી કાઢવાની તેઓની ફરજ છે. રાણી વીરૂદ્ધ ફીરટો ડોબા. ૧૪ વી. રી. ૧૬.

(મી૰ કેમ્પ અને મી૰ જેકશન જડ જોની રૂબરૂ, તા૰ ૪ જુલાઈ સને ૧૮૭૦).

૨૩ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—ફક્ત સેશન કોર્ટ ચલાવી શકે તેવા ગુન્હાઓ નહી તે—ફક્ત સેશન કોર્ટનો ચલા વી શકે નહી, તેવા ગુન્હાઓ તપાસ કરી સબોર્ડીનેટ માજીસ્ટ્રેટે સેશન કોર્ટમાં કમીટ ક ર્યા હોય તો તે કાયદેસર છે. પ્રો. ૨૩ મી જાનેવારી સને ૧૮૭૧, ૬ મ. હા. કો. રી. અપે ૧૬.

૨૪ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—કમીટ કરનારા અમલદારની ફરજ—પ્રાઈમાફેસી કેસ.—ફરીઆદીના પુરાવાથી તો હોમતદાર સામે પ્રાઈમાફેસી કેસ સાબીત થા ય છે કે નહી આ સોધી કાઢવાની કેસ કમી ટ કરનારા અમલદારની ફરજ છે. રાણી વીરૂ દ્ધ માહાસીંગ. ૩ નો. વે. પ્રો. ૨૭.

• (મી૰ ટરનર જડજની રૂબરૂ. તા૰ ૩ ફેબ્રુઆરી સને ૧૮૭૧.)

૨૫ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૫—જે કોર્ટની રૂબ રૂ ગુન્હો થયો હોય અને જે ગુન્હાની મુળમાં થી તપાસ જે કોર્ટે કરી હોય, તે કોર્ટે તજ વીજ કરી કેસ ચલાવવો અથવા કમીટ કરવો જોઇએ નહી, એવો ખુલ્લી રીતે કાયદા બાંધ નારાઓનો વિચાર ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૧૭૧ માં હતો. તારાપ્રસાદ સાહુ નું રેફરન્સ, ૧૫ વી. રી, ૮૮.

(મી૰ કેમ્પ અને મી૰ ગ્લોવર જડ જોની રૂબરૂ તા૰ ૨૭ મી સને ૧૮૭૧).

;રાણી વીરૂદ્ધ ચંદરસીખરરાયના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૩ વી. રી. ૬૬ જુઓ અપમાન કોર્ટના હુકમનું ૬૩.

૨૬ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૭૧, ૨૭૩,—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૧ મુજબ સ્માલ કાઝ કોર્ટના જડજે તજવીજને માટે કેસ ડેપ્યુ ટી આસીસ્ટંટ માજીસ્ટ્રેટ તરફ મોકલ્યો. ડેપ્યુ ટી માજીસ્ટ્રેટે કેસ તપાસને માટે સબ માજી સ્ટ્રેટ તરફ મોકલ્યો અને તે માજીસ્ટ્રેટે સેશન કોર્ટમાં કેસ કમીટ કર્યો. એમ ઠરાવવામાં આ વ્યું કે કમીટ કરવાનો હુકમ ગેરકાયદેસર છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૧ મુજ બ મોકલેલા કેસને કલમ ૨૭૩ લાગુ પડતી નથી. તા. ૨૦ મી નવંબર સને ૧૮૭૧; ૬ મ. હા. કો. રી. અ. ૪૧.

૨૭ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—તજવીજ—ગેરકાયદેસર અટકાવ—ગુલામગીરી—ગુલામ તરીકે મરજી વિરૂદ્ધ કો ઈ સ્ત્રીને કેદ કરવાને માટે પીનલકોડની કલમ ૩૭૦ મુજબ તોહોમત રાખી ડેપ્યુટી માજી સ્ટ્રેટે કમીટ કરેલો કેસ સેશન કોર્ટનો જડજ ચલાવવાને બંધાયેલો છે. રાણી વીરૂદ્ધ ફરસે નઅલી, ૧૬ વી.રી. ૬૩.

(મી૰ ગ્લોવર અને મી૰ મીતર જડ જોની રૂબરૂ, તા૰ ૨ જી ડીસંબર સને ૧૮૭૧).

૨૮ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—હકુમત—પીનલકોડની કલમ ૪૩૬ મુજબ તોહોમત મુકેલા કેસની તપાસ સેશ ન કોર્ટમાં ચાલતી વખતે, કેદી ઉપર પીનલ કોડની કલમ ૨૨૪ મુજબ કાયદેસર કેદમાં થી નાસી જવાનું તોહોમત રાખવામાં આ વ્યું હતુ, પેહેલાના કેસને માટે ગુન્હેગાર ઠ રાવી પાછલો કેસ જેની તપાસ પોતે કરી શ કે તેવો કેસ જુદો કમીટ કર્યો. તે કેસ મા જીસ્ટ્રેટને ચલાવવાનું ફરમાવી કમીટ કરવાનો હુકમ રદ કરવામાં આવ્યો હતો. અનંત કોય બર્ટની બાબતમાં, ૧૭ વી. રી. ૧૪.

(મી૰ કેમ્પ અને મી૰ જેકસન જડ જોની રૂબરૂ. તા૰ ૧૦ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦).

૨૯ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—સાપ્રાધ વિશ્વાસઘાત—જુઠો લેખ—બે માણસો સાથે તોહોમતદાર ઉપર સાપ્રાધ વિશ્વાસઘાતનું તોહોમત મુકવામાં આવ્યું હતું. ઉચાપતના તોહોમતના આધારમાં પુરાવો લેવામાં આવ્યો હતો; પણ પીનલકોડની કલમ ૪૦૮ મુજબ ગુન્હેગાર ઠરાવવા લાયક પુરાવો નથી એમ ધારીને આસીસટન્ટ માજીસ્ત્રેટે કલમ ૨૦૮ મુજબ તોહોમત રાખ્યું. પાંચ દીવસ પછી તોહોમતદાર ઉપર જુઠા લેખનું તોહોમત મુકી તે તોહોમતને માટે પુરાવો માગવામાં આવ્યોહતો, પણ કેસ કમીટ કરવાનાં જુદાં કારણો બતાવવામાં આવ્યાં નહોતાં. સેસન જડજના મતની જોડે મળી જઈને હાઇ કોર્ટે એમ ઠરાવ્યું કે હાલની સ્થિતિમાં કમીટ કરવું અધુરૂ છે, તેટલા માટે કમીટ કરવાનો હુકમ રદ કરવો જોઈએ. રાણી વિ. મુકતારામ ચતરજી. ૧૭ વિ. રી. ૪૪.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૧૮ મી માર્ચ સને ૧૮૭૨).

૩૦ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવુ તે—જુઠો પુરાવો—મદદગારી—સને ૧૮૬૦—નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૧૦૯. ન્યાયના મુકરકમામાં જાણી બુજી જુઠો પુરાવો આપવાનું તોહોમત પીનલકોડની કલમ ૧૯૩ મુજબ કેટલાક માણસો ઉપર રાખી, કેસ કમીટ કરેલો તે ગેરકાયદેસર ઠરાવવામાં આવ્યો, કારણ કે જે કોર્ટની સામે ગુન્હો કરવામાં આવ્યો હતો તે કોર્ટે અથવા તેની ઉપરી કોર્ટે ફરીઆદ કરવાની પરવાનગી આપેલી નહોતી. મદદગારીનો ગુન્હો ઠરાવવાને માટે મદદ કરેલું કૃત્ય થવાની કાંઈ જરૂર નથી. દીનોનાથ બુરૂઆ અને બીજાઓના કામનું રેફરન્સ. ૧૮ વિ. રી. ૩૨.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૨૪ મી જુલાઈ સન ૧૮૭૨).

૩૧ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—ડેપ્યુટી કમીશનરની કોર્ટ તે સેસન કોર્ટ-પછીથી તેની માજીસ્ત્રેટ તરીકેની નિમનોક—ડેપ્યુટી કમીશનર હતો તે વખતે કમીટ થયેલા કેસની તપાસ માજીસ્ત્રેટ તરીકે થયેલી તે—તા૦ ૨૧ મી ડીસંબર સને ૧૮૮૨ ને રોજ કેદીને સેસન કોર્ટમાં તજવીજને માટે મોકલવામાં આવ્યો હતો અને કામના કાગળો જાલુનના ડેપ્યુટી કમીશનર તરફ મોકલવામાં આવ્યા હતા. નવો ક્રીમીનલ પ્રોસીજર કોડ તા૦ ૧લી જાનેવારી સને ૧૮૭૩ ને રોજ અમલમાં આવ્યો તે મુજબ ડેપ્યુટી કમીશનરની કોર્ટ સેસન કોર્ટ તરીકે નહીં ગણાતાં જે જાતના કામોની પેહેલાં સેશન કોરટ તરીકે તપાસ થયેલી હોય તે કામો કલમ ૩૬ મુજબ માજીસ્ત્રેટ તરીકે ચલાવવા એવો અધીકાર મળ્યો. ડેપ્યુટી કમીશનરે કમીટ થયાનો દરકાર નહીં રાખતાં કલમ ૩૬ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ તરીકે કેસ નવેસરથી ચલાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આ સ્પષ્ટ રીતે ગેરકાયદેસર છે, અને માજીસ્ત્રેટ કેસ યોગ્ય કોર્ટમાં કમીટ કરવાને બંધાયેલો હતો અને તેજ કેસમાં કેદીની નવેસરથી તજવીજ ચલાવવાનો તેને અધીકાર નોહોતો. રાણી વીરૂદ્ધ પુરૂમ ૫ નો. વે. પ્રો. ૨૧૯.

(મી૦ જારડીન જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી જુલાઈ સને ૧૮૭૩.)

૩૨ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—છુટકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—વધારાનો પુરાવો—માજીસ્ત્રેટે ફરીઆદી તરફના ચાર સાક્ષીઓ લેઈને, ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ માની કલમ ૧૯૫ મુજબ તોહોમતદારને છોડી મુકયો. પછીથી પાંચમો સાક્ષી હાજર છે એવું માલમ પડવાથી છોડી મુકવાનો હુકમ રદ કરી વધારે પુરાવો લઈને, તોહોમતદારને તપાસને માટે સેશન કોર્ટમાં મોકલ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે કમીટ કરવાનો હુકમ કાયદેસર છે. પ્રો. ૨૭ મી નવંબર સને ૧૮૭૪ ૬. મ. હા. કો. રી. અપે. ૪૦.

૩૩ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—માહાવ્યથા—કાયદેસર બળ—જોર

થા શરીર ઉપર મારેલા મુક્કા આઘાત્યથાનો ઈ રાદો બતાવે છે. મોત ખરેખર કેદીના બળવા પચ્ચાથી થયું હોય તો, કેસ સેસન કોર્ટમાં કમીટ કરવાને માજીસ્ટ્રેટ બંધાયલો છે. નારાય ણુ પાસીના કામની ફરીથી તપાસણી. ૨૪ વી. રી.

(મીο માર્કબાય અને મીο મોરીસ જ ડજોની રૂબરૂ, તાο ૨૦ મી જુન સને ૧૮૭૫).

૩૪ કમીટ કરવું તે--માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—સેસન કોર્ટ લાયક કામની તપાસ-ખાસ સેસન કોર્ટ લાયક કેસની તજવીજ મા જીસ્ટ્રેટે ચલાવેલી તે કારણ ઉપરથી તોહોમત દારનો ગુન્હો અને સીક્ષા સેસન કોરટે રદ ક રી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે તજવી જ કરી ચલાવેલો મુકરદમો રદ કરી શકાય ન હી, પણ કામમાં લીધેલા પુરાવા ઉપરથી મા જીસ્ટ્રેટ તોહોમતદારનું કામ સેસન કોર્ટમાં ક મીટ કરી શકે છે. રાણી વિરૂદ્ધ ઈલાહીબક્ષ ઈ. લો. રી. ૨ અ. ૨૧૦.

(મીο ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તાο ૩૧ મી મે સને ૧૮૮૦).

૩૫ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૩ અને ૬૩—તજવી જ કરવાની જગા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૩ મી તે આકટની કલમ ૬૩ મી માં બતાવ્યા પ્રમા ણે અધીકાર વિનાના કોઈ માજીસ્ટ્રેટે યોગ્ય સે સન કોર્ટમાં કેસ કમીટ કરેલો, તેવા યોગ્ય જગાએ તજવીજ થએલા કેસનો જોગ બતા વે છે: પણ અધીકારવાળા માજીસ્ટ્રેટે યોગ્ય સે શન કોર્ટમાં કોઈ કેસ મોકલ્યો હોય તે કેસ તેમાં આવી જતો નથી, કોઇ માજીસ્ટ્રેટ પો તાના ડીસ્ત્રીકટમાં નહીં બનેલા કેસની તજવી જ ચલાવી કમીટ કરે, અને તે ડીસ્ત્રીકટની સેશન કોર્ટ કેદીના વિરૂદ્ધ અભીપ્રાય બંધાતો નથી એમ ધારી કમીટ કબુલ રાખી કેસ ચ લાવે તો એવા કેસનો મુકરદમો ભુલથી ગેરકા યદેસર ગણાય છે. રાણી વીરૂદ્ધ જગનનાથ. ઈο લોο રીο ૩. અο ૨૫૮.

(મીο પીઅરસન જડજની રૂબરૂ, તાο ૨૭ મી અકટોંબર ૧૮૮૦

રાણી વિરૂદ્ધ એ. મોરટનના કામમાં નજ ર રાખવામાં આવી હતી. ઈο લો. રી. ૯ મું. ૨૮૮. જુઓ હકુમત ૪૬.

રાણી વીરૂદ્ધ મગનલાલ ટેકચંદ ઇ. લો. રી. ૧૦ મું. ૨૭૪ જુઓ કેસનું બીજી જગાએ મોકલવું તે ૨૪.

૩૬ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—સને ૧૮૭૨ નો આકટ ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ--ફરીઆદી તરફના સાક્ષીઓ લીધા સીવાય કમીટ કરેલુ રદ કરવા માં આવેલું તે—માજીસ્ટ્રેટે પોતાની પાસે કા મ ચાલતી વખતે કોઈ માણસ ઉપર જુઠા સોગનતું તોહોમત રાખી તેની તરફના સાક્ષી ઓ લીધા સીવાય તેનું કામ સેસન કોર્ટમાં કમીટ કરેલું તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે કમીટ કરેલું ગેરકાયદેસર છે. રાણી વીરૂદ્ધ ચી ના વડાગીરી ચેટી. ઈ. લો. રી. ૪ મ. ૨૨૭.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મીο કરનાન જડજોની રૂબરૂ, તાο ૧૭ અને ૧૯ મી અકટોંબર સને ૧૮૮૧).

૩૭ કમીટ કરવું તે—માજીસ્ટ્રેટે કમીટ કરવું તે—ગેરકાયદેસર કમીટ કરવું તે—સને ૧૮૭૨.નો ૧૦મો—ક્રી, પ્રો. કોડ, કલમ ૪૫—અ ભાગના સેકન કલાસ માજીસ્ટ્રેટની, ઘર ફાડવા ના ગુન્હાની તજવીજ ચલાવતાં, બ ભાગમાં બદલી થઈ હતી. તેને કેસ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રે ટ મોકલ્યો હતો. તજવીજ ચલાવતાં સેકન ક લાસ માજીસ્ટ્રેટને એમ માલમ પડયું કે અપહ રણનો ગુન્હો કર્યો છે અને તેટલા માટે તેની તજવીજ પોતાથી થઈ શકે તેવી નથી. તે ઉ પરથી મુકરદમો ચલાવવાનું બંધ રાખી કેસ ડીવીઝન માજીસ્ટ્રેટ તરફ મોકલ્યો. ડીવીઝન માજીસ્ટ્રેટે પોતાના ભાગમાં ગુન્હો બનેલો ન થી એમ ધારી કેસ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ તર ફ મોકલ્યો. ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટે હુકમ કર્યો કે શેકન કલાસ માજીસ્ટ્રેટે તજવીજ ચલાવવી જોઈએ, અને જોઈએ તેટલો પુરાવો માલમ

પડે તો તેણે કેસ શેશન કોર્ટમાં કમીટ કરવો જોઇએ તે ઉપરથી શેકન કલાસ માજીસ્ત્રેટે શેશન કોર્ટમાં કેસ કમીટ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટનો હુકમ ગેરકાયદેસર છે. રાણી વીરૂદ્ધ અડાપા વંકાન ઈં. લો. રી. ૭ મ. ૩૨૭.

(મી. ટરનર ચીફ જસ્ટીસ અને મી. મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, ૫ મી ડીસંબર સને ૧૮૮૧.)

૩૮ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—અધીકાર શીવાય કમીટ કરવુ તે—યોગ્ય અદાલત-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૭—અધીકાર વિનાનો માજીસ્ત્રેટ કોઈકેસ સેસન કોર્ટમાં કમીટ કરે તો તે કમીટ ગેરકાયદેસર ગણાયછે, અને તેને રદ કરાવવાને હાઈ કોર્ટમાં કાંઇ પણ રેફરન્સ કરવાની જરૂર નથી. રાણી વિ. અલીમ મંડળ અને બીજાઓ, ૧૧ ક. લો. રી. ૫૫.

(મી૦ પ્રીનસેપ અને અને મી૦ ઓફી નલી જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી મે સને ૧૮૮૨).

૩૯ કમીટ કરવું તે-માજીસ્ત્રેટે કમીટ કરવું તે—કમીટ રદ કરવું તે—તોહોમતદારની ગેરહાજરીમાં પુરાવો લેઈ કમીટ કરવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૨૬૯, ૩૫૧, ૩૨૭—તોહોમતદાર ઉપર ખુનનું તોહોમત રાખી તે ન હીં જડવાથી, સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૨૭ મુજબ તેની ગેરહાજરીમાં સાક્ષીઓ લેવામાં આવ્યા હતા. પછીથી તોહોમતદારને પકડીને, તેની ગેરહાજરીમાં લીધેલા પુરાવાને આધારે સેશન કોર્ટમાં કમીટ કરવામાં આવ્યો હતો. સેશન કોર્ટ અગાડી તોહોમતદારે ગુન્હો કર્યો નથી એમ બતાવ્યું. એમ ઠરાવાવમાં આવ્યું કે કેદીની તપાસ ચલાવી તેની તકરાર સાંભળી કમીટ કરેલું રદ થઈશકે નહીં. વળી એમ ઠરાવવામાં આવ્યું કે કામ ચલાવતી વખતે સેશન કોર્ટને એમ માલમ પડે કે તોહોમતદારની ગેરહાજરીમાં ફરીયાદીનો પુરાવો લીધેલો છે એ વાજબી નથી તો સુલભ રસ્તો એ છે કે તેને કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૪ મુજબ મુલતવી રાખી કલમ ૩૫૧ મુજબ જે સાક્ષીઓને તપાસવાનું અગત્યનું જણાય, તેવા સાક્ષીઓને સમન કાઢે. કેદીએ આપેલી કબુલાતમાં સવાલો લખી ના લીધા હોય તો તે પુરાવામાં લેઈ શકાય. રાણી વિરૂદ્ધ સગમબર, ૧૨ ક. લો. રી. ૧૨૦.

(મી૦ મેકડોનલ અને મી૦ ઓફીનલી જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી અગષ્ટ સને ૧૮૮૨).

રાણી વિરૂદ્ધ બોચા ચોકીદારના કામમાં નજર રાખવામાં આવે છે. ૨૨ વી. રી. ૩૩. જુઓ સાક્ષીઓ ફરીઆદી તરફના ૧૦.

૪૦ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—રદ કરવાની અરજી. સને ૧૮૭૫ નો ૧૦ મો હાઈ કોર્ટનો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમો ૧૪, ૧૪૭, ૨૪ અને ૨૫ વિક્ટોરીયા ચેપટર ૧૦૪ કલમો ૧૩, ૧૫. સને ૧૮૭૫ ના આકટ ૧૦ માંની કલમ ૧૪૭ માં બતાવેલા "અથવા બીજો મુકરદમો" એ શબ્દોમાં કમીટ કરવું આવી જતું નથી અને કમીટ રદ કરવાની અરજી તે કલમમાં બતાવ્યા મુજબ ચાલી શકે છે. તે આકટની કલમ ૧૪ મુજબ કરેલી અરજીઓનું નિરાકરણ હાઇ કોર્ટે પોતાની મુળની ફોજદારી હકુમતની રૂઈએ કરવું જોઈએ. રાણી વીરૂદ્ધ ચારૂચંદર મુલીક, ઈં૦ લો૦ રી૦ ૯ ક. ૩૯૭.

(મી૦ ફીલ્ડ અને મી૦ નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૮૨).

નીચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

કલકત્તાની કોરપોરેશન વીરૂદ્ધ બીકનરામ નાપીત, ઈં૦ લો૦ રી૦ ૨ ક. ૨૦૯; જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૭.

માલકમ વીરૂદ્ધ ગાસપર, ઈં૦ લો૦ રી૦ ૨ ક. ૨૭૮. જુઓ મેનડેમસ ૨.

રાણી વીરૂદ્ધ થોમ્પસન. ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૫૨૩. જુઓ કાઢી નાખવું ફરીઆદ નું ૩૭.

વુક વીરૂદ્ધ કલકત્તાની કોરપોરેશન, ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૩૨૨. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૨૨.

પુનાચરનપાલની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૪૪૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૯.

૪૧ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૧૫, ૪૩૬—કોઇ તોહોમતદારને સબ માજીસ્ત્રેટે છોડી મુકયો હોય તેણે કમીટ શા માટે કરવો જોઇએ નહી તેનું કારણ બોલાવી પુછ્યા શીવાય, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૬ મુજબ તેને સેસન કોર્ટમાં કમીટ કરવાને ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે કમીટ કરવાનો હુકમ અને તે હુકમ મુજબ કમીટ કરેલો કેસ એ બંને ગેરકાયદેસર છે. રાણી વીરૂદ્ધ કંજામાલઇ, ઈં૦ લો૦ રી૦ ૬ મ. ૩૭૨.

(મી૦ કરનાન અને મી૦ મુતુસામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રીલ સને ૧૮૮૩).

૪૨ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—ખોટા સેશન ભાગોમાં તપાસ થયેલી તે—હકુમત—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કો. કલમો, ૧૭૭, ૫૩૧—સેશન કોર્ટમાં કોઈ કેસ કમીટ કરવાનો માજીસ્ત્રેટનો હુકમ એ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૧ ના અર્થ મુજબ ફોજદારી અદાલતનો હુકમ ગણાયછે. કલમ ૧૭૭ માં બતાવ્યા કરતાં ઉલટી રીતે હકુમત વિનાની સેશન કોર્ટમાં કેસ કમીટ કરવામાં આવ્યો હોય તો કમીટ કરવાનો હુકમ અન્યાય થવાના સંભવ શીવાય રદ કરી શકાતો નથી. રાણી વીરૂદ્ધ થાકુ, ઈં૦ લો૦ રી૦ ૮ મું ૩૧૨.

(મી૦ વેસ્ટ અને મી૦ નાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪).

૪૩ કમીટ કરવું તે—માજીસ્ત્રેટે કમીટ કરવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૯—હુકમ—કમીટ કરવું તે—સને ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૩૪૯ મુજબ સેકન કલાસ માજીસ્ત્રેટ પોતે કરી શકે તેના કરતાં વધારે સીક્ષા થવા લાયક કેસ છે, એમ ધારી તેણે સબ ડીવીઝનલ માજીસ્ત્રેટ તરફ કેસ મોકલ્યો. સબ ડીવીઝનલ માજીસ્ત્રેટે કેસ પોતે નહી ચુકવતાં કમીટ કરવાને માટે પાછો સેકન કલાસ માજીસ્ત્રેટને મોકલ્યો અને તે ઉપરથી તે માજીસ્ત્રેટે કેસ કમીટ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે સબ ડીવીઝનલ માજીસ્ત્રેટે કેસ પાછો સેકન કલાસ માજીસ્ત્રેટને મોકલ્યો તે ગેરકાયદેસર છે, કારણ કે તે કામમાં છેવટનો ઠરાવ, સજા અથવા હુકમ કરવાને તે બંધાયલા હતા. તેટલા માટે સબ ડીવીઝનલ માજીસ્ત્રેટનો હુકમ રદ કરી કેસની તપાસ ચલાવવાનો તેને હુકમ કરવામાં આવ્યો હતો. રાણી વીરૂદ્ધ અબદુલાના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. (ઈં૦ લો. રી. ૪ મું. ૨૪૦) રાણી વીરૂદ્ધ હવીઆ ટલાપા, (ઈં૦ લો૦રી૦ ૧૦ મું૦ ૧૦૬.

(મી૦ બર્ડવુડ અને મી૦ જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૮૬).

૪૪ કમિટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—માજીસ્ત્રેટે છોડી મુકેલો તોહોમતદાર—માજીસ્ત્રેટે છોડી મુકેલો કોઈપણ તોહોમતદારને સેશન કોર્ટમાં કમીટ કરવો એ સેસન જડજની મરજી ઉપર છે. આવો હુકમ નહી કરેલી બાબતોમાં હાઈકોર્ટ દરમીયાન થઈ શકે નહીં. રાણી વીરૂદ્ધ સીતારામ ચોધરે ૨ વી. રી. ૪૪.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ. તા૦ ૧૫ મી માર્ચ સને ૧૮૬૫).

૪૫ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—કેટલાક માણસો ઉપર ડાકાઈટીનું તોહોમત રાખી શેસન જડજે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ કામ સેસન કોર્ટમાં કમીટ કરવાને હુકમ કરેલો તે હુકમ રદ કરવાને હાઈકોર્ટને "રીવીઝનલ" કોર્ટ તરીકે અરજ કર્યાથી એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારે જે સઘળુ કર્યું છે તે હક તરીકે શુદ્ધબુદ્ધિથી કરેલું હોવાથી તોહોમત રાખી શકાતું નથી. સેસન જડજનો હુકમ રદ કરવામાં આવ્યો. કારકાનાચીઆર એક્ષપારટી, ૩. મ. હા. કો. રી. ૨૫૪.

(મી૦ કોલેટ અને મી૦ એલીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસેંબર સને ૧૮૬૬).

૪૬ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—વ્યથા—માહાવ્યથા—પીનલકોડની કલમ ૩૫૨ મુજબ હુમલો અને કલમ ૩૨૩ મુજબ વ્યથા એ બંને ગુન્હાઓ નીચલી કોર્ટ તપાસી શકે તેવા હોવાથી તે ગુન્હાઓના તપાસમાં સેસન કોર્ટ દરમીયાન થઈ કામ કમીટ કરવાનો હુકમ કરી શકે નહીં. ઘણા માણસોએ એકઠા મળી હુમલો કર્યો હોય તેમાં હુમલો થયેલા પક્ષકારોની પારટીમાંથી કોઈનો હાથ ભાગી ગયો હોય તો મહાવ્યથાનો ગુન્હો ગણાય છે. પણ હુમલો ગણાતો નથી. અને ઉપલા બધા માણસોના સાધારણ વિચારથી થયેલો હોવાથી સઘળાઓ તે ગુન્હાને માટે સરખી રીતે ગુન્હેગાર છે. રાણી વિરૂદ્ધ રામટોહલસીંગ અને બીજાઓ, ૫ વી. રી. ૧૨.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૬૬).

હકીમ સીરદારના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૧૦ વિ. રી. ૩૫; ૩ બેં. લૉ. રી. ૨. જુઓ કમીટ કરવું તે ૫૧.

૪૭ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—ઘર પ્રવેશ—ડેપ્યુટી માજીસ્ટ્રેટે કેટલાક માણસો ઉપર, તરવારો સાથે હથીઆરબંધ અને મશાલો લેઈ રાત્રે ફરીઆદીના ઘરમાં પેશીને તેના ઘરમાંથી ઘણોક માલ લેઈ ગયાનું તોહોમત રાખી પુરાવો લેઇ પક્ષકારોને પીનલકોડની કલમ ૪૪૮ મુજબ ઘર પ્રવેશને માટે ગુન્હેગાર ઠરાવ્યા. સેસન જડજે એમ ધારયું કે તોહોમત મુકાયેલા ગુન્હાઓ સાબીત થાય તો રાત્રે ઘર ફાડવાનું અથવા બીજા કેટલાક સેસન કોર્ટ લાયક ગુન્હાઓનું તોહોમત રાખી શકાય અને તેવા ગુન્હાઓને માટે તે કમીટ કરવાનો હુકમ કરી શકે કે નહી તેનો ખુલાસો માગ્યો. એમ ઠરાવવવામાં આવ્યું કે ડેપ્યુટી માજીસ્ટ્રેટે પોતાથી તપાસના થઈ શકે તેવા ગુન્હાઓને માટે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવ્યો નથી, અથવા છોડી મુકયો નથી; તેથી તોહોમત મુકેલા ગુન્હાની તજવીજ ચલાવવાનો તેનો અધીકાર હતો, અને કરેલી સજા પણ તેના અખત્યાર પૈકી હતી. પાખીસીંગ અને બીજો, ૬ વિ. રી. ૭૦.

(મી૦ કેમ્પ અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૫ મી સપટંબર સને ૧૮૬૬).

૪૮ કમીટ કરવુ તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—તોહોમતદારને માજીસ્ટ્રેટે છોડી મુકયા પછી સેસન જડજ સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ તોહોમતદારનું કામ સેસનમાં કમીટ કરવાને માજીસ્ટ્રેટને હુકમ કરી શકે છે. સઈયદ મુસમદ અલી ચોધરીના તરફથી હરીચંદર નંદી અમોખતાર ૭ વિ. રી. ૩૮.

(મી૦ કેમ્પ અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૭ મી માર્ચ સને ૧૮૬૭)

૪૯ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—પોતાથી તપાસ થઈ શકે નહી તેવા ગુન્હા

ને માટે ગુન્હેગાર ઠરેલા માણસને માજીસ્ત્રેટે ફક્ત છોડી મુકવાનો ધારેલો, પણ તેની તપાસ ચલાવી તેને નિર્દોષ ઠરાવી છોડી મુકેલો હોય તોપણ સેસન કોર્ટ કેસ કમીટ કરવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ કરી શકે છે. રાણી વીરૂદ્ધ નીતીદલાલ, ૮ વી. રી. ૪૧.

(મી૦ જેકશન અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જુલાઇ સને ૧૮૬૭).

૫૦ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—વિચાર—પ્રથમની તપાસ—તોહોમતદારની ઉલટ સુલટતપાસ—તોહોમદારની તપાસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૬, ૪૩૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ માં આપેલી સત્તા, સેસન કોર્ટે ઈનસાફની ખાતર પુરાવો લેઈને વાપરવી જોઈએ, અને કલમ ૨૨૬ ના અર્થ મુજબ ગુન્હેગાર છે એની પુરતી રીતે ખાતરી થયા સીવાય કોર્ટ કમીટ કરવાનો હુકમ કરી શકે નહી. જે બાબતમાં આવી રીતે વીચાર કરીને અમલ કરવામાં આવ્યો હોય તેવી બાબતમાં હાઈકોર્ટ વીચાર બરોબર છે તેને માટે પુરાવો જોઈ શકે નહી. માજીસ્ત્રેટની રૂબરૂ પ્રથમની તપાસ થતી વખતે તોહોમતદારને સાક્ષીઓની ઉલટ સુલટ તપાસ કરવાને પરવાનગી આપવી જોઈએ; પણ મુકેલા તોહોમત ઉપર તોહોમતદારને તપાસવો એ તદન માજીસ્ત્રેટની મરજી ઉપર છે, અને ફરીઆદી તરફના પુરાવાથી કેદી સામે કાંઈપણ તોહોમત બરોબર રીતે રાખી શકાતું નથી એમ માલમ પડે તો આ વીચાર પ્રમાણે માજીસ્ત્રેટે ચાલવું જોઈએ નહી. રાણી વિરૂદ્ધ શામાશંકર બીસ્વાસ અને બીજો, ૧૦ વી. રી. ૨૫; ૧ બેં૦ લો૦ રી૦ ૧૬.

(મી૦ ફીઅર અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી અગષ્ટ સને ૧૮૬૮).

રાણી વીરૂદ્ધ ધાસીના કામમાં નજર રાખવામાં આવી. ૪ નો. વે. પ્રો. ૫૦. જુઓ કમીટ કરવું તે ૫૯.

૫૧ કમીટ કરવું તે—સેશન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૪.—સેશન જડજને એમ માલમ પડે કે પુરાવા ઉપરથી, માજીસ્ત્રેટના અખતીયારમાં ના હોય તેવો ગુન્હો સાબીત થાય છે, તોપણ માજીસ્ત્રેટના અખતીયાર પૈકીના કેસમાં પોતે કમીટ કરવાનો હુકમ કરી શકે નહી. આવી જાતના કેસમાં કમીટ કરવાનો હુકમ કરી સેશન જડજે હાઈ કોર્ટને પુછેલું તેમાં હાઈ કોર્ટને એમ માલમ પડેલું કે પુરાવા ઉપરથી સેશન કોર્ટ લાયક ગુન્હો સાબીત થયો છે તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ દરમીયાન થવાની ના પાડી. હકીમ સીરદાર અને બીજો. ૧૦ વિ. રી. ૩૫. ૨ બેં. લો. રી. ૨.

(મી૦ લોક અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ તા૦ ૯ સપટંબર સને ૧૮૬૮.)

રાણી વિ. રામટોહલસીંગના કામમાં આધાર રાખવામાં આવેછે. ૫ વિ. રી. ૧૨. જુઓ કમીટ કરવું તે ૪૬.

૫૨ કમીટ કરવું તે—સેશન જડજના હુકમથી કમીટ કરવું તે—હાઈ કોર્ટ માહાવ્યથા—માજીસ્ત્રેટથી તજવીજ થાય તેવું તોહોમત—સને ૧૮૬૬ નો આકટ ૮ મો—માજીસ્ત્રેટથી ચલાવી શકાય તેવા માહાવ્યથાના ગુન્હાનું (સને ૧૮૬૬ ના આકટ ૮ મુજબ) તોહોમત રાખી માજીસ્ત્રેટે તોહોમતદારને છોડી મુકયો હોય તો, સેશન જડજ કેશ કમીટ કરવાનો હુકમ માજીસ્ત્રેટને કરી શકે નહી, તેમજ હાઈ કોર્ટ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રદ કરી શકે નહી. રાણી વિ. જેયરામ આ હીર, ૧૧ વિ. રી. ૧૪.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨ માર્ચ સને ૧૮૬૯).

૫૩ કમીટ કરવું તે—સેશન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૬૧ નો

૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ સેશન કોર્ટને આપેલી સત્તા, જે કેસો ચલાવવાનો અધીકાર માજીસ્ટ્રેટનો ના હોય તેવા કેસો .ચલાવી તોહોમતદારને છોડી મુકયો હોય તેમાં ફક્ત લાગુ પડે છે. રાણી વિરૂદ્ધ જીટનખાન અને બીજો, ૧૧ વી. રી. ૪૫.

(મી૦ નોરમન અને મી૦ જેકશન જડજોની રૂબરૂ તા૦ ૩ મે સને ૧૮૬૯.)

૫૪ કમીટ કરવું તે—સેશન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૬૯ નો ૧૮મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—કેસ કમીટ કરાવવાનો સેશન કોર્ટને મળેલો અધીકાર, જે કેસો માજીસ્ટ્રેટ પોતાના અખતીયાર પૈકી ચલાવી શકે તેવા છે, તેમાં લાગુ પડતો નથી. સને ૧૮૬૯ ના આકટ ૮ માની કલમ, ૪૩૫ ફકત અખતીયાર વિનાના કેસોને લાગુ પડે છે. રાણી વિ. વાઝરસીંગ, ૧૨ વી. રી. ૪૬.

(મી૦ ગ્લોવર અને મી૦ મીટર જડજોની રૂબરૂ તા. ૧૯ મી અગષ્ટ સને ૧૮૬૯.)

૫૫ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—ફરીઆદી કરવાની પરવાનગી લેવી તે.—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે કોઈ કામમાં કેદીને છોડી મુકેલો તે કામ કમીટ કરવાનો હુકમ સેસન કોર્ટે કરેલો તે મુજબ ફરીથી તે કામ જોઇન્ટ માજીસ્ટ્રેટે કમીટ કર્યું હતું; તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે કમીટ કરેલું કાયદેસર છે. જો કે સાધારણ રીતે જે માજીસ્ટ્રેટે છોડી મુકયો હોય તે માજીસ્ટ્રેટને કેસ કમીટ કરવાનો હુકમ સેસન જડજે કરવો જોઈએ, તોપણ કમીટ કરી શકે એવા કોઈ પણ માજીસ્ટ્રેટને હુકમ ન કરી શકે એવું કાંઈ ક્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવેલું નથી. ફરીઆદ કરવાની પરવાનગી અમુક શબ્દોમાં આપવી એવું કાંઈ કાયદામાં ફરમાવેલું નથી, અને આવી રીતની પરવાનગી ગમે તે વખતે આપી શકાય છે. સેસન કોર્ટ કેસ કમીટ કરવાનો હુકમ કરે તો, જે કેસમાં કમીટ કરવાનો હુકમ કરે છે તે કેસમાં ફરીઆદ કરવાની પરવાનગી લેવી જોઈએ. રાણી વિ. લખરાજ, ૨ નો. વે. પ્રો. ૧૮૨.

(મી૦ ટરનર કામ ચલાઉ મુખ્ય જડજ, મી૦ રોશ અને મી૦ સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૫ મી એપ્રીલ સને ૧૮૭૦).

૫૬ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—માજીસ્ટ્રેટ પોતાના અખત્યાર પૈકી ચલાવી શકે એવા કોઇ કેસમાં કેદીને ગુન્હેગાર ઠરાવી સીક્ષા કરી હોય અને સેસન જડજને એમ માલમ પડે કે કેસ એવો છે કે તેની સંક્ષેપમાં તપાસ થઈ શકે નહી. એમ ઠરાવવામા આવ્યું કે આવી જાતના કેસમાં તેજ તોહોમતને માટે કેસ કમીટ કરવાનો હુકમ, સેસન જડજ માજીસ્ટ્રેટને કરી શકે નહી. રાણી વિ. હીડનખાન, ૨ નો. વે. પ્રો. ૨૮૫.

(મી૦ ટરનર કામ ચલાઉ મુખ્ય જડજની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઈ સને ૧૮૭૦).

૫૭ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫.—સબોર્ડીનેટ માજીસ્ટ્રેટ પોતે ચલાવી શકે નહી તેવા કોઈ કેસમાં પ્રતીવાદીને સબોર્ડીનેટ માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવ્યો છે, એવું સેસન જડજને માલમ પડે તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ સીક્ષા રદ કરી તોહોમતદારને તપાસને માટે મોકલવાનો હુકમ કરી શકે છે. પ્રો. ૨૧ મી જુલાઈ સને ૧૮૭૦. ૫ મ. હા. કો. રી. અપે. ૩૨.

૫૮ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે.—કોઇ કેસમાં તપાસ કરી તોહોમતદારને છોડી મુકવામાં આવ્યો હોય તો, સેસન કોર્ટ તાહોમતદારને કમીટ કરવાનો હુકમ કરી શકે છે, પણ વધારે તપાસ કરવાનો હુકમ ફક્ત કરી શકે નહી. રાણી વિ. ઘાસીરામ. ૩ નો. વે. પ્રો. ૯૦.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા. ૧૫ મી એપ્રીલ સને ૧૮૭૧)

રાણી વિરૂદ્ધ ધાશીના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ૪ નો. વે. પ્રે. ૫૦. જુઓ કમીટ કરવું તે ૫૯.

૫૯ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—કોઈ કામમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ સેસન જડજે કેટલાક માણસોનો જવાબ લેઈને કમીટ કરવાનો હુકમ કરેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટ તોહોમતદારનો પુરાવો અથવા તેમનો જવાબ લેઈ શકે નહી, અને જડજે કમીટ કરવાના હુકમમાં આવો હુકમ કરવો જોઈતો નોહોતો; પણ તે ઉપરથી હુકમ ગેરકાયદેસર ગણાતો નથી. રાણી વિરૂધ ધાસી. ૪ નો. વે. પ્રે. ૫૦.

(મી૦ ટરનર અને મી૦ સ્પેન્કી જડજોની રૂબરૂ, તા૦ ૧ લી એપ્રીલ સને ૧૮૭૨).

રાણી વિરૂધ્ધ શામાસંકર બીસ્વાસના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૦ વી. રી. ૨૫. જુઓ કમીટ કરવું તે ૫૦.

રાણી વિરૂધ્ધ ધાસીરામના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ૩ નો. વે. પ્રે. ૮૦. જુઓ કમીટ કરવું તે ૫૮.

૬૦ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—ખાસ સેસન લાયક કેસોમાંજ તોહોમતદારને કમીટ કરવાનો હુકમ સેસન કોર્ટ કરી શકે છે. રાણી વિરૂધ્ધ સીતલપ્રસાદ ૫ નો. વે. પ્રે. ૧૬૮.

(મી૦ જારડીન જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી મે સને ૧૮૭૩).

રાણી વિ. ભુપસીંગના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ઇ. લો. રી. ૨ અ. ૫૭૦. જુઓ છુટકો ૩૩.

રાણી વિ. કંચનસીંગના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૧ અ. ૪૧૩. જુઓ સેસન કેસ ૨.

રૂપુખેવાહ વિ. રીકારૂના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૨૧ વી. રી. ૪૧. જુઓ વકીલ ૧૧.

૬૧ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૬૦નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૯—છુટકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૫—કમીટ કરવું તે—પીનલકોડની કલમ ૪૦૯ મુજબ સજા થઈ શકે એવા ગુન્હાની ફરીઆદી બે માણસો ઉપર આસીસ્ટટ માજીસ્ટ્રેટને ત્યાં થઈ હતી. તપાસ ચલાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ તેમને છોડી દેવામાં આવ્યા હતા. પછીથી સેસન કોર્ટે કામ કમીટ કરવાનો હુકમ કલમ ૨૯૬ મુજબ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આવો હુકમ કરવાનો સેસન જડજને અધીકાર નથી. પ્રે. ૫ મી નવબર સને ૧૮૭૩, ૭ મ. હા. કો. રી. અપે. ૨૭.

૬૨ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—ઠગાઈ—જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૪—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪, ૨૯૬—કામ કમીટ કરવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ માજીસ્ટ્રેટને કર્યો હોય તેમાં જે ગુન્હાની તપાસને માટે પક્ષકારોને સેસન કોર્ટમાં મોકલવાના હોય તે ગુન્હો બતાવવામાં ના આવ્યો હોય તો હુકમ રીતસર ગણાય નહી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪ ની વાખ્યાના પેહેલા ભાગ ઉપર નજર રાખતાં, ઠગાઈનો ગુન્હો તે કોડની કલમ ૨૯૬ ના અર્થ મુજબ સેસન લાયક ગુન્હો નથી. કલલ ૪ ની વાખ્યા એવી રીતે વાંચવી જોઈએ કે તેમાંનો "ફક્ત" એ શબ્દ "સેસન કોર્ટ તપાસ કરી શકે" એની પછી આવવો જોઈએ. કોઈ માણસના ઓહ્દા વીષે ખોટું લખાણ કરયું હોય તો તે ઠગાઈના ગુન્હામાં આવી જાય છે, પણ તે જુદા લેખનો ગુન્હો ગણાતો નથી. જી. એલ. નામના પટવારીએ કોઈ દસ્તાવેજ ઉપર સહી કરેલી તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે એ દસ્તાવેજ ઉપર જી. એલ. નામની સહી છે પણ તે પટવારી નહોતો તે વખતની છે. એમ ઠરાવવામાં આવ્યું

કે,આથી પીનલકોડની કલમ ૪૬૪ મુજબ જુઠા લેખનો ગુન્હો બનતો નથી. જોયકરણસીંગ અને બીજાઓ. વિ. માનપાટક ૨૧ વિ. રી. ૪૧.

(મી૦ કેમ્પ અને મી૦ એનસ્લી જડજોની રૂબરૂ. તા૦ ૧૭ મી ફેબ્રુઆરી ૧૮૭૪).

રાણી વિ. સીતલપ્રસાદના કામમાં આધાર રાખવામાં આવે છે. ૫ નો. વે. પ્રો. ૧૬૮. જુઓ ઉડી જવું પુરાવાનું, ૪.

નિચેના કેસમાં નજર રાખવામાં આવે છે.

રામજોય સરમાહ વિરૂદ્ધ મિરઝાઅલી ૧૮. વિ. રી. ૧૦. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૨.

રાણી વિરૂદ્ધ તારકનાથ મુકરજી ૧૯ વી રી, ૩૦. જુઓ છુટકો ;૧૫.

રાણી વીરૂદ્ધ કંચામસીંગ ઈ. લો. રી. ૧ અ. ૪૧૩ ના કામમાં આધાર લેવામાં અવ્યો. જુઓ સેસન કેસ ૨.

રાણી વીરૂદ્ધ તારાચંદ બાગડી ૭ ક લો. રી. ૧૬૮. જુઓ સેસન કેસ ૩.

૬૩ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬—ડેપ્યુટી માજીસ્ટ્રેટે કોઈ તોહોમતદારને પ્રથમ છોડી મુકેલો તે તોહોમતદારનું કામ કમીટ કરવાનો કલમ ૨૯૬ મુજબ સેસન જડજે ડેપ્યુટી માજીસ્ટ્રેટને હુકમ કરયો; પણ એમ સાબીત કરવામાં આવ્યું હતું કે, સેસન જડજે અરજદારોને બોલાવી કારણ માગ્યા શીવાય આવો હુકમ કર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ માં તોહોમતદારને સમન કરી બોલાવવાનું, અથવા નોટીસ આપવાનું કાંઈ બતાવેલું નથી તોપણ ગુન્હાનું તોહોમત રાખી જેલમાં કોઇ માણસને મોકલવામાં આવ્યો હોય તો, તેને ગુન્હાને માટે જવાબ આપવાની તક આપ્યા શીવાય તેની સ્વતંત્રાને અસર થવી. જોઈએ નહીં. તે ઉપરથી કોર્ટે એમ ઠરાવ્યું કે તોહોમતદારને જવાબ આપવાની તક નહીં મળેલી તેથી કમીટ કરવાનો હુકમ કાયદેસર નથી. બંધુ અને બીજો અરજદારો ૨૨ વી. રી. ૬૭.

(મી૦ પ્રીઅર અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, ૧૩ મી અગષ્ટ સને ૧૮૭૪.)

નિચેના કેસોમાં આધાર લેવામાં આવ્યો.—

નવાબસીંગ વીરૂદ્ધ કોકીલસીંગ ૨૪ વી. રી. ૭૦ જુઓ. કમીટ કરવું તે ૬૫.

ખામીરની અરજીની બાબતમાં ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૬૬૨; ૧૦ ક. લો. રી. ૮. જુઓ છુટકો ૩૫.

રાણી વીરૂદ્ધ ઝુહીરૂદીન અને બીજાઓ ઈં૦ લો૦ રી૦ ૧ ક. ૨૧૯. જુઓ કેસનુ બીજે મોકલવું ૧૭.

૬૪ કમીટ કરવું તે—સેશન જડજના હુકમથી કમીટ કરવું તે—કમીટ કરવાનો હુકમ કર્યા પછી સેશન કોર્ટે કમીટ કરેલું તે—રેફરન્સ.—સેશન કોર્ટ પોતાનું કામ કમીટ કરવાનો હુકમ રદ કરી શકે નહી. કામ કાયદેસર કમીટ થાય કે નહી એ બાબતનો તેને શક પડે તો હાઇ કોર્ટમાં લખાણ કરવું જોઈએ. હાસનરાઝાખાનની બાબતમાં ૭ નો વે. પ્રો. ૨૧૧.

(મી૦ ટરનર જડજની રૂબરૂ ૨૦ મી અપ્રેલ સને ૧૮૭૫.)

૬૫ કમીટ કરવું તે— સેશન જડજના હુકમથી કમીટ કરવું તે—જે માણસોની સામે કાયદેસર પુરાવો લખી લેવામાં આવ્યો ના હોય, અથવા નોટીસ કાઢવામાં આવી ના હોય તેવા માણસોનો કેસ,કમીટ કરવાનો હુકમ સેશન જડજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ કરી શકે નહી. નવાબસીંગ અને બીજાઓ. વિ. કોકીલસીંગ અને બીજો ૨૪ વી. રી. ૭૦.

(મી૦ મેકફરસન અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, ૨૯ મી નવંબર સને ૧૮૭૫.)

બંધુ અરજદારની બાબતમાં આધાર રાખવામાં આવે છે. ૨૨ વી. રી. ૬૭. જુઓ કમીટ કરવું ૬૩.

ખામીર અરજદારની બાબતમાંનજર રા

ખવામાં આવી હતી. ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૬૬૨. ૧૦ ક. લો. રી. ૮. જુઓ છુટકો ૩૫.

રાણી વીરૂદ્ધ દોરાબજી હોરમસજીની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ઈં૦ લો૦ રી૦ ૧૦ મું૦ ૧૩૧ જુઓ વધારે તપાસ. ૪.

૬૬ કમીટ કરવું તે—સેશન જડજના હુકમથી કમીટ કરવું તે-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રો૦ કોડ કલમ ૨૯૬-તોહોમતવાળા પક્ષકાર ઉપર નોટીસ—કલમ ૧૪૭ મુજબ ગેરવાજબી રીતે કાઢી નાખેલો કેસ સેશન કોર્ટ કમીટ કરવાનો હુકમ માજીસ્ટ્રેટને કરે તે પેહેલાં તે કોર્ટ આવી જાતના હુકમની નોટીસ તોહોમતદારને આપવાને બંધાયલી છે કે જેથી તોહોમતદાર એવો હુકમ નહી કરવાનું કારણ બતાવી શકે. દવારકાનાથ ભટાચારજી અને બીજાઓ ૧ ક. લો. રી. ૯૩.

(મી૦ કેમ્પ અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, ૯૪મી ડીસંબર સને૰૧૮૭૭.)

બામીર અરજદારની બાબતમાં નજર રાખવામાં આવી હતી, ઈં.લો રી. ૭ ક. ૬૬૨; ૧૦ ક. લો. રી. ૮. જુઓ છુટકો ૩૫.

૬૭ સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૨૩૧, ૪૭૧, ૪૭૨—સેસન જડજ ખાસ પોતે ચલાવી શકે નહીં, એવો કેસ પોતાની પાસે કમીટ કરવાને હુકમ કરી શકે નહીં. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૧માં બતાવેલા "પોતાની પાસે કમીટ કરવો"એ શબ્દો તે કોડની કલમ ૨૩૧ની સાથે વાંચતા સેસન કોર્ટને આવો કેસ પોતાની પાસે કમીટ કરાવવાનો અધીકાર નથી. રાણી વીરૂદ્ધ ફતેજ્યાખાનની બાબતમાં ઈં૦ લો. રી. ૪ ક. ૫૭૦; ૩. ક લો. રી. ૫૯૯.

(મી૦ બર્ચ અને મી૦ મીતર જડજોની રૂબરૂ. તા૦ ૩૧ મી જાનેવારી સને૧૮૭૯)

૬૮ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—કમીટ કરવાનો અપીલ કોરટનો અધીકાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૪૨૩ ૪૩૬ અને ૪૩૯—સજા ઉપરથી અપીલ કરવામાં આવી હોય તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૩ માં બતાવ્યા પ્રમાણે અપીલ કોર્ટને એમ માલમપડે કે તોહોમતદારે કરેલો ગુન્હો ખાસ સેસન કોર્ટ લાયક છે, તો જ તે કેસમાં તપાસને માટે તોહોમતદારને કમીટ કરવાનો હુકમ કરી શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૩ ના (બ) ભાગમાં "અપીલ કોર્ટના તાબાની કોઈ યોગ્ય કોર્ટમાં તજવીજ થવાનો હુકમ કરી શકે અથવા કમીટ કરી શકે" એ શબ્દોનો અર્થ નીચે પ્રમાણે થાય છે. તોહોમતદારનો કેસ ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટ અથવા સેસન કોર્ટ ચલાવી શકે તેવો હોય પણ એવા કેસમાં ભુલથી અથવા ખોટું સમજીને સેકન કલાસ માજીસ્ત્રેટે તપાસ ચલાવી, ગુન્હેગાર ઠરાવીને સજા કરેલી છે; એવું સજા ઉપરથી થએલી અપીલમાં અપીલ કોર્ટને માલમ પડે તો, તેવી બાબતમાં અપીલ કોર્ટ ઠરાવ અને સજા રદ કરીને કેસની ફરીથી તપાસ કરવાનો ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટને અથવા સેસન કોર્ટને હુકમ કરે; અને તેવીજ રીતે ફક્ત સેસન કોર્ટ ચલાવી શકે એવા કેસમાં ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી શીક્ષા કરી હોય તો, સેસન જડજ અપીલ ચુકવતી વખતે ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટનો ઠરાવ અને સજા ફેરવી, તોહોમતદારની તપાસ કરવાનો હુકમ કરી શકે છે. રાણી વિરૂધ્ધ સુખા. ઈં૦ લો૦ રી૦ ૮ અ. ૧૪.

(મી૦ બ્રોધર્સ્ટ જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી સપટંબર સને ૧૮૮૫).

૬૯ કમીટ કરવું તે—સેસન જડજના હુકમથી કમીટ કરવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૧૯૩ ૪૩૬, ૫૩૭,—માજીસ્ત્રેટના દરમીયાન થયા સીવાય સેશન જડજનો છોડી મુકેલા તોહોમતદારને કમીટ કરવાનો અધીકાર—સને ૧૮૭૨

નો ૧ લો પુરાવાનો આકટ કલમો ૩૦, ૧૧૪–ગુન્હાના સોબતીની જુબાની—મજબુતી–કબુલાત—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૬ મુજબ ખાસ સેસન લાયક કેસોમાં, સેસન કોર્ટ અથવા ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ છોડી મુકેલા તોહોમતદારને તે કોર્ટમાં તપાસને માટે મોકલાવી શકે છે. તે કલમમાં કાંઈ એવું બતાવેલું નથી કે છોડી મુકેલા માણસનો કેસ, જે માજીસ્ટ્રેટે છોડી મુકયો હોય તે માજીસ્ટ્રેટ કમીટ કરી શકે, અને વળી તે કલમની પેહેલી સરતમાં એવું કહેલું છે સેસન કોર્ટ અથવા ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ જે કામ ચલાવતો હોય તે કમીટ કરવાનો હુકમ કરી શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૭ માં બતાવેલા "યોગ્ય અધીકારવાળી કોર્ટ" એ શબ્દો ધ્યાનમાં લેવામાં આવ્યા. સેસન કોર્ટ આવી રીતે તોહોમત મુકી કમીટ કરેલા માણસની તપાસ પોતે ચલાવી શકે છે. ગુન્હાનો સોબતી જે માણસને ગુન્હામાં સામેલ બતાવતો હોય તે માણસ સામેલ હતો એને સ્વતંત્ર પુરાવાથી મજબુતી મળવી જોઈએ એ ખરેખરો રીવાજ છે. રાણી વીરૂધ્ધ માલાપા, (૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૧૫૬) અને બુધુ નાનકુ, (ઈ૦ લો૦ રી૦ ૧ મું૦ ૪૭૫) ના કામમાં આધાર રાખવામાં આવ્યો. રાણી વીરૂધ્ધ ક્રીષ્ણુભટ, ઈ. લો. રી. ૧૦ મું૦ ૩૧૯.

(મી૦ નાહાનાભાઈ હરીદાસ અને મી૦ વેડનબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૧ લી ડીસેંબર સને ૧૮૮૫).

નીચેના કેસોમાં લાગુ પડે છે:—

ખામીરની અરજીની બાબતમાં, ઈ. લો. રી. ૬૨૨. જુઓ છુટકો ૩૫.

રાણી વીરૂધ્ધ તારકનાથ મુકરજી, ૧૦ બેં૦ લો૦ રી૦ ૨૮૫. જુઓ છુટકો ૧૫.

રાણી વિરૂધ્ધ મલહારી, ઈ૦ લો૦ રી૦ ૬ મું૦ ૭૩૧. જુઓ ચોરેલી મીલકત ૨૭.

રાણી વિ. અશુટોશ ચકરબતી, ઇ. લો રી. ૪ક. ૪૮૩. જુઓ કબુલાત ૧૯.

જુઓ સોબતી ગુન્હામાં ૨૪.

„ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧.

„ તોહોમત ૨૨, ૩૬.

„ છુટકો ૧, ૫, ૯, ૧૫, ૧૬, ૧૭ ૩૩, ૩૫, ૩૭, ૪૩, ૪૫.

„ સીક્ષાનો વધારો ૮.

„ યુરોપીયન ઈંગ્રેજી પ્રજા ૧૨.

„ જુઠો પુરાવો ૫, ૩૧, ૫૧, ૫૫, ૫૭, ૬૨, ૮૧, ૮૭, ૯૨, ૯૩, ૯૫, ૧૦૫.

„ માહાવ્યથા ૧.

„ વ્યથા ૩.

„ હકુમત ૧૭, ૪૫, ૪૬, ૪૭.

„ લશ્કરી સત્તા.

„ મારી ૮, ૯, ૧૧.

„ તપાસણી ૨૦, ૩૧.

„ ફરીઆદ કરવાની પરવાનગી. ૧૨, ૨૮.

„ સેસન કોર્ટ.

કમીટ કરનાર માજીસ્ટ્રેટની રૂબરૂનો પુરાવો જુઓ પુરાવો ૭૧–૭૪.

કરનામ—

કરનામ—ગામડાનો મુનસફ—ગુન્હાઓ કર્યાનો રીપોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૮ માં બતાવેલા સીવાયના બીજા ગુન્હાઓ કર્યાનો રીપોર્ટ ગામડાનો કરનામ કરવાને બંધાયેલો નથી. ગામડાનો મુનસફ પોતાના ગામમાં થએલા સઘળા ગુન્હાનો રીપોર્ટ ગુન્હેગારો શી રીતે પકડાશે, તે બાબત લખી ગુન્હેગારોને પકડનાર માણસને કરવાને બંધાએલો છે. પ્રો. ૧૨ મી માર્ચ સને ૧૮૬૭. ૩ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૩૦.

કર—

જુઓ મેહેસુલ સબંધી આકટની રચના.

„ એકઠા વેહેપારનો. મ્યુનીસીપાલ ગુન્હો ૩૩.

,, પાણીનો. મ્યુનીસીપાલ ગુન્હો ૩૪.

,, ધંધાનો. મ્યુનીસીપાલ ગુન્હો ૩૨, ૩૫, ૩૬.

નકામી જમીન ઉપરનો..જુઓ મ્યુનીસીપાલ ગુન્હો. ૩૧.

વસુલ કરવાનો મુકરદમો ચલાવવો તે–જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૩૭.

કરાર તોડવો તે—

૧ કરાર તોડવો તે–સને૧૮૬૦નો૪૫મો પીનલકોડ ક. ૪૯૦–ખેતરમાંથી કુડાઓમાંજાત મેહેનતથી ગળી લેઈ જવાનો કરાર કર્યો હોય તો.તે કંટરાટ નથી અને તે તોડવું એ પીનલ કોડની કલમ ૪૯૦ મુજબ ગુન્હો ગણાય છે. નવા તારી અને બીજો, ૬ વિ. રી. ૮૦.

(મી૦ કેમ્પ અને મી૦ પંડીત જડજો ની રૂબરૂ, તા૦ ૩ અકટોબર સને ૧૮૮૬.)

૨ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—આસામના મજુરોનો—આસામના મજુરોને કામ કરવાને માટે આગળથી પૈસા આપેલા, તેમની સામે સને ૧૮૫૯ ના આ કટ ૧૩ મુજબ કાંમ ચલાવાય છે. રાણી વી રૂદ્ધ ગોબગરાહ કાચારી અને બીજાઓ, ૮ વી. રી. ૬.

(મી૦ જેકશન અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૪ જુન સને ૧૮૬૭.)

૩ કરાર તોડવો તે--સને ૧૮૫૯ નો ૧૩ મો—મજુરો-કેટલાક મજુરો લાવીને અમુક વખત સુધી જાગીર ઉપર કામ કરાવવું એવો કરાર પ્રતીવાદીએ કરેલો તે તોડયો. એમ ઠરાવવામાં આવ્યું કે આવો કેસ સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ, ૨ માં આવી જાય છે. પ્રો૦ ૧૩ મી જુલાઈ સને ૧૮૬૭. ૩ મ હા. કો. રી. અપે. ૨૫.

૪ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—કામ કરવાને ના પાડવું તે—માજીસ્રેટનો હુકમ–અમુક વખત સુધી કેદીએ કામ કરવું જોઇએ અને તે ના કરે તો એક માસની સખત સજા ભોગવવી એવો સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ મુજબ માજીસ્રેટે હુકમ કરેલો તે હુકમનો છેવટનો ભાગ રદ કરવામાં આવ્યો કારણ કે જ્યાં સુધી કામ નહી કરેલું પોતાની રૂબરૂ, સાબીત થયું નથી ત્યાં સુધી એવો હુકમ કરવાનો અધીકાર નથી. રાણી વીરૂદ્ધ જોમા ઉરફે બાલુ, ૪ મું. હા. કો. રી. ૩૭.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ, મી૦ ન્યુટન અને મી૦ ગીબસ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી અગષ્ટ સને ૧૮૬૭.)

૫ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—અગાઉ આપેલા પૈસા વાળવા તે—સને ૧૮૫૯ નો આકટ ૧૩ મો કપટથી તોડેલા કરારને લાગુ પડે છે, પણ મજુરે અગાઉ આપેલા પૈસા વાળી આપ્યા હોય એટલુંજ નહી પણ કેટલાક પૈસા લેહેણા નિકળતા હોય તોપણ તેવા કરારને લાગુ પડતો નથી. મેસર્સ લાયલ અને કો તરફથી તારાદાસ ભટાચારજી વિ. બાલુ સેખ, ૮ વી. રી. ૬૯.

(મી૦ જેકશન અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૭ સપટંબર ૧૮૬૭.)

૬ કરાર તોડવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૪૯૦—પીનલકોડની કલમ ૪૯૦ માં "દરીઆની અથવા જમીનની મુસાફરીમાં" એ શબ્દોથી તે કલમમાં બતાવેલા ગુન્હાઓમાં ફકત મુસાફરોના ગુન્હા આવી જાય છે કે શી રીતે? ફરીઆદીને તેની મરજી આવે તે જગ્યાએ માલ લેઇ જવાને, પ્રતીવાદીએ અમુક વખત સુધી પોતાના ગાડાઓ આપવા એવી જાતનો કરાર કરેલો, તે આ કલમમાં આવી જતો નથી. સેઈજ વિ. નિરનજન ચાતરજી, ૯ વિ. રી. ૧૨.

(મી૦ કેમ્પ અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૩ ફેબ્રુઆરી સને ૧૮૬૮).

૭ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—ઘરના નોકરો—સને ૧૮૫૯ નો આકટ ૧૩ મો, ઘરકામ તરીકે નોકરી કરવાના કરારોને લાગુ પડતો નથી, પણ મજુર અથવા કારીગર તરીકે નોકરી કરવાના કરારને લાગુ

પડે છે. રાણી વીરૂદ્ધ સુભોલ અને બીજાઓ, ૧૨ વી. રી. ૨૬.

(મી૰ જેકશન અને મી૰ માર્કબાય જડજોની રૂબરૂ, તા૰ ૧૦ મી અપ્રેલ સને ૧૮૬૯.)

૮ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—નોકરો-કારીગર અને કામ કરનાર—સને ૧૮૫૯ નો આકટ ૧૩ મો ઘર ચાકરી કરવાના કરારોને લાગુ પડતો નથી પણ કારીગર, મજુર, અથવા કામ કરનાર તરીકે કરેલા કરારને લાગુ પડે છે. ઘર કામના નોકરોની બાબતમાં, ૩ બે. લો. રી. ફી.અ. ૩૨.

(મી૰ જેકશન અને મી૰ માર્કબાય જડજોની રૂબરૂ, તા૰ ૧૦મી જુલાઇ ૧૮૬૯).

મુનીચંદર વીરૂદ્ધ હરીરામ આહોમના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ૮ ક લો. રી. ૨૫૪ જુઓ કરાર તોડવો તે ૨૧.

૯ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—સને ૧૮૫૯ ના આકટ ૧૩ વિરૂદ્ધ કરેલા ગુન્હાઓ સને ૧૮૬૫ ના આકટ ૩ મુજબ દરેક માજીસ્ટ્રેટ ચલાવી શકે છે. પ્રો. ૯ મી અગષ્ટ સને ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૬૪.

૧૦ કરાર તોડવો તે—કમપનસેસન—સને ૧૮૫૯ નો ૧૩ મો—સને ૧૮૫૯ ના આકટ ૧૩ મુજબ કમપનસેસન અપાવવું એ કાયદા વિરૂદ્ધ છે. કંટરાટ પુરો કરવાને માટે અથવા કંટરાટનો થોડો ભાગ પુરો કરવામાં મજરે લેઇ શકાય તેવી રીતે પ્રતીવાદીને આગળથી કાંઈ પૈસા આપ્યા હોય તો, તે પાછા અપાવવા જોઈએ નહી. પ્રો. તા૰ ૧૭ મી અગષ્ટ સને ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૬૭.

૧૧ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—લાકડા પુરા પાડવાનો કરાર તોડવો તે સને ૧૮૫૯ ના આકટ ૧૩ માં આવી જતો નથી. અપર આસામ ટી. કંપની વિ. થોપુ ૨, ૪ બે. લો. રી. અપે. ૧.

(મી૰ કેમ્પ અને મી૰ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૨૭ મી અકટોબર ૧૮૬૯).

૧૨ કરાર તોડવો તે—મજુર—સને ૧૮૫૯ નો ૧૩ મો—રેશમના કારખાનાના ઉપરી સાથે કોઈ મજુરે, પઈસાના બદલામાં દરેક વરશે ચાર મહીના પ્રમાણે ત્રણ વરસ સુધી કામ કરવાનો કરાર કર્યો અને તે કરારની સરતો મુજબ નહી ચાલવાથી, તેના ઉપર સને ૧૮૫૯ ના આકટ ૧૩ મુજબ કામ ચાલ્યું, તેમાં માજીસ્ટ્રેટે આવી રીતનો કરાર ગેરવાજબી ગણી તે કરાર અમલમાં નહી લાવવાનું ઠરાવેલું, તે રદ્દ કરવામાં આવ્યું હતું. કુનજો બીહારીલાલ, વિ. રાજા કુમની; કુનજો બીહારીલાલ વિ. રઘુનાથ ડોમ, ૧૪ વિ. રી. ૨૯.

(મી૰ લોક અને મી૰ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૰ ૧૦ મી અગષ્ટ સને ૧૮૭૦).

મેસર્સ જેઈમ્સ લાયલ અને કો. વિ. રામચંદર બાગડીના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૮ વિ. રી. ૫૩. જુઓ કરાર તોડવો ૧૬ તે.

૧૩ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—સને ૧૮૫૯ ના આકટ ૧૩ માની કલમ ૨ ના અર્થ ઉપરથી એમ ઠસાવવામાં આવ્યું કે જે વસ્તુને માટે કરાર કરેલો છે તે વસ્તુ બનાવવાને માટે સોના અથવા રૂપાના સીક્કા જુના અને નકામા થઈ ગયેલા આપ્યા હોય તો, તે કલમના અર્થ મુજબ આગળથી આપેલા પૈસા ગણાય છે. વળી એમ ઠસાવવામાં આવ્યું કે કરાર અમલમાં લાવવાના હુકમમાં કેદીની સજા પેહેલેથી ઠરાવી શકાય નહી; પણ કરાર પાળ્યો નથી એવી ફરીઆદ ઉપરથી સીક્ષા ઠરાવવી જોઈએ. પ્રો. તા૰ ૨૬ મી એપ્રીલ સને ૧૮૭૧. ૬ મ. હા. કો. રી. અપે. ૨૪.

૧૪ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—કેલેન્ડર—સને ૧૮૫૯ ના આકટ ૧૩ મામાં આવી જતા ગુન્હાઓને માટે તે આકટની કલમ ૨ ના પેહેલા ભાગ મુજબ હુકમ કર્યા પછી તરતજ; અપીલ કોર્ટમાં કેલેનડર મોકલવું જોઈએ. જો તે કલમના છેવટના ભાગમાં બતાવ્યા મુજબ આગળ મુકર

દમો ચલાવ્યો હોય તો કેલેનડરનું રેફરન્સ બ તાવીને હુકમની નકલ મોકલવી જોઇએ. પ્રો. તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૭૨. ૭ મ. હા. કો. રી. અપે. ૧.

૧૫ કરાર તોડવો તે-સને ૧૮૫૯નો ૧૩ મો—કોઈ મજુરે પોતાના આગળના દેવાના બદલામાં મજુરી કરવાનો કરાર કરેલો. તેને ફ કત ત્રણ માસ મજુરી કરીને તોડયો. આ કેસ સને ૧૮૫૯ ના આકટ ૧૩ મુજબ ચલાવી તેને ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવા માં આવ્યું કે તેના ઉપર ફોજદારી થઈ શકે નહીં કારણ કે સને ૧૮૫૯ ના આકટ ૧૩ ના અર્થ મુજબ કપટથી કરાર તોડેલો નોહો તો અને વળી વધારે એ કે પેહેલાથી કાંઈ પૈસા આપેલા નોહોતા, પણ જુના કરજના બદલામાં કરાર કરી લેવામાં આવ્યો હતો. રાણી વીરૂદ્ધ જેઠા વાલદ, ૯ મું. હા. કો. રી. ૧૭૧.

(મી૦ બેલી અને મી૦ કેમ્પબેલ જડ જોની રૂબરૂ. તા૦ ૨૮ મી મે સને ૧૮૭૨).

૧૬ કરાર તોડવો તે—કારખાનું—સને ૧૮૫૯ નો ૧૩ મો—હાઇકોર્ટનો તપાસણી કરવાનો અસાધારણ અધીકાર—કોઈ કેસમાં જોઈન્ટ માજીસ્ત્રેટે કરાર તોડવા બાબતની ફ રીઆદ, કરાર સને ૧૮૫૯ ના આકટ ૧૩ માં આવી જતો નથી એમ બતાવી કાઢી નાં ખેલી, તેવા કેસમાં હાઈ કોર્ટે પોતાના અસા ધારણ અધીકાર મુજબ તપાસ કરવાને ના પાડી. મેસર્સ જેમ્સ લાયલ અને કો વિરૂદ્ધ રામચંદર બાગડી ૧૮ વી. રી. ૫૩.

(મી૦ બેલી અને મી૦ મીતર જડ જોની રૂબરૂ, તા૦ ૧૩ મી સપટંબર સને ૧૮૭૨).

કુનજાબીહારીલાલ વીરૂદ્ધ રાજા કુમનીના કામમાં નજર રાખવામાં આવી છે. ૧૪ વી. રી. ૨૯ જુઓ કરાર તોડવો તે ૧૨.

૧૭ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—ચામડાઓ પુરા પાડવાનો કસાઇએ ક રાર કરેલો તે સને ૧૮૫૯ના આકટ ૧૩ માં આવી જતો નથી. પ્રો. તા૦ ૨૬ મી નવંબર સને ૧૮૭૨ ૭ મ. હા. કો. રી. અપે ૧૨.

૧૮ કરાર તોડવો તે—સને ૧૮૫૯નો ૧૩ મો—ફરીઆદી પાસેથી અગાઉથી પૈસા પ્રતિવાદીએ લીધેલા તે ઉપરથી તે પૈસા વળી રહે ત્યાં સુધી કામ કરવાનો કરાર પ્રતિવાદી એ ફરીયાદી જોડે કરેલો તે કરાર નહી પાળ વાને માટે ફરીઆદીએ સને ૧૮૫૯ ના આ કટ ૧૩ મુજબ ફરીઆદ કરી. એમ ઠરાવવા માં આવ્યું કે કરાર ઉપલા આકટમાં આવી જતો નથી. પ્રો. તા૦ ૧૨ મી ડીસેંબર સને ૧૮૭૩. ૭ મ. હા. કો. રી. અપે. ૩૦.

૧૯ કરાર તોડવો તે—સને ૧૮૭૧ નો ૩ મદ્રાસનો આકટ-ધોબી કારીગર નહી તે- સને ૧૮૭૧ ના આકટ ૩ ના અર્થ મુજબ ધોબી કારીગર ગણાતો નથી. પોનન એક્ષપા રટી, ઈ. લો. રી. ૧ મ. ૧૭૪.

(મી૦ હોલોવે અને મી૦ કીનડરસ્લી જ ડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ડીસેંબર સને ૧૮૭૬).

૨૦ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—મજુરી પુરી કરવાનો કરાર-મજુ રો પુરા કરવા અને તેની પાસેથી મજુરી લે વાના કરારમાં કેવી જાતનું અને કેટલું કામ બતાવ્યું ના હોય તોપણ તેવા કરારો સને ૧૮૫૯ ના આકટ ૧૩ માં આવી જાય છે. રાઉસુન વિ૦ હનમા મીસ્ત્રી, ઈ. લો. રી. ૧ મ. ૨૮૦.

(મી૦ મોરગોન ચીફ જસ્ટીસ અને મી૦ ઈનસ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુલાઇ સને ૧૮૭૭).

૨૧ કરાર તોડવો તે-સને ૧૮૫૯ નો ૧૩ મો-માવત (હાથીનો રખવાળ) એ સને ૧૮૫૯ ના આકટ ૧૩ માં આવી જતો ન થી. મુનીચંદર અને હોરીરામ આહોમ, ૮ ક. લો. રી૦ ૨૫૪.

(મી૦ પોન્ટીફેક્ષ અને મી૦ ફીલ્ડ જ ડજોની રૂબરૂ, તા૦ ૩૧મી માર્ચ સને ૧૮૮૧)

ઘરના નોકરોની બાબતમાં આધાર રાખવામાં આવેછે. ૩ બેં. લો. રી. ફી. અ. ૩૨. જુઓ કરાર તોડવો તે. ૮.

૨૨ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—માલીક અને કારીગરો—કારીગરો તરફથી કરાર તોડવો તે—"સટેશન". મીરજાપુર શહેરમાં રહેનાર અથવા ધંધો કરનાર કારીગરોને કામે લગાડનાર માણુસે કારીગરો સામે કરાર તોડવાને માટે સને ૧૮૫૯ ના આકટ ૧૩ મુજબ ફરીઆદી કરી તેમાં એમ બતાવ્યું કે કેટલાક કારીગરોને પૈસા પુરા થાય ત્યાં સુધી કામ છોડીને જવું નહી એવી સરતથી આગળથી પૈસા આપ્યા છે. કામના પુરાવા ઉપરથી એમ માલમ પડયું કે અગાઉથી આપેલા પૈસા લોન તરીકે અપાયેલા હતા, અને તેમાં કારીગરોની રોજી અથવા કરેલા કામને માટે કીંમત કાંઈ ઠરાવેલી નહોતી, તેમજ ધીરેલા પૈસામાંથી કારીગરોના રોજના પૈસા કાપી લેવામાં આવ્યા નોહોતા. એમ ઠરાવવામાં આવ્યું કે પક્ષકારો વચેનો કરાર સને ૧૮૫૯ ના આકટ ૧૩ માં બતાવેલા કરારોથી તદન જુદો છે, અને તેથી તે આકટ લાગુ પડતો નથી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે આ આકટ તે જગાને લાગુ પડે છે કે નહીં તે શક ભરેલુંછે, કારણ કે મીરજાપુર શહેર મીરજાપુર સ્ટેશનમાં આવી જાય છે તે બતાવેલું નથી. રામપ્રસાદ વિ૦ દીરગપાળની અરજીની બાબતમાં, ઈ. લો. રી. ૩ અ. ૭૪૪.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૭ મી એપ્રિલ સને ૧૮૮૧).

૨૩ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—જે ગુન્હાની તપાસ સંક્ષેપમાં થઈ શકે તે ગુન્હાઓની તપાસમાં સને ૧૮૫૯ ના આકટ ૧૩ માની કલમ ૨ મુજબના ગુન્હાની તપાસ આવી જતી નથી. પોલાર્ડ વિ૦ મોથીઆલ, ઈ. લો. રી. ૪ મ. ૨૩૪.

(મી૦ કીનડરસ્લી, અને મુતુસ્વામી આયાર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી અને ૩૧ મી અકટોબર સને ૧૮૮૧).

૨૪ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો આકટ ૧૩ મો—સને ૧૮૫૯ ના આકટ ૧૩ માની કલમ ૨ મુજબ કરાર પાળવાનો માજીસ્ટ્રેટે હુકમ કર્યો હોય અને તે હુકમ ના પાળે તો કેદની સજા, ફરીઆદી થયા સીવાય અને તોહોમતદારની હકીકત સાંભળ્યા સીવાય કરી હોય, અને તોહોમતદારે ઠરાવેલું કામ પોતાથી પુરૂ થઈ શકે નહી તેવું છે એમ બતાવ્યું હોય તોપણ ગેરકાયદેસર છે. સિનીવસા વિ૦ પોનમબાલમ, ઈ. લો. રી. ૩ મ. ૩૭૬.

(મી૦ મુતુસ્વામી આયર અને મી૦ ટાર્ન્ટ જડજોની રૂબરૂ. તા૦ ૨ અને ૫ મી અગષ્ટ સને ૧૮૮૨).

૨૫ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—ખેતીવાડી અને બીજા કામોની નોકરી—કોઈ માણુસ વરસ દાહાડે ૩૪૫) ના પગારથી ખેતીવાડી અને બીજા કામો સંબંધી નોકરી કરવાને બંધાયો હોય તો, તેવી જાતનો કરાર સને ૧૮૫૯ ના આકટ ૧૩ માં આવી જતો નથી. રાણી વિ. ભગવાન ઝીસન, ઇ. લો. રી. ૭ મું. ૩૭૯.

મી૦ કેમ્પબેલ અને મી૦ પીન્હી જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી માર્ચ સને ૧૮૮૩).

રાણી વિ. પીરયા ગોપાલના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૯ મુ. ૧૦૦. જુઓ હકુમત ૪૫.

૨૬ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—આગળથી પૈસા આપવા તે—લોન—ટ, નામના માણુસે ચમાર કુંડમાં કામ કરવાનો કરાર કરી, મ, નામના માણુસ પાસેથી ૩૧૦) અગાઉ લીધા, અને દરેક અઠવાડીએ પોતાના રોજમાંથી આઠ આના કાપી આપી દેવુ પુરૂ કરવાની કબુલાત આપી. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૫૯ નો આકટ ૧૩ મો આવી જાતના કરારને લાગુ પડે છે. રાણી વિ. ટુલકમાન, ઈ. લો. રી. ૭ મ. ૧૩૧.

(મી૦ ટરનર ચીફ જસ્ટીસ અને મી૦ કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૩ અગષ્ટ સને ૧૮૮૩).

૨૭ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—કારીગર—કંટરાકટરની જવાબદારી—કોઈ માણસ જેનો મુળ ધંધો કડીઆ કામનો કંટરાટ રાખવાનો હતો તેને સરતની જગાએ માટી કામ કરવાનો કંટરાટ રાખી પોતે જાતે કામ નહીં કરી અગાઉથી પૈસા લીધા અને કંટરાટ તોડયો. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૫૯ ના આકટ ૧૩ મુજબ તે કારીગર અથવા મજુર ગણાય છે. ગીલબાય વિરૂદ્ધ સુબ્બુ ઈં૦ લો. રી. ૭. મ. ૧૦૦.

(મી૦ ટરનર ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૧૭ મી અગષ્ટ સને ૧૮૮૩).

રાણી વીરૂદ્ધ મંચરજી કાવસજી સાપુરજીના કામમાં આધાર લેવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૧૦ મુ૦ ૯૬. જુઓ કરાર તોડવો તે ૩૧.

૨૮ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—હકુમત—ઈંગ્રેજી હદમાં કામ કરવા બાબતનો કરાર પરહદમાં થએલો તે—ઈંગ્રેજી હદમાં म નામના માણસની મજુરી કરવાનો કરાર ब નામના માણસે પરહદમાં કર્યો અને તે કરાર તોડયો. તેને પરહદમાંથી પકડી ઈંગ્રેજી હદમાં લાવ્યા, અને સને ૧૮૫૯ ના આકટ ૧૩ મુજબ કામ ચલાવ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે કોર્ટને કામ ચલાવવાનો અધીકાર નથી. સીધા વિરૂદ્ધ બીલીગીરી ઈં૦ લો૦ રી૦ ૭ મ. ૩૫૪

૨૯ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—મજુરો પુરા કરવાનો કરાર અગાઉથી પૈસા ધીરવાના બદલામાં કોઈ મીલકત ઉપર કામ કરવાને મજુરો પુરા કરવાનો કરાર કરેલો હોય તે સને ૧૮૫૯ના આકટ ૧૩ માં આવી જાય છે, અને મજુરો પુરા ના કરે તો દંડ આપે અથવા પાંચ વર્ષ સુધી જાતમેહેનત કરે એવી જાતની કલમ હોય તો, અગાઉથી આપેલા પૈસા પાછા આપવાનો અને તે ના આપે તો કેદ ભોગવવાનો હુકમ કરેલો તેથી ગેરકાયદેસર ગણાતો નથી. રામસ્વામી વી. કડાસ્વામી, ઈં૦ લો૦ રી૦ ૮ મ૦ ૩૭૯.

(મી૦ ટરનર ચીફ જસ્ટીસ અને મી૦ બ્રાન્ડટ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મા જાનેવારી સને ૧૮૮૫).

૩૦ કરાર તોડવો તે—સન ૧૮૫૯ નો ૧૩ મો—દાણા અને પૈસા અગાઉથી આપેલા તે—નહી કરેલા કામની કીંમત અગાઉથી આપવાનો હુકમ—કામ કરવાને માટે અગાઉથી દાણા અને પૈસા આપવામાં આવ્યા હતા અને મજુરોએ કામ પુરૂ ના કર્યું તેથી સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ મુજબ કામ નહી કરવાને માટે જેટલી, રકમ બાકી રહી હતી તેટલી રકમ પાછી આપવાનો હુકમ કર્યો; તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે મજુરોને .દાણા પૈસાને બદલે આપેલા હતા એવો કામમાં પુરાવો નહી માલમ પડવાથી હુકમ ગેરકાયદેસર છે. કોનડાડુ વિ. રામડુ, ઈ. લો. રી. ૪ મ. ૨૯૪.

(મી૦ મુતુસ્વામી આયર અને મી૦ બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫).

૩૧ કરાર તોડવો તે—સને ૧૮૫૯ નો ૧૩ મો—અગાઉથી પૈસા લેઇ કામ કરવાને માથે લીધેલું તેવો કરાર તોડવાની બાબતમાં પેટા કંટ્રાકટરની જવાબદારી—કારીગર—અરજદારે સબકંટ્રાકટર તરીકે કેટલુંક કામ કરવાનું અગાઉથી પૈસા લેઈ માથે રાખી કામ પુરૂ કર્યું નહી, તે બાબતમાં માજીસ્ત્રેટે સને ૧૮૫૯ ના આકટ ૧૩ ની કલમ ૨ મુજબ કરાર તોડવાનું તોહોમત રાખી, કરાર નહી પાળવાને માટે, એક માસની કેદની સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૫૯ ના આકટ ૧૩ ના અર્થ મુજબ તે કારીગર અથવા મજુર નથી, તે ઉપરથી ગુન્હો અને સજા રદ્દ કરી. બાલકૃષ્ણ સાલીગરામની અરજીની બાબતમાં, ઈ. લો. રી. ૧૦ મું. ૯૬.

(મી૦ નાહાનાભાઈ હરીદાસ અને મી૦ વેડનબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી અગષ્ટ સને ૧૮૮૫).

ગીલબાય વિરૂધ્ધ સુબુપીલાઈના કામમાં આધાર રાખવામાં આવે છે. ઈ. લો. રી. ૭ મ. ૧૦૦. જુઓ કરાર તોડવો તે ૨૭.

કરાર—

નોકરીનો તોડવો તે. જુઓ વિશેષ કાયદો ૩.

કસાઈવાડો—

કસાઈવાડો—સને ૧૮૬૫ નો ૧૦ મદ્રાસનો આકટ, કલમ, ૧૮૦—મ્યુનીસીપાલ કમીશનરે પરવાનગી નહી આપેલી જમીન ઉપર કસાઈવાડો કરી વાપર્યાને માટે, પ્રતીવાદી ઉપર સને ૧૮૬૫ના આકટ ૧૦ ની કલમ ૧૮૦ મુજબ તોહોમત રાખવામાં આવ્યું હતું. કેસની હકીકત ઉપરથી એવો ઠરાવ લખવામાં આવ્યો હતો કે ખાનગી કામને માટે પ્રતીવાદીએ પોતાની હદમાં એક ઘેટું મારી નાખ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે મુકેલા ગુન્હાને માટે પુરાવો નથી એક વખત લખેલા ઠરાવમાં ફેરફાર કરવાને માજીસ્ત્રેટનો અધીકાર નથી. પ્રો. તા૦ ૧ લી ફેબ્રુઆરી સને ૧૮૭૧; ૬ મ. હા. કો. રી. અપે. ૧૮.

માહાલીંગ ગાયનના કામમાં નજર રાખવામાં આવી હતી. ૬ મ. હા. કો. રી ૧૯૧. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૧.

જુઓ લોકોપકારક કૃત્ય ૭૬.

કસુર—

હાજર થવામાં જુઓ દેખાવ.

કોર્ટમાં હાજર થવાની. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૧૯.

દંડ આપવામાં. જુઓ દંડ નહી આપવા બદલ કેદ.

જામીન લીધેલા તોહોમતદારની હાજર રહેવામાં. જુઓ નાસી ગયેલો ગુન્હેગાર ૪.

ફરીઆદીની હાજર રેહેવામાં. જુઓ કાઢી નાંખવું ફરીઆદીનું. ૧, ૨, ૪, ૫, ૮, ૧૧, ૧૩, ૧૪; ૧૫, ૨૧, ૨૮, ૪૦.

કસુવાવડ—

૧ કસુવાવડ—ખુન કરવાના ઈરાદાથી કરેલુ કૃત્ય–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૦૦, કલોઝ, ૪, ૩૧૪—પીનલકોડની કલમ ૩૦૦ ના કલોઝ ૪ માં કેસ લાવવાને માટે, પુરાવાથી એમ સાબીત થવું જોઈએ કે તોહોમતદાર કૃત્ય કરતી વખતે જાણતો હતો કે મોત જરૂર થશે, અથવા શરીરને એવું જોખમ થશે કે જેથી મોત થશે. ઝેરી ઓસડ કસુવાવડ કરવાને માટે કોઈ સ્ત્રીને પાયુ હોય અને તેથી મોત થયું હોય અને એમ સાબીત થાય કે તોહોમતદાર જાણતો નોહોતો કે ઝેરી ઓસડથીમોત થશે, એવી બાબતમાં હાઈ કોર્ટે ખુનનુ તોહોમત રદ કરીને પીનલકોડની કલમ ૩૧૪ મુજબ તોહોમતદારને સજા કરી. રાણી વીરૂદ્ધ, કાલાચંદગોપ અને બીજાઓ, ૧૦ વી. રી. ૫૯.

(મી૦ ફીઅર અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ડીસેંબર સને ૧૮૬૮).

૨ કસુવાવડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૧૨—સ્ત્રી ગર્ભવંતી હોય તોજ પીનલકોડની કલમ ૩૧૨ માં બતાવેલા ગુન્હા થઈ શકે છે. રાણી વિ. કાબુલ પટર અને બીજો, ૧૫ વી. રી. ૪.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જાનેવારી સને ૧૮૭૧).

૩ કસુવાવડ—યત્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૧૨, ૫૧૧—જે કેસમાં છોકરૂ સારી રીતે મોટું થયું હોય તેવા કેસમાં પીનલકોડની કલમ ૩૧૨ મુજબ કસુવાવડનું તોહોમત મુકી શકાતું નથી કારણ કે તે કલમના અર્થમાં છોકરૂ મોટું થતાં પેહેલાં બાહાર કાઢવાનું છે. પણ આવી બાબતમાં પીનલકોડની કલમો ૩૧૨ અને ૫૧૧ ભેગી વાંચતાં કસુવાવડ કરવાનો યત્ન કરવાનો ગુન્હો થાય છે. રાણી વિ. અરૂનજા બેવા અને બીજા, ૧૯ વી. રી. ૩૨.

(મી૦ ગ્લોવર અને મી૦ મીતર જડ જોની રૂબરૂ, તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૭૩).

૪ કસુવાવડ—છોકરા સાથે કસુવાવડ કરવી તે—પીનલકોડની કલમ ૩૧૨—ગર્ભ રહ્યો કે તરતજ પીનલકોડની કલમ ૩૧૨ મુજબ સ્ત્રી ગર્ભવંતી ગણાય છે. એમ ઠરાવવામાં આવ્યું કે કોઈ સ્ત્રીને એક મહીનો થએલો છે અને તે વખતે છોકરૂ હોઈ શકે નહી, એવું કારણ બતાવી કસુવાવડ કરેલી હોય તેને માટે તેણીના ઉપર તોહોમત રાખી છોડી મુકવામાં આવી હોય તો, તે છોડી મુકવું ગેરકાયદેસર છે. રાણી વિ. અડેમાં, ઈં૦ લો૦ રી૦ ૯ મ૦ ૩૪૯.

(મી૦ મુતુસામી આયર અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી માર્ચ ૧૮૮૬.)

કાચી સમજણ—

કાચી સમજણ—ફોજદારી ગુન્હો સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૮૩—તોહોમતદાર પુખ્ત ઉમ્મરનો નોહોતો કે જેથી પોતાની વર્તણુકથી કેવી જાતનું કામ અથવા કેવા પરીણામો નિપજશે એમ ધારી શકે. એવી જાતનો વાંધો પ્રથમ લેવાની કાંઇ જરૂર નથી પણ કેસમાંથી નીકળી આવતા બીજા મુદાઓની સાથે ઉઠાવી, તે ઉપર ધ્યાન આપવું જોઈએ. જ્યાં તોહોમતદાર સાત વર્ષ ઉપરાંત અને બાર વર્ષની અંદરનો હોય ત્યાં અને ગુન્હો કરવાની નાલાયકી [illegible]મતદર કાચી ઉમ્મરનો હોય છે [illegible] વારી [illegible] છે; આવી જાતની કાચી ઊંમર ખુલ્લી રીતે તકરારમાં બતાવવી જોઈએ અને સાબીત કરવી જોઈએ. પીનલકોડની કલમ ૮૩ માં બતાવેલા તેની વર્તણુંકના પરીણામો ગુન્હેગારની સીક્ષાના પરીણામો તેની ખુશીથી કરેલા કૃત્યમાંથી નીપજતા પરીણામો છે. રાણી વિરૂદ્ધ લખીની આગ્રાડાની, ૨૨ વી. રી. ૨૭

(મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૭૪).

કાટલાં અને તાજવાં—

કાટલાં અને તાજવાં—તોલવાને માટે કપટથી જુઠા તાજવાં વાપરવાં તે–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૬૪—ઈરાદાનો પુરાવો—કપટથી જુઠાં તાજવાં વાપરવાના ગુન્હામાં ઇરાદોએ ગુન્હાનો એક જરૂરીયાત ભાગ છે. આ કેસમાં ઈરાદાની સાબીતીને માટે પુરાવો નહી હોવાથી કોર્ટે સીક્ષા રદ કરી અને દંડ પાછો આપવાનો હુકમ કર્યો. રાણી વિરૂદ્ધ કંગાલી મુલક, અને બીજાઓ. ૧૮ વી. રી. ૨૭.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી જુન સને ૧૮૬૨).

કાઢી નાખવું (લોકોપકારક કૃત્યને)—

સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૩—સરીયામ રસ્તો–દાવાનું કારણુ—**અ** ની ફરીઆદ ઉપરથી, કીષનગરના જોઈન્ટ માજીસ્ટ્રેટે **બ** નામના માણુસે સરીઆમ રસ્તા ઉપર થોડા મહીના અગાઉ ગાય બાંધવાની છાપરી કરી હતી, તે કાઢી નાંખવાનો હુકમ કર્યો. તે ઉપરથી ખાનગી જમીનનો ભોગવટો સાબીત કરવાને અને કબજો કાયમ રાખવાને, **બ**, નામના માણુસે, **અ**, ઉપર દાવો કર્યો. દાવામાં બતાવ્યું નહોતું કે **બ**, નામના માણસે મુળ ફરીઆદ માજીસ્ટ્રેટને કરેલી તે દ્વેષ બુદ્ધિથી કરી હતી, અને વાદીને નાહક નુકશાન કરવાના [illegible]થી કરી હતી. એમ ઠરાવવામા આવ્યું કે દાવા ચાલી શકે નહી. મુટીરામ સાહુ વિ. મોહીલાલરાયના કેસથી જુદો મત લેવામાં આવ્યો (ઈ. લો. રી. ૬ ક. ૨૯૧. ખોડાબકસ મડળ વિ. મોગલાઈ મંડલ, ૧૪ ક. ઈ. લો. રી. ૬૦.

(મી૦ પ્રીન્સેપ અને મી૦ બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૮ મી સપટંબર ૧૮૮૬).

કામ ચલાવનારને જવાબ આપવાનો હક—

રીવાજ–પુરાવો–કામ ચલાવનારનો જવાબ આપવાનો હક–કોર્ટે બોલાવેલા સાક્ષીઓ–ઉલટ સુલટ તપાસને માટે સાક્ષીઓ આપવા તે–સને ૧૮૮૨ નો નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસી

જર કોડ કલમો ૨૮૯, ૫૪૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૯ મુજબ પુરાવો માગતાં પેહેલાં, અને ફરીઆદી તરફના સાક્ષીઓની ઉલટ સુલટ તપાસ થતી વખતે તોહોમતદારે કાંઇ દસ્તાવેજી પુરાવ આપ્યો હોય તો, તેથી કાંઈ ફરીઆદીને જવાબ આપવાને હક મળતો નથી. રાણી વિરૂદ્ધ ગ્રેસ અંદર બનારજીના કામનો આધાર લેવામાં આવ્યો. સેસન કોર્ટમાં તપાસ ચાલતી વખતે, કમીટીંગ માજીસ્ટ્રેટની કોર્ટમાં આપેલા સઘળા સાક્ષીઓને, ઉલટ સુલટ તપાસને માટે તે કોર્ટમાં હાજર રાખવાને ફરીઆદી બંધાએલો નથી. જે સાક્ષીઓની જુબાની ઉપર કોર્ટ પુરેપુરો વિશ્વાસ રાખી શકે નહી તેવા સાહેદીને કોર્ટ બોલાવશે નહી. રાણી વિરૂદ્ધ કાલીપ્રોસોનોદાસ અને બીજાઓ, ૧૪ ક. ઇ૦ લો૦ રી૦ ૨૪૫.

(મી૦ ટ્રેવીલીયન જડજની રૂબરૂ, તા૦ ૨ જી ફેબ્રુઆરી સને ૧૮૮૬).

કામનું એકંદર કરવું—

કામનું એકંદર કરવું—અવ્યવસ્થા—કામ એકઠું કરવામાં સેસન જડજની કેટલીક અવ્યવસ્થા થએલી તેના માટે ટીકા કરવામાં આવી. રાણી વીરૂદ્ધ મોહાબરસીંગ, ૬ વી૦ રી૦ ૬૪.

(મી૦ નોરમન જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી જાનેવારી સને ૧૮૮૬).

જુઓ સોબતી ગુન્હામાં ૧૮.
,, પુરાવો ૫૭, ૬૨.
,, જુઠું તોહોમત ૧૪.
,, જુઠો પુરાવો ૨૩.
,, જુઠો લેખ ૨૧, ૫૪.
,, જ્યુરી.
,, હકીકત છેવટની જડજની.

કાયદેસર ભાડા દાખલ પકડેલી ચીજનો અટકાવ—

કાયદેસર અટકાવ—સને ૧૮૫૯. નો ૧૦ મો આક્ટ કલમ ૧૧૬—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો—૭૯, ૯૭. ૯૯.—સને ૧૮૫૯ ના આક્ટ ૧૦ ની કલમ ૧૧૬ મુજબ નોટીસ આપી હોય તો જમીનદાર ભાડા બદલ જમીનની પેદાશ લેઈ શકે છે; અને આવી જાતના કેસમાં જે ખેડુતો જાણીબુઝીને સામા થાય છે, તેમને પીનલકોડની કલમ ૭૯ મુજબ લાભ મળતો નથી. પણ નોટીસ આપ્યા શીવાય જમીનદારના માણસો ભાડા દાખલ પેદાશ લે તો, આવી જાતનું કૃત્ય તે પ્રવેશ થયો એમ ખેડુતો કાયદેસર ધારી શકે છે. છેવટની બાબતમાં પકડેલી ચીજો અટકાવી હોય અને માણસોને કેદ કર્યા હોય તો પીનલકોડની કલમો ૯૭ અને ૯૯ મુજબ ખેડુતોને લાભ મળી શકે છે. રાણી વીરૂદ્ધ કાનહી સાહુ અને બીજાઓ, ૨૩ વી. રી. ૪૦.

મી૦ ગ્લોવર અને મી૦ ટરનર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૫).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યા હતાઃ—

આરાધન મંડળ વિ. મયાનખાન, ૨૪ વિ. રી. ૨૧. જુઓ ચોરી ૩૫.

હારનશેખ વિ. ભોળાનાથ મંડળ, ૩ ક. લો. રી. ૪૦૪. જુઓ કમપનસેશન ૩૩.

રાણી વિ. રામચરન કરમોકાર, ૨૪ વિ. રી. ૨૮. જુઓ ખુન ૧૪૯.

રાણી વિ. ઠાકરપ્રસાદ, ઈ. લો. રી. ૧ અ. ૧૫. જુઓ જામીન ૪.

કાયદો બાંધવો તે—

સને ૧૮૬૨ નો ૧૭ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—ક્રીમીનલ પ્રોસીજર કોડ અમલમાં આવ્યા પેહેલાં જે ગુન્હાઓ થાય તેના કરતાં તે કોડ કાયદો બંધાયા પછી ગુન્હો કરનાર માણસને પેહેલાં કરતાં વધારે ખરાબ સ્થિતીમાં મુકતો નથી. રાધાજીબન મુસતારી અરજદાર, ૬ ઇન્ડીયન જ્યુરીસ્ટ. નો.સા. ૯૭.

(મી૦ પીઅર અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૮૬).

કાયદેસર ભાડા બદલ ચીજ લેવી તે—

૧ જમીનદારો—જમીનદારો અને તેઓ

એ અધિકાર આપેલા માણુસો, ચઢેલા ભાડા ને માટે ભાડવાતોની જંગમ મીલકત કાયદેસ ર ઠરાવેલી સરતો મુજબ ચાલીને કબજે કરી શકે છે. આવી જાતોના સઘળા કેસોમાં જુમ્મે દારી જમીનદાર ઉપર રહેલી છે, અને ચઢેલું ભાડુ ના હોય અને ઉપર કહેલી સત્તા મુજ બ ભાડવાતનો માલ કબજે કરવામાં ફકત અ ટકાવ થયો હોય તો તેથી ગુન્હો બનતો ન થી. પ્રો. તા૦૧૯ નવંબર સને ૧૮૭૫, ૮ મ. હા. કો. રી. અપે. ૧૧.

૨ કાયદેસર ભાડા બદલ ચીજ લેવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલ મ ૩૭૯—સને ૧૮૬૯ નો આકટ ૮ મો ક લમ ૬—ભાડાના કાયદાની સરતો મુજબ જે માણુસોએ મીલકત લીધી હોય તેની સામે ફ રીઆદ ફોજદારી કાયદા મુજબ થઈ શકે ન હીં, પણ ગેરવાજબી રીતે કબજો લીધાથી જે પક્ષકારને નુકશાન થયું હોય તેને સને ૧૮૬૯ ના આકટ ૮ મુજબ ફરીઆદી કરવી જોઇએ. સેખ અધાની વિરૂદ્ધ ભાગી હલવાઈ, ૮ ક. લો. રી. ૨૦૪.

મી૦ પોન્ટીફેક્ષ અને મી૦ ફીલ્ડ જડજો ની રૂબરૂ, તા૦ ૯ મી માર્ચ સને ૧૮૮૧.)

કીમતી દસ્તાવેજ—

૧ કીમતી દસ્તાવેજ—હીસાબ કરી વા ળવો તે—હીસાબ માંડી વાળ્યાનું લખવામાં આવ્યું હોય અને તેના ઉપર કોઈ માણસ ની સહી ના થઇ હોય તોપણ તે પીનલકોડ ની કલમ ૩૦ ની વાખ્યા મુજબ "કીમતી દ સ્તાવેજ" ગણાય છે. એક્ષપારટી કપાલવયા સ આ, ૨ મ. હા. કો. રી. ૨૪૭.

(મી૦ ફીલીપ્સ અને મી૦ હોલોવે જ ડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી નવંબર સને ૧૮૬૪).

૨ કીમતી દસ્તાવેજ—પટાનો નાશ—પી નલકોડની કલમ ૪૭૭ ના અર્થ મુજબ પટો ફાડી નાખવો એ કીમતી દસ્તાવેજ ફાડી ના ખવાની બરોબર છે. રાણી વીરૂદ્ધ નીટરમંડલે, ૩. બિ. રી. ૩૮.

(મી૦ સ્ટીઅર જડજની રૂબરૂ. તા૦ ૪ જુલાઈ સને ૧૮૬૫).

૩ કીમતી દસ્તાવેજ—સાદા કાગળ ઉપર નો દસ્તાવેજ—દસ્તાવેજ સાદા કાગળ ઉપર છે અને તેથી પુરાવામાં લેવાય નહીં એવો હોય તોપણ પીનલકોડની કલમ ૪૭૭ ના અર્થ મુજબ તે કીમતી દસ્તાવેજ ગણાય છે. પ્રો. તા૦૫ મી અગષ્ટ સને ૧૮૭૩. ૭ મ. હા. કો. રી. અપે. ૨૬. જુઓ જુઠો લેખ ૨૬, ૪૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪,

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૧૭ મી મે સને ૧૮૬૬) જુઓ ખુન ૨, ૨૦.

કેટલાક તોહોમતો—

કેટલાક તોહોમતો—કેટલાક તોહોમતો ની સીક્ષા—એકંદર સજા—પ્રથમની સીક્ષા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૨૨, ૪૬, ૪૪૩—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૭૫, ૩૮૦, ૪૫૪ —કોઈ માણસ ઉપર પીનલકોડની જુદી જુ દી કલમો મુજબ તોહોમત રાખવામાં આવ્યું હોય તોપણ ખરી રીતે એક ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવ્યો હોય તો, એમ ઠરાવવામાં આવ્યું કે જે માજીસ્ટ્રેટે તેનું કામ ચલાવ્યું હોય તે માજીસ્ટ્રેટ પોતાના અખતીયાર પઈકી વધારે સીક્ષા એકંદર જુદા જુદા ગુન્હાઓને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ મુજબ કરી શકે નહીં. વળી એમ ઠરાવવામાં આવ્યું કે આવી જાતના ગુન્હાઓને માટે ઘ ણી વખત કેદીને સીક્ષા થએલી હોવાથી તેને પીનલકોડની કલમ ૭૫ મુજબ વધારે સીક્ષા થવાને માટે સેશન કોર્ટમાં મોકલવો જોઈએ. રાણી વીરૂદ્ધ ગાતુ લાડુ, ૨ મું. હા. કો. રી. ૧૨૬,

(મી૦ કાઉચ અને મી૦ ફોરબસ જ ડજોની રૂબરૂ, તા૦ ૮ .મી જાનેવારી સને ૧૮૬૪.

જુઓ રાણી વીરૂદ્ધ યોરા કારબેગ, ૪. મું. હા. કો. રી. ૧૨ જુઓ શીક્ષા ૯.

જુઓ તોહોમત ૫.

„ સીક્ષા ૯.

કેટલાક ગુન્હાઓ—

૧ કેટલાક ગુન્હાઓ—અપરાધી ઠરાવવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૪૬, ૪૨૬, ૪૩૪—જુઠો લેખ અને બીજા ગુન્હાઓને માટે ગુન્હેગાર ઠરાવી આસીસ્ટંટ સેસન જડજે બે કેદીઓને પોતાના અખત્યાર પૈકી સજા એકંદર કરી પણ જુદા જુદા ગુન્હાઓને માટે સજા બતાવવામાં આવી નોહોતી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ સેસન જડજે કેસમાં રેફરન્સ કરવાથી એમ ઠરાવવામાં આવ્યું કે આસીસ્ટંટ જડજે દરેક જુદા જુદા ગુન્હાને માટે સજા ઠરાવવી જોઈતી હતી; પણ આ એવી જાતની ભુલ નોહોતી, કે જેથી હાઈ કોર્ટ કલમ ૪૨૬ મુજબ સજા ફેરવી શકે. રાણી વીરૂદ્ધ વિનાયક ત્રીબંક, ૨. મું. હા. કો. રી. ૩૯૧.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જુન સને ૧૮૮૬).

રાણી વીરૂદ્ધ મુરાર ત્રીંબકના કામમ આધાર રાખવામાં આવ્યો હતો. ૫ મું. હા. રી. ૩. જુઓ સજા ૧૫.

રાણી વિ. ગનુબીન આકુના કામમાં નજર રાખવામાં આવી હતી. ૫ મું. હા. કો. રી. ૮૩. જુઓ રાત્રે ઘર પ્રવેશ કરવો ૭.

૨ કેટલાક ગુન્હાઓ—એકી વખતે અપરાધી ઠરાવવું તે—સજા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમો ૨૨૦, ૩૧૪, ૪૫૪—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમો ૪૫૭, ૩૮૦—કલમ ૪૫૭ મુજબ રાત્રે ઘર પ્રવેશ કરી ચોરી કરવી અને કલમ ૩૮૦ મુજબ ચોરી કરવી એ બંને ગુન્હાઓને માટે, એકજ સજા થવી જોઈએ, અથવા દરેકને માટે જુદી જુદી સજા થવી જોઈએ પણ બંને ગુન્હાઓની એકંદર સજા જે ગુન્હાને માટે વધારે સજા થઈ શકે તે ગુન્હાના કરતાં વધવી જોઈએ નહી. રાણી વિ. ટક્યા બીન ટમાના, ઈ. લો. રી. ૧ મું. ૨૧૪

(મી૦ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, મી૦ કેમબેલ અને મી૦ નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી સપટંબર સને ૧૮૭૫).

નિચેના ફેંસલામાં નજર રાખવામાં આવી છે :—

રાણી વિ. ગુલામ આબાસ, ૧૨ મુ. હા. કો. રી. ૧૪૭. જુઓ અપીલ ૩૭.

તુજાન અરજદાર, ૭ મ. હા. કો. રી. ૩૭૫. જુઓ મનુષ્ય હરણ ૨૩.

રાણી વિ, જબદાર કાઝી અને ગોપાલ ખાન, ૮ ક, લો. રી. ૩૯૦; ઈ. લો. રી. ૬ ક. ૭૧૮. જુઓ વર્ધમાન સજા ૩.

રાણી વિ. સખારામ ભાનના કેસમાં તફાવત બતાવવામાં આવે છે. ઈ. લો. રી. ૧૦ મું. ૪૫૩. જુઓ સજા ૬૫.

૩ કેટલાક ગુન્હાઓ—બંડ અને વ્યથા મળીને થયેલો ગુન્હો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમો, ૭૧, ૧૪૬, ૧૪૭, ૩૧૯, ૩૨૩—બંડ થતી વખતે બંડ અને વ્યથા એ બંને જુદા ગુન્હાઓ ગણાય છે અને દરેક ગુન્હાને માટે જુદી સજા થવી જોઈએ. રાણી વિ. રામ આધીન, ઈ. લો. રી. ૨ અ. ૧૩૯.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૫ મી અને ૧૩ મી ફેબ્રુઆરી સને ૧૮૭૯).

રાણી વિ. રબી ઉલાહના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ૭ વિ, રી. ૧૩. જુઓ ખુન ૮૩.

રાણી વિ. મંગરૂનો ફેંસલો, સમજાવવામાં આવે છે. ૬ નો વે. પ્રો. ૨૫૩. જુઓ મનુષ્ય હરણ, ૨૩.

રાણી વિ. કાલાચંદના કામમાં આધાર રાખવામાં આવે છે. ૭ વિ. રી. ૬૦. જુઓ બંડ ૪.

રાણી વિ. હરગોવીંદના કામમાં આધાર રાખવામાં આવે છે. ૩ નો. વે. પ્રો. ૧૭૪. જુઓ જુદા ગુન્હાઓ, ૪.

રાણી વિ. જબદર કાઝીના કામમાં નજર રાખવામાં આવી હતી. ૮ ક. લો. રી. ૩૯૦; ઈ. લો. રી. ૬ ક. ૭૧૮. જુઓ વર્ધમાન સજા ૩.

રાણી વિ. ડુંગરસીંગ, ઈ. લો. રી. ૭ અ. ૨૯. જુઓ કેટલાક ગુન્હાઓ ૭.

૪ કેટલાક ગુન્હાઓ—અપરાધી ઠરાવવું તે—વધારેમાં વધારે સજા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૧૪, ૪૫૩, ૪૫૪—એકઠું કરવું તોહોમતોનું—કોઇ માણસે એકજ જાતના ઘણા ગુન્હાઓ કર્યા હોય તો માજીસ્ટ્રેટે દરેક ગુન્હાને માટે જુદી તપાસ કરવી જોઈએ, અને આવા ગુન્હાઓને માટે એકંદર સજા માજીસ્ટ્રેટ પોતાના અખ્તીયાર પઈકી બમણી કરે એમ નથી, પણ દરેક ગુન્હાને માટે માજીસ્ટ્રેટ પોતાને અખત્યાર હોય તેટલી સજા કરી શકે છે. તા० ૧ લી અગષ્ટે ચોરી કરવાનું અને તા० ૨ જી અગષ્ટે રાત્રે ચોરી કરવાને માટે ઘર પ્રવેશ કરવાનું એવા બે તોહોમતો એક માણસ ઉપર રાખી તેની તપાસ ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટે એકજ વખતે ચલાવી દરેક ગુન્હાને માટે બે વર્ષની સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે એકઠાં કરેલાં તોહોમતો, સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૫૩ મુજબ કાયદેસર છે. અને કરેલી સજા કલમ ૩૧૪ માં બતાવ્યા પ્રમાણે છે. મી० સ્ટ્રેઈટ જડજે રાણી વી. ઉમેદના નહી રીપોર્ટ થએલા કેસ ઉપર નજર રાખી હતી. જે તા० ૧૯ મી જુલાઈ સને ૧૮૭૯ ને રોજ ચુકાવવામાં આવ્યો હતો. દોલેતીઆની બાબતમાં, ઈ० લો० રી० ૩ અ. ૩૦૫.

(મી० સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, મી० પીઅરસન, મી० સ્પેંકી, મી० ઓલ્ડફીલ્ડ અને મી० સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ, તા० ૧૯ મી માર્ચ સને ૧૮૮૦).

રાણી વીરૂદ્ધ પ્રસાદના કામમાં નજર રાખવામાં આવી હતી ઈ० લો. રી० ૭ અ. ૪૧૪. જુઓ કેટલાક ગુન્હાઓ ૮.

૫ કેટલાક ગુન્હાઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૫૩—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૧૧, ૪૧૩—જુદી જુદી જાતના ગુન્હાઓ—પદ્ધતી—પીનલકોડની કલમ ૪૧૧ મુજબ ચોરેલી મીલકત લેઈ રાખવાને માટે, અને કલમ ૪૧૩ મુજબ હમેશાં ચોરેલી મીલકત લેવાનો ધંધો કરવાને માટે, એકઠી તજવીજ કેદીની થઇ શકે નહીં. કલમ ૪૧૧ મુજબ તો હોમતદારની પ્રથમ તપાસ કરવી જોઈએ. અને તે જો ગુન્હેગાર માલમ પડે તો પ્રથમની કલમ ૪૧૧ મીનો ગુન્હો પુરાવામાં લેઇને, અને કલમ ૪૧૧ જેની તપાસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૩ મુજબ જુદી થઇ શકે નહીં, તે કલમના સબંધની મીલકતનો ઠરાવ સાબીત ગણીને કલમ ૪૧૩ મુજબ તોહોમતદારની તપાસ કરવી એ સુલભ રસ્તો છે. રાણી વીરૂદ્ધ ઉતમ કુનદુ, ઈ० લો० રી० ૮ ક. ૬૩૪ ૧૦ ક. લો. રી. ૪૬૬.

(મી० મેકડોનલ અને મી० ફીલ્ડ જડજોની રૂબરૂ, તા० ૩૧ મી માર્ચ સને ૧૮૮૨).

૬ કેટલાક ગુન્હાઓ—સને ૧૮૮૨ નો ૮ મો, કલમ ૪—કેટલાક ગુન્હાઓનો મળીને થએલો ગુન્હો—હંગામો—માહાવ્યથા—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૩૫—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૬, ૧૪૭, ૧૪૯ ૩૨૫—ગેરકાયદેસર મંડળીના કેટલાક માણસોએ મહાવ્યથા કરી હોય તો, તે મંડળીનો દરેક અંગભુત માહાવ્યથા અને હગામો બંનેને માટે ગુન્હેગાર થઈ શકે નહીં. રાણી વીરૂદ્ધ રામપ્રતાપ ઈ० લો० રી० ૬. અ, ૧૨૧.

(મી० સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા० ૫ મી ડીસેંબર સને ૧૮૮૩).

રાણી વીરૂદ્ધ ડુંગરસીંગના કેસથી જુદો મત લેવામાં આવ્યો. ઈ० લો० રી० ૭ અ. ૨૯. જુઓ કેટલાક ગુન્હાઓ ૭.

રાણી વીરૂદ્ધ લાલીના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈ० લો० રી० ૭ અ.૭૪૯. જુઓ ઉડી જવું પુરાવાનું ૭.

રાણી વીરૂદ્ધ રામસરપના કેસમા તફાવત બતાવવામાં આવ્યો. ઈ० લો० રી० ૭.

અ. ૭૫૭. જુઓ ગુન્હો ઘણા ગુન્હાઓ મળી થએલો.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

રાણી વીરૂદ્ધ પ્રસાદ ઈં૦ લો૦ રી૦ ૭ અ. ૪૧૪. જુઓ કેટલાક ગુન્હાઓ ૮.

રાણી વીરૂદ્ધ પીરમહમદ, ઈં૦ લો૦ રી૦ ૧૦ મું૦ ૨૫૪. જુઓ વધારો સજાનો ૧૧.

૭ કેટલાક ગુન્હાઓ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૫—માહાવ્યથા અને હંગામાને માટે ગુન્હેગાર ઠરાવવું તે—જુદો ગુન્હો—કાયદેસર જુદી સજાઓ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૩૫—સને ૧૮૮૨ નો ૮ મો કલમ ૪—સને ૧૮૬૦ નો ૪૫ મો—કલમો ૧૪૭, ૩૨૫—હંગામો, બુદ્ધિપુર્વક વ્યથા અને મહાવ્યથા જુદા જુદા માણસો સામે કરેલી એ ત્રણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫ મુજબ જુદા જુદા ગુન્હાઓ ગણાય છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૫ ના પેહેલા પેરેગ્રાફ મુજબ હંગામો અને બુદ્ધિપુર્વક માહાવ્યથા એ દરેક ગુન્હાની એકઠી તપાસ કરી, ગુન્હેગાર ઠરાવી શકાય છે; પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫ મુજબ દરેક ગુન્હાને માટે જુદી સજા કરવી જોઈએ. રાણી વિ. રામપ્રતાપના કેસથી જુદો મત લેવામાં આવ્યો. રાણી વિ. ડુંગરસીંગ, ઈં. લો. રી. ૭ અ. ૨૯.

(મી૦ બોધર્સ્ટ જડજની રૂબરૂ, તા૦ તા૦ ૨૨ મી જુલાઇ સને ૧૮૮૪.)

રાણી વિ. લોકનાથ સરકારના કેસમાં આધાર લેવામાં આવ્યો હતો. ઈ.લો.રી. ૧૧ ક. ૩૪૯. જુઓ વર્તમાન સજા ૪.

રાણી વિ. રામસરૂપના કેસમાં આધાર લેવામાં આવ્યો. ઈ. લો. રી. ૭ અ. ૭૫૭. જુઓ ગુન્હો ઘણા ગુન્હાઓ મળી થએલો.

રાણી વિ. પ્રસાદના કેસમાં નજર રાખવામાં આવી. ઇ. લો. રી. ૭ અ. ૪૧૪. જુઓ કેટલાક ગુન્હાઓ. ૮.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી છે:—

રાણી વિ. રબીઉમાહ, ૭ વિ. રી. ૧૩. જુઓ ખુન ૮૩.

રાણી વિ. હરગોવીંદ, ૩ નો. વે. પ્રો. ૧૭૪. જુઓ કેટલાક ગુન્હાઓ. ૪.

રાણી વિ. રામઆધીન, ઈ. લો. રી. ૨ અ. ૧૩૯. જુઓ કેટલાક ગુન્હાઓ. ૩.

૮ કેટલાક ગુન્હાઓ—માજીસ્ટ્રેટની સત્તા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૭૧—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રી૦ પ્રો૦ કોડ કલમો ૩૯, ૨૩૫—હંગામા, વ્યથા અને મહાવ્યથા—કેટલાક ગુન્હાઓમાંના એક કરતાં વધારે ગુન્હાની સજા—ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ શરૂઆત વખતે સેકન કલાસ માજીસ્ટ્રેટને આપેલી સત્તા—ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ તરીકે સજા કરવાની સત્તા—તોહોમત—તોહોમતમાં ફેરફાર—હંગામો અને બુદ્ધિપુર્વક મહાવ્યથા કર્યાનું તોહોમત કેટલાક માણસો ઉપર રાખી તેની તપાસ તા૦ ૮ મી અગસ્ટ સને ૧૮૮૪ ને રોજ શરૂ કરી. તા૦ ૬ ઠી સપટેંબરના સરકારી ઠરાવથી ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટની સત્તા માજીસ્ટ્રેટને મળી, જે ઠરાવ તેને તા૦ ૮ મી સપટેંબરે મળ્યો. ફરીઆદી તરફનો પુરાવો લીધા પછી તા૦ ૯ મી સપટેંબરે દરેક માણસ ઉપર, પીનલકોડની કલમો ૩૨૩ અને ૩૨૫ મુજબ તોહોમતો રાખીને તોહોમતદારની હકીકત અને તેના બચાવમાં પુરાવો લખી લીધો, અને તા૦ ૧૦ મી સપટેંબરે સઘળા તોહોમતોને માટે તોહોમતદારોને ગુન્હેગાર ઠરાવી દરેક ગુન્હાને માટે ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ સજા કરી શકે તેટલી સજા કરી. કેદીઓએ પીનલકોડની કલમ ૧૪૮ મુજબ ગુન્હો કર્યોછે એ કારણ ઉપરથી, અપીલમાં સેસન જડજે એવું ઠરાવ્યું કે, કલમ ૭૧ ના બીજા અને ચોથા પેરેગ્રાફ મુજબ કરેલી સજા કાયદા વિરૂદ્ધ છે; અને તે ઉપરથી કલમ ૧૪૮ મુજબ વધારેમાં વધારે શીક્ષા જેટલી માજીસ્ટ્રેટ કરી શકે, તેટલી શીક્ષા કાયમ રાખી બાકીની સ

જા ઓછી કરી. મી૦ પેથેરામ ચીફ જસ્ટીસ અને મી૦ ઓધર્સ્ટ ન્યાયાધીશો વિરૂદ્ધ પડીને, ફુલબેન્ચે એવો ઠરાવ કર્યો કે માજીસ્ટ્રેટે કરેલી સજા કાયદાસર છે. મી૦ ઓલ્ડફીલ્ડ, મી૦ મહમદ અને મી૦ ડુથોઇટ જડજોએ ક્રીમીનલ પ્રાસીજર કોડની કલમ ૩૯ ઉપર સબંધ રાખીને એવો મત આપ્યો કે, સેકન કલાસ માંજીસ્ટ્રેટે કામ ચલાવ્યું હોય અને સજા કરતા સુધી સેકન કલાસ માજીસ્ટ્રેટ હોય પણ સજા કરતાં પહેલાં પોતે ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ થયો હોય તો તે ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ તરીકે સજા કરી શકે છે. મી૦ ઓલ્ડફીલ્ડ અને મી૦ ડુથોઈટ જડજોએ વળી એવો મત આપ્યો કે પીનલકોડની કલમ ૭૧ મી આ કેસને લાગુ પડતી નથી, કારણ કે વ્યથા અને મહાવ્યથા એ હંગામાના ગુન્હાનો કંઇ પણ ભાગ નથી. મી૦ પેથેરામ ચીફજસ્ટીસનો મત:—જે દીવસે કેસની રજુઆત ચલાવવાનું શરૂ કરવામાં આવે છે, તે દીવશે કેસ ચુકયો એમ ધારવુ જોઈએ. આ કેસમાં રજુઆતના સઘળા કામો વખતે માજીસ્ટ્રેટનો અખતીઆર સેકન કલાસ હતો, તેથી તે ફરસ્ટ કલાસ માજીસ્ટ્રેટ તરીકે સીક્ષા કરી શકે નહી; વળી આ કેસમાં માજીસ્ટ્રેટ તોહોમત ફેરવી શકે નહી તેમજ કોઈ રીતે નવું તોહોમત મુકી શકે નહી. ઓધર્સ્ટ જડજનો મત:—માજીસ્ટ્રેટે કરેલી એકંદર સઘળી સજા ગેરકાયદેસર છે; જો તેણે પીનલકોડની કલમ ૧૪૮ મુજબ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો હોત તો તેનો હુકમ કાયદેસર ગણાત. જે ગુન્હો મુળની કોર્ટને ચલાવવાનો અધીકાર નથી, તેવા ગુન્હાને માટે માજીસ્ટ્રેટનો ઠરાવ ફેરવી તોહોમતદારને અપીલ કોર્ટ ગુન્હેગાર ઠરાવી શકે નહી; અને ગેરકાયદેસર મંડળીના કેટલાક માણસોએ મહાવ્યથા કરી હોય તો તે મંડળીના એક માણસને મહાવ્યથા તેમજ હંગામો બંનેને માટે કાયદેસર શીક્ષા થઇ શકે છે. રાણી વિ૦ ડુંગરશીના કામમાં નજર રાખવામાં આવી હતી. (ઈ. લો. રી. ૭ અ. ૨૯). રાણી વિ. પ્રસાદ, ઈ. લો. રી. ૭ અ. ૪૧૪.

(મી૦ પેથેરામ ચીફ જસ્ટીસ, મી૦ ઓલ્ડફીલ્ડ, મી૦ ઓધર્સ્ટ, મી૦ મહમદ અને મી૦ ડુથોઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જાનેવારી સને ૧૮૮૫.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી છે:—

દોક્ષતીયાની અરજીની બાબતમાં, ઈ. લો. રી. ૩ અ. ૩૦૫. જુઓ કેટલાક ગુન્હાઓ ૪.

રાણી વિ. રામપ્રતાપ, ઈ. લો. ૬ અ. ૧૨૧. જુઓ કેટલાક ગુન્હાઓ ૬.

રાણી વિ. ડુંગરસીંગ, ઈ. લો. રી. ૭ અ. ૨૯. જુઓ કેટલાક ગુન્હાઓ ૭.

જુઓ ગુન્હો ઘણા ગુન્હાઓ મળી થએલો.

„ જુદા ગુન્હાઓ ૫.

કેદખાનું—

કેદખાનું—સને ૧૮૭૦ નો આક્ટ ૨૬ મો કલમો, ૩, ૪૫, ૫૪—કેદીને ખોરાક આપવાના ઈરાદાથી હવાલામાં પેસવું તે–કેદીઓને રાખવાને માટે અને બંદોબસ્ત કરવાને માટે સરકારી નિયમો–ઘર પ્રવેશ–કેદખાનાના સંબંધમાં ગુન્હો કરવો તે–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૨—પ્રથમ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૫૪, ૪૬૦. મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસને શક પડવાથી મી૦ સ્પેન્કી.અને મી૦ ઓલ્ડફીલ્ડ જડજોએ ઠરાવ્યું કે કેદખાનાના આક્ટમાં બતાવેલા અર્થ મુજબ તાળુ વાસેલુ હવાલટ તે કેદખાનું ગણાય છે. મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસે ઠરાવ્યું કે કેદખાનાના આક્ટની કલમ ૪૫ ના અર્થ મુજબ ખોરાક એ "જણશ" નથી. મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને મી૦ ઓલ્ડફીલ્ડ જડજોએ ઠરાવ્યું કે કેદીઓની ગોઠવણ અને બંદોબસ્ત કરવાના આક્ટની કલમ ૫૪ ના અર્થ મુજબ હવાલતમાં ખોરાક લેઈ જવાની મના કરેલી નથી, અને તેટલા માટે તે આક્ટની કલમ ૪૫ મુજબ કેદખાનાના નિયમે

થી ઉલટું નથી અને તે કલમ મુજબ ગુન્હો ઠરાવી સીક્ષા થઈ શકતી નથી. તેટલા માટે મી० સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને મી० ઓલ્ડફીલ્ડ જડજોએ ઠરાવ્યું કે કોઇ માણસ ખોરાક લેઈ જવાના અથવા ખોરાક લેઈ જવાનો યત્ન કરવાના ઈરાદાથી કેદીની હવાલતમાં પેસે તો તે પીનલકોડની કલમ ૪૪૨ મુજબ ઘર પ્રવેશનો ગુન્હો થતો નથી તેમજ તે આકટની કલમ ૪૫ મુજબ શીક્ષા થઇ શકે એવું કૃત્ય થતું નથી. મી० સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ વિરૂદ્ધ પડીને મી० સ્પેંકી જડજે ઠરાવ્યું કે ઘર પ્રવેશનું તોહોમત રાખી તજવીજ કરી આવા માણસને છોડી દેવામાં આવ્યો હોય તોપણ કેદખાનાના આકટની કલમ ૪૫ મુજબ ફરીથી ગુન્હેગાર ઠરાવવાને કાંઈ બાધ લાગતો નથી. રાણી વિ. લાલઇ, ઈ. લો. રી. ૨ અ. ૩૦૧.

(મી० સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, મી० સ્પેન્કી અને મી. ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા. ૧૬ મી મે સને ૧૮૭૯).

કેદમાંથી નાશી જવું તે—

૧ કેદમાંથી નાશી જવું તે—હુકમનામુ બજાવવામાં વારંટ કાઢવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૧૭૪—કોઇ માણસને દિવાની હુકમનામાથી કેદમાં બેસાડવામાં આવ્યો હોય, અને કેદમાંથી નાસી જાય તો તેને પીનલકોડની કલમ ૧૭૪ લાગુ પડતી નથી. રાણી વી. સરદાર પાથુ, ૧ મું. હા. કો. રી. ૩૮.

(મી० ન્યુટન અને મી० ઠકર જડજોની રૂબરૂ, તા० ૧૨ મી અગષ્ટ સને ૧૮૬૩).

રાણી વિ ઝહુર અલીખાનના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૪ નો. વે. પ્રો. ૯૭. જુઓ તોડવો સરકારી નોકરનો હુકમ ૧૪.

૨ કેદમાંથી નાસી જવું તે—હકુમત—કેદમાંથી નાશી ગયેલા ગુન્હેગારની તપાસ જે પ્રગણામાં તે નાસી ગયો હોય તે પ્રગણામા થવી જોઇએ. રાણી વિ. ડોસા સેરા, ૧ મું. હા. કો. રી. ૧૩૯.

(મી० ફોરબસ અને મી० કાઉચ જડજોની રૂબરૂ, તા० ૮ મી જાનેવારી સને ૧૮૬૪).

૩ કેદમાંથી નાસી જવું તે—સરકારી નોકરને અડચણ કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમો, ૧૮૬, ૨૨૪. કાયદેસર કેદમાંથી નાસી જવાથી પીનલકોડની કલમ ૧૮૬ મુજબ સરકારી નોકરને પોતાની ફરજ બજાવવામાં અડચણ કરવાનો ગુન્હો બનતો નથી. રાણી વિ. પોશુ ઉરફે ધમબાજી પટેલ, ૨ મુ. હા. કો. રી. ૧૨૮.

(મી० કાઉચ ચીફ જસ્ટીસ, મી० ન્યુટન અને મી. વોરડન જડજોની રૂબરૂ, તા० ૨૫ મી જાનેવારી સને ૧૮૬૫).

૪ કેદમાંથી નાશી જવું તે—પીનલકોડ મુજબ સીક્ષા થઈ શકે નહીં તેવા ગુન્હાઓ—પીનલકોડ મુજબ સીક્ષા થઈ શકે નહીં તેવા ગુન્હાઓને માટે કેદ કરવામાં આવેલા પક્ષકારો નાશી જાય તો તેમને પીનલકોડ મુજબ સીક્ષા થઈ શકેછે. પ્રો. તા० ૨૨ મી ડીસેંબર સને ૧૮૬૫. ૩ મ. હા. કો. રી. અપે. ૧૧.

(મી. બીટલસન કામ ચલાઉ ચીફ જસ્ટીસ મી० હોલોવે, મી० કોલેટ, મી० ઈલીસ અને મી० ઈન્સ જડજોની રૂબરૂ.

૫ કેદમાંથી નાશી જવું તે—સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ, ૨૨૪—જે ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવી કેદીને કેદમાં રાખવામાં આવ્યો હોય, અને તે કેદમાંથી નાશી જાય તો નાશી જવાને માટે સીક્ષા પીનલકોડની કલમ ૨૨૪ મુજબ મુળના ગુન્હા કરતાં વધારામાં કરવી જોઈએ. રાણી વીરૂદ્ધ ધુનડા ભુયા, ૮ વી. રી. ૮૫.

(મી० કેમ્પ અને મી० ગ્લોવર જડજોની રૂબરૂ, તા० ૨ જી ડીસેંબર સને ૧૮૬૭).

૬ કેદમાંથી નાસી જવું તે—દીવાની પ્રોસેસ—સેરીફનો બેલીફ—ગુન્હો—સને ૧૮૬૦ નો ૪૮ મો કલમ ૮—કોઈ માણસને દીવાની પ્રોસેસથી કેદ કરવામાં આવ્યો હોય અને તે કેદમાંથી નાશી જાય તો સને ૧૮૬૦ ના આકટ ૪૮ માની કલમ ૮ મુજબ તે ફોજ

ન્હારી ગુન્હો નથી. રાણી વીરૂદ્ધ જોનેકોનન, ૬ મું. હા. કો. રી. ૧૫.

(મી૦ વેસ્ટ્રોપ અને મી૦ સારજન્ટ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૮૬૯).

રાણી વિ૦ ભાબઈ દફેદારના કામમાં લાગુ પડે છે. ૨ બે. લો. રી. ૨૧. જુઓ પ્રોસેસનો અટકાવ ૨.

૭ કેદમાંથી નાસી જવું તે–નાસી જવામાં સામેલ રહી મદદ કરવી તે–સને ૧૮૭૦ નો ૨૬ મો–સને ૧૮૧૬ નો ૧૪ મો—કેદીને નસાડવામાં સામેલ રહી મદદ કરવાનું તોહોમત રાતના ચોકીઆત ઉપર રાખી, જેલના સુપ્રીટેન્ડેંટનો સને ૧૮૭૦ ના એકટ ૨૬ મુજબ એક વર્ષની સજા કરવાનો અધીકાર નથી; તેમજ સને ૧૮૧૬ ના આકટ ૧૪ મુજબ પણ અધીકાર નથી. રાણી વિ. શીઓમબરલાલ. ૪ નો વે. પ્રો. ૪.

(મી૦ સ્પંકી જડજની રૂબરૂ, તા૦ ૧૦ મી જાનેવારી સને ૧૮૭૨).

૮ કેદમાંથી નાશી જવું તે—સારી વર્તણુકને માટે જામીનગીરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૨૪—સારી વર્તણુકના જામીન આપવાને માટે પ્રતીવાદીને કેદ કરેલો, તે કેદમાંથી નાશી ગયો. એમ ઠરાવવામાં આવ્યું કે તે પીનલકોડની કલમ ૨૨૪ મુજબ ગુન્હેગાર નથી. પ્રો. તા. ૨૮ મી અકટોબર સને ૧૮૭૪. ૭ મ.હા.કો. રી. અપે.૪૧.

૯ કેદમાંથી નાશી જવું તે—વારંટથી અને વારંટ વિના પકડી શકાય તેવા ગુન્હાઓ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૨૪—વારંટ કાઢી પકડી શકાય તેવા ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવી કોઈ માણસને પકડવામાં આવ્યો હોય, અને તે નાશી જાય તો, યોગ્ય કોર્ટે રાખેલા તોહોમત શીવાય બીજા તોહોમતોની તપાસ કરી તે બાબત ઉપરથી તે શીક્ષામાંથી બચી જતો નથી. પણ વારંટથી પકડી શકાય નહીં તેવી જાતના ગુન્હામાં પોલીસ અમલદારે વારંટ શીવાય પકડી કેદ કર્યો હોય, અને તેવી કેદમાંથી નાસી જાય તો પીનલકોડની કલમ ૨૨૪ મુજબ ગુન્હો થતો નથી. રાણી વી૦ રામસરન ટેવારી, ૨૪ વી. રી. ૪૫.

(મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી અગષ્ટ સને ૧૮૭૫).

૧૦ કેદમાંથી નાસી જવું તે—રેવન્યુ કોર્ટનું પ્રોસેસ—સને ૧૮૭૭ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૬૪૨, ૬૫૧—પકડાય નહી તે—સીવીલ પ્રોસીજર કોડની કલમ ૬૫૧ ના અર્થ મુજબ રેવન્યુ કોર્ટ તો "દિવાની અદાલત" ગણાય છે. રેવન્યુ અદાલતના પ્રોસેસથી કેદ કરાયલો માણસ કેદમાંથી નાસી જાય તો તે કલમ મુજબ શીક્ષા થઈ શકે છે. તોહોમતદાર ફોજદારી અદાલતમાં જતો હોય તો તે વખતે તેને ફકત સીવીલ પ્રોસીજર કોડની કલમ ૬૪૨ મુજબ કેદ કરી શકાય નહીં. તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવી કોઈ પણ માણસનો દંડ કર્યો હોય અને દંડના રૂપીઆ આવવાની તે કોર્ટમાં રાહ જોઈ બેશી રહ્યો હોય તે વખતે તેને રેવન્યુ કોર્ટના પ્રોસેસથી પકડવામાં આવ્યો હોય તો તેને ઉપર બતાવેલી કલમનો લાભ મળી શકે નહીં; અને આવી જાતની કેદમાંથી તે નાશી જાય તો સીવીલ પ્રોસીજર કોડની કલમ ૬૫૧ મુજબ "કાયદેસર કેદ"માંથી નાશી જવાનો ગુન્હેગાર થાય છે. રાણી વી૦ હરખનાથસીંગ, ૪.અ. ૨૭.

(મી૦ સ્ટ્રેઈટ અને મી૦ ડુથોઇટ જડજોની રૂબરૂ તા૦ ૧૩ મી જુલાઈ સને ૧૮૮૧).

૧૧ કેદમાંથી નાશી જવું તે—પીનલકોડ (સને ૧૮૬૦ નો ૪૫ મો) કલમો ૨૨૪, ૨૨૫—નાશી જવા માટે પછી સીક્ષા થઈ હોય તે—સારી વર્તણુકના જામીન લેવાને માટે કોઈ માણસને માજીસ્ત્રેટ પાસે પકડી લાવ્યા હોય અને એ માણસ ત્યાંથી નાશી જાય તો પીનલકોડની કલમો ૨૨૪ અને ૨૨૫ મુજબ

ગુન્હો થતો નથી. રાણી વીરૂદ્ધ સાસતીચરન નાપીટ, ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૩૩૧; ૧૦ ક. લો. ૨૫૦.

(મી૦ મીતર અને મી૦ મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨).

રાણી વીરૂદ્ધ કાંધઈકાના કામમાં આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૭ અ. ૬૭. જુઓ કેદમાંથી નાસી જવું તે ૧૫.

૧૨ ગામડાના ચોકીયાતના કબજામાંથી નાસી જવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૨૪–ચોરીના તોહોમતને માટે શક રાખી ગામડાના ચોકીયાતે કોઈ માણસને પકડયો હોય અને તે માણસ તેના કબજામાંથી નાસી જાય તો, પીનલકોડની કલમ ૨૨૪ મુજબ ગુન્હો થતો નથી. રાણી વીરૂદ્ધ એમ. સીનાડુ પાડીયાચીના ફેંસલા ઉપર આધાર રાખવામાં આવ્યો. રાણી વિરૂદ્ધ ઓજીગન, ઇ૦ લો૦ રી૦ ૫ મ. ૨૨.

(મી૦ ઈન્સ અને મી૦ મુતુસ્વામી આયાર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨).

૧૩ કેદમાંથી નાસી જવું તે—સને ૧૮૮૨ નો ૧૪ મો સીવીલ પ્રોસીજર કોડ કલમ ૬૫૧—દેણદારને પકડવો તે—વારંટ બતાવવું તે—સને ૧૮૮૨ નો ૧૪ મો સીવીલ પ્રોસીજર કોડ કલમો ૨૫૧, ૩૩૬, ૩૩૭, ૫૮૮—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૬, ૮૦, ૪૧૩, ૪૨૩, ૪૩૯–હાઈ કોર્ટનો તપાસ કરવાનો અધીકાર–અપીલ—હુકમનામું બજાવનારી કોર્ટનું વારંટ, પકડતી વખતે પોતાની પાસે રાખ્યા સીવાય કોઈપણ અમલદાર હુકમનામું બજાવતી વખતે દેણદારને પકડે તો તે ગેરકાયદેસર છે. અને આવી બાબતમાં દેણદાર અમલદારના કબજામાંથી નાસી જાય તો, સીવીલ પ્રોસીજર કોડની કલમ ૬૫૧ મુજબ ગુન્હેગાર નથી. કાયદેસર કેદમાંથી નાસી જવાને માટે ગુન્હેગાર ઠરાવી કોઈ માણસને સીવીલ પ્રોસીજર કોડની કલમ ૬૫૧ મુજબ ફક્ત એક માસની સજા કરવામાં આવી હોય તો, તે કોડની કલમ ૫૮૮ મુજબ તેની અપીલ થઈ શકે. રાણી વીરૂદ્ધ અમરનાથ, ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૩૧૮.

(મી૦ ટીરલ જડજની રૂબરૂ, તા૦ ૧ લી ફેબ્રુઆરી સને ૧૮૮૩).

૧૪ કાયદેસર કેદમાંથી નાસી જવું તે–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ—સરકારી નોકરે ભૂલથી કેદમાંથી છોડી મુકેલો તે–સરકારી નોકરે જાણીબુઝીને કેદમાંથી છોડી મુકેલો તે—અ નામનો પોલીસ અમલદાર કેસની તજવીજ ચલાવતો હતો તે વખતે, ટ નામના માણસે કેસ ચલાવી શકે તેવા માજીસ્ટ્રેટને અરજી આપી કે, ડબલ્યુ. નામનો માણસ ગુન્હામાં સામેલ હોવાથી તેને પકડી પોલીસ અમલદાર પાસે મોકલવો જોઇએ. તે ઉપરથી માજીસ્ટ્રેટે ડબલ્યુ નામના માણસને પોતાની રૂબરૂ પકડી મંગાવી, ટ નામના માણસની સોગન ઉપર જુબાની લેઈ, ડબલ્યુની હકીકત સાંભળી અરજી ઉપર નીચે મુજબ હુકમ કર્યો:—આ કામમાં પોલીસનો રીપોર્ટ નહી હોવાથી, અને ફક્ત અરજદારની અરજી ઉપરથી ડબલ્યુના કામના કાગળો ડીસ્ટ્રીકટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટને મોકલવાનો હુકમ કરવામાં આવે છે" આ હુકમ મુજબ ડબલ્યુને ડીસ્ટ્રીકટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ પાસે લેઈ જવામાં આવ્યો અને તે અમલદારે, અ નામના પોલીસ અમલદાર તરફ મોકલ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૭ મુજબ હોવાથી ડબલ્યુને કાયદેસર પોલીસના કબજામાં સોંપવામાં આવ્યો હતો, અને કાયદેસર તેને છોડવામાં આવે ત્યાં સુધી તેને અ નામનો અમલદાર કેદમાં રાખવાને બધાયલો હતો, અને ડબલ્યુ નામના માણસને ભુલથી છોડી મુકવાને માટે અ નામના અમલદારને, વાજબી રીતે પીનલકોડની કલમ ૨૨૩ મુજબ સીક્ષા થઈ હતી. રાણી વીરૂદ્ધ અસરફઅલી, ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૧૨૯.

(મી૦ સ્ટ્રેઇટ જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસેંબર સને ૧૮૮૩).

૧૫ કેદમાંથી નાસી જવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૨૪, ૨૨૫—સારી વર્તણૂંકના જામીનને માટે પકડવું તે—આવી રીતે નહી પકડવાને માટે નાસી જવું તે—આવી રીતે નાસી જવાની શિક્ષા ગેરકાયદેસર ઠરાવવી તે—ગુન્હાની વાખ્યા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૫, ૧૧૦, ૧૧૭ અને ૧૧૮—ક નામના માણુસને ખરાબ ચાલને માટે પકડવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૫ મુજબ પોલીસ અમલદારને કરવામાં આવ્યો હતો. ત્રણુ માણુસોની મદદથી ક નામનો માણુસ સામે થઈ નાસી ગયો. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૪૦ માં "ગુન્હા"ની વાખ્યા પ્રમાણે ગુન્હાનુ તોહોમત રાખવામાં આવ્યું નથી અને તેટલા માટે પકડવાનું અટકાવવાની સજા પીનલકોડની કલમો ૨૨૪ અને ૨૨૫ મુજબ થઈ શકે નહી. રાણી વીરૂદ્ધ કાંધીઆ, ઈં૦ લો૦ રી૦ ૭ અ. ૬૭,

(મી. મહમદ અને મી. ડુથોઈટ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી અગષ્ટ સને ૧૮૮૪).

અંબીકાપ્રસાદની બાબતમાં આ ફેંસલો મંજુર રાખવામાં આવે છે, ૧ ક. લો. રી. ૨૬૮. જુઓ જામીનગીરી સારી વર્તણૂકને માટે ૧૮.

રાણી વીરૂદ્ધ શાસ્તીચરન નાપીટના કામમાં આધાર રાખવામાં આવે છે. ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૩૩૧. જુઓ કેદમાંથી નાસી જવું ૧૧.

૧૬ કેદમાંથી નાસી જવું તે—દિવાની પ્રોસેસથી પકડવું તે—નસાડી મુકનાર અમલદારની ગુન્હાને માટે જવાબદારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૨૨૩—ગુન્હો કરવાને બદલે કોઇ માણુસ કેદમાં હોય અથવા કોઇને કેદ કરવામાં આવ્યો હોય, તેવા માણુસને નસાડી મુકવો એને ફક્ત પીનલકોડની કલમ ૨૨૩ લાગુ પડે છે; પણ ફકત દિવાની પ્રોસેસથી જે માણુસો પકડાયેલા હોય તેને લાગુ પડતી નથી. રાણી વીરૂદ્ધ ટાફુઉલાહ, ઈ૦ લો૦ રી૦ ૧૨ ક. ૧૯૦.

(મી૦ વીલસન અને મી૦ ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪મી અગષ્ટ સને ૧૮૮૫).

હેસ્ટીની બાબતમાં લાગુ પડે છે. ઈ૦ લો૦ રી૦ ૧૧ ક. ૪૫૧ (દિવાની રૂલીંગ) જુઓ કમીટ કરવું તે ૨૮. જુઓ અડચણુ સરકારી નોકરને ૧.

કેદનું વારંટ.—

૧ કેદનું વારંટ—શાક્ષી—હુકમ તોડવો તે—પ્રથમની તપાસ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૧૭૪—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૬ અને ૨૯૦—સાક્ષી સમનથી હાજર થયો નથી એવી ખાત્રી થયા સીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૦ મુજબ માજીસ્ટ્રેટ વારંટ કાઢી શકે નહી. સમન કાઢી બોલાવેલા શાક્ષી ઉપર પીનલકોડની કલમ ૧૭૪ મુજબ તોહોમત રાખતા પેહેલાં એમ સાબીત થવું જોઈએ કે તે જાણીબુઝીને સમનમાં બતાવેલી જગ્યાએ અથવા વખતે હાજર થયો નહી, અને હાજર થયો હોય તો કાયદેસર જવું જોઇએ તેના પેહેલાં ખુશીથી રજા સીવાય જતો રહો. પ્રથમ નોટીસ અથવા સમન કાઢયા સીવાય કોર્ટમાં હાજર થયેલા માણુસોમાંથી કોઈને બોલાવી, બીજા માણુસો ઉપર મુકેલા તોહોમતની બાબતમાં સાક્ષી આપવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૬ મુજબ પાંજરામાં પુરી શકે નહી. ઉપર કહેલી કલમ પછીની તજવીજને માટે કેસ કમીટ કરતાં પેહેલાંની તપાસને લાગુ પડે છે પણ કેસની ખરેખરી રીતે તજવીજ ચાલતી હોય તેને લાગુ પડતી નથી. રાણી વિ. સધરલાંડ; રાણી વિ. નારાયણુસીંગ, ૧૪ વિ. રી. ૨૦.

(મી૦ ફીઅર અને મી૦ દવારકાનાથ મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુલાઈ સને ૧૮૭૦).

રાણી વીરૂદ્ધ કીસન બાપીનના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૧૦ મું. ૯૩. જુઓ સમન ૨૫.

૨ કેદનું વારંટ—સને ૧૮૬૧ ના ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૮.–બરોબર રીતે જુબાની લેઇ ચાલતા કેસમાં વારંટ કાઢી સાક્ષીઓને પકડી મંગાવવાનો અધીકાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૮ મુજબ માજીસ્ત્રેટને છે. સીધેશ્વરી ચોધરેઈન અને બીજાઓ અરજદારો, ૧૬ વિ. રી. ૫૦.

(મી૦ બેલી અને મી૦ દવારકાનાથ મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી સપટંબર સને ૧૮૭૧).

૩ કેદનું વારંટ—મનુષ્ય નયન—સને ૧૮૬૦ ના ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૩–મનુષ્ય નયનનું તોહોમત રાખી વારંટ કાઢવામા આવ્યું હોય તો, જે ઈરાદાથી ગુન્હો કરવામાં આવ્યો હોય તે બતાવવું જોઈએ. બીધુ મુખીડાબી અને બીજાઓ. વિ. સ્રીનાથહાલદાર, ૧૫ વિ. રી. ૪; ૬ બેં. લો. રી. અપે ૧૨૯.

(મી૦ જેકશન અને મી૦ મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જાનેવારી સને ૧૮૭૧).

૪ કેદનું વારંટ—ડીસ્ત્રીકટ અને ડીવીઝનલ માજીસ્ત્રેટનો વારંટ કાઢવાનો અધીકાર—કાંઈ ફરીઆદ અથવા તોહોમત નહી તે–જે માણુસ ઉપર ફરીઆદ અથવા પોલીસે તોહોમત રાખ્યું ના હોય તેવા માણસને વારંટ કાઢી પકડવાનો અધીકાર, ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને અથવા ડીવીઝનલ માજીસ્ત્રેટને નથી. રાણી વિ. ઉમરાવ, ૩ વા. દી. પ્રાં. ૩૧૭.

(મી૦ ફીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી સપટંબર સને ૧૮૭૧).

૫ કેદનું વારંટ—સીલ કરવી-ભુલી જવી તે—પકડવાના માણુસની નોંધ–સહી—સને ૧૮૬૧ ના ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૭૬ અને ૮૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૭૬ મુજબ કાઢેલા વારંટ ઉપર સીલ કરવી જોઇએ અને જે માણુસને પકડવાનો છે તેનું બરોબર રીતે વર્ણન બતાવવું જોઇએ કે જેથી કરીને તેજ માણસ છે એવું જલદીથી જણાઇ આવે, અને તેના ઉપર માજીસ્ત્રેટે પોતાનું પુરેપુરૂ નામ અને ઓદ્ધો લખવો જોઈએ. ઉપર બતાવેલી રીત મુજબ નહી કાઢેલા વારંટથી કેદીને પકડવામાં આવેલો તેવી બાબતમાં હાઈ કોર્ટે છોડી મુકયો. જેઈમ્સ હેસ્ટીંગસની બાબતમાં ૯ મું. હા. કો. રી. ૧૫૪.

(મી૦ સાર્જંટ જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી જાનેવારી સને ૧૮૭૨).

નેમક્રીપ્સની બાબતમાં લાગુ પડેછે. ૧૧ વિ. રી. ૩૭૦ (દિવાની રૂલીંગ).

૬ કેદનું વારંટ—પોલીસ અમલદાર—સને ૧૮૭૨ ના ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૧૫૭–સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૧૫૭ મુજબ માજીસ્ત્રેટ પોતાની હદની અંદર વારંટ કાઢી શકે એમ નથી. આવી જાતનું વારંટ તે પરહદમાં હોય તોપણુ કાઢી શકે છે. રાણી વિ. સોચા કાલા, ઈ. લો. રી. ૧ મુ. ૩૪૦.

(મી૦ કેમબેલ અને મી૦ નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી અગષ્ટ સને ૧૮૭૬). જુઓ નાસી જનાર ગુન્હેગાર ૭, નાસી જનાર સાક્ષીઓ, ફરીઆદ, ૧૭, ૩૧. સાપ્રાધ ઘર પ્રવેશ, ૧.

કેદ જબરજસ્તીથી—

૧ કેદ જબરજસ્તીથી—સને ૧૮૬૦ ના ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૯—સજા—કેદ અને દંડ–આત્મ હત્યાનો યત્ન કરવાને માટે કોઇ માણસને પીનલકોડની કલમ ૩૦૯ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો હોય તો, તેને કેદની સજા થવી જોઈએ પણ એકલી દંડની સજા કરી શકાય નહી. રાણી વિ. ચાનવીઓવા કોમસીદરામ શેટી, ૧ મું. હા. કો. રી. ૪.

(મી૦ સોસી ચીફ જસ્ટીસ, મી૦ ફોરબસ અને મી૦ ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧ લી જુલાઈ સને ૧૮૬૩).

૨ કેદ જબરજસ્તીથી—દંડ અને કેદ—સને ૧૮૬૦ નો ૪૫મો પીનલકોડ, કલમ ૨૧૧—પીનલકોડની કલમ ૨૧૧ ના બીજા કલોઝ મુજબ કોઈ માણસ ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તો તેને કેદ અને દંડ બંને સીક્ષા કરવી જોઈએ અથવા એકલી કેદની સીક્ષા કરવી જોઇએ પણ એકલી દંડની સીક્ષા થઇ શકે નહી. રાણી વિ. રામા ઉરફે રાભાજી, ૧ મું. હા. કો. રી. ૩૪.

(મી૦ ફોરબસ અને મી૦ વોરડન જડજો રૂબરૂ, તા૦ ૫ મી અગષ્ટ સને ૧૮૬૩).

૩ કેદ જબરજસ્તીથી—કેદ અને દંડ—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૩૪૪—પીનલ કોડની કલમ ૩૪૪ મુજબ કેદી ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તો એકલી દંડની સીક્ષા કાયદેસર થઈ શકે નહી. રાણી વિ. બાહીરજી ઉરફે કીષ્ણાજી, ૧ મું. હા. કો. રી. ૩૯

(મી૦ ન્યુટન અને મી૦ ટકર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૬૩).

જુઓ સીક્ષા, ૧૧.

,, ડાકાઇટી, ૯.

,, સજા, ૫૭.

કેદી તરફના સાક્ષીઓ—

૧ કેદી તરફના સાક્ષીઓ—તપાસ—કામ ચાલતી વખતે પોતાના સાક્ષીઓ લેવરાવવાનો કેદીનો હક છે. રાણી વિ. ભુબન ઇસર ગોસામી, ૨ વિ રી. ૬.

(મેસર્સ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૦ મી જાનેવારી સને ૧૮૬૫).

૨ કેદી તરફના સાક્ષીઓ—તોહોમતદારનો તપાસવાનો હક—પોતાના બચાવમાં લેવરાએલા સાક્ષીઓને તપાસવાનો, તોહોમતદારનો હક છે. રાણી વીરૂદ્ધ અબદુલ સીટાર, ૩ વી. રી. ૩૫.

(મી૦ કેમ્પ અને મી૦ સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૬૫)

રામકીશોરસેનની અરજીની બાબતમાં, ૧૦ બેં૦ લો૦ રી૦ અપે. ૧૪; ૧૯ વી. રી. ૧૨. જુઓ ઢંઢેરો ૧.

૩ કેદી તરફના સાક્ષીઓ—માજીસ્ત્રેટે સમન નહીં કાડેલા તે—કેદીઓના સાક્ષીઓને સમન નહી કાઢવાથી સીક્ષા રદ કરવામાં આવી. રાણી વી૦ કાલી ઠાકોર, ૫ વી.રી.૬૫.

(મી૦ સેટનકાર અને મી૦ મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૭ મી એપ્રીલ સને ૧૮૬૬).

૪ કેદી તરફના સાક્ષીઓ—માજીસ્ત્રેટે સમન કાઢવાની ના પાડેલી તે—કોઈ કેદીનું કામ સેસન કોર્ટમાં કમીટ કરવાનું હતું તેને તે કોર્ટમાં પોતાના બચાવમાં સાક્ષીઓ ઉપર સમનો કાઢવાને કેટલાક માણસોનાં નામ આપ્યાં પણ માજીસ્ત્રેટે સાક્ષીઓ બોલાવાનું કારણ પુછવાથી તેને કારણ બતાવ્યું નહી. એમ ઠરાવવામાં આવ્યુ કે તેઓ અગત્યના સાક્ષીઓ હતા એ બાબતનો ખુલાસો કેદીએ કર્યો નહી તેથી સમન કાઢવાની ના પાડવાની માજીસ્ત્રેટને છુટ છે; પણ નામ આપેલા માણસોના ખરચને માટે માજીસ્ત્રેટે રકમ ઠરાવવી જોઇતી હતી, અને તે રકમ કોર્ટમાં ભરેથી સમનો કાઢવામાં આવશે એવી કેદીને ખબર આપવી જોઇતી હતી. બતાવેલા સાક્ષીઓ અગત્યના સાક્ષીઓ હતા. તે જોવાને માટે હાઈકોરટે કામના કાગળો મગાવ્યા હતા. રાણી વીરૂદ્ધ સુબાર્યા મુદાલી, ૪ મ. હા. કો. રી.૮૧.

(મી૦ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને મી૦ ઈલીસ જડજોની રૂબરૂ, તા૦ ૨ માર્ચ સને ૧૮૬૮).

૫ કેદી તરફના સાક્ષીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, પ્રકરણ ૧૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૬૬ અને ૨૫૨, તે કોડના ૧૫ મા પ્રકરણ મુજબ ચાલતા કેસને લાગુ પડે છે; અને પેહેલી કલમ મુજબ કેદી તરફના સાક્ષીઓ ઉ

પર સમન કાઢવાને મૅજીસ્ટ્રેટ બંધાયેલો નથી. ભીખારાય વિ૦ ઘોટનરોય, ૧૦ વી. રી. ૩૬; ૭ બેં. લો. રી. ૫૬૮.

(મી૦ લોચ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી સપટેંબર સને ૧૮૬૮).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

ડીતુરાયના કેસના કાગળો, ૧૬, વી. રી. ૨૧. જુઓ તપાસ તોહોમતદારની ૯.

ભોળાનાથ મુકરજી અરજદારો, ૧૬ વી. રી. ૨૮; ૭ બેં. લો. રી. ૫૬૪. જુઓ કેદી તરફ સાક્ષીઓ ૨૨.

અરઝન ઉલાહ વિ૦ નાઝીર મુલીક, ૨૧ વી. ૨૨. જુઓ લોકોપકારક કૃત્ય. ૫૯.

૬ કેદી તરફના સાક્ષીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૨૬૨—સને ૧૮૫૭ ના આકટ ૩ ની કલમ ૧૩ મુજબ જબરસ્તીથી નસાડેલા ઢોરોના કેસમાં તોહોમતદારે કોઈ સાક્ષીને સમન કઢાવી બોલાવ્યો ના હોય તો, એમ ઠરાવવામાં આવ્યું કે કેદીને સાક્ષીઓ ઉપર સમન કઢાવવા હોય તોપણુ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૨ મુજબ માજીસ્ટ્રેટે સમન કાઢવા જોઈએ નહીં, પણુ તેઓ સમન કાઢ્યા શીવાય હાજર થશે નહીં અને અગત્યની જુબાની આપવાનો સંભવ છે એવી ખાત્રી કરી આપે તો સમન કાઢવા જોઈએ. અકબર ટાગડગીઅર વિ. પંચુ બીસ્વાસ અને બીજો,* ૧૦ વી. રી. ૪૨.

(મી૦ જેકશન અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ સપટેંબર સને ૧૮૬૮).

૭ કેદી તરફના સાક્ષીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૬—તોહોમતદાર પોતાના બચાવમાં આપી શકે તે સાક્ષીઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૬ મુજબ માજીસ્ટ્રેટ લઈ શકે છે. પ્રો. તા. ૪ ફેબ્રુઆરી સને ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. ૨૯.

૮ કેદી તરફના સાક્ષીઓ—જડજની ફરજ—જો કોઈ કેદી સ્પષ્ટ રીતે જવાબ આપે, અને તે સાબીત કરવાને સાક્ષીઓ બોલાવે અને તેઓ કેદીના લાભની બાબત કાંઈ જાણતા નથી એવી જુબાની આપે તોપણુ તેમને એકદમ રજા નહી આપતાં જડજે, કેદીની હકીકત કાંઈ ખરી છે તે જોવાને માટે કેટલાક સવાલો તેમને વાસ્તવીક રીતે પુછવા જોઈએ. રાણી વિ. ભગનર પટવા અને બીજાઓ, ૧૧ વિ. રી. ૯.

(મી૦ નોરમન અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, તા. ૧૫ મી ફેબ્રુઆરી ૧૮૬૯).

૯ કેદી તરફના સાક્ષીઓ-અવ્યવસ્થા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમો, ૨૫૨, ૨૫૩, ૪૨૬—જો કોઈ તોહોમતદારે સાક્ષીઓ હાજર રાખ્યા ના હોય, તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૫૨ અને ૨૫૩ મુજબ સમનો કાઢી બોલાવવાને માજીસ્ટ્રેટને અરજ કરી ના હોય, અને માજીસ્ટ્રેટે ભુલથી સાક્ષીઓ બોલાવવાનું ના કહ્યું હોય તો, આવી જાતની ભુલથી કેદીના વિરૂદ્ધ અભીપ્રાય બંધાતો નથી, તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ દરમીયાન થવાય તેવી ભુલ ગણાતી નથી. રાણી વિ. ટોટારામ, ૧૧ વિ. રી. ૧૫.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ માર્ચ સને ૧૮૬૯).

૧૦ કેદી તરફના સાક્ષીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણુ ૧૪—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણુ ૧૪ મુજબ ચલાવેલા કેસમાં સાક્ષીઓ ઉપર સમન કઢાવવાનો તોહોમતદારનો હક છે, અને માજીસ્ટ્રેટને ના પાડવાનો અધીકાર નથી. રાણી વિ. દુરગા ગટી અને બીજાઓ, ૧૧ વિ. રી. ૫૫.

(મી. જેકશન અને મી. માર્કબાય જડજોની રૂબરૂ, તા. ૨૫ મી મે સને ૧૮૬૯).

૧૧ કેદી તરફના સાક્ષીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ

૩૭૨-ફરીઆદી તરફનો કેસ પુરો થયા પછી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૨ મુજબ તોહોમતદારનો પુરાવો માગવો જોઈએ, અને તે વખતે તોહોમતદારને પોતાના બચાવમાં કીયા સાક્ષીઓ આપવાના છે તે સેસન કોર્ટે શોધી કાઢવું જોઈએ. રાણી વિ. મુકન અને બીજાઓ, ૧૨ વિ. રી. ૨૨.

(મી. જેકશન અને મી. માર્કબાય જડજોની રૂબરૂ, તા. ૩ જુલાઈ સને ૧૮૬૯).

૧૨ કેદી તરફના સાક્ષીઓ—સમન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમો ૨૬૨, ૨૬૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૬ મુજબ જેટલા સાક્ષીઓ તોહોમતદાર પોતાના બચાવમાં રજુ કરે તેટલા બધા સાક્ષીઓ કોર્ટે લેવા જોઈએ. મી. એલી જડજે ઠરાવ્યું કે તોહોમતદારના લાભમાં અગત્યનો પુરાવો કોઈ સાક્ષી આપવાનો સંભવ હોય તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૨ મુજબ તે સાક્ષી ઉપર સમન કાઢવો તે માજીસ્ટ્રેટની મરજી ઉપર છે. અમીરચંદ મોહાતા અરજદાર, ૧૩ વિ. રી. ૬૩.

(મી. એલી અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી એપ્રીલ સને ૧૮૭૦).

૧૩ કેદી તરફના સાક્ષીઓ—બોલાવવાની તક નહી આપેલી તે—કેદી તરફના સાક્ષીઓ ઉપર સમન કાઢી બોલાવ્યા શીવાય, સબોર્ડીનેટ માજીસ્ટ્રેટે-કેટલાક માણસોને ગુન્હેગાર ઠરાવી સજા કરેલી તે હાઇ કોર્ટે રદ કરી, અને કેસ ફરીથી ચલાવવાનો સબોર્ડીનેટ માજીસ્ટ્રેટને હુકમ કર્યો. પ્રે. તા૦ ૫ મી જુલાઈ સને ૧૮૭૦. ૫ મ. હા૦ કો૦રી૦અપે૦ ૨૭.

૧૪ કેદી તરફના સાક્ષીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૩—તોહોમતદારના સાક્ષીઓ ઉપર સમન કાઢવાની માજીસ્ટ્રેટની મરજી—૧૫ મા પ્રકરણ મુજબ ચાલેલા કેસોને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૩ લાગુ પડતી નથી; અને છ માસ કરતાં વધારે સીક્ષા કરવા લાયક ગુન્હો ના હોય તેવી બાબતમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૬૨ અને ૨૬૩ લાગુ પડે છે; અને કામમાં વાજબી ઠરાવ કરવાને માટે કેદી તરફના સાક્ષીઓને બોલાવવાની જરૂર છે, એવું માલમ પડે, તોપણ સાક્ષીઓને બોલાવવા તે માજીસ્ટ્રેટની મરજી ઉપર છે; પણ તેઓની જુબાનીમાંથી કોઈપણ પક્ષકારની અગત્યની બીના નીકળી આવશે, અને તેઓ મુકરર કરેલી વખતે પોતાની ખુશીથી સાક્ષી આપવાને હાજર થશે નહી એવું માલમ પડે તોજ, તેઓ ઉપર સમન કાઢવાને માજીસ્ટ્રેટ બધાયેલો છે. રાણી વીરૂદ્ધ મોહરી, ૨ વા. દી. પ્રાં. ૩૯૩.

(મી. ટરનર જડજની રૂબરૂ, તા. ૧૫ મી સપટંબર સને ૧૮૭૦).

૧૫ કેદી તરફના સાક્ષીઓ—તોહોમતદારની તપાસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, પ્રકરણ ૧૫—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ મુજબ ચાલેલા કેસમાં, સાક્ષીઓને હાજર રાખવા અથવા તેઓ સમન સીવાય હાજર થાય નહી તેવા હોય તો તેમના ઉપર સમનો કાઢવાની પેહેલેથી અરજ કરવી, તે તોહોમતદારની ફરજ છે, અને આવી જાતના કેસમાં પ્રકરણ ૧૨ અને ૧૪ મુજબ તોહોમતદારની જુબાની લખવાની કાંઈ જરૂર નથી. ચેડી કુનજરા અને બીજાઓના કામનું રેફરન્સ, ૧૪ વી. રી. ૭૬.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી ડીસેંબર સને ૧૮૭૦).

૧૬ કેદી તરફના સાક્ષીઓ—વ્યથા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૨૩—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૪, પીનલકોડની કલમ ૩૨૩ મુજબ વ્યથાનો ગુન્હો જેમાં છ માસ કરતાં વધારે સીક્ષા થઈ શકે છે. અને તેથી તે પીનલકોડના પ્રકરણ ૧૪ માં આવી જાય છે તેવા ગુન્હામાં માજીસ્ટ્રેટે તોહોમતદારના સઘળા સાક્ષીઓ ઉપર સમન કરવા જોઈએ. ખુલાખી અને બીજાઓ, ૧૪ વી. રી. ૮૬.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ડીસેંબર સને ૧૮૭૦).

૧૭ કેદી તરફના સાક્ષીઓ—બોલાવવાનો હક—તોહોમતદાર ઉપર જે તોહોમત રાખવામાં આવેલું છે તે તોહોમતમાં બોલાવેલા સાક્ષીઓ સામેલ છે એવું સાબીત થયું હોય તોપણ, પોતાના સાક્ષીઓ ઉપર સમન કઢાવી તપાસવાનો તોહોમતદારનો હક છે. રામસાહી ચોધરે અને બીજાઓ વિરૂદ્ધ સંકર બાહાદુર, ૧૫ વી. રી. ૭; ૬ બેં. લો. રી. અપે. ૬૫.

(મી૦ જેકશન અને મી. એનસ્લી જડજોની રૂબરૂ, તા. ૩૦ મી જાનેવારી સને ૧૮૭૧).

માહીમચંદ્રસાહની અરજીની બાબતમાં, જુઓ, ૬ બેં. લો, રી. અપે. ૭૮; ૧૫ વિ. રી. ૧૫. જુઓ કેદી તરફના સાક્ષીઓ ૧૮.

રાણી વિ. ઇશનડટ, ૬ બેં. લો. રી. અપે. ૮૮; ૧૫ વિ. રી. ૩૪. જુઓ કેદી તરફના સાક્ષીઓ, ૧૯.

૧૮ કેદી તરફના સાક્ષીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, પ્રકરણ ૧૪, કલમ ૨૫૩—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ માં કોઈ કેસ આવી જતો હોય તો, માજીસ્ત્રેટ કલમ ૨૫૩ મુજબ કેદી તરફના સાક્ષીઓ ઉપર સમન કરવાને જો કે તેમનો પુરાવો કેટલો કીમતી થઈ પડશે એ વીશે શક હોય તોપણ બંધાયેલો છે, કારણ કે તેઓની જુબાની ઉપર કેટલો ભરોસો રહેશે એ પેહેલેથી કહી શકાય નહી. મોહીમચંદ્રશા અરજદાર, ૧૫ વિ. રી. ૧૫. ૬ બેં. લો. રી. અપે. ૭૮.

(મી. જેકશન અને મી. મુકરજી જડજોની રૂબરૂ, તા. ૪ ફેબ્રુઆરી સને ૧૮૭૧).

જુઓ રામશાહી ચોધરે વિરૂદ્ધ શંકર બાહાદુર, ૬ બેં. લો. રી. અપે. ૬૫. ૧૫ વિ. રી. ૭ જુઓ કેદી તરફના સાક્ષીઓ ૧૭.

,, રાણી વિ. ઇશન દત્ત, ૬ બેં. લો. રી. અપે. ૮૮. જુઓ કેદી તરફના સાક્ષીઓ ૧૯.

૧૯ કેદી તરફના શાક્ષીઓ—ઉલટ સુલટ તપાસ—કમીટીંગ માજીસ્ત્રેટ અગાડી જે સાક્ષીઓનું પત્રક તોહોમતદારે આપ્યું હોય તે બધા શાક્ષીઓને હાજર રાખવાનો યત્ન કરવાને, માજીસ્ત્રેટ સને ૧૮૬૧ ના આકટ ૨૫ માની કલમ ૩૭૫ મુજબ બંધાયેલો છે. મી૦ કેમ્પ જડજનો મત—કોઇપણ પક્ષકારે સાહેદીને બોલાવ્યો હોય અને તે શાક્ષી લાયક હોય અને બોલાવનાર પક્ષકારે એકે સવાલ ના પુછયો હોય તોપણ સામો પક્ષકાર ઉલટ સુલટ તપાસ કરી શકે છે. રાણી વીરૂદ્ધ ઈશનદત અને બીજાઓ અરજદારો, ૧૫ વી. રી. ૩૪; ૬ બે. લો. રી. અપે. ૮૮.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧.)

જુઓ રામશાહી ચોધરે વિ. શંકર બહાદુર, ૬ બેં. લો. રી.અપે. ૬૫ ૧૫ વિ.રી. ૭ જુઓ કેદી તરફના સાહેદીઓ ૧૭.

,, મોહીમચંદ્રશાહની અરજીની બાબત, ૬ બે. લો. રી. અપે. ૭૮. ૧૫ વિ. રી. ૧૫. જુઓ કેદી તરફના શાક્ષીઓ ૧૮.

,, રામધનમંડલ વિ. રાજબલભ પરમાનીક. ૬ બેં.લો.રી. અપે. ૧૦; ૧૮ વિ. રી. ૩૯. જુઓ અભીપ્રાય માટે મોકલવું તે ૧૩.

૨૦ કેદી તરફના સાક્ષીઓ—સુલેહનો ભંગ—સરકાર-કોઇ કેસમાં માજીસ્ત્રેટ અગાડી પુરાવો વિરૂદ્ધ પડયો હોય અને તોહોમતદારે ઘણા શાક્ષીઓના નામ બતાવ્યા હોય તો, એમ ઠરાવવામાં આવ્યુ કે, માજીસ્ત્રેટે બતાવેલા શાક્ષીઓ ઉપર સમન કાઢી બોલાવવા જોઈતા હતા અને તેમની જુબાની લેવી જોઈતી હતી મી૦ એનસ્લી જડજનો મ

ત—કોઈ કેસમાં મુચરકો લીધેલો બજાવવામાં આવે તો જે માણસનો મુચરકો લેવામાં આવ્યો છે તે માણસ સોગન ઉપર પોતાની જુબાની આપી શકે છે. મુચરકાઓ બજાવવામાં આવે તો માજીસ્ત્રેટ આખી રકમ લેઈ શકે છે, અને તે રકમ ઓછી કરી સુલેહના ભંગ જેટલો દંડ ઠરાવવાની સત્તા ફકત સરકારની છે? જાનબક્ષ અરજદાર, ૧૫ વિ. રી. ૮૭.

(મી૦ જેકશન અને મી૦ એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી મે સને ૧૮૭૧).

નીલમાધબ ઘોસાલના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૮ વિ. રી. ૧. જુઓ મુચરકો ૫૧.

૨૧ કેદી તરફના શાહેદીઓ—સને ૧૮૬૧ નો ૨૫ ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમો, ૨૨૭, ૨૨૮—કોઈ કેદી પોતાનો કેસ સેશન કોર્ટમાં કમીટ કર્યા પછી જે શાક્ષીઓ ઉપર સમન કઢાવવાના છે તે સાક્ષીઓનું પત્રક માજીસ્ત્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૭ મુજબ આપે તો, તે બાબત માજીસ્ત્રેટની મરજી ઉપર છે, અને પોતે સમન કાઢશે કે નહી તે બાબત લખવી જોઈએ, અને સમન ના કાઢવાના હોય તો તેનું કારણ બતાવવું જોઈએ. પત્રકમાં કેટલાક સાક્ષીઓ ઢીલ થાય તેવા વીચારથી દાખલ કરેલા છે એવું જો માજીસ્ત્રેટને માલમ પડે તો તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૮ મુજબ ચાલવું જોઈએ. રાણી વીરૂદ્ધ રાજકુમાર મુકરજી અપેલન્ટ, ૧૬ વિ. રી. ૧૪.

(મી૦ જેકશન અને મી૦ મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૭૧.)

૨૨ કેદી તરફના સાક્ષીઓ—તોહોમતદાર—સમનો—બંધ રાખવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણો ૧૨, ૧૪, ૧૫—મી૦ એનસ્લી જડજનો મત—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ માં આવી જતા ગુન્હામાં તે કોડની કલમ ૨૬૬ મુજબ તોહોમતદારની અને તેને રજુ કરેલા સાક્ષીઓની જુબાનીઓ માજીસ્ત્રેટે લીધા પછી કોઈ શાક્ષી ઉપર ફરીથી સમન કઢાવવાનો તોહોમતદારનો હક નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૨ માં આવી જતા ગુન્હામાં તોહોમત સંભળાવ્યા પછી એકદમ જે સાક્ષીઓનાં નામ આપવામાં આવે છે તેવા શાક્ષીઓ સીવાય બીજા કોઈ શાક્ષી ઉપર સમન કઢાવવાનો હક નથી; અને તે કોડના પ્રકરણ ૧૪ મામાં આવી જાય તેવા ગુન્હામાં, કલમ ૨૫૨ મુજબ તોહોમતદારનો જવાબ લેવામાં આવ્યો હોય તે વખતે અથવા તે પેહેલાં જે સાક્ષીઓનાં નામ બતાવેલાં હોય તે સાક્ષીઓ ઉપર સમન કાઢવાને ફકત માજીસ્ત્રેટ બંધાયેલો છે, અને બીજા સાક્ષીઓ ઉપર સમન કાઢવા તે માજીસ્ત્રેટની મરજી ઉપર છે. કલમ ૨૫૩ ના "મરજી ઉપર" એ શબ્દો કલમ ૨૫૪ ની સાથે વાંચવા જોઈએ અને તેમજ કલમ ૧૮૯ અને ૧૯૧ ના વાંચવા જોઈએ. મી૦ પોલ જડજનો વિરૂધ્ધ મત—કોઈ કેદી ઉપર કામ ચાલતું હોય અને તે કેદી કોઈ સાક્ષી ઉપર સમન કાઢવાની અરજ કરે તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૩ ના ખરા અર્થ મુજબ તે સાક્ષી ઉપર સમન કાઢવાને માજીસ્ત્રેટ બંધાયેલોછે; તેને કામ બંધ રાખવાની કાંઈ જરૂર નથી કારણ કે કામ બંધ રાખવાની અરજથી સાક્ષીઓ ઉપર સમન કાઢવાની અરજ તદન જુદી છે. ભોળાનાથ મુકરજી અને બીજાઓ અરજદારો, ૧૬ વી. રી. ૨૮; ૭ બેં. લો. રી. ૫૬૪.

(મી૦ એનસ્લી અને મી૦ પોલ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઈ સને ૧૮૭૧).

અબદુલ રેહેમાન અરજદારના કામમાં નજર રાખવામાં આવે છે. ૭ વી. રી. ૩૭. જુઓ સાક્ષીઓ ૧.

ભીખારોય વીરૂદ્ધ ધોતનરોયના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૦ વી૦ રી૦ ૩૬; ૭ બેં. લો. રી. ૫૬૮ નં. જુઓ કેદી તરફના સાક્ષીઓ ૫.

૨૩ કેદી તરફના સાક્ષીઓ—સાક્ષીઓ બોલાવવાનો તોહોમતદારનો હક—દફતરમાં ભૂલથી માજીસ્ટ્રેટે નહી લખેલું તે—બંધ રાખવું તે—કેદીને કમીટ કરતી વખતે કેટલાક સાક્ષીઓનાં નામ આપેલાં તે સાહેદીઓનાં નામ ભુલથી માજીસ્ટ્રેટે નહી લખેલાં તે બાબત સેસન જડજને જાહેર કરવાથી તેણે એવો હુકમ કર્યો કે સાક્ષીઓ ઉપર સમન કાઢી તેમને બોલાવવા જોઇએ પણ સાક્ષીઓ હાજર થયા નહી અને જડજે તેમની ગેરહાજરીમાં કામ બંધ રાખવાનું ના પાડી તજવીજ ચલાવી. અને હાઇ કોર્ટે એવો ઠરાવ કર્યો કે સાક્ષીઓની જુબાની તોહોમતદારની રૂબરૂમાં લેવરાવવાનો તોહોમતદારનો હક છે, તે ઉપરથી તેમની જુબાની લેવાનો જડજને હુકમ કર્યો. રાણી વીરૂધ્ધ રાજનારાયણ મીટી, ૧૮ વિ. રી. ૨૦.

(મી૦ બેલી અને મી૦ મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી મે સને ૧૮૭૨).

૨૪ કેદી તરફના સાહેદીઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬૩—જે સાક્ષીઓનાં નામ માજીસ્ટ્રેટ અગાડી તોહોમતદારે આપ્યાં હોય તે સાક્ષીઓ ઉપર સમન કઢાવી તેમની જુબાની લેવરાવવાનો તોહોમતદારનો હક ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૩ મુજબ છે. રાણી વીરૂધ્ધ પ્રેસુનોકુમાર મોઈટ્રો, ૨૩ વી. રી. ૫૬.

(મી૦ કેમ્પ અને મી૦ મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી માર્ચ સને ૧૮૭૫).

૨૫ કેદી તરફના સાહેદીઓ—સમન કાઢવાની માજીસ્ટ્રેટે ના પાડેલી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૨૮૩, ૩૬૨—મુકરદમો ચલાવવામાં ભુલ અથવા ખામી—તોહોમતદારે કોઈ માણસની જુબાની કોર્ટમાં અથવા કમીશનથી લેવરાવાને માટે અરજી કરેલી તે ગુન્હાની તજવીજ ચલાવતી વખતે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૨ મુજબ સમન નહીં કાઢવાનું કારણ લખીતવાર બતાવ્યા સીવાય માજીસ્ટ્રેટે રદ કરી; તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારની સીક્ષા રદ કરી માજીસ્ટ્રેટે કેસ ફરીથી ચલાવવો જોઈએ, અને જુબાની લેવરાવવાની તોહોમતદારની અરજીનું કાયદા પ્રમાણે નીકાલ કરવું જોઈએ. સતનારાયણ સીંગની અરજીની બાબતમાં ઈં૦ લો૦રી૦ ૩ અ ૩૯૨.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી જાનેવારી સને ૧૮૮૧).

૨૬ કેદી તરફના સાક્ષીઓ—સાહેદીઓ ઉપર સમન કરવા તે—કેદી તરફના સાક્ષીઓ ઉપર સમન કાઢવાની માજીસ્ટ્રેટે ના પાડેલી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૯—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૯ માં બતાવેલા કારણ સીવાય, માજીસ્ટ્રેટ તોહોમતદારે આપેલા સાક્ષી ઉપર સમન કાઢવાની ના પાડી શકે નહી, અને ના પાડે તો તે કલમ મુજબ મુકરદમો ચલાવવાને તે બંધાયેલો છે. તોહોમતદારે કોઈ સાક્ષીની જુબાની લેવરાવવાને ના પાડી હોય તો તે કારણ ઉપરથી જવાબ લીધા પછી નવો પુરતો પુરાવો લેવાને સમન કાઢવાની ના પાડી શકે નહી. ડીલા માહટનની અરજીની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૭૧૪; ૮ ક લો. રી. ૭૦.

(મી૦ કનીંગહામ અને મી૦ પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી ફેબ્રુઆરી સને ૧૮૮૧).

૨૭ કેદી તરફના સાક્ષીઓ—હાજર નહી રહેલા તે—ફરીથી સમનો કરવાની ના પાડવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૫૯—તોહોમતદારની તપાસ તા૦ ૩૦ મી માર્ચ સને ૧૮૮૧ ને રોજ માજીસ્ટ્રેટ અગાડી ચાલેલી તે વખતે પોતાની તરફથી કોઈ સાક્ષી ઉપર સમન માગ્યો. તા૦ ૧૮ મી એપ્રીલ જે દીવસે કેસ આગળ ચલાવવાનો મુલત્વી રાખ્યો હતો, તે દીવશે હાજર રેહેવાને માટે તે સાક્ષી ઉપર સમન કાઢવાનો માજીસ્ટ્રેટે હુકમ કર્યો. સમન બજાવવામાં ઢીલ થવાથી તે દીવશે સા

થી હાજર થયો નહી. બીજી વાર સમન કાઢવાની તોહોમતદારે કરેલી અરજી શુદ્ધબુદ્ધિથી કરેલી નથી એવું કારણ બતાવી માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૯ મુજબ નામંજુર કરી. એમ ઠરાવવામાં આવ્યું કે તા૦ ૧૮ મી એપ્રીલે માજીસ્ત્રેટની રૂબરૂ જેવો કેસ હતો તેવા કેસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૯ લાગુ પડતી નથી અને તેથી વધારે પ્રયત્ન કરવાને માજીસ્ત્રેટ બંધાએલો હતો. ગેરહાજર સાક્ષીઓને હાજર રાખવાને માટે પેહેલી કોશીશ ફકત નામની માલમ પડી હતી. રાણી વિ. રૂકનુદીન, ઈં. લો. રી. ૪ અ. ૫૩.

(મી૦ ડુથોઈટ જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૮૧).

૨૮ કેદી તરફના સાક્ષીઓ—તોહોમતદારની હાજર રાખવાની માગણી કરવાનો હક—સમન કાહાડી હાજર રાખવું તે—પુરાવો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૭—તોહોમતદાર તરફથી કેટલાક સાક્ષીઓ ઉપર સમન કાઢેલા તે રજુઆતને દીવશે હાજર થયા નહી, અને ડેપ્યુટી માજીસ્ત્રેટે કામ બંધ રાખવાને અથવા નવા સમનો કાઢવાને ના પાડી, અને એવું કારણ બતાવ્યું કે સઘળા સાક્ષીઓ તોહોમતદારના મીત્રો હોવાથી તોહોમતદારની મરજી હોય તો હાજર થયા વગર રેહે નહી. કેદીઓને ગુન્હેગાર ઠરાવી સીક્ષા કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે સીક્ષા રદ કરવી જોઈએ, કારણ કે માજીસ્ત્રેટે એક વખત સમનો કાઢયાથી તે સાક્ષીઓને હાજર રાખવામાં મદદ કરવાને તે બંધાએલો હતો. રાણી વિ. ધનનજોય ચોધરે.

૨૯ કેદી તરફના સાક્ષીઓ—ક્રીમીનલ પ્રોસીજર કોડ સને ૧૮૮૨ ના ૧૦ માની કલમ ૨૧૬ મુજબ સાક્ષીઓ ઉપર સમન કાઢવાને માજીસ્ત્રેટે ના પાડેલી તે—સેસન કોર્ટે સાક્ષીઓ ઉપર સમન કાઢેલા તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૧, ૫૪૦—પીનલકોડ મુજબ ગુન્હો કર્યાને માટે કેટલાક માણસોને સેસન કોર્ટમાં કમીટ કર્યા પછી, દરેક કેદીએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૧ મુજબ રજુઆત વખતે જુબાની આપવાને માટે સાક્ષીઓને બોલાવવાનું પત્રક આપ્યું. આમાંના દરેક પત્રકો ઉપર કોઈ અમુક માણસનું નામ આપવામાં આવ્યું હતું, જે ભીણુસે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૬ મુજબ વાંધો ઉઠાવ્યો અને એવું કારણ બતાવ્યું કે સમન ફકત કંટાળો ઉપજાવવાના કારણથી કઢાવવામાં આવ્યો છે, કારણ કે તે માણસની સાક્ષી કોઈ રીતે કામમાં અગત્યની થઈ પડશે એવું માનવાને કાંઈપણ સાધન નોહોતુ. આ વાંધા ઉપરથી કમીટીંગ માજીસ્ત્રેટે એવો ઠરાવ કર્યો કે કેદીઓએ સાબીત કરી આપવું જોઇએ કે વાંધા ઉઠાવનાર માણસની સાક્ષી કામમાં અગત્યની છે આ બાબત વીષે બંને પક્ષકારોની તકરારો સાંભળ્યા પછી સમન નહીં કાઢવાનો હુકમ કરયો. આ હુકમ કરવાનું કારણ ફકત માજીસ્ત્રેટે 'એવું' બતાવ્યુ' હતું કે વાંધો લેનાર માણુસ ઉપર સમન કાઢવાનાં જે કારણો અરજીમાં બતાવેલાં છે તે બરોબર નથી. સેસન કોર્ટમાં રજુઆત ચાલતા પેહેલાં અને આ હુકમ થયા પછી કેદી તરફની અરજી ઉપરથી સેસન જડજે વાંધો લેનાર માણસને સમન કાઢી બોલાવવાનો હુકમ કરયો. આ હુકમ કરવાનું કાંઈ કારણ બતાવ્યું નોહોતું અને વાંધો લેનાર માણુસની ગેરહાજરીમાં અને તેને સામુ કારણ બતાવવાની નોટીસ આપ્યા શીવાય આ હુકમ કરવામાં આવ્યો હતો. સેશન જડજને આવો હુકમ કરવાનો કાંઈ અધીકાર નથી એવું કારણ બતાવી વાંધો લેનાર માણુસે હુકમ ફરીથી તપાસવાને માટે હાઈ કોર્ટમાં અરજ કરી. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૬ મુજબ આપેલા પત્રકમાંથી કોઇ સાક્ષી ઉપર સમન કાઢવાની માજીસ્ત્રેટે ના પાડી હોય તો, તે ના પાડવાનાં કારણો બતા

વવાં જોઇએ. અને તે ઉપરથી એમ સાબીત થવું જોઈએ કે તે સાક્ષીની જુબાની કામમાં અગત્યની નહોતી. વાંધો લેનાર માણસ ઉપર સમન કાઢવાને માટે અરજીમાં બતાવેલા કારણો બરોબર નથી એવું માજીસ્ટ્રેટે પોતાના ઠરાવમાં કારણ બતાવ્યું છે તે ઉપરથી એમ સાબીત થતું નથી કે તેની જુબાની કામમાં કાંઈ અગત્યની નહોતી. તકરારી હુકમ કરવાનો સેસન જડજને અધીકાર હતો, અને જો કદાચ તેવો અધીકાર ના હોય તોપણ ઉપરની બાબતો જોતાં કામમાં દરમીયાન થવાની કાંઈ જરૂર જણાતી નથી. મી૦ સ્ટ્રેઈટ જડજનો મત—આ કામમાં સેસન જડજે જેવી જાતની સતા બજાવેલી છે તેવી સતા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૪૬ થી ફક્ત આપેલી છે એમ નથી. કલમ ૨૫૧ માં તોહોમતદારે સાક્ષીઓ ઉપર હક તરીકે સેસન જડજની મારફતે સમન કઢાવવા જોઈએ એમ નથી તોપણ કમીટીંગ માજીસ્ટ્રેટ અગાડી બતાવેલા સાક્ષીઓ કરતાં બીજા સાક્ષીઓ ઉપર સમન કાઢવાની પરવાનગી આપવાનું સેસન જડજને યોગ્ય લાગે તો તેવી જાતની સત્તા તેના અધીકારની સાથે રહેલી છે. કાંતીતના રાજાની અરજીની બાબતમાં ઈં. લો. રી. ૮ અ. ૬૬૮.

(મી૦ એજ ચીફ જસ્ટીસ અને મી૦ સ્ટ્રેઇટ જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી સપટંબર સને ૧૮૬૬).

જુઓ ખરાબ આજીવીકા, ૩.
,, તોહોમત, ૧૮.
,, કમીટ કરવું તે, ૧૧.
,, ફરીઆદ, ૧૭.
,, માંડી વાળવું ફરીઆદનું, ૧૩.
,, પુરાવો, ૮૧.
,, તપાસ તોહોમતદારની, ૯.
,, જુઠો લેખ, ૩૪.
,, ગેર૦યાજબી બક્ષીસ, ૯–૧૫.
,, અવ્યવસ્થા, ૯.
,, જજમેન્ટ, ૩.
,, મ્યુનીસીપાલ ગુન્હો, ૧૮.
,, ખુન, ૪૮.
,, પ્રથમની તપાસ, ૨.
,, લોકોપકારક કૃત્ય, ૫૦.

કેફ—

કેફ—કેફનું બાનું—ખુશીથી કેફ કરયો હોય તે ગુન્હો કરવાનું બાનું ગણાતું નથી. રાણી વિ. બોધીખાન, ૫ વિ. રી. ૭૯.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ. તા૦ ૧૭ મી મે સને ૧૮૬૬.

જુઓ ખુન, ૨, ૨૦.

કોનસ્ટેબલ—

જુઓ ચોરી, ૬.

કંટાળો ઉપજાવે તેવી ફરીઆદ—

જુઓ કમપનસેસન, ૧.

ખ

ખત—

ખત—સને ૧૮૬૯ નો ૧૮ મો સ્ટેમ્પ આકટ કલમ ૩ કલોઝ ૫—સને ૧૮૬૯ ના આકટ ૧૮ મા ની કલમ ૩ ના કલોઝ ૫ મુજબ ચોપડામાં ધીરેલી રકમો લખેલી હોય તે ખતો ગણાય નહી. રાણી વિ. બલડીઓ ૨ વા. દી. પ્રાં. ૪૫૩.

(મી૦ ટર્નબલ જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસેંબર સને ૧૮૭૦).

જુઓ જુઠો પુરાવો કરવો તે ૧૧.
,, ફરીઆદ કરવાની પરવાનગી ૬૯.

ખતંસલાહસંપ રાખવાનું—

જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૫૩.
,, મુચરકો.

ખબરનો છાપનાર—

જુઓ સોરટી.

ખબરની મતલબ—(સમનોમાં લખવી તે).—

જુઓ સમનો ૨૬.

ખરાબ ચાલ—

જુઓ વકીલો—

ખરાબ બરદાસ—

જુઓ ખુન ૭૨.

„ પોલીસની કબુલાત ૭૭, ૭૮, ૮૦, ૮૦.

ખરાબ આજીવીકા—

૧ ખરાબ આજીવીકા—ચાલ ચલગત વીશેનો પુરાવો—પોલીસ અમલદારનો રીપોર્ટ—જે માણુસ ઉપર ખરાબ આજીવીકાનું તોહોમત મુકવામાં આવ્યું હોય તેની પાસેથી માજીસ્ટ્રેટે સાધારણ ચાલ ચલગત વીશેનો પુરાવો લેવો જોઇએ, પણ પોલીસનો રીપોર્ટ, જે લખનાર અમલદાર શીવાય બીજાની સામે પુરાવો ગણાતો નથી તેના ઉપરથી ગુન્હેગાર ઠરાવવો જોઈએ નહીં. રાણી વીરૂદ્ધ આલમ સેખ ૫. વી. રી. ૨.

(મી૦ ફીઅર અને મી૦ ગ્લોવર જડ્જોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૬૬).

૨ ખરાબ આજીવીકા—મજબુતી કરે તેવો પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬—ડાકાઈટીના ગુન્હા બાબત તપાસ કરયા પછી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ કોઈ માણસ ખરાબ ચાલને માટે પ્રસીદ્ધ છે એવુ કોઈ કામમાં ઠરાવવામાં આવ્યું હોય તો ડાકાઈટીની તપાસ વખતે લીધેલો પુરાવો તે કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે કામમાં લેઈ શકાય નહીં પણ બીજો પુરાવો લેવો જોઇએ. કોઈ સાક્ષીને તોહોમતદાર જોડે ગુન્હેગાર ઠરાવવામાં ના આવ્યો હોય અને તે એમ બતાવે કે તોહોમતદારની સાથે તેણે કાયદા પ્રમાણે ગુન્હાઓ કર્યા છે તેને બીજી કોઈ રીતે મજબુતી ના મળતી હોય તોપણ તે શાક્ષીની જુબાની પુરાવામાં દાખલ ન થઈ શકે એવો કાંઈ કાયદાનો નીયમ નથી. રેોનીકંત ભુમીક અરજદારની બાબતમાં ૧૩ વિ. રી. ૨૪.

(મી૦ ફીઅર અને મી૦ મીટર જડજોની રૂબરૂ. તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦.)

૩ ખરાબ આજીવીકા—તોહોમત—બરોબર બાબત સાબીત કરવાને નોટીસ આપવી તે—સાહેદી—જામીન—જે માણુસ સામે ખરાબ આજીવીકાનું કામ ચલાવવામાં આવ્યું હોય તે કામના કાગળોમાં તેની સામે પુરાવાથી સાબીત થયેલી બાબત બરોબર રીતે લખાવાનો તેનો હક છે. સાધારણ રીતે શક છે એટલુંજ લખવું બસ નથી. તેને સાક્ષીઓ બોલાવવાનું પુછવું જોઈએ અથવા તે સાક્ષીઓને હાજર રાખવામાં મદદ આપવી જોઈએ. તોહોમતદારના જામીન લેવા જોઈએ. જામીન લેવાનું ના પાડવાની કાયદામાં છુટ આપ્યા સીવાય માજીસ્ટ્રેટનો જામીન લેવાનું ના પાડવાનો અધીકાર નથી. કોકુરસીંગની બાબતમાં, ૧ ક. લો. રી. ૧૩૦.

(મી૦ જેકસન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૬ અગસ્ટ સને ૧૮૭૭).

જુઓ નાસી જનાર ગુન્હેગાર ૫.

ખરો કબજો—

જુઓ સાપ્રાધ ધમકી ૩.

„ કબજો.

ખાનગી બચાવ—

૧ ખાનગી બચાવ—જે માણસો પોતાના ઉપર હુમલો થશે એવું ધારીને હુમલો થવાનો પ્રયત્ન કરે તે માણસો ખાનગી બચાવનું બાનું લાવી શકતા નથી. રાણી વિ. નોવાબડી અને બીજાઓ, વિ. રી. તા૦ ૧૧ મી સપટંબર.

મી૦ સ્ટીઅર જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૬૪).

૨ ખાનગી બચાવ—વ્યથા—મહાવ્યથા—વ્યથા અને મહાવ્યથાના ગુન્હાઓમાં પેહે

લો ચઢાઈ કરનાર કોણ હતો એ બાબત ધ્યાનમાં લેવી જોઈએ, અને ગુન્હો ખાનગી બચાવમાં થયો છે કે શી રીતે, એ બાબત પણ ધ્યાનમાં લેવી જોઇએ. રાણી વિ. સોહન અને બીજો, ૨ વી. રી. ૫૯.

(મી૦ કેમ્પબેલ અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી એપ્રીલ ૧૮૬૫).

૩ ખાનગી બચાવ—ખુનથી ઉતરતા દરજ્જાનું શીક્ષણીય મનુષ્યવધ-ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધના કેસમાં પ્રસંગ એવો હતો કે કેદી બળ સામે બળ વાજબી રીતે વાપરી શકે પણ મોત થવાનો સંભવ છે એમ જાણી તેણે ધા કર્યો તેથી પીનલકોડની કલમ ૭૯ ના કલોઝ ૪ ઉપર આધાર રાખતાં ખાનગી બચાવના હકથી તેણે વધારે કર્યું હતું એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ. ફુઆમીઆં ઉરફે ફુઆમહમદ, ૬ વી. રી. ૮૯.

(મી૦ કેમ્પબેલ અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસેંબર ૧૮૬૬).

૪ ખાનગી બચાવ—બંડ-અગાઉથી ધારેલા બંડમાં એકે બાજુ વાળાઓનો ખાનગી બચાવ કરવાનો હક હોઈ શકે નહી. રાણી વિ. જીઓલાલ અને બીજાઓ, ૭ વિ. રી. ૩૪.

(મી૦ ગ્લોવર અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી ૧૮૬૭).

૫ ખાનગી બચાવ-શિક્ષણીય મનુષ્યવધ-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૦૦-કોઈ માણસ ઉપર ભાલાથી હુમલો કરવામાં આવ્યો હોય અને તે માણસ લાતીથી ધા કરે અને તેથી હુમલો કરનાર માણસનું મોત થાય તો તેથી કાયદા પ્રમાણે શરીર અને મીલકતના ખાનગી બચાવથી તેણે વધારે કર્યું એમ ગણાય નહી; પણ મહાવ્યથા થવાની બીક લાગે તો, પીનલકોડની કલમ ૧૦૦ મુજબ શરીરના ખાનગી બચાવના હકથી વધારે કર્યું એમ ગણાય છે. રાણી વિ. મોઈઝુદીન અને બીજાએ, ૧૧ વી. રી. ૪૧.

(મી૦ જેકશન અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી એપ્રીલ ૧૮૬૯).

રાણી વિ. રામલાલસીંગના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ૨૨ વી. રી. ૫૧. જુઓ ખાનગી બચાવ ૯.

૬ ખાનગી બચાવ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૯૯, ૧૦૩—પીનલકોડની કલમ ૧૦૩ મુજબ ખાનગી બચાવના હકની તે કોડની કલમ ૯૯ મુજબ હદ બંધાએલી છે, અને બચાવને માટે જેટલી ઈજા કરવાની જરૂર છે તેના કરતાં વધારે ઈજા થઈ શકે નહી. રાણી વિ. ધનનજાઈ પોલી અને બીજાઓ, ૧૪ વી. રી. ૬૮.

(મી૦ કેમ્પબેલ જડજની રૂબરૂ, તા૦ ૧૪ મી નવંબર સને ૧૮૭૦)

૭ ખાનગી બચાવ-બંદુકનું ખુશીથી ફોડવું—કાંઈપણ ભય અથવા જરૂરીઆત શીવાય પચીસ યાર્ડના છેટેના માણસો સામે બંદુક છોડવી તે ખાનગી બચાવના હક પ્રમાણે વાજબી ગણાતી નથી. રાણી વિ. હુસેનદી અને બીજાઓ, ૧૭ વિ. રી. ૪૬.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૫ મી એપ્રીલ સને ૧૮૭૨).

૮ ખાનગી બચાવ—શરીર અને મીલકત—હુમલાની ધારતી નહી તે—હથીઆર વીનાના માણસો—પીનલકોડની કલમ ૧૦૦ માં બતાવ્યા મુજબ ચઢાઈ થવાની કાંઈ પણ ધાસ્તી ના હોય તેવી બાબતમાં અને જ્યાં અગાડી કેદીઓએ પ્રાણઘાતક હથીઆરો, જેવાં કે ભાલાઓથી એ માણસો જેઓ તેમની જમીન ખેડતા હતા તેમને મારી નાખ્યા હોય તેવી બાબતમાં મીલકત અને શરીરના ખાનગી બચાવનો હક તકરારમાં બતાવી શકાય નહીં. રાણી વિ. ગોરચંદચંગ અને બીજાઓ, ૧૮ વી. રી. ૨૯.

(મી૦ કેમ્પબેલ અને મી૦ ગ્લોવર જડજો ની રૂબરૂ, તા૦ ૧૮ મી જુલાઈ સને ૧૮૭૨).

૯ ખાનગી બચાવ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૧૦૦, ૧૦૩—આ કામની બાબતો ઉપર વિચાર કરતાં કોઈ માણસ, પીનલકોડની કલમ ૧૦૩ ના કલોઝ ૪ અને કલમ ૧૦૦ ના કલોઝ ૨ મુજબ ખાનગી બચાવ કરતી વખતે પેહેલા હુમલો કરનારામાંના કોઈ માણસને મારી નાંખે તો, તેણે ખરી રીતે ખાનગી બચાવનો હક બજાવ્યો છે એમ ગણાય. રાણી વિ. રામલાલસીંગ અ બીજાઓ, ૨૨ વિ. રી. ૫૧.

(મી૦ જેકસન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઈ ૧૮૭૪).

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છેઃ—

રાણી વિ. મીટાસીંગ, ૩ વિ. રી. ૪૧. જુઓ ખુન, ૬.૭.

રાજારામ ચોધરી વિ. સીટુલા બખ મીસર, ૭ વિ. રી. ૧૧૩; દિવાની રૂલીંગ.

રાણી વિ. મોઈઝુદીન, ૧૧ વિ. રી. ૪૧. જુઓ ખાનગી બચાવ, ૫.

રાણી વિ. નોડીઆર ચંદકુન્ડુ, ૧૪ વિ. રી. ૭૦. જુઓ ઈનકમ ટેક્ષ, ૨.

૧૦ ખાનગી બચાવ—બીજા તોહોમતદારની પ્રથમની તપાસ—ખાનગી બચાવનો હક શી રીતે સાબીત કરવો તે—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૧૦૫—બીજી રજુઆત ચલાવતી વખતે સેસન જડજે પેહેલાની રજુઆત ઉપર ટીકા કરવી જોઈએ નહી. ખાનગી બચાવની તકરાર લાવે છે તે માણસોને તે સાબીત કરવાનું છે. તોહોમત રાખેલું કૃત્ય ના પાડી શકાય નહી, પણ ખાનગી બચાવની તકરાર ઉપાય તરીકે છે. જો આવી તકરાર ઉઠાવવામાં આવી હોય તો, આ બી બાબતનો હેવાલ પુરાવામાં આપવો જોઈએ. જમશીઅર સરદાર અને બીજાઓ અપેલેન્ટો, ૧ ક. લો. રી. ૬૨.

(મી૦ એનસ્લી અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ. તા૦ ૨૯ મી જુન અને તા૦ ૨૪ મી જુલાઈ સને ૧૮૭૭.)

૧૧ ખાનગી બચાવ—હંગામો—હુમલો કરનાર ટોળી—જ્યાં અગાડી બંને ટોળીઓ પાસે હથીયાર હોય અને લઢવાને તૈયાર થઇ હોય તો, કાયદેસર ખાનગી બચાવના હક પ્રમાણે ચાલવામાં આવ્યું હતું એવું બતાવ્યા સીવાય, કઈ ટોળીએ પેહેલો હુમલો કર્યો એ બાબતની કાંઈ અગત્ય નથી. કાલી બેપારી અને બીજાઓ અપેલેન્ટો, ૧ ક. લો. રી. ૫૨૧.

(મી૦ જેકશન અને મી૦ કનીંગહામ જડજોની રૂબરૂ. તા૦ ૫ મી માર્ચ સને ૧૮૭૮.)

૧૨ ખાનગી બચાવ—તકરાર—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ, કલમ ૧૦૫—પીનલકોડની કલમ ૧૪૮ મુજબ હંગામો અને કલમ ૩૨૫ મુજબ માહાવ્યથાને માટે કોઈ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવામાં આવેલો, તે કામમાં સેશન જડજને અપીલ થવાથી એમ ઠરાવવામાં આવ્યુ કે પેહેલા હુમલો કરનારાઓ ફરીઆદીઓ હતા અને તોહોમતદાર ફક્ત ખાનગી બચાવના હક તરીકે ચાલેલો છે પણ ખાનગી બચાવનો હક તકરારમાં તેણે નહી બતાવ્યાથી સેસન જડજે એમ ધાર્યું કે શીક્ષા રદ કરવાનો તેને અધીકાર નથી. સેસન જડજના ઠરાવ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને છોડી મુકવો જોઈએ. રાણી વિ. કાલીચરન મુકરજી અને બીજાઓ અરજદારોની બાબતમાં, ૧૧ ક. લો. રી. ૨૩૨.

(મી૦ પ્રીનસેપ અને મી૦ ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી મે સને ૧૮૮૨).

૧૩ ખાનગી બચાવ—મીલકત—પુરાવો ઉડાવી દેવો તે—ય નામનો માણસ, પોતાના ઘરના બાકા અગાડી વ નામનો માણસ આવીને તેના પર હુમલો કરવાથી, તે પોતાની મીલકતનો ખાનગી બચાવ

બ કરતી વખતે અધાસમાં પોતાના હાથમાં લાકડી લેઈ એક ઘા કરે અને તેથી બ નામના માણસનું મોત થાય તો એ કાંઈ ગુન્હો નથી. અ નામના માણસને બ નામના માણસની લાશ ખસેડવામાં ક અને ડ નામના માણસો મદદ કરે તો તેથી તેઓ પીનલકોડની કલમ ૨૦૧ મુજબ પુરાવો ઉડાવી દેવાના ગુન્હેગાર ગણાતા નથી ;કારણ કે ગુન્હો બનેલો છે એવી તેઓને માહીતી નોહોતી તેમજ ગુન્હેગારને સંતાડવાનો તેઓનો ઈરાદો નોહોતો. રાણી વી. પેલકો નશયો અને બીજાઓ ૨ વી. રી. ૪૩.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી માર્ચ સને ૧૮૬૫.)

૧૪ ખાનગી બચાવ—ચોરની સામે મીલકતનો ખાનગી બચાવ કરવાનો હક—તોહોમતદારના ઘરમાં ચોરી કરતો એક ચોર પકડાએલો, તેની સામે મીલકતનો ખાનગી બચાવ કરવાનો કેસ. રાણી વીરૂદ્ધ કરીમબક્ષ. ૩ વી. રી. ૧૨.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી મે સને ૧૮૬૫).

૧૫ ખાનગી બચાવ—જમીનની તકરાર—ખરેખરી રીતે જમીન અ નામના માણસના કબજામાં હોય અને બ નામનો માણસ જુલમથી તે કબજો લેવાનો યત્ન કરે તો તે કાયદા વિરૂદ્ધ કૃત્ય છે, અને અ નામના માણસનો સામા થવાનો હક છે. જો બ નામનો માણસ બળ વાપરે તો, બળ સામે બળ કરવાનો અને બ નામના માણસને પાછો હઠાવવાને જેટલી ઈજા કરવાની જરૂર છે તેટલી ઈજા કરવાનો અ નામના માણસનો હક છે. રાણી વિ. સાચી ઉરફે સાચી બોલર, ૭ વિ.રી. ૭૬.

(મી૦ માર્કબાય અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી મે સને ૧૮૬૭)

રાણી વિ૦ ગુરૂચરન ચંગના કામમાં આધાર લેવામાં આવ્યો, ૬ બેં. લો. રી. અપે. ૯. જુઓ ખાનગી બચાવ ૨૧.

૧૬ ખાનગી બચાવ—મીલકત—શિક્ષણીય મનુષ્ય વધ અને ખુન—ઘરપ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૧૦૫ કલોઝ ૫—કોઇ કેસમાં તોહોમતદાર ચોરની પાછળ પડીને, ઘરપ્રવેશ બંધ થયા પછી, તેને મારી નાંખે તો તેવો કેસ પીનલકોડની કલમ ૩૦૦ ના બીજા અપવાદમાં આવી જતો નથી એમ ઠરાવવામાં આવ્યું; મીલકતનો ખાનગી બચાવ કરવાનો હક ફક્ત પીનલકોડની કલમ ૧૦૫ ના કલોઝ ૫ મુજબ જ્યાં સુધી ઘરપ્રવેશ કાયમ છે ત્યાં સુધી છે. રાણી વિ. બલાકી જોલાહદ, ૧૦ વિ. રી. ૯; ૧ બેં. લો. રી. ૮.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૩ જુલાઈ સને ૧૮૬૮).

૧૭ ખાનગી બચાવ—મીલકત—ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્ય વધ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૯૭, ૧૦૪ અને કલમ ૯૯ નો અપવાદ ૪ થો—તોહોમતદાર જેની મીલકતની વારંવાર ચોરી થતી હતી તે લાતી લેઈને મીલકતની ચોકી કરવાને ગયો, અને લાતીથી ચોરને મારયો, જે તેના ઘાથી મરી ગયો, એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારે કરેલી ઇજા અને પછીની વર્તણૂંક ઉપર સંબંધ રાખતાં આ કેસ પીનલકોડની કલમ ૯૯ ના ચોથા અપવાદમાં આવી જતો નથી, અને કેદી ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્ય વધના ગુન્હાને માટે ગુન્હેગાર નથી, પણ તેને પીનલકોડની કલમો ૯૭ અને ૧૦૪ નો લાભ મળે છે, અને મીલકતનો ખાનગી બચાવ કરવાનો હક તેણે કાયદા વિરૂદ્ધ બજાવ્યો નથી. રાણી વિ. મોકી, ૧૨ વિ. રી. ૧૫.

(મી૦ નોરમન અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જુન સને ૧૮૬૭)

૧૮ ખાનગી બચાવ—મીલકત—નુકશાન—કાયદા વિરૂદ્ધ મંડળી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૧૦૫ ક્લોઝ ૪—ब નામના માણસના નોકરોએ अ નામના માણસના કબજાની જમીન ઉપર પ્રવેશ કરી નુકશાન કર્યું, અને તેથી अ ના નોકરો એ કઠા થઇ સામા થયા, તે ઉપરથી પીનલકોડની કલમ ૧૦૫ ના કલોઝ ૪ મુજબ મીલકતનો ખાનગી બચાવ કરવાનો હક પુરો થયો છે એમ ધારી, માજીસ્ટ્રેટે अ ના નોકરો ઉપર ગેરકાયદેસર મંડળીનું તોહોમત રાખી સજા કરી, તે સજામાં દરમીઆન થવાને હાઈકોર્ટે ના પાડી, કારણ કે .માજીસ્ટ્રેટનો હુકમ કાયદેસર હતો. રાણી વિરૂદ્ધ રાજ ક્રીસ્તોદાસ અને બીજાઓ, ૧૫ વી. રી. ૪૩.

(મી૦ કેમ્પબેલ અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ. તા૦ ૩ અગષ્ટ સને ૧૮૬૯.)

૧૯ ખાનગી બચાવ—મીલકત-સાપ્રાધ પ્રવેસ-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૯૭, ૧૦૪, ૧૦૫—अ નામના માણસે ब નામના માણસની જમીન ઉપર પ્રવેશ કર્યો અને ब નામના માણસોએ તેને પકડી બીજા દહાડા સુધી કેદમાં રાખ્યો, પછીથી ब નામના માણસે પોલીસને ખબર આપી, એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમો ૯૭, ૧૦૪ અને ૧૦૫ મુજબ ब અને તેના નોકરોનો, મીલકતના ખાનગી બચાવને માટે કેદ કરવાનો હક હતો એમ ધારી શકાય નહી. શુરૂપુદીન વિ કાસીનાથ, ૧૩ વિ. રી ૬૪.

મી૦ લોક અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી એપ્રીલ સને ૧૮૭૦).

૨૦. ખાનગી બચાવ—મીલકત—હંગામો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૧૪૮—કોઈ જમીનના કબજા સબંધી તકરાર ઉઠવાથી સેસન જડજે અપીલમાં એમ ઠરાવ કરયો કે કેટલાક માણસોએ કાયદા વિરૂદ્ધ તે જમીન ઉપર પ્રવેશ કરેલો તેમને બળ વાપરી કાઢી મુકવાનો તોહોમતદારનો હક હતો, તો પણ તોહોમતદારે પોતાની મીલકતનો ખાનગી બચાવ કરવામાં કાયદાથી વધારે હક બજાવ્યો એમ ઠરાવી તેમને પીનલકોડની કલમ ૧૪૮ મુજબ હંગામો કર્યાના ગુન્હેગાર ઠરાવ્યા. સેસન જડજના હુકમ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે સીક્ષા થઈ શકે નહીં કારણકે ગુન્હેગાર ઠરાવેલા માણસો આ કેસમાં ગેરકાયદેસર મંડળીના માણસો નોહોતા. કાલીમંડલે અને બીજાઓની બાબતમાં ૧૦ કં૦ લો. રી. ૨૭૮.

(મી૦ મીતર અને મી૦ મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ફેબરવારી સને ૧૮૮૨).

૨૧ ખાનગી બચાવ—મીલકત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૧૦૩—૭ વી. રી. ૧૧૩ ના કેસ ઉપર આધાર રાખીને અને આ કેસની બાબતો ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે, તોહોમતદાર જેમના કબજામાં સ્વસ્થ રીતે જમીન હતી, તેમના ઉપર ચઢાઈ થવાથી મીલકતના ખાનગી બચાવનો હક તેમને પીનલકોડની કલમ ૧૦૩ માં બતાવ્યા કરતાં વધારે બજાવ્યો નથી. રાણી વીરૂદ્ધ ગુરૂચરનચંગ અને બીજાઓ અપેલેન્ટો, ૧૪ વી. રી. ૬૯; ૬ બેં૦ લો૦ રી૦ અપે. ૯.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી નવંબર સને ૧૮૭૦).

રાણી વીરૂદ્ધ સાચી ઉર્ફે સાચીઓલરના કામમાં આધાર રાખવામાં આવે છે, ૭ વી. રી. ૭૬. જુઓ ખાનગી બચાવ ૧૫.

૨૨ ખાનગી બચાવ—મીલકત—સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૯૯, ૧૦૪—જે ગુન્હામાં મીલકતનો ખાનગી બચાવ કરવાની જરૂર પડે તે ગુન્હો સાપ્રાધ પ્રવેશનો હોય તો, પીનલકોડની કલમ ૧૦૪ મુજબ બચાવ કરવાનો હક કલમ ૯૯ માં બતાવેલી હદ મુજબ ફક્ત મોત શિવાય ગુન્હેગારને બુદ્ધિપુર્વક કાંઈ બીજી ઈ

જા કરવાનો છે. રાણી વીરૂદ્ધ ગોબરધનપારી અને બીજો, અપેલેન્ટ. ૧૪ વી. રી. ૭૪.

(મી૦ બેલી અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી નવંબર સને ૧૮૭૦).

જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૧.
„ કાઢી નાખવું ફરીઆદનું ૧૮.
„ ખુન ૨૧, ૨૬, ૬૭, ૬૮, ૭૬.
„ તપાસણી ૧૯.

ખાનગી બચાવ શરીરનો—

જુઓ સરકારી નોકર ઉપરનો હુમલો ૩.
„ જવાબ ગુન્હો કર્યાનો ૪.

ખાનગી બચાવ મીલકતનો—

જુઓ બખેડો ૧.
„ કબજો ૩૫.

ખાનગી માણસ—

જુઓ ભુલ ખબર આપવામાં.

ખાનગી લોકોપકારક કૃત્ય—

જુઓ લોકોપકારક કૃત્ય ૫૦.

ખાનગી ગુન્હો—

જુઓ જ્યુરી ૬૦.

ખાનગી પટો—

જુઓ લોકોપકારક કૃત્ય ૭૯.

ખાનગી ફરીઆદો—

૧ ખાનગી ફરીઆદી—વકીલ—ફોજદારી કેસોમાં વકીલ ફકત તોહોમતદારની તરફથી ઉભો રહે એટલુંજ નહીં પણ ખાનગી કામ ચલાવનારની તરફથી પણ ઉભો રહી શકે છે. ચંદનચરન ચતરજી વીરૂદ્ધ સુંદરકુમાર ઘોસ અને બીજા ૧૪ વી. રી. ૨૩; ૫ બેં. લો. રી. અપે. ૭૦.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જુલાઈ સને ૧૮૭૦).

૨ ખાનગી કામ ચલાવનાર—હાઈ કોર્ટ—સેસન કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૪૧૯, ૪૩૫—અપીલ તરીકે ના આવ્યો હોય તેવા કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૯ મુજબ ખાનગી કામ ચલાવનાર સેસન કોર્ટને અરજ કરી શકે નહી, પણ જે કેસોમાં સેસન કોર્ટ દરમીઆન થઈ શકે તેવા કેસોમાં તે કોડની કલમ ૪૩૫ મુજબ અરજ કરી શકે છે. જે કેસોમાં ખાનગી કામ ચલાવનાર સેસન કોર્ટમાં તકરાર કરી શકે નહી તેવા કેસોમાં તકરાર કરવાનો હાઈ કોર્ટમાં તેનો હક નથી. સદરૂદીન સરકાર વીરૂદ્ધ રામજોય મોજુમદાર, ૧૪ વી. રી. ૫૧; ૬ બેં૦ લો૦ રી૦ અપે. ૪૬.

(મી૦ લોચ અને મી૦ હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૭૦).

ચંદરચરન ચતરજી વીરૂદ્ધ ચંદરકુમાર ઘોસના કામમાં નજર રાખવામાં આવે છે. ૫ બેં૦ લો૦ રી૦ અપે. ૭૦. જુઓ ખાનગી ફરીઆદી ૧.

જુઓ છુટકો ૭.
„ તપાસણી ૨૨.
„ ફરીઆદ કરવાની પરવાનગી ૬૧.

ખાનગી વકીલો—

ખાનગી વકીલો—વિચાર—ફોજદારી કોર્ટોમાં પક્ષકારોની તકરાર સાંભળવાને ખાનગી વકીલોને દાખલ કરવાનો રીવાજ કાયદા વિરૂદ્ધ નથી. આવા એજન્ટો મારફત તકરાર સાંભળવી એ માજીસ્રેટની મરજી ઉપર છે. પ્રો. તા૦ ૧૫ મી નવંબર ૧૮૭૪; ૭ મ હા. કો. રી. અપે. ૩૭.

ખાનગી મકાનોમાં ગાયન—

ખાનગી મકાનોમાં ગાયન—સને ૧૮૭૭ નો આકટ ૮ મો મુંબાઈનો કલમ ૨૭—પોલીસની મનાઈ—સને ૧૮૭૭ ના આકટ ૮ ની કલમ ૨૭ મુજબ ખાનગી મકાનોમાં ગાયન કરવાની મના કરવાનો અધીકાર પોલીસને નથી. રાણી વીરૂદ્ધ લખમાચંગો, ૯ મું. હા. કો. રી. ૧૫૩.

(મી૦ ગીબ્સ અને મી૦ મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જાનેવારી સને ૧૮૭૨).

ખાનગી બજાર—

મદ્રાસ મ્યુનીસીપાલીટીનો આકટ સને ૧૮૮૪ નો ૪ થો કલમો, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૮—કસાઇના પરવાનાઓ—ખાનગી બજારનો અર્થ—મદ્રાસની ડીસ્ટ્રીકટ મ્યુનીસીપાલીટીના આકટ મુજબ, મ્યુનીસીપાલ કાંઉન્સીલે મુકરર કરેલા બજાર શીવાય બીજી જગ્યાએ કસાઈની દુકાનો રાખવાના પરવાના આપવાને કેટલાક માણસોને ના પાડી. એમ ઠરાવવામાં આવ્યુ કે કસાઇની દુકાનો તે આકટના અર્થ મુજબ "ખાનગી બજાર" માં આવી જતી નથી અને તેથીકરીને મ્યુનીસીપાલ કાંઉન્સીલને પરવાનો નહી આપવાનો હુકમ કરવાનો અધીકાર નથી. રાણી વીરૂદ્ધ બાઓદરભાઈ અને બીજાઓ, ૧૦ મ. ઈ. લો. રી. ૨૧૬.

(મી૦ સર. આરથર કોલીન્સ નાઈટ ચીફ જસ્ટીસ અને મી૦ જસ્ટીસ પારકર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી અને તા૦ ૨૨ મી માર્ચ સને ૧૮૮૭).

ખીજવણી—

ખીજવણી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૩૦૦—ગુન્હેગારના મનની સ્થીતી વીષેનો પુરાવ દાખલ કરવો તે—પીનલકોડની કલમ ૩૦૦ માં બતાવેલી ચીડ એવી જાતની હોવી જોઈએ કે, જે ચીડ ગુન્હો કરનાર માણસ પોતે દાબમાં રાખી શકે નહી. તે ચીડ એવી હતી કે નહી તે બાબતનો નીશ્ચય કરવામાં ચીડ વખતે ગુન્હો કરનાર માણસના મનની સ્થીતી કેવી હતી એ બાબત પુરાવામાં લેઈ શકાય છે. રાણી વીરૂદ્ધ ખોગા ઈ, ઈ૦ લો૦ રી૦ ૨ મ. ૧૨૨.

(મી૦ ઈન્સ અને મી૦ મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જાનેવારી સને ૧૮૭૯).

જુઓ વ્યથા ૧, ૪, ૫, ૭.
,, જ્યુરી ૩૯.
,, ખુન ૭, ૧૫, ૨૧, ૩૨, ૩૮, ૬૧, ૭૨, ૭૫, ૮૪, ૯૨, ૯૩, ૯૬, ૧૦૬, ૧૦૮, ૧૦૯.
,, જવાબ ગુન્હો કર્યાનો ૬.

ખુન—

૧ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન—ઈરાદો—મોત કરવાનો ઈરાદો જોઈએ તેવી રીતે નહી સાબીત થવાથી, મોતની સજા ફેરવીને જીંદગી પર્યંત દેશ નીકાલની સજા કરવામાં આવી હતી. રાણી વીરૂદ્ધ સોભા સેખ ગોરમન, વિ. રી. ૨ સપટંબર.

(મી૦ લોચ અને મી૦ સ્ટીઅર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જાનેવારી સને ૧૮૬૪).

૨ ખુન—શીક્ષણીય મનુષ્ય વધથી ખુન—છાકટાપણું—છાકટા થઈને ખુન કરેલા કેસમાં એમ ઠરાવવામાં આવ્યુ કે ખુશીથી પીધુ હોય તો તેથી કાંઈ ગુન્હો ઓછો થતો નથી, પણ ઈરાદો સાબીત કરવાના સવાલમાં તે ધ્યાનમાં લેઈ શકાય છે. રાણી વીરૂદ્ધ રામ સાહેબ ભર અને બીજાઓ. વિ. રી. તા૦ ૨૪ મી સપટંબર.

(મી૦ સ્ટીઅર અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા. ૨૯ મી એપ્રીલ સને ૧૮૬૪),

૩ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૮૦—સજા-ઓછી કરવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૮૦ મુજબ ખુનને માટે ગુન્હેગાર થયેલા કેદીને જીંદગી પર્યંત દેશનીકાલ સીવાય બીજી સીક્ષા કરવાનો સેશન જડજનો અધીકાર નથી, એટલુંજ નહી પણ મુખ્ય શીક્ષા કરવાને બદલે જીંદગી પર્યંત દેશનિકાલની સજા કર્યાનું કારણ બતાવવું જોઈએ. આવા કેસમાં કાયદા મુજબ સજા કરવી જોઇએ તેના કરતાં ઓછી સજા કરવાની બાબ તો માલમ પડે તો, જડજે આવી બાબતોનું લખાણ કરીને સરકારનો વિચાર પુછવો જોઇએ, અને સરકાર કલમ ૫૪ મુજબ યોગ્ય લાગે તેવો હુકમ કરી શકે છે. રાણી વિ. ડાબી અને બીજાઓ. વિ. રી. તા૦ ૨૭ મી સપટંબર.

(મી૰ લોચ અને મી૰ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૨ મે સને ૧૮૬૪).

૪ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી મહાવ્યથાનો ગુન્હો બનેલો તે—મહાવ્યથાના ગુન્હામાંથી કોઈ માણસ ઉપર ખુનનું તોહોમત મુકવાને માટે, વાપરેલા બળમાંથી મોત સપષ્ટ રીતે થાય તેવું હતું એ બાબતની કાંઇ જરૂર નથી. રાણી વિ. મહમદહુસેન, વિ. રી. તા૰ ૩૧ સપટંબર.

(મી૰ સેટનકાર અને મી૰ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૧૨ મી મે સને ૧૮૬૪).

૫ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી મોત થાય તે—કોઇ પણ કામમાં ફાયદો લીધો ત્યાં સુધી વાજબી હોય એવી કોઈ અકસ્માત બાબતનો ફાયદો લેઈને કેદીએ પોતાના સામાવાળીઆને મારીને પાડી નાખ્યો હોય તો, તેને માટે ખુનનો ગુન્હેગાર ઠરાવવો એ ગેરકાયદેસર છે. રાણી વિ૰ કેવળદોસદ, વિ. રી. સપટંબર.

(મી૰ સેટનકાર અને મી૰ કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૰ ૧૯મી જુન સને ૧૮૬૪).

૬ ખુન—ઝેરથી શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—પોલીસ અને માજીસ્ત્રેટે કરેલી તપાસ—એક માણસ અને એક કુતરો બંને એકજ જાતનો ખોરાક ખાધા પછી થોડા વખતે મરણ પામ્યા, પણ તેમના શરીરમાં ઝેરનો કાંઈ ભાગ માલમ પડગો નહી તેમજ તોહોમતદારના કબજામાંથી પણ ઝેર માલમ પડયું નહી. આવા કેસોમાં પોલીસ અને માજીસ્ત્રેટની તપાસ કરવાની રીત વાસ્તવિક રીતે લખી લેવામાં આવી. ચતુરમાર અપેલન્ટ ૧ વિ. રી. ૩.

(મી૰ કેમ્પબેલ અને મી૰ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૯ અગસ્ટ સને ૧૮૬૪).

૭ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—દેહાન્ત સિક્ષા—ચિડ—કેદીની સ્ત્રી સાથે કારસ્તાન કરેલું, તે વખતે ચઢેલી ખીજથી મોત કરેલું, તે કામમાં મુખ્ય સીક્ષા ઓછી કરવામાં આવી. રાણી વિ. મેકઇ ઉર્ફે શેકઅનસર, ૧ વિ. રી. ૪૬.

(મી૰ કેમ્પ અને મી૰ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૧૯ ડીસંબર સને ૧૮૬૪).

૮ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—દેહાન્ત શિક્ષા—શિક્ષા બદલવી તે—તોહોમતદારને ખુનનો ગુન્હગાર ઠરાવવાને જોઈએ તેવો પુરાવો હતો તોપણ તે ખરેખરો સામેલ થયો એ બાબતના પુરાવામાં શક પડવાથી, દેહાન્ત શિક્ષા માફ કરીને જીંદગી પર્યંત દેશનિકાલની સજા કરવાનું ઠીક લાગ્યું. રાણી વિ. બાબુ લાલજાહ, ૧ વિ.રી. ૪૮.

(મી૰ કેમ્પ અને મી૰ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰૨૬ ડીસંબર સને ૧૮૬૪).

૯ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—મુખ્ય ગુન્હેગારો અને મદદગારો—જો ખુન કરવામાં બંને માણસો બરોબર રીતે સામેલ હોય, અને તેમાંના એક માણસે ખરેખરી રીતે ખુન કર્યું હોય તો પણ તે બંને માણસો પહેલા વર્ગના મુખ્ય ગુન્હેગારો ગણાય છે. જો એક માણસ ગુન્હો કરતી વખતે પાસે ઉભો રહ્યો હોય તો તે મદદગાર ગણી શકાય છે. રાણી વિ. જાનમહમદ અને બીજો, ૧ વિ. રી. ૪૯.

(મી૰ કેમ્પ અને મી૰ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૨૬ ડીસંબર).

રાણી વિ. ગોરાચંદ ગોપના કામમાં નજર રાખવામાં આવી હતી. બેં. લો. રી. વો. ૪૪૩. જુઓ ખુન ૧૯."

૧૦ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—પુરાવો—માફીને માટે સરકારનો અભિપ્રાય પુછેલો.તે—ખુનના કામમાં જોઇએ તેટલો પુરાવો છે અને કેદીની માફીને માટે સરકારમાં અરજ કરવાની જરૂરછે એ બંને બાબતો વિષેની તકરાર, રાણી વિ. ગોબીંદ બાગદી. ૩ વિ. રી. ૧.

(મી૰ જેકશન અને મી૰ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૨૪ એપ્રિલ સને ૧૮૬૫).

૧૧ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—ખુન થયા પછી અને પહેલાં કે

દીની વર્તણુક વિષેના પુરાવાની સાથે, તેની કબુલાત ઉપરથી કામમાં ખુનને માટે સીક્ષા થયેલી તે, રાણી વિ૦ પીતર રામથાપા, ૩ વિ. રી. ૧૧.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મે સને ૧૮૬૫).

૧૨ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—સખત માર માર્યા પછી અ નામના માણસે બ નામના માણસને કેટલીક લાતો મારી હોય અને તે બેશુદ્ધ થઈ જાય તો અ નામનો માણસ ખુનનો ગુન્હેગાર છે; કારણ કે અ નામના માણસને ખબર હતી કે તે વખતે લાતો મારવાથી બ નામના માણસનું મોત થવાનો સંભવછે. રાણી વિ. નીલમાધબ સીરકાર અને બીજાઓ. ૩ વિ. રી. ૨૨.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨ જુન સને ૧૮૬૫.)

૧૩ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—શિક્ષા—કેદીની કબુલાત—મદદુ નહી જડી આવેલું તે—કેદીએ ખુન કરવાની બાબતની રીત વાસ્તવીક રીતે કબુલ કરે તો શીક્ષા કરવામાં મદદુ જડી આવવાની બાબત ઘણી જરૂરની નથી. રાણી વીરૂદ્ધ પેટાગાઝી અને બીજાઓ, ૪ વિ. રી. ૧૯.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી અક્ટોબર સને ૧૮૬૫).

૧૪ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—ગેરકાયદેસર મંડળી—ઘણા મતથી એમ ઠરાવવામાં આવ્યું કે ગેરકાયદેસર મંડળીના બે માણસો મોત થવાનો સંભવ છે એમ જાણી બીજા માણસને જાણીબુઝી છાતી અને પેટમાં ભાલો મારે, અને મોત કરવાનો ઇરાદો હતો એવું કામમાં સાબીત ના થાય તોપણ તે મંડળીના સઘળા માણસો ખુનને માટે ગુન્હેગાર છે, રાણી વીરૂદ્ધ નઝુફકીર અને બીજાઓ, ૪ વિ. રી. ૨૯.

(મેસર્સ કેમ્પ, સેટનકાર અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી નવંબર સને ૧૮૬૫).

૧૫ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—જો ચાર માણસો વારા ફરતી કોઈ માણસને મારે અને તે મારથી મોત થયું હોય તો ઘણા મતથી એમ ઠરાવવામાં આવ્યું કે આવા કૃત્યોથી મોત થવાનો સંભવ છે એવી પેહેલેથી તેમને ખબર હોવી જોઈએ, અને વળી આવાં કૃત્યો એકાએક ભારે ગુસ્સામાં અથવા લઢાઈમાં થયેલા નથી તેથી તેઓએ કરેલો ગુન્હો ખુન છે; અને મોત કરવાનો ઈરાદો નથી એ બાબત ઉપરથી ખુનનો ગુન્હો ફેરવી શીક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થઈ શકતો નથી. રાણી વીરૂદ્ધ પુરૂ અને બીજો, ૪ વી. રી. ૩૩.

(મેસર્સ કેમ્પ, સેટનકાર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ ડીસેંબર સને ૧૮૬૫).

૧૬ ખુન—શિક્ષણીય મનષ્યંવધથી ખુન થયેલું તે—ઘણા મતે (મી૦ કેમ્પબેલ જડજ વીરૂદ્ધ પડીને) એવો ઠરાવ કર્યો કે, કોઈ માણસ ઊંઘમાં હોય તે વખતે તેના માથાની ખોપરી બીજો માણસ લાકડી મારી ભાગી નાખે તો મોત થવાના સંભવની લાકડી મારનાર માણસને ખબર હતી એમ ધારવું જોઈએ. અને પીનલ કોડની કલમ ૩૦૦ નો એકે અપવાદ લાગુ ના પડતો હોય તો તે ગુન્હો ખુન ગણાયછે. રાણી વીરૂદ્ધ સેખચુલઈ, ૪ વી. રી. ૩૫.

(મેસર્સ કેમ્પ, જેકશન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી ડીસેંબર સને ૧૮૬૫).

૧૭ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થયેલું તે—ખુનને માટે છોડી મુકવાની પદ્ધતિ—ગેરકાયદેસર છોડી મુક્યો હોય તે તપાસવાની હાઈ કોર્ટની સત્તા અને સજાનું વધારવું—કોઈ કેદી ઉપર ખુનનું તોહોમત મુક્યું હોય તો જડજે શિક્ષણીય મનુષ્ય વધને માટે ગુન્હેગાર ઠરાવવાને બદલે સ્પષ્ટ રીતે ખુનના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવવો જોઈએ. જડજે તોહોમતદારને ખુનને માટે નિર્દોષ ઠરાવી છોડી મુક્યા હોય તો હાઈ કોર્ટ અપીલ કોર્ટ

તરીકે અથવા તપાસનારી કોર્ટ તરીકે કેદીએ પીનલકોડની કલમ ૩૦૦ ના ૪ થા કલોઝમાં બતાવેલી માહીતીથી મોત કર્યું છે એવું ઠરાવી શકે નહીં; અથવા કેદીને મોતના ગુન્હાને માટે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં જડજે ઘણી કસુર કરી છે અથવા શીક્ષા ઘણી ઓછી ગેરવાજબી કરી છે એવું હાઈ કોર્ટને માલમ પડે તો પણ ભુલ સુધારી શીક્ષા વધારી શકાય નહીં. રાણી વિરૂદ્ધ ટેયબસેખ, ૫ વિ.રી. ૨; ૧ ઈ. જ્યુરીસ્ટ વા. દી. પ્રાં. ૫૮, ૮૭.)

(મેસર્સ પીકોક મુખ્ય જડજ, કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જાનેવારી સને ૧૮૬૬).

નિચેના કેસોમાં આધાર લેવામાં આવ્યા હતાઃ—

ગોરમોહન ઘોસ વિ. મોહેન્દ્રનાથ ચતરજી, ૧૩ વિ. રી. ૭૮. જુઓ ભુલ ૩.

રાણી વિ. મોહેન્દ્રનાથ ચતરજી, ૫ એં. લો. રી. અપે. ૩૯. જુઓ ભુલ ૩.

રાણી વિ. શેખ બાઝુ, એં. લો. રી. વો. ૭૫૦ ના કામમાં નજર રાખવામાં આવી હતી. જુઓ એકઠાં તોહોમતો.

રાણી વિ. ગોરાચંદર ઘોસના કામમાં મંજુર રાખવામાં આવ્યો હતો. ૩ એં. લો. રી. ફુ. એં. ૧; ૧૧ વિ. રી. ૨૯. જુઓ જ્યુરી ૪૬.

૧૮ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થએલુ તે—દેહાંત શિક્ષા—કોઈ કામમાં મોત કરવાનો ઈરાદો ના હોય પણ પ્રાણઘાતક હથીઆરથી અવિચારીપણે હુમલો થયો હોય જેથી શરીરને ઈજા થઈ સાધારણ રીતે મોત થવાનો સંભવ થયો હોય તો, તેવા કેસમાં દેહાંત શિક્ષા કરવી જોઇએ નહી. રાણી વિ. ખોઆઝસેખ, ૫ વિ. રી. ૨૦.

(મી૦ કેમ્પબેલ અને મી૦ મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જાનેવારી સને ૧૮૬૬).

૧૯ ખુન—શીક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—ખુન અને શીક્ષણીય મનુષ્યવધ વચે ફેર—અપીલ અને ફરીથી તપાસમાં લેવામાં ફેર—ફરીથી તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટની સત્તા—મદદગારી—ખુન અને શીક્ષણીય મનુષ્યવધની વચે કેટલોક અગત્યનો ફરફાર બતાવવામાં આવ્યો. હાઈ કોર્ટ તપાસનારી કોર્ટ તરીકે જે કેસ લેવાનું વાજબી ધારે તે કેસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૦૭ અને ૪૧૯ લાગુ પડતી નથી. અપીલ અને ફરીથી તપાસમાં લેવાની વચે તફાવત સમજાવવામાં આવ્યો. હાઈ કોર્ટ તપાસનારી કોર્ટ તરીકે નિર્દોષ ઠરાવી છોડી મુકયો હોય અને સીક્ષા કરી હોય, તેવા ઠરાવની દરમીઆન થઈ શકે છે, અને વળી શીક્ષા વધારી શકેછે. અપીલ કોર્ટ તરીકે કામ ચલાવ્યા પછી અપીલમાં સુધારી શકાય નહી તેવી કાયદાની ભુલ સુધારવાને માટે હાઈ કોર્ટ તપાસનારી કોર્ટ તરીકે કામ ચલાવી શકે છે. હાઈ કોર્ટ જ્યુરીનો ઠરાવ તપાસનારી કોર્ટ તરીકે ફેરવી શકે નહી. કેટલાક માણસો મળી કોઈ માણસને પકડવાને જાય અને તેને ચોરીના ગુન્હાને માટે થાણે લેઈ જતાં બીજા માણસોની રૂબરૂ કેટલાક માણસો તેના ઉપર હુમલો કરે, અથવા તેની બરદાસ બરોબર ના કરે તો તેથી, સઘળા હાજર રહેલા માણસોએ તે કૃત્યમાં મદદ કરી અથવા મુખ્ય ગુન્હેગાર તરીકે જવાબદાર થયા એવું ગણાય નહી. રાણી વીરૂદ્ધ ગોરાચંદ ગોપ અને બીજાઓ, ૫ વિ. રી. ૪૫; એ. લો. રી. વો. ૪૪૩; ૧ ઈ. જ્યુરીષ્ટ વા. દી. પ્રાં. ૧૭૭.

(મી૦ મેસર્સ પીકોક મુખ્ય જડજ, ટ્રેવેર અને નોરમન જડજોની રૂબરૂ, તા૦ ૩ જી માર્ચ સને ૧૮૬૬).

રાણી વીરૂદ્ધ મીઆંજી અહમદના કામમાં તફાવત બતાવવામાં આવ્યો, ઈ. લો. રી ૩ મું. ૧૫૦. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું ૧૯.

મેસર્સ વોટસન અને કો વિરૂદ્ધ બાયકતનાથદાસના કામમાં અર્થ સમજાવવામાં આવ્યો હતો, ૧૫ વિ. રી. ૮૩. જુઓ સજા ૪૧.

નીચેના કેસોમાં આધાર લેવામાં આવ્યોઃ—

દુખયારાય વિરૂદ્ધ દુપસીકુઅર, ૧૫ વિ. રી. ૨૩. જુઓ પુરાવો ૮૧.

રાણી વિરૂધ્ધ ગોરાચંદ ગોપ, બેં. લો. રી. વો. ૪૪૩; ૫ વિ. રી. ૪૫. જુઓ ખુન ૧૯. ૪ મ. હા. કો. રી. અપે. ૭૦. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું ૫.

હારડીઓની બાબતમાં, ઈ. લો. રી. ૧ અ. ૧૩૯. જુઓ તપાસણી ૧૬.

નીચેના કેસોમાં નજર રાખવામાં આવી હતીઃ—

રાણી વિરૂધ્ધ ચંદ્રકંત ચકરબત્તી, ૧૦ વિ. રી. ૧૪; ૧ બેં. લો. રી. ક્રી. અ. ૮. જુઓ જ્યુરી ૪૦.

ડોકટર જે. એ. ગ્રીન વિરૂધ્ધ જે. પી. ડીલાની, ૧૪ વિ. રી. ૨૭. જુઓ આબરૂ લેવી ૯.

બંગાળા સરકાર વીરૂધ્ધ હીરાલાલદાસ, ૧૭ વિ૦ રી૦ ૩૯. જુઓ રેજીસ્ટ્રેશન ૪.

રાણી વીરૂધ્ધ ગોસ્ટોલાલ દત્ત. ૭ બેં૦ લો૦ રી૦ અપે. ૬૨; ૧૫ વિ. રી. ૬૮. જુઓ તપાસ તોહોમતદારની ૭.

રાણી વિરૂધ્ધ શીફૃઇયતઅલીના કામમાં બાહાલ રાખવામાં આવ્યો, ૨ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૧૨. જુઓ જુડો લેખ ૨૫.

રાણી વીરૂધ્ધ ગોરાચંદર ઘોસના કામમાં બાહાલ રાખવામાં આવ્યો, ૩ બેં૦ લો૦ રી૦ ૬૦ બેં૦ ૧; ૧૧ વી. રી. ૨૯. જુઓ જ્યુરી ૪૬.

૨૦ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થએલું તે—કેફ—કેફ કરેલા નબળા માણસને અથવા કોઈ બીજા માણસને ગુંગળાવીને મારી નાખવાને માટે કેફ એ બાનું નથી. આસેસરોએ ખરેખર કારણ અથવા સારા પુરાવા સીવાય, કેસ પીનલકોડની કલમ ૩૦૦ના ૪ થા અપવાદમાં લાવવાથી સેસન જડજે તેમનો ઠરાવ રદ કર્યો એ વાજબી હતું, એમ ઠરાવવામાં આવ્યું હતું. અને કેદીને ખુનનો ગુન્હેગાર ઠરાવ્યો. રાણી વિ. અકલપટી ગોસાઈ, ૫ વી. રી. ૫૮.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી માર્ચ સને ૧૮૬૬.)

૨૧ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થયેલું તે—ખાનગી બચાવનો હક—ઘણા મતે (મી૦ કેમ્પબેલ જડજ બિરૂદ્ધ પડીને, કોર્ટે એવો ઠરાવ કર્યો કે કોઈ માણસ ચોરી કરવાના ઈરાદાથી રાત્રે ઘર ફાડતો હોય તે વખતે તેને બીજો માણસ જાણીબુઝી મારી નાખે તો તે કૃત્ય એકાએક ભારે ગુસ્સામાં અથવા શરીર અને મિલકતના ખાનગી બચાવના હકમાં કર્યું, એમ ધારી શકાય નહી પણ તેથી ખુન બન્યું એમ ગણાય છે. રાણી વિ. દરવાનગીઅર, ૫ વિ. રી. ૭૩; ૧ ઈ. જ્યુરીસ્ટ ૨૫૩.

(મેસર્સ જેકશન, કેમ્પબેલ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૭ મી એપ્રીલ સને ૧૮૬૬.)

૨૨ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થયેલું તે—ગુન્હામાં સોબતીનો પુરાવો—મજબુતી—ખોટું સમજાવવું તે—કેદી સબધી ગુન્હાના સોબતીએ આપેલા પૂરાવાને બીજી રીતે ખરેખરી મજબુતી મળે છે કે નહીં એ બાબત જ્યુરીએ ધ્યાનમાં લેવાની છે એવી જડજે સુચના આપેલી તે બરોબર નથી, એમ ખુનના કેસમાં ઠરાવવામાં આવ્યું. ગુન્હાના સોબતીની વાત સાચી માનવાને કેટલીક બાબતો પુરાવામાંથી માલમ પડવી જોઇએ એટલુંજ બસ નથી, પણ કેદીઓ ખુન થવાની વાત જાણતા હતા અથવા તે વખતે હાજર હતા એ બાબતની સાબીતીનો પુરાવો બતાવવાને માટે જડજે ગુન્હાના સોબીતીએ બતાવેલી સઘળી વાસ્તવીક રીતની હકીકત તપાસવી જોઈએ. રાણી વીરૂદ્ધ કારૂ અને બીજો, ૬ વિ. રી. ૪૪.

(મી૦ નોરમન અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઇ સને ૧૮૬૬).

૨૩ ખુન શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થયેલું તે—સજા—વધારે ખરાબ ગુસ્સાની અસર કરતાં ઈજાને માટે વેરવાળવાના ઈરાદાથી કોઈ કેસમાં ખુન કરેલું, તેવા કેસમાં મોતની સીક્ષા કમી કરીને જીંદગી પર્યંત દેશનીકાલની સજા કરવામાં આવી. રાણી વીરૂદ્ધ ટોનું અને બીજાઓ, ૬ વિ. રી. ૪૬

(મી૦ કેમ્પ અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુલાઈ સને ૧૮૬૬).

૨૪ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—કબુલાતથી ખુન કરેલું તે—પુરાવો—કબુલાતથી કરેલા ખુનના કેસમાં એમ ઠરાવવામાં આવ્યું કે, કબુલાતનો પુરાવો જે દિવાની કામમાં યોગ્ય ગણાય, તે કેદીનો અપરાધ ઓછો કરવામાં સરખી રીતે યોગ્ય ગણાવો જોઈએ. રાણી વિ. અનંતો રૂરનાગત, ૬ વિ. રી. ૫૭.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી અગષ્ટ સને ૧૮૬૬.)

૨૫ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થયેલું તે—કોઈ માણસને તેની પોતાની કબુલાત ઉપર ખુનનો ગુન્હેગાર ઠરાવી શકાયછે.—કોઈ શેઠ પોતાના ચાકરનો ખુન કરવાનો ઇરાદો જાણીને તેની સોબત કરે અને ખુન કરવાની જગ્યાએ તેની સાથે હાજર રેહે અને કાંઈપણ ઘા ન કરે તોપણ, તે મુખ્ય ગુન્હેગાર તરીકે ગુન્હેગાર છે, કારણ કે તેઓ બંનેનો વિચાર એક હતો એવું અનુમાન થઈ શકે છે. રાણી વિ૦ હૈદરજોલાહ. ૬ વિ.રી.૮૩.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા. ૨૧મી સપટંબર સને ૧૮૬૬).

૨૬ ખુન—શીક્ષણીય મનુષ્ય વધથી ખુન થએલું તે—ધારેલા જાદુગરનું ખુન—કેદીએ મરનાર જાદુગર છે અને તે જાદુગરથી પોતાનો છોકરો માંદો થયો છે અને તેનું ખુન કરવાથી છોકરો બચશે એવું ધારીને ખુન કરેલું તેવા કેસમાં મોતની સજા બદલીને જીંદગી પર્યંત દેશનીકાલની સજા ઠરાવવામાં આવી હતી. રાણી વી૦ ઉરામસંગ્ર, ૬ વિ. રી. ૮૨.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અકટોબર સને ૧૮૬૬).

૨૭ ખુન—શીક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—દેશનીકાલ—કોઈ કેદીને ખુનનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તો, જીંદગી પર્યંત દેશનીકાલ શીવાય બીજી દેશનીકાલની શિક્ષા કરવી ગેરકાયદેસર છે. રાણી વીરૂધ્ધ બુદ્ધુ મુલીક, ૬ વિ. રી. ૮૫.

(મેસર્સ લોચ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી નવંબર સને ૧૮૬૬).

૨૮ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થયેલું તે—હોડીના કોઈ માણસના માથામાં ભારે ચાટવો મારી, વાહાણમાંથી ભારે વરસાદની અંદર મોટી નદીમાં નાખી દેવામાં આવ્યો હોય અને ત્યાર પછીથી કાંઈ ખબર ના મળી હોય તો તે માણસ જીવતો છે એવું ધારવું અશક્ય છે. રાણી વીરૂદ્ધ પુરસુલાહ સીખદાર, ૭. વિ રી. ૧૪.

(મી૦ નોરમન જડજની રૂબરૂ, તા૦૨૧ મી જાનેવારી સને ૧૮૬૭.).

૨૯ ખુન—શીક્ષણીય મનુષ્ય વધથી ખુન થએલું તે—દેહાંત સીક્ષા—પુરાવો માનવા લાયક ખુનના કેસમાં દેહાંત શીક્ષા કરવાને જડજો બંધાએલા છે અને તે ફરજ બજાવવામાં તેઓએ પાછા હઠવું જોઇએ નહીં. રાણી વી૦ સીબનારાયણ પાલોધીઅર અને બીજો ૭ વિ. રી. ૩૩.

૩૦ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—સજા—આસેસરોના મત વિરૂદ્ધ ખુનને માટે ગુન્હેગાર ઠરાવેલા કોઈ કેદીને.જીન્દગી પર્યંત દેશનિકાલની સજા કરેલી તે હાઈકોર્ટે બદલીને પીનલકોડની સખતાઈ ઉપર ટીકા કરીને અને આ દેશના ચઢતા ઉતરતા ગુન્હાઓને જેમ લાગુ પડે તેવી રીતે ચલાવવાની જરૂર બતાવીને સખત મજુરી સાથે દશ વર્ષની સજા કરી. રાણી વિ. હુસેનઅલી, ૭ વિ. રી.૪૭.

(મેસર્સ સેટનકાર અને શંભુનાથ પંડીત જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૬૭).

૩૧ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી થયેલુ ખુન—ખુનનો અજાયબ જેવો કેસ—કોઈએક બાપે પોતાના છોકરાના જન્મ થવા પછી દોલત નહી મળવાથી, છોકરાનું બળીદાન કર્યું, અને પછીથી પોતાની દેવીની અન્યાયની સામે થવાને પોતાનું ગળુ પણ કાપી નાખ્યું. રાણી વિ. બીશેનધારી ખારા, ૭ વિ. રી. ૧૦૦.

(મેસર્સ ગ્લોવર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૬૭).

૩૨ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—ગાંડાની પેઠે ફરીને સામા મળે તેને મારવું તે—કોઈ શાંત સ્વભાવનો માણસ ગુસ્સો અથવા મારવાનો જરા પણ હેતુ શીવાય, પોતાની આસપાસના સઘળા માણસો સામે ગાંડાની માફક ફરીને જે સામા મળે તેમને મારે તો, ખુનને માટે સખત શીક્ષા કરવા લાયક સાધારણ કેસ કરતાં આ કેસ જુદોછે રાણી વિ. ભીસોનાથ બનીઆ, ૮ વિ.રી.૫૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઈ, સને ૧૮૬૭.)

૩૩ ખુન—સિક્ષણીય મનુષ્ય વધથી ખુન થએલું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ, ૩૦૦ કલોઝ ૧, ૩—બંને ટોળીવાળાઓએ છાકટા બનીને એક બીજાની સામે લઢાઈ ચલાવી અને એક બીજાને ઘણી જ નઠારી ગાળો દેવા લાગ્યા. આ અડધો કલાક ચાલ્યું એટલામાં તેમાંનો એક માણસ પોતાનું ઘર જે તે જગ્યાએથી ત્રીસ યાર્ડ છેટે હતું ત્યાંથી એક ભારે મુસળી લેઈ આવ્યો અને તે વતે, એક બીજો માણસ જેને તરતજ મોત કર્યું હતું તેના ડાબા લમણા ઉપર ભારે ઘા કર્યો. એમ ઠરાવવામાં આવ્યુ કે મોત થવાનો સંભવ હોય એવી શરીરને ઈજા કરવાના ઇરાદાથી અને આવા કૃત્યથી મોત થવાનો સંભવ છે, એવું જાણીબુઝીને કરવામાં આવ્યું હતું, અને તે ઉપરથી પીનલકોડની કલમ ૩૦૦ ના ક્લોઝ ૨ અને ૩ મુજબ કરેલો ગુન્હો ખુન છે; રાણી વિ. દાસર ભુયન, ૮ વિ. રી. ૭૧.

(મેસર્સ કેમ્પ, સેટનકાર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૧મી સપટેંબર ૧૮૬૭.)

૩૪ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થયેલું તે—ધારેલા માણસ શીવાય બીજા માણસને મારેલો તે—તોહોમતદારે જે હથીયારથી ब નામના માણસને મારવાનો ધારેલો તે હથીઆરથી अ નામના માણસને માર્યો, જેને મારવાનો તેનો ઇરાદો નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે તે अ નામના માણસનું ખુન કરવાનો ગુન્હેગાર છે. રાણી વિ. ફેમુનીઆહમ, ૮ વિ. રી. ૭૮.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી અકટોબર સને ૧૮૬૭).

૩૫ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થએલું તે—ખુન કરવાનો પ્રયત્ન કરવો તે—ભરેલી બંદુક—વધારો—તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમો ૨૯૯, ૩૦૦, ૩૦૭ અને ૫૧૧—પીનલકોડની કલમ ૩૦૭ મુજબ ખુનના યત્ન કરવાનો ગુન્હો ઠરાવવાને કેદીએ કરેલા કૃત્યથી સહીકમણુ અને સાધારણુ રીતે મોત થાય એવું હોવું જોઈએ. કેદીએ ક ની માણસની સામે, બંદુક ભરેલી છે એવું ધારી વગર ભરેલી બંદુક તેને મારવાના ઈરાદાથી તાકી પણ બંદુકનો ઘોડો ખેંચ્યો નહી. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૦૭ મુજબ રાખેલા તોહોમત ઉપરથી તેણે ખુનના યત્નને માટે ગુન્હેગાર ઠરાવી શકાય નહી, પણ એજ બાબતે ઉપરથી કલમ ૨૯૯ અને ૩૦૦ ના સંબંધમાં ફકત ખુન કરવાની કોશીશ કરવાનું તોહોમત પીનલકોડની કલમ ૫૧૧ મુજબ રાખેલું તે ઉપરથી તેને શીક્ષા થઈ શકે. તોહોમતમાં જરૂર વગરનું લખેલું હોય તે વધારાનું ધારી રદ કરી શકાય. રાણી વીરૂદ્ધ કોલીન્સના કામમાં પીનલકોડની બાબતે અને ઇંગ્રેજી કાયદા વચ્ચે ખુનની કોશીશ કરવાના સબંધમાં દેખાતી વીરૂદ્ધતા સમજાવ

વામાં આવી. રાણી વીરૂદ્ધ ફ્રાનસીસ ફાસીડી. ૪ મું. હા કો. રી. ૧૭.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને મી૦ વેસ્ટ્રોપ જડજની રૂબરૂ, તા૦ ૨૩મી ડીસેંબર સને ૧૮૬૭).

૩૬ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—મોતની સજા—જે કેસમાં મદદ માલમ પડી ના આવ્યું હોય તેવા કેસમાં જડજે મોતની શીક્ષા ન ઠરાવેલી તે વાજબી છે. રાણી વીરૂદ્ધ બદરૂદીન, ૧૧ વિ૦ રી૦ ૫૦.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી માર્ચ સને ૧૮૬૯).

૩૭ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—ઈજા અથવા મોતની પીડા ભોગવવાની કબુલાત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૮૭, ૩૦૦—તોહોમતદાર જે મદારીનો ધંધો કરતો હતો તેણે મરનાર માણસોને સમજાવ્યા કે તમે જો ઝેરી સાપને કરડવા દો તો તમોને કાંઈપણ ઈજા થાય નહી એવો મારી પાસે ઉપાય છે. એમ ઠરાવવામાં આવ્યું કે કેસની બાબતો જોતાં જો આ ગુન્હો પીનલકોડની કલમ ૩૦૦ ના ૫ મા અપવાદમાં ના આવી ગયો હોત તો તે કલમ મુજબ ખુન થાત. એમ ઠરાવ્યું કે મરનારે સાપ કરડાવાની આપેલી કબુલાતથી તોહોમતદારનો બચાવ થાય નહી, કારણ કે તે કબુલાત ખોટું સમજીને અને મદારી પાસે મટાડવાનો ઉપાય છે એવું ધારીને મરનારે આપી હતી, અને તોહોમતદાર આ કબુલાત તેણે ખોટું સમજીને આપી છે એ જાણતો હતો (પીનલકોડની કલમ ૯૦). રાણી વીરૂદ્ધ પુનાઈ ફતેમાહ અને બીજો, ૧૨ વિ. રી. ૭; ૩ બેં. લો. રી. ક્રી. અ. ૨૫.

(મી૦ નોરમન અને મી૦ જેક્શન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જુન સને ૧૮૬૯).

રાણી વિરૂદ્ધ ગનેશ દુબેના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈ. લો. રી. ૫ ક. ૩૫૧. જુઓ ખુન ૧૦૨.

૩૮ ખુન શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—ખુનમાંથી શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો ભારે આકસ્મીક ગુસ્સાના કારણથી ઠરાવવાને માટે ગુન્હેગારે એવી વખતે ફક્ત કરેલું હોવું જોઈએ કે જે વખત પોતે ભારે આકસ્મીક ગુસ્સાથી પોતાનું મન વશ રાખી શકે નહી. રાણી વીરૂદ્ધ યાસીનસેક, ૧૨ વિ. રી. ૬૮; ૪ બેં. લો. રી. ૬.

(મી૦ લોચ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૬૯).

૩૯ ખુન—સીક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—સજા—ખુનનો ગુન્હેગાર ઠરાવી તેને માટે મોતની અથવા જીંદગીપર્યંત દેશનીકાલની એ બંને સજાઓ ફક્ત કાયદા પ્રમાણે થઈ શકે છે. રાણી વીરૂદ્ધ બાનીડોસ અને બીજાઓ, ૧૪ વિ. રી. ૨.

(મી૦ બેલી અને મી૦ માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૪ જુન સને ૧૮૭૦).

૪૦ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—દેહાન્ત દંડની શીક્ષા—પીનલકોડ પસાર થયા અવલ કરેલો ગુન્હો—સને ૧૮૬૨ નો ૧૭ મો કલમ, ૪—પીનલકોડ અમલમાં આવ્યા પેહેલાં ખુન થએલા હંગામાના કેસમાં ગુન્હો થએલો તે ગુન્હાને માટે હાઈકોર્ટની મંજુરી માગ્યા શીવાય સેસન જડજ સને ૧૮૬૨ ના આક્ટ ૧૭ ની કલમ ૪ મુજબ મોતની શીક્ષા ઠરાવી શકે છે. રાણી વિરૂદ્ધ બસ્ટીસીંગ કેદી, ૧૪ વિ. રી. ૭૬.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી ડીસેંબર સને ૧૮૭૦).

૪૧ ખુન—શીક્ષણીય મનુષ્યવધથી ખુન થયેલું તે—દેહાન્ત શીક્ષા—ભારેવાઈ સ્ત્રી—ખુનનો ગુન્હો ઠરાવ્યા પછી જો તોહોમતદાર ભારેવાઈ સ્ત્રી હોય તોપણ દેહાન્ત દંડની શીક્ષા કરવી જોઇએ, અને શીક્ષા છોકરાનો જન્મ થયા સુધી મુલતવી રાખવી જોઈએ. રાણી વિરૂદ્ધ પાન્હીઆર અપેલેન્ટ, ૧૫ વિ. રી. ૬૬.

(મેસર્સ બેલી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૩ મે સને ૧૮૭૧).

૪૨ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—સીક્ષા કમી કરવી તે—હાઈ કોર્ટનો અધીકાર—જીંદગીપર્યંત દેશનીકાલની સજા કરેલા ખુનના ગુન્હેગારોની બાબતમાં, સજા કમી કરવાનું કારણ કોર્ટને માલમ પડે તોપણ સજા કમી કરવાનો અધીકાર નથી. રાણી વિરૂધ્ધ જમાલ અને બીજાઓ અપેલેન્ટો, ૧૯ વિ. રી. ૬૫.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી ડીસેંબર સને ૧૮૭૧).

૪૩ ખુન—શીક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૩૦૨—ખોરાકી વગર બાળકનું મૃત્યુ—એક રજપુત કેદીએ પોતાની નહાની છોકરીને તેણીની માના મરી ગયા પછી બરોબર ખોરાક આપ્યા શીવાય હલકે હલકે સુકાવી મરી જવા દીધી અને આવી રીતે રાખવાથી આગળ ઉપર શું પરીણામ થશે તે બાબત તેણે વારંવાર સુચના આપવામાં આવતી હતી તથા તેણીની સ્થિતીની પણ ખબર આપવામાં વારંવાર આવતી હતી; અને બાળકનું ભરણપોષણ કરવાની તેની શક્તિ ન હોતી એવું પુરાવામાં કોઈ રીતે સાબીત થયું નોહોતું. એવું ઠરાવવામા આવ્યું કે કેદીએ જે ગુન્હો કરયો છે તે ખુન છે અને ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો નથી. રાણી વિરૂધ્ધ ગંગાસીંગ, ૫ વા. દી. પ્રાં. ૫૪.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩).

૪૪ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—સજા—જ્યુરી-તોહોમતદારની સારી સ્થિતી—વૈદક સબધી પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૩—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—ખુનના ગુન્હા માટે કોઈ માણસ જીંદગી પર્યંત દેશનિકાલની સજા ભોગવતો હોય અને તે પાછળથી જુદા તોહોમતને માટે ખુનનો ગુન્હેગાર ઠર્યો હોય તો પીનલકોડની કલમ ૩૦૩ મુજબ સીક્ષા ફક્ત તેને મોતની થઇ શકે છે; જે કેદી ઉપર ખુનનુ તોહોમત મુકવામાં આવ્યું હતુ તે કેદીની જ્યુરીએ તજવીજ ચલાવીને ગુન્હો કરતી વખતે તે ગાંડો હતો એમ ઠરાવ્યું. આ બાબતમાં જ્યુરી વિરૂદ્ધ પડવાથી સેસન જડજે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ હાઈ કોર્ટનો અભીપ્રાય પુછયો. આવા જાતના કામમાં ન્યાયની ખાતર કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ તાબડતોબ બદોબસ્ત કરવો જોઈએ અને જ્યુરીને ખોટું સમજાવવામાં આવ્યું હતુ એની સાબીતી બરોબર રીતે થયા શીવાય હાઈ કોર્ટ દરમીઆન થઇ શકે નહીં એમ ઠરાવવામા આવ્યું. જ્યુરીએ નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો અભીપ્રાય આપેલો તેની દરમીઆન આવવાને વૈદક સબધી પુરાવો ધ્યાનમાં લઈ હાઈ કોર્ટે ના પાડી. રાણી વિરૂદ્ધ દુરજોધન સામન્તો ઉરફે બીન્જોબાર, ૧૯ વિ. રી. ૪૫.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી માર્ચ સને ૧૮૭૩).

રાણી વિ. મણીયા દયાળના કામમાં નજર રાખવામા આવી હતી ૬ લો. રી. ૧૦ મુ. ૪૯૭. જુઓ જ્યુરી ૧૧૨.

૪૫ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલં તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૭—મોત થવાનો સંભવ છે એવી માહીતીથી, શિક્ષણીય મનુષ્યવધથી ખુન થયાનો ગુન્હો બનતો નથી. બેશક મોત થશે એવી માહીતીથી કૃત્ય કરવામાં આવ્યું હતું એમ બતાવવું જોઈએ. રાણી વિ. ગીરધારીસીંગ, ૬ વા. દી. પ્રાં. પાનું ૨૬.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૭૩).

૪૬ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૦ મુજબ હાઈ કોર્ટે શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો ફેરવી ખુનનો ગુન્હો ઠરાવ્યો અને તે ઉપરથી સજા વધારી. રાણી

વિ. શેખ રોહીમ, ૨૧ વિ. રી. ૩૯.

(મી૦ જેકશન અને મી૦ એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૫ મી ફેબ્રુઆરી ૧૮૭૪).

૪૭ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી થએલું તે-શિક્ષા-મુખ્ય ગુન્હેગાર-ચ નામના માણસની રૂબરૂ અને તેના હુકમથી મ નામના માણસ ઉપર ઘા કરવામાં આવ્યો હોય તો બંને તે કૃત્યના મુખ્ય ગુન્હેગાર છે; અને જ્યાં અગાડી કોઇ પણ માણસને મારવામાં બે માણસ સામેલ હોય અને તે માણસ મરી જાય તો તેઓએ કરેલા ઘાની અસર બરોબર રીતે સોધી કાહાડવાની કાંઈ જરૂર નથી. રાણી વિ. મહમદ અસગર અને બીજો, ૨૩ વિ. રી. ૧૧.

(મેસર્સ માર્કબાય અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ડીસેંબર ૧૮૭૪).

૪૮ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન નહી થએલું તે—બચાવ—મોકુફી—સાક્ષીઓ-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલપ ૨૫૧—જીવ જાય એવો ઘા કરનાર માણસ તજવીજની અંદર ના હોય તો પણ કરેલો ગુન્હો ખુન, અથવા ખુનથી ઉતરતા દરજાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો છે, એવું ઠરાવવાને સેશન જડજ બંધાયલો છે. તોહોમતદારના સાક્ષીઓ હાજર ન હોય, અને જડજને કામ ચલાવવાનું કારણ માલમ પડે તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૧ મુજબ પહેલાં કેદીનો જવાબ લેવો જોઈએ અને પછીથી કેસ બંધ રાખવો જોઈએ. રાણી વિ૦ જુમીરૂદીન અને ફૈઝુદીન ઉર્ફે ફ્રગુ ૨૩, વિ. રી. ૫૮.

(મી૦ જેકશન અને મી૦ મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૮ એપ્રીલ સને ૧૮૭૫).

૪૯ ખુન-શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—જીંદગી પર્યંત દેશનિકાલ—જાતમાહીતીથી આસેસરે આપેલો હુકમ—ખુન કરવામાં પ્રથમથી વિચાર કરેલો માલમ ના પડે તો જીંદગીપર્યંત દેશનિકાલ એ યોગ્ય શિક્ષા છે. જાતમાહીતી અને કામના પુરાવાથી મજબુતી ના મળતી હોય તેવો આસેસરે આપેલો મત સેશન જડજે પોતાના ઠરાવમાં લખવો જોઈએ નહી. રાણી વિ. રામચરન કરમોકર, ૨૪ વિ. રી. ૨૮.

(મેસર્સ બર્ચ અને લોફ્રૂડ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુલઇ સને ૧૮૭૫).

રાણી વિ, કાનહાઈ શાહુના કામમાં આધાર રાખવામાં આવેછે, ૨૩ વિ. રી. ૪૦. જુઓ કાયદેસર ભાડા દાખલ પકડેલી ચીજનો અટકાવ.

૫૦ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—પીનલકોડ અમલમાં આવ્યા પહેલાં ખુનને માટે શિક્ષા—સને ૧૭૯૭ નો રેગ્યુલેશન ૪—સને ૧૮૬૨ નો આક્ટ ૧૭—સને ૧૮૬૮ નો આકટ ૧—જનરલ કલોઝીઝ કોનસોલીડેશન આકટની કલમ ૬-પીનલકોડ અમલમાં આવ્યા પહેલાં સને ૧૮૬૧ની શાલમાં કેદીએ ખુન કરેલું તેને માટે ગુન્હેગાર ઠરાવી તેણે સને ૧૭૯૭ ના રેગ્યુલેશન ૪ મુજબ જીંદગીપર્યંત દેશનિકાલની સજા કરી કામ હાઈ કોર્ટની મંજુરી માટે મોકલવામાં આવ્યું હતું. સને ૧૮૬૨ ના આકટ ૧૭ થી ૧૭૯૭ નો રેગ્યુલેશન ૪ થો રદ કરી નાખવામાં આવ્યો હતો અને ઉપર કહેલો આકટ સને ૧૮૬૮ ના ૮ માથી અને ૧૮૭૨ ના ૧૦ માથી રદ થઈ ગયો હતો. ફુલબેન્ચનો અભીપ્રાય લેઈ એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૬૮ ના આકટ ૧ ની કલમ ૬ મુજબ શિક્ષા ગેરકાયદેસર છે. જેમાં એમ બતાવેલુંછે કે કોઇ પણ આકટ અથવા રેગ્યુલેશન, રદ થઈ ગયેલો આકટ અમલમાં આવ્યા પહેલાં કોઈ ગુન્હો બન્યો હોય, તેને લાગુ પડશે નહી, એ આ ઠેકાણે લાગુ પડતું નથી. રાણી વિ. ડીલજોરમીસર, ઈ. લો. રી. ૮ ક. ૨૨૫.

(મેસર્સ ગાર્થ ચીફજસ્ટીસ, કેમ્પ, મૅકફેરસન, માર્કબાય અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૭૭).

રાણી વિ. મુલાના કામમાં તફાવત બ

તાવવામાં આવ્યો, ઈ. લો. રી. ૧ અ. ૫૯૯. જુઓ ખુન ૫૧.

રાણી વિ. લાલા સાબાના કામમાં નજર રાખવામાં આવેછે, ઈ. લો. રી. ૨ ક. ૨૨૫. જુઓ ખુન ૫૦.

૫૧ ખુન–શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૩૦૨—સને ૧૮૬૮ નો આકટ ૧ કલમો ૩, ૬—સને ૧૭૯૭ નો ૪ કલમ ૩—સને ૧૮૬૧ નો ૬ ઠો–સને ૧૮૬૨ નો ૧૭ મો કલમો ૧, ૨, ૪–સને ૧૮૬૮ નો ૮મો–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—તા૦ ૧ જાનેવારી સને ૧૮૬૨ ની સાલ સુધી ખુનના ગુન્હેગારની તજવીજ અને સીક્ષા તે રેગ્યુલેશન મુજબ થવી જોઈએ. તા૦ ૧ જાનેવારી સને ૧૮૬૨ ની સાલ પહેલાં કાંઈ ગુન્હો કર્યો હોય તે સીવાય સને ૧૮૬૨ ના ૧૭ મા આકટ મુજબ ગુન્હાઓને માટે સીક્ષા ઠરાવેલા રેગ્યુલેશનો રદ કરવામાં આવ્યા હતા, તે આકટથી વળી એમ પણ ઠરાવવામાં આવ્યું હતું કે, જે માણસનો તે રેગ્યુલેશન મુજબ અભીપ્રાય પુછવાનો તથા અપીલ કરવાનો હક હોય તે હક લેઈ લેવો જોઈએ નહી. રદ કરેલો આકટ અમલમાં આવ્યા પહેલાં કાંઈ પણ કૃત્ય થયું હોય, અથવા કાંઈ ગુન્હો અથવા સીક્ષા અથવા દંડ થયો હોય તો પણ સને ૧૮૬૮ ના આકટ ૧ ની કલમ ૬ મુજબ કાંઈ અસર થતી નથી. સને ૧૮૭૨ નો ૧૦ મો અને સને ૧૮૬૮ ના ૮ માથી સને ૧૮૬૨ નો ૧૭મો આકટ રદ કરવામાં આવ્યો, તેથી તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૬૨ પેહેલાં જે ગુન્હાઓને માટે શીક્ષા અથવા દંડ ઠરાવ્યો હોય, તેને ઉપર બતાવેલી કલમ મુજબ કાંઈ અસર થતી નથી; તેમજ સને ૧૮૬૨ નો આકટ ૧૭ મો પાસ કરવામાં આવ્યો તે પેહેલાં ગુન્હાઓની શીક્ષાને માટે કોઈપણ રેગ્યુલેશન હોય તે, તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૬૨ ના પેહેલાં અને સને ૧૮૬૮ નો ૧ લો પાસ થયા તે પહેલાના થયલા ગુન્હાઓના સબંધમાં રદ ગણાતો નથી. આ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૫૫ ના સાલમાં કોઈ માણસે ખુન કર્યું હોય તો તેને તે રેગ્યુલેશન મુજબ શિક્ષા કરવી જોઈએ. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે સને ૧૭૯૭ ના ૪ મા રેગ્યુલેશનની કલમ ૩ મુજબ અભીપ્રાય પુછવાનો હક ગુન્હેગાર ઠરાવ્યા પછી મળે છે, તેટલા માટે હાલના ચાલતા કેસમાં સને ૧૮૬૨ નો આકટ ૧૭ મો રદ થયો તે પેહેલાં તે હક મળેલો નથી, અને તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૬૨ પેહેલાં કોઈ માણસને ખુનનો ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તેને આવો હક મળે કે નહી તે શક ભરેલું છે. રાણી વિરૂદ્ધ મુલુઆ, ઈ. લો. રી. ૧ અ. ૫૭૯.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮).

રાણી વિ. દીલજુઆર મીસરના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૨ ક. ૨૨૫ જુઓ ખુન ૫૦

૫૨ ખુન–શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે–કોઈ કૃત્યના સંભવીત પરીણામો ઉપરથી ધારણા બાંધવી તે—કોઈ અપેલેન્ટ પોતે તરવારથી સજીને ધરતા કેટલાક માણસોને અંધારામાં મારી અને ઘા કર્યા, જેના પરીણામથી એક માણસનું મૃત્યુ થયું. મી૦ જેક્શન જડજે એમ ઠરાવ્યું કે આવી વર્તણુકથી મોત કરવાનો ઈરાદો હતો એમ અનુમાન થઈ શકે છે. મી૦ એનસ્લી જડજનો મત—શું પરીણામો થશે તેની દરકાર રાખ્યા શિવાય પ્રાણઘાતક હથીયારથી તેણે ઘા કર્યા અને કેવી જગ્યાએ કર્યા તે તેણે જોયું નોહોતું તોપણ પોતાનું કૃત્ય માથે પડે તેવી રીતે ભય ભરેલું છે અને તેથી બેશક શરીરને એવી ઈજા થશે કે જેથી મોત થવાનો સંભવ છે એ બાબતની તેને ખબર હોવી જોઈએ. મી૦ કનીંગહામ જડજનો મત—આ ગુન્હો ખુન નથી પણ શિક્ષણીય મનુષ્ય વધનો છે કારણ કે ખુનનો ગુન્હો બનવાને માટે ઈ

શદો અથવા માહીતીની જરૂર છે, અને આ કેસમાં તો કૃત્ય અવિચારીપણે અગાઉથી ધા આ સીવાય કરેલું છે. બીજાધરરાય અપેલેન્ટ, ૨ ક. લો. રી. ૨૧૧.

(મેસર્સ જેક્શન, એનસ્લી અને કર્નીંગ હામ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી માર્ચ અને તા૦ ૧ લી એપ્રીલ સને ૧૮૭૮).

૫૩ ખુન—સિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૨—સજા—ઠરાવ—હાઈ કોર્ટનો અભીપ્રાય માગવો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમો ૨૭૧, ૨૮૭, ૪૬૮—ल, क, म અને ह એ નામના ચાર માણસોએ स નામના માણસને મારવાનો એકો કર્યો. આવી રીતનો એકો કરીને ल નામના માણસે પેહેલાં અને म નામના માણસે પછીથી स નામના માણસના માથામાં લાતી મારી અને તેથી स નામનો માણસ જમીન ઉપર પડયો. જમીન ઉપર પડેલો તે વખતે क અને ह નામના માણસોએ પોતાની પાસેની લાતીઓ તેના માથામાં મારી. મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ વિરૂદ્ધ પડીને એમ ઠરાવ્યું કે क અને ह નામના માણસોએ म નામના માણસ ઉપર હુમલો શરૂ કર્યો નોહોતો અને તે માણસોએ જ્યારે स નામના માણસ ઉપર ધા કર્યો તે વખતે તે જીવતો હતો કે શા રીતે તે શક ભરેલું છે, માટે જીદંગીપર્યંત દેશનિકાલની સજા એ યોગ્ય સજાછે. ન્યાયની અંદર બેઠેલા અમલદારે પોતાના ઠરાવમાં કામના છેવટના પુરાવા ઉપરથી પોતાનું અનુમાન થએલું તેના ખરાપણાની સામે નોટ લખેલી ગેરવાજબી છે એ બાબત ઉપર મી૦ સ્ટુઅર્ટ ચીફ જડજે ટીકા કરી. રાણી વિ. ચતરસીંગ, ઈ. લો. રી. ૨ અ. ૩૩.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી અગષ્ટ સને ૧૮૭૮).

૫૪ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—અવિચારીપણું—ભુલ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૩૩૪, ૩૦૪ અ, ૩૩૬, ૩૩૭, ૩૩૮—સજાનો બધારો કરવો તે—જે કામમા કોઈ માણસ સામે ખુશીથી ગુન્હો કરયો હોય તેવા કામમાં પીનલકોડની કલમ ૩૦૪ અ લાગુ પડતી નથી. જો કોઈ માણસ જાણી બુઝીને આવો ગુન્હો કરે અને તેનો પરીણામ થવો જોઈએ તેના કરતાં વધારે થાય તો આવા કૃત્યથી ખરેખરો પરીણામ થવાનો કેટલે સુધી સંભવ હતો એ બાબતની માહીતી તેને કેટલી હતી એ બાબત કોર્ટને સોધી કાઢવાની છે; અને આવી માહીતીથી તે જો ગુન્હેગાર ઠરતો હોય તો ફકત અવિચારીપણાથી એવું પરીણામ થયું છે એવું કારણ બતાવી સકાય નહીં; જો આવી માહીતીથી ગુન્હેગાર ન ઠરે તોપણ ખુશીથી કરેલો ગુન્હો એ અવિચારીપણું કેહેવાતું નથી, કારણ કે તેના પરીણામો કમનશીબથી થયેલાં છે. જે કૃત્યો જાતે ગુન્હાઓ ના હોય પણ તે ઉપરથી બીજા માણસોને ભય થવાનો સંભવ હોય અને તેવી જાતના ભય ભરેલા પરીણામો સામે ઘટતી સંભાળ લેવામાં ના આવી હોય તો તેવા કૃત્યોથી કલમો ૩૩૬, ૩૩૭, ૩૩૩ અથવા ૩૦૪ અ મુજબ ગુન્હાઓ બને છે. જે કૃત્યો જાતેજ ગુન્હાઓ છે તેવાં કૃત્યો, ગુન્હો કરનાર માણસની માહીતી અથવા માહીતી મેળવવાના સાધનોના સબંધમાં ધ્યાનમાં લેવા જોઇએ; અને તેવીજ જાતના ગુન્હાઓના વર્ગમાં તેમને યોગ્ય જગ્યાએ દાખલ કરવા જોઇએ. રાણી વિરૂદ્ધ કતાબડી મંડલ, ઈં૦ લો. રી. ૪ ક. ૭૬૪; ૨ ક. લો. રી. ૫૦૭.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી ફેબ્રુઆરી સને ૧૮૭૯).

૫૫ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૦ અપવાદ ૪ અને ૫—બેશક મોત થશે અથવા મોત થવાનો સંભવ છે એવું જાણીને કોઈ માણસે અમુક કા

મ કરવાની કબુલાત આપી હોય તો તેવી બાબતમાં પીનલકોડની કલમ ૩૦૦ નો અપવાદ ૫ મો લાગુ પડે છે; પણ જે માણસ તરફથી ભય થવાનું અનુમાન થાય છે તે માણસનું જે બનશે તો મોત કરી ને પણ ભય દૂર કરવામાં આવશે, એવું ધારીને કાંઈપણ જાતનું કૃત્ય કરવાનું કોઇ માણસે માથે જોખમ લીધું હોય અને તેમાંથી મોત થાય તો ઉપલો અપવાદ લાગુ પડતો નથી. મી૦ બ્રાઉટન જડજનો મત—કોઈ કેસમાં અગાઉથી લડાઈ કરવાનું ધાર્યું હોય તેવા કેસને કલમ ૩૦૦ નો ૫ મો અપવાદ લાગુ પડતો નથી, પણ સતી જેવો જુદીજ જાતનો કેસ બતાવે છે. રાણી વિરૂદ્ધ રોહીમુદીન નાઝીર મહમદ અને સોમીરૂદીન ઈં૦ લો૦ રી૦ ૫. ક. ૩૧; લો. રી. ૨૮૫.

(મી૦ એન્સલી અને મી૦ બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૭૯).

સમશેરખાં વિરૂધ્ધ રાણીનો કેસ આનાથી વિરૂધ્ધ છે, ૭ ક. લો. રી. ૧૫૮; ઈ. લો રી. ૬ ક. ૧૫૪. જુઓ ખુન ૧૦૫.

૫૬ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલુ તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમ ૩૦૨—ખાનગી બચાવના હક—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૯૭—ઘર ફાડીને ચોરી કરવાના કેસની તજવીજ કરતી વખતે હેડ કોનસ્ટેબલ, ચોરેલી મીલકત શોધી કાઢવાને માટે કેટલાક રખડાઉ લોકોના તંબુઓ જોયા પણ કાંઈ માલમ પડી આવ્યું નહી. તપાસ પુરી કર્યા પછી તે રખડાઉ લોકોએ તેને કેટલાક પૈસા આપ્યા, પણ તે પૈસા પુરતા નથી એવું ધારીને તેણે બીજા વધારે પૈસા માગ્યા. તેઓ ગરીબછે માટે વધારે આપી શકતા નથી એવું કારણ બતાવી તેઓએ પૈસા આપવાની ના પાડી, તે ઉપરથી કોનસ્ટેબલે તેમાંના એક જણને બાંધીને લેઈ જવાને ગેરકાયદેસર હુકમ કર્યો. આવી જાતનો હુકમ હાથ નીચેના માણસોએ બજાવ્યાથી તે કાંપના કેટલાક રખડાઉ લોકો, સ્ત્રીઓ અને છોકરાઓ પોતાના તંબુઓમાંથી બાહાર નિકળ્યા, અને તેમાંના ચાર પાંચ માણસો તો પથરાને લાકડીઓ સાથે બાહાર નીકળ્યા, અને જે જગાએ તે માણસને બાંધવામાં આવ્યો હતો અને પોલીસ કોનસ્ટેબલ ઉભો હતો તે જગ્યા તરફ બીવડાવે એવી રીતે જવા માંડયું. તે રખડાઉ લોકોના ટોળાએ ખરેખર બળ વાપર્યું ત્યાર પેહેલાં પોલીસ કોનસ્ટેબલે, તે ટોળુ ચાર પાંચ કદમ પોતાથી દૂર હતું, તે વખતે બંદુકથી ભડાકો કર્યો અને તેમાંના એકને મારીને પોતે નાસી ગયો. જે માણસને તેણે ગેરકાયદેસર પકડયો હતો તે માણસને છોડયો હોતતો મોત અથવા મહાવ્યથાની ધાસ્તી બધ પડત. એમ ઠરાવવામાં આવ્યું કે તે રખડાઉ લોકોના કૃત્યો સામે ખાનગી બચાવ કરવાનો હેડ કોનસ્ટેબલનો હક નોહોતો, કારણકે તેમના કૃત્યોએ મોત અથવા માહાવ્યથા થશે એવી ધાસ્તી કોઈ રીતે ઉપજાવી નોહોતી તેટલા માટે હેડ કોનસ્ટેબલ શિક્ષણીય મનુષ્યવધથી ખુન કર્યાને માટે ગુન્હેગાર છે. રાણી વિ. અબદલ હકીમ. ઈં૦ લો૦ રી૦ ૩ અ. ૨૫૩.

(મેસર્સ પીઅરસન અને સ્ટ્રેટ જડજોની રૂબરૂ, તા૦ ૫ અકટોબર સને ૧૮૮૦.)

૫૭ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થયેલુ તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકાડ કલમ ૩૦૨—મરનાર માણસનું મુડદુ માલમ ના પડે તોપણ ખુનના તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી શકાય છે. રાણી વિ. ભાગીરથ. ઈં૦ લો૦ રી૦ ૩ અ. ૩૮૩.

(મી૦ પીઅરસન અને મી૦ સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ. તા૦ ૨૪ મી ડીસેંબર સને ૧૮૮૦.)

૫૮ ખુન—શિક્ષણીય મનુષ્ય વધથી ખુન થયેલું તે–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૨–તોહોમતના ખુલાસાની જરૂર–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૧–સેશન કોર્ટની રૂબરૂ -

તજવીજ ચાલતી વખતે કેદીઓએ અમુક જ જગાએ અને મુકરર તારીખે म નામના માણસનું ખુન કર્યું એવું તોહોમત વાંચી સંભળાવવામાં આવ્યું હતું, અને તેથી કરીને તેઓએ પીનલકોડની કલમ ૩૦૨ મુજબ શીક્ષા થઇ શકે અને સેશન કોર્ટ સાંભળી શકે એવો ગુન્હો કરયોછે. ગુન્હેગારછે એવું કેદીઓએ બતાવ્યાથી તેમને તેઓના પોતાના જવાબ ઉપર ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. તોહોમત કેદીઓને સમજાવવામાં આવ્યું નોહોતુ કોર્ટે પુછેલા સવાલના જવાબમાં કેદીઓએ બતાવ્યું હતુ કે તેઓએ म નામના માણુસનું ખુન કર્યું છે અને કબુલાત ખુશીથી આપેલી છે, અને કોઇના સમજાવવાથી આપી નથી. એમ ઠરાવવામાં આવ્યું કે શિક્ષા રદ કરી નવેસરથી કામ ચલાવવું જોઈએ અઈવુ. વિ. રાણી ઈ૦ લો૦ રી૦ ૯ મ. ૬૧.

(મી૦ મુતુસ્વામી આયર અને મી૦ હ ચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી અગષ્ટ સને ૧૮૮૫).

રાણી વિરૂદ્ધ વૈમબીલીના કામમાં આધાર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૫. ક. ૮૨૬. જુઓ તોહોમત ૩૭.

નેતર્ઈલસ્કર વિ૦ રાણીના કામમાં નજર રાખવામાં આવી છે, ઈ૦ લો. રી. ૧૧ ક. ૪૧૦. જુઓ જવાબ ગુન્હો કર્યાનો ૯.

૫૯ ખુન—શિક્ષણીય મનુષ્યવધથી ખુન થએલું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો કાયદો કલમ ૮૪—ગાંડાપણું-ફોજદારી કેસોમાં ગાંડા થયા બાબતનો જવાબ—મનની અશકતી બતાવેલા કેસોમાં કાયદેસર જુમેદારી—મનની અશકતી બતાવેલા કેસોમાં કાયદેસર જુમેદારીની પરીક્ષા પીનલકોડની કલમ ૮૪ માં બતાવેલી છે. વૈદક સંબંધી પરીક્ષાથી જુદી પડેલી આ પરીક્ષા ઉપરથી કોઈ કૃત્યની ગુન્હેગારી પારખી કાઢવાની છે. તોહોમતદારે કોદાળીથી પોતાના બે નાના છોકરાને મારી નાખ્યા. મારવાનું કારણુ એ બતાવ્યું કે તાવ આવેલો તે વખતે તે છોકરાઓના રડવાથી તેને ઇજા થઈ હતી. એમ બતાવવામાં આવ્યું હતું કે તાવથી તે ચીડીઓ થઇ ગયો હતો અને તેથી અવાજ તેણે ઘણો લાગ્યો હતો પણુ ગુન્હો કરતી વખતે તેણે સનેપાત થયો નોહોતો. તોહોમતદારે પુરેપુરી કબુલાત કરી હતી અને છુપાવવાને કાંઈ પ્રયત્ન કર્યો નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે કેવી જાતનું કૃત્ય હતું એની તોહોમતદારને માહીતી હતી તો તેના ઉપરથી ગુન્હો બનવાની પણ તેને ખબર હશે એમ ધારવું જોઈએ; તેટલા માટે તેને ખુનનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. રાણી વિ. લક્ષમણ ડાગડુ, ઈ. લો. રી. ૧૦ મું. ૫૧૨.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૪ માર્ચ સને ૧૮૮૬).

૬૦ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થએલો તે—ગાળ ભાંડી તે વખતે કેદીએ પોતાના હાથમાં લાકડી લેઈને ઉતાવળમાં પ્રાણ જાય તેવો ઘા મરનાર ઉપર કર્યો તેથી તેણે ખુનનો ગુન્હેગાર નહી ઠરાવતાં ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. રાણી વિ. સલીમ સેક, ૧ વિ. રી. ૨૩.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦૧૧ મી નવંબર સને ૧૮૬૪).

૬૧ ખુન— ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ થયેલું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૦ અપવાદ ૪—અગાઉથી નહી ધારેલો હુમલો જેમાંથી ટંટો થઈ મોત થયેલું તે–એકાએક લઢાઈ થવાથી ગુસ્સાના આવેશમાં અગાઉથી નહીં ધારેલો હુમલો કરવામાં આવ્યો હોય અને તેમાં છેવટે લઢાઈ થવાથી મોત થયું હોય તો કયા પક્ષકારે પેહેલ વેહેલો હુમલો કરયો અથવા બીજાબ્યા એ બાબત જોવાની કાંઇ જરૂર નથી, પણુ એમ ઠરાવવામાં આવ્યું કે આવી જાતની બાબત પીનલકોડની ક

લમ ૩૦૦ ના ૪ થા અપવાદમાં આવી જાય છે. રાણી વિ૦ ઝાલીમરાય વિગેરે ૧ વિ. રી. ૩૩.

(મેસર્સ કેમ્પ અને મી૦ ગ્લોવર જડ જોની રૂબરૂ, તા૦ ૨૫ મી નવંબર સને ૧૮૬૪).

૬૨ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો ક્ષિણીય મનુષ્યવધનો ગુન્હો થયેલો તે—જ્યુરીનો ઠરાવ—જો કે તોહોમતદારે મરનારને મારી નાખ્યો છે; અને ગુન્હો કાયદામાં બતાવેલા અપવાદોમાં આવી જતો નથી, તો પણ તે ખુન નથી કારણ કે મારી નાખવાની તોહોમતદારની મતલબ નોહોતી એવું જ્યુરીએ ઠરાવ્યું હોય તો પણ તે ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધના ગુન્હાનો કાયદેસર અપરાધી ગણાતો નથી. રાણી વિ. અકુર ઘોસ ૧ વિ૦ રી૦ ૫૦.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૩૦ મી ડીસેંબર સને ૧૮૬૪),

૬૩ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થએલો તે—મહાવ્યથા - હુમલો કરતી વખતે કાંઈપણ ઇજા કરી હોય પણ તે ઈજા કરતી વખતે મોત થશે એવો ઈરાદો, માહીતી અથવા સંભવ હતો એવું માલમ ના પડે તો, ગુન્હો ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગણાય નહી પણ માહાવ્યથાનો ગણાય છે. રાણી વિ ૨૬ મેઘમીઆં ઉર્ફે જકનમીઆં ૨ વિ૦ રી. ૩૯.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૬૫).

૬૪ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો મનુષ્યવધનો ગુન્હો થયેલો તે—ખુનનો ગુન્હો બદલીને પીનલકોડની કલમ ૩૦૦ ના ૪ થા અપવાદ મુજબ ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો કરવાને માટે શી બાબતની જરૂર છે. રાણી વિરૂદ્ધ અકલમહમદ, ૩ વિ. રી. ૧૮.

(મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી મે સને ૧૮૬૫).

૬૫ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થએલો તે—મારવાથી મોત થશે અને તેથી ખુનનો ગુન્હો બનશે એમ ધારીને કેદીઓએ મરનારને મારેલો એવું સેસન જડજની રૂબરૂ સાબીત થવાથી, કેદીઓને ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધના ગુન્હેગાર સેસન જડજે ઠરાવી તે મુજબ શીક્ષા કરી. મી૦ જેકશન જડજ વિરૂદ્ધ ૫ડીને કેસ ફરી તપાસને માટે પાછો મોકલવામાં આવ્યો હતો. રાણી વિ. બેરીઆ બાઝીક ૨ અને બીજો, ૩ વિ. રી. ૩૮.

(મી૦ કેમ્પ, મી૦ જેકશન અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ જુલાઈ સને ૧૮૬૫).

૬૬ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શીક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થએલો તે—અગાઉથી ગોઠવેલો વિચાર માલમ ન પડે તો પણ ખુનનો ગુન્હો ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો બનતો નથી. રાણી વિ૦ મહમદ ઈલીમ વીગરે ૩ વિ. રી. ૪૦.

(મી૦ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જુલાઇ સને ૧૮૬૫,

૬૭ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થયેલો તે—જમીન સબંધી ટંટાઓ—મિલકત બચાવવાનો ખાનગી હક—ગેરકાયદેસર મંડળી—જમીન સબંધી તકરારમાં એક ચઢાઇ કરનાર માણસને મારી નાખવામાં આવ્યો હતો. કેદીઓ જેઓએ મિલકતનો ખાનગી બચાવ કર્યો હતો તેમને શિક્ષણીય મનુષ્ય વધના ગુન્હામાંથી જ્યુરીએ છોડી મુકી હંગામો કર્યાના ગુન્હેગારો ઠરાવ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે કેદીઓ શિક્ષણીય મનુષ્યવધના ગુન્હેગારો કાયદેસર નહી હોવાથી હંગામાની સાથે મળેલા બીજા કોઈ ગુન્હાના ગુન્હેગારો કાયદેસર નોહોતા, અને હંગામો કરનારા અથવા ગેરકાયદેસર મંડળીના સભાસદો નહીં હોવાથી પીનલકોડની ક

લમ ૧૦૪ નો લાભ તેઓને મળી શકે છે. રાણી વિ૦ મીટ્ટસીંગ વિગેરે, ૩ વિ. રી. ૪૧.

(મી૦ સેટનકાર અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઇ સને ૧૮૬૫).

રાણી વિરૂધ્ધ રામલાલસીંગના કામમાં આધાર લેવામા આવ્યો, ૨૨ વિ. રી. ૫૧. જુઓ ખાનગી બચાવ ૯.

૬૮ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થએલો તે—હંગામો—મહાવ્યથા—ખાનગી બચાવનો.હક—(મોલાહજ્જ અને શીકદારો) બંને પક્ષકારો વચેની તકરારમાં શીકદારોએ પેહેલાં હુમલો કરીને એક મોલાહજ્જ જે પોતાની મીલકત પાછી લેવાનો હક બજાવતો હતો તે વખતે તેને મારી નાંખ્યો; અને તે લઢાઇમાં ત્રણ શીકદારો પણ જખમી થયા હતા. શીકદારોને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધ અને હંગામાને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. મોલાહજ્જ લોકોને માટે મી૦ લોચ જડજનો એવો મત હતો કે તેમને બુદ્ધિ પુર્વક મહાવ્યથાને માટે ગુન્હેગાર ઠરાવવા જોઈએ, અને કોર્ટે ઘણા મતે એવું ઠરાવ્યું કે ખાનગી બચાવનો હક બજાવતી વખતે હુમલો કરનારા માણસોને મોત સીવાય બીજી ઈજા કરી તેથી ઈજા કરનાર માણસોને પીનલકોડની કલમ ૧૦૧ નો લાભ મળી શકે છે. રાણી વિ. ટાનુંશીકદાર વિગેરે ૩ વિ. રી. ૪૭.

(મેસર્સ લોચ, કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુલાઈ સને ૧૮૬૫).

૬૯ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થયેલો તે—મહાવ્યથા—ઈરાદો અથવા માહીતી નહી તે—ખુન અને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્ય વધ એ બંને ગુન્હાઓમાં ઈરાદો અથવા મોત થવાનો સંભવ છે એવી માહીતી હોય એમ ધારવામાં આવે છે. આવો ઈરાદો અથવા માહીતી સાબીત ના થાય તો ગુન્હો મહાવ્યથાનો ગણાય. રાણી વિ. રામસ્વામીસીંગ વિગેરે, ૪ વિ. રી. ૨૯.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી નવંબર સને ૧૮૬૫).

૭૧ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થએલો તે—જે કૃત્યથી મોત થયું છે તે કૃત્ય, મોત થવાનો સંભવ થાય એટલી શરીરને ઈજા કરવી એવા ઈરાદાથી ખરેખર કરવામાં આવ્યું હતું એવું કામમાં સાબીત થયા પછી, જડજે કેદીને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરેલી, તે શિક્ષા ગેરકાયદેસર ગણી રદ કરવામાં આવી હતી. કારણ કે તે ઠરાવથી વિરૂદ્ધ હતું, અને તેથી કામની નવેસરથી તપાસ કરવાનો હુકમ કર્યો. રાણી વિ. સોમબર ગવલા વિગેરે, ૪ વિ. રી. ૩૨.

(મી૦ કેમ્પ અને મી૦ સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૫ ડીસંબર સને ૧૮૬૫).

૭૨ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો—કોઈ સ્ત્રીના ભાઈઓની રૂબરૂ તેણીની સાથે કોઈ માણસ કારસ્તાન ચલાવે તો તેથી ભાઇઓને મોટો ગુસ્સો ચડે અને તેવા ગુસ્સામાં ભાઈઓએ મરનારને પોતાની બેહેનની સાથે એકજ પથારીમાં પડેલો જોવાથી ખુબ માર માર્યો હોય અને તેથી તેનુ મોત થયું હોય તો, તેમને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હેગાર ઠરાવવા એ વાજબી છે. રાણી વિરૂદ્ધ કાસીમુદીન વિગેરે, ૪ વિ. રી. ૩૮.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૨૨ મી ડીસંબર સને ૧૮૬૫).

૭૩ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનુ શિક્ષણીય મનુષ્ય વધ—મહાવ્યથા—હાઇ કોર્ટનો અભીપ્રાય પુછેલા કેસમાં ખોટી શિક્ષાના સબંધમાં હાઈ કોર્ટનો અધીકાર—જો કોઈ માણસે બીજા માણસને જીવ લેવાના વિચારથી ના માર્યો હોય, અને તેણે કરેલા કૃત્યો ઉપરથી મોત થવાનો સંભવ માલમ ના

પડતો હોય તો, તે ખુનનો ગુન્હો ગણાતો નથી. અપીલમાં નહી પણ હાઈ કોર્ટના અભીપ્રાય માટે મોકલેલા કોઈ કેસમાં શિક્ષા ખોટી કરેલી છે, એવું હાઇ કોર્ટને માલમ પડે તો શીક્ષા રદ કરી કામની નવેસરથી તપાસ કરવાનો હુકમ કરી શકે છે. રાણી વિ૦ સેકસોલીમ વિગેરે, ૫ વિ. રી. ૪૧.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

૭૪ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્ય વધ—ખરેખરો અને કલ્પીત વિચાર નહીં તે—ખુનના ગુન્હામાં પીનલ કોડ મુજબ મોત કરવાને માટે કલ્પીત વિચાર નહી પણ ખરેખરા વિચારની જરૂર છે. આ પ્રમાણે કોઈ કામમાં પંદર વર્ષના છોકરાએ, મરનારને પોતાના એક નજદીકના સગાની સ્ત્રી જોડે છીનાળુ કરતો જોવાથી તે સગાની જોડે પોતે પણ ગુસ્સામાં કાંઈપણ હથીઆર લીધા શીવાય તેના ઉપર હુમલો કરવામાં સામેલ થયો, અને તેથી તે માણસ મરી ગયો. એમ ઠરાવવામાં આવ્યું કે કરેલો ગુન્હો ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ છે. રાણી વિરૂદ્ધ ગરીબુલાહ ૫ વિ. રી. ૪૨.

(મી૦ નોરમન અને મી૦ કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૬).

૭૫ ખુન-ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ—વધારે ભારે તોહોમત રાખી ગુન્હેગાર નહી ઠરાવેલા કેસમાં દરમીયાન થવાનો હાઈ કોર્ટનો અધીકાર—કોઇ કામમાં મારવાનો ઈરાદો નોહોતો એવું ઠરાવી જડજ કેદીને છોડી મુકે, અને એમ બતાવે કે કેદીએ મોત થવાનો સંભવ છે એવી માહીતીથી ભારે હથીઆર લેઈ મરનાર ઉપર ઘા કર્યો હતો તો, તેને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાને માટે ગુન્હેગાર નહી ઠરાવતાં, ખુનને માટે ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરવી જોઈએ. વધારે ભારે તોહોમત રાખી જડજે કેદીને ગુન્હેગાર ન ઠરાવ્યો હોય તો, તે કાયદા પ્રમાણે એવી ભુલ નથી કે જેથી હાઈ કોર્ટ તપાસવાની સત્તા તરીકે દરમીયાન થઈ શકે છે. રાણી વિ. સોબીલમાહી, ૫ વિ. રી. ૩૨.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૬.)

૭૬ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ—કોઈ અડધી ભુખે મરેલી ઘરડી સ્ત્રીને ચોરી કરતી જોવાથી કોઈ માણસે, ખાનગી બચાવ કરતી વખતે જોઈએ તે કરતાં વધારે ઈજા કરેલી તે બાબતમાં ઘણાક મતે કોર્ટે ખુનનો ગુન્હો ઠરાવ્યો. મી. કેમ્પબેલ જડજે વિરૂદ્ધ પડીને એવો મત આપ્યો કે ચોરી કરતાં કોઈ માણસ ચોરને જુએ અને એક વખતે એકાએક ગુસ્સામાં ચોર ઉપર, મોત થવાનો સંભવ થાય એવા સખત ઘા કરે જે ઘાથી સાધારણ તનદુરસ્તીવાળા માણસનું મોત ઘણું કરીને થાય નહી; પણ મરનારમાં નિયમથી વિરૂદ્ધ નબળાઈ હોવાથી તેણીનું મોત થયેલું, જે તોહોમતદારનાં જાણવામાં નહી હોવાથી તે ખુનનો ગુન્હેગાર નથી, પણ ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો અપરાધી છે. રાણી વિ. ગોકુલબાવરી વિગેરે ૫ વિ. રી. ૩૩.

(મેસર્સ નોરમન, કેમ્પબેલ અને ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી ફેબ્રુઆરી સને ૧૮૬૬.)

૭૭ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ—બ્યથા—કેદીને પોતાની સ્ત્રીએ ઘણો ચીડાવ્યાથી તેણીને તેણે બે હાથે ધકો માર્યો જેથી તે ભોંય ઉપર જોરથી પડી અને પડયા પછી તેણીને પોતાને હાથે તમાચો માર્યો. સ્ત્રી મરી ગઇ અને તપાસ કરતાં શરીર ઉપર કાંઈ માર માર્યાની ઉઘાડી નિશાનીઓ માલમ પડી નહી, પણ બ્હરોળનો કાંઈક રોગ હતો અને તે બ્હરોળ ફાટવાથી તેણીનું મોત થયું હતું, ઉપરની બાબ

તો ધ્યાનમા લેઈ એમ ઠરાવવામાં આવ્યું કે તેહોમતદાર ખુનથી ઉતરતા દરજાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાને માટે નહી, પણ વ્યથાના ગુન્હાને માટે ગુન્હેગાર છે. રાણી વિ. પંચાનનતોતી, ૫ વિ. રી. ૭૭.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી મે સને ૧૮૬૬.)

૭૮ ખુન-શિક્ષણીય મનુષ્યવધથી ખુન નહી થએલું તે—કોઈ માણસને બીજો માણસ જંગલી રીતે અને એકી વખતે મારે કે જેથી તેની પીઠ ભાગી જઈ માવા જેવો માંસનો લોચો નીકળે તેમ છતાં પણ તેનું હાડકુ ઉપરા ઉપરી મારમારીને ભાગી નાખે તો જાણી જોઈને, આવી રીતના મારથી ગુસ્સો ના સાબીત થયો હોય તો ખુનનો ગુન્હો થાય, અથવા ભારે ગુસ્સાથી આવુ કૃત્ય કરવામાં આવ્યું હોય તો ખુનથી ઉતરતા દરજાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થાય. રાણી વિરૂદ્ધ ટેપરા ફકીર વિગેરે પં વિ. રી. ૭૮.

(મેસર્સ કેમ્પ અને મી૦ ગ્લોવર જડજોની રૂબરૂ તા૦ ૯ મી મે સને ૧૮૬૬).

૭૯ ખુન—ખુનથી ઉતરતા દરજાનું શિક્ષણીય મનુષ્યવધ—સ્ત્રીની બે આબરૂ કરવી તે—કોઈ માણસ પોતાના ભાઇની સ્ત્રીની આબરૂ લેતો હતો તે વખતે તેને ભાઈએ અને ભત્રીજાએ મારી નાંખેલો તેવી બાબતમાં એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૦૦ ના ૧ લા અપવાદમાં બતાવ્યા મુજબ ભારે અને આકસ્મીક ગુસ્સો હતો અને સ્ત્રીને જે અપમાન થયેલું તે અપમાનમાંથી તેણીને બચાવવા જેટલું બળ વાપરવામાંજ ફકત આવ્યું હોય તો તે ખુન કરેલું વ્યાજબી છે; પણ મરનારને ઘાતકી અને ઝેરવાળે એવી રીતે મારી નાખવામાં આવ્યો છે તેથી કેદીઓ ખુનથી ઉતરતા દરજાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાને માટે અપરાધી છે. રાણી વિ. મૈથયા ગાઝી અને બીજો, ૬ વિ. રી. ૪૨.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુલાઈ સને ૧૮૬૬).

૮૦ ખુન—ખુનથી ઉતરતા દરજાનુ શિક્ષણીય મનુષ્યવધ—મુકરદમો ચલાવવામાં ભુલ—હાઈકોર્ટનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૬—એમ ઠરાવવામાં આવ્યું કે જ્યારે કોઈપણ જડજ ખુનથી ઉતરતા દરજાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો ઠરાવે તો કેસ પીનલકોડની કલમ ૩૦૦ ના કીયા અપવાદમાં આવી જાય છે એ લખવું જોઈએ. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે મુકરદમો ચલાવવામાં ભુલ થઇ હોય અને તેથી કેદીના વિરૂદ્ધ અભીપ્રાય કેસમાં ના બંધાતો હોય અને જે ગુન્હાને માટે કેદીને અપરાધી ઠરાવી બરોબર રીતે શિક્ષા થવી જોઇએ તેના કરતાં વધારે સખત શીક્ષા ન કરી હોય તો, સેસન જડજની શિક્ષા આ કોર્ટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ ફેરવી શકે નહી. સરકાર વિરૂદ્ધ કાલીકા મીસર, ૧ આગ્રા હા૦ કો૦ રી૦ ૩.

(મેસર્સ ટરનર જડજ અને ટર્નબલ કામ ચલાઉ જડજની રૂબરૂ, તા૦ ૨૩ મી જુલાઈ સને ૧૮૬૬).

(રાણી વિરૂદ્ધ ઉજરેઈલના કામમાં નજર રાખવામાં આવી હતી, ૩ વા. દી. પ્રાં. ૨૧૧. જુઓ મરતી વખતનો ઈકરાર ૪.

૮૧ ખુન—ખુનથી ઉતરતા દરજાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો બનેલો તે—કેદી અને તેના નાના બાળક શીવાય ઘરમાં સ્ત્રીઓ રહેતી હતી તેવા ઘરની ભીંતમાં કોઇ ચોર રાત્રે ઘર ફાડવાના ઈરાદાથી ભરાયો હતો અને તેનું અડધુ શરીર અને માથુ ભીંતમાં ભરાયુ હતું તે વખતે એકદમ તેણે ફરશી લેઇને પાંચ વખત ચોરની ગરદન ઉપર મારી અને લગભગ તેનું માથુ કાપી નાંખ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે કેદીએ કરેલો ગુન્હો ખુન નથી કારણ કે તે ખાનગી બચાવના હકમાં કર્યો હતો; પણ બચાવને માટે જેટલી ઈજા કરવી જોઈએ તેના કરતાં વધારે ઈજા

કર્યાથી તેને ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાને માટે અપરાધી ઠરાવ્યો હતો. રાણી વિરૂદ્ધ ફકીરા ચમાર, ૬ વિ. રી. ૫૦.

(મી૦ નોરમન અને મી૦ સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૬૬).

૮૨ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ—મહાવ્યથા—ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ અને મહાવ્યથાના ગુન્હાઓ વચે તફાવતની સમજણ. રાણી વિરૂદ્ધ હરીદાસ પોલ વિગરે ૬ વિ. રી. ૮૬.

(મી૦ લોચ જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી નવંબર સને ૧૮૬૬.)

૮૩ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ—ગેરકાયદેસર મંડળી—કેદીને ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ અને ગેરકાયદેસર મંડળીના સભાસદ એ બંને ગુન્હાઓને માટે ગુન્હેગાર ઠરાવી જુદી જુદી સજા કરવામાં આવી હતી. બીજો ગુન્હો મહેલા ગુન્હાના પુરાવામાંથી નીકળી આવવાથી બંને ગુન્હા એકજ ગુન્હો છે એમ ઠરાવી બીજા ગુન્હાને માટે દોશ અને શિક્ષા રદ કરવામાં આવી હતી. રાણી વિરૂદ્ધ રબીઉલાહ, ૭ વિ. રી. ૧૩.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ જાનેવારી સને ૧૮૬૭).

રાણી વિ૦ ડુંગરસીંગના કામમાં નજર રાખવામાં આવી હતી, ઈ. લો. રી. ૭ અ. ૨૯. જુઓ કેટલાક ગુન્હાઓ ૭.

રાણી વિ૦ હરગોવીંદના કામથી જુદો મત લેવામાં આવ્યો. ૩ વા. દી. પ્રં. ૧૭૪. જુઓ જુદા ગુન્હાઓ ૪.

ગોબીંદ ચંદરરાય અરજદારના કામમાં તફાવત બતાવવામાં આવ્યો હતો. ૧૬. વિ. રી. ૬૦. જુઓ સજા ૪૩.

રાણી વિ૦ રામ આધીનના કામમાં તફાવત બતાવવામાં આવ્યો હતો. ઈ. લો. રી. ૨ અ. ૧૩૯. જુઓ કેટલાક ગુન્હાઓ ૩.

૮૪ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ—ભારે ચીડ—કોઇ માણસે પોતાની સ્ત્રીનું માથુ એકદમ કાપીનાખેલું, તેવા કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે પીનલકોડની કલમ ૩૦૦ ના ૧ લા અપવાદમા આવી જાય તેવી રીતે ભારે ગુસ્સામાં કૃત્ય કર્યું નોહોતું એ બતાવવાને માટે મરનાર તે વખતે કેદીને ગાળો ભાંડતી બંધ થઇ, એટલુંજ કહેવું બસ નથી પણ મરનાર બોલતી બંધ થઈ, અને જેથી કેદીએ તેણીના ઉપર હુમલો કર્યો તે બાબતોની દરમીઆન કેટલો વખત જતો રહયો હતો તે બતાવવું જરૂરનું છે. રાણી વિ૦ નોકલનશયો, ૭ વિ૦ રી૦ ૨૭.

(મેસર્સ સેટનકાર અને નોરમન જડજોની રૂબરૂ, તા૦ ૪ ફેબ્રુઆરી સને ૧૮૬૭).

૮૫ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ—ચોરને ડામ દેવો તે—કોઇ ચોરને ડામ દેવાથી એવો પરીણામ નીપજશે કે બેશક મોત થશે અથવા શરીરને એવી ઈજા થશે કે જેથી તેનું મોત થવાનો સંભવ બનશે એવું જાણ્યા સીવાય મોત થયુ હોય તો તે ગુન્હો પીનલકોડની કલમ ૩૦૪ મુજબ ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ ગણાય છે. રાણી વિ૦ ખેદન મીસર. ૭ વિ૦ રી૦ ૫૪.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૮ એપ્રીલ સને ૧૮૬૭).

૮૬ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ—પેહેલાંની દ્વેષબુદ્ધિ અથવા હેતુની સાબેતી—મરનાર માણસ કોળી હોય અને તેને જંગલી રીતે મારી નાખવામાં આવ્યો હોય તેવા કેસમાં ખુનનો ગુન્હો ઠરાવવાને અગાઉની દ્વેષબુદ્ધિ અથવા હેતુ સાબીત કરવાની કાંઇ જરૂર નથી. રાણી વિ૦ જેચંદ મંડળે વિગરે, ૭ વિ૦ રી૦ ૬૦.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૨૯ એપ્રીલ સને ૧૮૬૭.)

૮૭ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિ

ક્ષણીય મનુષ્ય વધ-ગેરકાયદેસર મંડળી—હ ગામો-હંગામાના કેસમાં કોઇ માણસનું મોત થયું હોય તો, ગેરકાયદેસર મંડળીના સઘળા સભાસદોને તેમજ જીતેલા માણસોને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુસ્ય વધના ગુન્હાને માટે સરખી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. રાણી વિ૰ માનાશીંગ વિગરે, ૭ વિ૰ રી૰ ૧૦૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૭ મી મે સને ૧૮૬૭).

૮૮ ખુન-ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ—જો કોઈ પણ માણસ લાકડાનું ઢેમચુ ખુંચાવી લેઈ બીજા માણસને તેનું મોત થાય તેવા ભાગ ઉપર એટલા બધા જોરથી અને ઝેરથી મારે કે તે માણસનું મોત તેજ જગ્યાએ થયું હોય તો, તે કૃત્ય મોત થવાનો સંભવ થશે એવું જાણીને કરેલુ હશે એમ ઠરાવવું જોઈએ, અને જો કૃત્ય અગાઉથી વિચાર કર્યા વગર એકદમ લડાઈમાં ગુસ્સાના આવેશથી કરવામાં આવ્યું હોય તો, તેથી થયેલો ગુન્હો ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુસ્ય વધનો ગુન્હો ગણાય છે. રાણી વિ૰ રાજુ ઘોસ વિગેરે, ૭ વિ૰ રી૰ ૭૩.

(મેસર્સ જેક્શન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૰ ૨૦ મી મે સને ૧૮૬૭).

૮૯ ખુન-ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ-મહાવ્યથા-ખુન, ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ અને મહાવ્યથાના ગુન્હાઓની વચ્ચે તફાવતની સમજુતી. રાણી વિ. માદર જોલાહ, ૮ વિ. રી. ૨૮.

(મી૰ લોચ જડજની રૂબરૂ, તા૰ ૨૭ જુન સને ૧૮૬૭.)

૯૦ ખુન--ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૦ અપવાદ ૧ લો—તોહોમતદારને પીનલકોડની કલમ ૩૦૦ ના અપવાદ ૧ લાનો ફાયદો આપવા માટે, કૃત્ય એવી મનોવૃતીથી કરવામાં આવ્યું હતું કે જે મનોવૃતીથી તેના મનનો સઘળો દાબ જતો રહ્યો હતો એટલુંજ ફકત સાબીત કરવાની જરૂર નથી, પણ સ્પષ્ટ રીતે બતાવવું જોઈએ કે તે મનોવૃતીથી તે કૃત્ય થવાને જોઈએ તેવું કારણ હતું. રાણી વિ. હરીગીરી ૧૦ વિ. રી. ૨૬; ૧ બેં. લો. રી. ૧૧.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૭ અગષ્ટ સને ૧૮૬૮).

૯૧ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ-પાણીના ખોટે રસ્તે લેઈ જવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૮૨, ૨૯૯—તોહોમતવાળો જે ખલાસી હતો તે કટલાક માણસોને હોડીમાં બેસારી નદી ઉતારતો હતો તે વખતે હોડી ડુબી જવાથી તેમાણસો ડુબી ગયાં હતાં. આ કામની બાબતો ઉપર વિચાર કરીને એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને પીનલકોડની કલમ ૨૯૯ મુજબ ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવાય નહી, કારણ કે આવાં કૃત્યોથી તેમનું મોત થશે એવું જાણીને તોહોમતદારે તે કૃત્ય કર્યું હતું એવું કાંઈ કેસ ઉપરથી સાબીત થતું નથી. કેદીએ ખરાબ અથવા ઘણા બોજાવાળા વાહાણમાં ભાડુત દાખલ કેટલાક માણસોને ભુલથી બેસાર્યાં તેથી તેને પીનલકોડની કલમ ૨૮૨ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. મગીની બેહેરાના મુકરદમાની તપાસણી, ૧૧ વિ. રી. ૩.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૰ ૨૬ મી જાનેવારી ૧૮૬૯).

૯૨ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—ભારે ગુસ્સો—અનુમાન —મન વશમાં રાખવાનો દાબ જતો રહેલો તે—કોઈ માણસે પ્રાણઘાતક હથીઆર આપવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૪—મરનાર જે એક દેશી વૈદ હતો, તેને ઘેર કાંઈક જાદુમંતર કરવાને માટે કેદીની સ્રીને હાજર રાખવાની જરૂર હતી,

એવું બતાવી તેણીને બળાત્કારે ત્યાં લેઈ ગઓ હતા. કેદી જે હાથમાં તરવાર રાખીને ઘરના છાપરા ઉપરથી તપાસ કરતો હતો તેને પોતાની સ્ત્રીની મરનારે આબરૂ લીધી એવું માલમ પાડ્યું; તેથી તેણે છાપરા ઉપરથી નીચે કુદકો મારી મરનાર ઉપર કેટલીક જખ્મી એ તરવારથી ઘા કર્યા, જેથી તે મરી ગયો. એમ ઠરાવવામાં આવ્યું કે કેદી ખુનનો ગુન્હેગાર થઈ શકે નહી, પણ ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર થઈ શકે છે. રાણી વિરૂદ્ધ રામટાહલ કાહાર, ૩. બેં. લો. રી. ક્રી. અ. ૩૩.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુલાઈ સને ૧૮૬૯.)

૯૩ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—ભારે અને આકસ્મીક ગુસ્સો—જ્યુરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૦ અપવાદ ૧ લો—પીનલકોડની કલમ ૩૦૦ ના અપવાદ ૧ લા મુજબ ખુનનો ગુન્હો નહી થવાને ખુન ભારે અને આકસ્મીક ગુસ્સાથી કરેલું છે કે શી રીતે તે બાબત વિષેનો જ્યુરીનો ઠરાવ એ હકીકતનો સવાલ છે જેની દરમીયાન હાઈકોર્ટ થઇ શકે નહી. રાણી વિ. સોહરાઈ, ૧૩ વિ. રી. ૩૩.

(મી૦ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦.)

૯૪ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—કેદીએ લાત અને માર મારીને પોતાની માને મારી નાંખી. મોત લાત મારવાથી અને જંગલી રીતે માર મારવાથી થયું છે એવું સેશન જડજે ઠરાવ્યું, કારણકે માર, એટલો બધો મારવામાં આવ્યો તોહોતો કે જેથી મોત થવાના સંભવની કેદીને ખબર હશે. એમ ઠરાવવામાં આવ્યું કે ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હામાંથી બચાવવાનું કાંઈ કારણ નથી. જડજે એ સવાલ જોવો જોઈએ કે મોત થવાનો સભંવ થાય એવી શરીર ઉપર ઈજા કરવાના ઇરાદાથી આ કૃત્ય કરેલું હતું કે શી રીતે. સેશન જડજે અવિચારી કૃત્યથી મોત થયાનું તોહોમત રાખી કેદીને ગુન્હેગાર ઠરાવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે આ કલમ બીલકુલ લાગુ પડતી નથી. "ગુન્હો થાય એવું અવિચારી પણું" અને "ગુન્હો થાય એવી ભુલ" એ બંને વચ્ચે તફાવત બતાવવામાં આવ્યો. રાણી વિ. નીદામરતી નાગશાનમ, ૭ મ. હા. કો. રી. ૧૧૯.

(મી૦ હોલોવે અને મી૦ કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અકટોબર સને ૧૮૭૨.)

રાણી વિ. રાંધીરસીંગના કામમાં મંજુર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૫૯૭. જુઓ બ્યથ ૯.

રાણી વિ.કતાબડી મંડલેના કામમાં બતાવવામાં આવ્યો અને મંજુર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૭૬૪. જુઓ ખુન ૫૪.

રાણી વિ. ઓબ્રીનના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૭૬૬. જુઓ ખુન ૧૦૪.

રાણી વિ. ઇદુબેગના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૭૬૬. જુઓ ખુન ૧૦૭.

૯૫ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ—માર—હકુમત—એક શીતેર વર્ષની ઊંમરના ઘરડા ડોસાએ એક અઢાર વર્ષના છોકરાને એવો માર માર્યો કે જેથી તેનું મોત થયું, અને આસીસ્ટન્ટ કમીશનરનો એવો મત હતો કે આ જેવી રીતે આડા ચાલનાર છોકરાને સજા કરે તેવી રીતનો આ માર હતો, તેથી તોહોમતદારને પીનલકોડની કલમ ૩૦૪ મી મુજબ ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આ કામ ચલાવવાનો આસીસ્ટંટ કમીશનરનો અધીકાર નથી તેથી કલમ ૩૦૪ મુજબ તજવીજને મા

કે તોહોમતદારને સેસન કોર્ટમાં મોકલવો જો ઇએ. મુસામત બુહુબીઆ દોસાદીન વિરૂદ્ધ મુસામત અનુપકુનવાર ઠાકુરાની, ૧૯ વિ.રી.૨૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૭૨).

૯૬ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો સિક્ષણીય મનુષ્યવધ—ભારે ગુસ્સો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૦ અપવાદ ૧ લો—પીનલકોડની કલમ ૩૦૦ ના અપવાદ ૧ લા પ્રમાણે ગુન્હો ઓછો કરવાની બાબતોની તકરાર બતાવવાને, ગુસ્સો મોટો અને તેથી નિપજતા પરીણામો એકાએક થએલાં હોવા જોઈએ; અને જે માણસ ભારે ગુસ્સાના આવેશમાં બીજા માણસને મારે છે તે માણસની પોતાનું મન કબજે રાખવાની સત્તા મારતી વખતે જતી રેહેલી હોવી જોઈએ. રાણી વિરૂદ્ધ બેચુ સાઓત અને બીજો, ૧૯ વિ. રી. ૩૫.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩).

૯૭ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ–સને ૧૮૬૦નો ૪૫મો પીનલકોડ કલમો ૩૦૦, ૩૦૪ અને ૩૦૪ અ–કેદીઓએ કોઈ ચોર ઉપર એવો સખત હુમલો કર્યો કે જેથી તે મરી ગયો. મરનારના શરીર ઉપર જુદા જુદા એકસોને એકતાળીસ ઘા માલમ પડયા હતા, અને તેની કેટલીક પાંસળીઓ ભાગી ગઈ હતી. એમ ઠરાવવામાં આવ્યું કે આ કેસની બાબતોને પીનલકોડની કલમ ૩૦૪ અ લાગુ પડતી નથી, અને ખુનના વર્ગમાંથી ગુન્હો લઈ લેઇએ તોપણ તે કલમ ૩૦૪ ની અંદર આવી જવો જોઇએ. રાણી વિ. માન, ૫ વા. દી. પ્રાં. ૨૩૫.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૪ અગષ્ટ સને ૧૮૭૩).

રાણી વિરૂદ્ધ ઇદુબેગના કામમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૩ અ. ૭૭૬. જુઓ ખુન ૧૦૭.

૯૮ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૦૨, ૩૦૪—કોઈ માણસ ઉપર ખુનનું તોહોમત રાખેલું એવા કેસમાં એમ માલમ પડે કે એકાએક લઢાઈની દરમીઆન લાકડીના સખત ઘાથી લોહી બળતી હતી તે વખતે બીજો માર પડશે એવી બીકથી તે માણસે પાસે પડેલું ચપ્પુ જડી આવવાથી બીજા માણસને માર્યું અને તેથી મરનારનું મોત થયું તેવા કેસમાં એમ ઠરાવવામાં આવ્યું કે ઉપલી બાબતો ધ્યાનમાં લેતાં તોહોમતદાર પીનલકોડની કલમ ૩૦૪ મુજબ ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર છે. રાણી વિરૂદ્ધ સોમીરૂદીન, ૨૪ વિ. રી ૪૮.

(મેસર્સ જેકશન અને મેકડોનલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી અગષ્ટ સને ૧૮૭૫).

૯૯ ખુન–ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૨૯૯, ૩૦૦—કેદીએ પોતાની સ્ત્રીને નીચે પાડી નાખી તેણીની છાતી ઉપર ઘુંટણ મુકી મુઠી વાળી તેણીના ચેહેરા ઉપર બે અથવા ત્રણ સખત મુક્કા માર્યા, અને તેથી મગજમાંથી લોહી નિકળવા માંડ્યું, અને તેથી તેજ જગ્યાએ અથવા થોડા વખત પછી તેણીનું મોત થયું. એમ ઠરાવવામાં આવ્યું કે કેદીનો મારી નાખવાનો ઇરાદો નહી હોવાથી, અને શરીર ઉપર કરેલી ઈજા સાધારણ રીતે મોત થાય એવી નહી હોવાથી કરેલું કૃત્ય ખુન નથી પણ ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો છે. રાણી વિ૦ ગોવીંદા, ઈ. લો. રી. ૧ મું ૩૪૨.

(મેસર્સ કેમ્પબેલ અને નાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ જુલાઈ સને ૧૮૭૬).

૧૦૦ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુસ્ય વધ–સને ૧૮૬૦ નો ૪૫

મો પીનલકોડ કલમ ૩૦૪—રેફરન્સ-અપીલ—ઠરાવ ફેરવવાની હાઈ કોર્ટની સત્તા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીo પ્રોo કોડ કલમ ૨૮૮—સેશન કોર્ટે ખુનનો ગુન્હો ઠરાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૮ મુજબ મોતની સીક્ષાને માટે હાઇ કોર્ટની મંજુરી માગી હોય તેવા કેસમાં પુરાવા ઉપરથી હાઈ કોર્ટને ખુનથી ઉતરતા દરજ્જાનો ગુન્હો છે એવું માલમ પડે તો પણ અપીલ ના થઇ હોઈ તો ઠરાવમાં ફેરફાર કરી, ખુનથી ઉતરતા દરજ્જાનો ગુન્હો ઠરાવી શકે નહી. તેવી બાબતમાં નવેસરથી કામની તપાસ કરવાનો હુકમ કરવો જોઇએ. આ કામમાં ખુન અને ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો એ બંને ગુન્હાઓને માટે કેદીઓની તપાસ કરવામાં આવી હતી અને બંને તોહોમતોને માટે આસેસરોનો મત લેવામાં આવ્યો હતો, પણ સેસન જડજનો મત એવો હતો કે પુરાવા ઉપરથી ખુન સાબીત થાય છે તે.ઉપરથી ફકત તે ગુન્હાને માટે અપરાધી ઠરાવી શીક્ષા કરી; અને સને ૧૮૭૨ ના આકટ ૧૦ મા ની કલમ ૨૮૭ મુજબ હાઈ કોર્ટને રેફરન્સ કરવાથી હાઈ કોર્ટનો મત ખુનથી ઉતરતા દરજ્જાનો ગુન્હો થયો છે એવો હોવાથી નવેસરથી કામની તપાસ ચલાવવાનો હુકમ કર્યો નહી, પણ ખુનથી ઉતરતા દરજ્જાનો શીક્ષણીય મનુષ્યવધના ગુન્હાની તજવીજ પુરી કરી તે મુજબ ઠરાવ લખવાને સેસન જડજને હુકમ કરયો. રાણી વિરૂદ્ધ બાલાપા ઉર્ફે દંડાપા, ઈo લોo રીo ૧ મુંo ૬૩૯.

(મેસર્સ મેલવીલ અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તાo ૨૬ એપ્રીલ સને ૧૮૭૭).

૧૦૧ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—મહવ્યથા—માજીસ્ટ્રેટની મરજી—કમીટ કરવાનો હુકમ કરેલો તે—શિક્ષા રદ કરેલી તે—મોટો હુમલો કરવાથી મોત થયું હોય તો ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો ઠરાવી માજીસ્ટ્રેટ કેસ કમીટ કરવાને બંધાયેલો છે. મહાવ્યથાનો ગુન્હો ઠરાવવો કાયદા વિરૂદ્ધ છે. ગોપીનાથ શાહ અને બીજાની બાબતમાં, ૧ ક. લો. રી. ૧૪૧.

૧૦૨ ખુન-ખુનથી ઉતરતા દરજ્જાનો શીક્ષણીય મનુષ્યવધ-ભુલથી મોત થયેલું તેથી સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૩૦૪ અને ૩૦૪ અ—એક મદારીએ લોકોને ઝેરી સાપ બતાવ્યો જેનાં દાંત પાડી નાખેલા નોહોતા એ તેને ખબર હતી, અને કોઈ માણસને ઇજા કરવાના ઈરાદાથી નહી પણ પોતાની ચતુરાઈ દેખાડવાને માટે એક તમાસગીરના માથા ઉપર તેણે તે સાપ મુકયો, તે તમાસો જોનાર માણસે સાપ કાઢી નાખવાનો યત્ન કરયો. અને તેમ કરતાં તે સાપ તેને કરડયો. અને તેથી તેનું મોત થયું. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૦૪ મુજબ તે મદારી ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો ગુન્હેગાર છે, અને કલમ ૩૦૪ અ મુજબ ભુલથી મોત કરવાના ગુન્હાને માટે ગુન્હેગાર નથી. રાણી વિo ગોનેશડુબી, ઈo લોo રીo ૫ ક. ૩૫૧; ૪ ક. લો. રી. ૫૮૦.

(મેસર્સ મેકડોનલ બ્રાઉટન જડજોની રૂબરૂ, તાo ૨૮ મી જુલાઇ સને ૧૮૭૯.)

રાણી વિરૂદ્ધ પુનાઇ ફતમાહના કામમાં તફાવત બતાવવામાં આવે છે.

૧૦૩ ખુન ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૯૯, ૩૦૪, ૩૨૧-બુદ્ધિપુર્વક વ્યથા કરવી તે—બહરોળનો રોગ—કોઇ માણસે જાણી બુઝીને બહરોળના રોગવાળા માણસને ઇજા કરી હોય અને મોત કરવાનો અથવા મોત થવાનો સંભવ હોય એવી શરીર ઉપર ઇજા કરવાનો ઈરાદો ના હોય અથવા પોતાના કૃત્યથી મોત થશે એવી માહીતીના હોય અને તેના કૃત્યથી એવા માણસનું મોત થયું હોય તો ,તેવા કેસમાં એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને પીનલકોડની કલમ ૩૨૩ મુજબ માહાવ્યથાનો ગુન્હેગાર

ઠરાવેલો તે બરોબર છે. રાણી વિ. ફોક્ષ, ઈં૦ લો૦ રી૦ ૨ અ. ૫૨૨.

(મી૦ સ્ટુઅર્ટ જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી ડીસંબર સને ૧૮૭૯.)

રાણી વિ. ઈદુબેગના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ઈં૦ લો૦ રી૦ ૩ અ. ૭૭૯. જુઓ ખુન ૧૦૭.

૧૦૪ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—બુદ્ધિપુર્વક વ્યથા કરવી તે—ભુલથી મોત કરવું તે—બ્હરોળનો રોગ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૦૪, ૩૦૪, **અ**, ૩૨૨, અને ૩૨૫—**બ** નામના માણસે **ન** નામનો માણસ જેને બ્હરોળનો રોગ હતો તેને, મહાવ્યથાનો સંભવ છે એવું પોતે જાણીને ઈજા કરી, પણ મોત કરવાનો અથવા મોત થવાનો સંભવ બને એવી શરીરને ઇજા કરવાનો ઇરાદો નોહોતો તેમજ પોતાના કૃત્યથી મોત થશે એવી તેને માહીતી પણ નોહોતી, પણ **બ** નામના માણસે **ન** નામના માણસ ઉપર માહાવ્યથા કરી અને તેથી તે માણસ મરી ગયો. એમ ઠરાવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૦૪ **અ** મુજબ ભુલથી મોત કરવાને માટે **બ** નામના માણસને ગુન્હેગાર ઠરાવી શકાય નહી, પણ તે કોડની કલમ ૩૨૫ મુજબ બુદ્ધિપુર્વક મહાવ્યથાના ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવો જોઈએ. રાણી વિ. ઓબ્રીઅન, ઈં૦ લો૦ રી૦ ૨. અ. ૭૬૬.

(મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને મી૦ સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૬ માર્ચ સને ૧૮૮૦).

રાણી વિ. ઈદુબેગના કામમાં આધાર લેવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૩. અ. ૭૭૯. જુઓ ખુન ૧૦૭.

નીદામારતી નગાબુસનામ કેદીના કામમાં નજર રાખવામાં આવે છે. ૭ મ. હા. કો. રી. ૧૧૯. જુઓ ખુન ૯૪.

૧૦૫ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—હંગામો—ગેરકાયદેસર મંડળી—અને તકરાર કરનારી હથીઆર વાળી ટોળીઓ વચેનીલઢાઈ—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૩૦૦ અપવાદ ૫ મો—કોઈ બે ટોળીઓના માણસોએ હથીઆરો લેઈને એક બીજાની સામે લઢાઇ ચલાવવાને જાણી બુઝીને વિચાર કર્યો હોય, અને તેમ કરવામાં કોઈ માણસનું મોત થયું હોય અને પુરાવા ઉપરથી એમ માલમ પડે કે મરનાર માણસ અનુભવી માણસ હતો, અને લઢાઈ કરવામાં એકે ટોળી વાળાએ ગેરવ્યાજબી લાભ લીધો નોહોતો તો તેથી થયેલો ગુન્હો ખુન ગણાતો નથી પણ ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ ગણાય છે. રાણી વિ. સમશેરખાન, ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૧૫૪; ૭ ક. લો. રી. ૧૫૮.

(મેસર્સ બાઈટ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જુલાઈ સને ૧૮૮૦).

રાણી વિ. રોહીમુદીનનો ફેંસલો આનાથી વિરૂદ્ધ છે. ૪ ક. લો. રી. ૨૮૨. જુઓ ખુન ૫૫.

૧૦૬ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૪—ભારે અને આકસ્મીક ગુસ્સો—**મ** નામના કારીગરે કોઈ એક સાંજે **ન** નામના માણસને પોતાની સ્ત્રી જોડે છીનાળું કરતાં જોયો, અને બીજે દીવશે સવારમાં તે તેઓની ગેરવર્તણુકથી ગુસ્સે થયેલો તેઓ બંને એકઠા ખાતા હતા ત્યારે તેઓની પાસે આવ્યો, અને તે વખતે પોતાની સ્ત્રી ખોરાક તૈયાર રાખવાનું ભુલી ગઈ હતી. **મ** નામના માણસે દાતરડું લેઈને તે જગ્યાએ **ન** નામના માણસને મારી નાખ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે **મ** નામના માણસે પોતાની સ્ત્રીની અને **ન** નામના માણસની પછીની વર્તણુંક અને આગલી સાંજની તેઓની ખરાબ વર્તણુંકની સાથે સબંધ રાખીને તેઓની કબુલાતથી ખરાબ સંબંધ થયેલો એવું ધાર્યું હોય તો તેનું મન વશ નહી રેહેવાને ગુસ્સો આકસ્મીક અને જોઈએ તેટલો હતો, અને તેથી ગુન્હો ખુનથી ઉતરૂ

તા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગણાય છે. રાણી વિ. ઓયામનીગડુ, ઈ૦ લો૦ રી૦ ૩. મ. ૩૩.

(મેસર્સ ઈન્સ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦, ૨૦ મી અપ્રેલ સને ૧૮૮૧),

૧૦૭ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો સિક્ષણીય મનુષ્યવધ-અવિચારી અને ભુલ ભરેલા કૃત્યથી મોત થયેલું તે—મહાવ્યથા-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમો ૨૯૯, ૩૦૦, ૩૦૨, ૩૦૪ અ, અને ૩૨૫—કોઇ માણસે મારવાના અથવા મોત થવાનો સંભવ રેહે એવી શરીરને ઈજા કરવાના ઈરાદા સીવાય અથવા એવા કૃત્યથી મોત થવાનો સંભવ છે એની માહીતી સીવાય, અને માહાવ્યથા કરવાના ઈરાદાથી બીજા માણસને મુક્કો માર્યો હોય, અને તેથી તે માણસ મરી જાય તો તેવી બાબતમાં એમ ઠરાવવામાં આવ્યું કે, અવિચારી અને ભુલ ભરેલા કૃત્યથી મોત થયાનો ગુન્હો ગણાય નહી પણ બુદ્ધિપુર્વક માહાવ્યથાનો ગુન્હો ગણાય છે. નીદરમારતી નગાભુસનામ, ૭ મ. હા. કો. રી. ૧૧૯, (જુઓ ખુન ૯૪); રાણી વિ. પેમકોર, ૫ નો. વે. પ્રો. ૩૮.(જુઓ અવિચારી અને ભુલ ભરેલું કૃત્ય ૧); રાણી વિ. માન, ૫ વા. દી, પ્રાં. ૨૩૫ (જુઓ ખુન ૯૭); રાણી વિ. કતાબડી મંડલે ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૭૬૪. (જુએ. ખુન ૫૪); રાણી વિ. ફેક્ષ, ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૫૨૨. (જુઓ ખુન ૧૦૩); રાણી વિ. ઓબ્રીયન, ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૭૬૬. (જુઓ ખુન ૧૦૪); ના કેસોમાં આધાર રાખવામાં આવ્યો હતો. ખુન ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ અને અવિચારી અને ભુલ ભરેલા કૃત્યથી મોત, એ ગુન્હાઓની વચ્ચે તફાવત બતાવવામાં આવ્યો. રાણી વિ. ઈદુબેગ, ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૭૭૬.

૧૦૮ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—ભારે અને આકસ્મીક ગુસ્સો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૦૨, અને ૩૦૪, અપવાદ ૧ લો—કોઈ માણસ ઉપર પોતાની સ્ત્રીને મારી નાખવાનું કામ ચાલતી વખતે એમ સાબીત થયું હતું કે તોહોમતદારને ખરી રીતે પોતાની સ્ત્રી બીજા માણસ જોડે લાગેલી છે એવો વેહેમ આવ્યો હતો, અને એક રાત્રે તેની સ્ત્રી પોતે ઊંઘી ગયોં છે એવું ધારીને તેના પાસામાંથી છાનીમાની ઉઠી નાસી ગઈ હતી; અને તોહોમતદાર કોદાળી લેઈને તેણીની પાછળ ગયો, અને તેણીને તેના યાર જોડે ઝાહેરાંત જગ્યાએ વાતો કરતી જોઈ અને ત્યાં તરતજ તેણીને મારી નાંખી. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારનું કૃત્ય ખુન છે, કારણકે પીનલકોડની કલમ ૩૦૦ ના ૧ લા અપવાદ મુજબ ભારે અને આકસ્મીક ગુસ્સાની હકીકત કામમાં મળી આવતી નથી કે જેથી ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ ગણી શકાય. રાણી વિ. દાજરૂઆ (વિકલી નોટસ પાનુ ૧૯૭) ના કેસમાં મી૦ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જસ્ટીસે તફાવત બતાવ્યો, રાણી વિ. મોહન ઈ૦ લો૦ રી૦ ૮ અ. ૬૨૨.

(મેસર્સ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને બ્રોધર્સ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૮૬).

રાણી વિ. લોચાનના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૮ અ. ૬૩૫. જુઓ ખુન ૧૦૮.

૧૦૯ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—ભારે અને આકસ્મીક ગુસ્સો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૦૦, ૩૦૨અને ૩૦૪ અપવાદ ૧ લો તોહોમતદારને તેના પીત્રાઈ ભાઈની વિધવા સ્ત્રી જે તેની સાથે રેહેતી હતી તેણીના સબંધમાં ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. પુરાવા ઉપરથી એમ સાબીત થયું હતું કે મરનાર સંતલસ કર્યા પ્રમાણે જતી હતી તેણીને સોધી કાઢવાને તોહોમતદાર

પાછળ પડયો હતો એવું આથેથી માલમ પ ડયું હતું. તોહોમતદારે તેણીને તેના યાર સા થે સબંધમાં જોઈ તે વખતે તેણીના કડકેકડ કા કરી નાંખ્યા. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હો ફેરવીને ખુન ઠરાવવું જોઈએ કારણ કે ગુન્હો ઓછો કરવાને બતાવેલા ગુસ્સાની સો ધમાં તોહોમતદાર જાણી બુઝીને ગયો હતો અને કામમાં મળી આવેલા પુરાવા ઉપરથી ભારે અને આકસ્મીક ગુસ્સાથી તે પોતાનું મન વશમાં રાખી શકે નહી એવી હકીકત માલમ પડતી નથી. રાણી વિ. દામરૂઆ (વિકલી. નોટસ ૧૮૮૫ પાનું ૧૯૭) અને રાણી વિ. મોહનના કામમાં નજર રાખવામાં આવી હ તી. (ઈં૦ લો૦ રી૦ ૮ અ. ૬૨૨); રાણી વિ. લોચન, ઈં૦ લો૦ રી૦ ૮ અ. ૬૩૫.

(મેસર્સ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જ સ્ટીસ અને મહમદ જડજોની રૂબરૂ, તા૦ ર અગષ્ટ સને ૧૮૮૬).

રાણી વિ. દામરૂઆ (૮ વિકલી નોટ સ ૧૮૮૫ પાનું ૧૯૭) ના કેસમાં નજર રાખવામાં આવે છે.

રાણી વિ. મોહન, ઈં૦ લો૦ રી૦ ૮ અ. ૬૨૨ ના કામમાં નજર રાખવામાં આવે છે.

ખુન—

ખુનના જુઠા તોહોમતમાં મદદગારી· જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧.

મડદુ ના મળી આવે તેવી બાબતમાં ખુનનું તોહોમત. જુઓ કબુલાત ૯૦.

શિક્ષણીય મનુષ્યવધથી ખુનનો ગુન્હો બને તે.

ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મ નુષ્યવધ—

જુઓ જવાબ ગુન્હો કસ્યાનો ૪.
,, ખાનગી બચાવ ૩, ૧૭.
,, અવિચારી અને ભુલ ભરેલું કૃત્ય ૨

ખુલ્લી સ્થાવર મિલકત—

જુઓ કબજો ૧૩૬, ૧૩૯, ૧૪૧.

ખોટા સીક્કા—

૧ ખોટા સીક્કા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૩૯—પીનલકોડની કલમ ૨૩૯ જે માણસ સીક્કો મેળવે છે અથવા લે છે તેના સીવાય બીજા માણસને લાગુ પડે છે, પણ નાણું પાડનાર માણસે કરેલા ગુન્હાને લાગુ પડતી નથી. રાણી વિરૂદ્ધ શીઓબક્ષ ઉરફે શીઓપ્રસાદ, ૩ વા. દી. પ્રાં. ૧૫૦.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા. ૨૩ મી જુન સને ૧૮૭૧).

૨ ખોટા સીક્કા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૪૧—પીનલકોડની કલમ ૨૪૧ (ખોટું નાણું જાણીને ખરા તરીકે ચલાવવું) મુજબ ગુન્હાનો મુદ્દો, ખોટું નાણું જાણીને આપવું અથવા બીજા માણસને લેવાને લલચાવવાનો પ્રયત્ન કરવો એ છે. રાણી વિરૂદ્ધ સુરત, ૪ વા. દી. પ્રાં. ૬૨.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ. તા૦ ૨૭ મી એપ્રીલ સને ૧૮૭૨).

૩ ખોટા સીક્કા—સને ૧૮૭૬ નો ૧૯ મો—નાણાની સાધારણ વાખ્યા પ્રમાણે કોઈ શીક્કાની કાયદા પ્રમાણે અમુક રૂપીયામાં કીંમત ઠરાવવાની જરૂર નથી. સોનાની મોહોરો કાંઈ ઠરાવેલી કીંમત પ્રમાણે ચાલતી નથી, પણ તેઓનો ચાલતો ભાવ હોય છે. જે ભાવ કાંઈ સોનું જોખીને ઠરાવેલો હોતો નથી. પણ સીક્કા તરીકે નાણામાં ચાલવાને માટે સને ૧૮૭૨ ના આકટ ૧૯ ના અર્થ મુજબ ભાવ ઠરાવેલો હોય છે.

(મેસર્સ પીઅરસન અને જારડીન જડજોની રૂબરૂ તા૦ ૭ મી જુન સને ૧૮૭૩).

૪ ખોટા સીક્કા—નાણું—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૩૦, ૨૩૧—શીક્કો નાણું છે કે નહી તે સોધી કાઢવાને માટે તેને બજારમાં લેઇ જઇ તેને બદલે કાંઈ જાતનો માલ લેવો જોઈએ. આમ કરવાથી તેની કીંમત માલમ પડી આવે છે અને ઉઘાડી થાય છે. તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે અકબર બાદશાહના વખતનો ખોટો સીક્કો પાડવાથી પીનલકોડની કલમો ૨૩૦ અને ૨૩૧ મુજબ ગુન્હો બનતો નથી. રાણી વિરૂદ્ધ બાપુ યાદવ અને રામા તુલસીરામ, ૧૧ મું. હા. કો. રી. ૧૭૨.)

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૭૪).

૫ ખોટા સીક્કા—રાણીનો સીક્કો ખોટો બનાવવો અને સાબીત કરવો તે—રાણીનો સીક્કો ખોટો બનાવવાનું તોહોમત મુકવામાં આવ્યું હોય તો જુઠો સીક્કો ચલાવવાને માટે પીનલકોડની કલમો મુજબ કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવાને જુઠો સીક્કો બનાવવાની સ્પષ્ટ સાબીતીની કાંઈ જરૂર નથી. સીક્કો કબજામાં આવ્યો તે વખતે જુઠો સીક્કો હતો કે નહીં અથવા પેહેલેથી તે બાબતની ખબર નો હોતી એવા પુરાવાની જરૂર છે. આવી જાતનો ગુન્હો બને તેવી માહીતી આસપાસની બાબતો ઉપરથી સ્પષ્ટ અથવા આડી અવળી રીતે સાબીત કરી શકાય (૧) પરશુલાહ મંડલ વિ. ખેર મંડલ; (૨) રાણી વિરૂદ્ધ ગરીબશેક; (૩) રામ રતનશાહ વિરૂદ્ધ બાવુલ મંડળ ૨૩ વિ. રી. ૪

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ નવંબર સને ૧૮૭૪).

૬ ખોટા સીક્કા—પુરાવો—કબુલાત—સને ૧૮૬૦ નો ૪૫મો પીનલકોડ કલમ ૨૩૯—જે વખતે સીક્કાઓ કબજામાં આવ્યા તે વખતે ખોટા છે એવું જાણીને તે શીક્કાઓ બીજાને આપવાને માટે પીનલકોડની કલમ ૨૩૯ મુજબ ક અને ખ નામના બંને માણસો ઉપર તોહોમતો રાખી એકઠું કામ ચલાવવામાં આવ્યું હતું. ક નામના માણસે કબુલ કર્યું કે તેણે ખ નામના માણસની પાસેથી શીક્કા

ઓ મળ્યા હતા; અને તેના કેહેવા ઉપરથી ઘણા માણુસોને આપ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે ક ની કબુલાત ખ ની સામે પુરાવામાં લેઈ શકાય છે. એકજ જાતના અને એકજ બાબતમાંથી નીકળી આવતા ગુન્હાને માટે બે માણુસોને સાથે ગુન્હેગાર ઠરાવ્યા હોય અને તેમાંના એક માણુસે પોતાના ગુન્હાના સોબતીના કૃત્યોથી જુદા પડે તેવા કૃત્યો બતાવી તેનાથી જુદો ગુન્હો કરવાની કબુલાત આપી હોય તોપણ તે કબુલાત તેના સોબતીની વિરૂદ્ધ પુરાવામાં લેઇ શકાય છે. રાંણી વિરૂદ્ધ નુરમહમદ, ઈં૦ લો૦ રી૦ ૮ મું૦ ૨૨૩).

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી ડીસેંબર સને ૧૮૮૩).

રાણી વિ૦ પરભુદાસના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ૧૧ મું. હા. કો. રી. ૯૦ જુઓ જુઠો લેખ ૩૮.

ખોટી સીલ અને ખોટા દસ્તાવેજો—

ખોટી સીલ અને ખોટા દસ્તાવેજો વાપરવાના ઈરાદાથી કપટથી રાખવા તે—કોઈ કેદીના કબજામાંથી ખોટીસીલો અને ખોટા દસ્તાવેજો નીકળી આવ્યા હતા, અને તેના કબજામાં તે શી રીતે આવ્યા તેનો બરોબર ખુલાસો નહી આપ્યાથી કપટથી વાપરવાના ઈરાદાથી રાખેલા એમ અનુમાન થયું. રાણી વિ. ક્રીસ્તોસુંદર ડેબ, ૨ વિ. રી. ૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડોજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જાનેવારી સને ૧૮૬૫).

જુઓ જુઠો લેખ ૩૧.

ખોટી નિશાની—

ખોટી નિશાની—દસ્તાવેજ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૬૭, ૪૭૫—પીનલકોડની કલમ ૪૭૫ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે તોહોમતદારના કબજામાં જે દસ્તાવેજ હોય તેના ઉપર ખોટી નીશાની હોવી જોઈએ, અને પુરાવા ઉપરથી એમ સાબીત થવું જોઈએ કે દસ્તાવેજ ખરો છે એવું બતાવવાને માટે આવી ખોટી નિશાની વાપરવાના ઈરાદાથી તે દસ્તાવેજ તોહોમતદારના કબજામાં હતો. પીનલકોડની કલમ ૪૬૭ માં બતાવેલી જાતનો દસ્તાવેજ હોવો જોઈએ. રાણી વિ. રઘુનંદન પત્રોનુવીસ અપેલેન્ટ, ૧૫ વિ. રી. ૧૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧).

ખોટી છાપનો કાગળ—

ખોટી છાપનો કાગળ—એક આનાની છાપનો કાગળ—એક આનાના કાગળને એક રૂપીઆના કાગળ તરીકે ચલાવવાથી, એક રૂપીઆની જુઠી છાપનો કાગળ ચલાવ્યો ગણાય નહી. રાણી વિરૂદ્ધ સરૂપચંદર દાસ, ૨ વિ. રી. ૬૫.

(મેસર્સ જેક્સન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અપ્રેલ સને ૧૮૬૫).

ખોટાં કાટલાંઓ—

ખોટાં કાટલાંઓ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૬૬—કપટ ભરેલો ઈરાદો—સરકારે ઠરાવેલા તોલ કરતાં વધારે તોલના કાટલાં કોઈના કબજામાં હોય તો તેથી પીનલકોડની કલમ ૨૬૬ મુજબ ગુન્હો બનતો નથી. કપટ કરવાનો ઈરાદો બતાવવો અને સાબીત કરવો જોઈએ. રાણી વિરૂદ્ધ દામોદર દાલજી, ૧ મું. હા. કો. રી. ૧૮૧.

(મેસર્સ કાઉચ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જાનેવારી સને ૧૮૬૪).

ખોટા દાવાઓ—

જુઓ જુઠો વેષ ધારણ ૨.

ખોટા માણસ—

જુઓ જુઠો લેખ ૨૫.

ખોટા દસ્તાવેજ—

જુઓ ખોટી સીલ અને ખોટા દસ્તાવેજો
,, જુઠા દસ્તાવેજો.

ખોટું કેદનું વારંટ—

જુઓ સાપરાધ ઘર પ્રવેશ ૧.

ખોટા મનીઓરડરો—

જુઓ ચોરેલી મીલકત ૨૦.

ખોટા દફતર બનાવવા—

જુઓ જુઠો પુરાવો બનાવવો.

જુઓ સરકારી નોકર ૬, ૭, ૮.
„ તપાસણી ૨૦.

ખોટું દફતર—
જુઓ જુઠો પુરાવો બનાવવો.
„ જુઠી નોંધ.
„ જુઠો લેખ ૫૧.
„ તપાસણી ૨૦.

ખોટો રીપોર્ટ—
સરકારી નોકરનો. જુઓ પોલીસ ૧૬.

ખોટો પુરાવો ખરા તરીકે ચલાવવો—
જુઓ જુઠા દસ્તાવેજો.

ખોટા દસ્તાવેજો ચલાવવા—
જુઓ જુઠો લેખ ૫, ૬, ૮, ૧૧, ૧૨, ૧૬, ૧૭, ૧૯, ૨૯, ૩૩, ૩૪, ૪૦, ૪૬, ૪૮, ૪૯, ૫૦.

ખોટું—
બાળકે કરેલું, જુઓ છોકરૂ.
ડીસ્ટ્રીકટ „ અવ્યવસ્થા ૫.
હુકમનામું „ જ્યુરી ૬૧.

ખોપરી—
ખોપરીનું ભાગી જવું—જુઓ ખુન ૧૬.

ખોરાકનું પુરૂ પાડવુ—
ખોરાકનું પુરૂ પાડવું—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૦૭—ગુન્હો કરનાર માણુને ખવરાવ્યાથી ગુન્હો કરવામાં મદદ ગણાતી નથી; પણ ગુન્હો કરવાની ધારેલી જગ્યાએ મુસાફરી કરીને જવાને અથવા ગુન્હો કરવાનો લાગ મળી આવે તેને માટે છુપાવવાને ખોરાક પુરો પાડવામાં આવે તો તેથી ગુન્હો કરવાનું સેહેલું કર્યું એમ ગણાય અને તેથી ગુન્હો કરનારને સેહેલ પડે. લીંગામ રામનાની બાબતમાં, ઈં લો૦ રી૦ ૨ મ. ૧૩૭.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૩ મે સને ૧૮૮૦).

ખંડણી આપનાર માહાલો—
ખંડણી આપનારા માહાલો—મોહોરભંજ—હકુમત—ઈંગ્રેજી હિંદુસ્થાન—બંગાળા ઇલાકાના મીડનાપુરમાં રેહેનાર એક ઈંગ્રેજી રૈયત ઉપર મોહોરભંજના માહારાજાની રૂબરૂ આબરૂ લેવાના ગુન્હાનુ તોહોમત મુકવામાં આવ્યું હતુ. મોહોરભંજના રાજા અગાડી કામ ચલાવવાનો વાંધો ઉઠાવી તોહોમતદારે મીડનાપુરના માજીસ્ટ્રેટને અરજી કરેલી તે ઉપરથી કટકનો સુપરીનટેન્ડેન્ટ જે ખંડણી ભરનારા માહાલોનો સુપરીનટેન્ડેન્ટ હતો તેણે એવો હુકમ કર્યો કે કેસ મીડનાપુરના ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટે ચલાવવો જોઈએ, જે તે મહાલોના આસીસ્ટન્ટ સુપરીનટેનડન્ટ હતો. કામ ચાલતી પછ્વાડે તોહોમતદારે હાઈ કોર્ટને અરજ કરી કે, મીડનાપુરના ડીસ્ત્રીકટમાં ગુન્હો બનેલો નહી હોવાથી, તે ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટે ચલાવેલો મુકરદમો રદ કરવો જોઈએ કારણ કે તે માજીસ્ટ્રેટની હકુમત નથી, એમ ઠરાવવામાં આવ્યું કે મુકરદમો ચલાવવાની હકુમત નથી. મી૦ કનીંગહામ જડજનો મત—સને ૧૮૭૪ ની સાલમાં હતા તે પ્રમાણે હાલ ખંડણી ભરનારા માહાલો ઈંગ્રેજી હીંદુસ્થાનનો ભાગ છે, અને તેથી તે ભાગો ઈંડીઆ સરકારે કોર્ટના સાધારણ કાયદા અને હકુમતમાંથી બાતલ કરીને ખાસ આકટો અને અમલદારોથી ચલાવવાને હુકમ કરેલો છે. મોહોરભંજ વીષે સરકારનો ગમે તેવો અધીકાર હેય તો પણ તે અધીકાર મુજબ ઈંગ્રેજી હદના અમલદારોને, તે ડીસ્ત્રીકટમાં કાયદામાં બતાવ્યા કરતાં બીજી રીતે હકુમત ચલાવવાનો અધીકાર મળતો નથી. મી૦ પ્રીનસેપ જડજનો મત—મોહોરભંજ માહાલ ઈંગ્રેજી હીંદુસ્થાનનો ભાગ છે અને હાલમાં ત્યાં ખાસ બતાવ્યા સીવાય બીજા કાયદાઓ અમલમાં આવતા નથી. ખંડણી વાળો ભાગ ઈંગ્રેજી હીંદુસ્થાનનો ભાગ હોવાથી અને હીંદુસ્થાનમાં અમલમાં આવતા સઘળા કાયદામાંથી તે બાતલ કરેલો હોવાથી અમુક અમલદારોને તે માહાલમાં થયેલા ફોજદારી ગુન્હા ચલાવવાની હકુમત આપવાનો સરકારનો ઠરાવ અધીકાર વિરૂદ્ધ છે. હસ્સી માહાપત્રો વિ. ડીનોબન્ધોપત્રો, ઈં લો૦ રી૦ ૭ ક૦ ૫૨૩.

નિચેના કેસોમાં નજર રાખવામા આવી છે:—

બાનીમાધબ ઘોસ વિ. પુમાનાથરોય ચોધરે, ૨૧ વિ. રી. ૨૬. જુઓ લોકોપકારક કૃત્ય ૬૦.

ચંદરકુમારરોય વિ. ઉમેસચંદર મોજુમદાર, ૨૨ વિ. રી. ૭૮. જુઓ તપાસણી ૧૧.

શ્રીનાથદત વિ. ઉનોડા ચરનદત, ૨૩ વિ. રી. ૩૪. જુઓ લોકોપકારક કૃત્ય ૯૬.

રાણી વિ. કેશબ મોહાજન, ઈ૦ લો૦ રી૦ ૮. ક. ૯૮૫; ૧૧ ક. લો. રી. ૨૪૧. જુઓ હકુમત ૩૯.

રાણી વિ. હરોકોલે, ઈ૦ લો૦ રી૦ ૯ ક. ૨૮૮. જુઓ હકુમત. ૪૧.

ચંદરનાથસેનની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૨ ક. ૩૯૩. જુઓ ઉપરીપણું હાઈકોર્ટનું ૧.

ગોપીમોહન મલીક વિ. તારામોની ચોધરાણી, ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૭; ૪ ક. લો. રી. ૩૦૯. જુઓ લોકોપકારક કૃત્ય ૬૧.

દામોદર ગોરધન. વિ. દીઓરામ કાનજી, ઈ૦ લો૦ રી૦ ૧ મું. ૩૬૭ (દિવાની રૂલીંગ).

લચમીનારાયણ વિ. રાજા પ્રતાપસીંગ, ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૧. (દિવાની રૂલીંગ).

---

૭૦ ખુન—ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ—ગુન્હો થવાની નોટીસ નહીં આપેલી તે—જ્યાં અગાડી ગુન્હાનું રૂપ સાબીત ના થયું હોય તો ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થાય નહીં, તેમજ જે ગુન્હો બન્યો નથી તે ગુન્હો થવાની જાણી જોઇને નોટીસ નહીં આપી તેને માટે પણ ગુન્હેગાર ઠરાવી શકાય નહીં. રાણી વિરૂદ્ધ રામ રચીયાસીંગ વિગેરે, ૪ વિ. રી. ૨૯.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી નવંબરસને ૧૮૬૫).

ગ

ગર્ભપાત—

જુઓ કસુવાવડ.

ગર્ભવંતી સ્ત્રી—

૧ ગર્ભવંતી સ્ત્રી—મોતની સજા—કેદી ગર્ભવંતી સ્ત્રી હોવાથી મોતની સજા તેનો પ્રસવ થાય ત્યાં સુધી બંધ રાખવામાં આવી હતી. રાણી વીરૂદ્ધ મુસામત ધરભરની, વિ. રી. ૧ સપંટબર.

(મેસર્સ લોચ અને સ્ટીર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જાનેવારી સને ૧૮૬૪).

૨ ગર્ભવંતી સ્ત્રી—મોતની સજા—કોઈ સ્ત્રી ગર્ભવંતી હોવાથી તેણીને દેહાંત દંડની શિક્ષામાંથી બાતલ કરવામાં આવી હતી. રાણી વીરૂદ્ધ ટેપુ, ૩ વિ. રી. ૧૫.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી મે સને ૧૮૬૪).

ગળીનો પાક—

જુઓ ફરીઆદ ૨૯.

ગળીના કારખાનાનો ઉપરી—

જુઓ મુચરકો ૪૫,

,, હંગામો ૧૪.

ગળીના કારખાનાનો માલીક—

જુઓ મુચરકો ૪૫.

ગાંડો માણસ—

જુઓ ગાંડો.

,, ખુન ૪૪, ૫૯,

ગાંજો—

જુઓ અફીણ.

ગામડાનો આસીસટન્ટ—

જુઓ તોડવો કાયદાનો નિયમ ૧.

ગામડાનો ઉપરી—

ગામડાનો ઉપરી—માજીસ્ટ્રેટ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫ મીમાં બતાવેલી માજીસ્ટ્રેટની વાખ્યામાં ગામડાનો ઉપરી આવી જાય છે. પ્રો. તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૫૮, ૪ મ. હા. કો. રી. અપે. ૨. જુઓ ભુલ ખબર આપવામાં.

ગામડાના કાવલગરો—

ગામડાના કાવલગરો—સને ૧૮૫૯ નો ૨૪ મો કલમ ૪૪—સને ૧૮૫૯ ના ૨૪ મા આક્ટની કલમ ૪૪, તે આક્ટની કલમ ૮, ૧૦, અને ૧૨ મુજબ જે પોલીસ અમલદારો ના નામ નોંધાવ્યા હોય અને તે મુજબ રાખ વામાં આવ્યા હોય તેવા પોલીસ અમલદારોનેજ ફક્ત લાગુ પડે છે. ગામડાના કાવલગરોની નિ મણુંક તેવી રીતે નહી થએલી હોવાથી તેઓ તે કલમ મુજબ શિક્ષાને પાત્ર થતા નથી. પ્રો. તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૭૨. ૭ મ. હા. કો. રી. અપે. ૪.

ગામડાનો માજીસ્ટ્રેટ—

૧ ગામડાનો માજીસ્ટ્રેટ—સમન કાઢવા નો અધીકાર—ગામડાનો માજીસ્ટ્રેટ પોતાની હ કુમતમાં રહેનાર માણસો ઉપર સમન કાઢી શકે છે. પણ પોતાની હકુમતની બાહારના મા ણસો જેમને પોતાના અખત્યાર પઈકી ચાલ તા કેસોમાં બોલાવવાની જરૂર હોય તોપણ તેઓને સમન કાઢી બોલાવી શકે નહીં. રાણી વિરૂદ્ધ ક્રીષનમા, ઈ. લો. રી. ૫. મ. ૨૩૦.

(મેસર્સ ટરનર, ચીફ જસ્ટીસ અને ઈ ન્સ જડજોની રૂબરૂ તા. ૯ મી ડીસેંબર સને ૧૮૮૧ અને તા૦ ૪ મે સને ૧૮૮૨).

જુઓ કબુલાત ૯૭.

૨ ગામડાનો માજીસ્ટ્રેટ—હકુમત—ના ની ચોરી તરીકે સન ૧૮૨૧ ના રેગ્યુલેશન ૪ થા મુજબ એક રૂપીઆની કીંમતના ઘેટા ની ચોરીનો કેસ ગામડાનો માજીસ્ટ્રેટ ચલાવી શકે છે; પણ આવા કેસમાં ગામડાનો માજી સ્ટ્રેટ દંડની શિક્ષા કાયદેસર કરી શકે નહી. રાણી વિરૂદ્ધ બોયા લીંગા, ઈ૦ લો૦ રી૦ ૫ મ. ૨૬૮.

(મેસર્સ કરનાન અને મુતુસ્વામી આય ર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સ ને ૧૮૮૨)

ગામડાના માજીસ્ટ્રેટનો—

મોંનો હુકમ. જુઓ હુકમ તોડવો સર કારી નોકરનો. ૧૨.

ગામડાના મુનસફનો—

સીપાઈ. જુઓ તોડવો કાયદાનો નિયમ ૧.

ગુન્હા કર્યાનો રીપોર્ટ. જુઓ કરનાન.

સમન નહી પાળવો તે. જુઓ સમન ૨૩.

ગામડાની નકામી જમીન—

જુઓ પ્રવેશ ૪.

ગુણકા—

ને કાઢી મુકવું તે. જુઓ લોકોપકારક કૃત્ય ૩૫.

ને ડાક બંગલે ફક્ત જવું તે. જુઓ લોકોપકારક કૃત્ય ૨૫.

જુઓ ચેપી રોગો.

૧ ગુણકાનો ધંધો કરવો તે—ગુણકા ક રવાને નાનાં બાળકોને વેચવાં તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૭૨, ૩૭૩—બે કેદીઓમાંના એક ઉપર વેચવાને માટે અ ને બીજા ઉપર બે સોળ વરસની અંદરની નાની છોકરીઓ ગુણકા કરવાના ઇરાદાથી વે ચાતી લેવાને માટે તોહોમત મુકવામાં આવ્યું હતું. પુરાવા ઉપરથી એમ સાબીત થયું કે છો કરાંઓ વેચાયાં હતાં અને નાચનારી છોકરી ઓ તરીકે ઉછેરવાને તેઓના નામો નોંધાવ વામાં આવ્યા હતાં. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમો ૩૭૨ અને ૩૭૩ મુ જબ ગુન્હાઓ બનેલા છે. અને કેદીને બરાબર રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. પદમાવતી એક્ષપારટી, ૫. મ. હા. કો. રી. ૪૧૫.

(મેસર્સ હોલોવે અને ઈન્સ જડજોની રૂબરૂ, સને ૧૮૬૯)

૨ ગુણકાનો ધંધો કરવો તે—ગુણકા ક રવાને નાનાં છોકરાંઓને વેચવાં તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૩—દોલતબી નામની દશ વર્ષની છોડીને કાયદા વીરૂદ્ધ દુષ્ટ ધંધો કરાવવાની મતલબથી કેદી લાવેલો તેને માટે તેના ઉપર પીનલકોડની ક લમ ૩૭૩ મુજબ તોહોમત રાખી કામ ચ લાવામાં આવ્યું હતું. પુરાવા ઉપરથી એમ

સાબીત થયુ કે દોલથબી નામની અગીઆર વર્ષની છોડી "ટ્રીપલીકેઈન" નામની શેરી માં કેદીને મળી હતી, અને પાસેના સુના ઘર માં આવી સંભોગ કરવા દે તો તેણીને પૈસો આપવાનુ કેદીએ કહ્યુ હતું. છોડી કેદી સાથે ખુશીથી ગઇ હતી; અને બંનેને સંભોગ કરતા સોધી કાઢી પકડવામાં આવ્યાં હતાં. છોડી રજા લીધા સીવાય બાહાર ગઈ હતી અને તે પુખ્ત ઉમરે પોહોચી નોહોતી; અને છોડીને અગાઉ કોઈની સાથે આવી જાતનો સબંધ નોહોતો એવું પુરાવા ઉપરથી નીકળી આવતું હતું. જ્યુરીએ કેદીને ગુન્હેગાર ઠરાવ્યો હતો. હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે સાબીત થએલા કેસથી તેના ઉપર રાખેલું તોહોમત સાબીત થતું નથી. દોલથબી. વિ. શેકઅલી, ૫ મ. હા. કો. રી. ૪૭૩.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ, હોલોવે અને ઈન્સ જડજોની રૂબરૂ, તા० ૨૭ મે સને ૧૮૭૦.)

રાણી વિ. મુસામત ભુતીઆના કામમાં આધાર લેવામાં આવ્યો હતો. ૭ વા. દી પ્રાં. ૨૯૫. જુઓ ગુણકા ૫.

૩ ગુણકાનો ધંધો કરવો તે—નાના છોકરાઓને વેચવા તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૩૭૨—દેવળને ભેટ કરવી તે—શેજ તીયા-શેજ નામની ક્રીયા કરીને સોળ વર્ષની કોઈ નાની છોડીને હીંદુના દેવળમાં ભેટ કરવામાં આવી હોય જે દેવળનો એવો નિયમ હોય કે આવી રીતે ભેટ કરેલી છોડીઓએ ગુણકાનો ધંધો કરવો તો, તે પીનલકોડની કલમ ૩૭૨ માં બતાવેલા અર્થ મુજબ છોડીઓ ગુણકા તરીકે કામમાં આવશે એમ જાણીને વેચ્યા બરોબર છે. જેઈલીભાવીન, ૬ મું. હા. કો. રી. ૬૦.

(મેસર્સ વોરડન અને લોયડ જડજોની રૂબરૂ, તા० ૨૭ મી સપટંબર સને ૧૮૬૯.)

૪ ગુણકાનો ધંધો કરવો તે—નાના છોકરાઓને ગુણકા કરવાને વેચવા તે—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમો ૩૭૨ અને ૩૭૩—આ કેસની હકીકત ઉપરથી મી० જેકસન જડજે એમ ઠરાવ્યું કે, પીનલકોડની કલમો ૩૭૨ અને ૩૭૩ મુજબ ગુણકા કરવાને નાના છોકરાંને વેચવાનું તોહોમત કેદી ઉપર રાખેલું છે તે ખોટું છે. મી० ગ્લોવર જડજે આનાથી વિરૂદ્ધ ઠરાવ કર્યો. રાણી વિ. નુરજાન અને બીજો, ૧૪ વિ. રી. ૩૯; ૬ બેં. લો. રી. અપે. ૩૪.

(મેસર્સ જેકસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા० ૩૦ મી જુલાઈ સને ૧૮૭૦).

૫ ગુણકાનો ધંધો કરવો તે—નાના છોકરાને લેવા અને વેચવા તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૩—કોઈ માણસે કાંઇપણ બીજી મતલબ સીવાય કોઈ છોડીને સંભોગ કરવા દેવાની અરજ કરી હોય તો તેવા કેસને પીનલકોડની કલમ ૩૭૩ લાગુ પડતી નથી. રાણી વિ. મુસામત ભૂતીઆ, ૭ વા. દી. પ્રાં. ૨૯૫.

(મી० સ્પેંકી જડજની રૂબરૂ, તા० ૫ મી મે સને ૧૮૭૫.)

દોલથબી વિ. શેકઅલીના કામમાં આધાર રાખવામાં આવે છે, ૫ મ. હા. કો. રી. ૪૭૩. જુઓ ગુણકા ૨.

૬ ગુણકાનો ધંધો કરવો તે—નાના બાળકને ગુણકા કરવાને વેચવાં તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૨—પીનલકોડની કલમ ૩૭૨ મુજબ ગુન્હો ગણાવાને વેચાણની જરૂર નથી કે જેથી નાના બાળકનો કબજો અપાયાનું અથવા તેને દાબમાં રાખ્યાનું ગણાવવું જોઈએ. રાણી વિ. અરૂન ચેલમ, ઈં. લો. રી. ૧ મ ૧૬૪.

(મેસર્સ મોરગન અને ઇન્સ જડજોની રૂબરૂ, તા० ૧૮ મી જુલાઈ સને ૧૮૭૬).

૭ ગુણકાનો ધંધો કરવો તે—નાનાં બાળકને વેચવાં અથવા લેવાં તે-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૭૨, ૩૭૩,—કેટલાક માણસોએ એક નિચ વર્ણની છોડી ઊંચ વર્ણની છે એવું બતાવી તેણીને જોડે પૈસા આપીને લગ્ન કરવાને કેટલાક ઊંચ વ

ણેના માણુસોને લલચાવ્યા. મી૦ સ્ટુઅર્ટ ચી ફ જડજે એમ ઠરાવ્યું કે આવી હકીકત ઉ પરથી આ માણુસોને પીનલકોડની કલમો ૩૭૨ અને ૩૭૩ મુજબ ગુન્હેગાર ઠરાવી શ કાય નહી. મી૦ ઓલ્ડફીલ્ડ અને મી૦ સ્ટ્રેઈટ જડજોનો મત—જો આ છોડીને લગ્ન કરવા ને માટે વેચી હોય તો લગ્ન હીંદુશાસ્ત્ર મુજબ ગેરકાયદેસર ગણાય કારણ કે આ માણુસો નો વિચાર તેણીને વેસ્યાનો અગર બીજો કો ઈ દુષ્ટ ધંધો કરાવવાનો હતો, અને આ ઉ પરથી એમ કહી શકાય નહી કે તેણીને તે ધંધો કરવો પડશે અથવા તેવો ધંધો કરવા નો સંભવ થશે અને તેટલા માટે આ માણુ સોને ઉપર બતાવેલી કલમો મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી. મેસર્સ પીઅરસન અને સ્પેંકી જડજોનો મત—આ છોડીને લગ્ન કર વાને માટે વેચેલી હોવાથી જો કે લગ્ન હીંદુ શાસ્ત્ર પ્રમાણે વાંધા ભરેલું છે તોપણ એમ માલમ પડતું નથી કે તે તદન ગેરકાયદેસ ર છે, અને તેટલા માટે ઉપર બતાવેલો ઈરા દો અથવા માહીતી બેશક ધારી શકાતી ન થી અને તે ઉપરથી આ માણુસોને ઉપર બ તાવેલી કલમો મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિ. સ્રીલાલ ઈ૦ લો૦ રી૦ ૨૦ અ. ૬૯૪.

(મેસર્સ સ્ટુઅર્ટ, પીઅરસન, સ્પેન્કી, ઓલ્ડફીલ્ડ અને સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી ફેબ્રુઆરી સને ૧૮૮૦).

જુઓ છુટકો ૩૫.

„ પુરાવો ૧૮.

ગુન્હેગારનું નાશી જવું તે—

જુઓ કેદમાંથી નાશી જવું ૨.

ગુન્હેગારની સંભાળ રાખનાર—

જુઓ સરકારી નોકર ૨.

ગુન્હાની માહીતી—

જુઓ કબુલાત ૨૨.

„ ખોટો સીક્કો ૫.

„ જકાત ૧૮.

જુઓ પોલીસ ૨૩.

„ ચોરીની મીલકત ૫, ૧૧, ૧૨.

ગુન્હો—

ગુન્હો—કેદખાનું—જામીન—કોઈ માણુ સને જામીન નહી આપવાને માટે કેદમાં મોક લવામાં આવ્યા હોય તો તેથી, જે ગુન્હાને માટે તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે તે ગુન્હાની કેદ ગણાતી નથી. પ્રો. તા૦ ૧૯ મી જાનેવારી સને ૧૮૬૭; ૩ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૨૩.

જુઓ ભુલ ખબર આપવામાં.

ગુન્હો—

લોકોની તનદુરસ્તી વિરૂદ્ધ. જુઓ લોકો પકારક કૃત્ય ૭.

સરકારી નોકર સામે. જુઓ સરકારી નોકર ૩.

સરકારી નોકરનો. જુઓ સરકારી નોકર.

ઈંગ્રેજી સીપાઇએ કરેલો. જુઓ બંડનો આક્ટ.

ઈંગ્રેજી હદની બાહાર કરેલો. જુઓ હ કુમત ૪૧.

મુળ તોહોમતથી જુદો. જુઓ માંડી વા ળવું ફરીઆદનું ૭.

પરહદમાં કરેલો. જુઓ હકુમત ૪૦.

ગુન્હો પીનલકોડ અવલ થયેલો—

પીનલકોડ અવલ થએલો થએલો ગુન્હો—સજા—સને ૧૮૬૨ નો ૧૭ મો કલમ ૪—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૬—પીનલકોડ અમલમાં આ વ્યા પેહેલાં કોઈ ગુન્હો કરેલો તેને માટે તો હોમતદાર ઉપર પીનલકોડની કલમો મુજબ તોહોમત રાખેલું તેમાં એમ ઠરાવવામાં આ વ્યું હતું કે સને ૧૮૬૨ ના આક્ટ ૧૭ ની કલમ ૪ અને ક્રીમીનલ પ્રોસીજર કોડની ક લમ ૪૨૬ ઉપર નજર રાખતાં મુકરદમો ચ લાવવામાં એવી ભુલ થઇ નથી કે જેથી શી ક્ષા રદ થઈ શકે કારણ કે પીનલકોડ મુજબ કરેલી સજા, તે કોડ અમલમાં આવ્યા પેહે

લાં જે કાયદા મુજબ ગુન્હાની સજા કરવી જોઈએ તેનાં કરતાં વધારે થઈ નથી. મોહાબીર સીંગ અરજદાર, ૧૫ વિ. રી. ૪૮.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧ લી એપ્રીલ સને ૧૮૭૧).

ગુન્હો ભાગો મળીને થયેલો તે—

ગુન્હો ભાગો મળીને થએલો તે—ઘર ફાડવું તે—ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૭૧, ૩૮૦, ૪૫૭—પીનલકોડની કલમ ૪૫૭ મુજબ ઘર ફાડવાનું અને કલમ ૩૮૦ મુજબ તે પ્રસંગે ચોરી કરવાનું એ બંને તોહોમતો જે માણસ ઉપર રાખ્યાં હોય તેવા માણસના કેસને પીનલકોડની કલમ ૭૧ લાગુ પડે છે. એક ગુન્હાને માટે ફક્ત બે વર્ષની શીક્ષા કરવાનો માજીસ્ટ્રેટનો અધીકાર છે. રાણી વિરૂદ્ધ અરજુન, ૧ મું૦ હા૦ કો૦ રી૦ ૮૭.

(મેસર્સ ફોરબસ અને વેસ્ટ્રોપ જડજોની રૂબરૂ, તા૦ ૪ નવંબર સને ૧૮૬૩).

રાણી વિરૂદ્ધ અનવરખાન વલદ ગુલખાનના કામમાં નજર રાખવામાં આવી હતી. ૯ મું૦ હા૦ કો૦ રી૦ ૧૭૨. જુઓ રાત્રે ઘર ફાડવું ૮.

રાણી વિરૂદ્ધ ગેનુ ઉરફે અકુના કામમાં નજર રાખવામાં આવી હતી. ૫ મું૦ હા૦ કો૦ રી૦ ક્રી૦ અ૦ ૮૩. જુઓ રાત્રે ઘર ફાડવું તે ૭.

ગુન્હો ઘણા ગુન્હાઓ મળીને થયેલો—

ગુન્હો ઘણા ગુન્હાઓ મળીને થએલો—હંગામો—મહાવ્યથા—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૩૫—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૬, ૧૪૭, ૧૪૯, ૩૨૫—પીનલકોડની કલમ ૧૪૭ મુજબ હંગામાનું અને હંગામો કરતી વખતે મહાવ્યથા કરવાનું એ બંને તોહોમતોને માટે ત્રણ માણસોને ગુન્હેગાર ઠરાવી કલમ ૧૪૭ મુજબ ૭ માસની સખત કેદ અને કલમ ૩૨૫ મુજબ ત્રણ માસની સખત કેદ કરવામાં આવી હતી. મેસર્સ પેથેરામ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઈટ અને ટીરલ જડજોનો મત—પુરાવા ઉપરથી એમ માલમ પડી આવે છે કે ત્રણ કેદીઓમાંના દરેક માણસે પોતાને હાથે જુદુ જુદુ બળ વાપર્યું, તેથી વ્યથા અથવા મહાવ્યથાનો ગુન્હો હંગામાના ગુન્હાથી જુદો બનેલો છે, અને પીનલકોડની કલમ ૩૨૫ મુજબ કાયદેસર જુમ્મેદારી સાબીત કરવાને હંગામાની હકીકત એ પુરાવાનો જરૂરીયાત ભાગ નથી તેથી કલમ ૧૪૭ અને ૩૨૫ મુજબ જુદી શીક્ષા કરેલી કાયદેસર છે. રાણી વિ. રામપ્રતાપના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. (ઈં૦ લો૦ રી૦ ૬ અ૦ ૧૨૧) મી૦ બ્રોધર્સ્ટ જડજનો મત—પુરાવા ઉપરથી એમ સાબીત થાય છે કે ત્રણ કેદીઓમાંના એકે પોતાને હાથે મહાવ્યથા કરી હતી, તેથી બીજાઓને વાજબી રીતે પીનલકોડની કલમ ૧૪૯ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય, પણ કલમ ૧૪૭ અને ૩૨૫ મુજબ જુદી કરેલી શીક્ષા કાયદેસર છે. રાણી વિરૂદ્ધ ડુંગરસીંગના કામના આધાર પ્રમાણે ચાલવામાં આવ્યું હતું. વળી મી૦ બ્રોધર્સ્ટ જડજનો મત—હંગામાના ગુન્હા કરતાં વધારામાં બુદ્ધિપુર્વક વ્યથાનો અને હંગામો અટકાવવાને રોકાયેલા સરકારી નોકર ઉપર હુમલો કરવાનો એ બંને ગુન્હાઓ જે માણસોએ પોતાને હાથે કર્યા છે તેમને જ ફક્ત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૫ નો (ગ) દાખલો લાગુ પડતો નથી; અને તે દાખલામાં બતાવેલી શિક્ષા ઘણુંકરીને પીનલકોડની કલમ ૧૪૯ મુજબ થયેલા ગુન્હાને લાગુ પડે છે. રાણી વિરૂદ્ધ રામશરૂપ, ઈ. લો. રી. ૭ અ. ૭૫૭.

(મેસર્સ પેથેરામ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઈટ, બ્રોધર્સ્ટ અને ટાયરલ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી મે સને ૧૮૮૫.)

રાણી વિ. પ્રતાપના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ઈં૦ લો૦ રી૦ ૬ અ. ૧૨૧. જુઓ કેટલાક ગુન્હાઓ ૬.

રાણી વિ. ડુગરસીંગના કામમાં આધાર લેવામાં આવે છે. ઈં૦ લો૦ રી૦ ૭ અ. ૨૫. જુઓ કેટલાક ગુન્હાઓ. ૭.

ગુન્હાઓ—

ઈંગ્રેજી હદની બાહાર થયેલા. જુઓ હુકુમત ૪૯.

એક વર્ષની અંદર થયેલા. જુઓ જુદા તોહોમતો ૧.

કેટલાક ગુન્હાઓ મળીને થયેલા. જુઓ કેટલાક ગુન્હાઓ ૬.

જુદી જુદી જાતના. જુઓ કેટલાક ગુન્હાઓ ૫.

એક જાતના. જુઓ જુદી તપાસ.

બન્યાનો રીપોર્ટ. જુઓ કરનામ.

સંક્ષેપમાં તપાસવા લાયક. જુઓ ગુન્હાઓનુ જુદુ પાડવું ૩.

ગુન્હાઓનુ જુદુ પાડવું.—

૧ ગુન્હાઓનું જુદુ પાડવું—ભારે ગુન્હાને જુદો કરી નાનો ગુન્હો કરવો તે—ચોરી કરવાને છાનામાના ઘર પ્રવેશ કરવો તે-ભારે ગુન્હાને એક જુદો નાનો ગુન્હો કરવો જેવો કે પીનલકોડની કલમ ૪૫૭ મુજબ રાત્રે ગુપ્ત ઘર પ્રવેશ કરી ચોરી કરવી એ ગુન્હાને બદલે કલમો ૪૫૬ અને ૩૮૦ મુજબ ગુપ્ત ઘર પ્રવેશ અને ચોરી અને બંને ગુન્હઓ જુદા પાડવા એની મનાઈ કરવામાં આવી, માજીસ્ત્રેટે કલમ ૪૫૬ અને ૩૮૦ મુજબ કોઈ માણુસને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો, એમ ઠરાવવામાં આવ્યું કે અપીલમાં સેસન જડજ શિક્ષા રદ કરીને કલમો ૪૫૭ અને ૩૮૦ મુજબ કેસ ફરીથી ચલાવવાને પાછો મોકલે તેના કરતાં ફક્ત કલમ ૩૮૦ મુજબ કરેલો શિક્ષા રદ કરી, ને કલમ ૩૫૬ મુજબ કરેલી શિક્ષા કાયમ રાંખવી જોઇએ. (મી૦ નોરમન જડજને શક પડયો)—રાણી વિ. રામચરન કાયરી, ૭ વિ. રી. ૩૯.

(મેસર્સ પીકોક ચીફ્ જસ્ટીસ, નોરમન, કેમ્પ, સેટનકાર અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૬૬.)

૨ ગુન્હાઓ જુદા પાડવા તે—રાત્રે ઘર ફાડવું તે—ચોરી—પીનલકોડની કલમ ૪૫૭ અને ૩૭૯ મુજબ રાત્રે ઘર ફાડવું અને ચોરી કરવી એ બંને જુદા ગુન્હાઓ ઠરાવી શિક્ષા કરેલા કેસમાં કલમ ૪૫૭ મુજબ શિક્ષા કાયમ રાખીને, કલમ ૩૭૯ મુજબ ઠરાવેલો ગુન્હો અને શિક્ષા રદ કરવામાં આવી હતી. જોગીનપુલી વિ. નોબોપુલી, ૬ વિ. રી. ૪૯.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જુલાઈ સને ૧૮૬૬).

૩ ગુન્હાઓ જુદા પાડવા તે—સક્ષેપમાં તપાસવા લાયક ગુન્હાઓ—ગેરકાયદેસર મુકરદમાઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪—માજીસ્ત્રેટે સંક્ષેપમાં તપાસ ચલાવવાને માટે ગુન્હો જુદો પાડવો જોઈએ નહી. ગુન્હો સંક્ષેપમાં ચલાવવા લાયક ના હોય અને માજીસ્ત્રેટ જુદો પાડી સક્ષેપમાં ચલાવેતો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪ મુજબ મુકરદમો ગેરકાયદેસર ગણાય છે. અબદુલ કાદર વિગેરેની બાબતમાં ૩ ક. લો. રી- ૪૪.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુન સને ૧૮૭૮).

જુઓ સક્ષેપમાં તપાસ ૨૪, ૨૮.

ગુન્હો કરવામાં મદદ—

જુઓ જુઠો લેખ ૪૩.

„ ભુલ ખબર આપવામાં ૧.

„ ખોરાકનુ પુરૂ પાડવુ,

ગુલામ—

૧ ગુલામ—ગુલામ તરીકે વેચવો અથવા વેંચાતી રાખવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૦—ક નામના માણુસે ખ નામની એક અગીયાર વર્ષની છોડીને લાવીને કીંમત લેઈને ત્રીજા માણુસને વેચી એવા ઈરાદાથી કે તે માણુસ તેણીને પરણુશે અને તેણે પણ પરણુવાના ઈરાદાથી વેચાતી લીધી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૭૦ મુજબ ગુલામ તરીકે વેચવાને માટે ક નામના માણુસને ગુન્હેગાર ઠરાવી શકાય નહીં. રાણી વિરૂદ્ધ મીરજા સીકંદર બખતના કેસ ઉપર ટીકા કરવામાં આવી. રાણી વીરૂદ્ધ રામકુંઅર, ઈ૦ લૉ૦ રી૦ ૨ અ૦ ૭૨૩.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન, સ્પેંકી, ઓલ્ડફીલ્ડ અને સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૮૦).

રાણી વીરૂદ્ધ મીરજા સીકંદરબખતના કેસ ઉપર ટીકા કરવામાં આવે છે. ૩ વા. દી. પ્રાં. ૧૪૫, જુઓ મનુષ્ય હરણ ૧૭.

૨ ગુલામ—ગુલામ તરીકે વેચાણ રાખવું તે—ગુલામગીરી—ગુલામગીરીનો અર્થ—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૩૭૦—स નામના માણુસે પચીસ રૂપીઆ લઈ अ નામના માણુસને ब નામની તેર વર્ષની છોડી વેચાથી આપી એ બાબતનો દસ્તાવેજ લખાવેલો તેમાં स નામના માણુસે प નામના માણુસપાસેથી ब નામની દાસી વેચાથીલીધી એવું લખ્યું હતું એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૭૦ મુજબ ब નામની છોડી ગુલામ કરવાને વેચાથી લેવાને માટે अ નામનો માણુસ ગુન્હેગાર છે. રાણી વિરૂદ્ધ અમીના, ઈ લો. રી. ૭ મ. ૨૭૭.

(મેસર્સ હચીન્સ બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ફેબ્રુઆરી ૧૮૮૪).

ગુલામગીરી—

જુઓ કમીટ કરવું ૨૭.
„ મનુષ્યહરણ ૧૭.

ગુસ્સાથી તપવું—

જુઓ ખુન ૮૮.

ગેરકાયદેસર મંડળી—

૧ ગેરકાયદેસર મંડળી—ગેરકાયદેસર મંડળીના અંગભુતો—હંગામો —અપીલ—" હંગામો " અને " ગેરકાયદેસર મંડળીના અંગભુતો " એ બંને ગુન્હાઓને માટે શિક્ષા થઇ શકે નહીં. મોટા તોહોમતોમાં નાનું તોહોમત આવી જાય છે, એ બંનેને માટે સજા કરવી એ વધારે શિક્ષા છે અને તેથી ગેરકાયદેસર ગણાય છે. મુળની બંને સજાઓ કાયદેસર હોય તો સેસન જડજને અપીલ થઈ શકે. મીલાન ખાલીફા વિરૂદ્ધ દ્વારકાનાથ ગુપતો વિગેરે, ૧ વિ. રી. ૭.

મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી અગષ્ટ સને ૧૮૬૪).

૨ ગેરકાયદેસર મંડળી—ગેરકાયદેસર મંડળીના અંગભુતો—પ્રાણઘાતક હથીઆર લેઈ હંગામો કરવો તે—પીનલકોડની કલમો ૧૪૩ અને ૧૪૮ મુજબ ગુન્હેગાર ઠરાવેલા માણસો ઉપર ઘણી રહેમ નજર રાખી હોય એવું હાઇ કોર્ટને માલમ પડે તો પણ શિક્ષા વધારી શકે નહીં. રાણી વિ૦ મુલુકરામ દોસ વિગેરે, ૧ વિ. રી. ૧૩.

મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૯ મી સપટંબર સને ૧૮૬૪).

૩ ગેરકાયદેસર મંડળી—હંગામો—કોઈ મંડળી કાયદેસર વિચારથી સ્થાપવામાં આવી હોય તો તે તેના કૃત્યોથી ગેરકાયદેસર મંડળી ગણાય. રાણી વિ. એમીસીંગ વિગેરે, ૧ વિ. રી. ૧૮.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી સપટંબર સને ૧૮૬૮).

૪ ગેરકાયદેસર મંડળી—ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ—કોઇ કેદીને ગેરકાયદેસર મંડળીનો અંગભુત અને ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ એ બંને ગુન્હાઓનો અપરાધી ઠરાવવાને માટે એમ સાબીત થવું જોઇએ કે બીજા માણસોના જેવી તેની કાયદા વિરૂદ્ધ કૃત્ય કરવાની મતલબ હતી, અને બીજાઓએ કરેલા કૃત્યમાં તેણે ભાગ લીધો હતો. ફેઈઝઅલી ઉરફે ઈમદાદઅલી વિગેરે અપેલેન્ટ, ૧ વિ. રી. ૨૦.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૪ નવંબર સને ૧૮૬૪).

૫ ગેરકાયદેસર મંડળી—ઘર પ્રવેશ—નુકશાન—પ્રાણઘાતક હથીઆરવાળી ગેરકાયદેસર મંડળીના અંગભુતોના મોટા ગુન્હાની અંદર ઘર પ્રવેશ અને નુકશાન એ બંને ગુન્હાઓનો સમાવેશ થઇ જવાથી અને તે ગુન્હાઓ જુદા નહી હોવાથી તેમને માટે જુદા અપરાધી ઠરાવી શિક્ષા કરવાની કાંઈ જરૂર નથી. રાણી વિ. સરૂપ નાપીત વિગેરે, ૩ વિ રી. ૫૪.

(મેસર્સ ક્રમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુલાઈ સને ૧૮૬૫).

રાણી વિ. કાલીસંકર સંદયાળના કામમાં મંજુર રાખવામાં આવ્યો. ૩ બેં. લો. રી. ક્રી. અ. ૧૪; ૧૨ વિ. રી. ૨. જુઓ સજા ૨૩.

૬ ગેરકાયદેસર મંડળી—હંગામો કરતી વખતે ખુન થએલું તે—મી૦ સેટનકાર જડજ વિરૂદ્ધ પડીને ઘણા મતે કોર્ટે એવું ઠરાવ્યું કે, બે ચોરો જે રાત્રે પકડાયા હતા તેમને નસાડી મુકવાને હથીઆરવાળી ગેરકાયદેસર મંડળીએ સવારમાં કરેલો હુમલો જેની અંદર ખુન થયું હતું, તે અગાઉથી ગોઠવેલો હુમલો હતો અને તેથી તેની અંદરના સઘળા માણસો ખુન થએલા હંગામાના ગુન્હાને માટે ગુન્હેગાર છે. રાણી વિ. ભુનજન પોરે વિગરે, ૪ વિ. રી. ૮

(મેસર્સ સેટનકાર અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી સપટંબર સને ૧૮૬૫)

૭ ગેરકાયદેસર મંડળી—હુમલો—મદદગારી—કેટલાક માણસો હુમલો કરવાને માટે ગેરકાયદેસર મંડળીમાં સામેલ થઈ હથીઆરવાળી માણસોને હથીઆર મારતા અટકાવવાને બદલે તેમને ઉશ્કેરે તો તેઓ તે મંડળીના બીજા અંગભુતો જેઓ ઘા કરે છે તેમના જેવા ગણાય છે, રાણી વીરૂદ્ધ દશરથ રોય વિગેરે, ૭ વિ૦ રી૦ ૫૮.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી એપ્રિલ સને ૧૮૬૭).

૮ ગેરકાયદેસર મંડળી—ડાકાઈટી—કબુલાત—ગેરકાયદેસર મંડળી ડાકાઈટી કરવાને ઉભી કરવામાં આતી હતી એટલુંજ નહીં પણ સઘળા માણસો ડાકાઈટી કરીને જે આવે તેના ઉપર ગુજરાન ચલાવતા અને તે શીવાય ગુજરાન ચલાવવાનું તેમને બીજુ કાંઈ સાધન નોહોતું એવું તે મંડળીના અંગુભતો જાણતા હતા એવું તેઓએ કબુલ કરવાથી તેમને ગેરકાયદેસર મંડળીના કેસમાં પીનલકોડની કલમ ૪૦૨ મુજબ ગુન્હેગાર ઠરાવ્યા હતા. રાણી વિરૂદ્ધ કેનદ્ર કામર વિગેરે, ૭ વિ.રી.૬૧.

(મી૦ હોબહાઉસ જડજની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ સને ૧૮૬૭).

૯ ગેરકાયદેસર મંડળી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૪૧—ગેરકાયદેસર મંડળીના અંગભુતોના ગુન્હાને માટે અપરાધી ઠરાવવાને એમ સાબીત થવું જોઈએ કે તોહોમતદારો સામાન્ય મતલબથી ઉશ્કેરાયા હતા અને તેઓએ કરેલા કૃત્યો પીનલકોડની કલમ ૧૪૧ મુજબ ગુન્હેગાર ઠરાવે તેવી જાતના હતા. રાણી વિ૦ દીનોબંદોરાય વિગરે, ૯ વિ. રી. ૧૯.

(મેસર્સ સેટનકાર અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

૧૦ ગેરકાયદેસર મંડળી—સામાન્ય મતલબ—ખુન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૯, ૩૦૦—એક ટોળીના ઘણા માણસો બીજી ટોળીના માણસોને પકડવાને રસ્તામાં સંતાયા અને લઢાઈ ચાલી જેની અંદર પેહેલી ટોળીનો એક અંગભુત જખમી થયો અને રસ્તાની એક બાજુએ જઈને બેઠો અને બખેડામાં પછીથી સામેલ થયો નહી. તે માણસ વેગળો જઈને બેઠો ત્યાર પછી બીજી ટોળીનો એક માણસ મરાયો હતો. મી૦ નોરમન જડજે (જેનો મત પાછીથી ખરો થયો) એમ ઠરાવ્યું કે જખમી થએલો માણસ જખમ થયા પછી વેગળો જઈને બેઠો તેથી તે વખતે તે ગેરકાયદેસર મંડળીનો અંગભુત ગણાતો નથી, અને તેથી તે પીનલકોડની કલમ ૧૪૯ મુજબ પછીના ખુનને માટે જવાબદાર નથી. મી૦ ઈ. જેકશન જડજે એમ ઠરાવ્યું કે તે માણસ ગેરકાયદેસર મંડળીનો અંગભુત ગણાય છે. રાણી વિ. કાબીલકાઝી, ૨ બેં. લો. રી. ક્રી. અ. ૧

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી એપ્રીલ સને ૧૮૬૯.)

૧૧ ગેર કાયદેસર મંડળી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૪૧—દિવાની

અદાલતના હુકમનામાથી વેચાયેલી કોઇ જમીનના એક ભાગની રૈયત જે પ્રતીવાદીઓ હતા તેઓ વેચાણ રાખનાર માણસના લોકોની દરકાર નહી રાખતાં પાક લણીને લઈ ગયા અને લણેલા અનાજ ઉપર વેચાણુ રાખનાર તરફના માણસોને સીલ અથવા કાંઈપણુ નિશાન કરવા દીધું નહી, અને રૈયતનો એટલો બધો જમાવ થયો હતો કે તેમના વિરૂદ્ધ કાંઈપણુ થઇ શકે તેવું નોહોતું. હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે પ્રતીવાદીઓના કૃત્યો એવાં નોહોતાં કે જેથી તેઓ પીનલકોડની કલમ ૧૪૧ મુજબ ગુન્હેગાર થાય. પ્રો. તા૦ ૧૦ મી અગષ્ટ સને ૧૮૬૯; ૪ મ. હા. કો. રી. અપે ૬૫.

૧૨ ગેરકાયદેસર મંડળી—જોર જુલમથી વરઘોડો અટકાવવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૪૧ કલોઝ-૪ વરઘોડાથી પ્રતીવાદીઓને અથવા તેમની જાતના લોકોને મોટો ઉપદ્રવ થશે એવું કારણુ બતાવવામાં આવ્યું હતું તોપણુ તેઓને પીનલકોડની કલમ ૧૪૧ ના ૪ થા કલોઝ મુજબ એકઠા થઈને વરઘોડાનો અટકાવ કરવાને મના કરવામાં આવી હતી. પ્રો. તા૦ ૧૬ મી નવંબર સને ૧૮૬૯; ૫. મ. હા. કો.. રી. અપે. ૬.

૧૩ ગેરકાયદેસર મંડળી—હંગામો—બખેડો—સજા—જો કે મહાવ્યથા કરવાથી એક માણસનું મોત થયું હતું તોપણુ કામના પુરાવા ઉપરથી ગેરકાયદેસર મંડળીનો ગુન્હો સાબીત નહી થવાથી, હંગામો અને ગેરકાયદેસર મંડળીનો અંગભુત એ બંને ગુન્હા ફેરવીને, ફકત બખેડાના ગુન્હાને માટે અપરાધી ઠરાવવામાં આવ્યો હતો. બખેડાના કેસોમાં કાયદા પ્રમાણે શિક્ષા પુરતી નથી એ બતાવવામાં આવ્યું હતું રાણી વિ. ફુલી મીસર વિગેરે, ૧૨ વિ. રી. ૭૨.

(મેસર્સ જેકશન અને બાર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી નવંબર સને ૧૮૬૯).

૧૪ ગેરકાયદેસર મંડળી—હંગામો—જમીનના માલીકની જવાબદારી—પદ્ધતિ—રજુઆત—ઉલટ સુલટ તપાસવાનો હક—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૧, ૧૫૪—હંગામો કરવાનો અગાઉથી વિચાર કર્યો હતો એમ સાબીત થયા શીવાય જમીનનો માલીક અથવા કબજાવાળો માણુસ પીનલકોડની કલમ ૧૫૪ મુજબ ગુન્હેગાર થઈ શકે નહી. બેઉ પક્ષની ટોળીઓએ હંગામો કરેલ હોય તો બંને ટોળીઓને એક કાયદેસર ટોળી ગણી કામની રજુઆત એકઠી ચલાવવી એ ગેરવાજબી છે, કારણ કે પીનલકોડની કલમ ૧૪૧ માં બતાવ્યા પ્રમાણે તેઓ બધાની "સામાન્ય મતલબ" એક નોહોતી. તોહોમતદારોનો શાક્ષીઓને ઉલટ સુલટ તપાસ કરવાનો હક, તેઓની સામે ફરીઆદીએ અથવા સરકારે બોલાવેલા સાક્ષીઓને ઉલટ સુલટ તપાસવાના હક કરતાં વધારે નથી. તોહોમતદાર શીવાયના બીજા કોઈ પક્ષકારે રજુ કરેલા સાક્ષીએ આપેલી જુબાનીનો લાભ લેવાની તોહોમતદારની ઈચ્છા હોય તો તેણે તેને પોતાના સાક્ષી તરીકે બોલાવવો જોઈએ. રાણી વિરૂદ્ધ સરૂપચંદર પોલ અને બીજો, ૧૨ વિ. રી. ૭૫.

(મેસર્સ નોરમન અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી ડીસેંબર સને ૧૮૬૯).

૧૫ ગેરકાયદેસર મંડળી—ખુન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૪૯—કેટલાક ગેરકાયદેસર મંડળીના અંગભુતોએ **અ** નામના માણુસનું હરણુ કરવાનો યત્ન કરવામાં **બ** નામના માણુસને મારી નાખ્યો. પીનલકોડની કલમ ૧૪૯ ઉપર નજર રાખીને એમ ઠરાવવામાં આવ્યું હતું કે જે સઘળા માણુસો હરણુ કરવામાં સામેલ હતા તે બધા ખુનના ગુન્હેગાર હતા. રાણી વિ. ગુલામ આરશીન વિગેરે, ૧૩ વિ. રી. ૭૩; ૪ બેં. લો. રી. ૪૭.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબ્રુઆરી ૧૮૭૦).

૧૬ ગેરકાયદેસર મંડળી-પોલીસ અમલદાર-કાયદેસર કેદ-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૨૫-સને ૧૮૬૧ નો ૫

મો—સને ૧૮૬૧ ના આક્ટ ૫ મુજબ નિમણુંક થએલો કોઈ પોલીસ અમલદાર ગેરકાયદેસર મંડળી ઉભી થઈ તે વખતે પોતાની નોકરીની ફરજ બજાવતો હોય તો, આવી મંડળીના કોઇ પણ માણસને તે પકડી શકે છે એમ ઠરાવવામાં આવ્યું હતું; અને જે માણસે પકડાએલા પક્ષકારને છોડી મુકયો તે માણસને પીનલકોડની કલમ ૨૨૫ મુજબ કાયદેસર કેદમાંથી છોડી મુકવાને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. રાણી વિ. આશામ શરેફ વિગેરે અરજદારો, ૧૩ (વ. રી. ૭૫.

(મેસર્સ પીઅર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી મે સને ૧૮૭૦).

૧૭ ગેરકાયદેસર મંડળી —પુરાવો—હંગામો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૫૪—જે જમીન ઉપર ગેરકાયદેસર મંડળી એકઠી થઈ હતી તે જમીનના માલીક ઉપર પીનલકોડની કલમ ૧૫૪ મુજબ તોહોમત રાખેલું તેવા કેસમાં મુકરદમો ચલાવવાની રીત બતાવવામાં આવી હતી. અગાઉના હંગામાના કેસનું દફતર આ કલમ મુજબના કામમાં પુરાવો ગણાતો નથી. બેટસ અને મહમદ ઈસમેઈલ ચોધરેના કામના અરજદારો, ૧૫ વિ. રી. ૬, ૬; એં લો. રી. અપે. ૮૩.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જાનેવારી સને ૧૮૭૧).

૧૮ ગેરકાયદેસર મંડળી - હંગામો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૪૧—એકદમ હગામો કરવો તે અને અગાઉથી વિચાર કર્યા વગર ગેરકાયદેસર મંડળી ઉભી કરવી તે એ બંને ગુન્હાઓ વચે તફાવત ગણવાનું કાંઇ કારણ નથી; કારણ કે પીનલકોડની કલમ ૧૪૧ મુજબ જે મંડળી ઉભી થતી વખતે ગેરકાયદેસર ના હોય તે પછીથી ગેરકાયદેસર મંડળી થાય છે. લોકનાથકાર વીગેરે અરજદારો, ૧૮ વિ રી. ૨.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી મે સને ૧૮૭૨).

૧૯ ગેરકાયદેસર મંડળી—હંગામો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૧, ૧૪૨—મીલકત સાચવવાનો હક હોય એવો કોઇ માણસ પોતાની મીલકતને નુકશાનમાંથી બચાવવાને માટે ગેરકાયદેસર મેંબરો એકઠા થએલા ત્યાં અગાડી ગએલો, એવું પુરાવા ઉપરથી માલમ પડયું હોય તોપણ તે ઉપરથી એમ કહી શકાય નહી કે તે માણસ જાણીબુઝીને તે મંડળીમાં સામેલ થયો અથવા તેની અંદર રહ્યો. બરજુસીંગ વિ. બબલાલ વિગેરે, ૧૯ વિ. રી. ૬૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી એપ્રીલ સને ૧૮૭૩).

રાણી વિ. રાજકુમારસીંગના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૩ ક. ૬૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૦.

૨૦ ગેરકાયદેસર મંડળી—સામાન્ય મતલબ—ખુન—હંગામો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૮, ૧૪૯—મી૦ કેમ્પબેલ જડજ વિરૂદ્ધ પડીને એમ ઠરાવવામાં આવ્યું કે ગેરકાયદેસર મંડળીનો કોઈ પણ અગલુત, સામાન્ય મતલબ પાર પાડવાને માટે કામે લાગ્યો હોય, તે દરમીયાન બીજો કાંઇ ગુન્હો કરે તો તેથી તે મંડળીના દરેક માણસને શીક્ષા થાય એવો કાંઈ પીનલકોડની કલમ ૧૪૯ નો અર્થ નથી. કલમ ૧૪૯ ની અંદર કેસ લાવવાને માટે ગેરકાયદેસર મંડળીની સામાન્ય મતલબ પાર પાડવાના વીચારથી કૃત્ય કરેલું હોવું જોઇએ, અથવા એમ સાબીત થવું જોઇએ કે ગુન્હો જો કે ગેરકાયદેસર મંડળીના સામાન્ય વિચાર પાર પાડવામાં કર્યો હતો તોપણ ગેરરાયદેસર મંડળીનો સામાન્ય વિચાર પાર પાડવામાં તે ગુન્હો થવાનો સંભવ હતો એવી તોહોમતદારને માહીતી હતી. મી૦ જેકસન જડજનો મત—પીનલકોડની કલમ ૧૪૧ માં બતાવેલી પાંચ બાબતોમાંની એક અથવા વધારે બાબત પાર પાડવાના વિચારથી ગેરકાયદેસર મંડળીનાં

ગભુતે કાંઈ ગુન્હો કર્યો હોય જે તે મંડળી નો ગુન્હો ગણાય એવો હોય તો તેવો ગુન્હો પીનલકોડની કલમ ૧૪૯ ના પેહેલા ભાગમાં આવી જાય છે. **અ** નામની ગેરકાયદેસર મંડળીના કેટલાક માણસોએ **બ** નામની બીજી ટોળી જેના કબજામાં જમીન હતી તેમની પાસેથી જોર જુલમથી જમીન લેઈ લેવાને માટે હુમલો કર્યો, અને **બ** નામની ટોળીએ સામી એકાએક ટકર ઝીલવાથી તેમાંના એક માણસ સામે **અ** નામની ટોળીના માણસે બંદુક ફોડી તેણે મારી નાખ્યો. મી૦ એનસ્લી જડજ વિરૂધ્ધ પડીને પુરાવા ઉપર વિચાર કરીને એમ ઠરાવ્યું કે બંદુક ફોડનાર માણસ શીવાયના બીજા **અ** ટોળીના માણસો, પીનલકોડની કલમ ૧૪૯ મુજબ ખુનના ગુન્હેગાર થઈ શકે નહી. ઉપરની બાબતો ધ્યાનમા લેઈને ગુન્હો બદલીને પીનલકોડની કલમ ૧૪૮ મુજબ પ્રાણઘાતક હથીઆરથી હંગામો કરવાનો ગુન્હો ઠરાવ્યો હતો. રાણી વિ. સાબીદ અલી વિગેરે, ૨૦ વિ. રી. ૫; ૧૧ બેં. લો. રી. ૩૪૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, જેકશન, ફીઅર, એનસ્લી અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી એપ્રીલ સને ૧૮૭૩).

રાણી વિ હરીસીંઘના કામમાં તફાવત બતાવવામાં આવ્યો હતો. ૩. ક. લો. રી. ૪૯; જુઓ ગેરકાયદેસર મંડળી ૨૫.

રાણી વિ. બેનોડના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૨૪ વિ. રી. ૬૬. જુઓ ગેરકાયદેસર મંડળી ૨૩.

રાણી વિ. જહમુમાહટનના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૨. ક. લો. રી. ૨૩૩; ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૭૩૯. જુઓ પુરાવો ૬૨.

રાણી વિ. તુરબક્ષકાઝીના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૨૭૯; ૭ ક. લો. રી. ૩૮૫. જુઓ કબુલાત ૨૪.

૨૧ ગેરકાયદેસર મંડળી—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૧૪૧—આ કેસમાં કેદીઓ ગેરકાયદેસર મંડળીના અંગભુતો હોવાથી તેમને પીનલકોડની કલમ ૧૪૧ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. કોર્ટે એમ ઠરાવ્યું કે કલોઝ ૩ અને ૪ મુજબ ગેરકાયદેસર મંડળીના માણસોની કાયદા વિરૂદ્ધ શું મતલબ હતી તે બાબતનો કાંઈપણ પુરાવો નથી. કોયલાશચંદરદાસ વિગેરે અરજદારો, ૨૦ વિ. રી. ૭૮.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી નવંબર સને ૧૮૭૩).

હરોચંદર પોલ અરજદારોની બાબતમાં આધાર રાખવામાં આવે છે. ૨૦ વિ. રી. ૭૬ સાહેદી ૮.

૨૨ ગેરકાયદેસર મંડળી—સામાન્ય મતલબ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કમલ ૧૪૧ પક્ષકારોનો વિચાર હક જોર જુલમથી લેવાનો ના હોય પણ પોતાનો ખરેખરો ચાલતો હક કોઇ હરકત ન કરે તેવી રીતે સાચવી રાખવાનો હોય તેવી બાબતમાં પીનલકોડની કલમ ૧૪૧ મુજબ ગેરકાયદેસર મંડળીના અંગભુતોનું તોહોમત મુકી શકાય નહી. શંકરસીંગ વિગેરે અરજદારો; બરમા માહાતો વિગેરે અરજદારો, ૨૩ વિ.રી.૨૫.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જાનેવારી સને ૧૮૭૫.)

રાણી વિ. પીઅરીમોહન સીરકારના કામથી જુદો મત લેવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૯ ક. ૬૩૯; ૧૩ ક. લો. રી. ૮૦. જુઓ ગેરકાયદેસર મંડળી ૨૯.

રાણી વિરૂદ્ધ રાજકુમારસીંગના કામમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૩ ક. ૫૭૩; ૨ ક. લો. રી. ૬૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૦.

૨૩ ગેરકાયદેસર મંડળી—સામાન્ય મતલબ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમો ૧૪૮, ૧૪૯—ગેરકાયદેસર મંડળીની

મતલબ પુરી પડયા પછી અને સામેની ટોળી વીખરાઈ ગયા પછી તેમાંનો એક અંગભુત બીજા માણસની સાથે વારા ફરતી લઢવા મંડયો અને તેવી રીતે લઢતાં તેને ભાલો માર્યો. એમ ઠરાવવામાં આવ્યું હતું કે આ કૃત્ય મંડળીની સામાન્ય મતલબ પુરી પાડવાના ઈરાદાથી કરવામાં આવ્યું નોહોતું અથવા મતલબ પુરી પાડવામાં આવું કૃત્ય બનવાનો સંભવ છે એવું બાકીના અંગભુતો જાણતા નોહોતા. બીનોદ વિગેરે અપેલેન્ટો, ૨૪ વિ. રી. ૬૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૭૫).

રાણી વિરૂદ્ધ સાબીદઅલીના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૦ વિ. રી. ૫; ૧૧ બેં૦ લો૦ રી૦ ૩૪૭. જુઓ ગેરકાયદેસર મંડળી. ૨૦.

૨૪ ગેરકાયદેસર મંડળી—ઈરાદો—સામાન્ય મતલબ પાર પાડવામાં ગેરકાયદેસર મંડળી અથવા તેના કોઇપણ અંગભુતે બળ વાપર્યું હોય તો તે ગુન્હામાં હંગામાનો ગુન્હો આવી જાય છે. પણ આ કેસમાં ગેરકાયદેસર મંડળી કરવાને માટે પાંચ માણસો કદી એકઠા થયા નોહોતા, અને બળ કરવાનો ઇરાદો અમલમાં લાવેલો સાબીત થતો નથી. તેથી તોહોમતદાર સામે પીનલકોડ મુજબ કાંઈ ગુન્હો સાબીત થતો નથી. રામદીન દુબે વિગેરે અરજદારો, ૨૬ વિ. રી. ૬.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી અગષ્ટ સને ૧૮૭૬).

૨૫ ગેરકાયદેસર મંડળી—સામાન્ય મતલબ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૧૪૯—માણસોનું ટોળું લાતીઓ લેઈને અને તેના ઉપરી પાસે બાકીના લોકોના ધારવા પ્રમાણે બંદુક સાથે, બીજા માણસની મિલકત જોર જુલમથી લેઈ જવાને માટે એકઠું થાય, અને તે મતલબ પાર પાડવામાં, તેમાંનો કોઈ માણસ બંદુક લેઇને ફોડે જેથી બીજો માણસ જે કાયદેસર અટકાવ કરતો હોય તેનું મોત થાય તો તેથી આખી ટોળીને વ્યાજબી રીતે પીનલકોડની કલમ ૧૪૯ મુજબ ખુનને માટે ગુન્હેગાર ઠરાવી શકાય છે. રાણી વિ. હરીસીંગ વીગેરે, ૩ ક. લો. રી. ૪૯.

(મેસર્સ જેકશન, મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૪ જુન સને ૧૮૭૮).

રાણી વિ. સાબીદઅલીના કામમાં નજર રાખવામાં આવે છે. ૨૦ વિ. રી. ૫; ૧૧ બેં. લો. રી. ૩૪૭. જુઓ ગેરકાયદેસર મંડળી ૨૦.

૨૬ ગેરકાયદેસર મંડળી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમો ૧૫૪, ૧૫૫ અને ૧૫૭—ગુન્હેગાર ઠરાવી સજા કરવી તે—પરદેશી ભાગીદાર—પીનલકોડની કલમ ૧૫૭ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે એમ સાબીત થવું જોઇએ કે તોહોમતદારે ગેરકાયદેસર મંડળીને માટે બીજા માણસોને કામે અથવા ભાડુ આપીને અથવા નોકરીમાં રાખ્યા હતા, પણ તોહોમતદારે જે પ્રગણાના નોકરો રાખેલા છે તે પ્રગણાના લોકો લાતીઓ મારવામાં પ્રખ્યાત છે અને તેઓ હંગામો કરતાં પેહલાં તેની નોકરીમાં હતા, એ સાબીત કરવું તે જોઈએ તેવો પુરાવો ગણાતો નથી. ખરેખરી રીતે જાગીરનો ભોગવટો કર્યો નથી તેવો પરદેશી ભાગીદાર વસનારા ભાગીદાર તરીકે પીનલકોડની કલમો ૧૫૪ અને ૧૫૫ મુજબ ગુન્હેગાર થઈ શકતો નથી. રાધાનાથ ચોધરીની બાબતમાં, ૭ ક. લો. રી. ૨૮૫.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી સપટંબર સને ૧૮૮૦).

૨૭ ગેરકાયદેસર મંડળી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૫૧ અને ૧૮૮—કાયદેસર હુકમ—જો ફક્ત ત્રણ માણસોની મતલબ લોકોને એકઠા કરવાની હોય અને તેઓનું કૃત્ય એવું હોય કે જેથી પચાસ સાઠ માણસો એકઠા થઈ સુલેહનો ભંગ થવાનો સંભવ લાગે અને તે મુજબ માણસો એકઠા થયેલા, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે લોકોનો જમાવ એ પીનલકોડની કલમ ૧૫૧ મુજબ

ગેરકાયદેસર મંડળી ગણાય છે, અને તેવી જાતની મંડળીને વીખરાઈ જવાને કાયદેસર હુકમ થયા પછી તે હુકમ ના માનવામાં આવ્યો હોય તો તે મંડળીનો દરેક અંગભુત ઉપર બતાવેલી કલમ મુજબ ગુન્હેગાર ગણાય છે. રાણી વિ. ટકર, ઈ. લો. રી. ૭ મું. ૪૨.

(મેસર્સ કેમબોલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી સપટંબર સને ૧૮૮૨).

૨૮ ગેરકાયદેસર મંડળી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૩૭, ૪૮૦—પોલીસ સ્ટેશનના અમલદાર કરતાં ચડતા દરજ્જાના અમલદારો—કાયદેસર હુકમ—જેથી લોકોની સુલેહમાં ગડબડ થાય એવી પાંચ અથવા વધારે માણસોની મંડળીને પોલીસ સ્ટેશનના અમલદાર કરતાં ઉંચા દરજ્જાના અમલદારે વીખરાઈ જવાને કાયદેસર હુકમ કરયો હોય તો તે સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૦ ના અર્થ મુજબ કાયદેસર હુકમ ગણાય છે. રાણી વિ. ટકર, ઈ. લો. રી. ૭ મું. ૪૨.

(મેસર્સ કેમબોલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી સપટંબર સને ૧૮૮૨).

૨૯ ગેરકાયદેસર મંડળી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૪૩—ગેરકાયદેસર મંડળીના અંગભુતો થવાનું કેટલાક માણસો ઉપર તોહોમત રાખી રજુઆત ચાલેલી તેમાં તોહોમતદાર અને બીજા કેટલાક પક્ષકારો વચ્ચે કોઈ જમીનના કબજા વીષેની લાંબી મુદતથી તકરાર ચાલતી હતી એવું સાબીત થયું હતું; અને કોઇ પક્ષકારનો જમીન ઉપર નીરાંતનો કબજો નોહોતો, અને તોહોમતદાર કેટલાક લાતીવાળા માણસો લેઇને તે જમીન ઉપર ગળીનું વાવેતર કરવા ગયો હતો, અને જરૂર પડે તો બળ વાપરવાની તેઓએ અગાઉથી તૈયારી કરી રાખી હતી; અને જમીનનું વાવેતર કરતી વખતે લાતીઓવાળા માણસોએ સામી ટોળીના માણસોને પોતાના હથીઆર આમ તેમ હલાવીને દુર રાખ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૧૪૩ મુજબ તોહોમતદારોને ગેરકાયદેસર મંડળીના અંગભુતોને માટે ખરી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. શંકરસીંધ વિરૂદ્ધ બરમા માહતોના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો હતો. રાણી વિરૂદ્ધ પીઆરી મોહન સીરકાર, ઈ૦ લો૦ રી૦ ૯ ક. ૬૩૯; ૧૩ ક. લો. રી. ૮૦.

(મેસર્સ વીલસન અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૧ માર્ચ સને ૧૮૮૩).

સંકરસીંધ અરજદારોની બાબતમાં તફાવત બતાવવામાં આવે છે. ૨૩ વિ. રી. ૨૫. જુઓ ગેરકાયદેસર મંડળી ૨૨.

જુઓ શાખ માજીસ્ત્રેટની.
- ,, ફરીઆદ ૩૫.
- ,, કબુલાત ૨૫.
- ,, પુરાવો ૮૪,
- ,, દંડ બદલે કેદ ૩.
- ,, જ્યુરી ૧૦૦.
- ,, ખુન ૧૪, ૬૭, ૮૩, ૮૭, ૧૦૫.
- ,, સત્તા ડેપ્યુટી માજીસ્ત્રેટની.
- ,, ખાનગી બચાવ ૧૮, ૨૦.
- ,, સુચરકો ૬૧.
- ,, હંગામો ૪.
- ,, ઝાડો લેવાનું વારંટ ૩.
- ,, સજા ૪૩, ૬૩.
- ,, કેટલાક ગુન્હાઓ ૬.
- ,, ગેરવાજબી કેદ ૮.

ગેરકાયદેસર મંડળી—

જીવ લે એવા હથીઆરોવાળી. જુઓ સંક્ષેપમાં તપાસ. ૨૪.

ગેરવાજબી બક્ષીસ—

૧ ગેરવાજબી બક્ષીસ—જ્યુરીના માણસને લાંચ આપવી તે—કેદી અને જ્યુરીના કોઈપણ માણસ વચ્ચે ગમે તે ચાલ્યું હોય તો પણ તેથી તેને લાંચ આપી એમ ગણાય નહી, પણ કેદી અને જ્યુરીના માણસના ભાઈની વચ્ચે કાંઈ સબંધ ચાલ્યો હોય તો તે ઉપરથી એમ ધારી શકાય છે. રાણી વિરૂદ્ધ બાવલચંદર બીસ્વાસ, ૧ વિ. રી. ૩૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ડીસેંબર સને ૧૮૬૪).

૨ ગેરવાજબી બક્ષીસ—ઓફીસ સંબંધી કામો કરવાને વગ લગાડવી તે—કામનો ઠરાવ આપવામાં મુખ્ય સદરઅમીન ઉપર વગ લગાડવાને માટે સીરસ્તેદારે ઈનામ લીધું હોય, અને તે સીરસ્તેદારે વગ લગાડી હોય અથવા લગાડવાનો યત્ન કર્યો હોય અગર ન લગાડી હોય તોપણ તે કાયદેસર ગુન્હો છે. રાણી વિરૂદ્ધ કાલીચરન સીરસ્તેદાર, ૩ વિ૦ રી૦ ૧૦.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા. ૧૧ મી મે સને ૧૮૬૫).

૩ ગેરવાજબી બક્ષીસ—લાંચ આપનારનો પુરાવો—સરકારી નોકરને લાંચ આપવી તે—લાંચ લીધેલા માણસ સામે લાંચ આપનાર માણસનો પુરાવો કામમાં દાખલ થઇ શકે છે. કોઈ માણસ લાંચ અથવા કાયદા વિરૂદ્ધ ઉપાયથી કોઈ સરકારી નોકરને પોતાના ઓદ્દાનું કામ કરવા અથવા ન કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં પોતાને માટે અથવા બીજા કોઈ શખસને માટે કાંઈ અવેજ લે તોતે પીનલકોડની કલમ ૧૬૧ મુજબ ગુન્હેગાર નથી પણ કલમ ૧૬૨ મુજબ ગુન્હેગાર છે. રાણી વિ. ઓભોયચરન ચકરબતી અને બીજો, ૩ વિ. રી. ૧૯.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા. ૩૦ મી મે સને ૧૮૬૫).

૪ ગેરવાજબી બક્ષીસ—સરકારી નોકરને લાંચ આપવાનો યત્ન કરવો તે—ગેરવાજબી સજા–દસ્તાવેજનો અર્થ જ્યુરીને સમજાવવાની જડજની ફરજ—સરકારી ઓદ્દાનું કામ ચલાવતી વખતે સરકારી નોકર ઉપર વગ ચલાવવાને માટે અવેજ લેવાનો યત્ન કરવાનું તોહોમત રાખી ગુન્હેગાર ઠરાવેલો તે ગેરકાયદેસર છે, કારણ કે કીયા માણસ અથવા માણસોને માટે અવેજ લેવામાં આવ્યો હતો અથવા કીયા સરકારી નોકર ઉપર સરકારી ઓદ્દાનું કામ ચલાવતી વખતે વગ લગાડવાની હતી એ નામ જાણ્યા સીવાય કાયદેસર ગુન્હો બનતો નથી. ફરીઆદીએ આધાર રાખેલા દસ્તાવેજનો કાયદા પ્રમાણે શો અર્થ થાય છે એ જડજે જ્યુરીને સમજાવવું જોઈએ. રાણી .વિ. સેટલચંદર, [illegible], ૩ વિ. રી. ૬૯.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ સને ૧૮૬૫).

૫ ગેરવાજબી બક્ષીસ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૬૧—એમાંની એક સજા—કાઢી મુકવાનો અધીકાર–દંડ અથવા કેદની સજા થઈ શકે એવા કોઈ ફોજદારી ગુન્હાનો કોઇ કોર્ટનો નોકર ગુન્હેગાર થયો હોય તો, તેને કામ ચલાવતાં નોકરીમાંથી બરતરફ કરવાનો માજીસ્ટ્રેટનો અધીકાર છે. રાણી વિ. ચંદર-કુમારસેન, ૧ ઈન્ડ જ્યુરી ઉ. દ. ૯૭.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જાનેવારી સને ૧૮૬૬.)

૬ ગેરવાજબી બક્ષીસ—પોલીસ અમલદારની લાંચ—લાંચ લેવાને માટે પીનલકોડની કલમ ૧૬૧ મુજબ પોલીસ અમલદારને દંડની સજા કરી, વધારામાં જોઈન્ટ માજીસ્ટ્રેટે તેને બરતરફ કરવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે જોઈન્ટ માજીસ્ટ્રેટના અધીકાર ઉપરાંત ગણાવાને દંડ અને કાઢી મુકવાનો હુકમ એકઠી સજા ગણવી જોઈએ નહી સરકાર વિ. ચંદરકુમારસેન, ૫ વિ. રી. ૪

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજો ની રૂબરૂ, તા૦ ૧૫ મી જાનેવારી સને ૧૮૬૬.)

જેસોરના કામચલાઉ સેસન જડજના રેફરન્સથી આમાં જુદો મત લેવામાં આવ્યો. ૧૨ વિ. રી. ૫૯. જુઓ સમાધાન ૧.

દામોદર બીધાદર વિ. શ્યામાનંદડી, ૮ ક. લો. રી. ૫૧૪ જુઓ કબજો ૧૨૫.

નામ વગરના કેસથી આ રદ થઈ ગયો. ૪ બેં. લો. રી. ૪૧. જુઓ વારંટ કેસ ૧.

૭ ગેરવાજબી બક્ષીસ—ઘર પ્રવેશ—જબરાઈથી કહાડવું—કોનસ્ટેબલ અને કેટલાક માણસો કોઈ ઘરમાં પેસીને જુગારીઓને પકડે અને પછી તેમની પાસેથી લાંચ લઈને તેમને છોડી દે તો, તેથી ઘર પ્રવેશ અને જબરાઈથી કઢાવાનો ગુન્હો બનતો નથી, પણ કોનસ્ટેબલ લાંચ લેવાને માટે અને બીજાઓ તેમાં મદદગાર તરીકે ગુન્હેગાર થાય છે. રાણી વિ. મહમુદ હુસેન, વિગેરે ૫ વિ. રી. ૪૯.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી માર્ચ સને ૧૮૬૬).

૮ ગેરવાજબી બક્ષીસ—ગુન્હેગાર બચાવવો તે—શિક્ષા—પીનલકોડની કલમ ૨૧૩ મુ ગુન્હેગાર બચાવવાને માટે ગેરવાજબી બક્ષીસ લેવાનું તોહોમત રાખી નવેસરથી તપાસ ચલાવવાને માટે સેકનક્લાસ માજીસ્ટ્રેટના તાબાના માજીસ્ટ્રેટને અધીકાર નથી. કાયદેસર તોહોમત રાખી જવાબ લીધા શીવાય કોઈ માણસોને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ઓમરી તરામ વિ. નોનેઓરામ વિગેરે, ૬ વિ. રી. ૫૦.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસેંબર સને ૧૮૮૬).

૯ ગેરવાજબી બક્ષીસ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ, કલમો ૧૬૧, ૧૬૫—તોહોમતદારના શાહેદીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૩—કોઈ પટવારીએ પોતાનો ઓધ્ધો બર્વજાતી વખતે કોઈ માણસ પાસેથી દાણા લેઇ તેને મેહેરબાની દેખાડી હોય તો તે પીનલકોડની કલમ ૧૬૧ મુજબ ગુન્હેગાર થવો જોઈએ પણ તે કોડની કલમ ૧૬૫ મુજબ ગુન્હેગાર થવો જોઈએ નહીં. કેદીએ બતાવેલા શાહેદીઓ ઉપર સમન કાઢવાની ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૫૩ મુજબ માજીસ્ટ્રેટની ફરજ છે. રાણી વીરૂદ્ધ મુસુદીન, ૨ વા. દી. પ્રાં. ૧૪૮.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી એપ્રીલ સને ૧૮૭૦).

૧૦ ગેરવાજબી બક્ષીસ—ફાલતુ સીપાઈ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૨૧, ૧૬૧—સને ૧૮૬૩ ના આકટ ૫ મુજબ "બોર્ડ ઓફ રેવન્યુ" ના હુકમથી ફાલતુ સીપાઈ રાખવામાં આવ્યો હોય અને તેને તે કલમ મુજબ જ્યારે કામ કરે ત્યારે ફી મળતી હોય તો, પીનલકોડની કલમ ૨૧ ના નવમા કલોઝ મુજબ તે સરકારી નોકર ગણાય છે, અને તેથી ગેરવાજબી અવેજ લેવાને માટે તે કોડની કલમ ૧૬૧ મુજબ તેની તપાસ થઇ શકે છે. રાણી વિરૂદ્ધ રામક્રીસ્તો દાસ અને બીજો, ૧૬ વિ. રી. ૨૭; ૭ એં. લો. રી. ૪૪૬.

(મેસર્સ એનસ્લી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઇ સને ૧૮૭૧).

૧૧ ગેરવાજબી બક્ષીસ—અપીલ—હાઈકોર્ટનો ફરીથી તપાસમાં લેવાનો અધીકાર—ગેરવાજબી અવેજ લેવાને માટે ગુન્હેગાર ઠરાવી તે પૈસા પાછા આપવાનો ફક્ત હુકમ કરવો તે ગુન્હાની સજા ઉપર નજર રાખતાં તદ્દન અઘટીત છે. જો કે આવા કેસમાં અપીલ કરવામાં આવી નોહોતી તોપણ હાઈકોર્ટને રેફરન્સ ઉપરથી દરમીઆન થવાનો અધીકાર હોવાથી શિક્ષા રદ કરવામાં આવી. મુતીલાલ ચતોપધ્ય અને બીજો અરજદારો, ૧૬ વિ. રી. ૬૪.

(મેસર્સ બેલી અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ડીસેંબર સને ૧૮૭૧).

હરીપ્રસાદના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ૨૪ વિ. રી. ૬૦. જુઓ ભુલ ૯

૧૨ ગેરવાજબી બક્ષીસ—મદદગારી—સજા—સરકારી નોકર—સીવીલ સરજન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૧૬ ૧૬૧—પીનલકોડની કલમ ૧૬૧ મુજબ સજા થઈ શકે તેવા ગુન્હાની મદદગારી કરવાથી તોહોમતદાર ઉપર તે કોડની કલમ ૧૧૬, મુજબ તોહોમત રાખવામાં આવ્યું હતું. અને જેને મદદ કરેલી તે માણસ તે જગ્યાનો સીવીલ સરજન હોવાથી, એમ ઠરાવવામાં

આવ્યું હતું કે પીનલકોડની કલમ ૧૧૬ ના છેવટના ભાગમાં લખેલી વધારે શીક્ષા ઠરાવી શકાય નહી, કારણ કે તે કલમના અર્થ મુજબ સીવીલ સરજન સરકારી નોકર નથી "કે જેની ફરજ આવી જાતના ગુન્હા અટકાવવાની છે." રાણી વિ. રામનાથ સરમા બીસ્વાસ, ૨૧ વિ. રી. ૯.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી નવંબર સને ૧૮૭૩).

૧૩ ગેરવાજબી. બક્ષીસ—સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૬૧, ૧૬૫–બક્ષીસ કબુલ કરવી તે–પોલીસે તજવીજ કરેલા કેસોની રોજની નોંધ વાંચવાને માટે અને વારા પ્રમાણે દરેક કેસ રજુઆતને માટે તોહોમતદાર અને સાક્ષીઓ સાથે લાવવાને क નામના પોલીસ અમલદારને ફોજદારી કોર્ટમાં નોકર રાખેલો તે માણસે કોઈ કેસ ચોરીનો ઠરી તોહોમતદારોને ગુન્હેગારો ઠરાવ્યા પછી કોર્ટે ચોરીના માલમાંથી અમુક રકમ ફરીઆદીને આપવાનો હુકમ કરેલો, તે રકમમાંથી ફરીઆદી પાસેથી કેટલાક પૈસા લીધા, અને તે પૈસા લેવાનો હેતુ પીનલકોડની કલમ ૧૬૧ માં બતાવ્યા મુજબ નહી હતો પણ એક દસ્તુરી મુજબ લીધા હતા. આ બાબતો ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે क ને પીનલકોડની કલમ ૧૬૧ મુજબ સજા થઇ શકે નહી, પણ કલમ ૧૬૫ મુજબ સજા થઈ શકે છે. રાણી વિ. કાંપટાપ્રસાદ, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૫૩૦.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી ડીસેંબર સને ૧૮૭૭).

રાણી વિ. ઇમદાદખાનના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૮ અ. ૧૨૦. જુઓ સજા ૬૪.

૧૪ ગેરવાજબી બક્ષીસ—સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧ કલોઝ ૯ કલમ ૧૬૧—કોર્ટે ઠરાવેલા સગીરની જાગીરના વહીવટદારે, સરકારી તીજોરીનું કામ ચલાવતી હતી તેવી બેન્કમાં સરકાર તરફથી પૈસાની રકમ ભરી. બેંકના ख નામના માણસે પૈસા લેવાની મેહેનત બદલ ઈનામ લીધું. પીનલકોડની કલમ ૧૬૧ મુજબ તોહોમત રાખી ख નું કામ ચાલ્યા પછી, એમ ઠરાવવામાં આવ્યું કે જો કે પૈસા સરકારને માટે તીજોરીમાં ભર્યા હતા તોપણ, તે બેંક તરફથી ભર્યા હતા અને સરકાર તરફથી ભરેલા નહોતા અને તે પૈસા તોહોમતદારે લીધા હતા; અને તોહોમતદાર ફક્ત બેંકનો નોકર હતો પણ પીનલકોડની કલમ ૨૧ ના ૯ મા કલોઝના અર્થ મુજબ સરકારી નોકર નહોતો. મોદનમોહનની અરજીની બાબતમાં, ઈ. લો. રી. ૪ ક. ૩૭૬.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી ડીસેંબર સને ૧૮૭૮).

૧૫ ગેરવાજબી બક્ષીસ—તે મેળવવાનો પ્રયત્ન કરવો તે–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૧૬૧, ૨૧૮, ૩૫૧—વારંટ કેસ—જવાબ—ફરીઆદી તરફના સાક્ષીઓને ઉલટ સુલટ તપાસવાનો તોહોમતદારનો હક—અગત્યના સાક્ષીઓ ઉપર સમન કાઢવાનો કોર્ટનો અધીકાર—લાંચ માગવી તે લાચ લેવાની કોશીશ છે અને તે પુર્ણ ખાત્રીથી અને સ્પષ્ટ રીતે માગી શકાય. अ નામનો માણસ જેને પેનશન માટે અરજ કરી હતી તેને ब નામનો માણસ જે પેનશન ખાતામાં કલાર્ક હતો તે રૂબરૂમાં મળ્યો, અને રૂબરૂની મુલાકાત વખતે પોતાની તે ખાતામાં કેટલી વગ છે તે બાબત અને જેમાં વધારે પેનશન મળેલું તેવા બે દાખલાઓ કહી બતાવીને તેણે સુચના આપી કે આ બાબતમાં પણ કાંઇ બંદોબસ્ત થવો જોઈએ, અને તેનું કેહેવું નામાજુર થયાથી अ નામનો માણસ છેવટે પસ્તાશે એવું બતાવી તે માણસ પોતાની વાત પુરી કરી હતી. એમ ઠરાવવામાં આવ્યું હતું કે લાંચ લેવાની કોશીશ કરવાનો ગુન્હો પુરેપુરો બન્યો છે. તોહોમત વાંચી સંભળાવ્યા

પછી તોહોમતદારનો જવાબ લીધો, અને પછીથી ફરીઆદી તરફના સાક્ષીઓ હાજર હોવાથી માજીસ્ટ્રેટે તેમની ઉલટસુલટ તપાસ કરવાને તોહોમતદારને બોલાવ્યો. કેદી તરફના સાક્ષીઓ જેઓ હાજર નોહોતા તેમની જુબાની લેવાય ત્યાં સુધી તોહોમતદારે ઉલટ સુલટ તપાસવાની ના પાડી. માજીસ્ટ્રેટે કેદી તરફના સાક્ષીઓ હાજર થાય ત્યાં સુધી કામ બંધ રાખી ફરીઆદીના સાક્ષીઓને પછીથી રજા આપી. મી૰ સ્પેન્કી જડજે એમ ઠરાવ્યું કે કેદી તરફના સાક્ષીઓની જુબાની લેવાના ઠરાવેલા દીવશેજ ઉલટ સુલટ તપાસ કરવાને માટે ફરીઆદીના સાક્ષીઓને સમન કાઢી બોલાવવાનો તોહોમતદારનો હક નથી. તે જડજે વળી એમ પણ ઠરાવ્યું કે કેદી તરફના સાક્ષીઓની તપાસ પુરી થયા પછી મોઢાનો અને દસ્તાવેજી બંને પુરાવ લખવાનો માજીસ્ટ્રેટનો અધીકાર છે. રાણી વિરૂદ્ધ બાલદીઓ શાઈ, ઈ. લો. રી. ૨ અ. ૨૫૩.

(મેસર્સ પીઅરસન અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૰ ૭ મી એપ્રીલ સને ૧૮૭૮).

રાણી વિરૂદ્ધ લાલસીંગના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ૬ .વા. દી. પ્રાં. ૨૭૦. જુઓ ઉલટ સુલટ તપાસ ૭.

રાણી વિરૂદ્ધ લાલમહમદ, ૬ નો વે. પ્રો. ૨૮૪. જુઓ ઉલટ સુલટ તપાસ ૯.

જુઓ તોહોમત ૮, ૩૪.

„ સમાધાન ૧.

„ કબુલાત ૫૩.

„ પુરાવો ૫૫.

„ એકઠી તપાસ ૨.

ગેરવાજબી કેદ—

૧ ગેરવાજબી કેદ—જબરાઈથી કઢાવવું તે—ડેપ્યુટી માજીસ્ટ્રેટની હકુમત—ગેરવાજબી કેદ અને જબરાઇથી કઢાવવું એવા બે ગુન્હાઓ જે ફરીઆદમાં આવી જતા હોય તેવી જાતની ફરીઆદનો કેસ ડેપ્યુટી માજીસ્ટ્રેટ ચલાવી શકે નહીં; પણ તેવી બાબતમાં સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૬ માં બતાવેલી રીત મુજબ કરવું જોઈએ. રાણી વી૰ શામસુંદર ઘોસાલ વિગેરે, ૩ વિ. રી. ૨૮.

(મેસર્સ લોચ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૰ ૧૨ મી જુન સને૧૮૬૫).

૨ ગેરવાજબી કેદ—સ્ત્રીની કેદ—(મી. કેમ્પ જડજ વિરૂદ્ધ પડીને) ઘણા મતે કોર્ટે એવો ઠરાવ કર્યો કે સ્ત્રીને ગેરકાયદેસર કેદમાં નાખવાના ગુન્હાને માટે કેદીઓને વાજબી રીતે ગુન્હેગાર ઠરાવ્યા હતા, કેસની હકીકત ઉપરથી એમ નીકળી આવે છે કે કેદીઓને પોતાની ખુશીથી તે સ્ત્રી ગઇ નોહોતી, તેમજ તે ખુશીથી તેમની સોબતમાં પણ નોહોતી. રાણી વીરૂદ્ધ અમીરદારજ અને બીજો, ૪ વિ.રી.૩.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૰ ૭ મી સપટેંબર સને ૧૮૬૫).

૩ ગેરવાજબી કેદ—જબરાઇથી કબુલાત લેવી તે—પીનલકોડની કલમ ૩૪૮ મુજબ (ગેરવાજબી કેદમાં નાખી જબરાઈથી કબુલાત લેવાનો ગુન્હો) કરેલા ગુન્હાને માટે ફક્ત દંડની સજા થઈ શકે નહીં. થોડીક પણ સજા કેદની કરવી જોઈએ. ધનરાજસીંગ વિ૰ પીતાંબરદાસ, ૫ વિ૰ રી૰ ૫.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૧૫ મી જાનેવારી સને ૧૮૬૬).

ખરકધારીસીંગ વિ૰ પરશાદીમંડળના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૨૨ વિ૰ રી૰ ૪૪. જુઓ ઉલટ સુલટ તપાસ ૮.

૪ ગેરવાજબી કેદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૫૨—સજા કેટલી કરવી જોઇએ તે શીવાય, કેટલા વખત સુધી પક્ષકારને ગેરવાજબી કેદમાં રાખેલોછે તે બાબત કાંઈ અગત્યની નથી. કેસની સઘળી હકીકત ધ્યાનમાં લેતાં વાજબી કારણ ના મળી આવે તો, પોલીસ અમલદાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૨ મુજબ એક કલા

ક પણ કોઈ માણુસને રોકી શકે નહી. રાણી વિ. સપ્રોસુનો ઘોસોલ, ૬ વિ. રી. ૮૮.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજો ની રૂબરૂ, તા૦ ૧૦મી ડીસેંબર સને ૧૮૮૬).

૫ ગેરવાજબી કેદ—પોલીસ અમલદાર નો જુલમ—જુલમ કરવાનો રીવાજ બંધ કરવાનાવિચારથી તોહોમતદારો અને શાહેદીઓ ને પકડી રાખવાના. પોલીસ અમલદારના અ ધીકાર ઉપર ટીકા કરવામાં આવી- રાણી વિ. બેહારીસીંગ વિગેરે, ૭ વિ. રી. ૩.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજો ની રૂબરૂ, તા૦ ૪ જાનેવારી સને ૧૮૬૭).

નિચેના કેસોમાં નજર રાખવામાં આ વી હતી:—

રાણી વિ. નીમચંદ મુકરજી, ૨૦ વિ. રી. ૪૧ જુઓ જ્યુરી ૬૯.

રાણી વિ, નારાયણ બાબાજી ૯ મુ. હા. કો. રી. ૩૪૬ જુઓ પકડવું તે ૩.

રાણી વિ. મણીઆદયાલ. ઈ૦ લો૦ રી૦ ૧૦ મું. ૪૯૭ જુઓ જ્યુરી ૧૧૨.

૬ ગેરવાજબી કેદ—હકુમત-દસ દીવ શ ઉપરાંત ગેરવાજબી કેદમાં રાખી મુકવાનો ગુન્હો ફક્ત સેસન કોર્ટ અથવા ડીસ્ત્રીક્ટ મા જીસ્ટ્રેટ ચલાવી શકે છે, પણ ડેપ્યુટી માજીસ્ટ્રે ટ ચલાવી શકે નહી. રાણી વિ. કોમલ માન જી વિગેરે, ૭ વિ. રી. ૧૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૬૭).

૭ ગેરવાજબી કેદ—મદદગારી—બે પો લીસ કોનસ્ટેબલો અને બે ગામડાના અમલદા રોને ગેરવાજબી કેદ અને તેમાં મદદ કરવા ના ગુન્હાઓને માટે ગુન્હેગાર ઠરાવવામાં આ વ્યા હતા. ગામડાના અમલદારોએ કેટલાક મા ણુસો, જેઓએ પ્રવેશ કરતાં માલમ પડેલા ડુકરના બચાંઓને પકડવાને અટકાવ કરેલો તેવા માણુસોને દ્વેષબુદ્ધિથી પકડવાનો હુકમ ક ર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે અપરાધી ઠરાવવું કાયદેસર છે.

૮ ગેરવ્યાજબી કેદ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૩૪૨—સંક્ષેપમાં હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કેડ કલમ ૨૨૨—કેટલાક કેદીએ ઉપર પીનલકોડની કલમ ૩૪૨ (ગેર[illegible]બી કે દ) મુજબ તોહોમત ખરી રીતે સાબીત થયું હોય તો, જોઈન્ટ માજીસ્ટ્રેટ પીનલકોડની કલમ ૧૪૩ મુજબ ગેરવાજબી મંડળીનો કેસ ગણી તેવા કેસની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૨ મુજબ સંક્ષેપમાં તપાસ વાજબી રીતે ચલાવી શકે નહી, એમ ઠરાવવામાં આવ્યું હ તું. હરનશેખ વિરૂદ્ધ રામધન બીસ્વાસ વિગેરે, ૨૪ વિ. રી. ૨૧.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જુન સને ૧૮૭૫).

નીચેના કેસમાં આધાર રાખવામાં આ વે છે:—

ચંદરશેખર ઠાકોર વિરૂધ્ધ નીતાઈ, ૨૨ વિ૦ રી૦ ૨૯. જુઓ સંક્ષેપમાં તપાસ ૫.

રાણી વિરૂધ્ધ બાની માધબદાસ, ૨૩ વિ૦ રી૦ ૩. જુઓ સંક્ષેપમાં તપાસ ૯.

રાણી વિરૂધ્ધ કાનહાઈ શાહુ, ૨૩ વિ૦ રી૦ ૪૦. જુઓ કાયદેસર બાદ[illegible] દાખલ થા જો પકડવાનો અટકાવ.

૯ ગેરવાજબી કેદ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૪૬—પીનલકોડની કલમ ૩૪૬ મુજબ કોઈપણ માણુસને ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં એમ સાબીત થવું જોઈએ કે ગેરવાજબી કેદ એવી રીતે કરી હતી કે જેથી કેદ કરાયલા મા ણુસને કોઈ શોધી કહાડે નહીં એવો ઇરાદો માલમ પડતો હતો. શ્રીનાથ બનારજી, ઈ૦ લો૦ રી૦ ૯ ક. ૨૨૧.

(મેસર્સ મેકડોનલ અને ઓકીન્લી જડ જોની રૂબરૂ, તા૦ ૭ મી અગષ્ટ સને ૧૮૮૨).

જુઓ કમપનસેસન ૯, ૨૬.

,, સમાધાન ગુન્હાઓનું ૯.

,, માંડી વાળવું ફરીઆદનું ૧૩, ૧૪.

ગેરવાજબી હાની—

ગેરવાજબી લાભ—

ગેરવાજબી અટકાવ—

૧ ગેરવાજબી અટકાવ—ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૩૪૧ ૩૭૩—તોહોમતદારે ફરીઆદીઓના ગાડાંઓ કોઈ એક દીશામાં જતાં અટકાવીને તેઓની પાસેથી જુદુ બાનુ બતાવીને પૈસા લીધા, એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારે ચોરીનો ગુન્હો કર્યો નથી, પણ ગેરવાજબી અટકાવના ગુન્હાને માટે ગુન્હેગાર છે. જોવાહીરશાહ વિ. ગીરધારી ચોધરી વીગેરે, ૧૦ વિ. રી. ૩૫.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી સપટંબર ૧૮૬૮).

૨ ગેરવાજબી અટકાવ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૪૨—પીનલ કોડની કલમ ૩૪૨ મુજબ તોહોમત રાખેલા પોલીસ અમલદારના કેસમાં, કલમો ૩૩૯ અથવા ૩૪૦ માં બતાવેલી જાતનું કૃત્ય કરવામાં કાંઇ દ્વેષ બુદ્ધિ, ઈરાદો અથવા બુદ્ધિ પુર્વક અટકાવ નહોતો, પણ સત્તા ધણીજ ભુલ ભરેલી રીતે બજાવેલી હતી તેથી દિવાની રીતે તે પોલીસ અમલદાર જવાબદાર હતો; આ હકીકત ઉપરથી ગેરવાજબી અટકાવનો ફોજદારી ગુન્હો થતો નથી એમ ઠરાવવામાં આવ્યું હતું. બદરૂલ હુસેન સબઈનસ્પેકટર અરજદાર, ૨૪ વિ. રી. ૫૧.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧ સપટંબર સને ૧૮૭૫).

ગેરહાજરી ફરીઆદીની—

ગેરહાજર સાહેદીઓ—

ગેરહાજરી અગાઉના વિચારની—

ગેરહાજરી ઇરાદાની—

ગેરહાજરી અપેલેન્ટના વકીલની—

ગેરહાજરી તોહોમતદારની—

ગદી જમીન—

ઘ

ઘટાડો પાણી પુરૂ પાડવાનો—

ઘટાડો પાણી પુરૂ પાડવાનો—ગુન્હાની વાખ્યા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૩૦—મી૦ ઈન્સ જડજ વિરૂદ્ધ પડી ને ઘણા મતે ફુલબેન્ચે એવો ઠરાવ કર્યો કે ખેતીવાડીના કામોને માટે પાણી પુર પાડવાનો ઘટાડો કરવાના ગુન્હાની વાખ્યાનો તે ભાગ નથી પણ તોહોમતદારનું કૃત્ય ફકત ખુશીથી પાણી ગુમાવવાનું છે. કાંઈપણ હક બતાવ્યા શીવાય કૃત્ય કરેલું છે તે બસ છે. રામ

ગ્રીષ્ન ચેતી વિરૂદ્ધ પાલનચંદી કુદામબર, ઈ. લો. રી. ૧ મ. ૨૬૨.

(મેસર્સ તુરઆન ચીફ જસ્ટીસ, હાલો વે, ઈન્સ, કરનાન અને ફીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી નવંબર સને ૧૮૭૯).

રાણી વિરૂદ્ધ જગન્નાથ ભીકાજીભાવના કામમાં આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૧૦ મું. જુઓ બીગાડ ૨૨.

ઘણો ભાર ભરેલું વહાણ—

માં ઉતારૂઓને બેસાડી લેઈ જવા તે.

જુઓ ખુન ૯૧.

ઘરની ઝડતી—

જુઓ જુઠું તોહોમત ૨૦.

,, પોલીસ ૨૨.

ઘેહેલો—

૧ ઘેહેલો—ચીત ઠેકાણે ના હોય તે વિષેના વેહેમો— કોઈ કેદીની રજુઆત ચાલતી વખત કોર્ટને તેના સારાપણા વિષે શક પડે તો તે બાબતની પુરેપુરી તપાસ કરવી જોઈએ. રાણી વિરૂદ્ધ હીરા પુંજા, બર્ક. રી. ૩૩; ૧ મું. હા. કો. રી. ૩૩.

(મેસર્સ ફ્રેરન્સ અને વેરડન જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અગષ્ટ સને ૧૮૬૩).

૨ ઘેલો—ચીત ઠેકાણે ન હોય તે સબંધી વેહેમો—દેખીતા ગાંડા માણસો ઉપર ખુનનું તોહોમત રાખેલું તેવા કેસમાં સેસન જડજે શી રીતે ચાલવું જોઈએ તે બાબત (સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૬૫ માં બતાવેલી પદ્ધતી જુઓ) રાણી વીરૂદ્ધ શેખ મુસ્તાફ, ૧ વિ. રી. ૧.

(મેસર્સ લોક અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧ અગષ્ટ સને '૧૮૬૪).

જુઓ રાણી વીરૂદ્ધ હીરા પુંજા, ૧ મું. હા. કો. રી. ૩૩ જુઓ ઘેલો ૧.

૩ ઘેલો—પદ્ધતિ—રજુઆત પુરી થતાં પેહેલાં તોહોમતદાર ગાંડો છે એવું માલમ પડે તો કલમ ૩૮૯ મુજબ જડજે કામ ચલાવવું બંધ રાખવું જોઈએ, અને તોહોમતદાર પોતાનો જવાબ આપી શકે તેવો નથી તેથી તેની રજુઆત ચલાવવાને બદલે, અથવા ગુન્હો કરતી વખતે ખોટું કામ કરે છે એવું તો હોમતદારને ભાન નહીં હોવાથી પીનલકોડની કલમ ૮૪ મુજબ તેણે કાંઇપણ ગુન્હો કર્યો નથી એ કારણ ઉપરથી તેને તે કોડની કલમ ૩૯૪ મુજબ છોડી મુકવાને બદલે, સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૯૦ મુજબ લેફ્ટેનન્ટ ગવરનરને કેસનો રીપોર્ટ કરવો જોઈએ. (સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૫ માં બતાવેલી પદ્ધતિ જુઓ) રાણી વિરૂદ્ધ નુરખાન ચોધરે, વિ. રી. ૧૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી સપટંબર સને ૧૮૬૪).

૪ ઘેલો—પદ્ધતી—ગાંડાઈનું કારણ બતાવી તોહોમતદારને છોડી મુકયા પછી સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૯૪ મુજબ કોર્ટે ચાલવું જોઈએ અને કેસનો રીપોર્ટ સરકારને કરવો જોઈએ. (સને ૧૮૮૨ ના ૧૦ માની કલમો ૪૬૪—૪૬૮ માં બતાવેલી પદ્ધતિ જુઓ) રાણી વીરૂદ્ધ શેખ મુસ્તાફ, ૧ વિ. રી. ૧૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી સપટંબર સને ૧૮૬૩).

૫ ઘેલો—ગુન્હો કરવાનો હેતુ—ગુન્હો કરવાના હેતુને કેદીની આગલી ગાંડાઈના સ્વતંત્ર પુરાવાથી મજબુતી મળે તો તે વજનદાર છે. રાણી વિ૦ સેખ મુસ્તાફ, ૧ વિ.રી. ૧૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી સપટંબર સને ૧૮૬૪).

૬ ઘેલો—ધારેલા ગાંડા માણસે કરેલું ખુન—કેદીને ખુનનો ગુન્હેગાર ઠરાવી મોતની સજા કરવામાં આવી હતી. પણ સજા મંજુર કરતાં પેહેલાં તેણીનું મન ઠેકાણે હતુ કે નહીં તે વિષે શક પડવાથી વધારે તપાસ કરવાની સુચના આપી કેસ સેસન જડજને મોકલવામાં આવ્યો હતો. રાણી વીરૂદ્ધ આરઝાઉ બીબી. ૨ વિ. રી. ૩૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૪ ફેબ્રુઆરી સને ૧૮૯૫).

૭ ઘેલો—ખુન—ખુનનું તોહોમત રાખેલા માણસના કેસમાં ગાંડાઈ વિષે તકરાર ચાલી તે. રાણી વિ. મુસામત પુચી ૩. વિ. રી. ૯.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી મે સને ૧૮૯૫).

૮ ઘેલો—પદ્ધતિ—કોઈ કેદી ગાંડો અને પોતાનાં કૃત્યો વીષે જવાબદાર થઈ શકે નહી તેવો હોવાથી પોતાનો જવાબ કામમાં ના આપી શકે તો, રજુઆત ચલાવવાને બદલે સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૮૯ મુજબ કામનું નિરાકરણ કરવું જોઈએ. રાણી વિ. કાલાઈ શેખ, ૩ વિ. રી. ૫૭.

(મેસર્સ ટ્રેવોર અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુલાઇ સને ૧૮૯૫).

૯ ઘેલો—પદ્ધતિ—ગાંડા કેદીના કેસની મુકરદમો ચલાવવાની રીત (પણ હમણાં સને ૧૮૮૨ ના ૧૦ માની કલમો ૪૬૪-૪૬૮ માં મુકરદમો ચલાવવાની બતાવેલી રીત જુઓ) રાણી વિ. શાહમહમદ, ૩ વિ. રી. ૭૦.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ સને ૧૮૬૩).

૧૦ ઘેલો—પદ્ધતિ—કોઈ માજીસ્ટ્રેટે ગાંડા માણસને કેદમાં રાખીને કેસનો રીપોર્ટ સરકારને કર્યો હોય તો, તેની જગાએ આવનાર માણસ કેસ કાઢી નાખવાને બદલે, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૯૧ મુજબ તપાસ ફરીથી કરવાને બંધાએલો છે. રાણી વિ. રઘુઆ, ૬ વિ. રી. ૩.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન ૧૮૬૬).

૧૧ ઘેલો—પદ્ધતિ—તપાસ કર્યા પછી તોહોમતદાર ગાંડો છે એવું માલમ પડ્યું હોય તો એમ ઠરાવવામાં આવ્યું કે કેદીને છોડી મુકી માજીસ્ટ્રેટે કેદમાં રાખવાનો હુકમ કરવો જોઈતો નોહોતો, પણ આગળ મુકરદમો ચલાવવાનું બંધ રાખવું જોઈતું હતું. રાણી વિ. દતારામ, ૬ વિ. રી. ૫૪.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૬૬).

૧૨ ઘેલો—સેસન જડજે ગુન્હેગાર ઠરાવેલો તે—હાઈ કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકેલો તે—સેસન જડજે ગુન્હેગાર ઠરાવેલો તે છતાં પણ હાઈ કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૯૩ મુજબ ગાંડાઈનું કારણ બતાવી કોઇ કેસમાં કેદીને છોડી મુકી સરકારનો હુકમ આવતાં સુધી તેને કેદમાં રાખવાનો હુકમ કર્યો હોય તો, તેવો કેસ જડજને લાગુ પડે છે. રાણી વિ. પરસોરામદાસ, ૭ વિ. રી. ૪૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૬૭).

૧૩ ઘેલો—તોહોમત—પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૮૮, ૩૯૫—પ્રથમની તપાસ કરતી વખતે કેદીના મનની સ્થીતી બરોબર હોય પણ કૃત્ય કરતી વખત ગાંડો હોય એવા કેસમાં કોઈ કેદી ઉપર ખુનનું તોહોમત રાખી માજીસ્ટ્રેટ કેસ કમીટ કરે તો તે વાજબી છે. કોઇ અમુક તોહોમત મુક્યા શીવાય કોઇ કેદીને સેસન કોર્ટમાં કમીટ કરવામાં આવ્યો હોય તો, સેસન જડજને તેની રજુઆત ચલાવવાનો અધીકાર નથી. રજુઆત ચલાવતી વખતે કોઇ કેદી ગાંડો માલમ પડે તો, તેવા કેસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૩૯૧ અને ૩૯૨ માં બતાવેલો રીવાજ બરોબર રીતે લાગુ પડે છે. કેદીના મનની સ્થીતી બરોબર નથી અને તે પોતાનો જવાબ આપી શકે તેવો નથી એવું ફકત લખીતવાર દાકતરનું સરટીફીકેટ હોય તો તેથી કેદીની ગાંડાઈ સાબીત કરવાને જોઈએ તેવો પુરાવો ગણાતો નથી. દાકતરને જાતે સાક્ષી તરીકે બોલાવી તેને લક્ષપુર્વક રીતે તપાસવો જોઈએ. રાણી વિ. રામરતનદાસ, ૯ વિ. રી. ૨૩.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨ જી માર્ચ સને ૧૮૬૮).

૧૪ ઘેહેલો—પદ્ધતિ—કેસમાં જવાબ આપતી વખતે કોઈ કેદી ગાંડો હતો એવું સીવીલ સરજને બતાવ્યું હોય તોપણ, એમ ઠરાવવામાં આવ્યું હતું કે તેને નિર્દોષ ઠરાવી છોડી મુકવો ગેરકાયદેસર છે. મુકરદમો ચલાવવો બંધ રાખી સરકારનો હુકમ આવતાં સુધી કેદીને કેદમાં રાખવો જોઈતો હતો. રેમોન અધીકારીના કેસની બાબતમાં, ૧૦ વિ. રી. ૩૭.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૬૮).

૧૫ ઘેલો—પદ્ધતિ—જ્યુરી—સને ૧૮૬૧ નો ૨૫ મો કલમ ૨૩૨—સને ૧૮૭૨ નો ૧૦ મો કલમ ૪૨૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૩૨ અને ૪૨૫ ઉપર નજર રાખીને એમ ઠરાવવામાં આવ્યું કે કામ ચલાવતી વખતે સેસન જડજને એમ માલમ પડે કે તોહોમતદાર ગાંડો છે તો ગાંડાઈના મુદ્દાની તપાસ તે એક તોહોમતદારની તપાસનો ભાગ છે, તેથી તેનો તપાસ સેસન જડજે પંડે નહીં કરતાં જ્યુરીએ કરવો જોઈએ. રાણી વિરૂદ્ધ ભીકુકાલવર ઉરફે ચેકશા, ૧૯ વિ. રી. ૧૫; ૧૦ બેં. લો. રી. અપે. ૧૦.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જાનેવારી સને ૧૮૭૩).

૧૬ ઘેલો—પદ્ધતિ—જ્યુરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૫—સેસન જડજે જ્યુરીને કેસ સોંપતી વખતે એમ કહ્યું કે તેના વિચાર પ્રમાણે રજુઆત ચાલતી વખતે તોહોમતદાર ગાંડાઈના ચીન્હો બતાવતો હતો, તેથી ગુન્હો કરતી વખતે ગાંડો હતો કે નહીં તે બાબત શોધી કાઢવાને સુચના આપી. એમ ઠરાવવામાં આવ્યુ કે તપાસ ચાલતી વખતે તોહોમતદાર ગાંડો અને પોતાનો જવાબ બરોબર રીતે આપી શકે નહી તેવો હતો કે નહી એ મુદ્દો સેસન જડજે કાઢેલા મુદ્દા કરતાં પેહેલાંનો મુદ્દો હતો, અને તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૫ મુજબ પેહેલેથી જ્યુરીને સ્વાધીન કરવો જોઈતો હતો. રાણી વિ. દુરજોધન શામન્તો ઉરફે ડીન્જોબોર, ૧૯ વિ. રી. ૨૬.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૭૩)

૧૭ ઘેલો—મનની સ્થીતી પારખવી તે—કોઇ માણસે કાંઈ પણ કૃત્ય કરયું હોય અને તેને માટે તેને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો, કૃત્ય કરતી વખતે તેના મનની સ્થીતી સારી હતી એ નક્કી કરવાની સાબીતી એ છે કે ખોટુ કામ કરે છે એ તેના જાણવામાં હતું કે નહી. રાણી વિ. જગોમોહન માલો, ૨૪ વિ. રી. ૫.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડની રૂબરૂ, તા૦ ૨ જુન સને ૧૮૭૫).

૧૮ ઘેલો—જામીનગીરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૨૬ અને ૪૩૨—ફોજદારી અદાલતોની હકુમત—ઠેકાણે ન હોય તેવા મનના તોહોમતદાર ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ આપેલો અધીકાર સરકારે મુકરર કરેલી જગ્યાએ તેને મોકલ્યા પછી જતો રહે છે, અને આવી જાતનો અધીકાર તે કોડની કલમ ૪૩૨ માં બતાવેલી બાબતો મુજબ પાછો મળી શકે છે. રાણી વિરૂધ્ધ જોય હરી કોર, ઈં૦ લો૦ રી૦ ૨ ક૦ ૩૫૬.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૩ જી મે સને ૧૮૭૭).

૧૯ ઘેલો—અશક્ત મનનો—મુદરદમો સમજી ના શકે તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૮૬, ૪૨૩—જે માણસના મનની સ્થીતી બરોબર નથી તેવા માણસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૬ લાગુ પડતી નથી. જે માણસો બેહેરાશ અથવા મુંગાપણાને લીધે અથવા દેશની ભાષા નહી આવડવાને લીધે મુકરદમો સમજી ના શકતા હોય તેવા માણસોને તે કલમ લા

ગુ પડે છે; પણ મનની સ્થીતી બરોબર ના હોવાથી મુકરદમો સમજાય નહી, તેવી બાબતમાં ક્રીમીનલ પ્રોસીજર કોડના ચેપટર ૩૧ મુજબ કેસ ચલાવવો જોઈએ. માજીસ્ટ્રેટે આ કામમાં એમ ઠરાવ્યું કે ચોરીના ગુન્હેગાર ઠરેલા તોહોમદારના મનની સ્થીતી બરોબર નહી હોવાથી તે મુકરદમો સમજતો નથી, પણ તે ગાંડો નથી, તે ઉપરથી હાઇ કોર્ટે એમ ઠરાવ્યું કે આ તફાવતમાં કાંઈ ફેર નથી, અને તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ શિક્ષા રદ કરીને, તોહોમતદારને ગાંડો ઠરાવી એવો હુકમ કર્યો કે તેની બરોબર સંભાળ રાખવામાં આવશે તથા પોતાને અથવા બીજા કોઈ માણસને ઈજા કરતો તેને અટકાવવામાં આવશે, અને જ્યારે જોઈશે ત્યારે તેને હાજર રાખવામાં આવશે એવા ખાત્રી લાયક જામીન લેઈને તેને છોડી મુકવો જોઈએ; અને આવી જાતના જામીન ના મળે તો કેસનો સરકારમાં રીપોર્ટ કરવો જોઇએ. રાણી વિરૂધ્ધ હુસેન, ઈં૰ લો૰ રી૰ ૫ મું૰ ૨૬૨.

(મેસર્સ મેલવીલ અને નાહાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૰ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૮૧).

જુઓ ખુન ૪૪, ૫૯.

ચ

ચડેલું ભાડુ—

જુઓ કાયદેસર ભાડા દાખલ ચીજ પકડવી તે.

„ ટોલ ૨.

ચલણીનોટ—

ચલણી નોટ—ચોરી—શીવારોય ટેકરીની સરકારી તીજોરીમાં **મ** નામના માણસે ૫. ચાસ રૂપીઆની ચલણી નોટ વટાવી. સાલમની સેસન કોર્ટે **મ** નામના માણસની પાસેથી નોટ ચોરવાને માટે તે માણસને પછીથી ગુન્હેગાર ઠરાવ્યો હતો. કામ ચાલતી વખતે પુરાવામાં નોટ રજુ કરવામાં આવી હતી, અને **સ** નામનો માણસ જેની પાસેથી નોટ ચોરાઈ હતી તેને તે નોટ પાછી આપવાનો કોર્ટે હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે સેસન કોર્ટની ભુલ હતી. આવી જાતની નોટ કાયદેસર અર્થ પ્રમાણે નાણું હોવાથી તે ફક્ત આ પવાથીજ તે બીજાની મીલકત ગણાય છે, અને લાવનાર માણસને નાણું મળે તેવા દસ્તાવેજમાં કાંઇ પણ જાતનું કપટ તે નિયમનો અપવાદ ગણાતો નથી. સાલમના કલેકટરની બાબતમાં, ૭ મ. હા. કો. રી. ૨૩૩.

(મેસર્સ હોલોવે અને કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૰ ૬ ઠી ફેબ્રુઆરી ૧૮૭૩).

રાણી વિ. જોગેસર મોચીના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૩ ક. ૩૭૯. જુઓ સરકાર ચલણી નોટ.

ચાકર—

નું ફોજદારી કૃત્ય. જુઓ માલીક અને ચાકર, ૧, ૩.

ના કૃત્યને માટે શેઠની જવાબદારી. જુઓ અરીણ ૧૫.

પરચુરણ વેચનારનો. જુઓ જકાત ૩૪.

દારૂ વેચનારનો. જુઓ જકાત, ૪.

ચાલતી તપાસ.

ચાલતી તપાસ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૫૮—સને ૧૮૬૮ નો ૧ લો કલમ ૬—પદ્ધતિમાં ફેરફાર—ચાલતી તપાસમાં અસર—સને ૧૮૮૨ ની સાલના ડીસેંબર માસમાં **સ** નામના માણસ ઉપર સેસન કોર્ટમાં કેટલાક તોહોમતો રાખી કામ ચાલ્યુ હતું. તેમાં કેટલાક તોહોમતોની તપાસ આસેસરોથી અને કેટલાકની જ્યુરીથી થાય તેવી હતી. રજુઆત પુરી થતાં પેહેલાં સને ૧૮૮૨ નો ક્રીમીનલ પ્રોસીજર કોડ અમલમાં આવ્યો તે કોડની કલમ ૨૬૯ મુજબ આવી જાતના સઘળા તોહોમતોની તપાસ જ્યુરીથી થવાની હતી. તે આકટની કલમ ૫૫૮ મુજબ તા૰ ૧ લી જાનેવારી સને ૧૮૮૩ ને રોજ કોઇ ફોજદારી અદાલતમાં ચાલતા સઘળા કેસોને તે આકટ લાગુ પડે છે. સને ૧૮૬૮ ના આકટ ૧ લા ની કલમ ૬

મુજબ એમ ઠરાવ્યું કે કેસની રજુઆત શરૂ થઈ તે વખતની પદ્ધતિના ચાલતા ધારા મુજબ કેસ ચલાવવો જોઈએ. રાણી વિરૂદ્ધ શ્રીનીવસાચરી, ઈં૦ લો૦ રી૦ ૬ મ. ૩૩૬.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને ઈન્સ જડજોની રૂબરૂ, તા૦ ૩ અને ૧૪ મી એપ્રીલ સને ૧૮૮૩).

ચુક—

થી પૈસા આપેલા તે. જુઓ સાપ્રાધ ખોટા ઉપયોગ ૯.

ચેક—

જુઓ જુઠો લેખ ૫૧.

ચેપી રોગો—

૧ ચેપી રોગો—સને ૧૮૬૮ નો ૧૪ મો આકટ—રજીસ્ટર કરેલી ટીકીટોનો કબજો—સને ૧૮૬૮ ના આકટ ૧૪ મુજબ રજીસ્ટર કરેલી ટીકીટો કોઈની પાસે હોય તો તે ઉપરથી તે આકટ મુજબ અથવા તેના ઉપરથી બંગાળા સરકારે કરેલા નિયમો મુજબ તે રજીસ્ટર કરેલી ગુણકા ગણાતી નથી. ખુશીથી રજીસ્ટર કરાવવું જોઈએ, અને પોલીસના સમન ઉપરથી કોઈ સ્ત્રી હાજર થઈ તેણીને પુછેલા સવાલોના જવાબો આપ્યા હોય તેટલીજ બાબત ઉપરથી તે આ આકટ અથવા નિયમમાં આવી જતી નથી. રાણી વિ. સખીમોનીરોર, ૧૨ વિ. ૫૫; ૩ બેં. લો. રી. ક્રી. અ. ૭૦.

(મેસર્સ નોરમન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી સપટંબર સને ૧૮૬૯).

રાણી વિ. નીસ્તાર રોરના કામમાં મંજુર રાખવામાં આવ્યો. ઈં. લો. રી. ક. ૧૬૩. જુઓ ચેપી રોગો ૩.

નીસ્તારીરોરની બાબતમા નજર રાખવામાં આવી. ૭ ક. લો. રી. ૧૯૭. જુઓ પુરાવો ૫૫.

૨ ચેપી રોગો—સને ૧૮૬૮ નો ૧૪ મો આકટ કલમ ૧૪—અપીલ નહી તે—રજીસ્ટર થએલી ગુણકા તપાસ કરાવવાને માટે હાજર ના થઇ હોય અને તેથી તેણીને સને ૧૮૬૮ ના આકટ ૧૪ ની કલમ ૧૧ મુજબ ગુન્હેગાર ઠરાવી હોય તો તેના ઉપર અપીલ થઈ શકે નહી. મુકતાબીબીના કામની ફરી તપાસણી, ૧૭ વિ. રી. ૧૧.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી ફેબ્રુઆરી સને ૧૮૭૨).

૩ ચેપી રોગો—સને ૧૮૬૮ નો ૧૪ મો કલમો ૧૧, ૨૧—તે આકટ મુજબ મંજુર થયેલા નિયમો ૧૩ અને ૨૭—માજીસ્ટ્રેટનો અધીકાર—હકુમત—સાધારણ ગુણકા તરીકે ધંધો બંધ કરવાની કોઈપણ સ્ત્રીની ખુશી હોય તો સને ૧૮૬૮ ના ચેપી રોગોના આકટ મુજબ તેણીને પોતાનું નામ રજીષ્ટરમાંથી કઢાવી નાખવાનો હક છે; અને તે આકટ મુજબ બનેલો કોઈપણ નિયમ અથવા નીયમના ભાગથી એમ કરવામાં અડચણ આવે તો તે અધીકાર વિનાનો નીયમ છે, અને તેથી તે ગેરકાયદેસર ગણાય છે. જો કોઈપણ સ્ત્રીનું સને ૧૮૬૮ ના આકટ ૧૪ ની કલમ ૧૧ મુજબ માજીસ્ટ્રેટ અગાડી કામ ચાલતું હોય તો, સાધારણ ગુણકા તરીકે ધંધો બંધ કર્યો છે, અને કલમ ૨૧ અને તે મુજબ બનેલા નીયમો પ્રમાણે તેણીએ પોતાનું નામ રજીષ્ટરમાંથી કાઢી નંખાવવાની પેરવી કરી છે એવું તે પોતાની તકરારમાં બતાવી શકેછે અને માજીસ્ટ્રેટને આવો જવાબ પુરાવામાં લેવાનો અધીકાર છે. રાણી વિરૂધ્ધ નીસ્તારરોર, ૨, ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૧૬૩; ૭ ક. લો૦ રી૦ ૧૯૭.

(મેસર્સ ટોટનહામ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જુન સને ૧૮૮૦).

રાણી વિરૂધ્ધ સખીમોનીરોરના કામમાં મંજુર રાખવામાં આવે છે, ૧૨ વિ. રી. ૫૫; ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૭૦. જુઓ ચેપી રોગો ૧.

ચોકીદાણ—

ચોકીદાણ—ગેરકાયદેસર હુકમ—હોલકર સરકાર—એમ ઠરાવવામાં આવ્યું કે ઈંગ્રેજી હદના હોલકર સરકાર ઉપર ચોકીદાણ લે

થાની મનાઈ કરવાનો હુકમ કલેકટર કાઢી શકે નહી. રાણી વિરૂધ્ધ વિઠ્ઠલ લક્ષમણ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૩.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

ચોકી કરનારાઓ—

જુઓ સરકારી નોકર ૨.

ચોકીઆત—

નું છાકટાપણું. જુઓ રેલવે ગુન્હો ૧.

ની ફરજ. જુઓ રેલવે ગુન્હો ૫.

નું ઊંઘવું રોણુ ફરતી વખતે. જુઓ પોલીસ ૧૭.

ચોકસીનો રીપોર્ટ—

ચોકસીનો રીપોર્ટ–પુરાવો–સને ૧૮૨૭ નો ૧૨ મો કલમ ૫૨–સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૧૨ માની કલમ ૫૨ મી સને ૧૮૬૭ ના ૮ મા મુંબાઈના આકટથી રદ થઈ જવાથી ચોકસી કરવાનો રીપોર્ટ પુરાવામાં લેઇ શકાતો નથી. રાણી વિ. ભાઈશંકર નરભેરામ, ૬ મું૦ હા૦ કો૦ રી૦ ૭૫.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી ડીસેંબર સને ૧૮૬૯).

ચોરી—

૧ ચોરી–હકુમત–ઘરની ચોરી–ફર્સ્ટ કલાસના તાબાનો માજીસ્ટ્રેટ–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૮૦—પીનલકોડની કલમ ૩૮૦ મુજબ ઘરમાં ચોરી થયાનો ગુન્હો ફર્સ્ટ કલાસના તાબાનો માજીસ્ટ્રેટ ચલાવી શકે નહી. રાણી વિ૦ કુશા, ૧ મું૦ હા૦ કો૦ રી૦ ૮૮.

(મેસર્સ ફોરબસ અને વેસ્ટ્રોપ જડજોની રૂબરૂ, તા૦ ૪ નવંબર સને ૧૮૬૩).

૨ ચોરી—ઘરની ચોરી—ચોરી કરવાના ઈરાદાથી રાત્રે ઘર ફાડવું તે—ચોરી અને ચોરી કરવાના ઈરાદાથી રાત્રે ઘર ફાડવું તે બન્ને ગુન્હાઓને માટે, જો કે જડજ એમ ધારે કે પેહેલા ગુન્હાની શિક્ષા બરોબર છે માટે બીજા ગુન્હાની શિક્ષા વધારે ઠરાવવાની કાંઈ જરૂર નથી તોપણ, ગુન્હેગાર ઠરાવી શકાય. રાણી વિ૦ ટીનકાવરી, વિ૦ રી૦ ૩૧ મી સપટંબર

મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૧૧ મી મે સને ૧૮૬૪).

૩ ચોરી—ચોરીની વાખ્યા—પીનલકોડની વાખ્યામાં બતાવ્યા પ્રમાણે શાથી ચોરી ગણાય તેનો નિયમ. રાણી વીરૂદ્ધ મદારી ચોકીદાર, ૩ વિ૦ રી. ૨.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ફેબ્રુઆરી સને ૧૮૬૫).

તારીનીપ્રસાદ બનારજીના કામમાં આધાર લેવામાં આવ્યો. ૧૮ વિ. રી. ૮ જુઓ ચોરી ૨૭.

૪ ચોરી—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમો ૧૦૭, ૩૭૯—જો કોઈપણ માણસ ચોરી કરવાનું સાધન મેળવે અથવા મેળવવાની કોશીસ કરે તોજ તે પીનલકોડની કલમ ૧૦૭ ના પેહેલા ખુલાસા પ્રમાણે ચોરીમાં મદદગાર તરીકે ગુન્હેગાર ગણાય. ગુન્હો થવાની પછીથી માહીતી મળી હોય તે બસ નથી. રાણી વિરૂદ્ધ શમરદીન વિગેરે, ૨. વિ૦ રી૦ ૪૦.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી માર્ચ સને ૧૮૬૫).

૫ ચોરી—ચોરીનો માલ સંગ્રહ કરવો તે—ચોરી અને ચોરેલો માલ રાખવાનો એક ગુન્હો ગણાય છે, તેમ જુદી જુદી સજા પણ થઇ શકે નહીં. રાણી વિરૂદ્ધ શ્રીમંત આદુપ ૨ વિ. રી. ૬૩.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી એપ્રીલ સને ૧૮૬૫).

રાણી વિ૦ કાલીશંકર સંદયાલના કામમાં મંજુર રાખવામાં આવ્યો, ૩ બે૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૧૪; ૧૨ વિ. રી. ૨. જુઓ સજા ૨૩.

૬ ચોરી—રહેવાના ઘરમાં કોનસ્ટેબલોએ ચોરી કરેલી તે—માજીસ્ટ્રેટની રૂબરૂ નામ

નહી આપેલા સાહેદીઓ—જે કેસમાં ડેપ્યુટી માજીસ્ટ્રેટ ફરીઆદી હોય તેવા કેસમાં માજીસ્ટ્રેટ થઈ કેદીઓની કબુલાત લેઈ શકે નહી. જે ઘર અગાડી કોનસ્ટેબલોને ચોકી કરવાને એ સાઝ્યા હતા તે ઘરનો માલ ચોરી જવાને માટે, તેમને પીનલકોડની કલમ ૩૮૦ મુજબ સજા થઈ શકે છે, પણ કલમ ૪૦૯ મુજબ સજા થઈ શકે નહી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૫ મુજબ માજીસ્ટ્રેટની રૂબરૂ શાહેદીઓના નામ નહી આપ્યા હોય તો સેસન કોર્ટમાં હક તરીકે તેમના ઉપર સમન કઢાવી શકાય નહી. જે કામમાં ડેપ્યુટી માજીસ્ટ્રેટ ફરીઆદી હોય તે કામમાં પોતે માજીસ્ટ્રેટ તરીકે પોતાની રૂબરૂ કેદીઓની કબુલાત લેઈ શકે નહી. રાણી વિરૂધ્ધ બોઇદનાથસીંગ વિગેરે, ૩ વિ. રી. ૨૯.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૬૫).

૭ ચોરી—ચોરીનો અર્થ—અદદાનતનો ઈરાદો—અદદાનતના ઈરાદાનો અર્થ તે પીનલકોડની વાખ્યામાં બતાવ્યા પ્રમાણે ચોરીનો ગુન્હો છે. રાણી વિ. પ્રાંઓનાથ બનારજી, ૫ વિ. રી. ૬૮.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૧૬ મી એપ્રીલ સને ૧૮૬૬).

૮ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૯—કેદીઓને પોતાના માલીકની માંછલાં પકડવાની જગ્યાએથી જાળો એક મચ્છીઓની ટોળી ચોરી જતી હતી એવું માલમ પડવાથી તેઓએ પોતાના માલીકોના ફાયદાને માટે શુદ્ધબુદ્ધિથી તે જાળો તેમની પાસેથી માલીકનો હુકમ આવતાં સુધી ખુંચાવી લીધી હોય તો, તેઓ ચોરીના ગુન્હેગાર નથી એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિરૂદ્ધ નોબીનચંદર હાલદાર, ૬ વિ. રી ૮૯.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી સપટંબર સને ૧૮૬૬).

૯ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૯—જામીનગીરી—ચોરીના ગુન્હેગારે પાસેથી કાયદેસર જામીન માગી શકાય નહી. રાણી વિરૂધ્ધ કુની સોનાર, ૭. વિ. રી૦ ૫૭.

(મેસર્સ સેટનકાર અને માર્કબાય જડજોની રૂબરૂ, તા. ૫ મી એપ્રીલ સને ૧૮૬૭).

૧૦ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૯—હકનો દાવો—હક ગમે તેવો પાયા વગરનો હોય તોપણ કોઈ માણસ હક તરીકે ચાલીને તે હક સ્થાપે તો તે ચોરીનો ગુન્હેગાર નથી. રાણી વીરૂધ્ધ રામચરન સીંઘ ૭. વિ૦ રી૦ ૫૭.

(મેસર્સ સેટનકાર અને માર્કબાય જડજોની રૂબરૂ તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૬૭).

રાણી વિરૂધ્ધ કાલીચરન નીસરના કામામાં નજર રાખવામાં આવી ૭ બેં૦ લો૦ રીપો. ૫૫; ૧૬ વિ૦ રી૦ ૧૮. જુઓ ફરીઆદ ૨૩.

૧૧ ચોરી—ભાડે રાખેલા હોડીવાળા માણુસની ચોરી—પીનલકોડની કલમ ૩૮૧ મુજબ ભાડે રાખેલો હોડી વાળો માણસ નોકર અથવા કારકુન ગણાતો નથી. આવા માણસે કરેલી ચોરીનો સમાવેશ કલમ ૩૮૦ માં થઈ જાય છે. રાણી વી૦ બાલુલ મંજી, ૮ વિ૦ રી૦ ૩૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨ જુલાઇ સને ૧૮૬૭).

૧૨ ચોરી—પાકનું જબરજસ્તીથી લેઈ જવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૭૮, ૧૧૪—કોઈ કેસમાં કોર્ટને એમ માલમ પડે કે હથીઆરબંધ માણસોની ટોળીઓ આવી ખેતરનો પાક લેઈ ગઈ તો તે માલીકની કબુલાત સીવાય લેઇ ગઇ એમ ગણાય છે. જો કે પાક લેઈ જવામાં ખરેખરી રીતે તે ટોળીઓ સામેલ ન થઈ હોય તો પણ પીનલકોડની કલમ ૧૧૪ ઉપર નજર રાખતાં, તેઓને પીનલકોડની કલમ ૩૭૮ મુજબ મુખ્ય ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવી શકાય છે. રાણી વિ. શીબચંદર મંડલે અને બીજો, ૮ વિ. રી, ૫૯

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અગષ્ટ સને ૧૮૬૭.)

૧૩ ચોરી—મદદગારી—એક્રો—પાછા હઠયા પછી ગુન્હો કરવામાં હાજર રહેવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૦૭ ક્લોઝ ૨ અને ૩ અને કલમ ૧૦૯—ચોરી કરી તે ટોળી ઉભી કરવાને કેદીએ કબુલ કરી તે કરારમાંથી પાછો હઠયો, પણ ચોરી કરતી વખતે હાજર હતો તેથી તે પીનલકોડ ની કલમ ૧૦૭ ના ક્લોઝ ૨ માં આવી જઈ ચોરીનો ગુન્હેગાર થઈ શકે નહી, પણ પીનલકોડની કલમ ૧૦૯ અને ૧૦૭ મી કલમ ના ક્લોઝ ૩ ભેગા વાંચતાં તે મદદગારનો ગુન્હેગાર ગણી શકાય. રાણી વિરૂધ્ધ બુધન મુશર, ૮ વિ. રી. ૭૮.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા. ૩૦ મી અકટોબર સને ૧૮૬૭).

૧૪ ચોરી—માજીસ્ત્રેટની ફરજ—છાનામાના ઘર પ્રવેશ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૮૦, ૪૫૮ અને ૪૫૯—રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવાનું તોહોમત ભારે બાબતોમાં કલમો ૪૫૮ અને ૪૫૯ મુજબ રાખ્યું હોય તો, ડેપ્યુટી માજીસ્ત્રેટ કલમ ૩૮૦ મુજબ ચોરીનો ગુન્હો ઠરાવી શજા કરી શકે નહી, પણ પાછળના તોહોમતને માટે કમીટ કરવું જોઈએ. પુરાનટેલી. વિ. ભુતુડોમ. ૯ વિ. રી. ૫.

(મી૦ કેમ્પ અને મી૦ જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૬૯.)

૧૫ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૯૫—નજીવી પેદાશ—સરકારી નકામી જમીન ઉપર ઉગેલી બુઝ કીંમતની ઝાડ ઉપરની સીંગો લીધાને માટે કોઇ માણસને ગુન્હેગાર ઠરાવેલો તેવી બાબતમાં સજા અને ગુન્હો ફેરવીને, એમ ઠરાવ્યું કે પીનલકોડની કલમ ૯૫ મુજબ આ ગુન્હો નથી. રાણી વિ. કાસ્યા ઉર્ફે રાવજી, ૫ મું. હા. કો. રી. ૩૫.

(મેસર્સ ન્યુટન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૬૮.)

૧૬ ચોરી—પોલીસનો રીપોર્ટ—ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૩, ૧૦૯, ૨૪૮—જે પોલીસની રૂબરૂ ચોરી થયેલી તે પોલીસે ચોરને પકડયો પણ માજીસ્ત્રેટ પાસે લેઈ જવાનો અધીકાર નહી હોવાથી તેણે રીપોર્ટ મોકલ્યો, તે ઉપરથી માજીસ્ત્રેટે વારંટ કાઢયું. આ બાબતો ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને કાયદેસર માજીસ્ત્રેટની રૂબરૂ લાવવામાં આવ્યો હતો, રાણી વિ. માહીપયા વાલદ ઓમયા માહાર, ૫ મું. હા. કો. રી. ૯૯.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી સપટંબર સને ૧૮૬૮.)

૧૭ ચોરી—મીલકતનો કબજો આપવો તે—ચોરેલી મીલકતનો સઘળો કબજો અને મીલકત માલીકે આપી દીધી હોય તો, પીનલકોડ મુજબ ચોરીનો ગુન્હો ગણી શીક્ષા કરવી ગેરવાજબી છે. પ્રે. ૫ ફેબ્રુઆરી. સને ૧૮૬૯; ૪ મ. હા. કો. રી. અપે. ૩૦.

૧૮ ચોરી—ચોરેલી મીલકત લેવી તે—સજા—કોઈ કેસમાં ચોરી અને ચોરેલી મીલકત રાખવી એ બંને તોહોમતો કેદી ઉપર રાખી સજા ખરેખરી એકલી ચોરીને માટે કરી હોય તોપણ, હાઈ કોર્ટે ચોરેલી મીલકત લેવાનો કેદી સામેનો ગુન્હો દફતર ઉપર રાખવાની પરવાનગી આપી નહી અને સજા ફેરવી. રાણી વિ. સીબચંદરહારી વિગેરે, ૧૧ વિ. રી. ૧૨.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧ માર્ચ સને ૧૮૬૯.)

ઈલાહીબક્ષ અપેલેન્ટના કામમાં આ કેસની ભલામણ કરવામાં આવે છે. ૫ વિ. રી. ૮૦; બેં૦ લો૦ રી૦ વો૦ ૪૫૯. જુઓ સોબતી ગુન્હામાં ૫.

૧૯ ચોરી—મુસલમાની કાયદો—પરણેલી સ્ત્રી—ધણીની મીલકતની ચોરી—કોઈ મુ

મુસલમાનની સ્ત્રી પોતાના ધણીની મીલકત ચોરે તો તે ચોરીને માટે અથવા તેમાં મદદ કર્યાને માટે ગુન્હેગાર થઇ શકે. રાણી વિ. શેખઈસ્માલની સ્ત્રી ખાતાબાઈ, ૬ મું. હા. કો. રી. ૯.

(મેસર્સ ટકર અને ગીબ્સ જડજોની રૂબરૂ, તા૦ ૪ માર્ચ સને ૧૮૬૯.)

રાણી વિ. ગોવીનદાસ હરીદાસના કામમાં નજર રાખવામાં આવી. ૬ મું. હા. કો રી. ૭૬. જુઓ તોહોમત ૨૩.

૨૦ ચોરી—ખસેડવું તે-જેથી કાંઇ વસ્તુ જુદી પડે તે કૃત્ય કરવાથી ચોરી થાય. પ્રો. ૨૨ મી અકટોબર સને ૧૮૭૦ ૫; મ. હા. કો. રી. અપે. ૩૬.

૨૧ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૯—કેદીને તેની પોતાની કબુલાત ઉપરથી ચોરીનો ગુન્હેગાર ઠરાવ્યો હતો. કેદી ઊપર જે તોહોમત રાખવામ આવ્યું હતું તેમાં કોઈ માણસ પાસેથી બદદાનતથી કબજો લીધાનું સાબીત થયું નેહોતું અને આવી રીતે લીધાનો પુરાવો પણ નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે શિક્ષા ગેરકાયદેસર હતી. પ્રો. તા. ૨૮ મી અકટોબર સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૩૭.

૨૨ ચોરી—હીંદુ સ્ત્રી— પલ્લાની ચોરી— સ્ત્રી ધન—કોઈ હીંદુ સ્ત્રી પોતાના ધણીના કબજામાંથી કહ્યા શીવાય પલ્લુ અથવા સ્ત્રી ધન લેઈ જાય તો તે ચોરીને માટે ગુન્હેગાર થતી નથી, અને તેણીની જોડે જે માણસ લેઈ જવામાં સામેલ હોય તે પણ ચોરીને માટે ગુન્હેગાર ગણાતો નથી. રાણી વિરૂદ્ધ નાથા કલ્યાણ અને બાઇ, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૧૧.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જાનેવારી સને ૧૮૭૧)

કુલામલના મુવા પછી ડો. વિ. કુપ્પા પીલાઈના કામમાં નજર રાખવામાં આવે છે. ૧ મ. હા. કો. રી. ૮૫. (દીવાની રૂલીંગ).

૨૩ ચોરી—ભાગીદાર - એકઠો માલીક—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૮—પ્રથમ મજીઆરી હોય તેવી મીલકત કોઈ ભેગો રહેનાર માણસ પોતાના હીસ્સાની તેમજ બીજા એકઠા રેહેનાર માલીકોના હીસ્સાની બધી મીલકત એકલો પોતાના કબજામાં રાખે તો તેવા કેસનો સમાવેશ પીનલકોડની કલમ ૩૭૮ માં થતો નથી. કોઈ દુકાનનો ગુમાસ્તો **ક** દુકાનના ચોપડા લેઈને સ્માલકાજ કોર્ટમાંથી આવતો હતો, તેની પાસેથી **મ** નામના એક દુકાનના ભાગીદારે ચોપડા પોતાના છે એમ કહી ખુંચાવી લીધા, ડેપ્યુટી માજીસ્ટ્રેટે **મ** ને ચોરીનો ગુન્હેગાર ઠરાવી સજા કરી. હાઇ કોર્ટમાં રેફરન્સ કરવાથી તે કોર્ટે સજા નીચેના કારણો બતાવી રદ કરી. (૧) કોઈ માણસના નોકરના તાબામાં મીલકત હોય તો તે મીલકત પીનલકોડની કલમ ૨૭ મુજબ તે માણસના તાબામાં ગણાય છે, અને તેટલા માટે કોઈ એક મજીઆરી મીલકતનો ભાગીદાર જે બધાની મીલકત પ્રથમ મજીઆરી રેહેતી હતી, તે બધી મીલકત પોતાના એકલા તાબામાં લે તો, તે કેસ પીનલકોડની કલમ ૩૭૮ મુજબ ચોરીના ગુન્હામાં આવી જતો નથી. (૨) ચોપડાઓ બદદાનતથી લેવામાં આવ્યા નોહોતા, અને તેથી કરીને જો કાંઈપણ ગુન્હો બન્યો હોય તો તે ચોરીનો ગુન્હો બન્યો નથી. કીમુદીન વિરૂદ્ધ અલાહબક્ષ, ૧૫ વિ. રી. ૬૧; ૬ બેં૦ લો૦ રી૦ અપેં૦ ૧૩૩; ૧૩ બેં૦ લો૦ રી૦ ૨૧૦ ન.

(મેસર્સ નોરમન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૭૧).

ગોરએનોદીદટ અરજદારોના કામમાં તફાવત બતાવવામાં આવ્યો, ૨૧ વિ. રી. ૧૦; ૧૩ બેં. લો. રી. ૩૦૮ ન. જુઓ કપટથી મીલકત ખસેડવી તે ૩.

રાણી વિરૂદ્ધ ઓખોયકુમાર શાહુના કામમાં નજર રાખવામાં આવી, ૧૩ બેં૦ લો૦ રી૦ ૩૦૭; ૨૧ વિ. રી. ૫૯, જુઓ સાપ્રાધ ખોટો ઉપયોગ ૧૩.

૨૪ ચોરી—દંડ—સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૮૦—જો કે કેદની સાથે દંડ થઈ શકે તોપણ પીનલકોડ ની કલમ ૩૮૦ મુજબ કોઈ ઘરમાં ચોરી કરવાના ગુન્હાને માટે કેદને બદલે એકલો દંડ કરી શકાય નહી. શેખ દુલુ વિરૂદ્ધ ફેનાબીબી વિગેરે, ૧૬ વિ. રી. ૧૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧ લી જુલાઈ સને ૧૮૭૧).

૨૫ ચોરી—મછવો—ઘર પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૩૭૮ ૪૪૨, ૪૫૧—હોડીની ચોરી થઇ શકે છે. પીનલકોડની કલમ ૪૪૨ મુજબ કેટલાક કારણો માટે તેને ઘરોના વર્ગમાં ગણેલી છે, તો પણ તે કલમ ૩૭૮ મુજબ જંગમ મીલકત ગણાય છે. કલમ ૪૫૧ મુજબ તોહોમત રાખવામાં આવ્યું હોય તો સીક્ષા થઈ શકે એવો કાંઈ અમુક ગુન્હો કરવાના ઈરાદાથી તોહોમતદારે ઘર પ્રવેશ કર્યો છે એમ બતાવવું જોઇએ. રાણી વિરૂદ્ધ મેહેર દોવાલીઆ વિગેરે અપેલેટો, ૧૬ વિ. રી. ૫૩.

(મેસર્સ કેમ્પ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૬ અકટોબર સને ૧૮૭૧).

૨૬ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૯—જાલકરના હકો—અમુક હદમાં ભાડુ આપ્યા શીવાય માંછલાં પકડવાનો હમેશનો હક સાબીત કરી શકે નહીં તે, તે હદમાં માંછલાં પકડવાનો બીલકુલ હક ના હોય અને તેથી કોઈ માણુસ ત્યાંથી માંછલાં પકડવાને માટે ચોરીનો ગુન્હેગાર અને તેનાથી તદન જુદુ છે. ખેતરનાથ દત વિરૂદ્ધ ઈદ્રોજાલા વિગેરે, ૧૬ વિ. રી- ૬૮.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ડીસેંબર સને ૧૮૭૧).

રાણી વીરૂદ્ધ કાલીચરન મીસરના કામમાં નજર રાખવામાં આવે છે, ૭ બેં. લો. રી. અપે. ૫૫; ૧૬ વિ. રી. ૧૮. જુઓ ફરીઆદ ૨૩.

રાણી વિરૂદ્ધ ચારૂનાથીઆહ ઈં૦ લો૦ રી૦ ૨ ક. ૩૫૪. જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૪.

૨૭ ચોરી—મદદગારી—તોહોમત સુધારવું તે—નવી રજુઆત—હુકમત—બથા—જબરાઇથી કઢાવવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૨૩, ૩૨૭, ૩૮૪—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૪૦૪, ૪૨૬—ફરીઆદીની કેટલીક ભેંસો તોહોમતદારના હુકમથી લેઈ જઈ તેના ચાકરના કબજામાં રાખી હોય તો તે પીનલ કોડની વાખ્યામાં બતાવ્યા મુજબ ચોરીની મદદગારીનો ગુન્હો થાય છે. કેસ ચુકી ગયા પછી સેસન જડજનો તોહોમત સુધારવાનો કાયદા પ્રમાણે અખત્યાર નથી, પણ બીજુ તોહોમત મુકવાની જરૂર છે એવું તેને લાગે તો તે નવી રજુઆત ચલાવવાનો હુકમ કરી શકે એ વાંધો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ માં સ્પષ્ટ રીતે આવી જવાથી રદ કરવામાં આવ્યો હતો; અને તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાયો હતો. અથવા જોઈન્ટ માજીસ્ટ્રેટે ચોરીને માટે કરેલી સજા તે ગુન્હાની મદદગારીને માટે સજા થઈ શકે તેના કરતાં વધારે હતી એવી કાંઈ કામમાં તકરાર નોહોતી. કોઇ માણુસે કાયદાઓ મારી બીજા માણુસ પાસેથી મીલકત ખુંચાવી લીધેલી તે બાબતમાં માજીસ્ટ્રેટે પીનલકોડની કલમ ૩૨૩ મુજબ વ્યથા, અને કલમ ૩૮૪ મુજબ જબરાઈથી કઢાવવું એ બંને તોહોમતો રાખી કેસની રજુઆત ચલાવેલી અને તોહોમતદારની તજવીજ જો કે પીનલકોડની કલમ ૩૨૭ મુજબ ગુન્હો કર્યાનું તોહોમત રાખી સેસન કોર્ટે ચલાવવી જોઈએ, તે પ્રમાણે નહીં ચલાવેલી તેવા કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ નવી રજુઆત ચલાવવાનો હુકમ કરવાને હાઈ કોર્ટે દરમીઆન થવાની ના પાડી કારણ કે કેસમાં ખરી રીતે ન્યાય થયો છે એવું હાઈ કોર્ટનું ધારવું હતું. તારીનીપ્રસાદ બાનરજી અને બીજો અરજદારો, ૧૮ વિ. રી. ૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જુન સને ૧૮૭૨).

રાણી વિરૂદ્ધ મદારી ચોકીદારના કામ માં આધાર રાખવામાં આવે છે. ૩ વિ. રી. ૨ જુઓ ચોરી ૩.

૨૮ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૩૭૯—ડાંગર ચોરવાને માટે આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટે ચોરીનો ગુન્હેગાર ઠરાવી તોહોમતદારને શિક્ષા કરી હતી. કામમાં એવી હકીકત મા લમ પડી હતી કે કેદીના કબજામાંથી ડાંગર નીકળી હતી, અને તે પોતાના ડાંગરના કયા રાઓ નહી હોવાથી તે ડાંગર કયાંથી લાવ્યો તેનો ખુલાસો કરી શકયો નહી. એમ ઠરાવ વામાં આવ્યું કે આ કેસ એવો છે કે કોઇ પણ જડજ જ્યુરીને સોંપશે નહી, અને પુરાવો જોતાં શિક્ષા રદ કરવી જોઇએ કારણ કે પુરાવો ખરો છે એમ ધારીએ તોપણ વાજબી રીતે ગુન્હો નીકળી આવતો નથી. "ગુન્હાનું મુળ" એ શબ્દોનો અર્થ સમજાવવા માં આવ્યો. પ્રો. તા૦ ૧૮ મી ફેબરૂઆરી સને ૧૮૭૩, ૭ મં૦ હા૦ કો. રી. અપે. ૧૯.

૨૯ ચોરી—માંછલુ—પાર જઈ શકાય તેવી નદી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૩૭૮—પાર જઈ શકાય તેવી નદીના કોઇપણ ભાગમાં જ્યાં બીજા માણસનો જાલકરનો હક છે ત્યાંથી માંછલાં પકડે તો તેનો સમાવેશ પીનલકોડની કલમ ૩૭૮ મ થતો નથી. હરી મોતી મોડોક વિરૂદ્ધ ડેનોનાથ માલો વિગેરે, ૧૯ વિ. રી. ૪૭.

(મેસર્સ કેમ્પ અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી માર્ચ સને ૧૮૭૩).

૩૦ ચોરી—માંછલાં પકડવાં તે—દીવાની દાવો—નુકશાન—ફરીઆદીનો હક હોય એવા કોઇ નદીના ભાગમાં તોહોમતદારોએ માંછલાં પકડ્યાં હોય તો એમ ઠરાવવામાં આવ્યું કે તેઓ ચોરીને માટે ગુન્હેગાર થઈ શકે નહી પણ ફરીઆદીના હકનું ઓલંઘન થયું હોય તો નુકશાનને માટે તેણે દીવાનીમાં દાવો કરવો જોઇએ. ભુસન પારૂઇ વિગેરે વિરૂદ્ધ દીનોનાથ બનારજી, ૨૦ વિ. રી. ૧૫.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૭૩).

રાણી વિરૂદ્ધ ચારૂ નાહાઇના કામમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૨ ક. ૩૫૪. જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૪.

૩૧ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૯—સને ૧૮૫૦ નો ૩૧ મો કલમ ૮—સને ૧૮૩૭ નો ૨૭ મો કલમ ૭—સ્વભાવીક રીતે બનેલું મીઠું—કસ્ટમ ખાતાના કોઈ અમલદારના તાબા નીચેની ખાઈમાં સ્વભાવીક રીતે મીઠું ઉત્પન્ન થયું હોય તે કોઈ માણસ બદદાનતથી લે તો તે મીઠાનો કાયદેસર ઉપયોગ થવાથી ચોરી ગણાય છે. મેસર્સ બેલી અને વેસ્ટ જડજનો મત—ખાઈમાંથી કાયદેસર કામમાં ન લેવાતું હોય તેવું મીઠું કોઈપણ માણસ પોતાના ઉપયોગને માટે લે તો પીનલકોડ મુજબ અથવા સને ૧૮૫૦ ના આકટ ૩૧ અને સને ૧૮૩૭ ના આકટ ૨૭ મુજબ ચોરી ગણાતી નથી, તોપણ પેહેલાના આકટની કલમ ૮ પ્રમાણે લાગુ પડેલી પાછળના આકટની કલમ ૭ મુજબ લેઈ ગયેલું મીઠું પકડી શકાય છે. રાણી વિરૂદ્ધ માનસંગ ભાવસંગ, ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૭૪.

(મેસર્સ બેલી અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી મે સને ૧૮૭૩).

૩૨ ચોરી—કબજો—ચોરીના તોહોમતમાં એમ સાબીત થવું જોઈએ કે ચોરી કરતી વખતે ચોરેલી મીલકત ફરીઆદીના કબજામાં હતી. હોસેની શેખ વિરૂદ્ધ રાજકીષ્ન ચતારજી, ૨૦ વિ. રી. ૮૦.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી નવંબર સને ૧૮૭૩).

૩૩ ચોરી—ચોરેલી મીલકત—ગુન્હાનું અનુમાન—ચોરી કરવાની તારીખ એટલી બધી પાસે હોય કે જેથી બીજી રીતે ખુલાસો ન થતાં વાજબી રીતે એમ અનુમાન થઈ શકે કે જેના કબજામાં મીલકત માલમ પડે તેણે ચોરીની મીલકત મેળવી હશે, એવી બા

બતમાં માલીક પાસેથી જે મીલકત ચોરેલી છે તે મીલકતનો કબજો ઘણું કરીને ચોરીના ગુન્હાને માટે ફકત સારામાં સારો પુરાવો છે. રાણી વિ. પોરોમેશર આહીર. ૨૩. વિ. રી. ૧૯.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૭૫).

૩૪ ચોરી—દંડ-ફરીઆદ-નજીવું તોહોમત-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૯—કોઈ ચોરીના કેસમાં ડેપ્યુટી માજીસ્ટ્રેટે કંટાળો ઉપજાવે તેવી અને નજીવી ફરીઆદ કરવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ મુજબ ફરીઆદીનો દંડ કરીને, ફરીઆદી કાઢી નાંખવાનો હુકમ કરેલો, તેની દરમીયાન થવાને હાઈ કોર્ટે ના પાડી. કાલીચરન લાહીરી વિ. શેશીભુસન સનયાલ. ૨૩ વિ. રી. ૧૭.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૭૫.)

૩૫ ચોરી—ઢોરને ગેરકાયદેસર ડબામાં પુરવાની ચોરી નહી તે-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬ મુજબ રેફરન્સ કરેલું તે ચાલે ત્યાં સુધી જામીન ઉપર છોડવું તે-જો કે દ્વેષ બુદ્ધિથી અને માલીકને વધારે નુકશાન અને અડચણ કરવાના ઈરાદાથી કોઈ માણસ ઢોર પકડીને ગેરકાયદેસર ડબામાં પુરે તો તે પીનલકોડના અર્થ મુજબ ચોરીનો ગુન્હો ગણાતો નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ હાઈ કોર્ટને રેફરન્સ કર્યું હોય તેનું નિરાકરણ થાય, ત્યાં સુધી કોઇ માણસને જામીન ઉપર છોડવાનો સેશન જડજનો અધીકાર નથી. આરાધન મંડળ વિ. મયાનખાન તકાદગીઅર અને બીજો, ૨૪ વિ. રી. ૭.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૪ જુન સને ૧૮૭૫.)

રાણી વિ. કાનહાઈ સાહુના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૩ વિ. રી. ૪૦. જુઓ કાયદેસર પકડેલી ચીજનો અટકાવ.

૩૬ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૩૮૦—ઘરમાં ચોરી કરવાનો ગુન્હો થવાને માટે મીલકત ઘરમાં હોવી જોઇએ એ બાબત જરૂરની છે. ગેરકાયદેસર ઘરમાં પ્રવેસ સાબીત કરવાની કાંઈ જરૂર નથી. રાણી વિ. ઈશરી પરશાદ, ૨૪ વિ. રી. ૪૯.

(મેસર્સ માકબાય અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી અગષ્ટ સને ૧૮૭૫)

૩૭ ચોરી—ચોરી અને ચોરેલી મીલકત લેવી તે-નિર્દોષ ઠરાવી છોડી મુકયા પછી બીજી રજુઆત કરવી તે—જો કે જે માણસના ઉપર ચોરીનું તોહોમત રાખવામાં આવ્યું છે તેના ઉપર તેજ વખતે ચોરેલી મીલકત લેવાને માટે બીજું તોહોમત રાખી શકાતું નથી. તોપણ જે માણસ ચોરીના ગુન્હામાંથી છુટી ગયો છે અથવા જેના ઉપર તે મીલકતને માટે ચોરીનું તોહોમત રાખવામાં આવ્યું નથી, તે માણસના ઉપર તેજ મીલકતને માટે, જાણી બુજીને ચોરેલી મીલકત લીધાનું તોહોમત રાખી તેને ગુન્હેગાર ઠરાવી શકાય, તેથી કરીને કોઈ માણસ મીલકત ચોર્યાને બદલે એક વખત ફકત છુટી ગયો હોય તો આગળ ઉપર તેજ મીલકત ચોરેલી જાણી રાખવાને માટે તેની રજુઆત ચલાવી ગુન્હેગાર ઠરાવવાને કાંઈ બાધ લાગતો નથી. રાણી વિ. નયાઝઅલી, ૨૫ વિ. રી. ૪૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી મે સને ૧૮૭૬).

૩૮ ચોરી—ચોરી અને બીગાડને માટે બમણી શિક્ષા કરવી તે—ચોરી અને બીગાડ બંને ગુન્હાઓની બમણી સજા કરવી તે ગેરકાયદેસર અને અઘટીત છે. બીચકુઆહીર વિ. આહક ભુનીઆ વિગેરે. ૬ વિ. રી. ૫.

(મેસર્સ જેકશન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુન સને ૧૮૭૬).

૩૯ ચોરી—નોકરે પોતાના કબજાની મીલકતની ચોરી કરેલી તે—સરકારી નોકરે કરેલો સાપ્રાધ વિશ્વાસઘાત—બંધ કરેલી પેટી

માં પૈસાની રકમ પોલીસની તીજોરીના મકાનમાં મુકેલી, જેના ઉપર કેદીઓની ચોકી હતી, તે રકમ ચોરી જવાને માટે કેદીઓ ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમત પીનલકોડની કલમ ૩૮૧ મુજબ રાખવું જોઈતું હતું પણ કલમ ૪૦૯ (સરકારી નોકરે કરેલો સાપ્રાધ વિશ્વાસઘાત)મુજબ રાખવું જોઈએ નહીં. રાણી વિ૦ જગનનાથસીંગ વિગેરે, ૨ વિ. રી. ૫૫.

(મેસર્સ સેટનકાર, જેકશન, અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ એપ્રીલ સને ૧૮૭૭).

૪૦ ચોરી—મદદગારીની મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૦૮ ખુલાસો ૨ અને ૪, કલમ ૩૭૮ ખુલાસો ૫ —માલીકની કબુલાતથી પણ ગુન્હો કરવાના ઈરાદાથી મીલકત લેઈ ગયેલા તે—અ નામના માણસે બ નામના માણસની તેના શેઠની મીલકત ચોરવાને માટે મદદ માગી. બ એ પોતાના શેઠની કબુલાત અને માહીતીથી અને અ નામના માણસને સજા કરવાના ઈરાદાથી તે મતલબ પાર પાડવામાં અ ને મદદ કરી. અ ઉપર ચોરીને માટે ફરીઆદ થવાથી એમ ઠરાવવામાં આવ્યું કે માલીકની માહીતીથી મીલકત ચોરાએલી છે માટે ચોરીનો ગુન્હો બનેલો નથી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે મદદગારીને મદદ કરવાનો ગુન્હો ઠરાવવાને માટે તે ગુન્હો ખરેખરી રીતે બનેલો છે એ સાબીત કરવાની કાંઈ જરૂર નથી. રાણી વિરૂધ્ધ ટ્રોયલખોનાથ ચોધરી, ઈ. લો. રી. ૪ ક. ૩૬૬; ૩ ક. લો. રી. ૫૨૫.

(મેસર્સ જેક્શન અને વાઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી નવંબર ૧૮૭૮).

૪૧ ચોરી—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૭૯, ૪૧૧—ચોરેલી મીલકત લેવી તે—એકઠું વિભક્ત નહી થએલું હિંદુ કુટુંબ—કોઈ હિંદુ પોતાના કુટુંબથી જુદો રહેવાનું ધારી મજુર તરીકે ડેમેરેરામાં જઈને વસ્યો. ત્રીસ વર્ષ થયા પછી ડેમેરેરામાં પોતે મજુર તરીકે જાત મેહેનત કરી જંગમ મીલકત તથા પૈસા જે પેદા કર્યા હતા તે લેઈને પોતાના કુટુંબમાં આવીને રહ્યો. કુટુંબમાં પાછા આવ્યા પછી તે એકઠો રેહેતો હતો પણ કમાયેલી મીલકત મજીઆરી ગણી નોહોતી, પણ આગવી મીલકત તરીકે તે ગણતો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે આ મીલકત તેની આગવી મીલકત છે અને તેમાં તેના ભાઈનો કાંઈપણ હીસ્સો નથી, અને તેથી કરીને તે મીલકતની ચોરીને માટે તેનો ભાઇ વાજબી રીતે ગુન્હેગાર થઈ શકે છે. ચોરીના ગુન્હામાં મદદગારી અને ચોરીનો માલ લેવો, એ બંને ગુન્હાને માટે કોઈપણ માણસને એકજ વખતે ગુન્હેગાર ઠરાવી સજા કરવી તે ગેરવાજબી છે. રાણી વિરૂદ્ધ સીતારામ, ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૧૮૧.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૧૬ મી અગષ્ટ સને ૧૮૮૦).

ચાલાકોનડા અલાસની વિરૂદ્ધ ચાલા કોનડા રતનાઇ.ચલમના કામમાં નજર રાખવામાં આવે છે. ૨ મ. હા. કો. રી. ૫૬. (દિવાની રૂલીંગ)

દરવાસુલા ગંગાધારૂડા વિ૦ દરવાસુલા નરાસમમાહના કામમાં નજર રાખવામાં આવે છે, ૭ મ. હા. કો. રી. ૪૭ (દિવાની રૂલીંગ).

૪૨ ચોરી—કબજો—જાપતો રાખેલી પાણીવાળી નીચી જગામાં એની મેળે ઉગેલું મીઠું—મીઠું ના લઇ જાય તેને માટે સરકારે આસપાસ પોલીસનો જાપતો રાખેલી સરકારી પાણીવાળી જગામાંથી સરકારની .મરજી વીરૂદ્ધ અને તે પાણીવાળી જગામાં એની મેળે ઉત્પન્ન થતા મીઠાનો ગેરવાજબી લાભ લેવાના ઈરાદાથી કોઈ માણસ મીઠું લઈ જાય તો તે ચોરી ગણાય છે એમ ઠરાવવામાં આવ્યું. રાણી વીરૂદ્ધ ટમા ધનટ્યા, ઈ૦ લો૦ રી૦ ૪ મ. ૨૨૮.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને કરનાન જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી અકટોબર સને ૧૮૮૧).

૪૩ ચોરી—કબજો-ખાઈમાંથી માંછલાં પકડવાં તે—કોઈ માણસ ખાઈમાંથી ગેરવાજબી રીતે માંછલાં પકડે તો તે ચોરી ગણાતી નથી. રાણી વિ૦ રેવુ પોથાડુ. ઈં૦ લો૦ રી૦ ૫ મ. ૩૯૦.

(મેસર્સ મુતુસામી આયર અને ટારન્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી અને ૫ મી અગષ્ટ સને ૧૮૮૨).

૪૪ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૮—ખરીદ કરનારની મરજી વિરૂદ્ધ મીલકત ખસેડવી તે—મીલકતનો દેખીતો અથવા દર્શનીય હક—જે માણસનો મીલકત ઉપર ખરેખરો અથવા દર્સનીય હક હોય તોપણ તે માણસના કબજામાંથી તેની મરજી વિરૂદ્ધ મીલકત લેવી તે ચોરીનો ગુન્હો થવાને બસ છે. રાણી વિ ગંગારામ સોનારામ, ઈં૦ લો૦ રી૦ ૯ મું. ૧૩૫.

(મેસર્સ વેસ્ટ અને સ્કોટ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અકટોબર સને ૧૮૮૪.)

કીષ્ણચંદર વિ. ચંદ્રશંકરના કામમાં આધાર રાખવામાં આવે છે. ઈં૦ લો૦ રી૦ ૫ મું. ૧૯૮. (દિવાની રૂલીંગ)

કેમ્પ વિ. સ્કોટના કેસમાં આધાર રાખવામાં આવે છે. લો૦ રી૦ ૯ કવી. બેં. ૨૬૯ પાનું ૨૭૭.

૪૫ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૯—કબજો—બાંધેલા તળાવમાંથી માંછલાં પકડવાં તે—સીરસીની મ્યુનીસોપાલીટીએ બાંધેલા તળાવમાં તોહોમતદારોને માંછલાં પકડતાં પકડવામાં આવ્યા હતા, એમ ઠરાવવામાં આવ્યું હતું કે તેઓ ચોરીના ગુન્હેગાર છે, કારણ કે જે તળાવમાંથી માંછલાં પકડયાં હતાં તે તળાવ બાંધેલું હોવાથી માંછલાંઓની સ્વભાવીક સ્વતંત્રતા જતી રહી હતી, અને માલીકની મરજી આવે તે વખત તેઓને બાહાર કાઢવાનાં હતાં, તેટલા માટે તેઓને પકડવાં એ ચોરી છે. શેખઆમદ વાલદ શેઈક ફારીદ. ઈં૦ લો૦ રી૦ ૧૦ મું. ૧૯૩.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૮૬.)

ભુસનચારૂઇ વિ. દીનોનાથ બનારજીના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ૨૦ વિ. રી. ૧૫. જુઓ ચોરી ૩૦.

રાણી વિ. રેવુપોથાડુના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ઈં૦ લો૦ રી૦ ૫ મ. ૩૯૦. જુઓ ચોરી ૪૩.

૪૬ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમો ૨૪, ૩૭૮—સહીઆરા ભાગીદારે એકઠી મીલકતની કરેલી ચોરી—સહીઆરો ભાગીદાર એકઠા કબજામાંથી મીલકત લેઈને એવી રીતે રાખે કે જેથી તેનો જુદો કબજો થાય તો તે એકઠી મીલકતની ચોરી ગણાય. રાણી વિ. પોનુરંગામ, ઈં૦ લો૦ રી૦ ૧૦ મ. ૧૮૬

(મેસર્સ કરનામ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૧ માર્ચ સને ૧૮૮૭).

૪૭ ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૨, ૩૭૮ અને ૩૭૯—જગમ મીલકત—કાંઇપણ અખતીયાર અથવા હક શિવાય ગામની વીગ્રોટી નહી ઠરાવેલી જમીન ખોદીને અ નામનો માણસ તરતજ કેટલાંક ગાડીઓ ભરી માટી લેઇ ગયો તે કામમાં એમ ઠરાવ્યું કે અ નામનો માણસ ચોરીનો ગુન્હેગાર નથી. રાણી વિ. કોટયા અને બીજો, ઈં૦ લો૦ રી૦ ૧૦ મ. ૨૬૫.

(મેસર્સ આરથર કોલીન્સ નાઇટ ચીફ જસ્ટીસ, કરનાન અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી અને ૧૮ મી માર્ચ સને ૧૮૮૭.)

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૮,૧૮.
„ કમપનસેસન ૧, ૨, ૫, ૮, ૧૧ ૧૬, ૨૭, ૨૮.
„ ફરીઆદ ૨૩.
„ કબુલાત ૪૨, ૯૦, ૯૪.
„ છુટકો ૩૫.

જુઓ માંડી વાળવું ફરીઆદનું ૧૨, ૧૬,
૨૬, ૩૫, ૪૮.
„ કેદમાંથી નાશી જવું ૧૨.
„ પુરાવો ૬૧.
„ જુઠું તોહોમત ૨૯, ૩૪, ૫૨.
„ વધારે તપાસ ૩.
„ સરકાર ચલણી નોટ.
„ નિત્યની ચોરી.
„ રાત્રે ઘર ફાડવું તે.
„ એકઠા કરવું તોહોમતોનું.
„ એકઠી તપાસ ૨.
„ મુસાફરી.
„ હકુમત ૪૯.
„ જ્યુરી ૨, ૯, ૧૦૪.
„ મનુષ્ય હરણ ૮, ૧૯.
„ રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવો ૩.
„ ખુન ૫૬.
„ ગુન્હો ભાગે મળીને થયેલો.
„ પ્રથમની સીક્ષા
„ લુટફાટ ૧, ૭,
„ મુચરકો ૪૧, ૫૦.
„ અભીપ્રાય પુછવો તે. ૨૨.
„ ફરીથી તપાસ ૧.
„ દસ્તાવેજ તોડવો તે.
„ સારી વર્તણુંકને માટે જામીન ૨૨.
„ સજા ૨૧.
„ જુદા ગુન્હેગાર ઠરાવી સજા કરવી તે.
„ કેટલાક ગુન્હાઓ ૨, ૪.
„ ગુન્હાઓનું જુદુ પાડવું ૨.
„ ચોરેલી મીલકત ૨૪, ૩૨.
„ સંક્ષેપમાં તપાસ ૩, ૭, ૧૫, ૨૯.
„ તપાસ એક કરતાં વધારે ગુન્હાની.
„ ગામડાનો માજીસ્ટ્રેટ ૨.
„ ફટકા મારવા તે ૪, ૨૪, ૨૭.

ચોર—

ઉપર હુમલો કરવો તે. જુઓ ખુન ૯૭.
ને ડામ દેવા તે. જુઓ ખુન ૮૫.
ને નાશી જતો પકડવો તે. જુઓ ગેરકાયદેસર મંડળી ૬.
ને માર મારવો તે. જુઓ ખુન ૭૬, ૮૧.
ને પકડવામાં પોલીસે કરેલો જુલમ. જુઓ પોલીસ ૫.

ચોરીની મિલકત—

૧ ચોરીની મીલકત—લેવી તે—તોહોમત—બદદાનતથી રાખેલી ચોરીની ચીજોનો માલીક—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૧—બદદાનતથી ચોરેલી મીલકત લેવાનું તોહોમત પીનલકોડની કલમ ૪૧૧ મુજબ રાખતાં પેહેલાં એમ બતાવવું જોઈએ કે તોહોમતદારના કબજામાંથી મળી આવેલી ચીજો અ બ નામના માણસની હતી. સીદુ ઉર્ફે બાલનાથ, ૧ મું હા૦ કો૦ રી૦ ૯૫.

(મેસર્સ ફોરબસ એર્સકાઈન અને વેસ્ટ્રોપ જડજાની રૂબરૂ, તા૦ ૧૮ મી નવંબર સને ૧૮૬૩).

૨ ચોરીની મીલકત—ચોરેલી મીલકત વેચવામાં અથવા સંતાડવામાં મદદ કરવી તે—ગુન્હાની માહીતી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૪૧૦ ૪૧૧ અને ૪૧૪—કોઈ માણસ મીલકત ચોરીની છે એમ જાણીને અથવા એમ માનવાનું પોતાને કારણ છતાં એવી માલકત સંતાડવામાં અથવા વેચવામાં મદદ કરે તો મીલકતની જાત અને જે બાબતો મુજબ તે વેચાઈ તે બંને ધ્યાનમાં લેવું જોઈએ. રાણી વિ૦ હરીશંકર ફકીર ભટ, ૨ મું હા. કો. રી. ૧૩૦.

(મેસર્સ કાઉચ અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી માર્ચ સને ૧૮૬૫).

૩ ચોરીની મીલકત—લેવી તે—હકુમત—ચોરીની મીલકત લેવાનું તોહોમત રાખી કેદીને ક નામની જગાએ મોકલ્યો હોય તો, કાયદેસર સજા પ નામની જગાએ કરવાને માટે ઠરાવમાં એમ બતાવવું જોઈએ કે મીલકતની ચોરી પ નામની જગાએ થઈ હતી. રાણી વિ. ધોસુખાન, ૫ વિ. રી. ૪૯.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી. મારચ સને ૧૮૬૬).

૪ ચોરીની મીલકત—ચોરીની મીલકત બદદાનતથી લઈ સંતાડવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૧૧, ૪૧૪—એમ ઠરાવવામાં આવ્યું કે કોઈ કેદીએ ચોરીની મીલકત લેઇ પોતાના ઘરમાં સંતાડી હોય તો, પીનલકોડની કલમ ૪૧૧ મુજબ બદદાનતથી ચોરીની મીલકત લેવી અને કલમ ૪૧૪ મુજબ ચોરીની મીલકત સંતાડવામાં મદદ કરવી, જે કલમ એવા માણસોને લાગે છે કે તે માણસો બદદાનતથી રાખ્યાનો ગુન્હો જાણતા નથી, એ બંને ગુન્હાઓને માટે તોહોમતો રાખી કેદીને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. સરકાર વિ. મુસ્તનાઉલી આ. ૧ આગ્રા. હા૦ કો૦ રી૦ ૯.

(મેસર્સ સ્પેંકી કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને પીઅરસન જડજોની રૂબરૂ, તા૦ ૧ અગષ્ટ સને ૧૮૬૬.)

૫ ચોરીની મીલકત—લેવી તે—ગુન્હાની માહીતીનો પુરાવો—બદદાનતથી ચોરેલી મીલકત રાખ્યાનું તોહોમત રાખી ગુન્હેગાર ઠરાવવાને ગુન્હો થવાની માહીતીના પુરાવાની જરૂર છે. રાણી વિ. ડોયાલ શીલીદાર અને બીજા, ૬ વિ૦ રી૦ ૮૭.

(મેસર્સ લોચ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૩ ડીસેંબર સને ૧૮૬૬).

૬ ચોરીની મીલકત—લેવી તે—ડાકાઈટી—પીનલકોડની કલમ ૪૧૨ મુજબ ડાકાઈટીમાંથી ચોરેલી મીલકત લેવાનો ગુન્હો ઠરાવવાને કેદીને ખબર હતી અથવા તેને એવુ માનવાનું કારણ હતું કે જે માણસો પાસેથી તે મીલકત લે છે તે માણસોએ ડાકાઈટી કરી છે અથવા તેઓ ડાકાઈટીના માણસો છે, એવું સાબીત કરવાની જરૂર છે. રાણી વિરૂદ્ધ જોગેશર બાંગદી વિગેરે, ૭ વિ. રી. ૭૩.

(મેસર્સ નોરમન, સેટનકાર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી મે સને ૧૮૬૭).

૭ ચોરીની મીલકત—લેવી તે—ફરીયાદ—ચોરીની મીલકત લીધેલા કોઈપણ માણસને પોલીસ કાયદેસર ફરીયાદ થયા શીવાય પકડી શકે છે. રાણી વિરૂદ્ધ ગોવરીસીંગ, ૮ વિ. રી. ૨૮.

(મી૦ લોચ જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૬૭).

૮ ચોરેલી મીલકત—લેવી તે—હકુમત—પરદેશી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧—ચોરેલી મીલકત લેવાનો ગુન્હો ઈંગ્રેજી હદની બાહાર થયો હોય તો "ચોરેલી મીલકત લેવાને માટે" પરમુલકની રઈયતની રજુઆત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧ મુજબ માજીસ્ટ્રેટને ચલાવવાનો અધીકાર નથી. રાણી વિરૂદ્ધ બેહેચર માવા, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૩૮.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૫ મી ડીસેંબર સને ૧૮૬૭).

૯ ચોરેલી મીલકત—લેવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૧, ૪૧૪—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ માં બતાવેલી પદ્ધતિ મુજબ, પીનલકોડની કલમો ૪૧૧ અને ૪૧૪ માં બતાવેલા ગુન્હાઓ બે જુદા ગુન્હાઓ ધારી શકાય નહી. પ્રો. તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૮૪, ૪ મ. હા. કો. રી. અપે. ૧૩.

૧૦ ચોરીની મીલકત—રાખવી તે—પીનલકોડની કલમ ૪૧૧ મુજબ બદદાનતથી ચોરીની મીલકત રાખવાનો ગુન્હો, મીલકત રાખતી વખતે ગુન્હો થવાની ખબર ના હોય તોપણ થાય છે. પ્રો. તા૦ ૬ એપ્રીલ સને ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૪૨.

૧૧ ચોરીની મીલકત—ગુન્હો થવાની માહીતી—જ્યુરી—કોઈપણ માણસની મીલકત બરોબર રીતે તેની પોતાની સાબીત થઈ હોય અને તેજ મીલકત બીજા માણસના કબજામાં માલીકની કાયદેસર રજા, હક અથવા પરવાનગી સીવાય માલમ પડે તો, જે માણસના કબજામાં તે મીલકત હોય તે માણસે તે શી રીતે આવી તે સાબીત કરવું જોઇએ, અને

એવી રીતે ના કરે તો આવી બાબતામાં જ્યુરી વાજબી રીતે એમ અનુમાન કરી શકે છે કે કેદીએ ગુન્હો થવાની માહીતીથી જે મીલકત પોતાની નથી એ જાણતા છતાં તે મીલકત લીધી. રાણી વિરૂદ્ધ સફરૂદીન અને બીજો, ૧૩ વિ. રી. ૨૬.

(મેસર્સ બેલી અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦).

૧૨ ચોરીની મીલકત—લેવી તે—ગુન્હો થવાની માહીતી—જે કેસમાં તોહોમતદાર ઉપર ચોરીની મીલકત લેવાનું તોહોમત રાખવામાં આવ્યું હોય તેવા કેસમાં સ્પષ્ટ રીતે સાબીત થવું જોઈએ કે ગુન્હો થવાની માહીતીથી તેણે મીલકત લીધી હતી. મીઅર બાકરઅલી અરજદાર, ૧૩ વિ. રી. ૭૦.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૭૦).

૧૩ ચોરીની મીલકત—લેવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૪૧૧—મીલકત બદદાનતથી રાખવાને માટે કેદીને પીનલકોડની કલમ ૪૧૧ મુજબ ગુન્હેગાર ઠરાવેલો, તે મીલકત ખરેખરી રીતે ચોરીની હતી એવો કામમાં પુરાવો ના હોય તો ઉપલી કલમ મુજબ ગુન્હો અને શીક્ષા રદ થઈ શકે. રાણી વિ. બલદીઓપ્રસાદ, ૨ વા. દી. પ્રાં. ૧૮૭.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ તા૦ ૧૩ મી મે સને ૧૮૭૦.)

૧૪ ચોરીની મીલકત—લેવી તે—સાપ્રાધ વિશ્વાસઘાત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૦૯, ૪૧૧—જે મીલકત બાબત કેદી ઉપર પીનલકોડની કલમ ૪૦૯ મુજબ વિશ્વાસઘાતથી મેળવવાને માટે તોહોમત રાખી તેને ગુન્હેગાર ઠરાવ્યો હોય તેજ ચોરીની મીલકત બદદાનતથી લેવાને માટે, તેને ફરીથી પીનલકોડની કલમ ૪૧૧ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિ. શંકર ૨ વા. દી. પ્રાં. ૩૧૨.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ તા૦ ૫ મી અગષ્ટ સને ૧૮૭૦.)

૧૫ ચોરીની મીલકત—લેવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૨—ડાકાઈટી—અનુમાન—નજીવી ચોરીની મીલકત કોઈ માણસના કબજામાં હોય તો તે ઉપરથી એમ અનુમાન થઈ શકે નહી કે તે માણસ, ડાકાઈટીમાંથી મેળવેલી છે, અથવા કોઈ ડાકાઈટીની ટોળીવાળા માણસ પાસેથી મેળવેલી છે એવું જાણતો હતો રાણી વિ. સમીરૂદીન, ૧૮ વિ. રી. ૨૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ જુલાઈ સને ૧૮૭૨.)

૧૬ ચોરીની મીલકત - લેવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૧—મીલકત સરકારી હતી અને તે ચોરીની હતી, અથવા તોહોમતદાર જાણતો હતો અથવા તેને ચોરીની માનવાનું કારણ હતુ એવો કામમાં પુરાવા નહી હોવાથી પીનલકોડની કલમ ૪૧૧ મુજબ ઠરાવેલી સજા રદ કરવામાં આવી હતી. રાણી વિ. દુસારતદાસ, ૧૮ વિ. રી. ૬૩.

(મેસર્સ કેમ્પ અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી નવેંબર સને ૧૮૭૨.)

રાણી વિ. બાગ્નેહરીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૧૯ વિ. રી. ૩૭ જુઓ ચોરીની મીલકત ૧૭.

૧૭ ચોરીની મીલકત—લેવી તે—રબરદાણુ ચોરાવવું તે–સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૪૧૧—રબર જે કાચારના સરકારી જંગલોમાં થતાં હતાં તે ચોરીનાં રબરો લેવાને માટે, કોઈ માણસ ઉપર પીનલકોડની કલમ ૪૧૧ મુજબ તોહોમત રાખ્યું હતું, અને રબર સરકારી જંગલોમાંથી આવ્યું, અને તે ચોરીની મીલકત હતી અને તે ચોરીની મીલકત કેદી જાણતો હતો એવું સાબીત નહી થવાથી એમ ઠરાવવામાં આવ્યું કે, પીનલકોડની કલમ ૪૧૧ મુજબ ગુન્હો થઈ શકે નહી, તેમજ દાણુ ચોરીના ગુન્હાને માટે પણ તે ગુન્હેગાર થઈ શકે નહી, કારણકે હીંદુસ્થાનના રબરની દાણુ ચોરી એ પીનલકોડ મુ

જમ ગુન્હો નથી. રાણી વિ. બાજોહરી, ૧૯ વ. રી. ૩૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩.)

રાણી વિરૂદ્ધ ગોરીચરન દાસના કામમાં અર્થ કરી બતાવવામાં આવે છે. ૧૯ વિ. રી. ૩૮ ન જુઓ જ્યુરી ૬૪.

રાણી વિરૂદ્ધ દુસોરતદાસના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૮ વિ. રી. ૬૩. જુઓ ચોરીની મીલકત ૧૬.

૧૮ ચોરીની મીલકત—લેવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૧—સ્ત્રીનો કબજો—કોઈ સ્ત્રીએ ચોરીની મીલકત રાખ્યાનો ફક્ત એ પુરાવો હતો કે તે સ્ત્રી તેણીના ધણીની સાથે જે જગાએ રેહેતી હતી તે જગાએથી મીલકત માલમ પડી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે સ્ત્રીના કરતાં તે જગાનો વધારે કબજો ધણીનો ગણાય છે. રાણીવિરૂદ્ધ ડી. સીલવા, ૫ વા. રી. પ્રાં. ૧૨૦.

(મી૦ જારડીન જડજની રૂબરૂ, તા૦ ૧૯ એપ્રીલ સને ૧૮૭૩).

૧૯ ચોરીની મીલકત—દંડ—કમ્પનસેસન—ખુલ્લો બજાર—સને ૧૮૭૨ નો ૯ મો કરારનો આકટ કલમ ૧૦૮—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૦૮, ૪૧૮—તોહોમતદાર ઉપર એક ટટ્ટુ ચોરવાનું તોહોમત રાખેલું તે કેસમાં માજીસ્ટ્રેટે તોહોમતદારનો પચીસ રૂપીયા દંડ કર્યો અને સજા કરી અને જે દંડ વસુલ થાય તો ફરીઆદીને આપવાનો હુકમ કર્યો, અને વળી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૮ ઉપર અને શુદ્ધ બુદ્ધિથી ખુલ્લા બજારમાંથી વેચાણ રાખનાર માણુસ સબંધી ઈંગ્રેજી કાયદા ઉપર આધાર રાખીને જે ત્રીજા શખસે તે ટટ્ટુ જાહેરાત વેચાણમાંથી શુદ્ધબુદ્ધિથી ખરીદ કર્યું હતું તેને તે પાછું આપવાનો હુકમ કર્યો. સેસન જડજે એમ ધાર્યું કે કલમ ૪૧૮ થી સને ૧૮૭૨ ના આકટ ૯ માની કલમ ૧૦૯ રદ થઇ જતી નથી અને તેથી કરીને છેવટના કાયદાની કલમ મુજબ ત્રીજો શખસ જે ખરીદ કરનાર હતો તેની મીલકત ટટ્ટુ ગણાતી નથી, તેથી ટટ્ટુ ફરીઆદીને પાછું આપવું જોઈતું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૮ અથવા જાહેરાત બજાર સબંધીના બીજા કોઈ નીયમ પ્રમાણે કેદીનો ઠરાવેલો પચીસ રૂપીઆ દંડ ફરીઆદીને મળી શકે નહી, અને આવી જાતનો હુકમ જો કોઇ રીતે થઇ શકે તો તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ થવો જોઈએ, તેથી કરીને ફરીઆદીના દંડ અપાવવા સબંધીનો હુકમ. રદ કરવામાં આવ્યો હતો. નોબોકીષ્ટો આચારજી, વિ. લાલચંદ શેખ, ૨૦ વિ. રી. ૩૮.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જુન સને ૧૮૭૩).

૨૦ ચોરીની મીલકત—ખોટા મનીઓરડરો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૦—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૨૬—ખુશીથી માજીસ્ટ્રેટની રૂબરૂની કબુલાત—પીનલકોડની કલમ ૪૧૦ ની વાખ્યા મુજબ ખોટા મનીઓરડરોથી નાણું લીધાં હોય તો તે "ચોરીની મીલકત" ગણાતી નથી. કોઈ માણુસ પોલીસના કબજામાં હોય તે વખતે માજીસ્ટ્રેટના ઓહ્વાના કોઈ માણુસ પાસે ખુશીથી કબુલાત કરે તો તે કબુલાત તેની સામે પુરાવામાં લેઈ શકાય છે. રાણી વિરૂદ્ધ મોહનરોય અને બીજો, ૨૪ વિ. રી. ૩૩.

(મેસર્સ બર્ચ અને બોફ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઈ સને ૧૮૭૫).

૨૧ ચોરીની મીલકત—લેવી તે—અનુમાન—હાઈકોર્ટની ફરીથી તપાસ કરવાની હુકમત—જે માણુસ લીધાનું કબુલ કરે તેવા માણુસ પાસે ચોરીની મીલકત માલમ પડે તો તેની વર્તણુંક બરોબર રીતે સમજવામાં આવ્યા શીવાય વાજબી રીતે એવું અનુમાન થઈ શકે કે મીલકત બદદાનતથી લીધી હતી. કામના પુરાવા ઉપરથી નીચેની કોર્ટે હકીકત

સબંધી ખરેખર નિરાકરણ કર્યું છે કે નહી એ સવાલની દરમીઆન, તપાસનારી કોર્ટ ત રીકે હાઇ કોર્ટ થઈ શકે નહી; પણ ખરેખ રી રીતે બીલકુલ પુરાવો ના હોય તો કાયદે સર અગત્યની ભુલ થઈ છે એવું કારણ બ તાવી હાઇ કોર્ટ સજા રદ કરી શકે. રામજે ય કરમોકર અરજદાર, ૨૫ વિ. રી. ૧૦.

(મેસર્સ મેકફરસન, ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જાનેવારી સને ૧૮૭૬).

રૂખીચરન બીસ્વાસ અરજદારની બાબ તમાં આધાર રાખવામાં આવે છે, ૨૦ વિ. રી. ૪૦. જુઓ તપાસણી ૯.

૨૨ ચોરીની મીલકત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૩૦, કલમો ૪૧૫, ૪૧૬, ૪૧૭—મીલકત પા છી આપવી તે—સેકન કલાસ માજીસ્ટ્રેટે મી લકત વેચવાનો કરેલો હુકમ—ડીસ્ત્રીકટ માજી સ્ટ્રેટે હુકમ ફેરવેલો તે—હુકમ ફેરવવાની અ સર—કોઈ મીલકતની ચોરીનું પોલીસે અ ના મના માણસ ઉપર તોહોમત મુકયું હતું. ચો રી થઈ નથી એવું લાગ્યાથી પોલીસે સેકન કલાસ માજીસ્ટ્રેટને રીપોર્ટ કર્યો જેને પોલીસ નો રીપોર્ટ કબુલ રાખીને મીલકત અ નામના માણસને પાછી આપવાનો હુકમ કર્યો. ફરી આદીની અરજી ઉપરથી ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટે એવું ઠરાવ્યું કે અ એ મરનાર બ ની મી લકત ખસેડી છે પણ બદદાનતથી ખસેડી ન થી, અને તેથી મીલકત બ નામના માણસ ના વારસોને પોલીસે આપવી જોઈએ એવો હુકમ કર્યો. હુકમ મુજબ મીલકત આપવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રી મીનલ પ્રોસીજર કોડનું પ્રકરણ ૩૦ મું આ વી જાતના કેસને લાગુ પડતું નથી. તજવીજ ઉપર આધાર ના રાખે તેવા અને શરૂઆત ના મુકરદમાઓને કલમો ૪૧૫, ૪૧૬ અને ૪૧૭ લાગુ પડે છે. સાધારણ નીયમો પ્રમા ણે કોઈ ફોજદારી કોર્ટે કામની તપાસ અથ વા રજુઆત ચલાવીને તોહોમતદારને કાઢી મુ કયો હોય અથવા નિર્દોષ ઠરાવી છોડી મુકયો હોય તેવા કેસમાં જેના કબજામાંથી મી લકત માલમ પડી હોય તેને તે મીલકત પા છી આપવાને કોર્ટ બંધાયેલી છે, પણ કલમ ૪૧૮ માં બતાવ્યા પ્રમાણે તે મીલકતના સ બંધમાં "કાંઈપણ ગુન્હો થયેલો જણાય છે" એવું કોર્ટનું ધારવું હોય તો મીલકત આપ વા સબંધી કોર્ટને ખરો લાગે તેવો હુકમ ક રી શકે. ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટના કાયદા વિરૂદ્ધ હુકમ મુજબ પોલીસે મીલકત આપી દીધી હોય તો મીલકત પાછી લેવાનો હુકમ હાઈ કોર્ટ કરી શકે નહી. આનાપુરનાબાઈની બાબ તમાં, ઈં૦ લો૦ રી૦ ૧ મુ૦ ૬૩૦.

(મેસર્સ કેમબોલ અને નાહાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૭૭).

નીચેના કેસોમાં આધાર રાખવામાં આ વે છેઃ—

રાણી વિરૂદ્ધ અબ્રામ ઊમર, ઈં૦ લો૦ રી૦ ૮ મુ૦ ૫૭૫. જુઓ ચોરીની મીલક ત ૩૧.

આનંત રામચંદ્ર લોટલીકરની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૧૦ મું. ૧૯૭. જુઓ મીલ કત ૫.

રાણી વિ. અહમદ, ઈં૦ લો૦ રી૦ ૯ મ. ૪૪૮. જુઓ મીલકત ૬.

રાણી વિરૂદ્ધ જોતીરાજનકના કામમાં ત ફાવત બતાવવામાં આવ્યો, ઈં૦ લો૦ રી૦ ૮ મું. ૩૩૮. જુઓ ચોરીની મીલકત ૩૦.

૨૩ ચોરીની મીલકત—મીલકત આપી દેવા સબંધી હુકમ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૧, ૪૧૫, ૪૧૬, ૪૧૭, ૪૧૮, ૪૧૯, ૪૨૦—ફરીથી તપાસમાં લેવાનો હાઈ કોર્ટનો અધીકાર—ચોરી ની મીલકત છે એવું જાણીને બદદાનતથી ચો રીની મીલકત લેવાનું તોહોમત કોઈ માણસ ઉપર મુકવામાં આવ્યું હતું તે માણસને મી લકત ચોરીની હતી એવો પુરાવો કામમાં નહી મળી આવવાથી માજીસ્ટ્રેટે છોડી મુકયો. એમ

ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટને મીલકતની ચોરી થઇ હતી એવું ધારીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૮ મુજબ તે મીલકત આપ દેવાના સબંધમાં, હુકમ કરવાનો અધીકાર હતો. ફરીથી તપાસમાં લેવાને હાઈ કોર્ટને અરજી કરતાં પેહેલાં જ્યાં અપીલ કોર્ટ હોય ત્યાં આ બાબતનો ઉપાય કરવો જોઇએ. સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૧૬ મુજબ માજીસ્ટ્રેટે જાહેરનામું કાઢયું હોય તે તે આકટની કલમ ૨૯૭ ના અર્થ મુજબ "ન્યાયનો મુકરદમો" ગણી શકાય. રાણી વિ. નીલમબારબાબુ. ઈ॰ લો॰ રી॰ ૨ મુ. ૨૭૬.

(મી॰ સ્પેંકી જડજની રૂબરૂ, તા॰ ૨૧ મી એપ્રીલ સને ૧૮૭૯.)

રાણી વિ. જોગેસર મોચીના કામમાં આધાર રાખવામાં આવે છે. ઈ॰ લો॰ રી॰ ૩ ક. ૩૭૯; ૧ ક. લો. રી. ૩૩૯. જુઓ સરકાર ચલણી નોટ.

અનપુરના બાઇની બાબતમાં આધાર રાખવામાં આવે છે. ઈ॰ લો॰ રી॰ ૧ મું. ૬૩૦. જુઓ ચોરીની મીલકત ૨૨.

રાણી વિ. અહમદના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો. ઈ॰ લો॰ રી॰ ૯ મ. ૪૪૮. જુઓ મીલકત. ૬.

૨૪ ચોરીની મીલકત—ઈંગ્રેજી હદની બાહાર ચોરાયેલી મીલકત બદદાનતથી ઈંગ્રેજી હદમાં રાખવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૬—નેપાલ દેશનો એક માણસ નેપાલમાંથી ચોરી કરીને કેટલાંક ઢોરો ઈંગ્રેજી હદમાં લાવ્યો, જ્યાં તેને પકડીને એક વર્ષની સખત મજુરીની ટીપ મારવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે ચોરીના ગુન્હાને માટે તેની રજુઆત ચલાવાય નહી, પણ બદદાનતથી ચોરીની મીલકત રાખવાને માટે તેને ગુન્હેગાર ઠરાવી શકાય. રાણી વિ. શંકર ગોપ, ઈ. લો. રી. ૬ ક. ૨૦૭; ૭ ક. લો. રી. ૪૧૧.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને મેકલીન જડજોની રૂબરૂ, તા॰ ૭ મી સપટંબર સને ૧૮૮૦).

રાણી વિ. લાખયા ગોવીંદના કામમાં આધાર પ્રમાણે ચાલવામાં આવે છે. ઈ. લો. રી. ૧ મું. ૫૦. જુઓ હુકુમત ૩૧.

રાણી વિ. અડી વીગાડુના કામમાં નજર રાખવામાં આવે છે. ઈ. લો. રી. ૧ મ. ૧૭૧. જુઓ હુકુમત ૩૨.

રાણી વિ. એસ, મુરગા ચેટી, ઈ. લો. રી. ૫ મું.૩૩૮. જુઓ ચોરીની મીલકત.૨૬.

૨૫ ચોરીની મીલકત—ખુશીથી ચોરીની મીલકત વેચવામાં મદદ કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૪—"માનવું" "અંદેસો આવવો"—પીનલકોડની કલમ ૪૧૪ માં "માનવું" એ શબ્દ "અંદેસો આવવો" એ શબ્દો કરતાં વધારે મજબુત છે અને તેથી, હકીકત એવી હતી કે સાધારણ માણસના મનને પણ ખાત્રી થાય કે જે મીલકતનો તે વેપાર કરતો હતો તે મીલકત ચોરીની હતી, એવી સાબીતીની જરૂર છે એમ નીકળી આવે છે. આવા કેસમાં તોહોમતદાર બેશીકરો હતો અને મીલકત ચોરીની છે એવો તેને વેહેમ આવવાનું કારણ હતું અથવા તે વસ્તુ પ્રમાણીક રીતે તે મેળવેલી છે કે નહી તે સોધી કાઢવાને તેણે પુરતો તપાસ કર્યો નહી એ સાબીત કરવું બસ નથી. રાણી વિ. રંગોટીમાજી, ઈ॰ લો॰ રી॰ ૬ મું. ૪૦૨.

(મેસર્સ મેલવીલ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ તા॰ ૨૧ મી ડીસેંબર સને ૧૮૮૦)

૨૬ ચોરીની મીલકત—હદની બાહાર થયેલી ચોરીની મીલકત હદની અંદર લેવી તે—હકુમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૧૦, ૪૧૧—પુરાવો લેવાને કમીશન કાઢવું તે—કેદીની અરજી મંજુર કરવાનો હાઇ કોર્ટનો અધીકાર—મીલકત ચોરીની છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં બદદાનતથી ચોરીની મીલકત લેઇને રાખવાને માટે પીનલકોડની કલમ ૪૧૧ મુજ

બ તોહોમત કોઈ કેદી ઉપર રાખીને તેનું કામ મુંબાઈમાં ચલાવવામાં આવ્યું હતું. પીનલકોડની કલમ ૧૦૮ ના ૩ જા ખુલાસા મુજબ અને કલમ ૧૦૯ મુજબ વળી તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યાં હતાં. કામ ચાલતી વખતે સાબીત થયું હતું કે કેદી મોરીસીઅસ ટાપુના પોર્ટલુઈ શેહેરમાં કોઈ વેહેપારીની દુકાને ગુમાસ્તો હતો. દુકાનમાંથી તા૦ ૨૯ મી અકટોબર અને તા૦ ૧ નવંબર સને ૧૮૭૯ ને રોજ મુંબાઈના આડતીઆ ઉપર કેટલાક કાગળો લખવામાં આવેલા તે કાગળો પોર્ટલુઈની પોસ્ટ આફીસમાંથી કાઢી લેવામાં આવ્યા હતા. તે કાગળોમાં એકંદર ૩૨૬૫૫૦ ની ૭ હુંડીઓ હતી. તા૦ ૧ નવંબર સને ૧૮૭૫ ને રોજ કેદીએ આ ૭ હુંડીઓ કાગળ સાથે મુંબાઈની બેન્કના ઉપરી ઉપર મોકલી હતી, અને તે કાગળોમાં એવું લખ્યું હતું કે કેટલીક નાણાની રકમો તેના નામે એકઠી કરીને તેના બીલો બનાવી મોરીસીઅસ મોકલવા. આ ઉપરથી નાણાંની રકમો વસુલ કરીને કેદીને મોકલવામાં આવી હતી. કેદીએ આ નાણાં પોતાના નાણાં તરીકે કબજામાં રાખ્યાં હતાં એ વાત ઈનકાર જવામાં આવી નોહોતી. તેનો જવાબ એ હતો કે હુંડીઓ દેવાના બદલામાં તેને આપવામાં આવી હતી. કેદીને સઘળા તોહોમતોને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, પણ તેના તરફથી કોર્ટની હકુમતનો સવાલ ઉઠવાથી તે સવાલ રાખી મુકવામાં આવ્યો હતો. મી૦ વેસ્ટ જડજને શક પડવાથી મેસર્સ સારજન્ટ અને મેલવીલ જડજોએ એવું ઠરાવ્યું કે મોરીસીઅસ જ્યાં અગાડી પીનલકોડ અમલમાં આવતો નથી ત્યાં અગાડી હુંડીઓની ચોરી થવાથી તે "ચોરીની મીલકત" પીનલકોડની કલમ ૪૧૦ ના અર્થ મુજબ ગણાતી નથી અને તેથી તે હુંડીઓ મુંબાઈમાં લેનાર માણસ પીનલકોડની કલમ ૪૧૧ મુજબ જવાબદાર ગણી શકાય નહીં. મુંબઈની હાઈ કોર્ટની તેટલા માટે હકુમત નોહોતી, અને સીક્ષા રદ કરવી જોઈએ. સેસન કોર્ટમાં કામની રજુઆત ચાલ્યા પેહેલાં કેદીઓએ પોનડીચરી અને મોરીસીઅસમાં કમીશનથી પોતાનો પુરાવો લેવરાવવાને માટે કોર્ટને અરજ કરી હતી. આવા કેસમાં કમીશન ઠરાવવાનો હાઈ કોર્ટનો અધીકાર નથી, એવું કારણ બતાવી અરજી નામંજુર કરવામાં આવી હતી, પણ વીદ્વાન ચીફ જસ્ટીસ વેસ્ટે આ સવાલ ફુલબેન્ચ પાસે નીરાકરણ કરાવવાને રાખી મુકયો હતો. એમ ઠરાવવામા આવ્યું કે તોહોમતદારની અરજી ઉપરથી ફોજદારી કેસમાં હકુમતની બાહાર કમીશન ઠરાવવાનો હાઈ કોર્ટનો અધીકાર નથી. રાણી વીરૂદ્ધ એસ મુરગાચેટી, ઈ૦ લો૦ રી૦ ૫ મું. ૩૩૮.

(મેસર્સ સારજન્ટ મેલવીલ, અને વેસ્ટ જડજોની રુબરુ, તા૦ ૨૮ મી એપ્રીલ અને તા૦ ૩ મે સને ૧૮૮૧).

રાણી વીરૂદ્ધ આપા સુભાના મંડરેના કેસમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૮ મું. ૨૦૦ જુઓ તોહોમત ૪૧.

નિચેના કેસોમાં આધાર ઉપર નજર રાખવામાં આવે છે.

રાણી વીરૂદ્ધ એલ્મસ્ટોન વીટવેલ, ૭ મું. હા. કો. રી. ૮૯. જુઓ હકુમત ૧૯.

રાણી વિ૦ ચીલ, ૮ મું. હા. કો. રી. ૯૨. જુઓ યુરોપી બ્રીટીશ પ્રજા ૮.

રાણી વિરૂદ્ધ પીરતાઈ, ૧૦ મું. હા. કો. રી. ૩૫૬. જુઓ હકુમત ૨૮.

રાણી વિરૂદ્ધ શંકરગોપ, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૩૦૭ ; ૭ ક. લો. રી. ૪૧૧. જુઓ ચોરીની મીલકત ૨૪.

રાણી વિરૂદ્ધ લાખયા ગોવીંદ, ઈ૦ લો૦ રી૦ ૧ મું૦ ૫૦. જુઓ હકુમત ૩૧.

રાણી વિરૂદ્ધ ડોસાજી ગુલામ હુસેન, ઈ૦ લો૦ રી૦ ૩ મું૦ ૩૩૪. જુઓ ઝાંઝીબાર.

રાણી વિરૂદ્ધ અડી વીગાડુ, ઈ૦ લો૦ રી૦ ૧ મ. ૧૭૧. જુઓ હકુમત ૩૨.

૨૭ ચોરીની મીલકત—ચોરીની મીલકતનો કબજો—અનુમાન—બદદાનતથી ચોરેલી

મીલકત લેવી તે—પુરાવો—ડાકાઈટી—જ્યુરી—ચોરીની મીલકતના કબજાથી, ચોરીની મીલકત બદદાનતથી લીધાનું અનુમાન થાય છે કે નહીં એ બાબત ધ્યાનમાં લેતાં જ્યુરીના લક્ષમાં લાવવું જોઈએ કે સ્પષ્ટ રીતે કબજો તો હોમતદારનો હતો એ વિષેની તેમને પોતાને ખાતરી કરવાની જરૂર છે. ચોરીની મીલકત કોઇ માણસના ઘરમાં સંતાડેલી માલમ પડે તો તે ઉપરથી એમ અનુમાન થઇ શકે કે મીલકત ચોરીની હતી એ તે માણસના જાણવામાં હતું, પણ મીલકત ડાકાઈટીથી મેળવેલી હતી એવું તે ઉપરથી સાબીત થઈ શકે નહી. રાણી વિ૦ મલહારી, ઈં૦ લો૦ રી૦ ૭ મું. ૭૩૧.

(મેસર્સ મેલવીલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી અકટોબર સને ૧૮૮૨.)

રાણી વિ. કાશીનાથ ભટના કેસમાં નજર રાખવામાં આવી હતી. ઈં૦ લો૦ રી૦ ૧૦ મું. ૩૧૯. જુઓ કમીટ કરવું તે ૬૯.

૨૮ ચોરીની મીલકત--લેવી તે-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમો ૮૩, ૪૧૧-છોકરાને ચોરીના ગુન્હામાંથી છોડી મુકેલો તે—ચોરીની સાબીતી--લેનાર માણસને શિક્ષા-ચોરીને માટે કામ ચલાવી પીનલ કોડની કલમ ૮૨ ના અર્થ મુજબ સમજણ નથી એવું કારણ બતાવી કોઈ છોકરાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ છોડી મુકયો હોય તો, ચોરીની મીલકત લેનાર માણસ જેના ઉપર પીનલકોડની કલમ ૪૧૧ મુજબ તોહોમત રાખેલું હોય તેને ગુન્હેગાર ઠરાવવામાં કાંઈ બાધ આવતો નથી. રાણી વિ. કૃષ્ણ, ઈં૦ લો૦ રી૦ ૬ મ. ૩૭૩.

(મેસર્સ કરનાન અને મુતુસામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રીલ સને ૧૮૮૩.)

૨૯ ચોરીની મીલકત--રાખવી તે--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૧-મીલકત ચોરીની છે એ સાબીત કરવાની જરૂર—રાખનારની ગુન્હો થયાની માહીતી-સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૩-સાહેદીઓની કમીશન કાઢી જુબાની લેવી તે-સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આક્ટ કલમ ૩૩-કોઈ માણસ ઉપર પીનલકોડની કલમ ૪૧૧ મુજબ તોહોમત રાખવામાં આવ્યું હોય તો મીલકત ચોરીની હતી એવું જાણીને તેણે રાખી હતી એવું અનુમાન કામની બાબતો ઉપરથી ના થતું હોય અને કબજો શી રીતે મળ્યો તે પણ માલમ પડી ના આવતું હોય તો ફકત તેનો કબજો હતો એટલાજ ઉપરથી તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. મીલકત ચોરીની હતી અને તોહોમતદારે બદદાનતથી રાખી હતી એ બંને ફરીઆદીએ સાબીત કરવું જોઈએ. કોઈ માણસનું કામ પીનલકોડની કલમ ૪૧૧ મુજબ ચાલતી વખતે સેસન જડજે જે મીલકત સબંધી ગુન્હો થયો હતો તે મીલકતના માલીકની અને કામ ચાલતી વખતે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૩ મુજબ કમીશન કાઢીને લીધેલી તેની સ્ત્રીની અને તેના ચાકરોની એ બધી જુબાનીઓ, સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાના આક્ટની કલમ ૩૩ મુજબ કેદીની વિરૂદ્ધ પુરાવામાં લીધી. આ જુબાનીઓ પુરાવામાં લેવાનું કારણ સેસન જડજે એ બતાવ્યું હતું કે સાહેદીઓને બોલાવવાને પાંચસો રૂપીઆ ખરચ લાગે છે જે ખરચ કરવું ગેરવાજબી છે, અને વળી તેઓને આવવાને ઘણી અગવડ છે, અને તેઓની જુબાનીઓ તોહોમતદારની જાતને લાગુ પડે તેવી નથી પણ ફકત જે મીલકત સબંધી તોહોમત રાખવામાં આવ્યું છે તેજ મીલકત છે કે શી રીતે એ સાબીત કરવાના સબંધમાં છે. એમ ઠરાવવામાં આવ્યું કે સેસન જડજે આ જુબાનીઓ ગેરવાજબી રીતે પુરાવામાં દાખલ કરી હતી. પુરાવાના આક્ટની કલમ ૩૩ મુજબ શાહેદીઓની અડચણ એ કાંઈ કારણ નથી, અને મીલકત તેજ છે એ સાબીત કરવાનો સવાલ ઘણોજ અગત્યનો છે, અને તે સવાલના સબંધમાં સાહેદીઓની જુબાનીઓ ધ

રૂીન્જ ઉપયોગી છે, અને તેના ઉપર આખા કેસનો આધાર છે; ખરચના કારણુના સબંધ માં કેહેવાનું જે આખા કેસનો આધાર તે સાક્ષીઓની જુબાનીઓ ઉપર હતો, અને તો હોમતદારે જે સાક્ષીઓની જુબાની કમીશન થી લેવામાં આવી હતી તે શાહેદીઓની ઉલ ટ સુલટ તપાસ કરી નથી અને વળી તેની સ્થીતી ઉપર વિચાર કરતાં તેને ઉલટ સુલટ તપાસ કરવાનું બની આવે તેમ પણ નથી એ સઘળી બાબતો ધ્યાનમાં લેતાં ખરચની ર કમ ગેરવાજબી છે એ ધારી શકાતું નથી. વ ળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે આવી જાતનાં કારણોથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૩ મુજબ સેસન જડજે કમીશન ઠ રાવ્યું તે વાજબી નથી. રાણી વિરૂદ્ધ ટી. બર્ક, ઈ. લો. રી. ૬ અ. ૨૨૪.

(મેસર્સ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા. ૧૬ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪).

૩૦ ચોરીની મીલકત—માલીક વિષેની તજવીજ—હકદારને મીલકત આપવી તે-સને ૧૮૮૨ ના ૧૦ મા ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૩-સને ૧૮૭૨ ના ૧૦ મા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૧૫ અને ૪૧૬ ના લખાણ કરતાં નવા કોડની કલમ ૫૨૩ નું લખાણ વધારે ખુલ્લું છે, અને તેથી પોલીસે પકડેલી મીલક તના માલીક વીષેની માજીસ્ટ્રેટ તપાસ કરી શ કે છે, અને જેના કબજામાંથી મીલકત મળી આવી તે માણસને નહી આપતાં તે મીલકત ના હકદારને આપી શકે છે. રાણી વિ. જો ટીરાજનાક, ઈ૦ લો૦ રી૦ ૮ મું. ૩૩૮.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરી દાસ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી ફેબ્રુઆ રી સને ૧૮૮૪.)

આનાપુરનાબાઇના કામમાં તફાવત બ તાવવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૧ મું. ૬૩૦. જુઓ ચોરીની મીલકત ૨૨

રાણી વિ. પીરયા ગોપાલના કામમાં ન જર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૯ મું. ૧૦૦. જુઓ હકુમત ૪૫.

૩૧ ચોરીની મીલકત—સને ૧૮૮૨ ના ૧૦ મા ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૧૭, ૫૨૦, ૫૨૩—ચોરીની મીલકત પાછી આપવાનો માજીસ્ટ્રેટનો હુકમ—આવો હુકમ રદ કરવાનો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનો અધીકાર—કોઇ કેસમાં છોડી મુક્યા પછી માજીસ્ટ્રેટે ક્રી મીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭ મુજબ મીલકત પાછી આપવાનો હુકમ કર્યો હોય અને તે હુકમ ગેરવાજબી છે એવું ડીસ્ટ્રીક ટ માજીસ્ટ્રેટ ધારે તો સુલભ રસ્તો એ છે કે કલમ ૫૨૦ મુજબ તે હુકમનો અમલ ડીસ્ટ્રીકટ મા જીસ્ટ્રેટે બંધ રખાવવો જોઇએ, પણ કલમ ૫૨૩ મુજબ મીલકતનો હુકમ કરેલો છે, એ વું ધારી તે હુકમ રદ કરી શકે નહી. રાણી વિ. અબ્રાન ઉમર, ઈ. લો. રી. ૮ મું. ૫૭૫.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદા સ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુલાઈ સ ને ૧૮૮૪).

આનાપુરનાબાઈના કામમાં આધાર રા ખવામાં આવે છે. ઈ. લો. રી. ૧ મું. ૬૩૦. જુઓ ચોરીની મીલકત ૨૨.

૩૨ ચોરીની મીલકત—કબજો—અનુમ ન—સને ૧૮૬૦ ના ૪૫ મા પીનલકોડ કલમ ૪૧૧—ચોરીની મીલકત લેવી તે—ચોરી થ યા પછી મીલકતના કબજા ઉપરથી અનુમા ન કરવું તે-તોહોમતદારે સને ૧૮૮૩ ના અ કટોબર માસમાં પાણી પીવાનું સાધારણ પવા લું ચોર્યું હતું, અને તે સને ૧૮૮૪ ની સાલ ના સપટંબર માસમાં તેના કબજામાંથી મળ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે કોઈ કેસમાં તોહોમતદાર ઉપર ચોરીની મીલકત રાખ્યાનું કામ ચાલતું હોય અને તેવા કેસમાં તેના ક બજામાંથી મીલકત માલમ પડી આવે અને તે મીલકત તેના કબજામાં શી રીતે આવી તે ની સાબીતી તે કરી શકે નહી તો સાધારણ રીતે તેણે ગુન્હો કર્યો છે એવું અનુમાન થઈ શ કે, પણ આ કેસમાં કબજો ચોરી કર્યા પછી અગીઆર માસથી છે, અને હાલનો નથી તે થી તોહોમતદારની સામે ગુન્હો કર્યાનું અ

નુમાન એવું સેહેજસાજ થઈ શકે છે કે તેથી કબજો શી રીતે મળ્યો તેનો ખુલાસો તેની પાસેથી માગી શકાય નહી. કઇ જાતની ચીજની ચોરી થઈ છે એના સબંધનાં ચોરીની મીલકતનો કયો કબજો હાલનો છે અને કયો હાલનો નથી એ બાબંત કઈ જાતની ચીજ ચોરાઈ છે એના સંબંધમાં ધ્યાનમાં લેવાની છે. રેક્ષ વિરૂદ્ધ એડમ, રેક્ષ વિરૂદ્ધ કુપર અને રેક્ષ વિરૂદ્ધ પેટરીજના કેસો ઉપર આધાર રાખવામાં આવ્યો હતો. રાણી વિ૦ ઇનાશેખ, ઈ૦ લો૦ રી૦ ૧૧ ક. ૧૬૦.

(મેસર્સ મીતર અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જાનેવારી સને ૧૮૮૫).

૩૩ ચોરીની મીલકત—લેવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૧—હીંદુ ધર્મના રીવાજ પ્રમાણે આખલો છોડી મુકેલો તે - આખલો લેઈ જવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૩, ૪૭૦—બદદાનતથી ખોટો ઉપયોગ કરીને આખલો આણેલો છે એવું જાણ્યા છતાં બદદાનતથી કોઇ માણસે તે આખલો લીધેલો તેના ઉપર પીનલકોડની કલમ ૪૧૧ મુજબ તોહોમત રાખી, તેણે ગુન્હેગાર ઠરાવ્યો હતો. એમ સાબીત થયું હતું કે ઉપર બતાવેલો ખોટા ઉપયોગનો ગુન્હો બનતી વખતે તે આખલાને મડદુ બાળવાની ક્રીયા કરતી વખતે હીંદુ ધર્મના રીવાજ પ્રમાણે કોઈ હીંદુએ છોડી મુકયો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ઉપર કહેલો ગુન્હો કરતી વખતે તે આખલો પીનલકોડની વાખ્યા મુજબ "મીલકત" ગણાતો નથી કારણ કે તે વખતે તેનું કોઇ માલીક ન હોતું એટલુંજ નહીં પણ મુળના માલીકે તેના ઉપરથી માલીકપણાનો સઘળો હક ઉઠાવ્યો હતો, તેટલા માટે તે "કોઇની મીલકત નોહોતી" અને તેની ચોરી થઈ શકતી નથી, અને તેથી શીક્ષા રદ કરવી જોઇએ રાણી વિરૂદ્ધ બંધુ, ઈ૦ લો૦ રી૦ ૮ અ. ૫૧.

(મેસર્સ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૭ મી ડીસંબર સને ૧૮૮૫).

૩૪ ચોરીની મીલકત—હીંદુધર્મના રીવાજ પ્રમાણે આખલાને છોડી મુકેલો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૦, ૪૧૧—હીંદુધર્મના રીવાજ પ્રમાણે કોઈપણ હીંદુ પોતાના સગાના મરણ પછી મરનારના આત્માના ફાયદાને માટે ધર્મનું કૃત્ય ગણીને આખલો અર્પણ કરે અથવા છોડી મુકે તો, તે આખલા ઉપરથી તેનો સઘળો માલકી હક જતો રહે છે, અને પછીથી તે પીનલકોડની કલમો ૪૧૦ અને ૪૧૧ ની વાખ્યાઓમાં બતાવેલા અર્થ મુજબ બદદાનતથી લીધેલી અથવા કબજામાં રાખેલી "મીલકત" ગણાતી નથી. રાણી વિરૂદ્ધ બંધુ (ઈ૦ લો૦ રી૦ ૮ અ. ૫૧) અને રાણી વીરૂદ્ધ ટમરા (વિ૦ નોટસ ૧૮૮૪ પા. ૮૭) ના કેસો ઉપર નજર રાખવામાં આવી હતી. રાણી વીરૂદ્ધ નીહલ, ઈ૦ લો૦ રી૦ ૯ અ. ૩૪૮.

(મી૦ સ્ટ્રેઇટ જડજની રૂબરૂ, તા૦ ૭ મી જાનેવારી સને ૧૮૮૭).

જુઓ સોબતી ગુન્હામાં ૧૦, ૩૪, ૩૫.
„ તોહોમત ૨૩, ૩૦.
„ કમ્પનસેસન ૧૬, ૩૭.
„ કબુલાત ૨૩, ૪૨, ૮૩, ૮૭.
„ ડાકાઈટી ૧૩, ૧૭.
„ પુરાવો ૪.
„ જુઠો પુરાવો કરવો તે. ૫.
„ જુઠી ખબર ૧૨.
„ તપાસ ૪.
„ એકઠી તપાસ ૨.
„ હકુમત ૪૯.
„ જ્યુરી ૬.
„ ખુન ૫૬.
„ પ્રથમની સીક્ષા ૧૩.
„ લુટફાટ ૧.
„ જુદા ગુન્હાઓ ૨.
„ કેટલાક ગુન્હાઓ ૫.
„ ચોરી ૫, ૧૮, ૩૩, ૩૭, ૪૧.
„ ફટકા મારવા તે ૫, ૨૭.

ચોરીનો માલ—

ડાકાઈટીથી મેળવેલો તે. જુઓ ડાકાઈટી.

„ સજા ૫૩.

„ જુદા ગુન્હાઓ ૨.

ચોરીની મિલકત લેવી તે—

ચોરીની મીલકત લેવી તે—માજીસ્ટ્રેટની હકુમત—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૯—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૧—સેકન કલાસ માજીસ્ટ્રેટ પોતાના અખ્તીયાર પૈકી કરી શકે તેના કરતાં વધારે શીક્ષા કરવા લાયક ગુન્હો છે એવું ધારી તે માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ મુજબ ગુન્હો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ તરફ મોકલ્યો. ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે સેસન કોર્ટમાં કમીટ કરવાનો હુકમ લખી કામ સેકન કલાસ માજીસ્ટ્રેટ તરફ પાછું મોકલ્યુ. હુકમ પ્રમાણે કામ કમીટ કરવામાં આવ્યું હતું. સેકન કલાસ માજીસ્ટ્રેટનો મુકરદમો ગેરકાયદેસર નોહોતો, અને કામ તે માજીસ્ટ્રેટ કમીટ કરી શકે નહી એવું કાંઈ કરવામાં આવ્યું નથી એમ ધારી હાઈ કોર્ટે આ બાબતમાં દરમીઆન થવાની ના પાડી. રાણી વિરૂદ્ધ ચંદુ ગોવાલા, ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૩૫૫.

(મેસર્સ ડબલ્યુ કોમર પેથેરામ નાઇટ ચીફ જસ્ટીસ, અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી માર્ચ સને ૧૮૮૭).

જુઓ કબુલાત ૨૩.

„ પુરાવો ૪.

„ લુટફાટ ૧.

„ કેટલાક ગુન્હાઓ ૫.

„ જુદા ગુન્હાઓ ૨.

„ ચોરીની મીલકત.

„ ચોરી ૪૧.

„ ફટકા મારવા તે ૬, ૨૭.

છ.

છાવણી—

છાવણી–સને ૧૮૬૬ નો ૧ લો મદ્રાસનો આકટ—છાવણીના નિયમો પ્રકરણ ૪ થુ કલમ ૧૬—બળીયાનો રીપોર્ટ ના કરેલો તેને માટે સજા નહી થયેલી તે—છાવણીના નિયમોના આકટના પ્રકરણુ ૪ થાની કલમ ૧૬ માં ફરમાવ્યા મુજબ કોઈ ઘરવાળા માણુસે બળીઆ નિકળ્યાના કેસનો રીપોર્ટ ના કર્યો હોય તો તેને સને ૧૮૬૬ ના આકટ ૧ લા મુજબ શીક્ષા થઇ શકે નહી.

છીનાળુ—

૧ છીનાળુ—નાતરૂ—લગ્નના છેડા છુટકા કરવા તે—ન્યાતની રીત—હીંદુશાસ્ત્ર–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૫૨, ૭૯, ૪૯૪, ૪૯૭–તળપદા કોળીની ન્યાતના રીવાજ પ્રમાણે એક સ્ત્રીને પોતાના પ્રથમના ધણીને છોડી દેઈને બીજા માણસની જોડે પેહેલાંના ધણીની હૈયાતીમાં અને તેની કબુલાત સીવાય નાતરૂ કરવાની રજા આપવી જોઈએ, એ રીવાજ ગેરવાજબી છે એમ ઠરાવવામાં આવ્યું, કારણ કે તે હીંદુશાસ્ત્રના નિયમથી તદન ઉલટુ છે; અને આવી જાતના લગ્નો "પ્રથમના ધણીની હૈયાતી" માં થવાથી ગેરકાયદેસર ગણાય છે; અને તેટલા માટે સ્ત્રીને પીનલકોડની કલમ ૪૯૪ મુજબ શીક્ષા થઈ શકે; અને જે માણસની સાથે લગ્ન કર્યુ તે માણસે સ્ત્રીની સાથે બદકામ કર્યાથી અને તેને ખરી દાનતથી તે પોતાની સ્ત્રી છે એવું નહી માનેલું સાબીત થવાથી તે કલમ ૪૯૭ મુજબ છીનાળાનો ગુન્હેગાર છે. રાણી વિ. કરસન ગોજા; રાણી વિ. બાઈ રૂપા, ૨ મું. હા. કો. રી. ૧૧૭.

(મેસર્સ ફોરબસ અને કાઉચ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૬૪.)

રાણી વિ. શંભુ રઘુના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૧ મું. ૩૪૭. જુઓ બે વાર લગ્ન.

મુંબાઈ સરકાર વિ. ગોસાવીની સ્ત્રી બાઈ ગંગાના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૪ મું. ૩૩૦. જુઓ બે વાર લગ્ન.

જુઓ રાણી વિ. મનોહર રાયજી. ૫ મું. હા. કો. રી. ૧૭. જુઓ છીનાળુ ૬.

૨ છીનાળુ—પરણેલી સ્ત્રીને ફોસલાવવી તે—કોઇ માણસને પીનલકોડની કલમ ૪૯૭ મુજબ છીનાળાને માટે ગુન્હેગાર ઠરાવ્યો હોય અને સ્ત્રીને ફોસલાવીને લેઈ જવામાં ના આવી હોય તો તેને વળી પીનલકોડની કલમ ૪૯૮ મુજબ ગુન્હેગાર ઠરાવવો જોઈએ નહી. રાણી વિ. પોચનચંગ, ૨ વિ. રી. ૪૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૬૫)

૩ છીનાળુ—ધણીએ મુકેલું તોહોમત—છીનાળાના ગુન્હાનું રાજીનામું આપી શકાય. છીનાળાના ગુન્હાના કામમાં જેની સાથે છીનાળું કર્યું છે તે સ્ત્રી પરણેલી હતી એ બાબત ખરેખરી રીતે સાબીત કરવાની જરૂર છે, અને તોહોમત સ્ત્રીના ધણીએ મુકવું જોઇએ. રાણી વિ. જી. આર. સ્મીથ, ૪ વિ. રી. ૩૧; ૧ ઈન્ટ. જ્યુરીસ્ટ ઉ. ૬.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ. તા૦ ૫ મી ડીસેંબર સને ૧૮૬૫).

રાણી વિરૂદ્ધ વઝીરાનો કેસ વિરૂદ્ધ છે. ૮ બેં૦ લો૦ રી૦ અપે૦ ૬૩. જુઓ લાલચ ૫.

રાણી વિરૂદ્ધ પીતાંબરસીંગના કામમાં આધાર રાખવામાં આવ્યો હતો, ઈ. લો. રી. ૫ ક. ૫૬૬. જુઓ છીનાળું ૧૩.

પીતાંબરસીંગની બાબતમાં નજર રાખવામાં આવી હતી, ૫ ક. લો. રી. ૫૯૭. જુઓ છીનાળુ ૧૩.

૪ છીનાળુ—કબુલાત—કબુલાત સાથે પુરાવો મળવાથી છીનાળાના કેસને માટે કોઇ માણસ ગુન્હેગાર ઠરેલો તે. રાણી વિરૂદ્ધ કાલીચરન પોદીઆલ, ૭ વિ. રી. ૫૮.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા. ૨૯ મી એપ્રીલ સને ૧૮૬૭).

૫ છીનાળુ—તોહોમત ખેંચી લેવું તે—ધણી—જે સ્ત્રીની સાથે છીનાળુ કરવામાં આવ્યું છે તે સ્ત્રીનો ધણી કામ ચલાવવાને નાખુશી હોવાથી આસીસટન્ટ સેસન જડજે તોહોમતદારને છોડી મુકવાનો હુકમ કર્યો તે બાબતમાં હાઇ કોર્ટે દરમીયાન થવાની ના પાડી. રાણી વિરૂદ્ધ રામલો જેરીઓ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૨૭.

(મી૦ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૬૮).

૬ છીનાળુ—ફરીથી લગ્ન કરવું તે—નાતરૂ—છીનાળાનો ગુન્હેગાર ઠરેલો કોઈ માણસ પોતાના જવાબમાં એમ બતાવે કે જે સ્ત્રીની જોડે છીનાળુ કર્યું કહેવાય છે તે સ્ત્રીએ નાતના રીવાજ પ્રમાણે તેની સાથે નાતરૂ કરેલું છે તો નાતરૂ કરતી વખતે તે સ્ત્રી બીજા માણસની બાયડી હતી એવું તોહોમતદારનું પ્રમાણીક રીતે માનવું હતું કે નહી એ સવાલનું કોર્ટે નિરાકરણ કરવાનું છે. રાણી વિરૂધ્ધ મનોહર રાયજી, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

રાણી વિરૂદ્ધ બાઈ રૂપા અને રાણી વિરૂધ્ધ કરશન ગોજાના કામમાં આધાર રાખવામાં આવે છે, ૨ મું. હા. કો. રી. ૧૧૭. જુઓ છીનાળુ ૧.

રાણી વિરૂધ્ધ શંભુ રઘુના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૧ મું. ૩૪૭. જુઓ બે વાર લગ્ન ૫.

જુઓ રાણી વિરૂધ્ધ કરશન ગોજા અને બાઈ રૂપા, ૨ મું. હા. કો. રી. ૧૭૭. જુઓ છીનાળુ ૨.

જુઓ રાણી વિરૂધ્ધ હુસેન સુલેમાન ૪ મું. હા. કો. રી. ૧૯ ન. (આ કેસ ૨૯

ણી વિરૂધ્ધ મનોહર રાયજીના કેસની નીચે નોટમાં છે).

૭ છીનાળુ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૭—ધણીનું મૃત્યુ—પીનલકોડની કલમ ૪૯૭ મુજબ કોઈ છીનાળાના કેસમાં ધણીનું મોત થવાથી ફરીઆદનો અંત આવતો નથી. ફરીઆદ ફકત ધણીએ કરવી જોઈએ એટલીજ કાયદા પ્રમાણે જરૂર છે, પ્રો. તા૦ ૧૩ મી જુલાઈ, ૪ મ. હા. કો. રી. અપે. ૫૫.

૮ છીનાળુ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૭—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ માં આવી જાય તેવા કેસોમાંજ ફકત ફરીઆદીઓને ફરીઆદો પાછી ખેંચી લેવાની પરવાનગી આપવાનો માજીસ્ટ્રેટનો અખ્તીઆર છે, તેથી કરીને ઉપર મુજબ માજીસ્ટ્રેટની કબુલાતથી છીનાળાના કેસની ફરીઆદ પાછી ખેંચી શકાય નહી. રાણી વિરૂધ્ધ ગમબીઅર, ૨ વા. દી. પ્રાં. ૨૩૪.

(મી૦ ટરનર કામ ચલાઉ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૭૦)

૯ છીનાળુ—હકુમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૭—પીનલકોડની કલમ ૪૯૭ મુજબ છીનાળાનું તોહોમત રાખી કોઈ કેસ માજીસ્ટ્રેટે કમીટ કરેલો તે કેસમાં હાઈ કોર્ટને એમ માલમ પડયું કે જે સેસન કોર્ટમાં તોહોમતદારનું કામ કમીટ કર્યું છે તે કોર્ટની હદની બાહાર ગુન્હો થવાથી કમીટ કરનાર અમલદારની હકુમત નોહોતી, અને તે હદમાં ફરીઆદીની સ્ત્રીને લલચાવીને લાવવાના તોહોમતને માટે પણ કામમાં પુરાવો નોહોતો એવું સેસન જડજનું ધારવું હતું, તે ઉપરથી કમીટ કરવાનો હુકમ રદ કરવામાં આવ્યો. રાણી વિરૂદ્ધ અસગર મુલીક, ૧૯ વિ૦ રી૦ ૩૧.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જાનેવારી સને ૧૮૭૩).

૧૦ છીનાળુ—ફરીઆદ કરનાર—ગુન્હેગાર માણસ—હાઈ કોર્ટ—પુરાવો—રજુઆત—ગુન્હેગાર માણસ ફોજદારી મુકરદમો ચલાવી શકે નહીં એવો કાંઇ નિયમ નથી. છીનાળાના કેસમાં સંગ કરેલો સાબીત કરવો જોઈએ અને જેવા સંગની બળાત્કાર સંભોગના કામમાં જરૂર છે તેવાજ સંગની છીનાળાના કેસમાં જરૂર છે. સ્ત્રી પરણેલી છે એવું છીનાળુ કરનાર માણસ જાણતો હોય તો છીનાળાના કૃત્યનો સ્પષ્ટ પુરાવો અથવા તે કોની સ્ત્રી હતી તે જાણવાની કાંઈ જરૂર નથી. તોહોમતદાર પોતાની વિરૂદ્ધના કેસમાં જાણી બુઝીને પુરાવો ના આપે તો જે પુરાવો નિચેની કોર્ટમાં કામ ચાલતી વખતે મળી આવે તે પુરાવો અપીલમાં સાંભળવાને હાઈ કોર્ટે ના પાડી. મી૦ માર્કબાય જડજનો મત—લખી લીધેલી જુબાનીઓ ઉપર અપીલમાં નવેસરથી કામ ચલાવવાને હાઈ કોર્ટ બંધાએલી નથી. શાહેદીઓ ઉપર કેટલો ભરૂસો રાખી શકાય અને જે જડજે તેઓને લીધા છે તે જડજના મત ઉપર કેટલું વજન રાખવું જોઈએ એ બાબતોનો નિર્ણય કરવાને કોર્ટ બંધાએલી છે. રાણી વિ માધબચંદર ગીરીમોહત, ૨૧ વિ. રી. ૧૩.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી ડીસેંબર સને ૧૮૭૩).

૧૧ છીનાળુ—સગાઈ—વિધવાનાં લગ્ન—બાહાર પ્રગણાની ન્યાતનો રીવાજ—બાહાર પ્રગણાની કોયરીઝ અને બીજી નીચી ન્યાતોમાં સગાઈના ચાલતા રીવાજ મુજબ પરણેલી વિધવા સ્ત્રીઓ તેઓના ધણીની કાયદા પ્રમાણે સ્ત્રીઓ ગણાય છે, અને તેમની જોડે છીનાળુ કરનાર માણસોને સજા કરવી વાજબી ગણાય છે. રાણી વિ. બીસુરામ કોયરી, ૩ ક. લો. રી. ૪૧૦.

(મેસર્સ એનસ્લી અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી અગષ્ટ સને ૧૮૭૮).

૧૨ છીનાળું—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૪૯૭—ગુન્હાઓનું સમાધાન કરવું

તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૮—ન નામના માણુસે પોતાની સ્ત્રી જોડે છીનાળુ કર્યાનું ક નામના માણુસ ઉપર તોહોમત મુકયું. માજીસ્ત્રેટે કામનો તપાસ કરી કેસ સેસન કોર્ટમાં કમીટ કર્યો જ્યાં ક ને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ક નામના માણુસે હાઈ કોર્ટમાં અપીલ કરી. શિક્ષા થયા પ્રછી ન અને તેની સ્ત્રી વચ્ચે સલાહ થઈ હતી અને ન નામના માણુસે અપીલ ચાલતી વખતે ગુન્હાનું રાજીનામું આપવાની પરવાનગી માગી. એમ ઠરાવવામાં આવ્યું કે આ વખતે તોહોમત પાછું ખેંચી લેવાની પરવાનગી આપી શકાય નહી. રાણી વિ. થોમ્પસન, ઈં૦ લો૦ રી. ૨ અ. ૩૩૯.

(મી૦ ઓલ્ડરીડ જડજની રૂબરૂ, તા. ૧૮ મી જુલાઈ સને ૧૮૭૯.)

૧૩ છીનાળુ—લગ્નનો પુરાવો—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૫૦—પુરાવાના આકટની કલમ ૫૦ ના લખાણુ ઉપરથી એમ નિકળી આવે છે કે જે ગુન્હાઓમાં લગ્ન એ મુળ તત્વ છે, જેવા કે બે વાર લગ્ન, છીનાળું, અને પરણેલી સ્ત્રીને ફોસલાવવું, એ ગુન્હાઓમાં લગ્ન બરોબર રીતે સાબીત કરવું જોઇએ. રાણી વિ. પીતાંબરસીંગ. ઈં૦ લો૦ રી૦ ૫ ક. ૫૬૬; ૫ ક. લો૦ રી. ૫૯૭.

(મેસર્સ ગાર્થ નાઈટ ચીફ જસ્ટીસ, જેકશન, પોન્ટીફેક્ષ, મોરીસ અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ડીસેંબર સને ૧૮૭૯.)

રાણી વિ. સ્મીથના કામમાં આધાર રાખવામાં આવે છે. ૪ વિ. રી. ૩૧. જુઓ છીનાળુ. ૩

રાણી વિ. વાઝીરાનો કેસ રદ થઈ જાય છે. ૧૭ વિ. રી. ૫; ૮ બેં. લો. રી. અપે. ૬૩. જુઓ લાલચ ૫.

રાણી વિ. સુખરાયનના કામમાં ટીકા કરવામાં આવી હતી. ઈં૦ લો૦ રી૦ ૯ મ. ૯, જુઓ લાલચ ૧૦.

રાણી વિ૦ કાલુના કામમાં આધાર સખવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૫ અ.૨ ૩૩. જુઓ છીનાળુ ૧૫.

રાણી વિ૦ આરસેદ અલીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૧૩ ક. લો. રી. ૧૨૫. જુઓ લાલચ ૮.

રાણી વિ૦ સ્મીથના કામમાં નજર રાખવામાં આવે છે. ૪ વિ. રી. ૩૧. જુઓ છીનાળુ ૩.

રાણી વિ૦ વઝીરાના કામમાં નજર રાખવામાં આવે છે. ૮ બેં. લો, રી. અપે. ૬૩. જુઓ લાલચ ૫.

૧૪ છીનાળુ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૭—છીનાળાનું તોહોમત રાખી કેસ કમીટ કરવો તે—ફરીઆદ પાછી ખેંચી લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૯૬, ૧૯૭—તોહોમતદારને છોડી મુકવો તે—છીનાળાનું તોહોમત રાખી કેસ માજીસ્ત્રેટે સેસન કોર્ટમાં કમીટ કર્યા પછી તરતજ, ફરીઆદ પાછી ખેંચી લેવાની ફરીઆદીની મરજી છે એવી અરજી ઉપરથી માજીસ્ત્રેટે તોહોમતદારને છોડી મુકયો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૯૬ અને ૧૯૭ ના ખુલાસાઓ મુજબ છોડી મુકવું ગેરકાયદેસર હતું, એક વખત કેસ કમીટ કરવાનો હુકમ કર્યો હોય તે ફકત હાઈ કોર્ટ રદ કરી શકે છે. રાણી વી૦ જાંગબીર, ઈં૦ લો૦ રી૦ ૪ અ ૧૫૦.

(મી૦ ઓધર્સ્ટ જડજની રૂબરૂ, તા૦ ૭ મી ડીસેંબર સને ૧૮૮૧).

૧૫ છીનાળુ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૭—લગ્નનો પુરાવો—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૫૦—છીનાળાને માટે કામ ચલાવવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૭—ક નામના માણુસને ક અને પ નામના માણુસોએ ક ની સ્ત્રી પ ની જોડે બળાત્કાર સંભોગ કરવાનો ગુન્હેગાર ઠ

રાવ્યો હતો, અને બળાત્કાર સંભોગ અથવા છીનાળુ એ બને તોહોમતોમાંના આમે તે એક તોહોમતને માટે ગુન્હેગાર ઠરાવી કામ કમીટ કરવામાં આવ્યું હતું. ड અને प એ બને એક બીજાને પરણ્યાં હતાં એવી તેઓની પોતાની હકીકત લગ્ન સબંધી પુરાવામાં હતી અને क નામનો માણસ જે તોહોમતદાર હતો તેણે એવી જુબાની આપી હતી કે प નામની ઓરત ड નામના માણસની સ્ત્રી છે. તોહોમતદારને છીનાળાને માટે ગુન્હેગાર ઠરાવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે પુરાવાના આકટની કલમ ૫૦ ઉપર ફકત આધાર રાખવો એટલુંજ નહી પણ સઘળા ફોજદારી કેસોમાં ખરેખરા પુરાવાની જરૂર છે એ નીયમ ઉપર આધાર રાખતાં ड અને प ની વચે લગનનો સબંધ જે છીનાળાના તોહોમતને માટે ખરેખરો અગત્યનો મુદો છે તે સાબીત કરવાને આ પુરાવો જોઈએ તેવો નથી. (રાણી વિરૂધ્ધ પીતાંબરસીંગના કામનો આધાર મંજુર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૫૬૬) વળી સને ૧૮૭૨ નો આકટ ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૮ માં બતાવ્યા મુજબ આ કામમાં છીનાળાની ફરીઆદ ખરેખરી રીતે તોહોમતદાર સામે ड નામના માણસે કરી નથી, અને બળાત્કાર સંભોગના ગુન્હાને માટે ફરીઆદી તરફના સાક્ષી તરીકે न નામનો માણસ આવ્યો તે ઉપરથી ઉપલી કલમના અર્થ મુજબ તેણે ફરીઆદી કરી હતી એમ ધારી શકાય નહી, અને છીનાળાના ગુન્હાને માટે क ને શીક્ષા કરેલી રદ કરવી જોઈએ. રાણી વિ. કાલુ, ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૨૩૩.

(મી૦ સ્ટ્રેટ જડજની રૂબરૂ, તા૦ ૮ મી ડીસંબર સને ૧૮૮૨).

રાણી વિ. પીતાંબરસીંગના કામ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈ. લો. રી. ૫ ક. ૫૬૬; ૫ ક. લો. રી. ૫૦૭. જુઓ છીનાળુ ૧૩.

રાણી વિ. સબરાયનના કામમાં વિચાર કરવામાં આવ્યો, ઈ. લો. રી.૯ મ. ૯. જુઓ લાલચ ૧૦.

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૮.
„ કબુલાત ૪૫.
„ સાપરાધ પ્રવેસ ૧૧.
„ પુરાવો ૪૪, ૧૦૦.
„ ભરણપોષણ ૧૫, ૩૬.
„ ખુન ૧૦૬.
„ જવાબ ગુન્હો કરવાનો ૬.
„ ફરીથી તપાસ ૩.
„ સજા ૨૯.
„ પ્રવેસ ૨.

છુટ બગડેલા સ્ટાંપની—

જુઓ સ્ટાંપ ૧૯.

છુપાવવો જન્મ થયેલો તે—

૧ જન્મ થએલો છુપાવવો તે સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૧૮—ફકત ચાર મહીનાનો ગર્ભ હોય તો તે છોકરાનો જન્મ છુપાવવાને માટે પીનલકોડની કલમ ૩૧૮ મુજબ કોઈ માણસને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. પ્રો. તા૦ ૬ અગષ્ટ સને ૧૮૬૯, મ. હા. કો. રી. અપે. ૬૩.

છુપાવવું (મુડદુ)—

જુઓ ઉડાવવું પુરાવાનું ૧, ૩.

છુપાવવું (મનુષ્ય હરણ)—

જુઓ મનુષ્ય હરણ ૧૭, ૨૦, ૨૧, ૨૩

છુપાવવો ગુન્હો થયેલો તે—

જુઓ જુઠો લેખ ૪૭.

છુપાવવી (ચોરીની મીલકત)

જુઓ જુઠો પુરાવવો બનાવવો તે ૫.

છુટકો—

૧ છુટકો—જડજે કમીટ કરેલું તે—સને ૧૮૭૨ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ માજીસ્ટ્રેટે કોઈ માણસને છોડી મુકયો હોય તે કલમ ૨૫૫ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવું ગણાતું નથી

અને જો કે તેને છોડી મુકયો છે તોપણ કલમ ૪૩૫ મુજબ તેના ઉપર ફરીથી કામ ચલાવાનો હુકમ સેસન જડજ કરી શકે છે. શુદનમંડલે અપેલેન્ટ ૫ વિ૦ રી૦ ૫૮.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૬૬).

૨ છુટકો—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—યુરોપી ઇંગ્રેજી પ્રજા—પુરાવો—કોઈ કામમાં લખેતવાર તોહોમત ઘડી કેદીનો જવાબ ના માગ્યો હોય અને ગુન્હો બન્યાનો પુરાવો નથી એવું માજીસ્ત્રેટનું ધારવું હોયતો માજીસ્ત્રેટ ફકત તોહોમતદારને છોડી શકે છે પણ નિર્દોષ ઠરાવી છોડી શકે નહી, તેમજ હકુમત વગરના કેસમાં માજીસ્ત્રેટ કેદીને નિર્દોષ ઠરાવી છોડીશકે નહીં. યુરોપી ઇંગ્રેજી પ્રજા ગુન્હેગાર હોય તે સબંધમાં મુકરદમો ચલાવવાની માજીસ્ત્રેટની રીત. શાક્ષીઓની જુબાનીઓ ક્રમમાં બરોબર તજવીજથી નહી લેવાયેલી તે સબંધમાં ટીકા. રાણી વિ. રોબર્ટશેરીફ, ૬ વિ. રી. ૧૩.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોનીરૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૬૬.)

૩ છુટકો—ફરીઆદીના શાક્ષીઓ—ફરીઆદની અરજીમાં બતાવેલા શાક્ષીઓની જુબાની લીધા સીવાય માજીસ્ત્રેટે તોહોમતદારને છોડી મુકવો જોઈએ નહીં. દીનોનાથઓપ વિ. સરોડા મુખોપાધીઆ વિગેર, ૭ વિ. રી. ૪૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી માર્ચ સને ૧૮૬૭.)

ભગોબટચરનસેન વિ. સીઆમઅલીના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૮ વિ. રી. ૧૮. જુઓ ફરીઆદ ૨૭.

ગુઆર મોહનસીંગની અરજીની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ૮ બેં. લો રી. અપે ૧૧. જુઓ જુદુ તોહોમત ૩૮.

૪ છુટકો—નિર્દોષ ઠરાવી છોડી મુકવુ તે—હકુમત—તોહોમતદારની સામે પ્રાઈમાફેસી કેસ સાબીત ના થયો હોય અને તેનો જવાબ લેવામાં ના આવ્યો હોય તેમજ તેની વિરૂદ્ધ કાંઇપણ તોહોમત મુકવામાં ના આવ્યું હોય તો તેને છોડી મુકવો જોઇએ પણ નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ નહી. સઘળા મુકરદમાને મથાળે હકુમત અથવા કોર્ટનો અખતીઆર હતો, એ બતાવવાની જરૂર છે એવું ઠરાવ્યું. રાણી વિ. બીપરોદાસ, ૮ વિ.રી. ૪૫.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪મી જુલાઈ સને ૧૮૬૭).

૫ છુટકો—ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ—ફરીઆદ—સને ૧૮૬૯ નો ૮ મો, ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ અથવા સેસન કોર્ટ ચલાવી શકે તેવા કેસો જેની તપાસ હાથ નીચેના માજીસ્ત્રેટે કરીને તજવીજ કર્યા શીવાય ફરીઆદ માંડીવાળી હોય અથવા તોહોમતદારને છોડી મુકયો હોય તેવા કેસો ચલાવવાનો અખતીઆર સને ૧૮૬૯ ના આકટ ૮ માની કલમ ૪૩૫ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને છે; પણ આવી જાતના કેસોમાં સેસન કોર્ટમાં કમીટ કરવાનો અથવા બીજા માજીસ્ત્રેટ અગાડી નવેસરથી ચલાવવાનો હુકમ કરવો જોઈએ કે નહી. રાણી વિ. હીરાલાલસીંગ વિગેરે. ૧૪ વિ. રી. ૮; ૫ બેં. લો. રી. અપે. ૪૮.

(મેસેર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૭૦).

૬ છુટકો—વારંટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૮૦, ૨૪૪ અને ૧૮૬૯ ના ૮ માનું પ્રકરણ ૧૪ મું—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ મુજબ રજુઆત થઇ શકે અને જેની અંદર વારંટ કાઢી પકડી શકાય તેવા કેસમાં જો માજીસ્ત્રેટને એમ લાગે કે તોહોમતદારો ઉપર કાંઈ તોહોમત સાબીત થતું નથી અને તેઓ હાજર હોય તો પણ તે કોડની કલમ ૧૮૦ જેનો સુધારો સને ૧૮૬૯ ના આકટ ૮ થી થયેલો છે તે મુજબ માજીસ્ત્રેટ તોહોમતદારોને છોડી મુકવાનો હુકમ કરી શકે છે. ની

આમુતુલ્લા વિ. ગોપાળશાહ વિગેરેના કેસનું રે ફરન્સ, ૧૪ વિ. રી. ૬૩; ૬ બેં. લો. રી. અ પે. ૬.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી સપટેંબર ૦૮૭૦)

૭ છુટકો—ખાનગી ફરીઆદ કરનાર—ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૮, ૪૩૫—કોઈ માણુસની પ્રથમ તપાસ હાથ નીચેના માજીસ્ત્રેટે કરીને તેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૫ મુજબ છોડી મુકયો હોય, તેવા કેસમાં ખાનગી ફરીઆદ થઈ હોય અગર ના થઈ હોય તોપણ, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૮ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ તે માણુસને પકડી મંગાવવાનો હુકમ કરી શકેછે. કલમો ૪૩૫ અને ૬૮ મુજબ આપેલો અધીકાર જુદો અને સ્વતંત્ર છે; પેહેલી કલમ ચાલી ગયેલા મુકરદમાનો ફરીથી તપાસ કરવાં વિષેની છે, અને છેવટની કલમ મુકરદમો નવેસરથી ચલાવવા વિષેની છે. રામજોય મોઝુમદારની અરજીની બાબતમાં. ૧૪ વિ.રી.૬૫.

(મેસર્સ લોચ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૪ નવબર સને ૧૮૭૦).

રાણી વિરૂધ્ધ ટીકુ ગોલાના કામમાં આધાર રાખવામાં આવે છે. ૮ વિ રી. ૬૧. જુઓ કમીટ કરવું તે ૧૫.

નીચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

રાણી વિ. ડોનેલી, ઈં૦ લો૦ રી૦ ૨ ક. ૪૦૫. જુઓ છુટકો ૨૮.

રાણી વિ. ગાઉડા પાખીન વેન્કુ ગાઉડા, ઈં૦ લો૦ રી૦ ૨ મું૦ ૫૩૪. જુઓ છુટકો ૨૯.

રાણી વિરૂધ્ધ રામજોય મોઝુમદાર, ૬ બેં૦ લો૦ રી૦ અપે. ૪૬. જુઓ ખાનગી કામ ચલાવનાર ૨.

જુઓ જગાબંધુ મીટી વિરૂધ્ધ ગોબરધન બેરાની બાબતમાં, ૪ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૧. જુઓ તોહોમત ૨૨.

૮ છુટકો—ફરીઆદ કરનાર—ફરીઆદી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૪ મું, કલમો ૬૭, ૧૮૦—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ મુજબ ચલાવાય તેવા કેસમાં વારંટથી પકડાયેલો તોહોમતદાર ગમે તે તોહોમતને માટે હાજર હોય, અને ફરીઆદી અને તેના શાક્ષીઓ હાજર નહી હોવાથી તેની સામે કાંઈપણ કેસ પુરાવાથી સાબીત ન થયો હોય, તેમજ કલમ ૨૨૪ મુજબ તજવીજ મોકુફ રાખી શકાય તેવો કેસ છે એવું પણ માજીસ્ત્રેટને બતાવવામાં ના આવ્યું હોય તોપણ તોહોમતદારને છોડી દેવાને તે બંધાયેલો છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૦ ની મતલબ સાધારણ કેસોમાં તોહોમતદારની ગેરહાજરીમાં શાક્ષીઓ તપાસવાનો અધીકાર આપવાની નથી. માજીસ્ત્રેટની નજરમાં મુકરદમો ચલાવવાનું પુરતુ કારણ હોય અગર ના હોય તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૭ મુજબ ફરીઆદીને તે મુદ્દાનો નિરાકરણ કરવાનો હક છે, ટકીમહમદ મંડલ વિ. ક્રીસ્તો નાથરાય વિગેરે. ૧૫ વિ. રી. ૫૩; ૭ બેં. લો. રી. ૭.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ અને એનસલી જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રીલ સને ૧૮૭૧.)

નંદલાલ સુત્રોધર વિ. ભાગીરતી સુત્રનના કેસમાં જુદો અભીપ્રાય લેવામાં આવે છે. ૧૦ વિ. રી. ૩૧. જુઓ જુદો લેખ. ૨૪

ભાશુ બારીકાના કેસના રેફરન્સમાં આધાર પ્રમાણે ચાલવામાં આવ્યું હતું. ૧૬ વિ. રી. ૬૭. જુઓ જુદું તોહોમત ૩૯.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રાણુ વી૦ અબદુલ બીસ્વાસ ૭. બેં. લો. રી. ૮ ન જુઓ માંડી વાળવું ફરીઆદનું ૧૫.

રાણી વિ૦ ભગાબટ સુથરામ, ૭ બેં લો. રી. ૯ ન. જુઓ માંડીવાળવું ફરીઆદનું ૧૩.

રાણી વી૦ બેડર ઘોસ, ૭ બેં. લો. રી.

૯ ન. જુઓ માંડીવાળવું ફરીઆદનું ૧૩.

૯ છુટકો—કમીટ કરવું તે—સને ૧૮૬૯ નો ૮ મો કલમ ૪૩૫—સેસન કોર્ટ રજુઆત ચલાવી શકે એવા ગુન્હાને માટે કોઈ માણસને ડેપ્યુટી માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવી છોડી મુકયો હોય તો સને ૧૮૬૯ ના આકટ ૮ માની કલમ ૪૩૫ મુજબ સેસન જડજને એવો કેસ કમીટ કરવાનો હુકમ કરવામાં બાધ લાગતો નથી. રાણી વિ૦ શ્રીનાથ રે અપેલેન્ટ, ૧૫ વિ૦ રી૦ ૬૧.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા. ૨૯ મી એપ્રીલ સને ૧૮૭૧.)

૧૦ છુટકો—નિર્દોષ ઠરાવી છોડી મુકવુ તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ કોઈ માણસને છોડી મુકવામાં આવ્યો હોય તો તે નિર્દોષ ઠરાવી છોડી મુકેલો ગણાતો નથી. રાણી વિરૂધ્ધ હરપ્રસાદ, ૪ વા. રી. પ્રાં. ૨૩.

(મી૦ સ્પેન્કી જડજની રૂબરૂ, તા૦ ૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૨).

૧૧ છુટકો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—સેસન કોર્ટનો અધીકાર—ફરીથી કેસ પાછો મોકલવો તે—"તજવીજ સીવાય" એ શબ્દોનો અર્થ—કેસની તજવીજ કર્યા પછી માજીસ્ત્રેટે તોહોમતદારને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ છોડી દીધો હોય તો વધારે તપાસ કરવાને માટે સેસન કોર્ટ કલમ ૪૩૫ મુજબ ફરીથી કેસ પાછો મોકલીશકે નહી. એચ. પી. કાસર્પેસૈઝની અરજીની બાબતમાં, ૯ બેં. લો. રી. ૩૩૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી માર્ચ સને ૧૮૭૨).

જીઆત સાહુની અરજીની બાબતમાં નજર રાખવામાં આવી હતી, ૯ બેં. લો. રી. ૩૩૯ જુઓ છુટકો ૧૩.

૧૨ છુટકો—માજીસ્ત્રેટનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૦—સેસન જડજનો ખોટા હુકમનો માજીસ્ત્રેટે અમલ કરેલો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ તોહોમતદારને છોડી મુકયા પછી કામની બાબતો ઉપરથી ફરીથી કેસ ચલાવવા માજીસ્ત્રેટને અગત્ય જણાય તો તે ફરીથી કેસ ચલાવી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી શકે છે, અને સેસન જડજના ભુલ ભરેલા હુકમથી તેને કેસની રજુઆત ફરીથી ચલાવી હોય તો તેના કારણ ઉપરથી તેનો મુકરદમો અથવા શિક્ષા રદ કરી શકાય નહી. જીન્ટ શાહુ વિ. લીકનરોય, ૧૮ વિ. રી. ૩૯; બેં. લો. રી. ૩૩૯.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી અગસ્ટ સને ૧૮૭૨).

રાણી વિ. ડોનેલીના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૨ ક. ૪૦૫. જુઓ છુટકો ૨૮.

રાણી વિ. ગાઉડાપા ઉરફે વેન્કુગાઉડા, ઈ. લો. રી. ૨ મું. ૫૩૪. જુઓ છુટકો ૨૯.

એચ. પી. કાર્પેસૈઝ વિ. રાની ગંગી કોલ કંપનીના કામમાં અર્થ કરી બતાવવામાં આવે છે. ૧૮ વિ.રી.૩૯ ન. જુઓ છુટકો ૧૧.

૧૩ છુટકો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૫૦, ૪૩૫—માજીસ્ત્રેટની ફરીથી તપાસ—સેસન કોર્ટનો અધીકાર—ફરીથી કેસ પાછો મોકલવો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ કોઈ તોહોમતદારને માજીસ્ત્રેટે છોડી મુકયો હોય અને પછીથી વધારે તજવીજ કરવાને સેસન જડજે કેસ પાછો મોકલ્યો હોય અને તેની ફરીથી તજવીજ કરી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો સેસન જડજને ફરીથી કેસ પાછો મોકલવાનો હુકમ કરવાનો અધીકાર નથી એવું ઠરાવીને શિક્ષા હાઈ કોર્ટે બાહાલ રાખી. જીઆત શાહુની અરજીની બાબતમાં, ૯ બેં. લો. રી. ૩૩૯; ૧૮ વિ. રી. ૩૯.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એ નસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી અગષ્ટ સને ૧૮૭૨).

એચ. પી. કાપ્સઝની અરજીની બાબ તમાં નજર રાખવામાં આવે છે. જુઓ છુટ કો ૧૧.

૧૪ છુટકો–ફરીથી પકડવું તે—સબ ઈનસ્પેકટર–કેદી જેની રજુઆત ચલાવવાને મોકલવામાં આવ્યો હતોઅને જેને ડેપ્યુટી માજીસ્ટ્રેટે છોડી મુકયો હતો તેને પછીથી તે જ તોહોમત ઉપરથી સબ ઈનસ્પેકટરે પકડયો હતો અને તેની રજુઆત ચલાવવાને મોકલ વામાં આવ્યો હતો. બીજી વાર ગેરકાયદેસર પકડયો છે એવું ડેપ્યુટી માજીસ્ટ્રેટે ધારી કાય દા વિરૂદ્ધ કેદને માટે સબ ઈનસ્પેકટરનું કા મ ચલાવી તેનો દંડ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ડેપ્યુટી માજીસ્ટ્રેટનો હુકમ કાયદેસર હતો કારણ કે મુકેલા તોહોમતનું કામ કાંઈ પણ નવી અગત્યની બાબત મળી આવ્યા શી વાય ચલાવી તોહોમતદારને ફરીથી તરતજ પ કડવો અને પકડીને તેને છોડી મુકવો એ ન કામું છે. રામદાસ સાધુ વિ. અનંદચંદરરોય, ૯ વિ. રી. ૨૭.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજો ની રૂબરૂ. તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૮૭૩).

૧૫ છુટકો—કમીટ કરવું તે-સેસન જ ડજ—સને ૧૮૭૨નો ૧૦મો ક્રીમીનલ પ્રોસી જર કોડ કલમ ૨૯૬—કાયદેસર પુરાવામાં લેવાય એવી કોઈ ખોટી બાબત ખરી છે એ વું બતાવી કામમાં લેવાને માટે તોહોમતદાર ઉપર કોઈ કેસમાં પીનલકોડની કલમ ૨૦૦ મુજબ તોહોમત રાખવામાં આવ્યું હતું. પુ રાવો લીધા પછી તોહોમત સાબીત થતું ન થી અને પુરાવા ઉપરથી કેદી ઉપર બીજુ કાં ઇ તોહોમત વાજબી રીતે રાખી શકાતું નથી એવું ધારીને માજીસ્ટ્રેટે કેદીને છોડી મુકયો. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ ચાલીને સેસન જડજે જુઠા લેખને માટે રજુ આત ચલાવવાને કામ કમીટ કરવાનો માજી સ્ટ્રેટને હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે સેસન જડજનો હુકમ ગેરકાયદેસર હતો, પેહે લું કારણ એ કે કીયો દસ્તાવેજ જુઠો હતો અને કઈ બાબતના સબંધમાં તે જુઠો હતો એ નહી બતાવ્યાથી તે અમુકરર અને અ નિશ્ચીત હતો, બીજુ કારણ એ કે જે ગુન્હા ને માટે કામ કમીટ કરવાનું હતું તે ગુન્હા નું તોહોમત કોઈ પણ રીતે તોહોમતદાર ઉ પર માજીસ્ટ્રેટની રૂબરૂ રાખવામાં આવ્યું નો હોતું અને જે ગુન્હાનું તોહોમત પ્રથમ કામ ચલાવતી વખતે માજીસ્ટ્રેટે રાખેલું હોય અ થવા જે ગુન્હાની વાસ્તવીક રીતે ફરીઆદી થઈ હોય અને તેને વારટમાં બતાવવામાં આ વ્યો હોય તેવાજ ગુન્હાને માટે કામ કમીટ કરવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલ મ ૨૯૬ મુજબ માજીસ્ટ્રેટને કરવાનો અખતી યાર છે રાણી વિ. તારકનાથ મુકરજી ૧૯ વિ. રી. ૩૦; ૧૦ બેં. લો. રી. ૨૮૫.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજો ની રૂબરૂ. તા૦ ૩૧ મી જાનેવારી સને ૧૮૭૩.)

જોયકરનસીંગ વિ. માનપાઠકકારપરકાશ ના કામમાં આધાર ઉપર નજર રાખવામાં આવી હતી. ૨૧ વિ. રી. ૪૧. જુઓ કમીટ કરવું તે ૬૨.

રાણી વિ. કીષ્ણભટના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૧૦ મું. ૩૧૯. જુઓ કમીટ કરવું તે ૬૯.

૧૬ છુટકો—સેસન કોર્ટ લાયક કેસોમાં માજીસ્ટ્રેટની પ્રથમની તપાસ—તોહોમતદારને છોડી મુકવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૨, ૨૦૭ ૨૨૫-ડેપ્યુટી કમીશનરે તોહોમતદાર ઉપર જુ ઠો લેખ બનાવાનું અને જુઠો દસ્તાવેજ કામ માં લેવાનું એ બંને તોહોમતો રાખીને કામ ચ લાવતી વખતે તોહોમતદારને હકીકત આપવા ને બોલાવ્યા પછી તેનો બીજો જવાબ લીધાં સીવાય અને ફરીઆદી તરફના અને કેદી તર ફના સઘળા સાક્ષીઓની જુબાની લીધા પછી

તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકયો હો ય તો એમ ઠરાવવામાં આવ્યું કે આ રજુઆત કેહેવાય નહી પણ સને ૧૮૬૧ ના ૨૫ મા આકટના પ્રકરણ ૧૨ મુજબ મુકરદમો ચલાવેલો હતો; અને તે આકટની કલમ ૨૦૨ મુજબ તોહોમતદારની જુબાની લેવી અને કલમ ૨૦૭ મુજબ તેના તરફના સાક્ષીઓ લેવા તે માજીસ્રેટની મરજી ઉપર છે, અને કોઈ કેસમાં માજીસ્રેટને એમ માલમ પડે કે તોહોમતદારને સેસન કોર્ટમાં કમીટ કરવાને કાંઈ પુરતુ કારણ નથી તો કલમ ૨૨૫ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાને તેને અખતીયાર છે.

રાજા નીલમોનીસીંગ ડીઓ બાહાદુર. વિ. ઉમાચરનરોય અને બીજો, ૧૯ વિ. રી. ૪૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી માર્ચ સને ૧૮૭૩).

૧૭ છુટકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૬, ૨૯૭—સને ૧૮૭૨ ના આકટ ૧૦ મા ની કલમ ૨૯૭ મુજબ હાઇ કોર્ટ તોહોમતદારની રજુઆત ચલાવવાને હુકમ કરી શકે છે એટલું જ નહી પણ તે કોર્ટને એમ માલમ પડે કે તોહોમતદારને ગેરવાજબી રીતે છોડી દેવામાં આવ્યો હતો તો તેની રજુઆત ચલાવવાને માટે કામ કમીટ કરવાનો હુકમ કરી શકે છે; પણ કલમ ૨૯૬ માં "તેની રજુઆત ચલાવવાનો હુકમ" એ શબ્દો નહી હોવાથી એમ જણાઈ આવે છે કે એવા કામનો હાથ નીચેની કોર્ટમાં વધારે પુરાવો લેવાને માટે માજીસ્રેટ તે કલમ મુજબ હુકમ કરી શકે નહી. પ્રોસોનોકુમાર ઘોસ અરજદાર, ૧૯ વિ. રી. ૫૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી એપ્રીલ સને ૧૮૭૩).

૧૮ છુટકો—કેસ ફરીથી ચલાવવો તે—જે કેસમાં તોહોમતદારને છોડી મુકવામાં આવ્યો હોય તેવો કેસ ફરીથી ચલાવવાને ડીસ્ટ્રીકટ માજીસ્રેટ હાથ નીચેના માજીસ્રેટને હુકમ કરી શકે છે. હરીસીંગ વિરૂદ્ધ ડેનીસમહમદ વિગેરે, ૨૦ વિ. રી. ૪૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧ લી જુલાઈ સને ૧૮૭૩).

ક્રીસ્ટોરામ મોહારા વિરૂદ્ધ આનીસના કામમાં આધાર રાખવામાં આવે છે, ૨૦ વિ૦ રી૦ ૪૭. જુઓ છુટકો ૧૯.

રાણી વિરૂદ્ધ ડોનેલીના કામમાં નજર રાખવામાં આવી હતી, ઈ. લો. રી. ૨ ક. ૪૦૫. જુઓ છુટકો ૨૮.

રાણી વિ. ગાઉડાપા ઉર્ફે વેન્ડુગાઉડા, ઈ. લો. રી. ૨ મું. ૫૩૪. જુઓ છુટકો ૨૯.

૧૯ છુટકો—ફરીથી કેસ ચલાવવો તે—ફરીઆદ—કેસ પાછો મોકલવો તે—જોઈન્ટ માજીસ્રેટની રૂબરૂ ચાલેલા કેસમાં ફરીઆદી તરફથી પુરાવો લીધા સીવાય તોહોમતદારને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ છોડી દેવામાં આવ્યો હતો, અને ફરીઆદીની અરજી ઉપરથી માજીસ્રેટે કેસ જોઈન્ટ માજીસ્રેટ તરફ પાછો મોકલી એવો હુકમ કર્યો કે જ્યાંથી કેસ બાકી રહ્યો છે ત્યાંથી ચલાવવો જોઈએ. એમ ઠરાવવામાં આવ્યું કે છોડી મુકવું એ નિર્દોષ ઠરાવીને છોડી મુકવાની બરોબર નહી હોવાથી માજીસ્રેટને યોગ્ય કારણ માલમ પડે તો ફરીઆદ લેઈ હાથ નીચેના અમલદાર તરફ તપાસ કરવાને તેનાથી મોકલી શકાય પણ કેસ પાછો મોકલી ફરીથી ચલાવવાનો જે હુકમ તેણે કર્યો તે હુકમ કરવાનો અધીકાર નથી. ક્રીસ્ટોરામ મોહારા વિરૂદ્ધ આનીસ વિગેરે, ૨૦ વિ. રી. ૪૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧ લી જુલાઈ સને ૧૮૭૩).

ડીજાબરદતના કામની અરજીમાં મંજુર રાખવામાં આવ્યું, ઈ. લો. રી. ૪ ક. ૫૪૭. જુઓ છુટકો ૩૧.

હરીસીંગ વિરૂદ્ધ ડેનીસમહમદના કામમાં આધાર રાખવામાં આવ્યો, ૨૦ વિ. રી. ૪૯. જુઓ છુટકો ૧૮.

નુર મહમદ અરજદારની બાબતમાં આધાર રાખવામાં આવ્યો હતો. ૨૫ વિ. રી. ૩૧. જુઓ પુરાવો ૪૭.

રાણી વિ. ડોનેલીના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ૦ લો૦ રી૦ ૨ ક. ૪૦૫. જુઓ છુટકો ૨૮.

રાણી વીરૂદ્ધ દોરાબજી હોરમસજીના કામમાં નજર રાખવામાં આવી હતી, ઇ૦ લો. રી, ૧૦ મું. ૧૩૧. જુઓ વધારે તપાસ ૪.

૨૦ છુટકો—સાહેદી—ફરીઆદી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૧૫, ૩૫૧—ફરીઆદીએ નામ આપેલા સાહેદીઓની જુબાનીઓ લેતાં સુધી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ છોડી દેવાનો હુકમ કરી શકાય નહીં, હાજર નહીં થએલા માણસની જુબાની કામમાં અગત્યની છે એવું માજીસ્ત્રેટને લાગે તો એમ ઠરાવવામાં આવ્યું કે કલમ ૩૫૧ મુજબ એવા માણસ ઉપર સાહેદી તરીકે સમન કાડવો જોઇએ. સુંદરલકર વિરૂદ્ધ રામકુમાર સીરદાર અને બીજો, ૨૦ વિ૦ રી૦ ૬૭.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી સપટંબર સને ૧૮૭૩).

૨૧ છુટકો—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સાહેદી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૦ અને ૨૧૫—ફરીઆદી તરફના સઘળા સાહેદીઓની જુબાનીઓ લીધા શીવાય, સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૧૫ મુજબ છોડી દેવાનો હુકમ થઈ શકે નહીં; અને તે કોડની કલમ ૨૨૦ મુજબ તોહોમત ઘડ્યા શીવાય નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ઠરાવ લખી શકાય નહીં, રાણી વિરૂદ્ધ જાપીત આહીર ઉરફે લાલજી, ૨૨ વિ. રી. ૨૫.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુન સને ૧૮૭૪).

૨૨ છુટકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૭ મું—વારંટ કેસો—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માના પ્રકરણ ૧૭ મા માં બતાવેલા કેસોમાં તે પ્રકરણમાં બતાવ્યા મુજબ તજવીજ કરતાં સુધી માજીસ્ત્રેટે છોડી મુકવાનો હુકમ કરવો જોઈએ નહીં. ન્યુઆરની બાબતમાં, ૭ બા. હી. પ્રો. ૨૩૦.

(મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૯ મી એપ્રીલ સને ૧૮૭૫).

૨૩ છુટકો—વારંટ કેસો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૫—ફરીઆદીના અને તોહોમતદારના સાહેદીઓ હાજર હતા તો પણ વારંટ કેસમાં પોલીસના રીપોર્ટ ઉપરથી ડેપ્યુટી માજીસ્ત્રેટે તોહોમતદારને છોડી મુકયો, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે તેનો ઠરાવ કાયદા વિરૂદ્ધ છે. કારણ કે તોહોમતદારને છોડી મુકયા પહેલાં ફરીઆદીનો પુરાવો લેવાને તે બંધાએલો હતો. મીરઆઝીમઅલી વિરૂદ્ધ હરનામદાસ, ૨૪ વિ. રી. ૯.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જુન સને ૧૮૭૫).

૨૪ છુટકો—સને ૧૮૭૨ ના ૧૦ માની કલમ ૨૧૫ મુજબ છોડી મુકવું તે—ફરીથી કામ ચલાવવું તે—મુકરદમો ચલાવવામાં અગત્યની ભુલ—બરાકપુરના કેન્ટોનમેન્ટ માજીસ્ત્રેટે ફરીઆદી તરફના સાહેદીઓની જુબાનીઓ લીધા પછી તોહોમતદારને વ્યથાના ગુન્હામાંથી છોડી મુકયો. ફરીઆદીએ તેના બધા સાહેદીઓ લેવાયા નથી એવું સામેના પક્ષકારની ગેરહાજરીમાં બતાવીને ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ પાસેથી જોઈન્ટ માજીસ્ત્રેટ તરફ કેસ મોકલી તેની ફરીથી રજુઆત ચલાવવાને માટે હુકમ મેળવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ રજુઆત ચલાવી છોડી દેવામાં આવેલો હતો તેથી કેસ

ની ફકત હાઈ કોર્ટના હુકમથી ફરીથી તપાસ કરી શકાય; મુકરદમો ચલાવવામાં અને કેસ ફરીથી ચલાવવાનો હુકમ કરવામાં માજીસ્ત્રેટની અગત્યની ભુલ હતી તેથી પાછળનો ચાલેલો સઘળો મુકરદમો રદ કરવો જોઇએ. હાઈ કોર્ટને આ કામની ફરીથી તપાસ કરવાનો હુકમ કરવાને કાંઈ કારણ માલમ પડયું નહીં.

(મેસર્સ મેકફરસન, માર્કબાય અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી માર્ચ સને ૧૮૭૬).

૨૫ છુટકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૪, ૨૯૫, ૨૯૭—મુકરદમો ફરીથી ચલાવવો તે—પુરાવો લીધા પછી હાથ નીચેના માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ જે અરજદારોને છોડી મુકયા હતા તે અરજદારોની સામે ફોજદારી કેસ ફરીથી ચલાવવાને માટે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે હુકમ કરેલો તે ગેરકાયદેસર અને અધીકાર વિનાનો ગણી રદ કરવામાં આવ્યો હતો. કાયદા વિરૂદ્ધ છોડી મુકેલો કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૫ મુજબ માજીસ્ત્રેટ અગાડી આવવાથી સુલભ રસ્તો એ હતો કે તેણે કેસ હાઇ કોર્ટના હુકમને માટે રીપોર્ટ કરવો હતો, અને તોહોમતદાર ગેરવાજબી રીતે છુટી ગયો છે એવું તે કોર્ટને માલમ પડત તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ કેસ ફરીથી ચલાવવાનો હુકમ કરત. મી૦ પ્રીનસેપના ટીકાવાળા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ ની ટીકામાં બતાવેલો સીડયા ઉરફે સત્યાનો રીપોર્ટમાં નહી આવેલા ફેંસલામાં આનાથી જુદો મત બતાવવામાં આવ્યો હતો. મોહેશ મીસ્ત્રી અને બીજાની અરજીની બાબતમાં, ઈ. લો. રી. ૧ ક. ૨૮૨; ૨૫ વિ. રી. ૩૦.

(મેસર્સ મેકફરસન, માર્કબાય અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી માર્ચ સને ૧૮૭૬).

કુનંદ નારાયણ ભુપની અરજીની બાબતમાં બાહાલ રાખવામાં આવ્યો હતો, ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૬૫૦. જુઓ કબજો ૧૧૩.

રાણી વિ. ભુપસીંગના કામમાં તફાવત બતાવવામાં આવ્યો, ઈ. લો. રી. ૨ અ. ૫૭૦. જુઓ છુટકો ૩૩.

રાણી વિરૂદ્ધ ગાઉડાપા ઉરફે વેન્કુગાઉડાના કામમાં આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૨ મું૦ ૫૩૪. જુઓ છુટકો ૨૯.

રાણી વિ. ડોનેલીના કામમાં નજર રાખવામાં આવી હતી, ઈ૦ લો૦ રી૦ ૨ ક૦ ૪૦૫. જુઓ છુટકો ૨૮.

૨૬ છુટકો—છોડી દીધા પછી ફરીઆદ ફરીથી ચલાવવી તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૦ મુજબ કોઇ કામમાં ડેપ્યુટી માજીસ્ત્રેટે ફરીઆદીને, ફરીઆદ જે ભારે ગુન્હાની નોહોતી તે ખેંચી લેવા દેઈને, તોહોમતદારને છોડી મુકેલો તે કેસ કમીશનરના કેહેવાથી ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે તોહોમતદારની વિરૂદ્ધ ફરીથી ચલાવેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ત્રેટને તેમ કરવાનો અધીકાર નોહોતો. રાણી વિરૂધ ઝુરૂલ હક વિગેરે, ૨૫ વિ. રી. ૬૪.

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુન સને ૧૮૭૬).

૨૭ છુટકો—ગેરવાજબી છોડી મુકવું તે—રજુઆત ચલાવવાનો હુકમ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭—હાઈ કોર્ટની સતા—કોઈ માણસને કાયદા વિરૂદ્ધ છોડી દેવામાં આવ્યો છે કે શી રીતે એ બાબત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ ધ્યાનમાં લેતાં હાઈ કોર્ટ ફકત કાયદા સંબંધી ભુલ જોઈ શકે એટલુંજ નહી, પણ પુરાવાની હકીકત ઉપરથી તોહોમતદાર સામે જે ગુન્હો સાબીત થઈ શકે છે અને જેને માટે તેનો જવાબ લેવાની જરૂર છે તેવો ગુન્હો ચલાવવાનો હુકમ કરી શકે છે. કામની રજુઆત ચલાવવાનો અથવા તપાસ કરવાનો હુકમ સેસન જડજને કરવાનો અધીકાર નથી તોપણ હુકમ બીજી રીતે કાયદેસર હોવાથી તે રદ નહીં કરતાં હાઈ કોર્ટ પોતે હુકમ કર્યો છે. એમ ગણ્યું ટ્રાયલખોનાથ મીત

૨ અને બીજો અરજદારો, ૧ ક. લો. રી. ૮૩

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ જડ જોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુન સને ૧૮૭૭).

૨૮ છુટકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૫—મુકરદ મો ચલાવવો તે–પુરાવો–માજીસ્ટ્રેટ—યોગ્ય સાહેદી—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ તોહોમતદારને કોઈ કેસમાં છોડી મુકયો હોય અને કામ ચાલતી વખતે જે પુરાવો મળી આવ્યો હતો તેના કરતાં બીજો વધારે પુરાવો પછી ના મળી આવતો હોય તેવો કેસ માજીસ્ટ્રેટ મંગાવી ફરીથી પોતે ચલાવે તો તે ગેરકાયદેસર અને તેના અધીકાર વિરૂધ ગણાય છે. મી૦ માર્કબાય જડજનો મત—કોઈ કેસમાં ગેરવાજબી રીતે છોડી દેવામાં આવ્યો હોય તો માજીસ્ટ્રેટને સુલભ રસ્તો એ છે કે હાઈ કોર્ટના હુકમને માટે કેસનો રીપોર્ટ કરવો જોઈએ અને જો તે કોર્ટને એમ લાગે કે તોહોમતદાતને ગેરવાજબી રીતે છોડી દેવામાં આવ્યો છે તો કામ ફરીથી ચલાવવાને હુકમ આપી શકે. જે કેસમાં માજીસ્ટ્રેટ પોતે એકલો કાયદા અને હકીકતનો ઇનસાફદાર હોય તેવા કેસમાં પોતે સાક્ષી થઈ શકે.નહી. મી૦ માર્કબાય જડજનો મત—આવા કેસમાં જો માજીસ્ટ્રેટે જુબાની આપી હોય, અને તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તેના એવી રીતે ચાલવાથી શીક્ષા ગેરકાયદેસર ગણાય છે. મી૦ પ્રીનસેપ જડજનો મત—શીક્ષા તદન ગેરકાયદેસર ગણાતી નથી. જો કોર્ટને એમ લાગે કે માજીસ્ટ્રેટની જુબાની કામમાંથી કાઢી લેઈએ અને કામનો બીજો પુરાવો ધ્યાનમાં લેવાથી શિક્ષા થઈ શકે તેવું છે તો કોર્ટ શીક્ષા કાયમ રાખી શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ આવી રીતની પદ્ધતિ હોવાથી કોર્ટે પુરાવામાં માજીસ્ટ્રેટની જુબાની લેવાની ના પાડી. રાણી વિ. ડોનેલી, ઈ. લો. રી. ૨ ક. ૪૦૫.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજો ની રૂબરૂ, તા૦ ૧૫ મી, ૧૮ મી અને ૨૧ મી જુન સને ૧૮૭૭).

રાણી વિ. હરીડાયલ કારમોકરના કામ માં આધાર રાખવામાં આવ્યો હતો. ઈ. લો. રી. ૪ ક. ૧૬. જુઓ છુટકો ૩૦.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી છે:—

રાણી વિ. ટીલકુ ગોલા, ૮ વિ. રી. ૬૧ જુઓ કમીટ કરવું તે ૧૫,

કીસોરસીંઘ વિ. ગનેશ મુકરજી, ૯ વિ. રી. ૧૫૨. જુઓ જુઠો પુરાવો ૮૮.

રામજોય મોઝુમદારની બાબતમાં, ૧૪ વિ, રી. ૬૫. જુઓ છુટકો ૭.

જીન્ટ શાહુ વિ ભીકનરોય, ૧૮ વિ. રી. ૩૯. જુઓ છુટકો ૧૨.

હરીસીંઘ વિ. ડેનીશમહમદ, ૨૦ વિ. રી. ૪૬. જુઓ છુટકો ૧૮.

કીસ્તોરામ મોહારા, ૨૦ વિ. રી. ૪૭. જુઓ છુટકો ૧૯.

રાણી વિ. મુકતાસીંઘ, ૪ બેં લો. રી. કી.અ. ૧૫; ૧૩ વિ.રી.૬૦. જુઓ શાહેદી ૫.

મોહેશ મીસ્ત્રીની બાબતમાં, ઈ. લો. રી. ૧ ક. ૨૮૨. જુઓ છુટકો ૨૫.

રાણી વિ. ભોળાનાથ સેન, ઈ. લો. રી. ૨ ક. ૨૩. જુઓ અવ્યવસ્થા ૭.

રાણી વિ. ગાઉડાપા ઉરફે વેન્કુગાઉડાના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈ. લો. રી. ૨ મું. ૫૩૪. જુઓ છુટકો ૨૯.

૨૯ છુટકો—ફરીઆદી ફરીથી ચલાવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રો. કોડ કલમો ૪૪, ૧૪૨, ૨૧૫, ૨૯૫ અને ૨૯૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ હાથ નીચેના માજીસ્ટ્રેટે તોહોમતદારને કોઈ કેસમાં છોડી મુકયો હોય અને તે કેસના કાગળો ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને મંગાવી જોયા થી તેને એમ લાગે કે ગેરવાજબી છોડી મુકેલો છે તો સુલભ રસ્તો એ છે કે ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટે હાઈ કોર્ટના હુકમને માટે કામના કાગળો મોકલવા જોઈએ અને હાથ નીચેના માજીસ્ટ્રેટને કામની નવેસરથી તપાસ કરવાને હુકમ કરવો જોઈએ નહીં. રાણી વીરૂદ્ધ ગાઉડાપા, ઈ૦ લો૦ રી૦ ૨ મું૦ ૫૩૪.

(મેસર્સ મેલવીલ અને કેમબોલ જડ જોની રૂબરૂ, તા૦ ૨૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮).

મોહેશ મીસ્ત્રીની અરજીની બાબતમાં આધાર રાખવામાં આવે છે. ઈં૦ લો. રી. ૧ ક. ૨૮૨. જુઓ છુટકો ૨૫.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રામજોય મોઝુમદારની અરજીની બાબતમાં. ૧૪ વિ૦ રી. ૬૫. જુઓ છુટકો ૭.

જીન્તુશાહુ વિરૂદ્ધ ભીકનરોય, ૧૮ વિ. રી ૩૯. જુઓ છુટકો ૧૨.

હરીસીંઘ વિ, ડેનીશ મહમદ, ૨૦ વિ૦ રી૦ ૪૬. જુઓ છુટકો ૧૮.

રાણી વિ૦ ડોનેલી, ઈં૦ લો૦ રી૦ ૨ ક ૪૦૫. જુઓ છુટકો ૨૮,

મુંબાઇ સરકાર વિ૦ શીદાપાના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈં૦ લો૦ રી૦ ૫ મું. ૪૦૫. જુઓ માંડી વાળવુ ફરીઆદનું ૩૮.

૩૦ છુટકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૯૫, ૨૯૫, ૨૯૬—હકુમત–પેહેલો પુરાવો—મુકરદમો ફરીથી ચલાવવો તે – પીનલકોડની કલમ ૩૮૦ મુજબ કામ ચલાવીને ડેપ્યુટી માજીસ્ત્રેટે તેના ધારવા પ્રમાણે કામમાં કાંઇ ઉપયોગનો ના હોય એવો પુરાવો લીધા શીવાય કેસ માંડી વાળવાથી ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટે ફરીઆદીની અરજી ઉપરથી પુરાવો લેઈ કામ સેસન કોર્ટમાં કમીટ કર્યું. હાઈ કોર્ટમાં રેફરન્સ કરવાથી એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ ના " સેસન કેસ " એ શબ્દો ખાસ સેસન કોર્ટ ચલાવી શકે તેવા કેસને લાગુ પડે છે, તેથી તે કલમ મુજબ માજીસ્ત્રેટનો હુકમ મંજુર રાખી શકાય નહીં પણ ડેપ્યુટી માજીસ્ત્રેટે કામનો પુરાવો લીધો તેના કરતાં બીજો પુરાવો મળી આવવાથી, રાણી વી૦ ડોનેલી ઈં૦ લો૦ રી૦ ૨ ક. ૪૦૫) ના ફેસલાના આધાર પ્રમાણે તે મંજુર રહી શકે તેવું હતું. રાણી વિ૦ હેરી રૉયલ કારમોકર, ઈં૦ લો૦ રી૦ ૪ ક. ૧૬; ૩ લો. રી. ૨૬૩.

(મેસર્સ માર્કબાય અને પ્રીન્સેપ જડજોની રૂબરૂ, તા૦ ૩ જુલાઇ સને ૧૮૭૮).

રાણી વી૦ ડોનેલીના કામ ઉપર આધાર રાખવામાં આવે છે. ઈં૦ લો૦ રી૦ ૨ ક. ૪૦૫. જુઓ છુટકો ૨૮.

૩૧ છુટકો—છોડી મુકવાનો હુકમ કરવો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૫, ૨૯૭—કેસ ફરીથી ચલાવવાને પાછો મોકલવાનો હુકમ પાછળથી કરેલો તે—પદ્ધતિ—કોઈ કેસ એક વખત માંડી વાળ્યા પછી તે કેસ પાછો ચલાવવાને ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટનો, હાથ નીચેના માજીસ્ત્રેટને હુકમ કરવાનો અધીકાર નથી; એવી બાબતમાં પેહેલો રસ્તો એ છે કે કેસ માંડી વાળ્યો તે વખતે કોર્ટની રૂબરૂ ના હોય એવા નવા પુરાવાથી સાબીત થાય તેવી નવી ફરીઆદ લેવી જોઈએ; અને બીજો રસ્તો એ છે કે વધારે પુરાવો ન મળી આવતો હોય તો સને ૧૮૭૨ ના આકટ ૧૦માની કલમ ૨૯૬ મુજબ હાઈ કોર્ટના હુકમને માટે કેસનો રીપોર્ટ કરવો જોઈએ. ઠિન્નહર દતની અરજીની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૪ ક. ૬૪૭.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જાનેવારી સને ૧૮૭૯.)

કીસ્તોરામ મોહરા વિ. આનીસના કામમાં મંજુર રાખવામાં આવે છે. ૨૦ વિ. રી. ૪૭. જુઓ છુટકો ૧૯.

૩૨ છુટકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૪૯૧—સુલેહનો ભંગ–મુકરદમો ચલાવવો બંધ રાખવો તેની અસર—કારણ બતાવવાને બોલાવેલો માણસ, તકરારી મીલકત જેના સબંધી સુલેહનો ભંગ થવાનો સંભવ છે તે ઉપર પોતાનો દાવો છે એવો હક દિવાની કોર્ટમાં જ્યાં સુધી સાબીત કરે નહી ત્યાં સુધી ક્રીમીનલ પ્રોસીજર કોડ

ની કલમ ૪૯૧ મુજબ મુકરદમો ચલાવવો બંધ રાખવાનો હુકમ કરેલો તે છોડી મુકવા ના હુકમની બરોબર છે. રાણી વિ. ધુનીરામ, ૫ ક. લો. રી. ૩૬૬.

(મેસર્સ મોરીસ અને પ્રીનસેપ જડજો ની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૭૯.)

૩૩ છુટકો—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૧૫ મુજબ તોહોમતદારોને છોડી મુકવાનો હુકમ કરેલો તે—સેસન કોર્ટ ના કેહેવાથી મુકરદમો ફરીથી નવેસરથી ચલાવવો તે—તોહોમતદારોને કમીટ કર વા તે—સને ૧૮૭૨ નો ૧૦મો ક્રીમીન લ પ્રોસીજર કોડ કલમો ૪૪, ૨૯૬—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૬૩, ૪૨૦—પીનલકોડની કલમ ૪૧૭ મુજબ કેટલાક માણુસો ઉપર તોહોમત રાખી તજવીજ ચલાવી માજીસ્ત્રેટેસને ૧૮૭૨નો ૧૦મો ક્રી. પ્રો. કોડની ક. ૨૧૫ મુજબ તેમને છોડી મુકયા હતા. તોહોમતદારોને ગેરવાજબી રીતે છોડી દેવામાં આવ્યા છે એવું સેસન કોર્ટે ધારીને કામના કાગળો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ ત રફ મોકલી તેને એવી સુચના આપી કે તા બાના માજીસ્ત્રેટ ઉપર હુકમ લખી, જે ગુન્હા ને માટે તોહોમતદારને છોડી દેવામાં આવ્યો છે તેના સીવાય બીજો ગુન્હો જે કામના પુ રાવા ઉપરથી થએલો માલમ પડે તેની તજ વીજ કરવાને માટે કેસ મોકલવો જોઈએ. તાબાનો માજીસ્ત્રેટ જેની તરફ કેસ મોકલવા માં આવ્યો હતો, તેણે તજવીજ કરી પીનલ કોડની કલમો ૩૬૩ અને ૪૨૦ મુજબ તોહો મતદાર ઉપર તોહોમતો રાખી કામ સેસન ક મીટ કર્યું. તકરાર બતાવવામાં આવી હતી કે ક્રીમીનલ પ્રોસીજર કોડના કલમ ૨૯૬ મુજબ "તોહોમતદારને કમીટ કરવાનો" હુકમ કરવાનો સેસન કોર્ટને અખ્તીકાર નથી કારણ કે તે કલમના અર્થ મુજબ "સેસન કોરટ લાયક" કેસ નથી તેથી કમીટ કરવાનો હુક મ ગેરકાયદેસર છે. એમ ઠરાવવામાં આવ્યું કે તે કલમના અર્થ મુજબ "કમીટ કરવાનો હુકમ" એટલે તજવીજ કર્યા શીવાય એકદમ તોહોમતદારને સેસન કોર્ટમાં કમીટ કરવો એ વું કાંઈ નહોતું અને સેસન કોર્ટના કહેવાથી તજવીજ થએલી કે શી રીતે એ કાંઇ અગત્યનુ નથી. અને પીનલકોડની કલમો ૩૬૩ અને ૪૨૦ મુજબ રાખેલા તોહોમતોની તાબાના માજીસ્ત્રે ટે કાયદેસર તજવીજ કરી હતી તેથી કમીટ કરેલું ગેરવાજબી કહી શકાય નહી. રાણી વિ. ભુપસીંગ, ઈ. લો. રી. ૨ અ. ૫૭૦.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૩૧ મી ડીસેંબર સને ૧૮૭૯).

મોહેશ મીસ્ત્રીની બાબતમાં તફાવત બ તાવવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૧ ક. ૨૮૨. જુઓ છુટકો ૨૫.

રાણી વિરૂદ્ધ સીતલપ્રસાદના કામમાં ત ફાવત બતાવવામાં આવે છે. ૫ નો. વે. પ્રો. ૧૬૮. જુઓ કમીટ કરવું તે ૬૦.

રાણી વિ. કંચાનસીંઘના કામમાં તફાવ ત બતાવવામાં આવે છે. ઈ. લો. રી. ૧ અ. ૪૧૩. જુઓ સેસન કેસ ૨.

૩૪ છુટકો—સને ૧૮૭૨ નો ૧૦ મે ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૫-ફરીયાદી ફરીથી ચલાવવી તે—તજવીજ કરવાની જગા પરણેલી સ્ત્રીને લલચાવવું તે–સને ૧૮૬૦નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૮—બદકામ કર વાના ઈરાદાથી કોઈ સ્ત્રીને ફોસલાવવાના ગુ ન્હાનું તોહોમત પીનલકોડની કલમ ૪૯૮ મુ જબ કોઈ માણુસ ઉપર રાખીને પંજાબની, ફોજદારી કોરટમાં કામ ચલાવવામાં આવ્યું હ તું. આ ફરીઆદી કાયદેસર તે કોર્ટમાં કર વામાં આવી હતી અને ગુન્હો વાજબી રીતે તે કોર્ટથી ચલાવાય તેવો હતો. આ કોર્ટે તો હોમતદારને સને ૧૮૭૨ ના આકટ ૧૦ મા ની કલમ ૨૧૫ મુજબ છોડી દીધો હતો. પ છીથી એમ માલમ પડયું કે આ માણુસે તે સ્ત્રીને વાવ્ય દીશાના પ્રાંતોમાં કોઈ જગ્યા એ રોકેલી છે અને પેહેલા પંજાબમાં જે ગુ ન્હાને માટે એટલે પરણેલી સ્ત્રીને ફોસલાવી લેઈ

જવાને માટે તેનું કામ ચલાવવામાં આવ્યું હતું, તેજ ગુન્હાને માટે તે જગાની હકુમતવાળી ફોજદારી કોર્ટમાં તેના ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું, અને તે ગુન્હાને માટે તેને ગુન્હેગાર ઠરાવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે પ્રથમ તેને છોડી દેવામાં આવ્યો છે તોપણ તેજ ગુન્હાને માટે ફરીથી કામ ચલાવવામાં કાંઈ બાધ આવતો નથી, પણ તેના ઉપર પંજાબની કોર્ટ ફક્ત ફરીથી કામ ચલાવી શકે, અને જ્યાં સુધી ફેસલાવવાનું સાબીત થયું નથી અને સેસન જડજે તે ગુન્હો વાજબી રીતે રદ કરેલો નથી ત્યાં સુધી પીનલકોડની કલમ ૪૯૮ ના છેલા ભાગ મુજબ ફેસલાવેલી સ્ત્રીને રોકી રાખવાને માટે ગુન્હેગાર થઈ શકે નહીં. રાણી વીરૂદ્ધ ટીકાસીંઘ, ઈં૦ લો૦ રી૦ ૩ અ. ૨૫૧.

(મેસર્સ પીઅરસન અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧ લી સપટંબર સને ૧૮૮૦).

૩૫ છુટકો—માજીસ્ટ્રેટે છોડી મુકેલો તે—સેસન જડજનો કામ કમીટ કરવાનો હુકમ—કમીટ નહીં કરવાનું કારણ બતાવવાને તોહોમતદારને બોલાવવો ભુલી ગયેલા તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૩ અને ૨૯૬—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૧૪, ૩૭૨, ૫૭૯ ૪૯૮—ડેપ્યુટી માજીસ્ટ્રેટે છોડી દીધેલા કોઈ માણસનું કામ, પ્રથમ તેને બોલાવી, તેની પાસેથી કમીટ નહીં કરવાનું કારણ માગ્યા શીવાય, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ કમીટ કરવાનો હુકમ સેસન જડજને કરવાનો અધીકાર નથી. પણ સને ૧૮૭૪ ના આક્ટ ૧૧ થી સુધારો થએલી કલમ ૨૯૬ મુજબ જે કેસમાં કમીટ કરવાનો હુકમ કરવો જોઈએ એવું સેસન કોર્ટને લાગે તેવા કેસની તજવીજ કરવાને તાબાની કોર્ટને હુકમ કરવાને તેનો અધીકાર છે. તોપણ જ્યાં અગાડી સેસન જડજના હુકમથી આવી રીતે કમીટ કરવાને માટે તપાસ ચાલી હોય અને સેસન જડજની ચુકથી ખરેખરી રીતે કાંઈ ગેરવાજબી ઈનસાફ થએલો નથી તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૩ મુજબ તેનો ઠરાવ ફરી શકે નહીં. રાણી વિ૦ કહામીર, ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૬૬૨.

(મેસર્સ મોરીસ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઈ સને ૧૮૮૧).

બંધુના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૨. વિ. રી. ૬૭. જુઓ કમીટ કરવું તે ૬૩.

નવાબસીંગ વીરૂદ્ધ ફાકીલસીંગના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૪ વિ. રી. ૭૦. જુઓ કમીટ કરવું તે ૬૫.

રાણી વીરૂદ્ધ ક્રીષ્ણુભટના કામમાં નજર રાખવાનાં આવી હતી. ઈં૦ લો૦ રી૦ ૧૦ મું ૩૧૯ જુઓ કમીટ કરવું તે ૬૯.

દ્વારકાંનાથ ભટ્ટાચારજીના કામમાં નજર રાખવામાં આવ છે. ૧ ક. લો. રી. ૯૩. જુઓ કમીટ કરવું તે ૬૬.

૩૬ છુટકો—ફરીઆદીના સાક્ષીઓ લીધા શીવાય છોડી મુકવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૧૫, ૩૬૨-ફરીયાદીએ બોલાવેલા શાહેદીઓ તપાસ્યા સીવાય કામ ચલાવવું એ માજીસ્ટ્રેટના વિચાર ઉપર છે એમ્યું કાંઈ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૨ માં કહેલું નથી. ફરીઆદી તરફના સઘળા શાહેદીઓ લીધા પેહેલાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ છોડી મુકવાનો હુકમ કરવો તે ગેરકાયદેસર છે. રાણી વીરૂદ્ધ પરસુરામ નાયકર, ૪ મ. ૩૨૯.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ, ઈન્સ અને કીન્ડરસલી જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી ડીસેંબર સને ૧૮૮૧).

૩૭ છુટકો—ગેરવાજબી છોડી દેવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૯૫, ૧૯૬, ૨૯૭—સેસન લાયક કેસોમાં તજવીજ ચલાવવાનો માજીસ્ટ્રેટનો અધીકાર—તપાસમાં લેવાનો હાઈ કોર્ટનો

અધીકાર—ખાસ સેસન કોર્ટ લાયક કેસની માજીસ્ત્રેટે તજવીજ કરી હોય અને તેમાં તેને એમ માલમ પડે કે ફરીઆદીનો પુરાવો માનીએ તો શિક્ષા થઈ શકે તેવું છે, અને ન માનીએ તો તોહોમતદારને છોડી મુકવા જેવો કેસ છે, એવી બાબતમાં તે તોહોમતદારને કમીટ કરવાને બંધાએલો નથી. આવા કેસમાં માજીસ્ત્રેટે કાયદા વિરૂદ્ધ અને ગેરવાજબી રીતે કામના પુરાવાની કીમત ઓછી ગણી છે એવું હાઈ કોર્ટને અનુમાન થાય તોજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ દરમીઆન થઈ શકાય છે. તે આકટની કલમ ૧૯૫ માં બતાવેલાં "યોગ્ય કારણો" એ શબ્દોનો અર્થ કરી બતાવવામાં આવ્યો. લચમન જુઆલા, ઈ. લો. રી. ૫ અ. ૧૬૧.

(મી૦ મહમદ જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી સપટંબર સને ૧૮૮૨).

૩૮ છુટકો—માજીસ્ત્રેટનો છોડી મુકવાનો અધીકાર—ફરીઆદ માંડી વાળવી તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૫૩, ૨૫૯—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૩ ના પેહેલા કલોઝમાં આવ્યા સીવાય તે કોડની કલમ ૨૫૯ માં નહી આવી જતા વારંટ કેસોમાં ફરીઆદીની ગેરહાજરીથી માજીસ્ત્રેટને છોડી મુકવાનો હુકમ કરવાનો અધીકાર નથી. ગોવીંદદાસ વિ. કુલીલદાસ, ઈ. લો.રી. ૧૦ ક. ૯૭; ૧૩ ક.લો. રી. ૪૦૮.

(મેસર્સ પ્રીનસેપ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૪ સપટંબર સને ૧૮૮૩).

૩૯ છુટકો - સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭—છોડી મુકવાને માટે વધારે તપાસ કરેલી તે—તોહોમતદારની સામે ચાલેલો મુકરદમો—નોટીસ—તોહોમતદારને બોલાવી કારણ માગ્યા સીવાય ફોજદારી બાબતમાં તેના વિરૂદ્ધ હુકમ કરવો જોઈએ નહી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ વધારે તજવીજ કરવાનો હુકમ કોઈ અમુક માજીસ્ત્રેટનું નામ બતાવી સેસન જડજ કરી શકે નહી. જે માજીસ્ત્રેટે પ્રથમ પુરાવો લેઈ તજવીજ કરી હોય, તેજ બાબતનો ફરીથી તે માજીસ્ત્રેટ પુરાવો લે એવી તજવીજ કરવાનું કલમ ૪૩૭ માં બતાવેલું નથી પણ બીજી વધારે બાબતો વિશેની તજવીજ કરવાની છે. ચંદીચરન ભટાચારજી વિ. હેમચરન બાનરજી, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક૦ ૨૦૭.

(મેસર્સ મીતર અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૮૩).

દરસનલાલ વિ૦ જુમકલાલના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૧૨ ક૦ ૫૨૨. જુઓ વધારે તપાસ ૫.

૪૦ છુટકો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૩૫, ૪૩૭—વધારે તપાસ—હુકમનામાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટનો અધીકાર—ઉતરતા દરજ્જાની ફોજદારી અદાલત—તોહોમતદારને આપેલી નોટીસ—"ઉતરતા દરજ્જાની ફોજદારી અદાલત" એ શબ્દોનો અર્થ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ માં એવો થાય છે કે અમુક બાબતો જેનો તપાસ ઉપલી કોર્ટ તેની તપાસ કરવાની હકુમત તરીકે કરી શકે છે, તેવી બાબતોના સબંધમાં ઉતરતા દરજ્જાની કોર્ટ એવો થાય છે. ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટની રૂબરૂ ફોજદારી કામમાં તોહોમત મુકેલું જેનું નીરાકરણ કરીને તે કોર્ટે તોહોમતદારને છેવટે છોડી મુકયો હતો. પછીથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે તાબાના માજીસ્ત્રેટને તે કામમાં વધારે તજવીજ કરવાનો હુકમ કર્યો. તોહોમતદારને નોટીસ આપ્યા શીવાય આ હુકમ કરવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે વધારે તપાસનો હુકમ કરવાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને અધીકાર નોહોતો. કાયદાની બાબત ઉપર ખરેખરી રીતે વીચાર કરતાં તજવીજ કરવાનો હુકમ કરતાં પેહેલાં, ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને તકરાર બતાવવાનો તોહોમતદારનો હક નોહોતો. નોબીન ક્રીસ્ટો મુકરજી વિ૦ રસીકલાલ લાહ, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૨૬૮.

(મેસર્સ મેકડોનલ અને શીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૮૪).

નોબીન ક્રીસ્ટો મુકરજી વિ૦ રસીકલાલ લાહના કેસમાં જુદો મત લેવામા આવે છે. ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૨૬૮. જુઓ છુટકો ૪૦.

નીચેના કેસોથી આ કેસમાં જુદો મત લેવામાં આવ્યો:—

પદમાનાભાની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૮ મ. ૧૮. જુઓ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ.

રાણી વિ. પીરયા ગોપાળ, ઈ. લો. રી. ૯ મું. ૧૦૦. જુઓ હકુમત ૪૫.

રાણી વિ. નોવાબજનનના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૧૦ ક. ૫૫૧. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૨૨.

ઝીંગુરી વિ. બચુના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૭ અ. ૧૩૪. જુઓ વધારે તપાસ ૬.

ઓપેનદ્રોનાથ ઘોસ વિ. દખીનીબેવાના કામથી રદ થઈ ગયો. ઈ. લો. રી. ૧૨ ક. ૪૭૩. જુઓ વધારે તપાસ.

૪૧ છુટકો—સને ૧૮૮૨ નો ૧૦ મે ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૩—વધારે તપાસ કરવાનો હુકમ કરવો તે-સને ૧૮૮૨ નો ૧૦ મો કલમ ૪૩૭-નાના ગુન્હાને માટે તપાસ-હંગામાના ગુન્હાના તોહોમતદારને માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૩ મુજબ છોડી મુકયાથી સેસન જડજે કલમ ૪૩૭ મુજબ કામની વધારે તજવીજ ચલાવવાનો હુકમ કર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે હંગામાનો ગુન્હો સાબીત નહી થવાથી હુમલો કરવાનો ગુન્હો રાખી તોહોમતદારનું કામ ચલાવાને માજીસ્ત્રેટને અધીકાર હતો. રાણી વિ. પાપડુ, ઈ. લો. રી. ૭ મ. ૪૫૪

(મેસર્સ કરનાન અને મતુસ્વામીઆયર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ સને ૧૮૮૪).

૪૨ છુટકો—ગેરવાજબી છોડી મુકવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૦ ૪૩૭—" વધારે તપાસ "—કામમાં પુરાવો જોઈએ તેવો નથી એવું ધારી કોઈ કેસમાં ડેપ્યુટી માજીસ્ત્રેટે તોહોમતદારને છોડી મૂકયાથી ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે એવો હુકમ લખ્યો કે તેની નજરમાં તોહોમતદારને ગેરવાજબી રીતે છોડી મુકેલો આવ્યાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ કામનો વધારે તપાસ કરવો જોઈએ અને તોહોમતદારને જવાબ આપવાને બોલાવવો જોઇએ. કામનો વધારે તપાસ ન કરવાનું કારણ બતાવવાને તોહોમતદારને બોલાવવામાં આવ્યો નોહોતો, પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૮ માં બતાવ્યા મુજબ તેના ઉપર સમન કાઢવામાં આવ્યો હતો. હાજર થવાથી ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે રજુઆત ચલાવી તેણે ગુન્હેગાર ઠરાવ્યો અને સજા કરી. ફરીઆદી તરફના સાહેદીઓને બોલાવ્યા નોહોતા પણ પ્રથમની રજુઆત ચાલતી વખતે તેઓએ આપેલી જુબાનીઓ ઉપર, અને કેદીના સાહેદીએ બતાવેલી હકીકત જે પુરાવામાં લેઇ શકાય તેવી નોહોતી તેના ઉપર ભરૂસો રાખ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે ચલાવેલો મુકરદમો ગેરકાયદેસર હતો તેનું પેહેલુ કારણ એ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ હુકમ કરી મુકરદમો ચલાવતા પેહેલાં તોહોમતદાર ઉપર હુકમ નહીં કરવાનું કારણ બતાવવાને માટે નોટીસ કહાડવામાં આવી નોહોતી; બીજુ કારણ એ કે માજીસ્ત્રેટે પછીથી ચલાવેલો મુકરદમો કલમ ૪૩૭ માં બતાવ્યા પ્રમાણે નોહોતો કારણ કે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટની રૂબરૂ વધારે તપાસ ચાલતી વખતે શિક્ષા ઠરાવવામાં આવી નોહોતી પણ ડેપ્યુટી માજીસ્ત્રેટે લીધેલા પુરાવા ઉપરથી ઠરાવવામાં આવી હતી; અને આવી રીતની અવ્યવસ્થા થયેલી હોવાથી શીક્ષા થઈ શકે નહીં. રાણી વી૦ હસનુ, ઈ૦ લો૦ રી૦ ૬. અ. ૩૬૭

(મી૦ સ્ટ્રેઈટ કામચલાઉ જડજ અને મી૦ ડુથોઇટ જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી મે સને ૧૮૮૪.)

રાણી વિરૂધ પીરયા ગોપાલના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈં૦ લો૦ રી૦ ૯ મું. ૧૦૦. જુઓ હુકુમત ૪૫.

૪૩ છુટકો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૬—સેકન કલાસ માજીસ્ત્રેટ-રજુઆત ચલાવવાને કમીટ કરવાનો અખતીયાર—ફર્સ્ટકલાસ માજીસ્ત્રેટ અને સેસન જડજથી ચલાવાય તેવો કેસ—સેકન કલાસ માજીસ્ત્રેટ જેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૬ મુજબ અધીકાર આપવામાં આવ્યો હતો તેવા સેકન કલાસ માજીસ્ત્રેટની કોર્ટમાં પીનલકોડની કલમ ૩૯૨ મુજબ સજા થઈ શકે તેવો ગુન્હો કર્યાની ફરીઆદ મોકલવામાં આવી હતી. માજીસ્ત્રેટે હુકમ કરયો કે કામની રજુઆત પોતાની કોર્ટમાં ચલાવવી જોઈએ અને તે પ્રમાણે ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૮ મુજબ કામની તજવીજ ચલાવીને તોહોમતદારને છોડી મુકવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૬ મુજબ અધીકારવાળો માણસ તે કોડના પ્રકરણ ૧૮ માં બતાવ્યા મુજબ મુકરદમાની તજવીજ કરી શકે છે; અને તે પ્રકરણમાં લખેલી પદ્ધતિ ખાસ સેસન કોર્ટ લાયક કેસોમાંજ ચલાવવી જોઈએ એમ નથી, પણ તે પદ્ધતિ જે કેસો માજીસ્ત્રેટની નજરમાં એમ આવે કે પોતાની કોર્ટે ચલાવવા જોઈએ તે બધા કેસોને લાગુ પડે છે. ચાલતા કેસમાં માજીસ્ત્રેટે હુકમ કરેલો કે તજવીજ પોતાની કોર્ટમાં ચલાવવી જોઈએ એ ઉપરથી એમ સમજવું કે તેના ધારવા પ્રમાણે મોકલેલો કેસ સેસન કોર્ટ ચલાવી શકે તેવો હતો; અને તોહોમતદારને છોડી મુકવાનો હુકમ કરેલો તેટલા માટે કાયદેસર હતો. રામસુંદર વિ. નીરોતમ, ઈ. લો. રી. ૬ અ. ૪૭૭.

(મી૦ ડુયોઈટ જડજની રૂખરૂ, તા૦ ૭મી જુન સને ૧૮૮૪).

૪૪ છુટકો-વધારે તપાસ કરવાનો હુકમ કરવો તે-સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૫૩, ૪૩૭-યોગ્ય કોર્ટે પુરેપુરી તજવીજ ચલાવી કોઈ કેસમાં તોહોમતદારને છોડી મુકયો હોય તો, કામમાં બીજો વધારે પુરાવો માલમ પડયા સીવાય, તોહોમતદાર તે હુકમનો લાભ પુરેપુરો લેઈ શકે છે. માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૩ મુજબ તોહોમતદારને છોડી મુકેલો તેવા કેસમાં ડીસ્ટ્રીકટ જડજે કામમાં શીક્ષા કરવા લાયક તેના ધારવા પ્રમાણે જોઇએ તેટલો પુરાવો છે એટલુંજ કારણ ફકત બતાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ કામમાં વધારે તપાસ કરવાનો કરેલો હુકમ, જો કામની તજવીજ યોગ્ય કોર્ટે ચલાવી હોય અને બીજો પુરાવો કામમાં મળી ના આવતો હોય તો, ગેરકાયદેસર ગણી શકાય. જીબન ક્રીસ્ટોરોય વિ૦ સીબચંદર દાસ, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક૦ ૧૦૨૭.

(મેસર્સ ટોટનહામ અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જુલાઈ સને ૧૮૮૪).

દરસનલાલ વિ. જુમકલાલના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૧૨ ક. ૫૨૨. જુઓ વધારે તપાસ ૫.

૪૫ છુટકો-સેસન જડજે એકી વખતે કમીટ કરવાનો અને વધારે તજવીજ કરવાનો હુકમ કરેલો તે-જુબાનીઓ તોહોમતદારને વાંચી નહી સંભળાવેલી તે—મોઢાનો પુરાવો-જુઠા દફતર બાબતની મુખત્યારની હકીકત—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬૦—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૯૧-કેસમાં કામે લાગેલા મુખત્યારની હકીકત સાંભળીને સેશન કોર્ટે એમ ધાર્યું કે માજીસ્ત્રેટની કોર્ટમાં લેવાયેલા સાક્ષીઓની જુબાનીઓ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૦ માં બતાવ્યા મુજબ નથી, તેથી તે જુબાનીઓ કામના પુરાવામાં લેવાને અને તે હકીકત તે સાહેદીઓની છે એવો મોઢાનો પુરાવો સાંભળવાને ના પાડી. આ

કામના પુરાવામાં દાખલ કરવાને માટે સરકાર તરફથી કાંઈ પણ વાંધો ઉઠાવવામાં આવ્યો નોહોતો; તોહોમતદારને ખરેખરી રીતે ગુન્હેગાર ઠરાવી સખત મજુરી સાથે શિક્ષા કરવામાં આવી હતી. અપીલમાં એમ ઠરાવવામાં આવ્યુ કે ગુન્હો અને સજા બંને રદ કરવા જોઇએ. રાણી વિ. અયનસીંગ. ઈ. લો. રી. ૧૩ ક. ૧૨૧.

(મેસર્સ ઓફીનલી અને એગન્યુ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુન સને ૧૮૮૭).

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૮

„ તોહોમત ૨૨.

„ હકુમત ૪૭.

„ કમીટ કરવું તે. ૧૫, ૧૯, ૩૨, ૪૧, ૪૪, ૪૮, ૪૯, ૫૩, ૫૫, ૫૮, ૬૨, ૬૩, ૬૬, ૬૯.

„ કમ્પનસેસન ૩૬.

„ ફરીઆદ ૮, ૨૩.

„ સમાધાન ગુન્હાઓનું ૪.

„ નકલો દફતરની.

„ માંડી વાળવું ફરીઆદનું.

„ પુરાવો ૧૬.

„ વધારે તપાસ ૨, ૪.

„ તજવીજ માજીસ્ટ્રેટની ૧.

„ ફરીથી તપાસ ૨, ૩.

„ તપાસણી ૧૨, ૨૦, ૩૧.

„ ફરીઆદ ફરી તપાસમાં લેવી તે. ૨

„ ફરીઆદી કરવાની પરવાનગી ૭, ૫૯.

છુટકો તોહોમતદારનો—

૧ છુટકો તોહોમતદારનો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૧૭—જે મીલકતના સબંધમાં ગુન્હો થયો છે તે વિષેનો હુકમ—કેટલાક માણસો ઉપર હાથીનો સાપ્રાધ ખોટો ઉપયોગ કરવાનું તોહોમત રાખેલું તે કાઢી નાખીને, માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૭ મુજબ હાથી સરકારી મીલકત ધારીને એગ્ઝીક્યુટીવ ઈજનેરને આપવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમત કાઢી નાખવાથી હાથીના સબંધમાં કાંઈપણ ગુન્હો થયેલો નહી હોવાથી માજીસ્ટ્રેટનો હુકમ ગેરકાયદેસર હતો અને તેથી તે હુકમ રદ કરવો જોઈએ. અનોપુરનાબાઇના ફેંસલા ઉપર આધાર રાખીને વળી હાઇ કોર્ટે એમ ઠરાવ્યું કે હાથી પાછો લેવાનો હુકમ કરવાનો તેઓનો અધીકાર નથી. બાસુદેબ સરમા ગોસાઇના કામની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૧૪ ક. ૮૩૪.

(મેસર્સ પ્રીનસેપ અને પીગટ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી અગષ્ટ સને ૧૮૮૭).

૨ છુટકો તોહોમતદારનો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૯, ૨૧૦—તોહોમતદારની સામે પ્રાઇમાફેસી કેસ સાબીત થયેલો તે કમીટ કરવાને માજીસ્ટ્રેટ બંધાયેલો છે તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૯ અને ૨૧૦ મુજબ કોઈ કેસની માજીસ્ટ્રેટ સરૂઆતમાં તજવીજ ચલાવતો હોય અને તેવા કેસમાં પક્ષકારની રજુઆત ચલાવવાને જોઈએ તેવો પુરાવો માલમ પડે તો કામ કમીટ કરવાને માજીસ્ટ્રેટ બંધાયેલો છે; જ્યાં વિશ્વાસ રાખવા લાયક સાહેદીઓ હકીકત બતાવે, જે હકીકત માનવાથી સીક્ષા થાય તેવી બાબતમાં આવો કેસ ખુલી રીતે નિકળી આવે છે. રાણી વિરૂદ્ધ નામદેવ સતવાજી, ઈ૦ લો૦ રી૦ ૧૧ મું. ૩૭૨.

(મેસર્સ વેસ્ટ અને બર્ડવુડ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી ફેબ્રુઆરી સને ૧૮૮૭).

છેડા છુટકો—

જુઓ ભરણપોષણ ૧૪, ૨૦, ૩૪, ૩૫, ૩૬,

છોકરૂ—

છોકરૂ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૮૩—ખોટું કામ કરવાની છોકરાની શક્તી શી રીતે પારખી કાઢવી તે—પીનલકોડની કલમ ૮૩ નો અર્થ કરતી વખતે ખોટું કામ કરવાની છોકરાની શકિત વર્ષના પ્રમાણમાં પારખી કાઢવાની નથી પણ ગુન્હો

કરનારની સમજણુ અને વિચાર કરવાની શક્તિ ઉપરથી શોધી કાઢવાનું છે. કેસની હકીકત ઉપરથી કેટલી દ્વેષબુદ્ધિ હતી એ "દ્વેષબુદ્ધિથી ઊંમર જણાય" એ કેહેવત વાજબીરીતે લગાડીને સોધી કઢાય. રાણી વિરૂદ્ધ મુસામત એઈમોનીઆ, ૧ વિ. રી. ૪૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસેંબર સને ૧૮૬૪).

જુઓ કબુલાત ૯૬.
,, પુરાવો ૨૯.
,, છોકરૂ ખુલ્લુ મુકવું તે.
,, કાચી સમજણુ.

છોકરા—

નું મોત. જુઓ જ્યુરી ૨૬.
નું મોત બળાત્કાર સંભોગથી. જુઓ બળાત્કાર સંભોગ ૨.
નું મોત જોર નહી હોવાથી. જુઓ ખુન ૪૩.
નો પુરાવો. જુઓ સોગન ૨, ૩.
,, જ્યુરી ૩૬.
ના મંદવાડને લીધે જાદુગરનું ખુન. જુઓ ખુન ૨૬.
ને વધારે ખવરાવવું તે. જુઓ અવિચારી અને ભુલ ભરેલું કૃત્ય ૧.

છોકરાનો ચોર—

જુઓ ચોરીની મીલકત ૨૮.

છોકરાં—

એને બાપે મારી નાંખેલાં તે. જુઓ ખુન ૫૯.

છોકરૂ ખુલ્લુ મુકવું તે—

૧ છોકરૂ ખુલ્લુ મુકવું તે—ખુન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૧૭—કામની હકીકત ઉપરથી એમ માલમ પડે કે કેદીએ ખુલ્લુ મુકેલું છોકરૂ ઘણુંજ ખુલ્લુ મુકયા સીવાય ખુલ્લુ મુકવાથી મરી ગયું નો હોતું તેવી બાબતમાં કેદીને જોકે પીનલકોડની કલમ ૩૧૭ મુજબ ગુન્હેગાર ઠરાવાય પણુ ખુનનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી. થંડી અથવા ખુલ્લુ મુકવાથીખી કાત્ત થાજુઈય ને તેનાથી મોત થયેલું હોય તે, તે કલમમાં આવી જાય છે. રાણી વિ. ખોડાબક્ષ ફકીર ઉરફે ખુદીરામ ફકીર, ૧૦ વિ. રી. ૫૨.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી નવ[illegible] સને ૧૮૬૮.)

૨ છોકરૂ ખુલ્લું [illegible] તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ[illegible]મ ૩૧૭—મા બાપ નાની છોડી અથવા [illegible] એવી રીતે તજી ન દે કે જેથી તે છોકર[illegible]ાની સંભાળ લેવાને અશકત હોવાથી મોત થાય અથવા નુકશાન થાય એવા જોખમાં આવી પડે, એ અટકાવવાને પીનલકોડની કલમ ૩૧૭ બનાવેલી છે. ફેલાની હરીઆનીના મુકરદમાનો ફરી તપાસની બાબતમાં, ૧૬ વિ. રી. ૧૨.

(મેસર્સ બેલી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુન સને ૧૮૭૧.)

૩ છોકરૂ ખુલ્લુ મુકવું તે—શિક્ષાણીય મનુષ્યવધ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમો ૩૦૪, ૩૧૭—કોઈ માએ પોતની નાની છોડીને તજી દીધી હોય એવું ધારીને કે તેવી રીતે તદન તજી દેવાથી તેણીનું મોત થવાનો સંભવ થશે, એવી બાબતમાં એમ ઠરાવવામાં આવ્યુ કે તેણીને પીનલ કોડની કલમ ૩૦૪ અને ૩૧૭ એ બંને કલમ મુજબ શીક્ષા થઈ શકે નહી પણ ફકત ૩૦૪ કલમ મુજબ શીક્ષા થઈ શકે. રાણી વિ. બાની, ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૪૪૯.

(મી. સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૪ અગષ્ટ સને ૧૮૬૯.)

છોડી મુકવું તે—

જુઓ કમીટ કરવું તે ૪૯.
જામીન ઉપર ચાલતા રેફરન્સમાં. જુઓ ચોરી ૩૫.

છોડી દેવું તે—

કેદીએ. જુઓ અવ્યવસ્થા. ૭, ૮.
અથવા કબુલાત. જુઓ યુરોપીયન ઈંગ્રેજી પ્રજા ૬૩.

જ

જકાત—

૧ જકાત—સને ૧૮૬૬ નો ૧ લો મ દ્રાસનો આકટ—પરવાના શીવાય દારૂ વેચવો તે—હાઈ કોર્ટની અપીલારો સેસનમાં પરવાના શીવાય દારૂ વેચવાને સારૂ કેદીને ગુન્હેગાર ઠરાવ્યો હતો, જે કૃત્યને માટે શીક્ષા સને ૧૮૬૬ ના આકટ [illegible] મુજબ થઈ શકે તે વું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે હાઈ કોર્ટ નો શીક્ષા કરવાનો અધીકાર નથી કારણ કે, જે આકટ મુજબ ગુન્હો બને છે તે આકટ માં માજીસ્ટ્રેટને શીક્ષા કરવાનો અખતીયાર છે. મી૦ હોલોવે જડજ ઠરાવથી વિરૂદ્ધ પડયો સ્થાનીક સરકારે નવા ઉત્પન્ન કરેલા કોઇ ગુન્હાની સંક્ષેપમાં નજીવીજ ચલાવી માજીસ્ટ્રેટ યુરોપીયન ઈંગ્રેજી પ્રજાને સજા કરી શકે એવું ઠરાવવાનો સ્થાનીક સરકારનો અધીકાર છે. રાણી વિ૦ ડોનોલુ ૫ મ. હા. કો. રી. ૨૭૭.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ ઈન્સ અને હોલોવે જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી માર્ચ સને ૧૮૭૦)

૨ જકાત—સને ૧૮૫૬ નો ૨૧ મો જકાતના આકટ મુજબ કરેલો દંડ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨ માં બતાવેલું છે, તે છતાં પણ સને ૧૮૫૬ નો ૨૧ મો જકાત ના આકટ મુજબ માજીસ્ટ્રેટને એક હજારથી વધારે દંડ કરવાનો અખતીઆર છે. રાણી વી૦ શરૂપચંદ દત્ત, ૭ વિ૦ રી૦ ૨૯.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજો ની રૂબરૂ, તા૦ ૪ ફેબ્રુઆરી સને ૧૮૬૭).

૩ જકાત—મદદગારી—સને ૧૮૫૬ નો ૨૧ મો જકાતનો આકટ—સને ૧૮૫૬ નો ૨૧ મો જકાતના આકટમાં મદદગારીના ગુન્હાને માટે કાંઈ શીક્ષા ઠરાવેલી નથી. રાણી વિરૂદ્ધ કલીમુદીન, ૭ વિ. રી. ૫૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી એપ્રીલ સને ૧૮૬૭).

રાણી વિરૂદ્ધ એલમસ્ટન વીટવેલના કામ માં નજર રાખવામાં આવી હતી, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૮૯. જુઓ હકુમત ૧૯.

૪ જકાત—આબકારી પરવાનાઓ—સને ૧૮૫૬ નો ૨૧ મો જકાતનો આકટ કલમ ૪૩—સને ૧૮૫૬ ના ૨૧ મા આકટ મુજબ પરવાનાવાળા માણસોનોજ ફકત તે કલમમાં બતાવ્યા મુજબ દંડ થઈ શકે છે પણ તેમના નોકરોનો દંડ થઈ શકતો નથી. રાણી વિરૂદ્ધ રામકીષન, ૮ વિ. રી. ૪.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૩ જી જુન સને ૧૮૬૭).

રાણી વિરૂદ્ધ શ્રીસતીધર શાહના કામમાં નજર રાખવામાં આવી હતી, ૨૫ વિ. રી. ૪૨. જુઓ અફીણ ૧૪.

૫ જકાત—તાડી—અરકમાં સોધવાથી જેવો પરીણામ થાય છે તેવો પરીણામ, જે માણસ મીઠો રસ ખુલ્લો મુકી તેને કોહોવરાવી તાડી બનાવે છે, તેમાંથી પણ ઉત્પન્ન થાય છે. પ્રો. તા૦ ૧૭ મી જુન સને ૧૮૭૦, ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૨૭.

૬ જકાત—કાયદેસર રજા ચીઠી શીવાય દારૂ લેઈ જવો તે—સને ૧૮૬૪ નો ૩ જો મદ્રાસનો આકટ કલમ ૨૨—મદ્રાસના સને ૧૮૬૪ ના આકટ ૩ જા ની કલમ ૨૨ મુજબ કાયદેસર રજા ચીઠી શીવાય દારૂ લેઈ જવાને માટે ગુન્હેગાર ઠરાવ્યાથી એમ સાબીત થયું કે આબકારી તાલુકદારે આપેલી રજા ચીઠીઓ પ્રતીવાદીએ, એ રજુ કરી જેનો અંદર જેટલા રૂપીઆનો દારૂ લેઈ જવાનો હતો તે બતાવ્યું હતું. પણ તે ચીઠીઓ ત્રીજા શખસના નામની હતી, જે માણસ દારૂ પકડતી વખત હાજર નોહોતો પણ જેના નામે દારૂ પકડતી વખતે લેઇ જતા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે રજા ચીઠીઓ કાયદેસર હતી અને શીક્ષા ગેરકાયદેસર કરવામાં આવી હતી. પ્રો. તા૦ ૨૦ મી જુલાઇ સને ૧૮૭૦. ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૨૯.

૭ જકાત—તાડી—સને ૧૮૬૪ નો ૩ જો કલમ ૨૧—ફીણ સાથે ઉભરો આવેલો તાડનો રસ તાડી ગણાય છે, જો કે ખટાસ ચઢી ફીણ સાથે ઉભરો આવેલો હતો એ બા

બત કાંઈ પુરાવો નોહોતો તોપણ પરવાના સીવાય તાડી વેચવાને માટે સને ૧૮૬૪ ના આક્ટ ૩ મુજબ શીક્ષા કરેલી મંજુર રાખવામાં આવી હતી. પ્રે. તા૦ ૨૧ મી અકટોંબર સને ૧૮૭૦, ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૩૬.

૮ જકાત--અરક જપ્ત કરવો તે—સને ૧૮૬૪ નો ૩ જો કલમ ૨૧—સને ૧૮૬૪ ના આક્ટ ૩ જા ની કલમ ૨૧ મુજબ માજીસ્ટ્રેટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી શીક્ષા કરી, અને તેના કબજામાંથી કેટલોક નીકળી આવેલો અરક જપ્ત કરવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદાર પરવાનગીથી વેચતો હતો તેથી અરક દંડ દાખલ સરકારી મીલકત ઠરાવી જપ્ત કરી શકાય નહીં. તા. તા૦ ૪ થી નવંબર સને ૧૮૭૦, ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૪૧.

૯ જકાત—તાડી--વાખ્યા—તા૦ ૨૧ મી અકટોબર સને ૧૮૭૦ ની સાલના મુકરદમાઓમાં હાઈ કોર્ટે કાયદેસર બાબત તરીકે તાડીની વાખ્યા આપવાનું ધાર્યું નોહોતું. પ્રે. ૪ જાનેવારી સને ૧૮૭૧, ૬ મ. હા. કો. રી અપે ૧૧.

૧૦ જકાત--ઉપજ—સને ૧૮૫૬ નો ૨૧ મો જકાતનો આક્ટ--દંડ અને દંડ દાખલ સરકારી મીલકત જપ્ત કરેલી તે-એકી વખતે દંડ અને માલ કબજ કરવો તે-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૧—સને ૧૮૬૯ ના આક્ટ ૮ થી સુધારો થયેલી ક્રોમીનલ પ્રોસીજર કોડની કલ ૬૧ મી, સને ૧૮૫૬ ના આક્ટ ૨૧ મુજબ દંડ અને દંડ દાખલ જપ્ત થયેલી મીલકતને લાગુ પડતી નથી, કે જેથી કરીને કેદ અને દંડ દાખલ મીલકત એકી વખતે જપ્ત કરી શકાય, સરકાર વિ. જંગલી બેલદાર, ૧૭ વિ. રી. ૭; ૮ બેં. લો. રી. અપે. ૪૭.

(મેસર્સ લોચ અને એનસ્લી જડજોની બરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૭૨.)

૧૧ જકાત—પરવાનો-દારૂ-એજન્ટ—સને ૧૮૫૬ નો ૨૧ મો કલમ ૪૩—કોઈ માણુસ સરતો તોડીને અને પરવાનો જે બીજા માણુસના નામ ઉપર હોય જેનો તે ગુમાસ્તો અથવા આડતીઓ થતો હોય તેવો ખોટો પરવાનો બતાવી દારૂ વેચે તો પરવાનો તેના નામ ઉપર નથી એવું બતાવીને તેને સને ૧૮૫૬ ના આક્ટ ૨૧ ની [illegible] ૪૩ ના લખાણમાંથી બચી જવાની [illegible]નગી આપી શકાય નહીં. ઈશ્વરચંદર શાહ, અરજદાર ૧૯ વિ૦ રી૦ ૩૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ગ્રોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩).

રાણી વિ. નુદીઆરચંદ શાહનો કેસ આનાથી ઉલટો છે, ૮ ક. લો. રી. ૧૫૨. જુઓ જકાત ૨૨.

રાણી વીરુધ ઈશનચંદના કામમાં આધાર બતાવવામાં આવ્યો, ૧૨ ક૦ લો૦ રી૦ ૪૫૧; ઈ૦ લો૦ રી૦ ૯ ક૦ ૮૪૦. જુઓ જકાત ૩૪.

રાણી વિ. બેનીમાધબ શાના કામમાં આધાર રાખવામાં આવ્યો ઈ. લો. રી. ૮ ક. ૨૦૭; ૧૦ ક. લો. રી. ૩૮૯. જુઓ જકાત ૨૪.

રાણી વિ. શ્રીસતીધર શાહના કામમાં નજર રાખવામાં આવી હતી. ૨૫ વિ રી. ૪૨. જુઓ અફીણ ૧૪.

૧૨ જકાત—બીઅર જાતનો દારૂ-સને ૧૮૬૬ નો ૧ લો મદ્રાસનો આક્ટ કલમ ૩૦-સને ૧૮૬૬ નો ૧ લો મદ્રાસના આક્ટની કલમ ૩૦ માં બતાવ્યા પ્રમાણે બીઅર જાતનો દારૂ "દેશી દારૂઓ" માં ગણાતો નથી. તા. ૧૪ મી માર્ચ ૧૮૭૩, ૭ મ. હા. કો. રી. અપે ૧૫.

૧૩ જકાત--દેશી દારૂ—સને ૧૮૫૬ નો ૨૧ મો જકાતનો આક્ટ કલમ ૪૮, ૯૦—સને ૧૮૫૬ ના આક્ટ ૨૧ ની કલમ ૯૮ મુજબ ગુન્હો ઠરાવવાને તે આક્ટની કલમ

૫૦ માં બતાવ્યા પ્રમાણે અરકમાં સોધવા ની દેશી ક્રીયાથી તોહોમતદારે દેશી દારૂ સોધેલો હોવો જોઇએ, અથવા તેઓએ જલદ અથવા જોસ્સાવાળો અથવા કેફી દારૂ વેચેલો છે એવું સાબીત થવું જોઈએ, રાણી વિ. ક્રપલાલ ગુના વિગેરે ૨૨ વિ. રી. ૮.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી એપ્રીલ સને ૧૮૭૪.)

૧૪ જકાત—પરવાનો—સને ૧૮૫૬ નો ૨૧ મો જકાતનો આકટ કલમો ૪૪, ૪૯—તોહોમતદાર જેને બાહાર દેશાવરથી આવેલો દારૂ વેચવાનો પરવાનો આપેલો તેણે દેશી દારૂ વેચવાથી સને ૧૮૫૬ ના આકટ ૨૧ ની કલમ ૪૪ મુજબ તોહોમત રાખી આસીસટન્ટ માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવ્યો હતો. સીક્ષા આબકારી કાયદાની કલમ ૪૮ મુજબ ઠરાવવી જોઇતી હતી એવું માજીસ્ત્રેટને તેજ દીવસે માલમ પડયાથી તે મુજબ નીચે નોટ લખી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે કામમાં લીધેલા પુરાવા ઉપરથી અને તોહોમતદારના જવાબ ઉપરથી એમ સ્પષ્ટ નીકળી આવે છે કે તે તેની સામેના તોહોમતથી ખોટું સમજ્યો નહોતો, અને તેથી કોઈપણ રીતે કામમાં તેના વિરૂદ્ધ અભીપ્રાય સજા કરતી વખતે ખોટો ગુન્હો લખવાથી બાંધી શકાય તેવું નહોતુ તેથી સને ૧૮૫૬ ના આકટ ૨૧ ની કલમ ૪૮ મુજબ ગુન્હો ઠરાવવાને શીક્ષા ફેરવવી જોઇએ. રાણી વિરૂદ્ધ ડીગંબર શાહ, ૨૪ વિ૦ રી૦ ૩.

(મેસર્સ જેકસન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી એપ્રીલ સને ૧૮૭૫).

૧૫ જકાત—દારૂનું કાયદા વિરૂદ્ધ વેચાણ—પરવાનો—સને ૧૮૭૧ નો ૧૦ મો જકાતનો આકટ પ્રકરણ છ ઠું કલમો ૫૭, ૬૨—તા૦ ૩૦ મી અકટોબર સને ૧૮૭૭ ને રોજ ન નામના માણસને કેફી અને જુસ્સાવાળો દારૂ તા૦ ૩૧ મી ડીસેંબર સને ૧૮૭૭ સુધી પરચુરણ વેચવાને પરવાનો આપવામાં આવ્યો હતો. તા૦ ૧૧ મી જાનેવારી સને ૧૮૭૮ ને રોજ કલેકટરે આ પરવાનાની મુદત તા૦ ૩૧ મી માર્ચ સને ૧૮૭૮ સુધી વધારી આપી હતી. તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૭૮ ને રોજ તા૦ ૧ લી જાનેવારીથી તે તા. ૧૦ મી જાનેવારી સને ૧૮૭૮ સુધી કાયદા વિરૂદ્ધ દારૂનું વેચાણ કરવાને માટે નના નોકરને સને ૧૮૭૧ ના આકટ ૧૦ ની કલમ ૬૨ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ન ના પરવાનાની મુદત વધારી આપ્યાથી ગુન્હો માફ થઇ જાય છે અને તેથી શીક્ષા ગેરકાયદેસર ઠરાવવામાં આવી હતી. ન નામના માણસે પોતાનો પરવાનો નહી વધારવાના વીચારની ખબર કલેકટરને નહી આપ્યાથી અને કલેકટરે તે પરવાનો પાછો નહી મંગાવવાથી તે પરવાનો અમલમાં રહ્યો. તેથી કરીને સને ૧૮૭૧ ના આકટ ૧૦ ની કલમ ૩૨ મુજબ શીક્ષા ગેરકાયદેસર ઠરાવવામાં આવી હતી. રાણી વિ. સેસીમોર, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૬૩૦.

(મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૨૫ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮.)

રાણી વિ. ધરમદાસના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ૧ અ. ૬૩૫. જુઓ જકાત ૧૯.

રાણી વિ. મહીનદ્રલાલ, ઈ૦ લો૦ રી૦ ૧ અ૦ ૬૩૮. જુઓ જકાત ૧૭.

૧૬ જકાત—પરવાનો—સને ૧૮૭૧ નો ૧૦ મો જકાતનો આકટ કલમો ૧૨, ૬૨ અને પ્રકરણ ૬ઠું—દારૂનું કાયદા વિરૂદ્ધ વેચાણ—ક નામનાં માણસ પાસે તા૦ ૩૧મી ડીસેંબર સને ૧૮૭૭ સુધી કેફી અને જલદ દારૂ પરચુરણ વેચવાને માટે પરવાનો હતો. તા. ૧૦ મી જાનેવારી સને ૧૮૭૮ ને રોજ તેના પરવાનાની મુદત કલેકટરે નહી વધારી આપેલી છતાં ક એ કેટલીક જાતના દારૂનું પરચુરણ વેચાણ કર્યું. આ હકીકત ઉપરથી તેને કાયદા વિરૂદ્ધ દારૂ વેચવાને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ગુન્હેગાર ઠરાવ્યા પછી તેના પરવાનાની મુદત વધારી આપવા

માં આવી હતી. ઉપરની હકીકત ઉપરથી એમ ઠરાવવામાં અવ્યું કે શીક્ષા કાયદેસર હતી. રાણી વિ. સેસીમોર. (ઈ૦લો૦ રી૦ ૧ અ. ૬૩૦) ના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો હતો. રાણી વિ. ધરમદાસ, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૬૩૫.

(મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૨૨ મી માર્ચ સને ૧૮૭૮.)

રાણી વિ. સેસીમોરના કેસનો તફાવત બતાવવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૬૩૧. જુઓ જકાત ૧૫.

રાણી વિરૂદ્ધ ધરમદાસના કામમાં તફાવત બતાવવામાં આવે છે, ઈ. લે. રી. ૧ અ. ૬૩૫. જુઓ જકાત ૧૬.

૧૭ જકાત—પરવાનો—સને ૧૮૭૧ નો ૧૦ મો કલમો ૩૨, ૫૭, ૬૨,—કાયદા વિરૂદ્ધ વેચાણ—ત્રણ માસ સુધી એટલે તા૦ ૩૧મી ડીસેંબર સને ૧૮૭૭ સુધી ફેરી અને જલદ દારૂ પરચુરણ વેચવાનો પરવાનો અ નામના માણસની પાસે હતો. પરવાનાની મુદત નહી વધારવાને તેણીના વીચારની ખબર તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૭૮ ના પેહેલાં આપી નોહોતી તેમજ કલેકટરે પરવાનો પાછો મંગાવ્યો નોહોતો. તા૦ ૧ જાનેવારી સને ૧૮૭૮ થી તે તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૭૮ સુધી અ ના નોકરે જલદ અને ફેરી દારૂનું પરચુરણ વેચાણ કર્યું. આ હકીકત ઉપરથી અ ના નોકરને સને ૧૮૭૧ ના આકટ ૧૦ ની કલમ ૬૨ મુજબ કાયદા વિરૂદ્ધ દારૂ વેચવાને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. રાણી વિ. સેસીમોર (ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૬૩૦) ના ફેંસલા ઉપર આધાર રાખીને એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર કાયદા વિરૂદ્ધ ઠરાવવામાં આવ્યો હતો, કારણ કે તે આકટની કલમ ૩૨ માં બતાવ્યા મુજબ અ નો પરવાનો જ્યાં સુધી તેણીએ મુદત નહી વધારવાની નોટીસ આપી અને કલેકટરે પાછો મંગાવ્યો નોહોતો ત્યાં સુધી અમલમાં હતો. રાણી વિ. સેસીમોરના ફેંસલાના આધારથી જુદો મત લેવામાં આવ્યો. પેહેલાંથી તેણીને મહીનાની ફી નહી આપવાને માટે જકાતના આકટની કલમ ૫૭ મુજબ અ ના ઉપર કામ ચલાવવાનું જોઈતું હતું. રાણી વિ. મહીનદલાલ, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૬૩૮.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૪ એપ્રીલ સને ૧૮૭૮).

રાણી વિરૂદ્ધ સેસીમોરના કેસમાં તફાવત બતાવવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૬૩૦. જુઓ જકાત ૧૫.

રાણી વિરૂદ્ધ ધરમદાસના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો હતો. ઈ. લે. રી. ૧ અ. ૬૩૫ જુઓ જકાત ૧૬.

૧૮ જકાત—ગુન્હો થવાની માહીતી—કાયદા વિરૂદ્ધ રાખવો તે—સને ૧૮૭૧ નો ૧૦ મો જકાતનો આકટ કલમો ૧૯, ૬૩—અનુમાન—સને ૧૮૭૮ નો ૧૧ કલમ ૨—"શેર"—સને ૧૮૭૧ ના આકટ ૧૦ ની કલમો ૧૯ અને ૬૩ મુજબ કામ ચલાવતી વખતે એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૦ ના આકટ ૧૧ ની કલમ ૨ માં આપેલી "શેર" ની વાખ્યા એવી સ્પષ્ટ સમજી શકાય એવી રીતની નથી કે જેથી સાધારણ રીતે બધે લાગુ પડી શકે, અને તેથી લોકોના રીવાજ પ્રમાણે શેરનું વજન રદ થઈ જતું નથી. તેટલા માટે એમ ઠરાવવામાં આવ્યું કે લોકોના રીવાજ પ્રમાણે શેરનું વજન પંચાણું તોલા (સરકારી વજન ૮૦ તોલા) હોવાથી અને તોહોમતદારના કબજામાં ફકત છનું તોલાનું વજન નીકળી આવવાથી, તે જગ્યાના વજન કરતાં એક તોલો વધવાથી તોહોમતદાર ગુન્હેગાર છે એવું અનુમાન થઈ શકતું નથી. રાણી વિરૂદ્ધ હેઈટરામ, રાણી વિરૂદ્ધ ચેદાખાન, ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૪૦૪.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી એપ્રીલ સને ૧૮૮૦).

૧૯ જકાત—કંટ્રાકટરની સીને જલદ દારૂ વેચાથી આપવો તે—છાવણીનો સને ૧૮૯૦નો આકટ ૩જો કલમ ૧૪-"સીપાઈ"-પેટા કંટ્રાકટર—સને ૧૮૯૦ ના આકટ ૩ ની કલમ ૧૪ ના અર્થ મુજબ લશ્કરી ખાતાનો પેટા કંટ્રાકટર "સીપાઈ" ગણાતો નથી, અને તેથી કરીને તે કલમ મુજબ પરવાના સીવાય આવા માણસની સીને દારૂ વેચાથી આપવો તે તે કલમ મુજબ ગુન્હો ગણાતો નથી. રાણી વિરૂદ્ધ ડોસાબાઈ ફરામજી, ઈ. લો. રી. ૩ મું. ૨૧૪.

(મેસર્સ ઓલ્ડફીલ્ડ અને સ્ટ્રેઇટ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી અગષ્ટ સને ૧૮૮૦).

૨૦ જકાત—બંગાળાના જકાતનો આકટ સને ૧૮૭૮ નો ૭ મો કલમો ૯, ૫૮, ૭૪—બીજે ઠેકાણે બનેલો જલદ દારૂ કલકત્તામાં દાખલ કરવો તે-કલેકટરે ઠરાવેલી હદ—વધારાની શીક્ષા—એમાંથી પસંદ કરેલી હદની શીક્ષા—"પ્રથમ એવા ગુન્હાને માટે શીક્ષા થઇ હોય" તેને માટે બંગાળાના જકાતના આકટની કલમ ૭૪ માં બતાવેલી વધારે શીક્ષા ફકત ગુન્હેગારે પેહેલાં એવો ગુન્હો કર્યો હોય કે જેમાં બસો અથવા વધારે રૂપીઆના દંડની સજા થઈ શકે અને તેવી જાતનો બીજો ગુન્હો કરે કે જેને માટે તેટલીજ સજા થઈ શકતી હોય તેવી જાતનો કેસ આવી જાયછે. પ્રથમએજ ગુન્હાને માટે તેને ગુન્હેગાર ઠરાવેલો જોઈએ એની કાંઇ જરૂર નથી. બંગાળાના જકાતના આકટની કલમો ૫૮ અને ૭૪ મુજબ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે દરેક તોહોમતદારનો બસો રૂપીઆ દંડ અને તે ના આપે તો ત્રણ માસની સજા જે તે કલમમાં વધારેમાં વધારે ઠરાવેલી છ માસની સજા કરતાં ઉપરાંત સજા તોહોમતદારોને કરી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે પ્રેસીડેન્સી આકટની કલમ ૧૨ મુજબ માજીસ્ત્રેટનો અધીકાર છે તેના કરતાં વધારે સજા કરવામાં આવી નોહોતી, અને કલમ ૫૮ મુજબ મુળની સજાના રૂ બંધ પ્રમાણે વધારાની ઠરાવેલી સજા માજીસ્ત્રેટના અધીકારને અસર કરતી નથી. તે આકટની કલમ ૯ મુજબ અરક કાઢવાની ભઠ્ઠીઓની અને તે ભઠ્ઠીમાં કાઢેલો જલદ દારૂ કોઇ અમુક ભઠ્ઠીમાં કાઢેલા દારૂ કરતાં ખાસ પરવાના સીવાય વેચાશે અથવા લેવાશે એવી હદ કલકત્તામાં ઠરાવવાની જરૂર હોવાથી તે પ્રમાણે કાંઈ હદ નહી ઠરાવેલી માલમ પડવાથી આ કામમાં શીક્ષા રદ કરવામાં આવી હતી. રાણી વિરૂધ રામચંદ્રશા, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૫૭૫; ૮ ક. લો. રી. ૨૫૦.

(મેસર્સ મોરીસ અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૮૧).

૨૧ જકાત—સને ૧૮૭૮ નો ૭ મો બંગાળાનો આકટ કલમ ૫૩—પરવાનામાં ઠરાવેલી સરતો તોડીને પરવાનાવાળા માણસે કરેલું વેચાણ—પરવાનાવાળા માણસે પોતાના પરવાનાની સરતોથી વિરૂદ્ધ વેચાણ કર્યું હોય તો તેવા વેચાણને બંગાળાના જકાતના આકટની કલમ ૫૩ લાગુ પડતી નથી. તે આકટની કલમ ૫૯ ના બીજા કલોઝમાં આવી જતી ના હોય તેવી સરત તોડવાને માટે તે કલમમાં બતાવેલું છે. રાણી વિરૂધ્ધ નંદોકુમારપાલ, ઇ૦ લો૦ રી૦ ૬ ક. ૬૨૧.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૮૧).

૨૨ જકાત—જથાબંધ વેચાણ—નોકરનું વેચાણ—સને ૧૮૭૮ નો ૭ મો બંગાળાના જકાતનો આકટ કલમો ૧૫, ૫૯, ૬૦—જલદ અને જુસ્સાવાળા એકજ જાતના દારૂની બાર શીશીઓ અથવા બે ગેલન દારૂ એકજ વખતે વેચે તો તે જથાબંધ વેચાણ ગણાય છે. એકજ જાતના દારૂની પાંચ ગેલનની બાર શીશીઓ અને બીજી જાતના દારૂની ત્રણ શીશીઓનું એકજ વખતે વેચાણ કર્યું હોય તો તે કલમ ૧૫ મીના ખુલાસામાં બતાવેલી મનાઈમાં આવી જાય કે નહી? પરચુરણ વેચવાના પરવાનાવાળો માણસ ફકત કલમ ૬૦ મુજબ ગુન્હેગાર થાય છે.

રાણી વિ. નદીઆરચંદ શાહ, ઈ૦ લૅા૦ રી૦ ૬ ક. ૮૩૨; ૮ ક. લૅા. રી. ૧૫૨.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી માર્ચ સને ૧૮૮૧.)

ઈશ્વરચંદ્ર શાહની બાબત આનાથી ઉલટી છે. ૧૯ વિ. રી. ૩૪. જુઓ જકાત ૧૧.

બેનીમાધબ શાની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ૧૦ ક. લૅા. રી. ૩૮૯; ઈ૦ લૅા૦ રી૦ ૮ ક. ૨૦૭. જુઓ જકાત ૨૪.

૨૩ જકાત—મદ્રાસનો આબકારી આકટ સને ૧૮૬૪ નો ૩ જો કલમ ૨૫ અને સને ૧૮૭૯ નો ૫ મો કલમ ૨૬ ब—પોલીસે દારૂ વેચવાનો પરવાનો મંગાવેલો તે નહી આપવાને માટે સને ૧૮૬૪ ના આકટ ૩ ની કલમ ૨૫ મુજબ થયેલો ગુન્હો એવો નથી કે જેને માટે સને ૧૮૭૯ ના આકટ ૫ ની કમમ ૨૬ ब મુજબ માજીસ્ટ્રેટ કામ ચલાવી શકે. રાણી વિ. વસનતાપા ઈ૦ લૅા૦ રી૦ ૪ મ. ૨૩૧.

(મેસર્સ કીન્ડરસ્લી અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી અકટોબર સને ૧૮૮૧.)

૨૪ જકાત—સને ૧૮૭૮ નો ૭ મો બંગાળાના જકાતનો આકટ કલમો ૪૧, ૪૨, ૫૯—નોકરે વેચેલો દારૂ—પરવાનાની સરત તોડવી તે—પરવાનો બતાવવો તે—પરવાનાની સરત તોડવાને માટે પરવાનગીથી દારૂ વેચનાર માણસના નોકરને ગુન્હેગાર ઠરાવવો તે કાયદેસર છે. ઈશ્વરચંદ્ર શાહ (૧૯ વિ. રી. ૩૪) ના ફેંસલા ઉપર આધાર રાખવામાં આવ્યો. રાણી વિ. નદીઆરચંદ શાહ (ઈ૦ લૅા૦ રી૦ ૬ ક. ૮૩૨; ૮ ક. લૅા. રી. ૧૫૨) ના ફેંસલાથી જુદો મત લેવામાં આવ્યો. પરવાનગીથી દારૂ વેચનાર માણસના બે નોકરો ઉપર પરવાનાની બે સરતો તોડવાનું તોહોમત રાખી દરેક સરત તોડવાને માટે જેટલો દંડ બતાવેલો તેટલો દંડ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતે દરેક સરત તોડવાને માટે જુદો જુદો દંડ કરવાનો માજીસ્ટ્રેટનો અખતીયાર હતો. પરવાનગીથી દારૂ વેચનાર માણસ જકાત અમલદારને પરવાનો બતાવવાને બંધાયેલો તે ઊંચા દરજ્જાનો અમલદાર હોવો જોઈએ, પણ તે અમલદારનો અવીકાર બજાવતો પોલીસ અમલદાર ચાલી શકે નહી. રાણી વિ. બેનીમાબશાહ, ઈ૦ લૅા૦ રી૦ ૮ ક. ૨૦૭; ૧૦ ક, લૅા. રી. ૩૮૯.

[મેસર્સ પ્રીન્સેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા. ૨ નવેંબર સને ૧૮૮૧].

રાણી વિરૂદ્ધ નદીઆરચંદ શાહના કામમાં નજર રાખવામાં આવે છે, ૧ ક. લૅા. રી. ૧૫૨; ઈ. લૅા. રી. ૬ ક. ૧૩૨. જુઓ જકાત ૨૨.

રાણી વીરૂદ્ધ ઇશનચંદ્રડીના કામમાં આધાર રાખવામાં આવ્યાં ૧૨ ક. લૅા. રી. ૫૧૪; ઈ૦ લૅા૦ રી૦ ૯ ક. ૮૪૭ જુઓ જકાત ૩૪.

ઈશનચંદ્ર શાહની બાબતને લાગુ પડે છે. ૧૯ વિ. રી. ૩૪, જુઓ જકાત ૧૧.

૨૫ જકાત—મદ્રાસનો સને ૧૮૬૪ નો ૩ જો કલમ ૨૨ અને સને ૧૮૭૯ નો ૫ મો કલમ ૨૩ (अ) કાયદેસર પરવાનગી શીવાય દારૂ લેઈ જવાને માટે વપરાયેલી હોડીનો દંડ ઠરાવી સરકાર જપ્ત કરવી ગેરકાયદેસર છે. રાણી વીરૂદ્ધ કોકીલી ગાડાથાધયા, ઈ૦ લૅા૦ રી૦ ૪ મ૦ ૨૪૦.

(મેસર્સ ઈન્સ અને મુતુસ્વામીઆયર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી નવંબર ૧૮૮૧).

૨૬ જકાત—બંગાળાના જકાતનો સને ૧૮૭૮ નો ૭ મો કલમો ૧૫, ૧૭, ૬૧—દારૂનો બતાવેલો જથો—વધારેમાં વધારે જથો—સને ૧૮૭૮ ના આકટ ૭ માની કલમ ૧૫ મુજબ બોર્ડ ઓફ રેવન્યુના અખતીયાર તરીકે આસામના ચીફ કમીશનરે પા ગેલનવાળી ૭ શીશીઓ કરતાં વધારે શીશીઓ પરચુરણ વેચનારે દેશી દારૂની વેચવી નહીં એવો સરકયુલર કરેલો અને તોહોમતદારને તે ક

રતાં વધારે દારૂ રાખ્યાને માટે કલમ ૧૭ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો હતો પણ કલમ ૧૫ માં બતાવ્યા કરતાં ઓછો જથ્થો તેની પાસે હતો. કલમ ૬૧ મુજબ કાંઈ ગુન્હો તેને કર્યો નથી એમ ઠરાવવામાં આવ્યું અને તેથી કલમ ૧૫ મુજબ કરેલા હુકમથી વધારેમાં વધારે ઠરાવેલો દેશી દારૂનો જથ્થો તે કલમમાં બતાવેલા ખાસ દેશી દારૂના જથ્થા કરતાં વધારે ઓછો જથ્થો ના હોય તે કલમ ૬૧ ના અર્થ મુજબ કલમ ૧૫ માં બતાવેલો જથ્થો ગણી શકાય નહી. રાણી વિ. કોલાલાલંગ, ઈં૦ લો૦ રી૦ ૮ ક૦ ૨૧૪.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસેંબર સને ૧૮૮૧).

૨૭ જકાત—સને ૧૮૬૪ નો ૩ જો મદ્રાસ આબકારી આક્ટ કલમો ૨૧, ૨૨—પરવાનો પુરી થઈ ગયેલી પરવાનગીથી વેચનાર માણસોની પાસેથી વેચવાને માટે રાખેલો દારૂ માલમ પડે તો તેમની જવાબદારી આબકારી આકટની કલમ ૨૧ માં બતાવ્યા પ્રમાણે છે. એ કલમ ૨૨ ના સાધારણ લખાણના અપવાદ તરીકે વાંચવી જોઈએ. રાણી વિ૦ રામયા, ઈં૦ લો. રી. ૫ મ. ૧૩૧.

(મેસર્સ ઈન્સ અને મતુસ્વામીઆયર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨).

૨૮ જકાત—મદ્રાસનો આબકારી આકટ સને ૧૮૬૪ નો ૩ જો કલમો ૧૭, ૨૩ (અ) અને ૨૬ (બ)—મદ્રાસ આબકારી આકટની કલમ ૨૩ (અ) મુજબ માજીસ્ટ્રેટ જાનવરોને દંડ દાખલ સરકારી મીલકત તરીકે જપ્ત કરી શકે નહીં, તોપણ કલમ ૧૭ મુજબ કલેકટરે જાનવરો સુધાં દંડ દાખલ મીલકત જમે કરી હોય અને તેમાંથી જે પૈસા ઉત્પન્ન થયા હોય, તે પૈસાની વેહેંચણ કલમ ૨૬ (બ) માં બતાવેલી રીત મુજબ થઈ શકે. રાણી વિ૦ સાકીયા, ઈં૦ લો૦ રી૦ ૫ મ. ૧૩૭.

(મેસર્સ ઇન્સ અને મતુસ્વામીઆયર જડજોની રૂબરૂ, તા૦ ૩ માર્ચ સને ૧૮૮૨).

૨૯ જકાત—બંગાળાના જકાતનો સને ૧૮૭૮ નો આકટ ૮ મો કલમો ૫૩, ૫૯—જકાતના સને ૧૮૭૮ ના આકટ ૭ ની કલમ ૫૯ મુજબ તે આકટની વિરૂદ્ધ ચાલવાને માટે પરવાનાથી દારૂ વેચનાર માણસ જ વાબદાર થઈ શકે છે, પણ તેના નોકરો જવાબદાર નથી. નોમોલુ આખોન્ડ વિગેરેની બાબતમાં ૧૧. ક. લો. રી. ૪૧૬.

(મેસર્સ કનીંગહામ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૮૨).

૩૦ જકાત—બંગાળાના જકાતનો આકટ સને ૧૮૭૮ નો ૭ મો કલમ ૬૧—બહારથી લાવેલા દારૂનો કબજો—જેને સોંપેલો છે તે માણસ—એજન્ટ—આગ્રાની એમ અને કો નામની કંપનીના નામનો કેટલોક દારૂ કલકત્તામાં આવી પોહોંચ્યો, જે કંપનીએ અ નામના માણસને પોતાના નામે જકાત અને ભાડાના પૈસા આપી દારૂ આગ્રે મોકલવાને લખ્યું. આગબોટ ઉપરથી રેલવે સ્ટેશન ઉપર લેઈ જતાં માલ ભરવાના સીવાય અ ના કબજામાં માલમ પડવાથી સને ૧૮૭૮ ના આકટ ૭ ની કલમ ૬૧ મુજબ પકડવામાં આવ્યો અને તે આકટમાં લખ્યા મુજબ ગુન્હેગાર ઠરાવી અ નો દંડ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે શીક્ષા ગેરકાયદેસર હતી. ફીટની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૯ ક. ૨૨૭; ૧૧ ક. લો૦ રી૦ ૪૨૭.

(મેસર્સ વીલસન, મેકલીન અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧ લી અગષ્ટ સને ૧૮૮૨).

૩૧ જકાત—મદ્રાસનો આબકારી આકટ સને ૧૮૬૪ નો ૩ જો કલમો ૧૫, ૨૨—નોકરો—કેટલાક ગામોનો આબકારી હક ભાડે આપનાર માણસના નોકરોને, તે ગામોના એક ગામમાંથી પોતના શેઠની દુકાને ત્રણ શેર તાડી પરવાના સીવાય લેઈ જવાને માટે સને ૧૮૬૪ ના આકટ ૩ ની કલમ ૨૨ મુજબ ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે શિક્ષા

ગેરકાયદેસર હતી. રાણી વિરૂદ્ધ પોટાચી, ઈં૦ લો૦ રી૦ ૭ મ. ૧૬૧.

(મેસર્સ કરનાન અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૮૩).

૩૨ જકાત—સને ૧૮૬૪ નો ૩ જો મદ્રાસનો આબકારી આકટ કલમ ૮—પરવાનગીથી વેચનાર માણસના નોકરનું વેચાણુ—સને ૧૮૬૪ ના આબકારી આકટ મુજબ દારૂ વેચવાનો પરવાનો ન નામના માણસને આપેલો તે પરવાનો રદ થવાથી, ન એ દુકાનો પરવાનો લેવાને મ નામનો માણસ યોગ્ય છે એમ બતાવી તે દુકાનમાં ન નામનો માણસ પોતે વેચાણુ કરતો હતો. કલેકટરે મ ને કાયદેસર પરવાનગી આપી હતી. ન એ મ ને કેટલાક રૂપીઆ મહીને આપવા ઠરાવી આ પરવાનાથી પોતે પેહેલાનો ધંધો જારી રાખ્યો. પરવાના સીવાય વેચવાને માટે ન ને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે શિક્ષા કાયદા વિરૂદ્ધ હતી. રાણી વિરૂદ્ધ નનજાપા, ઈં૦ લો૦ રી૦ ૭ મ. ૪૩૨.

(મેસર્સ હચીન્સ અને બ્રાન્ડટ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી મે સને ૧૮૮૪).

૩૩ જકાત—મુંબાઈના સને ૧૮૭૮ નો ૫ મો કલમો ૪૩, ૫૩—અરકથી ભઠીમાં દારૂ સોધવાના વાસણોનો કબજો—પરવાનગી શીવાય અરકથી ભઠીમાં દારૂ સોધવાના વાસણોનો ફકત કબજો હોય તો, તે ઉપરથી સને ૧૮૭૮ ના આકટ ૫ ની કલમ ૪૩ મુજબ શિક્ષા થઇ શકે નહીં. કોઈ કામમાં આવો કબજો માલમ પડે અને તેનો ખુલાસો કલમ ૫૩ માં બતાવ્યા મુજબ ના મળી આવે તો જ્યાં સુધી વિરૂદ્ધ સાબીતી ના મળી આવે ત્યાં સુધી એમ અનુમાન કરવાનું છે કે જે માણસના કબજામાંથી વાસણો નીકળ્યા છે તે માણસે કલમ ૪૩ મુજબ ગુન્હો કરયો છે. રાણી વિ૦ પેસ્તનજી બરજોરજી, ઈં૦ લો૦ રી૦ ૯ મું. ૪૫૬.

(મેસર્સ નાનાભાઈ હરીદાસ અને બેડસ્લબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૬ એપ્રીલ સને ૧૮૮૫).

૩૪ જકાત—બંગાળાના જકાતનો આકટ સને ૧૮૭૮ નો ૭ મો કલમો ૫૩, ૬૦, ૬૧—પરવાનગીવાળા માણસના નોકરે કરેલું વેચાણુ—નોકરે રાખેલો મજુર—પરવાનગીથી વેચનાર માણસના નોકરે પા ગેલનની આઠ સીસીએ વેચી અને તે બતાવે ત્યાં લેઈ જવાને માટે એક મજુર રાખ્યો. બંગાળાના સને ૧૮૭૮ ના આકટ ૭ ની કલમ ૬૦ મુજબ નોકરને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, અને મજુરને તે આકટની કલમ ૬૧ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો હતો. નોકરને તે આકટની કલમ ૬૧ મુજબ ગુન્હેગાર ઠરાવવો જોઈએ અને મજુરે કાંઈ ગુન્હો કર્યો નથી એવી સુચના આપવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે મજુરને ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરેલી ગેરકાયદેસર હતી અને તેથી રદ કરવી જોઈએ. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે નોકરને વાજબી રીતે ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરવામાં આવેલી છે, અને કલમ ૬૦ અથવા ૫૩ મુજબ કરવી જોઈએ એ કાંઇ અગત્યની બાબત નથી. રાણી વિ. ઈશનચંદર શાહ (૧૯ વિ. રી. ૩૪) અને રાણી વિ. બેનીમાધબ શાહ (ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૨૦૭; ૧૦ ક. લો. રી. ૩૮૯) ના ફેંસલાઓ ઉપર આધાર રાખવામાં આવ્યો. રાણી વિ. ઈશનચંદ્રકી, ઈં. લો. રી. ૯ ક. ૮૪૭; ૧૨ ક. લો.રી. ૪૫૧).

(મેસર્સ પ્રીનસેપ અને બોકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૨ મે સને ૧૮૮૫.)

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છે.

રાણી વિ. ઈશનચંદર શાહ, ૧૯ વિ. રી. ૩૪. જુઓ જકાત ૧૧.

રાણી વિ. બેનીમાધબ શાહ, ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૨૦૭; ૧૦ ક. લો. રી. ૩૮૯. જુઓ જકાત ૨૪.

રાણી વિ. કાલાભાઈજી, ઈ. લો. રી. ૮ ક. ૨૧૪; ૧૦ ક. લો. રી. ૧૫૫. જુઓ જકાત ૨૯.

૩૫ જકાત—મુંબાઈનો સને ૧૮૭૮ નો ૫ મો કલમ ૪૩ કલોઝ ફ અને કલમ ૫૩—મૌઢાનો કબજો—વેચાથી લેનાર માણસ અરકથી ભઠ્ઠીમાં દારૂ કાઢવામાં મૌઢાં વાપરે તેવી બાબતમાં વેચનારની જવાબદારી-પુરાવાનો બોજો-ફક્ત મૌઢા નીકળવાથી મુંબાઈના આબકારી સને ૧૮૭૮ ના આકટ ૫ માની કલમ ૪૩ મુજબ ગુન્હો બનતો નથી પણ તેને અરકથી ભઠ્ઠીમાં સોધવાના વીચારથી રાખ્યા હતા એવું ફરી આદી સાબીત કરે તો ગુન્હો ગણાય. વળી આવી રીતે મૌઢા વેચનાર માણસના કબજામાંથી મૌઢા ગયા પછી તેનો કાયદા વિરૂદ્ધ ઉપયોગ કરવામાં આવે તોપણ વેચનાર આ દમી જવાબદાર થતો નથી. લીમડા કોયાની અરજીની બાબતમાં, ઈ. લો. રી. ૯ મું. ૫૫૬.

(મેસર્સ નાનાભાઈ હરીદાસ અને વેડરનબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૬ જુલાઈ સને ૧૮૬૫.)

૩૬ જકાત—મુંબાઈનો જકાતનો આકટ સને ૧૮૭૨ નો ૫ મો કલમ ૩ કલોઝ ૫ અને કલમ ૫૬—ફરીથી તપાસ કરવી તે—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે-સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧, ૪૦૩—ખાસ કાયદો—સને ૧૮૮૨ નો આકટ ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ ઠરાવેલી હકુમત તે કોડ અમલમાં આવ્યો તે વખતે બીજા કોઈ કાયદાથી ઠરાવેલી ખાસ હકુમતને અસર કરતી નથી. મુંબાઈનો આબકારી કાયદો સને ૧૮૭૮ નો આકટ ૫ મા ની વીરૂદ્ધ થયેલા સઘળા ગુન્હાઓની તપાસ કલમો ૩ અને ૫૬ ના કલોઝ ૫ મુજબ સેકન ક્લાસ માજીસ્ટ્રેટને કરવાનો અધીકાર હોય એવા માજીસ્ટ્રેટે કોઈ માણસની તજવીજ ચલાવી તેને નિર્દોષ ઠરાવી છોડી મુક્યો હોય તો, સરકારની અપીલ ઉપરથી હાઈ કોર્ટ નિર્દોષ ઠરાવવાનો હુકમ રદ કરે તે સીવાય તેજ ગુન્હાને માટે કલમ ૪૦૩ મુજબ ફરીથી ગુન્હેગારની રજુઆત ચલાવી શકાય નહી. રાણી વિરૂદ્ધ ગુસ્તાદજી બરજોરજી, ઈ૦ લો૦ રી૦ ૧૦ મું ૧૮૧.

(મેસર્સ નાહાનાભાઈ હરીદાસ અને વેડરનબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૮મી અકટોબર સને ૧૮૮૫).

રાણી વિરૂદ્ધ મીયાંજી અહમદના કેસમાં આધાર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૧ મુ૦ ૧૫૦. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૯.

૩૭ જકાત—મદ્રાસનો સને ૧૮૬૪ નો ૩ જો કલમ ૨૬—સને ૧૮૫૯ નો ૨૪ મો પોલીસ આકટ કલમ ૧—પોલીસ અમલદાર—ગામડાનો પોલીસ અમલદાર—મોહાતડ—સને ૧૮૬૪ નો ૩ જો મદ્રાસ આબકારી આકટની કલમ ૨૬ મુજબ "પોલીસ અમલદાર" એ શબ્દોમા મોહાતડ અથવા ગામડાના પોલીસનો સમાવેશ થઈ જાય છે. રાણી વિરૂદ્ધ સેસયા, ઈ૦ લો૦ રી૦ ૯ મ. ૯૭.

(મેસર્સ મુતુસ્વામી આયાર અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી અકટોબર સને ૧૮૮૫).

૩૮ જકાત—મદ્રાસ આબકારી આકટ સને ૧૮૬૪ નો ૩ જો કલમો ૨૧, ૩૨—સને ૧૮૬૪ ના મદ્રાસ આબકારી આકટ મુજબ કરેલો દંડ માલ પકડીને વેચાણ કર્યા પછી વસુલ ના થઈ શકે અને દંડ ના ભરવામાં આવે તો તે આકટની કલમ ૩૨ મુજબ કોર્ટ ગુન્હેગારને દિવાની "જેલમાં મોકલાવી શકે છે" રાણી વી૦ ચકરા શાહુ, ઈ૦લો૦ રી૦ ૭ મ. ૧૮૫.

(મેસર્સ કીનડરસ્લી અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૮૫).

રાણી વિ૦ પીરીયા ગોપાળના કામમાં નજર રાખવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૯ મું. ૧૦૦. જુઓ હકુમત ૪૫.

૩૯ જકાત—મદ્રાસનો સને ૧૮૬૪ નો ૩ જો કલમ ૨-વેચાણ—દારૂની મંજુરી આપવી તે-મદ્રાસ આબકારી આક્ટ સને ૧૮૬૪ ના ૩ જાની કલમ ૨ ના અર્થ મુજબ રોજ ના પૈસા આપવા તે દારૂનું વેચાણ ગણાતું નથી. રાણી વિ૦ આપાળું. ઈં૦ લૉ૦ રી૦ ૯ મ. ૧૪૧.

(મેસર્સ કરનાન કામચલાઉ ચીફ જસ્ટીસ અને હચીન્ચ જડજોની રૂબરૂ, તા. ૪ નવંબર સને ૧૮૮૫.)

જજમેન્ટ—

૧ જજમેન્ટ—ખાનગી મકાનમાં અને જાહેરાત કોર્ટમાં ઠરાવ નહી આપેલો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૪—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૮-કોઈ કામમાં માજીસ્ટ્રેટે કોર્ટમાં રજુઆત ચલાવી પુરી કરી હોય પણ મંદવાડને લીધે ઠરાવ આપી શકયો ના હોય અને તેણે પોતાના ખાનગી મકાનમાં ઠરાવનો હુકમ આપ્યો હોય તો એમ ઠરાવવામાં આવ્યું કે મુકરદમાથી કેદીના વિરૂદ્ધ કોઈપણ રીતે અભીપ્રાય ન બંધાયાથી અને અપવાદ તરીકે હોવાથી કલમ ૨૯૭ મુજબ કાયદા વિરૂદ્ધ ગણી રદ કરી શકાય નહી, અને આ કારણ ઉપરથી સજા રદ કરીને કેસ નવેસરથી ચલાવવાનો હુકમ જડજને કરવાનો અખતીયાર નથી, કારણ કે કલમ ૪૩૪ મુજબ આ કોર્ટના અભીપ્રાય માટે કેસ મોકલવો જોઈએ. રાણી વિ. હોલાસીસીંઘ અને બીજો, ૭ આગ્રા હા. કો. રી. ૧૭.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ સને ૧૮૬૬.)

૨ જજમેન્ટ—કારણો-કેવી જાતનો પુરાવો છે એ બાબત લંબાણમાં વાસ્તવીક રીતે પોતાનો મત આપવાને માજીસ્ટ્રેટ બંધાયેલો નથી; તેમજ માજીસ્ટ્રેટની સજા મંજુર કરતી વખતે જડજ પણ વાસ્તવીક રીતે પોતાનો મત આપવાને બંધાયેલો નથી. રાણી વિ. હરીહરચરનસીંઘ અને બીજો, વિ. રી. ૬ ઠી સપટંબર.

(મેસર્સ લોચ, જેકશન અને પંડીત જડજોની રૂબરૂ તા. ૨ ફેબ્રુઆરી સને ૧૮૬૪.)

૩ જજમેન્ટ—આસીસ્ટન્ટ જડજની કાયદા વિરૂદ્ધ સજા મંજુર કરીને સેસન જડજે આપેલો ઠરાવ—અપીલ-કેદીએ નામ આપેલા સાહેદીઓની જુબાનીઓ લીધા સીવાય આસીસ્ટટ માજીસ્ટ્રેટે કેસનો ફેંસલો આપ્યાથી, અપીલમાં તે સાહેદીઓની જુબાની આસીસ્ટંટ માજીસ્ટ્રેટે લેવી જોઈએ એવો હુકમ થયો. તેઓની જુબાનીઓ લેઈ સેસન કોર્ટમાં મોકલવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૨ મુજબ કેસ સેસન જડજે ચલાવી સઘળા કેદીઓને ગુન્હેગાર ઠરાવી આસીસ્ટટ માજીસ્ટ્રેટની સજા અને ઠરાવ મંજુર રાખ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે સેસન જડજના ઠરાવનું રૂપ જો કે આસીસ્ટટ માજીસ્ટ્રેટનો ઠરાવ અને સજા મંજુર રાખવાનું હતું તોપણ તેનો ભાવાર્થ જોતાં તે મુળનો ઠરાવ ગણાય છે અને તેથી કલમ ૪૦૮ મુજબ હાઈ કોર્ટમાં અપીલ થઈ શકે છે. નોરમન ચીફ જડજને શક પડવાથી ઘણા મતે કોર્ટે કામના પુરાવા ઉપર નજર રાખીને કેદીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકયા. રાણી વિ. મોહેશચંદર ચતોપાધીઆ વિગેરે ૨ વિ. રી. ૧૩.

(મેસર્સ નોરમન ચીફ જસ્ટીસ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જાનેવારી સને ૧૮૬૫).

ધાનોબાર ઘોસની અરજીની બાબત આનાથી વીરૂધ છે. ૬ બે. લો. રી. ૪૧૩ જુઓ અપીલ ૨૫.

૪ જજમેન્ટ—કમીટ કરવાના કારણો—પુરાવો—જે પુરાવા ઉપરથી ગુન્હેગાર ઠરાવવામાં આવે છે તે પુરાવો કામના ઠરાવમાં લખવાને જડજ બંધાયેલો છે આ કેસના પુરાવા ઉપર અને કમીટ કરવાના કારણોમાં કેસની મુખ્ય બાબતો બતાવવામાં માજીસ્ટ્રેટની ભુલ થવાથી ટીકા કરવામાં આવી, રાણી વિ ઈશરમાનજી વિગેરે ૫ વિ. રી. ૧૭.

(મી૦ કેમ્પબેલ જડજની રૂબરૂ, તા૦ ૨૩ મી જાનેવારી સને ૧૮૬૬]

૫ જજમેન્ટ—પેહેલાના માણસે લીધેલો પુરાવો—જ્યાં સુધી ઠરાવ લખવામાં આવ્યો નથી ત્યાં સુધી રજુઆત અધુરી ગણાય છે. ઠરાવ લખાયા પેહેલાં કોર્ટના કોઈ મુખ્ય અમલદારને ખસેડવામાં આવે તો તેની જગાએ આવનાર માણસ, તે અમલદારે કામમાં લીધેલો પુરાવો ધ્યાનમાં લેઈને, ઠરાવ કરી શકે નહીં, પ્રે. તા. ૭ મી એપ્રી। સને ૧૮૬૯, ૪. મ. હા. કો. રી. અપે. ૪૨.

૬ જજમેન્ટ - સજા—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૭ મુજબ કોઈ માણસ અમલદાર તરેદ સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટના તાબાના માજીસ્ટ્રેટ કામ મોકલ્યુ હોય તો તે અમલદાર કેસમાં ઠરાવ લખી સજા કરી શકે એવો હાઈ કોર્ટનો મત હતો, પ્રે. તા૦ ૮ મી નવંબર સને ૧૮૭૦ ૫ મ. હા. કો. રી. અપે. ૪૩.

૭ જજમેન્ટ—પુરાવો લીધેલા જડજે કરેલો ઠરાવ—સાધારણ નીયમ એવો છે કે જે જડજે પુરાવો લીધો હોય તે જડજે કામનો ઠરાવ કરવો જોઈએ રાણી વિરૂદ્ધ રઘુનાથદાસ, ૨૩ વિ. રી. ૫૯.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી એપ્રીલ સને ૧૮૭૫).

૮ જજમેન્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મા ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૨૮—નવી રજુઆત પેહેલાના માજીસ્ટ્રેટે થોડોક પુરાવો કામમાં લીધો હોય અને થોડોક પુરાવો પછીના માજીસ્ટ્રેટે લીધો હોય તો તે પુરાવા ઉપરથી પછી આવનાર માજીસ્ટ્રેટને કામમાં ઠરાવ આપવાને ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ અધીકાર છે, પણ સેસન જડજને આવો અધીકાર તે કોડમાં આપેલો નથી રાણી વિરૂદ્ધ તારાચંદ બાલાદુ, ઈ. લો. રી. ૩ મ. ૧૧૨.

[મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને ફીનડરસ્લી જડજોની રૂબરૂ, તા. ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૮૧.

રામસુંદરડી વિરૂદ્ધ રજબઅલીનો કેસ જુઓ. ઈં૦ લો૦ રી૦ ૧૨ ક. ૫૫૮. જુઓ એન્ય માજીસ્ટ્રેટની.

૯ જજમેટ—ઠરાવનું લખાણ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૬૭, ૪૨૪, ૪૨૬– અપીલ સાંભળ્યા પછી સેસન જડજે નિચે મુજબ ઠરાવ આપ્યો "એવી તકરાર બતાવવામાં આવી છે કે પુરાવો બીલકુલ ભરોંસા લાયક નહી હોવાથી ઠરાવ ફેરવવો જોઈએ જુબાનીઓ પુરેપુરી વાંચીને તેના ઉપર ઘણીજ ટીકા કરવામાં આવી છે. કોર્ટને દરમીયાન થવાનું કાંઈ કારણ માલમ પડતું નથી. અપીલ કાઢી વાળવામાં આવે છે." એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમો ૩૬૭ અને ૪૨૪ ને અનુસરીને આ કરેલું નથી, અને તેથી કામ ફરીથી ચલાવવું જોઈએ. કમરૂદીન દાઈ વિ૦ સોનાટન મડળ, ઈ. લો. રી. ૧૧ ક ૪૪૯. જુઓ જજમેટ ૯

(મેસર્સ પીગટ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૧૪ એપ્રેલ સને ૧૮૮૫.)

રામદાસ માધીની બાબતનાં આધાર રાખવામાં આવ્યો ઈં૦ લો૦ રી૦ ૧૩ ક. ૧૧૦. જુઓ જજમેન્ટ ૧૦.

૧૦ જજમેન્ટ—નમુના અને લખાણ—માજીસ્ટ્રેટને કરેલી ફોજદારી અપીલ—સને ૧૮૮૨ ના ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૬૭, ૪૨૪–ડેપ્યુટી માજીસ્ટ્રેટના હુકમ ઉપર અપીલ સાંભળીને માજીસ્ટ્રેટે નિચે મુજબ જજમેન્ટ આપ્યુ —"નિચેની કોર્ટના ઠરાવ ઉપર વિશ્વાસ નહી રાખવાને અને કાંઈ કારણ માલમ પડતું નથી. તોપણ શિક્ષા સખત કરેલી માલમ પડે છે. હું કેદની મુદત ઓછી કરીને પંદર દીવશ ઠરાવુછું. દંડ અને દંડને બદલે ઠરાવેલી કેદ મંજાર રાખુછું." કમરૂદીન દાઇ વિ. સોનાટન (ઈ. લો. રી, ૧૧ ક. ૪૪૯) ના ઠરાવ ઉપર આધાર રાખીને એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૩૬૭ અને ૪૨૪ માં

બતાવ્યા મુજબ આ જજમેન્ટ નોહોતું રામદાસ માધીની અરજીની બાબતમાં, ઈં લો૦ રી૦ ૧૩ ક. ૧૧૦.

(મેસર્સ નોરીસ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૬૬).

કમરૂદીન ડાઈ વિ૦ સોનાટન મંડળના કમમાં આધાર રાખવામાં આવે છે. ઈં લો૦ રી૦ ૧૧ ક. ૪૪૫. જુઓ જજમેન્ટ ૯.

જુઓ નકલો જજમેન્ટની.

„ ફરી તપાસમાં લેવું જજમેન્ટ.

જજમેન્ટ—

એમાંથી એક બાબતનું. જુઓ એમાંથી એક તોહોમત ૨.

દિવાની દાવાનું. જુઓ પુરાવો ૫૨.

નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે. જુઓ છુટકો ૨૧.

જડજ—

ફરીઆદી તરીકે જુઓ રેજીસ્ટ્રેશન ૨.

સાહેદી અથવા ફરીઆદી તરીકે. જુઓ સાહેદી. ૫.

સ્માલકાઝ કોર્ટનો, જુઓ કમીટ કરવું તે ૧, ૨૬

જ્યુરીથી જુદો પડે તે. જુઓ આસેસર ૧૦.

જડજની નોટ—

જડજની નોટ—નકલ—ફોજદારી કેસમાં શિક્ષા કર્યા પછી કામની તકરારમાં બતાવેલી મુશકેલાઈનું કારણ બતાવી, હાઈ કોર્ટ પુરાવો અને મુકરદમા વિશેની જડજની નોટની નકલ કેદીને આપવાનો હુકમ કરી શકે નહી. કામના કાગળો મંગાવવાનો હુકમ કરતાં પેહેલાં, કામ ચલાવવામાં અવ્યવસ્થા થઈ છે અથવા સજા અથવા હુકમ કાયદા વિરૂદ્ધ થયેલો છે એવું સપષ્ટ રીતે નીકળી આવવું જોઈએ. રાણી વિ. સુબાયા ગોનડન, ૧ મ. હા. કો. રી. ૧૩૮.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને ફેરી જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૬૩.)

જબરો ધક્કો—

જુઓ અવિચારી અને જુલમ ભરેલું કૃત્ય ૨.

જબરજસ્તીથી કબજો લેઇ લેવો તે—

જુઓ કબજો ૬૩, ૮૬.

જમીનની તકરારો—

જુઓ કબજો.

„ લોકોપકારક કૃત્ય ૧૮, ૨૦.

„ મુચરકો ૪૫.

જમીનદારો—

ખબર આપવાને બંધાયેલા. જુઓ જુઠો પુરાવો ૧૧૦.

ની ફરજ. જુઓ તોડવો હુકમ સરકારી નોકરનો.

જુઓ કાયદેસર પકડેલી ચીજ ૧.

જમીનના મેહેસુલ સબંધી કાયદો—

જમીનના મહેસુલ સબંધી કાયદો—સરકારી જમીનમાંથી માટી લેવી તે—સેકન કલાસ માજીસ્ટ્રેટ—ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટનો ગુન્હાની તજવીજ કરવાની હકુમત—જનરલ કલોઝીઝ આકટ મુંબાઇનો સને ૧૮૬૬ નો ૧૦ મો કલમ ૧ કલોઝ ૭—જમીનના મેહેસુલ સબંધી મુંબાઇના આકટ સને ૧૮૭૯ ના ૫ માની કલમ ૨૧૪ મુજબ બનાવેલો નિયમ કે જે કલોઝ ૧ ની વિરૂદ્ધ કરેલા ગુન્હાની તપાસ ફકત ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ કરી શકેછે. તે ઉપરથી સેકન કલાસ માજીસ્ટ્રેટે રજુઆત ચલાવી-શક્ષા કરેલી હાઇ કોર્ટે રદ કરી હતી. રાણી વિ. શીવરામ, ઈ. લો. રી. ૮ મુ. ૫૪૧.

(મેસર્સ વેસ્ટ અને નાહાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુલાઈ સને ૧૮૮૪).

જવાબ તોહોમતદારનો—

જવાબ તોહોમતદારનો—વકીલ અથવ કાઉનસેલ—જોકે વકીલ અથવા કાઉનસેલ યેગ્ય વખતે તોહોમતદારના તરફથી કોર્ટમાં ભાષણ આપી શકે તો પણ તોહોમતદારે તકરાર પોતાને મોઢેથી બતાવવી જોઈએ; અને કાઉનસેલ અથવા વકીલની મારફતે બતાવવી

જોઈએ નહી. રાણી વિ. રૂપા ગોવાલા, ૧૫ વી. રી. ૪૨.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી માર્ચ સને ૧૮૭૧).

જવાબ ગુન્હો કર્યાનો—

૧ જવાબ ગુન્હો કર્યાનો—આસેસરો—જો કે આસેસરો ના હોય તો પણ તોહોમતદાર ગુન્હો કર્યાનું કબુલ કરેતો તેની કબુલાત ઉપરથી કાયદેસર રીતે ગુન્હેગાર ઠરાવાય છે રાણી વિ. શ્રીકંત ચારલ, ૧૦ વિ. રી. ૪૩: ૨ બેં લો. રી. ફુ. બેં. ૨૩.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ જેકસન, મેકફરસન અને બેલી જડજોની રૂબરૂ, તા૦ ૨ સપટંબર સને ૧૮૬૮).

૨ જવાબ ગુન્હો કર્યાનો—મહાવ્યથા—બ નામના માણસને મહાવ્યથા કરવાના કેસમાં કેદીને તોહોમત વાંચી સંભળાવ્યા પછી તેણે એવી હકીકત બતાવી કે બ ની સાથે તેને લડાઈ હતી અને તેણે ગુસ્સામાં બે વાર લાકડી મારી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે સેસન જડજે આ હકીકત ગુન્હો કબુલ કર્યાનો જવાબ તરીકે ગણીને તેના ઉપર કેદીને ગુન્હેગાર ઠરાવ્યો એ કાયદા વિરૂદ્ધ હતું, તેથી શિક્ષા રદ કરી ફરીથી તપાસને માટે કેસ પાછો મોકલવામાં આવ્યો હતો. રાણી વિ. જેપાલ કોયરી, ૧૧ વિ. રી. ૬.

(મેસર્સ નોરમન અને જેક્શન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯).

૩ જવાબ ગુન્હો કર્યાનો અથવા નહી કર્યાનો-કોઈ કામમાં ગુન્હો કર્યાનું વકીલ બતાવે પણ જે ગુન્હાનું તોહોમત રાખવામાં આવ્યું છે તે ગુન્હો કર્યો નથી, એમ બતાવે તો જવાબ ખરી રીતે ગુન્હો નહી કર્યાનો ગણાય છે. રાણી વિ. મીટન ચોધરી, ૧૧ વિ. રી. ૫૩.

મેસર્સ જેક્શન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી મે સને ૧૮૬૯).

૪ જવાબ ગુન્હો કર્યાનો—શરીરના ખાનગી બચાવનો હક—ખુન—શિક્ષણીય મનુષ્યવધ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૯૭, ૯૯, ૧૦૨, ૩૦૦—ખુનના તોહોમતો શેસન જડજની રૂબરૂ ગુન્હો કર્યાનું તોહોમતદાર કબુલ કરે તો સેસન જડજે તે તોહોમતના જવાબ ઉપરથી તેણે ગુન્હેગાર ઠરાવવો જોઈએ અથવા પુરાવો લેઈ તેની તજવીજ કરવી જોઈએ, પણ રજૂઆત ચલાવ્યા સીવાય ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો જેને માટે ગુન્હો કર્યાની કબુલત આપવામાં આવી નથી તેવા ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવી શકાય નહી. પીનલકોડની કલમો ૯૭, ૯૯ અને ૧૦૨ ઉપર નજર રાખીને અને આ કેસની હકીકત ધ્યાનમાં લેઈને એમ ઠરાવવામાં આવ્યું કે મરનાર જેને તોહોમતદારે મારી નાખ્યો તેની બીકથી તેણે ભય થવાની ધાસ્તી વાજબી રીતે લાગે એવું નહોતું તેથી શરીરના ખાનગી બચાવનો હક મળતો નથી, અને કેસ પીનલકોડની કલમ ૩૦૦ ના બીજા અપવાદથી ખુનના વર્ગમાંથી લેઈ લેવામાં આવ્યો નહોતો. રાણી વિ. ગોબાદર ભુયાન, ૧૩ બિ. રી. રી. ૫૫; ૪ બેં. લો. રી. અપે. ૧૦૧.

(મેસર્સ જેકશન અને ગ્લોવર. જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી એપ્રીલ સને ૧૮૭૦).

૫ જવાબ ગુન્હો કર્યાનો—ગુન્હેગાર ઠરાવવું તે—સજા—અપીલ—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનો આકટ કલમ ૧૬૭—છ માસ ઉપરાંત કેદ અથવા બસો રૂપીઆ ઉપરાંત દંડ માજીસ્ટ્રેટે કોઈ માણસનો કર્યો હોય તોપણ તેની પોતાની કબુલાત ઉપરથી પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવ્યો હોય તો ગુન્હેગાર ઠરાવવું ગેરકાયદેસર હતું, અને તેથી સજા પણ ગેરવાજબી થએલી હતી એ કારણ બતાવી સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના આકટની કલમ ૧૬૭ મુજબ હાઈ કોર્ટમાં અપીલ થઈ શકે નહી. રાણી વિ. જાફર એમ. તલાબ, ૫ મું. હા. કો. રી. ૮૫.

(મેસર્સ મેલવીલ અને સારજન્ટ જડજો

ની રૂબરૂ, તા૦ ૨૨ મી સપટંબર સને૧૮૮૦.

૬ જવાબ ગુન્હો કર્યાનો—તોહોમતદારે આપેલો ખુલાસો—ખુનનું તોહોમત ગુન્હો કર્યાની કબુલાત આપતી વખતે તોહોમતદારે બતાવેલી હકીકત - સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૦૨, ૩૦૦ અપવાદ ૧ લો —સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૭૧, ૨૯૯—ખુનના ગુન્હાના તોહોમતના જવાબમાં તોહોમતદારે એમ હકીકત બતાવી કે તેને પોતાની સ્ત્રીને મારી હતી પણ આગલે દીવસે તેણે તેણીને છીનાળુ કરતાં જોયાથી એ કૃત્ય કર્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે આ હકીકત એ તોહોમત રાખેલો ગુન્હો કર્યાનો જવાબ ગણાય નહી, અને તેથી તોહોમતદારે બતાવેલો ગુસ્સો ગુન્હો ઓછો થઈ શકે એવા ભારે અને આકસ્મીક હતો કે નહી એની તપાસ ચલાવવાની કોર્ટની ફરજ હતી. રાણી વિ. નેટઈલસ્ક ૨, ઈં૦ લો૦રી૦ ૧૧ ક. ૪૧૦.

(મેસર્સ પીથેડ અને બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૮૫.)

રાણી વિ. ઓનતુના કામમાં નજર રાખવામાં આવી હતી. ઈં૦ લો૦ રી૦ ૯ મ. ૬૧ જુઓ ખુન ૫૮.

જુઓ અપીલ ૯.

,, જુઠું તોહોમત ૩૨.

જવાબ ગુન્હો નહી કર્યાનો—

જુઓ પ્રથમની તપાસ ૪.

જવાબ નિશામાં આપેલો તે—

જુઓ કેફ.

જવાબ દેવામાં આડા અવળા જવું તે—

૧ જવાબ દેવામાં આડા અવળા જવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૨૮ સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૩—એમ ઠરાવવામાં આવ્યું કે જુબાની આપતી વખતે આડા અવળા જવાબ દેવાથી ઇનસાફી મુકરદમાની અંદર બેઠેલા સરકારી નોકરને હરકત કરવાના અથવા અપમાન કરવાનો પીનલકોડની કલમ ૨૨૮ મુજબ ગુન્હો બનતો નથી. રાણી વિ. ઓબા બીન ભીવરાવ, ૪ મુ. હા. કો. રી. ૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઈ સને ૧૮૬૭.)

રાણી વિ જેઠમલ શ્રાવનના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ૧૦ મુ. હા. કો. રી. ૬૯. જુઓ જવાબ દેવામાં આડા અવળા જવું તે

૨ જવાબ દેવામાં આડા અવળા જવું તે—સરકારી નોકરને જાણી બુઝીને હરકત કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૨૨૮—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—કોઇ સાહેદી આડો અવળો જવાબ દે તો પીનલકોડની કલમ ૨૨૮ અને પીનલકોડની કલમ ૪૩૫ મુજબ કોર્ટનું અપમાન ગણાય. રાણી વિ. જેઠમલ શ્રાવન ૧૦ મું. હા કો. રી. ૬૯.

(મેસર્સ મેલવીલ અને કેમ્બેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી માર્ચ સને ૧૮૭૩.)

રાણી વિ. ઓબા બીન ભીવરાવના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ૪ મું. હા. કો. રી. ૬. જુઓ જવાબ દેવામાં આડા અવળા જવું તે ૧

રાણી વિ. પંડુ બીન વીઠોજીના કામમાં તફાવત બતાવવામાં આવ્યો, ૪ મું. હા. કો. રી. ૭. જુઓ ના પાડવી સવાલોનો જવાબ આપવાની.

જસ્ટીસ ઓફ ધી પીસ—

જસ્ટીસ ઓફ ધીપીસ—હાઈ કોર્ટ—સન ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૪૦૪, ૪૧૦, ૪૩૪—૩ જા જોર્જના પ્રકરણ ૫૩ ની કલમો ૧૫૫ અને ૧૦૫ મુજબ જસ્ટીસ ઓફ ધી પીસની રૂબરૂ, ગુન્હેગાર ઠરેલા કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની

કલમ ૪૩૪ મુજબ હાઈ કોર્ટ દરમીઆન થઈ શકતી નથી. તે કોડની કલમ ૪૦૪ મુજબ હાઈ કોર્ટ દરમીઆન થઈ શકે? આવી જાતનો કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૦ માં આવી જાય છે. કાલીપ્રોસોનો ચતરજી વિ૦ એ. એ. ગાર્ઈઝ, ૧૪ વિ રી. ૭૯.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની ૩બરૂ. તા૦ ૯ મી ડીસેંબર સને ૧૮૭૦).

જુઓ હકુમત ૧૫, ૧૭.

જાતે હાજર રહેવું તોહોમતદારનુ—

જાતે હાજર રહેવું તોહોમતદારનું—એના વગર ચલાવવું તે—મુચરકો—એજન્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૮૨, ૨૫૮, ૨૬૧,—એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને હાજર ના રાખ્યો હોય તેવા કેસમાં જો જરૂર જણાયતો તેનો મુચરકો લેવો જોઈએ. પણ તોહોમતદારને જાતે અથવા એજન્ટથી હાજર રાખવાને માટે તેના એજન્ટ પાસેથી મુચરકો લેવો જોઈએ નહીં આવી રીતના લીધેલા મુચરકાથી એજન્ટને હાજર રાખવાનો માજીસ્ટ્રેટને કાયદેસર અખતીયાર નથી. રાણી વિ૦ લલુભાઈ જટુભાઈ, ૫ મું. હા. કો. રી. ૬૪.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની ૩બરૂ, તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૬૮).

જુઓ મુચરકો ૮૬.

જાતનું રાખાવવુ—

જુઓ તોડવો હુકમ સરકારી નોકરનો ૧૫.

જાથુનો મનાઈ હુકમ—

જુઓ લોકોપકારક કૃત્ય ૩૯.

જામીન—

૧ જામીન—ચાલતી અપીલ—અપીલ ચાલે ત્યાં સુધી હાઇ કોર્ટનો એક જડજ કેદીને જામીન ઉપર છોડવાનો હુકમ કરી શકે. રાણી વી૦ જાલુ સીરદાર. વિ. રી. તા ૧૯ મી સપટંબર.

(મેસર્સ લોચ અને જેકશન જડજોની બરૂ, તા૦ ૩૧ મી માર્ચ સને ૧૮૬૪).

૨ જામીન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૨—જે કેસોમાં વધારે તજવીજ ચાલતી હોય અને તોહોમતદારને છોડી દેવામાં ના આવ્યો હોય તેવા જ કેસોમાં ફકત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૨ મુજબ જામીન માગી શકાય છે. રામલાલ ટેવારી વિ૦ સુકરામ, ૧૦ વી. રી. ૩૪; ૧ બેં. લો. રી. ૬. ઉ. ૨૬.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની ૩બરૂ, તા૦ ૯ મી સપટંબર સને ૧૮૬).

૩ જામીન—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૮૦—સજા કર્યા પછી જામીન લેવા તે—કેસની રજુઆત ચાલતી હોય અને પક્ષકાર તોહોમતદાર હોય તે દરમીયાનના વખતનેજ ફકત સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૯૦ લાગુ પડે છે. તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરયા પછી તેના જામીન લેવાનો સેસન જડજને અધીકાર નથી. રાણી વિ૦ રામરતન મુકરજી, ૨૪ વિ. રી. ૮.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની ૩બરૂ, તા૦ ૭ મી જુન સને ૧૮૭૫).

રાણી વિ૦ માહનદ્ર નારાયણ બંગાળુશનના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧ બેં. લો. રી. ક્રી. અ.૭. જુઓ સાક્ષી ૩.

રાણી વિ૦ ઠાકરપ્રસાદના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૧૫૧. જુઓ જામીન ૧૪.

૪ જામીન—ગુન્હેગાર માણસ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૯૦—સેસન કોર્ટ—ગુન્હેગાર થયેલો માણસ તે કલમના અર્થ મુજબ તોહોમતદાર નહીં હોવાથી સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૯૦ મુજબ તેના જામીન લેવાનો સેસન કોર્ટને અખતીયાર નથી. રાણી વી૦ ઠાકરપ્રસાદ, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૧૫૧.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન, ટરનર, સ્પેંકી અને ઓલ્ડફીલ્ડ જડજોની ૩બરૂ, તા૦ ૧૬ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

રાણી વિ. રામરતન મુકરજી. ૨૪ વિ. રી. ૮. જુઓ જામીન ૩.

રાણી વિ. મહેનદ્ર નારાયણ બંગાળુશન, ૧ બેં. લો. રી. ક્રી. અ. ૭. જુઓ સાક્ષી ૩.

રાન હાઈશાકુ, ૨૩ વિ. રી. ૪૦. જુઓ કાયદેસર પકડેલી ચીજનો અટકાવ.

૫ જામીન—અરજી—ઈનસાફી મુકરદમો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૫૦, ૧૯૪, ૩૮૯—કેસ પાછો મોકલવાનું સોગન ઉપર જુબાનીથી જોઈએ તેવી રીતે ટેકો નહી મળેલું વ્યાજબી કારણ—માજીસ્ટ્રેટે તોહોમતદારના જામીન લેવા કે નહી એ સવાલનું નિરાકરણ કરવાને ચલાવેલો મુકરદમો ઈનસાફી મુકરદમો ગણાય છે, અને તેથી કરીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ હાઇ કોર્ટ ચલાવી શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૪ કલમ ૧૯૦ ની સરત તરીકે વાંચવી જોઈએ અને તે કલમ મુજબ એક સાહેદી લીધા શીવાય તોહોમતદારને ફરીથી વાજબી કારણસર કેદમાં મોકલવાનો હુકમ કરવાનો અખતીયાર છે. પુરાવો મળી આવે તેવું હતું પણ માજીસ્ટ્રેટને એમ જરૂર લાગ્યું કે સાહેદીઓ લેવાનું મોકુફ રાખ્યાથી વધારે પુરાવો મળી આવશે કે જે લેવા માંડે બધો સામટો લેવામાં આવશે, એ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટે બતાવેલું કારણ જો કે સોગન ઉપર નોહોતું તો પણ ફરીથી કેદમાં મોકલવાનો પાંચ દીવસ અને વધારાનો આર દીવસનો હુકમ વાજબી રીતે કરેલો હતો. તોહોમતદારને પોતાની વિરૂદ્ધનો પુરાવો જેમ બને તેમ જલદીથી લખી લેવરાવાનો હક છે અને તેની સામે ઘણો પુરાવો છે અથવા આવી શકે એવું છે એવો પુરાવો ઘણા વખત સુધી રાખી મુકવાનું કારણ નથી. મી૦ કરનાન જડજનો મત—સાહેદીઓની જુબાનીઓ લેવામાં માજીસ્ટ્રેટ વીલંબ કરે, અને રજુઆત બંધ રાખીને ક્રીમીનલ પ્રો. કોડની કલમ ૧૯૪ મુજબ તોહોમતદારને ફરીથી કેદમાં મોકલે તો મુકરદમામાં સ્પષ્ટ રીતે તેણે બતાવવું જોઈએ કે શા કારણથી આવી રીતે કરવાની જરૂર પડી. રાણી વિ. મનીકામ, ઈ. લો. રી. ૬ મ. ૬૩.

(મેસર્સ ઈન્સ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને કરનાન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી સપટંબર સને ૧૮૮૨).

જુઓ ખરાબ આજીવીકા.

„ કમ્પનસેશન ૩૩.

„ ફરીઆદ ૧૭.

„ અપમાન કોરટના હુકમનું ૧૨.

„ તોડવો સરકારી નોકરનો હુકમ ૯.

„ પુરાવો ૬૩.

જામીનગીરી—

૧ જામીનગીરી—કેદ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૪ જામીનદારોને કેદ કરવાનો અધીકાર આપતી નથી. પ્રો. તા૦ ૨૦ મી અગષ્ટ સને ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૫૮.

૨ જામીનગીરી—મુચરકો—તોહોમતદારને નાઉડાની કચેરીમાં હમેશ હાજર રાખવાને માટે મેજુદાર છે એવી સરતથી કોઈ જામીનદાર જામીન થયો હોય તો, એમાં એમ ઠરાવવામાં આવ્યું કે જો કોર્ટે જામીનદારની કબુલાત શીવાય તોહોમતદારનો જાતનો મુચરકો લેઈ કાંઈ કામને માટે તે જગ્યા છોડવાની તેને રજા આપી હોય તો જામીનદાર તે મુચરકાથી ત્યાંને માટે તેમજ પછીથી કેસ બીજી કોર્ટમાં મોકલવામાં આવ્યો હોય તો તેને માટે પણ છુટો થઈ જાય છે. રાણી વિ. મોવાલાલ, ૧૩ વિ. રી. ૫૩.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૪ એપ્રીલ સને ૧૮૭૦.)

૩ જામીનગીરી—વારંટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૦—જામીનની મીલકત જપ્ત કરવાને માટે વારંટ કાઢાડલા પેહેલાં, ખતમાં લખેલો દંડ

શા માટે તેને આપવો જોઇએ નહી એનું કારણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૦ મુજબ બતાવવાને તેને બોલાવવો જોઇએ, અને કામના દફતર ઉપરથી સાફ માલમ પડી આવવું જોઈએ કે આવી નોટીસ તેને આપવામાં આવી હતી. ખુદીકોઈ ભટની વિ. દુરગાદાસ ભટાચારજી, ૧૫ વિ. રી. ૮૨; ૭ એં. સો. રી. અપે. ૩૭.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી મે સને ૧૮૭૧).

૪ જામીનગીરી—જામીનખત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૩૦૦, ૩૦૫—કરી આપેલા જામીન ખતો શા માટે બજાવવા જોઈએ નહી એનું કારણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૫ મુજબ જામીનો પાસે માગેલું તે પુરાવાથી તેઓ બતાવી શકયા નહી, અને તેઓએ બતાવેલી હકીકત ઉપરથી એમ ઠરાવમાં આવ્યું હતું કે ખત બજાવવાનો હુકમ વાજબી હતો. મી૦ ફીઅર જડજનો મત જો કે નમુના (ફ) માં બતાવેલા જામીનખતમાં મુખ્ય ગુન્હેગારનું અને બીજું જામીનોનું એવા બે જામીનખતો આવી જતા હોય તોપણ, અને તેઓ બંને એક કાગળમાં લખવાને બદલે બે કાગળોના કકડામાં લખેલા હોય તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૦ મુજબ ગણાય છે. બ્રીનદાબન ચંદરદાસ અરજદાર, ટારીનીચર્ન મોઝુમદાર અરજદાર, ૧૯ વિ.રી.૨૯.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જાનેવારી ૧૮૭૩).

૫ જામીનગીરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૦૫, ૫૧૬—સુલેહનો ભંગ નહી કરવાના જામીન લેવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૫ મુજબ કરતી વખતે કાયદા વિરૂદ્ધ સરત પક્ષકાર ઉપર નાખવી જોઈએ નહી, તે એ કે તોહોમતદારે, તેના ઘેરથી એક માઈલ હદની અંદર રેહેનારા સગા ના હોય તેવા બે આબરૂદાર માણસોના જામીન આપવા જોઈએ કલમ ૫૧૬ મુજબ કાંઈ કારણ બતાવી જામીન ના પાડવાનો માજીસ્ત્રેટનો અધીકાર છે તે વાજબી અને કાયદેસર કારણ હોવું જોઇએ. નારાયણ સુસુધી અરજદાર, ૨૨ વિ રી.૩૭.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઇ સને ૧૮૭૪).

જુઓ નાસી જવું ગુન્હેગારનું ૪.

„ રાજ દંડ ૩.

જામીનગીરી સારી ચાલને માટે—

૧ જામીનગીરી સારી વર્તણુકની—સેસન જડજને ચાલવાનો માર્ગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—નિર્દોષ ઠરાવી છોડી દીધેલા માણસના આગળ ઉપર સારી ચાલના જામીન લેવા જોઈએ એવું સેસન જડજનું ધારવું હોય તો તેણે તો હોમતદારને છોડી મુકવો જોઈએ અને પોતાના જામીન લેવા વિષેના મતની માજીસ્ત્રેટને ખબર આપવી જોઈએ અને તે માટે જરૂરી આત બંદોબસ્ત માજીસ્ત્રેટે કરવો જોઇએ, અને સેસન જડજે પક્ષકારને કેદમાં રાખી માજીસ્ત્રેટ પાસે મોકલવો જોઈએ નહી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ દરેક શાહેદીની જુદી જુબાની લેવી જોઇએ પણ "ગયા શાહેદીના જેવી" જુબાની આપે છે એટલી હકીકત લખવી બસ નથી. રાણી વિ. ભાયા વાલદ સુરજીમ, ૧ મું. હા. કો. રી. ૯૧

(મેસર્સ એરસકાઈન, ન્યુટન અને વેસ્ટ્રોપ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી નવંબર સને ૧૮૬૩.).

૨ જામીન સારી ચાલને માટે—સને ૧૮૬૧ નો ૨૫મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭—આ કેસમાં કેદીને સારી ચાલને માટે જામીન આપવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ કરેલો ખોટી રીતે કરેલો છે એમ બતાવી રદ કરવામાં આવ્યો કારણ કે તે કલમ તોફાની અને જુલમી ચાલ ચલગતના માણસોને લાગુ પડતી

નથી. નારાયણ સુખુધી અરજદાર, ૬ વિ. રી. ૬.

(મેસર્સ જેકસન અને કેમ્પબેલ જડ જોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુન સને ૧૮૬૬.)

રાજા વાલદ હુસેન સાહેબના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લૉ૦ રી૦ ૧૦ મું. ૧૭૪. જુઓ જામીનગીરી સારી ચાલને માટે ૨૫.

૩ જામીનગીરી સારી ચાલને માટે— હાઈ કોર્ટની તપાસણી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૯ મુજબ સેસન જડજનો હુકમ—પક્ષકારોના સારી ચાલને માટે જામીન લેવાનો હુકમ માજીસ્ટ્રેટે કરેલો તે મંજુર રાખવામાં સેસન જડજના હુકમો ઉપર જો કે અપીલ થાય નહી તોપણ હાઈ કોર્ટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ તપાસમાં લેઈ શકે છે. જામીન નહી આપવાને બદલે ઠરાવેલી કેદ પુરી થયા પછી કલમો ૩૦૧ અને ૪૦૯ ઉપર નજર રાખીને તે માણસ પ્રમાણીક રીતે ચાલે તેવો નથી અને ખરાબ રીતે ચાલે છે એવો નવો પુરાવો મળ્યા સીવાય તેના બીજી વખત જામીન માગી શકાય નહી. જ સવંતસીંગ અરજદાર ૬ વિ. રી. ૧૮; ૧ ઇન્ડ. જ્યુરી. ઉ. દ. ૩૦૧.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડ જોની રૂબરૂ, તા૦ ૨ જુલાઈ સને ૧૮૬૬.)

૪ જામીન સારી ચાલને માટે—માજીસ્ટ્રેટની કાયદા વિરૂદ્ધ સજા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૬, ૪૩૪—પીનલકોડની કલમ ૪૪૮ મુજબ કેદની શીક્ષા જોડે સજા પુરી થયા પછી કેદીને એક વર્ષ સુધીના સારી ચાલના જામીન લેવાને માટે લાવવો જોઈએ, એવું બતાવેલું તે બતાવવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ અખીકારનથી એવું ઠરાવી રદ કરવામાં આવ્યું રાણી વિ. ક્રીષ્ણાજી બાપુજી ગાયકવાડ, ૩ મું. હા. કો. રી. ૩૯.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૩૦ જાનેવારી સને ૧૮૬૭).

જુઓ રાણી વિરૂદ્ધ પ્રભાકર અને સોમાન. ૩ મું. હા. કો.રી. ૧૧. જુઓ હોડી મુકવાની જગા. ૧.

રાણી વી૦ ગાનીઆ બીનબાપુ ૩ મું. હા. કો. રી. ૫૦ જુઓ અપીલ ૨.

રાણી વી૦ લખુ વાલદ સકરૂના કામમાં નજર રાખવામાં આવી. ૮ મું. હા કો. રી. ૧૧૮ જુઓ અપીલ ૬.

૫ જામીનગીરી સારી ચાલને માટે—પુરાવો—પોલીસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૬ મુજબ સારી ચાલના જામીન માટે કેટલાક માણસો સામે ચાલેલા મુકરદમામાં પુરાવા તરીકે કામમાં જે ખબર પોલીસે મેળવી હોય તે ખબર કામના પુરાવામાં લેવાનો માજીસ્ટ્રેટનો અખતીયાર નથી. રાણી વિ૦ કોમલ કીશન. ૧૧ વિ૦ રી૦ ૩૫.

(મેસસ જેકશન અને માર્કબાય જડ જોની રૂબરૂ, તા૦ ૬ એપ્રીલ સને ૧૮૬૯).

૬ જામીન સારી ચાલને માટે—તોફો મતદારના સબંધો—માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ સારી ચાલને માટે કેટલાક માણસોના જામીન માગેલા અને તે ના આપે તો ૭ માસની સખત શીક્ષા ઠરાવી હતી તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે હુકમ ગૈરકાયદેસર હતો કારણ કે કલમ ૩૦૧ મુજબ માગેલા જામીન આપે ત્યાં સુધી તેમને કેદમાં મોકલવા જોઇએ. જામીન લેવાનો આંકડો ઠરાવતી વખતે માજીસ્ટ્રેટે પ્રતીવાદીને વાજબી રીતે મળી આવે તેના કરતાં વધારે આંકડો ઠરાવવો જોઇએ નહીં. પ્રો. તા૦ ૨૬ મી એપ્રીલ સને ૧૮૬૯. ૪ મ. હા. કો.રી. અપે. ૪૬.

૭ જામીન સારી ચાલને માટે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭—રોકડા રૂપીઆ મુકવા તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ કોઈ

માણસના જામીન લેવાના છે તે બતાવવું જો ઈએ. સારી ચાલના જામીન લેવાની કાયદામાં એ મતલબ છે કે જામીનદારો જે માણસના જામીન થયા હોય તેની સારી ચાલને માટે જ વાબદાર થશે પણ રોકડા રૂપીઆ મુકવાની મ તબ નથી. રાણી વિ. શીઓબક્ષ, ૨ વા. દી. પ્રાં. ૨૦૫.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી જુલાઈ સને ૧૮૭૦).

૮ જામીન સારી ચાલને માટે-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૫-શાહેદીઓની તપાસ—સારી ચાલ ના જામીન ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ લેવાને માટે કોઈ માણસ સામે ચલાવેલા મુકરદમામાં તોહોમતદારની રૂબરૂ શા હેદીઓ લેવા જોઈએ અને તેમની ઉલટ સુલટ તપાસ કરવાને તોહોમતદારને પરવાનગી આ પવી જોઈએ. રાણી વિ. શંકર, ૨ વા. દી. પ્રાં. ૪૦૬.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૭ મી નવંબર સને ૧૮૭૦).

લતીફ હુસેનના કેસમાં આધાર રાખવા માં આવે છે. ૧૦ વિ.રી.૧. જુઓ કબજો ૩૨.

ગોરચંદર ચકરબતી વિ૦ કીસનમોહન સીંગના કામમાં નજર રાખવામાં આવી છે. ૧૦ વિ. રી. ૪૬; ૨ બે. લો. રી. ઉ. દ. ૪. જુઓ કપટથી મીલકત ખશેડવી તે ૧.

રાણી વિ. નસરૂદીનના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૨ વા દી. પ્રાં. ૪૬૧. જુ ઓ મુચરકો ૩૫.

૯ જામીન સારી ચાલને માટે-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬-ખરાબ વર્તણુક—ક્રીમીનલ પ્રો સીજર કોડની કલમ ૨૯૬ મુજબ વાજબી રીતે કામ ચલાવવાને માટે કલમમાં બતાવ્યા પ્રમાણે તોહોમતદાર ખરાબ ચાલનો છે એવો તેની રૂબરૂ પુરાવો હોવો જોઇએ. રાણી વિ૦ બદલા ૨ વા. દી. પ્રાં. ૪૫૫.

(મી૦ ટર્નબલ જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસંબર સને ૧૮૭૦.)

૧૦ જામીન સારી ચાલને માટે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬-જામીન નહી આપવાને બદલે કે દમાં નાંખવાની તારીખ-કોઈ માણસને થયે લી સજાના વધારામાં ક્રીમીનલ પ્રોસીજર કો ડની કલમ ૨૯૬ મુજબ એક વર્ષ સુધીના સારી ચાલના જામીન આપવાને હુકમ કર્યો હોય તો જામીન નહી આપવાને બદલે ઠરાવે લી કેદ જામીન માગ્યાના હુકમની તારીખથી સરૂ થવી જોઈએ પણ કેદીને સજા કરેલી પુરી થયા પછી તે કેદ સરૂ કરવાનો હુકમ થઈ શકે નહી. રાણી વિ. ટોરલ ગુજર, ૩ વા. દી. પ્રાં. ૧૨૬.

(મી૦ ટર્નબલ જડજની રૂબરૂ, તા૦ ૩ જુન સને ૧૮૭૧).

૧૧ જામીન સારી ચાલને માટે—અ પીલ-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રો સીજર કોડ કલમો ૨૬૭, ૨૮૬—સારી ચાલ ના જામીન આપવાને કોઈ માણસને ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે હુકમ કર્યો હોય તો સને ૧૮૭૨ના આકટ ૧૦ માની કલમો ૨૬૭ અને ૨૮૬ મુ જબ તે હુકમ ઉપર હાઈ કોર્ટમાં અપીલ થઈ શકે નહી. રાણી વિ. નુજનાહ ૨૨ વિ. રી. ૬૮

(મેસર્સ માર્કબાય અને મીતર જડ જોની રૂબરૂ, તા૦ ૨૦ મી અગષ્ટ સને ૧૮૭૪.)

૧૨ જામીન સારી ચાલને માટે—સુલે હનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમી નલ પ્રોસીજર કોડ કલમ ૫૦૯ અને શેડયુ લ ૨ જુ—ક્રીમીનલ પ્રોસીજર કોડના બીજા શેડયુલના નમુના (ર) મુજબ સુલેહનો ભંગ નહી કરવાને માટે કોઈ માણસને જામીન ખ ત કરી આપવાનો હુકમ કરેલો તે બાબતમાં આવી જાતના ખતને બદલે સારી ચાલને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૯ માં બતાવેલા (ગ) નમુના પ્રમાણે લખેલા જા મીન ખતમાં સહી લીધી, તેમાં એમ ઠરાવવામ

આવ્યું હતું કે પાછલા નમુના પ્રમાણે લખાવી લીધેલું ખતબંધન કારક નથી, બીનદેસરી પ્રસાદ વિગેરે વિ. ગજાધરપ્રસાદ, ૨૩ વી. રી. ૧.

(મેસર્સ પીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી સપટંર સને ૧૮૭૪.)

૧૩ જામીન સારી ચાલને માટે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણો ૩૭, ૩૮–સમન કેસ—કામ ચલાવવું બંધ રાખવું તે- સને ૧૮૭૨ નો ૧૦ મો કલમ ૨૦૪—તોહોમતદારને શી રીતે હાજર રાખવો તે—કોઈ સમન કેસ બંધ રાખવાની જરૂર જણાય તો મુદત ઠરાવેલા દીવસે તોહોમતદારને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૪ માં લખ્યા મુજબ હાજર રાખી શકાય, તેટલા માટે એક વર્ષ સુધી સારી ચાલના જામીન આપવાને કોઈ માણુસ ઉપર સમન કાઢવામાં આવ્યો હોય અને તોહોમતદાર પોતાની ચાલ ચલગત વિષે પુરાવો આપી શકે તેને માટે માજીસ્ટ્રેટે કેસ મુલતવી રાખ્યો હોય તો ઠરાવેલા દીવસે હાજર રેહેવાને માટે તોહોમતદાર પાસેથી મુચરકો લખાવી લેવાનો માજીસ્ટ્રેટને અધીકાર છે. રાણી વિ. ચોચારાઈ, ૬ વા. દી. પ્રાં. ૩૬૬.

(મી૦ બોધર્સ્ટ જડજની રૂબરૂ, તા૦ ૨૧ મી નવંબર સને ૧૮૭૪.)

૧૪ જામીન સારી ચાલને માટે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૪, ૫૦૫, ૫૦૯—માલકી હકો—માજીસ્ટ્રેટે સારી ચાલને માટે જામીન માગેલા તેમાં જામીનદારને એવો હુકમ કર્યો કે તેણે પોતાની બસો રૂપીઆની જામીનનો સબળો હક ગીરો મુકવો જોઇએ, તે હુકમ ગેર કાયદેસર ઠરાવવામાં આવ્યો હતો. રાણી વિ. ગાની, ૭ વા. દી. પ્રાં. ૨૪૯.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રિલ સને ૧૮૭૫.)

૧૫ જામીન સારી ચાલને માટે—હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૪—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૪ અથવા પેહેલાની કોઇપણ કલમ મુજબ સારી ચાલને માટે જામીન લેવા જોઈએ, અથવા તજવીજ કર્યા સીવાય કેવી જાતના જામીન લેવા જોઈએ અને કેટલા વખતને માટે લેવા જોઈએ એનું નિરાકરણ કરવાનો સેસન જડજનો અધીકાર નથી. જરૂર છે એ તપાસ કરવાનો માજીસ્ટ્રેટનો અધીકાર છે અને કલમ ૫૦૪ મુજબ તોહોમતદારને માજીસ્ટ્રેટને ત્યાં મોકલ્યા પછી સેસન જડજનો અધીકાર નથી. રાણી વિ ગંગારામ પોડર, ૨૪ વિ. રી. ૧૦.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુન સને ૧૮૭૫.)

૧૬ જામીન સારી ચાલને માટે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૦૪ અને ૫૦૬—ગુન્હાને માટે સજા–ગુન્હાની સજા સારી ચાલના જામીન લેવાના હુકમની સાથે એકીજ વખતે ઠરાવી હોય તો મુખ્ય ગુન્હાની સજા પેહેલી અમલમાં લાવવી જોઈએ; અને જામીન આપવાને બંધાયેલા માણુસને જામીનને માટે પછીથી બોલાવવો જોઈએ. રાણી વિ. સોનાડાગી. ૨૪ વિ. રી. ૧૩.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુન સને ૧૮૭૫.)

૧૭ જામીન સારી ચાલને માટે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૫–સાધારણ ચાલ ચલગતના આપેલા પુરાવા ઉપરથી માજીસ્ટ્રેટની રૂબરૂ કોઈ માણુસ જાતે લુટારો, ઘર ફાડનાર અથવા ચોર છે અને જાણી બુજીને ચોરેલી મીલકત લે છે અને ખરાબ રીતે રેહેવાને માટે અથવા ખરાબ વર્તણુકને માટે પ્રખ્યાત છે એવું સાબીત થાય તો, સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૫ મુજબ સારી ચાલના જામીન માજીસ્ટ્રેટ લેઇ શકે છે. પણ પુરાવો તદન એ માણુસના લ

જમાં હોય અને તેથી તે ઘણીજ સારી ચાલનો માણુસ અથવા કલમમાં બતાવેલા માણુસ કરતાં દરેક બાબતમાં તદન ઉલટી જાતનો માણુસ જણાઈ આવે તો અગનીથી બીગાડ કરવાના આધાર વગરના અને નબળા તોહોમત ઉપરથી આ કલમમાં બતાવેલી મતલબ તેને લગાડવી એવો કાંઈ કાયદા બાંધનારાઓનો વિચાર નોહોતો, અને તેમ કરવાથી કાયદા વિરૂદ્ધ ગણાય એટલુંજ નહી પણ જુલમ ગણાય છે. હામીદુદ્દીન અહમદ અરજદાર, ૨૪ વિ. રી. ૩૭.

(મેસર્સ મેકડોનલ અને જેકશન જડજેની રૂબરૂ, તા૦ ૧૦ મી અગષ્ટ સને ૧૮૭૫).

૧૮ જામીન સારી ચાલને માટે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૫ પ્રકરણ ૩૮—મતલબ—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૩૮ ની મતલબ ગુન્હો અટકાવવાની છે પણ સજા કરવાની નથી. કોઇ અમુક ગુન્હાના તોહોમતની રજુઆત ચાલતી હોય તો મુકરદમો ૩૮ મા પ્રકરણ મુજબ ચલાવવો જોઇએ નહી. જગત ચંદર ચકરબતીના કામનો આધાર લેવામાં આવ્યો. (ઈં૦ લો૦ રી૦ ૨ ક૦ ૧૧૦. જુઓ તપાસણી ૧૭). અંબીકાપ્રસાદની અરજીની બાબતમાં, ૧ ક. લો. રી. ૨૬૮.

(મેસર્સ મેકફરસન અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી મારચ સને ૧૮૭૭).

રાણી વિરૂદ્ધ કંધારાના કામમાં મંજુર રાખવામાં આવ્યો, ઈં૦ લો૦ રી૦ ૭ અ. ૬૭. જુઓ કેદમાંથી નાશી જવું ૧૫.

૧૯ જામીન સારી ચાલને માટે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૫—હાઈકોર્ટના હુકમ ઉપરથી જામીનનો આંકડો શા કારણોથી ઠરાવ્યો એ લખવાને માજીસ્ટ્રેટ બંધાયેલો છે. જે માણુસના સારી ચાલને માટે જામીન માગ્યા હોય તે માણુસને જામીનને માટે ઠરાવેલી સરતો મુજબ વર્તવાને સારો લાગ આપવો જોઇએ. રાણી વિરૂદ્ધ દેદાર સીરકાર, ઈં૦ લો૦ રી૦ ૨ ક૦ ૩૮૪; ૧ ક. લો. રી. ૯૫.

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જુન સને ૧૮૭૭).

૪ મ. હા. કો. રી. અપે. ૪૪ ના ફેસલાને લાગુ પડે છે. જુઓ મુચરકો ૨૩.

૨૦ જામીન સારી ચાલને માટે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૬—એમ ઠરાવવામાં આવ્યું કે જે માણુસો હમેશાના અપ્રમાણીક હોય અને તે અર્થમાં "જુલમી અને ભય ઉપજાવે તેવા" એવા માણુસોને સારી ચાલના જામીન આપવાને માટે બોલાવવા તેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૬ તદન લાગુ પડે છે, કે જેથી તે માણુસો લોકોના બચાવને માટે આગળ ઉપર એવા ગુન્હા વારંવાર કરે નહીં કે જે ગુન્હાઓથી ફક્ત કોઇ માણુસ જોખમમાં આવી પડે એટલુંજ નહીં પણ મીલકતના બચાવની પણ ધાસ્તી રહે. માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ થએલા પુરાવા ઉપરથી એમ માલમ ના પડયું કે "કોઈ માણુસ મુળથી લુટારો, ઘર ફાડનાર, અથવા ચોર અથવા જાણી બુઝીને ચોરીની મીલકત રાખતો હતો;" પણ ફક્ત એટલુંજ માલમ પડયું કે બળ વાપરવાના કૃત્યોને માટે તે ગુન્હેગાર હતો, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૬ મુજબ માજીસ્ટ્રેટ આવા માણુસના જામીન માગી શકે નહીં. કલમ ૫૦૬ માં બતાવેલી પદ્ધતિ કેવી જાતના પુરાવાના સબંધમાં વાપરવી જોઈએ એ વીષેની ટીકા. રાણી વિ૦ નવાબ ઈં૦ લો૦ રી૦ ૨ અ. ૮૩૫.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી એપ્રીલ સને ૧૮૮૦).

રાણી વીરૂદ્ધ બાબુઆના કામમાં મંજુર રાખવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૬ અ. ૧૩૨. જુઓ જામીન સારી ચાલને માટે ૨૩.

૨૧ જામીન સારી ચાલને માટે—જામીનખતને બદલે રોકડ અનામત મુકવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૦૫, ૫૦૬—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૫૦૫ અને

૫૦૬ નો અતીશય વિચાર કરીને અમલ કરવો જોઈએ. આ કલમોની પેહેલાની કલમ "કોઈ રીતે આબરૂદાર ચાલનો ના હોય, તેવા માણસોને લગાડવાની નથી. આગળ ઉપર સારી ચાલ રાખવાને માટે જામીનખત લખાવી લેવાને બદલે રોકડા રૂપીઆ અનામત મુકવાનો હુકમ કરવો કાયદા વિરૂદ્ધ છે. રાણી વિરૂદ્ધ કાલાચંદદાસ, ઈં૦ લો૦ રી૦ ૬ ક૦ ૧૪; ૬ ક. લો. રી. ૧૨૮.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને મેકડોનલ જડ્જોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૮૦).

૨૨ જામીન સારી ચાલને માટે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૦૪, ૫૦૫—કોઈ તોહોમતદારને ચોરીને માટે ગુન્હેગાર ઠરાવી બે વર્ષની સખત કેદની શિક્ષા કરી અને વળી પચાસ રૂપીયાનો મુચરકો લખી આપવાનો, અને ઠરાવેલી કેદ પુરી થયા પછી એક વર્ષ સુધી સારી ચાલને માટે બે જામીન દરેક ૫૦ રૂપીઆના આપવાનો અને ના આપે તો એક વર્ષની સખત મજુરી સાથે કેદ ભોગવવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે છેવટનો હુકમ કાયદા વિરૂદ્ધ હતો, અને માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૪ ના ક્લોઝ ૨ મુજબ ચાલવું જોઈતું હતું. રાણી વિરૂદ્ધ પરતાબ, (ઈં. લો. રી. ૧ અ. ૬૬૬) ના કામ ઉપર આધાર રાખવામાં આવ્યો. તામીઝ મંડળ વિરૂદ્ધ ઉમીદ કારીગર, ઈં. લો. રી. ૯ ક. ૨૧૫.

(મેસર્સ મેકલીન અને મેકફરસન જડ્જોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુલાઈ સને ૧૮૮૨).

રાણી વિરૂદ્ધ પરતાબના કામ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૬૬૬. જુઓ ફટકા મારવા તે ૨૭.

૨૩ જામીન સારી ચાલને માટે—સુલેહનો ભંગ થવાની તૈયારીની ખબર—સારી ચાલને માટે ત્રણ વર્ષના જામીન આપવા તે—તોહોમતદારને પકડવું તે—ખબર સાચી છે એ વીષેની તજવીજ—ખબરની સાબીતી—સાહેદીઓ તરીકે નહી બોલાવેલા માણસોની હકીકત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૧૨, ૧૧૪, ૧૧૭, અને ૧૧૮—કોર્ટની બાહાર ગમે તેવા આબરૂદાર માણસોની સાથે વાત કરવી એ ગેરકાયદેસર નથી, અથવા એ યોગ્ય કારણ નથી કે જેના ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૦૭ અથવા ૧૧૦ મુજબ મુકરદમો માજીસ્ત્રેટ ચલાવી શકે. કલમ ૧૧૨ મુજબ હુકમ કરતાં પેહેલાં માજીસ્ત્રેટને કેટલેક દરજ્જે સાંભળેલા અને સાધારણ હેવાલની ખબર મળવી જોઈએ; પણ જે પક્ષકારને હુકમ કરેલો છે તે પક્ષકાર હુકમને તાબે થઇ કોર્ટમાં હાજર થાય તો કલમ ૧૧૭ માં બતાવ્યા મુજબ તજવીજ ચલાવવી જોઈએ. કોઈ માણસ ખરાબ ચાલનો છે તેટલા માટે સલાહસંપ રાખવાને તથા સારી ચાલના જામીન આપવાને તેને બોલાવવાની જરૂર છે એમ નથી. એક રીતે સંતોષપુર્વક પુરાવો જોઈએ કે તેણે કાંઇ કૃત્ય કરેલું છે અથવા કાંઈ પગલું ભર્યું છે જેથી સુલેહનો ભંગ થવાનો સંભવ માલમ પડી આવે છે; અને બીજી રીતે તે કલમ ૧૧૦ માં બતાવેલા માણસોની પંક્તીનો છે, જે સવાલનુ નિરાકરણ હમેશાં રાણી વિ. નવાબ (ઈં. લો. રી. ૨ અ. ૮૩૫) ના કેસમાં બતાવ્યા પ્રમાણે થવું જોઇએ. સુલેહનો ભંગ થવાના સંભવનો અનુમાન થાય એવી ખબર ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૦ મુજબ ઉપાય કરવાનો માજીસ્ત્રેટનો અધીકાર નથી, અને આવી બાબતમાં ત્રણ વર્ષના જામીન માગવા એ તદન તેના અધીકાર ઉપરાંત છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૪ મુજબ કોઈ માણસને પકડી મંગાવવાનો હુકમ કરવામાં માજીસ્ત્રેટે લખી લીધેલી ખબર પ્રમાણે ચાલવું જોઇએ; આમ કરવું જરૂરનું છે એટલુજ બતાવવું બસ નથી. "સુલેહનો ભંગ થવાની ધાસ્તીનું કારણ હતુ" એટલુંજ નહીં પણ " આવી જાતનો સુલેહનો

જંગ" તે માણુસને તાબડતોબ પકડયા સી વાય બીજી રીતે અટકી શકે એવો નોહોતો એ બતાવવું જોઈએ. રાણી વિ. બાબુ, ઈ. લો. રી. ૬ અ. ૧૩૨.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસેંબર સને ૧૮૮૩).

રાણી વી૦ નવાબના કામમાં મંજુર રા ખવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૮૩૫. જુઓ જામીન સારી ચાલને માટે ૨૦.

૨૪ જામીન સારી ચાલને માટે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૦૯, ૧૧૦, ૧૧૨—સારી ચાલના જામીન આપવાને તોહોમતદારને હુકમ કરતાં પેહેલાં માજીસ્ટ્રેટે તોહોમતદારને પોતાનો જવા બ આપવાનો પ્રસંગ આપવો જોઈએ એ જરૂ રનું છે અને તેના ઉપર જે તોહોમત મુકવા નું છે તે વિષેની તેને સ્પષ્ટ રીતે ખબર આ પવી જોઈએ. રાણી વિ૦ ઈશ્વરચંદર સર, ઈ. લો. રી. ૧૧ ક. ૧૩.

(મેસર્સ વીલસન અને મેકફરસન જડ જોની રૂબરૂ, તા૦ ૨૪ મી અકટોબર સને ૧૮૮૪).

૨૫ જામીન સારી ચાલને માટે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૧૦, ૧૧૭, ૧૧૮—પ્રથમની શીક્ષા—કોઈ માણસના સારી ચાલના જામીન લેવાની મતલબ આગળ ઉપર તેની સારી વર્તણુંક રા ખવાની છે; અગાઉના ગુન્હાઓ જેને બદલે તે માણસને સજા થએલી છે એવું ફકત• કામ માં બતાવવું એ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૧૦, ૧૧૭, અને ૧૧૮ માં લખ્યા મુજબ બરોબર નથી, અને કરેલા ગુન્હાઓ ની સજામાં આવી રીતે બતાવી વધારો કર વો એ કાયદા વિરૂદ્ધ છે. રાજા વાલદ હુસેન સાહેબની બાબતમાં ઈ. લો. રી. ૧૦ મું. ૧૭૪.

(મેસર્સ નાનાભાઇ હરીદાસ અને વેડર બર્ન જડજોની રૂબરૂ, તા૦ ૧ અકટોબર સ ને ૧૮૮૫).

નારાયણ સુખુધી અરજદારના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૬ વિ. રી. ૬ જુઓ જામીન સારી ચાલને માટે ૨.

રાણી વિ નવાબના કામમાં આધાર પ્ર માણે ચાલવામાં આવે છે. ઈ. લો. રી. ૨ અ. ૮૩૫. જુઓ જામીન સારી ચાલને મા ટે ૨૦.

૨૬ જામીન સારી ચાલને માટે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૧૦ ૧૧૨—જે માણુસ સામે ફરીયા દ થઈ છે તે માણસે કાંઈ એવું કૃત્ય કરેલું છે અથવા એવો ધંધો કરવા માંડયોછે કે જે થી અગાઉની સ્થીતી પ્રમાણે ચાલવા તેનો ઈ રાદો માલમ પડી આવે છે એવો વધારાનો પુરાવો મળ્યા સીવાય, તે માણસને પ્રથમ મી લકતના વિરૂદ્ધ ગુન્હાઓ કરવાને માટે ગુન્હે ગાર ઠરાવી શિક્ષા કરવામાં આવી હતી એક લીજ બાબત ઉપરથી તેના ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૦ મુજબ મુકરદ્દમો ચલાવવો એ વાજબી કારણ નથી. હૈદર અલીની અરજીની બાબમાં, ઈ. લો. રી. ૧૨ ક. ૫૨૦.

(મેસર્સ મેકડોનલ અને બીવરલી જડજો ની રૂબરૂ, તા૦ ૧૩ મી ફેબ્રુઆરી ૧૮૮૬).

જુઓ અપીલ ૬૩
,, પ્રયત્ન ખુન કરવાનો
,, કેદમાંથી નાશી જવું
,, મુચરકો ૧૦
,, ફટકા મારવા તે ૨૭

જામીનગીરી સલાહ શાંતી રાખવાની—

૧ જામીન સલાહ શાંતી રાખવાના—કેદ માંથી છોડી દેવાની તારખથી એક વર્ષ સુધી સલાહ શાંતી રાખવાના જામીન કોઈ કેદી પા સેથી લેઈ શકાય છે. રાણી વી• ડબલ્યુ. ડોન. ડોલોઈ, ૬ વિ૦ રી૦ ૭૧.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂ બરૂ, તા૦ ૫ મી સપટંબર સને ૧૮૬૬).

૨ જામીન સલાહ શાંતી રાખવાના—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર

કોડ કલમ ૨૯૦—જે બાબતના સબંધમાં વ ધારે જામીન સલાહ શાંતી રાખવાને માટે લે ઈ શકાય તે બાબત પ્રથમ માજીસ્ત્રેટની રૂબરૂ જે બાબત હોય તેજ છે અને કેસનું નિરાક રણ ફક્ત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૦ મુજબ થઈ શકે છે. ડીએગો, ડીસીલવા વિરૂદ્ધ જાહાંગીર વિગેરે.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૬૭).

૩ જામીન સલાહ શાંતી રાખવાના—સુલેહનો ભંગ—આધાર વગરની અરજી—માનવા લાયક ખબર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—કોઈ ફરીયાદ અથવા પ્રતીજ્ઞાપુર્વક આપેલી જુબાની ઉપરથી અરજીને ટેકો ના મળતો હોય તો તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ ના અર્થ મુજબ "માનવા લાયક ખબર" ગણી શકાતી નથી, જે ઉપરથી સલાહ શાંતી રાખવાના જામીન માજીસ્ત્રેટ માગી શકે. ચમારો મેલો વિગેરે, કાસીચંદર લાલા વિગેરે, ૮ વિ૦ રી૦ ૮૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી ડીસંબર સને ૧૮૬૭).

૪ જામીન સલાહ શાંતી રાખવાના—જામીનગીરીની રકમ સરકારમાં ભરવી તે—નોટીસ—રકમ વસુલ કરવાનો હુકમ કરતાં પેહેલાં જામીન ખતની રકમ ભરવાને અથવા તે નહી ભરવાનું હાજર થઇને કારણ બતાવવાને જામીન ઉપર નોટીસ કાઢવી જોઈએ. રાણી વિરૂદ્ધ જીબન સેખ, ૯ વિ. રી. ૪.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૬૮).

૫ જામીન સલાહ શાંતી રાખવાના—માજીસ્ત્રેટની ફરજ—સલાહ શાંતી રાખવાના જામીન લેવાનો હુકમ કરતાં પેહેલાં માજીસ્ત્રેટે જામીન શા માટે માગવા જોઈએ નહી તેનું કારણ બતાવવાને નોટીસ કાઢવી જોઈએ. કાલી પ્રસાદ સીરદાર વિરૂદ્ધ ફતેચંદ દાસ વિગેરે, ૯ વિ. રી. ૧૬.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

૬ જામીન સલાહ શાંતી રાખવાના—સુલેહનો ભંગ—તોહોમતદારની રૂબરૂ આપેલો પુરાવો—મી૦ લોચ જડજે એમ ઠરાવ્યુ કે જે કેસમાં સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ સલાહ શાંતી રાખવાને માટે શા માટે જામીન આપવા જોઈએ એનું કારણ બતાવવાને તોહોતદાર ઉપર નોટીસ કાઢી હોય તેવી બાબતમાં, ફરીઆદીના શાહેદીઓની જુબાની તોહોમતદારની રૂબરૂ લેવી જોઈએ અને પોતાના સામે કાંઇ તોહોમત સાબીત થતું નથી એવું ઉલટ સુલટ તપાસ કરીને બતાવી આપવાને તેને તક મળવી જોઇએ. મી૦ ગ્લોવર જડજે વિરૂદ્ધ પડીને એમ ઠરાવ્યું કે આવી બાબતમાં સમન કરીને બોલાવેલા માણસના રૂબરૂમાં લીધેલા પુરાવા ઉપરથી જામીન લેવાની અગત્ય છે એવું ઇનસાફની રાહે નકી કરવાની કાંઈ જરૂર નથી. મધન મીસર વિરૂદ્ધ ચમન તેલી, ૧૦ વિ૦ રી૦ ૪૬; ૨ બેં. લો. રી. ૧. અ. ૭.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી સપટંબર સને ૧૮૬૮).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

ડની વિરૂદ્ધ હેમચંદ્ર ચોધરી, ૧૨ વિ૦ રી૦ ૬૬; ૪ બેં૦ લો૦ રી૦ ૫૦ બેં૦ ૪૬. જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૮.

રાણી વિરૂદ્ધ શંકર, ૨ વાં. દી. પ્રાં. જુઓ જામીન સારી ચાલના ૮.

રાણી વિ. નસરૂદીન, ૨ વાં. દી. પ્રાં. ૪૬૧. જુઓ મુચરકો ૩૫.

નિચેના કેસમાં મંજુર રાખવામાં આવ્યો છે:—

દીવાન ઈલાહી ન્યુઆઝખાન અને અફતાબોનીસા, વિરૂદ્ધ સબરૂનીસા ૫ વિ.રી. ૧૪. જુઓ કબજો ૧૪.

અમરીયનાથ જાહા વિરૂદ્ધ અહમદ રેઆ, ૬ વિ. રી. ૬૧. જુઓ કબજો ૨૧.

નરસીંગ નારાયણના કામમાં, ૨ બેં૦ લો૦ રી૦ ૧૦ અ૦ ૭૪; ૧૦ વિ૦ રી૦ જુઓ મુચરકો ૧૩.

૭ જામીન સલાહ શાંતી રાખવાના—સુલેહનો ભંગ-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—સલાહ શાંતી રાખવાના જામીન લેતા પેહેલાં માજીસ્ટ્રેટને આપેલી ખબર સાબીત કરવાને સાહેદીઓ બોલાવવાની જરૂર નથી. મુલીક ફકીરનના કામના રેફ્રન્સની બાબતમાં ૧૧ વિ. રી. ૬.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨ ફેબ્રુઆરી સને ૧૮૬૯.)

નરસીંગ નારાયણના કામના રેફ્રન્સમાં લાગુ પડે છે. ૧૦ વિ. રી. ૧; ૨ બેં. લો૦ રી૦ ક્રી૦અ ૭ ન. જુઓ મુચરકો ૧૩.

૮ જામીન સલાહ શાંતી રાખવાના—સુલેહનો ભંગ—પુરાવાનો બોજો—સને ૧૮૭૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૨—મી૦ ગ્લોવર જડજ વિરૂદ્ધ પડીને એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ સમન કાઢીને બોલાવેલા માણસ હાજર થયા પછી, સલાહ શાંતી રાખવાને જામીન લેતા પેહેલાં માજીસ્ટ્રેટે પોતાની રૂબરૂ, આપેલા પુરાવા ઉપરથી જામીન લેવાની જરૂર છે. એ બાબતનું ઈનસાફની રાહે નીરાકરણ કરવું જોઈએ આવા કેસમાં પુરાવાનો બોજો જે પક્ષકારની ફરીઆદ ઉપરથી સમન કાઢવામાં આવ્યો હતો તેના ઉપર છે, એ. ડી-ડની વી૦ હેમચંદ્ર ચોધરી અને બીજો; બીહારીલાલ બ્રાજોબાસી વી૦ ઠારીક મોઝુમદાર. ૧૨ વિ૦ રી૦ ૬૦; ૪ બેં૦ લો૦ રી૦ ફુ, બેં૦ ૪૬.

(મેસર્સ સર બાર્ન્સ, પીકોક નાઇટ ચીફ જસ્ટીસ, બેલી, કેમ્પ, મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી સપટંબર સને ૧૮૬૯).

લચમીપતસીંગના કામમાં મંજુર રાખવામાં આવ્યો, ૧૪ વિ૦ રી૦ ૩. જુઓ લોકોપકારક કૃત્ય ૪૬.

રાણી વિ૦ ઈરપા બીન બરાપાના કેસમા મંજુર રાખવામાં આવ્યો. ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૧૮૬. જુઓ રીપોર્ટ માજીસ્ટ્રેટનો.

નરસીંગ નારાયણ કેદીના કામમાં નજર રાખવામાં આવે છે, ૧૦ વી૦ રી૦ ૧; ૨ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૭. જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૬.

નિચેના કેસોમાં આધાર પ્રમાણે ચાલવામાં આવ્યું:—

કુમાર પોરેસ નારાયણ રોય અરજદાર ૧૬ વિ. રી. ૪૫ જુઓ કબજો ૫૯.

નુરમહમદ વિ૦ નીલરતન બાગચી. ૧૮ વિ. રી. ૨ જુઓ મુચરકો ૪૪.

રાણી વિ૦ નસરૂદીન ૨. વા. દી. પ્રાં. ૪૬૧ જુઓ મુચરકો ૩૫.

રાણી વિ. ગોસાઈ મનરાજપુરી, ૨૪ વિ રી, ૨૩ જુઓ મુચરકો ૭૦.

જે. ડી. સધરલાંડની અરજીની બાબતમાં ૯ બેં. લો. રી, ૨૨૯ જુઓ મુચરકો ૪૫

નીલમાધબ ઘોસાલ અને જદુનાથ રોય અરજદારોની બાબતમાં નજર રાખવામાં આવી. ૧૯, વિ. રી. ૧. જુઓ મુચરકો ૫૧.

તારીનીકંત લાહીરીના કેસથી રદ થઈ ગયો, ૮ વિ, રી. ૭૯. જુઓ મુચરકો ૧૧.

૯ જામીન સલાહ શાંતી રાખવાના—પુરાવો--સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૭--કોઈ કામમાં માજીસ્ટ્રેટ સલાહ શાંતી રાખવાને માટે જામીન આપવાનો હુકમ કરેલો તેવા કેસમાં પુરાવો હુકમ કરવા લાયક હતો એવું માલમ પડવાથી, જો કે પુરાવો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૭ માં બતાવ્યા પ્રમાણે નહી લીધેલો અને ગુજરાતીમાં લીધેલો હતો તોપણ હાઈકોર્ટે દરમીઆન થવાની ના પાડી. રાણી વિરૂદ્ધ પુરીઆગસીંધ, ૧૩ વિ. રી. ૨૦.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦)

૧૦ જામીન સલાહ શાંતી રાખવાને માટે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬—ફક્ત સુલેહના ભંગને માટે પેહેલાં ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તે ઉપરથી સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ જામીન માગવાનું માજીસ્ટ્રેટને વાજબી કારણ નથી. કોઈ માણસ એવી તોફાની અને ભયંકર ચાલનો છે કે તેને એક વર્ષના જામીન લીધા સીવાય છોડી મુકવો એ લોકોને જોખમકારક છે એવું સાબીત થયા સીવાય, તે જોર જુલમથી કઢાવનારી ટોળીના એક સરદાર તરીકે ગણાય છે, એટલીજ સાબીતી ઉપરથી તેને ઉપલા આકટની કલમ ૨૯૭ મુજબ ગુન્હેગાર ઠરાવવો એ વાજબી નથી.

૧૧ જામીન સલાહ શાંતી રાખવાના—શિક્ષા સાથે કરેલો હુકમ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૦—કોઇ ગુન્હાને માટે ગુન્હેગાર ઠરેલા માણસને સલાહ શાંતી રાખવાના જામીન આપવાનો હુકમ શિક્ષાની સાથે કરવો જોઈએ અને તેમાં તેનો અમલ આગળ ઉપર થાય એવો ઠરાવ લખવો જોઈએ નહી. મનુષ્ય જાતના શરીરને અસર કરતા ગુન્હાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૦ લાગુ પડતી નથી, પણ લોકોની શાંતીના વિરૂદ્ધ ગુન્હાઓ જેવા કે હંગામો ફક્ત હુમલો અને સુલેહનો ભંગ એવા ગુન્હાઓને લાગુ પડે છે. રાણી વિરૂદ્ધ કનહીયા, ૪ વા. દી. પ્રાં. ૧૫૪.

(મી૦ સ્પેન્કી જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૭૨).

રાણી વિરૂદ્ધ રઘુબારના કેસમાં આધાર પ્રમાણે ચાલવામાં આવ્યું. ઈં૦ લો૦ રી૦ ૨ અ. ૩૫૧. જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૧૯.

રાણી વિરૂદ્ધ બચુના કામમા નજર રાખવામાં આવી. ૭ વાં. દી. પ્રાં, ૩૨૮. જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૧૬.

૧૨ જામીન સલાહ શાંતી રાખવાના—સમન—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૯૧, ૪૯૨—સલાહ શાંતી રાખવાના જામીન શા માટે નહી આપવા જોઈએ તેનું કારણ બતાવવાને જે કેસોમાં સમન કાઢીને પક્ષકારોને બોલાવવામાં આવ્યા હોય તેવા કેસોમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૯૧ અને ૪૯૨ ઉપર પુરતુ લક્ષ આપીને મુકરદમો ચલાવવો જોઈએ, અને સમનમાં કઇ જાતના, કેટલા રૂપીઆના અને કયાં સુધીના જામીન આપવાના છે એ સ્પષ્ટ રીતે બતાવવું જોઇએ રાણી વિ. ગંગાસીંગ વિગેરે, ૨૦ વિ૦ રી૦ ૩૬.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુન સને ૧૮૭૩.)

રાણી વિ. મયતસીંગના કામમાં આધાર પ્રમાણે ચાલવામાં આવ્યું. ૨૨ વિ૦ રી૦ ૭૦. જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૧૪.

૧૩ જામીન સલાહ શાંતી રાખવાના—સુલેહનો ભંગ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧—વાજબી રીતે સુલેહનો ભંગ થવાનો સંભવ લાગતો હોય અને ફક્ત સેહેજસાજ સંભવ ના હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ કોઇ માણસને સલાહ શાંતી રાખવાના જામીન આપવાને માટે બોલાવવાનો કાયદેસર હુકમ કરી શકાય છે. રાણી વિ૦ અબ્દુલહક, ૨૦ વિ. રી. ૫૭.

(મેસર્સ ગ્લોવર અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧ અગષ્ટ સને ૧૮૭૩.)

૧૪ જામીન સલાહ શાંતી રાખવાના—સુલેહનો ભંગ—સાહેદીઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧—સલાહ શાંતી રાખવાને માટે શા વાસ્તે જામીન નહી લેવા જોઈએ તેનું કારણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ બતાવવાને તા. ૯ જુલાઈએ હાજર થવાને પક્ષકારો ઉપર સમન તા. ૫ અને તા. ૭ મીએ

કાઢેલા, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે તેમને જોઇએ તેટલો વખત મળ્યો નોહોતો, અને તેથી જામીન લેવાનો હુકમ રદ કરવામાં આવ્યો હતો. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ ચાલતા કેસમાં શાક્ષીઓ ઉપર સમન કાઢી હાજર રાખવાને બંને પક્ષકારોને મદદ કરવાને માજીસ્ટ્રેટ બંધાયલો છે. રાણી વિ. મયતસીંઘ અને બીજો, ૨૨ વિ. રી. ૭૦.

[મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા. ૨૧ મી અગષ્ટ સને ૧૮૭૪.]

ચુલાન ટેવારી વિ. સુકદાદ ખાનના કામમાં તફાવત બતાવવામાં આવ્યો, ૨૩ વિ. રી. ૯. જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૧૫.

ખામીરની અરજીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લૉ૦ રી૦ ૭ ક. ૬૬૨. જુઓ છુટકો ૩૫.

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે.

કાસીચંદરદાસ વિ હરકીશોરદાસ, ૧૯ વિ. રી. ૪૭; ૧૦ બેં. લો. રી. ૪૪૧. જુઓ મુચરકો ૫૩.

રાણી વિ. ઈસરીપ્રસાદ ૨૦ વિ. રી. ૧૮ જુઓ મુચરકો ૫૬.

રાણી વિ. ગંગાસીંઘ, ૨૦ વિ. રી. ૩૬. જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૧૨.

૧૫ જામીન સલાહ શાંતી રાખવાના—સુલેહનો ભંગ—સાહેદીઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૯૧, ૪૯૬, ૪૯૭—સુલેહનો ભંગ નહી કરવાને માટે કોઈ માણસના જામીન ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૯૧, ૪૯૬ અને ૪૯૭ મુજબ લેવાના હોય તે બાબતમાં સાક્ષીઓ આપી કારણ બતાવવાને જોઈએ તેટલો વખત આપ્યો હોય તો સાક્ષીઓ બોલાવવા કેસની મુદત માગવાનો તેનો હક નથી. આવી બાબતમાં તે માણસે પોતાના સાહેદીઓ સાથે લાવવા જોઈએ અથવા મુકરર કરેલા દીવસે તે કોર્ટમાં હાજર રહે તેને માટે સમનો કાઢવાની અરજ કરવી જોઈએ. ચુલાન ટેવારી વિ. સુકદાદખાન વિગેરે, ૨૩ વિ. રી. ૯.

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ડીસંબર સને ૧૮૭૪.)

રાણી વિ. ચયતસીંઘના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ૨૨ વિ. રી. ૭૦. જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૧૪.

કાસીચંદરદાસ વિ. હરકીશોરદાસના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૯ વિ. રી. ૪૭; ૧૦ બેં. લો. રી. ૪૪૧. જુઓ મુચરકો ૫૩.

૧૬ જામીન સલાહ શાંતી રાખવાના—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૮૯—સરત કયારે અમલમાં આવે તે—કોઈ માણસને બુદ્ધિ પુર્વક વ્યથાના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૯ મુજબ તેના જામીન લેવા તે માજીસ્ટ્રેટના અધીકારમાં છે. તે કલમ મુજબ જામીન લેઈ એવો હુકમ કરવો જોઈએ નહી કે ગુન્હાને માટે કરેલી સજા પુરી થયા પછી ગુન્હેગાર માણસની સલાહ શાંતી રાખવાની સરત અમલમાં આવુવી જોઇએ. સરત એકદમ અથવા કેદની દરમીયાન કોઈપણ વખતે અમલમાં લેવરાવાનો ગુન્હેગાર ઠરેલા માણસનો હક છે. રાણી વિ. બચુ, ૭ વા. દી. પ્રાં. ૩૨૮.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા. ૮ જુન સને ૧૮૭૫.)

રાણી વિ. રઘુબારના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લૉ૦ રી૦ ૨ અ. ૩૫૧. જુઓ જામીનસલાહ શાંતી રાખવાના.

રાણી વિરૂદ્ધ કુનહીયાના કામમાં નજર રાખવામાં આવે છે, ૪ વા. દી. પ્રાં. ૧૫૪. જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૧૧.

૧૭ જામીન સલાહ શાંતી રાખવાના—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર

કોડ કલમ ૪૯૧—કાયદેસર એકઠા કરેલા ભાડા સામે કરેલો અટકાવ—ચડેલા ભાડાના બદલ કેટલીક રૈયતનો પાક કબજ કરતી વખ તે બચાવને માટે પોલીસની મદદ મળવાને તે હેસીલદારે અરજ કરી. આ બાબત માજીસ્ત્રેટને રીપોર્ટ થયાથી સલાહ શાંતીના જામીન આપવાને તેણે અરજદારને એવું કારણ બતાવી ને બોલાવ્યો કે પાક જપ્ત કરતી વખતે રૈયતના અટકાવવાથી કાંઈ હગામો થાય એવો સંભવ લાગે છે જે તેના કૃત્યથી થયો એવું ગણાશે, હાઇ કોર્ટે આ હુકમ ગેરકાયદેસર ગણી રદ કર્યો હતો કારણ કે અરજદાર પોતે સુલેહનો ભંગ કરવાનો છે એવું કામમાં માજીસ્ત્રેટને માલમ પડ્યું નોહોતું, શીઓસરનતાલની બાબતમાં, ૩ ક. લો. રી. ૨૮૦.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુન સને ૧૮૭૮).

૧૮ જામીન સલાહ શાંતી રાખવાના—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧—પુરાવો કામમાં લખવાનો—માજીસ્ત્રેટ પોતાની રૂબરૂ કામમાં પુરાવો લેઇને જ્યાં સુધી એમ ન ઠરાવે કે જે માણસોના જામીન લેવાના છે તેમની ચાલચલગત ઉપરથી જામીન લેવાની અગત્ય છે, ત્યાં સુધી સુલેહનો ભંગ નહી કરવાના કોઈ માણસના જામીન માજીસ્ત્રેટને લેવાનો અધીકાર નથી. ઉમદાખાનમ વિગેરેની બાબતમાં, ૩ ક. લો. રી. ૭૨.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જુન સને ૧૮૭૮).

રાજા રનબાહાદુરસીંઘ વિરૂદ્ધ રાણી લીલેસરી કુંઅરનાકામમાં આધાર રાખવામાં આવે છે. ૨૨ વિ૦ રી૦ ૭૯. જુઓ મુચરકો ૬૫.

૧૯ જામીન સલાહ શાંતી રાખવાના—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૮૯—સાપ્રાધ ધમકી—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમો, ૫૦૩, ૫૦૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૯ માં બતાવેલા "સુલેહનો ભંગ કરવાના સ્પષ્ટ ઈરાદાથી બીજા કાયદા વિરૂદ્ધ કામો કરવા" એ શબ્દોમાં જુઠા તોહોમતો મુકવાની ધાસ્તી બતાવી ધમકીનો ગુન્હો કરવો એનો સમાવેશ થતો નથી. પીનલકોડની કલમ ૫૦૩ અને ૫૦૬ મુજબ આવા ગુન્હાઓને માટે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આવા માણસને જે [illegible] ટે ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરી હોય [illegible] સ્ત્રેટ તેની પાસેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૯ મુજબ સુલેહનો ભંગ નહીં કરવાને માટે તેનો જાત મુચરકો લેઇ શકે નહીં. રાણી વિરૂદ્ધ રઘુબાર. ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૩૫૧.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા[illegible] મી અગષ્ટ સને ૧૮૭૯).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છેઃ—

રાણી વિ૦ જહાંગુ, ૨૦ વિ૦ રી[illegible] જુઓ મુચરકો ૫૭.

રાણી વિ૦ કનઈયા અને મંગરો ૪ વા. દી. પ્રાં. ૧૫૪ જુઓ જામીન સલાહ શાંતી રાખવાના.

રાણી વિ૦ બચુ ૭ વા. દી. પ્રાં. ૩૨૮ જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૧૬.

રાણી વિ૦ ગેન્દુખાન, ૭ વિ૦ રી૦ ૧૪. જુઓ મુચરકો ૮.

૨૦ જામીન સલાહ શાંતી રાખવાના—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૮૯—ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ—અપેલેટ કોર્ટ—ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને, અપેલેટ કોર્ટનો અધીકાર ચલાવતી વખતે સુલેહનો ભંગ નહીં કરવાના અપેલેન્ટના જામીન ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૯ મુજબ, લેવાનો અધીકાર છે. રાણી વિરૂદ્ધ કામનાપ્રસાદ, ઈ૦ લો૦ રી૦ ૪. અ. ૨૧૨.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઇટ ઓલડફીલ્ડ, બ્રોધર્સ્ટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૮૨.)

રાણી વિ. મહમદ જારના કામમાં આધાર રાખવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૫૪૫. જુઓ તપાસણી ૨૫.

૨૧ જામીન સલાહ શાંતી રાખવાના—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૭, ૪૯૧—ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ-કેસ પાછો ખેંચી લેવો તે—સને ૧૮૭૪ નો ૧૧ મો કલમ ૬—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭, જેનો સુધારો સને ૧૮૭૪ ના આક્ટ ૧૧ ની કલમ ૬ મુજબ થયેલો છે તે કલમની મતલબ એવી ખુલ્લી છે કે જેથી તે કોડની કલમ ૪૯૧ માં આવે તેવો કેસ ચલાવવાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટનો અધીકાર છે. ડીનેંદ્રોનાથ શાની અલની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૮૫૬.

(મેસર્સ મેકડોનલ્ઙ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી એપ્રીલ સને ૧૮૮૨).

૨૨ જામીન સલાહ શાંતી રાખવાના—જામીન નહીં આપવાને માટે અનિશ્ચીત વખત સુધી કેદ રાખવો તે—હુકમ-" જામીન આપે ત્યાં સુધી તોહોમતદારને કેદમાં રાખવો " એવો હુકમ ગેરકાયદેસર છે આવી રીતની કેદમાં ઠરાવ પ્રમાણે એક વર્ષ હુકમમાં બતાવવું જોઈએ. મૈલામદી ફકીર વિ. તારીપુલા પ્રમાનીક ઈ. લો. રી. ૮ ક. ૬૪૪.

(મેસર્સ મેકડોનલ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી એપ્રીલ સને ૧૮૮૨).

૨૩ જામીન સલાહ શાંતી રાખવાના—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૦૭—બીજા ડીસ્ત્રીકટના માણસને જામીન આપવાને બોલાવવાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટનો અધીકાર—ફુલબેન્ચે એવો ઠરાવ કર્યો કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૭ ના શબ્દોથી માજીસ્ત્રેટનો પોતાની હદની બાહારના માણસ ઉપર પ્રોસેસ કાઢવાને અખતીયાર નથી, ડીવીઝન બેન્ચે એવું ઠરાવ્યું કે તે કલમમાં બતાવેલી "ખબર" સ્પષ્ટ અને મુકરર માણસ વિષે હોવી જોઈએ, અને જે માણસ ઉપર પ્રોસેસ કાઢવામાં આવ્યું હોય તે માણસને ખરેખરી રીતે લાગુ પડે અને કામની હકીકતનો વાસ્તવીક હેવાલ આપે તેવી હોવી જોઈએ કે જેથી કરીને તે માણસને શું સાબીત કરવાનું છે તેની ખબર પડે. જેપ્રકાશલાલની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૨૬.

(મેસર્સ સ્ટ્રેચ્ટ કામ ચલાઉ ચીફ જસ્ટીસ, ઓલ્ડફીલ્ડ, બ્રોધર્સ્ટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી અને ૨૧ મી અગષ્ટ સને ૧૮૮૩).

રાજેન્દ્ર ચંદ્રરોય ચોધરીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૧૧ ક. ૭૩૭. જુઓ મુચરકો ૮૫.

દીનોનાથ મુલીક વિરૂદ્ધ ગીરીજા પ્રોસુનો મુકરજીના કામમાં આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૧૨ ક૦ ૧૩૩. જુઓ મુચરકો ૮૬.

૨૪ જામીન સલાહ શાંતી રાખવાના—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૦૭, ૧૧૨, ૧૧૫—ખબરની મતલબ—એકઠી તજવીજ—પ્રગણાના તેહેસીલદારે અને પોલીસે, અહીંયાના કેટલાક માણસો ધર્મ સબંધી વરઘોડો જે તેમના ધર્મના મતની વિરૂદ્ધ છે એવો વરઘોડો નીકળતી વખતે સુલેહનો ભંગ થશે એવો સંભવ લાગે છે, એવું બતાવી માજીસ્ત્રેટને રીપોર્ટ કર્યો ને માજીસ્ત્રેટે રીપોર્ટ ઉપરથી સુલેહનો ભંગ નહીં કરવાના જામીન શા માટે નહીં આપવા જોઈએ તેનું કારણ બતાવવાને અગનોતેર માણસોને બોલાવ્યા. તેહેસીલદાર અને પોલીસના સબ ઈનસ્પેકટરની જુબાની ઉપરથી અને સઘળા તોહોમતદારોની એકઠી તજવીજ કર્યા. પછી માજીસ્ત્રેટે હુકમ કર્યો કે તેમાંના દશ માણસો જે મુખ્ય માણસો છે તેમણે જામીન આપવા જોઈએ અને બાકીના માણસોએ એક વર્ષ સુધી સુલેહનો ભંગ નહીં કરવાનો જાત મુચરકો લખી આપવો જોઈએ. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૨

મુજબ કરેલા હુકમની મતલબ ઉપરથી રીપોર્ટનો અર્થ અથવા જે ખબર ઉપરથી સમન્સ કાઢવામાં આવ્યા તે ખબર બરોબર રીતે ખુલી નીકળી આવતી નથી. સુલેહનો ભંગ થવાની ખબર માજીસ્ટ્રેટને મળી હતી તેના કરતાં કાંઈ વધારે તજવીજ કરાવાનો પક્ષકારોનો હક હતો કે જેથી બની આવે તો તેઓ આ ખબર ખરી છે તેની વિરૂદ્ધ પુરાવો આપી શકે. તેહેસીલદાર અને સબ ઇન્સપેકટરની સમન કાઢીને બોલાવેલા ઘણા માણસોના સબંધમાં નહીં માનવા લાયક હકીકત ઉપરથી તેમના જામીન લેવાનો એકંદર હુકમ માજીસ્ટ્રેટે કર્યો તે બીલકુલ વાજબી નથી; ધર્મ સબંધી વરઘોડાના સબંધમાં કહેવાનું કે તે એક પખવાડીઆમાં પુરો થાય તેવો હતો અને તેને માટે સઘળા પક્ષકારોના એક વર્ષના જામીન લેવા તે અધીકાર ઉપરાંત હતું; અને માજીસ્ટ્રેટે તકરારમાં બતાવેલા દસ મુખ્ય માણસોના કેસની પ્રથમ તજવીજ કરવી જોઇતી હતી. અને તેહેસીલદાર અને સબઈનસ્પેકટર પાસેથી દરેક માણસ વિષે જુદી જુદી વાસ્તવીક હકીકત લેવી જોઈતી હતી; અને બાકીના ઓગણસાઠ માણસોને માટે સ્પષ્ટ અને જુદી સાબીતી દરેક માણસને અસર કરે તેવી રીતે લેવી જોઇતી હતી કે જેથી એવું અનુમાન થઈ શકે કે આ માણસોથી સુલેહનો ભંગ થવાનો સંભવ હતો અથવા સુલેહનો ભંગ થાય એવું કાંઈ ખોટું કૃત્ય થવાનો સંભવ હતો, રાણી વિ૰ નથુ ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૨૧૪.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪).

જુઓ પુરાવો ૯૫.
„ કબજો ૭૫, ૮૭, ૧૩૨.
„ મુચરકો ૧૧, ૨૦, ૩૯, ૪૦, ૪૭, ૪૮, ૪૫, ૫૧, ૬૬, ૭૪, ૮૫.
„ રીપોર્ટ સબ માજીસ્ટ્રેટનો.
„ તપાસણી ૨૫.
„ જામીનગીરી ૫.

જામીનગીરી પોલીસની રૂબરૂ હાજર રાખવાની—

જામીનગીરી પોલીસની રૂબરૂ હાજર રાખવાની—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૪—કોઈ માણસને પોલીસ અગાડી હાજર રાખવાને માટે જામીન ખત લખાવી લેવાનો પોલીસ અમલદારને ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ અધીકાર નહીં હોવાથી આવી જાતનું જામીન ખત મુળથી કાયદા વિરૂદ્ધ ગણાય છે અને તેમાં ફેરફાર કરીને નવી સરતો નાખવાનો માજીસ્ટ્રેટનો અધીકાર નથી. ચંદ્રસીખરરાયની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૧૧ ક. ૭૭.

(મેસર્સ વીલસન અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી સપટંબર સને ૧૮૮૪).

જામીન નહી આપ્યા બદલ કેદમાંથી નાશી જવું તે—

જામીન નહી આપ્યા બદલ કેદમાંથી નાસી જવું તે—કાયદેસર કેદ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૨૫—પીનલકોડની કલમ ૨૨૫ મુજબ કોઇ માણસને ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં એવું સાબીત થવું જોઈએ કે જે માણસને નસાડી મુકવાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે તે માણસ તે વખતે કાયદેસર કેદમાં હતો. રાણી વિ. ડીગમબર આહીર અને બીજો, ૨૧ વિ. રી. ૨૨.

(મેસર્સ ગ્લોવર અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ડીસંબર સને ૧૮૭૩).

જુઓ સજા ૧૩.
„ ગેરકાયદેસર મંડળી ૬, ૧૬.

જુઠી ખબર—

૧ જુઠી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૩—ઈરાદો—ગુન્હો બન્યાની ખોટી ખબર આપવાને માટે પીનલકોડની કલમ ૨૦૩ મુજબ કેદીને ગુન્હેગાર ઠરાવવામાં ઈરાદાની કાંઈ જરૂર નથી. રાણી વિ. ચીતોર ચોકીદાર, ૧ વિ. રી. ૧૮.

મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી સપટંબર સને ૧૮૬૪.)

૨ જુઠી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૧—મોતની સિક્ષા થાય એવો ગુન્હો બન્યો છે એવું જાણીને અથવા માનવાનું કારણ છતાં ગુન્હેગારને કાયદેસર સજામાંથી બચાવવાના ઈરાદાથી ગુન્હો થયાની જાણવા અથવા માનવા પ્રમાણે કોઈ કેદીએ ખોટી ખબર આપવાથી તેના ઉપર પીનલકોડની કલમ ૨૦૧ મુજબ તોહોમત રાખવામાં આવ્યું હતુ. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદીએ ચાલતા કેસમાં બરોબર રીતે પેહેલું એ સાબીત કરવાનું છે કે, અમુક માણસનું ખુન થયું હતું; બીજુ ગુન્હો થયાની કેદીએ ખબર આપી હતી; ત્રીજુ આ ખબર ખોટી હતી અને એ કેદીના જાણવામાં હતું, ચોથુ ખુન થયાનું તેણે તે વખત જાણ્યું, અને પાંચમુ તેનો ઇરાદો ખુન કરનારને બચાવવાનો હતો. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદી તરફનો કેસ પુરો કરવાને, ફક્ત ખબર આપવામાં આવી હતી એટલુંજ સાબીત કરવું બસ નથી પણ ખબર ખોટી હતી અને તે કેદીના જાણવામાં હતું એ પણ સાબીત કરવાની જરૂર હતી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૨ મુજબ વધારે તજવીજ ચલાવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. રાણી વિ. સુબ્રામાનયા પીલાઈ, ૩ મ. હા. કો. રી. ૨૫૧.

(મેસર્સ કોલેટ અને ઈલીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસંબર સને ૧૮૬૬).

રાણી વિ. અબદુલ કાદરના કામમાં આધાર રાખવામાં આવ્યો ઈ. લો. રી. ૩ અ. ૨૭૯. જુઓ ઉડાવવું પુરાવાનું ૬.

૩ જુઠી ખબર—આબરૂ લેવી તે—સરકારી નોકર—અપમાન—તોહોમત મુકવાની પરવાનગી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૧૮૨ અને પ્રકરણ ૧૦ મું—નુકશાન કરવાના ઈરાદાથી જે માણુસના વિરૂદ્ધ ખોટી ખબર આપવામાં આવીછે તે માણુસને, જે સરકારી નોકરના વિરૂદ્ધ ગુન્હો કરેલો છે તે સરકારી નોકરની કબુલાત શીવાય, નુકશાનને માટે દિવાની દાવો કરવાનો હક છે, પણ પીનલકોડની કલમ ૧૮૨ અથવા ૧૦ મા પ્રકરણની બીજી કોઈ કલમ મુજબ સરકારી નોકરની પરવાનગી સીવાય ફોજદારી તોહોમત મુકી શકાય નહી, કારણકે ગુન્હો થયાની ખોટી ખબર જે માણુસના વિરૂદ્ધ આપેછે તે માણુસના વિરૂદ્ધ કાયદેસર ગણાતી નથી, પણ જે સરકારી નોકરને ખબર આપવામાં આવે છે તે નોકરના વિરૂદ્ધ ગણાય છે. પીનલકોડની કલમ ૧૮૨ મુજબ ગુન્હો થવાને માટે જે ખબર આપવામાં આવી હતી તે ખબર આપનાર માણુસ જુઠી જાણતો અથવા માનતો હતો, અને એવી માહીતીથી તેણે ખબર આપી હતી એ સાબીત થવું જોઈએ. મોલવી અબદુલ લતીફ કેદીના મુકરદમાની તપાસ ૯, વિ. રી. ૩૧.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૬૮).

અસરફ હુસેનાના રેફરન્સમાં તફાવત બતાવવામાં આવ્યો. ૧૬ વિ. રી. ૫૭. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૧૮.

૪ જુઠી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૨—જવાબ આપતી વખતે કેદીએ બતાવેલી હકીકત પીનલકોડની કલમ ૧૮૨ ના અર્થ મુજબ " સરકારી નોકરને આપેલી ખબર " ગણી શકાતી નથી. રાણી વિરૂદ્ધ દરીઆખાન, ૨ વા૦ દી૦ પ્રાં૦ ૧૨૮.

(મેસર્સ ટરનર કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને સ્પેન્કી જડજોની રૂબરૂ, તા૦ ૨ જી એપ્રીલ સને ૧૮૭૦).

૫ જુઠી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૨—સરકારી નોકરને ખોટી ખબર આપવાને માટે ફરીઆદ કરવાનું કારણ સરકારી નોકર જેના વિરૂદ્ધ ગુન્હો કરવામાં આવ્યો હતો તેના સીવાય બીજા કોઈ માણસને પીનલકોડની કલમ ૧૮૨

મુજબ નથી. રાણી વિરૂદ્ધ હરીરામ, ૩ વા દી. ગ્રાં. ૧૬૪.

(મીο ટર્નબલ જડજની રૂબરૂ, તાο ૨૯ મી જુલાઈ સને ૧૮૭૧).

રાણી વિરૂદ્ધ રાધાકીશનના કેસમાં અ થૅ કરી બતાવવામાં આવ્યો, ઈο લોο રીο ૫ અο ૩૬. જુઓ જુઠું તોહોમત ૪૯.

૬ જુઠી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૭—જુઠાં પત્રકો—ઉપરી અધીકારી તરફ જુઠાં પત્રકો મોકલવાને માટે કેટલાક સીતળા કાઢનારા નોકર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. ખરી હકીકત તરીકે માજીસ્ત્રેટને માલમ પડયું કે મોકલેલાં પત્રકો જુઠાં હતાં, તોપણ પીનલકોડની કલમ ૧૭૭ ના અર્થ મુજબ ખબર આપવાની પ્રતીવાદીઓની "કાયદેસર ફરજ" નોહોતી એ કારણ ઉપરથી તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકયા. હાથ નિચેનો માણસ પોતાના ઉપરીને જુઠી ખબર મોકલે એવા દરેક જાતના કેસનો પીનલકોડની કલમ ૧૭૭ માં સમાવેશ થઇ જાય છે. ચાલતા કેસમાં પ્રતીવાદીઓ સરકારી નોકર હતા અને ઉપરી અધીકારી તરફ ખરાં પત્રકો મોકલવાં તે તેઓએ માથે લીધેલી ફરજોમાંની એક ફરજ હતી, તે ટસા માટે જુઠા પત્રકો મોકલવા તે એક ગુન્હો છે. પ્રે. તાο ૨૧ મી ડીસેંબર સને ૧૮૭૧ ૬ મ. હા. કો. રી. અપે. ૪૮.

૭ જુઠી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૩—પીનલકોડની કલમ ૨૦૩ માં બતાવેલા ગુન્હાના સબંધમાં ખોટી ખબર આપવાને માટે વાજબી રીતે ગુન્હેગાર ઠરાવવાને, તોહોમત રાખેલા માણસને ગુન્હો થએલો છે એવું માનવાનું કારણ હતું. એટલુંજ નહી પણ ગુન્હો ખરેખરી રીતે થએલો હતો અને તોહોમતદાર જાણતો હતો અથવા તેને જાણવાનું કારણ હતું કે ગુન્હો ખરેખરી રીતે બનેલો હતો. રાણી વિરૂદ્ધ જેયનારાયણ પત્રો વિગેરે, ૨૦ વિ. રી. ૬૬.

(મેસર્સ જેકશન અને [illegible]તર જડજોની રૂબરૂ, તાο ૧૫ મી [illegible]પટેંબર સને ૧૮૭૩).

રાણી વિરૂદ્ધ અમીરૂદીનના કામમાં તફાવત બતાવવામાં આવ્યો, ઈο લોο રીο ૩ ક. ૪૧૨. જુઓ તોડવો કાયદાનો નિયમ ૪.

૮ જુઠી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૧—નાનું બાળક લેઈને કોઇ સ્ત્રી પોતાના ધણીના ઘરમાંથી નાસી ગએલી, તેણીને પછીથી છોકરાના ખુનનું તોહોમત રાખી પકડવામાં આવી હતી, જે છોકરાની તેણીએ ખબર લીધી નોહોતી. તેણીએ ત્રણ જુદા જુદા જવાબો આપ્યા (૧) તેણીએ તે બાળક પોતાના ધણીના કબજામાં મુકયું હતું; (૨) ર નામના માણસે તેણીને ફોસલાવી હતી અને છોકરૂ તેણીની પાસેથી લેઇ લીધું હતું, (૩) દ નામના કોઈ માણસે છોકરાને દુબાડી દીધું હતું. સેસન જડજે છેલ્લો જવાબ માનીને તેણીને પીનલકોડની કલમ ૨૦૧ મુજબ ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે શિક્ષા ગેરકાયદેસર હતી માટે રદ કરવી જોઈએ. જે માણસ ગુન્હેગાર હોય એવો સંભવ લાગે અને તે પોતાને બચાવવાના અને બીજાને સામેલ કરવાના ઈરાદાથી જવાબ આપે તેવા માણસને પીનલકોડની કલમ ૨૦૧ લાગુ પડતી નથી. રાણી વિરૂદ્ધ બેહાલાબીબી, ઈο લોο રીο ૬ ક. ૭૮૯; ૮ ક. લો. રી. ૨૦૭.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તાο ૭ મી માર્ચ સને ૧૮૮૨).

રાણી વિરૂદ્ધ ડુંગરના કામમાં નજર રાખવામાં આવી હતી, ઈο લોο રીο ૮ અο ૨૫૨. જુઓ ઉડાવવું પુરાવાનું ૯.

૯ જુઠી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૨—જે સરકારી નોકરને ખોટી ખબર આપવામાં આવી છે તે નોકરને ફકત તે ખબર ચલાવવાનો અધીકાર છે અને તે મુજબ ચાલવામાં જેમાણસ

ની સામે ખબર મળી છે તે માણસના વિરૂદ્ધમાં પરભારયો અથવા બીજી કોઈ રીતે અભીપ્રાય બાંધી શકાય નહીં; અને તેવી બાબતમાં પીનલકોડની કલમ ૧૮૨ લાગુ પડતી નથી. રાણી વી૦ પેરીઆનાન, ઈં૦ લો૦ રી૦ ૪ મ. ૨૪૧.

(મેસર્સ ઇન્સ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી અને ૧૮ મી નવંબર સને ૧૮૮૧).

૧૦ જુઠી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૨—કેટલાક જમીનદારોએ સરકારી કેટલીક જમીનનો કબજો કરી લીધો છે એવી ખોટી ખબર તે જમીનદારોને નુકશાન કરવાના અને સરકારી અધીકારીઓનો વખત ગુમાવવાના ઈરાદાથી મ નામના કોઈ શખસે તે ડીસ્ટ્રીકટના કલેકટરને આપી. એમ ઠરાવવામાં આવ્યું કે આવી ખબર ખાનગી માણસને ખબર આપવા કરતાં કાંઇ વધારે નોહોતી કારણ કે કલેકટરની મરજીમાં આવત તો જમીનદારો સામે દિવાની દાવો કરી શકત, અને કલેકટરે ખબર આપનાર માણસનું કહ્યું માન્યુ હોત તો કલેકટર અથવા માજીસ્ટ્રેટ તરીકે જમીનદારોને નુકશાન અથવા હેરાન કરવાને કાયદેસર વધારે સત્તા તે બજાવી શકત નહીં, અથવા પોતાથી બની શકે નહીં એવું કાંઇ કૃત્ય તેણે કર્યું નાહોત તેટલા માટે પીનલકોડની કલમ ૧૮૨મુજબ મ એ ગુન્હો કરેલો નથી. રાણી વી૦ માધો, ઈં૦ લો૦ રી૦ ૪ અ. ૪૬૮.

(મી૦ ટીરલ જડજની રૂબરૂ, તા૦ ૨૧ મી જુન સને ૧૮૮૨).

૧૧ જુઠી ખબર—ઠગાઈ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૭૭, ૧૮૨, ૪૧૫—કોઈ માણસે જાણી બૂઝીને કેટલીક ખોટી ખબર ડીસ્ટ્રીકટ પોલીસ સુપ્રિનટેન્ડેન્ટને આપીને પોલીસમાં નોકરી મેળવવા પ્રયત્ન કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમો ૧૭૭ અથવા ૧૮૮ મુજબ આ માણસને ગુન્હેગાર ઠરાવી શકાય નહીં તેમજ ઠગાઈની કોશીશ કરવાને માટે તે કોડની કલમ ૪૧૫ મુજબ ગુન્હેગાર ઠરાવાય નહીં. રાણી વિ૦ દ્વારકાપ્રસાદ, ઈં૦ લો૦ રી૦ ૬ અ. ૯૭

(મી૦ ટીરલ જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી સપ્ટંબર સને ૧૮૮૩).

૧૨ . જુઠી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૨—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—ફરીઆદ માંડવાની પરવાનગી—કોઈએક હકીકતને માટે જુદુ ગુન્હેગાર ઠરાવવુ તે—ગેરવાજબી ઠરાવેલું તે-બે માણસોનાં નામ આપવામાં આવ્યાં હતાં જેમના ઘરમાંથી કોઇ માણસની ચોરી થએલી મીલકત જડી આવશે એવી ખબર પોલીસ અમલદારને આપવામાં આવી હતી. ફરીઆદ થયા પછી ખબર ખોટી છે એવું માલમ પડ્યું હતું અને તેથી પીનલકોડની કલમ ૧૮૨ મુજબ બંને જુદા જુદા માણસોના સબંધમાં ગુન્હાઓ થયેલા ગણી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી શિક્ષા બંને ગુન્હાઓને માટે કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે ખબર જો કે બંને જુદા જુદા માણસોને માટે આપવામાં આવી હતી તો પણ તોહોમતદારે માત્ર એક ખોટી હકીકત બતાવી એમ ગણી તેના ઉપર તોહોમત કલમ ૧૮૨ મુજબ એક ગુન્હાને માટે રાખી શીક્ષા થઈ શકે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ માં સ્પષ્ટ રીતે બતાવેલું છે કે તેમાં બતાવેલા સરકારી નોકરે પરભારી ફરીઆદ કરી હોય તો તે તેની પરવાનગી ગણાય છે. રાણી વિ૦ રાધા કીશનના કેસથી જુદો મત લેવામાં આવ્યો. (ઈં૦ લો. રી. ૫ અ. ૩૬); પુનીટસીંગ વિ૦ માધો ભોટ, ઈં૦ લો૦ રી૦ ૧૩ ક. ૨૭૦.

(મેસર્સ મીતર અને ગ્રાંટ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૮૬).

જુઓ ઠગાઈ જુઠો વેષ ધારણ કરીને ૨.
,, જુઠો પુરાવો.
,, ફરીઆદ કરવાની પરવાનગી, ૧૭, ૩૪, ૬૪,

જુઠી ખબર પોલીસને આપેલી તે—

જુઠી ખબર પોલીસને આપેલી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૨—કોઈ અમુક માણસ સામે તોહોમત નહી રાખેલું તે—અમુક તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૧૮૨ તદન જુદી કલમ હોય એમ વાંચવી જોઈએ, અને એવી રીતે વાંચવાથી જે કેસોમાં ખબર આપવાથી પોલીસ અમલદારો કાંઈ કૃત્ય કરવાને અથવા નહી કરવાને લલચાય છે તેવા કેસોને લાગુ પડે છે, જે કૃત્ય તેઓને બતાવેલી બાબતમાં ખરૂં શું છે એની તેઓને ખબર હોત તો તેઓ કરત નહી. ગુલામ અહમદ કાજીની અરજીની બાબતમાં, ઈ. લો. રી. ૧૪ ક. ૩૧૪.

(મેસર્સ સર કોમર પેથરામ નાઈટ ચીફ જસ્ટીસ અને બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૮૭).

જુઠું તોહોમત—

૧ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—પીનલકોડની કલમ ૨૧૧ માં બતાવેલું જુઠું તોહોમત માજીસ્ટ્રેટના અધીકારવાળા અમલદાર પાસે મુકવું જોઇએ એમ નથી, પણ યોગ્ય પોલીસ અમલદારની રૂબરૂ મુકેલું તોહોમત પણ આવી જાય છે. આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે ઉપર બતાવેલા જુઠા તોહોમતનું છેવટ નિરાકરણ થયુ નોહોતું • એ સાબીત કરવાની કાંઈ જરૂર નથી. રજુઆત ચાલતી વખતે તોહોમતની તજવીજ ચાલતી નોહોતી એ સાબીત કરવું બસ છે, જે વળી ધારી પણ શકાય. રાણી વિ૦ ટુબાના ગાઉનડન અને બીજો, ૧ ઈન્ડ જ્યુરી ૧૩૬.

૨ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—જુઠું તોહોમત મુકવાનો ગુન્હો પીનલકોડની કલમ ૨૧૧ મુજબ થવાને માટે તોહોમત માજીસ્ટ્રેટની રૂબરૂ મુકવાની કાંઈ જરૂર નથી; તેમજ પુરેપુરી તજવીજ ચલાવી તે માંડી વાળવામાં આવ્યું હતું એની પણ કાંઈ જરૂર નથી; રજુઆત ચાલતી વખતે તે ચાલતું નોહોતું એટલું બસ છે. રાણી વી૦ સુબાના ગોનડન, ૧ મ. હા. કો. રી. ૬૦.

(મેસર્સ સ્કોટલાંડ અને ફીલીપ્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી અકટોબર સને ૧૮૬૨).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યો:—

રાણી વિરૂદ્ધ અબદુલહુસેન, ઈ. લો. રી. ૧ અ. ૪૯૭. જુઓ જુઠું તોહોમત ૨૪.

રાણી વિ. સલીક, ઈ. લો. રી. ૧ અ. ૫ જુઓ જુઠું તોહોમત ૨૫.

રાણી વિ. ભવાનીપ્રસાદ, ઈ. લો. રી. ૪ અ. ૧૮૨. જુઓ જુઠું તોહોમત ૪૮.

૩ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૦૫, ૨૧૧—પીનલકોડની કલમ ૨૧૧ મુજબ તોહોમત સાબીત કરવાને માટે ગુન્હો થયાની તોહોમતદારને ખબર હતી અને તેને માનવાનું કારણ હતું એ સાબીત કરવાની જરૂર છે. કલ્પીત માણસનો વેષ ધારણ કરવો તે પીનલકોડની કલમ ૨૦૫ મુજબ ગુન્હો ગણાય છે. રાણી વિ. ભીટુકલ્લ ૨, ૧ ઈ. જ્યુરીષ્ટ ૧૨૩.

(મેસર્સ સેટનકાર અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી નવંબર સને ૧૮૬૨.)

કાદર રહુટન અને ન્યાન ગાસીઆ રહુટનની બાબતમાં જુદો મત લેવામાં આવ્યો, ૪ મ. હા. કો. રી. ૧૮. જુઓ જુઠો વેષ ધારણ કરવો તે ૨.

૪ જુઠું તોહોમત—કેલેનડર—કોઈ ગુન્હાનું જુઠું તોહોમત મુકવાને માટે કોઈને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો કઇ જાતનું જુઠું તોહોમત મુકવામાં આવ્યું હતુ તે ઠરાવમાં બતાવવું જોઈએ અને કેલેનડરમાં લખવુ જોઈએ. રાણી વિ. અરજુન, ૧ મું. હા. કો. રી. ૮૭.

(મેસર્સ ફેરાન્સ અને વેસ્ટ્રોપ જડજોની રૂબરૂ, તા૦ ૪ નવંબર સને ૧૮૬૩.)

૫ જુઠું તોહોમત-નિચા દરજ્જાની નોકરીમાં હતો એ કારણ ઉપરથી કોઈ માણસ સરકારી રીતે દૂષબુદ્ધિવાળા તોહોમતો મુકવાના ગુન્હામાંથી બચી જતો નથી. કોઈ રાજ્યની સત્તા કબુલ ના કરે તેવો સાહેદી હાજર ના થાય તો માજીસ્ત્રેટ તેની જપ્ત કરેલી મીલકતમાંથી થોડીક મીલકત વેચી ઠરાવેલો દંડ વસુલ કરે તોહોમત સામે શાહેદીએ આપેલા જવાબો કામમાં નહી લખાયાથી દંડ કાયદા વિરૂદ્ધ ગણાતો નથી. રાણી વિરૂદ્ધ રહેડોયનાથ બીસ્વાસ, ૨ વિ. રી. ૪૪

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી મારચ સને ૧૮૬૫).

૬ જુઠું તોહોમત--ડાકાઈટી--સ્ત્રી--ડાકાઈટીનું જુઠું તોહોમત મુકવાને માટે સ્ત્રીને કરેલી સજા બરોબર છે એ વીષેની તકરાર. રાણી વિ. નાથુડોસ વિગેરે, ૩ વિ. રી. ૧૨.

(મેસર્સ કેમ્પબેલ, જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી મે ૧૮૬૫).

૭ જુઠું તોહોમત—શાથી બને છે તે—પોલીસ તજવીજ કરી શકે એવા ગુન્હાની ફરીઆદ કરી પોલીસને તપાસ કરવાની જરૂર પાડવી તે પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ફોજદારી મુકરદમો ચલાવવાની બરોબર ગણાય છે રાણી વિ. ઓનોમાલી સોહાઈ ૫ વિ. રી. ૩૨.

૮ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—કાયદા પ્રમાણે અને વાજબી કારણ નથી એવું જાણીનું કોઈ માણસ ઉપર ગુન્હો કર્યાનું જુઠું તોહોમત તેને નુકશાન કરવાના ઈરાદાથી મુકવાને માટે કોઇ માણસ ઉપર પીનલકોડની કલમ ૨૧૧ મુજબ તોહોમત રાખવામાં આવ્યું હોય તો, જે ખબર પ્રમાણે તોહોમતદાર ચાલ્યો હોય તે ખબર સાબીત કરવાને તેને પરવાનગી આપવી જોઈએ, અને તોહોમત મુકવાને માટે બતાવેલી હકીકત જુઠી અને પુરતી નહોતી એવી ખાત્રી જડજને થવી જોઈએ એટલુંજ નહી, પણ તોહોમત મુકતી વખતે તે હકીકત ખોટી હતી એવું તોહોમતદારના જાણવામાં હતું એની પણ ખાત્રી થવી જોઈએ. રાણી વિ. નવલમલ વાલદ ઉમેદમલ, ૩ મુ.હા. કો. રી. ૧૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુન ૧૮૮૬).

૯ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—જે માણસને નુકશાન થયું છે તે અથવા જે એમ ધારે કે તેને નુકશાન થયું છે એવા માણસે પુરાવા ઉપરથી અથવા ફરીઆદ કરતી વખતે કાયદેસર અને વાજબી કારણ નહોતું એ ખરેખર રીતે જાણતો હતો અને હકીકત એવી હતી કે જેથી અકલવાળા માણસના મનને ખાત્રી થાય નહી, અથવા તે હકીકત ખાત્રી કરવાને જોઈએ ટેટલી નહોતી એટલું પીનલકોડની કલમ ૨૧૧ મુજબ તોહોમત રાખવાને માટે સાબીત કરવું બસ નથી. રાણી વિ. પ્રાણકીસન બીડ, ૬ વિ. રી. ૧૫.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૬૬).

૧૦ જુઠું તોહોમત—જુઠો પુરાવો—જુઠું તોહોમત બનાવવું અને જાણીબુઝીને જુઠો પુરાવો આપવો એ બંને એકઠા ગુન્હાઓ નથી અથવા એકજ ગુન્હાના ભાગો નથી; અને તે ગુન્હાઓને માટે જુદી સજા થઇ શકે. રાણી વિ. અબદુલ આઝીઝ, ૭ વિ. રી. ૫૯.

(મેસુર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૨૭ મી એપ્રીલ સને ૧૮૬૭).

૧૧ જુઠું તોહોમત—ખુન—ખુનનું જુઠું તોહોમત મુકીને તે સાબીત કરેલું તેવા કેસમાં કાંઈ પણ કારણ બતાવ્યા શીવાય ઘણીજ ઓછી શિક્ષા કરેલી તે વિષેની ટીકા. રાણી વિ. પીતમલોલ પધન, ૭ વિ. રી. ૭૫.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા. ૨૮ મી મે સને ૧૮૬૭).

૧૨ જુઠું તોહોમત—જુઠું તોહોમત મુકવાના વિચારથી દ્વેષ બુદ્ધિથી ઘર બાળી નાખવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૧૧, ૧૯૫—જો કોઈ માણસ પોતાનું ઘર બાળી નાખીને બીજા માણસ ઉપર

धर बाळ्यानुं तोहोमत मुके तो तेने पीनल कोडनी कलम २११ मुजब शिक्षा थवी जोईए पण कलम १९५ मुजब गुन्हेगार ठरावी शिक्षा थई शके नही. राणी वि. भगवान आ हीर, ८ वि. री. ९५.

(मेसर्स लोच अने होबहाउस जडजोनी रुबरु, ता० २८ मी अगष्ट सने १८९७).

१३ जुठुं तोहोमत—सने १८९० नो ४५ मो पीनलकोड कलमो १८२, २११—पीनलकोडनी कलम १८२ अने २११ वचे तफावत बताववामां आव्यो. पाछळनी कलम जुठा तोहोमतना केसने लागु पडे छे, एम ठराववामां आव्युं. चालता केसमां तोहोमतदार पोलीसनी रुबरु हाजर थईने पोताना छोकराने झेर दई मारी नाखवानुं नवा फरीआदी उपर तोहोमत मुक्युं हतुं. राफीमहमद वि. आबासखान, ८ वि. री. ९७.

(मी० जेकशन अने मी० होबहाउस जडजोनी रुबरु, ता० ३ सपटंबर १८९७).

भोकतीराम वि. हीराकालीताना काममां मंजुर राखवामां आव्यो. ई. लो. री. ५ क १८४. जुओ जुठुं तोहोमत २७.

रामरनजन भंडारी वि. माधब घोसना काममां नजर राखवामां आवी. २५ वि. री. ३३. जुओ फरीआदी करवानी परवानगी ३७.

१४ जुठुं तोहोमत—सने १८९० नो ४५ मो पीनलकोड कलम २११—सने १८९१ नो २५ मो क्रीमीनल प्रोसीजर कोड कलमो १५४, ३७५-निरपराधीपणानुं अनुमान करवुं ते-पुरावो—एकठुं करवुं ते—पीनलकोडनी कलम २११ मुजब "फोजदारी करवी ते," कोइ माणुस उपर गुन्हो कर्यानुं "जुठुं तोहोमत" मुकवाना गुन्हाथी जुदो गुन्हो गणवो जोईए. वाजबी अने कयदेसर कारण नहोतुं एवुं जाणीने कोई माणुसे नुकशान करवाना ईरादाथी खोटुं तोहोमत कोईना उपर मुक्युं होय तो ते स्पष्ट रीते साबीत करवुं ते फरीयादीनुं काम छे; वाजबी अथवा कायदेसर कारण हतुं एम प्रथम कैदीने बताववानी कांइ जरुर नथी. पेहेलाना केसमां कोई साक्षीए जुबानी आपी होय ते पाछळनो केस जेमां तेनी साहेदी लेवाय छे, तेमां तेनो तफावत बताव्या शीवाय पुरावामां लेवाती नथी. पोलीस अमलदारनी रोजनी नोंधनो केटलोक भाग तेनी सामे पुरावामां लेवाय तो क्रीमीनल प्रोसीजर कोडनी कलम १५४ मुजब बाकीनो भाग पेहेला पुरावामां लीधेला भागने समजाववाने माटे पुरावामां लेवाय छे. जेम गुन्हो कर्यानी साथे कामनी हकीकत मळती आवे तेमज कैदीना निरपराधीपणानी साथे मळती आवे तो निरपराधीपणुं धारवुं जोईए, अने दरेक माणस जे कायदाना नियमो तोडे छे तेमनो गुन्हो करवानो ईरादो अथवा माहीती हती एवो दोष बेशक मुकी शकातो नथी. ज्युरीने एकंदर करीने केस सोंपती वखते जडजे कायदाना मुद्दाओ उपर चरचा करवी जोईए नही अने तेणे सघळी नकामी अने जुदी जातनी तकरार बताववी जोईए नही, पण फक्त पुरावो एकंदर करीने तेने कायदो कयी रीते लागे छे ते बताववुं जोईए. राणी वि. नोबोकीस्तो घोस, ८ वि. री. ८७ वि. री. ८७.

(मेसर्स सेटनकार अने मेकफरसन जडजोनी रुबरु. ता० ३१ मी डीसंबर १८९७).

१५ जुठुं तोहोमत—पोलीस अमलदार—सने १८९० नो ४५ मो पीनलकोड कलम २११—पीनलकोडनी कलम २११ फक्त खानगी माणसोने लागु पडे छे एटलुंज नही, पण पोलीस अमलदार जे नुकशान करवाना ईरादाथी गुन्हो कर्यानुं जुठुं तोहोमत मुके छे तेने पण लागु पडे छे. नोबो दीपचंदर सरकार अरजदार, ११ वि. री. २.

(मेसर्स जेकशन अने मार्कबाय जडजोनी रुबरु. ता० १२ मी जानेवारी १८९४).

१६ जुठुं तोहोमत—पुरावो—डेप्युटी माजीस्ट्रेटे तेनी रुबरु चोरी कर्यानुं जुठुं तोहोमत मुकवाने माटे फरीआदी अने तेना साहेदीओ उपर काम चलाव्युं, तेमां एम ठराव

વામાં આવ્યું કે ચોરીના કેસના ઠરાવ ઉપર તે બુ ભરોસો રાખવો જોઈએ એટલુંજ નહી પ ણુ તોહોમતદારની રૂબરૂ ચોરીની ફરીઆદ જુ ઠી હતી તે સાબીત કરવાને તે બંધાયેલો છે તો. રાણી વિ. રામદાસ બોઈસતબ, ૧૧ વિ. રી. ૩૫.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજો ની રૂબરૂ, તા૦ ૬ ઠી એપ્રીલ સને ૧૮૬૯).

૧૭ જુઠુ તોહોમત સમન અથવા વા રંટ – ફરીઆદીની જુબાની—ફરીઆદી ખોટી અને પાયા વગરની છે એવું માજીસ્ટ્રેટનું ધા રવું હોય તો તે સમન અથવા વારંટ કાઢ વાને બંધાએલો નથી. કાયદા પ્રમાણે તે ના વિચાર ઉપર તે રાખેલુ છે અને તે વિ ચારનો અમલ કરવો તે તેને માથે રહેલું છે. તેજ વખતે માજીસ્ટ્રેટે હમેશાં ફરીઆદીની જુ બાની લેવી જોઈએ. રામચરનની બાબતમાં, ૩ બા. હી. પ્રાં. ૨૭૨.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી અગષ્ટ સને ૧૮૭૧).

૧૮ જુઠુ તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—વાજબી અ થવા કાયદેસર કારણ—કોઈ માણસ શુદ્ધબુદ્ધિ થી તોહોમત મુકે જે પછીથી ખોટું છે એમ માલમ પડે, અથવા ખરાં કારણો છે એ વું ધારીને કોઇ દુશમનને નુકશાન કરવાના વિચારથી તેના ઉપર ફોજદારી કરે તો એકે બાબતમાં તેણે પીનલકોડની કલમ ૨૧૧ મુજ બ ગુન્હો કરયો એમ ગણાતું નથી. એવી ફ રીઆદ કરવાને માટે વાજબી અને કાયદેસર કારણો નોહોતાં એવું ફોજદારી કરનાર માણુ સના જાણવામાં હતું એવું સાબીત કરવાની આવી રીતના ગુન્હામાં જરૂર છે. રાખેલા તો હોમતને માટે કાયદેસર કારણો નોહોતાં એવું તોહોમતદાર જાણતો હતો એ લખાણુ ઘણુંજ અગત્યનું છે. રાણી વીરૂદ્ધ ચીદા, ૩ વા. દી. પ્રાં. ૩૨૭.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૧ લી ડીસેંબર સને ૧૮૭૧).

૧૯ જુઠુ તોહોમત—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૦૮ અને કલમો ૨૧૨ થી તે ૨૧૮—જે માણસો એ ખોટા તોહોમતોની અથવા કોર્ટે ખોટા ઠરાવેલા તોહોમતોની મજબુતીમાં જુબાની આપી હોય તો નિચેની ફોજદારી કોર્ટ તેને મ દદગાર તરીકે ગુન્હેગાર ગણી સજા કરી શકે નહીં. પીનલકોડની કલમો ૨૧૨ થી તે ૨૧૮ માં બતાવેલા ગુન્હાઓ શીવાયના પાછળથી મદદ કરેલા કોઇ કૃત્યો અથવા તેવા કૃત્યોને માટે સજા કાંઈ પીનલકોડની કલમ ૧૦૮ માં બતાવેલી નથી. રાણી વિ૰ પોનપનદાહ અને બીજો, ૧૮ વિ૦ રી૰ ૨૮; ૯ બેં૦ લો૦ રી૰ અપે. ૧૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૭૨).

૨૦ જુઠુ તોહોમત—ઘરની ઝડતી—સ ને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—નીચે બતાવેલી બાબતમાં હીત રહેલું હો ય એવો માણસ અથવા કાંઈ સરકારી જુમ્મે દારીવાળો માણસ પોલીસ અમલદારને કેહે કે “अ નામનો માણસ મને કેહે છે કે म ના મના માણસે કાંઈ ગુન્હો કર્યો છે અને તે વા તને ब અને क નામના માણસો મજબુતી આપે છે માટે મને म નામના માણસ ઉપર વેહેમ આવે છે,” આવી હકીકત આપ્યા પછી म ના ઘરની ઝડતી લેવાને અરજી આપી તેના ઉપર તોહોમત મુકવામાં આવ્યું. જો આવી રીતનું મુકેલું તોહોમત ખોટું માલમ પડે તો તે માણસ પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ગુન્હેગાર થઈ શકે. રાણી વિરૂદ્ધ હનુ માનલાલ, ૧૯ વિ. રી. ૫.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૰ ૪ ડીસેંબર સને ૧૮૭૨).

૨૧ જુઠુ તોહોમત—ડાકાઇટી—હકુમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—ડાકાઇટીનો ગુન્હો કર્યાની ખોટી ફ રીઆદ કરવાને માટે તોહોમતદાર ઉપર પીન લકોડની કલમ ૨૧૧ મુજબ તોહોમત રાખે

હ્યું, તેવા કેસમાં ગુન્હેગાર ઠરાવવાનો માજીસ્ટ્રેટ નો અધીકાર નથી. કાદરબક્ષ અરજદાર, ૨૧ વિ. રી. ૩૪.

(મી૦ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૮૭૪).

૨૨ જુઠું તોહોમત—ખબર—પુરાવો—નુકશાન કરવાના ઇરાદાથી ગુન્હો કરવાની ખોટી ફરીયાદ કરવાને માટે તોહોમત રાખ્યું હોય તો, થાણામાં કેદીને જે ખરેખરી ખબર મળી તે પુરાવામાં આપવી જોઇએ અને તે કામના કાગળોનો એક ભાગ ગણાવવો જોઈએ. રાણી વિરૂદ્ધ હુલાસ ઉરફે સુતુ, ૨૩ વિ. રી. ૩૨.

(મેસસ પીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ જાનેવારી સને ૧૮૭૫.)

૨૩ જુઠું તોહોમત—પોલીસ સ્ટેશન ખોટી ફરીઆદી કરેલી તે—કામ ચલાવવું તે–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૭૨, ૪૬૮–સને ૧૮૭૨ ના ૧૦ મા આકટની કલમ ૨૭૨ માં બતાવેલા "નિર્દોષ ઠરાવી છોડી મુકવાના અપીલ કોર્ટના ઠરાવો" એ શબ્દોમાં શિક્ષા રદ કરેલા અપીલ કોર્ટના સઘળા ઠરાવો આવી જાય છે. પોલીસની ચોકીએ કરેલી ફરીઆદ કોઈ દીવાની અથવા ફોજદારી કોર્ટમાં કરેલી ફરીઆદ ગણાતી નથી, અને તેવી ફરીઆદ ખોટી સાબીત થાય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૮ મુજબ ફરીઆદ કરવાને માટે કોઈ કોર્ટની પરવાનગી લેવાની જરૂર નથી, બંગાળા સરકાર વિરૂદ્ધ ગોકુળચંદર ચોધરી, ૨૪ વિ. રી. ૪૧.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી અગષ્ટસને ૧૮૭૫).

ભોકતીરામ વિરૂદ્ધ હીરા કોલીતાના કામમાં મંજુર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૫ ક૦ ૧૮૪. જુઓ જુઠું તોહોમત ૨૭.

૨૪ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧–કામ ચલાવવામાં ના આવ્યું હોય તોપણ પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ખોટી ફરીઆદ કરવાનો ગુન્હો થવાને માટે ખોટું તોહોમત મુકવામાં આવ્યું હતું એટલું બસ છે. રાણી વિ. સુબાના ગોનડનના કેસનો આધાર લેવામાં આવ્યો (૧ મ. હા. કો. રી. ૩૦). રાણી વિ. બીસુ બેરીના કામનો તફાવત બતાવવામાં આવ્યો (૧૬ વિ. રી. ૬૭). રાણી વિ. અબદુલહુસેન, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૪૯૭.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૯ મી નવંબર સને ૧૮૭૭.)

રાણી વિ. સુબાના ગોનડનના કેસનો આધાર લેવામાં આવે છે. ૧ મ. હા. રી. ૩૦. જુઓ જુઠા તોહોમતો ૨.

બીસુબારીકના રેફરન્સનો આધાર લેવામાં આવે છે, ૧૬ વિ રી. ૬૭. જુઓ જુઠું તોહોમત ૩૯.

નિચેના કેસોમાં આધાર લેવામાં આવ્યોઃ—

રાણી વિરૂદ્ધ ટલીકરોય, ૮ ક. લો રી ૨૫૫; ઈ. લો. રી. ૬ ક. ૫૮૨. જુઓ જુઠું તોહોમત ૪૪.

મતરા વિરૂદ્ધ જવાહીર, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૫૧૭. જુઓ ઝાહરાંત હોડીની જગા.

રાણી વિ. ભવાનીપ્રસાદ, ઈ૦ લો૦ રી૦ ૪ અ. ૧૮૨. જુઓ જુઠું તોહોમત ૪૮.

મુસાબનીસા બીબી. વિ. શેખઈરાદઅલીના કામમાં નજર રાખવામાં આવી હતી. ૪ ક. લો. રી. ૪૧૩. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૦.

સરકાર વિ. કરીમદાદના કામમાં નજર રાખવામાં આવી હતી, ઈ૦ લો૦ રી૦ ૬ ક, ૪૯૬. જુઓ જુઠું તોહોમત ૪૩.

૨૫ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ પીનલકોડ કલમ ૨૧૧–કામ ચલાવવામાં ના આવ્યુ હોય તોપણ પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ખોટી ફરીઆદીનો ગુન્હો થવાને માટે ખોટુ તોહોમત મુકવામાં આવ્યું હતું એટલું બસ છે. રાણી વિ. સુબાના ગોનડનના કેસનો આધાર લેવામાં આવ્યો. (૧ મું.

હા. કો. રી. ૩૦); રાણી વિ. બીસુએરી ના કામનો તફાવત બતાવવામાં આવ્યો. (૧૬ વિ. રી. ૬૭). રાણી વિ૦ સાલીક, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૫૨૭.

(મેસર્સ પીઅરસન અને ટરનર જજો ની રૂબરૂ, તા૦ ૭ મી ડીસેંબર સને ૧૮૭૭.)

બીસુએરીના કેસના રેફરન્સનો તફાવત બતાવવામાં આવે છે (૧૬ વિ. રી. ૬૭). જુઓ જુઠું તોહોમત ૩૯.

રાણી વિ. અબુલ હુસેનના કામનો આધાર લેવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૪૯૭. જુઓ જુઠું તોહોમત ૨૪.

રાણી વી૦ સુબાના ગોનડનનો આધાર લેવામાં આવે છે. ૧ મ. હા. કો. રી. ૩૦. જુઓ જુઠું તોહોમત ૨,

સરકાર વી૦ કરીમદાદના કેસમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૪૯૬. જુઓ જુઠું તોહોમત ૪૩,

૨૬ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૨૧૧ - મુળની ફરીઆદ ઉપર થી છોડી મુકેલો તે—જુઠી ફરીઆદ કરવાને માટે કયારે કામ ચલાવાય તે—વારંટ કેસમાં તોહોમતદારને છોડી મુકીને જ્યાં સુધી ફરીયાદીએ નામ આપેલા સાહેદીઓની જુબાની લીધી નથી ત્યાં સુધી જુઠી ફરીઆદ માંડવાને ફરીઆદીનું કામ ચલાવવાનો હુકમ કરવાનો માજીસ્ત્રેટનો અધીકાર નથી. ગંગુસીંગ વીગેરે ની બાબતમાં, ૨ ક૦ લો૦ રી૦ ૩૮૯.

(મેસર્સ મીતર અને મેકલીન જજો ની રૂબરૂ, તા૦ ૨૧ મી મે સને ૧૮૭૮).

રાણી વી૦ હીરાલાલ ઘોસના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૩ વિ૦ રી૦ ૩૭. જુઓ જુઠું તોહોમત ૩૭.

શ્રીનાથમંડળ વી૦ શ્રીરામ રજપુતના કામમાં નજર રાખવામાં આવે છે. ૨૪ વિ૦ રી૦ ૬૨ જુઓ ફરીઆદીના સાહેદીઓ ૧૨.

ગાયનચંદર રોયના કામમાં નજર રાખવામાં આવી. ૮ ક. લો. રી. ૨૬૭; ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૨૦૮. જુઓ જુઠું તોહોમત ૪૨.

બ્રમાનંદ ભટાચારજીની બાબતમાં નજર રાખવામાં આવી. ૮ ક૦ લો૦ રી૦ ૨૩૩. જુઓ જુઠું તોહોમત ૩૧.

૨૭ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૨, ૨૧૧—પ્રથમ ની તજવીજ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—પીનલકોડની કલમ ૨૧૧ માં કલમ ૧૮૨ નો સમાવેશ થઈ જાય છે; તેટલા માટે એમાંથી ગમે તે કલમ મુજબ, માજીસ્ત્રેટ કામ ચલાવી શકે છે પણ વધારે ભારે ગુન્હામાં માજીસ્ત્રેટે કલમ ૨૧૧ મુજબ કામ ચલાવવું એ સુલભ રસ્તો છે. મુકતેરામ વિ૦ હીરાકોલીતા, ઈં૦ લો૦ રી૦ ૫ ક. ૧૮૪.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જજોની રૂબરૂ, તા૦ ૨૬ મી એપ્રીલ સને ૧૮૭૯).

નિચેના કેસોમાં મંજુર રાખવામાં આવે છેઃ—

રાશી મહમદ વિ૦ આગાસખાન, ૮ વિ૦ રી૦ ૬૭. જુઓ જુઠું તોહોમત ૧૩.

બંગાલા સરકાર વિ૦ ગોકલચંદર ચોધરી, ૨૪ વિ૦ રી૦ ૪૧. જુઓ જુઠું તોહોમત ૨૩.

રામભગન ભંડારી વિ૦ માધબ ઘોસ, ૨૫ વિ૦ રી૦ ૩૩. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૩૭.

રાણી વિ૦ કરીમદાદના કેસમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૪૯૬ જુઓ જુઠું તોહોમત ૪૩.

રાણી વિ૦ અરજુનના કામમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૭ મું. ૧૮૪. જુઓ જુઠું તોહોમત ૩૪.

૨૮ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૧૧, ૧૦૯—પોલીસ અમલદારની રૂબરૂ મુકેલું તોહોમત—ન્યાની કોર્ટમાં જુઠા તોહોમતો ખરા કરવાને માટે કોશીશ કરવામાં આવી હોય તો તેને માટે શિક્ષાની હદ પીનલકોડની કલમ ૨૧૧ માં બાંધી નથી તેટલા માટે પોલીસની રૂબરૂ મુકેલા જુઠા તોહોમતનેમાટે આ કલમ મુજબ

શિક્ષા થઈ શકે છે. રાણી વી૦ અશરોફ અ લી. ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૨૮૧.

(મેસર્સ મીતર અને ટોટનહામ જડજો ની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૭૯).

નીચેના કેસોમાં મંજુર રાખવામાં આ વ્યોઃ—

રાણી વી. સાલીકરોય, ઈ. લો. રી. ૬. ક. ૫૮૨; ૮ ક. લો. રી. ૨૫૫. જુઓ જુઠું તોહોમત ૪૪.

રાણી વિ અબુલ હુસેન, ઈ૦ લો. રી૦ ૧ અ. ૪૫૭. જુઓ જુઠું તોહોમત ૨૪.

એયોગી ભાગટની બાબતમાં ૪ ક. લો. રી. ૧૩૪. જુઓ જુઠું તોહોમત ૪૧.

રાણી વિ. શીબોબેહરાના કામમાં, આ ધાર પ્રમાણે ચાલવામાં આવ્યું. ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૫૮૪; ૮ ક. લો. રી ૨૬૫. જુ ઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૭.

નિચેના કેસોમાં ધ્યાન આપવામાં આ વ્યુ હતુઃ—

રાણી વિ. કરીમદાદ, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૪૫૬; ૭ ક. લો. રી. ૪૬૭. જુઓ જુઠું તોહોમત ૪૩.

ચકરોધર પોતીની બાબતમાં, ૮ ક. લો. રી. ૨૮૯. જુઓ જુઠું તોહોમત ૪૫.

બ્રમાનંદ ભટાચારજીની બાબતમાં, ૮ ક. લો. રી. ૨૩૩. જુઓ જુઠું તોહોમત ૩૧.

ગાયનચંદરરોય વિ. પ્રોતોપચંદર દોસ, ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૨૦૮; ૮ ક. લો. રી. ૨૬૭. જુઓ જુઠું તોહોમત. ૪૬.

૨૯ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—અપમાન—ફ રીઆદ કરવી તે—તોહોમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રાસીજર કોડ કલમ ૪૬૮, ૪૭૩—ઘ નામના માણસે કેટલાક માણસો ઉપર ચોરીનું પોલીસ અમલદારની રૂ બરૂ તોહોમત મુકયું. આ તોહોમતની પોલી સે અધીકારવાળા માજીસ્ટ્રેટને ખબર આપ્યા થી તે માજીસ્ટ્રેટે તોહોમતની તજવીજ કર વાનો હુકમ કરયો. આ તોહોમત ખરૂ નથી એવું માલમ પડવાથી માજીસ્ટ્રેટે ઘ નામના માણસ ઉપર ખોટી ફરીઆદ કરવાના પીનલ કોડની કલમ ૨૧૧ મુજબ કામ ચલાવી તે ને ગુન્હેગાર ઠરાવી સજા કરી. એમ ઠરાવવા માં આવ્યું કે આવું જુઠું તોહોમત માજીસ્ટ્રે ટની રૂબરૂ મુકવામાં નહી આવ્યાથી માજીસ્ટ્રે ટના અધીકારનું અપમાન ગણાતું નથી અને તેથી સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમો ૪૬૮ અને ૪૭૩ લાગુ પડતી નથી અને ઘ ની રજુઆત ચલાવવાને માજીસ્ટ્રેટને બાદ આવતો નથી, અને બીજા કોઈ અમલદારને ઘ ના ઉપર કામ ચલાવવાને માટે તે માજીસ્ટ્રેટની અથવા તેની ઉપલી કોર્ટની પરવાનગી મેળવવાની જરૂર નથી. રાણી વિરૂદ્ધ કાસમીરીલાલના કામનો તફાવત બ તાવવામાં આવ્યો, (ઈ લો. રી. ૧ અ. ૬૨૫). આ કેસમાં તોહોમત કાળજી રા ખ્યા વગર ઘડવામાં આવ્યું હતું તેથી મી૦ સ્ટુઅર્ટ ચીફ જડજે ટીકા કરી, રાણી વિરૂદ્ધ બાલદીઓ, ઈ. લો. રી. ૩ અ. ૩૨૨

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને પીઅરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ન વંબર સને ૧૮૮૦).

રાણી વિરૂદ્ધ કાશમીરીલાલના કેસ થી તફાવત બતાવવામાં આવે છે, ઈ. લો. રી. ૧ અ. ૬૨૫. જુઓ જુઠો પુરાવો ૬૩.

૩૦ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—અધીકાર વિનાના અમલદારની રૂબરૂ અથવા કોર્ટમાં જુઠું તોહોમ ત મુકવું તે—તજવીજ કરી રજુઆત ચલાવવા ને માટે મોકલી શકે તેવા અમલદારની રૂબરૂ અથવા તેવી કોર્ટમાં જુઠું તોહોમત મુકવું જો ઈએ એ પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ગુ ન્હો ઠરાવવાને જરૂરનું છે. રાણી વિ. જમુ ના, ઈ. લો. રી. ૬ ક. ૬૨૦.

(મેસર્સ મીતર અને મેકલીન જડજો ની રૂબરૂ, તા૦ ૨૨ મી જાનેવારી સને ૧૮૮૧).

૩૧ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—ફોજદારી

કરવી તે—વેહેમ આવવાની હકીકત પોલીસ ને કેહેવી તે—કોઈ અમુક માણસે ગુન્હો કર્યો છે એવો વેહેમ છે એવું પોલીસને જાહેર કર્યું હોય તો પીનલકોડની કલમ ૨૧૧ ના અર્થ મુજબ તે "તોહોમત" ગણાતું નથી તેમજ ફોજદારી કરવાનું તે ગણાતું નથી, અને વેહેમ ખોટો સાબીત થયાથી જાહેર કરનાર માણસને ઉપલી કલમ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. બ્રમાનંદ ભટ્ટાચારજીની બાબતમાં, ૮ ક. લો. રી. ૨૩૩.

(મેસર્સ પોન્ટીફેક્ષ, મીતર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૮૧).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી છે:—

રાણી વિ. હીરાલાલ ઘોસ, ૧૩ વિ. રી. ૩૭. જુઓ જુઠું તોહોમત ૩૭.

રાણી વિરૂદ્ધ ગોર મોહનસીંઘ, ૧૬ વિ. રી. ૪૪. જુઓ જુઠું તોહોમત ૩૮.

શ્રીનાથ મંડળ વિરૂદ્ધ શ્રીરામ રજપુત, ૨૪ વિ. રી. ૬૨. જુઓ ફરીઆદીના સાક્ષીઓ ૧૨.

સૈયદ નીસરહુસેન વિરૂદ્ધ રામગોલામસીંધ, ૨૫ વિ. રી. ૧૦. જુઓ માંડી વાળવું ફરીયાદનું ૩૨.

ચોલહાઈ તેલીની બાબતમાં, ૨ ક. લો. રી. ૩૧૫. જુઓ જુઠું તોહોમત ૪૦.

ગંગુસીંઘની બાબતમાં, ૨ ક. લો. રી. ૩૮૯ જુઓ જુઠું તોહોમત ૨૬.

રસીકલાલ મીતરની બાબતમાં, ૭ ક. લો. રી. ૩૮૨. જુઓ જુઠું તોહોમત ૪૨.

રાણી વિરૂદ્ધ અશરોફઅલી, ઈ. લો. રી ૫ ક. ૨૮૧. જુઓ જુઠું તોહોમત ૨૮.

રાણી વિરૂદ્ધ કરીમદાદ, ૭ ક. લો. રી. ૪૬૭. જુઓ જુઠું તોહોમત ૪૩.

નસીબનીસાબીબી વિરૂદ્ધ શેક ઈરાદઅલી, ૪ ક. લો. રી. ૫૩૪. જુઓ માંડી વાળવું ફરીઆદનું ૩૫.

રાણી વિરૂદ્ધ ઇરદાદઅલી, ઈ. લો. રી. ૪ ક. ૮૬૯; ૪ ક. લો. રી. ૪૧૩. જુઓ ફરી યાદ કરવાની પરવાનગી ૫૧.

૩૨ જુઠું તોહોમત—ગુન્હો કર્યાનો જવાબ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—જવાબ લખી લેવો તે—તોહોમત સમજાવવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૩૭—એ નામના માણસે પીનલકોડની કલમ ૩૦૪(અ) મુજબ શિક્ષણીય મનુષ્યવધ થાય નહી તેવા અવિચારી અને ભુલભરેલા કૃત્યથી કોઇ માણસનું મોહોત કર્યું છે એવી જુઠી ફરીઆદ તેને નુકશાન કરવાના ઈરાદાથી કેદીએ કરી તેને માટે તેના ઉપર પીનલકોડની કલમ ૨૧૧ મુજબ તોહોમત રાખેલું તેમાં કેદીએ રજુઆત આલતી વખતે ઠરાવ્યું કે પોતે કરેલી મુળ ફરીઆદ ખોટી હતી અને વિચાર કર્યા વગર કરેલી હતી. આ હકીકત ગુન્હો કર્યાનો જવાબ ગણીને સેશન જડજે કેદીને સખત મજુરીની સજા કરી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૭ મુજબ કામમાં તોહોમતદારનો જવાબ લખી લેવામાં આવ્યો નોહોતો, તેમજ તોહોમત કેદીને સમજાવવામાં આવ્યું હોય અથવા વાંચી સંભળાવવામાં આવ્યું હોય એવું સાબીત થયું નોહોતું, અને જડજે એમ ધાર્યું કે મુળની ફરીઆદ કલમ ૩૦૪ અ• મુજબ ગુન્હાનું જુઠું તોહોમત ગણાતું નથી. એમ ઠરાવવામાં આવ્યું કે શિક્ષા કાયદા વિરૂદ્ધ હતી. રાણી વિ. ગોપાલ ધાનક, ઈ૦ લો૦ રી૦ ૭ ક ૯૬; ૮ ક. લો. રી. ૪૭૧.

(મેસર્સ મોરીસ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી એપ્રીલ સને ૧૮૮૧.)

રાણી વિ અઈવુના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૯ મ. ૬૧. જુઓ ખુન ૫૮.

૩૩ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—પીનલકોડ

ની કલમ ૨૧૧ ના છેવટના ભાગ પ્રમાણે ખરેખર જુઠું તોહોમત મુકી ફોજદારી કરવા ની જરૂર છે, અને જો કોઈ માણસ ફકત ખોટુ તોહોમત મુકે તો તે તોહોમત "મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા અથવા સાત વર્ષ કે તે ઉપરાંત કેદ થાય તેવા ગુન્હાને" લાગુ પડેછે તે બાબત ઉપર ધ્યાન નહી રાખતાં, તેનો કેસ તે કલમના પેહેલા ભાગમાં આવી જાય છે. રાણી વિ. પીતમરાય ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૨૧૫.

(મી૦ મહમદ જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી સપટંબર સને ૧૮૮૨.)

રાણી વિ. પરાહુના કેસમાં કબુલ રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૫૯૧ જુઓ જુઠું તોહોમત ૩૫.

૩૪ જુઠું તોહોમત—ખોટી ખબર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૧૧ અને ૧૮૨—કોઈ માણસ ચોકસ રીતે ફરીઆદ કરે કે બીજા માણસે ગુન્હો કર્યો છે પણ તે ખોટી રીતે અને નુકશાન કરવાના ઈરાદાથી કરે તો પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ખોટી ફરીઆદ કરવાને માટે ગુન્હેગાર થાય છે પણ કલમ ૧૮૨ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિ. અરજુન, ૭ મું. ૧૮૪.

(મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી નવંબર સને ૧૮૮૨).

ભોકતેરામ વી૦ હીરા કોલીતાના કામમાં નજર રાખવામાં આવે છે. ઈ. લો. રી. ૫ ક. ૧૮૪. જુઓ જુઠું તોહોમત ૨૭.

રાણી વી૦ ગોપાળ ભીકાજીના કામમાં નજર રાખવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૭ મું ૧૮૪ ન. જુઓ જુઠું તોહોમત ૩૪.

૩૫ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—પીનલકોડ ની કલમ ૨૧૧ ના છેવટના ભાગમાં બતાવ્યા પ્રમાણે ગુન્હો કરયાનું ખોટુ તોહોમત મુકી ફોજદારી કરવામાં ના આવી હોય તો, ખોટી ફરીઆદ કરનાર માણસને તે કલમના પેહેલા ભાગમાં બતાવ્યા પ્રમાણે શીક્ષા થઈ શકે છે. રાણી વી૦ પરહુ, ઈ. લો. રી. ૫. અ. ૫૯૮.

(મી૦ બ્રોધર્સ્ટ જડજની રૂબરૂ, તા૦ ૨૨ મી મે સને ૧૮૮૩).

રાણી વી. પીતમરાયના કેસમાં કબુલ રાખવામાં આવે છે ઈ. લો. રી. ૫. અ. ૨૧૫. જુઓ જુઠું તોહોમત ૩૩.

૩૬. જુઠું તોહોમત-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૨–કલમ ૧૮૨ મુજબ ફરીઆદી કરવી તે–સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૧૯૫–જો સરકારી નોકરને ખોટી ખબર આપવામાં આવી હોય તે સરકારી નોકરની અથવા તેના ઉપરની પરવાનગી પ્રથમ લઈને ખાનગી માણસ. પીનલકોડ ની કલમ ૧૮૨ મુજબ ફરીઆદ કરી શકે છે. રાણી વિ૦ રાધાકીશનનો ફેંસલો રદ થઇ ગયો, (ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૩૬). કોઈ અમુક ખોટું તોહોમત મુકવામાં આવ્યું હોય તો વાજબી રીતે પીનલકોડની કલમ ૨૧૧ મુજબ કામ ચલાવી શકાય છે. રાણી વિરૂદ્ધ જુગલ કીશોર, ઈ૦ લો૦ રી૦ ૮ અ૦ ૩૮૨.

(મી૦ સ્ટ્રેઇટ ચીફ જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી મે સને ૧૮૮૬).

રાણી વિરૂદ્ધ રાધાકીશનનો કેસ રદ થઇ ગયો, ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૩૬. જુઓ જુઠું તોહોમત ૪૯.

૩૭ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—તોહોમત ખરૂ સાબીત કરવાની તક—ફરીઆદીએ રજુ કરેલા સઘળા શાહેદીઓ તપાસ્યા સીવાય, અને ગેરહાજર શાહેદીઓને હાજર રાખવાને વાજબી વખત આપ્યા સીવાય અને લખીત કારણો બતાવ્યા શીવાય, ફરીઆદ કાહાડી નાખીને પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ફરીઆદી ઉપર કામ ચલાવવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટે હુકમ કર્યો તે કાયદા વિરૂદ્ધ ઠરાવવામાં આવ્યો હતો. રાણી વિરૂદ્ધ હીરાલાલ ઘોસ, ૧૩ વિ૦ રી૦ ૩૭.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા. ૧ લી એપ્રીલ સને ૧૮૭૦).

બીસુબારીકના રેફરન્સમાં આધાર રાખવામાં આવ્યો. ૧૬ વિ. રી. ૬૭. જુઓ જુઠુ તોહોમત ૩૫.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતીઃ—

ગંગુસીંઘની બાબતમાં, ૨ ક. લો. રી. ૩૮૯. જુઓ જુઠુ તોહોમત ૨૬.

બ્રહ્માનંદ ભટ્ટાચારજીની બાબતમાં ૮ ક, લો. રી. ૨૩૩. જુઓ જુઠુ તોહોમત ૩૧.

ગાયનચંદર રોયની બાબતમાં, ૮ ક. લો. રી. ૨૬૭; ઈ. લો. રી. ૭ ક. ૨૦૮. જુઓ જુઠુ તોહોમત ૪૬.

૩૮ જુઠુ તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—તોહોમત ખરૂ સાબીત કરવાની તક—પ્રકરણ ૧૪ મુજબ ગુન્હેગારોની રજુઆત વિષેની કલમ ૧૮૦ જેનો સને ૧૮૬૯ ના આક્ટ ૮ ની કલમ ૨૪૯ થી વધારો થાય છે, તે મુજબ કામ ચલાવવાનું યોગ્ય કારણ નથી એવું ડેપ્યુટી માજીસ્ત્રેટની નજરમાં આવે તો તે પ્રકરણ મુજબ ફરીઆદ માંડી વાળે. તોપણ આ કેસની હકીકત ઉપરથી હાઇ કોર્ટે એમ ધાર્યું કે, પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ખોટી ફરીઆદ કર્યાનું તોહોમત ફરીઆદી ઉપર રાખતાં પેહેલાં, ડેપ્યુટી માજીસ્ત્રેટે તજવીજ કરવી જોઇતી હતી. રાણી વિરૂદ્ધ ગોર મોહનસીંધ, ૧૬ વિ. રી. ૪૪; ૮ બેં૦ લો૦ રી૦ અપે. ૧૧.

(મેસર્સ કેમ્પ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૯ મી સપટંબર સને ૧૮૭૧).

નિચેના કેસો રદ થઈ જાય છેઃ—

રાણી વિરૂદ્ધ શેક એડુ, ૨ વિ. રી. ૪૭. જુઓ પુરાવો ૨.

રાણી વિરૂદ્ધ બેહારીલાલ બોસ, ૭ વિ. રી. ૪૪. જુઓ પુરાવો ૧૬.

ચુલહાઇ તેલીના કેસની બાબતમાં વિચાર કરવામાં આવ્યો. ૨ ક. લો. રી. ૩૧૬. જુઓ જુઠુ તોહોમત ૪૦.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતીઃ—

બ્રામન ભટ્ટાચારજીની બાબતમાં, ૮ ક૦ લો૦ રી૦ ૨૩૩. જુઓ જુઠુ તોહોમત ૩૧.

ગાયનચંદરરાય વિરૂદ્ધ પ્રોતાપચંદરદાસ, ઈ૦ લો૦ રી૦ ૭ ક૦ ૨૦૮; ૮ ક. લો. રી. ૨૬૭. જુઓ જુઠુ તોહોમત ૪૬.

દીનોનાથ ગોપ વિરૂદ્ધ સરોદા મુકાપધીઆ, ૭ વિ. રી. ૪૭. જુઓ છુટકો ૩.

રાણી વિરૂદ્ધ શીબો બેહારાના કામમાં આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૫૮૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૭.

૩૯ જુઠુ તોહોમત–સને ૧૮૬૦નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૪—તોહોમત ખરૂ સાબીત કરવાની તક–ચોરીનું તોહોમત ખોટુ ઠરાવી પોલીસે રીપોર્ટ કર્યો હતો, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે ખોટા તોહોમતના ગુન્હાની તજવીજ પીનલકોડની કલમ ૨૧૧ મુજબ કરતાં પેહેલાં ચોરીના ગુન્હાની તજવીજ કરી તે ઉપરથી કાંઇ હુકમ માજીસ્ત્રેટે કરવો જોઇતો હતો. બીશુબેરી, ૧૬ વિ. રી. ૬૭.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ડીસેંબર સને ૧૮૭૧).

નિચેના કેસોમાં આધાર પ્રમાણે ચાલવામાં આવે છેઃ—

રાણી વિરૂદ્ધ હાનકચંદ નાઉબાકા, ૮ વિ૦ રી૦ ૧૨. જુઓ માંડીવાળવું ફરીઆદનું ૬.

બુલાશ. વિરૂદ્ધ માકરૂ, ૧૦ વિ. રી. ૬૧. જુઓ માંડીવાળવું ફરીઆદનું ૧૦.

રાણી વિરૂદ્ધ રસીકમોની, ૧૧ વિ. રી. ૫૪. જુઓ માંડીવાળવું ફરીઆદનું ૧૨.

રાણી વિરૂદ્ધ હીરાલાલ ઘોસ, ૧૩ વિ. રી. ૩૭. જુઓ જુઠુ તોહોમત ૩૭.

ટકીમહમદ મડળ વિરૂદ્ધ ક્રીસ્તોનાથરાય, ૧૫ વિ૦ રી૦ ૫૩. જુઓ છુટકો ૮.

રાણી વિરૂદ્ધ શેક એદુ, ૨ વિ. રી. ૪૯. જુઓ પુરાવો ૨.

રાણી વિરૂદ્ધ શ્રીનાથ મુકોપાધીઆ, ૭ વિ. રી ૪૫. જુઓ અવ્યવસ્થા ૨.

દીનોનાથ ગોપ વિરૂદ્ધ સરોદા મુકોપાધી આ, ૭ વિ૦ રી૦ ૪૭. જુઓ છુટકો ૩.

નોતોબર બેરાના રેફરન્સમાં, ૧૫ વિ૦ રી૦ ૮૭. જુઓ ફરીઆદીના સાક્ષીઓ ૭.

રનુસીંગ કાલીચરન મીસર, ૧૬ વિ૦ રી૦ ૧૮. જુઓ ફરીઆદ ૨૩.

રાણી વિરૂદ્ધ સેલીકરોયના કેસનો તફા વત બતાવવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૫૮૨. જુઓ જુઠું તોહોમત ૪૪.

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યો:—

રાણી વિરૂદ્ધ શીબુ બેહારા, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૫૮૪; ૮ ક૦ લો૦ રી૦ ૨૬૫. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૭

રાણી વિરૂદ્ધ અબદુલ હાસન, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૪૯૭. જુઓ જુઠું તોહોમત ૨૪.

૪૦ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—તોહોમત ખ રૂ સાબીત કરવાની તક—અરજદારની અરજ ઉપરથી જે તજવીજ કરવાને પોલીસને હુકમ કરવામાં આવ્યો હતો તે તજવીજ ખોટી ક રવાનું પોલીસ ઉપર તોહોમત મુકી જોઈંટ માજીસ્રેટને અરજી આપવામાં આવી હતી. પોલીસનો રીપોર્ટ વાંચ્યા પછી જોઈંટ માજી સ્રેટે અરજી કાઢી નાખી અને ખોટું તોહોમ ત રાખ્યાને માટે પીનલકોડની કલમ ૨૧૧ મુ જબ અરજદારનું કામ ચલાવવાનો હુકમ ક ર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રો સીજર કોડની કલમ ૪૭૧ માં બતાવ્યા પ્રમાણે ફરીઆદ ખરી છે કે ખોટી એ વિષેની તજ વીજ પ્રથમ કર્યા સીવાય, જોઈન્ટ માજીસ્રેટે હુકમ કરવો જોઈતો નોહોતો. ચુલહાઈ તેલી ની બાબતમાં, ૨ ક૦ લો૦ રી૦ ૩૧૫.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડ જોની રૂબરૂ, તા૦ ૮ મી એપ્રીલ સને ૧૮૭૮).

રાણી વિરૂદ્ધ ગોર મોહનસીંઘનો કેસ લો લક્ષમાં લેવામાં આવે છે. ૧૬ વિ. રી. ૪૪. જુઓ જુઠું તોહોમત ૩૮.

સૈયદ નીસરહુસેન વિરૂદ્ધ રામગોલામસીં ઘનો કેસલો લક્ષમાં લેવામાં આવે છે. ૨૫ વિ૦ રી૦ ૧૦. જુઓ માંડીવાળવું ફરીઆ દનું ૩૨.

ગાયનચંદર રોયની બાબતમાં નજર રા ખવામાં આવી. ૮. ક લો૦ રી૦ ૨૬૭; ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૨૦૮. જુઓ જુઠું તોહોમ ત. ૪૬.

૪૧ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—તોહોમત પુ રાવ ઉપરથી ખરૂ સાબીત કરવાની તક—જુબાની લેવરાવવાને ફરીઆદીનો હક—ચોરી અને રાત્રે ઘર ફાડવાના તોહોમતનો બે માણસો ઉપર રાખીને જે માજીસ્રેટની રૂબરૂ તે તોહોમતો મુકવામાં આવ્યાં હતાં તે માજી સ્રેટે પોલીસે તજવીજ કરેલા કામના કાગળો અને ફરીયાદીની અરજી મુકાબલ કરીને, તો હોમત ખોટું ઠરાવ્યું, અને ફરીઆદીની જુબાની લીધા સીવાય કેસ કાઢી નાંખ્યો અને પીનલકોડની કલમ ૧૮૨ મુજબ ફરી આદી ઉપર કામ ચલાવવાનો હુકમ કર્યો. તે મુજબ કામ ચલાવી ફરીઆદીને છેવટ પીનલ કોડની કલમ ૨૧૧ મુજબ ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. અપીલમાં એમ ઠરાવવામાં આવ્યું કે કામ ગેરકાયદેસર ચ લાવેલું હોવાથી રદ કરવું જોઈએ; અને પ્રથ મ ફરીઆદીની જુબાની લેઈને રાત્રે ઘર ફા ડવું અને ચોરી એ બંને તોહોમતોની તપા સ ફરીથી કરવાને માજીસ્રેટને હુકમ કરવો જોઈએ; અને આવી રીતે તજવીજ કર્યા પછી તોહોમત જુઠું હતું એવું માજીસ્રેટને લાગે તો, પીનલકોડની કલમ ૨૧૧ મુજબ અપેલેન્ટ ઉપર કામ ચલાવી શકાય. બીયોગી ભાગટની બાબતમાં ૪ ક. લો. રી. ૧૩૪.

(મેસર્સ જેકશન અને મેકડોનલ્ડ જડ જોની રૂબરૂ, તા૦ ૧૮ મી માર્ચ સને ૧૮૭૯).

રાણી વિ. સેલીક રોયના કામમાં તફા વત બતાવવામાં આવ્યો, ૮ ક. લો. રી૦ ૨૫૫; ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૫૮૨. જુઓ જુઠું તોહોમત ૪૪.

ચકરાદર પોતીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો. ૮. ક. લો. રી. ૨૮૯. જુ ઓ જુઠું તોહોમત ૪૫.

ગાયનચંદ રોયની બાબતમાં નજર રા ખવામાં આવી, ૮ ક. લો. રી. ૬૬૭; ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૨૦૮. જુઓ જુઠું તોહો મત ૪૬.

૪૨ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૧૧, ૧૮૨—તો હોમત પુરાવા ઉપરથી ખરૂ સાબીત કરવાની તક—પોલીસે ખોટુ ઠરાવેલું તોહોમત કોઇ માણસે મુકયું હોય તો, ખાસ બાબતો સીવા ય, પોલીસ રીપોર્ટ કે જેમાં મુકેલુ તોહોમત ખોટુ ઠરાવેલું છે તેજ ફક્ત વાંચીને, તોહોમ ત મુકનાર માણસ ઉપર કામ ચલાવી પીન લકોડની કલમ ૧૮૨ મુજબ સંક્ષેપમાં તપા સ કરવી એ કાયદેસર નથી, પણ કલમ ૨૧૧ મુજબ કામ ચલાવવું જોઈએ. પોલી સે તોહોમત ખોટુ ઠરાવ્યું હોય તો ફરીઆ દી પોલીસે કરેલી તજવીજ કબુલ રાખે છે એવું બ્યાજબી વખતમાં માલમ પડી આવે નહી ત્યાં સુધી માજીસ્ત્રેટ કામ ચલાવી શકે નહી. રસીકલાલ મુલીકનીના બાબતમાં, ૭ ક. લો. રી. ૩૮૨.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને મે કલીન જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી નવંબ ર સને ૧૮૮૦.)

ગાયનચંદરરાય વિ. પ્રોતાપચંદરદાસના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૨૦૮; ૮ ક. લો. રી. ૨૬૭. જુ ઓ જુઠું તોહોમત ૪૬.

બ્રમાનંદ ભટાચારજીની બાબતમાં નજ ર રાખવામાં આવી. ૮ ક. લો. રી. ૨૩૩. જુઓ જુઠું તોહોમત ૩૨.

ચકરોદર પોતીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો. ૮ ક. લો. રી. ૨૮૯. જુઓ જુઠું તોહોમત ૪૫.

૪૩ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—તોહોમત પુ રાવાથી ખરૂ સાબીત કરવાની તક—જુઠું તોહો મત મુકયાને માટે પીનલકોડની કલમ ૨૧૧ મુજ બ કોઈ માણસ ઉપર કામ ચલાવતાં પેહેલાં, કરેલી ફરીઆદ સાચી હતી એ સાબીત કર વાને તે માણસને વખત આપવો જોઈએ અને આવી રીતના વખતનો લાભ, પોલીસની રૂબરૂ નહી પણ માજીસ્ત્રેટની રૂબરૂ લેવાની તેની ખુશી હોય તો, આપવો જોઈએ. પુરાવો એ કઠો કરવામાં પોલીસ પોતાની બ્યાજબી ફર જ બજાવતી વખતે, માજીસ્ત્રેટે સ્પષ્ટ રીતે સમજવું જોઈએ કે, એકઠા કરેલા પુરાવા ઉ પર કેટલો વિશ્વાસ રાખવાનો છે એનું નિરાક રણ કરવાનું તેનું એકલાનુંજ કામ છે. સર કાર વિ. કરીમદાદ, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૪૯૬; ૭ ક. લો. રી. ૪૬૭

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને પ્રી ન્સ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી ડીસંબર સ ને ૧૮૮૦).

નિચેના કેસોમાં નજર રાખવામાં આ વે છે:—

રાણી વિ૦ અબદુલ હુસેન. ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૪૯૭. જુઓ જુઠું તોહોમત ૨૪.

રાણી વી૦ ઈરદાદ અલી, ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૮૬૯. જુઓ ફરીઆદ કરવાની પરવા નગી. ૫.

રાણી વિ૦ સેલીક રોય ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૫૨૭. જુઓ સરકારી હોડી મુકવાની જગા.

ઓકતેરામ વિ૦ હરાખોઈતા, ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૧૮૪ જુઓ જુઠું તોહોમત ૨૭.

રાણી વિ૦ સરફઅલી, ઈ૦ લો૦ રી૦ ૫ ક, ૨૮૧. જુઓ જુઠું તોહોમત ૨૮.

સખીનાબીબીની બાબતમાં આધાર રા ખવામાં આવ્યો. ૮ ક. લો૦ રી૦ ૩૮૭; ઈ૦

લો૦ રી૦ ૭ ક. ૮૭. જુઓ જુઠું તોહોમત. ૪૭.

સૈયદ નીસાર હુસેન વિ૦ રામ ગોલામ સીંધની બાબતમાં આધાર રાખવામાં આવ્યો ૨૫ વિ૦ રી૦ ૧૦. જુઓ માંડીવાળવું ફરી આદવું ૩૨.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

ગાયનચંદર રોય વિ૦ પ્રોતોપચંદરદાસની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૨૦૮; ૮ ક. લો૦ રી૦ ૨૬૭, જુઓ જુઠું તોહોમત ૪૬.

રાણી વિ. ગંગારામ, ઈ. લો. રી. ૮ અ. ૩૮. જુઓ જુઠું તોહોમત ૫૨.

પ્રમાનંદ ભટાચારજીની બાબતમાં ૮ ક. લો. રી. ૨૩૩. જુઓ જુઠું તોહોમત ૩૧.

રાણી વિ. શીબુએહરા, ૮ ક. લો. રી. ૨૬૫. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૭.

રાધાકીશનના કામમાં કબુલ રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૫ અ. ૩૬. જુઓ જુઠું તોહોમત ૪૯.

રાણી વિ. રામસ્વામીના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈ. લો. રી. ૭ મ. ૨૯૨. જુઓ જુઠું તોહોમત ૫૧.

૪૪ જુઠું તોહોમત–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧ - તોહોમત પુરાવા ઉપરથી ખરૂ સાબીત કરવાની તક—તોહોમતદારે કરેલી ફરીઆદની ઈનસાફની રાહે તપાસ થઈ નહોતી પણ તે ખોટી છે એવું પોલીસના રીપોર્ટ ઉપરથી ઠરાવ્યું હતું એજ કારણ ઉપરથી તોહોમત મુકેલા માણસોને નુકશાન કરવાના ઈરાદાથી જાણી બુઝીને તેમના ઉપર ખોટું તોહોમત મુકવાને માટે, પીનલકોડની કલમ ૨૧૧ મુજબ કામ ચલાવવાને માટે કમીટ કરવું તે, કાયદા વિરૂદ્ધ નથી. રાણી વિ. સેલીકરોય, ઈ. લો. રી. ૬ ક. ૫૮૨; ૮ ક. લો. રી. ૨૫૫.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની ફેબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૮૧)

રાણી વિ અશરફઅલીના કામમાં મંજુર રાખવામાં આવે છે. ઈ. લો. રી. ૫ ક. ૨૮૧; જુઓ જુઠું તોહોમત ૨૮.

રાણી વિ. અબદુલ હુસેનના કામમાં મંજુર રાખવામાં આવે છે. ઈ. લો. રી. ૧ અ. ૪૯૭. જુઓ જુઠું તોહોમત ૨૪.

નિચેના કેસોમાં તફાવત બતાવવામાં આવે છે:—

બે યોગીભાગટના કામમાં, ૪ ક. લો૦ રી૦ ૧૩૪. જુઓ જુઠું તોહોમત ૪૧.

રાણી વિ૦ સીબો બેહારાના કામમાં, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૫૮૪; ૮ ક લો૦ રી૦ ૨૬૫. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૭.

સરકાર વિ૦ કરીમદાદ, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૪૯૬; ૭ ક. લો૦ રી૦ ૪૬૭ જુઓ જુઠું તોહોમત ૪૩.

ચકરોધર પોતીની બાબતમાં ૮ ક. લો. ૨૮૯. જુઓ જુઠું તોહોમત ૪૫.

૪૫ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—તોહોમત ખરૂ સાબીત કરવાની તક—પોલીસ અગાડી કેટલાક માણસો ઉપર તોહોમત મુકેલું તે પોલીસે ખોટું છે એવો રીપોર્ટ કર્યાથી જે માણસે તોહોમત મુકેલું તે માણસે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને ફરીઆદ કરી અને તે ફરીઆદ ઉપરથી ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે નવેસરથી તજવીજ ચલાવવાનો હુકમ કર્યો. તોહોમત ખોટું છે એવો ફરીથી રીપોર્ટ કરવામાં આવ્યો હતો, ફરીઆદીએ તે ઉપરથી અરજી કરી બતાવ્યું કે, બીજી વખતની તજવીજ બરોબર રીતે થઈ નથી માટે વધારે પુરાવો અરજીમાં બતાવેલા અમલદારથી લેવાય એવો હુકમ કરવો જોઇએ. કાંઈ વધારે તપાસ નહીં થવાથી પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ફરીઆદી ઉપર કામ ચલાવવાનો હુકમ કરવામાં આવ્યો હતો, અને રજુઆતમાં તેને ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. હાઇ કોર્ટમાં અપીલ થવાથી એમ ઠરાવવામાં આવ્યું કે શિક્ષા કાયદા વિરૂદ્ધ કરેલી હતી

કારણ કે મુકેલા તોહોમતનો સઘળો પુરાવો તેની પાસેથી લેવામાં આવ્યો નહોતો. મી૦ મેકલીન જડજનો મત—માજીસ્ત્રેટને ચાલવાનો વાજબી નિયમ એ છે કે પોલીસની તજવીજ પુરી થયાને કેટલોક યોગ્ય વખત વીતી ગયા પછી પોતાની રૂબરૂ ફરીયાદ ન થાય તો જે માણસે પોલીસને ફરીઆદ કરી હોય અને તે ખોટી ઠરી હોય તે માણસ સામે કામ ચલાવવું જોઈએ; પણ ઇનસાફની રાહે તજવીજ કરી ફરીઆદનું નિરાકરણ કરવું જોઈએ એવી ફરીઆદ થઈ હોય તો એ વાજબી ગણાતુ નથી. જે સાક્ષીઓની જુબાની લેવરાવવાને ફરીઆદી ખુશી હોય તે સાક્ષીઓની જુબાની લીધા શીવાય વળી તે વખતે કામ ચલાવવું એ પણ ગેરવાજબી છે. મી૦ મીતર જડજનો મત—જો કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૭ મુજબ સાક્ષીઓ તપાસ્યા શીવાય ફરીઆદ માંડી વાળવાનો માજીસ્ત્રેટને અધીકાર છે તોપણ તેવા કેસમાં પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ફરીઆદ કરવાને માટે કાંઈ પણ પરવાનગી આપવી જોઈએ નહી. ચકરોધર પોતીની બાબતમાં, ૮ ક. લો. રી. ૨૮૯.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જાનેવારી સને ૧૮૮૧).

રાણી વિ. શીઓ બેહેરાનો કેસ જુઓ, ૮ ક. લો. રી. ૨૬૫. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૭.

શ્રીજોગી ભાગતની બાબતમાં આધાર રાખવામાં આવે છે. ૪ ક. લો. રી ૧૩૪. જુઓ જુઠું તોહોમત ૪૧.

રસીકલાલ મુલીકની બાબતમાં આધાર રાખવામાં આવે છે. ૭ ક. લો. રી. ૨૬૭. જુઓ જુઠું તોહોમત ૪૨.

ગાયનચંદર રોયની બાબતમાં નજર રાખવામાં આવે છે. ૮ ક. લો૦ રી૦ ૨૬૭. જુઓ જુઠું તોહોમત ૪૬.

૪૬ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—તોહોમત પુરાવાથી ખરૂ સાબીત કરવાની તક—કોઈ માણસ ઉપર તોહોમત રાખવામાં આવેલું તેની તજવીજ જે માજીસ્ત્રેટે કરેલી તે માજીસ્ત્રેટે, સાક્ષીઓ લીધા શીવાય ફરીઆદીની હકીકત સાંભળીને ફરીઆદ માંડીવાળી, અને પાછળથી તોહોમતદારની અરજી ઉપરથી, ખોટુ તોહોમત મુકવાને માટે ફરીઆદી ઉપર કામ ચલાવવાને કલમ ૪૭૦ મુજબ તેને પરવાનગી આપી. એમ ઠરાવવામાં આવ્યું કે કામ કાયદા વિરૂદ્ધ ચલાવવામાં આવ્યું નોહોતું, અને માજીસ્ત્રેટ જે રીતે ચાલ્યો છે તે મુજબ ચાલવું વાજબી હતું; વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૧ મુજબ કોર્ટ પોતાની મેળે કામ ચલાવે તેમાં અને કલમ ૪૭૦ મુજબ પરવાનગી આપ્યા પછી કામ ચલાવે તેમાં ફેર છે. ગાયનચંદર રોય વિ૦ પ્રોતાપચંદરદાસ, ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૨૦૮; ૮ ક. લો. રી. ૨૬૭.

(મી૦ કનીંગહામ અને પ્રીન્સેપ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી એપ્રીલ સને ૧૮૮૧).

નિચેના કેસો જુઓઃ—

રાણી વિ૦ અબદુલ હાસન, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૪૯૭. જુઓ જુઠું તોહોમત ૨૪.

રાણી વિ૦ ઈરદાદઅલી ઈં૦ લો૦ રી૦ ૪ ક. ૮૬૯. જુઓ ફરીઆદ, કરવાની પરવાનગી ૫૧.

રાણી વિ૦ સાલીક, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૫૨૭. જુઓ સરકારી હોડીની જગા.

સખીનાબીબીની બાબતમાં, ૮ ક. લો. રી. ૩૮૭; ઈ. લો. રી ૭ ક. ૮૭. જુઓ જુઠું તોહોમત ૪૭.

રાણી વિ. કરીમદાદ, ૭ ક. લો. રી. ૪૬૭, જુઓ જુઠું તોહોમત ૪૩.

નીચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ—

રાધાનાથ બનારજી વિ. કંગાલી મોલાહ, માર્સલ્સ રીપોર્ટ ૪૦૭. જુઓ જુઠો લેખ ૨.

રાણી વિ. હીરાલાલ ઘોસ, ૧૩ વિ. રી. ૩૭. જુઓ જુઠું તોહોમત ૩૭.

રાણી વિ. ગોર મોહનસીંઘ, ૧૬ વિ. રી. ૪૪. જુઓ જુઠુ તોહોમત ૩૮.

રાણી વિ. મહમદ હુસેન, ૧૬ વિ. ૩૭. જુઓ ફરીયાદ કરવાનગી પરવાનગી ૩૦.

ચુલાહી તેલી, ૨ ક. લો. રી. ૩૧૫. જુઓ જુઠુ તોહોમત ૪૦.

અંગુસીંઘની બાબતમાં, ૨ ક. લો. રી. ૩૮૯. જુઓ જુઠુ તોહોમત ૨૬.

બ્રીજોગી બાગતની બાબતમાં, ૪ ક. લો. રી. ૧૩૪. જુઓ જુઠુ તોહોમત ૪૧.

રસીકલાલ મુલીકની બાબતમાં, ૭ ક. લો. રી. ૧૩૪. જુઓ જુઠુ તોહોમત ૪૨.

રાણી વિ૦ બૈજુલાલ, ઈ. લો. રી. ૧ ક. ૪૫૦. જુઓ જુઠો પુરાવો ૬૧.

રાણી વિ૦ અશરોફઅલી, ઈ. લો. રી ૫ ક. ૨૮૧. જુઓ જુઠુ તોહોમત ૨૮.

સરકાર વિ૦ કરીમદાદ, ઈ. લો. રી. ૬ ક. ૪૯૬. જુઓ જુઠુ તોહોમત ૪૩.

અકરાધર પોતીની બાબતમાં નજર રાખવામાં આવી હતી. ૮ ક. લો. રી. ૨૮૯. જુઓ ગેરકાયદેસર મંડળી ૨૬.

સૈયદ નીસર હુસેન વિ. રામગોલામસીંઘના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. ૨૫ વિ. રી. ૧૦. જુઓ માંડીવાળવુ ફરીયાદનું ૩૨.

૪૭ જુઠુ તોહોમત—સને ૧૮૬૦નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—તોહોમત પુરાવાથી ખરૂ સાબીત કરવાની તક—નુકશાન કરવાના ઈરાદાથી જુઠુ તોહોમત મુકવાને માટે કામ ચલાવ્યાથી એમ સાબીત થયું કે મુળ ફરીયાદ ફાલતુ આસીસ્ટંટ કમીશનરની કોર્ટમાં કરવામાં આવી હતી, અને તે જગ્યાના યોગ્ય પોલીસ અમલદારને કામની તજવીજ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તોહોમત ખોટુ છે અને કેદીનું કામ ચલાવવું જોઈએ એવી ભલામણ કરી પોલીસ અમલદારે રીપોર્ટ કર્યો. ફાલતુ આસીસ્ટન્ટ કમીશનરે કામના કાગળો ડેપ્યુટી કમીશનર તરફ મોકલ્યા, અને તે કમીશનરે ફરીઆદ ચલાવવાનો હુકમ કર્યો અને કેદીને ગુન્હેગાર ઠરાવી સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે સજા કાયદા વિરૂદ્ધ હતી. ફાલતુ આસીસ્ટંટ કમીશનરે પોલીસના રીપોર્ટની મતલબ કેદીને જણાવીને, પુરાવાથી ફરીઆદ ખરી સાબીત કરવાનો વખત તેણીને આપવો જોઈતો હતો અને પછીથી કેસનું નિરાકરણ કરવું જોઈતું હતું. સખીનાબીબીની બાબતમાં, રાણી વિ. ગીરીરાચંદરનંદી, ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૮૭; ૮ ક. લો. રી. ૩૮૭.

(મેસર્સ મોરીસ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી એપ્રીલ સને ૧૮૮૧.)

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

રાણી વિ. કરીમદાદ, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૪૯૬; ૭ ક. લો. રી. ૪૯૭. જુઓ જુઠુ તોહોમત ૪૩.

રાણી વિ. અબદુલ હાસેન ઈ૦ લો૦ રી૦ ૧અ. ૪૯૭. જુઓ જુઠુ તોહોમત ૨૪.

રાણી વિ. ઇરદાદઅલી ઈ૦લો૦રી૦ ૪ ક. ૮૬૯. જુઓ ફરીઆદ કરવાની પરવ, નગી ૫૧.

સૈયદ નીસર હુસેન વિ. રામગોપાલસીંઘ ૨૫ વિ. રી. ૧૦. જુઓ માંડીવાળવું ફરીઆદનું ૩૨.

૪૮ જુઠુ તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—તોહોમત પુરાવાથી ખરૂ સાબીત કરવાની તક—ફરીઆદ ખોટી ઠરાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૭ મુજબ કાઢી નાખવાનો અને ખોટુ તોહોમત મુકવાને માટે કલમ ૪૭૧ મુજબ ફરીઆદીનું કામ ચલાવવાનો ઠરાવ કરતાં પેહેલાં માજીસ્ટ્રેટ ફરીઆદ ખરી ઠરાવવાને માટે પોતાની રૂબરૂ પુરાવો રજુ કરવાની પરવાનગી ફરીઆદીને આપવાને બંધાયેલો નથી. રાણી વિ૦ ભવાનીપ્રસાદ. ઈ૦ લો૦ રી૦ ૪ અ. ૧૮૨.

(મીઠ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી ડીસેંબર સને ૧૮૮૧).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

રાણી વી૦ અબદુલ હાસન, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૪૫૭ જુઓ જુઠું તોહોમત ૨૪.

રાણી વિ૦ સુબાના ગોનડન ૧, મ. હા. કો. રી. ૩૦ જુઓ જુઠું તોહોમત ૨.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

રાણી વિ૦ જમીની, ઈ૦ લો૦ રી૦ ૫. અ ૩૮૭. જુઓ જુઠું તોહોમત ૫૦.

રાણી વિ૦ બાબુલાલ, ઈ૦ લો૦ રી૦ ૬. અ ૫૦૯. જુઓ કબુલાત ૮૭.

૪૮ જુઠો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૨ અને ૨૧૧–તોહોમત પુરાવાથી ખરૂ સાબીત કરવાની તક—ર નામના માણુસ ઉપર કાંઇ અમુક તોહોમતો મુકી क નામના માણુસે પોલીસની ચોકી ઉપર ખબર આપી. પોલીસે હકુમતવાળા માજીસ્ત્રેટને ખબર આપી કે તેઓના ધારવા પ્રમાણે ગુન્હો બન્યો નથી. તે ઉપરથી માજીસ્ત્રેટે કેસ " જુદો કાઢી નાખવાનો " હુકમ કર્યો. પછીથી क એ र ઉપર ગુન્હો કર્યાનું તોહોમત મુકી ફરીથી માજીસ્ત્રેટને ફરીઆદ કરી. પોલીસનો રીપોર્ટ જોઇને માજીસ્ત્રેટે ફરીઆદ કાઢી નાખી. પછીથી પોલીસ અમલદારની પરવાનગીથી र એ પીનલકોડની કલમ ૧૮૨ મુજબ પોલીસની ચોકીએ ખબર આપવાને માટે क ઉપર ફોજદારી કરી, અને તે કલમ મુજબ क ને ગુન્હેગાર ઠરાવી સીક્ષા કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે क સામે કામ ચલાવતાં પેહેલાં તે માણસે કરેલી ફરીઆદની માજીસ્ત્રેટે પુરેપુરી તજવીજ ચલાવી બારીકીથી પોતે તપાસ કરવો જોઈએ, અને કેસની તપાસ નહી કરવાનો પોલીસે રીપોર્ટ કર્યો, તેથી કાયદા પ્રમાણે પોતાને શીર ઠરાવેલા કૃત્યો બંધ રાખવા જોઈએ નહી. સરકાર વિ. કરીમદાદનો કેસ કબુલ રાખવામાં આવ્યો. (ઈ. લો. રી. ૬ ક. ૪૯૬). વળી એમ ઠરાવવામાં આવ્યું કે क ને પીનલકોડની કલમ ૧૮૨ મુજબ કરેલી સજા કાયદા વિરૂદ્ધ હતી, કારણ કે र ના કેહેવાથી તે કલમ મુજબ કામ ચલાવવાનો માજીસ્ત્રેટનો અધીકાર નોહોતો, સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૭ માં બતાવ્યા પ્રમાણે સરકારી નોકર જેની સામે ગુન્હો થાય છે તેને અથવા તેના ઉપરી અધીકારીએ કરેલી ફરીઆદોને ફકત કલમ ૧૮૨ લાગુ પડેછે, અને તેનો અર્થ એવો નથી કે ખાનગી માણસોના કહેવાથી તે કલમની મતલબ અમલમાં લાવવી જોઈએ. વળી क ની ફરીઆદ ખોટી હોય તો તે र સામે ગુન્હો કરે છે, પણ જે સરકારી અમલદારને ફરીઆદ કરવામાં આવી હોય તેના વિરૂદ્ધ કાંઈ ગુન્હો બનતો નથી અને તેથી તે પીનલકોડની કલમ ૨૧૧ માં આવી જાય છે. क એ કરેલી ફરીઆદનો તપાસ કરવો જોઇએ એવો હુકમ કરવામાં આવ્યો. રાણી વિ૦ રાધાકીશન, ઈ. લો. રી. ૫ અ.૩૬.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૫ જુલાઈ સને ૧૮૮૨.)

રાણી વિ. કરીમદાદનો કેસ કબુલ રાખવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૪૯૬. જુઓ જુઠું તોહોમત ૪૩.

રાણી વિ. હરીરામનો કેસ સમજાવવામાં આવે છે. ૩ વા. દી. પ્રાં. ૧૫૪. જુઓ જુઠી ખબર ૫૦.

રાણી વિ. ગગલ કીસોરનો કેસ રદ થઈ જાય છે. ઈ૦ લો૦ રી૦ ૮ અ. ૩૮૨. જુઓ જુઠું તોહોમત ૩૬.

પુનીતસીંઘ વિ. માધોભોટના કેસથી જુદો મત લેવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૧૩ ક. ૨૫૦. જુઓ જુઠી ખબર ૧૨.

૫૦ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૨, ૨૧૧—તોહોમત પુરાવાથી ખરૂ સાબીત કરવાની તક—ग નામની બૈરીએ પોલીસને ફરીઆદ કરીકે કોઈ અમુક માણસે તેણીની જોડે બળાત્કાર

સંભોગ કર્યો. પોલીસે તોહોમત ખોટું છે એ વો રીપોર્ટ કરવાથી તેણીના ઉપર પીનલકોડ ની કલમ ૧૮૨ મુજબ ફોજદારી કરવામાં આવી હતી. તે વખતની દરમીયાન ર નામ ના માણસે બળાત્કાર સંભોગ કર્યો એવું તે ના ઉપર તોહોમત મુકી ફરીથી મ નામની સ્ત્રીએ કોર્ટમાં ફરીઆદ કરી. આ ફરીઆદનું નિરાકરણ થતા પહેલાં તેણીનું કામ પીનલ લકોડની કલમ ૧૮૨ મુજબ ચલાવી તેણીને ખરેખરી રીતે તે કલમ મુજબ ગુન્હેગાર ઠરા વી શીક્ષા કરી. શિક્ષા રદ કરીને એવો હુકમ કરવામાં આવ્યો કે ૪ ની ફરીઆદનું નિરા કરણ કરવું જોઈએ અને તેણીના ઉપર પી નલકોડની કલમ ૧૮૨ મુજબ કામ ચલાવ વામાં આવ્યું તે પહેલાં તે ફરીઆદનું નિરા કરણ કરવું જોઈતું હતુ. રાણી વિ. જામી. ઈં લો૦ રી૦ ૫ અ. ૩૮૭.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૮૩).

રાણી વિ. ભવાનીપ્રસાદના કેસમાં ન જર રાખવામાં આવે છે. ઈ. લે. રી. ૪ અ. ૧૮૨. જુઓ જુઠું તોહોમત ૪૮.

રાણી વિ. રાધાકીશનના કેસમાં નજર રાખવામાં આવે છે. ઈ. લે. રી. ૫ અ. ૩૬ જુઓ જુઠું તોહોમત ૪૯.

૫૧ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧–તોહોમત પુરાવાથી સાબીત કરવાની તક—ર નામના માણસે મ નામના સખસે ચોરી કરી એવી ફરીઆદ પોલીસને કરી. પોલીસે કેસ જુઠો છે એવું બતાવી માજીસ્ટ્રેટને ત્યાં મોકલ્યો, અને મા જીસ્ટ્રેટે ર ને સમન કાઢી બોલાવ્યો અને તેની જુબાની લીધી પણ નામ આપેલા શાહેદીઓ બોલાવી તોહોમત સાબીત કરવાનો તેને વખ ત આપ્યો નહી. માજીસ્ટ્રેટે પછીથી કેસ ફાઈ લમાંથી કાઢી નાખવાનો હુકમ કરી ર ઉપર ફરીઆદ માંડવાની પરવાનગી આપી; પછી થી ર ને તેજ માજીસ્ટ્રેટની રૂબરૂ લાવી તેનું કામ ચલાવી તે કેસ કમીટ કરવામાં આવ્યો હતો અને સેશન કોર્ટે કલમ ૨૧૧ મુજબ ગુન્હેગાર ઠરાવી તેણે શીક્ષા કરી. જો કે રજુ આત ચલાવતાં પહેલાં કેસ સાબીત કરવાનો વખત ર ને આપવામાં આવ્યો નોહોતો, તો પણ ઠરાવેલી શિક્ષા કાયદા વિરૂદ્ધ નોહોતી એમ ઠરાવવામાં આવ્યું. રાણી વી૦ રામસ્વા મી, ઈં૦ લો૦ રી૦ ૭ મ. ૨૯૨.

(મેસર્સ કરનાન અને કીનડરસ્લી જડ જોની રૂબરૂ, તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૮૬૫).

સરકાર વિ૦ કરીમદાદના કેસમાં તફાવ ત બતાવવામાં આવે છે. ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૪૯૬ જુઓ. જુઠું તોહોમત ૪૩.

૫૨ જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—તોહોમત પુરા વાથી ખરૂ સાબીત કરવાનો હક—પીનલકોડ ની કલમો ૩૨૩ અને ૩૭૯ મુજબ કરેલી ફ રીઆદોની તજવીજ થવાને માટે પોલીસ ત રફ મોકલવામાં આવી હતી, તોહોમત ખોટુ છે એવો પોલીસે રીપોર્ટ કરવાથી ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ હુકમ કર્યો કે પીનલકોડની ક લમ ૨૧૧ મુજબ ખોટુ તોહોમત મુકવાને મા ટે ફરીઆદી ઉપર ફરીઆદ માંડવી જોઇએ. એમ ઠરાવવામાં આવ્યું કે જે કેસ ફકત પો લીસના રીપોર્ટ ઉપરથી માંડીવાળવામાં આ વ્યો હતો તે કેસ સાબીત કરવાનો હક જ્યાં સુધી ફરીઆદીને આપવામાં આવ્યો નથી ત્યાં સુધી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ હુકમ કરવો જોઈતો નોહોતો. સ રકાર વિ૦ કરીમદાદના કેસ ઉપર નજર રા ખવામાં આવી (ઈં૦ લો૦ રી૦ ૬ ક ૪૯૬; ૭ ક૦ લો૦ રી૦ ૪૬૭). રાણી વિ૦ ગંગારા મ, ઈં૦ લો૦ રી૦ ૮ અ૦ ૩૮.

(મી૦ ઓથર્સ્ટ જડજની રૂબરૂ, તા૦ ૨ ડીસેંબર સને ૧૮૮૫).

સરકાર વિ. કરીમદાદના કેસમાં નજર રાખવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૪૯૭; ૭ ક. લે. ૪૬૭. જુઓ જુઠું તોહોમત ૪૩.

૫૩ જુઠુ તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—પોલીસ આગાડી મુકાયેલુ જુઠુ તોહોમત પીનલકોડની **કલમ ૨૧૧** ના પેહેલા ભાગમાં આવી જાય છે. પીનલકોડની કલમ ૨૧૧ ના છેવટના ભાગમાં જે કેસોમાં ફોજદારી કરવામાં આવી હોય તેવા કેસો આવી જાય છે. પણ ફક્ત જુઠા તોહોમતને તે કલમ લાગુ પડતી નથી. રાણી વિ. પીતમરાય (ઈં૦ લો૦ રી૦ ૫ અ. ૨૧૫); અને રાણી વિ. પરાહુ (ઈં૦ લો૦ રી૦ ૫અ. ૫૯૮) ના ફેંસલાઓ ઉપર આધાર રાખવામાં આવ્યો. રાણી વિ. કરીમ બક્ષ, ઈં૦ લો૦ રી૦ ૧૪ ક૦ ૬૩૩.

(મેસર્સ સર ડબલ્યુ કોમર પેથરામ નાઈટ ચીફ જ. અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુન સને ૧૮૮૭.)

જુઓ સમાધાન ગુન્હાઓનું ૯.
,, શિક્ષા ૧૪.
,, માંડી વાળવું ફરીઆદનું ૩૨, ૩૫.
,, વધમાન સજા ૧૧.
,, બળાત્કારથી કઢાવવું તે ૫.
,, કેદ જબરજસ્તીથી ૨.
,, હકુમત ૧૨.
,, ફરીઆદ કરવાની પરવાનગી ૧૫, ૧૬, ૨૩, ૪૭, ૫૦, ૫૭, ૬૦, ૬૧, ૭૨.
,, સેસન કોર્ટ.

જુઠુ તોહોમત—

ખુનની મદદગારીનું. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧.
પ્રવેશ કરવાનું. જુઓ પ્રવેશ ૧.

જુઠા દસ્તાવેજો—

૧ જુઠા દસ્તાવેજો—ખરા તરીકે વાપરવા તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૬, ૪૭૧—જે માણસ જુઠા દસ્તાવેજો ખરા તરીકે કોર્ટમાં વાપરે અને વળી તે સાચા છે એવા સોગન ખાય તો પીનલકોડની કલમ ૧૯૬ મુજબ ગુન્હેગાર થાય છે પણ કલમ ૪૭૧ મુજબ ગુન્હેગાર થઈ શકે નહી. રાણી વિરૂદ્ધ ઉદનલાલ, ૩ બિ રી. ૧૭.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૩ મી મે સને ૧૮૬૫).

કરોડચંદ્ર મોઝુમદારના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૫ ક૦ ૭૧૭; ૬ ક૦ લો૦ રી૦ ૧૧૮. જુઓ જુઠો લેખ ૪૦.

જુઠા દસ્તાવેજો બનાવવા તે—

જુઠા દસ્તાવેજો બનાવવા તે—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૦૭, ૧૨૦, ૧૯૩—પીનલકોડની કલમ ૧૦૭ નો એવો અર્થ થાય છે કે મદદ કરેલું કૃત્ય મદદ કરવાથી બનવું જોઈએ. કલમ ૧૯૩ માં 'જુઠુ બનાવવું" એ શબ્દો દાવમાં જુઠો પુરાવો કરવો એને લાગુ પડે છે, તેથીકરીને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવાને, જુઠા દસ્તાવેજ એવા કામને માટે કરવામાં આવ્યા હતા, એ બતાવી સાબીત કરવાની જરૂર છે. તે કોડની કલમ ૧૨૦ માં બતાવ્યા પ્રમાણે કાંઇ કૃત્ય અથવા ભુલથી કાયદા વિરૂદ્ધ છુપાવવું તે, પુરાવો બનાવવાને ત્રીજા શખસે ઈરાદો કર્યો હોય તેની સાથે સબંધ રાખે છે. રાણી વિરૂદ્ધ રાજકુમાર બાનરજી, ઈન્ડ. જ્યુ. ૧૦૫.

(મેસર્સ ટ્રેવોર અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી સપટેંબર સને ૧૮૬૨).

જુઓ સરકારી નોકર ૯.
,, જુઠો લેખ ૨, ૨૪.

જુઠી નોંધ—

૧ જુઠી નોંધ—નુકશાન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૮ કોઇ ચોકીદાર પોતાની નોકરી ઉપર ઘણા દીવસ ગેરહાજર રહેલો તે વિષેનો ખોટો રીપોર્ટ સબઇનસ્પેકટરે કરેલો તેને માટે તેના ઉપર રાખેલું તોહોમત ખરૂ સાબીત કરી તેને નુકશાન કરવાના ઈરાદાથી કોઈ બીજા ચોકીદારે હાજરી પત્રકમાં ખોટી નોંધ કરેલી અને તેને માટે તેના ઉપર પીનલકોડની કલમ ૨૧૧ મુજબ તોહોમત રાખેલું, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે તે કલમ મુજબ ગુન્હો બનવાને

ઈરાદો ઘણો દુરના સંબંધનો હતો. રાણી વિ. જુગલલાલ, ૧૯ વિ. રી. ૪૦.

(મેસર્સ કેમ્પ અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ માર્ચ સને ૧૮૭૩.)

રાણી વિ. ગીરધારીલાલના કેસમાં નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૮ અ. ૬૫૩. જુઓ જુઠો લેખ ૫૧.

૨ જુઠી નોંધ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૭—"કાયદેસર ફરજ" ડીપાર્ટમેન્ટના હુકમો—સરકારી નોકરે રાખેલા રોજમેળમાં ખોટું લખી, તે ડીપાર્ટમેન્ટના હુકમ મુજબ ઉપરી અધીકારી તરફ મોકલવામાં આવે તો પીનલકોડની કલમ ૧૭૭ મુજબ ગુન્હો બને છે, રાણી વિ. વીરસ્વામી મદાલી. ઈ૦ લો૦ રી૦ ૪ મ. ૧૪૪.

(મેસર્સ કીન્ડરસ્લી અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી સપટંબર સને ૧૮૮૧.)

જુઠી નોંધ—

ઓફીસના રોજમેળમાં કરેલી. જુઓ જુઠો પુરાવો બનાવવો તે.

જુઠો પુરાવો—

૧ જુઠો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૧, ૧૯૩—હકીકતની મુખ્ય બાબતની અગત્યતા તે ઈનસાફી મુકરદમામાં જુઠો પુરાવો આપવાના ગુન્હાનો વાસ્તવીક ભાગ નથી. ગુન્હાની મતલબ પુરતી રીતે બતાવવામાં આવી હોય અને અગત્યતા બતાવવામાં ના આવી હોય તોપણ, પીનલકોડની કલમો ૧૯૧ અને ૧૯૩ મુજબ તોહોમતો કાયદેસર રાખી શકાય છે. રાણી વિ. અઈદરસ સાહીબ, ૧ મ. હા. કો. રી. ૩૮.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને બીટલસન જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી અકટોબર સને ૧૮૬૨.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રાણી વિ૦ વીલન્સ, ૧ મ. હા. કો. રી. ૩૧. જુઓ ઠગાઈ ૬.

રાણી વી૦ એડવર્ડ ગીબન્સ, ૮ ઈન્ડ જયુ. ઉ. દ. ૧૫૯.

એવેદામતાના કામમાં નજર રાખવામાં આવી. ૪ મ. હા. કો. રી. ૧૮૫. જુઓ જુઠો પુરાવો ૩૫.

૨ જુઠો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—કોઈ સાહેદીએ કોર્ટમાં તે દીવસે ચાલતા સઘળા કેસોમાં સાચુ બોલવાને દીવસની શરૂઆતમાં પ્રતીજ્ઞા પુર્વક સોગન ખાધા હોય તો, એમ ઠરાવવામાં આવ્યું કે તે દીવસે ચાલેલા દાવામાં જો કે દાવો ચાલતી વખતે તેને સાચુ બોલવાના સોગન ખવરાવ્યા ના હોય, અને સોગન ખવરાવતી વખતે તે દીવસે ચાલવાના સઘળા કેસોના નામો તે દીવસના પત્રકમાં બતાવવામાં આવ્યા ના હોય તો પણ પીનલકોડની કલમ ૧૯૩ મુજબ તે ગુન્હેગાર થઇ શકે. રાણી વિ. વંકાટા ચાલમ પીલાઇ, ૨ મ. હા. કો. રી. ૪૩.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને બીટલસન જડજોની રૂબરૂ, તા૦ ૧૫ માર્ચ સને ૧૮૬૪).

૩ જુઠો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૬—જુઠો પુરાવો આપવાને માટે પીનલકોડની કલમ ૧૯૬ નું લખાણ સાધારણ રીતે નિચા દરજ્જાના જુઠા સોગનને લગાડવું એવી મતલબનું નથી. તે કલમ મુજબ ગુન્હો થવાને માટે એવું સાબીત કરવાની જરૂર છે કે તોહોમતદારે હોવા છતાં જુઠો પુરાવો કેટલોક કામમાં લીધો. રાણી વિ૦ શેકસફરૂદી. ઈન્ડ. જયુ. ૧૨૨.

(મેસર્સ સ્ટીઅર અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી નવંબર સને ૧૮૬૨).

૪ જુઠો પુરાવો—બીજાનું નામ બતાવી સાક્ષી જુબાની આપે તે—ઠગાઈ વેષ ધારણ કરીને—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૪૧૫, ૪૧૯—કોઈ સાક્ષી બીજાનું નામ બતાવી ખોટી સાહેદી આપે તો

તે પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ગુન્હેગાર થાય છે, પણ વેષ ધારણ કરીને ઠગાઇ કરવાનો ગુન્હેગાર પીનલકોડની કલમ ૪૧૫ અને ૪૧૯ મુજબ થતો નથી. રાણી વિ૦ પ્રેમા ભીકા, ૧ મું. હા. કો. રી. ૮૯.

(મેસર્સ ફોરબસ, વેસ્ટ્રોપ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી નવંબર સને ૧૮૬૩).

૫ જુઠો પૂરાવો—કમીટ કરવુ તે—મી૦ કેમ્પ જડજ વિરૂદ્ધ પડીને એવું ઠરાવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૯ મુજબ માજીસ્ટ્રેટે કોઈ માણસને છોડી દીધો હોય તોપણ જુઠી જુબાની આપવાને માટે તોહોમતદારને, સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ કમીટ કરવાનો હુકમ સેસન જડજ કરી શકે છે. રાણી વિ૦ બોબીસન માહાતુન, ૩ સપટંબર વિ૦ રી૦.

(મેસર્સ લોચ, કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જાનેવારી સને ૧૮૬૪).

૬ જુઠો પુરાવો—પશ્ચાતાપ કરવો તે—મી૦ જેકશન જડજ વિરૂદ્ધ પડીને ઘણા મતે કોર્ટે એવો ઠરાવ કર્યો કે જે શાહેદીએ જુઠો જુબાની આપી હોય તેણે પોતાની જુઠી હકીકત પાછી ખેંચી લેવાના પશ્ચાતાપને માટે કારણ હોવું જોઈએ. રાણી વિરૂદ્ધ ગુલીમુલીક અને બીજો, વિ. રી. ૧૦ સપટેંબર.

(મેસર્સ સ્ટીઅર, સેટનકાર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૬૪).

૭ જુઠો પુરાવો—સગાઈ થયાની ના પાડવી તે—કોઈ માણસ, જે માણસ તરફથી તે સાક્ષી પુરાવા આવ્યો છે તે માણસ તેનો ભાઈ થાય છે એ વાત નામુકર જવાથી તેણે હલકી સજાને લાયક જુઠો પુરાવો આપ્યો એમ ગણવામાં આવ્યું હતું. રાણી વિ. ગોવીંદ શાહુ, વિ. રી. ૧૪ સપટંબર.

(મેસર્સ સ્ટીઅર અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી ફેબ્રુઆરી સને ૧૮૬૪.)

૮ જુઠો પુરાવો—સોગન ઉપર જુબાની લેવાનો અધીકાર—મુનસફની કોર્ટના એક વાદીએ જડજની કોર્ટમાં આવી, મુનસફે તેના સાક્ષીઓ લેવાને ના પાડી અને જો કે સાક્ષીઓ હાજર છે એવી ખબર આપવામાં આવી હતી, તે છતાં પણ દાવો કાઢી નાંખવામાં આવ્યો હતો એવી ફરીઆદ કરી અરજી આપી. સોગન ઉપર અરજદારની જુબાની લેઈને જડજે તોહોમત સાબીત થતું નથી એમ ઠરાવી, જુઠી સાહેદી આપવાને માટે અરજદાર ઉપર કામ ચલાવવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આવી બાબતમાં અરજદારની સોગન ઉપર જુબાની લેવાનો જડજનો અધીકાર નોહોતો, અને જે માણસ ઈનસાફદાર નથી તેની રૂબરૂ આપેલી શાહેદી ઉપરથી જુઠી શાહેદી આપવાને માટે ફરીઆદ કરી શકાય નહી. રાણી વિરૂદ્ધ ચોટા જાદબચંદર બીસ્વાસ, વિ. રી. ૧૫ મી સપટંબર.

(મેસર્સ સેટનકાર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી માર્ચ સને ૧૮૬૪).

રાણી વિરૂદ્ધ રાવજી વાલદ તાન્જુના દાવામાં નજર રાખવામાં આવે છે. ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૩૭. જુઓ જુઠો પુરાવો ૪૬.

૯ જુઠો પુરાવો—સજા—કોઈ માણસે ઈનસાફી મુકરદમામાં ઈનસાફ ચુકાવી તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકાવાના ઈરાદાથી, જુઠી હકીકત બતાવેલી અને તે ઉપરથી તેને ગુન્હેગાર ઠરાવી પાંચ વર્ષની કેદની સજા કરવામાં આવેલી તે સજા વધારે નથી એવું ઘણા મતે કોર્ટે ઠરાવ્યું. રાણી વિરૂદ્ધ આનુ અને બીજો, તા૦ ૧૬ મી સપટંબર વિ. રી.

(મેસર્સ લોચ, સેટનકાર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી માર્ચ સને ૧૮૬૪).

૧૦ જુઠો પુરાવો—એમાંથી એક ગુન્હો—કેદીએ બતાવેલી બંને હકીકતોમાંથી કોઈ હકીકત ખરી છે અને કોઈ ખોટી છે એ

નું નિરાકરણ નહી થવાથી કેદીઓને બેમાંના એક તોહોમતને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. રાણી વિ. નારાયણ દાસ વિગેરે, ૧ વિ. રી. ૧૫.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા. ૨૦ મી સપટેંબર સને ૧૮૬૪).

રાણી વિરૂદ્ધ મહમદ હુમાયુ શાહના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૧૩ બેં૦ લો૦ રી૦ ૩૨૪. જુઓ જુઠો પુરાવો ૯૭.

૧૧ જુઠો પુરાવો—હકીકત છુપાવવી તે—મદદગારી—આબરૂ લેવાના તોહોમતને માટે ડેપ્યુટી માજીસ્ટ્રેટની રૂબરૂ કામ ચાલતુ હતું તેમાં કેદીએ પોતાની વિરૂદ્ધ સાક્ષી તરીકે આવેલા માણસને કેટલીક હકીકત છુપાવવાનું કહ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે આથી ઈનસાફી મુકરદમામાં જુઠી શાહેદી આપવામાં મદદગારી કર્યાનો ગુન્હો થાય છે અને તેની તજવીજ ફક્ત સેસન કોર્ટ કરી શકે છે. એ નડીયેટીની બાબતમાં, ૨ મ૦ હા૦ કો૦ રી૦ ૪૩૮.

(મેસર્સ ફેરી અને ઈન્સ જડજોની રૂબરૂ, સને ૧૮૬૫).

૧૨ જુઠો પુરાવો—માહીતી—હકીકત ખોટી છે કે ખરી એની માહીતી શીવાય ખોટી હકીકત કેહેવી તે કાયદેસર જુઠી શાહેદી આપ્યાનો ગુન્હો થાય છે. રાણી વિ. ઈચનમીઆહ વિગેરે, ૨ વિ. રી. ૪૭.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી માર્ચ સને ૧૮૬૫.)

બીશુબારીકના રેફરન્સમાં આધાર રાખવામાં આવ્યો. ૧૬ વિ૦ રી૦ ૬૭. જુઓ જુઠુ તોહોમત ૩૯.

૧૩ જુઠો પુરાવો—ખરાબ ઇરાદો—જુઠી સાહેદી આપવામાં ખરાબ ઈરાદો હકીકત ઉપરથી નીકળી આવે. રાણી વિ. રહુતનરામ, ૨ વિ. રી. ૬૩.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી એપ્રીલ સને ૧૮૬૫)

૧૪ જુઠો પુરાવો—સજા—ગુન્હો કર્યાનો જવાબ—સેસન કોર્ટની રૂબરૂ કેદીઓએ ગુન્હો કર્યાનું કબુલ કરેલુ તેવા કેસમાં જુઠી સાહેદી આપવાને માટે કંઈ સજા યોગ્ય ઠરાવવામાં આવી હતી તે. ઉનુપાદુની અને બીજો, ૩ વિ રી. ૧૫.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી મે સને ૧૮૬૫.)

૧૫ જુઠો પુરાવો—પ્રતીજ્ઞા પુર્વક કહ્યું તે—એમ ઠરાવવામાં આવ્યું કે ખોટી પ્રતીજ્ઞાનુ તોહોમત, જે હકીકત ઉપરથી રાખવામાં આવ્યું હતું તે હકીકત સોગનને બદલે સને ૧૮૪૦ ના આકટ ૫ મુજબ પ્રતીજ્ઞા ઉપર કેહેવામાં આવી હતી એની સાબીતી સીવાય સાબીત થતું નથી રાણી વિ. મનવારખાન અપેલેન્ટ, ૪ વિ. રી. ૨૪.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી નવંબર સને ૧૮૬૪.)

૧૬ જુઠો પુરાવો—જુઠી પ્રતીજ્ઞાની બાબતમાં પુરાવો—એક સાહેદી—મજબુતી મળવી તે—મી૦ કેમ્પબેલ જડજ વિરૂદ્ધ પાંચ ડીને ઘણા મતે કોર્ટે એમ ઠરાવ્યું કે બીજી રીતે મજબુતી મળ્યા સીવાય કોઈ એક સાહેદીની જુબાની ઉપરથી કાયદેસર ખોટી પ્રતીજ્ઞા કરવાનો ગુન્હો થતો નથી. રાણી વિ. લાલચદ કાઉરાહ ચોકીદાર વિગેરે, ૫ વિ.રી. ૨૩; ૧ ઈન્ડ જ્યુ. ઉ. દ. ૮૩.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, બેલી, નોરમન, પંડીત અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ફેબ્રુઆરી સને ૧૮૬૬.)

રાણી વિ. મોહીમાચંદર ચક્રબતીના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૫ વિ. રી. ૭૭. જુઓ જુઠો પુરાવો ૧૯.

રાણી વિ રામલોચનસીંહના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૧૮ વિ. રી. ૧૫. જુઓ જુઠો પુરાવો ૫૧.

નિચેના કેસોમાં નજર રાખવામા આવી:—

રાણી વિ. ભીખારી ચોબી, ૫ વિ.રી. ૫૮. જુઓ જુઠો પુરાવો ૨૧.

રાણી વિ. કાલમમંડળ ભવાનીપ્રસાદ, ૨૨ વિ. રી. ૩૨. જુઓ પુરાવો ૩૮.

રાણી વિ. ઇલાહીબક્ષ, એં. લો. રી. વો. ૪૫૯. જુઓ સોબતી ગુન્હાનો ૫૬.

૧૭ જુઠો પૂરાવો—બતાવવાની અમુક બાબતો—કેદીઓએ આપેલી જુબાની જે જુઠી જુબાની ધારવામાં આવતી હોય તે જુઠી જુબાની તે ગુન્હાના તોહોમતમાં બતાવવી જોઈએ. રાણી વિ. ફાઝલમીઆં અને બીજો; ૫ વિ. રી. ૭૧.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી એપ્રીલ ૧૮૬૬).

૧૮ જુઠો પુરાવો—નનામો કાગળ—કેટલાક માણસોએ ખુન કર્યું છે પણ તે ખુનનું તોહોમત ખરૂં છે કે શી રીતે તે બતાવેલું નહોતું એવો નનામો કાગળ માજીસ્ત્રેટ ઉપર આવવાથી તેનો લખનાર સોધી કાહાડવાને માજીસ્ત્રેટે તજવીજ ચલાવેલી તે ઈનસાફી મુકરદમો ગણાતો નથી અને તેમાં જુઠી સાક્ષી આપવાને માટે કલમ ૧૯૩ મુજબ કોઈ માણસને સજા થઈ શકતી નથી. રાણી વિ. બાયકંતનાથ બાનરજી, ૫ વિ. રી. ૭૨.

મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી એપ્રીલ સને ૧૮૬૬)

રાણી વિરૂદ્ધ રાવજી વાલદ તાજુના કામમાં નજર રાખવામાં આવી. ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૩૭. જુઓ જુઠો પુરાવો ૪૬.

૧૯ જુઠો પુરાવો—મજબુતી—જુઠી શાહેદી આપવાના કામમાં ઘણીજ બારીક અને લક્ષ પુર્વક સાબીતીની જરૂર છે, અને કોઈ શાહેદીની જુબાનીને બીજી રીતે ટેકો ના મળતો હોય તો તે ઉપરથી ગુન્હેગાર ઠરાવાય નહી. રાણી વિરૂદ્ધ મોહીમચંદર ચકરબતી, ૫ વિ. રી. ૭૭

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૬૬).

રાણી વિરૂદ્ધ લાલચંદ કાઉરાહ ચોકીદારના કામમાં આધાર રાખવામાં આવે છે. ૫ વિ૦ રી૦ ૨૩. જુઓ જુઠો પુરાવો ૧૬.

૨૦ જુઠો પુરાવો—સજા—કોઈપણ સાક્ષીએ પોતાની ચાલ ચલગત અથવા ઓહ્દા વિષે જુઠી હકીકત બતાવી હોય તો, જુઠા તોહોમત અથવા ખોટા દાવાની માફક વધારે સખત શિક્ષા કરવી જોઇએ નહી. રાણી વિ. રેવાહ ગોઆલાહા, ૫ વિ. રી. ૯૫.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી મે સને ૧૮૬૬).

૨૧ જુઠો પુરાવો—એક સાક્ષીની જુબાની—મજબુતી—સહીઓ મુકાબલ કરવી તે એક જાતની મજબુતી છે જેથી ખોટી શાહેદીના કેસમાં એક શાહેદીની જુબાની ઉપરથી વાજબી રીતે ગુન્હેગાર ઠરાવાય. રાણી વિરૂદ્ધ બાખોરી ચોબી, ૫ વિ. રી. ૯૮.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૫ મી જુન સને ૧૮૬૬).

રાણી વિરૂદ્ધ લાલચંદ કાઉરાહ ચોકીદારના કામમાં નજર રાખવામાં આવે છે. ૫ વિ. રી. ૨૩. જુઓ જુઠો પુરાવો ૧૬.

૨૨ જુઠો પુરાવો—સને ૧૮૬૬ નો ૨૦ મો રેજીસ્ટ્રેશન આકટ મુજબ ફોજદારી કરવી તે—સને ૧૮૬૬ ના ૨૦ મા આકટમાં બતાવ્યા પ્રમાણે કાંઈ કામને માટે કોઈપણ માણસની જુબાની લેવાનો સબ રજીસ્ટ્રારનો અધીકાર છે; અને આ આકટ મુજબ કોઈ મુકરદમો અથવા તપાસ ચાલતો હોય તે વખતે કોઇ માણસ તે અમલદારની રૂબરૂ જાણીબુઝીને ખોટી હકીકત બતાવે તો તેના ઉપર ફોજદારી માંડી શકાય છે. રાણી વિ. જગતચંદર દત્ત, ૬ વિ. રી. ૮૧.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અકટોબર સને ૧૮૬૬).

૨૩ જુઠો પુરાવો—જડજે રાખેલુ તોહોમત—જાણી બુઝીને ખોટી હકીકત બતાવવામાં આવી હોય તો પણ ખોટી હકીકત કેસને કેવી રીતે અગત્યની છે, એ ખોટી સાહેદીના કેસમાં તોહોમતમાં બતાવવાની જડજને જરૂર નથી. રાણી વિ૦ પરબતીચરન સીરકાર, ૬ વિ૦ રી૦ ૮૪.

(ભી૦ લોક જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી નવંબર સને ૧૮૬૬.)

૨૪ જુઠો પુરાવો—જુબાનીના લખેત રીપોર્ટો—ખોટી સાહેદીના કેસમાં કેદીની તકરારમાં બતાવેલી કેદીની વીરૂદ્ધ હકીકતનો કે ટલોક ભાગ વાજબી રીતે તે સવાલનો નીરણય કરવાને માટે જ્યુરીને વાંચી સંભળાવવો એ બરોબર નથી. દરેક પ્રસંગે લીધેલી આખી જુબાની જ્યુરીની રૂબરૂ મુકવી જોઇએ. સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૫ માં બતાવેલા કેસ શીવાય જુબાનીઓના લખેલા રીપોર્ટો પુરાવો ગણાતો નથી. રાણી વિ૦ કાલીચરન ગંગુલી, ૬ વિ૦ રી૦ ૫૨.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસેંબર સને ૧૮૬૬).

૨૫ જુઠો પુરાવો—સાબીતી—જુઠી સાહેદીના કેસમાં તકરારમાં બતાવેલી જુઠી હકીકતવાળી જુબાની સાબીત કરવાની જરૂર છે. રાણી વિ૦ ભાકોસ ટુટમ, ૭ વિ૦રી૦૧૩.

[મેસર્સ નોરમન જડજની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૬૭].

૨૬ જુઠો પુરાવો—ગુન્હેગાર ઠરાવે તેવી હકીકત—કાયદેસર પ્રતીજ્ઞા પુર્વક જુબાની આપવાને બંધાયેલો કોઈ પક્ષકાર જુઠી હકીકત બતાવે તો હકીકત પોતે ગુન્હેગાર થાય તેવી હતી એ બાબત ઉપરથી ખોટી સાહેદી આપવાના કેસમાં તેને નીર્દોષ ઠરાવી છોડી મુકયો હોય તો તે વાજબી ગણાશે નહી. પ્રો. તા૦ ૨૧ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭. ૩ મ. હા. કો. રી. અપે. ૨૯.

૨૭ જુઠો પુરાવો—સજા—ન્યાયની કોર્ટમાં જાણીબુઝીને ખોટી હકીકત બતાવ્યાથી કોઈ માણસના જાન માલને નુકશાન થયું હોય અથવા ન્યાયમાં અટકાવ થતો હોય અથવા ના થતો હોય તોપણ તે એવો ગુન્હો નથી કે જેને માટે હલકી સજા કરી શકાય. પણ ફકત ખોટી હકીકત જેમાંથી આવી રીતનું કાંઈ અનુમાન થઈ શકતું ના હોય અને કેદીએ મુખ્યત્વે કરીને ગુન્હો કબુલ કર્યો હોય અને કોર્ટની દયા ઉપર તેનો આધાર હોય તેવી બાબતમાં હલકી સજા કરી શકાય છે. રાણી વિ. ગુરજુન આહીર, ૭ વિ. રી. ૩૭.

[મેસર્સ લોચ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ સને ૧૮૬૭].

૨૮ જુઠો પુરાવો—સજા—સ્ત્રીઓએ ખોટી શાહેદી આપ્યાના કેસમાં કોર્ટે ઘણા મતે સજા ઓછી કરવાની ના પાડી. રાણી વિ. બીશુ બેવા અને બીજો, ૭ વિ. રી. ૬૬.

(મેસર્સ કેમ્પ, સેટનકાર અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૬૭).

૨૯ જુઠો પુરાવો—હકુમત—જમીનની તકરારો—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ મુકરદમો ચલાવતી વખતે પોતાની રૂબરૂ ખોટી શાહેદી આપ્યાનો કેસ ચલાવવાનો માજીસ્ત્રેટને અખતીયાર નથી પણ તેનો કેસ સેસન કોર્ટમાં કમીટ કરવો જોઈએ. રાણી વિ. બલોરામ અને બીજો, ૭ વિ.રી.૬૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૬૭).

૩૦ જુઠો પુરાવો—મદદગારી—क નામનો માણસ अ નામનો માણસ છે અને अ નામના માણસે સહી કરેલો દસ્તાવેજ પોતે લખ્યો છે એવું તેણે બતાવ્યું. ह નામનો બીજો માણસ જે જાણતો હતો કે क નામનો માણસ अ નથી તેને क નામના માણસને દસ્તાવેજનો લખનાર अ નામના માણસ તરીકે પુરાવામાં રજુ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ખોટી સાહેદી આપવામાં મદદ કર્યાના તોહોમતને માટે ह નામના માણસને ગુન્હેગાર ઠરાવવો જોઈએ. ચંદાચરનનાથ અને બીજો, ૮ વિ. રી. ૫.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૪ જુન સને ૧૮૬૭.)

૩૧ જુઠો પુરાવો—હકુમત—અવસ્થા—કોર્ટમાં કાંઇપણ દાવો ચાલતો નોહોતો તે વખતે ખોટી સાહેદી વાપરવાનો અથવા વાપરવાને યત્ન કરવાનો કેસ તજવીજને મા

ટે જો કે દિવાની કોર્ટે ગેરવાજબી રીતે મા જીસ્ટ્રેટને મોકલ્યો તોપણ તે કેસની ફરીઆદ માંડવાની પરવાનગી કોર્ટે આપેલી હતી તે થી, સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસી જર કોડની કલમ ૬૮ મુજબ તોહોમત અ થવા ફરીઆદ થયા સીવાય કેસની તજવીજ ચલાવવી અને જરૂર હોય તો કેસ સેસન કો ર્ટમાં કમીટ કરવો એ માજીસ્ટ્રેટના અખતી યારમાં હતું એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ. દુરગાનાથરોય અને બીજો, ૮ વિ. રી. ૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુન સને ૧૮૬૭.)

૨૨ જુઠો પુરાવો--ખોટુ સમજાવવુ તે—કેદી પોતાનો છોકરો ચોથી તારીખે કયાં હતો એ બતાવી શકયો નહી અને તેને આગ લે દીવસે તે છોકરો ઘરમાં માંદો હતો એવું કહ્યાથી તેને ખોટી સાહેદી આપવાનો ગુન્હેગાર ઠરાવવાને આવા પુરાવા ઉપરથી જ્યુરીને સ મજાવી શકાય નહી. રાણી વિ. શેખતુફાની, ૮ વિ. રી. ૨૬.

[મેસર્સ જેકશન અને હોબહાઉસ જ ડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૬૭].

૨૩ જુઠો પુરાવો--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૮—પીનલકોડની ક લમ ૨૧૮ માં બતાવેલા ગુન્હામાં ઈરાદો એ જરૂરનો મુદો છે. સમન બજાવવાનો ખોટો રીપોર્ટ કરવો તે પીનલકોડની કલમ ૧૮૧ મુ જબ ગુન્હો ગણાતો નથી, પણ કલમ ૧૯૩ મુજબ ગુન્હો ગણાય છે, અને તે ફકર્ત સેસ ન કોર્ટ ચલાવી શકે છે. રાણી વિ. શામાચર ન રોય, ૮ વિ. રી. ૨૭.

રાણી વિરૂદ્ધ દયાળજી અંદરજીના કામ માં નજર રાખવામાં આવી હતી. ૮ મું૰ હા૰ કો૰ રી૰ ૨૧. જુઓ જુઠો પુરાવો ૪૫.

૩૪ જુઠો પુરાવો—હકુમત--ઇનસાફી મુકરદમાના ભાગમાં ખોટી શાહેદી આપવાનો ગુન્હો આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટ ચલાવી શકે ન હી. આવા કેસમાં આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટે કાય દા વિરૂદ્ધ કરેલી શિક્ષા અપીલમાં સેસન જ ડજ રદ કરી શકે છે. રાણી વિ. હીરા મનસી ધ, ૮ વિ. રી. ૩૦.

[મેસર્સ જેકશન અને હોબહાઉસ જડ જોની રૂબરૂ, તા૦ ૧ લી જુલાઇ સને ૧૮૬૭].

રાણી વિરૂદ્ધ તુકારામ બાપોના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ૧૨ મું. હા. કો. રી. ૨૩૪. જુઓ શિક્ષા ૧૩.

રાણી વિરૂદ્ધ દયાળજી અંદરજીના કામમાં નજર રાખવામાં આવી. ૮ મું. હા. કો. રી. ૨૧. જુઓ જુઠો પુરાવો ૪૫.

રાણી વિરૂદ્ધ બેરોદચંદર મોઝુમદારના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૭૧૭. જુઓ જુઠો લેખ ૪૦.

૩૫ જુઠો પુરાવો—વટલેલો હિંદુ—વ ટલીને ખ્રિસ્તી થઈ ગયેલા કોઈ હિંદુને સોગન ના આકટમાં બતાવ્યા મુજબ ખ્રિસ્તી ધર્મનું પુસ્તક આપી સોગન ખવરાવ્યા સીવાય તે સાચુ બોલવાને એવી રીતે કાયદેસર બંધાએલો નથી, કે જેથી પીનલકોડની કલમ ૧૯૩ મુજબ તે વા જબી રીતે ગુન્હેગાર થઈ શકે. ફોજદારી રજુ આત ચાલતી વખતે કોઇ શાહેદીએ સોગન અથવા પ્રતીજ્ઞા ઉપર હકીકત બતાવી ના હોય તો તે પીનલકોડની કલમ ૧૯૯ ના અર્થ મુ જબ એકરાર ગણાતો નથી તેમજ તે શાહેદી કલમ ૧૯૧ મુજબ એકરાર કરવાને બંધાએ લો નથી. એવેદમુતુની બાબતમાં, ૪ બં. હા. કો. રી. ૧૮૫.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને ઈ લીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસંબર સને ૧૮૬૮).

રાણી વિ. સેવા ભોગતાના કેસમાં નજર રાખવામાં આવે છે ૧૪ બેં. લો. રી. ૨૯૪. જુઓ સોગન ૪.

રાણી વિ. એઈદરસ સાહેબના કેસમાં નજર રાખવામાં આવે છે. ૧ મ. હા. કો. રી. ૩૮. જુઓ જુઠો પુરાવો ૧.

૩૬ જુઠો પુરાવો–દીવાની અદાલત– જુબાનીની નોંધ—ખોટી જુબાની આપવાના કેસમાં દીવાની અદાલતે પોતાની રૂબરૂ તોહો

મતદારને તપાસતી વખતે તેની જુબાનીની નોંધ ના કરી લીધી હોય પણ જે ભાષામાં જુબાની આપી હોય તે ભાષામાં બરોબર રીતે લખી લીધી હોય તો તેથી તે જુબાની રદ થઇ જતી નથી. બેહારીલાલ બોસ વિગેરેના કામમાં, ૯ વિ. રી. ૫૯.

(મેસર્સ લોચ અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી મે સને ૧૮૬૮).

૩૭ જુઠો પુરાવો - સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૧, ૧૯૨—પીનલકોડની કલમ ૧૯૧ મુજબ ખોટી શાહેદી આપવાનો ગુન્હો થવાને, જે કેસમાં તે શાહેદી આપવામાં આવી હોય તે કેસમાં તે અગત્યની હોવી જોઈએ એની કાંઈ જરૂર નથી. કલમ ૧૯૨ માં આનાથી ઉલટુ છે. તકરારી જુઠી હકીકત તોહોમતદારે જે રજુઆત ચાલતી વખતે બતાવી હતી તે રજુઆતને તે કાંઈ અગત્યની નોહોતી એવું ફરીઆદી સાબીત ન કરી શકયો તેથી સીનીઅર આસીસ્ટંટ જડજે પુરાવો લીધા શીવાય તોહોમતદારની તકરાર સાંભળીને તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો, તે કામમાં હાઈ કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રદ કરી રજુઆત ચલાવવાનો હુકમ કર્યો. રાણી વિરૂદ્ધ દામોદર રામચંદ્ર કુલકારની, ૫ મું૦ હા૦કો૦રી૦૬૮.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૬૮).

૩૮ જુઠો પુરાવો—ઇનસાફી મુકરદમો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૧, ૧૯૩—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૪—ઈનસાફી મુકરદમો ચાલતી વખતે માજીસ્ટ્રેટની રૂબરૂ જુઠી હકીકત કોઈ માણસે બતાવી હોય તો પીનલકોડની કલમ ૧૯૧ મુજબ તેને ગુન્હેગાર ઠરાવવો જોઈએ નહી પણ તે કોડની કલમ ૧૯૩ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય છે. જે માજીસ્ટ્રેટનો હુકમ કાયદા વિરૂદ્ધ સેસન જડજ ધારે તે હુકમ સામે અપીલ કરવામાં આવી હોય તો, સેસન જડજે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ હાઈ કોર્ટમાં રેફરન્સ કર્યા સીવાય, પોતે કેસ ચલાવવો જોઇએ. રાણી વિ. નસરૂદીન સાઝવલ, ૧૦ વિ. રી. ૨૪.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૬૯.)

૩૯ જુઠો પુરાવો—વૈદક સાસ્ત્ર સંબંધી સાહેદી—અનુમાન થઈ શકે તેવો પુરાવો—પોલીસ અમલદાર—સને ૧૮૫૬ નો ૨ જો પુરાવાનો આકટ કલમ ૩૧—ખોટી સાહેદી આપવાની રજુઆત કેદી ઉપર ચલાવતી વખતે સેસન જડજે કેટલાક સાહેદીઓની જુબાનીથી સાબીત થએલી કેટલીક હકીકત, તે બાબત વીષે સાહેદીઓએ આપેલી જુબાની ખરી હોય નહીં એવો મત ડાકતરે આપ્યાથી, કાઢી નાખી. એમ ઠરાવવામાં આવ્યું કે ખાત્રીથી સાબીત થએલી બાબતો સામે, કોઈ બાબતમાં પ્રવીણ થયેલા સાહેદીઓ અથવા દાકતરની ફકત કલ્પના ઉપર આધાર રાખવો, એ કેસની તપાસ કરવાનો વાજબી રસ્તો નથી. ખોટી સાહેદી આપવાના કેસમાં ખરેખરો નીયમ એ છે કે પુરાવામાં સાબીત થએલી બાબતો વિશ્વાસ રાખવા લાયક નથી એટલુંજ નહીં પણ તે ઉપરથી તોહોમત રાખેલા પક્ષકારે સોગન ઉપર બતાવેલી હકીકત ખરી માની શકાતી નથી એવી બાબતોની સાબીતી મળ્યા શીવાય, આવા ગુન્હાને માટે કોઇપણ માણસને ગુન્હેગાર ઠરાવી શકાય નહીં. ગુન્હો થાય એવી હકીકત માલમ પડે તો ગુન્હાનુ ખરેખરૂ સ્વરૂપ સાબીત થવું જોઈએ. ગુન્હેગાર ઠરાવવાને અનુમાન થાય એવી સાબીતી કામમાં લેઈ શકાય છે. તપાસ કરનાર પોલીસ અમલદારની જુબાની નહી લેવાનો રીવાજ ધીક્કારવામાં આવ્યો. તે અમલદારને બતાવેલી હકીકત સાહેદી તરીકે તેણે પાંજરામાં સાબીત કરવી જોઈએ, અને માજીસ્ટ્રેટ અને સેસન જડજની રૂબરૂ કોર્ટમાં તે બાબત ઉપર બીજા સાહેદીઓએ આપેલી જુબાનીની મજબુતીમાં સને ૧૮૫૬ ના આકટ ૨ ની કલમ

૩૧ મુજબ તે પુરાવામાં લેઈ શકાયછે. રાણી વિ૦ અહમદઅલી વિગેરે. ૧૧ વિ૦ રી૦ ૨૫.

[મેસર્સ નોરમન અને જેક્શન જડજોની રૂબરૂ, તા૦ ૫ મી એપ્રીલ સને ૧૮૬૯].

૪૦ જુઠો પુરાવો—વકીલાતનામું—પ્રતીવાદીએ પોતાને માટે કોર્ટમાં દિવાની દાવામાં હાજર રેહેવાના અધીકારનું વકીલાતનામું સહી કરીને આપ્યું છે એવી સહીનું વકીલાતનામું કેદી જે વકીલ હતો તેણે મુનસફની કોર્ટમાં રજુ કર્યું. ગામડાના અધીકારીની રૂબરૂ તેની સહીનું ખોટું વકીલાતનામું બનાવેલું છે એવું સાબીત થયું. કેદીને પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ગુન્હેગાર ઠરાવી સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે આ કેસ તે કલમમાં આવી જતો નથી અને કેદીનો કેદમાંથી છુટા થવાનો હક હતો. કીલાસમપતરની બાબતમાં, ૫ મ. હા. કો. રી. ૩૭૩.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને ઈન્સ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૭૦.)

૪૧ જુઠો પુરાવો—ખરી બાબતની અરજી—સને ૧૮૬૯ નો આકટ ૯ મો ઈનકમ ટેક્ષની કલમ ૧૯ મુજબ ખરી બાબતની સહી કરીને તેહેસીલદારને કરેલી અરજીમાં જાણીબુઝીને ખોટી હકીકત બતાવવાને માટે કેદીને ખોટી પ્રતિજ્ઞાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે આવી બાબતની અરજી સાંભળીશકે એવો તેહેસીલદારને અધીકાર નોહોતો અને તેથી કાંઈપણ ગુન્હો બનતો નથી. ૫ મ. હા. કો. રી. ૩૨૬.

(મેસર્સ સ્કોટલાંડ અને કોલેટ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૭૦).

૪૨ જુઠો પુરાવો—ઇનસાફી બાબત નહી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—ઈનસાફી બાબતો ના હોય જેવી કે સને ૧૮૧૪ ના રેગ્યુલેશન ૧૯ મુજબ કલેકટર મેહેસુલ સબંધી બાબતનું કામ ચલાવતો હોય તેવી બાબતમાં જુબાની આપી હોય તોપણ પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ખોટી શાહેદી આપ્યાનો ગુન્હો બને છે; પણ એમ સાબીત થવું જોઈએ કે કાયદેસર પરવાનગીથી ખોટી હકીકત બતાવવામાં આવી હતી. ઓધીનરોય વિગેરે અરજદારો, ૧૪ વિ. રી. ૨૪.

(મેસર્સ બેલી અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૭૦).

૪૩ જુઠો પુરાવો—સજા—જે હકીકત ખોટી ઠરાવી તોહોમત રાખવામાં આવ્યું છે, તેવા ખોટી પ્રતિજ્ઞાના કામમાં તે હકીકત સાબીત કરવાને એક શાહેદીની જુબાની બસછે. કેટલી સજા કરવી તે તદન સેસન કોર્ટની મરજી ઉપર રહેલું છે. રાણી વિરૂદ્ધ ઈસનચંદર ઘોસ પાતરી, ૧૪ વિ. રી. ૫૩.

(મેસર્સ જેક્શન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી સપટેંબર સને ૧૮૭૦).

૪૪ જુઠો પુરાવો—ઉલટી હકીકત—ખોટી શાહેદી આપવાનો ગુન્હો સાબીત કરવાને, ખોટી ઠરાવી જે હકીકત ઉપર ખોટી પ્રતિજ્ઞા મુકવામાં આવી હોય તે હકીકત જુઠી છે એ સ્પષ્ટ રીતે સાબીત કરવાની જરૂર છે. પણ તેવી બાબતને માટે કાયદેસર પુરાવા તરીકે, આવી હકીકત સ્પષ્ટ રીતે જુઠી કેહેનાર શાહેદીની જુબાની, અને સોગન ઉપર નહી બતાવેલી તોહોમતદારની ઉલટી હકીકત વચે, કાયદામાં, કાંઈ તફાવત બતાવવામાં આવ્યો નથી. આવી જાતની હકીકત ખાતરી પૂર્વક સાબીત થાય તો બરોબર તેજ કારણને માટે તોહોમતદારને બીજા કોઈ ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવામાં જોઈએ તેવો પુરાવો ગણાય છે; એટલે કે ગુન્હો કર્યો નથી એનાથી ઉલટી આ તોહોમતદારની કબુલાત છે. એક બીજાથી વિરૂદ્ધ હકીકત ઉપર વજન રાખવાનો સારો નિયમ એ છે કે આવી સોગન ઉપર નહી કહેલી એક હકીકત અથવા એકથી વધારે હકીકત ફક્ત એકજ શાહેદીથી સાબીત થઈ હોય તો તેની સાબીતી ઉપરથી જે ખોટી હકીકતનું તોહોમત મુકવામાં આવ્યું છે તેને ટેકો આપી શકે એવી બીજી કોઈ હકીક

તથી મજબુતી મળ્યા શીવાય ખોટી પ્રતિજ્ઞા નું તોહોમત રાખી શકાતું નથી. કઈ જાતની અથવા કેટલી સાબીતીથી મજબુતી મળી શકે તેના સબંધમાં દરેક કેસમાં એમ વિચાર કરવો જોઈએ કે કામમાં લીધેલી કોઈ જુબાની ઉપરથી વિરૂદ્ધ અથવા સ્પષ્ટ જુબાની સાચી માની શકાય છે કે નહી. રાણી વિ. રેસ, ૬ મ૦ હા૦ કો૦ રી૦ ૩૪૨.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને ઈન્સ જડજોની રૂબરૂ, તા૦ ૪થી અગષ્ટ સને ૧૮૭૧).

પાલનીચેતીની બાબતમાં નજર રાખવામાં આવે છે. ૪ મ૦ હા૦ કો૦ રી૦ ૫૧. જુઓ જુઠો પુરાવો ૮૬.

રાણી વિ. મહમદ હુમાયુશાના કામમાં નજર રાખવામાં આવી. ૧૩ બેં૦ લો૦ રી૦ ૩૨૪. જુઓ જુઠો પુરાવો ૫૭.

૪૫ જુઠો પુરાવો—ખોટી હકીકત–ઈનકમ ટેક્ષનો કમીશનર–ઈનસાફી મુકરદમો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૧, ૧૯૩—પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ગુન્હો સાબીત થયો હોય તો તે કોડની કલમ ૧૮૧ મુજબ ગુન્હેગાર ઠરાવવું કાયદા વિરૂદ્ધ છે. ઈનકમટેક્ષ કમીશનરની રૂબરૂ તોહોમતદારે પ્રતીજ્ઞા ઉપર કાંઈ હકીકત બતાવેલી તે હકીકત ખોટી છે એવું તે જાણીતો હતો અથવા તેવું માનવાનું તેને કારણ હતું, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આવી હકીકતથી પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ઈનસાફી મુકરદમામાં ખોટી સાહેદી આપ્યાનો ગુન્હો થાયછે અને તેથી કરીને તે ફુલપાવર માજીસ્ટ્રેટને ચલાવવાનો અખીકાર નથી કારણ કે તેથી પીનલકોડની કલમ ૧૮૧ મુજબ તજવીજ થઈ શકે તેવો સરકારી નોકર અગાડી સોગન ખાઈને જુઠો મજકુર કેહેવાનો ગુન્હો ગણાતો નથી. રાણી વિ. દયાલજી અંદરજી, ૮ મું. હા. કો. રી. ૨૧.

(મેસર્સ લોયડ અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી એપ્રીલ સને ૧૮૭૧).

રાણી વિ. શામાચરનરોયના કેસમાં નજર રાખવામાં આવે છે. ૮ વિ. રી. ૨૭. જુઓ જુઠો પુરાવો. ૩૩

રાણી વિ. હીરામમસીંઘના કેસમાં નજર રાખવામાં આવે છે. ૮ વિ. રી. ૩૦. જુઓ જુઠો પુરાવો ૩૪.

૪૬ જુઠો પુરાવો—ઈનસાફી મુકરદમો–જે રજુઆતમાં તકરારમાં બતાવેલી જુઠી સાહેદી આપવામાં આવી હતી તે રજુઆતનો મુકરદમો રદ કરવો તે—તોહોમતદારે ઈનસાફી મુકરદમામાં પ્રતીજ્ઞા ઉપર સાહેદી તરીકે ખોટી વાત બતાવ્યાથી તેણે ઈનસાફી મુકરદમામાં જાણીબુઝીને ખોટી સાહેદી આપવાને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. રજુઆત રાખતે ચાલેલો મુકરદમો જેમાં તકરારી ખોટી સાહેદી આપવામાં આવી હતી તે મુકરદમો, ફરીઆદ કરવાની પરવાનગી બરોબર રીતે નહી અપાયાથી પાછળથી રદ કરવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ઈનસાફી મુકરદમાના ભાગમાં ખોટી બીના કેહેવામાં આવી નોહોતી તેથી તોહોમતદારની શિક્ષા રદ કરવી જોઈએ. ફોજદારી રજુઆતમાં મુકરદમો સાબીત કરવાની જરૂર પડે તો મુકરદમો બતાવી સાબીત કરવો જોઈએ. રાણી વિ. રાવજી વાલદ તાજુ, ૮ મું. હા. કો. રી. ૩૭.

(મેસર્સ ગીબ્સ અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુન સને ૧૮૭૧.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ—

રાણી વિ. બાયકંતનાથ બાનરજી ૫, વ. રી. ૭૨. જુઓ જુઠો પુરાવો ૧૮.

રાણી વિ. ફતીક ઉરફે ફતેઅલી બીસ્વાસ, ૧૦ વિ.રી. ૩૭. જુઓ જુઠો પુરાવો ૭૭

રાણી વિ. છોટા જાદબચંદર બીસ્વાસ, વિ. રી. ૧૫ મી સપટંબર જુઓ જુઠો પુરાવો ૮.

રાણી વિ. વિનાયક દીવાકર, ૮ મું.હા. કો. રી. ૩૨. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૯.

૪૭ જુઠો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—ઈરાદો—ખોટી સાહેદી આપવાની ફરીયાદ થયા પછી કાયદા પ્રમાણે ખરાબ ઇરાદો સાબીત કરવાની જરૂર નથી. ઇરાદાની સાબીતી હોય તો બસ છે, અને વાત જો ખોટી હોય અને તોહોમતદાર જાણતો હોય કે તે ખોટી છે તો તો એમ અનુમાન થઈ શકે કે તે કહેવામાં તોહોમતદારે જાણીબુઝીને ખોટી સાહેદી આપી. રાણી વિ. અમીર અલીખાન, ૩ વા દી. પ્રાં. ૧૩૩.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૧૬ મી જુન સને ૧૮૭૧).

૪૮ જુઠો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—ફરીઆદ નહી કરવાનો કરાર—જે માણસે જાણીબુઝીને ખોટી સાહેદી આપવાનો ગુન્હો કર્યો છે તેના ઉપર ફરીઆદ નહી માંડવાનો કરાર કોર્ટ મંજુર રાખી શકે નહી. રાણી વિ. બાલકૃષ્ણ ૩ વા. દી. પ્રાં. ૧૬૬.

(મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ, ટરનર, સ્પેંકી અને ટર્નબલ જડજોની રૂબરૂ, તા૦ ૧ જુલાઈ સને ૧૮૭૧.)

૪૯ જુઠો પુરાવો—હકુમત—ખોટી સાહેદી આપવાના ગુન્હાને માટે ફરીઆદી માંડવાની પરવાનગી આપવાનો હુકમ માજીસ્ટ્રેટે કર્યો હોય તેમાં સેસન જડજને કાયદા પ્રમાણે દરમીઆન થવાનો અધીકાર નથી. ગોપાળ મોઝુમદાર વિ૦ હરોસુંદરી બોઈસ્ટોમી. ૧૬ વિ૦ રી૦ ૫૯; ૮ બેં૦ લો૦ રી૦ અપે. ૨૦.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૧].

૫૦ જુઠો પુરાવો—હાઈ કોર્ટનો અધીકાર—ઘણીજ ખાસ હકીકત શીવાય ખોટી સાહેદી આપવાને માટે ફરીઆદ કરવાનો અખતીયાર આપવાની અરજી પ્રથમ હાઈ કોર્ટે ચલાવવી તે યોગ્ય નથી. સીબપ્રસાદ ચક્રરબત્તી વિગેરે અરજદારો, ૧૭. વિ૦ રી૦ ૪૬.

(મેસર્સ બેલી અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી માર્ચ સને ૧૮૭૨).

૫૧ જુઠો પુરાવો—હકુમત કમીટ કરવાનો અધીકાર—અપીલ કોર્ટ—પુરાવો—શકનો ફાયદો—ઇનસાફી મુકરદમામાં જાણીબુઝીને ખોટી સાહેદી આપવાનો ગુન્હો જે માજીસ્ટ્રેટની રૂબરૂ બન્યો હોય તે માજીસ્ટ્રેટ પોતે તજવીજ ચલાવી ગુન્હેગારને કમીટ કરી શકે છે. મી૦ ગ્લોવર જડજનો મત—પુરાવાના કોઈ પણ ભાગના સબંધમાં શકનો લાભ કેદીને આપવો જોઇએ એવું અપીલમાં ધારવું કાયદેસર ખોટુ છે. અપીલ કોર્ટ કાયદેસર દરમીઆન થઈ શકે તે પેહેલાં શક ઘણોજ મજબુત જાતનો છે એવું સાબીત કરવું જોઈએ. રાણી વી૦ રામલોચનસીંગ અને બીજો, ૧૮. વિ૦ રી૦ ૧૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૭૨).

રાણી વિ૦ લાલચંદ કાઉરાહ ચોકીદારના કામમાં આધાર રાખવામાં આવે છે, ૫ વિ. રી ૨૩. જુઓ જુઠો પુરાવો ૧૬.

૫૨ જુઠો પુરાવો—માહીતી—ઈનસાફી મુકરદમો ચાલવાની દરમીઆન કોઇ કેદીએ ખોટી વાત જાણ્યા છતાં સોગન ઉપર તે વાત કહી હોય તો તે જો કે કોર્ટની રૂબરૂ ચાલતી બાબત ને અગત્યની ના હોય તોપણ તેથી ખોટી પ્રતિજ્ઞાનો ગુન્હો થાય છે. રાણી વિ૦ સીબપ્રસાદગીરી, ૧૯ વિ૦ રી૦ ૬૯.

(મેસર્સ ફીઅર અને ગ્લોવર જડજોની ની રૂબરૂ, તા૦ ૨૯ મી એપ્રીલ સને ૧૮૭૩).

૫૩ જુઠો પુરાવો—હકુમત—કોર્ટનું અપમાન—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૩૫, ૪૩૬, ૪૭૧, ૪૭૨, ૪૭૩—જે માજીસ્ટ્રેટની રૂબરૂ ખોટી સાહેદી આપવામાં આવી હોય તે માજીસ્ટ્રેટ જાણીબુઝીને ઈનસાફી મુકરદમામાં ખોટી સાહેદી

આપવાના ગુન્હાનો તપાસ કરી શકે નહીં. કોર્ટનો મુકરદમો ગેરવાજબી રીતે ફેરવી નાખવાનો અમલ કરવાનો આ ગુન્હો હોવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૩૫, ૪૩૬, ૪૭૧, ૪૮૨, અને ૪૭૩ મુજબ કોર્ટનું અપમાન ગણ્યુંય છે રાણી વિ૦ નવરનબેગ દુલાબેગ, ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૭૩.

(મેસર્સ બેલી અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી મે સને ૧૮૭૩).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યો:—

સફતુલાહ અરજદાર, ૨૨ વિ૦ રી૦ ૪૯. જુઓ જુઠો પુરાવો. ૫૭.

રાણી વિ૦ ગાજી કામરાનું, ઈ૦ લો૦ રી૦ ૧ મું૦ ૩૧૧. જુઓ જુઠો પુરાવો ૬૨.

રાણી વિ૦ પ્રસાપા માહાદવપા, ઈ૦ લો૦ રી૦ ૧ મું૦ ૩૩૯. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૩૬.

રાણી વિ૦ ગાસપરડી સીલવાના કામમાં નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૬ મું૦ ૪૭૯. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૬૩.

૫૪ જુઠો પુરાવો—મદદગારી—માજીસ્ત્રેટે પોતાની રૂબરૂ ચાલતા ઈનસાફી મુકરદમામાં ખોટી સાહેદી આપવામાં મદદ કરવાને માટે તોહોમદારને ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે જે માણસે ખોટી સાહેદી આપી તેની તજવીજ માજીસ્ત્રેટે તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૭૩ના મુકરદમામાં નહીં કરવાથી મદદગારની તજવીજ તે કરી શકે નહી. પ્રો. તા૦ ૬ ઠી નવંબર ૧૮૭૩. ૭ મ. હા. કો. રી. અપે. ૨૮.

૭ મ. હા. કો. રી. અપે. ૧૭ ના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે. જુઓ અપમાન કોર્ટના હુકમનું. ૨૧

રાણી વિરૂદ્ધ કંચનસીંઘના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૪૧૩. જુઓ સેસન કેસ ૨.

૫૫ જુઠો પુરાવો—સેસન જડજ—કમીટ કરવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૨—સેસન જડજ, સેસન કોર્ટમાં કામ કમીટ કરી શકે તે પેહેલાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૨ મુજબ ગુન્હો સેસન કોર્ટની રૂબરૂ થએલો અથવા ખાસ સેસન કોર્ટ ચલાવી શકે તેવો ગુન્હો થયેલો હોવો જોઈએ એ જરૂરનુ છે. પીનલકોડની કલમ ૧૯૩ મુજબ જાણીબુઝીને ખોટી શાહેદી આપવાનો ગુન્હો, ખાસ સેસન કોર્ટથી ચલાવાય એવો નહી હોવાથી તે ગુન્હો એવો નથી કે જે સેસન જડજ કમીટ કરી શકે. રાણી વિરૂદ્ધ ઉનાથબંધુ બાનરજી, ૨૧ વિ૦ રી૦ ૩૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૭૪).

૫૬ જુઠો પુરાવો—ઈનસાફી મુકરદમો નહી તે—સોગન આપવાનો અધીકાર—આરૂ જાય તેવી અરજીનો લખનાર કોણ હતો એ શોધી કાઢવાની મતલબથી સાધારણ મુકરદમો ચલાવવામાં સોગન આપવાનો માજીસ્ત્રેટને અધીકાર નથી. ઉપલી હકીકત મુજબ સોગન આપેલા કેસમાં ખોટી શાહેદી આપવાના ગુન્હાને માટે સજા કરેલી તે સજા હાઈ કોર્ટે રદ કરી. રાણી વિ. જીભાઈ વજા, ૧૧ મું. હા. કો. રી ૧૧.

(મેસર્સ મેલવીલ અને નાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૬૪).

૫૭ જુઠો પુરાવો—હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૭૧, ૪૭૩—ફર્સ્ટ ક્લાસ માજીસ્ત્રેટની રૂબરૂ ચાલતા ફોજદારી મુકરદમામાં ખોટી સાહેદી આપવાને માટે કોઇ સાહેદી ઉપર તોહોમત રાખી તેની રજુઆત ચલાવી તે માજીસ્ત્રેટે તેને ગુન્હેગાર ઠરાવી સજા કરી, અને સેસન જડજે અપીલમાં તે સજા મંજુર રખી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ

ની કલમ ૪૭૩ અમલમાં આવ્યાથી માજીસ્ટ્રેટનો અખીકાર જતો રેહેતો નથી, અને કોર્ટની રૂબરૂ ખોટી સાહેદી આપ્યાથી તે કલમમાં બતાવેલા અર્થ મુજબ કોર્ટના હુકમનું અપમાન કર્યાનો ગુન્હો ગણાતો નથી. તોપણ તે કોડની કલમ ૧૭૧ મુજબ કામ કમીટ કરવાને અથવા તજવીજને માટે બીજા કોઇ માજીસ્ટ્રેટ પાસે મોકલવાને માજીસ્ટ્રેટ બંધાયેલો હોવાથી આવો કેસ ચલાવવાનો તેને અધીકાર નથી એમ ઠરાવવામાં આવ્યું. સુફતુલાહ અરજદાર, ૨૨ વિ. રી. ૪૯.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૭૪.]

રાણી વિ. કાસમીરીલાલ આનાથી વિરૂદ્ધ છે, ઈં૦ લૉ૦ રી૦ ૧ અ ૬૨૫. જુઓ જુઠો પુરાવો ૬૩.

રાણી વિ. નવરનબેગ દુલાબેગના કામમાં આધાર રાખવામાં આવે છે, ૧૦ મું. હા. કો. રી. ૭૩. જુઓ જુઠો પુરાવો ૫૩.

રાણી વિ. ગાજી કામરાનુના કેસથી જુદો અભીપ્રાય બતાવવામાં આવ્યો. ઈં૦ લૉ૦ રી૦ ૧ મું. ૩૧૧. જુઓ જુઠો પુરાવો ૬૨.

રાણી વિ. કુલતારનસીંઘના કામમાં આધાર રાખવામાં આવ્યો, ઈં૦ લૉ૦ રી૦ ૧ અ. ૬૨૯. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૯.

રાણી વિ આર્યાના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લૉ૦ રી૦ ૭ મ. ૧૭. જુઓ સરકારી નોકર ૧૧.

રાણી વિ. નચીમુતુના કામમાં આધાર રાખવામાં આવ્યો, ઈં૦ લૉ૦ રી૦ ૭ મ. ૧૮. જુઓ સરકારી નોકર ૧૨.

૫૮ જુઠો પુરાવો—સાહેદી—સમાધાન કરવું તે—મુકરદમો બંધ રાખવો તે—ફરીઆદ—સજા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૩—જોઇન્ટ માજીસ્ટ્રેટે, પોતાની રૂબરૂ ચાલતી રજુઆતમાં રાજાની ધર્મ સબંધી સત્તા નહી માનનાર સાહેદીએ ખોટી જુબાની આપ્યાથી તેની રજુઆત ચલાવવાને હુકમ કર્યો, પાછળથી તા૦ ૯ મી મેએ બતાવેલી હકીકત ખોટી હતી અને તેણે ખુશીથી ના પાડી હતી એવું સાહેદીએ કબુલ કરવાથી તેણે મુકરદમામાં બતાવ્યું કે, કેસ આગળ ચલાવવો જોઈએ નહી અને તોહોમતદારને છોડી મુકવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૩ મુજબ કેસ ચલાવવાનો અધીકાર જોઈન્ટ માજીસ્ટ્રેટને નહી હોવાથી તા૦ ૯ મી મેએ ચલાવેલો મુકરદમો સેસન કોર્ટ ચલાવી શકે તેવા કેસની તજવીજનો ભાગ હતો, અથવા જે ગુન્હા સબંધી તજવીજ ચલાવવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી તે ગુન્હાની તજવીજ સીવાય બીજા કોઈ ગુન્હાની તજવીજનો મુકરદમો હતો, અને તે બેમાંના એકે કેસમાં તોહોમતદારને છોડી મુકવાનો જોઈન્ટ માજીસ્ટ્રેટને અધીકાર નોહોતો. કાયદેસર રીતે રાજીનામું ના આપી શકાય એવા કોઈ ગુન્હાની ફરીઆદ એક વખત માજીસ્ટ્રેટને કરવામાં આવી હોય તો (કલમ ૧૪૬ મુજબ ચાલ્યા સીવાય) તે ગુન્હાની પુરેપુરી તજવીજ કરી તોહોમતદાર ગુન્હેગાર માલમ પડે તો તેને સજા કરવાને માજીસ્ટ્રેટ બંધાયેલો છે. રાણી વિ. દદરાજ ડોસાધ, ૨૨ વિ. રી. ૮૩.

(મેસર્શ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી સપટંબર સને ૧૮૭૦)

૫૯ જુઠો પુરાવો-માજીસ્ટ્રેટનું દફતર-તોહોમતો—પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૩૯—સને ૧૮૭૨ નો ૧લો પુરાવાનો આકટ કલમ ૯૧—ખોટી સાહેદી આપવાના કેસમાં માજીસ્ટ્રેટે લખેલુ ઈંગ્રેજી દફતર તોહોમતદારે તેની રૂબરૂ કહેલી વાત સાબીત કરવાને, મુકવામાં આવ્યું હતું. જે ભાષામાં દસ્તાવેજ લખેલો હતો અને જે ભાષા તોહોમતદાર સમજતો હતો તે ભાષામાં દસ્તાવેજનો તરજુમો કરી સમજાવવામાં આવ્યો નોહોતો, તેમજ ક્રીમી

નલ પ્રોસીજર કોડની કલમ ૩૩૪ માં બતાવ્યા મુજબ તોહોમતદારની રૂબરૂ વાંચી સંભળાવવામાં આવ્યો નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના આક્ટ ૧ લાની કલમ ૯૧ મુજબ માજીસ્ટ્રેટનું ઇંગ્રેજી દફતર કેદીએ તેની રૂબરૂ શું કહ્યું તેનો કાયદેસર પુરાવો ગણાતો નથી. ખોટી પ્રતિજ્ઞાના તોહોમતો, જે માણુસ ઉપર તોહોમત મુકવામાં આવ્યું હોય તે માણુસે વાપરેલા બરોબર શબ્દો ઉપર રાખવા જોઈએ; અને જે પુરાવા ઉપરથી આ શબ્દો બરોબર રીતે સાબીત થતા નથી તેવા એકલા પુરાવા ઉપરથી ગુન્હેગાર ઠરાવી શકાય નહીં. રાણી વિ૦ મંગળદાસ, ૨૩ વિ૦ રી૦ ૨૮.

(મેસર્સ વીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૭૫).

રાણી વિ૦ કાનદાઇ, શાહુના કામમાં આધાર રાખવામાં આવે છે, ૨૩ વિ૦ રી૦ ૪૦. જુઓ કાયદેસર પકડેલી ચીજનો અટકાવ.

૬૦ જુઠો પૂરાવો–પુરાવાનો બોજો–ઇનસાફી મુકરદમામાં જાણીબુઝીને ખોટી સાહેદી આપવાને માટે પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ફરીઆદ થએલા કામમાં કેદીની હકીકત જુઠી હતી એ સ્પષ્ટ રીતે સાબીત કરવાનો બોજો ફરીઆદીને શીર છે. રાણી વિ૦ સરનજન મીયા વિગેરે, ૨૫ વિ૦ રી૦ ૨૩.

(મેસર્સ ગ્લોવર અને મેકડોનલ્ડ જડજોની રૂબરૂ. તા૦ ૨૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬).

૬૧ જુઠો પુરાવો––સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૧–સને ૧૮૬૧ નો ૨૩ મો કલમ ૧૯—ખોટી સાહેદી આપવાનો ગુન્હો તજવીજને માટે માજીસ્ટ્રેટ તરફ મોકલવો તે–પ્રથમની તપાસ—અનિશ્ચીત તોહોમત—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૧ મુજબ દિવાની અને ફોજદારી કોર્ટોને જેવો સરખી રીતે અધીકાર આપેલા છે તેવો અધીકાર સને ૧૮૬૧ ના આક્ટ ૨૩ ની કલમ ૧૯ થી જો કે દિવાની કોર્ટને આપવામાં આવ્યો છે તોપણુ તે કલમોમાં આવી ગએલા સઘળા કેસોંમા મુકરદમો ચલાવવાની પદ્ધતિ વિશેના સઘળા કાયદાનો હવે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૧ માં સમાવેજ થઈ જાય છે. કોઈ માલકતનો કબજો લેવાને કરેલા દાવામાં કાઢેલા મુદાઓમાંથી એક મુદાનો ફેંસલો જડજે વાદીના લાભમાં આપ્યો, પણ વાદીનો કબજો હતો કે નહી એ અગત્યના મુદાનો ફેંસલો પ્રતીવાદીના લાભમાં આપ્યો. વાદીની જુબાની લેવામાં આવી નહોતી, પણ કબજા બાબતના મુદા વિષે બે સાહેદીઓ તેણે આપ્યા હતા. તેઓના હકીકત ઉપર ભરોસો નહી રાખીને અને વાદી પોતાનો કેસ સાબીત કરી શકયો નહી એમ ધારીને તે મુદાનો પુરાવો તેની પાસેથી લીધા શીવાય જડજે પ્રતીવાદીના લાભમાં હુકમનામુ કરી આપ્યું. જડજે પોતાના જજમેન્ટના છેવટના પેરેગ્રાફમાં ઉપર બતાવેલા બે સાહેદીઓની જુબાની ઇંગ્રેજી લખાણ સાથેની, ઈનસાફી મુકરદમામાં તેઓએ બુદ્ધિપૂર્વક ખોટી સાહેદી આપી કે નહી તેની તજવીજને માટે, માજીસ્ટ્રેટ તરફ મોકલવાનો હુકમ કર્યો; અને વળી તેણે એવો પણ હુકમ કર્યો કે ખોટી સાહેદી આપવાના ગુન્હામાં વાદીએ મદદ કરી છે કે નહી એ વિષેનો પણ તપાસ કરવો જોઈએ કારણુકે સાહેદીઓ વાદીના નોકરો હોવાથી તેણે જાતે કાંઈ દબાણ કર્યું હશે; અને વળી દાવામાં લખેલા એકરારો ખોટા હતા તે વાદી જાણુતો હતો કે શી રીતે તેની પણુ તજવીજ કરવાનો હુકમ કરયો. આ હુકમ રદ કરવાની અરજ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે પ્રથમ તપાસ કરી અમુક તોહોમતની ઈનસાફની રાહે તજવીજ કરવી જોઇએ એવું પુરતું કારણુ (એટલે માત્ર વેહેમ અથવા અંદેસાથી વધારે કારણુ) જડજની નજરમાં આવ્યા શીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૧ મુજબ કેસ માજીસ્ટ્રેટ તરફ મોકલવાનો જડજને અધીકાર નથી; અને જે અમુક એકરારો તથા હકીકત સંબં

ધી પોતે માજીસ્ટ્રેટ પાસે તજવીજ કરાવાનું ધારણ ધારતો હોય તે અમુક હકીકત તોહોમતમાં બતાવવાને તે બંધાયેલો છે, અને તેથી હુકમ કાયદા વિરૂદ્ધ છે કારણ કે આ કામમાં જડજે પ્રથમ તપાસ કરી નહોતી અને હુકમ ઘણોજ સાધારણ અને અનિશ્ચીત હતો. રાણી વિ. બાઈજુલાલ, ઈ. લો. રી. ૧ ક. ૪૫૦.

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી અગષ્ટ સને ૧૮૭૬).

કાલીપ્રોસો નોબાગચીના કામમાં આધાર રાખવામાં આવે છે, ૨૩ વિ. રી. ૩૯. જુઓ પ્રથમની તપાસ ૧૩.

મુતીલાલ ઘોસની અરજીની બાબતમાં અર્થ કરી બતાવવામાં આવ્યો, ઈ. લો. રી. ૬ ક. ૩૦૮. જુઓ. નિચેની કોર્ટના ફેસલા સામે અરજી ૫૧.

રાણી વિ. ગોબરધનદાસના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૩ અ. ૬૨. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૪.

ગાયનચંદરની બાબતમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૭ ક. ૨૦૮; ૮ ક. લો. રી. ૨૬૭. જુઓ જુદું તોહોમત ૪૬.

૬૨ જુઠો પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૩—અપમાન કોર્ટના હુકમનું—કમીટ કરવું તે—સજા—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૭૩ ના અર્થ મુજબ ખોટી સાહેદી આપવાથી કોર્ટને અપમાન કર્યાનો ગુન્હો થાય છે રાણી વિ. નવરનબેગ (૧૦ મું. હા. કો. રી. ૭૩). અને ૭ મ. હા. કો. રી. અપ. ૧૭ના કેસોનો આધાર લેવામાં આવ્યો. રાણી વિ. કુલતારનસીંઘ (ઈ. લો. રી. ૧ અ. ૧૨૯). અને રાણી વિ. જગતમલ, ઈ. લો. રી. ૧ અ ૧૬૨) ના કેસોથી જુદો અભીપ્રાય બતાવવા આવ્યો. સેસન જડજની રૂબરૂ ઈનસાફી મુકરદમામાં ખોટી સાહેદી આપ્યાનું તોહોમત રાખી ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટે તોહોમતદારને શેસન કોર્ટમાં કમીટ કર્યો હતો, અને આસીસટન્ટ સેસન જડજ અથવા જોઈન્ટ જડજ નહી હોવાથી એમ ઠરાવવામાં આવ્યું કે કાયદા પ્રમાણે ભૂલ નહી હોવાથી કમીટ કરવાનો હુકમ રદ થઈ શકે નહી, અને તેટલા માટે કેસ બીજી સેસન કોર્ટમાં મોકલવો જોઇએ. ઉપર બતાવેલા કેસમાં વાજબી રસ્તો એ હતો કે માજીસ્ટ્રેટે પોતે કામ ચલાવવું જોઈતું હતું અને પુરતી સજા કરવાનું તેના અખતીઆરમાં ના હોય તો વધારે સજા કરવાને માટે તેણે હાઈ કોર્ટમાં કેસનો રીપોર્ટ કરવો જોઇએ. રાણી વિ. ગાજીકોમરાનું ઈ૦ લો૦ રી૦ ૧ મું. ૩૧૧.

(મેસર્સ મેલવીલ અને નાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૭૬.)

નિચેના કેસો જુઓ.:—

રાણી વિ. કાશમીરીલાલ, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૬૨૫. જુઓ જુઠો પુરાવો ૬૩.

રાણી વિ. ગુરબક્ષ, ઇ૦ લો૦ રી૦ ૧ અ. ૧૫૩. જુઓ ફરીઆદ કરવી તે ૫.

રાણી વિ. પરસાપા માહાદવપા ઈ૦ લો૦ રી૦ ૧ મું. ૩૩૪. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૬.

૭ મ. હા. કો. રી. અપે ૧૭ ના કેસનો આધાર લેવામાં આવે છે. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૧.

રાણી વિ. નવરનબેગ દુલાબેગના કેસનો આધાર લેવામાં આવ્યો છે. ૧૦ મું. હા. કો. રી. ૭૩. જુઓ જુઠો પુરાવો ૫૩.

નિચેના કેસોથી જુદો અભીપ્રાય લેવામાં આવે છેઃ—

સુકુતુલાહ અરજદાર, ૨૨ વિ. રી. ૪૮. જુઓ જુઠો પુરાવો ૫૭.

રાણી વિ. કુલાતરનસીંઘ, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૧૨૯. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૪.

રાણી વિ. જગતમલ, ઇ૦ લો૦ રી૦ ૧ અ. ૧૬૨. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૫.

રાણી વિ. મંગલ ટેકચંદના કામમાં ત

ફાવત બતાવવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૧૦ મું. ૨૭૪. જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૨૪

રાણી વિ. ગાસપરડીસીલવાના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૬ મુ. ૪૭૯. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૬૩.

રાણી વિ. ગુલાબદાસ કુબેરદાસના કામમાં નજર રાખવામાં આવે છે, ૧૧ મું. હા. કો. રી. ૧૮. જુઓ સેસન કેસ ૧.

૬૩ જુઠો પુરાવો—સરકારી ન્યાયની સામે ગુન્હો—કોર્ટના હુકમના અપમાનનો ગુન્હો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૩૫, ૪૩૬, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૧, ૪૭૨, ૪૬૩—ફરીઆદ કરવી તે—પદ્ધતિ—મી. સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ વિરૂદ્ધ પડીને એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૧૯૩ મૂજબ થયેલો ગુન્હો સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૩ ના અર્થ મુજબ કોર્ટના હુકમનું અપમાનનો ગુન્હો હોવાથી તે કલમ મુજબ જે માજીસ્ટ્રેટ અગાડી તે ગુન્હો થયો છે તે માજીસ્ટ્રેટ તેની તજવીજ કરી શકે નહી. રાણી વિ. કુલતારનસીંઘ (ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૧૨૯) અને રાણી વિ. જગતમલ (ઈ૦ લો૦ રી૦ ૧ અ, ૧૬૨) ના ફેંસલાઓ રદ થઈ ગયા. મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસનો મત—આવી જાતનો ગુન્હો જે માજીસ્ટ્રેટ અગાડી બને છે તે ગુન્હાની તજવીજ ચલાવવાનો તેનો અધીકાર હોય તો, સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૭૧ મુજબ તે અધીકાર જતો રેહેતો નથી. રાણી વિ. કાશમીરી ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૬૨૫.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન, ટરનર, સ્પેંકી અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અગષ્ટ સને ૧૮૭૭.)

રાણી વિ. કુલાતરનસીંઘનો કેસ રદ થઈ જાય છે, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૧૨૯. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૪.

રાણી વિ. જગતમલનો કેસ રદ થઇ જાય છે ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૧૬૨. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૫.

સફુતુલાહ અરજદારનો કેસ વિરૂદ્ધ છે. ૨૩ વિ. રી. ૪૯ જુઓ જુઠો પૂરાવો ૫૭.

રાણી વિ. ગુરબક્ષનો કેસ વિરૂદ્ધછે, ઈ૦ લો૦રી૦ ૧ અ. ૧૯૩. જુઓ ફરીઆદ કરી તે ૫.

રાણી વિ. બલદીઓના કામમાં તફાવત બતાવવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૩૨૨. જુઓ જુઠું તોહોમત. ૨૯.

રાણી વિ૦ ગાસપરડી સીલવાના કામમાં નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૬ મું૦ ૪૭૯. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૬૩.

૬૪ જુઠો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૧—પોતાને ગુન્હેગાર ઠરાવે તેવા સાહેદી—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૧૩૨—જો કે સોગન લીધાથી જુબાની આપતી વખતે સાહેદી સાચુ બોલવાને બંધાએલો છે તોપણ પોતાને ગુન્હેગાર થવાનો સંભવ છે એવી બાબત ઉપર તેની જુબાની લેવામાં આવી હોય તો માજીસ્ટ્રેટે તે વખતની સ્થિતી તેને સમજાવવી જોઇએ નહીં તો કાયદાથી અજાણ્યો હોવાથી, અને ગુન્હો થવાની બીકથી ખરી હકીકત નામુકર જવાને તે લલચાય. આવી રીતની ચેતવણી આપ્યા શીવાય તે માણસે ખોટી વાત કહી હોય અને તેથી જાણીબુઝીને ખોટી સાહેદી આપવાના ગુન્હાને માટે તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તો, ભારે સજા થવા લાયક તે ગુન્હો નથી. જદુનાથદત અપેલેન્ટ, ૨ ક. લો. રી. ૧૮૧.

(મેસર્સ માર્કબાય અને પ્રીન્સેપ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી એપ્રીલ સને ૧૮૭૮).

૬૫ જુઠો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—સને ૧૮૭૨

ના ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૧૯—તોહોમતદાર ઉપર ખોટી સાહેદી આપવાને માટે પીનલકોડની કલમ ૧૯૩ મુજબ તોહોમત રાખવામાં આવ્યું હતું તેમાં તકરારમાં બતાવેલી પોલીસ ઈનસ્પેકટરની રૂબરૂ કહેલી કેટલીક વાત તે નામુકર ગયો. તે અમલદારની સાક્ષી લેવામાં આવી હતી અને તેણે જે બન્યુ હતુ તેના દફતર તરીકે તકરારમાં બતાવેલી હકીકત લખેલા બે દસ્તાવેજો ફકત કામમાં રજુ કર્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૯ મુજબ આ દસ્તાવેજો પુરાવામાં લેઇ શકાય, તેવા નહી હોવાથી, તોહોમતદારે પોલીસ ઈનસ્પેકટરની રૂબરૂ ખરેખરી રીતે શું કહ્યું હતું તે બાબતનો પુરાવો આપવો જોઇતો હતો. શેખ દાઉની બાબતમાં, ૬ ક. લો. રી. ૪૭.

(મેસર્સ ટોટનહામ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૮૦).

૬૬ જુઠો પુરાવો—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૯૧—પુરાવામાં લેઇ શકાય તેવી તોહોમતદારની જુબાની—સને ૧૮૭૭ નો ૧૦ મો સીવીલ પ્રોસીજર કોડ કલમો ૧૭૮, ૧૮૨, ૧૮૩, ૬૪૭—સને ૧૮૭૭ નો ૧૦ મો સીવીલ પ્રોસીજર કોડની કલમો ૧૮૨ અને ૧૮૩ માં લખ્યા મુજબ ઇનસાફી મુકરદમો નહી ચલાવ્યાથી તે કાયદા વિરૂદ્ધ ગણાય છે, અને તેથી કરીને તેવા મુકરદમામાં લખેલી તોહોમતદારની જુબાની જેના ઉપરથી ખોટી શાહેદી આપવાનું તેના ઉપર તોહોમત રાખવામાં આવેલું તે કામમાં તે જુબાની પુરાવામાં લેઇ શકાય નહી; અને પુરાવાના આકટની કલમ ૯૧ મુજબ આવી જુબાની લીધાનો બીજો કાંઈ પુરાવો કામમાં લેઇ શકાય નહી. રાણી વિરૂદ્ધ મયાદબ ગોસામી, ઈં લો૦ રી૦ ૬ ક. ૭૬૨; ૮ ક. લો. રી. ૨૯૨.

(મેસર્સ કનીંગહામ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૮૧).

૬૭ જુઠો પુરાવો—પ્રથમની તપાસ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૧ મુજબ માજીસ્ટ્રેટની તજવીજને માટે કોઈ કેસ મોકલવાનો હુકમ કરવામાં આવ્યો હોય તો, હુકમ કરતાં અવલ કોર્ટે પ્રથમ તજવીજ કરી નોહોતી, એ કારણથી તે હુકમ કાયદા વિરૂદ્ધ ગણાતો નથી. કાયદામાં "જરૂર જણાય" તેવી પ્રથમની તપાસ કરવાનું ફરમાવેલું છે. મુનસફે ચલાવેલા દાવામા બંને પક્ષકારોએ કેટલીક બાબતો વિષેની ખોટી શાહેદી આપી છે એવું પોતે ધારી કેસની ખરી હકીકત લખીને અને બંને પક્ષકારો ઉપર એવી રીતની બાબતોની ખોટી હકીકત બતાવવાનું તોહોમત રાખી સને ૧૮૭૨ ના આકટ ૧૦ મા ની કલમ ૪૭૧ મુજબ કેસ તજવીજને માટે માજીસ્ટ્રેટને મોકલ્યો હોય તો તેવા કેસમાં મુનસફે જો કાંઈ પ્રથમ તપાસ કરી હોતતો તેથી કામ ચલાવવાનું માજીસ્ટ્રેટને ઘણું સુલભ માલમ પડત એમ કાંઈ માલમ પડી આવતું નથી તેથી પ્રથમની તપાસ નહી કર્યાને માટે મુનસફનો મુકરદમો કાયદા વિરૂદ્ધ ગણાતો નથી. રાણી વિ. જુલાપ્રસાદ, ઈં લો૦ રી૦ ૫ અ. ૬૨.

(મી૦ ટીરલ જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઈ સને ૧૮૮૨).

૬૮ જુઠો પુરાવો—ઈનસાફી મુકરદમો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૧, ૧૯૩—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૭—કોઈ માણસ તાર ખાતાના અમલદારો પાસે કેટલુંક લેહેણું મુકી મરી ગયો. ૫ નામના માણસે મરનારના વારસ તરીકે એક કાગળ તે અમલદારો ઉપર લખ્યો. આ કાગળ ખરો ઠરાવી હુકમને માટે ડીસ્ટ્રીકટ જડજ તરફ મોકલવામાં આવ્યો હતો. જડજની રૂબરૂ ક નામના

માણસ પાસે સોગન ઉપર જુબાની અપાવી પ એ પોતાનો દાવો સાબીત કર્યો. ડીસ્ટ્રીકટ જડજના ધારવા પ્રમાણે ક ની જુબાની ખોટી હોવાથી સેસન જડજના ઓદ્ધા તરીકે ખોટી શાહેદી આપવાને માટે તેની રજુઆત ચલાવી તેણે તે ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે તાર ખાતાના અધીકારીઓએ પ નો કાગળ ખરો ઠરાવવાને મોકલ્યો તે અને ત્યાર પછીની તેના સબંધમાં થએલી તપાસ એ "ઇનસાફી મુકરદમો" ગણાતો નથી, અને ક ને સોગન આપવાનો ડીસ્ટ્રીકટ જડજનો અધીકાર નહી હોવાથી ગુન્હેગાર ઠરાવવું કાયદા વિરૂદ્ધ હતું. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૭ મુજબ ક ની તજવીજ કરવાનો ડીસ્ટ્રીકટ જડજનો અધીકાર નોહતો. રાણી વિરૂદ્ધ ચૈતરામ, ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૧૦૩.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી અકટોબર સને ૧૮૮૩).

૬૯ જુઠો પુરાવો—તકરાર—સને ૧૮૮૨ નો ૧૪ મો સીવીલ પ્રોસીજર કોડ કલમો ૫૧, ૧૧૫—લખીતવાર જવાબ ખોટો સાબીત કરવો તે; સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૧—જે માણસ દાવામાં લખેત જવાબ આપે તે કાયદા પ્રમાણે ખરો આપવાને બંધાયલો છે અને તેના ધારવા તથા જાણવા પ્રમાણે ખોટી વાત અથવા ખરી ના માનતો હોય તેવી વાત લખી હોય તો તે પીનલકોડની કલમ ૧૯૧ ના અર્થ પ્રમાણે ખોટી સાહેદી આપવાનો ગુન્હેગાર થાય છે. રાણી વિ. મેહરબાનસીંઘ, ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૬૨૬.

(મી૦ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૧૪ મી જુલાઇ સને ૧૮૮૪).

૭૦ જુઠો પુરાવો—તોહોમત—ભુલ—જુઠી વાત, જેના ઉપર ખોટા કસમનો ગુન્હો સાબીત કરવાનો યત્ન કરવામાં આવે છે તે તોહોમતમાં સ્પષ્ટ રીતે બતાવવામાં ના આવી હોય અને તેથી તોહોમતદારના વિરૂદ્ધ કાંઇ અભિપ્રાય ના બંધાતો હોય તો તે ભુલ અગત્યની ગણાતી નથી. રાણી વિ૦ ભટુલાલજી અને બીજો. ૨ વિ. રી. ૫૧.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૨૩ મી માર્ચ સને ૧૮૬૫.

૭૧ જુઠો પુરાવો—તોહોમત—ખોટી સાહેદી આપવાના કેસોમાં દરેક તોહોમતદાર ઉપર તોહોમત રાખવું જોઇએ, અને દરેકની જુદી રજુઆત ચલાવવી જોઈએ. પ્રો. તા૦ ૧૫ મી માર્ચ સને ૧૮૬૭. ૩ મ. હા. કો. રી. અપે. ૩૨.

૭૨ જુઠો પુરાવો—તોહોમત—ડાકાઈટી અને ખુન અથવા હંગામાના તોહોમતમાં કેટલાક માણસો ઉપર ફરીઆદ અટકાવવાના વિચારથી ખોટી વાત બતાવેલી તે કામમાં ખોટી સાહેદી આપવાને માટે ગુન્હેગાર ઠરાવેલા તે બહાલ રાખવામાં આવ્યું હતુ. દરેક માણસની વાત જુદો ગુન્હો બનાવી અને જુદા તોહોમતો રાખી કેટલાક માણસોને કમીટ કરેલા તે મંજુર રાખવામાં આવ્યું. રાણી વિ૦ બૈરોમાસર વિગેરે, ૭ વિ. રી. ૫૧.

(મી૦ નોરમન જડજની રૂબરૂ, તા૦ ૧ એપ્રીલ સને ૧૮૬૭).

૭૩ જુઠો પુરાવો—તોહોમત—પીનલ કોડની કલમ ૧૯૩ મુજબ ખોટી સાહેદી આપવાના ગુન્હામાં જે શબ્દો અથવા વાકયો ને માટે તોહોમતદાર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય, તે વાકયો શી બાબતે ખોટાં ધારવામાં આવે છે તે તોહોમતમાં વાસ્તવીક રીતે બતાવવું જોઈએ. દોલત મુનસી અપેલેન્ટ, ૮ વિ. રી. ૯૫.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ,તા૦ ૧૪ મી ડીસંબર સને ૧૮૬૭).

રાણી વિ૦ સુખીસાનીના કામમાં નજર રાખવામાં આવી. ૮ સુ. હા. કો. રી. ૨૮.

જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૮.

૭૪ જુઠો પુરાવો—તોહોમત—ખોટી સાહેદી આપવાના કામમાં તોહોમતમાં બતાવ

વું જોઇએ કે કેની અમુક બાબતના સબંધમાં તેના ઉપર કામ ચલાવવામાં આવ્યું છે. ફરીઆદીએ આધાર રાખેલી અમુક ખોટી વાત બતાવવાને માટે જેટલી વાત જરૂરની હોય તેટલી કેદીની વાત જુદી કાઢવી જોઈએ. કોઈ માણસે બતાવેલી વાત તેની પ્રથમની વાતથી ઉલટી છે એટલુંજ લખવું પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ગુન્હો થવાને માટે બસ નથી. ફરીઆદીએ આધાર રાખેલી અમુક વાત જે બાબતનો અને ઈરાદાથી કહેવામાં આવીછે તે, ગુન્હો થયો છે એવું ધારી શકાય ત્યાર પહેલાં, દરેક કેસમા ધ્યાનમાં લેવી જોઈએ. રાણી વિ૦ સુંદરમોદુરી, ૯ વિ. રી ૨૫.

(મેસર્સ મેકફરસન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨ માર્ચ સને ૧૮૬૮).

રાણી વિ. સુબીસાનીના કામમાં નજર રાખવામાં આવી. ૮ મું. હા કો રી. ૨૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૮.

રાણી વિ. બુધન આહીરના કામમાં મંજુર રાખવામાં આવ્યો. ૧૭ વિ. રી. ૩૨. જુઓ જુઠો પુરાવો ૮૧.

નિચેના કેસો ઉલટા છેઃ—

રાણી વિ. મુસામત ઝુમીરન, ૬ વિ. રી. ૬૫. જુઓ જુઠો પુરાવો ૮૩.

રાણી વિ. મહમદ હુમાયુશાહ, ૨૧ વિ. રી. ૭૨. જુઓ જુઠો પુરાવો ૯૧

પાલની ચેની અપેલેન્ટ, ૪ મ હા. કો. રી. ૫૧. જુઓ જુઠો પુરાવો ૮૯.

૭૫ જુઠો પુરાવો – તોહોમત—ખોટી પ્રતિજ્ઞાને માટે તોહોમત રાખેલો કોઈ માણસ તેની સામે રાખેલા કોઈ અમુક તોહોમતને માટે, એવું તોહોમત રાખેલા બીજા માણસની જોડે રજુઆત નહીં ચલાવતાં તદન જુદી રજુઆત ચલાવવાનું હક તરીકે માગી શકે છે, અને સેસન કોર્ટે ઈનસાફની રાહે નિરાકરણ કરવું જોઇએ કે સઘળા અથવા સઘળા ના હોય અને એક કરતાં વધારે હોય તો, ખોટી પ્રતિજ્ઞાના તોહોમતોમાનું કયુંતોહોમત દરેક કેદી સામે સાબીત થાય છે. વળી ખોટી પ્રતિજ્ઞાનો ગુન્હો ફકત એક સાહેદીની જુબાની ઉપરથી સાબીત થઈ શકાય નહીં, રાણી વિ૦ ખોઆબલાલ વિગરે, ૯ વિ૦ રી૦ ૬૬.

(મેસર્સ શીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી મે સને ૧૮૬૮).

રાણી વિ૦ ભવાનીશંકર હરીભાઈના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૫૫ જુઓ જુઠો પુરાવો ૭૬

૭૬ જુઠો પુરાવો—તોહોમત- ઈનસાફી મુકરદમામાં ખોટી સાહેદી આપવાનું તોહોમત રાખેલો માણસ, એવું તોહોમત રાખેલા બીજા માણસોની સાથે રજુઆત નહીં ચલાવતાં, તદન જુદી રજુઆત ચલાવવાનું હક તરીકે માગી શકે છે, રાણી વિ૦ ભવાની શંકર હરીભાઇ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૫૫

(મેસર્સ વેરડન અને ગીબ્સ જડજોની રૂબરૂ, તા૦ ૧ જુલાઇ સને ૧૮૬૮).

રાણી વિ૦ ખોઆબલાલના કામમાં આધાર રાખવામાં આવે છે. ૯ વિ૦ રી૦ ૬૬, જુઓ જુઠો પુરાવો ૭૫.

રાણી વિ૦ રતીરામના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૨. વા. દી પ્રાં. ૨૧, જુઓ બીજી જગાએ કેસ મોકલવો તે ૫.

૭૭ જુઠો પુરાવો-તોહોમત—પીનલકોડની કલમ ૧૯૩ મુજબ મુકેલા તોહોમતોમાં એ જરૂરનું છે કે ફરીઆદીએ બતાવવું જોઈએ કે તોહોમતમાં બતાવેલા દીવાની ઈનસાફી મુકરદમો ચાલતો હતો અને તે મુકરદમાના દરમીઆન તેમની તકરારમાં બતાવેલી ખોટી વાત કેદીએ કહી હતી. તોહોમતમાં મુકરદમાનો અમુક ભાગ બતાવવો જોઇએ. જે હકીકત બતાવવાનું તોહોમતદાર ઉપર તોહોમત મુકવામાં આવ્યું છે, તે હકીકત ખરેખર તેણે બતાવી હતી એ બાબતનો પુરાવો આપવો જોઈએ. જે કોર્ટમાં હકીકત બતાવવામાં આવી હતી તે કોર્ટના ઉપરી અમલદારના અક્ષર છે એવી સેસન જડજની માહીતી હતી તે આવી હકીકત બતાવવાનો કાયદેસર પુરાવો નથી રાણી વિ૦ ફતેહઅલી બીસ્વાસ

૧૦ વિ૦ રી૦ ૩૭; ૧ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૧૩.

(મેસર્સ શીઅર અને હોબહાઉસ જડ જોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૬૮.)

રાણી વિ. રાવજી તાજુના કામમાં નજર રાખવામાં આવી. ૮ મું. હા. કો. રી. ૩૭. જુઓ જુઠો પુરાવો ૪૬.

રાણી વિ. સાધુના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૧૩ વિ. રી. ૫૬. જુઓ જુઠો પુરાવો ૭૮.

રાણી વિ. માહારાજ મીસરના કામમાં નજર રાખવામા આવી. ૭ બેં, લો. રી અપે. ૬૬; ૧૬ વિ. રી. ૪૭. જુઓ જુઠો પુરાવો ૧૦૪.

૭૮ જુઠો પુરાવો—તોહોમત—પીનલ કોડની કલમ ૧૯૩ મુજબ ખોટી સાહેદી આપવાના કેસમાં, માજીસ્ટ્રેટની રૂબરૂ જે વાત કહેવાનું તોહોમતદાર ઉપર તોહોમત રાખવામાં આવ્યું છે તે વાત તેણે કહી હતી એ સ્પષ્ટ રીતે સાબીત કરવું જોઈએ. આ કલમ મુજબ તોહોમત રાખેલા કેસમાં પદ્ધતિ બતાવવામાં આવી. રાણી વિ. સીધુ, ૧૩ વિ. રી. ૫૬.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી એપ્રીલ સને ૧૮૭૦.)

રાણી વિ. ફતેઅલી બીસ્વાસના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧ બેં, લો. રી. ક્રી. અ. ૧૩. જુઓ જુઠો પુરાવો ૭૭.

૭૯ જુઠો પુરાવો—તોહોમત—એક જુબાનીમાં ગમે તેટલી જુઠી વાત કહી હોય તોપણ ખોટી સાહેદી આપવાનો એકંદર એક ગુન્હો થાય છે. ખોટી સાહેદી આપવાના તોહોમતો જુબાનીમાં આવી ગયેલી ખોટી વાતની સંખ્યા પ્રમાણે વધારી શકાય નહીં. પ્રો. તા૦ ૧ મે સને ૧૮૭૧; ૬ મ હા. કો. રી. અપે. ૨૭.

૮૦ જુઠો પુરાવો—તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—તોહોમતનો નમુનો—જુદા ગુન્હાઓ—ખોટી સાહેદી આપવાનો તોહોમતનો જવાબ આપવાને જે માણસને બોલાવવામાં આવે છે તે માણસના ઉપર કઇ ખોટી સાહેદી રાખી છે એ બરોબર રીતે જાણવું જોઈએ. " તા૦ ૧૫ એપ્રીલ સને ૧૮૭૧ ને રોજ અથવા તે અરસામાં ખોટી સાહેદી આપી " એ તોહોમત બરોબર રીતે અમુક તોહોમત નથી. જુઠો પુરાવો બનાવવો અથવા વાપરવો તેને માટે ચાલતા કાયદામાં જે શિક્ષા ઠરાવેલી છે તે મુજબ દાવામાં ખોટી વાત લખેલી સાબીત કરવાને માટે સજા થાય છે તોપણ તે તદન ખોટી સાહેદી આપવાનો ગુન્હો નથી. ત્રણ જુદા જુદા ગુન્હાઓ એકઠા કરી એક તોહોમત બતાવવું જોઇએ નહી, પણ દરેક ગુન્હાનું જુદુ તોહોમત રાખી તેને માટે જુદો ઠરાવ લખવો જોઇએ અને જુદી સજા કરવી જોઇએ. રાણી વિ. સીઓચરન, ૩ વા. દીપ્રાં ૩૧૪-

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૪ સપટંબર સને ૧૮૭૧.)

૮૧ જુઠો પુરાવો—તોહોમત—બરોબર શબ્દો—કમીટ કરવું તે—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૨ અથવા ૧૪ મુજબ કોઇ ગુન્હાની તપાસ કરતાં, ખોટી સાહેદી આપવાનો ગુન્હો કમીટ કરતી વખતે માજીસ્ટ્રેટ તોહોમતદારે કહેલા શબ્દો, જે હકીકતથી તે ખોટા સાબીત કરવાનું ધારે છે તે હકીકત સાથે, બરોબર રીતે બતાવવા જોઇએ; પણ તે શબ્દોની અસર બતાવવી જોઈએ નહીં. રાણી વિ૦ બુધનઆહીર, ૧૭. વિ૦ રી૦ ૩૨.

(મેસર્સ લોચ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૨).

રાણી વિ૦ સુંદર મોહુરીના કામમાં મંજુર રાખવામાં આવે છે. ૫ વિ૦ રી૦ ૨૫. જુઓ જુઠો પુરાવો ૭૪.

૮૨ જુઠો પુરાવો—તોહોમત—ખોડ—સાક્ષીઓએ કહેલી પુરેપુરી વાત જે માજીસ્ટ્રેટ ખોટી ઠરાવવાને ધારતો હોય તે કેટલાક તોહો

મતોમાં બતાવવામાં આવી નોહોતી, પણ તે ભુલ તોહોમતદારને ખોટું સમજાવે તેવી નહી હોવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ હાઇ કોર્ટે દરમીઆન થવાની ના પાડી, પણ આગળ ઉપર એવું નહી કરવાની માજીસ્ટ્રેટને સુચના આપી. રાણી વિ. અજાયા ઠાકોર વિગેરે, ૧૭ વિ. રી. ૩૩.

(મેસર્સ લોચ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૭૨).

૮૩ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—બેમાંથી એક ઠરાવ—સને ૧૮૫૫ નો ૨ જો પુરાવાનો આકટ કલમ ૩૨—કોઈ શાહેદીએ જાણી બુઝીને ખોટી શાહેદી આપી હોય પણ માજીસ્ટ્રેટની રૂબરૂ કહેલી વાત ખોટી છે કે સેસન જડજની રૂબરૂ કહેલી વાત ખોટી છે એ શક ભરેલું હોય તો, બેમાંથી એકજ જગ્યાએ ખોટી શાહેદી આપવાનો ગુન્હો ગણી તેને ગુન્હેગાર ઠરાવી શકાય, (આ બાબત મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોને શક પડયો). સને ૧૮૫૫ ના આકટ ૨ ની કલમ ૩૨ માં ગમે તે બતાવેલું છે તેમ છતાં પણ સેસન જડજની રૂબરૂ ખુશીથી કોઈ શાહેદીએ જુબાની આપી હોય તે જુબાની, માજીસ્ટ્રેટની રૂબરૂ તેણે આપેલી જુબાની ખોટી ઠરાવવાને, તેની સામે પુરાવામાં લેઈ શકાય છે. (આ બાબત કેમ્પબેલ જડજનો મત વિરૂદ્ધ પડયો). રાણી વિ. મુસામત ઝુમીરન, ૬ વિ. રી. ૬૫; બેં. લો. રી. વો ૫૨૧.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, નોરમન, કેમ્પ, સેટનકાર અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી અગષ્ટ સને ૧૮૮૬).

પાછલીચેતી અરજદારની બાબતમાં આવોજ ઠરાવ કરવામાં આવ્યો, ૪ મ. હા. કો. રી. ૫૧. જુઓ જુઠો પુરાવો ૮૬.

નિચેના કેસો ઉલટા છે:—

રાણી વિ. સુંદર મોહુરી, ૯ વિ. રી. ૨૫. જુઓ જુઠો પુરાવો ૭૮.

રાણી વિરૂદ્ધ કાલીચરન લાહેરી, ૯ વિ. રી. ૫૪. જુઓ જુઠો પુરાવો ૮૯.

રાણી વિ. બેદુનોશયો, ૧૨ વિ. રી. ૧૧. જુઓ જુઠો પુરાવો ૯૧.

રાણી વિરૂદ્ધ મોની ખોવા ૧૨ વિ. રી. ૩૧; ૩ બેં. લો. રી. ક્રી. અ. ૩૬. જુઓ જુઠો પુરાવો ૯૨.

રાણી વિરૂદ્ધ નોરમલ, ૪ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૧૨ વિ. રી. ૬૯. જુઓ જુઠો પુરાવો ૯૫.

રાણી વિરૂદ્ધ હુલેટના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૭ અ૦ ૪૪. જુઓ જુઠો પુરાવો ૧૦૨.

રાણી વિ. મહમદ હુમાયુશાહના કામમાં આધાર રાખવામાં આવ્યો, ૨૧ વિ. રી. ૭૨. જુઓ જુઠો પુરાવો ૯૭.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ. દીનોનાથ બઝાર, ૮ વિ. રી. ૫૨. જુઓ જુઠો પુરાવો ૮૮.

રાણી વિરૂદ્ધ ગાનોજી ઉરફે પાંદજી, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૪૯. જુઓ જુઠો પુરાવો ૯૦.

રાણી વિરૂદ્ધ હેબીબુલાહ, ઈં. લો રી. ૧૦ ક. ૯૩૭. જુઓ જુઠો પુરાવો ૧૦૧.

૮૪ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—બેમાંથી એક તોહોમત અને શિક્ષા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૨૨—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૪૨, ૩૮૧, ૩૮૨, કલોઝ ૫—સને ૧૮૫૫ નો ૨ જો પુરાવાનો આકટ કલમ ૩૨—પ્રથમના કેસમાં કેદીએ માજીસ્ટ્રેટની રૂબરૂ શાહેદી તરીકે એક વાત કહેલી તે વાત સેસન જડજની રૂબરૂ ઉલટી કહેવાને માટે તેની રજુઆત ચલાવી સેસન જડજ અથવા માજીસ્ટ્રેટ બેમાંથી એકની રૂબરૂ ખોટી શાહેદી આપવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોને શક પડવાથી એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર કાયદેસર ઠરાવવામાં આવ્યો હતો. મી૦ કેમ્પબેલ જડજ વિરૂદ્ધ પડીને વળી એ

મ પણ ઠરાવવામાં આવ્યું કે જડજની રૂબરૂ આપેલી જુબાની, માજીસ્ટ્રેટની રૂબરૂ ખોટી સાહેદી આપવાના તોહોમતમાં પુરાવામાં લેઇ શકાય છે. રાણી વિ. મુસામત ઝામીરન, બેં. લો. રી. વો. ૫૨૧; ૬ વિ. રી ૬૫.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, નોરમન, કેમ્પ, સ્ટેનકાર અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી અગષ્ટ સને ૧૮૬૬).

રાણી વિ૦ મહમદ હુમાયુશાહના કામમાં આધાર રાખવામાં આવ્યો, ૧૩ બેં૦ લો૦ રી૦ ૩૨૪ જુઓ જુઠો પુરાવો ૯૭.

૮૫ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—તકરારમાં બતાવેલી વિરૂદ્ધ હકીકત ચાર વર્ષ પુરા થયા પછી બતાવવામાં આવ્યાથી અને જાણી જોઈને ઈરાદો જે ગુનહાને માટે જરૂર નો ઠરાવવામાં આવ્યો હતો તે સાબીત નહીં થવાથી ખોટી સાહેદી આપવાનું તોહોમત રાખી સજા કરેલી રદ કરવામાં આવી હતી. રાણી વિ. નાગઅનસીલાલ, ૬ વિ રી. ૮૯.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી ડીસેંબર સને ૧૮૬૬.)

૮૬ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—સોગન ઉપર અથવા પ્રતિજ્ઞા પુર્વક વિરૂદ્ધ હકીકત સાબીત કરવામાં આવી હોય પણ તેમાંની કઈ હકીકત ખોટી છે એનો પુરાવો ના હોય તો એમાંની ગમે તે બાબતની ખોટી સાહેદી આપી છે એમ ઠરાવી શિક્ષા કરવી તે પીનલકોડની કલમ ૭૨ અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૮૨, ૩૮૧, અને ૩૮૨ મુજબ વાજબી ગણાય છે. આ બાબત વિષેનો ઈંગ્રેજી કાયદો બતાવવામાં આવ્યો પાલનીચેતીની બાબતમાં, ૪ મ. હા.કો રી. ૫૧

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને કોલેટ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી મે સને ૧૮૬૮.)

રાણી વિ. મુસામત ઝુમીરનના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૬ વિ. રી. ૬૫; બેં. લો. રી. વો. ૫૨૧. જુઓ જુઠો પુરાવો ૮૩, ૮૪.

નિચેના કેસો આનાથી ઉલટા છે:—

રાણી વિ. સુંદરમોહુરી, ૯ વિ. રી. ૨૫ જુઓ જુઠો પુરાવો ૭૪.

રાણી વિ. કાલીચરન લાહોરી, ૯ વિ. રી. ૫૪. જુઓ જુઠો પુરાવો ૮૯.

રાણી વિ. બેદુનોશયો, ૧૨ વિ. રી. ૧૧; ૧૩ બેં. લો. રી. ૩૨૬ ન. જુઓ જુઠો પુરાવો ૯૧.

રાણી વિ. મોતીખોવા, ૧૨ વિ. રી. ૩૧; ૩ બેં. લો. રી. ક્રી. અ. ૩૭. જુઓ જુઠો પુરાવો ૯૨.

રાણી વિ. નોમલ, ૪ બેં. લો. રી. ક્રી. અ. ૯. જુઓ જુઠો પુરાવો ૯૫.

નીચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યો:—

ગુડાધરદત્ત વિ. સુરીમોની દાસીઆ, ૨૧ વિ. રી. ૭ દિવાની રૂલીંગ.

રાણી વિ. ધુલંટ, ઈં. લો. રી. ૭ અ. ૪૪. જુઓ જુઠો પુરાવો ૧૦૨.

રાણી વિ મહમદ હુમાયુશા, ૨૧ વિ. રી. ૭૨. જુઓ જુઠો પુરાવો ૯૭.

રાણી વિ. રોસના કામમાં આધાર રાખવામાં આવી હતી. ૬ મ. હા. કો. રી. ૩૬૨. જુઓ જુઠો પુરાવો ૪૪.

૮૭ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—એમાંથી એક તોહોમતને માટે કમીટ કરવું તે—દિવાની અદાલત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯—કોઈ માણસે માજીસ્ટ્રેટની રૂબરૂ એક હકીકત બતાવી હોય અને દિવાની અદાલતમાં બીજી હકીકત બતાવી હોય અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ મુજબ દિવાની અદાલતની કબુલાતથી, એમાંની એક હકીકત ઉપર તોહોમત રાખી તેનુ કામ કમીટ કરવામાં આવ્યું હોય તો તે કાયદેસર વાજબી ગણાય છે. રાણી વિ. ઉતર નારાયણસીંઘ, ૮ વિ. રી. ૭૯.

(મેસર્સ ગ્લોવર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી નવંબર સને ૧૮૬૭).

૮૮ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—તોહોમત—પુરાવો—ખોટી સાહેદી આપવાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવતાં પહેલાં સાબીત થવું જોઈએ કે, જે હકીકત ઉપર તોહોમત રાખવામાં આવ્યું છે તે હકીકત તેણે બતાવી હતી અને તે ગુન્હો થશે એવા ઈરાદાથી બતાવવામાં આવી હતી. કોઈ માણસે વિરૂદ્ધ હકીકત બતાવી છે, એટલીજ બાબત ઉપરથી એમ સાબીત થતું નથી કે પીનલકોડની કલમ ૧૯૩ મુજબ તેણે ગુન્હો કર્યો છે. શા ઈરાદાથી તે હકીકત બતાવવામાં આવી હતી તે વીષે કોર્ટે ખાત્રી કરવી જોઇએ. રાણી વિ. દીનોનાથ બઝાર, ૯ વિ. રી. ૫૨.

(મેસર્સ મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦૩૦ મી માર્ચ સને ૧૮૬૮.)

રાણી વિ. મુસામત ઝુમીરનના કામમાં નજર રાખવામાં આવે છે. ૬ વિ. રી. ૬૫; એં. લો. રી. વો. ૫૨૧. જુઓ જુઠો પુરાવો ૮૩ અને ૮૪.

ગાનોજી ઉરફે પાંદજીના કામમાં નજરા રાખવામાં આવી. ૫ મું. હા. કો. રી. ૪૯.

૮૯ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—જુઠો લેખ-પ્રથમની તજવીજ—ખોટી પ્રતીજ્ઞા ધારવામાં આવેલી દરેક હકીકતના સબંધમાં સ્પષ્ટ અર્થ ખોટી પ્રતિજ્ઞાના તોહોમતોમાં બતાવવો જોઈએ કે, બતાવવામાં આવેલી તે હકીકત હતી, અને તે ખરૂ જોતાં ખોટી છે અને તે બતાવી તે વખત ખોટી છે એવું તોહોમતદારના જાણવામાં હતું. અને આ ગુદાઓની તજવીજ કોર્ટે એક પછી એક કરવી જોઈએ. સામાવાળાના સાહેદોએ સોગન ઉપર બતાવેલી સઘળી વિરૂદ્ધ હકીકતથી બેશક ખોટી પ્રતિજ્ઞાનો ગુન્હો બને છે એમ નથી તેમજ અધીકાર સીવાય દસ્તાવેજ બનાવવાથી હમેશાં જુઠા લેખનો ગુન્હો બને છે એમ નથી. પ્રથમ વાજબી તપાસ કરવાને માટે તોહોમતદારે અથવા કેટલીક બાબતોમાં તેના ગુમાસ્તાએ હાજર રેહેવાની જરૂર છે; અને જે સાહેદીની જુબાની ઉપર કામ કમીટ કરવાનો આધાર રહેલો છે તે સાહેદીની જુબાની તેની રૂબરૂમાં લેવી જોઈએ અને તેની ઉલટ સુલટ તપાસ કરવા દેવી જોઈએ. વળી ખોટી પ્રતિજ્ઞાના કેસમાં કયારે તે સાહેદી તરીકે મટી જઈ તોહોમતદારની જગાએ આવ્યો તે તેણે જાણવું જોઈએ. રાણી વિ. કાલીચરન લાહોરી, ૯ વિ. રી. ૫૪.

(મેસર્સ કેમ્પ અને ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૩ એપ્રીલ સને ૧૮૬૮.)

રાણી વિ૦ સુખીસાનીના કેસમાં નજર રાખવામાં આવી, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૨૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ,૨૮.

નિચેના કેસો ઉલટા છેઃ—

રાણી વિ૦ મહમુદ હુમાયુશા; ૨૧ વિ૦ રી૦ ૭૨. જુઓ જુઠો પુરાવો ૯૭.

રાણી વિ૦ મુસામત ઝામીરન, ૬ વિ૦ રી૦ ૬૫, એં૦ લો૦ રી૦ વો૦ ૫૨૧. જુઓ જુઠો પુરાવો ૮૩, ૮૪.

પાલનીચેતી અપેલેંટ, ૪ મ. હા. કો. રી૦ ૫૧. જુઓ જુઠો પુરાવો ૮૬.

૯૦ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—બેમાંથી એક તોહોમત - સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—ઈનસાફી મુકરદમો ચાલતી વખતે કોઈ માણસે બે હકીકતો એક બીજાથી વિરૂદ્ધ બતાવી હોય અને તેમાંની કઈ હકીકત ખોટી છે એ બાબતનો પુરાવો હોય તો ખોટી સાહેદી આપવાના એક તોહોમતને માટે રજુઆત ચલાવી તેને ગુન્હેગાર ઠરાવી શકાય. રાણી વિ૦ ગાનોજી ઉરફે પાંદજી, ૫. મુ. હા. કો. રી. ૪૯.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૬૮).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ--

રાણી વિ૦ મુસામત ઝામીરન ૬ વિ૦ રી૦ ૬૫. એં૦ લો૦ રી૦ વા૦ ૫૨૧. જુઓ જુઠો પુરાવો ૮૩, ૮૪.

રાણી વિ૦ છતર નારાયણ સીંગ, ૮ વિ૦ રી૦ ૭૯. જુઓ જુઠો પુરાવો ૮૭.

રાણી વિ૦ દીનોનાથ બઝર ૯ વિ૦ રી૦ ૫૨. જુઓ જુઠો પુરાવો ૮૮.

૯૧ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—બે માંથી એક બાબતનો ઠરાવ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૮૧—બેમાંના એકે તોહોમતની મજબુતીમાં વિશ્વાસ રાખવા લાયક પુરાવો મળી શકે તેવું નથી એવી ખાતરી કમીટ કરનાર અમલદાર અને સેસન જડજ બંનેને જ્યાં સુધી થાય નહીં ત્યાં સુધી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૮૧ મુજબ બેમાંના એક તોહોમત વિશેનો ઠરાવ લખવો જોઈએ નહીં અને એક બીજાની તદન વિરૂદ્ધ ના હોય અને જેમાંની એક હકીકતને માટે તોહોમતદાર ફક્ત સાંભળેલો પુરાવો આપતો હોય તેવી બે હકીકતો ઉપરથી ખોટી શાહેદી આપવાનું તોહોમત રાખેલું હોય તેવા કેસમાં આવી રીતનો ઠરાવ થઈ શકે નહી. હકીકત એક બીજાની વિરૂદ્ધ નથી, એવું બની શકે તેમ હરેક રીતે અનુમાન કરવું જોઈએ. રાણી વિરૂદ્ધ એદુનોશયો વિગેરે, ૧૨ વિ. રી. ૧૧; ૧૩ બેં. લો. રી. ૩૨૫ ન.

(મેસર્સ નોરમન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૬૯).

રાણી વિરૂદ્ધ મુસામત જુમીરનનો કેસ આનાથી ઉલટો છે. ૬ વિ૦ રી૦ ૬૫; બેં૦ લો૦ રી૦ વો૦ ૫૨૧. જુઓ જુઠો પુરાવો ૮૩, ૮૪.

પાલનીચેતી અપેલેન્ટનો કેસ આનાથી ઉલટો છે. ૧૩ બેં૦ લો૦ રી૦ ૩૨૪; ૨૧ વિ. રી. ૭૨. જુઓ જુઠો પુરાવો ૯૭.

૯૨ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—સેસન કોર્ટ—કમીટ કરવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૨—સેસન કોર્ટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૨ મુજબ કમીટ કરવાનો અખતીયાર ફક્ત તેની રૂબરૂ થએલા ગુન્હાઓમાંજછે. એક બીજાથી વિરૂદ્ધ બે હકીકતો બતાવવાને માટે કોઇ માણસ ઉપર તોહોમત મુકવામાં આવ્યું હોય તો, સ્પષ્ટ પુરાવાથી બતાવવું જોઈએ કે બંને હકીકતો કેહેવામાં આવી હતી, અને કઇ હકીકત ખોટી છે અને ખોટી ધારેલી હકીકત, ખોટી છે એવું જાણીને તોહોમતદારે ખુશીથી કહેલી હતી કે શી રીતે એ બાબતનો તપાસ કરવો જોઈએ. રાણી વિરૂદ્ધ મોતી ખોવા, ૧૨ વિ. રી. ૩૧; ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૩૬.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુલાઈ સને ૧૮૬૯).

રાણી વિ. હરદયાળના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૩૫. જુઓ જુઠો પુરાવો ૯૩.

રાણી વિ. નોમલના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૪ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૯. જુઓ જુઠો પુરાવો ૯૫.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી હતી:—

રાણી વિરૂદ્ધ મહમદ હુમાયુશા ૧૩ બેં૦ લો૦ રી૦ ૩૨૪; ૨૨ વિ. રી. ૭૨. જુઓ જુઠો પુરાવો ૯૭.

રાણી વિ. મુસામત જુમીરન ૬ વિ. રી. ૬૫; બેં. લો. રી. વો. ૫૫૧. જુઓ જુઠો પુરાવો ૮૩, ૮૪.

પાલનીચેતી અપેલેન્ટ ૪ મ. હા. કો. રી. ૫૧. જુઓ જુઠો પુરાવો ૮૬.

૯૩ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—સેસન જડજનો અધીકાર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩, ૧૯૪—કોઈ માણસે માજીસ્ટ્રેટની રૂબરૂ ખોટી સાહેદી આપી હોય તો તેને કમીટ કરવાનો સેસન જડજનો અધીકાર નથી પણ પોતાની કોર્ટમાં ખોટી સાહેદી આપી હોય તો તે કમીટ કરી શકે છે. ખુનને માટે કેદી ઉપર રજુઆત ચાલતી વખતે કોઈ સાહેદીએ સેસન જડજની રૂબરૂ સોગન ઉપર એવી જુબાની આપી કે કોઈ બીજા માણસે ખુન કર્યુ છે અને તેજ સાહેદીએ માજીસ્ટ્રેટની રૂબરૂ એવી જુ

બાની આપી હતી કે ખરી હકીકત તરીકે કેદીએ ખુન કર્યુ હતું. એમ ઠરાવવામાં આવ્યું કે આ સાહેદી પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ગુન્હેગાર છે પણ કલમ ૧૯૪ મુજબ ગુન્હેગાર નથી કારણ કે ખુનનો ગુન્હો થશે એવું તે જાણતો નોહોતો. રાણી વિ. હ-દયાલ ૩ એં. લો. રી. ક્રી. અ. ૩૫.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુલાઈ સને ૧૮૬૯.

રાણી વિ. મોતી ખોવાના કામમાં આધાર રાખવામાં આવ્યો ૩ એં. લો. રી. ક્રી. અ. ૩૬. જુઓ જુઠો પુરાવો ૯૨.

રાણી વિ. નોમલના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૪ એં. લો. રી. ક્રી. અ. ૯. જુઓ જુઠો પુરાવો ૯૫.

૯૪ જુઠો પુરાવો - વિરૂદ્ધ હકીકત—વિરૂદ્ધ વાતો જેમાંની એક ખોટી છે એવું તોહોમતદાર જાણતો હતો તે વાત કહેવાથી ખોટી સાહેદી આપવાના કેસમાં, બીજી જુબાનીથી બેમાંની એક વાત ખોટી છે એવી મજબુતી મળતી હોય તો તે બસ નથી, પણ બેમાંની એક વાત ખોટી છે એ વિષેનો સ્વતંત્ર પુરાવો મળવો જોઈએ. રાણી વિરૂદ્ધ કોલા, ૧૨ વિ૦ રી૦ ૬૬, ૪ એ૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૪.

(મેસર્સ નોરમન અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી અકટોબર સને ૧૮૬૯).

રાણી વિરૂદ્ધ મહમદ હુમાયુ શાહના કામમા નજર રાખવામાં આવી. ૧૩ એ. લો. રી ૩૨૪. જુઓ જુઠો પુરાવો ૯૭.

૯૫ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—કમીટ કરવું તે—સેસન કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૨—વિરૂદ્ધ હકીકત બતાવી ખોટી સાહેદી આપવાના કેસમાં જો બને વિરૂદ્ધ હકીકતો સેસન કોર્ટમાં બતાવવામાં ના આવી હોય તો, તજવીજ કર્યા સીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૨ મુજબ રજુઆતને માટે કામ સેસન કોર્ટ કમીટ કરી શકે નહી. તે કલમમાં બતાવેલા "તેના પોતાના અધીકાર નિચે" એ શબ્દોનો અર્થ, જે પક્ષકારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે તે પક્ષકારે તે ગુન્હો કર્યો છે એ બાબતની ઇનસાફની રાહે તજવીજ ચલાવતાં જે કેસ સેસન કોર્ટની નજર તળે લાવવામાં આવે છે તે કેસ, એવો થાય છે. રાણી વિ. નોમલ, ૧૨ વિ. રી. ૬૯; ૪ બે૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૯.

(મેસર્સ નોરમન અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી નવબર સને ૧૮૬૯).

નિચેના કેસો આનાથી ઉલટા છેઃ—

રાણી વિરૂદ્ધ મુસામત ઝુમીરન. ૬ વિ૦ રી૦ ૬૫; બેં૦ લો૦ રી૦ વો૦ ૫૨૧. જુઓ જુઠો પુરાવો ૮૩, ૮૪.

રાણી વિરૂદ્ધ મહમદ હુમાયુ શાહ. ૨૧ વિ. રી. ૭૨. જુઓ જુઠો પુરાવો ૯૭.

પાલનીચેતી અપેલેન્ટ, ૪ મ. હા. કો. રી. ૫૧ જુઓ જુઠો પુરાવો ૮૬.

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છેઃ—

રાણી વિ. હરદયાળ, ૩ બે૦ લો૦ રી૦ ક્રી૦ અ ૩૫. જુઓ જુઠો પુરાવો ૯૩.

રાણી વિરૂદ્ધ મોતી ખોવા, ૩ એં. લો. રી. ક્રી. અ. ૩૬. જુઓ જુઠો પુરાવો ૯૨.

રાણી વિરૂદ્ધ લચમનસીંગના કેસમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૩૯૮. જુઓ તપાસણી ૨૦.

૯૬ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—બે તોહોમતો - એક તોહોમત વિષે ગુન્હો કર્યાનો જવાબ બીજા વિષે નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે - એક બીજાથી વિરૂદ્ધ વાતોના સબંધમાં ખોટી સાહેદી આપવાને માટે કોઇ કેદી ઉપર જુદા જુદા તોહોમતો રાખવામાં આવ્યા હોય અને એક તોહોમતને માટે ગુન્હો કર્યાના જવાબ તેણે આપ્યા હોય તો તેથી બીજા તોહોમતો માટે તે નિર્દોષ ઠર્યો એવો સમાવેશ થઈ જતો નથી બીજા તોહોમતને માટે નિર્દોષ ઠરાવી છોડી મુકતાં પેહેલાં પુરાવો લેઈ તે તોહોમતની રજુ

ખાત ચલાવવાને સંસન કોર્ટ બંધાયેલી છે. રાણી વિરૂદ્ધ હુસેનઅલી, ૮ બેં૦ લો૦ રી૦ અપે. ૨૫.

(મી૦ એનસ્લી જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી અગષ્ટ સને ૧૮૭૧).

૯૭ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—બે માંનું એક તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—મી૦ જેકશન જડજે વિરૂદ્ધ પડીને ઘણા મતે એમ ઠરાવ્યું કે ઈનસાફી મુકરદમો ચાલતી વખતે એક બીજા થી વિરૂદ્ધ વાતો કેહેવાને માટે તોહોમતદાર ઉપર પીનલકોડની કલમ ૧૯૩ મુજબ બે તોહોમતો, ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૩ માં બતાવેલા નમુના મુજબ રાખવામાં આવ્યા હોય તો, તે કાયદેસર છે; અને (મેસર્સ ફીઅર અને જેકેશન જડજો વિરૂદ્ધ પડીને) વળી એમ ઠરાવ્યું કે ગુન્હેગાર ઠરાવતી વખતે આ બે માંની કઇ વાત ખોટી છે એ સ્પષ્ટ પુરાવા થી જ્યુરી અથવા કોર્ટને જેવાની જરૂર નથી. તોહોમતમાં બતાવેલી વાત સાબીત થઈ છે કે નહી એ બાબત સઘળી બાબતોમાં થી જ્યુરી અથવા કોર્ટે શોધી કાઢવી જોઈએ. રાણી વિરૂદ્ધ મહમદ હુમાયુ શાહ, ૨૧ વિ. રી. ૭૨; ૧૩ બેં૦ લો૦ રી૦ ૩૨૪

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, કેમ્પ, જેકશન, ફીઅર, માર્કબાય, ગ્લોવર, એનસ્લી, પોન્ટીફેક્ષ, બર્ચ અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી એપ્રીલ સને ૧૮૭૪).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

પાલનીચેતી અપેલેન્ટ, ૪ મ. હા. કો. રી. ૫૧. જુઓ જુઠો પુરાવો ૮૬.

રાણી વિરૂદ્ધ મુસામત જુમીરન, ૬ વિ. રી. ૬૫; બેં૦ લો૦ રી૦ ૫૨૧. જુઓ જુઠો પુરાવો ૮૩, ૮૪.

રાણી વિ. નારાયણદાસ, ૧ વિ. રી. ૧૫. જુઓ જુઠો પુરાવો ૧૦.

નિચેના કેસો વિરૂદ્ધ છે:—

રાણી વિ૦ સુંદર મોહુરી, ૯ વિ૦ રી૦ ૨૫. જુઓ જુઠો પુરાવો ૭૪.

રાણી વિ૦ કાલીચરન લાહોરી, ૯ વિ૦ રી૦ ૫૪ જુઓ જુઠો પુરાવો ૮૫.

રાણી વિ૦ નોમલ, ૪ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૯; ૧૨ વિ૦ રી૦ ૬૯. જુઓ જુઠો પુરાવો ૯૫.

રાણી વિ૦ ગોનાલ્લીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૨૨ વિ૦ રી૦ ૨. જુઓ જુઠો પુરાવો ૯૮.

રાણી વિ૦ ધુલેટના કામમાં આધાર રાખવામા આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૭ અ. ૪૪. જુઓ જુઠો પુરાવો ૧૦૨.

રાણી વિ૦ હબી મુલાહના કામમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૧૦ ક. ૯૩૭. જુઓ જુઠો પુરાવો ૧૦૧.

રાણી વિ૦ રામજી સજનરાવના કામમાં નજર રાખવામાં આવી, ઈં૦ લો૦ રી૦ ૧૦ મું૦ ૧૨૪. જુઓ જુઠો પુરાવો ૧૦૩.

નિચેના કેસોને લાગુ પડે છે:—

રાણી વિ૦ મોતી બોવા ૩. બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ ૩૬; ૧૨ વિ૦ રી૦ ૩૧. જુઓ જુઠો પુરાવો ૯૨.

રાણી વિ૦ કોલા ૪ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૪. જુઓ જુઠો પુરાવો ૯૪.

રાણી વિ૦ રોસ ૬ મ, હા. કો. રી. ૩૪૨. જુઓ જુઠો પુરાવો ૯૪.

રાણી વિ૦ બીદુનોશયો, ૩ બેં૦ લો૦ રી૦ ૩૨૫ ન. ૧૨ વિ૦ રી૦ ૧૧. જુઓ જુઠો પુરાવો ૯૧.

૯૮ જુઠો પુરાવો વિરૂદ્ધ હકીકત—બે માંથી એક તોહોમત—જુબાની—જુબાનીની નોંધ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૮૦—ખોટી પ્રતિજ્ઞાના બેમાંના એક તોહોમતના ઠરાવની મજબુતીમાં તોહોમતમાં બતાવેલી દરેક જાતની બાબત સાચી ઠરાવવાને કાયદેસર પુરાવો જોઇએ. કેદીએ હીંદુસ્તાનીમાં આપેલી જુબાની માજીસ્ટ્રેટે લેઈ ઈંગ્રેજીમાં લખી લીધેલી અને તે સાહેદીને વાંચી સંભળાવવામાં આવી હતી અને તે ખરી છે

એવું તેણે કબુલ કરસ્યું હતું એવો તેની નીચે માજીસ્ટ્રેટે સેરો કરેલો, પણ તે હિંદુસ્તાની જુબાની જે માણસે ઈંગ્રેજીમાં લખી લીધીહતી તે માણસને સાહેદી તરીકે બોલાવી તેની ઉલટ સુલટ તપાસ કેદીએ કરી નોહોતી, તે ઉપરથી તે બરોબર ખાત્રી પુર્વક નથી એમ ઠરાવવામાં આવેલી હતી. તે જુબાની ક્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવ્યા પ્રમાણે બરોબર ઠરાવી પુરાવામાં દાખલ કરવામાં આવી હતી અને તે જુબાનીમાં બતાવેલી ખરી હકીકતનો, સેરો અને તરજુમો ખરો છે એ બાબતના સબંધનો પણ કેટલોક પુરાવો છે, એવું પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૮૦ મુજબ ઠરાવવામાં આવ્યું હતું. રાણી વિ૰ ગોનાઉરી. ૨૨ વિ૰ રી૰ ૨.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૰ ૨૧ મી એપ્રીલ સને ૧૮૭૪.)

રાણી વિ. મહમદ હુમાયુ શાહના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૧ વિ. રી. ૭૨. જુઓ જુઠો પુરાવો ૯૨.

[illegible] જુઠો પુરાવો-વિરૂદ્ધ હકીકત-એમાંનું એક તોહોમત-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૩-જે સેસન કોર્ટની રૂબરૂ હકીકત કેહેવામાં આવી હતી તે સેસન કોર્ટની રૂબરૂ રજુઆત-શિક્ષા રદ થએલી તે—જે કેદીએ સોગન ઉપર સેસન કોર્ટમાં અને માજીસ્ટ્રેટની કોર્ટમાં કેટલીક એક બીજાથી વિરૂદ્ધ હકીકત બતાવી હતી, તે કેદીને માજીસ્ટ્રેટની અથવા સેસન એમાંથી એક કોર્ટમાં ખોટી સાહેદી આપવાને માટે, સેસન કોર્ટે ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૩ મુજબ તોહોમતની તપાસ કરવાનો સેસન કોર્ટને અધીકાર નથી. રાણી વિ. સુંદરી આહ, ઈ૰ લો૰ રી૰ ૩ મ. ૨૫૪.

(મી૰ ટરનર જડજની રૂબરૂ, તા૰ ૮ મી અગષ્ટ સને ૧૮૮૧.)

૧૭૭ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—સન ૧૮૭૯ નો ૧ લો સ્ટાંપ આક્ટ કલમ ૫૧—બગડેલા સ્ટાંપની છુટની અરજી—કલેકટરે કરેલી તજવીજ—વિરૂદ્ધ હકીકત-એક**હા તોહોમતો—બેમાંથી એક તોહોમત--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૧, ૧૯૩—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૫૫-કલેકટરે કેવો પુરાવો લેવો જોઈએ એ બાબતના સબંધમાં ગવરનર જનરલે ઠરાવેલા નિયમો પ્રમાણે ચાલીને આગળ બનાવેલી બાબતોમાં છાપેલા સ્ટાંપો બગડ્યાને માટે કલેકટર છુટ આપશે એવું સને ૧૮૭૯ ના આકટ ૧ લાના પ્રકરણ ૬ ની કલમ ૫૧ માં બતાવેલું છે. "જે કોઈ માણસ ઉપર બતાવેલા આકટના પ્રકરણ ૬ ઠા મુજબ પૈસા પાછા લેવાને માગે તેને અથવા તેણે અખત્યાર આપેલા એજન્ટને કલેકટર સોગન ઉપર મ્હોની જુબાની આપવાને" તે કલમના સબંધમાં ઠરાવેલા નિયમ પ્રમાણે બોલાવી શકે છે. આ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે બગડેલા સ્ટાંપોની પરવાનગીને માટે કરેલી અરજીઓની તપાસ કરવાને, અને તે બાબતમાં સોગન ઉપર જુબાની લેવાને અને આ અરજીઓ મંજુર અથવા ના મજુર કરવાને કાયદેસર અખ્તીકાર આપેલો અમલદાર કલેક્ટર પોતે છે પણ બીજો કોઈ માણસ નથી, તેથી તે બાબતમાં આપેલો અધીકાર તે કોઈ બીજા માણસને સોંપી શકે નહી. વળી એમ ઠરાવવામાં આવ્યું કે જે કેસમાં કોઈ માણસે સને ૧૮૭૯ ના આકટ ૧ લાના પ્રકરણ ૬ ઠા મુજબ પાછા પૈસા લેવાને અરજ કરી હોય અને તે અરજી કલેકટરે તપાસને માટે ડેપ્યુટી કલેક્ટર તરફ મોકલી હોય તો, અરજદારે રજુ કરેલા સાહેદીઓને સોગન આપવાને તેને અધીકાર નથી, તેથી કરીને આ સાહેદીઓએ કાંઇ હકીકત ખોટી બતાવી હોય તો તેમના ઉપર પીનલકોડની કલમો ૧૮૦ અને ૧૯૪ મુજબ તોહોમત રાખી શકાય નહી. પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ખોટી સાહેદી આપવાની ફરીઆદોમાં દરેક તોહોમ

તદારના કેસની જુદી તપાસ કરવી જોઈએ, અને કેસ રજુઆત ચલાવવાને કમીટ કરવામાં આવ્યો હોય તો જુદી રજુઆત ચલાવવી જોઈએ. એક તોહોમતમાં બધાં તોહોમતો સમાવવાં તે તદન ભુલ ભરેલું છે. એક વખત તોહોમતદારે સોગન ઉપર એક હકીકત લખાવી છે અને બીજી વખત તેનાથી વિરૂદ્ધ હકીકત લખાવી છે એજ બાબત ખોટી સાહેદી આપવાનો ગુન્હેગાર ઠરાવવાને બસ નથી. આવી હકીકતોમાંની કયી હકીકત ખોટી છે એ તોહોમતમાં બતાવવું જોઈએ એટલુંજ બસ નથી પણ જે બાબત ખોટી ઠરાવવામાં આવી છે તે બાબત ખોટી સાબીત કરવાને માટે મજબુતી મળે તેવો અને બીજી વિરૂદ્ધ હકીકત સાથે કાંઈપણ સબંધ ના રાખતો હોય તેવો પુરાવો ફરીઆદી પાસે તૈયાર હોવો જોઈએ. રાણી વિ. જેકશન, રાણી વિ. વીટલેન્ડ અને રાણી વિ. હેરીસના કેસો ઉપર નજર રાખવામાં આવી હતી. જે માણસે એક વખત સોગન ઉપર એક વાત બતાવી હોય અને બીજે પ્રસંગે સોગન ઉપર તેનાથી તદન વિરૂદ્ધ વાત બતાવી હોય તેને માટે ખોટી સાહેદી આપવાનું તેના ઉપર તોહોમત "એમાંથી એક વિરૂદ્ધ વાતને માટે" રાખવાના આધાર તરીકે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૫ બતાવાય નહી; તે શબ્દોનો અર્થ તે કલમ મુજબ એવો થાય છે કે સાબીત થયેલી ખરી હકીકત ઉપરથી જ્યાં અગાડી સંદેહ ઉત્પન્ન થાય કે તોહોમતદારે કેવી અમુક જાતનો ગુન્હો કર્યો છે તેવી બાબતમાં કાયદેસર સાંકેતીક મુસકેલાઈને લીધે ગુન્હામાંથી ના બચી જાય તેવી રીતે તોહોમતોમાં ફેરફાર કરી શકાય અથવા એમાંથી એક તોહોમત મુકી શકાય. કાયદેસર ખરૂ કેહેવાને સોગન ઉપર બંધાયેલા ત્રણ માણસોએ તા૦ ૨૬ મી સપટેંબર અથવા તા૦ ૧૮ મી અકટોબર સને ૧૮૮૧ ને રોજ અથવા તે અરસામાં એકજ બાબત વિષે જાણીબુઝીને ખોટી વિરૂદ્ધ હકીકત બતાવ્યાથી તેઓએ પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ગુન્હો કરેલો અને તે ગુન્હાઓને માટે તેમની એકઠી રજુઆત ચલાવવામાં આવેલી તે કામમાં એમ ઠરાવવામાં આવ્યું કે, જુદુ જુદુ અને દરેકના સબંધમાં અમુક તોહોમત રાખવાને બદલે ત્રણે તોહોમતદારો ઉપર એક અને એકઠું તોહોમત રાખવામાં આવ્યું તે કાયદા વિરૂદ્ધ હતું; અને વળી વધારે કાયદા વિરૂદ્ધ એ હતું કે કયી હકીકત ખોટી હતી એ સ્પષ્ટ શબ્દોમાં બતાવવામાં આવ્યું નોહોતું; અને આવા ભુલ ભરેલા તોહોમત ઉપર કમીટ કરેલું કાયમ રાખવું જોઇએ એમ ધારીએ તો સેસન કોર્ટે જે હકીકત ખોટી હતી તે વાસ્તવીક રીતે બતાવીને તોહોમતદારોમાંના દરેક ઉપર નવું તોહોમત મુકીને કામની જુદી જુદી રજુઆત ચલાવવી જોઇતી હતી; અને આ માણસોમાં બે માણસોએ બતાવેલી હકીકત બીજા માણસની હકીકતથી વિરૂદ્ધ હતી તે સીવાય તેમાંની એક હકીકત ખોટી હતી એ બાબતનો પુરાવો નહી હોવાથી, આ માણસો ઉપર બેમાંની એક હકીકત ખોટી હતી એ બાબતના પુરતા પુરાવા સીવાય તોહોમત રાખી શકાતું નથી. રાણી વિ. નીઆઝઅલી, ઈં૦ લો૦ રી૦ ૫ અ. ૧૭.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને સ્ટ્રેટ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઈ સને ૧૮૮૨.)

નિચેના કેસોને લાગુ પડે છે:—

રાણી વિ. જેક્સન લુઈ, સી, સી. ૬. ૨૭૦.

રાણી વિ૦ હેરીસ, ૫ બી૦ ૮૨૬,

રાણી વિ૦ વીટલેન્ડ, ૮ સી. અને પી. ૨૩૮.

રાણી વિ૦ હબી બુલાહના કામમાં નજર રાખવામાં આવી, ઇ૦ લો૦ રી૦ ૧૦ ક. ૯૩૭. જુઓ જુડો પુરાવો ૧૦૧.

રાણી વિ૦ ઘુલેટ, ઈં૦ લો૦ રી૦ ૭ અ. ૪૪. જુઓ જુડો પુરાવો ૧૦૨.

૧૦૧ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—એમાંથી એક તોહોમત—શિક્ષા—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૩૩, ૫૫૪ અને સેડયુલ ૫, નં ૨૮—ઈનસાફી મુકરદમામાં સાહેદી તરીકે ફરીથી અને ઉલટ સુલટ તપાસ થતી વખતે કેદીની એકજ જુબાનીમાં કેટલીક વિરૂદ્ધ હકીકત આવી ગયાની ખોટી સાહેદી આપવાનું તોહોમત રાખી ક્રીમીનલ પ્રોસીજર કોડના સેડયુલ ૫ ના નમુના ૨૮ માં બતાવ્યા પ્રમાણે એમાંથી એક તોહોમતને માટે તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ઠરાવમાં બતાવવામાં આવ્યુ નોહોતું કે કઈ વીરૂધ હકીકત ખોટી હતી. મી૦ નોરીસ જડજે વિરૂદ્ધ પડીને એમ ઠરાવવામાં આવ્યું કે આ બાબતને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૩ અસર કરતી નથી અને તેથી શિક્ષા કાયદેસર હતી. મી૦ વિલસન જડજનો મત—રાણી વિ૦ બેદુ નોશયો (૧૨ વિ૦ રી૦ ૧૧) નો ફેંસલો, તોહોમતો રાખી ઈનસાફ કરવાને માટે જો કે કોર્ટના વિચારને એક રસ્તા તરીકે છે, તોપણ તેથી તે બાબતમાં લાગુ પડતા કાયદાને અસર થતી નથી. રાણી વિ૦ હબી બુલાહ, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૯૩૭.

(મેસર્સ વીલસન, ટોટનહામ અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી એપ્રીલ સને ૧૮૮૪).

નિચેના કેસો લાગુ પડે છે:—

રાણી વિરૂદ્ધ મુસામત ઝુમીરન, ૬ વિ. રી. ૬૫. એં૦ લો૦ રી૦ વો૦ ૫૨૧. જુઓ જુઠો પુરાવો ૮૩, ૮૪.

રાણી વિરૂદ્ધ બેદુ નોશયો, ૧૨ વિ. રી. ૧૧. જુઓ જુઠો પુરાવો ૯૧.

રાણી વિરૂદ્ધ મહમદ હુમાયુ શાહ, ૨૧ વિ૦ રી૦ ૭૨; ૧૩ એં૦ લો૦ રી૦ ૩૨૪. જુઓ જુઠો પુરાવો ૯૭.

કાયલાશચંદર ઘોસ સુનાટન ચંગબારૂઈ, ઈ૦ લો૦ રી૦ ૭ ક૦ ૧૩૨ દિવાની રૂલીંગ રાણી વિ. નીઆઝઅલી, ઈ. લો. રી. ૫ અ. ૧૭. જુઓ જુઠો પુરાવો ૧૦૦.

૧૦૨ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ સેડયુલ ૫ નંબર ૨૮—એમાંથી એક તોહોમત—જરૂર વિનાની ખોટી હકીકત કહેવી તે—પીનલકોડની કલમ ૧૯૩ મુજબના તોહોમતમાં સોગન ઉપર બતાવેલી બે વિરૂદ્ધ હકીકતોમાંની કઇ હકીકત ખોટી હતી એ બતાવવાની કાંઈ જરૂર નથી, પણ (વિરૂદ્ધતાનો ખાત્રી લાયક ખુલાસો મળ્યા સીવાય) ખોટી સાહેદી આપવાનો ગુન્હો ઠરાવવાને તોહોમતદારે સોગન ઉપર એક વખતે એક હકીકત કહી અને બીજી વખતે તેનાથી વિરૂદ્ધ હકીકત કહી છે એ સાબીત કરવું બસ છે. રાણી વિ. ઝુમીરન, (૬ વિ૦ રી૦ ૬૫) રાણી વિ૦ પાલનીચેતી, (૪ મ. હા. કો. રી. ૫૧) અને રાણી વિ. મહમદ હુમાયુ શાહના કેસોના આધાર પ્રમાણે ચાલવામાં આવ્યું. રાણી વિ૦ નીઆઝઅલી, (ઈ. લો. રી. ૫ અ. ૧૭) નો કેસ રદ થઈ ગયો. મી૦ ડુથોઈટ જડજનો મત—બે હકીકતો એક બીજાને મળતી છે એવું જેમ બને તેમ અનુમાન કરવું જોઈએ, અને તેમાંની એક હકીકત ખોટી છે એવું કારણ બતાવી ગુન્હો ઠરાવતાં પેહેલાં એ સાબીત થવું જોઈએ કે તે તદન એક બીજાથી વિરૂદ્ધ છે. હીંદુસ્તાનના કાયદાના અર્થ પ્રમાણે આ બાબત ઉપર ઈંગ્રેજી ફેંસલાઓ લાગુ પડતા નથી, કારણ કે હિંદુસ્તાનના કાયદા બાંધનારાઓએ ખોટી પ્રતિજ્ઞાના સબંધમાં ઇંગ્રેજી કાયદાનો આધાર લીધો નથી. ટ્રીમબલ વિરૂદ્ધ હીલ, (લો૦ રી૦ અપીલ કેસીસ ૩૪૨) અને કેથમા નટચીઅર વિરૂદ્ધ ડોરાસીંગા ટેવર, (લો૦ રી૦ ૨ ઈન્ડ. અપીલ ૧૫૯) ના કેસો ઉપર નજર રાખવામાં આવી. રાણી વિ. હુલેટ, ઈ૦ લો૦ રી૦ ૭ અ. ૪૪.

(મેસર્સ સ્ટેઇટ કામ ચલાઉ ચીફ જ સ્ટીસ અને ડુયેઇટ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જુલાઈ સને ૧૮૮૪).

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છેઃ--

રાણી વિ. મુસામત રૂમીરન, ૬ વિ૦ રી૦ ૬૫. બેં૦ લો૦ રી૦ વો૦ ૫૨૧. જુઓ જુઠો પુરાવો ૮૩, ૮૪.

પાલનીચેતી કેદી, ૪ મ. હા કો. રી. ૫૧. જુઓ જુઠો પુરાવો ૮૯.

રાણી વિરૂદ્ધ મહમદ હુમાયુ શાહ, ૧૩ બેં૦ લો૦ રી૦ ૩૨૪. જુઓ જુઠો પુરાવો ૯૭.

રાણી વિ. નીઆઝઅલીનો કેસ રદ થ ઈ જાય છે. ઈં૦ લો૦ રી૦ ૫ અ. ૧૭. જુ ઓ જુઠો પુરાવો ૧૦૦.

રાણી વિ. રામજી સજાબરાવના કેસમાં નજર રાખવામાં આવી. ઈં, લો. રી. ૧૦ મું. ૧૨૪. જુઓ જુઠો પુરાવો ૧૦૩.

૧૦૩ જુઠો પુરાવો—વિરૂદ્ધ હકીકત— સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૫, ૨૩૨, ૨૩૩, ૫૩૭–બેમાં નું એક તોહોમત--પીનલકોડની બે જુદી જુદી કલમો મુજબ બે જુદા ગુન્હાઓને માટે બેમાંથી એકનું તોહોમત—સરકારી નોકરને ખોટી ખબર આપવી તે--જુઠો પુરાવો--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૨, ૧૯૩—સને ૧૮૭૮ નો ૭ મો જંગલ નો આકટ--તજવીજ કરનાર માજીસ્ટ્રેટે તોહોમતદાર ઉપર બેમાંથી એક બાબતનું નીચે મુજબ તોહોમત રાખ્યું હતું:—"હું ડબલ્યુ. ટે નામનો ફરસ્ટ કલાસ માજીસ્ટ્રેટ રામજી સજાબરાવ ઉપર નિચે પ્રમાણે તોહોમત રાખુ છું કે નંદરપડામાં તા૦ ૧૩ મી અકટોબર સને ૧૮૮૨ ને રોજ અથવા તે અરસામાં તમોએ એમ લખાવ્યું કે માહાદુ લક્ષ્મણ અને વિષ્નુ વામન નામના બે માણસો ગોહીના જંગલમાંથી સાગના લાકડાં જંગલના અમલદાર નારાયણ રામચંદ્રને ઘેર લેઈ જતા મેં જોયા હતા, અને તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫ ને રોજ તમોએ પેનના ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટની રૂબરૂ સોગન ઉપર આ માણસોની રજુઆત ચાલતી વખતે એમ લખાવ્યું કે તેઓ સાગના લાકડાં કયાંથી લાવ્યા હતા તેની મને ખબર નથી, તેથી હું ચલાવી શકુ તેવો પીનલકોડની કલમો ૧૮૨ અથવા ૧૯૩ મુજબ તમોએ ગુન્હો કરયો છે; તેથી હું હુકમ કરૂ છું કે ઉપર બતાવેલી કોર્ટમાં રામજી સજાબરાવ ઉપર તેજ તોહોમતને મા ટે કામ ચલાવવું જોઈએ" રજુઆત ચાલતી વખતે આ બંને હકીકતોમાંની પેહેલાની હકીકત ખરી છે એવી તોહોમતદારે ખાત્રી કરી આપી અને બીજી હકીકતને માટે નામુકર ગયો. આમાંની કઈ હકીકત ખોટી હતી એ નહીં માલમ પડવાથી માજીસ્ટ્રેટે સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમો ૧૮૨ અથવા ૧૯૩ મુજબ તોહોમતદારને બેમાંથી એક બાબતને માટે ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૩૩ મુજબ મના કરેલા રૂપમાં તોહોમત રાખવાથી તોહોમત કાયદેસર નોહોતું, કારણ કે તે કલમમાં એમ બતાવેલું છે કે દરેક જુદા ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવેલા કોઈ માણસ ઉપર જુદુ તોહોમત રાખવામાં આવશે તેમજ વળી ક્રીમીનલ પ્રોસીજર કોડના સેડયુલ ૫ ના નંબર ૨૮ ના નમુનામાં બતાવ્યા પ્રમાણે તોહોમત ઘડવાથી તે ઉપર તોહોતમદારની રજુઆત ચલાવી શકાય નહીં; કારણ કે તકરારમાં બતાવેલી હકીકત ઉપરથી તેની પોતાનીજ વિરૂદ્ધતાને લીધે જુદા ગુન્હાનું તોહોમત રાખવાનો કાંઈ પણ રસ્તો નોહોતો. એક બીજાથી વિરૂદ્ધ હકીકતને માટે પીનલકોડની કલમ ૧૯૩ મુજબ તેના ઉપર તોહોમત રાખી શકાય નહીં કારણ કે તેને ફક્ત એક જુબાની આપી હતી અને તેમાં કાંઇ તફાવત નોહોતો; તેવીજ રીતે તેના ઉપર પીનલકોડની કલમ ૧૮૨ મુજબ પણ તોહોમત રાખી શકાય નહીં, કારણ કે સરકારી નોકરને તોહો

મલદારે એક વાર ખબર આપી હતી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૫, ૨૩૨ અને ૫૩૭ ઉપર નજર રાખતાં આવા તોહોમતને માટે ગુન્હેગાર ઠરેલો તોહોમતદાર પોતાના જવાબમાં ખોટે રસ્તે દોરાવવો જોઈએ એમ અનુમાન થતાં તેનો ગુન્હો અને સજા રદ કરવી જોઈએ. ધારેલી વિરૂદ્ધ હકીકત ઉપરનાં તોહોમતોમાં જેમ બને તેમ હકીકત મળતી આવે છે એવું અનુમાન કરવું જોઈએ. જંગલનો સને ૧૮૭૮ નો આકટ ૭ માની કલમ ૧૭૨ મુજબ જંગલનો અમલદાર પીનલકોડના અર્થમાં બતાવ્યા પ્રમાણે સરકારી નોકર છે. પીનલકોડની કલમ ૧૮૨ માં બતાવેલા ઇરાદાથી કાંઈપણ ખબર, ખબર આપનાર માણસે પોતાની ખુશીથી અથવા અમલદારે પુછેલા સવાલોના જવાબમાં આપી હોય તો તે કલમ મુજબ તે ગુન્હાની શિક્ષા થઈ શકે છે. રાણી વિ. રામજી સજાબરાવ, ઈં૦ લો૦ રી૦ ૧૦ મું, ૧૨૪.

(મેસર્સ નાનાભાઈ હરીદાસ અને વેડરનબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૭ મી સપટંબર સને ૧૮૮૫.)

રાણી વિ. મહમદહુમાયુશાહના કામમાં નજર રાખવામાં આવે છે, ૧૩ ઍ. લો, રી. ૩૨૪. જુઓ જુઠો પુરાવો ૯૭

રાણી વિ. બુલેટના કામમાં નજર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૭ અ. ૪૪. જુઓ જુઠો પુરાવો ૧૦૨

૧૦૪ જુઠો પુરાવો—જુદી રજુઆત—તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૧૯૩—પીનલકોડની કલમ ૧૯૩ મુજબ જાણીબુઝીને ખોટી સાહેદી આપવાને માટે ઘણા માણસો ઉપર એકઠું તોહોમત રાખવું એ તદન ભૂલ ભરેલું છે. તે કલમ મુજબ રાખેલા તોહોમતમાં, 'તોહોમતદારોએ અથવા તેમાંના કોઈપણ માણસે કહેલી હકીકત,જે તકરારમાં બતાવવામાં આવે છે તે કઈ હકીકત હતી અને તોહોમત રાખેલો ખોટી સાહેદી આપવાનો ગુન્હો કયા અમલદાર અથવા કોર્ટની રૂબરૂ થયેલો અને કઈ તારીખે થયેલો એ સઘળું બરોબર રીતે બતાવવું જોઈએ. રાણી વિ. માહારાજ મીસર વિગેરે અપેલેન્ટો, ૧૬ વિ. રી. ૪૭; ૭ ઍં. લો. રી. અપે. ૬૬.

(મેસર્સ મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી સપટંબર સને ૧૮૭૧.)

રાણી વિ. ફતેઅલી બીસ્વાસના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૧૦ વિ. રી. ૩૭. જુઓ જુઠો પુરાવો ૭૭.

રાણી વિ. ફતીક બીસ્વાસના કામમાં નજર રાખવામાં આવે છે. ૧ ઍં. લો. રી. ક્રી. અ. ૧૫. જુઓ હકીકત તોહોમતદારની ૧.

૧૦૫ જુઠો પુરાવો—જુદી રજુઆત—કમીટ કરવું તે—કેટલાક કેદીઓની એકઠી તજવીજ—એકજ કામમાં ખોટી સાહેદીઓ આપવાને માટે કેટલાક માણસો ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોયતો એકઠી રજુઆત ચલાવી કામ કમીટ કરાય નહી. એકઠા કમીટ કરેલા કેદીઓનું કામ જુદુ ચલાવવાનો સેસન કોર્ટનો અધીકાર નથી. રાણી વિ. કરીમ અને બીજો ૧૧ વિ. રી. ૧૬.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૪ માર્ચ સને ૧૮૬૯.)

૧૦૬ જુઠો પુરાવો—જુદી રજુઆત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૧૯૬—ખોટુ જાણીને પુરાવામાં આપવું તે—એકજ કામમાં કેટલાક માણસો ઉપર ખોટી સાહેદી આપવાનું તોહોમત રાખવામાં આવ્યું હોય તો તેઓનો તપાસ એકઠો કરવો જોઈએ. **અ બ સ ડ** અને **ય** નામના માણસોની એકઠી રજુઆત ચલાવવામાં આવી હતી તેમાં **અ** ઉપર ઈનસાફી મુકરદમામાં પોતે રજુ કરેલા પૈસા આપ્યાની ત્રણ પોંચો અને બનાવટી દસ્તાવેજ ખરા ત

રીફ ખોટી રીતે વાપર્યાના ત્રણ તોહોમતો, અને ખોટી જાણીને પુરાવામાં આપવાના ત્રણ તોહોમતોના સબંધમાં એકઠી રજુઆત ચલાવવામાં આવી હતી; અને મ બ ક અને પ નામના માણસો ઉપર તેજ ઈનસાફી મુકરદમામાં પૈસા આપ્યા સબંધી ખોટી સાહેદી આપવાના તોહોમતો રાખી એકઠી રજુઆત ચલાવવામાં આવી હતી. ગેરવાજબી રીતે એકઠી રજુઆત ચલાવ્યાથી તેઓના સબંધમાં તોહોમતદારોના વિરૂદ્ધ કાંઈ અભીપ્રાય બંધાયો નોહોતો એવું કોર્ટ ઠરાવી નહી શકયાથી શિક્ષા રદ કરી અને દરેક તોહોમતદારની જુદી નવેસરથી રજુઆત ચલાવવાનો કોર્ટે હુકમ કર્યો. રાણી વિ. આનતરામ, ઈં લૉ. રી. ૪ મ. ૨૯૩.

(મી૰ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૰ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨).

રાણી વિ૰ નથુ સેખના કામમાં આ ધાર રાખવામાં આવ્યો, ઈં૰ લૉ૰ રી૰ ૧૦. ક. ૪૦૫. જુઓ જુઠો પુરાવો ૧૦૮,

૧૦૭ જુઠો પુરાવો—જુદી રજુઆત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૧૮૧, ૧૯૩-અનિયમીત રજુઆત—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ ક કલમ ૨૮૩—સને ૧૮૭૯ નો ૧૮ મો વકીલ મુખત્યારનો આકટ ઈનસાફી મુકરદમો—તોહોમતદારની પ્રતિજ્ઞા પુર્વક તપાસ—વકીલ મુખત્યારના આકટમાં બતાવ્યા મુજબ વકીલની વર્તણુક વિષેની તપાસ કરતી વખતે પ્રતિજ્ઞા પૂર્વક એકજ બાબત વિષે ખોટી હકીકત બતાવ્યાથી ત્રણ માણસો જેમાંનો એક વકીલ હતો તેમના ઉપર પીનલકોડની કલમ ૧૮૧ મુજબ તોહોમત રાખી તેમનું એકઠું કામ ચલાવી ગુન્હેગાર ઠરાવેલા તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે વકીલને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા કાયદા વિરૂદ્ધ હતી, કારણ કે પ્રતિજ્ઞાપુર્વક તેની હકીકત કાયદા વિરૂદ્ધ લેવામાં આવી હતી. વળી એમ પણ ઠરાવ્યું કે ત્રણ માણસોની એકઠી રજુઆત ચલાવી તે રજુઆત રદ કરે તેવી રીતે મુકરદમો ચલાવવામાં મોટી ભૂલ હતી. વળી વધારામાં એમ ઠરાવ્યું કે વકીલ મુખત્યારના આકટ મુજબ કરેલી ત પાસ ઈનસાફી મુકરદમો હોવાથી તેની અંદર સાહેદીઓએ પ્રતિજ્ઞા પૂર્વક કહેલી હકીકતને માટે પીનલકોડની કલમ ૧૯૩ મુજબ તોહોમત રાખી જુદી રજુઆત ચલાવવી જોઈએ, રાણી વિ૰ સુબા, ઈં૰ લૉ૰ રી૰ ૬ મ. ૨૫૨.

(મેસર્સ ઈન્સ અને કરનાન જડજોની રૂબરૂ, તા૰ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૮૩).

૧૦૮ જુઠો પુરાવો—જુદી રજુઆત—એકજ મુકરદમામાં ખોટી સાહેદી આપવાને માટે એક કરતાં વધારે માણસો ઉપર તોહોમત રાખેલું હોય તે વખતની કામ ચલાવવાની રીત—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૧—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—ખોટી સાહેદી આપવાને માટે બેમાંથી એક તોહોમત ઉપર ઠરાવેલા ગુન્હાની મજબુતીને માટે ખાસ બેમાંની એક હકીકત જુઠી હતી એવો પુરાવો આપવામાં ના આવ્યો હોય તો, સ્પષ્ટ રીતે બતાવવું જોઇએ કે બંને હકીકતો અરસપરસ વિરૂદ્ધ હતી. રાણી વિ. કાસીમખાન, (ઈં૰ લૉ૰ રી૰ ૭ ક. ૧૨૧) ના કેસમાં ફુલ બેન્ચે ઠરાવેલા કાયદામાં સને ૧૮૮૨ ના ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૧ થી ફેરફાર થયેલો છે, અને કોઇ સાહેદી, પોલીસ અમલદારના સવાલ જેનો જવાબ આપવાને તે બંધાયેલો છે તેના જવાબમાં ખોટી હકીકત બતાવે તો જાણીબુઝીને ખોટી સાહેદી આપવાનો તે ગુન્હેગાર થાય છે. એકજ મુકરદમામાં ખોટી સાહેદી આપવાને માટે ચાર માણસો ઉપર તોહોમત રાખવામાં આવ્યાથી સેસન જડજે દરેક તોહોમતદારની રજુઆત ચલાવવાનું કબુલ રાખીને ફકત એક વાર સાહેદીઓની જુબાનીઓ લીધી તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આ રજુઆત ખરી રીતે ચાર કેદીઓની એકઠી રજુઆત હતી અને તે કામ ચલાવવાની ગેરવાજબી રી

ત હતી. રાણી વિ. નથુ શેખ, ઈ. લે. રી. ૧૦ ક. ૪૦૫.

(મેસર્સ મેકડોનલ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪).

રાણી વિરૂદ્ધ કાસીમખાનના કેસનો અર્થ કરી બતાવવામાં આવે છે. ઈ. લો. રી. ૭ ક. ૧૨૧. જુઓ જુઠો પુરાવો ૧૧૨.

રાણી વિ. આનંતરામના કામમા આધાર રાખવામાં આવે છે. ઈ. લો. રી. ૪ અ. ૨૯૩. જુઓ જુઠો પુરાવો ૧૧૬.

૧૦૯ જુઠો પુરાવો—પોલીસની રૂબરૂ કહેલી હકીકત—તોહોમત રાખેલી હકીકતોમાંની એક હકીકત જુલમથી પોલીસની રૂબરૂ બતાવવામાં આવ્યાથી, ખોટી સાહેદી આપવાના તોહોમત ઉપર ગુન્હો ઠરાવવાની યોગ્યતા વિષેની ટીકા. રાણી વિરૂદ્ધ નાગેનાઉરટ, ૩ વિ. રી. ૬.

(મેસર્સ કેમ્પબેલ, જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ મે સને ૧૮૬૫.)

૧૧૦ જુઠો પુરાવો—પોલીસની રૂબરૂ કહેલી હકીકત—કાયદેસર ખબર આપવાને બંધાયેલો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૭—પોલીસ અમલદારની અગાડી જુબાની આપતી વખતે કોઈ માણસે ખોટી હકીકત બતાવી હોય તો તેને પીનલકોડની કલમ ૧૭૭ લાગુ પડતી નથી; પણ કાયદા પ્રમાણે જે કેસોમાં અને એવી જાતના બીજા કેસોમાં જમીનદારો અને ગામડાના ચોકીઆતો ગુન્હો થયાની ખબર આપવાને બંધાયેલા છે તેવા કેસોને લાગુ પડે છે. રાણી વિ. લુખીસીંગ વિગેરે, ૧૨ વિ. રી. ૨૩.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૫ જુલાઈ સને ૧૮૬૯).

૧૧૧ જુઠો પુરાવો—પોલીસને કહેલી હકીકત—ન્યાયની કોર્ટમાં મુકરદમો ચાલતા પેહેલાં પોલીસે કરેલી તજવીજમાં કોઈ માણસોએ પોલીસે પુછેલા સવાલોના જુઠા જવાબો આપ્યા હોય તો તેઓ પીનલકોડની કલમો ૧૯૧ અને ૧૯૩ મુજબ ગુન્હેગાર થઈ શકે. જગરનાથ સાહી અને બીજાની બાબતમાં, ૮ ક. લો. રી. ૨૩૬.

(મેસર્સ કનીંગહામ અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૮૧.)

રાણી વિ. નીમચંદ મુકરજીના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૦ વિ.રી. ૪૧. જુઓ જ્યુરી ૬૯.

રાણી વિ૦ યુદરપટ નાઇકના કામ ઉપર નજર રાખવામાં આવેછે. ૩ વિ. રી. ૫૯ જુઓ જુઠો પુરાવો બનાવવો તે ૧.

૧૧૨ જુઠો પુરાવો—પોલીસને કહેલી હકીકત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૧—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૮ માં બતાવેલા "સઘળા સવાલોના જવાબ આપશે" એ શબ્દો અથવા તે કોડની કલમ ૧૮૯ માં બતાવેલા "સઘળા સવાલોના જવાબ આપવાને બંધાશે" એ શબ્દોથી પીનલકોડની કલમ ૧૯૧ ના અર્થ પ્રમાણે "સાચુ બોલવાનો કાયદાનો ખાસ ઠરાવ" બનતો નથી. જે માણુસોને પોલીસે સવાલો પુછ્યા હોય તે માણસોથી બની શકે તેવી ખબર આપવાની તેઓને ફરજ પાડવાની મતલબ ફકત ક્રીમીનલ પ્રોસીજર કોડની ક. ૧૧૮ અને ૧૧૯ ની છે, અને તે માણસો ઉપર સાચુ બોલવાની કાયદેસર કાંઇ ફરજ તે કલમો નાખતી નથી. રાણી વિ૦ કાસીમખાન અને મુસામત ડહીઆ, ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૧૨૧; ૮ ક. લો. રી. ૩૦૦.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, પોન્ટીફેક્ષ, મોરીસ, મીતર, અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી એપ્રીલ સને ૧૮૮૧)

રાણી વિ૦ નથુ સેખના કામમાં અર્થ કરી બતાવવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૪૦૫. જુઓ જુઠો પુરાવો ૧૦૮.

રાણી વિ. નીમચંદ મુકરજીનો કેસ રદ થએલ છે. ૧૨ વિ૦ રી૦ ૪૧. જુઓ જ્યુરી ૬૯

૧૧૩ જુઠો પુરાવો—પોલીસની રૂબરૂ કહેલી હકીકત—પોલીસ તજવીજ—ઇનસાફી મુકરદમો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૫૫, ૧૬૧—પ્રકરણ ૧૪ મુજબ પોલીસ તજવીજ થતી વખતે કોઇ માણસની જુબાની લેવાતી હોય તો તે માણસ (જે સવાલોના જવાબથી પોતે ગુન્હેગાર થઈ શકે અથવા પોતાનો દંડ અથવા દંડ દાખલ મીલકત જપ્ત થઇ શકે તેવા જવાબો શીવાય) પોલીસે પુછેલા સઘળા સવાલોના ખરી રીતે જવાબ દેવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૧ મુજબ બંધાએલો છે, અને જાણીબુઝીને આ માણસે ખોટા જવાબો આપ્યા હોય તો, પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ઈનસાફી મુકરદમાના ભાગમાં ખોટી શાહેદી આપવાનો તે ગુન્હેગાર થાય છે. રાણી વિ૦ પરસારામ રાયસંગ, ઈં૦ લો૦ રી૦ ૮ મું૦

(મેસર્સ પીન્હે અને સ્કોટ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૮૩).

૧૧૪ જુઠો પુરાવો—ડેપ્યુટી માજીસ્ટ્રેટની રૂબરૂ કરેલો ઇકરાર—ડેપ્યુટી માજીસ્ટ્રેટની રૂબરૂ કરેલા ઈકરારમાં બતાવેલી હકીકત ઉપરથી ફરીઆદ માંડવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૧૯૯—કાયદા પ્રમાણે કરેલો ઇકરાર પુરાવામાં લેઈ શકાય તે—ફરીઆદ કરવાની પરવાનગીનો હુકમ થયેલો તે—કોઈ માણસ એફીડેવીટના નમુના પ્રમાણે ઇકરાર કરતો હોય તો તે માણસને સોગન આપવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટને અખીકાર નથી; આવી રીતના ઈકરારમાં બતાવેલી હકીકત ઉપરથી, આવા માણસ ઉપર, પીનલકોડની કલમો ૧૯૩ અથવા ૧૯૯ મુજબ ગુન્હો કર્યાને માટે, ફરીઆદ કરી શકાય નહી. ઈશ્વરચંદર ગુહો વિગેરેની બાબતની અરજીમાં, ઈં૦ લો૦ રી૦ ૧૪ ક. ૬૫૩.

(મેસર્સ સર. ડબલ્યુ. કોમર પેથેરામ નાઈટ ચીફ જસ્ટીસ અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુન સને ૧૮૮૭).

જુઓ એમાંનું એક તોહોમત ૨.

„ તોહોમત ૧૬.

„ કમીટ કરવું તે ૩૪, ૨૦, ૩૦.

„ કમપનસેસન ૨૪.

„ ફરીઆદ ૨૦.

„ કબુલાત ૮૦.

„ શિક્ષા ૧૪.

„ વર્ધમાન સજા ૧૧.

„ ખોટો પુરાવો કરવો તે.

„ જ્યુરી.

„ તપાસણી ૨૦.

„ ફરીઆદ કરવાની પરવાનગી. ૨, ૩, ૬, ૮, ૯, ૧૨, ૨૦, ૨૮, ૩૧, ૩૧, ૩૨, ૩૫, ૩૮, ૪૨, ૪૯, ૫૩, ૫૪, ૫૬, ૬૮, ૬૯. ૭૧, ૭૬. ૭૯.

„ સજા ૫૭.

„ સેસન કોર્ટ.

„ સંક્ષેપમાં તપાસ.

„ બીજીજગ્યાએ કેસ મોકલવો તે ૨,૫.

જુઠો પુરાવો કરવો તે—

૧ જુઠો પુરાવો કરવો તે—જુઠો પુરાવો કરવાનો પ્રયત્ન—સજા—કોઈ ઈનસાફી મુકરદમામાં વાપરવાને માટે ખોટો પુરાવો બનાવવાનો યત્ન કરવાને માટે સાત વર્ષનું અડધું એટલે સાડા ત્રણ વર્ષ ઉપરાંત શિક્ષા થઈ શકે નહી. રાણી વિરૂદ્ધ સુંદરપત નાઈક અને બીજો, ઉં૦ લિ૦ રી૦ ૫૯.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી અગષ્ટ સને ૧૮૬૫).

જગરનાથ સાહીની બાબતમાં નજર રાખવામાં આવી. ૮ ક. લો. રી. ૨૩૬. જુઓ જુઠો પુરાવો ૧૧૧.

૨ જુઠો પુરાવો કરવો તે—સજા—જાણીબુઝીને અને દ્વેષબુદ્ધિથી બીજા ગુન્હામાં વપરાયેલી ખોટી હકીકત તઈયાર કરીને ન્યાય ઉડાવવાનો યત્ન કરવાને માટે ત્રણ વર્ષની મુદતની સજા કરેલી એ ઘણી સખત સજા ન

થી. રાણી વિરૂદ્ધ કાલચંદ ઓઈડા, ૮ વિ૦ રી૦ ૧૮.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૨૨ મી જુન સને ૧૮૬૭.)

૩ જુઠો પુરાવો કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૪—તોહોમતદારે પોતાના દુશમનની વિરૂદ્ધ ઈનસાફી મુકરદમામાં પુરાવો કરવાને માટે મીઠું ભરવાનો વિચાર કરી એક ખાડો ખોદયો એવી હકીકતની સાબીતીથી ખોટો પુરાવો કરવાના યત્નનો ગુન્હો વાજબી રીતે થઈ શકે છે. રાણી વિ. નંદા, ૪ વા. દી. પ્રાં. ૧૩૩.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી અગષ્ટ સને ૧૮૭૨.)

૪ જુઠો પુરાવો કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૫—કેટલાક માણસોને ગુન્હેગાર ઠરાવાના ઈરાદાથી ખોટો પુરાવો ઉભો કરવાને માટે તોહોમતદારને પીનલકોડની કલમ ૧૯૫ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. કેદીએ ઝાહેરાંત રીતે કૃત્ય કર્યું હતું અને તે માણસને ગુન્હેગાર ઠરાવવાને કરવામાં આવ્યું હોય એવું ધારી શકાય તેમ નોહોતું; તેમજ એમ પણ સાબીત થયું નોહોતું કે ગુન્હેગાર ઠરાવવાની મજબુતીમાં કેદીએ કાંઇ કર્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે કેદીને થયેલી શિક્ષા કાયમ રાખી શકાય નહી. રાણી વિરૂદ્ધ શીબદયાળ, ૫ વા. દી. પ્રાં. ૧૮૮.

(મી૦ જારડીન જડજની રૂબરૂ, તા૦ ૭ મી જુન સને ૧૮૭૩).

૫ જુઠો પુરાવો કરવો તે—ચોરીનીમીલકત છુપાવવામાં ખુશીથી મદદ કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૨, ૧૯૩, ૪૧૪—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬—જુદા ગુન્હાઓ—કોઈ નિરપરાધી માણસના ઘરમાં અને ખેતરમાં તેને શિક્ષા કરાવાના ઈરાદાથી રેલવેની ચોરીની મીલકત છુપાવવામાં મદદ કરવાને માટે અરજદારને ગુન્હેગાર ઠરાવેલો, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે ઈનસાફી મુકરદમાના ભાગમાં ખોટો પુરાવો કરવાને માટે પીનલકોડની કલમ ૧૯૩ મુજબ અને ચોરીની મીલકત સંતાડવામાં ખુશીથી મદદ કરવાને માટે પીનલકોડની કલમ ૪૧૪ મુજબ બંને તોહોમતો માજીસ્રેટે અરજદાર ઉપર રાખ્યા તે કાયદેસર હતું. રાણી વિરૂદ્ધ રામેશ્વર રાઈ, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૩૭૯.

(મી૦ સ્પેન્કી જડજની રૂબરૂ, તા૦ ૨૩ મી એપ્રીલ સને ૧૮૭૭).

જુઠો પુરાવો કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૫૧૧—મદદગારી—म નામના માણસે, क નામના માણસને ख નામના માણસનો જુઠો વેષ ધારણ કરીને સરકારી સ્ટાંપનો કોઈ અમુક રકમનો કાગળ ખરીદ કરવાને ઉશકેર્યો, જેથી સ્ટાંપના કાગળ વેચનાર માણસે તે કાગળ ઉપર ખરીદ કરનાર તરીકે क નું નામ લખ્યું. ઈનસાફી મુકરદમામાં क ની વિરૂદ્ધ આવો શેરો પુરાવામાં લેવાય એવા ઈરાદાથી म એ આ કૃત્ય કર્યુ હતું. એમ ઠરાવવામાં આવ્યું કે ખરેખરી રીતે ખોટો પુરાવો કરવાનો ગુન્હો બન્યો હતો અને તેમાં म ને મદદગારી તરીકે વાજબી રીતે ગુન્હેગાર ઠરાવ્યો હતો. રાણી વિરૂદ્ધ રામસરન ચોબી, (૪ વા. દી. પ્રાં ૪૬) ના કેસનો તફાવત બતાવવામાં આવ્યો અને તેના ઉપર ટીકા કરવામાં આવી. રાણી વિ. મુલા, ઈં૦ લો૦ રી૦ ૨ અ. ૧૦૫.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી જાનેવારી સને ૧૮૭૯.)

રાણી વિ. રામસરન ચોબીના કેસમાં તફાવત બતાવવામાં આવે છે. ૪ વા. દી. પ્રાં. પા. ૪૬. જુઓ પ્રયત્ન ગુન્હો કરવાનો ૨.

નિચેના ફેંસલાઓ જુઓ:—

રાણી વિ. પીટરસન, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૩૧૬. જુઓ બે વાર લગ્ન ૬.

રાણી વિ. દયાલબાઉરી. ૩ બેં. લો. રી. ક્રી. અ. ૫૫. જુઓ પ્રયત્ન ગુન્હો કરવાનો ૧.

રાણી વિ. નંદા, ૪ વા. દી. પ્રાં. ૧૩૩. જુઓ જુઠો પુરાવો કરવાનો ૩.

૭ જુઠો પુરાવો કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૯, ૪૬૪ કલોઝ, ૨—જુઠો લેખ–દસ્તાવેજની તારીખ બદલવી તે—રજીષ્ટર કરવાને માટે કોઈ દસ્તાવેજની તારીખ ફેર બદલ કરવી, જે તારીખ ન ફેરવી હોત તો દસ્તાવેજ મુદતની અંદર રજીષ્ટરને માટે રજુ કરાત નહી, તે જુઠા લેખનો ગુન્હો ગણાતો નથી, કારણ કે બદદાનતથી અથવા કપટથી તે કૃત્ય કરવામાં આવ્યું હતું. એવો પુરાવો પીનલકોડની કલમ ૪૬૪ ના બીજા કલોઝ પ્રમાણે નથી પણ તે પીનલકોડની કલમ ૧૯૨ મુજબ ખોટો પુરાવો કરવાનો ગુન્હો ગણાય છે. રાણી વિ. મીરએકરઅલી, ઇ૦ લો૦ રી૦ ૬ ક. ૪૮૨.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૩ ડીસેંબર સને ૧૮૮૧).

૮ જુઠો પુરાવો કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૪૦૩—સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—કોઈ માણસે પોતાના ઘરની ભીંતમાં બાકુ પાડયું અને પેટી ભાગીને પોતાની છે એવું ધારતો હતો. તે જણશો અંદરથી તે લેઈ ગયો, પણ આ જણશો બાહારના ચોરો લઇ ગયા હશે એવુ ધારીને તે જણશોની તકરાર ચાલતી હતી તેથી પીનલકોડની કલમ ૪૦૩ મુજબ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવાનું અને તે કોડની કલમ ૧૯૩ મુજબ ઇનસાફી મુકરદમાના ભાગમાં રજુ કરવાને માટે ખોટો પુરાવો ઉભો કરવાનું એ બને તોહોમત તેના ઉપર રાખવામાં આવ્યાં હતાં. પેટીની અંદરની જણશો લેઇ જવાને માટે કોઈ માણસ ઉપર તોહોમતદારે ફરીઆદ કરી હોય એવું કામમાં સાબીત થયુ નોહોતુ. એમ ઠરાવવામાં આવ્યું કે ઉપલી હકીકત જોતાં પીનલકોડની બેમાંની એક કલમ મુજબ ગુન્હો થયો હતો. રાણી વિ. થેવારામ અને બીજો. ૧૦ ક. લો. રી. ૧૮૭

(મેસર્સ મોરીસ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૮૨).

૯ જુઠો પુરાવો કરવો તે–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—દીવાની કોર્ટે તકરારમાં બતાવેલો મોકરારી ખેડહક રદ કરવાથી, જે માણસે તે હક વિષે દાવો કર્યો હતો તે માણસે કોર્ટમાં અનામત પૈસા મુકતી વખતે પોતાની અરજીમાં એમ બતાવ્યું કે મોકરારી ખેડહકના સબંધમાં પૈસા અનામત મુકયા છે; તે ઉપરથી પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ખોટો પુરાવો બનાવવાનું તોહોમત રાખી તેને સજા કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે શિક્ષા કાયદા વિરૂદ્ધ હતી. ડાબી માહટો વિ. રામમોહન મુકરજી, ૧૦ ક. લો. રી. ૪૩૩.

(મેસર્સ મેકડોનલ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૪ એપ્રીલ સને ૧૮૮૨).

૧૦ જુઠો પુરાવો કરવો તે—સરકારી નોકરે ખોટું દફતર રાખવું તે–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૨૧૮—ઉપરી અમલદાર તરફ મોકલવાને સોંપેલો દસ્તાવેજ પોલીસ અમલદારે મોકલ્યો છે એવી ખોટી નોંધ તે અમલદારે પોતાના સરકારી રોજમેળમાં કરી, એવા ઈરાદાથી કે દસ્તાવેજ નહી મોકલવાને માટે પોલીસ આકટ મુજબ તેના ઉપર ફરીઆદ થાય તો તેના લાભમાં તે બાબત પુરાવામાં લેઈ શકાશે. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૧૯૨ ની વાખ્યામાં બતાવેલો ખોટો પુરાવો કરવાનો ગુન્હો સાબીત કરવાને માટે કામના પુરાવામાં ખોટો ઉભો કરેલો પુરાવો, જાણે પોલીસ અમલદાર પોલીસ આકટ મુજબ ગુન્હેગાર થયો હોય, તેવી રીતે દાખલ કરવો જોઈએ, રોજમેળમાં કરેલી નોંધ તોહોમતદારના લાભમાં પુરાવામાં લેઈ શકાય નહી, પણ તેના ધારવાથી ઉલટી રીતે તે તેના વિરૂદ્ધ પુરાવામાં લેઇ શકાય, અને નોંધના સંબંધમાં ખોટો પુરાવો બનાવવાને માટે તેને પીનલકો

ડની કલમ ૧૯૩ મુજબ ગેરવાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું હતું કે આવી નોંધ પોલીસ અમલદારે પોતાને શિક્ષામાંથી બચાવવાના ઇરાદાથી કરી હતી તેથી તે પીનલકોડની કલમ ૨૧૮ મુજબ ગુન્હેગાર નથી. રાણી વિરૂદ્ધ ગવરીશકર, ઈં૦ લો૦ રી૦ ૬ અ૦ ૪૨.

(મી૦ સ્ટ્રેઇટ જડજની રૂબરૂ, તા. ૨૪ મી જુલાઈ સને ૧૮૮૩).

૧૧ ખોટો પુરાવો કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૬—રજીસ્ટ્રારની રૂબરૂ ખોટો પુરાવો કરવો તે—કોર્ટની રૂબરૂ ખોટો પુરાવો કામમાં લેવો તે—**લ** નામના માણસે ખત ઉપરથી દાવો કર્યો, અને રજુઆત ચાલતી વખતે ખત રજીષ્ટર કરાવવાને માટે પોતે શક્તીવાન થાય તેને માટે ખોટા કાગળથી દાવાની મજબુતીમાં પુરાવો આપ્યો. પીનલકોડની કલમ ૧૯૬ મુજબ **લ** ને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે રજીસ્ટ્રારની રૂબરૂ કામમાં વાપરવાને માટે જો ખોટો કાગળ બનાવવામાં આવ્યો હોય તો પણ તે કાંઈ ગુન્હો ઠરાવવાને કાયદેસર અડચણ નોહોતી. રાણી વિરૂદ્ધ લક્ષમીજી, ઈં૦ લો૦ રી૦ ૭ મ૦ ૨૮૯.

(મેસર્સ ફીનડરસ્લી અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૮૮૪).

જુઓ ફરીઆદ ૩૯.
,, જુઠું તોહોમત ૧૨.
,, ઓરીસની સરકારી ચોપડી.
,, ફરીઆદ કરવાની પરવાનગી ૨૪, ૪૧,

૧ જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૩—તજવીજ—કોઈ દસ્તાવેજની નકલનો ખોટો લેખ બનાવે તો તે પીનલકોડની કલમ ૪૬૩ માં બતાવેલી ખોટા લેખની વાખ્યામાં આવી જાય છે. કોઈ અમુક માણસ ઉપર તોહોમત મુકવામાં આવ્યું હોય તો, સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૧ મુજબ તજવીજને માટે કેસ માજીસ્ટ્રેટ તરફ મોકલવાને કોર્ટને અધીકાર છે. ઈશાનચંદર દત્ત વિગેરે વિ૦ પ્રાણનાથ ચોધરી અને બીજો, વિ. રી. ૭૧; માર્શ રી. ૨૭૦.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, બેલી અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ફેબ્રુઆરી સને ૧૮૬૩).

રાણી વિ૦ માધબચંદર મીસરના કેસમાં મંજુર રાખવામાં આવ્યો. ૧૩ વિ૦ રી૦ ૪૫. જુઓ ફરીઆદ ૧૮.

જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૦.
,, જકાત ૧૦.
,, કપટથી મીલકતનું ખસેડવું તે ૨.

૨ જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૭૦, ૧૭૧—હકુમત—સદરઅમીનની રૂબરૂ રજુ થએલા કેટલાક દસ્તાવેજ ખોટા છે કે શી રીતે અને ખોટા માલમ પડે તો કોણે ખોટા બનાવ્યા છે તે બાબતની તજવીજ કરવાને દિવાની જડજે પીનલકોડની કલમ ૧૭૦ અને ૧૭૧ મુજબ માજીસ્ટ્રેટને હુકમ કર્યો. સદરઅમીનને અરજ કરેલી અને એવી જાતનો હુકમ કરવાને ના પાડેલી તે છતાં પણ હુકમ કરવાનો તેને અધીકાર હતો એમ ઠરાવવામાં આવ્યું. રાધાનાથ બાનરજી, કંગાલીમોલાહ વિગેરે, માર્શ રી. ૪૦૭.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ અને પંડીત જડજોની રૂબરૂ, તા૦ ૮ મી એપ્રીલ સને ૧૮૬૩).

ગાયનચંદ્ર રોયની બાબતમાં નજર રાખવામાં આવી. ૮ ક. લો૦ રી૦ ૨૬૭; ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૨૦૮. જુઓ જુઠું તોહોમત ૪૬.

૩ જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૭૪—ખોટા દસ્તાવેજનો કબજો—પીનલકોડની કલમ ૪૭૪ મુજબ ગુન્હો ઠરાવવાને કેદીએ ફેરફાર દસ્તાવેજ વાપ

યો હશે એ સાબીત કરવાની જરૂર નથી. ગુન્હો થવાનો ઇરાદો સાબીત કરવો જોઈએ પણ અનુમાન કરવો જોઈએ નહીં. રાણી વિ૦ લોકનાથ શાહ, વિ૦ રી૦ ૧૨ સપટંબર.

(મેસર્સ સ્ટીઅર અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૪.)

૪ જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૭—કલેકટરના ચલનમાં ફેરફાર કરવો તે—કપટથી કલેકટરનું ચલન બદલાવું તે પીનલકોડની કલમ ૪૬૭ માં બતાવ્યા પ્રમાણે દસ્તાવેજનો ખોટો લેખ ગણાય છે. રાણી વિ. હરીશ્ચંદર બોસ, વિ. રી. ૨૨ મી સપટંબર.

(મેસર્સ લોચ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૮૬૪.)

૫ જુઠો લેખ—ચલાવવું તે—એકી વખતની સજા—ખોટા દસ્તાવેજો ચલાવવાના ગુન્હાને માટે આ દેશમાં કાયદામાં બતાવેલી સખતમાં સખત સજા કરવી જોઈએ. પીનલકોડ પ્રમાણે એકજ વખતની સજાઓ વાજબી ગણાતી નથી. રાણી વિ. મોહેસચંદર સીરકાર, ૩ વિ. રી. ૧૩.

(મી૦ ગ્લોવર જડની રૂબરૂ, તા૦ ૧૫ રી મે સને ૧૮૬૫.)

૬ જુઠો લેખ—હકુમત—જડજની ફરજ—જ્યુરીના મતથી જુદા પડીને જડજે કરેલી સજા - હકીકત ઉપર અપીલ—તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૬૨ પેહેલાં કરેલો ગુન્હો—હીબાનામા અને તેના ઉપર કાજીની શાહેદીનું સરટીફીકટનો ખોટો લેખ બનાવીને તે હીબાનામા અને સરટીફીકટ ખરા તરીકે વાપરવાને માટે તોહોમતદાર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. મેસર્શ સેટનકાર અને જેકશન જડજોએ એમ ઠરાવ્યું કે ખોટો લેખ બનાવવો અને તે ખરા તરીકે વાપરવો એ સવાલ યોગ્ય કોર્ટના નિરાકરણને માટે મુકી ન દેતાં તેનો તપાસ તે કોર્ટે કરવો જોઈતો હતો. મેસર્સ સેટનકાર અને ગ્લોવર જડજોએ એમ ઠરાવ્યું કે ખોટા લેખના ગુન્હાને માટે, કામમાં જરા પણ પુરાવો નહી હોવાથી અને બીજા તોહોમતને માટે પુરાવો ઘણો નબળો હોવાથી અને તદન કેદીના લાભમાં અનુમાન થવાથી તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ. મી૦ જેકશન જડજે એમ ઠરાવ્યું કે જડજ જ્યુરીના મતથી વિરૂદ્ધ પડે તો જેટલી સજા તે જ્યુરીના મતને મળીને કરી શકે તેટલી સજા તેણે કરવી જોઈએ. રાણી વિ. સેખઘોલામ મુસ્તુફા, ૩ વિ. રી. ૨૯.

(મેસર્સ સેટનકાર, જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુન સને ૧૮૬૫)

૭ જુઠો લેખ—કપટનું તોહોમત—સ્માલકાઝ કોર્ટના જડજે કરેલી તજવીજ - સ્માલકાઝ કોર્ટનો જડજ, તેના પેહેલાના જડજે વાદીની માહીતી શીવાય વાદીના લાભમાં ખોટા દસ્તાવેજ ઉપરથી હુકમનામું કરી આપ્યું હતું, તે તોહોમતની તજવીજ કરી શકે. રાણી વિ૦ દીનોનાથ ગંગુલી, ૪ વિ૦ રી૦ ૨૫.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી નવંબર સને ૧૮૬૫).

૮ જુઠો લેખ—તા૦ ૧ જાનેવારી સને ૧૮૬૨ પેહેલાં દિવાની કોર્ટમાં ખોટો લેખ રજુ કરેલો તે-ફોજદારી ફરીઆદ શી રીતે ચલાવવી તે—તા૦ ૧ જાનેવારી સને ૧૮૬૨ પેહેલાં દિવાની કોર્ટમાં ખોટું વકીલાતનામું ફાઈલ કરેલા કેસમાં ફરીઆદ ફકત સાધારણ રીતે ચલાવી શકાય, તે એ કે નુકશાન થએલા પક્ષકારની ફરીઆદ ઉપરથી કેસ માજીસ્ત્રેટે કમીટ કરવો જોઈએ. રાણી વિ૦ ઈનાયત હુસેન, ૫ વિ૦ રી૦ ૪૩.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી ફેબ્રુઆરી સને ૧૮૬૬).

રાધાજી બીન મુસ્તાફી અરજદારના કામમાં આધાર રાખવામાં આવે છે. ૫ વિ૦ રી૦ ૮.

૯ જુઠો લેખ—મુખત્યારનામા—વિરૂદ્ધ

પુરાવો જડજે આસેસરોને બતાવવો તે—મુખત્યારનામા પ્રમાણે ચાલવાને માટે કોઈ માણસે કબુલ કર્યું હોય અને તે કબુલ કરવાની નિશાની તરીકે પોતાનું નામ લખ્યુ હોય અને મુખત્યારનામું ખોટું માલમ પડે તો, તેથી તે ખોટા મુખત્યારનામાનો બનાવનાર થતો નથી. સાહેદીઓએ બતાવેલી વિરૂદ્ધ હકીકત અને તેમાં પડેલો તફાવત આસેસરોને બતાવવાની જડજની ફરજ છે. રાણી વિ૰ બરજોબારીક વિગેરે, ૫ વિ૰ રી૰ ૭૦.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજો રૂબરૂ, તા૰ ૧૬ મી એપ્રીલ સને ૧૮૬૬).

૧૦ જુઠો લેખ—ખોટો દસ્તાવેજ વાપરવો તે-વાંચી ન શકાય તેવી સહી અને સીલ છતાં સરકારી નોકરે સરકારી ઓદ્ધાની રૂએ બનાવ્યો છે એવી મતલબનો ખોટો દસ્તાવેજ ખરા તરીકે વાપર્યાને માટે ગુન્હો થઈ શકે, રાણી વિ૰ પ્રેસોનોબોસ વિગેરે ૫ વિ૰ રી૰ ૮૬

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજો ની રૂબરૂ, તા૰ ૨૮ મી મે સને ૧૮૬૬).

૧૧ જુઠો લેખ—દિવાની કોર્ટનો ખોટો લેખ—તોહોમત રાખવું તે—ખોટા લેખનું તોહોમત રાખી દિવાની કોર્ટે કોઈ કેદીને માજીસ્ટ્રેટ તરફ મોકલ્યો હોય તો ખોટા લેખ અથવા ખોટો દસ્તાવેજ ખરા તરીકે વાપરવો તે અથવા તેમાં સામેલ રહેલું એમાંના ગમે તે તોહોમતને માટે કેદીને સેસન કોર્ટમાં કમીટ કરવાનો અધીકાર માજીસ્ટ્રેટને છે. રાણી વિ૰ મોહેશચંદર આચારજી અને બીજો, ૬ વિ૰ રી૰ ૨૦.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજો ની રૂબરૂ, તા૰ ૭ મી જુલાઈ સને ૧૮૬૬).

૧૨ જુઠો લેખ—ખોટો દસ્તાવેજ વાપરવો તે—નકલો—પુરાવો—કોઈ માણસ ખોટો દસ્તાવેજ જાણતો હોય અને તે દસ્તાવેજની નકલ ઉપરથી નકલ ફકત પ્રથમ રજુ કરે તો દસ્તાવેજ ખરા તરીકે વાપરવાને માટે તે ગુન્હેગાર થઈ શકે. સરકારી ન્યાયના ગુન્હાઓની સામે ફોજદારીમાં ફરીઆદ માંડવાનો અખત્યાર આપીને દિવાની કોર્ટે પોતે તજવીજ પુરી કરી પક્ષકારોને રજુઆતને માટે સેસન કોર્ટમાં મોકલવાને બદલે માજીસ્ટ્રેટની મરજી ઉપર કમીટ કરવાનું સોંપ્યું હોય તો જેવી રીતે માજીસ્ટ્રેટની રૂબરૂ લીધેલી જુબાનીઓ, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૯ મુજબ કેટલીક બાબતમાં પુરાવામાં દાખલ કરી શકાય છે તેવી રીતે દીવાની કોર્ટની રૂબરૂ લીધેલી જુબાનીઓ પુરાવામાં દાખલ કરી શકાતી નથી. પણ સને ૧૮૫૫ ના આક્ટ ૨ ની કલમ ૫૭ મુજબ આવો પુરાવો ગેરવાજબી રીતે કામમાં દાખલ કરયો હોય અને આ પુરાવા સીવાય ઠરાવ વાજબી છે એવું બતાવવાને કામમાં બીજો જોઈએ તેવો સ્વતંત્ર પુરાવો હોય તો તેજ કારણ ઉપરથી સેસન જડજે કરેલી સજા ફેરવવી જોઇએ નહી. રાણી વિ. નુજમઅલી, ૬ વિ. રી ૪૧.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૰ ૯ મી જુલાઈ સને ૧૮૬૬).

૧૩ જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૩—વકીલાતનામું—એકઠા હુકમનામાવાળાઓ પાસેથી અધીકાર લીધા સીવાય તેમના નામની વકીલાતનામામાં સહી કરી તે વકીલાતનામું વકીલને આપી, કરજ ભર્યું છે અને દાવો કાઢી નાખવો જોઈએ એવી બાબતની અરજી કામમાં દાખલ કરવાની તેને સુચના આપી હોય તો તે પીનલકોડની કલમ ૪૬૩ ના અર્થ પ્રમાણે ખોટા લેખનો ગુન્હો છે. રાણી વિરૂદ્ધ ગાયનીરામ, ૬ વિ. રી. ૭૮.

(મી૰ માર્કબાય જડજની રૂબરૂ, તા૰ ૨૭ મી સપટંબર સને ૧૮૬૬).

૧૪ જુઠો લેખ—ખોટો પુરાવો—એક પાનું કપટથી કાઢી નાંખી બીજુ પાનું તેને બદલે દાખલ કરેલું એવો ચોપડો કેદીએ પુરાવા તરીકે રજુ કર્યો; તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે ચોપડો રજુ કરવામાં આવ્યો તે વખતે કામના તકરારી મુદાના ઠરાવને અસર કરવાને માટે ખોટો પુરાવો આપવાનું

ધાર્યું હતું અને તે ખોટો લેખ છે એવી તેને ખબર હતી એ સાબીત થયા સીવાય ખોટો પુરાવો ખરા તરીકે વાપરવાનો યત્ન કરવાના ગુન્હાને માટે તે ગુન્હેગાર નોહોતો. રાણી વિ મુદ્દુસુદનશા, ૭ વિ. રી ૨૩.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જાનેવારી સને ૧૮૬૭.)

૧૫ જુઠો લેખ—અપીલના કેસમાં દફતર મોકલવાની રીત—અપીલ કોર્ટમાં મોકલવાના ખોટા લેખના કેસોમાં જે અમુક કાગળ અથવા કાગળો કામમાં લેવામાં આવ્યા હોય તે સઘળા કાગળો કમીટ કરનાર અમલદારના દફતરમાં રાખી મુકવાને બદલે સેસન કોર્ટમાં મોકલવાના કામના કાગળો જોડે દાખલ કરવા જોઈએ. રાણી વિ. કુનડશાહુ ઉરફે ચંદ્રચતરજી, ૭.વિ. રી. ૭૬.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી મે સને ૧૮૬૭.)

૧ જુઠો લેખ—ખોટો દસ્તાવેજ વાપરવો તે—કેદીની વર્તણુંક ઉપરથી અને કેસની હકીકત ઉપરથી ખોટો દસ્તાવેજ વાપરવાનો ઈરાદો નિકળી આવતો હતો રાણી વિ. હતીમ મુનસી ઉરફે મહમદ હતીમ, ૮ વિ. રી. ૧૧.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુન સને ૧૮૬૭.)

૧૭ જુઠો લેખ—કપટથી ખરા તરીકે દસ્તાવેજ વાપરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૭૧—પીનલકોડની કલમ ૪૭૧ મુજબ ગુન્હો ઠરાવતાં પેહેલાં કપટથી અને બદદાનતથી ખરા તરીકે દસ્તાવેજ વાપરવામાં આવ્યો હતો તે સાબીત થવું જોઇએ. રાણી વિ. જાહનબક્ષ, ૮ વિ. રી. ૮૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી નવંબર સને ૧૮૬૭.)

૧૮ જુઠો લેખ—ખોટો દસ્તાવેજ બનાવવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૪—ખોટો દસ્તાવેજ બનાવવાને માટે પીનલકોડની કલમ ૪૬૪ મુજબ ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં તોહોમતદારે, દસ્તાવેજની જાત કોઈ માણસના જાણ્યામાં આવે નહી તેવી રીતે છુપાવવાને, દગાબાલજી કરી હતી એ સાબીત થવું જોઇએ. રાણી વિ. નુજીબુલ્લાહ. ૯ વિ. રી. ૨૦.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

૧૯ જુઠો લેખ—ખોટો દસ્તાવેજ—માહીતી—ખોટો પટો જાણ્યા છતાં તે ખરા તરીકે બદદાનતથી વાપરવાને માટે તોહોમતદાર ઉપર તોહોમત રાખેલો કેસ જેમાં કપટ જણાઇ આવતું હતું તેવા કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે તેણે જાતે શબ્દ દાખલ કર્યો એ સાબીત કરવાની કાંઈ જરૂર નથી, પણ તેની માહીતીથી દાખલ કરવામાં આવ્યો હતો તેટલુ બસ છે. રાણી વિ૦ હેમોરદીમંડલ, ૯ વિ૦ રી૦ ૨૨.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨ માર્ચ સને ૧૮૬૮).

૨૦ જુઠો લેખ—સને ૧૮૬૬ નો ૨૦ મો રજીષ્ટર આકટ કલમ ૯૫—દિવાની અદાલત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૦—સને ૧૮૬૬ ના ૨૦ મા આકટ મુજબ કોઇ ગુન્હાને માટે કલમ ૯૫ મુજબ ફરીઆદ કરવાનો અખત્યાર રજીષ્ટારને છે. જે કેસોમાં ખોટો દસ્તાવેજ દિવાની અથવા ફોજદારી અદાલતોમાં પુરાવામાં દાખલ કરવામાં આવ્યો હોય તેજ કેસોને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૦ ફકત લાગુ પડે છે; બીજા કેસોમાં માજીસ્ટ્રેટ પોતે ખોટા લેખોને માટે તજવીજ ચલાવી શકે છે, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૦ મુજબ પરવાનગી મેળવવાની કાંઈ જરૂર નથી. રાણી વિ૦ રામધરીસીંગ અને બીજો, ૧૦ વિ૦ રી૦ ૫.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુન સને ૧૮૬૮).

રાણી વિ૦ દવારકાનાથ બોસના કામમાં નજર રાખવામાં આવે છે, ૨ વિ૦ રી૦ ૩૧. જુઓ કમીટ કરવું તે ૧૦.

૨૧ જુઠો લેખ—જુઠો દસ્તાવેજ બનાવવો તે—જ્યુરીને કેસ એકંદર કરી આપવો તે—દસ્તાવેજ અથવા દસ્તાવેજનો કાંઈપણ ભાગ કોઈ માણસના અધીકારથી બનાવવામાં આવ્યો છે એવું મનાવાના ઈરાદાથી તોહોમતદારે પોતે તે દસ્તાવેજ અથવા તેનો કાંઇપણ ભાગ બનાવ્યો હતો, જેના અધીકારથી તે બનાવવામાં આવ્યો નોહોતો એવું તે જાણતો હતો, એવું સાબીત થયા શીવાય પીનલકોડ મુજબ ખોટા લેખનો ગુન્હો બનતો નથી. કેસ એકંદર કરી આપવામાં સેસન જડજે સાહેદીઓએ બતાવેલી બાબત ગોઠવવામાં જ્યુરીને મદદ નહી કરવાથી અને જે હકીકત જ્યુરીની પાસે મુકવી જોઈએ તે હકીકતનો પોતે નિરણય કર્યાથી કેસનું એકંદર કરવું કાયદા વિરૂદ્ધ ઠરાવવામાં આવ્યું હતું, અને તે ઉપર જ્યુરીએ આપેલો ઠરાવ રદ કરીને કેદીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો હતો. રાણી વિરૂદ્ધ રામગોપાળધર, ૧૦ વિ. રી. ૭.

(મેસર્સ ફીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જુન સને ૧૮૬૮).

૨૨ જુઠો લેખ—દસ્તાવેજની નકલ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૭—દસ્તાવેજ જે ફકત જોવાથીજ નકલ છે એવું માલમ પડે અને ખરી નકલ હોય તોપણ જંગમ મીલકત આપવાનો અધીકાર જેથી મળતો ના હોય તેવો દસ્તાવેજ ચલાવવાને માટે પીનલકોડની કલમ ૪૬૭ મુજબ ગુન્હો બનતો નથી. ખાસ જ્યુરીથી રજુઆત ચલાવી શકાય તેવા તોહોમતમાં જ્યુરીની મદદથી સેસન કોર્ટે શિક્ષા કરી હોય તો, તેવા અધીકારીથી ચલાવવા લાયક કેસ નથી એવું ઠરાવી હાઈ કોર્ટ શીક્ષામાં ફેરફાર કરી શકે નહી. પણ આવી બાબતમાં મુકરદમો રદ કરી કેદી ઉપર બીજુ કાંઇ તોહોમત રાખી નવેસરથી મુકરદમો ચલાવવાને ફરીઆદીને રજા આપી શકે છે. રાણી વિ. નારોગોપાળ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૫૬.

(મેસર્સ વોરડન અને ગીબ્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૬૮).

૨૩ જુઠો લેખ—દસ્તાવેજમાં આગલી તારીખ નાખવી તે—લાઈસેન્સ ટેક્ષ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૬૩, ૪૬૪ કલોઝ ૧—જે કેદીએ સને ૧૮૬૭ ના આકટ ૨૧ મુજબ આસેસરના હુકમ ઉપર કમીશનરને અપીલ કરી હતી, તેણે અપીલની મુદત પુરી થયા પછી આસેસરના ઠરાવની નકલને બદલે સ્ટાંપનો કાગળ દાખલ કર્યો, અને અપીલમાં એવું બતાવ્યું કે મુદત પુરી થયાં પેહેલાં આ કાગળ દાખલ કરવામાં આવ્યો હતો અને તેવી રીતનું કપટથી સરટીફીકેટ પેહેલાંની તારીખનું મેળવ્યું, એમ ઠરાવવામાં આવ્યું હતું કે પીનલકોડની કલમો ૪૬૩ ના કલોઝ ૧ લા અને ૪૬૪ મુજબ ખોટો લેખ બનાવવામાં મદદ કર્યાને માટે તે ગુન્હેગાર હતો. કલેક્ટરે લીધેલી કેદીની જુબાની માજીસ્ટ્રેટની રૂબરૂ તેની રજુઆત ચાલતી વખતે તેની વિરૂદ્ધ પુરાવામાં લેઇ શકાતી નથી. રાણી વિરૂદ્ધ સુખમય ઘોસ, ૧૦ વિ૦ રી૦ ૨૩.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુલાઈ સને ૧૮૬૮).

૨૪ જુઠો લેખ—ખોટો દસ્તાવેજ કરવો તે—ખોટી હકીકત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૨—સને ૧૮૫૯ નો ૮ મો કલમ ૨૪—જો કે દાવો ચલાવવાને વકીલ કરયો હતો તો પણ દાવો ચાલેલો છે અથવા તેમાં હુકમનામું થયલું છે તેની ખબર નથી એવી તકરાર બતાવીને તોહોમતદારે સને ૧૮૫૯ ના આકટ ૮ ની કલમ ૧૧૯ મુજબ કેસ ફરીથી ચલાવવાને માટે સ્માલકાઝ કોરટમાં અરજી કરી અને તે અરજી ખરી છે એવી ખાત્રીની સહી તે જડજની રૂબરૂ કરી આપી. મી૦ લોચ જડજે એમ ઠરાવ્યું કે તોહોમતદાર પીનલકોડની કલમ ૧૯૨ મુજબ ગુ

ન્હેગાર નથી તેમજ સને ૧૮૫૫ ના આકટ ૮ ની કલમ ૨૪ મુજબ પણ તેને શીક્ષા થઇ શકે તેમ નથી. પ્રથમના કાયદામાં એવું બતાવેલું છે કે ગુન્હો થવાને માટે ખોટી હકીકતવાળો દસ્તાવેજ પુરાવામાં રજુ કરવાના ઈરાદાથી બનાવવો જોઈએ; અને છેવટના કાયદામાં એમ બતાવેલું નથી કે સને ૧૮૫૯ ના આકટ ૮ ની કલમ ૧૧૯ મુજબ કરેલી તોહોમતદારની અરજી સાબીત કરી આપવી જોઈએ. મી૦ ગ્લોવર જડજનો મત આનાથી વિરૂદ્ધ હતો. હારન મંડળના કામની તપાસણી, ૧૦ વિ૦ રી. ૩૧; ૨ બેં૦લો૦રી૦ક્રી૦ અ. ૧.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી અગષ્ટ સને ૧૮૬૮).

રાણી વિ. બાપુજી દયારામના કામમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૧૦ મું૦ ૨૮૮.

રાણી વિ. ગુલાબદાસના કામમાં નજર રાખવામાં આવી. ૧૧ મું. હા. કો. રી. ૫૮.

૨૫ જુઠો લેખ—ખોટો દસ્તાવેજ—આબરૂને નુકશાન કરવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૯, ૪૬૩, ૪૬૯—ફકત ખોટો દસ્તાવેજ બનાવ્યાથી પીનલકોડની કલમ ૪૬૩ મુજબ ગુન્હો બને છે અને તે કોર્ટમાં રજુ કરીને અથવા કોઈને બતાવીને કોઈ માણસની આબરૂને નુકશાન પોહોચે તેવી રીતે પ્રસીદ્ધ કરવાની કાંઇ જરૂર નથી. ખોટો દસ્તાવેજ ખોટા માણસના નામથી બનાવવો જોઈએ. કોઈ બાબતના પુરાવામાં આપવાના વિચારથી અરજીનો ખરડો તૈયાર કરવામાં આવેલો તે બાબતમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે તે પીનલકોડની કલમ ૨૯ ના અર્થમાં આવી જાય છે; અને કોઈ માણસની આબરૂને નુકશાન થાય તેવી ખોટી હકીકત તેની અંદર લખેલી હોવાથી તે પીનલકોડની કલમ ૪૬૯ મુજબ ગુન્હેગાર ગણાય છે. શફિઉટઅલી વિગેરેના કામની તપાસણીમાં, ૧૦ વિ. રી. ૬૧; ૨ બેં. લો. રી. ક્રી. અ. ૧૨.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસેંબર સને ૧૮૬૮.)

બીયુબારીકાના રેફરન્સમાં આધાર લેવામાં આવ્યો. ૧૬ વિ. રી. ૬૭. જુઓ જુઠું તોહોમત ૩૯.

રાણી વિ. ગોરાચંદ ગોપના કામમાં મજુર રાખવામાં આવે છે. ૫ વિ. રી. ૪૫; બેં. લો. રી. વો. ૪૪૩. જુઓ તપાસણી ૧.

૨૬ જુઠો લેખ—છેડા છુટકાનો દસ્તાવેજ—કીંમતી દસ્તાવેજ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૩૦ ૪૭૧—છેડા છુટકાનું લખત પીનલકોડની કલમ ૩૦ ના અર્થ મુજબ "કીંમતી દસ્તાવેજ" ગણાયછે. આવી જાતનો ખોટો દસ્તાવેજ રજુ કરી તેને રજીષ્ટર કરાવવામાં આવ્યો હોય તો પીનલકોડની કલમ ૪૭૧ ના અર્થ મુજબ "વાપરવો" ગણાય છે. રાણી વિ. આઝીમુદીન અને બીજો. ૧૧ વિ. રી. ૧૫.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ માર્ચ સને ૧૮૬૯.)

૨૭ જુઠો લેખ—ખાસ રજીષ્ટર કરેલો દસ્તાવેજ—સને ૧૮૬૬ નો ૨૦ મો રજીષ્ટર કરાવવાનો આકટ કલમ ૫૩—ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૦—સને ૧૮૬૬ ના આકટ ૨૦ માની કલમ ૫૩ મુજબ અમલમાં લાવવાને માટે ખાસ રજીષ્ટર કરેલો દસ્તાવેજ સ્માલકાઝ કોર્ટના જડજની રૂબરૂ રજુ કરવામાં આવ્યો હતો, અને તેના ઉપર રીવાજ મુજબ હુકમનામું કરવામાં આવ્યું હતું. દસ્તાવેજ ખોટો લેખ છે એ કારણ ઉપરથી હુકમનામાવાળા માણસ ઉપર ફોજદારીમાં ફરીઆદ કરવાને રજીષ્ટારે પછીથી પરવાનગી આપી હતી આ ઉપરથી સ્માલકાજ કોર્ટના જડજે, કાંઈપણ વધારે તપાસ કર્યા શીવાય અથવા પુરાવો લીધા શીવાય અરજી ઉપરથી હુકમનામું રદ કર્યું, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૦ મુજબ ફરીઆદ કરવાની પરવાનગી આપી. એમઠ

રાવવામાં આવ્યું કે ફરીઆદ માંડવાની પર વાનગી આપવાનો તેને અધીકાર હતો, પણ હુક મનામું રદ કરવાને. તેને અધીકાર નોહોતો. રાણી વિ. નવાબસીંગ, ૩ બેં૦ લો૦ રી૦ ક્રી. અ૦ ૯.

(મેસર્સ નોરમન અને જેક્શન જડજોની રૂબરૂ, તા૦ ૨ એપ્રીલ સને ૧૮૬૯).

૨૮ જુઠો લેખ—પોલીસનો રોજમેળ—ખોટો ફેરફાર કરવો તે—પોલીસની રોજની નોંધમાં હેડ કોનસ્ટેબલે ખોટો ફેરફાર કર્યો હોય તો, સરકારી ઓદ્ધાની રૂઇએ સરકારી નોકરે ખોટો દસ્તાવેજ બનાવ્યાનો ગુન્હો પીનલકોડની કલમ ૪૭૧ મુજબ ગણાય છે. રાણી વિ. રઘુબારીક, ૧૧ વિ. રી. ૪૪.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૩ મે સને ૧૮૬૯).

૨૯ જુઠો લેખ—ખોટો દસ્તાવેજ વાપરવો તે—તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૬૬, ૪૬૭, ૪૭૧—ખોટો દસ્તાવેજ ખરા તરીકે કપટથી વાપરવાને માટે તોહોમતદાર ઉપર પીનલકોડની કલમ ૪૭૧ મુજબ તોહોમત રાખી તેની રજુઆત સેસ જડજ અને જ્યુરીની રૂબરૂ ચલાવી તેને તે ગુન્હાનો અપરાધી ઠરાવવામાં આવ્યો હતો. પીનલકોડની કલમ ૪૬૭ માં બતાવેલી જાતનો ખોટો દસ્તાવેજ હતો એવું સેસન જડજે ધારીને દશ વર્ષ સુધી દેશનિકાલની સજા કેદીને કરી. અપીલ કરવાથી હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે પીનલકોડની કલમ ૪૬૭ માં બતાવેલી જાતનો ખોટો દસ્તાવેજ ચલાવવામાં આવ્યો હતો એવુ તોહોમતમાં સ્પષ્ટ રીતે બતાવવું જોઈતું હતું, અને તે પ્રમાણે નહી બતાવ્યાથી જ્યુરીએ કરેલી રજુઆત કાયદા વિરૂદ્ધ હતી. તેટલા માટે ગુન્હો અને શિક્ષા રદ કરી એવો હુકમ કરવામાં આવ્યો કે કેદીની રજુઆત ફરીથી ચલાવવી જોઈએ. રાણી વિ. ગંગારામ માલજી, ૬ મું. હા. કો.રી.૪૩.

(મેસર્સ વોર્ડન અને ગીબ્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૬૯).

૩૦ જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૫—ઓફીસના રીપોર્ટમાં ફેરફાર કરવો તે—કેદીએ પોતાની ભુલ છુપાવવાને માટે ઓફીસના રીપોર્ટમાં ફેરફાર કર્યો હોય તો તેની એવી વર્તણુક પીનલકોડમાં બતાવેલી ખોટા લેખની વાખ્યામાં આવી જતી નથી. રાણી વિ. લાલ ગુમલ, ૨ વા. દી. પ્રાં. ૧૧.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ. તા૦ ૧૦ મી જાનેવારી સને ૧૮૭૦).

રાણી વિ. જીવાનંદના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૫ અ. ૨૨૧. જુઓ જુઠો લેખ ૪૭.

રાણી વિ. સૈયદ હુસેનના કામમાં નજર રાખવામાં આવી. ઈ. લો. રી. ૭ અ.૪૦૩. જુઓ જુઠો લેખ ૪૯.

રાણી વિ. ગીરધારીલાલના કામમાં નજર રાખવામાં આવી. ઈ. લો.રી. ૮ અ. ૬૫૩. જુઓ જુઠો લેખ. ૫૧.

૩૧ જુઠો લેખ—ખોટી મોહોરો—સજા—તોહોમતદારના કબજામાંથી ખોટો લેખ બનાવવાના ઈરાદાથી કેટલીક જુદી જુદી જાતની મોહોરો માલમ પડી આવે તો દરેક જડી આવેલી મોહોરને માટે પીનલકોડની કલમ ૪૭૩ મુજબ પુરેપુરો જુદો ગુન્હો બને છે, અને આવી ઘણી મોહોરો તેના કબજામાં કોઈ અમુક ખોટો લેખ બનાવવાના ઈરાદાથી રાખવામાં આવી હતી એવું સાબીત થયા સીવાય, દરેક મોહોરને માટે કાયદા પ્રમાણે જુદો ગુન્હો રાખી તેને ગુન્હેગાર ઠરાવવો જોઇએ. રાણી વિ. ગોકલચંદર અને બીજો, ૧૩ વિ૦ રી૦ ૧૬.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૮૭૦).

૩૨ જુઠો લેખ—સને ૧૮૬૬ નો ૨૦ મો રજીસ્ટ્રેશન આકટ કલમો ૬૬, ૯૫—તોહોમત—સબ રજીષ્ટારની રૂબરૂ, રજીષ્ટર થયેલો દસ્તાવેજ ખોટો લેખ છે એવું તેની રૂબ

૨ તોહોમત મુકવામાં આવ્યું હોય તો તેણે ફરીઆદી પાસે મુકરદમો સને ૧૮૬૬ ના આક્ટ ૨૦ ની કલમ ૬૬ મુજબ ચલાવરાવવો જોઈએ. જો સબ રજીષ્ટર ડેપ્યુટી માજીસ્ટ્રેટ હોય તો ડેપ્યુટી માજીસ્ટ્રેટ તરીકે પોતે કેસ ચલાવી શકે નહીં પણ સને ૧૮૬૬ ના આક્ટ ૨૦ ની કલમ ૯૫ મુજબ ફરીઆદ માંડવી જોઇએ, આવા કેસોમાં તોહોમતદાર સામે કાયદેસર તોહોમત રાખવું જોઈએ અને તેની રૂબરૂ પુરાવો લેવો જોઈએ. રાણી વિ૦ હરીદાસ કુનડુ વિગેરે. ૧૩ વિ૦ રી૦ ૨૧; ૪ બેં૦ લો૦ રી૦ અપે. ૬૯.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ અને બેલી જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦).

૩૩ જુઠો લેખ—ખોટો દસ્તાવેજ વાપરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૭૧—પીનલકોડની કલમ ૪૭૧ મુજબ ગુન્હેગાર છે એની મજબુતીમાં જે માણસ જાણે છે અથવા જેને જાણવાનું કારણ છે કે દસ્તાવેજ બનાવટી છે, એવા માણસથી તે વપરાવવો જોઈએ. રાણી વિ૦ ભોલે પરમાનીક, ૮ વિ૦ રી૦ ૩૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબરવારી સને ૧૮૭૨).

જુઓ રાણી વિ૦ જાનબક્ષ, ૮ વિ૦ રી૦ ૮૧ જુઓ જ્યુરીને સોંપવું ૩.

૩૪ જુઠો લેખ—બનાવટી દસ્તાવેજ વાપરવો—ફેરફારો અથવા ડાધાઓ—જ્યુરીને સોંપવું તે—કેદીઓએ સાહેદીઓનાં નામ આપવાં તે—તકરારમાં બતાવેલા બનાવટી દસ્તાવેજના મથાળે ડાધાઓ અથવા ફેરફાર કરેલો ખુલી રીતે માલમ પડે તો તે બાબત જ્યુરીના ધ્યાનમાં લાવવાને જડજને હરેક જાતનો હક છે. કામ કમીટ કરતી વખતે કેદીઓએ પોતાના સાહેદીઓનાં નામો આપવાં જોઇએ. બંને પક્ષકારોની અરસપરસ જામીનગીરીને માટે બે ભાગમાં કરેલા દસ્તાવેજના એક ભાગમાં ફેરફાર કરવાનો ગુન્હો સખત શીક્ષા કરવા લાયક છે, રાણી વિ૦ કાસાર લોહન દત વિગેરે. ૧૭ વિ૦ રી૦ ૫૮.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ. તા૦ ૬ મે સને ૧૮૭૨).

૩૫ જુઠો લેખ—ઠગાઈ કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૬૫ ૪૬૮—એમ ઠરાવવામાં આવ્યું કે કોઈ માણુસની મતલબ પોતાના કબજાના ચોપડાઓ ખોટા લખી શેઠને ઠગવાની હોય તો આવી જાતના દગાથી શેઠને નુકશાન થવાનો સંભવ હોવાથી તે માણુસને ફક્ત ખોટા લેખને માટે ગુન્હેગાર ઠરાવવાને બદલે કલમ ૪૬૮ મુજબ ઠગાઈ કરવાના ઈરાદાથી ખોટા લેખને માટે ગુન્હેગાર ઠરાવેલો તે વાજબી હતું. રાણી વિ૦ બેનીસર બીસ્વાસ, ૧૮ વિ૦ રી૦ ૪૬.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૫ સપટંબર સને ૧૮૭૨).

રાણી વિ૦ નિધીરામ બાગડીના કામમાં જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. ૧૮ વિ૦ રી૦ ૪૫. જુઓ જ્યુરી ૬૧.

૩૬ જુઠો લેખ—ખોટા સેરાઓ—મોહુરીર—સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૪—સને ૧૮૬૨ નો ૯ મો રજીસ્ટ્રેશન આક્ટ—તોહોમતદાર રજીષ્ટર ઓફીસમાં મોહુરીર હોવાથી કેટલાક દસ્તાવેજો પાછળ રજીષ્ટર કર્યાના ખોટા સેરાઓ કરવાનુ તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું, સેરાઓ ઉપર રજીષ્ટારે સહીઓ કરી હતી; એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૪૬૪ ના ત્રીજા ભાગ મુજબ ખોટા લેખને માટે ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં એમ સાબીત થવું જોઈએ કે તોહોમતદારે રજીષ્ટાર ઉપર કરેલા દગાથી જે દસ્તાવેજ ઉપર તે સહી કરતો હતો તેમાં શી બાબત લખેલી હતી તે તેના જાણવામાં નોહોતી; સને ૧૮૬૨ ના આક્ટ ૯ મુજબ રાખેલા મોહુરીરે દસ્તાવેજો રજીષ્ટર કર્યાની ફી લીધેલી તે સરકારી નોકર તરીકે તેને સોંપવામાં આવેલા પઈસા ગણાય છે. રાણી વિ૦ દવારકાનાથ ઘોસ ૨૦ વિ૦ રી૦ ૪૯.

(મેસર્સ ગ્લોવર અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઇ સને ૧૮૭૩.)

૩૭ જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૬૩, ૪૬૬—છુપાવવું તે—ગુન્હો—કોઈ મોહુરીરના કબજામાં સોંપેલા રોજનામચ્યાબાહી જે નિશાળોના ડેપ્યુટી ઈનસ્પેકટરની ઓફીસમાં રાખવામાં આવતુ હતું તેમાં, ફજેતી અને સજામાંથી માત્ર બચી જવાય એવા ઈરાદાથી અગાઉ કરવામાં આવેલું કાંઈ કપટ છુપાવવાને માટે પાછળથી ખોટું લખવામાં આવ્યું હોય તો પીનલકોડમાં આપેલી ખોટા લેખની વાખ્યામાં તે આવી જતું નથી એમ ઠરાવવામાં આવ્યું. ગોરકપુરના સેસન જેડજના હુકમ ઉપર કરેલી અપીલ, રાણી વિ. જોગેશ્વર પ્રસાદ, વા. ડી. પ્રાં. ૫૬.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી ડીસંબર સને ૧૮૭૩.)

રાણી વિ. જીવાનંદના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લૉ૦ રી૦ ૫ અ. ૨૨૧. જુઓ જુઠો લેખ ૪૭.

રાણી વિ. સૈયદ હુસેનના કામમાં નજર રાખવામાં આવી. ઈં૦ લૉ૦ રી૦ ૭ અ. ૪૦૩. જુઓ જુઠો લેખ ૪૯.

૩૮ જુઠો લેખ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આક્ટ કલમો ૧૧, ૧૪, ૪૩, ૫૪, ૧૫૩—દાખલ થઈ ના શકે તેવો પુરાવો—પુરાવાના આક્ટની કલમ ૧૧ નો અર્થ ઘણો ખુલી રીતે કરવો જોઈએ નહી પણ તે આક્ટની કલમ ૩૪ થી તેની હદ આવી રહેલી છે એમ ધારવું જોઇએ. કલમ ૧૧ નો તેવી રીતે અર્થ કરતાં એક ગુન્હાનો પુરાવો, બીજો ગુન્હો જોકે સાથે થયેલો હોય પણ તેની જોડે કાંઈ સબંધ ના રાખે તેવો હોય તો તે સાબીત કરવા દાખલ કરી શકાતો નથી તેમજ કોઇ તોહોમતદારના કબજામાંથી શ પડતા કેટલાક બનાવટી દસ્તાવેજો નિક ૧ આવે તો કોઈ અમુક ખોટો લેખ જેને ? તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યું છે તે બનાવટી છે એવું સાબીત કરવાને આ બનાવટી દસ્તાવેજો પુરાવામાં લેઈ શકાય નહી. મી૦ વેસ્ટ જડજનો મત—કોઈ માણુસ ખોટી નોટ બનાવવાનું બીજા માણુસ ઉપર તોહોમત મુકે, અને કોઈ દિવસ નોટ બનાવી નથી એવું તે માણુસે બતાવ્યું હોય તો તકરારમાં બનાવટી બતાવેલી નોટ જેવી જ નોટ તેણે ખરૂ જોતાં બનાવી હતી તે બાબત પુરાવામાં લેઈ શકાય નહી, તેમજ આવી જાતની નોટ બનાવટની છે એ કારણ ઉપર ઠરાવ આપી શકાય નહી. રાણી વિ. પરભુદાસ અંબારામ, ૧૧ મું. હા. કો.રી. ૯૦.

(મેસર્સ મેલવીલ અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨ જાનેવારી સને ૧૮૭૪.)

રાણી વિ. નુરમહમદના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈં૦ લૉ૦ રી૦ ૮ મુ. ૨૨૩. જુઓ ખોટો સીકો ૬.

૩૯ જુઠો લેખ—કપટ કરવાનો ઇરાદો—ગેરવાજબી લાભ અથવા નુકશાન—તકરાર અટકાવવી તે—સને ૧૮૨૭ ના રેગ્યુલેસન ૧૭ મુજબ બ નામના માણુસના ભાડુઆતો પાસેથી ભાડું વસુલ કરવાને માટે મામલતદારને ઉપરની મદદ માગવાને માટે અરજી ક નામના માણુસે આપેલી તેમાં બ ના નામની સહી અ નામના માણુસે કરી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે જો કે બ એ પોતાના નામની સહી કરવાને અ ને કાંઈપણ સત્તા આપી નોહોતી અને અ પોતે બ નામનો માણુસ છે એવું બતાવી મામલતદારને ઠગવાનો તેનો વિચાર હોય તો પણ, કોઈ માણુસ ઉપર કપટ થયેલું માલમ પડતું તથી તેમજ અ અથવા બ ને કાંઈપણ ગેરવાજબી લાભ અથવા નુકશાન થયેલું નથી, તેથી પીનલકોડના અર્થ મુજબ ખોટા લેખનો ગુન્હો બનતો નથી. તકરાર અટકાવવાથી સરકારને કાંઈ ગેરવાજબી નુકશાન થતું નથી. રાણી વિ. ભવાનીશંકર ૧૧ મું. હા. કો. રી. ૩.

(મેસર્સ મેલવીલ અને નાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૭૯.)

રાણી વિ. સૈયદ હુસેનના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૭ અ. ૪૦૩. જુઓ જુઠો લેખ ૪૯.

૪૦ જુઠો લેખ—બનાવટી દસ્તાવેજ—ખરા તરીકે કપટથી વાપરવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૯, ૪૭૧—બનાવટી દસ્તાવેજ છે એવું જાણીને ખરા તરીકે તે દસ્તાવેજ દીવાની દાવામાં વાપરયાનું જે તોહોમતદાર ઉપર તોહોમત રાખેલું તે તોહોમતદારની તજવીજ પીનલકોડની કલમ ૪૭૧ મુજબ થઈ શકે છે તેટલા માટે આવા તોહોમતદારોને ઉપર બતાવેલી કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવા જોઈએ પણ કલમ ૧૮૯ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહીં, રાણી વિ૦ ખેરોદચંદ્ર મોઝુમદાર, ઈ૦ લો૦ રી૦ ૫ ક૦ ૭૧૭; ૬ ક. લો. રી૦ ;૧૧૮.

(મેસર્સ જેકશન અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨ મારચ સને ૧૮૮૦).

રાણી વિ૦ ઉદીનલાલના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ૩ વિ૦ રી૦ ૧૭. જુઓ જુઠો દસ્તાવેજ.

રાણી વિ૦ રામ ટાહલસીંઘના કામમાં નજર રાખવામાં આવે છે. ૩ વિ૦ રી૦ ૬૫. જુઓ મહાવ્યથા ૯.

રાણી વિ૦ હીરા મનસીંઘના કામમાં નજર રાખવામાં આવે છે. ૮ વિ૦ રી૦ ૩૦. જુઓ જૂઠો પુરાવો ૩૪.

૪૧ જુઠો લેખ—ભુલ છુપાવવાને માટે દફતર ખોટા લખવાં તે—કપટ—સને ૧૮૬૦ ના ૪૫ મો પીનલકોડ કલમો ૪૬૩ ૪૬૪—કપટ કહેવાય નહીં તેવી અગાઉના કૃત્યની ભુલ છુપાવવા માટે દફતર ખોટા લખવાથી પીનલકોડની કલમો ૪૬૩ અને ૪૬૪ ના અર્થ મુજબ ખોટા લેખનો ગુન્હો બનતો નથી. રાણી વિ૦ શંકર, ઈ૦ લો૦ રી૦ ૪ મું૦ ૬૫૭.

(મેસર્સ કેમબેલ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જુલાઈ સને ૧૮૮૦)

રાણી વિ૦ ગીરધારીલાલના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૬૫૩. જુઓ જુઠો લેખ ૫૧.

૪૨ જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૧૯૯, ૪૭૧, ૪૬૭—ખોટી જુબાની—અરજી ઉપર તોહોમતદારની સહી ન હોવાથી તેનો ઈકરાર કરેલો ગણાય નહીં, અને તેથી પીનલકોડની કલમ ૧૯૯ મુજબ તોહોમત રાખી શકાય નહીં પણ આવી અરજીની મજબુતીમાં સોગન ઉપર આપેલી જુબાની ખોટી હોય તો પીનલકોડની કલમ ૧૯૩ મુજબ તોહોમત રાખવું વ્યાજબી છે. રામ રેવાઝ કુંવરના કામમાં, ૭ ક. લો. રી. ૩૫૬.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મા અકટોબર સને ૧૮૮૦.)

૪૩ જુઠો લેખ—ખોટા લેખ કરવાનો યત્ન—ખોટા લેખ કરવામાં મદદ કરવી તે—ધારેલા ખોટા દસ્તાવેજની નકલ બનાવવી તે—બીજાઓની સાથે ધારેલા ખોટા દસ્તાવેજની નકલ બનાવવાને માટે સ્ટાંપનો કાગળ ખરીદ કરવો, અને તેમાં લખવાની હકીકતની ખબર મેળવવી તેથી ખોટા લેખ, અથવા ખોટા લેખ બનાવવાનો યત્ન પીનલકોડ મુજબ ગણાતો નથી, પણ આવા કૃત્યો ગુન્હો સેહેલાઈથી કરવાને કરેલાં હોવાંથી ખોટા લેખની મદદ કરવાનો ગુન્હો બને છે. રાણી વિ. પદલા વંકટસ્વામી, ઇ૦ લો૦ રી૦ ૩ મ. ૪,

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૮ મી મારચ સને ૧૮૮૧.)

૪૪ જુઠો લેખ—યત્ન કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમે ૪૬૫, ૫૧૧—તોહોમત રાખવામાં આવે

યનમાં ફતેહ થયા સીવાય અને ગુન્હો બન્યા સીવાય પીનલકોડની કલમ ૫૧૧ મુજબ ગુન્હો કરવાની કોશીસ કરવાને માટે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. કીંમતી દસ્તાવેજનો ખોટો લેખ બનાવવા યત્ન કરવાને માટે જે કેદી ઉપર તોહોમત રાખવામાં આવેલું તેને જુરીએ ખોટો લેખ કરવાની કોશીસને માટે ગુન્હેગાર ઠરાવ્યો હતો. કેદીએ બંગાલાની કોલ કંપનીના જેવી કેટલીક પોહોચો છાપી આપવાનો હુકમ કર્યો હતો, તેમાંનો એક ફરમો તઈયાર થયો હતો અને તેનાં પ્રુફ તેણે સુધાર્યાં હતાં; ખોટો દસ્તાવેજ બને તેવી રીતે છાપેલા નમુનામાં કેટલોક વધારો કરવાનો કેદીનો ઇરાદો હતો, અને તે તેણે બદદાનતથી અને કપટ કરવાના ઈરાદાથી કર્યુ હતું એવું પોતાના ઠરાવમાં જ્યુરીએ સમજાવ્યું. ખોટો લેખ બનાવવાની કોશીસ કરવાને માટે સેસન જડજે પીનલકોડની કલમો ૪૬૫ અને ૫૧૧ મુજબ એક વર્ષની સખત મજુરી સાથે કેદીને સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે શિક્ષા કાયદા વિરૂદ્ધ હતી અને તેથી રદ કરવી જોઈએ. રાણી વિ. રાયસતઅલી ઉર્ફે બાબુમીયાં ઉર્ફે બોદીઉઝુમા, ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૩૫૨; ૮ ક. લો. રી. ૫૭૨.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૩ જુન સને ૧૮૮૧.)

૪૫ જુદો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૩—નુકશાન કરવાનો ઇરાદો—જે દસ્તાવેજ સબંધી તોહોમત રાખવામાં આવ્યું છે તે દસ્તાવેજથી નુકશાન થશે એ તોહોમતદાર જાણતો હતો, એવું પીનલકોડની કલમ ૪૬૩ ની વાખ્યામાં બતાવ્યા મુજબ ખોટા લેખનો ગુન્હો ઠરાવવાને સાબીત કરવાની જરૂર નથી, પણ તેથી બીજાને નુકશાન થવું જોઈએ એવો તેનો ઇરાદો હતો તે સાબીત કરવું જોઈએ. રાણી વિ. ફેલહુસેન, ૧૦ ક. લો. રી. ૧૮૪.

(મેસર્સ મેકડોનલ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસેંબર સને ૧૮૮૧.)

૪૬ જુદો લેખ—"બનાવટી" દસ્તાવેજ વાપરવો તે—"ખોટો" પુરાવો વાપરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૬૪, ૪૭૦, ૪૭૧—"બદદાનતથી"—"કપટથી"—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૪, ૨૫, ૧૯૬—વેચાણ ખતમાં જે નંબરની જમીન બતાવવામાં આવી હતી તે નંબર ખરો નહી હોવાથી વેચાણ રાખનાર માણસે તેમાં ફેરફાર કર્યો. આવી રીતે ફેરફાર કરી વેચાણ ખત દાવામાં પુરાવા તરીકે તેઓએ વાપર્યું. એમ ઠરાવવામાં આવ્યું કે વેચાણ ખતમાં કરેલો ફેરફાર, પીનલકોડની કલમ ૪૬૩ ના અર્થ મુજબ "ખોટો લેખ" ગણાતો નથી, તેમજ ફેરફાર કર્યા પછી તે દસ્તાવેજ તે કોડની કલમ ૪૭૦ માં બતાવ્યા મુજબ "બનાવટી દસ્તાવેજ" ગણાતો નથી, કારણ કે ગેરવાજબી નુકશાન અથવા લાભ અથવા કપટ કરવાનો ઈરાદો માલમ પડતો નથી; તેમજ એમ પણ કહી શકાય નહી કે "બનાવટી દસ્તાવેજ" ખરા તરીકે "કપટથી" અથવા "બદદાનતથી" વેચાણ રાખનારાએ વાપર્યો છે; તેટલા માટે તે દસ્તાવેજ વાપરવાથી વેચાણ રાખનારાઓ પીનલકોડની કલમ ૪૭૧ મુજબ ગુન્હેગાર થતા નથી. વળી તે દસ્તાવેજનો ઉપયોગ કરવાને માટે તેઓ પીનલકોડની કલમ ૧૯૬ મુજબ ગુન્હેગાર થતા નથી. રાણી વિ. ફતેહ, ઈં૦ લો૦ રી૦ ૫ અ. ૨૧૭.

(મી૦ મહમદ જડજની રૂબરૂ, તા૦ ૨ અકટોબર સને ૧૮૮૨.)

રાણી વિ. ગીરધારીલાલના કામમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૮ અ. ૬૫૩. જુઓ જુદો લેખ ૫૧.

૪૭ જુદો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૫—સાપ્રાધ વિશ્વાસઘાત છુપાવવાના ઇરાદાથી ચોપડાઓમાં ખો

ટી રકમો લખેલી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૪, ૨૫—કોઈ એક ગુમાસ્તો જેણે સાપરાધ વિશ્વાસઘાત કર્યો હતો તેણે પછીથી પોતાનો ગુન્હો છુપાવવાના ઈરાદાથી ચોપડાઓમાં ખોટી રકમો લખેલી તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીત ની લખેલી રકમોથી ખોટા લેખનો ગુન્હો બનતો નથી. તેટલા માટે તેને કાયદા વિરૂદ્ધ પીનલકોડની કલમ ૪૬૫ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. રાણી વિ. જોગેશ્વર પ્રસાદ (૬ વા. દી. પ્રાં. ૫૬) અને રાણી વિ. લાલ ગુમલ (૨ વા. દી. પ્રાં. ૧૧) ના કેસો ઉપર આધાર રાખવામાં આવ્યો. રાણી વિ. જીવાનંદ, ઈં૦ લો૦ રી૦ ૫ અ. ૨૨૧.

(મી૦ મહમદ જડજની રૂબરૂ, તા૦ ૪ અકટોબર સને ૧૮૮૨.)

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છેઃ—

રાણી વિ. લાલ ગુમલ, ૨ વા. દી પ્રાં. ૧૧. જુઓ જુઠો લેખ ૩૦.

રાણી વિ. જગેશ્વરપ્રસાદ, ૬ વા. દી. પ્રાં. ૫૬. જુઓ જુઠો લેખ ૩૭.

રાણી વિ. ફ્તેહ, ઈં૦ લો૦ રી૦ ૫ અ. ૨૧૭. જુઓ જુઠો લેખ ૪૬.

રાણી વિ૦ ગીરધારીલાલના કામમાં ન જર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૮ અ. ૬૫૩, જુઓ જુઠો લેખ ૫૧.

૪૮ જુઠો લેખ—કપટ કરવાના ઈરાદા થી બનાવટી દસ્તાવેજ ખરા તરીકે વાપરવો તે—ઓહ્દો આપ્યા બાબતની સણંદ કીંમતી દસ્તાવેજ ના ગણાય તે-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૪, ૨૫, ૪૬૭, ૪૭૧—સેટલમેન્ટ ઓફીસર પાસેથી "લશ્કર" નો ખીતાબ મેળવવાનો તોહોમતદારનો હક છે એ વી કબુલાત, કરેલી નોકરીના બદલામાં સેટલ મેન્ટ અમલદાર પાસેથી મેળવવાને માટે તે ઓએ તે ખીતાબ મળવાની મતલબની સણું દ તે અમલદારની રૂબરૂ રજુ કરી. આ દ સ્તાવેજ ખોટો હતો એમ માલમ પડયું. સેસ ન જડજે પીનલકોડની કલમો, ૪૬૪ અને ૪૭૧ મુજબ તોહોમતદારને શિક્ષા કરી. અપી લમાં એમ ઠરાવવામાં આવ્યું કે જો કે તો હોમતદારે એ ખોટો છે એવું જાણી દસ્તાવે જ વાપર્યો એમ ધારીએ તોપણુ તેઓ ગુન્હે ગાર નથી કારણ કે તોહોમતદારોનો વિચાર કોઈને ગેરવાજબી નુકશાન અથવા ફાયદો ક રવાનો નોહોતો; "લશ્કર" નો ખીતાબ મે ળવવાને તે હકદાર હતા એવું ખોટું સેટલ મેન્ટ અમલદારના મનમાં ઠસાવવાનો તેઓનો વિચાર હતો, અને આથી કાંઈ "કપટ કર વાનો ઈરાદો" કહી શકાય નહીં. કોઈ માણુ સને ખીતાબ આપવા બાબતની સણુંદ એ પી નલકોડના અર્થ મુજબ કીંમતી દસ્તાવેજ ગ ણાતો નથી. રાણી વિ૦ વેરીસમીહ અને રા ણી વિ૦ જાનમહમદ, ઈં૦ લો૦ રી૦ ૧૦ ક. ૫૮૪.

(મેસર્સ મીતર અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી એપ્રિલ સને ૧૮૮૪).

૪૯ જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૭૧—બનાવટી દસ્તાવે જ કપટથી ખરા તરીકે વાપરવો તે—"બદદા નતથી"—"કપટથી"—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૪, ૨૫—કોઈ પો લીસ કોનસ્ટેબલના લેહેણદારોએ ડીસ્ત્રીકટ પો લીસ સુપ્રિનટેન્ડેન્ટને અરજ કરી કે દેવું વ ળી રહે ત્યાં સુધી તે કોનસ્ટેબલના પગારમાં થી દર માસે બે રૂપીઆ કાપી લેવા જોઈએ. આવી રીતે પગારમાંથી કાપી આપવાનો હુક મ થયા ઉપરથી કરજદારે આખુ દેવું વા ળ્યાની અઢાર રૂપિઆની પોહોંચ રજુ કરી. પોહોંચ આઠ રૂપિયાની હતી પણુ કરજદારે અઢાર રૂપિયાની કરવાને માટે તેના અગાડી એકડો વધારયો હતો એવું પાછળથી માલમ પડયું. એમ ઠરાવવામાં આવ્યું કે કેદીનો પ રો વિચાર પોતાના ઉપરીને કાયદા વિરૂદ્ધ પ ગારમાંથી કાંઈ અમુક ભાગ કાપી લેતો અ ટકાવવાનો હતો, ફોજદારી કેસમાં કામમાં કોર્ટને માલમ પડી આવે તેના કરતાં બી

વિચાર હતો એવો તર્ક કોર્ટે બાંધવો જોઈએ નહીં; તેથી બેશક એવું અનુમાન થતું નથી કે લેહેણદારનો હક ડુબાવવાને માટે ફેરફાર કરેલી પોહોંચ રજુ કરવાનું તેણે ધાર્યું; અને તેટલા માટે પિનલકોડની કલમ ૪૭૧ મુજબ તેને ગુન્હેગાર ઠરાવવો જોઈતો નોહોતો. રાણી વિ૦ સઇયદ હુસેન, ઈ૦ લો૦ રી૦ ૭ અ. ૪૦૩.

(મેસર્સ પેથેરામ ચીફ જસ્ટીસ અને સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રાણી વિ૦ ભવાનીશંકર, ૧૧ મું૦ હા૦ હા૦ કો૦ રી૦ ૩. જુઓ જુદો લેખ ૩૯.

રાણી વિ૦ લાલગુમલ ૨ વા. દી. પ્રાં. ૧૧. જુઓ જુદો લેખ ૩૦.

રાણી વિ૦ જગેશ્વરપ્રસાદ, ૬ વા. દી. પ્રાં. ૫૬. જુઓ જુદો લેખ ૩૭.

રાણી વિ. માઝારહુસેન. ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૫૫૩. જુઓ સરકારી નોકર ૯.

૫૦ જુદો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૭૧—બનાવટી દસ્તાવેજ કપટથી ખરા તરીકે વાપરવો તે—"બદદાનતથી"—"કપટથી"—બનાવટી દસ્તાવેજ જાણ્યા છતાં કપટથી અને બદદાનતથી ખરા તરીકે વાપરવાને માટે પીનલકોડની કલમ ૪૭૧ મુજબ તોહોમત રાખેલા કામની રજુઆતમાં એમ સાબીત થયું હતું કે, ખરી પોહોચો ખોવાયેલી હતી તેઓને બદલે, કેદીએ ભાડુ આપ્યાની ચાર ખોટી પોહોચો બનાવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમો ૨૪ અને ૨૫ માં બતાવેલી "કપટથી" અને "બદદાનતથી" એ શબ્દોની વાખ્યાઓ ઉપર, અને કામમાં સાબીત થયેલી હકીકત ઉપર નજર રાખતાં, કલમ ૪૭૧ મુજબ શિક્ષા કરવા લાયક ગુન્હો બનેલો નથી. રાણી વિ, સીતાદયાલ ઈ૦ લો૦ રી૦ ૭ અ. ૪૫૯.

(મી૦ ઓલ્ધર્સ્ટ જડજની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ સને ૧૮૮૫.)

૫૧ જુદો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમો ૨૪, ૨૫, ૨૧૮—"બદદાનતથી"—"કપટથી"—સરકારી નોકરે ખોટું દફતર બનાવવું તે—કોઈ તીજોરીના હીસાબ રાખનાર ઉપર, નિચે બતાવેલી બાબતો ઉપરથી પીનલકોડની કલમો ૨૧૮, અને ૪૬૫ મુજબ ગુન્હાઓ કર્યાનું તોહોમત મુકવામાં આવ્યુ હતું. રૂ૫૦૦) ની રકમ જે તીજોરીમાં હતી અને જે દિવાની અદાલતની મારફતે કોઇ અમુક માણસને આપવાની હતી તે ઉપાડી લેઈ ખોટા ચેકોથી બીજા માણસોને આપી દેવામાં આવી હતી. રૂ૫૦૦) ની રકમ ઉપાડી લીધા પછી, પણ તે રકમ આવી રીતે ઉપાડી લેવામાં આવી છે તે માલમ પડયા પેહેલાં, જે માણસને તે રકમ આપવાની હતી તે માણસના વારસોએ તે રકમ લેવાને માટે અરજ કરી, તે વખતે બે વાર કેદીએ એવા રીપોર્ટો કરી વાળ્યા કે બતાવેલી રૂપીઆ પાંચસોની રકમ મેહેસુલની ઉપજ તરીકે અનામત જમા કરેલી છે, અને તે રકમ બદલીને દિવાની કોર્ટના નામે ચઢાવવાની છે. આમાંના પેહેલા રીપોર્ટ ઉપરથી તીજોરીના અમલદારે તે રકમ દિવાની કોર્ટના નામે ચઢાવવાનો હુકમ કર્યો હતો, અને આવી રીતે નામે ચઢાવવાને માટે ઉપર બતાવેલા મુહારીરે અગાઉની માફક ઉપર બતાવેલી રૂપીઆ પાંચસોની રકમ ઉપાડવાને માટે ચેક તૈયાર કર્યો હતો. આ ચેક ઉપર સહી કરતાં તીજોરીનાં અમલદારને કેટલીક વાર લાગ્યાથી, કેદીએ ઉપર બતાવેલી રકમના પછીની તેટલાજ રૂપીઆની બીજા માણસના નામની રકમનો તે ચેક હોય એવી રીતે તે ચેક બદલી નાંખ્યો. આનો પરીણામ એ થયો કે બીજાના નામે જમા થયેલા રૂપીઆ પાંચસોની રકમ પેહેલા માણસના વારસોના નામે જમા ગણી તે રકમ બદલીને દિવાની કોર્ટના નામે ચઢાવવામાં આવી. કેદી ઉપર ચેકને

માટે પીનલકોડની કલમ ૪૬૫ મુજબ અને ઉપર બતાવેલા બે રીપોર્ટોને માટે પીનલકોડની કલમ ૨૧૮ મુજબ તોહોમત રાખી, તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. પીનલકોડની કલમ ૪૬૫ મુજબ રાખેલા તોહોમતના સબંધમાં એમ ઠરાવવામાં આવ્યું કે કેદીનો અસંભવીત અને પેહેલાના ઈરાદો નહી જોતાં વધારે સંભવીત અને નીકટ સબંધ રાખનારો તેનો ઇરાદો ઠરાવવો જોઈએ અને તે એકે બીજો માણસ જે રૂપીઆનો માલીક હતો તેણીની લેણી રૂપીઆ પાંચસોની રકમ આપવાની ઢીલ કાંઈ તેણીને ગેરવાજબી નુકશાન કરવાના ઈરાદાથી કરવામાં આવી નો હોતી, અને જો કે તે કૃત્યથી તેણીને નુકશાન થયું તો તે નુકશાન પેહેલા ધણીના રૂપીઆ પાંચસોની રકમ કપટથી ઉપાડી લેવામાં આવી હતી તે રકમ છુપવવાના ઈરાદાથી થયું હતું. આ હકીકત ધ્યાનમાં લેતાં તે પીનલકોડની કલમ ૨૪ અથવા ૨૫ મુજબ "કપટથી" અથવા "બદદાનતથી" ચાલ્યો એમ કહી શકાય નહી; અને તેથી કરીને કલમ ૪૬૫ મુજબ ગુન્હો બનેલો નથી, તેથી તે મુજબ કરેલી શિક્ષા રદ કરવી જોઈએ. વળી એમ ઠરાવવામાં આવ્યું કે ખોટા રીપોર્ટો કરવાનો કેદીનો એ ઇરાદો હતો કે અગાઉ કરેલું કપટ જણાઇ ના આવે, અને પોતે અથવા ખરેખરી રીતે તે કપટ કરનાર માણસ કાયદેસર સજામાંથી બચી જાય; અને જે રીતે રીપોર્ટો કરવામાં આવેલા તે રીત ખોટી હતી એવી કેદીને માહીતી હોવાથી પીનલકોડની કલમ ૨૧૮ મુજબ તેને વાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. વળી વધારામાં એમ ઠરાવવામાં આવ્યું કે કેદી જેને આ રીપોર્ટો કરેલા તે સરકારી નોકર હોવાથી અને પોતાની નોકરીની ફરજ તરીકે અને યોગ્ય વખતમાં કરેલા હોવાથી અને યોગ્ય અમલદારે આ રીપોર્ટો કરેલા હોય એવું અનુમાન થવાથી, અને જે આરીસરે એવું બતાવ્યું કે રીપોર્ટો કરવાનું તેનું કામ નોહોતું તે આરીસ તરફથી જુબાની લેતી વખતે તે વિષે સાહેદીઓને કાંઇ પણ સવાલ પુછવામાં નહી આવ્યાથી એમ અનુમાન થવું જોઈએ કે રીપોર્ટો કરવાનું તેનું કામ હોવાથી તેણે રીપોર્ટો કર્યા અને તેથી તે રીપોર્ટો પીનલકોડની કલમ ૨૧૮ ના અર્થ મુજબ સરકારી નોકર તરીકે કરવામાં આવ્યા હતા. રાણી વિ. ગીરધારીલાલ, ઈ૰ લો૰ રી૰ ૮ અ. ૬૫૩.

(મી૰ એજ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૰ ૨૪ મી અગષ્ટ સને ૧૮૮૬.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રાણી વિ. જંગલલાલ, ૧૯ વિ. રી. ૪૦. જુઓ જુદી નોંધ ૧.

રાણી વિ. લાલચુમલ. ૨ વા. દી. પ્રાં. ૧૧ જુઓ જુદો લેખ ૩૦.

રાણી વિ. ફતેહ, ઈ૰ લો૰ રી૰ ૫ અ. ૨૧૭. જુઓ જુદો લેખ ૪૬.

રાણી વિ. જીવાનંદ, ઈ૰ લો૰ રી૰ ૫ અ. ૨૨૧. જુઓ જુદો લેખ ૪૭.

રાણી વિ. સંકર, ઈ૰ લો૰ રી૰ ૪ મું. ૬૫૭. જુઓ જુદો લેખ ૪૧.

રાણી વિ. માઝરહુસેન, ઈ૰ લો૰ રી૰ ૫ અ. ૫૫૩ જુઓ સરકારી નોકર ૯.

૫૨ જુદો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૪—દસ્તાવેજો ખોટા બનાવવાનો ઈરાદો—કપટથી અને બદદાનતથી ખોટા બનાવવા તે—બ નામની સબડીવીઝન ઓફીસમાં તોહોમતદાર જે એક નકલ કરનારો હતો, તેણે તે ઓફીસમાં ખાલી પડેલી કલાર્કની જગ્યાને માટે અરજી કરી. તોહોમતદારે, પોતાની અરજીમાં તે જગ્યાની ભલામણનો જાણે તે ઓફીસના ઉપરી અમલદારે કર્યો હોય એવી રીતનો, ખોટો સેરો કરેલો એમ માલમ પડયું હતું. વળી ખાલી જગ્યાને માટે તોહોમતદારને પસંદ કરવામાં આવ્યો છે એવી ખબરનો કલેકટરે તે જગ્યાની સબડીવીઝન ઓફીસના ઉપરી અમ

લદાર તરફ લખેલો કાગળ તોહોમતદારે ખો ટો બનાવી તે અરજીની સાથે મોકલ્યો હતો. સબ ડીવીઝન ઓફીસના ઉપરી અમલદારને કાગળ કલેકટરનો લખેલો છે કે શી રીતે તે બાબતનો શક પડવાથી, તેણે કલેકટર ઉપર સરકારી રીતે ખાનગી કાગળ તે બાબત નકી કરવાને માટે લખ્યો; આ કાગળ તે જગ્યાની પોષ્ટ ઓફીસમાં નાંખ્યા પછી, તે મોકલવાનો બંધ રાખવા વિષેનો પોષ્ટ માસ્તર ઉપરનો કાગળ તે અમલદારના નામનો બનાવી તોહોમતદારે ત્રીજો ખોટો દસ્તાવેજ કર્યો. આ ત્રણ દસ્તાવેજોના સબંધમાં તોહોમતદાર ઉપર પીનલકોડની કલમ ૪૬૪ મુજબ ખોટા લેખનું તોહોમત રાખી સેસન કોર્ટે શિક્ષા કરી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે પેહેલાં બે દસ્તાવેજોના સબંધમાં ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરેલી વાજબી હતી, પણ ત્રીજા દસ્તવેજને માટે તે કલમના અર્થ મુજબ એમ કહી શકાય નહી કે બદદાનતથી અથવા કપટથી અથવા બેમાંના એક વિચારથી તેણે તે બનાવ્યો હતો. રાણી વિ. અબદુલ હમીદ, ઈં૦ લૉ૦ રી૦ ૧૩૬ મું. ૪૯.

(મેસર્સ મીતર અને ગ્રાંટ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી સપટંબર સને ૧૮૮૬.)

૫૩ જુઠો લેખ-ઈરાદો-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૬૬-કોઈ પણ દસ્તાવેજ ન્યાયની કોર્ટને ઠગવાને માટે વાપરવાના ઈરાદાથી બનાવવામાં આવ્યો હોય તો, તે કામને માટે વાપરવાના ઈરાદાથી તે બનાવ્યો છે. તેટલા માટે કોઈ માણસ, બીજાની અરજી ઉપરથી તેને ફસાવવાને માટે ડેપ્યુટી કલેકટરની સહી અને મોહોરવાળી ખોટી નોટીસ, ચાલતાં દાવામાં વાપરવાને માટે તેની જરૂર છે (જે ખરૂ જોતાં કરવામાં આવ્યો નહોતો) એવી બીજા માણસે ખબર આપ્યા પછી બનાવી આપે તો, જે માણસ ખોટો દસ્તાવેજ બનાવે છે તે માણસ સીવાય બીજા માણસના મનમાં તે દસ્તાવેજ કપટથી વાપરવાનો ઈરાદો હતો તેની કાંઈ જરૂર નહી હોવાથી તે જુઠા લેખને માટે ગુન્હેગાર છે. રાણી વિ. હરધન મૈતી, ઇં. લૉ. રી. ૧૪ ક. ૫૧૩.

(મેસર્સ સર ડબલ્યુ કોમર પેથેરામ નાઈટ ચીફ જસ્ટીસ, વીલસન, ટોટનહામ, નોરીસ અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૪ જુન સને ૧૮૮૭.

જુઓ કમીટ કરવું તે ૨, ૪, ૬, ૧૦, ૨૯, ૬૨.
,, સમાધાન ગુન્હાઓનું ૮.
,, છુટકો ૧૬.
,, પુરાવો ૫૨.
,, જુઠો પુરાવો કરવો તે.
,, જ્યુરી ૧૦૧, ૧૦૩.
,, ઓફીસની સરકારી ચોપડી.
,, સરકારી નોકર ૯.
,, ફરીઆદ કરવાની પરવાનગી ૨, ૮, ૫૮, ૬૩, ૭૯.
,, કેટલાક ગુન્હાઓ ૧.
,, બીજી જગ્યાએ કેસ મોકલવો તે.

જુઠો વેષ ધારણ—

૧ જુઠો વેષ ધારણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૫—પીનલકોડની કલમ ૨૦૫ મુજબ જુઠો વેષ ધારણ કરવાના ગુન્હાને માટે ગુન્હેગારને કપટથી લાભ થવાનો હતો એ અગત્યની બાબત નથી, અને જે માણસના નામનો વેષ ધારણ કરવામાં આવે છે તે માણસની કબુલાત લીધી હોય તોપણ ખોટો વેષ ધારણ કરવાને માટે શિક્ષા કાયમ રાખી શકાય છે. સુપાકન એક્ષપારટી, ૧ મ. હા. કો. રી. ૪૫૦.

(મેસર્સ સ્કોટલાન્ડ અને ફ્રેરી જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૬૩).

૨ જુઠો વેષ ધારણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૫—પીનલકોડની કલમ ૨૦૫ મુજબ ખોટો વેષ ધારણ કરવાનો ગુન્હો થવાને માટે ખોટું નામ ધારણ કરવાની સાબીતી બસ નથી, પણ બીજા કાંઈ

માણસને ખોટી રીતે બતાવવાને માટે, આવી રીતે ધારણ કરેલું નામ વાપરવામાં આવ્યું હતું એ સાબીત કરવું જોઈએ. રાણી વિરૂદ્ધ ભીતોકુહાર (૧ ઈન્ડ. જ્યુરીષ્ટ. ઉ. દ. ૧૨૩)ના કેસથી આ કેસમાં જુદો મત લેવામાં આવ્યો. ફદાર રાવટન અને બીજાની બાબતમાં ૪ મ. હા. કો. રી. ૧૮.

(મેસર્સ સ્કોટલાન્ડ અને કોલેટ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી અકટોંબર સને ૧૮૬૭).

૩ જુઠો વેષ ધારણ—સને ૧૮૬૬ નો ૨૦ મો રજીષ્ટ્રેશન આકટ કલમ ૯૪—જુઠો વેષ ધારણના ગુન્હામાં મદદગારી—સ્થાવર મીલકતનું વેચાણ ખત પુરૂ કરી આપવાને માટે જે માણસના અધીકારની જરૂર હતી તે માણસનું ખોટું નામ ધારણ કરવાને માટે ત્રણ માણસો જેમને એક ચોથા માણસને ઉભો કર્યો તેમને સને ૧૮૬૬ નો આકટ ૨૦ માની કલમ ૯૪ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. રાણી વિરૂદ્ધ સોલીમુદીન વિગેરે, ૭ વિ. રી. ૬૩.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા. ૬ ઠી મે સને ૧૮૬૭).

૪ જુઠો વેષ ધારણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૫—જે માણસનો ખોટો વેષ ધારણ કરવામાં આવે છે તે માણસનું નામ અને વર્તણુંક તોહોમતદારે ધારણ કરવી જોઈતી હતી, એ પીનલકોડની કલમ ૨૦૫ મુજબ ખોટો વેષ ધારણ કરવાનો ગુન્હો થવાને માટે જરૂરનું છે. તોહોમતદારે તે માણસના નામની અરજી કોર્ટમાં આપી હતી તે, આ કેસની હકીકત જોતાં, તે માણસનો ખોટો વેષ ધારણ કરવાનો કાંઈ ઇરાદો સાબીત કરવાને જોઈએ તેવી નથી. રાણી વિરૂદ્ધ નારાયણ આચારજી, ૮ બિ. રી. ૮૦.

(મેસર્સ ગ્લોવર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ નવંબર સને ૧૮૬૭).

જુઓ પ્રયત્ન વેષ ધારણ કરીને ઠગવાનો.
„ ઠગાઈ વેષ ધારણ કરીને.
„ જુઠો પુરાવો બનાવવો તે ૬.
„ જુઠું તોહોમત ૩.

જુઠો વેષ ધારણ કરવો તે—

ઠગાઈથી. જુઓ મનુષ્યહરણ ૧૮.

જુઠા સોગન—

જુઓ જુઠો પુરાવો.

જુઠી હકીકત રજીષ્ટ્રાર પાસેની—

૧ જુઠી હકીકત રજીષ્ટ્રાર પાસેની—સને ૧૮૭૭ નો ૩ જો રજીષ્ટ્રેશન આકટ કલમ ૮૨ કલોઝ અ. ૮૩—સને ૧૮૭૭ નો ૩ જો રજીષ્ટ્રેશન આકટ કલમો ૮૨ કલોઝ અ, ૮૩, ૭૨ અને ૭૩—રજીષ્ટ્રારની રૂબરૂ ચાલેલા મુકરદમામાં કેટલીક ખોટી વાત જાણીબુઝીને કેહેવાને માટે તોહોમતદારની રજુઆત ચલાવવામાં આવી હતી, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે રજીષ્ટ્રેશન આકટની કલમ ૫૩ મુજબ મુકરદમાઓ ચલાવવા જોઇએ તે મુજબ નહી ચલાવતાં કલમ ૭૨ મુજબ આ મુકરદમો ચલાવવામાં આવ્યો હતો અને તોહોમતદાર રજીષ્ટ્રારની રૂબરૂ હાજર થયેલો અને તે બાબત કાંઈપણ વાંધો તેણે ઉઠાવેલો નહી હોવાથી રજીષ્ટ્રેશન આકટમાં બતાવ્યા પ્રમાણે ફોજદારી રજુઆતને માટે તે અવ્યવસ્થા ગણાશે નહી એમ ધારી શકાય; તેમજ આવી જાતની હકીકતમાં તે આકટની કલમ ૭૩ મુજબ અરજદારે અપીલની અરજીમાં બતાવેલી બાબત ખરી ઠરાવી સહી કરેલી ના હોય તો તેથી કાંઈ ફોજદારી અદાલતનો અધીકાર જતો રેહેતો નથી. રાણી વિરૂદ્ધ જેઈમ્સ એરી, રાણી વિરૂદ્ધ થોમાસ ફ્લેચર; ટરનર વિરૂદ્ધ પોષ્ટ માસ્તર જનરલ; રાણી વિરૂદ્ધ હયુઝ અને રાણી વિરૂદ્ધ સ્મીથના કેસો ઉપર આધાર રાખવામાં આવ્યો. વળી એમ ઠરાવવામાં આવ્યું કે રજીષ્ટર કરતી વખતે રજીષ્ટ્રારની રૂબરૂ કેટલીક વાત કહેલી તેના સબંધમાં તે અમલદારે તજવીજ કરી હોય, તે તજવીજની દરમીઆન તોહોમતદારે જુબાની આપ્યાથી તેની સામે તોહોમત માજીસ્ટ્રેટ પોતાની મેળે સને ૧૮૭૭ ના આકટ ૩ ની કલમ ૮૨ માં બતાવ્યા પ્રમાણે રાખી શકતો ન

થી. રાણી વિરૂદ્ધ બટેસર મંડળ, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૬૦૪.

(મેસર્સ ટોટનહામ અને નોરીસ જડજો ની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૮૪).

ગોપીનાથ વિરૂદ્ધ કુલદીપસીંઘનો કેસ ઉલટો છે. ઈ૦ લો૦ રી૦ ૧૧ ક. ૫૬૬. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૭૮.

જુઠી હકીકત—

પોલીસની. જુઓ જુઠો પુરાવો ૧૦૮.

સોગન ઉપર સરકારી નોકર આગળની. જુઓ શિક્ષા ૧૧.

પોલીસ આગળની. જુઓ જુઠો પુરાવો ૬૫.

જુબાની—

૧ જુબાની—બીજા કેસમાં લીધેલી જુબાનીઓ શાહેદીને વાંચી સંભળાવવી તે- સને ૧૮૬૫ નો ૧૩ મો કલમ ૮—કેદીની ગેરહાજરીમાં ચાલેલા બીજા કેસમાં સાહેદીઓએ આપેલી જુબાનીઓ, તેઓને વાંચી સંભળાવીને અને ખરી છે એવી તેઓની ખાત્રી કરી લેઇને માજીસ્ટ્રેટે કામમાં લીધી. એમ ઠરાવવામાં આવ્યું કે આ જુબાનીઓ કાયદા વિરૂદ્ધ લેવામાં આવી હતી. અને તેથી તોહોમત રાખી શકાય નહી. રાણી વિ. રાજ ક્રીષ્ણુ મીતર, ૧ બેં૦ લો૦ રી૦ ક્રી. ૩૭.

(મી૦ નોરમન જડજની રૂબરૂ, તા૦ ૧૧ મી અગષ્ટ સને ૧૮૬૮).

૨ જુબાની-તોહોમતદારની સામે. પછીના કામમાં પુરાવામાં લેઈ શકાય તેવી જુબાની—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૮૦—કોઈ માણસે આપેલી જુબાની, જુબાની આપનાર માણસ તેજ હતો એ પ્રથમ સાબીત કર્યા શીવાય, તેની સામે પછીથી ચાલેલા મુકરદમાના પુરાવામાં દાખલ કરી શકાય નહી. તોહોમતદારને માફી આપી માજીસ્ટ્રેટે તેની જુબાની લખી લીધી હતી. પછીથી માફી પાછી ખેંચી લેઈ બીજા તોહોમતદારોની સાથે સેસન જડજની રૂબરૂ તેનું કામ ચલાવવામાં આવ્યું હતું. રજુઆત ચાલતી વખતે માજીસ્ટ્રેટની રૂબરૂ તેણે આપેલી જુબાની માજીસ્ટ્રેટની રૂબરૂ સાહેદી તરીકે જુબાની આપનાર તેજ માણસ હતો એ વિશેનો કાંઇ પણ પુરાવો લીધા સીવાય કામમાં દાખલ કરીને પુરાવામાં લીધી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટની રૂબરૂ સાહેદી લેવામાં આવેલો તેજ માણસ હતો એ સાબીત થયા સીવાય તે જુબાની કામમાં દાખલ કરી શકાય નહી. રાણી વિ. દુરગા સોનાર, ઈ. લો. રી. ૧૧ ક. ૫૮૦.

(મેસર્સ મીતર અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી મે સને ૧૮૮૫).

૩ જુબાની—વૈદક સંબંધી સાહેદીએની જુબાનીઓ સેસન કોર્ટમાં લીધેલી તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૯—જુબાની તોહોમતદારની રૂબરૂ લીધેલી અને સહી થયેલી હતી, એવું માજીસ્ટ્રેટના દફતરમાં નહી મળી આવેલું તે સાબીત કરવાને પુરાવો રજુ નહી થયેલો તે-પુરાવામાં દાખલ ના થાય તેવી જુબાની—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૧૧૪, દાખલો (ઈ)—કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ વૈદક સંબંધી સાહેદીઓએ આપેલી જુબાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૯ મુજબ સેસન કોર્ટમાં ચાલતી રજુઆતના પુરાવામાં દાખલ કરતા પેહેલાં, તે તોહોમતદારની રૂબરૂ લીધેલી અને સહી કરેલી હતી એવું માજીસ્ટ્રેટના દફતર ઉપરથી અથવા તપાસેલા સાહેદીઓની જુબાની ઉપરથી સાબીત થવું જોઈએ. પુરાવાના આકટની કલમ ૧૧૪ ના દાખલા (ઈ) મુજબ એવી રીતે લેવાયેલી તથા સહી થયેલી હશે એવું ફક્ત અનુમાન કરવું જોઈએ નહી. રાણી વિ. રાઈડીંગ વિગેરે, ઈ. લો. રી. ૯ અ. ૭૨૦.

(મી૦ સરજોન એજ નાઈટ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૫ મી અગષ્ટ ૧૮૮૭).

જુઓ નકલો દફતરની.

,, સાપરાધ ખોટો ઉપયોગ.

,, ઝાંઝીબાર.

જુબાની—

અગાઉના કેસમાં આપેલી. જુઓ છુટકો ૪૨; પુરાવો ૭૫-૮૫; જુઠું તોહોમત.

તોહોમતદારને વાંચી નહી સંભળાવેલી. જુઓ છુટકો ૪૫.

ગેરહાજર સાહેદીઓની. જુઓ ચોરી ૨.

વૈદક સંબંધી સાહેદીઓની. જુઓ પુરાવો ૬૨.

ખુન થયેલા માણસની. જુઓ વૈદક સંબંધી પુરાવો, ૧.

સાહેદીઓની. જુઓ વકીલ ૧૩.

સોગન ઉપર. જુઓ જુઠો લેખ, ૪૨.

નાસી ગયેલા તોહોમતદારની. જુઓ પુરાવો, ૬૯.

જુદા ગુન્હાઓ—

૧ જુદા ગુન્હાઓ-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૮૦, ૪૫૬, ૪૫૭—છાનામાના ઘરપ્રવેશ કરવો તે—ચોરી—માજીસ્ટ્રેટે કેદી ઉપર પીનલકોડની કલમો ૪૫૬ અને ૩૮૦ મુજબ બંને જુદા જુદા ગુન્હાઓ રાખી તેને ગુન્હેગાર ઠરાવી સજા કરી હતી. અપીલમાં સેસન જડજે એમ ધાર્યું કે કલમ ૪૫૭ મુજબ ગુન્હો સાબીત થાય છે તેથી નવી રજુઆત કલમો ૪૫૭ અને ૩૮૦ મુજબ ચલાવવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે નવી રજુઆત ચલાવવી જોઈએ નહી, પણ કલમ ૩૮૦ મુજબ ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા રદ કરવી જોઈએ. રાણી વિ. રામચરન કૈરી, બેં. લો. રી. વો. ૪૮૮; ૬ વિ. રી. ૩૯.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, નોરમન, કેમ્પ, સેટનકાર અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઇ સને ૧૮૬૬).

રાણી વિ. ઈચા બરડોખીના કામમાં નજર રાખવામાં આવે છે, ૪ વિ રી. ૧૧. જુઓ શિક્ષા ૨.

૨ જુદા ગુન્હાઓ—પદ્ધતિ—ડાકાઈટી—ચોરીની મીલકત લેવી તે—કબુલાત - પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૯૫, ૪૧૧, ૪૧૨—એક ગુન્હાની હકીકત જુદી પાડીને કેટલાક નાહાના ગુન્હાઓ બનાવવાની રીત ધીક્કારવામાં આવી હતી. કોઈ માણસને, પીનલકોડની કલમ ૩૯૫ મુજબ ડાકાઈટીના ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય અને એક ગુન્હા કરતા વધારે ગુન્હાઓ કર્યાનો કાંઈપણ પુરાવો ના હોય તો તેને પીનલકોડની કલમ ૪૧૧ મુજબ બદદાનતથી ચોરીની મીલકત રાખવાને માટે અથવા કલમ ૪૧૨ મુજબ ડાકાઈટીમાં આવેલી મીલકત રખવાને માટે પણ ગુન્હેગાર ઠરાવી શકાય નહી ચોરીની મીલકત રાખવાના કેસમાં કેદીઓની કબુલાત પુરાવામાં શી રીતે લેવી તે બતાવવામાં આવ્યું. રાણી વિ. શાહબાટ શેખ વિગેરે અપેલેન્ટો, ૧૩ વિ. રી. ૪૨.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જડજ અને બેલી જડજોની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૭૦).

રાણી વિ. લોકનાથ સીરકારના કામમાં નજર રાખવામાં આવી. ઈ. લો. રી. ૧૧ ક. ૩૪૯. જુઓ વર્ધમાન સજા ૧૪.

૩ જુદા ગુન્હાઓ-વર્ધમાન સજાઓ-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૧-આ કેસની હકીકત ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે **અ** નામનો પક્ષકાર જેને કોર્ટમાં હાજર રાખવાને માટે પોલીસ કોનસ્ટેબલને હુકમ કરવામાં આવ્યો હતો, તે પક્ષકાર તેની સાથે નહી આવવાથી અને વળી તેને પોલીસ કોનસ્ટેબલનો હાથ પકડવાથી, અને જે ટટુનો ખોટો ઉપયોગ કરવાને માટે તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું, તે ટટુ લઇ જવામાં કોનસ્ટેબલની સામે થવાથી, તેને પીનલકોડની કલમો ૩૫૩ અને ૧૮૩ મુજબ જુદા ગુન્હાઓને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, અને દરેક ગુન્હાને માટે જુદી સજા કરવાથી પીનલકોડની કલમ ૭૧ મુજબ કાંઇ બાધ આવતો નથી. રાણી વિ. જોયાલ મોહનચંદર, ૧૪ વિ. રી. ૧૯.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુલાઈ સને ૧૮૭૦).

૪ જુદા ગુન્હાઓ-પ્રાણઘાતક હથીઆરોથી હંગામો કરવો તે—શિક્ષણીય મનુષ્ય વધ, મહાવ્યથા—હકીકત ઉપરથી માલમ પડી આવે તો હંગામાને માટે ગુન્હેગાર ઠરાવેલા માણસોને, પ્રાણઘાતક હથીઆરોથી હંગામાના કેટલાક ગુન્હાઓ જેવા કે શિક્ષણીય મનુષ્યવધ અને મહાવ્યથાને માટે ગુન્હેગાર ઠરાવી શકાય. રાણી વિ. હરગોવીંદ, ૩ વા. દી. પ્રાં.૧૪.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૭ મી જુલાઈ સને ૧૮૭૧).

રાણી વિ. કોમલ માનજીના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવે છે. ૭ વિ. રી. ૧૩. જુઓ ગરવાજબી કેદ.

રાણી વિ. મંગરૂના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૬ વા. દી. પ્રાં. ૨૯૩. જુઓ મનુષ્યહરણ ૨૩.

રાણી વિ. રામઆધીનના કામમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૨ અ. ૧૩૯. જુઓ કેટલાક ગુન્હાઓ ૩.

રાણી વિ. ડુંગરસીંગના કામમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૭ અ. ૨૯. જુઓ કેટલાક ગુન્હાઓ, ૭.

૫ જુદા ગુન્હાઓ - તોહોમત—સજા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કલમ ૩૧૭—પીનલકોડની એક કલમ મુજબ કેટલાક ગુન્હાઓના કેસમાં વાજબી રસ્તો એ છે કે તે કલમ મુજબ જે ગુન્હાઓ સ્પષ્ટ રીતે તોહોમતદાર ઉપર સાબીત થાય તે કેટલાક જુદા જુદા ગુન્હાઓમાંના દરેક ગુન્હાને માટે તેની રજુઆત (જુદા તોહોમતો મુજબ) ચલાવવી જોઇએ. આ જુદા તોહોમતોમાંના દરેકને માટે ગુન્હેગાર ઠરાવ્યા પછી દરેક ગુન્હાને માટે જુદી સજા કરવી જોઈએ, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૭ મુજબ પહેલાંના ગુન્હાની શીક્ષા ભોગવ્યા પછી તેની પછીના ગુન્હાની શિક્ષા ભોગવવી એવો હુકમ કરવો જોઈએ. રાણી વિ. સોબરાઈ ગોવાલાહ વિગેરે, ૨૦ વિ. રી. ૭૦.

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અકટોબર ૧૮૭૩).

૬ જુદા ગુન્હાઓ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૭૧, ૪૭૪—બનાવટી દસ્તાવેજ—કબજો—પીનલકોડની કલમો ૪૭૧ અને ૪૭૪ મુજબ ગુન્હાઓની શિક્ષા એકઠી થઇ શકે નહી. રાણી વિ. નઝરઅલી, ૬ વા. દી. પ્રાં. ૩૯.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૬ ઠી ડીસેંબર સને ૧૮૭૩).

રાણી વિરૂદ્ધ મંગરૂના કામમાં આધાર લેવામાં આવ્યો, ૬ વા. દી. પ્રાં. ૨૯૩. જુઓ મનુષ્યહરણ ૨૩.

જુઓ નીચેની કોર્ટના ફેંસલા સામે અરજી.
,, જુદો પુરાવો કરવો તે ૫.
,, એકઠી તપાસ ૨.

જુદા જુદા ગુન્હેગાર ઠરાવી શિક્ષા—

જુદા જુદા ગુન્હેગાર ઠરાવી શિક્ષ—બીગાડ અને ચોરી—ઘર ફાડી ચોરી કરવી તે—પીનલકોડની કલમો ૪૫૪ તથા ૩૯૭ અને કલમો ૪૫૭ તથા ૩૮૦ મુજબ જુદા ગુન્હાઓ રાખી શિક્ષાઓ કરેલી રદ કરવામાં આવી હતી, અને પેહેલાંની કલમો મુજબ કરેલા ગુન્હાઓને માટે કલમ ૪૨૯ મુજબ અને પાછલી કલમો મુજબ કરેલા ગુન્હાઓને માટે કલમ ૪૫૭ મુજબ શિક્ષા બાહાલ રાખવામાં આવી હતી. રાણી વિરૂદ્ધ સાહરી વિગેરે, ૮ વિ. રી. ૩૧.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧ લી જુલાઈ સને ૧૮૬૭).

રાણી વિરૂદ્ધ મગરૂના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૬ વા. દી. પ્રાં. ૨૯૩ જુઓ મનુષ્યહરણ ૨૩.

જુઓ વર્ધમાન સજા ૩, ૪.
,, જુઠી ખબર ૧૨.
,, સજા ૬૩.

જુદી તપાસ—

જુદી તપાસ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૪૫, ૪૪૬ અને ૪૫૩—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ

કોડ કલમો ૧૬૭, ૪૬૬, ૪૭૧-એકજ જાતના ગુન્હાઓ-તોહોમતમાં સુધારો કરવો તે-પંચાવન તોહોમતો રાખી રજુઆત ચલાવવાને માટે કેદીને કમીટ કરવામાં આવ્યો હતો તેમાં ત્રણ તોહોમતો પીનલકોડની કલમો ૧૬૭, ૪૬૬ અને ૪૭૧ મુજબ રાખવામાં આવ્યાં હતાં. આસેસરો સાથે ડીસ્ટ્રીક્ટ જડજની રૂબરૂ રજુઆત ચાલતી વખતે કેદીને ખબર આપવામાં આવી હતી કે રજુઆત ફક્ત છેલાં બતાવેલાં ત્રણ તોહોમતોનીજ ચાલવાનીછે. આ તોહોમતોને માટે કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, પણ બાકીના સઘળા તોહોમતોનો પુરાવો રજુ કરવાને કોર્ટે ફરીઆદીને પરવાનગી આપી હતી, અને આ તોહોમતોના સંબંધમાં કેદીને નિર્દોષ ઠરાવી છોડી દેવામાં આવ્યો હતો. અપીલ ઉપરથી હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૪૫ અને ૪૪૬ માં આપેલા અધીકાર મુજબ ડીસ્ટ્રીકટ જડજે ચાલીને જુદી રજુઆતો કરવી જોઇતી હતી, અને પીનલકોડની કલમો ૧૬૭ અને ૪૬૬ મુજબ રાખેલાં તોહોમતો તેણે એકઠાં ચલાવવાં જોઈતાં નોહોતાં, કારણ કે તે તોહોમતો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૩ ના અર્થ મુજબ એક જાતનાં નોહોતાં; પણ આ તોહોમતોને માટે કરેલી શિક્ષા બાહાલ રાખવામાં આવી હતી કારણ કે એકઠી રજુઆત ચલાવવાની રીતથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ નુકશાન થએલું કામમાં સાબીત થયું નોહોતું. રાણી વિ. શ્રીનાથકર, ઈં. લો. રી. ૪ ક. ૪૫૦; ૧૦ ક. લો. રી. ૪૨૧.

(મેસર્સ મોરીસ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨).

જુઓ બખેડો ૩.
" જુઠો પુરાવો ૫.
" એકઠા તોહોમતો.
" અપહરણ ૬.
" સજા ૧૬.
" બીજી જગ્યાએ કેસ મોકલવો ૫.

જુદા તોહોમતો—

૧ જુદા તોહોમતો—જુદા ગુન્હાઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૫૨, ૫૫૩, ૫૫૪ દાખલો (બ) અને ૫૫૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૩ ફક્ત કાયદેસર કેટલા ગુન્હાઓને માટે એક રજુઆત કરાય તે સંખ્યા બતાવે છે. તોપણ એક વર્ષની અંદર એકજ જાતના ઘણા જુદા જુદા ગુન્હાઓની એકજ દિવસે જુદું જુદું તોહોમત રાખી તોહોમતદારની જુદી જુદી રજુઆત થઈ શકે નહી એવું કાંઈ તે કલમમાં બતાવેલું નથી. બટી વિ. ધોનનજોય, ઈં૦ લો૦ રી૦ ૩ ક. ૫૪૦.

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જાનેવારી સને ૧૮૭૮).

૨ જુદા તોહોમતો—તજવીજ—જુદા તોહોમતોની જુરીએ એકી વખતે કરેલી રજુઆત—હંગામામાં સામા થએલા પક્ષકારો—કાયદા વિરૂદ્ધ મુકરદમાની તોહોમતદાર તરફથી વકીલોએ આપેલી કબુલાત-તોહોમતદારની તપાસ—હંગામાનો ગુન્હો કરનાર બે સામસામેની ટોળીઓના માણસોને સેસન જડજ અને જુરીની રૂબરૂ રજુઆતને માટે જુદા જુદા કમીટ કરવામાં આવ્યા હતા. ફરીયાદી તરફથી કેસ પુરો થયા પછી આમાંના એક કેસમાં તોહોમતદારના વકીલની કબુલાતથી કેદીનો જવાબ લેવો બંધ રાખી, તેજ જુરીની સમક્ષ સામેના કેસના ફરીઆદી તરફના સાક્ષીઓ લેવા માંડયા. કોર્ટે પછીથી, કેદી તરફના સાક્ષીઓ પેહેલા લીધા અને સામેના કેસમાં નામના અનુક્રમ પ્રમાણે લીધા અને કેદી તરફના અને સરકારી વકીલોના જુદા જુદા ભાષણો સાંભળ્યા પછી બંને કેસોની હકીકતો જુરીને બતાવવાને એકઠી કરવા માંડી, જે ઉપરથી જુરીએ સઘળા તોહોમતદારોના સબંધમાં ઠરાવ કર્યો, એમ ઠરાવવામાં આવ્યું કે જડજે ચલાવેલા મુકરદમાથી કાયદાનો જાથુ નિયમ તુટે છે,

જે નિયમ મુજબ સ્પષ્ટ રીતે જુદી ર જુઆતો આવા કેસોમાં કરવી જોઈએ. અને આવી રીતે ચલાવવાથી તોહોમત દારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને ઘ ણુંજ નુકશાન થયેલું હોવાથી શિક્ષા રદ કરવી જોઈએ. રાણી વિ. સેખબાઝુ (બેં. લો. રી. વો. ૭૫૦; ૮ વિ. રી. ૪૭) ના કેસનો ત ફાવત બતાવી વધારામાં વળી એમ ઠરાવવા માં આવ્યું કે કોર્ટે બતાવેલી ગોઠવણ કેદીનં વકીલે કબુલ રાખ્યાથી મુકરદમો ચલાવવાની ખામી જતી રેહેતી નથી. રાણી વિ. હુસેન બક્ષ, ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૯૬.

(મેસર્સ મોરીસ અને પ્રીનસેપ જડજો ની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૮૦.)

રાણી વિ. શેખ બાઝુના કામમાં તફાવત બતાવવામાં આવે છે બેં૦ લો૦ રી૦ વો૦ ૭૫૦; ૮ વિ. રી. ૪૭. જુઓ એકઠા તો હોમતો

૩ જુદા તોહોમતો—બે જુદા તોહોમ તોને માટે કમીટ કરવું તે—એક ગુન્હાને માટે તજવીજ—જુદી રજુઆત-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૫૪—કોઇ માણસો ઉપર હંગામો અને વ્યથા કરવાના તોહોમતો રાખી ક્રીમીનલ પ્રો સીજર કોડની કલમ ૪૫૪ મુજબ એક ગુ ન્હાને માટે તેમની રજુઆત જો કે ચલાવ વામાં આવી હોય, તોપણ બંને ગુન્હાઓની જુદી રજુઆત ચલાવવી કાયદા વિરૂદ્ધ નથી. અમીરૂદીન વિ. ફરીદ સરકાર, ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૪૮૧.

(મેસર્સ મીતર અને મેકલીન જડજો ની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૮૨.)

જુઓ વર્ધમાન સજા ૩, ૪.

„ જુઠો પુરાવો ૭૧, ૭૨.

„ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૫.

જુદા તોહોમતો જુદા જુદા ગુન્હાઓને માટે.

જુદા તોહોમતો જુદા જુદા ગુન્હાઓ ને માટે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૩૩, ૨૩૪, ૫૩૭—૯ ૦ ૫ ડીસંબરે હંગામાનો ગુન્હો કરવાથી પાંચ માણસો ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. આમાંના ચાર અને એક ક નામના માણસ ઉપર તા૦ ૯ મી ડીસંબરે સાપ્રાધ પ્રવેશ કરવાનું તોહોમત રાખવામાં આવ્યું હતું. આ બંને કેસો એકજ રજુઆ તે એકઠા ચલાવવામાં આવ્યા હતા અને એ કજ ઠરાવ લખવામાં આવ્યો હતો. એમ ઠ રાવવામાં આવ્યું કે રજુઆત કાયદા વિરૂદ્ધ હતી અને ખામી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૭ થી જતી રેહેતી નથી ચંદીસીં ઘ વિગેરેની અરજીની બાબતમાં ઈં૦ લો૦ રી૦ ૧૪ ક. ૩૯૫.

(મેસર્સ સર ડબલ્યુ કોમર પેથેરામ નાઇટ ચીફ જસ્ટીસ અને ઘોસ જડજોની રૂ બરૂ, તા૦ ૨ જી એપ્રીલ સને ૧૮૮૭.)

જુદી સજાએ —

૧ જુદી સજાઓ—જુદા ગુન્હાઓ—જુદા ગુન્હાઓને માટે કેદીઓને ગુન્હેગાર ઠ રાવવામાં આવ્યા હોય તો દરેક કેસમાં જુદી સજા એવી રીતે કરવી જોઈએ કે પેહેલા કેસની સજા પુરી થયા પછી બીજા કેસની સજા શરૂ થાય. પ્રો. તા૦ ૧૫ મી જાનેવારી સને ૧૮૬૯ ૪ મ. હા. કો. રી. અપે ૨૭.

૨ જુદી સજાઓ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૬૯, ૩૮૨—કોઈ છોકરૂ હરણ કરી જવાના કેસમાં પીનલ કોડની ક. ૨૬૯ મુજબ તેના શરીર ઉપરનો માલ લઈ જવાને માટે અને મારી નાખવાની તૈયારી કર્યા પછી કલમ ૩૮૨ મુજબ ચોરી કરવાને માટે જુદી જુદી સજાઓ કરી શકા ય નહી. પુરાવા ઉપરથી કૃત્ય એક અને એ કજ જાતનુ હતું એમ સાબીત થયું હતું. પાછલી કલમ મુજબ કરેલી સજા રદ કરવા માં આવી હતી, કારણ કે તે કલમના અર્થ મુજબ મારી નાખવાની તૈયારી કર્યાનો કાં ઇપણ પુરાવો નોહોતો. રાણી વિ. કાશીનાથ ચંગો, ૮ વિ. રી. ૮૪.

(મેસર્સ સેટનકાર અને મેક ફરસન જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી નવંબર સને ૧૮૬૭.)

જુઓ નિચેની કોર્ટના ઠરાવ સામે અરજી

,, રાત્રે ઘર ફાડવું તે.

,, સજા ૨૧.

,, કેટલાક ગુન્હાઓ. ૧, ૨.

,, ફટકા મારવા તે ૪.

જુગટુ—

૧ જુગટુ—સને ૧૮૬૭ નો ૩ જો કલમ ૪—સાધારણ જુગટુ રમવાનું ઘર—સને ૧૮૬૭ ના આકટ ત્રીજાની કલમ ૪ મુજબ ગુન્હો ઠરાવવાનો એ મુદ્દો છે કે જે ઘરમાં જુગટુ રમાય છે. તે ઘર "સાધારણ જુગટુ રમવાનું ઘર" છે. "ઝાહેરાંત શેરી અથવા જગ્યાએ" જુગટુ રમવું તે કલમ ૧૩ મુજબ ગુન્હો ઠરાવવાને મુદ્દાની વાત છે. ખાનગી ઘરમાં જુગટુ રમવું તે આકટ મુજબ ગુન્હો નથી. રાણી વિરૂદ્ધ ખાઈરૂ વિગેરે, ૨ વા. દી. પ્રાં. ૨૮૯.

(મી૦ ટરનર કામ ચલાઉ જડજની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઈ સને ૧૮૭૦).

૨ જુગટુ—સને ૧૮૬૭ નો ૩ જો કલમ ૪—સાધારણ જુગટુ રમવાનું ઘર—જુગારૂ રમવાને માટે સાધારણ રીતે ગુન્હા તરીકે સજા થઈ શકે નહી. ઝાહેરાંત મોહોલા અથવા જગ્યાએ અથવા સાધારણ જુગટુ રમવાના ઘરમાં તે રમવામાં આવ્યુ હોય તોજ સજા થઈ શકે છે. રાણી વિ. શીઓસંકરસીંઘ, ૩ વા. દી. પ્રાં ૧.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૪ જાનેવારી સને ૧૮૭૧).

જુઓ રાણી વિ. સુજાંદઅલી, ૩ વા દી. પ્રાં. ૧૩૪. જુઓ જુગટુ ૩.

૩ જુગટુ—સને ૧૮૬૭ નો ૩ જો કલમ ૪—સાધારણ જુગટુ રમવાનું ઘર—સાધારણ જુગટુ રમવાના ઘરમાં, સરીઆમ રસ્તા ઉપર અથવા ઝાહેરાંત જગ્યાએ જુગટુ રમ્યા સિવાય કાયદા પ્રમાણે સજા થઈ શકે નહી. જે ઘરોમાં માલીકો જુગટુ રમવાના પાસાઓ રાખીને તે પાસાઓ વાપરવાને માટે કાંઈ લે અથવા ઘર વાપરવાને માટે અથવા બીજી કોઇ રીતે કાંઈ લે તે ઘરો "સાધારણ જુગટુ રમવાનાં ઘરો" ગણાય છે. રાણી વિ. સુજાદઅલી, ૩ વા. દી. પ્રાં. ૧૩૪.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી જુન સને ૧૮૭૧).

જુઓ રાણી વિ. શીઓસંકરસીંઘ, ૩ વા. દી. પ્રાં. ૧ જુઓ જુગટુ ૨.

૪ જુગટુ—સને ૧૮૬૭ નો બીજો બંગાળાનો આકટ કલમ ૫—અખત્યાર વગર પેસીને પકડવું તે—પુરાવો—ડીસ્ત્રીકટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટે અથવા માજીસ્ત્રેટે અખત્યાર આપ્યા સીવાય કોઈ પોલીસના અમલદારે કરારમાં બતાવેલા જુગટુ રમવાના ઘરમાં પેસીને સોધ કરી હોય અને અંદર માલમ પડેલા માણસોને પકડયા હોય અને તે ઘર જુગટુ રમવાનું ઘર છે એવું સાબીત, સને ૧૮૬૭ ના આકટ ૨ જા ની કલમ ૬ મુજબ અનુમાન કર્યા શીવાય થયું હોય તો તે માણસોને માજીસ્ત્રેટ વાજબી રીતે ગુન્હેગાર ઠરાવી શકે છે. નાઝીરખાન વિ. પ્રોલાધદત, ઈં૦ લો૦ રી૦ ૪ ક. ૬૫૦.

(મેસર્સ જેકશન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૭૮).

૫ જુગટુ—સને ૧૮૬૭ નો ૨ જો બંગાળાનો આકટ કલમો ૫, ૬—અખત્યાર સિવાય પેસીને પકડવું તે—માજીસ્ત્રેટે અથવા ડીસ્ત્રીકટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટે અખત્યાર આપ્યા સિવાય પોલીસના ડેપ્યુટી ઈનસ્પેકટરને તકરારી જુગટુ રમવાના ઘરમાં પેસી શોધ કરવાનો અધીકાર નથી. અખત્યાર મળ્યા સિવાય જુગટુ રમવાના ઘરમાં પેસીને પાછળથી માણસોને પકડયા હોય અને સને ૧૮૬૭ ના આકટ ૨ જાની કલમ ૫ મુજબ ગુન્હો કર્યાનો બીજો પુરાવો ના હોવાથી જેના ઉપર ગુન્હેગાર ઠરાવી શકે એવો માજીસ્ત્રેટની પોતાની

રૂબરૂ પુરાવો નથી. તેમજ તે આકટની કલમ ૬ મુજબ જોઈતો પુરાવો અનુમાન કરી શકાય નહી કારણ કે એવું અનુમાન ફક્ત મુકરદમો ચલાવવાને અધીકાર આપેલા કામમાં થઈ શકે છે શ્રી રામચંદ્ર લરકન વિરૂદ્ધ બીપીનદાસ, ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૭૧૦.

(મેસર્સ મીતર અને મેકડોનલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨ ફેબ્રુઆરી સને ૧૮૭૯).

જુઓ નાઝીરખાન વિ. પ્રોલાધદત્ત વિગેરે, ઈ૦ લો૦ રી૦ ૪ ક ૬૫૯. જુઓ જુગટુ ૪.

૬ જુગટુ—શિક્કો-સને ૧૮૬૬ નો ૩ જો મુંબઈનો આકટ કલમ ૧૧—મુંબઈના સને ૧૮૬૬ ના આકટ ૩ ની કલમ ૧૧ ના અર્થ મુજબ સીક્કો એ જુગટુ રમવાનું હથીઆર નથી. જુગટુ રમવાના હથીઆરનો એવો અર્થ થાય છે કે તે કામને માટે ધારેલું હથીઆર. રાણી વિ. વિઠ્ઠલ ભાયચંદ, ઈ૦ લો૦ રી૦ ૬ મું. ૧૯.

(મેસર્સ મેલવીલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૮૧.)

૭ જુગટુ—જુગટુ રમતો માલમ પડેલો તે—વારંટ—સને ૧૮૫૬ નો ૧૩ મો કલમો ૫૭, ૫૮, ૧૧૧—સને ૧૮૬૦ નો ૪૮ મો કલમ ૧૫—૧૮૫૬ ના આકટ ૧૩ ની કલમ ૫૮ મુજબ વારંટ એક અથવા વધારે ઈનસ્પેકટરો ઉપર કાઢવું જોઈએ, પણ ઘણુકરીને "સઘળા કોનસ્ટેબલો અને શલાહશાંતી રાખનારા અમલદારો" ઉપર કાઢવું જોઇએ નહી. ઈનસ્પેકટરના હુકમથી પાછળના નમુના પ્રમાણે વારંટ બજાવવામાં આવેલું, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે વારંટના નમુનાની ભૂલ એ મુકરદમો ચલાવવાની પદ્ધતિની ભુલ ગણાય છે, અને તેથી કરીને એવી રીતે બજાવેલાં વારંટથી પકડાયેલા માણસોને કલમ ૫૭ મુજબ ગુન્હેગાર ઠરાવેલા હોય તો તે વાજબી ગણાય છે. પુરાવા ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે જે ઘરમાંથી કેદીઓ પકડાયા હતા તે ઘર સાધારણ જુગટુ રમવાનું ઘર હતું. પોલીસ ઈનસ્પેકટરે જે માણસને રમતો જોયો હોય અને થોડી વાર પછી તે માણસને પાસેની ઓયડીમાં રમતો તે ઈનસ્પેકટરના હુકમથી પોલીસ કોનસ્ટેબલોએ પકડયો હોય તો, તે સને ૧૮૫૬ ના આકટ ૧૩ માની કલમ ૫૭ ના અર્થ પ્રમાણે "રમતો માલમ પડેલો" ગણાય છે. રાણી વિ. નાના મોરોજી, ૮ મું. હા. કો. રી. ૧.

(મી૦ ગ્રીન જડજની રૂબરૂ, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૭૧.)

૮ જુગટુ—ઝાહેર ખબર—બંગાલાનો સને ૧૮૬૭ નો આકટ બીજો કલમ ૨—જુગટાના સને ૧૮૬૭ ના આકટ બીજાની કલમ ૨ મુજબ સરકારે કાઢેલા ઝાહેરનામામાં જે કોઈ શેહેરમાં તે આકટ લાગુ પાડવાનો છે તે શેહેરની હદ બતાવવી જોઈએ, અને લાગટ ત્રણ ગેઝીટોમાં તે ઝાહેરનામાઓ છપાવવાં જોઈએ. જે શેહેરને તે આકટ લગાડવાનો હતો તે શેહેરની હદ બતાવીને પેહેલુ જાહેરનામું ફકત એકવાર છપાયેલું અને પાછળનું જાહેરનામું જે શેહેરને તે આકટ લાગુ પાડવાનો હતો તે સેહેરની હદ બતાવ્યા સીવાય ત્રણ વાર છપાયેલું, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે પાછળના જાહેરનામાઓ બરોબર નોહોતા, પણ તેથી કરીને તેના સાધારણ નામ મુજબ, જે જગ્યાઓ બેશક શેહેરની અંદર આવી ગયેલી બતાવવામાં આવેલી છે, તે જગ્યાએ તેનો અમલ કાંઈ બંધ થતો નથી. બાનીમાધબ કુનડુ અરજદાર, ૨૧ વિ૰ રી. ૨૩.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ડીસેંબર સને ૧૮૭૩).

જુઓ યોગ્ય શાહેદીઓ.

" મારી ૫.

" લોકોપકારક કૃત્ય ૨૬.

" ઝાડો લેવાનું વારંટ ૨.

જ્યુરી—

૧ જ્યુરી—જડજનું સોંપવું તે—ડાકાઈટી—ડાકાઈટીના કેસમાં જડજે જ્યુરીને બતાવવું જોઇએ કે ફરીઆદીને ગેરવાજબી નુકશાન કરવાનો સઘળા કેદીઓનો વિચાર હતો એવું જો માલમ પડે તોજ તેમને ગુન્હેગાર ઠરાવવા જોઈએ. રાણી વિ. બેનોમાલી ઘોસ વિગેરે, વિ. રી. ૮ મી સપટંબર.

(મેસર્સ સેટનકાર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી ૧૮૬૪).

૨ જ્યુરી—દેશી ખ્રિસ્તીઓ—ચોરી—સાપ્રાધ વિશ્વાસઘાત—જ્યુરીને બતાવવાની રીત—દેશી ખ્રિસ્તીનું કામ ખ્રિસ્તી જ્યુરીથી ચલાવવાને જડજ બંધાએલો નથી. કોઈ માણસના કબજામાં મુળ કાયદેસર મીલકત હોય અને તે મીલકત તે પાછળથી લેઇ ગયો હોય તો તે ચોરી થતી નથી, પણ સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો બને છે. જ્યુરીને કેસ સોંપતી વખતે કાયદેસર સાબીત થએલા ગુન્હાની હકીકત અને ભરૂસો રાખવા લાયક પુરાવો હોય તો પુરાવા ઉપર જડજે પોતે સાધારણ ટીકા કરવી જોઈએ. તોહોમતદાર ગુન્હેગાર છે અથવા નિરપરાધી છે એ વિષે પોતાનો ખરે ખરો વિચાર તેણે બતાવવો જોઈએ નહી. ભારતચંદર ખ્રિસ્તી અપેલેન્ટ, ૧ વિ. રી. ૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી અગષ્ટ સને ૧૮૬૪).

રાણી વિરૂદ્ધ ગોરાચંદ ઘોસના કામમાં બાહાલ રાખવામાં આવ્યો. ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૧; ૧૧ વિ૦ રી૦ ૨૯. જુઓ જ્યુરી ૪૬.

૩ જ્યુરી—જડજનું સોંપવું તે—કાયદા કે હકીકત સબંધી ભુલ કરી જ્યુરીને ખોટું સમજાવવું તે—એક અથવા બે નજીવા મુદ્દાઓ ઉપર શાહેદીઓએ જુદી હકીકત બતાવ્યાથી બીજી રીતે મળતા આવતા પુરાવાની ઘણી હકીકત ઉપર ભરૂસો નહી રાખવાને જ્યુરીને ચેતવણી આપવામાં જડજે પુખ્ત વિચાર કરવો જોઈએ, અને જ્યુરીને ખોટું સમજાવવાનો વાંધો ઉઠાવવાનું આથી કાંઈ કારણ મળી આવતું નથી. રાણી વિ. બરતીખન, ૧ વિ. રી. ૧૭.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી સપટંબર સને ૧૮૬૪).

૪ જ્યુરી-તજવીજ—અપીલ—કેવી બાબતમાં કાયદાનું ઓલંઘન કરવામાં આવ્યું છે તે બતાવ્યા સીવાય જ્યુરીએ ચલાવેલા કેસામાં અપીલ ચાલી શકે નહી. રાણી વિરૂદ્ધ ગોપાળ બીરીવાલા અને બીજો, ૧ વિ. રી. ૨૧.

(મી૦ લોચ જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી અકટોબર સને ૧૮૬૪).

૫ જ્યુરી—ઠરાવ--સજાનો વધારો--ખુનનો ગુન્હેગાર નહી ઠરાવતાં કેદીને ખોટી રીતે શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર જ્યુરીએ ઠરાવ્યો છે એવું સેસન જડજ ધારે તોપણ તે જ્યુરીના ઠરાવની દરમીઆન ગણી શકે નહી, પણ તે દશ વર્ષ દેશનીકાલની સજા નહી કરતાં જીંદગીપર્યંત દેશનીકાલની સજા કરી શકે. હાઇ કોર્ટ કાયદેસર સજામાં વધારે કરી શકે નહી. મનીરામચંગ અપેલેન્ટ, ૧ વિ. રી. ૧૯.

(મી૦ લોચ જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી અકટોબર સને ૧૮૬૪).

૬ જ્યુરી--જડજનું સોંપવું તે--કાયદા કે હકીકત સબંધી ભુલ કરી જ્યુરીને ખોટી સમજુતી આપવી તે-ઘણા મતે કોર્ટે એમ ઠરાવ્યું કે, ચોરીની મીલકત તેજ છે એના સબંધમાં વાસ્તવીક રીતે તપાસ નહી કરવામાં જડજે ભુલ કરેલી તેથી જ્યુરીને ખોટી સમજુતી આપી ગણાતી નથી. રાણી વિ. માધબ વિગેરે, ૧ વિ. રી. ૨૨.

(મેસર્સ લોચ, કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી નવંબર સને ૧૮૬૪).

૭ જ્યુરી—જડજનું સોંપવું તે—કેસ જ્યુરીને સોંપતી વખતે જડજે પોતાનો અમુક વિચાર બતાવવો જોઈએ નહી. સોંપતી વખતે બધી હકીકતમાં એ બતાવવું જોઈએ કે

પુરાવો કેસની બીજી હકીકત સાથે મળતો આવે છે કે શી રીતે એ વીષે ટીકા કરવી જોઈએ. રાણી વિ. ગંગાબિશન વિગેરે, ૧ વિ૦ રી૦ ૨૫.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૨ મી નવંબર સને ૧૮૬૪).

૮ જ્યુરી—એક મત ના થાય તો જ ડજ નવી જ્યુરી બોલાવવાને બંધાયેલો નથી. રાણી વિ. અરજુન બીસ્વાસ અને બીજો, ૧ વિ. રી. ૪૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસેંબર સને ૧૮૬૪)

૯ જ્યુરી—ફેંસલો—અપહરણ—ચોરી—અપહરણની રજુઆતમાં હુમલાના સબંધના પુરાવા (એટલે ભારે ગુન્હો કરવાની બાબતનો) ઉપર જ્યુરી ભરોંસો ના રાખે તો તે ચોરી કર્યાનો ગુન્હો ઠરાવી ફેંસલો આપી શકે છે. રાણી વિરૂદ્ધ સાખત સેખ, ૨ વિ૦ રી૦ ૧૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જાનેવારી સને ૧૮૬૫).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

ધનોબર ઘોરા અરજદાર, ૧૫ વિ. રી. ૩૩. જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૨૫.

નાનતારામ ઉતમરામ, ૬ મું. હા. કો. રી. ૬૪, જુઓ સરકારી નોકર ૪.

રાણી વિરૂદ્ધ ઘોસના કામમાં બાહાલ રાખવામાં આવ્યો. ૩ બેં૦ લો૦ રી૦ ૧; ૧૧ વિ. રી. ૨૯. જુઓ જ્યુરી ૪૬.

૧૦ જ્યુરી—જડજનું સોંપવું તે—કાયદા કે હકીકત સબંધી ભુલ કરી ખોટું સમજાવવું તે—જુદા પુરાવાના કેસમાં ફરીયાદીનો પુરાવો અને કેદીએ પકડેલો માર્ગ (એટલે હાજર થએલા સાક્ષીઓ આપવાનું ના કહી, રાખેલું તોહોમત નામુકર ગયેલો તે) વચે તફાવત જડજે જ્યુરીને બતાવેલો તે બંને વિરૂદ્ધ હકીકતોનું નિરાકરણ કરવાનું અને તેમાંનું જે વધારે વિશ્વાસ રાખવા લાયક માલમ પડે તે ખરૂ માનવાનું કામ જ્યાં સુધી જડજે જ્યુરીને સોંપેલું છે ત્યાં સુધી, તે ખોટું સમજાવવું ગણાતુ નથી. રાણી વિ. સીતાનાથ ઘોસાલ, ૨ વિ. રી. ૬૦.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૦ મી એપ્રીલ સને ૧૮૬૫).

૧૧ જ્યુરી—રજુઆત—પરદેશીઓ—પરદેશી અને પરહદના માણસની જ્યુરીથી રજુઆત ચલાવવાના સબંધમાં કાયદાએ ફરમાવેલુ તે. રાણી વિરૂદ્ધ જોનલોનડલી, ૩ વિ. રી. ૧૪.

(મી૦ કેમ્પબેલ જડજની રૂબરૂ, તા. ૧૫ મી મે સને ૧૮૬૫).

૧૨ જ્યુરી—ઈરાદાનો અને પુરાવો ખરો છે કે ખોટો છે એ વિશેનો વિચાર કરવો, તે જ્યુરીનું કામ છે. રાણી વિ. રૂકનીકંત મોજુમદાર, ૩ વિ. રી. ૫૮.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૩૧ મી જુલાઈ સને ૧૮૬૫).

૧૩ જ્યુરી—રજુઆત—હક તરીકે કામ સદર કોર્ટમાં મોકલવાની કેદીની માગણી અને જડજનો મત અને અપીલ કરવાનો હક—"સદર કોર્ટમાં કામ મોકલવાના હકની માગણી કરવાથી" કેદીનો જ્યુરીના ઠરાવની હકીકત ઉપર અપીલ કરવાનો અને જડજનો મત લેવાનો સઘળો હક જતો રેહેતો નથી. રાણી વિરૂદ્ધ ચકન ઉરફે જગન ગોવાલાહ, ૩ વિ૦ રી૦ ૫૮.

(મી૦ કેમ્પ અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી અગષ્ટ સને ૧૮૬૫).

૧૪ જ્યુરી—જડજનું સોંપવું તે—કાયદા કે હકીકત સબંધી ભુલ કરી ખોટું સમજાવવું તે—વાંચી સંભળાવતી વખતે કેદીએ પોતાની હકીકત પાછી ખેંચી લીધી અને એમ બતાવ્યું કે તેવી હકીકત કેહેવાને તેના ઉપર દબાણ થયું હતું. આ મુદ્દા વિષે કાંઇપણ તજવીજ કર્યા સીવાય અથવા પુરાવો લીધા શીવાય જડજે કેદીની હકીકત કબુલત મ

ણી જ્યુરીને સ્વાધીન કરી. એમ ઠરાવવામાં આવ્યું કે જડજને આમ કરવું કાયદા વિરૂદ્ધ હતું અને તેણે કેદીની હકીકત કબુલાત તરીકે નહી ગણવાને કેસ સોંપતી વખતે જ્યુરીને કેહેવું જોઈતું હતું. રાણી વિ. ગનેશકુરમી, ૪ વિ. રી. ૧

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી અગષ્ટ સને ૧૮૬૫.)

રાણી વિ. ગોરાચંદર ઘોસના કામમાં બાહાલ રાખવામાં આવ્યો. ૩ બેં. લો. રી ૧; ૧૧ વિ. રી. ૨૯. જુઓ જ્યુરી ૪૬.

૧૫ જ્યુરી—જડજનુ જ્યુરીને સોંપવું તે અને ઠરાવનું કારણ—સજા શી રીતે લખવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૩૭૯ અને ૩૮૨ મુજબ સેસન જડજે બંને બાજુનો પુરાવો એકઠો કરી પોતાના ફેંસલાનું કારણ બતાવવું જોઇએ, અને સજા ઠરાવતી વખતે સજા અમુક બતાવેલા નમુનામાં ભરવી જોઇએ. રાણી વિ. આરૂજસેખ ૪ વિ. રી. ૧૮.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી અકટોબર સને ૧૮૬૫)

૧૬ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવું તે—કાયદા કે હકીકત સંબંધી ભુલ કરી જડજનું જ્યુરીને ખોટું સમજાવવું તે—કેદીના શાહેદીઓએ સાંભળેલી વાત કહ્યા વિષે સેસન જડજે કાંઈ ટીકા કરવી જોઈતી નોહોતી તો પણ આવી નજીવી ભુલથી જડજે જ્યુરીને ખોટુ સમજાવ્યું ગણાતુ નથી. રાણી વિ. શેખમાગન, ૫ વિ. રી. ૧.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૪ જાનેવારી સને ૧૮૬૬.)

૧૭ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવું તે—કાયદા કે હકીકત સંબંધી ભુલ કરી જડજનું જ્યુરીને ખોટું સમજાવવું તે—જડજે જ્યુરીને એવું કહ્યું કે થોડી કીંમતની અને સાધારણ ઉપયોગની કેટલીક ચીજો કેદી પાસે શી રીતે આવી તે, તે સાબીત ના કરે તો તમારી તેને ગુન્હેગાર ઠરાવવાની ફરજ છે. એ ખોટુ સમજાવવું ગણાતું નથી, કારણ કે મીલકત કાયદા વિરૂદ્ધ તેની પાસે આવી હતી તે તેના જાણવામાં હતું એ અનુમાન આવા કેસમાં કાયદેસર ખરી રીતે થતું હતું. રાણી વિ. નારાયણ બાગદી વિગેરે ૫ વિ. રી. ૩.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૬૬.)

૧૮ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવુ તે—પુરાવો—તોહોમતદાર સામે પુરાવો મજબુત નોહોતો અને બીજા માણસો ગુન્હેગાર થાય તેવું હતું એ ભુલથી જડજે જ્યુરીને નહી બતાવ્યાથી જડજે ખરેખરી રીતે ખોટી સમજુતી આપી ગણાતી નથી. જ્યાં અગાડી જ્યુરી પાસે મુકવાનો કાંઈ પુરાવો હોય તો કોર્ટ તેની અંદર દરમીઆન થઈ શકે નહી. કાયદા પ્રમાણે ખોટી સમજુતી અથવા ભુલ થવી જોઈએ. તોપણ કેસ ખાત્રી પુર્વક નથી એવી ટીકા કરવામાં આવી. રાણી વિ. ચુની વિગેરે, ૫ વિ. રી. ૧૩.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જાનેવારી સને ૧૮૬૬.)

૧૯ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવુ તે—કીમતી દસ્તાવેજનો બનાવટ કરવામાં મદદગારી—બનાવટી કીમતી દસ્તાવેજની મદદગારીનો કેસ કેવી રીતે જડજે જ્યુરીને સોંપવો જોઈએ. રાણી વિ. જોનબક્ષ, ૫ વિ. રી. ૬૧.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી એપ્રીલ સને ૧૮૬૬.)

૨૦ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવુ તે—પુરાવામાં મુખ્ય મુદાઓ કયા છે અને કેવી રીતે કેદીના વિરૂદ્ધ તેઓનો સંબંધ છે તે જ્યુરીને બતાવવાની જડજની ફરજ છે. ટુકામાં એટલુંજ કે ખરે ખરો ઈનસાફ આપવાને માટે તેનાથી બની શકે તેટલી મદદ તેણે જ્યુરીને કરવી જોઈએ. રાણી વિ. બુલાખી કુરમી, ૬ વિ. રી. ૭૨.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૮ મી સપટંબર સને ૧૮૬૬.)

રાણી વિ. ફુલચંદના કેસમાં નજર રાખવામાં આવી. ૮ વિ. રી. ૧૧. જુઓ ખરાબ વર્તણુક ૨.

બાયકતરામ શાહરેય વિ. મીજાનના કેસમાં નજર રાખવામાં આવી. ૧૮ વિ. રી. ૪૭. જુઓ લોકોપકારક ફસ્લ ૫૭.

રાણી વિ. ગોરાચંદર ઘોસના કામમાં બાહાલ રાખવામાં આવ્યો. ૩ બેં. લો. રી. ૧; ૧૧ વિ રી, ૨૯. જુઓ જ્યુરી ૪૬.

૨૧ જ્યુરી—જ્યુરીનું જુદુ પડવું તે—જડજનો વિચાર—મહાપરાધી અને કુચાલ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ—લેટર્સપેટન્ટ—એડવોકેટ જનરલનું સરટીફીકેટ—પીનલકોડ અમલમાં આવ્યા પેહેલાં મહાપરાધના ગુન્હાની રજુઆતમાં મુંબઈની વડી અદાલતના રીવાજ પ્રમાણે ઈંગ્લાંડની માફક, જ્યુરી રાત્રે કોર્ટના અમલદારોના તાબામાં એકઠી રાખવામાં આવતી હતી, પણ કુચાલની રજુઆતમાં જ્યુરીને રાતરે એકઠા રાખવી કે ઘેર જવા દેવી એ જડજના વિચાર ઉપર હોવાથી જ્યુરીને પોતાને ઘેર જવાની રજા આપવામાં આવતી હતી; અને પીનલકોડ અમલમાં આવ્યા પછી વડી અદાલતમાં તેમજ પાછળથી હાઈ કોર્ટમાં એ રીવાજ ચાલતો હતો, અને રજુઆત ચલાવવાનો ગુન્હો મહાપરાધ ગણાયછે, કે કુચાલનો ગણાય છે એવું અસલના કાયદા મુજબ જડજો નિરાકરણ કરતા હતા. પીનલકોડની કલમ ૪૬૭ મુજબ રાખેલા તોહોમતમાં જડજે રજુઆતના પેહેલે દીવસે જ્યુરીને જવાની રજા આપેલી તેમાં એમ ઠરાવ્યું કે જડજનો પોતાનો વિચાર, એ એવી બાબત નથી કે જે લેટર્સપેટન્ટ આકટની કલમ ૨૬ મુજબ ફરીથી ધ્યાનમાં લેઈ શકાય, કારણ કે તોહોમત રાખેલો ગુન્હો પીનલકોડ અમલમાં આવ્યા પેહેલાના કાયદા મુજબ કુચાલનો હોવાથી કાયદાની બાબતની તે ભુલ ગણાતી નથી. રાણી વિ. દયાળ જેરાજ વિગેરે, ૩ મું૦ હા૦ કો૦ રી૦ ૨૦.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, આરનોલ્ડ, વેસ્ટ્રોપ અને સારજન્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ડીસેંબર સને ૧૮૬૬).

રાણી વિરૂદ્ધ પેસ્તનજી અને દીનશાહના કામમાં નજર રાખવામાં આવી. ૧૦ મું. હા. કો. રી. ૭૫. જુઓ હકીકત જડજની રૂબરૂ છેવટની.

રાણી વિરૂદ્ધ આપા સુભાના મંદરના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૮ મું૦ ૨૦૦. જુઓ તોહોમત ૪૧

૨૨ જ્યુરી—જડજનુ જ્યુરીને સોંપવું તે - કાયદા કે હકીકત સંબંધી ભુલ કરી જડજનું જ્યુરીને ખોટું સમજાવવું તે—મોતનું કારણ અને લાંચના કેટલાક વર્તનોની સાથે કેદીના સંબંધના સવાલો જ્યુરીના વિચાર ઉપર નહી મુકવાથી ખોટી રીતે જડજે સમજાવ્યું છે, એ કારણ બતાવી જ્યુડીસીયલ કમીશનરે જ્યુરીનો ફેસલો ફેરવી નાખ્યો હતો. સાંભળેલો પુરાવો કામમાં દાખલ કરવાની મના કરવામાં આવી હતી. રાણી વિ. કાલીચરન ગંગુલી, ૭ વિ. રી. ૨.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૩ જાનેવારી સને ૧૮૬૭).

ગોરાચંદ ઘોસના કામમાં નજર રાખવામાં આવી હતી. ૧૧ વિ. રી. ૨૯; ૩ બેં. લો. રી. ૧. જુઓ જ્યુરી ૪૬.

૨૩ જ્યુરી—ફેંસલો—ગુન્હેગાર ઠરાવવું તે—જડજનો મત—કાંઈ પુરાવો નહી હોવાથી ગુન્હેગાર ઠરાવવું તે કાયદા વિરૂદ્ધ છે. જ્યુરીના ફેસલા સાથે સેસન જડજ મળતો આવે છે કે શી રીતે તે તેણે સ્પષ્ટ રીતે લખવું જોઇએ. રાણી વિ. ચંદબાગડી વિગેરે, ૭ વિ૦ રી૦ ૬.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૪ થી જાનેવારી સને ૧૮૬૭).

૨૪ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવુ તે—કાયદા કે હકીકત સંબંધી ભુલ કરી જ

જનું જ્યુરીને ખોટું સમજાવવું તે—જે છો ડીને હરણ કરી જવામાં આવી હતી તે છો ડીની કેટલી ઊંમર હતી તે ઠરાવવાનું કામ ફ્કત જડજે પોતાનો મત આપી જ્યુરીને સોં પ્યું અને તે મત જ્યુરીએ બાહાલ રાખવા થી કાંઈ કાયદા કે હકીકત સંબંધી ભૂલ કરી જડજથી જ્યુરીને ખોટું સમજાવવામાં આ વ્યું નોહોતું એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ. શામાખાંકી વિગેરે, ૭ વિ. રી. ૨૨.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જાનેવારી સને ૧૮૬૭).

૨૫ જ્યુરી--ફેંસલો--સેસન જડજનો અધીકાર—પેહેલા તોહોમતને માટે કેદીને નિ રદોષ ઠરાવી અને બીજા તોહોમતને માટે ગુ ન્હેગાર ઠરાવી જ્યુરીએ ફેંસલો આપેલો તે જડજે નાકબુલ રાખ્યો અને પેહેલા તોહોમત ને માટે ગુન્હેગાર ઠરાવવાનું તેમને બતાવ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતે જ્યુરી ઉપર દબાણ કરવાનો જડજનો અધીકાર નથી, પણ કેસના ફેંસલા પ્રમાણે પેહેલા તોહોમત ઉપર ઠરાવ લખી લેઈ તે પ્રમાણે તેણે કેદીને સજા કરવી જોઈતી હતી. રાણી વિ. ક્રીસ્તો ગોસ્વામી, ૭ વિ. રી. ૨૨.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જાનેવારી સને ૧૮૬૭).

૨૬ જ્યુરી—જડજની ફરજ—સાંભળેલો પુરાવો—સાંભળેલો પુરાવો જે કામમાં દાખલ કરી શકાય નહી તે વિષે કોઈ સાહેદી જુબા ની આપે તો તેને તેજ વખતે કોર્ટે અટકાવ વો જોઈએ. એકલા કાયદેસર પુરાવા ઉપર નિ રાકરણ કરવાને અને સાંભળેલો પુરાવો કાઢી નાખવાને પછીથી જ્યુરીને સલાહ આપવાનો વિચાર રાખવો એ નિર્ભય રસ્તો નથી. રાણી વિ. પીતાંબર સીરદાર વિગેરે, ૭ વિ. રી. ૨૫.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨ જી ફેબ્રુઆરી સને ૧૮૬૭).

૨૭ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવુ તે—નિર્દોષ ઠરાવી છોડી મુકવાને ક્યારે કેહે વું તે—કેદીના વિરૂદ્ધ પુરાવો ના હોય તો જ ડજે નિર્દોષ ઠરાવી છોડી મુકવાને જ્યુરીને કે હેવું જોઈએ પણ કેદી ગુન્હેગાર છે કે નહી એ કહેવાને જ્યુરીને બતાવવું જોઈએ નહી. રાણી વિ. ગીરધારી માનજી, ૭ વિ. રી. ૩૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂ બરૂ, તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૬૭).

૨૮ જ્યુરી--સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—સોગન નહી આપે લા જ્યુરરો--એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમી નલ પ્રોસીજર કોડમાં બતાવ્યા પ્રમાણે સેસન કોર્ટમાં રજુઆત ચાલતી વખતે જ્યુરરોને સો ગન આપવા જોઇએ એ કાંઈ જરૂરનું નહો તું. રાણી વિ. લક્ષ્મણ રામચંદ્ર, ૩ મું. હા. કો. રી. ૫૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને વોર ડન જડજોની રૂબરૂ, તા૦ ૩ એપ્રીલ ૧૮૬૭).

૨૯ જ્યુરી—કેસ એકંદર કરી સેસન જ ડજે મત આપવો તે--સેસન જડજે પોતાની રૂબરૂ લેવાયા પ્રમાણે પુરાવા ઉપરથી કેસ એ કંદર કરી આપવો અને કેદીને ગુન્હેગાર ધાર વાને માટે કારણો બતાવવાં એ તેની ફરજ છે. રાણી વિ. નવાબખાન, ૭ વિ. રી. ૨૫.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૩ મે સને ૧૮૬૭).

૩૦ જ્યુરી--પુરાવો ધ્યાનમાં લેવાની જડજની ફરજ--જડજ જે કેદીની ખરાબ વ તણુંક વિષે કલ્પના કરે તે વાજબી રીતે પુરા વો ધ્યાનમાં લેઈ શકતો નથી. રાણી વિ. કા લુમાલી વિગેરે, ૭ વિ. રી. ૬૭.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજો ની રૂબરૂ, તા૦ ૫ મી મે સને ૧૮૬૭).

૩૧ જ્યુરી--જડજનું જ્યુરીને સોંપવુ તે—કાયદા કે હકીકત સંબંધી ભૂલ કરી જડ જનું જ્યુરીને ખોટું સમજાવવું તે--અ નામ ના માણસે જુબાની આપી કે પોતે અને ર નામનો માણસ બંને મ નામના ગામમાં ચા ર દીવસ એકઠા રહ્યા હતા, અને જડજે કેસ સોંપતી વખતે જ્યુરીને એવું બતાવ્યું કે જો તમોને એમ માલમ પડે કે અ નામનો

માણસ મ ગામમાં ચાર દીવશ ર સાથે રહ્યો નહોતો, પણ તે મ નામના ગામમાં હતો, તો મ કયાં હતો એની કાંઈ જરૂર નથી, કારણ કે મ ગામમાં ચાર દીવસ તે ર સાથે રહી શકે નહી, અને જ્યારે તે મ ગામમાં ચાર દીવશ રહ્યાનુ બતાવે છે ત્યારે આ ઉપરથી તેણે જુઠી શહેદી આપી હશે એ ખુલ્લું છે ઘણા મતે કોર્ટે (મી૦ સેટનકાર જડજ વિરૂદ્ધ પડીને) એમ ઠરાવ્યું કે કાયદા કે હકીકત સંબંધી ભૂલ કરી જડજે જ્યુરીને ખોટું સમજાવ્યું નોહોતું. રાણી વિ. રામમોહનસિન અને બીજો, ૭ વિ૦ રી૦ ૬૯.

(મેસર્સ કેમ્પ, સેટનકાર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૬૭).

૩૨ જ્યુરી જડજનું જ્યુરીને સોંપવુ તે—કેદીએ કહેલી બીના—કેદીએ ફકત કહેલી બીના પુરાવામાં દાખલ કરી શકાય નહીં અને એ વિષે પુરાવા તરીકે પણ બોલવું જોઈએ નહી. તેમજ માજીસ્ત્રેટે લીધેલી જુબાનીઓ સેસન જડજની રૂબરૂ તેજ સાહેદીઓએ આપેલી જુબાનીઓથી વિરૂદ્ધ પડયા સીવાય કામમાં પુરાવો ગણાતો નથી, અને તે પુરાવો જ્યુરીની આગળ મુકવા વાજબી નથી. રાણી વિ. ભેકુસીઘ વિગેરે, ૭ વિ. રી. ૭૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૨૭ મી મે સને ૧૮૬૭).

રાણી વિ. અશરફ શેખના કામમાં બાહાલ રાખવામાં આવે છે. ૬ વિ. રી. ૯૧. જુઓ પુરાવો ૧૪.

૩૩ જ્યુરી—જડજનુ જ્યુરીને સોંપવુ તે—કાયદા કે હકીકત સબંધી ભુલ કરી જડજનું જ્યુરીને ખોટુ સમજાવવું તે -ગુન્હાના સોબતીની જુબાની—મજબુતી—કાયદા કે હકીકત સંબંધી ભુલ કરી જડજે જ્યુરીને ખોટુ સમજાવ્યું હતું એ કારણ બતાવી (મી૦ ગ્લોવર જડજ વિરૂદ્ધ પડીને) બે કેદીઓને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા રદ કરવામા આવી, કારણકે બીજી રીતે ટેકો નહી મળેલી ગુન્હાના સોબતીની જુબાની ઉપર ગુન્હેગાર નહી ઠરાવવાનું કેસ સોંપતી વખતે જ્યુરીને ભુલથી જડજે બતાવ્યું નહોતું અને કાયદા પ્રમાણે જે મજબુતી ગણાતી નથી તેવી રીતની મજબુતી ગણવામાં આવી હતી. રાણી વિ. નવાબ જાન વગેરે, ૮ વિ. રી. ૧૯.

(મેસર્સ કેમ્પ, મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૨૪ મી જુન ૧૮૬૭).

ઇલાહીબક્ષ અપેલેન્ટના કામમાં નજર રાખવામાં આવે છે. ૫ વિ રી. ૮૦. જુઓ સાબતી ગુન્હામાં ૫.

રાણી વિ. રતનજી દીનશાના કામમાં નજર રાખવામાં આવી. ૧૦ મુ હા. કો. રી. ૭૫. જુઓ હકીકત જડજની છેવટની.

રાણી વિ. એમીન બીસ્વાસના કામમાં બાહાલ રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૧૦ ક. ૯૭૦. જુઓ જ્યુરી ૧૦૬.

૩૪ જ્યુરી—રજુઆત—જે ભાગમાં કેસોની રજુઆત જ્યુરીથી કરવામાં આવે છે તે ભાગમાંથી કોઈ ડીસ્ટ્રીકટ કાઢી લેવાથી તે ડીસ્ટ્રીકટમાં જ્યુરીની રજુઆત બંધ થાય છે. રાણી વિ. ખુદીરામ, ૮ વિ રી. ૩૯.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ. તા૦ ૧૦ મી જુલાઈ ૧૮૬૭).

રાણી વિ. ભાગીઘોની કતચારીના કામમાં આધાર લેવામાં આવ્યો. ૮ વિ. રી. ૫૩. જુઓ જ્યુરી ૩૫.

૩૫ જ્યુરી—તજવીજ—ગોવાલપરા — ગોવાલપરા ડીસ્ટ્રીકટમાં જ્યુરીથી રજુઆત ચલાવવાને કુચબીહારના કમીશનરનો અખીકાર નથી. રાણી વિ. ભાગીવાની કતચારી વિગેરે, ૮ વિ. રી. ૫૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ તા૦ ૨૯ જુલાઈ ૧૮૬૭).

રાણી વિ. ખુદીરામના કામમાં આધાર લેવામાં આવે છે. ૮ વિ રી. ૩૯. જુઓ જ્યુરી ૩૪.

રાણી વિ. અલીભાઈ મીથાના કામમાં નજર રાખવામાં આવી. ૮ મું. હા. કો. રી. ૧૦૩. જુઓ મારી ૧૦૭.

૩૬ જ્યુરી—નાના છોકરાની જુબાની—સને ૧૮૫૫ નો આક્ટ બીજો કલમ ૧૪—સને ૧૮૫૫ ના આક્ટ બીજાની કલમ ૧૪ મુજબ નાના છોકરાને સાહેદી આપવાનો અ ખીકાર છે કે નહી એ સવાલનું નિરાકરણ જ ડજને કરવાનું છે, કાંઈ જ્યુરીને કરવાનું ન થી, કામમાં અપાયેલી હકીકત ઉપર કેટલો વિશ્વાસ રાખવો જોઈએ એ સઘળુ જ્યુરીનું કામ છે. રાણી વિ. હુસેન, ૮ વિ. રી. ૬૦.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૬૭).

૩૭ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવું તે—કાયદા કે હકીકત સબંધી ભુલ કરી જ ડજનું જ્યુરીને ખોટું સમજાવવું તે—પીનલ કોડની કલમો ૨૦૧ અથવા ૨૧૮ મુજબ રા ખેલા તોહોમતોનો મુદ્દો—પોલીસની રોજની નોંધ પુરાવો ગણાતો નથી તે—ખોટો રીપો ર્ટ કરવાને માટે પીનલકોડની કલમ ૨૧૮ મુ જબ અથવા તે કોડની કલમ ૨૦૧ મુજબ ગુન્હેગારોને સજામાંથી બચાવવાના ઈરાદાથી ખોટી ખબર આપવાનું તોહોમત કોઈ માણ સ ઉપર રાખવામાં આવ્યું હોય તો કોએ ગુન્હેગાર છે તે સબંધમાં ફકત તેમનો ઈરા દો જોવાના મુદ્દાની તપાસ કરવી જોઈએ, પ ણ તકરારમાં બતાવેલા ગુન્હેગારો ખરી રીતે ગુન્હેગાર હતા કે નહી તેની તજવીજ કરવા ની નથી. પોલીસની રોજની નોંધ વાસ્તવીક રીતે કાયદેસર પુરાવામાં અથવા જ્યુરીને વાં ચી સંભળાવવામાં વપરાય નહી. રાણી વિ. હ રદત સુરમા, ૮ વિ. રી. ૬૮.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જ ડજોની રૂબરૂ, તા૦ ૭ મી સપટંબર સને ૧૮૬૭).

રાણી વિરૂદ્ધ માતુકી મીસરના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૧૧ ક. ૬૧૪. જુઓ ઉડાવવું પુરાવાનું ૮.

૩૮ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવું તે—નવી રજુઆત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૭૯—ખુન નું તોહોમત રાખી કેદીની રજુઆત જ્યુરી થી ચલાવતી વખતે ખુન અને ખુનથી ઉતર તા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ એ બંને ગુન્હાઓ વચે જ્યુરીને બારીકીથી તફાવત બ તાવવાનું કામ જડજનું છે, અને કામના પુરા વા ઉપર તેમનું લક્ષ ખેંચી અને તેમની મે ળે હકીકત સોધી કાઢવા દેઈ, કાયદાના સબંધ માં જડજના ફરમાવ્યા મુજબ જ્યુરીએ ચા લીને નિરાકરણ કરવું જોઈએ કે કેદીએ કયો ગુન્હો કર્યો છે. કોઈ કામમાં કલમ ૩૭૯ મુ જબ ચાલવામાં નહી આવેલુ અને જડજે બી લકુલ પુરાવો એકઠો નહી કરેલો તેવા કામ માં નવી રજુઆત ચલાવવાનો હુકમ કરવા માં આવ્યો હતો. ઈલાહીબક્ષના કેસ ઉપર વિચાર કરવામાં આવ્યો. રાણી વિ. સમશેર બેગ, ૯ વિ. રી. ૫૧.

(મેસર્સ મેકફરસન અને ગ્લોવર જડજો ની રૂબરૂ, તા૦ ૨૮ મા માર્ચ સને ૧૮૬૮).

ઈલાહીબક્ષનો કેસ લાગુ પડે છે. ૫ વિ. રી. ૮૦. જુઓ સોબતી ગુન્હાનો ૫.

રાણી વિ. કાલા કરશનના કેસ ઉપર નજર રાખવામાં આવી ૬ મું૦ હા૦ કો૦ રી૦ ૫૫. જુઓ આસેસરો ૫.

૩૯ જ્યુરી– જડજનું જ્યુરીને સોંપવુ તે—ગુસ્સો—પીનલકોડની કલમ ૩૦૦ નો અ પવાદ—શિક્ષણીય મનુષ્યવધનો કેસ જ્યુરીને સોંપતી વખતે જડજે ગુસ્સાની બાબત ઉપર જ્યુરીને સમજાવવું જોઈએ કે, પીનલકોડની કલમ ૩૦૦ ના અપવાદમાં કેસ લાવવાને માટે, ભારે અને આકસ્મીક ગુસ્સાથી કેદી પોતાનું મન વશ રાખી શકયો નહી અને આવી રીતે પોતાનું મન વશ નહી રેહેવાનું પુરતુ કારણ હતું, અને કાંઈ હાની કરવાના બાહાના દાખલ ગુસ્સો કેદીને બુદ્ધિપૂર્વક ઉત્પ ન્ન થયો નોહોતો, એવું સાબીત થવું જોઈએ. રાણી વિરૂદ્ધ ગણેશ લશ્કર વિગેરે, ૯ વિ૦ રી૦ ૭૨.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા. ૨૮ મી મે સને ૧૮૬૮).

૪૦ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવુ તે—વકીલને તેના અસીલે કહેલી વાત જે અસીલની મરજી સીવાય તેનાથી ખુલ્લી થાય નહી તે—મુખત્યાર—સને ૧૮૫૫ નો આક્ટ ૨ જો કલમ ૨૪—તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટ—કાયદા કે હકીકત સબંધી ભુલથી જડજે જ્યુરીને ખોટું સમજાવવાથી જ્યુરીએ નિર્દોષ ઠરાવી ફેંસલો આપેલો તે—વકીલને તેના અસીલે કહેલી વાત અસીલની મરજી સીવાય ખુલી થાય એવી હતી કે નહી એ બાબતનું નિરાકરણ, કાયદાની બાબત ગણી જડજે પોતે કરવું જોઇએ પણ તે સવાલ જ્યુરીની અગાડી મુકવો જોઇએ નહી. સને ૧૮૫૫ ના આક્ટ ૨ જાની કલમ ૨૪ મુજબ મુખત્યાર અને તેઓના માલીકો વચે આવી રીતનો હક નથી પણ આવો હક ફકત "એટરની" એટલે હાઈ કોર્ટના એટરનીનેજ આપેલો છે જ્યુરીએ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ફેંસલો જો કે જડજે કાયદા કે હકીકત સબંધી ભુલ કરી ખોટુ સમજાવવાથી આપ્યો હોય, તોપણ તે ફેંસલાની અંદર તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટને દરમીયાન થવાનો અધીકાર નથી. રાણી વિ. ગોરાચંદર ગોપ વિગેરે (૫ વિ. રી. ૪૮; ૧ ઈન્ડ. જ્યુરીસ્ટ ઉ. ૬. ૧૭૭) નો કેસ ફકત આસેસરોથી રજુઆત થએલા કેસોને લાગુ પડે છે. રાણી વિ. ચંદરકંત ચકરબતી, ૧૦ વિ. રી. ૧૪; ૧ બેં. લો. રી. ક્રી. અ. ૮.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુલાઈ સને ૧૮૬૮.)

ગોરાચંદ ઘોસ અરજદારના કામમાં નજર રાખવામાં આવી. ૧૧ વિ. રી. ૨૯; ૩ બેં. લો. રી. ક્રી. અ. જુઓ જ્યુરી ૪૬.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ. ઘોશતોલાલદત ૭ બેં. લો. રી. અપે. ૬૨; ૧૫ વિ. રી. ૬૮. જુઓ તપાસ તોહામતદારની ૭.

રાણી વિ. ગોરાચંદગોપ બેં. લો. રી. વો. ૪૪૩; ૫ વિ. રી. ૪૫. જુઓ ખુન ૧૯.

રાણી વિ. શેખબાકી, બેં. લો. રી. વો. ૭૫૦. જુઓ એકઠા તોહોમતો.

૪૧ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવું તે—ફેંસલો રદ કરવો તે—સોબતી ગુન્હાનો—મારી—ફરીઆદી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬૦—જ્યુરી સાથેની રજુઆતમાં કેસ એકંદર કરતી વખતે બંને પક્ષકારોના પુરાવાની વાસ્તવીક અને પુરે પુરી હકીકત જ્યુરીને જડજે સોંપવી જોઈએ, તેના ઉપર કાયદો કેવી રીતે સબંધ રાખે છે અને તેના કેટલાક ભાગો ઉપર જ્યુરીએ કેવી રીતે વજન રાખવું જોઈએ એ તેણે બતાવવું જોઇએ. આવી રીતે ચાલવામાં ભુલ થઈ હોય અને તેથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બધાઈ તેને કાંઈ નુકશાન થયું હોય તો કાયદા પ્રમાણે તે એવી ભુલ ગણાય છે કે જેથી વાજબી રીતે અપીલ કોર્ટ ફેંસલો રદ કરી શકે. કેસની હકીકત એકંદર કરવાની ભુલથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઇ તેને કયારે નુકશાન થાય છે એ વિષે કાંઇ સાધારણ નિયમ બતાવી શકાય નહી; પણ સાધારણ રીતે આવા કેસમાં જ્યુરીનો ફેંસલો એવો હોય કે જેની રજુઆત આસેસરોથી કરવામાં આવી હોતતો અપીલ કોર્ટ તે રદ કરી શકત, તેવી બાબતમાં કોર્ટ દરમીઆન થઈ જ્યુરીનો ફેંસલો રદ કરી શકે છે. દેહાંતદંડના અને સઘળા ગુંચવણ ભરેલા ભારે કેસોમાં જડજે પુરાવો વાસ્તવીક રીતે જ્યુરીને વાંચી સંભળાવવો જોઈએ. જો અરજ કરવામાં આવી હોય તો જડજે તોહોમતદારને કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ લેવાએલા ફરીઆદી તરફના સઘળા સાહેદીઓ, જેમની જુબાનીઓ રજુઆત વખતે ફરીઆદીએ કામમાં રજુ કરી નથી

તેમની ઉલટ સુલટ તપાસ કરવાને માટે વખત આપવો જોઈએ. તોપણ આવી રીતનો વખત આપવાની જડજ ના પાડે તો તે કાયદા પ્રમાણે ભુલ ગણાતી નથી. માજીસ્ટ્રેટે ભુલથી કોઈ સાહેદીને ગુન્હાનો સોબતી ગણી તેને સરતથી માફી આપી હોયતો, એમ ઠરાવવામાં આવ્યું કે તેની જુબાનીને મજબુતી મળવાની કંઈ જરૂર નથી. કોઈ માણસે માજીસ્ટ્રેટને અને પોલીસને ખુન થયાની ખબર આપી હોય અને પાછળથી તોહોમત કાઢી નાંખવાથી તેણે ફરીથી તજવીજ કરવાને સેસન જડજને અરજ કરી હોય તો, તે માણસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૦ મુજબ ફરીઆદી ગણાતો નથી એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ. ફતેચંદ વસતાચંદ, ૫ મુ. હા. કો. રી. ૮૫.

(મેસર્સ વેરડન અને સારજન્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨ સપટંબર સને ૧૮૬૮.)

રાણી વિ. રામસ્વામી મંડલીઅર, ૬ મું. હા. કો. રી. ૪૭. જુઓ જ્યુરી ૪૭.

૪૨ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવુ તે—સજા—કેદીઓની પેહેલાં ખરાબ વર્તણુંક હતી એ બાબત જડજે જ્યુરીને કેસ સોંપતી વખતે કેહેવી જોઈએ નહી. કેદીઓને ગુન્હેગાર ઠરાવ્યા પછી સજા કરતી વખતે એ બાબત સેસન જડજે ધ્યાનમાં લેવાની છે રાણી વિ. કુલમ શેખ વિગેરે, ૧૦ વિ. રી. ૩૯.

(મી૦ હોબહાઉસ જડજની રૂબરૂ. તા૦ ૧૦ મી સપટંબર ૧૮૬૮).

૪૩ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવું તે—પુરાવો—કોઈ માણસ જ્યુરીની રૂબરૂ સોગન ઉપર હકીકતો પોતાની જુબાનીમાં બતાવે જે તેણે પોતે જોઈ ના હોય, અને જેની અંદર કેદીની સામે રાખેલા તોહોમતની મતલબ આવી જતી હોય, અને જે વિષે જ્યુરીએ પોતે તજવીજ કરી ફેંસલો આપવાનો હોય તેવી બાબત જ્યુરી પાસે જવા દેવી જોઈએ નહી; અને વળી જો કોઈ માણસ જ્યુરીની રૂબરૂ મોઢેથી જુબાની ના આપતો હોય પણ લખેલ જુબાની આપતો હોય તોપણ તેવી બાબત જ્યુરીને સોંપવી જોઇએ નહી.

(મેસર્સ ફીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ. તા૦ ૨ ડીસંબર ૧૮૬૮).

૪૪ જ્યુરી—ખોટી રીતે કેસ એકંદર કરવો તે—નવી રજુઆત—મી૦ વેરડન જડજને શક પડવાથી બીજા જડજોએ એમ ઠરાવ્યું કે એક કેદીએ બતાવેલી હકીકત તેની સાથેના કેદીના વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાય નહી એ સેસન જડજે જ્યુરીને નહી બતાવ્યાથી અગત્યની ભુલ ગણાય છે, અને જો કે કેદીઓમાંના દરેકની વિરૂદ્ધ જુદો પુરાવો બતાવવામાં આવ્યો હતો તોપણ આ ભુલ એ રજુઆતમાં મોટી ભુલ ગણાય છે. રાણી વિ. શેકમીઆ વાલદ દોદ, ૬ મું. હા.કો.રી. ૧૦.

(મેસર્સ ટકર અને વેરડનજડજોની રૂબરૂ. તા૦ ૨૪ મી માર્ચ ૧૮૬૯).

ઈલાહીબક્ષ અપેલેન્ટના કામમાં નબર રાખવામાં આવે છે. ૫ વિ. રી. ૮૦. જુઓ સોબતી ગુન્હાનો ૫.

૪૫ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવુ તે—ખુનથી ઉતરતા દરજાનું શિક્ષણીય મનુષ્ય વધ—સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૪—ખુનથી ઉતરતા દરજાનો શિક્ષણીય મનુષ્યવધનો કેસ જ્યુરીને સોંપીને અને તે ગુન્હાને માટે જુદી સજા બતાવીને જડજે જ્યુરી પાસે માગવુ જોઇએ કે પીનલકોડની કલમ ૩૦૪ મુજબ કઇ જાતનું શિક્ષણીય મનુષ્યવધ કેદીએ કર્યુ છે. આ કામાં જડજે જ્યુરી પાસે આવી રીતે નહી માગવાથી હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે તે ગુન્હામાં બતાવેલી વધારે હલકી સજા કરવા લાયક ગુન્હો કર્યો છે. રાણી વિરૂદ્ધ અમીરખાન વિગેરે, ૧૨ વિ. રી. ૩૫; ૬ બેં૦ લો૦ રી૦ અ૦ ૮૭ ન.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૬૯).

રાણી વિરૂદ્ધ કાલીચરનદાસના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૬ બેં૦ લો૦ રી૦

અપે૦ ૮૬; ૧૫ વિ૦ રી૦ ૧૭. જુઓ જયુરી ૫૫.

૪૬ જયુરી—ફેંસલો—કાયદા કે હકીકતની ભુલથી જડજે જયુરીને ખોટું સમજાવવું તે—તપાસણી—મી૦ એલ. એસ. જેકશન જડજ વિરૂદ્ધ પડીને બીજા જડજોએ એમ ઠરાવ્યું કે ખુલી રીતે જડજના ફરમાવ્યા મુજબ કોઇ કેસમાં જયુરી ગુન્હેગારનો અથવા છોડી મુકવાનો ફેંસલો આપે તો આવી રીતે ફરમાવવું તે કાયદા વિરૂદ્ધ છે તોપણ તપાસમાં હાઈ કોર્ટને, આવી રીતે ભુલથી ફરમાવેલુ રદ કરવાનો અને તે ઉપરથી મુકરદમો રદ કરી નવેસરથી ચલાવવાનો હુકમ કરવાનો અધીકાર નથી. ગોરાચંદ ઘોસ, ૧૧ વિ. રી. ૨૯; ૩ બેં. લો. રી. ફુ. બે ૧.

(મેસર્સ પીકોક, બેલી, જેકશન, મેકફરસન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી અગષ્ટ સને ૧૮૬૯)

નિચેના કેસોને લાગુ પડે છે:—

ભારતચંદર ખ્રિસ્તી અપેલેન્ટ, ૧ વિ૦ રી૦ ૨. જુઓ જયુરી ૨.

રાણી વિ. સાખત શેખ, ૨ વિ૦ રી૦ ૧૩. જુઓ જયુરી ૯.

રાણી વિ. ગણેશ કુરમી, ૪ વિ. રી. ૧. જુઓ જયુરી ૧૪.

રાણી વિ તોયબ શેખ, ૫ વિ. રી. ૨. જુઓ ખુન ૧૭.

રાણી વિ. ગોરાચંદ ગોપ, ૫ વિ૦ રી૦ ૪૫; બેં. લો રી. વો. ૪૪૩. જુઓ ખુન ૧૯

રાણી વિ ખોલાકી કુરમી, ૬ વિ. રી. ૭૨. જુઓ જયુરી ૨૦.

રાણી વિ. કાલીચરન ગંગુલી, ૭ વિ૦ રી૦ ૨. જુઓ જયુરી ૨૨.

રાણી વિરૂદ્ધ ચંદરકંત ચકરબતી, ૧૦ વિ૦ રી૦ ૧૪; ૧ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૮. જુઓ જયુરી ૪૭.

રાણી વિ. શેકબાઝી, ૮ વિ. રી. ૪૭. જુઓ એકઠા તોહોમતો.

રાણી વિ. બાયકંતનાથ બાનરજી, ૧૦ વિ. રી. ૧૭; ૩ બેં. લો. રી. ફુ. બે. ૩ ન જુઓ સોબતી ગુન્હાનો ૧૩.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ. ગોસ્ટોલાલ દત્ત, ૧૫ વિ. રી. ૬૮; ૭ બેં૦ લો૦ રી૦ અપે. ૬૨. જુઓ તપાસણી તોહોમતદારની ૭.

રાણી વિ. હરીપ્રસાદ ગંગુલી, ૮ બેં૦ લો૦ રી૦ ૫૫૭. જુઓ જયુરી ૫૩.

રાણી વિ. શેખ બાઝુ, બેં૦ લો૦ રી૦ વો૦ ૭૫૦. જુઓ એકઠા તોહોમતો.

૪૭ જયુરી—રજુઆત—કાયદા વિરૂદ્ધ પુરાવો દાખલ કરવો તે—અપીલ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૬—સને ૧૮૫૫ નો બીજો કલમ ૫૭—જયુરીએ રજુઆત ચલાવી ગુન્હેગાર ઠરાવ્યા ઉપર કરેલી અપીલો જેમાં કાયદા વિરૂદ્ધ પુરાવો દાખલ કરવામાં આવ્યો હોય તેવી અપીલોનું, જેવી રીતે જડજે જયુરીને કાયદા કે હકીકત સબંધી ભૂલ કરી ખોટું સમજાવ્યું હોય અથવા બીજી કાંઈ વાજબી સુચના આપવામાં ભુલ કરી હોય અને તેના ઉપર અપીલો થઈ હોય, તેવી રીતના નિયમ પ્રમાણે તેનું નિરાકરણ કરવું જોઇએ. કાયદા વિરૂદ્ધ પુરાવો દાખલ કરવામાં આવ્યો છે એવું અપીલ કોરટને જે કેસમાં માલમ પડે તે કેસમાં વિચાર કરવો જોઈએ કે આવી રીતે દાખલ થયેલા પુરાવાથી જયુરીનો વિરૂદ્ધ અભીપ્રાય બંધાઇ કાંઈ નુકશાન થવાનો સંભવ છે કે નહી, અને એવી રીતે સંભવ છે એવું કોર્ટનું ધારવું હોય તો, જાણે આસેસરોની મદદથી સેસન જડજે રજુઆત ચલાવી છે એવું તે ધારશે. ફેંસલાની મંજબુતીમાં (ખોટી રીતે દાખલ કરેલા પુરાવા સીવાય) બીજો જોઈએ તેવો પુરાવો હોય તો શિક્ષા બાહાલ રાખવામાં આવશે. કોઈ કામમાં પુરાવો એવી રીતનો માલમ પડે કે જે કોર્ટે તે પુરાવો લીધો છે તે કોર્ટ સીવાય બીજી કોર્ટ તેની વાજબી રીતે ખરી કીંમત કરી શકે નહી એવું અનુમાન થાય

तो खास केसोमांज नवी रजुआात चलाववानो हुकम करवामां आवशे. राणी वि. रामस्वामी मदीलीअर, ६ मुं० हा० को० री० ४७.

(मेसर्स वोरडन अने मेलवील जडजोनी रुबरु. ता० १८ मी अगष्ट १८६९).

इलाहीबक्ष अपेलेन्टना कामममां लागु पडे छे. ५ वि री. ८०. जुओ सोबती गुन्हानो प.

राणी वि. फतेचंद वस्ताचंदना काममां लागु पडे छे. ५ मुं. हा. को. री. ८५. जुओ ज्युरी ४१.

राणी वि. नवरोजी दादाभाइना काममां नजर राखवामां आवी. ९ मुं. हा. को. री. ३५८. जुओ कबुलात ५१.

४८ ज्युरी—जडजनुं ज्युरीने सोंपवुं ते—मरीगयेला साहेदीओ - पुरावो —पद्धति— सरतथी मारी आपवी ते सने १८६१ नो २५ मो क्रीमीनल प्रोसीजर कोड कलमो २०९, २११—प्रगणामां जडजनु ज्युरीने सोंपवुं ध्यानमां लेती वखते सोंपेला केसना एकदर वलणथी ज्युरीना मनने खरी अथवा खोटी रीते समजुती मळे छे के शी रीते ए जोवु जरुरनुं छे, पण जे टीकाओ ईग्लांडनी कोर्टमां जडजना .सोंपवाथी लगाडवामांमां आवेछे ते टीकाओ आवी रीते सोंपेला केसने लगाडवी ए वाजबी नथी. कोई मरनार शाहेदीनी जुबानी काममां दाखल करवाने माटे सवाल उठयो होय तो ते जुबानी कायदेसर रीते कामना पुरावामां लेवने माटे ते शाहेदीनुं मोत थयुं छे ए खरेखरी रीते साबीत करवानी जरुर छे. केदीनो वकील जो कबुल राखे तो आवी रीतनी हकीकत साबीत करवानी कांई जरुर नथी. जो सरतथी कोई माणुसने मारी आपवामां आवी होय तो क्रीमीनल प्रोसीजर कोडनी कलमो २०९, २१० अने २११ मां बतावेली पद्धति जोवी जोईए. राणी वि. गोगालु विगेरे, १२ वि. री. ८०; ४ बें. लो. री. अपे. ५०.

(मेसर्स जेकशन अने मार्कबाय जडजोनी रुबरु, ता० २१ मी डीसेंबर सने १८६९)

४९ ज्युरी—जडजनुं ज्युरीने सोंपवुं ते—केदी अने फरीआदी बंने तरफना पुरावानी मुख्य बाबतो जडज ज्युरीने केस सोंपती वखते बतावे तो ते सने १८६१ नो २५ मो क्रीमीनल प्रोसीजर कोडमां बताव्या प्रमाणे बरोबर छे. राणी वि. सेपर्ड विगेरे, १३ वि० री० २३.

(मेसर्स फीअर अने जेकशन जडजोनी रुबरु, ता० १२ मी फेब्रुआरी सने १८७०).

५० ज्युरी - जडजनुं ज्युरीने सोंपवुं ते— जडज केस एकंदर करती वखते पोताना मनने पुरावाथी जे असर थई होय ते कहेवाने, अने हकीकतना सवालो उपर सलाह आपवाने बंधाएलो छे. दवारकानाथसेन अने बीजो अपेलेन्टो, १३ वि० री० ३४.

(मेसर्स केम्प अने जेकशन जडजोनी रुबरु, ता० २२ मी फेब्रुआरी सने १८)

५१ ज्युरी—आसेसरो अथवा ज्युरीए करेली रजुआात—कायदो न चाले तेवा इलाकाओ—सने १८६९ नो ८ मो कलमो ४४५ अ, ४४५ ब, सने १८६९ना आकट ८ ४४५ अ, ४४५ ब उपर नजर राखी एम ठरावववामां आव्युं के कायदो न चाले तेवा ईलाकाना मुख्य अधीकारी, सेसन कोर्ट सजा करी शके तेवा गुन्हाओनी तपास, सने १८६१ नो २५ मो क्रीमीनल प्रोसीजर कोडमां बताव्या मुजब मुकरदमो चलावी, करवाने बंधाएलो छे, अने केदीओ सामे राखेलां तोहोमतमांनी कोई बाबतना संबंधनो गुन्हो सेसन कोर्ट चलावी शके तेवो ना होय तोपण केदीओनी रजुआात ज्युरी अथवा आसेसरोनी मददथी तेणे चलाववी जोईए. राणी वि. क्रीस्तो रामदोस अने बीजो, १३ वि० री० १९; राणी वि० क्रीस्तो रामदोस अने एक बीजो. १३ वि. री. ५९.

(मेसर्स केम्प अने जेकशन जडजोनी रुबरु, ता० १४ मी एप्रील सने १८७०).

५२ ज्युरी-जडजनुं ज्युरीने सोंपवुं ते-दया करवानी भलामण—केदी उपर दया

બતાવવાની ભલામણનો કાંઈ પણ સવાલ જડજે પોતાની સમજુતીમાં દાખલ કરવો જોઈએ નહી, પણ તે સવાલ તદન જયુરીની મરજી ઉપર રાખવો જોઈએ. રાણી વિ. દાસી મોસુલમાની, ૧૪ વિ૦ રી૦ ૪૬.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૭૦.)

૫૩ જયુરી ફેંસલો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણો ૨૩, ૨૫—પ્રગણાઓમાં જયુરીની રજુઆતથી ચલાવેલા મુકરદમાઓ ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણો ૨૩ અને ૨૫ માં બતાવેલી વાજબી પદ્ધતિ પ્રમાણે હોય અને તેથી વિરૂદ્ધ ના હોય અને તેનાથી ઉલટો કાંઈ જુદો નિયમ ના ઠરાવવામાં આવ્યો હોય તો, તે મુકરદમાઓ કાયદેસર છે અને ઈંગ્રેજી પદ્ધતિના નિયમોના આધારથી તેમની તપાસ કરવી જોઈએ નહી. જયુરીએ પોતાનો ફેંસલો કયા અમુક નમુના મુજબ આપવો એ કાંઈ કાયદામાં બતાવેલું નથી તેથી મરજીમાં આવે તેવી રીતે આપવાને તેઓને છુટ છે. કામની મુદાની હકીકત જેથી તોહોમત અથવા તોહોમતો બન્યાં હોય તે હકીકત વાસ્તવીક રીતે તે ફેંસલામાં ના આવી જતી હોય તો પુરેપુરો ફેંસલો માલમ પડે તેવી રીતે સવાલો પુછવાનો જડજને અધીકાર છે અને આવી રીતના સવાલો પુછવા તે ખરેખર તેની ફરજ છે. રાણી વિ. હરીપ્રસાદ ગંગુલી વિગેરે, ૧૪ વિ. રી, ૫૭; ૮ બેં. લો. રી. ૫૫૭.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી સપટંબર સને ૧૮૭૦.)

રાણી વિ. ગોરાચંદ ગોપના કામમાં નજર રાખવામાં આવે છે. ૩ બેં. લો. રી. ક્રી. અ. જુઓ જયુરી ૪૬.

૫૪ જયુરી —જડજનું જયુરીને સોંપવુ તે-અવ્યવસ્થા-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૭૯, ૪૩૯—જયુરીનો ફેંસલો માગતાં પેહેલાં જડજે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૯ મુજબ બંને બાજુનો પુરાવો એકઠો કરવો જોઈએ. તોપણ હાઇ કોર્ટે આવી રીતે નહી કરેલા કામમાં શિક્ષા રદ કરવાનું કલમ ૪૩૯ મુજબ વાજબી ધાર્યું નહી. રાણી વિ. સીતવા ઉર્ફે સીતારામ પટવાહ ૧૪ વિ. રી. ૬૬.

(મેસર્સ લોચ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૭ નવંબર સને ૧૮૭૦.)

૫૫ જયુરી—જડજનું જયુરીને સોપવું તે-શિક્ષણીય મનુષ્યવધ-સજા-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૪—ખુનથી ઉતરતા દરજાનો શિક્ષણીય મનુષ્ય વધનો કેસ જયુરીને સોંપતી વખતે જડજ, પીનલકોડની કલમ ૩૦૪ માં બતાવેલા બે જાતના શિક્ષણીય મનુષ્ય વધ, તેમના લક્ષમાં લાવવા ભુલી જવાથી હાઈ કોર્ટે એમ ધાર્યું કે તો હોમતદાર વધારે હલકી સજાનો ગુન્હેગાર ઠરે છે, તેથી તેને વધારે હલકી જાતની સજા કરી. રાણી વિ. કાલીચરનદાસ વિગેરે અપેલેન્ટો ૧૫ વિ. રી. ૧૭; ૬ બેં. લો. રી. અપે. ૮૬.

(મેસર્સ મીતર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧).

રાણી વિરૂદ્ધ અમીરખાનના કામમાં આધાર રાખવામાં આવે છે. ૧૨ વિ૦ રી૦ ૩૫. જુઓ જુરી ૪૫

૫૬ જયુરી—ખુન—પુરાવો- ખુનનો કેસ જેમાં કેદીએ ગુન્હો કર્યો છે. એવો કાંઈપણ પુરાવો નહી હોવાથી જયુરીએ ગુન્હેગાર ઠરાવી ફેંસલો આપેલો રદ કરવામાં આવ્યો. રાણી વિ. બેહારઅલી કાહાર અપેલેન્ટ, ૧૫ વિ. રી. ૪૬.

(મેસર્સ જેકશન અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૭૧).

૫૭ જયુરી—પુરાવો—હાઈ કોર્ટ—થોડા પુરાવાથી પણ જયુરીને ખાત્રી થઇ શકે અને આવી જાતના કેસોમાં તેમના ફેંસલામાં દરમીઆન થવાનો હાઈ કોર્ટને અધીકાર નથી;

પણ માનવા લાયક તેમાં કાંઈપણ સાબીતી ના હોય તો કેસ બીલકુલ જ્યુરી પાસે મુકવો જોઇએ નહી કારણ કે ઉપલી હકીકત મુજબ ગુન્હો કર્યાનો ફેંસલો બાહાલ રહી શકે નહી. રાણી વિ. રતનદાસ અને બીજો અપેલેન્ટો, ૧૬ વિ. રી. ૧૯.

(મેસર્સ મીતર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૭૧).

૫૮ જયુરી-ખુન-પુરાવો—જે કેસમાં કેદી ઉપર ખુન કર્યાનું તોહોમત રાખવામાં આવેલું તે કેસમાં પોતે કબુલાત આપી કે મરનારને લાકડીથી તેણે મારી નાખ્યો, અને સેસન જડજે પુરાવો ધ્યાનમાં લેઈ દાકતરની જુબાની સીવાય કબુલાત અને સઘળા પુરાવા ઉપર ભરૂસો નહી રાખી, કેસ જ્યુરીને સોંપવા લાયક નથી એમ ઠરાવી કેદીને છોડી મુકયો. એમ ઠરાવવામાં આવ્યુ કે જ્યુરીના પુરતા વિચારમાંથી પુરાવો પાછો ખેંચી લેઇ તે ભરોંસો રાખવા લાયક છે કે નહી એ વીશે પોતાનો અભીપ્રાય આપવાનો જડજને કાંઈ હક નહોતો. હરૂ શાહના કામની તપસણી, ૧૬ વિ૦ રી૦ ૨૦.

(મેસર્સ એનસ્લી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુલાઈ સને ૧૮૭૧).

૫૯ જયુરી—જયુરર વિષે વાંધાઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૪ ના કલોઝ ૩ માં આવી જતો વાંધો જ્યુરર વિષે ઉડાવવા દેવો તે કોર્ટની મરજી ઉપર છે; અને જો કે જડજ તે વાંધો કબુલ રાખવાને બંધાયેલો નથી તોપણ તેણે તે નજીવો ગણી કાઢવો જોઈએ નહી રાણી વિ. ક્રીષનોચરન વિગેરે, અપેલેન્ટો, ૧૬ વિ૦ રી૦ ૫૬.

(મેસર્સ એનસ્લી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી અકટોબર સને ૧૮૭૧).

૬૦ જ્યુરી—જડજનું જયુરીને સોંપણું તે—કાયદા કે હકીકત સંબંધી ભુલ કરી જડજનું જ્યુરીને ખોટું સમજાવવું તે—બાતલ ગણાવવાનો હક—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૦૦ કલોઝ ૧, ૨, ૬—પીનલકોડની કલમ ૧૦૦ નો કલોઝ છઠ્ઠો ખાસ જયુરીના સંબંધમાં લાવવાથી અને તે કલમનો કલોઝ પેહેલો અને બીજો તેમના લક્ષમાં નહી લાવવાથી જડજનું કાયદા કે હકીકત સંબંધી ભુલ કરી જયુરીને ખોટું સમજાવવું ગણાતું નથી એમ ઠરાવવામાં આવ્યું રાણી વિ૦ મુકતારામ મંડલે, ૧૧ વિ૦ રી૦ ૪૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી માચ સને ૧૮૭૨).

૬૧ જયુરી—ખોટો ફેંસલો—હાઈ કોર્ટ—સેસન જડજે રાખેલું તોહોમત જે હાઈ કોર્ટે વાજબી ઠરાવ્યું હતું તે તોહોમતથી ઉલટી રીતે કેદીને જયુરીએ ગુન્હેગાર ઠરાવવાથી, જો કે જયુરીનો ફેંસલો ગેરવાજબી હતો એવું સેસન જડજના મતની સાથે હાઈ કોર્ટ મળતી આવી તોપણ, તે ફેંસલાની અંદર દરમીયાન થવાની ના પાડી. આ કેસ ઓલોઠે કે સરકારને અરજી કરવી જોઈએ પણ કોર્ટને કરેલી અરજીઓ કાઢી નાખવામાં આવી હતી. રાણી વિ. નીધીરામ બાગડી વિગેર, ૧૮ વિ૦ રી૦ ૪૫.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એલી જડજોની રૂબરૂ, તા૦ ૩ સપટંબર સને ૧૮૭૨).

રાણી વિ. સીબચંદર મંડલેના કામથી જુદો મત લેવામાં આવે છે. ૧૮ વિ. રી. ૪૬. જુઓ જુઠો લેખ ૬૫.

૬૨ જયુરી—આસેસરો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૬—આસેસરોથી રજુઆત ચલાવવાને બદલે જયુરીથી રજુઆત ચલાવવામાં આવી હતી તેમાં હાઈ કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ ની મતલબ ઉપર નજર રાખી સજા રદ કરવાની ના પાડી, કારણ કે કાયદાના સવાલ ઉપરથીજ ફકત અટકવાને બદલે પુરાવા ઉપરથી તે અપીલનો ઠરાવ કરી શકે છે. રાણી વિ. નોરકુ વિગેરે, ૧૮ વિ. રી. ૫૯.

(મેસર્સ ગ્લોવર અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી નવંબર સને ૧૮૭૨).

૬૩ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવું તે—ખોટી રીતે કેસ એકંદર કરવો તે—નવી રજુઆત—આસેસરો—જડજે ખોટી રીતે કેસ એકંદર કરવાથી કેદીના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઇ તેને નુકશાન થયું હોય અથવા ન્યાય ન મળ્યો હોય તો હાઈ કોર્ટ દરમીઆન થઈ, કામમાં કેદીને ગુન્હેગાર ઠરાવવાનો પુરતો પુરાવો ના હોય તો કામની રજુઆત આસેસરોની મદદથી થઇ છે એવું ધારી, તેને છોડી મુકે છે અથવા નવેસરથી રજુઆત ચલાવવાનો હુકમ કરે છે. રાણી વિરૂદ્ધ મથુરાસીંધ, ૧૮ વિ૦ રી૦ ૬૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી નવંબર સને ૧૮૭૨).

૬૪ જ્યુરી—ફેંસલાથી સેસન જડજ જુદો પડે તે—હાઈ કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—જ્યુરી જેને ઘણા મતે કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકયો તેના ફેંસલાથી વિરૂદ્ધ પડીને સેસન જડજે નવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ અપીલ તરીકે ચલાવવાને કેસ હાઈ કોર્ટમાં મોકલ્યો, કેસ ચલાવતાં પેહેલાં હાઈ કોર્ટને વાજબી લાગ્યું કે, સેસન જડજની ભલામણો સામે તોહોમતદારને કાંઈ તકરાર બતાવવાની હોય તો તે બતાવવાને તેને નોટીસ આપવી જોઈએ. પુરાવો ધ્યાનમાં લેઈને હાઈ કોર્ટે, નિચેની કોર્ટે જે તોહોમત રાખેલું હતું તે તોહોમતના ગુન્હાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો. રાણી વિ. ઉત્તમ ધોબા, ૧૯ વિ. રી. ૩૮.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩).

રાણી વિ. બાજુ હરીના કેસમાં અર્થ કરી બતાવવામાં આવ્યો. ૧૯ વિ. રી. ૩૭૧. જુઓ ચોરીની મીલકત ૧૭.

૬૫ જ્યુરી—સેસન જડજનું મળતું ના આવવું તે—હાઈ કોર્ટ—હકીકતનો ફેંસલો—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—જ્યુરીએ હકીકત ઉપર આપેલા ફેંસલાથી જે કેસમાં સેસન જડજ જુદો પડે અથવા જે કેસમાં કાયદામાં ફરમાવ્યા પ્રમાણે તેઓ ચાલ્યા નથી એવું તેનું કેહેવું હોય તેવા કેસમાં સેસન જડજ નવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ હાઈ કોર્ટમાં કેસ મોકલી શકે; અને આ કલમ મુજબ મોકલેલા કેસમાં જો કે જ્યુરીએ કેદીને ગુન્હેગાર ઠરાવ્યો હોય તોપણ હકીકત ઉપરથી હાઈ કોર્ટની નજરમાં આવે તો કેદીને નિર્દોષ ઠરાવી છોડી શકે. રાણી વિરૂદ્ધ કુનજુ લેથ વિગેરે, ૨૦ વિ૦ રી૦ ૧; ૧૧ બેં૦ લો૦ રી૦ ૧૪.

(મેસર્સ ફીઅર અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ સને ૧૮૭૩).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ. મણીઆ દયાળ, ઈ. લો. રી. ૧૦ મું. ૪૯૭. જુઓ જ્યુરી ૧૧૨.

બેલી લીઓસની અરજીની બાબતમાં, ૧૨ બેં૦ લો૦ રી૦ ૨૪૪. જુઓ સજા ૫૯

રાણી વિ. જદુનાથ ગંગુલી, ઈં૦ લો૦ રી૦ ૨ ક. ૨૭૩. જુઓ નિચેની કોર્ટના ઠરાવ સામે અરજી ૪૨.

૬૬ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવું તે—કાયદા કે હકીકત સબંધી ભુલથી જડજનું જ્યુરીને ખોટું સમજાવવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૫૫, ૨૫૬—કાયદા કે હકીકત સબંધી ભુલ કરી જડજે જ્યુરીને કેસ ખોટો સમજાવ્યાથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થયું હોય અથવા કામમાં બરોબર ન્યાય ના મળ્યો હોય તો કેસોમાંજ ફકત હાઇ કોર્ટ જ્યુરીનો ફેંસલો રદ કરી શકે છે. રાણી વિ. રાજકુમાર બોસ, ૧૯ વિ. રી. ૭૧; ૧૦ બેં૦ લો૦ રી૦ અપે. ૩૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ સને ૧૮૭૩.)

રાણી વિ. ઈલાહી બક્ષના કામમાં બાહાલ રાખવામાં આવે છે. બેં. લો. રી. વો. ૪૫૯. જુઓ સોબતી ગુન્હાનો ૫, ૬.

બોલી લીઓસની અરજીની બાબતમાં નજર રાખવામાં આવી. ૧૨ બેં. લો. રી. ૨૪૯ જુઓ સજા ૪૯.

૬૭ જ્યુરી—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—હાઈ કોર્ટે ગુન્હેગાર ઠરાવેલો તે—જ્યુરીએ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ફેંસલો આપેલો તે છતાં પણ હાઈ કોર્ટે આ કેસની હકીકત ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો. રાણી વિ. સીધામ સરકાર. ૨૦ વિ. રી. ૧૬.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી મે સને ૧૮૭૩.)

૬૮ જ્યુરી—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—ફેંસલાથી સેસન જડજનું જુદુ પડવું તે-કબુલાત-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩-સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૨૯—હાઈ કોર્ટે ગુન્હેગાર ઠરાવેલો તે—જ્યુરીના ફેંસલાથી સેસન જડજ વિરૂદ્ધ પડવાથી તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ હાઈ કોર્ટમાં કેસ મોકલેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે અપેલેન્ટ તરીકે સરકાર જે ગુન્હો ઠરાવવાને માગે છે તેમને કોર્ટને ખાતરી કરી આપવી જોઈએ કે કેદીને બોલાવી તેનો જવાબ માગવા લાયક કેસ છે. કોર્ટે પુરાવો ધ્યાનમાં લેઈ ઘણા મતે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો જ્યુરીએ આપેલો ફેંસલો એવું ધારીને રદ કર્યો કે તોહોમતદારે આસીસ્ટંટ માજીસ્ત્રેટની રૂબરૂ આપેલી કબુલાત કાયદેસર હતી, અને આવી કબુલાત ઠગાઈથી લેવામાં આવી હોય તોપણ સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૨૯ મુજબ પુરાવામાં દાખલ થઈ શકે તેવી હતી. રાણી વિ. રામચરન ઘોસ, ૨૦ વિ૦ રી૦ ૩૩.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુન સને ૧૮૭૩.)

રાણી વિ. મણીઆ દયાળના કામમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૧૦ મું. ૪૯૭. જુઓ જ્યુરી ૧૧૨.

૬૯ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવું તે-જુઠો પુરાવો—મદદગારી કબુલાત અથવા ખબર જોર જુલમથી મેળવવાને માટે ઈજા કરવી તે—પોલીસ અમલદાર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૧ ૧૯૪, ૩૩૦—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૧૮—જ્યુરીએ રજુઆત ચલાવેલા કેસમાં ગુન્હો ખરો હતો કે નહી એ બાબત જોવાને માટે કેસની હકીકત તપાસવાનો હાઈ કોર્ટને અધીકાર નથી, કારણ કે તેનો આધાર તદન જ્યુરીના ફેંસલા ઉપર છે. જડજે જ્યુરીના વિચારને માટે કેસ મુકવામાં પોતાની ફરજ બજાવી છે કે નહી એ જોવાને માટે કોર્ટે ફક્ત હકીકત ધ્યાનમાં લેવાની છે. પ્રથમ કાયદા સબંધી અને પછીથી હકીક્ત સબંધી સેસન જડજે જ્યુરીને એકંદર કરી આપેલો કેસ હાઈ કોર્ટે કેવી રીત જોવો જોઈએ તે બતાવવામાં આવે છે. ખોટી સાહેદી ન્યાયની કોર્ટમાં આપવી જોઈએ એ કાંઇ પીનલકોડની કલમ ૧૯૪ મુજબ જરૂરનું નથી. આવી હકીકત પોલીસ અમલદારની રૂબરૂ કહેવામાં આવી હોય તોપણ તે કોડની કલમ ૧૧૮ ધ્યાનમાં લેતાં કલમ ૧૯૧ માં બતાવેલો ખોટી સાહેદી આપવાનો ગુન્હો બને છે. ગુન્હો માલમ પડી આવે એવી ઈજા દેઇ જોર જુલમથી ખબર મેળવ્યાથી ધારેલો ગુન્હો બન્યો ના હોય તોપણ, પીનલ કોડની કલમ ૩૩૦ મુજબ વ્યથા કરવાનો ગુન્હો બને છે. ઈજા કરી કોઈ માણસને ગુન્હો અથવા ખરાબ વર્તણુંક સબંધી હકીકત અથવા કબુલાત આપવાને લલચાવવો એવો ગુન્હો તે કલમમાં બતાવેલો છે; અને તે ગુન્હો અથવા ખરાબ વર્તણુક બનેલી છે કે નહી તે બીલકુલ

જરૂરનું નથી. ગુન્હામાં મદદગારી કર્યાનો કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવાને માટે તે કૃત્યના નિરપરાધી ભાગોમાં તે સામેલ રહયો છે એ સાબીત કરવું જરૂરનું છે એટલુંજ નહી, પણ તે કૃત્યના ગુન્હા થાય તેવા ભાગમાં તે ગમે તે રીતે સામેલ હતો એ સાબીત કરવું ઘણું જરૂરનું છે. મદદગારીનું તોહોમત રાખેલા માણસનો હકીકત કહેવી જોઈએ એવો વિચાર હતો એ સાબીત કરવાની જરૂર છે એટલુંજ નહી પણ તે હકીકત ખોટી કહેવી જોઇએ એવો તેનો વિચાર હતો તે બતાવ્યા સીવાય ખોટી સાહેદીમાં મદદગારી કર્યાનો ગુન્હો બની શકે નહી. રાણી વિ. નીમચંદ મુકરજી અને બીજો, ૨૦ વિ. રી. ૪૧.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જુન સને ૧૮૭૩).

રાણી વિરૂદ્ધ બેહારીલાલના કેસને લાગુ પડે છે. ૭ વિ૦ રી૦ ૩. જુઓ ગેરવાજબી કેદ ૫.

જગરનાથ શાહીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો. ૮ ક. લો. રી. ૨૩૬. જુઓ જુઠો પુરાવો ૧૧.

રાણી વિ. કાસીમખાનના કેસથી રદ થઈ ગયો ૮ ક. લો. રી. ૩૦૦; ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૧૨૧. જુઓ જુઠો પુરાવો ૧૧૨.

૭૦ જ્યુરી—ફેંસલો—જ્યુરીએ ફેંસલો આપ્યો હોય તેના કારણના સબંધમાં જડજે કોઈપણ જ્યુરીને સવાલો પુછવા જોઈએ નહી. રાણી વિરૂદ્ધ મીજાન શેખ. ૨૦ વિ. રી. ૫૦.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૭૩).

૭૧ જ્યુરી—જડજનું જુદુ પડવું તે—અભીપ્રાય માટે મોકલવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—જે કેસમાં તોહોમતદારો ઉપર ખુનનું પીનલકોડની કલમ ૩૦૨ મુજબ અને ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ કર્યાનું કલમ ૩૦૪ મુજબ અને મહાવ્યથા કર્યાનું કલમ ૩૨૫ મુજબ એ ત્રણે તોહોમતો મુકવામાં આવેલાં, તે કેસમાં સેસન જડજે રજુઆત ચલાવતી વખતે કલમ ૪૫૬ મુજબ ગુન્હો કરવાને રાત્રે ઘર ફાડયાનું તોહોમત વધાર્યું. જ્યુરીએ એકમત થઈને તોહોમતદારોને મુળના ત્રણ ગુન્હાઓને માટે છોડી મુકયા, અને છેલા તોહોમતને માટે પણ ઘણા મતે પાંચ જ્યુરરોમાંના ચાર જ્યુરરોએ કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુક્યો. મુળના ત્રણ ગુન્હાઓના ફેંસલાના સબંધમાં સેસન જડજ જ્યુરીના ફેંસલા સાથે મળીને, તેણે કેદીઓને ત્રણ તોહોમતોને માટે નિર્દોષ ઠરાવી છોડી મુકવાને કાયદેસર રીતે હુકમ લખ્યો. જ્યુરીના ઘણા મતથી વિરૂદ્ધ પડીને ચોથા તોહોમતને માટે તેણે કેસ હાઈ કોર્ટના અભીપ્રાય માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ મોકલ્યો. આ કેસ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે જે કેસમાં સેસન જડજે કેટલાક તોહોમતોને માટે જ્યુરીનો ફેંસલો મંજુર રાખી કેદીઓને છેવટે નિર્દોષ ઠરાવી છોડી મુકયો હોય, તે કેસમાં હાઈ કોર્ટ કલમ ૨૬૩ મુજબ હકીકત ઉપરથી તેજ તોહોમતોને માટે ગુન્હેગાર ઠરાવી શકે નહી. નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો અથવા ગુન્હેગાર ઠરાવવાનો કોઈપણ હુકમ કર્યા શીવાય સેસન જડજે આખો કેસ અભીપ્રાયને માટે મોકલે તેવો કેસ ફકત ઉપર બતાવેલી કલમમાં આવી જાય છે. છેવટના વધારેલા તોહોમતને માટે જ્યુરીએ ઘણા મતે કેદીઓને કેવા કારણોથી નિર્દોષ ઠરાવી છોડી મુકયા એ કામની કોઈપણ બાબત ઉપરથી માલમ પડતું નથી તેથી અને ત્રણ મુળના તોહોમતોને માટે જ્યુરીએ એકમતે આપેલા ફેંસલા સાથે સેસન જડજ મળતો આવ્યો તેથી હાઇ કોર્ટે એમ અનુમાન કર્યું કે છેવટના વધારેલા તોહેમતને માટે જે કારણ ધ્યાનમાં લેઈ જ્યુરીએ કેદીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકયા તેજ કારણ મુળના ત્રણ ગુન્હાઓને માટે છોડી

મુકવાને આપી જ્યુરીએ ધ્યાનમાં લીધું હશે, તે ઉપરથી કોઈ છેલ્લા તોહોમતને માટે જ્યુરીએ એકમતે આપેલો ફેંસલો રદ્દ કરી શકતી નથી. રાણી વિ. ઉદયાચંગા વિગેરે, ૨૦ વિ. રી. ૭૩.

મેસર્સ મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ નવંબર સને ૧૮૭૩.)

રાણી વિ. મણીઆ દયાળના કામમાં નજર રાખવામાં આવી ઈં૦ લો૦ રી૦ ૧૦ મું. ૪૯૭ જુઓ જ્યુરી ૧૧૨.

૭૨ જ્યુરી—જડજનું જુદુ પડવું તે–અભીપ્રાય માટે મોકલવું તે–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—જે કેસમાં તોહોમતદાર ઉપર ખુન, સિક્ષણીય મનુષ્યવધ અને મહાવ્યથા એ ત્રણે તોહોમતો રાખી રજુઆત ચાલેલી તે કેસમાં જ્યુરીએ તેને ખુનને માટે નિર્દોષ ઠરાવી બીજા તોહોમતોને માટે ગુન્હેગાર ઠરાવ્યો. આ ફેંસલો સેસન જડજે લખી લીધા પછી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ તેણે જ્યુરીને ફેંસલો આપવાના કારણોના સંબંધમાં સવાલો પુછ્યા અને આખરે જ્યુરીએ ખુનનો ગુન્હેગાર ઠરાવવાને પોતાની મરજી દેખાડી. સેસન જડજ જ્યુરીના પહેલા ફેંસલાથી વિરૂદ્ધ પડ્યો; પણ તેણે પેહેલો ફેંસલો લખી લીધો હતો તેથી બીજો ફેંસલો કબુલ રખાય કે નહી એ વિષે તેને શક પડવાથી કલમ ૨૬૩ મુજબ કેસ હાઈ કોર્ટના અભિપ્રાય માટે મોકલ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આવા કેસને કલમ ૨૬૩ લાગુ પડતી નથી. સેસન જડજે જ્યુરીને પુછેલા છેવટના સવાલનો જવાબ જ્યાં સુધી મળ્યો નથી ત્યાં સુધી ફેંસલો આપી શકાય નહી અને તે લખી પણ લેવાય નહી; અને કેસમાં મળી આવેલી હકીકત ઉપરથી ખુનના તોહોમતને માટે ગુન્હેગાર ઠરાવી જ્યુરીએ પોતાનો ફેંસલો આપવો જોઈએ એવું તેઓના જવાબો ઉપરથી સાબીત થવાથી સેસન જડજે જ્યુરીનો ફેંસલો ખુનનો ગુન્હો ઠરાયાના ફેંસલા તરીકે લખવો જોઈતો હતો. તે ઉપરથી એવી રીતે લખવાને માટે અને કાયદામાં બતાવ્યા પ્રમાણે સજા કરવાને માટે કેસ સેસન જડજ તરફ પાછો મોકલવામાં આવ્યો હતો. જ્યુરીનો ખરેખરો ફેંસલો શો છે એ શોધી કાઢવની જરૂર માલમ પડે તોજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ સેસન જડજ જ્યુરીને વાજબી રીતે સવાલો પુછી શકે છે. રાણી વિ૦ સુસ્તીરામ મંડળ, ૨૧ વિ. રી. ૧.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી નવંબર સને ૧૮૭૩).

૭૩ જ્યુરી—જડજનું જુદુ પડવું તે–અભીપ્રાય માટે મોકલવું તે–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—સેસન જડજે જ્યુરીના ફેંસલાથી વિરૂદ્ધ પડીને કોઈ કેસ કલમ ૨૬૩ મુજબ હાઈ કોર્ટના અભીપ્રાય માટે મોકલેલો તે કેસમાં હાઈ કોર્ટે દરમીઆન થવાની ના પાડી, કારણ કે ફેંસલો સ્પષ્ટ રીતે અને ઉઘાડી રીતે પુરાવાથી મજબુતી ના મળે તેવો ખોટો નોહોતો. રાણી વિ૦ હરી માનજી કેદી, ૨૧ વિ. રી. ૪; ૧૪ બેં. લો. રી. અપે. ૨૧.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી નવંબર સને ૧૮૭૩.)

રાણી વિ. નોબીનચંદર બાનરજીના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૦ વિ. રી. ૭૦. જુઓ જ્યુરી ૭૪.

રાણી વિ. મણીઆ દયાળના કામમાં નજર રાખવામાં આવી. ઈં. લો. રી. ૧૦ મું ૪૯૭. જુઓ જ્યુરી ૧૧૨.

રાણી વિ૦ મુસામત ઇટવારાના કામમાં આધાર રાખવામાં આવ્યો, ૧૪ બેં. લો. રી. અપે. ૧. જુઓ સોગન ૩.

૭૪ જ્યુરી—જડજનું જુદુ પડવું તે–અભીપ્રાય માટે મોકલવું તે–ગાંડાઇ–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમો ૨૫૭, ૨૬૩–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૮૪—જ્યુરીના ફેંસલાથી વિરૂદ્ધ પડીને સેસન જડજે ક્રીમીનલ પ્રોસીજર

કોડની કલમ ૨૬૩ મુજબ અભિપ્રાય પુછેલા કેસનું નિરાકરણ હાઇકોર્ટે ફરીઆદી તરફથી અપીલ થઈ હોય તેની રીતે કરવું જોઈએ, અને હકીકત ઉપરથી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવનો અને તે મુજબ શિક્ષા કરવાનો તેને અધીકાર છે; કલમ ૨૬૩ થી ફેરફાર થયેલો હોય તેવી રીતે કલમ ૨૫૭ વાંચવાથી હકીકત કેવી રીતે ધ્યાનમાં લેવી વાજબી છે એ કોરટને નિરાકરણ કરવાનું છે. પીનલ કોડની કલમ ૮૪ મુજબ ફેંસલો કોઈ જ્યુરી વાજબી રીતે આપી શકે તે પહેલાં મન સ્થિર નોહોતું એ હકીકત ખુલી રીતે અને સ્પષ્ટ રીતે સાબીત કરવી જોઈએ. રાણી વિ૰ નોબીનચન્દર બાનરજી. ૨૦ વી. રી. ૭૦; ૧૩ બેં. લો. રી. અપે. ૨૦.

(મેસર્સ મેકફરસન અને ગોરીસ જડજોની રૂબરૂ, તા૰ ૨૪ મી અકટોબર ૧૮૭૩).

રાણી વિ. હરૂમાનજીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૨૧ વિ. રી. ૪. જુઓ જ્યુરી ૭૩.

રાણી વિ૰ મણીયાદયાલના કામમાં નજર રાખવામાં આવી ઈ૰ લો૰ રી૰ ૧૦ મું. ૪૯૭ જુઓ જ્યુરી ૧૧૨.

૭૫ જ્યુરી—જડજનું જ્યુરીથી જુદુ પડવું તે—અભીપ્રાય માટે મોકલવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—જે કેસોમાં જ્યુરીનો ફેંસલો બેશક ખુલી રીતે ખોટો માલમ પડે તેજ કેસોમાં ફકત કલમ ૨૬૩ મુજબ આપેલો અધીકાર હાઈ કોર્ટ બજાવી શકશે. રાણી વિ. શામ બાગડી વિગેરે, ૨૦ વિ. રી. ૭૩; ૧૩ બેં. લો. રી. અપે. ૧૯.

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડજોની રૂબરૂ, તા૰ ૨૮ મી અકટોબર સને ૧૮૭૩)

હરીનારાયણ મુકરજીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો, ૨ ક. લો. રી ૫૧૮. જુઓ જ્યુરી ૫૯.

રાણી વિ. મુસામત ઈટવારા, ૧૪ બે. લો. રી. અપે. ૧. જુઓ સોગન ૩.

રાણી વિ. મણીયા દયાળના કામમાં નજર રાખવામાં આવી. ઈ. લો. રી. ૧૦ મુ. ૪૯૭. જુઓ જ્યુરી ૧૧૨.

૭૬ જ્યુરી—મેમ્બરો પસંદ કરવા તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૭, ૫૨૩—લોકોપકારક કૃત્ય—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૨૩ મુજબ કામ ચલાવતાં માજીસ્ટ્રેટે જ્યુરીના મેમ્બરો પોતાની મરજી પ્રમાણે પસંદ કરવા જોઈએ અને એવી રીતે પસંદ કરેલાં માણસો માજીસ્ટ્રેટનો હુકમ બાહાલ રાખવામાં જે પક્ષકારનું હીત રહેલું હોય તે પક્ષકારે નીમેલા માણસો હોવા જોઈએ નહીં. સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૭ મુજબ આ કેસની ફરીથી તપાસ કરતી વખતે, સામેના પક્ષકારે નીમેલા જ્યુરીના માણસોની નીમનોક કરવાનો માજીસ્ટ્રેટનો હુકમ હાઈ કોર્ટે રદ કર્યો, કારણ કે એમ ઠરાવવામાં આવ્યું કે પદ્ધતિની ભુલ ઘણી અગત્યની ભુલ છે અને તેથી કરીને આખા કેસની બાબતને અસર થઇ હતી. રાજા સત્યનંદો ઘોશાલ વિ૰ કુમપરડાઉન પ્રેસીંગ કંપની લીમીટેડ, ૨૧ વિ૰ રી૰ ૪૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૧૮ મી ફેબ્રુઆરી ૧૮૭૪).

૭૭ જ્યુરી—નીમનોક—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૩—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૩ મુજબ માજીસ્ટ્રેટે નીમેલી જ્યુરીએ પોતાને સોંપેલી બાબત ધ્યાનમાં લીધી હતી, અને તેમાંના દરેક જણે પોતાનો મત જ્યુરીના ઉપરીને માજીસ્ટ્રેટને રીપોર્ટ કરવાને આપ્યો હતો, પણ તે મત આપવામાં ઉપરીથી ઢીલ થએલી, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે માજીસ્ટ્રેટ કામની બાબત નવેસરથી ધ્યાનમાં લેવાને બીજી જ્યુરી નીમી શકે નહી, પણ કામનો છેવટનો હુકમ કરતાં પેહેલાં પ્રથમની જ્યુરીએ

કરેલા રીપોર્ટ ઉપર માજીસ્ટ્રેટે ચાલવું જોઈતું હતું. શેખ નોઝુમદી વિ૦ હાસીમખાન,, ૨૧ વિ૦ રી૦ ૫૪.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૭૪).

૭૮ જ્યુરી—ફેંસલો ક્યારે રદ કરવો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૩—જ્યુરીએ આપેલા છોડી મુકવાના ફેંસલાથી સેસન જડજ વિરૂદ્ધ પડીને તેણે કેસ હાઈ કોર્ટમાં મોકલ્યો પણ હાઈ કોર્ટ દરમીયાન થવાની ના પાડવાથી, જ્યુરીએ પોતાનો ફેંસલો આપવામાં તદન ભુલ કરી હતી, અને તેઓએ ખુલ્લી રીતે ખોટો ફેંસલો આપ્યો હતો, અને કલમ ૨૬૩ મુજબ આપેલો અખીઆર હાઈ કોર્ટે બજાવવો જોઈએ એમ કહી શકાય નહી. રાણી વિ૦ મુસામત ઈટવારયા, ૧૪ બેં. લો. રી. અપે. ૧.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩ જુલાઈ સને ૧૮૭૪.)

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છેઃ—

રાણી વિ. નોબીનચંદ્ર બનારજી ૧૩ બેં. લો. રી. અપે. ૨૦. જુઓ જ્યુરી ૭૪.

રાણી વિ. શામ બાગડી, ૧૩ બેં. લો. રી. અપે. ૧૯. જુઓ જ્યુરી ૭૫.

રાણી વિ. હરીમાનજી ૧૪ બેં. લો. રી. અપે. ૨૧. જુઓ જ્યુરી ૭૩.

૭૯ જ્યુરી—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે–હાઈ કોર્ટનું ગુન્હેગાર ઠરાવવું તે—કબુલાત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૨૪–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—તોહોમતદારની કબુલાત કાંઈ લાલચ બતાવી લેવામાં આવી હતી એવું પુરાવાથી ના સાબીત થાય તો એમ અનુમાન કરવું જોઇએ નહી કે કબુલાત એવી રીતે લાલચ બતાવી લીધેલી હતી. કાયદા વિરૂદ્ધ દબાણથી લાલચ બતાવી કબુલાત લેવામાં આવી હોય તોજ તે કબુલાત પુરાવાના આકટની કલમ ૨૪ મુજબ કામમાં દાખલ થઇ શકે નહી, એવું કોર્ટ ધારી શકે છે આવી રીતે લાલચ બતાવી કબુલાત લીધેલી નથી એવું સેસન જડજે ધારેલું તેવું કામ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ હાઈ કોર્ટમાં મોકલવાથી તે કોર્ટે જો કે કબુલાત સેસન કોર્ટમાં પાછી ખેંચી લેવામાં આવી હતી, અને જ્યુરીએ નિર્દોષ ઠરાવી ફેંસલો આપ્યો હતો તોપણ, તે કબુલાત કામમાં વાજબી રીતે દાખલ કરવામાં આવી છે અને તે બરોબર સ્પષ્ટ છે અને ભરોસા રાખવા લાયક પુરાવાથી તેને મજબુતી મળે છે એમ ઠરાવી તોહોમતદારને ગુન્હેગાર ગણી સજા કરી. રાણી વિ. બલવંત વિ. પંધારકર ૧૧ મું. હા. કો. રી. ૧૩૭

(મેસર્સ નાનાભાઇ હરીદાસ અને લારપન્ટ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૭૪.)

૮૦ જ્યુરી–જવાનો માર્ગ–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૨૩ અને ૫૨૬—પક્ષકારોની અરજી ઉપરથી માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૩ મુજબ કોઈ રસ્તામાં જવાનો માર્ગ છે કે નહી એ બાબતનો ઠરાવ જ્યુરીને સોંપ્યો હોય તો તે કોડની કલમ ૫૨ મુજબ તેઓએ આપેલા ઠરાવ મુજબ અને તેમના રીપોર્ટ ઉપરથી હુકમ કરવાને તે બંધાએલો છે. નાયન વિરૂદ્ધ શેરઅલી વિગેરે, ૨૨ વિ૦ રી૦ ૮૬.

(મેસર્સ માર્કબાય અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી અકટોબર સને ૧૮૭૪).

૮૧ જ્યુરી—ફેંસલામાં વાંધો ઉઠાવવો તે—લોકોપકારક કૃત્ય—કોઈપણ પક્ષકાર જ્યુરીના ફેંસલા સામે વાંધો ઉઠાવવા માગતા હોય તો, જ્યુરીએ ઇનસાફની રાહે ખરૂ જોતાં કેસનો વિચાર કર્યો નથી અથવા ફેંસલો એવો છે કે તેઓની રૂબરૂ મુકેલી બાબતો ઉપરથી વાજબી રીતે વિચાર કરી નિરાકરણ થઈ

શકે નહી, એવું ધારવાને માટે તેણે માજીસ્ટ્રેટને વાજબી અને દેખીતું કારણ બતાવવું જોઈએ. બીનદાબનચંદર દત્ત, વિ. દવારકાથસેન, ૨૩ વિ. રી. ૧૫.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જાનેવારી સને ૧૮૭૫).

૮૨ જ્યુરી —જડજનું જ્યુરીને સોંપવું તે—કેસ એકંદર કરવામાં ભૂલ થયેલી તે—કેદીનો જવાબ—જ્યુરીને કેસ સમજાવતી વખતે ફરીઆદના કેસનો ઘણો અગત્યનો પુરાવો નથી એવું તેમને બતાવવાનું જડજ ભુલી જવાથી, અને કેદીએ કેટલાક દસ્તાવેજોની સમજુતીમાં બતાવેલી હકીકત અગત્યની છે એવું ગેરવાજબી રીતે તેમને સમજાવવાથી, આ કેસમાં હાઇ કોર્ટે જ્યુરીએ આપેલો ફેસલો રદ કર્યો. રાણી વિ ગંગા ગોવીંદ પાલીત, ૨૩ વિ. રી. ૨૧.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જાનેવારી સને ૧૮૭૫)

૮૩ જ્યુરી—તોહોમતના ભાગો-જડજની હકીકત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૪—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૪ ના, જ્યુરીથી રજુઆત ચાલતી વખતે, જડજના "તોહોમત"ના "ભાગો" એ શબ્દો લખી લેવા જોઈએ, અને તેનો વાજબી રીતે એવો અર્થ કરવો જોઈએ કે, જેથી તોહોમતમાં કાયદા કે હકીકત સંબંધી ભુલ થઇ છે કે નહી અથવા જ્યુરીની રૂબરૂ બરોબર રીતે પુરાવો મુકવામાં આવ્યો છે કે નહી એનો નિશ્ચય અપીલ કોર્ટ કરી શકે તેવી રીતે સેસન જડજે હકીકત બતાવવી એનો સમાવેશ થઈ જાય છે. રાણી વિ૦ કાસીમ સેખ, ૨૩ વિ૦ રી૦ ૩૨.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી ફેબ્રુઆરી સને ૧૮૭૫).

૮૪ જ્યુરી—જ્યુરીથી રજુઆત ના થાય તેવા કેસમાં જ્યુરીએ કરેલી રજુઆત—જે કેસમાં સરકારે જ્યુરીથી રજુઆત ચલાવવાનું ના ઠરાવ્યું હોય તેવા કેસમાં જ્યુરીથી રજુઆત કાયદા વિરૂદ્ધ ગણાતી નથી, પણ જડજનું તોહોમત તે કેસમાં તેનો પોતાનો ઠરાવ ગણી હકીકત ઉપર કેદીની અપીલ સાંભળવામાં આવી હતી. રાણી વિ૦ દુરગાચરન શોમ, ૨૪ વિ૦ રી૦ ૩૦.

(મેસર્સ બર્ચ અને લોફર્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઇ સને ૧૮૭૫).

૮૫ જ્યુરી—ફેસલો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—નિર્દોષ ઠરાવી છોડી મુકવુ તે—ફેસલો ફેરવ્યો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ હાઈ કોર્ટ ઉપર જ્યુરી અને જડજ બંને ફરજો નાખે છે; પણ આ તફાવત ઈંગ્લાંડની વડી અદાલતો કરતાં તેને વધારે અધીકાર મળે છે અને વધારે જુમ્મેદારી તેના ઉપર રેહે છે તે છતાં પણ તે કોર્ટે જેમ બને તેમ ઈંગ્રેજી ધોરણ ઉપર ચાલવું જોઇએ, અને તેથી કરીને જ્યુરીનો ફેસલો ભુલથી અથવા ખુલ્લી રીતે કાયદા વિરૂદ્ધ અને ખોટો હોય તે સીવાય રદ કરી શકાશે નહી. તોપણ વાજબી રીતના કેસમાં હાઈ કોર્ટ જ્યુરીનો ફેસલો સુધારશે. રાણી વિ૦ ખંડેરાવ બાજીરાવ, ઈ૦ લો૦ રી૦ ૧ મું૦ ૧૦.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૭૫.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

ધુનુકાજી વિ. ખોરસેડકાજી. ૧૧ ક. લો. રી. ૧૬૯; ઈ૦ લો૦ રી૦ ૯ ક. ૫૩ જુઓ જ્યુરી ૧૦૩.

રાણી વિ. મણીઆ દયાળ, ઈ૦ લો૦ રી૦ ૧૦ મું. ૪૯૭. જુઓ જ્યુરરી ૧૧૩.

૮૬ જ્યુરી—જડજનું જ્યુરીને સોપવું તે-ખોટુ સમજાવવું તે—હાઇ કોર્ટનું દરમીયાન થવું તે—નવી રજુઆત-તોહોમતદાર વિરૂદ્ધ સાંભળેલી હકીકત અને કેવી રીતે અને કોનાથી મોકલવામાં આવેલો તે સાબીત કરવાનો કાંઈપણ યત્ન કર્યા સીવાયનો વળી

એક નનામો કાગળ કામના પુરાવામાં દાખલ કરી શકાય એવું જયુરીને કેસ સોંપતી વખતે જડજે બતાવેલું તેવા કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે જ્યુરીને ખોટું સમજાવવામાં આવ્યું છે અને તોહોમતદારના વિરૂદ્ધ અભી પ્રાય બંધાઈ તેણે નુકશાન થયું છે. આ કેસ નો પુરાવો વાંચવાથી તોહોમતદાર નિરપરાધી છે એવી ખાત્રી હાઈ કોર્ટને નહી થવાથી કે સનું નિરાકરણ કર્યું નહી પણ નવેસરથી ૨ જુઆત ચલાવવાનો હુકમ કર્યો. રાણી વિ૦ ચંદરકુમાર મોઝુમદાર, ૨૪ વિ૦ રી૦ ૭૭.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસેંબર સને ૧૮૭૫).

ઇલાહીબક્ષ અપેલેન્ટના કામમાં આધાર લેવામાં આવે છે. ૫ વિ૦ રી૦ ૮૦. જુઓ સોબતી ગુન્હાનો ૫.

૮૭ જ્યુરી—લોકોપકારક કૃત્ય—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૨૧, ૫૨૨, ૫૨૩—જ્યુરર—કાયદેસ ર વધારે મત થવા તે—કાયદા પ્રમાણે જ્યુર રે તેની અગાડી મુકેલા કેસમાં પોતાની અ કલ પ્રમાણે ચાલી પુરાવા ઉપરથી ફેંસલો આ પવો જોઈએ, પણ પોતાના સોબતીઓના મ ત પ્રમાણે વિચાર કર્યા વગર ચાલવું જોઈ એ નહી. પાંચ માણસોની જ્યુરીમાં ત્રણ મા ણસોમાંનો એક માણસ, બે માણસોએ કરેલી તપાસ અને તજવીજ ઉપર આધાર રાખતો હોય તો, ત્રણ માણસોએ આપેલો ફેંસલો કા યદેસર રીતે વધારે મતનો ફેંસલો ગણાતો ન થી. તકરારમાં બતાવેલી અડચણવાળી જગો સરીયામ રસ્તાની જગો હોય તોજ, સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ માની કલમો ૫૨૧, ૫૨૨ અ ને ૫૨૩ લાગુ પડે છે. પીતાંબર જગી વિ૦ નાસારૂદી, ૨૫ વિ૦ રી૦ ૪.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ડીસેંબર સને ૧૮૭૫).

ચંદરનાથસેન વિ રામદયાળ લધુતક ના કેસમાં નજર રાખવામાં આવી અને બા હાલ રાખવામાં આવ્યો. ૬ ક૦ લૉ૦ રી૦ ૩૭૯; ઈ૦ લૉ૦ રી૦ ૫ ક. ૮૭૫. જુઓ લોકોપકારક કૃત્ય ૯૭.

૮૮ જયુરી—કબુલાત ઉપરથી આપેલો ફેંસલો—સાહેદીઓ ઉપર ભરૂસો રાખવો તે—જયુરીથી ચલાવેલી રજુઆતમાં જયુરીનો ફેં સલો, ખુલી રીતે અને બેશક કાયદા વિરૂદ્ધ ના હોય તો, કબુલ રાખવો જોઈએ. ખુશી થી આપેલી કબુલાતો ઉપર આધાર રાખીને આપેલો ફેંસલો, ભરોંસો રાખવા લાયક સાહે દીઓની જુબાની ઉપર આધાર રાખીને આ પેલા ફેંસલા જેવો કાયદેસર ગણાય છે. સાહે દીઓ ઉપર કેટલો ભરોંસો રાખવો તે નિરાક રણ કરવાનું કામ જયુરીનુ છે. રાણી વિરૂદ્ધ વઝીર મંડળ વિગેરે, ૨૫ વિ. રી૦ ૨૫

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડ જોની રૂબરૂ, તા૦ ૧૬ મી માર્ચ સને ૧૮૭૬).

નિચેના કેસોમાં નજર રાખવામાં આ વી:—

મુનસી સેખની બાબતમાં, ઈ૦ લૉ૦ રી૦ ૮ ક. ૬૧૬. જુઓ કબુલાત ૭૨.

રાણી વિ. ધનમ કાઝી ઈ૦ લૉ૦ રી૦ ૯ ક. ૫૩. જુઓ જયુરી ૧૦૩.

રાણી વિ. મર્ણીઆ દયાળ, ઈ. લૉ. રી. ૧૦ મું૦ ૪૯૭. જુઓ જયુરી ૧૧૩.

૮૯ જયુરી—ગુન્હો કર્યાનો ફેંસલો—નજરનો સાક્ષી-તોહોમતદારે ખુન કર્યું છે એવું જયુરીની નજરમાં આવ્યું પણ તેને ગુ ન્હેગાર ઠરાવવાની ના પાડી કારણ કે ગુન્હો કર્યાનો નજરનો સાક્ષી નોહોતો, અને બીજા તોહોમતને માટે ગુન્હેગાર ઠરાવવાની તેમને બીલકુલ ના પાડી અને હાઇ કોર્ટ જેને કેસ મોકલવામાં આવ્યો હતો તે કોર્ટે એમ ઠરા વ્યું કે ખુનનું, તોહોમત સાબીત કરવાને મા ટે નજરના સાક્ષીની કાંઈ જરૂર નથી એવું જડજે જયુરીને સમજાવવું જોઈતું હતું, અ ને તોહોમતદારે ગુન્હો કર્યો છે એ બાબત વિ ષે જયુરીને કાંઈપણ શક ના રેહેતો હોય તો તે મુજબ ફેંસલો આપવાને તેઓ બંધાયેલા હતા. રાણી વિ. ગોકુલ કાહાર, ૨૫ વિ.રી. ૩૬.

(મેસર્સ એનસ્લી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી એપ્રીલ સને ૧૮૭૬.)

રાણી વિ. મણીઆ દયાળના કામમાં નજર રાખવામાં આવી. ઇ૦ લો૦ રી૦ ૧૦ મું. ૪૯૭. જુઓ જ્યુરી ૧૧૩.

૯૦ જ્યુરી—જડજનું જ્યુરીને સોંપવું તે-જ્યુરીને કેસ સોંપતી વખતે જડજ પોતે લખી લીધેલા પુરાવામાંથી તફાવત અને વિરૂદ્ધતાની નોંધ કરીને તોહોમતદારના લાભમાં અથવા ગેરલાભમાં ઘણુંકરીને તે કેવી રીતે લેવાશે એ બતાવીને તેઓની રૂબરૂ સ્પષ્ટ અને લક્ષ પુર્વક રીતે મુકવા કરતાં કાંઈ વધારે કરવાને તે બંધાયેલો નથી. રાણી વિ. ચંદરકુમાર મોઝુમદાર, ૨૫ વિ રી. ૫૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુન સને ૧૮૭૫.)

ઇલ્લાહીબક્ષ અપેલેન્ટના કામમાં આધાર લેવામાં આવે છે. ૫ વિ. રી. ૮૦. જુઓ સોબતી ગુન્હાનો.

૯૧ જ્યુરી—સને ૧૮૭૫ નો ૧૦ મો હાઈ કોરટનો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૨, ૩૭—હીંદુ કેદી—જ્યુરી ઠરાવવી તે—યુરોપીયન ઈંગ્રેજી પ્રજાની સાથે યુરોપીયન ઈંગ્રેજી પ્રજા ના હોય તેવા કેદી ઉપર તોહોમત રાખવાથી, તે હાઈ કોર્ટના ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ ઓછામાં ઓછા પાંચ માણસો યુરોપીયનો અથવા અમેરીકનો ના હોય તેવી જ્યુરીથી રજુઆત ચલાવવાનું માગી શકે નહી. રાણી વિ૦ લલુભાઈ ગોપાળદાસ.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, સારજંટ અને ગ્રીન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૭૬).

રાણી વિ૦ વીઠલદાસ પ્રાણજીવનદાસના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૧ મું૦ ૪૬૨. જુઓ જ્યુરી ૯૨.

૯૨ જ્યુરી—ઠરાવવી તે—સને ૧૮૭૫ નો ૧૦ મો હાઈ કોર્ટનો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૩—સને ૧૮૭૫ ના આકટ ૧૦ માની કલમ ૩૩ માં એમ બતાવેલું છે કે જે સબળા માણસોને જ્યુરર તરીકે સમન કરવામાં આવ્યા હોય તે સબળાના નામો એક પેટીમાંથી ચીઠીઓ પ્રમાણે કાઢવામાં આવશે. રાણી વિ૦ વીઠલદાસ પ્રાણજીવણદાસ, ઈ. લો. રી. ૧ મું. ૪૬૨.

(મી૦ બેલી જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી નવંબર સને ૧૮૭૬).

રાણી વિ૦ લલુભાઇ ગોપાળદાસના કામમાં નજર રાખવામાં આવે છે ઈ૦ લો૦ રી૦ ૧ મુ૦ ૨૩૨. જુઓ જ્યુરી ૫૧.

૯૩ જ્યુરી—જડજનું વિરૂદ્ધ પડવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—હાઈ કોર્ટ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ થી હાઈ કોર્ટને ઘણો મરજી મુજબ અખીકાર મળેલો છે. દરેક બાબતમાં તે મરજી કેવી રીતે વાપરવી જોઈએ તેને માટે કાંઇ મુકરર નિયમો ઠરાવી શકાય નહી; અને મોકલેલા દરેક કેસના ફેંસલાનો આધાર તે કેસની અમુક બાબતો ઉપર રાખવો જાઇએ. મી૦ માર્કબાય જડજ વિરૂદ્ધ પડવાથી મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને પ્રીનસેપ જડજનો મત—રાણી વિ૦ વઝીર મંડળ (૨૫ વિ૦ રી૦ ૨૫) ના કેસમાં બતાવેલો નિયમ હદ ઉપરાંત છે. મી૦ માર્કબાય જડજનો મત વિરૂદ્ધ પડવાથી મી૦ પ્રીનસેપ જડજનો મત—જ્યુરીને તેઓના ફેંસલાના કારણોના સંબંધમાં પુછવાથી સેસન જડજને કાર્યદેસર બાધ આવતો નથી, અને ન્યાયની ખાતર આવી રીતની અગત્ય છે. રાણી વિ૦ મુખનકુમાર, ૧ ક૦ લો૦રી૦ ૨૭૫.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, માર્કબાય અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જુન સને ૧૮૭૭).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ૦ બેહારીલાલ બોસ, ૬ ક૦ લો૦રી૦૪૩૧. જુઓ ઉલટ સુલટ તપાસ.૧૬.

રાણી વિ૦ ધનમકાઝી, ઈ૦ લો૦ રી૦ ૯ ક૦ ૫૩; ૧૧ ક૦ લો૦ રી૦ ૧૫૯. જુઓ જ્યુરી ૧૦૩.

રાણી વિ૦ મણીઆ દયાળ, ઈ૦ લૉ૦ રી૦ ૧૦ મું૦ ૪૫૭. જુઓ જ્યુરી ૧૧૩.

૯૪ જ્યુરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૬૩, ૪૫૭—નિર્દોષ ઠરાવી જ્યુરીનું છોડી મુકવું તે—હાઇ કોર્ટનો અધીકાર—રાખેલા તોહોમતો ઉપર નિર્દોષ ઠરાવી જ્યુરીએ કેદીઓને છોડી મુકેલા, પણ બીજો ગુન્હો થાય તેવી કેટલીક હકીકત માલમ પડી આવેલી અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૭ મુજબ તે ગુન્હાને માટે કેદીઓને ગુન્હેગાર ઠરાવેલા નહી હોવાથી એમ ઠરાવવામાં આવ્યું કે હાઈ કોર્ટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ પોતાની પાસે આવેલા ગુન્હા ઉપરથી કેદીઓને તે ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવી શકે. રાણી વિ૦ હરાઈ મીરધા અને બીજો, ઈ૦ લૉ૦ રી૦ ૩ ક૦ ૧૮૯.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી નવંબર સને ૧૮૭૭).

૯૫ જ્યુરી—જ્યુરરોના ફેસલાથી કોર્ટનું વિરૂદ્ધ પડવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩ કલોઝ ૪ અને ૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ ના ૪ થા કલોઝમાં બતાવેલું "વિરૂદ્ધ પડવુ" તે એવી જાતનું પુરેપુરૂ વિરૂદ્ધ પડવું હોવું જોઇએ કે, જેથી ન્યાયની ખાતર કેસ હાઈ કોર્ટમાં મોકલવાનું જડજ ધારી શકે. રાણી વિ૦ ભવાની, ઈ૦ લૉ૦ રી૦ ૨ મું૦ ૫૨૫.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮).

રાણી વિ૦ મણીઆ દયાલના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લૉ૦ રી૦ ૧૦ મું૦ ૪૫૭. જુઓ જ્યુરી ૧૧૩.

૯૬ જ્યુરી—જડજનું વિરૂદ્ધ પડવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—હકીકત ઉપરથી હાઈ કોર્ટે કરેલો વિરૂદ્ધ ઠરાવ—બળાત્કાર સંભોગના યત્ન કરવાના તોહોમતમાંથી, પાંચમાંના ચાર જ્યુરરોના વધુ મતથી કેદીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યા. આ ફેસલાથી સેસન જડજે વિરૂદ્ધ પડીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ કેસ હાઈ કોર્ટના અભીપ્રાય માટે મોકલ્યો, કારણ કે તેના ધારવા પ્રમાણે તોહોમત રાખેલો ગુન્હો સાબીત થયો હતો. ફરીઆદી તરફનો પુરાવો વિશ્વાસ રાખવા લાયક અને સંભવીત હતો એવું હાઈ કોર્ટે ઠરાવી કેદીને સજા કરી. તીલકધારીની બાબતમાં, ૨ ક૦ લૉ૦ રી૦ ૧.

(મેસર્સ જેકશન અને કનીંગહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી માર્ચ સને ૧૮૭૮).

૯૭ જ્યુરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૬૩, ૪૬૪—જ્યુરરના ફેસલાથી વિરૂદ્ધ પડવું તે—બહુમતે આપેલા ફેસલાથી જડજનુ વિરૂદ્ધ પડવું તે—હાઇ કોર્ટનો અધીકાર—નાનું બાળક તેડીને જતી કોઈ સ્ત્રીને તોહોમતદારે માથા અને ખભા ઉપર ખુબ માર માર્યો. આમાંનો એક ઘા બાળકના માથામાં વાગવાથી મોત થયું. તોહોમતદારે વ્યથાનો ગુન્હો કર્યો છે એમ ઠરાવવામાં આવ્યું. કોઈ કેસમાં જ્યુરીએ એકમતે ફેસલો ના આપ્યો હોય અને જડજે તે ફેસલાથી વિરૂદ્ધ પડી સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ કેસ હાઇ કોર્ટમાં મોકલ્યો હોય તો, ઘણાં મતે જ્યુરીએ નિર્દોષ ઠરાવ્યો હોય તોપણ કેદીને ગુન્હેગાર ઠરાવવાનો હાઈ કોર્ટને અધીકાર છે છોડી મુકવાના ફેસલાથી વિરૂદ્ધ પડીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૬૩ અને ૪૬૪ મુજબ કેસ હાઈ કોર્ટમાં મોકલતી વખતે જડજની ફરજ છે કે પોતાના ધારવા પ્રમાણે કયો ગુન્હો બન્યો છે તે બતાવવું જોઈએ. રાણી વિ. શાહીરાઈ, ઈ૦ લૉ૦ રી૦ ૩ ક. ૬૨૩; ૨ ક લો. રી. ૩૦૪.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી એપ્રીલ સને ૧૮૭૮)

૯૮ જ્યુરી—જ્યુરરના ફેંસલાથી વિરૂદ્ધ પડવું તે. સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—જો કે જ્યુરીએ ઘણા મતે નિર્દોષ ઠરાવી કેદીને છોડી મુકયો હોય તોપણ સને ૧૮૭૨ ના ૧૦ માની કલમ ૨૬૩ મુજબ મોકલેલા કેસમાં કેદીને ગુન્હેગાર ઠરાવવાનો હાઇ કોર્ટને અધીકાર છે

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી એપ્રીલ સને ૧૮૬૮).

૯૯ જ્યુરી—આસેસરોથી રજુઆત ચલાવવા લાયક કેસની જ્યુરીએ રજુઆત કરેલી તે—હકીકત ઉપર અપીલ કરવી તે—સને ૧૮૭૧ નો ૮ મો કલમ ૮૦—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૩૩—મી૦ મીતર જડજને શક પડવાથી મી૦ મેકલીન જડજનો મત—આસેસરોથી રજુઆત ચલાવવા લાયક કેસની રજુઆત જ્યુરીથી કરવામાં આવી હોય તો તે કારણથી રજુઆત કાયદા વિરૂદ્ધ ગણાતી નથી, પણ જો કેસની રજુઆત આસેસરોથી થઇ હોત તો તોહોમતદારને હકીકત ઉપર અપીલ કરવાનો હક મળત તે હક જ્યુરીએ ચલાવેલી રજુઆત કાયદેસર છે એજ ફકત હકીકતથી જતો રેહેતો નથી. રાણી વિરૂદ્ધ મોહીમચંદરરાય, ઈ૦ લો૦ રી૦ ૩ ક. ૭૯૫).

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી મે સને ૧૮૭૮).

ભુતનાથડીના કામમાં નજર રાખવામાં આવી ૪ ક૦ લો૦ રી૦ ૪૦૫. જુઓ આસેસરો ૧૦.

૧૦૦ જ્યુરી—જડજનું વિરૂદ્ધ પડવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—અભીપ્રાય પુછવો તે—હાઈ કોર્ટનો રીવાજ—જો કે બીજી જ્યુરી જુદી રીતે નિરાકરણ કરી શકે તોપણ સાહેદીઓ નહી માનવાને અને પુરાવામાં પડેલી વિરૂદ્ધતાના શકનો ફાયદો કેદીને આપવાને જ્યુરીની ખાત્રી થાય એવા પુરતા કારણો કામમાં મળી આવે તો હાઈ કોર્ટ દરમીઆન થઈ શકે નહી. જ્યુરીનો ફેંસલો બેશક ગેરવાજબી અને કાયદા વિરૂદ્ધ હતો એ સાબીત કરવું જોઈએ. હરીનારાયણ મુકરજીની બાબતમાં, ૨ ક. લો રી. ૫૧૮.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુન સને ૧૮૭૯).

રાણી વિરૂદ્ધ શામબાગડીના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૦ વિ. રી. ૭૩. જુઓ જ્યુરી ૭૫.

૧૦૧ જ્યુરી—ફેંસલો—જુદો તોહોમત નહી રાખેલો ગુન્હો સાબીત થએલો તે—જડજનું વિરૂદ્ધ પડવું તે—આવા કેસોમાં મુકરદમો ચલાવવાની પદ્ધતિ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૬૩, ૪૫૭—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૯, ૩૨૫—કાયદા વિરૂદ્ધ મંડળીના સભાસદો હતા તે વખતે પીનલકોડની કલમ ૧૪૯ ની સાથે મહાવ્યથા કરવાનું તોહોમત કલમ ૩૨૫ મુજબ રાખીને તોહોમતદારોને ગુન્હેગાર ઠરાવ્યા હતા. જ્યુરીએ કાયદા વિરૂદ્ધ મંડળીના સબંધનો પુરાવો માન્યો નહી પણ એકમતે તોહોમતદારોમાંના બેને કલમ ૩૨૫ મુજબ મહાવ્યથા કર્યાને માટે ગુન્હેગાર ઠરાવ્યા. એમ ઠરાવવામાં આવ્યું કે, જો કે ઉપલા ગુન્હાને માટે જુદું તોહોમત રાખવામાં આવ્યું નોહોતું તોપણ, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૭ મુજબ આવી રીતનો ફેંસલો કાયદેસર ગણાય છે. મળના તોહોમતમાંના ભાગોની હકીકત ઉપરથી કોઈ નાનો ગુન્હો બનતો હોય તો તેમાંની કેટલીક હકીકત ઉપરથી કલમ ૪૫૭ મુજબ ફેંસલો આપી શકાય છે. જે કેસમાં જ્યુરી એકમત થતી નાહોય તેજ કેસમાં ફકત વધારે વિચાર કરવાને માટે કોર્ટ જ્યુરીને પુછી શકે છે. ફેંસલો એકમતે આપ્યો હોય અને તે કાયદા વિરૂદ્ધ ના હોય તો જડજે લેવો જોઈએ. કાયદા પ્રમાણે અનુસરીને એકમતે આપેલા ફેંસલાથી જડજ વિરૂદ્ધ પડે તો ફકત એ રસ્તો ખુલ્લો છે કે તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ

૨૯૭ ના ૫ મા કલોઝમાં બતાવ્યા પ્રમાણે ચાલવું જોઈએ. બંગાળા સરકાર વિરૂદ્ધ મા હમદી, ઈં લો૰ રી૰ ૫ ક. ૮૭૧; ૬ ક. લો. રી ૩૪૫.

(મેસર્સ મોરીસ અને પ્રીનસેપ જડજો ની રૂબરૂ. તા૰ ૨૦ મી મે ૧૮૮૦).

રાણી વિ. આપા સુભાના મંડરેના કામ માં નજર રાખવામાં આવી. ઈં. લો. રી. ૮ મું. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

રાણી વિ. બેહારીલાલ બોસના કામમાં નજર રાખવામાં આવે છે. ૬ ક. લો. રી. ૪૩૧. જુઓ ઉલટ સુલટ તપાસ ૧૬.

૧૦૨ જ્યુરી— જડજનું સોંપવું તે—ખોટી સમજણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૪૭૧—તોહોમતદારો સામે, તે ઓની બેહેન જેને તેણીના બાપ પાસેથી વારસાના હક તરીકે કેટલીક મીલકત મળેલી હતી તે મીલકત તેણીએ જે માણસને વેચાતી આપેલી તે માણસ તે મીલકતનો કબજો લેવાને માટે દાવો લાવ્યાથી, તેઓના ઉપર કલમ ૪૭૧ મુજબ બનાવટી દસ્તાવેજ જાણીને તે ખરા તરીકે કપટથી અને બદ દાનતથી વાપરવાને માટે પીનલકોડની કલમ ૪૭૧ મુજબ તોહોમત રાખવામાં આવેલું, તેમાં એમ સાબીત થયું કે મીલકતનો કબજો તેઓનો હતો અને તકરારી દસ્તાવેજ તેઓના બાપે કરી આપેલો બક્ષીસનામાનો દસ્તાવેજ હતો. દસ્તાવેજમાં રજીષ્ટર કર્યાનો જે સેરો થયો હતો તે ખોટો હતો એમ સાબીત થયું હતું. જ્યુરીને કેસ સોંપતી વખતે મીલકતનો કબજો તોહોમતદારનો હતો એ હકીકત સેસન જડજ બતાવવી ભુલી ગયો હતો. તેણે વળી એમ પણ બતાવ્યું હતું કે રજીષ્ટર કર્યાનો સેરો ખોટો સાબીત થવાથી, તે દસ્તાવેજ ખરો છે એ તોહોમતદારોને સાબીત કરવાનું છે. એમ ઠરાવવામાં આવ્યું કે દસ્તાવેજ ખોટો હતો અને તે વાપરવામાં આવ્યો તે વખતે ખોટો હતો એવું તોહોમતદારના જાણવામાં હતું કે નહી એજ બાબતનો નિશ્ચય પુરાવા ઉપરથી ફક્ત જ્યુરીને કરવાનો હતો એટલુંજ નહી પણ દસ્તાવેજ કપટથી અને બદ દાનતથી વાપરવામાં આવ્યો હતો તે બાબતનો નિર્ણય કરવાની પણ જરૂર હતી. વળી એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારના કબજાની બાબત વિષે કહેવાનું સેસન જડજ ભુલી જવાથી, અને દસ્તાવેજ ખરો છે એ સાબીત કરવાનો બોજો તેમને સીર નાંખવાથી જ્યુરીને ખોટુ સમજાવ્યું હતું. રાણી વિ. ખોરસેદ કાઝી અને બીજો, ૮ ક. લો. રી. ૫૪૨.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૰ ૩૦ મી મે સને ૧૮૮૧)

૧૦૩ જ્યુરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૨૧, ૫૨૬—કોર્ટના હુકમનું અપમાન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૧૮૮—જ્યુરી નીમવાની અરજ ઉપરથી સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૨૧ મુજબ જ્યુરી નીમેલી તે જ્યુરીમાંનો માજીસ્ટ્રેટે નીમેલો એક માણસ માંદો પડવાથી, જ્યુરીના ઉપરીએ કોર્ટ જાણે નહી તેવી રીતે તેને બદલે બીજો માણસ દાખલ કર્યો, આવી રીતે બનેલી જ્યુરીના વધુ મતે આપેલો રીપોર્ટ માજીસ્ટ્રેટે કબુલ રાખી, કલમ ૫૨૬ મુજબ તેણે હુકમ કર્યો. જે માણસ ઉપર આ હુકમ કરવામાં આવ્યો હતો તે માણસ સામે હુકમનુ અપમાન કરવાને માટે પીનલકોડની કલમ ૧૮૮ મુજબ તોહોમત રાખી મુકરદમો ચલાવી તેને ગુન્હેગાર ઠરાવી કેદની સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે જે રીપોર્ટ ઉપરથી કામ ચલાવવામાં આવ્યું હતું તે રીપોર્ટ કાયદેસર બનેલી જ્યુરીનો રીપોર્ટ નહી હોવાથી તેના અપમાનને માટે ગુન્હેગાર ઠરાવી કરેલી સજા કાયદા વિરૂદ્ધ હતી. રાણી વિ. ભોઈરબ ચંદરદાતા, ૧૦ ક. લો. રી. ૧૯૩.

(મી૰ પ્રીનસેપ જડજની રૂબરૂ, તા૰ ૨૭ મી અકટોબર સને ૧૮૮૧.)

ચંદરનાથ સેનની બાબતમાં નજર રાખવામાં આવે છે. ઈં લો૰ રી૰ ૫ ક. ૮૭૫. જુઓ લોકોપકારક કૃત્ય ૫૭.

૧૭૪ જ્યુરી—ફેંસલો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૩—કોર્ટની મરજી-ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ કોર્ટે શી રીતે મરજી પ્રમાણે ચાલવું તેના નિયમો—કપટ કરવાનો ઈરાદો અને અનુમાન-સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૬૩ મુજબ હાઇ કોર્ટને પોતાની મરજી મુજબ ચાલવાને અધીકાર આપેલો છે તોપણ કોર્ટ ઘણુ કરીને ઈંગલાંડની કોર્ટના નિયમોને વળગી રેહેશે, તે એકે કાયદા વિરૂદ્ધ અને સ્પષ્ટ રીતે ખોટો અથવા જડજની ભુલથી થયેલો માલમ પડયા સીવાય જ્યુરીનો ફેંસલો કોર્ટ રદ કરી શકશે નહી; અને પુરાવાથી ફેંસલો વિરૂદ્ધ છે એવું કારણ બતાવીને રદ કરવાને કોર્ટને અરજ કરવામાં આવે તો જે વિદ્વાન જડજ તે કેસની રજુઆત ચલાવે તેના મનને ફેંસલાથી ખાત્રી થઇ કે નહી અથવા તે પણ જ્યુરીના જેવો ફેંસલો આપત કે નહી એ સવાલ જોવાનો નથી, પણ વિચારવંત પુરૂષો આપે એવો ફેંસલો હતો કે નહી એ સવાલ જોવાનો છે. કોઇ માણસ મીલકતનો કબજો લેવાને પોતાની સામે કરેલા દાવામાં હક સાબીત કરવાને માટે બનાવટી દસ્તાવેજ, જો કે તે વાપરવાની કાંઈપણ જરૂર ના હોય તેમ છતાં વાપરેતો, આવી રીતનું વાપરવું ખુલ્લી રીતે કપટ ગણાય છે. કોઈ બીજા માણસને ગેરવાજબી લાભ અથવા નુકશાન કરવાના ઈરાદા સીવાય કપટ કરવાનો સાધારણ ઇરાદો સાબીત થાય તો તે ગુન્હો ઠરાવવાને માટે બસ છે ખરા તરીકે બનાવટી દસ્તાવેજ ચલાવ્યો છે. એટલે ખરો ધારીને અને જાણી બુઝીને ચલાવ્યો છે એવી જ્યુરીના મનને ખાત્રી થઈ હોય તો આવી રીતનો ઈરાદો ઘણુ કરીને અનુમાન થાય છે એ જ્યુરીના લક્ષમાં લાવવું જોઈએ. જ્યુરીએ આપેલો ફેંસલો ખરેખરી રીતે જાણવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ સવાલ પુછવાનો કોર્ટને અધીકાર છે; પણ ફેંસલો કદાચ ભુલ ભરેલો લાગે પણ ઢોંગથી ના લાગે તો કાંઈપણ જાતનો સવાલ પુછયા સીવાય તે લખી લેવાની જડજની ફરજ છે. ધનમ કાઝીની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૯ ક૦ ૫૩; ૧૧ ક. લો. રી. ૬૯.

(મેસર્સ મેકલીન અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુલાઈ અને ૧૮૮૨.)

રાણી વિ. વઝીર મંડલના કામમાં નજર રાખવામાં આવે છે. ૨૫ વિ. રી. ૨૫; જુઓ જ્યુરી ૮૮.

રાણી વિ. મખનકુમારના કામમાં નજર રાખવામાં આવે છે. ૧ ક. લો. રી. ૨૭૫. જુઓ જ્યુરી ૯૩.

રાણી વિ. ખંડેરાવ બાજીરાવના કામમાં નજર રાખવામાં આવે છે. ઈં૦ લો૦ રી૦ ૧ મું. ૧૦. જુઓ જ્યુરી ૮૫.

૧૭૫ જ્યુરી—સને ૧૮૮૨ નો ૧૦ મો, ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૧૦ અને ૫૩૭-અવ્યવસ્થા—જ્યુરીથી રજુઆત ચાલતી વખતે તોહોમતદારને, ચોરી અને વળી પ્રથમ ગુન્હેગાર ઠરાવેલા તોહોમતોનો જવાબ આપવાને સેસન જડજે બોલાવ્યાથી હાઈ કોર્ટે દરમીઆન થવાની ના પાડી, કારણ કે અવ્યવસ્થાથી કાંઇ અન્યાય થયેલો માલમ પડયો નોહોતો રાણી વિ. બેપીનબેહારી શાહ ૧૩ ક. લો. રી ૧૧.

(મેસર્સ પ્રીનસેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ. તા૦ ૩ અગષ્ટ ૧૮૮૩).

૧૭૬ જ્યુરી-ફેંસલો-ફેંસલા વીષે જ્યુરીને સવાલ પુછવા તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૩—જ્યુરીનો ફેંસલો જાંણુવાને માટે જે સવાલોની જરૂર હોય તેવા સવાલો જો કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૩ મુજબ પુછવાનો જડજને અધીકાર છે તોપણ જ્યુરી એકમતની નથી એ જાણ્યા પછી, વધારે માણુસોનો કેવો મત હતો કે જેથી કરીને પોતાનો મત તેમની સાથે મળતો આવે અથવા ના આવે તે

ની રીતે તે મત કબુલ રાખવાને અથવા ના પાડવાને તેને તક મળી આવે, એવા વિચાર થી તે વિષે બારીકાઈથી પુછપાછ કરવાનું કાંઈ બતાવવામાં આવ્યું નથી. જડજનો મત ગમે તેવો હોય તોપણ તે જો જ્યુરીને પુછે કે બરોબર રીતે વધારે મત કેટલા છે અને તે ઓનો મત શું છે તો, તેણે આનાકાની કર્યા સીવાય તે ફેંસલો કબુલ રાખવો જોઈએ; અને તે જો એ ફેંસલાથી વિરૂદ્ધ પડે તો કલમ ૩૦૭ માં બતાવ્યા મુજબ વર્તવું જોઈએ. રાણી વિ. હરીચરન ચકરબતી, ઈં. લો. રી. ૧૦ ક. ૧૮૦.

(મેસર્સ પ્રીનસેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ. તા૦ ૨૨ મી અગષ્ટ ૧૮૮૩.)

૧૦૭ જ્યુરી—રજુઆત—ખોટી સમજણ—જડજની હકુમત—કબુલ કરનારની જુબાની—મજબુતી—કેટલાક કેદીમાંના એકની કબુલાત—જ્યુરીને કેસ સોંપતી વખતે જડજ પુરાવાના કોઇ પણ ભાગ વિષે પોતાનો મત જણાવી શકે છે; પણ તેણે હમેશાં ધ્યાન રાખી બતાવવું જોઈએ કે એ વિષે જ્યુરીએ પોતે વિચાર કરવાનો છે. રજુઆતની દરમીયાન કબુલ કરનારે કેટલીક વાસ્તવીક હકીકતનો બરોબર રીતે વ્યવહાર ચલાવ્યો હોય તો તે એવો મજબુતીવાળો પુરાવો નથી કે જેના ઉપરથી કોઈ અમુક કેદીને સાધારણ રીતે ગુન્હેગાર ઠરાવી શકાય. કેદીઓની કબુલાત તેઓની સાથેના બીજા કેદીઓ જેઓ કબુલાત આપતી વખતે હાજર નહોતા તેમની વિરૂદ્ધ કબુલ કરનારની હકીકતનો એવો મજબુતીવાળો પુરાવો ગણાતો નથી કે જેથી તેના ઉપરથી બીજા કેદીઓને ગુન્હેગાર ઠરાવી શકાય. કેટલાક કેદીઓમાંના બે કેદીઓએ બીજાઓની ગેરહાજરીમાં આપેલી કબુલાત, ગેરહાજર કેદીઓની વિરૂદ્ધ કાંઇ પણ વજનદાર ગણાતી નથી. આવી જાતની કબુલાતો તેમજ કબુલ કરનારાઓની હકીકતો હમેશાં દોષીત પુરાવો ગણાય છે, કારણ કે તે આપનાર માણસોની સ્થીતી ઉપરથી સાધારણ સાહેદીઓની જુબાની જેટલું તેમના ઉપર વજન રાખી શકાતું નથી. કોઈ તોહોમતદારને ગુન્હાનો અપરાધી ઠરાવવાને માટે કાયદેસર ખુલી રીતે પુરતો પુરાવો મળ્યા સીવાય ગુન્હો કરતી વખતે અથવા તે અરસામાં તે પોતાના કૃત્યોને માટે જવાબ આપવાને બંધાએલો નથી. રાણી વિ. બેપીન બીસ્વાસ, ઈં. લો. રી. ૧૦ ક. ૯૭૦.

(મેસર્સ પ્રીનસેપ અને મેકફરસર જડજોની રૂબરૂ. તા૦ ૨૬ મી જુન ૧૮૮૪).

નિચેના કેસોમાં આ ફેંસલો બાહાલ રાખવામાં આવે છે:—

રાણી વિ. નવાબ જાન, ૮ વિ. રી. ૧૯ જુઓ જ્યુરી ૩૩.

રાણી વિ મોહેશ બીસ્વાસ, ૧૯ વિ. રી. ૧૬ જુઓ સોબતી ગુન્હાનો ૨૦.

રાણી વિ. જાફરઅલી, ૧૯ વિ. રી. ૫૭ જુઓ કબુલાત ૪.

રાણી વિ. નાગા, ૨૩ વિ. રી. ૨૪. જુઓ કબુલાત ૧૨.

રાણી વિ. બૈકૂતનાથ બાનરજી, ૩ બેં. લો. રી. ૬. બેં. ૩ ન. જુઓ સોબતી ગુન્હાનો ૧૩.

રાણી વિ. બુધુનાનકુ, ઈં. લો. રી. ૧ મું. ૪૭૫. જુઓ સોબતી ગુન્હાનો ૨૮.

રાણી વિ. માલાપા કપાના, ૧૧ મું. હા. કો. રી. ૧૯૬. જુઓ સોબતી ગુન્હાનો ૧૬.

૧૦૮ જ્યુરી—રજુઆત—ખોટી સમજણ—સને ૧૮૬૫ ના ચારટર એકટની કલમ ૨૬—ખોટું સમજવું તે—જડજે જ્યુરીને કેસ સોંપતી વખતે કહેલા શબ્દો એવા જણાય કે, કેસમાં જે સાબીત થયું હતું અને પછીથી જે જ્યુરીને કહેવામાં આવ્યું હતું તેના સંબંધમાં તે કોઈ સાધારણ બુદ્ધિનો માણસ પણ સમજી શકે, તે શબ્દો કામ ચલાવતો વકીલ અથવા કોર્ટમાં હાજર રહેલા માણસો ફક્ત ખોટી રીતે સમજ્યાથી કાંઈ ખોટુ સમજાવવું ગણાશે નહી. રાણી વિ. શીબચંદ્ર મીતર, ઈં. લો. રી. ૧ ક. ૧૦૭૯.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને ફીલ્ડ જડજોની રૂબરૂ. તા૦ ૧૩ મી સપટંબર સને ૧૮૮૪).

રાણી વિ૦ પેસ્તનજી દીનશાજીના કામ માં નજર રાખવામાં આવે છે. ૧૦ મું. હા. કો. રી. ૭૫. જુઓ હકીકત જડજની છેવટની.

રાણી વિ૦ હરીબોલચંદર ઘોસ, ઈ. લો. રી. ૧ ક. ૨૦૭ જુઓ કબુલાત ૮૪.

૧૦૯ જ્યુરી—ખોટું સમજાવવું તે—સને ૧૮૭૫ નો ૧૭ મો બરમા કોર્ટનો આકટ કલમ ૮૦—હાઈ કોર્ટના અભીપ્રાય માટે મોકલવું તે—ત્રણ માણસો જેઓ હંગામામાં ઘાયલ થયા હતા અને જેઓના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો તેઓએ તેજ દીવશે પોલીસને ખબર આપી કે હુમલો કરનાર માણસો **अ, ब** અ**ने क** હતા અઢાર દીવશ પછી તેજ ફરીઆદીઓએ તજવીજ કરનાર માજીસ્ત્રેટને ચાર બીજા માણસોનાં નામ બતાવ્યાં જે તેમના કહેવા પ્રમાણે હુમલો કરનાર ટોળીમાંના હતા. રંગુનના રેકરડર અને જ્યુરીની રૂબરૂ સાત તોહોમતદારની રજુઆત એકઠી ચલાવવામાં આવી હતી. સાત તોહોમતદારોમાંના ચારના નામો ફરીઆદીએ અઢાર દીવશ પછી બતાવ્યા હતા, એ બાબત રંગુનનો રેકરડર જ્યુરીના લક્ષમાં લાવવાને કેસ સોંપતી વખત ભુલી ગયો હતો. કેદીઓને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા એમ ઠરાવવામાં આવ્યું કે રંગુનના રેકરડરે જ્યુરીને ખોટું સમજાવ્યુ; અને કેસની હકીકત ધ્યાનમાં લેતાં ખોટું સમજાવવાથી છેલા ચાર તોહોમતદારોના વિરૂદ્ધ અભીપ્રાય બધાઈ તેમને નુકશાન થયું હતુ; અને તેથી તેઓને જેટલો લાગુ પડે છે તેટલો ફેંસલો રદ કરવો જોઈએ. રાણી વિ૦ લ્યુટુ, ઈ લો. રી. ૧૧ ક. ૧૦.

(મેસર્સ વીલસન અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી અકટોબર ૧૮૮૪).

૧૧૦ જ્યુરી—જ્યુરર તરીકે વર્તવાની ના પાડવી તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૩૩, ૧૩૮, ૧૩૯—કાયદા વિરૂદ્ધ બનેલી જ્યુરી—સને ૧૮૮૨ ના આકટ ૧૦ માંની કલમ ૧૩૮ મુજબ નીમાયેલા પાંચ જ્યુરરોમાંના એકે જ્યુરર તરીકે બેસવાની ના પાડી. બાકીના જ્યુરરોમાંના બે જ્યુરરો કલમ ૧૩૩ મુજબ હદ્યાગી હુકમ કાયમ રાખવાની તરફેણમાં હતા, અને બાકીના બે તે હુકમની વિરૂદ્ધ હતા. ડેપ્યુટી માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૯ મુજબ કાંઈપણ હુકમ કરવાને ના પાડી, કારણ કે હંધામી હુકમ વાજબી અને યોગ્ય ઘણા જ્યુરરે ઠરાવ્યો નો હોતો, અને તેથી તેણે કેસ કાઢી નાંખ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ડેપ્યુટી માજીસ્ત્રેટે લીધેલો માર્ગ ગેરવાજબી હતો, અને નવી જ્યુરીને સમન કરવાનો અને કેસની નવેસરથી તજવીજ ચલાવવાનો હુકમ કર્યો. ઉમાચરન મંડળ વિ. જોશેન શેખ, ઈ૦ લો૦ રી. ૧૧ ક૦ ૮૪.

(મેસર્સ મીતર અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી ડીસબર સને ૧૮૮૪).

૧૧૧ જ્યુરી—ખુલ્લી રીતે ખોટો ફેંસલો ના હોય તે—તોહોમત પ્રમાણે ફેંસલો આપેલો તે - ફેંસલાથી જડજનું વિરૂદ્ધ પડવુ તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૦૨, ૩૦૪, ૩૦૫—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૭ મુજબ અભીપ્રાય માટે કેસ મોકલેલો તે—જ્યુરીએ આપેલો ફેંસલો સ્પષ્ટ રીતે ખોટો સાબીત થયા શીવાય કોર્ટ દરમીઆન થઈ શકશે નહી. પીનલકોડની કલમો ૩૦૨ અને ૩૦૪ મુજબ કોઈ કેદી ઉપર તોહોમતો રાખેલાં હતા તેમાં જડજે રજુઆત ચાલતી વખતે કલમ ૩૨૫ મુજબ તોહોમત વધાર્યું. કેસ સોંપતી વખતે જડજે જ્યુરીને એમ બતાવ્યું કે કલમો ૩૦૨ અને ૩૦૪ મુજબ તોહોમતો સાબીત થતાં નથી એમ માલમ પડે તો તેઓએ કલમ ૩૨૫ મુજબ કેદીને ગુન્હેગાર ઠરાવવો જોઈએ. જ્યુરીએ એકમતે કલમ ૩૦૨

મુજબ રાખેલા તોહોમતને માટે કેદીને નિર્દો ષ ઠરાવી છોડી મુકયો, અને તેમાંના ઘણા મ તે કલમ ૩૦૪ મુજબ રાખેલાં તોહોમતને મા ટે કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકયો; પણ તે માંના ઘણા જણે કલમ ૩૨૫ મુજબ રાખે લા તોહોમતને માટે કેદીને ગુન્હેગાર ઠરાવ્યો. કલમ ૩૦૪ મુજબ રાખેલા તોહોમતના સબં ધમાં જ્યુરીના મતથી વિરૂદ્ધ પડીને જડજે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૭ મુજ બ કેસ હાઈ કોર્ટમાં મોકલ્યો. જડજે પુરાવો સાંભળીને કલમ ૩૨૫ મુજબ કેદીને ગુન્હેગા ર ઠરાવવાનો પોતાનો મત આપ્યાથી જ્યુરીનો ફેંસલો સ્પષ્ટ રીતે ખોટો ઠરાવી શકાતો નથી એવું કારણ બતાવી હાઈ કોર્ટે દરમીઆન થ વાની ના પાડી. રાણી વિ. જેકવીટ, ઈ. લો. રી. ૧૧ ક. ૮૫.

(મેસર્સ મીતર અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ડીસેંબર સને ૧૮૮૪.)

૧૧૨ જ્યુરી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૯-જ્યુ રીને જડજે ખોટી રીતે આસેસરો તરીકે ગ ણેલા તે આસેસરો તરીકે ગણેલી જ્યુરીએ એકમતે આપેલો ફેંસલો કાયદેસર ગણેલો તે—ડાકાઈટી અને ખુનના તોહોમત રાખી લ અને ન નામના માણસોનું સેસન જડજે કામ ચલાવ્યું હતું. જ્યુરીએ બંને તોહોમતોને માટે ગુન્હેગાર ઠરાવી ફેંસલો આપ્યો. ક્રીમી નલ પ્રોસીજર કોડની કલમ ૨૬૯ માં બતા વ્યા પ્રમાણે નહી ચાલતાં ઉલટી રીતે ચાલી જડજે ખુનના તોહોમતના સબંધમાં જ્યુરી ને આસેસરો તરીકે ગણીને લ અને ન ના મના બંને માણસોને ડાકાઈટીના ગુન્હેગાર ઠ રાવી ખુનને માટે તેમને નિર્દોષ ઠરાવ્યા. એ મ ઠરાવવામાં આવ્યું કે જડજની અવ્યવસ્થા થી જ્યુરીના ફેંસલાની વાજબી કાયદેસર અ સર જતી રહેતી નથી. રાણી વિ. લક્ષ્મણ, ઈ૦ લો૦ રી૦ ૯ મ. ૪૨.

(મેસર્સ મુતુસ્વામી આયર અને હચી ન્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી અગષ્ટ સ ને ૧૮૮૫.)

૧૧૩ જ્યુરી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૭—જ્યુરીની રજુઆત-નિર્દોષ ઠરાવી છોડી મુક વાનો ફેંસલો જ્યુરીના ફેંસલામાં હાઈ કોર્ટનું દરમીયાન થવું તે—ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૦૭ મુજબ હાઈ કોર્ટના અભી પ્રાય માટે મોકલેલા કેસમાં જ્યુરીનો ફેંસલો ખુલ્લી અને સ્પષ્ટ રીતે ખોટો સાબીત કર્યા શીવાય કાયદા પ્રમાણે હાઈ કોર્ટ દરમીઆન થઈ શકતી નથી. રાણી વિ. મણીઆ દયાળ, ઈ. લો. રી. ૧૦ મું. ૪૯૭.

(મેસર્સ નહાનાભાઈ હરીદાસ અને જા રડીન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆ રી સને ૧૮૮૬).

નિચેના કેસોમાં લાગુ પડે છેઃ--

રાણી વિ. પ્રોતાપચંદર મુકરજી, ૧૧ ક૦ લો૦ રી૦ ૨૫. જુઓ જુઠો પુરાવો ૭૪.

રાણી વિ. કુનજુલેથ, ૨૦ વિ. રી. ૧. જુઓ જયુરી ૬૫.

રાણી વિ. રામચરન ઘોસ, ૨૦ વિ રી ૩૩. જુઓ જયુરી ૬૮.

રાણી વિ. ઉદયાચંગા, ૨૦ વિ. રી ૭૩. જુઓ જયુરી ૭૧

રાણી વિ. હરમાનઝી, ૨૧ વિ. રી ૪. જુઓ જયુરી ૭૩.

રાણી વિ. નોબીનચંદર બાનરજી, ૨૦ વિ. રી. ૭૦. જુઓ જયુરી ૭૪.

રાણી વિરૂદ્ધ શામબાગડી, ૧૩ બેં. લો રી. આપે. ૧૯; ૨૦ વિ. રી ૭૯. જુઓ જયુ રી. ૭૫.

રાણી વિ૦ ખંડેરાવ બાજીરાવ, ઈ. લો. રી. ૧ મું. ૧૦. જુઓ જયુરી ૮૫.

રાણી વિ૦ વઝીરમંડળ, ૨૫ વિ. રી. ૨૫. જુઓ જયુરી ૮૮.

રાણી વિ૦ ગોકુલ કાહાર, ૨૫ વિ. રી. ૩૯. જુઓ જયુરી ૮૯.

રાણી વિ. મુખમકુમાર, ૧ ક. લો. રી. ૨૩૫. જુઓ જયુરી ૯૩.

રાણી વિ. ભવાની બીન પાંડુજી, ઈ૦ લો૦ રી૦ ૨ મું. ૫૨૫ જુઓ જયુરી ૯૫.

રાણી વિ. દુરજોધન શામનતો. ૧૯ બિ. રી. ૪૫. જુઓ ખુન ૧૪૪.

રાણી વિ. મુસામત ઈટવારા ૧૪ બેં. લો. રી. ૫૪; ૨૨ વિ. રી. ૧૪. જુઓ સોગન ૩.

સોલેમન વિ. બેટન ઈં. લો૦ રી૦ ૮ કવી. બેં. ૧૭૬.

જુઓ નિચેની કોર્ટના ફેસલા સામે અરજી ૧૧, ૪૨.
,, સ્થાનીક સરકારે કરેલી અપીલ ૪.
,, શાખ માજીસ્ત્રેટની.
,, આસેસરો ૮.
,, સરટીફીકેટ તોહોમતદારની જુબાનીનું ૧
,, તોહોમત ૬, ૧૫, ૪૧,
,, કબુલાત ૪, ૯, ૫૧.
,, ઉલટ સુલટ તપાસ ૧૫.
,, પુરાવો ૨૬, ૩૯, ૪૪, ૫૨, ૫૭, ૬૨, ૭૨.
,, તપાસ તોહોમતદારની ૭
,, જુઠો પુરાવો ૨૩, ૨૪, ૩૨.
,, જુઠો લેખ ૬. ૨૧, ૩૪, ૪૪.
,, મહાવ્યથા ૮.
,, ગેરવ્યાજબી બક્ષીસ ૪.
,, ગાંડો ૧૫, ૧૬,
,, ખુન ૧૯, ૬૨.
,, પ્રથમની શિક્ષા ૧૩, ૧૫.
,, લોકોપકારક કૃત્ય ૬૪, ૭૨, ૯૫ ૯૭, ૯૮.
,, સરકારી નોકર ૧.
,, બળાત્કાર સંભોગ ૧.
,, અવિચારી અને ભુલ ભરેલું કૃત્ય ૩૨.
,, રજીસ્ટ્રેશન ૧.
,, સજા ૪.
,, હકીકત છેવટની જડજની.
,, ચોરીની મીલકત ૨૭.
,, બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૧૦.
,, ફટકા મારવા તે ૨૪.
,, સાહેદી ૫.

જ્યુરર—

જુઓ જ્યુરરની યોગ્યતા.

ને લાંચ આપવી તે. જુઓ ગેરવાજબી બક્ષીસ ૧.

જ્યુરરને લાંચ આપવી તે—

જુઓ ગેર વાજબી બક્ષીસ. ૧

જ્યુરરનો યોગ્યતા—

જ્યુરરની યોગ્યતા—માજીસ્ત્રેટનો કલાર્કના લાયક થયેલો નહી તે—કોઇ માણસ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટની ઓફીસમાં કલાર્ક હોવાથી જ્યુરીમાં બેસવાને ના લાયક થતો નથી. રાણી વિ. રોચીઆ મોહાતો. ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૪૨.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને ફીલ્ડ જડજોની રુબરુ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૮૧.)

જુઓ પુરાવો ૭૩.

જ્યુરીને સવાલ કરવા તે—

જુઓ જ્યુરી ૭૨, ૧૦૫,

જ્યુરીને સોંપવું તે—

જ્યુરીને સોંપવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૮—ગુન્હો કરયો છે કે નહીં એ વિષેની જ્યુરીને ખાત્રી ન થાય તે વખત જડજની ફરજ—પુરાવાની કેટલીક બાબત માનેલી અને કેટલીક નહીં માનેલી તે—એકાંત થયા પછી જ્યુરીએ આવીને બને કેદીઓ રાખેલા તોહોમતોના ગુન્હેગાર નથી એવું એકમતે ઠરાવીને, જડજને કહ્યું કે તેઓના ધારવા પ્રમાણે ગુન્હો એક કેદીએ કરેલો છે પણ તે ગુન્હો પીનલકોડની કઈ કલમમાં આવી જાય છે એ વિશે ખાત્રી થતી નથી; તે ઉપરથી જડજે પીનલકોડની કઇ કલમમાં ગુન્હો આવી જાય છે તે નિરાકરણ કરવાનું તેમને સોંપીને એક પીનલકોડની નકલ મંગાવી આપી. એમ ઠરાવવામાં આવ્યું કે તેણે પોતાની ફરજ બજાવી નહીં કારણ કે ગુન્હો થયેલો હતો તે વિષે શો શક હતો એ તેણે જ્યુરીને પુછવું હતું અને તેમને કાયદો સમજાવીને, કેદી સામે મળી આવેલી હકીકત તેઓ માને તો કેવી

રીતનો ગુન્હો થાય એ તેમને બતાવવું જોઈ તું હતું. રજુઆત ચાલતી વખતે જુબાનીનો કોઈપણ ભાગ સાહેદીઓએ ખોટો બતાવ્યો છે એમ ધારીને ના માનવામાં આવ્યો હોય તો તે સાહેદીઓએ આપેલી જુબાનીનો બાકીનો ભાગ કબુલ રાખીને તે ઉપરથી કેદીને ગુન્હેગાર ઠરાવવો એ જોખમ ભરેલુંછે. રાણી વિ૦ જસપથસીંગ, ઈં૦ લૉ૦ રી૦ ૧૪ ક. ૧૬૪

(મેસર્સ સર ડબલ્યુ કોમર પેથેરામ નાઈટ ચીફ જસ્ટીસ અને જસ્ટીસ બેવરલી જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસેમ્બર સને ૧૮૮૬).

જ્યુરીએ આપેલો ફેંસલો

જુઓ તોહોમત ૪૧.

જોખમ ભરેલું વહાણ—

જુઓ વાહાણ

જંગલ—

ના લાકડાનો ઈનસ્પેક્ટરનો કબજો. જુઓ એકઠી તપાસ ૨.

જંગમ મીલકત—

નું ભાડા બદલ વેચાણ. જુઓ દંડ બદલે કેદ ૬.

જી

જીતેલા દાવાદારો—

એ કોર્ટના અમલદારોને આપેલી લાંચ. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૬.

ઝ

ઝાડો લેવાનું વારંટ—

૧ ઝાડો લેવાનું વારંટ—તોહોમતદારની રૂબરૂમાં ફરીઆદી તરફનો પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૧૪, ૧૧૫, ૧૯૪—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૪ મુજબ ઝડતી લેવાનું વારંટ કાયદેસર ઠરાવવાને માટે કોઈ અમુક અને બતાવેલી વસ્તુ મેળવવાને ફરમાવવાની જરૂર છે; આવી રીતે મંગાવવાની જરૂર છે; અને બતાવેલું ઘર અથવા જગ્યાની જ ફકત ઝડતી લેવાની છે એ માજીસ્ટ્રેટ એકલાએ નિર્ણય કરવો જોઈએ. પોલીસ અમલદાર હાજર ના હોય તોજ તે કોડની કલમ ૧૧૫ મુજબ વારંટ બીજા કોઈ માણસને આપવું જોઇએ. તોહોમતદારને પકડયા પછી ફરીઆદી તરફના સાહેદીની જુબાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૪ મુજબ, તેની રૂબરૂમાં લેવી જોઈએ. રાણી વિ સઈયદ હુસેનઅલી ચોધરી, ૮ વિ૦ રી૦ ૭૪.

(મેસર્સ સેટનકાર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૬ઠ્ઠી સપટંબર સને ૧૮૬૭).

૨ ઝાડો લેવાનું વારંટ—સને ૧૮૬૭ નો ૩ જો કલમ ૫—જુગટુ રમવાનું સાધારણ ઘર—સને ૧૮૬૭ ના આક્ટ ૩ જાની કલમ ૫ મુજબ કોઈ ઘરમાં પેસવાનો અથવા ઝડતી લેવાનો અધીકાર મળતાં પેહેલાં તે ઘર જુગટુ રમવાનું સાધારણ ઘર છે, એવો પોલીસ અમલદાર અથવા માજીસ્ટ્રેટ જે તે કલમ મુજબ બંદોબસ્ત કરી શકે તેમને ભરોસો પડે તેવી રીતે ખબર મળવી જોઇએ. કલમ ૫ મી માં બતાવ્યા પ્રમાણે ઘરમાં પેસી ઝડતી લીધા સીવાય, પાનાઓ, પાસાઓ વિગેરે જડી આવેલી બાજી વસ્તુઓ, સને ૧૮૬૭ના આક્ટ ૩ માં બતાવેલા કામોને માટે ખુલ્લો પુરાવો ગણાશે નહી. રાણી વિ. શબસુખ, ૨ વા. રી પ્રાં. ૪૭૬.

(મેસર્સ ટરનર અને ટર્નબલ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસંબર સને ૧૮૭૦).

૩ ઝાડો લેવાનું વારંટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૭૯, ૩૮૦—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૫૩, ૧૪૩—કાયદા વિરૂદ્ધ મંડળી—કોઈ સરકારી નોકર ઉપર ફરજ બજાવતી વખતે સાપ્રાધ બળ વાપરેલું તે—કોઈ પોલીસ ચોકીના ઉપરી અમલદારે, બીજી પોલીસ ચોકીના ઉપરી અમલદારને તેની હદના કોઈ ઘરની ઝડતી લેવાને ફરમાવ્યાથી, તે અમલદારે, સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૯ મુજબ લખેત હુકમ આ

ખ્યા સીવાય, પોતાના તાબાના બે અમલદા રોને તે ઘરની ઝડતી લેવાનું સોંપેલું તેમાં એ મ ઠરાવવામાં આવ્યું હતું કે, ઝડતી લેવામાં સામા થએલા માણસોને પીનલકોડની કલમ ૧૪૩ અને ૩૫૩ મુજબ કાયદેસર ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિ. નારાયણ,૭ વા. દી. પ્રાં. ૨૦૯.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી એપ્રીલ સને ૧૮૭૫).

ઝાડો—

કાપવા તે. જુઓ સાપ્રાધ પ્રવેશ ૧.
,, બીગાડ ૧૫.
,, લોકોપકારક કૃત્ય ૨૨.

ઝાંઝીબાર—

ઝાંઝીબાર—ફોજદારી કેસો ચલાવવાની હાઈ કોર્ટની હકુમત—સ્ટેટ્યુટ ૬ અને ૭ વિકટોરીઆ ચેપટર ૯૪—સ્ટેટ્યુટ ૨૮ અને ૨૯ વિકટોરીઆ ચેપટર ૧૧૬—સ્ટેટ્યુટ ૨૯ અને ૩૦ વિકટોરીઆ ચેપટર ૮૭—તા૦ ૯ મી અગષ્ટ સને ૧૮૬૬ નો કાંઉન્સીલે ક રેલો હુકમ—પુરાવો—સાહેદીઓની જુબાની ઓ સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આ કટ કલમ ૩૩—કોઈ કેદીએ ઝાંઝીબારમાં ખુન કર્યું હોય અને તેને ત્યાંના ઈંગ્રેજી એ લચીએ મુંબાઈ રજુઆત ચલાવવાને મોક લ્યો હોય તો તેની રજુઆત ચલાવવાને હા ઈ કોર્ટનો અધીકાર છે. એક કેદીએ ઝાંઝી બારમાં ખુન કરેલું તેને ત્યાંના ઈંગ્રેજી એલ ચીએ રજુઆતને માટે મુંબાઈ હાર્ટમાં મોક લ્યો હતો. તે એલચી સાહેદીઓને મુંબઈમાં હાજર કરી શકયો નહી પણ ઉપર બતાવેલા ગુન્હાના સબંધમાં તજવીજ ચલાવતી વખતે પોતે જે જુબાનીઓ લીધી હતી તે જુબાની ઓ તેણે હાઈ કોર્ટમાં મોકલી. શાહેદી ઓ ગેરહાજર હોવાથી આ જુબાની ઓ મુંબઈમાં કામ ચાલતી વખતે પુરાવામાં દાખલ કરવામાં આવી હતી. એમ ઠરાવવા માં આવ્યું કે ઝાંઝીબારના ઈંગ્રેજી પ્રતીનીધી ને જુબાનીઓ લેવાનો અધીકાર હતો, અને તેથી કરીને પુરાવાના સને ૧૮૭૨ ના આ કટ ૧ લાની કલમ ૩૩ મુજબ તે જુબાની ઓ કામના પુરાવામાં દાખલ કરી શકાય તે વી હતી. રાણી વિ. ડોસાજી ગુલામહુસેન, ઈં૦ લો૦ રી૦ ૩ મું. ૩૩૪.

(મી. સાર્જંટ જડજની રૂબરૂ, તા૦ ૩ ડીસેંબર સને ૧૮૭૮.)

રાણી વિ. એસ. મુરગાચેતીના કામમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૫ મું. ૩૩૮. જુઓ ચોરીની મીલકત ૨૬.

ઝેર—

જુઓ ખુન ૬.

ઝેરી ઓષધી—

૧ ઝેરી ઓષધી—મુંબઈનો સને ૧૮૬૬ નો આકટ ૮ મો—હકુમત—મુંબાઇ ટાપુ અ ને શેહેરની બાહાર, મુંબાઈના સને ૧૮૬૬ ના આકટ ૮ ની કલમ ૧૧ મુજબ ઝેરી ઓ ષધીને માટે, શિક્ષા ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ ક રી શકે છે. રાણી વિ. ઇમામખુ. ઈં૦ લો૦ રી૦ ૪ મું. ૧૬૭.

(મેસર્સ મેલવીલ અને એફ. ડી. મેલ વીલ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી નવંબર સને ૧૮૭૯.)

જુઓ કસુવાવડ ૧.

૨ ઝેરી ઓષધી—આપવી તે—મહાવ્ય થા—મી૦ સેટનકાર જડજ વિરૂદ્ધ પડીને ઘણા મતે કોર્ટે એમ ઠરાવ્યું કે જીંદગી ભયમાં ના હોય તે વખતે ઝેરી ઓષધી આપવાના ગુ ન્હાને માટે સજા પીનલ કોડની કલમ ૩૨૮ મુજબ થાય છે, પણ તે કોડની કલમ ૩૨૬ મુજબ મહાવ્યથાના ગુન્હા તરીકે થઇ શકે નહી. રાણી વિ. જેયગોપાલ ઉરફે જંગલી, ૪ વિ. રી. ૪.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજો ની રૂબરૂ, તા૦ ૮ મી સપટંબર સને ૧૮૬૫.)

રાણી વિં. કાલીકા પ્રસાદનો કેસ આ નાથી ઉલટો છે. ૫ બેં. લો. રી. અપે. ૮૨૧. જુઓ લોકો પકારકકૃત્ય. ૧૨૩.

ટ

ટકુ—

જુઓ ઢોરનું ભટકવું ૧, ૫.
,, ભુલ ૩.

,, ચોરીની મીલકત ૧૯.

ટપાલ આફીસ

૧ ટપાલ આફીસ—સને ૧૮૬૬ નો ૧૪ મો—મદદગારી—સને ૧૮૬૬ ના આક ટ ૧૪ માં ગુન્હાની મદદગારીને માટે કાંઈ સજા બતાવેલી નથી. પીનલકોડની કલમ ૧૦૯ મુજબ તે આકટ મુજબ થયેલા ગુન્હાની મદદગારી હોવી જોઈએ, પણ કોઈ જુદા અને ખાસ કાયદા મુજબ શીક્ષા કરવા લાયક ગુન્હાની મદદગારી તેમાં આવી જતી નથી. રાણી વિ૦ રામ લુગનલાલ મુનશી બિગેરે, ૭ વિ૦ રી૦ ૫૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી એપ્રીલ સને ૧૮૬૭).

રાણી વિ૦ એલમસ્ટન વીરવેલના કામમાં નજર રાખવામાં આવી. ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૮૯. જુઓ હકુમત ૧૯.

૨ ટપાલ આફીસ—સને ૧૮૫૪ નો ૧૭ મો—હકુમત—સેસન જડજે માજીસ્ટ્રેટ તરફથી માસીક પત્રો આવેલા તપાસતાં હાઈ કોર્ટનો અભિપ્રાય માગવાથી એમ ઠરાવવામાં આવ્યું કે ટપાલ આફીસના સને ૧૮૫૪ના આકટ ૧૭ ની કલમ ૫૦ મુજબ ફુલપાવર માજીસ્ટ્રેટે ગુન્હો ઠરાવી કરેલી સજા જે સને ૧૮૬૬ ના આકટ ૧૪ ની કલમ ૪૮ ના જેવી છે તે કાયદા વિરૂદ્ધ હતી કારણ કે કેસનુ છેવટ નિરાકરણ કરવાને માજીસ્ટ્રેટને અધિકાર નોહોતો, પણ સેસન કોર્ટની રૂબરૂ રજુઆતને માટે કેસ કમીટ કરવાને તે બંધાયેલો હતો. રાણી વિ૦ આતમારામ વામન ભંડાકર. ૩ મું૦ હા૦ કો૦ રી૦ ૮.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુન સને ૧૮૮૬).

ટપાલનો કાગળ—

કપટથી છુપાવવો તે. જુઓ શિક્ષા ૧.

ટપાલની ટીકીટો—

જુઓ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે ૧૨.

ટેહેસીલદાર—

નો સમન કાઢવાનો અધીકાર. જુઓ સમનો ૬, ૭,

ના સમનનું અપમાન. જુઓ સમનો ૭, ૧૭, ૨૨.

ઠ

ઠગાઈ—

૧ ઠગાઈ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૫—કોઈ છોકરાને તેના બાપના શા પરીણામો બનશે એવી ફક્ત ધાસ્તી આપીને દેવું આપવાને લલચાવવો તે ઠગાઈ નથી. ખરેખરા સંભવ કરતાં તે પરીણામો વધારે મોટા બતાવવા તે છેતરવું ગણાય પણ કાંઈ કપટ અથવા બદ દાનતના ઈરાદા સીવાય કેહેવામાં આવ્યા હોય તો ઠગાઈ ગણાતી નથી. રાણી વિ. રાજકુમાર બાનરજી, તા૦ ૨૫ મી સપટંબર વિ. રી.

(મેસર્સ લોચ અને સ્ટીઅર જડજોની રૂબરૂ. તા૦ ૨૯ મી એપ્રીલ ૧૮૬૪).

૨ ઠગાઈ—ચોકીદારે ઠગાઈથી કઢાવેલુ તે—કોઈ ચોકીદારે કપટથી લાલચ બતાવી અથવા બદદાનતથી અથવા ઈજા કરવાની બીક બતાવી બીજા માણસ પાસેથી પૈસા લીના હોય તો તેને પીનલકોડની કલમ ૪૧૭ મુજબ ઠગાઈને માટે, અથવા કલમો ૩૮૩ અને ૩૮૪ મુજબ જબરાઈથી કઢાવવાને માટે સજા કરવી જોઈએ, પણ સરકારી નોકર તરીકે સરકારી પૈસાનો સાપ્રાધ ખોટો ઉપયોગ કરવાને માટે ગુન્હેગાર ઠરાવાય નહી. રાણી વિ. રામનારાયણ ચોકીદાર, ૩ વિ. રી. ૩૨.

(મેસર્સ લોચ અને સેટનકાર જડજોની રૂબરૂ. તા૦ ૨૧ મી જુન ૧૮૬૫).

૩ ઠગાઈ—કરાર તોડવો તે—કોર્ટે ઘણા મતે આ કેસમાં એમ ઠરાવ્યું કે કરાર તોડવાનો ગુન્હો થયો છે, અને મી૦ સેટનકાર જડજનો એવો મત હતો કે પીનલકોડની કલમો ૪૧૫ અને ૪૧૭ મુજબ ઠગાઈને માટે કેદીને વાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. સદુ ચરનપાલ અરજદાર. ૪ વિ. રી. ૧૩.

(મેસર્સ લોચ, કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ. તા૦ ૧૮ મી સપટંબર ૧૮૬૫).

૪ ઠગાઈ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૪૧૫—એક દીવસે ફક્ત પૈસા લેઈને બીજે દીવસે તે પૈસા પાછા આપ્યા સીવાય બદ દાનતથી નાસી જવાથી બેશક ઠગાઈનો ગુન્હો બનતો નથી. પૈસા લેતી વખતે છેતરવાનો અને કપટ કરવાનો ઈરાદો હોવો જોઈએ. કેદીની પછીની વર્તણુંક તેનો અગાઉનો બદ દાનતનો ઈરાદો સાબીત કરવાને પુરાવો છે. રાણી વિ. હીરામમ હલવઈ, ૫ વિ. રી. ૫.

(મી૦ કેમ્પબેલ જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી જાનેવારી સને ૧૮૬૬.)

૫ ઠગાઇ—બદદાનતનો ઈરાદો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૭—ઠગાઈને માટે ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં પૈસા લેતી વખતે બદદાનતનો ઈરાદો હતો એવી કોર્ટને ખાત્રી થવી જોઈએ. હીરામમ હલવાઈ અપેલેન્ટ, ૧ ઇન્ડ. જ્યુ. ઉ. દ. ૯૭.

મી૦ કેમ્પબેલ જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી જાનેવારી સને ૧૮૬૬.)

૬ ઠગાઈ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૧૫, ૪૨૦—પીનલ કોડની કલમો ૪૧૫ અને ૪૨૦ મુજબ ઠગાઈના તોહોમતમાં બતાવવું જોઇએ કે લીધેલી મીલકત કપટ કરવામાં આવેલા માણસની હતી. પણ આ બાબત તોહોમતમાં ના બતાવી હોય તો બેશક ભુલ ગણાય છે, અને જો કાંઈ પણ વાંધો ઉઠાવવો હોય તો જ્યુરીને સોગન આપતાં પેહેલાં વાંધો ઉઠાવવો જોઈએ. સને ૧૮૬૨ ના આક્ટ ૧૮ ની કલમ ૪૧ ના છેવટના ભાગમાં કાયદેસર ભુલ સુધારવાનો અધીકાર આપેલો છે. રાણી વિ૦ વીલીયમ, ૧ મું. હા. કો. રી. ૩૧; ઇન્ડ જ્યુ. ૯૪.

(મેસર્સ સ્કોટલાંડ અને બીટલસન જડજોની રૂબરૂ)

રાણી વિ. ઐદરસ સાહીબના કામમાં નજર રાખવામાં આવી. ૧ મ. હા. કો. રી. ૩૮. જુઓ જુદો પુરાવો ૧.

૭ ઠગાઈ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૪૧૫—જે માણસને પૈસા આપી દેવાને અને તેને પરણાવાની છોડી આણી હતી એવું ખોટું સમજાવી પરણાવવાનો તેની પાસેથી કરાર કરાવી લેવાને લલચાવવામાં આવ્યો હતો, તે માણસને ઠગવાનો કેસ. રાણી વિ. પદોમોની બોઇસ્ટોબી ૫ વિ. રી. ૯૮.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી મે સને ૧૮૬૬)

૮ ઠગાઇ—સને ૧૮૬૦ ના ૪૫ મો પીનલ કોડ કલમો ૪૧૫, ૪૧૭—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૨૬, ૪૩૪—તાબાના માજીસ્ટ્રેટે સાપ્રાધ વિશ્વાસ ઘાતને માટે સજા કરવી જોઈતી હતી તે નહી કરતાં ઠગાઈનું તોહોમત રાખી શિક્ષા કરેલી તેવા કેસમાં તાબાના માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનો અભીપ્રાય માગવાથી, એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હો અને સજામાં કોર્ટને દરમીયાન થવાનું કાંઇ કારણ નથી. રાણી વિ. બાબાજી બીન ભાઉ અને બીજો, ૪ મું. હા. કો. રી. ૧૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી અક્ટોબર સને ૧૮૬૭.)

રાણી વિ૦ રઘોજી બીનકાંદજી ૩ મું૦ હા૦ કો૦ રી૦ ૪૨ જુઓ ઠગાઈ વેષ ધારણ કરીને ૨.

૯ ઠગાઇ—સાપ્રાધ પ્રવેશ કરવો—કાયદા વિરૂદ્ધ પ્રવેશ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમો ૪૧૫, ૪૪૧—કોઈ તોહોમતદાર ટીકટ લીધા સીવાય છાનો માનો તમાસાના મકાનમાં ગયેલો અને ત્યાંથી પકડાયેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે આવા કૃત્યથી પીનલ કોડની કલમ ૪૧૫ મુજબ ઠગાઈનો ગુન્હો બનતો નથી. પીનલ કોડની કલમ ૪૪૧ માં બતાવેલા કોઇપણ ઇરાદાથી પ્રવેશ કર્યો હોય તો, તેથી સાપ્રાધ

પ્રવેશનો અથવા બીજો કોઇ ગુન્હો બને છે રાણી વિ. મહેરવાનજી બેજનજી, ૬ મું. હા. કો. રી. ૬.

(મેસર્સ ટકર અને વેરડન જડજોની રૂબરૂ. તા૦ ૧૧ મી ફેબ્રુઆર' સને ૧૮૬૯.)

રાણી વિ. ડાહ્યાભાઈ પરજારામના કામમાં નજર રાખવામાં આવે છે. ૧ મું. હા. કો. રી ૧૪૦ જુઓ રેલવેનો ગુન્હો ૨.

કાલીનાથ નાગ ચોધરીના કામમાં નજર રાખવામાં આવે છે, ૯ વિ રી ૧. જુઓ સાપ્રાધ પ્રવેશ ૪.

૧૦ ઠગાઇ સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૪૧૭-પ્રવીવાદીએ પાંચ વર્ષ સુધી કાંઇપણ વીઘોટી ભર્યા સિવાય કેટલીક જમીન લેવાને માટે ટેહેસીલદારને અરજી કરી અને તે જમીન નકામી છે એવું તેમાં જુઠું લખ્યું. આ ઉપરથી તેને ઠગાઇ કર્યાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ગુન્હેગાર કાયદેસર છે એમ ઠરાવવામાં આવ્યું. પ્રે. ૬ ઠી જાનેવારી સને ૧૮૭૧ ૬ મ. હા. કો. રી. અપે. ૧૨.

૧૧ ઠગાઈ--તકરારમાં બતાવેલા લગ્નમાં મીલકત ભાડે આપેલી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૭--કોઈમાણસે લગ્નમાં વાપરવાને માટે કેટલીક મીલકત ભાડે લાવીને કેટલુંક ભાડુ આપ્યું, અને બાકીનું ભાડુ આપવાની અને લગ્ન થઈ રહ્યા પછી મીલકત પાછી આપવાની ચીઠી લખી આપી; પણ લગ્નની વાત જુઠી હતી એ તેના જાણવામાં સારી રીતે હતુ અને તે મીલકત લીધા પછી તકરારમાં બતાવેલા દિવાની દાવાની જમીમાં આપવાનો તેનો વિચાર હોવાથી તે ઠગાઈ કર્યાનો ગુન્હેગાર છે. રાણી વિ. કાદીર બક્ષ, ૩ વા. દી. પ્રાં. ૧૬.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૭૧).

૧૨ ઠગાઇ—સરકાર ચલણી નોટ—ગીરો મુકેલા દાગીનાઓ—બીજા કરજને પેટે નોટ રાખવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૭—કેદીઓએ પોતાને ત્યાં ગીરો રાખેલા કેટલાક દાગીનાઓ પાછા આપવાનું વચન આપી એક સરકાર ચલણી નોટ લીધું, પણ તે દાગીનાઓ પાછા આપવાનો તેમનો વિચાર નોહોતો; અને પાછળથી તેઓએ તે નોટ મોકલનારની પાસે બીજુ લેહેણું હતું તેને પેટે રાખ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે તેઓ ઠગાઈના ગુન્હેગાર હતા. રાણી વિ. શીઓદરસનદાસ, ૩ વા. દી. પ્રાં. ૧૭.

(મેસર્સ ટરનર અને સ્પેન્કી જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૭૧).

૧૩ ઠગાઈ—હાઈ કોર્ટની ખાસ હુકમત—સાબીત થએલા કૃત્યોથી નહી થયેલો ગુન્હો--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૭--જે કેસમાં અપીલ થાય નહી તેવા કેસમાં હાઈ કોર્ટનો એવો મત હતો કે રજુઆત ચલાવેલી અને તેના ઉપર થએલી અપીલ કોર્ટમાં સાબીત થયેલી હકીકતથી ઠગાઈનો ગુન્હો બનતો નથી કે જેને માટે કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. તેમાં હાઈ કોર્ટે તેની અસાધારણ હકુમતની રૂઈએ ગુન્હો અને સજા રદ કરી. ઠગાઈના ગુન્હાનો અપરાધી ઠરાવવાને માટે વચન આપતી વખતે ઠગવાનો ઈરાદો હતો એવો કેટલોક પુરાવો જોઈએ, અને આવી રીતે વચન નહી પાળવાથી ઠગાઈનો ગુન્હો પુરો થાય છે. રાણી વિરૂદ્ધ હરગોવનદાસ અને હરીક્રીષ્ણદાસ, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૪૪૮.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૮૭૨).

૧૪ ઠગાઈ— સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૫—પાણી ભેળવેલુ દુધ-મીઠાઇ—પાણી ભેળવેલું દુધ અને નિચી જાતની મીઠાઈ વેચવાને માટે તોહોમતદારો ઉપર પીનલકોડની કલમ ૪૧૫ મુજબ ઠગાઈનુ તોહોમત રાખી તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યા હતા; કારણ કે ખરીદદાર જાણતો હતો અને તેને કહ્યું હતું કે દુધ, પાણીના ભેગવાળુ છે તેથી તેમાં કાંઇ ઠગાઇ થતી

નથી. અને મીઠાઇના સબંધમાં એ કારણ બ તાવવામાં આવ્યું હતું કે મીઠાઈ ખરીદ કરતાં પેહેલાં ચાખવામાં આવી હશે અને તનદુરસ્તીને નુકશાન થાય એવી કાંઈપણ ચીજોના તે બનાવવામાં આવી નોહોતી. રાણી વિ૦ કાલી મોદક ૧૮ વિ૦ રી૦ ૬૧.

(મેસર્સ ગ્લોવર અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી નવંબર સને ૧૮૭૨).

૧૫ ઠગાઇ–ગેરવાજબી નુકશાન—ગેરવાજબી નફો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૧૫, ૪૨૦—કોઈ માણુસે દુકાળમાં આશરો આપનાર અમલદાર પાસેથી એક રૂપીઆના સોળ સેર લેખે ચોખા દરેક રૂપીએ સેર ઓછા વેચવાની સરતે ખરીદ કરેલા તે માણુસને પીનલકોડની કલમ ૪૨૦ મુજબ ઠગાઇને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો કારણ કે કબુલ કરેલા દરે નહીં વેચતાં તેણે એક રૂપીઆના બાર શેર લેખે ચોખા વેચ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમો ૨૩ અને ૨૪ ના અર્થ મુજબ ગેરવાજબી લાભ અથવા નુકસાન કોઈ માણુસને નહીં થવાથી પીનલકોડની કલમ ૪૧૫ મુજબ ગુન્હો બન્યો નથી.

૧૬ ઠગાઈ—કંટરાકટર—પબ્લીક વર્ક ડીપાર્ટમેન્ટ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૦–પબ્લીક વર્ક ડીપાર્ટમેન્ટના કોઈ કંટરાકટરે કામ જે તે વખતે પુરૂ થયું નોહોતું તે કામને માટે પૈસાની કેટલીક રકમો લીધેલી તે સબંધમાં તેના ઉપર ઠગાઇ કર્યાનું તોહોમત રાખવામાં આવેલું તેને માટે પુરાવા ઉપરથી નિર્દોષ થઇ છુટી ગયો હતો, કારણ કે નિચે બતાવેલી બાબતો સાબીત થઈ નોહોતી, (૧) તોહોમતદારે ખોટુ બાહાનું બતાવ્યું હતું; (૨) તોહોમતદાર ખોટુ બાહાનુ બતાવે છે અથવા તેનો કપટ કરવાનો ઈરાદો હતો એ તેના જાણુવામાં હતું; (૩) બાહાનુ ખરૂ બતાવ્યું છે એવા ભરોસાથી પબલીક વર્ક ડીપાર્ટમેન્ટ ઠગાયું હતું; અને (૪) તોહોમતદારે સરકારને ગેરવાજબી નુકશાન કરવાના ઈરાદાથી પૈસા લીધા હતા. રાણી વિ. કાલીપડો પોરમાનીક, ૨૩ વિ. રી. ૪૩.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી માર્ચ ૧૮૭૫).

૧૭ ઠગાઈ–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૬૯, ૪૧૭, અને ૪૨૦—બદ કામ કરવાથી ચાંદી થયેલી તે—ઠગાઈ—કોઇ ગુણુકાએ પોતાને ચાંદીનો રોગ થયો છે એવી, જે માણુસને તેણીની સાથે લાગટુ હતુ તેને ખબર આપ્યાથી તે સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૨૬૯ મુજબ "જીંદગીને જોખમ પોહોચે એવા રોગનો ચેપ પસરે એવું ગફલતીનું કામ" કરવાને માટે, શિક્ષાને પાત્ર થતી નથી. તેણીએ જો કાંઈ ખોટુ સમજાવીને કોઈ માણુસને બદ કામ કરવાને લલચાવ્યો હોય તો તેણીના ઉપર પીનલકોડની કલમો ૪૧૭ અથવા ૪૨૦ મુજબ ઠગાઈને માટે તોહોમત રાખી શકાય. રાણી વિ. કરમાકોમ સાધુ, ઈં. લો. રી. ૧૧ મું. ૫૯.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ. તા૦ ૩ જી સપટંબર ૧૮૮૬).

જુઓ પ્રયત્ન ઠગવાનો.

જુઓ કમીટ કરવું તે ૬૨.

„ સમાધાન ગુન્હાઓનું ૮.

„ છુટકો ૩૩.

„ બળાત્કારે કઢાવવું તે ૧.

„ જુઠી ખબર ૧૧.

„ જુઠો લેખ ૩૫.

„ એકઠું કરવું તોહોમતોનું ૧.

„ વકાલો ૧૪.

„ રેલવેનો ગુન્હો.

ઠગાઇ વેષ ધારણ કરીને—

૧ ઠગાઈ વેષ ધારણ કરીને—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૯—કોઈ કેદી પોલીસ અમલદાર તરીકે ડોળ બતાવી કેટલાક ગામડાંઓમાંથી પૈસા ઠગીને લેઇ ગયેલો તેને ઠગાઈ અને ખોટી રીતે સરકારી નોકરનો વેષ ધારણ કરવાને માટે ગુન્હેગાર ઠરવામાં આવ્યો હતો. રાણી વિ. સદાનંદ ડોસ ઉરફે સોના બીસ્વાસ, ૨ વિ. રી. ૨૯.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ. તા૦ ૩૦ મી જાનેવારી ૧૮૬૫).

૨ ઠગાઈ વેષ ધારણ કરીને - સને ૧૮૬૦ ૪૫ મો પીનલકોડ કલમો ૪૧૬, ૧૭૭— સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૨૬, ૪૩૪—માજીસ્ટ્રેટના માસીક પત્રકો જેમાં ઠગાઈનો ગુન્હો ઠરાવી શિક્ષા કરવામાં આવેલી માલમ પડવાથી સેસન જડજે હાઈ કોરટનો અભીપ્રાય માગેલો તેમાં હાઈ કોર્ટને જુઠી ખબર આપવાનો ગુન્હો થયેલો માલમ પડેલો તોપણ એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ ગુન્હો અથવા સજામાં હાઈ કોર્ટે દરમીઆન થવું જોઇએ નહીં. રઘોજી ઉરફે કાનોજી, ૩ મું. હા. કો. રી. ૪૨.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ સને ૧૮૬૭).

જુઓ રાણી વિ૦ બાબાજી ઉરફે બાઉ, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૬. જુઓ જવાબ દેવામાં આડા અવળા જવું તે ૧.

૩ ઠગાઈ વેષ ધારણ કરીને- સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૯—મદદગારી—કોઈ માણસે એક છોડીને કોઈ એક સ્ત્રીની દીકરી, બીજી સ્ત્રીની તે દીકરી છે એવું જાણ્યા છતાં, બતાવેલી તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૪૧૬ મુજબ વેષ ધારણ કરી ઠગાઈ કરવાનો તે ગુન્હેગાર છે પણ તે ગુન્હાને પીનલકોડની કલમ ૧૦૯ મુજબ મદદગારીમાં લાવવાની જરૂર નોહોતી રાણી વિ૦ ધનપત ઓઝા. ૭ વિ૦ રી૦ ૫૧.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૫ મી એપ્રીલ સને ૧૮૬૭)

૪ ઠગાઇ વેષ ધારણ કરીને—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમો ૪૧૫, ૪૧૧-કેદીઓએ લેવડ દેવડમાંથી બે છોડીઓ ખરીદ કરી દુર પરહદમાં લેઈ જઈ, તેઓ ખરેખરી રીતે હતી તેના કરતાં વધારે ઉતમ જાતની સ્ત્રીઓ દગાથી બતાવી, રીવાજ માફક બક્ષીસો લેઈ તેમને બે રજપુતો સાથે પરણાવી દીધી; તેમાં એમ ઠરાવ્યું કે પીનલ કોડની કલમ ૩૭૩ મુજબ તેઓને ગુન્હેગાર ઠરાવી શકાય નહી પણ કલમો ૪૧૫ અને ૪૧૬ મુજબ ઠગાઇ અને જુઠો વેષ ધારણ કરવાને માટે ગુન્હેગાર ઠરાવી શકાય. રાણી વિ. ડાબીસીંગ વિગેરે, ૭ વિ૦ રી૦ ૫૫.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી માર્ચ સને ૧૮૭૦).

૫ ઠગાઈ વેષ ધારણ કરીને—રજીષ્ટર કરેલો દસ્તાવેજ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ—સને ૧૮૬૬ નો ૨૦ મો રજીષ્ટર નો આક્ટ કલમો ૯૩ અને ૯૪—**अ** નામની સ્ત્રીએ દસ્તાવેજ રજીષ્ટર કરાવવાનો વિચાર કરેલો પણ તે ઘણી માંદી હોવાથી **ब** નામનો માણસ જેને તે ઓળખતી હતી તેણે **अ** નામની સ્ત્રીનો વેષ ધારણ કરી તેણીના નામે દસ્તાવેજ રજીષ્ટર કરાવ્યો, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે કોઇપણ માણસને કપટ કરવાનો ઈરાદો હતો એવું સાબીત થયા સિવાય પીનલકોડની કલમ ૪૧૯ મુજબ વેષ ધારણ કરી ઠગાઈ કરવાને માટે **अ** ગુન્હેગાર નથી, પણ સને ૧૮૬૬ ના આક્ટ ૨૦ ની કલમ ૯૩ મુજબ ગુન્હેગાર છે. **क** અને **ड** નામના માણસો જેમણે **अ** ને મદદ કરી હતી તેઓ ઉપર બતાવેલા આક્ટની કલમ ૯૪ મુજબ ગુન્હેગાર હતા. લુથીએવા વિગેરેના કામની તપાસણી, ૧૧ વિ. રી. ૨૪; ૨ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૨૫.

(મેસર્સ નોરમન અને જેકશન જડજો રૂબરૂ, તા૦ ૩૧ મી માર્ચ સને ૧૮૬૯).

જુઓ પ્રયત્ન વેષ ધારણ કરી ઠગાઈ કરવાનો.
„ જુઠો પુરાવો ૪.
„ મનુષ્ય હરણ ૧૮

ઠરાવ—

બેમાંની એક બાબતનો. જુઓ એમાંના એક ગુન્હાનો. ઠરાવ

ઠરાવ અને તોહોમતો—

ઠરાવ અને તોહોમતો--કમીટ કરવું તે-કેદીઓને જે સઘળા તોહોમતો રાખી રજુઆતને માટે કમીટ કરવામાં આવ્યા હોય તે સઘળા તોહોમતોને માટે ગુન્હો કર્યાના અથવા નિર્દોષ ઠરાવી છોડી મુકવાના ઠરાવો સેસન જડજે લખવા જોઇએ રાણી વિ૦ મહમદઅલી વિગેરે, ૧૩ વિ રી૦ ૫૦.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી માર્ચ સને ૧૮૭૦).

ડ

ડબામાં પુરનાર—

ડબામાં પુરનાર—સને ૧૮૭૧ નો ૧ લો કલમો ૬, ૨૭-સને ૧૮૭૧ ના આકટ ૧ લા ની કલમ ૨૭ મુજબ માજીસ્ટ્રેટે કોઇ માણસને ગુન્હેગાર ઠરાવેલો; જે પોતે ડબામાં પુરનાર નોહોતો પણ ફકત પોલીસ પટેલને ઘેર રેહેતો હતો, અને જે તે આકટ ની કલમ ૬ મુજબ એક્ષઓફીસીઓ ડબામાં પુરનાર હોવાથી હાઈ કોર્ટે ગુન્હો અને તોહોમતદારને કરેલી સજા રદ કરી. રાણી વિ. વકતા વાલદ લાખુ ૯ મું. હા. કો. રી. ૬.

(મેસસ મેલવીલ અને કેમબેલ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૨.)

જુઓ દંડ ૧૦.

ડાકાઈટી—

૧ ડાકાઈટી—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૦૭, ૩૯૫—ડાકાઇટી કરવાનો ઈરાદો જાણવાથી અને તે ગુન્હો સેહેલાઈથી બનશે એવા વિચારથી તે ઈરાદો બુદ્ધિપુર્વક છુપાવવાથી, ડાકાઈટીની મદદગારીનો ગુન્હો બનતો નથી. રાણી વિ. જગરૂ વિગેરે, ૪ વિ. રી. ૨.

(મેસર્સ સેટનકાર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૪ થી સપટેંબર સને ૧૮૬૫.)

૨ ડાકાઈટી—યત્ન કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૫૧૧, ૩૯૭—પીનલકોડની કલમ ૫૧૧ ડાકાઇટીના કેસને લાગુ પડતી નથી. કોઈ કેસમાં ઉપલી કલમ મુજબ ડાકાઈટીનો યત્ન કરવાને અને કલમ ૩૯૭ મુજબ તેવી રીતના યત્નમાં મહાવ્યથા કરવાને માટે કેદીને ગુન્હેગાર ઠરાવી ત્રણ વર્ષની સખત મજુરી સાથે શિક્ષા કરેલી તે ઠરાવમાં "કલમો ૩૯૭ અને ૫૧૧" છેકી નાંખીને તેને બદલે કલમ ૩૯૫ દાખલ કરી સુધારો કરવામાં આવ્યો હતો. રાણી વિ. કુની, ૭ વિ. રી. ૪૮.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૬૭.)

૩ ડાકાઈટી—ડાકાઇટીની ટોળીમાં સામેલ થયેલો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૦—પીનલકોડની કલમ ૪૦૦ મુજબ તોહોમત સાબીત કરવાને માટે, બતાવેલે વખતે માણસોની ટોળી હમેશ પ્રમાણે ડાકાઈટી કરવાને માટે એકઠી મળી હતી અને તોહોમતદાર તે ટોળીમાંનો એક માણસ હતો એવું ફરીયાદીને સાબીત કરવાની જરૂર છે. રાણી વિ. મુકતારામ સીરદાર, ૨૩ વિ. રી. ૧૮.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૭૫.)

૪ ડાકાઈટી—ડાકાઈટીને બદલે ચોરી કર્યાની શિક્ષા—જે માણસોએ ખરી રીતે ડાકાઈટીનો ગુન્હો કર્યો હોય તે માણસોને ચોરીને માટે ગુન્હેગાર ઠરાવવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટને અધીકાર નથી. તે ફકત તેમને સેસન કોર્ટમાં કમીટ કરી શકે છે. શંભુરોય વિ. એબ્દુલ આહીર વિગેરે, ૬ વિ. રી. ૪૯.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઇ સને ૧૮૬૬.)

૫ ડાકાઈટી—પીનલકોડ મુજબ વા

ખ્યા—લુટ—પીનલકોડમાં ડાકાઈટીની વ્યાખ્યા એવી રીતે વિસ્તારથી બનાવેલી છે કે તેની અંદર અસલના કાયદા પ્રમાણે લુટના કેસોનો સમાવેશ થઈ જાય છે. રાણી વિ. કાયરાતઅલી બેગ વિગેરે, ૩ વિ. રી. ૬૦.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી અગષ્ટ સને ૧૮૬૫.)

૬ ડાકાઈટી—અર્થ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૯૫—કોઈ માણસની ટોળીએ હુમલો કરીને કોઇ ઘર લુટયું હોય અને તે ઘરના માલીકનું કુટુંબ, લુટારાઓ જબરજસ્તીથી ઘરની અંદર પેઠા ત્યાર પેહેલાં, થોડા વખત ઉપર ફક્ત નાસી જવાથી પીનલકોડની કલમ ૩૯૫ માંથી તે ગુન્હો જતો રહેતો નથી તે કલમ લગાડવાને માટે એટલુ બસ છે કે લુટારાઓએ એકદમ ઈજા કરવાની અથવા એકદમ ગેરવાજબી રીતે અટકાવવાની બીક બતાવી હતી અથવા બતાવવાનો યત્ન કર્યો હતો. રાણી વિ. કીસોરી પાટર વિગેરે, ૭ વિ. રી. ૩૫.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭.)

૮ ડાકાઈટી—કેવી જાતનો પુરાવો જોઈએ તે—ડાકાઈટીના કેસમાં કેવી જાતના પુરાવાની જરૂર છે તે. રાણી વિ. મોધુ માનજી વિગેરે, ૫ વિ. રી. ૫૧.

(મી૦ કેમ્પબેલ જડજની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૬૬.)

૮ ડાકાઇટી-બંડ—ઘર પ્રવેસ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૪૫—ડાકાઈટી અને હંગામાનું તોહોમત રાખી કોઇ કેદીને છોડી મુકવામાં આવ્યો હોય તો તેને વાંચી સંભળાવી સમજાવ્યા સીવાય અને તેની તકરાર સાંભળ્યા સીવાય, ઘર પ્રવેશના તોહોમતને માટે ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિ. સાલમતઅલી વિગેરે, ૨૩ વિ. રી. ૫૯.

(મેસર્સ કેમ્પ અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી માર્ચ સને ૧૮૭૫.)

૯ ડાકાઇટી—સજા—દંડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૯૫-ડાકાઈટીના કેસમાં ફક્ત દંડની સજા કરવી કાયદા વિરૂદ્ધ છે. રાણી વિ. ભોજા વિગેરે ૬ વિ. રી. ૫૪.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૬૬.)

૧૦ ડાકાઈટી—સજા-ચૌદ વર્ષની કેદ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૯૫—પીનલકોડની કલમ ૩૯૫ મુજબ ડાકાઈટીના કેસમાં ચૌદ વર્ષની સજા થઈ શકે નહી. રાણી વિ. હરૂરનવાર વિગેરે, ૧૩ વિ. રી. ૨૭.

(મેસર્સ બેલી અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦.)

૧૧ ડાકાઈટી—સજા—ચૌદ વર્ષ સુધી દેશનિકાલ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૯૫—ડાકાઇટીના કેસમાં ચૌદ વર્ષ દેશનિકાલની સજા કાયદા વિરૂદ્ધ ઠરાવવામાં આવી હતી, અને તે ઓછી કરીને દશ વર્ષની દેશનિકાલની સજા પીનલકોડની કલમ ૩૯૫ મુજબ કરવામાં આવી હતી. રાણી વિ. રામચંદ પુંજા, ૬ વિ૦ રી૦ ૮૮.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી ડીસેંબર સને ૧૮૬૬.)

૧૨ ડાકાઇટી—સજા—જીંદગી પર્યંત દેશનિકાલ-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૯૫—પ્રગણાની હાલત મુજબ ડાકાઇટીના ભારે કેસમાં જીંદગી પર્યંત દેશનિકાલની સખત સજાની જરૂર હોવાથી મંજુર રાખવામાં આવી. કમીટ કરવાનાં કારણો અને કમીટ કરનાર અમલદારે કરેલી ટીકા પત્રકમાં દાખલ કરવી જોઈએ, જે પત્રક પુરેપુરૂં હોવું જોઈએ. રાણી વિ. ખુડા સોથલ વિગેરે, ૬ વિ. રી. ૯.

(મેસર્સ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૨૧ મી જુન સને ૧૮૬૬).

૧૩ ડાકાઈટી–ડાકાઈટીથી મેળવેલી મીલકતનો કબજો—કોઇ માણસને ડાકાઈટીને માટે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હોય તો તેવી રીતે મેળવેલી ચોરીની મીલકત રાખવાને અથવા લેવાને માટે તેને વળી ગુન્હેગાર ઠરાવી સજા થઇ શકે નહી. (મી૦ લોચ જડજને શક પડયો). ભાયરબસીલ અને બીજો અપેલેન્ટો, ૨૭ મી સપટંબર વિ૦ રી૦.

(મેસર્સ લોચ, સ્ટીઅર અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી મે સને ૧૮૬૪).

૧૪ ડાકાઈટી – ડાકાઈટીથી મેળવેલી મીલકતનો કબજો—એક ગુન્હાથી બીજો ગુન્હો જુદો પડવાની સ્પષ્ટ હકીકત, જેવી કે લાંબો વખત અથવા અંતર માલમ પડયા સીવાય, ડાકાઈટીની ટોળીમાંના કોઈપણ શખસના કબજામાં ચોરીની મીલકત માલમ પડે તો “જાણીબુઝીને કબજાનો ગુન્હો,” મુળના ડાકાઈટીના ગુન્હામાં આવી જાય છે એમ ધારવું જોઇએ. રાણી વિરૂદ્ધ અબદુલ હુસેન વિગેરે, ૧ વિ૦ રી૦ ૪૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ડીસંબર સને ૧૮૬૪).

૧૫ ડાકાઈટી—ડાકાઈટીથી મેળવેલી મીલકતનો કબજો—ડાકાઈટીનો ગુન્હો બન્યા પછી, ૭ કલાકની અંદર કેટલાક માણસોના કબજામાંથી લુટેલી મીલકતનો કેટલોક ભાગ માલમ પડે તો, કાયદા પ્રમાણે એવું અનુમાન થાય કે તેઓ ડાકાઈટીમાં સામેલ છે પણ ફક્ત માલ લેનારાઓ નથી. રાણી વિ. કાસીમલ અને બીજો, ૩ વિ. રી. ૧૦.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૬ ઠી મે સને ૧૮૬૫).

૧૬ ડાકાઈટી—ડાકાઈટીથી મેળવેલી મીલકતનો કબજો—ડાકાઈટી થયા પછી આઠ દીવસે કોઇ કેદીના કબજામાંથી લુટેલો કેટલોક માલ પકડાયો હોય તો, ડાકાઈટીને માટે તેમજ ગુન્હો થયાની માહીતીથી મીલકત રાખવાને માટે તેના ઉપર તોહોમતનો રાખવાનું વાજબી કારણ છે, અને તેના ઉપર બેમાંથી એક બાબતનું તોહોમત રાખવું જોઈએ. રાણી વિ. મોતી જોલાહ, ૫ વિ. રી. ૬૬.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૮ મી એપ્રીલ સને ૧૮૬૬).

૧૭ ડાકાઇટી—ડાકાઇટીથી મેળવેલી મીલકતનો કબજો—જે માણસોને, ડાકાઈટીની ટોળીમાંના તે માણસો છે એવી તેઓની પોતાની કબુલાત ઉપરથી, ગુન્હેગાર ઠરાવેલા તે માણસોએ હોડીમાં બેઠેલા ચાર માણસો ફક્ત જોવાથી એવી રીતે દીઠેલા માણસો સામે પુરતો પુરાવો ગણાતો નથી. ડાકાઇટીમાં જે સાધનથી પઈસા મેળવેલા ધારવામાં આવતા હોય તે સાધનથી ગુન્હો ઠરે તેવી માહીતી કબુલ કરવાને પુરાવા ઉપરથી સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૦ મુજબ એવું સાબીત થવું જોઇએ કે કબુલાત પઈસા માલમ પડયા પેહેલાની હતી. રાણી વિ. કામલ ફકીર વિગેરે, ૧૭ વિ. રી. ૫૦.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૭૨).

૧૮ ડાકાઈટી—ખુન સાથે ડાકાઈટી— સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૦—જે કૃત્યથી મોત થએલું છે તે કૃત્યથી જ ખુનનો ગુન્હો ના બનતો હોય તો, તેનાથી ખુન થતું નથી કારણ કે તે ડાકાઈટીની સાથે મળેલું છે. રાણી વિ. રામચંદર ચંગ, ઈન્ડ. જ્યુરી ૧૧૮.

(મેસર્સ સ્ટીઅર, સેટનકાર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૭૨).

૧૯ ડાકાઇટી—ખુન સાથે ડાકાઈટી— સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૯૫, ૩૯૬, ૩૦૨—દેશનિકાલ—કેદ— ડાકાઈટીમાં સામેલ થએલા કોઇપણ માણસે અજાણપણે ખુન કર્યું હોય તો તે પીનલકોડની કલમ ૩૯૬ મુજબ શિક્ષાને પાત્ર છે પણ કલમ ૩૦૨ મુજબ ખુન અને કલમ

૩૯૫ મુજબ ડાકાઈટી એ બંનેને માટે તેને જુદો જુદો ગુન્હેગાર ઠરાવી શકાય નહી. કાયદામાં મોતને માટે એમાંથી એક શિક્ષા બતાવવામાં આવી હોય તો જીંદગીપર્યંત દેશનિકાલને દસ વર્ષની સખત મજુરી સાથે કેદની સજા કરવી કાયદા વિરૂદ્ધ છે. જીંદગીની થોડી મુદત સુધી દેશનિકાલની સજા કરવી જડજને જો યોગ્ય લાગે તો, તેણે કાયદામાં ઠરાવેલી મુદત સુધી કેદની સજા કરવી જોઈએ અને પછીથી તે સજા કલમ ૫૯ મુજબ બદલીને તેટલા વખત સુધી દેશનીકાલની સજા ઠરાવવી જોઇએ. રાણી વિ. રઘુ વિગેરે, વિ. રી. ૩૦ સપટંબર.

(મેસર્સ લોચ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૭ મે સને ૧૮૬૪).

૨૦ ડાકાઈટી—ખુન સાથે ડાકાઈટી—ડાકાઈટી કરતી વખતે જો ખુન થયું હોય તો ડાકાઇટીમાં સામેલ થયેલો દરેક માણસ મોતની સજાને પાત્ર છે. રાણી વિ. રૂચી આહેન, ૨ વિ. રી. ૩૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી માર્ચ સને ૧૮૬૫).

૨૧ ડાકાઈટી—ખુન સાથે ડાકાઈટી—નાસી જનાર ગુન્હેગારો—ખુન સાથે ડાકાઈટીનો ગુન્હો કરીને જે કેદી ભુતાન નાસી ગએલો તે કેદીનો કેસ. ઈંગ્રેજી રાજ્ય જોડે ભુતાન જોડી દીધા પછી, તેને પકડવામાં આવ્યો હતો અને ગુન્હેગાર ઠરાવી તેને જીંદગી પર્યંત દેશનીકાલની સજા કરવામાં આવી હતી. રાણી વિ. રૂપા, ૨ વિ. રી. ૪૯.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૧ મી માર્ચ સને ૧૮૬૫).

જુઓ સોબતી ગુન્હાનો ૧૦, ૩૫.
,, ફેરફાર ગુન્હાનો.
,, ખરાબ આ જીવીકા.
,, કમીટ કરવું તે ૪૫.
,, કમ્પનસેસન ૩.
,, ફરીઆદ ૩૫.
,, કબુલાત ૨૩, ૮૩.
જુઓ વધારો સજાનો ૩,
,, જુદુ તોહોમત ૬, ૨૧, ૭૨.
,, રાતરે ઘર ફોડવું તે ૧.
,, જ્યુરી ૧, ૧૧૧.
,, જુદા જુદા ગુન્હાઓ ૨.
,, ચોરીની મીલકત ૬, ૧૫, ૨૭.
,, ગેરકાયદેસર મંડળી.

ડાકાઈટી—
ગાયકવાડની હદમાં થયેલી તે. જુઓ હકુમત ૩૧.
માં મેળવેલી ચોરીની મીલકત લેવી તે. જુઓ સજા ૬૩.
મા સામેલ થવાની ના પાડવી તે. જુઓ મુલ ખબર આપવામાં.
નું તોહોમત જુદુ પાડવું તે જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૨૩

ડાકાઇટીમાં ગામેલ—
જુઓ ડાકાઈટી ૧૪, ૧૫.

ડાકાઈટી ઈંગ્રેજી હદમાં થએલી તે—

ડાકાઈટી ઈંગ્રેજી હદમાં થએલી તે—હકુમત—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૦—પરમુલકમાં બદદાનતથી ચોરીની મીલકત રાખવી તે—દેશી રાજ્યમાં કેટલાક માણસો જેઓ ઈંગ્રેજી રઇયત નોહોતા તેમના કબજામાંથી ઈંગ્રેજી હદની અંદર થયેલી ડાકાઇટીનો કેટલોક માલ મળી આવ્યો હતો. તેઓ ડાકાઈટીમાં સામેલ હતા એવું સાબીત થયેલું નોહોતું અને ઈંગ્રેજી હદમાં ચોરીની મીલકત તેઓએ રાખી હતી અથવા લીધી હતી તે પણ સાબીત થયું નોહોતું. પીનલકોડની કલમ ૪૧૨ મુજબ શિક્ષા થઈ શકે તેવા ગુન્હાઓને માટે તેઓને ગુન્હેગાર ઠરાવ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે ઈંગ્રેજી કોર્ટની હકુમતમાં થએલો કાંઈ પણ ગુન્હો સાબીત થતો નથી. રાણી વિ૦ કીરપાલસીંઘ વિગેરે. ઈ. લો. રી. અ. ૫૨૩.

(મેસર્સ સર જોન એજ નાઈટ ચીફ જસ્ટીસ અને જસ્ટીસ બ્રોધર્સ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી એપ્રીલ સને ૧૮૮૭.

ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ—

ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૭, ૪૩૫, ૪૩૭—ફર્સ્ટ કલાસ સબડીવીઝન માજીસ્ટ્રેટે ચલાવેલા મુકરદમાઓ ફરીથી જોઈ જવાનો અધીકાર—"ઉતરતા વર્ગની"—હાથ નિચેની—માજીસ્ટ્રેટ—તફાવતનું કારણ—ફર્સ્ટ કલાસ સબ ડીવીઝન માજીસ્ટ્રેટે ચલાવેલા મુકરદમાનું દફતર મંગાવી તપાસવાનો અધીકાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને છે નોબીનક્રીસ્ટો મુકરજી વિ૦ રસીકલાલ ભાહ (ઈ. લો રી. ૧૦ ક. ૨૫૮) ના કેસથી જુદો મત લેવામાં આવ્યો પદમનભાની બાબતમાં, ઈ. લો. રી. ૮ મ. ૧૮.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ, મુતુસામી આયર, હચીન્સ અને બાંડટ જડજોની રૂબરૂ. તા૦ ૩ જી અને તા૦ ૧૮ મી અકટોબર સને ૧૮૮૪).

ઓપેનદ્રોનાથ ઘોસ વિ૦ દખીના બેવાના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૧૨ ક૦ ૪૭૩. જુઓ વધારે તપાસ ૬.

નોબીનક્રીસ્ટો મુકરજી વિ૦ રસીકલાલ લાહના કેસથી જુદો મત લેવામાં આવે છે. ઈ૦લો૦રી૦ ૧૦ ક૦ ૨૫૮. જુઓ છુટકો ૪૦.

ડીવીઝન બેન્ચ—

ડીવીઝન બેન્ચ—૨૪, ૨૫ વિકટોરીઆ પ્રકરણ ૧૦૪ કલમ ૧૩—લેટર્સપેટન્ટ આકટની કલમ ૨૭—મતભેદ—હુકમ રદ કરવાની અરજી—૨૪ અને ૨૫ વિકટોરીયા આકટનું પ્રકરણ ૧૦૪ કલમ ૧૩ અને હાઈ કોર્ટના લેટર્સપેટન્ટની ક. ૨૭ અપીલની હકુમત વખતે તેમજ ફેર તપાસવાની હકુમત વખતે હાઈ કોર્ટને લાગુ પડે છે. મેસસ મોરગન ચીફ જસ્ટીસ અને ટરનર જડજોએ (રોસ અને સ્પેકી જડજો વિરૂદ્ધ પડીને) એમ ઠરાવ્યું કે ડીવીઝન બેન્ચે ચલાવેલા કોઈ કેસમાં મતભેદ પડે તો સીનીઅર જડજનો મત કબુલ રાખવો જોઈએ અને તેના ઠરાવ મુજબ હુકમ કાઢવો જોઇએ. કારણ કે ડીવીઝનલ બેન્ચને ત્રીજા જડજનો અભીપ્રાય માગવાનો અધીકાર નથી અને ત્રીજા અને જુનીઅર જડજના વિચાર પ્રમાણે કરેલો હુકમ કાયદેસર ગણાતો નથી. મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ અને ટરનર જડજોએ (રોસ અને સ્પેંકી જડજો વિરૂદ્ધ પડીને) એમ ઠરાવ્યું કે આવી જાતનો હુકમ રદ કરાવવાની અરજી જજમેન્ટ ફરીથી તપાસમાં લેવાની અરજી જેવી ગણાતી નથી, અને તેની તપાસ કોર્ટ કરી શકે છે ખરેખરી રીતે કોઈ હુકમ હાઈ કોર્ટે કાઢયો હોય તો તે હુકમ કાયદા વિરૂદ્ધ છે એવો ઘણા જડજોના મત શીવાય તે હુકમમાં ડીવીઝન બેન્ચ હાથ ઘાલી શકે નહીં. રાણી વિ૦ નાયનસીંઘ ૨ વા. દી. પ્રાં. ૧૧૭.

(મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ રોસ, ટરનર, અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી માર્ચ સને ૧૮૭૦).

શ્રીપ્રસાદ વિ૦ રાજ ગુરૂ ત્રીબંકનાથ ડીઓના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૦ વિ૦ રી૦ '૪૪ (દિવાની રૂલીંગ).

ઢ

ઢોરનું કાયદા વિરૂદ્ધ ડબામાં પુરવું તે—
જુઓ ચોરી ૩૫.

ઢોરનું ભટકવું તે—

૧ ઢોરનું ભટકવું—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૮૯—અભીપ્રાય માગવો તે—હાઈ કોર્ટનો અધીકાર—ઢોરોના માલીકોને પોતાના ઢોર ભટકતા મુકવાની મના કરવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટે કરેલો હુકમ અને તોહોમતદારને પોતાનુ ઢોરુ રખડતુ મુકવાને માટે પીનલકોડની કલમ ૨૮૯ મુજબ ગુનેગાર ઠરાવેલો તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ હાઈ કોર્ટમાં રેફરન્સ કરવાથી કાયદા વિરૂધ ગણી રદ કરવામાં આવ્યો હતો. સરકાર વિ૦ મોઝુફર

ખલીફા, ૧૮ વિ૦ રી૦ ૨૧; ૯ બેં૦ લો૦ અ પે. ૩૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુન સને ૧૮૭૨).

રાણી વિ૦ અમીરૂદીનના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૧૨ વિ૦ રી૦ ૩૬; ૯ બેં૦ લો૦ રી૦ ૭૮ ન. જુઓ લોકોપકારક કૃત્ય ૧૭.

આબાસઅલી ચોધરી વિ૦ ઈલીમ મીઆંના કેસમાં નજર રાખવામાં આવે છે. ૧૪ વિ૦ રી૦ ૪૬; ૬ બેં૦ લો૦ રી૦ ૭૪ જુઓ લોકોપકારક કૃત્ય ૨૪.

કરતીક ચંદબાલ વિ૦ ચંદરનાથ ચકરબતીના કેસમાં નજર રાખવામાં આવે છે. ૧૫ વિ૦ રી૦ ૫૬ જુઓ લોકોપકારક કૃત્ય ૪૭.

૨ ઢોરનું ભટકવું—સને ૧૮૭૧ ના ૨૫ મો રેલવેના સુધારાનો આક્ટ કલમ ૨૧—નિયમો—તા૦ ૧૦ મી એપ્રીલ સને ૧૮૭૪ ને રાજ વાડ કરેલી રેલવેની હદ ઉપર કેદીની ગાય ભટકતી હતી. ત્યારપછી તા૦ ૧૩ જુને ઢોરોને અટકાવવાને કઈ જાતની વાડો લાયક ગણાશે એનો નીરણય કરીને સને ૧૮૭૧ ના ૨૫ મા રેલવેના સુધારાના આક્ટની કલમ ૨૧ મુજબ સરકારે નિયમો છાપી પ્રગટ કર્યા. ગુન્હો કર્યાની તારીખે એવા નિયમો નોહોતા. વાડ કેવી હાલતમાં હતી તે વિષેનો કાંઈપણ પુરાવો આપવામાં આવ્યો નોહોતો, અને ગાયનો માલીક કેદી હતો એવી તેની કબુલાત ઉપર તદન આધાર રાખીને તેને ગુન્હેગાર ઠરાવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે આ કેસમાં વાડની હાલતની અમુક સાબીતી થવી જોઈએ અને તે ના હોય તો શિક્ષા કાયમ રાખી શકાય નહી. પ્રે. ૧૮ મી જાનેવારી ૧૮૭૫, ૮ મ. હા. કો. રી. અપે. ૧.

જુઓ ઢોર પ્રવેસ.

„ અપમાન સરકારી નોકરનું ૭.

„ બીગાડ ૪, ૭, ૯, ૧૮, ૨૦.

ઢોર પ્રવેશ—

૧ ઢોર પ્રવેશ—સને ૧૮૫૭ ના ૩ જો પકડયા પછી કેદમાંથી છોડાવવું તે—હકુમત—મુંબઈના સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૧૨ મો કલમ ૪૩ (રદ થઈ ગયેલો તે) સને ૧૮૬૨ ના ૧૭ મો—સને ૧૮૬૧ ના ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ—સને ૧૮૫૭ ના આક્ટ ૩ જાની કલમ ૧૩ મીનો છેવટનો ભાગ સને ૧૮૬૨ ના આક્ટ ૧૭ માંથી રદ થઈ જવાથી એમ ઠરાવવામાં આવ્યું કે તે કલમ મુજબ થયેલા ગુન્હાઓ ક્રીમીનલ પ્રોસીજરકોડમાં બતાવ્યા પ્રમાણે સાધારણ ફોજદારી અદાલતોએ ચલાવવા જોઈએ. રાણી વિ. મથુર પરસોતમ અને બીજો, ૪ મું. હા. કો. રી. ૧૩.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૪ અક્ટોબર સને ૧૮૬૭.)

૨ ઢોર પ્રવેશ—સને ૧૮૫૭ ના ૩ જો કલમ ૧૮—ભુંડો—સરકારી રસ્તો—નુકશાન—પ્રવેશ—બીગાડ—કોઈ માણસે ભુલથી પોતાના ભુંડોને સરકારી રસ્તામાં પ્રવેશ કરી નુકશાન કરવા દીધેલું, તેને સને ૧૮૫૭ ના આક્ટ ૩ જાની કલમ ૧૮ મુજબ તાબાના માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવેલો તે કેસમાં ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટનો અભીપ્રાય લીધા પછી એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હો કાયદા વિરૂદ્ધ નોહોતો, કારણ કે સરકારી રસ્તો જે કામને માટે અર્પણ કરવામાં આવ્યો છે તેજ કામને માટે તે રસ્તાનો ઉપભોગ થવાથી નુકશાન થયેલી જમીન સરકારી રસ્તો હતો. રાણી વિ લીંગાના ઉરફે ગીરબાના વિગેરે, ૪ મું. હા. કો. રી. ૧૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી અક્ટોબર સને ૧૮૬૭.)

૩ ઢોર પ્રવેશ—સને ૧૮૫૭ ના ૩ જો કલમ ૧૮—હકુમત—સને ૧૮૬૧ ના ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧ મુ

જબ ફર્સ્ટ કલાસ સબોર્ડીનેટ માજીસ્ત્રેટ તે આકટની કલમ ૧૮ મુજબ થયેલા ગુન્હાની રજુઆત ચલાવી શકે છે; કારણ કે તે આ કટ મુજબ બનેલા ગુન્હાઓ કયા અધીકારી ઓએ ચલાવવા તે તેમાં બતાવેલું નથી. રા ણી વિ. ગંગારામ માહાસુ, ૫ મું. હા. કો. રી. ૧૩.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા० ૧૨ મી ફેબ્રુઆ રી સને ૧૮૬૮.)

૪ ઢોર પ્રવેશ—નુકશાન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૫—ઢોરના પ્રવેસથી થયેલા નુકશાનને લીધે પીનલકોડની કલમ ૪૨૫ મુજબ બીગાડ કરવાનો કોઈ મા ણસને ગુન્હેગાર ઠરાવવાને માટે ફરીઆદીના ખેતરમાં ઢોરો પેસાડવાથી તેને નુકશાન થવા નો સભવ છે એવું જાણીને ઢોરો પેસાડવા જોઈએ ઢોરોને રખડતાં અટકાવવામાં ફક્ત ભુલ થયેલી બસ નથી. મેજર ફેરગ્સ વિ. ગીરીસચંદર ભટાચારજી, ૧૪ વિ. રી. ૩૧; ૬ બેં. લો. રી. અપે. ૩.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને જેકશન જડજોની રૂબરૂ. તા० ૧૨ મી અગષ્ટ સને ૧૮૭૦.)

૫ ઢોર પ્રવેશ—સને ૧૮૭૧ નો ૧ લો કલમ ૧૯—પોલીસનો સબ ઇનસ્પેકટર—સાપ્રાધ વિશ્વાસઘાત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૬૯, ૪૦૬—ડબામાં પુરાયેલું ટટું ખરીદ કરવાને માટે પોલીસના સબ ઈનસ્પેકટર ઉપર તોહોમત રાખવામાં આવેલું, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે, પીનલકોડની કલમ ૧૬૯ ની સાથે સને ૧૮૭૧ ના આકટ ૧ લાની કલમ ૧૯ મુજ બ માજીસ્ત્રેટે મુકરદમો ચલાવવો જોઈતો હ તો, પણ તોહોમતદારને સાપ્રાધ વિશ્વાસઘાત ને માટે પીનલકોડની કલમ ૪૦૬ મુજબ ગુ ન્હેગાર ઠરાવી શકાય નહી. રાજકીટો બીસ્વા સ અરજદાર, ૧૬ વિ. રી. ૫૨; ૮ બેં. લો. રી. અપે. ૧.

(મેસર્સ કેમ્પ કામ ચલાઉ ચીફ જ સ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા० ૨૫ મી સપટંબર સને ૧૮૭૧)

૬ ઢોર પ્રવેશ—સને ૧૮૭૧ નો ૧ લો કલમ ૨૨—સને ૧૮૭૧ ના ૧ લા (ઢોર પ્ર વેશ આકટ) ની કલમ ૨૨ માં કમ્પનસેસન ની જોડે દંડ બતાવેલો નથી. પ્રે. તા० ૧ અગષ્ટ સને ૧૮૭૩. ૭ મ० હા० કો० રી० અપે. ૨૪.

૭ ઢોર પ્રવેશ—સને ૧૮૭૧ નો ૧ લો કલમ ૨૧—માજીસ્ત્રેટની બેન્ચ—હકુમત—દં ડ—દંડ નહી આપવાથી કેદ ઠરાવેલી તે—ફ રીઆદીને કોર્ટની ફી પાછી અપાવવી તે—સને ૧૮૭૧ ના આકટ ૧ લા ની કલમ ૨૨ મુજબ કાયદા વિરૂદ્ધ કોઈ ઢોરને પકડવામાં આવ્યું હોય તો તેથી ફોજદારી ગુન્હો બનતો નથી. કાયદા વિરૂદ્ધ પકડવાથી નુકશાન થએ લા પક્ષકારને કમ્પનસેસન અપાવવાની કાય દા પ્રમાણે કેટલાક માજીસ્ત્રેટોને છુટ છે. ફરી યાદીએ આપેલી કોર્ટ ફી પણ આવા કંપનસેસ નનો ભાગ ગણાય છે. સને ૧૮૭૧ ના આ કટ ૧ લા (ઢોર પ્રવેશ આકટ) ની કલમ ૨૧ મુજબ કોઈપણ બાબતમાં ઠરાવેલું કંપનસેસ ન ના આપવામાં આવે તો તેને બદલે દંડ અથવા કેદની સજા કરવી કાયદેસર નથી. કે તાબડી મંડળની બાબતમાં, ૨ ક० લો० રી० ૫૦૭.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જ ડજોની રૂબરૂ, તા० ૯ મી મે સને ૧૮૭૮).

૮ ઢોર પ્રવેશ—સને ૧૮૭૧ નો ૧ લો કલમ ૨૨—કમ્પનસેસન—ફરીઆદનું ખર ચ—સને ૧૮૭૦ નો ૭ મો કોર્ટ ફીનો આ કટ, કલમ ૩૧—સને ૧૮૭૧ ના ઢોર પ્રવેશ આકટની કલમ ૨૨ મુજબ માજીસ્ત્રેટે ઢોરને પકડેલું કાયદા વિરૂદ્ધ ઠરાવ્યાથી, સને ૧૮૭૦ ના કોર્ટ ફીના આકટની કલમ ૩૧ મુજબ સ્ટાં પ અને પ્રોસેસનું ફરીઆદ કરવામાં થએલું ખરચ ફરીઆદીને પકડનાર માણસ પાસેથી અપાવવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આ

વ્યુ કે કોર્ટ ફી આકટની કલમ ૩૧ લાગુ પડતી નથી. વળી ઢોર પ્રવેશ આકટની કલમ ૨૨ મુજબ એમ પણ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદીને આવી રીતનું ખરચ, ઢોરને પકડીને પુરી રાખવાને માટે થએલા નુકશાનના કંપનસેસન બદલ અપાવવું જોઈએ રોક હુસેન વિરૂદ્ધ સંજીવી, ઈં લો૰ રી૰ ૭ મ૰ ૩૪૫.

(મેસર્સ મતુસ્વામી આયાર અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૰ ૨૯ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪).

૯ ઢોર પ્રવેશ—સને ૧૮૭૧ નો ૧ લો કલમ ૨૨—કાયદા વિરૂદ્ધ ઢોર પકડવાથી કંપનસેસન ઠરાવેલું તેની સામે અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૦૪, ૪૦૭—સને ૧૮૭૧ ના આકટ ૧ લાની કલમ ૨૨ મુજબ કાયદા વિરૂદ્ધ ઢોર પકડવાથી કંપનસેસન આપવાનો હુકમ કરેલો તે ઉપર અપીલ થઇ શકે નહી. રાણી વિરૂદ્ધ રાયા લખમા, ઈં લો૰ રી૰ ૧૦ મું. ૨૩૦.

[મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૰ ૧૬ મી ડીસંબર સને ૧૮૮૫].

૧૦ ઢોર પ્રવેશ—સને ૧૮૭૧ નો ૧ લો કલમ ૨૯—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૪ [અ] અને ૨૫૦—ઢોર પ્રવેશ આકટ મુજબ કાયદા વિરૂદ્ધ ઢોર પકડવાં તે ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ ગુન્હો નહો બને તે—ઢોર પ્રવેશ આકટની કલમ ૨૦ મુજબ ફરીઆદ કરેલા કેસમાં માજીસ્ટ્રેટે તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકયો, અને ફરીઆદ હેરાન કરે તેવી ધારી ફરીઆદીએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ તોહોમતદારને કંપનસેસન આપવું એવો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ કરેલુ કૃત્ય ક્રીમીનલ પ્રોસીજરકોડ મુજબ ગુન્હો નોહોતો અને તેથી કરીને કંપનસેસન આપવાનો હુકમ કાયદા વિરૂદ્ધ હતો. કોટાલોનડા વિરૂદ્ધ મુથયા, ઈં લો૰ રી૰ ૯ મ. ૩૭૪.

(મેસર્સ મુતુસ્વામી આયર અને પારકર જડજોની રૂબરૂ, તા૰ ૧૬ મા એપ્રીલ સને ૧૮૮૬).

જુઓ બીગાડ ૪, ૭, ૯, ૨૦.
,, કબજો ૮૪
,, લોકોપકારક કૃત્ય ૧૭.
,, હગામો ૨.

ઢંઢેરો—

૧ ઢંઢેરો—જપ્તી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૩—મી૰ ફીઅર જડજનો મત—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૩ મુજબ ઢંઢેરો પીટાવાનું શરૂ કરતા પેહેલા અને તેની સાથેની કલમ ૧૮૪ મુજબ જપ્તી કરવાનો હુકમ કરતાં પેહેલાં માજીસ્ટ્રેટે ઇનસાફની રાહે કેટલીક અગત્યની બાબતો ઉપરથી તપાસ કરવો જોઈએ કે જે માણસ સામે ઢંઢેરો પીટાવાનો છે તે માણસ પ્રથમના વારંટથી નહીં પકડાવાને માટે નાસી ગયો છે અથવા પોતે કયાંક સતાઈ પેઠો છે. કલમ ૧૮૩ માં વધારેમાં વધારે ઠરાવેલી ૩૦ દિવસની મુદત જેની દરમીઆન તે માણસે આવી હાજર થવું જોઈએ. તે મુદત કાયદા બાંધનારાઓના વિચાર પ્રમાણે જે દીવસ તે કલમમાં બતાવેલા રીત મુજબ ઢંઢેરો છપાવવો જોઈએ તે દિવસથી ગણવી જોઈએ. કલમ ૧૮૪ માં બતાવ્યા પ્રમાણે મીલકત જપ્ત કરવાનું જાહેરનામું ઢંઢેરો કાઢવામાં આવેલો માણસ હાજર થાય અથવા તેને હાજર કરવામાં આવે ત્યાર પેહેલાં કાઢવામાં ના આવ્યું હોય તો તે પછીથી બીલકુલ કાઢવું જોઇએ નહીં. રામકીશોરસેન અરજદાર, ૧૯ વિ૰ રી૰ ૧૨; ૧૦ બેં૰ લો૰ રી૰ અપે ૧૪.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૰ ૧૭ મી જાનેવારી સને ૧૮૭૩).

રાણી વિ૰ અબદુલસેતારના કેસમાં નજર રાખવામાં અ.વે છે ૩ વિ૰ રી૰ ૩૫ જુઓ સાહેદી ૨.

જંદુર્સીંધની અરજીની બાબતમાં નજર રાખવામાં આવે છે ૫ વિ૰ રી૰ ૮ જુઓ દંડ દાખલ સરકાર જપ્ત કરવું તે ૧.

શુ દયાલસીંધ વિ૰ ગ્રીબનસીંગના કામમાં આધાર રાખવામાં આવે છે. ૬ વિ૰ રી૰ ૭૩ જુઓ ઢંઢેરો ૩.

જુએ શીઓદોયલસીંગ વિ૰ ગીરબનસીંગ ૬ વિ૰ રી૰ ૭૯ જુઓ નાશી જવું ગુન્હેગારનું ૨.

૨ ઢંઢેરો—નાસી જનાર પક્ષકારો—૭ માસની કેદની સજા થાય તેવા ગુન્હાઓમાં ઢંઢેરો અથવા મીલકત જપ્ત થાય નહી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૮૩, ૧૮૪—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૮૩ અને ૧૮૪ મુજબ ફક્ત ૭ માસની સજા થાય તેવા ગુન્હાઓમાં ઢંઢેરો અથવા મીલકતની જપ્તી થઈ શકે નહી ઢંઢેરો પીટાવતાં પેહેલાં પક્ષકાર નાસી ગયોછે એવી માજીસ્ટ્રેટને પોતાને ખાત્રી થવી જોઈએ એવો કાંઈ નિયમ નથી; પણ મીલકત પાછી લેવાનો દાવો કરીને પક્ષકાર સાબીત કરી શકે કે તે નાસી ગયો નોહાતો. જપ્ત થએલી મીલકત સરકારી ઠરાવતાં પેહેલાં ઢંઢેરાના સબંધમાં કાયદામાં બતાવ્યા પ્રમાણે કરવામાં આવ્યું હતું એ સાબીત કરવાને માજીસ્ટ્રેટે પુરાવો લેવો જોઈએ. રાણી વિરૂદ્ધ મદનમોહન પાંડેર, ૩ વિ. રી. ૩૪.

(મેસર્સ લોચ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૰ ૨૪ મી જુન સને ૧૮૭૫).

૩ ઢંઢેરો—નાસી જનાર ગુન્હેગાર—મીલકત—દંડ દાખલ સરકારી ઠરાવવી તે—તોહોમતદાર જે સરકારના હાથમાં આવતો નથી તેની મીલકત સરકારી ઠરાવવાને હુકમ કરતાં પેહેલાં, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૮૩ અને ૧૮૪ માં ઠરાવેલી મુદતની અંદર તે માણસે હાજર થવું જોઇએ. પણ આવી રીતનો ઢંઢેરો પીટાવતાં પેહેલાં માજીસ્ટ્રેટને ખાત્રી થવી જોઇએ કે, તે માણસ વારંટથી નહી પકડાવાને માટે નાસી ગયો છે અથવા છુપાઈ રહ્યો છે. સુદયાલસીંગ વિ. ગ્રીબનસીંગ, ૬ વિ. રી. ૭૩.

(મી૰ નોરમન જડજની રૂબરૂ, તા૰ ૧૮ મી સપટંબર સને ૧૮૮૬).

રામકીશોરસેન અરજદારની બાબતમાં આધાર રાખવામાં આવ્યો. ૧૯ વિ૰ રી૰ ૧૨; ૧૦ બેં૰ લો૰ રી૰ અપે૰ ૧૪. જુઓ ઢંઢેરો ૧.

જુઓ અપમાન કોર્ટના હુકમનું ૫, ૧૪.

„ સમન ૧૮.

ત

તકરારી કબજો—

જુઓ કબજો.

„ ડેપ્યુટી માજીસ્ટ્રેટનો અધીકાર.

„ લોકોપકારક કૃત્ય ૧૮, ૨૦.

„ મુચરકો ૪૫.

તજવીજ માજીસ્ટ્રેટની—

૧ તજવીજ માજીસ્ટ્રેટની—છુટકો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૧—કોઈ માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૧ મુજબ કેસ તજવીજને માટે બીજા માજીસ્ટ્રેટને મોકલ્યો હોય અને તે માજીસ્ટ્રેટની નજરમાં તોહોમતદારને સેસન કોર્ટમાં કમીટ કરવા લાયક કામમાં પુરાવો નથી એમ આવે તો તોહોમતદારને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૫ મુજબ છોડી મુકવાને તેને અધીકાર છે. રાણી વિરૂદ્ધ પાંડુરંગ ભેરવ અને બીજો, ૫ મું૰ હા૰ કો૰ રી૰ ૪૧.

(મેસર્સ ન્યુટન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા૰ ૧૦ મી જુન સને ૧૮૬૮).

૨ તજવીજ માજીસ્ટ્રેટની—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૩—સને ૧૮૬૧ નો ૨૩ મો કલમ ૧૯—સબોર્ડીનેટ જડજે ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટને તજવી

જ માટે મોકલેલો કેસ—માજીસ્ટ્રેટે તજવીજ ને માટે ના પાડેલી તે—કોઈ માણસે જુઠો દાવો દાખલ કર્યો છે એવું સબોર્ડીનેટ જડજ ને માલમ પડવાથી તેણે કેસ તજવીજને માટે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ તરફ મોકલ્યો, જેણે કેસની તજવીજ કરવાની ના પાડી અને એવું કારણ બતાવ્યું કે તકરારી ગુન્હો ખાસ સેસન કોર્ટ ચલાવી શકે તેવો હોવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૩ મુજબ સબોર્ડીનેટ જડજે પોતે કમીટ કરવો જોઈતો હતો એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૬૧ના આકટ ૨૩ ની કલમ ૧૬ મુજબ કેસની તજવીજ કરવાને ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ બંધાએલો હતો. રાણી વિરૂદ્ધ અમરૂતા નથુ, ૭ મું. હા. કો. રી. ૨૯.

(મેસર્સ વોરડન અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી એપ્રીલ સને ૧૮૭૦).

રાણી વિરૂદ્ધ જાનમહમદના કેસમાં નજર રાખવામાં આવે છે. ૧૨ વિ. રી. ૪૧. જુઓ કમીટ કરવું તે ૩.

૩ તજવીજ માજીસ્ટ્રેટની—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૧ મુજબ દિવાની અથવા ફોજદારી કોર્ટ કોઈ કેસ તજવીજને માટે માજીસ્ટ્રેટ તરફ મોકલે તો જે માજીસ્ટ્રેટ તરફ તે કેસ મોકલવામાં આવ્યો હોય તે માજીસ્ટ્રેટે તેની તજવીજ કરવી જોઇએ. પ્રો. તા૦ ૧૦ મી નવંબર સને ૧૮૭૦. ૬ મ. હા. કો. રી. અપે. ૨.

ત્રણ માઈલ—

ત્રણ માઈલ—મુંબાઇનો સને ૧૮૬૬ નો ૩ જો કલમ ૧ કલોઝ ૨—"ત્રણ માઈલ" એ શબ્દોની રચના—મુંબઈના સને ૧૮૬૬ ના આકટ ૩ જા ની કલમ ૧ લીના કલોઝ ૨ મુજબ ત્રણ માઈલ એ શબ્દોનો અર્થ સપાટ ભુમી ઉપર સીધી લીટીથી માપેલા ત્રણ માઈલો એવો કરવો જોઈએ, કારણ કે એ શબ્દોનો ઘણોજ સગવડ ભરેલો અને સમજી શકાય તેવો એ અર્થ છે. રાણી વિરૂદ્ધ ભીકાબા વીનોબા વિગેરે, ૪ મું. હા. કો. રી. ૯.

મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુલાઈ સને ૧૮૬૭).

તપાસ—

૧ તપાસ—માજીસ્ટ્રેટની ફરજ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૦ પ્રકરણ ૧૪—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ મુજબ કરેલા ગુન્હામાં કોઈ કેદીને નિયમસર રીતે તેની રજુઆત ચલાવ્યા શીવાય છોડી મુકવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટને અધીકાર નથી. તે કોડની કલમ ૨૫૦ મુજબ તેણે મુકરદમો ચલાવવો જોઈએ. ગુનાથ મંડળ વિ૦ ટ્રાયલોકો ચકરબતી વિગેરે, ૮ વિ. રી. ૧૫.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮.)

૨ તપાસ—પછીની તપાસ-કોઈ કેદીની રજુઆત બીજા કેદીઓની સાથે વધારામાં કરવામાં આવી હોય તો, તે બાબતમાં સામેલ હોવાને લીધે બીજા માણસોની તપાસ જાણે કે પ્રથમ થઈ નથી એવી રીતે જો બાબતો ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તે સઘળી બાબતોની હકીકત વિષે પુરેપુરી અને બરોબર તજવીજ કરવાનો તેનો હક છે. રાણી વિ. મોહન બેનર્જી, ૨૨ વિ. રી. ૩૮.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુલાઈ સને ૧૮૭૪.)

૩ તપાસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૨૨ મું—જે માજીસ્ટ્રેટ હુકમ કરે છે તે માજીસ્ટ્રેટની રૂબરૂ ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૨૨ માં બતાવેલી તજવીજ થવી જોઈએ. પ્રો. તા૦ ૧૩ મી નવંબર ૧૮૬૮; ૪ મ. હા. કો. રી. અપે. ૨૦

૪ તપાસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણો ૧૨ અને ૧૪—સુધારેલા તોહોમતો—કોઈ માજીસ્ટ્રેટ ૧૪

મા પ્રકરણ મુજબ ચલાવાય તેવો મુકરદમો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૬ મુજબ બંધ રાખી તે કોડના પ્રકરણ ૧૨ મુજબ ચલાવે તો નવેસરથી તપાસ કરવાની કાંઈ જરૂર નથી, કારણ કે જે તોહોમતો ઉપર મુકરદમો ચલાવવાનું શરૂ કરવામાં આવ્યું છે તે તોહોમતો સુધારેલા તોહોમતો જેના ઉપરથી કેસ કમીટ કરવામાં આવેલો તેનાથી એટલા બધા જુદા નથી કે જેથી તેહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને કાંઈ નુકશાન થાય; સરકારી વકીલ વિ. અમીરૂદીન, ૧ વા. દી. પ્રાં. ૩૦૭.

(મેસર્સ પીઅરસન અને ટરનર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૬૯).

૫ તપાસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૭, ૧૮૦, ૪૩૫—તજવીજ કર્યા સીવાય ફરીઆદ માંડી વાળવી તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ ના "તજવીજ કર્યા સીવાય માંડી વાળવું" એ શબ્દો, કલમ ૧૮૦ મુજબ અધીકાર મળ્યા પ્રમાણે તજવીજ કર્યા સીવાય માજીસ્ટ્રેટે તે કોડની કલમ ૬૭ મુજબ માંડી વાળેલી ફરીઆદને લાગુ પડે છે. મુળચંદની બાબતમાં, ૩ વા. દી. પ્રાં. ૨૬૧.

(મેસર્સ પીઅરસન અને ટરનર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી અગષ્ટ સને ૧૮૭૧.)

૬ તપાસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૫૨—ચોવીસ કલાક કરતાં વધારે મુદત સુધી પોલીસના કબજામાં તોહોમતદારને રાખવો તે—ચોરીની મીલકત—જે કેસોમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૨ માં બતાવેલી જાતનો ખાસ હુકમ કરવામાં આવ્યો હોય તેવા કેસોમાં આવી હકીકત હોય છે; જેવી કે જે કેસોની પોલીસ તજવીજ કરતા હોય તે કેસોમાં શક પડતા અથવા કબુલ કરનાર પક્ષકારોએ ચોરીની મીલકત જડી આવે તે જગ્યાએ પોલીસને લેઈ જવાને પોતાની ખુશી બતાવી હોય અને તેવી રીતે ઠરાવેલા ચોવીસ કલાકની અંદર તે જગ્યાએ જવાનુ બની શકે તેવું ના હોય તો ઉપલી કલમમાં બતાવ્યા પ્રમાણે માજીસ્ટ્રેટ વાજબી રીતે હુકમ કરી શકે છે, પણ ચોરીની મીલકતનું પગલું ખોળી આપવાને માટે તોહોમતદારોને પોલીસ પાસે પાછા મોકલવા તે, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૬ નો હુકમ તોડવાના ઈરાદાથી, કલમ ૧૫૨ ની મતલબ ખોટા અર્થમાં વાપરવા બરોબર છે. રાણી વિ. રઘોનાથપ્રસાદ, ૩ વા. દી. પ્રાં. ૨૭૫.

મેસર્સ પીઅરસન અને ટરનર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી અગષ્ટ સને ૧૮૭૧).

૭ તપાસ—સેસન કોર્ટનો અધીકાર—જુના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૭ અને નવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૭ મુજબ સેસન કોર્ટ માજીસ્ટ્રેટને માંડીવાળેલા કેસની ફરીઆદની તજવીજ કરવાનો હુકમ કરી શકે નહી. પોતાના આસીસ્ટંટે સેસન કોર્ટના હુકમ સામે ઉઠાવેલા વાંધાઓ ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ હાઈ કોર્ટમાં મોકલવાને બંધાએલો નથી. પ્રે. તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૭૩. ૭ મ. હા. કો. રી. અપે. ૧૬.

તપાસ—

પોલીસની. જુઓ માંડીવાળવું ફરીઆદનું ૬.
,, પોલીસ ૧૨.
,, પોલીસ તજવીજ.

મીલકતના માલકીપણા વિષેની. જુઓ ચોરીની મીલકત ૩૦.

તપાસ એક કરતાં વધારે ગુન્હાઓની—

તપાસ એક કરતાં વધારે ગુન્હાઓની—એકઠાં તોહોમતો—શિક્ષાની હદ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૧૪, ૪૫૨, ૪૫૪, ૪૫૫—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૮૦, ૪૫૭—એમ ઠરાવવામાં આવ્યું કે કોઈ કામમાં, એકજ કામની અંદર અને એકજ મતલબ પાર પાડવાને માટે તોહોમતદારે ઘણાં કૃત્યો કર્યા છે એમ સાબીત થયું હોય અને તે કૃત્યો રેક જુદાં જુદાં લેવાના કરતાં બધાં એકઠાં

વાથી વધારે ભારે ગુન્હો બને તેમ હોય અને જો કે રજુઆત ચલાવવાને માટે તોહોમતના મું ફેરવીને ફકત મુખ્ય ગુન્હાઓ લખવા એ ટલુંજ નહી પણ સઘળા પેટાના ગુન્હાઓ લખવા એ વધારે યોગ્ય જણાય તોપણ વધારે સગવડ ભરેલું અને ખુલ્લુ કરવાને માટે ઉત્તમ રસ્તો એ છે કે સાબીત થયેલા બારેમાં ભારે ગુન્હાને માટે અપરાધી ઠરાવી શિક્ષા કરવી જોઈએ. આ ઉપરથી કોઈ માણસે રાત્રે ઘર ફાડીને ચોરી કરેલી તેના ઉપર પીનલકોડની કલમો ૩૮૦ અને ૪૫૭ મુજબ તોહોમતો રાખી, બંને ગુન્હાઓને માટે અપરાધી ઠરાવી કામ ચલાવી દરેકને માટે અઢાર મહીનાની સખત મજુરી સાથે કેદની સજા કરેલી, તેમાં કોર્ટે તેને કલમ ૪૫૭ મુજબ ગુન્હેગાર ઠરાવી ત્રણ વર્ષની સખત મજુરી સાથે કેદની શિક્ષા કરી અને કલમ ૩૮૦ મુજબ રાખેલા તોહોમતને માટે નિર્દોષ ઠરાવી છોડી મુકયો. રાણી વિ૦ અજુધીઆ, ઈ. લો. લો. ૨ અ. ૬૪૪.

(મી૦ સ્ટ્રેટ જડજની રુબરુ, તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૮૮).

તપાસ બેડી સાથે કેદીની—

તપાસ બેડી સથે કેદીની—જડજની ફરજ—બેડી સાથે કોર્ટમાં લાવેલા કેદીની રજુઆત ચલાવવાને માટે જડજે ના પાડવી જોઈએ નહી, પણ તેની જરૂર છે એવી યોગ્ય અમલદારના લખવાથી ખાત્રી થયા સીવાય, તે કાઢી નાખવાનો પોતે હુકમ કરી શકે છે. પ્રો. ૨૪ મી અગષ્ટ સને ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૬૯.

તપાસ વારંટ કેસોની—

તપાસ વારંટ કેસોની—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૭—તોહોમત ફરમાવ્યા પછી ફરીઆદીના શાહેદીઓને પાછા બોલાવી તેમની ઉલટ સુલટ તપાસ કરવાનો તોહોમતદારનો હક—વારંટ કેસોની રજુઆતમાં તોહોમત ફરમાવ્યા પછી અને કેદી તરફના શાહેદીઓ લીધા પછી ફરીઆદીના શાહેદીઓને પાછા બોલાવી તેમની ઉલટ સુલટ તપાસ તોહોમતદાર કરી શકે છે. રાણી વિ૦ ટેલુરી વેન્કાયા, ઇ. લો. રી. ૪ મ. ૧૩૦.

(મેસર્સ ટરનર અને ટારંટ જડજોની રુબરુ, તા૦ ૨૬ મી અગષ્ટ સને ૧૮૮૧).

તપાસ રવીવારે કરેલી—

તપાસ રવીવારે કરેલી—મુકરદમો ચલાવવામાં અવ્યવસ્થા થયેલી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૧—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—કોઇ માજીસ્ટ્રેટે પોતાના ડીસ્ટ્રીકટમાં ફરતી વખતે કોઈ કેસની થોડી રજુઆત એક જગ્યાએ કરી અને પછીથી બાકીની રજુઆત બીજા ગામમાં આવતા રવીવારની બપોરે ચલાવવાને માટે ઠરાવ કર્યો હતો. કેદી તરફના સાહેદીઓ રવીવારની બપોરને બદલે ત્રણ વાગે તે ગામમાં આવી પોહોચ્યા. ઠરાવેલા વખત કરતાં એક કલાક વધારે રાહ જોઈને માજીસ્ટ્રેટ બીજે ગામ ગયો, અને પછીથી તેણે પીનલકોડની કલમ ૧૭૪ મુજબ હાજર નહી રહેલા સાહેદીઓને એક મહીનાની આસાન કેદની સજા કરી. હાઇ કોર્ટને રેફરન્સ કરવાથી તે કોર્ટે સજા રદ કરી. રાણી વિરૂદ્ધ હરગોવીંદ દાતા સીરકાર, ૮ બે. લો. રી. અપે ૧૨.

(મેસર્સ જેકશન અને મુકરજી જડજોની રુબરુ, તા૦ ૧૪ મી અગષ્ટ સને ૧૮૭૧).

તપાસ આસેસરો સાથેની—

તપાસ આસેસરો સાથેની—ગુન્હેગાર નહીં તે—આસેસરો સાથે સેસન જડજની રુબરુ તજવીજ ચાલતી વખતે ગુન્હો કર્યો નથી એવું કાઇ કેદીએ બતાવ્યું હોય અને સરકારી વકીલે તોહોમતની મજબુતી માટે કાંઇપણ પુરાવો આપ્યો ના હોય તો, જડજે આસેસરોને બતાવવું જોઈએ કે તેઓની કેદીને છોડી મુકવાની ફરજ છે. પ્રો. ૯ મી માચ સને ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૪૦.

તપાસ ચોપડાઓની—

તપાસ ચોપડીઓની—ચોરીના તોહોમતનો મુદ્દો—તોહોમતદારની હકીકત લેવાને ના પાડવી તે—ચોપડીઓ ચોરીના તોહોમતનો મુદ્દાનો માલ હોય તો રજુઆત ચલાવવાને માટે જરૂર પડે તેવી રીતે ચોપડીઓ તપાસવાને તોહોમતદારને હક છે. ફોજદારી કામમાં કોર્ટ તોહોમતદારની હકીકત સાંભળવાની ના પાડી શકે નહી. અબદુલ ગફુરની અરજીની બાબતમાં, ૧૦ ક. લો. રી. ૫૪.

(મેસર્સ પ્રીનસેપ અને વીલસન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી સપટંબર ૧૮૮૧).

તપાસ તોહોમતદારની—

૧ તપાસ તોહોમતદારની-ચાલ ચલગત વિષેનો પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૫, ૩૬૬, ૩૮૦ અને ૩૯૫—માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ મુજબ તોહોમતદારની જુબાની નહી લખી લીધાથી કલમ ૩૬૬ મુજબ સેસન કોર્ટમાં રજુઆત ચાલતી વખતે તે પુરાવામાં લેઇ શકાય નહી; અને હાઈ કોર્ટના મત પ્રમાણે કામમાં ગુન્હો ઠરાવવાનો જોઈએ તેવો પુરાવો નહી હોવાથી કેદીને કલમ ૩૯૫ પ્રમાણે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યો હતો. તોહોમતદાર સારી વર્તણુકનો નથી એ ફરીયાદીના શાહેદીઓને કેહેવાની છુટ આપવી ગેરવાજબી છે. રાણી વિ૦ ટીમી, ૨ મું, હા. કો. રી. ૧૧૫.

(મેસર્સ કાઉચ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી એપ્રીલ સને ૧૮૬૪).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ૦ બાઈ રતન, ૧૦ મું. હા. કો. રી. ૧૬૬. જુઓ કબુલાત ૫૭.

રાણી વિ૦ ગોશટોલાલદત, ૭ બે. લો. રી.અપે. ૬૨. જુઓ તપાસ તોહોમતદારની ૭.

રાણી વિ૦ કાલા લખમાજી, ૨ મું. હા. કો.રી.૩૫૫. જુઓ તપાસ તોહોમતદારની. ૨

૨ તપાસ તોહોમતદારની-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૫, ૩૬૬, ૩૮૦, ૪૨૬, ૪૩૯—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ માં બતાવ્યા પ્રમાણે તોહોમતદારની જુબાની સવાલ અને જવાબ સાથે બરોબર રીતે લખી લેવામાં આવી હોય તો કલમ ૩૬૬ મુજબ સેસન કોર્ટમાં રજુઆત ચાલતી વખતે વધારે સાબીતી શીવાય પુરાવામાં દાખલ કરી શકાય નહી. તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવાને માટે કબુલાત એકલી અથવા બીજા પુરાવા સાથે બસ હોય તો સુલભ રસ્તો એ છે કે જુબાની લીધાની સાબીતીને માટે કેસ સેસન કોર્ટમાં પાછો મોકલવો જોઇએ. પુરાવામાં દાખલ થઈ શકે નહી તેવી કબુલાત બાતલ કરતાં કામમાં બીજો પુરાવો તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવાને માટે બસ હોય તો કેસ પાછો મોકલ્યા સીવાય હાઈ કોર્ટ ગુન્હેગાર ઠરાવી શકે છે. સેસન કોર્ટે આવી રીતની કબુલાત કામમાં દાખલ કરી હોય તો તેથી કલમો ૪૨૬ અને ૪૩૯ મુજબ રજુઆત અને ગુન્હો કાયદા વિરૂદ્ધ ગણાતો નથી. રાણી વિ. કાલા લખમાજી, ૨ મું. હા. કો. રી. ૩૫૫.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી નવંબર સને ૧૮૬૬).

રાણી વિ૦ વીઠોજી વાલદ આબાના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨ મું. હા. કો. રી. ૩૫૮. જુઓ કબુલાત ૫૩.

રાણી વિ૦ પેવડી બીન બસાપાના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨ મું. હા. કો. રી. ૩૫૭. જુઓ કબુલાત ૫૪.

રાણી વિ૦ ટીમી, ૨ મું. હા કો. રી. ૧૨૫ ના કામમાં લક્ષ આપવામાં આવે છે. જુઓ તપાસ તોહોમતદારની ૧.

રાણી વિ૦ બ્યંકટરાવ શ્રીનીવાસના કામમાં નજર રાખવામાં આવી. ૭ મું. હા. કો. રી. ૫૦. જુઓ તપાસ વારંટ સીવાયની.

રાણી વિ૦ ગોશટોલાલદત, ૭ બે. લો. રી. અપે. ૬૨. જુઓ તપાસ તોહોમતદારની ૭.

રાણી વિ૦ દીપચંદ ખુશાલના કામમાં નજર રાખવામાં આવે છે. ૪ મું. હા. કો. રી. ૩૦. જુઓ ફરીઆદ ૪.

રાણી વિ૦ કાલા લખમાજીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૨ મું. હા. કો. રી. ૩૯૫. જુઓ તપાસ તોહોમતદારની ૨.

૩ તપાસ તોહોમતદારની—તોહોમત દારની હકીકત વાંચી સંભળાવવી તે—સેસન કોર્ટમાં રજુઆત ચાલતી વખતે માજીસ્ટ્રેટની રૂબરૂ તોહોમતદારે આપેલી જુબાની પુરાવામાં વાંચી સંભળાવાય તો આખી જુબાની વાંચી સંભળાવવી જોઈએ. પ્રો. તા૦ ૧૧ મી નવંબર સને ૧૮૬૯. ૫ મ. હા. કો. રી. અપે. ૪.

૪ તપાસ તોહોમતદારની—પોતે ગુન્હેગાર ઠરે તેવી હકીકત-માજીસ્ટ્રેટની મરજી મુજબ કેદીને તપાસવાનો કાયદા પ્રમાણે આપેલો અધીકાર તેણે એવી રીતે બજાવવો જોઈએ કે જેથી કરીને કેદીની વિરૂદ્ધ પુરાવામાં મળી આવતી બાબતો તે કેવી રીતે સમજાવે છે તે તેની પાસેથી પારખી કઢાય, પણ તેને પોતાને ગુન્હેગાર ઠરાવે એવી હકીકતો કઢાવવી જોઈએ નહી. વીરબદ્રાગોડ એક્ષ. પારટી, ૧ મ. હા. કો. રી. ૧૯૯.

(મેસર્સ સ્ટ્રેઈટ અને ફ્રેરી જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૬૩.)

રાણી વિ. બેહારીલાલ બોસના કામમાં નજર રાખવામાં આવી. ૬ ક. લો. રી. ૪૩૧. જુઓ ઉલટ સુલટ તપાસ ૧૬.

૫ તપાસ તોહોમતદારની—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬૬–માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૬ મુજબ તોહોમતદારની લીધેલી જુબાની તેના વિરૂદ્ધ હોય અથવા લાભમાં હોય તોપણ સેસન કોર્ટમાં કામ ચાલતી વખતે પુરાવામાં લેવી જોઇએ; અને તે જુબાની કામમાં લેવી કે નહી એ ફરીઆદીની મરજી ઉપર નથી. રાણી વિ. શેખ મેહારચંદ ૧૩ વિ. રી. ૬૩.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી એપ્રીલ સને ૧૮૭૦.)

૬ તપાસ તોહોમતદારની—સેસન કોર્ટનું દફતર–કામનું દફતર ફકત એકલી સેસન કોર્ટમાં રાખવું જોઈએ જેની અંદર બરોબર રીતે અને એક પછી એક રજુઆત ચાલેલો આખો મુકરદમો તોહોમતદારની જુબાની સાથેનો આવી જવો જોઈએ. રાણી વિ. બીલાશ મોસલમાની, ૧૪ વિ. રી. ૬૬.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૭૦.)

૭ તપાસ તોહોમતદારની—માજીસ્ટ્રેટની સાખ-પુરાવો–સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૫, ૩૬૬–તોહોમતદારને પુછેલા દરેક સવાલ અને તેને આપેલો જવાબ તેની જુબાનીમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ મુજબ આવી જવાની જરૂર નથી. તેમજ તે સવાલો બરોબર રીતે લખી લેઈ તેને વાંચી સંભળાવવામાં આવ્યા હતા અને તેમાં વધારો ઘટાડો કરવાને તેને સદરપરવાનગી હતી એ પણ તેમાં બતાવવાની કાંઈ જરૂર નથી. જુબાનીની નીચે કલમમાં બતાવેલા શબ્દો બરોબર લખી માજીસ્ટ્રેટની સહી હોય તો તે જુબાનીનો સ્પષ્ટ પુરાવો છે, પણ માજીસ્ટ્રેટની સહી ખરી છે કે નહી એ વિષે સેસન જડજને શક પડે તો તેણે તેવી બાબતમાં માજીસ્ટ્રેટની જુબાની લેવી જોઇએ. બરોબર રીતે લખી લીધેલી તોહોમતદારની જુબાની એ પુરાવો ગણાય છે તે કલમ ૩૬૬ મુજબ જ્યુરી પાસે જવા દેવો જોઈએ. રાણી વિ. ગોસ્ટોલાલ દત ૧૫ વિ. રી ૬૮; ૭ બેં૦ લો૦ રી૦ અપે. ૬૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી મે સને ૧૮૭૧.)

નિચેના કેસોમાં નજર રાખવામા આવે છે:—

રાણી વિ. ગોરાચંદ ગોપ, ૫ વિ. રી. ૪૫; એં૦ લો૦ રી૦ વો૦ ૪૪૩. જુએ ખુન ૧૯.

રાણી વિ. મુસામતનીરૂન, ૭ વિ. રી. ૪૯. જુઓ મદદગારી ૩.

ગોરાચંદ ઘોસના રેફ્રરન્સના કેસમાં ૧૧ વિ. રી. ૨૯; ૩ એં૦ લો૦ રી૦ અપે૦ ક્રી૦ ૧ જુએ જ્યુરી ૪૬.

રાણી વિ. ચંદરકંત ચકરબતી, ૧૦ વિ. રી. ૧૪; ૧ એં૦ લો૦ રી૦ અપે. ક્રી. ૮. જુએ જ્યુરી ૪૦.

રાણી વિ. જગાપોલી, ૧૧ વિ. રી. ૩૯. જુએ આસેસરો ૪.

રાણી વિ. ટીમી, ૨ મું. હા. કો. રી. ૧૨૫. જુએ તપાસ તોહોમતદારની ૧.

રાણી વિ. કાલા લખમાજી ૨ મું. હા. કો. રી. ૩૯૫. જુએ તપાસ તોહોમતદારની ૨.

૮ તપાસ તોહોમતદારની--પુરાવો--માજીસ્ત્રેટની સાખ-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૫, ૩૬૬--કમીટીંગ માજીસ્ત્રેટની રૂબરૂ તોહોમતદારે આપેલી જુબાની તેની વિરૂદ્ધ પુરાવામાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૬ મુજબ લેવાય ત્યાર પેહેલાં તે કોડની કલમ ૨૦૫ માં બતાવ્યા પ્રમાણે કમીટીંગ માજીસ્ત્રેટની સહી બરોબર રીતે તેના ઉપર હોવી જોઇએ. રાણી વિ. ચપતખારવાર, ૧૫ વિ. રી. ૮૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી મે સને ૧૮૭૧.)

ડીઓસરનસીંઘ વિ. ટુલસીકંતના કામમાં નજર રાખવામાં આવી. ૧૨ ક લો. રી. ૨૨૧. જુએ કબજો ૧૨૯.

૯ તપાસ તોહોમતદારની--પુરાવો--મોકુફી--સાહેદીઓ--સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૫ કલમ ૨૦૨--તપાસ ચાલતી વખતે જુબાની લેવાય તેવી રીતે જો કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૨ મુજબ જુબાની લેવી જોઇએ નહી અને તોહોમતદાર જવાબ આપવાને બંધાએલો નથી એવી માજીસ્ત્રેટે ખબર આપવી જોઇએ તોપણ તે કલમમાં બતાવ્યા પ્રમાણે તોહોમતદારને સવાલો પુછવાની માજીસ્ત્રેટની મરજીને કોઈ રીતે બીલકુલ બંધન નથી. માજીસ્ત્રેટે તોહોમતદારને જવાબ આપવાની જરૂર નથી એવી ચેતવણી ના આપી હોય તોપણ તે કલમ મુજબ પુછેલા સવાલોના જવાબો પુરાવામાં દાખલ થઈ શકે છે. તોહોમતદારને સાહેદીઓ બોલાવવાનો વખત આપવાને માટે કલમ ૨૬૯ મુજબ રજુઆત બંધ રાખવી તે ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ મુજબ ચલાવેલા કામમાં અવ્યવસ્થા ગણાતી નથી. સાધારણ નિયમ તરીકે કામ ચાલવાના દિવસે તોહોમતદારે પોતાના સાહેદીઓ હાજર રાખવા જોઈતા હતા. ડીનુરોય વિગેરેના મુકરદમાની તપાસણી, ૧૬ વિ૦ રી૦ ૨૧.

(મેસર્સ એનસ્લી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુલાઈ સને ૧૮૭૧)

ભીખારોય વિરૂદ્ધ ઘોતનરોયના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૦ વિ. રી. ૩૬. જુએ સાહેદીઓ ૫.

રાણી વિ. નોબોડીપચંદર ગોસાગીના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૫ વિ૦ રી૦ ૭૧૧; ૧ એં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૧૫ જુએ હકીકત તોહોમતદારની ૧.

૧૦ તપાસ તોહોમતદારની--કબુલાત--સરટીફીકટ --માજીસ્ત્રેટની રૂબરૂ તોહોમતદારની જુબાની સેસન કોર્ટમાં કાયદેસર પુરાવો ગણાવાને માટે ફકત માજીસ્ત્રેટની સહી બસ નથી પણ તે કરતા કાંઈ વધારે બાબતની જરૂરછે. ક્રી૦ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ માં બતાવેલું માજીસ્ત્રેટના હાથનું લખેલું સરટીફીકટ સાથે મોકલવું જોઈએ. જે ભાષામાં કબુલાત કરવામાં આવી હોય તે ભાષામાં કબુલાત લખી લેવી જોઈએ રાણી વિરૂદ્ધ ભીખીકી, ૪ વા૦ દી૦ પ્રાં૦ ૧૬.

(મેસર્સ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૨).

રાણી વિ૦ મુસામત નીરૂની અને બી જો, ૭ વિ૦ રી૦ ૪૯. જુઓ મદદગારી ૩.

૧૧ તપાસ તોહોમતદારની—સરટીફી કેટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૬—જે ભાષામાં તોહો મતદારોએ જુબાનીઓ આપી હોય તે ભાષા માં જુબાનીઓ ક્રીમીનલ પ્રોસીજર કોડની ક લમ ૩૪૬ મુજબ લખી લેતાં માજીસ્ટ્રેટે પો તાને હાથે લખી લેવી જોઈએ નહી. જુબાની તેની રૂબરૂમાં લેવામાં આવી હતી અને તોહો મતદારે કહેલી સઘળી હકીકત તેમાં આવી જાય છે એવું સરટીફીકેટ તેની સાથે મુકવું બસ છે. રાણી વિ૦ લખી નારાયણદત, ૨૦ વિ૦ રી૦ ૫૦.

(મેસર્સ ગ્લોવર અને બર્ચ જડજોની રૂ બરૂ, તા૦ ૧૦ મી જુલાઇ સને ૧૮૭૩).

જુઓ પુરાવો ૪૪, ૪૫.
„ પદ્ધતિ ૧૬૧.
„ સંક્ષેપમાં રજુઆત ૨.
„ શાહેદીઓ ૧, ૨.

૧૨ તપાસ તોહોમતદારની—કેવી રીતે લેવી તે—જે ભાષામાં અને જે શબ્દોમાં તોહોમતદારે જુબાની આપી હોય તે શબ્દોમાં અને તે ભાષામાં જેમ બને તેમ જુબાની લખી લેવી જોઈએ. રાણી વિ૦ મુનશાબીબી ૨૪ વિ૦ રી૦ ૫૪.

(મેસર્સ બર્ચ અને લોફ્ફ્ડ જડજોની રૂ બરૂ, તા૦ ૯ મી સપટંબર સને ૧૮૭૫).

૧૩ તપાસ તોહોમતદારની—પોતાને ગુન્હેગાર ઠરાવે તેવી હકીકત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૦—કેસ ચાલતાં ગમે તે વખતે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ કોર્ટે તોહોમત દારની જુબાની જાતે લેવી જોઈએ; પણ તોહોમતદારની ઘણી ઉલટ સુલટ તપાસ કરવાને કોર્ટને અધીકાર નથી. કાયદા પ્રમાણે મરજી મુજબ આપેલો અધીકાર એવી રીતે વાપરવો જોઇએ નહી કે જેથી તોહોમતદાર પોતે ગુન્હેગાર થાય તેવી હકીકત કહે; પણ તોહોમતદારની વિરૂદ્ધ પુરાવામાં મળી આવતી હકીકતનો તે કેવી રીતે ખુલાસો આપે છે કે જેથી એ હકીકત સમજ્યા સીવાય તેની વિરૂધ કામમાં રેહે નહી એ તોહોમતદારની પાસેથી પારખી કાઢવાને માટેજ એ અધીકાર વાપરવો જોઇએ. ચીનીબાશ ઘોસની બાબતમાં, ૧ ક૦ લો૦ રી૦ ૪૩૬.

(મેસર્સ કેમ્પ અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જાનેવારી સને ૧૮૭૮.)

રાણી વિ. હુસેન બક્ષના કામમાં બા હાલ રાખવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૬ ક૦ ૯૬ જુઓ જુદા તોહોમતો ૨.

હુસેનબક્ષ શેખ વિ. શીઆકર શેખના કામમાં આધાર રાખવામા આવ્યો ૬ ક૦ લો૦ રી૦ ૫૨૧ જુઓ તપાસ તોહોમતદારની ૧૪.

રાણી વિ. બેહારીલાલ બોસના કામમાં નજર રાખવામાં આવી ૬ ક૦ લો૦ રી૦ ૪૩૧ જુઓ ઉલટ સુલટ તપાસ ૧૬

૧૪ તપાસ તોહોમતદારની—સેસન જડજ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૪૩, ૨૫૦, ૨૬૪, ૨૬૫-તોહોમતદારની જુબાની લેવાનો સેસન કોર્ટને આપેલા અધીકારમાં તોહોમતદારની ઉલટ સુલટ તપાસ આવી જતી નથી, તેમ જ તોહોમતદારને જોર જુલમથી ગુન્હેગાર ઠરાવવાને કેટલાક પુરાવો થાય તેવા સવાલો પુછવાનો જડજ પ્રયત્ન કરી શકે નહી. સાહેદીઓ બતાવેલી કાંઈ હકીકત વિષે તોહોમતદારની નજરમાં આવે તેવી રીતની સમજુતી વખતે વખતે જડજ તેની પાસેથી માગી શકે અથવા ફરીઆદી તરફનો કેસ પુરો થયા પછી પુરાવાનો કેટલોક ભાગ જે કોર્ટની નજરમાં તોહોમતદારને ગુન્હામાં સામેલ કરે તેવો માલમ પડે, અને જેથી તેના ઉપર તોહોમત રહે તેવા ભાગની તે કેવી રીતની સમજુતી આપે છે તે માલમ પડી શકે, એ મતલબ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ આપેલા અધીકારમાં ખરેખરી રીતે આવી જ

૫ છે. રાણી વિ. હુસેનબક્ષ, ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૯૬; ૬ ક. લો. રી. ૫૨૧.

(મેસર્સ મોરીસ અને પ્રીનસેપ જડજો ની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૮૦).

રાણી વિરૂદ્ધ ભોળાનાથસેનના કેસમાં મંજુર રાખવામાં આવે છે. ઈં૦ લો૦ રી૦ ૨ ક. ૨૩. જુઓ અવ્યવસ્થા ૭.

નિચેના કેસોમાં તફાવત બતાવવામાં આવે છે:—

રાણી વિરૂદ્ધ શેખબાઝરા, ૮ વિ૦ રી૦ ૪૭; બેં૦ લો૦ રી૦ વો૦ ૭૫૦. જુઓ એકઠાં તોહોમતો.

રાણી વિ. શેખબાઝા, ૮ વિ. રી. ૪૭. જુઓ છુટકો ૩.

રાણી વિ. હરીચરન ચકરબતીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૧૩ ક૦ લો૦ રી૦ ૩૫૮. જુઓ તપાસ તોહોમતદારની ૧૫.

રાણી વિરૂદ્ધ ભોલાનાથસેનના કામમાં આધાર રાખવામાં આવે છે. ૨૫ વિ૦ રી૦ ૫૭. જુઓ અવ્યવસ્થા ૮.

ચીનીબોશ ઘોસની બાબતમાં આધાર રાખવામાં આવે છે. ૧ ક૦ લો૦ રી૦ ૪૩૬. જુઓ તપાસ તોહોમતદારની ૧૭.

૧૫ તપાસ તોહોમતદારની-સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૨—તપાસની રીત—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૨ મુજબ કેદીની જુબાની લેતી વખતે તેની ઉલટ સુલટ તપાસ કરવી એ ગેરવાજબી છે. પુરાવામાં કેદીની વિરૂદ્ધ કાંઈપણ બાબત સાબીત થઈ હોય તે બાબત સમજવાને માટે ફક્ત કેદીને સવાલો પુછી શકાય છે. રાણી વિ. હરીચરન ચકરબતી. ઈં૦ લો૦ રી૦ ૧૦ ક. ૧૪૦; ૧૩ ક. લો. રી. ૩૫૮.

(મેસર્સ પ્રીનસેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અગષ્ટ સને ૧૮૮૩)

રાણી વિ. ધના કાઝીના કામમાં બાહાલ રાખવામાં આવે છે. ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૧૨૧. જુઓ ફરીઆદી તરફના સાહેદીઓ ૧૭.

હટીમ અપેલેન્ટની બાબતમાં આધાર રાખવામાં આવે છે, ૧૨ ક. લો. રી. ૮૬. જુઓ શાસ્ત્રની ચોપડીઓ.

જુઓ મદદગારી ૩.

„ સરટીફીકટ તોહોમતદારની હકીકતનું.

„ કમીટ કરવું તે ૧૧, ૫૦.

„ કબુલાત ૧૧, ૫૩, ૭૩.

„ સાપ્રાય વિશ્વાસઘાત સરકારી નોકરનો ૩.

„ દંડ ૫.

„ પ્રથમ તપાસ ૨.

„ કેદી તરફના સાહેદીઓ ૧૫.

તપાસ તોહોમતદારની પ્રતીજ્ઞા ઉપર—

જુઓ જુઠો પુરાવો ૧૦૭.

તપાસ ફરીઆદીની—

૧ તપાસ ફરીઆદીની—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ મુજબ માજીસ્ટ્રેટ, ફરીઆદીની જુબાની લેઈ લખી લીધા પછી સમનો કાઢવાને અથવા યોગ્ય લાગે તેવો બીજો કાંઈ હુકમ કરવાને બંધાયેલો છે. કામીનીસુદરી ડાબીના તરફથી નીલમોની ભટાચારજી, ૧૬ વિ. રી. ૫૮.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૧).

૨ તપાસ ફરીઆદીની-હાઈ કાર્ટનું દરમીઆન થવું તે- ફરીઆદીની જુબાની લેઈ લખી લેવામાં ના આવી હોય તો તેથી એવી અવ્યવસ્થા થઇ ગણાતી નથી કે જેથી હાઈ કાર્ટ નજીવા કેસમા દરમીઆન થઈ શકે, પણ નવેસરથી તપાસ કરવાથી કેસનો જુદો પરીણામ થશે એવો સંભવ જણાય (જે હાલના કેસમા નોહોતો) તોજ દરમીઆન થઇ શકે. કાબીલનશયો વિરૂદ્ધ બાહારૂલાહ વિગેરે, ૧૭ વિ. રી. ૩૭

(મેસર્સ બેલી અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૭૨).

જુઓ ફરીઆદ ૭, ૨૭.
,, માંડી વાળવું ફરીઆદનું ૬.
,, મરતી વખતનો ઇકરાર ૩.
,, જુઠું તોહોમત ૧૭.
,, સમનો ૨.
,, બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૧૧.

તપાસ સાહેદીઓની—

૧ તપાસ સાહેદીઓની—તોહોમતદારની ગેરહાજરીમાં સજા કરવી તે—કેદી તરફના સાહેદીઓની જુબાનીઓ લેઈ તોહોમતદારની ગેરહાજરીમાં સજા કરવી તે કાયદા વિરૂદ્ધ છે. બીહુરામ વિ. આલોહોકોલીટા ૧ બેં૦ લો૦ રી૦ ઉ૦ દ૦ ૮.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુલાઈ સને ૧૮૬૮).

૨ તપાસ સાહેદીઓની—પ્રથમની રજુઆતનું દફતર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૩—સેસન જડજે જુબાનીઓ લીધી તે સીવાયના બીજા સાહેદીઓ આવી શકે એવુ નોહોતુ એવું સાબીત થવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૩ મુજબ સેસન જડજે ચલાવેલા મુકરદમાની અંદર દરમીયાન થવાને કોર્ટે ના પાડી. પ્રથમની રજુઆતનુ દફતર મંગાવી તે જોવાનો દીવાની કોર્ટને આપેલો અધીકાર ઘણીજ સંભાળથી વાપરવો જોઈએ, અને તે ફોજદારી મુકરદમાઓને લાગુ પડતો નથી. રાણી વિરૂદ્ધ જમડેસીંઘ વિગેરે, ૧૨ વિ૦ રી૦ ૭૩.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી ડીસેંબર સને ૧૮૬૯).

જુઓ કબુલાત ૨૪.
,, છુટકો ૨
,, કબજો ૩૧, ૪૯, ૫૯.
,, જામીનગીરી સારી વરતણુંકની.

તપાસ સાહેદીઓની—

અરસપરસ ફોજદારી કેસોમાં. જુઓ હંગામો ૧૩.

કેદી તરફના. જુઓ લોકોપકારક કૃત્ય ૫૦.

ફરીઆદી તરફના, જુઓ છુટકો ૩, ૬, ૨૦, ૨૧

કેદીના સાહેદીઓ પછી ફરીઆદી તરફના. જુઓ અવ્યવસ્થા ૪; ફરીઆદી તરફના સાહેદીઓ ૬.

તપાસ વારંટ સીવાયની—

તપાસ વારંટ સીવાયની—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૬—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૯૯—પોલીસ ચોકીના ઉપરીના તાબા નિચેના અમલદાર જેને તે ઉપરીએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૫ મુજબ તજવીજ કરવાને સોંપેલું તેણે ઝડતી લેવાનું વારંટ સીવાય ચોરીની માલકત સોધવાને ઘરમા પેસવાનો યત્ન કરેલો તેમાં તેને અટકાવ ક. આવ્યો હતો પીનલકોડની કલમ ૯૯ મુજબ એમ ઠરાવ્યું કે જો કે વારંટ સીવાય ઘરની ઝડતી લેવાનો પોલીસ અમલદારને વાજબી રીતે હક નોહોતો, તોપણ તે અમલદાર કાયદા વિરૂદ્ધ ચાલેલો નથી અટકાવ વાજબી હતો એવી તકરાર અટકાવ કરનાર માણસ લાવી શકે નહી કારણ કે તે અમલદાર શુદ્ધ બુદ્ધિ અને દ્વેશ શીવાય બીજી રીતે ચાલ્યો હતો એવું સાબીત કરવામાં આવ્યુ નોહોતું. ઈનસાફની રાહે મુકરદમો ચલાવતાં કોઈ માજીસ્ટ્રેટે પોતે તોહોમતદારની પેહેલાની ચાલ ચલગત વિષેની પોતાની માહીતી કેસમાં દાખલ કરવી જોઈએ નહી પણ તોહોમતદાર ગુન્હેગાર છે કે નિરપરાધી છે એ તેણે કામના પુરાવા ઉપરથી ઠરાવવું જોઈએ. રાણી વિ. વ્યંકટરાવ સીનીવાસ ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૫૦.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુન સને ૧૮૭૦.)

રાણી વિ. કાલા લખમાજીના કામમાં નજર રાખવામાં આવે છે. ૨ મુ. હા. કો.

રી. ૩૯૫. જુઓ તપાસ તોહોમતદારની ૨.

તપાસ ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટની જુરીથી—

તપાસ ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટની જુરીથી—યુરોપી ઇંગ્રેજી પ્રજા—જુરીએ કરેલી રજુઆતમાં મુકરદમો ચલાવવાની પદ્ધતિ—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૭, ૪૧૮, ૪૨૩ (ડ)—જ્યુરીના ફેંસલાથી વિરૂદ્ધ પડીને કેસ હાઇ કોર્ટમાં મોકલવાનો ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટનો અધીકાર—કલમ ૩૦૭ મુજબ હાઈ કોર્ટનો અધીકાર—આબરૂ લેવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૯—સમજુતી ૪—જેવો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૭ મુજબ સેસન જડજને અધીકાર મળેલો છે, તેવોજ અધીકાર ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડના સુધારાના આક્ટ સને ૧૮૮૪ ના ૩ જાની કલમ ૮ ના ક્લોઝ ૬ થી મળેલો છે અને તેથી કરીને જ્યુરીના ફેંસલાથી પોતે તદન વિરૂદ્ધ પડવાથી જે કેસમાં હાઈ કોર્ટનો અભીપ્રાય માગવાની તેને જરૂર જણાય તે કેસ તે હાઇ કોર્ટમા મોકલી શકે છે. કલમ ૮ ના ક્લોઝ ૬ માં વપરાયેલા "જ્યુરીથી રજુઆત" એ શબ્દો જ્યુરી પોતાનો ફેંસલો આપે ત્યાં સુધીના મુકરદમાને લાગુ પડતા નથી. પણ જ્યુરીથી રજુઆત ચલાવાય એવા કેસો, જે આસેસરોથી ચલાવતા કેસો અથવા ક્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવેલી બીજી કોઇ રીતના કેસોથી જુદા પડે છે. તે બધાને સામાન્ય રીતે લાગુ પડે છે. સજા અને ફેંસલો જ્યાં સુધી આપવામાં આવે નહી ત્યાં સુધી કાયદેસર રીતે રજુઆત પુરી થઈ ગણાય નહી, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૭ મુજબ સેસન જડજે હાઇ કોર્ટના અભીપ્રાય માટે મોકલેલા કેસમાં જ્યુરીનો ફેંસલો કાયમ રાખીને અથવા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ફેંસલો લખીને અથવા જ્યુરીનો નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ફેસલો ફેરવીને અને તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી કેસનો અંત આણી પુરો કરવાનું કામ હાઈ કોર્ટનું છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૭ ની મતલબ કલમો ૪૧૮ અને ૪૨૩ થી જતી રેહેતી નથી; અને જ્યુરીનો ફેંસલો કાયદા વિરૂદ્ધ અને ખોટો હોય અને એવો ફેંસલો સુધારવાની ન્યાયની ખાતર જરૂર જણાય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૭ મુજબ તેની અંદર દરમીયાન થવાને હાઇ કોર્ટને અધીકાર છે. જડજે જ્યુરીને ખોટુ સમજાવ્યું હોય અથવા કાયદાના મુદાઓ ઉપર જડજે આપેલી સમજુતી જ્યુરીના સમજવામાં બરાબર રીતે ના આવી હોય તેવા કાયદાના સવાલોની અંદર દરમ્યાન થવાને હાઈ કોર્ટનો અધીકાર જતો રહેતો નથી. જે શબ્દો ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તે શબ્દો જાતેજ આબરૂ લે તેવા હોય તો પીનલકોડની કલમ ૪૯૯ નો ખુલાસો ૪ થો તેને લાગુ પડતો નથી; તોપણ જ્યાં અગાડી લખેલા અથવા બોલેલા શબ્દોનો અર્થ શક ભરેલો હોય અને તે શબ્દોની મતલબથી અમુક માણસની આબરૂને નુકશાન થાય છે કે, નહી એ શોધી કાઢવાને માટે પુરાવાની જરૂર હોય તો તે ખુલાસામાં બતાવેલો આધાર બરાબર રીતે લગાડી શકાય. રાણી વિ. એમ. કારથી ઈં૦ લો૦ રી૦ ૯ અ, ૪૨૦.

(મેસર્સ સ્ટ્રેઇટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૭મી ફેબ્રુઆરી સને ૧૮૮૭.)

તપાસણી—

૧ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૦૩, ૪૦૪, ૪૦૫, ૪૦૭, ૪૧૯—હાઇકોર્ટનો અધીકાર—સજાનો વધારો—ખુન—શિક્ષણીય મનુષ્યવધ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ઠરાવ કાયદાની ભુલને માટે હાઈકોર્ટ રદ કરી શકે. દફતર તપાસનારી કોર્ટ તરીકે શિક્ષા વધારવાનો હાઇ કોર્ટને અધીકાર છે. યોગ્ય સજા કરવાનો હુકમ કરી હાઈ કોર્ટ કેસ સેસન કોર્ટમાં પાછો મોકલી શકે. અપીલમાં જે

ભુલ સુધારી શકાય નહી તેવી ભુલ સુધારવા ને માટે અપીલ કોર્ટ તરીકે કામ ચલાવ્યા પ છી દફતર તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટ કામ ચલાવી શકે છે. ખુન અને શિક્ષણીય મ નુષ્યવધ વચે તફાવત બતાવવામાં આવ્યો. રાણી વિ. ગોરાચંદ ગોપ, બેં. લો. રી. વો. ૪૪૪. ૫ વિ. રી. ૪૫; ૧ ઈન્ડ. જ્યુ. ઉ. ક. ૧૭૭.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ ટ્રેવોર, નો રમન, કેમ્પબેલ, જેકશન અને ગ્લોવર જડજો ની રૂબરૂ, તા૦ ૩ માર્ચ ૧૮૬૬).

નિચેના કેસોમાં નજર રાખવામાં આ વે છે:—

રાણી વિ૦ ચંદરકંત ચકરબતી ૧ બેં. લો૦ રી૦ ક્રી૦ અ. ૮; ૧૦ વિ૦ રી૦ ૧૪. જુઓ જ્યુરી ૪૦.

રાણી વિ૦ ગોરાચંદ ઘેસ ૩ બેં૦ લો૦ રી૦ ફુ. બેં૦ ૧, ૧૧ વિ૦ રી૦ ૨૯. જુઓ જ્યુરી. ૪૬

રાણી વિ૦ જાન મહમદ ૧ વિ૦ રી૦ ૪૮ જુઓ ખુન ૯.

નિચેના કેસોમાં નજર રાખવામાં આ વી:—

બાયકંતરામ શાહરાયની બાબતમાં ૧૦ બેં૦ લો૦ રી૦ ૪૩૪. જુઓ લોકોપકારક કે સ ૫૭.

રાણી વિ૦ શેખ બાઝુ બેં૦ લો૦ રી૦ વો૦ ૭૫૦. ૮ વિ૦ રી૦ ૪૭. જુઓ એકઠાં તોહોમતો.

૨ તપાસણી—હાઇ કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૪—સજા સખત છે એ કારણ ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુ જબ આપેલા તપાસવાના સાધારણ અ ધીકાર મુજબ ઈનસાફી મુકરદમો ચલાવેલું દ ફતર હાઈ કોર્ટ મંગાવી શકે નહીં. નારાકરે ડી વિગેરે, ૪ મ. હા. કો રી ૨૪૩.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને ઈનીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯).

૩ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૦૫, ૪૨૮—માજીસ્ત્રેટે કરેલી સજા જે સેસન કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૦૫ અને ૪૨૮ મુજબ અપીલમાં બાહાલ રાખી હોય તે ઓછી કરવાને હાઇ કોર્ટને અધીકાર છે. પ્રો૦ તા૦ ૩૦ મી એપ્રિલ સને ૧૮૬૮. ૪ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૩૬.

૪ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૬૧. નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૫ એક અથવા વધારે ગુન્હાઓ કર્યાનુ તોહોમત રાખેલા માણસે ગુન્હો કર્યો છે કે ન હીં એ સાબીત કરવાને, આપેલા પુરાવા ઉપ ર કોર્ટે વિચાર કરી તોલ કરવાનો છે, અને તે પુરાવાના ખરાપણા વિષેની ભુલ તે હકીક તની ભુલ ગણાય છે અને તે ગુન્હા ઉપર અ પીલ થયા સીવાય સુધારી શકાય નહી. કોઈ કેદીઓ ઉપર ખુન થતું શિક્ષણીય મનુષ્યવધ, અને ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મ નુષ્યવધ એ બંને તોહોમતો રાખવામાં આ વ્યાં હોય અને સેસન કોર્ટે બીજા ગુન્હાઓને માટે ગુન્હેગાર ઠરાવ્યો હોય અને હાઈ કોર્ટ નું એવું ધારવું હોય કે પુરાવા ઉપરથી ખુ ન થાય તેવો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો સાબીત થાય છે તેવી બાબતમાં એમ ઠરાવ વામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૫ મુજબ તપાસનારી કોર્ટ ત રીકે નવેસરથી તપાસ ચલાવાને માટે હુકમ ક રવાનો હાઈ કોર્ટને અધીકાર નથી. પ્રો. તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૬૯. ૫ મ. હા. કો. રી. અપે. ૧૦.

૫ તપાસણી—હાઇ કોર્ટ—પદ્ધતિ—સેસ ન જડજે અપીલમાં કરેલો હુકમ તપા સનારી કોર્ટ તરીકે હાઇ કોર્ટે ધ્યાનમાં લેવો જોઈએ અને તે બાબતની અરજી અભીપ્રાય સાથે કરવી જોઈએ. શેખહાઝારી વિરૂદ્ધ ચંદી ચરન ચકરબતી, ૧૬ વિ રી. ૬૨.

(મેસર્સ બેલી અને પોલ જડજોની રૂબ રૂ, તા૦ ૩૦ મી નવંબર સને ૧૮૭૧).

૬ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૬—માજીસ્ત્રેટની રૂબરૂ મુકરદમો ચલાવવામાં ભુલ અથવા ખામી—માજીસ્ત્રેટે ચલાવેલા મુકરદમાની ભુલ અથવા ખામી જેવી કે આ કેસમાં બતાવ્યા પ્રમાણે તોહોમત બદલવાથી અને જુદો જવાબ લખી લેવામાં ભુલ કર્યાથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થયું નથી એવું જે કેસોમાં અપીલ કોર્ટની નજરમાં આવે તે કેસોમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ હાઈ કોર્ટ તપાસ કરી શકે નહી. ખાઝીમુદી વિગેરેની બાબતમાં, ૧૭ વિ. રી. ૫૨,

(મેસર્સ ગ્લોવર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી એપ્રીલ સને ૧૮૭૨)

૭ તપાસણી—હાઈ કોર્ટ—હકીકત ઉપરથી ભારે ગુન્હો સાબીત થતો હોય તેવી બાબતમાં હલકો ગુન્હો ઠરાવી શિક્ષા કરેલી તે—તાબાના માજીસ્ત્રેટે પોતાના અખતીયાર પહારી કોઇ ગુન્હાને માટે કેદીને જે પુરાવા ઉપરથી ગુન્હેગાર ઠરાવ્યો હોય, તે પુરાવા ઉપરથી ભારે સજા કરવા લાયક અને તે ચલાવી શકે નહી તેવો ગુન્હો બન્યો છે એમ સાબીત થાય તો, હાઈ કોર્ટ નાના ગુન્હાને માટે કરેલી સજા અને ગુન્હો રદ કરી અખતીયારવાળા માજીસ્ત્રેટ પાસે તેની રજુઆત ચલાવવાનો હુકમ કરી શકે. હાઇ કોર્ટ એમ કરશે કે નહી એ કાયદાનો સવાલ નથી પણ અમુક કેસની હકીકત ઉપર ઉપયોગી છે કે નહી એ સવાલ ઉપર તેનો આધાર છે. પ્રો. તા૦ ૧ લી મે સને ૧૮૭૨. ૭ મું૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૫.

૮ તપાસણી—હાઈ કોર્ટ—હકુમત—મુકરદમો ચલાવવો બંધ રાખવો તે—દફતર—જામીન—વારંટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૪, ૨૯૭—મુકાદો આપ્યા પહેલા તજવીજ ચાલતી વખતે માજીસ્ત્રેટના મુકરદમાઓ ફરીથી તપાસી તેની ચોકસી કરવાનો અને દફતર મંગાવ્યા સીવાય મુકરદમાઓ બંધ રખાવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૬૪ અને ૨૯૭ મુજબ હાઈ કોર્ટને અધીકાર છે. આવા કેસમાં તોહોમતદારના જામીન લેવાનો પણ તે હુકમ કરી શકે છે. વારંટથી પકડેલા માણસને એકદમ માજીસ્ત્રેટની રૂબરૂ લાવી હાજર કરવો જોઈએ. જે માજીસ્ત્રેટને પોતાની રૂબરૂ સોગન ઉપર આપેલી જુબાનીથી અથવા બીજી કોઈ રીતે દફતરમાં રાખી શકાય એવી રીતે આપેલી જુબાની જેથી તે વાજબી રીતે તેને કેદમાં મોકલી શકે એવું કાંઈ ખુલ્લુ કારણ માલમ પડયા સીવાય, પછીથી તે માણસને વધારે વખત સુધી કેદમાં રાખવાને અથવા તેને ફરીથી કેદમાં મોકલવાને અધીકાર નથી. અબદુલ કાદરખાન વિ. પુરનીનો માજીસ્ત્રેટ, ૨૦ વિ. રી. ૨૩; ૧૧ બેં. લો. રી. અપે. ૮.

(મેસર્સ કેમ્પ અને ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી જુન સને ૧૮૭૩).

મોહેશચંદર બાનરજીની બાબતમાં આધાર રાખવામાં આવે છે. ૪ બેં૦ લો૦ રી૦ અપે૦ ૧; ૧૩ વિ૦ રી૦ ૧. જુઓ ફરીઆદ ૧૭.

રાણી વિરૂદ્ધ ઘોલામ ઈસમાઈલના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ઇં૦ લો૦ રી૦ ૧ અ. જુઓ તપાસણી ૧૪.

બેલીલીઆસની અરજીની બાબતમાં નજર રાખવામાં આવી. ૧૨ બેં૦ લો૦ રી૦ ૨૪૯. જુઓ સજા ૪૯.

૯ તપાસણી—હાઇ કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૪, ૨૯૭—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૪ અને ૨૯૭ મુજબ હાઈ કોર્ટને જે સવાલોનું નિરાકરણ કરવાનું છે તે સવાલો ઠરાવને અસર કરે તેવા કાયદાના અથવા પદ્ધતિના છે, પણ જડજે પુરાવો ધ્યાનમાં લેઈ તોહોમતદારની વિરૂદ્ધ પોતાનો અભીપ્રાય આપ્યો હોય તેવા એક બીજાથી વિરૂદ્ધ પુરાવા ઉપર આધાર રાખતા હકીકતના સવાલો નથી. ઉબીચરન બિસ્વાસ વિગેરે અરજદારો, ૨૦ વિ૦ રી૦ ૪૧.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૭૩).

રાણી વિરૂદ્ધ સખારામ મનોહરના કામમાં મંજુર રાખવામાં આવ્યો. ૧૧ મું. હા. કો. રી. ૧૨૫. જુઓ મોટી ચુક.

જગતચંદર ચકરબતીની બાબતમાં અર્થ કરી બતાવવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૨ ક. ૧૧૦. જુઓ તપાસણી ૧૭.

રામજોય કરમોકર અરજદારની બાબતમાં આધાર રાખવામાં આવ્યો. ૨૫ વિ૦ રી૦ ૧૦. જુઓ ચોરીની મીલકત ૨૧.

૧૦ તપાસણી—હાઈ કોર્ટ—બજારના દીવસો ફેરફાર કરવાનો હુકમ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ માજીસ્ટ્રેટે કરેલો હુકમ ઈનસાફી મુકરદમો ગણાતો નથી અને તેટલા માટે કલમ ૨૯૭ મુજબ હાઈ કોર્ટ તેને ફરીથી તપાસમાં લેઈ શકે નહી. મોકતસીંઘની અરજીની બાબતમાં ૬ વા. દી. પ્રાં, ૧૬.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ. તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૭૩.)

૧૧ તપાસણી—હાઇ કોર્ટનો ચારટર આકટ કલમ ૧૫—ઈનસાફી મુકરદમો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭—માજીસ્ટ્રેટનો હુકમ ઈનસાફી મુકરદમો ગણાય નહી અને તેટલા માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ એ એવો હુકમ નથી કે જે હાઈ કોર્ટ ફરીથી તપાસમાં લેઈ શકે એ બાબત ઉપરથી, ચારટર આકટની કલમ ૧૫ મુજબ તે કોર્ટનું માજીસ્ટ્રેટ ઉપરથી સાધારણ ઉપરીપણું જતું રહેતું નથી. ચંદરકુમારરોય વિગેરે. વિ. ઉમેશચંદર મોજુમદાર વિગેરે, ૨૨ વિ૦ રી૦ ૭૮.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી સપટંબર સને ૧૮૭૪.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

ગોપી મોહન મોલીક. વિ. તારામોની ચોધરાણી ૪ ક. લો. રી. ૩૦૯; ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૭. જુઓ લોકોપકારક કૃત્ય ૬૨ (દિવાની રૂલીંગ)

પુનાચરનપાલની બાબતમાં ઈ૦ લો૦ રી૦ ૭ ક ૪૪૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૯.

હરશી માહાપત્રો વિ. દીનોબન્ધુ પત્રો, ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૫૨૩. જુઓ ખંડણી ભરનારા માહાલો.

ચંદરનાથસેનની બાબતમાં અર્થ કરી બતાવવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૨ ક ૨૯૩ જુઓ હાઈ કોર્ટનુ ઉપરીપણું ૧.

ગોસાઈ લચમનપ્રસાદપુરી વિ૦ ગોકુપ નારાયણપુરી ૨૪ વિ૦ રી૦ ૩૦. જુઓ લોકોપકારક કૃત્ય ૪૯.

૧૨ તપાસણી—હાઈ કોર્ટ—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સરકાર તરફથી અપીલ થયા શીવાય નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં હાથ ઘાલવાનો હાઈ કોર્ટને અધીકાર નથી. રજુઆત ચલાવ્યા શીવાય તોહોમતદારને છોડી મુકવામાં આવ્યો હોય તોજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ હાઈ કોર્ટ દરમીયાન થઈ શકે છે. રાણી વિ૦ બીશેશર પાંડી, ૬ વા. દી. પ્રાં. ૩૫૭.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૧૬ મી સપટંબર સને ૧૮૭૪).

રાણી વિ૦ હદુખાનના કામમાં નજર રાખવામાં આવે છે. ૧૨ બેં૦ લો૦ રી૦ અપે. ૨૩; ૨૧ વિ૦ રી૦ ૨૧. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૫.

હારડીઓની બાબતમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૧૩૯. જુઓ તપાસણી ૧૬.

૧૩ તપાસણી હાઈ કોર્ટ—માજીસ્ટ્રેટો વચ્ચે મતભેદ—જે માજીસ્ટ્રેટે સાહેદીઓ લીધા હોય તે અને જેને સાહેદીઓ ના લીધા હોય તે માજીસ્ટ્રેટો વચ્ચે પુરાવા સબંધી મતભેદ પડયો હોય તો તે કારણ ઉપરથી હાઈ કોર્ટ ફરી તપાસમાં લેવાનો અધીકાર વાપરી શકે નહીં. નંદો કીશોર

હાલદર વિ૦ અનંદોચંદર ચતારજી વિગેરે. ૨૩ બિ૦ રી૦ ૬૪.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડ જોની રૂબરૂ, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૭૫).

૧૪ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪, ૨૯૭—ઈનસાફી મુકરદમો—સેસન કોર્ટના નિર્દોષ ઠરાવી છોડી મુકવાના ફેંસલા સામે હાઈ કોર્ટમાં અપીલ કરી ને જે માણસોને છોડી મુકવામાં આવ્યા હતા તે માણસોને ફરીથી પોલીસે પકડી માજીસ્ત્રેટની રૂબરૂ લાવવામાં આવ્યા હતા, જે માજીસ્ત્રેટે કાયદા વિરૂદ્ધ એવો હુકમ કરયો કે અપીલનું છેવટ થતાં સુધી તેમને કેદમાં રાખવા જોઈએ. મી૦ ટરનર કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને મી૦ પીયરસન જડજોનો એવો મત હતો કે તપાસનારી કોર્ટ તરીકે આવા હુકમની દરમીઆન થવાને હાઈ કોર્ટને કાંઈ અધીકાર નો હોતો. મેસર્સ સ્પેંકી અને ઓલ્ડફીલ્ડ જડજોનો મત આનાથી વિરૂદ્ધ હતો.

રાણી વિ૦ ઘોલામ ઈસ્માલ ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૧.

(મેસર્સ ટરનર કામ ચલાઉ ચીફ જસ્ટીસ, પીઅરસન, સ્પેંકી અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨ જુલાઈ સને ૧૮૭૫).

રાણી વિ૦ ગોબીન ટેવારીના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૧ ક. ૨૮૧. જુઓ પકડવું અપીલ ચાલતા સુધી ૧.

મુનસી સૈયદ અબદુલ કાદરખાન વિ૦ પરનીના માજીસ્ત્રેટના કામમાં તફાવત બતાવવામાં આવે છે. ૧૧ બેં૦ લો૦ રી૦ અપે ૮; ૨૦ વિ૦ રી૦ ૨૩. જુઓ તપાસણી ૮.

૧૫ તપાસણી—હાઈ કોર્ટ—ફરીથી રજુઆત ચલાવવી તે—હકુમત-સને ૧૮૭૪ નો ૧૧ મો કલમ ૨૮—યોગ્ય લાગે ત્યાં ફરીથી રજુઆત ચલાવવાનો હુકમ કરવાને હાઈ કોર્ટને પુરેપુરો અધીકાર છે. આસેસરોથી ચલાવેલા કેસોમાં સને ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૨૮ મુજબ અપીલ કોર્ટ તરીકે પણ તેને એવો અધીકાર છે. લખીના રાયણ નાગોરી અરજદાર ૨૪ વિ૦ રી૦ ૨૪.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જુલાઈ સને ૧૮૭૫).

ઈલાહીબક્ષ અપેલેન્ટના કામમાં આધાર રાખવામાં આવે છે. ૫ વિ૦ રી૦ ૮૦ જુઓ બેં૦ લો૦ રી૦ વો૦ ૪૫૯ જુઓ સોબતી ગુન્હાનો ૫.

૧૬ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭—નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ઠરાવ—સને ૧૮૭૨ ના આકટ ૧૦ ગાની કલમ ૨૯૭ માં આપેલો અધીકાર બજાવવાને, નિર્દોષ ઠરાવી છોડી મુકવાના ફેંસલાથી હાઈ કોર્ટને બાદ આવતો નથી. રાણી વિ૦ બીશ્વેશ્વર પાંડીનો ફેંસલો ધ્યાનમાં લેવામાં આવ્યો. (૬ વા. દી. પ્રાં. ૩૫૭) મેસર્સ ટરનર અને સ્પેંકી જડજનો મત—કાયદાની ભુલથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ફેંસલો આપ્યો હોય તોજ આવી જાતનો અધિકાર બજાવી શકાય, પણ હકીકતની ભુલથી ફેંસલો આપવામાં આવ્યો હોય તો આવો અધીકાર બજાવી શકાય નહીં હારડીઓની બાબતમાં ઇ. લો. રી. ૧ અ. ૧૩૯.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન ટરનર, સ્પેંકી, અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬).

જુઓ બેલીલીઓની અરજીની બાબતમાં, ૧૨ બેં લો. રી. ૨૪૯. જુઓ સજા ૪૯. મોટી ચુક વિષેની બાબત, જુઓ રાણી વિ. રામકાનુ ૧૨ બેં. લો. રી. ૨૫૩ ન ૧૯ વિ૦ રી૦ ૨૮. જુઓ ભુલ ૭.

રાણી વિ. ગોરાચંદ ગોપની બાબતમ આધાર રાખવામાં આવે છે. ૫ વિ૦ રી૦ ૪૫; અથવા બેં. લો. રી. વો. ૪૪૩. જુઓ ખુન ૧૯.

નિચેના કેસોમાં આ કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવે છેઃ—

જે. જી. બાગરામ અરજદાર, ૧૯ વિ. રી. ૫૨. જુઓ માંડી વાળવુ ફરીઆદનું ૨૪.

ઓખોયટેલી વિ. મોધુશેખ, ૧૯ વિ. રી. ૫૫ જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૪.

રાણી વિ. હાદુખાન, ૧૨ બેં૦ લો૦ રી૦ અપે. ૨૨; ૨૧ વિ રી. ૨૧. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૨૫.

રાણી વિ. બીશેશ્વર પાંડેનાં કામમાં તફાવત બતાવવામાં આવે છે. ૬ વા. રી. પ્રાં. ૩૫૭. જુઓ તપાસણી ૧૨.

રાણી વિ મુરારીના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૨ અ ૩૩૬. જુઓ તપાસણી ૨૦.

૧૭ તપાસણી—હાઇ કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૪, ૨૯૭—"મોટી ભુલ"—સુલેહનો ભંગની ધાસ્તીના કેસમાં માજીસ્ત્રેટે એકંદર સાહ હજાર કરતાં વધારે રૂપીઆના જામીનો પક્ષકારોના લીધા આ તદન ગેરવાજબી છે એમ ઠરાવી હાઈ કોર્ટે હુકમ રદ કર્યો. મી. માર્કબાય જડજનો મત - જે કેસોમાં પુરતો વિચાર કરવાનો હોય અને તે કેસોમાં મુકરદમા ઉપરથી માજીસ્ત્રેટે કાંઈપણ વિચાર કર્યો નથી અથવા પોતે તદન ગેરવાજબી રીતે વિચાર કર્યો છે એમ માલમ પડે તેવા કેસોમાં સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૨૯૪ અને ૨૯૭ મુજબ દરમીઆન થવાને હાઇ કોર્ટને બાદ આવતો નથી. મી. મીતર જડજનો મત-હાઈ કોર્ટના તાબાની કોર્ટોના ઈનસાફી મુકરદમાઓમાં મોટી ભુલ થઈ હોય એટલે કાયદા વિરૂદ્ધ હુકમ થાય એવું ઈનસાફી મુકરદમા ઉપરથી સપષ્ટ જણાય તો તેવી કોર્ટોના ઠરાવો સજાઓ અને હુકમોની દરમીયાન થવાને કલમ ૨૯૭ મુજબ હાઇ કોટને અધીકાર છે. જગતચંદર ચકરબતીની બાબતમાં ઈં. લો રી. ૨ ક ૧૧૦.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી સપટંબર સને ૧૮૭૬).

દેબીચરન બીસ્વાસની બાબતમાં અર્થ કરી બતાવવામાં આવે છે. ૨૦ વિ. રી. ૪૦. જુઓ તપાસણી ૯

એલીલીઓની બાબતમાં અર્થ કરી બતાવવામાં આવે છે. ૧૨ બેં. લો. રી. ૨૪૫. જુઓ સજા ૪૯.

૧૮ તપાસણી—હાઈકોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૫૫, ૨૮૩, ૨૯૭, ૩૦૦—આસેસરોનો મત લીધા સીવાય તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—મુકરદમામાં ભુલ અથવા ખામી- આસેસરોનો મત લીધા સીવાય સેસન કોર્ટે તોહોમતદારને જવાબ લીધા પછી નિર્દોષ ઠરાવી છોડી મુકેલો તે કેસમાં એમ ઠરાવવામાં આવ્યું કે આવી ચુકથી જો કે મોટી અવ્યવસ્થા થઈ એમ ગણાય છે તોપણ તે ચુક એવી નથી કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માંની કલમો ૨૮૩ અને ૩૦૦ ઉપર નજર રાખતાં ફરીથી તપાસમાં લેવાને હાઈ કોર્ટને દરમીયાન થવાનું કારણ મળેછે. નારાયણદાસની અરજીની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૧ અ ૬૧૦.

(મા૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮).

રાણી વિ. પારબતીના કામમાં આધાર રાખવામાં આવે છે. ૭ મું હા. કો. રી ૮૨. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૯.

૧૯ તપાસણી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭—હાઈકોર્ટ—ભારે હગામો ચાલતી વખતે સ નામનો માણસ ગોળીથી મરી ગયો હતો. પેહેલા કેદી અને બીજાઓ ઉપર ખુનનું તોહોમત રાખવામાં આવ્યું હતું. પેહેલા કેદીએ પોતાના બચાવમાં ગોળી મારી હતી એવી તેની અને તેના સાહેદીઓની હકીકત સેસન જડજે માનીને તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. કોર્ટે તપાસવાના અધીકાર મુજબ કામ ફરીથી તપાસમા લેવુ જોઇએ એવી મરનારની વિધવાએ અરજી કર્યાથી પેહેલું એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કો

ડની કલમ ૨૯૭ ના લખાણ મુજબ ગમે તે રીતે ખબર મળી હોય તો પણ હાઇકોર્ટ ફરીથી તપાસમાં લેવાનો અધીકાર બજાવી શકે છે; બીજુ એકે કલમ ૨૯૭ ના પેહેલા કલોઝમાં આપેલો અધીકાર ભુલના અમુક દાખલાઓમાં અને તેની પછીના વાકયમાં બતાવેલી અમુક રીતે બજાવવો જોઈએ એવો કાંઈ કાયદા બાંધનારાઓનો વિચાર નોહોતો, પણ તેમનો વિચાર ફકત ભૂલના કેટલાક દાખલાઓમાં અમુક રીત બતાવવાનો હતો. ત્રીજુ એ કે ફરીઆદીએ આપેલો સબળો પુરાવો જે સેસન જડજની રૂબરૂ મંગાવવો જોઈએ તે નહીં મંગાવ્યાથી ફરીથી તપાસમાં લેવાને હાઈ કોર્ટને દરમીઆન થવાનુ કારણ નથી. ચોથુ એ કે તે કલમમાં બતાવેલા "મોટી ભુલ" એ શબ્દોથી પુરાવાની રૂઈએ ભુલ ગણાતી નથી; પાંચમુ એ કે કલમ ૨૯૭ ના પેહેલા કલોઝ મુજબ અપીલ થયા શીવાય હાઈ કોર્ટ હકીકત ઉપર આપેલો ફેંસલો રદ કરી શકે નહીં. ઓરોકીઆમની બાબતમાં, ઈ. લો. રી. ૨ મ. ૩૮.

(મેસર્સ ઈન્સ કામચલાઉ ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ. તા૦ ૨૫ મી અકટોબર ૧૮૭૮).

૨૦ તપાસણી—હાઈ કોર્ટનો અધીકાર—સેસન કોર્ટનો અધીકાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૭, ૪૭૨ સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૨૧૮—**ल** નામના માણસે **म** નામના માણસ ઉપર ફરીઆદ કરી અને અરજીમાં એવું બતાવ્યું કે પીનલકોડની કલમો ૧૯૩ અને ૨૧૮ મુજબ શિક્ષા થઇ શકે એવા ગુન્હાઓને માટે ફકત તે ગુન્હેગાર છે, પણ તેમાં વળી તેણે એવું બતાવ્યું હતું કે **म** એ કરેલા કૃત્યોથી પીનલકોડની કલમ ૪૬૬ મુજબ સાત વર્ષની સજા થઈ શકે એવો ગુન્હો બને તેમ છે. પીનલકોડની કલમો ૧૯૩ અને ૨૧૮ મુજબ રાખેલા તોહોમતોની તપાસ કરી માજીસ્ટ્રેટે તોહોમતદારને છોડી મુકયો. **ल** એ પછીથી **म** ને ગેરવાજબી રીતે છોડી મુકવામાં આવ્યો છે એવું કારણ બતાવી સેસન જડજને કામ કમીટ કરવાનો હુકમ કરવાને અરજ કરી, જે અરજ સેસન જડજે મંજુર કરી; અને **म** ઉપર કલમ ૨૧૮ મુજબ તોહોમત રાખી રજુઆતને માટે તેને સેસન કોર્ટમાં મોકલ્યો, અને તે કોર્ટે તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. સેસન કોર્ટે પછીથી સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૭૨ મુજબ **ल** ઉપર પીનલકોડની કલમો ૧૯૩, ૧૯૫, ૨૧૧ અને ૧૦૯ મુજબ તોહોમતો રાખી તેને રજુઆતને માટે કમીટ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૧૯૩ મુજબ કરેલો ગુન્હો ખાસ સેસન કોર્ટ ચલાવી શકે તેવો નહી હોવાથી આવી રીતે કમીટ કરેલો કેસ કાયદા વિરૂદ્ધ નોહોતો. મી૦ સ્પેંકી જડજને શક પડવાથી મી૦ સ્ટુઅર્ટ જડજે વળી એમ ઠરાવ્યુ કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૭ મુજબ ફરીથી તપાસમાં લેતી વખતે સેસન કોર્ટે કમીટ કરવાનો કરેલો હુકમ રદ કરવાને તે આકટની કલમ ૪૭૨ મુજબ હાઈ કોર્ટને અધીકાર છે. મી૦ સ્પેંકી જડજે વળી એમ ઠરાવ્યું કે, **ल** એ પીનલકોડની કલમો ૧૯૩ અને ૨૧૮ મુજબ **म** ઉપર ફકત તોહોમતો રાખ્યાં હતાં તે છતાં પણ કલમો ૧૯૫ અને ૨૧૧ મુજબ તોહોમતો સેસન કોર્ટના અખતીયાર પાકી હોયતો, તેને રાખવાને અધીકાર હતો. રાણી વિ. લચમનસીંઘ, ઈ. લો રી. ૨ અ ૩૯૮.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૭૯).

રાણી વિ. નોમલના કેસમાં નજર રાખવામાં આવેછે. ૪ બેં. લો. રી. ક્રી. અ. ૯; ૧૨ વિ. રી. ૬૮. જુઓ જુઠો પુરાવો ૯૫.

૨૧ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૯૭—પુરાવો પારખવામાં અને ધ્યાનમાં લેવામાં ઘણી સીથીલતા કરવી એ સને ૧૮૭૨

ના આકટ ૧૦ માની કલમ ૨૯૭ ના અર્થ મુજબ ઈનસાફી મુકરદમામાં મોટી કસુર ગણાય છે. રાણી વિ મુરલી, ઈ. લો. રી. ૨ અ. ૩૩૬.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૭ મી જુલાઈ સને ૧૮૭૯).

હારડીઓની બાબતમાં આધાર રાખવામાં આવે છે. ઈ. લો. રી. ૧ અ. ૧૩૯. જુઓ તપાસણી ૧૬.

૨૨ તપાસણી—હાઇ કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૭૨, ૨૯૭—નિર્દોષ ઠરાવી છોડી મુકવાના કેસમાં કોર્ટને અરજ કરવાનો ખાનગી ફરીઆદીનો અધીકાર—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૭ મુજમ નિર્દોષ ઠરાવી છોડી મુકવાના કેસમાં ખાનગી ફરીઆદ કરનાર હાઈ કોર્ટમાં અરજ કરી શકે નહી. સએ દુરગાપ્રસાદ, ઈ૦ લો૦ રી૦ ૨ અ૦ ૪૪૮.

(મી૦ સ્ટ્રેટ જડજની રૂબરૂ, તા૦ ૬ ઠી સપટંબર સને ૧૮૭૯.)

હારડીઓની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૧ અ૦ ૧૩૯. જુઓ તપાસણી ૧૬.

૨૩ તપાસણી—હાઈ કોર્ટ–સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૬ મુજબ સેસન કોર્ટે રેફરન્સ કરેલું તે—સેસન કોર્ટ ચાલતા કેસમાં આસેસરનો મત લીધા પછી કેસની રજુઆત ચલાવવાનું પોતે બંધ રાખી કેસની રજુઆતમાં હકુમત વિષે ઉઠેલા સવાલનું સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૬ મુજબ હાઈ કોર્ટમાં રેફરન્સ કર્યું. એમ ઠરાવવામાં આવ્યું કે તે કલમ એવા અર્થમાં વાપરવી જોઈએ એવો કાંઇ કાયદા બાંધનારાઓનો વિચાર નોહોતો, તેથી આ સવાલનું નિરાકરણ સેસન કોર્ટે પોતે કરવું જોઈએ. રાણી વિ૦ ભુપસીંધ, ઈ૦ લો૦ રી૦ ૨ અ૦ ૭૭૧.

(મી૦ સ્ટ્રેટ જડજની રૂબરૂ, તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૮૦.

૨૪ તપાસણી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—નિર્દોષ ઠરાવી છોડી મુકવાના કેસમાં ફરીથી તપાસમાં લેવાનો હાઇ કોર્ટનો રીવાજ–સરકારથી અપીલ થઈ શકે તેવા નિર્દોષ ઠરાવી છોડી મુકવાના કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ ફરીથી તપાસમાં લેવાને દરમીઆન થવાનો હાઈ કોર્ટનો રીવાજ નથી. રાણી વિ૦ ચેદીરાય, ૭ ક૦ લો૦ રી૦ ૧૪૨.

(મેસર્સ ટોટનહામ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૮૦).

૨૫ તપાસણી-હાઈ કોર્ટ—સલાહ શાંતી રાખવાના જામીન—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૨૯૭, ૪૯૧, ૪૯૨—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૫૨—પીનલકોડની કલમ ૩૫૨ મુજબ સજા થઈ શકે તેવા હુમલાના ગુન્હાને માટે કેટલાક માણસોને ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવ્યા હતા. ફરીઆદીએ માજીસ્ટ્રેટના હુકમની નકલ સાથે અરજી કરી કેસ હાઇ કોર્ટની માહાતીમાં આણ્યો. આ અરજી મી૦ સ્ટ્રેટ જડજની રૂબરૂ રજુ કરતાં તે જડજને એમ લાગ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૮૯ માં બતાવ્યા પ્રમાણે સલાહશાંતી રાખવાના જામીન આ કેસમાં માજીસ્ટ્રેટે લેવા જોઈએ. તે ઉપરથી તેણે તે કોડની કલમ ૪૯૧ મુજબ સલાહશાંતીના જામીન શા માટે નહી આપવા જોઈએ તેનું કારણ બતાવવાને તે માણસો ઉપર સમન કાઢવાનો હુકમ કર્યો તે ઉપરથી હુકમ મુજબ માજીસ્ટ્રેટે તે માણસો ઉપર સમનો કાઢ્યા અને "તેમાં હાઈકોર્ટના હુકમ મુજબ" એવું લખ્યું. માજીસ્ટ્રેટે આ માણસોનો પુરાવો લેઇ ખરેખરી રીતે એવો હુકમ કર્યો કે આ માણસોએ સલાહ શાંતી રાખવાના જામીન આપવા જોઈએ. મી૦ સ્ટ્રેઇટ જડજે કરેલો હુકમ પુરેપુરી રીતે આ માણસોના જાણવામાં હતો. માજીસ્ટ્રેટે પોતે આ હુકમ કર્યો નથી પણ મી૦

સ્ટ્રેઈટ જડજના હુકમ ઉપરથી કર્યો છે જે હકુમત સીવાયનો છે, અને જે ખબર ઉપરથી સમનો કાઢવામાં આવ્યા હતા તે ખબર સમનોમાં લખી નથી એવું કારણ બતાવી સલાહ શાંતીના જામીન આપવાનો હુકમ રદ કરવાને આ માણસોએ હાઈ કોર્ટને અરજ કરી. મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસે એવું ઠરાવ્યું કે મી૦ સ્ટ્રેઈટ જડજે પોતે હુકમ કરતી વખતે હાઈ કોર્ટનો અધીકાર અને હકુમત પુરેપુરી વાપરી હતી તેથી એ હુકમ છેવટનો હુકમ હતો તેથી અરજી ચાલી શકતી નથી. આ હુકમ વિષે વાંધો ઉઠાવી શકાય કે નહી એ બાબતનો મી૦ સ્પેંકી જડજને શક પડવાથી મેસર્સ પીઅરસન, સ્પેંકી, અને ઓલ્ડફીલ્ડ જડજોએ એમ ઠરાવ્યું કે મી૦ સ્ટ્રેઈટ જડજને, સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૭ મુજબ તપાસનારી કોર્ટ તરીકે એવો હુકમ કરવાનો અધીકાર હતો. મેસર્સ પીઅરસન અને સ્પેંકી જડજોએ એમ ઠરાવ્યું કે સમનની ખામીથી આ માણસોના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ જરા પણ તેમને નુકશાન નહી થવાથી, સલાહ શાંતી રાખવાનો માજીસ્ત્રેટે કરેલો હુકમ રદ કરવાને આ કારણ નોહોતું. રાણી વિ. મહમદ જાફર, ઈં૦ લો૦ રી૦ ૩ અ. ૫૪૫.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન, સ્પેંકી, ઓલ્ડફીલ્ડ, અને સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી માર્ચ સને ૧૮૮૧)

રાણી વિરૂદ્ધ કમતાપ્રસાદના કામમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૪ અ. ૨૧૨. જુઓ જામીન સલાહ શાંતી રાખવાના ૨૦.

૨૬ તપાસણી - હાઈ કોર્ટ—કલેકટર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬—ફોજદારી બાબતોમાં હાઈ કોર્ટની તપાસણીની હકુમતમાં કલેક્ટર નહી આવી જવાથી, પીનલકોડ મુજબ કલેકટરે કાયદા વિરૂદ્ધ કરેલા હુકમમાં હાથ ઘાલવાને એવી હકુમતની રૂઈએ તે કોર્ટને અધીકાર નથી. ડીઆનટ હુસેનની બાબતમાં ૧૦ ક. લો. રી. ૧૪.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ડીસેંબર સને ૧૮૮૧.)

૨૭ તપાસણી--હાઈ કોર્ટ - સને ૧૮૭૮ નો ૭ મો જંગલનો આકટ કલમો ૫૪, ૫૬, ૫૮—મિલકત જપ્ત કરવી તે—જંગલની પેદાશ જે સરકારી મીલકત છે અને જેના સંબંધી જંગલના આકટ પ્રમાણે ગુન્હો બન્યો છે તેને જપ્ત કરવાની જરૂર નથી અથવા એવો હુકમ થઈ શકે નહી ફક્ત એટલુંજ કરવાની જરૂર છે કે જંગલની પેદાશ જંગલના અમલદારના સ્વાધીન કરવાને હુકમ કરવો જોઈએ. સરકારી ના હોય તેવી જંગલની પેદાસ જેના સબંધી ગુન્હો થયેલો છે તે જપ્ત કરવાનો હુકમ ફક્ત ગુન્હેગારને અપરાધી ઠરાવતી વખતે થઈ શકે છે. જંગલના સને ૧૮૭૮ ના આકટની કલમ ૫૪ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટના હુકમ ઉપર અપીલ થઈ હોય અને તે આકટની કલમ ૫૮ મુજબ ડીસ્ત્રીકટ જડજે હુકમ કરેલો હોય તે હુકમ ફરીથી તપાસવાને સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૭ મુજબ હાઈ કોર્ટને અધીકાર છે, કારણ કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૭ મુજબ હાઈ કોર્ટની હકુમત, જંગલના સને ૧૮૭૮ ના આકટની કલમ ૫૮ થી સપષ્ટ રીતે લેઈ લેવામાં આવી નથી. રાણી વિ. નથુખાન, ઈં૦ લો૦ રી૦ ૪ અ ૪૧૭.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૪ મે સને ૧૮૮૨.)

૨૮ તપાસણી - હાઈ કોર્ટ—નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬—તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટ નિર્દોષ ઠરાવી છોડી મુકેલા ફેંસલાની અંદર દરમીયાન થઈ શકશે નહી. ઢાકાની મ્યુનીસીપાલ ક. મીટી વિ. હીંગોરાજ, ઈં૦લો૦રી. ૮ ક. ૮૯૫

(મેસર્સ પ્રીનસેપ અને ઓફીનલી જ ડજોની રૂબરૂ, તા ૩૦ મી મે સને ૧૮૮૨.)

૨૯ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૮૨ ના ૧૦ મા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૮—કોઇ માણસને પીનલકોડની કલમો ૧૦૯ અને ૪૫૭ મુજબ તા૦ ૯ મી ડીસંબર સને ૧૮૮૨ ને રોજ ગુન્હેગાર ઠરાવી આસામના ડેપ્યુટી માજીસ્ટ્રેટે સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬ મુજબ ખાસ અધીકારની રૂઇએ ત્રણ વર્ષની સખત મજુરી સાથે સજા કરી. નવો કોડ તા૦ ૧ જાનેવારી સને ૧૮૮૩ ને રોજ અમલમાં આવ્યો. કેદીએ તા૦ ૨૩ મી જાનેવારી સને ૧૮૮૩ ને રોજ ઉપર બતાવેલી સજા ઉપર હાઈ કોર્ટમાં અપીલ કરી. એમ ઠરાવવામાં આવ્યું કે કેસ નવા કોડની કલમ ૪૦૮ માં આવી જવાથી અપીલ થાય નહી, પણ હાઈ કોર્ટના ફરીથી તપાસમાં લેવા લાયક કેસ છે અને તે હકુમતની રૂઈએ આપેલા અધીકાર મુજબ ચાલવું જોઈએ. રાણી વિ. રોનગાઈ, ઈ૦ લો૦ રી૦ ૯ ક. ૫૧૩.

(મેસર્સ મીતર અને ફીલ્ડ જડજોની રૂબરૂ. તા૦ ૨૭ મી ફેબ્રુઆરી ૧૮૮૩).

૩૦ તપાસણી—હાઈ કોર્ટ—અપીલનો અધીકાર સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૩૯, ૪૨૦—વિચાર— અપીલ-પુરાવો—જે કેસોમાં કાયદા પ્રમાણે અપીલ થાય નહી તેવા કેસોમાં તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટ ખાસ કારણો સીવાય, અપીલ કોર્ટનો અધીકાર બજાવી શકે નહી. પણ જ્યાં આવી જાતના ખાસ કારણો મળી આવે જેવા કે પુરાવાથી કોઈ પણ રીતે મજબુતી મળ્યા સીવાય શિક્ષા થઈ હોય તેવી બાબતમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ મુજબ હાઇ કોર્ટ પોતાના વિચાર મુજબ અધીકાર બજાવી ગુન્હો અને શિક્ષા રદ કરી શકે. રાણી વિ. શેખ સાહેબ, ઈ. લો. રી. ૮ મું. ૧૯૭.

(મેસર્સ કેમબેલ અને પીન્હે જડજોની રૂબરૂ. તા૦ ૧ લી માર્ચ ૧૮૮૩).

૩૧ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯- ગેરવાજબી રીતે તોહોમતદારને છોડી મકેલો તે—કમીટ કરાવાનો હુકમ કરવાનો અધીકાર—હાઇ કોર્ટને એમ લાગે કે તોહોમતદારને ગેરવાજબી રીતે છોડી દેવામાં આવ્યો છે તો રજુઆતને માટે તેને સને ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ મુજબ કમીટ કરવાનો હુકમ કરવાને તેને અધીકાર છે. રાણી વિ. રામલાલસીંઘ, ઈ. લો. રી. ૬ અ. ૪૦.

(ભી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ. તા૦ ૨૩ મી જુલાઇ ૧૮૮૩).

૩૨ તપાસણી—હાઈ કોર્ટ—સ્થાનીક સરકારે કરેલી અપીલ -સ્થાનીક સરકારે ફરીથી તપાસમાં લેવરાવવાને કરેલી અરજી—ઢીલ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૧૭, ૪૩૯—એક તરફ સરકારને અથવા બીજી તરફ તોહોમતદારને અપીલ કરવાનો હક હોય અને તે હક ના બજાવે તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ મુજબ હાઇ કોર્ટથી અધીકાર બજાવી શકાય નહી એવો કાંઇ નિયમ નથી; પણ આવી જાતના કેસોમાં આવી રીતનો અધીકાર ઘણી ખાસ બાબતો સીવાય થોડો બજાવવો જોઈએ અને હકીકતના સવાલોમાં બીલકુલ બજાવવો જોઈએ નહી. નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ મુજબ ફરીથી તપાસમાં લેવાને માટે સેસનમાં રજુઆત ચાલ્યાને આશરે દશ મહીના થયા પછી, અને ગુન્હો બન્યાને એક વર્ષ કરતાં વધારે મુદત વીત્યા પછી સ્થાનીક સરકારે હાઈ કોર્ટમાં અરજી કરી, પણ જડજના ઠરાવમાં સ્પષ્ટ રીતે કાયદા સબંધી ભુલ થઈ નોહોતી, અને હકીકતના સવાલ ઉપર અપીલ નહી કરવામાં આવ્યાથી, એમ ઠરાવવામાં આવ્યું કે ઉપલી હકીકત ધ્યાન

માં લેતાં ફરીથી તપાસમાં લેવાની અરજ ઉપરથી કેસનો વાસ્તવીક રીતે તપાસ કરવો એ કોર્ટને યોગ્ય લાગતું નથી. રાણી વિ૦ આલાબક્ષ, ઈં૦ લો૦ રી૦ ૬ અ ૪૮૪.

(મેસર્સ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને ડુથોઈટ જડજોની રૂબરૂ, તા ૨૩ મી જુન સને ૧૮૮૪).

૩૩ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯—જાતમાં ફેરફાર થઈ શકે તેવી રીતે સજાનો વધારો—સજા તદન બદલાઈ જાય એવી રીતે હાઇ કોર્ટ તપાસવાના અધીકાર મુજબ સજામાં વધારો કરી શકે છે. રાણી વિરૂદ્ધ રામકુરીઆ, ઈં૦ લો૦ રી૦ ૬ અ. ૬૨૨.

(મેસર્સ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જસ્ટીસ, ઓલ્ડફીલ્ડ, બ્રોધર્સ્ટ, મહમદ, અને ડુથોઈટ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૮૪).

૩૪ તપાસણી - હાઈ કોર્ટ—હકીકતનો ફરીથી તપાસ કરવો તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—પુરાવો—સને ૧૮૭૭ નો ૩ જો રજીસ્ટ્રેશન આકટ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ હકીકતના સવાલ સબંધી તપાસ કરવાને હાઇ કોર્ટને અધીકાર છે પણ જે કેસોમાં ન્યાયની ખાતર આવી રીતનો તપાસ કરવાની જરૂર છે એવું માલમ પડે તેવા કેસોમાંજ આ અધીકાર ફકત બજાવી શકાશે. क નામનો માણસ, જેણે ख નામના માણસને ગીરો ખત કરી આપ્યું હતું, અને જે ग નામના માણસનો પાડોશી હતો અને તેને ख નામના માણસે ગીરો ખતના અવેજને માટે પૈસા ધીરવાનું કબુલ કરેલું તે તેજ માણસ હતો એવું સબ રજીસ્ટ્રારની રૂબરૂ જાુઠું બતાવવાને માટે ग ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. "क ને પોતાના પાડોશી તરીકે તે ઓળખતો હતો" એ હકીકત સબ રજીસ્ટ્રારની રૂબરૂ ખોટી ઠરાવવામાં આવી હતી. ख કેસ ચાલવા અગાઉ મરી જવાથી, કેસની રજુઆત ચાલતી વખતે ख એ ત્રીજા માણસને એવું કહેલું કે ग એ તેણે કેટલીક હકીકત કહી હતી, એ સાબીત કરવામાં આવ્યુ હતું. ग ના હાથ દસ્કતની એક ચીઠી પુરાવામાં રજુ કર્યાથી દાખલ કરવામાં આવી હતી, અને તેના હાથથી લખેલી સાબીત થએલી બીજી ચીઠીની સાથે તે દસ્કત મળતા આવે છે તે શીવાયનો તેના હાથ દસ્કતનો બીજો પુરાવો કામમાં નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે ख એ ત્રીજા માણસને કહેલી હકીકત પુરાવામાં દાખલ થઇ શકે તેવી નોહોતી, અને ચીઠી પણ ખોટી રીતે પુરાવામાં દાખલ કરવામાં આવી હતી. નોબીનક્રીષ્ણ મુકરજી વિરૂદ્ધ રસીકલાલ લાહ, ઈં૦ લો૦ રી૦ ૧૦ ક. ૧૦૪૭.

(મેસર્સ મીતર અને પીગટ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી અગષ્ટ સને ૧૮૮૪.)

૩૫ તપાસણી—હાઇ કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯—કેદની મુદત પુરી થયા પછી કેસ ફરીથી તપાસમાં લેવો તે—સજા પુરી થયા પછી ગુન્હાની અંદર દરમીયાન થવાની જરૂર ના જણાય તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ મુજબ ગુન્હો ફરીથી તપાસમાં લેવાનો અધીકાર હાઈ કોર્ટને છે. રાણી વિ૦ સીનહા, ઈં૦ લો૦ રી૦ ૭ અ૦ ૧૩૫.

(મી૦ ડુથોઈટ જડજની રૂબરૂ, તા૦ ૨૧ મી અકટોબર સને ૧૮૮૪.)

૩૬ તપાસણી—હાઈ કોર્ટ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૩૨ મું—સાંથળ પ્રગણાઓ—સને ૧૮૫૫ નો આકટ ૩૭ મો કલમ ૪ ક્લોઝ ૧—સને ૧૮૭૪ ના આકટ ૧૪ મુજબ શેડયુલમાં બતાવેલા પ્રગણાઓ—સને ૧૮૫૫ ના આકટ ૩૭ ની કલમ ૪ નો ક્લોઝ ૧ (જે સાંથલ પ્રગણાઓમાં હજુ અમલમાં છે) મુજબ ફોજદારી કેસમાં કરેલી સઘળી સજાઓ છેવટની સજાઓ છે. તે આકટ મુજબ કોઇ તો

હોમતદારને કેદની સજા કરેલી હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૩૨ મુજબ ફરીથી તપાસમાં લેઈ શકાય નહી દુલારદતરાય વિ. નીચબતહુસેન, ઈ.લો. રી ૧૨ ક. ૫૩૬.

(મેસર્સ મેકડોનલ અને બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૧ લી માર્ચ સને ૧૮૮૬.)

૩૦ તપાસણી—રીવાજ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—પ્રથમ નિચેની કોર્ટમાં અરજી ના કરી હોય તો જે કેસોમાં ડીસ્ટ્રીકટ કોર્ટ અથવા માજીસ્ટ્રેટને હાઈ કોર્ટની સાથે કામ તપાસવાનો અધીકાર હોય તેવી બાબતમાં ફરીથી તપાસવાની અરજી કેટલાક ખાસ કારણો બતાવ્યા સીવાય હાઈ કોર્ટમાં થઇ શકે નહી; પણ જે કેસોમાં નિચેની કોર્ટોને હકુમત ના હોય તેવા કેસોમાં આવો સાધારણ નિયમ લાગુ પડતો નથી. રાણી વિ. રીઓલાહ વિગેરે, ઈ લો રી. ૧૪ ક. ૮૮૭.

(મેસર્સ પ્રીનસેપ અને પીગટ જડજોની રૂબરૂ, તા૦ ૧ લી નવંબર ૧૮૮૭).

તોડવો કાયદાનો નિયમ—

૧ તોડવો કાયદાનો નિયમ —સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૭—ગામડાનો આકાઉન્ટન્ટ—ગામડાના મુનસફનો સીપાઈ—સને ૧૮૭૨ નો ૧૦ ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૯૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૯૦ માં બતાવેલો કાયદાનો નિયમ તોડવાને માટે ગામડાના આકાઉન્ટન્ટ અને ગામડાના મુનસફનો સીપાઇ એ બંનેને પીનલકોડની કલમ ૨૧૭ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવેલા, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે કલમ ૯૦ માં બતાવ્યા પ્રમાણે તેમની ફરજ નહી હોવાથી તેમને કાયદા વિરૂદ્ધ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. પીનલકોડની કલમ ૨૧૭ માં બતાવેલા કાયદાના નિયમનો અર્થ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૮૯ અને ૯૦ માં આવી ગયેલો ખરેખરો કાયદાનો નિયમ એવો છે, પણ તેની અંદર ફોજદારી ગુન્હો નહી છુપાવવાની દરેક બાબતની ફરજ આવી જતી નથી. રામનીહી નાયારની બાબતમાં, ઈ લો. રી. ૧ મ. ૨૬૬.

(મેસર્સ ઇન્સ અને કરનાન જડજોની રૂબરૂ, તા૦ ૭ મી માર્ચ ૧૮૭૭).

૨ તોડવો કાયદાનો નિયમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૨૧૭ મુજબ સજા થઈ શકે તેવો સરકારી નોકરે કરેલો ગુન્હો—જે રીત મુજબ ચાલવું જોઈએ તે રીત મુજબ નહી ચાલીને તોહોમતદારે કાયદાનો નિયમ કોઈ માણસને કાયદેસર સજામાંથી બચાવવાને માટે જાણી બુઝીને તોડયો છે એ પીનલકોડની કલમ ૨૧૭ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે બસ છે. જે માણસને બચાવવાને ધારેલું તે માણસે ગુન્હો કર્યો હતો અથવા કાયદેસર સજાને તે પાત્ર હતો એ સાબીત કરવાની કાંઇ જરૂર નથી. રાણી વિ. અમીરૂદીન, ઈ. લો. રી. ૩ ક. ૪૧૨; ૧ ક. લો. રી ૪૮૩.

(મેસર્સ જેકશન અને કર્નીંગહામ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮.)

જુઓ તોહોમત ૩૫.

,, સરકારી નોકર ૧.

રાણી વિ. જોય નારાયણ પેત્રાનો કેસ જુદો પડે છે. ૨૦ વિ. રી. ૬૬ જુઓ જુઠી ખબર ૭.

તોડવો મામલતદારનો હુકમ—

જુઓ મામલતદાર ૧, ૨.

તોડવો મ્યુનીસીપાલ કમીશનરનો હુકમ—

૧ તોડવો મ્યુનીસીપાલ કમીશનરનો હુકમ—કાયદા વિરૂદ્ધ સજા—સને ૧૮૫૦ નો ૨૬ મો—પુનાના મ્યુનીસીપાલ કમીશનરે કરેલો હુકમ તોડવાથી તોહોમતદારને સને ૧૮૫૦ ના આકટ ૨૬ મુજબ ગુન્હેગાર ઠરાવી પચીસ રૂપીઆ દંડ કર્યો, અને હુકમ પ્રમાણે વર્તવાની આઠ દીવસની મુદત ઠરાવી, અને તે દીવસ પછી જો હુકમ પ્રમાણે ના ચાલે તો દરેક દીવસના બે રૂપીઆ દંડ ઠરાવ્યો. આ છેવટનો દંડ હાઈ કોર્ટે રદ કર્યો હતો. રાણી વિ.

જગનનાથ ભટ ઉરફે આપા ભટ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૦૩.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૩ ડીસંબર સને ૧૮૬૮.)

૨ તોડવો મ્યુનીસીપાલ કમીશનરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—સને ૧૮૭૬ નો ૫ મો કલમ ૨૫૬—કેદીને ગુન્હેગાર ઠરાવવામાં માજીસ્ટ્રેટને લાભ-જરજને ના લાયક ઠરાવેલો તે-તા૦ ૨૯ મી માર્ચ સને ૧૮૮૩ ને રોજ કોમીલાહના મ્યુનીસીપાલ કમીશનરે મીટીંગ વખતે બંગાલાના સને ૧૮૭૬ ના આકટની કલમ ૨૫૬ મુજબ એક હુકમ કાઢયો. આ હુકમ તોડવાને માટે તોહોમતદારને પીનલકોડની કલમ ૧૮૮ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવી સો રૂપીઆ દંડ કર્યો. જે માજીસ્ટ્રેટે રજુઆત ચલાવી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવેલો તે માજીસ્ટ્રેટ તા૦ ૨૯ મી માર્ચની મીટીંગ વખતે ચેરમેન હતો, અને જે હુકમ તોડવાને માટે તોહોમતદાર ઉપર કામ ચલાવીને તે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો તે હુકમ આ વખતે થયો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે સજા કાયદા વિરૂદ્ધ છે અને તેથી રદ કરવી જોઈએ. સરજન્ટ વિ. ડેલી લો૦ રી૦ ૨ કી૦ બેં૦ ૫૫૮) નો કેસ બતાવી તેનો આધાર લેવામાં આવ્યો. ખારક ચંદપાલ વિ. તારકચંદર ગુપ્ત, ઈં૦ લો૦ રી૦ ૧૦ ક. ૧૦૩૦.

(મેસર્સ પ્રીનસેપ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અગષ્ટ ૧૮૮૪.)

તોડવો નોટીસનો હુકમ--

૧ તોડવો નોટીસનો હુકમ—મુંબાઈનો સરવે અને સેટલમેન્ટ આકટ સને ૧૮૬૫ નો ૧ લો કલમ ૧૪—મુંબાઈનો સને ૧૮૬૮ નો ૪ થો કલમ ૧૪—પુરાવો રજુ કરવાની નોટીસ—પુરાવો રજુ કરવાની નોટીસનો હુકમ નહી પાળવાને માટે થયેલી સજા--મુંબાઈના સને ૧૮૬૮ ના આકટ ૪ ની કલમ ૧૫ મુજબ કાઢેલી નોટીસ નહી માનવાનો જવાબદાર ઠરાવવાને માટે એ જરૂરનું છે કે જોવાને મંગાવેલો દસ્તાવેજ તેની અંદર બતાવવો જોઇએ. મુંબાઈના સને ૧૮૬૫ ના આકટની કલમ ૧૪ ના કલોઝ ૧ લા મુજબ પુરાવો રજુ કરવાને કાઢેલો હુકમ નહી માનવાને માટે કોઈ માણસ ઉપર ફોજદારી ચાલી શકે નહી પણ ફક્ત તેની ગેરહાજરીમાં દાવો ચલાવવો જોઈએ. રાણી વિ૦ માનીકરામ સુરજરામ, ૧૧ મું. હા. કો. રી. ૨૩૧.

(મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી નવંબર સને ૧૮૭૪.)

તોડવો કોરટનો હુકમ--

જુઓ જ્યુરી ૧૦૧.

તોડવો સરકારી નોકરનો હુકમ--

૧ તોડવો સરકારી નોકરનો હુકમ--છાપરું કાઢી નાખીને ફરીથી બનાવવાનો માજીસ્ટ્રેટે કરેલો હુકમ-લોકોપકારક કૃત્ય-છાપરૂ કાઢી નાખી ફરીથી કરવાની ના પાડવાને માટે કોઈ માણસને કાયદેસર સજા કરતાં પેહેલાં પક્ષકારે માજીસ્ટ્રેટનો હુકમ તોડયો છે કે નહી, અને એવી રીતે તોડવાથી કોઈને ઈજા થવાનો સંભવ છે કે શી રીતે એ વિષેનો પુરાવો લેવો જોઈએ. સવાલ-ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૭૩ મુજબ આવી રીતનો હુકમ કાયદેસર છે કારણ કે તે કલમ લોકોપકારક કૃત્યને લાગુ પડે છે. રાણી વિ. શાબકરામ બકુલી અને બીજો, ૨ વિ૦ રી૦ ૩૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ફેબ્રુઆરી સને ૧૮૬૫.)

૨ તોડવો સરકારી નોકરનો હુકમ--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮-મુંબઈનો સને ૧૮૬૪ નો ૫ મો - મામલતદાર-હકુમત—સરકારી નોકરે જાહેર કરેલો હુકમ તોડવાને માટે ગુન્હેગાર ઠરાવી સજા કરેલી રદ કરવામા આવી કારણ કે મામલતદારે એમ બતાવ્યુ કે મુંબાઈના સને ૧૮૬૪ ના આકટ ૫ મુજબ હુકમ કાઢેલો હતો, જે હુકમ કાઢવાને માટે તેને તે મુજબ અધીકાર નોહોતો. રાણી વિ

ભાઉ ઉર્ફે ચીઠુ અને બીજો, ૩ મું. હા. કો. રી. ૫૩

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જાનેવારી સને ૧૮૬૭.

તોડવો સરકારી નોકરનો હુકમ સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—હુકમ તોડવાથી કાયદેસર કામે લાગેલા કોઈ માણસને કાંઈ અડચણ, દુઃખ કે નુકશાન થાય, અથવા થશે એવું થાય અથવા કાંઈ અડચણ, દુઃખ કેનુકશાનનુ જોખમ થાય અથવા થશે એવું થાય, અથવા મનુષ્ય જાતની જીંદગી તંદુરસ્તી અને સહીસલામતીને કાંઈ નુકન અથવા ભય ઉત્પન્ન થશે અથવા તેથી કાંઈ બખેડો અથવા હંગામો થશે એવું પુરાવાથી સાબીત ના થયું હોય તો સરકારી નોકરે કાઢેલો હુકમ તોડવાને માટે પીનલકોડની કલમ ૧૮૮ મુજબ ગુન્હો કાયમ રાખી શકાય નહી.

૪ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૫૦ ના આકટ ૨૬ મુજબ નીમેલો મ્યુનીસીપાલ કમીશનરોનો ચેરમેન--સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪--સને ૧૮૫૦ ના આકટ ૨૬ મુજબ નિમેલો મ્યુનીસીપાલ કમીશનરોનો ચેરમેન જો કે સરકારી નોકર હોય તોપણ પોતાની રૂબરૂ હાજર રાખવાનો હુકમ કાઢવાનો તેને અધીકાર નથી આ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે આવો હુકમ તોડવાથી પીનલકોડની કલમ ૧૭૪ મુજબ ગુન્હો બનતો નથી. રાણી વિરૂદ્ધ પરસોતમ વાલજી, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૩૩.

(મેસર્સ ન્યુટન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૬૮)

૫ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮--સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૧૮૮—એક તરફ અ નામનો માણસ અને બીજી તરફ બ નામનો માણસ અને તેના ભાડુઆતો વચે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ એવો હુકમ કરેલો કે તકરારી મીલકતનો કબજો અ નો છે, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતનો હુકમ ફકત માજીસ્ટ્રેટની રૂબરૂ ચાલતા કેસના પક્ષકારોનેજ ખરેખરી રીતે બંધનકારક છે, અને તેથી કરીને બ ના પછીના ભાડુઆતો આ તકરારી હુકમ તોડે તો તેમને ગુન્હેગાર ઠરાવી સજા થઈ શકે નહી. ગોપાલ બરનાવારની બાબતમાં, ૩ બેં. લો. રી. ક્રી. અ. ૧૩.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી મે સને ૧૮૬૯).

૬ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪-હાજર નહી રેહેવાને માટે પીનલકોડની કલમ ૧૭૪ મુજબ દંડની સજા કરતાં પેહેલાં એમ સાબીત થવું જોઈએ કે આવી રીતની ગેરહાજરી ઈરાદા પુર્વક હતી. રાણી વિ. ઉનગનલાલ, ૧ વા. દી. પ્રાં. ૩૦૩.

(મેસર્સ પીઅરસન અને ટરનર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી જુલાઈ સને ૧૮૬૯.)

૭ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮–સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૬૨-ઢોરની સંભાળ લેવાનો ઢોરના માલીકો ઉપર માજીસ્ટ્રેટે હુકમ લખ્યો અને તેમાં એમ બતાવ્યું કે કાંઈ કસુર અથવા ભુલ થશે તો કાયદા પ્રમાણે તેઓને સજા કરવામાં આવશે. અને તે ઉપરથી પીનલ કોડની કલમ ૧૮૮ મુજબ તેમને સજા કરી. એમ ઠરાવવામાં આવ્યુ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ આવી જાતનો હુકમ કરવાને માજીસ્ટ્રેટનો અધીકાર નોહોતો. આ કલમમાં ધારેલો હુકમ તાકીદ હુકમ છે, અને આવી રીતે કરેલો માજીસ્ટ્રેટનો હુકમ કાયદા વિરૂદ્ધ છે. પીનલકોડની કલમ ૧૮૮ મુજબ કરેલો ગુન્હો કાયદા વિરૂદ્ધ હતો. અમીરાદાની બાબતમાં, ૩ બેં. લો. રી. ક્રી. અ. ૪૫.

(મેસર્સ નોરમન અને જેકશન જડજો ની રૂબરૂ, તા૦ ૨૬ મી જુલાઇ સને ૧૮૬૯).

૮ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ ને ૩૧મો હથીઆર સંબંધી આકટ કલમ ૨૬—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૫૦, ૨૫૧—પરવાના શીવાય બંદુકનો દારૂ લેઈ જવો તે—સરકારી નોકરે ઝાહેર કરેલો હુકમ તોડવો તે—માજીસ્ત્રેટે એવું ઝાહેરનામું કાઢયું કે હથીઆર રાખનાર સઘળા માણસોએ સને ૧૮૬૦ ના આકટ ૩૧માની કલમ ૨૬ મુજબ પરવાનો લેવો જોઈએ. અને આ ઝાહેરનામાનીરૂઈએ કેટલાક માણસોને પકડીને તેની પાસે લાવી પરવાના શીવાય હથીઆર લેઈ જવાને માટે તેમના ઉપર તોહોમત રાખવામાં આવ્યું. કેદીઓને પકડી આણ્યા પેહેલાં સમન અથવા વારંટ કાઢવાને માટે અરજ કરવામાં આવી નોહોતી અથવા માજીસ્ત્રેટને કાંઇ ફરીઆદ પણ કરવામાં આવી નોહોતી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૫૦ અથવા ૨૫૧ માં બતાવ્યા પ્રમાણે લખેત તોહોમતનામું ઘડવામાં આવ્યું નોહોતું,અને કાંઈ પુરાવો પણ લેવામાં આવ્યો નોહોતો. પણ કેદીઓએ હથીઆરો લેઈ જવાનું કબુલ કરયું હતું. સરકારી નોકરે કાઢેલો હુકમ તોડવાને માટે પીનલકોડની કલમ ૧૮૮ મુજબ માજીસ્ત્રેટે તેમને ગુન્હેગાર ઠરાવ્યા. હુકમ તોડવાથી મનુષ્ય જાતની જીંદગી અથવા તનદુરસ્તી અથવા સલામતીને કાંઇ નુકશાન અથવા ઈજા થાય અથવા થવાનો સંભવ બને એવું પુરાવાથી કાંઈ સાબીત થયું નોહોતું. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હો રદ કરવો જોઈએ. ક્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવેલા નિયમો જોવાની અગત્યતા વિષે ટીકા કરવામાં આવી. રાણી વિ૦ નંદકુમાર બોસ, ૩ બેં૦ રી૦ અપે. ૧૪૯.

(મેસર્સ માર્કબાય અને ગ્લોવર જડજો ની રૂબરૂ, તા૦ ૧૪મી સપટંબર સને ૧૮૬૯).

૯ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—પ્રતીવાદીને વારંટથી પકડી ઠરાવેલી મુદતે માજીસ્ત્રેટની રૂબરૂ હાજર થવાને માટે જામીન લેઈ છોડી મુકવામાં આવ્યો હતો. ઠરાવેલા દીવસે પ્રતિવાદી હાજર થયેલો પણ માજીસ્ત્રેટે કેસ બંધ રાખ્યાથી બીજે દીવસે હાજર રહેવાનું મોંથી કેહેવામાં આવ્યું હતું. આ પ્રમાણે હાજર નહીં રહેવાથી પીનલકોડની કલમ ૧૭૪ મુજબ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર કાયદેસર રીતે ઠરાવવામાં આવ્યો હતો. પ્રે૰. તા૦ ૧૮મી જાનેવારી સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૧૫.

૧૦ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૧—ગેરહાજરીને માટે દંડ કરતાં પહેલાં કોઈ સાહેદીએ હાજર નહી રહેવાનું બાનુ બતાવ્યું હોય તેની તપાસ કરવી જોઈએ કે જેથી કરીને સેશન જડજ અથવા બીજો કોઈ અધીકારી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૧ માં આપેલો મરજી મુજબ અધીકાર વાજબી રીતે વાપરી શકે.રાણી વિ. અમીરખાન, ૨ વા.દી પ્રે૰ ૧૧૩

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦.૨૫ મી માર્ચ સને ૧૮૭૦).

૧૧ તોડવો સરકારી નોકરનો હુકમ—સમન પ્રમાણે હાજર ના થવું તે—પ્રવેસના કેસમાં પ્રતીવાદી તરીકે તોહોમતદારને સમન થવાથી રજા સીવાય કોર્ટ છોડીને ગએલો અને તેથી સમન મુજબ હાજર નહી રહેવાને માટે તેને ગુન્હેગાર ઠેરાવવામાં આવ્યો હતો. જરૂર પડે ત્યારે હાજર રહેવાને સબ માજીસ્ત્રેટે તોહોમતદારને મોંને હુકમ આપ્યો હતો, પણ માજીસ્ત્રેટે કોઈ અમુક દીવસ ઉપર કેસ મુલતવી રાખ્યો નહી. એમ ઠરાવવામાં આવ્યુ કે સજા કાયદા વિરૂદ્ધ હતી. પ્રે. તા. ૨૨ મી ડીસંબર સને ૧૮૭૦; ૬ મ. કો. રી. અપે. ૧૦.

૧૨ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—ગામડાના માજીસ્ત્રેટનો મોંનો હુકમ નહી પાળવાને માટે પીનલકોડની કલમ ૧૭૪ મુજબ ગુન્હેગાર ઠરાવવું તે કાયદેસરછે. પ્રો. તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૭૨; ૭ મ. હા. કો. રી. અપે. ૩.

૧૩ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—તોહોમત-લખેત હુકમ-પ્રીવિ સાફ રાખવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૨, ૩૦૮—પીનલકોડની કલમ ૧૮૮ મુજબ તોહોમત રાખવાને માટે ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૬૨ મુજબ લખેત હુકમની જરૂર છે. સવાલ-ગંદકી થાય તેવો પ્રીવી સાફ કરવાને માજીસ્ત્રેટે કરેલો હુકમ નહી પાળવાને માટે કોઇ પક્ષકાર ઉપર કલમ ૩૦૮ ને બદલે પહેલાં કહેલી કલમ મુજબ કામ ચલાવવાને માજીસ્ત્રેટને અધીકાર છે? પીતાબરડે અરજદાર, ૧૭ વિ. રી. ૫૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી એપ્રિલ સને ૧૮૭૨).

હરી મોહન માલોની બાબતમાં નજર રાખવામાં આવે છે. ૧૦ વિ. રી. ૫૩. જુઓ લોકોપકારક કૃત્ય ૧૩.

૧૪ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૨—હુકમનામું બજાવતી વખતે દિવાની કોર્ટે પ્રતિબાદીને પકડવાનું વારંટ કાઢી નાજર ઉપર મોકલ્યું હોય તો તે પીનલકોડની કલમ ૧૭૨ ના અર્થ મુજબ નોટીસ, સમન અથવા હુકમ ગણાતો નથી. રાણી વિ. ઝાહુરઅલીખાન, ૪ વા. દી. પ્રાં. ૯૭.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન ૧૮૬૨.)

રાણી વિ. વોમેશચંદર ઘોસના કેસમાં નજર રાખવામાં આવે છે. ૫ વી. રી. ૭૧. જુઓ નાસી જનાર ગુન્હેગાર ૧.

રતણી વિ. સરદાર પાથુના કેસમાં નજર રાખવામાં આવે છે. ૧ મું. હા. કો. રી. ૩૮. જુઓ કેદમાંથી નાસી જવું ૮.

૧૫ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૮, ૧૧૪—લોઢાની લાકડીથી માર મારવો અથવા બીજી કોઈ રીતે શરીરને દુઃખ દેવું તે-મદદગારી-સરકારના હુકમથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ ઝાહેરાંત રીતે જાતને દુઃખ દેવું અથવા લોઢાની લાકડીથી માર મારવો અથવા તેની મદદગારીથી સઘળા માણસોએ દુર રેહેવું એવો માજીસ્ત્રેટે હુકમ કાઢયો, પણ તે હુકમ દફતરમાં નહી મળી આવવાથી હાઈ કોર્ટે તે હુકમ જાણી બુજીને નહી માનવાને માટે પીનલકોડની કલમો ૧૧૪ અને ૧૮૮ મુજબ ડેપ્યુટી માજીસ્ત્રેટે કેદીઓને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા, રદ કરી. દવારીક મોસર વગેરે અરજદારો, ૧૮ વિ. રી. ૩૦.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જુલાઈ સને ૧૮૭૨).

૧૬ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—ફરીઆદી જે એક સીપાઈ હતો તેણે પ્રતીવાદીને વારંટ ઉપરથી પકડીને તેને પોતાની પાછળ પાછળ આવવાનું કહ્યું. પ્રતીવાદી તેવી રીતે આવવાનું વચન આપી પાઘડી લાવવાનું બહાનુ કાઢી પોતાને ઘેર ગયો અને ત્યાંથી નાસી ગયો. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૧૭૪ મુજબ ઠરાવેલો ગુન્હો કાયદા વિરૂદ્ધ હતો. પ્રો. તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૭૫. ૭ મ. હા. કો. રી. અપે. ૪૩.

૧૭ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—લોકોની ગંદકી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—પીનલકોડની કલમ ૧૮૮ મુજબ ગુન્હે

ગાર ઠરાવવાને માટે એવો પુરાવો જોઈએ કે કાયદેસર એવો હુકમ કાઢવાને અખતીઆર આ પેલા સરકારી નોકરે હુકમ કાઢેલો છે. લોકોની ગંદકી વિશેની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ આવા કેસને લાગુ પડતી નથી, પણ તે બજારની વસ્તુઓના જથાને લાગુ પડેછે. રાણી વિ. સોબનસીંઘ વિગરે, ૨૩ વી. રી. ૫૭.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી એપ્રિલ સને ૧૮૭૫).

૧૮ તોડવો સરકારી નોકરનો હુકમ-હુકમત--સેકન કલાસ માજીસ્ટ્રેટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૩—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮-ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ સેકન કલાસ માજીસ્ટ્રેટે હુકમ કાઢયો હોય તો તે હુકમ તોડવાને માટે સજા કરવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૩ માં બતાવેલા કારણથી તેને અધીકાર નથી. રાણી વિ. રણછોડ દયાળ, ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૪૨૪.

(મેસર્સ મેલવીલ અને નહાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અકટોબર સને ૧૮૭૩).

૧૯ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૭, ૧૮૮-જમીનદારની ફરજ—સરકારી નોકરને મદદ નહીં કરેલી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૯૦, ૯૧—ચોરીના કેસમાં " પંદર દિવસની અંદર પગલુ શોધી કાઢવાને " અને પોલીસને મદદ કરવાને માજીસ્ટ્રેટે કોઈએક જમીનદારને હુકમ કર્યો.'એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૯૦ અને ૯૧ મુજબ આવી જાતનો હુકમ કરવાને માજીસ્ટ્રેટનો અખતીયાર નોહોતો અને તે હુકમ તોડવાને માટે પીનલકોડની કલમો ૧૮૭ અને ૧૮૮ મુજબ જમીનદારને ગુન્હેગાર ઠરાવાય નહીં. રાણી વિ૦ બક્ષીરામ, ઈ૦ લો૦ રી૦ ૩ અ૦ ૨૦૧.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા. ૧૮ મી અગષ્ટ સને ૧૮૮૦

૨૦ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮-દીવાની દાવામાં તાકીદનો હુકમ કરેલો તે—સરકારી કામોમાં સરકારી નોકરે કરેલા હુકમોને પીનલકોડની કલમ ૧૮૮ લાગુ પડે છે પણ દિવાની દાવામાં પક્ષકારો વચ્ચે કરેલા હુકમોને લાગુ પડતી નથી. દિવાની દાવામાં કરેલો હુકમ તોડવાને માટે ખરો ઉપાય એ છે કે કોર્ટના હુકમનું અપમાન કર્યાને માટે ગુન્હેગાર ઠરાવવો જોઇએ. ચંદકંતડેની અરજીની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૪૪૫ ૭ ક૦ લો૦ રી૦ ૩૫૦.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી નવંબર સને ૧૮૮૦).

૨૧ તોડવો સરકારી નોકરનો હુકમ-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૧૮૭, ૧૮૮—સને ૧૮૧૭ નો રેગ્યુલેશન ૨૦ મો કલમ ૨૧—ગામડાના ચોકીદારની ખાલી થએલી જગો પુરવાને કોઇ માણસનું નામ સને ૧૮૧૭ ના રેગ્યુલેશન ૨૦ ની કલમ ૨૧ મુજબ જમીનદાર આપવાને ભુલી ગયો હોય તો તેથી પીનલકોડની કલમો ૧૮૭ અને ૧૮૮ મુજબ ગુન્હો બનતો નથી. કાલીપ્રોસોનો ઘોસની બાબતમાં, ૭ ક૦ લો૦ રી૦ ૫૭૫

(મેસર્સ મોરીસ અને પ્રીન્સેપ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જાનેવારી સને ૧૮૮૧).

૨૨ તોડવો સરકારી નોકરનો હુકમ--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—ભાડુ નહીં ઉઘરાવવાનો હુકમ—ભાડુઆતોએ ભાડુ આપવુ જોઈએ તે વિષેની બંને બરોબરીઆ પક્ષકારો વચેની તકરારના કેસમાં યોગ્ય અદાલત બંને પક્ષકારોનો હક ઠરાવી આપે ત્યાં સુધી ભાડુ ઉઘરાવવું નહીં એવો હુકમ ક્રીમીનલ પ્રોસી

જર કોડની કલમ ૫૧૮ મુજબ માજીસ્ટ્રેટને કરવાનો અખતીઆર નથી. અને આવો હુકમ તોડવાને માટે પીનલકોડની કલમ ૧૮૮ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહીં. રાણી વિ૦ પ્રેસુનોકુમાર ચતરજી, ૮ ક. લો૦ રી૦ ૨૩૧

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૮૮૧).

૨૩ તોડવો સરકારી નોકરનો હુકમ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૩–કાયદા વિરૂદ્ધ હુકમ ન માનવો તે—લોકો ઉપર કાઢેલો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮–સરીઆમ મેહેલાઓમાં કેટલાક કલાકો સુધી લોકોને જતા અટકાવવાનો હુકમ–અમુક કલાકો સુધી **પ** નામના ગામની જાહેરાત જગ્યાઓએ અને સરીઆમ રસ્તા ઉપર થઈને લોકોએ જવું નહીં એવો માજીસ્ત્રેટે કાઢેલો સાધારણ હુકમ તોડવાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર કાયદા વિરૂદ્ધ ઠરાવવામાં આવ્યો હતો. કોમલ ક્રીસ્ટો બોનીક, ૧૨ ક. લો. રી. ૨૩૧.

(મેસર્સ મીતર અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી ફેબ્રુઆરી સને ૧૮૮૩).

જુઓ પુરાવો ૪૮
„ હુકમ સરકારી નોકરનો.
„ પોલીસ ૧૫.
„ કબજો ૫૪, ૧૨૦, ૧૪૦.
„ સરકારી હોડીની જગા.
„ લોકોપકારક કૃત્ય
„ ફરીઆદ કરવાની પરવાનગી ૫.
„ સજા ૭.
„ સમન ૭, ૧૨, ૨૫.
„ વાપરવેરો.
„ કેદનું વારંટ.

તોડવો રેલ્વેનો નિયમ—

જુઓ રેલ્વે ગુન્હો ૧૦.

તોહોમત—

૧ તોહોમત—બતાવવું તે—જુદા જુદા માણસો સામે જુદા જુદા પ્રસંગે જુદી જુદી રજુઆતો એકજ ગુન્હાના સંબંધમાં કરવામાં આવી હોય તો તા૦ ૬ ઠી ફેબ્રુઆરી સને ૧૮૬૩ ના નંબર ૫ ના સરક્યુલરમાં કહ્યા પ્રમાણે બાબતો બતાવીને નવું તોહોમત દરેક કેસમાં રાખવું જોઈએ. રાણી વિ. માહાદીઓ, વિ૦ રી૦ ૧૫.

(મી૦ પંડીત જડજની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૬૪.)

૨ તોહોમત—સુધારો કરવો તે—સ્વતંત્ર રાજ્યોની પ્રજા—શિક્ષણીય મનુષ્યવધ—મનુષ્ય હરણ—રજુઆતની ગમે તે વખતે જડજ તોહોમત બદલીને તેમાં ફેરફાર કરી શકે છે. ઇંગ્રેજી હદની બાહાર કરેલા શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાને માટે સ્વતંત્ર રાજ્યનો કોઈ પણ માણસ ઈંગ્રેજી અદાલતોમાં જવાબદાર થાય નહી તોપણ તે મુલકોમાંથી મનુષ્ય હરણ કરી લાવવાના તોહોમતને માટે જવાબદાર ગણાય છે. રાણી વિ૦ ધરમોનારાયણ મોઇત્રો વિગેરે, ૧ વિ૦ રી૦ ૩૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી ડીસેંબર સને ૧૮૬૪.)

૩ તોહોમત—ફેંસલો આપ્યા પછી અને આસેસરોને રજા આપી તોહોમતમાં સુધારો કરવો તે—ખુનના કેસમાં ફેંસલો આપ્યા પછી અને આસેસરોને રજા આપ્યા પછી જડજે તોહોમત બદલીને ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો ઠરાવી તોહોમતદારને તે ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે કાયદા વિરૂદ્ધ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. રાણી વિ૦ ડીબોલા, ૧ વિ૦ રી૦ ૪૦.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી ડીસેંબર સને ૧૮૬૪.)

૪ તોહોમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૪ મું–ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ મુજ

બ તોહોમતનામું ઘડતાં પેહેલાં દરેક કેસની હકીકત ઉપર આધાર રાખી માજીસ્ત્રેટે ચાલવું જોઈએ, અને તેણે એવી બાબતમાં પોતાની મરજી મુજબ અધીકાર બજાવવો જોઇએ. પ્રો. તા૦ ૧૬ મી ડીસેંબર સને ૧૮૬૪; ૩ મ. હા. કો. રી. અપે. ૨.

૫ તોહોમત-પીનલકોડની કલમ ૧૮૫ મુજબ માજીસ્ત્રેટ અને કલેકટરે રાખેલું તોહોમત—કલેકટર તરીકે હુકમ ઉપર સહી કર્યા સીવાય માજીસ્ત્રેટે અને કલેકટરે પીનલકોડની કલમ ૧૮૫ મુજબ રાખેલાં તોહોમતને માટે ગુન્હેગાર ઠરાવેલો કેસ. રાણી વિ૦ ગુરૂચરન મોઝુમદાર, ૨ વિ૦ રી૦ ૫૨.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી એપ્રીલ સને ૧૮૬૫.)

૬ તોહોમત—કેદી ઉપર ભારે ગુન્હાનુ તોહોમત રાખી વધારે નાહાના ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવેલો તે-કેદીની રજુઆત ચાલેલા વધારે ભારે તોહોમતોના અજાણ્યા થઈને જ્યુરી પુરાવા ઉપરથી વધારે નાહાના ગુન્હાને માટે તેને ગુન્હેગાર ઠરાવી શકે. રાણી વિ૦ સેતુ શેખ, ૩ વિ૦ રી૦ ૪૧.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૧૦ મી જુલાઇ સને ૧૮૬૫.)

૭ તોહોમત—દરેક ગુન્હાના ફકત એક ભાગ ઉપર તોહોમતો—ખુનથી ઉતરતા દરજાનું શિક્ષણીય મનુષ્યવધ-ખાંસી કરવું તે-દરેક અમુક ગુન્હાના એક ભાગ ઉપર તોહોમત રાખીને તેનું વાજબી રીતે નિશ્ચય પૂર્વક વર્ણન કરવું બસ છે. અઢાર વર્ષ ઉપરાંતની ઉંમરના કોઈ માણુસે હુંશીયાર ના હોય તેવા માણસ પાસે જરા પણ ભય ઉત્પન્ન ના થાય તેવી રીતે ખાંસી કરાવી હોય અને તેની ઈજાથી તેનું મોત થયું હોય તો તે કૃત્યમાં સામેલ થયેલા માણુસો ખુનથી ઉતરતા દરજાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હેગાર છે. રાણી વિ૦ બાબુલનહીજરાહ વિગેરે, ૫ વિ. રી. ૭.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જાનેવારી ૧૮૬૬.)

રાણી વિ૦ કાલીસંકર સંદયાલના કેસમાં મંજુર રાખવામાં આવ્યો. ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૧૪. જુઓ સજા ૧૩.

૮ તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૬૧, ૧૬૨, ૧૧૬, ૧૦૭—જે અમુક કલમ મુજબ તોહોમત રાખવામાં આવ્યું હોય તે કલમ નહી બતાવ્યાથી તોહોમતનામું રદ ગણાશે નહી. ગુન્હો જેની ઉશકેરણી એ તોહોમતનો વિષયછે એ ગુન્હો થયોછે એવું કલમ ૧૬૧ મુજબ બતાવવું જ રૂરનું છે. રાણી વિ૦ નાતાબરનંદી, ઈન્ડ. જ્યુ. ઉ. ૬. ૪૩.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, નોરમન અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જાનેવારી સને ૧૮૬૬.)

૯ તોહોમત—કેટલાક તોહોમતો ઉપર ગુન્હેગાર ઠરાવી સજા કરવી તે—હંગામો—વ્યથા—મહાવ્યથા—હંગામો અને મહાવ્યથા બંને ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવી કરેલી સજા, ફકત મહાવ્યથાના ગુન્હાને માટે વાજબી રીતે સજા કરી શકાય તેના કરતાં એકંદર વધારે ભારે સજા નહી હોવાથી કાયમ રાખવામાં આવી. હંગામાને માટે ગુન્હેગાર ઠરાવેલા કોઇ માણુસને તેને કરેલા વ્યથા અથવા મહાવ્યથાના ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવો જોઈએ નહી. રાણી વિ૦ અઝગર વિગેરે, ૫ વિ. રી. ૧૯.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જાનેવારી ૧૮૬૬.)

૧૦ તોહોમત--માંડી વાળવાની અસર—હંગામો—પ્રવેશ—અપીલ-જે માણસની સામે કોઈ કોર્ટે હંગામાનું તોહોમત કાઢી નાખ્યું હોય તો, તેજ તોહોમતને માટે તેની બીજી કોર્ટ રજુઆત ચલાવી શકે નહી, પણ જે કોર્ટે કેસ માંડી વાળ્યો તે કોર્ટની રૂબરૂ તે વખતે હાજર ના હોય તેવા બીજા માણુસોને તે લાગુ પડતો નથી. પોલીસે ફરીઆદ માંડેલો હ

ગામાનો ગુન્હો એક કોર્ટે માંડી વાળ્યો હોય અને ત્રીજા માણસે ફરીઆદ માંડેલો સાપ્રાધ પ્રવેશનો ગુન્હો જો કે ખરેખરી રીતે તે બા બતને લાગુ પડતો હોય તોપણ, તેની તપાસ બીજી કોર્ટ ચલાવી શકે છે. ત્રણે જુદા જુદા ગુન્હાઓમાં કરેલી સજા એકઠી કરવાથી એક માસ કરતાં વધારે સજા થાય તોપણ તેના ઉ પર અપીલ થઈ શકે નહી. રાણી વિ. મોર હીશેખ, ૬ બિ. રી. ૫૧.

(મેસર્સ સેટનકાર અને પંડીત જડજો ની રૂબરૂ, તા૦ ૬ ઠી અગષ્ટ સને ૧૮૬૬).

રાણી વિ. નગરડી પરમાનીક, ૧૦ વિ. રી. ૩; ૧ બેં. લો. રી. ક્રી. અ. ૩. જુઓ નીચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૧૭.

૧૧ તોહોમત—કમીટીંગ માજીસ્ત્રેટે તોહોમત ઘડવું તે—સને ૧૮૬૫ નો ૧૩ મો આકટ કલમ ૩—કેદીને હાઇ કોર્ટમાં કમીટ કરનાર માજીસ્ત્રેટ અથવા જસ્ટીસ ઓફ ધી પીસ કેદીની સામે અમુક તોહોમત ઘડીને જુબાનીઓ સાથે તે હાઈ કોર્ટમાં મોકલવાને સને ૧૮૬૫ ના આકટ ૧૩ ની કલમ ૩ મુજબ બંધાએલો છે. રાણી વિ. જીતારામ શાહ, ૧ ઈન્ડ. જ્યુ. ઉ. દ. ૪૦૪.

(મી૦ માર્કબાય જડજની રૂબરૂ, તા૦ ૭ મી અગષ્ટ સને ૧૮૬૬)

૧૨ તોહોમત—શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો બદલીને સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૧૫૪ મુજબ તોહોમત રાખવું તે—ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધનું તોહોમત કેદી ઉપર રાખીને તેની તે ગુન્હાને માટે રજુઆત ચલાવવામાં આવેલી, પણ તે તોહોમતને માટે ગુન્હેગાર ઠરાવવાને પુરતો પુરાવો નહી હોવાથી હંગામો અટકાવવાને માટે કાયદેસર ઈલાજો નહી વાપરવાને માટે સેસન જડજે રજુઆત ચલાવી તે ગુન્હાને માટે તેને સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે કોડની ગમે તે કલમ મુજબ ગુન્હેગાર ઠરવી કેદીની રજુઆત ચલાવવાનો, અને તોહોમત બદલવાનો સેસન જડજને અધીકાર હતો. સરકાર વિરૂદ્ધ ઠાકુરદાસ અને બીજો, ૧ આગ્રા. હા. કો. રી. ૧૩

(મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ, રોબર્ટસ, ટરનર, સ્પેંકી અને ટર્નબલ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૬૬).

૧૩ તોહોમત ભાગો—સેસન જડજે સુધારો કરેલો તે-ઘણા ગુન્હાઓને માટે એકજ કલમ મુજબ તોહોમત રાખવામાં આવ્યું હોય તો દરેક ગુન્હાને માટે જુદો ભાગ બને તેવી રીતે કમીટીંગ માજીસ્ત્રેટે તોહોમતનામું ઘડવું જોઈએ. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૪ માં સુધારો કરવાનો બતાવેલો અધીકાર બજાવતી વખતે સેસન જડજે આ ભુલ સુધારી લેવી જોઈએ. કાલારામસીંગ વિગેરેની બાબતમાં, ૭ વિ. રી. ૮.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજો ની રૂબરૂ, તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૬૭).

૧૪ તોહોમત—ખબર આપવાની ફરજ—જે ગુન્હા સબંધી તોહોમતદાર ખબર આપવાને ભુલી ગયો હોય અથવા જાણી બુઝીને ખોટી ખબર આપી હોય તે અમુક ગુન્હો સ્પષ્ટ રીતે તોહોમતનામામાં બતાવવો જોઈએ, અને તે બાબતમાં તેની શું ફરજ હતી તે પણ બરોબર રીતે બતાવવી જોઈએ. રાણી વિ. [illegible] અને બીજો, ૮ વિ. રી. ૩૭.

(મેસર્સ જેકસન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઇ સને ૧૮૬૭).

૧૫ તોહોમત—જ્યુરીએ ફેંસલો આપ્યા પછી તોહોમત ફેરવવું તે—જ્યુરીની રજુઆત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૪—જ્યુરીએ કરેલી રજુઆતમાં ફેંસલો આપ્યા પછી તોહોમતમાં ફેરફાર કરવાનો સેસન જડજને અખતીઆર નથી. રાણી વિ. શેખ અલી વાલદ ફકીરમહમદ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૯.

(મેસર્સ કાઉચ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

રાણી વિ. આપાસુભાના મંડરેના કામ માં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૮ મું. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

૧૬ તોહોમત—સુધારો કરવો તે—જુદો પુરાવો—પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ખોટી સાહેદી આપવાનું તોહોમત રાખતી વખતે તોહોમત બરોબર રીતે મુકવું જોઈએ, અને જ્યા અગાડી તોહોમતદાર ઉપર ત્રણ જુદા ... ખોટી સા... આપવાનુ તોહોમત રાખવામા આવ્યુ હાય ત્યા અગાડી તોહોમતનામામાં દરેક પ્રસગ જુદો બતાવવો જોઈએ. તોહોમતમાં સુધારો કાયદેસર રીતે કરવો જોઇએ અને તે દફતરમાં સ્પષ્ટ રીતે માલમ પડવો જોઈએ. રાણી વિ. ફીઓજદાર રોય, ૯ વિ. રી. ૬૪.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

રાણી વિ. સુબીશાનીના કામમાં નજર રાખવામાં આવી. ૮ મુ૦ હા૦ કો૦ રી૦ ૨૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૮.

૧૭ તોહોમત—તોહોમત ઘડવામાં ભુલ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૦—તોહોમત ઘડવામાં ભુલ થયાથી મુકરદમો રદ થઈ જતો નથી એમ ઠરાવવામાં આવ્યુ; અને સજા બાહાલ રાખવામાં આવી. રાણી વિ૦ કાભાઈ રાવભાઈ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૪૦

(મેસર્સ ન્યુટન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૬૮).

૧૮ તોહોમત--અવ્યવસ્થા--કેદી તરફના સાહેદી--સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૫૦, ૪૩૭—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૦ મુજબ ડેપ્યુટી માજીસ્ટ્રેટે તોહોમત ના ઘડયું હોય પણ તોહોમતદારો સામે રાખેલા તોહોમતોની જાત તેઓ સ્પષ્ટ રીતે સમજી શકે એવું હોય તો તે અવ્યવસ્થા કલમ ૪૦૩ માં આવી જાય છે. કોઈ કેદીની રજુઆત જો કે બીજા કેદીઓ જેમના સાહેદીઓ માગવામાં આવ્યા હતા તેમની સાથે ચલાવવામાં આવી હતી તો પણ સાહેદીઓ આપવાનાછે એવું પુછ્યા શીવાય તેને સજા કરેલી કોર્ટે રદ કરી. ભગવાન વિગેરે વિ૦ દોયલગોપ, ૧૦ વિ૦રી૦ ૭.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુન સને ૧૮૬૮).

રાણી વિ૦ કાળા કરશનના કામમાં નજર રાખવામા આવી. ૬ મુ૦ હા૦ કો૦ રી૦ ૫૫. જુઓ આસેસરો ૫.

૧૯ તોહોમત–દિવાની દાવો–જો કે કેસ દિવાની લાયક હોય તોપણ પીનલકોડ મુજબ વાજબી રીતે રાખેલા તોહોમતની તપાસ કરવી જોઈએ. ખુસાલસીંગ વિ૦ તુલસી ચોધરી વિગેરે, ૧૦ વિ૦ રી૦ ૪૦.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૬૮).

૨૦ તોહોમત—સજા—પ્રાણઘાતક હથીઆરોથી હગામો કરવો તે—ભય ઉત્પન્ન કરે તેવા હથીઆરોથી બ્યથા કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૮, ૩૨૪—પીનલકોડની કલમ ૧૪૮ મુજબ પ્રાણઘાતક હથીઆરોથી હગામો કરવો અને કલમ ૩૨૮ મુજબ ભય ઉપજાવે તેવા હથીયારોથી બ્યથા કરવી એ બને તોહોમતો કેદીઓ ઉપર રાખવામાં આવેલાં તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમત ખરી રીતે પુછતાં એમાંનું ફક્ત એક તોહોમત હોવાથી તેઓને ફક્ત એમાંના એક ગુન્હાને માટે સજા થવી જોઇતી હતી, બીજી રીતે 'મજબુતી ના મળી હોય તેવી ગુન્હાના સોબતીઓની જુબાની સમન જડજે કામમાં દાખલ કરવાથી હાઈ કોર્ટે દરમીયાન થવાની ના પાડી. રાણી વિ૦ દીનાશેખ વિગરે,૧૦ વિ૦ રી૦ ૬૩; ૩ બે૦ લો૦ રી૦ ૧૫ ન.

(મેસર્સ ફીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ ડીસેંબર સને૧૮૬૮)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

જબદાર કાઝી અપેલેન્ટ, ૮ ક. લો. રી. ૩૫૦. જુઓ વર્ધમાન સજા ૩.

રાણી વિ૦ લોકનાથ સરકાર, ઈ લો. રી. ૧૧ ક. ૩૪૯. જુઓ વર્ધમાન સજા ૪.

રાણી વિ૦ કાલીશંકર સંદયાલના કેસમાં મંજુર રાખવામાં આવ્યો. ૩ બેં. લો. રી. ક્રી. અ. ૧૪. જુઓ સજા ૧૩.

૨૧ તોહોમત-એક બીજાથી વિરૂદ્ધ વાતો તોહોમતદારે કહેલી બે વાતોમાંની કઈ વાત ખોટી છે એ શક ભરેલું હોય તેવી બાબતમાં કેવી રીતે તોહોમત ઘડવું જોઈએ એ સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૨ માં બતાવેલું છે.

૨૨ તોહોમત—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—છુટકો-કમીટ કરવું તે-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૫૦, ૨૫૧, ૨૫૫--સને ૧૮૬૯ નો ૮ મો કલમ ૪૩૫—તોહોમતદારની સામે કાયદેસર તોહોમત ઘડયા સીવાય અથવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૧ મુજબ તેનો જવાબ લીધા સીવાય અથવા તકરાર સાંભળ્યા સીવાય માજીસ્ટ્રેટે તેને છોડી મુકયો હોય તો મા જીસ્ટ્રેટની રૂબરૂ રજુઆત અથવા કલમ ૨૫૫ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવું ગણાતું નથી પણ ફકત કલમ ૨૫૦ મુજબ છોડી મુકવું ગણાય છે. સને ૧૮૬૯ ના આકટ ૮ માની કલમ ૪૩૫ મુજબ તોહોમતદારને કમીટ કરવાનો આવા કેસમાં સેસન જડજને અખત્યાર છે. રાણી વિ૦ ગોબરધન બેરા, ૧૨ વિ. રી. ૬૫; ૪ બેં. લો. રી ક્રી અ. ૧.

(મેસર્સ નોરમન અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી અકટોબર સને ૧૮૬૯.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:--

રાણી વિ૦ નેબલ સુલ્ટન, ૮ વિ. રી. ૬૫. જુઓ ફરીઆદ ૫.

ભીખારી મુલીકની બાબતમાં, ૧૦ વિ. રી. ૫૦. જુઓ કમીટ કરવું તે ૧૮.

રાણી વિ૦ રસીક મોની. ૧૧ વિ. રી. ૫૪. જુઓ માંડીવાળવું ફરીઆદનું ૧૨.

રાણી વિ૦ ફોકડુ શાહ, ૨ બેં. લો. રી ઉ. દ. ૬. જુઓ પોલીસ. ૧૨.

રામજાઈ મોઝુમદારની અરજીની બાબતમાં, ૬ બેં. લો. રી. અપે. ૬૭. જુઓ છુટકો ૭.

૨૩ તોહોમત-સુધારો કરવો તે-કેદીના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ નુકશાન થયેલું તે-સને ૧૮૬૨ નો આકટ ૧૮ મો કલમ ૧—ફોજદારી કાયદાનો સુધારો સને ૧૮૬૨ નો આકટ ૧૮ માની કલમ ૧ મુજબ કેસની હકીકત ઉપર જવાબ આપવામાં આવા સુધારાથી તોહોમતદારની વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન ના થાય તો, ચોરીની મીલકતનું માલકીપણું આવી જાય એવી રીતે તોહોમત સુધારવાનો કોર્ટને અધીકાર છે. તોહોમતમાં સુધારો કરવાથી તોહોમતદારની વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થશે કે નહી એ બાબત વિશે શક પડે તો સુધારો કરવો જોઈએ નહી. ફરીઆદીની સ્ત્રીનો ચોરીનો માલ રાખવા માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી મીલકત ફરીઆદ કરનારે બતાવ્યાથી તે મીલકત ફરીઆદ કરનારની માની સાથે એકઠી હતી એવું તોહોમતમાં સુધારીને લખેલું તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતનો સુધારો કરવો જોઇએ નહી. રાણી વિ. ગોવાંનદાસ હરીદાસ, ૬ મું૦ હા૦ કો૦ રી૦ ૭૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને વેસ્ટ્રોપ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ડીસેંબર સને ૧૮૬૯).

રાણી વિરૂદ્ધ શેખ ઈસ્માલની સ્ત્રી ખાતાબાઇના કેસમાં નજર રાખવામાં આવે છે. ૬ મું૦ હા૦ કો૦ રી૦ ૯ જુઓ ચોરી ૯.

રાણી વિ. આપાસુભન મંડલેના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૮ મુ. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

૨૪ તોહોમત—રીવાજ—પુરાવામાં સાબીત થએલી બાબતો ઉપરથી રાખેલા તોહોમતને મજબુતી ના મળતી હોય તેવી બાબતમાં જડજે કેવો વાજબી રસ્તો લેવો જોઈએ તે. રાણી વિરૂદ્ધ બાપુ પરબત, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૧૮.

(મેસર્સ ગીબ્સ અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જુન સને ૧૮૭૦).

૨૫ તોહોમત—અવ્યવસ્થા-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૪ અને કલમ ૪૨—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ મુજબનો કેસ, જેમાં તોહોમતદાર ઉપર રાખેલા કેસમાં તેને જવાબ આપવાને પુરેપુરો વખત આપવામાં આવેલો તેમાં જો કે કાયદેસર તોહોમત નહીં ઘડાવાથી મુકરદમો ચલાવવામાં મોટી અવ્યવસ્થા થઈ હતી તોપણ હાઈ કોર્ટ નીચેની કોર્ટના ફેંસલાની અંદર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ દરમીઆન થઈ શકે નહીં. રામદોયલસીંઘ અરજદાર, ૧૫ વિ૦ રી૦ ૩.

(મેસર્સ નોરમન અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જાનેવારી સને ૧૮૭૧).

૨૬ તોહોમત—સાહેદી—દંડ— સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૮૩—તોહોમતદાર ઉપર કયું તોહોમત રાખવામાં આવ્યું છે તે માજીસ્ટ્રેટે પોતે સ્પષ્ટ રીતે બતાવવું જોઈએ. કોઈ માણસને સાહેદી તરીકે બોલાવવામાં આવ્યો હોય તો પીનલકોડની કલમ ૨૮૩ મુજબ તેને ગુન્હેગાર ઠરાવી કોર્ટ દંડ કરી શકે નહીં. રાણી વિ૦ જાંહાંગીર બક્ષખાન વિગેરે, ૧૬ વિ૦ રી૦ ૪૩.

(મેસર્સ મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી સપટંબર સને ૧૮૭૧).

૨૭ તોહોમત—તોહોમત ફેરવવાનો સેસન જડજનો અધીકાર—જો કે તોહોમત ફેરવીને સુધારવાને સેસન જડજને અધીકાર છે તોપણ તોહોમતદારને રજુઆતને માટે જે તોહોમત રાખી કમીટ કરવામાં આવ્યો હોય તે તોહોમતની જોડે સબંધ રાખે નહીં એવું તદન નવું તોહોમત તે વધારી શકે નહીં. રાણી વિ૦ વોરીસ અલી, ૩ વા ટી. પ્રાં. ૩૩૭.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, સને ૧૮૭૧).

૨૮ તોહોમત—સેસનની રજુઆત—યત્ન—બળાત્કાર સંભોગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૩—સને ૧૮૬૨ ના આકટ ૧૮ ની કલમ ૧૭ સેસન કોર્ટમાં ચાલેલી રજુઆતને લાગુ પડતી નથી પણ હાઈ કોર્ટની ફક્ત ઓરીજનલ સાઈડને લાગુ પડે છે. બળાત્કાર સંભોગ કર્યાના યત્નનું તોહોમત રાખવામાં ના આવ્યુ હોય તો તે એવી ભુલ છે કે જે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૩ મુજબ સુધારી શકાયછે. રાણી વિ૦ પરબત શેખ અને બીજો, ૨૦ વિ૦ રી૦ ૫૧.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુલાઈ સને ૧૮૭૩.)

૨૯ તોહોમત—ખબર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૯૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૯૦ મુજબ કાયદેસર ખબર આપવાને તોહોમતદાર બંધાયલો તે ખબર ભુલથી નહી આપ્યાનું તોહોમત રાખેલા કેસમાં એમ સાબીત થવું જોઈએ કે જે ગુન્હામાં ગુન્હો થયાની ખબર તોહોમતદારે જાણી બુજીને આપી નો હોતી, અને બતાવેલો ગુન્હો કોઈ બીજા માણસે કર્યો હતો; અને તે ગુન્હો થયાની તોહોમતદારને ખબર હતી. રાણી વિ. અહમદઅલી વિગેરે ૨૨ વિ રી. ૪૨.

(મેસર્સ રીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુલાઈ સને ૧૮૭૪.)

૩૦ તોહોમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૪૧, ૨૨૨—ફરીઆદ અથવા પોલીસના રીપોર્ટની અસર—સંક્ષેપમાં રજુઆત—પોલીસ અથ

વા ફરીઆદીએ રાખેલા કોઈ તોહોમત ઉપ ર નજર રાખ્યા સીવાય, અને તોહોમ તદારે કયો ગુન્હો કર્યો છે એ નક્કી કર્યા પછી કઇ રીત મુજબ મુકરદમો ચલાવવો જોઇએ એ ઉપર પણ નજર રાખ્યા સીવાય, પોલીસના રીપોર્ટ ઉપરથી અથવા કોઈ માણસે કરેલી ફરીઆદની હકીકત ઉપરથી કોઈ ગુન્હો બન્યો છે એમ ધારી કોઇ માણસની તપાસ કરી રજુઆત ચલાવવી તે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૧૪૧ મુજબ બીજી રીતે અધીકારવાળા માજીસ્ટ્રેટની મરજી ઉપર છે. કોઈ માણસ ઉપર પીનલકોડની કલમ ૪૫૭ મુજબ ગુન્હો કર્યાનું તોહોમત રાખી તેને પોલીસે માજીસ્ટ્રેટ પાસે આણેલો તેમાં તેટલા માટે એમ ઠરાવવામાં આવ્યું કે સંક્ષેપમાં રજુઆત ચલાવી શકાય નહી તેવા ગુન્હાનું તોહોમત કલમ ૪૧૧ મુજબ સંક્ષેપમાં રજુઆત થાય તેવી રીતે ફેરવીને સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૨૨ માં બતાવ્યા પ્રમાણે તોહોમતદારની રજુઆત સંક્ષેપમાં ચલાવવાનો માજીસ્ટ્રેટને અધીકાર હતો. મેવાની અરજીની બાબતમાં, ૬ વા. દી. પ્રાં. ૨૫૪.

(મેસર્સ ટરનર અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુલાઈ સને ૧૮૭૪.)

૩૧ તોહોમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૫૭—અમુક તોહોમત રાખ્યા સીવાય ગુન્હાને માટે સજા કરેલી તે-ઘણા ભાગો મળીને થયેલો ગુન્હો જેમાંના કેટલાક ભાગથી ફકત નાનો ગુન્હો બને એવા ગુન્હાનું કોઇ માણસ ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય અને ભારે ગુન્હાના તોહોમતમાં હલકો ગુન્હો બનતી સઘળી બાબતો આવી જતી હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૭ મુજબ તેના ઉપર અમુક તોહોમત રાખ્યા સીવાય હલકા ગુન્હાને માટે તેને ગુન્હેગાર ઠરાવી શકાય. ખુનનું તોહોમત રાખેલા કોઈ માણસને તેમાં મદદગારી કર્યાનો ગુન્હેગાર ઠરાવેલો તે કેસમાં ગુન્હો અને સજા રદ કરીને તેની પછી રાખેલા તોહોમતને માટે ફરીથી રજુઆત ચલાવવાનો હાઈ કોર્ટે હુકમ કર્યો. રાણી વિ. ચંદનર અને પીરભાઈ આદમજી, ૧૧ મું. હા. કો. રી. ૨૪૦.

(મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૪.)

રાણી વિ. આપા સુભનમંદરેના કામમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૮ મું. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

૩૨ તોહોમત—સુધારો કરવો તે—સેસન કોર્ટની રજુઆત—માજીસ્ટ્રેટ અને જડજ—અમુક રીતે રજુઆતને માટે કેસ કમીટ કરવાના માજીસ્ટ્રેટે કારણે બતાવ્યાં હોય તો, સેસન જડજે રાખેલા તોહોમતો કબુલ રાખવા જોઈએ અથવા પોતે બીજા તોહોમતો રાખવા જોઇએ. જે તોહોમત રાખવાની ખુશી હોય તે તોહોમત બરોબર રીતે બતાવ્યા સીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ માજીસ્ટ્રેટને તોહોમત પાછુ ખેંચી લેવાનું તે કહી શકે નહી. રામધોન આચારજી વિગરે અરજદારો, ૨૫ વિ. રી. ૧૭,

(મેસર્સ ગ્લોવર અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬.)

૩૩ તોહોમત—અમુક વખત અને જગ્યા તોહોમતમાં બતાવવી તે—તોહોમતદાર ઉપર જે બાબત ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું તે બાબત યાદ આવવાને વાજબી રીતે જરૂર હોય તેવી વખત અને જગ્યા વિષેની બાબતો તોહોમતનામામાં નહી બતાવેલી તેવા કેસમાં હાઈ કોર્ટે તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકયો હતો. રાણી વિ. ઉદીતસીંઘ વિગરે, ૨૫ વિ. રી. ૪૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી મે સને ૧૮૭૬)

૩૪ તોહોમત—ખોટો ગુન્હો—સને ૧૮૬૧ નો ૫ મો પોલીસના આકટની કલમ

૨૩ મુજબ પકડવું તે—મુચરકો—લાંચનો ગુન્હો જે પુરાવાથી સાબીત થતો હતો તે ગુન્હાના તોહોમતનો જવાબ આપવાને બોલાવેલો, પોલીસ અમલદાર સને ૧૮૬૧ ના ૫ માની કલમ ૨૯ મુજબ ફરજ તોડવાને માટે ગુન્હેગાર માલમ પડ્યો હતો. જે ગુન્હાને માટે તપાસ કરનાર અમલદારને રજુઆત ચલાવવાની દરમીયાન પુરતો પુરાવો મળ્યો હતો, તે કેસમાં એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને અમુક તોહોમતનો જવાબ આપવાને બોલાવ્યાથી તેના ઉપર મુકવાના બીજા ગુન્હાની પ્રથમ તેને ખબર આપ્યા સીવાય અને સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ૨૩ મુજબ તોહોમત કબુલ કરવાની તેને તક આપ્યા સીવાય તદન જુદા તોહોમતને માટે તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. જે માણસ ઉપર કાંઈ કામ ચલાવવાનો હુકમ થયો નથી અને જેને પકડવાને પુરતાં કારણો નથી એવુ જો પોલીસ અમલદારનું ધારવું હોય તો તે માણસને પકડવાને તે બંધાયેલો નથી. ગ્રેશચંદર નંદી અરજદાર ૨૬ વિ રી. ૮

(મેસર્સ મોરીસ અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી સપટંબર સને ૧૮૭૬.)

૩૫ તોહોમત—અનિશ્ચયપણુ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૭—તોહોમતદાર ઉપર પીનલકોડની કલમ ૨૧૭ મુજબ તોહોમત રાખેલું પણ કાયદાનો કયો નિયમ તેણે તોડયો અને કેવી રીતે તે તોડયો તે તોહોમતનામામાં સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું નોહોતું એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને અનિશ્ચીત શબ્દોમાં બતાવેલા તોહોમત ઉપર ગુન્હેગાર ઠરાવ્યાથી જે અમુક અર્થમાં તોહોમત સમજાય છે તે અમુક અર્થ પ્રમાણે અપીલમાં કામ ચલાવવું જોઈએ. રાણી વિ. બાબનખાન, ઈં૦ લો૦ રી૦ ૨ મું. ૧૪૨.

(મેસર્સ પીન્હે અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૧ અગષ્ટ સને ૧૮૭૭.)

૩૬ તોહોમત—તોહોમત ઘડયા પછી રજુઆતને માટે કમીટ કરવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૦, ૨૨૧—તોહોમત ઘડયા પછી આગળ મુકરદમો ચલાવવાનું બંધ રાખી રજુઆતને માટે કેસ કમીટ કરવાનો અધીકાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૧ મુજબ માજીસ્ટ્રેટને છે. તોહોમત ઘડયું હોય તો કેદીને ગુન્હેગાર ઠરાવવો જોઈએ અથવા નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ એવું જો કે કલમ ૨૨૦ ના ખુલાસામાં બતાવ્યું છે તોપણ જે માજીસ્ટ્રેટે તોહોમત ઘડયું હોય તે માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવવો જોઈએ અથવા નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ એવું કાંઇ નથી. રાણી વિ૦ કદર દુલાહ, ઈં૦ લો૦ રી૦ ૩ ક૦ ૪૯૫; ૨ ક૦ લો૦ રી૦ ૨.

(મેસર્સ જેક્શન અને કનીંગહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી માર્ચ સને ૧૮૭૮.)

૩૭ તોહોમત—તોહોમતદારને સમજાવવાની જરૂર—પરભાષામાં માજીસ્ટ્રેટને હકીકત બતાવેલી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૨, ૨૩૭, ૩૪૬—તોહોમતદાર ઉપર દોષ મુકતી વખતે અને તેનો જવાબ લેતાં પેહેલાં જે તોહોમતને માટે તેને જવાબ આપવાને બોલાવ્યો છે તે તોહોમતની જાત બરોબર રીતે તોહોમતદાર સમજી શકે તેવી રીતે તોહોમતની સમજુતી આપવાને માટે કોર્ટે કાળજી રાખવી જોઈએ. તોહોમતદારે પરભાષામાં કોર્ટને બતાવેલી હકીકત તે ભાષાના શબ્દોમાં લખી લેવાની કાંઈ જરૂર નથી. સમજાવનારે જે ભાષામાં તે હકીકત કોર્ટને સમજાવી હોય તે ભાષામાં તે લખી લેવી જોઈએ. રાણી વિ૦ વૈમબીલી, ૫ ક. ૮૨૬.

(મેસર્સ મોરીસ અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૮૦.)

રાણી વિ૦ આપા સુબનમંડળેના કેસમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૮ મું. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

રાણી વિ૦ એવુના કેસમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૯ મ૦ ૬૧. જુઓ ખુન ૫૮.

૩૮ તોહોમત—તોહોમત નહી ઘડેલું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૧૬, ૨૨૦, ૨૫૮—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—ફરીઆદ ફરીથી ચલાવવી તે—તોહોમતદાર ઉપર કોઇ ગુન્હાનું તોહોમત રાખી તોહોમત તૈયાર કર્યા સીવાય તેની રજુઆત ચલાવી માજીસ્ટ્રેટે તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. આવી ભુલથી અન્યાય થતો નથી. સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૧૬ ના ખુલાસા (આઇ) ઉપર નજર રાખીને એમ ઠરાવવામાં આવ્યું કે આવી ભુલથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રદ થઈ જઇ છોડી મુકવાના હુકમની બરોબર ગણાતો નથી, અને આવી જાતના હુકમથી તે માણસનું તેજ ગુન્હાને માટે ફરીથી કામ ચલાવી શકાય નહી. રાણી વિ૦ ગુરડુ, ઈ૦ લો૦ રી૦ ૬૨૯.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૭ મી અગષ્ટ સને ૧૮૮૦).

૩૯ તોહોમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૪૬—કમીટીંગ માજીસ્ટ્રેટે રાખેલું તોહોમત—અવ્યવસ્થા—સેસન કોર્ટની રૂબરૂ રજુઆતને માટે અમુક તોહોમત રાખી કોઇ તોહોમતદારને કમીટ કરવામાં આવ્યો હોય તો, તકરાર બતાવવાને તોહોમતદારને બોલાવતાં પેહેલાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૪૬ મુજબ તોહોમત કાઢી નાખવાને જડજનો કાંઈ અખતીઆર નથી. રાણી વિરૂદ્ધ પેરીશુલ્લાહ શેખ, ૭ ક. લો. રી. ૧૪૩.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૮૦).

૪૦ તોહોમત—નમુનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૦—ખુન—અ નામના માણસને "છરીના ઘાથી એવી શરીરને ઈજા કરવી કે જેથી કરીને સાધારણ રીતે મોત થાય અથવા કેદીના ધારવા પ્રમાણે મોત થવાનો સંભવ બને એવા ઇરાદાથી" તે માણસનું ખુન કરવાને માટે તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે ખુનની પીનલકોડની કલમ ૩૦૦ ની વાખ્યાના બીજા અને ત્રીજા વાકયો ઉપર સબંધ રાખતાં તોહોમત ભુલ ભરેલું અને બરોબર નોહોતું. બીજા વાકય ઉપર નજર રાખતાં "જેને ઈજા કરવામાં આવી હતી તેનું મોત થવાનો સંભવ હતો" એવું બતાવવું જોઇતું હતું. ત્રીજા કલોઝના સબંધમાં "ચાલતા શ્રષ્ટિક્રમ પ્રમાણે" એવું બતાવવું જોઈતું હતું. રાણી વિ. સમીરૂદીન, ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૨૧૧.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસેંબર સને ૧૮૮૧).

૪૧ તોહોમત—સને ૧૮૭૨ નો આકટ ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડમાં "તોહોમત" એ શબ્દોનો અર્થ—રજુઆતમાં તોહોમત વધારવું તે—તોહોમત ફેરવવું તે—એક તોહોમતને બદલે બીજું મુકવું તે—કેદીને ભુલથી તોહોમત વાંચીને સમજાવેલું નહી તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૬ મુજબ "તોહોમત રાખ્યા સિવાય" કોઈ માણસને કમીટ કરેલો તે—કલમ ૨૨૭ માં "ફેરવવું" એ શબ્દોનો અર્થ—કલમ ૨૨૭ માં "જ્યુરીનો ઠરાવ કરેલો" એ શબ્દોનો અર્થ—સને ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમો ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૩૦, ૨૩૬, ૨૩૭, ૪૩૪ અને ૫૩૭—અભીપ્રાય માટે લખી મોકલેલી અને તપાસનારી કોર્ટ—રીવાજ—પદ્ધતિ—શરૂ કરવાનો હક—(૧) ખુન (૨) ખુન કરવાને બ નામના માણસને મદદ કરવી એવાં બંને તોહોમતો મુકી અ નામના માણસનું કામ ચલાવવામાં આવ્યું હતું. જ્યુરીએ પોતાના ઠરાવ ઉપર વિચાર કર્યા પછી કલાર્ક ઓફ ધ કાઉર્ટે તેઓ એકમત હતા એ વિષે તેમને પુછયું. જ્યુરીના પ્રમુખે જવાબ આપ્યો કે તેઓ એકમત છે

અને તેઓનો ઠરાવ ગુન્હો કરયાનો છે. અને વધારે પુછવાથી "મદદગારીનો ગુન્હેગાર" એવું તેણે બતાવ્યું. "કેટલાક નહીં માલમ પડેલા માણસોએ ખુનમાં મદદગારી કરી છે" એવું તોહોમત ફરીઆદીના વકીલની અરજી ઉપરથી વધારવામાં આવ્યું હતું. વધારેલુ તોહોમત મોટેથી જ્યુરીને વાંચી સંભળાવવામાં આવ્યું હતું, પણ કેદીને બરોબર રીતે સમજાવવામાં આવ્યું નોહોતુ તેમજ તેનો જવાબ માગવામાં પણ આવ્યો નોહોતો. સુધારો કરીને રાખેલા તોહોમતને માટે નવી રજુઆત ચલાવવી છે કે નહી એવું કેદીના વકીલને જડજે પુછયું હતું પણ તેણે ના પાડી હતી. ત્રણ તોહોમતો (બે પેહેલાનાં તોહોમતો અને એક નવુ વધારેલું તોહોમત) જ્યુરીને વાંચી સંભળાવવામાં આવ્યાં હતાં, જેને પુખ્ત વિચાર કરીને પેહેલા અને બીજા તોહોમતોને માટે "ગુન્હેગાર નથી" એવો ફેંસલો આપ્યો. અને ત્રીજુ તોહોમત જે કેટલાક નહીં માલમ પડેલા માણસો ઉપર ખુનની મદદગારીનું હતું તેને માટે "ગુન્હેગાર છે એવો ફેંસલો આપ્યો. કેદીના વકીલની અરજી ઉપરથી નિચેના મુદ્દાઓ બાકી રાખવામાં આવ્યા હતા. (૧) કેસની હકીકત જોતાં કોર્ટ નવું તોહોમત ઉમેરી શકે કે નહીં? (૨) કેદીનો જવાબ માગ્યા શીવાય નવા તોહોમત ઉપર આપેલો ઠરાવ કાયદેસર હતો? મી૦ સ્કોટ જડજને શક પડવાથી એમ ઠરાવવામાં આવ્યું કે મુળના તોહોમતોમાં જડજે નવું તોહોમત ભુલથી વધારેલું હતુ તો પણ ભુલ નમુનાની હતી અને ભાવાર્થની નોહોતી તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૭ મુજબ ગુન્હામાં દરમીઆન થવાને કોર્ટે ના પાડી. ફોજદારી કેસમાં અનામત રાખી મુકેલા સવાલો સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ અધીકાર બજાવી જે કોર્ટ નિરાકરણ કરે છે તે કોર્ટ ફરીથી તપાસમાં લેવાનો અધીકાર બજાવે છે અને તે અભીપ્રાય પુછેલી અને તપાસનારી કોર્ટ ગણાય છે એમ ઠરાવવામાં આવ્યું. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૨૮, ૨૨૯ અને ૨૩૦ ઉપર નજર રાખતાં ब એ કરેલા ખુનની મદદગારીનું તોહોમત ફેરવીને સાધારણ રીતે મદદગારીનું તોહોમત કરી શકાય. વળી એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૩૬ અને ૨૩૭ મુજબ ગુન્હો કાયદેસર હતો. ખુન અને તેની અંદર ब ની સામેલગીરી અથવા નહી માલમ પડેલા બીજા કોઇ માણસની સામેલગીરીનો ગુન્હો પુરાવાથી સાબીત થાય છે કે નહી એ શક ભરેલું હતું. બરોબર રીતે તોહોમત નામુ ઘડવામાં ના આવ્યું હોય તોપણ કલમ ૨૩૭ મુજબ જડજે જ્યુરીનો ઠરાવ કબુલ રાખી દફતરમાં લખી લેવો જોઈતો હતો. મુળથી જડજની હકુમત ના હોય એવુ તોહોમત રાખવાથી અને તે ઉપરનો ઠરાવ કબુલ કરવાથી કાયદેસર ઠરાવેલા ગુન્હાને કાંઈ મસર થતી નથી. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમત વાંચીને કેદીને નહી સમજાવ્યાથી કામની હકીકત જોતાં કેદીના વિરૂધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થતું નથી અને તેટલા માટે તે ભુલ નજીવી ગણાય છે. ક્રીમીનલ પ્રોસીજર કોડમાં ઘણુંકરીને "તોહોમત" એ શબ્દ અમુક ગુન્હાની હકીકત તરીકે વપરાયો છે, પણ કેદી ઉપર રાખેલા બધા ગુન્હાઓનો અનુક્રમ બતાવતો નથી. બીજી કલમોમાં અર્થ થાય છે તેના કરતાં કલમો ૨૨૬ અને ૨૨૭ માં એ શબ્દોનો જુદો અર્થ થાય છે એવું કાંઈ ક્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવેલું નથી- સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૬ માં "તોહોમત સીવાય" એ શબ્દો જે કેસમાં બીલકુલ તોહોમત નથી એને વાજબી રીતે લાગુ પડશે એટલુંજ નહી પણ સેસન જડજ અથવા ક્લાર્ક ઓફ ધ ક્રાઉન જે કેસમાં એમ ધારે કે એવા ગુન્હાનું તોહોમત નથી કે જેને માટે કેદી ઉપર કામ ચલાવવું જોઈએ એવા કેસને પણ લાગુ પડે છે. કલમ

૨૨૭ માં "ફેરફાર કરવો" એ શબ્દો કલમ ૨૨૬ માં આવી જાય છે અને તેવી રીતે ઉમેરવો એવો અર્થ પણ આવી જાયછે એમ ધારી એ તો ફેરફાર કરવાની માફક કોઈ અમુક તોહોમતમાં વધારો કરવો એવી રીતે ઉમેરો કરવાનો છે, પણ તેથી કાંઈ નવું તોહોમત ઉમેરવાનું નથી. કલમ ૨૨૭ માં "જ્યુરીનો ઠરાવ આપવો" એ શબ્દોનો અર્થ કોર્ટ લખી લેવાને બંધાએલી છે એવો છેવટનો ફેંસલો આપવો એવો થાય છે. કેદીના વકીલની અરજી ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ કોર્ટના નિરાકરણને માટે કોઈ કાયદાનો સવાલ રાખી મુકવામાં આવ્યો હોય તો કેદીના વકીલને તકરાર કરવાનો હક છે. મી૦ સ્કોટ જડજનો મત—તોહોમતમાં બતાવેલો સુધારો કાયમ રાખવાનું એ ધોરણ છે કે એવા સુધારાથી તોહોમતદારની વિરૂદ્ધ અભીપ્રાય બંધાય છે કે નહી. તોહોમતના ભાગો અથવા બધા અનુક્રમે અને વળી કોઇ એક અમુક ગુન્હાનું તોહોમત એ બંને અર્થમાં "તોહોમત" એ શબ્દ ક્રીમીનલ પ્રોસીજર કોડમાં વપરાયેલો છે. કલમ ૨૨૭ માં તે પેહેલા બતાવેલા અર્થમાં વપરાયેલા છે. કલમ ૨૨૬ માં બતાવ્યા પ્રમાણે કલમ ૨૨૭ માં "ફેરફાર કરવો" એ શબ્દોનો અર્થ કલમ ૨૨૬ માં બતાવ્યા પ્રમાણે "ઉમેરવું અથવા બીજી કોઈ રીતે ફેરફાર કરવો એ શબ્દોના અર્થની બરોબર છે એમ ધારવું જોઈએ, અને તેથી કરીને નવું "તોહોમત" ઉમેરવું તે કલમ ૨૨૭ ના અર્થ મુજબ ફેરફાર ગણાય છે. રાણી વિ. આપા સુભન ઈ૦ લો૦ રી૦ ૮ મું. ૨૦૦.

(મેસર્સ સારજંટ ચીફ જસ્ટીસ, સ્કોટ અને બેલી જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રાણી વિ. પ્રોતાપચંદર બારૂઆહ, ૨૧ વિ. રી. ૨. જુઓ કબજો ૮૦.

રાણી વિ. દયાલ જેરાય, ૩ મું૦ હા૦ કો૦ રી૦ ૨૦. જુઓ જ્યુરી ૨૧.

રાણી વિ. શેકઅલી વાલદ ફકીરમહમદ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૯. જુઓ તોહોમત ૧૫.

રાણી વિ. ગોવીંદદાસ હરીદાસ, ૬ મું. હા. કો. રી. ૭૬. જુઓ દંડ બદલ કેદ ૯.

રાણી વિરૂદ્ધ નવરોજજી દાદાભાઇ, ૯ મું૦ હા૦ કો૦ રી૦ ૩૫૮. જુઓ કબુલાત ૫૧.

રાણી વિરૂદ્ધ પેસ્તનજી દીનશાહ, ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૭૫. જુઓ હકીકત છેવટની જડજની.

રાણી વિ. ચંદનર, ૧૧ મું. હા. કો. રી. ૨૪૦. જુઓ તોહોમત ૧૩.

રાણી વિરૂદ્ધ ગોવીંદ બાબાજી રોલ અને બાબાજી ગોવીંદ, ૧૧ મું. હા. કો. રી. ૨૭૮. જુઓ કબુલાત ૧૧.

રાણી વિ. જામરહા, ૭ વા. દી. પ્રાં. ૧૩૭. જુઓ બેમાંનું એક તોહોમત ૨.

રાણી વિ. વૈમબીલી, ઇ. લો. રી. ૫ ક. ૮૨૬. જુઓ તોહોમત ૩૭.

રાણી વિ. પીતાંબર જીણા, ઈ. લો રી. ૨ મું. ૬૧. જુઓ કબુલાત ૧૬.

રાણી વિરૂદ્ધ એસ. મુરગાચેતી, ઈ લો. રી. ૫ મું. ૩૩૮. જુઓ ચોરીની મીલકત ૨૬.

મેહેરવાનજી નવરોજજી વિરૂદ્ધ આશાબાઈ, ઈ. લો. રી. ૮ મું. ૧ અપે. ૧. (દિવાની રૂલીંગ).

રાણી વિરૂદ્ધ મતીરકલ રાવીલગથારામ વરમા રાજા, ઈ. લો. રી. ૩ મ. ૩૫૧. જુઓ શિક્ષા ૧૫.

બંગાલા સરકાર વિ. માહાદી, ઈ. લો. રી. ૫ ક. ૮૭૧. જુઓ જ્યુરી ૧૦૦.

૪૨ તોહોમત—અંદરની બીના—પોતાની વિરૂદ્ધ રાખેલા તોહોમતની બરોબર કીંમત જાણવાનો તોહોમતદારનો હક—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ

કલમ ૨૨૧—તોહોમતદારનો પોતાની ઉપર રા ખેલા તોહોમતની ખરીરીતે અને ચોકસ રીતે ખરેખર કીંમત જાણવાનો હક છે અને આવી માહીતી તેને ના હોય તો જવાબ આપતી વખતે તેના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને ઘણું નુકશાન થાય. સઘળા કેસોમાં આ ખરો છે પણ જે કેસોમાં તેની સાથેના બીજા માણસોએ કરેલા કૃત્યોને માટે તેને સામેલ ગણવામાં આવે તે કેસોમાં આ વધારે અગત્યનું છે. રાણી વિરૂદ્ધ એહારી માહટ ન, ઈં૦ લો૦ રી૦ ૧૧ ક. ૧૦૬.

(મેસર્સ મીતર અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ડીસેંબર સને ૧૮૮૪).

૮૩ તોહોમત—સેસન કોર્ટ—ગમે તે માજીસ્ટ્રેટ ચલાવી શકે તેવું તોહોમત વધારવું તે—તોહોમત વધારી તેની રજુઆત ચલાવવાનો સેસન જડજનો અધીકાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮, ૨૨૬, ૨૩૬, ૨૩૭, ૫૩૭—ક્રીમીનલ પ્રોસીજર કોડના બીજાં લખાણો કાયમ રાખીને તે કાડની કલમ ૨૮ મુજબ હાઈ કોર્ટ અથવા સેસન કોર્ટને પીનલકોડ મુજબ થએલા ગમે તે ગુન્હાની રજુઆત ચલાવવાનો અધીકાર છે. અને બીજી કોર્ટોના અધીકાર સબંધી તેમાં બતાવ્યાથી કાંઈ હાઈ કોર્ટ અથવા સેસન કોર્ટની હકુમત જતી રહેતી નથી અથવા ઓછી થઈ જતી નથી. ત્રણ માણસોને એકઠી રજુઆતને માટે સેસન કોર્ટમાં કમીટ કરેલા તેમાં બે માણસો ઉપર ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ અને ત્રીજા ઉપર મદદગારીનુ તોહોમત રાખવામાં આવ્યું હતું. રજુઆત ચાલતી વખતે ક નામના માણસને વ્યથા કર્યાનું નવું તોહોમત બધા તોહોમતદારો ઉપર સેસન જડજે રાખી મુળના બે તોહોમતો અને એક નવા વધારેલા તોહોમત ઉપર ગુન્હેગાર ઠરાવી સજા કરી. ક ના ઉપર ચઢાઈ, ગ નામના માણસ ઉપર થએલો હુમલો જેનાથી તેનું મોત થયું તે હુમલા પછી તરતજ, અથવા તેજ વખતે થઇ હતી. એમ ઠરાવવામાં આવ્યું કે આ કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૬ માં નહી આવી જવાથી નવું તોહોમત વધારવું તે અવ્યવસ્થા થઈ હતી અને તે અવ્યવસ્થા કલમો ૨૩૬ અને ૨૩૭ માં આવી જતી નથી કારણ કે તે કલમો આવી બાબતોને કાંઈ લાગુ પડતી નથી; પણ સેસન જડજે કેદી તરફના વકીલે પોતાના ભાષણમાં બતાવેલી સઘળી તકરારો સાંભળ્યાથી અને નવા વધારેલા તોહોમતને માટે કેદી તરફના સાહેદીઓ બોલાવ્યાથી આ કેસને કલમ ૫૩૭ લાગુ પડતી નથી. તોહોમત વધારવાનો સેસન જડજને અધીકાર હતો એમ ધારીને વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮ મુજબ રજુઆત ચલાવવાનો તેને અધીકાર હતો. રાણી વિ. ખરગા, ઈં૦ લો૦ રી૦ ૮ અ. ૬૬૫.

(મી૦ એજ જડજની રૂબરૂ, તા૦ ૩૦ મી અગષ્ટ સને ૧૮૮૬)

૮૪ તોહોમત—રજુઆત ચલાવતી વખતે તોહોમત વધારવું તે—તોહોમત બદલવું તે—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૭—પીનલકોડ કલમો ૪૬૭ અને ૪૭૧ મુજબ રાખેલા તોહોમતો ઉપર રજુઆત ચલાવી એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૧૯૩ જેના ઉપર કેદીને રજુઆતને માટે કમીટ કરવામાં આવ્યો નોહોતો તે કલમ મુજબ તોહોમત વધારવાનો કોર્ટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૭ મુજબ અધીકાર હતો. રાણી વિ૦ આપા સુભના. મંડલેના કેસથી આમાં જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. (ઈં૦ લો૦ રી૦ ૮ મું૦ ૨૦૦); રાણી વિ૦ ગોરડન ઈં૦ લો૦ રી૦ ૯ અ૦ ૫૨૫.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ. તા૦ ૩૧ મી મે સને ૧૮૮૭).

જુઓ બેમાંથી એક તોહોમત
„ ખરાબ વર્તણુક.

,, કમીટ કરવું તે ૧૧.
,, છુટકો ૨૧.
,, જુઠો પુરાવો ૫૯, ૬૧, ૭૦, ૮૨
,, જુઠો લેખ, ૨૯, ૩૨.
,, અપમાન ભરેલી ભાષા.
,, એકઠું કરવું તોહોમતોનું.
,, સ્ટ્રીકમ વિરૂધ ગુન્હો.
,, ફટકા મારવા તે ૨૮.

તોહોમત—

ઉભેલા માણસોથી ખોટું સમજવું તે.
જુઓ જ્યુરી ૧૦૭
વાંચીને સમજાવવું તે. જુઠું તોહોમત ૩૨.
માં સુધારો કરવો તે.
જુઓ કબુલાત ૧૧.
,, ચોરી ૧૭.
માં ઉમેરવું તે. જુઓ પુરાવો ૭૩.

તોહોમતદાર—

તોહોમતદાર—લખવાની રીત—સેસન જડજે તોહોમતદારોને નામથી લખવા જોઈએ, પણ સંખ્યાથી લખવા જોઇએ નહીં, રાણી બીકાધર બીસ્વાસ વિગરે, ૭ વિ૰ રી૰ ૫૩.

(મી૰ ગ્લોવર જડજની રૂબરૂ, તા૰ ૬ એપ્રિલ સને ૧૮૬૭).

તોહોમતદારની હકીકત—

તોહોમતદારે કહેલો મચકુર—ચેતવણી—તોહોમતદારે કહેલો મચકુર લેતાં પેહેલાં તેને ચેતવણી આપવાની માજીસ્ટ્રેટને જરૂર નથી. પ્રો. તા૰ ૯મી ડીસેંબર સને ૧૮૬૯; ૫ મ. હા૰ કો૰ રી૰ અપે ૧૧

તોહોમતના ભાગો—

જુઓ જ્યુરી ૮૨.

તોહોમતદારને ચેતવણી આપવી—

તોહોમતદારને ચેતવણી આપવી—શિલા છાપની છાપેલી સહી—કબુલાત લેતાં પેહેલાં તોહોમતદારને ચેતવણી આપવામાં આવી હોય તો માજીસ્ટ્રેટે લખવું જોઇએ કે કેવી રીતે ચેતવણી આપવામાં આવી હતી. માજીસ્ટ્રેટે શિલા છાપથી છાપી પોતાની સહી કરવી જોઈએ નહીં. રાણી વિ. દીદરનશયો અપેલેન્ટ ૧૪ વિ. રી. ૮૧.

(મેસર્સ એલી અને મીતર જડજોની રૂબરૂ, તા૰ ૧૯ મી ડીસેંબર સને ૧૮૭૦.)

જુઓ હકીકત તોહોમતદારની.
,, કબુલાત ૭૯, ૮૦.
,, નાસી જનાર ગુન્હેગાર ૧.
,, પકડવું તે ૨
,, પકડવું વારંટ સીવાય.
,, ફરીઆદ ૨૪.
,, અપમાન કોર્ટના હુકમનું ૧૨.
,, માંદીવાળાનું ફરીઆદનું ૮.
,, તોડવો સરકારી નોકરનો હુકમ ૯, ૧૬.
,, સરકારી નોકર ૧૦.
,, તપાસ વારંટ સીવાયની.

તોહોમત ત્રણ એક જાતના ગુન્હાના—

તોહોમત ત્રણ એક જાતના ગુન્હાના—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૪, ૫૩૭—ગેરશીરસ્તાથી અન્યાય થયેલો તે—ત્રણ જુદા જુદા ખાતે સેવીંગ બેંકમાંનાણાંની ત્રણ જુદી રકમો જમા કરાયેલી તેના સબંધમાં સાપ્રાધ વિશ્વાસઘાત કરવાને માટે કોઈ સરકારી નોકર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. રૂપીઆ ૧૯૫ ની રકમ જે રૂ૧૫૦) અને રૂ૪૫) એવી બે રકમોની મળીને થયેલી હતી તે રકમનો તા૰ ૧૬ મી અને ૨૫ મી નવંબરે ખોટો ઉપયોગ કરેલો તેના સબંધમાં આ તોહોમતોમાંનું ત્રીજું તોહોમત હતું. કામ ચાલતી વખતે તોહોમતદારે પોતાની જુબાનીમાં બતાવ્યું હતું કે આ રકમોના રૂપીઆ તેણે તે તારીખે માલીકોને આપ્યા હતા, અને આવી રીતે રૂપીયા આપ્યાનો દાખલો બતાવવાને હીસાબની ચોપડીઓ રજુ કરવામાં આવી હતી. આ હકીકત ખોટી સાબીત થવાથી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૪ માં બતાવ્યા પ્રમાણે રજુઆત ચલાવવામાં આવી નથી એવું કારણ બતાવી શિક્ષા રદ કરવાને અરજી કર્યાથી એમ ઠરાવવામાં

આવ્યું કે સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો છુપાવવાને માટે રકમો લખ્યાથી જે બે રકમો મળી રૂ૧૯૫) ની રકમ થયેલી છે તે રકમનો ખોટો ઉપયોગ થયો એવું હીસાબની ચોપડીની રકમોથી સ્પષ્ટ રીતે સાબીત થતું નથી અને કેસની હકીકત જોતાં રૂ૧૯૫) ના સબંધમાં સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો ફકત એક છે અને તેથી તેનો સમાવેશ એક તોહોમતમાં થવો જોઈએ. મી. પેથરામ ચીફ જસ્ટીસનો મતઃ—કોઈ માણસની એકજ જાતના ચાર અમુક તોહોમતોને માટે એકઠી રજુઆત થઇ હોય તો આવી રીતે મુકરદમો ચલાવવાથી ફકત એવી રીતનો ગેરરસીરસ્તો ગણાય નહી કે જે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૭ મુજબ સુધારી શકાય પણ તોહોમતનો કોઈ ભાગ કાહાડી નાખીને આવી કસુર પાછળના મુકરદમામાં સુધારી ના શકાય તો, રજુઆતમાં થયેલા કસુરથી આખી રજુઆત નિરૂપયોગી થઇ જાય છે. લચમીનારાયણ અરજદારની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૧૪ ક૦ ૧૨૮.

(મેસર્સ સર ડબલ્યુ કોમર પેથરામ નાઈટ ચીફ જસ્ટીસ અને બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવબર સને ૧૮૮૭.)

થ

થોડી ઈજા—

થોડી ઈજા—છત્રીથી ગોધો મારવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૯૫—છાતીમાં છત્રીથી આડો ગોધો મારવાથી દુઃખ થએલું એવું નજીવું ગણાતું નથી કે જેથી તે પીનલકોડની કલમ ૯૫ ના અર્થમાં આવી શકે. બંગાળા સરકાર વિ. શીઓ ઘોલામલાલ, ૨૪ વિ રી. ૬૭.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી નવેંબર સને ૧૮૭૫.

થોડા મુ.તનો હુકમ સને ૧૮૯૨ના આક્ટ ૧૦માની કલમ ૧૩૩ મુજબ—
જુઓ લોકોપકારક કૃત્ય ૫૨.

થોડી મુદતને માટે જુપડી કરવી તે—
જુઓ જ્યુરી ૧૦૮.

દ

દફતર—

૧ દફતર—કેદીની સામે જે દસ્તાવેજો ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તે દસ્તાવેજો કાગળના ઢગલામાં મુકવા જોઇએ નહી, પણ કેલેન્ડરમાં અથવા કવરમાં ઘાલીને અથવા કામના દફતરના કોઈ જાણીતા ભાગમાં મુકવા જોઇએ કે જેથી તેઓ એકદમ જડી આવે, રાણી વિ. રતનમીહ. ૮ વિ. રી. ૫૭.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૩ અગસ્ટ સને ૧૮૬૭).

૨ દફતર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૭, ૪૩૫, ૪૩૭—"હાથ નિચેની" "નિચા દરજ્જાની"—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટના તાબાનો ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૭, ૪૩૫-ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ ના અર્થ મુજબ ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ તે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટના તાબાનો માજીસ્ટ્રેટ ગણાય છે, અને તેટલા માટે તે માજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટના કામનું દફતર મંગાવી કલમ ૪૩૭ મુજબ જોઇ શકે છે. ઈ. લો. રી. ૭ અ. ૮૫૩.

(મેસર્સ પેથરામ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઇટ, ઓધરસ્ટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુન સને ૧૮૭૫).

ઓપેન્દ્રોનાથ ઘોસ વિ. દખીનીબેવાનાં કેસમાં આધાર રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૧૨ ક. ૪૭૩. જુઓ વધારે તપાસ ૯.

દફતર નિચેની કોર્ટનું—

દફતર નિચેની કોર્ટનું—કરેલા હુકમનો અર્થ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૫—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૫ મુજબ સેસન જડજે નિચેની કોર્ટનું દફતર મંગાવ્યુ હોય તો

હાઈ કોર્ટના હુકમને માટે કેસ મોકલતાં પહે લાં તે કરેલા હુકમનો ખુલાસો નિચેની કોર્ટ પાસેથી માગવાને બંધાયેલો છે, અને તેણે આ ખુલાસો કામના બાકીના કાગળો સાથે મોકલવો જોઈએ. મેઈલામડી ફકીર વિ. ટેરી પુલા પરમાનીક. ઈ. લો. રી. ૮ ક. ૬૪૪.

(મેસર્સ મેકડોનલ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી એપ્રિલ સને ૧૮૮૨.)

દફતરો—

જુઓ નકલો દફતરની.

„ મરતી વખતનો ઇકરાર.

દસ્તાવેજ સંતાડવો તે—

દસ્તાવેજ સંતાડવો—ચોરી—બદદાનતનો ઈરાદો—ઘણી દુરની મતલબ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૪—કબુલાતથી પંચને સોંપેલા દાવામાં કોઈ શાહેદીએ, પ્રતીવાદીએ રૂપીઆ આપેલા તેના કરતાં વધારે રૂપીઆ આપ્યા છે એવું સાબીત કરવાને ખત ઉપર શેરો કરેલો, તે શેરો પચમાં તે શાહેદી મુકે નહી એવા ઈરાદાથી પંચાતીની પાસે જે ખત પડેલું હતું તે ખત વાદી લેઇ નાશી ગયો અને તે રજુ કરવાની તેણે ના પાડી, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આ ગુન્હો ચોરી નથી પણ પીનલકોડની કલમ ૨૦૪ મુજબ દસ્તાવેજ સંતાડવાનો ગુન્હો છે. રાણી વિ૦ સુબ્રામાનીઆ ધાનાપતી, ઈ૦ લો૦ રી૦ ૩ મ૦ ૨૬૧.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી સપટંબર સને ૧૮૮૦.)

દાવો જપ્ત થયેલી મીલકત લેવાનો—

૧ દાવો જપ્ત થયેલી મીલકત લેવાનો—નાસી જનાર ગુન્હેગાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૮૪, ૧૮૫—મી૦ સેટનકાર જડજ વિરૂદ્ધ પડીને કોર્ટે ઘણા મતે એમ ઠરાવ્યું કે જે મીલકત જપ્ત કરવામાં આવી છે તે મીલકત ઉપર ત્રીજો માણસ દાવો કરે તો તેની તજવીજ માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૪ અને ૧૮૫ મુજબ કરી શકે નહી. મીલકત વેચી દેવાથી હકદારોનો હક જતો રહેતો નથી પણ પોતાનો હક સાબીત કરવાને મીલકત રાખનારાઓ ઉપર તેઓ દાવો કરી શકે. રાણી વિ૦ ચમરૂરોય, ૭ વિ૦ રી૦ ૩૫.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭.)

ચંદરભોનસીંગની બાબતમાં આધાર રાખવામાં આવ્યો. ૧૭ વિ૦ રી૦ ૧૦. જુઓ દાવો જપ્ત થયેલી મીલકત લેવાનો ૨.

રાણી વિ૦ શીઓડીહાલરાયના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૬ અ૦ ૪૮૭. જુઓ દાવો જપ્ત થયેલી મીલકત લેવાનો ૪.

૨ દાવો જપ્ત થયેલી મીલકત લેવાનો—નાશી જનાર ગુન્હેગાર—દીવાની દાવાથી ઈલાજ કરવો તે—ગેરકાયદેસરનો જવાબ—વેચાણ—નાસી ગયેલા ગુન્હેગારની જપ્ત થયેલી મીલકતના હકદારોનો વાજબી ઈલાજ એ છે કે તેમણે દીવાની દાવો કરવો જોઈએ. કાયદેસર રીત પાળ્યા સીવાય જપ્તી કરેલી રદ કરવાને કોર્ટે ના પાડી, એવું ધારીને કે કાયદા વિરૂદ્ધની તકરાર નાસી જનાર માણસને હાજર કર્યા પછી ધ્યાનમાં લેઈ શકાય પણ કાયદામાં બતાવેલી જરૂરીયાત રીતો મુજબ ચાલ્યા સીવાય વેચાણ નહી કરવાને માજીસ્ટ્રેટને ચેતવણી આપી. ચંદરભોનસીંધ વિગેરેની બાબતમાં, ૧૭ વિ૦ રી૦ ૧૦.

(મેસર્સ લોચ અને એન્સલી જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૭૨).

રાણી વિ૦ ચમરૂરોયના કેસમાં આધાર રાખવામાં આવે છે. જુઓ દાવો જપ્ત થએલી મીલકત લેવાનો ૧.

૩ દાવો જપ્ત થએલી મીલકત લેવાનો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૧—હકદારોએ બતાવેલા સાહેદીઓ ઊપર સમન કાઢવા તે—અરજદારના ઘરમાંથી માલમ પડેલા કેટલાક પૈસા ચોરવા

નું તેના ઉપર તોહોમત રાખી નિર્દોષ ઠરાવી તેને છોડી મુકવામાં આવ્યો હતો. આ પૈસાનો માલીક સોધી કાઢવાને માટે જાહેરનામું કાઢવામાં આવ્યું હતું પણ કોઈ હાજર થયુ નહી તેથી અરજદારે પોતાનો હક છે એમ બતાવી કેટલાક સાહેદીઓ ઉપર સમન કાઢવાને આસીસ્ટન્ટ માજીસ્ત્રેટને અરજ કરી, પણ આસીસ્ટંટ માજીસ્ત્રેટે ના પાડી દાવો કાઢી નાખ્યો, અને અપીલમાં માજીસ્ત્રેટે દરમીઆન થવાને ના પાડી. જડજે હાઇ કોર્ટનો અભીપ્રાય લખી પુછવાથી તે કોર્ટે એમ ઠરાવ્યું કે અરજદારે નામ આપેલા સાહેદીઓ ઉપર સમન કાઢવાને આસીસ્ટંટ માજીસ્ત્રેટ બંધાયેલો હતો, અને તેથી તે અમલદારનો હુકમ રદ કરી કામમાં બતાવેલા સાહેદીઓને હાજર રાખવાને પુરતો બંદોબસ્ત કર્યા પછી કેસનું નિરાકરણ કરવાને હુકમ કર્યો. સરકાર વિ૦ સુખનશાહુ, ૧૮ વિ૦ રી૦ ૫.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૭૨.)

૪ દાવો જપ્ત થયેલી મીલકત લેવાનો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૮૮, ૮૯ અને કલમ ૪ (ડ)—કલમ ૮૮ મુજબ માજીસ્ત્રેટના મુકરદમાઓ—"ઈનસાફી મુકરદમાઓ"—જે માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૮૮ મુજબ મિલકત જપ્ત કરી હોય તે માજીસ્ત્રેટે તે મીલકત ઉપર ત્રીજા માણસના માલકીપણા વિષે તજવીજ કરવી જોઈએ એવું કાંઈ કાયદામાં ફરમાવેલું નથી. રાણી વિ ચંમરરોય (૭ વિ. રી. ક્રી. અ. ૩૫) ના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો. તેટલા માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૮૮ મુજબ માજીસ્ત્રેટના મુકરદમાએ તે કોડની કલમ ૪ (ડ) ના અર્થ મુજબ "ઈનસાફી મુકરદમાઓ" ગણાતા નથી. રાણી વિ. શીઓડીહાલરાય, ૬ અ. ૪૮૭.

(મેસર્સ સ્ટ્રેટ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને ડુથોઈટ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૮૪.)

રાણી વિ. ચમરૂરોયના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૭ વિ. રી. ૩૫. જુઓ દાવો જપ્ત થયેલી મીલકતનો ૧.

દાવો લુંટાયેલી મીલકતનો—

દાવો લુટાએલી મીલકતનો—પાક-મીલકત અથવા હક વિષેના વાજબી દાવાની હકીકત ખાત્રી કર્યાથી અથવા હક વિશેનો શક પડવાથી પાકની લુટના કેસમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવું એ વાજબી નથી. મીલકતનો હક વાજબી અને ખરા પુરાવાથી સાબીત કરવો જોઈએ. બાનુ ચોધરી, ૫ વિ૦ રી૦ ૪૭.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૭૧).

દિવાની કેસ—

જુઓ કમીટ કરવું તે ૧, ૫, ૧૦
,, સાપ્રાધ પ્રવેશ.
,, પોલીસ રીપોર્ટ
,, ભરણપોષણ
,, કબજો ૩, ૧૫, ૬૩, ૮૩, ૮૪, ૯૧, ૧૦૦, ૧૦૬, ૧૧૧, ૧૧૪, ૧૧૭, ૧૧૯, ૧૨૨, ૧૨૩, ૧૨૬, ૧૩૧.
,, ફરીઆદ કરવાની પરવાનગી, ૧, ૪, ૬, ૮, ૧૧, ૧૪, ૨૧, ૨૮, ૩૧, ૫૨, ૬૩.

દિવાની જેલ

જુઓ જકાત ૩૮.

દિવાની મુકરદમાઓ—

દિવાની મુકરદમાઓ—ફોજદારી કોર્ટ—દિવાની મુકરદમાઓથી ફોજદારી કોર્ટમાં કામ ચલાવવાનો બાધ આવતો નથી. માધબ કુબરયો વિ. કેશબસીંગ વિગેરે, ૯ વિ૦ રી૦ ૨૨.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી ફેબરવારી સને ૧૮૬૯).

દિવાની પ્રોસેસ

જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨.
જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૮.
,, કેદમાંથી નાસી જવું ૧, ૬, ૧૬.
,, સજા ૬૩.

દિવાની દાવાદારો—

દિવાની દાવાદારો—દિવાની દાવાદારોએ ફોજદારી કરેલી તે—સાધારણ નિયમ તરીકે ચાલતા દાવાના બે પક્ષકારોમાંના એક પક્ષકારે દાવાના સંબંધની બાબતો વિષે બાકીના માણસો ઉપર ફોજદારી માંડવી જોઈએ નહી; જો તે એવી રીતે ફરીઆદ માંડે તો દાવાનું છેવટ થતાં સુધી ફોજદારી ફરીઆદ બંધ રાખવી જોઈએ. જો કે ફરીઆદના વાજબીપણા વિષે સવાલ ઉઠાવવાને તે ખરૂ કારણ છે, તોપણ ગુન્હો કાયદેસર છે એ સવાલ ઉઠાવવાને તે કારણ નથી. રાણી વિ. અચીતલાલ, ૧૭ વિ. રી. ૪૬.

(મેસર્સ માર્કબાય અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૩ જી એપ્રીલ સને ૧૮૭૨)

દેશનિકાલ—

૧ દેશનિકાલ—કેદને બદલે દેશનિકાલ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૫૯—પીનલકોડની કલમ ૫૯ મુજબ જે કેસમાં ફક્ત સાત અથવા સાત વર્ષ કરતાં ઉપરાંત સજા કોર્ટ કરી શકે તેજ કેસમાં દેશનિકાલની સજા થઈ શકે છે. ગુન્હાને માટે સજા કરતી વખતે કેદની સજા બદલીને દેશનિકાલની સજા તે કરી શકે છે; પણ કેદની સજા કર્યા પછી તે સજા બદલી શકાય નહી. રાણી વિ પ્રેમચંદ ઓસવાલ વિગેરે, વિ૦ રી૦ સપટંબર ૩૫.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુન સને ૧૮૬૪).

૨ દેશનિકાલ—કેદને બદલે દેશનિકાલ કરવો તે—અપહરણ—બુદ્ધિપૂર્વક વ્યથા કરવી તે—પીનલકોડની કલમ ૫૯ નો અમલ કરવાને માટે એકલી એક ગુન્હાને માટે કરેલી સજા સાત વર્ષની હોવી જોઈએ, પણ બે સજાઓ એકઠી કરીને સાત વરસની સજા કરી હોય તો, એવી રીતે એકઠી કરેલી સજા બદલીને તેટલીજ મુદતને માટે સમુદ્રપારની સજા થઈ શકે નહી. અપહરણ અને બુદ્ધિપૂર્વક વ્યથા એ બે ગુન્હાઓ એકઠા કરીએ તો ફક્ત કલમ ૩૬૪ મુજબ સજા થઈ શકેછે પણ કલમો ૩૬૨ અને ૩૬૪ મુજબ સજા થઈ શકે નહી. રાણી વિ૦ મુનબીકોરા, ૨ વિ૦ રી૦ ૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી જાનેવારી સને ૧૮૬૫).

રાણી વિ૦ કીસ્ટોસુંદરના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૨ વિ૦ રી૦ ૫. જુઓ ખોટી સીલ અને ખોટા દસ્તાવેજ.

રાણી વિ૦ મોનાકુલાહ, ૫ વિ૦ રી૦ ૪૪. જુઓ દેશનિકાલ ૬ ના કેસમાં આધાર રાખવામાં આવ્યો.

૩ દેશનિકાલ—ખુન— ખુનના કેસમાં મોતને બદલે જીંદગી પર્યંત દેશનિકાલની સજા કરેલી તે. રાણી વિ૦ રામનાથ ગવાલા ૩ વિ૦ રી૦ ૨૭.

(મેસર્સ કેમ્પબેલ, જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૬૫).

મુલાખીના રેફરન્સના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૧૪ વિ૦ રી૦ ૮૧ જુઓ: કેદી તરફના સાહેદાઓ.

૪ દેશનિકાલ—કેદને બદલે દેશનિકાલ કરેલો તે—જો ગુન્હેગારને ઓછામાં ઓછી એક કેસમાં સાત વરસની સજા કરવામાં આવી હોય તોજ તે બદલીને દેશનિકાલની સજા થઈ શકે છે રાણી વિ૦ દુનુરામ માલી વિગેરે, ૩ વિ૦ રી૦ ૮૪.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૬૫).

૫ દેશનિકાલ—મુદત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૧૨, ૫૯—પીનલકોડની કલમો ૫૯ અને ૪૧૨ મુજબ દેશનિકાલની સજા દશ વર્ષ કરતાં ઉપરાંત થઈ શકે નહીં. રાણી વિ૦ મોહાનંદો ભંડારી વિગેરે, ૫ વિ૦ રી૦ ૧૬.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જાનેવારી સને ૧૮૬૬).

૬ દેશનિકાલ—કેદ—સમુદ્રપારની સજા સાત વર્ષ કરતાં ઓછી મુદતને માટે થઈ શકે નહી. પીનલકોડની કલમ ૫૯ અમલમાં લાવવાને માટે એકલી એક ગુન્હામાં કરેલી સજા સાત વર્ષ કરતાં ઓછી હોવી જોઈએ નહી. બે અથવા વધારે ગુન્હાઓમાં કરેલી સજામાંની એક સજા જો સાત વર્ષ કરતાં ઉપરાંતની હોય તો સાધારણ રીતે બે અથવા વધારે ગુન્હાઓને માટે સમુદ્રપારની સજા કરવી કાયદા વિરૂદ્ધ છે. રાણી વિ શેનાઉલાહ અને બીજો, ૫ વિ રી- ૪૪.

(મેસર્સ મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી માર્ચ સને ૧૮૬૬).

રાણી વિરૂદ્ધ મુતફીકોરાના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૨ વિ. રી. ૧. જુઓ દેશનિકાલ ૨.

૭ દેશનિકાલ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૦૭, ૩૯૪—પીનલકોડની કલમ ૩૦૭ અથવા ૩૯૪ મુજબ કોઈ કેદીને અમુક વર્ષ સમુદ્રપારની સજા કરી શકાય નહી, પણ ઉપલી કલમો મુજબ જીંદગી પર્યંત દેશનિકાલ અથવા કેદ સાથે દશ વર્ષની સખત મજુરીની સજા કરી શકાય છે. રાણી વિ ભામોરદોશાહ, ૭ વિ રી ૪૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી માર્ચ સને ૧૮૬૭).

૮ દેશનિકાલ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૫૯ મુજબ કેદને બદલે દેશનિકાલની સજા કરેલી તે—પીનલકોડની કલમ ૫૯ મુજબ કોઈપણ તોહોમતને માટે સાત વર્ષ કરતાં ઓછી સમુદ્રપારની સજા થઇ શકે નહી. પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ઈનસાફી મુકરદમામાં ખોટી સાહેદી આપવી અને કલમ ૪૬૭ મુજબ જુઠો લેખ બનાવવો એ બંને જુદા તોહોમતો કોઈ કેદી ઉપર રાખી તેને ગુન્હેગાર ઠરાવી પેહેલા ગુન્હાને માટે સાત વર્ષની સમુદ્રપારની સજા કરેલી અને બીજા ગુન્હાને માટે ત્રણ વર્ષની વધારે સમુદ્રપારની સજા કરેલી, તેમાં તેટલા માટે બીજી સજા કાયદા વિરૂદ્ધ ગણી રદ કરવામાં આવી હતી. રાણી વિ. ગોરચંદર સેન, ૮ વિ. રી. ૨.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી જુન સને ૧૮૬૭).

૯ દેશનિકાલ—કેદ—સને ૧૮૬૨ નો ૧૫ મો—મી૦ જેકશન જડજ વિરૂદ્ધ પડવાથી એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૬૨ ના આકટ ૧૫ ની કલમ ૧ માં બતાવેલો અધીકારવાળો અમલદાર કેદની સજાને બદલે પીનલકોડની કલમ ૫૯ મુજબ સાત વર્ષની સમુદ્રપારની સજા કરી શુકે છે. બુધાના મુકરદમાની તપાસનો કેસ, ૯ વિ. રી. ૬; એં. બો. રી. વો. ૮૬૯.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, સેટન કાર, જેકશન, મેકફરસન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૬૮).

૧૦ દેશનિકાલ—કેદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬—બે વખત સાત સાત વર્ષની સમુદ્રપારની સજા એક પુરી થયા પછી બીજી શરૂ થાય તેવી રીતે કરવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ માં અખતીયાર આપેલો નથી. સજા કેદની હોય તોજ એવી રીતે સજાઓ કરવાનું તે કલમમાં બતાવેલું છે. રાણી વિ૦ કાશીમઅલી, ૧૧ વિ૦ રી૦ ૧૦

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯).

૧૧ દેશનિકાલ—કેદને બદલે દેશનિકાલ કરેલો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૫૯ અને ૩૬૭—જીંદગી પર્યંત દેશનિકાલ અથવા અમુક મુદતની કેદ, એ બેમાંની એક સજા જે ગુન્હામાં થઈ શકે તેવા ગુન્હામાં જીંદગી કરતાં ઓછી સમુદ્રપારની સજા કરવામાં આવી હોય તો તેવી રીતની સમુદ્રપારની સજા કેદની મુદત કરતાં વધારે થઈ શકે નહીં. રાણી વિ. નેદડા, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૪૩.

(મેસર્સ ટરનર કામ ચલાઉ ચીફ જસ્ટીસ, પીઅરસન, સ્પેંકી અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી અગષ્ટ સને ૧૮૭૫).

૧૨ દેશનિકાલ— દંડને બદલે કરેલી સજા રદ કરી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૫૯—દંડને બદલે કોઈ ગુન્હેગારને કોર્ટે કેદની સજા કરી હોય તો તેની સજાને બદલે સમુદ્રપારની સજા કરવાનો પીનલકોડની કલમ ૫૯ માં અખત્યાર આપ્યો નથી. રાણી વિ૦ કનકુસા, ઈં૦ લો૦ રી૦ ૫ મ. ૨૮.

(મેસર્સ ઇન્સ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨).

જુઓ દેશનિકાલમાંથી નાસી જવું.

૧૩ દેશનિકાલ—જીંદગી પર્યંત—સને ૧૮૬૧ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫—વધારેલી સજા-કેદ-પીનલકોડના પ્રકરણો ૧૨ અને ૧૭ મુજબ ત્રણ વર્ષ અથવા વધારે મુદતની સજા થઈ શકે તેવા ગુન્હાઓને માટે પ્રથમ ગુન્હેગાર ઠરેલા તોહોમતદારને, પછીથી એ પ્રકરણોમાંના એક પ્રકરણ મુજબ ત્રણ વર્ષ કરતાં વધારે સજા થઈ શકે તેવા એક ગુન્હાને માટે અપરાધી ઠરાવી સાત વર્ષની કેદની સજા કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે સાત વર્ષની સમુદ્રપારની સજા કાયદા વિરૂદ્ધ હતી. પીનલકોડની કલમ ૭૫ મુજબ તોહોમતદારને જીંદગી પર્યંત દેશનિકાલની સજા થઇ શકે પણ છ વર્ષ કરતાં વધારે મુદતની કેદની સજા થઇ શકે નહીં રાણી વિ૦ માહાદુ, ઈં૦ લો૦ રી૦ ૬ મું૦ ૧૯૦.

(મેસર્સ મેલવીલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા. ૭ મી સપટેંબર સને ૧૮૮૨).

જુઓ ડાકાઈટી ૧૨, ૨૧.

,, ખુન ૧૨, ૨૨, ૩૦, ૪૯, ૫૦, ૫૩.

દેશનિકાલમાંથી નાસી જવું તે—

દેશનિકાલમાંથી નાસી જવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૨૫—પીનલકોડની કલમ ૨૨૬ મુજબ દેશનિકાલમાંથી નાસી જવાનો ગુન્હો થવાને માટે ગુન્હેગારને ખરેખરી રીતે સજાને માટે ઠરાવેલી જગ્યાએ મોકલવામાં આવ્યો હતો અને ત્યાંથી મુદત પુરી થયા પહેલાં અથવા માફી આપ્યા પહેલાં તે નાસી આવ્યો હતો એ સાબીત કરવું જરૂરનું છે કેદીને સમુદ્રપારની સજા ભોગવવાને મોકલતાં તે રસ્તામાંથી નાસી જાય તો એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૨૨૪ મુજબ ગુન્હેગાર છે, પણ પીનલકોડની કલમ ૨૨૬ મુજબ ગુન્હેગાર નથી. રાણી વિરૂદ્ધ રામસ્વામી, ૪ મ. હા. કો. રી. ૧૫૨.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને કોલેટ જડજોની રૂબરૂ, તા. ૨ ડીસેમ્બર સને ૧૮૬૮).

દંડ—

૧ દંડ—વેહેંચી દેવો તે—કેદીઓ પાસેથી લીધેલો દંડ વેહેંચી દેવાનો કોર્ટને અધીકાર નથી. આવી જાતનો અધીકાર ફકત સરકારનેજ છે. રાણી વિ. ગોકળદાસ, ૧ હાર્ડ્સ રીપોર્ટ ૨૮૨.

(મી. મોરગન જડજની રૂબરૂ, સને ૧૮૬૨–૬૩).

૨ દંડ—બીગાડ—જમીન ઉપરની નિશાનીઓ કાઢી નાખવી તે—પીનલકોડની કલમ ૪૩૪ મુજબ કરેલા દંડનો કેટલોક ભાગ અમીન જેના જમીનના નિશાનો સામેના પક્ષકારે કાઢી નાખ્યા હતા તે પાછા કરવાના ખરચ બદલ તેને આપવાનો સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૪ મુજબ, હુકમ કરવાનો જોઈન્ટ માજીસ્ટ્રેટને અખતીયાર નથી એમ ઠરાવવામાં આવ્યું હતું. રાણી વિ. મુરતલોલ વિગેરે, ૬ વિ. રી. ૮૩.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા. ૨૧ મી ડીસેંબર સને ૧૮૬૬).

૩ દંડ—પાછો આપવો તે—કોઈ કેદીને દંડ અને કેદની સજા કરવામાં આવી હ

તી અને દંડ ના આપે તો વધારે કેદ ઠરાવવામાં આવી હતી. તેણે કેટલોક દંડ આપ્યો હતો પણ તે વાત જેલરના જાણવામાં નહી આવ્યાથી તેણે પુરેપુરી સજા ભોગવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે કેસની હકીકત ઉપરથી દંડ પાછો આપવાનો હુકમ કરવાનો કોર્ટને અધીકાર નહોતો. રાણી વિરૂદ્ધ નથામુલા, ૪ મું. હા. કો. રી. ૩૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી અકટોબર સને ૧૮૬૭).

૪ દંડ—મિલકત જપ્ત કરી દંડ વસુલ કરવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૧—જે કેસમાં ગુન્હેગારને દંડની સજા કરવામાં આવી હોય તે કેસમાં જે કોર્ટે સજા કરી હોય તે કોર્ટ મિલકત જપ્તી કરી અને તે વેચીને દંડની રકમ વસુલ કરવાનું વારંટ કાઢે. કોઇ જડજ અથવા માજીસ્ટ્રેટ પોતાની પેહેલાંના અધીકારીએ ઠરાવેલો દંડ વસુલ કરી શકે છે. પણ જે કોર્ટે દંડ કર્યો હોય તેજ કોર્ટે દંડ વસુલ કરવો જોઈએ ચંદરકુમાર મીતર મોધુસુધનડી, ૯ વિ. રી. ૫૦.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, જેકશન, પીઅર, મેકફરસન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી માર્ચ સને ૧૮૬૮).

૫ દંડ—લાઈસેન્સ ટેક્ષ—તોહોમતદારની જુબાની—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૬—સને ૧૮૬૭ ના આકટ ૨૯ ની કલમ ૧૫ મુજબ કર નહી આપવાને માટે ઠરાવેલો દંડ નોટીસમાં બતાવેલી રકમ કરતાં ઓછો હોઈ શકે નહી, તોહોમતદાર ઉપર રાખેલા તોહોમતના જવાબમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૬ મુજબ તેની જુબાની લેવાને ડેપ્યુટી માજીસ્ટ્રેટ બંધાએલો છે. રાણી વિરૂદ્ધ બીશેસ્વરસેન, ૯ વિ૦ રી૦ ૬૨.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી એપ્રીલ સને ૧૮૬૮).

૬ દંડ—લાઈસેન્સ ટેક્ષ—સને ૧૮૬૭ નો ૨૯ મો કલમ ૩—સને ૧૮૬૭ ના આકટ ૨૯ માની કલમ ૩ મુજબ કોઇ માણસનો કર નહી આપવાને માટે એક વાર દંડ થયો હોય તો તેનો બીજી વાર દંડ થઇ શકે નહી અથવા કરની બીજી વાર માગણી થઈ શકે નહી. દુરગાચરનગીરી, ૯ વિ. રી. ૬૪.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૬૮).

જે. ડી. સધરલાંડ વિરૂદ્ધ એલ. ગાડડીની બાબતમાં નજર રાખવામાં આવી. ૧૮ વિ. રી. ૧૧. જુઓ મુંચરકો ૪૫.

શેખ મંગલો વિરૂદ્ધ દુરગા નારાયણનાગના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૮ ક૦ લો૦ રી૦ ૫૧૪. જુઓ કબજો ૧૨૫.

૭ દંડ—સ્થાવર મિલકત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૦—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૧ મુજબ દંડને માટે જંગમ મિલકત નહી જપ્ત કરવી તે ફકત ગુન્હેગારની જીંદગી સુધી લાગુ પડે છે કે શી રીતે અને તેના મુવા પછી પીનલકોડની કલમ ૭૦ મુજબ સ્થાવર મિલકતમાંથી દંડની રકમ વસુલ થાય કે નહી એ બાબત વિષે હાઈ કોર્ટને લખી પુછવાથી, તે કોર્ટે એવો મત આપ્યો કે કાયદા પ્રમાણે ફકત જંગમ મિલકત જપ્ત કરી અને તે વેચીને દંડ વસુલ કરી શકાય છે, અને સ્થાવર મિલકત જપ્ત કરવાનો કાંઈ શીરસ્તો નથી. રાણી વિરૂદ્ધ લાલુકારવાર, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૬૩.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૬૮).

રાણી વિરૂદ્ધ દોંગાજી અને અંદાજીના કેસમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૨ મું. ૫૬૪. જુઓ નીચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૪૫.

૮ દંડ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—ક્રીમીનલ

પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ મુજબ છેવટ ઠરાવ કરવાનો અધીકાર હોય તેવું કોઈ તોહોમત માજીસ્ટ્રેટ ચલાવતો હોય તો એમ ઠરાવવામાં આવ્યું કે, જો કે મુળનું તોહોમત પ્રકરણ ૧૪ માં આવી જાય છે તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ દંડ ઠરાવવો તે તેની મરજી ઉપર છે. હોથુરલાલ વિરૂદ્ધ હીદુસીંગ મોઝ અને બીજો, ૧૦ વિ. રી. ૪૫.

(મેસર્સ ફીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી નવેંબર સને ૧૮૬૮).

૯ દંડ—ગુન્હેગાર માણસની મીલકત ૫કડવી તે—માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવેલા માણસનો દંડ ના કર્યો હોય તો તે માણસની મીલકત પકડવાનો તેને અધીકાર નથી તેમજ એક પ્રતીવાદીના કબજામાંથી મીલકત લેઈ બીજા પ્રતીવાદીને સોંપાવવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. પ્રો. તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૬૯. ૪ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૨૮.

૧૦ દંડ—ડબામાં પુરનારે કરેલો દંડ—સને ૧૮૫૦ નો ૨૬ મો—સને ૧૮૫૭ નો ૩ જો કલમ ૬—ડબામાં પુરનારે કરેલો દંડ ગુન્હેગાર ઠરાવી ગુન્હાને માટે કરેલી સજા ગણાતી નથી. સને ૧૮૫૭ ના આકટ ૩ ની કલમ ૬ મુજબ દંડ આપ્યો છે તેથી સને ૧૮૫૦ ના આકટ ૨૬ મુજબ ગુન્હાને માટે કોઈ માણસની તજવીજ થઈ શકે નહીં એવું ધારવું ભુલ ભરેલુ છે. રાણી વિ૦ દુરગારામ માધવરામ, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૫૫.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુન સને ૧૮૭૦).

૧૧ દંડ—દેશનિકાલની સજાના વધારામાં દંડની સજા કરેલી તે—દેશનિકાલની સાથે દંડની સજા કરી હોય અને આખો અથવા થોડો દંડ વસુલ કરવામાં આવ્યો હોય તો, પોર્ટબ્લેર બંદરના અધીકારીઓને તે બાબતની ખબર આપવાની સેસન જડજની ફરજ છે. પ્રો. તા. ૧૨ મી નવંબર સને ૧૮૭૦. ૫ મ. હા. કો. રી. અપે. ૪૪.

૧૨ દંડ—બદલીને કેદની સજા કરી તે—સને ૧૮૬૦ નો ૨૩ મો કલમ ૧૩—સને ૧૮૬૦ના આકટ ૨૩ માની કલમ ૩ મુજબ એકસોએંશી રૂપીયાના દંડની સજા કરી હોય તો તેને બદલે ચાર માસ કરતાં ઉપરાંત કેદની સજા થઇ શકે નહીં. સજ્જાન માહાદુની બાબતમાં, ૧૮ વિ૦ રી૦ ૯૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુન સને ૧૮૭૨).

જુઓ હુકમો ૧
,, અસેસરો ૩.
,, જામી.
,, ઢોર પ્રવેશ ૬, ૭.
,, સરટીફીકેટ રજીસ્ટર કર્યાનું.
,, કમપનસેશન.
,, ફરીઆદ.
,, ફોજદારી કાયદાની રચના.
,, જુઓ બચાવ ૧.
,, કપટથી મીલકત ખસેડવી તે ૨.
,, કેદ જબરજસ્તીથી.
,, દંડને બદલે કેદ.
,, ઈનકમટેક્ષ.
,, રેલ્વે ગુન્હો ૪.
,, ચોરીની મીલકત ૧૪.
,, ચોરી ૩૪.
,, શાહેદી ૧.

દંડ ન આપવાને બદલે કેદ—

૧ દંડ ન આપવાને બદલે કેદ—દંડ કરનાર અમલદારે હુકમ કર્યો હોય અગર ના કર્યો હોય તોપણ જંગમ મિલકત કબજ કરીને વેચવી તે—ઘણામતે કોર્ટે એવો ઠરાવ કર્યો કે કોઈ ગુન્હેગારે દંડના બદલે ઠરાવેલી પુરેપુરી કેદની સજા ભોગવી હોય તોપણ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટની હકુમત નીચે તે ગુન્હેગારની જે મિલકત માલમ પડે તે જંગમ મીલકત કબજ કરી અને વેચી દંડ વસુલ આપવાને, જે અમલદારે દંડની સજા કરેલી તે અમલદારે તે વિષય ઉપર કાંઈ ખાસ હુકમો કર્યા હોય અગર ના કર્યા હોય તોપણ ગુન્હેગાર જવા

બહાર છે. રાણી વિ. મોહુસુદન ડે વિગેરે, ૩ વિ. રી. ૬૧.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજો ની રૂબરૂ, તા૦ ૧૫ મી અગષ્ટ સને ૧૮૬૩).

૨ દંડ ન આપવાને બદલે કેદ—અપમાન—સરકારી નોકરને જવાબ આપવાની ના પાડવી તે—જે બાબત વિશે કાયદેસર સાચુ કહેવાની કોઇ માણસની ફરજ હોય તે બાબત વિષે સરકારી નોકરે પુછેલા સવાલોના જવાબો આપવાની ના પાડવાને માટે તેને પીનલકોડની કલમ ૧૭૯ મુજબ ગુન્હેગાર ઠરાવી દંડની સજા કરી હોય અને જો તે દંડ ના આપે તો તેને બદલે આસાન કેદની સજા થઇ શકે, પણ સખ્ત મજુરી સાથે કેદની સજા થઇ શકે નહી. રાણી વિ. જગેશ્વરરોય, ૫ વિ. રી. ૭૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૭ મી મે સને ૧૮૬).

૩ દંડ ન આપવાને બદલે કેદ—કાયદા વીરૂદ્ધ મંડળી—કયદા વિરુદ્ધ મંડળીના અંગભુતોનું તે હોમત રાખેલા માણસોના કેસમાં સેકન્ડ કલાસ માજીસ્ત્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧ મુજબ દંડને બદલે છ અઠવાડી આ કરતાં વધારે કેદની સજા કરવાનો અખતીયાર નથી. ફુલમેનટેવરી વિ. સતારામ ઓઝા વિગેરે, ૬ વિ. રી. ૫૧

૪ દંડ ન આપવાને બદલે કેદ—દેશનિકાલ—દંડને બદલે વધારામાં કરેલી કેદની સજા સખત મજુરી સાથે હોવી જોઈએ પણ દેશનકાલની સાથે હોવી જોઈએ નહી. રાણી વિ. શ્રીમતી ટોટલ અને બીજો, ૭ વિ.રી. ૩૧.

(મેસર્સ સેટનકાર અને કેમ્પ જડજોની રૂબરૂ. તા૦ ૧૬ મી ફેબ્રુઆરી ૧૮૬૭).

૫ દંડ ન આપવાને બદલે કેદ—મુંબાઈનો સને ૧૮૫૭ નો ૭ મો કલમ ૩૧—મુંબાઈના સને ૧૮૫૭ ના આકટ ૭ ની કલમ ૩૧ મુજબ દંડ નહી વસુલ થવાથી કરેલી કેદની સજા આસાન કેદની હોવી જોઈએ પણ સખત મજુરી સાથે હોવી જોઈએ નહી. રાણી વિ. બેચર ખુશાલ, ૫ મું. હા. કો. રી. ૪૩.

(મેસર્સ ન્યુટન કામચલાઉ ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન ૧૮૬૮).

૬ દંડ ન આપવાને બદલે કેદ—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૨૯૦—લોકોપકારક કૃત્ય—લોકોપકારક કૃત્યને માટે પીનલકોડની કલમ ૨૦૦ મુજબ કરેલો દંડ નહી આપવાને માટે ઠરાવેલી કેદ આસાન કેદ હોવી જોઈએ પણ સખત મજુરી સાથે કેદની સજા કરવી જોઈએ નહી. રાણી વિ. સંતુ ઉરફે લખાપાકોર, ૬ મું. હા. કો. રી. ૪૫.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ. તા૦ ૧૭ મી જુન ૧૮૬૮).

૭ દંડ ન આપવાને બદલે કેદ—પરવાનો—સને ૧૮૬૭ નો આકટ ૧૯ અને ૨૧ મો—સને ૧૮૬૭ ના આકટ ૧૯ ની કલમ ૩ અને આકટ ૨૧ ની કલમ ૧૫ મુજબ પરવાનો લેવાનું ભુલી ગયેલા માણસનો માજીસ્ટ્રેટે દસ રૂપીઆ દંડ કર્યો અને તે ના આપે તો સાત દિવસ આસાન કેદ ભોગવે એવી સજા કરી, આ આકટ મુજબ તજવીજ કરનાર માજીસ્ત્રેટને આવો હુકમ કરવાનો અધીકાર નહી હોવાથી હાઈ કોર્ટે જે કેદ સંબંધી સજા કરી હતી તે રદ કરી. રાણી વિ. ચેનાપાવાલદ નગાપા, ૫ મું. હા. કો. રી ૪૪.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ. તા૦ ૧૭ મી જુન ૧૮૬૮).

રાણી વિ. સંગાપા ઉરફે બશીઆપાના કામમાં નજર રાખવામાં આવી. ૭ મું. હા. કો. રી. ૭૬. જુઓ દંડને બદલે કેદ ૯.

૮ દંડ ન આપવાને બદલે કેદ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૦, ૬૫—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૫—સને ૧૮૫૦ નો ૩૧ મો મીઠાની ઉપજના કરનો કલમ ૩—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦ ની વાખ્યામાં બતાવ્યા પ્રમાણે પીનલકોડની કલમ ૬૫ તે કા

૬ મુજબ થએલા ગુન્હાઓને લાગુ પડે છે એટલુજ નહી પણ પ્રકરણ ૨૧ મુજબ મા જીસ્ટ્રેટને અખતીયાર હોય એવા દરેક ગુન્હાને લાગુ પડે છે. મીઠાની ઉપજનો સને ૧૮૫૦ ના ૩૧ મા આકટની કલમ ૩ મુજબ દંડના બદલામાં એક માસની કેદ ઠરાવેલી તે ઓ છી કરી ત્રણ અઠવાડીઆની આસાન કેદ ઠ રાવી. રાણી વિ૦ વીઠોબા બીન રામા, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૬૧.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂ બરૂ, તા૦ ૩૦ મી જુલાઇ સને ૧૮૬૮)

૯ દંડ ન આપવાને બદલે કેદ—ઈનક મટેક્ષ આકટ—જનરલ કલોઝીઝ આકટ—ઈન કમટેક્ષ સને ૧૮૬૯ નો ૯ મો જેનો વધારો સને ૧૮૬૯ ના ૨૩ મા આકટથી થયેલો છે તે, સને ૧૮૬૮ નો ૧ લો જનરલ કલોઝીઝ આકટની પછી અમલમાં આવ્યાથી તે આક ટની કલમ ૫ મુજબ દંડ ન આપવાને બદલે કેદની સજા કરી શકાય છે. રાણી વિ૦ સંગા પા બીન બશીઆપા, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૭૬.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજો ની રૂબરૂ, તા૦ ૧ ડીસેંબર સને ૧૮૭૦).

રાણી વિ૦ ચેનાપા વાલદ નગાપાના કેસ માં નજર રાખવામાં આવે છે. ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૪૪, જુઓ દંડને બદલે કેદ ૭.

૧૦ દંડ ન આપવાને બદલે કેદ—સ ને ૧૮૫૪ નો ૧૮ મો કલમ ૩૪–સને ૧૮૫૪ ના આકટ ૧૮ ની કલમ ૩૪ માં તે આક ટ મુજબ કરેલા દંડો શી રીતે વસુલ કરવા તે બતાવેલું છે. મીલકત કબજ કરવાનું વા રંટ પાછું આવવાથી અથવા કબજો થઈ શકે તેમ નથી એવી માજીસ્ટ્રેટને બીજી કોઈ રીતે ખાત્રી થાય તોજ કેદની સજા કરવી જોઈએ. પ્રો૦ તા૦ ૧૩ મી નવંબર સને ૧૮૭૧; ૬ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૩૭.

૧૧ દંડ ન આપવાને બદલે કેદ—મદ્રા સનો સને ૧૮૬૪ ૩ જો કલમો, ૨૧, ૨૨— મદ્રાસના સને ૧૮૬૪ ના આકટ ૩ જાની ક લમો ૨૧ અને ૨૨ મુજબ કેદીઓનો દંડ ક રયો અને તે ના આપે તો સખત મંજુરી સાથે કેદની સજા ભોગવે એમ ઠરાવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે આવા કેસોમાં ફ કત દંડની સજા ઠરાવી શકાય એમ હોવાથી અને કલમો ૩૦, ૩૧ અને ૩૨ માં દંડ શી રીતે વસુલ કરવો તે બતાવ્યાથી પીનલકોડની કલમ ૬૪ લાગુ પડતી નથી. પ્રો૦ તા૦ ૨૦ મી નવંબર સને ૧૮૭૧; ૬ મ. હા. કો. રી. અપે ૪૦.

૧૨ દંડ ન આપવાને બદલે કેદ—બ ગાળાનો સને ૧૮૬૭ નો ૨ જો જુગારનો આ કટ—અમલમાં લાવવું તે–બગાળાના સને ૧૮૬૭ ના આકટ ૨ મુજબ દંડને બદલે સખ ત મજુરીની કેદની સજા કરેલી રદ કરવામાં આવી હતી, કારણ કે ઝાંગીપરમાં આ આકટ લાગુ પડે છે એવી સરકારી જાહેર ખબર ત્યા રપછીના ત્રણ સરકારી ગેઝીટોમાં છપવામાં આવી નોહોતી. રાણી વિ૦ જાહેર શેખ વિગે રે, ૧૮ વિ૦ રી૦ ૪૧.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૭૨).

૧૩ દંડ ન આપવાને બદલે કેદ—સને ૧૮૫૯ નો આકટ ૨૪ મો કલમ ૪૮—સને ૧૮૫૯ ના આકટ ૨૪ માની કલમ ૪૮ મુ જબ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી દંડની સ જા કરી, અને તે ના આપે તો કેદ ઠરાવી. તા૦ ૭ મી ડીસેંબર સને ૧૮૬૬ ના મુકર દમાઓના આધાર ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે દંડના બદલામાં કેદની સજા ગેરકા યદેસર હતી. ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૨૧ અને ૨૩ માં રીપોર્ટ થયેલા ફેંસલાઓ ર દ થઇ ગયા. પ્રો૦ તા૦ ૨૪ મી એપ્રીલ સને ૧૮૭૩; ૭ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૨૨.

૩ મ૦ હા૦ કો૦ રી૦ અપે ૯ ના કે સમાં આધાર રાખવામાં આવે છે. જુઓ પો લીસ ૯.

૫ મ હા૦ કો૦ રી૦ અપે ૨૧ નો કેસ રદ થઈ જાય છે. જુઓ સજા ૩૧.

૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે ૨૩ નો કેસ રદ થઈ જાય છે. જુઓ બદુકનો દારૂ.

૧૪ દંડ નહીં આપવાને બદલે કેદ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૯—સને ૧૮૭૩ નો ૮ મો કલમ ૭૦—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૬૫ - સને ૧૮૬૮ નો ૧ લો કલમ ૫—માજીસ્ટ્રેટથી પીનલકોડની કલમ ૬૫ મુજબ જે કેદની મુદત ઠરાવાય તેથી વધારે મુદત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૯ થી ઠરાવાતી નથી. જે માજીસ્ટ્રેટોને અમુક અખતીયાર આપેલો છે તે માજીસ્ટ્રેટોના મુકરદમાઓની તે વ્યવસ્થા કરે છે. રાણી વિ૦ દરબા, ઈ. લો. રી. ૧ અ. ૪૬૧.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન, ટરનર અને સ્પેકી જડજોની રૂબરૂ, તા. ૩ અગષ્ટ સને ૧૮૭૭).

રાણી વિ મહમદ સાહેબના કેસમાં તફાવત છે ઈ લો રી ૧ મ. ૨૭૭.

જુઓ ઢોર પ્રવેશ ૭

" ઈનકમટેક્ષ ૨.

" હકુમત ૨૫.

" લોકોપકારક કૃત્ય ૪૦.

" સજા ૩૧, ૩૭

" મીઠું ૧૧.

" સંક્ષેપમાં તપાસ ૨૫.

૧૫ દંડ નહી આપવાને બદલે કેદ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૬૫—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૩—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૬૫ માં ઠરાવેલી મુદત કરતાં વધારે મુદતની સજા, દંડ નહી આપ્યાને બદલે માજીસ્ટ્રેટ સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૩ મુજબ કરી શકતો નથી. રાણી વિ. મહમદ સાહેબ, ઇં૦ લો૦ રી૦ ૧ મ. ૨૭૭ નો કેસ સને ૧૮૮૧ થી રદ કરવામાં આવ્યો હતો. રાણી વિ. વંકટેશગડુ વિગેરે, ઈં૦ લો૦ રી૦ ૧૦ મ. ૧૬૫.

(મેસર્સ સર આરથર, જે. એચ. કોલીન્સ, નાઇટ ચીફ જસ્ટીસ, કરનાન, મુતુસ્વામી આયર, બ્રાંડટ અને પારકર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૮૮૭).

દંડ દાખલ સરકાર જપ્ત કરવું તે—

૧ દંડ દાખલ સરકાર જપ્ત કરવું તે—હુકમ રદ કરવાનાં કારણો—જોઇન્ટ માજીસ્ટ્રેટનો દંડ દાખલ મીલકત સરકાર જપ્ત કરવાનો હુકમ નીચેના કારણોથી રદ કરવામાં આવ્યોઃ—(૧) માલ સરકાર જપ્ત કરવાને તોહોમતદારનું કારણ માગવામાં આવ્યું નોહોતું. (૨) હુકમ કરતાં પેહેલાં તોહોમતદારને પકડીને રજુઆત વખતે હાજર રાખ્યાથી દંડ દાખલ મીલકત સરકાર જપ્ત થઈ શકે નહી. (૩) જપ્તી ઉઠાડવાના માજીસ્ટ્રેટના હુકમની વિરૂદ્ધ જોઈન્ટ માજીસ્ટ્રેટ ચાલ્યો હતો. જુનદુસીંઘ વિગેરે અરજદારો, ૫ વિ૦ રી૦ ૮.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જાનેવારી સને ૧૮૬૬).

રામકીસોર સેનની અરજીની બાબતમાં નજર રાખવામાં આવી. ૧૦ બે૦ લો૦ રી૦ અપે. ૧૪. જુઓ ઢંઢેરો ૧.

૨ દંડ દાખલ સરકાર જપ્ત કરવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમો ૧૩૧, ૧૩૨—મીલકત જપ્ત કરવાનો હુકમ કરતાં પેહેલાં સને ૧૮૬૧ ના ૨૫ માની કલમો ૧૩૧ અને ૧૩૨ માં બતાવેલી પદ્ધતિ પ્રમાણે ચાલવું જોઈએ. બેહારી શાહ વિ. નબીખાન વિગેરે, ૯ વિ. રી. ૧૩.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૩ જી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

ધ

ધણી—

પોતાની સ્ત્રી લેઈ જાય તે. જુઓ છ ગામો ૧.

ની મીલકત.

જુઓ ચોરીની મીલકત ૧૮.

" ચોરી ૧૫.

ની વિરૂધ સ્ત્રીએ જુબાની આપેલી તે, જુઓ પુરાવો ૧૦૦, ૧૦૪.

ધર્મ સબંધી મંડળીને હેરાનગતી—

ધર્મ સબધી મંડળીને હેરાનગતી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૭૯, ૨૯૬—મુસલમાન સરેહ—હનાફી અને શાફી આ નિશાળો—નિવાજ પાડતી વખતે મોટેથી "આમીન" એમ કેહેવું તે—બંગાળાની દિવાની અદાલતોનો આકટ સને ૧૮૭૧ નો ૬ ઠો—મુસલમાન ધર્મ સબંધી કાયદો—ઈનસાફની રાહે તજવીજ—હનીફી નામની મુસલમાનની જાત એક મસીદ વાપરતી હતી જેમના મત "આમીન" એ શબ્દો ધીમે સાદે બોલવા જોઈએ એવો હતો. આ લોકો નીવાજ પઢતા હતા તે વખતે ર નામનો બીજી જાતનો માણસ મસીદમાં પેસીને તેના મત પ્રમાણે "આમીન" એ શબ્દો મોટેથી બોલ્યો. આ કૃત્યને માટે પીનલકોડની કલમ ૨૯૬ મુજબ ધર્મ સબંધી મંડળીને ક્રીયા કરતી વખતે અડચણ કરવાને માટે તેને ગુન્હેગાર ઠરાવ્યો. મી૦ મહમદ જડજ વિરૂદ્ધ પડીને ફુલબેન્ચે એવો ઠરાવ કર્યો કે કેસ તજવીજને માટે પછો મોકલવો જોઈએ અને માજીસ્ટ્રેટે તજવીજ કરતી વખતે નિચેના સવાલો ઉપર લક્ષ આપવું જોઈએ:—(૧) ધર્મ સબંધી ક્રીયા કરવાને કાયદેસર મંડળી રોકાયેલી હતી? (૨) આ મંડળીને ખરેખરી રીતે તોહોમતદારે અડચણ કરી હતી? (૩) તોહોમતદારના કૃત્યોથી થએલી અડચણ એવી રીતની હતી કે જેથી તેનો અડચણ કરવાનો ઈરાદો માલમ પડે, અથવા તેના કૃત્યો અને વરતણુંકથી અડચણ થવાનો સંભવ છે એવું તે જાણતો હતો અથવા તેને માનવાનું કારણ હતું? મી૦ મહમદ જડજે એમ ઠરાવ્યું કે તેઓ નિવાજ પઢતા નોહોતા તે વખતે ખરી રીતે તોહોમતદારના કૃત્યોથી અડચણ થએલી હોવાથી, મંડળી તે વખતે "ધર્મ સબંધી ક્રીયા કરવામાં રોકાએલી નોહોતી" અને તેથી પીનલકોડની કલમ ૨૯૬ ના અર્થ મુજબ "અડચણ થએલી" ગણાય નહી; અને તે કોડની કલમ ૩૯ ના શબ્દો ઉપર ધ્યાન રાખતાં તોહોમતદારે "બુદ્ધિપૂર્વક" તે મંડળીને અડચણ કરી નેહોતી, અને મુસલમાનના ધર્મ સબંધી નિયમ પ્રમાણે મસંદમાં જઈ તે ટોળીમાં સામેલ થઈ તેના મત પ્રમાણે "આમીન" એ શબ્દો મોટેથી બોલવાનો તેને વાજબી રીતે અધીકાર હતો અને તેની વરતણુંક પીનલકોડની કલમ ૭૯ માં આવી જવાથી કલમ ૨૯૬ મુજબ ગુન્હો બનતો નથી. બીજી વિ. ગોલકેન્કસના કેસ ઉપર નજર રાખવામાં આવી. (લો. રી. ૫ કલ. પે. ૩૦૮). મી૦ મહમદ જડજનો વળી એવો મત હતો કે બંગાળાના સને ૧૮૭૧ ના આકટ ૬ ઠા ની કલમ ૨૪ માં કાયદા બાંધનારે આપેલી જામીની ઉપર નજર રાખતાં, "ધર્મ સબંધી રીવાજ અને મંડળી" સબંધીના સઘળા સવાલોનું નિરાકરણ મુસલમાની સરેહ પ્રમાણે થશે; અને પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લા ની કલમ ૫૭ મુજબ મુસલમાની ધર્મ સબંધી કાયદો ઈનસાફની રાહે જોવાને કોર્ટ બંધાએલી હતી, અને તે કાયદાના નિયમો અમુક પુરાવાથી સાબીત કરવા જોઈએ નહી. રાણી વિ. રામઝન, ઈં૦ લો૦ રી૦ ૭ અ. ૪૬૧.

(મેસર્સ પેથેરામ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઈટ, ઓલ્ડફીલ્ડ, બ્રોધર્સ્ટ, અને મહમદ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી માર્ચ સને ૧૮૮૫).

રોહીલખંડ અને કુમાઉન બેન્ક વિરૂદ્ધ રાઉના કેસમાં નજર રાખવામાં આવે છે. ઈં. લો. રી. ૬ અ. ૪૧૮ [દિવાની રૂલીંગ].

ધમકી—
જુઓ સાપરાધ ધમકી.

ધાડ પાડવાને માટે એકઠા થવું તે—
જુઓ ગેરકાયદેસર મંડળી ૮.

ધોરી રસ્તા—
ઉપર અડચણ કરવી તે. જુઓ લોકોપદ્રવકારક કૃત્ય ૨૪.

ન.

નકલો ઠરાવની—

નકલો ઠરાવની અપીલ કરનાર કેદીઓને મફત આપવી તે—સજામાં પડેલા માણસોની લખેલી અરજી આવવાની રાહ જોયા સીવાય ઠરાવોની નકલો એકદમ આપવી જોઈએ. રામચંદર મંગલ અપેલેન્ટ, ૫ વિ૦ રી૦ ૧૯.

(મેસર્સ જેકસન જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮.

નકલો દફતરની—

૧ નકલો દફતરની—સ્ટાંપના કાગળ ઉપર અરજી—શાહેદીઓની જુબાનીઓ, દસ્તાવેજી પુરાવ, અને ફોજદારી કોર્ટે છેવટ કરેલા હુકમો, અથવા સજાઓ જેના ઉપર કેદીને અપીલ કરવાની ખુશી હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૬ મુજબ અપીલ કરનાર માણુસ કેદમાં હોય તો અપીલની અરજી સાથે બાંધવાની જરૂર છે તેની નકલો, અને ફોજદારી કામ ચાલેલા દફતરના કોઈ પણ ભાગની નકલો, સ્ટાંપના કાગળ ઉપર અરજી કર્યાથી અરજદારને મળી શકે છે. ઠ૦ તા૦ ૨૬ મી જુલાઈ સને ૧૮૬૯; ૪ મ. હા. કો. રી. અપે. ૫૭.

૨ નકલો દફતરની—કેદીનો જવાબ—કોઇ કેસમાં કેદીના જવાબને માટે જે નકલોની જરૂર હતી તે નકલો આપવાની માજીસ્ટ્રેટના પાડયાથી હાઈ કોર્ટે સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૫ મુજબ મળેલા અધીકારની રૂઈએ શિક્ષા રદ કરી કેદીએ પોતાના જવાબમાં જરૂર પડવાથી દસ્તાવેજોની નકલો માગવાને અરજી કરી હોય અને તે અરજી ઉપરથી દસ્તાવેજોની જરૂર છે કે નહી એવો માજીસ્ટ્રેટ નિર્ણય કરે તો તે કાયદા વિરૂદ્ધ છે. શીબપ્રસાદ પંડાહ અરજદારના કામની તપાસ, ૧૪ વિ.રી. ૭૯; ૯ બેં. લો. રી. અપે. ૫૯.

(મેસર્સ લોક અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૦.)

૩ નકલો દફતરની—ફરીઆદીનો હક—"હુકમથી અસર થયેલો માણુસ"—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનો આકટ કલમ ૧૭૦—હુકમ અને જુબાનીઓની નકલો મળવાને કરેલી અરજી નામંજુર કરી તે—સને ૧૮૭૭ નો ૧ લો સ્પેસીફીક રીલીફ આકટ કલમો ૭, ૪૫—પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટે કાઢી નાખેલા તોહોમતોના સઘળા ફરીઆદીઓને છોડી મુકવાના હુકમથી અસર થાય છે તેટલા માટે પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના આકટની કલમ ૧૭૦ મુજબ હુકમ અને માજીસ્ટ્રેટની રૂબરૂ લેવાએલી જુબાનીઓની નકલો લેવાનો તેઓનો હક છે. રાણી વિ. દીનોનાથરોય, ઈ. લો. રી. ૮ ક. ૧૬૬; ૧૦ ક. લો રી. ૧૫૦.

(મેસર્સ ટોટનહામ અને બ્રાફટન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી સપટંબર સને ૧૮૮૧).

નજીવી ફરીયાદ—

૧ નજીવી ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—કમપનસેશન—જે કેસોમાં ફરીઆદ ઉપરથી સાધારણ રીતે સમન નીકળી શકે છે તેવા કેસો શીવાય નજીવી અને કંટાળો ઉપજાવે એવી ફરીઆદોને માટે દંડમાંથી કમપનસેશન અપાવવાનો માજીસ્ટ્રેટનો અધીકાર નથી. રાણી વિ. ચેલાપા ઉરફે મુડાકપા ૧ મું. હા. કો. રી. ૧૮૧.

(મેસર્સ ફોરબસ અને કાઉચ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જાનેવારી સને ૧૮૬૪).

જુઓ ચોરી ૩૪.

૨ નજીવી ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—

કમ્પનસેશન—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ વ્યથાના કેસમાં નજીવી અને કંટાળો ઉપજાવે તેવી ફરીઆદ કરવાથી સબ માજીસ્ટ્રેટે પ્રતીવાદીને કમ્પનસેસન અપાવ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે આવા કેસને ઉપલી કલમ લાગુ પડતી નથી. પ્રે. તા. ૪ નવબર સને ૧૮૭૦. ૫ મ. હા. કો. રી. અપે ૪૦.

૩ નજીવી ફરીઆદ—સને ૧૮૬૧ નો નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—કમ્પનસેસન—કોઈ ફરીઆદ નજીવી અને કંટાળો ઉપજાવે એવી ગણી માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૦ મુજબ કાઢીવાળે તો તે તોહોમતદારને ફક્ત કમ્પનસેસન તરીકે પચાસ રૂપીઆ કરતાં વધારે અપાવી શકે નહીં, અને તે ફરીઆદીનો દંડ ઠરાવી તેમાંથી અપાવી શકે નહીં તેમજ દંડ નહીં આપ્યાને બદલે તે કેદની સજા કરી શકે નહીં. રાણી વિ. ગોપાળ, ૨ વા. દી પ્રાં ૪૩૦.

(મી૦ ટર્નબલ જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી નવંબર સને ૧૮૭૦).

૪ નજીવી ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—કમ્પનસેસન—ખરાબ ચાલ અને ગેરઆબરૂનો છે એવું પાયા વગરનું તોહોમત ફરીઆદીએ તોહોમતદાર ઉપર મુકયાથી તેને ફરીઆદી પાસેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૧ મુજબ કમ્પનસેસન અપાવવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. રાણી વિ. બાલકીશન ૨ વા. દી. પ્રાં. ૪૪૭.

(મી૦ ટર્નબલ જડજની રૂબરૂ, તા૦ ૯ મી ડીસેંબર સને ૧૮૭૦).

૫ નજીવી ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—કમ્પનસેસન—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ મુજબ રજુઆત થઇ શકે તેવા ગુન્હાની ફરીઆદ જો કાઢીવાળવામાં આવી હોય તોજ તે કોડની કલમ ૨૭૦ લાગુ પડે છે. પ્રે. તા. ૨૧ મી ડીસેંબર સને ૧૮૭૧ ૬ મ. હા. કો. રી. અપે. ૪૫.

૬ નજીવી ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૦—કમ્પનસેસન—જે તોહોમતદારો ઉપર નજીવી અને કંટાળો ઉપજાવે તેવી ફરીઆદો થઈ હોય તેવા તોહોમતદારોને કમ્પનસેસન અપાવવાનો માજીસ્ટ્રેટનો અધીકાર ફક્ત પીનલકોડ મુજબ થયેલા ગુન્હાઓમાંજ નથી. જે. વોર્ડની ફરીઆદ ઉપરથી. રાણી વિ. ટરનર અને કેલી. ૪ વા. દી. પ્રાં. ૫૪.

[મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૭૨.]

રાણી વિરૂદ્ધ લાલુસીંઘના કેસમાં અર્થ કરી બતાવવામાં આવે છે. ૮ વિ. રી. ૫૪. જુઓ કંપનસેસન ૧૪.

રાણી વિ. અબદુલ આઝીઝખાન : કેસમાં તફાવત બતાવવામાં આવે છે. ૧૪ વિ. રી. ૩૬. જુઓ ફરીઆદ ૨૨.

૭ નજીવી ફરીઆદ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૯—કમ્પનસેસન—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ ની ખાસ મતલબ, તે કોડના પ્રકરણ ૧૬ મુજબ મુળ ચાલેલા કેસનેજ ફકત લાગુ પડે છે. પ્રે. તા૦ ૨૭ મી ફેબ્રુઆરી ૧૮૭૫. ૮ મ. હા. કો. રી. અપે. ૭.

નઠારી ચાલ—

૧ નઠારી ચાલ—પુરાવો—પુરાવો ખોટો ધારવો તે—ગેરશિરસ્તો—નઠારી ચાલનો પુરાવો દાખલ થઇ શકે નહી. પુરાવો ખોટો ગણવામાં આવ્યો હોય તો તે સને ૧૮૬૧નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૨૬ અને ૪૩૯ ના અર્થ પ્રમાણે કસુર અથવા ગેરશીરસ્તો છે. રાણી વિ. બેહારી ડોશાધ વિગેરે, ૭ વિ. રી. ૭.

[મેસર્સ માર્કબાય અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી જાનેવારી સને ૧૮૬૭).

૨ નઠારી ચાલ—પુરાવો—કેદીને પેહેલા થએલી શિક્ષા અને તેના સગાઓની નઠા

રી ચાલનો પુરાવો કામમાં દાખલ થઈ શકે નહી. કોઇ માણસ શાહેદી તરીકે કોર્ટમાં હાજર હોય તો તેની જુબાની કાયદામાં બતાવ્યા પ્રમાણે લેઇ લેવી જોઈએ. જો કે શાહેદી ના હોય અને તેવી રીતે ગણી તેની જુબાની લેવામાં ના આવી હોય તો તેને કાંઈ હકીકત બતાવી છે એ વિષે જડજને કાંઈપણ કેહેવાનો હક નથી. રાણી વિરૂદ્ધ ફુલચંદ, ૮ વિ. રી. ૧૧.

[મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મા જુન સને ૧૮૬૭].

રાણી વિરૂદ્ધ ગોપાળ ઠાકોરના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૬ વિ. રી ૭૨.

જુઓ પુરાવો ૧૦.

,, સાબતી ગુન્હાનો.

,, પુરાવા ૧૦.

,, જ્યુરી ૪૨.

. પેહેલાંની શિક્ષા ૧૩.

,, તપાસ વારંટ સિવાય.

,, જામીનગીરી સારી વરતણુંકની ૯.

નહી પલોટાયેલો બળદ.

નહી પલોટાયેલો બળદ—સ્વારી કરવી તે—પોલીસ આકટની કલમ ૪૮ ના પેહેલા કલોઝ મુજબ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. કેસમાં મળી આવેલી હકીકત એ હતી કે નહી પલોટાયેલો બળદ જોડવાથી તે સરીઆમ રસ્તામાં તેને કબજામાં રાખી શકયો નહી. એમ ઠરાવવામાં આવ્યું કે પુરાવાથી ગુન્હો બરોબર સાબીત થાય છે. પ્રો. તા૦ ૧૪ મી અગષ્ટ ૧૮૭૨. ૭ મ. હા. કો. રી. અપે. ૧૦.

નહિ છેકેલો સ્ટાંપ—

નહી છેકેલો સ્ટાંપ—સને ૧૮૭૯ નો ૧ લો કલમો ૧૧, ૧૬, ૧૭, ૧૮, ૬૨, ૬૯—ખત લખતી વખતે અથવા પેહેલાં સ્ટાંપ ચોઢવો તે—ચેઢેલો સ્ટાંપ છેકેલો નહી તે—ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૯ નો ૧ લો જનરલ સ્ટાંપ આકટની કલમ ૧૧ નો ૧ લો પેરેગ્રાફ, જે સ્ટાંપ ચોડવા લાયક દસ્તાવેજો જેને લખ્યા પછી સ્ટાંપ ચોડવામાં આવે છે તેને લાગુ પડે છે. કોઈ સરકારી ઓફીસનું માસીક પગારનું બીલ નાણું લેવાને તીજોરીમાં મોકલવામાં આવેલું ત્યાં માલમ પડયું કે એક આનાની તેની અંદર લગાવેલી પોહોચની ટીકીટ છેકેલી નથી, તે ઉપરથી સ્ટાંપ આકટની કલમ ૬૨ મુજબ કલેકટરે, જે ઓફીસે તે દસ્તાવેજ બનાવ્યો હતો તેના ઉપર ફોજદારીમાં ફરીઆદ માંડી. ડેપ્યુટી માજીસ્ટ્રેટે તે કલમ મુજબ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો હતો અને અપીલમાં ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે પુરાવા ઉપરથી એમ ધાર્યું કે તોહોમતદારને મુખ્ય ગુન્હા માટે અપરાધી ઠરાવવો જોઈતો નોહોતો પણ મદદગારીને માટે ગુન્હેગાર ઠરાવવો જોઈતો હતો, તે ઉપરથી જનરલ સ્ટાંપ આકટની કલમો ૧૧ અને ૬૨ સાથે વાંચીને પીનલકોડની કલમ ૧૦૯ મુજબ ગુન્હેગાર ઠરાવી ઠરાવમાં ફેરફાર કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે તકરારમાં બતાવેલું પગારનું બીલ એવી જાતનો દસ્તાવેજ છે કે તે કરતી વખતે અથવા પેહેલાં તેના ઉપર ટીકીટ ચોડવી જોઈયે, અને જનરલ સ્ટાંપ આકટની કલમ ૧૧ ના પેહેલા પેરેગ્રાફમાં બતાવેલા દસ્તાવેજોના જેવો નથી; તેથી કરીને કલમો ૧૧ અને ૧૨ મુજબ કોઈ ગુન્હાની મદદગારી થઈ નથી, અને સાબીત થયેલો ગુન્હો કલમ ૬૧ ના બીજા પેરેગ્રાફમાં આવી જાય છે; પણ કલમ ૬૧ માં બતાવેલા ગુન્હાને માટે ફરીઆદ કરવાની પરવાનગી કલેકટરે કલમ ૬૯ મુજબ નહી આપવાથી ગુન્હો અને સજા રદ કરવા કરતાં વધારે દરમીયાન થવું બાજબી નથી. રાણી વિ. રાહટ અલીખાન, ઈ. લો. રી. ૯ અ. ૨૧૦.

(મી૦ સર જોન એજ નાઈટ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૩૦ મી નવંબર ૧૮૮૬.)

નાગી ચેસ્ટા—

નાગી ચેસ્ટા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ--પીનલકોડની કલમ ૫૦૮ મુજબ થયેલા ગુન્હાઓ ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ ચલાવી શકે છે. મુસામતકુલરી વિ. જુનુ, ૭ વિ. રી.૫૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી એપ્રીલ સને ૧૮૬૭.)

ના પાડવું માલ લેઈ જવાનું—

ના પાડવું માલ લેઈ જવાનું—મદ્રાસ બંદરના હોડીના નિયમો—કેઇ બંદરના હોડીના નિયમોમાં એવું બતાવેલું હતું કે પરવાનાવાળી સઘળી હોડીઓ એ પરવાનામાં બતાવ્યા પ્રમાણે ઉતારૂઓની સંખ્યા અને માલ લેઇ જવો જોઇએ અને પરવાનાવાળી હોડીનો માલીક વાજબી અને ખાત્રી થાય એવાં કારણો બતાવ્યા સીવાય હોડી ભાડે આપવાની ના પાડશે તો તેનો દંડ થશે. પરવાનાવાળા માણસે પોતાની હોડીમાં માલનો હીસાબ રાખી શકશે નહી એવું કારણ બતાવી લેવાને ના પાડી તે વાજબી અને ખાત્રીપુર્વક કારણ નથી એમ ઠરાવવામાં આવ્યું. રાણી કામનરૂ, ઈ. લો. રી. ૧૦ મ. ૧૨૧.

(મેસર્સ મુતુસ્વામી આયર, બ્રાંટ અને પારકર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અકટોબર સને ૧૮૮૬ .

ના પાડવી મચકુર ઉપર સહી કરવાની—

ના પાડવી મચકુર ઉપર સહી કરવાની—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૨—સહી કરવાની ના પાડવી તે--સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૨, ૩૪૬—કોર્ટે પુછેલા સવાલોના જવાબમાં તોહોમતદારે પોતાની રજાઆત વખતે કાંઈ મચકુર કહ્યો હોય અને તે ઉપર સહી કરવાને ના પાડે તો તે પીનલકોડની કલમ ૧૮૦ મુજબ ગુન્હેગાર થતો નથી. રાણી વિ, સીરસાપા ઈ. લો રી. ૪ મું. ૧૫.

મી૦ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૫ અગષ્ટ સને ૧૮૭૭).

ના પાડવી સવાલોના જવાબ આપવાની—

ના પાડવી સવાલોના જવાબ આપવાની—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૨૮—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૩-સવાલોના ખોટા જવાબો આપવામાં ગફલત કર્યાથી અથવા ના પાડયાથી, ઈનસાફી મુકરદમના કોઈ પણ ભાગમાં બેઠેલા સરકારી નોકરનું ઈરદાથી અપમાન અથવા હરકત કર્યાનો ગુન્હો પીનલકોડની કલમ ૨૨૮ મુજબ થતો નથી. રાણી વિ૦ પાકુ બીન વીઠોબા, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઇ સને ૧૮૬૭).

રાણી વિ૦ જેમાલ ખાનના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૬૯ જુઓ જવાબ દેવામાં આડાઅવળા જવું તે ર.

નાશી જનાર ગુન્હેગાર—

૧ નાસી જનાર ગુન્હેગાર--ગુન્હેગારને પકડવાનું વારંટ—પીનલકોડની કલમ ૧૭૨ ના અર્થ મુજબ હુકમ નહીં તે—કોર્ટ ઘણામતે (મી૦ કેમ્પબેલ જડજ વિરૂદ્ધ પડીને) એમ ઠરાવ્યું કે ગુન્હેગારને પકડીને માજીસ્ટ્રેટની રૂબરૂ લાવવાને પોલીસ અમલદાર ઉપર કાઢેલું વારંટ, પીનલકોડની કલમ ૧૭૨ ના અર્થ મુજબ, સમન નોટીસ અથવા હુકમ ગણાતો નથી, અને તેથી કરીને આવી રીતે વારંટ કાઢેલો માણસ નાશી જાય તો તે કલમ મુજબ શીક્ષા થઇ શકતી નથી. રાણી વિ. વોસેશચન્દર ઘોસ, ૫ વિ૦ રી૦ ૭૧.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ નોરમન, અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી એપ્રીલ સને ૧૮૬૬).

રાણી વિ૦ જુરઅલીખાનના કામમાં આધાર રાખવામાં આવ્યો. ૪ વા૦ રી૦ ક્રી૦ ૯૭. જુઓ તોડવો સરકારી નોકરનો હુકમ ૧૪.

રાણી વિ. અમીરજાનના કામમાં નજર રાખવામાં આવી. ૭ વા દી પ્રાં. ૩૦૨. જુઓ નાસી જનાર ગુન્હેગાર ૭.

૨ નાસી જનાર ગુન્હેગાર–મીલકત જપ્ત કરવી તે–નાસી જનાર ગુન્હેગારની મીલકત સરકાર જપ્ત કરવાનું ઝાહેરનામું કાહાડતાં પેહેલાં, માજીસ્ટ્રેટની મુકરદમો ચલાવવાની રીત. શીઓદોયલસીંગ વિ. ગીરબનસીંધ, ૬ વિ૦ રી૦ ૭૯.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની ફેબરૂ, તા૦ ૨૯ મી સપટંબર સને ૧૮૬૬).

જુઓ રામકીશોર સંન અરજદારનો કેસ, ૧૫ વિ રી. ૧૨; ૧૦ બેં૦ લો૦ રી૦ અપે. ૧૪ જુઓ ઢંઢેરો ૧.

૩ નાસી જનાર ગુન્હેગાર—જપ્તી—મીલકત જપ્ત કરવી તે– સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૪— નાસી જનાર તોહોમતદારની મીલકત હમેશના રીવાજ માફક ઢંઢેરો પીટાવ્યા પછી જપ્ત કરીને સરકાર દાખલ કર્યાથી, એમ ઠરાવવામાં આવ્યું હતુ કે આ કેસની હકીકત જોતાં, તોહોમતદારે પાછા આવી મીલકત પાછી લેવાની અરજ કર્યાથી સરકારને એવો પુરાવો આપવાની જરૂર નોહોતી કે તોહોમતદાર નાસી ગયો હતો. અને કાયદામાં બતાવેલી રીત પ્રમાણે બરાબર રીતે ચાલવામાં આવ્યું હતુ, અને ઢંઢેરો પીટાવવાના અને પકડી મંગાવવાના યત્નની સામે તોહોમતદાર થયો નોહોતો. માધાસરનસીંધના કેસની તપાસણી, ૫ વિ. રી. ૨૭.

(મેસર્સ કેમ્પ અને જેકસન જડજોની ફેબરૂ, તા૦ ૩ જી માર્ચ સને ૧૮૬૮).

૪ નાસી જનાર ગુન્હેગાર—જામીન—સજા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૮ માંથી ઉત્પન્ન થયેલો પીનલકોડની કલમ ૧૭૪ મુજબનો ગુન્હો જે ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટે મોકલ્યો ના હોય એવો કોઈ ડીસ્ટ્રીક્ટના ભાગના ચાર્જમાં ના હોય એવા ડેપ્યુટી માજીસ્ટ્રેટને ચલાવવાનો અધીકાર નથી; હાજર નહી થવાથી જે તોહોમતદારને જામીન ખતની રકમ આપવાની કે તે તોહોમતદારના જામીને મુચરકામાં બતાવેલી રકમ કોર્ટમાં ભરી હોય તે છતાં પણ પીનલકોડની કલમ ૧૭૫ મુજબ કામ ચલાવવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૯ મુજબ તોહોમતદારને બાધ આવતો નથી. હાજવોમડી લાહોરી કેદીની બાબતમાં, ૧૦ વિ૦ રી૦ ૪.

(મેસર્સ ફીઅર અને હોબહાઉસ જડજોની ફેબરૂ, તા૦ ૨ જી જુન સને ૧૮૬૧).

રાણી વિરૂદ્ધ ચંદરશેકર રોયના કામમાં તફાવત બતાવવામાં આવ્યો. ૧૩ વિ૦ રી૦ ૬૬. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૧૩.

રાણી વિરૂદ્ધ ચંદરશીખર રોયનો કેસ રદ થઈ ગયો, ૫ બેં૦ લો૦ રી૦ ૧૦૦. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૧૩.

૫ નાસી જનાર ગુન્હેગાર—પુરાવા સિવાય પકડવો તે—ગેરશીરસ્તા મુજબ ચલાવેલો મુકરદમો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૬—નાસી જનાર ગુન્હેગાર તરીકે કોઈ તોહોમતદારને પકડી લાવીને, તે તોહોમતને માટે પુરાવો લીધા સિવાય, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની ૩૦૬ મુજબ કાંઈપણ સમન કાઢયા સિવાય, તેનું ભરણપોષણ શી રીતે થાય છે એ વિષેની તપાસ કરવામાં આવી હતી, તેમાં આવી રીતના મુકરદમાઓ ગીરશીરસ્તે ચલાવેલા હતા એમ ઠરાવવામાં આવ્યું હતું. રાણી વિ. હટન, ૩ વા. દી. પ્રાં. ૨.

(મી૦ ટરનર જડજની ફેબરૂ, તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૭૧).

૬ નાસી જનાર ગુન્હેગાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—સરકારી કરેલી મીલકત—પાછી આપવી તે—હાઈ કોર્ટનો અધીકાર—હુકમ ફરીથી તપાસમાં લેવો તે—હુકમ રદ કરવો તે—હાઈ કોર્ટે કેદીની સ્થાવર મીલકત જેના ઉપર જપ્તી હતી તે પાછી આપવાનો પ્રથમ પોતે હુકમ ક

રેલો તે કાયદાની ભુલથી હકીકત ખોટી બતાવ્યાથી, ચએલો ગણી રદ કરવામાં આવ્યો; તે વખતે કોર્ટને ખબર આપવામાં આવી નોહોતી કે ત કરારી મીલકત સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૪ મુજબ સરકારી કરી નાખવામાં આવી છે. આવી રીતે સરકારી કરી નાખેલી મીલકત ફકત સરકારથીજ પાછી આપી શકાય છે. બંગાળા સરકાર વીરૂદ્ધ મીરસરવાર, તા૦ ૧૮ મી જાનેવારી વિ. રી. ૩૩; ૯ બેં૦ લો૦ રી૦ ૩૪૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુલાઈ સને ૧૮૭૨).

રાણી વિરૂદ્ધ ગોડાઇ રાઉટના કેસમાં તફાવત બતાવવામાં આવે છે. ૫ વિ૦ રી૦ ૬૧. જુઓ ફરીથી તપાસમાં લેવો ઠરાવ ૧.

રાણી વિરૂદ્ધ ચંદ્રશીખર રોયના કેસમાં નજર રાખવામાં આવે છે. ૫ બેં. લો. રી. ૧૦૦. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૧૩.

રાણી વિરૂદ્ધ ગોડાઈ રાઉટના કેસમાં નજર રાખવામાં આવે છે. ૫ વિ. રી. ૬૧; બેં૦ લો૦ રી૦ વો૦ ૪૩૬. જુઓ ફરીથી તપાસમાં લેવો ઠરાવ ૧, ૨.

૭ નાસી જનાર ગુન્હેગાર—પકડવાનું વારંટ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૭૧, ૧૭૨—જે માણસ ઉપર વારંટ કાઢવામાં આવ્યું છે તે માણસ નાસી જાય તો કાયદામાં બતાવેલી રીત મુજબ ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રમાણે તેના ઉપર કામ ચલાવવું જોઇએ, પણ કલમ ૧૭૨ મુજબ તેને ગુન્હેગાર ઠરાવવો જોઈએ નહી. રાણી વિ. અમીરજાન, ૭ વા. ડી. પ્રાં. ૩૦૨.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી મે સને ૧૮૭૫).

રાણી વિ૦ યોમેશચંદર ઘોસના કામમાં નજર રાખવામાં આવે છે. ૫ વિ૦ રી૦ ૭૧, જુઓ નાસી જનાર ગુન્હેગાર ૧.

હુસેન માનજીના કેસમાં નજર રાખવામાં આવેછે. ૯ વિ૦ રી૦ ૭૦. જુઓ નાસી જનાર સાહેદી.

જુઓ દાવો જપ્ત થયેલી મીલકત લેવાનો.
„ અપમાન કોર્ટના હુકમનું ૪.
„ તોડવો સરકારી નોકરનો હુકમ ૧૬.
„ પુરાવો ૬, ૬૯, ૯૦.
„ રાજદંડ ૧.
„ ઢંઢેરો.

નાસી જનાર સાહેદી

નાસી જનાર સાહેદી—ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૨—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૮૮, ૧૮૩, ૧૮૮, ૧૮૯—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૮૮ થી તે ૧૯૦ મુજબ કાઢેલા વારંટથી નહીં પકડાવાના ઈરાદાથી જે સાહેદી નાશી જાયછે તેને પીનલકોડની કલમ ૧૭૨ લાગુ પડે છે, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૩ નાસી જનાર પક્ષકારને લાગુ પડે છે. ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટથી ઉત્પન્ન થયેલા કેસનું નિરાકરણ તે માજીસ્ટ્રેટે પોતે કરવું જોઇએ પણ તે કેસ તાબાના માજીસ્ટ્રેટ તરફ મોકલી શકાય નહીં. હુસેન માનજી કેદી, ૯ વિ૦ રી૦ ૭૦.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી મે સને ૧૮૬૮).

મોહેશચંદ્ર બાનરજીની બાબતથી આમાં જુદો મત લેવામાં આવ્યો. ૪ બેં૦ લો૦ રી૦ અપે. ૧. જુઓ ફરીઆદ ૧.

રાણી વિ૦ અમીર જાનના કેસમાં નજર રાખવામાં આવી. ૭ વા૦ ડી૦ પ્રાં. ૩૦૨. જુઓ નાસી જનાર ગુન્હેગાર ૭.

જુઓ અપમાન કોર્ટના હુકમનું ૫.
„ પુરાવો ૭૩.

નાસી જવું પ્રોસેસની બજાવણી અટકાવવાના ઈરાદાથી—

નાસીજવું પ્રોસેસની બજાવણી અટકાવવાના ઈરાદાથી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૨—મદ્રાસનો સને ૧૮૬૯ નો ૩ જો—પુરાવાનો બોજો—ડીપાર્ટમેન્ટની તજવીજ—સાબીત થયેલી હકીકત—કોઈ તેહે

સીલદારે નોકરીની ફરજ બજાવતી વખતે બળાત્કારે કાંધ લીધેલું અને તે વિષે તેના ઉપર તોહોમત રાખી તેની વર્તણુક વિષે સરકારમા રીપોર્ટ કરવાને માટે કલેકટર ડીપાર્ટમેન્ટમાં તપાસ કરતી વખતે, મદ્રાસના સને ૧૮૬૯ ના આકટ ૩ મુજબ તજવીજને માટે જે માણસોની જુબાની લેવાની જરૂર જણાય તેવા માણસોને હાજર રાખવાને માટે સમનો કાઢી શકે છે. પીનલકોડની કલમ ૧૭૨ મુજબ ગુન્હો થયેલો છે એ શાબીત કરવાને માટે ફરીઆદીએ બતાવવું જોઈએ કે સમન, નોટીસ અથવા હુકમ કાઢવામાં આવ્યો હતો અને તે તોહોમતદારના જાણવામાં હતું અથવા કાઢેલો છે એવું ધારવાનું તેને કારણ હતું. જે પ્રોસેસ કાઢવામાં આવ્યું નથી તે પ્રોસેસની બજાવણી અટકાવવાને નાસી જવાથી પીનલકોડની કલમ ૧૭૨ મુજબ ગુન્હો બનતો નથી. જગ્યા બદલવી એવો બેશક નાસી જવામાં અર્થ રહેલો નથી પણ છુપાઈ રેહેવું એવો અર્થ રહેલો છે. કોઈ માણસ પ્રોસેસ નીકળ્યા પેહેલાં સંતાઈ રહી તે નીકળ્યા પછી પણ તેવી રીતે રેહેતો તે નાસી જવું ગણાય છે. રાણી વિ. સીનીવસ આયંગર, ૨ ઈં૰ લો૰ રી૰ ૪ મ. ૩૯૩.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુત્તુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૰ ૨ ડીસંબર ૧૮૮૧.)

નીકાલમ—

નીકાલમ-મુસલમાની સરેહ—નીકાલમ મુસલમાનોમાં સારી રીતે પ્રસીદ્ધ અને મંજુર થયેલું છે, મુસલમાની સરેહ પ્રમાણે નીકાલમ કાયદેસર ગણાય છે. શેકમોનીરૂદીન વિ. રામધનબાજીકર વિગેરે, ૧૮ વિ. રી. ૨૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૧૮ મી જુલાઈ સને ૧૮૭૨.)

રાણી વિ. જદુ મુસલમાનીના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૬ વિ. રી. ૬૦. જુઓ બેવાર લમ ૨.

નિચેની કોર્ટના ફેંસલા સામે ઉપલી કોર્ટને કરેલી અરજી (અપીલ)—

૧ અપીલ—કાચારના સુપ્રીન્ટેન્ડન્ટે ગુન્હેગાર ઠરાવેલો તે—કાચારના સુપ્રીન્ટેડન્ટને પોતાના ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટના હોદ્દાની રૂઈએ ગુન્હેગાર ઠરાવી સજા કરી હોય તો તેના સામે હાઈ કોર્ટ અપીલ સાંભળી શકે નહી. રાણી વિ. રાધાકીશનસેન અને બીજો. વિ. રી. ૧૮ મી ડીસંબર.

(મી૰ જેકશન જડજની રૂબરૂ, તા૰ ૯ ઠી માર્ચ સને ૧૮૬૪.)

૨ અપીલ—સને ૧૮૫૯ નો ૧ લો ખલાસી વેપારીનો આકટ-ખલાસી વેપારીના સને ૧૮૫૯ ના ૧ લા આકટ મુજબ જસ્ટીસ ઓફ ધ પીસે કરેલી સજા ઉપર સેસન કોર્ટ અપીલ સાંભળી શકે છે. વીલીઅમ મારટીન ઈવિન્સ એક્ષપારટી, ૨ મ૰ હા૰ કો૰ રી૰ ૪૭૩.

(મેસર્સ હોલોવે અને ઇન્સ જડજોની રૂબરૂ, તા૰ ૨ જાનેવારી સને ૧૮૮૫.)

૩ અપીલ—ફરીઆદી સાથે દુસમનાઈ-પોલીસના કેહેવાથી કેદીએ આપેલી કબુલાત-ફરીઆદીને કેદી સાથે દુસમનાઈ છે અને પોલીસના કેહેવાથી કેદીએ કબુલાત આપી છે એ અપીલ કરવાના કારણો નથી. રાણી વિ. ગોપાલદાસ, ૨ વિ. રી. ૫.

(મી૰ ગ્લોવર જડજની રૂબરૂ, તા૰ ૫ મી જાનેવારી સને ૧૮૬૫.)

૪ અપીલ—પુરાવો-પુરતો પુરાવો નથી એ વાંધાઓ ઉપરથી અપીલ કરવાનું કારણ મળતું નથી. વિશ્વાસ રાખવા લાયક એક સાહેદીની જુબાની કાયદા પ્રમાણે પુરતો પુરાવો ગણાય છે. રાણી વિ. મદનસીરદાર ઉરફે ગરીબુલાહ વિગેરે, ૨ વિ. રી. ૩.

(મી૰ ગ્લોવર જડજની રૂબરૂ, તા૰ ૫ મી જાનેવારી સને ૧૮૬૫.)

૫ અપીલ—જામીન—સજા બંધ રાખવી તે-અપીલ ચાલતા સુધી સેસન જડજ

જામીન ઉપર કેદીને છોડી શકે નહી તોપણ તે અપીલ ચાલતા સુધી સજા બંધ રાખી શકે છે. રાણી વિ. મુરાલી કીકર મુકરજી, ૩ વિ. રી. ૫૭.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૩૧ મી જુલાઈ સને ૧૮૬૫.)

૬ અપીલ—અરજી—અપીલ કરવાની મુદત—હાઈ કોર્ટને અપીલ સાઠ દીવસની અંદર કરવી જોઈએ. રાણી વિ. શ્રીમતીસરને, ૪ વિ. રી. ૩૧.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી નવંબર સને ૧૮૬૫.)

૭ અપીલ—સને ૧૮૬૧ નો ૫ મો પોલીસ આક્ટ મુજબ ગુન્હો-પોલીસના સને ૧૮૬૧ ના ૫ મા આક્ટ મુજબ કરેલા ગુન્હા ઉપર બીજા ગુન્હાઓની માફક અપીલ થઈ શકે છે. માજીસ્ટ્રેટના અધીકારવાળા કોઈ અમલદારે અપેલેન્ટને ગુન્હેગાર ઠરાવી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૧ માં બતાવેલી મુદત કરતાં વધારે મુદતની કેદની સજા કરી હોય તો તેની અપીલ સેસન કોર્ટમાં થઈ શકે છે. ઠાકોરદાસ અને ગોડાઈસેક અરજદારો, ૫ વિ. રી. ૨૨.

(મેસર્સ ટ્રેવેર, જેક્શન, અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જાનેવારી સને ૧૮૬૬.)

૮ અપીલ—મુદત પછી કરેલી અપીલ કાઢી નાખવી તે—ઢીલ થવાનું કાંઈપણ કારણ બતાવ્યા સીવાય મુદત થયા પછી કરેલી અપીલ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૫ મુજબ એકદમ કાઢી નાંખવી જોઇએ. રાણી વિ. હલોધર ઘોસ વિગેરે, ૫ વિ. રી. ૪૦.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૬૬.)

૯ અપીલ—ગુન્હો કર્યાનો જવાબ—સેસન જડજે અને આસેસરોએ કેદીને ગુન્હો કર્યાનો તેની પોતાની કબુલાત ઉપરથી ગુન્હેગાર ઠરાવ્યો હોય તો અપીલ થઇ શકે નહી. રાણી વિ. કરમોકુરમી, ૫ વિ. રી. ૫૨.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી માર્ચ સને ૧૮૬૬.)

૧૦ અપીલ—રીવાજ—પુરાવો - મારી આપેલા માણસે જુબાની આપી હોય તો તેને તોહોમતદારે કહેલી વાત બીજા માણસને કહેલી વાત સાથે મળતી આવે છે કે નહી એ ધ્યાનમાં લેવું અગત્યગનું નથી. રાણી વિ. મીતારામ મીતી અને બીજો, ૧ ઈન્ડ. જ્યુ. ઉ. વ. ૧૭૧.

(મેસર્સ નોરમન, જેક્શન, અને કેમ્પ બેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી એપ્રીલ સને ૧૮૬૬.)

૧૧ અપીલ—હકીકત ઉપર અપીલ—જ્યુરીની રજુઆત-પીનલકોડ થતાં પેહેલાં કરેલો ગુન્હો—પીનલકોડ થતાં પેહેલાં ગુન્હો કરવામાં આવ્યો હોય તો હકીકત ઉપર અપીલ કરવાનો જ્યુરીથી રજુઆત થએલા માણસનો હક છે. રાણી વિ. ગીરીશચંદર ખદુ, ૬ વિ. રી. ૧.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુન સને ૧૮૬૬)

૧૨ અપીલ—" ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ "—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૪, ૪૧૨—સરકારે કાઢેલું જાહેરનામુ—સરકાર જાહેરનામાથી પ્રસીદ્ધ કરી એવો હુકમ કરી શકે કે કલેકટરની ગેરહાજરીમાં ઇન ચાર્જ આસીસ્ટન્ટ કલેક્ટર " ડીસ્ટ્રીકટની સઘળી ફોજદારી હકુમતની બાબતોમાં તે વખતની દરમીયાન મુખ્ય અમલદાર ગણાસે". અને આ અમલદાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪ ના અર્થ મુજબ " ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ " હોવાથી તે કોડની કલમ ૪૧૨ મુજબ તાબાના માજીસ્ટ્રેટો ઉપર અપીલો સાંભળી શકેછે. રાણી વિ. બાઇશંકર હરીરામ. ૩ મું. હા. કો. રી. ૧૮.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન અને વેરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી નવંબર સને ૧૮૬૬.)

૧૩ અપીલ—હકુમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૯, પ્રકરણ ૨૨—ખુલાસો—એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૨૨ ની કમલ ૩૧૯ મુજબ માજીસ્ટ્રેટના હુકમ ઉપર અપીલ સાંભળવાનો સેસન જડજને અધીકાર નથી, અને તે પ્રકરણની મતલબ સુલેહના ભંગનો સંભવ અટકાવવાની છે પણ હક સબંધી નીરાકરણ કરવાનો નથી. દતરામ મીસર અરજદાર, ૧ આગ્રા હા. કો. રી. ૨૯.

(મેસર્સ ટરનર અને સ્પેંકી કામ ચલાઉ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી નવબર સને ૧૮૬૬.)

૧૪ અપીલ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૧૧—એમ ઠરાવવામાં આવ્યું કે કેદની અને દંડને બદલે વધારામાં કરેલી કેદની સજા એકંદર એક માસ કરતાં વધારે ના થાય તો અપીલ થઈ શકે છ રાણી વિ શંકર વેકજી અને બીજો, ૩ મું હા. કો. રી. ૧૫

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૯મીમી ડીસેંબર સને ૧૮૬૬.]

૧૫ અપીલ—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ—ભરૂચનો ફુલ પાવર માજીસ્ટ્રેટ એમ ઠરાવવામાં આવ્યું કે ભરૂચના ફુલપાવર માજીસ્ટ્રેટને અપીલ સાંભળવાનો અધીકાર આપ્યાથી કાયદા પ્રમાણે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનો અપીલો સાંભળવાનો અધીકાર જતો રેહેતો નથી, અને તાબાના માજીસ્ટ્રેટના ફેંસલા સામે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને કરેલી અપીલ ।। કેસના કાગળો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ તરફ મોકલવો જોઈએ. રાણી વિ. અમથા રઘનાથ, ૫ મું. હા. કો. રી. ૮.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન, અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૪ ફેબ્રુઆરી સને ૧૮૬૮.]

૧૬ અપીલ—સેસન જડજ—પદ્ધતિ—શિક્ષા—જે ગુન્હાને માટે તોહોમતદાર ઉપર તેહોમત રાખી તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તે ગુન્હો અપીલ ચલાવતી વખતે સેસન જડજે જોવાનો છે અને તે સાબીત થાય છે કે નહી એનો નિર્ણય કરવાનો છે. પાછળની બાબતો ઉપરથી ગુન્હાનું રૂપ બદલાતુ હોય તો તેને તે જોવાનું નથી. જો તોહોમતદાર પાછળથી બીજા જુદા ગુન્હાને માટે ગુન્હેગાર માલમ પડે તોપણ રજુઆત ચલાવી જે ગુન્હાને માટે તેને શિક્ષા કરવામાં આવી હોય તે શિક્ષા બંધ થઈ શકતી નથી રામજીદાસ વિ. નીજાતસેખ વિગેરે, ૯ વિ. રી. ૬૫.

[મેસર્સ લોય્ડ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી મે સને ૧૮૬૮.]

૧૭ અપીલ—સને ૧૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૬, ૪૧૧—જુદા જુદા પ્રસંગે કરેલા જુદા ગુન્હાઓને માટે સજાઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૬ અને ૪૧૧ ઉપર નજર રાખીને એમ ઠરાવવામાં આવ્યુ કે માજીસ્ટ્રેટે તોહોમતદારને કરેલી સજા જુદા જુદા પ્રસંગે થયેલા જુદા ગુન્હાઓને માટે હોય તોપણ સેસન જડજને અપીલ થાય નહી. કારણ કે બે સજાઓ એક માસની અંદરની મુદતની હોય તોપણ તે એકજ વખતે કર્યાથી અને તે બંને એકઠી હોવાથી ઠરાવેલી હદ ઉપરાંત થઇ જાય છે. નગરડી પરમાનીક તોહોમતદાર, ૧૦ વિ. રી. ૩; ૧ બેં. લો. રી. ૩.

રાણી વિ૦ મોરલીશેખના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૬ વિ૦ રી૦ ૫૧ જુઓ તોહોમત ૧૦.

૧૮ અપીલ—જીલ્લા માજીસ્ટ્રેટના સંક્ષેપના ઠરાવ ઉપર અપીલ—મુંબાઈનો સને ૧૮૫૦ નો ૩૫ મો હોડી મુકવાનો આક્ટ કલમ ૧૬—મુંબાઈના સને ૧૮૫૦ ના આક્ટ ૩૫ માની કલમ ૧૬ મુજબ જીલ્લા માજીસ્ટ્રે

ટે સંક્ષેપમાં ઠરાવ આપ્યો હોય તેના ઉપર સેસન જડજને અપીલ થઈ શકે છે. સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૧૮ ની કલમ ૧૪ મુજબ આવી રીતની અપીલ આઠ દીવસમાં કરવાની જરૂર નથી. રાણી વિ૦ મલહારીલોજી, ૬ મું૦ હા૦ કો૦ રી૦ ૪૫.

(મેસર્સ વેરડન અને ગીબ્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૬૯).

૧૯ અપીલ—અપીલ કરવાની કેદીને સગવડ કરી આપવી તે—અપીલની અરજી તૈયાર કરવાને માટે કેદીઓને દરેક જાતની સગવડ આપવી જોઈએ. નીતો ગોપાળ પોલીટ વિગેરે અપેલેન્ટો, ૧૩ વી૦.રી૦ ૬૯.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૭૦)

૨૦ અપીલ—કાયદો અમલમાં ના આવે તેવું પ્રગણું (નોન રેગ્યુલેશન ડીસ્ટ્રીકટ—સને ૧૮૬૧ નો ૮ મો કલમો ૪૪૫ (ખ) અને ૪૪૫ (ક) સને ૧૮૬૯ નો આકટ ૮ માની કલમ ૪૪૫-(ખ) માં બતાવેલા અધીકારવાળા અમલદારે કાયદો અમલમાં ના આવે તેવા પ્રગણા (નોન રેગ્યુલેશન ડીસ્ટ્રીકટ) માં કોઈ માણસને સજા કરી હોય તો તેની અપીલ કલમ ૪૪૫ (ક) મુજબ ફક્ત હાઇ કોર્ટને જ થઈ શકે છે. આસામના જ્યુડીશીઅલ કમીશનરે લત્રોશીંધ વિગેરે કેદીઓની બાબતમાં કરેલુ રેફરન્સ, ૧૪ વિ૦ રી૦ ૧૮.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુલાઈ સને ૧૮૭૦).

૨૧ અપીલ—હાઈ કોર્ટ—નોનરેગ્યુલેશન ડીસ્ટ્રીકટ—સને ૧૮૬૧ નો આકટ ૮ મો કલમ ૪૪૫ (ખ)- સને ૧૮૬૧ ના આકટ ૮ ની કલમ ૪૪૫ (ખ) મુજબ આપેલા અધીકારવાળા કાયદો ના ચાલે તેવા પ્રગણુના (નોન રેગ્યુલેશન ડીસ્ટ્રીકટ) કોઈ અમલદારે કરેલા હુકમ ઉપર અપીલ તે કલમમાં બતાવેલા અધીકારની અંદર શિક્ષા આવી જતી હોય તોજ હાઈ કોર્ટને થઇ શકે છે. રાણી વિ૦ ઘોના ભુયાહ વિગેરે, ૧૪ વિ૦ રી૦ ૩૩; ૫ બેં૦ લો૦ રી૦ ૬૫૮.

(મેસર્સ કાઊચ ચીફ જસ્ટીસ, બેલી, કેમ્પ, જેકશન અને ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી અગષ્ટ સને ૧૮૭૦).

૨૨ અપીલ—દંડ—ઈનકમટેક્ષ—સને ૧૮૬૯ નો આકટ ૯ મો કલમ ૨૫-ઈનકમટેક્ષના સને ૧૮૬૯ ના આકટ ૯ ની કલમ ૨૫ મુજબ રૂપીઆ નહીં ભરવાને માટે માજીસ્ટ્રેટે દંડનો હુકમ કર્યો હોય તો તેના ઉપર સેસન જડજ અપીલ સાંભળી શકે નહીં. રાણી વિ. માધુદત, ૧૪ વિ૦ રી૦ ૭૧.

(મેસર્સ બેલી અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી નવંબર સને ૧૮૭૦).

ચોવીસ પ્રગણાનો કલેકટર વિ૦ નોબીન ચંદર ઘોસના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૩ વિ૦ રી૦ ૨૭. જુઓ દેશનિકાલ ૩.

૨૩ અપીલ-અપેલેન્ટને છોડી મુકવો તે—તાબાના માજીસ્ટ્રેટનો ઠરાવ ફેરવવો તે—પછીથી તાબાના માજીસ્ટ્રેટનો ઠરાવ મંજુર રાખવો તે—અપીલનો ફેંસલો આપતી વખતે પેહેલાં માજીસ્ટ્રેટે તાબાના માજીસ્ટ્રેટનો ઠરાવ રદ કરી અપેલેન્ટને છોડી મુકયો; પછીથી તેણે આ હુકમ ફરીથી ધ્યાનમાં લેઈ તાબાના માજીસ્ટ્રેટનો ઠરાવ મંજુર રાખ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે બીજો હુકમ રદ કરવો જોઈએ. અને મુળનો હુકમ કાયમ રાખવો જોઈએ. પ્રો૦ તા. ૮ મી ડીસેંબર સને ૧૮૭૦. ૬ મ. હા. કો. રી. અપે. ૭.

૨૪ અપીલ=મુદત ગણવી તે-માજીસ્ટ્રેટે કરેલી સજા ઉપર પ્રતીવાદીએ જે મુદતની અંદર અપીલ કરવી જોઈએ તે મુદતમાંથી ઠરાવની નકલ તઈયાર કરી આપવાને માજીસ્ટ્રેટને જેટલા દિવસો લાગ્યા હોય તેટલા દિવસો બાદ કરવા જોઇએ. ટોટી ચેનગનની બાબતમાં, ૬ મ. હા. કો. રી. ૩૪૯.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને હોલોવે જડજોની રૂબરૂ, તા૦ ૨ જી નવંબર સને ૧૮૭૧.

૨૫ અપીલ—અપેલેટ કોર્ટ—ઠરાવ—વધારાનો પુરાવો—અપીલ—સને ૧૮૬૯ નો ૮ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૦૮, ૪૧૯, ૪૨૨—કલમ ૪૧૯ માં બતાવેલી રીત મુજબ ઠરાવો આપવાને સને ૧૮૬૯ ના આકટ ૮ મુજબ અપીલ કોર્ટો બંધાએલી છે. કલમ ૪૨૨ મુજબ વધારાનો પુરાવો લેઈને જે માણસની અપીલ કાઢી નાખવામાં આવી હોય તે કેસને કલમ ૪૦૮ લાગુ પડતી નથી, અને સને ૧૮૬૯ ના આકટ ૮ ની કલમ ૪૨૨ મુજબ અપીલ ઉપર ઠરાવ કર્યો હોયતો તેના ઉપર અપીલ થતી નથી. ધનોહર ઘોસ અરજદાર, ૧૫ વિ. રી. ૩૩.

(મેસર્સ નોરમન ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧).

રાણી વિરૂદ્ધ મોહેશચંદર ચતોપાયાના કેસમાં નજર રાખવામાં આવે છે. જુઓ જજમેન્ટ ૩.

૨૬ અપીલ—હકુમત—ડીસ્ત્રીકટનો માજીસ્ત્રેટ—ડેપ્યુટી કમીશનર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૪, ૩૪૨—કાયદો ના ચાલે તેવા પ્રગણાનો (નોન રેગ્યુલેશન ડીસ્ત્રીકટ) ડેપ્યુટી કમીશનર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટના ઓદ્ધામાં આવી જાય છે, અને અખતીઆર ના હોય તેવા કેસમાં તાબાના માજીસ્ત્રેટે હુકમ કર્યો હોય તો અપીલ થવાથી તેવા કેસનું નિરાકરણ કરવાનો તેને અખતીયાર છે. એસનઘુમનું રેફરન્સ, ૧૬ વિ. રી. ૧.

(મેસર્સ બેલી અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૩ જી જુન સને ૧૮૭૧).

૨૭ અપીલ—શિક્ષા—સાંથલ પ્રગણાઓ—સને ૧૮૫૫ નો આકટ ૩૭ મો—સાંથલ પ્રગણાના ડેપ્યુટી કમીશનરે કરેલી શિક્ષા ઉપર સને ૧૮૫૫ ના આકટ ૩૭ મુજબ હાઇ કોર્ટને અપીલ થાય નહી. રાણી વિરૂધ બેયડોનાથ મુકરજી વિગેરે, ૧૭ વિ. રી. ૧૧.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જાનેવારી સને ૧૮૭૨).

૨૮ અપીલ—હાઇ કોર્ટના એક જડજનો અધીકાર—હાઈ કોર્ટની ફોજદારી અપીલો એક જડજથી ચલાવી શકાય. પેહેલી અપીલ એક જડજે કાઢી નાખી હોય તો બીજી અપીલ ધ્યાનમાં લેઈ શકાય નહી. રાણી વિરૂદ્ધ ચંદ્રોજુગી, ૧૭ વિ. રી. ૪૭; ૯ બેં. લો. રી. ૬.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૯ મી એપ્રીલ સને ૧૮૭૨].

૨૯ અપીલ—પદ્ધતિ—સેસન જડજ—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—માજીસ્ત્રેટના હુકમ ઉપર નિયમસર રીતે સેસન જડજને થયેલી અપીલમાં તેને એમ માલમ પડે કે કેદીઓને વાજબી રીતે ગુન્હેગાર ઠરાવ્યા છે એવી ખાત્રી થવાને કામમાં પુરતો પુરાવો નથી તો તેણે કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ. ખેરાજમુલાહ વિગેરે વિરૂદ્ધ જનાબ મુલાહ, ૨૦ વિ. રી. ૧૩; ૧૧ બેં. લો. રી. ૩૩.

(મેસર્સ કેમ્પ અને ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ સને ૧૮૭૩].

રાણી વિ. કરનસીંઘનો કેસ વિરૂધ છે. ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૬૮૦.

૩૦ અપીલ—પદ્ધતિ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૪—કરેલા હુકમો—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૪ મુજબ કરેલા હુકમોના કેસમાં ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટના હુકમ ઉપર ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને અપીલ થઈ હોય તો, હુકમની નકલ તેને મોકલવી જોઈએ, પણ સેસન જડજને મોકલવી જોઈએ નહીં. પ્રો. તા૦ ૧૪ મી જુલાઈ સને ૧૮૭૩; ૭ મ. હા. કો. રી. અપે. ૨૩.

૩૧ અપીલ—અપેલેન્ટના વકીલની ગેરહાજરી—કોઈ ફોજદારી અપીલ અપેલેન્ટના

વકીલની તકરાર સાંભળ્યા શીવાય કાઢી નાખવામાં આવી હોય, અને પાછળથી અપેલેન્ટ કોર્ટની ખાતરી થઈ હોય કે વકીલને ગેરહાજર રહેવાનું વ્યાજબી કારણ હતું તો તે કોર્ટ અપીલ ફરીથી ચલાવી શકે છે. પ્રો. તા૦ ૭ મી નવંબર સને ૧૮૭૩ ૭ મ. હા. કો. રી. અપે. ૨૯.

૬ મ. હા. કો. રી અપે ૭૮ ના કેસમાં આધાર રાખવામાં આવે છે. જુઓ મુચરકો ૪૧

૩૨ અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૯—સને ૧૮૭૪ ના આકટ ૧૧ માની કલમ ૨૦ થી સુધારો થએલી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૯ ની મતલબ એ છે કે પ્રથમની રજુઆત ચાલતી વખતે માજીસ્ત્રેટની રૂબરૂ, આપેલી જુબાનીઓ, સેસન કોર્ટમાં કામ ચાલતી વખતે સેસન જડજ પોતાના વિચાર મુજબ એવું ઠરાવે કે તેઓને કામમાં લેવી જોઈએ તોજ, પુરાવામાં લેઈ શકાય છે આ વિચારને કાયદા કે હકીકતની બાબત કોર્ટને અપીલ કોર્ટ ફરીથી તપાસમાં લેઇ શકે રાણી વિ૦ અરજુન મેઘ અને માના કુરા. ૧૧ મું. હા. કો. રી. ૨૮૧.

[મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મો અગષ્ટ સને ૧૮૭૪].

૩૩ અપીલ—ફરીઆદમાં માજીસ્ત્રેટે ખરેખરો ભાગ લીધેલો તે—કેદીઓ ઉપરની ફરીઆદમાં કોઇ માજીસ્ત્રેટે ખરેખરો ભાગ લીધો હોય અને કેસની તજવીજ થવી જોઈએ કે નહીં અને તે તજવીજ કોણે કરવી જોઈએ એવું નીરાકરણ કર્યા પેહેલાં અગત્યના સાહેદીઓની જુબાની તેણે લખી લીધી હોય તેવા કેસમાં એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવી કરેલી સજાની અપીલ ચલાવવાને તે યોગ્ય કોર્ટ નથી. હેટલાલરોય અરજદાર, ૨૨ વ. રી. ૭૫.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ સને ૧૮૭૪).

૩૪ અપીલ—અપીલના સામાવાળા તરીકે ફરીઆદીનો હક—કોઈપણ ફરીઆદી અપીલમાં અપીલના સામાવાળાઓ તરીકે ફોજદારી કેસોમાં તકરાર બતાવવાનો હક કરી શકે છે. દરેક કેસમાં આ બાબત કોર્ટની મરજી ઉપર છે. પ્રો. તા૦ ૬ ઠી નવંબર સને ૧૮૭૪; ૭ મ. હા. કો. રી. અપે. ૪૨.

૩૫ અપીલ—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સ્થાનીક સરકારે કરેલી અપીલ—હાઈ કોર્ટે કરેલી સજા—આસેસરોથી રજુઆત થએલા કેસમાં તોહોમતદાર ઉપર ખુનથી ઉતરતા દરજાનું તોહોમત રાખી, તેને સેસન જડજે અને આસેસરોમાંના એક આસેસરે નિર્દોષ ઠરાવી છોડી મુકયો હતો અને બીજાઓએ તેને ગુન્હેગાર ઠરાવ્યો હતો બંગાળા સરકારે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૨ મુજબ અપીલ કર્યાથી હાઈ કોર્ટે પુરાવો ધ્યાનમાં લેઇ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રદ કર્યો, અને તોહોમત રખેલા ગુન્હાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો. બંગાળા સરકાર વિરૂદ્ધ હનીફ ફકીર, ૨૩ વિ રી ૫૦

[મેસર્સ કેમ્પ અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૭૫].

૬ અપીલ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૯—સરકારી નોકરનો સાપ્રાધ વિશ્વાસઘાત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૨—નિર્દોષ ઠરાવી છોડી મુકવાના કેસમાં અપીલ કરવી તે—સરકારી નોકર તરીકે સાપ્રાધ વિશ્વાસઘાત કરવાને માટે કોઈ માણસને માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવેલો હતો પણ સેસન જડજે અપીલમાં તેને છોડી મુકી એવું કારણ બતાવ્યું કે સરકારી નોકર તરીકે સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો થયો નથી પણ એટલો સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો થયો છે; સરકારે અપીલ કરવાથી હાઈ કોર્ટે, સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૭૨ મુજબ, નવી રજુઆત

પીનલકોડની કલમ ૪૦૬ મુજબ તોહોમત રાખી ચલાવવાને માજીસ્ટ્રેટને હુકમ કર્યો. કલમ ૨૭૨ માં આપેલો અધીકાર ખાસ બાબતોમાં જ બજાવવો જોઇએ એવો મદ્રાસ હાઈ કોર્ટનો મત કોર્ટે મંજુર રાખ્યો. [૭ મ. હા. કો. રી. ૩૩૫] રાણી વિરૂદ્ધ ડકન, ૭ વા.. હી. પ્રાં. ૧૯૬.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૭૫).

૩૭ અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમો ૨૭૨, ૪૫૩—એકંદર સજા—એક રજુઆત ચલાવી એક ગુન્હાના કેટલાક ભાગોને માટે કોઈ માણસને કરેલી બધી સજા અપીલ કરવામાં એક સજા તરીકે ગણવી જોઈએ. એકજ વખતે એક ગુન્હાના ઘણા ભાગોને માટે કોઈ માણસ ઉપર કામ ચલાવવામાં આવ્યું હોય તો એક કરતાં વધારે સજા કરવાની જરૂર નથી, પણ દરેક ભાગને માટે જો જુદી સજા કરવામાં આવી હોય તો એમ ઠરાવવામાં આવ્યું કે દરેક ભાગને માટે એકજ રજુઆત કરેલી જુદી સજા અપીલ કોર્ટના અધીકાર મુજબ એકઠી કરવામાં આવે છે. રાણી વિ. ગુલામ આબાસ, ૧૨ મું. હા. કો. રી. ૧૪૭.

(મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૭૫).

રાણી વિ. રામજીવ ગાઉડાના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૧ મું. ૨૨૩. જુઓ સજા ૫૧.

જાબદાર કાજીના કામમાં નજર રાખવામાં આવી. ૮ ક૦ લો૦ રી૦ ૩૫૦. જુઓ વર્ધમાન સજા ૩.

રાણી વિરૂદ્ધ દુકયા બીન ટમનાના કેસમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૧ મું૦ ૨૧૪. જુઓ કેટલાક ગુન્હાઓ ૨.

૩૮ અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૮—જામીન નહી આપવાને માટે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૦૮ મુજબ કેદની મુદત સેસન કોર્ટે ઠરાવી હોય તેના ઉપર અપીલ કરવાનો હક નથી. રાણી વિ. રોહુડોમ વિગેરે, ૨૪ વિ. રી. ૧૨.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જુન સને ૧૮૭૫).

૩૯ અપીલ- સજાનો વધારો—સને ૧૮૭૪ નો ૧૧ મો કલમ ૨૬—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૭૮ મુજબ અપીલ કોર્ટે અપીલ કાઢી નાંખી હોય તો, સને ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૨૬ મુજબ સજા વધારી શકાય નહી. અકુલ સીરકાર વિગેરે વિ. પરતમા, ૨૪ વિ, રી. ૨૫.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુલાઈ સને ૧૮૭૫).

૪૦ અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬—હાઈ કોર્ટની હકુમત—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૬ મુજબ ડેપ્યુટી કમીશનરના હુકમ ઉપર પરવાનગીની જરૂર હોવાથી, હાઈ કોર્ટને પરવાનગી આવે ત્યાં સુધી અપીલ ચલાવવાનો અખતીઆર નથી. રાણી વિ. શામસુંદરદાસ, ૨૫ વિ. રી. ૧૮.

(મેસર્સ ગ્લોવર અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬).

૪૧ અપીલ—નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમ ઉપર અપીલ—આસેસરોના મતથી જડજનું વિરૂદ્ધ પડવું તે—મોતની સજા—પુરાવો—કોઇ સ્ત્રીનું ખુન કરવાનું તોહોમત કેદી ઉપર રાખવામાં આવ્યું કે જે સ્ત્રીને તેણીના ધણીની પાસેથી કાઢી લાવવાનો તે યત્ન કરતો હતો એમ સાબીત થયું હતું. આસેસરો જેઓએ જડજની સાથે બેસી કેસ સાંભળ્યો હતો તેમને કેદીને ગુન્હેગાર ઠરાવ્યો, પણ જડજને ગુન્હો થયાનો પુરાવો કામમાં નહી મળી આવ્યાથી તેણે એવી અટકળ બાંધી કે તોહોમતદારને મારી નાખવાને એક સંપ થયો હતો, તે ઉપરથી તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. આ ઉપર સ્થાનીક સરકારે અપીલ કરી. હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે

તોહોમતદાર નિરપરાધી હતો એવું જે જડજનું ધારવું હતું તે કામના પુરાવાથી કોઈ રીતે સાબીત થતું નથી, તેથી ખોટી રીતે નિર્દોષ ઠરાવી છોડી મુકવું મોતની સજા કરવા લાયક ગુન્હામાં કાયમ રાખી શકાય નહી. તે ઉપરથી તોહોમતદારને ફાંસીની સજા કરવામાં આવી હતી. રાણી વિ. રીધેપત્રો, ૨૬ વિ. રી. ૧.

(મેસર્સ જેક્શન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસેંબર સને ૧૮૭૬).

૪૨ અપીલ—અપીલ પસંદ કરી દાખલ કરવાને ઠરાવેલો અમલદાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૨—નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ઠરાવ—ખુન અથવા ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધનું તોહોમત રાખી કરેલી શિક્ષા—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે–ખુનનું તોહોમત રાખી જ્યુરીએ કોઇ માણસની રજુઆત ચલાવી, તોહોમતદાર ખુનનો ગુન્હેગાર નથી એમ ઠરાવી તેને ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર ઠરાવ્યો. સેસન.જડજ જો કે જ્યુરીના ઠરાવથી વિરૂદ્ધ પડયો તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૩ મુજબ કેસને હાઇ કોર્ટમાં મોકલવાને ના પાડી. તે ઉપરથી સ્થાનીક સરકારે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૨ મુજબ લીગલ રીમેમબ્રનસરને અપીલ કરવાનો હુકમ કર્યો, અને આ હુકમ મુજબ સરકારી વકીલે અપીલ દાખલ કરી. એમ ઠરાવવામાં આવ્યું કે અપીલ બરોબર રીતે કરવામાં આવી હતી. વળી વધારામાં એમ ઠરાવવામાં આવ્યું કે કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાના જ્યુરીના ફેંસલા ઉપર આધાર રાખીને સેસન કોર્ટે ઠરાવ લખ્યો તેથી કલમ ૨૭૨ ના અર્થ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ઠરાવ ગણાય છે. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ખુનનું તોહોમત રાખી નિર્દોષ ઠરાવી છોડી મુકયાથી અપીલ થઈ શકે છે. રાણી વિરૂદ્ધ જદુનાથ ગંગુલી, ઈ૦ લો૦ રી૦ ૨ ક. ૨૭૩.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૮૭૭).

રાણી વિ. કુનગુ શેહના કેસમાં નજર રાખવામાં આવે છે. ૧૧ બેં૦ લો૦ રી૦ ૧૪. જુઓ જ્યુરી ૬૫.

૪૩ અપીલ—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનો આકટ કલમ ૪૧—ફરીઆદ—જડજની પરવાનગી—હાઇ કોર્ટની હકુમત—પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટના આકટની કલમ ૪૧ મુજબ ફરીઆદ કરવાનો જડજે હુકમ કર્યો હોય તેના ઉપર અપીલ થાય નહી. જનોકીનાથ રોયની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૨ ક. ૪૬૬.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ—

કલકતા શેહેરના જસ્ટીસ ઓફ ધ પીસ વિરૂદ્ધ ઓરીએન્ટલ ગાસ અને કો. ૮ બેં૦ લો૦ રી૦ ૪૩૩. (દિવાની રૂલીંગ).

હાજી ઇસ્માલ વિરૂદ્ધ હાજી મહમદ. ૧૩ બેં૦ લો૦ રી૦ ૯૧. (દિવાની રૂલીંગ).

માઉલાબક્ષ વિરૂદ્ધ કીશોરપ્રતાબ શાખી. ઈ૦ લો૦ રી૦ ૧ ક૦ ૧૦૨ (દિવાની રૂલીંગ).

બરકત અલાહખાન વિ. રૈની, ઈ. લો. રી. ૧ અ. ૧૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪૨.

૪૪ અપીલ—દાખલ કરવી તે—ફોજદારી કેસમાં અપીલની અરજી અપેલેન્ટે અધીકાર આપેલા ગમે તે માણસથી દાખલ કરી શકાય. સુબા ચૈટલાની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૧ મ. ૩૦૪.

(મેસર્સ ઇન્સ ચીફ જસ્ટીસ અને બસ્ટીડ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી સપટંબર સને ૧૮૭૭)

રાણી વિ૦ શીવરામ ગંડોના કેસમાં આધાર રાખવામાં આવ્યો ઈ૦ લો૦ રી૦

૧ મું૦ ૧૪. જુઓ નિચેની કોર્ટના ફેસલા સામે કરેલી અરજી ૫૫.

૪૫ અપીલ—હાઈ કોર્ટનો આકટ કલમ ૧૫—હાઈ કોર્ટનો અસાધારણ અધીકાર—સાધારણ બાબતમાં અપીલ કરવાનો હક—કાયદા પ્રમાણે અપીલ કરવાનો હક હોય તેવી બાબતમાં હાઇ કોર્ટ કલમ ૧૫ મુજબ પોતાનો અસાધારણ અધીકાર બજાવી શકે નહીં. કાયદામાં બતાવેલા સઘળા બીજા ઈલાજો પેહેલા કરવા જોઈએ. રાજકુમારસીંગ અને બીજો ગુન્હેગારો ૧ ક. લો૦ રી૦ ૩૫૨.

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૮૭૮).

પુનાચરનપાલના કેસમાં નજર રાખવામાં આવી ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૪૪૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૯.

૪૬ અપીલ - મદદગારી—અપેલેન્ટનુ મોત—મરી ગએલા ગુન્હેગારના વાલી વારસો અથવા તેણે ઠરાવેલા કોઈ માણસને ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ અપીલ કરવાનો હક નથી અથવા અપીલ પેહેલાં કરી હોય તો તે જારી રાખી ચલાવવાનો હક નથી. મી૦ કેમ્પબેલ જડજ વિરૂદ્ધ પડીને એમ ઠરાવ્યું કે " ગુન્હેગારે કરેલી અપીલ તેના મુવા પછી જતી રહે છે " તો પણ હાઈ કોર્ટ તપાસવાના અને ભુલ સુધારવાના ઈરાદાથી દફતર મંગાવી તપાસ કરે અને તેને વ્યાજબી લાગે તેવો હુકમ કરી શકે. રાણી વિ૦ •ડોનગાજી અંદાજી, ઈ૦ લો૦ રી૦ ૨ મું૦ ૫૬૪.

(મેસર્સ વેસ્ટ્રોપ, મેલવીલ, અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી એપ્રીલ સને ૧૮૭૮).

રાણી વિ૦ લલુ કારવરના કેસમાં નજર રાખવામાં આવે છે. ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૬૩. જુઓ દંડ ૭.

૪૭ અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૭૦, ૨૭૧—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૬ મુજબ અધીકાર મળેલા ડેપ્યુટી કમીશનરે ગુન્હેગાર ઠરાવેલા માણસે કરેલી અપીલ—સવાલ—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૬ મુજબ અધીકાર મળેલા ડેપ્યુટી માજીસ્ટ્રેટે કોઇ માણસને ગુન્હેગાર ઠરાવી તે કલમમાં બતાવ્યા પ્રમાણે કેદની સજા કરી હોય તો, જે સેસન જડજના તે તાબામાં છે તેની મંજુરી લેવાની જરૂર છે કે નહી, અને આવી રીતે મંજુરી લેવામાં આવી હોય તો તેના ઉપર હાઈ કોર્ટ અપીલ સાંભળી શકે કે નહીં? રાણી, વિ૦ નંદુ ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૫૩.

(મી૦ સ્ટુઅર્ટ જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ સને ૧૮૭૯).

૪૮ અપીલ—તપાસણી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૭૮, ૨૮૦, ૨૮૫—કેસના કાગળો અને દફતર મંગાવ્યા શીવાય અપીલની અરજી અને જે ઠરાવ ઉપર અપીલ કરવામાં આવી હોય તેની નકલ વાંચીને અપીલ કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૮ મુજબ અપીલ ના મંજુર કરવાનો હુકમ કરયો હોય તો કલમ ૨૮૫ મુજબ તે છેવટનો હુકમ ગણાય છે અને તે ફરીથી તપાસમાં લેઈ શકાતો નથી. રાણી વિ૦ મહમદ યાશીન, ઈ૦ લો૦ રી૦ ૪ મું૦ ૧૦૧.

(મેસર્સ કેમ્પબેલ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી સપટંબર સને ૧૮૭૯).

રાણી વિ૦ મેહેતાજી ગોપાળજીના કેસમાં નજર રાખવામાં આવે છે, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૬૭. જુઓ ફરીથી તપાસવું ૩.

૪૯ અપીલ—પાછી ખેંચી લેવી તે—દાખલ કરવાને આપેલી અપીલની અરજી પાછી ખેંચી લેવાય છે. ચંદરનાથ ડેબની બાબતમાં, ૫ ક. લો૦ રી૦ ૩૭૨.

(મેસર્સ વીલસન અને રોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૬ અકટોબર સને ૧૮૭૯)

દવારકા માનજીની બાબતમાં તફાવત બતાવવામાં આવ્યો. ૬ ક. લો. રી. ૪૨૭. જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે કરેલી અરજી. ૫૦.

૫૦ અપીલ—વધારે ભારે ગુન્હાની શીક્ષા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૪૮—અપીલ પાછી ખેંચી લેવાનો હક—તોહોમતદારની રજુઆત ચાલતી વખતે તેના ઉપર રાખેલા તોહોમત શીવાય બીજુ વધારે ભારે તોહોમત–તે તોહોમતના બચાવમાં તેને જવાબ આપવાની તક આપ્યા શીવાય અપીલમાં રાખવાનો અપીલ કોર્ટને અધીકાર નથી. સવાલ–શિક્ષા ઉપર કરેલી અપીલની અરજી અપીલ કોર્ટે પુરાવો વાંચ્યા પછી પાછી ખેંચી લેઇ શકાય કે નહીં? દવારકા માનજી વિગેરેની બાબતમાં, ૬ ક. લો૦ રી૦ ૪૨૭.

(મેસર્સ ટોટનહામ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુન સને ૧૮૮૦).

ચંદરનાથ ડેબની બાબતમાં તફાવત બતાવવામાં આવે છે. ૫ ક. લો. રી. ૩૭૨. જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે કરેલી અરજી ૪૯.

૫૧ અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૬૭, ૪૭૧—દિવાની અપીલ ચાલતી વખતે ફોજદારી માંડવી તે દિવાની અથવા ફોજદારી મુકરદમો ચલાવતી વખતે કોઈ જજ અથવા માજીસ્ટ્રેટને સ્પષ્ટ રીતે એમ માલમ પડે કે પક્ષકારોએ અથવા તેઓના સાહેદીઓએ જુઠા સોગનનો અથવા સરકારી ન્યાયની સામે ગમે તે કોઈ ગુન્હો કર્યો છે તો પોતે પોતાની કોર્ટમાં તજવીજ કરી છે તેના કરતાં કાંઈ વધારે તપાસ કરયા શીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૧ મુજબ એવા માણસો ઉપર ફોજદારી માંડવાનો હુકમ તે વાજબી રીતે કરી શકે છે. કોઈ માણસને તેની પોતાની એક બીજાથી વિરૂદ્ધ ના પડે તેવી હકીકત ઉપર જુઠા સોગનનો ગુન્હેગાર ઠરાવી કમીટ કરતાં પેહેલાં જે કેસમાં તેને આવી રીતે ગુન્હેગાર ઠરાવ્યો છે તે કેસની અપીલ થઈ હોય તો તે અપીલ ચાલતા સુધી કોર્ટે વ્યાજબી અને પુખ્ત વિચારની બાબત તરીકે વાટ જોવી જોઈએ. મટીલાલ ઘોસની બાબતમાં, ઈં લો૦ રી૦ ૬ ક. ૩૦૮,

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૭ અકટોબર સને ૧૮૮૦.)

નિચેના કેસોમાં મંજુર રાખવામાં આવે છેઃ—

રામપ્રસાદ હાઝરાની બાબતમાં, ૫ વિ. રી. ૨૪; બેં. લો. રી. ૪૨૫ (દિવાની રૂલીંગ).

કાલીચંદર મોઝુમદારની અરજીની બાબતમાં, ઈં. લો. રી. ૬ ક. ૪૪૦; ૭ ક. લો. રી. ૩૩૦. જુઓ ફરીયાદ કરવાની પરવાનગી ૫૬.

બારકદુ લાહખાન વિગેરેની બાબતમાં, ઈ. લો. રી. ૧ અ. ૧૭. જુઓ ફરીયાદ કરવાની પરવાનગી ૪૦.

રાણી વિ. બાજુલાલના કેસમાં અર્થ કરી બતાવવામાં આવે છે. ઈં. લો. રી. ૧ ક. ૪૫૦. જુઓ જુઠો પુરાવો ૬૧.

૫૨ અપીલ—હકુમત—જે તારીખે નિમનોક થઈ હોય તે તારીખ––કોઈ તોહોમતદારને આસીસ્ટંટ માજીસ્ટ્રેટે તા૦ ૧૨ મી અગષ્ટે ગુન્હેગાર ઠરાવ્યો અને તેજ તારીખે ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટનો અધીકાર તે માજીસ્ટ્રેટને આપવામાં આવ્યો હતો, તોપણુ તેને ફુલપાવર માજીસ્ટ્રેટનો હક આપવામાં આવ્યો હતો તે હકીકત તેના જાણુવામાં તા૦ ૨૩ મી અગસ્ટ સુધી આવી નોહોતી. તોહોમતદારે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને અરજ કરવાથી તે માજીસ્ટ્રેટે તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો હતો. લેફ્ટેનન્ટ ગવરનરે આસીસ્ટંટ માજીસ્ટ્રેટને ફુલપાવરનો અધીકાર આપ્યા પછી તેના ઉપર ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ અપીલ સાંભળી શકે નહી એવું કારણુ બતાવી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રદ કરવાને હાઈ કોર્ટમાં

અરજ કરી. હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે કદા ચ એમ ધારો કે હુકમ જે વખતે થયો તેજ વખતે આસીસ્ટંટ માજીસ્ટ્રેટને ફર્સ્ટ કલાસ મા જીસ્ટ્રેટનો પાવર મળ્યો તોપણ ડીસ્ટ્રીકટ માજી સ્ટ્રેટનો ઠરાવ રદ કરતાં પેહેલાં એવું સાબીત થવું જોઈએ કે ગુન્હેગાર ઠરાવી સજા કરતાં પેહેલાં હુકમ ઉપર લેફ્ટેનંટ ગવરનરની સહી થઈ હતી. સવાલ—કોઈ માજીસ્ટ્રેટને ફર્સ્ટ ક લાસ માજીસ્ટ્રેટનો પાવર આપવાનો હુકમ સ રકારી રીતે જ્યાં સુધી તે માજીસ્ટ્રેટને મોકલ વામાં ના આવ્યો હોય ત્યાં સુધી એવી રી તે સત્તા બજાવવાનો અધીકાર તેને મળી શકે? ચંદ્રો મારવારી વિ૦ મહમદ ઈશક, ઈ. લો. રી. ૬ ક. ૪૭૬.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી નવંબર ૧૮૮૦.)

૫૩ અપીલ—સુલેહનો ભંગ નહી કર વાનું જામીનખત—રાજદંડ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૦૨, ૨૯૪—હુકમ—માજીસ્ટ્રેટ—ફર્સ્ટ કલાસ માજી સ્ટ્રેટે એમ ઠરાવ્યું કે સુલેહનો ભંગ નહી કર વાનું જામીનખત પાળવામાં આવ્યું નથી, અને તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૨ મુજબ દંડ વસુલ કર્યો. આ હુકમ ઉપ ર દક્ષીણ આરકાટના સેસન જડજે અપીલ ચલાવી હુકમ રદ કર્યો હતો. સેસન જડજનો હુકમ રદ કરવાનું કારણ માગી ક્રીમીનલ પ્રો. કોડની કલમ ૨૯૪ મુજબ હાઈ કોર્ટને અ રજી કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે ફર્સ્ટ કલાસ ડેપ્યુટી માજીસ્ટ્રેટના હુ કમ ઉપર અપીલ થાય નહી કલમ ૫૦૨ નુ ઉપાંત્ય વાક્ય ધ્યાનમાં લેવામાં આવ્યું. અન નથાચરી વિ૦ અનનથાચરી, ઈ. લો રી. ૨ મ. ૧૬૯.

(મેસર્સ કરનાન અને ઈન્સ જડજોની રૂ બરૂ, તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૮૧.)

૫૪ અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૭૮ અને ૨૭૯—અપીલ દાખલ કરીને હુકમ કરવા માં આવેલો તે વખતે તોહોમતદારનો વકીલ કોર્ટમાં હાજર હતો તેથી અપીલ ચલાવવાના મુકરર કરેલા દિવશની ખબર આપવાની કોર્ટ ની ફરજ જતી રહેતી નથી. ગોપાળચંદર મો નડલની બાબતમાં, ૧૦ ક. લો. રી. ૫૭.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી સપટંબર સને ૧૮૮૧.)

રાણી વિ૦ કાલાચંદ પાલના કેસમાં ન જર રાખવામાં આવે છે. ૨૪ વિ. રી. ૨૯. જુઓ કબુલાત ૬૧.

૫૫ અપીલ—મુખત્યાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૮—અપેલેન્ટને ફોજદારી કેસમાં હાજર થ ઈ મુખત્યારની મારફત તકરાર કરવાનો હક છે. રાણી વિ૦ શીવરામ ગંડો, ઈ. લો. રી. ૬ મ. ૧૪.

(મેસર્સ મેલવીલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી સપટંબર સને ૧૮૮૧.)

સુબા ઐટાલાની બાબતમાં આધાર રા ખવામાં આવે છે. ઈ. લો. રી. ૧ મ. ૩૦૪. જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૪૪.

૫૬ અપીલ—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૮—આવા કેસમાં મુદત ઠરાવવાની કોર્ટની ફરજ—અપીલ આપ્યા પછી પેહેલે દીવશે અપીલ દાખલ કરવાની તકરારો સાં ભળવામાં આવશે એવી સેસન કોર્ટમાં સાધા રણ રીતે નોટીસ ચોહોડવામાં આવી હોય તો, અમુક વખત ઠરાવવો જોઈએ કે જે વખત ની દરમીયાન અપેલેન્ટ તેનો વકીલ અથવા એજંટ અપીલ દાખલ કરવાનો પુરાવો આપી શકે એવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૮ માં બતાવેલી સરત મુજબ એથી ચાલ વામાં આવ્યું હોય એમ ગણાતું નથી. રાણી વિ૦ માક્ષન, ઈ. લો. રી. ૫ મ. ૧૧.

(મેસર્સ ઈન્સ અને કરનાન જડજોની રૂ બરૂ, તા૦ ૮ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨.)

૫૭ અપીલ—તજવીજ ચલાવતી કો ર્ટની ફરજ—પુરાવો—મી૦ વાઈટ જડજનો મત—કોઈ ફોજદારી કેસમાં હકીકતના સવા

લોની તકરાર હોય તો તે ચલાવતા વખત, કાયદેસર ગુન્હેગાર ઠરાવ્યો છે કે નહી અને આ બાબતમાં ફોજદારી અપીલ દિવાની અપીલથી જુદી પડે છે કે નહી એ ધ્યાનમાં લેવું એ ખરેખરો નિયમ છે. દિવાની કેસમાં નિચેની કોર્ટે હકીકત ઉપર આપેલો ફેસલો ફેરવતાં અવલ ઠરાવ ખોટો હતો એવી કોર્ટને ખાત્રી થવી જોઈએ. રાણી વિ૦ પ્રોતાપચંદર મુકરજી, ૧૧ ક. લો. રી. ૨૫.

(મેસર્સ વાઈટ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી મે સને ૧૮૮૨.)

રાણી વિ૦ મામા દયાળના કેસમાં નજર રાખવામાં આવી. ઈ. લો. રી. ૧૦ મું. ૪૫૭. જુઓ જ્યુરી ૧૧૨.

૫૮ અપીલ—માજીસ્ટ્રેટની બેન્ચનો ફેસલો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૮ મું—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૮ મુજબ ચલાવેલા કેસમાં, સેકન ક્લાસ અધીકારવાળો આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટ અને બે ઓનરરી માજીસ્ટ્રેટો મળીને થયેલી માજીસ્ટ્રેટની બેન્ચના ઠરાવ ઉપર ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટને અપીલ થઇ શકે નહી. હવાલદારરોયની અરજીની બાબતમાં. ઈ૦ લો૦ રી૦ ૯ ક. ૯૬; ૧૧ ક. લો. રી. ૪૨૩.

(મેસર્સ મેકલીન અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુલાઇ સને ૧૮૮૨.)

૫૯ અપીલ—હાઈ કોર્ટને રજુઆતને માટે પોતાની પાસે કેસ મંગાવવાનો અધીકાર—સને ૧૮૬૫ નો લેટર્સ પેટન્ટ આકટની કલમ ૨૯, જે સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૪ થી રદ થઈ નથી તે—નવી અને જુની કાયદાની કલમો વચે વિરૂધતા સપષ્ટ અને જતી રેહે એવી હોવા સીવાય કાયદાની કલમો રદ થઈ ગયેલી અનુમાનથી ગણાતી નથી. ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટે કરેલી સજા ઉપર સેસન કોર્ટમાં અપીલ થયેલી હાઈ કોર્ટને, રજુઆતને માટે પોતાની પાસે મંગાવવાનો સને ૧૮૬૫ ના લેટરસ પેટન્ટ આકટની કલમ ૨૯ મુજબ અધીકાર છે, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૪ થી આ અધીકારને અસર થતી નથી, જે કલમ મુજબ હાઇ કોર્ટને પોતાના તાબાની એક ફોજદારી કોર્ટમાંથી બીજી ફોજદારી કોર્ટમાં અપીલ મોકલવાનો અધીકાર છે. રાણી વિ. સીટાપથી, ઈ૦ લો૦ રી૦ ૬ મ. ૩૨.

(મેસર્સ ટર્નર કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને કરનાન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી ડીસેંબર સને ૧૮૮૨.)

૬૦ અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—અપીલ કોર્ટે કરેલી વધારે તજવીજ—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૮૨ મુજબ મળેલો અધીકાર અપીલ કોર્ટે બજાવેલો તે વિષેની ટીકા. રાણી વિ. ફતેહ, ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૨૧૭.

(મી૦ મહમદ જડજની રૂબરૂ, તા. ૨ અકટોબર સને ૧૮૮૨.)

૬૧ અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૮—આકટ રદ થઇ જવાની અસર—સને ૧૮૭૨ નો આકટ ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬ મુજબ ખાસ અધીકારવાળા આસામના ડેપ્યુટી માજીસ્ટ્રેટે, પીનલકોડની કલમો ૧૦૯ અને ૪૫૭ મુજબ કોઈ માણસને ગુન્હેગાર ઠરાવી ત્રણ વરસની સખત મજુરી સાથે સજા કરી. નવો ક્રીમીનલ પ્રોસીજર કોડ તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૮૩ ને રોજ અમલમાં આવ્યો. ઉપર બતાવેલી સજા ઉપર તા૦ ૨૩ મી જાનેવારી સને ૧૮૮૩ ને રોજ કેદીએ હાઈ કોર્ટમાં અપીલ કરી. મી૦ ફીલ્ડ જડજે (મી. મીતર જડજે પોતાનો મત નહી આપ્યાથી) એમ ઠરાવ્યું કે આ કેસ નવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૮ માં આવી જાય છે અને તેથી હાઈ કોર્ટમાં અપીલ થઈ શકે ન

વી. રાણી વિ. ઢોંગાઈ વિગેરે, ઈં૦ લો૦ રી૦ ૫ ક. ૫૧૩; ૧૨ ક. બો. રી. ૫૦૦.

(મેસર્સ મીતર અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૮૩).

૬૨ અપીલ—અપીલ ચુકવવામાં અપીલ કોર્ટનો અધીકાર—દરમીઆન થવાનું કારણ બતાવવાની અપેલેંટની ફરજ સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૨૧, ૪૨૫—અપીલ કરનાર ગુન્હેગાર તેની તજવીજ ચલાવનાર કોર્ટની રૂબરૂ જે સ્થીતીમાં હોય છે તેજ સ્થીતીમાં અપીલ કોર્ટની રૂબરૂ નથી. તેણે અપીલ કોર્ટને ખાતરી કરી આપવી જોઈએ કે ગુન્હેગાર ઠરાવેલા હુકમની અંદર દરમીઆન થવાને પુરતુ કારણ છે; અને આવુ પુરતુ કારણ બતાવવામાં ના આવે તો દરમીઆન થવાની અપીલ કોર્ટની ફરજ નથી. રાણી વિ. સેજીવાનલાલ, ઈં૦ લો૦ રી૦ ૫ અ. ૩૮૫.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૯ મી માર્ચ સને ૧૮૮૩).

૬૩ અપીલ—સારી વરતણુંકને માટે જામીનગીરી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૩—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૩ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે કરેલા હુકમ ઉપર હાઈ કોર્ટમાં અપીલ થઈ શકે નહી અને આજીસ્ટ્રેટના રેફરન્સ ઉપરથી સારી ચાલના જામીન આપે ત્યાં સુધી કોઈ માણસને કેદમાં રાખવાનો કરેલો હુકમ સેસન જડજે તે કલમ મુજબ મંજુર રાખ્યો હોય તેના ઉપર પણ અપીલ થઈ શકે નહી. રાણી વિ. ચાંદખાન, ઈં૦ લો૦ રી૦ ૯ ક. ૮૭૮.

(મેસર્સ પ્રીનસેપ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૮ મી મે સને ૧૮૮૩).

૬૪ અપીલ—સને ૧૮૭૭ નો ૧૫ મો મુદતનો આકટ કલમ ૧૨—ઠરાવની નકલ મેળવવાનો વખત બાદ કરવો તે—કેટલાક તોહોમતદારોને તા૦ ૨૯ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪ ને રોજ ગુન્હેગાર ઠરાવેલા તેમને પેહેલ જેહેગ્રા ઠરાવની નકલ માગવાને તા૦ ૨૫ મી માર્ચને રોજ અરજી કરી, અને સ્ટાંપનો કાગળ તા૦ ૨૮ અને ૨૯ મીને રોજ આપ્યો. નકલ તા૦ ૩૦ મીને રોજ તઈયાર થઈ હતી અને કેદીઓ જેઓને જામીન ઉપર છોડવામાં આવ્યા હતા તેઓએ તા૦ ૭ મી એપ્રીલ સને ૧૮૮૪ ને રોજ અપીલ કરી, જે મુદતનો બાધ ગણી કાઢી નાખવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે અપીલ દાખલ કરવી જોઈએ. જાણુસીંઘની અરજીની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૧૦ ક. ૬૪૨.

(મેસર્સ મીતર અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૮૪).

૬૫ અપીલ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૫, ૨૬૪, ૪૦૭ અને ૪૧૪—સને ૧૮૬૮ નો ૧ લો જનરલ કલોઝીઝ આકટ કલમ ૨ અને ૧૩—બીજા વર્ગના અધીકારવાળી માજીસ્ટ્રેટની બેન્ચ—શિક્ષા—અપીલ—બીજા અથવા ત્રીજા વર્ગના અધીકારવાળી માજીસ્ટ્રેટની બેન્ચે કરેલી સજા ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૭ મુજબ અપીલ થઇ શકે છે. રાણી વિ. નારાયણસ્વામી, ઈં. લો. રી. ૯ મ. ૩૬.

(મી૦ હચીન્સ જડજની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૮૫.

૬૬ અપીલ—સને ૧૮૭૭ નો ૧૫ મો મુદતનો આકટ કલમ ૧૨—શેડ્યુલ ૨ આરટીકલ ૧૫૪—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૪૧૯, ૪૨૦—ઠરાવની નકલ મળવાને જરૂરીઆત મુદત—જેલના અમલદારને અરજી આપેલી તે—મુદતના સને ૧૮૭૭ ના આકટના આરટીકલ ૧૫૪ મુજબ ફોજદારી કોર્ટે કરેલી સજા ઉપર અપીલની મુદત ગણવામાં, ઠરાવની નકલ માગવાને અરજી કરવામાં કેદીને લાગેલો વખત અને તે અરજી કોર્ટમાંથી જેલમાં મોકલવામાં ગયેલો વખત બાદ કરવો જોઈએ. આવી અપીલોના કેસોમાં અપીલની અરજી જેલના અમલદારને આપેલી તે મુદતના આકટ

મુજબ કોર્ટમાં આપ્યાની બરોબર ગણાય છે. રાણી વિ૦ લીંગાયા, ઇં૦ લૉ૦ રી૦ ૯ મ૦ ૨૫૮.

(મેસર્સ મતુસ્વામી આયર અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૮૬)

૬૭ અપીલ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૧—સંક્ષેપમાં તપાસ કરી અપીલ કાઢી નાખવી તે—ફોજદારી અપીલ કોર્ટનો ઠરાવ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૩૬૭, ૪૨૪ અને ૪૩૯—હાઈ કોર્ટનો તપાસવાનો અખ્તીકાર—હુકમ બજાવવાની અરજી કરવામાં ઢીલ—ક્રીમીનલ પ્રો. કોડની કલમ ૪૨૧માં આપેલો અધીકાર ઘણી સંભાળથી અને કોઈવાર વાપરવો જોઇએ અને તે કલમ મુજબ અપીલ કાઢી નાખવાના કારણો પણ ટુંકામાં બતાવવાં જોઈએ. કલમ ૪૨૧ મુજબ સંક્ષેપમાં તપાસ કરીને " અપીલ કાઢી નાખવામાં આવી છે "એ શબ્દો ફક્ત લખીને સેસન જડજે અપીલ કાઢી નાખેલી, તે હુકમ તપાસવાની કાંઈપણ કારણો બતાવ્યા શીવાય જડજે અપીલ ગેરકાયદેસર નામંજુર કરી છે એવું કારણ બતાવી, નવ મહીના પછી હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે આ હરકત જો વ્યાજબી વખતમાં લેવામાં આવી હોત તો કાયદેસર ગણાત, પણ ઘણી ઢીલ થયા પછી તપાસ કરવાની અરજી કરયાથી કોર્ટ દરમીઆન થઈ શકતી નથી. રાણી વિ૰ રામનારાયણ, ઈં૦ લૉ૦ રી૦ ૮ અ. ૫૧૪.

(મીં૦ ઓથરર્ટ જડજની રૂબરૂ, તા૦ ૧ લી જુલાઈ સને ૧૮૮૬).

જુઓ પકડવું અપીલ ચાલતાં સુધી.
,, જામીન ૧.
,, ઢોર પ્રવેશ ૯
,, તોહોમત ૧૦.
,, કમ્પનસેસન ૨૫.
,, ચેપી રોગ ૨,
,, અપમાન કોર્ટના હુકમનું ૮.
,, માંડી વાળવું ફરીઆદનું તે ૧.
,, શિક્ષાનો વધારો ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૧૦.
,, ભુલ ૩.
,, પુરાવો ૪૯, ૯૩.
,, ગેરવાજબી બક્ષીસ ૧૧.
,, હકુમત ૩૬, ૫૦.
,, જ્યુરી ૪, ૧૩, ૪૭, ૬૪, ૮૩, ૯૮.
,, ખુન ૧૦૦.
,, ઉતરકેનરા.
,, અફીણ ૯.
,, જવાબ ગુન્હો કરયાનો ૫.
,, લોકોપકારક કૃત્ય ૬૭.
,, સરકારી નોકર ૪.
,, કબજો ૨૯.
,, મુચરકો ૫.
,, તપાસણી ૨૯ ૩૦.
,, ફરીઆદ કરવાની પરવાનગી ૩૩,૪૪
,, જામીનગીરી સારી વર્તણુંકની ૧૧.
,, સજા ૩૪, ૩૬, ૫૫, ૫૮.
,, સંક્ષેપમાં તપાસ ૨૪.
,, બીજી જગાએ કેસ મોકલવો તે ૧૫, ૨૦.
,, ગેરકાયદેસર મંડળી. ૧.

નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—

૧ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—પેહેલાં નિર્દોષ ઠરી છોડી મુકયાનો જવાબ—ખુનના જુઠા તોહોમતમાં મદદગારી—દ્વેષબુદ્ધિની સાબીતી—કાયદા વિરૂદ્ધ હોવાથી અને હકુમત નહી હોવાથી પ્રથમની રજુઆત રદ કરવામાં આવી હોયતો તેથી બીજી રજુઆત ચલાવવાને કાંઇ બાદ આવતો નથી. ખુનનું જુઠું તોહોમત રાખવામાં પોલીસ ઈનસ્પેકટરે મદદ કરયાથી તેને ગુન્હેગાર ઠરાવેલો તે રદ કરવામાં આવ્યું કારણ કે દ્વેષબુદ્ધિથી તેણે તોહોમત મુકયું હતું એ સપષ્ટ રીતે સાબીત થતું નોહોતું. રાણી વિ. મથુરાપ્રસાદ પાંડે વિગેરે, ૨ વિ. રી. ૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા. ૧૮ મી જાનેવારી સને ૧૮૯૫.)

૨ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે— નિર્દોષ ઠરી છોડી મુકયાનો જવાબ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૫--સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૫ મુજબ એકજ જાતનો ગુન્હો હોય તો પેહેલાં ગુન્હેગાર ઠરેલો અથવા નિર્દોષ ઠરી છોડી મુકેલો તે બીજી રજુઆત વખને કેદીએ પોતાના બચાવમાં આપેલા જવાબમાં ગણવું જોઈએ. એકજ તારીખના अ અને ब નામના પટાઓ જુદા બનાવી તેજ દાવાના પુરાવામાં રજુ કરવાથી કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો ब પટા વિષે તો હોમત રાખવામાં આવ્યું હતું એ કાંઈ કમીટ કરવાના હુકમમાં લખવામાં આવ્યું નહોતું અને આગળના પટા अ વિષેના તોહોમતમાંથી કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યાથી, મી૦ માર્કબાય જડજ વિરૂદ્ધ પડીને કોર્ટે ઘણામતે એમ ઠરાવ્યું કે, આગળના ब પટા વિષે પ્રથમ કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકયાનો જવાબ, કેદીની પછીની રજુઆત ચાલતી વખતે પુરાવામાં દાખલ થઇ શકે નહી. રાણી વિ૦ દવારકાનાથ દત, ૭ વિ. રી. ૧૫; ૨ ઈન્ડ જ્યુરી ઉ. દ. ૬૭.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જાનેવારી સને ૧૮૬૭.)

કપતાન વિરૂદ્ધ જી. એમ. સ્મીથના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૧૬ વિ. રી. ૩; ૭ એં૦ લો૦ રી૦ ૨૫. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું. ૧૦

રાણી વિ. મુસામત ઈટવારયાના કેસમાં નજર રાખવામાં આવી. ૨૨ વિ. રી. ૧૪; ૧૪ એં. લો. રી. ૫૪ અપે. ૧. જુઓ સોગન ૩,

૩ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૫—કોઈ ગુન્હાને માટે નિર્દોષ ઠરાવી એકવાર તોહોમતદારને છોડી મુકવામાં આવ્યો હોય તો તે ગુન્હાને માટે ફરીથી તેની રજુઆત ચલાવી શકાય નહી, અને તેથી કરીને બીજીવાર ગુન્હેગાર ઠરાવેલો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૫ મુજબ કાયદા વિરૂદ્ધ છે. સરકાર વિ. દોલત, ૨ આગ્રા હા. કો. રી. ૩.

(મેસર્સ એડવરઝ અને ટરનર જડજોની રૂબરૂ, તા૦ ૨ માર્ચ સને ૧૮૬૭.)

૪ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૫—સેકંડ કલાસ માજીસ્ટ્રેટે અધીકાર સીવાય રજુઆત ચલાવીને કોઇ તોહોમતદારને સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકયો હોય તો, એમ ઠરાવવામાં આવ્યું કે એકલી હાઈ કોર્ટ કલમ ૪૦૪ મુજબ ઠરાવ રદ કરી શકેછે અને કલમ ૪૩૫ જેનો સુધારો સને ૧૮૬૯ ના આકટ ૮ થી થયેલો છે તે કલમ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને એવી રીતે રદ કરવાનો અખતીયાર નથી. પ્રો. તા૦ ૨૯ મી જુલાઈ સને ૧૮૬૯; ૪. મ. હા. કો. રી. અપે. ૪૦.

૫ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૫—સેસન કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ફેંસલો આપ્યો હોય તો તે, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૫ મુજબ તપાસનારી કોર્ટ તરીકે રદ કરવાનો હાઈ કોર્ટને અખતીયાર છે પ્રો. તા૦ ૨૯ મી અગષ્ટ ૧૮૬૯ ૪ મ. હા. કો. રી. અપે ૭૦

રાણી વિ. ગોરાચંદ ગોપના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૫ વિ. રી. ૪૫; એં. લો. રી. વો. ૪૪૩ જુઓ ખુન ૧૯.

૬ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—રીતસર વારંટની જરૂર નથી તે—નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ઠરાવ વાંચી સંભળાવ્યા પછી તરતજ કેદમાંથી છુટા થવાનો કેદીનો

હક છે, અને રીતસર વારંટ લખવાની કાંઇ જરૂર નથી. પ્રે૦ તા૦ ૩૦ મી અકટોબર સને ૧૮૬૫; ૫ મ. હા. કો. રી. અપે. ૨.

૭ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૫–કાયદા વિરૂદ્ધ અને ગેરસી રસ્તે ચલાવવામાં આવ્યું છે એ કારણ ઉપરથી કેદીને સેસન કોર્ટે છોડી મુકયો હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૫ મુજબ પછીથી તેજ ગુન્હાને માટે રજુઆત ચલાવી તેને ગુન્હેગાર ઠરાવવામાં કાંઈ બાદ આવતો નથી. રાણી વિ૦ વાસદઅલી વિગરે, ૧૩ વિ. રી. ૪૨.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી માર્ચ સને ૧૮૭૦.)

૮ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—છીનાળું ફોસલાવી લેઈ જવું તે અને ચોરી–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૭, ૪૯૮, ૩૭૯–બે માણસોને રજુઆતને માટે કમીટ કરેલા, તેમાં પહેલાને છીનાળુ અને પયણેલી સ્ત્રીને ફોસલાવીને લેઈ જવું અને ચોરીને માટે અને બીજાને ફોસલાવીને લેઈ જવામાં અને ચોરીમાં મદદગારીને માટે કમીટ કરવામાં આવ્યા હતા. છીનાળુ અને ફોસલાવીને લેઈ જવાના તોહોમતોમાંથી પેહેલા કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યો હતો. ફરીઆદી તરફના કેસની એવી હકીકત હતી કે ફરીઆદીની સ્ત્રી તેણીના ધણીને છોડી દેઈને પેહેલા કેદીની સાથે જતી રહી હતી, અને જવાના આગલે દિવશે બીજા કેદીએ આપેલી ખોટી કુંચીઓથી તેણીએ કુટુંબના દાગીનાઓ અને રોકડ જે ઓરડીમાં રાખવામાં આવતી હતી તે ઓરડી ઉઘાડીને તે સઘળું લેઈ ગઈ. દાગીનાઓ બીજા કેદીને સાચવવાને આપ્યા હતા, કેટલીક રોકડ પેહેલા કેદીને આપી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે નિર્દોષ ઠરાવી છોડી મુકયા છતાં પણ ચોરીની રજુઆત ચલાવ્યા સીવાય છુટા થવાને કેદીઓનો હક નથી. પ્રે૦ તા. ૧૬ મી મે સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૨૨.

૯ નિર્દોશ ઠરાવી છોડી મુકવું તે—આસેસરોનો મત લખી લેવો તે—નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ઠરાવ લખવામાં આવ્યો હોય તો આસેસરોનો મત લેવાની કાંઈ જરૂર નથી. રાણી વિ૦ પારવતી, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૮૨ (તા૦ ૨૮ મી જુન સને ૧૮૭૦).

નારાયણદાસની અરજીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૧. મ. ૬૧૦ જુઓ તપાસણી ૧૮.

૧૦ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—પ્રથમ ગુન્હેગાર ઠરી છુટી ગયાનો જવાબ—સાપ્રાધ બળ—વ્યથા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૫૨–કલમ ૩૫૨ મુજબ સાપ્રાધ બળ વાપરવાનું તોહોમત રાખી કોઈ માણસની રજુઆત ચલાવી તેને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યો હોય તો તેજ બાબત ઉપર વ્યથાનું તોહોમત રાખી તેની રજુઆત ચલાવી શકાય નહીં. કપટાન વિ૦ છ. એમ. સ્મીથ, ૧૬ વિ૦ રી૦ ૩; ૭ બેં૦ લો૦ રી૦ અપે. ૨૫.

(મેસર્સ બેલી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જુન સને ૧૮૭૧).

રાણી વિ૦ દ્વારકાનાથદત્તના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૭ વિ૦ રી૦ ૧૫. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૨.

૧૧ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—કમીટ કરવાનો સેસન જડજનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૨૫૫, ૪૩૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫ મુજબ તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકયા પછી તે આકટની કલમ ૪૩૫ મુજબ દરમીઆન થવાનો સેસન જડજને અધીકાર નથી. રાણી વિ૦ વેંકુ નરસા ૯ મું૦ હા૦ કો૦ રી૦ ૧૭૦.

(મેસર્સ બેલી અને કેમબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી મે સને ૧૮૭૨).

૧૨ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—છુટકો—બીજી રજુઆત—નિર્દોષ તરીકે તોહોમતદારને છોડી મુકવાનો હુકમ તે નિર્દોષ ઠરાવી છોડી મુકવાની બરોબર છે પણ ફકત છોડી દેવાની બરોબર નથી તેટલા માટે તેજ ગુન્હાની ફરીથી બીજી રજુઆત થઇ શકે નહીં. રામજીય સરમાહ વિગેરે મીર જાઅલી, ૧૮ વિ૦ રી૦ ૧૦.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જસ્જોની રૂબરૂ, તા૦ ૯ ઠી જુન સને ૧૮૭૨.)

રાણી વિ૦ હદુખાનના કેસમાં નજર રાખવામાં આવી. ૨૧ વિ. રી. ૪. જુઓ જ્યુરી ૭૩.

૧૩ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સ્થાનીક સરકારે કરેલી અપીલ—પ્રતીવાદીઓને માજીસ્ટ્રેટે જે કલમ મુજબ ગુન્હેગાર ઠરાવેલા તેના કરતાં આકટની જુદી કલમ મુજબ સેસન જડજ અપીલમાં ગુન્હેગાર ઠરાવી શકે છે, પણ એમ કરવાને બદલે તેણે તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકયા, સ્થાનીક સરકારની અપીલ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે હાઈ કોર્ટને દરમીયાન થવા લાયક આ કેસ નથી. સરકારી વકીલની બાબતમાં, ૭ મ. હા. કો. રી. ૩૩૯.

(મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ અને હોલોવે જડજોની રૂબરૂ, ૧૮૭૩.)

૧૪ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬—માજીસ્ટ્રેટે કેદીઓનો જવાબ લેવાને તેમને બોલાવીને શાહેદીઓ તપાસી છેવટે તેમને રાખેલા તોહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકેલા તેવા કેસમાં સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૬ મુજબ હાઇ કોર્ટને અભીપ્રાય લખી પુછવાથી તે કોર્ટને દરમીયાન થવાનો અધીકાર નથી. એમ્પ્રેસ વિ૦ મોહ્મુદશેખ વિગેરે, ૧૯ વિ. રી. ૫૫.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી એપ્રીલ સને ૧૮૭૩.)

હારડીઓની બાબતમાં જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. ઈ. લો. રી. ૧ અ. ૧૩૫. જુઓ તપાસણી ૧૬.

૧૫ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—હાઈ કોર્ટનો અધીકાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૬ મુજબ અભીપ્રાય લખી પુછવાથી, એમ ઠરાવવામાં આવ્યું કે ડેપ્યુટી માજીસ્ટ્રેટે કાયદા વિરુદ્ધ ચાલીને ગેરવાજબી રીતે કોઈ કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકયો હોય તોપણ તે હુકમ રદ કરવાનો હાઈ કોર્ટને અધીકાર નથી. રાણી વિ૦ હદુખાન, ૨૧ વિ. રી. ૨૧ ૧૨ બેં. લો. રી. અપે. ૨૨.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ડીસેંબર સને ૧૮૭૩.)

હારડીઓની બાબતમાં જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. ઈ. લો. રી. ૧ અ. ૧૩૫. જુઓ તપાસણી ૧૬.

રાણી વિ૦ બીશેશર પાંડેની બાબતમાં નજર રાખવામાં આવી. ૯ વા. દી. પ્રાં.૩૫૭. જુઓ તપાસણી ૧૨.

૧૬ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—પ્રથમ ગુન્હેગાર ઠરેલો તે—સને ૧૮૭૨નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૫૫, ૪૫૬, ૪૬૦—પ્રથમ નિર્દોષ ઠરાવી છોડી મુકેલો અથવા ગુન્હેગાર ઠરાવેલો તે—મહાવ્યથા—ખુન કરવાનો યત્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૦—क, प, म, न અને अ નામના અપેલેન્ટોને ખુન કરવાનો યત્ન કરવાને માટે સેસન કોર્ટે ગુન્હેગાર ઠરાવ્યા હતા, તેજ હકીકત ઉપરથી બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાને માટે તેમના ઉપર તોહોમત રાખી ડેપ્યુટી માજીસ્ટ્રેટે પ્રથમ તેમની રજુઆત અલાવી હતી, અને તે વખતે क, प અને म ને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યા હતા અને न અને अ ને ગુન્હેગાર ઠરાવ્યા હતા, न અને अ નામના માણુસોએ સેસન કોર્ટમાં અપીલ કરી અને ખુનનો યત્ન કરવાને માટે તેઓ ગુન્હેગાર છે એવું પુરાવાથી સાબીત થા

૫ છે એમ તે કોર્ટે ધારીને કામ હાઈ કો ર્ટમાં મોકલ્યું અને તે કોર્ટે ગુન્હો રદ કરીને નવી રજુઆત ચલાવવાનો હુકમ કર્યો. હુકમ સ્પષ્ટ રીતે ન અને ચ નામના માણસોને માટે હતો તોપણ પાંચે માણસો સામે નવેસરથી મુ કરદમો ચલાવવામાં આવ્યો હતો, અને ખુન નો યત્ન કરવાનું તોહોમત રાખી તેઓને સે સન કોર્ટમાં કમીટ કરવામાં આવ્યા હતા, અ ને ઉપર બતાવ્યા પ્રમાણે તે કોર્ટે તેમને ગુ ન્હેગાર ઠરાવ્યા હતા. જે તોહોમતો રાખી તો હોમતવાળાઓને ગુન્હેગાર ઠરાવ્યા હતા, તે તો હોમતોના જવાબમાં પ્રથમ ગુન્હેગાર ઠરી અ ને નિરદોષ થઈ છુટી ગયા હતા એ બતાવી શકાય નહી. રાણી વિ૦ યાના, ૭ વા. રી. પ્રાં. ૩૭૧.

(મેસર્સ ટરનર કામ મલાઉ ચીફ જ સ્ટીસ અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુન સને ૧૮૭૫.)

૧૭ નિરદોષ ઠરાવી છોડી મુકવું તે— સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનો આકટ કલમ ૧૮૧—સને ૧૮૭૫નો ૧૦મો હાઇ કોર્ટનો ક્રીમીનલપ્રોસીજરકોડ કલમ ૧૪૭—કલ કતાં મ્યુનીસીપાલ આકટ સને ૧૮૬૬ નો ૪ થો કલમો ૭૫, ૭૯—હાઈ કોર્ટના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૭ માં દરમીયાન થવાનો હાઈકોર્ટને આપેલો અધીકાર માજીસ્ટ્રે ટે નિરદોષ ઠરાવી છોડી મુકેલા કેસોમાં બજા વવાનો નથી પણ ગુન્હેગાર ઠરાવી સજા થ વાની અથવા બીજાં કાંઈ હુકમોથી જે કેસો માં પ્રતીવાદીને નુકશાન થયું હોય અથવા તે નારાજ થયો હોય તેવા કેસોમાંજ ફકત આવી જાતનો અધીકાર બજાવવાનો છે. કલ કતાની કોરપોરેશન વિ૦ ભીકનરામ નાપીટ ઉ ર્ફે ભીકન નાપીટ, ઈ. લો. રી. ૨ ક. ૨૯૦.

(મી૦ મેકફરસન જડજની રૂબરૂ, તા૦ ૧૯ અને ૨૩ મી એપ્રીલ સને ૧૮૭૭.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આ વી:—

રાણી વિ૦ ગાસપર, ઈ. લો. રી. ૨૭૮. જુઓ મેનડેમસ ૨.

પુનાચરન પાલની બાબતમાં, ઈ. લો. રી. ૭ ક. ૪૪૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૯.

ચારચંદર મુલીકની અરજીની બાબતમાં, ઈ. લો. રી. ૯ ક. ૩૯૭. જુઓ કમીટ કરવુ તે ૪૦.

૧૮ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે— ફરીથી રજુઆત—અન્યાય—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૧૬, ૨૨૦—તોહોમત—તોહોમતનામું તૈયાર કરવું તે—ચોરીનું તોહોમત રાખેલા કોઇ માણસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૦ મુજ બ ડેપ્યુટી માજીસ્ટ્રેટે નિર્દોષ ઠરાવી છોડી મુ ક્યો હતો. પોલીસના કેહેવાથી ડીસ્ટ્રીકટ મા જીસ્ટ્રેટે કેસની ફરીથી રજુઆત ચલાવવાનો હુકમ કર્યો. ડેપ્યુટી માજીસ્ટ્રેટે કાંઈ પ ણ તોહોમતનામું ઘડયું નોહોતું એમ સા બીત થયું હતું તોપણ તેથી કરીને કાંઈ ગેર ઈનસાફ થયો નોહોતો. એમ ઠરાવવામાં આ વ્યું કે પેહેલા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રદ કર્યા સીવાય કામની ફરી તપાસ ને માટે હુકમ કરવાનો માજીસ્ટ્રેટને કાંઇપણ અધીકાર નોહોતો, અને કેસની તેને અપીલ કરવામાં નહી આવ્યાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રદ કરવાનો તેનો અખતીયા ર નોહોતો. જોજાપાનની બાબતમાં, ૩ ક. લો. રી. ૧૩૧.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડ જોની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઇ સને ૧૮૭૮).

૧૯ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે— સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૭—સરકારે કરેલી અપીલ— સરકારે અપીલ કર્યા શીવાય ગેરવાજબી રી તે નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમમાં સને ૧૮૭૨ ના આકટ ૧૦ મુજબ હાઇ કોર્ટ દર મીઆન થઈ શકે નહીં. રાણી વિ૦ મીયાજી અહમદ ઈ૦ લો૦ રી૦ ૩ મું૦ ૧૫૦.

(મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ફેબ્રુઆરી સને ૧૮૭૯).

રાણી વિ૦ ગોરાચંદ ગોપના કેસમાં તફાવત બતાવવામાં આવે છે. ૫ વિ૦ રી૦ ૪૫ જુઓ ખુન ૧૯.

રાણી વિ૦ અમરીતા ગોવીન્દાના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૪૯૭. જુઓ કબુલાત ૬.

પુનાચરનપાલની બાબતમાં નજર રાખવામાં આવી ઈં૦ લો૦ રી૦ ૭ ક ૪૪૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૯.

૨૦ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—અપીલ—ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટનો અધીકાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૨૪૭, ૪૦૪, ૪૧૭, ૪૨૩ (અ) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૩ (અ) ફકત હાઇ કોર્ટને લાગુ પડે છે. બીગાડના કેસમાં તોહોમતદાર ઉપર પ્રાઈમાફેસી કેસ સાબીત થયો હતો એવું સેકન કલાસ માજીસ્ટ્રેટે ઠરાવીને તોહોમતદાર પુરાવો રજુ કરી શકે તેને માટે કામ ચલાવવું બંધ રાખ્યું જે દીવશે કામની રજુઆત ઠરાવી હતી તે દિવશે ફરીઆદી હાજર નહીં રહેવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૭ મુજબ માજીસ્ટ્રેટે તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૩ (અ) મુજબ આ હુકમ સામે અપીલ સાંભળી હુકમ રદ કર્યો. ફરીયાદી અને તેનો વકીલ, સેકન કલાસ માજીસ્ટ્રેટે કેસ માંડી વાળ્યા પછી તરતજ કોર્ટમાં હાજર થયા હતા એવું કારણ બતાવી કેસ ફરીથી ચલાવવાનો હુકમ કરયો. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટનો હુકમ કાયદા વિરૂદ્ધ હતો. ગૂંઅસામી વિ૦ નરસીમ હુલા, ઈં૦ લો૦ રી૦ ૭ મ. ૨૧૩.

(મેસર્સ કરનાન અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી નવંબર સને ૧૮૮૩).

૨૧ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૭—કેસ ચલાવતી વખતે ફરીઆદીની ગેરહાજરી—પછીથી તેજ દીવસે હાજર થયેલો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૭ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકતાં પેહેલાં કોર્ટ બંધ થતાં સુધી રાહ જોવાને માટે માજીસ્ટ્રેટ બંધાયેલો નથી. ફતીયાલી વિ૦ પારીમાકરી, ઈં૦ લો૦ રી૦ ૭ મ. ૩૫૫.

(મી૦ હચીન્સ જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી માર્ચ સને ૧૮૮૪).

૨૨ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—વધારે તજવીજ, હુકમ કરવાનો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનો અધીકાર—" તાબાનો માજીસ્ટ્રેટ "—સમાધાન થઈ શકે તેવો ગુન્હો સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૪૮, ૨૫૯, ૩૪૫, ૪૩૫, અને ૪૩૭—પીનલકોડની કલમ ૪૪૮ મુજબ ફોજદારી ફરીઆદ થયાથી પોલીસે તોહોમતદારને, ફર્સ્ટ કલાસ ડેપ્યુટી માજીસ્ટ્રેટની પાસે મોકલી દીધો. કાંઈપણ પુરાવો લેવાયા પેહેલાં ફરીઆદીએ માજીસ્ટ્રેટને જાહેર કીધુ કે કેસનું અંદર અંદર સમાધાન થવાથી કેસ આગળ ચલાવવાની તેની ખુશી નથી, તે ઉપરથી માજીસ્ટ્રેટે એવો હુકમ લખ્યો કે "સમાધાન થઈ ગયું, અને પ્રતિવાદીને નિર્દોષ ઠરાવી છોડી મુકયો." પછીથી ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે કલમો ૨૪૮ અને અને ૨૫૯ ઉપર વિશ્વાસ રાખીને અને કલમ ૪૩૭ મુજબ ચાલીને, પક્ષકારોને બોલાવી નિયમસર રીતે કેસ ચલાવવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટ ઉપર હુકમ લખ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે કલમો ૨૪૮ અને ૨૫૯ કેસને કાંઇ રીતે લાગુ પડતી નથી, અને તોહોમતદારને ફકત પોલીસે મોકલ્યો એ બાબત ઉપરથી કાયદેસર સમાધાન થઈ શકે તેવા ગુન્હાનું સમાધાન થતું અટકાવાતું નથી અને તેથી કરીને ડેપ્યુટી માજીસ્ટ્રેટે કરેલો હુકમ સંપુર્ણ રીતે વ્યાજબી અને કાયદેસર છે. વળી વધારામાં એમ ઠરાવવામાં આવ્યું કે હકીકત ઉપરથી થઈ શકે નહીં તેવો માજીસ્ટ્રેટે કરેલો હુકમ અધીકાર ઉપરાંત હતો કારણ કે

ડેપ્યુટી માજીસ્ટ્રેટ ફ્રસ્ટ ક્લાસ માજીસ્ટ્રેટ હોવાથી ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટના "હાથ નીચેનો" માજીસ્ટ્રેટ ગણાતો નથી કે જેથી કરીને કલમ ૪૩૫ મુજબ બીજા માજીસ્ટ્રેટનું દફતર મંગાવવાનો ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને અધીકાર મળે. નોબીનક્રીસ્ટો મુકરજી વિ૦ રસીકલાલ લાહના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૨૬૮) રાણી વિ૦ નવાબ જાન, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૫૫૧)

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૩ એપ્રિલ સને ૧૮૮૪).

નોબીનક્રીસ્ટો મુકરજી વિ૦ રસીકલાલના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૨૬૮. જુઓ છુટકો ૪૦.

રાણી વિ. પીસ્યાગોપાલના કેસથી જુદો મત લેવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૯ મું. ૧૦૦. જુઓ હકુમત ૪૫.

જીનગન વિ. બાચુના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૭ અ. ૧૩૪. જુઓ વધારે તજવીજ ૨.

ઓપેનદ્રોનાથ ઘોસ વિ. દ્રખનીએવાનો કેસ રદ થઈ ગયો. ઈ૦ લો૦ રી૦ ૧૨ ક. ૪૭૩. જુઓ વધારે તપાસ ૬.

૨૩ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૩–તોહોમત જુદુ પાડવું તે–ડાકાઈટીના તોહોમતમાં માજીસ્ટ્રેટે તોહોમતો જુદાં પાડીને તોહોમતદારને, હંગામો, સાપ્રાધ બળ અને મરનાર માણસની મીલકતનો ખોટો ઉપયોગ કરવો એ ત્રણ તોહોમતોને માટે ગુન્હેગાર ઠરાવ્યો હતો. અપીલમાં સેસન જડજે ગુન્હો રદ કરીને એમ ઠરાવ્યું કે (જો કાંઈપણ ગુન્હો બન્યો હોય તો) ડાકાઈટીનો ગુન્હો બનેલો છે, પણ કેસની હકીકત વિશ્વાસ રાખવા લાયક નહી હોવાથી કમીટ કરવાની કાંઈ જરૂર નથી. ફરીઆદીએ એજ હકીકત ઉપરથી ડાકાઈટીની નવી ફરીઆદ બીજા માજીસ્ટ્રેટને કરી. એમ ઠરાવવામાં આવ્યું કે સેસન કોર્ટના ઠરાવથી આગળ મુકરદમો ચલાવવામાં બાદ આવતો નથી. વીરનકુટી વિ. ચીયામુ, ઈ૦ લો૦ રી૦ ૭ મ. ૫૫૭.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી અગષ્ટ સને ૧૮૮૪.)

નિયમ—

નિયમ—નિયમ સામે માજીસ્ટ્રેટે શી રીતે કારણ બતાવવું તે—હાઈ કોર્ટે કાઢેલા નિયમ સામે માજીસ્ટ્રેટે કારણ બતાવવું હોય તો તેને યોગ્ય રસ્તો એ છે કે લીગલરીમેમબ્રનસરને તેના તરફથી કોર્ટમાં હાજર થવાને અરજ કરવી પણ તે બાબત વિશે રજીસ્ટ્રારને કાગળ લખવો જોઈએ નહી. હરોસુંદરી ચોબરેઈનની બાબતમાં, ઈ. લો. રી. ૪ ક. ૨૦.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજો ની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન ૧૮૭૮).

નિમનોક—

જે તારીખથી થાય તે તારીખ. જુઓ અપીલ ૫૨.

નિરઅપરાધીપણુ—

નું અનુમાન કરવું તે. જુઓ જુઠુ તોહોમત ૧૪.

નિર્લજ અથવા બિભત્સ ચોપડી—

નિર્લજ ચોપડી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૩—ફોજદારી કોર્ટના હુકમથી ચોપડી નાશ કરવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૧૮—કોઈ ચોપડીમાં જો કે ફક્ત એકજ નિર્લજ વાક્ય હોય તોપણ તે પીનલકોડના અર્થ પ્રમાણે નિર્લજ ગણાય છે. કેટલીક નિર્લજ ચોપડીઓ વેચવી અને વેહેંચવીના તોહોમતના જવાબમાં એવું બતાવવામાં આવ્યું હતું કે શુદ્ધબુદ્ધિથી ધર્મ સંબંધીથી તકરાર ચલાવવાને માટે તેઓ વેહેંચવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે આવી ચોપડીઓની અતિશય નિર્લજતાથી તકરારી સબંધી બાબતનો લાભ જે તેઓને બીજી રીતે મળત તે જતો રહે છે. વળી વેચનાર અને વેંહેંચનારનો ઈરાદો આવી ચોપડીઓમાં આવી ગયેલી બાબતોની વર્તણુકથી મળી આવવો જોઈએ. જે નિર્લજ હતું તે વેચવાને અને વેહેંચવાને પસંદ કર્યાથી એવું અનુમાન થવું જોઈએ કે લોકોનાં મનો બગાડીને નિતીની વીરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેમને નુકશાન કરવું એ પોતાના કૃત્યના સાધારણ પરીણામો તે જાણતા હશે. તેના ઈરાદાઓ સારા હતા એટલુજ તેને સાબીત કરવું બસ નથી. તે સાર્વજનીક કૃત્ય હતું જે તેના ઇરાદાથીજ થવું જોઈએ અને કાયદા વિરૂદ્ધ કૃત્ય કરીને તે કાયદેસર હતું એવું તેના ધારવામાં હતું એ કેહેવું કાંઇ જવાબ ગણાતો નથી. રાણીવિ૦ હેકલીન (લો૦ રી૦ ૩ ક્વી૦ બેં૦ ૩૬૦) અને સ્ટીલ વી૦ બ્રેનન (લો૦ રી૦ ૨૬૧) ના કેસો ઉપર આધાર રાખવામાં આવ્યો. નિર્લજ ચોપડીઓ વેચવાને અને વેહેંચવાને માટે કોઇ માણસની રજુઆત ચલાવીને છેવટે કોર્ટે તેને ખુશીથી સોંપેલી ચોપડીઓની કેટલીક નકલો નાશ કરવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૮ મુજબ હુકમ કરયો. તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે તે કલમ મુજબ આવી રીતનો હુકમ કરવાને કોર્ટને અખતીયાર નોહોતો. રાણી વિ૦ ઈનકરમાન, ઈં૦ લો૦ રી૦ ૩ અ. ૮૩૭,

(ચી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૩ જુન સને ૧૮૮૧).

જુઓ બીજી જગાએ કેસ મોકલવો તે.

નિરલજ અથવા બિભત્સ ગીતો—

નિર્લજ અથવા ફટાણા ગીતો—લાવણી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૪—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૬૬, ૨૫૭, ૨૬૫—સેસન જડજનો અભીપ્રાય લખી પુછવાથી ફુલપાવર માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવી કરેલી સજા ફેરવવામાં આવી કારણ કે કામના કાગળો ઉપરથી તોહોમતદારે કાંઈ ગુન્હો કરયો છે, એવું માલમ પડયું નહીં. રાણી વિ૦ ગનુ બીન ક્રીષ્ણાગુરાવ, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૨૫

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ સને ૧૮૬૭).

જુઓ રાણી વી૦ દીપચંદ ખુશાલ, ૧ મું૦ હા૦ કો૦ રી૦ ૩૦. જુઓ ફરીઆદ ૧

પ

પકડવું તે—

૧ પકડવું તે- રવીવાર—દિવાની પ્રોસેસ—પ્રગણાની કોર્ટના દિવાની પ્રોસેસથી રવીવારે કોઈ માણસને પકડવો તે આ દેશમાં ગેરકાયદેસર ગણાય છે. પ્રો. તા૦ ૩૦ મી જુલાઈ ૧૮૮૪; મ. હા. કો. રી. અપે. ૬૨.

૨ પકડવું તે—વારંટ—ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર

કોડ કલમો ૬૮, ૭૭—જે કેસોમાં કોઇ ખાનગી માણસને નુકશાન થયું હોય અથવા તેના તરફથી કોઈ બીજા માણસને નુકશાન થયું હોય અને તે કાયદેસર ફરીઆદ નામાંડે તેવા કેસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૮ લાગુ પડે છે. તોપણ આવા કેસોમાં ગુન્હો બન્યો છે એવી માજીસ્ટ્રેટની જાત માહીતી એટલે કાયદેસર પાતે લીધેલા પુરાવાં ઉપરથી મળી આવેલી માહીતી હોય તો તેને પકડી મંગાવવાનો અધીકાર છે, પોલીસ રીપોર્ટ ઉપરથી અથવા સોગન ઉપર નહી કેહેવામાં આવેલી કાંઈ હકીકત અથવા ખરેખરી કાયદેસર ફરીઆદ ના થઇ હોય તો વારંટ કાઢવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. ક્રીમીનલ પ્રો[illegible] કોડની કલમ ૭૭ અને [illegible] મુજબ સરકારી નોકર ન[illegible] [illegible]સ ઉપર માજીસ્ટ્રેટ વારંટ [illegible] આવી રીતનું વારંટ જ્યારે કોઇ [illegible] અમલદાર ના મળી આવે અને ઘણી [illegible] હોય તોજ તે કાઢી શકે છે. પુરાવો લખી લીધા પેહેલાં કમીટ કરવું તે ગેરકાયદેસર ગણાય છે. રાણી વિ. સરેનંદ્રોનાથ રોય વિગેરે, ૧૩ વિ. રી. ૨૭; ૫ બેં૦ લો૦ રી૦ ૨૭૪.

રાણી વિ. ઉમેશચંદર ચોધરીના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. ૧૪ વિ૦ રી૦ ૧ જુઓ કમીટ કરવું તે ૧.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

મથુરાનાથ ચકરબતી વિ૦ હીરાલાલ દાસ. ૧૭ વિ૦ રી૦ ૫૫; ૯ બેં. લો. રી. ૩૫૪. જુઓ મોકુફી ૨.

પનાલાલ મુકરજી અરજદાર, ૧૯ વિ૦ રી૦ ૪. જુઓ ફરીઆદ ૩૦.

નિચેના કેસોને આ કેસ લાગુ પડે છે:—

વીખામાલહારી વિ૦ કોરફીલ્ડ ૩ મું. હા. રી. કો. અપે. ૧ જુઓ મુચરકો ૫.

રાણી વિ. સરકીઆ, ૫ મું. હા. કો. રી. ૩૧, જુઓ અટકાવ તોહોમતદારનો ૧.

રાણી વિ. માહીમચંદર ચકરબતી ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૬૦. જુઓ ફરીઆદ ૧૫.

મોહેશચંદર બાનરજીની બાબતમાં, ૪ બેં૦ લો૦ રી૦ અપે. ૧ જુઓ સજા ૧૦.

૩ પકડવું તે—પોલીસ—ગેરકાયદેસર પકડવું તે–ઈરાદો–દ્વેષ–સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૨૨૦—ગેરકાયદેસર કેદમાં મોકલવાની સાબીતીથી કાયદેસર દ્વેષ હતો એવું અનુમાન થઈ શકશે નહી. આવી રીતનું મોકલવું કાયદા વિરૂદ્ધ હતું એ વિષેની માહીતી એ હકીકતનો સવાલ છે, અને કાયદાનો નથી અને પીનલકોડની કલમ ૨૨૦ માં બતાવેલી સરતોની ખાત્રી કરી આપવાને માટે તે સાબીત કરવા જોઈએ. રાણી વિ. નારાયણ બાબાજી વિગેરે, ૯ મું. હા. કો. રી. ૩૪

(મેસર્સ લોયડ અને કેમબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી અગષ્ટ સને ૧૮૭૨.)

રાણી વિ. અમરસંગ જેઠાના કામમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૧૦ મું. ૫૦૬. જુઓ પકડવું વારંટ સીવાય ૨

જુઓ તોહોમત ૩૪.

„ અપમાન કોર્ટના હુકમનું ૧૪.

„ હીબીઅસ કોરપસ ૨, ૪.

„ ભુલ પકડવામાં.

„ અરીણ.

પકડવું અપીલ ચાલતાં સુધી—

૧ પકડવું અપીલ ચાલતાં સુધી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૨—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૭૨ મુજબ કરેલી અપીલમાં અપીલ ચાલતાં સુધી તોહોમતદારને પકડી રાખવાનો હુકમ કરવાને હાઈ કોર્ટને અધીકાર છે. રાણી વિ. ગોનબી ટેવારી, ઈ૦ લો૦ રી૦ ૧ ક. ૨૮૧.

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી એપ્રીલ સને ૧૮૭૬.)

રાણી વિ. કરીમબક્ષના કેસમા આધા ર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૩૮૯. જુઓ પુરાવો ૪૯.

રાણી વિ. ધોલામ ઈસમેઈલના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૧ અ. જુઓ તપાસણી ૧૪.

રાણી વિ૦ ધોલામ ઈસમેઇલના કેસને લાગુ પડે છે. ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૧ જુઓ તપાસણી ૧૪.

૨ પકડવું અપીલ ચાલતાં સુધી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૭૨, ૨૭૭—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૭૨ મુજબ અપીલ પસંદ કરી દાખલ કરવામાં આવ્યા પછી અપીલ ચાલતાં સુધી તોહોમતદારને કેદમાં રાખવાનો હાઈ કોર્ટ હુકમ કરી શકે છે. રાણી વિ૦ મંગુ, ઈ લો. રી. ૨ અ. ૩૪૦.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, સ્પેંકી, આલ્ડફીલ્ડ અને સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ, તા૦ ૨ સપટંબર સને ૧૮૭૯.)

જુઆ પુરાવો ૪૯.

પકડવું વારંટ સીવાય—

૧ પકડવું વારંટ સીવાય—ડાકાઈટી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૦—હેડ કોનસ્ટેબલે અધીકાર આપેલા તાબાના પોલીસ અમલદારે તેની હાજરીમાં વારંટ સીવાય ડાકાઇટીના કેસમાં કોઇ માણસને પકડેલો, તેવા કેસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૦ લાગુ પડતી નથી. રાણી વિ. શેખએમુ અને રાણી વિ. સાગરબીવાહ ૧૧ વિ. રી. ૨૦.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૯ મી માર્ચ સને ૧૮૬૭)

જુઓ પોલીસ અમલદાર ૧.

૨ પકડવું વારંટ સીવાય—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૪—વારંટ સીવાય પકડવાનો પોલીસનો અધીકાર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૨૦, ૩૪૨—જે માણસો સામે આ જબી ફરીઆદ થઈ હોય, અથવા "કોગની ઝેબલ ગુન્હા" માં સામેલ થયો છે એવો વ્યાજબી શક રેહેતો હોય તેવા માણસનેજ ફકત સને ૧૮૮૨ ના ૧૦ મા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩ મુજબ પોલીસ પકડી શકે છે એટલુંજ નહી પણ જે માણસો સામે એવી રીતે ગુન્હો કર્યાની "ખાત્રી રાખવા લાયક" ખબર મળી હોય તેમને પણ પોલીસ પકડી શકે છે. કાયદેસર પકડવામાં આવે તો કાયદા વિરૂદ્ધ કૃત્યના વધારામાં ગુન્હો કર્યાની માહીતી, જેવી કે પીનલકોડની કલમ ૨૨ મુજબ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવાને જરૂર છે તેવી માહીતી હોઈ શકે નહી. પોલીસ અમલદારને પકડવાના કાયદેસર આપેલા અખતીયાર ઉપરાંત કાંઈ વધારે અખતીયાર તેણે બજાવ્યો હોય તોજ તે પોતે કાયદા વિરૂદ્ધ ચાલે છે એવી માહીતી અને દ્વેષથી અને દુષ્ટ બુદ્ધીથી તે ચાલ્યો છે કે નહી, એ સવાલો ધ્યાનમાં લેવાની જરૂર છે. રાણી વિ. અમરસંગ જેઠા ઈ. લો. રી. ૧૦ મું. ૫૦૬.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ડીસંબર સને ૧૮૮૫)

રાણી વિ. બેહારીલાલસીંઘના કેસને આ કેસ લાગુ પડે છે, ૭ વિ. રી. ૩. જુઓ ગેરકાયદેસર કેદ ૫.

રાણી વિ. નારાયણ બાબાજીના કેસને લાગુ પડે છે, ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૩૪૬ (દિવાની રૂલીંગ).

પડદામાં રેહેનારી સ્ત્રીઓ—

૧ પડદામાં રેહેનારી સ્ત્રીઓ—સાહેદીઓ તરીકે હાજર રહેવું તે—આબરૂદાર અને એકાંત જગામાં રહેવાની ટેવવાળી હિંદુ સ્ત્રીઓને, કોર્ટની રૂબરૂ ખરેખરી રીતે કોઈ પણ કેસ ના ચાલતો હોય તો, સાહેદીઓ તરીકે બોલાવવી જોઇએ નહી. રાણી વિ. રામડોયલદાસ ૩ વિ. રી. ૪૬.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુલાઈ સને ૧૮૬૫.)

૨ પડદામાં રેહેનારી સ્ત્રીઓ—જુબાની—સાહેદીઓ તરીકે હક—સાહેદીઓ તરીકે પાલખીમાં બેસીને કોર્ટમાં હાજર થયેલી પડદામાં રેહેનારી સ્ત્રીઓના હકો ધ્યાનમાં લેવામાં આવ્યા. સાધારણ નિયમ એવોછે કે તેવી સ્ત્રીને પાલખી સાથે કોર્ટમાં આવવા દેવી જોઈએ, અને હાજર રાખેલી સ્ત્રી તેજ છે એવી પુરેપુરી ખાત્રી થયા પછી તેમાં બેસવા દેઈ તેણીની જુબાની લેવી જોઈએ. રાણી વિ. જોનબલેશીંગટન રેપોર્ટસ, ૧ બેં. લો. રી. દ. ઉ. ૫.

(મી० નોરમન જડજની રૂબરૂ, તા० ૧૭ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮.)

ક્રીષ્ણમોહન મુકરજી વિ. એચ. એમ આદરમીડેમીના કેસમાં નજર રાખવામાં આવે છે. ૨ હાઈડસ. રીપોર્ટ ૮૮. આ કેસમાં કોર્ટે પડદામાં નહી રેહેનારી સ્ત્રીની જુબાની પાલખીમાં લીધી હતી.

૩ પડદામાં રેહેનારી સ્ત્રી—ફરીઆદ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૦ કલોઝ (ક)—ફરીઆદ કરનારી સ્ત્રીઓ પડદામાં રેહેનારી હોવાથી ડેપ્યુટી માજીસ્ત્રેટે તેઓના ઘર આગળ જઈને તોહોમતદારની રૂબરૂ જુબાનીઓ લીધી હતી. પણ જુબાનીઓ આપનાર સ્ત્રીઓ ઓઝલ પડદામાં હોવાથી તોહોમતદારને તેઓની ઉલટ સુલટ તપાસ કરવાની તક નહી મળ્યાથી, એમ ઠરાવવામાં આવ્યું કે ડેપ્યુટી માજીસ્ત્રેટની મુકરદમો ચલાવવાની રીત અસાધારણ અને કાયદામાં બતાવ્યા પ્રમાણે નોહોતી, અને જે રીતે જુબાની લેવામાં આવી હતી તે રીતથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થયું હતું, તેથી કરીને સઘળી હકીકતમાં માહીત હોય એવા કોઈ માણસની મારફતે ફરીઆદીઓને તોહોમતને માટે બોલાવવા જોઇતા હતા. જદુનંદનલાલ વિગેરે અરજદારો, ૨૪ વિ. રી. ૨૨.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા० ૨૯ મી જુન સને ૧૮૭૫.)

૪ પડદામાં રેહેનારી સ્ત્રીઓ—કમીશન કાઢી સાહેદી લેવરાવવાનો હક—ફોજદારી કેસમાં કોઇ પડદામાં રેહેનારી સ્ત્રીને સાહેદી તરીકે બોલાવવામાં આવી હોય તો કોર્ટમાં જાતે હાજર રહેવામાંથી બાતલ રેહેવાનો તેણીનો હક છે અને કમીશનથી જુબાની આપવાનો તેણીનો હક છે. હરો સુંદરી ચોધરેઈનની અરજીની બાબતમાં. ઈ० લો० રી० ૪ ક. ૨૦.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા० ૨૪ મી જુન સને ૧૮૭૮).

ફરીદુન નીસાની અરજીની બાબતમાં નજર રાખવામાં આવી. ઈ० લો० રી० ૫ અ. ૯૨. જુઓ પડદામાં રહેનારી સ્ત્રીઓ. ૫.

૫ પડદામાં રહેનારી સ્ત્રીઓ—કમીશનથી જુબાની લેવી તે—કોર્ટમાં જાતે હાજર થવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૩૦—ફોજદારી કેસમાં પડદામાં રહેનારી સ્ત્રીઓ કોર્ટમાં જાતે હાજર થવામાંથી બાતલ થવાનું હક તરીકે માગી શકે નહીં. ફોજદારી કેસોમાં દેશની રીતભાત અને રીવાજ પ્રમાણે કોઈ સાહેદી ઝાહેરાત જગ્યાએ આવી ના શકે તો તેની જુબાની કમીશનથી લેવાની પરવાનગી કોર્ટ સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૩૦ માં બતાવેલા " અધવડ " એ શબ્દથી આપી શકે છે. આબરૂ લેવાના કેસમાં ફરીઆદીએ પોતે પડદામાં રહેનાર સ્ત્રી છે એવી તકરાર બતાવી કમીશનથી જુબાની લેવરાવવાની અરજ કરી. એમ ઠરાવવામાં આવ્યું કે તે સ્ત્રી પોતે ફરીઆદી હોવાથી અને ફકત એક સાહેદી તરીકે નહી હોવાથી કોર્ટમાં જાતે હાજર રહેવાથી તેણીને બાતલ કરવી જોઈએ કે નહીં, એ સવાલના સબંધમાં તેણીનો દરજ્જો તદન બદલાઈ જાય છે અને તેથી કરીને કેસની હકીકત જોતાં તેણીની જુબાની કમીશન કાઢી લેવી જોઈએ નહી, પણ કોર્ટમાં જુબાની આપવાને તેણીએ જાતે હાજર થવુ જોઈએ. તોહોમતદારની રૂબરૂ કાયદા પ્રમાણે ફરીઆદીની જુબાની લેઈ લખી લેવાને માટે

કોર્ટે એવી રીતે ગોઠવણ કરવી જોઈએ કે જેથી કરીને તે સ્ત્રી પોતે પોતાનો હક જાળવી શકે, એ વિષે માજીસ્ટ્રેટને સુચના કરવામાં આવી. ઘણી ઢીલ અને ખરચ થાય અને ઘણીજ અગવડ પડયા શીવાય ફોજદારી કેસોમાં કમીશનથી કોઇ સાહેદીઓની જુબાનીઓ લેવરાવવી જોઈએ નહીં. ફરીદુન નીસાની અરજીની બાબતમાં ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૯૨.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૮૨).

હરોસુંદરી ચોધરેઈનની અરજીની બાબતમાં આ કેસ લાગુ પડે છે, ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૨૦. જુઓ નિયમ.

૬ પડદામાં રહેનારી સ્ત્રીઓ—તોહોમતદારને જાતે હાજર થવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલપ્રોસીજર કોડ કલમ ૨૦૫—કોઇ ગુન્હાને માટે તોહોમત રાખવામાં આવેલી પડદામાં રહેનારી કોઇ સારી સ્થીતીની સ્ત્રી ઉપર માજીસ્ટ્રેટે સમન કાઢેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને જવાબ આપવાને માટે ખરેખર તોહોમત છે એવા સ્પષ્ટ અને વિશ્વાસ રાખવા લાયક સાબીતી જ્યા સુધી માજીસ્ટ્રેટને મળે નહીં ત્યાં સુધી તેણીને જાતે હાજર નહી રાખતાં વકીલની મારફતે હાજર રહેવાને માજીસ્ટ્રેટે પરવાનગી આપવી જોઈતી હતી. રહીમબીબીની અરજીની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૫૯.

(મી૦ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૧૧ મી અગષ્ટ સને ૧૮૮૩).

પ્રથમની તપાસ—

૧ પ્રથમની તજવીજ—સને ૧૮૬૧ નો ૨૫મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૧—દિવાની કોર્ટ—સને ૧૮૫૯ નો ૧૦ મો કલમ ૧૪૭—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૧ માં બતાવેલી પ્રથમની તપાસ તોહોમતદારની રૂબરૂમાં કરવાની કાંઈ જરૂર નથી. તજવીજ કરનાર કોર્ટને ફકત પોતાની મેળે એટલી ખાત્રી કરવાની છે કે માજીસ્ટ્રેટની તપાસને માટે મોકલવાને કેસમાં સ્પષ્ટ કારણો છે કે નહી. સને ૧૮૫૯ના આકટ ૧૦ માની કલમ ૧૪૭ મુજબ સરકારી નોકરના કાયદેસર અખતીયારનું અપમાન થવાનો કેસ ચુકવવાને કલેકટર બંધાયેલો નથી, પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૧ મુજબ કામ ચલાવવું તે તેની મરજી ઉપરછે. ચોટાસડુ પીડાહ વિ૦ ભુબન ચકરબત્તી વિગેરે ૯, વિ૦ રી૦ ૩.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી ૧૮૬૮).

૨ પ્રથમની તજવીજ—તોહોમતદારની તપાસ—ફેદીનો સાહેદી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૬ અને પ્રકરણો ૧૨, ૧૪ અને ૧૫—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૨ મુજબ પ્રથમની તપાસ કરતી વખતે અને પોતાના અખતીયાર પાકા કેસની તજવીજ તે કોડના પ્રકરણ ૧૪ મુજબ કરતી વખતે તે તોહોમતદારને સવાલો પુછવાને અને તેને યોગ્ય લાગે તેવી રીતે તેના તપાસ કરવાને કલમો ૨૦૨ અને ૨૫૦ મુજબ માજીસ્ટ્રેટને અધીકાર છે, અને સેસન કોર્ટને પણ પોતાની રૂબરૂ રજુઆતમાં આવેલા માણસોના સંબંધમાં તેવોજ અધીકાર છે, પણ પ્રકરણ ૫૧ મુજબ રજુઆત ચાલતાં પક્ષકારોના સંબંધમાં પ્રોસીજર કોડમાં કાંઈ આવી રીતનો અધીકાર આપેલો નથી. કોઈ માજીસ્ટ્રેટે પોતાની રૂબરૂ રજુઆત ચાલતી વખતે તોહોમતદારે બોલાવેલા સાહેદીને સોગન આપવાનું અથવા તેની જુબાની લેવાનું ના પાડયાથી એમ ઠરાવવામાં આવ્યું હતું કે કલમ ૨૬૬ મુજબ આવી રીતનું ના પાડવું તદન ગેરસીરસ્તાનું અને કાયદા વિરૂદ્ધ હતું, અને તેથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેણે નુકશાન થયું હતું અને તેટલા માટે ગન્હેગાર ઠરાવી કરેલી સજા રદ કરવામાં આવી હતી. મોહીમચંદર ચકરબતીના રેફરન્સનો કેસ, ૧૨ વિ. રી. ૭૭; ૪ બેં. લો. રી. અપે. ૭૭.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ. તા૦ ૧૮ મી ડીસંબર ૧૮૬૯).

૩ પ્રથમની તજવીજ—સને ૧૮૭૨ નો ૧૦મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૧ મુજબ પ્રથમ કોર્ટે તજવીજ કરી પોતાની મેળે ખાત્રી કરી જોઈએ કે તેમાં બતાવેલી કલમો મુજબ અમુક તોહોમત તોહોમતદાર ઉપર રાખવું જોઈએ કે નહી; અને આવી રીતે ખાત્રી કર્યા પછી કેસ કમીટ થઈ શકે તેવું હોય અથવા ના હોય તોપણુ તે કોર્ટે કેસ માજીસ્ત્રેટ તરફ મોકલવો જોઈએ અથવા કમીટ કરવો જોઈએ. કાલીપ્રોસોનો બાગચી અરજદાર, ૨૩ વિ. રી. ૩૯.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ. તા૦ ૨૦ મી ફેબ્રુઆરી ૧૮૭૫).

રાણી વિ૦ બજુલાલના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૧ ક. ૪૫૦. જુઓ જુઠો પુરાવો ૬૧.

૪ પ્રથમની તજવીજ—ગેરસીરસ્તો—હકુમત—તોહોમત—ગુન્હો નહીં કર્યાનો જવાબ—(૧૨ વિ. રી. ૪૯) નો ફેંસલો લાગુ પાડવો તે—માજીસ્ત્રેટે પ્રથમ ચલાવેલો મુકરદમો કોર્ટે રદ કરવાની ના પાડી કારણ કે, તેમાં કેટલોક ગેરસીરસ્તો થયો હતો અને તે વિષે પક્ષકારોને વાંધો ઉઠાવવાની પુરેપુરી તક આપ્યા છતાં તેમણે વાંધો ઉઠાવ્યો નોહોતો. જે કેસમાં સાબીત કરવાના ગુન્હાની પુરેપુરી કેદીને ખબર આપ્યા પછી સીરસ્તા મુજબ તોહોમતનામું ઘડવામાં આવ્યું હોય તે કેસમાં રાણી વિ. રામટનુ, (૧૨ વિ. રી. ૪૯) નો કેસ લાગુ પડતો નથી, તેમજ સાધારણ સેસન કેસ જેમાં પ્રથમ ચલાવેલા મુકરદમાના ગેરસીરસ્તા વિષે ગુન્હો કર્યાના જવાબ ઉપરથી વાંધો ઉઠાવવામાં આવ્યો નથી તેવા કેસને પણ ઉપલો કેસ લાગુ પડતો નથી સરકાર વિ. મોહેસચંદર બાનરજી વિગેરે, ૧૭ વિ.રી. ૩૫.

(મેસર્સ બેલી અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ સને ૧૮૭૨).

રાણી વિ૦ નોબોડીપ ચંદર ગોસ્વામી, ૧૫ વિ૦ રી૦ ૭૧ ન: ૧ બેં૦ લો૦ રી૦ ૧૫. જુઓ હકીકત તોહોમતદારની ૧.

૫ પ્રથમની તજવીજ—સાપ્રાધ વિશ્વાસઘાત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૬૪, ૬૯—આ કેસમાં તોહોમતદાર ઉપર સાપ્રાધ વિશ્વાસઘાતનુ તોહોમત રાખવામાં આવ્યું હતું તેમા હાઈ કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૬૪ અને ૬૯ મુજબ કેસની પ્રથમની તજવીજ કલકત્તા, જ્યાં અગાડી તોહોમત રાખેલો ગુન્હો જો કે બધો બન્યો નોહોતો પણ થોડો બનેલો, તે જગ્યાએ ચલાવવાનો હુકમ કર્યો. રાણી વિ. એ. જે. મેકડોનલ, ૨૨ વિ૦ રી૦ ૬.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી એપ્રિલ સને ૧૮૭૪).

જુઓ કમીટ કરવું તે. ૪, ૫, ૧૫, ૨૫, ૫૦.
,, ફરીઆદ ૩૪.
,, કબુલાત ૩૨, ૩૩, ૫૭.
,, છુટકો ૧૬.
,, જુઠું તોહોમત ૪૦.
,, જુઠો પુરાવો ૬૧, ૬૭, ૮૯.
,, રાજ્ય દંડ ૩.
,, કેદનુ વારંટ ૧.

પ્રયત્ન ઠગવાનો—

પ્રયત્ન ઠગવાનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૧૭, ૫૧૧—પીનલ કોડની કલમો ૪૧૭ અને ૫૧૧ મુજબ ઠગવાનો પ્રયત્ન કરવાની ફરીઆદ થવાથી તોહોમતદાર ઉપર તોહોમત રાખી, તેણે દાન લેવાની ઓફીસમાં કેટલાક કુલાઓમાં ભરેલો માલ ખોટો બતાવવાને માટે ગુન્હેગાર ઠરાવ્યો હતો. આવી રીતે જુઠું બોલવાની એ મતલબ હતી કે હાંસલ ભરેલા કેટલાક પૈસા પાછા લેવાનું સરટીફીકટ મળે. આવી રીતનું સરટીફીકટ આપતાં પેહેલાં દાન લેનાર અમલદારોએ કુલાઓમાં શું ભર્યુ છે તેનો તપાસ કરયો, અને તપાસ કરતાં એમ માલમ પડયું કે તોહોમતદારોએ બતાવેલી હકીકત ખોટી હતી. આવી રીતે માલમ પડવાથી તેને

સરટીફીકટ આપવામાં આવ્યું નોહોતું પણ ઉપર બતાવ્યા પ્રમાણે તોહેમત રાખી તેને ગુન્હેગાર ઠરાવ્યો હતો. દાન પાછું લેવાની એ રીત હતી કે જે જાતનો માલ બતાવવા માં આવેલો તે પ્રમાણે રજુ કરેલો માલ હ તો એવી દાન લેનાર ઓફીસને ખાત્રી થયા પછી તે સરટીફીકેટ આપે. જે સરટીફીકેટ ઉપર શેહેરની બાહાર માલ લેઈ જતી વખતે બાહારના નાકાનો કારકુન સેરો કરે. અને આવી રીતે સેરો કરેલું સરટીફીકેટ માલીકે દાન લેનારી આફીસમાં લેઈ જઈ નાણાં મળવાને માટે રજુ કરવું જોઇએ. એમ ઠરાવવામાં આવ્યું કે કામમાં બતાવ્યા પ્રમાણે કુલાઓમાં ભરેલો માલ તોહોમતદારે ખોટો બતાવ્યો હતો એમ ધારીએ તોપણ ઠગવાનો યત્ન પુરે પુરો થતો નથી પણ તે ઠગવાને માટે તૈયારી કરી હતી અને તેથી શિક્ષા રદ કરવી જોઇએ. રાણી વિ. ધુનડી, ઇં૦ લો૦ રી૦ ૮ અ ૩૦૪.

(મી૦ બોધર્સ્ટ જડજની રૂબરૂ, તા૦ ૮ મી મે સને ૧૮૮૬.)

જુઓ સરકારી નોકર ૭.

પ્રયત્ન વેષ ધારણ કરીને ઠગવાનો—

પ્રયત્ન વેષ ધારણ કરીને ઠગવાનો—હકુમત—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ—ફુલપાવર—અભીપ્રાય લખી પુછવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૪—વેષધારણ કરી ઠગાઇનો યત્ન કરવાનું તોહોમત રાખેલા કોઈ કેદીનો કેસ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે રજુઆતને માટે ફુલપાવર માજીસ્ટ્રેટને મોકલ્યો. જેણે પોતાને ફરીઆદ થયા સીવાય કેદીને ગુન્હેગાર ઠરાવી સજા કરી. ગુન્હો અને સજા સેસન જડજે બાહાલ રાખી હતી. ફુલપાવર માજીસ્ટ્રેટને કેસ ચલાવવાનો અધીકાર નોહોતો એવું કારણ બતાવી સજા રદ કરવાને માટે હાઈ કોર્ટમાં અરજી થયાથી હાઇ કોર્ટે હકુમતનો સવાલ સેસન કોર્ટમાં નહી ઉઠાવ્યાથી અરજી નામંજુર કરી. રાણી વિ. વીશ્વનાથ દોલત રાવ. મું. હા. કો. રી. ૨૩.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી સપટેંબર ૧૮૬૭)

રાણી વિ. જેસાઈઅલીના કામમાં નજર રાખવામાં આવી. ૮ મું. હા. કો. રી. ૧૧૨. જુઓ ફરીઆદ ૨૪.

પ્રયત્ન ગુન્હો કરવાનોઃ—

૧ પ્રયત્ન ગુન્હો કરવાનો—કૃત્યો ઉપરથી પુરતી રીતે નીકળી આવે તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૫૧૧ ૪૩૬—દેવતા રાખેલો દડો—મી૦ ગ્લોવર જડજે એમ ઠરાવ્યુ કે છાપરાના ઘરમાં બળતો એક કોયલો મુકી ગામમાં કેટલીક વખત બીજા માણસોના ઘરો દ્વેષથી બાળવાથી અને એક સાંજે એવા જાતનો બળતા કોયલાવાળો દડો કેદીની ધોતીમાં સંતાડેલો જડી આવવાથી પીનલકોડની કલમ ૫૧૧ મુજબ દેવતાથી નુકશાન કરવાના યત્નને માટે તે ગુન્હેગાર છે. દેવતાથી નુકશાન કરવાનું હથીયાર તેના કબજામાં હોવાથી અને તે લેઈને પરે બાહાર જવાથી કૃત્ય કરવાનો તેનો ઈરાદો હતો અને તે કરવાની તૈયારીમાં હતો એવું અનુમાન કરવાનાં તે પુરતાં કારણો છે. યત્ન ઠરાવવાને માટે આ હકીકત જોઈએ તેવી છે. મી૦ મીતર જડજે એમ ઠરાવ્યું કે દેવતાનો દડો માલમ પડી આવ્યાથી અને તે લેઈ બાહાર જવાથી પીનલકોડની કલમો ૪૩૬ અને ૫૧૧ મુજબ ગુન્હો બનતો નથી. મનુષ્ય જાતને રેહેવાની ઈમારત નાશ કરવાનો ઈરાદો આ હકીકત ઉપરથી પુરેપુરો જણાઇ આવતો નથી. પીનલકોડની કલમ ૫૧૧ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે કેદીએ ગુન્હો થાય તેવી રીતે સ્પષ્ટ કૃત્ય કરવું જોઈએ એટલુજ બસ નથી પણ તે કૃત્ય ગુન્હો થવાના યત્નમાં થયેલું હોવું જોઇએ. રાણી વિ૦ દોયલ બાવરી, ૩ બેં. લો. રી. ફો. અ. ૫૫.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧ સપટંબર સને ૧૮૬૫.)

૨ પ્રયત્ન ગુન્હો કરવાનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૫૧૧—પીનલ કોડની કલમ ૫૧૧ મુજબ યત્ન કરવાનો ગુન્હો બનવાને માટે ગુન્હો કરવાના ઈરાદાથી અને તે ગુન્હો કરવાને માટે અને ગુન્હો કરવાનો યત્ન કરતી વખતે કૃત્ય થયેલું હોવું જોઇએ. ફક્ત તૈયારી કરવાના ઈરાદાથી કરેલાં કૃત્યો યત્ન તરીકે ગણી પીનલકોડની કલમ ૫૧૧ મુજબ સજા થઇ શકે નહી. જો કે ગુન્હો બને તેવી રીતે આ કૃત્યો કરવામાં આવેલાં હોય છે તો પણ તે કલમમાં બતાવેલા "યત્ન કરવો" એ શબ્દોના અર્થ પ્રમાણે ગુન્હો કરવાના યત્નમાં તે કૃત્યો થયેલાં ગણાતાં નથી રાણી વિ૦ રામસરન ચોબી, ૪ વા. દી. પ્રાં. ૪૬.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી માર્ચ સને ૧૮૭૨.)

રાણી વિ૦ મલાના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈ. લો. રી. ૨ અ ૧૦૫. જુઓ જુઠો પુરાવો બનાવવો તે ૬.

૩ પ્રયત્ન ગુન્હો કરવાનો—પેહેલાંની શીક્ષા—સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫—પીનલકોડ ના પ્રકરણો ૧૨ અને ૧૭ મુજબ થતા ગુન્હાઓ જેમાં કેદની સજા ત્રણ વર્ષ અને તે ઉપરાંત થઇ શકે તેવા ગુન્હાઓમાં ફક્ત પીનલકોડની કલમ ૭૫ માં બતાવેલા છે) પણ આવા ગુન્હાઓના યત્ન કરવાથી થયેલો ગુન્હો કાંઈ તેમાં આવી જતો નથી, તેમજ ત્રણ વરસ અથવા તે ઉપરાંત સજા થઇ શકે તેવો બીજો કોઈ ગુન્હો પણ તેમાં આવી જતો નથી. રાણી વિ૦ ડામુહરી ૨૧ વિ૦ રી૦ ૩૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જાનેવારી સને ૧૮૭૪.)

૪ પ્રયત્ન ગુન્હો કરવાનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫—સજા—ચોરીના યત્નને માટે શિક્ષા—ચોરીને માટે પેહેલાં થયેલી શિક્ષા—મી૦ મેલવીલ જડજ વિરૂદ્ધ પડીને એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડના પ્રકરણો ૧૨ અને ૧૭ મુજબ સજા ત્રણ વરસ અથવા તે ઉપરાંત થઇ શકે એવા કોઈ એક ગુન્હાને માટે જો કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય અને પછીથી તે માણસ તેવા કોઈ ગુન્હાનો યત્ન કરવાને માટે ગુન્હેગાર થાય તો કલમ ૭૫ માં બતાવ્યા પ્રમાણે વધારે સજાને તે પાત્ર થતો નથી. રાણી વિ૦ નાના રહીમ, ઈ૦ લો૦ રી૦ ૫ મું૦ ૧૪૦.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, ગેલવીલ અને કેમબોલ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી અકટોબર સને ૧૮૮૦).

૫ પ્રયત્ન ગુન્હો કરવાનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો, ૭૫, ૪૫૭, ૫૧૧—પેહેલાંની શીક્ષા—કોઈ માણસને પીનલકોડના પ્રકરણ ૧૭ ની કલમ ૪૫૭ મુજબ પેહેલાં ગુન્હેગાર ઠરાવવામાં આવેલો અને પછીથી તે માણસ એવો ગુન્હો કરવાના યત્નને માટે ગુન્હેગાર ઠરયો હતો તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૭૫ ની મતલબ આવા માણસને લાગુ પડતી નથી. રાણી વિ૦ રામદયાલ, ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૭૭૩.

(મેસર્સ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૬ ઠી મે સને ૧૮૮૧).

પ્રયત્ન આત્મ હત્યા કરવાનો—

પ્રયત્ન આત્મ હત્યા કરવાનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૯—ઇરાદો—ગુન્હાની જગ્યા—ર નામની સ્ત્રી કુવામાં પડી આપઘાત કરવાના ઈરાદાથી કુવા તરફ દોડી જ્યાંથી તેણીને પકડવામાં આવી હતી. આત્મ હત્યા કરવાને માટે તેણીને પીનલકોડની કલમ ૩૦૯ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા કાયદા વિરૂદ્ધ હતી. રાણી વિ. રામક, ઈ૦ લો૦ રી૦ ૮ મ. ૫.

(મેસર્સ મતુસ્વામી આયર જડજની રૂબરૂ, તા૦ ૨૧ મી સપટંબર અને ૧૧ મી અકટોબર સને ૧૮૮૪.)

પ્રયત્ન ખુન કરવાનો—

પ્રત્યન ખુન કરવાનો—સારી વર્તણુકને માટે જામીન—ખુન કરવાનો યત્ન કરવાના ગુન્હામાંથી કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકી મા જીસ્ત્રેટે સને ૧૮૬૧ ના ૨૫ મા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ આગળ ઉપર સારી વર્તણુક રાખવાને માટે જામીન લેવા હુકમ કર્યો. રાણી વિ૦ બીહારી ઉરફે કરીમબક્ષ, ૩ વિ. રી. ૨૩.

(મેસર્સ જેક્શન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ જુન સને ૧૮૬૫.)

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે.

„ પુરાવો ૨૯.

„ ખુન ૩૫.

„ સોગન ૩.

„ મુચરકો ૩૦.

પરવાનગી—

પરવાનગી - સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—કલમ ૧૬૧ મુજબ વર્તતો પોલીસ અમલદાર—પોલીસ અમલદારની રૂબરૂ ખોટી શાહેદી આપવાને માટે કામ ચલાવવુ તે—કલમ ૧૬૧ મુજબ પોલીસે લખી લીધેલો મચકુર-પુરાવો-સને ૧૮૮૨ ના ૧૦ મા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૧ મુજબ પોલીસ તજવીજની દરમીયાન પોલીસ કોનસ્ટેબલે લખી લીધેલો મચકુર ઈનસાફી મુકરદમાના કોઈ પણ ભાગનો પુરાવો ગણાતો નથી. પોલીસ કોનસ્ટેબલ કોઈ પણ મચકુર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૧ મુજબ લખી લેતી વખતે તે જડજ ગણાતો નથી; તેમજ જે જગાએ તે લખી લેવામાં આવે છે તે જગા કોર્ટ ગણાતી નથી. તેટલા માટે જો કે તોહોમત એક ગુન્હાને માટે અથવા બેમાંથી એક ગુન્હાને માટે ઘડવામાં આવ્યું હોય તોપણ ખોટા મચકુરની ફરીઆદને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ તેની પરવાનગીની જરૂર નથી. રાણી વિ૦ ઈસ્માલ વાલદ ફટરૂ, ઈં. લો. રી. ૧૧ મું. ૬૫૯.

(મેસર્સ વેસ્ટ અને બર્ડવુડ જડજોની રૂબરૂ, તા૦ ૫ એપ્રીલ સને ૧૮૮૭),

પરવાનગી રજીસ્ટ્રારની—

પરવાનગી રજીસ્ટ્રારની—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫ - રજીસ્ટર આકટ કલમ ૪૧—રજીસ્ટર કરેલું વુઈલ ખોટું બનાવવાને માટે રજુઆત ચલાવતાં પેહેલાંની સરત—સને ૧૮૭૭ ના રજીસ્ટર આકટની કલમ ૪૧ મુજબ સબરજીસ્ત્રાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ ના અર્થ મુજબ "કોર્ટ" ગણાયછે. ઈં. લો. રી. ૧૦ મ. ૧૫૪.

(મેસર્સ બ્રાંડટ અને પારકર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જાનેવારી સને ૧૮૮૭.)

પરરાજ્યનો ગુન્હો.

પરરાજ્યનો ગુન્હો—ગાયકવાડની સંધી—તોહોમતદાર - પ્રથમની તજવીજ—વારંટ—સને ૧૮૫૪ નો આકટ ૭ મો કલમ ૨૭—સને ૧૮૬૨ ના આકટ ૧૭ માની, શેડયુલ—સને ૧૮૬૨ ના આકટ ૧૭ માની શેડયુલથી સને ૧૮૫૪ ના આકટ ૭ માની કલમ ૨૩, ૨૬ રદ થઈ ગઈ નથી. સને ૧૮૫૪ ના આકટ ૭ ની કલમોમાં કલમ ૨૩ મીમાં બતાવ્યાં કરતાં બીજી રીતે, તા૦ ૬ ઠી ડીસંબર સને ૧૮૭૭ ને રોજ ઈસ્ટ ઈંડીઆ કંપની અને ગાયકવાડ વચે થયેલા કરાર મુજબ તોહોમતદારો માગવાથી ગાયકવાડને આપવાનું બતાવ્યુ છે તેટલા માટે આવા કેસને પાછળની કલમ લાગુ પડે છે. આવા તોહોમતદારના ગુન્હા વિષે પ્રથમ કાંઈપણ તજવીજ કરવા સીવાય ગાયકવાડ સરકારને તોહોમતદાર, સરકાર વાજબી રીતે સોંપી શકે નહી. પ્રથમ તજવીજ થઈ છે અથવા થવાની છે એવું કાંઈપણ બતાવ્યા સીવાય સને ૧૮૫૪ ના આકટ ૭ ની કલમ ૨૩ મુજબ કાઢેલા વારંટથી વડોદરાના રેસીડન્ટને તોહોમતદાર સોંપી દેવો એવો હુકમ કરેલો, તેવી બાબતમાં કોર્ટે એમ ઠરાવ્યું કે તેટલા માટે વારંટ કાયદા વિરૂદ્ધ ગણાતું નથી, કારણ કે તેથી એમ અનુમાન થાય છે કે તે આકટમાં બતાવ્યા મુજબ

તજવીજ કરવાને માટે રેસીડન્ટને તોહોમત દાર સોંપી દેવાનો હતો. ઉપલા આકટની ક લમ ૨૩ મુજબ કાઢેલા વારંટમાં તજવીજ થયેલી છે અથવા તોહોમતદારના ગુન્હા સંબં ધી તજવીજ થવાની છે એ તેમાંનુ ગમે તે બતાવવુ જોઈએ. રાણી વિ. સાઉટર, ૮ મું. હા. કો. રી. ૧૩.

(મી૦ ગ્રીન જડજની રૂબરૂ, તા૦ ૪ એપ્રીલ સને ૧૮૭૧)

જુઓ કેદનું વારંટ ૬.

ભાષા—

જુઓ તોહોમત ૩૭.

પ્રસિદ્ધ કુટુંબો

પ્રસીદ્ધ કુટુંબો—ઘરમાંથી સ્ત્રીઓએ જ તુ રહેવું તે—આવી રીતે જતા રહેવાની ખ બર નહીં આપેલી તે—સને ૧૮૭૦ નો આક ટ ૮ મો કલમ ૨—વાવ્ય પ્રાંતના સ્થાનીક સરકારે કરેલા નિયમો—સને ૧૮૭૩ નો આ કટ ૧૬ મો કલમ ૮ વાકય ૩ જુ—નિયમ ૬ ઠો—બાળહત્યાનો સને ૧૮૭૦ ના આકટ ૮ મી કલમ ૨ મુજબ વાવ્ય પ્રાંતના સરકારે કરેલા નિયમોમાંના નિયમ ૬ ઠામાં ગામડાના ચોકીદારે પોલીસની ચોકીઓ જોવા જતી વ ખતે પ્રસીદ્ધ કુટુંબોમાં બાળકોનો જન્મ, મર ણ અને ગર્ભવંતી સ્ત્રીઓને બીજે ગામ મોક લેલી તે બતાવવાની જો કે તેની ફરજ છે એટલુંજ નહીં પણ તેણે વળી " બીજા જ ન્મો મરણો અને એવી રીતે બીજે ગામ મો કલેલા માણસો " બતાવવા જોઈએ આ છેલી ફરજ તેના ઉપર બાળહત્યાના આકટથી નાખે લી નથી કારણ કે આ બાબતનો ૬ ઠો નિ યમ આકટથી વિરૂદ્ધ છે. તે ઉપરથી એમ ઠ રાવવામાં આવ્યું કે કેટલાક પ્રસીદ્ધ કુટુંબોની સ્ત્રીઓ પોતાના ઘરો છોડી બીજી જગ્યાએ ગએલી છે એવો ચોકીદારે રીપોર્ટ નહીં ક રયાથી બાળહત્યાના આકટ મુજબ તે કોઈ ગુ ન્હાને માટે ગુન્હેગાર થતો નથી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે પ્રસીદ્ધ કુટુંબોના ઉપરીઓ પોતાના કુટુંબોની સ્ત્રીઓ જુદી પડ વાથી બાળહત્યાના આકટના નિયમોમાંના કો ઇપણ નિયમ મુજબ ચોકીદારને ખબર આ પવાને બંધાયેલો નથી. રાણી વિ૦ ભુપાલ, ઈં૦ લૉ૦ રી૦ ૬ અ ૩૮૦.

(મી૦ ડુથોઈટ જડજની રૂબરૂ. તા૦ ૧૭ મી મે સને ૧૮૮૪).

પ્રવેશ—

૧ પ્રવેશ—જુઠુ તોહોમત—બીજા મા ણસને હુકમનામું કરી આપેલી જમીનના ક બજાવાળા માણસો સામે પ્રવેશ કર્યાનું તો હોમત, જો કે પ્રવેશ કરનારાઓને હુકમના માની ખબર હોય અગર ના હોય "તોપણ ન જીવું જુઠુ અને કંટાળો ઉપજાવે તેવું" ગણા તુ નથી. સીબનારાયણ પોલ વિગેરે વિ૦ રા મરતનદત વિગેરે, ૩ વિ૦ રી૦ ૩૨.

(મેસર્સ લોચ અને સેટનકાર જડજો ની રૂબરૂ, તા૦ ૨૧ મી જુન સને ૧૮૬૫).

૨ પ્રવેશ—ફરીયાદીની સ્ત્રી જોડે કાર સ્તાન ચલાવવું તે—તોહોમતદાર રાત્રે ફરી આદીના ઘરમાં માલમ પડી આવ્યો હતો, પ ણ તેણે એમ બતાવ્યું કે ફરીઆદીની સ્ત્રી જોડે કારસ્તાન ચલાવવાને માટે તે ત્યાં રહ્યો હતો. ફરીઆદીએ છીનાળુ કરવાના ઈરાદાથી ઘરપ્રવેશ કરવાની ફરીઆદ માંડવાની ના પાડી, એમ ઠરાવવામાં આવ્યું કે તે સ્ત્રીના ધણીએ જે ગુન્હાની ફરીઆદ માંડવાને ના પાડી હતી તે ગુન્હાની ફરીઆદને માટે મા જીસ્ટ્રેટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો તે વા જબી હતું. પ્રે. તા૦ ૧૫ મી નવંબર સને ૧૮૬૯. મ, હા. કો. રી. અપે. ૫.

૩ પ્રવેશ—હુકમનામું બજાવવું તે—ક બજો—તોહોમતદાર ફરીઆદીના કુટુંબનો ય જમાન હતો. તોહોમતદારે કરેલું વેચાણ રદ કરવાનું ફરીઆદીએ હુકમનામું મેળવેલું. તે હુકમનામું બજાવીને ફરીઆદીએ વેચાણ રાખ નાર પાસેથી કબજો મેળવ્યો. તોહોમતદારે આ જમીનમાં પ્રવેશ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારે સાપ્રાધ પ્રવેશનો ગુ ન્હો કર્યો નથી. પ્રે. તા૦ ૧૦ મી ૧૮૭૧. ૬

મ. હા. કો. રી. અપે. ૧૯.

૪ પ્રવેશ—ગામની નકામી પડી રહેલી જમીન ખેડવી તે—ગામડાની જે નકામી પડી રહેલી જમીન પ્રતિવાદીએ નહીં ખેડવી એવો તાબાના માજીસ્ત્રેટે હુકમ કરયો હતો તે જમીન ખેડવાને માટે પીનલકોડની કલમ ૪૪૭ મુજબ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. હાઈ કોર્ટે શિક્ષા બાહાલ રાખી. પ્રો૦ તા૦ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦. ૫ મ. હા રી. અપે. ૧૭.

૫ પ્રવેશ—ખુલ્લા લીલોતરી ઉગેલા મેદાનમાં ગાડાંઓ હાકવાં—મ્યુનીસીપાલ કમીશનરે કાઢેલો હુકમ તોડીને ખુલ્લા મેદાનમાં ગાડાંઓ હાંકવાને માટે તોહોમતદારો ઉપર પીનલકોડની કલમ ૪૪૩ મુજબ સાપ્રાધ પ્રવેશનું તોહોમત રાખી તેમને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતનો હુકમ કરવાને મ્યુનસીપાલ કમીશનરને અખતીઆર હતો એવું કોઈ રીતે માલમ પડતુ નથી. અને તેથી કરીને એવો હુકમ તોડવાને માટે ફોજદારી ગુન્હો બનતો નથી. પ્રો. તા૦ ૨૮ મી અકટોબર સને ૧૮૭૦; ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૩૮.

૬ પ્રવેશ—મુડદા દાટવાની જગ્યાએ ખેડવું તે—આસપાસ વાડ કરીને મુડદા દાટવાની જગ્યાનો કડકો ખેડવાનો શરૂ કર્યાથી સાપ્રાધ પ્રવેશને માટે પ્રતીવાદીને ગુન્હેગાર ઠરાવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યુ કે ગુન્હો બરોબર છે. મડદા દાટવાની જગ્યાનો કબજો એ કેટલાક ભાગના લોકોનો કબજો ગણાયછે. અને તે જગ્યા વાપરવાનો તેઓનો હક છે. અને ત્યાં ખેડાણ કરવું એ તે લોકોને ઈજા કરવાનો ઇરાદો બતાવે છે, અને જે લોકોને તે જગ્યા વાપરવાનો હક હતો, તે લોકોમાંનો પ્રતિવાદી નોહોતો. પ્રો૦ તા૦ ૨૮ મી માર્ચ સને ૧૮૭૧; ૬ મ હા કો. રી. અપે. ૨૫.

૭ પ્રવેશ—પગ રસ્તો—પ્રતિવાદીએ પોતાની માલકી જગ્યામાં લોકોના પગ રસ્તાની કેટલીક જગો ઉમેરવાથી તેને સાપ્રાધ પ્રવેશને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે સાધારણ રીતે પગરસ્તાની જગો વાપરવાને લોકોનો હક હોવાથી બીજાના કબજાની જગોમાં તેને હેરાન કરવાના ઈરાદાથી કાયદા વિરૂદ્ધ પ્રતિવાદીએ પ્રવેશ કર્યો, એમ ગણાતુ નથી તેથી કરીને પ્રતિવાદીને ગેરકાયદેસર રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. પ્રો૦ તા૦ ૨૫ મી મે સને ૧૮૭૧; ૬ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૨૬.

૮ પ્રવેશ—માજીસ્ત્રેટની ફરજ—જે ગુન્હાને માટે પુરાવો લેઈ તજવીજ ચલાવી કાયદા પ્રમાણે ફેંસલો આપવાને માટે માજીસ્ત્રેટ બંધાએલો છે, તે ગુન્હામાં પ્રવેશનો ગુન્હો પીનલકોડ મુજબ આવી જાય છે. ગંગારામ માળી અરજદાર, ૧૮ વિ૦ રી૦ ૧૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લાવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુન સને ૧૮૭૨).

૯ પ્રવેશ—ઈરાદો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—પ્રવેશનું કૃત્ય પીનલકોડની કલમ ૪૪૧ ના અર્થમાં લાવવાને માટે કોઇ જમીન ઉપર ઈજા કરવાના ઈરાદાથી પ્રવેશ થવો જોઇએ, જેનો અર્થ કબજાવાળા માણસને ઈજા કરવી એવો થાય છે. શીબનાથ બાનરજી અરજદાર, ૨૪ વિ૦ રી૦ ૫૮.

(મેસર્સ ફીઅર અને લોકડ જડજોની રૂબરૂ, તા૦ ૧ અકટોબર સને ૧૮૭૫).

૧૦ પ્રવેશ—દાટવાની જમીન ઉપર એકહ માલીકોએ પ્રવેશ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૭—**અ**, **બ** **ક** અને **ડ** નામના માણસોનો એક જમીનનો કડકો સહીઆરો હતો તેમાં તે સઘળા માણસોનો પોતાનાં મડદાઓ દાટવાનો રીવાજ હતો. **ડ** ના સગાઓની ઘોરો પાસે **અ** અને **બ** એ ખાડો ખોદ્યો પણ તેથી કોઈપણ ઘોરને અડચણ થઈ નોહોતી. એમ ઠરાવવામાં આવ્યું કે કાયદા વિરૂદ્ધ તેઓને પીનલકોડની કલમ ૨૯૭ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા છે. ખાજા મહમદ હામીનખાની બાબતમાં. ઈં૦ લો૦ રી૦ ૩ મ. ૧૭૮.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી એપ્રિલ સને ૧૮૮૧).

૧૧ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૯૫ અને ૨૯૭—પુજા કરવાની જગોમાં અપમાન કરવું તે—પ્રેત સંસ્કાર કરવાની જગ્યોએ પ્રવેશ કરવો તે—કોઈ મુસલમાન ફકીરની કબરની આસપાસના કંપાઉન્ડમાં [illegible] નામના કોઈ હિંદુએ કોઇ સ્ત્રીની સાથે જારકર્મ કર્યું હતું. તેને સને ૧૮૬૦ નો ૪૫ પીનલકોડની કલમ ૨૯૫ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે, તે જગ્યા પુજાને માટે હતી અથવા બીજી કોઈ રીતે તે પવીત્ર ગણાતી હતી એવો પુરાવો કેસમાં નહી મળી આવવાથી ગુન્હેગાર ઠરાવવું ગેરકાયદેસર છે અને તેથી કરીને ઉપલો ગુન્હો બદલીને તેજ કોડની કલમ ૨૯૭ મુજબ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવો જોઈએ. રતના મદારીની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૧૦ મ. ૧૨૬.

(મેસર્સ મુતુસ્વામી આયર અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી અને ૨૮ મી ડીસેંબર સને ૧૮૮૬).

જુઓ બેલીફ.
,, ઢોર પ્રવેશ.
,, તોહોમત ૧૦.
,, સાપ્રાધ પ્રવેશ.
,, તોડવો સરકારી નોકરનો હુકમ ૧૧.
,, માંડીવાળવું ફરીઆદનું ૧૮.
,, કબજો ૧૦.
,, ખાનગી બચાવ ૧૯, ૨૦, ૨૨.
,, લોકોપકારક કૃત્ય ૨૯, ૫૦.
,, મુચરકો ૮, ૨૨, ૫૭, ૬૧, ૬૨.
,, સંક્ષેપમાં તપાસ ૨૭.

પાછું ખેંચી લેવું ફરીઆદનું—

૧ પાછું ખેંચી લેવું ફરીઆદનું—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૨—કોઇ ફરીઆદી પોતાની ફરીઆદ પાછી ખેંચી લે તો તે નિર્દોષ ઠરાવી છોડી મુકવાની બરોબર ગણાય છે, અને સરકારની કાયદેસર પરવાનગી લેઈ અરજી કર્યા સીવાય આવી બાબતનો જરા પણ તપાસ કરવાનો હાઈકોર્ટનો અખતીઆર નથી. લુચીબેહેરા વિરૂદ્ધ નીત્યાનંદ ડોસ વિગેરે, ૧૯ વિ. રી. ૫૫.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી એપ્રીલ સને ૧૮૭૩).

૨ પાછું ખેંચી લેવું ફરીઆદનું—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૪—ફરીઆદ નહી થએલી તે—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ પ્રમાણે તજવીજ કરેલા કેસો (વારંટ કેસો) ફરીઆદની અરજ ઉપરથી અથવા તેને પોતે બરોબર ફરીઆદ નહી ચલાવ્યાથી દફતરમાંથી છેકી શકાય નહી. ફરીઆદી પોતાની ફરીઆદ પાછી ખેંચી લેવાની ઈચ્છા બતાવે તોપણ, માજીસ્ત્રેટે ઉપલા પ્રકરણમાં બતાવેલી રીત મુજબ આવા કેસો ચલાવવા જોઈએ. રાણી વિરૂદ્ધ જગરૂપ ઉગરાણી, ૩ વા૦ રી૦ પ્રાં૦ ૩૪૧.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૧૬ મી ડીસેંબર સને ૧૮૭૧.)

પ્રીવી કાંઉન્સીલને કરેલી અપીલ—

૧ પ્રીવી કાંઉન્સીલને કરેલી અપીલ—ફોજદારી કોર્ટે કરેલી સજા ઉપર અપીલ કરવાની રજા માગવાને કરેલી અરજી—રાજાનો ખાસ હક—મરજી મુજબ અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો—બાદશાહી આક્ટ ૨૪ અને ૨૫—વિકટોરીઆ પ્રકરણ ૬૭ કલમ ૨૪—મુકરદમાઓ ગેરશિરસ્તા મુજબ ચલાવવામાં આવ્યાથી ઘણો અન્યાય અને નુકશાન થયું છે એવું કારણ બતાવી બંગાળાની સદર નીઝામ અદાલતે ગુન્હેગાર ઠરાવી કરેલી સજા ઉપર અપીલ કરવાની પરવાનગી લેવાને કરેલી અરજીમાં એમ ઠરાવવામાં આવ્યું કે, આવા કેસમાં અપીલ કરવાની પરવાનગી આપવાનો ખાસ હક રાજ્યને છે અને તે હક સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજ

૨ કોડથી જતો રહેતો નથી અને સ્પષ્ટ રીતે આ કેસમાં મોટું નુકશાન થએલું છે. એમ ધારીએ તો પણ ફોજદારી કેસોમાં અપીલ કરવાની પરવાનગી, આપવાથી એવા પરીણામો થશે કે રાણી સરકારને મરજી મુજબ આપેલો અધીકાર બજાવતી વખતે જડજોએ અરજીમાં માગેલી દાદ નામંજુર કરવાની વ્યાજબી રીતે સલાહ આપવી પડશે. રાણી વિરૂદ્ધ જોયકીશન મુકરજી, ૧ ઇન્ડ. જ્યુરી. ઉ. દ. ૬૧.

(લોર્ડ કીંગ્સડાઉન દરીઆઇ મુકરદમા ચુકવનારી કોર્ટનો જડજ, મી० સર જોન કોલરીજ અને તેની સાથે મદદમાં મી० સર. લોરેન્સ પીલ અને મી० સર. જેઈમ્સ કોલવીલ જડજોની રૂબરૂ, તા० ૪, ૫, અને ૧૬ મી જુલાઈ સને ૧૮૬૨).

૨ પ્રીવી કાંઉન્સીલને કરેલી અપીલ—ફોજદારી રજુઆતમાં કરેલી અપીલો—અભીપ્રાય લખી પુછેલો કેસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૪—સને ૧૮૬૫ નો સુધારેલો લેટર્સ પેટન્ટ આકટ કલોઝ ૪૧—ક્રીનીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ માજીસ્ટ્રેટે અભીપ્રાય લખી પુછેલા ફોજદારી કેસના ઠરાવ ઉપર પ્રીવી કાંઉન્સીલને અપીલ કરવાની પરવાનગી આપવાનો સુધારો થએલા સને ૧૮૬૫ ના લેટર્સ પેટન્ટ આકટના કલોઝ ૪૧ મુજબ, હાઈ કોર્ટને અધીકાર નથી. રાણી વિરૂદ્ધ રે, ૭ મુ. હા. કો. રી. ૭૭.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા० ૧૬ મી ડીસંબર સને ૧૮૭૦).

રાણી વિરૂદ્ધ બુરાહના કેસમાં નજર રાખવામાં આવી. ઈ० લો० રી० ૪ ક. ૧૭૨. જુઓ હકુમત ૩૫.

પુરાવો—

૧ પુરાવો—લખી લેવાની રીત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—કેટલાક સાહેદીઓએ આગલા સાહેદીઓની માફક જુબાની આપી હતી એવી જ ડજે નોંધ કરેલી તે સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ માં બતાવ્યા પ્રમાણે નથી. રાણી વિ. મુટીનશયો, વિ. રી. તા० ૧૮ મી સપટંબર.

મેસર્સ એલ. એસ. જેકશન અને ઈ. જેકશન જડજોની રૂબરૂ. તા० ૧૫ મી માર્ચ ૧૮૬૪)

૨ પુરાવો—પુરાવા સીવાય કાયદા વિરૂદ્ધ ઠરાવ—એકે પક્ષકારનો પુરાવો લખી લીધા સીવાય કોઈ રીતે મજબુતી નહી મળેલી કેદી અને ફરીઆદીએ બતાવેલી હકીકત ઉપરથી ગેરકાયદેસર આપેલો ફેંસલો રદ કરેલો તે કેસ. રાણી વિ० શેક એદુ, ૨ વિ.રી.૪૭.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા० ૨૦ મી માર્ચ સને ૧૮૬૫.)

ભગોબટ ચરનસેન વિ० સીઆમઅલીના કેસમાં નજર રાખવામાં આવી. ૧૮ વિ. રી. ૧૮. જુઓ ફરીયાદ ૨૭.

રાણી વિ० ગોરમોહનસીંઘના કેસથી રદ થઈ ગયો. ૧૬ વિ. રી. ૪૪; ૮ બે. લો. રી. અપે. ૧૧. જુઓ જુઠું તોહોમત ૩૮.

૩ પુરાવો—મહાવ્યથા—મહાવ્યથાના તોહોમતની મજબુતીમાં પુરાવો આપેલો તે. રાણી વિ० નોનકુદાસ વિગેરે. ૨ વિ. રી. ૪૮.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા० ૨૦ મી માર્ચ સને ૧૮૬૫)

૪ પુરાવો—સાપ્રાધ વિશ્વાસઘાત—ચોરીની મીલકત બદદાનતથી લેવી તે—સાપ્રાધ વિશ્વાસઘાતના ગુન્હાને માટે જે પુરાવા ઉપરથી કોઈ માણસને છોડી દેવામાં આવ્યો હોય તેજ પુરાવા ઉપરથી ચોરીની મીલકત બદદાનતથી રાખવાને માટે તેને ગુન્હેગાર ઠરાવી શકાય છે, રાણી વિ० જે. જે. રેથીલાઈન, ૪ વિ. રી. ૨૧.

(મી० ગ્લોવર જડજની રૂબરૂ, તા० ૭ મી નવંબર સને ૧૮૬૫)

૫ પુરાવો—કેદીનો મચકુર—કબુલાત તરીકે અથવા જુબાની તરીકે લીધેલો કેદીનો

મજકુર પુરાવામાં દાખલ કરી શકાયછે. રાણી વિ૦ સુનીચર, ૫ વિ. રી. ૧.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૪ થી જાનેવારી સને ૧૮૬૬.)

૬ પુરાવો—હકીકત સંબંધી પુરાવો–ગુન્હાની સાબીતી—જડજે અનુમાન કરી ગુન્હેગાર ઠરાવેલો તે—તોહોમતદારને ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં ગુન્હો સ્પષ્ટ રીતે સાબીત થવો જોઈએ, અને પોલીસને ઘણી મુસીબત પડી હતી તે ઉપરથી લુલા કેસને મજબુતી મળી શકતી નથી. નાશી જવું એ ઘણું કરીને ગુન્હો કર્યાનો જુજ પુરાવો ગણાય છે. વાસ્તવીક રીતે અને પુરતો પુરાવો હોય તોજ ગુન્હેગાર ઠરાવવો જોઇએ, પણ ફકત "અનુમાન ઉપરથી ગુન્હેગાર" ઠરાવવો જોઇએ નહી. રાણી વિ૦ સોરોબરોય, ૫ વિ. રી. ૨૮.

(મેસર્સ મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૬.)

૭ પુરાવો—સેસન કોર્ટમાં શાહેદીઓએ આપેલી જુબાનીઓ માજીસ્ટ્રેટની રૂબરૂ તેઓએ આપેલી જુબાનીઓની સાથે સરખાવવી તે—પ્રથમ તજવીજ કરતી વખતે માજીસ્ટ્રેટે શાહેદીઓની લખી લીધેલી હકીકત તેજ શાહેદીઓએ સેસનમાં બતાવેલી હકીકતની સાથે જુજ સરખાવવી જોઈએ રાણી વિ૦ બીનડાબીન બોઉરી વિગેરે, ૫ વિ. રી. ૫૪.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી માર્ચ સને ૧૮૬૬.)

૮ પુરાવો—સને ૧૮૫૫ ના આકટ ૨ જાની કલમ ૪૮ ફોજદારી રજુઆતને લાગુ પડે તેવી—સીલોનો મુકાબલો કરવો તે—સને ૧૮૫૫ ના આકટ ૨ ની કલમ ૪૮ ફોજદારી રજુઆતોને લાગુ પડે છે. દેશી સીલોને એક બીજા સાથે સરખાવવાની પરીક્ષા ઘણુંકરીને થઈ શકે તેવી નથી તેથી કરીને હમેશાં ઘણી સાવચેતીથી તે લેવી જોઈએ. રાણી વિ૦ અમનઉલાહ મોલાહ, ૬ વિ. રી. ૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુન સને ૧૮૬૬.)

૯ પુરાવો—પોલીસના રીપોર્ટો—પોલીસ રીપોર્ટો પુરાવો નથી પણ તે રીપોર્ટ કરનાર અમલદારની વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાય છે. સરકાર વિ૦ મદનદાસ, ૬ વિ. રી. ૫૨.

(મેસર્સ સેટનકાર અને પંડીત જડજોની રૂબરૂ, તા૦ ૬ અગષ્ટ સને ૧૮૬૬.)

૧૦ પુરાવો—કેદીની અગાઉની ખરાબ વર્તણુક વિશે પોલીસ અમલદારની હકીકત—તોહોમતદારની અગાઉની ખરાબ વર્તણુક વિશે, આસેસરો સાથે ચલાવેલી સેસન કેસની રજુઆતમાં ચોકીદારે બતાવેલી હકીકત ગેરવાજબી રીતે પુરાવામાં દાખલ થએલી તે વિશેની ટીકા. રાણી વિ૦ ગોપાળ ઠાકોર, ૬ વિ. રી. ૭૨.

(મેસર્સ લોચ અને નોરમન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮[illegible].)

૧૧ પુરાવો—મરતી વખતનો ઈકરાર—બળાતકાર સંભોગ—મરનાર માણસે મરતી વખતે કરેલો ઈકરાર બળાતકાર સંભોગના તોહોમતમાં પુરાવામાં લેઈ શકાય છે. રાણી વિ૦ બીસુરનજન મુકરજી, ૬ વિ. રી. ૭૫.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી સપટંબર સને ૧૮૬૬.)

રાણી વિ૦ ખાયરૂલાહના કેસમાં નજર રાખવામાં આવે છે. ૬ વિ. રી. ૨૧. જુઓ પુરાવો ૧૦૧.

રાણી વિ૦ ઉજરેઈસના કેસમાં નજર રાખવામાં આવી. ૩ વા. દી. પ્રાં. ૨૧૨. જુઓ મરતી વખતનો ઈકરાર ૪.

૧૨ પુરાવો—ગુન્હેગારો—સજાને પાત્ર થએલા માણસોની જુબાની ઉપર ભરોંસો રાખતાં પેહેલાં તે જુબાનીઓ લક્ષપૂર્વક રીતે પારખવી જોઈએ અને તેનો તપાસ કરવો જોઈએ. રાણી વિ૦ રીઅઝઅલી ઉરફે દીઓખાન, ૬ વિ. રી. ૭૭.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી સપટંબર સને ૧૮૬૬).

૧૩ પુરાવો—કમીટ કરવાનાં કારણો બતાવેલાં તે—કમીટ કરનાર અમલદારે કેસ કમીટ કરવાનાં કારણોમાં કેદી ગુન્હેગાર છે એવું કારણ બતાવ્યું હોય તો તે કારણો કેદીની રૂબરૂ કમીટીંગ અમલદારની સોગન ઉપર જુબાની લીધા સીવાય તેની વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાય નહીં, રાણી વિ૦ હરીપ્રસાદ વિગેરે, ૬ વિ૦ રી૦ ૮૫.

(મેસર્સ લોચ જડજની રૂબરૂ, તા૦ ૨૨ મી નવંબર સને ૧૮૬૬).

૧૪ પુરાવો—એકઠા પ્રતિવાદીઓ—એક જાતના માણસોનું હીત ના રહ્યું હોય તો એકઠા ગુન્હેગાર થએલા ઘણા કેદીઓમાંના એક કેદીને એકઠા પ્રતિવાદીઓ તરફથી અથવા તેઓની વિરૂદ્ધ સાહેદ તરીકે બોલાવી શકાય. રાણી વિ૦ અશરફ શેખ વિગેરે, ૬ વિ૦ રી૦ ૯૧.

(મેસર્સ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસેંબર સને ૧૮૬૬).

રાણી વિ૦ ભીકુસીંગના કેસમાં બાહાલ રાખવામાં આવ્યો. ૭ વિ૦ રી૦ ૭૨. જુઓ જ્યુરી ૩૨.

મોહેશચંદર કોપોલી વિ૦ મોહેશચંદરદાસના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. ૧૦ ક. લો૦ રી૦ ૫૫૩. જુઓ પુરાવો ૬૧.

રાણી વિ૦ કરીમબક્ષના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૨ અ. ૩૮૬. જુઓ પુરાવો ૪૯.

૧૫ પુરાવો—મજબુતી—પોલીસ•સુપ્રિનટેન્ડેન્ટની ઓફીસમાંથી પોલીસનો મુળનો રીપોર્ટ મંગાવી તે જોઇ કેદીની વિરૂદ્ધ પુરાવા તરીકે સેસન કોર્ટ લેઈ શકે નહીં. સને ૧૮૫૫ ના આકટ બીજાની કલમ ૩૧ માં બતાવ્યા કરતાં બીજી રીતે કોર્ટ અને અમલદારની રૂબરૂ કહેલી હકીકત જુબાનીની મજબુતીને માટે પુરાવામાં લેઈ શકાય. પણ આવી હકીકત જે માણસે પુરાવામાં લીધી હોય તે અથવા જે માણસે આપતી વખતે સાંભળી હોય તે માણસે બરાબર નિયમસર રીતે સાબીત કરવી જોઈએ. રાણી વિ૦ બેરોનનાથ અને બીજો, ૭ વિ૦ રી૦ ૩૧.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭).

૧૬ પુરાવો—પુરાવો નહીં હોવાથી માજીસ્ટ્રેટે છોડી મુકેલા તોહોમતદારને સાહેદી કરેલો તે—જે માણસને શક ઉપરથી ગુન્હેગાર ઠરાવ્યો હોય અને તેને પછીથી માજીસ્ટ્રેટે પુરાવો નહીં માલમ પડવાથી છોડી મુકયો હોય તો તે માણસને પછીથી ફરીઆદીના સાહેદી તરીકે બોલાવવાને કોઈ કાયદા અથવા નિયમથી બાધ આવતો નથી. રાણી વિ૦ બેહારીલાલ બોસ. ૭ વિ૦ રી૦ ૪૪.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૬૭).

રાણી વિ૦ અશગરઅલીના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૨ અ. ૨૬૦ જુઓ સોબતી ગુન્હાનો ૩૦.

રાણી વિરૂદ્ધ ગોર મોહનસીંઘના કામમાં રદ થઇ ગયો. ૧૬ વિ૦ રી૦ ૪૪. જુઓ જુઠું તોહોમત ૩૮.

૧૭ પુરાવો—કેદીની હકીકત પોલીસે દુરથી સાંભળેલી તે—પોલીસ પાસે હાજર છે એવું નહી જાણીને અને તેના કાંઈપણ દબાણ સીવાય કેદીએ બીજી ઓરડીમાં બતાવેલી હકીકત કોઈ•પોલીસે દુરથી સાંભળી હોય તો, તે પોલીસે આપેલી જુબાની કાયદેસર કામના પુરાવામાં લેઈ શકાય છે. રાણી વિ. સાગીરા અને બીજો, ૭ વિ. રી. ૫૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી એપ્રીલ સને ૧૮૬૭).

૧૮ પુરાવો—મનુષ્ય હરણ—ગુણકાના ધંધાને માટે છોડીઓ વેચવી તે—હરણ થયેલી છોડીની જુબાની જો બરોબર ભરોંસા લાયક હોય તો મનુષ્ય હરણના ગુન્હાને માટે તે કાયદેસર પુરતો પુરાવો છે. ગુણકા કરવાને માટે વેચવું અને મનુષ્ય હરણ એ બંને ગુન્હાઓને માટે જુદી સજાઓ કરવી તે કાયદેસ

ર ગણાય છે. રાણી વિ. દુરગા ડોસ વિગેરે, ૭ વિ. રી. ૬૮.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી મે સને ૧૮૬૭).

૧૯ પુરાવો—જુબાનીઓ—સેસન જડજની રૂબરૂ કામ ચાલતી વખતે, સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૯ મુજબ કોઇ જુબાની પુરાવામાં લીધી હોય તો જુબાનીમાં બતાવેલી બાબતનો કામ માં સ્પષ્ટ પુરાવો મળી આવવો જોઇએ કે જેથી તે જુબાની કાયદેસર પુરાવો ગણી શકાય. રાણી વિરૂદ્ધ ભીકન ડોસ, ૭ વિ. રી. ૭૮.

(મી૦ મેકફરસન જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી મે સને ૧૮૬૭).

૨૦ પુરાવો—કબજો—જુબાની આપનાર સાહેદીઓની નજર આગળ ના હોય તેવી ચીજોની ઓળખાણ, તે ચીજોના કબજા માટે તોહોમત રાખેલા માણસની વિરૂદ્ધ પુરાવો ગણાતો નથી. રાણી વિ. મુસામભુમની વિગેરે, ૮ વિ. રી. ૧૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૬૭).

૨૧ પુરાવો—જડજનો ઠરાવ—પુરાવો બીજી જગ્યાએ લીધેલો—સાબીત કરવાનો પુરાવો કેદી પોતે ગુન્હો બનેલો તે વખતે બીજી જગ્યાએ હતો અને ન્યાય ચુકાવવાના ઈરાદાથી તે નાસી ગયો નોહોતો એ વિષે તેને રજુ કરેલો પુરાવો પુરતો છે કે નહી એવું સેસન જડજના ઠરાવમાં બતાવવાની માગણી કરવાનો તેને હક છે. રાણી વિરૂદ્ધ માધોસરનસીંઘ, ૮ વિ. રી. ૧૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૬૭).

૨૨ પુરાવો—માફી આપવાનું વચન આપ્યાથી બતાવેલી હકીકત—માફી આપવાનું વચન આપ્યાથી બતાવેલી હકીકત કેદી વિરૂદ્ધ પુરાવો ગણાતો નથી. રાણી વિ. રાધી આનાથ ડોસાધ, ૮ વિ. રી. ૫૩.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઇ સને ૧૮૬૭).

અલીભાઇ મીઠાની બાબતમાં નજર રાખવામાં આવી. ૮ મું. હા. કો. રી. ૧૦૩. જુઓ માફી ૭.

૨૩ પુરાવો—એક સાહેદી—જે કેસોમાં સજા અથવા હુકમ કાયદા વિરૂદ્ધ હોય છે તે કેસો સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ માં આવી જાય છે. ભરોસો રાખવા લાયક એક સાહેદીની જુબાની હોય તોપણ, કેટલાક બાતલ કરેલા ગુન્હાઓ સીવાય, કોઈપણ ગુન્હાને માટે કાયદેસર પુરતો પુરાવો ગણાય છે. રાણી વિરૂદ્ધ બીન્દુ અને બીજો, ૮ વિ. રી. ૬૦

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૬૭).

૨૪ પુરાવો—ઈંગ્રેજીમાં લીધેલો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૯—કોઈ જુબાની માજીસ્ટ્રેટે ઈંગ્રેજીમાં લીધી હોય અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૯ માં બતાવ્યા પ્રમાણે એવી નોંધ ના કરી હોય કે જુબાની શાહેદીને તેની ભાષામાં વાંચી બતાવવામાં આવી હતી તો એમ ઠરાવવામાં આવ્યું હતું કે કાયદા પ્રમાણે તે એવી કસુર ગણાય છે કે જેથી તોહોમતદારની વિરૂદ્ધ અભીપ્રાય બંધાઇ તેને ઘણું નુકશાન થાય. રાણી વિ૦ ઈસરરોટ વિગેરે, ૮ વિ. રી. ૬૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી અગષ્ટ સને ૧૮૬૭.)

સરકાર વિ૦ મોહેશચંદર બાનરજીના કેસમાં નજર રાખવામાં આવી. ૧૭ વિ. રી. ૩૫. જુઓ પ્રથમની તજવીજ ૪.

રાણી વિ. કાલી સરકાર વિગેરે, ૪ બેં. લો. રી. અપે. ૧. જુઓ ફરીઆદ ૧૭.

૨૫ પુરાવો—રજીષ્ટર કરનાર અમલદારની નોટ—રજીષ્ટર કરનાર અમલદારે તજવીજ કરતી વખતે લખેલી નોટ, કેદીએ તે પ્રસંગે કહેલી બાબતના પુરાવા તરીકે કામમાં દાખલ થઈ શકે નહી. રાણી વિ૦ પરમાનંદ બારીક. ૧૧ વિ. રી. ૧૩.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી માર્ચ સને ૧૮૬૯)

૨૬ પુરાવો—દસ્તાવેજ—ખોટું સમજાવવું તે—કેદીઓ તા૦ ૧૧ મી એપ્રીલ સને ૧૮૬૯ ને રોજ તે જગા છોડી ગયા હતા અને તા૦ ૨૦ મી એપ્રીલે તેઓ પોર્ટકેનીંગ આવી પોહોચ્યા હતા, અને તા૦ ૩૦ મી મેને દિવશે તેઓ પટણામાં નહોતા પણ બીજી જગાએ (એલીબી) હતા એવો જવાબ તેઓએ આપ્યાથી, ફરીયાદીએ બે સ્ટાંપના કાગળો પુરાવામાં રજુ કર્યા. સ્ટાંપના કાગળો, તા૦ ૧૩ મી અને ૧૮ મી એપ્રીલે સ્ટાંપવેન્ડર પાસેથી કેદીઓએ વેચાતી લેઈ તેમાં પોતાની સહી છે એવી ખાત્રી કરી આપી, તેઓએ તા૦ ૨૦ મી એપ્રીલે કોર્ટમાં ફાઇલ કર્યા હતા. આ કાગળોમાં કેદીઓનીજ સહી હતી એ સાબીત કરવાને બીજો કાંઈ પુરાવો આપવામાં આવ્યો નહોતો. આ દસ્તાવેજ ઉપર જડજે જ્યુરીનું ધ્યાન ખેંચી નિચેના શબ્દો લક્ષમાં લેવાનું કહ્યું "જો લખેત દસ્તાવેજ તેમાં બતાવેલી તારીખ પેહેલાં લખવામાં આવ્યો હોય તો તે તા૦ ૧૮ મી એપ્રીલ પેહેલાં લખી શકાય નહી, કારણ કે તેજ તારીખે સ્ટાંપનો કાગળ વેચાણ લેવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે દસ્તાવેજ પુરાવામાં લેવો જોઈતો નોહોતો, અને કેસની હકીકત ખોટી રીતે જ્યુરીને સમજાવવામાં આવ્યાથી કેદીઓને તેઓએ ગુન્હેગાર ઠરાવ્યા છે. રાણી વિ૦ ગજરાજ, ૩ બેં. લો રી. ક્રી. અ. ૪૩.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુલાઇ સને ૧૮૬૯).

૨૭ પુરાવો—કામમાં લેવો તે—સ્માલકાજ કોર્ટના કામનું દફતર—સ્માલકાજ કોર્ટના કામના દફતર ઉપર મુખ્ય જડજની સહી શીવાય તે પુરાવામાં લેઇ શકાય નહીં. રાણી વિ૦ શીબચંદરદાસ, ૬ બેં૦ લો૦ રી૦ ૭૩૦ ન.

(મેસર્સ નોરમન જડજની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૭૦).

રાણી વિ૦ નાકર સીરકારના કેસથી આમાં જુદો અભીપ્રાય લેવામાં આવે છે. ૬ બેં૦ લો૦ રી૦ ૭૨૯. જુઓ પુરાવો ૨૮.

૨૮ પુરાવો—કામમાં લેવો તે—કલકતાની સ્માલ કાજ કોર્ટનું દફતર—કલકતાની સ્માલ કાજ કોર્ટની સમનની ચોપડીમાં મુખ્ય જડજની સહી ના હોય તો પણ તે પુરાવામાં લેઈ શકાય છે. રાણી વિ. નાકર સારકાર, ૬ બેં૦ લો૦ રી૦ ૭૨૯.

(મી૦ પોલ જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧).

રાણી વિ૦ શીબચંદ્રદાસના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવે છે, ૬ બેં૦ લો૦ રી૦ ૭૩૦ ન, જુઓ પુરાવો ૨૭.

૨૯ પુરાવો—ખુન કરવાનો યત્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૭—પોલીસનો પુરાવો ખોટી રીતે કામમાં દાખલ કરેલો તે—એક નાની ઊંમરની બ્રાહ્મણ વિધવાને ગર્ભ રહ્યો હતો. તોહોમતદાર, બાળકને મારી નાખવાની છે એવી પોલીસ ચીફ કોનસ્ટેબલને ખબર મળવાથી તે કેટલાક માણસો લઈ તેણીના ઘરની ઝડતી લેવાને ગયો અને ત્યાં તેને તે સ્ત્રી પરસાળમાં સુતેલી અને નવુ જન્મેલું બાળક મેડા ઉપર લુગડામાં લપેટી તેના ઉપર તપેલું ઊંધું પાડેલું માલમ પડ્યું. સેસન જડજે ખુન કરવાના યત્નનું તોહોમત તેણીના ઉપર રાખ્યું. અપીલ કરવાથી હાઈ કોર્ટે કામમાં જોઇએ તેવો પુરાવો નથી એવું કારણ બતાવી શિક્ષા રદ કરી. વળી આ કેસમાં એમ પણ ઠરાવવામાં આવ્યું હતુ કે " તોહોમતદાર બાળકને મારી નાખવાની છે એવી ખબર મળી હતી " એવી ચીફ કોનસ્ટેબલની હકીકત તોહોમતદાર વિરૂદ્ધ ગેરવાજબી રીતે પુરાવામાં દાખલ કરવામાં આવી હતી. પોલીસના કૃત્ય વીષે ઠપકો આપવામાં આવ્યો. કોઈ માણસે ગુન્હો કરવામાં મદદ કરી હોય અને ગુન્હો થતી વખતે હાજર હોય તો તે ગુન્હાને માટે પીનલકોડની કલમ ૧૧૪ મુજબ મુખ્ય ગુન્હેગાર તરીકે તે

ની રજુઆત ચલાવવી જોઈએ. રાણી વિ૦ ચીમા, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૧૬૪.

(મેસર્સ ગીબ્સ અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુલાઇ સને ૧૮૭૧).

૩૦ પુરાવો—સોગન આપેલા સમજાવ નારાઓ—સને ૧૮૬૧ ના ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૮—જુબાની આપનાર માણસને તેની જુબાની સમજાવવાને માટે નિયમસર રીતે સોગન આપેલો સમજાવનાર માણુસ રાખવાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૮ મુજબ કાંઈ જરૂર નથી. રાણી વિરૂદ્ધ માનમંડળ અપેલેન્ટ, ૧૬ વિ૦ રી૦ ૬૧.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૭૧).

૩૧ પુરાવો—ફરીઆદી તરફનો પુરાવો પુરો થયા પછી તોહોમતદાર એજ માણુસ છે એ વિષેનો પુરાવો—તોહોમતદાર તેજ છે એવું શાહેદીઓએ સોગન ઉપર બતાવેલું, કામમાં કોઈ રીતે સાબીત ના થાય તો ફરીઆદી તરફનો પુરાવો પુરો થયા પછી, તોહોમતદાર તેજ છે એ વિષેનો કાયદેસર પુરતો પુરાવો ગણાશે નહી. જાંકી વિગેરે અરજદારો, ૧૮ વિ. રી. ૩૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુલાઈ સને ૧૮૭૨).

૩૨ પુરાવો—સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૩૨ કલોઝ ૨—સલાહનો પત્ર—ઈસ્ટ ઈંડીઆ રેલવે કંપનીને બાહાર ગામ લેઈ જવાને કેટલોક માલ સોંપેલો મેળવવાના ઈરાદાથી ખોટી રેલવેની પોહોંચ બનાવવાને માટે કેદી ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતુ. માલ મોકલનારે જે માણસને માલ મોકલેલો તેના ઉપર સલાહ તરીકે લખેલા કાગળથી માલ આપવાનું સાબીત કરવામાં આવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે સલાહનો કાગળ પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૩૨ ના કલોઝ ૨ મુજબ કોઈપણ રીતે પુરાવામાં લેઇ શકાય નહી. રાણી વિરૂદ્ધ ત્રીનીચરનડે, ૯ બેં૦ લો૦ રી૦ અપે૦ ૪૨.

(મી૦ મેકફરસન જડજની રૂબરૂ, તા૦ ૨૧ મી સપટંબર સને ૧૮૭૧).

૩૩ પુરાવો—મરનારની હકીકત—ખુન—ખુનના કેસમાં મરનારે પોતાના પાડોશીઓ અને હેડ કોનસ્ટેબલની રૂબરૂ કહેલી હકીકત પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૩૨ ના કલોઝ ૧ લા મુજબ પુરાવામાં દાખલ કરવામાં આવી હતી; કારણુ કે હકીકત બતાવનાર માણુસને હકીકત બતાવતી વખતે મોત થવાની આશા હોય અગર ના હોય તોપણુ આવી રીતે કહેલી હકીકત પુરાવામાં લેઈ શકાય છે એવું તે કલમમાં બતાવેલું છે. રાણી વિ. દીગમ્બર ઠાકોર વિગેરે, ૧૯ વિ. રી. ૪૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી માર્ચ સને ૧૮૭૩).

૩૪ પુરાવો—સેસનની રજુઆત—સરકારી વકીલ—સેસન કોર્ટની રૂબરૂ અને કમીટ કરનાર અમલદારની રૂબરૂ આપેલી કોઈ શાહેદીની જુબાનીમાં ઘણોજ તફાવત માલમ પડતો હોય તો તે કોર્ટને બતાવવાની સરકારી વકીલની અથવા જે માણુસ ફરીઆદ ચલાવતો હોય તે માણસની ફરજ છે. રાણી વિરૂદ્ધ ગનશામુનડા વિગેરે, ૨૦ વિ. રી. ૩૮.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૭૩).

૩૫ પુરાવો—શિક્ષા—વધારે પુરાવો—રજુઆત—માજીસ્ત્રેટે પોતાની હકુમતવાળી કોઇપણ બાબતમાં તોહોમતદારને કાયદેસર ગુન્હેગાર ઠરાવ્યો હોય અને પછીથી માલમ પડેલા નવા પુરાવા ઉપરથી પ્રથમ તોહોમત રાખેલા ગુન્હા કરતાં બીજા કોઈ ગુન્હાનું તોહોમત રાખી શકાય એમ માલમ પડે તો પ્રથમનો ગુન્હો રદ કરી શકાતો નથી. રાણી વિ૦ રામડોયલ માહરા, ૨૧ વિ૦ રી૦ ૪૭.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૭૪).

૩૬ પુરાવો—તોહોમતદારોની હકીકત—જે શાહેદીઓ વિશ્વાસ રાખવા લાયક નથી એવું જ્યુડીશીઅલ કમીશનરે ધાર્યું હતું તે સાહેદીઓએ આપેલા પુરાવા સીવાય ફરીઆદી તરફનો બીજો પુરાવો નહી હોવાથી એમ ઠરાવવામાં આવ્યું હતું કે સામા પક્ષકાર જેમના ઉપર પણ હંગામાનું તોહોમત રાખવામાં આવેલું તેમની હકીકત ઉપરથી જે કેદીઓ ઉપર હંગામાનું તોહોમત રાખવામાં આવ્યું હતું તે કેદીઓને ગુન્હેગાર ઠરાવતા જોઈએ નહી, કારણ કે આવી હકીકત તોહોમતદાના વિરૂદ્ધ આ કેસમાં પુરાવામાં લેઇ શકાતી નથી. રાણી વિરૂદ્ધ ખકરીઉરામ વિગરે, ૨૧ વિ. રી. ૪૮.

(મેસસ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી માર્ચ સને ૧૮૭૪).

૩૭ પુરાવો સેસન જડજ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૯—તોહોમતદાર ઉપર ખુનનું તોહોમત રાખેલા કેસમાં ફરીઆદીના શાહેદીઓએ આપેલો પુરાવો જુઠો છે એવું સેસન જડજે ધારયા છતાં પણ કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ તે શાહેદીઓએ આપેલી જુબાનીઓ ઉપર ભરોસો રાખીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૯ મુજબ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આ કેસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૯ લાગુ પડતી નથી; તે કલમમાં આપેલો મરજી મુજબ અધીકાર, કોર્ટની રૂબરૂ સાબીત થયેલી ખરેખરી વાસ્તવીક બાબતો જે ઉપરથી સત્ય બાબત કોર્ટને વાજબી રીતે માલમ પડી આવે, તેવી બાબતોમાં બજાવવો જોઈએ, પણ ફક્ત અનુમાન કરી તે બજાવવો જોઈએ નહી, અને તોહોમતદારની રૂબરૂ માજીસ્ત્રેટે લીધેલો પુરાવો ખરો છે એવું માનવાનાં ખાસ અને અમુક કારણો મળી આવે અને કેટલેક દરજ્જે તેવા પુરાવાને જડજની રૂબરૂ લેવાએલી સ્વતંત્ર જુબાનીઓથી મજબુતી મળતી હોય તો તેના ઉપર આધાર રાખી ઉપલી કલમ મુજબ જડજ પોતાનો ઠરાવ કરી શકે છે. રાણી વિ૦ અમનઉલાહ. ૨૧ વિ. રી. ૪૯; ૧૨ બેં. લો. રી. અપે. ૧૫.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી માર્ચ સને ૧૮૭૪.)

રાણી વિ૦ કાલચંદ સીરકારના કેસમાં નજર રાખવામાં આવી. ઈ. લો. રી. ૧૩ ક. ૫૩. જુઓ

રાણી વિ૦ દાનસાહાઈના કેસમાં નજર રાખવામાં આવી. ઈ. લો રી. ૭ અ. ૮૬૨. જુઓ પુરાવો ૭૪.

૩૮ પુરાવો—ફરીઆદ—શિક્ષા—ફરીઆદીએ કહેલી હકીકત ઉપરથી ગુન્હેગાર ઠરાવવુ કાયદેસર ગણાય છે. કુલમમંડળ વિ૦ ભવાનીપ્રસાદ વિગેરે, ૨૨ વિ. રી. ૩૨.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૭૪.)

રાણી વિ૦ લાલચંદ કાઉરાહચોકીદારના કેસમાં નજર રાખવામાં આવે છે. ૫ વિ. રી. ૨૩. જુઓ જુદો પુરાવો ૧૬.

૩૯ પુરાવો—પોલીસ અમલદારની હકીકત—જ્યુરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૨ કલોઝ ૮—જે પોલીસ અમલદાર અહીં તહીં રખડીને જુદા જુદા માણસો પાસેથી ખબર મેળવે અને પછીથી તે કોર્ટની રૂબરૂ બીજાને કહે તે પોલીસ અમલદારે કહેલી હકીકત પુરાવાના સને ૧૮૭૨ ના આક્ટ ૧ લાની કલમ ૩૨ ના કલોઝ ૮ મુજબ પુરાવામાં લેઇ શકાતી નથી. તે કલોઝનો અર્થ એવો થાય છે કે ઘણા માણસોએ એકઠા મળી કાંઈ સાધારણ હકીકત કહી હોય જે, હકીકત કહેતી વખતે તેઓના મનની મનોવૃતીઓ અને અસર બતાવતી હોય તો, તે હકીકત શાહેદીઓથી પુરાવામાં આપી શકાય છે. જ્યુરી પસંદ કરતી વખતે સેશન જડજે જેમ બને તેમ સ્વતંત્ર વિચારના, બુદ્ધિવાળા અને અનુભવી માણસો શોધી કાહાડવા જોઇએ. રાણી વિ૦ રામદત્ત ચોધરી, ૨૩ વિ. રી. ૩૫.

(મેસર્સ જેક્શન અને મેકડોનલ્ડ જડજોની ૩બરૂ, તા૦ ૨૧ મી ડીસેંબર ૧૮૭૪)

૪૦ પુરાવો—કારખાનાના હીસાબના ચોપડાઓ—સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૩૪—કારખાનાના ચોપડાઓ તેમાં લખેલી રકમોના સ્વતંત્ર પુરાવા તરીકે ગણાશે નહી. રાણી વિ. હરડીપસાહેબ, ૨૩ વિ. રી. ૨૭.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની ૩બરૂ, તા૦ ૨૬ મી જાનેવારી સને ૧૮૭૫.)

૪૧ પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૯—સેસન ની રજુઆત—શાહેદીઓની જુબાનીઓ ફરીથી લીધા સીવાય માજીસ્ટ્રેટે લીધેલી જુબાનીઓ ઉપર આધાર રાખીને સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૯ મુજબ સેસન કોર્ટ ઠરાવ આપી શકે નહી. રાણી વિ, માનજોહરરોય, ૨૪ વિ. રી. ૧૧.

(મેસર્સ માર્કબાય અને મોરીસ જડજો ની ૩બરૂ, તા૦ ૧૦ મી જુન સને ૧૮૭૫.)

૪૨ પુરાવો—નહી લખી લીધેલો પુરાવો—ડેપ્યુટી માજીસ્ટ્રેટે લખી લીધેલા પુરાવા ઉપર આધાર નહી રાખતાં પાછળથી તે જગાએ લીધેલો પુરાવો જે લખી લેવામાં આવ્યો નોહોતો તેના ઉપર આધાર રાખી ગુન્હો ઠરાવેલો હાઇ કોર્ટે રદ કર્યો, કારણ કે પછીનો નહી લખી લેવામાં આવેલો પુરાવો અપીલમાં જોઈ શકાય નહી. શ્રીપટીચરન સીરકાર અરજદાર, ૨૪ વિ. રી. ૧૪.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની ૩બરૂ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૭૫).

૪૩ પુરાવો—અખતીયાર સીવાય લીધેલા પુરાવા ઉપરથી ગુન્હો ઠરાવેલો તે—અખતીઆર સીવાય ગુન્હેગાર ઠરાવેલો રદ કરી જે કોર્ટ સામે ગુન્હો કરવામાં આવ્યો હતો તે કોર્ટની ફરીઆદ કરવાને પરવાનગી નહી લીધાથી, રીત મુજબ પરવાનગી લેઈ તોહોમતદારને ફરીથી પકડી તેનો જવાબ લીધા સીવાય પ્રથમ કરેલી સજા ભોગવવાને હુકમ કરવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યુ કે સવળો મુકરદમો કાયદા વિરૂદ્ધ હતો. એડુખાન સામાહ, ૨૪ વિ. રી. ૬૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની ૩બરૂ, તા૦ ૯ મી નવંબર સને ૧૮૭૫).

૪૪ પુરાવો—ગેરવાજબી રીતે જુબાની રદ કરેલી તે—માજીસ્ટ્રેટે લીધેલો પુરાવો સેસન કોર્ટે કામ ચાલતી વખતે દાખલ કરેલો તે—જ્યુરીથી છીનાળાના કેસની રજુઆત થએલી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૮—કેદી તરફથી પોલીસ ઈનસ્પેકટરની જુબાની સેસન જડજે લેવાની પરવાનગી નહી આપ્યાથી તે તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થયું હતું; અને ઘણાજ અગત્યના શાહેદીને તપાસવાનો કેદીને વખત આપ્યા સીવાય ડેપ્યુટી માજીસ્ટ્રેટે લીધેલા પુરાવો કામમાં દાખલ કરવામાં આવ્યાથી હાઈ કોર્ટે ગુન્હો રદ કરી નવી રજુઆત ચલાવવાનો હુકમ કર્યો. પીનલકોડની કલમ ૪૯૭ મુજબ છીનાળાનું તોહોમત રાખેલા કેસની રજુઆત આસેસરોથી થવી જોઈએ અને જ્યુરીથી નહી થવી જોઈએ એ બાબત ઉપરથી, જ્યુરીની ૩બરૂ છીનાળાને માટે ગુન્હેગાર ઠરાવી કાયદેસર સજા કરવામાં આવી હોય તો તેને કાંઇ અસર થતી નથી. સવાલ—છીનાળાના કેસમાં ધણીની રીતસર કબુલાત તેની જુબાનીની છેવટ વંચારવામાં આવી હોય તો સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૭૮ મુજબ શું બરાબર ગણાય છે? રાણી વિ. લખીનારાયણ નાગોરી, ૨૪ વિ. રી. ૧૮.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની ૩બરૂ, તા૦ ૨૮ મી જુન સને ૧૮૭૫).

૪૫ પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૮, ૨૯૭—જુબાની લખી લેવાની રીત સાથેના ગુન્હાઓ—હાઈ કોર્ટનો અધીકાર—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૨૮ મુજબ દરેક જુબાનીનો સાર લખી લેવાને માજીસ્ટ્રેટ બંધાએલો નથી પણ શાહેદીએ આપેલી જુબાનીનો શો સાર છે એ સાધારણ રીતે લખવાને તે બં

ધાએલો છે; જે ગુન્હો કરેલો નથી તે ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવો તે કાયદા વિરૂદ્ધ છે એવા અગાઉ બતાવેલા નિયમ મુજબ એમ ઠરાવવામાં આવ્યું હતું કે ગંદકી કરવાને માટે તોહોમતદારનો સજા તરીકે દંડ ઠરાવ્યો હોય અને વધારામાં ગંદકી કાઢી ના નાંખે ત્યાં સુધી હમેશાં તેનો દંડ ઠરાવ્યો હોય તો તે કાયદા વિરૂદ્ધ છે. કાયદેસર સજા કરતી વખતે ઉપર જેવા કેસમાં દરમીઆન થઇ કાયદા વિરૂદ્ધ જે હુકમ કરવામાં આવ્યો હોય તે રદ કરવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ હાઈ કોર્ટને અધીકાર છે. ક્રીસ્ટો ઘોનડટ વિરૂદ્ધ કલકત્તાના મ્યુનીસીપાલ કમીશનરોનો ચેરમેન, ૨૫ વિ. રી, ૬.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી જાનેવારી સને ૧૮૭૬).

સાગરદત્તની બાબતમાં અર્થ કરી બતાવવામાં આવે છે..૧.બેં૦ લો૦ રી૦ ક્રી૦ ૪૧. જુઓ સજા ૧૮.

ડબલ્યુ. એન. લવ અરજદારના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૧૮ વિ૦ રી૦ ૪૪; ૯ બેં. લો. રી. અપે. ૩૫. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૧૪.

કલકત્તાના મ્યુનીસીપાલ કમીશનરોનો ચેરમેન વિરૂદ્ધ આનીસદન મીઆહના કેસમાં આધાર રાખવામાં આવે છે ૨૦ વિ૦ રી૦ ૬૪; ૧૨ બેં. લો. રી. અપે. ૨. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૧૫.

૪૬ પુરાવો—કેદીઓની જુબાનીઓ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૦—કેદીએ પોતાને નિર્દોષ ઠરાવે એવી અને તેના સોબતીઓને ગુન્હામાં સામેલ કરે તેવી હકીકત કમીટીંગ અમલદારની રૂબરૂ બતાવી હોય તો તે પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૩૦ મુજબ પુરાવામાં લેઈ શકાય નહી. રાણી વિરૂદ્ધ કેશબજુનીઆ વિગેરે, ૨૫ વિ. રી. ૮.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી જાનેવારી સને ૧૮૭૬).

અશુટોશ ચકરબત્તીના કેસમાં નજર રાખવામાં આવી. ૩ ક૦ લો૦ રી૦ ૨૭૦; ઇ૦ લો૦ રી૦ ૪ ક. ૪૮૩. જુઓ કબુલાત ૧૯.

૪૭ પુરાવો—નવો પુરાવો—ડેપ્યુટી માજીસ્ટ્રેટે પોતાની રૂબરૂ લીધેલા પુરાવા ઉપર મત આપેલો તે મત ઉપર માજીસ્ટ્રેટને ખાત્રી નહી થવાથી તેણે ફકત એક મુદ્દા ઉપર નવો પુરાવો લેવાને માટે કેસ પાછો મોકલ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટ કાયદા વિરૂદ્ધ ચાલ્યાથી તેણે પછીથી ચલાવેલો સઘળો મુકરદમો પણ કાયદા વિરૂદ્ધ થયો. નુરમહમદ વિગેરે અરજદારો, ૨૫ વિ. રી. ૩૧.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી એપ્રીલ સને ૧૮૭૬).

કીસ્તોરામ મોહારા વિ. એનીસના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૨૦ વિ. રી. ૪૭. જુઓ છુટકો ૧૯.

૪૮ પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૫—પુરાવો લખી લેવો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૧ મુજબ કાઢેલો હુકમ પહોંચવાથી કોઈ માણુસ હાજર થઇ માજીસ્ટ્રેટે કરેલા ઠરાવને તાબે થયો હોય તો, કલમ ૫૨૫ મુજબ પુરાવો લેવાને માજીસ્ટ્રેટ બંધાએલો છે. આવા કેસમાં કલમ ૫૨૫ ના ત્રીજા પેરેગ્રાફમાં બતાવ્યા પ્રમાણે પીનલકોડની કલમ ૧૮૮ મુજબ સજા થઈ શકે નહી. નીમીચરનડે વિગેરે વિરૂદ્ધ કાશીનાથ રખીટ વિગેરે, ૨૬ વિ૦ રી૦ ૭.

(મેસર્સ માર્કબાય અને એનસલી જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી અગષ્ટ સને ૧૮૭૬).

૪૯ પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૪૯, ૨૭૨—અપીલ ચાલતા સુધી કેદ કરવું તે—અપીલના સામાવાળાએ આપેલો પુરાવો એકજ ગુન્હામાં સામેલ થયેલા બીજા કોઈ માણુસ સામે પુરાવામાં લેવા તે—ગુન્હાનો સોબતી—સને

૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૧૧૮ —એકજ ગુનહામાં સામેલ થવાને માટે क અને ख નામના બે માણસો ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. क ને પેહેલાં પકડી તેના ઉપર રાખેલા તોહેમતની માજીસ્ટ્રેટે તજવીજ કરી તેને રજુઆતને માટે સેસન કોર્ટમાં કમીટ કરયો, પણ સેસન કોર્ટે તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. આ હુકમની સામે સ્થાનીક સરકારે અપીલ કરવાથી માજીસ્ટ્રેટે અપીલનુ છેવટ આવતાં સુધી તેને કેદમાં રાખવાના ઈરાદાથી પકડી મંગાવ્યો. क નામનો માણસ કેદમાં હતો તે વખતે માજીસ્ટ્રેટે ख ઉપર રાખેલા તોહોમતની તજવીજ ચલાવી, क ને ફરીઆદી તરફનો સાહેદી ગણી કામ રજુઆતને માટે સેસન કમીટ કર્યું. ख ની રજુઆત ચાલતી વખતે क ની જુબાની લેવામાં આવી હતી. મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસે (મી૦ સ્પેંકી જડજને શક પડવાથી) એમ ઠરાવ્યું કે क ને કાયદેસર પકડવામાં આવ્યો હતો અને તેની જુબાની ख ની સામે પુરાવામાં લેઈ શકાય છે. મી૦ સ્પેંકી જડજે એમ ઠરાવ્યું કે માજીસ્ટ્રેટે क ને તોહોમતદાર તરીકે ગણ્યો અને તેને કાયદેસર પકડવામાં આવ્યો હતો એમ ધારીએ તોપણ ख ની વિરૂદ્ધ સાહેદી તરીકે માજીસ્ટ્રેટે તેની જુબાની લેવી જોઈતી નોહોતી; અને क ને કાયદા વિરૂદ્ધ પકડયો હતો અને જુબાની આપતી વખતે તે સ્વતંત્ર હતો એમ ધારી તેની જુબાની કામમાં લઈએ તો પણ તે એવી જુબાની ગણાતી નથી કે જેના ઉપર કોર્ટે ઘણો ભરોંસો રાખવો જોઈએ. રાણી વિ૦ કરીમબક્ષ, ઈ. લો. રી. ૨ અ. ૩૮૬.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુન સને ૧૮૭૯).

રાણી વિ૦ અશરૂક શેખના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૬ વિ૦ રી૦ ૫૧. જુઓ પુરાવો ૧૪.

રાણી વિ૦ ગોબીન ટેવારીના કેસમાં આધાર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ ૧ ક. ૨૮૧. જુઓ પકડવું અપીલ ચાલતાં સુધી૧.

૫૦ પુરાવો—" સાહેદી ન આપી શકે તેવો "—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૩૩ – કોર્ટની મરજી—પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૩૩ માં " સાહેદી ન આપી શકે તેવો " એ શબ્દોનો અર્થ એવો થાય છે કે અશકતી થોડા વખતની નહીં પણ લાંબી મુદતની હોવી જોઇએ; અને સાહેદી આપી શકે તેવા નથી એવું કોઈ સાહેદી વિષે સાબીત થયું હોય તો તેની જુબાની કામમાં લેવી એ કોર્ટની મરજી ઉપર નથી પણ કોઈ સાહેદી ઓચિંતો ગેરહાજર રહ્યો હોય અથવા બીજા કારણને માટે ગેરહાજર હોય અને " ઘણી ઢીલ અથવા ઘણો ખરચ જે કેસની હકીકત જોતાં કોર્ટને કરવા વાજબી જણાય નહીં તેવો ખર્ચ કરયા શીવાય તે સાહેદી હાજર થઇ શકે એવું ના હોય " તેવી બાબતમાંજ આવો મરજી મુજબ અખતીઆર કોર્ટને આપવામાં આવ્યો છે. પીઅરીલાલ અને બીજો. ૪ ક. લો૦ રી૦ ૫૦૪.

(મેસર્સ મોરીસ અને વાઈટ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુન સને ૧૮૭૦).

રાણી વિ૦ અસગર હુસેનના કેસથી આમાં જુદો અભીપ્રાય લેવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૭૭૪; ૮ ક લો૦ રી૦ ૧૨૪. જુઓ ફરીઆદી તરફના સાહેદીઓ ૧૫.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ—

રાણી વિ. માવજન ઉરફે નેઇપખાન, ૨૦ વિ. રી. ૬૯. જુઓ પુરાવો ૮૯.

રાણી વિ૦ લખન સાંથલ, ૨ વિ. રી. ૫૬. જુઓ પુરાવો ૮૨.

૫૧ પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૮—એક કેદીએ જોડે રજુઆત થએલા બીજા કેદી સામે જુબાની આપેલી તે – એકજ કૃત્યમાંથી બનેલા જુદા જુદા ગુન્હાઓને માટે એ કેદીની

એકઠી રજુઆત ચલાવવામાં આવે તો એક કેદીને બીજાની વિરૂદ્ધ શાહેદી તરીકે તપાસવો ગેરવાજબી અને ગેરકાયદેસર ગણાય છે. એ. ડેવીડની બાબતમાં, ૫ ક. લો. રી. ૫૭૪.

(મેસર્સ મોરીસ અને ?ીનસેપ જડજો ની રૂબરૂ, તા૦ ૨ જી ફેબ્રુઆરી ૧૮૮૦.)

૫૨ પુરાવો દાખલ કરવો તે—દિવાની દાવાના ફેંસલામાંથી ફોજદારી'બને તે—**મ** ના મના કોઈ માણસે ખત લખી આપનારાઓ ઉપર દાવો કરેલો તેમાં કોર્ટે ફેંસલામાં બતાવેલાં કારણો ઉપરથી એમ ઠરાવ્યું કે ખત લખી આપનારાઓની સહીઓ ખરી નથી, તેથી ખોટા લેખનું તોહોમત રાખી ફરીઆદ કરવાનો હુકમ કર્યો. જ્યુરીની રૂબરૂ **મ** ની રજુઆત ચાલતી વખતે દિવાની કોર્ટનો ઠરાવ ફરીઆદી તરફથી પુરાવામાં દાખલ કરવામાં આવ્યો હતો, અને સેસન જડજે જ્યુરીને કેસ સોંપતી વખતે તેમાંની બાબતો ઉપર ટીકા કરી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે આ ઠરાવ કામમાં કાયદા વિરૂદ્ધ દાખલ કરવામાં આવ્યો હતો. રાણી વિ. ગોગનચંદ ઘોસ, ઈ. લો. રી. ૬ ક. ૨૪૭; ૭ ક. લો. રી. ૭૪.

(મેસર્સ વાઇટ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુલાઇ સને ૧૮૮૦.)

૫૩ પુરાવો—મોતનાં કારણ વિશે મરનારે કહેલી હકીકત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૨-ખુનથી ઉત્તરતા દરજ્જાના શિક્ષાણીય મનુષ્યવધને માટે તોહોમત રાખેલા કેસમાં એ સવાલ હતો કે મોત મારવાથી થયું હતું કે નહી? એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારે માર્યો હતો એવી મરનારે બતાવેલી હકીકત, મારવાથી પ્રાણઘાતક અસર થઈ હતી એવું હકીકત કહેતી વખતે મરનાર જાણતો હતો એ શાબીત કર્યા શીવાય, પુરાવાના આકટની કલમ ૩૨ મુજબ કામમાં દાખલ કરી શકાય છે. રાણી વિ. બલીચીનડન, ૬ ક. લો. રી. ૨૭૮.

(મીં૦ વીલસન જડજની રૂબરૂ, ૧૮૮૦.)

૫૪ પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૩૯, ૩૪૦—સાહેદીઓ સમજી ના શકે તેવો પુરાવો—**જામીન** લેવા તે આગળ ઉપર બતાવેલી તારીખે **સજા ભોગવવી** તે અપીલ ચાલતાં સુધી કેદીઓના જામીન લીધેલા તે—**સને** ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૩૯ નો લાભ ફકત સાહેદીઓને મળવાથી તેઓ વાંચી સંભળાવતી વખતે પોતાની જુબાનીઓ સમજી શકયા નહીં અને જો કે તેઓને તે વખતે તરજુમો કરી સમજાવવામાં આવી નો હોતી તોપણ એ બાબત ઉપરથી તોહોમતદારને ગુન્હો રદ કરવાની અરજી કરવાનું કારણ મળતુ નથી. કોઈ માજીસ્ત્રેટે જુદી જુદી મુદતની કેદની સજા બે કેદીઓને ઠરાવીને તેઓ અપીલ કરી શકે તેટલા માટે તેઓના જામીન લીધા. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતે જામીન લેવાથી પ્રથમ કરેલી સજા આગળ ઉપર ભોગવવાની છે એમ ગણાતું નથી અને તેથી તે કાયદા વિરૂદ્ધ નથી. ઓખોયકુમારની બાબતમાં, ૭ ક. લો. રી. ૩૯૩.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને મેકલીન જડજોની રૂબરૂ, સને ૧૮૮૦).

કેશન સુંદર ભટ્ટાચારજીની અરજીની બાબતમાં તફાવત બતાવવામાં આવે છે. ૧૨ વિ૦ રી૦ ૪૭, જુઓ સજા ૨૬.

૫૫ પુરાવો—કામમાં લેવો તે—ગેરવાજબી લાંચ લેવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૬૧, ૧૬૫—પાછળથી સબંધ નહીં રાખે તેવી વસ્તુ લીધાનો પુરાવો—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમો ૫ થી તે ૧૩ અને ૧૪—**સી. અને કે.** નામની કંપની પાસેથી સને ૧૮૭૬ ની સાલમાં ત્રણ અમક પ્રસંગે લાંચ લેવાને માટે તોહોમતદાર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. સને ૧૮૭૬, ૧૮૭૭ અને ૧૮૭૮ ની સાલમાં **સી. અને કે.** કંપની લશકરી સબંધી માલના કંટરાકટરો તરીકે વેપાર કરતા હતા, અને તોહોમતદાર તે હારીસનો મેનેજેર હતો. એમ ઠરાવવામાં આવ્યું કે **સી. અને કે.** ના

મની કંપની પાસેથી સને ૧૮૭૭ અને ૧૮૭૮ ની સાલોમાં લાંચ લેવાના સબંધ નહીં રાખે તેવા દાખલાઓને પુરાવો, પુરાવાના આકટની કલમો ૫ થી તે ૧૩ મુજબ તોહોમતદારના વિરૂદ્ધ પુરાવામાં દાખલ થઈ શકે નહીં. મે સર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને મેકલીન જડ જોએ ઠરાવ્યું કે કલમ ૧૪ મુજબ પુરાવો કામમાં લેઈ શકાય નહીં. મી૦ ગાર્થ ચીફ જસ્ટીસનો મત—જે કેસોમાં કૃત્ય કરનાર માણસના મનની સ્થિતી અથવા મનોવૃતી પ્રમાણે થોડુ અગર વધારે ગુન્હો બને તેવું હોય તેવા કેસોને કલમ ૧૪ લાગુ પડે છે; પણ જે કેસોમાં ગુન્હાનો અથવા નિરપરાધીપણાનો સવાલનો આધાર મુખ્ય બાબતો ઉપર હોય, અને કોઈપણ માણસના મનની સ્થિતી અથવા મનોવૃતિ ઉપર ના હોય તેવા કેસોને ઉપલી કલમ લાગતી નથી. મી૦ મીતર જડજનો મત—તોહોમતમાં બતાવેલી લાંચ લીધાનું બીજા પુરાવાથી સાબીત થયું એમ ધારીએ, અને તે લાંચ તોહોમતદારે સરકારી ફરજ બજાવતી વખતે મેહેરબાની દેખાડવાના ઈરાદાથી લીધી હતી કે નહીં એ સાબીત કરવાની જરૂર હોય તો, ઉપર બતાવેલા સને ૧૮૭૭ અને ૭૮ ના કૃત્યો કલમ ૧૪ મુજબ પુરાવામાં લેઈ શકાય; પણ સને ૧૮૭૬ ની સાલની રૂપીઆ આપ્યાની બાબત સાબીત કરવાને માટે તે કામના પુરાવામાં લેઈ શકાય નહીં. રાણી વિ૦ એમ. જે. વયાપુરી મુડલીઅર, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૬૫૫; ૮ ક. લો. રી. ૧૬૭.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી ફેબ્રુઆરી સને ૧૮૮૧.)

૫૬ પુરાવો—"શાહેદી આપી ના શકે તેવો"—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૩—પુરાવાના આકટની કલમ ૩૩માં બતાવેલી શાહેદી આપવાની અયોગ્યતા લાંબા વખતની હોવી જોઈએ. રાણી વિ. અશગર હુસેન, ઈ. લો રી. ૬ ક. ૭૭૪; ૮ ક. લો. રી. ૧૨૪.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૮૧.)

૫૭ પુરાવો—જ્યુરીને સોંપવું તે—પુરાવો ધ્યાનમાં લેવો રહી ગયેલો તે—જડજ કેસ સોંપતી વખતે કેદીના શાહેદીઓની જુબાની ઉપર જ્યુરીનું લક્ષ ખેંચવાને ભુલી ગયો. આ પુરાવો હાઈ કોર્ટને ભરોંસો રાખવા લાયક માલમ પડયો નહી. એમ ઠરાવવામાં આવ્યું કે આવી જડજની ભુલથી કેસ સોંપવામાં કસુર થઇ ગણાતી નથી. રાણી વિ૦ રેચીઆ મોહાટો, ઈ. લો. રી. ૭ ક. ૪૨; ૮ ક. લો. રી. ૨૭૩.

(મેસર્સ પોન્ટીફેક્ષ, અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૮૧.)

૫૮ પુરાવો—કેવી જાતનો પુરાવો જોઇએ તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૫—તોહોમતદાર સામે ગુન્હો કર્યાનો ખરેખરો પુરાવો મળી આવે તેવા કેસોમાંજ એકલો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૫ મુજબ આપેલો અખ્તીઆર બજાવવાનો નથી. પેડાસીવા રેડીની બાબતમાં, ઈ. લો રી. ૩ મ. ૨૩૮.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુલાઈ સને ૧૮૮૧.

૫૯ પુરાવો—પોલીસ અમલદારે કરેલી નોંધ—શાહેદીઓની યાદદાસ્તીમાં લાવવું તે—શાહેદીઓની જુબાની—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૧૯, ૧૨૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૯ મુજબ કોઈ પોલીસ અમલદારે કરેલી નોંધ કેદી પોતાની રજુઆત ચાલતી વખતે યાદદાસ્ત તાજી કરવાને માટે હક તરીકે જોવાને માગી શકે નહી. રાણી વિ. ઉત્તમચંદ કપુરચંદના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. (૧૧ મું. હા. કો. રી. ૧૨૦) રાણી વિ૦ કાલીચરન મુવારી, ઈ. લો. રી. ૮ ક. ૧૫૪; ૧૦ ક. લો. રી. ૫૧.

(મેસર્સ પ્રીનસેપ અને વિલસન જડજો ની રૂબરૂ, તા૦ ૨૨ મી સપટંબર ૧૮૮૧.)

રાણી વિ૦ ઉત્તમચંદ કપુરચંદના કેસ માં તફાવત બતાવવામાં આવે છે, ૧૧ મું. હા. કો. રી. ૧૨૦. જુઓ હકીકત પોલીસની રૂબરૂની.

૬૦ પુરાવો—મરતી વખતનો મચકુર—તોહોમતદારની હાજરી—મરનાર માણસનો મચકુર તોહોમતદારની રૂબરૂ લેવો જોઇએ. એવી રીતે લેવામાં ના આવ્યો હોય તો મચકુર સાબીત કરવાને માટે લખાણ પુરાવામાં લેઈ શકાય નહી. જે માણસે મચકુર સાંભળ્યો હોય તે માણસ સાધારણ રીતે તે સાબીત કરી શકે, અને લખાણ શાહેદીઓની યાદદાસ્ત તાજી કરવાને માટે કામમાં લેઈ શકાય છે રાણી વિ૦ સમીરૂદીન, ઈ. લો. રી. ૮ ક. ૨૧૧; ૧૦ ક. લો, રી. ૧૧.

(મેસસં પોન્ટીફિક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસેંબર સને ૧૮૮૧.)

૬૧ પુરાવો—તોહોમતદાર—**અ** અને **બ** નામના માણસો ઉપર ચોરીનું તોહોમત રાખી, **અ** એકલા ઉપર પ્રોસેસ કાઢવામાં આવ્યું હતું, અને તેની રજુઆત ચલાવી **બ** જેને પકડવામાં આવ્યો નોહોતો તેને કેદી તરફના શાહેદી તરીકે બોલાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે તેની જુબાની કામના પુરાવામાં લેઇ શકાય નહી. રાણી વિ. અશરૂક શેખ, અને રાણી વિ. હનમંતા ગાવડા (૬ વિ. રી. ૯૧ અને ઈ. લો. રી. ૧ મું. ૨૨૮) ના કેસોમાં તફાવત બતાવવામાં આવ્યો. મોહેશચંદર કોપાલી વિગેરે અરજદારો, ૧૦ ક. લો. રી. ૫૫૩.

(મેસર્સ મોરીસ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જાનેવારી સને ૧૮૮૨).

રાણી વિ. હનમંતાના કેસમાં તફાવત બતાવવામાં આવે છે. ઈ. લો. રી. ૧ મું. ૬૧૦. જુઓ એકઠી તપાસ ૨.

રાણી વિ. અશરૂખ શેખના કેસમાં તફાવત બતાવવામાં આવે છે. ૬ વિ રી. ૯૧. જુઓ પુરાવો ૧૪.

૬૨ પુરાવો—યાદદાસ્ત તાજી કરવાનું લખાણ—લખાણ જોવાનો વકીલનો હક—આવો હક બજાવવાનું ભુલી જવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૪૦, ૩૨૩—જ્યુરીને કેસ મોકલતી વખતે જડજની ફરજ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૩૪ મુજબ અનુમાન કરેલું ખુન—પીનલકોડની કલમ ૧૪૦ મુજબ તોહોમત રાખેલાં ઉપર અસર—પુરાવો દાખલ કરવામાં અને પદ્ધતિમાં ગેરશિરસ્તો થએલો તે—મી૦ ફીલ્ડ જડજનો મત—લખાણ જોઇ શાહેદીની યાદદાસ્ત તાજી કરવાને માટે સામા પક્ષકારને જે કારણો ઉપર રજા આપવામાં આવી છે તે કારણો ત્રણ છે:—(૧) કેસની પુરેપુરી હકીકત વિષે શાહેદીની સ્મરણ શક્તિનો પુરેપુરો લાભ મેળવવો; (૨) ગેરવાજબી દસ્તાવેજો કામમાં લેવાને અટકાવવા તે; (૩) તેની મોંની જુબાની લખેત મચકુર સાથે સરખાવવી તે. મી૦ ફીલ્ડ જડજના મત કોઈ શાહેદી અમુક સવાલનો જવાબ આપવામાં પોતાની યાદદાસ્ત તાજી કરવાને માટે અમુક લખાણ કામમાં લે તે વખતે અથવા ત્યાર પેહેલાં સામા પક્ષકારને તે લખાણ જોવાનો હક છે; પણ તે પોતાનો હક તે વખતે બજાવવાનું ભુલી જાય તો શાહેદીની પછીની સઘળી જુબાનીમાં તે હક કાયમ રેહેતો નથી. મી૦ ફીલ્ડ જડજનો મત—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૩ મુજબ વૈદક સબંધી શાહેદીની જુબાની લેઇ રીતસર શાખ કરવામાં આવી હોય તો કોઈપણ ફોજદારી રજુઆતના પુરાવામાં તે લેઇ શકાય છે; પણ આવી રીતની જુબાની તોહોમતદારની વિરૂદ્ધ પુરાવામાં લેવાને માટે તેની રૂબરૂ લીધેલી જોઈએ. મી૦ ફીલ્ડ જડજનો મત—કેસની હકીકત ઉપર સબંધ રાખતો હો

ય તે કાયદો જ્યુરી સમજી શકે તેવી રીતે તેને સુચના આપવી એ જડજની ફરજ છે; અને બરોબર રીતે સમજી અમુક મુદ્દાનું નિરાકરણ કરી શકે તેવી રીતે કાયદાનો ખુલાસો કરવામાં ના આવ્યો હોય તો તે કાયદા કે હકીકત સબંધી ભુલ કરી ખોટી રીતનું સમજાવવું ગણાય છે, પીનલકોડની કલમ ૩૪ મુજબ કોઈ કેદીને અનુમાનથી ખુનનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તો, બીજા કેદીઓ ખુનના ગુન્હેગાર બની શકે તેવી રીતે કલમ ૧૪૯ ના અર્થ મુજબ તેને ખુનનો ગુન્હો કર્યો છે એ કેહેવું શક ભરેલું છે. જ્યુરરો ની મવામાં અને વર્ડીક્ટ સબંધી શાહેદીની જુબાની કામના પુરાવામાં લેવામાં ક્રીમીનલ પ્રો. કોડની કલમ ૨૪૦ મુજબ ગેરશિરસ્તો થએલો પણ તેથી કેદીના વિરૂદ્ધ [અભીપ્રાય બંધાઇ તેને નુકશાન થયું છે એવું કામમાં સાબીત નહીં થવાથી, જ્યુરીના ફેંસલાની અંદર એ અડચણો ઉપરથી દરમીઆન થઈ શકાય નહી એવું પુરાવાના આકટની કલમ ૧૬૭ અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૩ ના લખાણ ઉપર નજર રાખી ઠરાવવામાં આવ્યું. રાણી વિ. જાદુ માહટન, ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૭૩૯; ૧૨ ક. લો. રી. ૨૩૩.

(મેસર્સ મેકડોનલ્ડ અને રીલ્ડ જડજો ની રૂબરૂ. તા૦ ૨૮ મી એપ્રીલ સને ૧૮૮૨).

રાણી વિરૂદ્ધ સાબદઅલીના કેસમાં નજર રાખવામાં આવે છે. ૧૧ બેં૦ લો૦ રી૦ ૩૪૭; ૨૦ વિ. રી. ૫ (દિવાની રૂલીંગ) જુઓ ગેરકાયદેસર મંડળી.

૬૩ પુરાવો—જામીન લેવાનું ના પાડતાં પેહેલાં પુરાવો લેવાની જરૂર—તોહોમતદારને પેહેલ વહેલો માજીસ્ટ્રેટની રૂબરૂ લાવી કેસની ફરીથી તપાસ કરવાને માટે તેને પાછો કેદમાં મોકલવાની ફરીઆદી માગણી કરે તો ભરોંસો રાખવા લાયક ખબર પોલીસને મળી હતી અને તોહોમતદારે ગુન્હો કર્યો છે એવુ સાધારણ રીતે પોલીસ અમલદારની જુબાનીથી સાબીત થાય તો તે બસછે પણ તોહોમતદારને કેદમાંથી ફરીથી પાછો આણ્યા પછી, તપાસને માટે ફરીથી કેદમાં મોકલવાની જરૂર જણાય તો, તેના જામીન લેવાનું વાજબી રીતે ના પાડવાને માટે માજીસ્ટ્રેટને ગુન્હો કર્યાનો કેટલોક સપષ્ટ પુરાવો મળી આવવો જોઈએ; અને કેદમાં મોકલતી દરેક વખતે ગુન્હો કર્યાનો પુરાવો મેળવવાની અગત્ય વધતી જાય છે. રાણી વિ૦ પોનુસ્વામી, ઈ૦ લો૦ રી૦ ૬ મ. ૬૯.

[મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને કરનાન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી સપટંબર સને ૧૮૮૨.]

૬૪ પુરાવો—રજુઆત ચલાવ્યા પછી કાયદાની બુકો જોવી તે—પુરાવો આપવાનો કેદીનો હક—અનુમાન—"ટેલરના મેડીકલ જ્યુરીસ પ્રુડન્સ" જેવી પ્રસીદ્ધ ચોપડી રજુઆત ચાલતી વખતે જોઈ શકાય. રાણી વિ. હટીમ [૧૨ ક૦ લો૦ રી૦ ૮૬] ના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો. કામમાં પુરાવો આપવો અગર ના આપવો તે કેદી અને તેના વકીલની મરજી ઉપર છે, અને આમાંની ગમે તે રીત મુજબ ચાલે તો પણ તે ઉપરથી તેના ગેરલાભમાં અનુમાન થઈ શકે નહી. રાણી વિ. હરીચરન ચકરબતી, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૧૪૦.

(મેસર્સ પ્રીનસેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અગષ્ટ સને ૧૮૮૩.)

ધુનોકાઝીની અરજીની બાબતમાં મંજુર રાખવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૧૨૧; ૧૦ ક. લો. રી. ૧૫૧. જુઓ ફરીઆદીના સાહેદીઓ ૧૭.

રાણી વિ બેહારીલાલ બોસના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૬ ક. લો. રી. ૪૩૧; જુઓ ઉલટ સુલટ તપાસ ૬.

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છે:—

હટીમ અપેલેન્ટ, ૧૨ ક. લો. રી. ૮૬. જુઓ સાક્ષની ચોપડીઓ.

રાણી વિ, હુસેનબક્ષ, ઈ૦ લો૦ રી૦ ૬ ક૦ ૬૯; ૬ ક. લો૦ રી૦ ૫૨૧. જુઓ તપાસ તોહોમતદારની ૧૪.

રાણી વિ૦ નુરબક્ષ કાઝી, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૨૭૯; ૭ ક૦ લો૦ રી૦ ૩૮૫. જુઓ કબુલાત ૨૪.

૬૫ પુરાવો—ઇજા થયેલા માણસે ત્રીજા માણસને કહેલી હકીકત—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૬—બુદ્ધિપુર્વક મહાવ્યથાનું તોહોમત રાખેલા કેદીની વિરૂદ્ધ ગુન્હો થયા પછી તરતજ ઈજા થયેલા માણસે કોઈ ત્રીજા માણસને કેદીની રૂબરૂ હકીકત કહેલી એજ ફકત પુરાવો હતો. હકીકત કહેતી વખતે ફરીયાદ થયેલું કૃત્ય કર્યું હતું એ કેદી નામુકર ગયો નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે પુરાવાના આકટની કલમ ૬ અને કલમ ૮ ના દાખલા (ગ) મુજબ આ જુબાની કામના પુરાવામાં લેઈ શકાય છે. સુરત ઘોખનીની અરજીની બાબતમાં, ઈ. લો. રી. ૧૦ ક. ૩૦૨.

(મેસર્સ મીતર અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જાનેવારી સને ૧૮૮૪.)

૬૬ પુરાવો—તોહોમતદારની વર્તણુક—તોહોમતદારને ગુન્હેગાર ઠરાવે એવો સ્પષ્ટ જોઈએ તેવો કાયદેસર પુરાવો મળ્યા સીવાય ગુન્હો બનેલો તે વખતે અથવા ત્યાર પેહેલાં અગર પછી તેની વર્તણુક કેવી હતી એ વિષેનો હેવાલ આપવાને પોતે બંધાયેલો નથી. રાણી વિ૦ બેમીન બીસ્વાસ, ઈ. લો. રી. ૧૦ ક. ૫૭૦.

(મેસર્સ પ્રીનસેપ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૮૪.)

૬૭ પુરાવો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૦—વધુ કેમીકલ એકઝામીનરનો રીપોર્ટ—કોઈ વસ્તુ તપાશીને તેનો રીપોર્ટ કરવાને માટે મોકલી હોય અને તે ઉપરથી વધુ કેમીકલ એકઝામીનરે પોતાના હાથનો જે રીપોર્ટ કર્યો હોય તે દસ્તાવેજ તરીકે સને ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૫૧૦ મુજબ પુરાવામાં લેઈ શકાય નહી. રાણી વિ૦ ઉટાલમુચી, ઈ. લો. રી. ૧૦ ક. ૧૦૨૬.

(મેસર્સ ટોટનહામ અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૮૪.)

૬૮ પુરાવો—ચોપડામાં રકમ ના લખી હોય તે વિષેનો પુરાવો લેઈ શકાય નહી તે—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૪—ફરીયાદીનો જવાબ આપવાનો હક—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૯, ૨૯૨—પુરાવાના આકટની કલમ ૩૪ મુજબ ધંધો ચાલતી વખતે નિયમસર રીતે હીસાબના ચોપડાઓમાં લખેલી રકમો જો કે તે કલમમાં બતાવ્યા પ્રમાણે પુરાવામાં લેઈ શકાય છે તોપણ અમુક બાબતના સંબંધમાં કોઈ રકમ લખવી રહી ગઈ છે એવું અનુમાન કરવાને આવી રીતનો ચોપડો પુરાવામાં લેઈ શકાય નહી. ફરીઆદીના શાહેદીઓની ઉલટસુલટ તપાસ થવાની દરમીયાન તોહોમતદારે કેટલાક દસ્તાવેજો વાપર્યા હોય અને પોતાના તરફથી તેઓને પુરાવામાં રજુ કરવામાં આવ્યા હોય, અને ફરીઆદી તરફનો કેસ પુરો થયા પછી પુરાવો આપવાનો છે કે નહી એવું તેને પુછયું હોય, અને તેણે પુરાવો આપવાનો નથી એવું બતાવ્યું હોય તોપણ આ બાબત ઉપરથી, ફરીઆદીને જવાબ આપવાનો હક મળતો નથી. રાણી વિ૦ ગીરીશચંદર બાનરજી, ઈ. લો. રી. ૧૦ ક. ૧૦૨૪.

(મી૦ ફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૨૮, ૨૯ અને ૩૦ મી જુલાઈ સને ૧૮૮૪.)

૬૯ પુરાવો—તોહોમતદાર નાશી ગયેલો તેવા કેસમાં લીધેલી જુબાની—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૨—કોઇ તોહોમતદાર નાશી ગયો હોય અને તેની વિરૂદ્ધ તેની ગેરહાજરીમાં જુબાની લખી લેવાનું ધાર્યું હોય તો, જુબાની લખી લેતાં પેહેલાં તે નાશી ગયો છે, એ બાબત વિષે તપાસ કરી તે સાબીત કરવાની

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૨ મુજબ જરૂર છે. રાણી વિ૦ ચરન બીન બીન્ડ, ઈ. લો. રી. ૧૦ ક. ૧૦૪૭.

(મેસર્સ વીલસન અને મેકફરસન જડ જોની રૂબરૂ, તા૦ ૧૯ મી સપટંબર ૧૮૮૪.)

૭૦ પુરાવો—શાહેદી—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૧૬૫—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૯—કામના પુરાવામાં લેઈ શકાય તેવી બાબતોની સાબીતી મેળવવાને માટે પુરાવાના આકટની કલમ ૧૬૫ મુજબ શાહેદીને કામમાં આવે નહી તેવા સવાલો પુછવાને જડજનો અધીકાર છે, પણ શાહેદી ઉપર ફોજદારી કરવાના વિચારથી આવા સવાલો જો તે પૂછતો હોય તો તેનો જવાબ આપવાને તે શાહેદી બંધાએલો નથી, અને જવાબો નહી આપવાને માટે, સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૧૭૯ મુજબ તેને શિક્ષા થઈ શકે નહી. રાણી વિ૦ હરી લક્ષમણ, ઈ. લો. રી. ૧૦ મું. ૧૮૫.

(મેસર્સ નાનાભાઇ હરીદાસ અને વેડરબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી અકટોબર સને ૧૮૮૫.)

૭૧ પુરાવો—કમીટીંગ માજીસ્ત્રેટે લીધેલો પુરાવો—તોહોમતદારની રૂબરૂ કમીટીંગ માજીસ્ત્રેટે તપાસેલી ગોસાઈની સ્ત્રીઓની જુબાનીઓ સેસનમાં રજુઆત ચાલતી વખતે પુરાવામાં દાખલ કરી શકાય નહી. પ્રો. તા૦ ૧૯ મી અગષ્ટ સને ૧૮૬૮; ૪ મ, હા. કો. રી. અપે. ૧૫.

૭૨ પુરાવો—કમીટીંગ માજીસ્ત્રેટને આપેલો તે—જુબાનીઓ લખી લેવી તે—છાકટાપણું—જુબાની પુરી થઈ છે કે નહી એ સાંભળવાનું દરેક કેસમાં જડજનું કામ છે. કોઈ અમુક ચાલતા કેસની રજુઆતમાં કાયદેસર કોઈ જુબાની દાખલ કરવામાં આવ્યા સીવાય જયુરીની પાસે કોઈ પણ જુબાની મુકવાનો જડજનો હક નથી. માજીસ્ત્રેટની રૂબરૂ દાખલ થયેલો પુરાવો સેસન કોર્ટે બે જુદી જુદી રજુઆતોમાં દાખલ કર્યો હોય તો, જડજે દાખલ કરવામાં આવ્યો છે એવું લખી માજીસ્ત્રેટની રૂબરૂ ચાલેલા મુકરદમાઓમાંથી જુબાનીઓ કાઢી લેઈ પેહેલાં એક કેસના દફતર સાથે રાખવી જોઇએ અને પછીથી બીજા કેસના દફતર સાથે રાખવી જોઈએ, અને તે જુબાનીઓ દરેક કામના દફતરમાંથી કાઢી લેવામાં આવી છે એવો શેરો કરવો જોઇએ. સાહેદીઓની જુબાનીઓ પેહેલા પુરૂષમાં લખી લેવી જોઇએ પણ ત્રીજા પુરૂષમાં લખી લેવી જોઈએ નહી. જો કે છાકટાપણું એ ગુન્હો કરવાનું બાનું નથી તોપણ તેથી કાયદા પ્રમાણે વધારે ભારે ગુન્હો થતો નથી; અને સારી સ્થિતીના માણસે કરેલું કૃત્ય જેવી રીતે ગુન્હો ગણાય છે તેવીજ રીતે ખુશીથી છાકટા થયેલા માણસે કરેલું કૃત્ય ગુન્હો ગણાય છે. રાણી વિ. ઝુલફકરખાન વિગેરે અપેલેન્ટો, ૧૬ વિ૦ રી૦ ૩૬; ૮ બેં૦ લો૦ રી૦ ૨૧.

(મેસર્સ મેકફરસન અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જુલાઇ સને ૧૮૭૧.)

૭૩ પુરાવો—કમીટીંગ માજીસ્ત્રેટની રૂબરૂ આપેલો તે—"તકરારી સવાલો"—સેસન કોર્ટમાં તોહોમતો વધારેલાં તે—માજીસ્ત્રેટની રૂબરૂ જુબાનીઓ—નાસી ગએલો અથવા મરી ગયેલો સાહેદી—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૨ કલોઝ ૧ અને કલમ ૩૩—જ્યુરર થવાને લાયક—મહાવ્યથા કરવાના ગુન્હાના તોહોમતનો કેસ માજીસ્ત્રેટે ચલાવી ફરીઆદી તરફના કેટલાક સાહેદીઓમાંના બે સાહેદીઓ (તેમાંનો એક હુમલો થયેલો માણસ) લેઈ કેદીઓને રજુઆતને માટે કમીટ કર્યા. માર પડેલો માણસ પછીથી ઈજા થવાથી મરણ પામ્યો. સેસન કોર્ટની રૂબરૂ કામ ચાલતી વખતે ખુન અને ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષણીય મનુષ્યવધ એ બંને તોહોમત મહાવ્યથાના તોહોમતો સાથે વધારવામાં આવ્યાં હતાં. મરનાર સાહેદીની જુબાની કામમાં રજુ કરી

વાંચી સંભળાવવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે સેસન કોર્ટે તોહોમતો વધાર્યાં હતાં તોપણ પુરાવાના આકટની કલમ ૩૨ કલોઝ ૧ અને કલમ ૩૩ મુજબ ઉપલી જુબાની કામના પુરાવામાં લેઈ શકાય છે. પુરાવાના આકટની કલમ ૩૩ નો અપવાદ લાગુ પડે છે કે નહી એટલે તકરારી સવાલો વાસ્તવીક રીતે તેજ છે કે નહી એ સવાલનો આધાર, જો કે એકજ કૃત્યમાંથી જુદા જુદા કૃત્યો બને તોપણ એકજ પુરાવો લાગુ પડે કે નહી એના ઉપર છે. રજુઆત ચાલતી વખતે સાબીત કરવામાં આવ્યું હતું કે માજીસ્ટ્રેટે તપાસેલો બીજો સાહેદી નાસી ગયો છે અને તેને સમન પોંચી શકે તેવું નથી. આ સાહેદીની જુબાની વાંચી સંભળાવી કામમાં દાખલ કરવામાં આવી હતી. પુરાવાના આકટની કલમ ૩૩ મુજબ વ્યાજબી રીતે તેને કામના પુરાવામાં લેવામાં આવી હતી એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ૦ રેચીઆ મોહાટો, ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૪૨; ૮ ક. લો. રી. ૨૭૩.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૮૧)

૭૪ પુરાવો કમીટીંગ માજીસ્ટ્રેટને આપેલો તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૮—સેસન કોર્ટની રૂબરૂ રજુઆત—માજીસ્ટ્રેટની રૂબરૂ આપેલી જુબાનીઓમાં રજુઆત વખતે તફાવત બતાવવો તે-કોઈ કોર્ટ કામ ચલાવતી વખતે માજીસ્ટ્રેટના દફતરમાંથી સાહેદીની જુબાની તમામ ઉતારી લેઈ પોતાની રૂબરૂ પુરાવામાં લેઇ શકે એવી મતલબ કાંઇ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૮ ની નથી. રાણી વિ. અમાનુલ્લાના કેસ ઉપર નજર રાખવામાં આવી (૧૨ બેં૦ લો૦ રી૦ અપે. ૧૫). કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ સાહેદીઓએ આપેલી જુબાનીઓમાં તફાવત છે એવું જડજ બતાવવાને માગતો હોય તો, તેણે આખી જુબાની અથવા તેમાંનો કાંઇ પણ ભાગ જેના ઉપર તે ભરોસો રાખતો હોય તે સાહેદીઓની રૂબરૂ મુકવો જોઇએ, કે જેથી કરીને તેઓ તેનો અર્થ બરોબર રીતે સમજાવી શકે અથવા તેમાં લખેલી કોઈપણ હકીકત તેઓ ના પાડી શકે. સેસન જડજ ઉપલા નિયમ પ્રમાણે ચાલવાનું કોઈ કેસમાં ભુલી જવાથી મી૦ સ્ટ્રેઈટ જડજે શિક્ષા રદ કરી. રાણી વિ. દાનશાહી, ઈં૦ લો૦ રી૦ ૭ અ. ૮૬૨.

(મી૦ સ્ટ્રેઇટ જડજની રૂબરૂ, તા૦ ૩ જુલાઈ સને ૧૮૮૫.)

૭૫ પુરાવો—પ્રથમના ઈનસાફી મુકરદમામાં આપેલી શાહેદી–કોર્ટમાં જ્યાં સુધી કોઈ સાહેદીની જુબાની લેવામાં આવે નહી ત્યાં સુધી તેણે પ્રથમ આપેલી જુબાની વાંચવી જોઈએ નહી. રાણી વિ. રાધીધારી ૧ વિ. રી. ૧૪.

(મી૦ કેમ્પબેલ જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી સપટંબર સને ૧૮૬૪.)

૭૬ પુરાવો—પ્રથમ ઈનસાફી મુકરદમામાં આપેલી સાહેદી—આવી જુબાની ઉપરથી શિક્ષા કરેલી તે—કેદીઓનો જવાબ લીધા સીવાય કોઇ બીજા કેસમાં આપેલી જુબાની ઉપરથી એ જુદા કેસોમાં તેમને ગુન્હેગાર ઠરાવી કરેલી રાજા કાયદા વિરૂદ્ધ ગણી રદ કરવામાં આવી, અને આથી કરીને વાવનાર અને રૈયત વચે દુસમનાઇ વધે છે એવી મુકરદમામાં ટીકા કરી હવેથી આવી રીતે નહી ચાલવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટને હુકમ કરવામાં આવ્યો. રાણી વિ. બંક બોહારી વિગેરે, ૧ વિ. રી. ૩૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૭ ડીસંબર સને ૧૮૬૪.)

૭૭ પુરાવો—પ્રથમના ઇનસાફી મુકરદમામાં આપેલી સાહેદી—દરેક રજુઆત પુરેપુરી ચલાવવી જોઇએ. કેદીએ ગુન્હો કર્યો છે એવું ઠરાવવામાં બીજી રજુઆતના મુકરદમાઓ ઉપર ભરોસો રાખવો નહી. રાણી વિ. કીશનદયાળ આહીર વિગેરે, ૬ વિ૦ રી૦ ૭.

(મેસર્સ જેકશન અને કેમ્પબેલ જ ડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુન સને ૧૮૬૬.)

૭૮ પુરાવો—પ્રથમના ઈનસાફી મુકરદ મામાં આપેલી શાહેદી-મજબુતી-સને ૧૮૫૫ નો આકટ બીજો કલમ ૩૧-અગાઉના કેસમાં શાહેદીઓએ આપેલી જુબાની પાછળની રજુ આતમાં કેદીની વિરૂદ્ધ લેવાથી થયેલો ગેરશિરસ્તો અને અન્યાય ઉપર ટીકા કરવામાં આવી, અને સને ૧૮૫૫ ના આકટ બીજાની કલમ ૩૧ મુજબ પુરાવો મજબુત કરવામાં કેવા વાજબી રસ્તે ચાલવું જોઈએ એ બતાવવામાં આવ્યું. રાણી વિ. બીશોનાથપાલ, ૧૨ વિ. રી. ૩; ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૨૦.

(મેસર્સ નોરમન અને જેકશન જડજો ની રૂબરૂ, તા૦ ૧૪ મી જુન સને ૧૮૬૯).

ઈલાહીબક્ષ અપેલેન્ટના કેસમાં આધાર રાખવામાં આવે છે ૫ વિ. રી. ૮૦. જુઓ સોબતી ગુન્હામાં ૫.

૭૯ પુરાવો—પ્રથમના ઈનસાફી મુકરદ મામાં આપેલો તે—કોઈ કેદીની રજુઆત ચા લતી વખતે અગાઉની રજુઆતમાં આપેલી જુબાનીઓ શાહેદીઓને વાંચી સંભળાવી તે ખરી છે એવું તેમને પુછવું ગેરવાજબી છે. આવા શાહેદીઓની જુબાનીઓ રીતસર લેવા માં આવી નથી એવું ગણાશે અને તે ઉપર ગુન્હેગાર ઠરાવી કરેલી સજા રદ કરવામાં આ વશે. રાણી વિ. કાલનદરદોસ, ૨ વા. રી. પ્રાં. ૧૦૦.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂ બરૂ, તા૦ ૨૫ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦).

૮૦ પુરાવો—પ્રથમના ઈનસાફી મુકર દમામાં આપેલી શાહેદી—ગેરશિરસ્તો—શાહે દી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસી જર કોડ કલમો ૪૨૬, ૪૩૯—કોઈ કેસમાં શાહેદીઓ નવેસરથી નહી તપાસતાં તેઓએ પ્રથમના કેસમાં આપેલી શાહેદીઓ કેદીના કહેવાથી વાંચી સંભળાવી કામમાં દાખલ ક રવાથી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૨૬ અને ૪૩૯ મુજબ દરમીઆન થવાને હાઈ કો ર્ટે ના પાડી, કારણ કે મુકરદમો ચલાવવામાં એવો ગેરશિરસ્તો થયો હતો કે જેથી તોહોમ તદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશા ન થાય તેવું નોહોતું. પરમેસરસીંઘ વિગેરે, વિ૦ સોરૂપ અધીકારી, ૧૩ વિ. રી. ૪૦.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી એપ્રીલ સને ૧૮૭૦).

નિચેના કેસોમાં નજર રાખવામાં આ વે છે:—

ખત્રમોહન ચતરજી વિરૂદ્ધ ક્રીશોરી મો હનબોસ, ૧ બેં૦ લો૦ રી૦ ૨૭. (દિવાની રૂલીંગ).

રાણી વિરૂદ્ધ શેખ કયામટ, વિ૦ રી૦ તા૦ ૧ સપટંબર. જુઓ ગર્ભવંતી સ્ત્રી ૧.

રાણી વિ. કનંડીશેક, વિ. રી. સપટંબ ર ૩૮. જુઓ ફરીઆદીના શાહેદીઓ .

૮૧ પુરાવો—પ્રથમના ઈનસાફી મુકરદ મામાં આપેલી શાહેદી—ઉલટસુલટ તપાસ—કેદી તરફના શાહેદીઓ—અગાઉની હકીકત—સને ૧૮૫૫ નો આકટ ૨ જો કલમ ૩૪—ડેપ્યુટી માજીસ્ત્રેટે પોતે પુરાવો નહી લેતાં, જો ઈન્ટ માજીસ્ત્રેટે બીજા કેસમાં લીધેલા પુરાવા ઉપર તદન આધાર રાખી નિર્દોષ ઠરાવી છો ડી મુકવાનો કરેલો હુકમ, રાણી વિરૂદ્ધ ગોરા ચંદ ગોપ (૫ વિ. રી. ૪૫; ૧ ઇન્ડ. જ્યુરી. ઔ. દ. ૧૭૭) ના કેસ ઉપર આધાર રાખી કોર્ટે રદ કર્યો. જોઈન્ટ માજીસ્ત્રેટની રૂબરૂ કહે લી હકીકતના સબંધમાં કેદી તરફના સાહેદી ઓની ડેપ્યુટી માજીસ્ત્રેટની રૂબરૂ ઉલટસુલટ તપાસ કરવાને ફરીઆદીને છુટછે, અને પ્રથમ લખી લીધેલી હકીકત વિષે પણ લખેલી હકીક ત બતાવ્યા સીવાય તે ઉલટસુલટ તપાસ ક રી શકે છે. સને ૧૮૫૫ ના આકટ ૨ જાની કલમ ૩૪ નો અર્થ કરી બતાવવામાં આ વ્યો. ટખયારાય વિરૂદ્ધ ટપસીકુંવર, ૧૫ વિ૦ રી૦ ૨૩.

(મેસર્સ જેકશન અને એનસ્લી જ ડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧).

રાણી વિરૂદ્ધ ગોરાચંદ ગોપના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૫ વિ૦ રી૦ ૪૫; બેં૦ લો૦ રી૦ વોલ્યુમ ૪૪૩. જુઓ ત પાસણી ૧.

૮૨ પુરાવો—પ્રથમના કેસમાં આપેલી શાહેદી—ગેરહાજર શાહેદી—કામ બંધ રાખવું તે—સને ૧૮૭૨ ના ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૩—સેસન જડજ પોતાની રૂબરૂ શાહેદીઓની મોંની જુબાનીઓ લેવાને બદલે તેઓએ અગાઉના કેસમાં આપેલી જુબાનીઓ પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૩૩ મુજબ કામના પુરાવામાં લે, તે પેહેલાં ઘણી ઢીલ અને ઘણું ખરચ કર્યા સીવાય શાહેદીઓ હાજર રહી શકે તેવું નથી, જે ખરચ કરવું, કોર્ટને યોગ્ય લાગતું નથી એવું સાબીત થવું જોઈએ; અને આવી જાતનું કાંઈ ખાસ કારણ ના મળી આવે તો શાહેદીઓને હાજર રાખવાને માટે કેસની મુદત નાંખવી જોઈએ. રાણી વિ. લખન સાંથલ, ૨૧ વિ. રી. ૫૬.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૭૪).

પીયરીલાલની બાબતમાં નજર રાખવામાં આવી, ૪ ક. લો. રી. ૫૦૪. જુઓ પુરાવો ૫૦.

૮૩ પુરાવો—પ્રથમના કેસમાં આપેલી શાહેદી—સુલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૩૩—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ મુકરદમો ચલાવતી વખતે અગાઉ ફોજદારી રજુઆતમાં લીધેલી શાહેદી તોહોમતદારની રૂબરૂ લીધેલી શાહેદીને બદલે, માજીસ્ટ્રેટ વાજબી રીતે પુરાવાના આકટની કલમ ૩૩ મુજબ કામમાં લેઈ શકે નહી. રાણી વિ. ગોસોનોચદર ગોસામી અને બીજો, ૨૨ વિ. રી. ૩૬.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૭૪).

૮૪ પુરાવો—પ્રથમના ઈનસાફી મુકરદમામાં આપેલી શાહેદી—જે કેસમાં હંગામો અને કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભૂત એબંને તોહોમતો રાખી તોહોમતદાર ઉપર કામ ચલાવવામાં આવેલું તે કેસના કેટલાક શાહેદીઓની જુબાનીઓ, આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટે સુલેહનો ભંગ નહી કરવાને માટે જે કેસમાં તેના જામીન લેવામાં આવ્યા હતા તે કેસના પુરાવામાં દાખલ કરી. એમ ઠરાવવામાં આવ્યું કે આ જુબાનીઓ આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટે કામના પુરાવામાં લેવી જોઈતી નોહોતી. રાણી વિ. દીનાબંધુ રોય, ૨૪ વિ. રી. ૪.

(મેસર્સ માર્કબાય અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી મે સને ૧૮૭૫.)

૮૫ પુરાવો—પ્રથમના ઈનસાફી મુકરદમામાં આપેલી શાહેદી—માજીસ્ટ્રેટના તાબાની કોર્ટોનાં દફતરો—અગાઉ ચલાવેલા મુકરદમાનું દફતર બીજા માજીસ્ટ્રેટની રૂબરૂ આણેલું તે—માજીસ્ટ્રેટ કેસ ચલાવતી વખતે પુરાવાના નિયમો બરોબર પાળવાને સેસન જડજ અથવા દિવાની અદાલત જેટલો બંધાયેલો છે. કોઈ બીજા માજીસ્ટ્રેટની રૂબરૂ તોહોમતદાર ઉપર ચાલેલું કામ રદ કરી નાખી નવેસરથી ચલાવવાનો હુકમ થયો હોય તો બીજી વાર રજુઆત ચલાવતી વખતે માજીસ્ટ્રેટ આગળ ચાલેલા કેસનું દફતર બધુ જોવું જોઈએ નહી પણ તે દફતરનો જેટલો ભાગ વાસ્તવીક રીતે પુરાવામાં દાખલ કરવામાં આવ્યો હોય તેટલોજ ભાગ જોવો જોઈએ. દેવીદત વિગેરેની બાબતમાં, ૭ ક. લો. રી. ૧૯૩.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી અગષ્ટ સને ૧૮૮૦.)

૮૬ પુરાવો—તોહોમતદારની રૂબરૂ નહી લીધેલો તે—એકજ ગુન્હાની રજુઆત ઘણી વખત સેસનમાં ચાલી હોય તોપણ, જાણવું કે શાહેદીએ તે તોહોમતને માટે પેહેલાં કદી જુબાની આપી નથી તેવી રીતે, દરેક તોહોમતદારનો પોતાની રૂબરૂ બધો પુરાવો લેવરાવવાનો હક છે. રાણી વિ૦ આપુજુદીન, વિ. રી. ૧૩ મી સપટંબર.

(મેસર્સ સ્ટીઅર અને સેટનકાર જડજો ની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી ૧૮૬૪.)

૮૬ પુરાવો—તોહોમતદારની રૂબરૂ લેવાએલો નહી તે—તોહોમતદારની ગેરહાજરીમાં લીધેલા પુરાવા ઉપર આધાર રાખી ગુન્હેગાર ઠરાવવો તે કાયદા વિરૂદ્ધ ગણાય છે. પ્રે૦ તા૦ ૮ મી એપ્રીલ; ૩ મ. હા. કો. રી. અપે. ૩૪.

૮૮ પુરાવો—તોહોમતદારની રૂબરૂ પુરાવો લેવાએલો નહી તે—તોહોમતદારની રૂબરૂ શાહેદીઓ લેવામાં ના આવ્યા હોય તો ગુન્હેગાર ઠરાવી કરેલી સજા રદ કરવામાં આવશે. રાણી વિ૦ લાલા ચોબી, ૨ વા. દી. પ્રાં. ૪૯.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૭૦.)

૮૯ પુરાવો—તોહોમતદારની રૂબરૂ નહી લીધેલો તે—ગેરહાજર શાહેદી—ઉલટસુલટ તપાસ—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૩૩—પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૩૩ મુજબ કોઇ ગેરહાજર શાહેદીની જુબાની કામના પુરાવામાં દાખલ કરી હોય તો દાખલ કરવાનું કારણ પુરેપુરૂ અને સ્પષ્ટ રીતે બતાવવું જોઇએ કે જેથી હાઈ કોર્ટ તે બરોબર રીતે દાખલ કરવામાં આવી છે કે નહી તે જોઈ શકે. ચાલતા કેસમાં હાઇ કોર્ટને એમ માલમ પડયું કે ગેરહાજર શાહેદીની જુબાની કામમાં ગેરવાજબી રીતે દાખલ કરવામાં આવી છે, કારણ કે સાધારણ સંભાળ અને સાધનોથી શાહેદી હાજર થઈ શકે તેવું નોહોતું એવું કામના પુરાવા ઉપરથી કોઈ રીતે માલમ પડતું નથી. પુરાવાના આકટની કલમ ૩૩ મુજબ કોઈ જુબાની કામના પુરાવામાં દાખલ કરવાને માટે એમ સાબીત થવું જોઇએ કે ઉલટસુલટ તપાસ કરવાની તોહોમતદારને ખરેખરી રીતે તક આપવામાં આવી હતી. રાણી વિ૦ માવજાન ઉરફે નેઈનખાન, ૨૦ વિ. રી. ૫૯.

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અકટોબર સને ૧૮૭૩.)

પીયરીલાલની બાબતમાં નજર રાખવામાં આવી. ૪ ક૦ લો૦ રી૦ ૫૦૪. જુઓ પુરાવો ૫૦

૯૦ પુરાવો—તોહોમતદારની રૂબરૂ લેવામાં નહી આવેલો તે—સાહેદી—ઉલટસુલટ તપાસ—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૩૩—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૨૭—કોઈ તોહોમતદાર નાસી ગયો હોય તો તેની ગેરહાજરીમાં જુબાની લેવાનું નવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૭ માં બતાવેલું છે તે, તે કોડ અમલમાં આવ્યા પેહેલાં લીધેલી જુબાની ને લાગુ પડતું નથી. કોઈ ગેરહાજર સાહેદીની જુબાની કેદીને ઉલટસુલટ તપાસ કરવાની તક આપવામાં આવી હોય તો જ પુરાવામાં દાખલ થઈ શકે છે. જ્યાં અગાડી કલમ ૩૨૭ લાગુ પડે છે ત્યાં બતાવવું જોઇએ કે અગાઉ જુબાની લેવામા આવેલી તે વખત તોહોમતદાર નાસી ગયો હતો અને તજવીજ કરયા છતાં પકડાયો નોહોતો. રાણી વિ. ઈટવારી ધારી, ૨૧ વિ. રી. ૧૨.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૫ ડીસંબર સને ૧૮૭૩.)

૯૧ પુરાવો—તોહોમતદારની રૂબરૂ નહી લીધેલો તે—તોહોમતદારને તેની ગેરહાજરીમાં લીધેલા પુરાવા ઉપર કાયદેસર રીતે ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિ. રસીકદાસ વિગેરે ૨૪ વિ. રી. ૭૯.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૮ ડીસંબર સને ૧૮૭૫.)

૯૨ પુરાવો—તોહોમતદારની રૂબરૂ નહી લીધેલો તે—તોહોમતદારની રૂબરૂ પુરાવો લખી લેવામાં નહી આવેલો પણ અગાઉ લીધેલો પુરાવો તેને બીજે દીવસે વાંચી સંભળાવી તેના ઉપર આધાર રાખીને ગુન્હેગાર ઠરાવવું એ કાયદા વિરૂદ્ધ અને ગેરશિરસ્તે ગ

થાય છે. અલીગીઆહ અને બીજો; વિ. ચી તાગોંગનો માજીસ્ટ્રેટ, ૨૫ વિ. રી. ૧૪.

૯૩ પુરાવો—એક માજીસ્ટ્રેટે પુરાવો લીધો હોય અને બીજાએ ઈનસાફ આપ્યો હોય તે—કામની હકીકત ઉપર અપીલ—બીજા માજીસ્ટ્રેટે પ્રથમ લીધેલા પુરાવા ઉપર કોઈ માજીસ્ટ્રેટે કેદીને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો, પુરાવો ફરીથી લખી લેવાથી ખામી જતી રેહેતી નથી અને શિક્ષા બાહાલ રાખી શકાતી નથી. કાયદા પ્રમાણે તદન ગેરવાજબી હોય એવા કાંઈપણ કાયદેસર પુરાવા ઉપર આધાર રાખ્યા સીવાય કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તો કેસના ગુણો ઉપર અપીલ ચાલી શકે નહી. રાણી વિ૦ પુરનુચંદર દાસ વિગેરે, ૮ વિ૦ રી૦ ૫૯.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અગષ્ટ સને ૧૮૬૭).

૯૪ પુરાવો—એક માજીસ્ટ્રેટે પુરાવો લીધો હોય અને બીજાએ ફેંસલો આપ્યો હોય તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૨૮—બે કેસોમાંના એક કેસમાં બધો પુરાવો ડેપ્યુટી માજીસ્ટ્રેટે લીધેલો અને ફેંસલો બીજા માજીસ્ટ્રેટે આપેલો, અને બીજા કેસમાં ડેપ્યુટી માજીસ્ટ્રેટ જેણે ફેંસલો આપ્યો હતો તેણે થોડો પુરાવો લેઈ પ્રથમના કેસના કારણો ઉપરથી ફેંસલો આપેલો તેમાં હાઈ કોર્ટે દરમીઆન થવાની ના પાડી કારણ કે એ બેમાંના એકે કેસના ફેંસલાથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થએલું માલમ પડ્યું નોહોતું. ઠાકરદાસ માનઝી વિ૦ નામદાર મંડલ વિગેરે, ૨૪ વિ. રી. ૧૨.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જુન સને ૧૮૭૫).

૯૫ પુરાવો—એક સેસન જડજે પુરાવો લીધો હોય અને બીજાએ કેસ ચુકવ્યો હોય તે—સેસન જડજે પોતાની રૂબરૂ લેવાએલા પુરાવા ઉપરથી મત બાંધવો જોઇએ પણ પોતાની પેહેલાંના જડજે લીધેલા પુરાવા ઉપર આધાર રાખવો નહી. કોઇ જડજે સેસન ચાલતી વખતે કેટલાક શાહેદીઓની જુબાનીઓ લીધી હોય અને કામ પુરૂ થતાં પેહેલાં તેને પોતાનો ડીસ્ત્રીકટ છોડી જવાની જરૂર પડે તો તેની પછીના જડજે કામ નવેસરથી ચલાવવું જોઈએ. રાણી વિ. ચારૂ અને બીજો, વિ૦ રી૦ સપટંબર ૩૨.

(મેસર્સ સેટનકાર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી મે સને ૧૮૬૪).

૯૬ પુરાવો—એક સેસન જડજે પુરાવો લીધો હોય અને બીજાએ કેસ ચુકવ્યો હોય તે—કોઈ કેસમાં જડજ અને આસેસરોની બનેલી સેસન કોર્ટે કેટલાક કેદીઓની રજુઆત ચલાવી તેઓને આસેસરોએ ગુન્હેગાર ઠરાવ્યા હતા અને તે ઠરાવ જડજે લખી લીધો હતો તોપણ ઠરાવ આપવાનું મોકુફ રાખી ઠરાવ લખ્યા સીવાય તે ડીસ્ત્રીકટ છોડી ચાલ્યો ગયો, અને તેની પછીના જડજે પ્રથમ લીધેલો પુરાવો ધ્યાનમાં લીધા પછી કેદીઓને ગુન્હેગાર ઠરાવી સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવવું કાયદેસર નોહોતું અને રજુઆત પુરી થઈ નોહોતી. હાઈ કોર્ટે તે ઉપરથી શિક્ષા રદ કરી અને પ્રથમથી રાખેલા તોહોમતેનો ફરીથી તપાસ કરવાનો હુકમ કર્યો. રાણી વિ૦ ગોપીનોશયો વિગેરે, ૨૧ વિ. રી. ૪૭.

(મેસર્સ પોંઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી માર્ચ સને ૧૮૭૪.)

૯૭ પુરાવો—થોડોએક માજીસ્ટ્રેટે લીધેલો અને થોડો બીજા માજીસ્ટ્રેટે લીધેલો તે—એક અમલદારે બીજા અમલદારને કોઇ કેસ રજુઆત ચલાવવાને માટે થોડો પુરાવો લેઈ મોકલ્યો હોય તો તે અમલદારે કેસ ચુકવતાં પેહેલા સઘળો પુરાવો લેવો જોઈએ, તોપણ આવી જાતના કેસમાં દરમીયાન થવાને હાઇ કોર્ટે ના પાડી કારણ કે કેદીએ આ કારણ વિષે કાંઈ વાંધો ઉઠાવ્યો નહોતો તેમજ અપીલ પણ કરી નોહોતી. કાપીલનાથ સાહી વિ. કાનીરામ વિગેરે ૧૪ વિ. રી. ૩.

(મેસર્સ કેમ્પ અને જેક્શન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૭૦).

૯૮ પુરાવો—થોડો એક માજીસ્ટ્રેટે લીધેલો અને થોડો બીજા માજીસ્ટ્રેટે લીધેલો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમો ૪૭, ૩૨૮, ૩૨૯—માજીસ્ટ્રેટે થોડો પુરાવો લીધા પછી તેની જગાએ બીજો માજીસ્ટ્રેટ આવવાથી જે કેસમાં તેની હકુમત બંધ થઈ ગઈ હોય તેવા કેસનેજ ફક્ત સને ૧૮૭૨ના આક્ટ ૧૦ માની કલમ ૩૨૮ લાગુ પડેછે પ્રકરણ ૧૫ મુજબ "તજવીજ થવા લાયક" કેસ હોય અને જેમાં માજીસ્ટ્રેટ પોતે તજવીજ પુરી કરી શક્યો ના હોય તેવા કેસનેજ ફક્ત કલમ ૩૨૯ લાગુ પડે છે, પણ કલમ ૪૭ મુજબ કોઈ ચાલતો કેસ બંધ રાખી બીજે મોકલવામાં આવ્યો હોય તો મુકરદમો કલમ ૪૫ માં બતાવ્યા પ્રમાણે નવેસરથી ચલાવવો જોઈએ. રાણી વિ. ખાનમહમદ અને બીજો, ૨૪ વિ. રી. ૫૩.

(મેસર્સ માર્કબાય અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી સપટંબર સને ૧૮૭૫.)

૯૯ પુરાવો—થોડો એક માજીસ્ટ્રેટે અને થોડો બીજા માજીસ્ટ્રેટે લીધેલો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૨૮, ૪૯૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ કરેલી તપાસમાં જો કે તે કલમમાં "તોહોમતદાર" અને "ગુન્હેગાર ઠરાવવું" તે શબ્દો આવી જાય છે તોપણ સુલેહના ભંગના જામીન લેવરાવવાના ઈરાદાથી કલમ ૩૨૮ ની મતલબ લાગુ પડે છે, અને આવા કેસમાં જે માજીસ્ટ્રેટે થોડો પુરાવો લીધો હોય તે માજીસ્ટ્રેટની જગ્યાએ બીજો માજીસ્ટ્રેટ કેસ ચલાવતી વખતે આવે તો, જામીન શા માટે નહી આપવા જોઈએ તેનું કારણ આપવાને બોલાવેલો માણસ, જે સાહેદીઓની જુબાનીઓ પેહેલાના માજીસ્ટ્રેટે લેઇ લીધી હતી તે સાહેદીઓને પાછા બોલાવી તેમની ફરીથી તપાસ કરવાની માગણી કરી શકે છે. બરોડા ફતરોય વિ. કોતમુદીમુનશી વિગેરે, ૪ ક. લો. રી. ૪૫૨.

(મેસર્સ મોરીસ અને વાઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુન સને ૧૮૭૯.)

૧૦૦ પુરાવો—ધણીની સામે સ્ત્રીએ આપેલી શાહેદી—પ્રગણાનો કાયદો—કોઈ સ્ત્રીની જુબાની તેણીના ધણીની સામે બીજા પુરાવાની મજબુતીમાં લેઇ શકાતી નથી. બે કેદીઓએ એવું કબુલ કર્યું કે તેઓએ મરનારને તેમના એક માણસની સ્ત્રી જોડે બદકામ કરતો જોયાથી ત્યાં અને તેજ જગાએ મારી નાખ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે તે વખતે તેઓનો ગુસ્સો એવો ભારે હતો કે જેથી કરીને ખુનનો ગુન્હો ઓછો થઈ ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો બને છે. રાણી વિ૦ ગોરચંદર પોલી અને બાજો, ૧ વિ. રી. ૧૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી સપટંબર સને ૧૮૬૪.)

રાણી વિ૦ ખાયરૂલાહના કેસથી આ કેસ રદ થઇ ગયો, ૬ વિ૦ રી૦ ૨૧; બેં૦ લો૦ રી૦ અપે. ૧૧. જુઓ પુરાવો ૧૦૧, ૧૦૨,

૧૦૧ પુરાવો—ધણીની સામે સ્ત્રીએ આપેલી શાહેદી—પ્રગણાનો કાયદો—કોર્ટે ઘણા મતે (મી૦ નોરમન જડજ વિરૂદ્ધ પડીને એવું ઠરાવ્યું કે કોઈ પ્રગણામાં ચલાવેલા કેસમાં કોઈ સ્ત્રી તેણીના ધણીની વિરૂદ્ધ અથવા લાભમાં અથવા તેણીના ધણીની સાથે રજુઆત થએલા કોઈપણ માણસની વિરૂદ્ધ અથવા તેના લાભમાં શાહેદી આપી શકે છે. રાણી વિ. ખાયરૂલાહ વિગેરે, ૬ વિ. રી. ૨૧.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ. નોરમન, કેમ્પ, સ્ટેનકાર અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૬૬).

રાણી વિરૂદ્ધ ગોરચંદર પોલીનો કેસ રદ થઈ જાય છે. ૧ વિ૦ રી૦ ૧૭. જુઓ પુરાવો ૧૦૦.

રાણી વિ૰ બીસુરનજન મુકરજી, (૬ વિ૰ રી૰ ૭૫) ના કેસમાં નજર રાખવામાં આવી. જુઓ પુરાવો ૧૧.

રાણી વિ૰ વ્યંકટરાવ શ્રીનીવાસ, ૭ મું. હા૰ કો૰ રી૰ ૫૦. જુઓ તપાસ વારન્ટ સીવાય.

રાણી વિ૰ ઉજરેઈલના કેસમાં નજર રાખવામાં આવી. ૩ વા. દી. પાં. ૨૧૨. જુ ઓ મરતી વખતનો ઈકરાર ૪.

૧૦૨ પુરાવો—ધણીની સામે સ્ત્રીએ આપેલી શાહેદી—પ્રગણામાં ચાલેલા ફોજદારી કેસમાં કોઇપણ સ્ત્રીની શાહેદી તેણીના ધણી ની અથવા તેની સાથે કામ ચાલેલા કોઈપણ માણસની સામે પુરાવામાં લેઈ શકાય છે. (મી૰ નોરમન જડજ આ મતથી વિરૂદ્ધ પ ડયા). રાણી વિ૰ ખાયરૂલાહ, બેં૰ લો૰ રી૰ અપે. ૧૧.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, નોરમન, કેમ્પ, સેટનકાર અને કેમ્પબેલ જડજોની રૂ બરૂ, તા૰ ૯ મી જુલાઈ સને ૧૮૬૮).

રાણી વિરૂદ્ધ ગોરાચંદર પોલીનો કેસ ર દ થઇ જાય છે ૧ વિ. રી. ૧૭. જુઓ પુ રાવો ૧૦૦.

૧૦૩ પુરાવો—ધણીની સામે સ્ત્રીએ આપેલી શાહેદી—પ્રગણાનો કાયદો—પ્રગણા માં ચાલેલા ફોજદારી કેસમાં સ્ત્રીની શાહેદી તેણીના ધણીની વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાય છે. રાણી વિરૂદ્ધ ખાયરૂલાહ (૬ વિ. રી. ૨૧) ના કેસનો આધાર લેવામાં આવ્યો. રાણી વિ. કાદીર વાલદ બાલુ, ૭ મુ. હા. કો. રી. ૫૦.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ અને લોયડ જડજોની રૂબરૂ, તા૰ ૧૩ મી જુન સને ૧૮૭૦.)

રાણી વિ. ખાયરૂલાહના કેસનો આધા ર લેવામાં આવે છે. ૬ વિ૰ રી૰ ૨૧. જુ ઓ પુરાવો ૧૦૧.

૧૦૪ પુરાવો—તોહોમતદાર ઉપર ચા લેલા કેસમાં પુરાવો વધારવાને માટે પેહેલાની સજા—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલ મ ૫૪—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૦—પુરાવાના આક્ટ ની કલમ ૫૪ મુજબ સઘળા કેસોમાં પ્રથમ કરેલી સજા તોહોમતદારની વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાય છે. રાણી વિ. કારતીકચંદરદાસ, ઈં૰ લો૰ રી૰ ૧૪ ક. ૭૨૧.

(મેસર્સ સર ડબલ્યુ કોમર પેથરામ નાઈટ ચીફ જસ્ટીસ, પ્રીનસેપ, પીગટ, ઘોસ, અને બીવરલી જડજોની રૂબરૂ, તા૰ ૨૦ મી જુલાઇ સને ૧૮૮૭.)

જુઓ સ્વીકારવું.

,, કબુલાત.

,, કપટથી હુકમનામું બજાવવું તે ૨.

,, વૈદક સબંધી પુરાવો.

પુરાવાનો બોજો—

પુરાવાનો બોજો—સલાહ શાંતી રાખવા ના જામીન—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૦૭, ૧૧૨, ૧૧૭, ૧૧૮, ૨૩૯—"કારણ બતાવવું તે"—એકઠી તજવીજ—એક બીજાની સામેની ટોળીઓનો એક મુકરદમો ચલાવેલો તે—જામીન લેવાનો હુકમ કરતાં પેહેલાં કેવી જાતનો પુરાવો જોઇએ તે—સ્વતંત્રતા ખો ઈ નાખવાનો અથવા તેને હદમાં રાખવા નો કાયદા પ્રમાણે ખાસ ઉલટો અધીકાર આ પવામાં ના આવ્યો હોય તો, સાધારણ નિય મ મુજબ દરેક માણુસ પોતાનો કેસ પોતા ના જેવી સ્થીતીના માણસોથી જુદો ચલાવ વાને માગી શકે છે. સલાહ સંપ શા માટે ન હી રાખવો જોઈએ તેનું કારણ બતાવવાને એક કરતાં વધારે માણસોને ક્રીમીનલ પ્રોસી જર કોડની કલમ ૧૦૭ મુજબ હુકમ કર વામાં આવ્યો હોય તો, કલમ ૧૧૭ સાથે કલમ ૨૩૯ ની મતલબ, પેહેલાની કલમમાં બતાવેલા ફેરફારોને અનુસરીને અને ન્યાય ની ખાતર દરેક માણસના કેસમાં જરૂર જ ણાય તેવી પદ્ધતિ મુજબ ચલાવવાને, લાગુ પડે છે. આવા માણસોના કેસમાં એકઠી ત

જવીજ થઈ હોય તો તે તેટલા માટે કાયદા વિરૂદ્ધ ગણાતી નથી. અને જે કેસોમાં માજી સ્ત્રેટે કલમો ૧૦૭, ૧૧૨, ૧૧૭ અને ૧૧૮ મુજબ એકજ મુકરદમામાં ગેરવાજબી રીતે એક કરતાં વધારે માણસોની તજવીજ કરી હોય તો, અમુક કેસની દરેક માણસના ગુણ વિષેની બાબત ધ્યાનમાં લેવી જોઈએ, અને છેવટે તે ગેરશીરસ્તો ગણાશે જે કેટલીક બા બતો ઉપર નજર રાખતાં કલમ ૫૩૭ માં આ વી જાય અગર ના આવી જાય. રાણી વિ. નથુ (ઈં૦ લો૦ રી૦ ૬ અ. ૨૧૪) અને રાણી વિ. બટક (વિ. નોટસ પા૦ ૩૪, ૧૮૮૪) ના કેસો ઉપર નજર રાખવામાં આવી. સલાહ સંપ શા માટે નહી રાખવો જો ઈએ તેનું " કારણ બતાવવાને " કોઇ માણ સ ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૦૭ અને ૧૧૨ મુજબ માજીસ્ત્રેટે હુકમ કા ઢયો હોય તો, પોતે નિરપરાધી છે એવું સા બીત કરવાનું તેને શીર છે એવી જાતનો તે "રૂલનાઈસી" ગણાતો નથી. જામીન આપવાને માટે તે માણસોને બોલાવવાનો માજીસ્ત્રેટે કરેલો હુકમ વ્યાજબી છે એવું સા બીત કરવાનો બોજો ફરીઆદીને શીર છે. ડ ની વિ. હેમચંદ્ર ચોધરી (૪ બેં૦ લો૦ રી૦ ૫૦ બેં૦ ૪૬) અને રાણી વિ. નીલરત્ન સીંઘ (વા૦ દી૦ પ્રાં૦ હા૦ કો૦ રી૦ ૧૮૭૦ પા૦ ૪૩૧) ના કેસો ઉપર નજર રાખવા માં આવી. માજીસ્ત્રેટને મળેલી ખબર પ્રમાણે સુલેહનો ભંગ કરવાને તૈયાર થયેલી બે વિરૂદ્ધ ટોળીઓ હતી, તે કેસમાં હંગામામાં સામેલ થ યેલી એક બીજાથી વિરૂદ્ધ ટોળીઓના અંગભૂ તોની રજુઆત એકઠી ચલાવેલી તેનો આ ધાર લેઇ એમ ઠરાવવામાં આવ્યું કે બંને ટોળીઓની એકઠી તપાસ કરી તેનો એકઠો મુકરદમો માજીસ્ત્રેટે ગેરશિરસ્તે ચલાવ્યો હતો. આવી રીતે ચાલેલો મુકરદમો તેટલા માટે કા યદા વિરૂદ્ધ ગણાતો નથી પણ તોહોમતદાર ના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થ યેલું માલમ પડે તો ગેરકાયદેસર ગણાય છે. રાણી વિ. લોચન (વિ. નોટસ ૧૮૮૧ પા૦ ૨૮) અને રાણી વિ. હુસેનબક્ષ (ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૯૬) ના કેસોમાં નજર રાખવામાં આવી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૭ મુજબ એક કરતાં વધારે માણસો ઉપર ચ લાવેલા મુકરદમામાં ગુન્હેગાર ગણેલા દરેક માણસે કેવું કૃત્ય કર્યું હતુ કે જે ઉપરથી સુ લેહનો ભંગ થવાની ધાસ્તી છે એ માલમ પ ડી આવે, એ સાબીત કરવાની જરૂર ફરીઆ દીને છે. આવી જાતની તજવીજ કરતી વ ખતે ગુન્હામાં સામેલ થયેલા જુદા જુદા મા ણસોના કેસો વચ્ચે તફાવત સોધી કાઢયા સી વાય એમાંના એક માણસની વિરૂદ્ધ મળી આવેલો પુરાવો સઘળા માણસોની વિરૂદ્ધ ગ ણવો એ ગેરવાજબી છે. રાણી વિ. નથુ (ઈં૦ લો૦ રી૦ ૬ અ. ૨૧૪) ના કેસ ઉપર ન જર રાખવામાં આવી. જો કે ગુન્હાઓને માટે ચાલેલા કામમાં જેવા નિર્ણાયક પુરાવાની જરૂર છે તેવા પુરાવાની કલમ ૧૧૭ મુજબ કરેલી તજવીજમાં જરૂર નથી, તોપણ સુલે હનો ભંગ થવાની ધાસ્તી છે એટલાજ કાર ણ ઉપરથી માજીસ્ત્રેટે તજવીજ કરવી જોઈ એ નહી, પણ ગુન્હામાં સામેલ થયેલા દરે ક માણસ વિષે ધાસ્તી રેહે છે એવું ધારવા ના વાસ્તવીક કારણો એવી રીતે સાબીત થ યા છે કે જેથી છેવટે જામીન લેવાનો હુકમ કરવાની જરૂર જણાય, એ જોવાને માજીસ્ત્રેટ બંધાયેલો છે. કેવી જાતની બાબત જોઇએ તે નો આધાર દરેક કેસની હકીકત ઉપર છે, પણ માજીસ્ત્રેટને મળેલી ખબર ઉપરથી કલમ ૧૧૮ મુજબ હુકમ કરતાં પેહેલાં ખુલ્લી રીતે કૃત્યો સાબીત થવાં જોઈએ, અને બીજો મા ણસ સુલેહનો ભંગ કરે એવો સંભવ છે એ જ કારણ ઉપરથી ગમે તે માણસ સામે આ વી જાતનો હુકમ થઈ શકે નહી. રાણી વિ. અબદુલહક (૨૦ વિ. રી. ક્રી. ૫૭); ગોસા ઈ લચમનપ્રસાદ પુરી વિ. પોહુપનારાયણ પુ

રી (૨૪ વિ. રી. ક્રી. ૩૦); રાજા રણબા હાદુરસીંધ વિ. રાની ટીલેસરીકુંવર (૨૨ વિ. રી. ક્રી. ૭૯); અને કાશીચંદરદાસની બાબતમાં (૧ બેં૦ લો૦ રી૦ ૪૪૧; ૧૯ વિ. રી. ત્રી. ૪૭) નજર રાખવામાં આવી; રાણી વિ. અબદુલ કાદર ઈં૦ લો૦ રી૦ ૯ અ. ૪૫૨.

(મી૦ જસ્ટીસ મહમદની રૂબરૂ, તા૦ ૧૫ જુલાઈ સને ૧૮૮૬)

પુરાવો પેહેલાં આપેલો તે મુખ્ય તપાસણી તરીકે ગણેલો—

પુરાવો પેહેલાં આપેલો તે મુખ્ય તપાસણી તરીકે ગણેલો—ફોજદારી મુકરદમાઓ—ગેરશિરસ્તો—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૫૩, ૩૫૭—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમો ૧૩૮ અને ૧૬૭—હંગામાનું તોહોમત રાખી કોઈ હીંદુ ટોળીની રજુઆત ચલાવતી વખતે માજીસ્ટ્રેટે, ફરીઆદી તરફના શાહેદીઓ લીધા સીવાય, તેજ હંગામામાં હીંદુઓની સામે જે મુસલમાનની ટોળી થઈ હતી તેનું અગાઉ કામ ચાલેલું તેમાં તેજ શાહેદીઓએ મુખ્ય તપાસણી તરીકે જુબાનીઓ આપેલી તેની નકલો મંગાવી, આ નકલો જે શાહેદીઓને તે વખતે ઉલટસુલટ તપાસવામાં આવ્યા હતા તેમને વાંચી સંભળાવવામાં આવી હતી, અને આને માટે કેદી તરફથી કાંઈપણ વાંધો ઉઠાવવામાં આવ્યો નોહોતો. તોહોમતદારોને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટે ચલાવેલો મુકરદમો જો કે ગેરશિરસ્તે ચલાવવામાં આવ્યો હતો, તોપણ તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને વાસ્તવીક રીતે નુકશાન થયું હતું અથવા ગેરઇનસાફ થયો હતો એવું કામમાં સાબીત નહી થવાથી અને ઉલટસુલટ તપાસમાં સાબીત થયેલી બાબતો ગુન્હો ઠરાવવાને પુરતી હતી તેથી પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૧૬૭ અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૩ મુજબ આવી રીતનો થએલો ગેરશિરસ્તો ગણાતો નથી. રાણી વિ૦ નંદરામ વિગેરે, ઇ. લો રી. ૯ અ. ૬૦૯.

(મી૦ મહમદ જડજની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ સને ૧૮૮૭).

પેહેલાં મુકેલી મીલકત ગીરે મુકવી તે—

પેહેલાં મુકેલી મીલકત ગીરે મુકવી તે—અમલદાર—ધર્મ સબંધી હીંદુઓનો રીવાજ—સને ૧૮૭૨ નો રેગ્યુલેશન ૧૪ મો કલમ ૧ કલોઝ ૧, આરટી ૭—પ્રથમના ગીરવી રાખનાર પાસેથી પેહેલાં ઘર છોડાવ્યા સીવાય તે જ ઘર બીજી વાર ગીરે મુકવાને માટે કોઈ હીંદુ ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તો, તેવા કેસને સને ૧૮૭૨ ના ૧૪ મા રેગ્યુલેશનની કલમ ૧ કલોઝ ૧ અને આરટીકલ ૭ અને તેઓનો ધર્મ સબંધી કાયદો લાગુ પડતો નથી. રાણી વિ૦ આનજી વાલદ ગોવીંદરામ, ૧ મું૦ હા૦ કો૦ રી૦ ૯૩.

(મેસર્સ એરસકાઈન ન્યુટન અને વેસ્ટ્રોપ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી નવંબર સને ૧૮૬૩).

પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી સજા—

૧ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—પેહેલાં શિક્ષા થએલું કામનું દફતર રજુઆત પુરી થયા પછી કામમાં દાખલ કરવું તે—પેહેલાં શિક્ષા થએલું કામનું દફતર જ્યાં સુધી રજુઆત પુરી થઈ નથી ત્યાં સુધી કામમાં દાખલ કરવું જોઈએ નહી કારણ કે ગુન્હેગાર ઠરાવ્યા પછી સજા કરતી વખતે તે કામનું છે. રાણી વિરૂદ્ધ શીબુમંડલ, ૩ વિ૦ રી૦ ૩૮.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી જુન સને ૧૮૬૫).

૨ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—પીનલકોડની કલમ ૭૫ નો અર્થ—કોર્ટે ઘણા મતે (મી૦ કેમ્પબેલ જડજ વિરૂદ્ધ ૫ ડીને) એમ ઠરાવ્યું કે પીનલકોડની કલમ ૭૫ કોડ અમલમાં આવ્યા પછી થએલા ગુન્હાઓની શિક્ષાનેજ ફકત લાગુ પડે છે. રાણી વિ૦ હરપાલ, ૪ વિ. રી. ૯.

(મેસર્સ કેમ્પ, કેમ્પબેલ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી સપટંબર સને ૧૮૬૫).

૩ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—ડેપ્યુટી માજીસ્ત્રેટની હકુમત—તોહોમત રાખવામાં આવેલા ગુન્હાની તજવીજ ચલાવી શકે તેવા ડેપ્યુટી માજીસ્ત્રેટના અધીકારને કેદીને પેહેલાં થએલી શિક્ષાથી અસર થતી નથી. શેખ બુલકની બાબતમાં, ૫ વિ. રી. ૫૩.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી મારચ સને ૧૮૬૬).

૪ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫—પીનલકોડના પ્રકરણ ૧૭ મુજબ સજા થઇ શકે તેવા કોઈ ગુન્હાને માટે કેદની સજા થઈ હોય તોજ ફકત, પીનલકોડની કલમ ૭૫ મુજબ વધારે શિક્ષાને કોઇ ગુન્હેગાર પાત્ર થાય છે. રાણી વિરૂદ્ધ પબન, ૫ વિ. રી. ૬૬.

(મેસર્સ સેટનકાર અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૬૬).

૫ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—પેહેલાંની શિક્ષાના કામનું દફતર ક્યારે પુરાવામાં લેવાય તે—તે વખતે ચાલતા કેસમાં જ્યાં સુધી કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવે નહી ત્યાં સુધી પેહેલા શિક્ષા થએલા કામનું દફતર પુરાવામાં લેઇ શકાય નહી. રાણી વિ૰ જીહન મુલીક, ૫ વિ. રી. ૬૭.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૬ મી એપ્રીલ સને ૧૮૬૬).

૬ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—પુરાવો—ગુન્હેગાર ઠરાવી પેહેલાંની કરેલી શિક્ષા પુરાવામાં લેઈ શકાય નહી. રાણી વિ. ઠાકોરદાસ ચતુર વિગેરે, ૭ વિ. રી. ૭.

(મી૦ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૪ થી જાનેવારી સને ૧૮૬૭).

૭ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૭૫, ૩૮૦—મિલકત રાખવામાં આવેલા મકાનમાં ચોરી કરવાને માટે કેદીને પીનલકોડની કલમ ૩૮૦ મુજબ ગુન્હેગાર ઠરાવી તેને પીનલકોડની કલમ ૭૫ મુજબ ૧૪ વર્ષની સમુદ્રપારની સજા કરી, કારણ કે તે કોડના પ્રકરણ ૧૭ મુજબ ત્રણ વર્ષ અથવા તે ઉપરાંત હમણાં સજા થઇ શકે તેવા ગુન્હાઓને માટે તે તેર વખત ગુન્હેગાર ઠર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડ અમલમાં આવ્યા પેહેલાં તે ગુન્હેગાર ઠર્યો હતો તેથી હાલના ગુન્હાને માટે તેને કલમ ૭૫ મુજબ સજા થઇ શકે નહી. રાણી વિ. કુશયા બીન ૫ સુ. ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૧૧.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી સપટંબર સને ૧૮૬૭.)

૮ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—અગાઉની સજા—અગાઉ ગુન્હેગાર ઠરાવ્યાનું બતાવેલાં તોહોમતનામામાં પેહેલાં કેટલી સજા થઈ હતી તે બતાવવાની જરૂર નથી. તોહોમતનામાનો સુધારેલો નમુનો. કો૦ તા૦ ૧૭ મી એપ્રીલ સને ૧૮૬૮; ૪ મ. હા. કો. રી. અપે. ૧૧.

૯ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા--પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫—બીજી વખત ગુન્હેગાર ઠર્યાથી પીનલકોડની કલમ ૭૫ મુજબ વધારે સજા ઠરાવવાનો અખતીયાર બજાવતાં પેહેલાં પીનલકોડ મુજબ તોહોમતદાર પેહેલાં ગુન્હેગાર ઠર્યો હતો એ વિષેનો સ્પષ્ટ અને બરોબર પુરાવો જોઈએ. રાણી વિ૰ નૈમુદીશેખ ઉરફે આબાશેખ, ૧૪ વિ. રી. ૭.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૭૦.)

૧૦ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—કેવી રીતે સાબીત કરવુ તે—દફતરખાનાની ફકત નકલ (કેફીઅત) એ કેદી પ્રથમ ગુન્હેગાર ઠર્યો હતો એ સાબીત કરવાને જોઇ

એ તેવો પુરાવો નથી. તે બાબત વિષે અને પ્રથમ ગુન્હેગાર ઠરેલો તેજ કેદી હતો એ વિષે સોગન ઉપર જુબાની લેવી જોઈએ. રાણી વિ૦ શેખ રામઝન અપેલેન્ટ, ૧૫ વિ. રી. ૫૩; ૬ બેં. લો. રી. અપે. ૧૫૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૭૧.)

૧૧ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—તોહોમત—સજા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯—નવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ મુજબ શિક્ષા વધારવાને માટે તોહોમતદારે પ્રથમ ગુન્હો કર્યો હતો એ સાબીત કરવું હોય તો, પ્રથમ સજા થઈ હતી એ બાબત તોહોમતનામામાં લખવી જોઇએ. એવી રીતે બતાવવાનું રહી ગયું હોય તો સજા કરતાં તે તોહોમતનામામાં વધારી શકાય પણ પછીથી વધારી શકાય નહી. રાણી વિ૦ રાજકુમાર બોસ, ૧૯ વિ રી. ૪૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી માર્ચ સને ૧૮૭૩.)

૧૨ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—તોહોમતનામું—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ મુજબ પ્રથમ ગુન્હેગાર ઠર્યા પછી બનાવેલા તોહોમતનામામાં બતાવવું જોઈએ કે ગુન્હો પ્રથમ ગુન્હેગાર ઠર્યા પછી કર્યો છે. કેદીએ ગુન્હો કર્યો તે વખતે (પણ કયો ગુન્હો તે નહી બતાવ્યાથી) પ્રથમ તેણે પ્રકરણ ૧૭ મુજબ સજા થઈ શકે તેવા ગુન્હાઓ કર્યા હતા એવી હકીકત તોહોમતનામામાં બતાવવામાં આવી હોય તો તે કલમ ૪૩૯ માં બતાવ્યા પ્રમાણે ગણાતી નથી. રાણી વિ૦ શેખ જાકીર, ૨૨ વિ. રી. ૩૯,

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુલાઈ સને ૧૮૭૪.)

૧૩ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—ચાલ ચલગત વિષે કામમાં ના આવે તેવો પુરાવો—કેટલી હદ—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૫૮—બદદાનતથી ચોરીની મીલકત રાખ્યાને માટે કેદી ઉપર કામ ચલાવી કેસ જ્યુરીને સોંપતી વખતે જડજે પ્રથમ ચોરીનો ગુન્હો કર્યાની સાબીતી પુરાવા તરીકે ધ્યાનમાં લેવાને જ્યુરીને ફરમાવ્યું, કે જેમાંથી તોહોમતદારની ચાલ ચલગત વિષે સારી રીતે અનુમાન થઈ શકે. એમ ઠરાવવામાં આવ્યું કે આથી કાયદા કે હકીકત સબંધી ભુલ કરી જ્યુરીને ખોટું સમજાવવું ગણાય છે; કારણ કે પુરાવાના આકટની કલમ ૫૪ માં જો કે એમ બતાવેલું છે કે "તોહોમતદારે પ્રથમ ગુન્હો કર્યો હતો" એ બાબત પુરાવામાં લેઈ શકાય છે, તોપણ તે કલમમાં પછી એમ પણ બતાવેલું છે કે "ખરાબ ચાલનો છે તે કામના પુરાવામાં લેઇ શકાય નહી," અને તેથી કરીને પુરાવો કામમાં આવી શકે નહી અને દાખલ પણ થઈ શકે નહી. પ્રથમ ગુન્હેગાર ઠર્યો હતો એ બતાવવાની ખરી મતલબ, ઘણીજ ખાસ બાબતો સીવાય, કેદી ઉપર રાખેલો ગુન્હો સાબીત થાય તો કેટલી સજા કરવી એ નકી કરવાની છે. રાણી વિ૦ રોસન ડોસાધ, ઈં૦ લો. રી. ૫ ક ૭૬૮; ૬ ક. લો. રી. ૨૧૯.

(મેસર્સ મોરીસ અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી ફેબ્રુઆરી ૧૮૮૦.)

૧૪ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫-પ્રથમ કોઈ તોહોમતદારને પીનલ કોડ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તોજ તે કોડની કલમ ૭૫ મુજબ તેને સજા થઈ શકે છે. રાણી વિ. બુધનરજવાર, ૧૦ ક. લો. રી. ૩૯૨.

(મેસર્સ કનીંગહામ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી માર્ચ સને ૧૮૮૨.)

૧૫ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા—સાબીતી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રી

મીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૦— જ્યુરી અગર આસેસરોની રૂબરૂ ચાલેલા કેસના દફતરમાં બેશક બતાવવું જોઇએ કે તોહોમતદારને રાખેલા તોહોમતને માટે જ્યાં સુધી ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો નોહોતો ત્યાં સુધી પ્રથમ કરેલા ગુન્હાની બાબત જોવામાં આવી નોહોતી, રાણી વિ. ફીષ્ટોએ હારીદાસ, ૧૨ ક. લો. રી. ૫૫૫.

(મેસર્સ કર્નીંગહામ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી માર્ચ સને ૧૮૮૩.)

૧૬ પેહેલાં ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫—પ્રથમ ગુન્હેગાર ઠર્યા પછી પ્રકરણ ૧૨ અને ૧૭ મુજબ કરેલા ગુન્હાને માટે કેદીની ચાલેલી રજુઆત—પીનલકોડની કલમ ૭૫ મુજબ સજા થઈ શકે એવા ગુન્હાને માટે કોઈ કેદીનું કામ ચલાવવામાં આવ્યું હોય તો, તે કલમ મુજબ જુદું તોહોમત રાખી તોહોમતનામું લખવું જોઈએ. રાણી વિ. ડોરાસામી, ઈં૦ લો૦ રી૦ ૯ મ. ૨૮૪.

(મેસર્સ કરનાન અને મતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨ એપ્રીલ સને ૧૮૮૬.)

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૨.
,, પ્રયત્ન ગુન્હો કરવાનો ૫.
,, વર્ધમાન સજા.
,, જકાત ૨૦
,, જ્યુરી ૧૦૪
,, સજા ૫૩, ૬૨.
,, કેટલાક તોહોમતો.
,, ફટકા મારવા તે ૯, ૧૨, ૧૫, ૧૮, ૨૦, ૨૪, ૨૭.

પોલીસ—

૧ પોલીસ—સને ૧૮૬૧ નો ૫ મો કલમો ૨૯, ૪૨—સને ૧૮૬૧ ના ૫ માની કલમ ૪૨, (જે કાંઈ પણ કૃત્ય કરવાને માટે અથવા તે આકટમાં બતાવ્યા પ્રમાણે ઈરાદો કરવાને માટે, અથવા તેમાં બતાવેલા પોલીસના સાધારણ અધીકાર મુજબ નુકશાન થએલા માણસો ફરીઆદો કરી શકે તેને તે લાગુ પડે છે) ને તે આકટની કલમ ૨૯ સાથે કાંઇ સબંધ નથી, કારણ કે તે કલમમાં પોલીસ અમલદારોને, તેઓના ઉપરીઓનો હુકમ તોડવાને માટે અને કાયદા પ્રમાણે નહી ચાલવાને માટે અને નિયમો અને કાયદાના આધારો નહી પાળવાને માટે, સજા કરવાનું બતાવેલું છે. રાણી વિ. હાજર મીરખાન, ૭ ના. દી. પ્રાં. ૨૩૭.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૮૭૫).

૨ પોલીસ—હકુમત—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૨૯—સને ૧૮૬૧ નો ૨૫ મો, ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૫૨—સને ૧૮૬૧ ના ૫ માની કલમ ૨૯ મુજબ થએલો ગુન્હો ફકત માજીસ્ટ્રેટ ચલાવી શકે છે પણ સેસન જડજ ચલાવી શકે નહી. જે કેસોમાં સાથે લગા ચોવીસ કલાક સુધી કોઈ માણસને ગોંધી રાખવામાં ના આવ્યો હોય તેવા કેસોને સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૨ લાગુ પડતી નથી. ઇટ્રોબીઅરથામ્મા અપેલેન્ટ, ૧ વિ રી. ૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી અગષ્ટ સને ૧૮૬૪).

૩ પોલીસ—માણસો પાસેથી ખરચ વસુલ કરવું તે—કોનસ્ટેબલનું ખરચ કોઇ માણસ પાસેથી વસુલ કરવાનો માજીસ્ટ્રેટનો અધીકાર નથી. રાણી વિ. રોહીમકંત ઘોસ અને બીજો, ૧ વિ. રી. ૧૫.

(મેસર્સ કેમ્પબેલ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી સપટંબર સને ૧૮૬૪).

૪ પોલીસ—કાયદેસર કેદમાં રાખેલા માણસો ઉપર જુલમ અને બળાતકાર વાપરેલો તે—અપેલેન્ટોએ ચોરી કર્યાનું ફરીઆદી ઉપર તોહોમત રાખી તેને પોલીસને સોંપ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદી કેદમાં હતો તે વખતે તેના ઉપર જુલમ અથવા બ

જાત્કાર થયો હોય તો તેના જવાબદાર પોલીસ છે પણ અપેલેન્ટ નથી. રાણી વિ. શંભુના ૫ પાંડે અને બીજો, ૧ વિ. રી. ૨૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની ૩ બ૩, તા૦ ૨૨ મી નવંબર સને ૧૮૬૪).

૫ પોલીસ—ચોર પકડવામાં વાજબી રીતે બળ વાપરેલું તે—કોઈ ચોકીદારે પકડતી વખતે ચોરને ઘાયલ કર્યો હોય તો તે કેટલીક બાબતો ઉપરથી વ્યાજબી ગણાય છે, એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ. પ્રેતાબ ચોકીદાર, ૨ વિ. રી. ૯.

(મેસર્સ કેમ્પબેલ અને ગ્લોવર જડજોની ૩બ૩, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૬૫).

૬ પોલીસ—ફુલપાવર માજીસ્ત્રેટનો અધીકાર બજાવતી વખતે ડેપ્યુટી માજીસ્ત્રેટની હકુમત—કોઈ ડેપ્યુટી માજીસ્ત્રેટ ફુલપાવર માજીસ્ત્રેટનો અધીકાર બજાવતી વખતે ફરજ તોડવાને માટે કોઈપણ પોલીસ અમલદારનો દંડ સને ૧૮૬૧ ના ૫ માની કલમ ૨૯ મુજબ કરી શકે છે. સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ અભીપ્રાય લખી પુછેલો તે. ૪ વિ. રી. ૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની ૩બ૩, તા૦ ૪ થી સપટંબર સને ૧૮૬૫.)

૭ પોલીસ—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૨૯—નોકરી બજાવવામાં ગફલત—તાબાના માણસને સોંપરત કરવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ અને પોલીસ સંગ્રહ પેરા ૮૪૪—ચીફ કોનસ્ટેબલ ગુન્હો બનેલી જગાએ જવાનું કામ પોતાના તાબાના માણસને કાયદા પ્રમાણે સોંપી શકે છે. તેથી પોતે તે જગાએ ના ગયો હોય તો, કાયદા મુજબ તેના ચાલ્યો એમ ગણાતું નથી, અને તેટલા માટે બુદ્ધિપૂર્વક નોકરીની ફરજ નહી બજાવવાનું તોહોમત રાખી તેને ગુન્હેગાર ઠરાવવો તે કાયદા વિરુદ્ધ છે. રાણી વિ૦ કરામતખાન, ૧ આગ્રા. હા. કો. રી. ૧.

(મેસર્સ રોબર્ટસ અને ટરનર જડજોની ૩બ૩, તા૦ ૧૭ મી જુલાઇ સને ૧૮૬૬.)

૮ પોલીસ—પુરાવો—ગુન્હો બન્યા પછી એક મહીને હાજર થવાનો શાહેદીઓનો મુચરકો પોલીસ લેઈ શકે નહી. આ કેસમાં ગુન્હેગાર ઠરાવવાને જોઇએ તેવો પુરાવો નથી એ વિષે ટીકા કરવામાં આવી. રાણી વિ૦ ભીમ માનજી અને બીજો, ૬ વિ. રી. ૫૨.

(મેસર્સ કેમ્પબેલ અને માર્કબાય જડજોની ૩બ૩, તા૦ ૧૧ મી અગષ્ટ સને ૧૮૬૬.)

૯ પોલીસ—સને ૧૮૫૯ નો ૨૪ મો કલમ ૪૮—પોલીસના સને ૧૮૫૯ ના ૨૪ મા આકટની કલમ ૪૮ મુજબ ગુન્હેગાર ઠરાવેલા માણસોને દંડ અને દંડ નહી આપ્યાને બદલે કેદ, એ બંને સજા થઈ શકે નહી. મદ્રાસના સને ૧૮૬૫ ના આકટ ૫ માં બતાવેલી રીત મુજબ દંડ વસુલ કરવો જોઈએ. પ્રો. તા૦ ૭ મી ડીસેંબર સને ૧૮૬૬; ૩ મ. હા. કો. રી. અપે. ૯.

૭ મ. હા. કો. રી. અપે. ૨૨ ના કેસમાં આધાર રાખવામાં આવ્યો. જુઓ દંડને બદલે કેદ.

૧૦ પોલીસ—પોલીસના સને ૧૮૬૧ ના ૫ મા આકટ મુજબ ગુન્હેગાર ઠરેલો તે—સાબીત થયેલી કામની હકીકત ઉપરથી પીનલકોડની કોઈ પણ કલમ મુજબ ગુન્હો બનતો હોય તોપણ પોલીસના સને ૧૮૬૧ ના ૫ મા આકટ મુજબ કોઈ માણસને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તે રદ કરવાનું કાંઈ કારણ નથી. રાણી વિ૦ કાસીમુદીન કોનસ્ટેબલ, ૮ વિ. રી. ૫૫.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની ૩બ૩, તા૦ ૩૦ મી જુલાઈ ૧૮૬૭.)

૧૧ પોલીસ—સાધારણ અપવાદો—વારંટ સીવાય શુદ્ધબુદ્ધિથી પકડેલો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૭૯, ૩૩૯—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૦૦ કલોઝ ૫—પીનલ કોડની કલમ ૭૯ માં બતાવેલો સાધારણ અ

પવાદ અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૦ ના કલોઝ ૫ મુજબ આપેલા અધીકારથી, સુદ્ધબુદ્ધિ એટલે પુરતી કાળજી અને ધ્યાન રાખ્યા સીવાય ચાલેલા પોલીસ અમલદારનો બચાવ થતો નથી. ઉપર બતાવેલી કલમ ૧૦૦ નો કલોઝ ૫ જે મીલકત ચોરીની સાબીત થઈ હોય તેને લાગુ પડે છે પણ કંઈ વસ્તુ ચોરાએલી છે એવું કોઇ પોલીસ અમલદારે ધાર્યું હોય તેને તે લાગુ પડતો નથી. પોલીસ અમલદારે જામીન આપ્યા સીવાય ઘેર જવાની કોઇ માણસને ના પાડી હોય તો, પીનલકોડની કલમ ૩૩૯ મુજબ ગેરવાજબી અટકાવને માટે તે ગુન્હેગાર છે એમ ઠરાવવામાં આવ્યું હતું. શીઓસરન સાહી. વિ. મહમદ ફાંઝલખાન, ૧૦ વિ. રી. ૨૦.

[મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૧૭ મી જુલાઇ સને ૧૮૬૮.]

૧૨ પોલીસ—તજવીજ—ફરીઆદ—માજીસ્ટ્રેટનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૭ અને પ્રકરણ ૧૪—મી૰ લોચ જડજે એમ ઠરાવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ મુજબ ચલાવાય તેવા કેસમાં પોલીસ તજવીજનો હુકમ કરવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. મી૰ ગ્લોવર જડજે વિરૂદ્ધ પડીને એમ ઠરાવ્યું કે પીનલકોડ મુજબ શીક્ષા થઈ શકે એવા ગમે તે ગુન્હામાં પોલીસ તજવીજ કરવાનો માજીસ્ટ્રેટ હુકમ કરી શકે. બંને જડજોએ એમ ઠરાવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૭ મુજબ જે કેસમાં ફરીઆદ માંડીવાળવામાં આવી હોય તેવા કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ હાઇ કોર્ટ દરમીઆન થઈ શકે નહી ફોટુશાહના મુકરદમાની તપાસ, ૧૦ વિ. રી. ૪૯; ૨ બેં. લો. રી. ઉ. ૬.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૧૨ મી નવંબર સને ૧૮૬૮).

રાણી વિ૰ હરકચંદ નવલખાના કેસમાં નજર રાખવામાં આવે છે જુઓ માંડીવાળવુ ફરીઆદનું ૬.

જગબંધુ મીતી વિરૂદ્ધ ગોવરધન બેરાના કેસમાં નજર રાખવામાં આવી. ૪ બેં૰ લો૰ રી૰ ફી૰ બ૰ ૧. જુઓ તોહોમત ૨૨.

૧૩ પોલીસ—મદ્રાસનો સને ૧૮૬૫નો ૩ જો—સને ૧૮૫૯ નો ૨૪ મો કલમ ૫૦—મદ્રાસના સને ૧૮૫૯ ના ૨૪ મા આકટ મુજબ ગુન્હો કર્યાનું તોહોમત રાખવામાં આવ્યું હોય એવા પોલીસ અમલદારોનું કામ ચલાવવાને, તે આકટની કલમ ૫૦ ના અપવાદ છતાં પણ મદ્રાસના સને ૧૮૬૫ ના ૩ જા આકટ મુજબ ડેપ્યુટી માજીસ્ટ્રેટને અધીકાર છે. પ્રો. તા૰ ૭ મી જુલાઈ સને ૧૮૬૯ ૪ મ. હા. કો. રી. અપે. ૫૪.

૧૪ પોલીસ—ઉપદ્રવ—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૩૪—સરીઆમ રસ્તામાં પાટ મુકવાથી સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ૩૪ મુજબ ગુન્હો બને છે; પણ તાબાના માજીસ્ટ્રેટને પોતાના મનસ્વીપણાથી ફોજદારી કરવાનો અધીકાર નથી. રાણી વિ૰ અમીર, ૨ વા. દી. પ્રાં૰ ૫.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૰ ૮ મી જાનેવારી સને ૧૮૭૦).

૧૫ પોલીસ—લખેત હુકમ—મુંબાઇનો સને ૧૮૬૭ નો ૭ મો કલમો ૨૭, ૨૮, ૨૯—દેવળોમાં બંદોબસ્ત રાખવાનો પોલીસનો અધીકાર—મુંબાઈનો સને ૧૮૬૭ નો ૭ મો ડીસ્ટ્રીકટ પોલીસ આકટ મુજબ કાઢેલો હુકમ લખેત કાઢવાની કાંઇ જરૂર નથી. તે કલમ મુજબ મોંનો હુકમ આપેલો તોડયો હોય તો તેને માટે કલમ ૨૯ મુજબ શિક્ષા થઇ શકે છે. ડીસ્ટ્રીકટ પોલીસ આકટની કલમ ૨૮ માં લખેલા શબ્દો જેથી "જાહેરાંત પુજા ચાલતી હોય તે વખતે નજદીકમાં બંદોબસ્ત રાખવાનો" પોલીસને અધીકાર આપવામાં આવે છે અને જાહેરાંત પુજા ચાલતી હોય તે વખતે ન

જદીકની જગ્યાઓમાં નિયમસર રીતે વેપાર ચાલવા દેવો અને સોરબકોર નહી થવા દેવા નો પણ પોલીસને અધીકાર મળે છે, પણ તેથી કરીને લોકોને આવ જા કરવા ની સઘળી જગ્યાઓમાં અને દેવલોમાં બંદોબસ્ત રાખવાનો સાધારણ અધીકાર ઓછો થઈ જાતો નથી. રાણી વિ૦ બાપુજી ગંગારામ, ૭ મું. હા. કો. રી. ર.

(મેસર્સ ગીબ્સ અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી એપ્રીલ સને ૧૮૭૦.)

રાણી વિ. રામચંદ્ર એકનાથના કામમાં આધાર રાખવામાં આવે છે. જુઓ લોકોપકારક કૃત્ય ૧૫,

૧૬ પોલીસ—સરકારી નોકર—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ર૯—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ર૧૮—પોલીસ અમલદારે ભુલથી કોઇ જગ્યાની તજવીજનો ખોટો અને ગેરવાજબી રીપોર્ટ કર્યો હોય અને પીનલકોડની કલમ ર૧૮ મુજબ ગુન્હેગાર ઠરાવવાને જોઇએ તેવી કેસમાં સાબીતી મલી ના આવે તો સને ૧૮૬૧ નો આકટ૫માની કલમ ર૯ મુજબ શીક્ષા થઈ શકે. ઓરોડાકંત મુખોપધાના કામનું રેફ્રન્સ, ૧૫ વિ. રી. ૧૭.

(મેસર્સ નોરમન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧.)

રાણી વિ. અમીરખાંનના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૬ બેં. લો. રી. અપે. ૮૭૧. જુઓ જ્યુરી ૪૫.

૧૭ પોલીસ—સને ૧૮૫૯ નો ૪૫ મો કલમ ૪૪—તોહોમતદાર જે પોલીસ કોનસ્ટેબલ હતો તેને, પોતાની નોકરી નહી બજાવવાને માટે સને ૧૮૫૯ ના આકટ ર૪ ની કલમ ૪૪ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. પુરાવા ઉપરથી એમ સાબીત થયું કે જેલનો પેરો ભરવાને મુકેલો તે વખતે તે ઊંઘી ગયો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે જે અમુક જાતના ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે તે ગુન્હાને માટે તોહોમતદાર ગુન્હેગાર નથી. તોપણ તે કલમ મુજબ દેખીતો તે ગુન્હેગાર હતો. પેહેરો ભરતી વખતે ઊંઘી જવું તે કલમ ૧૦ મુજબ સજા થઈ શકે તેવો ગુન્હો ગણાયછે. પ્રો. તા૦ ૯ મી અગષ્ટ સને ૧૮૭૧, ૬ મું૦ હા૦ કો૦ રી૦ અપે. ૩૧.

૭ મ. હા. કો. રી. અપે. ૭ ના કેસમાં નજર રાખવામાં આવી. જુઓ પોલીસ ર૦.

૧૮ પોલીસ—સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ર૯ મુજબ શક ઉપરથી પોલીસ અમલદારને ગુન્હેગાર ઠરાવેલો તે—કોઈ પોલીસ અમલદારને શક ઉપરથી સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ર૭ મુજબ, રજા લીધા સીવાય પોતાની નોકરીની ફરજ છોડી દેવાને માટે, ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિરૂદ્ધ દીનોનાથ ગંગુલી અરજદાર, ૧૭ વિ૦ રી૦ ૧ર; ૮ બેં૦ લો૦ રી૦ અપે. ૫૮.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી ફેબ્રુઆરી સને ૧૮૭ર).

૧૯ પોલીસ—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ર૯—પોલીસ અમલદારને ગુન્હેગાર ઠરાવવો તે—નોકરની ફરજ નહી બજાવવી તે—સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ર૯ મુજબ ગુન્હો કરવાને માટે કોઈ પોલીસ અમલદારને ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં ફકત કસુર થઈ હતી એટલુંજ નહી પણ જાણી બુઝીને અને વિચાર કરીને તેણે પોતાની ફરજ બજાવી નથી એમ સાબીત થવું જોઈએ. રાધુસીંઘ અરજદાર, ૧૭ વિ. રી. ૩૬; ૮ બેં૦ લો૦ રી૦ રી૦ અપે. ૬૦

(મેસર્સ બેલી અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ર માર્ચ સને ૧૮૭ર.)

રાણી વિ. ગોલામ આરબીના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ર૫ વિ. રી. ર૦. જુઓ સંક્ષેપમાં તપાસ ૧૭.

રાણી વિ. બુલાખીલાલ, ૧૯ વિ. રી. ૭. જુઓ પોલીસ રર.

૨૦ પોલીસ—સને ૧૮૫૯ નો ૨૪ મો કલમ ૪૪—તોહોમતદાર જે પોલીસ કોનસ્ટેબલ હતો તે જેલના બાહારને બારણે પોતાની નોકરી ઉપર હતો. તે પોતાની જગ્યા છોડીને અને દરવાજો ઉઘાડો મુકીને બાહાર સુવાને ગયો. આવી રીતે નોકરીમાં કસુર કરવાથી તેણે સને ૧૮૫૮ ના આકટ ૨૪ ની કલ ૪૪ મુજબ ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે સજા કાયદેસર હતી. પ્રો. તા૦ ૧૩ મી જુન ૧૮૭૨. ૭ મ. હા. કો. રી. અપે. ૭.

૨૧ પોલીસ—સને ૧૮૬૧ નો ૫ મો કલમો ૧૫, ૧૭—ખાસ કોનસ્ટેબલ—હાઈ કોર્ટ—હકુમત—ખુન બન્યુ છે અને ઘણા ખુનો બનવાની ધાસ્તી લાગે છે એવું કારણ બતાવી માજીસ્ત્રેટે સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૧૭ મુજબ કેટલાક ખાસ કોનસ્ટેબલો નિમ્યા, એમ ઠરાવવામાં આવ્યું હતું કે આ હુકમો કાયદા વિરૂદ્ધ હતા, કારણ કે તે કલમમાં ફકત કાયદા વિરૂદ્ધ મંડળી, હંગામો અને સુલેહના ભંગના કેસો આવી જાયછે; પણ સપષ્ટ રીતે હુકમનો અમલ થઈ શકે તેવી જાતનો હોવાથી, તેની અંદર દરમીઆન થવાને હાઈ કોર્ટનો અધીકાર નથી. માજીસ્ત્રેટે ઉપલા આકટની કલમ ૧૫ મુજબ પોલીસમાં વધારો કરવાની પરવાનગી મેળવવાની અરજ કરવી જોઈતી હતી. રામન સીરકાર વિગેરે, અરજદારો, ૧૮ વિ૦ રી૦ ૬૭; ૧૦ બેં૦ લાં૦ રી૦ અપે. ૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૭૨.)

૨૨ પોલીસ—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૨૯—ઘરની ઝડતી—ચોરીની મીલકત—ચોરીની મીલકતને માટે ઘરની ઝડતી લેવાનો હુકમ કરતાં પેહેલાં પોલીસ અમલદારની ફકત ભુલ અથવા અવિચારીપણું થયું હોય તો તેથી સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ૨૯ મુજબ નોકરીની કસુર ગણાતી નથી. તેમાં બતાવેલી કસુર કોઈ ખરેખરી ફરજ બજાવવામાં જાણીબુઝીને અને ઈરાદાપુર્વક થએલી કસુર હોવી જોઈએ. રાણી વિ૦ બુલાખીલાલ ૧૯ વિ રી. ૭.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસેંબર સને ૧૮૭૨.)

રાણી વિ. રાઘુસીંઘના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૮ બેં. લો. રી. અપે. ૬૦; ૧૭ વિ૦ રી૦ ૩૩. જુઓ પોલીસ ૧૯.

૨૩ પોલીસ—સબ ઇનસ્પેકટર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૨૪—મી૦ ગ્લોવર જડજનો મત—કેદીઓને ચોવીસ કલાક કરતાં વધારે વખત પુરી મુકવામાં આવ્યા હતા એવું કોઈ પોલીસના સબ ઇનસ્પેકટર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તો, ગુન્હો થયાની માહીતીથી પુરી મુકવામાં આવ્યા હતા એવું ફરીઆદીને સાબીત કરવાની કાંઇ જરૂર નથી, કારણ કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૧૨૪ માં હુકમની રીતે બતાવેલું છે કે કોઈ પણ તોહોમતદારને માજીસ્ત્રેટના ખાસ હુકમ સીવાય ગમે તે થાય તોપણ ચોવીસ કલાક કરતાં વધારે રોકી શકાય નહી, જે હુકમ આ કેસમાં મેળવવામાં આવ્યો નોહોતો. રાણી વિ. બસુરામદાસ, ૧૯ વિ. રી. ૩૬.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩.)

૨૪ પોલીસ—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૨૯—પરવાનગી સીવાય રજા ઉપરાંત રેહેવું તે—રજા પુરી થયા પછી કોઈ પોલીસ અમલદાર પોતાની નોકરી ઉપર હાજર ના થયો હોય તો, તેથી કાંઈ સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ૨૯ મુજબ ગુન્હો બનતો નથી. રાણી વિ. જોનોકીનાથ ગુપટા, ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૬૨૫; ૮ ક. લો. રી. ૫૬.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જાનેવારી સને ૧૮૮૧.)

૨૫ પોલીસ—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૨૯—સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ૨૯ પોલીસ અમલદાર સીવાય ના લોકોને લાગુ પડતી નથી. માજીસ્ટ્રેટે પોતાના ઉપર આવેલા કાગળમાં લખેલી ફક્ત કેટલીક ખબર ઉપરથી કોઈ માણસને ઉપદ્રવ અને અડચણ કરવાને માટે ગુન્હેગાર ઠરાવેલો, તેમાં પુરાવો અને ફરીઆદ નથી એવું કારણ બતાવી હાઈ કોર્ટે સજા રદ કરી. રામકુમાર અરજદારની બાબતમાં, ૧૦ ક. લો. રી. ૫૨૧.

(મેસર્સ મેકડોનલ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી માર્ચ સને ૧૮૮૨.)

૨૬ પોલીસ—સમન કાઢવાનો અધીકાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૦—પોલીસ અમલદારે કરેલી તજવીજ—ફરીઆદનો જવાબ આપવાને માટે કાઢેલો સમન—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૫ મુજબ તજવીજ ચલાવતી વખતે કોઈપણ પોલીસ અમલદારને કેસની હકીકતથી વાકેફ હોય એવો કોઈ માણસ માલમ પડે તો તેને પોતાની રૂબરૂ બોલાવવાને અધીકાર આપેલો છે, તેથી તે અમલદાર તોહોમતદારની વિરૂદ્ધ થએલી ફરીઆદનો જવાબ આપવાને તેને રાખી શકે નહી. રાણી વિ. સમીનડા, ઈં૦ લો૦ રી૦ ૭ મ૦ ૨૭૪.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ, કરનાન, કીનડરસ્લી અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી નવેંબર સને ૧૮૮૩).

૨૭ પોલીસ—ગેરહાજર રહેવાની રજા—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૨૯—રજા લીધા સીવાય કોઇ પોલીસ અમલદાર પોતાની નોકરીમાંથી જતો રહે તે—પોલીસ અમલદાર રજા ઉપરાંત રહે તે—કોઈ પોલીસ અમલદારે એક મહીનાની રજા લેવાથી તેની નોકરી ઉપર બીજાને મુકયો, અને તે તેની રજા ઉપરાંત ઓગણત્રીસ દિવસ વધારે રહ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે રજા સીવાય આવી રીતે ગેરહાજર રહેવાથી "રજા લીધા સીવાય નોકરીમાંથી જતું રહેવું" સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ૨૯ મુજબ ગણાતું નથી. રાણી વિ. સાલીંગરામ, ઈં૦ લો૦ રી૦ ૬ અ. ૪૯૫.

(મી૦ કુથોર્ઈટ જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી જુન સને ૧૮૮૪).

૨૮ પોલીસ—સને ૧૮૫૯ નો ૨૪ મો કલમ ૪૮ કલોઝ ૫—મદ્રાસનો સને ૧૮૬૫ નો ૧ લો—શેહેરમાં ઉકરડો કરવો તે ગુન્હો નથી—મદ્રાસના સને ૧૮૬૫ ના આકટ ૧ લાથી સુધારો થએલો સને ૧૮૫૯ ના આકટ ૨૪ માની કલમ ૪૮ ના કલોઝ ૫ મુજબ, કોઈ માણસ શેહેરની હદમાં "કચરો, કોહેલી વસ્તુઓ, પુંજો, પથરાઓ, ઘર બાંધવાની પુરણી અને છાણ વીગરે કોઈ જવા આવવાના રસ્તાની અંદર નાંખે અથવા ઉકરડામાંથી રસ્તામાં આવે તેવી રીતે કાંઈ ગંદકી કરે" તો તેને સજા થાયછે. મોહોલામાં નહી પણ શેહેરમાં ખાતર રાખવાને માટે મ નામના માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવવું ગેરકાયદેસર હતું. રાણી વિ. આપાથોરે, ઈં૦ લો૦ રી૦ ૯ મ. ૧૬૭.

(મેસર્સ મુતુસ્વામી આયર અને પારકર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૮૫).

૨૯ પોલીસ—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૨૯—પોલીસ કોનસ્ટેબલ—"ફરજ નહી બજાવેલી તે"—"કાયદેસર હુકમ"—ડીસ્ટ્રીકટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટે કેટલાક કોનસ્ટેબલોને નજદીકનું જંગલ કાપી નાખવાને હુકમ કર્યો અને તે હુકમ નહી પાળવાથી, તેમને દરેક દિવસે વધારે કવાયત કરવાનો હુકમ કર્યો. આવી રીતની વધારે ઠરાવેલી કવાયત નહી કરવાથી આમાંના એક કોનસ્ટેબલ ઉપર ફરીઆદ માંડી તેને સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ૨૯ મુજબ "નોકરીની ફરજ નહી બજાવવાનો" ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો

હતો. એમ ઠરાવવામાં આવ્યું કે કલમ ૨૯ માં આવી રીતનો ગુન્હો બતાવેલો નથી અને કોઈ ફરજ નહી બજાવવી તે આ કલમ મુજબ ગુન્હો ગણાતો નથી. વધારામાં વળી એમ ઠરાવવામાં આવ્યું કે આવી વધારાની કવાયત નહી કરવાથી ઉપલી કલમ મુજબ ગુન્હો બનતો નથી કારણ કે તે કલમના "કાયદેસર હુકમ" એ શબ્દોનો અર્થ, તેમાં બતાવેલો અધીકારી હુકમ કરવાને લાયક છે એવો થાય છે; અને ડીસ્ટ્રીકટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટને પાસેનું જંગલ કાપવાનો કોનસ્ટેબલને હુકમ કરાવનો, અને એમ કરવાની ના પાડે તો વધારે કવાયત કરાવાનો અધીકાર હતો એમ સાબીત થયું નોહોતું. ભોલાનાથદાસની અરજીની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૧૨ ક૦ ૪૨૭.

(મેસર્સ મીતર અને એગન્યુ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી ડીસંબર સને ૧૮૮૫).

જુઓ કબુલાત.
,, અટકાવ તોહોમતદારનો ૧.
,, જુઠી ખબર.
,, ગેરવાજબી બક્ષીસ.
,, ભુલ ખબર નહી આપવામાં.
,, લોકોપકારક કૃત્ય ૨૭.
,, હકીકત પોલીસની રૂબરૂની.

પોલીસ નોંધ—

પોલીસ નોંધ—પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૪ મુજબ પોલીસે કરેલી નોંધ મજબુતી તરીકે પુરાવામાં લેઈ શકાય નહી. રાણી વિ. ઠાકોરચંદ સરમા, ૧૩ વિ. ૨૨.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦).

જુઓ જુઠું તોહોમત ૧૪.
,, જુઠો લેખ ૨૮.
,, જયુરી ૩૭.
,, ભુલ ખબર આપવામાં ૭.

પોલીસ તજવીજ—

પોલીસ તજવીજ—સ્થાનીક આકટ—હકુમત—ગેરશિરસ્તો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૩—સ્થાનીક આકટ જેવો કે પોલીસ આકટ, મુજબ શિક્ષા થઇ શકે એવા કોઈ ગુન્હાની તજવીજ કરવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૩ મુજબ માજીસ્ત્રેટ પોલીસને હુકમ કરી શકે છે. અખતીયાર ના હોય એવી ક્રીમીનલ પ્રોસીજર કોડની એક કલમ મુજબ માજીસ્ત્રેટ ચાલે અને પછીથી બીજી કાંઇ કલમ મુજબ તેને અખતીયાર છે એમ માલમ પડે તો તે એવી જાતની ભૂલ છે કે, બીજી રીતે માજીસ્ત્રેટનો હુકમ બરોબર હોય અને તેથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન ના થાય તો તેની દરમીઆન થવું વ્યાજબી નથી. પ્રાણકીસ્ટોપાલ અરજદારના કામની તપાસ, ૧૪ વિ. રી. ૪૧.

(મેસર્સ બેલી અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૩ જી સપટંબર સને ૧૮૭૦.)

ભગોબનચંદર પાડોર વિ૦ મોહનચંદર ચકરબતીના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ૧૨ વિ. રી. ૪૯. જુઓ ફરીઆદ ૧૬.

રાણી વિ૦ સરેન્દ્રોનાથરોયના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ૧૩ વિ. રી. ૨૭. જુઓ પકડવું તે ૨.

જુઓ માડીવાળવું ફરીઆદનું ૬.
,, પોલીસ ૧૨.

પોલીસ આફીસ—

પોલીસ આફીસ—સને ૧૮૬૦ નો ૪૮ મો. કલમ ૨—પોલીસ માજીસ્ત્રેટની આફીસના જે. એમ. નામના કલાર્કને, સને ૧૮૬૦ ના આકટ ૪૮ ની કલમ ૨ મુજબ પોલીસની આફીસમાં નોકર તરીકે ગુન્હેગાર ઠરાવી, ગુન્હો રદ કરવાને માટે કાઢેલો નિયમ કાયમ કરવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૬૦ ના આકટ ૪૮ ની કલમ ૨ માં લખેલા "પોલીસ ઓફીસ" એ શબ્દો પોલીસ માજીસ્ત્રેટને લાગુ પડતા નથી.

જદુનાથ મુકરજીની બાબતમાં, બર્કનો રીપોર્ટ ૧૮૬.

(ગી૦ નોરમન જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી એપ્રીલ સને ૧૮૬૫.)

પોલીસ પટેલ—

પોલીસ પટેલ--ગુન્હેગાર ઠરાવવું તે—મુંબઈનો સને ૧૮૬૭ નો ૮ મો—સરીયામ રસ્તામાં ગામડીઆઓએ પગપેસારો કર્યાનો રીપોર્ટ ભુલથી પોલીસ પટેલે નહી કર્યાથી તેને ગુન્હેગાર ઠરાવેલો તે રદ કરવામાં આવ્યું, કારણ કે મુંબઈના સને ૧૮૬૭ ના આકટ ૮ ની કલમ ૯ માં કેસની હકીકત આવી જતી નથી. રાણી વિ૦ ઉખા સાવ, ઈ લે. રી. ૭ મું. ૮૮.

(મેસર્સ ગીબ્સ અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી સપટંબર સને ૧૮૭૦.)

જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪૮, ૫૩.

પોલીસ રીપોર્ટ—

૧ પોલીસ રીપોર્ટ-દિવાની અદાલત-પ્રાઇમાફેસી કોઈ કેસ સાબીત થયો હોય તો માજીસ્ટ્રેટે શાહેદીઓ બોલાવી તેમની જુબાનીઓ લેઈ પુરાવા ઉપરથી પોતાનો મત બાંધવો જોઈએ પણ ફકત પોલીસ રીપોર્ટ ઉપર આધાર રાખી ફરીઆદીની અરજી કાઢી નાખવી જોઇએ નહી. ખોડાકંત મુકરજી, વિ૦ કાલી ભટાચારજી વિગેરે, ૯. વિ રી. ૨૧.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮.)

૨ પોલીસ રીપોર્ટ--પુરાવો—સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮—પોલીસનો રીપોર્ટ પુરાવો નથી, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ મુકરદમો ચલાવવાને તે પુરતો પુરાવો ગણવો જોઇએ નહી. ભધરેસરી ચોધરાણી અરજદાર વિ૦ ગોબરધન માઝી, ૧૬ વિ. રી. ૧૭; બેં. લો. રી. ૩૨૯.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જુન સને ૧૮૭૧.)

રાણી વિ૦ મુલાબકંત ભટાચારજીના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવે છે. ૧૧ વિ. રી. ૩૬; ૭ બેં. લો. રી. ૩૨૪ ન. જુઓ કબજો ૪૧.

સરકાર વિ૦ ગલીચંદ્રો શાહના કામમાં આધાર રાખવામાં આવે છે, ૧૬ વિ. રી. ૧૩; ૭ બેં. લો. રી. ૩૨૨. જુઓ કબજો ૫૭.

૩ પોલીસ રીપોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—હકુમત—જ્યાં અગાડી પક્ષકારો વચે સ્થાવર મીલકત સંબંધી અથવા તેની હદ સંબંધી, અથવા ઘરો, પાણી અને જમીનની પેદાશ સંબધી કાંઇ પણ તકરાર ના હોય, પણ એક પક્ષકારે કેટલું ભાડુ ઉઘરાવ્યું છે અને કોટના હુકમનામાની રૂઈએ કેટલું ભાડુ ઉઘરાવવાનો તેનો હક છે એ વિષેનીજ ફકત તકરાર હોય તો આવી જાતનો કેસ સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૩૦ માં આવી જતો નથી પણ ૧૮ વિ. રી. ક્રી. રૂલીંગ ૩૫, ૩૬ માં આવી જાય છે. કોઇ કેસ કલમ ૫૩૦ માં આવી જતો હોય અને માજીસ્ટ્રેટ પોલીસ રીપોર્ટ ઉપર આધાર રાખી મુકરદમો ચલાવે, જેમાં સામા પક્ષકાર તરફથી કોઈ પણ માણસો એકઠાં થયાં નોહોતાં એમ બતાવ્યું હોય તો, તે કલમ મુજબ ચલાવવા લાયક મુકરદમો ગણાતો નથી.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસંબર સને ૧૮૭૫).

રામરનજીની વિ. ગુરદાસ રોયના કેસમાં નજર રાખવામાં આવે છે. ૧૮ વિ. રી. ૩૬. જુઓ કબજો ૭૦.

૪ પોલીસ રીપોર્ટ—જુઠુ તોહોમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૯૧—શક ઉપર ગુન્હેગાર ઠરાવવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—મુળની ફરીઆદ ખરી છે કે નહી એ વિષે તજવીજ કર્યા સીવાય જુઠા તોહોમતોને માટે કામ ચલાવવું તે—કોઇ માણસે પોલીસને ખબર આપવાથી પોલીસે ખો

ટો કેસ છે એવો રીપોર્ટ કરી વાળ્યો. ખબર આપનાર માણસે પછીથી માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થઇ અરજ કરી કે, શાહેદીઓ ઉપર સમન કાઢી કેસની તજવીજ ચલાવવી જોઈએ. આ અરજી નામંજુર કરવામાં આવી હતી, અને માજીસ્ટ્રેટે પોલીસનો રીપોર્ટ વાંચ્યા પછી, પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ખબર આપનાર માણસ ઉપર ફોજદારી કરવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૧ ના અર્થ મુજબ માજીસ્ટ્રેટને કરેલી અરજી "ફરીઆદ" ગણાય અને તેની તજવીજ કરવાને માજીસ્ટ્રેટ બંધાએલો હતો. પોલીસ રીપોર્ટ ઉપરથી માજીસ્ટ્રેટ પાસે આવેલો કેસ જેમાં ગુન્હો બન્યો છે એવો શક રેહેતો હોય તો, તેની તપાસ કરવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૫૧ અને ૨૫૨ મુજબ માજીસ્ટ્રેટને અખ્તીઆર છે, પણ ખરેખરા ઈનસાફ તરીકે, જ્યાં સુધી નુકશાન થએલા કોઈ માણસની ફરીયાદ આવી નથી, અને રજુઆત ચલાવવાનો હુકમ કરવાના ગુન્હાની તજવીજ વિષેનો પોલીસનો રીપોર્ટ પોતાની પાસે આવ્યો નથી ત્યાં સુધી માજીસ્ટ્રેટે શક પડેલા માણસનું કામ ચલાવવાનો હુકમ કરવો જોઇએ નહી; અને જુઠા તોહોમતોના કેસોમાં મુળની ફરીઆદ તજવીજ કરી માંડી વાળવામાં આવી છે અથવા કાઢી નાખવામાં આવી છે, એવું ખુલ્લી રીતે જ્યાં સુધી સાબીત થાય નહી ત્યાં સુધી કામ ચલાવવાનો હુકમ માજીસ્ટ્રેટે કરવો જોઈએ નહી. જુઠા તોહોમતને માટે કામ ચલાવવાનો હુકમ કરતાં પેહેલાં, જે માણસે મુળ ફરીઆદ કરી હોય તે માણસને, તે ફરીઆદ ખરી ઠરાવવાને અથવા ખેંચી લેવાને તક મળવી જોઈએ, રાણી વિ. શામલાલ, ઈં૦ લો૦ રી૦ ૧૪ ક. ૭૦૭.

(મેસર્સ સર. ડબલ્યુ. કોમર પેથેરામ નાઈટ ચીફ જસ્ટીસ, વીલસન, ટોટનહામ, નોરીસ અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુન સને ૧૮૮૭).

૫ પોલીસ રીપોર્ટ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૭—સુલેહનો ભંગ થવાનો વ્યાજબી સંભવ—ગામડાની કોઈ ઘાસ ઉગેલી જમીનના ભાડવાતે, ચોમાસામાં તે જમીનમાં ગામના લોકોના ઢોરોને ચરવાના હકમાં વાંધો ઉઠાવ્યો અને તે જમીનમાં ઢોરો ચરાવી નુકશાન કર્યાનું એકવીસ ગામવાળાઓ ઉપર તોહોમત રાખી, તે ભાડવાતે તા૦ ૨૯ મી ઓગષ્ટ સને ૧૮૮૬ ને રોજ સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટને ફરીઆદ કરી; અને આ ફરીઆદ ચાલતી હતી તે દરમીઆન તે ગામવાળાઓએ તકરારી જમીન ઉપર એકઠા થઇ હંગામો કર્યો હતો. ગુન્હેગારોને હંગામાને માટે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. ભાડવાત અને ગામવાળાઓ વચે ઢોરોને ચરવા દેવાના હક સબંધી તકરાર હોવાથી તેમાં સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવો પોલીસે તે દિવસે રીપોર્ટ કર્યાથી, પેટા ટુકડીના માજીસ્ટ્રેટે, સને ૧૮૮૨ નો આકટ ૧૦ મો ક્રીમીનલપ્રોસીજરકોડની કલમ ૧૪૭ મુજબ તજવીજ ચલાવવાની જરૂર છે એમ ધાર્યું. તોપણ તે માજીસ્ટ્રેટે, નુકશાનનો કેસ સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટ ઠરાવ કરે ત્યાં સુધી મુલતવી રાખ્યો. તે કેસમાં માજીસ્ટ્રેટે એમ ઠરાવ્યું કે તકરારી જમીનમાં ઢોર ચરાવાનો ગામવાળાઓનો હક નથી, અને તે જમીન બધી ભાડવાતના કબજા નીચે છે. તે ઉપરથી વળી તેણે એમ ઠરાવ્યું કે તે જમીનમાં ગામવાળાઓએ ગેરવાજબી રીતે પ્રવેશ કર્યો છે; પણ નુકશાન નજીવુ હોવાથી તેણે તા૦ ૧૯ મી અકટોબર સને ૧૮૮૬ ને રોજ તોહોમતદારોને નિર્દોષ ઠરાની છોડી મુક્યા. આવો ઠરાવ કર્યા પછી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું પેટા ટુકડીના માજીસ્ટ્રેટે ધારવાથી, તેણે ક્રીમીનલ પ્રોસીજર કેડની કલમ ૧૪૭ મુજબ તજવીજ ચલાવી. અને એમ ઠરાવ્યુ કે તકરારી જમીનમાં પાનખર ઋતુમાં ઢોર ચરાવાનો ગામના લોકોનો હક છે અને તેમને તે હક ગયા વર્ષની પાનખર

રૂતુમાં ભોગવ્યો છે. તે ઉપરથી તેણે ગામના લોકોના ઢોર ચરવા દેવાનો હુકમ કર્યો. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ ભાડવાતે હાઈ કોર્ટમાં અરજી કરવાથી, તે કોર્ટે એમ ઠરાવ્યું કે હુકમ ગેરવાજબી રીતે કરવામાં આવ્યો હતો. જો કે પોલીસ રીપોર્ટ ઉપરથી કલમ ૧૪૭ મુજબ તજવીજ ચલાવવી વ્યાજબી છે તોપણ પક્ષકારોના હક સંબંધી ઈનસાફની રાહે તજવીજ ચલાવી સેકન્ડ ક્લાસ માજીસ્ટ્રેટે એમ ઠરાવ્યું હતું કે ગામ વાળાઓનો તકરારી જમીનમાં ઢોર ચરાવવાનો હક નથી, તેથી કાંઈ વધારે જુલમ થવાની ધાસ્તી રાખવાનું વ્યાજબી કારણ નથી, અને તેટલા માટે કલમ ૧૪૭ મુજબ તજવીજ કરવાની કાંઈ જરૂર નોહોતી. બાલકૃષ્ણ અમરીત પ્રધાનની બાબતમાં, ઈ. લો. રી. ૧૧ મું. ૫૮૪.

(મેસર્સ વેસ્ટ અને બર્ડવુડ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જાનેવારી સને ૧૮૮૭.)

જુઓ ખરાબ જીવીકા.

- ,, તોહોમત ૩૦.
- ,, ફરીઆદ ૧૭, ૨૪, ૪૦.
- ,, છુટકો ૨૩.
- ,, માંડીવાળવું ફરીઆદનું ૨૦, ૩૫.
- ,, પુરાવો ૯, ૧૫.
- ,, જુઠું તોહોમત ૪૦, ૪૨, ૪૪, ૪૫, ૪૯, ૫૨.
- ,, હકુમત ૨૭.
- ,, કબજો ૧૫, ૫૩, ૧૨૯,° ૧૪૦.
- ,, લોકોપકાયક કૃત્ય ૬૦.
- ,, અભીપ્રાય માટે મોકલવું તે ૯.
- ,, ચોરી ૧૬.
- ,, બીજી જગાએ કેસ મોકલવો તે ૪.

પ્રોસેસનો અટકાવ—

૧ પ્રોસેસનો અટકાવ—દિવાની કોર્ટ—સને ૧૭૯૩ નો રેગ્યુલેશન ૪ થો કલમ ૨૫—દિવાની કોર્ટે કાઢેલા પ્રોસેસનો ફકત અટકાવ થયો હોય તો તેને માટે કેસ માજીસ્ટ્રેટ તરફ તે મોકલી શકે નહી. સને ૧૭૯૩ ના રેગ્યુલેશન ૪ ની કલમ ૨૫ હજુ અમલમાં છે. ચંદરકંત ચકરબતી, ૯ વિ. રી. ૬૩.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૬૮).

અમીન વિ ભાગઈદદારના કેસથી રદ થઈ ગયો, ૧૦ વિ. રી. ૪૩. જુઓ પ્રોસેસનો અટકાવ ૨.

૨ પ્રોસેસનો અટકાવ—દિવાની કોર્ટ—દિવાની કોર્ટે કાઢેલા પ્રોસેસ સામે કોઈ માણસે અટકાવ કર્યો હોય તો તેને, સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ સજા થઈ શકે છે. ચંદરકંત ચકરબતી (૯ વિ. રી. ૬૩) નો અગાઉનો કેસ આ કેસથી રદ થઈ ગયો. અમીન વિ. ભાગઈદફેદાર અને બીજો, ૧૦ વિ. રી. ૪૨; ૨ બેં૦ લો૦ રી૦ ફુ. બેં. ૨૧

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, બેલી, જેકશન, મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨ સપટંબર સને ૧૮૬૮.)

ચદરકંત ચકરબતીનો કેસ રદ થઈ જાય છે, ૯ વિ. રી. ૬૩. જુઓ પ્રોસેસનો અટકાવ ૧.

રાણી વિ. નાયનસીંઘના કેસમાં નજર રાખવામાં આવી. ૨ વા. દી. પ્રાં. ૧૧૭ જુઓ ડીવીઝન બેન્ચ.

રાણી વિ. જોન કેનના કેસમાં નજર રાખવામાં આવી, ૬ મું. હા. કો. રી. ૧૫. જુઓ કેદમાંથી નાસી જવું ૬.

પંચાંગ (કેલેન્ડર)—

પંચાગ—(કેલેન્ડર) ના ૧૩ મા કોલમની મતલબ—કેલેન્ડરના ૧૩ મા કોલમની એવી મતલબ નથી કે માજીસ્ટ્રેટે કેદી તરફના પુરાવાના આકટની કીમત વિષે મત બાંધવો જોઇએ, પણ તે પુરાવો કેવી જાતનો છે એટલે "આલીબી" ની જાતનો છે કે બીજી કોઈ રીતનો જવાબ છે એ વિશે મત બાંધવાનો છે. રાણી વિ. એજેલ આહીર વિગેરે, ૭ વિ૦ રી૦ ૨૪.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી જાનેવારી સને ૧૮૬૭.)

ફ

ફટકા મારવા તે—

૧ ફટકા મારવા તે—બીજી સજાને બદલે ફટકા મારવા તે—પેહેલ વેહેલા ગુન્હેગાર ઠરેલા પુખ્ત ઊંમરના માણસોના કેસમાં અથવા યુવાવસ્થાના ગુન્હેગારોના કેસમાં તેઓ પ્રથમ ગુન્હેગાર ઠર્યા હોય અગર ના ઠર્યા હોય તોપણ બીજી સજાને બદલે ફટકા મારવાની સજા થઈ શકે છે રાણી વિ. અબદુલ બીટ મટગર, વિ. રી. સપટંબર ૩૮.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જુલાઈ સને ૧૮૬૪).

રાણી વિ. કુસા વાલદ લક્ષમણના કેસમાં નજર રાખવામાં આવી. ૭ ં. હા. કો. રી. ૧૭૦. જુઓ ફટકા મારવાને ૧૮.

૨ ફટકા મારવા તે—અમલમાં લેવાય નહીતે—સને ૧૮૬૪ ના આકટ ૬ હાની કલમ ૧૧ માં "અમલમાં લેવાશે નહીં" એ શબ્દોનો અર્થ. પ્રો. તા૦ ૨૫ મી જુલાઈ ૧૮૬૪; ૩ મ. હા. કો. રી અપે. ૧.

૩ ફટકા મારવા તે—કેદના વધારામાં ફટકા મારવા તે—કોઈ માણસ ગુન્હાને માટે પેહેલ વેહેલો ગુન્હેગાર ઠર્યો હોય તો કેદ અને ફટકાની બંને સજા થઇ શકે નહી. રાણી વિ. કાંતીરામ અને બીજો, ૭ વિ. રી. ૨૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મા નવંબર સને ૧૮૬૪).

૪ ફટકા મારવા તે—કેદ અને ફટકા મારવાની બંને સજા કરવી તે—રાત્રે ઘર ફાડી ચોરી કરવી તે—ગુન્હેગાર ઠરાવેલા નવા કેસમાં સને ૧૮૬૪ ના આકટ ૬ ની કલમ ૩ મુજબ કેદ અને ફટકા મારવા એ બંને સજા થઇ શકે નહી. રાત્રે ઘર ફાડવું અને ચોરી કરવી એ તદન એક ગુન્હો ગણાય છે અને તેને માટે જુદી સજા થઈ શકે નહી. રાણી વિ. ટાનેઓકોચ, ૨ વિ. રી. ૬૩.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૬૫).

૫ ફટકા મારવા તે—ઈલાકાના શેહેરોનો પોલીસ આકટ સને ૧૮૫૬ નો ૧૩ મો કલમ ૨૭—કલકત્તાના ઓનરરી માજીસ્ટ્રેટે, ગુન્હો થવાની માહીતીથી ચોરીની મીલકત રાખવાનો તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી, એ માસની કેદની સજા કરી અને સજા ભોગવ્યા પછી વીસ ફટકા મારવાનો હુકમ કર્યો. ગુન્હો રદ કરીને મી૦ ફીઅર જડજે ટીકા કરી. આ કેસમાં સ્પષ્ટ રીતે કાયદા વિરૂદ્ધ ગુન્હો ઠરાવ્યો છે, કારણ કે ગુન્હો ઠરાવેલી બાબતમાં કોર્ટને હકુમત હતી એવું કેસમાં માલમ પડતું નથી, તેમજ સજા ગેરવાજબી કરેલી છે. સને ૧૮૫૬ ના આકટ ૧૩ માની કલમ ૨૭ માં કાયદા બાંધનારાઓએ સજા અથવા ફટકા મારવાનું બતાવેલું છે. કેદ અને ફટકા મારવા એ બંને સજા થઈ શકે નહી. એક સજા બીજી સજાને બદલે છે. રાણી વિ. સ્પાર્કફઈઝો બર્ક રીપોર્ટ ૨૬૮.

(મી૦ ફીઅર જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી જુન સને ૧૮૬૫.)

૬ ફટકા મારવા તે—રેહેવાના મકાનમાં ચોરી થયેલી તે—રેહેવાના મકાનમાં ચોરી કરવાના ગુન્હાને માટે કરેલી સજાને બદલે ફટકા મારવાની સજા થઈ શકે છે. રાણી વિ૦ જંઘુખાન અને બીજો, ૩ વિ. રી. ૩૬.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૬૫)

૭ ફટકા મારવા તે—કેદ અને ફટકા મારવા એ બંને સજા કરવી તે—બીજી વખત ગુન્હેગાર ઠરેલા કેસમાં કાયદેસર કેદ અને ફટકા એ બંને સજા કરવાને માટે બંને કેસોમાં એકજ ગુન્હો હોવો જોઈએ. રાણી વિ. અમરતશેખ, ૪ વિ૦ રી૦ ૨૦

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી અકટોબર સને ૧૮૬૫.)

૮ ફટકા મારવા તે—સને ૧૮૬૩ નો ૬ ઠો—પ્રયત્ન કરવાને માટે સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૫૧૧—ચોરી કરવાના ઈરાદાથી રાત્રે ઘર ફાડવાનો

પ્રયત્ન કરવાને માટે ગુન્હેગાર ઠરાવેલા કેસ માં ફટકા મારવાની સજા કાયદા વિરૂદ્ધ ગણી રદ કરવામાં આવી હતી. રાણી વિ. પેલા વાલદ પારશીઆ, ૩ મું. હા. કો. રી. ૩૭.

(મેસર્સ કાઉચ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી નવંબર સને ૧૮૬૬).

જુઓ રાણી વિ. બાબજી વાલદ બાપુ, ૪ મું. હા. કો. રી. ૫. જુઓ ફટકા મારવા તે ૧૦.

૯ ફટકા મારવા તે—સને ૧૮૬૪ નો ૬ ઠો—પેહેલાં ગુન્હેગાર ઠરાવેલો તે—સને ૧૮૬૪ ના આક્ટ ૬ ઠાની કલમ ૨ માં બતાવેલા ગુન્હાના કેસમાં, સખત કેદ અને ફટકા એ બંને સજા કરવાથી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ સેસન જડજે હાઈ કોર્ટનો અભીપ્રાય લખી પુછવાથી, તે કોર્ટે ફટકા મારવાની સજા રદ કરી હતી કારણ કે પ્રથમ ગુન્હેગાર ઠર્યા પછી ગુન્હો કરેલો નોહોતો. રાણી વિરૂદ્ધ સરયા બીન ક્રીષ્ણ મંડેવકર, ૩ મું૦ હા૦ કો૦ રી૦ ૩૮.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ડીસેંબર સને ૧૮૮૬)

જુઓ રાણી વિરૂદ્ધ બાબાજી વાલદ બાપુ, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૫. જુઓ ફટકા મારવા તે ૧૦.

રાણી વિરૂદ્ધ કુસા વાલદ લક્ષમણના કેસ માં નજર રાખવામાં આવી. ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૭૦. જુઓ ફટકા મારવા તે ૧૮.

૧૦ ફટકા મારવા તે—સને ૧૮૬૪ નો ૬ ઠો–પ્રથમ ગુન્હેગાર ઠરેલો તે-સને ૧૮૬૪ ના આક્ટ ૬ ઠાની કલમ ૨ માં બતાવેલા ગુન્હાના કેસમાં, સખત કેદ અને ફટકા એ બંને સજા કરવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ સેસનજડજે હાઈ કોર્ટનો અભીપ્રાય લખી પુછવાથી, તે કોર્ટે ફટકા મારવાની સજા રદ કરી હતી, કારણ કે પ્રથમ ગુન્હેગાર ઠર્યા પછી ગુન્હો કરેલો નોહોતો. રાણી વિ. બાબાજી વાલદ બાપુ, ૪ મું. હા. કો.રી. ૫.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઈ સને ૧૮૬૭).

જુઓ રાણી વિરૂદ્ધ પેલા વાલદ પારશીઆ, ૩ મું૦ હા૦ કો૦ રી૦ ૩૭. જુઓ ફટકા મારવા ૯.

૧૧ ફટકા મારવા તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬–સને ૧૮૬૪ નો આક્ટ ૬ ઠો—ઘણા મતે ઠરાવ્યું કે એમ ઠરાવ્યું કે "પ્રથમ ગુન્હેગાર નહી ઠરેલા" કોઈ માણસને એકજ વખતે બે અથવા વધારે ગુન્હાઓને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તો, બીજા ગુન્હાઓને માટે દંડ અથવા કેદની કરેલી સજાના વધારામાં, આમાંના એકાદ ગુન્હાને માટે ફટકા મારવાની સજા કરવી તે કાયદા વિરૂદ્ધ છે; પણ આ સઘળી સજાઓને બદલે એકલી ફટકા મારવાની સજા કરવી કાયદા વિરૂદ્ધ ગણાતી નથી. વળી વધારે એમ ઠરાવવામાં આવ્યું કે "પ્રથમ ગુન્હેગાર ઠરેલા" કોઈ માણસને એકી વખતે બે અથવા વધારે ગુન્હાઓને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તો તેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ મુજબ કરી શકાય તેવી બીજી કોઇ સજાના વધારામાં ફક્ત ફટકા મારવાની સજા થઇ શકેછે. નાસીર ચંદર વિગેરે, ૯ વિ. રી. ૪૧; બેં. લો. રી. વો. ૯૫૩.

(મેસર્સ સર બાર્ન્સ પીકોક ચીફ જસ્ટીસ, સેટનકાર, જેકશન, ફીઅર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી માર્ચ સને ૧૮૬૮).

રતનએવા વિ. બુહરના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૧૪ વિ. રી. ૭. જુઓ ફટકા મારવા તે ૧૫.

મોનીરૂદીન શામદાર વિરૂદ્ધ ગોરચંદર શામદારના કેસમાં નજર રાખવામાં આવી, ૧૫ વિ. રી. ૮૯; ૭ બેં૦ લો૦ રી૦ ૧૬૫. જુઓ ફટકા મારવા તે ૨૧.

રાણી વિ. ફટોયપટ નાઈકના કેસમાં ન

જર રાખવામાં આવે છે, ૪ બેં૦ લો૦ રી૦ ક્રી. અ. ૫; ૧૨ વિ૦ રી૦ ૬૮. જુઓ ફટકા મારવા તે ૧૪.

રાણી વિ૦ બનડાઅલીના કેસમાં નજર રાખવામાં આવે છે, ૬ બેં૦ લો૦ રી૦ અપે. ૯૫; ૧૫ વિ. રી. ૭. જુઓ ફટકા મારવા તે ૧૯.

૧૨ ફટકા મારવા તે—સને ૧૮૬૪ નો ૬ ઠો—યુવાવસ્થાનો ગુન્હેગાર—ફટકા મારવાના સને ૧૮૬૪ ના આકટ ૬ ઠા મુજબ યુવાવસ્થાનો ગુન્હેગાર એટલે સોળ વર્ષની અંદરનો માણસ એવો અર્થ થાય છે. રાણી વિ. મહમદઅલી વાલદ અબ્દુલઅલી, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૯.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૬૮).

રાણી વિ. દીનઅલીના કેસમાં નજર રાખવામાં આવે છે, ૬ અ. ૪૮૨. જુઓ ફટકા મારવા તે ૩૦.

૧૩ ફટકા મારવા તે—પ્રથમ ગુન્હેગાર ઠરેલો તે—જે ગુન્હાને માટે પ્રથમ ગુન્હેગાર ઠર્યો હોય તેજ ગુન્હાને માટે ફરીથી કોઈ માણસ ગુન્હેગાર ઠર્યો હોય તોજ ફટકા મારવાની સજા થઇ શકે છે. અપીલ ના થઇ હોય તો સેસન જડજ સજા ભોગવવાનું બંધ રાખી શકે નહી. પ્રો. તા૦ ૨૫ મી અકટોબર ૧૮૬૯, ૫ મ. હા. કો. રી. અપે. ૧.

૧૪ ફટકા મારવા તે—સને ૧૮૬૪ નો આકટ ૬ ઠો—સને ૧૮૬૪ ના આકટ ૬ ઠાની કલમ ૪ માં બતાવેલા ગુન્હાઓને માટે ફરીથી કોઇ માણસ ગુન્હેગાર ઠર્યો હોય, અને પેહેલો ગુન્હો બીજા ગુન્હા અવલ અને પીનલકોડ અમલમાં આવ્યા પછી થયો હોય તો તેને કરેલી બીજી સજાના વધારામાં તે કલમ મુજબ ફકત ફટકા મારવાની સજા થઈ શકે છે. રાણી વિ. ઉદેયપટ નાઈક વિગેરે, ૧૨ વિ. રી. ૬૮; ૪ બેં. લો. રી. ક્રી. અ. ૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી અકટોબર સને ૧૮૬૯).

નાસીર વિ. ચંદરના કેસમાં નજર રાખવામાં આવી, બેં૦ લો૦ રી૦ વો. ૯૫૧; ૯ વિ. રી. ૪૧; જુઓ ફટકા મારવા તે ૧૧.

૧૫ ફટકા મારવા તે—સને ૧૮૬૪ નો ૬ ઠો—ફુલબેન્ચના ઠરાવના આધાર ઉપરથી એમ ઠરાવવામાં આવે છે કે કોઇ માણસે સને ૧૮૬૪ ના આકટ ૬ ઠાની કલમ ૪ મુજબ પ્રથમ ગુન્હો કર્યો હોય અને ૫ છીથી તેને એકી વખતે બે અથવા વધારે ગુન્હાઓને માટે ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તેને સને ૧૮૬૧ ના ૨૫ મા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ મુજબ બીજી કોઈ સજા થઈ શકે, તેના વધારામાં ફકત એકલી ફટકા મારવાની સજા તેને થઇ શકે છે. રતનબેવા. વિ. બુહર; ઝોઉલા; વિ. બુહર, ૧૪ વિ૦ રી૦ ૭.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુન સને ૧૮૭૦.)

નાસીર વિ. ચંદરના કેસમાં આધાર રાખવામાં આવે છે, ૯ વિ. રી. ૪૧; બેં૦ લો૦ રી૦ વો૦ ૯૫૧. જુઓ ફટકા મારવા તે ૧૧.

૧૬ ફટકા મારવા તે—રેહેવાના ઘરમાં ચોરી કર્યાનો ગુન્હેગાર ઠરાવવો તે—ચોરીને માટે પ્રથમ ગુન્હેગાર ઠરેલો તે—સને ૧૮૬૪ નો ૬ ઠો કલમ ૩—" રેહેવાના ઘરમાં ચોરી " ને માટે ગુન્હેગાર ઠરેલો કોઈ કેદી પેહેલાં ફકત " એકલી ચોરી " ને માટે ગુન્હેગાર ઠર્યો હોય તો તેથી કરીને તેને સને ૧૮૬૪ ના આકટ ૬ ઠાની કલમ ૩ મુજબ ફટકાની શિક્ષા થઈ શકે નહી. રાણી વિ. ચંગીઆ વાલદ શુભીઆ, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૬૮.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, ગીબ્સ અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી સપટંબર સને ૧૮૭૦.)

૧૭ ફટકા મારવા તે—કોઈ મકાનમાં ચોરી કર્યાનો ગુન્હેગાર ઠરેલો તે—સને ૧૮૬૪ નો આકટ ૬ ઠો—પીનલ કોડની ક

લમ ૩૮૦ મુજબ માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવેલો તોહોમતદાર પ્રથમ તે કોડની કલમ ૩૭૯ મુજબ ગુન્હેગાર ઠરેલો સાબીત થવાથી તેને કેદ અને ફટકા મારવાની સજા કરવામા આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે ફટકા મારવાની સજા વ્યાજબી ઠરાવવાને માટે પ્રથમ તેજ અમુક ગુન્હાને માટે તોહોમતદાર ગુન્હેગાર હોવો જોઈએ. પ્રો. તા૦ ૨૮ મી અકટોબર ૧૮૭૦; ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૩૮.

૧૮ ફટકા મારવા તે—યુવાવસ્થાનો ગુન્હેગાર—સને ૧૮૬૪ નો આકટ ૬ ઠો કલમ ૩—ફટકા મારવાના સને ૧૮૬૪ ના આકટ ૬ ઠાની કલમ ૩ પુખ્ત ઉમરના તેમજ યુવા વસ્થાના ગુન્હેગારને લાગુ પડે છે, પેહેલા ગુન્હેગાર ઠર્યા અવલ કરેલા ગુન્હાને માટે બીજીવાર ગુન્હેગાર ઠરાવવામાં આવે તે બાબતોને તે કલમ લાગુ પડતી નથી. રાણી વિ. કસા વાલદ લક્ષમણ, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૭૦

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૭૦.)

૧૯ ફટકા મારવા તે—અપેલેટ કોર્ટ—સજાનો વધારો—સખત કેદ—દંડ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૧૯-સને ૧૮૬૪ નો ૬ ઠો કલમ ૧૨—ડેપ્યુટી માજીસ્ત્રેટે કોઈ માણસને ઘર ફાડવાને માટે ગુન્હેગાર ઠરાવી છ માસની સખત મજુરી સાથે કેદ અને વીસ ફટકા મારવાની સજા કરી. અપીલમાં સેસન જડજે ફટકા મારવાની સજા રદ કરીને તેને બદલે ત્રણ માસની સખત મજુરીની કેદ ઠરાવી. એમ ઠરાવવામાં આવ્યું કે ફટકા મારવાની સજા સેસન જડજે કાયદેસર રદ કરી છે કારણ કે તે ગુન્હાને માટે પેહેલ વેહેલો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો; પણ ફટકા મારવાની સજાને બદલે ત્રણ માસની સખત મજુરીની સજા કરી તે ડેપ્યુટી માજીસ્ત્રેટે કરેલી સજાના વધારામાં ગણાય છે, તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૯ ઉપર નજર રાખતાં તે કાયદા વિરૂદ્ધ છે. હાઇ કોર્ટે તે ઉપરથી વધારામાં કરેલી ત્રણ માસની સખત મજુરી સાથે કેદની સજા રદ કરી. મી૦ મીતર જડજનો મત—ફટકા મારવાના સને ૧૮૬૪ ના આકટ ૬ ઠા ની કલમ ૧૨ જે કોર્ટે પ્રથમથી કેસની રજુઆત ચલાવી હોય તે કોર્ટને લાગુ પડે છે પણ અપીલ કોર્ટને લાગુ પડતી નથી. સવાલ—કેદને બદલે દંડની સજા થઈ શકે? રાણી વિ. બનડાઅલી, ૧૫ વિ. રી. ૭; ૬ બે. લો. રી. અપે. ૯૫.

(મેસર્સ લોચ અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૭૧.)

નાસીર વિ. ચંદરના કેસમાં નજર રાખવામાં આવી. બેં. લો. રી. વો. ૯૫૧; ૯ વિ. રી. ૪૧. જુઓ ફટકા મારવાતે ૧૧.

૨૦ ફટકા મારવા તે—પેહેલાં ગુન્હેગાર ઠરેલો તે—વધારાની સજા તરીકે ફટકા મારતા પેહેલાં પ્રથમ ગુન્હેગાર ઠર્યો હતો એવો ભરોંસો રાખવા લાયક રીતસર પુરાવો નીયમ તરીકે કે દફતરમાં હોવો જોઈએ. પ્રથમ ગુન્હેગાર ઠરેલો તેજ કેદી હતો એ નિયમસર રીતે સાબીત કરવું જોઇએ. ફકત કબુલાત પુરાવો ગણાતો નથી. રાણી વિ૦ નઝીનશયો અપેલેન્ટ, ૧૫ વિ. રી. ૫૨.

(મેસર્સ બેલી અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી એપ્રીલ સને ૧૮૭૧.)

૨૧ ફટકા મારવા તે—સજા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૫—સને ૧૮૬૪ નો ૬ ઠો—મેસર્સ કેમ્પ અને ફીઅર જડજો વિરૂદ્ધ પડીને એમ ઠરાવવામાં આવ્યું કે, સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ માં બતાવેલું છે તે છતાં પણ પીનલ કોડ મુજબ સજા થઇ શકે એવા બે અથવા વધારે ગુન્હાઓ એકજ વખતે કરવાને માટે

કોઈ માણુસને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તો, પીનલ કોડમાં બતાવેલી સજાના વધારામાં સને ૧૮૬૪ ના આકટ ૬ ઠા મુજબ ફટકા મારવાની સજા થઈ શકે છે. ફટકા મારવાનો આકટ જે તારીખથી અમલમાં આવ્યો તે તારીખથી જાણે કે તે પીનલ કોડનો એક ભાગ છે એવી રીતે પીનલ કોડ અને ક્રીમીનલ પ્રાસીજર કોડ વાંચવા જોઇએ; અને હાલમાં સુધારો થયેલા પીનલ કોડમાં બતાવેલી સજાઓ અને ગુન્હાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ લાગુ પડે છે. મોનીરૂદીન શામદાર અને બીજો વિ. ગોરચંદર શામદાર ૧૫ વિ. રી. ૮૯; ૭ બેં૦ લો૦ રી૦ ૧૬૫.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ, લોચ, બેલી, કેમ્પ, ફીઅર, મેકફરસન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી મે સને ૧૮૭૧.]

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ—

નાસીર વિ૦ ચંદર, ૯ વિ. રી. ૪૧; બેં. લો. રી. વો. ૯૫૧. જુઓ ફટકા મારવા તે ૧૧.

રાણી વિ૦ ઉદેયપટ નાઈક, ૪ બેં. લો. રી. ક્રી. અ. ૫. જુઓ ફટકા મારવા તે ૧૪.

રાણી વિ૦ બંડાઅલી, ૬ બેં. લો. રી. અપે. ૯૫. જુઓ ફટકા મારવા તે ૧૯.

૨૨ ફટકા મારવા તે—અમલમાં ક્યારે ના આવે તે—સને ૧૮૬૪ ના આકટ ૬ ઠાની કલમ ૯ માં બતાવેલી સજા જે તારીખે કરી હોય તે તારીખથી પંદર દીવશ પછી ફટકા મારવાની સજા અમલમાં લાવી શકાય નહી. પ્રે. તા૦ ૧૩ મી ૧૮૭૧; ૬ મ. હા. કો. રી. અપે. ૩૮.

૭ મ. હા. કો. રી. અપે. ૨૯ ના કેસમાં આધાર રાખવામાં આવ્યો. જુઓ નીચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૩૧.

૨૩ ફટકા મારવા તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રાસીજર કોડ કલમો ૩૦૫, ૩૧૦—છ માસની કેદની સજાના વધારામાં ફટકા મારવાની સજા કરતી વખતે ડેપ્યુટી માજીસ્ત્રેટે એવો હુકમ કર્યો હતો કે કેદ ભોગવ્યા પછી કેદીને પોતાની રૂબરૂ લાવ્યા પછી ફટકા મારવાની સજા ભોગવવી જોઇએ. સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૩૦૫ અને ૩૧૦ ધ્યાનમાં લેઈ સેસન જડજે ભલામણ કરવાથી હાઈ કોર્ટે અમલમાં લાવી શકાય નહી એવું ઠરાવી ફટકા મારવાની સજા રદ કરી. હરચંદર કુલાલ વિ૦ જાફરઅલી, ૨૦ વિ૦ રી૦ ૭૨.

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અકટોબર ૧૮૭૩.)

૨૪ ફટકા મારવા તે—પ્રથમ ગુન્હેગાર ઠરેલો તે—ચોરી—સજા—તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૯—ફટકા મારવાનો સને ૧૮૬૪ નો ૬ ઠો કલમ ૭—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯—પીનલકોડની કલમ ૩૭૯ મુજબ ચોરીનો ગુન્હેગાર ઠરાવ્યા પછી સને ૧૮૬૪ ના આકટ ૬ ઠાની કલમ ૭ મુજબ ફટકા મારવાની સજા થઈ શકે નહી, કારણ કે તે કલમમાં ત્રણ વર્ષની ઉપરાંત કેદની સજા થઈ શકે નહી તેવા ગુન્હાઓ બતાવેલા છે. ગુન્હેગાર ઠરવાની બાબત શિક્ષા વધારવાની મતલબથી સાબીત કરવામાં આવી હોય તો તે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૩૯ મુજબ તોહોમતનામામાં બતાવવી જોઈએ. પ્રથમ ગુન્હેગાર ઠરવાની સાબીતીનો સવાલ એ હકીકતનો સવાલ ગણાય છે અને તે જ્યુરીની પાસે જવો જોઇએ. અને તેનો નિર્ણય પણ જ્યુરીએ કરવો જોઈએ. રાણી વિ૦ ઈસનચંદરડે, ૨૧ વિ. રી. ૪૦.

(મેસર્સ જેકશન અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૫ ફેબ્રુઆરી સને ૧૮૭૪.)

૨૫ ફટકા મારવા તે—સને ૧૮૬૪ નો ૬ ઠો કલમ ૭—સેસન જડજ—પદ્ધતિ—એક વખત સહી કરેલી સજા ફેરવવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ

કલમ ૪૬૪—જે કેસમાં પાંચ વર્ષ ઉપરાંત કેદની સજા કરવામાં આવી હોય તેવા કેસમાં સને ૧૮૬૪ ના આકટ ૬ ઠાની કલમ ૭ મુજબ ફટકા મારવાની સજા વધારી શકાય નહી. સેસન જડજે એક વખત સજા કરી તેના ઉપર સહી કરી હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૪ મુજબ તે સજા રદ કરી તેમાં ફેરફાર કરવાનો તેને અધીકાર નથી. રાણી વિ૦ પારનમલ, ૨૩ વિ. રી. ૪૯.

(મેસર્સ કેમ્પ અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૭૫.)

૨૬ ફટકા મારવા તે—ગેરકાયદેસર કરવી તે—જે માણસ ભારે સજા ભોગવતો હોય તેના ઉપર અમલ કરવો તે—ફટકા મારવાનો સને ૧૮૬૪ નો ૬ ઠો કલમ ૭—જે માણુસ મોતની, સમુદ્રપારની અથવા શાસનીક દાસત્વની અથવા પાંચ વર્ષ કરતાં વધારે કેદની સજા ભોગવતો હોય તેને ફટકા મારવાની સજા કરવી તે કાયદા વિરૂદ્ધ ગણાયછે. સજા ભોગવ્યા પછીથી ફટકા મારવાની સજા કરવાને બદલે પેહેલાં કરવામાં આવી હોય તો, પછીની સજાથી ફટકા મારવાની સજા કાયદા વિરૂદ્ધ ગણાયછે. મદ્રાસ હાઇ કોર્ટનો મુકરદમો તા૦ ૧૯ મી એપ્રીલ સને ૧૮૭૬. ઈ. લો. રી. ૧ મ. ૫૬.

(મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ, હોલોવે, ઈન્સ, કરનાન અને કીન્ડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી એપ્રીલ સને ૧૮૭૬.)

૨૭ ફટકા મારવા તે—સને ૧૮૬૪ નો ૬ ઠો કલમો ૨, ૩—ચોરી—ચોરીની મીલકત બદદાનતથી રાખવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૭૮, ૪૧૮—સારી ચાલને માટે જામીનગીરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૦૪, ૫૦૫—ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટે ચોરીની મીલકત બદદાનતથી રાખવાને માટે P નામના માણસને ગુન્હેગાર ઠરાવ્યો હતો. તે માણુસે રજુઆત ચાલતી વખતે કબુલ કર્યું કે પ્રથમ બે વખત તે ચોરીને માટે ગુન્હેગાર ઠર્યો હતો. ફટકા મારવાની અને સખત મજુરી સાથે કેદની સજા તેને કરવામાં આવી હતી, અને કેદની સજા ભોગવ્યા પછી સારી ચાલના જામીન આપવાને હુકમ કર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ચોરીનો ગુન્હો, બદદાનતથી ચોરીની મીલકત રાખવાના જેવો ગુન્હો નહી હોવાથી ફટકા મારવાની સજા ગેરકાયદેસર હતી. કેટલીક આનાકાની સાથે વળી એમ ઠરાવવામાં આવ્યું કે સાધારણ ચાલ ચલગત વિષે માજીસ્ટ્રેટની રૂબરૂ પુરાવો રજુ થવાથી સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૦ મુજબ P નામના માણુસને તેણે હુકમ કર્યો તે વાજબી હતો. વળી એમ ઠરાવવામાં આવ્યું કે જે ગુન્હાને માટે P ને ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવેલી તે સજાનો જામીન લેવાનો હુકમ ભાગ ગણાતો નથી. મુકરદમામાં એમ બતાવવું જોઇતું હતું કે માજીસ્ટ્રેટની રૂબરૂ ચાલેલા કેસમાં સાધારણ ચાલ ચલગત વિષે રજુ થયેલા પુરાવા ઉપરથી તેને ખાત્રી થઇ હતી કે, P નામનો માણુસ સને ૧૮૭૨ના આકટ ૧૦માની કલમ ૫૦૫ માં બતાવ્યા પ્રમાણે ગુન્હેગાર તરીકે મશહુર હતો, અને તેટલા માટે તેના જામીન લેવાની જરૂર હતી, અને કેદ ભોગવ્યા પછી જામીન લેવાને માટે P નામના માણુસને પોતાની રૂબરૂ લાવવો જોઈએ એવો હુકમ લખવો જોઇતો હતો. રાણી વિ૦ પ્રતાપ, ઈ. લો. લો. ૧ અ. ૬૬૬.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૭૮).

ટામીઝ મંડલ વિરૂદ્ધ ઉમીદ કારીગરના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૯ ક. ૨૧૫. જુઓ જામીનગીરી સારી વરતણુંકની ૨૨.

જુઓ રાણી વિ. શૈનાડાગી, ૨૪ વિ. રી. ૧૪. જુઓ પુરાવો ૪૨.

૨૮ ફટકા મારવા તે—જવાબદારી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯—તોહોમત—જજમેન્ટ—કોઈ તોહોમતદાર ફટકા મારવાના સને ૧૮૬૪

ના આકટ મુજબ સજાને પાત્ર થયો હોય તો, તોહોમતનામામાં જવાબદારી બતાવવી જોઈએ, અને સજા કરવામાં આવે તો તેનાં કારણો જજમેન્ટમાં સ્પષ્ટ રીતે બતાવવાં જોઈએ. રાણી વિ. બડયા, ઈં૦ લો૦ રી૦ ૫ મ. ૧૫૮.

(મી૦ ઈન્સ જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી માર્ચ સને ૧૮૮૨).

૨૯ ફટકા મારવા તે—સેકન કલાસ માજીસ્ટ્રેટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨, ૩૨-સને ૧૮૭૨ ના આકટ ૧૦ મા મુજબ કોઇ માણસની સેકન કલાસ માજીસ્ટ્રેટની નીમણુંક થઈ હોય તો, સને ૧૮૮૨ નો આકટ ૧૦ મો અમલમાં આવ્યા પછી તે આકટની કલમ ૩૨ મુજબ ખાસ અધીકાર તેને મળ્યા સીવાય તે ફટકા મારવાની સજા કરી શકે નહી. રાણી વિ. ભગવંત રાવજી, ઈં લો. રી. ૭ મું. ૩૦૩.

(મેસર્સ કેમબેલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી માર્ચ સને ૧૮૮૩).

૩૦ ફટકા મારવા તે—સને ૧૮૬૪ નો આકટ ૭ ઠો કલમો ૫, ૧૦—"યુવાવસ્થાનો ગુન્હેગાર"—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૫૨—સને ૧૮૬૪ ના આકટ ૬ ઠાની કલમ ૫ માં બતાવેલા "યુવાવસ્થાનો ગુન્હેગાર" એ શબ્દોનો અર્થ સોળ વર્ષની ઊમરની અંદરનો એવો થાયછે. રાણી વિ. મહમદઅલીના કેસ ઉપર નજર રાખવામાં આવી. (૮ મું હા૦ કો૦ રી૦ ૯). રાણી વિ. ડીનઅલી, ઈં૦ લો૦ રી૦ ૬ અ૦ ૪૮૨.

(મી૦ ડુથોઇટ જડજની રૂબરૂ, તા૦ ૧૪ મી જુન સને ૧૮૮૪).

રાણી વિ૦ મહમદઅલીના કેસમાં નજર રાખવામાં આવે છે. ૮ મું હા૦ કો૦ રી૦ ૯. ફટકા મારવા તે ૧૨. જુઓ સજા ૩૦.

ફરીઆદ—

૧ ફરીઆદ—ફરીઆદ થયા સીવાય ખબર મળ્યાથી માજીસ્ટ્રેટ તજવીજ કરી શકે તેવો ગુન્હો—ત્રીજા માણસે આપેલી ખબર ઉપરથી માજીસ્ટ્રેટ, નુકશાન થએલા પક્ષકારની કાંઈપણ ફરીઆદ આવ્યા સીવાય, કેસની તજવીજ કરી શકે છે. રામરતનનીઓગી વિગેરે અરજદારો, ૬ વિ. રી. ૩.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૧૪ મી જુન સને ૧૮૬૬).

૨ ફરીઆદ—માજીસ્ટ્રેટની રૂબરૂની રજુઆત—તોહોમતદાર ફરીઆદની ના પાડે તે કામ ચલાવવાની રીત-કોઈ તોહોમતદાર પોતા ઉપર થએલી ફરીઆદ નામુકર જાય તો ત્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૬ મુજબ માજીસ્ટ્રેટે, ફરીઆદના પુરાવામાં ફરીઆદી અને તેના સાક્ષીઓની જુબાનીઓ લેવી જોઇએ, અને વળી તોહોમતદાર અને તેના સાક્ષીઓને પણ તપાસવા જોઈએ. આદ નડમો નીદાસી, ૬ વિ. રી. ૭૫).

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી સપટંબર સને ૧૮૬૬).

૩ ફરીઆદ—પુલપાવર માજીસ્ટ્રેટ—રેલવે આકટ—ત્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવ્યા પ્રમાણે માજીસ્ટ્રેટની રૂબરૂ કાંઈપણ ફરીઆદ થએલી નહી હોવાથી, રેલવે આકટ મુજબ ગુન્હેગાર ઠરાવી પુલપાવર માજીસ્ટ્રેટે કરેલી સજા રદ કરવામાં આવી. રાણી વિરૂદ્ધ લારકીન્સ, ૪ મું. હા. કો. રી. ૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુલાઇ સને ૧૮૬૭).

૪ ફરીઆદ—હકુમત—ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ—પુલપાવર માજીસ્ટ્રેટ—મોકલવાનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯—એમ ઠરાવવામાં આવ્યું કે કોઈ દિવાની કોર્ટે તપાસને માટે ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને કેસ મોકલ્યો હોય તો તે મા.

જીસ્ટ્રેટ ફુલપાવર માજીસ્ટ્રેટને મોકલી શકે નહી, અને આવી હકીકત ઉપરથી ફુલપાવર માજીસ્ટ્રેટને પોતાને ફરીઆદ થયા સીવાય કેસ ચલાવવાનો અધીકાર નથી. રાણી વિ. દીપચંદ ખુશાલ, ૪ મું. હા. કો. રી. ૩૦.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઈ સને ૧૮૬૭).

રાણી વિ. વીઠોજી વાલદ આબાસના કેસમાં નજર રાખવામાં આવે છે. ૨ મું૦ હા૦ કો૦ ૩૯૮. જુઓ કબુલાત ૫૩.

રાણી વિ. સદાશીવાપા પાંડુરંગાપાના કેસમાં અર્થ કરી બતાવવામાં આવ્યો. ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૨૯ જુઓ સમન ૫.

રાણી વિ. ક્રીષ્ણ પરશરામના કેસમાં અર્થ કરી બતાવવામાં આવ્યો. ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૬૯. જુઓ અભીપ્રાય માટે મોકલવું તે ૩.

રાણી વિ. રતીરામનાં કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૨ વા. દી. પ્રાં. ૨૧ જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૫.

રાણી વિ. રણછોડદાસ નથુભાઈના કેસમાં નજર રાખવામાં આવી. ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૩૫. જુઓ કમીટ કરવું તે ૧૬.

રાણી વિ. જાફરઅલીના કેસમાં નજર રાખવામાં આવી. ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૧૧૩. જુઓ ફરીઆદ ૨૪.

રાણી વિ. ગનુ વાલદ ક્રીષ્ણ ગુરાવના કેસમાં નજર રાખવામાં આવી. ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૨૫. જુઓ નિર્લજ અને બીભત્સ ગીતો.

૫ ફરીઆદ—દિવાની દાવો થાય તેવી બાબતમાં ફોજદારી તોહોમત રાખ્યુ હોય તે—માજીસ્ટ્રેટની ફરજ—કોઈ માજીસ્ટ્રેટને રીતસર ફરીઆદ કરવામાં આવી હોય અને તોહોમત રાખેલા કૃત્ય ઉપરથી ગુન્હો બનતો હોય અને તોહોમત ખરૂ છે એવું માનવાને દેખીતુ કારણ મળી આવે અને માજીસ્ટ્રેટ જો કે દિવાની દાવો થઈ શકે તેવું ધારતો હોય તોપણ તે કામ ચલાવવાને બંધાયેલો છે, રાણી વિ. મુહતન, ૮ વિ. રી. ૬૫.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી અગષ્ટ સને ૧૮૬૭.)

જગબંધુ મીતી વિ૦ ગોબરધન બેરાની બાબતમાં નજર રાખવામાં આવી. ૪ બેં. લો. રી. ક્રી. અ. ૧ જુઓ તોહોમત ૨૨.

૬ ફરીઆદ—હકુમત—તાબાનો માજીસ્ટ્રેટ—ફુલપાવર માજીસ્ટ્રેટ—મોકલવાનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૬—કોઇ તાબાનો માજીસ્ટ્રેટ પોતે ચલાવી શકે નહી તેવો કેસ ફુલપાલર માજીસ્ટ્રેટ તરફ મોકલી શકે નહી; અને આવી હકીકત ઉપરથી ફુલપાવર માજીસ્ટ્રેટને પોતાને ફરીઆદ થયા સીવાય કેસ ચલાવવાનો કાંઈ પણ અધીકાર નથી. રાણી વિ. બાગુ વાલદ ઓસવારી, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૩૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૯ મી અકટોબર સને ૧૮૬૭.)

રાણી વિ૦ સદાશીવપા પાંડુરંગાપાના કેસમાં અર્થ કરી બતાવવામાં આવ્યો. ૫ મું. હા. કો. રી. ૨૯. જુઓ સમન ૫.

૭ ફરીઆદ—ફરીઆદીની જુબાની—પ્રોસેસ કાઢવાનો અથવા ફરીઆદ માંડવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૭ માં આપેલો અધીકાર બજાવતાં પેહેલાં માજીસ્ટ્રેટ ઓછામાં ઓછી ફરીઆદીની જુબાની લેવાને બંધાએલો છે. રંગસ્વામી ગોનડન વિ૦ સદે બાપથી ગોનડન, ૪ મ. હા. કો. રી. ૧૬૨.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને ઈલીસ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી નવંબર સને ૧૮૬૮.)

૮ ફરીઆદ—માંડીવાળવી તે—ફરીઆદીની ગેરહાજરી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૯—ફરીઆદી ગેરહાજર હોવાથી ક્રીમીનલ પ્રોસીજર

કોડની કલમ ૨૬૯ મુજબ ફરીઆદ માંડીવાળી તે. રજુઆત ચલાવતાં પેહેલાં માંડીવાળવાનો હુકમ કર્યાથી તે રજુઆત ચલાવ્યા સીવાય છોડી દેવાનો હુકમ ગણાય છે, અને તેથી ફરીથી ફરીઆદ કરવાને બાધ આવતો નથી. પ્રે. તા૦ ૧ લી એપ્રીલ સને ૧૮૬૮. ૪ મ હા. હા. કો. રી. અપે. ૧.

૯ ફરીઆદ—હકુમત—ફોજદારી માંડવી તે—સને ૧૮૬૬ ના આકટ ૨૦ મુજબ રજીષ્ટ્રાર રજીષ્ટર આકટ મુજબ રાખેલા તોહોમતમાં મુકરદમો ચલાવવાની પદ્ધતિ—બ્યાજબી રીતે ફરીઆદ કરી શકે તેવા કોઈ માણસે જે કેસોમાં માજીસ્ટ્રેટને ફરીઆદ કરી હોય અથવા પોતાની માહીતી અને મરજીથી જે કેસો ચલાવવાનો તેને અધીકાર મળ્યો હોય તેવા જ કેસો ફકત ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ તે ચલાવી શકે છે. તેટલા માટે કોઈ રજીષ્ટ્રારે સને ૧૮૬૬ ના આકટ ૨૦ મુજબ પોતાને થએલી ફરીઆદ માજીસ્ટ્રેટ તરફ મોકલ્યા પછી પોતે માજીસ્ટ્રેટ તરીકે તે બાબત પોલીસને સ્વાધીન કરવાનો હુકમ કરેલો, તેમાં એમ ઠરાવવામાં આવ્યુ હતું કે આથી ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ ફોજદારી તોહોમતની તપાસ ચલાવી ગણાતી નથી. સને ૧૬૬૬ ના આકટ ૨૦ મુજબ ફરીઆદ થએલા કેસમાં તપાસ કરી છેવટ નિર્ણય કરવાનો માજીસ્ટ્રેટને પુરેપુરો અધીકાર છે, અને કેસ, સેસનમાં કમીટ કરવાને તે બંધાએલો નથી. "આ આકટ મુજબ થએલી સઘળી ફરીઆદો માજીસ્ટ્રેટના અધીકારવાળો કોઈપણ માણસ ચલાવી શકશે" એ તે આકટની કલમ ૯૫ માં લખેલા શબ્દોનો તરજુમો કરવાથી એવો અર્થ નીકળી આવે છે કે ફરીઆદથી માંડીને તે ફેંસલો આપતાં સુધીની આખી ફોજદારી રજુઆત એકજ માણસથી ચલાવી શકાયછે. અશન ઉલાહ વિગેરે અરજદારોના કામની તપાસ, ૧૦ વિ.રી. ૨૧.

(મેસર્સ પીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુલાઈ સને ૧૮૬૮).

રાણી વિ. શીઓ ગોલામદાસના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. ૧૫ વિ૦ રી૦ ૫૮ જુઓ રજીસ્ટ્રેશન ૩.

૧૦ ફરીઆદ—સને ૧૮૬૮ નો ૯ મો કલમ ૧૭—જે માણસે સરટીફીકેટ ના લીધું હોય તે માણસ પાસેથી સને ૧૮૭૮ ના આકટ ૯ માની કલમ ૧૭ માં બતાવેલો દંડ વસુલ કરવો હોય તો, જે કલેકટરે નોટીસ કાઢી હોય તે કલેકટરે માજીસ્ટ્રેટની રૂબરૂ ફરીઆદ કરવી જોઈએ પણ માજીસ્ટ્રેટના હોદ્દા તરીકે પોતાની રૂબરૂ ફરીઆદ થઇ શકે નહી. પ્રે. તા૦ ૨૬ મી જુલાઇ ૧૮૬૮; ૪ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૬૧.

૧૧ ફરીઆદ—ફરીઆદમાં બતાવેલા ગુન્હા કરતાં બીજા ગુન્હાને માટે ગુન્હેગાર ઠરેલો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૦—કેટલાક સરકારી નોકરોએ ફુલપાવર માજીસ્ટ્રેટને કરેલી ફરીઆદ ઉપરથી કેદી તેઓના મુસારાને માટે સાપરાધ વિશ્વાસઘાતનો તોહોમતદાર હતો, પણ કામમાં રજુ થયેલા પુરાવા ઉપરથી એમ સાબીત થયું કે કેદીએ સરકારી પૈસાનો વિશ્વાસઘાત કર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ફુલપાવર માજીસ્ટ્રેટ નવી ફરીઆદ થયા સીવાય સાબીત થયેલા ગુન્હાનું તોહોમત રાખી કેદીને ગુન્હેગાર ઠરાવી શકે છે. રાણી વિ. ધોનડુ રામચંદ્ર, ૫ મું. હા. કો. રી. ૧૦૦

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી નવંબર સને ૧૮૬૮.)

૧૨ ફરીઆદ—સમનો—તોહોમતદાર સામે કરેલી અરજી સીવાય, તેના ઉપર તોહોમત રાખેલા ગુન્હાઓની ખબર બીજી કોઈ રીતે માજીસ્ટ્રેટને મળી એ બાબત સાબીત થવાથી, ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટની અથવા ડીસ્ત્રીકટના કોઈ પણ ભાગના માજીસ્ટ્રેટની કાંઇ ફરીઆદી થયા સીવાય સમન કાઢવાની સત્તાને કાંઈ અસર થતી નથી. બીશેશરરોય વિ. હરપ્રસાદસીંઘ વિગેરે, ૧૧ વિ૦ રી૦ ૧.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડ જોની રૂબરૂ, તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૬૯.)

૧૩ ફરીઆદ—ફરીઆદીની ગેરહાજરી—મુચરકો—માજીસ્ત્રેટની રૂબરૂ ફરીઆદ થઇ હોય અને ફરીઆદમાં બતાવેલા સાહેદીઓને હાજર રાખવાને સમન કાઢવામાં આવ્યા હોય, પણ ફરીઆદી ગેરહાજર હોય અને તેની ગેરહાજરીમાં તપાસ ચલાવવાની જરૂર નથી એવું માજીસ્ત્રેટની નજરમાં આવે તો તે તોહોમતદારને છોડી શકે છે. કોઇ ફોજદારી કામમાં શાહેદી આપવાને બંધાએલા માણસોએ વ્યાજબી કારણ સીવાય ગેરહાજર રહી, સરકારી ન્યાયમાં અડચણ કરી હોય તો તેવા કામમાં મુચરકો બજાવવાનો ઇલાજ કરવો જોઈએ; અને મુચરકાઓ બજાવવાનું માજીસ્ત્રેટ યોગ્ય ધારે ત્યાર પેહેલાં તેઓ વ્યાજબી રીતે ગેરહાજર રહ્યા હતા તે સાબીત કરવાની તક આપવી જોઈએ. રાણી વિ. દસુમાનજી, ૧૧ વિ. રી. ૩૯.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી એપ્રીલ સને ૧૮૬૯).

રાણી વિ૦ અમીરૂદીનના કેસમાં નજર રાખવામાં આવી, ૭ બેં૦ લો૦ રી૦ ૬૩. જુઓ આસેસરો ૭.

૧૪ ફરીઆદ—પદ્ધતિ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૨, ૩૦૮—ફરીઆદીએ પોતાની ફરીઆદમાં બતાવેલી અમુક કલમને વળગી રેહેવાને માજીસ્ત્રેટ બંધાએલો નથી, પણ પક્ષકારો ખોટી રીતે દોરાય નહી અને વ્યાજબી પદ્ધતિ ચલાવી શકાય તેવી રીતે તેના ધારવા પ્રમાણે કેસને લાગુ પડે તેવી કલમ લગાડી શકે છે. તેને ખોટો લાગે તે હુકમ ફેરવીને કાયદા પ્રમાણે ખરો લાગે તે હુકમ કરી શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ કોઇ માજીસ્ત્રેટે ફરીઆદ માંડી વાળી હોય તો એમ ઠરાવવામાં આવ્યું કે તે કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ શા માટે લગાડવી જોઇએ નહી એવું પ્રતીવાદી પાસે કારણ માગીને તે કલમ મુજબ હુકમ કરવાને તેનો અધીકાર હતો. કાલીદાસ ભટ્ટાચારજી વિરૂદ્ધ મોહેનદ્રોનાથ ચતરજી, ૧૨ વિ. રી. ૪૦.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૩ જી અગષ્ટ સને ૧૮૬૯).

જુઓ રાયલચમીપતસીંઘ અપેલેન્ટ, ૧૪ વિ. રી. ૬૭; ૫ બે૦ લો૦ રી૦ અપે. ૮૧. જુઓ લોકોપકારક કૃત્ય ૨૩.

શીબચંદ્ર ભટ્ટાચારજી વિ. સાદતઅલીખાનનો કેસ વિરૂદ્ધ છે. ૪ વિ. રી. ૧૨. જુઓ લોકોપકારક કૃત્ય ૬૩.

ગોપીમોહન મુલીક વિ. નારામોની ચોધરાણીના કેસમાં નજર રાખવામાં આવી, ૪ ક. લો. રી. ૩૦૯. (દિવાની રૂલીંગ).

રાણી વિ૦ આબાસઅલી ચોધરીના કેસમાં નજર રાખવામાં આવી, ૬ બેં૦ લો૦ રી૦ ૭૪. જુઓ લોકોપકારક કૃત્ય ૨૪.

૧૫ ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૬, ૨૭૩, ૪૨૬, ૪૩૯—લખેત ફરીઆદ કરવી તે—શરૂઆતમાં ગેરશિરસ્તો થએલો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ મુજબ ફરીઆદીની જુબાની લખી લેઈ તેના ઉપર તેની સહી લેવી જોઇએ, માજીસ્ત્રેટને થએલી કોઈ ફરીઆદ લખી લેવામાં ના આવી હોય તો, તે માજીસ્ત્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૩ મુજબ રજુઆતને માટે ફરીઆદ ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ મોકલી શકે નહી. કોડમાં બતાવ્યા પ્રમાણે ફરીઆદ ઉપરથી કામ ચલાવવાનું શરૂ ના થયું હોય તો કલમો ૪૨૬ અને ૪૩૯ લાગુ પડતી નથી. જો મુકરદમો બરોબર રીતે ચલાવવામાં આવ્યો હોત તોપણ એટલીજ સજા થાત તેજ કારણો ઉપરથી આવી રીતે ગેરશિરસ્તાથી ચલાવેલા મુકરદમામાં ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તે કાયદેસર કાયમ રાખી શકાય નહી. રાણી વિ. માહીમચંદર ચકરબત્તી, ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૬૭.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની

ફબરૂ, તા૦ ૧ લી સપટંબર સને ૧૮૬૯).

રાણી વિ૦ નારાયણ નાયકના કેસથી ર૬ થઈ ગયો, ૫ બેં૦ લો૦ રી૦ ૬૬૦. જુઓ ફરીઆદ ૨૦.

રાણી વિરૂદ્ધ શ્રીશચંદર ઘોસના કેસમાં બાહાલ રાખવામાં આવ્યો, ૭ બેં૦ લો૦ રી૦ ૫૧૩. જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૧૧.

રાણી વિ૦ ઉમેશચંદ્ર ચોધરીના કેસમાં તફાવત બતાવવાસાં આવ્યો, ૫ બેં. લો. રી. ૧૬૦. જુઓ ફરીઆદ ૧૯.

ઈશ્વરચંદ્ર કુંવર વિ૦ ઉમેશચંદ્રપાલના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૮ બેં૦ લો૦ રી૦ ૧૯. જુઓ ફરીઆદ ૨૫.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવીઃ—

રાણી વિ. સુરેન્દ્રનાથ રોય, ૫ બેં. લો. રી. ૨૭૪. જુઓ પકડવું તે ૨.

રાણી વિરૂદ્ધ માહીમચંદ્ર ચકરબતી, ૭ બેં૦ લો૦ રી૦ ૨૬. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૬.

રાણી વિ. હરૂ, ૯ બેં. લો. રી. ૧૪૬. જુઓ ફરીઆદ ૨૭.

૧૬ ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૩—ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ દિવાની મુકરદમાઓ ચલાવવાની કેટલીક રીતો બતાવવામાં આવી. દિવાની કોર્ટ કોઈ કેસ તજવીજને માટે માજીસ્ટ્રેટ તરફ મોકલે તો માજીસ્ટ્રેટે પ્રથમ ફરીઆદીની જુબાની લેઈ લખી લેવી જોઈએ અને તે ઉપર પોતે તથા ફરીઆદીએ સહી કરવી જોઈએ. કોઈ કેસમાં ફરીઆદ ઊંચા દરજ્જાના માજીસ્ટ્રેટને અથવા કોઈ પોલીસ અમલદારને થઈ હોય તોજ તે કેસ તાબાના માજીસ્ટ્રેટ તરફ મોકલવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૩ મુજબ તેનો અધીકાર છે, પણ જે કેસોમાં ગુન્હાની તજવીજ પોતે કરી હોય તેવા કેસો મોકલવાનો અધીકાર નથી. ભગોબનચંદર પોડાર વિરૂદ્ધ મોહનચંદર ચકરબત્તી વિગેરે, ૧૨ વિ. રી. ૪૯.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧ લી સપટંબર સને ૧૮૬૯).

ગીરીશચંદર ઘોસ અરજદારની બાબતમાં આધાર રાખવામાં આવ્યો, ૧૬ વિ. રી. ૪૦. જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૧૧.

પ્રાણક્રીસ્ટોપાલ અરજદારના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો, ૧૪ વિ. રી. ૪૧. જુઓ પોલીસ તજવીજ.

સરકાર વિરૂદ્ધ મોહેશચંદર બાનરજીના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો ૧૭ વિ. રી. ૩૫. જુઓ પ્રથમની તજવીજ ૪.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવીઃ—

રાણી વિ. ઉમેશચંદર ચોધરી, ૧૪ વિ. રી. ૧. જુઓ ફરીઆદ ૧૯.

નારાયણના કેસની તપાસ, ૧૪ વિ. રી. ૩૮. જુઓ ફરીઆદ ૨૦.

ભગોબટચરનસેન વિ. સીઆમઅલી, ૧૮ વિ. રી. ૧૮. જુઓ ફરીઆદ ૨૭.

૧૭ ફરીઆદ—વારંટ—પકડવું તે—જેલ—તોહોમતદારનો અટકાવ—જામીન—સાહેદી—સ્ટેટને આપેલો પુરાવો—પોલીસ અમલદારનો રીપોર્ટ—પુરાવો—કમીટ કરવું તે—હુકુમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૬, ૬૮, ૧૫૫, ૧૮૮, ૨૦૭, ૨૨૨, ૨૨૪, ૨૨૭ અને ૨૨૮—કોઇ ગુન્હો બન્યો છે એમ માજીસ્ટ્રેટને માહીતી મળેતોજ કાંઈ પણ ફરીઆદ થયા સીવાય ગુન્હાની તજવીજ પોતે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૮ મુજબ કરી શકે છે. નકામો શક રાખવો અથવા કોઇ નનામી અરજીમાં લખેલી ખાનગી ખબર ઉપર વિશ્વાસ રાખવો તે માહીતી ગણાતી નથી. ખાનગી અથવા ગમે તેવી ખબર ઉપરથી માજીસ્ટ્રેટ તોહોમતદારને પકડવાનું વારંટ કાઢે તો તે ખબર ખુલી કરવાને તે બંધાયેલો છે. કલમ ૬૮ માં જે વારંટ કાઢવાનો માજીસ્ટ્રેટને અધીકાર આપેલો છે તે વારંટ કમીટ કરવાનું નથી, તેમજ માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર રાખવાને જરૂર જણા

ય તેના કરતાં વધારે વાર પકડી આણેલા માણસને રાખી મુકવાનું નથી; પકડી આણેલા પક્ષકારને માજીસ્ટ્રેટની રૂબરૂ આણ્યો કે તરતજ વારંટનો અમલ પુરો થાય છે. તોહોમતદારને જો કમીટ કરવાનો હોય અથવા વધારે વાર પકડી રાખવાનો હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૨૨ અથવા ૨૨૪ મુજબ નવું વારંટ કાઢવું જોઈએ. થોડા વખતને માટે નહી મોકલતાં બીજી કોઇ રીતે તોહોમતદારને જેલમાં મોકલતાં પેહેલાં તોહોમતદારની ઉપર કોઇ કેસ સાબીત થાય છે અથવા તેના ઉપર રાખેલા ગુન્હાને માટે તે ગુન્હેગાર છે એવું માનવાનાં વ્યાજબી કારણો છે એવી પુરાવા ઉપરથી માજીસ્ટ્રેટને ખાત્રી થવી જોઇએ. કોઈ શાહેદી પોતાની ખુશીથી હાજર થશે નહી એવું તપાસ કરવાથી માલમ પડે તોજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૮ મુજબ વારંટ કાઢવાનો માજીસ્ટ્રેટને અધીકાર છે. સમનોને બદલે એકદમ વારંટ કાઢવાનો અધીકાર તેમાં આપેલો નથી. કલમ ૧૮૮ મુજબ કાઢેલું વારંટ **ક** નમુનાનું નહી પણ **ખ** નમુનાનું કલમ ૭૬ મુજબ કેદનું વારંટ ગણાય છે. તોહોમતદારને જામીન આપવાને મુશકેલ પડે તેવી રીતે જામીન લેબાની પરવાનગી આપતી વખતે માજીસ્ટ્રેટને સરતો ઠરાવવાનો હક નથી. કોઇ શાહેદીઓએ ગુન્હેગારો શોધી કાઢવાને માટે સરકારને ખબર આપી હોય તો તે ખબરના સંબંધમાં તેમની જુબાનીઓ લેવાય નહી એ નિયમ રાજ્ય વિરૂદ્ધ અને મેહેસુલ સંબંધી કાયદાઓ તોડવાના ગુન્હાઓનેજ ફકત લાગુ પડે છે, પણ જે કેસોમાં માજીસ્ટ્રેટને ખબર આપવામાં આવી હોય અને તે ઉપરથી માજીસ્ટ્રેટના ઓહ્દા તરીકે તે વર્ત્યો હોય તેવા કેસોને ઉપલો નિયમ લાગુ પડતો નથી. જો કે પોલીસ અમલદારનો રીપોર્ટ તેમાં બતાવેલી હકીકતનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૫ મુજબ પુરાવો ગણાતો તથી તોપણ માજીસ્ટ્રેટની રૂબરૂ તેને આપેલી જુબાની સમજાવવાને અથવા તેમાં વીરૂદ્ધતા બતાવવાને માટે તે પુરાવામાં લેઇ શકાય, અને રીપોર્ટમાં લખેલી બાબતો વિષે પોલીસની ઉલટસુલટ તપાસ કરવાનો અને તે મંગાવવાનો તોહોમતદારનો હક છે. તોહોમતદારને રજુઆતને માટે સેસનમાં મોકલવામાં આવ્યો હોય અને ત્યાં તેણે શાહેદીઓના નામની યાદી આપી હોય તો, તે બધા શાહેદીઓને સમનો કાઢી સેસન કોર્ટમાં હાજર રાખવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૮ મુજબ માજીસ્ટ્રેટ બંધાયેલો છે. કલમ ૨૨૭ માં સમન કરવાની જરૂર બતાવેલી છે, અને કોઈ કેદીને સેસન કોર્ટ માટે જવાબ અનામત રાખી મુકવાને અટકાવવાનો માજીસ્ટ્રેટને તે કલમ મુજબ અધીકાર નથી, અને કલમ ૨૦૭ માં બતાવેલું છે કે કેદીનો પુરાવો લેવો એ માજીસ્ટ્રેટની મરજી ઉપર છે. કોઈ માજીસ્ટ્રેટ મુળથી પોતે ચલાવેલો કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬ મુજબ બીજા ઈનસાફી અમલદાર તરફ મોકલી શકે નહી; પણ કોઈ કેસમાં માજીસ્ટ્રેટે કેદના વારંટ સુધી તપાસ ચલાવી હોય તો આગળ કામ ચલાવવાની તે ના પાડી શકે, અને નુકશાન થયેલા પક્ષકારને અથવા પોલીસ અમલદારને હકુમતવાળા માજીસ્ટ્રેટ તરફ ફરીઆદ કરવાનો હુકમ કરે અથવા કલમ ૬૬ મુજબ પોતે ફરીઆદ કરે. ફરીઆદી તરીકે કામ પોતે ચલાવવું જોઈએ એવી જે કેસમાં જરૂર જણાય તે કેસ ચલાવવાને તે બંધાયેલો નથી. મોહેશચંદર બાનરજીની બાબતમાં; રાણી વિ૰ પુરનોચંદર બાનરજી વિગેરે; રાણી વિ૰ કાલી સરકાર વિગેરે, ૧૩ વિ. રી. ૧; ૪ બેં. લો. રી. અપે. ૧.

(મેસર્સ નોરમન અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૰ ૮ મી જાનેવારી સને ૧૮૭૦).

રાણી વિ૰ કોલગોંગના જમીનદારના કેસમાં મંજુર રાખવામાં છે, ૧ વિ૰ રી૰ ૧૨. જુઓ ચોકીદાર.

સમીરૂદીનના કેસમાં મંજુર રાખવામાં અને ભલામણ કરવામાં આવે છે, ૬ વિ૰ રી૰ ૯૨. જુઓ શિક્ષા ૭.

રાણી વિ૦ વેમેશચંદર ઘોસના કેસથી જુદો અભિપ્રાય લેવામાં આવે છે, ૫ વિ૦ રી૦ ૭૧. જુઓ નાસી જનાર ગુન્હેગાર ૧.

હુસેન માનજીની બાબતમાં નજર રાખવામાં આવે છે, ૯ વિ૦ રી૦ ૭૦. જુઓ નાસી જનાર સાહેદી.

રાણી વિ૦ ઈસરરોટના કેસમાં નજર રાખવામાં આવે છે. ૮ વિ૦ રી૦ ૬૩. જુઓ પુરાવો ૨૪.

અબદુલ કાદરખાન વિ૦ પુરનીના માજીસ્ટ્રેટના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૨૦ વિ૦ રી૦ ૨૩; ૧૧ બેં. લો. રી. અપે. ૮. જુઓ તપાસણી ૮.

મથુરાનાથ ચકરબતીની અરજીની બાબતમાં નજર રાખવામાં આવી, ૯ બેં. લો. રી. ૩૫૪. જુઓ મોકુફી ૨.

૧૮ ફરીઆદ–દિવાની અદાલત–તોહોમત–સને ૧૮૬૧ ના ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૧–ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૧ મુજબ દિવાની અદાલત કોઈ કેસ, કયા અસુક અમલદારે તે ચલાવવો જોઈએ એવું બતાવ્યા શીવાય ફોજદારી અદાલતમાં તજવીજને માટે મોકલી શકે છે; અને જે તોહોમત રાખી ફોજદારી અદાલતમાં કેસ મોકલવામાં આવ્યો હોય તે તોહોમત લખેલી દિવાની કોર્ટના અમલદારની જુબાની એ જોઈએ તેવી ફરીઆદ ગણાય છે. રાણી વિ૦ માધબચંદર મીસર, ૧૩ વિ. રી. ૪૫.

(મેસર્સ બેલી અને નોરમન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૭૦).

ઈશનચંદરદત વિ. પ્રાણુનાથ ચોધરીના ના કેસમાં મંજુર રાખવામાં આવે છે, વિ. રી. સપટંબર ૭૧. જુઓ જુઠો લેખ ૧.

૧૯ ફરીઆદ—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ—સને ૧૮૬૧ ના ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ અને તા૦ ૧૬મી માર્ચ સને ૧૮૬૪ ના સરકયુલર નં. ૬ મુજબ કોઈ ફરીઆદીએ કરેલી અરજી તજવીજને માટે માજીસ્ટ્રેટના કુલ અખતીઆરવાળા ડેપ્યુટી માજીસ્ટ્રેટ તરફ મોકલવાનો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને અખતીઆર છે. રાણી વિ. ઉમેશચંદર ચોધરી, ૧૪ વિ. રી. ૧; ૫ બેં. લો. રી. ૧૬૦; ૯ બેં. લો. રી. ૧૪૭ ન.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૪ જુન ૧૮૭૦).

ભગોબનચંદર પોડાર વિ. મોહનચંદર ચકરબતીના કેસમાં નજર રાખવામાં આવેછે, ૧૨ વિ. રી. ૪૯. જુઓ ફરીઆદ ૧૬.

ભગોબટચરનસેન વિ૦ સીઆમઅલીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૧૮ વિ. રી. ૧૮. જુઓ ફરીઆદ ૨૭.

રાણી વિ. હરના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૯ બેં. લો. રી. ૧૪૬. જુઓ ફરીઆદ ૨૭. આ કેસ રાણી વિ. ગીરીશચંદર ઘોસ, અને રાણી વિ. ઉમેશચંદર ચોધરીના કેસમાં બતાવવામાં આવ્યો નોહોતો.

જુઓ રાણી વિ. ગીરીશચંદર ઘોસ, ૭ બેં. લો. રી. ૫૧૩. જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૧૧.

રાણી વિ. માહીમચંદર ચકરબતીના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ૩ બેં. લો. રી. ક્રી. અ. ૬૭. જુઓ ફરીઆદ ૧૫.

૨૦ ફરીઆદ—કમીટ કરવું તે—જુઠો પુરાવો—અપમાન—સને ૧૮૬૧નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૨૧—કમીટ કરવાને અખતીઆર હોય એવા માજીસ્ટ્રેટે બતાવેલું તોહોમત રાખીને કોઈ કેદીને રજુઆતને માટે સેશન કોર્ટમાં મોકલવામાં આવ્યો હોય અને ફરીઆદ લખી લેવામાં કાંઈ કસુર અથવા ગેરસીરસ્તો થએલો તે કોર્ટને માલમ પડે તો પણ કેદીની રજુઆત ચલાવવાનો તેને અધીકાર છે. ક્રીમીનલ પ્રોસીજર કોડનું પ્રકરણ ૨૧ મું લાગુ પડે તેવા અમુક બતાવેલા વર્ગના કેસોમાં ફરીઆદ અથવા જે કોર્ટના અધિકાર વિરૂદ્ધ ગુન્હો બનેલો છે તે કોર્ટની પરવાનગી એ ફોજદારી મુકરદમાઓ શરૂ

કરવાને માટે જોઈએ તેવો અખતીઆર ગ ણાય છે. રાણી વિ. નારાયણ નાયક અને બી જાના કેસની તપાસ, ૧૪ વિ. રી. ૩૪; ૫ એં. લો. રી. ૬૬૦.

(મેસર્સ ક્રાઉચ ચીફ જસ્ટીસ, બેલી, કે મ્પ, જેકશન અને ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી અગસ્ટ સને ૧૮૭૦).

ભગોબનચંદર પોડાર વિ. મોહનચંદર ચકરબતીના કેસમાં નજર રાખવામાં આવેછે, ૧૨ વિ. રી. ૪૯. જુઓ ફરીઆદ ૧૬.

ભગોબટ ચરનસેન વિ૦ સીઆમઅલી ના કેસમાં નજર રાખવામાં આવી, ૧૮ વિ. રી. ૧૮. જુઓ ફરીઆદ ૨૭.

રાણી વિ. લક્ષમણ સખારામ, ઈ. લો. રી. ૨ મુ. ૪૮૧. જુઓ ફરીઆદ કરવાની પ રવાનગી ૫૪.

રાણી વિ૦ અમીરખાનના કેસમાં નજર ર રાખવામાં આવી, ૯ એં. લો. રી. ૩૬. જુઓ ઢોરનું ભટકવું ૧.

રાણી વિ૦ માહીમચંદર ચકરબતીનો કે સ રદ થઈ જાય છે, ૩ એં. લો. રી. ક્રી. અ. ૬૭. જુઓ ફરીઆદ ૧૫.

રાણી વિ૦ હરૂ, ૯ એં. લો. રી. ૧૪૬. જુઓ ફરીઆદ ૨૭.

રાણી વિ૦ આપા સુભન મંડરે, ઈ. લો. રી. ૮ મું. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

૨૧ ફરીઆદ—સમન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૬—જે કેસમાં તોહોમત પ્રથમ પોલીસે મુ કયું હોય તે કેસમાં પણ ફરીઆદી ઉપર સમન કરવાને માજીસ્ટ્રેટ ના પાડી શકે નહી, પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ મુજબ સોગન ઉપર ફરીઆદીની જુબાની લે ઇ કેસમાં હુકમ કરવાને તે બંધાયેલો છે. અ મીરમહમુદ વિ૦ જી. બાસ, ૧૪ વિ. રી. ૩૬.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૩ સપટંબર સને ૧૮૭૦.)

૨૨ ફરીઆદ—ખાસ કાયદો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦, ૨૭૦—ખાસ કાયદા (જેવો કે મીઠાનો કાયદો) મુજબ થયેલા ગુન્હાઓની ત જવીજ ક્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવ્યા પ્રમાણે કરવાને માજીસ્ટ્રેટ તે કોડની કલમ ૨૦ મુજબ બંધાયેલો છે. કોઇ ખાસ કાયદા મુજ બ થયેલી ફરીઆદોને ક્રીમીનલ પ્રોસીજર કો ડની કલમ ૨૭૦ લાગુ પડતી નથી, પણ મા જીસ્ટ્રેટથી ચલાવાય તેવી અને પીનલકોડ મુ જબ છ માસ ઉપરાંત સજા થઇ શકે નહી તેવી ફરીઆદોનેજ ફકત ઉપલી કલમ લાગુ પડે છે. રાણી વિ૦ અબદુલ આઝીઝખાન, ૧૪ વિ. રી. ૩૬.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજો ની રૂબરૂ. તા૦ ૩ સપટંબર સને ૧૮૭૦.)

રાણી વિ૦ ટરનરના કેસમાં તફાવત બ તાવવામાં આવ્યો, ૪ વા. દી. પ્રાં. ૮૪. જુ ઓ નજીવી ફરીઆદ ૬.

૨૩ ફરીઆદ—ચોરી—કોઈ ફરીઆદ માંડીવાળતાં પેહેલાં માજીસ્ટ્રેટે ફરીઆદની મ જબુતીમાં આપેલો પુરાવો લખી લેઈ તે ધ્યા નમાં લેવો જોઈએ. જે ચોરીની મીલકતને માટે તોહોમત રાખવામાં આવ્યું છે તે મીલકત તોહોમતદારની છે એવો તેણે જવાબ આપ્યો હોય અને તે જવાબને બીજી કોઈ રીતે પુરા વાથી અથવા તે હકીકતમાં કાંઇ સત્ય છે એ વું સાબીત કરે તેવી કોઈ બાબતથી ટેકો મ ળતો ના હોય તો, સંક્ષેપમાં તપાસ ચલાવી તેને છોડી મુકવાને પુરતો પુરાવો ગણાતો ન થી. રતુસીંધ વિ૦ કાલીચરન મીસર વિગેરે, ૧૬ વિ. રી. ૧૮; ૭ એં. લો. રી. અપે. ૫૫.

(મેસર્સ બેલી અને પોલ જડજોની રૂ બરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૭૧).

બીશુબારીકના કામની તપાસમાં આધા ર રાખવામાં આવ્યો, ૧૬ વિ૦ રી૦ ૬૭. જુ ઓ જુઠું તોહોમત ૩૯.

રાણી વિરૂદ્ધ રામચરનસીંઘના કેસમાં નજર રાખવામાં આવે છે, ૭ વિ૦ રી૦ ૫૭. જુઓ ચોરી ૧૦૧.

હમદજાન વિ૦ ખાદીશેખના કેસમાં ન

જર રાખવામાં આવી, ૧૬ વિ૦ રી૦ ૬૫. જુઓ માંડી વાળવું ફરીઆદનું ૧૮.

ખેતરનાથદત્ત વિ૦ ઈન્દ્રોજનલીઆના કેસમાં નજર રાખવામાં આવી, ૧૬ વિ૦ રી૦ ૭૮. જુઓ ચોરી ૨૬.

૨૪ ફરીઆદ—સોગન ઉપર ફરીઆદ કરવાથી વારંટ કાઢવું તે—પોલીસ અમલદારનો રીપોર્ટ—વારંટ સીવાય પોલીસથી પકડાય નહી તેવો ગુન્હો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૬ અ, ૧૫૫—જે કેસોમાં વારંટ સીવાય પોલીસથી પકડાય નહી તેવા કેસોમાં, પરભારી ફરીઆદ ઉપરથી અથવા પોલીસ અમલદારના રીપોર્ટ ઉપરથી કેસો ચલાવવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ અ મુજબ માજીસ્ટ્રેટને અધીકાર હોય અથવા ના હોય તોપણ, તે સોગન ઉપર અથવા કલમ ૬૮ માં બતાવ્યા પ્રમાણે ફરીઆદ થયા સીવાય કાયદેસર વારંટ કહી શકે નહી. વારંટ સીવાય પોલીસ પકડી શકે તેવા કેસોમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૫ મુજબ રીતસર ઘડેલો રીપોર્ટ એવો ઉપર બતાવેલા પોલીસ અમલદારના રીપોર્ટનો અર્થ થાય છે, પણ પોલીસ અમલદારે કાંઈ મોકલેલી ખબર એવો થતો નથી. રાણી વિરૂદ્ધ જાફરઅલી, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૧૧૩. તા૦ ૧૧ મી અગષ્ટ સને ૧૮૭૧.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રાણી વિ૦ દીપચંદ ખુશાલ, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૩૦. જુઓ ફરીઆદ ૪.

રાણી વિ૦ વિશ્વનાથ દોલતરાવ, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૩૩. જુઓ પ્રયત્ન વેષ ધારણ કરી ઠગવાનો.

રાણી વિ૦ સદાશીવપા પાંડુરંગાપા, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૨૯. જુઓ સમન ૫.

રાણી વિ૦ લાલા શંભુના કેસમાં નજર રાખવામાં આવી, ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૭૦. જુઓ હકુમત ૨૭.

૨૫ ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૬, ૬૭—સને ૧૮૬૯ નો ૮ મો કલમ ૬૬ બ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ માં બતાવ્યા પ્રમાણે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને ફરીઆદ કરવામાં નહી આવેલી તેવી ફરીઆદ તે માજીસ્ત્રેટે, પોતાને પુછ્યા શીવાય ફરીઆદો લેઈ શકે નહી તેવા ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ મોકલી, જેને રજુઆત ચલાવી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો. મી૦ કેમ્પ જડજે એમ ઠરાવ્યું કે સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ મુજબ ચાલવામાં ના આવ્યું હોય તો, પછીથી ચલાવેલો મુકરદમો કાયદા વિરૂદ્ધ ગણાય છે. મી૦ એનસ્લી જડજે એમ ઠરાવ્યું કે ફરીઆદની અરજી નિરાકરણ કરવાને માટે ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ મોકલવાનો હુકમ કર્યાથી તે અમલદારને સને ૧૮૬૯ ના આકટ ૮ ની કલમ ૬૬ બ મુજબ ફરીઆદ લેવાનો અધીકાર મળે છે, અને તેથી કરીને પછીથી ચાલેલા મુકરદમાઓ કાયદેસર ગણાય છે. ઈશ્વરચંદર કુંવર વિ૦ ઉમેશચંદરપાલ, ૮ બેં૦ લો૦ રી૦ ૧૯.

(મેસર્સ કેમ્પ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી સપટંબર સને ૧૮૭૧).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

રાણી વિ૦ માહીમચંદ્ર ચકરબતી, ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૬૭. જુઓ ફરીઆદ ૧૫.

દુલાલીબેવા વિ૦ ભુબનશાહ, ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૫૩. જુઓ માંડી વાળવું ફરીઆદનું ૧૪.

રાણી વિ૦ ગીરીશચંદ્ર ઘોસ, ૭ બેં૦ લો૦ રી૦ ૫૧૩. જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવા તે ૧૧.

રાણી વિ૦ હરના કેસમાં નજર રાખવામાં આવી, ૯ બેં૦ લો૦ રી૦ ૧૪૬. જુઓ ફરીઆદ ૨૭.

૨૬ ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૨૦—કલમો ૨૩ ड અને ૬૬ ब—હકુમત નથી તેવો જવાબ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ ब મુજબ ફરીઆદો સાંભળવાનો માજીસ્ત્રેટને આપવાનો અધીકાર, કલમ ૨૩ ड મુજબ સ્થાનીક સરકારને આપવાના અધીકાર ની બરોબર ગણાતો નથી; અને આવી રીતનો અધીકાર કોઇ માજીસ્ત્રેટને કાયદેસર આપવામાં ના આવ્યો હોય તો તે પ્રકરણ ૨૦ મુજબ ચાલી શકે નહી. કલમ ૨૩ ड મુજબ સ્થાનીક સરકારે કરેલો હુકમ પાછલી બાબતોને લાગુ પડતો નથી. હકુમત ને હોતી એવી તકરાર નિચેની કોર્ટમાં ના લીધી હોય તો પણ હાઇ કોર્ટમાં લેઇ શકાય છે. મેસર્સ મેકડોનલ્ડ અને મેકી વિરૂદ્ધ રીડલ, ૬ વિ૦ રી૦ ૬૯.

(મેસર્સ લોચ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ડીસેંબર સને ૧૮૭૧).

૨૭ ફરીઆદ સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૬—ફરીઆદ થયા પછી તે તાબાના માજીસ્ત્રેટ તરફ મોકલતાં પેહેલાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ મુજબ ફરીઆદીની જુબાની લેવાને ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ બંધાએલો નથી. જે માજીસ્ત્રેટ તરફ કેસ મોકલવામાં આવે તે માજીસ્ત્રેટે લીધેલી ફરીઆદીની જુબાની નિયમસર મુકરદમો ઠરાવવાને માટે બસ છે. ભગોબટચરનસેન વિ. સીઆમઅલી, ૧૮ વિ. રી. ૧૮; રાણી વિ૦ લક્ક, ૯ બેં. લો. રી. ૧૪૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, કેમ્પ, જેકશન, માર્કબાય અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૭૨).

રાણી વિ. ઉમેશચંદર ચોધરીના કેસમાં આધાર રાખવામાં આવે છે, ૧૪ વિ રી. ૧. જુઓ ફરીઆદ ૧૯.

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

રાણી વિ. શેક એદુ, ૨ વિ. રી. ૪૭. જુઓ પુરાવો ૨.

દીનોનાથ ઘોસ વિ. સરોડામુકો પધીઆ, ૭ વિ. રી. ૪૭. જુઓ છુટકો ૩.

ભગોબનચંદર પાડોર વિ. મોહીમચંદર ચકરબતી, ૧૨ વિ. રી. ૪૯. જુઓ ફરીઆદ ૧૬.

નારાયણના કેસની તપાસ, ૧૪ વિ. રી. ૩૪. જુઓ ફરીઆદ ૨૦.

રાણી વિ. મધુસુદનરોય, ૧૬ વિ. રી. ૩૪. જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૧૨.

દુલાલીબેવા વિ. ભુબનશાહ, ૩ બેં. લો. રી. ફ્રી. અ. ૫૩. જુઓ માંડી વાળવું ફરીઆદનું ૧૪.

રાણી વિ૦ માહીમચંદર ચકરબતી, ૩ બેં. લો. રી. ફ્રી. અ. ૬૭. જુઓ ફરીઆદ ૧૫.

ઈશ્વરચંદર કુંવર વિ૦ ઉમેશચંદરપાલ, ૮ બેં. લો. રી. ૧૯. જુઓ ફરીઆદ ૨૫.

રાણી વિ૦ માહીમચંદર ચકરબતી, ૪ બેં. લો. રી. અપે. ૭૭. જુઓ પ્રથમની તજવીજ ૨.

ગીરીશચંદર ઘોસ અરજદારોનો કેસ ૨૬ થઇ જાય છે, ૧૬ વિ. રી ૪૦; ૭ બેં. લો. રી. ૫૧૩. જુઓ બીજી જગાએ કેસ મોકલવો તે ૧૧.

જુઓ રાણી વિ૦ નારાયણ નાયક, ૫ બેં. લો. રી ૬૬૦. જુઓ ફરીઆદ ૨૦.

૨૮ ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૫, ૨૩, ૬૮—જોઇંટ માજીસ્ત્રેટ—ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટના અધીકારવાળા જોઇંટ માજીસ્ત્રેટ તરફ કોઈ માજીસ્ત્રેટે કેસ મોકલ્યો હોય તો, મુળની ફરીઆદ કરતાં બીજી કાંઇ રીતસર ફરીઆદ પક્ષકારો સામે થયા શીવાય, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૫, ૨૩ અને ૬૮ મુજબ શરૂઆતથી મુકરદમો ચલાવવાનો તેને અધીકાર છે. રાયલચીપતસીંઘ અરજદાર, ૧૮ વિ. રી. ૪૩.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ સને ૧૮૭૨.)

૨૯ ફરીઆદ—ગળીનો પાક—ફરીઆદી—ગળી વાવનારનો ચાકર—કોઈ ગળી વાવનાર માણસના ચાકરે ગળીના છોડવાઓ કાપી લેઈ જવાનું તોહોમત કેટલાક માણસો ઉપર રાખેલું તે કેસમાં, વધારે જુમેદારીવાળા નોકરે ફરીઆદ કરવી જોઈતી હતી એમ ઠરાવી જોઈંટ માજીસ્ત્રેટે તે માંડી વાળ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે જોઈંટ માજીસ્ત્રેટે કેસની રજુઆત ચલાવવી જોઈતી હતી. બુધુરોય વિ૦ રામદયાળસીંઘ વિગેરે, ૧૮ વિ૦ રી૦ ૫૫.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી સપટબર સને ૧૮૭૨.)

૩૦ ફરીઆદ હકુમત—ગુન્હો- સને ૧૮૬૬ નો ૧૪ મો પોસ્ટ આફીસનો આકટ કલમ ૪૮—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૮ મુજબ ફરીઆદ થયા સીવાય તજવીજ કરવાનો માજીસ્ત્રેટને જે ગુન્હામાં અધીકાર આપી શકાય તે ગુન્હો પીનલકોડ અથવા કોઈ ખાસ આકટ મુજબ બનેલો હોવો જોઈએ અને તેને માટે શીક્ષા પણ તે પ્રમાણે થવી જોઈએ. મી૦ ગ્લોવર જડજને શક પડવાથી, મી૦ કેમ્પ જડજનો મત—પોસ્ટ આફીસના કોઈ નોકરે ન્યુસપેપર ઉઘાડીને પાછું તેના કવરમાં મુકી-દીધું હોય તો તેથી સને ૧૮૬૬ ના આકટ ૧૪ માની કલમ ૪૮ મુજબ ગુન્હો બનતો નથી, તેમજ એમ પણ કહી શકાય નહી કે તોહોમતદારે કપટથી ચોરી કરી અથવા ખોટો ઉપયોગ કર્યો અથવા ખુશીથી સંતાડયું અથવા પોસ્ટમાં મોકલેલી કાંઇ ચીજ અથવા કાગળ નાખી દીધો અથવા નાશ કર્યો. મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજનો મત—કલમ ૪૮ મુજબ ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં તોહોમતદારના કૃત્યમાં કપટ ભરેલો ઇરાદો સાબીત થવો જોઈએ. પનાલાલ મુકરજી અરજદાર, ૧૦ વિ૦ રી૦ ૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી નવેંબર સને ૧૮૭૨.)

રાણી વિ૦ સુરેન્દ્રોનાથરોયના કેસમાં નજર રાખવામાં આવે છે, ૧૩ વિ. રી. ૨૭; ૫ બેં. લો. રી. ૨૭૪ જુઓ પકડવું તે ૨.

૩૧ ફરીઆદ—વારંટ—કેસ બીજી જગાએ મોકલવો તે—કેસની રજુઆત—જોઈન્ટ માજીસ્ત્રેટે ફરીઆદ ઉપરથી વારંટ કાઢયા પછી માજીસ્ત્રેટે તે કેસ પોતાની પાસે મંગાવી તરતજ વારંટ બંધ રાખી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૭ મુજબ ફરીઆદ માંડી વાળી. એમ ઠરાવવામાં આવ્યું કે જ્યાંથી કેસ બાકી રહ્યો હતો ત્યાંથી માજીસ્ત્રેટે કેસ ચલાવવો જોઈતો હતો, અને આવી રીતે નહી ચાલવામાં માજીસ્ત્રેટે મોટી ભુલ કરી છે. રઘુપરી રાઉ અરજદાર, ૧૫ વિ. રી. ૨૮; ૧૦ બેં. લો. રી. અપે. ૨૬.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૭૩).

૩૨ ફરીઆદ—આસીસ્ટંટ માજીસ્ત્રેટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૮ મુજબ પોતાની માહીતીથી કોઇ કેસ ચલાવવાનો આસીસ્ટંટ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને અધીકાર નથી કારણ કે તે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ અથવા ડીસ્ત્રીકટના કોઈ ભાગનો માજીસ્ત્રેટ ગણાતો નથી. ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ જેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૮ મુજબ મુકરદમો મુળથી ચલાવ્યો હતો તે માજીસ્ત્રેટે કેસ બીજી જગ્યાએ મોકલવાથી આસીસ્ટંટ માજીસ્ત્રેટ પાસે કેસ આવેલો હતો પણ ફરીઆદ ઉપરથી અથવા બીજી કોઈ રીતે કેસ નહી આવ્યાથી, તેણે ચલાવેલો કેસ હકુમત વિનાનો ઠરાવવામાં આવ્યો હતો. ધનપતસીંઘ અરજદાર, ૧૯ વિ૦ રી૦ ૩૦.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જાનેવારી સને ૧૮૭૩).

૩૩ ફરીઆદ—અપમાન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૫૦૪—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ ક

લમો ૧૪૪, ૨૮૩—સુલેહનો ભંગ કરવાના ઈરાદાથી અપમાન કરવાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. જ્યાં સુધી સજા કરવામાં આવી ત્યાં સુધી કામમાં કાયદેસર ફરીઆદ નોહોતી. ફરીઆદ થયા સિવાય કેસો ચલાવવાનો સેકન કલાસ માજીસ્ત્રેટનો અધીકાર નહી હોવાથી ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે એમ ઠરાવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪ ના કલોઝ ૨ મુજબ આખો મુકરદમો કાયદા વિરૂદ્ધ હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ થયા સીવાય, સેકન કલાસ માજીસ્ત્રેટે કેસ ચલાવ્યો એમ કહી શકાય નહી, પણ તે લખી નહી લીધાથી કલમ ૧૪૪ થી ઉલટો ચાલ્યો, અને આવી જાતના ગેરશિરસ્તા ઉપરથી કલમ ૨૮૩ મુજબ, અપેલેન્ટ કોર્ટને ઠરાવ ફેરવવાનો અધીકાર નથી. પ્રો. તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૭૩, ૭ મ. હા. કો. રી. અપે. ૨૫.

૩૪ ફરીઆદ—તજવીજ—વારંટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૬ માં ફરીઆદ થયા પેહેલાં જે તજવીજ કરવાનું બતાવેલું છે તે તજવીજ વારંટ કાઢીને તોહોમતદારને કોર્ટમાં લાવ્યા પછી થવી જોઈએ નહી. રામકંત સરકાર વિ૦ જાદબચંદરદાસ બાયરાગી, ૨૧ વિ૦ રી૦ ૪૪.

(મેસર્સ જેકશન અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૪).

૩૫ ફરીઆદ—ડાકાઈટી—કાયદા વિરૂદ્ધ મંડળી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૩૯૫—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૪૮, ૨૨૨ અને પ્રકરણો ૧૭, ૧૮—આ કેસમાં મુળ તોહોમત કલમ ૩૯૫ મુજબ ડાકાઈટીનું રાખ્યુ હતું, અને કામ ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૮ મુજબ ચલાવ્યું હતું, પણ કેસ ચાલવાની દરમીઆન કલમ ૩૯૫ મુજબ રાખેલું તોહોમત સરત ચુક થવાથી, પીનલકોડની કલમ ૧૪૩ મુજબ કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુતોનું તોહોમત રાખી, તેમનો જવાબ લીધો હતો, અને કામ પ્રકરણ ૧૭ મુજબ સંક્ષેપમાં ચલાવવામાં આવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ કલમ ૧૪૩ મુજબ થઇ હોત તો માજીસ્ત્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૨ મુજબ સંક્ષેપમાં તપાસ ચલાવી શકત, પણ ફરીઆદ કલમ ૩૯૫ મુજબ ડાકાઈટીનું તોહોમત મુકી થએલી હોવાથી, સંક્ષેપમાં રજુઆત ચલાવવાનો માજીસ્ત્રેટને અખતીઆર નથી પણ ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૮ મુજબ રીતસર તજવીજ કરવી જોઈતી હતી. દવારકાનાથ મોઝુમદાર વિ૦ નાલુદાસ, ૨૧ વિ. રી. ૮૯.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી એપ્રીલ સને ૧૮૭૪).

એપુટુલ્લા વિ૦ નિઝામશેખના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૨ ક૦ લો૦ રી૦ ૩૯૪. જુઓ સંક્ષેપમાં તપાસ ૨૨.

૩૬ ફરીઆદ—સમન કેસ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૪૮, ૨૦૩, ૨૦૮—પીનલકોડની કલમ ૧૪૮ ની વાખ્યામાં આવી જાય તેવા કોઇ ગુન્હાની ફરીઆદ ઉપરથી માજીસ્ત્રેટે તોહોમતદારને સમન કાઢી પોતાની રૂબરૂ બોલાવ્યો હોય, અને ફરીઆદી અને તેણે આપેલા પુરાવાની હકીકત ઉપરથી ઉપલી કલમ મુજબ ગુન્હો બન્યો છે એમ સાબીત થાય તો, તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૩ મુજબ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી શકે છે. કોઈ માજીસ્ત્રેટ ખરેખરી રીતે આખી ફરીઆદ સમન કેસ તરીકે ચલાવી હોય અને તે કેસને લાગુ પડે તેવી પદ્ધતિ મુજબ મુકરદમો ચલાવ્યો હોય અને કેસની મુદત નાંખી હોય અને મુદત ઠરાવેલા દીવસે ફરીઆદી હાજર ના થાય તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૮ મુજબ ફરીઆદ માંડીવાળવાને તેને છુટ છે. મુદુસુદન શાહ વિ૦ હરીદાસ ડોસ વિગેરે, ૨૨ વિ૦ રી૦ ૪૦.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુલાઇ સને ૧૮૭૪).

૩૭ ફરીઆદ—ઢીલ—સલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો. ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧—ગયા એપ્રીલ માસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ સુલેહના ભંગની થએલી ફરીઆદ હકુમતનો સવાલ ઉઠવાથી, એક ડેપ્યુટી માજીસ્ટ્રેટ પાસેથી બીજા માજીસ્ટ્રેટ પાસે છેવટનો હુકમ કર્યા શીવાય મોકલવામાં આવી હતી, અને હાઈ કોર્ટને સને ૧૮૭૫ ની સાલના જાનેવારી માસમાં કોઈ માણસે સુલેહનો ભંગ કર્યો નથી એવું માલમ પડ્યાથી, લાંબી મુદત ઉપર થએલી ફરીઆદ વિષે હુકમ કરવો વ્યાજબી નથી એવું તે કોર્ટે ધારી, ગયા એપ્રીલમાં થએલી ફરીઆદ માંડી વાળવાનો હુકમ કર્યો. મોહંત લચમીદાસ વિગેરે વિ૦ એલ જે. ક્રાઉડી, ૨૩ વિ૦ રી૦ ૧૯.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૭૫).

૩૮ ફરીઆદ—વાડ—દંડ—ખબર—કોઈ પક્ષકારનો વાડ દુરસ્ત નહી કરવાને માટે દંડ, તેની સામે ખબર મળ્યા સીવાય અને પુરાવો લીધા સીવાય કરવો જોઇએ નહી. રાણી વિ. સાધુચરન ઘોસ, ૨૩ વિ. રી. ૬૩.

(મેસર્સ જેક્શન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૭૫).

૩૯ ફરીઆદ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૫—જરૂર જણાય તેવો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૫૩—વધારેલું ભાડુ લેવાને માટે જમીનદારના હુકમથી હુમલો અને જુલમ કર્યાને માટે, કેટલાક પક્ષકારોએ માજીસ્ટ્રેટને ફરીઆદ કરી, રજુઆતને દિવસે ફરીઆદી અને તોહોમતદાર બંને હાજર થયા નહી. માજીસ્ટ્રેટ ફરીઆદ માંડી વાળવાનો હતો એટલામાં કોઈ ત્રીજા પક્ષકારે હાજર થઈ એમ બતાવ્યું કે, ફરીઆદી રહે છે તે મોઝા ઉપર હક સાબીત કરવાનો જુઠો પુરાવો કરવાને માટે તોહોમતદારે અખાડા કર્યાથી ફરીઆદ કરવામાં આવી છે. તે ઉપરથી માજીસ્ટ્રેટે ફરીઆદીઓને હાજર રેહેવાની ફરજ પાડી તેમાંના કેટલાકની જુબાનીઓ લેઇ અને ઉપર બતાવેલા ત્રીજા પક્ષકારની સામી ફરીઆદ લેઈ, પીનલકોડની કલમ ૧૫૩ મુજબ ફરીઆદીઓને ગુન્હેગાર ઠરાવી બે માસની સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટે ત્રીજા પક્ષકારની અરજ લેવી જોઈતી નહોતી અથવા ફરીઆદીઓને કેસ ચલાવવાની ફરજ પાડવી જોઈતી નોહોતી; અને કેસની હકીકત જોતાં આપેલો પુરાવો ઈનસાફી પુરાવો નોહોતો. ડુખનપાણ વિગેરે, ૨૪ વિ૦ રી૦ ૩૨.

(મેસર્સ જેકશન અને મેકડેનલ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અગષ્ટ સને ૧૮૭૫).

૪૦ ફરીઆદ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪, ૨૦૨, ૩૫૦—માજીસ્ટ્રેટે ફરીયાદ થયાથી પ્રોસેસ કાઢી ફરીઆદની મજબુતીમાં સાક્ષીઓ તપાસ્યા અને પછીથી તેની હકુમત બંધ થઈ ગઈ. તેની પછીના માજીસ્ટ્રેટે કેસ ચલાવી ફરીઆદ પોલીસ તરફ તજવીજ કરી રીપોર્ટ કરવાને માટે મોકલી, અને પોલીસનો રીપોર્ટ આવ્યાથી તોહોમતદારને છોડી મુક્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આ પદ્ધતિ કાયદા વિરૂદ્ધ છે. ફરીઆદી તરફનો પુરાવો લીધા પછી અને પ્રોસેસ કાઢ્યા પછી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૨ પ્રમાણે અભીપ્રાય લખી પુછાય નહી. સડાગોપચરયાર વિ૦ રંગાચરયાર, ઈં૦ લો૦ રી૦ ૯ મ૦ ૨૮૨.

(મેસર્સ કરનાન અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જાનેવારી સને ૧૮૮૬).

૪૧ ફરીઆદ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૯૧, ૨૦૨, ૨૦૩—માજીસ્ટ્રેટનો અધીકાર—"તજવીજ ચલાવી શકે" એ શબ્દોનો અર્થ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૧ માં "તજવીજ ચલાવી શકે" એ શબ્દોનો અર્થ એવો થાય છે કે એથી ફરીઆદીની જુબાની લેવાનું માજી

સ્ટેટની મરજી ઉપર નથી, પણ ગુન્હો બને તેવી હકીકતની જે રીતો મુજબ તેને ખબર મળી હોય તેમાંની ગમે તે રીત ગુન્હાની તજવીજ ચલાવવામાં માજીસ્ટ્રેટે લીધી હોય તેને તે લાગુ પડે છે. તે ફરીઆદીની જુબાની લેવાને બંધાએલો છે અને તે લીધા પછી, તેણે તોહોમતદાર ઉપર સમન કાઢવો જોઇએ અથવા કલમ ૨૦૨ મુજબ તજવીજ ચલાવવાનો હુકમ કરવો જોઈએ, અથવા કલમ ૨૦૩ મુજબ ફરીઆદ માંડી વાળવી જોઈએ. ઉમર અલી વિ૦ સાફરઅલી, ઈં૦ લો૦ રી૦ ૧૩ ક. ૩૩૪.

(મેસર્સ પ્રીનસેપ અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી અગષ્ટ સને ૧૮૮૬).

જુઓ કમીટ કરવું તે ૧૯.

ફરીઆદ કરવાની પરવાનગી—

૧ ફરીઆદ કરવાની પરવાનગી—આસીસ્ટંટ માજીસ્ટ્રેટની હકુમત—દિવાની કોર્ટમાં બનેલો ગુન્હો—દાવાની અરજીમાં ખોટું લખી સહી કરવી તે—દાવાની અરજીમાં ખોટું લખી સહી કરવાને માટે ડેપ્યુટી કલેક્ટરે કમીટ કરવાથી, આસીસ્ટંટ માજીસ્ટ્રેટે, શેઠની સામે કામ ચલાવવાની ડેપ્યુટી કલેક્ટરની પરવાનગી મેળવ્યા વગર, તેને હાજર રાખવાને માટે ગુમાસ્તાના જામીન લીધેલા તે અખત્યાર ઉપરાંત હતું એમ ઠરાવવામાં આવ્યું. ઇન્દ્રોચંદર બોસ, ૪ વિ. રી. ૭.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી સપટંબર સને ૧૮૬૫).

૨ ફરીઆદ કરવાની પરવાનગી—તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૬૨ પેહેલાં કરેલો જુઠો લેખ અને જુઠા સોગન—પદ્ધતિ—દિવાની કોર્ટમાં ચાલતા કોઈ કેસમાં તા૦ ૧ લી જાનેવારી સને ૧૮૬૨ પેહેલાં જુઠો લેખ અથવા જુઠા સોગન ખાધેલો કેસ સને ૧૮૪૮ નો ૧ લો જુના પ્રોસીજર કોડ મુજબ ફક્ત ચલાવી શકાય છે; અને તે મુજબ જે કોર્ટની રૂબરૂ ગુન્હો થએલો હોય તે કોર્ટની પરવાનગી મેળવવાની ફોજદારી મુકરદમાઓ ચલાવતાં પેહેલાં જરૂર છે. રાધાજીબન મુસ્તાફી આરજદાર, ૫ વિ૦ રી૦ ૮; ૧ ઈન્ડ. જ્યુરી. ૭૭.

(મેસર્સ ફીઅર અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૬૬.)

રાણી વિ૦ ઈનાયટ હુસેનના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૫ વિ. રી. ૪૩. જુઓ જુઠો લેખ ૮.

૩ ફરીઆદ કરવાની પરવાનગી—જુઠો પુરાવો—ફરીઆદ કરવાની પરવાનગી આપવામાં દિવાની કોર્ટની મરજી—સંખ્યા સંબંધી પુરાવો સરખાવતાં ફરીઆદીએ બતાવેલી બીના અસંભવીત હતી, તેવા ખોટા પ્રતિજ્ઞાના કેસમાં ખાત્રી થયા સીવાય ગુન્હેગાર ઠરાવેલો તે રદ કરવામાં આવ્યો. સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ માં ખોટી પ્રતિજ્ઞાના કેસમાં પરવાનગી આપવાનો દિવાની કોર્ટને આપેલો મરજી મુજબ અધીકાર એવો છે કે તે ઘણીજ સાવચેતીથી વાપરવો જોઈએ. ચાલતા કેસમાં મરજી મુજબ આપેલો અધીકાર ગેરવાજબી રીતે વાપર્યાથી ટીકા કરવામાં આવી હતી. રાણી વિ૦ પુસારામ વિગેરે, ૬ વિ. રી. ૧૧.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૬૬.)

રાણી વિ૦ સુબીસાનીના કેસમાં નજર રાખવામાં આવી. ૮ મું. હા. કો. રી. ૨૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૮.

રાણી વિ૦ નાનચંદની સ્ત્રી બાઈ ટાબના કેસમાં નજર રાખવામાં આવી. ૮ મું. હા. કો. રી. ૨૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૭.

૪ ફરીઆદ કરવાની પરવાનગી—દિવાની અદાલત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૬૯, ૧૭૦—ભાડાચીઠી—ભાડાચીઠીની નકલ—કીંમતી દસ્તાવેજ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૩૦—દિવાની કોર્ટમાં હાજર થયેલા કોઈ શાહેદી ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૦ મુજબ ફરીઆદ માંડવનો

માટે ફરીઆદીએ તે કોર્ટની પરવાનગી લેવાને અરજ કરી. કોર્ટે માગ્યા મુજબ પરવાનગી આપી, કેદીની રજુઆત ચલાવી તેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે દિવાની કોર્ટે આપેલી પરવાનગીમાં કલમ ૧૭૦ મુજબ ફરીઆદ માંડવાનું લખેલું તે વધારા તરીકે ગણી શકાય, અને તેથી કરીને કેદીને કાયદેસર ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે પીનલ કોડની કલમ ૩૦ ના અર્થ મુજબ ભાડાચીઠીની નકલ "કીંમતી દસ્તાવેજ" ગણાતો નથી. રાણી વિ૦ ખુશાલ હીરામન અને ઈંદ્રાગર, ૪ મું. હા. કો. રી. ૧૮.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુલાઈ સને ૧૮૬૭.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ. સુબીસાની ૮ મું. હા. કો રી. ૨૮, જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૮.

રાણી વિ. નાનચંદની સ્ત્રી બાઈ ટાહ ૮ મું. હા. કો. રી. ૨૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૭.

રાણી વિ. વિનાયક દીવાકર ૮ મું. હા. કો. રી. ૩૨. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૯.

૫ ફરીઆદ કરવાની પરવાનગી—ફરીઆદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૮—સમનમાં બતાવ્યા પ્રમાણે હાજર નહી થવાને માટે ફરીઆદ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૮ માં કહ્યા પ્રમાણે પરવાનગી મેળવ્યા સીવાય અથવા ફરીઆદ થયા સીવાય, ચલાવવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે જે મા જીસ્ટ્રેટના સમનનું અપમાન થયું હતું તેજ માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવ્યાથી ફરીઆદ કરવાની પરવાનગી એ ઉપરથી મળી હતી એમ સિદ્ધ થાય છે. રાણી વિ. ગનુ બીન ટાટીઆ, સેલાર, ૫ મું. હા. કો. રી. ૩૮.

(મેસર્સ ન્યુટન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨ એપ્રીલ સને ૧૮૬૨.)

રાણી વિ. હીરાલાલદાસના કેસમાં નજર રાખવામાં આવી, ૮ બેં. લો. રી. ૪૨૨ જુઓ રેજીસ્ટ્રેશન ૪.

રાણી વિ. મહમદખાન વાલદ ઈમાન ખાન, ૬ મું. હા. કો. રી. ૫૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૩.

૬ ફરીઆદ કરવાની પરવાનગી—દિવાની અદાલત—જુઠો પુરાવો—ખરૂ સાબીત કરી આપવું તે—પુરાવો—દંડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—સને ૧૮૫૯ નો ૮ મો સીવીલ પ્રોસીજર કોડ કલમો ૧૨૦, ૨૦૯—ખરૂ ઠરાવી સહી કરવાનુ અને પીનલકોડની કલમ ૧૯૩ મુજબ જુઠે પુરાવો આપવાનું એ બંને તોહોમતોને માટે ફરીઆદી માંડવાની એકકી પરવાનગી જડજે આપી હોય તો તે બસ નથી. જે શબ્દો ઉપર ફરીઆદી માંડવાની છે તે શબ્દો બરોબર રીતે અને જે ગુન્હાઓની માજીસ્ટ્રેટે તજવીજ કરવાની છે તે ગુન્હાઓ બરોબર રીતે બતાવવા જોઈએ. અરજદારે કામમાં રજુ થયેલા રાજીનામા ઉપર સહી કરી નથી એવી મતલબની અરજી ખરૂ ઠરાવી સહી સાથે કોર્ટમાં ફાઈલ થઈ હોય તો તેથી જુઠો પુરાવો આપવાને માટે તેને સજા થઈ શકતી નથી. આવી જાતની અરજી સને ૧૮૫૯ ના આકટ ૮ ની કલમ ૧૨૦ માં આવી જાય છે પણ તે આકટની કલમ ૨૦૯ માં આવી જતી નથી અને તેથી ખરૂ ઠરાવી તેના ઉપર સહી કરવાની જરૂર નથી. જુઠો પુરાવો આપવાને માટે કામ ચાલતી વખતે દિવાની કોર્ટમાં રજુ થયેલા દસ્તાવેજો ઉપર ભરોસો રાખવામાં આવે તો, પુરાવામાં દાખલ કરતા પેહેલાં તે ફોજદારી કોર્ટમાં સાબીત કરવા જોઈએ. તોહોમતદારની વર્તણુકથી સાહેદીને કટલુ

નુકશાન થયું હતું એવું સાબીત થયા સીવાય, તેની પાસેથી વસુલ થયેલા દંડમાંથી સાહેદીને કાંઈ આપવાનો હુકમ કરવો તે કાયદા વિરૂદ્ધ ગણાય છે. રાણી વિ. કરતીકચંદર હોલડર વિગેરે ૯ વિ. રી. ૫૮.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૬૮.)

રાણી વિ. નાનચંદની સ્ત્રી બાઈ ટાઈના કેસમાં નજર રાખવામાં આવી, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૨૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૭.

રાણી વિ. કાદરબક્ષ વાલદ કાદરમહમદનો કેસ રદ થઈ ગયો, ૧૧ વિ. રી. ૧૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૯.

રાણી વિ. સુબીસાનીના કેસ રદ થઈ ગયો ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૨૮ જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૮.

૭ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯—તોહોમત રાખેલા માણસોમાંના એક માણસ ઉપર ફરીઆદી માંડવાની પરવાનગી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ મુજબ આપવામાં આવેલી, તેવા કેસમાં કમીટ કરેલો હુકમ રદ કરી જે માણસો ઉપર પરવાનગી આપવામાં આવી નોહોતી તે માણસોને હાઈ કોર્ટે છોડી મુકયા. રાણી વિ. વુડરનસીંઘ વિગેરે, ૧૦ વિ. રી. ૨૪ અ.

(મેસર્સ શીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૪ અગષ્ટ સને ૧૮૬૮.)

૮ ફરીઆદ કરવાની પરવાનગી—દિવાની અદાલત-જુઠો લેખ—ખોટી પ્રતીજ્ઞા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૬૯ અને ૧૭૦ મુજબ ફરીઆદ માંડવાની પરવાનગી આપતાં પેહેલાં દિવાની કોર્ટે જુઠા લેખના કેસમાં કયા દસ્તાવેજ ઉપર ફરીઆદ માંડવાની છે તે સ્પષ્ટ રીતે બતાવવું જોઇએ. જુઠા લેખના કેસમાં અમુક કૃત્ય અથવા કૃત્યો, અને ખોટી પ્રતીજ્ઞાના કેસમાં કયા શબ્દોથી ખોટી પ્રતીજ્ઞા બને છે તે બતાવવા જોઈએ. ગોબીનચંદર ઘોસ વિગેરેના કેસમાં, ૧૦ વિ૦ રી૦ ૪૧; ૭ બેં૦ લૉ૦ રી૦ ૨૮ ન.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી સપટંબર સને ૧૮૬૮).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવીઃ—

રાણી વિ૦ કાદરબક્ષ વાલદ કાદરમહમદ, ૧૧ વિ૦ રી૦ ૧૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૯.

રાણી વિ૦ સુબીસાની, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૨૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૮.

રાણી વિ૦ નાનચંદની સ્ત્રી બાઈ ટાઈ, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૨૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૭.

રાણી વિ૦ માહીમચંદર ચકરબતીના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. ૭ બેં૦ લૉ૦ રી૦ ૨૬ ન. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૬.

૯ ફરીઆદ કરવાની પરવાનગી—દિવાની અદાલત—જુઠો પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—પીનલકોડની કલમ ૧૯૩ મુજબના કેસમાં દિવાની કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ મુજબ આપેલી પરવાનગી, એ આપેલી જુબાનીઓમાં મળી આવેલી ખોટી હકીકતની ફરીઆદ માંડવાને આપેલી મોઘમ પરવાનગી કરતાં વધારે ચોકસ રીતે આપવાની જરૂર નથી. રાણી વિ૦ કાદરબક્ષ વાલદ કાદરમહમદ, ૧૧ વિ૦ રી૦ ૧૭.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૪ થી માર્ચ સને ૧૮૬૯).

રાણી વિ૦ કારતીકચંદર હોલડરનો કેસ રદ થઈ જાય છે. ૯ વિ૦ રી૦ ૫૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૬.

ગોબીનચંદર ઘોસના રેફરન્સમાં નજર રાખવામાં આવે છે. ૧૦ વિ૦ રી૦ ૪૧; ૭ બેં૦ લો૦ રી૦ ૨૮ ન. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૮.

રાણી વિ૦ નાહાનચંદની સ્ત્રી બાઇ ટાઈના કેસમાં નજર રાખવામાં આવી ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૨૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૭.

૧૦ ફરીઆદ કરવાની પરવાનગી—સરકારી નોકર—પોલીસ અમલદાર—તોહોમત ચલાવવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૨—કોઈ ઉતરતા દરજ્જાના નોકરે પોતાના ઉપરી અધીકારીની પરવાનગીથી, પીનલકોડના પ્રકરણ ૧૦ મુજબ થએલા ગુન્હાનું કામ ચલાવ્યું હોય તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૮ ની મતલબ લાગુ પડે છે. રાણી વિરૂદ્ધ ગોલામસીંઘ વિગેરે, ૧૧ વિ. રી. ૨૨.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજેની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ ૧૮૬૯.)

મોલવી અબ્દુલ લતીફના તપાસના કેસમાં નજર રાખવામાં આવે છે, ૯ વિ. રી. ૩૧. જુઓ જુઠી ખબર ૩.

રાણી વિ૦ ગીરશચંદર સરકારના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૧૯ વિ૦ રી૦ ૩૩. જુઓ ફરીઆદ કરવાનગી પરવાનગી ૩૪.

૧૧ ફરીઆદ કરવાની પરવાનગી—કલેકટર—દિવાની અદાલતની પરવાનગી—સ ૧૮૬૨ નો ૧૦ મો કલમ ૫૦—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૦—સને ૧૮૬૨ ના આકટ ૧૦ માની કલમ ૫૦ ના કલોઝ ૨ મુજબ નવા સ્ટાંપને માટે કલેકટરને અરજી કરવામાં આવી હોય તો તે કોર્ટ દિવાની અથવા ફોજદારી કોર્ટ ગણાતી નથી, અને તેટલા માટે કોર્ટમાં ચાલેલા કોઈ પણ મુકરદમાના પુરાવામાં રજુ કરેલા દસ્તાવેજ તરીકે અરજી નહી હોવાથી એવા કેસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૦ લાગુ પડતી નથી. રાણી વિ૦ ગોર મોહનસેન અને બીજો, ૧૧ વિ. રી. ૪૮; ૩ બેં. લો. રી. ક્રી. અ. ૬.

(મેસર્સ નોરમન અને જેકશન જડજેની રૂબરૂ, તા૦ ૫ મી મે સને ૧૮૬૯.)

૧૨ ફરીઆદ કરવાની પરવાનગી—ખોટી પ્રતીજ્ઞા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—જે કોર્ટ અગાડી ખોટી પ્રતિજ્ઞાનો ગુન્હો બનેલો છે તે કોર્ટ જો કે કામ સેસન કમીટ કરવાનો હુકમ કરી ચુકી હોય તોપણ ગમે તે વખતે ફરીઆદ કરવાની પરવાનગી આપી શકે છે. રાણી વિ૦ ગોલકસીંગની બાબતમાં, ૩ બેં. લો. રી. ક્રી. અ. ૧૦.

આ કેસ સને ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૧૯૫ થી રદ થઇ ગયો.

(મેસર્સ નોરમન અને જેકશન જડજેની રૂબરૂ, તા૦ ૬ ઠી મે સને ૧૮૬૯.)

૧૩ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯—જે માજીસ્ટ્રેટ અગાડી શાહેદીએ ખોટી જુબાની આપી હોય તે માજીસ્ટ્રેટ પોતે તે શાહેદીને રજુઆતને માટે સેસન કોર્ટમાં મોકલે તો તે ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ મુજબ ફરીઆદ કરવાની પરવાનગી આપી સીદ્ધ થાય છે.

(મેસર્સ વોરડન અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી અગષ્ટ સને ૧૮૬૯.)

રાણી વિ. ગનુ વાલદ ટાટીઆ સેલરના કેસમાં નજર રાખવામાં આવે છે. ૫ મું. હા. હા. કો. રી. ૩૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫.

૧૪ ફરીઆદ કરવાની પરવાનગી—દિવાની અદાલત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૬૯, ૧૭૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૬૯ અને ૧૭૦ મુજબ કોઈ દિવાની કોર્ટ ફરીઆદ કરવાની પરવાનગી આપે તો તે કોર્ટે કયા અમુક ગુન્હા અથવા ગુન્હાઓને માટે ફરીઆદ કરવાની પરવાનગી આપી છે તે એ

ફસાઈથી બતાવવું જોઈએ. રાણી વિ૦ ઉમા ભાઈ દેખીઆ, ૧૩ વિ. રી. ૨૫.

(મેસર્સ કેમ્પ અને જેક્શન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦).

રાણી વિ૦ નાહાનચંદની સ્ત્રી બાઈ ટા ઈના કેસમાં નજર રાખવામાં આવી, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૨૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૭૨.

રાણી વિ૦ સુખીસાનીના કેસમાં નજર રાખવામાં આવી, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૨૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૮.

૧૫ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૬૮, ૧૬૯—જુઠી ફરીઆદ કર્યા ના કેસમાં માજીસ્ટ્રેટે, અ નામના તોહોમતદારને બ નામના ફરીઆદી ઉપર પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ફરીઆદી કરવાની પરવાનગી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ મુજબ આપી. માજીસ્ટ્રેટે પીનલકોડની કલમ ૨૧૧ મુજબ થએલી ફરીઆદ ગણી અ ની ફરીઆદની રજુઆત ચલાવી, પણ પછીથી બ સામે તોહોમત પીનલકોડની કલમ ૧૮૨ મુજબ રાખી તે કલમ મુજબ તેને સજા કરી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૮ ઉપર નજર રાખી એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમો ૧૮૨ અને ૨૧૧ મુજબ થએલા ગુન્હાઓ ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ માં આવી જવાથી અગાઉ બ ઉપર ફરીઆદ માંડેલી ફોજદારી કોર્ટની પરવાનગી પેહેલેથી મેળવ્યા સીવાય પીનલકોડની કલમ ૧૮૨ મુજબ તોહોમત રાખવામાં માજીસ્ટ્રેટની ભૂલ થઈ હતી. રાજકુમાર વિ૦ કીરતી ઓઝા, ૧૩ વિ૦ રી૦ ૬૭; ૭ બેં૦ લો૦ રી૦ ૨૯ ન.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ સને ૧૮૭૦).

રાણી વિરૂદ્ધ માહીમચંદર ચકરબતીના કેસમાં નજર રાખવામાં આવી. ૭ બેં. લો રી. ૨૬ ન. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૬.

૧૬ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૨ ૨૧૧—પીનલકોડની કલમ ૨૧૧ મુજબ તોહોમતદાર ઉપર તોહોમત રાખેલા કેસની રજુઆત ચલાવતી વખતે જોઈન્ટ માજીસ્ટ્રેટે કલમ ૨૧૧ મુજબ રાખેલું તોહોમત બદલીને કલમ ૧૮૨ મુજબ તોહોમત રાખી હકીકત ઉપરથી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો. કલમ ૧૮૨ મુજબ ફરીઆદ કરવાની પરવાનગી નહી હોવાથી સેસન જડજે હાઈ કોર્ટના અભીપ્રાય માટે કેસ મોકલ્યો. રજુઆતમાં તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થવાથી હાઈ કોર્ટે ગુન્હો ફેરવી કલમ ૨૧૧ મુજબ ગુન્હો ઠરાવ્યો. કીરતી ઓઝા વિ. રાજકુમાર, ૭ બેં. લો. રી ૨૯ ન.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ સને ૧૮૭૦.)

૧૭ ફરીઆદ કરવાની પરવાનગી—પોલીસનો ડીસ્ટ્રીકટ સુપ્રીનટેનડન્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૮—ડીસ્ટ્રીકટ સુપ્રીનટેનડન્ટને નહી પણ આસીસ્ટંટ ડીસ્ટ્રીકટ સુપ્રીનટેનડટને ખોટી ખબર આપવાનું તોહોમત રાખી ફરીઆદ કરવાની પરવાનગી ડીસ્ટ્રીકટ સુપ્રીનટેનડન્ટે આપી હોય તો તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૮ મુજબ જોઈએ તેવી પરવાનગી ગણાતી નથી. "નિચા દરજાનો અમલદાર" એ શબ્દો પોલીસના આસીસ્ટંટ સુપ્રીનટેનડેન્ટ કરતાં વધારે નીચા સરકારી નોકરને લાગુ પડે છે. રાણી વિ. ઉતમચંદ, ૨ વા. દી. પ્રાં. ૨૮૭.

(મી૦ ટરનર કામ ચલાઉ ચીફ જસ્ટીસ, તા૦ ૮ મી જુલાઇ સને ૧૮૭૦.)

૧૮ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૭—ફરીઆદ કરવાની પરવાનગી—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૭ મુજબ તેમાં બતાવેલી ફરીઆદોની પરવાન

ગી એવી ફરીયાદો માંડ્યા પેહેલાં લેવી જોઈએ. જ્યાં સુધી પરવાનગી મળી નથી ત્યાં સુધી જે માજીસ્ત્રેટથી ગુન્હો ચલાવાય તે માજીસ્ત્રેટને ગુન્હો ચલાવવાનો અધીકાર નથી, અને આવી રીતે પરવાનગી મેળવ્યા સીવાય પુરાવા ઉપરથી કોઇને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તો તે ગેર કાયદેસર ગણાય છે. કોઈ ફરીઆદમાં ક્રીમીનલ પ્રાસીજર કોડની કલમ ૧૬૭ માં બતાવ્યા પ્રમાણે કોઈ એક સરકારી નોકર ઉપર એવા કૃત્યોનું તોહોમત રાખવામાં આવ્યું હોય કે, જે કૃત્યો કોઈ ખાનગી માણસે કરયાં હોય તો બળાત્કારનો ગુન્હો બને, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે ફરીઆદ કરવાની પરવાનગી લીધા સીવાય બળાત્કારનો ગુન્હો ગણી રજુઆત ચલાવવી તે કાયદા વિરૂદ્ધ નથી. રાણી વિ. પરશરાંમ કેશવ ૭ મું. હા. કો. રી. ૬૧.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુલાઇ સને ૧૮૭૦.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ. લક્ષ્મણ શખારામ ઈ૦ લો૦ રી૦ ૨ મું. ૪૮૧ જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪૪.

બી. ક્રીસ્ટનારામની બાબત જુઓ, ૭ મું. હા. કો. રી. ૫૮ જુઓ, ફરીઆદ કરવાની પરવાનગી ૨૨.

રાણી વિ૦ એ. મોરટન અને મુસ્ટીઆઅલી, ઈ. લો. રી. ૯ મું. ૨૮૮. જુઓ હકુમત ૪૬.

રાણી વિ૦ વિનાયક દિવાકર, ૮ મું. હા. કો. રી. ૩૨ જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૯.

૧૯ ફરીઆદ કરવાની પરવાનગી—જુઠો રીપોર્ટ—મામલતદારે ફરીઆદ કરવાને પરવાનગી આપેલી તે—કુલકારની—સરકારી નોકર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૭—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૧૮—કોઈ કુલકારનીએ સરકારી નોકર તરીકે ખોટો રીપોર્ટ કર્યો હોય તો તેના ઉપર ફરીઆદ કરવાની પરવાનગી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૭ મુજબ મામલતદાર અથવા જે પટેલના તે તાબામાં છે તે પટેલ આપી શકે છે. આને માટે કલેક્ટરની પરવાનગીની કાંઈ જરૂર નથી. કોઈ કુલકારની પોતાના ગામમાં બનેલા ગુન્હાનો ગુન્હો છુપાવવાના ઈરાદાથી ખોટો રીપોર્ટ કરે તો તેને પીનલકોડની કલમ ૨૧૮ મુજબ સીક્ષા થઈ શકે છે. રાણી વિ. મલ્હાર રામચંદ્ર, ૭ મું. હા. કો. રી. ૬૪.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી અગષ્ટ સને ૧૮૭૦.)

રાણી વિ. લક્ષ્મણ સખારામના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૨ મું. ૪૮૧. જુઓ ફરીઆદ કવરાની પરવાનગી ૪૪.

૨૦ ફરીઆદ કરવાની પરવાનગી—દિવાની અદાલત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯-ખોટી પ્રતીજ્ઞાની ફરીઆદ માંડવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ મુજબ અરજી કરવામાં આવી હોય તો, સાધારણ નિયમ તરીકે જે કોર્ટની રૂબરૂ, ખોટી પ્રતીજ્ઞાનો ગુન્હો બન્યો હોય તે કોર્ટને પેહેલી અરજી કરવી જોઈએ. વંકટગેરીના રાજાની બાબતમાં, ૬ મ. હા કો. રી. ૯૨.

(મેસર્સ સ્કાટલાંડ ચીફ જસ્ટીસ અને હોલોવે જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧.)

૨૧ ફરીઆદ કરવાની પરવાનગી—દિવાની અદાલત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૦—પ્રીનસીપાલ સદરઅમીનની કોર્ટમાં બનેલા ગુન્હાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૦ મુજબ ફરીઆદ માંડવાનો હુકમ કરવાનો દિવાની કોર્ટનો અધીકાર નથી, કારણ કે તે કોર્ટ દિવાની કોર્ટના તાબાની કોર્ટ ગણાતી

નથી. માહાલી આયન એક્ષપાર્ટી, ૬ મ. હા. કો. રી. ૧૯૧.

(મેસર્સ સ્કાટલાંડ ચીફ જસ્ટીસ અને ફીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૩ મે સને ૧૮૭૧.)

નારાયણ માલયા વિ. ગોવીંદ શેટીના કેસમાં નજર રાખવામાં આવે છે, ૬ મ૦ હા૦ કો૦ રી૦ ૧૮. જુઓ કસાઈવાડો.

૨૨ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૭—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૭ ના અર્થ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે, નોકરીમાંથી દુર કરી ના શકાય તેવે કોઇ સરકારી નોકર અથવા જડજ જે કોર્ટ અથવા અધીકારીના તાબામાં ગણાય છે તે કોર્ટ અથવા અધીકારી ફરીઆદી માંડવાની પરવાનગી આપી શકે છે અથવા ફરીઆદ માંડ્યાનો હુકમ કરી શકેછે એવું ઉપલી કલમથી અનુમાન થાયછે. સરકારે અધીકાર આપવો જોઇએ એવું કાંઇ તેમાં બતાવેલું નથી, પણ અવધ બાંધ્યા સીવાય અથવા અનામત રાખી મુકયા સીવાય તે કાયમ ગણાશે. મુદત ના હોય તો દરેક કોર્ટ અથવા અધીકારીને સત્તા હોય છે. આવી જાતની પરવાનગી અથવા હુકમ લખેત કરી કામમાં સામેલ રાખવાની ઘણી જરૂર છે, પણ કોઈપણ રીતે કાયદેસર એમ કરવાની જરૂર નથી. પરવાનગી વિષે વાંધો રજુઆત ચાલતી વખતે ઉઠાવવો જોઇએ. બી. ક્રીસ્ટોનારોની બાબતમાં, ૭ મ૦ હા૦ કો૦ રી૦ ૫૮.

(મેસર્સ હોલોવે અને ફીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૨).

રાણી વિરૂદ્ધ પરશરામ કેશવ, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૬૧. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૮.

૨૩ ફરીઆદ કરવાની પરવાનગી—જુઠું તોહોમત—ફરીઆદી કરવામાં ઢીલ કરવી તે—ફરીઆદી ઉપર જુઠી ફરીઆદ માંડવાને માટે પ્રતીવાદી ઉપર ફોજદારી કરવાની મંજુરી માજીસ્ટ્રેટે આપી હતી. મંજુરી આપ્યા પછી ત્રણ માસ સુધી ફરીઆદીએ ફરીઆદ માંડી નોહોતી એ કારણ બતાવી માજીસ્ટ્રેટે ફરીઆદ માંડી વાળી. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ માંડી વાળવાનો માજીસ્ટ્રેટને અધીકાર હતો. પ્રો. તા૦ ૯ મી જાનેવારી સને ૧૮૭૧, ૬ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૧૫.

૨૪ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૭૦, ૪૨૬—જુઠો પુરાવો બનાવવાને માટે કોઈ માણુસ ઉપર ફરીઆદ કરવાની મંજુરી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૦ મુજબ આપવામાં આવેલી, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આ ભુલ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ સુધરી શકે તેવી નથી, તેથી તોહોમત રાખેલા માણુસને છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો હતો. સેસન જડજને કમીટ કરેલા કેસમાં તોહોમતદારનો જવાબ લીધા પછી તેણે ફરીયાદ કરવાની મંજુરી આપી હોય તો, તે મંજુરી કાયદેસર ગણાતી નથી. રાણી વિરૂદ્ધ મોહીમચંદર ચકરબતી, ૧૫ વિ૦ રી૦ ૪૫; ૭ એં૦ લો૦ રી૦ ૨૬.

(મેસર્સ લોચ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૭૧).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી છેઃ—

ઇશનચંદરદત્ત વિરૂદ્ધ બાબુ પ્રાણુનાથ ચોધરી, માર્શેલ્સ રીપોર્ટ ૨૭૦; વિ. રી. સપટંબર ૭૧. જુઓ જુઠો લેખ ૧.

રાણી વિ૦ ગોબીનચંદર ઘોસ, ૭ એં૦ લો૦ રી૦ ૨૮ નં. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૮.

ફીરટી ઓઝા વિરૂદ્ધ રાજકુંમાર, ૭ એં૦ લો૦ રી૦ ૨૯ નં. ૧૩ વિ૦ રી૦ ૬૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૫.

રાણી વિરૂદ્ધ મોહીમચંદર ચક્રબતી, ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૬૭. જુઓ ફરીઆદ ૧૫.

જદુનાથ હાજરા વિરૂદ્ધ અનોડાપ્રાસાદ સરકારના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો, ૧૧ ક૦ લો૦ રી૦ ૫૩. જુઓ ફરીયાદ કરવાની પરવાનગી ૬૨.

૨૫ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૭—કોઇ જડજ ઉપર જડજ તરીકે ફરીઆદ કરવાને માટે સરકારની મંજુરી મેળવવાની જરૂર છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૭ ની રચના. પ્રો. તા૦ ૨૯ મી માર્ચ ૧૮૭૧; ૬ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૨૧.

૭ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૨૨ ના કેસથી રદ થઇ ગયો. જુઓ દંડ બદલે કેદ ૧૩.

૨૬ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯—એકઠા રજુઆત થએલા બે કેદીઓના કેસમાં ફક્ત એક કેદી ઉપર ફરીઆદ માંડવાની મંજુરી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ મુજબ આપવામાં આવેલી, તેથી હાઇ કોર્ટે જે કેદીને માટે પરવાનગી આપવામાં આવી નોહોતી તે કેદીને છોડી મુકયો. રાણી વિ૦ રાજકીશોર રોય અને બીજા અરજદારો, ૧૫ વિ૦ રી૦ ૫૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રીલ સને ૧૮૭૧).

૨૭ ફરીઆદ કરવાની પરવાનગી—કલમ બતાવવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯—તોહોમતદાર ઉપર ફરીઆદ માંડવાની મંજુરી આસીસ્ટન્ટ જડજે નિચે લખેલા શબ્દોમાં આપી હતી—"ટાઈ, બાજી અને બાલા એ ત્રણ માણસોએ કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ જુબાનીઓ આપેલી તેનાથી વિરૂદ્ધ જુબાનીઓ મારી પાસે આપી છે એમાં કાંઇ શક નથી, તેટલા માટે તેઓએ આપેલી જુબાનીઓ ઉપરથી તેઓના ઉપર કોઇ રીતે તોહોમત રાખી શકાય તો ફરીઆદ કરવાની હું પરવાનગી આપુછું." એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદાર ઉપર પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ફરીઆદ માંડવાને આ પરવાનગી જોઈએ તેવી હતી, અને પીનલકોડની કઈ અમુક કલમ મુજબ તોહોમતદાર ઉપર ફરીઆદ કરવાની મંજુરી આપેલી છે તે મંજુરી આપનાર અધીકારીએ બતાવવાની કાંઇ જરૂર નથી. નાન્ચંદની સ્ત્રી બાઇ ટાઈ, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૨૪.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ. ગેબ્સ, મેલવીલ અને કેમબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી એપ્રીલ સને ૧૮૭૧.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ. દવારકાનાથ બોસ, ૨ વિ૦ રી૦ ૩૧. જુઓ કમીટ કરવું તે ૧૦.

રાણી વિ. પુસારામ, ૬ વિ. રી. ૬૧. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૬.

રાણી વિ. કારતીકચંદર હોલડર, ૯ વિ. રી. ૫૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૮.

ગોબીનચંદર ઘોસનુ રેફરન્સ, ૧૦ વિ. રી. ૪૧. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૮.

રાણી વિ. કાદરબક્ષ વાલદ કાદરમહમદ, ૧૧ વિ૦ રી૦ ૧૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૯.

રાણી વિ. ઉમામોયી ડેબીઆ, ૧૩ વિ. રી. ૨૫. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૪.

રાણી વિ. ખુશાલ હીરામન અને ઈંદ્રિગીર, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૨૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૮.

રાણી વિ. વિનાયક દીવાકરના કેસમાં નજર રાખવામાં આવી, ૮ મું. હા. કો. રી ૩૨. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૯

૨૮ ફરીઆદ કરવાની પરવાનગી—કોડની બતાવેલી કલમો—જુદી જુદી કલમો મુ

જબ કમીટ કરવાનો માજીસ્ત્રેટનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૦—દિવાની કોર્ટે, કમીટ કરવાના અધીકારવાળા તાબાના માજીસ્ત્રેટને, પીનલકોડની કલમો ૪૬૩ અને ૪૭૧ મુજબ ખોટા દસ્તાવેજ વાપરવાને માટે તોહોમતદાર ઉપર ફરીઆદ માંડવાની મંજુરી કાગળથી આપી, અને માજીસ્ત્રેટે તોહોમતદારને ક્રમીટ કરતી વખતે ઉપલી કલમો મુજબ રાખેલા તોહોમતોની અંદર પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ખોટી સાહેદી આપવાનું તોહોમત વધાર્યુ. એમ ઠરાવવામાં આવ્યું હતું કે છેલા તોહોમતને માટે તોહોમતદારને કમીટ કરવાનો માજીસ્ત્રેટને અધીકાર નોહોતો. રાણી વિ૦ સુબાસાની, ૮ મું. હા. કો. રી. ૨૮.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી એપ્રીલ સને ૧૮૭૧).

રાણી વિ. દવારકાનાથ બોસના કેસમાં મંજુર રાખવામાં આવે છે, ૨ વિ. રી. ૩૧. જુઓ કમીટ કરવું તે ૧૦

રાણી વિ. કાદરબક્ષ વાલદ મહમદના કેસ સાથે અભીપ્રાય મળતો આવે છે, ૧૧ વિ૦ રી૦ ૧૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૯.

રાણી વિ. કારતીકચંદ હોલડરનો કેસ રદ થઈ જાય છે, ૯ વિ૦ રી૦ ૫૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૬.

રાણી વિ. વિનાયક દીવાકરના કેસમાં નજર રાખવામાં આવી, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૩૨. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૯.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ—

રાણી વિ. પુસારામ, ૬ વિ. રી. ૧૧. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૩.

દોલત મુનશી અપેલેન્ટ, ૮ વિ. રી. ૯૫. જુઓ જુઠો પુરાવો ૭૩.

રાણી વિ. શીઓજદાર રોય, ૯ વિ. રી. ૧૪. જુઓ તોહોમત ૧૬.

રાણી વિ. સુદરમો હુરી, ૯ વિ. રી. ૨૫ જુઓ જુઠો પુરાવો ૭૪.

રાણી વિ. કાલીચરન લાહોરી, ૯ વિ. રી. ૫૪. જુઓ જુઠો પુરાવો ૮૯.

ગોબીનચંદર ઘોસનું રેફરન્સ, ૧૦ વિ૦ રી૦ ૧. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૮.

રાણી વિ. ઉમામોઇ ડેબીઆ, ૧૩ વિ૦ રી૦ ૨૫. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૪.

રાણી વિ. ખુશાલ હીરામન અને ઈદ્રગી ૨, ૪ મું. હા. કો. રી. ૨૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૮.

૨૯ ફરીઆદ કરવાની પરવાનગી—સ્થાનીક સરકારની મંજુરી—કોઈ જડજ અથવા સરકારી નોકર ઉપર ફરીઆદ કરવી તે—પરવાનગીના શબ્દો—મંજુરીના શબ્દો મુજબ ના ચાલવું તે—હકુમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૭—સરકારી નોકર ઉપર સરકારી નોકર તરીકે કોઈ ગુન્હાને માટે ફરીઆદ કરવાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૭ મુજબ મંજુરી આપવાનો સ્થાનીક સરકાર હુકમ કરતી વખતે, કયા માણુસે ફરીઆદ કરવી જોઈએ, અને કેવી રીતે તે ચલાવવી જોઈએ એ વિષેની સુચના તેમાં આપી શકે છે; અને આવી રીતે સુચના નહી આપતાં બીજી કોઇ રીતે સુચના આપવામાં આવી હોય તો સરકારી નોકર સામે કામ ચલાવવાનો કોઈ કોર્ટને અધીકાર નથી. વળી આવા કેસમાં સ્થાનીક સરકાર એવો પણ હુકમ કરી શકે કે, તોહોમતદારનું કામ આવી રીતના અધીકારવાળા કોઈ અમુક માજીસ્ત્રેટ પાસે ચાલશે તેટલા માટે મંજુરી આપતી વખતે ક નામનો માણુસ પસંદ કરે તેવા તોહોમતો તોહોમતદાર જે સરકારી નોકર છે તેના ઉપર રાખી તેનું કામ ચાલશે, એવો હુકમ કર્યાથી અને તે માણુસે કોઈ તોહોમત રાખ્યુ છે એવું કામના દફતર ઉપરથી અથવા બીજી કોઈ રી

તે સાબીત નહી થવાથી અને તેના ઉપર ફરીઆદ માંડવાને તે માણસે કાંઈ કર્યું હતું એમ પણ સાબીત નહી થવાથી હકુમત સીવાય તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો એમ ગણી હાઈ કોર્ટે ગુન્હો રદ કર્યો. રાણી વિ૦ વિનાયક દીવાકર, ૮ મું. હા. કો. રી. ૩૨.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, ગીબ્સ અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જુન સને ૧૮૭૧.)

રાણી વિ૦ રાવજી વાલદ ટાજુના કેસમાં નજર રાખવામાં આવી, ૬ મું. હા. કો. રી. ૩૭. જુઓ જુઠો પુરાવો ૪૬.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રાણી વિ૦ ખુશાલ હીરામન અને ઇંદ્રગીર, ૪ મું. હા. કો. રી. ૨૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪.

રાણી વિ૦ પરશરામ કેશવ, ૭ મું. હા. કો. રી. ૬૧. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૮.

રાણી વિ૦ ટાઈ નાનચંદની સ્ત્રી, ૮ મું. હા. કો. રી. ૨૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૭.

રાણી વિ૦ સુબાસાની, ૮ મું. હા. કો રી. ૨૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૨૮.

૩૦ ફરીઆદ કરવાની પરવાનગી—જુઠો પુરાવો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૧—પીનલકોડની કલમ ૧૯૧ ના શબ્દો ઘણા મોઘમ છે અને તેમાં એવું કાંઈ બતાવેલું નથી કે જુઠી કહેલી હકીકત તકરારી બાબત ઉપર કાંઈ પણ સંબંધ રાખશે. ખોટી શાહેદી જાણીબુઝીને આપી હોય એટલે આપનાર માણસે જાણી જોઈને ખોટી છે એવું ધારીને અને કોર્ટને ઠગવાના ઇરાદાથી, અને તે જે કહે છે તે ખરૂ છે એવું કોર્ટ ધારે તેવા ઈરાદાથી આપી હોય તો તે, ઉપલી કલમમાં કેસ લાવવાને મારે બસછે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ માં બતાવ્યા પ્રમાણે મંજુરી મેળવવાની મતલબ એ છે કે જે કોર્ટની રૂબરૂ ખોટી શાહેદી આપી છે તે કોર્ટ અથવા તેની ઉપલી કોર્ટે પુરતો વિચાર કર્યા પછી ફરીઆદ માંડવી જોઇએ. કોઈ કેસમાં માજીસ્ત્રેટે તાબાના માજીસ્ત્રેટે ધ્યાનમાં લેવાને મોકલેલા કેસના કાગળો વાંચ્યા પછી, કેદીના વિરૂદ્ધ અભિપ્રાય જણાવી તે કાગળો ડીસ્ત્રીકટ પોલીસ સુપ્રીનટેન્ડેન્ટને મોકલ્યા હોય, અને ડીસ્ત્રીકટ પોલીસ સુપ્રીનટેન્ડેન્ટે ખોટી શાહેદી આપ્યાનુ તોહોમત કેદી ઉપર રાખી વારંટ કાહાડવાને માજીસ્ત્રેટને બલામણ કરી હોય તો, એમ ઠરાવવામાં આવ્યું હતું કે વારંટ કાઢવું તે કલમ ૧૬૯ મુજબ માજીસ્ત્રેટની મંજુરી ગણાય છે. રાણી વિ૦ મહમદ હુસેન અપેલેન્ટ, ૧૬ વિ. રી. ૩૭.

(મેસર્સ મેકફરસન અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૪ થી અગષ્ટ ૧૮૭૧.)

ગાયનચંદરરોય વિ૦ પ્રોતાપચંદરદાસના કામમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૭ ક. ૨૦૮; ૮ ક. લો. રી. ૨૬૭. જુઓ જુઠુ તોહોમત ૪૬.

૩૧ ફરીઆદ કરવાની પરવાનગી—જુઠો પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯—ડેબરૂઘરના મુનસફની કોર્ટ જેની રૂબરૂ અથવા જેના વિરૂદ્ધ ગુન્હો બનેલોછે તે કોર્ટ જે ડીસ્ત્રીકટ કોર્ટના તાબાની તે કોર્ટ ગણાય છે તે ડીસ્ત્રીકટ કોર્ટની પરવાનગીથી ખોટી શાહેદીનું તોહોમત રાખી કામ ચલાવવામાં આવ્યું હતું, એવું આસામના જ્યુડીસીયલ કમીશનરે સેસન જડજ તરીકે બેસીને, આસામની મુખ્ય દિવાની અદાલતના જડજ તરીકે સરટીફીકેટ આપ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ મુજબ આ મંજુરી ગણાય છે. બાપુરામ આહામ વિ૦ ગંગારામ કાચરી, ૧૭ વિ. રી. ૬૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૭૨.)

૩૨ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯—તાબાના માજીસ્ત્રેટે ખોટી પ્રતીજ્ઞાનો ગુન્હો પોતાની પેહેલાના માજીસ્ત્રેટના વખતમાં થયો છે એવું કારણ બતાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ મુજબ ફરીઆદ કરવાની મંજુરી આપવાની ના પાડી. એમ ઠરાવવામાં આવ્યું કે તાબાના માજીસ્ત્રેટે કલમનો અર્થ ખોટો કર્યો હતો. જે કોર્ટની રૂબરૂ ખોટી પ્રતીજ્ઞાનો ગુન્હો બનેલો છે તે કોર્ટે મંજુરી આપવાની છે. અમલદારની ફેરબદલી થવાથી કાંઈ કોર્ટ બદલાતી નથી. પ્રો. તા૦ ૧૨ મી નવંબર ૧૮૭૨, ૭ મ. હા. કો. રી. અપે. ૧૨.

૩૩ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૯—અપીલ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૯ માં "કોઈપણ વખતે આવી રીતે મંજુરી આપી શકાય" એ શબ્દોનો વ્યાજબી રીતે અર્થ કરવો જોઈએ, અને "કોઈપણ વખતે" એ શબ્દોનો, જેના ઉપર ફરીઆદ માંડવાની છે તે પક્ષકારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને ગેરવ્યાજબી રીતે નુકશાન ના થાય અથવા તે પેહેલાંના કરતાં વધારે ખરાબ સ્થીતીમાં આવી ના પડે એવો અર્થ થાય છે. આવી રીતે ફરીઆદ કરવાની જડજે મંજુરી આપી હોય તો તેના ઉપર અપીલ થઈ શકે નહી. સીતારામ શાહુ, વિ. રાઈબાબુ શુગોલામશાહુ બાહાદુર, ૧૮ વિં રી૦ ૬૨.

(મેસર્સ ગ્લોવર અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી નવંબર સને ૧૮૭૨).

૩૪ ફરીઆદ કરવાની પરવાનગી—ખોટી ખબર—હેડ કોનસ્ટેબલ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૮—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૨—કોઈ માણસને હેડ કોનસ્ટેબલને ખોટી ખબર આપવાને માટે પીનલકોડની કલમ ૧૮૨ મુજબ ગુન્હેગાર ઠરાવેલો, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૮ ની મતલબ મુજબ બરોબર રીતે ચલાવવામાં આવ્યું છે, કારણ કે નીચેની અપીલ કોર્ટે એવું પોતાના ઠરાવમાં બતાવ્યું હતું કે, "ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટનો ચાર્જ હતો તે માણસે કલમ ૧૮૨ મુજબ કેસ મોકલ્યો હતો," અને હેડ કોનસ્ટેબલનો ઉપરી અધીકારી ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ હતો. રાણી વિરૂદ્ધ ગીરીશચંદર સરકાર, ૧૯ વિ૦ રી૦ ૩૩.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩).

રાણી વિ૦ રામગોલામસીંઘના કેસમાં આધાર રાખવામાં આવે છે, ૧૧ વિ૦ રી૦ ૨૨. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૦.

૩૫ ફરીઆદ કરવાની પરવાનગી—બેમાંનું એક તોહોમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૦—વ્યાજબી પરવાનગીની જરૂર—માજીસ્ત્રેટની અથવા સબોર્ડીનેટ જડજની કોર્ટમાં ખોટો મચકુર આપ્યાને માટે કોઈ માણસ ઉપર ફરીઆદ કરવી હોય તો, તે બેમાંના દરેક મચકુર ઉપર ફરીઆદ કરવાને માટે વ્યાજબી પરવાનગી મેળવવી જોઈએ. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૦ મુજબ ફરીઆદ કરવાની મંજુરીમાં, જે કોર્ટમાં ખોટી શાહેદી આપવામાં આવી હોય તે કોર્ટ અને જે પ્રસંગે આપવામાં આવી હોય, તે પ્રસંગ બતાવવો જોઇએ. જરૂર ના હોય તોપણ ફરીઆદ કરવાની મંજુરીમાં જે ગુન્હાને માટે ફરીયાદ કરવાની હોય તે ગુન્હાનું વર્ણન જો કે વાસ્તવીક રીતે આપવામાં ના આવ્યું હોય તોપણ મોઘમ શબ્દોમાં બતાવવાનું ફરમાવેલું છે. બાલાજી સીતારામની બાબતમાં, ૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૩૪.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી માર્ચ સને ૧૮૭૪.)

રાણી વિ. ઈરબા સામાના કેસમાં નજર રાખવામાં આવી, ઈ૦ લૉ૦ રી૦ મુ ૪

૪૭૯. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૩.

પુનાચરનપાલની બાબતમાં નજર રાખવામાં આવી. ઇ૦ લો૦ રી૦ ૭ ક. ૪૪૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૯.

૩૬ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૯—રજુઆત ચલાવનાર અને ફોજદારી માંડવાની પરવાનગી આપનાર એકજ જડજ હતો તેથી ગુન્હેગાર કાયદા વિરૂદ્ધ ઠરાવવામાં આવ્યો હતો એવું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૯ મુજબ આ કેસમાં ઠરાવવાને કોર્ટે ના પાડી. રાણી વિ. સુબાલચંદર ગંગુલી, ૨૨ વિ. રી. ૧૬.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી એપ્રીલ સને ૧૮૭૬.)

૩૭ ફરીઆદ કરવાની પરવાનગી—જુઠું તોહોમત—જુઠું તોહોમત મેલવાની ફરીઆદી કરવાને માટે કોર્ટની રૂબરૂ, ગુન્હો બન્યો હોય તો તે કોર્ટની પરવાનગી લેવાની જરૂર છે પણ તેની રૂબરૂ ના બન્યો હોય તો પરવાનગીની કાંઈ જરૂર નથી, અને આવી રીતે ફરીઆદ માંડવાને માટે ઇનસાફની રાહે જુઠું તોહોમત ઠરાવવાની ઘણી જરૂર નથી. સને ૧૮૬૭ ની સાલનો નંબર ૨૧ નો સરક્યુલર પીનલ કોડની કલમ ૨૧૧ મુજબ થયેલી ફરીઆદોનેજ ફક્ત લાગુ પડે છે રામરંજન ભંડારી વિ. માધબ ઘોસ, ૨૫ વિ. રી. ૩૩.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી એપ્રીલ સને ૧૮૭૬.)

રાફી મહમદ વિ. આબાસખાનના કેસમાં નજર રાખવામાં આવે છે, ૮ વિ૦ રી૦ ૬૭. જુઓ જુઠું તોહોમત ૧૩.

ભોકટેરામ વિ. હીરાકોલીટાના કેસમાં બાહાલ રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૧૮૪. જુઓ જુઠું તોહોમત ૨૭.

૩૮ ફરીઆદ કરવાની પરવાનગી—જુઠો પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૮—સ્માલકઝ કોર્ટની રૂબરૂ ચાલેલા દાવામાં તે કોર્ટે ખોટી સાહેદી આપવાને માટે પ્રતીવાદી ઉપર પરવાનગી આપવાની ના પાડ્યાથી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૮ મુજબ હાઈકોર્ટની ફરીઆદ કરવાને મંજુરી માગેલી તે કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે મંજુરીયત આપવાના મજબુત કારણો છે એવુ સ્પષ્ટ રીતે માલમ પડ્યા સીવાય, કલમ ૪૬૮ માં આપેલા મરજી મુજબ અધીકાર નો હાઈકોર્ટે વ્યાજબી રીતે અમલ કરી શકે નહી. મનીમોહનડે વિ. દીનોનાથ મુલીક, ૨૨ વિ. રી. ૧૧.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી એપ્રીલ સને ૧૮૭૪.)

૩૯ ફરીઆદ કરવાની મંજુરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૮ બ—ફરીઆદ કલમ ૪૬૮ બ માં આવી જાય છે અને તે મંજુરી લીધા સીવાય થયેલી છે એવું માલમ પડે કે તરતજ તે ચલાવવાનો માજીસ્ટ્રેટનો અધીકાર જતો રેહે છે. પ્રો. તા૦ ૧૬ મી ફેબ્રુઆરી સને ૧૮૭૫; ૮ મ. હા. કો. રી. અપે. ૨.

૪૦ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૬૮, ૪૬૯—હકુમત—એમ ઠરાવવામાં આવ્યું કે અધીકારવાળી કોઈ પણ કોર્ટે સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ માની કલમો ૪૬૮ અને ૪૬૯ માં બતાવેલી મંજુરીયત આપી હોય તો તે ઉપલી કોર્ટથી રદ થઈ શકે નહી. મેસર્સ ટરનર કામ ચલાઉ ચીફ જસ્ટીસ, પીઅરસન અને ઓલ્ડફીલ્ડ જડજોનો મત—કોઈ પણ કોર્ટે મંજુરીયત આપવાની ના પાડી હોય તો તેથી બીજી કોર્ટનો મરજી મુજબ આપેલો અધીકાર જતો રેહેતો નથી. મી૦ સ્પેંકી જડજનો મત—એકાદ કોર્ટે પરવાનગી આપવાની ના પાડી હોય તો

તેથી ઉપલી કોર્ટનો મરજી મુજબ અધીકાર જતો રેહેતો નથી. બારકટુલાહખાન વિ૦ રેની, ઈ. લો. રી. ૧ અ. ૧૭.

(મેસર્સ ટરનર કામ ચલાઉ ચીફ જસ્ટીસ, પીઅરસન. સ્પેંકી અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૩ જી જુલાઇ ૧૮૭૫.)

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

દીનોબંધુ ચકરબતી અરજદાર, ૫ વિ. રી. અપે. ૬.

રામપ્રસાદ હાઝારી વિ૦ સુમુથરા ડાબી, ૫ વિ. રી. અપે. ૨૪.

બળવંતરાયની અરજીની બાબતમાં, ૬ વા. દી. પ્રાં. ૧૨૪ (દિવાની રૂલીંગ).

વાહદ હુસેનની બાબત નંબર ૮૬ ब, તા૦ ૩૦ મી નવંબર સને ૧૮૭૪.

બગનલાલની બાબતમાં અપેન્ડીક્ષ, તા૦ ૧૪ મી અગષ્ટ સને ૧૮૭૪.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ. મારૂતી દાદા, ઈ. લો. રી. ૧ મું. ૧૫. જુઓ મદદગારી ૯.

કાશીચંદ્ર મોઝુમદારની બાબત, ૭ ક. લો. રી. ૩૩૦; ઈ. લો. રી. ૬ ક. ૪૪૦. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૬.

જનોકીનાથરોયની બાબત, ઈ. લો. રી. ૨ ક. ૪૬૬. જુઓ નિચેની કોર્ટોના ફેંસલા સામે અરજી ૪૩.

૪૧ ફરીઆદ કરવાની મંજુરી—ખોટો પુરાવો કરવો તે—મુંબાઈની સ્માલકાઝ કોર્ટનું હુકમનામું ડીસ્ત્રીકટ જડજે સબોર્ડીનેટ જડજને બજાવવાને મોકલવું તે—સ્થાવર મીલકતની સામે બજાવવાનો સબોર્ડીનેટ જડજનો અધીકાર—સને ૧૮૫૯ નો ૮ મો સીવીલ પ્રોસીજર કોડ કલમ ૨૮૭—સને ૧૮૫૦ નો ૯ મો કલમ ૭૮—T અને બીજા બે માણસોએ સને ૧૮૭૨ ની સાલમાં M નામના માણસ ઉપર મુંબઈની સ્માલકાઝ કોર્ટમાં હુકમનામુ કરાવ્યું આ હુકમનામું બજાવવાને માટે તેઓએ થાણા જીલાના ડીસ્ત્રીકટ જડજને, સીવીલ પ્રોસીજર કોડની કલમ ૨૧૨ માં આપેલા નમુના મુજબ અરજી કરી અને એવું બતાવ્યુ કે થાણા ડીસ્ત્રીકટના ટોમબે ગામમાં હુકમનામાની દેણદારની બે મીઠાના અગરો છે. તોપણ અરજીમાં એમ બતાવ્યું નોહોતુ કે અરજી ૧૮૫૦ ના આકટ ૯ મા મુજબ અથવા સીવીલ પ્રોસીજર કોડ મુજબ કરી છે. આ બજાવણીની અરજી જડજે સબોર્ડીનેટ જડજને સોંપી અને તેણે મીઠાના અગરો જપ્ત કરી વેચવાનો હુકમ કર્યો. જે મુકરદમો ચાલ્યો તે દરમીઆન ડીસ્ત્રીકટ અને સબોર્ડીનેટ જડજે એમ ધાર્યું કે न, न નામના માણસે ખોટો પુરાવો બનાવી ખોટી સાહેદી આપી છે. તા૦ ૨૫ મી અકટોબર સને ૧૮૭૫ ને રોજ ડીસ્ત્રીકટ જડજે न, न વીગેરે માણસો ઉપર ફરીઆદ માંડવાની મંજુરી આપી મુકરદમાઓ મુળથી જડજ ના હોય તેવા માણસ પાસે ચાલ્યાથી સબોર્ડીનેટ જડજનો, મુંબાઈની સ્માલકાઝના કોર્ટના હુકનામાની મીલકત જપ્ત કરી વેચાવવાનો અધીકાર નોહોતો એવુ કારણ બતાવી મંજુરી રદ કરવાની અરજી न, न નામના માણસે હાઈ કોર્ટમાં કરી. એમ ઠરાવવામાં આવ્યું કે જો કે મુંબઈની સ્માલકાજ કોર્ટનો અખતીયાર મુજબ ફક્ત જંગમ મીલકત ઉપર હુકમનામુ બજાવી શકાય તોપણ જે કોર્ટને સીવીલ પ્રોસીજર કોડ લાગુ પડેછે તેવી કોર્ટમાં હુકમનામુ મોકલવામાં આવ્યું હોય તો તે કોર્ટ સીવીલ પ્રોસીજર કોડની કલમ ૨૮૭ મુજબ સ્થાવર મીલકત ઉપર બજાવી શકે છે. સવાલ—સને ૧૮૫૦ ના આકટ ૯ માની કલમ ૭૮ મુજબ સ્માલકાજ કોર્ટનું હુકમનામું કોઈ કોર્ટ બજાવતી વખતે સ્થાવર મીલકત જપ્ત કરી શકે? એમ પણ વળી ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ કરવાની ડીસ્ત્રીકટ જડજે મંજુરી આપેલી તે તેના અધીકાર પૈકી હતી. જગજીવન નાનાભાઈની બાબતમાં, ઈ૦ લો૦ રી૦ ૧ મું. ૮૨.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જાનેવારી સને ૧૮૭૬.)

૪૨ ફરીઆદ કરવાની મંજુરી—ખોટી પ્રતિજ્ઞા—ખોટી પ્રતીજ્ઞાને માટે હાઈ કોર્ટે ફરીઆદ કરવાની મંજુરી આપી હોય તો તેથી એમ સીદ્ધ થાય કે વ્યાજબી કાયદેસર પદ્ધતિ મુજબ હકુમતવાળી કોર્ટમાં ફરીઆદ માંડવામાં આવશે. ફીરટસીંધ વિ૦ નારાયણ પારસી, ૨૫ વિ. રી. ૧૪.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જાનેવારી સને ૧૮૭૬).

૪૩ ફરીઆદ કરવાની મંજુરી—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે મંજુરી આપેલી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૮—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૭૮ પ્રમાણે ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટના તાબાનો માજીસ્ટ્રેટ ગણાય છે. જાણીબુજીને ખોટી શાહેદી આપવાને માટે કોઈ માણસ ઉપર ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટની કોર્ટમાં ફરીઆદ કરવાની મંજુરી ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે આપી હોય, અને ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટે મંજુરી આપવાની ના પાડી હોય તોપણ તે મંજુરી કાયદેસર અને જોઈએ તેવી ગણાય છે. આવી રીતની મંજુરી આપવાનો સેસન જડજનો અધીકાર નથી. રાણી વિ૦ પડમનભાઈ, ઈં૦ લો૦ રી૦ ૨ મું૦ ૩૮૪.

(મેસર્સ મેલવીલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૪ થી અકટોબર સને ૧૮૭૭).

ગુરૂદયાલની અરજીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો, ઈં૦ લો૦ રી૦ ૨ અ. ૨૦૫. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪૯.

રાણી વિ૦ પીરયા ગોપાલના કેસમાં નજર રાખવામાં આવી, ઈં. લો. રી. ૯ મું. ૧૦૦. જુઓ હકુમત ૪૫.

૪૪ ફરીઆદ કરવાની મંજુરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૬૬, ૪૬૮—માહાલકારી—ડીસ્ટ્રીકટ જડજની કોર્ટ—કોઇ સરકારી નોકરે ખુલ્લી રીતે કરેલા સઘળા કૃત્યોને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૬ લાગુ પડે છે એટલે તે કૃત્યો જો સરકારી નોકરે કર્યાં ના હોય તો તેનો કાંઇ હીસાબ લેવાય નહી; તેટલા માટે કોઇ માહાલકારી ઉપર પોતે ફેંસલા આપેલા કેસમાં ખોટું દફતર બનાવ્યાનું તોહોમત રાખી ઉપલી કલમમાં બતાવ્યા મુજબ મંજુરી મેળવ્યા સીવાય તેની રજુઆત ચલાવી શકાય નહી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૬ નો પેહેલો પેરેગ્રાફ જેમાં સરકાર અથવા તેના હાથ નિચેના અધીકારીની પરવાનગી લેવાનું બતાવ્યું છે તે ઘણું કરીને સરકારને જવાબદાર હોય એવા માણસોને લાગુ પડે છે, જેવા કે અકાઉનટન્ટ જેને પોતાની નોકરી બજાવવી નથી; અને બીજા પેરેગ્રાફમાં બતાવેલી સરકારની મંજુરી ફકત કેટલાક અધીકારવાળા માણસોને લાગુ પડે છે, અને તદન ગેરવાજબી છે અને તેવી રીતે કરવાનો અધીકાર નથી એવું કારણ બતાવી તેવા માણસોએ કરેલાં કૃત્યમાં લોકો વાંધો ઉઠાવે છે. કલમ ૪૬૬ ના પેહેલા પેરેગ્રાફમાં બતાવેલા સરકારી નોકરોના વર્ગમાં માહાલકારી આવી જાય છે. તેટલા માટે તેના ઉપર ફરીઆદ માંડવાની ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે આપેલી મંજુરી કાયદેસર છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૮ મુજબ ફોજદારી ફરીઆદ માંડવાની મંજુરી આપવામાં સબોર્ડીનેટ જડજની કોર્ટ જો કે દાવો પાંચ હજાર કરતાં ઉપરાંતનો હોય અને તે બાબતમાં અપીલ પરબારી હાઈ કોર્ટમાં થાય તોપણ, ડીસ્ટ્રીકટ જડજના તાબાની કોર્ટ ગણાય છે. ફરીઆદ લેવી તે ગુન્હેગાર ઠરાવવામાં ઇનસાફી મુકરદમાનો ભાગ હોવાથી, ફરીઆદ થયા પછી કામ શરૂ કરવામાં આવે છે. રાણી વિ. લક્ષ્મણ સખારામ, ઈં૦ લો૦ રી૦ ૨ મું. ૪૮૧.

(મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ડીસંબર સને ૧૮૭૭.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ—

દીનોબંધુ ચકરબતી અરજદાર, ૫ વિ૦ રી૦ અપે. ૬.

નારાયણના કેસની તપાસ, ૧૪ વિ૦ રી૦ ૩૪; ૫ બેં. લો. રી. ૬૬૦. જુઓ ફરીઆદ ૨૦.

રાણી વિ. રણછોડદાસ નથુભાઈ, ૪ મું. હા. કો. રી. ૩૫. જુઓ કમીટ કરવું તે ૧૬.

રાણી વિ. પરશરામ કેશવ, ૭ મું. હા. કો. રી. ૬૧. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૮.

રાણી વિ. મલહાર રામચંદ્ર, ૭ મું. હા. હા. કો. રી. ૬૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૯.

૪૫ ફરીઆદ કરવાની પરવાનગી—મ્યુનીસીપાલ કમીશનરો – સરકારી નોકર—સને ૧૮૭૧ નો ૪ થો પ્રેસીડન્સી માજીસ્ટ્રેટનો આકટ કલમો ૩૯, ૨૪૦- સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૧, ૨૧ દાખલો ૧— સને ૧૮૭૭ ના આક્ટ ૪ થા ની કલમ ૩૯ ના અર્થ મુજબ મ્યુનીસીપાલ મંડળી સરકારી નોકર તરીકે ગણાતી નથી, તેટલા માટે તે કલમમાં બતાવ્યા મુજબ પેહેલેથી સરકારની મંજુરી લીધા સીવાય પીનલકોડ મુજબ કામ ચલાવી શકાય છે. રાણી વિ૦ કલકત્તા શેહેરની મ્યુનીસીપાલ કોરપોરેશન, ઈં૦ લો૦ રી૦ ૩ ક. ૭૫૮.

(મેસર્સ એનસ્લી અને વાઇટ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જુન સને ૧૮૭૮).

૪૬ ફરીઆદ કરવાની પરવાનગી – સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૨૧૦—ફરીઆદી—તોહોમત ખેંચી લેવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૩—સરકારી નોકરના કાયદેસર અખતીઆરનું અપમાન થયાના કેસોમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૦ મુજબ, જે સરકારી નોકરના અખતીઆરનું અપમાન થયું હોય તે ફરીઆદી ગણાય છે, અને ગુન્હેગારની સામે ફોજદારી મુકરદમો તેની મંજુરી સીવાય ચલાવી શકાય નહી, પણ અપમાનથી નુકશાન થએલા માણસની મંજુરી ચાલી શકે નહી. ન્યુઝઅલી આદમની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૨ મું૦ ૬૫૩.

(મેસર્સ કેમ્પબેલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૭૮).

કેશવ લક્ષમણની બાબતમાં નજર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૧ મું૦ ૧૭૫. જુઓ કંપનસેસન ૩૨.

૪૭ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમો ૧૪૨, ૪૬૮ પ્રકરણ ૪૧—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧— ડેપ્યુટી માજીસ્ટ્રેટે સને ૧૮૭૨ ના ૧૦ માની કલમ ૪૬૮ મુજબ ખોટી ફરીઆદ કરવાને માટે કોઈ માણસને બીજા માણસ ઉપર ફરીઆદ માંડવાની મંજુરી આપી હોય અને તે પ્રમાણે ફરીઆદ કરવામાં ના આવી હોય તો, ફરીઆદ થયા સીવાય ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૨ મુજબ કેસ ચલાવી શકે છે. રાણી વિ૦ નીપચા, ઈં૦ લો૦ ૪ ક. ૭૧૨.

(મેસર્સ જેકશન અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી ડીસબર સને ૧૮૭૮).

૪૮ ફરીઆદ કરવાની પરવાનગી—પોલીસ પટેલ—મુંબાઈનો સને ૧૮૬૭ નો ૮ મો પોલીસ આકટની કલમ ૯ જેનો સુધારો મુંબઈના સને ૧૮૭૬ ના આકટ ૧ લાથી થએલો છે તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૬—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૭—કોઈ પોલીસ પટેલે પોતાના ઓદ્ધાની રૂઈએ કાંઈપણ ગુન્હો કર્યો હોય તો તેના ઉપર ફરીઆદ

માડતાં પેહેલાં મંજુરી લેવાની કાંઈ જરૂર નથી. મુંબાઈના સને ૧૮૭૬ ના આક્ટ ૧ લાથી સુધારો થએલી સને ૧૮૬૭ ના આક્ટ ૮ ની કલમ ૯ મુજબ કોઈ પોલીસ પટેલને સરકારની મંજુરી પ્રથમ મેળવ્યા સીવાય નોકરીમાંથી દુર કરી શકાય છે, માટે સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ માની કલમ ૪૬૬ લાગુ પડતી નથી. રાણી વિ૦ ભગવાન દેવરાજ, ઈં૦ લો૦ રી૦ ૪ મું. ૩૫૭.

(મેસસ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૯).

૪૯ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૮ સેસન કોર્ટ, ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ અને ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટની અન્યોન્ય સ્થીતી—મી૦ ઓફ્ફીલ્ડ જડજ વિરૂદ્ધ પડીને એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ માની કલમ ૮૬૮ ને માટે ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટના તાબાનો માજીસ્ટ્રેટ ગણાય છે તે ઉપરથી ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટની રૂબરૂ ખોટી શાહેદી આપવાને માટે કોઇ માણસ ઉપર ફરીઆદ કરવાની મંજુરી માગી હોય અને તે અધીકારીએ ના પાડી હોય તો, ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને અરજી થઇ શકે છે પણ સેસન જડજને થઈ શકે નહી, કારણ કે મંજુરી આપવાનો તે કોર્ટને અધીકાર નથી. ગફુરખાલની અરજીની બાબતમાં, ઈં૦ લો૦ રી૦ ૨ અ૦ ૨૦૫.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન, સ્પેન્કી અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી માર્ચ સને ૧૮૭૯).

રાણી વિ૦ પદમન ભપાઈના કેસમાં આધાર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૨ મું. ૩૮૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪૩.

રાણી વિ૦ ચીદખાનના કેસમાં નજર રાખવામાં આવી, ઈં૦ લો૦ રી૦ ૩ અ. ૫૭૩. જુઓ શાહેદી ૧૦.

૫૦ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૪૭, ૪૬૭—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૧૧, ૧૮૨, ૫૦૦— જે પોલીસે તોહોમત સાબીત થતું નથી એવું છેવટે ઠરાવ્યું હતું તેની રૂબરૂ ચોરીનું તોહોમત મુકી તેની તજવીજ ચાલતી હતી તે વખતે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને પએલી ફરીઆદમાં તોહોમત ફરીથી મુકવામાં આવ્યું હતું, જેને તે કેસ સબ માજીસ્ત્રેટ તરફ મોકલ્યો હતો અને તે માજીસ્ત્રેટે તોહોમત ખોટું ઠરાવી રીપાર્ટ કર્યો હતો. આ ઉપરથી માજીસ્ત્રેટે રીતસર ફરીઆદીની અરજી કાઢી નાખવાનો હુકમ કર્યા સીવાય તોહોમત ખોટું છે એવું લખવાનો હુકમ કર્યો. તોહોમતદારની અરજી ઉપરથી પીનલકોડની કલમો ૧૮૨, ૨૧૧ અને ૫૦૦ મુજબ ફરીઆદ ઉપર ફરીઆદ કરવાની મંજુરી આપી કેસ રજુઆતને માટે ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ મોકલવામાં આવ્યો હતો. માજીસ્ત્રેટે આપેલી મંજુરી કાયદા વિરૂદ્ધ હતી કારણકે (૧) મુળ તોહોમત વિષે ઇનસાફની રાહે તજવીજ કરવામાં આવી નહોતી, (૨) રીતસર ફરીઆદ માંડી વાળવામાં આવી નહોતી, (૩) ફરીઆદીએ રજુ કરેલા સઘળા સાહેદીઓના જુબાનીઓ લેવામાં આવી નહોતી, એવા કારણો બતાવી તે અમલદારે તોહોમતદારને છોડી મુકયો. એમ ઠરાવવામાં આવ્યુ કે ઉપલી કોર્ટ આપેલી મંજુરી કાયદેસર ધારવાને ડેપ્યુટી માજીસ્ત્રેટ બંધાયેલા હતો, અને તોહોમતદારને વાંધો લેવો હોય તો યોગ્ય અધીકારવાળી કોર્ટમાં વાંધો લેવા જોઇએ; અને પોલીસ અગાડી મુકેલું જુઠું તોહોમત અથવા ક્રીમીનલ પ્રોસીજર કોડના કલમ ૧૪૭ મુજબ માંડી વાળેલી ફરીઆદમાં બતાવેલા જુઠા તોહોમતના સંબંધમાં, જોકે ઈનસાફની રાહે તજવીજ કરવામાં ન આવી હોય તોપણ ફરીઆદ થઈ શકે; અને તેટલા માટે ડેપ્યુટી માજીસ્ત્રેટે પોતાની રૂબરૂ તોહોમતની તજવીજ કરવી જોઈતી હતી.

નશીમુનીસાબીબી વિ. શેક ઈરાદઅલી, ૪ ક. લો. રી ૪૧૩.

મેસર્સ એનસ્લી અને પ્રાઉટન જડજે ની રૂબરૂ, તા૦ ૩ એપ્રીલ સને ૧૮૭૯.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવીઃ—

બ્રમાનંદ ભટાચારજીની બાબત ૮ ક. લો. રી. ૨૩૩. જુઓ જુઠું તોહોમત ૩૧.

સેક ઈરાદઅલી વિ. નસીમુનીસાબીબી, ૪ ક. લો. રી. ૫૩૪. જુઓ માંડી વાળવું ફરીઆદનું ૩૫

રાણી વિ. શીઓ બેહરા, ૮ ક. લો. રી. ૨૬૫, ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૫૮૪. જુઓ ફરીઆદની પરવાનગી ૫૭.

રાણી વિ અબુલ હુસેનના કેસમાં નજર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૪૯૭, જુઓ જુઠું તોહોમત ૨૪.

૫૧ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૨, ૨૧૧—મંજુરી વિષે વાંધો ઉઠાવવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટનો અધીકાર—પીનલકોડની કલમો ૧૮૨ અને ૨૧૧ મુજબ ફરીઆદ માંડવાની પરવાનગી ડેપ્યુટી માજીસ્ટ્રેટના ઉપરી અધીકારીએ આપી હોય તો તેમાં તે વાંધો લેઈ શકે નહી. આવી રીતે આપેલી પરવાનગી વ્યાજબી છે કે ગેર વ્યાજબી છે એ વાંધો યોગ્ય કોર્ટની રૂબરૂ તોહોમતદારને લેવાનો છે. રાણી વિ. ઈરાદઅલી, ઈં૦ લો૦ રી૦ ૪ ક. ૮૬૯; ૪ ક લો. રી. ૪૧૩.

મેસર્સ એનસ્લી અને પ્રાઉટન જડજે ની રૂબરૂ, તા૦ ૩ એપ્રીલ સને ૧૮૭૯.)

રાણી વિ કરીમ દાદના કેસમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૪૫૬. જુઓ જુઠું તોહોમત ૪૩.

૫૨ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૬૮, ૪૬૯, ૪૭૦—સરકારી ન્યાયની સામેના ગુન્હાઓને માટે ફરીઆદ કરવી તે—પુરાવામાં રજુ કરેલા દસ્તાવજના સબધમાં ગુહો થયેલો તે—મંજુરીની જરૂર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૪૭૧—રેવન્યુ કોર્ટો હાઈ કોર્ટના તાબાની કોર્ટો ગણાય તે—ફુલ બેન્ચનો અભીપ્રાય લખી પુછીને (મી૦ સ્પેંકી જડજને શક પડયો) એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૪૬૮ અને ૪૬૯ ના અર્થ મુજબ રેવન્યુ કોર્ટ તો દિવાની કોર્ટ ગણાય છે. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૪૬૮ અને ૪૬૯ મુજબ ફરીઆદ કરવાની મંજુરી આપવાની રેવન્યુ કોર્ટ કાયદાનો ખોટો અર્થ કરીને અને તે આપવાની જરૂર નથી એવું ધારીને ના પાડી હોય તો તે મંજુરી ગણાતી નથી. વળી એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૭૦ માં લખેલા "કોઈ પણ વખતે" એ શબ્દોની રૂઈએ ફરીઆદ કરવાની મંજુરી રજુઆત અને તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યા પછી, આપી શકાય નહી. સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૪૬૮ અને ૪૬૯ ના અર્થ પ્રમાણે રેવન્યુ કોર્ટને હાઈ કોર્ટના તાબાની કોર્ટો ઠરાવ્યાથી મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસે ટીકા કરી. અભીપ્રાય લખી પુછનાર જડજે (મી૦ સ્ટ્રેઈટ) કેસ પોતાની પાસે આવ્યા પછી એમ ઠરાવ્યું કે, સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૪૬૮ અને ૪૬૯ મુજબ મંજુરી મેળવ્યા સીવાય, તોહોમતદારોને ગુન્હેગાર ઠરાવ્યાથી સઘળો મુકરદમો કાયદા વિરૂદ્ધ ગણાય છે, તેથી તે રદ કરવો જોઈએ અને ફરીઆદ કરવાની મંજુરી મેળવી તેઓની ફરીથી રજુઆત ચલાવવી જોઈએ. રાણી વિ. સબસુખ, ઈં૦ લો૦ રી૦ ૨ અ. ૫૩૩.

(મેસર્સ સ્ટ્રેઈટ ચીફ જસ્ટીસ, પાઅરસન, સ્પેંકી, ઓલડફીલ્ડ, અને સ્ટ્રેઈટ જડજો ની રૂબરૂ, તા૦ ૫ ડીસેંબર સને ૧૮૭૯.)

જદુનાથ હાજરા વિ. અનોડાપ્રસાદ સરકારના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો, ૧૧ ક. લો. રી. ૫૩. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૬૨.

સંવતની બાબતમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૫ મું. ૧૩૭, જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૫.

૫૩ ફરીઆદ કરવાની મંજુરી—પોલીસ પટેલની અગાડી ખોટી શાહેદી આપવી તે—મંજુરી—મુંબાઈના સને ૧૮૬૭ નો ૮ મો કલમ ૧૩—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૮૧, ૧૯૧ અને ૧૯૩—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૬૭, ૪૬૮—મુંબાઈના સને ૧૮૬૭ ના આકટ ૮ માની કલમ ૧૩ મુજબ કામ ચલાવતા પોલીસ પટેલની રૂબરૂ કોઈ માણસે સોગન ઉપર ખોટો મચકુર આપ્યો હોય તો તેણે પીનલકોડની કલમ ૧૯૩ ના અર્થ મુજબ ખોટી શાહેદી આપી ગણાય છે, અને તે મુજબ તેને સજા પણ થાય છે; પણ તે ગુન્હાને માટે તેની રજુઆત ચલાવતી વખતે મંજુરીની જરૂર નથી કારણ કે પીનલકોડના પ્રકરણ ૧૦ મુજબ તેની રૂબરૂ બનેલા ગુન્હાઓની મંજુરી લીધા સીવાય રજુઆત થઈ શકે નહી એવી છે તોપણ, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪ ની વાખ્યા પ્રમાણે પોલીસ પટેલની કોર્ટ ફોજદારી કોર્ટ ગણાતી નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૭ જુઓ. રાણી વિ૦ ઈરબાસાપા, ઈ. લો. રી. ૪ મું. ૪૭૯.

(મેસર્સ એમ. મેલવીલ અને એફ. ડી. મેલવીલ જડજોની રૂબરૂ. તા૦ ૨૫ મી એપ્રીલ સને ૧૮૮૦.)

બાલાજી સીતારામની બાબતમાં નજર રાખવામાં આવે છે. ૧૧ મું. હા. કો. રી. ૩૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૩૪.

૫૪ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૬૮ અને ૪૭૧—ખોટી શાહેદી આપ્યાને માટે ફરીઆદ માંડવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—સેસન જડજે પોતે રજુઆત ચલાવેલા કેસમાં ખોટી શાહેદી આપવાને માટે કોઈ માણસ ઉપર ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે કામ ચલાવવું એવું પોતાના જજમેન્ટના છેવટના વાકયમાં લખ્યું હોય તો, તે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૬૮ મુજબ તે માણસ ઉપર ફરીઆદ કરવાની મંજુરી ગણાતી નથી, કારણ કે ફરીઆદ અથવા ફરીઆદને માટે મંજુરી મેળવવાની અરજી એવી તે કલમની મતલબ છે. સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૪૬૭, ૪૬૮ અને ૪૬૯ માં બતાવેલા તોહોમતની તજવીજ કરવાનું પુરતુ કારણ છે એવું કોઈ કોર્ટ ધારે તો તે કોર્ટે કલમ ૪૭૧ મુજબ મુકરદમો ચલાવવો જોઈએ. આ કેસમાં રાણી વિ૦ બાજુલાલ (ઈ. લો. રી. ૧ ક. ૪૫૦) નો કેસ ધ્યાનમાં લેવાનો સેસન કોર્ટને હુકમ કર્યો. રાણી વિ૦ ગોવરધનદાસ, ઈ. લો. રી. ૩ અ. ૬૨.

મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૮૦.)

રાણી વિ. બાજુલાલના કેસમાં આધાર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૧ ક. ૪૫૦. જુઓ જુઠો પુરાવો ૬૧.

૫૫ ફરીઆદ કરવાની પરવાનગી—મામલતદારની કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૮—મુંબઈના સને ૧૮૭૬ ના આકટ ૩ જા મુજબ બનેલી મામલતદારની કોર્ટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૮ ના અર્થ મુજબ દિવાની કોર્ટ ગણાય છે. તેટલા માટે તે કલમમાં બતાવેલા ગુન્હાની ફરીઆદ જો તે ગુન્હો મામલતદારની કોર્ટની રૂબરૂ થયો હોય તો, તે કોર્ટની અથવા હાઈ કોર્ટ જેના તાબાની કોર્ટ ગણાય છે, તેની મંજુરી સીવાય, ફોજદારી કોર્ટ ચલાવી શકે નહી. સવંતની બાબત, ઈ૦ લો૦ રી૦ ૫ મું. ૧૩૭.

(મેસર્સ કેમ્પબેલ અને મેલવીલ જડજોની રૂબરૂ, સપટંબર સને ૧૮૮૦)

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યો:—

માહદજી ગોવીંદ વિ. સોનુ વાલદ દવલ તા ૯ મું. હા, કો. રી. ૨૪૯ (દિવાની રૂલીંગ).

બાઈ જમના વિ. બાઈ જડાવ, ઈં૦ લો૦ રી૦ ૪ મું. ૧૬૮ (દિવાની રૂલીંગ).

રાણી વિ. સુખરી, ઈં૦ લો૦ રી૦ ૨ અ. ૪૦૫. જુઓ સમન ૨૦.

૫૬ ફરીઆદ કરવાની પરવાનગી—જુઠો પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૮—મંજુરી આપવાનો અખતીયાર—પુરાવો લીધા સીવાય ઠરાવ કરવો તે—જડજની ફરજ—સાબીત કરેલી અરજીમાં ખોટો પુરાવો આપવાને માટે ફરીઆદ કરવી તે—કઈ બાબતમાં સાબીત કરવાની જરૂર નથી તે—જે કોર્ટની રૂબરૂ ગુન્હો બનેલો સાબીત થાય છે અને જે કોર્ટના તાબાની તે કોર્ટ ગણાય છે, તે કોર્ટનો સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૬૮ મુજબ મંજુરી આપવાનો અધીકાર છે. મી૦ ગાર્થ ચીફ જસ્ટીસનો મત—જે કોર્ટમાં દાવો પ્રથમ કરવામાં આવ્યો હોય તે કોર્ટે પુરાવો લીધા સીવાય ઠરાવ કર્યો હોય અને દાવાના કોઇપણ પક્ષકાર ઉપર ફોજદારી માંડવાની મંજુરી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૮ મુજબ આપવાનો તેનો અધીકાર હોય અને તે મુજબ મંજુરી આપવામાં આવી હોય તો તેમાં તેની ઘણીજ ભુલ થયેલી ગણાય છે કારણ કે દાવો અથવા જવાબ ખરો છે એ સુદ્ધબુદ્ધીથી વિચારવાની તેને તક મળતી નથી. સને ૧૮૬૦ ના રેગ્યુલેશન ૧૭ મુજબ કરેલી અરજી જેને સાબીત કરવાની જરૂર નથી તે સાબીત કરવામાં આવી હોય તો તેથી ખોટી સાહેદી આપવાની ફરીઆદ માંડવાનું કારણ મળતું નથી. જગતચંદર મોજુમદાર વિ. કાલીચરન મોજુમદાર, ઈં૦ લો૦ રી૦ ૬ ક, ૪૪૦; ૭ ક. લો. રી. ૩૩૦.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી સપટંબર સને ૧૮૮૦).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

બરકટ ઉલાહખાન વિ. રેની, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૧૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪૪.

રામપ્રસાદ હાઝરાની અરજી, ૫ વિ. રી. ૬. બે. ૨૪; બેં૦ લો૦ રી૦ વો૦ ૪૨૬ (દિવાની રૂલીંગ).

મતીલાલઘોસની બાબતમાં ૬, ક. ૩૦૮. જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૫૧.

રામપ્રસાદ હાઝરી વિ. સુમત્રાડાબી ૫ વિ. રી. ક્રુ. બે. ૨૧; બેં. લો. રી. વો. ૪૨૬ (દિવાની રૂલીંગ).

રાણી વિ. સાવીનરીના જમીનદારના કેસમાં મંજુર રાખવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૬ મ. ૨૯. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૬૫.

૫૭ ફરીઆદ કરવાની પરવાનગી—જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—ખોટી ફરીઆદ કર્યાનું તોહોમત રાખેલા માણસે રજુ કરેલા શાક્ષીઆની જુબાનીઓની લીધા સીવાય પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ફરીઆદ કરવાની મંજુરી આપવી તે કાયદા વિરૂદ્ધ ગણાય છે. ગેરવ્યાજબી રીતે કમીટ કરવામાં આવેલું કામ કેસ ચાલવાની દરમીયાન ગમે તે વખતે રદ કરવાનો હાઇ કોર્ટને અખતીયાર છે રાણી વિ. શીબોબહેરા ઈં૦ લો૦ રી૦ ૬ ક.૫૮૪; ૮ ક. લો. રી. ૨૬૫.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જાનેવારી સને ૧૮૮૧.)

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છે:—

જુઓ રાણી વિ. અશરફઅલી ઈં૦ લો૦ રી૦ ૫ ક. ૨૮૧; જુઓ જુઠું તોહોમત ૨૮.

ગોર મોહનસીંઘની બાબત ૮ બેં લો. રી. અપે. ૧૧; ૧૬ વિ. રી. ૪૪ જુઓ જુદું તોહોમત ૩૮.

નસીબુનીસાબીબી વિ૰ શેક ઈરાદઅલી, ૪ ક. લો. રી. ૪૧૩. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૦.

નિચેના કેસોમાં આ કેસ લાગુ પડે છે

બાબગીભાગટની બાબત, ૪ ક. લો રી. ૧૩૪ જુઓ જુદું તોહોમત ૪૧.

બીસુબારીકનું રેફરન્સ, ૧૬ વિ. રી. ૬૭. જુઓ જુદું તોહોમત ૩૯.

બીલાશ વિ૰ માકરૂ, ર બેં. લો. રી. ૬. ઉ. ૧૫; ૧૦ વિ. રી. ૬૧. જુઓ માંડી વાળવું ફરીઆદનું ૧૦.

રાણી વિ૰ સેલીકરોય, ઈ. લો. રી. ૬ ક. ૫૮૨; ૮ ક. લો. રી. ૨૫૫. જુઓ જુદું તોહોમત ૪૪.

રાણી વિ૰ અબદુલ હાસન, ઈ. લો. રી. ૧ અ ૪૯૭. જુઓ જુદું તોહોમત ૨૪.

સરકાર વિ૰ કરીમદાદ, ઈ. લો. રી. ૬ ક. ૪૯૬; ૭ ક. લો. રી. ૪૬૭. જુઓ જુદું તોહોમત ૪૩.

ચકરોધર પોતીની બાબત, ૮ ક. લો. રી. ૨૧૯. જુઓ જુદું તોહોમત ૪૫.

નસીબુનીસાબીબી વિ૰ શેક ઈરાદઅલી, ૪ ક. લો. રી. ૪૧૩. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૦.

૫૮ ફરીઆદ કરવાની પરવાનગી--શાહેદી "પક્ષકાર નહી" તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૯—દિવાની દાવાના પુરાવામાં રજુ કરેલો દસ્તાવેજ જુઠો બનાવવાને માટે પક્ષકાર ઉપર ફરીઆદ માંડતાં પહેલાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૫ મુજબ મંજુરી મેળવવાની જરૂર છે તે, જે માણસો દાવાના પક્ષકાર ના હોય પણ તેમની સાથે દાવામાં જુઠો દસ્તાવેજ રજુ કરવાને માટે શાહેદીઓ તરીકે તેમના ઉપર તોહોમત રાખવામાં આવ્યુ હોય તે બાબતમાં ઉપલી કલમ મુજબ મંજુરી મેળવવાની જરૂર નથી. રાણી વિ૰ ઇડારા વિરાના, ઈ. લો. રી. ૩ મ. ૪૦૦.

(મેસર્સ મતુસ્વામીઆયર અને ટારન્ટ જડજોની રૂબરૂ, તા૰ ૧૧ મી જુલાઈ ૧૮૮૧.)

૫૯ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ત્રેટનો આકટ કલમ ૪૧, ૪૨, ૪૩ અને ૧૬૮—મોઘમ અને અમુક બાબતની મંજુરી—છોડી મુકવાનો હુકમ—હાઇ કોરટનું ઉપરીપણું ચારટર આકટ (૨૪, ૨૫ વિકટોરીઆ ચેપટર ૧૦૪) કલમ ૧૫ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે છોડી મુકવાનો હુકમ કરેલો રદ કરાવવો હોય તો ફક્ત સને ૧૮૭૭ના આકટ ૪ થાની કલમ ૧૬૮ મુજબ રદ થઇ શકે છે; અને ફરીઆદી જે ખાનગી માણસ છે તેને તે કલમ મુજબ અપીલ કરવાનો હક નથી તે, અપીલ કરવાનો હક હોય તો, જેવી રીતે હાઈ કોર્ટના અસાધારણ અખતીઆર મુજબ અરજ કરી શકે તેવી રીતે ચારટર આકટની કલમ ૧૫ મુજબ હાઇ કોર્ટની મદદ માગવાને અરજ કરી શકે નહી. પુનાચરનાપાલની બાબતમાં, ઈ લો. રી. ૭ ક ૪૪૭.

(મેસર્સ મોરીસ અને ટોટનહામ જડજોની રૂબરૂ. તા૰ ૧ અગષ્ટ ૧૮૮૧)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

ચંદરકુમારરોય વિ. ઉમેશચંદર મોઝુમદાર, ૨૨ વિ. રી. ૭૮. જુઓ તપાસણી ૧૧.

રાજકુમારસીંઘ વિ. દીનોનાથ ઘટક, ૧ ક. લો. રી. ૩૫૨. જુઓ નિચેની કોર્ટના કેસલા સામે અરજી ૪૫.

બાલાજી સીતારામની બાબત, ૧૧ મું. હા. કો. રી. ૩૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૩૫.

રાણી વિ. હાજી જીબનબક્ષ, ઈ. લો. રી. ૨ ક. ૩૫૪. જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૪.

માલકમ વિ. ગાસપર ઈ. લો. રી. ૨ ક. ૨૭૮. જુઓ મેન્ડેમસ ૨.

કલકતાની મંડળી વિ. ભીકનગમનાપીર, ઈ. લો. રી ૨ ક. ૨૮૦. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૭.

રાણી વિ. મીઆજીઅહમદ, ઈ. લો. રી. ૩ મું. ૧૫૮. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૯.

રાણી વિ. ચરૂચંદર મુલીકના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૯ ક. ૩૯૭. જુઓ કમીટ કરવું તે ૪૦.

જુઓ ગાયનચંદરરોય વિ. પ્રોતાપચંદર દાસ, ઈ લો. રી ૭ ક. ૨૦૮; ૮ ક. લો રી ૨૬૭. જુઓ જુઠું તોહોમત ૪૬

૬ ફરીઆદ કરવાની પરવાનગી—જુઠી ફરીઆદને માટે ફરીઆદ કરવી તે—સને ૧૮૬૦ ના ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૮—કોઈ ફરીઆદીએ પ્રથમ કરેલી ફરીઆદ વિષે ઈનસાફની રાહે તજવીજ કરયા સીવાય, પીનલકોડની કલમ ૨૧૧ મુજબ તેના ઉપર કામ ચલાવવાનો હુકમ માજીસ્ત્રેટે કરવો નહી. નહી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૮ માં બતાવેલી ફરીઆદ કરવાની મંજુરી તે ફરીઆદ કરવાનો હુકમ ગણાતો નથી પણ ફરીઆદ કરવી કે નહીં એ સ્વતંત્ર વિચાર અમલમાં લાવવાને માટે તે કોઇ ખાનગી માણસને આપેલી રજા ગણાય છે. ગીરધારી મોન્ડલ વિરૂદ્ધ ઉચીટઝા, ઈ. લો. રી ૮ ક. ૪૩૫.

૬૧ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૨—સને ૧૮૬૧ નો ૪૫ મો પીનલકાડ કલમ ૨૧૧—જુઠી ફરીઆદ કરવામાં મદદગારી—ખોટું સમજાવવું તે—ખાનગી ફરીઆદીની અરજી ઉપરથી પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ફરીઆદ કરવાની મંજુરી આપવી જોઇએ એવું કોઈ કાયદામાં બતાવેલું નહી હોવાથી ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટને, પોતાના તાબાના માજીસ્ટ્રેટે કોઇ કેસ ચલાવી ફરીઆદ જુઠી ઠરાવી હોય, તેવા કેસમાં પોતાની ખુશીથી ફરીઆદ કરવાની મંજુરી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૮ મુજબ આપવાનો અધીકાર છે. કોઇ ગુન્હો થયા પછી તેમાં મદદ કરવી ગણાતી નથી માટે કોઈ માણસે જુઠું ઠરાવેલા તોહોમતની મજબુતીમાં જુબાની આપી હોય તો તેને, જુઠી ફરીયાદ કરવાના ગુન્હામાં મદદગાર તરીકે તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહીં. જ્યુરીને કેસ સોંપતી વખતે જડજની ફરજ વિષે ટીકા કરવામા આવી. જગતમોહીનીદાસી અને બીજો અરજદારો, ૧૧ ક. લો. રી. ૪.

(મેસર્સ મેકડોનલ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસેંબર સને ૧૮૮૧).

૬૨ ફરીઆદ કરવાની પરવાનગી—મંજુરીના શબ્દો—ફરીઆદ કરવાની મંજુરી-મેળવવાને માટે મુનસફને અરજી કર્યાથી તેણે નિચે પ્રમાણે હુકમ કર્યો હતો. "અ નામના માણસ સામે જોઈએ તેવો પુરાવો છે એવું અરજદાર ધારતો હોય તો મને મંજુરી આપવાને કાંઇ અડચણ નથી." એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ કરવા માટે જોઇએ તેવી આ હુકમથી મંજુરી ગણાતી નથી જદુનાથ હાઝરા વિરૂદ્ધ અનાડાપ્રસાદ સરકાર, ૧૧ ક૦ લો૦ રી૦ ૫૩.

(મેસર્સ પ્રીનસેપ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી મે સને ૧૮૮૨).

રાણી વિરૂદ્ધ માહીમચંદર ચકરબતીના કેસમાં જુદો અભીપ્રાય લેવામાં આવે છે, ૭ બેં. લો. રી. ૨૬ ન જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૬.

રાણી વિરૂદ્ધ સબસુખ, ઇ. લો. રી. ૫ અ. ૩૩. જુઓ ફરીઆદ પરવાનગી ૫.

૬ ફરીઆદ કરવાની પરવાનગી—ડીસ્ટ્રીકટ જડજે ફરીઆદ કરવાની મંજુરી આપેલી તે—હકુમત—સેસન જડજ તરીકે ગુન્હાની શરૂઆત ચલાવવાને માટે તેજ માણસનો અધીકાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૭૨, ૪૭૩—

ડીસ્ટ્રીકટ જડજે દિવાની અપીલ ચલાવીને કો ઇ પક્ષકાર ઉપર ખોટા લેખની ફરીઆદ માંડ વાને માટે મંજુરી આપી હોય તો તે ક્રીમી નલ પ્રોસીજર કોડની કલમ ૪૭૩ મુજબ સે સન જડજ તરીકે રજુઆત ચલાવી શકે છે રાણી વિ. ગાસપરડી સીલવા ઈં૦ લો૦ રી૦ ૬ મું. ૪૭૯.

(મેસર્સ મેલવીલ અને કેમબેલ જડ જોની રૂબરૂ, તા૦ ૨૦ મી એપ્રીલ સને ૧૮૮૨.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આ વે છેઃ—

રાણી વિ. ગાજી કોમરાનુ, ઈં૦ લો૦ રી૦ ૧ મું. ૩૧૧. જુઓ જુઠો પુરાવો ૬૨.

રાણી વિ. પરસાપા માહાદેવપા, ઈં૦ લો. રી. ૧ મું. ૩૩૯. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૬.

રાણી વિ. નવરનબેગ દુલાબેગ, ૧૦ મું. હા. કો. રી. ૭૩. જુઓ જુઠો પુરા વો ૫૩.

રાણી વિ. કલતારામસીંઘ, ઈ. લો. રી. ૧ અ. ૧૨૯. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૪.

રાણી વિ. કાશમીરીલાલ, ઈ. લો. રી. ૧ અ. ૬૨૫. જુઓ જુઠો પુરાવો ૬૩.

૬૪ ફરીઆદ કરવાની પરવાનગી— સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬૭ પોલીસ અમલદારને ખો ટી ખબર આપવાને માટે તાલુકાના સેકન ક લાસ માજીસ્ટ્રેટે ફરીઆદ કરવાની આપેલી મં જુરી કાયદા વિરૂદ્ધ છે તે—સને ૧૮૭૨ ના આકટ ૧૧ માની કલમ ૪૬૭ ના અર્થ મુ જબ સેકન કલાસ માજીસ્ટ્રેટ પોલીસ ચોકીના અમલદારનો ઉપરી અધીકારી નહી હોવાની તે અમલદાર ઉપર પીનલકોડની કલમ ૧૮૨ મુજબ ફરીઆદ કરવાની મંજુરી આપી શકે નહી. રાણી વિરૂદ્ધ વેલાયદમ. ઈ. લો. રી. ૬ મ. ૧૪૬).

(મેસર્સ મુતુસ્વામી આયર અને ટાર ન્ટ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી અગષ્ટ સ ને ૧૮૮૨).

૬૫ ફરીઆદ કરવાની પરવાનગી—સ ને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કો ડ કલમ ૪૬૮—ફરીઆદી આપવાના કારણો કામ ઉપરથી માલમ પડી આવે તે—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૬૮ મુ જબ ફરીઆદ કરવાની મંજુરી માગવાને કરે લી અરજીમાં તોહોમત રાખવાનું દફતર ઉપ રથી કારણ માલમ ના પડી આવે તો મંજુ રી આપવી જોઈએ કે નહી એનો નિરણય કામના દફતર કરતાં બીજી કોઈ રીતે કરવો જોઈએ નહી. જગતચંદર મોઝુમદાર વિરૂદ્ધ કાસીચંદર મોઝુમદાર, (ઈં૦ લો૦ રી૦ ૬ ક૦ ૪૪૧) નો કેસ મંજુર રાખવામાં આવ્યો. રાણી વિરૂદ્ધ સાવગીરી, ઈં૦ લો૦ રી૦ ૬ મ. ૨૯.

(મેસર્સ ઈન્સ કામ ચલાઉ ચીફ જસ્ટી સ અને કરનાન જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી અગષ્ટ સને ૧૮૮૨).

જગતચંદર મોઝુમદાર વિરૂદ્ધ કાસીચંદ ર મોઝુમદારનો કેસ મંજુર રાખવામાં આ વે છે, ઈ. લો. રી. ૬ ક. ૪૪૦. જુઓ ફરી આદ કરવાની પરવાનગી ૫૬.

૬૬ ફરીઆદ કરવાની પરવાનગી—સ ને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—મુદત પુરી થવી તે—નવી મંજુરી—પેહેલાંની આપેલી મંજુરીની મુદત પુરી થઈ હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૧૯૫ મુજબ જે કોર્ટે મંજુરી આ પી હોય તે કોર્ટને નવી મંજુરી આપવાનો અ ધીકાર છે. કલમ ૧૯૫ માં ઠરાવેલી છ મા સની મુદતનો અર્થ એવો થાય છે કે છ મ હીના થઈ ગએલી મંજુરીથી માજીસ્ટ્રેટ કોઇ કેસની તજવીજ કરી શકે નહી, પણ એવો અર્થ થતો નથી કે ફરીઆદ કરેલો સઘળો કે સ તે મુદતમાં પુરો થવો જોઇએ. તે ઉપર થી એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ કર

વાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ મંજુરી આપી હોય અને ફરીઆદ થઈ હોય પણ માજીસ્ટ્રેટે ફરીઆદી તરફનો પુરાવો નહી મળી આવવાથી "હાલમાં કેસ ઊંચો મુકવો જોઈએ" એવો હુકમ કર્યો હોય, અને કલમ ૧૯૫ માં ઠરાવેલી છ માસની મુદત પુરી થયા પછી ફરીઆદીએ માજીસ્ટ્રેટને કેસ ફરીથી ચલાવવાને અરજી કરી હોય તો કેસની એક વખત તજવીજ થયાથી અને તે ફાઈલમાં ચુકાવ્યા વગરનો બાકી રાખ્યાથી તે કોઈપણ વખતે માજીસ્ટ્રેટ મંજુરી સીવાય ચલાવી શકે છે. ગુલાબસીંગ વિ૦ દેબીપ્રસાદ, ઈં૦ લો૦ રી૦ ૬ અ. ૪૫.

(મી૦ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જસ્ટીસ, તા૦ ૨૮ મી જુલાઈ સને ૧૮૮૨).

૬૭ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૯૫ અને ૫૩૭—પ્રથમ મંજુરી લીધેલી નહી તે—ગેરશીરતો—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ પ્રથમ મંજુરી મેળવ્યા સીવાય સમનનું અપમાન કર્યાને માટે કોઈ સાહેદી ઉપર ફરીઆદ કરવામાં આવી હતી, તે કેસમાં મંજુરી નહી મેળવ્યાથી અન્યાય થયો છે એવું કામના પુરાવા ઉપરથી સાબીત નહી થયાથી હાઈ કોર્ટે દરમીઆન થવાની ના પાડી, કાલીમોહન મુકરજીની બાબતમાં, ૧૩ ક. લો. ૧૧૭.

(મેસર્સ પ્રીન્સેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૩ અગષ્ટ સને ૧૮૮૩).

૬૮ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૧૯૫, ૨૧૫, ૪૦૬—કેવી જાતની મંજુરી મેળવવી તે—પ્રથમની તજવીજ—કાયદા વિરૂદ્ધ કમીટ કરવું તે—પુરાવો નહીં તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ આસીસ્ટન્ટ કલેકટરની કોર્ટ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટના તાબાની કોર્ટ ગણાતી નથી. કલમ ૧૯૫ મુજબ આપેલી પરવાનગીમાં કઇ કોર્ટમાં અને કેવે પ્રસંગે ગુન્હો થયો છે એ બતાવવું જોઇએ અને કલમ ૪૭૬ ના અર્થ મુજબ " તજવીજ " કરવાની જરૂર જણાય તો આવી જાતની મંજુરી પ્રથમ તજવીજ કર્યા શીવાય આપવી જોઇએ નહીં. ખોટો જાણીને કેટલોક પુરાવો વાપરવાના ગુન્હાને માટે, કોઇ માણસ ઉપર ફરીઆદ કરવાની મંજુરી જે કોર્ટે આપેલી તે કોર્ટ પુરાવો આપવામાં આવેલી કોર્ટની ઉપરી કોર્ટ નહી હોવાથી અને કઇ જગ્યાએ અને કયા પ્રસંગે ગુન્હો બન્યો છે એવું પરવાનગીમાં બતાવવામાં નહી આવ્યાથી, અને જો કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૬ ના અર્થ મુજબ " તજવીજ " કરવાની જરૂર હતી તો પણ મંજુરી આપનાર કોર્ટે તજવીજ નહી કર્યાથી, એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ માં બતાવેલી સરતો મુજબ પ્રથમ નહી વર્તવામાં આવ્યાથી કેસ ચલાવવાનો કમીટીંગ માજીસ્ટ્રેટને અધીકાર નોહોતો અને કમીટ કાયદા વિરૂદ્ધ છે તેથી રદ કરવું જોઇએ. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે આવી જાતનો ખોટો પુરાવો આપવાની સાથે આવા માણસને સામેલ ગણવાનો કામમાં પુરાવો નહી મળી આવવાથી કમીટ કરવાનો હુકમ વ્યાજબી રીતે રદ કરી શકાય એવી કાયદેસર કસુર નોહોતી. રાણી વિ૦ નરોતમદાસ, ઈં૦ લો૦ રી૦ ૬ અ. ૯૮.

(મી૦ ટીરલ જડજની રૂબરૂ, તા૦ ૨ અકટોબર સને ૧૮૮૩).

૬૯ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—કેવી જાતની મંજુરી મેળવવી તે—જુઠો પુરાવો—પ્રથમની તજવીજ—ખત ની રૂઈએ મુનસફની કોર્ટમાં દાવો કરેલો તેમાં પ્રતીવાદીએ ખત કરી આપ્યું છે કે નહી એ સવાલનું નિરાકરણ કરવાને પંચ ઠરાવ્યા. પંચે એમ ઠરાવ્યું કે પ્રતીવાદીએ ખત કરી આપ્યું નથી પણ તે જુઠું બનાવટી છે. આવા ફેંસલાથી મુનસફે દાવો કાઢી નાંખ્યો.

છીથી પ્રતીવાદીએ, કયા ગુન્હાઓના સબંધ માં ફરીઆદ કરવાની છે તે બતાવ્યા સીવાય વાદી ઉપર ફરીઆદ કરવાની મંજુરી મેળવ વાને મુનસફને અરજી કરી. ફરીઆદ કરવા મંજુરી આપવાને પુરતાં કારણો છે એજ ફ કત ધ્યાનમાં લેઇને અને જે ગુન્હો અથવા ગુન્હાઓના સબંધમાં મંજુરી આપી હતી તે ગુન્હો અથવા તેનું કાંઈપણ કારણ બતાવ્યા સીવાય મુનસફે મંજુરી આપી. એમ ઠરા વવામાં આવ્યું કે મુનસફે જે શબ્દોમાં ફરી યાદ કરવાની મંજુરી આપી હતી તે શબ્દો જોઈએ તેવા સ્પષ્ટ નોહોતા અને પીનલકોડની જે કલમ મુજબ ફોજદારી કરવાની મંજુરી આપી હતી તે કલમ તેમજ સાધારણ રીતે તોહોમત મુકવાનો ગુન્હો અથવા ગુન્હા ઓ, ગુન્હો થયાની તારીખ અને જગ્યા તેણે બતાવવી જોઈતી હતી. વળી વધારામાં એમ ઠરાવવામાં આવ્યું કે દાવામાં જુદા લેખના સવાલનું નિરાકરણ મુનસફે પોતે નહી કર્યા થી, ફરીઆદ માડવાનું વ્યાજબી ઠરાવવાને કા રણો હતાં એવી પોતાને ખાત્રી થવાને માટે કેટલીક તજવીજ તેણે કરવી જોઈતી હતી. પરસોતમલાલ વિરૂદ્ધ બીજાઈ, ઈ. લો. રી. ૬ અ. ૧૦૧.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૨૩ મી અકટોબર સને ૧૮૮૩).

૭૦ ફરીઆદ કરવાની પરવાનગી—સ ને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કો ડ કલમો ૨૦૨, ૨૦૩, ૪૭૬—સને ૧૮૬૦નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૧૧—ફરીઆદ કાઢી નાખવી તે—ફરીઆદ ખરી છે એ વિષે પ્રથમ તજવીજ કરેલી તે—ક્રીમીનલ પ્રોસી જર કોડની કલમ ૨૦૨ મુજબ પોલીસ અમ લદારે કરેલી તજવીજ ધ્યાનમાં લીધા પછી ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટે ફરીઆદ ખોટી ઠરાવી કાઢી નાખી, અને પીનલકોડની કલમ ૨૧૧ મુજબ સજા થઇ શકે તેવા ગુન્હાની ફરીઆ દી ઉપર ફરીઆદ માંડવાની મંજુરી આપવા નો હુકમ કર્યો, અને ગુન્હો ફક્ત સેસન કોર્ટ થી ચલાવાય તેવો હોવાથી ત્રીજા વર્ગના મ જીસ્ત્રેટને પ્રથમ તજવીજ કરવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ માંડવાની મંજુરી મેળવવાને ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટને અ રજી નહી કર્યાથી, હુકમ માજીસ્ત્રેટની ફરીઆ દ તરીકે ગણવો જોઈએ, અને તેટલા માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૬ મુજ બ તજવીજ કરવાનો ત્રીજા વર્ગના માજીસ્ત્રેટ ને અધીકાર નોહોતો. વળી એમ પણ ઠરાવ વામાં આવ્યું કે ફરીઆદ શુદ્ધબુદ્ધિથી કરેલી અને ખરી સાબીત કરવાને ફરીઆદીને તક મળી શકે તેને માટે કલમ ૪૭૬ મુજબ પ્ર થમની તજવીજ ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટે કરવી જોઇતી હતી. રાણી વિ. ચંદ્રમ, ઈ. લો. રી. ૭ મ. ૧૮૯.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુ તુસ્વામીઆયર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અકટોબર સને ૧૮૮૩).

૭૧ ફરીઆદ કરવાની પરવાનગી—સ ને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કો ડ કલમ ૧૯૫—જુઠી સાહેદી—કેવા જાતની મંજુરી જોઇએ તે—ખોટી સાહેદી આપવાની ફરીઆદ માંડવાને માટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ મંજુરી આપવા માં આવી હોય તો તેમાં બતાવવું જોઈએ કે કઈ જગ્યાએ અને કયે વખતે કામમાં બતા વેલી ખોટી સાહેદી આપવામાં આવી હતી, અને ખોટી પ્રતિજ્ઞા ઠરાવેલા શબ્દોની મતલ બ તેમજ જે પીનલકોડની કલમો મુજબ કા મ ચલાવવાનો અખતીયાર આપેલો છે તે ક લમો પણ બતાવવી જોઇએ. હરદીઆલ વિ૦ દુરગાપ્રસાદ, ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૧૦૫.

(મી૦ સ્ટ્રેઇટ જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી અકટોબર સને ૧૮૮૩).

૭૨ ફરીઆદ કરવાની પરવાનગી—સ ને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧— પ્રથમની તજવીજ—પીનલકોડ કલમ ૧૯૫

મુજબ તોહોમત રાખી ફરીઆદ કરવાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ મંજુરી હક તરીકે આપવી જોઇએ નહીં, પણ ફરીઆદી કોર્ટને એવી ખાત્રી કરી આપે કે ન્યાયની ખાતર ફરીઆદ માંડવાની જરૂર છે અને તોહોમતદાર સામે મજબુત પ્રાઈમા ફેસી કેસ સાબીત થાયછે તોજ મંજુરી આપવી જોઇએ. તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે મ નામનો માણસ જેને સેસન કોર્ટે કોઈ ગુન્હાને માટે રજુઆત ચલાવી છોડી મુકયો હતો તેણે પોતાની સામે થએલી ફરીઆદના સબંધમાં ગ નામના માણસ ઉપર પીનલકોડની કલમ ૨૧૧ મુજબ મદદગારીનું તોહોમત રાખી, ફરીઆદ કરવાની મંજુરી મેળવવાને કોર્ટને અરજ કરી, અને સેસન જડજે મંજુરી આપી પણ ખોટી ફરીઆદમાં ગ શા કારણોથી તોહોમતદાર છે એવું ફોજદારી કેસના મુકરદમામાં તેમજ પોતે ચલાવેલા મુકરદમામાં સાબીત થતું નથી, અથવા શા કારણોથી જડજે મંજુરી આપી એવું પણ માલમ પડી આવતું નથી, અને મંજુરી આપ્યા પેહેલાં મ ની જુબાનીથી અથવા બીજી કોઈ રીતની તજવીજથી ખરૂ પુછતાં ગ ઉપર તોહોમત રાખવાને મ પુરતાં કારણો હતાં અને ખોટી ફરીઆદમાં તે સામેલ હતો એવો વેહેમ લાવી તેના ઉપર ફરીઆદ માંડવાની મંજુરી આપવાને મજબુત અને દેખીતાં કારણો હતાં કે નહી એવી જડજે ખાત્રી કરવી જોઈતી હતી. ગોરીશાહની અરજી, ઈં. લો. રી. ૬ અ. ૧૧૪.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૮૩).

૯૩ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ ફરીઆદ માંડવાની મંજુરી આપતાં પેહેલાં ગુન્હો બન્યો છે એ વિષેની ખાત્રી કરવાને કોર્ટ બંધાએલી છે; પણ તે ગુન્હામાં સામેલ થએલા સઘળા માણસોની તજવીજ ચલાવવાને બંધાએલી નથી. ગોવીન્દરામની બાબત, ઈં. લો. રી. ૭ મ. ૨૨૪.

(મી૦ હચીન્સ જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી ડીસેંબર સને ૧૮૮૩).

૯૪ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—સબારડીનેટ જડજે આપેલી મંજુરી રદ કરવાનો ડીસ્ટ્રીકટ કોર્ટનો અધીકાર—કોઈ સબારડીનેટ જડજની કોર્ટે મંજુરી આપી હોય અગર આપવાને ના પાડી હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ તે રદ કરવાનો અથવા આપવાનો ડીસ્ટ્રીકટ કોર્ટને અધીકાર છે. વેંકટ વિ. મટુસ્વામી, ઈં. લો. રી. ૭ મ. ૩૧૪.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪).

૯૫ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૯ નો ૧ લો સ્ટાંપ આકટ કલમો ૩૭, ૪૦, ૬૧—સ્ટાંપના કાયદા વિરૂદ્ધ થએલો ગુન્હો—કપટ કરવાનો ઇરાદો—સ્ટાંપના કાયદાની વિરૂદ્ધ બનેલા ગુન્હાને માટે સને ૧૮૭૯ ના સ્ટાંપ આકટની કલમ ૪૦ મુજબ ફરીઆદ માંડવાની મંજુરી આપવાનો હુકમ કરતાં પેહેલાં કલેકટર રીતસર તજવીજ કરવાને અથવા મુકરદમો લખવાને બંધાએલો નથી. આવી રીતના ગુન્હાના કોઇપણ ભાગ તરીકે ઈરાદો સાબીત કરવાની કાયદા પ્રમાણે જરૂર નથી. રાણી વિ. પાલની, ઈં. લો. રી. ૭ મ. ૫૩૭.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુલાઈ સને ૧૮૮૪.)

૯૬ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૯૫, ૪૩૫—કેલન્ડર તપાસીને માજીસ્ટ્રેટે ખોટી પ્રતીજ્ઞાને માટે ફરીઆદ માંડવાની મંજુરી આપેલી તે—પેટાટુકડીના માજીસ્ટ્રેટે પોતાના તાબા નિચેના માજીસ્ટ્રેટે ચા

લાવેલા કેસનું કેલેન્ડર વાંચ્યા પછી કામ મગાવીને ખોટી પ્રતીજ્ઞાને માટે કેસમાં આવેલા એક સાહેદી ઉપર ફ્રીઆદ માંડવાની મંજુરી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ આપવાનો હુકમ કર્યો, એમ ઠરાવવામાં આવ્યું કે હુકમ કાયદા વિરૂદ્ધ હતો. રાણી વિ. કુપુ. ઈ૦ લો૦ રી૦ ૭ મ. ૫૬૦

(મેસર્સ કરનાન અને મતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી અગષ્ટ સને ૧૮૮૪.)

૭૭ ફ્રીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫ કલોઝ ૬, .પેરા બીજો—મંજુરી આપતાં પેહેલાં નોટીસ કરવાની જરૂર તે—જે મુકરદમાની. દરમીઆન ગુન્હો બન્યો છે તે મુકરદમો પુરો થયા પછી મંજુરી લેવાની અરજી કરી હોય તો, જે માણસ સામે મંજુરી મેળવવાની છે તે માણસને અરજીની ખબર આપ્યા સીવાય અને તેની તકરાર સાંભળ્યા સીવાય મંજુરી આપવી જોઇએ નહી. અબીલાખસીંઘ વિ. ખુબલાલ, ઈ. લો. રી. ૧૦ ક. ૧૧૦૦.

(મેસર્સ ફીલ્ડ અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી અગષ્ટ સને ૧૮૮૪.)

કીષ્નનંદદાસ વિ૦ હરી બેરાના કેસમાં નજર રાખવામાં આવી અને તફાવત બતાવવામાં આવ્યો, ઈ. લો. રી. ૧૨ ક. ૫૮. જુઓ ફ્રીઆદ કરવાની પરવાનગી ૮૧.

૭૮ ફ્રીઆદ કરવાની પરવાનગી—રજીસ્ટ્રેશન આક્ટ મુજબ જરૂર નથી તે—સને ૧૮૭૭ ના આકટ ૩ ની કલમ ૮૨ મુજબ ચાલેલા .મુકરદમાઓ—તોહોમત રાખતાં પેહેલાં રજીસ્ટ્રેશન આક્ટની. કલમ ૮૨ મુજબ મંજુરી આપવાની કાંઈ જરૂર નથી. ગોપીનાથ વિ૦ કલદીપસીંગ, ઈ લો. રી. ૧૧ ક. ૫૬૬.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, પ્રીનસેપ, વીલસન, ફીલ્ડ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી સને ૧૮૮૫).

રાણી વિ૦ બટેસર મંડળનો કેસ આનાથી વિરૂદ્ધ છે, ઈ. લો. રી. ૧૦ ક. ૬૦૪ જુઓ જુઠી હકીકત રજીસ્ટ્રારની રૂબરૂની.

૭૯ ફ્રીઆદ કરવાની પરવાનગી—પ્રથમ આપેલી મંજુરીને છ માસ કરતાં વધારે મુદત થયેલી તે—પ્રથમની મંજુરી આપ્યાને છ માસ થઈ ગયા પછી નવી મંજુરી આપેલી તે—નવી પરવાનગી શા કારણોથી નહી આપવી તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—તા૦ ૨૨ મી અગષ્ટ સને ૧૮૮૨ ને રોજ પ્રતિવાદી સામે જે દિવાની દાવાનો ફેંસલો આપવામાં આવ્યો હતો તે દીવાની દાવામાં કરેલો ખોટો લેખ અને ખોટી પ્રતિજ્ઞા એ બંને ગુન્હાઓની તેના ઉપર ફ્રીઆદ માંડવાને માટે મંજુરી આપી હતી; આના ઉપર પ્રતીવાદીએ અપીલ કરી હતી જે તા૦ ૯ મી અગષ્ટ સને ૧૮૮૩ ને રોજ કાઢી નાખવામાં આવી હતી. મંજુરી ઉપરથી વાદીએ પ્રતીવાદી ઉપર તા૦ ૨૩ મી જુલાઈ સને ૧૮૮૪ ને રોજ ફોજદારીમાં ફ્રીઆદ માંડી. મંજુરી આપ્યાને છ માસ વિત્યા પછી આ ફ્રીઆદ થયેલી હોવાથી તોહોમત માંડી વાળવામાં આવ્યું હતું, પછીથી વાદીએ તા૦ ૨૦ મી અગષ્ટ સને ૧૮૮૪ ને રોજ નવી મંજુરી મેળવવાને અરજ કરી જે મંજુરી તા૦ ૧૩ મી એપ્રીલ સને ૧૮૮૫ ને રોજ આપવામાં આવી હતી, કોર્ટે પોતાનો મત નહી આપતાં જે મુનસફે મંજુરી આપી હતી તે મુનસફને મંજુરી આપવાનો અધીકાર હતો એવું કબુલ રાખીને એમ ઠરાવવામાં આવ્યું કે છ માસની અંદર ફ્રીઆદ નહી કરવાનો કાંઇ પણ ખુલાસો બતાવ્યા શીવાય કોર્ટે મંજુરી આપવી જોઈતી નોહોતી; અને ખુલાસો નહી આપ્યાથી તેમજ ખાસ કારણો પણ કાંઇ નહી બતાવ્યાથી શા માટે નવી મંજુરી આપવી જોઈએ, અને આવી રીતની નવી મંજુરી આપવામાં મુનસફે પુખ્ત વિચાર નહી કર્યાથી તેનો હુકમ રદ કરવો જોઇએ. જોયદી

પ્રોસીંધ વિરૂદ્ધ હરીહરપ્રસાદસીંધ, ઈ. લો. રી. ૧૧ ક. ૫૭૭.

(મેસર્સ મીતર અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી મે સને ૧૮૮૫).

૮૦ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—"પરવાનગી"—"ફરીઆદ"—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૬—કોઈ મુનશફે પોતે ચલાવેલા દાવામાં પીનલકોડની કલમો ૧૯૩, ૪૬૩ અને ૪૭૧ મુજબ કેટલાક માણસોએ ગુન્હાઓ કર્યા છે, અને તેથી તે માણસો ઉપર ફરીઆદ માંડવાની જરૂર છે એવું ધારીને તા૦ ૨ અગષ્ટ સને ૧૮૮૪ ને રોજ સીવીલ પ્રોસીજર કોડની કલમ ૬૪૩ મુજબ તેણે એવો હુકમ કર્યો કે તોહોમતદારને માજીસ્ત્રેટ પાસે મોકલવો જોઈએ અને તેણે તે બાબતની તજવીજ કરવી જોઈએ. સને ૧૮૮૫ ની સાલના મે માસમાં કોઇ એક તોહોમતદારે "મુનશફે આપેલી મંજુરી પાછી ખેંચી લેવાની" ડીસ્ટ્રીક્ટ જડજને અરજી કરીને એમ તકરાર બતાવી હતી કે તા૦ ૨ જી ફેબ્રુઆરી સને ૧૮૮૫ ને રોજ "મંજુરી" ની મુદત પુરી થયાથી તેનો અમલ થઈ શકે નહી. ફુલબેન્ચે એમ ઠરાવ્યું કે મુનસફનો હુકમ, જો કે મંજુરી હોય અગર ના હોય તોપણ તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ ના અર્થ મુજબ જોઇએ તેવી "ફરીઆદ" હતી, અને તેથી તે કલમમાં ઠરાવેલી મુદત આ કેસને લાગુ પડતી નથી. મેસર્સ પેથેરામ અને સ્ટ્રેઈટ જડજનો મત—સીવીલ પ્રોસીજર કોડની કલમ ૬૪૩, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૭૬ જેવીજ હતી એમ ધારીએ તો માજીસ્ત્રેટનો હુકમ કલમ ૪૭૬ મુજબ કરેલો ઠરાવી શકાય. વળી તે જડજોએ એવું ઠરાવ્યું કે "લાગતા વળગતા સરકારી નોકરે કરેલી ફરીઆદ ઉપરથી અથવા તે જે સરકારી નોકરના તાબામાં હોય તેની પ્રથમ મંજુરીયત લીધા વગર" એ શબ્દો કલમ ૪૭૬ ના સંબંધમાં વાંચવા જોઈએ, જે એવી ગતલબથી દાખલ કરવામાં આવ્યા છે કે કોઈ જડજને, સબોર્ડીનેટ જડજને, અથવા મુનસફને, માજીસ્ત્રેટની રૂબરૂ હાજર થઈ ફરીઆદી માંડવાને માટે સાધારણ ફરીઆદીની માફક સોગન ઉપર ફરીઆદ કરવાની અડચણ દુર થાય. કલમ ૧૯૫ મુજબ કોઈ કોર્ટ મુકરદમો ચલાવતી હોય તો કોડના ખરેખરા અર્થ પ્રમાણે ફરીઆદની જરૂર નથી એવું કલમ ૪૭૬ ની ભાષા ઉપરથી નિકળી આવે છે, અને તેમાં બતાવેલી પદ્ધતિથી કલમ ૧૯૫ માં બતાવેલી "ફરીઆદ" ગણાય છે. ઈશ્વરીપ્રસાદ વિ૦ શામલાલ, ઈ. લો. રી. ૭ અ. ૧૮૭૧.

(મેસર્સ પેથેરામ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઈટ, બ્રોધર્સ્ટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૪ જુલાઈ સને ૧૮૮૫.)

રાણી વિ૦ દાતા જીવાના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૧૦ મું. ૧૯૦. જુઓ માફી ૧૩.

૮૧ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—તોહોમતદારને નોટીસ આપેલી તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ તે કલમમાં બતાવેલા ગુન્હાઓ ના સંબંધમાં માજીસ્ત્રેટને ફરીઆદ કરવાની મંજુરી જે કોર્ટની રૂબરૂ તકરારી ગુન્હો થયો હોય તેજ કોર્ટમાં આપતાં પેહેલાં જેના ઉપર ફરીઆદ માંડવાની છે તે માણસને નોટીસ આપવાની કાંઈ જરૂર નથી. ક્રીષ્ણનંદદાસ વિ૦ હરી બેરા, ઈ. લો. રી. ૧૨ ક. ૫૧.

(મેસર્સ પીગટ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી સપટંબર સને ૧૮૮૫).

અબીલખસીંધ વિરૂદ્ધ ખુબલાલના કેસમાં નજર રાખવામાં આવે છે, ઈ. લો. રી. ૧૦ ક. ૧૧૦૦. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૭૭.

૮૨ ફરીઆદ કરવાની પરવાનગી—અન્ય ઉપર બોલેલા શબ્દોને માટે જડજ ઉપર

ફરીઆદ કરવાની મંજુરી માગવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૭—કોઈ દાવાની રજુઆત ચાલતી વખતે શાહેદીને આબરૂ જાય એવા શબ્દો જડજે કહ્યાથી તેના ઉપર તોહોમત રાખવામાં આવેલા કેસમાં એમ ઠરાવવામાં આવ્યું કે મંજુરી સીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૭ મુજબ માજીસ્ત્રેટથી કેસ ચલાવી શકાય નહી. ગોલામ મહમદ શેરીફ દુલાહ, ઇ. લો. રી. ૯ મ. ૪૩૯.

(મી૦ પારકર જડજની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૮૬).

૮૩ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—તોહોમતદારને નોટીસ આપેલી તે—તોહોમતદારને પ્રથમ નોટીસ આપ્યા સીવાય ફરીઆદ માંડવાની મંજુરી આપવામાં આવી હોય તો ફક્ત તેજ કારણ ઉપરથી ખોટી ફરીઆદ કરવાને માટે ગુન્હેગાર ઠરાવવું કાયદા વિરૂદ્ધ ગણાતું નથી. કોઈ ગુન્હાને માટે ફરીઆદ કરવાની મંજુરી આપવી તે ઈનસાફી કૃત્ય છે અને જે પક્ષકારની વિરૂદ્ધ તે આપવામાં આવે છે તેની તકરાર પેહેલાં સાંભળીને કાયદેસર લીધેલા પુરાવા ઉપરથી ઠરાવ કરવો જોઈએ. જે કેસોમાં પોલીસ રીપોર્ટ ઉપરથી માજીસ્ત્રેટે મુળની ફરીઆદો માંડી વાળી હોય તો જેના ઉપર ઠરાવ કરી શકે તેવો તેની પાસે કાયદેસર પુરાવો ગણાતો નથી. તોપણ માજીસ્ત્રેટે જે કેસોમાં ફરીઆદીની જુબાની લેઈ અને પુરાવો લીધા પછી તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકયો હોય અથવા એકલો છોડી મુકયો હોય અને પછીથી ફરીઆદીને નોટીસ આપ્યા સીવાય ખોટી ફરીઆદ કરવાને માટે ફરીઆદી માંડવાની મંજુરી આપી હોય તો તે ગેરકાયદેસર આપેલી મંજુરી ગણાતી નથી. રાણી વિ. શેરબીઅરી વિગેરે, ઈ. લો. રી. ૧૦ મ. ૨૩૨.

(મેસર્સ સર આરથર એચ. એચ. કોલીન્સ નાઈટ ચીફ જસ્ટીસ, કરનાન, મુત્તુસ્વામી આયર, બ્રાંડટ અને પારકર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી એપ્રિલ સને ૧૮૮૭).

૮૪ ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૫—"તાબાની કોર્ટ"—પાંચ હજાર ઉપરાંતના દાવામાં સબારડીનેટ જડજે પરવાનગી નહી આપેલી તે—સબારડીનેટ જડજના ફેસલા ઉપર જે કેસોમાં હાઇકોર્ટમાં અપીલ થાય છે તે કેસોમાં ફરીઆદ કરવાની મંજુરી આપવાનો ડીસ્ત્રીકટ જડજનો અધીકાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ ફરીઆદ કરવાની મંજુરી આપવાની બાબતોના સબંધમાં એક કોર્ટે કરેલા ફેસલા ઉપર અપીલ સાધારણ રીતે બીજી કોર્ટમાં થઈ શકતી હોય તો, તે કોર્ટના "તાબાની" પેહેલી કોર્ટ ગણાય છે; અને કેટલાક અમુક કેસોમાં અપીલ કોઈ બીજી કોર્ટ જેવી કે હાઈ કોર્ટમાં થઈ શકે તોપણ મંજુરી મેળવવાની અરજી ઉપલી કોર્ટને કરવી જોઈએ. હુકમનામામાં બતાવેલા આશરે દસેક હજારની જંગમ માલકત કપટથી છુપાવી રાખવાને માટે પીનલકોડની કલમો ૨૦૬ અને ૪૨૪ મુજબ હુકમનામાના દેણદાર ઉપર ફરીઆદ માંડવાની મંજુરી મેળવવાને માટે હુકમનામાવાળાએ ફર્સ્ટ ક્લાસ સબારડીનેટ જડજને અરજી કરી, આ અરજી સબારડીનેટ જડજે કહાડી નાખી હતી. અપીલ હાઈ કોર્ટમાં થઈ શકે તેવી છે તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ મુજબ ફક્ત હાઈ કોર્ટ અરજી સાંભળી શકે એવું કારણ ડીસ્ત્રીકટ જડજે બતાવી દરમીયાન થવાની ના પાડી. એમ ઠરાવવામાં આવ્યું કે આ કેસના હુકમનામા ઉપર જો કે હાઈ કોર્ટમાં અપીલ થઇ શકે છે તોપણ સાધારણ રીતે ફર્સ્ટ ક્લાસ સબારડીનેટ જડજ ઉપર અપીલો સાંભળવાનો ડીસ્ત્રીકટ જડજનો અધીકાર હોવા

થી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ ના અર્થ મુજબ ફર્સ્ટ કલાસ સબારડીનેટ જડજની કોર્ટ ડીસ્ત્રીક્ટ જડજના તાબાની કોર્ટ ગણાય છે, આનંત રામચંદર લોટલીકરની બાબત, ઈ. લો. રી. ૧૧ મું ૪૩૧.

(મેસર્સ જસ્ટીસ વેસ્ટ અને બર્ડવુડ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી નવંબર સને ૧૮૮૭).

જુઓ કમીટ કરવું તે ૫૫.
,, કલબુત ૮૦.
,, પુરાવો ૪૩.
,, બળાત્કાર ૭.
,, જુઠું તોહોમત ૨૩, ૨૯, ૩૬, ૪૫, ૪૬, ૪૯, ૫૧, ૫૨.
,, જુઠો પુરાવો ૩૧, ૪૬, ૪૯, ૫૦.
,, જુઠી ખબર ૧૨.
,, જુઠો લેખ ૨૦, ૨૭.
,, હકુમત ૪૬.
,, મારી, ૯ ૧૩.
,, સંક્ષેપમાં તપાસ ૧૫.

ફરીઆદી—

૧ ફરીઆદી—કેસ ચલાવવાનો વકીલનો હક—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૯, ૬૦, ૨૩૫, ૨૫૧, ૨૫૨—હાઇ કોર્ટનો નિયમ ૭, પ્રકરણ ૧૧ અને નિયમની ચોપડીનું પાનું ૭૧ મું- ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૯ મુજબ કોઈ ખાનગી ફરીઆદીને કેસ ચલાવવાની મંજુરી આપવામાં આવે અગર ના આવે તોપણ તે વકીલને શીખવી શકે, જેને હાઇ કોર્ટના નિયમોના પ્રકરણ ૧૧ ના નંબર ૨, ૭ મુજબ હાજર થવાનો હક છે, અને તે ઉપરથી સરકારી વકીલ કલમ ૬૦ મુજબ વકીલોની મદદ લેઈ શકે છે. ક્રીમીનલ પ્રાસીજર કોડની કલમ ૨૩૫ કલમો ૫૯ અને ૬૦ ની સાથે વાંચવાથી એમ નિકળી આવે છે કે સેસન જડજે રૂબરૂઆત ચલાવેલો દરેક કેસ કલમ ૬૦ માં લાવવાને માટે સરકારી વકીલ હમેશાં ખાનગી માણસે કરેલા વકીલની મદદ લેઈ શકે છે, અને એમ કરવાથી કેસમાં તેનો પોતાનો ગોઠવણ કરવાનો હક જતો રેહેતો નથી. વકીલની મદદ એક વખત મજુર રાખવામાં આવી હોય તો કેસની પછીની રજુઆતોમાં (એકંદર કરતી વખતે અને ફરીઆદીનો જવાબ લેતી વખતે) તે બાતલ કરી શકાતી નથી જેને કલમો ૨૫૧ અને ૨૫૨ લાગુ પડે છે. નારાયણ મ. પેન્ડશીની બાબત, ૧૧ મું. હા. કો. રી. ૧૦૨.

(મેસર્સ વેસ્ટ અને નહાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી માર્ચ સને ૧૮૭૪).

૨ ફરીઆદી—કેસ ચલાવવાની પરવાનગી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—મુંબાઈનો સને ૧૮૬૭ નો ૭ મો કલમ ૨૩—ઇનસ્પેક્ટરથી નિચેના દરજ્જાવાળા પોલીસ અમલદારનો ફરીઆદ કરવાનો અધીકાર—મુંબઈના સને ૧૮૬૭ ના આકટ ૭ માની કલમ ૨૩ ક્રીમીનલ પ્રાસીજર કોડની કલમ ૪૯૫ થી રદ થઈ ગઈ નથી, પણ હજુ સુધી અમલમાં છે. રાણી વિ૦ હોંકેરાપા, ઈ. લો. રી. ૧ મું.૫૩૪.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જુન ૧૮૭૪.)

૩ ફરીઆદી—સેસન કોર્ટની રૂબરૂ ફરીઆદ કરવી તે—પોલીસ અમલદારો—સેસન કોર્ટનો શાહેદી—તપાસ અને ઉલટસુલટ તપાસ—સને ૧૮૫૫ નો ૨ જો કલમ ૨૩—સેસન કોર્ટમાં પોલીસ અમલદારોને કામ ચલાવવાની મજુરી આપવાનો રીવાજ વાંધા ભરેલો છે એ વિષેની ટીકા—સેસન કોર્ટમાં મુખ્ય તપાસ થતી વખતે માજીસ્ટ્રેટની રૂબરૂ કોઈ શાહેદીએ આપેલી જુબાની તેને બતાવવી જોઈએ નહી. પહેલાના લખાણનો કોઇ પણ ભાગ તેને આપેલી જુબાનીની વિરૂદ્ધ કામમાં લેવાને માટે તેને બતાવવામાં આવે તો પ્રથમ લખેતવાર આપેલી જુબાની વિષે અને ૧૮૫૫ ના આકટ ૨ જાની કલમ ૨૩ મુજબ તેની ઉલટસુલટ તપાસ થઈ શકે છે. રાણી

વિ૦ રામચંદ્ર સરકાર અને બીજો, ૧૩ વિ. રી. ૧૮.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૮૭૦.)

૪ ફરીઆદી—હાઈ કોર્ટનો વકીલ—સેસન કોર્ટ—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે ખાસ અખતીયાર આપ્યા સીવાય હાઈ કોર્ટનો વકીલ (એડવોકેટ) સેસન કોર્ટમાં કામ ચલાવવાને ફરીઆદી તરફથી હાજર થઇ શકે છે. ગંગાધર સરકાર અરજદાર, ૨૩ વિ. રી. ૧૪.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી નવંબર સને ૧૮૭૪.)

૫ ફરીઆદી—કેટલાક ગુન્હાઓને માટે કામ ચલાવવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૬૭, ૪૬૧, ૪૬૯, ૪૭૧—પીનલકોડની કલમો ૪૬૭, ૪૬૮ અને ૪૬૯ મુજબ થયેલા ગુન્હાઓ જે કોર્ટની રૂબરૂ બન્યા હોય તે કોર્ટને તે ગુન્હાઓ ચલાવવાનો અધીકાર હોય તો તે અધીકાર સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૭૧ થી જતો રેહેતો નથી. રાણી વિ૦ ગરબક્ષ, ઈ. લો. રી. ૧ અ. ૧૯૩.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૧૧ મી ૧૮૭૬.)

રાણી વિરૂદ્ધ જગતમલના કેસમાં બાહાલ રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૧ અ. ૧૬૨. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૫.

રાણી વિરૂદ્ધ કલતારનસીંઘનો કેસ આનાથી ઉલટો છે. ઈ. લો. રી. ૧ અ, ૧૨૯. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૪.

રાણી વિરૂદ્ધ કાશમીરીલાલનો કેસ આનાથી ઉલટો છે, ઈ. લો. રી. ૧ અ. ૬૫૬. જુઓ જુઠો પુરાવો ૫૩.

૬ ફરીઆદી—ફરીઆદ પાછી ખેંચી લેવી તે—પબ્લીક પ્રોસીક્યુટર—સને ૧૮૮૨નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૪—ફુલબેન્ચે એમ ઠરાવ્યું કે સેસન કોર્ટમાં રજુઆત થએલા કોઇ અમુક કેસને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૨ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે કોઇ માણસને પબ્લીક પ્રોસીક્યુટર તરીકે નીમ્યો હોય તો કલમ ૪૯૪ મુજબ ફરીઆદી પાછી ખેંચી લેવાના સબંધમાં તેને પબ્લીક પ્રોસીક્યુટરનો અધીકાર નથી. રાણી વિરૂદ્ધ માધો, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૨૯૧.

(મેસર્સ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને ઓલ્ડફીલ્ડ, બ્રોધર્સ્ટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૩ જી મે સને ૧૮૮૬).

જુઓ ફરીઆદીની વર્તણુંક.

,, ફરીઆદ ફરીથી માંડવી તે.

ફરીઆદ ફરી તપાસમાં લેવી તે—

૧ ફરીઆદ ફરી તપાસમાં લેવી તે—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્શી માજીસ્ટ્રેટનો આકટ કલમો ૧૨, ૧૬, અને ૧૭ ખુલાસો ૨ શાહેદીઓની જુબાની—સને ૧૮૭૭ ના આકટ ૪ થાની કલમ ૮૭ ના બીજા ખુલાસામાં બતાવ્યા પ્રમાણે "ફરીઆદ ફરી તપાસમાં લેવી તે," તોહોમતદારને છોડી મુકવામાં આવેલી મુળની ફરીઆદની પુરવણી ગણાતી નથી. ફરીઆદ ફરીથી ચલાવવામાં જે સાક્ષીઓ ઉપર ફરીઆદી ભરોંસો રાખવાનું ધારતો હોય તે બધા શાહેદોઓની જુબાની માજીસ્ટ્રેટની રૂબરૂ લેવી જોઈએ; અને તેમાંના કોઇપણ શાહેદીની જુબાની મુળ કામ ચાલતી વખતે લીધી હોય તોપણ તેની જુબાની નવેસરથી લેવી જોઈએ. રાણી વિ૦ ચંદરનાથ દત્ત, ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૧૨૧; ૪ ક૦ લો૦ રી૦ ૩૦૫.

(મેસર્સ મોરીસ અને વાઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી મે સને ૧૮૭૯).

૨ ફરીઆદ ફરી તપાસમાં લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૨૧૫, ૧૪૨, ૪૪—જે કેસમાં અધીકારવાળા માજીસ્ટ્રેટે કામ ચલાવી તોહોમતદારને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫ મુજબ છોડી દીધો હોય તે કેસમાં ફરીઆદ ફરીથી તપાસમાં લેવાનો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ અધીકાર ન

થી. રાણી વિ૦ વેનગુ બ્યાનગર ઈ. લો. રી ૬ મ. ૨૫.

(મેસર્સ ઈન્સ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી અગષ્ટ સને ૧૮૮૨).

જુઓ તોહોમત ૩૮.

„ સમાધાન ગુન્હાઓનું ૪.

ફરીઆદીની વર્તણુંક

ફરીઆદીની વર્તણુંક—માજીસ્ટ્રેટે આપેલી પરવાનગી—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનો આકટ કલમ ૧૨૯—એડવોકેટ જનરલ, સ્ટેનડીંગ કાઉન્સલ, અને સરકારી સોલીસીટર, અથવા સ્થાનીક સરકારે મોઘમ અથવા ખાસ નીમેલા બીજા કોઈ અમલદાર સીવાય, કોઈપણ માણસ કાઉન્સલ અથવા હાઈ કોર્ટનો વકીલ હોય તોપણ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટની પરવાનગી સીવાય કોઈપણ ફોજદારી કેસમાં કામ ચલાવવાનો હક કરી શકે નહી. રાણી વિરૂદ્ધ બુટોક્રીસ્ટોદાસ, ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૫૯; ૬ ક૦ લો૦ રી૦ ૩૭૪.

(મેસર્સ મોરીસ અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૩ જી મે સને ૧૮૮૦).

ફરીઆદીના શાહેદીઓ—

૧ ફરીઆદીના શાહેદીઓ—જુબાનીઓ—દરેક સેસનની રજુઆતમાં ઘણી વખત તે કોર્ટની રૂબરૂ કોઈ કેસ ચલાવવામાં આવ્યો હોય તોપણ જાણે કે કેસ નવેસરથી ચાલતો હોય અને પેહેલાં શાહેદીઓની જુબાનીએ લેવામાં ના આવી હોય એવી રીતે નવેસરથી શાહેદીઓની જુબાનીઓ લેવી જોઈએ. કોઇ શાહેદીએ પેહેલાં આપેલી જુબાની વાંચવી તે તોહોમતદારની રૂબરૂ શાહેદીએ જુબાની આપી ગણાતી નથી. રાણી વિરૂદ્ધ શેખ કયામટ, વિ. રી. તા૦ ૧ સપટંબર.

(મેસર્સ લોચ અને સ્ટીઅર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જાનેવારી સને ૧૮૬૪).

પરમેશરસીંઘ વિરૂદ્ધ સોરૂપ અધીકારીના કેસમાં નજર રાખવામાં આવી, ૧૩ વિ. રી. ૪૦. જુઓ પુરાવો ૮૦.

૨ ફરીઆદીના શાહેદીઓ—પેહેલાંની જુબાની વાંચવી તે—બીજા કોઈ કેદીની રજુઆત વખતે એકજ કેસમાં શાહેદીઓએ પેહેલાં જુબાનીઓ આપી હોય તોપણ રજુઆત ચાલતી વખતે તેમની જુબાનીઓ નવેસરથી લેવરાવવાનો કેદીનો હક છે; પ્રથમ આપેલી જુબાનીઓ શાહેદીઓને વાંચી સંભળાવી કેદી તેજ છે એવું બતાવી તેમની તે ઉપર સહીઓ કરાવી લેવી એ બસ નથી. રાણી વિરૂદ્ધ કનઈશેખ, વિ. રી. સપટંબર ૩૮.

(મેસર્સ લોચ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૬૪)

પરમેશરસીંઘ વિરૂદ્ધ સોરૂપ અધીકારીના કેસમાં નજર રાખવામાં આવી, ૧૩ વિ. રી. ૪૦. જુઓ પુરાવો ૮૦.

૩ ફરીઆદીના શાહેદીઓ—તપાસ—કેદીને નિર્દોષ ઠરાવી છોડી દેવું તે—શાહેદીઓ લીધા સીવાય માજીસ્ટ્રેટ ફરીઆદીના કેસનું નિરાકરણ કરી શકે નહી. આવી રીતે રજુઆત ચલાવ્યા પછી ફરીઆદીનો ફોજદારી કરવાનો હક નથી એમ માલમ પડે તો તેણે તે કારણ ઉપરથી કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ. રાણી વિરૂદ્ધ શ્રીનાથ મુકોપધીઆ વિગેરે, ૭ વિ રી. ૪૫.

(મેસર્સ સેટનકાર અને પંડીત જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી માર્ચ સને ૧૮૬૭).

બીસુઆરીકના રેફરન્સમાં આધાર રાખવામાં આવ્યો, ૧૬ વિ. રી. ૬૭ જુઓ જુડું તોહોમત ૩૯

૪ ફરીઆદીના શાહેદીઓ—હાજર ન થવું તે—સમનમાં બતાવેલી જગ્યાએથી બીજી જગ્યાએ ડેપ્યુટી માજીસ્ટ્રેટે કોર્ટ કરવાથી ફરીઆદીના શાહેદીઓ હાજર નહી થએલા તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે બીજી વખત હાજર થવાની તેમને તક આપ્યા સીવાય કેસ માંડી વાળવો એ ગેરશિરસ્તો ગણાય છે. લખીમમોલુ વિગેરે, વિરૂદ્ધ ગુરદાસ મુકરજી વિગેરે, ૫ વિ. રી. ૫૧.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી માર્ચ સને ૧૮૬૬).

૫ ફરીઆદીના સાહેદીઓ—સમન કરવા તે—ફકત સેસન કોર્ટથી તજવીજ થઈ શકે તેવા ગુન્હાના કેસમાં ફરીઆદીના સાહેદીઓ ઉપર સમન કાઢવાને માજીસ્ટ્રેટ બંધાએલો છે રાણી વિ૦ મીર ઝાકીરઅલી ૮ વિ. રી. ૪.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૩ જુન સને ૧૮૬૭).

૬ ફરીઆદીના શાહેદીઓ—ગેર શિરસ્તો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯—કેદીએ કરેલા કોઈ નવા કેસની વિરૂદ્ધ તે શાહેદી બોલવવામાં ના આવ્યો હોય તો કેદીનો જવાબ લીધા પછી ફરીઆદી તરફના શાહેદીની જુબાની લેવી એ ગેરશિરસ્તો ગણાય છે. આ કેસમાં આવી જાતનો શાહેદી કેવી રીતની જુબાની આપશે એ વિષેની કેદીને પુરેપુરી માહીતી હોવાથી તેના સબંધમાં તેણે પોતાનો જવાબ આપ્યાથી હાઈ કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ ઉપર નજર રાખીને ગુન્હો ઠરાવેલો રદ કરવાની ના પાડી. રાણી વિરૂદ્ધ શામકીશોર હોલડર, ૧૩ વિ. રી. ૩૬.

(મેસર્સ નોરમન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને બેલી જડજોની રૂબરૂ, તા૦ ૫ મી માર્ચ સને ૧૮૭૦).

૭ ફરીઆદીના શાહેદીઓ—પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૨—કોઈ કેસમાં ફરીઆદીએ કેટલાક શાહેદીઓના નામ બતાવેલા તે શાહેદીઓને અમુક તારીખે હાજર રાખવાને તેને કેહેવામાં આવ્યું હતું. એવી રીતે નહી ચાલતાં તેણે ફકત બે શાહેદીઓને હાજર રાખ્યા જેમની જુબાની લેવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદીએ બાકીના શાહેદીઓ ઉપર સમન કાઢવાની માજીસ્ટ્રેટને અરજી નહી કરવાથી અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૨ મુજબ કામ ચલાવવાની માગણી નહી કર્યાથી, માજીસ્ટ્રેટે પોતાની પાસે જે પુરાવો હતો તે ઉપરથી કેસનો ફેંસલો આપેલો તે કાયદા વિરૂદ્ધ ગણાતો નથી. નોટોબર બેહરાનું રેફરન્સ, ૧૫ વિ૦ રી૦ ૮૭.

(મેસર્સ ગ્લોવર અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી મે સને ૧૮૭૧).

બીગુબારીકના રેફરન્સમાં આધાર રાખવામાં આવ્યો, ૧૬ વિ. રી. ૬૭. જુઓ જુઠુ તોહોમત ૩૯.

૮ ફરીઆદીના શાહેદીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૩ અને પ્રકરણ ૧૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૩ તે કોડના પ્રકરણ ૧૫ મુજબ ચાલેલા કેસોને લાગુ પડે છે, અને ફરીઆદી તરફના શાહેદીઓની જુબાનીઓ લીધા સીવાય માજીસ્ટ્રેટ તે પ્રકરણ મુજબ કેસનો નિવેડો કરી શકે નહી. કીશોર શાહી વિરૂદ્ધ મંગરી શાહી, ૧૬ વિ રી. ૪૮.

(મેસર્સ મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી સપટંબર સને ૧૮૭૧).

૯ ફરીઆદીના શાહેદીઓ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૪ મું—ખુલ્લી રીતે ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ માં આવી જાય તેવા કેસમાં ફરીઆદીએ પ્રતિજ્ઞા પૂર્વક જુબાની આપી હોય તો તોહોમતદારના ફક્ત ના કેહેવાથી કાંઈ સાબીત થતું નથી. ફરીઆદીના શાહેદીઓની જુબાનીઓ લેઈ કેસની તજવીજ ચલાવવી જોઈએ. જંગીખાન વિરૂદ્ધ હરચંદરરાય, ૧૬ વિ. રી. ૫૯.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૧).

૧૦ ફરીઆદીના શાહેદીઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૨૭—ફરીઆદી તરફના શાહેદીઓની જુબાનીઓ જો કે પ્રથમ તોહોમતદારની ગેરહાજરીમાં લેવાઈ હોય તોપણ જેમ બની શકે તે

મ તેની જુબાનીઓ ક્રીમીનલ પ્રોસીજર કો ડની કલમ ૩૨૭ મુજબ તોહોમતદારની રૂબ રૂ લેવી જોઇએ. રાણી વિરૂદ્ધ ખોચા ચોકી દાર, ૨૨ વિ. રી. ૩૩.

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ જડ જોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૭૪).

રાણી વિરૂદ્ધ સગામબરના કેસમાં નજ ર રાખવામાં આવી, ૧૨ ક. લો. રી. ૧૨૦. જુઓ કમીટ કરવું તે ૩૯.

૧૧ ફરીઆદીના શાહેદીઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૧૫, ૩૬૨—ફરીઆદીએ શાહેદી તરીકે નામ આપેલા દરેક માણસ ઉપર સમન કાઢવાને માજીસ્ટ્રેટ બંધાએલો નથી. ક્રીમીનલ પ્રોસીજ ર કોડની કલમ ૨૧૫ નો ખુલાસો ૩ જો, તે કોડની કલમ ૩૬૨ જેમાં માજીસ્ટ્રેટની મરજી મુજબ અધીકાર આપેલો છે તેની સાથે વાંચ વો જોઇએ. જેલધારીસીંધ અને બીજો, વિ૦ શંકરદોયલ વિગેરે, ૨૩ વિ. રી. ૯.

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ જ ડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ડીસંબર સને ૧૮૭૪).

૧૨ ફરીઆદીના શાહેદીઓ—તપાસ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭—ફરીઆદી તરફના સઘળા શાહેદીઓ તપાસ્યા સીવાય માજીસ્ટ્રેટ તોહોમ તદાર ગુન્હેગાર નથી એવું ઠરાવે તો તે ઈનસા ફી મુકરદમાની મોટી ભુલ ગણાય છે અનેતે થી કેસ સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની ક લમ ૨૯૭ માં આવી જાય છે. શ્રીનાથ મંડ લ વિરૂદ્ધ શ્રીરામ રજપુત અને રસીક ગોપ, ૨૪ વિ. રી. ૬૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂ બરૂ, તા૦ ૯ મી નવંબર સને ૧૮૭૫.)

ગંગુર્સીધની બાબતમાં નજર રાખવા માં આવી, ૨ ક. લો. રી. ૩૮૯. જુઓ જુ ઠુ તોહોમત ૨૬.

બ્રમાનંદ ભટાચારજીની બાબતમાં નજર રાખવામાં આવી, ૮ ક. લો. રી. ૨૩૩. જુ એ જુઠુ તોહોમત ૩૧.

૧૩ ફરીઆદીના શાહેદીઓ—તોહોમ તદારને છોડી મુકતાં પેહેલાં સઘળાની જુબા નીઓ લેવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રી મીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ તોહોમ તદારને છોડી મુકતાં પેહેલાં સઘળા શાહેદીઓ ને તપાસવાને માજીસ્ટ્રેટ બંધાયેલો છે, અનેતે ઓ પ્રથમ તપાસેલા ફરીઆદીના શાહેદીઓના જેવી જુબાનીઓ આપશે એજ કારણ ઉપર થી તેઓની જુબાનીઓ લેવાતું ના કહી શ કાય નહી. જોહારડી શેખ વિ૦ હેમા ટુલા, ઈ. લો. રી, ૩ ક. ૩૮૯.

(મેસર્સ જેકશન અને કર્નીગહામ જડ જોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮.)

રાણી વિ૦ કાશીના કેસમાં આધાર રા ખવામાં આવ્યો, ઈ. લો. રી. ૨ અ. ૪૪૭. જુઓ ફરીયાદી તરફના શાહેદીઓ ૧૪.

૧૪ ફરીઆદીના શાહેદીઓ—તોહો મતદારને છોડી મુકતાં પેહેલાં સઘળાઓને ત પાસવા તે—સઘળા શાહેદીઓ લીધા સીવાય તોહોમતદારને છોડી મુકવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ તોહોમતદારને છોડી મુકવાનો હુકમ ક રતાં પેહેલાં ફરીઆદીએ નામ આપેલા સઘ ળા શાહેદીઓને તે કલમ મુજબ તપાસવાને માજીસ્ટ્રેટ બંધાયેલો છે. રાણી વિ૦ હીમ ટુ લાહ, (ઈ. લો. રી. ૮ ક. ૩૮૯) ના કેસ ઉ પર આધાર રાખવામાં આવ્યો. રાણી વિ૦ કાશી, ઈ. લો. ૨ અ. ૪૪૭.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૫ મી સપટંબર સને ૧૮૭૯.)

રાણી વિ૦ હેમ ટુલાના કેસમાં આધા ર રાખવામાં આવે છે. (ઈ. લો. રી. ૩ ક. ૩૮૯. જુઓ ફરીઆદી તરફના શાહેદીઓ ૧૩.

૧૫ ફરઆદીના શાહેદીઓ-તોહોમ તદારની ગેરહાજરીમાં સોગન ઉપર તેઓની જુબાનીઓ લેવી તે—ક્મીટીંગ માજીસ્ટ્રેટની ફ

રજ—શાહેદીની હકીકત—જે માજીસ્ટ્રેટને ફ રીઆદ કરવામાં આવી હતી તે માજીસ્ટ્રેટે તો હોમતદાર ઉપર કાંઈ કેસ સાબીત થાય છે કે નહી તે ફકત જોવાને માટે તેની ગેરહાજરીમાં કેટલાક માણસોની સોગન ઉપર જુબાનીઓ લીધી; પણ આ માણસોએ કહેલી હકીકત તેણે લખી લીધી નોહોતી. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદાર ઉપર કેસ સાબીત થાય છે કે નહી એ સોધી કાઢવાને માટે તેની ગેરહાજરીમાં શાહેદીઓને સોગન ઉપર તપાસવા એ કાયદા વિરૂદ્ધ છે; અને આવી રીતે શાહેદીઓ તપાસ્યાથી તેઓએ બતાવેલી હકીકત લખી લેવાને માજીસ્ટ્રેટ બંધાયેલો નથી, રાણી વિ૰ અશગરહુસેન, ઈ. લો. રી. ૬ ક. ૭૭૪; ૮ ક. લો, રી. ૧૨૪.

(મેસર્સ પોન્ટીફીક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૰ ૧૦ મી માર્ચ સને ૧૮૮૧.)

પીઅરીલાલ વિગેરેના કેસથી આમાં જુદો અભીપ્રાય બતાવવામાં આવે છે, ૪ ક. લો. રી. ૫૦૪. જુઓ પુરાવો ૫૦

૧૬ ફરીયાદી તરફના શાહેદીઓ—શાહેદીઓને પાછા બોલાવવા તે—વખત—ફરીઆદીના શાહેદીઓને પાછા બોલાવવાનો તોહોમતદારનો હક—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૭, ૨૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૧૭ અને ૨૧૮ એકઠી વાંચવાથી એમ માલૂમ પડે છે કે ફરીઆાદીના શાહેદીઓને પાછા બોલાવી તેમની ઉલટસુલટ તપાસ કરવાની તોહોમતદારની મરજી હોય તો તે મરજી, તોહોમતનામું વાંચી સંભળાવી તેનો જવાબ માગવામાં આવે છે, તે વખતે તેણે બતાવવી જોઈએ; અને પછીથી કેસમાં શાહેદીઓને પાછા બોલાવવા તે માજીસ્ટ્રેટની મરજી ઉપર છે પણ તે વિષે તોહોમતદાર હક તરીકે હઠ લેઇ શકે નહી. ફૈઝઅલી વિ૰ ફીરોમડી, ઈ. લો. રી. ૭ ક. ૧૮; ૮ ક. લો. રી. ૩૨૫.

(મેસર્સ પોન્ટીફીક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૰ ૨૯ મી માર્ચ સને ૧૮૮૧.)

૧૭ ફરીઆદી તરફના શાહેદીઓ—બોલાવવાની ફરીઆદીની ફરજ—શાહેદીઓ નહી રજુ કરવાથી અનુમાન કરવું તે—ખોટું સમજાવવું તે—ફરીઆદીના કૃત્યોની સાથે જે શાહેદીઓનો સંબંધ સાબીત થતો હોય અને જે શાહેદીઓ અગત્યની ખબર આપી શકે તેવા હોય તે સઘળા શાહેદીઓને બોલાવવાને ફરીઆદીની ફરજ છે. પુરતુ કારણ "પતાવ્યા સીવાય આ શાહેદીઓને બોલાવવામાં ના આવે તો કોર્ટ ફરીઆદીના વિરૂદ્ધ અનુમાન બાંધી શકે છે. આ શાહેદીઓને બોલાવવામાંથી મુક્ત થવાનું ફરીઆદીને એટલુંજ કારણ છે કે, જો તેઓને બોલાવવામાં આવશે તો તેઓ સાચુ બોલશે નહી, એવું બ્યાજબી રીતે તેણે સાબીત કરી આપવું જોઈએ. આવી રીતનું અનુમાન તોહોમતદારની સામે થઈ શકે નહી. રાણી વિ૰ ધનો કાઝી, ઈ. લો. રી. ૮ ક. ૧૨૧; ૧૦ ક. લો. રી. ૧૫૧.

(મેસર્સ પ્રીન્સેપ અને વીલસન જડજોની રૂબરૂ, તા૰ ૧ અકટોંબર સને ૧૮૮૧).

રાણી વિ૰ હરીચરન ચકરબતીના કેસમાં બાહાલ રાખવામાં આવ્યો ૧૩ ક. લો. રી. ૩૫૮; ઇ. લો. રી. ૧૦ ક. ૧૮૦ જુઓ તપાસ તોહોમતદારની ૧૫.

૧૮ ફરીઆદીના સાહેદીઓ—ફરીઆદીની હાજર રાખવાની ફરજ—ફરીઆદીએ કેટલાક સાહેદીઓને કોર્ટમાં હાજર નહીં રાખ્યાથી સેસન જડજે તેનું એવું કારણ બતાવ્યું કે ફરીઆદી જે પોલીસ અમલદાર હતો તેની મરજી ઉપરાંત કમીટીંગ માજીસ્ટ્રેટે તે સાહેદીઓ લીધા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે સેસન કોર્ટમાં સાહેદીઓ હાજર નહી થયાનું આ કાયદેસર કારણ ગણાતું નથી. ફરીઆદી તરફથી કેસ ચલાવતી વખતે કેસમાં હકીકતથી વાકેફ માલમ પડેલા સઘળા માણસોને કોર્ટની રૂબરૂ હાજર રાખી તેમની જુબાનીઓ લેવરાવવી જોઈએ. રાણી વિ૰ રામ શાહીલાલ ઈ૰ લો. રી. ૧૦ ક. ૧૦૭૦

(મેસર્સ ફીલ્ડ અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૮૪).

૧૯ ફરીઆદીના સાહેદીઓ—સાહેદીઓ બોલાવવાની સરકારી વકીલની ફરજ—સેસન કોર્ટની રજુઆત—સરકાર તરફથી અગત્યના સાહેદીઓ નહીં હાજર થયેલા તે—સેસન કોર્ટમાં રજુઆત ચાલતી વખતે મોકલેલા ફરીઆદી તરફના સઘળા સાહેદીઆને બોલાવી તેમની જુબાનીઓ લેવાની સરકારી વકીલની ફરજ છે, અને જડજ તોહોમતમાં આપેલો સઘળો પુરાવો સાંભળવાને બંધાયેલો છે. સરકારી વકીલ કોઇ એવા સાહેદીઆને બોલાવવાને બંધાયેલો નથી કે જે તેના ધારવા પ્રમાણે સાચુ કહે નહી અથવા તેઓની જુબાનીઓથી પોતે સાબીત કરવાને ધારેલા મુદાઓને મજબુતી મળે નહીં; પણ આવી બાબતમાં તેણે કોર્ટને સમજાવવું જોઇએ કે તે સાહેદીઓને નહી બોલાવવાનું આ કારણ છે, અને તોહોમતદારોની મરજી હોય તો તેણે, ઉલટ સુલટ તપાસ કરવાને માટે, તેઓને પાંજરામાં ઉભા રાખવા જોઇએ. આવી રીતનો ખુલાસો ના થયો હોય અથવા મુકરદમા ઉપરથી બીજા કાંઇ ખુલા કારણો ના મલી આવે તો સાહેદીઓની ગેરહાજરીથી ફરીઆદીના ગેર લાભમાં અનુમાન કરવું જોઈએ. રાણી વિ૦ દુલા ઈં લો. રી. ૭ અ. ૯૦૪.

(મી૦ ટીરલ જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી જુલાઈ સને ૧૮૮૫).

૨૦ ફરીઆદીના સાહેદીઓ—તપાસ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૬, ૨૮૮, ૫૩૭—ગેરશિરસ્તો—સેસન કોર્ટમાં રજુઆત ચાલતી વખતે કેદી તરફથી હાજર થએલા વકીલે કોર્ટને એવી સુચના આપી કે રજુઆત જલદીથી પુરી કરવાને માટે, માજીસ્ટ્રેટની રૂબરૂ ફરીઆદીના શાહેદીઓએ આપેલી કેટલીક જુબાનીઓ કામમાં વાંચી સંભળાવી તે ઉપર શાહેદીઓની ઉલટ સુલટ તપાસ કરવા દેવી જોઈએ. સરકારી વકીલે અને કોર્ટે આ રીત કબુલ કરી. એમ ઠરાવવામાં આવ્યું કે આ રીવાજ કાયદા વિરૂદ્ધ છે પણ આનાથી કંઇ અન્યાય થયેલો માલમ નહીં પડવાથી નવેસરથી રજુઆત ચલાવવાની પરવાનગી આપવી જોઈએ નહીં. રાણી વિ૦ સુબા ઈં. લો. રી, ૯ મ. ૮૩.

(મેસર્સ કરનાન કામચલાઉ ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨ અકટોબર સને ૧૮૮૫).

૨૧ ફરીઆદીના સાહેદીઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૨—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમો ૩૩, ૧૫૭—સાહેદીને ધમકી દેવી તે—માજીસ્ત્રેટની ફરજ—ખુન કરવામાં જે ૭ માણસોના નામ બતાવવામાં આવ્યા હતા તેમાંના પાંચ માણસો સને ૧૮૭૪ ની સાલમાં પકડાયા હતા, અને માજીસ્ત્રેટે તજવીજ કરી અને સેસન કોર્ટે તેઓનું કામ ચલાવી તેમને ગુન્હેગાર ઠરાવ્યા હતા, અને માજીસ્ત્રેટની રૂબરૂ તજવીજ ચાલતી વખતે છઠો તોહોમતદાર નાશી ગયો હતો એવું માજીસ્ત્રેટે લખ્યુ હતું. તે અમલદારની રૂબરૂ તપાસ થતી વખતે સાહેદીઓએ પોતાની જુબાનીઓમાં લખાવ્યું હતું કે નાશી જનાર માણસ તેઓની સાથે જે ગુન્હાની રજુઆત ચાલેછે તે ગુન્હો કરવામાં સામેલ હતો. સેસન કોર્ટમાં કામ ચાલતી વખતે છઠે તોહોમતદાર નાસી ગયોછે એવું સેસન જડજે લખી લીધું નહી પણ તે વખતે રજુઆત ચાલતા કેદીઓની વિરૂદ્ધ ફક્ત પુરાવો લખી લીધો હતો. નાસી જનાર માણસને પકડી આણી તેના ઉપર ખુનનું તોહોમત રાખી તેની રજુઆત સને ૧૮૮૬ ની સાલમાં ચલાવવામાં આવી હતી. તે વખતે પ્રથમના શાહેદીઓમાંના ઘણા ખરા મરી જવાથી સને ૧૮૭૪ ની સાલમાં માજીસ્ત્રેટ અને સેસન જડજ એ બંને કોર્ટમાં તે કેદીની વિરૂદ્ધ આપેલી જુબાનીઓ પુરાવાના આકટની કલમ ૩૩ ઉપર નજર રાખી સેસન જડજે કામમાં દાખલ કરી. સને ૧૮૭૪ ની સાલમાં સેસન કોર્ટમાં જે શાહેદીએ જુબાની આપી હતી તે જીવતા શાહેદી

ની જુબાની પણ તે કામમાં દાખલ કરી. આ શાહેદીએ હમણાં પણ કેદીની વિરૂદ્ધ જુબાની આપી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે અ ગાઉ ચાલેલા કેસમાં કેદી પક્ષકાર નહી હોવાથી અને તે વખતે શાહેદીઓની ઉલટસુલટ તપાસ કરવાની તક તેને નહી મળ્યાથી ઉપર બતાવેલી જુબાનીઓ પુરાવાના આકટની કલમ ૩૩ મુજબ કામમાં દાખલ કરી શકાય નહી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે, જો કે સેસન કોર્ટમાં આપેલી જુબાનીઓ કામના પુરાવામાં લેઈ શકાય નહી તોપણ, સને ૧૮૭૪ ની સાલમાં કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ આપેલી જુબાનીઓ કામની હકીકત જોતાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૨ મુજબ પુરાવામાં લેઇ શકાય છે. મીં૦ સ્ટ્રેઈટ જડજનો મત—સને ૧૮૭૪ ની સાલમાં જીવતા શાહેદીએ આપેલી જુબાની, કેદીની રજુઆત ચાલતી વખતે તેણીએ આપેલી જુબાનીની મજબુતીમાં, ખાસ હકીકત તરીકે પુરાવાના આકટની કલમ ૧૫૭ મુજબ, કામમાં દાખલ કરી શકાય છે. સેસન કોર્ટની રૂબરૂ ઉલટસુલટ તપાસ કરતી વખતે તેણીએ એવું બતાવ્યું કે જ્યારે તે કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થઈ હતી તે વખતે તે અમલદારે તેણીને એવું કહ્યું કે "યાદ કર નહીં તો હું તને કેદમાં મોકલાવીશ." એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટે આવી રીતે કહ્યું હોય તો તે તેના અધીકાર ઉપરાંત હતું રાણી વિરૂદ્ધ ઈશરીસીંઘ, ઈં૦ લો૦ રી૦ ૮ અ૦ ૬૭૨.

(મેસર્સ એજ અને સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૨૧ મી સપટંબર સને ૧૮૮૬).

જુઓ કમીટ કરવું તે ૩૬.

„ પુરાવો ૧૬, ૪૯.

„ ગેરવાજબી બક્ષીસ ૧૫.

„ અવ્યવસ્થા ૪.

ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું—

૧ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું—ફોજદારી કેસો—ફોજદારી કેસમાં અપીલ થયાથી લખેલું જજમેન્ટ ફરીથી તપાસમાં લેવાને માટે અરજી કરી હોય તો તે હાઇ કોર્ટ સાંભળી શકે નહી. કોઈ તાબાની ફોજદારી કોર્ટને પોતાનું જજમેન્ટ ફરીથી તપાસમાં લેવાનો અધીકાર નથી. રાણી વિ૦ ગોડાઇ રાઉટ, ૫ વિ૦ રી૦ ૬૧; બેં૦ લો૦ રી૦ વો૦ ૪૩૬.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, ટ્રેવોર, સેટનકાર, જેકશન અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮

બંગાલા સરકાર વિરૂદ્ધ મીર સર[illegible] જાનના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો, ૧૮ વિ. રી. ૩૩; ૯ બેં. લો. રી. ૭૪૨. જુઓ નાસી જનાર ગુન્હેગાર ૬.

ક્રીષનોચરન અને આસામનો મે[illegible]મના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૧૭ વિ૦ રી૦ ૨. જુઓ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું ૫.

રાણી વિરૂદ્ધ પરશોરામદાસનો કેસ રદ થઈ જાય છે, ૩ વિ. રી. ૪૫. જુઓ આબરૂ લેવી તે ૫. (આ કેસમાં કોર્ટે પોતાનું જજમેન્ટ ફરીથી ધ્યાનમાં લીધું).

રાણી વિ૦ દુરગાચરનના કેસમાં નજર રાખવામાં આવી, ઈં૦ લો૦ રી૦ ૭ અ. ૬૭૨. જુઓ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું ૬.

૨ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું—ફોજદારી કેસો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૦૪, ૪૦૫, ૪૩૯—સને ૧૮૭૩ નો રેગ્યુલેશન ૯ મો કલમ ૭૩—સને ૧૮૭૦ નો રેગ્યુલેશન ૧૪ મો કલમો ૩, ૪—સને ૧૮૬૨ નો આકટ ૧૭ મો—અપીલ થયાથી ફોજદારી કેસમાં હાઈ કોર્ટે પોતે લખેલો ઠરાવ ફરીથી તે કોર્ટ ધ્યાનમાં લેઈ શકે નહી. રાણી વિ૦ ગોડાઈરાઉટ, બેં. લો. રી. વો. ૪૩૬; ૫ વિ. રી. ૬૧.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, ટ્રેવોર, સેટનકાર, જેકશન અને મેકફરસન જડજોની

રૂબરૂ, તા૦ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૬૬).

રાણી વિ૦ પરસોરામદાસનો કેસ રદ થઈ જાય છે, ૩ વિ. રી. ૪૫. જુઓ આબરૂ લેવી તે ૫.

બંગાલા સરકાર વિ૦ મીર સરવારજાનના કેસમાં નજર રાખવામાં આવી, ૯ બેં. લો. રી. ૩૪૨; ૧૮ વિ. રી. ૩૩. જુઓ નાસી જનાર ગુન્હેગાર ૬.

૩ ફરીથી તપાસમાંલેવું જજમેન્ટનુ—ફોજદારી કેસો—ફોજદારી કેસમાં કરેલો હુકમ ફરીથી ધ્યાનમાં લેવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડમાં કાંઈ લખાણ નથી. રાણી વિ૦ મેહેતારજી ગોપાળજી, ૭ મું. હા. કો. રી. ૬૭.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી સપટંબર સને ૧૮૭૦.)

રાણી વિ૦ મહમદ યાશીનના કેસમાં નજર રાખવામાં આવી, ઈં. લો. રી. ૪ મું. ૧૦૧. જુઓ નિચેના કોર્ટના ફેંસલા વિરૂદ્ધ ઉપલી કોર્ટને કરેલી અરજી. ૪૮.

૪ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું કાંઈ લખાણ નથી તે—જજમેન્ટ ફરીથી તપાસમાં લેવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડમાં કાંઇ લખાણ નથી. રાણી વિ૦ ટીલોકચંદ, ૩ વા. દી. પ્રાં. ૨૭૩.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી અગષ્ટ સને ૧૮૭૧.

જુઓ રાણી વિ૦ મેહેતારજી ગોપાળજી, ૭ મું. હા. કો. રી. ૬૭. જુઓ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું ૩.

જુઓ રાણી વિ૦ ટીલોકચંદ અને બીજો, ૩ વા. દી. પ્રાં. ૨૭૩. જુઓ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું ૪.

જુઓ ક્રીષનોચરન અને આસામનો મોહેરામ, ૧૭ વિ. રી. ૨ જુઓ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનુ ૫.

૫ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું—ફોજદારી કેસો - ફુલબેન્ચે (૫ વિ. રી. ક્રી. ૬૧) ના કેસમાં ઠરાવ કર્યા પ્રમાણે ફોજદારી કેસોમાં કોઈ કોર્ટને પોતાનું જજમેન્ટ ફરીથી તપાસમાં લેવાનો અધીકાર નથી. ક્રીષનોચરન અને આસામનો મોહેરામ, ૧૭ વિ. રી. ૨.

(મી૦ એન્સલી જડજની રૂબરૂ, તા૦ ૪ થી જાનેવારી સને ૧૮૭૨.)

રાણી વિ૦ ગોડાઈશાઉટના કેસમાં આધાર રાખવામાં આવે છે. ૫ (વિ. રી. ૬૧; બેં. લો. રી. વો. ૪૩૬. જુઓ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનુ ૧.

૬ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું—ફોજદારી કેસો સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬૯ —તપાસમાં લેવાને તોહોમતદારે કરેલી અરજી કાઢી નાખવાનો હુકમ ફરીથી ધ્યાનમાં લેવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૯ મુજબ હાઈ કોર્ટને અધીકાર નથી, પણ તેનો ઈલાજ એ છે કે સ્થાનીક સરકારને આપેલા વિશેષાધિકાર પ્રમાણે અપીલ કરવી જોઈએ. મી૦ બોષર્ટ જડજનો મત—શીવીલ પ્રોસીજર કોડમાં બતાવ્યા પ્રમાણે દીવાની કેસોમાં જેવી સ્પષ્ટ રીતે હાઈ કોર્ટને પોતાના જજમેન્ટો ફરીથી ધ્યાનમાં લેવાને અધીકાર આપેલો છે તેવો અધીકાર ફોજદારી કેસોમાં સ્પષ્ટ રીતે હાઈ કોર્ટને આપેલો નથી; અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૯ નું લખાણ જે હાઇ કોર્ટને લાગુ પડે છે તે ફક્ત મુળની ફોજદારી હકુમતમાં કાયદા સંબંધી ઉઠેલા સવાલોને લાગુ પડે છે જે સવાલો અનામત રાખી મુકવામાં આવેછે અને પછીથી તેમનું નિરાકરણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ અને વાલ્ય દિશાની હાઇ કોર્ટના લેટર્સ પેટન્ટ આકટની કલમો ૧૮ અને ૧૯ મુજબ કરવામાં આવે છે. રાણી વિ૦ ગોડાઈશાઉટ. (૫ વિ. રી. ૬૧; બેં. લો. રી. વો. ૪૩૬) ના કેસ ઉપર નજર રાખવામાં આવી હતી. રાણી વિ૦ દુરગાચરન, ઈં. લો. રી. ૭ અ. ૬૭૨.

મેસર્સ પેથેરામ ચીફ જસ્ટીસ અને બોધર્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી અપ્રિલ સને ૧૮૮૫).

રાણી વિ. સી. પી. ફ્રાક્ષના કેસમાં આ ધાર રાખવામાં આવ્યો. ઈ લે. રી. ૧૦ મું ૧૭૬ જુઓ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટ નું ૭.

૭ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટનું—તપાસવાનો અધીકાર—હાઈ કોર્ટ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૩૬૯, ૪૩૯—તપાસમાં આવેલા કોઇ ફોજદારી કેસમાં કરેલો પોતાનો ઠરાવ ફરીથી ધ્યાનમાં લેવાને હાઇ કોર્ટની ડીવીઝન બેન્ચનો સને ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૪૩૯ મુજબ કાંઈ અધીકાર નથી. રાણી વિ. દુરગાચરન (ઈ૦ લો૦ રી૦ ૭ અ, ૬૭૨) ના કેસનો આધાર લેવામાં આવ્યો. રાણી વિ. સી. પી. ફ્રાક્ષ ઈ. લો. રી. ૧૦ મું. ૧૭૬.

(મેસર્સ સારજન્ટ ચીફ જસ્ટીસ ના નાભાઇ હરીદાસ અને બર્ડવુડ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અકટોબર સને ૧૮૮૫).

રાણી વિ૦ દુરગાચરનના કેસનો આધાર લેવામાં આવે છે ઈ૦ લો૦ રી૦ ૭ મ. ૬૭૨ જુઓ ફરીથી તપાસમાં લેવું જજમેન્ટ નું ૬.

જુઓ લોકોપકારક કૃત્ય ૪.

ફરીથી તપાસમાં લેવું હાઇ કોર્ટના જજમેન્ટનું—

ફરીથી તપાસમાં લેવું હાઈ કોર્ટના જજમેન્ટનું—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬૯—કોઇ ફોજદારી કેસમાં સજા સાથે હાઈ કોર્ટની ડીવીઝન બેન્ચે આપેલો ફેંસલો અને જજમેન્ટ તદન છેવટનું ગણાય છે અને હાઇ કોર્ટના જડજોની તેના ઉપર સહી થઈ જેવું તે આપવામાં આવે છે કે તરતજ હાઈ કોર્ટની ફરજ પુરી થઈ જાય છે અને તે કોર્ટ અથવા કોઈપણ બેન્ચ તે ઠરાવની અંદર કોઈપણ રીતે દરમીઆન થઈ શકે નહીં અથવા તેને ફરીથી તપાસમાં પણ લેઈ શકે નહીં. એફ. ડબલ્યુ. ગીબન્સની અરજીની બાબત ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૪૨.

(મેસર્સ સર. ડબલ્યુ કોમર પેથેરામ ના ચીફ જસ્ટીસ, મીતર, વીલસન, મેકફરસન અને ગ્રાન્ટ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી સપટંબર સને ૧૮૮૬).

ફરીથી રજુઆત ચલાવવી તે—

૧ ફરીથી રજુઆત ચલાવવી તે—તોહોમતદારની ગેરહાજરીમાં ફરી તપાસમાં લેવું કાયદા વિરૂદ્ધ છે તે—તોહોમતદારને ફરીથી પકડી મંગાવવાનો હાઈ કોર્ટનો અધીકાર—હુકમ માન્ય કરવાની સેસન જડજની ફરજ—ચોરી થએલા કેસમાં કાયદાની બાબત ઉપરથી સેસન જડજે અપીલમાં કેસના ગુણો વિષે તજવીજ કર્યા સીવાય પોતાની ઈંગ્રેજી કાયદાની માહીતીથી માજીસ્ત્રેટે ઠરાવેલો ગુન્હો રદ કર્યો. સેસન જડજનો ઠરાવ કાયદાની બાબત જોતાં વિરૂદ્ધ હતો એવું કારણ બતાવી માજીસ્ત્રેટનો સેસન જડજે રદ કરેલો ઠરાવ હાઈ કોર્ટે ફેરવ્યો, અને તોહોમતદારને ફરીથી પકડી મંગાવી અપીલ ચલાવવાનો હુકમ કર્યો. તોહોમતદારની ગેરહાજરીમાં તેને ફરીથી પકડી મંગાવી અપીલ ચલાવવાનો હુકમ કરવનો હાઈ કોર્ટને અખતીઆર નથી એવું સેસન જડજે ધારી તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારની ગેરહાજરીમાં ફરીથી રજુઆત ચલાવવીકાયદા વિરૂદ્ધ છે; તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવાને બદલે તેને ગુન્હેગાર ઠરાવ્યો હોત તો કેસ ફરીથી ચલાવવો પડત; પણ ગુન્હેગાર ઠરે તેવો કામમાં પુરાવો નથી એવું સેસન જડજે પોતે મત આપ્યાથી તેની રૂબરૂ ફરીથી કેસ ચલાવવાનો હુકમ કરવો તે નકામો છે; તોહોમતદારને ફરીથી પકડી મંગાવવાનો હુકમ કરવાનો હાઈ કોર્ટને અધીકાર હતો એટલુંજ નહી પણ તે હુકમ વ્યાજબી રીતે કરેલો હતો; અને હુકમ માન્ય કરવાને સેસન જડજ બંધાએલો હતો, અને તે પ્રમાણે નહી ચાલવાને માટે અને જે રીત પ્રમાણે તે ચાલ્યો તેને માટે તે ઘણા ઠપકાને લાયક છે. રાણી વિ૦ મહારી ચોકીદાર, ૩ વિ. રી. ૪.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી એપ્રિલ સને ૧૮૬૫).

૨ ફરીથી રજુઆત ચલાવવી તે—હુકમ કરવાનો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—ક્રીમીનલ પ્રોસીજર કોડના શેડયુલ ના ૭ મા કલોઝમાં બતાવેલો સેસન કોર્ટ અથવા ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ તજવીજ ના ચલાવી શકે તેવો ગુન્હો કર્યાને માટે સબાર ડીનેટ માજીસ્ટ્રેટે કોઈ માણસને છોડી મુકયો હોય તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ ફરીથી રજુઆત ચલાવવાનો હુકમ કરવાનો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને અખતીયાર નથી. રાણી વિ૦ સુબાના બીન ગનુ ૯ મું. હા. કો. રી. ૧૬૯.

(મેસર્સ બેલી અને કેમબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી મે સને ૧૮૭૨).

૩ ફરીથી રજુઆત ચલાવવી તે—હુકમ કરવાનું જડજની મરજી ઉપર છે તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમે ૪૯૭, ૪૯૮—લગ્ન બરોબર રીતે સાબીત નહી થએલું તે—તોહોમતદારને છોડી મુકવું તે ફરીથી રજુઆત ચલાવવાનો હુકમ કરવો તે —ફરીથી રજુઆતમાં સ્ત્રીની જુબાની લેવાનો હુકમ કરવો તે - બદકામ કરવા માટે પરણેલી સ્ત્રીને ફોસલાવવું અને છીનાળુ કરવું એ બંને કેસોની તજવીજ ચાલતી વખતે ફરીઆદીએ લગ્ન વિષે પોતાની સ્ત્રીની જુબાની લેવાનું ના પાડ્યું; ડેપ્યુટી માજીસ્ટ્રેટે તોહોમતનામું ઘડવાની ના પાડી અને તોહોમતદારને છોડી મુકયો. સેસન જડજે લગ્ન સબધી સ્ત્રીની જુબાની લેવાનો હુકમ કરી કેસ ફરીથી ચલાવવાને માટે બીજા માજીસ્ટ્રેટ તરફ મોકલવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે, ફરીઆદી લગ્ન સાબીત કરી શકયો નોહોતો એવું સેસન જડજે કબુલ કર્યુ હતું, અને ફરીઆદીએ પુરાવો રજુ કરેલો ડેપ્યુટી માજીસ્ટ્રેટે લીધો નોહોતો એવી કામમાં તકરાર નહી હોવાથી, ફરીથી રજુઆત ચલાવવાનો હુકમ સેસન જડજે પુખ્ત વિચારથી કર્યો નોહોતો. ચંદરનાથ ઘોસ વિરૂદ્ધ નંદોલાલ ચતરજી, ઈં. લો. રી. ૧૧ ક. ૮૧.

(મેસર્સ પ્રીનસેપ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી નવંબર સને ૧૮૮૪).

જુઓ છુટકો ૨૪, ૨૫.
„ વધારે તજવીજ ૨, ૩.
„ જુઠો લેખ ૨૯.
„ સરકારી નોકર ૭.
„ તપાસણી ૧૫.
„ સજા ૫૫.

ફરીથી તપાસને માટે હુકમ કરવો તે—

ફરીથી તપાસને માટે હુકમ કરવો તે—સને ૧૮૬૯ નો ૮ મો કલમ ૪૨૨ અને સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૨—અપેલેટ કોર્ટનો અધીકાર—વધુ પુરાવો લેઇ તેનો રીપોર્ટ અપેલેટ કોર્ટમાં કરવાને માટેજ ફક્ત સને ૧૮૬૯ ના આકટ ૮ માની કલમ ૪૨૨ મુજબ ફરીથી તપાસને માટે કેસ પાછો મોકલવાનો હુકમ થઈ શકે છે, પણ આવી રીતે નવા પુરાવા ઉપરથી કેસની ફરીથી રજુઆત ચલાવવાને માટે ફરીથી તપાસનો હુકમ થઈ શકે નહી. આ કલમ મુજબ ફરીથી તપાસને માટે હુકમ થયા પછી સાધારણ અપીલ તરીકે અપીલ કોર્ટ કેસની રજુઆત ચલાવી શકે છે પણ સજા વધારી શકે નહી. નનામો કેસ, ૩ બેં. લો. રી. ક્રી. અ. ૬૨.

(મેસર્સ ગ્લોવર અને ગીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી અગષ્ટ સને ૧૮૬૯).

જુઓ જામીન ૫.
„ અટકાવ તોહોમતદારનો.
„ છુટકો ૧૧, ૧૯, ૩૧.
„ પુરાવો ૪૭, ૬૩.
„ તપાસણી ૮.

ફરીથી સાંભળવું તે—

જુઓ માંડી વાળવું ફરીઆદનું ૨૩.

ફરેલો—
જુઓ સંક્ષેપમાં તપાસ ૧૮.
,, બદલી માજીસ્ટ્રેટની.

ફલાતુ સિપાઇ—
જુઓ ગેરવાજબી બક્ષીસ ૧૦.

ફીતુરનો આકટ—
ફીતુરનો સને ૧૮૭૮ નો ૧૧ મો આકટ કલમ ૧૦૧—દિવાની કોર્ટની હકુમત—ઈંગ્રેજી સિપાઈએ કરેલો ગુન્હો—દિવાની અદાલતોની ઠરાવેલી હદમાં ઈંગ્રેજી સિપાઈઓએ ગુન્હો કર્યો હોય તો તેઓના ઉપર કામ ચલાવવાની તે અદાલતોની હકુમત ફીતુરના આકટની કલમ ૧૦૧ મુજબ જતી રેહેતી નથી, તેમજ તે હકુમત બજાવતાં પેહેલાં કમાન્ડર ઇન ચીફની મંજુરી મેળવવાની પણ કાંઈ જરૂર નથી. લસ્કર સબંધી રજુઆત ચલાવવાને માટે કલમમાં ફક્ત છુટ આપેલી છે. રાણી વિરૂદ્ધ મેગ્વીર, ઈં. લો. રી. ૫ ક. ૧૨૪; ૪ ક. લો. રી. ૪૭૨.

(મેસર્સ મોરીસ અને વાઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી મે સને ૧૮૭૯).

ફેરફાર તોહોમતનો—
જુઓ તોહોમત ૨, ૩૦, ૪૦.

ફેરફાર ગુન્હાનો—
ફેરફાર ગુન્હાનો—સજામાં સુધારો કરવો તે—ફરીથી રજુઆત ચલાવવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨—આસીસ્ટન્ટ જડજે "ડાકાઇટી" ને માટે ગુન્હેગાર ઠરાવેલો તે ફેરવીને સેસન જડજે "અપહરણ" નો ગુન્હેગાર ઠરાવવાને હુકમ કર્યો તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨ ના અર્થ મુજબ કરેલો હુકમ અથવા સજામાં સુધારો કરેલો નહી હોવાથી, કાયદા વિરૂદ્ધ ઠરાવવામાં આવ્યો હતો. વળી વધારે એમ પણ ઠરાવવામાં આવ્યું કે સેસન જડજના ધારવા પ્રમાણે તોહોમતદારને ગેરવાજબી રીતે "ડાકાઈટી" ના ગુન્હાને માટે છોડી મુકવામાં આવ્યો હોય તો તેણે સજા મંજુર કરવી જોઈતી નોહોતી અને "અપહરણ" નું તોહોમત રાખી રજુઆત ચલાવવાનો હુકમ કરવો જોઈતો નોહોતો. રાણી વિ૦ જોઓયો મીસીટ વિગેરે, ૫ મું. હા. કો. રી. ૨૨.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૬૮).

ફેરફાર કરવો દસ્તાવેજમાં—
જુઓ જુઠો લેખ ૪૬.

ફેરફાર કરવો પોલીસની રોજની નોંધમાં—
જુઓ જુઠો લેખ ૩૦.

ફેરવેલી સજા—
જુઓ સજા ૫૯.

ફોજદારી મુકરદમાઓ—
માં ગેરશિરસ્તો. જુઓ અવ્યવસ્થા ૭૮

બ.

બખેડો—
૧ બખેડો—જમીન સંબંધી—બચાવ કરનાર પક્ષકારને સજા—જમીન સંબંધી બખેડામાં એક ટોળી પેહેલો હુમલો કરનારી હતી અને બીજી ટોળીનો કાયદેસર મીલકતનો બચાવ કરવામાં પીનલકોડની કલમ ૧૦૪ નો લાભ લેવાનો હક હતો. એમ ઠરાવવામાં આવ્યું કે બીજી ટોળીને એક વર્ષની સજા યોગ્ય હતી. રાણી વિ૦ શંકરસીંધ વિગેરે, ૧ વિ. રી. ૩૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ ડીસેંબર સને ૧૮૬૪)

૨ બખેડો—સને ૧૮૨૮ ના રેગ્યુલેશન ૬ મુજબ ખુન સાથે બખેડો થયેલો તે—સને ૧૮૨૮ ના રેગ્યુલેશન ૬ મુજબ ખુન થયેલા બખેડાના કેસમાં સખત મજુરી શાથે કેદની સજા કરેલી કાયદા વિરૂદ્ધ ગણી રદ કરી અનેતે ફેરવીને આસાન કેદની સજા કરી. રાણી વિ૦ કોમારૂડી ભુયા ૧ વિ. રી. ૪૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસેંબર સને ૧૮૬૪.)

૩ બખેડો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૦—જુદી રજુઆત—બ

ખેડા અથવા સામ સામેની ટોળીઓની લઢાઈ માંથી ઉત્પન્ન થએલી રજુઆતમાં દરેક ટોળીના અંગભુતોની જુદી રજુઆત ચલાવવી જોઈએ. યોગ્ય લાગે તો તે વખતે દરેક ટોળીના અંગભુતોની જુબાનીઓ સોગન ઉપર લેવી જોઈએ અને તેમના સામાવાળીઆ સામે પુરાવામાં દાખલ કરવી જોઈએ; પણ તેઓ પોતે સપડાઇ જાય એવા કારણ ઉપરથી તેઓ જુબાનીઓ ના આપે તો તેઓને જુબાનીઓ આપવાની ફરજ પાડી શકાય નહી. રાણી વિ૰ મહમદ હુસેન, ૧ વા. દી. પ્રાં ૨૯૩.

(મેસર્સ ટરનર અને પીઅરસન જડજોની રૂબરૂ, તા૰ ૨ જી એપ્રીલ સને ૧૮૬૯.)

જુઓ તોડવો હુકમ સરકારી નોકરનો ૩, ૮.

,, જ્યુરી ૧૦૮.

,, ખુન ૪૦, ૬૧, ૬૭.

,, લોકોપકારક કૃત્ય ૪૬, ૪૯, ૫૪, ૫૭, ૯૬.

,, હંગામો ૭.

,, સજા ૫૨.

,, ગેરકાયદેસર મંડળી ૧૦, ૧૩, ૧૮.

બચાવમાં જવાબ આપવો તે—

૧ બચાવમાં જવાબ આપવો તે—દંડ-રાખેલા તોહોમતને માટે પક્ષકારનો જવાબ લીધા સીવાય દંડ લેવાનો હુકમ કરેલો રદ કરવામાં આવ્યો. રાણી વિ૰ પીરેશ નારાયણુ રાય વિગેરે, ૨ વિ. રી. ૫૮.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૧૦ મી એપ્રીલ સને ૧૮૬૫.)

૨ બચાવમાં જવાબ આપવો તે—સજા—જવાબ માગ્યા સીવાય કોઇ સ્ત્રીને કેદની સજા કરેલી કાયદા વિરૂદ્ધ ગણી રદ કરવામાં આવી. બામબોઈસ્ટોબી અરજદાર, ૬ વિ. રી. ૧૭.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૰ ૩૦ મી જુન સને ૧૮૬૬.)

૩ બચાવમાં જવાબ આપવો તે—કેદીનો હક—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૭ મુજબ માજીસ્ટ્રેટે ચલાવેલા મુકરદમાઓ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૭ મુજબ આસીસ્ટંટ માજીસ્ટ્રેટના કામના કાગળો માજીસ્ટ્રેટને મોકલવામાં આવ્યા હોય તો ઉપલી કલમ મુજબ માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થઇ પોતાના બચાવમાં જવાબ આપવાનો કેદીનો હક છે. રાણી વિ૰ ગણેશ સરકાર, ૭ વિ. રી. ૩૮.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૰ ૬ ઠી માર્ચ સને ૧૮૬૭.)

૪ બચાવમાં જવાબ આપવો તે—લખવામાં ભુલ થયેલી તે—જે માજીસ્ટ્રેટે કેદીને ગુન્હેગાર ઠરાવ્યો તે માજીસ્ટ્રેટે તેણે આપેલો પુરેપુરો જવાબ લખી લીધો નોહોતો એવું કેદીએ બતાવ્યું હોય અને તેને બીજી કોઈ રીતે પુરાવાથી મજબુતી ના મળે તો ફક્ત કેદીએ આવી રીતે બતાવેલી હકીકત ઉપરથી હાઈ કોર્ટ દરમીયાન થઈ શકે નહી. દુખુલુલ હુસેન વિ૰ નીરબાસીંઘ, ૮ વિ. રી. ૫૭.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૰ ૩ જી અગષ્ટ ૧૮૬૭.)

૫ બચાવમાં જવાબ આપવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૭૨—ફરીઆદી તરફનો કેસ પુરો થયા પછી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૨ મુજબ તોહોમતદારને જવાબ આપવાને અને પુરાવો રજુ કરવાને બોલાવવો જોઇએ. કેદીએ પોતાના બચાવમાં જવાબ આપ્યા પછી ફરીઆદી તરફના એક શાહેદીને પાછો બોલાવવામાં આવ્યો હતો, અને તે શાહેદીએ આપેલી જુબાનીના સંબંધમાં કેદીને પુરાવો રજુ કરવાની તક નહી આપ્યાથી હાઈ કોર્ટે ગુન્હો રદ કરી કામની રજુઆત નવેસરથી ચલાવવાનો હુકમ કર્યો. રાણી વિ૰ અસનઉલ્લાહ, ૧૩ વિ. રી. ૧૫; ૬ બેં. લો. રી. ૬૯૩ ન.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૰ ૧૨ મી જાનેવારી સને ૧૮૭૦).

શીઓ ગોલામદાસના કેસથી જુદો અ ભીપ્રાય લેવામાં આવ્યો. ૬ બેં૦ હો૦ રી૦ ૬૯૨ ન. જુઓ રજીસ્ટ્રેશન ૩.

જુઓ છુટકો ૨, ૪૨,

બજાર—

જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૪૪.

બજાવણી દિવાની કોર્ટના પ્રોસેસની—

બજાવણી દિવાની કોર્ટના પ્રોસેસની—બેલીફે બળ વાપરેલુ તે—કોઇ હુકમનામાના દે ણદારની જંગમ મીલકત ઉપર પ્રોસેસ બજા વતી વખતે દિવાની કોર્ટના બેલીફને, જોર જુ લમથી દરવાજો અથવા બારણુ ભાગી નાખી ઉઘાડવાનો અધીકાર નથી. જોન એનડરસન વિ૦ જે. મેકવીન, ૭ વી. રી. ૧૨

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૬૭.)

જુઓ સજા ૬૩.

બજાવણી રેવન્યુ કોર્ટના પ્રોસેસની—

જુઓ કેદમાંથી નાસી જવું તે ૧૦.

બદદાનત—

" બદદાનતથી "—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૭૨, ૨૮૩, ૪૪૩—નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમ સામે અપીલ થએલી તે તોહોમતના મામાં અને ગુન્હેગાર ઠરાવેલા દફતરમાં "બ દદાનતથી" એ શબ્દો લખવા રહી ગએલા તે—તોહોમતનામામાં અને ગુન્હેગાર ઠરાવેલા કામના દફતરમાં " બદદાનતથી " એ શબ્દો લખવા રહી ગયા હોય અને તોહોમતદાર ઉ પર કઈ જાતના ગુન્હાનું તોહોમત રાખવા માં આવ્યું છે એ સ્પષ્ટ રીતે તે સમજ્યો હોય અને તેથી તેના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને કાંઈ નુકશાન ના થયું હોય તો તેથી કાંઈ ગુન્હો અને સજા રદ કરવાનું કારણ નથી. મા જીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવી કરેલી સજા સેસન જ ડજે રદ કરેલી તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૨ મુજબ સ્થાનીક સરકારની અપીલ ઉપરથી હાઈ કોર્ટે બાહાલ રાખી. રાણી વિ૦ રખમા, ૧૦ મું, હા. કો. રી. ૩૭૩.

(મેસર્સ મેલવીલ અને નાનાભાઈ હરી દાસ જડજોની રૂબરૂ, તા૦ ૪ સપટંબર સને ૧૮૭૩).

જુઓ જુદો લેખ ૪૬, ૫૦, ૫૧, ૫૨.

બદદાનતથી ચોરીની મીલકત લેવી તે—

જુઓ અપહરણ ૧.

,, જુદા તોહોમતો ૨,

,, કેટલાક ગુન્હાઓ ૫,

,, ચોરીની મીલકત.

,, ફટકા મારવા તે ૨૭.

બદદાનતનો ઠરાવ

જુઓ ચોરી ૭.

બદલી માજીસ્ટ્રેટની—

૧ બદલી માજીસ્ટ્રેટની—બદલી થયેલા માજીસ્ટ્રેટનો અધીકાર—સંક્ષેપમાં હકુમત—સ ને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કો ડ કલમો ૨૨૨—ફરલો—કામરૂપના આસી સ્ટન્ટ કમીશનર મી૦ કારનેગીએ સને ૧૮૭૨ ના ૧૦ માની કલમ ૨૨૨ મુજબ સંક્ષેપ માં તપાસ ચલાવી અરજદારને ગુન્હેગાર ઠરા વ્યો હતો. સને ૧૮૭૨ ની સાલમાં આ અમ લદાર પાસે સીબસોગર ડીસ્ટ્રીકટના જોરહાટ ભાગનો ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટનો ચાર્જ અને તે આકટની કલમ ૨૨૨ મુજબ અધીકાર હ તો. સને ૧૮૭૪ ની સાલમાં તે ફરલો ઉપર ઈંગ્લાંડ ગયો અને સને ૧૮૭૫ ની સાલમાં પાછા આવ્યા પછી તેને જગ્યા કામરૂપ ડી સ્ટ્રીકટમાં મળી હતી અને ફર્સ્ટ કલાસ મા જીસ્ટ્રેટનો અધીકાર મળ્યો હતો. એમ ઠરાવવા માં આવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૬ લાગુ પડતી નથી તેથી મી૦ કારનેગીને સંક્ષેપમાં તજવીજ ચલાવવા નો અધીકાર કામરૂપમાં નોહોતો. મી૦ માર્કબાય જડજનો મત—જે શબ્દોથી સરકારે મી૦ કારનેગીને અધીકાર આપ્યો હતો તે શબ્દો અમલમાં હતા, અને સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૬ ના અર્થ મુજબ તે હકુમત સીબસોગર સીવાય બીજે કાંઈ તેણે ચલાવવી જોઇએ નહી. મી૦ મીતર જડજનો મત—કા

મરપમાં મી૦ કારનેગીની જે નિમણુક થઈ હતી તે પેહેલાંની સીબસોગરની જગા કરતાં વધારે ઊંચા દરજ્જાની નોહોતી તેમજ બરોબર નોહોતી. મી૦ માર્કબાય જડજનો સવાલ—ફરલો ઉપરથી પાછા આવ્યા પછી મી૦ કારનેગીને કામરપમાં જગો આપી તે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૬ મુજબ બદલી ગણી શકાય? પરશુરામ બોઃઆહની બાબતમાં, ઈ. લો. રી. ૨ ક. ૧૧૭; ૨૫ વિ. રી. ૫૨.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુન સને ૧૮૭૬.)

૨ બદલી માજીસ્ટ્રેટની—રજુઆત ચલાવતી વખતે—રજુઆત પુરી કરવાનો અધીકાર—સ્થાનીક સરકારના હુકમથી મી૦ એમ. નામના માજીસ્ટ્રેટને મીરત ડીસ્ત્રીકટમાં જોઈંટ માજીસ્ટ્રેટના ઓદ્ધાથી ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ નિમ્યો હતો. પછીથી મી૦ એફની ગેરહાજરીમાં બીજો હુકમ થતાં સુધી તેને કામચલાઉ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ નિમ્યો હતો. આવી રીતે કામ કરતો હતો, તે વખતે તા૦ ૧૦ મી જુલાઈ સને ૧૮૮૦ ના સરકારી જાહેર નામાથી ગોરાખપુરના કામચલાઉ કલેકટર અને માજીસ્ટ્રેટ તરીકે "મી૦ એફને ચાર્જ સોંપ્યા પછી" તેની નિમનોક થઈ હતી તા૦ ૨૩ મી જુલાઈ સને ૧૮૮૦ ને રોજ સાંજના મી૦ એફે તેની પાસેથી ચારજ સંભાળી લીધો હતો; અને મીરતના કામચલાઉ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ તરીકે તેણે જે ફોજદારી કેસ ચલાવ્યો હતો તે કેસ મી૦ એફના મોંના હુકમથી તેણે તે સાંજે પુરો કરવાનું શરૂ કર્યું. આ કેસનો સઘળો પુરાવો લખી લીધો હતો અને ફકત ઠરાવ આપવાનો બાકી રાખ્યો હતો. તે ઉપરથી મી૦ એમે આ કેસમાં ઠરાવ કર્યો અને તોહોમતદારોને જુદી જુદી મુદતની કેદની સજા પણ કરી. મી૦ સ્પેંકી જડજ વિરૂદ્ધ પડીને એમ ઠરાવ્યું કે સરકારે નિમનોક કરેલી ત્યાં સુધી મી૦ એમનો મીરત ડીસ્ત્રીકટમાં અધીકાર હતો, અને જે વખતે મી૦ એફ તે ડીસ્ત્રીકટના માજીસ્ટ્રેટનો ચારજ સંભાળી લે તે વખતે તેની બદલી કરવાનો તા૦ ૧૦ મી જુલાઇ સને ૧૮૮૦ નો હુકમ હતો, તેથી તે વખતથી તેની નિમનોક ઉપલા ડીસ્ત્રીકટમાં ગણાતી નથી અને તેથી ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ તરીકે ત્યાં અધીકાર બજાવી શકે નહી અને તેટલા માટે મી૦ એમનો અધીકાર નોહોતો એ કારણ ઉપરથી તોહોમતદારોનો ગુન્હો વ્યાજબી રીતે રદ કરેલો છે. રાણી વિ૦ આનંદ સરૂપ, ૫ ઈ. લો. રી. ૩ અ. ૫૬૩.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન, સ્પેન્કી, ઓલ્ડફીલ્ડ અને સ્ટ્રેઇટ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૮૧).

જુઓ ઉતર કેનેરા.

„ સંક્ષેપમાં તપાસ.

બમણો દોષવાન—

બમણો દોષવાન—તપાસમાં લેવાનો હાઈ કોર્ટનો અધીકાર—ફ નામના માણસે મ, નામના માણસ ઉપર માજીસ્ટ્રેટની બેન્ચની રૂબરૂ હુમલો કરવાનું તોહોમત મુકયું; જેને ફરયાદીનો હાથ ભાગી ગયાનો પુરાવો નહી મળી આવવાથી કેસ વ્યથા તરીકે ગણી તોહોમતદારને તે મુજબ સજા કરી. પછીથી ફરીઆદીએ કંપનસેસનને માટે ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને અરજ કરી જેણે કામ નવેસરથી ચલાવી તોહોમતદારને મહાવ્યથાનો ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આખી બાબત એક કૃત્ય હોવાથી અને તેની માજીસ્ટ્રેટની બેન્ચ અગાડી ફરીઆદ થવાથી, અને તે શાહેદીઓએ કામની હકીકત વિષે માજીસ્ટ્રેટની રૂબરૂ જુબાની આપ્યાથી બે ગુન્હાઓ સાથે કાયમ રાખી શકાય નહી. તે ઉપરથી માજીસ્ટ્રેટની બેન્ચની રૂબરૂ ચાલેલો મુકરદમો રદ કરવામાં આવ્યો. ફકીરમહમદ અરજદાર, ૨૪ વિ. રી. ૪૬.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી અગષ્ટ સને ૧૮૭૫).

બમણી સજા ચોરી અને બાંગાડને માટે કરેલી તે—

જુઓ ચોરી ૩૮.

બળાત્કારે કઢાવવું તે—

૧ બળાત્કારે કઢાવવું તે—મદદગારી—ઠગાઈ—જબરાઈથી કઢાવવાનો ગુન્હો થવાને માટે કોઈ માણસને બુદ્ધિપૂર્વક નુકશાન કરવાની બીક બતાવીને અને તે મીલકત છોડી દેવાને બદદાનતથી તેને લલચાવીને મીલકત મેળવવી જોઈએ. લોકોની રથીની સુધારવાને ફકત હુકમ કાઢવાથી કોઈ પોલીસ અમલદારને જબરાઈથી કઢાવવામાં અથવા ઠગાઈ કરવામાં મદદગારીનો ગુન્હેગાર ઠરાવવાનું કાયદેસર કારણ મળતું નથી. રાણી વિ. ભીજાન અને બીજો, ૪ વિ. રી. ૫.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી સપટંબર સને ૧૮૬૫).

૨ બળાત્કારે કઢાવવું તે—સને ૧૮૬૦ ને ૪૫ મો પીનલકોડ કલમ ૩૮૪—એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડ મુજબ જબરાઈથી કઢાવવાના ગુન્હામાં ધમકી આપવામાં અને મીલકત લેવામાં એકજ માણસ જોઈએ તેમજ લેનાર માણસ ઉપર મદદગારીનું તોહોમત રાખવું જોઈએ એ કાંઈ જરૂરનું નથી. રાણી વિ૦ શંકર ભગવત, ૨ મું૦ હા૦ કો૦ રી૦ ૩૫૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુલાઈ સને ૧૮૬૬).

૩ બળાત્કારે કઢાવવું તે—સને ૧૮૬૦ ને ૪૫ મો પીનલકોડ કલમ ૩૮૭—આત્મહત્યા કરવાના યત્નનો ઢોંગ કરવો તે—જબરાઈથી પૈસા કઢાવવાને માટે આત્મ હત્યા કરવાનો ઢોંગ કરવો તે પીનલકોડની કલમ ૩૮૭ મુજબ ગુન્હો ગણાય છે. રાણી વી૦ ગજરી ૧ ઇન્ડ જ્યુ. ઉ. દ. ૪૨૩.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, ફીઅર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી સપટંબર સને ૧૮૬૬).

૪ બળાત્કારે કઢાવવું તે—સને ૧૮૬૦ ને ૪૫ મો પીનલકોડ કલમ ૩૮૩—સને ૧૮૬૧ ને ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૪—જબરાઈથી કઢાવવાનો ફુલપાવર માજીસ્ત્રેટે ગુન્હો ઠરાવેલો અને તે ઉપર થએલી અપીલ રદ કરવાનો સેસન જડજે કરેલો હુકમ હાઈ કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ રદ કરયો. કારણ કે પીનલકોડની કલમ ૩૮૩ મુજબ નુકશાન કરવાની બીક બતાવવામાં આવી નોહોતી અને તે ભાયથી ફરીઆદીઓએ પૈસા આપ્યા નોહોતા અને કેદીએ શુદ્ધબુદ્ધથી પોતાનો માગવાનો હક છે એવું ધારી માગેલા હતા પણ તેણે બદદાનતથી પૈસા લીધા હોય એવું કામના પુરાવામાં કોઈ રીતે સાબીત થયું નોહોતું. રાણી વિ૦ અબદુલ કાદર વાલદ બાલા અમુજી ૩ મું. હા. કો. રી. ૪૫,

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી અકટોબર સને ૧૮૬૬).

૫ બળાત્કારે કઢાવવું તે—ફોજદારી તોહોમત—ફોજદારી કરવાની બીક બતાવવી તે પીનલકોડની કલમ ૩૮૩ ના અર્થ મુજબ નુકશાન કરવાની બીક ગણાય છે. બીક બતાવેલું તોહોમત ખરૂ હોય અગર ખોટું હોય તોપણ જબરાઈથી કઢાવવાનો ગુન્હો એક સરખી રીતે બને છે. રાણી વિ૦ મોબારક વિગેરે, ૭ વિ. રી. ૨૮.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૪ ફેબ્રુઆરી સને ૧૮૬૭).

૬ બળાત્કારે કઢાવવું તે—નવો વકીલ—માજીસ્ત્રેટની રૂબરૂ ચાલતા કેસમાં પ્રતીવાદી ફરીઆદીનો નવો વકીલ હતો અને તેને ફરીઆદીના પેહેલાંના વકીલે કેસની મુદત માગવાની અરજી કરવાની સુચના આપી હતી. પણ પ્રતીવાદીએ ફરીઆદી પાસેથી ખત લખાવી લેઈ તેની તરફથી કેસ ચલાવ્યો. પ્રતીવાદીને જબરાઈથી કઢાવવાને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આ

વ્યું કે આવી રીતે ગુન્હેગાર ઠરાવવું કાયદા વિરૂદ્ધ ગણાય છે. પ્રો૦ તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૭૦; ૫ મ, હા. કો. રી, અપે. ૧૪.

૭ બળાત્કારે કઢાવવું તે—હકુમત—ઇનસાફી કામો કરતી વખતે જબરાઈથી કઢાવવાના તોહોમતો મુનસફ ઉપર રાખી તેનું કામ ચલાવવાનો આસીસ્ટંટ માજીસ્ટ્રેટ અને ડેપ્યુટી માજીસ્ટ્રેટનો અખતીયાર છે, ફરીઆદી કરવાની મંજુરી આપવાને સેસન જડજ યોગ્ય માણસ ગણાય છે. મી૦ ઈન્સ જડજનો મત—આવો કેસ સેસન કોર્ટમાં કમીટ કરવો જોઈએ એવો સને ૧૮૧૬ ના રેગ્યુલેશન ૬ ઠામાં બતાવેલો નિયમ જો કે સ્પષ્ટ રીતે રદ થયો નથી પણ રદ થયાનું અનુમાન થઈ શકે છે. નારાયણસ્વામી આયર, ૭. મ. હા. કો. રી. ૧૮૨.

(મેસર્સ ઈન્સ અને કીનડરસલી જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ફેબ્રુઆરી ૧૮૭૩.)

૮ બળાત્કારે કઢાવવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૮૪ નોકરી લેઈ લેવાનો ભય બતાવી પૈસા કઢાવવા તે—નોકરી આપવાની ના પાડી હોય અથવા નોકરી લેઇ લીધી હોય તેવા કેસમાં ભય બતાવી કોઈ માણસની મરજી ઉપરાંત ખરી અથવા ધારેલી વગ બતાવી પૈસા કઢાવવા તે પીનલકોડની કલમ ૩૮૪ ના અર્થ મુજબ જબરાઈથી કઢાવવું ગણાય છે. મીર આબાસ અલી વિ૦ ઉમેદઅલી, ૧૮ વિ રી. ૧૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૭૯.)

૯ બળાત્કારે કઢાવવું તે મદદગારી—ગામડાનો ચોકીદાર—સને ૧૮૬૦ ના ૪૫ મો પીનલકોડ કલમ ૩૮૪—કોઇ ગામડાના ચોકીદારની રૂબરૂ તેના તરફથી કાંઈ પણ નાપસંદગી બતાવ્યા સીવાય પીનલકોડની કલમ ૩૮૪ મુજબ જબરાઈથી કઢાવવાનો ગુન્હો બન્યો છે એટલીજ બાબત ઉપરથી ઉપલા ગુન્હામાં મદદગાર તરીકે તે જવાબદાર થશે નહી. ગોપાળચંદર સરદાર વિ૦ ફુલમોનીબેવા, ઈં. લો. રી. ૮ ક. ૭૨૮; ૧૧ ક. લો. રી. ૨૨૩.

જુઓ ગેરવ્યાજબી બક્ષીસ ૭.
,, મુચરકો ૫૪.
,, અપહરણ ૪.
,, ફરીઆદ કરવાની પરવાનગી ૧૮.
,, ચોરી ૨૭.
,, ગેરવ્યાજબી કેદ.

બળાત્કાર સંભોગ—

૧ બળાત્કાર સંભોગ—કબુલાત—કોઈ માણસ ખરેખરી રજામંદી એટલે બીક અથવા ભય બતાવ્યા સીવાય મેળવેલી રજામંદી સીવાય કોઇ સ્ત્રીની જોડે બદકામ કરે તો તે બળાત્કાર સંભોગ ગણાય છે; અને જડજે આ સવાલ જ્યુરીની પાસે મુકવો જોઈએ; અને ઘણી રકઝક કર્યા પછી સ્ત્રીએ આપેલી કબુલાતથી બળાત્કાર સંભોગનો ગુન્હો નકામો થઈ જાય છે એવું ઠરાવવાને તેમને કહેવું જોઇએ. રાણી વિ૦ અબકર કાઝી, ૧ વિ. રી. ૨૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી નવંબર સને ૧૮૬૪).

૨ બળાત્કાર સંભોગ—બાળકનું મૃત્યુ—જોર જુલમ વાપર્યાના દેખીતા ચીન્હો—નહાની ઊંમરની છોકરી બળાત્કાર સંભોગમાં કાંઈ જોરજુલમ કર્યાથી મરી ગઈ હોય તો તેણીના શરીર ઉપર જોરજુલમ કર્યાના કાંઈ ચીન્હો દેખાય નહી એ અસંભવીત છે એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ૦ બાનીમાધબ મુકરજી, ૧ વિ. રી. ૨૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી નવંબર સને ૧૮૬૪).

૩ બળાત્કાર સંભોગ—સજા બળાત્કાર સંભોગના કેસમાં સજા કરવાના પ્રમાણનો આધાર નુકશાન થએલા પક્ષકારની દુનીઆદારીની પદ્ધતિ ઉપર રાખવો જોઈએ નહી, પણ થોડાં અથવા વધારે ઘોરકર્મ, ગુન્હો કરનારની વર્તણુંક અને નુકશાન થએલી સ્ત્રીની નિરાધાર અને નિરાશ્રીત સ્થિતી ઉપર તેનો આધાર રાખવો જોઈએ. રાણી વિ. જાદનટાહ નોશાયો, ૬ વિ. રી. ૫૯.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી અગષ્ટ સને ૧૮૬૬).

૪ બળાત્કાર સંભોગ—કરવાનો યત્ન કરવો તે—સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૫૭, ૫૯, ૩૭૬ અને ૫૧૧—બળતકાર સંભોગના યત્ન કરવાના ગુન્હાને માટે પીનલકોડની કલમો ૫૭, ૩૭૬ અને ૫૧૧ મુજબ દશ વર્ષની સમુદ્રપારની સજા અથવા પાંચ વર્ષની સખત મજુરી સાથે કેદની સજા થઇ શકે છે; પણ સખત મજુરી સાથે સાત વર્ષની કેદની સજા જે પીનલકોડની કલમ ૫૯ મુજબ ફેરવીને તેટલીજ મુદતની સમુદ્રપારની સજા થઇ શકે તે કરવી કાયદા વિરૂદ્ધ ગણાય છે. રાણી વિ. જોસફ્મેરીઆમ, ૧૦ વિ. રી. ૧૦; ૧ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૫.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુલાઇ સને ૧૮૬૮).

૫ બળાત્કાર સંભોગ—કરવાનો યત્ન કરવો તે—લાજ લેવાના ઈરાદાથી હુમલો કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૫૪, ૩૭૫ અને ૫૧૧—ગમે તેટલો અટકાવ થાય તોપણ ગમે તે રીતે જુસ્સાને શાંત કરવો એવો તોહોમતદારે નિશ્ચય કર્યો હતો એવી કોર્ટને ખાત્રી થયા સીવાય કોઈ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી હુમલો થયો હોય તો તે બળાત્કાર સંભોગ કરવાનો પ્રયત્ન ગણાતો નથી. રાણી વિ૦ શંકર, ઈ. લો. રી. ૫ મું. ૪૦૩.

(મેસર્સ મેલવીલ અને નાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી માર્ચ સને ૧૮૮૧).

રાણી વિ૦ લોયડના કેસમાં આધાર રાખવામાં આવે છે, ૭ કાર અને પે. ૩૧૮. જુઓ પુરાવો ૧૧.

બળાત્કાર સંભોગ કરવાનો યત્ન કરવોતે- જુઓ તોહોમત ૨૮.

બાંધણી—

બાંધણી—બાંધણીમાં ઉમેરો કરવો તે—બંગાળાના બાંધણીના આકટ મુજબ છપાવી જાહેરનામું કરવું તે—બંગાળાની બાંધણીનો સને ૧૮૮૨ નો બીજો કલમો ૬, ૭૬ કલોઝ ब, અને ૮૦—બંગાળાના સને ૧૮૮૨ ના આકટ ૨ જાની કલમ ૭૬ ના કલોઝ ब માં "બાંધણી હોય તેમાં વધારો કરશે" એ શબ્દોનો અર્થ જો કે દુરસ્ત કરવાથી બાંધણી વધારે ઊંચી અને પોહોળી થાય તો પણ બાંધણી હોય તેમાં દુરસ્ત કરવું એવો નથી પણ તેનો અર્થ ફકત બાંધણીની લંબાઈમાં વધારો કરવો એવો થાય છે. ઉપલા આકટની કલમ ૬ માં બતાવેલું જાહેરનામું કલમ ૮૦ માં બતાવેલી રીત પ્રમાણે છપાવવું જોઈએ, પણ આ જાહેરનામું ફક્ત કલકતા ગેઝીટમાં છપાવ્યું હોય તો તે બસ થતું નથી. રાણી વિ૦ ગોવરધન સીનહા ઇં૦ લો૦ રી૦ ૧૧ ક. ૫૭૦.

(મેનર્સ મીતર અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી મે સને ૧૮૮૫).

બીક—

૧ બીક—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૯—સરકારી નોકરને નુકશાન કરવાની બીક બતાવવી તે—તેમાં વપરાયલા ખરેખરા શબ્દો સાબીત કરવાની જરૂર—પીનલકોડની કલમ ૧૮૯ મુજબ માંડેલી ફરીઆદમાં, બીક બતાવવાને માટે કેદીએ વાપરેલા શબ્દો વિષે સાહેદીઓ જુદા પડયા તોપણ એ શબ્દોની સાધારણ અસર વિષે તેઓ એકમત થયા. કયા શબ્દો કહેવામાં આવ્યા હતા તે સાબીત કરવાની કાંઇ જરૂર નથી એવું ધારી સેસન જડજે અપીલમાં ગુન્હો બાહાલ રાખ્યો કારણ કે તે શબ્દોનો ઈરાદો અને અસર સ્પષ્ટ રીતે માલમ પડી આવતી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે ખરી રીતે વાપરેલા શબ્દોની કાંઇ જરૂર નથી, એવું ધારવામાં સેસન જડજની ભુલ થઈ હતી, એટલુંજ નહીં પણ તોહોમતદારે સરકારી નોકરને નુકશાન કરવાની ખરેખરી રીતે બીક બતાવી હતી કે નહી એ શોધી કાઢવાને માટે આ શબ્દોની કોર્ટને ઘણી જરૂર હતી. રાણી વિ૦ માહેશ્વરી બક્ષસીંઘ, ઈં૦ લો૦ રી૦ ૮ અ. ૩૮૦.

(મી૦ સ્ટ્રેઈટ કામચલાઉ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૨૨ મી મે સને ૧૮૮૬.)

૨ બીક—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૨૪—જબરાઈથી કબુલાત નહી લેતાં બીજી કોઈ બાબતને માટે બીક બતાવી કબુલ કરાવવું તે—ખુન કરવાના અને મહાવ્યથા કરવાના ઈરાદાથી શરીર ઉપર જખમ મારવાને માટે કેદી ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું. ગુન્હો દરીયા ઉપર વાહાણમાં કરવામાં આવ્યો હતો જે વાહાણનો કેદી ખલાસી હતો. કલકત્તેથી વાહાણ હંકાર્યા પછી વાહાણનો માલીક મળી શકશે નહી એવું સરકારી વકીલે સાબીત કર્યાથી પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમો ૩૩ અને ૮૦ મુજબ કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ તેની જુબાની લીધી અને કેદી કેદમાં હતો તે વખતે જે કબુલ કર્યું હતું તે શાહેદી આપનાર માણસે પોતાની જુબાનીમાં લખાવ્યું હતું. બીજા માણસો સાથે કેદીને ભરેલી બંદુકથી શાહેદીએ ધમકાવ્યા પછી તરતજ આ કબુલાત આપવામાં આવ્યાથી તે પુરાવામાં દાખલ કરવા દેવાને મી૦ પ્રીઅર જડજે ના પાડી. જબરાઈથી કબુલાત લેવાને માટે નહી પણ ફીતુર થતું અટકાવવાને માટે બીક બતાવવામાં આવી હતી એ કાંઈ અગત્યનું નથી. રાણી વિરૂદ્ધ હોકર, ૧૦ બેં૦ લો૦ રી૦ અપે૦ ૧.

બીક—

જુઓ બળાત્કારે કઢાવવું તે ૨, ૮.

„ કબુલાત ૯૬.

થી કરેલા કૃત્યો. સાધારણ અપવાદ.

બીગાડ—

૧ બીગાડ—ચોરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૭૯, ૪૨૫—પરવાનગી સીવાય સરકારી ઝાડો કાપીને પોતાના ઉપયોગમાં લીધાના તોહોમતો કેદીઓ ઉપર રાખેલા હોવાથી, બીગાડ અને ચોરીને માટે તેઓને ગુન્હેગાર ઠરાવવા તે કાયદેસર છે એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ૦ નારાયણ કાળુ, ૨ મું. હા. કો. રી. ૩૯૨.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જુન સને ૧૮૬૬).

૨ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૫—બીગાડના કૃત્યોને માટે સજા કરવાનો ફોજદારી કોર્ટોને આપેલો અધીકાર એવો છે કે તેનો અમલ ઘણી સાવચેતીથી કરવો જોઈએ, અને ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં તોહોમતદારનો પીનલકોડની કલમ ૪૨૫ ના અર્થમાં સમાવેશ થઇ જાય છે એવું સ્પષ્ટ રીતે સાબીત થવું જોઈએ. રામ ગોલામસીંઘ અરજદાર, ૬ વિ. રી. ૫૯.

(મેસર્સ લોચ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી અગષ્ટ સને ૧૮૬૬).

૩ બીગાડ—અગ્નો મુકી નુકશાન કરવું તે—તોહોમત—રેહેવાના ઘરનો નાશ કરવાના ઈરાદાથી અગ્ની મુકી બીગાડના કેસમાં ફક્ત ઘર નહી પણ માણસોના રેહેવામાં આવતું હોય તેવું ઘર નાશ કરવાના ઈરાદા તરીકે તોહોમતનામામાં ઇરાદો બતાવવો જોઈએ. રાણી વિ૦ દરબારૂ પોલી, ૮ વિ. રી. ૩૦.

(મી૦ હોબહાઉસ જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી જુન સને ૧૮૬૭).

૪ બીગાડ—ઢોર પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૫—સને ૧૮૫૭ નો આકટ ૩ જો કલમ ૧૭—પીનલકોડની કલમ ૪૨૫ માં બતાવ્યા પ્રમાણે નુકશાન કરવાના ઇરાદાથી નાશ થએલો હોવો જોઈએ પણ ફક્ત બેદરકારીથી નાશ થએલો હોવો જોઈએ નહી; અને સને ૧૮૫૭ ના આકટ ૩ જાની કલમ ૧૭ મુજબ બીગાડ ભુલથી નહી પણ બુદ્ધિપૂર્વક થએલો હોવો જોઈએ. આરજી સીરકારના કેસમાં, ૧૦ વિ૦ રી૦ ૨૯.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૬૮).

૫ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૫—પીનલકોડ મુજબ બીગાડનો ગુન્હો થવાને માટે કરેલા કૃત્યથી, કા

ઈ મીલકતનો નાશ અથવા તેમાં એવી રીતનો ફેરફાર થવો જોઈએ કે જેથી તેની કીંમત ઓછી થઈ જાય અથવા તેની સ્થીતીમાં ફેરફાર થઈ જઈ નુકશાન થાય તેવું બને એવું સાબીત કરવું જોઈએ. તે ઉપરથી બીજી મીલકતને નુકશાન થવાનો સંભવ થયો હોય તો તેથી બીગાડ થએલો ગણાય નહી. પ્રે. તા૦ ૨૨ મી અક્ટોબર સને ૧૮૬૮, ૪ મ. હા. કો. રી. અપે. ૧૫.

૬ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૫—પીનલકોડની કલમ ૪૨૫ મુજબ બીગાડને માટે ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં, પીનલકોડની કલમ ૨૩ મુજબ ગેરવાજબી નુકશાન કરવાનું તોહોમતદારે ધાર્યું હતું અથવા થવાનો સંભવ બનશે એવું જાણતો હતો એ સાબીત કરવું જોઈએ. રાણી વિરૂદ્ધ ડેનુબંધુ બીસ્વાસ વિગેરે, ૧૨ વિ. રી. ૧; ૩ બેં. લો. રી. ક્રી. અ. ૧૭.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧ લી જુન સને ૧૮૬૯).

રાણી વિ૦ કસ્ટાયારામના કેસમાં નજર રાખવામાં આવી, ૮ મું. હા. કો. રી. ૬૩. જુઓ હુકમત ૨૩.

૭ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૭—ફરીઆદીનો જે ફી લેવાનો હક હતો તે ફી આપ્યા સીવાય નકામી પડતર જમીન ઉપર ઢોરો ચરાવવાને માટે પીનલકોડની કલમ ૪૨૭ મુજબ બીગાડ કર્યાનું તોહોમત રાખી પ્રતીવાદીઓને ગુન્હેગાર ઠરાવ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે પ્રતીવાદીઓએ બીગાડ કર્યાનો, કામમાં કાંઈ પુરાવો નોહોતો પ્રે. તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૭૦, ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૨૯.

૮ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૫—બીગાડને માટે તોહોમતદારોને ગુન્હેગાર ઠરાવ્યા હતા. કામમાં એવી હકીકત હતી કે તોહોમતદારો પુલ ઉપરથી લાકડાં લેઈ જતા હતા તે વખતે કેટલાક લાકડાના ઢીમચાઓથી પુલની કમાન ભાગી ગઇ હતી. એમ ઠરાવવામાં આવ્યું હતુ કે ગુન્હેગાર ઠરાવવું કાયદા વિરૂદ્ધ હતું. પ્રે. તા૦ ૪ થી નવંબર સને ૧૮૭૦, ૫ મ. હા. કો. રી. અપે. ૪૦.

૯ બીગાડ—ઢોર ભટકવા દેવા તે—ફક્ત ઢોરના ભટકવાથી ફરીઆદીને નુકશાન થયું હોય તો તે પુરાવો બીગાડના તોહોમતની મજબુતીમાં લેવાતો નથી. પ્રે. તા૦ ૧૦ મી નવંબર સને ૧૮૭૧, ૬ મ. હા. કો. રી. અપે. ૩૬.

૧૦ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૫—ઈરાદો—ફરીઆદીને ગેરવાજબી નુકશાન કરવાનો તોહોમતદારનો ઇરાદો હતો અથવા નુકશાન થવાનો સંભવ બનશે એવું તે જાણતો હતો એવો પુરાવો હોય ત્યાં સીવાય પીનલકોડની કલમ ૪૨૫ મુજબ બીગાડનો ગુન્હો સાબીત થતો નથી એમ ઠરાવવામાં આવ્યું હતું. કાશીનાથ ઘોસ, વિગેરે વિ૦ દીનોબંધુ મીટી, ૧૬ વિ. રી. ૬૨.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨ જી ડીસંબર સને ૧૮૭૧).

૧૧ બીગાડ—અગ્નીથી બીગાડ કરવો તે—મદદગારી—કબુલાત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૧૪, ૧૪૯—અગ્નીથી બીગાડ કર્યાના કેસમાં કેદી એવું કબુલ કરે કે તે મદદગાર હતો અને ગુન્હો થતી વખતે હાજર હતો તો પીનલકોડની કલમો ૧૧૪ અને ૧૪૯ એવી જાતના કેસને લાગુ પડતી નથી એમ ઠરાવવામાં આવ્યું હતું. રાણી વિ૦ પીરમહમદ, ૧૭ વિ. રી. ૫૨.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી એપ્રીલ સને ૧૮૭૨).

૧૨ બીગાડ—ફરીઆદીનો પાક લેઈ જવો તે—ફરીઆદીએ અગાઉ તોહોમતદારના પાકને નુકશાન કર્યું હતું તેથી તોહોમતદાર એકદમ ફરીઆદ નહી કરતાં પોતે લાગ જોઈને ફરીઆદીનો પાક લેઈ ગયો એવું કેસમાં

સાબીત થવાથી બીગાડનો ગુન્હો રદ કરવામાં આવ્યો હતો. મહમદ ફૈયઝ વિ૦ ખાનમહમ દ, ૧૮ વિ. રી. ૧૦.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જુન સને ૧૮૭૨).

૧૩ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૬—વાંસ કાપીને લેઈ જવાને માટે જે કેસમાં તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો હતો અને હક વિષે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો તે કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે પીનલકોડની કલમ ૪૨૬ મુજબ બીગાડને માટે તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહીં. શાકર મહમદ વિ૦ ચંદર મોહનશા, ૨૧ વિ૦ રી૦ ૩૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૭૪),

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

સોનાઇ સરદાર વિ૦ બખતર સરદાર, ૨૫ વિ. રી. ૪૬. જુઓ બીગાડ ૧૫.

ઇશાનચંદર મંડળ વિ૦ રોહીમ શેક, ૨૫ વિ. રી. ૬૫. જુઓ સંક્ષેપમાં તપાસ ૧૯.

ગામીરૂલાહ સરકાર વિ૦ અબદુલ શેખ, ઈ. લો. રી. ૧૦ ક. ૪૦૮. જુઓ સંક્ષેપમાં તપાસ ૨૭.

૧૪ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૫—પ્રતીવાદીઓને બીગાડ કરવાને માટે નિચે બતાવેલી હકીકત મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. વર્ષની કેટલીક રૂતુઓમાં તેઓએ પોતાની જમીનને કોઈએક ખાળમાંથી પાણી પાયું હતું. બીજી રૂતુમાં તે ખાળ બંધ કરી પાણી બીજા ખેડુતોની જમીનમાં વેહેતુ મુકયું હતુ. આ ગોઠવણ રેવન્યુ અધીકારીએ કરી આપી હતી, અને પ્રતીવાદીઓએ બીજા ખેડુતોની જમીનને પાણી પાવાને માટે ઠરાવેલી અમુક રૂતુઓમાં આ ખાળ ઉઘાડો મુકી કરેલી ગોઠવણ તોડી. હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે ગુન્હેગાર ઠરાવવું બાહાલ રાખી શકાય નહીં; કારણ કે પીનલકોડની કલમ ૪૨૫ ની વાખ્યા પ્રમાણે પ્રતીવાદીઓએ મીલકતનો નાશ કરયો નથી, અથવા તેની કીંમત કે ઉપયોગીપણું કાંઈ ઓછું થઇ ગયું નથી. પ્રો૦ તા૦ ૧૨ મી નવંબર સને ૧૮૭૪; ૭ મ. હા. કો. રી. અપે. ૩૯.

૧૫ બીગાડ—જમીનના હકને બીજી કોઈ રીતે મજબુતી નહીં મળેલી તે—કોઇ માણસ પોતાના હકની જમીન જેનો કબજો હુકમનામાથી તેનું વેચાણ કરયા પછી બીજા માણસને સોંપવામાં આવ્યો હોય અને તેમાં પોતાના તરફથી કાંઈ પણ વાંધો ઉઠાવવામાં ના આવ્યો હોય અથવા પોતે રીતસર દર મીઆન પણ ના થયો હોય, તેવી જમીનનાં ઝાડો કાપી લે તો તે માણસ બીગાડને માટે ગુન્હેગાર થાય છે. સોનાઈ સરદાર વિ૦ બખતર સરદાર, ૨૫ વિ૦ રી૦ ૪૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી મે સને ૧૮૭૬).

શાકર મહમદ વિ૦ ચંદર મોહનશાના કેસમાં નજર રાખવામાં આવે છે, ૨૧ વિ૦ રી૦ ૩૮. જુઓ બીગાડ ૧૩.

છત્રપતસીંઘની બાબતમાં નજર રાખવામાં આવી, ૫ ક. લો. રી. ૨૦૦. જુઓ કબજો ૧૧૭.

ગામીરૂલાહ સરકાર વિ૦ અબદુલ શેખના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૧૦ ક ૪૦૮. જુઓ સંક્ષેપમાં તપાસ ૨૭.

૧૬ બીગાડ—ગુન્હો થવાની માહીતી અથવા ઈરાદો—બાંધ કામ ભાગી નાખવું તે—સંક્ષેપમાં મુકરદમો ચલાવવો તે—સવારમાં એક દીવસે માજીસ્ત્રેટ ફરવા નીકળેલો તે વખતે તોહોમતદારના ઘર આગળ થઇ જતાં બીગાડ કરયાના ગુન્હાનો જવાબ તેણે માજીસ્ત્રેટના કહેવાથી આપ્યો અને માજીસ્ત્રેટે સંક્ષેપમાં રજુઆત ચલાવી તેને બે માસની સખત મજુરી સાથે કેદની સજા કરી; અને હાઈ કોર્ટના રજીસ્ટ્રારના કાગળનો માજીસ્ત્રેટે એવો ખુલાસો આપ્યો હતો કે ઘરનો પાયો નાંખતી વખતે અને બગીચો વધારતી વખ

તે તોહોમતદારે નદીના બાંધ કામનો અંદરનો ઢાલ કેટલોક રોક્યો હતો અને તેથી આખા આરાના લોકોના જાનમાલને ભય ઉત્પન્ન થવાનો સંભવ હતો; એમ ઠરાવવામાં આવ્યુ કે બીગાડના ગુન્હાને માટે વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવવાને માટે પેહેલાં એમ સાબીત થવું જોઈએ કે તોહોમતદારે અમુક કૃત્ય નુકશાન કરવાના ઈરાદાથી અથવા નુકશાન થવાનો સંભવ છે એવું જાણીને કર્યું હતું; અને ઘર અને બગીચો જે બનાવવામાં તોહોમતદાર રોકાયો હતો તે બંધ ભાગી જાય અને નદી ફરી વળે તો પેહેલ વેહેલાંજ ઘસડાઈ જાય એવાં હોવાથી તેનો ગુન્હો થાય એવી માહીતી અથવા ઈરાદો હતો એવું વ્યાજબી રીતે અનુમાન થઈ શકે નહીં, અને આવી જાતના કેસમાં માજીસ્ટ્રેટ જે પોતાના મનસ્વીપણે ચાલ્યો હતો તેને કાંઈપણ ફરીઆદ કરવામાં આવી નોહોતી પણ સરકાર પોતે ફરીઆદી હોવાથી કેસની સંક્ષેપમાં રજુઆત ચલાવી તોહોમતદારને કેદની સજા કરવામાં માજીસ્ટ્રેટે મોટી ભૂલ કરી હતી. પ્રાણનાથશાહ અને રામનાથ બાનરજી અરજદારો, ૨૫ વિ૦ રી૦ ૬૯.

(મેસર્સ જેક્શન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૬ જુન સને ૧૮૭૬).

૧૭ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૬—અનિતીવાન દસ્તાવેજનો નાશ કરવો તે—અનિતીના કારણથી કોઈ દસ્તાવેજ કાયદા વિરૂદ્ધ હોય તેવા દસ્તાવેજનો નાશ કરવો તે પીનલકોડની કલમ ૪૨૬ ના અર્થ મુજબ બીગાડનો ગુન્હો ગણાય છે. રાણી વિ૦ વ્યાપુરી, ઈં૦ લો૦ રી૦ ૫ મ. ૪૦૧.

(મેસર્સ કરનાન અને મતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૮૨).

૧૮ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૫—ઢોરનું ભટકવું તે—પીનલકોડની કલમ ૪૨૫ મુજબ ગુન્હો થવાને માટે ઢોરના માલીકે બેદરકારીથી ઢોર ચરાવી નુકશાન કર્યું હતું એટલું સાબીત કરવું બસ નથી. ગેરવાજબી હાની કે નુકશાન કરવાનો ઈરાદો હતો એ સાબીત કરવાને ફરીઆદી બંધાએલો છે. રાણી વિ૦ બાઇ બાયા, ઈં. લો. રી. ૭ મું. ૧૨૬.

મેસર્સ મેલવીલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૮૩.)

૧૯ બીગાડ—મુડદાનો નાશ કરવો તે—જાનવરોની ચામડી લેવાનો હક—ગામડાના ઢેડો—રીવાજ—દેશના રીવાજ પ્રમાણે ગામડાનો ઢેડો ચામડી લેઈ જાય નહી તેવા સ્પષ્ટ ઈરાદાથી જો કે ઢોરનો માલીક મુવા પછી ઢોર દાટે તોપણ તે બીગાડ અથવા બીજા કોઇ ગુન્હાને માટે ગુન્હેગાર ગણાતો નથી. રાણી વિ૦ ગોવીંદા પુંજા, ઈં. લો. રી. ૮ મું. ૨૯૫.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જાનેવારી સને ૧૮૮૪).

૨૦ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૬—સને ૧૮૭૧ નો ૧ લો ઢોર પ્રવેશ આક્ટ કલમ ૧૦—પાકને ઢોર નુકશાન કરે તે—માલીકની જવાબદારી—બીજાની જમીન ઉપર જઈને પાકનું નુકશાન જે ઢોર કરે તે ઢોરના માલીકે, જાણીને ઢોર હાંકી મુકયું હતું એવું સાબીત થયા સીવાય પીનલકોડની કલમ ૪૨૬ મુજબ તે માલીક બીગાડનો ગુન્હેગાર ગણાતો નથી. રાણી વિ૦ શેક રાજુ, ઈં. લો. રી. ૯ મું. ૧૭૩.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી નવંબર સને ૧૮૮૪.)

૨૧ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૪૧, ૪૨૫—ગેરવાજબી અટકાવ—ગેરવાજબી નુકશાન કરી હક ઉપર હુમલો કરવો તે—ફરીઆદીએ લેઈ જવાને માટે ગાડામાં કેટલોક માલ નાખ્યો હતો, અને તોહોમતદારે આવીને ગાડુ જોડયા સીવાય તે

માલ રસ્તામાં નાખી દીધો, તે ઉપરથી ફરી આદી માલ ત્યાં રેહેવા દેઈને જતો રહ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે કામની હકીકત જોતાં પીનલકોડની કલમ ૩૪૧ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી; પણ પીનલકોડની કલમ ૪૨૫ માં આવી જાય તેવો "બીગાડ" થયો હતો. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૪૨૫ માં નાશ કરાય એવી જાતનું નુકશાન કાંઈ બતાવેલું નથી. તેમાં એમ બતાવેલું છે કે હક ઉપર હુમલો થવો જોઇએ અને તેવી રીતના હુમલાથી મીલકતની કીમત ઘટી જશે એવું કરનાર માણસે કરતી વખતે ધારવું જોઇએ. જગેસ્વરદાસ વિ૦ કૈલાસચંદર ચતરજી, ઈ. લો. રી. ૧૨ ક, ૫૫.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, પ્રીનસેપ, વીલસન અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી સપટંબર સને ૧૮૮૫).

૨૨ બીગાડ--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૩૦—પાણીનો માર્ગ--કામના પુરાવા ઉપરથી એમ સાબીત થયું કે મોરીનો ખરેખરો માલીક ફરીઆદી હતો અને તે ઉપર તોહોમતદારનો બીલકુલ હક નો હોતો તેથી પાણી આવતું અટકાવવાથી, જો કે હક તરીકે ગણી અટકાવ્યું હતું તોપણ તે નુકશાનમાં વધારો થયો એમ ઠરાવવામાં આવ્યું હતું અને તેથી પીનલકોડની કલમ ૪૩૦ ના અર્થ મુજબ બીગાડનો ગુન્હો બને છે. રામકીષ્ણ ચેતી વિરૂદ્ધ પલાનીયંદી કુડનબરના કેસનો આધાર લેવામાં આવ્યો. (ઈ. લો. રી. ૧ મ. ૨૬૨) રાણી વિ. જગનનાથ ભીકાજી ભાવે, ઈ. લો. રી. ૧૦ મું. ૧૮૩.

(મેસર્સ બર્ડવુડ અને વેડનબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અકટોબર સને ૧૮૮૫).

જુઓ ઘટાડો પાણીનો.

૨૩ બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૫ - વેચ્યાની તારીખથી તે સરટીફીકેટ મળ્યાની તારીખ સુધીમાં થએલું નુકશાન--અપુર્ણ હકથી મેળવેલી મીલકતનું ગેરવ્યાજબી નુકશાન કરવું તે—પીનલકોડની કલમ ૪૨૫ માં બતાવેલું નુકશાન ઘણું કરીને ચાલતો અને હઈયાતીમાં હોય એવો પુરણ હક તોડવાથી થવું જોઇએ નહી પણ તે નુકશાન ચાલતાં અથવા હવે પછીના હકને કાઢી નાખવાના અથવા ઉલંઘન કરવાના ઈરાદાથી થએલું હોવું જોઈએ. કોઈ માણસ મીલકત ખરીદ કરવાનો કરાર કરી બાહાના દાખલ કાંઈક પઈસા આપે તો જો કે તેનો પુર્ણ હક ગણાતો નથી અથવા તેનો છેવટનો અને ખરેખરો હક ગણાતો નથી કે જેથી આવી મીલકતનો નાશ કરી નાખવાથી પીનલકોડની કલમ ૪૨૫ ના અર્થ મુજબ ગેરવાજબી હાની કે નુકશાન ગણાય, તોપણ તે મીલકતમાં ઉપર બતાવ્યા પ્રમાણે તેનો અપુર્ણ હક ગણાય છે. ધરમદાસઘોસ વિરૂદ્ધ નસરૂદીન, ઈ. લો. રી. ૧૨ ક. ૨૬૦.

(મેસર્સ વીલસન અને પોરટર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૮૬).

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે.
,, ઢોર પ્રવેશ ૨, ૪.
,, કંપનસેસન ૧૪.
,, સાપ્રાધ પ્રવેશ ૧૬.
,, માંડી વાળવું ફરીઆદનું ૨૫.
,, વધારો સજાનો ૫.
,, વધારે તજવીજ ૩.
,, હકુમત ૧૭, ૨૩.
,, લોકોપકારક કૃત્ય ૫૦.
,, મુચરકો ૨૨.
,, જુદા જુદા અપરાધ ઠરાવી સજા કરવી તે.
,, સંક્ષેપમાં તપાસ, ૧૫, ૧૯, ૨૭.
,, ચોરી ૩૮.
,, ગેરવાજબી મંડળી ૫, ૧૯.

બીગાડ અગ્નિથી કરવો તે—
જુઓ કમીટ કરવું તે ૨૮.

બીજી જગાએ કેસ મોકલવો તે—

૧ બીજી જગ્યાએ કેસ મોકલવો તે—કેદીઓના ખુલાસાઓ દફતરમાં રાખવા તે—એક માજીસ્ટ્રેટ પાસેથી બીજા પાસે હાઈ કોર્ટે કેસ મોકલેલો તે—કેદી જે કાંઈ ખુલાસો આપવાનું ધારેતે કામના દફતરમાં રાખવાને માજીસ્ટ્રેટ બંધાયેલો છે. કેદીની વ્યાજબી રીતે રજુઆત થશે નહી એવું ધારવાનું કારણ મળી આવે તોજ હાઈ કોર્ટ એક માજીસ્ટ્રેટ પાસેથી બીજા માજીસ્ટ્રેટ પાસે કેસ મોકલી શકે છે. રાણી વિ૦ ક્રીસ્ટોચંદર ઘોસ, ૨ વિ. રી ૫૮.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી એપ્રિલ સને ૧૮૬૫)

૨ બીજી જગ્યાએ કેસ મોકલવો તે—જુઠો લેખ અથવા ખોટી પ્રતિજ્ઞા—જડજે પેહેલાંથી મત બાંધેલો તે—ખોટી પ્રતિજ્ઞા અથવા જુઠા લેખના કેસમાં જે જડજ રજુઆત ચલાવવાનો છે તે જડજે દસ્તાવેજ ખોટો બનાવ્યો છે એવો પેહેલાંથી વિચાર બાંધ્યો છે એવુંજ ફકત કારણ બતાવ્યાથી હાઈ કોર્ટ બીજી જગ્યાએ કેસ મોકલવાનો પોતાનો અધીકાર બજાવી શકે નહીં. પણ ન્યાયની બાબતમાં ગેરવ્યાજબી રીતે દરમીયાન થવાનું જોખમ લીધા શીવાય અને સાહેદીઓ અને પક્ષકારોને ઘણી અઘવડતા પડયા શીવાય કેસ બીજી જગ્યાએ મોકલી શકાય તેવું હોય તો કેસ મોકલવો વ્યાજબી ગણાય છે, અને તેથી તો હોમતદારની વ્યાજબી હકીકત મંજુર રાખવી એટલુંજ નહી પણ જે સ્થિતીમાંથી જડજ પોતે છુટો થવાનું ધારતો હોય તે સ્થીતીમાંથી છુટો થવાનું તેને સાધન મળે છે, અરન ચેલારેડી એક્ષપારટી, ૫. મ. હા. કો. રી. ૨૧૨.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને પોલોવે જડજોની રૂબરૂ, તા૦ ૪ થી માર્ચ સને ૧૮૭૦.)

૩ બીજી જગાએ કેસ મોકલવો તે—માજીસ્ટ્રેટે ડેપ્યુટી માજીસ્ટ્રેટ તરફ કેસ મોકલેલો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬—માજીસ્ટ્રેટે ડેપ્યુટી માજીસ્ટ્રેટ તરફ રજુઆતને માટે કેસ મોકલ્યો હોય તો જ્યાં સુધી ડેપ્યુટી માજીસ્ટ્રેટ તરફ કેસ મોકલવાનો હુકમ કાયમ હોય ત્યાં સુધી તે બાબતમાં કાંઇ પણ કરવાનો માજીસ્ટ્રેટને અખતીયાર નથી, ડેપ્યુટી માજીસ્ટ્રેટના દફતરમાંથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬ મુજબ માજીસ્ટ્રેટ કેસ પાછો મંગાવી શકે છે. રાણી વિ૦ મીસીસ બેલીલીઓ, ૧૨ વિ. રી. ૫૩; ૩ બેં. લો. રી. ૨ અપે. ૧૫૧,

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી સપટબર સને ૧૮૬૯.)

રાણી વિ૦ ગીરીશચંદર ઘોસના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૭ બેં. લો. રી. ૫૧૩. જુઓ બીજી જગાએ કેસ મોકલવો તે ૧૧.

૪ બીજી જગાએ કેસ મોકલવો તે—બીજા વર્ગના માજીસ્ટ્રેટના તાબાનો માજીસ્ટ્રેટ—પોલીસ અમલદારના રીપોર્ટ ઉપરથી કેસ ચલાવવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૬ અ—એક માજીસ્ટ્રેટની કોર્ટમાંથી બીજા માજીસ્ટ્રેટ તરફ કેસ મોકલવો તે—બીજા વર્ગના માજીસ્ટ્રેટના તાબાનો માજીસ્ટ્રેટ જેને સુધારો થયેલા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ અ મુજબ, પોલીસ અમલદારના રીપોર્ટ ઉપરથી અથવા તેને થયેલી પરબારી ફરીઆદ ઉપરથી કેસની રજુઆત ચલાવવાનો અધીકાર નથી. ઘણા મજબુત અને સ્પષ્ટ કારણો મળી આવ્યા સીવાય હાઈ કોર્ટ એક માજીસ્ટ્રેટ પાસેથી કેસ લેઈ બીજા માજીસ્ટ્રેટ તરફ મોકલી શકે નહી. શંકર આબાજી વિ૦ હોસીંગ, ૬ મું. હા. કો. રી. ૬૯.

(મેસર્સ મેલવીલ અને ગીબ્સ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી અકટોબર ૧૮૬૯.)

૫ બીજી જગ્યાએ કેસ મોકલવો તે—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનો અધીકાર—જુઠો લેખ અને ખોટી પ્રતિજ્ઞા—સને ૧૮૬૦ નો ૪૫

મો પીનલકોડ કલમો ૪૬૫, ૧૯૩—વાસ્તવી ક હકીકત મુજબ જુઠો લેખ અને ખોટી પ્રતિજ્ઞાના કેટલાક તોહોમતો રાખી મુનસફે ખાસ ચાર માણસોનો કેસ તજવીજને માટે માજીસ્ટ્રેટ તરફ કમીટ કરેલો તે કેસમાં કામની વાસ્તવીક હકીકત મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ કેસ મોકલવાનો અધીકાર નોહોતો એમ ઠરાવવામાં આવ્યું. ખોટી પ્રતિજ્ઞાના તોહોમતમાં દરેક તોહોમતદાર ઉપર જુદું તોહોમત રાખી તેની જુદી રજુઆત ચલાવવી જોઇએ. રાણી વિરૂદ્ધ રતીરામ, ૨ વા. દી. પ્રાં. ૨૧.

(મેસર્સ ટરનર અને સ્પેન્કી જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૭૦).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છેઃ—

રાણી વિરૂદ્ધ દીપચંદ ખુશાલ, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૩૦. જુઓ ફરીઆદ ૪.

રાણી વિરૂદ્ધ ભવાનીશંકર હરીભાઇ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૫૫. જુઓ જુઠો પુરાવો ૭૬.

૬ બીજી જગ્યાએ કેસ મોકલવો તે— સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬—તાબાની કોર્ટમાંથી કોઈ ફોજદારી કેસ માજીસ્ત્રેટે પોતાની પાસે મંગાવવાને અથવા બીજી કોઈ તાબાની કોર્ટમાં મોકલવાને માટે કારણો બતાવવા એવું જો કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬ માં બતાવેલું નથી તોપણ તાબાના માજીસ્ત્રેટે ફરીઆદી તરફનો પુરાવો લેઈ તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બતાવ્યા પછી તે કેસ માજીસ્ત્રેટે પોનાની પાસે મંગાવવાનો હુકમ કરેલો તે હાઇ કોર્ટે રદ કર્યો. રાણી વિરૂદ્ધ નોબોકુમાર બાનરજી, ૧૪ વિ. રી. ૧૨; ૫ બેં. લો. રી

જડજોની

(૭૦)

રાણી વિરૂદ્ધ ગીરીશચંદર ઘોસના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૭ બેં. લો. રી. ૫૧૩. જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૧૧.

૭ બીજી જગ્યાએ કેસ મોકલવો તે— ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ અથવા સબ ડીવીઝનલ માજીસ્ત્રેટનો અધીકાર—થોડો ચલાવેલો કેસ—કોઈ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે થોડો ચલાવેલો કેસ પોતાની પાસે મંગાવી લેઇ બાકીનો પુરાવો લખી લેઇ આખા પુરાવા ઉપરથી ફેંસલો આપ્યો. એમ ઠરાવવામાં આવ્યુ કે આવી રીતે ચલાવેલો મુકરદમો કાયદેસર રજુઆત ગણાતી નથી રાણી વિ૦ કલાયણસીંઘ, ૨ વા. દી. પ્રાં. ૪૬૮.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ડીસેંબર સને ૧૮૭૦)

૮ બીજી જગ્યાએ કેસ મોકલવો તે— હકુમત— હાઈ કોર્ટનો ચારટર આકટ કલમ ૨૯—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૫—પ્રગણાઓની કોર્ટમાથી ફોજદારી કેસ પોતાની પાસે રજુઆતને માટે મંગાવવાનો હાઈ કોર્ટને લેટર્સ પેટન્ટ આકટની કલમ ૨૯ મુજબ અધીકાર છે. કાયદા કે હકીકત સબંધી કેટલાક અઘરા સવાલો ઉઠવાનો સંભવ છે એ કારણ ઉપરથી કલમ ૨૯ મુજબ કેસ એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલી શકાય નહીં કારણ કે યોગ્ય દાદ મળવાને હાઈ કોર્ટમાં અપીલ કરવાનો હક છે. મી૦ મેકફરસન જડજનો મત—એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં ફોજદારી કેસો મોકલવાનો હુકમ હાઈ કોર્ટે બતાવેલા કેટલાક ખાસ કેસો શીવાય ફકત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫ મુજબ કરવો જોઇએ. આ મીરખાન અને હશમાદદખાન અરજદારોના કામમાં રૂલનીસીનો હુકમ કાઢેલો તે. ૧૫ વિ. રી. ૬૯; ૭ બેં. લો. રી. ૨૪૦.

(મેસર્સ ફીઅર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી મે સને ૧૮૭૧).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ—

...રાયના કામના તપાસ ૧૬ વિ. રી. ૨૧ જુઓ તપાસ તોહોમતદારની ૯

ડોકટ વિ. વાઈઝ ૧ ઈન્ડ જયુ. રૂ. દ. ૯૪, ૨૨૭.

રાણી વિ૦ અમીરખાન ૭ બેં૦ લો૦ રી૦ ૨૪૪ ન, ૭ બેં. લો. રી. ૨૦૫ ન, જુઓ હીબીઅસ કોરપસ ૪.

રાણી વિ૦ નબાદવીપચંદ્ર ગોસ્વામી, ૧ બેં, લો. રી. ફી. ૧૫; ૧૫ વિ. રી. ૭૧ ન. જુઓ હકીકત તોહોમતદારની ૧.

સરકાર વિ. મોહેશચંદર બાનરજીના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૧૭ વિ રી. ૩૫. જુઓ પ્રથમની તપાસ ૪.

૧૦ બીજી જગાએ કેસ મોકલવો તે—તજવીજને માટે માજીસ્ત્રેટ તરફ મુનસફે કેસ મોકલવો તે—માજીસ્ત્રેટ આવી જાતનો કેસ ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ મોકલે તે—સને ૧૮૬૧ના આકટ ૨૫ ની કલમ ૧૯ મુજબ કોઇ મુનસફ તજવીજને માટે કેસ માજીસ્ત્રેટ તરફ મોકલે તો એવી રીતે મોકલેલો કેસ માજીસ્ત્રેટ ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ મોકલી શકે નહી. રાણી વિ૦ સૈયદ અસરૂઅલીખાન, ૩ વા. દી. પ્રાં. ૧૨૬.

(મેસર્સ ટરનર અને ટર્નબલ જડજોની રૂબરૂ, તા૦ ૩ જુન સને ૧૮૭૧.)

૧૧ બીજી જગાએ કેસ મોકલવો તે-ફરીઆદીની જુબાની—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૬, ૩૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ મુજબ ફરીઆદીની જુબાની લખી લીધા શીવાય માજીસ્ત્રેટ કોઈ કેસ ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ મોકલી શકે નહીં, તેમજ કોઇ કેસ એક વખત ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ મોકલવામાં આવ્યો હોય તેવો કેસ કલમ ૩૦ મુજબ રીતસર પાછો મંગાવ્યા શીવાય તેની તજવીજ પોતે પણ ચલાવી શકે નહીં. ગીરીશચંદર ઘોસવિગેરે, ૧૬ વિ૦ રી૦ ૪૦; ૭ બેં૦ લો૦ રી૦ ૫૧૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી અગષ્ટ સને ૧૮૭૧).

રાણી વિ. હરૂ આનાથી વિરૂદ્ધ છે. ૯ બેં. લો. રી. ૧૪૬; **૧૮** વિ રી. ૧૮. જુઓ ફરીઆદ ૨૭.

દલાલીએવા વિ. ભુબનશાહનો કેસ માંજર રાખવામાં આવે છે. ૩ બેં. લો. રી ફી. અ. ૫૩. જુઓ માંડીવાળવું ફરીઆદનું ૧૫.

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવે છેઃ—

ભગોબનચંદર પોડા વિ૦ મોહનચંદ ચકરબત્તી, ૧૨ વિ. રી. ૪૯. જુઓ ફરીઆદ ૧૬.

શાનટોટીઓરની વિ. મીસીસ બેલીલીઆસ, ૩ બેં. લો. રી અપે. ૧૫૧. જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૩.

નાબા કુમાર બાનરજીની અરજ ૫ બેં લો. રી અપે. ૪૫. જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૬.

ઈશ્વરચંદર ચંદરકુંવર વિ૦ ઉમેશચંદર પાલના કેસનો આધાર લેવામાં આવ્યો. ૮ બેં. લો. રી. ૧૯. જુઓ ફરીઆદ ૨૫.

ભગોબટચરનસેન વિ૦ સીઆમઅલીના કેસથી રદ થઈ ગયો. ૧૮ વિ. રી. ૧૮; ૯ બેં. લો. રી. ૧૪૬. જુઓ ફરીઆદ ૨૭.

જુઓ રાણી વિ૦ ઉમેશચંદર ચોધરી, ૧૪ વિ. રી. ૧; ૫ બેં. લો. રી. ૧૬૦; ૯ બેં. લો. રી. ૧૪૭ ન. જુઓ ફરીઆદ ૧૯; આ કેસ રાણી વિ. ગીરીશચંદર ઘોસના કેસમાં બતાવવામાં આવ્યો નોહોતો, ૧૬ વિ૦ રી૦ ૪૦; ૭ બેં. લો. રી. ૫૧૩; જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૧૧.

૧૨ બીજી જગ્યાએ કેસ મોકલવો તે—સામા પક્ષકારની ગેરહાજરીમાં જયુડીસીયલ અમલદારે બતાવેલી હકીકત—એક અધીકારી પાસેથી બીજા અધીકારી પાસે કેસ મોકલવાને જે પક્ષકાર હાઈકોર્ટની મદદ માગે છે તે પક્ષકારોએ સામેના પક્ષકારોની ગેરહાજરીમાં બતાવેલી હકીકત સાચી હોવી જોઈએ. જે અરજદારના કેસની ડેપ્યુટી માજીસ્ત્રેટ તજવીજ કરી હતી તેના કેસમાં અરજદાર તરફથી રૂ

પ્યુટી માજીસ્ત્રેટની જુબાની લેવાને હાઈ કોર્ટે પરવાનગી આપી. રાણી વિ. મધુસુદનરોય અ રજદાર, ૧૬ વિ. રી ૪૯.

(મેસર્સ કેમ્પ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી સપટંબર સને ૧૮૭૧.)

બગોબટચરનસેન વિ. સીઆમઅલીના કેસમાં નજર રાખવામાં આવી, ૧૮ વિ૦ રી૦ ૧૮; ૯ બે૦ લો૦ રી૦ ૧૪૬, જુઓ ફ રીઆદ ૨૭,

૧૩ બીજી જગ્યાએ કેસ મોકલવો તે—ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ—હુકુમત—જેટલો ફોજદા રી મુકરદમો ચાલ્યો હોય તેટલો મુકરદમો ડી સ્ત્રીકટ માજીસ્ત્રેટને પોતાની કોર્ટમાં મંગાવવા નો અધીકાર છે. આવી રીતે પાછા ખેંચી લી ધેલા કોઈ કેસમાં માજીસ્ત્રેટને એમ માલમ પ ડે કે તે પોતાના અખતીઆર પર્ઈકી નથી તો તેનો ફક્ત અધીકાર નથી એટલુંજ નહી પણ તે મુકરદમો આગળ ચલાવી શકે નહી. વીલાયતીખાનમ વિ૦ મહેરઅલી, ૨૪ વિ૦ રી૦ ૪.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજો ની રૂબરૂ, તા૦ ૬ ઠી મે સને ૧૮૭૫).

૧૪ બીજી જગ્યાએ કેસ મોકલવો તે—સને ૧૮૭૫ નો ૧૦ મો હાઇ કોર્ટનો ક્રીમી નલ પ્રોસીજર કોડ કલમ ૧૪૭—હાઈ કોર્ટ ને કેસ મોકલવો તે—ખરચ—પોલીસ માજી સ્ત્રેટ—પુરાવાની નોટ—સને ૧૮૭૫ ના આ કટ ૧૦ માની કલમ ૧૪૭ મુજબ હાઇ કોર્ટ ને મોકલેલા કેસમાં ખરચ અપાવવાનો તે કોર્ટને અધીકાર નથી. માજીસ્ત્રેટે છેવટનો ફેંસ લો આપ્યા પછી કેસ બીજી જગ્યાએ મોકલી શકાય. આકટ પ્રમાણે સઘળી ફોજદારી કોર્ટો ના અમલદારોએ તેઓની રૂબરૂ ચાલેલા મુક રદાઓમાં નોટ લેવી જોઇએ. બંગાલાના સ ને ૧૮૬૬ ના ૬ ઠા આકટ પ્રમાણે, જે. લુ ઈની બાબત, ૧૫ બે. લો. રી. અપે. ૧૪.

(મી૦ ફીઅર જડજની રૂબરૂ, તા૦ ૨૦, ૨૬ અને ૨ જી અગષ્ટ સને ૧૮૭૫).

રાણી વિરૂદ્ધ હાજી જીબનબક્ષના કેસ માં નજર રાખવામાં આવી, ઈં૦ લો૦ રી૦ ૧ ક. ૩૫૪. જુઓ બીજી જગ્યાએ કેસ મો કલવો તે ૧૯.

૧૫ બીજી જગ્યાએ કેસ મોકલવો તે—વારંટ અથવા સમનમાં લખેલી બાબત—સ ને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૪, ૪૯—કોઈ ડીસ્ત્રીકટ માજીસ્ત્રે ટે શીખવીને એકજ માણસ ઉપર ઘણી ફરી આદો મંડાવેલી તેમાંની એક ફરીઆદ ઉપર થી તે ગુન્હેગાર ઠરેલો તેના ઉપર ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને અપીલ થએલી, તેમાં તેણે અ પીલ ચલાવવી બાજબી નથી, એવું હા ઈ કોર્ટે ધારી અપીલ સેસન જડજ તરફ મોકલી. તોહોમતદારને પોતાપર રાખેલા તોહોમત સબંધી ખબર વારંટ અથવા સમનમાં લખવાની માગણી કરવાનો હક છે જેમાં કઈ કલમ મુજબ ગુન્હો બન્યો છે એ ટલુંજ બતાવવાની જરૂર નથી પણ જે કૃત્યો ને માટે તોહોમતદાર જવાબદાર હોય તે કૃત્યો પણ બતાવવા જોઇએ. માજીસ્ત્રેટ જે કેસોમાં તાબાના માજીસ્ત્રેટે મંડાવેલી ફરીઆદ તજવી જને માટે બીજા તરફ મોકલે તે કેસોમાં મુ કરદમો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૪ અથવા ૪૯ મુજબ ચલાવવો જોઇએ. રામઝ નઅલી વિરૂદ્ધ ધરપોકામીલા અને બીજો, ૨૪ વિ. રી. ૫૮.

(મેસર્સ ફીઅર અને લોફર્ડ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અકટોબર સને ૧૮૭૫).

૧૬ બીજી જગ્યાએ કેસ મોકલવો તે—હાઈ કોર્ટ—સને ૧૮૭૫ નો ૧૦ મો હાઈ કોર્ટનો ક્રીમીનલ પ્રોસીજર કોડ—સરકારી વ કીલને નોટીસ આપેલી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૯૨, ૨૯૪—અ મુક તોહોમત—હાઈ કોર્ટ—કેદીને ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હોય તેવો કેસ બીજી જગ્યાએ મોકલવાની અરજી સને ૧૮૭૫ ના આકટ ૧૦ માની કલમ ૧૪૭ મુજબ ક રી હોય તો તેમાં સ્પષ્ટ કારણ બતાવ્યાથી સ

રકારને નોટીસ આપ્યા શીવાય કેસ બીજી જગ્યાએ મોકલવાનો હુકમ કરવો તે કોર્ટની મરજી ઉપર છે. પીનલકોડની કલમો ર૯ર અને ર૯૪ મુજબ ઘડેલા તોહેમતનામામાં અમુક બોલેલા અને લખેલા બીભત્સ શબ્દો અને પ્રતીમાઓ બતાવવા જોઇએ; અને માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવતી વખતે પોતાના ઠરાવમાં સ્પષ્ટ રીતે બતાવવું જોઈએ કે કયા અમુક શબ્દો અને પ્રતીમાઓ પુરાવા ઉપરથી લખાએલા અને બોલાએલા સાબીત થયા હતા, અને જે ઉપર બતાવેલી કલમો મુજબ બીભત્સ છે એવું તેણે ધારયું હતું. આવી રીતે કેસમાં ખુલ્લો ઠરાવ કરવામાં ના આવ્યો હોય તો હાઇ કોર્ટ, સને ૧૮૭૫ ના આકટ ૧૦ માની કલમ ૧૪૭ મુજબ કેસ પોતાની પાસે આવે તે વખતે, કેસ નવેસરથી ચલાવે અથવા ગુન્હો બાહાલ રાખી શકાય એવો ઠરાવ માજીસ્ત્રેટે કર્યો નથી એવું કારણ બતાવી કેસ માંડી વાળે. રાણી વિ. ઉપેન્દ્રોનાથ દોસ, ઈ. લો. રી. ૧ ક. ૩૫૬.

(મેસર્સ ફીઅર અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૯, ૧૬ અને ર૦ મી માર્ચ સને ૧૮૭૬).

૧૭ બીજી જગાએ કેસ મોકલવો તે—સને ૧૮૭ર નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૪—ઈંગ્રેજી ખાતામાં જડજનો અધીકાર—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૪ મુજબ બીજી જગાએ કેસ મોકલવાની અરજી હાઇ કોર્ટના ઈંગ્રેજી ખાતામાં કાગળ લખીને કરવી જોઇએ નહી પણ ઇનસાફની રીત મુજબ કોર્ટની રૂબરૂ કરવી જોઇએ અને સાધારણ રીવાજ મુજબ આફીડેવીટ કરવી જોઈએ અથવા સોગન ખાવા જોઈએ. રાણી વિરૂદ્ધ ઝુહીરૂદીન, ઈ૦ લો૦ રી૦ ૧ ક. ર૧૯.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, જેકશન, મેકફરસન, પોન્ટીફેક્ષ અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ર૩ મી માર્ચ સને ૧૮૭૬).

રાણી વિરૂદ્ધ બંધુના કેસમાં નજર રાખવામાં આવે છે, રર વિ. રી. ૬૭. જુઓ કમીટ કરવું તે ૬૩.

૧૮ બીજી જગાએ કેસ મોકલવો તે—જ્યુરરો વિષે શક પડેલો તે—કોઈ ફોજદારી કેસની રજુઆત એક ડીસ્ત્રીકટ કોર્ટમાંથી બીજી ડીસ્ત્રીકટ કોર્ટમાં ચલાવવાની કાંઈ કારણસર જરૂર જણાય તો, યોગ્ય રસ્તો એ છે કે સાધારણ રીવાજ પ્રમાણે આફીડેવટ કરી ઈનસાફ તરીકે હાઈ કોર્ટને અરજ કરવી જોઈએ. ઝુહીરૂદીનહુસેન વિગેરે અરજદારો, રપ વિ. રી. ર૭.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, જેકશન, મેકફરસન, પોન્ટીફેક્ષ અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ર૪ મી માર્ચ સને ૧૮૭૬).

૧૯ બીજી જગાએ કેસ મોકલવો તે—હાઈ કોર્ટમાં મોકલવો તે—સને ૧૮૭ર નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૭—ગુન્હો રદ કરીને દંડ પાછો આપવો તે—માજીસ્ત્રેટે લીધેલી પુરાવાની નોટ—ગુન્હો રદ કર્યા પછી દંડ પાછો અપાવાનો હુકમ કરવાનો, સને ૧૮૭૫ ના આકટ ૧૦ માની કલમ ૧૪૭ મુજબ હાઈ કોર્ટને અધીકાર નથી. કેસ બીજી જગાએ મોકલવો જોઈએ કે નહી એનું નિરાકરણ માજીસ્ત્રેટે આ કેસમાં રજુઆત ચાલતી વખતે લખી લીધેલી નોટ ઉપરથી કર્યું. મુરાદઅલી વિ. હાજી જીબનબક્ષ, ઈ. લો. રી. ૧ ક. ૩૫૪.

લુઇની બાબતમાં નજર રાખવામાં આવી. ૧૫ બેં. લો. રી. અપે. ૧૪. જુઓ બીજી જગાએ કેસ મોકલવો તે ૧૪.

પુનાચરનપાલની બાબતમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૭ ક. ૪૪૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૯.

ર૦ બીજી જગાએ કેસ મોકલવો તે—સને ૧૮૭ર નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૪—રસ્તાનો કર લેનાર કોઈ પ્રગણાની કમીટીનો કેટલોક માલ ચોરયાનો ગુ

ન્હો ઠરાવેલો તેના ઉપર અપીલ સાંભળી શકે તેવા ૫ નામના પ્રગણાના અમલદારોનુંજ ફ્કત અપીલમાં હીત રહેલું છે એવું કામમાં સાબીત થવાથી હાઈ કોર્ટે હુકમ કર્યો કે કામના સઘળા કાગળો સાથે અપીલની અરજી ચોવીસ પ્રગણાના સેસન જડજની કોર્ટમાં કરવી જોઈએ. દવારકાનાથ બાનરજી, ૬ ક. લો. રી. ૨૭૯.

(મેસર્સ વાઈટ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૮૦.)

૨૧ બીજી જગાએ કેસ મોકલવો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૪—બીજી જગાએ કેસ મોકલવાની અરજીમાં તોહોમતદાર સામે થાય તો કારણો બતાવવાની જરૂર- એક ફોજદારી કોર્ટમાંથી બીજી ફોજદારી કોર્ટમાં કેસ મોકલતાં પેહેલાં જે કેસોમાં તોહોમતદાર વાંધો ઉઠાવે તે કેસોમાં ફરીઆદીએ સ્પષ્ટ રીતે સાબીત કરવું જોઈએ કે જે ડીસ્ટ્રીકટમાં સાધારણ રીતે તેની રજુઆત થઈ શકે તેવા ડીસ્ટ્રીકટમાં તેની વ્યાજબી રજુઆત થઇ શકશે નહી. રાણી વિ૦ નોબો ગોપાલ બોસ, ઈ. લો. રી. ૬ ક. ૪૯૧.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને ફીલડ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ડીસેંબર ૧૮૮૦.)

૨૨ બીજી જગાએ કેસ મોકલવો તે—તાબાના માજીસ્ટ્રેટો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૮—બીજી જગાએ કેસ મોકલતાં પેહેલાં પક્ષકારોને નોટીસ આપવી તે—કોઈ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ પોતાના તાબાની એક કોર્ટમાંથી બીજી કોઈ તાબાની કોર્ટમાં કેસ મોકલવાનો હુકમ કરે તે પેહેલાં તેને નોટીસ આપવી જોઈએ કે જેથી કોઇ પણ પક્ષકાર કેસ નહી મોકલવાનું કારણ બતાવી શકે. ટીકોટાશેકદાર વિ૦ અમીર માજી, ઈ. લો. રી. ૮ ક. ૩૯૩; ૧૦ ક. લો. રી. ૨૩૫.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨.)

ઉમરાઓસીંધ વિ. ફકીરચંદના કેસમાં નજર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૭૪૯. જુઓ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ ૨.

૨૩ બીજી જગ્યાએ કેસ મોકલવો તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭૮—હાઈ કોર્ટને અભીપ્રાય લખી પુછવો તે—સને ૧૮૭૫ નો ૧૭ મો બરમાની કોર્ટનો આકટ કલમ ૮૦—રંગુનના રેકરડરની કોર્ટમાં રજુઆતને માટે મોકલેલો કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૮ મુજબ રજુઆતને માટે કમીશનરની કોર્ટમાં મોકલવાનો હુકમ કરવાનો સ્થાનીક સરકારને અધીકાર નથી; પણ રંગુન ડીસ્ટ્રીકટમાંથી પેગુની સેસન કોર્ટમાં કેસ મોકલવાનો સ્થાનીક સરકારને અધીકાર છે. રાણી વિ. નગથામોગ, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૬૪૩.

(મેસર્સ પ્રીનસેપ અને ઓફીનલી જડજોની રૂબરૂ, તા૦ ૪ એપ્રીલ સને ૧૮૮૪.)

૨૪ બીજી જગ્યાએ કેસ મોકલવો તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૬—બીજી જગ્યાએ કેસ મોકલવાનો હુકમ—હાઈ કોર્ટનો અધીકાર—સેડયુલમાં બતાવેલા ડીસ્ટ્રીકટનો સને ૧૮૭૪ નો આકટ ૧૪ મો કલમો ૩, ૫, ૬,—એડનનો સને ૧૮૬૪ નો બીજો—મી૦ બર્ડવુડ જડજનો મત—રજુઆત ચલાવી શકે તેવી યોગ્ય અધીકારવાળી તાબાની કોર્ટમાં કેસ ચાલતો ના હોય તો સને ૧૮૮૨ નો ૧૪ મો સીવીલ પ્રોસીજર કોડની કલમ ૨૫ કરતાં; બીજી કોઈ રીતે એટલે સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૬ મુજબ, હાઈ કોર્ટ કેસ મોકલવાનો હુકમ કરી શકે નહી. પીઅરીલાલ મોઝુમદાર વિ૦ કોમલ કીસોર દાસીઆના કેસનો આધાર લેવામાં આવ્યો. (ઈ. લો. રી, ૬ ક. ૩૦); રાણી વિ. થાકુના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. (ઈ. લો. રી. ૮ મું. ૩૧૨) સને ૧૮૭૪ ના આકટ ૧૪ ની કલ

મ ૫ મુજબ સ્થાનીક સરકાર તે આકટમાં વધારો કરી તદન નવી જગ્યામાં તે લાગુ પાડી શકે નહી. તે ઉપરથી મુંબઇ સરકારે સને ૧૮૮૬ ના નંબર ૮૨૩ નું ઝાહેરનામું નિચે પ્રમાણે પ્રગટ કરયું:—"સેડયુલમાં બતાવેલા ડીસ્ત્રીકટનો સને ૧૮૭૪ ના આકટ ૧૪ માની કલમ ૫ મુજબ આપેલા અધીકારની રૂઈએ પ્રથમ કાઉન્સીલના પ્રમુખની મંજુરી મેળવીને મુંબઈના ગવરનરે ઠરાવ કર્યો કે કલમો ૨, ૧૭ અને ૨૩ સીવાયનો સને ૧૮૬૪ નો આખો આકટ બીજો, પેરીમના બેટને લાગુ પડે છે. સને ૧૮૭૪ ના આકટ ૧૪ માની કલમ ૬ માં આપેલા અધીકાર મુજબ મુંબઈ સરકારે વળી વધારામાં એવો ઠરાવ કર્યો કે એડનનો રેશીડન્ટ પેરીમ બેટનો સેસન જડજ ગણાશે અને તે કોર્ટ તે સેસન કોર્ટ ગણાશે, અને તે ટાપુની દિવાની ફોજદારી અને ગુન્હાઓની રજુઆતને માટે સેસન કોર્ટમાં કમીટ કરેલા માણસોના સબધી ઉપર બતાવેલા આકટ મુજબ જે અધીકાર એડનમાં આપવામાં આવ્યો છે તેવો અધીકાર આને માટે પણ આપવામાં આવે છે. એમ ઠરાવવામાં આવ્યું કે એડનના સને ૧૮૬૪ ના આકટ બીજાનું લખાણ જેમાં ફક્ત એકલી એડન ટાપુની તકરારો વીષે બતાવેલું છે તે, આકટના વિષયમાં વધારો કસ્યા સીવાય પેરીમના ટાપુને લાગુ કરી શકાતું નથી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે એડનનો પોલીટીકાલ રેસીડન્ટ પેરીમ બેટનો સેસન જડજ ગણાશે એવું શેડયુલમાં બતાવેલા ડીસ્ત્રીકટના સને ૧૮૭૪ ના આકટ ૧૪ ની કલમ ૬ ના કલોઝ અ મુજબ ઠરાવેલું તે ફક્ત ક્રીમીનલ પ્રોસીજર ના લખાણ ઉપર નજર રાખતાં કાયદેસર હતું, અને ઝાહેરનામાના જે ભાગમાં સને ૧૮૬૪ ના આકટ બીજાના સબંધી રેસીડન્ટને અધીકાર આપેલો છે તે વધારામાં આપેલો છે એમ ગણવું જોઈએ. કોઇ કેદી ઉપર ખુનનું તોહોમત રાખી તેને તા૦ ૨૬ મી અગષ્ટ સને ૧૮૮૫ ને રોજ એડનના રેસીડન્ટની રૂબરૂ રજુઆતને માટે કમીટ કરવામાં આવ્યો હતો, જેને તેણે ગુન્હેગાર ઠરાવી તા. ૧૪ મી સપટંબર સને ૧૮૮૫ ને રોજ સજા કરી હતી. પેરીમટાપુ ઉપર રેસીડન્ટની હકુમત નોહોતી અને તેને સેસન કોર્ટનો જડજ ઠરાવવામાં નહી આવ્યાથી કેદીની રજુઆત ચલાવવાનો તેને અધીકાર નોહોતો એવું કારણ બતાવી મુંબાઈની હાઈ કોર્ટે તા૦ ૨૬ મી જાનેવારી સને ૧૮૮૬ ને રોજ ગુન્હેગાર ઠરાવી સજા કરેલી, રદ કરી; અને યોગ્ય હકુમતવાળી કોર્ટ અગાડી ફરીથી રજુઆત ચલાવવાનો તે કોર્ટે હુકમ કર્યો. ઉપર બતાવેલું ૮૨૩ મા નંબરનું ઝાહેરનામું મુંબઇ સરકારે તા૦ ૧૦ મી ફેબ્રુઆરી સને ૧૮૮૬ ને રોજ કાઢયું. તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૮૬ ને રોજ હાઇ કોર્ટ અથવા બીજી સેસન કોર્ટમાં કેસ મોકલવાને માટે હાઈ કોર્ટને અરજી કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે પેરીમ તે સેસનનો ભાગ છે અને તે ભાગને માટે સેસન કોર્ટ ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ ઠરાવ્યાથી અને તે કોર્ટના સેસન જડજ તરીકે એડનના રેસીડન્ટની નિમનોક કસ્યાથી તોહોમતદારને વ્યાજબી રીતે સેસન કોર્ટમાં કમીટ કરવામાં આવ્યો હતો તેટલા માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૬ મુજબ હાઇ કોર્ટ પોતાની કોર્ટમાંથી બરોબર હકુમતવાળી અથવા ઊંચા દરજ્જાની કોઈ કોર્ટમાં કેસ મોકલવાનો હુકમ કરી શકે છે. મી૦ જારડીન જડજનો મત—એડનના રેસીડન્ટની કોર્ટમાં ચાલેલો મુકરદમો, હકુમત નથી એવું ઠરાવી હાઈ કોર્ટે રદ કસ્યાથી તે મુકરદમો હજુ પોતાની કોર્ટમાં ચાલે છે એમ ધારી શકાય નહી, અને કેસ કમીટ કરતી વખતે કોઇપણ શેસન કોર્ટ હૈયાતીમાં નહી હોવાથી બેશક એવો પરીણામ થાય છે કે કેસ માજીસ્ટ્રેટની કોર્ટમાં રહ્યો, પણ માજીસ્ટ્રેટ, રેસીડન્ટ અથવા સેસન જડજની કોર્ટમાં કેસ આ

હતો છે એવું ધારવામાં આવે અગર ના આવે તોપણ બીજી જગાએ કેસ મોકલવાનો હાઈ કોર્ટને અધીકાર છે, અને એવી રીતની હકીકત મુજબ રજુઆતને માટે હાઈ કોર્ટમાં કેસ મોકલવો જોઇએ. રાણી વિ૦ મંગલ ટેકચંદ, ઈ. લો. રી. ૧૦ મું. ૧૭૪.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૮૬.)

રાણી વિ૦ ગાજી કોમરાતુંના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ઈ. લો. રી. ૧ મું. ૩૧૧. જુઓ જુઠો પુરાવો ૬૨.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છેઃ—

રાણી વિ૦ વ્યંકટસ્વામી, ૨ મું. હા. કો. રી. ૧૦૬. જુઓ ઉત્તરકેનેરા.

રાણી વિ૦ જગનનાથ, ઈ. લો. રી. ૩ અ. ૨૫૮. જુઓ કમીટ કરવું તે ૩૫.

રાણી વિ૦ ટસીટઉ, ઈ. લો. રી. ૪ ક. ૬૬૭. જુઓ હકુમત ૩૫.

જુઓ અંગ્રેજી પ્રજા ૧૫.

,, મેન્ડેમસ ૨.

બેમાંનાં એક ગુન્હાનું તોહોમત—

૧ બેમાંના એક ગુન્હાનું તોહોમત—પીનલકોડ સીવાય બીજા કાયદાઓ મુજબ જે ગુન્હાઓની સજા થઇ શકે તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૪૨—હકુમત—સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૧૭ મો કલમ ૧૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૨ મુજબ નિયમસર અથવા વધારે ગુન્હાઓમાંથી ગમે તે તોહોમત રાખવાને માટે એવી રીતના તોહોમતનામામાં બતાવેલા ગુન્હાઓ પીનલકોડ વિરૂદ્ધ થયેલા હોવા જોઈએ; તેટલા માટે કોઈ કેદી ઉપર પીનલકોડની કલમ ૪૦૯ મુજબ સાપરાધ વિશ્વાસઘાત અથવા સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૧૭ ની કલમ ૧૬ મુજબ ગેરવ્યાજબી રીતે પૈસા કઢાવવા એ બંનેમાંનું એક તોહોમત રાખવામાં આવ્યું હોય તો તે નિયમસર ગણાતું નથી. છેવટની કલમ મુજબ રાખેલું તોહોમત સાત વર્ષની સજા થઈ શકે તેવું હોવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડના સુધારાનો આકટ સને ૧૮૬૯ ના ૮ મા સેડયુલ પ્રમાણે તેની રજુઆત ફકત સેસન કોર્ટ કરી શકે છે. રાણી વિ૦ આજમ દુલા, ૮ મું. હા. કો. રી. ૧૧૫.

(મેસર્સ મેલવીલ અને કેમબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ ૧૮૭૧.)

૨ બેમાંના એક ગુન્હાનું તોહોમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૫૫, ૪૬૧—એકઠા તોહોમતો—બેમાંના એકને માટે ઠરાવ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૨—જે કેસોની હકીકત વેહેમ પડતી હોતી નથી પણ તે હકીકત ઉપર કીયો કાયદો લાગુ પડે છે તે વેહેમ પડતું હોય તેવા કેસોને સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૫૫ લાગુ પડે છે. તોહોમતદાર ઉપર રાખેલા કેટલાક ગુન્હાઓમાંથી એક ગુન્હાને માટે તે ગુન્હેગાર છે કે નહી એ વિષે શક પડે તેવા કેસોમાં બેમાંથી ગમે તે એક ગુન્હાને માટે ઠરાવ આપી શકાતો નથી; પણ બેમાંના કયા ગુન્હાને માટે તે ગુન્હેગાર છે એ વિષે શક પડતો હોય તોજ ઠરાવ આપી શકાય છે. પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ભુલથી બેમાંનું એક તોહોમત રાખી તોહોમતદારોને રજુઆતને માટે કમીટ કરવામાં આવ્યા હતા. સેસન કોર્ટે કલમ ૧૯૩ મુજબ રાખેલા તોહોમતમાં સુધારો કરી કલમો ૨૦૧ અને ૨૦૩ મુજબ તોહોમતો વધાર્યો. સુધારો કરી વધારેલા તોહોમતોને માટે તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થવાનો સંભવ છે કે નહી એ વિષે શક પડયો હતો. પીનલકોડની કલમ ૧૯૩ મુજબ પડેલા તોહોમતનામામાં તકરારમાં બતાવેલી ખોટી પ્રતીજ્ઞા લખવી જોઇએ પણ તેની મતલબ લખવી જોઈએ નહી. રાણી વિ૦ જામુ રહા, ૭ વા. દી. પ્રાં. ૧૩૭.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૭૫.)

રાણી વિ૦ આપાસુભાના મંડરેના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. ૧ મું. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

જુઓ તોહોમત ૨૦.

,, ડાકાઇટી ૧, ૬.

,, જુઠો પુરાવો ૧૦, ૮૩–૧૦૩, ૧૦૮.

,, માફી ૧૩.

,, ફરીઆદ કરવાની પરવાનગી ૩૫.

બેમાંના એક ગુન્હાનો ઠરાવ—

બેમાંના એક ગુન્હાનો ઠરાવ – કાયદેસર ગણાવવું તે—બેમાંના એક ગુન્હાને માટે ઠરાવ લખવો તે સંપૂર્ણ રીતે કાયદેસર ગણાય છે. રાણી વિરૂદ્ધ ટારીનીમીતી, ૭ વિ૦ રી૦ ૧૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૬૭).

જુઓ જુઠો પુરાવો ૮૩, ૧૦૩.

બેન્ચ માજીસ્ટ્રેટનો—

૧ બેન્ચ માજીસ્ટ્રેટની—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૨, ૨૨૪, ૨૨૫—સુલેહનો ભંગ – ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૨૨ અને ૨૨૫ માં બતાવ્યા શીવાયનો બીજો કોઇ ગુન્હો અથવા સુલેહના ભંગનો કેસ કલમો ૨૨૪ અથવા ૨૨૫ મુજબ અધીકાર મળ્યો હોય અગર ના મળ્યો હોય તોપણ માજીસ્ટ્રેટની બેન્ચ ચલાવી શકે નહી. રાણી વિરૂદ્ધ ડેબીપ્રીપાઠક, ૨૧ વિ. રી. ૧૨

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી ડીસેંબર સને ૧૮૭૩).

૨ બેન્ચ માજીસ્ટ્રેટની - હકુમત—સ્થાનીક સરકારની મંજુરી સાથે માજીસ્ટ્રેટે ઠરાવેલા નિયમો જે હાઈ કોર્ટની રૂબરૂ નોહોતા તે મુજબ કેસ એવી જાતનો હતો કે તેમાં બેન્ચની હકુમત નોહોતી એવું માજીસ્ટ્રેટે બતાવેલું તોપણ માજીસ્ટ્રેટની બેન્ચે ગુન્હેગાર ઠરાવેલો તેની દરમીઆન હાઇ કોર્ટે આવવાની ના પાડી કારણ કે તોહોમતદારને વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે એવું તે કોર્ટને માલમ પડ્યું હતું. રાણી વિ. દવારકાનાથ મુલીક, ૨૧ વિ. રી. ૪૫.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી માર્ચ સને ૧૮૭૪).

૩ બેન્ચ માજીસ્ટ્રેટની—હાઈ કોર્ટ—કાયદેસર ગુન્હેગાર ઠરાવવાને માટે જોઈએ તેવો પુરાવો માજીસ્ટ્રેટની બેન્ચ અગાડી હોય તો તેમાં હાથ ઘાલવાનો હાઈ કોર્ટનો અધીકાર નથી. અબદુલહક ચોધરી વિ. ઈદરકર, ૧ વિ. રી. ૫૭.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી માર્ચ સને ૧૮૭૪).

રાણી વિ. સખરામ મનોહરના કેસમાં મંજુર રાખવામાં આવ્યો, ૧૧ મું. હા. કો. રી. ૧૨૫. જુઓ ભુલ અગત્યની.

૪ બેન્ચ માજીસ્ટ્રેટની—રાત્રે ઘર પ્રવેશ કરવો તે-રાત્રે ઘર ફાડવું તે-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૫૭—પીનલ કોડની કલમ ૪૫૭ મુજબ રાત્રે ઘર ફાડવુ અથવા છાનામાના પ્રવેશ કરવાના ગુન્હાનું તોહોમત રાખી તજવીજ ચલાવવાનો માજીસ્ટ્રેટની બેન્ચને અધીકાર નથી. રાણી વિ૦ બેચન કાદર, ૨૩ વિ. રી. ૬.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી નવંબર સને ૧૮૭૪.)

૫ બેન્ચ માજીસ્ટ્રેટની – હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ માં આવી જાય તેવા કેસો ચલાવવાને માજીસ્ટ્રેટની બેન્ચનો અધીકાર નથી. "સરકાર હુકમ કરે તે જગાના અને તે વર્ગનાજ કેસો ફકત ચલાવવાનો" ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦ મુજબ માજીસ્ટ્રેટની બેન્ચને અધીકાર છે. "રજુઆત" એ શબ્દોની વાખ્યા ઉપરથી એમ માલમ પડે છે કે ગુન્હાઓની રજુઆતને તે લાગુ પડે છે, પણ કલમ ૫૩૦ માં બતાવેલી પરચુરણ બાબતોને તે લાગુ પડતા નથી. સફરદીન, વિ૦ ઈપ્સાહી

મ, ઈ૦ લો૦ રી૦ ૩ ક૦ ૭૫૪, ૨ ક. લો. રી. ૨૬૩.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજો ની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ ૧૮૭૮.)

રામસુંદરડી વિ૦ રજબઅલીનો કેસ જુઓ, ઈ૦ લો૦ રી૦ ૧૨ ક૦ ૫૫૮. જુઓ બેન્ચ માજીસ્ત્રેટની ૮.

૬ બેન્ચ માજીસ્ત્રેટની—અધીકાર—મુદત ઠરાવેલી રજુઆતે એકાદ માણસ હાજર ના હોય તે—ફર્સ્ટ કલાસના અધીકારવાળો માજીસ્ત્રેટ ફકત ચલાવી શકે તેવો ગુન્હો માજીસ્ત્રેટની બેન્ચની રૂબરૂ આવ્યો, જેમાંના એક માણસને એવો અધીકાર નોહોતો પણ એકઠી બેન્ચ તરીકે બેસતી વખતે એવો અધીકાર તેમને આપવામાં આવ્યો હતો. મુદત ઠરાવેલી રજુઆતમાંનો ફકત એક માણસ હાજર હતો. એમ ઠરાવવામાં આવ્યું કે તેને એકલાને કેસ ચલાવવાનો અધીકાર નથી; અને તેથી તેના કરેલા હુકમો કાયદા વિરૂદ્ધ ગણી રદ કરવામાં આવ્યા હતા. બરોડાપ્રોસુનો ચકરબતી વિગેરે, ૨ ક૦ લો૦ રી૦ ૩૪૮.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી મે સને ૧૮૭૮.)

૭ બેન્ચ માજીસ્ત્રેટની—મ્યુનીસીપાલ ગુન્હો—મ્યુનીસીપાલીટીનો પગારદાર અમલદાર નાલાયક થયેલો તે—સને૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૫૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૫૫ માં ગમે તેમ બતાવેલું છે તોપણ મ્યુનીસીપાલીટીના કોઇ પગારદાર અમલદાર ઉપર મ્યુનીસીપાલ આકટની વિરૂદ્ધ ગુન્હો કર્યાને માટે તો હોમત રાખી તેને માજીસ્ત્રેટની બેન્ચે ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તે કાયદા વિરૂદ્ધ ગણાય છે. નોબીનક્રીષ્ણ મુકરજી વિરૂદ્ધ સબરબન મ્યુનીસીપાલીટીનો ચેરમેન, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૧૯૪.

(મેસર્સ મીતર અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી નવંબર સને ૧૮૮૩).

૮ બેન્ચ માજીસ્ત્રેટની—ગેરશિરસ્તાથી હુકમ કરેલો તે—એક બેન્ચે થોડો કેસ સાંભળી બીજી બેન્ચે ઠરાવ આપેલો તે—સંક્ષેપમાં ચલાવા લાયક કેસમાં માજીસ્ત્રેટની બેન્ચે ફરીઆદી તરફનો પુરાવો લખી લીધા પછી, કેદી તરફનો પુરાવો લેવાને માટે કેસ મુલતવી રાખ્યો; અને રજુઆતને માટે ઠરાવેલા દિવસે બીજી બેન્ચ જેમાંનો એક પણ માજીસ્ત્રેટ પેહેલાંની બેન્ચનો નોહોતો તેણે, કેદી તરફનો પુરાવો લખી લીધા પછી તો હોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. હાઈ કોર્ટનો અભીપ્રાય લખી પુછવાથી એમ ઠરાવવામાં આવ્યું કે હુકમ ગેરકાયદેસર ગણી રદ કરવો જોઈએ. રામસુંદરડી વિ. રજબઅલી, ઈ. લો. રી. ૧૨ ક. ૫૫૮.

(મેસર્સ મેકડોનલ અને બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ફેબ્રુઆરી સને ૧૮૮૬).

જુઓ સફરૂદીન વિ૦ ઈબ્રાહીમ, ઈ. લો. રી. ૩ ક. ૭૫૪.

જુઓ બેન્ચ માજીસ્ત્રેટની ૫.

„ નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૫૮, ૬૫.

„ ઢોર પ્રવેશ ૭.

„ સાપ્રાધ પ્રવેશ ૨૩.

„ બમણો દોષવાન.

બેલીફ—

બેલીફ—દિવાની કોર્ટનું હુકમનામું બજાવવું તે—બારણા ભાગી નાખી ઉઘાડવાં તે—કોઈ હુકમનામાના દેણદાર ઉપર હુકમનામું બજાવવાને માટે બેલીફ ત્રીજા કોઇ શખસના બારણા ભાગી નાખી ઉઘાડે અને તેમાંથી દેણદાર પોતે અથવા તેનો કાંઈપણ માલ મળી ના આવે તો તે પ્રવેશ કરનાર ગણાય છે; અને ઘરના માલીકે જો બેલીફને ઘરમાં પેસતો અટકાવ્યો હોય તો આવી રીતની હકીકત ઉપરથી તેને પીનલકોડની કલમો ૧૮૩ અથવા ૧૮૬ મુજબ શિક્ષા થઇ શકે નહી. રાણી વિ. ગાઝીકોમ આબાડોર, ૭ મું હા૦ કો૦ રી૦ ૮૩.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જુલાઈ સને ૧૮૭૦).

જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૫.

,, બજાવણી દિવાની કોર્ટની.

બે વાર લગ્ન—

૧ બેવાર લગ્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૫—ધણી મતે કોર્ટે એવું ઠરાવ્યું કે જે સ્ત્રી પોતાના પેહેલા ધણીના મોતની ખબર મેળવવાને પોતાથી બનતો શ્રમ કરે નહી અને સોળ માસ સુધી પેહેલાના ધણી સાથે રહી પછીથી પોતાનું પેહેલી વારનું પરણેત ખુલુ કર્યા સીવાય બીજા ધણીની સાથે લગ્ન કરવાનો કરાર કરે તો તેણીને પીનલકોડની કલમ ૪૯૫ માં બતાવેલી વધારે સજા કરી શકાય છે. રાણી ઈનાઈબીબી, ૪ વિ. રી. ૨૫.

(મેસર્સ લોચ, કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી નવંબર સને ૧૮૬૫.)

૨ બે વાર લગ્ન—નીકા લગ્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૯૪, ૪૯૫—પીનલકોડની કલમો ૪૯૪ અને ૪૯૫ માં નીકા લગ્ન આવી જાય છે. રાણી વિ. જદુ મુસલમાની અને બીજો, ૬ વિ. રી. ૬૦.

(મીં૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી અગષ્ટ સને ૧૮૬૬.)

શેખ મોનીરૂદીન વિ. રામધન બાજીકા ના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૧૮ વિ. રી. ૨૮ જુઓ નીકા લગ્ન.

૩ બે વાર લગ્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૪—વટલેલો તે—કોઈ હિંદુ ખ્રિસ્તી વટલાઈને ફરીથી હીંદુ થઇ કોઈ હીંદુ સ્ત્રી સાથે લગ્ન કરે તો, ખ્રિસ્તી હતો તે વખત તેની પયણેલી સ્ત્રી જીવતી હતી એ કારણ બતાવી તેને બે વાર લગ્ન કરવાને માટે ગુન્હેગાર ઠરાવી શકાય નહી. પ્રો. તા૦ ૮ મી નવંબર ૧૮૬૬, ૩ મ. હા. કો. રી. અપે. ૭.

(મેસર્સ હોલોવે અને ઈન્સ જડજોની રૂબરૂ, તા૦ ૩ નવંબર સને ૧૮૬૬.)

૪ બે વાર લગ્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૪—પેહેલાના ધણીની હૈયાતીમાં ફરીથી લગ્ન કરવાને માટે કોઈ સ્ત્રીને ગુન્હેગાર ઠરાવેલી તે કેસમાં સજા કમી કરવાની જરૂર નથી એવું ઠરાવતી વખતે હાઈ કોર્ટે ટીકા કરી કે કેસની હકીકત જોતાં તોહોમતદારની ઘણીજ નાની ઉમર અને તેણીના ઉપર રાખેલા દાબથી ખરેખર નામની સજા બસ થાત. રાણી વિ. સુખુઆરટ, ૧૮ વિ રી. ૯.

(મીં૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૫ મી જુન ૧૮૭૨.)

૫ બે વાર લગ્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૪—લગ્ન રદ કરવાનો ન્યાતનો અધીકાર—લગ્ન રદ કરવાનો અથવા કોઈ સ્ત્રીને ફરીથી પરણવાની રજા આપવાનો ન્યાતનો અધીકાર કાયદાની કચેરીઓ મંજુર રાખશે નહી. એક ધણીની હૈયાતીમાં ફરીથી પરણવાને માટે પીનલકોડની કલમ ૪૯૪ મુજબ રાખેલુ તોહોમત અથવા કલમ ૧૦૯ મુજબ તે ગુન્હાની મદદગારીના તોહોમતના જવાબમાં, ન્યાતે આપેલી પરવાનગીથી બીજી વારનું લગ્ન કાયદેસર હતું એવું સુદ્ધબુદ્ધિથી ધારવું હતું એવું તકરારમાં બતાવી શકાય નહી. રાણી વિ. શંભુ રઘુ, ઈં૦ લો૦ રી૦ ૧ મું. ૩૪૭.

(મેસર્સ મેલવીલ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી સપટંબર સને ૧૮૭૬).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રાણી વિ૦ બાઈરૂપા, ૨ મું૦ હા૦ કો૦ રી૦ ૧૧૭. જુઓ છીનાળુ ૧.

રાણી વિ૦ ગોવીંદા વાલદતેજા, ઈ. લો. રી. ૧ મું. ૯૭. (દિવાની રૂલીંગ).

રાણી વિ૦ મનોહર રાયજી, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૭. જુઓ છીનાળુ ૬.

ખેમકોર વિ૦ ઉમીઆશંકર રણછોડ, ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૩૮૧. (દિવાની ૩ લીંગ).

મુંબાઈ સરકાર વિરૂદ્ધ ગોસાવીની સ્ત્રી બાઇ ગંગા, ઈ. લો. ૪ મું૦ ૩૩૦. જુઓ બે વાર લગ્ન ૯.

૬ બે વાર લગ્ન—કરવાનો યત્ન કરવો તે—લગ્ન કરવાના ઠરાવની જાહેર ખબર છપાવવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૦૯, ૪૯૪-લગ્નના ઠરાવની જાહેર ખબર છપાવવી તે લગ્નની તઈયારી માટે કરેલું કૃત્ય ગણાય છે પણ તેથી લગ્ન કરવાનો યત્ન ગણાતો નથી. તે ઉપરથી કોઈ માણસે પોતાની સ્ત્રીની હયાતીમાં કોઈ સ્ત્રીની સાથે લગ્ન કરવાનો ઠરાવ કર્યો અને તે છપાવ્યો, તેથી તેણે પોતાની સ્ત્રીની હયાતીમાં ફરીથી પરણવાનો યત્ન કર્યો એવું ગણાતું નથી. રાણી વિ૦ પાટરસન, ઈ. લો. રી. ૧ અ. ૩૧૬.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૬ ઠી ડીસંબર સને ૧૮૭૬).

રાણી વિ૦ રાનસરન ચોબીનો કેસ જુઓ, ૪ વા. દી. પ્રાં. ૪૬. જુઓ પ્રયત્ન ગુન્હો કરવાનો ૨.

૭ બે વાર લગ્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૪—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૨—હકુમત—ફરીઆદ—ફરીઆદીએ પોતાની સ્ત્રી કોઈ માણસે રાખી છે એવી ફરીઆદ માજીસ્ટ્રેટને કરી હતી. કેસ ચાલતાં પીનલકોડની કલમ ૪૯૪ મુજબ સ્ત્રીએ બે વાર લગ્ન કર્યું છે એમ સાબીત થયું. બીજી ફરીઆદ થયા સીવાય માજીસ્ટ્રેટે એકલી સ્ત્રીને સેસન કોર્ટમાં રજુઆતને માટે કમીટ કરી. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટનો અખતીઆર હતો; લગ્ન સબંધી કેસમાં ફરીઆદ થયા સીવાય તજવીજ કરવાનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૨ માં બતાવેલું નથી તોપણ માજીસ્ટ્રેટની રૂબરૂ ચાલતા કેસમાં ગુન્હેગાર ઠરેલા ગમે તે માણસ સામે કામ માજીસ્ટ્રેટ ચલાવી શકે છે. ઉજલાએવાની બાબત, ૧ ક. લો. રી. ૫૨૩.

(મેસર્સ જેકશન અને કનીંગહામ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી માર્ચ સને ૧૮૭૮).

૮ બે વાર લગ્ન—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૦૯, ૪૯૪—પરણેલી કોઇ નહાની સ્ત્રીનો મુસલમાન વાલી તેણીના ધણીની હઈયાતીમાં બીજાની સાથે તેણીને લગ્ન કીયા કરાવે છે અને પોતે તે કૃત્યમાં કાંઇપણ ભાગ નહી લેવાથી પીનલકોડની કલમો ૪૯૪ અને ૧૦૯ મુજબ ગુન્હેગાર ગણાતો નથી. આવી જાતના કેસેમાં તકરારો પડવાથી તેનો અંત આણવાન વિચારથી ફોજદારીમાં ફરીઆદ માંડવાની રીત ગેરવાજબી ઠરાવવામાં આવી. રાણી વિરૂદ્ધ અબદુલ કરીમ, ઈ. લો. રી. ૪ ક. ૧૦.

(મેસર્સ વાઈટ અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૭૮).

૯ બે વાર લગ્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૪—ધણીની હૈયાતીમાં લગ્ન કરવું તે—કોઈ હીંદુ સ્ત્રીને વટલાવીને મુસલમાન કરવી તે—કોઈ હીંદુ સ્ત્રીને વટલાવીને મુસલમાન કરી દેવાથી તેણીનું પોતાના ધણીની સાથેનું લગ્ન તેવા કૃત્યથી છુટી જતું નથી; તેટલા માટે તે ધણીની હૈયાતીમાં બીજી વાર કાયદેસર લગ્ન તે કરી શકતી નથી. તેણીએ કોઈ મુસલમાન સાથે નિકાની ક્રીયા કરવાથી પીનલકોડની કલમ ૪૯૪ મુજબ તે ગુન્હેગાર ગણાય છે. મુંબાઇ સરકાર વિરૂદ્ધ ગંગા, ઈ. લો. રી. ૪ મું. ૩૩૦.

(મેસર્સ પીન્હે અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જાનેવારી સને ૧૮૮૦).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

રાણી વિ૦ બાઈ રૂપા, ૨ મું. હા. કો. રી. ૧૧૭. જુઓ છીનાળુ ૧.

રાણી વિ૦ શંભુ રઘુ, ઈ. લો. રી. ૧ મું. ૩૪૭. જુઓ બે વાર લગ્ન ૫.

૧૦ બે વાર લગ્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૪—પુરાવો—રીવાજ—લગ્ન સબંધી ગુન્હાઓ—તોહોમતદાર જે ન્યાતનો છે તે ન્યાતમાં આવા લગ્નો ઘણાં થાય છે અને તે કાયદા વિરૂદ્ધ ગણાતાં નથી એવું કેસના પુરાવા ઉપરથી સાબીત થયું હોય તો, સ્ત્રી અથવા ધણીની હૈયાતીમાં ફરીથી લગ્ન કરવાને માટે પીનલકોડની કલમ ૪૯૪ મુજબ કોઈ માણસને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તે બાહાલ રાખી શકાય નહી એમ ઠરાવવામાં આવ્યું. મુસામત ચામીઆ, ૭ કo લોo રીo ૩૫૪.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તાo ૨૩ મી નવંબર સને ૧૮૮૦).

૧૧ બે વાર લગ્ન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૯૪, ૧૦૯—ધણીની હૈયાતીમાં ફરીથી પરણવું તે—મદદગારી—ખાનદેશના ગુજરાતી રજપુતોમાં છેડાછુટકા કરવા તે—ધણીની ફારગતી—છેડાછુટકા કરવા કાયદેસર છે તે—ખાનદેશમાં રેહેનારી આંજાણા રજપુતની ગુજર ન્યાતના કોઈ માણસે પોતાની સ્ત્રીને ફારગતી આપી. પુરાવા ઉપરથી કોર્ટે એવું ઠરાવ્યું કે ફારગતી સાબીત થાય છે અને બદચાલ જેવું પુરતુ કારણ મળી આવે તો ધણી પોતાની સ્ત્રીને ફારગતી આ ન્યાતમાં આપી શકે છે. ચાલતા કેસમાં ફારગતી પુરતા કારણોને લીધે આપવામાં આવી છે એવું સાબીત નહી થવાથી બીજી વાર લગ્ન કરેલા પક્ષકારો પીનલકોડની કલમ ૪૯૪ મુજબ ગુન્હેગાર છે; અને તે લગ્ન વખતે ક્રીયા કરાવનાર ગોર પીનલકોડની કલમો ૧૦૯ અને ૪૯૪ મુજબ મદદગાર હતો. કાયદા વિરૂદ્ધ લગ્નમાં હાજર રહેલા માણસોની ફકત કબુલાત અથવા લગ્નની ક્રીયા કરવાને માટે ઘર આપ્યાથી આવી રીતના લગ્નમાં મદદગારી કર્યાનો ગુન્હો બનતો નથી. રાણી વિo ઉમી, ઈ. લો. રી. ૬ મું. ૧૨૬.

(મેસર્સ મેલવીલ અને કેમબોલ જડજોની રૂબરૂ, તાo ૧૧ મી જાનેવારી સને ૧૮૮૨).

૧૨ બે વાર લગ્ન—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—નુકશાન થએલા માણસે બીજી વાર લગ્નની કરેલી ફરીઆદ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૪—ફરીથી લગ્ન કરવાને માટે કોઈ ગાંડા માણસની સ્ત્રી ઉપર તે માણસના ભાઇની ફરીઆદ ઉપરથી કામ ચલાવવામાં આવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે ગાંડા માણસના ભાઈએ ફકત ફરીઆદી કર્યાથી "આવી રીતના ગુન્હાથી નુકશાન થએલા માણસ" ની ફરીઆદ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૮ ના અર્થ મુજબ ગણાતી નથી, અને તેથી ફરીઆદી ચલાવી શકાય નહી. રાણી વિo બાઈ રૂક્ષમણી, ઈ. લો. રી. ૧૦ મું. ૩૪૦.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તાo ૨૧ મી જાનેવારી સને ૧૮૮૬).

જુઓ છીનાળુ ૧.

બેહેરો અને મુંગો તોહોમતદાર—

૧ બેહેરો અને મુંગો તોહોમતદાર—સમજાવવાના સાધનો—કોઈ એક બેહેરા અને મુંગા તોહોમતદારને ગુન્હાને માટે અપરાધી ઠરાવવામાં આવ્યો હતો. રજુઆત ચાલતી વખતે તેના ઉપર રાખેલું તોહોમત તેને સમજાવવાને કાંઈ યત્ન કરવામાં આવ્યો નોહોતો. હાઇ કોર્ટે ગુન્હેગાર ઠરાવેલું રદ કર્યું. પ્રો. તાo ૫ મી ડીસંબર સને ૧૮૭૦; ૬ મ. હા. કો. રી. અપે. ૭.

૨ બેહેરો અને મુંગો તોહોમતદાર—મુકરદમાઓ સમજાવવા તે—પેહેલાં ગુન્હેગાર ઠરાવેલો તે—કમીટ કરવું તે—સેસન કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૮૬, ૨૯૭, ૩૧૫—તોહોમતદાર જે બેહેરો અને મુંગો હતો તે કેસમાં જે ડેપ્યુટી માજીસ્ટ્રેટે તેની રજુઆત ચલાવી ગુન્હે

ગાર ઠરાવ્યો હતો તેણે એમ ધારયું કે તે મુકરદમાઓ સમજતો નથી અને તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૬ મુજબ કેસમાં માજીસ્ટ્રેટનો અભીપ્રાય લખી પુછયો. માજીસ્ટ્રેટે ધારયું કે તોહોમતદાર તેના ઉપર રાખેલું તોહોમત સમજતો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટનો ઠરાવ કાયમ રાખવો જોઈએ અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૬ લાગુ પડતી નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ ચાલીને હાઇ કોર્ટે ડેપ્યુટી માજીસ્ટ્રેટનો ઠરાવ રદ કર્યો; પીનલકોડના પ્રકરણ ૧૭ મુજબ ત્રણ વર્ષની સજા થઈ શકે એવા ગુન્હાને માટે તોહોમતદારને પ્રથમ ગુન્હેગાર ઠરાવ્યાથી એવો હુકમ કર્યો કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૫ મુજબ સેસન કોર્ટમાં રજુઆતને માટે તેને મોકલવો જોઇએ. ડુબરી હલવઈ (વિ૦ એક બેહેરો, ૧૯ વિ. રી. ૩૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩).

૩ બેહેરો અને મુંગો તોહોમતદાર--સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૬--ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૬ ના છેલા કલોઝ મુજબ હાઈ કોર્ટની પાસે આ કેસ આવ્યો તેમાં હકીકત ઉપરથી તે કોર્ટે કેદી જે બેહેરો અને મુંગો હતો તેને ગુન્હેગાર ઠરાવેલો તે હુકમ રદ કર્યો, અને તેને ઠપકો દેઇ છોડી મુકવાનો હુકમ કર્યો. દવારકાંનાથ હોલડર, વિ૦ નોડરચંદ કામટી, ૨૨ વિ. રી. ૩૫.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુન સને ૧૮૭૪).

૪ બેહેરો અને મુંગો--સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૬--બેહેરો અને મુંગો જે પોતાના ઉપર ચાલેલો મુકરદમો સમજી શકતો નથી અથવા રાખેલા તોહોમતનો જવાબ આપી શકતો નથી તેવા માણસની રજુઆતમાં તેના ઉપર ચાલેલો મુકરદમો બરોબર છે એવું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૬ મુજબ ઠરાવી મુકરદમાની દરમીઆન જે હકીકત સાબીત થાય તે ઉપરથી હાઈ કોર્ટ કેદીને સજા કરી શકે છે. કેદી અપરાધી છે એ વિષે આ કેસમાં કોર્ટને શક નોહોતો, પણ છેવટના હુકમો કરતાં પેહેલાં કેદીને તકરાર બતાવવાની વધારે તક આપી અને તે પ્રમાણે તેને નોટીસ આપવાનો માજીસ્ટ્રેટને હુકમ કર્યો. રાણી વિ૦ બાઉકાહરી, ૨૨ વિ. રી. ૩૫.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩ જુલાઈ સને ૧૮૭૪.)

૫ બેહેરો અને મુંગો તોહોમતદાર--સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૬--જે કેસમાં કેદી બેહેરો અને મુંગો હતો તે કેસની હકીકત ઉપરથી તેને પોતાના બચાવમાં જવાબ આપવાને વધારે તક આપવામાં આવી હતી, અને માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવેલો તે હાઈ કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૬ મુજબ બાહાલ રાખ્યો. રાણી વિ. બાઉકા, ૨૨ વિ. રી. ૭૨.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અગષ્ટ સને ૧૮૭૪)

૬ બેહેરો અને મુંગો તોહોમતદાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૬—ચોરી કરવાના ઈરાદાથી રાત્રે ઘર ફાડવાને માટે ग નામના માણસને જોઈન્ટ માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવી સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૧૮૬ મુજબ હાઈ કોર્ટના હુકમને માટે કેસ મોકલ્યો હતો એમ સાબીત થયું કે ग જે બરોબર રીતે સમજતો નોહોતો તે રાત્રે ઘરમાંથી કેટલાક પગે પેહેરવાના સાંકળાઓ સાથે પકડાયો હતો. તે માણસ પંદર સોળ વર્ષનો હતો અને જન્મથી બેહેરો અને મુંગો હતો. કોઇ વખતે તે પોતાના બાપની સાથે રેહેતો અને કોઈ વખતે ભીખ માગતો અને ભુખે મરવાથી તેણે ઘર ફાડયું હતું એમાં કાઈ શક નોહોતો. પેહેલાં તે કોઈ દીવ

સ પકડાયો નોહોતો. કોર્ટે ભલામણ કરી કે તે માણસને તેના બાપને સોંપવો જોઈએ. રાણી વિ ગંગા, ૭ વા. દી. પ્રાં. ૧૩૧.

(મેસર્સ પીઅરસન અને સ્પેંકી જડ્જોની રૂબરૂ, તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૫.)

જુઓ ગાંડો ૧૯.

બંદુકનો દારૂ—

બદુકનો દારૂ—સને ૧૮૬૦ નો ૩૧ મો કલમ ૫—પરવાના સીવાય બંદુકનો દારૂ બનાવીને વેચવાને માટે કેટલાક માણસોને સને ૧૮૬૦ ના આકટ ૩૧ ની કલમ ૫ મુજબ ગુન્હેગાર ઠરાવી દંડની સજા કરવામાં આવી હતી અને દંડ ના આપે તો કેદ ઠરાવી હતી. મીલકત કબજ કરીને દંડ વસુલ કરવાની ખાસ રીત તે આકટની કલમ ૪૪ માં બતાવેલી છે. એમ ઠરાવવામાં આવ્યું કે સજા કાયદેસર છે, કારણ કે ગુન્હેગાર ઠરાવ્યા પછી દંડ અથવા કેદની સજા કરવાનો આકટમાં અખ્તીકાર આપેલો છે. પ્રો તા૦ ૧ જુન ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૨૩.

૭ મ. હા. કો. રી. અપે. ૨૨ ના કેસથી આ કેસ રદ થઈ ગયો. જુઓ દંડ બદલ કેદ ૧૩.

ભ.

ભરણપોષણ—

૧ ભરણપોષણ—સ્ત્રી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—કોઇ પુરૂષ અને સ્ત્રી એકઠાં રહી શકે નહી તેજ કારણ ઉપરથી સ્ત્રીને જુદી ખોરાકી અપાવવાનું હુકમનામું કરવાનું કારણ નથી. મુસામત જસમત વિ૦ સુજાતઅલી, ૬ વિ૦ રી૦૫૯.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડ્જોની રૂબરૂ, તા૦ ૨૭ મી અગષ્ટ સને ૧૮૬૬.)

૨ ભરણપોષણ—અનૌરસ છોકરાં—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—અપીલ—મી૦ માર્કબાય જડ્જ વિરૂદ્ધ પડીને એમ ઠરાવવામાં આવ્યું કે કોઇ માણસને પોતાના અનૌરસ છોકરાંની ખોરાકીને માટે દર માસે અમુક રકમ આપવાનો માજીસ્ટ્રેટે હુકમ કર્યો હોય તો સને ૧૮૬૧ ના આકટ ૨૫ ની કલમ ૩૧૬ મુજબ તેના ઉપર અપીલ થાય નહી. રાણી વિ. ગોલામહુસેન ચોધરી, ૨ ઈન્ડ જ્યુરી. ઉ. ૬. ૮૮; ૭ વિ. રી. ૧૦.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જાનેવારી સને ૧૮૬૭.)

૩ ભરણપોષણ—અનૌરસ છોકરાં—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—અપીલ—માજીસ્ટ્રેટે કોઈ માણસના અનૌરસ છોકરાંને દર માસે ખોરાકી આપવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૬ મુજબ હુકમ કરેલો તેમાં મી૦ માર્કબાય જડજ વિરૂદ્ધ પડીને કોર્ટે ઘણા મતે એવું ઠરાવ્યું કે આ ગુન્હાનો અપરાધ ગણાતો નથી અને તેથી અપીલ થઇ શકે નહી. ગુલામહુસેન ચોધરી, ૭ વિ. રી. ૧૦; ૨ ઇન્ડ. જ્યુરી ઉ. ૬. ૮૮.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જાનેવારી સને ૧૮૬૭.)

૪ ભરણપોષણ—સ્ત્રી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૬ મુજબ માજીસ્ટ્રેટે કરેલો હુકમ તેજ મુકરદમામાં મળેલા પુરાવા ઉપરથી કરવો જોઈએ પણ બીજા કોઈ કેસની માહીતી ઉપરથી કરવો જોઇએ નહી. લોપોટી ડોમની વિ૦ ટીખા મુડાઈ, ૮ વિ. રી. ૬૭.

(મેસર્સ જેકસન અને હોબહાઉસ જડ્જોની રૂબરૂ, તા૦ ૩ જી સપટંબર સને ૧૮૬૭.)

૫ ભરણપોષણ—સ્ત્રી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ

૩૧૭—ધણીની સ્થીતી જોઈને દરેક મહીને ખોરાકીની અમુક રકમ આપવાનો માજીસ્ટ્રેટે કરેલો હુકમ કાયદેસર ઠરાવવામાં આવ્યો છે તો. આવી રીતના હુકમથી ધણી જો નારાજ થયો હોય તો તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૭ મુજબ માજીસ્ટ્રેટને અરજ કરવી જોઈએ. ગોયામની શુરીની વિ૰ મોહેશચંદર શાહ, ૯ વિ. રી. ૧.

(મેસર્સ કેમ્પ અને મીતર જડજોની રૂબરૂ, તા૰ ૨૧ મી ડીસેંબર સને ૧૮૬૭.)

૬ ભરણપોષણ—સ્ત્રી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—કોઈ ખ્રીસ્તી જે ફરીથી હિંદુ થઈ જઈ બીજી વાર પરણ્યો હતો તેની સ્ત્રીએ ખોરાકી પોષાકીને માટે કરેલી અરજી કાઢી નાખવાનો અધીકાર ૩ મ. હા. કો. રી. ૭ માં રીપોર્ટ થયેલા ફેંસલામાં આપેલો નથી. પ્રો. તા૰ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮; ૪ મ. હા. કો. રી. અપે. ૩.

૭ ભરણપોષણ—ઈનસાફી મુકરદમો—અપીલ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૧૬, ૪૦૪, ૪૦૯—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૬ મુજબ ખોરાકી પોષાકી આપવાનો કરેલો હુકમ તે કોડની કલમ ૪૦૪ ના અર્થ મુજબ "ફોજદારી કોર્ટનો ઈનસાફી મુકરદમો" ગણાય છે, અને કલમ ૪૦૯ મુજબ આવી રીતના હુકમ ઉપર અપીલ થતી નથી. રાણી વિ૰ ઠાકુબીન ઈરા, ૫ મું. હા. કો. રી. ૮૧.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૰ ૧૦ મી સપટંબર સને ૧૮૬૮.)

૮ ભરણપોષણ—સ્ત્રી અથવા છોકરૂ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—સ્ત્રી અને છોકરાંની ખોરાકી પોષાકીને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૬ મુજબ કોઇ માણુસ ઉપર હુકમ કરતાં પેહેલાં તેના ઉપર કાયદેસર તોહોમત સાબીત થવું જોઈએ. તે કલમમાં બતાવેલા "પુરતી સાબીતી" એ શબ્દોનો અર્થ સોગન ઉપર કાયદેસર સાબીતી એવો થાય છે. ગોન્ડા વિ. પીઅરીડોસ ગોસાઇ, ૧૩ વિ. રી. ૧૯.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૰ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦.)

૯ ભરણપોષણ—સ્ત્રી અને છોકરાં—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૬—દિવાની કોર્ટના હુકમનામાનો અમલ—કોઈ પણ ધણીએ પોતાની સ્ત્રી અને છોકરાંની ખોરાકી પોષાકી તરીકે દર માસે, અમુક રકમ આપવી એવો ફોજદારી કોર્ટે હુકમ કર્યો હોય અને પછીથી લગ્ન સંસ્કાર પુરો કરવાના હકને માટે ધણીએ દિવાની કોર્ટમાં દાવો કરી હુકમનામું મેળવ્યું હોય તો, એમ ઠરાવવામાં આવ્યું કે ફોજદારી કોર્ટે કરેલો હુકમ દિવાની કોર્ટના હુકમનામાની તારીખથી અમલમાં આવી શકતો નથી. લટપોટી દુમોની વિ૰ ટીખામુડોઈ, ૧૩ વિ. રી. ૫૨.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૰ ૨ જી એપ્રીલ સને ૧૮૭૦.)

૧૦ ભરણપોષણ—સ્ત્રી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—હવે પછીના વખતનો હુકમ—પ્રતીવાદીએ તેની સ્ત્રીની ખોરાકી તરીકે દર માસે અમુક રકમ આપવી એવો માજીસ્ટ્રેટે હુકમ કરી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૬ મુજબ દરેક હુકમ તોડવાને માટે તેણે પંદર દીવસની સખત મજુરી સાથે કેદની સજા ભોગવવી એમ ઠરાવ્યું. આ હુકમનો છેવટનો ભાગ કાયદા વિરૂદ્ધ અને ગેરશિરસ્તાવાળો ગણી હાઈકોર્ટે રદ કર્યો. પ્રો. તા૰ ૨૮ મી જુલાઇ સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૩૪.

૧૧ ભરણપોષણ—છોકરૂ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—હવે પછીના વખતનો હુકમ—નાના બાળકના પાલણપોષણને માટે ક્રીમીનલ પ્રો

સીજર કોડની કલમ ૩૧૬ મુજબ ઠરેલી રકમના હુકમમાં છોકરૂ જેમ જેમ મોટુ થાય તેમ તેમ ઠરાવેલી રકમ વધારવી જોઈએ એવો હુકમ કરવાનો કાયદા પ્રમાણે અખતીયાર નથી. મુસામતુ મંગલો વિ૦ જમનાદાસ, ૨ વા. દી. પ્રાં. ૪૫૪.

(મી૦ ટર્નબલ જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસેંબર સને ૧૮૭૦.)

ઉપેન્દ્રનાથ ઘોલ વિ૦ સોદામીનીદાસીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૧૨ ક. ૫૩૫. જુઓ ભરણપોષણ ૪૨.

૧૨ ભરણપોષણ—જનમ્યા વીનાનું બાળક—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—જે બાળક જનમ્યુ નથી તે બાળકના પાલણપોષણને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧ ની કલમ ૩૧૬ મુજબ કાંઈ પણ હુકમ કરી શકાય નહી. મુસામત લારલી વિ૦ બન્સી દીટચીટ, ૩ વા. દી. પ્રાં. ૭૦.

મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૧૭ માર્ચ સને ૧૮૭૧.)

૧૩ ભરણપોષણ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૬ મુજબ કરેલો પાલણપોષણનો હુકમ તોડવાને માટે વારંટ કાહાડી શકાય છે; પણ એવી રીતના હુકમમાં ઠરાવેલી રકમ વસુલ કરવાને વારંટ કાઢવામાં ના આવ્યું હોય તો તેથી પ્રતીવાદીને માથેથી જુમેદારી જતી રહે છે એવું બતાવવાનું કાંઈ કારણ મળી આવતું નથી. એકંદર રકમ વસુલ કરવાને માટે વારંટ કાઢવાથી એવો પરીણામ થાય છે કે ફકત એક માસનીજ કેદની સજા રૂપીઆ નહી આપ્યાને માટે થઈ શકે છે. પ્રો૦ તા૦ ૧૯ મી એપ્રીલ સને ૧૮૭૧; ૬ મ. હા. કો. રી. અપે. ૨૨.

૧૪ ભરણપોષણ—સ્ત્રી—મુસલમાની સરેહ—સ્ત્રીના ધણીએ છેડાછુટકા કરેલા તે—હુકમથી થયેલી અસર—સને ૧૮૬૦ નો ૪૮ મો કલમ ૧૦—રીવાજ—ખોજા મુસલમાનો—છેડાછુટકો કરવો તે—કોઇ ધણીએ દરેક માસે પોતાની સ્ત્રીની ખોરાકી તરીકે અમુક રકમ આપવી એવો હુકમ માજીસ્ટ્રેટે પોલીસના સુધારાનો સને ૧૮૬૦ ના આકટ ૪૮ ની કલમ ૧૦ મુજબ હુકમ કર્યો હોય તો તેથી તે સ્ત્રીના છેડાછુટકા કરવાનો ધણીનો મુળનો હક જતો રેહેતો નથી, અને આવી રીતે છેડાછુટકા કર્યા પછી માજીસ્ટ્રેટના હુકમનો વધારે વાર અમલ થઈ શકે નહી. સુની જાતના ખોજા મુસલમાનોનો છેડાછુટકા કરવાનો રીવાજ ધ્યાનમાં લેવામાં આવ્યો. કાસમ પીરભાઈ અને તેની સ્ત્રી હીરબાઈ, ૮ મું. હા. કો. રી. ૯૫.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ અને બેલી જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુલાઇ સને ૧૮૭૧.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવે છે:—

બારલો વિ. ઓરડ, ૧૩ વિ. રી. ૩૧ (દિવાની રૂલીંગ).

મહમદ ઇબ્રાહીમ ગુલામઅહમદ ૧ મું. હા. કો. રી. ૨૩૬ (દિવાની રૂલીંગ).

મુનસી રૂહીમ વિ. લુટીક ફોરટીક ની સા, ૧ બન્ડ જ્યુરી ૧.

સૈયદ ગુલામહુસેન ચોધરી વિ. મુસામત સીટાબાહ બેગમ, ૬ વિ. રી. ૮ ૮ (દિવાની રૂલીંગ).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યો:—

અબદલઅલી ઈશમાલજી, ઈ૦ લો૦ રી૦ ૭ મું. ૧૮૦ જુઓ ભરણપોષણ ૩૭.

દીન મહમદની અરજી. ઈ૦ લો૦ રી૦ ૫ અ. ૨૨૬. જુઓ ભરણપોષણ ૩૫.

અબદુર રેહેમન વિ. સખીના, ૫ ક. લો. રી. ૨૧. ઈ૦ લો૦ ૫ ક. ૫૫૮ જુઓ ભરણપોષણ ૩૧.

૧૫ ભરણપોષણ—સ્ત્રી—હુકમ કર્યા પછી છીનાળુ સાબીત થયેલું તે—હુકમ રદ કરવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીન

લ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—જે માણસ ઉપર પોતાની સ્ત્રીને દર માસે અમુક રકમ આપવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૬ મુજબ કરવામાં આવ્યો હોય તે માણસ હુકમ કર્યા પછી સ્ત્રીની બદચાલ સાબીત કરી શકે છે, અને આવી રીતની સાબીતીથી ઉપલી કલમ મુજબ કરેલો હુકમ માજીસ્ટ્રેટ વ્યાજબી રીતે રદ કરી શકે છે. ચકુ વિ. ઈશ્વર ભુધર. ૮ મું. હા. કો. રી. ૧૨૪.

(મેસર્સ ગીબ્સ અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી સપટંબર સને ૧૮૭૧).

લારઈટી વિ. રામદયાલના કેસમાં આ ધાર રાખવામાં આવ્યો, ઈં. લો. રી. ૫ અ. ૨૨૪. જુઓ ભરણપોષણ ૩૫.

૧૬ ભરણપોષણ—સ્ત્રી અને છોકરાં—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—ધણીની મરજી નથી એવા પુરાવા સીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૬ મુજબ સ્ત્રીને ખોરાકી પોષાકી લેવાનો હક નથી એવું ડેપ્યુટી માજીસ્ટ્રેટે ઠરાવી ઉલટો તેના નહાના છોકરાંઓના પાલણપોષણને માટે દર માસે અમુક રકમ આપવાનો હુકમ કર્યો તે હાઈ કોર્ટે આ કેસમાં કાયદા વિરૂદ્ધ ગણી રદ કર્યો. પચુદાસ વિ૦ શ્રી મોટી સુધામોની, ૧૬ વિ. રી. ૬૨; ૮ બેં૦ લો૦ રી૦ અપે. ૧૯.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨ જી ડીસંબર સને ૧૮૭૧).

૧૭ ભરણપોષણ—અનૌરસ છોકરૂ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—હકુમત—દિવાની કોર્ટનો ફેંસલો—કોઈ માણસ સામે તેની સ્ત્રીના પાલણપોષણને માટે કરેલો કરાર અમલમાં લાવવાની ના પાડીને દિવાની કોર્ટે આપેલા ફેંસલાથી તેઓની અનૌરસ છોડીના ગુજરાનને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૬ મુજબ હુકમ કરવાને માજીસ્ટ્રેટને અધીકાર છે તેમજ સ્ત્રીને અરજી કરવાનો પણ અધીકાર છે. જોનમીસલબેક અરજદાર, ૧૭ વિ. રી. ૪૯.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૯ મી એપ્રીલ સને ૧૮૭૨).

૧૮ ભરણપોષણ—અનૌરસ છોકરૂ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—જોઈએ તેવા સાધનો—કોઈ અનૌરસ છોકરાનો બાપ ફક્ત સોળ વરસની ઊંમરનો છે અને હજુ સુધી અભ્યાસ કરે છે એજ બાબત ઉપરથી તેજ છોકરાના પાલણપોષણ કરવામાંથી તે બચી જતો નથી. કાયદામાં એમ બતાવેલું છે કે જે માણસ ઉપર હુકમ કાઢવામાં આવે તે માણસ પાસે તે છોકરાનું ગુજરાન કરવાને માટે જોઈએ તેવા સાધનો હોવા જોઇએ. મુસામત નારાયણ કુંવર વિ૦ રોશનલાલ, ૪ વા. દી. પ્રાં. ૧૨૩.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૩૧ મી જુલાઈ સને ૧૮૭૨).

૧૯ ભરણપોષણ—સ્ત્રી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૬—જાટની ન્યાત—કોઈ જાટ જાતની સ્ત્રીએ પાલણપોષણના હુકમને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૬ મુજબ અરજી કરી. તેણીએ બતાવેલા ધણીની સાથે ફક્ત "કરઓ" જાતની ક્રીયા કરવાથી જોઈંટ માજીસ્ટ્રેટે અરજી કાઢી નાખી. જાટ જાતમાં "કરઓ" જાતનું લગ્ન કાયદેસર ગણાય છે અને એવી રીતના સબંધથી થએલા છોકરાઓ વારસ ગણાય છે એમ ઠરાવી જોઈંટ માજીસ્ટ્રેટનો હુકમ રદ કરવામાં આવ્યો હતો. રાણી વિરૂદ્ધ બાહાદુરસીંધ, ૪ વા. દી. પ્રાં. ૧૨૮.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૩ જી અગષ્ટ સને ૧૮૭૨.)

૨૦ ભરણપોષણ—સ્ત્રી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૩૬, ૫૩૭—છેડાછુટકા કરવા તે—મુસલમાની સરેહ—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૩૭ મુજબ પાલણપોષણનો કરે

લો હુકમ અમલમાં લાવવાને માટે વાદીએ અરજ કરી. આ હુકમ શા માટે બજાવવો જોઈએ નહી એનું પ્રતીવાદી પાસે કારણ મા ગ્યાથી તેણે કોર્ટની રૂબરૂ પોતાની સ્ત્રી (પ્રતીવાદીયણ) ને છેડો ફાડી આપ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતે છેડો ફાડી આપવાથી કામની હકીકતમાં એવો ફેરફાર થયો કે જેથી કરીને કોર્ટ વ્યાજબી રીતે પાલણપોષણનો હુકમ ફેરવવાની ધણી (પ્રતીવાદી) ની અરજી સાંભળી શકે તોપણ જ્યાં સુધી એવી રીતનો ફેરફાર થયો નથી ત્યાં સુધી તે હુકમ પ્રમાણે વર્તવાને પ્રતીવાદી બંધાયેલો હતો. નીપુર આરટ વિ૦ જુરાઈ, ૧૯ વિ. રી. ૭૩; ૧૦ બેં. લો. રી. અપે. ૩૩.

(મેસર્સ ફીઅર અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી એપ્રીલ સને ૧૮૭૩.)

અબદુર રેહેમન વિ૦ સખીનાના કેસમાં નજર રાખવામાં આવી, ૫ ક૦ લો૦ રી૦ ૨૧; ઈં૦ લો૦ રી૦ ૫ ક૦ ૫૫૮. જુઓ ભરણપોષણ ૩૦.

અબદુલઅલી ઈસ્માલજીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈં૦ લો૦ રી૦ ૭ મું૦ ૧૮૦. જુઓ ભરણપોષણ ૩૬.

૨૧ ભરણપોષણ—છોકરાં—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—હકુમત—ફરીઆદ થયા સીવાય ગુન્હાઓની તજવીજ કરવાને ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટને અધીકાર નથી તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૬ મુજબ હુકમ કરવાને તેને અધીકાર છે. અરજદાર જે કાનપુરનો રેહેવાસી નોહોતો તેના ઉપર તેના છોકરાઓના ગુજરાનને માટે કરેલી અરજીનો અલાહાબાદમાં જવાબ આપવાને માટે સમન કાઢવામાં આવ્યો હતો. તેણે દર માસે અમુક રકમ આપવી જોઈએ એવો હુકમ કરવામાં આવ્યો હતો. એવીજ જાતની અરજી પ્રથમ કાનપુરમાં કરી હતી પણ હકુમત નથી એવું કારણ બતાવી તે રદ કરી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે અરજદાર કાનપુરનો રેહેવાસી હતો અને પેહેલાની અરજી કાઢી નાખી હતી એ બાબત ઉપરથી કેસનું નિરાકરણ કરવાને માજીસ્ટ્રેટનો અખતીયાર જતો રેહેતો નથી. ડબલ્યુ બી. ટોડ અરજદાર, ૫ વા. દી. પ્રાં. ૨૩૭.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૪ અગષ્ટ સને ૧૮૭૩.)

શેક ફકરૂદીનના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. ઈં૦ લો૦ રી૦ ૯ મું. ૪૦. જુઓ હકુમત ૪૪.

૨૨ ભરણપોષણ—અનૌરસ છોકરૂ— દિવાની અદાલત—પુરાવો—અનૌરસ છોકરાંનાં મા બાપ સબંધી હુકમ કાઢવાનો દિવાની અદાલતને અખતીયાર નથી. માજીસ્ટ્રેટે કોઈ માણસને અનૌરસ છોકરાનો બાપ ઠરાવી હુકમ કરેલો તે હુકમ, માજીસ્ટ્રેટે માની સોગન ઉપર જુબાની લેઈને અને બાપ તરીકે ફરીઆદ થયેલા માણસને પોતાની રૂબરૂ બોલાવીને કરેલો માલમ પડવાથી હાઇ કોર્ટે તેની અંદર દરમીઆન થવાની ના પાડી. સુબાદ ડોમની વિ. કાંતીરામ ડોમ, ૨૦ વિ. રી. ૫૮.

(મેસર્સ કેમ્પ અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૭૩.)

૨૩ ભરણપોષણ—સ્ત્રી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—ધણીએ પોતાની સ્ત્રીની ખોરાકી તરીકે દર માસે અમુક રકમ આપવી એવો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૬ મુજબ માજીસ્ટ્રેટે હુકમ કરેલો તે કેસમાં સ્ત્રી જે તેણીના બાપના ઘરમાં રેહેતી હતી તેણીનું ગુજરાન કરવાને માટે ધણીને પુછવામાં નહી આવેલું અને બાપે પૈસા લીધા સીવાય તેણીને ધણીને ત્યાં મોકલવાની ના પાડેલી એવું કામમાં સાબીત થવાથી તે કારણો ઉપરથી હાઇ કોર્ટે હુકમ રદ કર્યો. કલમ ૫૩૬ મુજબ હુકમ કરવાનો સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટનો અખતીયાર નથી. કોઈ અમુક જાતનો હુકમ અથવા કૃત્ય અમુક વર્ગના માજીસ્ટ્રેટે કરવું

જોઈએ એવું કાયદામાં બતાવ્યું હોય તો કામના મુકરદમામાં હમેશાં બતાવવું જોઈએ કે કૃત્ય કરનાર અથવા હુકમ કરનાર માજી સ્ટ્રેટને તેવું કૃત્ય અથવા હુકમ કરવાનો અધીકાર હતો. મુસામતસોમરી. વિ. જીટનસોના ૨, ૨૨ વિ૦ રી૦ ૩૦.

(મેસર્સ જેકશન અને મેકલીન જડજો ની રૂબરૂ, તા૦ ૨૩ મી જુન સને ૧૮૭૪.)

૨૪ ભરણપોષણ—સ્ત્રી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—નીર્દયપણું—કોઇ સ્ત્રી જેને પોતાના ધણીએ ખોરાકી પોષાકી આપવાને ના પાડી ના હોય અથવા છોડી દીધી ના હોય પણ જે પોતાની ખુશીથી ધણીનું ઘર અને આશ્રય છોડીને નીર્દયપણે વર્તે છે એવું કારણ બતાવી જુદી ખોરાકીને માટે અરજી કરે તેવી અરજી સાંભળવાનો અને નિર્દયતાના પુરાવા ઉપરથી લવાજમ ઠરાવી આપવાનો માજીસ્ટ્રેટને સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૩૬ ના અપવાદ મુજબ અધીકાર નથી. ડબલ્યુ. એ. થોમ્પસન, ૬ વા. રી. પ્રાં. ૨૦૫.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૭૪).

૨૫ ભરણપોષણ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—ચઢેલું અપાવવું તે—ખોરાકીપોષાકીની ચઢી ગએલી રકમ વસુલ કરવાને એક વારંટ કાઢવું તે હાલના સુધારો થએલા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૬ મુજબ કાયદા વિરૂદ્ધ ગણાતું નથી. પ્રો. તા૦ ૧૧ મી નવંબર સને ૧૮૭૪; ૭ મ. હા. કો. રી. અપે. ૩૭.

૨૬ ભરણપોષણ—નહાની ઊંમરની સ્ત્રી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—કાયદેસર પરણ્યા વગરની નહાની ઊંમરની સ્ત્રીનું તેણીના બાપને ઘેર રહે ત્યાં સુધી પુર કરવાને મુસલમાનોમાં ધણી બંધાએલો છે કે નહીં? કોલાશનખીખી વિ૦ શેક દીદારબક્ષ, ૨૪ વિ. રી. ૪૪.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૭૫).

૨૭ ભરણપોષણ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—જામીનગીરી—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૬ મુજબ ખોરાકી આપવાનો હુકમ કરતી વખતે, તે આપવામાં ખામી પડે નહીં તેને માટે જામીન લેવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. કાનુસોદાગર વિ૦ અલાબદી એવા, ૨૪ વિ. રી. ૭૨.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી ડીસંબર સને ૧૮૭૫).

૨૮ ભરણપોષણ- છોકરૂ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—ફેંસલો આપેલો કેસ ફરીથી ચલાવવો તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૬ મુજબની બાબતમાં પુરાવો લીધા પછી અરજી કાઢી નાંખીને અધીકારવાળા માજીસ્ટ્રેટે ફેંસલો આપ્યો હોય તો, નવેસરથી ફરીઆદ ચલાવવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. મુસામત જામોટી વિ. ગડાલોકામર, ૧ ક. લો. રી. ૮૯.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી અગષ્ટ સને ૧૮૭૭).

૨૯ ભરણપોષણ –અનૌરસ છોકરાનો કબજો—સને ૧૮૭૨ નો આકટ ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૪૧ મું—માએ પોતાના પુખ્ત ઊંમરના અનૌરસ છોકરાને તેના બાપને સોંપી દેવું એવો હુકમ કાઢવાનો માજીસ્ટ્રેટને અધીકાર છે એવું કાંઈ કોડમાં બતાવેલું નથી. આવી રીતના કેસમાં છોકરૂ આપી દેવાની મા ના પાડે તો તેથી ખોરાકી આપવાનો પેહેલાંનો કરેલો હુકમ બંધ કરવાનું કારણ મળતું નથી. કેટલાક કેસોમાં સ્ત્રીઓ અને કુટુંબના માણસોને ખોરાકી આપવાના સવાલોનું નિરાકરણ કરતી વખતે છોકરાનો કાયદેસર વાલી કોણ હતો એ સવાલનું નિરાકરણ કરવાનો માજીસ્ટ્રેટને અખતીઆર નથી. લાલદાસ વિ. નીકંજેભાઈ શીયાની, ઈ. લો. રી. ૪ ક. ૩૭૪.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૪ થી ડીસેંબર સને ૧૮૭૮).

૩૦ ભરણપોષણ—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ત્રેટનો આકટ કલમો ૨૩૪, ૨૩૫—ખોરાકી આપવાનો હુકમ કર્યા પછી છેડાછુટકો કરવાથી અસર થએલી તે—મુસલમાની સરેહ—સને ૧૮૭૭ ના આકટ ૪ થાની કલમ ૨૩૪ મુજબ ખોરાકી આપવાનો કરેલો હુકમ બંધ રાખવાને, અને તે કલમના ત્રીજા કલોઝ મુજબ વારંટ કાઢવાની ના પાડવાને, અને સ્ત્રીની ખોરાકીને અસર કરે તેવા સઘળા સવાલોનો તપાસ કરવાને, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટનો અધીકાર છે. હીંદુસ્થાનના છેડાછુટકાના આકટ મુજબ લગ્ન તોડવું અને મુસલમાન સરેહ પ્રમાણે લગ્ન તોડવું એમાં કાંઇ તફાવત નથી. સ્ત્રી પુરૂષનો સંબંધ કાયમ છે એવું સાબીત થાય તોજ સ્ત્રીને ખોરાકી આપવાનો હુકમ માજીસ્ત્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૪ મુજબ કરી શકે છે; પણ આવી રીતનો સબંધ કાયમ નથી એવી સાબીતી આપવામાં આવે તો તે કલમ મુજબ કરેલો હુકમ તે અટકાવી શકે છે. અબદુર રેહેમાન વિ૦ સખીના; સોભન વિ૦ શુબ્રેટન; ઉસફ વિ૦ શામા, ઈ. લો. રી. ૫ ક. ૫૫૮; ૫ ક. લો. રી. ૨૧.

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૭૯).

અબદુલઅલી ઈસમાલજીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૭ મું. ૧૮૦. જુઓ ભરણપોષણ ૩૬.

આતરામ વિ૦ બાલકીશનના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૫ અ. ૨૬૬. (દિવાની રૂલીંગ).

નેપુર ઓરટ વિ૦ જુરાઈના કેસમાં નજર રાખવામાં આવે છે, ૧૯ વિ. રી. ૭૩. જુઓ ભરણપોષણ ૨૦.

કાશમ પીરભાઈની બાબતમાં નજર રાખવામાં આવે છે, ૮ મું. હા. કો. રી. ૯૫. જુઓ ભરણપોષણ ૧૪.

૩૧ ભરણપોષણ—ચઢેલું તે—નાદારીનો આકટ (૧૧ અને ૧૨ વિકટોરીઆ ચેપટર ૨૧) કલમ ૧૩—"કરજ અથવા દેવું"—નાદાર માણસને પકડવો તે—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ત્રેટનો આકટ કલમ ૨૩૪—કોઈ નાદારે ફાઈલ કરેલા શેડયુલમાં ચઢેલી ખોરાકી દાખલ કરી હોય તો તે નાદારી આકટ (૧૧ અને ૧૨ વિકટોરીઆ ચેપટર ૨૧) ની કલમ ૧૩ ના અર્થ મુજબ દેવું અથવા કરજ ગણાય છે. નાદાર માણસ જેની પાસે બચાવનો હુકમ હોય તેને આને માટે પકડી કેદ કરી શકાય નહી. સવાલ—શેડયુલ ફાઈલ કર્યા પછી ચઢેલી ખોરાકીના સબંધમાં કામ નહી ચલાવવાનો લાભ બચાવના હુકમથી મળી શકે કે નહી? ટાકીબીબી વિ૦ અબદુલખાન, ઈ. લો. રી. ૫ ક. ૩૩૬; ૫ ક. લો. રી. ૪૫૮.

(મી• વીલસન જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી નવંબર અને ૧૮ મી ડીસેંબર સને ૧૮૭૯)

મારટીન વિ. લોરન્સના લક્ષમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૪ ક. ૬૫૫ (દિવાની રૂલીંગ).

હાર્ડ વિ• બસ્કીનના કેસમાં નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૧૨ ક. ૧૯૨. જુઓ રેલવે ગુન્હો ૧૧.

૩૨ ભરણપોષણ—ચઢેલું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૩૬, ૫૩૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૮ માં ગમે તેમ બતાવેલું છે તોપણ જે માજીસ્ત્રેટે કલમ ૫૩૬ મુજબ ખોરાકી આપવાનો હુકમ કર્યો હોય તે, ધણી પોતાની હકુમતની બાહાર હોય તોપણ ચઢેલી ખોરાકી આપવાને વારંટ કાઢી શકે છે. રાણી વિ. પપાયમા, ઈ. લો. રી. ૪ મ. ૨૩૦.

(મેસર્સ ફીનડરસ્લી અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ અકટોબર સને ૧૮૮૧.)

૩૩ ભરણપોષણ—મુસલમાની સરેહ—મતા રીત મુજબ થયેલું લગ્ન—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—શીઆ જાત—રદ કરવું તે—છેડાછુટકો કરવો તે-મુસલમાનની શીઆ જાતના કાયદા પ્રમાણે મતાની રીત મુજબ પરણેલી સ્ત્રીને ખોરાકી માગવાનો હક નથી તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૬ મુજબ ખોરાકી માગવાના હકને આવી રીતના કાયદાથી બાધ લાગતો નથી. મુસલમાનની શીઆ જાતના કાયદા પ્રમાણે મતાની રીત મુજબ થયેલું લગ્ન રદ કરી શકાતું નથી. સવાલ—મતાની રીત મુજબ થયેલાં લગ્નમાં ઝાહેરની રીતે છેડાછુટકો થઈ શકે કે નહી? લુદનશાહીબા વિ. મીરઝાકામર કાદર, ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૭૩૬; ૧૧ ક. લો. રી. ૨૩૭.

(મેસર્સ મેકડોનલ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રીલ સને ૧૮૮૨.)

દીનમહમદની અરજીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૫ અ. ૨૨૬. જુઓ ભરણપોષણ ૩૪.

૩૪ ભરણપોષણ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—મુસલમાની સરેહ—છેડાછુટકો કરવો તે—ઇડત—કોઈ મુસલમાને કાયદેસર રીતે પોતાની સ્ત્રીને છેડો ફાડી આપી લગ્ન સંસ્કારના સંબધનો અંત આણ્યાથી, સને ૧૮૭૨ ના આકટ ૧૦ માના પ્રકરણ ૪૧ મુજબ સ્ત્રીને ખોરાકી આપવાનો કરેલો હુકમ જરૂરનો છે પણ છેડો ફાડી આપેલી સ્ત્રીની મુદત પુરી થયા પેહેલાં કરેલો હુકમ તેવી રીતે ગણાતો નથી. અબદુર રેહોમન વિ. સખીના (ઈ. લો. રી. ૫ ક. ૫૫૮); કાશમ પીરભાઇની બાબત (૮ મું. હા. કો. રી. ક્રી. કે. ૯૫); લુદન સાહીબા વિ. મીરઝાકામર કાદર (ઈ. લો. રી. ૮ ક. ૭૩૬); ના કેસો ઉપર અને તા૦ ૨ ડીસેંબર સને ૧૮૭૯ ના મદ્રાસ હાઈ કોર્ટના મુકરદમા ઉપર નજર રાખવામાં આવી અને આધાર રાખવામાં આવ્યો. છેડો ફાડી આપેલી સ્ત્રીના ઇડતની અંદર ખોરીકાના સંબંધમાં મુસલમાની સરેહ ઉપર નજર રાખવામાં આવી. દીનમહમદની અરજી, ઈ. લો. રી. ૫ અ. ૨૨૬.

(મી૦ મહમદ જડજની રૂબરૂ, તા૦ ૧ નવંબર સને ૧૮૮૨.)

નિચેના કેસોમાં નજર રાખવામા આવે છેઃ—

અબદુર રેહોમન વિ. સખીના ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૫૫૦ જુઓ ભરણપોષણ ૩૦.

કાશમ પીરભાઈ અને તેની સ્ત્રી હીરબાઇની બાબત. ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૯૫. જુઓ ભરણપોષણ ૧૪.

મ૦ હા૦ કો૦ રી૦ પ્રો. તા૦ ૨ જી ડીસેંબર સને ૧૮૭૯.

લુદન શાહીબા વિ૦ મીરઝાકામર કાદર ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૭૩૬. જુઓ ભરણપોષણ ૩૩.

રાણી વિ૦ પીરયા ગોપાલના કેસમાં નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૯ મું. ૧૦૦. જુઓ હકુમત ૪૫.

૩૫ ભરણપોષણ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—ખોરાકી પોશાકીનો હુકમ કર્યા પછીથી સ્ત્રીએ કરેલું છીનાળુ–રેસજ્યુડીકેટા–ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૬ મુજબ દર માસે ખોરાકીની રકમ આપવાને કોઈ ધણી ઉપર હુકમ કરેલો તેણે પોતાની સ્ત્રી છીનાળુ કરે છે એવું કારણ બતાવી રકમ આપવામાં વાંધો ઉઠાવ્યો. માજીસ્ત્રેટે સ્ત્રી ઉપર છીનાળાનું તોહોમત સાબીત થતું નથી એવું કારણ બતાવી લીધેલો વાંધો સાંભળીને રદ કર્યો. ધણીએ ફરીથી એજ કારણ બતાવી રૂપીઆ આપવાની ના પાડી. માજીસ્ત્રેટે આ બીજા વાંધાની તજવીજ કરી

ખોરાકી બંધ કરવાનો ધણીને હુકમ કર્યો. પેહેલાના માજીસ્ત્રેટે કરેલા હુકમની તારીખ અવલ સ્ત્રીએ કરેલા છીનાળાની સાબીતી ઉપરથી આ હુકમ કર્યો હતો. રેસજ્યુડીકેટાના સાધારણ નિયમો ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે એક વખતે ચુકાદો થયેલી બાબત ફરીથી માજીસ્ત્રેટે કાયદા વિરૂદ્ધ સાંભળી હતી, અને તેથી પેહેલાંના માજીસ્ત્રેટે કરેલા હુકમની અવલ બનેલી હકીકત ઉપરથી ખોરાકી બંધ કરવાનો માજીસ્ત્રેટે કરેલો હુકમ કાયદા વિરૂદ્ધ ઠરાવવો જોઈએ. લારઇતી વિ. રામદયાળ, ઈ. લો. ૫ અ. ૨૨૪.

(મીઠ મહમદ જડજની રૂબરૂ, તા૦ ૧ નવંબર સને ૧૮૮૨.)

ચકુ વિ૦ ઈશ્વર ભુધરના કેસનો આધાર લેવામાં આવે છે, ૮ મું. હા. કો. રી. ૧૨૪. જુઓ ભરણપોષણ ૬૫.

૩૬ ભરણપોષણ—છેડાછુટકા કરવા તે—મુસલમાની સરેહ—તલક લેઇન—તલક બીદત—સ્ત્રી પુરૂષ—ખોરાકી આપવાનો ધણી ઉપર કરેલો હુકમ—હુકમ કર્યા પછી થયેલી અસર—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ત્રેટનો આકટ કલમ ૨૩૪—મુસલમાન વોહોરાઓ-ઈમામી જાતના કોઈ મુસલમાન વોહોરાએ પોતાની સ્ત્રી જે હનીફી જાતની હતી તેણીને દર માસે ખોરાકી તરીકે અમુક રકમ આપવી એવો પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે સને ૧૮૭૭ ના આકટ ૪ ની કલમ ૨૩૪ મુજબ હુકમ કર્યો હોય તો તેથી તે સ્ત્રીને છેડો ફાડી આપવાનો તેનો હક જતો રેહેતો નથી, અને આવી રીતે છેડો ફાડી આપ્યા પછી માજીસ્ત્રેટના હુકમનો વધારે વાર અમલ પણ થઈ શકે નહી. એકજ વખતે ત્રણ વાર રદ કરીને તલક બીદત અથવા ગેરશિરસ્તા મુજબ છેડો ફાડી આપ્યો હોય તો તે ગ્રંથકારોના ધારવા પ્રમાણે પાપ ગણાયછે પણ તે કાંઈ કાયદા વિરૂદ્ધ ગણાતું નથી. અબદુલ ઈશમાલજીની બાબત, ઈ. લો. રી. ૭ મું. ૧૮૦.

(મેસર્સ સારજન્ટ ચીફ જસ્ટીસ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૮૩.)

નિચેના કેસોનો આધાર લેવામાં આવે છેઃ—

નેપુર ઓરટ વિ૦ જુરાઈ, ૧૯ વિ. રી. ૭૩. જુઓ ભરણપોષણ ૨૦

કાશમ પીરભાઈ અને તેની સ્ત્રી હીરબાઈ, ૮ મું. હા. કો. રી. ૯૫. જુઓ ભરણપોષણ ૧૪.

અબદુર રેહેમન વિ૦ સખીના, ઈ. લો. રી. ૫ ક. ૫૫૮. જુઓ ભરણપોષણ ૩૦.

૩૭ ભરણપોષણ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૬—ઘર, દાગીના, અને દરેક વર્ષે કેટલાક દાણાં અને રૂપીઆ આપી પોષણ કરવાનો કોઈ ધણીએ પોતાની સ્ત્રીને કરાર કરી આપ્યો હોય તો તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૬ મુજબ કરેલો હુકમ ગણાતો નથી તેમજ તે કલમમાં બતાવ્યા પ્રમાણે તે અમલમાં પણ લાવી શકાય નહી. વીરમા વિ૦ નારયા, ઈ૦ લો૦ રી. ૨૮૩.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી ફેબ્રુઆરી સને ૧૮૮૩.)

૩૮ ભરણપોષણ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૯—ગુજરાન ચલાવવું તે—કોઈ હિંદુને બે સ્ત્રીઓ હોવાથી તેની પેહેલી સ્ત્રીને ઘરમાં રાખી તેને દાણા વીગરે આપી જુદુ રાંધવા દેવું અને તેણીની સાથે સ્ત્રી પુરૂષના સંબંધની રીતે રેહેવાની ના પાડવી તે સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૬ ના અર્થમાં આવી જતું નથી. મરાકલ વિ૦ કંડાપા, ઈ. લો. રી. ૬ મ. ૩૭૧.

(મેસર્સ કરનાન અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રીલ સને ૧૮૮૩.

૩૯ ભરણપોષણ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૮૮—ધણીની સાથે રેહેવાની કોઈ હિંદુ સ્ત્રીએ ના પાડેલી તે—ના પાડવાનું યોગ્ય કારણ—ધણીએ બીજી વાર લગ્ન કરેલું તે—કોઇ હિંદુ સ્ત્રીએ પોતાના ધણીની પાસેથી ખોરાકી લેવા ને માટે અરજી કર્યાથી, ધણીએ તેણીને પોતાના ઘરમાં રાખવાનું કહ્યું પણ તે કાંઈ કારણ સીવાય બીજી સ્ત્રી પરણ્યો હતો તેથી ઘરમાં રેહેવાની તેણીએ ના પાડી. ધણીએ દર માસે અમુક રકમ લવાજમ તરીકે આપવી એવો માજીસ્ત્રેટે હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ધણી બીજી સ્ત્રી પરણ્યો છે એ કારણ ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૮ ના અર્થ મુજબ હુકમ વ્યાજબી ગણાતો નથી. અરૂ મગન વિ૰ દુલકાનમ, ઈ. લો. રી. ૭ મ. ૧૮૭.

(મી૰ હચીન્સ જડજની રૂબરૂ, તા૰ ૧૬ મી અકટોબર સને ૧૮૮૩)

૪૦ ભરણપોષણ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૮૮—લવાજમ નહી આપ્યા બદલ કેદ કરવું તે—પછીથી રકમ આપવા માંડવી તે—સજા કાયમ કરવી તે—દર માસે જાણી જોઈને લવાજમ નહી આપવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૮ મુજબ કેદની સજા ઠરાવેલી તે કાયમ રાખવામાં આવી, અને ચઢેલી રકમ આપ્યાથી ગફલત કરનાર માણસ છુટો થવાનું માગી શકે નહી. બીયાચા વિ૰ મોઈડીન, ઈ. લો. રી. ૮ મ. ૭૦.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૰ ૨૯ મી અગષ્ટ અને ૧૮ મી સપટેંબર સને ૧૮૮૪.)

૪૧ ભરણપોષણ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૮૮ ૪૮૯—હલકે હલકે વધારીને ખોરાકી આપવાનો હુકમ કરવાનો માજીસ્ત્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૮ મુજબ અખતીયાર નથી. તોપણ કલમ ૪૮૮ મુજબ ઠરાવેલા લવાજમમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૯ મુજબ તે વખતે વખતે ફેરફાર કરી શકે છે. ઉપેન્દ્રનાથ ઘાલ વિ૰ સોડામીની દાસી, ઈ. લો. રી. ૧૨ ક. ૫૩૫.

(મેસર્સ મેકડોનલ અને બીવરલી જડજોની રૂબરૂ, તા૰ ૫ મી ફેબ્રુઆરી સને ૧૮૮૬.)

મુસામત મંગલો વિ. જમનાદાસના કેસનો આધાર લેવામાં આવે છે, ૨ વા. દી. પ્રાં. ૪૫૪. જુઓ ભરણપોષણ ૧૧.

૪૨ ભરણપોષણ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૪૮૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૮ મુજબ ગુજરાનને માટે કરેલો હુકમ અમલમાં લાવવાને કોઈ માજીસ્ત્રેટને અરજ કરવામાં આવે અને પ્રતીવાદી એમ સાબીત કરે કે ગુજરાનનો હક છોડી દીધો છે તો માજીસ્ત્રેટ હુકમ અમલમાં લાવવાને બંધાયેલો નથી. રંગામા વિ. મહમદઅલી, ઈ૰ લો૰ રી૰ ૧૦ મ. ૧૩.

(મી૰ બ્રાંડટ જડજની રૂબરૂ, તા૰ ૧૫ મી સપટંબર સને ૧૮૮૬.)

૪૩ ભરણપોષણ—સ્ત્રી-ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૮૮—લવાજમ ઠરાવેલો હુકમ તોડવો તે-કેટલાક માણસનું ચઢેલુ લવાજમ અપાવવાને વારંટ કાઢવું તે—વારંટ બજાવ્યા પછી બાકી રહેલા લવાજમને માટે કેદ કરવું તે—સને ૧૮૬૮ નો ૧ લો (જનરલ કલોઝ આકટ) કલમ ૨, કલોઝ ૧૯ "કેદ"—ખોરાકી ઠરાવેલો હુકમ, ધણી વાર તોડીને કેટલાક માસનું ચઢેલું લવાજમ લેવાના દાવાનો એકજ મુકરદમામાં નિરાકરણ થાય છે, અને હુકમ એકજવાર તોડયો છે એવું ગણી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૮ મુજબ ચાલીને એક માસ કરતાં વધારે સજા કરવાનો માજીસ્ત્રેટને અખતીયાર નથી. મી૰ એજ ચીફ જસ્ટીસનો મત—દરેક જુદો માસીક હુકમ તોડવાને માટે જુદુ વારંટ કાઢવું જોઈએ એવું કલમ ૪૮૮ માં બતાવેલું છે.

મી૰ સ્ટ્રેટ જડજનો મત—કલમ ૪૮૮ ના ત્રીજા પેરેગ્રાફની મતલબનો બરોબર રીતે અર્થ કરવો જોઈએ અને જેમ બને તેમ પક્ષકારના લાભમાં તેનો અર્થ કરવો જોઈએ. તે કલમમાં બતાવ્યા પ્રમાણે કેદની સજા કરતાં પહેલા લવાજમનો હુકમ દરેક વખતે તોડવાને માટે વારંટ કાઢવાની જરૂર છે, અને આવી રીતે વારંટ કાઢી મીલકત કબજે કર્યા પછી કાંઈ મલતું નથી. કલમમાં ફક્ત એક વારંટ અને એક સજા બતાવેલી છે પણ કાઈ વધારે વારંટ અને સજા બતાવી નથી. મી૰ સ્ટ્રેઈટ જડજનો મત—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૮ માં બતાવેલી "કેદ" સને ૧૮૬૮ ના આકટ ૧ લાની કલમ ૨ ના કલોઝ ૧૮ મુજબ આસાન અથવા સખત મજુરી સાથે કેદ ગણાય છે. મી૰ ઓલ્ડફીલ્ડ જડજનો મત—ઘણી વખત હુકમ તોડવાથી ચઢેલા લવાજમના દાવાનો એકજ મુકરદમામાં નિરાકરણ થાય છે, અને લવાજમ પણ એકજ વારંટથી વસુલ થાય છે. રાણી વિ. નારણ, ઈ. લો. રી. ૯ મ. ૨૪૦.

(મેસર્સ સર જોન એજ નાઈટ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઈટ અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૰ ૧૫ મી જાનેવારી સને ૧૮૮૭).

જુઓ માંડી વાળવું ફરીઆદનું ૩૦.

,, હકુમત ૪૪.

ભર દરીઓ—

ભરદરીઓ—ગુન્હો બનેલો તે—સજા—પદ્ધતિ—૧૭, ૧૮ વિકટોરીઆ ચેપટર ૧૦૪ કલમ ૨૬૭; ૧૮ અને ૧૯ વિકટોરીઆ ચેપટર ૯૧ કલમ ૨૭; ૧૨ અને ૧૩ વિકટોરીઆ ચેપટર ૯૬; અને ૨૩, ૨૪ વિકટોરીઆ ચેપટર ૮૮—સને ૧૮૬૫ નો આકટ ૧૩ મો—કોઈ ઈંગ્રેજી પ્રજાએ દરીઆ ઉપર ઈંગ્રેજી વાહાણમાં ગુન્હો કર્યો હોય તો તેના ઉપર ઈંગ્રેજી કાયદા પ્રમાણે તોહોમત રાખવું જોઇએ એવું ઠરાવ્યું અને મી૰ રીઅર જડજને એ બાબત વિષે શક પડયો; (૨) સજા પણ ઈંગ્રેજી કાયદા પ્રમાણે થવી જોઈએ; (૩) રજુઆત પણ સ્થાનીક કોર્ટની પદ્ધતિ પ્રમાણે ચલાવવી જોઇએ તેટલા માટે કોઇ ઈંગ્રેજી પ્રજા ઉપર દરીઆ ઉપરના ઈંગ્રેજી વાહાણમાં ૧ વિકટોરીઆ ચેપટર ૮૫ ની કલમ ૨ મુજબ એડમીરીલીટી હકુમતમાં ગુન્હો કર્યાનું હાઇ કોર્ટમાં તોહોમત રાખી, તેને ૧૪ અને ૧૫ વિકટોરીઆના ચેપટર ૧૯ ની કલમ ૫ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો હતો. તેમાં એમ ઠરાવ્યું કે ગુન્હેગાર ઠરાવવું કાયદેસર છે, અને કેદીને વ્યાજબી રીતે "સખત મજુરી સાથે કેદ" ની સજા કરવી જોઈએ, જેને માટે પીનલકોડની કલમ ૫૩ માં "સખત મેહેનત સાથે કેદ" એવી વાખ્યા આપેલી છે, અને રજુઆત પણ સને ૧૮૬૫ ના આકટ ૧૩ મુજબ વ્યાજબી રીતે ચલાવવામાં આવી હતી. માજીસ્ટ્રેટે અથવા જસ્ટીસ ઓફ ધ પીસે તોહોમતનામું કલાર્ક ઓફ ધ ક્રાઉનને આપ્યું હતું એવું તેના ઉપરથી સાબીત થવું જોઈએ, અને એવી રીતે સાબીત નહી થવાથી તે ફક્ત રીતસર ખામી ગણાય છે, અને જેને માટે, જ્યુરરોને સોગન આપ્યા પેહેલાં, સને ૧૮૬૨ ના આકટ ૧૮ ની કલમ ૪૧ મુજબ ફક્ત વાંધો ઉઠાવી શકાય છે. રાણી વિ૰ થોમ્પસન, ૧ બે. લો. રી. ક્રી. અ. ૧.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, રીઅર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૰ ૩ જી સપટંબર સને ૧૮૬૭).

રાણી વિ૰ એલ્મસ્ટોન વીટવેલના કેસમાં નજર રાખવામાં આવી, ૭ મું. હા. કો. રી. ૮૯, જુઓ હકુમત ૧૯.

રાણી વિ૰ કાસ્ટયારામના કેસ ઉપર ટીકા કરવામાં આવી, ૮ મું. હા. કો. રી. ૬૩. જુઓ હકુમત ૨૩.

ભાગીદાર—

જુઓ સાપ્રાધ વિશ્વાસઘાત ભાગીદારનો.

,, સાપ્રાધ ખોટો ઉપયોગ.

,, કપટથી મીલકત ખરીડવી તે ૩.

ભાડુત પાસેથી કબજો છોડાવવાની ફરી આદ—

ભાડુત પાસેથી કબજો છોડાવવાની ફરી આદ-બંગાલાનો સને ૧૮૬૯ નો ૮ મો કલમ ૫૩—જમીન ઉપર ઉગેલો પાક લેવાનો હક-ભાડાના આકટની કલમ ૫૩ મુજબ ભાડવાતનો કબજો લેઈ લેવાના હુકમની અસર એવી છે કે તેઓની પાસેથી જમીન લેઈ લેવી એટલુંજ નહી પણ તેના ઉપર ઉગેલો પાક પણ લેઇ લેવો જોઈએ. આવી રીતે કબજો લેઇ લેવાની મતલબ જમીનદાર અને ભાડુઆત વચેના સબંધનો પુર્ણ રીતે અંત આણવો તે છે. દુરગામાહટન વિરૂદ્ધ વજીદ હુસેન, ઈં૦ લો૦ રી૦ ૫ ક. ૧૩૫.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી એપ્રીલ સને ૧૮૭૯).

ભાડાચીઠી—

ની નકલ. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪.

ભુલ—

૧ ભુલ—મુકરદમાઓ રદ કરવા તે-(પુરાવાના સવાલ સબંધી હાઇ કોર્ટની હકુમત--કામ ચલાવવામાં ડેપ્યુટી માજીસ્ત્રેટે સમનને બદલે વારંટ કાઢયુ હોય તો તે કારણથી મુકરદમો રદ થતો નથી. પુરાવાના સવાલ ઉપર દરમીયાન થવાને હાઇ કોર્ટને અધીકાર નથી. અનીફ પટની વિ. રામશુંદર ચકરબતી, ૧ વિ. રી. ૧૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી સપટંબર સને ૧૮૬૪.)

૨ ભુલ—તપાસણી—એડવોકેટ જનરલનું સરટીફેટ—સને ૧૮૬૫ નો ચારટર આકટ કલમ ૨૬—ફકત સાદી સજા કરવા લાયક ગુન્હાને માટે સેસન જડજે કેદીને સખત મજુરી સાથે સજા કરેલી તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આ એવી જાતની ભુલ છે કે જે સને ૧૮૬૫ ના ચારટર આકટ ૧ ની કલમ ૨૬ મુજબ એડવોકેટ જનરલના સરટીફીકટ ઉપરથી ફરીથી તપાસમાં લેઈ શકાય છે. રાણી વિ. ચેકઅલીખાન, ૧ ઈન્ડ. જ્યુ. ઉ. ૬. ૪૨૪.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ અને નોરમન જડજોની રૂબરૂ, તા૦ ૯ સપટંબર સને ૧૮૬૬.)

૩ ભુલ--સેસન કોર્ટ—અપીલ--ગેરશિરસ્તો-હાઈ કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૦૪, ૪૨૬--વ્યથા અને તેમાં મદદ કરવાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી માજીસ્ત્રેટે તેને પેહેલા ગુન્હાને માટે નિર્દોષ ઠરાવી છોડી મુકયો અને બીજા ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવ્યો. સેસન જડજને અપીલ કરવાથી તે અમલદારે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ ચાલીને વ્યથાના ગુન્હાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો અને મદદગારીને માટે તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. મી૦ ફીઅર જડજનો મત—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ જે કેસોમાં તોહોમત અથવા મુકરદમો ચલાવવામાં ભુલ થઈ હોય અને તેથી ઠરાવ અથવા સજા થઇ હોય, તેવા કેસોનેજ ફક્ત લાગુ પડેછે, અને પુરાવો મળી આવ્યા સીવાય એક તોહોમતને માટે કેદીને ગુન્હેગાર ઠરાવી બીજુ તોહોમત જેને માટે ખરી રીતે પુરાવો આપેલો હોય તેને માટે નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે તોહોમત અથવા મુકરદમાની ભુલ નથી. મી૦ મીતર જડજે એમ ઠરાવ્યું કે ગુન્હેગાર ઠરાવવાને જોઈએ તેવો પુરાવો નથી એ કારણ ઉપર કેદીએ સેસન જડજને અપીલ કર્યાથી અને તોહોમત અથવા મુકરદમાની ભુલ ઉપર અપીલ નહી કર્યાથી કલમ ૪૨૬ લાગુ પડતી નથી, અને માજીસ્ત્રેટે નિર્દોષ ઠરાવી છોડી મુકેલા ગુન્હાને માટે તોહોમતદારને તે કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવાનો સેસન જડજને અધીકાર નથી. મી૦ ફીઅર જડજે પુરાવો ધ્યાનમાં લેઈ એમ ઠરાવ્યું કે તોહોમતદાર ઉપર રાખેલા ગુન્હાઓમાંના ગમે તે ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવાને કામમાં જોઈએ

તેવો પુરાવો નથી. મી૰ મીતર જડજનો સવાલ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ તપાસનારી કોર્ટ તરીકે હાઇ કોર્ટ બેઠી હોય તે વખતે, નિચેની અપીલ કોર્ટે લીધેલા પુરાવા વીષેનો વિચાર ખરો છે કે નહી, એ સવાલનું નિરાકરણ તે કોર્ટ કરી શકે? ગોર મોહન ઘોસ વિ. મોહનદ્રનાથ ચતરજી, ૧૩ વિ. રી. ૭૮; ૫ બેં. લો. રી. અપે. ૩૯.

(મેસર્સ પીઅર અને મીતર જડજોની રૂબરૂ, તા૰ ૨૮ મી મે સને ૧૮૭૦).

રાણી વિ૰ ટોયબ શેખના કામમાં આધાર રાખવામાં આવે છે, ૫ વિ. રી. ૨. જુઓ ખુન ૧૭.

૪ ભુલ—સને ૧૮૫૯ નો ૨૪ મો કલમ ૪૪—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૨૬, ૪૩૯—સને ૧૮૫૯ ના આકટ ૨૪ ની કલમ ૪૪ મુજબ વીઝાગપટમના આસીસ્ટંટ એજન્ટે કોઈ પોલીસ કોનસ્ટેબલની રજુઆત ચલાવી તેને ગુન્હેગાર ઠરાવી દંડ અને કેદની સજા કરી. ફરીઆદીના સાહેદીઓની જુબાની નહી લખી લીધાથી અને કેદીના જવાબની ફકત મતલબ લખી લીધાથી અને પુરેપુરી હકીકત નહી લખી લીધાથી આસીસ્ટંટ એજન્ટે મુકરદમો અવ્યવસ્થાથી ચલાવેલો છે એવું કારણ બતાવી એજન્ટે અપીલમાં સજા અને ગુન્હો રદ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આ કામમાં એ સવાલ છે કે આસીસ્ટંટ એજંટની એવી ભુલ અથવા અવ્યવસ્થા થયેલી છે કે જેથી તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થાય અને ન્યાય મળે નહી; જો એવી રીતની ભુલ ના થઈ હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૨૬ અને ૪૩૯ મુજબ ગુન્હો રદ કરવાનો હુકમ કાયદા વિરૂદ્ધ ગણાય છે; તોહોમતદારના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુકશાન થયું હોય એવું માલમ પડ્યું નોહોતું; તેથી અપીલ કોર્ટનો હુકમ રદ કરવામાં આવ્યો હતો, અને કેસ ફરીથી ચલાવવાનો હુકમ કર્યો હતો. પ્રો. તા૰ ૧૦ મી નવંબર સને ૧૮૭૧, ૬ મ૰ હા૰ કો૰ રી૰ અપે. ૪૫.

૫ ભુલ—ઈનસાફી મુકરદમો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૦૮, ૪૦૪—ફરીથી તપાસમાં લેવુ તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ કરેલો હુકમ તે કોડની કલમ ૪૦૪ ના અર્થ પ્રમાણે ઇનસાફી મુકરદમો ગણાયછે, અને તેથી કરીને જો કાયદા પ્રમાણે ભૂલ થઈ હોય તો હાઈ કોર્ટ પોતાની અસાધારણ હકુમત મુજબ તે ફરીથી તપાસમાં લેઈ શકે છે. આ બાબત ઉપરનો એશબરનર વિ૰ કેશવ, (૪ મું૰ હા૰ કો૰ રી૰ ૧૫૦) નો ફેંસલો રદ થઈ ગયો; અને હુગલીના કલેકટર વિરૂદ્ધ તારકનાથ મુખોપધા (૭ બેં૰ લો૰ રી૰ ૪૪૦) ના ફેંસલાનો આધાર લેવામાં આવ્યો, ગનપ્રસાદ વાલદ સોભારામ, ૯ મું૰ હા૰ કો૰ રી૰ ૧૬૦.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, લોયડ, મેલવીલ અને કેમબોલ જડજોની રૂબરૂ, તા૰ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૨).

હુગલીના કલેકટર વિરૂદ્ધ તારકનાથ મુખોપધાના ફેંસલાનો આધાર લેવામાં આવે છે, ૭ બેં૰ લો૰ રી૰ ૪૪૯. (દિવાની રૂલીંગ).

રાણી વિ૰ દલસુખરામ હરીભાઇના કેસ ઉપર નજર રાખવામાં આવે છે, ૨ મું૰ હા૰ કો૰ રી૰ ૩૮૦. જુઓ લોકોપકારક કૃત્ય ૮૪.

એશબરનર વિ૰ કેશવનો ફેંસલો રદ થઈ જાય છે, ૪ મું૰ હા૰ કો૰ રી૰ ૧૫૦. (દિવાની રૂલીંગ).

૬ ભુલ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૪—હાઈ કોર્ટનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ માં એવું કાંઈ બતાવેલું નથી કે જેથી હાઇ કોર્ટને દરમીઆન થવાની જરૂર પડે; અને જે કેસોમાં વાસ્તવીક રીતે ન્યાય થયેલો છે એવું ખુ

લી રીતે માલમ પડે તેવા કેસોમાં નિચેની કોર્ટના જડજે કાયદાની નજીવી બાબત ઉપર ભુલ કરી છે એવું માલમ પડે તો પણ દર મીયાન થવાને કોર્ટ બંધાયેલી નથી. બંકાબે હારીસેન અરજદાર, ૧૮ વિ. રી. ૨૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૭૨.)

૭ ભુલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૩, ૨૯૭—રજુઆત ચલાવેલો મુકરદમો વાજબી રીતે રદ કરવાને માટે નવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ ના અર્થ મુજબ અગત્યની ભુલ હોવી જોઈએ. તે કલમ મુજબ "અગત્યની" એ શબ્દો કલમ ૨૮૩ મુજબ એવી ભુલ અથવા ખામીથી અન્યાય થયા સીવાય એની બરોબર છે. રાણી વિ. રામકનુ, ૧૯ વિ. રી. ૨૮; ૧૨ બેં. લો. રી. ૨૫૩ ન

(મેસર્સ પીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૮૭૩.)

બેલીલીઓસની અરજીની બાબતમાં નજર રાખવામાં આવી. ૧૨ બેં. લો. રી. ૨૪૯. જુઓ સજા ૪૯.

૮ ભુલ—દરમીઆન થવાનો હાઈ કોર્ટને અધીકાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭—હંગામો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ મુજબ મદદગારી કલમ ૧૦૭—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ ઈનસાફી મુકરદમામાં અગત્યની ભુલ થઈ હોય તેવા કેસમાં હાઈ કોર્ટ દરમીઆન થઈ શકે છે પણ ફકત જુનો આકટ સને ૧૮૬૧ ના ૨૫ માની કલમ ૪૦૪ મુજબ કેસના ઠરાવમાં કાયદાની બાબત ઉપર ભુલ થઈ હોય તેવા કેસમાં દરમીઆન થઇ શકે નહી. કોઇ કાયદેસર બાબતે કેટલાક માણસો એકઠા થયા હોય અને તેઓ પ્રથમ કાંઈપણ વિચાર અથવા ઈરાદો કર્યા સીવાય કોઈ બીજા માણસ સાથે એકદમ લડે તો તેથી કાયદેસર અર્થ મુજબ હંગામો થતો નથી. "કાયદા વિરૂદ્ધ ભુલથી" પીનલકોડની કલમ ૧૦૭ મુજબ મદદગારીનો ગુન્હો સાબીત કરવાને માટે તોહોમતદારે દરમીઆન નહી થઈને ગુન્હો કરવામાં જાણીબુજીને મદદ કરી એ સાબીત કરવાની જરૂર છે. ખાજા નુરલહુસેન, વિરૂદ્ધ ફેબરીટોનેરી, ૨૪ વિ. રી. ૨૬.

(મેસર્સ ગ્લોવર અને ગીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુલાઈ સને ૧૮૭૫).

મથુરાનાથ ચકરબતી વિ૦ હીરાલાલ દોસ, ૧૭ વિ. રી. ૫૫; ૯ બેં. લો. રી. ૩૫૪. જુઓ મોકુફી ૨

૯ ભુલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૮, ૨૯૭—પદ્ધતિ—હકુમત—તોહોમતદારે પસંદ કરેલો પુરાવો ભુલથી નહી લીધાથી તેના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઇ નુકશાન થયું અને તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ હાઇ કોર્ટને દરમીઆન થવાને કારણ મળે છે એમ ઠરાવવામાં આવ્યું હતું. કલમ ૨૭૮ માં બતાવ્યા પ્રમાણે અપેલેન્ટને અથવા તેના વકીલને હાજર રહેવાને યોગ્ય વખત નહી ઠરાવ્યાથી મુકરદમો કાયદા વિરૂદ્ધ થઈ જાય છે એમ ઠરાવવામાં આવ્યું હતું. પુરાવા ઉપરથી આપેલો ફેસલો જેના કેટલાક ભાગમાં તફાવત માલમ પડે અને જેની યોગ્યતા વિષે સવાલ ઉઠે જેવું હોય અને વળી હાઈ કોર્ટે પુરાવો શક ભરેલો ધાર્યો હોય તોપણ સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૭ ના અર્થ મુજબ તે ઈનસાફી મુકરદમામાં અગત્યની ભુલ ગણાતી નથી. હરીપ્રસાદ અરજદાર, ૨૪ વિ. રી. ૬૦.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી નવંબર સને ૧૮૭૫).

મતીલાલ ચતાપધા અરજદારના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ૧૬ વિ૦ રી૦ ૬૪. જુઓ ગેરવ્યાજબી બક્ષીસ ૧૧.

૧૦ ભુલ—ઈનસાફી મુકરદમામાં અગત્યની ભુલ—ફરીથી રજુઆત ચલાવવી તે—

કેસમાં અગત્યના શાહેદીની જુબાની લેવી રહી ગઈ છે અને મુળની કોર્ટે તે શાહેદીની જુબાની લખી લીધા પછી તે શાહેદીની જુબાનીથી અસર થએલા પુરાવા સીવાયનો સઘળો જુનો પુરાવો ફરીથી ધ્યાનમાં લીધો ન થીજ. એવું કારણ બતાવી આ કેસમાં હાઈ કોર્ટે ફરીથી રજુઆત ચલાવવાનો હુકમ કર્યો; પણ નિચેની અપીલ કોર્ટે નવો અને જુનો પુરાવો ફરીથી ધ્યાનમાં લેઇ અને કામની માહીતી ઉપરથી નવા શાહેદીની જુબાની ભરોંસા લાયક છે એવું તેનું ધારવું નથી એવું તે કોર્ટે વધારામાં બતાવી પોતાના અગાઉના ઠરાવને વળગી રહી, તે કેસમાં હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે કામની સઘળી હકીકત ઉપર કરેલી અપીલના ઠરાવ વિષે ગમે તેવો વિચાર લેઇ શકાય તોપણ ઇનસાફી મુકરદમામાં અગત્યની ભુલ થઈ છે એવું કારણ બતાવી તે ઠરાવ ફેરવી શકાય નહી. હરીપ્રસાદ દત્તની બાબત, ૨૫ વિ. રી. ૬૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી મે સને ૧૮૭૬).

જુઓ ગુન્હાનો સોબતી ૫, ૬, ૧૭.
„ સરટીફીકેટ આપવું તે ૨.
„ તોહોમત ૪૧.
„ કમીટ કરવું તે ૪૨.
„ ફરીઆદ ૩૧.
„ અપમાન કોર્ટના હુકમનું.
„ સાપ્રાધ ધમકી ૪.
„ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો ૧૨.
„ છુટકો ૧૨, ૨૪, ૨૭, ૩૫.
„ યુરોપી ઈંગ્રેજી પ્રજા ૧.
„ પુરાવો ૨૪.
„ સાંભળેલો પુરાવો.
„ જ્યુરી ૧૬, ૪૧, ૪૪, ૪૬, ૭૬, ૮૪.
„ અગત્યની ભુલ.
„ ખુન ૭૫, ૮૦.
„ કબજો ૧૦૨.
„ ખાનગી બચાવ ૧૮.
જુઓ લોકોપકારક કૃત્ય ૫૯.
„ તપાસણી ૧, ૪, ૬, ૧૬, ૧૮, ૧૯.
„ કેટલાક ગુન્હાઓ ૧.
„ સંક્ષેપમાં તપાસ ૧૩.
„ લઢાઈ કરવી તે ૩.
„ કેદી તરફના શાહેદીઓ ૮, ૨૪.

ભુલ અગત્યની—

ભુલ અગત્યની—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૩, ૨૯૭, ૩૦૦—પુરાવો વજનદાર નહી ગણવો તે—હાઈ કોર્ટનો અધીકાર—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ માં "અગત્યની ભુલ" એ શબ્દોમાં પુરાવો વજનદાર ગણવાની ભુલનો સમાવેશ થતો નથી, અને હાઈ કોર્ટ જે તપાસનારી કોર્ટ તરીકે અપીલ કોર્ટ જેટલી કલમ ૨૮૩ જેનો વધારો કલમ ૩૦૦ થી થએલો છે તેનાથી બંધાએલી છે તે કોર્ટ, આવી રીતની ભુલથી અન્યાય થવાનો સંભવ છે એવું સાબીત થયા સીવાય પુરાવાનું વજન ગણવામાં થએલી ભુલ અથવા કાયદાની ભુલ વ્યાજબી રીતે સુધારી શકે નહી. રાણી વિ૦ સખારામ મનોહર, ૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૧૨૫.

(મેસર્સ નહાનાભાઈ હરીદાસ અને લારપન્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી જુલાઇ સને ૧૮૭૪).

ડેલીચરન બીસ્વાસ અરજદારોના કેસમાં બાહાલ રાખવામાં આવે છે, ૨૦ વિ૦ રી૦ ૪૦. જુઓ તપાસણી ૯.

અબદુલહક ચોધરી વિરૂદ્ધ ઈદરકના કેસમાં બાહાલ રાખવામાં આવે છે, ૨૧ વિ૦ રી૦ ૫૭. જુઓ બેન્ચ માજીસ્રેટની ૩.

જુઓ ભુલ ૭, ૧૦.
„ તપાસણી ૧૭, ૨૧.
„ ચોરીની મીલકત ૨૧.
„ ફરીઆદી તરફના શાહેદીઓ ૧૨.

ભુલ ખબર આપવામાં—

૧ ભુલ ખબર આપવામાં—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૧૮, ૧૭૬—

સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૮—ગુન્હો સેહેલાઈથી બની શકે તેવું કૃત્ય કરવાને કેદી બંધાએલો હતો તે કૃત્ય કરવામાં ભુલ નહી થયાથી તેને પીનલ કોડની કલમ ૧૧૮ મુજબ સજા થઈ શકે નહી એમ ઠરાવવામાં આવ્યું, પણ અપહરણના ગુન્હાની ખબર મળ્યા પછી સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૮ મુજબ તેનો રીપોર્ટ કરવાને તે બંધાએલો હોવાથી તેને પીનલકોડની કલમ ૧૭૬ મુજબ ગુન્હેગાર ઠરાવવો જોઈએ. સરકાર વિરૂદ્ધ કેશરી, ૧ આગ્રા. હા. કો. રી. ૩૭.

(મેસર્સ ટરનર અને સ્પેંકી ક્રામ ચલાઉ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ ડીસંબર સને ૧૮૬૬.)

૨ ભુલ ખબર આપવામાં—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૬—ડાકાઈટીમાં સામેલ થવાની કોઈ પણ માણસે ના પાડી હોય તો તેથી તેને તે ગુન્હાની માહીતી હતી એમ અનુમાન થતુ નથી અથવા તે ગુન્હો અટકાવવાને માટે જાણી જોઈને ખબર આપવામાં તેણે ભુલ કરી એમ ગણી પીનલકોડની કલમ ૧૭૬ મુજબ તે શીક્ષાને પાત્ર થતો નથી. રાણી વિ. લાહઈમંડલ વિગેરે, ૭ વિ. રી. ૨૯.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૫ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭.)

૩ ભુલ ખબર આપવામાં—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કમો ૧૦૭, ૨૦૨, ૩૮૩—ગુન્હો બન્યો છે એવી ખબર નહી આપવાને માટે પીનલકોડની કલમ ૧૦૭ મુજબ મદદગારીનો ગુન્હો ગણાતો નથી પણ એવી રીતે ખબર નહી આપવાથી કાયદેસર ફરજ તુટતી હોય તો ગુન્હો ગણાય છે. કોઇ ખાનગી માણસે ગુન્હો બનેલો જોયો હોય તોપણ તે કોઈ પણ કાયદા પ્રમાણે તેની ખબર આપવાને બંધાયેલો નથી. રાણી વિ. ખાદીમશેખ, ૪ બેં. લો. રી. ક્રી. અ. ૭.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૬૯.)

૪ ભુલ ખબર આપવામાં—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૬—સરકારી નોકરને ગુન્હો બન્યાની ખબર આપવાને જે માણસોની કાયદેસર ફરજ છે તે માણસોને પીનલકોડની કલમ ૧૭૬ લાગુ પડે છે, અને કાયદામાં બતાવેલો દંડ જે માણસ જાણી બુઝીને આવી રીતની ફરજ તોડે છે તેને લાગુ પડે છે. કુલચંદ ઓજોમાસી અરજદાર ૧૬ વિ. રી. ૩૫

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઇ સને ૧૮૭૧.)

૫ ભુલ ખબર આપવામાં—ઈરાદો—ગુન્હો થયાની ખબર નહી આપવાને માટે કોઈ જમીનદારને ગુન્હેગાર ઠરાવેલો તેમાં જાણી બુઝીને ભુલ થયેલી એ ગુન્હેગાર ઠરાવવાનો મુદ્દો છે. લચમનપ્રસાદ ગોરગો અરજદાર, ૧૮ વિ. રી. ૨૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૭૨.)

૬ ભુલ ખબર નહી આપવામાં—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૦૨—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૨—અપીલ કોર્ટે માગેલો વધારાનો પુરાવો—મી૦ કેમ્પ જડજનો મત—કોઈ માણસને પીનલકોડની કલમ ૨૦૨ મુજબ ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં કાયદેસર પુરાવો જોઈએ (૧) કોઈ ગુન્હો બન્યો છે એવી તેની માહીતી છે અથવા એવું ધારવાનું કારણ છે; (૨) તે ગુન્હાની ખબર જાણી બુઝીને નહી આપવી તે; (૩) તે ગુન્હો થયાની ખબર આપવાની તેની કાયદેસર ફરજ હતી. કેસમાં જરા પણ પુરાવો નથી એવું ધારીને સેસન જડજે આ કેસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૨ લાગુ પાડી નહી કારણ કે તોહોમતદાર નિરઅપરાધી છે અથવા તેણે ગુન્હો કર્યો છે એવો કામમાં સ્પષ્ટ પુરાવો મળી આવે તોજ અપેલેટ કોર્ટ તે કલમ મુજબ

વધારે પુરાવો લેઈ શકે છે, પણ આવી રીતનો પુરાવો બીલકુલ ના હોય તેવા કેસને તે કલમ લાગુ પડતી નથી. મી૦ ગ્લોવર જડજનો મત—ગુન્હો બન્યો છે અને તેની ખબર આપવાને તોહોમતદાર કાયદેસર બંધાએલો હતો, પણ તેઓએ ખબર આપી નોહોતી એવો કામમાં પુરાવો નથી એવું સેસન જડજને માલમ પડે તોજ તે ખોટ પુરી પાડવાનો હુકમ કરવાને કલમ ૪૨૨ મુજબ તેને અધીકાર છે; બેપીકરાઈથી અને અજાણપણાથી માજીસ્ત્રેટે મુકરદમો ચલાવ્યાથી તોહોમતદાર બચી જતો હોય તો તે અટકાવવાને અથવા સાચુ સોધી કાઢવાને જરૂર પડે તેવો પુરાવો બેપીકરાઈથી અને અજ્ઞાનપણાથી કામમાં નહી લખી લેવામાં આવ્યાથી ગુન્હેગાર તોહોમતદારને નિરપરાધી ઠરાવવામાં ટેકો આપવાની તે કલમની મતલબ છે. વુડીચંદ મુખોપધ્યા અરજદાર, ૧૮ વિ. રી. ૩૧; ૯ બેં. લો. રી. અપે. ૩૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ જુલાઈ સને ૧૮૭૨.)

૭ ભુલ ખબર આપવામાં—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૪૪-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૭—સુલેહનો ભંગ થાય તેવો હંગામો થયાની ખબર પોલીસ અમલદાર તેના ઉપરીને સને ૧૮૬૧ ના આકટ ૫ મુજબ આપવાને અને તે આકટની કલમ ૪૪ મુજબ પોતાની રોજની નોંધમાં તે દાખલ કરવાને બંધાયેલો છે, અને આવી રીતની ખબર ના આપે તો તે પીનલકોડની કલમ ૧૭૭ માં આવી જાય છે. સૈયદ ફતેહ મહમદ અરજદાર, ૨૧ વિ. રી. ૩૦.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જાનેવારી સને ૧૮૭૪.)

૮ ભુલ ખબર આપવામાં—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૯૦—અર્થ—"જમીન રોકવી તે"—માલીક અથવા એજન્ટની જવાબદારી—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૯૦ માં ગામડાના મુખી વિગેરેને એકાએક અથવા અસ્વભાવીક મોત થયાની ખબર આપવાને ફરમાવેલું છે તે ફકત, એવી રીતનો બનાવ પોતે જે ગામનો મુખી હોય અથવા જે ગામમાં તેની જમીન હોય તે ગામની નજદીક બન્યો હોય તોજ લાગુ પડે છે. કોઈ બીજા માણસના ઘરમાં રેહેવુ તે ઉપલી કલમના અર્થ મુજબ જમીનનો ભોગવટો ગણાતો નથી. માલીક ત્યાં રેહેતો ના હોય અને તેને રીપોર્ટ કરવાની હકીકતની માહીતી ના હોય તોજ તે કલમ મુજબ ખબર આપવાની ફરજ તે જગાનો ભોગવટો કરનાર માણસની છે. માલીકને જો એવી રીતની માહીતી હોય તો જવાબદારી તેની ગણાય છે. મોધુસુદન ચકરબતીની બાબત, ૨૩ વિ. રી. ૬૦.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી એપ્રીલ સને ૧૮૭૫)

૯ ભુલ ખબર આપવામાં—સને ૧૮૭૨ નો આકટ ૧૦ મો કલમ ૯૦—જમીનના માલીકનો એજન્ટ—મી૦ માર્કબાય જડજનો મત—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૯૦ ના અર્થ મુજબ ખજાનચી મુખત્યાર ગણાતો નથી. કોઈ માલીકની ગેરહાજરીમાં તેનો દીવાન મુખત્યાર ગણાય, પણ જે દીવાન ફકત પોતાના માલીકના હુકમ પ્રમાણે ચાલતો હોય તેને કલમ ૯૦ ની બાબત લાગુ પડતી નથી. મી૦ પ્રીનસેપ જડજનો મત—સવાલ—એકાએક અથવા અસાધારણ મોત થયાની કલમ ૯૦ પ્રમાણે ખબર આપવાને ફકત એજન્ટ જવાબદાર છે? રાણી વિ૦ અચીરાજલાલ; ઈં. લો. રી. ૪ ક. ૬૦૩; ૩ ક. લો. રી. ૮૭.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૭૮.)

૧૦ ભુલ ખબર આપવામાં—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૯૦—જે કેસોમાં ગુન્હો થયાની બીજી કોઇ રીતે પોલીસને ખરેખરી ખબર મળી હોય તેવા કેસોમાં કોઈ માણસ પોલીસને ગુન્હો થયાની ખબર આપવાનું ભુલી ગયો હો

ય તો તેની સામે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૯૦ નો અમલ થઇ શકે નહી. રાણી વિ૦ સશીભુસન ચક્રબતી, ઈ. લો. રી. ૪ ક. ૬૨૩.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજો ની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસેંબર ૧૮૭૮.)

૧૧ ભુલ ખબર આપવામાં—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૮૭, ૮૮—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૬–ગુન્હેગારનું જાહેરનામું–સાબીતી - દરેક બાબત વ્યાજબી રીતે થયેલી છે એવું અનુમાન કરવું તે—કેહેવત લાગુ પાડવી તે—ब નામના કોઈ એક પ્રસીદ્ધ ગુન્હેગારની પોલીસને જાણીબુઝીને ખબર નહી આપ્યાથી क નામના માણુસ ઉપર પીનલકોડની કલમ ૧૭૬ મુજબ તોહોમત રાખી તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. કોર્ટે એવુ અનુમાન કર્યું કે ब એ પ્રસીદ્ધ ગુન્હેગાર છે કારણુ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૮૮ મુજબ તેની મીલકત જપ્ત થયેલી સાબીત થઇ હતી. એમ ઠરાવવામાં આવ્યું કે ઝાહેરનામું નીકળ્યાની બાબત સાબીત કરવાને ફરીઆદી બંધાએલો હતો. કોઈ એક ગામના પ્રસીદ્ધ ગુન્હેગારની પોલીસને ખબર આપવાને જે માણુસની કાયદેસર ફરજ છે તે ખબર પોલીસને મળી ચુકી હોય તો, ખબર નહી આપવાને માટે તે માણુસ ઉપર ફરીઆદ માંડવી જોઈએ નહી. પંડ્યાની બાબત, ઈ. લો. રી. ૭ મ. ૪૩૬.

(મી૦ બ્રાંડટ જડજની રૂબરૂ, તા૦ ૧ અને ૨ એપ્રીલ સને ૧૮૮૪.)

જુઓ તોહોમત ૨૯.
,, શીક્ષા.
,, ખુન ૭૦.

ભુલ પકડવામાં—

ભુલ પકડવામાં—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૨૧—ગામનો ચોકીઆત—સને ૧૮૭૩ નો ૧૬ મો (વાવ્ય દીશાના પ્રાંતોના ગામ અને રસ્તાનો પોલીસ આકટ) કલમ ૮—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૯૨—ગામની બાહાર જે જગાનો તે ચોકીઆત છે તે જગામાં ખુન કરવાને માટે કોઈ માણુસ ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તો સરકારી નોકર તરીકે તે માણુસને પકડવાને તે કાયદેસર બંધાએલો નથી; કારણુ કે આ માણુસ પ્રસિદ્ધ થએલો ગુન્હેગાર નથી તેમજ આવી રીતનું ખુન કરતાં તે તેના જોવામાં આવ્યો નથી; તેથી કોઈ ખાતગી માણુસના કેહેવાથી આવી રીતના માણુસને પકડવાની કોઈ ચોકીઆત ના પાડે તો તે પીનલકોડની કલમ ૨૨૧ મુજબ ગુન્હેગાર ગણાતો નથી. રાણી વિ૦ કાલુ, ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૬૦.

મી૰ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૮૦).

ભુલ ભરેલું કૃત્ય--

થી ચેપી રોગ ફેલાવવાનો સંભવ બને તે. જુઓ ચેપી રોગો

ભુલ ભરેલું અને અવિચારી કૃત્યથી થએલું મોત—

ભુલ ભરેલું અને અવિચારી કૃત્યથી થએલું મોત – વૈદ–વૈદક સબંધી નસતર મુકવું તે—અનુભવ વગરનો વૈદ—"શુદ્ધબુદ્ધિ"—જોખમ કબુલ કરવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૦૪ अ, ૮૮ અને ૫૨–કોઈ માણુસને થએલા મસા સાધારણુ ચપ્પાથી કોઈ એક વૈદે કાપી નાખ્યા. તે માણુસ લોહીની રગ ફાટી જવાથી મરી ગયો. ભુલ ભરેલા અને અવિચારી કૃત્યથી મોહોત થયું છે એવું ગણી તે માણુસને પીનલકોડની કલમ ૩૦૪ अ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો. અગાઉ કેદીએ એવી જાતના ઘણાં નસતરો મુકયાં હતાં તેથી તે ઉપલી કલમ મુજબ અવિચારી કૃત્ય ગણાતું નથી એવી તકરાર કામમાં લેવામાં આવી હતી, અને દરદી જેને જોખમ ખમવાનું કબુલ કર્યું હતું, તેના ફાયદાને માટે અને મોત કરવાના કાંઈપણુ ઈરાદા સીવાય શુદ્ધબુદ્ધિથી તેણે કૃત્ય કર્યું છ

ણું તેથી બેશક તેને પીનલકોડની કલમ ૮૮ નો લાભ મળી શકે છે. એમ ઠરાવવામાં આવ્યું કે નસતર મુકવાની બાબતોમાં કેદી ખરેખર બરોબર રીતે કેળવાએલો નહી હોવાથી અને પીનલકોડની કલમ પર ની વાખ્યામાં બતાવેલા "શુદ્ધબુદ્ધિ" એ શબ્દો ઉપર નજર રાખતાં તેને કલમ ૮૮ નો લાભ મળી શકતો નથી. વળી વધારામાં એમ ઠરાવવામાં આવ્યું કે નસતર મુકવાની હા કેહેવામાં મરનાર જોખમમાં આવી પડશે એવું તે જાણતો હતો, અને તેથી તેણે જોખમ કબુલ કર્યું કહી શકાય નહી એ હકીકત સાબીત કરવાનું તોહોમતદારને શીર છે તે, તેણે સાબીત નહી કરવાથી આ કેસને કલમ ૮૮ લાગુ પડતી નથી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે કેસની હકીકત જોતાં પીનલકોડની કલમ ૩૦૪ અ મુજબ ગુન્હેગાર ઠરાવવું વ્યાજબી છે. રાણી વિ૦ સકરૂ કાબીરાજ, ઈ૦ લો૦ રી૦ ૧૪ ક. ૫૬૬.

(મેસર્સ રેટનહામ અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ એપ્રીલ સને ૧૮૮૭.)

ભોગવટો કરનાર—

જુઓ કબજો ૩૬.

બંડોલ—

બંડોલ—સજા કરવી તે—ગુન્હેગાર માણસો—મદ્રાસનો સને ૧૮૧૬ નો રેગ્યુલેશન ૧૧ મો—મદ્રાસના સને ૧૮૧૬ ના રેગ્યુલેશન ૧૧ ની કલમ ૧૦ મુજબ ગામના ડબામાં પુરી કેદની સજા કરી શકાય એવી નિચી જાતોમાં મુસલમાન ગણાતો નથી. રાણી વિ. નાબી, ઈ. લો. રી. ૬ મ. ૨૪૭.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ડીસંબર સને ૧૮૮૨ અને તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૮૩.)

મ.

મજબુતી—

જુઓ ચોબતી ગુન્હામાં.

જુઓ ખરાબ આજીવીકા ૨.

„ કમીટ કરવુ તે ૬૯.

„ કબુલાત ૧, ૩૦.

„ જુઠો પુરાવો ૧૬, ૧૯, ૨૧. ૪૩. ૭૫.

„ જ્યુરી ૩૩, ૪૧, ૧૦૬.

„ ખુન ૨૨.

„ પોલીસની નોંધ.

મજુર—

જુઓ જકાત ૩૪.

„ રેલવે ગુન્હો ૫.

„ અવિચારી અને ભુલ ભરેલું કૃત્ય ૪.

„ ચોરી ૪૧,

મતભેદ—

૧ મતભેદ—રીવાજ—લેટર્સ પેટન્ટ કલમ ૩૬—સેસન કોર્ટમાં કેદીઓને ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. હાઈ કોર્ટમાં અપીલ કરવાથી જુના જડજે એમ ઠરાવ્યું કે કેદીઓ સામે કેસ સાબીત થતો નથી અને નવા જડજે એમ ઠરાવ્યું કે ગુન્હેગાર ગણાય તેવો જોઇએ તેટલો પુરાવો છે. બંને જડજોમાં મતભેદ થવાથી લેટર્સ પેટન્ટ આકટની કલમ ૩૬ મુજબ ગુન્હો રદ કરી કેદીઓને છોડી મુકયા. રાણી વિ. શેખ સુભાની વિગેરે, ૬ વિ. રી. ૮૮.

(મેસર્સ લોચ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૩ ડીસંબર સને ૧૮૬૬.)

૨ મતભેદ—લેટર્સ પેટન્ટ આકટ કલમ ૩૬—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૦—હાઈ કોર્ટની કોઈ ફોજદારી અપીલમા બંને જડજોની અંદર મતભેદ થાય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦ માં ગમે તે બતાવેલું છે તોપણ લેટર્સ પેટન્ટ આકટની કલમ ૩૬ મુજબ જુના જડજના મત પ્રમાણે ચાલવું જોઈએ. કાઝીમ ઠાકોર વીગેરે અપેલન્ટો, ૧૦ વિ. રી. ૪૫; ૨ બેં. લો. રી. ૨૫.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, બેલી, જેકશન, મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨ સપટંબર સને ૧૮૬૮.)

જુઓ ડીવીઝન બેન્ચ.

મત્ભેદ માજીસ્ત્રેટોની અંદર—

જુઓ તપાસણી ૧૩.

મદદગારો—

૧ મદદગારી—મુખ્ય ગુન્હેગાર—મુખ્ય ગુન્હેગારો તરીકે સજા થએલા માણસોને વળી તેજ ગુન્હાની મદદગારીને માટે સજા થઈ શકે નહી. રાણી વિ૦ જીટુ ચોધરી વિગેરે, ૪ વિ રી. ૨૩.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી નવંબર સને ૧૮૬૫).

રાણી વિ૦ રામનારાયણ જોશ વિગેરે ના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૪ વિ. રી. ૩૭. જુઓ મહાવ્યથા ૮.

૨ મદદગારી—રીબાવી મારવું તે—સઘળા કેદીઓ રીબાવી મારી નાખવાના કેસમાં સાધારણ મતલબ પાર પાડવાને સામેલ થએલા તે કેસમાં એમ ઠરાવવામાં આવ્યું કે તેઓ મુખ્ય ગુન્હેગાર તરીકે અપરાધી હતા પણ મદદગાર તરીકે અપરાધી નોહોતા. રાણી વિ૦ તારીનીચરન ચતોપધીઆ વિગેરે, ૭ વિ. રી. ૩.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૩ જી જાનેવારી સને ૧૮૬૭).

૩ મદદગારી—તોહોમતદારની તપાસ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૧૪—જુબાની લેતી વખતે કોઈ માણસને તેની પોતાની હકીકત ઉપરથી ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં તે હકીકત વિચાર કરીને લખાવવામાં આવી હતી અને લખી લીધા પછી તે તોહોમતદારને વાંચી સંભળાવવામાં આવી હતી, અને તેની નીચે માજીસ્ત્રેટે પોતાને હાથે સરટીફીકેટ આપી સહી કરી સાખ કરી હતી, એ સાબીત કરવાની જરૂર છે. પીનલકોડની કલમ ૧૧૪ મુજબ કેદીને ગુન્હેગાર ઠરાવતાં અવલ કઈ હકીકતથી મદદગારી થાય છે કે જેથી કરીને તે "ગેરહાજર હોય તોપણ મદદગાર તરીકે શિક્ષાને પાત્ર થાય" તે પેહેલું બતાવવું જોઇએ, અને ગુન્હો થતી વખત પણ તે હાજર હતો એ પછીથી બતાવવાનું છે. રાણી વિ૦ મુસામત નીરૂની અને મોનીરૂદીન, ૭ વિ. રી. ૪૫.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી માર્ચ સને ૧૮૬૭).

રાણી વિ૦ બીબીફીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૪ વા. દી. પ્રાં. ૧૬. જુઓ તપાસ તોહોમતદારની ૧૦.

રાણી વિ૦ ગોસ્ટોલાલ દતના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો ૭ બે. લો. રી. અપે. ૬૨. જુઓ તપાસ તોહોમતદાની ૭.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ. રેઝાહુસેન, ૮ વિ. રી. ૫૫. જુઓ સરટીફીકેટ તોહોમતદારની હકીકતનું.

રાણી વિ૦ ગોસ્ટોલાલ દત્ત, ૧૫ વિ. રી. ૬૮. જુઓ ઉલટસુલટ તપાસ ૧૦.

રાણી વિ. બાઈ રતન, ૧૦ મું. હા. કો. રી. ૧૧૬. જુઓ ઉલટ સુલટ તપાસ ૧૦.

૪ મદદગારી—સને ૧૮૭૬ નો ૨૦ મો રેજીસ્ટ્રેશન આકટ કલમ ૯૪—સને ૧૮૬૬ ના આકટ ૨૦ ની કલમ ૯૪ મુજબ મુખ્ય ગુન્હેગાર કરતાં મદદગારને વધારે સજા થઈ શકે છે. રાણી વિ. ગોપાલ પ્રોસાદ સેન વિગેરે. ૮ વિ. રી. ૧૬.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુન સને ૧૮૬૭.)

૫ મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૧૪—પીનલકોડની કલમ ૧૧૪ મુજબ કૃત્યની જાત ઉપરથી મદદગારીનો ગુન્હો બનતો હોય, અને મદદગાર તે કૃત્ય કરવામાં હાજર હોય તો, જો કે ખરી રીતે બીજા માણસે ગુન્હો કર્યો હોય તોપણ તેણે ગુન્હો કર્યો ગણાય છે. પ્રો. તા૦

૮ મી માર્ચ ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૩૭.

૬. મદદગારી—ઉશ્કેરવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૦૭—ઉસકેરવાથી થએલા મદદગારીના ગુન્હાનો આધાર, જે માણસને મદદ કરી હોય તે માણસથી ખરેખરી રીતે થએલા કૃત્ય ઉપર છે. રાણી વિ ઈમામડી ભુયાહ. ૨૧ વિ. રી. ૮.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧ ડીસંબર સને ૧૮૭૩.)

૭ મદદગારી—હેડ કોનસ્ટેબલ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૦૭—જબરાઈથી કબુલાત લેવાને માટે કેટલાક માણસોને રીબાવીને મારવાનો સંભવ છે એવું હેડ કોનસ્ટેબલની માહાતી છતાં પોતે જાણી બુજી જતો રહ્યો હોય તો તે પીનલકોડની કલમ ૧૦૭ ના બીજા ખુલાસા મુજબ ગુન્હેગાર છે એમ ઠરાવવામાં આવ્યું હતું. કાલીચરન ગંગુલી, ૨૧ વિ. રી. ૧૧.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૪ ડીસંબર સને ૧૮૭૩.)

૮ મદદગારી—એક્કો કરેલો તે-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૦૮—એક્કો કરી મદદગારીનો ગુન્હો ઠરાવવાને માટે જે માણસ ગુન્હો કરે છે તેની સાથે મદદ કરનાર માણસે એક મત કરવો જોઈએ તે પીનલકોડની કલમ ૧૦૮ ના ૫ મા ખુલાસા મુજબ અગત્યનું નથી. એક્કો કરવામાં સામેલ રહી તે મુજબ ગુન્હો બન્યો હોય તો તે બસ છે. રાણી વિ ગોબીદડોબી વિગેરે, ૨૧ વિ. રી. ૩૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જાનેવારી સને ૧૮૭૪).

૯ મદદગારી—મુખ્ય ગુન્હો—મુખ્ય ગુન્હેગારને અપરાધી ઠરાવવો તે—પીનલકોડ મુજબ મદદગારીનો ગુન્હો મુખ્ય ગુન્હો ગણાય છે; તેથી કરીને મદદ કરનારને અપરાધી ઠરાવવાનો આધાર મુખ્ય ગુન્હેગારને અપરાધી ઠરાવવા ઉપર કાંઈ પણ નથી. રાણી વિ મારૂતી દાદા, ૩ [illegible]

(મેસર્સ વેસ્ટ અને નહાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૬૭).

મરખત ઉલાહ વિ૦ રેનીના કેસને લાગુ પડે છે, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૧૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪૦.

જુઓ કબુલાત ૪, ૬.

,, ભુલ ૮.

મદદગાર—

મનુષ્યની. જુઓ લાલચ ૧, ૨.

ની મદદગારી. જુઓ ચોરી ૪૦.

હુમલાની. જુઓ સાખ માજીસ્ટ્રેટની.

બે વાર લગ્નની. જુઓ બે વાર લગ્ન ૮, ૧૧.

લાંચ લેવામાં. જુઓ ગેરવ્યાજબી બક્ષીસ ૭, ૧૨.

ઠગાઈ કરવામાં. જુઓ બળાત્કારે કઢાવવું તે ૧, ૨.

ઠગાઈ વેષ ધારણ કરીને કરવામાં જુઓ ઠગાઈ વેષ ધારણ કરીને ૩.

સાપ્રાધ પ્રવેશની. જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૯.

ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાની. જુઓ તોહોમત ૪૩.

ડાકાઈટીની. જુઓ ડાકાઈટી ૧

લાલચની. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૮.

જકાતના ગુન્હાની. જુઓ જકાત ૩.

બળાત્કારે કઢાવવાની. જુઓ બળાત્કારે કઢાવવું ૧, ૯.

જુઠા તોહોમતની. જુઓ જુઠું તોહોમત ૧૯.

મદદગારી—

ખુનના જુઠા તોહોમતની. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧.

[illegible] પુરાવાની. જુઓ કમીટ કરવું તે

મદ્રાસના મછવા સબંધી નિયમો—

મદ્રાસના મછવા સબંધી નિયમો—સને ૧૮૪૨ નો આકટ ૪ થો—સને ૧૮૪૬ નો આકટ ૯ મો—માજીસ્રેટની હકુમત—૭ મા નિયમ પ્રમાણે માલીકની જવાબદારી—પુરાવાનો બોજો—મછવાની અને મદ્રાસના રસ્તા સબંધી સને ૧૮૪૨ ના આકટ ૪ થામાં બતાવેલી બીજી બાબતોની ગોઠવણને માટે ઈલાકાના મુખ્ય શેહેરોના બંદર સબધી નિયમો બાંધવાને સને ૧૮૪૬ ના આકટ ૯ મા મુજબ મદ્રાસ સરકારને અધીકાર છે. તે આકટ મુજબ સરકાર જપ્ત કરેલા અથવા દંડ કરેલા સઘળા પૈસા સબંધી કામોનું નિરાકરણ કરવાનો મદ્રાસ શેહેરના જસ્ટીસ ઓફ ધ પીસને સને ૧૮૪૨ ના આકટ ૪ થાની કલમ ૨૪ મુજબ અધીકાર છે. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૪૬ ના આકટ ૯ મુજબ કરેલા નિયમો પ્રમાણે તજવીજ થઈ શકે એવા કેસોનું નિરાકરણ જસ્ટીસ ઓફ ધ પીસ ના હોય તેવા માજીસ્રેટે કરવું જોઈએ એવું ઠરાવવાનો મદ્રાસ સરકારનો અધીકાર હતો. મદ્રાસ શેહેરના બાહારના બંદરોમાં મછવાઓ ચલાવવાની વધારે સારી ગોઠવણ કરવાને માટે સુધારેલા નિયમોમાંના તા૦ ૧ લી અકટોબર સને ૧૮૬૭ ના સાતમા નિયમ મુજબ જોઈએ તેટલા માણસોને બેસાડયા સીવાય મછવો ચલાવ્યો હતો એવું સાબીત થાય તો મછવાના માલીકનો દંડ કરી શકાય છે. એમ ઠરાવવામાં આવ્યું કે યોગ્ય ખલાસીઓ સીવાય મછવો હંકાર્યો હતો એવું સાબીત થાય, અને તે વાત માલીકના જાણવામાં હતી એવું સાબીત ના થયું હોય તોપણ તેથી ગુન્હો ઠરાવવામાં કાંઇ બાધ આવતો નથી. સેયાકોનીની બાબત, ઈ. લો. રી. ૯ મ. ૪૩૧.

મનુષ્ય નયન—

મનાઈ હુકમ—

દિવાની દાવામાં. જુઓ તોડવો હુકમ સરકારી નોકરનો ૨૦.

જાથુ. જુઓ લોકોપકારક કૃત્ય ૩૯.
,, કબજો ૧૩૨.
,, લોકોપકારક કૃત્ય ૪૫, ૬૪, ,, ૮૩, ૯૨.

મનુષ્યની જીંદગીનો ભય—

૧ મનુષ્યની જીંદગીનો ભય અથવા મહાવ્યથા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૨૮૯—ભુલ—પીનલકોડની કલમ ૨૮૯ મુજબ તોહોમત ઠરાવવાને ભુલ થયાનો પુરાવો જોઈએ એટલુંજ નહી પણ એવી ભુલથી માણસની જીંદગીને ભય થવાનો અથવા મહાવ્યથાનો ગુન્હો બનવાનો સંભવ હતો એ પણ સાબીત થવું જોઇએ. પ્રો. તા૦ ૮ મી એપ્રીલ ૧૮૬૭; ૩ મ. હા. કો. રી. અપે. ૩૩.

૨ મનુષ્યની જીંદગીનો ભય—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૮૯—ભુલથી બાંધેલું ટટ્ટુ છુટુ થઈ બજારના માણસોની ભીડની અંદર થઈ નાઠુ અને તેથી કરીને તેઓની જીંદગી ભયમાં આવી પડવાથી માજીસ્ટ્રેટે તેના માલીકનો પીનલકોડની કલમ ૨૮૯ જે ફક્ત જંગલી પ્રાણીઓને લાગુ પડે છે એટલુંજ નહી પણ ગમે તે કોઈ પ્રાણીને લાગુ પડે છે તે મુજબ દંડ કરેલો, તે હુકમની અંદર દરમીઆન થવાની હાઇ કોર્ટે ના પાડી. ચંદમંડલ અરજદાર, ૧૯ વિ. રી. ૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૭૨.)

૩ મનુષ્યની જીંદગીનો ભય—સને ૧૮૬૦ નો ૪૫ પીનલકોડ કલમ ૨૮૬—ભુલ—ભરેલી બંદુક ખુલી જગામાં મુકવી તે—ભરેલી બંદુક લેઈ રાત્રે ખેતરમાં ચોકી કરી આવ્યા પછી ક નામના માણસે પોતાને ઘેર તાજુ વાસેલુ હોવાથી તે બંદુક તેનો ઘોડો ટોપી ઉપર રેહે તેવી રીતે તેણે ઘરની બાહાર ખાટલા ઉપર મુકી, અને પોતે થોડી કવાર પાસેના પાડોશીના ઘરમાં ગયો. ખ નામનો ચાર વર્ષની ઉંમરનો પાડોશીનો છોકરો તે બંદુક ફુટવાથી મરી ગયો. મનુષ્યની જીંદગીનુ જોખમ થવાનો સંભવ ના બને તેવી રીતે કાળજી નહી રાખવાને માટે પીનલકોડની કલમ ૨૮૬ મુજબ ક ને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવેલું કાયદેસર નથી. રાણી વિ. ચેનચુગડુ ઈ. લો. રી. ૮ મ. ૪૨૧.

(મી૦ બ્રાંડટ જડજની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ સને ૧૮૮૫.)

જુઓ મહાવ્યથા ૧૬.
,, વ્યથા ૯.
,, બીગાડ ૪.
,, ખુન ૧૦૨, ૧૦૪, ૧૦૭.
,, રેલવે ગુન્હો ૯.
,, અવિચારી અને ભુલ ભરેલુ કૃત્ય.

મનુષ્યહરણ—

૧ મનુષ્યહરણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૧—હરણ થયેલા માણસની કબુલાત લેવાની જરૂર નથી. પીનલકોડની કલમ ૩૬૧ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે કપટથી અથવા બળ વાપરી લેઇ જવામાં આવ્યું હતું એ સાબીત કરવાની કાંઇ જરૂર નથી. રાણી વિ. ભંગી આહ ૨. ૨ વિ. રી. ૫.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૬૫.)

રાણી વિ. મુટકી કોરાના કેસનો આધાર લેવામા આવે છે. ૨ વિ. રી. ૧. જુઓ દેશ નિકાલ ૨.

૨ મનુષ્યહરણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૧–હરણ થયેલા માણસ ઉપર કાંઈ દગો ફટકો અથવા બળ વાપરવામાં નહી આવ્યાથી મનુષ્ય હરણનો અપરાધ રદ કરવામાં આવ્યો. રાણી વિ. કામલદાસ. ૨ વિ. રી. ૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જાનેવારી સને ૧૮૬૫.)

૩ મનુષ્યહરણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૬—પરણવાના ઇરાદાથી કોઇ સ્ત્રીને લેઈ જવી તે—સોળ વર્ષથી નાની ઊંમરની છોડીની કબુલાત—સોળ વર્ષ કરતાં કોઈ નાની ઊંમરની છોડીને પરણવાના ઈરાદાથી કાઢી જવાના ગુન્હામાં તેણીની કબુલાતથી ગુન્હાને કાંઈ અસર થતી નથી, તેમજ કપટથી અથવા જોર જુલમથી તેણીને ફોસલાવી લેઈ જવામાં આવી હતી એ સાબીત કરવાની પણ કાંઈ જરૂર નથી. રાણી વિ૦ અમગડબગીઆહ. ૨ વિ રી. ૬૧.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી એપ્રીલ સને ૧૮૬૫.)

૪ મનુષ્યહરણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૧—સોળ વર્ષ કરતાં ઓછી ઊંમરની છોડીને તેણીના કાયદેસર વાલીના કબજામાંથી કાઢી જવી તે પીનલકોડની કલમ ૩૬૧ મુજબ સીક્ષા થઈ શકે તેવો ગુન્હો ગણાય છે ગુન્હેગાર ઠરાવવાને માટે જોર જુલમથી કાઢી જવામાં આવી હતી એ સાબીત કરવાની જરૂર નથી. રાણી વિ૦ મોધુ પોલ, ૩ વિ. રી. ૧૯.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૯ મી મે સને ૧૮૬૫.)

૫ મનુષ્યહરણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૬૩, ૩૬૫—પરણવાના ઇરાદાથી નાની ઊંમરની છોડીને કાઢી જવી તે—સોળ વર્ષની ઊંમર નહી થયેલી છોડીને તેણીના કાયદેસર વાલીની કબુલાત સીવાય પરણવાના ઈરાદાથી કાઢી જવી તે પીનલકોડની કલમો ૩૬૫ અને ૩૬૬ મુજબ સજા થઇ શકે તેવો ગુન્હો ગણાય છે. કાઢી ગયેલા માણસની કબુલાત અગત્યની નથી, તેમજ કપટ અથવા બળ વાપરી ફોસલાવવામાં આવી હતી તે સાબીત કરવાની પણ જરૂર નથી. કુરદનસીંગ અને બીજો, ૩ વિ. રી ૧૫.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૫ મી મે સને ૧૮૬૫)

૬ મનુષ્યહરણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૩—કોઈ માણસ જે છોડીની સાથે પોતાના બાપે તેનો વીવાહ કર્યો હતો તે છોડીને તેણીના કાયદેસર વાલીના કબજામાંથી તેણીની કબુલાત સીવાય લેઈ ગયો અને તે છોડીને પોતાના ઘરમાં કોઈ કોઇ વખતે રાખ્યા પછી તેણે પોતાનું મન ફરી ગયાથી સગાઈ તોડી હોય તો, તે કાયદેસર વાલીના કબજામાંથી મનુષ્યહરણ કરીજવાને માટે પીનલકોડની કલમ ૩૬૩ મુજબ ગુન્હેગાર ગણાય છે. રાણી વિ૦ ગુરૂદાસ રાજબંસી, ૪ વિ. રી. ૭.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી સપટંબર સને ૧૮૬૫.)

૭ મનુષ્યહરણ—કાયદેસર વાલીના હવાલામાંથી મનુષ્યહરણ કરવું તે—પીનલકોડની કલમ ૩૬૧ મુજબ ગુન્હો થવાને માટે કોઇ છોકરાને કબુલાત સીવાય તેના કાયદેસર વાલીના હવાલામાંથી ફોસલાવી લેઈ જવાનું સાબીત થવું જોઇએ. રાણી વિ૦ ગુદરસીંઘ, ૪ વિ. રી. ૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી સપટંબર સને ૧૮૬૫.)

રાણી વિ૦ ઉપસદઅક્ષના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૩ મું. ૧૭૮. જુઓ મનુષ્યહરણ ૨૫.

૮ મનુષ્યહરણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૩—ઘરાણું કાઢી લેવાના ઈરાદાથી છોકરાંને લેઈજવું તે—ચોરી—સેસન કોર્ટમાં કમીટ કરવાને બદલે ચોરી તરીકે ગણી માજીસ્ટ્રેટે ઘરાણું કાઢી લેવાના ઈરાદાથી કોઈ નાના છોકરાંને લેઇ જવાના કેસમાં ગેરવાજબી રીતે ફેંસલો આપ્યો હતો. રાણી વિ૦ સોહોય ડોમ, ૬ વિ. રી. ૨.

(મેસર્સ નોરમન અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુન સને ૧૮૬૬.)

૯ મનુષ્યહરણ—સને ૧૮૬૦ ના ૪૫ મા પીનલકોડ કલમ ૩૬૮—જે માણુસને હરણ કરી જવામાં આવ્યો હોય તે માણુસને સંતાડવામાં જેણે મદદ કરી હોય તે માણુસને પીનલકોડની કલમ ૩૬૮ લાગુ પડે છે પણ મનુષ્યહરણ કરનાર માણુસોને તે કલમ લાગુ પડતી નથી. રાણી વિ૰ શેખ ઉઝર, ૬ વિ. રી. ૧૭.

(મી૰ લોચ જડજની રૂબરૂ, તા૰ ૨ જી જુલાઈ સને ૧૮૬૬.)

૧૦ મનુષ્યહરણ—સને ૧૮૬૦ ના ૪૫ મા પીનલકોડ કલમ ૩૬૧—પીનલકોડની કલમ ૩૬૧ મુજબ કાયદેસર વાલીના હવાલામાંથી મનુષ્યહરણ કરી જવાના ગુન્હામાં નાના બાળકની કબુલાતની જરૂર નથી તેમજ બળ અને કપટ એ ગુન્હો ઠરાવવાનાં મુળ તત્વો ગણાતાં નથી. રાણી વિ૰ સુફી, ૭ વિ. રી. ૩૬.

(મી૰ ગ્લોવર જડજની રૂબરૂ, તા૰ ૨૫ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭.)

૧૧ મનુષ્યહરણ—સને ૧૮૬૦ ના ૪૫ મા પીનલકોડ કલમ ૩૬૩—સરીયામ રસ્તામાં રમતાં છોકરાંને ફોસલાવીને લેઈ જવું તે કાયદેસર વાલીના હવાલામાંથી મનુષ્યહરણ કરી જવું ગણાય છે. રાણી વિ૰ મુઆમત ઉઝીરન, ૭ વિ. રી. ૬૨.

(મી૰ ગ્લોવર જડજની રૂબરૂ. તા૰ ૪ થી મે સને ૧૮૬૭.)

રાણી વિ૰ ઉમસાદબક્ષના કેસમાં આના ઉપર નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૩ મું. ૧૭૮. જુઓ મનુષ્યહરણ ૨૫.

૧૨ મનુષ્યહરણ—સને ૧૮૬૦ ના ૪૫ મા પીનલકોડ કલમ ૩૬૩—પેહેલો કેદી કોઈ એક અગીઆર વર્ષની છોડીને તેણીના કાયદેસર વાલીના હવાલામાંથી કાઢી જઇ તેણે તે છોડીને બીજા માણસને પરણવાને માટે વેચાતી આપી હોય અને બીજા કેદીએ કાયદા વિરૂદ્ધ તેણીને સંતાડી હોય તો, પેહેલા કેદીને ગુન્હેગાર ઠરાવેલો પીનલકોડની કલમ ૩૬૩ મુજબ બાહાલ રાખવામાં આવે છે અને બીજા કેદીને ગુન્હેગાર ઠરાવેલો ફકત કલમ ૩૬૮ મુજબ કાયમ રાખી શકાય છે અને તેથી કલમ ૩૬૬ મુજબ બંને માણસોને જુદા ગુન્હેગાર ઠરાવેલા કાયમ રાખી શકાય નહી. રાણી વિ૰ ઈસરી પાંડે વિગેરે, ૭ વિ. રી. ૫૬.

(મી૰ નોરમન જડજની રૂબરૂ, તા૰ ૮ મી એપ્રીલ સને ૧૮૬૭.)

૧૩ મનુષ્યહરણ—સને ૧૮૬૦ ના ૪૫ મા પીનલકોડ કલમ ૩૬૩ સજા—મનુષ્યહરણના ગુન્હામાં બતાવેલી વધારેમાં વધારે સજા ફકત ઘણીજ ભારે જાતના ગુન્હામાં કરવી જોઇએ. સુસામત ભુદીઆ, ૮ વિ. રી.૩.

(મેસર્સ ગ્લોવર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૰ ૩ જી જુન સને ૧૮૬૭.)

૧૪ મનુષ્યહરણ—સને ૧૮૬૦ ના ૪૫ મા પીનલકોડ કલમો ૩૬૩, ૩૬૯—હરણ કરેલાં છોકરાંનાં શરીર ઉપરથી બદદાનતથી મીલકત લેઈ લેવી તે—પીનલકોડની કલમ ૩૬૩ માં બતાવેલા ગુન્હાનો સમાવેશ તે કોડની કલમ ૩૬૯ માં થઈ જાય છે, કારણ કે મનુષ્યહરણ અને મનુષ્યહરણ થયેલાં છોકરાંની પાસેથી બદદાનતથી કાંઈ મીલકત લેવી તેનો સમાવેશ ઉપલી કલમમાં થઇ જાય છે. રાણી વિ૰ શામા સેખ, ૮ વિ. રી. ૩૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૮ મી જુલાઈ સને ૧૮૬૮.)

૧૫ મનુષ્યહરણ—સને ૧૮૬૦ ના ૪૫ મા પીનલકોડ કલમો ૩૬૧ અને ૩૬૩—પીનલકોડની કલમો ૩૬૧ અને ૩૬૩ મુજબ મનુષ્યહરણના ગુન્હાની મજબુતીમાં, મનુષ્યહરણ કરેલા માણુસને કાયદેસર વાલીના હવાલામાંથી ફોસલાવી તોહોમતદાર તેડી ગયો હતો એ પીનલકોડની કલમ ૩૬૧ અને ૩૬૩ મુજબ મનુષ્યહરણના ગુન્હાની મજબુતીમાં સાબીત કરવું જોઈએ. રાણી વિ૰ નીલાબીબી અને બીજો, ૧૦ વિ. રી. ૩૩.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૩ જી સપટંબર સને ૧૮૬૮.)

૧૬ મનુષ્યહરણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૩૬૩—કાયદેસર વાલી—કોઈ નાના બાળકને જે માણસના કબજામાં કાયદેસર રીતે સોંપવામાં આવ્યું હતું તે કાયદેસર વાલીના હવાલામાંથી લઈ જવામાં આવ્યું હતું એવું પીનલકોડની કલમ ૩૬૩ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે સાબીત કરવું જોઈએ. રાણી વિ૦ બલદીઓ, ૨ વા. દી. પ્રાં. ૨૬૮.

(મી૦ ટરનર કામચલાઉ ચીફ જસ્ટીસ જડજની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઈ ૧૮૭૦.)

૧૭ મનુષ્યહરણ—ગેરવાજબી અટકાવ—ગુલામગીરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૬૮, ૩૭૦ અને ૩૭૩—કોઈ છોડીને હરણ કરીને લાવેલા છે એવું જાણીને કોઇ માણસ તેણીને ગેરવાજબી રીતે અટકાવ્યા પછી ગુલામ તરીકે પકડી રાખે તો તે પીનલકોડ મુજબ સજા થઈ શકે તેવા બે ગુન્હાઓનો અપરાધી ગણાય છે. કાયદેસર કોઇ માણસને હક આપવામાં આવ્યો હોય જેવો કે, વાલી, દરોગો અને માબાપ સીવાય બીજો માણસ કોઇ માણસની સ્વતંત્રતા પુરેપુરી ખુંચી લેવાનો હક કરે અને તેની મરજી વિરૂદ્ધ તે માણસ પાસે મેહેનત કરાવે તો તે ગુલામગીરી ગણાય છે. રાણી વિ૦ ગીરજાસીકંદર બખત, ૩ વા. પ્રાં. ૧૪૬.

(મેસર્સ ટરનર અને ટર્નબલ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુન સને ૧૮૭૧.)

રાણી વિ. રામકુવરના કેસ ઉપર ટીકા કરવામાં આવી. ઈ. લો. રી. ૨ અ. ૭૨૩. જુઓ ગુલામ ૧.

૧૮ મનુષ્યહરણ—જુઠો વેષ ધારણ કરી ઠગાઈ કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૬૬, ૪૧૬—તોહોમતદાર છોડીને તેણીના કાયદેસર વાલીના હવાલામાંથી મરજી વિરૂદ્ધ લેઈ ગયો એવું સાબીત થયા સીવાય પીનલકોડની કલમ ૩૬૬ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી. આ કેસમાં તોહોમતદારે છોડી બ્રાહ્મણ છે એવું બતાવી ફરીઆદીના ભાઈને પરણાવાનું કબુલ કરી તેના બદલામાં તેની પાસેથી અવેજ લીધેલો પણ ખરૂ જોતાં છોડી સુદ્ર જાતની હોવાથી, એમ ઠરાવવામાં આવ્યું હતું કે તે પીનલકોડની કલમ ૪૧૬ મુજબ જુઠો વેષ ધારણ કરી ઠગવાનો ગુન્હેગાર છે. મોહીમચંદરજસીસ અપેલેન્ટ, ૧૬ વિ. રી. ૪૨.

(મી૦ એનસ્લી જડજની રૂબરૂ, તા૦ ૨ સપટંબર સને ૧૮૭૧.)

૧૯ મનુષ્યહરણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૯—બદદાનતથી જંગમ મીલકત લેઈ લેવાના ઈરાદાથી પીનલકોડની કલમ ૩૬૯ મુજબ કોઈ કેદીને રજુઆત ચલાવી અને ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવેલી તે કેસમાં બદદાનતથી કેટલીક જંગમ મીલકત લેઈ જવાનો ઈરાદો કરેલો તેની ચોરીને માટે સજા થઇ શકે નહી, અને ચોરીને માટે કરેલી બીજી સજા હાલના ક્રીમીનલ પ્રો. કોડ મુજબ કાયદા વિરૂદ્ધ ગણાય છે. નોજાન અપેલેન્ટ, ૭ મ. હા. કો. રી. ૩૭૫.

(મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ અને હોલોવે જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઇ સને ૧૮૭૩.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

જમાદાર કાઝી અને ગોલાપખાન, ૮ ક. લો. રી. ૩૫૦. જુઓ વર્ધમાન સજા ૩.

રાણી વિરૂદ્ધ ટુકયા બીન સમાના, ઈ૦ લો૦ રી૦ ૧ મું. ૨૧૪. જુઓ કેટલાક ગુન્હાઓ ૨.

૨૦ મનુષ્યહરણ—સંતાડવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૫—કોઇ છોડી હરણ થએલી છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં કોઇ માણસે તે છોડીને પોતાના ઘરમાં બોલાવી રોકી રાખી હોય તો તેટલા ઉપરથી સંતાડવાનો ઈરાદો સ્પષ્ટ રીતે માલમ પડયા સીવાય તેણીનું સંતાડવું ગણાતું નથી. રાણી વિ૦ જુરબ, ૫ વા. દી. પ્રાં. ૧૩૩.

(મેસર્સ પીઅરસન અને જારડીન જ ડજોની રૂબરૂ, તા૦ ૩ જી મે સને ૧૮૭૩).

૨૧ મનુષ્યહરણુ—સંતાડવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૫—જે છોડીનું હરણુ થયું હતું તે છોડીને કોઈ માણસે એક બે દિવસ પોતાના ઘરમાં ફકત રાખી હોય તો તેથી તેણીને સોધવાનો, કરેલો પ્રયત્ન નિષ્ફળ જાય એવી મતલબથી કાયદા વિરૂદ્ધ તેણીને સંતાડવામાં આવી હતી એવું અનુમાન કરી શકાતું નથી. રાણી વિ૦ મુસામત ચબગુઆ, ૫ વા. દી. પ્રાં. ૧૮૯

(મેસર્સ પીઅરસન અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૭૩.)

૨૨ મનુષ્યહરણુ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૩—રાજીનામું—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો કલમ ૧૮૮—મનુષ્યહરણના ગુન્હાનું કાયદેસર રાજીનામું આપી શકાય છે કોઇ ફરીઆદીએ આવી જાતનો ગુન્હો પાછો ખેંચી લીધેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૮ મુજબ તે નિર્દોષ ઠરાવી છોડી મુકવું ગણાય છે. રાણી વિ૦ ગોપીમોહન મીતર, ૨૨ વિ. રી. ૨૬.

(મેસર્સ એનસ્લી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુન સને ૧૮૭૪.)

રાણી વિ૦ રાહીમતના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૧ મું. ૧૪૭. જુઓ સમાધાન ગુન્હાઓનું ૫.

૨૩ મનુષ્યહરણુ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૪૨, ૩૪૬, ૩૬૩, ૫૧૧—કાયદા વિરૂદ્ધ અટકાવ—ગેરવાજબી કેદ—મનુષ્યહરણનો યત્ન કરવામાં યત્ન કરતી વખતે કેદ અથવા અટકાવ થયો હોય અને તેથી ગુન્હાનો ભાગ બનતો હોય તો તે, મનુષ્ય હરણુના સાધારણ ઈરાદાથી જુદો પાડી શકાય એવા ઇરાદા અથવા મતલબથી કરેલો ગુન્હો ગણાતો નથી. રાણી વિ૦ મંગરૂ, ૬ વા. દી. પ્રાં. ૨૫૩.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૭૪.)

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છેઃ—

સરકાર વિ. લાલાવાનસીંઘ. ૧ આગ્રા હા. કો. રી. ૩૧ જુઓ વર્ધમાન સજા ૧.

રાણી વિ. સાહરી. ૮ વિ. રી. ૩૧. જુઓ જુદા ગુન્હાઓ.

રાણી વિ. હરગોવીંદ. ૩ વા. દી. પ્રાં. ૧૦૪ જુઓ જુદા ગુન્હાઓ ૪.

રાણી વિ. નઝબઅલી ૬ વા. દી. પ્રાં. ૩૯ જુઓ જુદા ગુન્હાઓ ૬.

રાણી વિ. રામ આધીનના કેસમાં અર્થ કરી બતાવવામાં આવ્યો જુઓ કેટલાક ગુન્હાઓ ૩.

રાણી વિ. ટુકયા બીન ટમનાના કેસમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૧ મું. ૨૧૪. જુઓ કેટલાક ગુન્હાઓ.

૨૪ મનુષ્યહરણુ—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૬૩, ૧૧૬—નાના છોકરાંને હરણુ કરી જવામા મદદગારીનું તોહોમત રાખી માજીસ્ટ્રેટે તોહોમતદારને અપરાધી ઠરાવ્યો હતો. નાનુ બાળક તેના મા બાપની રજા સીવાય ઘર છોડી જતું રહ્યું હતું એવું તોહોમતદાર જાણતા છતાં તેનો ખરેખરો હરણુ કરનાર એક કોમારનની ઉસકેરણીથી તે બાળકને લંકાના કેનડી શેહેરમાં લેઇ જવાનું તેણે માથે લીધું અને લેઇ જતાં રસ્તામાં તે પકડાયો હતો. તોહોમતદાર અને કોમારન નામના માણસ વચે હરણુ કરતાં પેહેલાં કાંઈ મસલત થઇ નોહોતી એવું સેસન જડજે કારણુ બતાવી ગુન્હો રદ કર્યો. હાઇ કોર્ટે એમ ઠરાવ્યું કે જ્યાં સુધી કોઈ નાના બાળકને તેના કાયદેસર વાલીના હવાલામાંથી લેઈ જવાનું ચાલે ત્યાં સુધી મનુષ્યહરણના ગુન્હામાં મદદ કરી શકાય, અને હાલના કેસમાં પીનલકોડની કલમો ૩૬૩ અને ૧૧૬ મુજબ સજા થઈ શકે તેવા ગુન્હાઓને માટે તોહોમતદારને અપરાધી ઠરાવવો જોઈએ. રા

ણી વિ. સમીઆ કોનડન, ઈ० લો० રી० ૧ મ. ૧૭૩.)

(મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ અને ઈન્સ જડજોની રૂબરૂ. તા० ૫ મી ડીસંબર સને ૧૮૭૬.

૨૫ મનુષ્યહરણ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૬૧—વાલી—નહાનું બાળક—દસ વર્ષ કરતાં ઓછી ઊંમરનું છોકરૂ ખુલી રીતે વાલીના કબજામાં ગણાય છે અને કોઇ માણુસ બરોબર રીતે પરવાનગી મેળવ્યા સીવાય આવાં છોકરાંને લેઈ જાય તો એવી જાતના કૃત્યનું જોખમ તેને શીર રેહે છે. છોકરૂ વાલીના હવાલામાં હતું કે નહી એ પુછવું ભુલી ગયો હતો તે પીનલકોડની કલમ ૩૬૧ મુજબ કાયદેસર વાલીના હવાલામાંથી નહાના બાળકને લેઈ જવાના ગુન્હાનો જવાબ ગણાતો નથી. રાણી વિ० ઉમ સદબક્ષ, ઈ० લો० રી० ૩ મું. ૧૭૮.

(મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા० ૧૨ મી ડીસંબર સને ૧૮૭૮).

રાણી વિ० ગુંદરસીંઘના કેસ ઉપર નજર રાખવામાં આવે છે, ૪ વિ० રી० ૬. જુઓ મનુષ્યહરણ ૭.

રાણી વિ० મુસામત ઉઝીરનના કેસ ઉપર નજર રાખવામાં આવે છે, ૭ વિ० રી० ૬૨. જુઓ મનુષ્ય હરણ ૧૧.

૨૬ મનુષ્યહરણ—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૦૯, ૩૬૩—છોકરાંઓને કબજામાં રાખવાનો હક—કોઈ મા પોતાના કાયદેસર છોકરાંઓને બાપની વિરૂદ્ધ કબજામાં રાખી શકે નહી. માનો કબજો તે સાધારણ રીતે બાપનો કબજો ગણાય છે અને એક જગાએથી બીજી જગાએ છોકરાંઓને લેઈ જવું તે બાપના વાલી તરીકેના હકને અનુસરીને લેઈ જવું ગણાય છે, પણ તેથી તેના કબજામાંથી લેઈ લેવું ગણાતું નથી. કોઈ હીંદુ સ્ત્રી પોતાની નહાની છોડીને લેઇને ધણીતું ઘર છોડી કોઈ મ નામના માણુસને ઘેર જતી રહી હોય અને તેજ દીવશે છોડીને તેણીના બાપની કબુલાત સીવાય મ ના ભાઈ બ નામના શખસની જોડે પરણાવી હોય તો, એમ ઠરાવવામાં આવ્યું હતું કે મ ને બ્યાજબી રીતે મનુષ્યહરણના ગુન્હામાં મદદ કરવાને માટે પીનલકોડની કલમો ૧૦૯ અને ૩૬૩ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો હતો. રાણી વિ० પ્રાણકીષ્ણ સરમા, ઈ० લો० રી० ૮ ક० ૯૬૯; ૧૦ ક० લો० રી० ૬.

(મેસર્સ વીલસન અને મેકફરસન જડજોની રૂબરૂ, તા० ૨૦ મી જુન સને ૧૮૮૨).

૨૭ મનુષ્યહરણ—અનૌરસ છોકરાનું વાલીપણું—કાયદેસર વાલી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૬૧, ૩૬૬—ઉછેરવાના વખતમાં મા એ અનૌરસ છોકરાની યોગ્ય અને સ્વભાવીક વાલી ગણાય છે; અને મરતી વખતે મા આવા છોકરાને કોઈ માણુસને સોંપી ગઈ હોય અને તે માણુસ સોંપરત કબુલ રાખી છોકરાને ઉછેરતો હોય તો પીનલકોડની કલમ ૩૬૧ ના અર્થ મુજબ નહાનું બાળક તેના હવાલામાં "કાયદેસર સોંપાએલુ" ગણાય છે. જે માણુસના કબજામાંથી બાળક લેઇ લેવામાં આવ્યું હોય તે માણુસ કાયદેસર અર્થ મુજબ વાલી હતો તે, મનુષ્યહરણના કેસોમાં ફરીઆદી ખરેખરી રીતે સાબીત કરવાને બંધાએલો હોવાથી તે મુશ્કેલાઈ કલમ ૬૧ માં "કાયદેસર વાલી" એ શબ્દોના ખુલાસાથી દુર થાય છે. રાણી વિ० પેમાનટલ, ઈ० લો० રી० ૮ ક. ૯૭૧.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, કનીંગહામ અને મેકલીન જડજોની રૂબરૂ, તા० ૯ મી જુલાઈ સને ૧૮૮૨.)

જુઓ તોહોમત ૨.
„ છુટકો ૨૩.
„ લાલચ ૨.
„ પુરાવો ૧૮.
„ જયુરી ૨૪.
„ હંગામો ૬.
„ પોલીસ રીપોર્ટ ૧.
„ જુદી સજાઓ ૨.

,, ગેરકાયદેસર મંડળી ૧૫.
,, કેદનું વારંટ ૩.

મરતી વખતનો ઇકરાર—

૧ મરતી વખતનો ઇકરાર-ગુન્હો કરવાનો હેતુ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૭૧—કોઈ મરનાર માણસે કરેલો ઈકરાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૧ મુજબ મરતી વખતના ઈકરાર તરીકે પુરાવામાં લેઈ શકાય કે નહી એનો નિર્ણય કરતી વખતે, ઇકરાર કરનાર માણસ મોત પાસે છે એવો ભય ધારતો હતો કે નહી એ બાબત સેસન જડજે ધ્યાનમાં લેવી જોઈએ. આવી રીતના ઈકરાર વિષે જે માણસો પોતાની જાત માહીતીથી જુબાનીઓ ના આપી શકે તો તે પુરાવામાં દાખલ કરવી જોઇએ નહી. ઇકરાર કરનાર મરનાર માણસનું ખુન કરવાને માટે તોહોમતદાર અપરાધી છે તો કે નહી એનો નિર્ણય કરવામાં કોર્ટે ખુન થયેલા દીવશે બનેલી હકીકતો વિષે તજવીજ કરવી જોઇએ. જે હેતુથી કેદી ગુન્હો કરે છે તે હેતુ વિષે ઘણીજ બારીકાઈથી પુરાવો મલી આવવો જોઇએ. રાણી વિ. જુહીર અને બીજો, ૧૦ વિ૦ રી૦ ૧૧.

૨ મરતી વખતનો ઇકરાર—દફતર—મરનાર માણસે આપેલો મરતી વખતનો ઈકરાર સેસનના દફતરના એક ભાગ તરીકે સાથે રાખવો જોઈએ. રાણી વિ૦ સોયમબરસીંધ અને બીજો, ૯ વિ૦ રી૦ ૨.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૩ જી જાનેવારી સને ૧૮૬૭.)

૩ મરતી વખતનો ઈકરાર—પદ્ધતિ—મરતી વખતનો ઈકરાર પુરાવામાં લેતાં પેહેલાં સ્પષ્ટ રીતે સાબીત થવું જોઈએ કે ઇકરાર કરનાર માણસ પોતે મરી જશે એવું ઈકરાર કરતી વખતે જાણતો હતો અથવા મરવાનો સંભવ બનશે એવું તેનું ધારવું હતું. ઈકરાર મરતી વખતનો ઈકરાર છે એવું સાબીત કરવાને પુરાવો છે એવું સેસન જડજને માજીસ્ટ્રેટના દફતર ઉપરથી માલમ પડે તો તેણે તે પુરાવો માગવો જોઈએ. મરતી વખતનો ઈકરાર જે કેસોમાં હોય તે બધા કેસોમાં માજીસ્ટ્રેટે તે બાબત વિષે ફરીઆદીની જુબાની લેવી જોઈએ અને પુછેલા સવાલો અને તેના આપેલા જવાબો દફતરમાં લખી લેવા જોઇએ. શેખ ટેનુ, ૧૫ વિ. રી. ૧૧.

(મેસર્સ જેકશન અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જાનેવારી સને ૧૮૭૧.)

રાણી વિ. ઉજરૈઈલના કેસમાં નજર રાખવામાં આવી. ૩ વા. દી. પ્રાં. ૨૧૨. જુઓ મરતી વખતનો ઈકરાર ૪.

૪ મરતી વખતનો ઈકરાર—પુરાવો—જે કેસોમાં તજવીજ કરવાની મતલબ ફક્ત નુકશાન થયેલા પક્ષકારનું મોત સોધી કાઢવાની હોય છે તે કેસોના પુરાવામાં મરતી વખતનો ઈકરાર દાખલ કરવામાં આવે છે એટલુંજ નહી પણ તે ઈકરાર કાયદામાં દાખલ કરવાને માટે બતાવેલી સરતો મુજબ લેવામાં આવ્યો હોય તો સઘળા ફોજદારી કેસોના પુરાવામાં દાખલ થઇ શકે છે. ઈકરાર કરતી વખતે મરનાર માણસની સ્થીતી કેવી હતી એ વિષેનો કેટલોક પુરાવો લેવો જોઈએ. મોતના સબંધની માહીતી વિષેના સવાલનો ઇકરાર કરનાર માણસે આપેલો જવાબ માજીસ્ટ્રેટે ઇકરાર લેતી વખતે લખી લેવો જોઈએ. રાણી વિ. ઉજરૈઈલ, ૩ વા. દી. પ્રાં. ૨૧૨.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૭૧.)

નિચેના કેસોમાં લાગુ પડે છે:—

રાણી વિ૦ ખાયરૂલાહ. ૬ વિ. રી. ૨૧. જુઓ પુરાવો ૧૦૧.

રાણી વિ૦ બીસુરનજન મુકરજી, ૬ વિ૦ રી૦ ૭૫. જુઓ પુરાવો ૧૧.

સરકાર વિ૦ કાલીકા મીસર, ૧ આગ્રા૦ હા૦ કો૦ રી૦ ૩. જુઓ ખુન ૮૦.

શેક ટેનુના કામની તપાસ, ૧૫ વિ૦ રી૦ ૧૧. જુઓ મરતી વખતનો ઇકરાર ૩.

૫ મરતી વખતનો ઈકરાર—પુરાવો—જો કે કોઈ મરનાર માણુસે કમીટીંગ માજીસ્ટ્રેટ ના હોય તેવા માજીસ્ટ્રેટની રૂબરૂ પ્રતિજ્ઞાપૂર્વક ઈકરાર કરી તેના ઉપર પોતે સહી કરી હોય તોપણ મરનારે આવી રીતનો ઈકરાર કર્યો હતો એવી કાયદેસર સાબીતી મળ્યા સીવાય તે પુરાવામાં દાખલ કરી શકાતો નથી. રાણી વિ૦ ઈટાઆદજી વિગેરે, ૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૨૪૭.

(મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૩ જી ડીસેંબર સને ૧૮૭૪).

જુઓ પુરાવો ૧૧, ૩૩, ૫૩, ૬૦.

,, વૈદક સબંધી પુરાવો ૧.

મહાવ્યથા—

૧ મહાવ્યથા—સેસન કોર્ટમાં કમીટ કરેલો તે—મહાવ્યથાના ગુન્હાને માટે તોહોમત રાખેલા કેદીને રજુઆતને માટે સેસન કોર્ટમાં કમીટ કરવો જોઈએ. મહાવ્યથા શી રીતે બને છે તે. રાણી વિ૦ અનતા બીન દાદોબા, ૧ મું. હા. કો. રી. ૧.

(મેસર્સ વેસ્ટ્રોપ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી નવંબર સને ૧૮૬૩.)

૨ મહાવ્યથા—સજા કરવી તે—મહાવ્યથા કરવાના ગુન્હાને માટે કેદ અને દંડ, અંને સજા થઈ શકે છે પણ કેદ અથવા દંડની સજા થઈ શકે નહી. રાણી વિ૦ મીનાઝુદીન અને બીજો, ૨ વિ. રી. ૩૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી ફેબ્રુઆરી સને ૧૮૬૪.)

૩ મહાવ્યથા—ઘર પ્રવેશ—હુમલો કરવાને માટે કેદી ઘરમાં પેઠો અને તે ઈરાદો પાર પાડવાને માટે મહાવ્યથા કરી. મુખ્ય ગુન્હા (મહાવ્યથા) ને માટે ગુન્હેગાર ઠરાવી સજા કરતી વખતે એમ ઠરાવવામાં આવ્યું કે ઘર પ્રવેશને માટે જુદી સજા કરવાની જરૂર નથી. રાણી વિ૦ બસુરાનાહ, ૨ વિ. રી. ૨૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જાનેવારી સને ૧૮૬૫.)

૪ મહાવ્યથા—સજા કરવી તે—બુદ્ધિપુર્વક મહાવ્યથાનો ગુન્હો કરવાને માટે એકલી દંડની સજા થઈ શકે નહી પણ દંડ અને કેદ બંને સજા થઈ શકે છે. રાણી વિ૦ સરોડા પેશગર અને પ્રોસુનો પેશગર, ૨ વિ. રી. ૩૨.

(મેસર્સ ગ્લોવર અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૩ ફેબ્રુઆરી સને ૧૮૬૫.)

૫ મહાવ્યથા—ભારે અને આકસ્મિક ગુસ્સો—કોઈ અંધારી ઓરડીમાં કોઈ માણુસ અને તેની સ્ત્રી જુદાં સુઈ રહ્યાં હોય ત્યાં અડધી રાત્રે બદકામ કરવાના ઈરાદાથી બીજો કોઇ માણુસ પેઠો હોય તેને તે માણુસ પ્રાણઘાતક હથીઆર વડે એક ઘાથી મારી નાખે તો મારનાર ભારે અને આકસ્મીક ગુસ્સાથી મહાવ્યથા કર્યાનો ગુન્હેગાર છે એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ૦ ચુલનડી પોરામાનીક, ૩ વિ. રી. ૫૫.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુલાઈ સને ૧૮૬૫.)

૬ મહાવ્યથા—બદકામ કર્યાને માટે સ્ત્રીનું નાક કાપી નાખવાથી સજા થયેલી તે—કોઈ બીજા માણુસ સાથે બદકામ કરવાને માટે એક માણુસે પોતાની સ્ત્રીનું નાક કાપી નાખ્યું હોય તો તેને માટે કેટલી સજા કરવી જોઈએ તેનો આધાર મહાવ્યથા કરવામાં આવેલા વખત ઉપર છે એટલે તેજ પળે અથવા ઘણીના અપમાન થયા પછી ઘણી વારે તે કૃત્ય કરયું હતું. રાણી વિ. સુલામત રૂસુઆ, ૪ વિ. રી. ૧૭.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી અકટોબર સને ૧૮૬૫.)

૭ મહાવ્યથા—ઇરાદો અથવા માહીતી નહી તે—કાંઈપણ ઈરાદો અથવા ઇજા થવાનો સંભવ છે એવી માહીતી સીવાય ભારે અને આકસ્મીક ગુસ્સાથી મહાવ્યથા કરી હોય તો તેને માટે પીનલકોડની કલમ ૩૩૫ મુજબ સજા થઈ શકે છે. રાણી વિ૦ અંબીકાતાંતીની અને બીજો, ૪ વિ. રી. ૨૧.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી નવંબર સને ૧૮૬૫).

૮ મહાવ્યથા—મદદગારી—મુકરદમો ચ લાવવામાં ભુલ થએલી તે—અપેલેટ કોર્ટ—અધીકાર—એમ ઠરાવવામાં આવ્યું કે મહાવ્યથા અને હંગામો એ બંને ગુન્હાઓને માટે મુખ્ય ગુન્હેગાર તરીકે કેદીઓને ગુન્હેગાર ઠરાવ્યા પછી તે ગુન્હાઓની મદદગારીને માટે તેમને ફરીથી ગુન્હેગાર ઠરાવી શકાય નહી. જ્યુરીએ સાચા માનેલા પુરાવા ઉપરથી શિક્ષણીય મનુષ્યવધના અપરાધને મજબુતી મળે છે એવું હાઇ કોર્ટે ઠરાવ્યું હતું અને મહાવ્યથાના નાના ગુન્હાનું તોહોમત રાખવાથી પણ કરેલી સજા કરતાં વધારે ભારે સજા થઇ શકે એવું હતું તોપણ તેઓની સજા ફેરવવામાં આવી હતી. રાણી વિ૦ રામનારાયણ જોશ વિગેરે, ૪ વિ. રી. ૩૭.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસેંબર સને ૧૮૬૫).

રાણી વિ૦ જીતુ ચોધરી વિગેરેના કેસમાં આધાર રાખવામાં આવે છે, ૪ વિ. રી. ૨૩. જુઓ મદદગારી ૧.

૯ મહાવ્યથા—હાડકુ ભાગી નાખવું તે—સોગનને બદલે પ્રતિજ્ઞા ફક્ત હિંદુ અને મુસલમાન શાહેદીઓને લાગુ પડે છે તે—કેટલીક ઈજાના વધારામાં હાડકાં ભાગી નાખવામાં આવે તો તેથી ખાસ સેસન કોર્ટ ચલાવી શકે તેવો મહાવ્યથાનો ગુન્હો થાય છે પણ માજીસ્ટ્રેટ ચલાવી શકે તેવો વ્યથાનો ગુન્હો થતો નથી. કોઈ શાહેદી હીંદુ અથવા મુસલમાન ના હોય અને જેની જુબાની સને ૧૮૪૦ ના આકટ ૫ મુજબ લેવાએલી ના હોય તેને સોગન આપવા જોઈએ. રાણી વિ૦ રામટાહલસીંધ અને બીજો, ૫ વિ૦ રી૦ ૬૫.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી એપ્રીલ સને ૧૮૬૬).

ચીરોદચંદ્દર મોઝુમદારના કેસમાં નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૭૧૭. જુઓ જુઠો લેખ ૪૦.

૧૦ મહાવ્યથા—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૦૭, ૩૨૫—ખુન—કેદીઓએ હુમલો કરવામાં મદદ કરેલી તેમાં ખુન થયાથી એમ ઠરાવવામાં આવ્યું કે આ કેસની ખાસ હકીકત મુજબ તેઓ મહાવ્યથાની મદદગારીના ગુન્હેગાર છે, પણ ખુનની મદદગારીના ગુન્હેગાર ગણાતા નથી. રાણી વિ૦ ગોલકચંગ વિગેરે, ૫ વિ૦ રી૦ ૭૫.

(મેસર્સ કેમ્પબેલ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી એપ્રીલ સને ૧૮૬૬).

૧૧ મહાવ્યથા—અપહરણુ—મોત થયેલા અપહરણના કેસમાં મોત કરવાનો અથવા મોત થવાનો સંભવ બને એવી શરીરને ઈજા કરવાનો ઈરાદો નહી હોવાથી, અપહરણમાં બુદ્ધિપુર્વક વ્યથા કરવાનો ગુન્હો ફેરવીને અપહરણ કરવામાં બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાનો ગુન્હો ઠરાવ્યો. રાણી વિ. ચકાર હરી વિગેરે, ૬ વિ. રી. ૧૬.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુન સને ૧૮૬૬.

૧૨ મહાવ્યથા—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૦૭, ૩૨૫—ड નામના માણુસ ઉપર હુમલો કરવાનો વિચાર કરીને अ નામના માણુસે ब અને क નામના માણુસોને ड ને જબરજસ્તીથી પકડવાનો હુકમ કર્યો, અને ड ને પકડીને એટલો બધો માર્યો કે તેથી તે મરી ગયો હોત. એમ ઠરાવવામાં આવ્યું કે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાની મદદગારીનો अ ગુન્હેગાર છે. રાણી વિ. દુરગેશ્વર સરમાહ, ૭ વિ૦ રી૦ ૬૧.

(મી૦ હોબહાઉસ જડજની રૂબરૂ, તા. ૩૦ મી એપ્રીલ સને ૧૮૬૭.)

૧૩ મહાવ્યથા—પુરાવો—દાકતરનો મત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૨૦, ૩૨૫—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૬૮, ૩૭૦—પીનલકોડની કલમ ૩૨૦ મુજબ ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં એમ સાબીત થવું જોઈએ કે તે કલમમાં બતાવેલી વ્યથા મહાવ્યથા તરીકે થયેલી છે. દાકતરે મત આપી લખેલો કાગ

ળ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૩૬૮ અને ૩૭૦ મુજબ પુરાવો ગણાતો નથી. રાણી વિ. કામીનીદાસી, ૧૨ વિ. રી. ૨૫.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુલાઇ સને ૧૮૬૯.)

૧૪ મહાવ્યથા—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૦૭—અ નામના માણસે બ નામના માણસને હથીઆર આપ્યું જેને તે હથીઆર વડે બીજા પક્ષકારની પાસેથી કાંઈ બળાત્કારથી માલ કઢાવવાનો ઇરાદો બતાવ્યો હતો, અને તે હથીઆરથી તેણે બીજા પક્ષકાર ઉપર મહાવ્યથા કરી. પીનલકોડની કલમ ૧૦૭ ના ત્રીજા કલોઝના બીજા ભાગ મુજબ અ મદદગારીનો ગુન્હેગાર હતો. રાણી વિ. ઈશાનમીઆ હ અને બીજો, ૧૨ વિ. રી. ૫૨.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૩ સપટંબર સને ૧૮૬૯.)

૧૫ મહાવ્યથા-હકુમત-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૩—ફક્ત થર્ડ કલાસના અધીકારવાળા ડેપ્યુટી માજીસ્ટ્રેટ તરફ રજુઆતને માટે મહાવ્યથાનો કેસ મોકલવાનો ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૩ મુજબ અધીકાર નથી. ગાબીનચંદ્ર બીસ્વાસ વિ. હેમચંદ્ર બારડર, ૬ બેં૦ લો૦ રી૦ અપે. ૧૧૫.

(મેસર્સ નોરમન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૪ માર્ચ સને ૧૮૭૧.)

૧૬ મહાવ્યથા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૩૮—અવિચારી અને ભુલ ભરેલાં કૃત્યથી થયેલું મોત—મહાવ્યથા કરવાને માટે પીનલકોડની કલમ ૩૩૮ મુજબ પ્રતીવાદીને ગુન્હેગાર ઠરાવ્યો હતો. સાત આઠ વાગ્યાની દરમીયાન રાત્રે ગાડીમાં બેસાડી શેહેરમાં થઈને પ્રતીવાદીને તેણીને ઘેર લેઈ જતા હતા; અને ગાડી રસ્તાની વચમાં સાધારણ રીતે પગે ચાલીને જવાને રસ્તે હાંકવામાં આવી હતી; રાત અંધારી હતી અને ગાડીમાં ફાનસ નોહોતું, પણ હાંકનાર રસ્તે જનાર લોકોને ચેતવણી આપવાને મોટેથી બુમ પાડતો હતો; અને ગાડી ફરીઆદીના બાપ અને એક બેહેરા ઘરડા માણસની લગોલગ આવ્યાથી ફરીઆદીનો બાપ પડી ગયો અને તેના ઉપર પૈડું ફરી વળવાથી તે મરી ગયો. અભીપ્રાય લખી પુછવાથી એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારના અવિચારીપણા અને ભુલથી હુકમ કરેલા કૃત્યથી મરનારનું મોત થયું હતું એ વિશેનો કાંઈ પુરાવો મળી આવે છે કે નહી એ સવાલ કોર્ટને જોવાનો છે, અને આવી જાતનો પુરાવો કામમાં મળી આવતો નથી તેથી ગુન્હો રદ કરવો જોઈએ. પ્રો. તા૦ ૧૭ મી અગષ્ટ ૧૮૭૧; મ. હા. કો. રી. અપે. ૩૧.

૧૭ મહાવ્યથા—પુરાવો—તોહોમતદારે જીંદગીનું જોખમ થાય એટલો બધો ફરીઆદીને માર્યો એવું મહાવ્યથાનો ગુન્હો ઠરાવવાને માટે સાબીત કરવાની કાંઈ જરૂર નથી. રાણી વિ. પરમાનંદદી હુલીઆ વાલદ પરમેશ્વર, ૧૮ વિ. રી. ૨૨.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન ૧૮૭૨.)

૧૮ મહાવ્યથા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૨૫ અને ૩૩૫—કોઈ કેદી ઉપર પીનલકોડની કલમો ૩૦૪, ૩૨૩ અને ૩૨૫ મુજબ તોહોમત રાખેલાં પણ જ્યુરીએ પીનલકોડની કલમ ૩૨૫ મુજબ તેને ગુન્હેગાર ઠરાવી ફેંસલો આપ્યો, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે તે મહાવ્યથાને માટે નિર્દોષ થઈ છુટી જતો નથી પણ ગુન્હો ઓછો થઈ જાય એવી હકીકત હોવાથી કલમ ૩૨૨ માં બતાવેલા ગુન્હાને માટે તે ગુન્હેગાર ઠર્યો હતો જેથી કલમ ૩૩૫ માં બતાવેલી શીક્ષા થઈ શકે. રાણી વિ. લખીના રાયણ અગુરી, ૨૩ વિ. રી. ૬૧.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી એપ્રીલ સને ૧૮૭૫.)

૧૯ મહાવ્યથા—પોલીસ અમલદારોની વર્તણુંક વિષે ટીકા કરેલી તે—સેસન કોર્ટનો ઠરાવ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૨૦, ૩૨૫—પીનલકોડની કલમ ૩૨૫ મુજબ બુદ્ધિપુર્વક મહાવ્યથાનો ગુન્હો ઠરાવવાને માટે કલમ ૩૨૦ માં બતાવેલી આઠ જાતોમાં આવી જાય તેવી ખુશીથી કરેલી અમુક ઈજા થયેલી હોવી જોઈએ. બીજા કેટલાક અગત્યના શાહેદીઓની જુબાનીઓ ઉપર જેવી રીતે ટીકા કરવામાં આવે છે તેવીજ રીતે કામમાં સામેલ થયેલા પોલીસ અમલદારોની જુબાનીઓ અથવા વર્તણુક ઉપર સેસન કોર્ટના ઠરાવમાં ટીકા કરવી જોઇએ પણ તેથી વધારે ટીકા કરવી જોઇએ નહી. રાણી વિ. બદરીરોય, ૨૩ વિ૦ રી૦ ૬૫.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી એપ્રીલ સને ૧૮૭૫.)

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૬.
„ તોહોમત ૯.
„ કમીટ કરવું તે ૩૩, ૪૬, ૫૨.
„ સમાધાન ગુન્હાઓનું ૫.
„ ડાકાઇટી ૨.
„ બમણો દોષ.
„ વધારો સજાનો ૪.
„ પુરાવો ૩, ૬૭, ૭૪.
„ વ્યથા ૨, ૪.
„ એકઠાં તોહોમતો.
„ જ્યુરી ૭૧, ૭૨, ૯૬, ૧૦૦, ૧૧૦.
„ રાત્રે છાનામાના પ્રવેશ કરવો તે
„ વૈદક સબંધી પુરાવો ૩.
„ જુઓ ખુન ૪, ૬૩, ૬૮, ૬૯, ૭૩, ૮૯, ૧૦૧, ૧૦૪, ૧૦૭.
„ ગુન્હો ઘણા ગુન્હાઓ મળી થયેલો તે.
„ જવાબ ગુન્હો કર્યાનો ૨.
„ ખાનગી બચાવ ૨, ૫, ૧૨.
„ મુચરકો ૩૩.
„ અપહરણ ૭.
„ જુદા ગુન્હાઓ ૪, ૬, ૭૮.

માજીસ્ટ્રેટ ડીસ્ત્રીકટનો—

૧ માજીસ્ટ્રેટ ડીસ્ત્રીકટનો—અર્થ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૧ માં "ડીસ્ત્રીકટનો માજીસ્ટ્રેટ" એ શબ્દોનો અર્થ બતાવેલો તે પ્રો. તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭; ૩ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૨૯.

૨ માજીસ્ટ્રેટ ડીસ્ત્રીકટનો—કેસ પાછા ખેંચી લેવાનો અથવા મોકલવાનો અધીકાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭—સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૭ માં આપેલો અધીકાર ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટે ન્યાયની ખાતર એમ કરવાની ખરેખરી અગત્ય જણાય તોજ વાપરવો જોઈએ; અને તજવીજ કરનાર માજીસ્ટ્રેટ પાસેથી કેસ પાછો ખેંચી લેઈ બીજા માજીસ્ટ્રેટ તરફ મોકલવાની અરજી એકાદ પક્ષકારે કરી હોય તો, ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટે આવી રીતની અરજીની બીજા પક્ષકારને ખબર આપવી જોઈએ, અને આવી રીતની અરજી શા માટે મંજુર કરવી જોઇએ નહી તેનું કારણ બતાવવાને તક આપવી જોઈએ. કોઈ ફોજદારી કેસમાં ફરીઆદી અને તેના શાહેદીઓની જુબાનીઓ લીધા પછી તોહોમતદારે ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને તે કેસ તાબાના માજીસ્ટ્રેટ પાસેથી પાછો મંગાવી પોતે ચલાવવો જોઈએ એવી અરજી કરી, પણ તેમાં અરજી મંજુર કરવાનું જોઈએ તેવું વ્યાજબી કારણ બતાવ્યું નોહોતું, અને ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટે ફરીઆદીને અરજીની ખબર આપ્યા સીવાય, અથવા તેની વિરૂદ્ધ કારણ બતાવવાને તક આપ્યા સીવાય, તજવીજ કરનાર તાબાના માજીસ્ટ્રેટ પાસેથી કાંઈપણ કારણ બતાવ્યા સીવાય કેસ પાછો મંગાવી બીજા માજીસ્ટ્રેટને ત્યાં મોકલ્યો. હાઇ કોર્ટે ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટનો અને જે માજીસ્ટ્રેટ તરફ કેસ મોકલવામાં આવ્યો હતો તે માજીસ્ટ્રેટની

નો હુકમ રદ કર્યો, અને જે માજીસ્ટ્રેટ પાસેથી કેસ પાછો મંગાવી લેવામાં આવ્યો તો તે માજીસ્ટ્રેટને કેસ ચલાવવાનો હુકમ કર્યો. ઉમેરાસીંધ વિરૂદ્ધ ફકીરચંદ, ઈં૦ લો૦ રી૦ ૩ અ. ૭૪૯.

(ચીં૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૮૮૧).

ટીકોટા શેકદાર વિરૂદ્ધ અમીર માજીના કેસમાં નજર રાખવામાં આવી, ૧૦ ક. લો. રી. ૨૩૯; ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૩૯૩. જુઓ બીજી જગાએ કેસ મોકલવો તે ૨૨.

માજીસ્ટ્રેટની હકુમત—

માજીસ્ટ્રેટની હકુમત—સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટનો અધીકાર—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ તરફ કેસ મોકલવો તે—સેસન કોર્ટને કમીટ કરવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૩૯—આસીસ્ટંટ માજીસ્ટ્રેટે કોઈ માણસને પીનલકોડની કલમો ૪૦૬ અને ૪૧૭ મુજબ ગુન્હેગાર ઠરાવી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ મુજબ કેસ સજા કરવાને માટે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ તરફ મોકલ્યો. ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનું એવું ધારવું હતું કે વ્યાજબી રીતે પીનલકોડની કલમ ૪૨૦ મુજબ સજા થઈ શકે તેવો ગુન્હો છે, અને તે આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટથી ચલાવી શકાય તેવો નહી હોવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ મુજબ મોકલવુ અખતીઆર ઉપરાંત અને કાયદા વિરૂદ્ધ હતું. હાઇ કોર્ટનો અભીપ્રાય લખી પુછવાથી એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને સેસન કમીટ કરવાનો આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટનો અધીકાર હોવાથી તેની બીલકુલ હકુમત નો હોતી એમ ગણાતું નથી તોપણ તે રજુઆત ચલાવી શકે નહી, અને તેથી ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને યોગ્ય લાગે તો તે તોહોમતદારને સેસન કમીટ કરી શકે. અબદુલ વાહબ વિરૂદ્ધ ચંદીઆઈ, ઈં૦ લો૦ રી૦ ૩ ક. ૩૦૫.

(મેસર્સ પ્રીનસેપ અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી અગષ્ટ સને ૧૮૮૬).

ચેનીમેરી ગડુની બાબતમાં, આધાર રાખવામાં આવે છે, ૧ મ. ૨૮૯. જુઓ વધારો સજાનો ૮.

રાણી વિ૦ અબદુલાના કેસમાં આધાર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૪ મું. ૨૪૦. જુઓ હુકમ.

માજીસ્ટ્રેટનો દિવાની કેસોમાં હુકમ—

માજીસ્ટ્રેટનો દિવાની કેસોમાં હુકમ—રદ કરવો તે—જો કે અરજદારનો પાસેનો છોલાજ જતો રેહે છે તોપણ દિવાની દાદમાં તેની વિરૂદ્ધ અભીપ્રાય બંધાય નહી તેટલા માટે તદન દિવાની કેસમાં માજીસ્ટ્રેટનો હુકમ રદ કરવાની જરૂર છે. રાણી વિ૦ શેખ મીરન, ૧ વિ૦ રી૦ ૨૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી નવંબર સને ૧૮૬૪).

માજીસ્ટ્રેટનું દફતર—

માજીસ્ટ્રેટનું દફતર—હાઇ કોર્ટ—કમીટ કરતાં પેહેલાંનું માજીસ્ટ્રેટે ચલાવેલા કેસનું દફતર હમેશાં હાઈ કોર્ટમાં મોકલવું જોઇએ. રાણી વિ૦ કાસીમઅલી વિગેરે અપેલેન્ટો, ૧૫ વિ૦ રી૦ ૬૭.

(મેસર્સ જેકશન અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૫ મી મે સને ૧૮૭૧.)

માજીસ્ટ્રેટનો ફરજ—

માજીસ્ટ્રેટની ફરજ—પુરાવો લેવાની કલમ ૧૩૭—માજીસ્ટ્રેટ જે હુકમ કરવાનો હોય તે હુકમના આધાર તરીકે સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૭ મુજબ પુરાવો લેવાને તે બંધાયેલો છે. આવી રીતે પુરાવો લીધા સીવાય માજીસ્ટ્રેટે કોઈ વાડો કાહાડી નાખવાનો હુકમ કરેલો તેમાં એમ સાબીત થયું કે વાડો લોકોને અડચણ કરતા છે એવું તેણે પોતાના મનસ્વીપણે ચાલી ઠરાવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે તે કાયદા વિરૂદ્ધ અને અધીકાર ઉપરાંત ચાલ્યો હતો. માહદજી સદાસીવ ટીલકની અરજી, ઈં. લો. રી. ૧૧ મું. ૩૭૫.

(મેસર્સ વેસ્ટ અને બર્ડવુડ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી ફેબ્રુઆરી સને ૧૮૮૭.)

માંડીવાળવું ફરીઆદનું—

૧ માંડીવાળવું ફરીઆદનું—ફરીઆદ માંડીવાળવાની અપીલનો હક—ડેપ્યુટી માજીસ્ટ્રેટે માંડીવાળેલી ફરીઆદના કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે ફરીઆદી માંડનારને અપીલ કરવાનો હક નથી, પણ સને ૧૮૬૧ નો આક્ટ ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ કેસ માંડીવાળવાનો હુકમ હાઈકોર્ટથી ફેરવાય તેવી રીતે માજીસ્ટ્રેટને દરખાસ્ત કરવી જોઈતી હતી. લાયલ અને કો. વિ૦ શામમંડલ, વિ. રી. ૨૩ સપટંબર.

(મેસર્સ લોચ અને જેકશન જડજો ની રૂબરૂ, તા૦ ૨૮ મી એપ્રીલ સને ૧૮૬૪).

૨ માંડીવાળવું ફરીઆદનું—ચોરી અને હુમલો—હાજર નહી થવાને માટે ગુન્હો માંડીવાળવો. તે-ચોરી અને હુમલાનો ગુન્હો ફરીઆદીની ગેરહાજરીને લીધે માંડીવાળવો જોઇએ નહી. રાણી વિ. જોડુપાંહારી, ૧ વિ. રી. ૨૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી નવંબર સને ૧૮૬૪.)

૩ માંડીવાળવુ ફરીઆદનું—ગેરહાજરી—મુકરર કરેલા દીવસે ફરીઆદીની ગેરહાજરીથી કેસ માંડીવાળવામાં માજીસ્ટ્રેટ કાયદા વિરૂદ્ધ ચાલ્યો એમ ગણાતું નથી. ચંદરીઆ સીકદાર વિગેરે, ૩ વિ. રી.૩૬.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજો ની રૂબરૂ, તા૦ ૨૬ મી જુન સને ૧૮૭૫).

૪ માંડી વાળવું ફરીઆદનું—અડચણ-સરકારી રસ્તો પેહેલેથી પરવાનગી મા આ સીવાય દુરસ્ત કરવાને માટે ફક્ત અરજી કરી તોહોમતદાર ઉપર રસ્તાની અડચણનું તોહોમત રાખવામાં આવેલું તેમાં ફરીઆદી હાજર થયેલો નહી હોવાથી એમ ઠરાવવામાં આવ્યું કે ડેપ્યુટી માજીસ્ટ્રેટે ફરીઆદ માંડીવાળવી જોઈતી હતી. રાણી વિ. ભોળાનાથ બાનરજી, ૭ વિ. રી. ૩૧.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજો ની રૂબરૂ, તા૦ ૧૬ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭.)

૫ માંડીવાળવું ફરીઆદનું—કેસ મોકુફ રાખવાને માટે ફરીઆદીએ કરેલી અરજી—કોઈ ડેપ્યુટી માજીસ્ટ્રેટે તા૦ ૨૧ મી સુધી કેસ બંધ રાખી તે દીવશે ફરીઆદી ગેરહાજર હોવાથી કેસ માંડીવાળવાનો હુકમ કર્યો પણ મંદવાડના સબબથી કેસ બંધ રાખવાની ફરીઆદીએ કરેલી અરજી તેના જાણવામાં નહી હોવાથી ભુલથી કેસ માંડીવાળવામાં આવ્યો હતો એવું કારણ બતાવી બીજે દીવશે તેણે હુકમ રદ કર્યો. માજીસ્ટ્રેટને અપીલ થયાથી તેણે ડેપ્યુટી માજીસ્ટ્રેટનો હુકમ રદ કર્યો. ડેપ્યુટી માજીસ્ટ્રેટનો હુકમ સ્પષ્ટ રીતે કાયદા વિરૂદ્ધ હોવાથી હાઈકોર્ટે કામ ચલાવેલો આખો મુકરદમો રદ કર્યો, અને તા૦ ૨૧ મી પેહેલાં જેવી સ્થીતીમાં તે કેસ હતો, તેવી સ્થીતીમાં તે પાછો આણ્યો. રાણી વિ. રામનારાયણ ઘોસ, ૮ વિ. રી. ૫.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજો ની રૂબરૂ, તા૦ ૪ જુન સને ૧૮૬૭.)

૬ માંડીવાળવું ફરીઆદનું—પોલીસ તજવીજ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૪ મું—ફરીઆદીની જુબાની પ્રથમ લીધા સીવાય માજીસ્ટ્રેટ કોઈ પણ ફરીઆદ માંડીવાળી શકતો નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ માં આવી જાય તેવી ફરીઆદોની તજવીજ કાયદા પ્રમાણે પોલીસ અમલદારને કરવાને અખતીયાર નથી. રાણી વિ. હરકચંદ નૌઉલખા વિગેરે ૯ વિ૦ રી૦ ૧૨.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુન સને ૧૮૬૭.)

બીસુખારીકના રેફરન્સમાં આધાર રાખવામાં આવ્યો, ૧૬ વિ. રી. ૬૭. જુઓ જુઠુ તોહોમત ૩૯.

ફોકટોશાહના મુકરદમાની તપાસણીમાં નજર રાખવામાં આવી, ૧૦ વિ.રી.૪૯. જુઓ પો

લીસ ૧૨. સને ૧૮૬૧ના આક્ટ ૨૫ ના પ્રક રણ ૧૪ મુજબ પોલીસની તજવીજ કરવાનો હુકમ થઈ શકે નહી એ વિષે આ કેસમાં એ જડજોએ જુદો જુદો અભિપ્રાય બતાવ્યો.

૭ માંડીવાળવું ફરીઆદનુ—તોહોમત રાખેલા કરતાં જુદો ગુન્હો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૫૦ ૨૫૬—ફરીઆદ થયેલા ગુન્હાના વધારામાં અ થવા તેના કરતાં બીજો કોઈ ગુન્હો બન્યો છે એવું તજવીજ કરતાં કેસની હકીકત ઉપર થી માજીસ્ત્રેટને માલમ પડે તો કેસ માંડીવા ળવાનો તેને અધીકાર નથી, પણ મુળના તો હોમત વિશે ફેંસલો આપવાને તે બંધાયેલોછે. ડીગંબરપોલ, વિ૦ કાલીદાસ દત, ૮ વિ. રી. ૮૨.

(મેસર્સ ગ્લોવર અને હોબહાઉસ જડ જોની રૂબરૂ, તા૦ ૧૩ મી નવંબર ૧૮૬૭.)

૮ માંડીવાળવું ફરીઆદનુ—વારંટ—સમન—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૪—ફરીઆદી ઉપર વારંટ કાહાડવાને બદલે પ્રથમ હાજર રાખ વાને માટે સમન કાઢવામાં આવ્યો હોય તો પણ ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૪ માં આવી જાય તેવો કેસ ફરીઆદીની ગેરહાજરીથી માંડીવાળવાનો ડેપ્યુટી માજીસ્ત્રેટ ને અધીકાર નથી. નંદોલાલ સુત્રાધાર વિ૦ ભાગીરતી સુત્રન વિગેરે, ૧૦ વિ. રી. ૩૧; ૭ બેં. લો. રી. ૯ ન.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂ બરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૬૮.)

ટકીમહમદ મંડલ વિ૦ ક્રીસ્ટોનાથરાય ના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવ્યો, ૧૫ વિ. રી. ૫૩. જુઓ છુટકો ૮.

૯ માંડીવાળવું ફરીઆદનું—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૭, ૪૩૪—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ કેસનો અભીપ્રાય લખી પુછવા માં સેસન જડજે અભીપ્રાય લખી પુછવાના પોતાનાં કારણો બતાવવાં જોઈએ પણ તેના પેહેલાના અમલદારે જે કારણો લખી મુકયાં હોય તેજ કારણો ફકત મોકલી શકાય નહી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૭ મુજબ ફરીઆદ એકદમ માંડીવાળવી એ માજીસ્ત્રેટની મરજી ઉપર છે, અને વધારે તજવીજ કર વાને તે બંધાયેલો નથી. બટુલનશાયો વિ૦ ભગલુ ચોકીદાર વિગેરે, ૧૦ વિ. રી. ૫૦.

(મેસર્સ પીઅર અને હોબહાઉસ જડજો ની રૂબરૂ, તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૬૮).

૧૦ માંડીવાળવું ફરીઆદનું—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૭, ૨૬૫, ૨૬૬—તોહોમતદારને હા જર થવાને માટે સમન કાઢયા પેહેલાં ક્રીમીન લ પ્રોસીજર કોડની કલમ ૬૭ મુજબ માજી સ્ત્રેટ ફરીઆદ માંડીવાળી શકે છે; પણ જ્યા રે સઘળા પક્ષકારો હાજર હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૬૫ અને ૨૬૬ માં બતાવેલી પદ્ધતિ મુજબ મુકરદમો ચલાવવાને તે બંધાએલો છે, અને પુરાવો લીધા સીવાય તે ફરીઆદ માંડીવાળવાનો હુકમ કરી શકે નહી. બીલાશ વિ૦ માકરૂ, ૧૦ વિ. રી. ૬૧; ૨ બેં. લો. રી. દ. ઉ. ૧૫.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂ બરૂ, તા૦ ૧૧ મી ડીસંબર સને ૧૮૬૮).

રાણી વિરૂદ્ધ શીબુ બેહરાના કેસમાં ન જર રાખવામાં આવી, ૮ ક૦ લો૦ રી૦ ૨૬૫. જુઓ ફરીઆદ કરવાની પરવાન ગી ૫૭.

૧૧ માંડીવાળવું ફરીઆદનું—ફરીઆ દીની ગેરહાજરી—પીનલકોડની કલમ ૪૦૩ મુજબ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવાનો ગુન્હો ફરીઆદીની ગેરહાજરીને લીધે ક્રીમીનલ પ્રોસી જર કોડની કલમ ૨૫૯ મુજબ માંડીવાળ વાને માજીસ્ત્રેટનો અખતીઆર નથી. ક્રીમીન લ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ માં આવી જાય તેવા ગુન્હાઓનેજ ફકત તે કલમ લાગુ પડે છે. પ્રો. તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૬૯; ૪ મ. હા. કો. રી. અપે. ૧૧.

૧૨ માંડી વાળવું ફરીઆદનું—દિવાની દાવો—માજીસ્ટ્રેટે ચોરીની ફરીઆદ માંડીવાળ વાનો હુકમ કરેલો તેની દરમીઆન થવાને હાઈ કોર્ટે ના પાડી, કારણ કે જે પોલીસની રૂબરૂ પેહેલ વેહેલી ફરીઆદ કરવામાં આવી હતી તે પોલીસે કરેલી તજવીજ ઉપરથી એમ મા લમ પડ્યું કે ફોજદારી કોર્ટ ચલાવી શકે તેવી ફરીઆદ નોહોતી પણ દિવાની કોર્ટમાં દાવો લાવી શકાય તેવી ફરીઆદ હતી. રાણી વિ૦ રસીકમોની, ૧૧ વિ૦ રી૦ ૫૪.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજો ની રૂબરૂ, તા૦ ૨૫ મી મે સને ૧૮૬૯).

બીસુબારીકના રેફરન્સમાં આધાર રાખવામાં આવ્યો, ૧૬ વિ૦ રી૦ ૬૭. જુઓ જુઠું તોહોમત ૩૯.

જગબંધુમીતી વિ. ગોબરધન બોસના કેસમાં નજર રાખવામાં આવી, ૪ બેં૦ લો૦ રી. ક્રી. અ. ૧. જુઓ તોહોમત ૨૨.

૧૩ માંડીવાળવું ફરીઆદનું—ગેરવાજબી કેદ—ફરીઆદીની ગેરહાજરી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૪૭-જબરાઈથી પૈસા કઢાવવાને માટે ગેરવાજબી કેદ કર્યાનું તોહોમત પીનલકોડની કલમ ૩૪૭ મુજબ રાખેલા કેસમાં ફરીઆદીની ગેરહાજરીથી કેસ માંડીવાળવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. ફરીઆદી અને તેના શાહેદીઓની જુબાનીઓ તોહોમતદારની રૂબરૂ લીધા પછી કેદી તરફના શાહેદીઓ બોલાવવાને માટે કોઇ કેસ કોર્ટે બંધ રાખ્યો હોય અને જે દીવશે તે ચાલવાનો હોય તે દીવશે ફરીઆદી હાજર નહી થયાને માટે કોર્ટે તે કેસ માંડીવાળવો જોઈતો નોહોતો. રાણી વિ. બેદુર ઘોસ, ૧૨ વિ. રી. ૨૭; ૭ બેં૦ લો૦ રી૦ ૯ ન.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુલાઈ સને ૧૮૬૯.)

ટકીમહમદ મંડલ. વિ. ક્રીષ્ણુનાથ રાયના કેસમાં નજર રાખવામાં આવી, ૭ બેં૦ લો૦ રી૦ ૭. જુઓ છુટકો ૮.

૧૪ માંડીવાળવું ફરીઆદનું—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૮—પુરાવો સાંભળ્યા સીવાય માંડી વાળવું તે—અ નામની સ્ત્રીએ તેણીના ભાઈને ગેરવાજબી કેદ કર્યાને માટે બ નામના માણસ ઉપર ફરીઆદ કરી. માજીસ્ટ્રેટને અરજી કર્યાને આગલે દીવશે પોલીસે ગુન્હાની તજવીજ કરી ગુન્હો ખોટો છે એવો રીપોર્ટ કરી વાળ્યો હતો. માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૬ મુજબ ફરીઆદ લખી લીધા સીવાય પોલીસ ઉપર કામના કાગળો મોકલવાનો હુકમ લખ્યો અને તે કોડની કલમ ૧૮૦ મુજબ કેસ માંડીવાળ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે મુકરદમો ચલાવેલો કાયદા વિરૂદ્ધ છે, કારણ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૦ મુજબ ફરીઆદ માંડીવાળવાનો હુકમ કરતાં પેહેલાં તે કોડની કલમ ૬૬ મુજબ ફરીઆદીની જુબાની લખી લેવાને માજીસ્ટ્રેટ બંધાએલો હતો. દુલાબીબેવા. વિ. ભુબનશાહ, ૩ બેં૦ લો૦ રી૦ ક્રી. અ. ૫૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી અગષ્ટ સને ૧૮૬૯).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

ભગોબટચરનસેન વિરૂદ્ધ સીઆમઅલી. ૧૮ વિ૦ રી૦ ૧૮. જુઓ ફરીઆદ ૨૭.

રાણી વિ૦ હરૂ, ૯ બેં૦ લો૦ રી૦ ૧૪૬. જુઓ ફરીઆદ ૨૭.

રાણી વિ. ગીરીશચંદરના કેસમાં મજુર રાખવામાં આવે છે. જુઓ બીજી જગાએ કેસ મોકલવો તે ૧૧.

ઈશ્વરચંદ્ર કુવર. વિ. ઉમેશચંદ્ર ચાલન કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૮ બેં લો. રી. ૧૯. જુઓ ફરીઆદ ૨૫.

૧૫ માંડીવાળવું ફરીઆદનું—સને ૧૮૩૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૪૨—હાઇ કોર્ટ—પીનલકોડની કલમ ૩૪૨ મુજબ ગુન્હો કરેલા કેસમાં રજુઆત ચલાવ્યા સી

વાય ડેપ્યુટી માજીસ્ત્રેટે કેસ માંડીવાળવાનો હુકમ કરેલો તેની દરમીઆન થવાની હાઈ કોર્ટે ના પાડી, કારણ કે ફરીઆદી અને તેના શાહેદીઓ હાજર નોહોતા. શંટુમંડલ વિગેરે વિ૦ અબદુલ બીસ્વાસ વિગેરે, ૧૩ વિ૦ રી૦ ૩૫; ૭ બેં૦ લો૦ રી૦ ૮ ન.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી માર્ચ સને ૧૮૭૦).

ટકીમહમદ મંડલ વિ૦ ક્રીષ્ણનાથરાયના કેસમાં નજર રાખવામાં આવી, ૭ બેં૦ લો૦ રી૦ ૭. જુઓ છુટકો ૮.

૧૬ માંડીવાળવું ફરીઆદનું—ચોરી—નવી તજવીજ—તજવીજ કર્યા સિવાય ચોરીનું તોહોમત કોઈ તાબાના માજીસ્ત્રેટે માંડીવાળ્યું હોય તો, એમ ઠરાવવામાં આવ્યું કે ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટ ફરીઆદની નવેસરથી તજવીજ કરી શકે છે. પ્રો. તા૦ ૭ મી જુન સને ૧૮૭૦, ૫ મ. હા. કો. રી. અપે. ૩૧.

૧૭ માંડીવાળવું ફરીઆદનું—કેસ બંધ રાખવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૯—કોઈ કેસ ઘણી વાર નકામો બંધ રાખી કાયદેસર મુકરર નહી કરેલા દીવસે તોહોમતદારનો જવાબ લીધા પછી ગેરહાજરીને માટે માંડીવાળવાનો ડેપ્યુટી માજીસ્ત્રેટે હુકમ કરેલો તે કાયદા વિરૂદ્ધ ગણી રદ કરવામાં આવ્યો હતો. મહમદ આલમ વિ૦ શેખ અકીલ વિગેરે, ૧૬ વિ૦ રી૦ ૫૮.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૧).

૧૮ માંડીવાળવું ફરીઆદનું- હકુમત-હાઈ કોર્ટ—પ્રવેશ—ખાનગી બચાવનો હક—હુમલો – ઢીલ—ઉઝરડા—માજીસ્ત્રેટ અને ડેપ્યુટી માજીસ્ત્રેટે માંડીવાળેલા ચાર કેસોમાં જડજે અભીપ્રાય લખી પુછવાથી હાઈ કોર્ટે દરમીઆન થવાની ના પાડી, કારણ કે પેહેલા કેસમાં જડજે એમ ધાર્યું હતું કે ફકત ભાડું માગવાની હઠથી માજીસ્ત્રેટના ધારવા પ્રમાણે ખાનગી બચાવનો વ્યાજબી રીતે હક મળે તેવો ઘર પ્રવેશનો ગુન્હો બનતો નથી. બીજા કેસમાં જડજે એમ ધાર્યું હતું કે માજીસ્ત્રેટના કારણો જેવાં કે તકરારમાં બતાવેલો હુમલો જે જગાએ થયો હતો તે જગાએ ફરીઆદીને હાજર રેહેવાના કારણનો ખુલાસો નહી બતાવ્યાથી, અને ફરીઆદ કરવામાં ઢીલ થયાનું કારણ પણ નહી બતાવ્યાથી, અને ઉઝરડા થએલા હતા એવો અગત્યનો પુરાવો કામમાં નહી મળી આવવાથી સંક્ષેપમાં તજવીજ કરી વ્યાજબી રીતે કેસ માંડીવાળવાનું કાયદેસર ગણાતું નથી; અને ત્રીજા કેસમાં જડજે એમ ધાર્યું હતું કે તોહોમતદારે ફકત જમીનનો દાવો કરવાથી તેની ઉપજની ચોરી વિષેનો ફોજદારી ગુન્હો વ્યાજબી રીતે માંડીવાળવો જોઈએ નહી અને બરોબર તજવીજ કરી અને પુરાવો લખી લેઈ કેસનો ફેંસલો આપવાને ડેપ્યુટી માજીસ્ત્રેટને હુકમ કરવો જોઇએ; અને ચોથા કેસમાં જડજે એમ ધારયું હતું કે ફરીઆદ કરવામાં ઢીલ થયાનો ખાસ ખુલાસો કરવામાં આવ્યો હોય તો એ માંડીવાળવાનું કાયદેસર કારણ ગણાતું નથી—(૧) મહમદજાન વિ૦ ખેડીશેખ (૨) હરનાથડી ખાશખીલ વિ૦ જેયગોપાલડી સરકાર (૩) હરીશચંદરદાસ વિ૦ બોલાઈ અધીકારી વિગેરે (૪) શેખ અહમદી વિ. આનંદ મોહન મોઝુમદાર, ૧૬ વિ૦ રી૦ ૬૫.

(મેસર્સ બેલી અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસંબર સને ૧૮૭૧).

રાણી વિ૦ કાલીચરન મીસરના કેસમાં નજર રાખવામાં આવે છે, ૭ બેં. લો. રી. અપે. ૫૫. જુઓ ફરીઆદ ૨૩.

રનુસીંઘ વિ૦ કાલીચરન મીસરના કેસમાં નજર રાખવામાં આવે છે, ૧૬ વિ૦ રી૦ ૧૮. જુઓ ફરીઆદ ૨૩.

૧૯ માંડીવાળવું ફરીઆદનું—સાબીતી—એક્ષ પારટી--આ કેસમાં પ્રોસેસ કાઢેલું વ્યાજબી ઠરાવવાને એક્ષ પારટી સાબીતી આપવાને ફરીઆદીને બોલાવવામાં અને આવી રીતની સાબીતી નહી મળી

આવવાથી કેસ માંડી વાળવામાં માજીસ્ત્રેટ કા
યદા વિરૂદ્ધ ચાલ્યો એવું કાયદા પ્રમાણે કહે
વાને કોર્ટે ના પાડી. શીબુમાનજી વિ. નોશી
મુકરજી, ૧૭ વિ. રી. ૩.

(મેસર્સ બેલી અને માર્કબાય જડજોની
રૂબરૂ, તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૭૨.)

૨૦ માંડીવાળવું ફરીઆદનું—પોલીસ
નો રીપોર્ટ—તા૦ ૭ મી સપટંબર સને ૧૮૬૮
નો સરકયુલર નં. ૫ અ—ફરીઆદીની પેહે
લી તપાસ કરયા પછી કેસ પોલીસ તરફ
રીપોર્ટ કરવાને મોકલ્યો હતો અને રીપોર્ટ
સાંભળવાને ફરીઆદીને તા૦ ૯ ઠી નવંબરે
હાજર થવાની નોટીસ આપવામાં આવી હતી.
કેસ માંડી વાળવાની વિરૂદ્ધ ફરીઆદીને કાંઇ
પણ કારણ બતાવવાની તક આપ્યા સીવાય
આસીસ્ટંટ માજીસ્ત્રેટે કેસ તા૦ ૩૧ મી અક
ટોબરે પોલીસ અમલદારના રીપોર્ટ ઉપરથી
માંડી વાળ્યો, હાઈ કોર્ટે તેનો હુકમ રદ ક
રી તા૦ ૭ મી સપટંબર સને ૧૮૬૮ નો
નં. ૫ અ નો સરકયુલર પ્રમાણે ચાલવાને
હુકમ કર્યો હતો. બલીસીંઘ વિ. કાનાઈ ચોધ
રી વિગેરે ૧૭ વિ. રી. ૨.

(મેસર્સ લોચ અને એનસ્લી જડજો
ની રૂબરૂ, તા૦ ૯ ઠી જાનેવારી સને ૧૮૭૨).

૨૧ માંડીવાળવું ફરીઆદનું—ગેર હા
જરી—દંડ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમી
નલ પ્રોસીજર કોડ કલમો ૨૫૯, ૨૭૦—ક્રી
મીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૯ મુજબ
ગેરહાજરીથી માજીસ્ત્રેટે ફરીઆદ માંડીવાળી
કલમ ૨૭૦ મુજબ ફરીઆદીનો દંડ કરેલો
તે દંડ માફ કરી પાછો આપવાનો હુકમ ક
રવામાં આવ્યો હતો. રામચરણડી વિ. શેખ
જાનુ, ૧૭ વિ. રી. ૬.

(મેસર્સ બેલી અને માર્કબાય જડજો
ની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી સને
૧૮૭૨.)

૨૨ માંડીવાળવું ફરીઆદનું—બળાત્કા
રે કઢાવવાનો પ્રયત્ન—વિચાર કરીને બળા
ત્કારે કઢાવવાના યત્નની ફરીઆદ જેને કામ
ના પુરાવાથી ટેકો મળતો હોય તેવી ફરીઆ
દ વિચાર કરયા વગર માંડીવાળવાને માટે
ડેપ્યુટી માજીસ્ત્રેટને ઠપકો દેવામાં આવ્યો. કે
દીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યાથી
કોર્ટે કેસ સબંધી કાંઇ પણ બીજો હુકમ ક
ર્યો નહી. ભીમપારીરૂ વિગેરે વિ. બીધનેશર
પટનાઇક, ૧૭ વિ. રી. ૭.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની
રૂબરૂ, તા૦ ૯ મી જાનેવારી સને ૧૮૭૨.)

૨૩ માંડીવાળવું ફરીઆદનું—નિર્દોષ
ઠરાવી છોડી મુકવું તે સને ૧૮૬૧ નો ૨૫
મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૨—
ફરીથી કેસ ચલાવવો તે—કેટલાક માણસો
ઉપર પીનલકોડની કલમ ૩૫૨ મુજબ તોહો
મત રાખી કેસ ચલાવવાની અમુક મુદત ઠ
રાવી હતી અને તે મુદતે ફરીઆદીએ સાહે
દી હાજર છે એવો રીપોર્ટ કરેલો તે ઉપર
થી તેઓને બોલાવવામાં આવ્યા હતા પણ
તેઓએ કાંઈ જવાબ આપ્યો નોહોતો, "ગુ
ન્હો કર્યો નથી એવું તોહોમતદારે બતાવ્યા
થી સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસી
જર કોડની કલમ ૨૭૨ મુજબ ડેપ્યુટી મા
જીસ્ત્રેટે તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. સેસ
ન જડજે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ
૪૩૪ મુજબ હાઈ કોર્ટના અભીપ્રાય માટે
કેસ મોકલી રીપોર્ટ કર્યો કે તા૦ ૫ મી એ
પ્રીલના હુકમ મુજબ ફરીઆદી તેના સાહે
દીઓ લેઇ તા૦ ૯ મી સુધી હમેશાં હાજર
રહ્યો હતો, અને કામની રજુઆત ડેપ્યુટી
માજીસ્ત્રેટની સગવડ માટે બંધ રાખવામાં આ
વી હતી, અને કેસ ચલાવવાને દિવસે ફરી
આદીના સાહેદીઓની થોડા વખતની ગેરહા
જરીનો ખુલાસો કરવામાં આવ્યો હતો. કે
તેઓ આઠ વાગ્યાથી તે દસ વાગ્યા સુધી હા
જર રહી બજારમાં ગયા હતા. કામની
હકીકત જોતાં હાઇ કોર્ટે ડેપ્યુટી માજીસ્ત્રે
ટનો મુકરદમો રદ કરી ફરીઆદીની મરજી
હોય તો ફરીથી કેસ ચલાવવાનો હુકમ કર્યો.

ગુરૂચરન સીરકાર વિ. મીરસામનઅલી વિગેરે, ૧૮ વિ. રી. ૫૯.

(મેસર્સ ગ્લોવર અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી નવંબર સને ૧૮૭૨.)

૨૪ માંડીવાળવું ફરીઆદનું—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૨—કોઇ માજીસ્ત્રેટે મરજી મુજબ આપેલો અધીકાર ઈનસાફની રાહે બજાવી કેસ માંડી વાળ્યો હોય તો તે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૧૨ મુજબ તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવું ગણાય છે. નિર્દોષ ઠરાવી છોડી મુકેલા તોહોમતદારની દરમીઆન થવાની અરજી સરકારે અથવા સરકારની મંજુરી સાથે કોઈ માણસે કરવા શિવાય તે સાંભળવાનો કોઈ કોર્ટને અધીકાર નથી. એગરામ અરજદાર, ૧૯ વિ. રી. ૫૨.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૭ એપ્રીલ સને ૧૮૭૩.)

હારડાઓની બાબતમાં જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. ઈં. લો. રી. ૧ અ. ૧૩૯. જુઓ તપાસણી ૧૬.

પુર્વે તરફના બંગાલાની રેલવે કંપની. વિ. કાળીદાસ દતના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ૨૩ વિ. રી. ૬૩. જુઓ ફરીઆદ ૩૮

૨૫ માંડીવાળવું ફરીઆદનું—બીગાડ—સાપ્રાધ પ્રવેશ-દિવાની દાવો—કાયદા વિરૂદ્ધ મંડળી, સાપ્રાધ પ્રવેશ, અને બીગાડ એવા ત્રણ તોહોમતો ફરીઆદીએ તોહોમતદાર ઉપર રાખેલા તેવો કેસ તદન દિવાની લાયક છે એવું કારણ બતાવી જોઈન્ટ માજીસ્ત્રેટે માંડી વાળવાનો હુકમ કરેલો તે હુકમ હાઇ કોર્ટે રદ કરી કેસની રજુઆત ચલાવવાનો જોઈન્ટ માજીસ્ત્રેટને હુકમ કર્યો. શેખ કરીમબક્ષ. વિ. શેખ હુરમત વિગેરે, ૨૦ વિ. રી. ૬૦.

(મેસર્સ કેમ્પ અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી અગષ્ટ સને ૧૮૭૩.)

૨૬ માંડીવાળવું ફરીઆદનું—નાળીએરની ચોરી—સાત પૈસાના નાળીએરોની ચોરીની ફરીઆદ ત્રીજા વર્ગના માજીસ્ત્રેટને થયાથી તે માજીસ્ત્રેટે અરજી ઉપર એવો શેરો કર્યો કે ફરીઆદીએ ગામડાના માજીસ્ત્રેટની દાદ માગવી જોઈએ. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતની પદ્ધતિ મુજબ ચાલવાનો માજીસ્ત્રેટને અધીકાર નોહોતો. પ્રો. તા૦ ૧૮ મી ડીસંબર સને ૧૮૭૩; ૭ મ. હા. કો. રી. અપે. ૩૧.

૨૭ માંડીવાળવું ફરીઆદનું—સાપ્રાધ વિશ્વાસઘાત—સાપ્રાધ પ્રવેશના ગુન્હાની રજુઆતમાં ફરીઆદીએ બતાવેલા પાંચ શાહેદીઓમાંથી બીજા વર્ગના માજીસ્ત્રેટે બે શાહેદીઓની જુબાની લેઈ કેદીઓને છોડી મુકયા. એમ ઠરાવવામાં આવ્યું કે, સઘળા શાહેદીઓની જુબાનીઓ લીધા સીવાય આવી રીતનું છોડી મુકવું ગેરકાયદેસર હતું, પણ એકલા એજ કારણ ઉપરથી હાઈ કોર્ટને દરમીયાન થવું ઠીક લાગ્યું નહી. પ્રો. તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૫; ૮ મ. હા. કો. રી. અપે. ૪.

૨૮ માંડીવાળવું ફરીઆદનું—ગેરહાજરી—મુદત ઠરાવેલા દિવશે ફરીઆદી હાજર નહી હોવાથી કેસ માંડીવાળમાં આવ્યો હતો. કેસ બંધ રાખી મુદત ઠરાવવાનો હુકમ પક્ષકારોની રૂબરૂ અને તેઓના સાંભળતાં કર્યો નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે કેસ માંડીવાળવાનો હુકમ કાયદા વિરૂદ્ધ છે. પ્રો. તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૭૫; ૮ મ. હા. કો રી. અપે. ૫.

૨૯ માંડીવાળવું ફરીઆદનું—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૫, ૨૧૨—સમન કાહાડતાં પેહેલાં કાયદામાં બતાવેલી રીત મુજબ ચાલવામાં ના આવ્યું હોય તો તેથી સમન પછી ચલાવેલો મુકરદમો એવી રીતે રદ થઈ જતો નથી કે જેથી કેસ ફરીથી ચલાવવાનું ફરીઆદી માગી શકે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ મુજબ માંડીવાળેલી ફરીઆદ કલમ ૨૧૨ થી નિર્દોષ

ઠરાવી છોડી મુકવાની બરોબર ગણાય છે. પુર્વના બંગાળાની રેલવે કંપની વિ૦ કાલીદાસ દત અને બીજો, ૨૩ વિ. રી. ૬૩.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની કૉર્ટ, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૭૫).

જો. જી. બેગમ અરજદારના કેસમાં આધાર રાખવામાં આવે છે, ૧૯ વિ૦ રી૦ ૫૨. જુઓ માંડી વાળવું ફરીઆદનું ૨૪.

૩૦ માંડીવાળવું ફરીઆદનું—મરજી મુજબ વિચાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૫—લગ્ન કરવાનું વચન આપી ફોસલાવીને લેઈ જવાને માટે કોઈ સ્ત્રીએ એક માણસ ઉપર તોહોમત રાખી પોતાના અનૌરસ છોકરાની ખોરાકી માગી. ડેપ્યુટી માજીસ્ટ્રેટે તે માણસ ઉપર સમન કાઢ્યો, પણ કેસની રજુઆત ચલાવવાને ઠરાવેલા દીવશે ફરીઆદી અગર તે માણસ કોઈ હાજર નહી થવાથી તેણે ફરીઆદ માંડીવાળી. ઠરાવેલે દીવશે હાજર થવાને તે સ્ત્રી બીલકુલ અશક્ત હતી એવું કારણ બતાવી પછીથી તેણીએ અરજી કરી. ડેપ્યુટી માજીસ્ટ્રેટે અરજીની તજવીજ કર્યા સીવાય એવું ઠરાવ્યું કે ફરીઆદ માંડી વાળવાનો હુકમ નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમ જેવો ગણાય છે. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ માંડીવાળવાનો જો કે ડેપ્યુટી માજીસ્ટ્રેટને અધીકાર છે તોપણ ફરીઆદીએ બતાવેલી વાસ્તવીક હકીકત જોતાં તેણે 'પોતાનો મરજી મુજબ અધીકાર ચોકસાઈ કરી બજાવવો જોઈતો હતો, અને સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ માની કલમ ૨૦૫ માં આવી રીતના મરજી મુજબ અધીકાર બજાવવાનું બતાવેલું છે. શ્રીમતી ટાજુનનીસા વિ૦ વાસીલ, ૨૪ વિ૦ રી૦ ૬૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની કૉર્ટ, તા૦ ૯ મી નવંબર સને ૧૮૭૫).

૩૧ માંડીવાળવું ફરીઆદનું–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૭—શાહેદીઓ-જે કેસોમાં ફકત ફરીઆદી એકલાની જુબાની લેવામાં આવી હોય તેવા કેસોમાંજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૭ માં બતાવ્યા પ્રમાણે આગળ મુકરદમો ચલાવી શકાય છે, પણ જે કેસોમાં તેણે શાહેદીઓ આપવાનો લાભ લીધો હોય તે કેસોમાં આગળ મુકરદમો ચલાવી શકાય નહી. પાછલા કેસમાં માંડીવાળવાનો હુકમ તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવાના ફેસલાની બરોબર છે અને તેથી તેજ હકીકત ઉપરથી બીજી વાર રજુઆત ચલાવી શકાય નહી. નીત્યાનંદબર વિરૂદ્ધ કાલાચંદબર વિગેરે, ૨૪ વિ. રી. ૭૫.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની કૉર્ટ, તા૦ ૬ ઠી ડીસેંબર સને ૧૮૭૫).

૩૨ માંડીવાળવું ફરીઆદનું—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ફરીઆદ કરવી તે—કોઇ પેશકર અને પોલીસની ઉપર રાખેલું તોહોમત, પોલીસે જુબાનીઓ લીધેલા માણસોએ બતાવેલી હકીકત ઉપરથી અને ફરીઆદી તરફના શાહેદીઓ લીધા સીવાય માંડીવાળમાં આવેલું તે માંડીવાળવાનો હુકમ કાયદા વિરૂદ્ધ ઠરાવવામાં આવ્યો હતો. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું હતું કે ફરીઆદીએ મુકેલું તોહોમત સાબીત કરવાને તેને તક આપ્યા સીવાય તેની સામે પીનલકોડની કલમ ૨૧૧ મુજબ ફરીઆદ કરવાની મંજુરી આપેલી તે પણ કાયદા વિરૂદ્ધ હતું. સૈયદનીસર હુસેન વિ૦ રામગોલામ સીંઘ, ૨૫ વિ૦ રી૦ ૧૦.

(મેસર્સ કેમ્પ અને પોન્ટીફેક્ષ જડજોની કૉર્ટ, તા૦ ૬ ઠી જાનેવારી સને ૧૮૭૬).

ચુલાઈ શાહની બાબતમાં વિચાર કરવામાં આવ્યો, ૨ ક. લો. રી. ૩૧૫. જુઓ જુઠું તોહોમત ૧૪૦.

ગાયનચંદર રોયના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવ્યો, ૮ ક. લો. રી. ૨૬૭. જુઓ જુઠું તોહોમત ૪૬.

સખીનાબીબીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો, ૮ ક૦ લો૦ રી૦ ૩૮૭; ઈ૦

લો૦ રી૦ ૭ ક. ૮૭. જુઓ જુદું તોહોમત ૪૧.

પ્રમાનંદ ભટ્ટાચારજીની બાબતમાં નજર રાખવામાં આવી, ૮ ક. લો. રી. ૨૩૩ જુઓ જુદું તોહોમત ૩૧.

૩૩ માંડીવાળવું ફરીઆદનું—ફરીઆદ ઉપરથી દિવાની કોર્ટનો મુકરદમો મંગાવેલો તે—મુનસફે કેટલાક માણસો ઉપર ફરીઆદ કરયાથી તેની તજવીજ કરવાનો સેસન જડજે માજીસ્ત્રેટને હુકમ કરેલો તેમાં માજીસ્ત્રેટે એવો મત બતાવ્યો હતો કે તોહોમતદારોમાંના એકને ગુન્હેગાર ઠરાવવાને માટે જોઈએ તેવો કામમાં પુરાવો છે, પણ તેની સામે સ્પષ્ટ રીતે ફરીઆદ કરવામાં નહી આવ્યાથી ફરીઆદ માંડી વાળવામાં આવે છે. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારને છોડી મુકવામાં માજીસ્ત્રેટે ભુલ કરી હતી, અને તેણે તેના ઉપર તોહોમત રાખવું જોઈતું હતું. રાણી વિ૦ ઠાકુરરામ, ૨૫ વિ. રી. ૩૫.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રીલ સને ૧૮૭૬).

૩૪ માંડીવાળવું ફરીઆદનું–સમનનો મુકરદમો નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—જે કેસમાં પેહેલ વહેલો સમન કાઢવામાં આવે તેવો કેસ માંડીવાળવો તે તોહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની બરોબર છે, અને આવી રીતે છોડી મુકયા પછી તેના ઉપર તેજ કૃત્યના સબંધમાં જુદુ તોહોમત રાખી મુકરદમો આગળ ચલાવી શકાય નહી. ઇરફાન બાસ્વાસ વિ૦ જીનતબીબી. ૨૫ વિ. રી. ૬૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ માં જુન સને ૧૮૭૬.)

૩૫ માંડીવાળવું ફરીઆદનું–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૭—ચોરી—અરજદારે પોલીસની રૂબરૂ, તા૦ ૭ મી અકટોબર સને ૧૮૭૮ ને રોજ ચોરીની ફરીઆદ કરયાથી પોલીસે તજવીજ કરી અને તેનું પરીણામ પાછળથી એ થયું કે ગુન્હો સાબીત થતો નથી. તે દરમીયાન તા૦ ૧૫ મી અકટોબરે તે તોહોમત ફરીથી ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને કરેલી ફરીઆદમાં લખ્યાંથી તે માજીસ્ત્રેટે ફરીઆદી અને તેના શાહેદીઓને અમુક દીવશે હાજર થવાનો હુકમ કર્યો, પણ ફરીઆદી અગર તેના શાહેદીઓની જુબાનીઓ લીધા સીવાય પાછળથી કેસ સબ ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ મોકલ્યો. તે અમલદારે રીપોર્ટમાં તોહોમત ખોટું ઠરાવ્યાથી તા૦ ૨૬ મી અકટોબરનો જે પોલીસ તરફથી રીપોર્ટ આવ્યો હતો તે રીપોર્ટ ઉપર માજીસ્ત્રેટે નીચે મુજબ હુકમ લખ્યો "ખોટો છે એવું બતાવો." પીનલકોડની કલમ ૧૮૨, ૨૧૧ અને ૫૦૦ મુજબ અરજદાર સામે ફરીઆદ કરવાની મંજુરી તા૦ ૧૯ મી નવંબરે આપ્યાથી તે ફરીઆદનું પરીણામ તા૦ ૨૨ મી મે સને ૧૮૭૯ ને રોજ એવું આવ્યું કે અરજદાર ગુન્હેગાર ઠર્યો. સામસામે થયેલી ફરીઆદ ચાલતી હતી તે વખતે એટલે તા૦ ૨૨ મી એપ્રીલે અરજદારે કાયદા પ્રમાણે પોતાની ફરીઆદ ચલાવવાની માજીસ્ત્રેટને અરજી કરી પણ તેને ફકત ફરીઆદ માંડીવાળ્યાની ખબર મળી હતી. બીજે દીવશે માજીસ્ત્રેટે નીચે મુજબ હુકમ લખ્યો. "ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૭ મુજબ પોલીસ રીપોર્ટમાં લખેલા મારા ઠરાવ મુજબ માંડીવાળવામાં આવી." એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ કાયદા વિરૂદ્ધ માંડીવાળમાં આવી હતી, અને માજીસ્ત્રેટે કરેલો તા૦ ૨૩ મી એપ્રીલ સને ૧૮૭૯ નો હુકમ રદ કરવો જોઇએ. શેખ ઈરાદઅલી વિ૦ તુસીબનીસાબીબી, ૪ ક. લો. રી. ૫૩૪.

(મેસર્સ નોરીસ અને વાઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુન સને ૧૮૭૯.)

તુસીબનીસાબીબી વિ૦ શેક ઈરાદઅલીના કેસને લાગુ પડે છે. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૦.

૩૬ માંડીવાળવું ફરીઆદનું—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૦—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે–ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૦ મુજબ

ફરીઆદ માંડી વાળવાનો કરેલો હુકમ નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમની બરોબર ગણાય છે. જદુબર મુકરજીની બાબતમાં, ૫ ક. લો. રી. ૩૫૯.

(મેસર્સ વીલસન અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી અકટોબર સને ૧૮૭૯.)

૩૭ માંડીવાળવું ફરીઆદનું—સને ૧૮૭૭ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનો આકટ કલમ ૧૨૪—સને ૧૮૭૫ નો ૧૦ મો હાઈ કોર્ટનો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૭—નવા મુકરદમાઓ ચલાવવા તે-સને ૧૮૭૭ ના આકટ ૪ થાની કલમ ૧૨૪ મુજબ ફરીઆદ માંડી વાળવાનો કરેલો હુકમ નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમ તરીકે ગણાતો નથી. જોગેનદ્રોનાથબોસ. વિ. થોમ્પસન, ઈ. લો. રી. ૬ ક. ૫૨૩; ૮ ક. લો. રી. ૧૦૬.

(મેસર્સ મોરીસ અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૮૧.)

રાણી વિ. ચારચંદર મુલીકના કેસમાં નજર રાખવામાં આવી. ઈ. લો. રી. ૯ ક. ૩૫૭. જુઓ કમીટ કરવું તે ૪૦.

૩૮ માંડીવાળવું ફરીઆદનું—ફરીઆદ ફરીથી ચલાવવી તે-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૭—કોઈ માણસે પોલીસને ફરીઆદ કરી કે તોહોમતદાર પોતાની સ્ત્રીને ફોસલાવીને લેઈ ગયો (જે નોનકોગનીઝેબલ ગુન્હો હતો) અને ચોરી કરી (જે કોગનીઝેબલ ગુન્હો હતો.) પોલીસે પાછળના ગુન્હાનીજ ફક્ત તજવીજ કરી અને ગુન્હો થયો નથી એવું માલમ પડવાથી તે મુજબ માજીસ્ટ્રેટને રીપોર્ટ કરી વાળ્યો, જેણે રીપોર્ટ થયેલા ગુન્હાઓમાંથી તે ગુન્હો કાઢી નાંખવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે કેસની હકીકત જોતાં પેહેલા ગુન્હાના સબંધમાં ફરીઆદ માંડી વાળેલી ગણાતી નથી, અને તેથી કરીને તે ગુન્હાની ફરીઆદ સાંભળી કામ ચલાવવામાં કાંઈ બાધ આવતો નથી. મુંબઈ સરકાર. વિ. શીડાપા, ઈ. લો. રી ૫ મું. ૪૦૫.

(મેસર્સ પીન્હે અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી એપ્રીલ સને ૧૮૮૧.)

રાણી વિ. ગાઉડાપાબીનવેન્કુ ગાઉડાના કેસને લાગુ પડે છે. ઈ. લો. રી. ૨ મું. ૫૩૪. જુઓ છુટકો ૨૯.

૩૯ માંડીવાળવું ફરીઆદનું—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૫, ૩૬૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૧ મુજબ સાહેદીઓ ઉપર સમન કઢાવાને માટે ફરીઆદીએ ફી આપવી જોઈએ એવું જે કેસોમાં બતાવેલું છે તે પ્રમાણે ફી ના આવી હોય તો માજીસ્ટ્રેટ પોતાની રૂબરૂ રજુ થયેલા પુરાવા ઉપરથી ફેસલો આપવો જોઈએ, પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ મુજબ બાજમા રીતે ફરીઆદ માંડીવાળવાનો તેને અધીકાર નથી. કોરાપુલુ વિ૦ મોનાપા, ઈ. લો. રી. ૫ મ. ૧૬૦.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને કરનાન જડજોની રૂબરૂ, તા૦ ૪ થી માર્ચ સને ૧૮૮૨),

૪૦ માંડીવાળવું ફરીઆદનું—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૭ ફરીઆદી નહી થયેલી તે—"કોર્ટમાં હાજર હોય તે"—એક માજીસ્ટ્રેટની ફાઈલ ઉપરથી બીજા માજીસ્ટ્રેટ પાસે કેસ મોકલવામાં આવ્યાથી ઠરાવેલા દીવશે કેસ ચલાવવામાં આવ્યો હતો પણ ફરીઆદી નહી માલમ પડવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૭ મુજબ કેસ માંડીવાળવામાં આવ્યો હતો. એમ સાબીત થયું કે ફરીઆદી અને તેના સાહેદીઓ જો કે માજીસ્ટ્રેટની કોર્ટમાં હાજર નોહોતા પણ તે કોર્ટના મકાનની અંદર બેઠેલી બીજી કોર્ટમાં, કેસ ત્યાં મોકલવામાં આવ્યો છે

એવું ધારી, હાજર રહ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદી તેજ કોર્ટના મકાનમાં હાજર હોવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૭ ની મતલબ ગેરવાજબી રીતે લાગુ પાડવામાં આવી હતી. રેમનાથ બાલ અને બેહારીલાલ બાગડીની બાબત, ૧૩ ક. લો. રી. ૩૦૩.

(મેસર્સ પ્રીનસેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી અગષ્ટ ૧૮૮૩.

જુઓ ફરીઆદ ૭, ૮, ૧૪, ૨૯, ૩૧, ૩૬, ૩૭.
,, સમાધાન ગુન્હાઓનું ૪, ૯.
,, છુટકો.
,, જુઠુ તોહોમત ૪૬.
,, નરૂી ફરીઆદ.
,, વધા તજવીજ.
,, પોલીસ ૧૨.

૪૧ માંડીવાળવું ફરીઆદનું—પોલીસ અમલદાર જે તોહોમતદાર છે તેણે કરેલો રીપોર્ટ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૦, ૨૦૩, ૪૩૭—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૦૦ થી તે ૨૦૩ સુધી એકઠી વાંચવી જોઈએ; અને નિચે બતાવેલાં ત્રણ કારણો જેવાં કે (૧) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૦ મુજબ લખી લીધેલી ફરીઆદીની હકીકત ઉપરથી કાંઇ ગુન્હો બન્યો નથી એમ માજીસ્ટ્રેટને માલમ પડે તો, (૨) અને ફરીઆદીએ બતાવેલી હકીકત ઉપર તે વિશ્વાસ ના રાખતો હોય તો, (૩) અને તે હકીકત ઉપર તે ભરોંસો ના રાખે, પણ તે અણભરોંસો જોઈએ તેવો મજબુત નથી કે જેના ઉપર તે કલમ ૨૦૨ મુજબ વધારે તજવીજ કર્‍યા સીવાય ચાલી શકે, એ ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૩ મુજબ માજીસ્ટ્રેટ કોઈ ફરીઆદ માંડીવાળે તો તેણે માંડીવાળવાનાં કારણો બતાવવાં જોઇએ, કારણ કે આવી રીતે કારણો બતાવવામાં ના આવે તો ઉપર બતાવેલા માજીસ્ટ્રેટનો વિચાર બરોબર છે કે નહી એ ધ્યાનમાં લેવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ તપાસનો અધીકાર હાઇ કોર્ટ બજાવી શકે નહી. ફરીઆદીએ કરેલી ફરીઆદ સાચી છે કે નહી એ ખોળી કાઢવાને માટે જો કે તોહોમતદાર માજીસ્ટ્રેટના તાબાનો અમલદાર હોય તોપણ તેની પાસેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૨ મુજબ રીપોર્ટ માગવો જોઈએ નહી. તે ઉપરથી આ કેસમાં પોલીસ અમલદાર ઉપર ફરીઆદ થએલી તેમાં ફરીઆદીની જુબાની લખી લેઈ માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૨ મુજબ તે પોલીસ અમલદાર પાસેથી રીપોર્ટ મંગાવ્યો, અને તે રીપોર્ટ ઉપરથી ફરીઆદ કલમ ૨૦૩ મુજબ માંડીવાળી. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટ કાયદા વિરૂદ્ધ ચાલ્યો હતો અને તેથી તેણે કલમ ૨૦૩ મુજબ કરેલો હુકમ રદ કરવો જોઈએ, અને ફરીઆદ થઇ અને ફરીઆદીની જુબાની લખી લેવામાં આવી ત્યાંથી કેસ કાયદા પ્રમાણે ચલાવવો જોઈએ. બૈધ્યાનાથસીંઘ વિરૂદ્ધ મસપ્રટ, ૧૪ ક. લો. રી. ૧૪૧

(મેસર્સ મીતર અને ગ્રાંટ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી સપટંબર સને ૧૮૮૬).

૪૨ માંડીવાળવું ફરીઆદનું–ફરી નહી મુકરદમો ચલાવવો તે–સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૩, ૪૩૭—પીનલકોડની કલમ ૩૨૩ મુજબ સજા થઈ શકે તેવા ગુન્હાની ફરીઆદ પેહેલા વર્ગના માજીસ્ટ્રેટને થઈ હતી. ફરીઆદીએ બતાવેલી હકીકત માજીસ્ટ્રેટે ટુંકામાં લખી લીધી હતી પણ કોઈ શાહેદીને બોલાવવો છે એવું તેને પુછ્યું નોહોતું. "ફરીઆદીની અરજીની નકલ, તે બાબત ઉપર રીપોર્ટ કરવાને માટે પોલીસ ચોકીએ મોકલવી જોઇએ" એવો હુકમ કરવામાં આવ્યો હતો, અને રીપોર્ટ આવ્યા પછી માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૩ મુજબ ફરીઆદ માંડીવાળી. ફરીઆદ સાચી નોહોતી એવું માનવાને કારણ હતું અથવા તે સાચી હતી કે જુઠી હતી તે

ની તે જગાએ જઇ તજવીજ કરવાને માટે કોઇ પોલીસ અમલદારને હુકમ કરવામાં આવ્યો હતો, એવું માજીસ્ટ્રેટના મુળના હુકમમાં કોઇ રીતે સાબીત થતું નોહોતુ. ફરીઆદ માંડીવાળ્યા પછી ફરીઆદીએ પેહેલાની હકીકત ઉપરથી નવું તોહોમત રાખી તેજ માણુસ ઉપર પેહેલાંની કોર્ટમાં ફરીઆદ કરી, અને આ તોહોમત ઉપરથી તોહોમતદારોની રજુઆત ચલાવી તેમને ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૨ ના લખાણ મુજબ માજીસ્ટ્રેટ ચાલ્યો નોહોતો અને ફકત આવેલા રીપોર્ટ ઉપરથી તેણે કલમ ૨૦૩ મુજબ ફરીઆદ માંડીવાળવી જોઇતી નોહોતી વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદીની બીજી અરજી ઉપરથી વધારે તજવીજ કરવાનો હુકમ કરવામાં માજીસ્ટ્રેટ કોઇ પણ કાયદાથી ઉલટો ચાલ્યો નથી, અને જે હકીકત મુજબ પેહેલાની ફરીઆદ માંડીવાળવામાં આવી હતી તે હકીકત ધ્યાનમાં લેતાં વધારે તજવીજ કરવાના હુકમની જરૂર હતી. રાણી વિ૦ પુરાના વિગેરે, ઈ. લો. રી. ૯ અ. ૮૫.

(મી૦ બોધર્સ્ટ જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી નવંબર સને ૧૮૮૬.)

માનવું

જુઓ ચોરીની મીલકત ૨૫.

માફી—

૧ માફી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૯—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૯—સેસન કોર્ટ સાથે માજીસ્ટ્રેટથી તજવીજ કરી શકાય તેવા કેસોને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ લાગુ પડે છે. પ્રો. તા૦ ૧૦ મી નવંબર સને ૧૮૬૪; ૩ મ. હા. કો. રી. અપે. ૨.

૨ માફી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૯—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ મુજબ માજીસ્ટ્રેટે આપેલો અધીકાર સેસન કોર્ટમાં રજુઆતને માટે કેસ કમીટ કરવાના ઈરાદા સીવાય બીજી રીતે અમલમાં લાવી શકાય નહી. પ્રો. તા૦ ૨૬ મી જુલાઈ સને ૧૮૬૬, ૩ મ. હા. કો. રી. અપે. ૪.

૩ માફી—માફી આપવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૯—કોઇપણ માણુસને માજીસ્ટ્રેટ માફી આપી શકે છે. માફી આપેલો માણુસ બરોબર રીતે અથવા બીજી કોઈ રીતે ગુન્હામાં સામેલ છે એ હકીકત ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોર્ડની કલમ ૨૦૯ મુજબ સરકાર તરફના શાહેદી તરીકે તેને દાખલ કરવામાં બાધ આવતો નથી. રાણી વિ૦ ચંદીચરન બાનરજી. ૬ વિ. રી. ૯૪.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ડીસંબર સને ૧૮૬૬.)

૪ માફી—આપવી તે—સેસન જડજને, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૦ મુજબ માફી આપવાની રજુઆત ચાલ્યા પેહેલા માજીસ્ટ્રેટને ભલામણ કરવાનો અખતીયાર નથી. નીસ્તારીની ડેબીઆની બાબત, ૭ વિ. રી. ૭૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી મે સને ૧૮૬૭.)

૫ માફી—આપવી તે—માજીસ્ટ્રેટ—સને ૧૮૬૧નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૯—મુંબઈનો સને ૧૮૬૬ નો ૩ જો—જુગાર રમવો તે—ગુન્હામાં સામેલ છે એવું ધારવામાં આવેલા માણુસ જેને માજીસ્ટ્રેટે માફી આપી હતી તેની જુબાની ઉપર તદન આધાર રાખી પુલપાવર માજીસ્ટ્રેટે કેટલાક માણુસોને ગુન્હેગાર ઠરાવેલા તે કેસમાં સેસન જડજે હાઈ કોર્ટનો અભીપ્રાય લખી પુછવાથી એમ ઠરાવવામાં આવ્યું કે જે કેસ માજીસ્ટ્રેટ પોતે ચલાવે છે તે કેસમાં માફી આપવાનો માજીસ્ટ્રેટને અખતીયાર નથી પણ જે કેસની રજુઆત સેસન કોર્ટ પોતે ચલાવી શકે તેમજ કેસમાં ફક્ત ક્રીમીનલ

પ્રોસીજર કોડની કલમ ૨૦૯ મુજબ તે માફી આપી શકે છે. રાણી વિ. રેમી ડીઓસ, ૩ મું. હા. કો. રી. ૫૯.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન અને વેરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી મી જુન સને ૧૮૬૭).

રાણી વિ૦ અશગરઅલીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈં૦ લૉ૦ રી૦ ૨ અ. ૨૬૦. જુઓ સોબતી ગુન્હામાં ૩૦.

૬ માફી—આપવી તે—માજીસ્ટ્રેટની રૂબરૂ તપાસ—સરટીફીકેટ—પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૫, ૨૧૧, ૩૬૬—જે માણુસને કેટલીક સરતોથી માફી આપવામાં આવી છે તે માણસે સરતો પાળી નથી એવું સેસન જડજ ધારે તો તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૧ મુજબ આપેલો અધીકાર બજાવતી વખતે જે કેસમાં તેને જુબાની આપી છે તે કેસના કેદીઓ સાથે તેની રજુઆત ચલાવવી જોઈએ નહી. માજીસ્ટ્રેટની રૂબરૂ કેદીએ બતાવેલી હકીકત જો કે માજીસ્ટ્રેટની સહી વાળી હોય તોપણુ તેમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ માં બતાવેલું સરટીફીકેટ આવી જતું નથી તેમજ તે કોડની કલમ ૩૬૬ મુજબ તે કેદીની તપાસની સ્પષ્ટ જુબાની ગણાતી નથી; અને કેદીએ તે હકીકત માજીસ્ટ્રેટની રૂબરૂ કહી હતી એવું સાબીત કરવાનો બીજો પુરાવો ના મળી આવે તો તે હકીકત સેસન કોર્ટમાં પુરાવા તરીકે દાખલ કરી શકાય નહી. રાણી વિ. પીતંબર ધુબી, ૧૪ વિ. રી. ૧૦.

(મેસર્સ ફીઅર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨ જુલાઇ સને ૧૮૭૦.)

૭ માફી—આપવી તે—પુરાવો—સરતથી માફી આપવી તે—સને ૧૮૫૫ નો ૨ જો કલમ ૩૨—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૯ અને ૨૧૦—તોહોમતદારને સરતથી માફી આપવામાં આવી હતી અને તે કેદીએ કબુલ રાખી હતી. પછીથી તેણે માજીસ્ટ્રેટની રૂબરૂ પ્રતીજ્ઞા પુર્વક હકીકત બતાવી જે ઉપરથી પોતે અને બીજા બે માણુસો ગુન્હેગાર ઠર્યા. ત્રણ દીવસ પછી તેણે ખુશીથી સોગન ઉપર બીજી હકીકત બતાવી જે હકીકતથી પેહેલાની હકીકત ઉલટી હતી. તે ઉપરથી સરતે આપેલી માફી રદ કરી તેના ઉપર કામ ચલાવ્યું. એમ ઠરાવવામાં આવ્યું કે પેહેલાં બતાવેલી હકીકત સને ૧૮૫૫ ના આક્ટ ૨ જાની કલમ ૩૨ મુજબ કેદીના વિરૂદ્ધ પુરાવા દાખલ થઈ શકે તેવી હતી. રાણી વિ. અલીભાઈ મીઠા, ૮ મું. હા. કો. રી. ૧૦૩; રાણી વિ. મહમદવેલી, ૮ મું. હા. કો. રી. ૧૦૯; રાણી વિ. મહમદ અને અમનજી અને બીજો, ૮ મું. હા. કો. રી. ૧૧૦.

(મેસર્સ ગીબ્સ અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૭૧.)

રાણી વિ. રાધાનાથ ડોસાધની અપીલ ઉપર નજર રાખવામાં આવે છે, ૮ વિ. રી. ૫૩. જુઓ જ્યુરી ૩૫.

૮ માફી—આપવી તે—જે માણસને માજીસ્ટ્રેટે કેટલીક સરતોથી માફી આપી સરકાર તરફના શાહેદી તરીકે ગણી સેસન કોર્ટમાં મોકલવામાં આવ્યો હતો તે માણસ ઉપર એકદમ કામ ચલાવી તેને ગુન્હેગાર ઠરાવવામાં સેસન જડજ ગેરવ્યાજબી રીતે ચાલ્યો હતો એમ ઠરાવવામાં આવ્યું. તોહોમતદારનો બચાવમાં જવાબ લીધા પછી અને તેના શાહેદીઓ તપાસ્યા પછી નવી રજુઆતને માટે સેસન કોર્ટમાં કેસ મોકલવાનો માજીસ્ટ્રેટે હુકમ કરવો જોઈએ એવું સેસન જડજને લખવામાં આવ્યું હતું. રાણી વિરૂદ્ધ બીપ્રોદાસ વિગેરે, ૧૯ વિ૦ રી૦ ૪૩.

(મેસર્સ કેમ્પ અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી માર્ચ સને ૧૮૭૩).

૯ માફી—આપવી તે—કમીટ કરવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૯—બીજા માણસો સાથે ખુનનું તોહોમત રાખેલા પક્ષકારને કેટલીક સર

તેથી માફી આપેલી તે માણસે ડેપ્યુટી માજીસ્ટ્રેટની રૂબરૂ કહેલી હકીકત સેસન કોર્ટમાં પાછી ખેંચી લીધી. તે માણસને ડેપ્યુટી માજીસ્ટ્રેટ તરફ પાછો મોકલવાથી તે અમલદારે ખોટી પ્રતિજ્ઞાનું તોહોમત રાખી તેને રજુઆતને માટે કમીટ કર્યો. સેસન જડજને એમ લાગ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ મુજબ મુળના ખુનના તોહોમતને માટે કમીટ કરવાને ડેપ્યુટી માજીસ્ટ્રેટ બંધાએલો હતો પણ ખોટી પ્રતિજ્ઞાનું તોહોમત રાખી કમીટ કરવાને તે બંધાએલો નહી હોવાથી તેણે ભલામણ કરી કે કમીટ કરવાનો હુકમ રદ કરવો જોઈએ અને ખુનનું તોહોમત રાખી કમીટ કરવાનો હુકમ ડેપ્યુટી માજીસ્ટ્રેટને કર્યો હતો. કામના દફતરમાં ખોટી પ્રતિજ્ઞાની મજબુતીમાં પુરાવો માલમ પડી આવ્યાથી અને આવી જાતનું તોહોમત રાખવાનો અધીકાર લેઈ લેવાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ ની મતલબ નહી હોવાથી હાઇ કોર્ટે દરમીઆન થવાની ના પાડી. રાણી વિ૦ મુલીક જીચુ, ૨૩ વિ૦ રી૦ ૧૨.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી જાનેવારી સને ૧૮૭૫).

રાણી વિ૦ અનંતો ચકરબતીના કેસમાં નજર રાખવામાં આવે છે, ૧૪ બેં. લો. રી. ૨૯૫ ન. જુઓ સોગન ૩.

અવેસુતુના કેસમાં નજર રાખવામાં આવી, ૪ મ૦ હા૦ કો૦ રી૦ ૧૮૫. જુઓ જુઠો પુરાવો ૩૫.

૧૦ માફી—આપવી તે-સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૩૯—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૯--માફી પાછી ખેંચી લેવી તે—માફી મળેલા માણસે બતાવેલી હકીકત ઘણીજ અગત્યની બાબતોમાં પેહેલી બતાવેલી હકીકતથી ઉલટી હતી અથવા તેણે આપેલી જુબાનીથી વિરૂદ્ધ હતી એવું સાબીત થયા સીવાય અને તેની સત્યતાને અસર કરે તેવો કાંઈપણ પુરાવો મળી આવ્યા પેહેલાં, સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૪૯ મુજબ માફી આપેલા માણસની માફી સેસન જડજે પાછી ખેંચી લીધી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે માફી ગેરવાજબી રીતે પછી ખેંચી લેવામાં આવી હતી. રાણી વિરૂદ્ધ સ્રીનોપ, ૧૨ ક લો. રી. ૨૨૬.

(મેસર્સ વાઈટ અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી માર્ચ સને ૧૮૮૦).

૧૧ માફી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૯—કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ઠરાવ લખ્યા પછી આપેલી માફી પાછી ખેંચી લેવી તે—ગેરવ્યાજબી રીતે ઉત્પન્ન થએલી રજુઆત કર્યા પછી ગુન્હેગાર ઠરાવવું તે—રદ કરવાનો હાઈ કોર્ટનો અધીકાર—સેસન કોર્ટની રજુઆતમાં જડજે કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકયા પછી ખબર આપનાર માણસ જેને સેસન કોર્ટની રૂબરૂ જુબાની આપી હતી તેને મળેલી માફી પાછી લેઈ લેવાનો હુકમ કર્યો અને તે માણસને સેસન કમીટ કર્યો. તે માણસ ઉપર તોહોમત રાખી રજુઆત ચલાવી તેણે ગુન્હેગાર ઠરાવ્યો હતો. મી૦ મીતર જડજે એમ ઠરાવ્યું કે માફી પાછી ખેંચી લેઇ કમીટ કરવાનો હુકમ કરવો તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ થી ઉલટો છે, કારણ કે કલમમાં બતાવેલા "ઠરાવ કરતાં પેહેલાં" એ શબ્દોથી માફી પાછી ખેંચી લેવાનો અધીકાર સેસન જડજે ખરેખરી રીતે કીયા વખતની દરમીઆન બજાવવો જોઈએ એની હદ બાંધેલી છે; અને તેથી કરીને ખબર આપનાર ઉપર કાયદા વિરૂદ્ધ રજુઆત ચલાવી હતી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ મુજબ કમીટ કરવાનો અધીકાર સેસન કોર્ટથી ફકત ઠરાવ કરતાં પેહેલાં અમલમાં લાવી શકાય છે. મી૦ મેકલીન જડજનો મત—ઠરાવ કરતાં પેહેલાં હુકમ કરવો જોઈએ એની કાંઈ જરૂર નથી પણ ઠરાવ કરતાં પેહેલાં જડજને માલમ પડવું જોઈએ કે માફી આપ્યાની સરતો પાળ

વામાં આવી નથી; અને ચાલતા કેસમાં એવું ધારવું અશક્ય છે કારણ કે તોહોમતદારને કમીટ કરવાનો હુકમ ખરેખર રીતે જજમેન્ટમાં નિર્દોષ ઠરાવ્યા પછી લખવામાં આવ્યાથી હુકમ કરવાના કારણો છે કે નહી એ ઠરાવ લખતાં પેહેલાં જડજને માલમ પડયા નોહોતા. મી૦ મેકલીન જડજનો મત—ગેર વ્યાજબી રીતે ઉત્પન્ન થએલી રજુઆત ચલાવી કોઈ માણસને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તે, હાઈ કોર્ટ સ્થાનીક સરકારનો અભી પ્રાય માગ્યા સીવાય દંડ કરી શકે છે. રાણી વિરૂદ્ધ નોબીનચંદર બનીકયા, ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૫૬૦; ૧૦ ક. લો. રી. ૩૬૫.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨.)

૧૨ માફી—ખાસ સેસન કોર્ટથી ચલાવી શકાય નહી તેવા કેસોમાં માફી આપેલી તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ ૩૩૮ સાથે વાંચેલી કલમ ૩૩૭—ખાસ સેસન કોર્ટ ચલાવી શકે નહી તેવા ગુન્હાઓ—જે ગુન્હાને માટે તોહોમતદારને કમીટ કરવામાં આવ્યો હોય તે ગુન્હો "ખાસ સેસન કોર્ટ ચલાવી શકે તેવો" ના હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૩૮ મુજબ તોહોમતદારને સેસન જડજ માફી આપી શકે નહી. રાણી વિ. સાધીકાસલ, ઈ. લો. રી. ૧૦ ક. ૪૩૬.

(મેસર્સ પ્રીનસેપ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧ જુલાઈ સને ૧૮૮૪).

૧૩ માફી—આપવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૪૫૭—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૯૫, ૩૩૭, ૩૩૯—મંજુરી—કાયદા વિરૂદ્ધ માફી મળેલા તોહોમતદારની જુબાની—સને ૧૮૮૨ના આકટ ૧૦ માની કલમ ૩૩૭ માં બતાવેલી જાતના ગુન્હાઓ ના હોય તો પ્રથમ તજવીજ કરનાર માજીસ્ટ્રેટ તોહોમતદારને માફી આપી શકે નહી તેમજ શાહેદી તરીકે તપાસી શકે નહી. આવી રીતની તપાસમાં તોહોમતદારે કહેલી હકીકત પુરાવામાં દાખલ કરી શકાતી નથી. અને પાછળથી તે હકીકત પાછી ખેંચી લેવામાં આવે તો તેની વિરૂદ્ધ તે પુરાવામાં લેઈ શકાય નહી અથવા સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ખોટી પ્રતીજ્ઞાને માટે તેના ઉપર ફરીઆદી પણ કરી શકાય નહી. રાણી વિ. હનમંતા, ઈ. લો. રી. ૧ મું. ૬૧૦. (જુઓ એકઠી તપાસ ૨.) ના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો. કોઇ તોહોમતદારને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૩૭ મુજબ કાયદેસર માફી આપવામાં આવી હોય અને તેણે સોગન ઉપર આપેલી જુબાની પાછળના ઈનસાફી મુકરદમામાં પાછી ખેંચી લીધી હોય તો, એમાંના એક તોહોમતના દરેક ભાગની ખોટી પ્રતીજ્ઞાને માટે ફરીઆદ કરવાની મંજુરી મેળવવાની જરૂર છે. બાલાજી સીતારામની બાબત, ૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૩૪ (જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૩૫) ના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો. આવી જાતની મંજુરી ફરીઆદ માંડયા પેહેલાં ફકત આપી શકાય છે પણ ફરીઆદ માંડયા પછી આપી શકાતી નથી. રાણી વિ. દાલા જીવા, ઈ. લો. રી. ૧૦ મું. ૧૯૦.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી ડીસેંબર સને ૧૮૮૫.)

ઇશરીપ્રસાદ. વિ. શામલાલના કેસમાં નજર રાખવામાં આવે છે, ઈ. લો. રી. ૭ અ. ૮૭૧. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૮૦.

જુઓ શિક્ષા ૪, ૫.

,, જુબાની ૨.

,, જયુરી ૪૧, ૪૮.

મામલતદાર—

૧ મામલતદાર—કાયદા વિરૂદ્ધ હુકમ—મુંબઈનો સને ૧૮૬૪ નો ૫ મો—મા

મલતદારે જવા આવવાનું બારણું ઉઘાડું રાખવાનો હુકમ તોહોમતદાર ઉપર મુંબાઈના સને ૧૮૬૪ ના આકટ ૫ મુજબ કાઢેલો તે હુકમ નહી પાળવાને માટે તેને ગુન્હેગાર ઠરાવી સજા કરેલી તે રદ કરી કારણ કે તે આકટ મુજબ હુકમ કરવાનો મામલતદારને અધીકાર નોહોતો. રાણી વિ. ખંડોજી બીન ટનાજી, ૫ મું. હા. કો રી. ૨૧.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૬૮.)

૨ મામલતદાર-મુંબઈનો સને ૧૮૬૪ નો ૫ મો-કબજો-જવાનો માર્ગ—મામલતદારે વાડાનો રસ્તો ઉઘાડો રાખવાનો તોહોમતદાર ઉપર મુંબાઇના સને ૧૮૬૪ ના આકટ ૫ મુજબ હુકમ કાઢેલો તે ખરું જોતાં પક્ષકારો એક બીજા વિષે તકરાર કરવી નહી એવી જાતનો હુકમ ગણાય છે, અને તેટલા માટે તે મામલતદારની હકુમતમાં આવી જાય છે. રાણી વિ. ક્રીષ્ણુશેટ બીન નારાયણશેટ, ૫ મું. હા. કો. રી. ૪૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૬૮.)

જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૯, ૫૫.

માલીક—

માલીક—સરટીફીકેટ આપવું તે—સને ૧૮૫૯ ના આકટ ૧ લાની કલમો ૨૦૧ અને ૨૦૨ મુજબ નીમાયેલો સ્થાનીક માજીસ્ટ્રેટ ઈંગ્રેજી વાહાણના માલીકે આપેલું સરટીફીકેટ રદ કરી શકે છે અને તેટલા માટે તેના રીપોર્ટને સ્થાનીક સરકારની મંજુરી મેળવવાની જરૂર નથી. હર્ટ એક્ષપારટી, ૧ મ. હા. કો. રી. ૨૭૦.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને બીટલસન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી માર્ચ સને ૧૮૬૩.)

માલીક અને ચાકર—

૧ માલીક અને ચાકર—ચાકરના ફોજદારી કૃત્યને માટે માલીકની જવાબદારી—માલીકે પરવાનગી આપી હતી એવું સ્પષ્ટ રીતે સાબીત કર્યા સીવાય તે ચાકરે કરેલા ગેરબ્યાજબી કૃત્યને માટે ફોજદારી રીતે જવાબદાર ગણાતો નથી. સફરઅલીખાન વિ. ગોલામહેદરખાન વિગેરે, ૬ વિ. રી. ૬૦.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી અગષ્ટ સને ૧૮૬૬.)

૨ માલીક અને ચાકર—માલીકની કાયદા વિરૂદ્ધ ભુલ અથવા કૃત્ય—કોઈ માલીકને પોતાના ચાકરે કરેલાં કૃત્યોને માટે ફોજદારી રીતે જવાબદાર ઠરાવવાને તેણે કાયદા વિરૂદ્ધ ભુલ કરી હતી અથવા કાંઈ કૃત્ય કર્યું હતું કે જેથી ગુન્હામાં અથવા પેહેલાની ઉશ્કેરણી અથવા એકસંપમાં મદદ કરી ગણાય એવું સાબીત થવું જોઈએ કામમાં દાખલ થઈ શકે નહી તેવી જુબાની પુરાવાની મજબુતી તરીકે પણ લેઈ શકાય નહી. સરકારી વકીલ વિ૦ શામસુંદર, ૧ વા. દી. પ્રાં. ૩૧૦.

(મેસર્સ પીઅરસન અને ટરનર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી સપટંબર ૧૮૬૯.)

૩ માલીક અને ચાકર—ચાકરનું ફોજદારી કૃત્ય—માલીક જવાબદાર ગણાય નહી તે—સને ૧૮૭૫ નો ૧૨ મો પોર્ટ આકટ—કલકતાના બંદરમાં પડેલા વાહાણમાંથી વાહાણની સ્થીરતા રાખવાને માટે નાંખેલી વસ્તુ ખાલી કરવાને માટે જે કંટ્રાકટરના ચાકરો કામે લાગ્યા હતા તેમણે તે વસ્તુ બંદરની હદમાં નદીની અંદર નાખી દેઈ પોર્ટ આકટની કલમ ૨૨ મુજબ ગુન્હો કર્યો. કંટ્રાકટર ગુન્હો કરવામાં સામેલ હતો એવું સાબીત થયું નોહોતું. એમ ઠરાવવામાં આવ્યું કે કંટ્રાકટર સામેલ હતો એવો કામમાં પુરાવો નહી મળી આવવાથી તે ચાકરોના કૃત્યને માટે જવાબદાર થતો નથી. રાણી વિ૦ ચંદીચરન મુકરજી, ઈં. લો. રી. ૯ ક. ૮૪૯; ૧૨ ક. લો. રી. ૫૦૮.

(મેસર્સ મેકડોનલ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી માર્ચ સને ૧૮૮૩.)

જુઓ સાપ્રાધ વિશ્વાસઘાત ભાગીદારનો.
,, સાપ્રાધ વિશ્વાસઘાત ચાકરનો.
,, મુચરકો ૪૫.

મીઠું—

૧ મીઠું—સરકાર દાખલ કરી છોડી દેવું તે—સને ૧૮૬૪ ના આકટ ૭ ની કલમ ૧૮ મુજબ બતાવેલી જગાએથી અને રસ્તેથી મીઠું લેઇ જવામાં આવે તો તે બધું સરકાર દાખલ કરવું જોઈએ. આવી રીતનું જપ્ત કરેલું મીઠું પાછું આપવાનો અધીકાર કલમ ૩૯ મુજબ બોર્ડ ઓફ રેવન્યુને છે પણ માજીસ્ત્રેટને નથી. રાણી વિ૦ બોઇદોનાથ વિગેરે, ૭ વિ. રી. ૪૮.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૬૭.)

રાણી વિ૦ અકુટુલાહના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૬ બેં૦ લો૦ રી૦ ૩૦; ૧૫ વિ૦ રી૦ ૨૧. જુઓ મીઠું ૩.

૨ મીઠું—કબજો—મીઠું બનાવી શકાય તેવી મીઠાવાળી મટોડી કોઇ માણસના કબજામાંથી મીઠું બનાવવાના ઈરાદાથી લીધેલી માલમ પડે તો તે મીઠાના કાયદા પ્રમાણે ગુન્હો ગણાય છે. પ્રો, તા૦ ૧ લી જુલાઈ સને ૧૮૬૯; ૪ મ. હા. કો. રી. અપે. ૫૩.

૩ મીઠું—સરકાર દાખલ કરવું તે—સને ૧૮૬૧ નો ૭ મો—સને ૧૮૬૪ ના આકટ ૭ ની કલમ ૧૨ માં બતાવેલી હદની અંદર પાંચ શેર કરતાં વધારે મીઠું માલમ પડે તો કલમો ૧૩ અને ૧૫ માં બતાવ્યા પ્રમાણે કલમ ૧૬ મુજબ મના કરેલો માલ. ગણાવવો જોઈએ. મના કરેલા પ્રગણામાં રોવાનો મેળવ્યા સીવાય રાખેલું મીઠું સરકાર જપ્ત કરવાના કલમ ૨૯ મુજબ માજીસ્ત્રેટના અધીકારને કાંઈ અસર થતી નથી, કારણ કે મનાઈ કરેલા પ્રગણાઓમાં મીઠું વેચવાનો ઇરાદો અથવા પ્રયત્ન ગણાતો નથી. બંગાળા સરકાર વિરૂદ્ધ અકુટુલાહ વિગેરે, ૧૫ વિ. રી. ૨૧; ૬ બેં. લો. રી. ૩૮૧.

(મેસર્સ જેકશન અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧).

રાણી વિરૂદ્ધ બોઈદોનાથના કેસનો આધાર લેવામાં આવે છે, ૭ વિ. રી. ૪૮. જુઓ મીઠું ૧.

૪ મીઠું - કબજો--સને ૧૮૬૪ નો ૭ મો કલમો ૧૬,૨૧–રોવાનો (સરટીફીકેટ)–વેચવાની નોટીસ—**અ** નામનો માણસ સને ૧૮૬૪ ના આકટ ૭ ની કલમ ૧૬ મુજબ અને **બ** નામનો માણસ તે આકટની કલમ ૨૧ મુજબ ગુન્હેગાર ઠર્યો હતો; પેહેલાંનો માણસ તેના કબજામાં મીઠું હોવાથી અને પાછળનો માણસ તે મીઠું **અ** ને વેચવાથી ગુન્હેગાર ઠર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે કલમ ૧૬ મુજબ **અ** ને ગુન્હેગાર ઠરાવેલો તે કાયદા વિરૂદ્ધ હતું; તેના કબજામાં થોડુક મીઠું હતું જેને માટે **બ** એ રોવાનો લીધો હતો; અને **બ** ને ગુન્હેગાર ઠરાવવો વ્યાજબી હતો કારણ કે **અ** ને વેચેલા મીઠાનું સરટીફીકેટ તે રોવાનાની પાછળ આપવું રહી ગયું હતું. ભાગબટી અને હરીકીસ્ટોનંદી અરજદારો, ૧૮ વિ૦ રી૦ ૬૪.

(મેસર્સ કેમ્પ અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી નવંબર સને ૧૮૭૨).

૫ મીઠું—કબજો—સને ૧૮૬૪ નો ૭ મો—કોઇ માણસના કબજામાંથી મનાઈ કરેલું મીઠું માલમ પડી આવવાથી તેણે સને ૧૮૬૪ ના આકટ ૭ મુજબ ગુન્હેગાર ઠરાવેલો તે કેસમાં માલીકનો દંડ તેમજ માલીકના જે ગુમાસ્તાના કબજામાં મીઠું નીકળી આવ્યું તેનો પણ દંડ થઈ શકે છે, કારણ કે ગુમાસ્તાનો કબજો તે માલીકનો કબજો ગણાય છે. ગંગાધર શાહુ વિગેરે અરજદારો, ૨૨ વિ. રી. ૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૭૪).

રાણી વિરૂદ્ધ શોદર ઘેનારના કેસનો આધાર લેવામાં આવે છે, ૭ મું હા૦ કો૦ રી૦ ૩૯. જુઓ અફીણ ૪.

૬ મીઠું—કબજો—રેવાના—સને ૧૮૬૪ નો આક્ટ ૬ ઠો કલમ ૧૬—કોઈ માણસે રેવાના મુજબ કેટલુંક મીઠું કલકત્તેથી પોતાના ગોલામાં મોકલવાને માટે લીધેલું તેમાં થોડીક પાણીની મુસાફરીથી અને થોડીક જમીનની મુસાફરીથી લેઈ જવાનું હતું. તે માણસ થોડુક મીઠું પોતાના ગોલામાં લેઇ ગયો જેને માટે રેવાનો (સરટીફીકેટ) હતું અને બાકીનું મીઠું બે જુદા કોથળાઓમાં જમીનને રસ્તે લેઈ જતો હતો, એમ ઠરાવવામાં આવ્યું હતું કે સને ૧૮૬૪ ના આક્ટ ૭ ની કલમ ૧૬ મુજબ તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિ. ચંદીચરનદાસ, ૨૨ વિ. રી. ૭૧.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અગષ્ટ સને ૧૮૭૪).

૭ મીઠું—કબજો—સને ૧૮૬૪ નો ૭ મો કલમ ૧૬—કોઇ માણસના કબજામાંથી મનાઇ કરેલું મીઠું નીકળી આવ્યાથી તેને સને ૧૮૬૪ ના આક્ટ ૭ ની કલમ ૧૬ મુજબ ગુન્હેગાર ઠરાવેલો તે કેસમાં, જે જગાએ મીઠું મોકલવાનું હતું તે જગાએ કયારનું તે પહોંચી ગયું છે અને તે રસ્તામાં નહી હોવાથી કલમ ૧૮ લાગુ પડતી નથી એવું કારણ બતાવી સેસન જડજે ગુન્હો રદ કરવાની ભલામણ કરી. તે ઉપરથી હાઈ કોર્ટે ગુન્હો રદ કર્યો. રાણી વિ૦ ચંદરમોહન લુઘ, ૨૨ વિ. રી. ૮૨.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી સપટંબર સને ૧૮૭૪).

૮ મીઠું—કબજો—દંડ—સને ૧૮૬૪ નો ૭ મો કલમ ૧૬—કસ્ટમ ખાતાના અટકાવ કરનારા અમલદારોએ કરેલો શેરો મેં તપાસ્યો છે એવા સુપ્રીન્ટેન્ડેન્ટની સહીના શેરાનું કાંઈપણ સરટીફીકેટ ના હોય તોપણ સને ૧૮૬૪ ના આક્ટ ૭ ની વાખ્યામાં બતાવ્યા પ્રમાણે રેવાનો પુરેપુરો ગણાય છે. રેવાનામાં મીઠું બતાવવામાં ના આવ્યું હોય તોજ આક્ટ ૭ ની કલમ ૧૬ મુજબ દંડ કરવાનો અધીકાર છે. કીશોરીમોહન પરમાનીક વિગેરે અરજદારો, ૨૩ વિ. રી. ૬.

(મેસર્સ માર્કબાય અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી ડીસંબર સને ૧૮૭૪).

૯ મીઠું—મુખ્ય માણસ—એજન્ટ—મછવાવાળા માણસો—સને ૧૮૬૪ નો આક્ટ ૭ મો કલમ ૧૮—મનાઈ કરેલા મીઠાનો માલીક અને તેનો એજન્ટ જે બંને મીઠું વાહાણમાં બાહાર દેશાવર મોકલતા હતા તેઓને સને ૧૮૬૪ ના આક્ટ ૭ ની કલમ ૧૮ મુજબ માજીસ્ટ્રેટે સજા કરેલી તે આ કેસમાં હાઈ કોર્ટે બાહાલ રાખી, અને મીઠું નાંખી જે મછવો બાહાર દેશાવર ખાતે મોકલવામાં આવતો હતો તે મછવાના માણસો જ્યારે પકડાય ત્યારે તેમને સજા કરવાનો માજીસ્ટ્રેટને હુકમ આપવાની ના પાડી કારણ કે તેમના મછવાઓ પેહેલાંથી સરકાર જપ્ત થયેલા હતા. રાણી વિ૦ મોદન મોહનપાલ ચોધરી વિગેરે, ૨૩ વિ૦ રી૦ ૭.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ડીસંબર ૧૮૭૪.)

૧૦ મીઠું—મદ્રાસનો સને ૧૮૦૫ નો રેગ્યુલેશન ૧ લો કલમ ૧૮—મીઠાની પાણીવાળી નીચી જગામાંથી મીઠાવાળી મટોડી એકઠી કરવી અથવા મીઠું બનાવવાને માટે તે કબજ કરવી તે મદ્રાસના સને ૧૮૦૫ ના રેગ્યુલેશન ૧ ના અર્થ મુજબ ગુન્હો ગણાતો નથી. રાણી વિ૦ પયલાઆટચી, ઈ. લો. રી. ૧ મ. ૨૭૮.

(મેસર્સ ઈન્સ કામચલાઉ ચીફ જસ્ટીસ, કીનડરસ્લી, બસ્ટીડ અને ટારંટ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી સપટંબર ૧૮૭૭.)

૧૧ મીઠું—સને ૧૮૪૦ નો ૧૭ મો—દંડને બદલે કેદની સજા કરવી કાયદા વિરૂદ્ધ છે તે—સને ૧૮૪૦ ના આક્ટ ૧૭ મુજબ કરેલો દંડ નહી આપ્યાને બદલે કેદની સજા કરવી તે કાયદા વિરૂદ્ધ છે. રાણી વિ૦ અમીરતન, ઈ. લો. રી. ૪ મ. ૩૩૫.

(મેસર્સ ઇન્સ અને કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ડીસંબર સને ૧૮૮૧.)

૧૨ મીઠું—મીઠાવાળી મટોડીનો કબજો—સ્વભાવીક ખારવાળી અથવા ખાર ફુટી નીકળેલી મટોડી ના હોય પણ મીઠાવાળી મટોડી કોઇ માણસના કબજામાંથી માલમ પડી આવે તોપણ તે મદ્રાસના મીઠાના સુધારાના સને ૧૮૮૨ ના આક્ટ ૧ લાની કલમ ૨૬ મુજબ ગુન્હો ગણાતો નથી. રાણી વિ૦ પુનજી, ઈ. લો ૭ મ. ૧૬૩.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અકટોબર સને ૧૮૮૩.)

૧૩ મીઠું—મદ્રાસના મીઠાના કાયદાના સુધારાનો સને ૧૮૮૨ નો આક્ટ ૧ લો કલમ ૨૬ કલોઝ ૩ કલમ ૨૭ (ઇ)—પરહદમાંથી મીઠું આવેલું તે—મનાઇ કરેલુ મીઠું—મદ્રાસના મીઠાના કાયદાના સુધારાના સને ૧૮૮૨ ના આક્ટ ૧ લાની કલમ ૨૬ મુજબ કાયદામાં મંજુર કરેલા રસ્તા સીવાય બીજે રસ્તેથી મીઠું લાવવું તે અને મીઠાનો કાયદો તોડીને લાવેલું મીઠું રાખવું તે ગુન્હો ગણાય છે. જમીનને રસ્તે આવેલા મીઠા સંબંધી રીતસર નિયમો બનાવવાને ગવરનરને ઉપલા આક્ટની કલમ ૨૭ મુજબ અધીકાર છે. આવી રીતના નિયમો સને ૧૮૮૪ ની સાલમાં નહી થવાથી પ નામના માણસના કબજામાંથી બનાવટી અને પુડુકોટાના દેશી રાજ્યમાંથી લાવી દાખલ કરેલુ મીઠું નીકળી આવવાથી, તેને ગુન્હેગાર ઠરાવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે, ગુન્હેગાર ઠરાવવું કાયદેસર હતું. રાણી વિ૦ પોડીઆથાલ, ઈ. લો. રી. ૮ મ. ૩૪૨.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ જાનેવારી અને તા૦ ૨૬ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫)

જુઓ ફરીઆદ ૨૨.
,, દંડ નહી આપ્યા બદલ કેદ.
,, સ્વભાવીક ઉત્પન્ન થયેલું મીઠું.
,, ચોરી ૩૧, ૪૨.

મુખત્યાર—

જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૫૪.
,, કમીટ કરવું તે ૧૧.
,, જ્યુરી ૪૦.

મુખ્ય ગુન્હેગારો—

મુખ્ય ગુન્હેગારો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૪૯—કોઈ માણસને મારવામાં ઘણા માણસોમાંના દરેકે એવી રીતે ભાગ લીધો હોય કે જેથી તેના બધા પાંસળીઓ ભાગી જઇ તેનું મોત થયું હોય તેવા કેસમા એમ ઠરાવવામાં આવ્યું હતુ કે તેમાંનો દરેક માણસ મરનારનું ખુન કરવાને માટે ગુન્હેગાર છે. રાણી વિ. ગોરાચંદર દાસ વિગેરે, ૨૪ વિ. રી. ૫.

(મેસર્સ માર્કબાય અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી મે સને ૧૮૭૫.)

જુઓ ખુન ૪૭.

મુચરકો—

૧ મુચરકો--માનવામાં આવે તેવી ખબર—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ ના અર્થ મુજબ સબારડીનેટ માજીસ્ટ્રેટનો રીપોર્ટ એવી "માનવા લાયક ખબર" ગણા છે કે તેથી જો કે રીપોર્ટમાં મુચરકો લેવાનું બતાવવામાં આવ્યું હોય પણ હુકમ કાયમ રાખવાને અને તકરારો બંધ કરવાને માટે બીજો કોઈ ઇલાજ કરવો જોઈએ એવી સુચના આપી હોય તોપણ, સુલેહનો ભંગ નહી કરવાનો મુચરકો આપવાને માટે, રીપોર્ટમાં બતાવેલા માણસને માજીસ્ટ્રેટ સમન કાઢાડી મુચરકો આપવાને બોલાવી શકે છે. નેલીકલઅડથીલ ઇટીપંગી અચેન એ ક્ષપારટી, ૨ મ. હા. કો. રી. ૨૪૦.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને ફ્રેરી જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી નવંબર સને ૧૮૬૪.)

રાણી વિ૦ જીવનજી લીમજીના કેસમાં નજર રાખવામાં આવી, ૬ મું. હા. કો. રી. ૧ જુઓ મુચરકો ૨૧.

૨ મુચરકો—દંડ—માજીસ્ત્રેટે સજા ઓછી કરેલી તે—મુચરકાના ખતમાં લખેલો દંડ ઓછો કરવાનો અધીકાર માજીસ્ત્રેટને નથી. સરકાર થોડોક દંડ મુકી દે તે સીવાય આવી જાતની ખતમાં લખેલી પુરેપુરી રકમ વસુલ કરવી જોઈએ. નનામું, ૧ મું. હા કો. રી. ૧૩૮.

(મેસર્સ ફોરબસ અને કાઉચ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જાનેવારી સને ૧૮૬૪.)

૩ મુચરકો—હંગામાને માટે ગુન્હેગાર ઠરાવવું તે—સુલેહના ભંગને માટે માજીસ્ત્રેટ મુચરકો લેઈ શકે તેને માટે હંગામાના ગુન્હાનો અપરાધી ઠરાવવાની કાંઈ જરૂર નથી. રાણી વિરૂદ્ધ સીતારામ ઝરા વિગેરે, ૧ વિ૦ રી૦ ૪૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ડીસંબર સને ૧૮૬૪).

૪ મુચરકો—નિર્દોષ ઠરાવી છોડી મુકેલા માણસો—સેસન જડજે નિર્દોષ ઠરાવી છોડી મુકેલા માણસોનો મુચરકો લેવાની કાંઈ જરૂર નથી. રાણી વિ૦ આનંદચંદર ચકરબતી અને બીજો, ૩ વિ૦ રી૦ ૩૩.

(મેસર્સ લોચ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુન સને ૧૮૭૫).

ઈમામુદીન ભીનાના રેફરન્સમાં નજર રાખવામાં આવી, ૧૩ વિ. રી. ૭૩. જુઓ મુચરકો ૩૩.

૫ મુચરકો—માજીસ્ત્રેટે ગેરશિરસ્તાથી કરેલો હુકમ—અપીલ—અભીપ્રાય લખી પુછવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૦, ૨૯૫, ૨૯૬, ૪૦૯, ૪૨૯, ૪૩૪--ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૦ મુજબ સુલેહનો ભંગ નહી કરવાને મુચરકો લખી આપવાનો માજીસ્ત્રેટે કલમ ૪૦૯ મુજબ હુકમ કર્યો હોય તો તેના ઉપર સેસન કોર્ટમાં અપીલ થઈ શકે નહી. તોપણ આવી જાતના કેસમાં કલમ ૪૩૪ મુજબ સેસન કોર્ટ નીચેની કોર્ટનું દફતર મંગાવી તપાસી શકે છે, અને તે કોર્ટ એમ ધારે કે માજીસ્ત્રેટનો હુકમ કાયદા વિરૂદ્ધ છે તો કામના કાગળો હાઈ કોર્ટના હુકમ માટે મોકલી શકે છે. જે કેસોમાં માજીસ્ત્રેટના તાબાની કોર્ટે કાંઈપણ સજા અથવા હુકમ કર્યો ના હોય તેવા કેસોમાં તાબાના માજીસ્ત્રેટે ચલાવેલા મુકરદમાનું દફતર મંગાવી સેસન કોર્ટ કાયદેસર તપાસી શકે એવું ક્રીમીનલ પ્રોસીજર કોડમાં કોઇપણ જગાએ બતાવેલું નથી. તાબાના માજીસ્ત્રેટે ઘર પ્રવેશના ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવેલો તે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે અપીલમાં રદ કરી વળી એવો હુકમ કર્યો કે તાબાના માજીસ્ત્રેટે તોહોમતદાર પાસેથી એક વર્ષ સુધી તે ઘરમાં પેસે નહી અને સુલેહનો ભંગ કરે નહી એવો રૂપીઆ ૫૦ નો મુચરકો લખાવી લેવો જોઈએ. હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે મુચરકો લખાવી લેવાનો હુકમ, સામેના પક્ષકારના કહેવાથી અને તોહોમતદારની ગેરહાજરીમાં ગેરવ્યાજબી રીતે કરેલો હોવાથી રદ કરવો જોઈએ. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૦ અથવા બીજી કોઈ કલમ મુજબ અખતીયાર નહી હોવાથી હુકમ કરેલો પણ કાયદા વિરૂદ્ધ હતો. રાણી વિ. ભાસ્કર ખારકર, ૩ મું. હા. કો. રી. ૧.

(મેસર્સ સોસી ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી માર્ચ સને ૧૮૬૬.)

૬ મુચરકો—માનવા લાયક ખબર—સાબીત નહી થયેલું જુઠું કેદનું તોહોમત કાયદા પ્રમાણે માનવા લાયક ખબર ગણાતી નથી કે જે ઉપરથી સુલેહનો ભંગ નહી કરવાનો માજીસ્ત્રેટ મુચરકો લેઈ શકે. કેશબચંદર સંદયાલ વિગેરે, ૬ વિ. રી. ૧.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુન સને ૧૮૬૬.)

૭ મુચરકો—માનવા લાયક ખબર—જે માણસોને મુચરકો લખી આપવાને હુકમ કરવામાં આવ્યો છે તે માણસોથી સુલેહનો ભંગ થવાનો સંભવ હતો અથવા એવું કાંઈ કૃત્ય થવાનો સંભવ હતો કે જેથી સુલેહનો ભં

ગ થવાનો પ્રસંગ થાય એવી માનવા લાયક ખબર માજીસ્ટ્રેટને મળી હતી એવું સ્પષ્ટ રીતે તેના હુકમમાં માલમ પડવું જોઇએ. બીરેશરીપ્રસાદ અને બીજાની અરજી, ૬ વિ૦ રી૦ ૯૩.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ડીસેંબર સને ૧૮૬૬).

૮ મુચરકો—સાપ્રાધ પ્રવેશ—સાપ્રાધ પ્રવેશના ગુન્હાને માટે કરેલી સજા પુરી થયા પછી કદીએ સુલેહનો ભંગ નહી કરવાને માટે જાત મુચરકો લખી આપવો જોઈએ એવો માજીસ્ટ્રેટે કરેલો હુકમ જરૂરનો અને કાયદેસર ગણી બાહાલ રાખવામાં આવ્યો હતો. રાણી વિ. ગેનદુખાન, ૭ વિ. રી. ૧૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જાનેવારી સને ૧૮૬૭.)

રાણી વિ. રઘુબરના કેસમાં આધાર રાખવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૩૫૧; જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૧૯.

૯ મુચરકો—બીજો મુચરકો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૦ માં બતાવ્યા પ્રમાણે મુકરદમો ચલાવ્યા સીવાય પેહેલા મુચરકામાં બતાવેલા ખત ઉપર સુલેહ રાખવાને માટે માજીસ્ટ્રેટ પક્ષકારોને બાંધી શકે નહી. કાલીચરન સીંઘ. વિ. બંકરસીંઘ વિગેરે ૭ વિ. રી. ૨૬.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૬૭.)

૧૦ મુચરકો—માનવા લાયક ખબર—કોઇ ફરીઆદીએ બતાવેલું કે પ્રતીવાદી ગમે તે વખત પોતાના જાન માલ ઉપર પ્રયત્ન કરશે એવી આશા રાખવામાં આવે છે તે હકીકત માજીસ્ટ્રેટ માને તો તે, વિચાર કરેલા સુલેહના ભંગની માનવા લાયક ખબર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ ના અર્થ મુજબ ગણાય છે. સારી વર્તણુંકને માટે માજીસ્ટ્રેટ તોહોમતદારના જામીન લેવાને બદલે પૈસા અનામત મુકાવી શકે છે. રાણી વિ. ક્રીસ્ટે નદ્રોરોય, ૭ વિ. રી. ૩૦.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી ફેબ્રુઆરી સને ૧૮૬૭.)

૧૧ મુચરકો—માનવા લાયક ખબર—તોહોમત મુકનાર અને તોહોમતદારને સામસામી ઉભા રાખવા તે—સુલેહનો ભંગ—જોઈએ તેવો પુરાવો—પીનલકોડની કલમ ૨૮૨ મુજબના કેસમાં તોહોમતદાર અને તોહોમત મુકનારને રૂબરૂ ઉભા રાખવાની જરૂર છે એવું સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડમાં કોઈ જગ્યાએ બતાવેલું નથી; અને ફરીઆદીએ સોગન ઉપર કહેલો મજકુર માજીસ્ટ્રેટ તે કલમ મુજબ "માનવા લાયક ખબર" ધારે તો તેણે તોહોમતદારને જામીન આપવાને શા માટે બોલાવવો જોઈએ નહી, એનું કાંઈ કારણ જણાતું નથી કારણ કે આવી માનવા લાયક ખબર પુરતી છે કે નહી એ સાધારણ રીતે માજીસ્ટ્રેટને નિર્ણય કરવાનું છે. તારીનીકંતલાહોરી ચોધરી અરજદાર, ૮ વિ. રી. ૭૯)

(મેસર્સ ગ્લોવર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી નવંબર સને ૧૮૬૭.)

બેહારીપાટક વિ. મહમદ હાયટખાનના કેસથી આ કેસ રદ થઇ ગયો, ૪ બેં. લો. રી. ફુ. બેં. ૪૬. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની.

રાણી વિ. નસરૂદીનના કેસમાં નજર રાખવામાં આવી, ૨ વા. દી. પ્રાં. ૪૬૧; જુઓ મુચરકો ૩૫.

રાણી વિ. ગનોજી બીન પંદાજીના કેસમાં નજર રાખવામાં આવી, ૫ મું. હા. કો. રી. ૪૯. જુઓ જુઠો પુરાવો ૯૦.

૧૨ મુચરકો—શાહેદોઓને બાંધવા તે—તાબાનો માજીસ્ટ્રેટ પોતાની રૂબરૂ હાજર

થવાનો મુચરકો લેઈ શાહેદીઓને બાંધી શકે નહી. હાજર રાખવાનો યોગ્ય રસ્તો સમન કાઢવાનો છે અને તેથી હાજર ના થાય તો વારંટ કાઢવું જોઇએ. પ્રો. તા૦ ૧૮ મી માર્ચ ૧૮૬૮; ૪ મ. હા. કો રી. અપે. ૬.

૧૩ મુચરકો—માનવા લાયક ખબર—સુલેહનો ભંગ નહી કરવાનો સમન—સુલેહનો ભંગ નહી કરવાનું જામીન ખત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—કોઈ માણસ કાયદા વિરૂદ્ધ મંડળીના ગુન્હામાંથી નિર્દોષ ઠરી છુટી ગયો હોય તેની સામે કેસમાં મળી આવેલી હકીકત માનવા લાયક હોય તોજ સુલેહનો ભંગ નહી કરવાનું જામીનખત તેણે શા માટે લખી આપવું જોઈએ નહી તેનું કારણ બતાવવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ તેના ઉપર કાયદેસર સમન કાઢી શકાય છે. જ્યાં સુધી માજીસ્ત્રેટે નવો પુરાવો તોહોમતદાર અથવા તેના એજન્ટને પોતાની રૂબરૂ બોલાવી લીધો નથી ત્યાં સુધી અને એવી રીતે લીધેલા પુરાવા ઉપરથી સુલેહનો ભંગ સાચવવાની જરૂર છે અને તેથી કરીને જામીન ખત લખાવી લેવું જોઈએ એવું ઈનસાફની રાહે નિર્ણય કર્યા પેહેલાં, પ્રતીવાદીએ જામીનખત લખી આપવું જોઈએ એવો હુકમ માજીસ્ત્રેટ કરી શકે નહી. નરસીંધ નારાયણ કેદી, ૧૦ વિ. રી. ૧; ૨ બેં. લો. રી. ક્રી. અ. ૭ ન.

(મેસર્સ પીઅર ને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨ જુન સને ૧૮૬૮.)

દીવાન ઈલાહીન્યુઓઝખાન અને અફ્સાએનીસા. વિ. સબરૂનીસાના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૫ વિ. રી. ૧૪. જુઓ કબજે ૧૪.

અમરીથનાથ જહા વિ. અહમદરેઝાના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૬ વિ. રી. ૬૧. જુઓ કબજે ૨૧.

રાણી વિ. દલપતરામ પેમાભાઈના કેસમાં મંજુર રાખવામાં આવ્યો, ૫ મું. હા. કો. રી. ૧૦૫. જુઓ મુચરકો ૨૦.

રાણી વિ. જીવનજી લીમજીના કેસમાં મંજુર રાખવામાં આવ્યો. ૬ મું. હા. કો. રી. ૧. જુઓ મુચરકો ૨૧.

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યો:—

રાણી વિ. લાલબેહારીસીંઘ, ૧૧ વિ. રી. ૫૦. જુઓ મુચરકો ૨૬.

મધનમીસર વિ. ચમન તેલી, ૧૦ વિ. રી. ૪૬.

રાણી વિ. મસરૂદીન, ૨૧ વિ. રી. ૫ જુઓ કબુલાત ૫૮.

રાણી વિ. શંકર, ૨ વા. દી. પ્રાં. ૪૦૬. જુઓ જામીનગીરી સારી વર્તણુંકની ૮.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

કુલીક ફકીરનતું રેફરન્સ, ૧૧ વિ૦ રી૦ ૬. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૭.

એ. ડી. ડની વિરૂદ્ધ હેમચંદર ચોધરી, ૧૨ વિ. રી. ૬૦; ૪ બેં૦ લો૦ રી૦ ૫૦ બેં૦ ૪૬. જુઓ જામીનગરી સલાહશાંતી રાખવાની ૮.

૧૪ મુચરકો—જામીન શા માટે નહી આપવા જોઈએ એવો હુકમ કોઈ માણસ ઉપર કાઢેલો સંતાડી રાખવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૨, ૨૯૧—સુલેહનો ભંગ નહી કરવાના શા માટે જામીન આપવા જોઈએ નહી એનું કારણ બતાવવાને માટે કોઈ માણસ ઉપર માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ સમન કાઢવાનો હુકમ કર્યો હોય તો તે કલમ ૨૯૧ મુજબ રદ કરી શકે છે. મુસામત આનંદીકુંઅર વિ૦ રાણી સુનાતકુંઅર; સરકાર વિ૦ મુસામત આનંદીકુંઅર, ૧૦ વિ૦ રી૦ ૪૦.

(મેસર્સ જેક્શન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૬૮).

૧૫ મુચરકો—સુલેહનો ભંગ—પોલીસ અમલદારનો રીપોર્ટ—માનવા લાયક ખબર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ પોલીસ અમલદારનો રીપોર્ટ "માનવા લાયક ખબર" ગણાય છે. બીનદાબનશાહાનો કેસ, ૧૦ વિ. રી. ૪૧.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી સપટંબર સને ૧૮૬૮).

૧૬ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—કોઇ ફરીઆદીએ તાબાના માજીસ્ત્રેટની કોર્ટમાં હાજર રેહેવાનો મુચરકો પોલીસ ચોકીના અમલદારને કરી આપ્યો હોય અને તે મુજબ પોતે હાજર ના રહ્યો હોય તો મુચરકો બજાવી દંડ વસુલ કરવાને હુકમ કરવાનો માજીસ્ત્રેટને અખતીઆર નથી. પ્રો તા૦ ૩૧ મી અકટોબર સને ૧૮૬૪; ૪ મ. હા. કો. રી. અપે. ૧૮.

૧૭ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—તાબાના માજીસ્ત્રેટને પોતાના જેવી હકુમતવાળા માજીસ્ત્રેટની કોર્ટમાં અમુક દિવશે હાજર રેહેવાને માટે ફરીઆદી અને તેના શાહેદીઓનો મુચરકો લેવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ અધીકાર નથી, અને આવી રીતે લીધેલા મુચરકાઓ બજાવી દંડ વસુલ કરી શકાતો નથી. પ્રો. તા૦ ૩૧ મી અકટોબર સને ૧૮૬૮; ૪ મ. હા. કો. રી. અપે. ૧૭.

૧૮ મુચરકો—પોલીસ ઈનસ્પેકટરનો રીપોર્ટ અને જુબાની—સુલેહનો ભંગ—સુલેહનો ભંગ નહી કરવાને માટે કોઈ માણસના જામીન લેવાનો હુકમ કરવાને, પોલીસ ઈનસ્પેકટરનો રીપોર્ટ અને તેજ અમલદારે આપેલી જુબાની વ્યાજબી અને જોઇએ તેવો પુરાવો ગણાતો નથી. રાજેનદ્રો કીશોરરોમ ચોધરીની બાબત, ૧૦ વિ. રી. ૫૫.

(મેસર્સ ફીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી નવંબર સને ૧૮૬૮).

૧૯ મુચરકો—હકુમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૩—अ નામનો માણસ ट નામના પ્રગણામાં ब નામના માણસ ઉપર સુલેહનો ભંગ નહી કરવાનો મુચરકો લખી આપે છે. પછીથી अ, म નામના પ્રગણામાં ब ઉપર હુમલો કરવાને માટે ગુન્હેગાર ઠર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે अ એ પોતાનો મુચરકો પાળ્યો નથી. અને ट પ્રગણાનો માજીસ્ત્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૩ મુજબ તેની સામે કામ ચલાવી શકે છે. રાણી વિરૂદ્ધ શામસુંદર ચોધરી, ૨ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૧૧.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ડીસંબર સને ૧૮૬૮).

૨૦ મુચરકો—સુલેહનો ભંગ નહી કરવાના જામીન—કાયદેસર પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૨, ૨૮૯, ૩૦૭—કેટલાક માણસોનો મુચરકો લેવાનો અને સુલેહનો ભંગ નહી કરવાના જામીન લેવાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે હુકમ કરેલો ફેરવવામાં આવ્યો, કારણ કે આવી જાતનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૭ મુજબ કાયદેસર પુરાવો લેઈ લખી લીધા સીવાય કરેલો માલમ પડયો હતો. રાણી વિરૂદ્ધ દલપતરામ પેમાભાઈ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૦૫.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસંબર સને ૧૮૬૮).

નરસીંહ નારાયણના રેફરન્સને આ કેસ મળતો આવે છે, ૧૦ વિ૦ રી૦ ૧; ૨ બેં. લો. રી. ક્રી. અ. ૭ न. જુઓ મુચરકો ૧૩.

રાણી વિરૂદ્ધ જીવનજી લીમજીના કેસને આ કેસ મળતો આવ્યો, ૬ મું૦ હા૦ કો૦ રી૦ ૧. જુઓ મુચરકો ૨૧.

રાણી વિ૦ ઈરાપા બીન બસાપાના કેસમાં મંજુર રાખવામાં આવ્યો, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૧૬૨. જુઓ રીપોર્ટ સબ માજીસ્ત્રેટનો.

૨૧ મુચરકો—માનવા લાયક ખબર—તાબાના માજીસ્ટ્રેટનો રીપોર્ટ—કાયદેસર પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૨, ૨૮૮, ૩૦૭—કોઈ ખાનગી માણસે સોગન ઉપર પ્રતિજ્ઞાપૂર્વક કાંઈ હકીકત ના બતાવી હોય તો તે માનવા લાયક ખબર નથી કે જેના ઉપરથી માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ સમન કાઢી શકે. તાબાના માજીસ્ટ્રેટે પોતાની જાણમાં હોય એવી કેસની હકીકત વિષે રીપોર્ટ કર્યો હોય તો તે સમન કાઢી શકાય તેવી માનવા લાયક ખબર ગણાય છે પણ કલમ ૨૮૮ મુજબ છેવટનો ફેસલો આપવાને માટે પુરતુ કારણ ગણાતું નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૮ મુજબ છેવટનો ફેંસલો આપવાને માટે ઈનસાફની રાહે તજવીજ થવી જોઈએ અને કાયદેસર પુરાવો લેઈ અને તે લખી લીધા પછી હુકમ થવો જોઇએ. રાણી વિ૦ જીવનજી લીમજી, ૬ મું. હા. કો રી. ૧.

(મેસર્સ ટકર અને વેરાડન જડજોની કબરૂ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯).

નિચેના કેસો સાથે મળતો આવે છેઃ-

નરસીંગ નારાયણનું રેફરન્સ, ૧૦ વિ૦ રી૦ ૧; ૨ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૭ન. જુઓ મુચરકો ૧૩.

રાણી વિરૂદ્ધ દલપતરામ પેમાભાઇ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૦૫. જુઓ મુચરકો ૨૦.

નેલીકલ ઈડટથીલ ઈટીપંજી આચનના એક્ષપારટીના કેસમાં નજર રાખવામાં આવે છે. જુઓ મુચરકો ૧.

૨૨ મુચરકો—સને ૧૮૬૧ નો ૨૫ મે, ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—બીગાડ અને સાપ્રાધ પ્રવેશનું તોહોમત માંડીવાળવામાં આવ્યું હતું. તે ઉપરથી માજીત્રેટે બંને પક્ષકારોની હાજરીમાં, સુલેહ રાખવાનો શા માટે મુચરકો લખી આપવો જોઈએ નહી એનું કારણ બતાવવાને અમુક દિવશે હાજર થવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૩ મુજબ તેઓના ઉપર વળી સમન કાઢવાની કાંઈ જરૂર નોહોતી, રાણી વિ૦ ચોધરી, ૨ બેં૦ લો૦ રી૦ અપે. ૨૮.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯);

૨૩ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—ગુન્હાને માટે તોહોમત રાખવામાં આવેલો પ્રતીવાદી તા૦ ૧૦ મી જુને તાબાના માજીસ્ટ્રેટની કોર્ટમાં હાજર થવાને માટે બધાએલો હતો પણ તે દિવશે હાજર થઇ બીજે દિવશે એટલે તા૦ ૧૧ મી જુને ગેરહાજર રહેલો તે કેસમાં એમ ઠરાવ્યું કે મુચરકો બજાવી દંડ દાખલ ઠરાવેલી રકમ વસુલ કરી શકાતી નથી. દંડ વસુલ કરવાને માટે પ્રોસેસ કાઢતાં પેહેલાં જાણીબુજીને ગેરહાજર રહ્યો છે એ વિષે વ્યાજબી રીતે માજીસ્ટ્રેટે વિચારવું જોઈએ એવું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૯ માં બતાવેલું છે. પ્રો. તા૦ ૯ મી એપ્રીલ સને ૧૮૬૯; ૪ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૪૪.

રાણી વિરૂદ્ધ દેદાર સીરકારના કેસમાં નજર રાખવામાં આવી, ૨ ક ૩૮૪. જુઓ જામીનગીરી સારી વર્તણુંકની ૧૯.

૨૪ મુચરકો—હાજર થવાની નોટીસ—પ્રતીવાદી અને તેના જામીન પાસેથી કરાવી લીધેલા જામીનખતની સરત પ્રતીવાદીને જ્યારે બોલાવવામાં આવે ત્યારે હાજર થવું જોઈએ એવી હોય તો, એમ ઠરાવવામાં આવ્યું કે પ્રતીવાદીએ જે વખતે હાજર થવું જોઈએ તે વખતની રીતસર નોટીસ કાઢવી જોઈએ એવી માગણી કરવાનો તેનો અને તેના જામીનનો હક હતો. પ્રો. તા૦ ૧૩ મી એપ્રીલ સને ૧૮૬૯ ૪ મ. હા. કો. રી. અપે. ૪૫.

૨૫ મુચરકો—પોલીસની તજવીજ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૫૧—તજવીજને માટે જે કેસ પોલીસ તરફ મોકલવામાં આવે તે કેસમાં હ

જરૂર રહી જુબાની આપવાને માટે ક્રીમીનલ પ્રાસીજર કોડની કલમ ૧૫૧ મુજબ ફરીઆદી અને તેના શાહેદીઓનો મુચરકો લેવો જોઈએ. હાજર રહી તોહોમતનો જવાબ આપવાને માટે તોહોમતદાર પાસેથી લીધેલા મુચરકામાં બતાવવું જોઈએ કે કીયા અમુક દીવશે તેણે કોર્ટમાં હાજર થવું જોઇએ. રાણી વિ૦ પુરાનજોલાહ, ૧૧ વિ. રી. ૪૭.

(મેસસ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૩ જી મે સને ૧૮૬૯.)

૨૬ મુચરકો—સુલેહનો ભંગ—સુલેહ કાયમ રાખવાને માટે તોહોમતદાર પાસેથી ખત કરાવી લેવાની જરૂર છે એવી ખાત્રી કર્યા પછી જ્યાં સુધી માજીસ્ટ્રેટે નિર્ણય કર્યો નથી ત્યાં સુધી, જે પક્ષકારની વિરૂદ્ધ હુકમ કરવાનો છે તેની કબુલાત સીવાય, સુલેહ રાખવાનું તોહોમતદારે ખત કરી આપવું જોઈએ એવો હુકમ કરવાનો માજીસ્ટ્રેટને કાંઈ અખતીયાર નથી. રાણી વિ૦ લાલબેહારીસીંધ વિગેરે, ૧૧ વિ. રી. ૫૦.

(મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી મે સને ૧૮૬૯.)

નરસીંગ નારાયણના રેફરન્સ ઉપર આ કેસમાં આધાર રાખવામાં આવે છે, ૧૦ વિ. રી. ૧; ૨ બેં. લો. રી. ઑ. અ. ૭ ન. જુઓ મુચરકો ૧૩.

૨૭ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—મુચરકો બજાવી દંડ વસુલ કરતાં પેહેલાં, તોહોમતદારે જાતે સુલેહનો ભંગ કર્યો અથવા બીજા માણસો સાથે તે સામેલ રહ્યો એ સાબીત થવું જોઇએ. બંને બરોબરીઆ પક્ષકારો જેના ફાયદાને માટે સુલેહનો ભંગ કરવામાં આવ્યો હતો તે પક્ષકારોમાંના એક પક્ષકારનો તોહોમતદાર ચાકર હતો એ જ ફકત હકીકત જોઈએ તેવી ગણાતી નથી. રાણી વિ૦ કાલીભાયરબ સંદયાળ, ૧૧ વિ. રી. ૫૨.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી મે સને ૧૮૬૯.)

૨૮ મુચરકો—સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—સુલેહ રાખવાને શા માટે મુચરકો આપવો જોઇએ નહી એવું કારણ બતાવવાને માટે કોઈ માણસને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ બોલાવ્યા પછી, સુલેહનો ભંગ થવાનો સંભવ બને એવું કાંઇ કૃત્ય પ્રતીવાદીએ કર્યું છે કે નહી, એ વિષેનો પુરાવો લીધા સીવાય અથવા તજવીજ કર્યા સીવાય માજીસ્ટ્રેટે મુચરકો લખી આપવાનો પ્રતીવાદીને હુકમ કરવો જોઈએ નહી. રાણી વિ. ડીઓનંદનસીંધ ૧૨ વિ. રી. ૧૬.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જુન સને ૧૮૬૯.)

૨૯ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે-પુરાવો-મુચરકો બજાવી દંડ વસુલ કરવાનો હુકમ કરતાં પેહેલાં કાયદેસર તજવીજ અને ઈનસાફની રાહે નિયમસર રીતે રજુઆત ચલાવવી જોઈએ, અને લીધેલો પુરાવો તોહોમતદારની રૂબરૂ અથવા તેણે આવી બાબતમાં અખતીયાર આપેલા એજન્ટની રૂબરૂ લખી લેવો જોઈએ. કાલીકંતરોય ચોધરી અરજદાર, ૧૨ વિ. રી. ૫૪; ૩ બેં. લો. રી. અપે. ૧૫૫.

(મેસર્સ મીતર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી સપટંબર સને ૧૮૬૯.)

રાણી વિ. નોબીનચંદર દતના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૪ ક૦ લો૦ રી૦ ૨૪૩; ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૮૬૫. જુઓ મુચરકો ७૮.

૩૦ મુચરકો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૦૭-પીનલકોડની કલમ ૩૦૭ મુજબ સજા થઈ શકે તેવા ગુન્હાને માટે કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. તે કલમ મુજબ કરેલી સજાના વધારામાં સેસન જડજે એવો હુકમ કર્યો હતો કે ઠરાવેલી કેદની મુદત પુરી થયા પછી એક વર્ષ સુધી ફરીઆદી તરફ સુલેહ રાખવાને

માટે સો રૂપીઆનો કાયદેસર મુચરકો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૦ મુજબ આપવો જોઈએ, અને તે ના આપે તો તે[illegible]લી મુદતની આસાન કેદ ભોગવવી [illegible] ઉપર બતાવેલો મુચરકો નહી આપવાને માટે જેટલી કેદની મુદત ઠરાવી હતી તેટલી મુદત હાઈ કોર્ટે રદ કરી. સેલમની બાબત. ૬ મ૦ હા૦ કો૦ રી૦ ૨૫.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને ઈન્સ જડજોની રૂબરૂ, તા૦ ૨ ડીસંબર સને ૧૮૭૦.)

૩૧ મુચરકો—સુલેહનો ભંગ—હકુમત— જે માજીસ્ત્રેટને સુલેહના ભંગની ધાસ્તી લાગતી હતી તે માજીસ્ત્રેટે પક્ષકારોને મુચરકો લખી આપવાની ફરજ પાડેલી તેમાંથી તેને છુટા કર્યા. એમ ઠરાવવામાં આવ્યું હતું કે મીલકતની વ્યવસ્થા વિષે માજીસ્ત્રેટે વળી પક્ષકારોને હુકમ કરેલો તે તેના અધીકાર ઉપરાંત હતું. ચોધરી શીઓનંદન પ્રોસાદ વિરુદ્ધ ચોધરી નીલકંઠ પ્રોસાદ, ૧૩ વિ. રી. ૪૪.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી માર્ચ સને ૧૮૭૦).

૩૨ મુચરકો—માણસોને આપવાનો હુકમ કરેલો તે—કાયદા વિરુદ્ધ હુકમ-શા માટે મુચરકો લખી આપવો જોઈએ નહી તેનું કારણ બતાવવાને પેહેલાં સમન કાઢ્યા સીવાય કેટલાક માણસોમાંના દરેક જણ પાસેથી એક વર્ષ સુલેહ રાખવાની સરતે પાંચસો રૂપીઆનો મુચરકો લખાવી લેવાનો હુકમ કરેલો ગેરવાજબી હતો અને તેથી તે રદ કરવામાં આવે છે. રાણી વિ. મુનીરુબી, ૨ વા૦ દી૦ પ્રાં૦ ૧૮૯.

મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી મે સને ૧૮૭૦.

૩૩ મુચરકો—મહાવ્યથા—હકુમત— જે કેસમાં તોહોમતદારને બુદ્ધિપુર્વક મહાવ્યથાને માટે ગુન્હેગાર ઠરાવેલો હતો તે કેસમાં માજીસ્ત્રેટે તેને ગુન્હેગાર ઠરાવ્યો અને વળી સુલેહ રાખવાને માટે મુચરકો લખી આપવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર[2] કોડના પ્રકરણ ૧૮ મુજબ પાછળનો મુચરકા સંબંધી હુકમ કરવાનો માજીસ્ત્રેટને અધીકાર હોવાથી મહાવ્યથાના ગુન્હા ઉપર થયેલી અ[illegible] જરૂર કામમાં તે બાબતનો પુરતો પુરાવો હોય તોપણ મુચરકો લેવાનો હુકમ રદ કરી શકશે નહી. ઇમામુદીન ભીના અરજદાર, ૧૩ વિ રી. ૭૩.

(મેસર્સ હોબહાઉસ અને ગીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી મે સને ૧૮૭૦.)

રાણી વિ૦ આનંદચંદર ચકરબતીના કેસને લાગુ પડે છે, ૩ વિ. રી. ૩૩. જુઓ મુચરકો ૪.

અરઝનઉલાહના કેસમાં નજર રાખવામાં આવી, ૨૧ વિ૦ રી૦ ૨૨.

૩૪ મુચરકો—ઇનસાફની રાહે કરેલી તજવીજ—પુરાવાનો બોજો—સુલેહ રાખવાને શા માટે ખતો લખી આપવા જોઈએ નહી તેનું કારણ બતાવવાને કેટલાક માણસો ઉપર ચાલેલા મુકરદમાઓમાં આવી રીતે તારણ લેવાની જરૂર છે, એ બાબત વિષે માજીસ્ત્રેટની રૂબરૂ આપેલા પુરાવા ઉપરથી ઈનસાફની રાહે નિર્ણય કરવાની તેની ફરજ છે. અને આવા કેસોમાં જે પક્ષકાર ઘા ફરીઆદ ઉપરથી સમન કાઢવામા આવ્યા હોય તે પક્ષકાર ઉપર પુરાવાનો બોજો છે. રાણી વિ૦ નીરંજન સીંધ, ૨ વા. દી. પ્રાં. ૪૩૧.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી નવંબર સને ૧૮૭૦.)

તુરમહમદ વિ૦ નીલરતન બાગચી, ૧૮ વિ. રી. ૨. જુઓ મુચરકો ૪૪.

ડની વિ૦ હેમચંદર ચોધરી અને બીજો, ૧૨ વિ૦ રી૦ ૬૦; ૪ બેં૦ લો૦ રી૦ ૫૦ બેં૦ ૪૬. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની. ૮.

લતીફહુસેનનું રેફરન્સ, ૧૦ વિ૦ રી૦ ૧. જુઓ કબજો ૩૨.

રાણી વિ૦ નીઅઝઅલી, ૫ વા૦ દી૦ પ્રાં૦ ૮૦. જુઓ મુચરકો ૫૫.

રાણી વિ૦ નીરંજનસીંઘ વિગેરે, ૨ વા૦ દી૦ પ્રાં૦ ૪૩૧. જુઓ મુચરકો ૩૪.

૩૫ મુચરકો—ફરીઆદીએ ફકત કહેલી હકીકત—ઉલટસુલટ તપાસવાની તક નહી આપેલી તે—ફરીઆદીએ બતાવેલી હકીકત જેના ઉપરથી સમન કાઢવામાં આવ્યો હોય તેજ ફકત હકીકત ઉપરથી સુલેહ રાખવાનાં ખતો લખી આપવાનો કેટલાક માણસો ઉપર વધારે પુરાવો લીધા સીવાય અથવા ફરીઆદીની ઉલટસુલટ તપાસ કરવાની તક પક્ષકારોને આપ્યા સીવાય હુકમ કરવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ માજીસ્ટ્રેટને અખતીયાર નથી. રાણી વિ. નસરૂદીન, ૨ દી૦ વા૦ પ્રાં૦ ૪૬૧.

(ચીફ ટર્નબલ જડજની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસેમ્બર સને ૧૮૭૦.)

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છેઃ—

એ. ડી. ડની વિ૦ હેમચંદર ચોધરી, ૧૨ વિ૦ ૬૦; ૪ બેં૦ લો૦ રી૦ ૫૦ બેં૦ ૪૬. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૮.

રાણી વિ૦ શંકર, ૨ વા૦ દી૦ પ્રાં૦ ૪૦૬. જુઓ જામીનગીરી સારી ચાલચુકની ૮.

ગોરાચંદર ચકરવરતી વિ૦ કીશનમોહન સીંઘના કેસને લાગુ પડે છે. ૧૦ વિ૦ વિ૦ રી૦ ૪૬. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૬.

રાણી વિ૦ ઉતર નારાયણસીંઘના કેસને લાગુ પડે છે, ૮ વિ૦ રી૦ ૭૯.

૩૬ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—કોઈ સુલેહ રાખવાના ખતના શબ્દો મોઘમ હોય તો, જે માણુસે રાખેલા તોહોમત ઉપરથી મુળ ખત લખી લેવામાં આવ્યુ હોય તે માણુસ સામે હુમલો થયો હોય અગર ના થયો હોય તોપણ ગમે તે રીતે સુલેહનો ભંગ થવાથી મુચરકો બજાવી દંડ વસુલ કરી શકાય છે. જોનબક્ષનું રેફરન્સ, ૧૫ વિ૦ રી૦ ૧૪; ૬ બેં૦ લો૦ રી૦ અપે૦ ૬૬.

(મેસર્સ જેકશન અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૭૧.)

૩૭ મુચરકો—સુલેહનો ભંગ—બીજો મુચરકો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૧, ૨૯૦—ब નામના માણુસના કેહેવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૧ મુજબ अ નામના માણુસના જામીન લીધા હોય તો, તે માણુસે क નામના માણુસની સાથે નવી તકરાર કર્યાથી તેને બીજી વાર મુચરકો આપવાનો હુકમ ડેપ્યુટી માજીસ્ટ્રેટ કરી શકે નહી, પણ તે કોડની કલમ ૨૯૮ મુજબ તેણે કેસ સેસન કોર્ટના અભીપ્રાય માટે મોકલવો જોઇએ. કાલીનાથ બીસ્વાસનું રેફરન્સ, ૧૫ વિ૦ રી૦ ૧૮; ૬ બેં૦ લો૦ રી૦ અપે૦ ૧૧૬.

(મેસર્સ નોરમન ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧)

૩૮ મુચરકો—સમન—તેમાં શું લખવું જોઈએ તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૩ મુજબ શા માટે સુલેહ રાખવાનો મુચરકો આપવો જોઈએ નહી એનું કારણ બતાવવાને માટે કોઈ માણસ ઉપર સમન કાઢવામાં આવે તો તેની અંદર તે માણુસની વિરૂદ્ધ મળેલી ખબર દાખલ કરવી જોઈએ. સમન કરવામાં આવેલો પક્ષકાર હાજર થઇ કારણ બતાવે તો પુરાવો લેતી વખતે માજીસ્ટ્રેટે ફકત કજીઆનો સવાલ ધ્યાનમાં લેવો જોઈએ એટલુંજ નહી પણ સુલેહનો ભંગ થવાનો વખી સંભવ હતો કે નહી એ વિષેની ખાત્રી કરવી જોઈએ. કનજબેહારી ચોધરી વિ. એકનાથ ગુરેઈન, ૧૫ વિ. રી. ૪૩.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી માર્ચ સને ૧૮૭૧.)

૩૯ મુચરકો—જામીનગીરી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ

ફલમો ૨૮૦, ૨૮૨–કલમ ૨૮૧ મુજબ તારણુ આપવાનો અથવા કલમ ૨૮૦ મુજબ મુચરકો આપવાનો હુકમ મુળ કેસનો ફેંસલો આપતી વખતે કરવો જોઈએ. આવી રીતનો હુકમ તે વખતે કરવામાં ના આવે તો પાછળથી કલમ ૨૮૨ મુજબ મુકરદમો ચલાવવો જોઈએ અને પક્ષકારો ઉપર કારણ બતાવવાને સમન કાઢવા જોઈએ. ગોબીંદ સુબુદ્ધિ વિગેરે અરજદારો ૧૫ વિ૦ રી૦ ૫૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રીલ સને ૧૮૭૧.)

૪૦ મુચરકો—કારણ માગવાને કાઢેલો સમન—સમનમાં બતાવેલી બાબત—હુમલાને માટે ગુન્હેગાર ઠરાવી સજા કર્યા પછી સુલેહ રાખવાના જામીન આપવાનો તોહોમતદાર ઉપર હુકમ કરવાનો માજીસ્ત્રેટને અખતીયાર છે તોપણ એવી રીતે હુકમ કરવાનું તે ભુલી ગયો હોય તો, પક્ષકારોમાં સુલેહનો ભંગ થવાનો સંભવ છે એ વિષેની પ્રથમની રજુઆત ચલાવતાં ખબર મળી હોય તેના કરતાં વધારે માનવા લાયક ખબર પછીથી મળી હોય તો તે ઉપરથી તે મુકરદમો ફકત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૧ મુજબ ચલાવી શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૧ મુજબ કાઢેલો સમન કાયદેસર ઠરાવવાને માટે, જે ખબર ઉપરથી માજીસ્ત્રેટ એ મુજબ વર્ત્યો છે તે ખબરની મતલબ તેની અંદર લખવાની જરૂર છે. તારણ આપવાને બોલાવેલા દરેક માણસ ઉપર જુદો સમન કાઢવો જોઈએ અને દરેક પાસેથી જુદુ ખત કોડમાં બતાવેલા નમુના પ્રમાણે લખાવી લેવું જોઈએ, અને જે માણસ ઉપર હુકમ કાઢવામાં આવ્યો હોય તે માણસ હુકમ પ્રમાણે ના વર્તે તો કેટલી મુદત સુધી તેણે કેદ ભોગવવાની છે તે માજીસ્ત્રેટે હુકમમાં બતાવવું જોઈએ. રાણી વિ૦ પોવેલ. ૩ વા. દી. પ્રાં. ૯૬.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી એપ્રીલ સને ૧૮૭૧).

જુઓ કુનજોબેહારી ચોધરી વિ૦ દફનાથ ગુરેઈન, ૧૫ વિ૦ રી૦ ૪૩. જુઓ મુચરકો ૩૮.

૪૧ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—પ્રતીવાદીઓ ઉપર ચોરીનું તોહોમત રાખી અને તા૦ ૧ લી મેએ તેમને તાબાના માજીસ્ત્રેટની રૂબરૂ હાજર રાખી તે દિવશથી તે રજુઆત પુરી થાય ત્યાં સુધી તેમની પાસેથી મુચરકાઓ લખાવી લીધા હતા તા૦ ૨ જી મેને દિવશે કેસ ચલાવવામાં આવ્યાથી તેઓ હાજર નોહોતા પણ તેઓ તા૦ ૩ જી મેને દિવશે હાજર થયા હતા. તેઓને જે તકરાર બતાવવાની હતી તે તાબાના માજીસ્ત્રેટે સાંભળ્યા પછી મુચરકાઓ બજાવી પ્રતીવાદીઓ પાસેથી દંડ વસુલ કરવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે તપાસનારી કોર્ટ તરીકે દરમીઆન થવાને માટે હાઇ કોર્ટને કાંઈ કારણ માલમ પડતું નથી; અને આવી રીતે પ્રતીવાદીઓ પાસેથી ખત કરાવી લીધા તે કાંઈ કાયદા વિરૂદ્ધ નોહોતું; અને દંડ વસુલ કરતાં પેહેલાં નોટીસ આપવાની કાંઇપણ જરૂર નોહોતી. પ્રે. તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૭૧; ૬ મ. હા. કો. રી. અપે. ૩૮.

૪૨ મુચરકો—સુલેહનો ભંગ—હકુમત—ફરીઆદ—પુરાવો—સુલેહનો ભંગ કોઇ માણસથી થવાનો સંભવ છે એવી કાંઈપણ ફરીયાદ તેની સામે થયા સીવાય અને તે બાબતનો કાંઈપણ પુરાવો લીધા સીવાય તે માણસના સુલેહ રાખવાના જામીન લેવાનો કોઇ માજીસ્ત્રેટ હુકમ કરે તો તે તેના અખતીઆર ઉપરાંત ગણાય છે. બ્રોજેનદ્રો કુમારરાય ચોધરી વાલદ ડીચુબાબુ અરજદાર, ૧૭ વિ. રી. ૩૫.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી માર્ચ સને ૧૮૭૨).

૪૩ મુચરકો—એક માણસે સુલેહનો ભંગ કરેલો તે—બીજા માણસ પાસેથી મુચરકાઓ લીધેલા તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—બીજો માણસ સુલેહનો ભંગ કરે નહી તેને માટે કોઈ

એક માણુસ પાસેથી મુચરકો લખાવી લેવો તે સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ થી ઉલટું અને કાયદા વિરૂદ્ધ ગણાય છે. રામકુમાર બાનરજી વિ૦ રાજા ગોપાલસીંધ દેબ, ૧૭ વિ. રી. ૫૪.

(મેસર્સ કાઉચ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૭૨).

૮૪ મુચરકો—તપાસ—કેવી જાતની તપાસ—કરવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—પુરાવો—ઉલટસુલટ તપાસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ માં માજીસ્ત્રેટને જે જાતની તજવીજ કરવાનું બતાવેલું છે તે, તોહોમત રાખેલા પક્ષકારોની રૂબરૂ પુરાવો લેઈ અને શાહેદીઓની ઉલટસુલટ તપાસ કરવાને તેઓને તક આપી પુરેપુરી ઇનસાફની રાહે તજવીજ કરવાનું છે. નુરમહમદ વિ૦ નીલરતન બાગચી, ૧૮ વિ. રી. ૨.

(મેસર્સ એલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી મે સને ૧૮૭૨).

એ. ડી. ડની વિ૦ હેમચંદર ચોધરીના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૧૨ વિ૦ રી૦ ૬૦. જુઓ જામીનગીરી સલાહસાંતી રાખવાની ૮.

૮૫ મુચરકો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૮, ૩૧૮—ગળીના કારખાનાના માલીકનો લીધેલો મુચરકો—કલમ ૨૮૮ મુજબ પુરાવો—હુકમ (બંને કલમો મુજબ) કલમ ૧૩૮ મુજબ "ખરેખરો કબજો"—અર્થ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૮ મુજબ સુલેહ રાખવાને માટે કોઈ ગળીના કારખાનાના ઉપરીને મુચરકો આપવાની ફરજ પાડવામાં આવી હોય તો તે હુકમમાં વધારો કરીને તે કારખાનાના માલીકનો મુચરકો લેવાનું કંઇ કારણ નથી તેમજ તેવી રીતે મુચરકો લેવાનો માજીસ્ત્રેટને અખતીઆર પણ નથી. માજીસ્ત્રેટની રૂબરૂ બંને સામસામેના પક્ષકારોએ કેટલીક હકીકત પુરાવા તરીકે ગણી તે પુરતો પુરાવો છે એવું તેની નજરમાં આવે તો તે બાબત વિષે વધારે પુરાવો લીધા સીવાય તે ઉપરથી ઉપલી કલમ મુજબ તે મુકરદમો ચલાવી શકે. કામની હકીકત ઉપરથી માજીસ્ત્રેટને ખાત્રી થાય કે હુકમ કરવાની જરૂર છે તો કલમો ૩૧૮ અને ૨૮૮ મુજબ શા માટે હુકમ કરવો જોઈએ નહી તેનું કાંઈ કારણ માલમ પડતું નથી. જમીન ઉપર તંબુ ઠોકવો અથવા ફક્ત કાયીક કબજો એ ખરેખરો કબજો ગણાતો નથી પણ શેઠ તરફથી તેના ચાકરનો કબજો હોય અથવા જમીનદાર તરફથી તેના નજદીકના ભાડુઆત એટલે જે માણસો તેને ભાડુ આપે છે તેનો કબજો હોય તો તે ખરેખરો કબજો ગણાય છે, પણ આ કેસમાં બતાવેલો ઉપલા વર્ગના જમીનદારનો કબજો જેને ભાડુઆત ભાડુ આપતા નોહોતા તે ખરેખરો કબજો ગણાતો નથી, અથવા જે માણસનો ફક્ત ભોગવટો કરવાનો હક છે તે માણસનો કબજો એ પણ ખરેખરો કબજો ગણાતો નથી.

નિચેના કેસોને લાગુ પડે છે:—

હારવી વિ૦ બ્રાઇસ, ૪ વિ. રી. ૨૬. જુઓ કબજો ૧૩.

દીવાન ઈલાહી ન્યુઆઝખાન વિરૂદ્ધ સબરૂનીસા, ૫ વિ૦ રી૦ ૧૪. જુઓ કબજો ૧૪.

દુરગાચરનગીરી, ૯ વિ. રી. ૬૪. જુઓ દંડ ૬.

કીશોરી મોહનરોય અરજદારોના કેસમાં અર્થ કરી બતાવવામાં આવ્યો, ૧૯ વિ૦ રી૦ ૧૦. જુઓ કબજો ૭૪.

પ્રમથાભુસન દેબરોય વિરૂદ્ધ દુરગાચરન ભટ્ટાચારજીના કેસમાં આના ઉપર આધાર રાખવામાં આવ્યો, ઈ લો. રી. ૧૧ ક. ૪૧૩. જુઓ કબજો ૧૩૬.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

ચંદરમાધબ ઘોસ વિરૂદ્ધ જગતચંદરસેન, ૪ ક૦ લો૦ રી૦ ૪૮૩. જુઓ કબજો ૧૧૬.

શામાશંકર માઝુમદારની બાબત, ૯ બેં૦ લો૦ રી૦ અપે. ૫; ૧૮ વિ. રી. ૬૪. જુઓ કબજો ૯૩.

મુસામત ઝુહુરનની બાબત, ૬ વિ. રી. ૪. જુઓ કબજો ૧૭.

મુસામત આનંદીકુંઅર વિરૂદ્ધ રાણી સુનાઅતકુંઅર, ૯ વિ. રી. ૬૪. જુઓ કબજો ૩૧.

કાશી કીશોરરોય વિરૂદ્ધ તારીનીકંત લાહોરી, ૩ બેં૦ લો૦ રી૦ ૭૬. જુઓ કબજો ૪૫.

બેહાન પાટક વિરૂદ્ધ મહમદ હાયટખાન, ૪ બેં. લો. રી. ફુ. બેં. ૪૬. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૮.

શેખ મંગલો વિરૂદ્ધ દુરગાનારાયણ નાગ, ૨૫ વિ. રી. ૭૪. જુઓ કબજો ૧૦૨.

દામોદર બીધાધર વિ૦ સ્યામાનંદદી, ૮ ક. લો. રી. ૫૧૪; ઈ. લો. રી. ૭ ક. ૩૮૫. જુઓ કબજો ૧૧૫.

૪૬ મુચરકો—બીજો મુચરકો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૦—પેહેલાં લીધેલા મુચરકાનો વખત પુરો થઈ ગયા પેહેલાં બીજો મુચરકો લેવો તે સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૦ થી ઉલટો અને કાયદા વિરૂદ્ધ છે. રાણી વિ૦ કુમોડીનીકંથ બાનરજી ચોધરી, ૧૮ વિ. રી. ૪૪; ૯ બેં. લો. રી. અપે. ૩૦.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ સને ૧૮૭૨).

૪૭ મુચરકો—સલાહશાંતી રાખવાનું તારણ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૦—અમુક વખત સુધી સુલેહ રાખવાને માટે કોઈ માણસ પાસેથી ખત કરાવી લીધું હોય તેમ છતાં પણ તે વખત પુરો થતાં પેહેલાં તારણની રકમમાં વધારો કરવાનો માજીસ્ત્રેટને સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૦ મુજબ અખતીઆર છે. ગુરૂદાસરોય અરજદાર, ૧૮ વિ. રી. ૫૭.

(મેસર્સ એનસ્લી અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી અકટોબર સને ૧૮૭૨).

૪૮ મુચરકો—સમનમાં લખેલા શબ્દો પ્રમાણે ચાલવાને માજીસ્ત્રેટ બંધાએલો છે તે—તોહોમતદારે છ માસ સુધી સુલેહ રાખવાને માટે પોતે બસો રૂપીઆનો મુચરકો શા માટે લખી આપવો જોઇએ નહી તેનું કારણ બતાવવાને માટે સમન કાઢી તેને બોલાવવામાં આવ્યો હતો. માજીસ્ત્રેટની રૂબરૂ હાજર થયા પછી પાછળથી તેને ચાર હજાર રૂપીઆનો મુચરકો લખી આપવાનું અને મુદત વધારીને એક વર્ષ સુધી હજાર રૂપીઆના બે જામીનો આપવાનું કેહેવામાં આવ્યું હતું. સેસન જડજે હાઈ કોર્ટનો અભીપ્રાય લખી પુછવાથી તે કોર્ટે એમ ઠરાવ્યું કે કાયદા પ્રમાણે રકમમાં વધારો કરવાનો અથવા જામીનની જાતમાં ફેરફાર કરી ઠરાવેલી મુદતમાં વધારો કરવાનો માજીસ્ત્રેટને અખતીઆર નથી. પણ તે સમનમાં લખ્યા પ્રમાણે સઘળી બાબતોમાં ચાલવાને બંધાએલો હતો. રાણી વિ. ઈશરીપ્રસાદસીંધ, ૯ બેં૦ લો૦ રી૦ અપે. ૪૪; ૧૮ વિ૦ રી૦ ૬૧.

(મેસર્સ ગ્લોવર અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી નવંબર સને ૧૮૭૨).

ઈશરીપ્રસાદસીંધના કેસમાં આના ઉપર આધાર રાખવામાં આવ્યો, ૨૦ વિ. રી ૧૮. જુઓ મુચરકો ૫૬.

૪૯ મુચરકો-સલાહશાંતી રાખવાના જામીન—સમન—ઘણી જુજ રકમનો મુચરકો લેવાનું લખી અને જામીન વિષે બીલકુલ નહી લખી કારણ માગવાને કોઇ માણસ ઉપર સમન કાઢયા પછી માજીસ્ત્રેટ વ્યાજબી રીતે કારણ માગી શકે નહી અથવા જામીનની રકમમાં વધારો કરી શકે નહી. ઈરીશપ્રસાદ અરજદાર, ૧૮ વિ. રી. ૬૧; ૯ બેં૦ લો૦ રી૦ અપે. ૪૪.

(મેસર્સ ગ્લોવર અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી નવંબર સને ૧૮૭૨).

૫૦ મુચરકો—સુલેહનો ભંગ—કોઇ માણસ પાસેથી સુલેહનો ભંગ નહી કરવાનો મુચરકો લખાવી લીધો હોય અને તે કોઈ ચોરી જેવો ગુન્હો જેમાં સુલેહનો ભંગ ગણતો નથી અથવા સુલેહનો ભંગ થવાનો સંભવ પણુ બનતો નથી તેવા ગુન્હાને માટે અપરાધી થયો હોય તો તેની પાસેથી મુચરકાની રકમ વસુલ કરી શકાતી નથી. હરનચંદર રોય અરજદાર, ૧૮ વિ. રી. ૬૩.

(મેસર્સ કેમ્પ અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી નવંબર સને ૧૮૭૨).

૫૧ મુચરકો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૪, ૨૯૩—જામીન—સુલેહનો ભંગ—ખતની રકમ વસુલ કરવી તે—હાઈ કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૪ મુજબ ચાલેલા કેસમાં કેટલી રકમના જામીન લેવા જોઈએ, તે નકી કરતી વખતે માજીસ્ટ્રેટે પક્ષકારોની સ્થીતી અને કેસની હકીકત પુરેપુરી ધ્યાનમાં લેવી જોઈએ. દંડનો થોડોક ભાગ વસુલ કરવાનો હુકમ માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૩ મુજબ કરી શકે નહી. કેવી જાતની તકરાર છે તે ઉપર અને પક્ષકારોની સ્થીતી ઉપર બીલકુલ આધાર રાખ્યા સીવાય મુચરકાની રકમ ઠરાવવામાં આવેલી તેમાં હાઇ કોર્ટે એવું ઠરાવ્યું કે તેઓ દરમીયાન થઈ શકતા નથી પણ આવી બાબતમાં સરકારને અરજ કરી શકાય છે. નીલમાધબ ઘોસાલ વીગેરે અરજદારો; જદુનાથરાય વિગેરે અરજદારો, ૧૯ વિ. રી. ૧.

(મેસર્સ કેમ્પ અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૭૨.)

એ. ડી. ડની. વિ. હેમચંદર ચોધરીના કેસમાં નજર રાખવામાં આવેછે, ૧૨ વિ. રી ૬૦; ૪ બેં. લો. રી. ફુ. બેં. ૪૬. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૮.

જીહાનબક્ષ અરજદારના કેસમાં નજર રાખવામાં આવે છે, ૧૫ વિ. રી. ૮૭. જુઓ કેદી તરફના શાહેદીઓ ૨૦.

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યોઃ—

નકીહાઝીની બાબત, ૮ ક. બો. રી. ૭૨. જુઓ મુચરકો ૭૯.

રાણી વિ. નુરલહક, ઈં લો૦ રી૦ ૩ ક. ૭૫; ૨ ક. લો. રી. ૪૦૮. જુઓ મુચરકો ૭૬.

૫૨ મુચરકો—સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—જે પક્ષકારોથી સુલેહનો ભંગ થવાનો સંભવ નથી અથવા એવું કાંઇ કૃત્ય થવાનો સંભવ નથી કે જેથી સુલેહનો સંભવ થશે એમ જણાય છે એવું માજીસ્ટ્રેટે બતાવ્યું હોય તો, પક્ષકારો હંગામો અટકાવવાને ખરેખરી રીતે લડનાર માણસોની વચમાં પડયા નહી એજ ફકત કારણુ બતાવી સુલેહ રાખવાનો મુચરકો લખી આપવાને તેઓને બોલાવી શકાય નહી, કારણુ કે આવી બાબતની ભુલથી તેઓ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ ની મતલબમાં આવી જતા નથી. રાણી વિ. ઓમીરટોલાલ અને બસરૂદીન, ૧૯ વિ. રી. ૩૨.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩.)

૫૩ મુચરકો—સુલેહનો ભંગ—કાયદેસર કૃત્ય—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ માં બતાવેલા "કોઈ પણુ કૃત્ય કરવાથી સુલેહનો ભંગ થવાનો સંભવ જણાય" એ શબ્દોનો અર્થ ગેરવાજબી કૃત્ય એવો થાય છે પણુ કોઈ માણુસ કાયદેસર કરે તેવું કૃત્ય એવો થતો નથી, બીજા માણુસથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે તેથી કોઈ માણુસને પોતાની મીલકત ઉપર હક કરતો માજીસ્ટ્રેટે અટકાવવો જોઈએ એવી કાંઈ

તે કલમની મતલબ નથી. કાશીચંદરદાસ વિ. હરીકીશોરદાસ, ૧૯ વિ. રી. ૪૭; ૧૦ બેં. લો. રી. ૪૪૧.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને બ ર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી માર્ચ સ ને ૧૮૭૩.)

રાણી વિ. ચૈયતસીંઘના કેસમાં આધા ર રાખવામાં આવ્યો, ૨૨ વિ. રી. ૭૦. જુ ઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૧૪.

ચુન્નાનટેવારી વિ. સુકદાદખાનના કેસ માં નજર રાખવામાં આવી, ૨૩ વિ. રી. ૯. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવા ની ૧૫.

રાણી વિ. ચારૂ નાઈઆહના કેસમાં ન જર રાખવામાં આવી, ઈં. લો. રી. ૨ ક. ૩૫૪. જુઓ સાપ્રાધ પ્રવેસ ૧૪.

૫૪ મુચરકો—બજાવી દંડ વસુલ કર વો તે—સુલેહનો ભંગ—સઘળી ઇંગ્રેજી પ્રજા તરફ સુલેહ રાખવાને માટે કોઈ માણસનો મુચરકો લેવામાં આવ્યો હતો. કેટલાક વખત પછી બે રૈયતો જેમણે તેની જમીન ઉપર ચોરી કરી હતી તેઓને ગેરવ્યાજબી રીતે કે દમાં નાખી પૈસા કઢાવવાને માટે ગુન્હેગાર ઠરાવ્યો અને તે ગુન્હાને માટે તેનો દંડ ક રી મુચરકો બજાવી તેમાં બતાવેલી રકમ વ સુલ કરવામાં આવી એમ ઠરાવવામાં આ વ્યું કે તે બાબત ફકત આટલેથી માંડીવા ળવી જોઈતી હતી કારણ કે તે રૈયતો સામે નહી થવાથી કાંઈ સુલેહનો ભંગ થયો ગણા તો નથી. અને તેથી મુચરકાની રકમ વસુ લ કરી શકાતી નથી. ફ્રીરૂદીન હાઉલદાર અરજદાર. ૧૯ વિ. રી. ૪૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી માર્ચ સને ૧૮૭૩.)

૫૫ મુચરકો—પુરાવા ઉપરથી નિર્ણય કરવો તે—પોતાની રૂબરૂ રજુ થયેલો પુરા વો લેઈ ફેંસલો આપ્યા સીવાય કોઈ પણ માણસના સુલેહ રાખવાને માટે જામીન લેઈ શકાય નહી. રાણી વિ. નીઅઝઅલી, ૫ વા. દી. પ્રાં. ૯૦.

(મીo પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૩૧ મી માર્ચ સને ૧૮૭૩.)

૫૬ મુચરકો—સુલેહનો ભંગ—શાહેદી ઓ—નોટીસ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રી મીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧—સુલેહ રાખવાના શા માટે જામીન આપવા જોઇએ નહી એનું કારણ બતાવવાને માનવા લાયક ખબર ઉપરથી માજીસ્ટ્રેટ કોઈ પણ માણસ ઉપર સમન કાઢી શકે છે તોપણ તોહોમત દારે પોતાની રૂબરૂ રજુ કરેલા પુરાવા ઉપર થી પોતે જ્યાં સુધી ફેંસલો આપ્યો નથી ત્યાં સુધી સુલેહ રાખવાના જામીન આવા માણસ પાસેથી લેઈ શકે નહી. હાજર થઈ પુરાવો રજુ કરવાને પુરતો વખત મળે તેવી રીતે તોહોમતદારને નોટીસ આપવી જોઈએ. રાણી વિ. ઇસરીપ્રસાદસીંઘ ૨૦ વિ. રી ૧૮.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુન સને ૧૮૭૩.)

ઇશરીપ્રસાદ અરજદારના કેસ ઉપર આ ધાર રાખવામાં આવે છે, ૧૮ વિ. રી. ૬૧; ૯ બેં. લો. રી. અપે. ૪૪. જુઓ મુચરકો ૪૯.

રાણી વિ૦ ચૈયતસીંઘના કેસમાં આધા ર રાખવામાં આવ્યો, ૨૨ વિ. રી. ૭૦. જુ ઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૧૪.

૫૭ મુચરકો—સાપ્રાધ પ્રવેશ—સુલેહ નો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૪૭, ૪૮૯—પીનલ કોડની કલમ ૪૪૭ મુજબ સાપ્રાધ પ્રવેશને મા ટે ગુન્હેગાર ઠરાવી જોઈંટ માજીસ્ટ્રેટે કેદની સ જાના હુકમની અંદર તોહોમતદારે સુલેહ રા ખવાનો મુચરકો આપવો એવું વધાર્યું. સેસન જડજે ભલામણ કરી કે કલમ ૪૮૯ માં મુ ચરકો લેવાના બતાવેલા ગુન્હાઓમાં સાપ્રાધ પ્રવેશનો ગુન્હો નહી આવી જવાથી મુચરકા વિષેનો હુકમ રદ કરવો જોઈએ. તોહોમતદા રની વર્તણુક ઉપરથી સુલેહના ભંગનો ઈરાદો સ્પષ્ટ રીતે માલમ પડી આવવાથી જોઈન્ટ માજીસ્ટ્રેટે કરેલો હુકમ કોઇપણ રીતે કાયદા

વિરૂદ્ધ નથી એવું ઠરાવી હાઇ કોર્ટે આ ભલામણ મુજબ ચાલવાની ના પાડી. રાણી વિ૦ બાપુ વિગેરે, ૨૦ વિ. રી. ૩૭.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુન સને ૧૮૭૩.)

રાણી વિ૦ રઘુબરના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૨ અ. ૩૫૧. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૧૯.

૫૮ મુચરકો—સુલેહનો ભંગ—નોટીસ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧—જે માણસની વિરૂદ્ધ હુકમ કરવાનો છે તે માણસથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું માજીસ્ટ્રેટે પોતાની રૂબરૂ રજુ થયેલા કાયદેસર પુરાવા ઉપરથી ઠરાવી, ફરીયાદ થયેલી અમુક વર્તણુકથી જે માણસને અસર થવાની છે તે માણસને ખબર આપવી જોઈએ તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ વ્યાજબી રીતે હુકમ કરવાને માટે અગત્યનું છે. કોઇ પણ કામમાં આવી રીતે નોટીસ આપવામાં આવી હોય અને જે ફરીઆદ ઉપરથી આવી રીતની નોટીસ આપવામાં આવેલી તે ફરીઆદનું કારણ પાયા વગરનુ માજીસ્ટ્રેટને માલમ પડે તો, એમ ઠરાવવામાં આવ્યું હતું કે, તદન બીજુ કારણ જેના ઉપરથી તોહોમતદાર સુલેહનો ભંગ કરે એવો સંભવ જણાય તો પણ તેના વિષે નિર્ણય કરવાને માજીસ્ટ્રેટે મુકરદમો ચલાવવો જોઇએ નહી. રામકીશોર આચારજી ચોધરી વિ૦ અરીપખાન, ૨૧ વિ. રી. ૬.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૭૩.)

૫૯ મુચરકો—સુલેહનો ભંગ—પોલીસનો રીપોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૯૧, ૫૩૦—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ સુલેહના ભંગની ધાસ્તી લાગે તેવા કેસમાં બંદોબસ્ત કરવાને માટે તે કોડની કલમ ૫૩૦ મુજબ પોલીસ રીપોર્ટ એ જોઇએ તેવી ખબર ગણાય છે. રાણી વિ૦ રામચંદર રોય, ૨૧ વિ. રી. ૨૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૭૪.)

૬૦ મુચરકો—સુલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૮૯—હંગામો અથવા બીજા કોઈ ગુન્હાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા સીવાય સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ માની કલમ ૪૮૯ મુજબ સુલેહ રાખવાને માટે જાત મચરકો લેવાનો હુકમ થઈ શકે નહી. શાહોબર્ડો વિ૦ કુરન અને બીજો, ૨૧ વિ. રી. ૩૭.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જાનેવારી સને ૧૮૭૪.)

૬૧ મુચરકો—સુલેહનો ભંગ—તારણુ—પદ્ધતિ—જે કેસમાં તોહોમતદાર ઉપર કાયદા વિરૂદ્ધ મંડળી અને પ્રવેશ એ બંને તોહોમત રાખેલાં હતાં તે કેસમાં તેને નિર્દોષ ઠરાવી માજીસ્ટ્રેટે છોડી મુકયો, પણ આખરે તેણે તોહોમતદારની રૂબરૂ મુળના કેસમાં પોતાની રૂબરૂ જે પુરાવો લેવાયો હતો તેના ઉપર ભરોસો રાખીને, અને વધારે પુરાવો લેવાનું ના પાડીને પક્ષકારોને જામીન આપી ખતો કરી આપવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે મુકરદમાઓ ગેરશિરસ્તે ચલાવવામાં આવ્યા હતા. તે ઉપરથી હુકમ રદ કરવામાં આવ્યો હતો. ડીલુસીંઘ વિગેરે, ૨૨ વિ. રી. ૯.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી એપ્રીલ સને ૧૮૭૪.)

૬૨ મુચરકો—સાપ્રાધ પ્રવેશ—સુલેહનો ભંગ—શાહેદીઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૨—સાપ્રાધ પ્રવેશ અને હુમલાની ફરીઆદ થવાથી માજીસ્ટ્રેટે કામના દફતરમાં એવું લખ્યું કે શાહેદીઓને સવાલો પુછયાથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું માલમ પડવાથી ફરીઆદી અને તેના બે શાહેદીઓ અને તોહોમ

તદારની જુબાની લેઈ તે ઉપરથી એવો હુકમ કરવામાં આવે છે કે પક્ષકારોએ સુલેહ રાખવાનો મુચરકો લખી આપવો જોઈએ. એમ ઠરાવવામાં આવ્યું કે મુચરકો શા માટે આપવો જોઈએ નહી એનું કારણ બતાવવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૨ મુજબ ફરીઆદીને તક આપવામાં આવી નોહોતી. રાણી વિ૦ શંકર મહમદ, ૨૨ વિ. રી. ૬૮.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રુબરૂ, તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૭૪.)

૬૩ મુચરકો—તારણ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૫, ૩૯૬, ૩૯૭—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૩૯૬ અને ૩૯૭ માં આપેલો અધીકાર ફકત તોહોમતદારને હાજર રાખવાને માટે તારણ સાથે મુચરકો લેવાને લાગુ પડે છે એટલુજ નહી પણ પોલીસ અમલદારે લીધેલા મુચરકાને પણ લાગુ પડે છે. ક્રીસ્ટોપ્રોસાદ મંડળ અરજદાર, ૨૨ વિ. રી. ૭૪.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રુબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૭૪.)

૬૪ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૨—મુચરકો તોડવામાં આવ્યો છે એવી સ્પષ્ટ સાબીતી એટલે સોગન ઉપર પુરાવો મળ્યા સીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૩ મુજબ કોઈ માણસ પાસેથી મુચરકો લખાવી લીધો હોય તે માણસને, દંડ આપવાને અથવા દંડ શા માટે નહી આપવો જોઇએ તેનું કારણ બતાવવાને, બોલાવવાનો માજીસ્ત્રેટને અધીકાર નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૨. હરીરામ બીરજીન, ૧૧ મું. હા. કો. રી. ૧૭૦.

મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રુબરૂ, તા૦ ૧૨ મી સપટંબર સને ૧૮૭૪.)

૬૫ મુચરકો—સુલેહનો ભંગ—પુરાવો—ઈનસાફની રાહે બીજી રીતે માહીતી મળી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧—સુલેહનો ભંગ થાય એવાં કૃત્યો કરવાને માટે તોહોમતદાર વીચાર કરતો હતો એવું પુરતી રીતે સાબીત થાય તેવો પુરાવો માજીસ્ત્રેટે પોતાની રુબરૂ લીધેલો તે પુરાવા ઉપરથી કામ ચલાવવાને બદલે માજીસ્ત્રેટ બીજી રીતે પોતાને માહીતી મળેલા પુરાવા મુજબ ચાલેલો તેમાં હાઈ કોર્ટે તોહોમતદારનો મુચરકો લેવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ રદ કર્યો. રાજા રણબાહાદુરસીંઘ અને બીજો વિ૦ રાણી તીલસરીકુંઅર, ૨૨ વિ. રી. ૭૯૦.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રુબરૂ, તા૦ ૧૨ મી સપટંબર સને ૧૮૭૪.)

૬૬ મુચરકો—તારણ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૩—આ કેસમાં મુચરકો લેવાની રકમ હાઈ કોર્ટે ઓછી કરી નાંખી કારણ કે તે તોહોમતદારની સ્થીતી ઉપર વિચાર નહી કરતાં વધારે ઠરાવી હતી, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૩ માં બતાવેલું છે કે માજીસ્ત્રેટે જામીન આપનાર પક્ષકારની સ્થીતી ઉપર વિચાર કરવો જોઈએ. બાબુ ફતેહબાહાદુર વિ. ગીબન, ૨૨ વિ. રી. ૭૪.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રુબરૂ, તા૦ ૨૭ મી અગષ્ટ સને ૧૮૭૪.)

૬૭ મુચરકો—સુલેહનો ભંગ—પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧—કોઇ તોહોમતદારની વર્તણુંક ઉપરથી વ્યાજબી રીતે એવું અનુમાન થાય કે સુલેહનો ભંગ થવાનો સંભવ બનશે તો તે ફકત અમુક વર્તણુકનોજ પુરાવો ગણાય છે અને તે ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ માજીસ્ત્રેટ વ્યાજબી રીતે ચુકાદો કરી શકે છે. રાજા રણબાહાદુરસીંઘ વિગેરે વિ. રાણી બીલસરી કુઅર, ૨ વિ. રી. ૭૯.

(મેસર્સ મોરીસ અને ફીઅર જડજોની રુબરૂ, ૧૨ મી સપટંબર સને ૧૮૭૪.)

હરીમોહન મુલીક વિ. કાલીનાથરોય ના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૨૫ વિ૦ રી૦ ૧૫. જુઓ મુચરકો ૭૩.

ઉમદાખાનમની બાબત, ૩ ક. લો. રી. ૭૨. જુઓ જામીનગીરી સલાશાંતી રાખવા ની ૧૮.

ચંદરમાધબ ઘોસ વિ. જગતચંદરસેન ના કેસમાં નજર રાખવામાં આવી, ૪ ક૦ લો૦ રી૦ ૪૮૩. જુઓ કબજો ૧૧૬.

૬૮ મુચરકો—સુલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧—કોઇ માણસથી સુલેહનો ભંગ થવાનો સંભવ હતો અથવા સુલેહનો ભંગ થાય એવું કાંઈ કૃત્ય બનવાનો સંભવ હતો એવું કામના પુરાવાથી માલમ પડતું હોય તો સુલેહના ભંગને માટે માજીસ્ત્રેટ તેના જામીન લેઈ શકે નહી. રાણી વિ. કીદરનાથ, ૭ વા૦ દી૦ પ્રાં૦ ૨૩૪.

મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૮૭૫.)

૬૯ મુચરકો—સુલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૮૯, ૪૯૧—જે કેસોમાં આગળ ઉપર સુલેહનો ભંગ થવાની ધાસ્તી રેહેતી હોય તેવા કેસોને સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૮૯ લાગુ પાડી શકાતી નથી. આવી જાતના સુલેહનો ભંગ થવાનો સંભવ માજીસ્ત્રેટને જણાય તો અધીકારવાળા અમલદારને તે અરજ કરી શકે, અને તે અમલદાર કલમ ૪૯૧ મુજબ મુકરદમો ચલાવી શકે છે. રાણી વિ હરકુમારીદાસીઆ, ૨૪ વિ. રી. ૧૦.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુન સને ૧૮૭૫).

૭૦ મુચરકો—સુલેહનો ભંગ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૦—સુલેહના ભંગનો સંભવ છે એવો પુરાવો કામમાં મળી આવતો ના હોય તો મુચરકો શા માટે નહી આપવો જોઇએ એનું કારણ બતાવવાને પક્ષકારોને બોલાવવા અને તેઓ ના હાજર થાય તો સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૯૦ મુજબ હુકમ કરવો એ માજીસ્ત્રેટને વ્યાજબી નથી. રાણી વિરૂદ્ધ ગોસાઈ મનરાજપુરી, ૨૪ વિ. રી. ૨૩.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુન સને ૧૮૭૫).

બેહારી પાટક વિ૦ મહમદ હાયતખાન ના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૪ બે. લો. રી. ૪૬. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૮.

૭૧ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—સુલેહ રાખવાને માટે જામીન લેવામાં આવેલા કેટલાક માણસો પછીથી બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવાને માટે ગુન્હેગાર ઠર્‍યા હતા અને ગુન્હેગાર ઠરાવી સજા કરતી વખતે માજીસ્ત્રેટે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૦૨ ના લખાણ મુજબ નહી ચાલતાં કેસમાં લખેલા જજમેન્ટના એક ભાગ તરીકે મુચરકાઓ બજાવવાનો હુકમ કર્યો હતો. અને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા સેસન કોર્ટે રદ કરી હતી. હાઇ કોર્ટે મુચરકો બજાવી દંડ વસુલ કરવાનો હુકમ રદ કર્યો. રાણી વિ૦ ધીસા, ૭ વા. દી. પ્રાં. ૩૭૫.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઈ સને ૧૮૭૫).

૭૨ મુચરકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૭—સુલેહના ભંગના સંભવનો પુરાવો—કોઈ કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૩૭ મુજબ મુકરદમાઓ ચલાવવાનું શરૂ કર્યા પછી, કેસ આસીસ્ટન્ટ માજીસ્ત્રેટ તરફ મોકલવામાં આવ્યો હતો, જેણે કેટલોક પુરાવો લીધા પછી એવું માલમ પડ્યું કે કેસ ચલાવવાને અખ્તીઆર નથી તે ઉપરથી તેણે કેસ પાછો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ તરફ મોકલ્યો, આ અમલદારે પક્ષકારોને કારણ બતાવવાને બોલાવ્યા પછી સુલેહનો ભંગ થવાનો કાંઈ સંભવ છે એ વિષેનો પુરાવો પોતે લીધા સીવાય તેઓના જા

મીન લીધા. એમ ઠરાવવામાં આવ્યું કે માજી સ્ટ્રેટના મુકરદમાઓ તદન ગેરશિરસ્તાથી ચલાવેલા હતા અને તેણે મુકરદમો નવેસરથી ચલાવવો જોઇતો હતો. રાણી વિ૰ હરનાથ ગુહો ઠાકટા, ૨૪ વિ. રી. ૫૨.

(મેસર્સ મેકફરસન અને લોર્ડ જડજોની રૂબરૂ, તા૰ ૨ જી સપટબર સને ૧૮૭૫).

૭૩ મુચરકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૯૧—સુલેહના ભંગના સંભવનો પુરાવો—કોઇ પક્ષકારની અમુક વર્તણુક અથવા તેના કૃત્ય ઉપરથી વ્યાજબી રીતે એવું અનુમાન થઇ શકે કે તેનાથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું પુરાવાથી સાબીત થયા સીવાય, સુલેહ રાખવાનો મુચરકો લખી આપવાને, સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૯૧ મુજબ, તેને બોલાવી શકાય નહી હરીમોહન મુલીક વિ. કાલીનાથ રોય, ૨૫ વિ૰ રી૰ ૧૫

(મેસર્સ કેમ્પ અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૰ ૩ ફેબ્રુઆરી સને ૧૮૭૬.)

રાજા રણબાહાદુરસીંઘ વિ૰ રાણી ટલસરીકુઅરના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૨૨ વિ૰ રી૰ ૭૯. જુઓ: મુચરકો ૬૫

૭૪ મુચરકો—સુલેહનો ભંગ—માગણીની સરતો—સુલેહના ભંગના સંભવનો પુરાવો-સુલેહના ભંગના સંભવની ખબર પ્રથમ મોઘમ શબ્દોમાં લખવામાં આવી હોય, અને પછી તેને જે માણસો તેમાં વિશેષે કરીને સામેલ હોય તે માણસોની રૂબરૂ લેવાએલા પુરાવાથી મજબુતી મળતી હોય તો કેસમાં મુચરકો લેવાની માગણી કરવાનો આધાર વ્યાજબી રીતે કેસમાં લેવાએલા સઘળા પુરાવા ઉપર રહેછે પણ માજીસ્ટ્રેટ કોઈ માણસોને સુલેહ રાખવાને માટે તેઓએ પોતે શા માટે મુચરકો લખી આપવો જોઇએ નહી એનું કારણ બતાવવાને બોલાવ્યા હોય તો માગણી કરતાં તે વધારે તજવીજ કરી શકે નહી, અને તે આ બતનો ચુકાદો કરીને તેમને બીજા જામીનો આપવાનો હુકમ પણ કરી શકે નહી. અબદુલ બારી વિગેરે અરજદારો, ૨૫ વિ. રી. ૫૦.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ મી મે સને ૧૮૭૬.)

૭૫ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—માજીસ્ટ્રેટે પોતે કોઈ માણસને બળ સાથે કાંઇ ગુન્હો કરવાને માટેઅપરાધી ઠરાવેલો તે માણસનો સુલેહ રાખવાને માટે મુચરકો લખાવી લેવામાં આવ્યો છે એવી હકીકત તેની રૂબરૂ સાબીત થઈ હોય તોપણ તેણે આવી રીતે લીધેલો મુચરકો બજાવવાનો હુકમ કર્યો ના હોય તો એમ અનુમાન કરવું જોઈએ કે એવી રીતે કરવાની કાંઇ અગત્ય નોહોતી એવું તેણે ધારયુ હતું. ઘણો વખત વ[illegible] પછી ચલાવેલા મુકરદમાઓ કાયદેસર અર્થ[illegible] ઉલટા અને કાયદા વિરૂદ્ધ ગણાય છે. રામચદરલાલા, ૧ ક. લો. રી. ૧૩૪.

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૰ ૩૦ મી અગષ્ટ સને ૧૮૭૭).

૭૬ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—દરમીઆન થવાનો હાઈ કોર્ટનો અખતીકાર—જે મુચરકા બજાવી દંડ વસુલ કરવાનો છે તે મુચરકાઓની રકમ ઓછી કરવાનો હાઈ કોર્ટને અધીકાર નથી, પણ દુખી અવસ્થા હોય તો સરકારને તે બાબત વિષે અરજ કરવી જોઈએ. રાણી વિ૰ નુરલહક, ઈ૰ લો૰ રી૰ ૩ ક. ૭૫૭; ૨ ક૰ લો૰ રી૰ ૪૦૮.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૰ ૨૪ મી જુન સને ૧૮૭૮).

નકી હાજીની બાબત ઉપર આધાર રાખવામાં આવે છે, ૮ ક૰ લો૰ રી૰ ૭૨ જુઓ મુચરકો ૩૯.

નીલમાધબ ઘોસાલ અરજદારો, ૧૯ વિ. રી. ૧. જુઓ મુચરકો ૫૧.

૭૭ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—સુલેહ રાખવાના જામીન—દંડ સને

૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૨—એ' વર્ષ સુધી સુલેહ રાખવાને માટે તા૦ ૨૦ મી એપ્રીલ સને ૧૮૭૭ ને રોજ અ નામના માણસના જામીન લેવામાં આવ્યા હતા. તા૦ ૧૪ મી જાનેવારી સને ૧૮૭૮ ને રોજ કોઈ ગુન્હાને માટે તેને ગુન્હેગાર ઠરાવી દંડ અને કેદની સજા કરવામાં આવી હતી, પણ જો કે મુચરકો તોડયો એ બાબત માજીસ્ત્રેટના જાણવામાં હતી તોપણ દંડ વસુલ કરવા વિષેનો કાંઈપણ હુકમ કર્યો નો હોતો. કોઈ ત્રીજા શખ્સની અરજ ઉપરથી તા૦ ૨ જી એપ્રીલ સને ૧૮૭૮ ને રોજ મુચરકો બજાવી દંડ શા માટે વસુલ કરવો જોઈએ નહી તેનું કારણ બતાવવાને માટે માજીસ્ત્રેટે અ ને બોલાવ્યો અને તા૦ ૬ ઠી જુન સને ૧૮૭૮ ને રોજ તે વસુલ કરવાને વારંટ કાઢવામાં આવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે મુચરકો પાળવામાં આવ્યો નોહોતો એવું જાણીને માજીસ્ત્રેટે દંડ અને કેદની સજા કર્યાથી કામની હકીકત ફરીથી ધ્યાનમાં લેઇ વધારે દંડ કરવાનો તેને અધીકાર નથી. પરબતીચરન બોસ અને બીજો, ૩ ક. લો. રી. ૪૦૬.

(મેસર્સ એનસ્લી અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી અગષ્ટ સને ૧૮૭૮)

૭૮ મુચરકો—મુચરકો બજાવી દંડ વસુલ કરવાને માટે ચલાવેલો મુકરદમો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૨—જે માણસોની જુબાનીઓ ઉપરથી મુચરકો શા માટે બજાવવો જોઈએ નહી એવું કારણ બતાવવાને હુકમ કાઢવામાં આવ્યો હોય તે માણસોની ઉલટસુલટ તપાસ કરવાની સુલેહના ભંગને માટે તોહોમત રાખેલા પક્ષકારને તક આપ્યા સીવાય સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૦૨ મુજબ માજીસ્ત્રેટે મુચરકો બજાવવાનો હુકમ કરવો તે વ્યાજબી નથી રાણી વિરૂદ્ધ નોબીનચંદર દત્ત, ૪ ક૦ લો૦ રી૦ ૨૪૩; ઈં૦ લો૦ રી૦ ૪ ક. ૮૯૫.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, જેકશન, પોન્ટીફેક્ષ, એનસ્લી અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી માર્ચ સને ૧૮૭૯).

કાલીકંતરામ ચોધરીના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૩ બેં૦ લો૦ રી૦ અપે. ૧૫૫. જુઓ મુચરકો ૨૯.

૭૯ મુચરકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૮૯—મુચરકો લીધેલા ખતમાં દંડ બતાવેલો તે—માફ કરવો તે—મુચરકો લીધેલા ખતમાં બતાવેલો દંડ વસુલ કરવાનો હોય તો તે ઓછો કરવાનો હાઈ કોર્ટને અથવા માજીસ્ત્રેટને અધીકાર નથી. નાનકી હાજીની બાબત, ૮ ક૦ લો૦ રી૦ ૭૨.

(મેસર્સ કનીંગહામ અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી ફેબ્રુઆરી સને ૧૮૮૧).

રાણી વિરૂદ્ધ તુરૂલહકના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૩ ક. ૭૫૭. જુઓ મુચરકો ૬૭.

નીલમાધબ ઘોસાલ અરજદારો, ૧૯ વિ. રી. ૧. જુઓ મુચરકો ૫૧.

૮૦ મુચરકો—બજાવી દંડ વસુલ કરવો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૦૨—કેસમાં પુરાવો લેઈ તે રીતસર લખી લીધા પછી જામીનખત અથવા મુચરકો બજાવી દંડ વસુલ કરવાનો હુકમ કરવો જોઈએ પણ બીજા કેસોમાં લીધેલા પુરાવા ઉપરથી હુકમ કરવો જોઈએ નહી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૨ મુજબ મુચરકો બજાવવાનો કોઈ માજીસ્ત્રેટ હુકમ કરે તો તે કલમમાં બતાવેલી સરતો મુંજબ બરોબર રીતે ચાલવું જોઈએ. દંડ વસુલ ના થાય તો જે માણસનો મુચરકો બજાવવાનો છે તે માણસને કેદ કરવાનો હુકમ કરતાં પેહેલાં તેની સ્થાવર મીલકત જપ્ત કરવાનું વારંટ કાઢવું જોઈએ અને તે કાઢયા સીવાય કેદ થઈ શકે નહી. મોહેશચંદર રોય અને બીજો અરજદારો, ૧૦ ક. લો. રી. ૫૭૧.

(મેસર્સ ટોટનહામ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૮૨).

૮૧ મુચરકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૯૧, ૫૦૦—અગીઆર માણસોના સબંધમાં પુરાવો લીધા પછી માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ છવીસ માણસોના સુલેહ રાખવાને માટે જામીન લેવાનો હુકમ કરેલો, તે જે માણસોને પુરાવાથી અસર થતી નોહોતી તે માણસોના સબંધમાં રદ કરવામાં આવ્યો હતો. કાસીમ બીસ્વાસ અને બીજા પચાસ માણસોની બાબત, ૧૦ ક. લો. રી. ૩૩૫.

(મેસર્સ કનીંગહામ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી માર્ચ સને ૧૮૮૨).

૮૨ મુચરકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલલ ૪૯૧—હાજર થવાનો સમન—પરદેશી જમીનદાર—સુલેહ રાખવાનું જામીનખત—જે માણસ ઉપર સમન કાઢવામાં આવેલો તેમાં તે માણસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૧ મુજબ કોઈ ગુન્હાને માટે અપરાધી છે અને તેથી તેણે કોર્ટમાં જાતે હાજર થવું જોઈએ એવું બતાવેલું હોય તો તે ઉપલી કલમમાં બતાવ્યા પ્રમાણે સમન ગણાતો નથી. સુલેહનો ભંગ થવાનો સંભવ બને એવા કૃત્યો કોઇ પરદેશી જમીનદારના એજન્ટો કરતા હોય તો તેથી સુલેહ રાખવાને માટે તેના જામીન લેઇ શકાતા નથી. ચારૂચંદર મુલીક અરજદાર, ૧૦ ક. લો. રી. ૪૩૦; ઈ. લો. રી. ૯ ક. ૩૯૭.

(મેસર્સ કનીંગહામ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી માર્ચ સને ૧૮૮૨).

૮૩ મુચરકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૯૨ માં બતાવેલા સમનનો નમુનો—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૯૨ ના શબ્દો પ્રમાણે ચાલવાનું બતાવેલું છે પણ તે પ્રમાણે ચાલવાની જરૂર છે એમ બતાવેલુ નથી. અને તે કલમ મુજબ કાઢેલા સમનમાં મુચરકો લેવાની રકમ અને જામીન વિષે લખવાનુ રહી ગયું હોય તો તેથી કાંઈ સુલેહ રાખવાને માટે જામીન લેવાનો પછીથી ચલાવેલો મુકરદમો રદ થઇ જતો નથી. અબસુબેગમ વિ૦ ઉમદાખાનમ, ઈ. લો. રી. ૨ ક. ૭૨૪.

(મેસર્સ મેકડોનલ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી એપ્રીલ સને ૧૮૮૨).

૮૪ મુચરકો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૯૧ ખુલાસો (આઇ)—હંગામાના કેસમાં કેદી તરફના શાહેદીએ હંગામાની જગાએ હાજર હોવાનુ કબુલ કર્યાથી અને તેની અંદર તોહોમતદારે કાંઈપણ ભાગ લીધાનું ના કબુલ કર્યાથી માજીસ્ત્રેટે આગળ મુકરદમો ચલાવ્યા સીવાય તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યા પછી તેને અને તેના શાહેદીઓ બંનેને એક વર્ષ સુધી સુલેહ રાખવાને માટે ખતો લખી આપવાને બોલાવ્યા. એમ ઠરાવવામાં આવ્યું કે શાહેદીને સામેલ ગણ્યા તેટલો મુકરદમો કાયદા વિરૂદ્ધ હતો રાણી વિ૦ કાદરબક્ષ, ઈ. લો. રી. ૫ મ. ૩૮૦.

(મેસર્સ મુથુસ્વામી આચાર અને ટારંટ જડજોની રૂબરૂ, તા૦ ૨ અને ૫ મી આગષ્ટ સને ૧૮૮૨).

૮૫ મુચરકો—બીજા પ્રગણામાં રેહેનાર માણસને જામીન આપવાને માટે બોલાવવાનો ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટનો અધીકાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૦૭—પદ્ધતિ—જે માણસો માજીસ્ત્રેટની હદની અંદર ના રેહેતા હોય તે માણસો ઉપર સમન કાઢવાને, સને ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૧૦૭ ના લખાણથી તેને અધીકાર મળતો નથી. કોઇ માજીસ્ત્રેટને એવું માલમ પડે કે જે માણસો પોતાની હદમાં રેહેતા નથી તે માણસોથી પોતાની હદમાં સુલેહનો ભંગ થવાનો સંભવ છે તો સુલભ રસ્તો એ છે કે જે માજીસ્ત્રેટના પ્રગણામાં તે માણસો રેહેતા હોય તે માજીસ્ત્રેટને આવી હકીકતની ખબર અપાવવી અને તેની મજબુતી

માં પુરાવો રજુ કરાવરાવવો, કે જેથી કરીને હકુમતવાળી કોર્ટ તેમની સામે કામ ચલાવી શકે. રાજેન્દ્રો ચંદરરોય ચોધરીની અરજીની બાબત, ઈ. લો. રી. ૧૧ ક. ૭૩૭.

(મેસર્સ પ્રીનસેપ અને ગ્રાંટ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુલાઇ સને ૧૮૮૫).

જયપ્રકાશલાલની બાબત ઉપર આધાર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૯ અ. ૨૬. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૨૩.

દીનોનાથ મુલીક વિ૦ ગીરજાપ્રોસુનો મુકરજીની બાબતમાં આધાર રાખવામાં આવ્યો ઈ. લો. રી. ૧૨ ક. ૧૩૩. જુઓ મુચરકો ૮૬.

૮૬ ચરકો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૦૭—જામીન લેવાને માટે બીજા પ્રગણાના માણસને બોલાવવાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટનો અધીકાર ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ કોઈ માણસ જાતે પોતાની હકુમતમાંના હોય તો તેના જામીન ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૭ મુજબ લેઈ શકે નહી. જૈપ્રકાશલાલની અરજી (ઈ. લો. રી. ૯ અ. ૨૬) અને રાજેન્દ્રો ચંદરરોય ચોધરી (ઈ. લો. રી. ૧૧ ક. ૭૩૭) ના કેસો ઉપર આધાર રાખવામાં આવ્યો હકુમત હતી એમ ધારીએ તોપણ તે એવો કેસ નોહોતો કે જેમાં માજીસ્ત્રેટે અરજદારને જાતે બોલાવવો જોઈતો હતો, કારણ કે તે દુરનો રેહેવાશી હોવાથી તેને હાજર રેહેવાની જરૂરછે એવી કાંઇ ખાસ હકીકત નોહોતી, અને વળી વકીલની મારફતે હાજર રેહેવાની કલમ ૧૧૬ મુજબ પરવાનગી આપવાનો માજીસ્ત્રેટને અધીકાર હતો. દીનોનાથ મુલીક વિ૦ ગીરજાપ્રોસુનો મુકરજી, ઈ. લો. રી. ૧૨ ક. ૧૩૩.

(મેસર્સ વીલસન અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૮૫).

રાજેનદ્રો ચંદરરોય ચોધરીના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈ. લો. રી. ૧૧ ક. ૭૩૭. જુઓ મુચરકો ૮૫.

જૈપ્રકાશલાલની અરજી ઉપર આધાર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૯ અ. ૨૬. જુઓ જામીનગીરી સલાહશાંતી રાખવાની ૨૩.

જુઓ જાતે હાજર રેહેવું તોહોમતદારનું.

„ કબજો ૧૨, ૭૯, ૧૦૩,

„ લોકોપકારક કૃત્ય ૮, ૪૯.

„ તપાસણી ૧૭, ૨૫.

„ જામીનગીરી સલાહશાંતી રાખવાની.

„ જામીન ૨.

„ કેદી તરફના શાહેદીઓ ૨૦.

મુંબાઇની કાયદા બાંધનારી સભા—

મુંબાઈની કાયદા બાંધનારી સભા—હીંદુસ્થાનની ફોજદારી કાયદા બાંધનારી સભા—ગામડાની ઈગ્રેજી પ્રજા—સને ૧૮૬૭ નો ૭ મો મુંબાઈનો ડીસ્ત્રીકટ પોલીસ આકટ—ઈગ્રેજી પ્રજાને અસર થાય તેવી રીતે કાયદાઓ બાંધવાને બીજા ચાર્લસના ચારટર ૨ મુજબ પેહેલાંની ઈસ્ટ ઈંડીઆ કંપનીને જો કે અધિકાર હતો તોપણ ઈ. સ. ૧૭૦૯ માં જ્યારે તેના ચારટરો રાણીની સાથે જોડી દીધા ત્યારે આ અધીકાર બંધ થયો અને તે તારીખથી તે ત્રીજા અને ચોથા વીલીયમનુ ચેપટર ૧૨૩ પાસ થયું ત્યાં સુધી (ઇલાકાના મુખ્ય શેહેરોની સ્થાનીક હદ સબંધી કાયદા બાંધવાનો કેટલોક અધીકાર આપેલો તે સીવાય) ઈગ્રેજી પ્રજાઓને માટે કાયદો કરવાને ઈસ્ટ ઈંડીઆ કંપનીને અથવા હિંદુસ્થાનના રાજ્યને સ્પષ્ટ રીતે કાંઈ અધીકાર આપવામાં આવ્યો હોય એવું માલમ પડતું નથી. તે ઉપરથી ઈ૦ સ૦ ૧૭૦૯ ની સાલથી તે જ્યાં સુધી ત્રીજા અને ચોથા વીલીયમનું ચેપટર ૧૨૩ પાસ થયું ત્યાં સુધી આવી જાતનો અધીકાર ઈસ્ટ ઈંડીયા કંપનીને અથવા કોઈ હિંદુસ્થાનના રાજ્યને નોહોતો. ત્રીજા જોર્જના ૫૩ માના ચેપટર ૧૫૫ ની કલમ ૧૦૫ મુજબ જસ્ટીસ ઓફ ધ પીસથી સજા થઇ શકે તેવા ગુન્હાઓ સીવાય, ત્રીજા જોર્જના ૩૭માના ચેપટર ૧૪૨ની કલમ ૧૦ પ્રમાણે દફતરરાખ

नारी कोर्टनी सघळी मुंबइ इलाकानी ईंग्रेजी प्रजा उपर खास फोजदारी हकुमत हती. तेवीज हकुमत हमणांनी सुप्रीम कोर्टे अ धापी सुधी चलावी हती अने ते, उपर ब तावेला अपवाद मुजब अने हिंदुस्थाननी सरकारे पछीथी दाखल करेला केटलाक आ कटोना अपवादो साथे अधापी सुधी हाई कोर्टथी बजवाय छे. कायदाओ अने नियमो बांधवाने माटे मुंबाई सरकारे पास करेलो सने १८६७ नो ७ मो मुंबईनो डीस्ट्रीकट पोलीस आकट मुजब गामडाना माजीस्ट्रेटो जेओ जस्टीस ओफ ध पीस होय छे ते ओने ईंग्रेजी प्रजा उपर फोजदारी हकुमत चलाववानो अधीकार आपेलो छे, ते अधीका र उपरांत छे कारण के पारलामेन्टना जे आकटो मुजब हाई कोर्ट बनेली छे ते आ कटोने तेथी असर थाय छे, अने ते कोर्टनी गामडाना ईंग्रेजो उपरनी फोजदारी हकुमत जेनी, त्रीजा जोर्जना ५३मा स्टेटयुटना प्रकर णु १५५ नी कलम १०५ अने केटलाक हि दुस्थाननी सरकारे करेला पछीना आकटोथी, मरयादा बंधायेली छे ते सीवाय ते हकुमत खास छे तेनी अंदर पण ते दरमीआन था य छे. राणी वि. एडवर्ड रे,७ मुं० हा० को० री० ६.

(मेसर्स गीब्स अने सार्जंट जडजो नी रुबरु, ता० २१ मी मे सने १८७०.)

राणी वि. वीलीयम जेकशनना केसमां नजर राखवामां आवी, १३ बें. लो. री. ४७४. जुओ लस्करी अधीकारीओ.

राणी वि. गेरोल्ड मीअरसना केसमां नजर राखवामां आवी, १४ बें. लो. री. १०६; २२ वि. री. ५४. जुओ युरोपी ईंग्रे जी प्रजा १०.

मुसाफरी—

मुसाफरी—मुसाफरीमां करेलो गुन्हो—हकुमत—चीतागोंग तरफ हंकारवामां आवेला मछवामांथी उतरीने शंभुगंगी अगाडी मु कम करवानी दरमीआन कोइ माणसनी पै सानी थेली रही गयाथी अने तेने नुकशान थयाथी चोरीनुं तोहोमत राखेलुं तेनी तज वीज टीपराह अथवा चीतागोंगमां थवी जो ईए के नही ए विषेनो सवाल उठवाथी ए म ठरावावामां आव्युं के मुकाम करवाथी मु साफरीमां तुटक पडी गणाती नथी अने ते थी करीने क्रीमीनल प्रोसीजर कोडनी कलम ६७ मुजब केसनी तजवीज चीतागोंगमां थ वी जोईए. राणी वि. अबदुलअली विगेरे, २५ वि. री ४५.

(मेसर्स केम्प अने ग्लोवर जडजोनी रुबरु, ता० ९ मी मे सने १८६७)

पीरन वलदे करीमन आयाह वि. मी० सी डी. फील्डना केस उपर नजर राख वामां आवे छे, २१ वि. री. ६५. जुओ सापराध धमकी ४.

मुळना फोजदारी हकुमत—

मुळनी फोजदारी हकुमत—२४ अने २५ विकटोरीआ चेपटर १०४ कलम १५—हाई कोर्टनी मुळनी फोजदारी हकुमतमां ते कोर्टनो जडज हुकम करतो होय तो, २४ अ ने २५ विकटोरीयाना प्रकरण १०४ नी कलम १५ मुजब एटेली कोर्टना ताबामां ते कोर्ट गणाती नथी. अमीरखाननी बाबत, १५ वि. री. ६०; ७ बें० लो० री० २४४, २५० न.

(मेसर्स नोरमन काम चलाउ चीफ ज स्टीस, मेकफरसन अने मुकरजी जडजोनी रुब रु, ता० २९ मी एप्रील सने १८७१.)

राणी वि. अमीरखानना केसमां नज र राखवामां आवी, ७ बें. लो. री. २४०. जुओ बीजी जग्याए केस मोकलवो ते ९.

म्युनीसीपाल गुन्हो—

१ म्युनीसीपाल गुन्हो—सने १८६४ नो ४ थो डीस्ट्रीकट म्युनीसीपाल आकट—जो ईन्ट माजीस्ट्रेटे दंड वसुल करेलो ते—मुकरदमा नुं दफतर—अडचणो—जमीन साफ नही राख वी ते—जोईन्ट माजीस्ट्रेट जो के म्युनीसीपाली टीनो वाईस प्रेसीडेन्ट होय तोपण अने

૧૮૬૪ ના આકટ ૪ મુજબ દંડ વસુલ કરી શકે છે. સજા કરતાં પેહેલાં જોઈન્ટ માજીસ્ત્રેટે પોતે ચલાવેલા મુકરદમાનું દફતર રાખવુ જોઇએ. પવનના સપાટાથી ભાગી પડેલા જાડથા મોરીને અડચણ થઈ હોય તો તે ઉપલા આકટની કલમ ૫૭ ના અર્થ મુજબ હરકત ગણાતી નથી. જમીન ઉપર ગંદકી તેના માલીકે કરી હોય અથવા બીજા કોઈ માણસે કરી હોય તો પણ કલમ ૬૭ મુજબ માલીક જવાબદાર છે. સન ૧૮૬૧ નો ૨૫મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ અભીપ્રાય લખી પુછેલો તે તા૦ ૧૫ મી જુલાઈ સને ૧૮૬૩ નો સરક્યુલર નં૦ ૧૮, ૩ વિ રી. ૩૩.

(મેસર્સ લોચ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુન સને ૧૮૬૫).

૨ મ્યુનીસીપાલ ગુન્હો—સને ૧૮૬૪ નો ૪ થો ડીસ્ટ્રીકટ મ્યુનીસીપાલ આકટ—અપકારક કૃત્ય સજા ભોગવવાની જવાબદારી—અ નામના માણસની જમીન ઉપર બીજા કોઈ માણસે ગંદકી કરી હોય તોપણ તેને સજા થઈ શકે છે. પણ અ એ જો પોતાની જમીન બીજા માણસોને ભાડે આપી હોય તો તેનો ખરેખરો ભોગવટો કરનારાઓ જવાબદાર છે. રાણી વિ. પરબતી ચરન સીરકાર, ૩ વિ. રી. ૫૭.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જુલાઈ સને ૧૮૬૫.)

૩ મ્યુનીસીપાલ ગુન્હો—સને ૧૮૬૫ ના આકટ ૭ મુજબ કસાઈવાડો કરવાની પરવાનગી—સને ૧૮૬૫ ના આકટ ૭ મુજબ કસાઈવાડો રાખવાની જે માણસોને પરવાનગી આપી હોય તે માણસોને કેટલી મુદત ની નોટીસ આપવી તેનો નિર્ણય દરેક કેસ માં તેની ખાસ હકીકત ઉપરથી કરવો જોઇએ. કલકતાના પ્રગણાઓના મ્યુનીસીપાલ કમીશનરોનો વાઈસ ચેરમેન હાલ ડેઈનની અરજીની બાબત. ૬ વિ. રી. ૭૭.

(મી૦ માર્કબાય જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી સપટંબર સને ૧૮૬૬.)

૪ મ્યુનીસીપાલ ગુન્હો—સને ૧૮૬૪ નો ૪ થો ડીસ્ટ્રીકટ મ્યુનીસીપાલ આકટ—અપકારક કૃત્ય—જમીનનો ભોગવટો કરનાર જે જમીન ગંદી રેહેવા દે છે તે માણસનો દંડ કરવો જોઈએ. રાણી વિ૦ મોહનલાલ મીતર, ૮ વિ. રી. ૪૫.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૬૭.)

૫ મ્યુનીસીપાલ ગુન્હો—દંડ—પરવાનગી—નોટીસ આપવી તે—સને ૧૮૫૮ નો ૯ મો—પરવાનો નહી લેવાને માટે દરેક ગુન્હેગારને નોટીસ આપી અપરાધી ઠરાવ્યા પછી નોટીસમાં બતાવેલા દંડથી બમણો દંડ કરવાને માજીસ્ત્રેટ સને ૧૮૫૮ ના આકટ ૯ માના કલમ ૧૭ મુજબ બંધાયેલો છે. નોટીસ પોચાડી શકાય તેવું હોય તો આ આકટ મુજબ નોટીસ ગુન્હેગારને પોતાને પોચાડવી જોઇએ. રાણી વિ. રામગોબીંદ ચકરબતી, ૧૧ વિ. રી. ૧૩.

(મેસર્સ નોરમન અન જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨ માર્ચ સને ૧૮૬૭.)

૬ મ્યુનીસીપાલ ગુન્હો—સને ૧૮૫૮. નો ૯ મો—સરટીફીકેટના સને ૧૮૫૮ ના આકટ ૯ માની કલમ ૧૭ મુજબ માજીસ્ત્રેટે માંડી વાળેલી ફરીઆદ બ્યાજબી રીતે માંડી વળાએલી ઠરાવવામાં આવી હતી કારણ કે કલમ ૧૩ મુજબ બતાવેલા પત્રકમાં તોહોમતદારોનાં નામો આવી ગયાં હતાં. આ આકટ મુજબ કામ ચલાવતી વખતે માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ માં બતાવેલી પદ્ધતિ મુજબ મુકરદમો ચલાવવો જોઈએ અને ગુન્હો બને તેવી સઘળી હકીકતનો પુરાવો લેવો જોઈએ. રાણી વિ. ખેતરનાથ ઘોસ વિગેરે, ૧૧ વિ૦ રી૦ ૫૬.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ. તા૦ ૨૫ મી મે ૧૮૬૯).

૭ મ્યુનીસીપાલ ગુન્હો—મ્યુનીસીપાલ કમીશનર—સને ૧૮૬૪ નો આકટ ૩ જો—મોરી જે સરકારી મીલકત અથવા સર્વઆમ રસ્તા ઉપર આવેલી સાબીત થઈ નથી તેવી મોરી બંધ કરવાને માટે સને ૧૮૬૪ના આકટ ૩ જાની કલમ ૫૭ મુજબ કોઈ માણસનો દંડ કરવાની મ્યુનીસીપાલ અધીકારીઓને સત્તા નથી. બાનીમાધબ બાનરજી અરજદાર, ૧૪ વિ. રી. ૨૩.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ. તા૦ ૨૩ મી જુલાઇ ૧૮૭૦).

૮ મ્યુનીસીપાલ ગુન્હો—ઢોર કતલ કરવાં તે—કસાઇવાડાનો માલીક—સને ૧૮૬૫ નો ૭ મો કલમ ૭—એલ. એસ જેકશન જડજે (ડી. એન. મીતર જડજ વિરૂદ્ધ પડીને) એમ ઠરાવ્યું કે કસાઈવાડો બીજાને ભાડે આપવાથી તેના માલીકનો તેમાંથી હક જતો રહે છે અને ઢોર કતલ કરવા દેવા અથવા ના કરવા દેવા તે તેના અખતીયારમાં નથી તેથી કરીને, સને ૧૮૬૫ ના આકટ ૭ની કલમ ૭ જેમાં કાંઈ ગુન્હો બતાવેલો નથી પણ ફક્ત દંડ વસુલ કરવાનું બતાવેલું છે, તેની અંદર તે આવી જતો નથી. કલકતાના પ્રગણાઓના મ્યુનીસીપાલ કમીશનરો અરજદારો, ૧૪ વિ. રી. ૬૭; ૬ બેં. લો રી. અપે. ૨૮.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ. તા૦ ૧૪ મી નવંબર ૧૮૯૦).

૯ મ્યુનીસીપાલ ગુન્હો—પરવાનો—સને ૧૮૬૪ નો ૩ જો કલમ ૭૭—લાકડાનું પીઠું કરવાને પરવાનગી નહી લીધાથી સને ૧૮૬૪ ના આકટ ૩ જાની કલમ ૭૭ ની સરત તોડવાને માટે તોહોમતદાર ઉપર તોહોમત રાખવામાં આવેલું તેમાં તેણે એવી તકરાર બતાવેલી કે પીઠું સને ૧૮૬૪ ની સાલ પેહેલાંનુ હતું, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે સને ૧૮૬૪ ની સાલ પેહેલાંનું હતું એ વિષેની તજવીજ કરવાને માજીસ્ટ્રેટે ના પાડી તે તેની ભુલ હતી. કલકતાના પ્રગણાઓના મ્યુનીસીપાલ કમીશનરોનો ચેરમેન વિ. અંબીકાચરન મુકરજી, ૧૫ વિ. રી. ૮૪.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ. તા૦ ૨૦ મી મે ૧૮૭૧).

૧૦ મ્યુનીસીપાલ ગુન્હો—વારંટ—પરવાનો—મ્યુનીસીપાલ કમીશનર—સને ૧૮૬૪ ના આકટ ૩ જો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૫ મું—પરવાનગી સીવાય બાયણા અગાડી લાકડાં ખડકવાને માટે ઉપલા આકટની કલમ ૨૭ મુજબ રાખેલા તોહોમતનો જવાબ આપવાને કોઈ માણસ હાજર ના થાય તો તેને વારંટ કાઢી પકડી મંગાવવાનો સને ૧૮૬૪ ના આકટ ૩ જા મુજબ મ્યુનીસીપાલ કમીશનરને અથવા માજીસ્ટ્રેટને અધીકાર નથી. સને ૧૮૬૪ ના આકટ ૩ જા મુજબ બનેલા ગુન્હાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ નું લખાણ લાગુ પડતું નથી. બીસેસર ચતરજી અરજદાર, ૧૬ વિ. રી. ૧.

(મેસર્સ લોચ અને મુકરજી જડજોની રૂબરૂ. તા૦ ૩ જાન ૧૮૭૧).

૧૧ મ્યુનીસીપાલ ગુન્હો—પરવાનો—કસાઈવાડો—અડચણ થાય તેવો વેપાર—સને ૧૮૬૫ નો ૮ મો કલમ ૧—સને ૧૮૬૪ નો ૩ જો કલમ ૭૭—સને ૧૮૬૪ ના આકટ ૩ જાની કલમ ૯૭ માં "કાંઈ હદ વાપરે છે" એ શબ્દોનો અર્થ, તે કલમમાં લખેલો અડચણ કરે તેવો વેપાર ચલાવવામાં તે જગા વાપરવી અથવા તેનો ઉપયોગ કરવો એવો થાય છે. કોઈ મકાન અથવા જગ્યા કસાઈવાડા તરીકે ભાડે આપીને અથવા ચાકરો વીગેરે રાખી તેમની પાસે ઢોરો કતલ કરવામાં એવી રીતે કરવાનો પરવાનો મેળવ્યા સીવાય, વપરાતી હોય તો તે વાપરનાર માણસનો સને ૧૮૬૫ ના આકટ ૭ ની કલમ ૧ મુજબ દંડ થઈ શકે છે; પણ કોઈ માણસ અમુક કસાઇવાડામાં ઢોરને મારનાર અથવા

બળદ અથવા ઘેટું મારવાને માટે કોઈ કોઈ પ્રસંગે કસાઈવાડામાં જનાર કસાઈનો ફકત આ કરજ હોય તો તે, સને ૧૮૬૫ ના આકટ ૭ ની કલમ ૧ ના અર્થ મુજબ કસાઈવાડા ત રીકે જગો વાપરે છે એમ ગણાતું નથી. કલ કતાના પ્રગણાઓના મ્યુનીસીપાલ કમીશનરો વિ. આમીર શેખ વિગેરે, ૧૬ વિ રી. ૪.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જ સ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ. તા૦ ૧૦ મી જુન ૧૮૭૧).

૧૨ મ્યુનીસીપાલ ગુન્હો—સને ૧૮૬૪ નો આકટ ૩ જો કલમ ૬૭—ગંદી જમીન—કોઈ જમીનનો માલીક બીજા પ્રગણાઓમાં ર હેતો હોય અને તેને જમીન ઉપર ગંદકી ક રવાની પરવાનગી આપેલી હતી એવું સાબી ત ના થયું હોય અને માલીકનો અથવા લો ગવટો કરનારનો દંડ કરવાને સને ૧૮ ૪ ના આકટ ૩ જાની કલમ ૬૭ માં અધીકાર આ પેલો છે તે મુ જબ તેના મુખત્યારનો મ્યુની સીપાલ કમીશનરે દંડ કરયો હોય તો તેમાં એ મ ઠરાવવામાં આવ્યું કે તે કલમમાં આપે લા મરજી મુજબ અધીકારનો ખરેખરી રીતે અમલ કરવામાં આવ્યો નહોતો. દ્વારકાનાથ હાઝરાહ અરજદાર, ૧૬ વિ. રી. ૬૦; એં. લો. રી. અપે. ૯.

(મેસર્સ ફે ર અને જેકશન જડજોની રૂબરૂ. તા૦ ૨૫ મી નવંબર ૧૮૭૧).

૧૩ મ્યુનીસીપાલ ગુન્હો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૪—આપ્યા પ્રમાણે અધીકારનો અમલ ક રવો તે—મરજી મુજબ આપેલા અધીકારનો શુદ્ધ બુદ્ધિથી અમલ કરવો તે—બીનજરૂરી ગંદુ રાખી મ્યુનીસીપાલ ગુન્હો કરેલો તે—બીનજરૂરી ગંદુ રાખવાને માટે જે કેસોમાં શુદ્ધ બુદ્ધિથી અમલ બજાવી દંડ કરવાને માટે મુકરદમાઓ ચલાવવામાં આવ્યા હોય તે મુકરદમાઓ, સ ને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ હાઈ કોર્ટને મળે લા ખાસ અધીકારની રૂઈએ રદ કરવાને મા ટે તે કોર્ટે ના પાડી. અમન ચીનામન અર જદાર, ૧૭ વિ. રી. ૫૮.

(મેસર્સ. બેલી અને મીતર જડજોની રૂબરૂ. તા૦ ૨ મે ૧૮૭૨).

૧૪ મ્યુનીસીપાલ ગુન્હો રોજનો દંડ—હાઈ કોર્ટનો ખાસ અધીકાર—હાવરાહ મ્યુની સીપાલીટીના કસ્બાનો કાયદો તોડવાને માટે તો હોમતદારને ગુન્હેગાર ઠરાવી તેનો એક રૂપી ઓ દંડ કરયો અને વળી જ્યાં સુધી તે ધારા પ્રમાણે ચાલે નહી ત્યાં સુધી નિત્યના બે રૂપી આ મોસુલ આપે એવો ઠરાવ કર્યો. નિત્યનો દંડ કાયદા વિરૂદ્ધ ગણી હાઈ કોર્ટે માફ કર્યો, પણ ખરેખરી રીતે ગુન્હો કર્યાને માટે એક રૂપી ઓ જે દંડ કર્યો હતો તે ખાસ અધીકાર મુજબ રદ કરવાને તે કોર્ટે ના પાડી. ઉમેશ્યુ. એન. લાલ અરજદાર, ૧૮ વિ. રી. ૪૪; ૯ એં. લો. રી. અપે. ૩૫.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂ બરૂ. તા૦ ૨૯ મી અગષ્ટ ૧૮૭૨).

નિ ના કેસોમાં આધાર રાખવામાં આવ્યો :—

હરીસીંઘ વિ. ડેનીશ મહમદ, ૨૦ વિ. રી. ૪૬. જુઓ છુટકો ૧૮.

રાણી વિ. તારીનીચરન બોસ, ૨૧ વિ. રી. ૩૧. જુઓ સોગન ૧.

શ્રીરામ ચોનદત વિ. કલકતાના પ્રગણાના કમીશનરોના ચેરમન, ૨૫ વિ. રી. ૬. જુ ઓ પુરાવા ૫.

કલકતાના પ્રગણાઓના મ્યુનીસીપાલ ક મીશનરોના ચેરમન વિ. અનીસુદીન મીઆંહ, ૧૨ બં૦ લો૦ રી૦ અપે. ૨; ૨૦ વિ. રી. ૪૬. જુઓ છુટકો ૧૮.

સાગર દત્તની બાબત ઉપર આધાર રાખવામાં આવે છે, ૧ બેં૦ લો૦ રી૦ ફી૦ ૪૧; ૧૮ વિ. રી. ૪૪ ને. જુઓ સજા ૧૮.

૧૫ મ્યુનસીપાલ ગુન્હો—ગંદકી—દં ડ—સને ૧૮૬૪ નો ૩ જો કલમ ૬૫—તો હોમતદારને સને ૧૮૬૪ ના આકટ ૩ જાની કલમ ૬૬ મુજબ ગંદગીને માટે ગુન્હેગાર

ઠરાવી દસ રૂપીઆ દંડ કર્યો અને વધારામાં રોજના બે રૂપીઆ દંડ ઠરાવેલો તેમાં ગંદગી કાઢી નહી નાંખવામાં આવ્યાથી હાઇ કોર્ટે ફક્ત આગલા વખતને માટે જેટલો દંડ ઠરાવ્યો હતો તેટલો રદ કર્યો. સાગરદત્ત (૧૮ વિ. રી. ૪૪ નં; ૧ બેં૦ લો૦ રી૦ ક્રી૦ ૪૧) ના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો કલકતાના પ્રગણાના મ્યુનીસીપાલ કમીશનરોનો ચેરમન વિ અનીસુદીન મીઆહ ૨૦ વિ. રી. ૬૪; ૧૨ બેં૦ લો૦ રી૦ અપે૦ ૨.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી સપટંબર સને ૧૮૭૩.)

ડબલ્યુ. એન. લવની બાબતમાં આધાર રાખવામાં આવે છે, ૧૮ વિ. રી. ૪૪ નં; ૧ બેં. લો. રી. ક્રી. ૪૧. જુઓ સજા ૧૮.

ક્રીસ્તોધોની દત્ત વિરૂદ્ધ કલકત્તાના પ્રગણાના મ્યુનીસીપાલ કમીશનરોનો ચેરમેનના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૨૫ વિ. રી. ૬. જુઓ પુરાવો ૪૫.

૧૬ મ્યુનીસીપાલ ગુન્હો—મ્યુનીસીપાલ કાયદો—પરવાનગી—ઈંટો બનાવવી તે—સને ૧૮૬૪ નો આકટ ૩ જો—સને ૧૮૬૪ ના આકટ ૩ જાની કલમ ૭૧ વેહેપારને માટે ઈંટો પકવવાને લાગુ પડે છે પણ પકવનાર માણસના ખાસ ઉપયોગને માટે બનાવેલી ઈંટોને લાગુ પડતી નથી; આવા માણસને પરવાનગી મેળવવાની જરૂર નથી. શ્રી રામચંદર હાલદરા વિ. હાઉરાહ મ્યુનીસીપાલીટીનો ચેરમેન, ૨૦ વિ. રી. ૬૫.

(મેસર્સ ગ્લોવર અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી સપટંબર સને ૧૮૭૩).

૧૭ મ્યુનીસીપાલ ગુન્હો—મ્યુનીસીપાલ કમીશનર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૯—એક્ષપારટી મુકરદમાઓ—કોઈ કસ્બાનો ધારો તોડવાના ગુન્હામાં મ્યુનીસીપાલ કમીશનર માજીસ્ટ્રેટ તરીકે તજવીજ કરી તોહોમતદારને દંડની સજા કરી શકે છે; પણ મુકરદમો ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ ચલાવવો જોઈએ, જેમાં કોઈ પક્ષકાર ગેરહાજર હોય તો એક્ષપારટી તરીકે મુકરદમો ચલાવી શકાય નહી. તારીનીચરન બોસ વિ. મ્યુનીસીપાલ કમીશનરો અને શીરામપુરનો જોઈંટ માજીસ્ટ્રેટ, ૨૪ વિ. રી. ૨૫.

(મેસર્સ માર્કબાય અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જુલાઇ સને ૧૮૭૫).

૧૮ મ્યુનીસીપાલ ગુન્હો—બાબીસાળ[1] સમનો—તોહોમતદારનો હક—કોઈ પક્ષકાર ઉપર મ્યુનીસીપાલેટીએ સમન કાઢયો હોય અને કઈ તારીખે ગુન્હો બન્યા છે તે રજુઆત ચાલતાં સુધી તે પક્ષકારના જાણવામાં ના આવ્યું હોય તો, એમ ઠરાવવામાં આવ્યું હતું કે તેની મરજીમાં આવે તે શાહેદોઓ રજુ કરવાને તેને હક આપવો જોઈતો હતો. ગુઝર સાંઘ સુબેદાર વિરૂદ્ધ હાઉરાહ મ્યુનીસીપાલેટીના ચેરમેન, ૨૪ વિ૦ રી ૫૫.

(મેસર્સ બર્ચ અને લાફર્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી સપટંબર સને ૧૮૭૫).

૧૯ મ્યુનીસીપાલ ગુન્હો—કસ્બાના ધારાઓ સને ૧૮૬૪ નો ૩ જો કલમ ૬૩—મકાનો સેહેજ બળી શકે તેવી રીત સને ૧૮૬૪ ના આકટ ૩ જાની કલમ ૬૩ માં આપેલા અધીકાર મુજબ હાઉરાહની મ્યુનીસીપાલટીએ ઘરનું બાહારનું છાપરૂ સચ કરાવતી વખતે અથવા બાંધતી વખતે અને મકાનોની ભીંતો ચણાવતી વખતે સેહેજ બળી શકે તેવી રીતે બાંધવાની મના કરેલી તેનો અર્થ એવો કરવામાં આવ્યો હતો કે છાપરાનો કાંઈપણ ભાગ એવી રીતે સચ કરાવવો નહી. હાઉરાહ મ્યુનીસીપાલીટીનો ચેરમેન વિ મોનટેનીએવાહ, ૨૪ વિ૦ રી૦ ૭૦.

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી નવંબર ૧૮૭૫).

રાણી વિરૂદ્ધ મુસામત ઈટવારા, ૧૪ બેં. લો. રી. અપે. ૧. જુઓ સોગન ૩.

૨૦ મ્યુનીસીપાલ ગુન્હો—સને ૧૮૬૪ નો ૩ જો કલમો ૬૭, ૭૩—હુકુમત—સને

૧૮૬૪ ના આકટ ૩ જાની કલમ ૭૩ મુજબ કોઇ પક્ષકારને નોટીસ આપવામાં આવી હોય અને તેમાં બતાવ્યા પ્રમાણે જંગલ સાફ ના કરે તો મ્યુનસીપાલ કમીશનર તરીકે માજીસ્ટ્રેટને તે જંગલ કબજાવાળા પક્ષકારને ખરચે સાફ કરાવવાનો અથવા કલમ ૬૭ મુજબ તેનો દંડ કરવાનો અધીકાર છે ગોપી કીશન ગોસાઈ અરજદાર, ૨૮ [illegible] રી. ૭૯.

મેસર્સ મીતર અને [illegible] ડજ્જોની રૂબરૂ, તા૦ ૧૬ મી ડીસંબર [illegible] ૧૮૭૫.)

૨૧ મ્યુનસીપાલ ગુન્હો—સને ૧૮૬૪ નો આકટ ૩ જો બંગાલાનો મ્યુનીસીપાલ આકટ કલમો ૨, ૧૦, ૧૩, ૧૫, ૧૬, ૫૭, ૫૮—સરકારી ધોરી રસ્તાઓ—સરકારી રસ્તો બંધ રાખવાનો અથવા તે કાઢી નાખવાનો મ્યુનીસીપાલ કમીશનરોનો અધીકાર—સને ૧૮૬૩ નો ૬ ઠો કલકત્તાનો મ્યુનીસીપાલ આકટ કલમો ૧૦૯, ૧૧૦—આકટ મુજબ સરકારી ધોરી રસ્તાઓ મ્યુનીસીપાલ કમીશનરોના અખતીઆરમાં સોંપેલા છે તેથી તે રસ્તાઓ બંધ રાખવાનો અથવા કાઢી નાખવાનો મ્યુનીસીપાલ કમીશનરોને તેમજ એકલા વાઈસ ચેરમેનને અધીકાર મળતો નથી. રાણી વિરૂદ્ધ બ્રાજોનાથડી, ઈ૦ લો૦ રી૦ ૨ ક. ૪૨૫.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુન સને ૧૮૭૭).

રાણી વિ૦ કલકત્તાની જસ્ટીસોના કેસમાં નજર રાખવામાં આવે છે, ૨ ઇન્ડ. જ્યુ. ઉ. દ. ૧૮૨.

૨૨ મ્યુનીસીપાલ ગુન્હો - જસ્ટીસ ઓફ ધ પીસ—અયોગ્ય હીત—ફરીઆદીના ચાકરના કેહેવાથી અને તેના કરેલા નિર્ણય ઉપરથી સમનો કાઢેલા તે—પુરાવો લેવાને ના પાડેલી તે-નુકશાનની કીંમત ઠરાવવાનો છેવટનો ઠરાવ—સને ૧૮૬૭ નો આકટ ૪ થો કલમો ૭૫, ૭૭, ૭૮, ૭૯, ૩૪૬, ૩૫૧—સને ૧૮૭૫ નો ૧૦ મો હાઇ કોર્ટનો ક્રીમીનલ પ્રોસીજર આકટ કલમ ૧૪૭—સને ૧૮૭૬ ના આકટ ૪ થા પ્રમાણે પરવાનો લીધા સીવાય अ નામનો માણસ કલકતામાં વેપાર ચલાવતો હતો તેના ઉપર કોઈ કંપનીનો નોકર જે જસ્ટીસ ઓફ ધ પીસ હતો તેના કેહેવાથી ब નામના માણસે સમન કાઢ્યો હતો. ब એ પછીથી કેસ ચલાવ્યો હતો અને તેમાં એમ સાબીત થયું હતું કે સેડ્યુલ ૩ જા પ્રમાણે વેહેપાર સંબંધી કર આપવાની નોટીસ એને બરોબર વખતે પોહોચી હતી, અને જો કે પરવાનો લેવાને માટે તે જવાબદાર નથી અને તકરારમાં બતાવ્યા પ્રમાણે તે કાંઈપણ ધંધો કરતો ન હોતો એવું તેણે બતાવ્યું હતું તોપણ કલમ ૭૯ મુજબ વેહેપાર સબંધી ઠરાવેલા કર ઉપર તેણે અપાલ કરી નોહોતી. વળી એમ પણ સાબીત થયું હતું કે ઠરાવેલો કર તે કંપનીના ચેરમેને મંજુર કર્યો હતો પણ તે ભરવામાં અવ્યો નોહોતો તે ઉપરથી अ એ પુરાવો રજુ કર્યો કે તેને પરવાનો લેવાની જરૂર નોહોતી; પણ ब એ આવી રીતનો પુરાવો નહી સાંભળતાં अ ને ગુન્હેગાર ઠરાવી તેનો દંડ કર્યો. ઉપલી હકીકત ઉપર સને ૧૮૭૫ ના આકટ ૧૦ ની કલમ ૧૪૭ મુજબ હાઈ કોર્ટને અરજી કરવાથી એમ ઠરાવવામાં આવ્યું કે કલમ ૭૯ માં બતાવેલો છેવટનો ચેરમેનનો ઠરાવ કલમ ૭૫ મુજબ જે કોઈ માણસ ખરેખરી રીતે પરવાનો લેવાને બંધાયેલો છે તેવા ખાસ વર્ગના માણસની સાથે ફકત સબંધ રાખેછે પણ કોઇ પણ રીતે તેની પરવાનગી લેવાને તે જવાબદાર નથી એવા કેસના માણસની સાથે તે સબંધ રાખતો નથી. આ સવાલ એવો છે કે જેનું યોગ્ય કોર્ટ પુરાવો લેઈને કલમ ૭૭ મુજબ થયેલી ફરીઆદીમાં ઈનસાફની રાહેજ ફકત નીરાકરણ કરી શકે છે તેથી કરીને अ એ રજુ કરેલો પુરાવો ब એ લેવાની ના પાડેલી તે કાયદા વિરૂદ્ધ હતું. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે મુકરદમો ચલાવી આખરે अ ને ગુન્હેગાર ઠરાવ્યો તે પણ ગેરકાયદેસર

हतुं कारण के घ एरे फरीआदी (कंपनी)नो नो कर होवाथी तेने आ काममां एवुं हीत हतुं के जेथी ते साधारण रीते तरफदारी खेंची शके माटे आ काममां समन काढवानी परवानगी आपती वखते अथवा तकरार सांभळती वखते तेणे जस्टीस ओफ ध पीस तरीके बेसवुं जोईतुं नोहोतुं. वुड वि. कलकता शेहेरनी कंपनी. ई. लो. री.७ क. ३२२; ५ क. लो. री. १५३.

(मेसर्स मीतर अने मेकलीन जडजोनी फेंसल, ता० ३१ मी मे सने १८८१.)

निचेना केसोने लागु पडे छे:—

राणी वि. मुकतासींग, ४ बें. लो. री. ओ. अ. १५. जुओ साहेदी ५.

राणी वि. भोलानाथसेन, ई० लो० री० २ क. २३. जुओ अव्यवस्था ७.

राणी वि. हीरा लालदास, ८ बें. लो. री. ४२२. जुओ रजीस्ट्रेशन ४.

निचेना केसोमां नजर राखवामां आवी:—

राणी वि. चारुचंदर मुलीक, ई० लो० री० ८ क. ३४७. जुओ कमीट करवुं ते ४०.

बसापानी बाबतमां, ई. लो. री. ५ मुं. १७२. जुओ हकुमत ४८.

२३ म्युनीसीपाल गुन्हो—वीसीवाळो—बंगाळानो म्युनीसीपाल कोनसोलीडेशन आकट कलम ७७—परवानो—वेपार संबंधी कर—दंड—परवानो लीधा सीवाय वीसी राखवाने माटे सने १८७६ ना आकट ४ थानी कलम ७६ मुजब गुन्हेगार ठरावववाने माटे एम साबीत थवुं जोइए के तोहोमतदार पोते लोकोने एवी रीते देखाडी आपतो हतो के तेनो धंधो नफो मेळववाने माटे पैसा लेई लोकोने जमाडवानो हतो. सने १८७६ ना आकट ४ थानी कलम ७७ मुजब योग्य रीते दंडनी सजा करवाने माटे तोहोमतदारने वेर अथवा वीसीमां शो दर हतो अने तेणे परवानो लीधो होत तो शुं आपवुं पडत ते विषेनो पुरावो आपवो जोइए. जेवुड वि. कलकतानी कंपनी, ई० लो० री० ८ क. ८५१; ११ क. लो. री. ३५७.

(मेसर्स प्रीनसेप अने ओकीनली जडजोनी फेंसल, ता० २३ मी मे सने १८८२.)

२४ म्युनीसीपाल गुन्हो—सने १८७६ नो आकट ४ थो कलम २४८—परवाना सीवाय ढोरने राखवाने माटे गुन्हेगार ठरावववुं ते—समन काढवानी तारीखथी ते अपराधी ठरावववाना वखतनी दरमीयान गुन्हो थयेलो ते—सने १८७६ ना आकट ४ थानी कलम २४८ मुजब कोई दुधवाळो जेने परवाना सीवाय ढोर राखवाने माटे गुन्हेगार ठरा ववामां आव्यो हतो तेने गुन्हेगार ठरावतां पेहेलां ते जारी राखवाने माटे फरीथी गुन्हेगार ठरावी शकाय नही, तेमज दरेक दीवसनो जुदो गुन्हो ठरावी तेनी जुदी जुदी तपास थइ शके नही. गुन्हेगार ठरावतां पेहेलां ते कलम मुजब गुन्हो जुदो अने अलग गणाय छे. सने १८७६ ना आकट ४ थानी कलम २४८ मुजब गुन्हो करवाने माटे कोई दुधवाळा उपर ता० २७ मी मार्चे समन काढेलो तेमां गुन्हो ता० १६ मी मार्चे थयेलो बतावववामां आव्यो हतो. काम चलाववानी मुदत ता० ८ मी एप्रील ठरावी प्रतीवादीने गुन्हेगार ठरावी माजीस्ट्रेटे दंड कर्यो हतो. ते माणुस उपर वळी बीजो समन तेज दीवशे (ता० २७ मी मार्चे) एवीज जातनो ता० २५ मी मार्चे करेला गुन्हाने माटे काढवामां आव्यो हतो. एम ठरा ववामां आव्युं के बीजा तोहोमतने माटे तेने गुन्हेगार ठरावी शकाय नही. कलकता शेहेरनी कंपनी वि. मटुबेवाह, ई. लो. री. १३ क. १०८.

(मेसर्स पीगट अने मेकफरसन जडजोनी फेंसल, ता० २७ मी मे सने १८८६.)

२५ म्युनीसीपाल गुन्हो—परवानो—मद्रासनो सने १८७१ नो ३ जो कलम १५४—मद्रासना सने १८७१ना आकट ३ जा

ની કલમ ૧૫૪ પરવાનો ના લીધો હોય તેવી બાબતને લગાડવાની નથી. આકટ મુજબ ન હી ચાલીને કરેલાં કૃત્યો જે પોલીસના ધાર વા પ્રમાણે ગુન્હાઓ ગણાતા હોય અને તે ની ફરયાદ કરવામાં આવ્યા હોય તો એમાંના એક રસ્તા મુજબ તે ચાલી શકે એટલે, વા રંટ સિવાય પકડી શકે, અથવા માજીસ્ટ્રેટને ખ બર આપી વારંટ અથવા સમનને માટે અરજ કરી શકે તેવા કૃત્યોને તે કલમ લાગુ પડેછે. જો તે પાછળની રીત મુજબ ચાલવાનું ધારતો હોય તો તે ઉપરથી સમન કાઢવાનો હુકમ કર તાં પેહેલાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૩ અને ૬૩ મુજબ ખબર લખી લેવી જો ઇએ અને તે પ્રતીજ્ઞા પુર્વક અને સોગન ઉ પર આપેલી હોવી જોઈએ જે કેસમાં ફરી આદ કરવામાં ના આવી હોય તેવા કેસને ફકત કલમ ૬૮ લાગુ પડે છે, અને માજી સ્ટ્રેટ પોતે કામ ચલાવે છે. પ્રો. તા૦ ૨૯ મી ડીસંબર ૧૮૭૧, ૬ મ. હા. કો. રી. અ પે. ૪૯.

૨૬ મ્યુનીસીપાલ ગુન્હો—કસ્બાનો ધા રો—મદ્રાસનો સને ૧૮૭૧ નો ૩ જો—તક રારી કસ્બાના ધારાને લાગુ પડે તેવી રીતે કોઈ ધારો જે મ્યુનીસીપાલ કમીશનરોએ પાસ કર્યો ના હોય અને સરકારે મંજુરી આપી ના હોય તે ફકત છેવટના વાકયમાં સજા ક રવાનું લખી છાપવામાં આવ્યો હોય અને જો કે તે તકરારી બીજા કસ્બાના ધારાના સબંધમાં પાસ થઇ મંજુર કરવામાં આવ્યો હોય તોપણ તેમાં ઠરાવેલો દંડ કાયદેસર વસુ લ થઈ શકે નહી. શેહેર સુધરાઈનો સને ૧૮૭૧ નો ૩ જો જેમાં પરવાનો લેવા લાય ક કેસો બતાવેલા છે તેમાં પુર્ણ રીતે જાહેર કરવામાં આવ્યું છે કે એવા કેસોમાં પરવાનો લેવામાં ના આવ્યો હોય તો તે આકટ ના ઉલંગન કર્યો ગણાય છે. પ્રો. તા૦ ૧૭ મી ફેબ્રુઆરી ૧૮૭૫. ૮ મ. હા. કો. રી. અ પે. ૩.

૨૭ મ્યુનીસીપાલ ગુન્હો—પાણીનો કર—મદ્રાસનો સને ૧૮૭૮ નો ૫ મો—કલમ ૧૫૨ મુજબ કેસ અભીપ્રાય માટે મોકલેલો તે—પાણીનો કર વસુલ કરવાનો મ્યુનીસીપાલ ક મીશનરોનો હક—પેહેલાંની સરત—સ્વતંત્ર અ ધીકાર—મદ્રાસનો મ્યુનીસીપાલ આકટ "ખા નગી" આકટ ગણાતો નથી. કાયદા બાંધનારા એએ સાર્વજનીક સુધારો કરવાની ફરજ કોઇ સાર્વજનીક મંડળી ઉપર નાખી હોય, અને એ વાં કૃત્યો કરવાને માટે તેમને અધીકાર આ પ્યો હોય અને તેથી ખાનગી હકોની દરમી આનગીરી થતી હોય તોપણ તેનો કોઈ રીતે અટકાવ થશે નહી. કાયદાનો અર્થ કરારની માફક કરવાનો નથી. કર નાખવાનો અધીકાર એ કંઈ કરારની રૂઈએ નથી અને તેને અ ન્યોન્યાપેક્ષક હકની કાંઈ જરૂર નથી. જે બાબતમા કર નાખવાની કલમના શબ્દોની મ તલબને વળગી રેહેવાનું હોય તેવી બાબતમાં ન્યાયશાસ્ત્રની રૂઈએ અર્થ કરી શકાય નહી. બ નામનો માણસ મદ્રાસ શેહેરમાં રેહેતો હતો અને શેહેરના જે ભાગમાં મ્યુનીસીપાલ કમી શનરોએ પાણી આપ્યું નોહોતું તે ભાગની અંદર તેનાં મકાનો હતાં. તે મકાનોના સબંધ માં બ ઉપર કમીશનરોએ પાણીનો કર નાં ખ્યો. બ એ કલમ ૧૮૯ મુજબ પ્રેસીડન્ટ અ ને બે કમીશનરોને અપીલ કરી, અને તેઓ એ કર આપવા જોઇએ એવું ઠરાવ્યું. હાઈ કોર્ટમાં કેસ જવાથી (મી૦ કરનાન જડજ વિ રૂદ્ધ પડીને) મેસર્સ ઈન્સ અને મુતુસ્વામી આ યાર જડજોએ એવું ઠરાવ્યું હતું કે કમીશન રોનો પાણીનો કર લેવાનો હક તેઓની પાણી પુરૂ પાડવાની ફરજથી સ્વતંત્ર હતો. જી એ ફ. બેનસન વિરૂદ્ધ મદ્રાસના મ્યુનીસીપાલ ક મીશનરો, ઈ. લો. રી. ૨ મ. ૩૬૨.

(મેસર્સ ઈન્સ, કરનાન અને મુતુસ્વામી આયાર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી અકટોબ ર સને ૧૮૭૯).

૨૮ મ્યુનીસીપાલ ગુન્હો—મદ્રાસનો સ ને ૧૮૭૮ નો ૫ મો કલમ ૧૧૯—સાર્વજની

ક પુજાની જગા—કોઈપણ મકાન સાર્વજનીક પુજા સીવાય બીજા કોઈ કામમાં આખુ અથવા અડધું વપરાતું હોય તો મદ્રાસના સને ૧૮૭૮ ના મ્યુનીસીપાલ આકટની કલમ ૧૧૯ મુજબ તેનો કર માફ થતો નથી. તે કલમના અર્થ મુજબ બ્રાહ્મણોને ભોજન કરાવવું તે સાર્વજનીક પુજા ગણાતી નથી. સુબ્બાયા વિ. અરનડલ, ઈં૦ લો૦ રી૦ ૬ મ. ૨૮૭.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ, અને કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૮૨ અને તા૦ ૧૩ મી ફેબ્રુઆરી સને ૧૮૮૩).

૨૯ મ્યુનીસીપાલ ગુન્હો—મદ્રાસનો સને ૧૮૭૧ નો ૩ જો—મુઠની સંખ્યા ઉપર નજર રાખતાં સેડયુલ (ક) થી જુદો અર્થ નિકળી આવે તે શીવાય સને ૧૮૭૧ ના મદ્રાસ શેહેરના સુધરાઈના આકટમાં "ઘોડો"એ શબ્દમાં ટટુનો સમાવેશ થઈ જાય છે. સેડયુલ (ક) તે આકટનો ભાગ ગણાય છે. કમાનવાળી ચાર પૈડાની ગાડી ને તેર મુઠ ઊંચો ટટુ જોડયો હોય તો તેના ઉપર આકટ મુજબ કર નાખી શકાતો નથી. વીઝાગાપટમની મ્યુનીસીપાલેટી વિ૦ વોકર, ઈં૦ લો૦ રી૦ ૫ મ. ૨૬૯.

(મેસર્સ કરનાન અને મતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુલાઈ સને ૧૮૮૨).

૩૦ મ્યુનીસીપાલ ગુન્હો—વકીલ અને ધંધો ચલાવનાર વકીલ—મદ્રાસનો સને ૧૮૭૧ નો ૩ જો સેડયુલ (બી)—માજીસ્ટ્રેટની કોર્ટોના વકીલોનો કર લેવો તે—મદ્રાસની શેહેર સુધરાઈના સને ૧૮૭૧ ના આકટના સેડયુલ (બી) ના ૪ થા કલોઝમાં બતાવેલા "વકીલ અને ધંધો કરનાર વકીલ" એ શબ્દોની અંદર ફકત ડીસ્ટ્રીકટ અથવા હાઈ કોર્ટના સનંદી વકીલો આવી જાય છે એટલુંજ નહીં પણ મ્યુનીસીપાલ હદની અંદર આવી ગએલી ફોજદારી કોર્ટોમાં ધંધો કરનાર સઘળા માણસો આવી જાય છે. પાલમકોટાહની મ્યુનીસીપાલેટી વિ૦ આનાસ્વામી, ઈં૦ લો૦ રી૦ ૬ મ. ૧૦૦

(મેસર્સ ઈન્સ અને કરનાન જડજોની રૂબરૂ, તા૦ ૩ જી નવેંબર સને ૧૮૮૨).

૩૧ મ્યુનીસીપાલ ગુન્હો—મદ્રાસનો સને ૧૮૭૮ નો ૫ મો. કલમો ૧૧૯, ૧૨૦, ૧૨૩—નકામી જમીન—કર સને ૧૮૭૮ ના મદ્રાસ મ્યુનીસીપાલેટીના આકટ મુજબ કર નાખવાને માટે ઘર, મકાન અથવા જમીનની વાર્ષીક કીંમત ઠરાવવાની વાખ્યા કલમ ૧૨૩ માં આપેલી છે તેને, કલમ ૧૨૦ જેમાં જમીન ઉપર કાંઈ મકાનો બંધાયા ના હોય અથવા દેશીઓનાં ઝુંપડાંઓ પણ ના હોય તેવી જમીનનો વાર્ષીક ઉચ્ચડ કર ચાર રૂપીઆ કરતાં વધારે નહી ઠરાવવાનો પ્રેસીડન્ટને અખિકાર આપેલો છે, તેની સાથે કાંઇ સબંધ નથી. અહમદ ઉનનીસા વિ૦ અરનડલ, ઈં૦ લો૦ રી૦ ૭ મ. ૬૩.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨ જી મે સને ૧૮૮૩).

૩૨ મ્યુનીસીપાલ ગુન્હો—સને ૧૮૭૧ નો ૩ જો મદ્રાસનો આકટ કલમો ૨૭, ૬૧, ૬૨—સને ૧૮૭૧ ની સાલના મદ્રાસની શેહેર સુધરાઈના આકટની ક. ૬૧ મુજબ મ્યુનીસીપાલ કમીશનરોને કર આપનાર માણસોનું પત્રક સુધારીને તેયાર કરવાનો અને કર વસુલ કરવાની નોટીસો કાઢવાનો અધીકાર આપેલો છે તે પ્રમાણે ચાલીને અને, જો કે ઉપલા આકટની કલમ ૨૭ મુજબ તાકીદના કરની અંદર પ્રેસીડન્ટ અને તેની ગેરહાજરીમાં વાઈસ પ્રેસીડન્ટ આકટ મુજબ કમીશનરોને આપેલો અધીકાર બજાવી શકે છે તેવો તાકીદનો કેસ નોહોતો તોપણ મ્યુનીસીપાલેટીના વાઈસ પ્રેસીડન્ટે ક નામના શખસ ઉપર કર વસુલ કરવાની નોટીસ કાઢી એમ ઠરાવવામાં આવ્યું કે કર આપ્યા સીવાય ધંધો કરવાનુ ક ઉપર તોહોમત રાખેલું તેના જવાબમાં કર વસુલ કરવાની નોટીસ અયોગ્ય હતી એવું બતાવી શકાય ન

હી. મેંગલોરના મ્યુનીસીપાલ કમીશનરો વિ૦ ડેવીસ, ઈં૦ લો૦ રી૦ ૭ મ. ૬૫.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુતુસ્વામીઆયર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૮૩.)

રાણી વિ૦ પીરથા ગોપાળોના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૯ મું. ૧૦૦. જુઓ હકુમત ૪૫.

૩૩ મ્યુનીસીપાલ ગુન્હો—મદ્રાસનો સને ૧૮૭૧ નો ૩ જો કલમ ૬૨—માણુસ—એ ઠો વેપાર—કર સને ૧૮૭૧ ના મદ્રાસની શેહેર સુધરાઈના આકટની કલમ ૬૨ માં "માણુસ" એ શબ્દોની અંદર, આગળ પાછળના લખાણુથી ઉલટો અર્થ ના થઈ જતો હોય તો ભાગીદારી, કંપની અથવા સમુદ વિનાની કંપની અથવા ઘણા માણુસનો સમાવેશ થઈ જાય છે. તે ઉપરથી એ હિંદુ ભાઈઓ એકઠી દુકાન ચલાવતા હોય અને કર એક ભાઈએ ભર્યો હોય તો એમ ઠરાવવામાં આવ્યું કે બીજા ભાઈ પાસેથી કર લેઈ શકાય નહી. નાગાપાતમના મ્યુનીસીપાલ કમીશન ા વિ૦ સાડયાટ ઈ. લો. રી. ૭ મ. ૭૪.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુતુસ્વામીઆયર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુન સને ૧૮૮૩.)

૩૪ મ્યુનીસીપાલ ગુન્હો—મદ્રાસનો સને ૧૮૭૧ નો ૩ જો કલમો ૬૪ અને ૭૨—ઢોર ઉપર કર નાખવો તે—પરવાનો—હદ—મદ્રાસની શેહેર સુધરાઈના સને ૧૮૭૧ ના લખાણુ મુજબ ન નામના માણુસે બળદનો પરવાનો લીધા પછી તે બળદ મરી ગયો અને ન એ બીજો બળદ ખરીદ કર્યો અને તેનો પરવાનો લીધો નહી પરવાનો લીધા સીવાય આ બળદ રાખવાને માટે ન ને ગુન્હેગાર ઠરાવ્યો હતો. (મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ, હચીન્સ અને બ્રાંડટ જડજો વિરૂદ્ધ પડીને) એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવ્યો તે વ્યાજબી હતું. મનારગડીના મ્યુનીસીપાલ કમીશનરો વિ૦ નલાપા, ઈ. લો. રી. ૮ મ. ૩૨૭.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ, હચીન્સ અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જાનેવારી અને ૨૪ મી ફેબ્રુઆરી ૧૮૮૫.)

૩૫ મ્યુસીપાલ ગુન્હો—મદ્રાસનો સને ૧૮૭૮ નો ૫ મો અને સને ૧૮૮૪ નો ૧ લો કલમો ૧૦૩, ૧૦૫ સેડયુલ એ, વર્ગ ૧ લો—મદ્રાસ શેહેરની મ્યુનીસીપાલીટીના સને ૧૮૭૮ ના આકટની કલમ ૧૦૩ મુજબ જો કે ધંધા ઉપર લેવાતો કર વાર્ષીક કર ગણાય છે તોપણુ કર આપનાર માણુસ છ છ માસે કર આપવાને જવાબદાર થાય છે. સને ૧૮૭૮ ના આકટ ૫ માના સેડયુલ (એ) ના વર્ગ ૧ લા મુજબ ડબલ્યુ નામના માણુસના દર વર્ષે રૂ૧૫૦) ઠરાવેલા તેમાંથી ઉપલા આકટની કલમ ૧૦૫ મુજબ સને ૧૮૮૪ ની સાલના અડધા વર્ષના રૂપીઆ તેણે ભર્યા હતા; અને બીજા અડધા વર્ષના રૂપીઆ જ્યારે ભરવાના હતા ત્યારે મદ્રાસનો સને ૧૮૮૪ નો આકટ ૧ લો અમલમાં આવ્યાથી શેડયુલ (એ) ના વર્ગ ૧ લા મુજબ વાર્ષીક કર ગણી બાકીના અડધા વર્ષના રૂપીઆ સવાસો ઠરાવ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે ઠરાવેલો કર કાયદેસર હતો. વિલસન વિ૦ મદ્રાસની મ્યુનીસીપાલીનો પ્રેસીડેન્ટ, ઈ. લો. રી. ૮ મ. ૪૨૯.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી માર્ચ ૧૮૮૫.)

૩૬ મ્યુનીસીપાલ ગુન્હો—મદ્રાસનો સને ૧૮૭૧ નો ૩ જો કલમો ૬૨, ૧૬૯ ધંધાનો કર નહી આપવો તે—કેવી જાતનો ગુન્હો ગણાય છે તે—ફરીઆદી—મુદત—મ્યુનીસીપાલીટીનો સને ૧૮૮૪–૮૫ ની સાલનો કર આપ્યા સીવાય તે સાલમાં બે માસ કરતાં વધારે ધંધો ચલાવ્યાથી વે નામના માણુસ ઉપર મદ્રાસના સને ૧૮૭૧ ના આકટ ૩ જાની કલમ ૬૨ મુજબ ફરીઆદ થવાથી માજીસ્ટ્રેટે, છેલો કર ભર્યાને પાંચ માસ થઈ ગયા તેથી ઉપલા આકટની કલમ ૧૬૯ મુજબ ફરીઆદ થઈ શકતી નથી, એવું કારણુ બતાવી ફરીઆદ

मांडीवाळी. એમ ઠરાવવામાં આવ્યું કે સરકારી વર્ષ પુરૂ થયા પછી ત્રણ માસની અંદર અથવા સરકારી વર્ષ પુરૂ થતાં પેહેલાં એ ધંધો બંધ કર્યો તે તારીખથી ત્રણ માસની અંદર જો ફરીઆદ થઇ હોય તો તેને ઉપલા આકટની કલમ ૧૬૯ મુજબ બાધ આવતો નથી. ઉતકામંદ મ્યુનીસીપાલીટી વિ૦ શોધનેસી, ઈ. લો. રી. ૯ મ. ૩૮.

(મી૦ પારકર જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૮૫.)

૩૭ મ્યુનીસીપાલ ગુન્હો—મદ્રાસનો સને ૧૮૮૪ નો ૪ થો॰ કલમ ૧૦૩—કર વસુલ કરવાની પદ્ધતિ—મીલકત કબજ કરવી તે—મદ્રાસના સને ૧૮૮૪ ના આકટ ૪ ની કલમ ૧૦૩ મુજબ દંડ નહી ભરનાર માણસની સ્થાવર મીલકત કબજ કરી દંડ વસુલ થઈ સકે નહી તે સીવાય દંડ નહી ભરવાને માટે તે કલમમાં બતાવ્યા મુજબ ફરીઆદ ચાલી શકતી નથી. રાણી વિ૦ શોધનેસી, ઈ. લો. રી. ૯ મ. ૪૨૯.

(મેસર્સ કોલીન્સ નાઈટ ચીફ જસ્ટીસ અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુલાઇ સને ૧૮૮૬).

૩૮ મ્યુનીસીપાલ ગુન્હો—હકુમત—શેહેરનો નિયમ તોડવાને માટે દંડ થએલો તે—સને ૧૮૫૦ નો આકટ ૨૬ મો—તાબાનો માજીસ્ટ્રેટ—સને ૧૮૫૦ ના આકટ ૨૬ ની કલમ ૭ ના ક્લોઝ ૫ મુજબ શેહેરના કમીશનરોએ કરેલો ધારો તોડવાને માટે કોઈ માણસનો દંડ કરવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. રાણી વિ૦ મલહારજી બીન નોલોજી, ૩ મું૦ હા૦ કો૦ રી૦ ૩૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી નવંબર સને ૧૮૬૬).

રાણી વિરૂદ્ધ ધરમયા વલદે સંગાપાના કેસમાં નજર રાખવામાં આવી, ૮ મું હા. કો. રી. ૧૨. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૪૦.

૩૯ મ્યુનીસીપાલ ગુન્હો—હકુમત—મ્યુનીસીપાલ કમીશનરો—સને ૧૮૫૦ નો ૨૬ મો સને ૧૮૫૦ ના આકટ ૨૬ મુજબ નીમાયેલી મ્યુનીસીપાલ કમીશનરોની મેનેજીંગ કમીટીને, તે આકટ મુજબ કરેલા ધારાઓ તોડવાને માટે કોઇ માણસની તજવીજ ચલાવી, ગુન્હેગાર ઠરાવવાનો અધીકાર નથી. આવા ગુન્હાઓને માટે દંડ કરવાનો અધીકાર માજીસ્ટ્રેટને કલમ ૧૦ થી મળેલો છે. રાણી વિ૦ માવજી દયાલ; રાણી વિ૦ કાલીદાસ કેવળ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૦.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

રાણી વિરૂદ્ધ યંકુબાપુજી ઋીષ્નાના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૩૯. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૪૧.

૪૦ મ્યુનીસીપાલ ગુન્હો—હકુમત સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—સેડયુલ—તાબાનો માજીસ્ટ્રેટ—મ્યુનીસીપાલ નીયમો તોડવા તે—જે શેડયુલ ઉપર "બીજા કાયદા વિરૂદ્ધ ગુન્હાઓ" એવું મથાળુ લખેલું છે તેનો છેલો ભાગ સને ૧૮૬૯ નો ૮ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની અંદર ઉમેરી દેવાથી સને ૧૮૫૦ ના આકટ ૨૬ મુજબ કરેલા નિયમો નહી પાળવાથી જે ગુન્હાઓ બને છે તેની તજવીજ ત્રીજા વર્ગનો માજીસ્ટ્રેટ કરી શકે છે. રાણી વિ૦ ધરમાવલ્લ દેસંગાપા, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૧૨.

(મેસર્સ લોયડ અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧).

રાણી વિરૂદ્ધ મલહારજી બીન નોલાજીના કેસમાં નજર રાખવામાં આવે છે, ૩ મું૦ હા૦ કો૦ રી૦ ૩૬. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૩૮.

રાણી વિ૦ યંકુ બાપુજી ઋીષનાના કેસમાં આ કેસ મંજુર રાખવામાં આવ્યો, ૮ મું. હા. કો. રી. ૩૯. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૪૧.

૪૧ મ્યુનીસીપાલ ગુન્હો—મ્યુનીસીપાલ કમીશનરો—તાબાનો માજીસ્ટ્રેટ—મ્યુનીસીપાલ નિયમો તોડવાને માટે તજવીજ કરવાની હકુમત—સને ૧૮૫૦ નો આક્ટ ૨૬ મો—અધીકાર ઉપરાંત મ્યુનીસીપાલ નિયમો ઘડેલા તે—અધીકાર ઉપરાંતના મતના અર્થ કરી બતાવવામાં આવ્યો તે—સને ૧૮૫૦ ના આક્ટ ૨૬ મુજબ નિમાયેલા મ્યુનીસીપાલ કમીશનરોએ તે આક્ટ મુજબ નિયમો ઘડયા હોય તો તે નિયમો નહી પાળવાના સબંધમાં તેઓનો ઈનસાફની રાહે તજવીજ કરવાનો અધીકાર નથી તેમજ તેવી જાતનો અધીકાર બજાવવાનો તેઓનો હક નથી. રાણી વિ૦ કાળીદાસ કેવળ (૫ મું. હા. કો. રી. ક્રી. કેઈસ ૧૦) ના કેસનો આધાર લેવામાં આવ્યો અને મંજુર રાખવામાં આવ્યો. આવા કરબાના ધારાઓ અથવા નિયમોને માટે ગુન્હેગારોની તજવીજ કરવાનો ગામડાના માજીસ્ટ્રેટોને અધીકાર આપેલો છે તેમજ તાબાના અને બીજા માજીસ્ટ્રેટોની પણ હકુમત છે. રાણી વિરૂદ્ધ ધરમયા વલદે સંગાપા (૮ મું૦ હા૦ કો૦ રી૦ ક્રી૦ કે૦ ૧૨ નો કેસ મંજુર રાખવામાં આવ્યો. આવા કમીશનરોની બનેલી મેનેજીંગ કમીટીને આવી જાતના ગુન્હેગારોની તજવીજ ચલાવવાનો અથવા તેમનો દંડ કરવાનો અધીકાર મળે તેવી મતલબથી ઉપલા આક્ટ મુજબ નિયમો કરવામાં આવ્યા હોય તો તે અધીકાર ઉપરાંત ગણાય છે. વલસાડ, સુરત, માલકમપેટ અને અમદાવાદની મ્યુનીસીપાલેટીઓના નિયમો જોવામાં આવ્યા અને તે ઉપર ટીકા કરવામાં આવી. થોડો અધીકાર ઉપરાંત અને થોડો અધીકાર અંદર આવી જાય તેવા નિયમનો. પાછલા ભાગના સબંધમાં કેટલો અમલ થઇ શકે તે ઉપર વિચાર કરવામાં આવ્યો. રાણી વિ૦ ચંકુ બાપુજી કીષ્ના અને બીજો, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૩૯.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, ગીબ્સ, મેલવીલ, કેમ્પબેલ અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી અકટોબર સને ૧૮૭૧).

રાણી વિ૦ કાળીદાસ કેવળના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે અને તે મંજુર કરવામાં આવે છે, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૦. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૩૯.

રાણી વિ૦ ધરમયા વલદે સંગાપાના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે અને તે મંજુર કરવામાં આવે છે, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૧૨. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૪૦.

રાણી વિ૦ હીરા જીવાના કેસમાં નજર રાખવામાં આવે છે, ૭ મું. હા. કો. રી. ૫૯. જુઓ અપીલ ૫.

૪૨ મ્યુનીસીપાલ ગુન્હો—મુંબાઈનો સને ૧૮૭૩ નો ૬ ઠો કલમો ૩૬, ૩૯—મ્યુનીસીપાલીટીએ કાઢેલી નોટીસો—મુંબઈના સને ૧૮૭૩ ના ૬ ઠા ડીસ્ટ્રીક્ટ મ્યુનીસીપાલેટીના આક્ટની કલમ ૩૬ અથવા ૩૯ ના કલોઝ ૧ લા મુજબ મ્યુનીસીપાલેટીએ કાઢેલી નોટીસો મુજબ ચાલવામાં ના આવ્યું હોય તો તેથી તે આક્ટ મુજબ સજા થઈ તેવો ગુન્હો બનતો નથી કારણ કે તે આક્ટની કલમ ૭૪ નો કલોઝ ૧ લો આમાંની એક પણ બાબતને લાગુ પડતો નથી. પાછળનો કલોઝ ફક્ત કલમ ૩૯ ના કલોઝને લાગુ પડે છે. તુકારામ વીઠલની બાબત, ૨ મું૦ હા૦ કો૦ રી૦ ૫૨૭.

(મેસર્સ વેસ્ટ્રોપ અને કેમબેલ જડજોની રૂબરૂ. તા૦ ૨૧ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮.)

૪૩ મ્યુનીસીપાલ ગુન્હો—મુંબઈના સને ૧૮૭૮ ના આક્ટ ૪ થી સુધારો થયેલો મુંબઇનો ૧૮૭૨ નો ૩ જો કલમ ૨૨૦—મુંબાઇ શેહેર—નોટીસ-હારબંધ મકાનોના માલીકોએ સાત દીવસની અંદર ખરાબ હવા કાઢી નાખવાનું યંત્ર મકાનો ઉપર મુકવું જોઇએ એવી મુંબાઈ શેહેરના મ્યુનીસીપાલ કમીશનરોએ નોટીસ કાઢી, જે નોટીસ મુજબ માલીકો ચાલ્યા નહી. એમ ઠરાવવામાં આ

વ્યું કે મુંબાઈના સને ૧૮૭૮ ના આકટ ૪ થાથી સુધારો થયેલા સને ૧૮૭૨ ના ૩ જા આકટની કલમ ૨૨૦ મુજબ ઈમારતોની બાંધણીમાં ફેરફાર કરવાનો મ્યુનીસીપાલ કમી શનરોને અધીકાર નથી; તેથી કરીને આવી રીતની નોટીસ કાયદા વિરૂદ્ધ હતી અને તે મુજબ નહી ચાલવાથી મકાનના માલીકો ગુન્હેગાર થતા નથી. રાણી વિ. સદાનંદ, ઈ. લો. રી. ૮ મું. ૧૫૧.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી નવંબર સને ૧૮૮૩.)

૪૪ મ્યુનીસીપાલ ગુન્હો—મુંબઈનો સને ૧૮૭૩ નો ૬ ઠો કલમો ૩૬, ૩—ઘરના ઓટલા ઉપર શાક તરકારી વેચવી તે—આવી રીતે નહી વેચવા દેવાનો મ્યુનીસીપાલીટીનો અધીકાર—બજાર—જગ્યાની વાખ્યા—ઘરનો ઓટલો—મુંબાઈના સને ૧૮૭૩ ના આકટની કલમ ૩ ની વાખ્યામાં બતાવ્યા પ્રમાણે "જગ્યા" એ શબ્દમાં ઘર અથવા ઘરનો ઓટલો આવી જતો નથી. ઘરના ઓટલા ઉપર તરકારી વેચવી તે કલમ ૬૬ ના અર્થ મુજબ "બજાર તરીકે" ઓટલો વાપરવો ગણાતો નથી, તે ઉપરથી કોઈ માણસે પોતાના ઘરના ઓટલા ઉપર તરકારી વેચેલી તેણે મુંબઈના સને ૧૮૭૩ ના મ્યુનીસીપાલ આકટની કલમ ૬૬ મુજબ કાંઈ ગુન્હો કર્યો ગણાતો નથી. રાજા પાબાખોજીની અરજી ઈ. લો. રી. ૯ મું. ૨૭૨.

(મેસર્સ નાનાભાઈ હરીદાસ અને વેડરબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૫ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫.)

૪૫ મ્યુનીસીપાલ ગુન્હો—મુંબાઈનો સને ૧૮૭૩ નો ૬ ઠો કલમો ૩૩, ૭૪—"બાહારથી ફેરફાર કરવો તે"—મ્યુનીસીપાલેટીને ખબર આપ્યા સીવાય કોઈ મકાનમાં નવું જવા આવવાનું બારણું મુકવું તે—બાહાર પડતું નવુ બારણુ મુકવું તે કોઈ મકાનનો "બાહારથી ફેરફાર કરેલો" ગણાય છે અને મ્યુનીસીપાલેટીને ખબર આપ્યા સીવાય આવી રીતનું કૃત્ય કરવાથી મુંબાઈના સને ૧૮૭૩ ના આકટ ૬ ઠાની કલમ ૩૩ મુજબ સજા થઈ શકે તેવો ગુન્હો ગણાય છે. આવી રીતના કૃત્યથી કોઈ માણસને અડચણ થતી ના હોય તો નામનો દંડ તે યોગ્ય સજા ગણાય છે. રાણી વિ. ગુજરીઆ, ઈ. લો. રી. ૯ મું. ૫૬૮.

(મેસર્સ નાનાભાઈ હરીદાસ અને વેડરબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઈ સને ૧૮૮૫).

જુઓ બેન્ચ માજીસ્ટ્રેટની ૭.

૪૬ મ્યુનીસીપાલ ગુન્હો—વાવ્ય દીશાના પ્રાંતો અને અયોધ્યાની મ્યુનીસીપાલેટીઓનો આકટ સને ૧૮૮૩ નો ૧૫ મો કલમો ૬૯, ૭૧—મ્યુનીસીપાલ નિયમો—નિયમો તોડવા તે—ફરીઆદો—તા૦ ૩ જી નવંબર સને ૧૮૬૯ ની સાલનું નંબર ૮૬૫ નું વાવ્ય દીશાના પ્રાંતોનું સરકારી જાહેરનામું—નિયમ ૬ ઠો કાયદેસર છે તે—મ્યુનીસીપાલ નિયમો મુજબ ફરીઆદો ચાલતાં પેહેલાં વાવ્ય દીશાના પ્રાંતો અને અયોધ્યાની મ્યુનીસીપાલેટીઓનો આકટ સને ૧૮૮૩ ના ૧૫ મામાં બતાવેલી સરતોથી ખાત્રી થાય છે એ વિષેની સંભાળ લેવાઈ છે કે નહી, એ મ્યુનીસીપાલ બોર્ડે અને માજીસ્ટ્રેટોએ તપાસવું જોઈએ. કોઈ એક માણસે દરવાજે વેરો આપ્યો નથી એવી ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ જે મ્યુનીસીપાલ બોર્ડનો ચેરમેન હતો તેને ખબર મળ્યાથી તેણે મ્યુનીસીપાલ નિયમો તોડવાનું તોહોમત રાખી તે માણસ ઉપર ફરીઆદ માંડવાનો હુકમ કર્યો. આવી રીતે કામ ચલાવવાનો હુકમ માજીસ્ટ્રેટે તદન પોતાના અખતીઆર પૈકી કર્યો હતો. વાવ્ય દીશાના પ્રાંતોના સરકારે નં. ૮૬૫ નું તા૦ ૩ જી નવંબર સને ૧૮૬૯ ને રોજ કાઢેલા જાહેરનામાનો નિયમ ૬ ઠો સને ૧૮૭૩ ના આકટ ૧૫ ની કલમ ૪૫ સાથે વાંચીને તે મુજબ તોહોમતદારની તજવીજ ચલાવી તેને અપરાધી ઠરાવ્યો હતો. નિયમ

૬ ઠામાં એવું લખેલું હતું કે કોઈપણ માણસ સે ક્શુલમાં બતાવેલો દરવાજે લેવાનો વેરો ના આપે અથવા તે છુપાવવામાં મદદ કરે તો તેણે કસ્મા નો ધારો નહી પાળ્યો એવું ગણાશે. વાવ્ય દીશાના પ્રાંતોની મ્યુનીસીપાલ સુધરાઈનો આકટ સને ૧૮૬૮ ના ૬ ઠાની કલમ ૧૨ મુજબ તે નિયમ બનેલો હતો એવું નીકળી આવતું હતુ, જેમાં ઉપલા આકટ મુજબ કે વી રીતે કરો લેવાના નિયમો બાંધવા તે બ તાવેલુ હતું. એમ ઠરાવવામાં આવ્યું કે સ ને ૧૮૬૮ ના આકટ ૬ ઠા ની કલમ ૧૨ મુજબ નિયમ કાયદેસર બનેલો છે, અને તે સને ૧૮૭૩ ના આકટ ૧૫ ની કલમ ૨ મુ જબ કાયમ રહેલો છે એમ ધારીએ તોપણ તે સને ૧૮૮૩ ના આકટ ૧૫ ની કલમ ૭૧ માં બતાવ્યા પ્રમાણે જ્યાં સુધી ઉપલા આ કટ મુજબ બનેલા નવા નિયમોથી રદ થઇ ગયો નથી ત્યાં સુધી અમલમાં છે એવું ગ ણાશે, અને તે વળી ઉપલા આકટ પ્રમાણે બનેલો ગણાશે, અને તેથી કરીને તેનો અમ લ ઉપલા આકટમાં લખ્યા પ્રમાણે થાય છે, અને મ્યુનીસીપાલ બોર્ડ અથવા તેને અખતી આર આપેલા બીજા કોઈ માણસે અરજદાર ઉપર ફરીઆદી કરવી જોઈએ એવી ઉપલા આકટની કલમ ૬૯ ની સરત છે. એમ ઠરા વવામાં આવ્યું કે કલમ ૬૯ ઉપર નજર રા ખતાં ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટનો ઓદ્દો બોર્ડના બી જા કોઇ મેમ્બર કરતાં વધારે સારો નોહોતો તેમજ વધારે ખરાબ નોહોતો, તેથી કરીને બોર્ડે તેને રીતસર અધીકાર આપ્યા શીવાય બીજા કોઇ સાધારણ મેમ્બર કરતાં તેણે જા તે ફરીઆદી મંડાવવાનો વધારે અધીકાર નો હોતો; અને કલમ ૬૯ ના શબ્દો હુકમ કરે તેવા હોવાથી અને મુકરદમો કાયદા વિરૂદ્ધ હતો એ વિષે અરજદારે સ્પષ્ટ રીતે વાંધો ઉઠાવ્યા થી તેનો લાભ તેણે હમણાં મળવો જોઈએ, અને ગુન્હેગાર ઠરાવવું તે કાયદા વિરૂદ્ધ છે અને તેથી તે રદ થવું જોઈએ. રાણી વિરૂદ્ધ વસુદ્દખાન, ઈ. લો. રી. ૮ અ. ૬૭૭.

(મીં૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી સપટંબર સને ૧૮૮૬).

મેન્ડેમસ (હુકમ)—

૧ મેન્ડેમસ—ચાલતા દીવાની દાવામાં ફોજદારી કરવી તે—જે બાબત વિષે દીવાની દાવો ચાલતો હોય અને તેમાંથી કાંઈ તોહોમ ત નીકળી આવતુ હોય તેના વિષે ફોજદારી ચલાવવાને માજીસ્ત્રેટે પોતાની મરજીથી ના પાડી હોય તો તોહોમત સાંભળવાની ફરજ પાડવાને માટે હુકમ કરી શકાય નહી. વરદ રંગુલુ નાયુદુ એક્ષપારટી, ૧ મ૦ હા૦ કો૦ રી૦ ૬૬.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને બીટલસન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ન વંબર સને ૧૮૬૨.)

૨ મેન્ડેમસ—હુકમ કાઢવાનો હાઇ કો ર્ટનો અધીકાર—સને ૧૮૭૫ નો ૧૦ મો હા ઈ કોર્ટનો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૭ - પોલીસ માજીસ્ત્રેટ પાસેથી હાઈ કોર્ટમાં કેસ લેઈ જવો તે-પીનલકોડની કલમ ૩૪૧ મુ જબ સાપ્રાધ બળ વાપરવાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. પોલીસ માજી સ્ત્રેટે ફરીઆદીનો પુરાવો લેઈ તેના ઉપર ભરોંસો નહી રાખતાં એવું ઠરાવ્યું કે તોહોમત રાખે લો ગુન્હો બનેલો જણાતો નથી. એમ ઠરાવ વામાં આવ્યું કે તે કાયદાની ભુલ થઈ છે એ મ ગણીએ તોપણ પ્રતીવાદીઓને કમીટ કરવા જોઈએ એવો હુકમ કાઢવાને હાઈ કોર્ટને અખતી યાર નથી; માજીસ્ત્રેટે કેસ ચલાવવાની ના પાડી હોય એવો કેસ તે નથી; તેણે પોતાની હકુમ ત બજાવી કેસ ચલાવ્યો હતો. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે હાઈ કોર્ટના ક્રી મીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૭ મુજબ બીજી જગાએ મોકલી શકાય તેવો કેસ તે નોહોતો. રાણી વિ૦ ગાસપર, ઈ. લો. રી. ૨ ક. ૨૭૮.

(મીં૦ વાઇટ જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી અને ૨૨ મી માર્ચ સને ૧૮૭૭).

કલકત્તાની મંડળી વિ૦ ભીકનરામના પીતના કેસમાં નજર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૨ ક. ૨૫૦. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૭.

નિચેના કેસોમાં નજર રાખવી:—

આરૂચંદર મુલીકનો કેસ, ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૩૯૭. જુઓ કમીટ કરવું તે ૪૦.

પુનાચરનલાલની બાબત, ઈ૦ લો૦ રી૦ ૭ ક. ૪૪૭. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫૯.

મેહેસુલ સબંધી આકટોની રચના—

મેહેસુલ સબંધી આકટોની રચના—મદ્રાસ શેહેરની સુધરાઈનો આકટ સને ૧૮૭૧ નો ૩ જો—કલમો ૫૮, ૬૨—ધધાનો કર આપવો તે—મેહેસુલ આપવા સંબંધીના કાયદાઓનો અર્થ કરવામાં કર આપવાનું લખાણ તે કર નાખવાના લખાણથી જુદુ પાડવાનું છે. કર નાખવાની યુક્તિ કર આપવાની ફરજથી સ્વતંત્ર છે. મદ્રાસના સને ૧૮૭૧ ના આકટ ૩ જા મુજબ ધંધાનો કર આપવાની ફરજનો તે કલમમાં બતાવ્યા પ્રમાણે સરટીફીકેટ લેઈ રજીષ્ટર કરાવવાની ફરજની સાથે કાંઈ સબંધ નથી. મી૦ હચીન્સ જડજનો મત—વરસની શરૂઆતમાં જે માણસો શેહેરમાં ના હોય તે માણસોના નવા નામો મ્યુનીસીપાલ કમીશનરો વધારી શકે નહી એવી રીતે કલમ ૬૧ નો અર્થ કરવાનો નથી. કડાલોર વિરૂદ્ધ નેલસન, ઈ૦ લો૦ રી૦ ૩ મ. ૧૨૯.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી એપ્રીલ સને ૧૮૮૧).

મોકુફી—

૧ મોકુરી —કેદીઓની રજુઆતમાં ઢીલ થએલી તે—નુકશાનને માટે દીવાની દાવો કરેલો તે—સને ૧૮૫૦ નો ૧૭ મો - સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨—જે માણસો જેલમાં હોય તેમની રજુઆત ચલાવવાને કોઈ ડેપ્યુટી માજીસ્ટ્રેટે વ્યાજબી કારણ સીવાય ઢીલ કરી હોય અને કેદીઓને ખરેખરી રીતે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યા હોય તો સને ૧૮૫૦ નો આકટ ૧૭ મો છતાં નુકશાનીનો દાવો તેના ઉપર થઇ શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨ મજબ વખતે વખતે લખીત હુકમથી માજીસ્ટ્રેટ કામની તપાસ પંદર દિવસ સુધી બંધ રાખી શકે છે. રાણી વિ૦ શાહુ અને બીજો, ૧૧ વિ૦ રી૦ ૧૯.

(મેસર્સ ... મન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૯ માર્ચ સને ૧૮૬૯).

૨ મોકુફી— માજીસ્ટ્રેટે કાયદા વિરૂદ્ધ તજવીજ બંધ રાખેલી તે—હાઈ કોર્ટનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૪, ૪૦૪—ચારટર આકટ કલમ ૧૫—કેદનું વારંટ બંધ રાખવું તે—માજીસ્ટ્રેટે કેસની તજવીજ ચલાવવી ગેરવ્યાજબી રીતે બધ રાખવાથી ઠરાવ આપવામાં કાયદાની બાબત ઉપર કાંઈ ભુલ થઇ નોહોતી અથવા તેની અંદર કાયદાનો કાંઈ એવો સવાલ આવી જતો નોહોતો કે જેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ હાઈ કોર્ટને વ્યાજબી રીતે દરમીઆન થવાની જરૂર પડે, તોપણ તજવીજ બંધ રાખવાનો માજીસ્ટ્રેટે કરેલો હુકમ હાઇ કોર્ટે ચારટર આકટની કલમ ૧૫ મુજબ રદ કર્યો, કારણ કે કલમ ૨૨૪ મુજબ કોઇ શાહેદી ગેરહાજર નોહોતો અથવા બીજુ કાંઈ વ્યાજબી કારણ નોહોતું કે જેથી કેસ મોકુફ રાખી શકાય; કલમ ૨૨૪ મુજબ આપેલો અધીકારનો અમલ જે કેસો ખરેખરી રીતે તેની અંદર આવી જતા હોય તેનીજ અંદર ફકત બજાવાયછે. કોઇ કેદીને માજીસ્ટ્રેટની રૂબરૂ લાવવામાં આવ્યો હોય તો કેદના વારંટનો અમલ પુરો થઇ ગયો ગણાય છે. મથુરાનાથ ચકરબતી વિગેરે વિરૂદ્ધ હીરા લાલદાસ, ૧૭ વિ૦ રી૦ ૫૫; ૯ બેં. લો. રી. ૩૫૪.

(મેસર્સ કાઉચ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી એપ્રીલ સને ૧૮૭૨).

નિચેના કેસોને લાગુ પડે છે:—

રાણી વિરૂદ્ધ સરેનદ્રોનાથરોય, ૧૩ વિ. રી. ૨૭; ૫ બેં૦ લો૦ રી૦ ૨૭૪. જુઓ ૫ કડવું તે ૨.

રાણી વિ૦ થોમાસબરે, ૩ વિ૦ રી૦ ૧૪, જુઓ યુરોપી ઈંગ્રેજી પ્રજા ૧.

મોહેશચંદર બાનરજીની બાબત, ૪ બેં. લો. રી. અપે. ૧. જુઓ ફરીઆદ ૧૭.

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યો:—

ઝુહીનહુસેન અરજદાર. ૨૫ વિ. રી. ૮. જુઓ અટકાવ તોહોમતદારનો ૨.

ખાજાનુરહુસેન વલદે ખાજાહવાહીદ જાન વિ૦ મી. સી. ફેર્બ્રાટાનેરી, ૨૪ વિ. રી. ૨૬. જુઓ જુલ ૮.

જુઓ છુટકો ૩૨.
„ માંડીવાળવું ફરીઆદનું ૫, ૧૫, ૨૩, ૨૮.
„ પુરાવો ૮૨.
„ તપાસ તોહોમતદારની ૯.
„ બળાત્કારે કઢાવવુ તે ૬.
„ કેદી તરફના સાહેદીઓ ૨૨, ૨૩.

મોતનું કારણ—

મોતનું કારણ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આક્ટ કલમ ૩૨ મોતના કારણ વિષેનો મચકુર—સવાલના જવાબમાં મોતનું કારણ બતાવેલું તે—સહી વિષે પુરાવો લીધેલો તે—સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૩, ૮, ખુલાસાઓ ૧, ૨, કલમ ૯—"હકીકત"—"વર્તણુક"—"મોનો મચકુર"—ખુનના કેસની રજુઆતમાં એમ સાબીત થયું કે મરનારને તેણીના મોત થયા પેહેલાં થોડાક વખત ઉપર ઘણા માણસોએ શી રીતે ઈજા થઈ હતી તે વિષેનો સવાલ પુછયો હતો, અને તે વખતે તે જવાબ આપવાને અશકત હતી પણ તેણીને સુદ્ધ હતી અને તે ઈસારતથી સમજાવતી હતી. મરનારને પુછેલા સવાલ વિષેનો અને તેના જવાબમાં તેણીએ બતાવેલી ઈસારતનો ફરીઆદીએ પુરાવો આપ્યો હતો અને તે સેસન જડજે કામમાં દાખલ કર્યો હતો. મી૦ મહમદ જડજ વિરૂદ્ધ પડીને ફુલબેન્ચે એવો ઠરાવ કર્યો કે સવાલો અને તેણીએ કરેલી ઈસારતો એકઠી લેતાં તે, પુરાવાના આકટની કલમ ૩૨ ના અર્થ મુજબ કોઈ માણસે પોતાના મોતના કારણ વિષે બતાવેલો "મોનો મચકુર" ગણાય છે અને તેટલા માટે ઉપલી કલમ મુજબ તે કામના પુરાવામાં લેઇ શકાય છે. મી૦ સ્ટ્રેઈટ જડજનો મત—ઈસારતોનો શો અર્થ થાય છે એ વિષે સાહેદીઓ શું સમજ્યા હતા તે મચકુરો કામના પુરાવામાં દાખલ થઈ શકે તેવા નહી હોવાથી પડતા મુકવા જોઈએ; અને મરનારને પુછેલા સવાલોનો તેણીએ એવી રીતે જવાબ આપ્યો હતો કે જેથી કરીને કોઈના મનમાં તેના અર્થ વિષે કાંઇ શક પડે તેવું નોહોતું એમ અનુમાન કરીએ તે કલમ ૩૨ માં આવી જાય છે એવું ધારવું તે મારી મચડીને અર્થ કરવા જેવું નથી. મી૦ મહમદ જડજનો મત—કલમ ૩૨ માં "મોહોનો મચકુર" એ વાક્યના અર્થમાં ફકત શબ્દ અથવા શબ્દોથી કહેલી હકીકત આવી જાય છે, અને આવી રીતે તેનો અર્થ લેતાં મરનારે બતાવેલી ઈસારતો મોનો મચકુર નહી ગણાવાથી ઉપલી કલમ મુજબ તે કામના પુરાવામાં લેઈ શકાય નહી. મી૦ પેથેરામ ચીફ જસ્ટીસનો મત—પુરાવાના આકટની કલમ ૮ ના અર્થ મુજબ ઇસારતો "વર્તણુક" તરીકે પણ સાબીત કરી શકાય નહી, કારણ કે પુછેલા સવાલો જોયા સીવાય તે એકલી ધ્યાનમાં લેતાં મોતના કારણ સાથે તેનો સબંધ રાખી કામના પુરાવામાં લેઈ શકાય એવું કાંઈ માલમ પડતું નથી. અને સવાલો કલમ ૮ અથવા ૯ ના ખુલાસા બીજા મુજબ સાબીત કરી શકતા નથી; કારણ કે આમાંની ગમે તે કલમ મુજબ તેને કામના પુરાવામાં દાખલ કરવી તે વર્તણુકના મુદ્દાને લાગુ પડે તેવું હતું જે વર્તણુક કામની હકીકત ઉપરથી સમજાવવાનું તેઓએ ધાર્યું હતું.

મી૦ મહમદ જડજનો મત—કલમ ૮ માં વપરાયેલો વર્તણુક એ શબ્દના અર્થને મુદ્દાની હકીકત અથવા કામના પુરાવામાં લેઈ શકાય તેવી હકીકતથી ફક્ત અસર થાય છે. એટલું જ નહી પણ મરનારે કરેલી ઇસારતો એ તેણીની વર્તણુક હતી જે ગુન્હાના મુદ્દા ઉપર કોઇ પણ મુકરદમો ચલાવવાનો આધાર હતો અને તેવી રીતે કલમ ૮ મુજબ તે કામના પુરાવામાં દાખલ થઈ શકે તેવું હતું અને તેથી કરીને તેણીને પુછેલા સવાલો ઈસારતોના અર્થની સમજુતી તરીકે કલમ ૮ અથવા કલમ ૯ ના બીજા ખુલાસા મુજબ કામના પુરાવામાં દાખલ થઈ શકે તેવા હતા. રાણી વિ. અબદુલા, ઈ૦ લો૦ રી૦ ૭ અ. ૩૮૫.

(મેસર્સ પેથેરામ ચીફ જસ્ટીસ, સ્ટ્રેટ, ઓલ્ડફીલ્ડ, બ્રોધર્સ્ટ અને મહમદ જડજોની રૂબરૂ, તા૦ ર૭ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫).

જુઓ સોહાન વિ. મથુરાદાસ, ઈ. લો. રી. ૬ અ. ૪૪૯ (દિવાની રૂલીંગ).

જુઓ પુરાવો ૫૩.

„ રીપોર્ટ માજીસ્ટ્રેટનો.

મોત અવિચારી અને ભુલ ભરેલા કૃત્યથી થયેલું તે—

જુઓ જુઠું તોહોમત ૩૨.

„ મહાવ્યથા ૯.

„ વ્યથા ૧૬,

„ ખુન ૧૦૨, ૧૦૪, ૧૦૯.

„ અવિચારી અને ભુલ ભરેલું કૃત્ય.

મંજુર કરનાર—

જુઓ સોબતી ગુન્હામાં.

„ નિચેની કોર્ટના ફેંસલાઓ સામે અરજી ૧૦.

„ જ્યુરી ૩૩, ૧૦૬.

„ લોકોપકારક કૃત્ય ૬૬.

„ દસ્તાવેજ સંતાડવો તે,

મંદવાડ—

જુઓ માંદીવાળવું ફરીઆદનું ૫.

ય.

યાર—

નુ ખુન. જુઓ ખુન ૪૫.

યુરોપી ઇંગ્રેજી પ્રજા—

૧ યુરોપી ઈંગ્રેજી પ્રજા—તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટનો અધીકાર—મેસર્સ મોરગન અને કેમ્પ જડજોએ એમ ઠરાવ્યું કે કોઈ કેદીને છોડી દેવાનો માજીસ્ટ્રેટે હુકમ કરેલો તેની અંદર વ્યાજબી રીતે કોર્ટને દરમીઆન થવું તે દફતરની અંદર કાયદાની ભુલ ગણાતી નથી. મેસર્સ મોરગન અને સેટનકાર જડજોએ એમ ઠરાવ્યું કે તપાસનારી કોર્ટ તરીકે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ ફોજદારી કેસોમાં હાઈ કોર્ટનો યુરોપી ઈંગ્રેજી પ્રજા ઉપર અધીકાર નથી. રાણી વિ. થોમસએ. ૩ વિ. રી. ૬૪.

(મેસર્સ મોરગન, કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી અગષ્ટ સને ૧૮૬૫.)

૨ યુરોપી ઈંગ્રેજી પ્રજા—પુરાવો—ઈંગ્રેજી પ્રજા ઠરાવવાની તકરાર—કેદી યુરોપી ઈંગ્રેજી પ્રજા છે એવી તકરાર બતાવવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટે તેને વખત આપવો જોઈએ. કેદી યુરોપી ઈંગ્રેજી પ્રજા છે એવી હકીકત ફક્ત તેણે કેસની રજુઆત પુરી થયા પછી બતાવી હોય તો તે ધ્યાનમાં લેઈ શકાતી નથી. કલાર્ક વિ. બીન, ૫ વિ. રી. ૫૩.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી માર્ચ સને ૧૮૬૬.)

૩ યુરોપી ઈંગ્રેજી પ્રજા—સેસન કોર્ટ—તોહોમતદાર યુરોપી ઈંગ્રેજી પ્રજા છે કે નહી તે હકીકતની બાબત છે જેનો નિર્ણય કેદીએ તે સવાલ ઉઠાવ્યો હોય તો, સેસન કોર્ટે પુરાવો લેઈ ઈનસાફની રાહે કરવો જોઈએ જોશેફપાર્ક કેદી, વિ. રી. ૬૧૦.

(મી૦ ફીઅર જડજની રૂબરૂ, તા૦ ૯ મી જુન સને ૧૮૬૮.)

૪ યુરોપી ઈંગ્રેજી પ્રજા—વાહાણના વેપારીનો આકટ સને ૧૮૫૯ નો ૧ લો કલમ ૮૩ કલોઝ ૫—સને ૧૮૫૯ ના આકટ ૧ લાની કલમ ૮૩ ના કલોઝ ૫ મુજબ યુરોપી ઈંગ્રેજી પ્રજાની તજવીજ કરવાનો માજીસ્રેટને અખતીયાર નથી પ્રો. તા૦ ૨૨ મી ડીસંબર સને ૧૮૬૮, ૪ મ. હા. કો. રી. અપે. ૨૩.

૫ યુરોપી ઈંગ્રેજી પ્રજા—સને ૧૮૫૯ નો ૨૪ મો પોલીસ આકટ કલમ ૪૮—પોલીસના સને ૧૮૫૯ ના આકટ ૨૪ ની કલમ ૪૮ મુજબ કેનટોનમેન્ટ માજીસ્રેટે કોઈ યુરોપી ઈંગ્રેજી પ્રજાને ગુન્હેગાર ઠરાવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યુ કે માજીસ્રેટને અખતીયાર નોહોતો. પ્રો. જુન ૧૮૭૦; ૫ હા. કો. રી. અપે. ૨૫.

૬ યુરોપી ઈંગ્રેજી પ્રજા--હકુમત—કેદીએ તકરાર કરી કે પોતે યુરોપી ઈંગ્રેજી પ્રજા હોવાથી ટેલીચરીનો સેસન જડજ જેને સાપ્રાધ ખોટા ઉપયોગનું તોહોમત રાખી તેને ગુન્હેગાર ઠરાવ્યો હતો તેની હકુમતમાં તે આવી જતો નથી. પુરાવા ઉપરથી એમ સાબીત થયુ કે કેદી જોન ટર્નબલ જે ઈસ્ટ ઈંડીઆ કંપનીનો મોટો લશકરી અમલદાર હતો તેનો પૌત્ર હતો, પણ તેનું એક દેશી ખ્રિસ્તી સ્ત્રી સાથે કાયદેસર લગ્ન થયું હતુ એ વિશેનો જોઈએ તેવો પુરાવો નોહોતો અને તે ઈંગ્રેજી પ્રજા છે તે વિશેનો પણ પુરાવો અપૂર્ણ હતો. એમ ઠરાવવામાં આવ્યું કે હકુમતની તકરાર સાબીત થતી નથી. થોમસનાશ ટર્નબલની બાબત, ૬ મ. હા કો. રી. ૭.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને હોલોવે જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી નવંબર સને ૧૮૭૦).

૭ યુરોપી ઈંગ્રેજી પ્રજા—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૨૯—સને ૧૮૬૧ નો ૫ મો પોલીસ આકટ મુજબ થયેલી ફરીઆદીમાં કેદી યુરોપી ઈંગ્રેજી પ્રજા છે તે વિષેની તેની તકરાર ધ્યાનમાં લેઈ તેનો નિર્ણય કરવાને માજીસ્રેટ બંધાયલો છે યુરોપી ઈંગ્રેજી પ્રજા ઉપર કેસ ચલાવવાનો માજીસ્રેટને સને ૧૮૬૧ ના આકટ ૫ માની કલમ ૨૯ મુજબ અધીકાર નથી. રાણી વિ૦ હર્ન, ૩ વા. રી. પ્રાં. ૧૨૮.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૭ જુન સને ૧૮૭૧).

૮ યુરોપી ઈંગ્રેજી પ્રજા—હકુમત—હિંદુસ્તાનની પારકી હદમાં ગુન્હો થયેલો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ—કોઈ યુરોપી ઈંગ્રેજી પ્રજાએ સરકારની જોડે સંપ હોય તેવા દેશી રાજ્યની અંદર પીનલકોડ વિરૂદ્ધ ગુન્હો કર્યો હોય અને તેને માટે પીનલકોડની કલમ મુજબ તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તો તેની રજુઆત મુંબઈની હાઈ કોર્ટ ચલાવી શકે છે. રાણી વિ. ચીલ. ૮ મું હા. કો. રી. ૯૨.

(મી૦ સારજન્ટ જડજની રૂબરૂ, તા૦ ૩ જુલાઈ સને ૧૮૭૧).

જુઓ રાણી વિ૦ જેમ્સ વોટકીન્સ, ૨ મ. હા, કો. રી. ૪૪૪. જુઓ યુરોપી ઈંગ્રેજી પ્રજા ૧૪.

રાણી વિ૦ મુરગા ચેતીના કેસમાં નજર રાખવામાં આવી, ઈં૦ લો૦ રી૦ ૫ મું૦ ૩૩૮. જુઓ ચોરીની મિલકત ૨૬.

૯ યુરોપી ઈંગ્રેજી પ્રજા—વાહાણના વેહેપારીનો આકટ સને ૧૮૫૯ નો ૧ લો કલમ ૮૩ કલોઝ ૪—સને ૧૮૫૯ ના આકટ ૧ લાની કલમ ૮૩ ના કલોઝ ૪ મુજબ કરેલો હુકમ જાણી બુજીને તોડવાને માટે કોઈ ઈંગ્રેજ વાહાણના ખલાસીનો ધંધો કરતો હતો તેને કોચીનનો માજીસ્રેટ જે યુરોપીયન અને જસ્ટીસ ઓફ ધ પીસ નોહોતો તેણે ગુન્હેગાર ઠરાવી સજા કરી. ઘણા મતે હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૭૨ મુજબ માજીસ્રેટને તજવીજ ચલાવવાનો અધીકાર નોહોતો. પ્રો. તા૦ ૧૮ મી ડીસેંબર ૧૮૭૩ ૭ મ. હા. કો. રી. અપે. ૩૨.

१० युरोपी ईंग्रेजी प्रजा—हकुमत - सने १८७२ नो १० मो क्रीमीनल प्रोसीजर कोड—सने १८६१ नो हिंदुस्थानानी कांउनसी लनो आकट—हाई कोर्टनो आकट-सने १८७२ नो आकट १० मो नवा क्रीमीनल प्रोसीजर कोड मुजब माजीस्त्रेटोने युरोपी ईंग्रेजी प्रजा उपर काम चलाववानो अधीकार आपेलो छे ते २४ अने २५ विकटोरीआ चेपटर ४७ नी कलम २२ ना शब्दोमां आवी जतो नथीः " कोईपण आकटना लखाणुने असर थाय " एनो अर्थ तेज आकटनुं लखाण एवो थाय छे पण ते आकट मुजब काढेला लेटर्स पेटन्ट आकटनु लखाण एवो थतो नथी. हाइ कोर्टने २४ अने २५ विकटोरीआ चेपटर १०४ मुजब करेला लेटर्स पेटन्ट आकटथी हाइ कोर्टने तेनी साधारण मुळनी दिवानी हकुमतनी हद उपरांत आपेला अधिकारनो आधार गवरनर जनरलना कायदा बांधवाना अधीकार उपर छे. राणी वि० जेरोल्ड मीअर्स २२ वि० री० ५४; १४ बें० लो० री० १०६.

(मेसर्स काउच चीफ़ जस्टीस, फीअर अने मोरीस जडजोनी रुबरु, ता० १३ मी अगष्ट सने १८७४).

राणी वि० एडवर्डसना केसने लागु पडे छे. ७ मुं. हा. को. री. ६. जुओ मुंबाईनी कायदा बांधनारी सभा.

निचेना केसोमां नजर राखवामां आवी:—

राणी वि० बुराह अने बुकसींघना केसमां नजर राखवामां आवी, ईं० लो० री० ३ क. ६३. जुओ हकुमत ३४.

राणी वि० बुराह, ईं० लो० री० ४ क. १७२. जुओ हकुमत ४५.

११ युरोपी ईंग्रेजी प्रजा-हकुमत—सने १८७२ नो १० मो क्रीमीनल प्रोसीजर कोड कलमो ७४, ८३—युरोपी ईंग्रेजी प्रजा उपर मुकेली फ़रीआदीनी तजवीज न करी शके तेवा माजीस्त्रेटनी रुबरु ते चलावी शके तेवा गुन्हानुं तोहोमत ब नामना माणस उपर राखवामां आवेलुं तेमां तेणे युरोपी ईंग्रेजी प्रजा तरीके काम चलाववानी मागणी करी. आवी रीते मागणी करवाना कारणो तेणे बताव्यां नोहोतां. ब ईंग्रेजी प्रजा छे के नहीं ए विषे माजीस्त्रेटे निराकरण कर्या सीवाय तेणे केस चलावी दंड साथे एक वर्षनी सखत मजुरीनी सजा करी. हाई कोर्टने ब ए अपील करवाथी तोहोमतदार युरोपी ईंग्रेजी प्रजा छे के नही ए विषे क्रीमीनल प्रोसीजर कोडनी कलम ८३ मुजब निराकरण करवानो हुकम करी ते कोर्टे केस माजीस्त्रेट तरफ़ पाछो मोकल्यो. ब युरोपी ईंग्रेजी प्रजा छे एवुं माजीस्त्रेटे निराकरण करवाथी, एम ठरावववामां आव्युं के माजीस्त्रेटे ब युरोपी ईंग्रेजी प्रजा नथी एवुं गणी तेनी रजुआत चलावेली ते, हकुमत विनानी होवाथी कायदा विरुद्ध हती. वळी एम पण ठरावववामां आव्युं के माजीस्त्रेटने केस चलाववानी हकुमत नहीं होवाथी क्रीमीनल प्रोसीजर कोडनी कलम ७४ मुजब माजीस्त्रेटने जे सजा करवानो अधीकार हतो ते मुजब करेली सजा ओछी करवी जोईए ए बाबत उपर हाई कोर्ट ब नी अपील चलावी शकती नथी. राणी वि० बेरील, ई. लो. री. ४ अ. १४१.

(मेसर्स स्टुअर्ट चीफ़ जस्टीस अने ओल्डफील्ड जडजोनी रुबरु, ता० २८ मी अगष्ट सने १८७९).

१२ युरोपी ईंग्रेजी प्रजा—महीसोरना ज्युडीसीअल कमीशनर अने जस्टीस ओफ़ ध पीसनो अधीकार—पीनलकोडनी कलम ३४८ मुजब तोहोमत राखी महीसोरना जस्टीस ओफ़ ध पीसे युरोपी ईंग्रेजी प्रजाने महीसोरना ज्युडीसीअल कमीशनर तरफ़ कमीट करेलो तेने ता० १० मी मार्च सने १८८० ने रोज गुन्हेगार ठराव्यो हतो. एम ठराववामां आव्युं के कमीट करेलो अने गुन्हेगार ठरावेलो हुकम कायदा विरुद्ध हतो. सवाल—महीसोरना कोई ख्रिस्ती युरोपी ईंग्रेजी प्रजा उपर मोत अथवा समुद्रपारनी

સજા થઈ શકે તેવું તોહોમત રાખી તેને મદ્રાસની હાઇ કોર્ટમાં કમીટ કર્યો હોય તો તે કાયદેસર ગણાય? રાણી વિરૂદ્ધ વોડ, ઈ. લો. રી. ૫ મ. ૩૩.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુત્તુસ્વામી આયાર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી મે સને ૧૮૮૦).

૧૩ યુરોપી ઈંગ્રેજી પ્રજા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૭૨, ૮૪—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૭૨ નો અર્થ કલમ ૮૪ સાથે બરોબર રીતે કરવો જોઈએ અને કલમ ૭૨ માં આપેલો હક કોઇ યુરોપી ઈંગ્રેજી પ્રજાએ છોડી દીધો છે એવું ધારતાં પેહેલાં એમ સાબીત થવું જોઈએ કે તે કલમમાં આપેલા હકો સ્પષ્ટ રીતે તેને સમજાવવામાં આવ્યા હતા અને તે હકો ઉપર દાવો રાખવો જોઈએ કે નહી એ વિષે પોતાની મરજી અને વિચાર પ્રમાણે ચાલવાને તે શકતીવાન થયો હતો. યુરોપી ઈંગ્રેજી પ્રજા ઉપર થયેલી ફરીઆદ ચલાવવાનો કઇ કોર્ટનો અધીકાર છે અને કઈ કોર્ટનો અધીકાર નથી એ વિશેનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૭૨ નું લખાણુ તે હક ગણાય છે એટલે અમુક વર્ગના માજીસ્ટ્રેટ સીવાય બીજા કોઈ માજીસ્ટ્રેટનો યુરોપી ઈંગ્રેજી પ્રજા ઉપર કામ ચલાવવાનો હક નથી એ બતાવવાને માટે જેટલા શબ્દો છે તેટલા શબ્દો બીલકુલ હકુમત લેઇ લેવાના નથી, જે હક છોડી દેવાને કોડ પ્રમાણે તે શકતીવાન થાય છે. જે કેસ માજીસ્ટ્રેટ કેટલીક બાબતોથી ચલાવવાને લાયક નથી તે કેસ કોઈ તોહોમતદારની કબુલાતથી અથવા તેનો હક છોડી દેવાથી માજીસ્ટ્રેટ ચલાવી શકતો નથી. રાણી વિરૂદ્ધ ભોળાનાથસેન (ઈ૦ લો૦ રી૦ ૨ ક. ૨૩) ના કેસનો તફાવત બતાવવામાં આવ્યો. યુરોપી ઈંગ્રેજી પ્રજાને ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણુ ૭ પ્રમાણે જે હક આપેલો છે તે સઘળો હક પુરેપુરી રીતે કલમ ૮૪ માં બતાવેલા છોડી દેવાના હક પ્રમાણે છોડી દીધેલો હોવો જોઈએ. "માજીસ્ટ્રેટની રૂબરૂ એ પ્રમાણે કામ ચલાવેલું" તેનો અર્થ પ્રકરણુની અંદર લખેલી દરેક બાબત જેવી કે કેવો અધીકારી કામ ચલાવી શકે, તે ચલાવવાની પદ્ધતિ અને તોહોમતદારને કેવી રીતની સજા થઈ શકે તે, એવો થાય છે. રાણી વિ. એલન, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૮૩; ૬ ક. લો. રી. ૪૬૮.

(મેસર્સ જેકશન અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુન સને ૧૮૮૦.)

રાણી વિ. ભોળાનાથસેનના કેસમાં નજર રાખવામાં આવે છે, ઈ. લો. રી. ૨ ક. ૨૩. જુઓ અવ્યવસ્થા ૭.

૧૪ યુરોપી ઈંગ્રેજી પ્રજા—હકુમત—પ્રતીવાદી જે યુરોપી ઈંગ્રેજી પ્રજા હતો તેના ઉપર પીનલકોડની વિરૂદ્ધ બેંગલોરમાં કરેલા ત્રણુ તોહોમતો રાખવામાં આવ્યાં હતાં. એમ ઠરાવવામાં આવ્યું કે સુપ્રીમ કોર્ટને જેવો અધીકાર હતો તેવોજ અધીકાર ફોજદારી કેસોમાં હાઇ કોર્ટને છે, અને બેંગલોર મહીસોરનો માહારાજા જે મદ્રાસ સરકારની હદનું રાજ્ય હોવાથી, મહીસોરની હદમાં થયેલા ફોજદારી ગુન્હાઓના સબંધમાં પ્રતીવાદી હાઈ કોર્ટની હકુમત નિચે હતો. રાણી વિ. વોટકીન્સ, ૨ મ. હા. કો. રી. ૪૪૪.

(મી૦ સ્કોટલાંડ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૪ નવંબર સને ૧૮૬૫).

૬ મ. હા. કો. રી. અપે. ૩ ના કેસમાં આધાર રાખવામાં આવ્યો, જુઓ હકુમત ૨૧.

જુઓ રાણી વિ. ચીલ, ૮ મું. હા. કો. રી. ૯૨. જુઓ યુરોપી ઈંગ્રેજી પ્રજા ૮.

૧૫ યુરોપી ઈંગ્રેજી પ્રજા—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૬—હાઈ કોર્ટની હકુમત—રજવાડાની યુરોપી ઈંગ્રેજી પ્રજા—રજવાડામાં રહેતી યુરોપી ઇંગ્રેજી પ્રજાને લાગુ પડે તેવો કાયદો—કેનટોનમેન્ટ માજીસ્ટ્રેટ—સીકંદરાબાદની કોર્ટ—સીકંદરાબાદની કેનટોનમેન્ટ માજીસ્ટ્રેટની કોર્ટમાં

ચાલતો કેસ બીજી જગ્યાએ મોકલવાનો હાઇ કોર્ટનો અધીકાર—સને ૧૮૮૪ નો ૩ જો કલમ ૧૧—સને ૧૮૭૯ ના આકટ ૨૧ ની કલમ ૮ જે હમણાં રદ કરેલા સને ૧૮૭૨ના ના આકટ ૧૧ ની કલમ ૮ જોડે મળતી આવે છે તે, જે દેશી રાજ્યોનો ગુન્હા સબંધી કાયદો અને ક્રીમીનલ પ્રોસીજર ઇંગ્રેજી હદમાં ચાલતા કાયદાઓ જોડે મળતો આવે છે તેવા રાજ્યોમાં રહેનારી સઘળી ઇંગ્રેજી યુરોપી પ્રજા અથવા દેશી ઈંગ્રેજી પ્રજાને લાગુ પડે છે. સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ જેનો સુધારો સને ૧૮૮૪ ના આકટ ૩ જાથી થએલો છે તે ઉપલી કલમની રૂઇએ આવી જાતની યુરોપી અથવા દેશી ઈંગ્રેજી પ્રજાને લાગુ પડે છે. ઈંડીઆ સરકારે તા૦ ૨૩ સપટંબર સને ૧૮૭૪ ને રોજ નં૦ ૧૭૮ ના જાહેરનામાથી મુંબાઈની હાઇ કોર્ટને સીકંદરાબાદ જે મુંબાઈ ઈલાકાની બાહાર નિઝામના રાજ્યની હદમાં છે તેમાં રહેનારી ખ્રિસ્તી યુરોપી ઈંગ્રેજી પ્રજા ઉપર ફોજદારી કેસોમાં મુળનો અને અપેલેટ અધીકાર આપેલો હોવાથી આવી બાબતમાં સીકંદરાબાદનો કેનટોનમેન્ટ માજીસ્ત્રેટ તે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ તરીકે ગણાય છે અને તેથી સને ૧૮૮૨ નો ૧૦ મો જેનો સુધારો સને ૧૮૮૪ ના આકટ બીજાથી થયેલો છે તેની કલમ ૧૧ ના અર્થ મુજબ, હૈદરાબાદમાં વસનારી ખ્રિસ્તી યુરોપી ઈંગ્રેજી પ્રજાએ કરેલા ફોજદારી કેસોના સબંધમાં તે કોર્ટ હાઈ કોર્ટના તાબાની કોર્ટ ગણાય છે; અને હાઈ કોર્ટને આવી રીતે અપેલેટ અધીકાર આપવામાં આવ્યાથી કેનટોનમેન્ટ માજીસ્ત્રેટની કોર્ટમાંથી ફોજદારી કેસ પોતાની કોર્ટમાં અથવા બીજી કોઈ બરોબરની અથવા ઊંચા વર્ગની કોર્ટમાં મોકલવાનો હાઈ કોર્ટનો અધીકાર છે. હાલમાં ચાલતો આબરૂ લેવાનો કેસ સીકંદરાબાદની કેનટોનમેન્ટ માજીસ્ત્રેટની કોર્ટમાંથી જ્યુરીથી કેસ ચલાવવાનો રીવાજ નથી એવું કારણ બતાવી પોતાની હાઈ કોર્ટે કોર્ટમાં મંગાવવાનો સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૬ મુજબ હુકમ કર્યો. રાણી વિ૦ એડવર્ડ અને બીજો, ઈં૦ લૉ૦ રી૦ ૯ મું૦ ૩૩૩.

(મેસર્સ સારજન્ટ ચીફ જસ્ટીસ અને બેલી જડજોની રૂબરૂ. તા૦ ૨૦ મી જુન, સને ૧૮૬૫).

જુઓ છુટકો ૨.
„ હકુમત ૪૬.
„ જ્યુરી ૯૦.

યોગ્ય શાહેદીઓ—

યોગ્ય શાહેદીઓ—પુરાવો - જુગારૂ રમવું તે—ઝડતી લેવાનું વારંટ—મુંબાઇનો સને ૧૮૬૬ નો ૩ જો—પોલીસ કોઈ માણસને પકડીને તોહોમતદારની સાથે માજીસ્ત્રેટની રૂબરૂ લાવ્યો હોય અને જો કે તે માણસને માજીસ્ત્રેટે છોડી મકયો ના હોય તોપણ તે જો તોહોમતદારની સાથે ગુન્હેગાર ન ઠર્યા હોય તો તેની વિરૂદ્ધ યોગ્ય શાહેદી ગણાય છે. કાયદા વિરૂદ્ધ ઘરની ઝડતી લેવાનું વારંટ કાઢવાથી જુગારૂ રમવાના હથીઆરો મળી આવેલા તે તોહોમતદારની વિરૂદ્ધ પુરાવો ગણી સાધારણ જુગટુ રમવાનું ઘર રાખવાને માટે તેણે ગુન્હેગાર ઠરાવેલો તે બાહાલ રાખવામાં આવ્યું, કારણ કે વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવવાને માટે બીજી જગાએથી જોઈએ તેવો પુરાવો મળ્યો હતો. રાણી વિ૦ નારાયણસુંદર, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૬૮).

૨.

રચના પીનલકોડની કલમની—

રચના પીનલકોડની કલમની—સને ૧૮૬૦ નો ૩૧ મો કલમ ૩૨ કલોઝ ૬—દંડ–કેદ–સજા–સને ૧૮૬૦ ના આકટ ૩૧ ની કલમ ૩૨ ના કલોઝ ૬ મુજબ ફકત દંડ અથવા કેદની સજા તે કાયદેસર સજા ગણાય છે.

સજા કરી શકાય તેવો કોઈ કલમના અર્થમાં શક પડે તો તેનો અર્થ પ્રજાને સ્વતંત્રતા મળે તેવી રીતે જેમ બને તેમ તેના લાભમાં થવો જોઇએ, અને સજા થઈ શકે તેવી કલમ અપવાદ લાગે તેવી જાતની ના હોય તો ઘણુ કરીને તેનો અર્થ આવી રીતે કરવામાં આવે છે. રાણી વિ૦ બીસ્ટા બીન મડનના, ઈં૦ લો૦ રી૦ ૧ મું. ૩૦૮.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, મેલવીલ, કેમ્પબેલ અને નહાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૭૬).

રજવાડો—

જુઓ યુરોપી ઈંગ્રેજી પ્રજા ૧૫.

ની અંદર ખુન થએલું તે. જુઓ હકુમત ૩૭.

ની અંદર ગુન્હો બનેલો તે. જુઓ હકુમત ૪૯.

રજીષ્ટર કરવું તે—

૧ રજીષ્ટર કરવું તે—સને ૧૮૬૬ નો ૨૦ મો કલમ ૯૧—જ્યુરી - ગેરાશરનો— રજીષ્ટર આકટની કલમ ૯૧ મુજબ બનેલા ગુન્હાની રજુઆત જ્યુરીથી ચલાવવી જોઈએ નહી. તોપણુ આવી જાતનો ગુન્હો જ્યુરીએ ચલાવી તેમાં કદીને ગુન્હેગાર ઠરાવી એકમને ફેંસલો આપેલો તે સેસન જડજે મંજુર રાખ્યો હતો. હાઈ કોર્ટે એમ ધાર્યું કે આવા કેસમાં મુકરદમો રદ કરવાની કાંઇ જરૂર નથી. રાણી વિરૂદ્ધ અબદુલ કરીમ, ૧૪ વિ૦ રી૦ ૩૨.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૭૦).

૨ રજીષ્ટર કરવું તે—ફરીઆદી વળી જડજ તરીકે હોય તે—કોઈ સબરજીષ્ટ્રાર માજીસ્ટ્રેટ હોય તો તે પોતાની ઓફીસના હાથ નીચેના માણુસની તપાસ કરી પછીથી તેનું કામ પોતે ચલાવી સજા કરી શકે નહી. ભારતચંદ્રસેન અરજદાર, ૧૪ વિ. રી. ૭૪; ૮ બેં. લો. રી. ૪૨૩. ન

(મેસર્સ કેમ્પ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી નવંબર સને ૧૮૭૦).

બંગાળા સરકાર વિરૂદ્ધ હીરાલાલદાસના કેસમાં નજર રાખવામાં આવી, ૧૭ વિ૦ રી૦ ૩૯; ૮ બેં. લો. રી. ૪૨૨. જુઓ રજીષ્ટર કરવુ તે ૪.

૩ રજીષ્ટર કરવું તે—હકુમત—સને ૧૮૬૬ નો ૨૦ મો કલમ ૯૪—રજીષ્ટ્રેશનના સને ૧૮૬૬ ના આકટ ૨૦ ની કલમ ૯૪ મુજબ બનેલા ગુન્હાના કેસમાં માજીસ્ટ્રેટ એમ ધારે કે પોતે સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ સજા કરી શકે તેના કરતાં વધારે સજા કરવા લાયક ગુન્હો છે તો તે કોડની કલમ ૨૨૬ મુજબ મુકરદમો ચલાવી સેસન કોર્ટમાં કમીટ કરવાનો તેનો અધીકાર છે; અને આવી રીતે કમીટ કર્યા પછી સેસન જડજને તોહોમત ચલાવવાનો, અને તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી સને ૧૮૬૬ ના આકટ ૨૦ ની કેટલીક કલમો મુજબ સજા કરવાનો અધીકાર છે. રાણી વિરૂદ્ધ શીઓગોલામદાસ અને બીજો અપેલેન્ટો, ૧૫ વિ. રી. ૫૮; ૬ બેં. લો. રી. ૬૯૨.

(મેસર્સ નોરમેન કામ ચલાઉ ચીફ જસ્ટીસ, મેકફરસન, ગ્લોવર, પોલ અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી એપ્રીલ સને ૧૮૭૧).

નિચેના કેસથી આ કેસમાં જુદો અભીપ્રાય બતાવવામાં આવ્યો:—

અસનઉલ્લાહ અરજદાર, ૧૦ વિ. રી. ૨૧. જુઓ ફરીઆદ ૯.

રાણી વિરૂદ્ધ અસનઉલ્લાહ, ૬ બેં. લો. રી. ૬૯૩ ન; ૧૩ વિ૦ રી૦ ૧૫. જુઓ બચાવ ૫.

૪ રજીષ્ટર કરવું તે—સને ૧૮૬૬ નો ૨૦ મો કલમો ૯૩, ૯૫—હકુમત—સબરજીસ્ટ્રારે માજીસ્ટ્રેટ તરીકે ફરીઆદી કરેલી તે—રજીષ્ટરના સને ૧૮૬૬ ના આકટ ૨૦ ની કલમો ૯૩ અને ૯૫ મુજબ તોહોમત રાખી જે માજીસ્ટ્રેટે કેદીની તપાસ કરી

હોય તે માજીસ્ટ્રેટે ચલાવેલા મુકરદમાઓ, તે જ માજીસ્ટ્રેટે સબરજીસ્ટ્રારના ઓહ્દા તરીકે તોહોમતદાર ઉપર (રજીસ્ટ્રાર જેના તે હાથ નિચે હતો તેની પરવાનગીથી) ફરીઆદ માંડી ચલાવ્યા હતા એજ ફકત કારણ ઉપરથી તેઓ કાયદા વિરૂદ્ધ અથવા બીજી કોઈ રીતે હકુમત વિનાના ગણાતા નથી. બંગાળા સરકાર વિ૦ હીરાલાલદાસ વિગેરે, ૧૭ વિ. રી. ૩૯; ૮ બેં. લો. રી. ૪૨૨.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, લોચ, જેકશન, ગ્લોવર, મીતર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી નવંબર સને ૧૮૭૧).

નિચેના કેસો ઉપર નજર રાખવામાં આવે છે:—

રાણી વિ૦ મુકતાસીંઘ, ૧૩ વિ૦ રી૦ ૬૦; ૪ બેં. લો. રી. ફી. અ. ૧૫. જુઓ સાહેદી ૫.

રાણી વિ ગોરાચંદ ગોપ, ૫ વિ. રી. ૪૫; બેં. લો. રી. વો. ૪૪૩; ૧ ઇન્ડ. જ્યુરી. ઉ. દ. ૧૭૭. જુઓ ખુન ૧૯.

રાણી વિ૦ ચંદરસીકર, ૧૨ વિ૦ રી૦ ૧૮. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૧૨.

રાણી વિ૦ ચંદરશીકર રોયના કેસમા તફાવત બતાવવામાં આવે છે, ૧૩ વિ. રી ૬૬; ૫ બેં. લો. રી. ૧૦૦. જુઓ અપમાન કોર્ટના હુકમનું ૧૩.

ભારતચંદરસેન અરજદારના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ૧૪ વિ૦ રી૦ ૭૪; ૮ બેં. લો. રી. ૪૨૩ નં. જુઓ રજીષ્ટર કરવું તે ૨.

રાણી વિ. ભોલાનાથસેનના કેસમાં આધાર લેવામાં આવ્યો, ૨૫ વિ. રી. ૫૭; ઈં૦ લો૦ રી૦ ૨ ક ૨૩. જુઓ ગેરશિરસ્તો ૭, ૮

નિચેના કેસો વિરૂદ્ધ છે:—

શેક મંગલો વિ૦ દુરગાનારાયણ નાગ, ૨૫ વિ. રી. ૭૪. જુઓ કબજો ૧૦૨.

રાણી વિ૦ ગનુ બીન તાતીઆ સેલાર, ૫ મું. હા. કો. રી. ૩૮. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૫.

કલકત્તાનો જસ્ટીસ ઓફ ધ પીસ વિ. બરડવાનની માહારાણી, ૧ ઈન્ડ. જ્યુરી. ઉ. દ. ૧૦૨. જુઓ લોકોપકારક કૃત્ય ૮૨.

વુડ વિરૂદ્ધ કલકત્તાની કંપનીના કેસમાં નજર રાખવામાં આવી, ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૩૨૨; ૯ ક. લો. રી. ૧૫૩. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૨૨.

૫ રજીષ્ટર કરવું તે—વારંટ—કેદ (સખત અથવા આસાન)—સને ૧૮૬૮ ૧ લો કલમ ૨ કલોઝ ૧૮—સને ૧૮૭૧ નો ૮ મો કલમ ૮૦—એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૧ ના આકટ ૮ ની કલમ ૮૦ મુજબ ગુન્હેગાર ઠરાવેલા કોઇ માણસના વારંટમાં સને ૧૮૬૮ ની કલમ ૨ ના કલોઝ ૧૮ મુજબ તે માણસને ઠરાવેલી કેદ સખત અથવા આસાન છે કે નહી એ બતાવવું જોઈએ, પણ આવી રીતે યોગ્ય વખતે બતાવવાનું તે ભુલી ગયો હતો તેથી હવે સજા અને વારંટમાં આસાન કેદ લખવી જોઇએ લીગલ રીમેમબ્રનસર વિ. રાધુચરનઆશ, ૧૮ વિ. રી. ૩.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી મે સને ૧૮૭૨.)

૬ રજીષ્ટર કરવું તે—રજીષ્ટર કરનાર કલાર્કે કરેલી તજવીજ—સને ૧૮૭૧ નો ૮ મો કલમ ૮૦ દસ્તાવેજ જે પાછો આપી શકાય નહી અને જેને માટે રીતસર પોહોંચ આપવામાં આવી છે તે દસ્તાવેજ પાછો લેવાને માટે જે માણસે પોહોંચ રજુ કરી છે તે પોહોંચ જે માણસના કબજામાં હોવી જોઈએ તે માણસ તે હોય કે નહી એ સોધી કાઢવાના વિચારથી રજીષ્ટર આફીસના કોઈ કલાર્કે તજવીજ કરી હોય તો તે, સને ૧૮૭૧ ના આકટ ૮ ની કલમ ૮૦ ના અર્થ મુજબ તજવીજ ગણાય છે. બનવારી પોડાર અરજદાર, ૨૩ વિ. રી. ૫૫.

(મેસર્સ કેમ્પ અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી માર્ચ સને ૧૮૭૫.)

જુઓ જુઠો પુરાવો બનાવવો તે ૭૧૧.

„ જુઠી હકીકત રજીષ્ટાર પાસેની.

„ જુઠો લેખ ૨૦; ૨૬, ૨૭, ૫૬.

રદ કરેલો કાયદો—

રદ કરેલો કાયદો—ગેર શિરસ્તો—સજા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૬—માજીસ્ટ્રેટે કોઈ કાયદાની કેટલીક રદ થઇ ગયેલી કલમો મુજબ કોઈ અમુક માણસને ગુન્હેગાર ઠરાવેલો તે હાઇ કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ ઉપર નજર રાખી રદ કરવાનું ના પાડ્યું, કારણ કે ગુન્હેગાર ઠરાવવું તે અને સજા પીનલકોડની કલમો મુજબ થયેલી હોવાથી તોહોમતદારને કાંઈ વાસ્તવીક નુકશાન થતું નથી. રઘુનાથદાસ વિ ચકરંબનશેઠ વિગેરે, ૧૫ વિ. રી ૪૯.

(મેસર્સ મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧ એપ્રીલ સને ૧૮૭૧.)

જુઓ સજા ૧૪૨.

રવીવાર—

રવીવાર—માજીસ્ટ્રેટે ફોજદારી કેસ ચલાવેલો તે—કાયદા વિરૂદ્ધ—માજીસ્ટ્રેટે કોઇ ફોજદારી કેસ ચલાવેલો તે રવીવારે ચલાવેલો એવા કારણથી બેશક રદ થઈ જતો નથી. ઈ. ડી. સીંકલેરની બાબત, ૬ વા૦ દી૦ પ્રાં૦ ૧૭૭.

(મેસર્સ પીઅરસન અને ટરનર જડજોની રૂબરૂ, તા૦ ૨ જુન સને ૧૮૭૪.)

જુઓ પકડવું તે.

„ તપાસ રવીવારે કરેલી તે ર.

રસાયન શાસ્ત્રના પરીક્ષકનો રીપોર્ટ—

૧ રસાયન સાસ્ત્રના પરીક્ષકનો રીપોર્ટ—પુરાવો—કોઈ રસાયન સાસ્ત્રના પરીક્ષકે સરકારમાં રીપોર્ટ કર્યો હોય તો તે સુધારો થયેલા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૮૦ મ મુજબ સઘળી ફોજદારી કોર્ટો પુરાવામાં દાખલ કરી શકે છે. પ્રો. તા૦ ૨૩ મી ડીસેંબર ૧૮૭૦. ૬ મ. હા .કો. રી. અપે. ૧૧.

૨ રસાયન સાસ્ત્રના પરીક્ષકનો રીપોર્ટ—પુરાવો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૭૦—રસાયન સાસ્ત્રના પરીક્ષકની સહી સુધાનો મુળનો રીપોર્ટ જે તેની નકલ ના હોય તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૦ મુજબ પુરાવામાં દાખલ કરવો જોઈએ. રાણી વિ. બીજા મભરદોસ અપેલેન્ટ, ૧૫ વિ રી. ૪૫; ૬ બેં. લો. રી. અપે. ૧૨૨.

(મેસર્સ એનસ્લી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી એપ્રીલ સને ૧૮૭૧.)

રાજદંડ—

૧ રાજદંડ—નાસી જનાર ગુન્હેગારની મીલકત સરકાર દાખલ કરવી તે—કોઇ નાસી જનાર ગુન્હેગાર પોતાની મીલકત જપ્ત કર્યાની તારીખથી તે બે વર્ષની અંદર હાજર થયો હોય તો નાસી જનાર ગુન્હેગારને હાજર નહી થવાનું શું કારણ હતું તેની નિયમસર રીતે તજવીજ કર્યા સીવાય તેની જપ્ત થયેલી મીલકત સરકાર દાખલ કરી શકાતી નથી. બીશેનાથ સીરકાર અરજદાર. ૩ વિ. રી. ૬૩.

[મેસર્સ સેટનકાર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી અગષ્ટ સને ૧૮૬૫.]

૨ રાજદંડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૬૨—પીનલકોડની કલમ ૬૨—જે મીલકત સરકાર દાખલ કરવા વિશેની છે તેમાં પક્ષકારોને જે કેસોમાં સમુદ્ર પારની અથવા સાત વર્ષ કરતાં ઉપરાંત સજા થઇ હોય તેવા કેસો આવી જાય છે. રાણી વિ. ક્રીપામોઈચસાની અને બીજો, ૮ વિ. રી. ૩૫.

[મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુલાઇ સને ૧૮૬૭.]

૩ રાજદંડ—જામીન—જામીનખત—કોઇ કેસમાં પ્રથમની તજવીજ ચાલે ત્યાં સુધી જામીનદારો તોહોમતદારને હાજર રાખવાને માટે જામીનખત કરી આપી જુમેદાર થયા હોય તો પ્રથમની તજવીજ પુરી થયા પછી અને સેસન કોર્ટમાં કેસ ચાલતી વખતે

તોહોમતદાર નાસી ગયો હોય તો તેઓની મી લકત સરકાર દાખલ કરવાનો હુકમ થઈ શકે નહી. કરીમુદીન અને બીજો અરજદારો, ૯ વિ. રી. ૩૬.

[મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૬૮.]

૪ રાજદંડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૬૨—મનુષ્યહરણ થયે લા માણુસને કાયદા વિરૂદ્ધ કેદમાં રાખવાને માટે કોઈ જમીનદારને ગુન્હેગાર ઠરાવી સેસન જડજે સમુદ્ર પારની સજા કરી હતી અને વળી વધારામાં પીનલકોડની કલમ ૬૨ મુજબ ભાકુ અને જમીનનો નફો સરકાર જપ્ત કરવાનો હુકમ કર્યો હતો. હાઈ કોર્ટે કલમ ૬૨ મુજબ કરેલી સજા ઘણી સખત ગણી રદ કરી. આવી રીતની સજા ઘણાજ ઘાતકી અને ભારે ગુન્હાઓમાં કરવી જોઈએ રાણી વિ મહમદ આખીર વલદે ટોટાહમી આં. ૧૨ વિ. રી. ૧૭.

[મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જુન સને ૧૮૬૯]

રાજદંડ—

જામીનખત બજાવી કરેલો તે—જુઓ નાસી જનાર ગુન્હેગાર ૪.

સુલેહ રાખવાનું જામીનખત બજાવી થયેલો તે. જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૫૩.

મીલકત જપ્ત કરવાનો. જુઓ નાસી જનાર ગુન્હેગાર ૨, ૩.

જુઓ ઢંઢેરો.

મુચરકો બજાવી થયેલો તે. જુઓ મુચરકો ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૭, ૩૬, ૪૧, ૫૧, ૬૪. ૭૧, ૭૫, ૭૬, ૭૮, ૭૯ ૮૦.

„ જામીન ૪.

„ કેદી તરફના સાહેદીઓ ૨૦.

જામીનનો થયેલો તે. જુઓ મુચરકો ૧૭.

રાત્રે ઘરે ફાડવું તે—

૧ રાત્રે ઘર ફાડવું તે—ડાકાઈટી—પાંચ હથીઆર બંધ માણુસો રાત્રે ઘર ફાડતા માલમ પડ્યા હતા. એમાંનો એક માણુસ ભીંતમાં બાકુ પાડતો હતો અને બીજા ચાર માણુસો આસપાસ કોઈ તેને દેખે નહી એની સંભાળ રાખવાને ઉભા હતા. બુમ પાડી એટલે આસપાસના પાડોશીઓ દોડી આવ્યા અને એમાંના એક ચોરે એક ગામડીઆને મારી નાંખ્યો. ચોરો નાસી ગયા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે કેદીઓ રાત્રે ઘર ફાડવાના ગુન્હાને માટે ગુન્હેગાર છે પણ તેઓ ડાકાઇટીના ગુન્હાને માટે અપરાધી નથી. રાણી વિ. રેવટ રાજવર અને બીજો. વિ. રી. સપટંબર ૩૯.

(મેસર્સ લોચ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જુલાઈ સને ૧૮૬૧)

૨ રાત્રે ઘર ફાડવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૫૮—પીનલકોડની કલમ ૪૫૮ માં જે ગુન્હો આવી જાય તે કેસ ચલાવવાનો ડેપ્યુટી માજીસ્ત્રેટને અખ્તીઆર નથી. રાણી વિ૦ સાદરી ઉરફે ઓધરી માલાકર, ૧ વિ૦ રી૦ ૩૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી ડીસેંબર સને ૧૮૬૪).

૩ રાત્રે ઘર ફાડવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૫—ભીંત ફાડીને રાત્રે ઘરમાં જવાનું બાકુ પાડવું તે પીનલકોડની કલમ ૪૪૫ મુજબ રાત્રે ઘર ફાડવાનો ગુન્હો ગણાય છે. રાણી વિ૦ ઈમદાદ અલી, ૨ વિ૦ રી૦ ૬૫.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રિલ સને ૧૮૬૫)

૪ રાત્રે ઘર ફાડવું તે—રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવો તે—કોઈ દુકાનનું બારણું ભાગીને ઉઘાડવામાં આવ્યું હોય તો રાત્રે ઘર ફાડવાને માટે ગુન્હેગાર ઠરાવવો જોઈએ પણ ફકત રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવાનો ગુન્હો ગણાતો નથી રાણી વિ૦ના ફેરામ ભોસી, ૪ વિ૦ રી૦ ૧૯.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦
૨૫ મી અકટોબર સને ૧૮૬૫).

૫ રાત્ર ઘર ફાડવું તે ચોરી—સજા
કરેલી તે—કોઇ માણસને ઘર ફાવાની સાથે
ચોરી કરવાને માટે ગુન્હેગાર ઠરાવ્યો હોય તો
તેને સજા ફકત પીનલકોડની કલમ ૪૫૭ મુ
જબ થઈ શકે છે. રાણી વિ. ચાયટન બાવરા
વિગેરે, ૫ વિ૦ રી૦ ૪૯.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજો
ની રૂબરૂ, તા૦ ૫ મી માર્ચ સને ૧૮૬૬).

૬ રાત્રે ઘર ફાડવું તે—ચોરી—વર્ધમા
ન સજા—ચોરી એ ઘર ફાડવાનો પરીણામ
છે અને તેથી તેને માટે જુદી સજા થઈ
શકે નહીં. આવા કેસમાં વધારીને ત્રણ વરસ
ની સજા કરેલી કાયદા વિરૂદ્ધ ઠરાવવામાં આ
વી હતી મુસાહર દાઉધ, ૬ વિ૦ રી૦ ૯૨.

[મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજો
ની રૂબરૂ, તા૦ ૧૯ ડીસેબર ગને ૧૮૬૬].

૭ રાત્રે ઘર ફાડવું તે—ચોરી કરવી તે—
ચોરી—જુદી સજાઓ—ફટકા મારવાનો સને
૧૮૬૪ નો ૬ ઠો—" ચોરી કરવાને માટે ઘ
ર ફાડવાનું અને ચોરીનું " એ બંને ગુન્હા
ઓ એક ચાલુ કૃત્યના ભાગો હોવાથી કોઇ
કેદીને ગુન્હેગાર ઠરાવી પેહેલા ગુન્હાને માટે
પીનલકોડની કલમ ૪૫૭ મુજબ એક વર્ષની
સજા કરી અને બીજા ગુન્હાને માટે ફટકા
મારવાના સને ૧૮૬૪ ના આકટ ૬ ની ક
લમ ૨ મુજબ વીસ ફટકા મારવાનો હુકમ ક
ર્યો; જુદી સજાઓ જો કે કાયદા વિરૂદ્ધ નો
હોતી તોપણ ફટકા મારવાના આકટની વિ
રૂદ્ધ ગણી નામજુર કરવામાં આવી હતી. રા
ણી વિ૦ ગનુ બીન આકુ, ૫. મું૦ હા૦ કો૦
રી૦ ૮૩.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને
ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી સપ
ટંબર સને ૧૮૬૮).

જુઓ રાણી વિ૦ અરજુન, ૧ મું૦ હા૦
કો૦ રી૦ ૮૭ જુઓ ગુન્હો કેટલાક ભાગો
નો મળીને થએલો તે.

નિચેના કેસો ઉપર નજર રાખવામાં
આવે છે:—

રાણી વિ૦ વીનાયક ત્રીમબક, ૨ મું૦
હા૦ કો૦ રી૦ ૩૯૧. જુઓ કેટલાક ગુન્હા
ઓ ૧.

રાણી વિ૦ મુરાર ત્રીકમ ૫, મું૦ હા૦
કો૦ રી૦ ૮૪ ન, જુઓ રાત્રે ઘર ફાડવુ
તે ૭.

રાણી વિ૦ અનવરખાન વલદે ગુલખાન,
૯ મું૦ હા૦ કો૦ રી૦ ૧૭૨. રાત્રે ઘર ફાડવુ
તે ૮.

૮ રાત્રે ઘર ફાડવું તે—ચોરી કરવી
તે—ચોરી—મિશ્ર ગુન્હો—જુદી સજા—સજા
ની હદ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકો
ડ કલમો ૩૮૦, ૪૫૭—ચોરી કરવાને માટે
ઘર ફાડવું અને રહેવાના ઘરમાં ચોરી કરવી
એ બંને ગુન્હાઓનું કોઈ કેદી ઉપર તોહોમ
ત રાખી તેમાંના દરેકને માટે જુદી સજા ક
રવાનો, જો તે બે ગુન્હાઓને માટે કરેલી એક
દર સજા તેમાંના વધારે ભારે ગુન્હામાં બતા
વેલી સજા કરતાં વધી ના જતી ના હોય અ
ને માજીસ્ટ્રેટને જેટલી સજા કરવાનો અખતી
આર છે તેના કરતાં પણ તે સજા વધી જ
તી ના હોય તો, માજીસ્ટ્રેટને અખતીયાર છે.
રાણી વિ૦ અનવરખાન વલદે ગુલખાન, ૯
મુ૦ હા૦ કો૦ રી૦ ૧૭૨.

રાણી વિ૦ અરજુન, ૧ મું૦ હા૦ કો૦
રી૦ ૮૭ ના કેસ ઉપર નજર રાખવામાં
આવે છે, જુઓ રાત્રે ઘર ફાડવું તે ૭.

૯ રાત્રે ઘર ફાડવું તે—બદકામ—કે
દીની મતલબ ફરીઆદીની સ્ત્રી જોડે બદકામ
કરવાની હોવાથી તેને ઘર ફાડવાને માટે ગુ
ન્હેગાર ઠરાવ્યો હતો. એમ ઠરાવવામાં આ
વ્યું કે ગુન્હેગાર ઠરાવવું તે કાયદાસર છે.
પ્રો૦ તા૦ ૨૬મી ફેબ્રુઆરી સને ૧૮૭૫; ૮
મું૦ હા૦ કો૦ રી૦ અપે. ૬.

રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવો તે—

૧ રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવો
તે—મહાવ્યથા—કોઈ કેદી રાત્રે છાનોમાનો ઘ

ર પ્રવેશ કરતી વખતે કોઈ કેદી ઘરનો મા લીક જે તેને પકડવાનો યત્ન કરે છે તેના ઉપ ર બુદ્ધિ પુર્વક મહાવ્યથા કરે તો તેને પીનલ કોડની કલમ ૪૬૦ મુજબ સજા થઈ શકે છે પણ પીનલકોડની કલમો ૪૫૭ અને ૩૨૪ મુજબ સજા થઇ શકે નહીં. રાણી વિ૦ લુખ નદાસ, ૨ વિ૦ રી૦ ૫૨.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧ લી એપ્રીલ સને ૧૮૬૫).

૨ રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવો તે-ચોરી-પીનલકોડની કલમ ૪૫૪ છાનામાના ઘ ર પ્રવેશ કરવો અને કલમ ૩૮૦ મુજબ ચો રી કરવી તે બંને ગુન્હાઓને માટે વધારે સ જા કરેલી કાયદેસર છે કે નહી એ વિષેની ટી કા થએલી તે. રાણી વિ. મુસામતમીના નગ રભાટીન અને બીજો, ૩ વિ. રી. ૧૯.

[મેસર્સ કેમ્પબેલ અને જેકશન જડજો ની રૂબરૂ, તા૦ ૨૫ મી મે સને ૧૮૬૫].

૩ રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવો તે--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલ મો ૪૫૯, ૪૬૦--પીનલકોડની કલમો ૪૫૯ અને ૪૬૦ માં મીશ્ર ગુન્હો બતાવેલો છે, જે નું ખરેખર તત્વ એ છે કે "રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવો અથવા ઘર ફાડવું" તે બંને ગુન્હાઓની સાથે કોઈ માણસ મહાવ્યથા અ થવા મોત અને મહાવ્યથા કરવાનો યત્ન ક રે છે તેને ઉપલી કલમો મુજબ જુમ્મેદાર ઠ રાવવાને માટે તે બેમાંનો ગમે તે ગુન્હો પુરે પુરો થવો જોઈએ. કલમોનો અર્થ બરોબર રીતે કરવો જોઈએ અને જ્યાં અગાડી તો હોમતદારના મુખ્ય કૃત્યથી ફકત રાત્રે છાના માના ઘર પ્રવેશ કરવાના યત્નનો અથવા ઘર ફાડવાના યત્નનો ગુન્હો બને છે ત્યાં અગાડી ઉપલી કલમો લાગુ પડતી નથી. રાણી વિ૦ ઈસ્મેઈલખાન, ઈં૦ લો૦ રી૦ ૮ અ. ૬૪૦.

[મી૦ સ્ટ્રેઈટ જડજ કામ ચલાઉ ચી ફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૯ મી અગષ્ટ સ ને ૧૮૮૬].

રીક્રુટર (પોલીસમાં ભરતી કરનાર)—

પોલીસમાં ભરતી કરનારાઓ—સને ૧૮૬૪ નો આકટ ૧૩ મો કલમ ૭૧—દેશ ત્યાગ કરીને ગએલા માણસોની પોલીસમાં ભ રતી કરનારાઓ ઉપર સને ૧૮૬૪ ના આકટ ૧૩ ની કલમ ૭૧ મુજબ તોહોમત રાખવા માં આવ્યું હોય તો જે માજીસ્ત્રેટની હદમાં મ જુરોને ખોટા બાહાનાઓ બતાવવામાં આવ્ય હોય તે હદમાં તેમની રજુઆત ચલાવવી જો ઈએ. પ્રો. તા૦ ૧૬ મી માચ સને ૧૮૬૮; ૪ મ. હા. કો. રી. અપે. ૪.

રીપોર્ટ—

જ્યુરીનો. જુઓ જ્યુરી ૭૭, ૭૯, ૧૦૨.
તાબાના દાકતરનો. જુઓ વૈદક સબંધી પુરાવો ૧.

રીપોર્ટ માજીસ્ત્રેટનો—

રીપોર્ટ માજીસ્ત્રેટનો—વકીલને અસીલે કહેલી વાત તેની રજા વગર ખુલ્લી ના થાય તે—કોઈ માણસનું મોત શક પડે તેવી હકીકત મુજબ થયું હોય તેના મોતના કારણની તજવીજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૫ મુજબ કોઈ ભાગના માજીસ્ત્રેટે ચલાવી કોઈ માણુસ ઉપર અમુક તોહોમત રાખ્યા સીવાય તેનો રીપોર્ટ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને મોકલી પછીથી શાહેદીઓમાંના એક શાહેદી ઉપર મુકરદમો ચલાવી તેને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલો, તેમાં હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે આવી રીતે તજવીજ ચલાવનાર માજીસ્ત્રેટે રીપોર્ટ કરવો જોઈએ અથવા ફેંસલો આપવો જોઈએ એવું કલમ ૧૩૫ ના લખાણમાં નહી હોવાથી મોકલેલો રીપોર્ટ ખરેખરી રીતે જોતાં ઇનસાફી મુકરદમાનો ભાગ ગણાતો નથી અને તેથી કરીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ તે રીપોર્ટ મંગાવવાનો હાઈ કોર્ટને અધીકાર નથી. આકસ્મીક મરણ વિષે તજવીજ કરનાર અમલદારથી થએલી તપાસ અને મોતના કારણ વિષે થએલી તપાસની વચ્ચે ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ કાંઈપણ સબંધ નથી. ટ્રેઈલોનાથ બીસ્વાસ અને રામચરન બીસ્વાસ, ઇ. લો. રી. ૩ ક. ૭૪૨; ૩ ક લો. રી. ૫૯

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી એપ્રીલ સને ૧૮૭૮).

રીપોર્ટ હાઈકોર્ટને કરેલો તે—

હાઈકોર્ટને રીપોર્ટ કરેલો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૫ મુજબ માજીસ્ત્રેટ કોઈ કામની તજવીજ ચલાવવાનું ધારે તો તેને માટે યોગ્ય રસ્તો એ છે કે કલમ ૨૯૬ મુજબ મુકરદમો ચલાવી હાઈ કોર્ટને કેસનો રિપોર્ટ કરવો જોઈએ. મોહેશમીસ્ત્રી અને બીજો અરજદારો, ૨૫ વિ૦ રી૦ ૩૦.

(મેસર્સ મેકફરસન, માર્કબાય અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી માર્ચ સને ૧૮૭૬].

રીપોર્ટ તાબાના માજીસ્ત્રેટે કરેલો તે—

રીપોર્ટ તાબાના માજીસ્ત્રેટે કરેલો તે—માનવા લાયક ખબર—સુલેહના ભંગના સંભવનો પુરાવો—સુલેહ રાખવાને માટે જામીનગીરી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૦, ૨૮૭, ૨૮૮—જો કે તાબાના માજીસ્ત્રેટનો રીપોર્ટ એ માનવા લાયક ખબર ગણાય છે અને ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ તે ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૦ મુજબ વ્યાજબી રીતે સમન કાઢી શકે છે તોપણ તોહોમતદારથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું તે ઉપરથી છેવટનું નિરાકરણ થઈ શકતું નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૭ અને ૨૮૮ માં એમ બતાવેલું છે કે આવા કેસમાં પુરાવો લખી લેવો જોઈએ અને જો કાંઇપણ પુરાવો ના માલમ પડે તો સુલેહ રાખવાના જામીન લેવાની માગણી કરવી જોઈએ નહી. રાણી વિ. ઈરપાબીન બસાપા, ૮ મું. હા. કો. રી. ૧૮૨.

[મેસર્સ ગીબ્સ અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૧].

એંહારીપાટક વિ. મહમદ હાયટખાનના કેસમાં આ કેસ મંજુર રાખવામાં આવે છે. ૪ બેં૦ લો૦ રી૦ ફુ. બે. ૪૫. જુઓ સુલેહ રાખવના જામીન ૮.

રાણી વિ. દલપતરામ પેમાભાઈના કેસમાં મંજુર રાખવામાં આવે છે. ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૦૫..જુઓ મુચરકો ૨૦.

રીવાજ—

રીવાજ—તપાસણી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૩૮, ૪૩૯—સેસન જડજે ચલાવેલા મુકરદમાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે અભીપ્રાય માગેલો

તે–કોઇ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને એમ લાગે કે સેસન જડજે ચલાવેલા મુકરદમામાં અન્યાય થયેલો છે તો ક્રીમીનલ પ્રાસીજર કોડની કલમ ૪૩૮ મુજબ કેસનો હાઇ કોર્ટમાં રીપોર્ટ કરવો જોઈએ નહી પણ જે કેસમાં આવી રીતે અન્યાય થયેલો છે તે કેસના સબંધમાં સરકારી વકીલને ખબર આપી તે વિશેની કોર્ટમાં દરખાસ્ત કરવાની તેની મદદ લેવી જોઈએ. ઈં લો૦ રી૦ ૯ અ૦ ૩૬૨.

[મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી જાનેવારી સને ૧૮૮૭]

રેલવે ગુન્હો—

૧ રેલવે ગુન્હો—કોઈ ગાર્ડ છાકટો બન્યો હોય તે–સને ૧૮૬૨ નો ૧૮ મો કલમ ૩૫–રેલવેની ટ્રેઈનનો અથવા તેના કોઈ પણ ભાગનો ગાર્ડ અથવા તેની હાથ નીચેનો ગાર્ડ છાકટો બન્યો હોય તો તે ગુન્હો સને ૧૮૬૨ ના આકટ ૧૮ ની કલમ ૩૫ માં આવી જાય છે; પણ જો કે ટ્રેઈન તેની સાથે મદ્રાસ પોહોચી તોપણ તે હાઈ કોર્ટ આવી રીતે તોહોમત રાખેલા માણસની તજવીજ, તેની જો તે કોર્ટની હદની બાહાર બદલી થઈ હોય તો, ચલાવી શકે નહી. રાણી વિ. જોન્સ, ૧ મ. હા. કો. રી. ૧૯૩.

[મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને બીટલસન જડજોની રૂબરૂ, તા૦ ૩ ફેબ્રુઆરી સને ૧૮૬૩.]

રાણી વિ૦ પીરાનના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૧૩ ઍ. લો. રી. અપે. ૪; ૨૧ વિ૦ રી૦ ૬૬. જુઓ સાપ્રાધ ધમકી ૪.

૨ રેલવે ગુન્હો—રેલવેના ઉતારૂઓ—ઠગવું તે—સને ૧૮૫૪ નો આકટ ૧૮ મો—જે વર્ગની ટીકીટ લીધી હોય તે વર્ગમાં નહી બેસતાં ઉપલા વર્ગમાં બેસી કોઈ માણસે રેલવેની મુસાફરી કરી હોય તો તે પીનલકોડની કલમ ૪૧૭ મુજબ ઠગાઈને માટે ગુન્હેગાર ગણાતો નથી પણ તેને રેલવેના સને ૧૮૫૪ ના આકટ ૧૮ મુજબ સજા થાય છે. રાણી વિ૦ ડાહ્યાભાઇ પરશરામ, ૧ મું. હા. કો. રી. ૧૪૦.

[મેસર્સ કાઉચ અને ટકર જડજોની રૂબરૂ, તા. ૧૫ મી જાને [illegible] સને ૧૮૬૪].

રાણી વિ. મેરવાનજી બેજનજીના કેસમાં નજર રાખવામા આવી, ૬ મું. હા. કો. રી. ૬. જુઓ ઠગાઈ કરવી તે ૯.

૩ રેલવે ગુન્હો—હકુમત—સને ૧૮૫૪ નો આકટ ૧૮ મો કલમ ૨૬–એમ ઠરાવવામાં આવ્યું કે રેલવે આકટની કલમ ૨૬ મુજબ તોહોમત રાખી ફુલપાવર માજીસ્ટ્રેટે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવ્યો હોય તો તે હકુમત નહી હોવાથી કાયદા વિરૂદ્ધ ગણાય છે. રાણી વિરૂદ્ધ લક્ષ્મણ બાલાજી, ૩ મું. હા કો. રી ૧૦.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુ[illegible] સને ૧૮૬૬].

૪ રેલવે ગુન્હો—સને ૧૮૫૪ નો આકટ ૧૮ મો કલમ ૩૫—સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૧૨ મો કલમો ૫, ૪૧—સને ૧૮૬૨ નો આકટ ૧૭ મો—હકુમત—મુંબઈ ઈલાકામાં રેલવે આકટની કલમ ૩૫ મુજબ બનેલા કોઇ ગુન્હાને માટે ડીસ્ત્રીકટ પોલીસના અમલદારો, નાના ગુન્હાઓમાં તેમને જેટલી સજા કરવાનો અખતીઆર આપેલો છે તે મુજબ વીસ રૂપીઆ સુધી દંડની સજા કરી શકે છે. પણ સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૧૨ ની કલમ ૫ જેમાં ડીસ્ત્રીકટ પોલીસ અમલદારોનીની મનોક વિષે અખ્તીકાર આપેલો છે તે અને તે જ આકટની કલમ ૪૧ જેમાં હકુમતની હદ બતાવેલી છે તે બંને કલમો સને ૧૮૬૨ ના આકટ ૧૭ થી રદ થઈ ગએલી હોવાથી, એમ ઠરાવવામાં આવ્યું કે રેલવે આકટની કલમ ૧૭ મુજબ દંડ કરવાનો તાબાના માજીસ્ટ્રેટને અખતીઆર નથી. રાણી વિ૦ ત્રીભોવન ઈશ્વર, ૩ મું. હા. કો. રી. ૫૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુ

ટન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી ફેબ્રુઆરી સને ૧૮૭૯.

૫ રેલવે ગુન્હો—રેલવેમાં બનેલો અકસ્માત—ગાર્ડની ફરજ—ભારખાનાની ટ્રેઈન આઘી ખશેડવાની મદદમાં કેટલાક મજુરો રેલવે સ્ટેશન ઉપર કામે લાગેલા તેમાંના એક મજુરને ટ્રેઈન ચાલ્યા પછી ઉપર ચઢતાં એવી ઈજા થઈ હતી કે જેથી તેનો જીવ ગયો. એમ ઠરાવવામાં આવ્યું કે પુરાવા ઉપરથી એમ સાબીત થતું નથી કે ટ્રેઈન ચાલતી વખતે કોઇ તેના ઉપર ચઢેલું નથી એ ખબર રાખવાની ગાર્ડની ફરજ હતી. રાણી વિ૦ આર. ફ્લડ, ૮ વિ. રી. ૪૩.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૬૭).

૬ રેલવે ગુન્હો—હકુમત—સને ૧૮૫૪ નો ૧૮ મો કલમ ૨૬—રેલવેના સને ૧૮૫૪ ના આકટ ૧૮ મુજબ બનેલા ગુન્હાઓની તજવીજ કરવાનો મદ્રાસના સને ૧૮૬૫ ના આકટ ૩ મુજબ સઘળા વર્ગના માજીસ્ત્રેટોને અધીકાર છે. પ્રો. તા૦ ૨ જી એપ્રીલ સને ૧૮૬૮; ૪ મ. હા. કો. રી. અપે. ૯.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

૬ મ. હા. કો. રી. અપે. ૪૧. જુઓ રેલવે ગુન્હો ૭.

૭ મ. હા. કો. રી. અપે. ૮. જુઓ રેલવે ગુન્હો ૮.

૭ રેલવે ગુન્હો—હકુમત—સને ૧૮૫૪ નો ૧૮ મો કલમ ૨૬—સને ૧૮૫૪ ના આકટ ૧૮ ની કલમ ૨૬ મુજબ ઉપરી આસીસ્ટન્ટ માજીસ્ત્રેટની રૂબરૂ એક રેલવેના ચોકીદાર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું. તે તોહોમત માંડીવાળવામાં આવ્યુ હતું પણ સેસન જડજે નવી રજુઆત ચલાવવાને હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે એવી રીતે હુકમ કરવામાં સેસન જડજ હકુમત શીવાય ચાલ્યો હતો. પ્રો. તા૦ ૨૦ મી નવંબર સને ૧૮૭૧; ૬ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૪૧.

૪ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૯ ના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, જુઓ રેલવે ગુન્હો ૬.

૮ રેલવે ગુન્હો—હકુમત—સને ૧૮૫૪ નો ૧૮ મો કલમ ૨૫—સને ૧૮૫૪ ના આકટ ૧૮ ની કલમ ૨૫ મુજબ જીંદગી પર્યંત સમુદ્રપારની અથવા સાત વર્ષ ઉપરાંત સજા થઈ શકે તેવા ગુન્હાને માટે તોહોમતદારની તજવીજ ચલાવી તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. અભીપ્રાય માગવાથી એમ ઠરાવવામાં આવ્યું કે મદ્રાસના સને ૧૮૬૫ ના આકટ ૩ મુજબ તાબાના માજીસ્ત્રેટને હકુમત હતી કારણ કે સને ૧૮૬૯ ના આકટ ૮ ની શેડયુલ પ્રમાણે ઉપર બતાવેલો આકટ રદ થઈ ગયો નથી. પ્રો. તા૦ ૨૯ મી જુન સને ૧૮૭૨; ૭ મ. હા. કો. રી. અપે. ૮. જુઓ રેલવે ગુન્હો ૬.

૯ રેલવે ગુન્હો—ઉતારૂઓની જીંદગી જોખમમાં નાખવી તે—કોઈ એક ગાડીના કેટલાક માણસોની જીંદગી ભુલથી જોખમમાં નાખવાનું તોહોમત રાખી કેદીને સને ૧૮૭૧ ના આકટ ૨૫ ની કલમ ૨૯ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો હતો. કોઈપણ ગાડીના માણસની જીંદગી જોખમમાં કેદીની ભુલથી આવી હતી એ બિષેનો પુરાવો કામમાં નોહોતો. પણ ઉલટુ બીજા માણસોએ રાખેલી સાવચેતીથી કોઈપણ ભય કેદીની ભુલથી ઉત્પન્ન થવાનો સભવ જણાય તે પણ અટકાવવામા આવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૧ ના આકટ ૨૫ ની કલમ ૨૯ મુજબ તેને ગુન્હેગાર ઠરાવી સજા કરી શકાતી નથી. ણીગ વિ૦ મંનફુલ, ૫ વા. દી. પ્રાં. ૨૪૦.

(મો૦ પીઅરસન જડજની રૂબરૂ, તા. ૧૧ મી અગષ્ટ સને ૧૮૭૩.)

૧૦ રેલવે ગુન્હો—નિયમ તોડવો તે—અકસ્માત—જવાબદારી—સને ૧૮૭૯ નો ૪ થો કલમ ૨૬—સને ૧૮૭૯ ના રેલવે આ

क्टनी कलम २६ मुजब गुन्हेगार ठरावવાની જવાબદારી ખરેખરી રીતે નિયમ તોડવાથી બનેલા પરીણામોમાંથી નીકળી આવતી નથી પણ નિયમ તોડવાથી જે ભય ઉત્પન્ન થાય છે તેમાંથી નીકળી આવે છે, રાણી વિ૦ સ્ને લ, ઈ. લો. રી. ૬ મ. ૨૦૧.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને કી નડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૯ મી ફેબ્રુ આરી સને ૧૮૮૩).

૧૧ રેલવે ગુન્હો—સને ૧૮૭૯ નો ૪ થો કલમો ૧૭, ૩૧—માગેલી તે વખતે ઉ તારૂઓએ રતુની ટીકટ નહી બતાવેલી તે—ભાડુ વસુલ કરવાનો હુકમ—કોઈ માણસે એ ક મહીનાની મુદતની ટીકટ લીધી હોય તો મુ સાફરી કરતી વખતે જ્યારે માગે ત્યારે તે ટી કટ દેખાડવાને બંધાએલો છે, અને જો તે મા ણસ ના દેખાડે તો જે સ્ટેશનોની વચેની મુ સાફરી કરવાને માટે તે ટીકટ આપવામાં આ વી હોય તે સ્ટેશનો વચેનું ભાડુ રેલવે આ કટની કલમ ૧૭ અને ૩૧ મુજબ આપવાને તે બંધાએલો છે. આવી જાતના કેસમાં ભા ડુ આપવાની ના પાડે તો જેટલું ભાડુ લેહે ણું માલમ પડે તેટલું વસુલ કરવાનોજ ફક્ત કલમ ૩૧ મુજબ હુકમ કરવો જોઇએ પણ દંડ તરીકે બીજી કાંઈ રકમ વસુલ કરવાનો હુકમ કરવો જોઈએ નહી. કોઈપણ માણસ ની પાસે આવી રીતની ચાલે તેવી ટીકટ હો ય અને તે ટીકટ તેની પાસે તે વખતે નહી હોવાથી માગ્યા છતાં પણ તે બતાવી શકયો ના હોય તો તેટલા માટે કલમ ૩૧ ના અર્થ મુ જબ તેણે ટીકટ સીવાય મુસાફરી કરી એવું ગણાતું નથી. ઈ. ડબલ્યુ. હાર્ટ વિ૦ ઇ. જી. બરકીન; ઈ. ડબલ્યુ હાર્ટ વિ૦ સી. એફ. થો મસ, ઇ. લો. રી. ૧૨ ક. ૧૯૨.

(મેસર્સ વીલસન અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી સપટંબર સને ૧૮૮૫).

ટોકીબીબી વિ૦ અબદુલખાનના કેસ માં નજર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૫૩૬; ૫ ક. લો. રી. ૪૫૮. જુઓ ભરણુપોષણ ફર.

રેહેનાર માજીસ્ટ્રેટ—

રેહેનાર માજીસ્ટ્રેટ—મુંબાઇનો સને ૧૮૬૭ નો ૭ મો કલમ ૩૧—સરકારી જાહેરનામું—જે સઘળી જગાઓમાં માજીસ્ટ્રેટ રેહેતો હોય તે સઘળી જગાઓમાં મુંબાઈના સને ૧૮૬૭ ના આકટ ૭ ની કલમ ૩૧ એકદમ તે જા હેરનામામાં વાસ્તવીક રીતે જગાએ બતાવ્યા શીવાય અમલમાં આવે છે. રાણી વિ૦ કેર બીન રામશેટ, ૫ મું. હા. કો. રી. ૧૦૦.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂ બરૂ, તા૦ ૧૩ મી નવંબર સને ૧૮૬૮).

રેવન્યુ અધીકારીઓ—

રેવન્યુ અધીકારીઓ—અધીકાર—ચઢી ગએલી જમાબંધી વસુલ કરવાને માટે જમી નનું વેચાણ અમલમાં લાવવાની નોટીસ આ પવાનો રેવન્યુ અધીકારીઓને મદ્રાસના સને ૧૮૬૯ ના આકટ ૩ મુજબ અધીકાર નથી. પ્રો. તા૦ ૧૫ મી જુલાઇ સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૨૭.

રોકડ—

રોકડ—ચોરેલી રોકડ—લાવનારને ના ણાં મળી શકે તેવી હુંડીઓ અથવા ચીઠી ઓ—ચોરીના માલની મીલકત—ચોરીની રોક ડ અને લાવનારને નાણાં મળી શકે તેવી હુ ડીઓ અથવા ચીઠીઓ જેનું લેવડદેવડ રોકડ તરીકે ચાલે છે તેવી મીલકત સાધારણ રીતે કબજામાંથી લેઈ શકાતી નથી. ચોરીના માલ ની મીલકત જે માણસ પાસેથી ચોરી થઈ છે તે માણસની ગણાય છે. કાશીના સેસન જડ જનું રેફરન્સ, ૧ વા. દી. પ્રાં. ૨૯૮.

(મેસર્સ પીઅરસન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી એપ્રીલ સને ૧૮૬૯).

રોગનો ચેપ—

રોગનો ચેપ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૬૯—કોગળીયુ આવેલી વ ખતે આગ ગાડીમાં મુસાફરી કરવી તે—ક નામનો માણસ પોતાને કોગળીયુ આવેલું છે એવું જાણીને અને એ વિષેની રેલવે કંપની ના નોકરોને ખબર આપ્યા સીવાય ગાડીમાં

બેઠો. म નામના બીજા માણસે क ની હાલત જાણીને તેની પાસેથી ટીકટ વેચાતી લીધી અને તેની સાથે મુસાફરી કરી. એમ ઠરાવવામાં આવ્યું કે જીંદગીને જોખમ પહોંચે એવો રોગનો ચેપ પસરવાનો સંભવ થાય એવું માનવાનું તેને કારણ હતું. એવી રીતનું ગફલતીનું કામ કરવાને માટે પીનલકોડની કલમ ૨૬૯ મુજબ તેને વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો; અને म ને क ના ગુન્હામાં સામેલ રેહેવાને માટે ગુન્હેગાર ઠરાવ્યો હતો તે પણ વ્યાજબી હતું. રાણી વિ૦ ગ્રીષ્નાપા, ઈ. લો. રી. ૭ મ. ૨૭૯.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને કરનાન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસેંબર સને ૧૮૮૩).

રોગકારક વેપાર—

જુઓ લોકોપકારક કૃત્ય ૭૩, ૭૮

રોજની નોંધ—

જુઓ જુઠો પુરાવો બનાવવો તે ૧૦.
,, જુઠું તોહોમત ૧૪.
,, જુઠી નોંધ ૨.
,, જુઠો પુરાવો ૧૦.
,, જ્યુરી ૩૭.
,, ભુલ અખબર આપવામાં ૭.

લ.

લગ્ન—

૧ લગ્ન—કાયદા વિરૂદ્ધ લગ્ન—મદદગારી—ખોટી રીતે લગ્નની ક્રીયા કરવાને માટે પીનલકોડની કલમ ૪૯૬ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે બદદાનત અથવા કપટ ભરેલો ઈરાદો સાબીત કરવાની જરૂર છે. લગ્ન ફક્ત કોઇ માણસે પોતાને ઘેર કરવા દીધું હોય તો તેથી કાયદા વિરૂદ્ધ લગ્નની મદદગારીનો ગુન્હો બનતો નથી. રાણી વિ૦ કુડમ વિગેરે, વિ૦ રી૦ ૧૨ સપટંબર.

(મેસર્સ સ્ટીઅર અને મોરગન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૬૪.).

૨ લગ્ન—સને ૧૮૬૫ નો ૫ મો કલમ ૫૬—કેટલાક માણસો જેમાંનો એક ખ્રિસ્તી ધર્મ માનતો હતો તેમની વચ્ચે ખુશીથી અને જાણી બુજીને લગ્ન કરાવવાને માટે સને ૧૮૬૫ ના આકટ ૫ ની કલમ ૬ મુજબ રીતસર અધીકાર નહી હોવાથી કોઈ હિંદુ ગોર ઉપર ઉપલા આકટની કલમ ૫૬ મુજબ સજા થઈ શકે તેવું તોહોમત રાખવામાં આવ્યું હતું. જો કે લગ્ન કરનાર પક્ષકારોમાંનો એક પક્ષકાર ખ્રિસ્તી હતો, તોપણ હિંદુ રીવાજ પ્રમાણે કોઈ હિંદુ ગોરે કરાવેલા લગ્નને તકરારી આકટ લાગુ પડતો નથી એવું કારણ બતાવી રજુઆત ચલાવ્યા સીવાય સેશન જડજે તોહોમતદારને છોડી મુકયો. એમ ઠરાવવામાં આવ્યું કે કાયદાનો આવી રીતે કરેલો અર્થ ખોટો હતો, અને તોહોમતદાર સ્પષ્ટ રીતે ઉપલા આકટની કલમ ૫૬ મુજબ જવાબદાર છે. પ્રો. તા. ૨૧ મી માર્ચ સને ૧૮૭૧; ૬ મ. હા. કો. રી. અપે. ૨૦.

જુઓ છીનાળુ ૩, ૬, ૧૩, ૧૫.
,, ફરીથી તપાસ ૩.

લગ્ન ફરીથી વટલી ગયેલા માણસે કરવું તે—

લગ્ન ફરીથી વટલી ગયેલા માણસે કરવું તે—દેશી ખ્રિસ્તી થયેલો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૦૩ અને ૪૯૪ अ નામની સ્ત્રી નાનપણથી રોમન કેથોલીક ધર્મમાં દાખલ થઇ હતી પણ પછીથી તે તેણીના બાકીના કુટુંબ સાથે હીંદુ ધર્મમાં ગઇ અને કોઇ હિંદુ સાથે લગ્ન કર્યું હતું. તે વખત પછી તેણીને હિંદુ ધણીએ કાઢી મુકી અને કહ્યું કે તે રોમન કેથોલીક ધર્મની છે એવું પેહેલેથી તે જાણતો હોત તો કદીપણ લગ્ન કરત નહી. પછીથી अ ને રોમન કેથોલીક ધર્મમાં દાખલ કરવામાં આવી હતી, અને તેણીએ પોતાના હિંદુ ધણીની હયાતીમાં ब નામના કોઈ રોમન કેથોલીક ધર્મના ગોર જોડે લગ્ન કર્યું હતું એમ ઠરાવવામાં આવ્યું કે તેણીએ ખ્રીસ્તી

લગ્ન કર્યું તે વખતે તેણીનું પેહેલાનું હિંદુ લગ્ન કાયમ અને કાયદેસર હતું. અને તેથી ફરીને બે વાર લગ્ન કરવાને માટે તે ગુન્હેગાર હતી; અને બ તે ગુન્હામાં મદદગારીને માટે ગુન્હેગાર હતો. લોપેઝ વિ૦ લોપેઝ, (ઈ. લો. રી. ૧૨ ક. ૭૦૬.) ના કેસ ઉપર ટીકા કરવામાં આવી. મીલાર્ડની બાબત. ઈં૦ લો૦ રી૦ ૧૦ મ. ૨૧૮.

(મેસર્સ સર આરથર એફ. એચ. કોલીન્સ નાઇટ ચીફ જસ્ટીસ અને પારકર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી માર્ચ અને ૧ લી એપ્રીલ સને ૧૮૮૭.)

લખેલો જવાબ—

લખેલો જવાબ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૫—તોહોમતદારની તપાસ—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ મુજબ [સમનનો મુકરદમો] ચલાવેલા કેસમાં લખેત જવાબ આપતી વખતે તોહોમતદારને જાતે તપાસીને માજીસ્ટ્રેટ જવાબ લખી લેવાને બંધાયેલો નથી. ડીલામંડલ વિગેરે વિ૦ કાલીશાહ વિગેરે, ૧૬ વિ૦ રી૦ ૫૩.

[મેસર્સ કેમ્પ કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૪ અકટોબર સને ૧૮૭૧.]

લખેલી ફરીઆદ—

લખેલી ફરીઆદ—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૦૩ અને ૫૩૭—"તપાસ કરવો તે"—ફરીઆદીએ સોગન ઉપર ખરી સીદ્ધ કરી આપેલી તે—ગેરશિરસ્તો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૫—ફરીઆદના રૂપમાં લખેત અથવા મોંઢે જુબાની લેઈ ફરીઆદીના તપાસના સબંધમાં સોગન આપવામાં આવ્યા હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૩ ની સરતો બરોબર રીતે પાળવામાં આવી ગણાય છે તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટ સોગન ઉપર ફરીઆદીની જુબાની લીધા સીવાય સાપ્રાધ વિશ્વાસ ઘાતની ફરીઆદ માંડી વાળી હોય પણ ફરીઆદમાં બતાવેલી બાબત ખરી છે એવા તેણે સોગન ખાધા હોય તો કલમ ૨૦૩ ની સરત બરોબર રીતે પાળેલી ગણાય છે, અને જો તેમ ના હોય તો આવી જાતનો ગેરશિરસ્તો કલમ ૫૩૭ માં આવી જાય છે. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદીના બાપ સાથે કેટલીક ગોઠવણ કર્યા પછી તોહોમતદારે તેની પાસેથી પૈસા લેઇ તેનો હીસાબ નહી કરેલો એવી ફરીઆદ તે ફક્ત તેની જુબાની ગણાય છે, પણ કોઈ રકમ વસુલ કરી ખરૂ જોતાં તે બદદાનતથી પોતાને નામે ચઢાવી એવુ લખાણ તેમાં આવી જતું નથી, પણ ખરે ખરી રીતે તેની પાસેથી હીસાબ કરાવી લેવાને માટે કરેલી ગણાય છે, અને તેથી તેવી જાતની ફરીઆદ માજીસ્ટ્રેટે માંડીવાળેલી કાયદેસર છે કારણ કે તેમાં બતાવેલી હકીકતથી સાપ્રાધ વિશ્વાસ ઘાતનો ગુન્હો બનતો નથી. રાણી વિ. મુરગી, ઈ. લો. રી. ૯ અ. ૬૬૬.

(મી૦ જસ્ટીસ મહમદ જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી એપ્રીલ સને ૧૮૮૭.)

લઢાઈ ચલાવવી તે—

૧ લઢાઈ ચલાવવી તે—રાણી સાથે મળતીઆ હોય તેવા રાજ્યો—રાણી સાથે મળતીઆ હોય એવા કોઈ એસીઆ ખંડના રાજ્યની સાથે લઢાઈ કરવાના ગુન્હાને માટે થયેલી સજા. રાણી વિ૦ કીફાસીંઘ, ૩ વિ૦ રી૦ ૧૬.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૬૫.)

૨ લઢાઇ ચલાવવી તે—રાણી સાથે મળતીયુ હોય તેવું રાજ્ય—માફી—સજા કમી કરવી તે—રાજ્યની વિરૂદ્ધ ગુન્હા (રાણી સાથે મળતીયુ રાજ્ય હોય એવા રાજ્યની સામે લઢાઈ કરવી તે) ને માટે કરેલી સજા ઓછી કરવાને માટે અથવા માફ કરવાને માટે અરજી સરકારમાં કરવી જોઇએ. રાણી વિ. સજોઉપા, ૭ વિ. રી. ૬૪.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૬ ઠી મે સને ૧૮૬૭)

૩ લઢાઈ ચલાવવી તે—

માજીસ્ટ્રેટની રૂબરૂ પ્રથમની તજવીજ—ગેરશિરસ્તો—હકુમત—રાણી સામે લઢાઇ ચલાવવાના ગુન્હામાં મદદ કરવી તે—તોહોમતનામામાં ભુલ અથવા ખામી રહેલી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૬—સને ૧૮૧૮ ના રેગ્યુલેશન ૩ જા મુજબ વારંટ કાઢેલું તે—ગુન્હેગાર ઠરાવવું તે—પુરાવો—પકડાયેલા માણસોના ઘરમાંથી કાગળો નીકળેલા તે—કમીટ કરતાં પેહેલાં માજીસ્ટ્રેટની રૂબરૂ ચાલેલા મુકરદમામાં ગેરશિરસ્તો થયો હોય તો તેને માટે તકરાર ઉઠાવી શકાય નહી કારણ કે તોહોમતદારની રૂબરૂ લીધેલી કેટલીક જુબાનીઓ કામના પુરાવામાં લેવામાં આવી હતી. જો કે લઢાઈ પટનામાં ચલાવવામાં ના આવી હોય તોપણ રાણીની સામે લઢાઇ કરવાના ગુન્હાની મદદગારીને માટે કોઈ માણસની રજુઆત ચલાવવાનો પટનાના સેસન જડજને અખતીઆર છે એમ ઠરાવવામાં આવ્યું હતુ, મદદગારના ગુન્હા વિષેનો એવો નિયમ છે કે જે જગાએ પક્ષકારો એકઠા મળી કોઇ સાધારણ મતલબ વિષેની મસલત કરે અને તેમાંનો એકાદ પક્ષકાર તે સાધારણ મતલબને અનુસરીને અને મસલત કરેલી યુકતી પ્રમાણે કાંઈ કૃત્ય કરે તો તે કૃત્ય સઘળા માણસોએ કરયું એમ ગણાય છે. મદદગારીના તોહોમતનામામાં ગુન્હો કલકતામાં બન્યો છે એવું ભુલથી લખેલું હોવાથી પટનાની સેસન કોર્ટની હકુમતને કાંઇ અસર થતી નથી, કારણ કે મદદગારીનો ગુન્હો પટનામાં બન્યો છે એવો કામમાં જોઈએ તેટલો પુરાવો હતો. આવી જાતની ભુલ ભરેલી હકીકત તોહોમતનામાની ભુલ અથવા ખામી હોવાથી તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ સુધારી શકે છે. સને ૧૮૧૮ ના રેગ્યુલેશન ૩ જા મુજબ ગવરનર જનરલે કમીટ કરવાને માટે કાઢેલું વારંટ તે, ગુન્હેગાર ઠરાવી કાઢેલાં વારંટ જેવું ગણી શકાતું નથી કે જેથી કરીને એવી રીતે કમીટ કરેલા માણુસને તજવીજ થઈ ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવેલી છે એવું કારણુ બતાવી પછીથી તે વખત પેહેલાં કરેલા સઘળા રાજ્ય વિરૂદ્ધ ગુન્હાઓને માટે માફી આપી સજા કરયા સીવાય છોડી મુકાયછે. પકડયા પછી અને કેદમાં હોય તે વખતે કોઈ માણસના ઘરમાંથી જડી આવેલા કાગળોને કામના પુરાવામાં દાખલ કરી શકાય નહી એવો પુરાવાના નીયમનો આધાર સાક્ષાત પુરાવાથી અથવા મજબુત રીતે અનુમાન થઈ શકે તેવા પુરાવાથી કાગળો હયાત છે એવું સાબીત કરી શકાય તે અપવાદ ઉપર છે. રાણી વિ૦ અમીરખાન વિગેરે, ૧૭ વિ. રી. ૧૫; ૯ બેં. લો. રી. ૩૯.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, જેકશન અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસેંબર સને ૧૮૭૧)

રાણી વિ૦ નારાયણ નાયકના કેસને લાગુ પડે છે, ૫ બેં. લો. રી ૬૬૦; ૧૪ વિ. રી. ૩૪. જુઓ ફરીઆદ ૨૦.

અમીરખાનની બાબતને લાગુ પડે છે, ૬ બેં. લો. રી. ૩૯૨, ૪૫૯. જુઓ હીબઅસ કોરપસ, ૨, ૩. જુઓ આસેસરો ૭.

લવાદ—

જુઓ લોકાપકારક કૃત્ય ૬૬.

„ દસ્તાવેજ સંતાડવો તે.

લશ્કરી કાયદો—

લશ્કરી કાયદો (૪૪ અને ૪૫ વિક્ટોરીઆ ચેપટર ૫૮) સને ૧૮૮૧ કલમ ૧૫૬—સને ૧૮૮૧ ના લશ્કરી કાયદાની કલમ ૧૫૬ મુજબ સીપાઈ પાસેથી જે કોઈ માણસ લશ્કરી ચાંદ ગીરવી રાખે તો તેને સજા થાય છે. વળી એમ ઠરાવવામાં આવ્યું કે જે કોઇ માણસ હિંદુસ્થાનના કોઈ પણ સીપાઈનો ચાંદ ગીરો રાખે તો તેને સને ૧૮૮૧ ના આકટની કલમ ૪ લાગુ પડે છે. રાણી વિ૦ નારાયણસ્વામી, ઈ. લો. રી. ૧૦ મ. ૧૦૯.

(મેસર્સ કરનાન અને ગ્રાંટ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી સપટંબર સને ૧૮૮૬.)

લશ્કરી અધીકારીઓ—

લશ્કરી અધીકારીઓ—માજીસ્ત્રેટ—સને ૧૮૨૫ નો રેગ્યુલેશન ૨૦—સને ૧૮૨૫ નો રેગ્યુલેશન ૨૦ મો હઝારીબાગમાં ચાલતો નથી. ઈલાકાના શેહેરથી એકસો વીસ માઇલ કરતાં વધારે દુરની કોઈ પણ જગાએ કરેલા ગુન્હાને માટે કોઇ કેદીને પકડીને માજીસ્ત્રેટ રૂબરૂ લાવવામાં આવ્યો હોય તો તેને માજીસ્ત્રેટે ઉપલા રેગ્યુલેશન મુજબ લશ્કરી અધીકારીઓ તરફ મોકલવો જોઈએ; પણ લશ્કરી અધીકારીઓના કહેવાથી અને તેમની મંજુરી સાથે મુકરદમાઓ માજીસ્ત્રેટની રૂબરૂ ચલાવ્યા હોય તો તેઓ તદન કાયદા વિરૂદ્ધ ગણાતા નથી. રાણી વિ૦ વીલીયમ જેકશન, ૨૨ વિ. રી. ૨૦; ૧૩ બેં. લો. રી. ૪૭૪.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોના રૂબરૂ, તા૦ ૫ મી જુન સને ૧૮૭૪.)

નિચેના કેસો ઉપર નજર રાખવામાં આવી છેઃ—

રાણી વિરૂદ્ધ નબાદીવીપ ચંદ્રગોસ્વામી, ૧ બેં૦ લો૦ રી૦ ક્રી૦ ૧૫; ૧૫ વિ૦ રી૦ ૭૧. જુઓ હકીકત તોહોમતદારની.

અમીરખાનની બાબત, ૬ બેં૦ લો૦ રી૦ ૪૫૯. જુઓ હીબીઅસ કોરપસ ૩.

રાણી વિ૦ રે, ૭ મું. હાં. કો. રી. ૬. જુઓ મુંબાઈની કાયદા બાંધનારી મંડળી.

લાઈબલ—

જુઓ અપમાન કોર્ટના હુકમનું ૨૮.
,, આબરૂ લેવી તે.

લાઈસેન્સ ટેક્ષ—

જુઓ દંડ ૫, ૬.
,, જુઠો લેખ ૨૩.

લાકડાંનું પીઠું—

જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૧૦.

લાગટ ચોવીસ કલાકનું રોકાવવું તે—

જુઓ પોલીસ ૨

લાલચ—

૧ લાલચ—મનુષ્યહરણની મદદગારી—કાયદા વિરૂદ્ધ અટકાવ—પીનલકોડની કલમો ૧૦૯ અને ૪૯૮ મુજબ કોઈ સ્ત્રીને હરણ કરી જવાની મદદગારી અને કલમ ૩૪૩ મુજબ તેણીને કાયદા વિરૂદ્ધ અટકાવવાને માટે, કેદીઓને સજા કરવામાં આવેલી તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે બંને ગુન્હાને માટે કરેલી સજા કાયમ રાખી શકાતી નથી કારણ કે કેસનો મુળ તત્વ મનુષ્યહરણનો હતો અને કેદીઓ તેમાં મદદગાર તરીકે હોવાથી એકલા તે ગુન્હાને માટે સજા થવી જોઈએ. રાણી વિ૦ ઈશ્વર ચંદરજોગી, વિ. રી. ૨૧ મી સપટંબર.

(મેસર્સ લોચ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૮૬૪).

૨ લાલચ—મનુષ્યહરણ—મદદગારી—હરણ થએલી સ્ત્રી પુષ્પ ઊંમરની કુલ મુખત્યાર હોવાથી મનુષ્યહરણના ગુન્હાને માટે કોઇ ભડવણને ગુન્હેગાર ઠરાવેલી તે બદલીને તેણીને લલચાવવાનો ગુન્હેગાર ઠરાવી બીજા કેદીઓનો ગુન્હો પણ પીનલકોડની કલમ ૩૬૮ મુજબ કાયદા વિરૂદ્ધ સંતાડવાની મદદગારીનો હતો તે બદલીને પીનલકોડની કલમ ૧૧૬ મુજબ મદદગારીનો રાખ્યો. રાણી વિ૦ શ્રીમોતી પોડી વિગેરે, ૧૫ વિ૦ રી૦ ૪૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ડીસંબર સને ૧૮૬૪).

૩ લાલચ—સંતાડવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૮—પીનલકોડની કલમ ૪૯૮ મુજબ રાખેલા તોહોમતમાં તે કલમમાં લખેલા "સંતાડવું અથવા અટકાવવું" એ શબ્દો કોઇ સ્ત્રીને તેણીના ધણીથી સંતાડી લલચાવવી અથવા ફોસલાવવી એની સાથે સંબંધ રાખે છે એમ ધારવું જોઈએ. બદકામ કરવાના ઈરાદાથી કોઈ ધણીનો તેની સ્ત્રીના ઉપરથી દાબ લેવરાવી લેવો તે ગુન્હાનો મુદો છે, અને આવી રીતે છીનાવી લેઈ અટકાવવાનો વખત ફક્ત મોહણી અને લ

સચ બતાવવાથી આવે છે. સુંદરદાસ ટેવનની બાબત, ૪ મ. હા. કો. રી. ૨૦.

(મેસર્સ સ્કોટલાન્ડ ચીફ જસ્ટીસ અને એલીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી માર્ચ સને ૧૮૬૮).

રાણી વિ૦ કુમરસ્વામી, ૨ મ. હા. કો રી. ૩૩૧. જુઓ લાલચ ૯.

૪ લાલચ--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૮--ધણીની થોડા વખતની ગેરહાજરીમાં સ્ત્રીને ફોસલાવીને લેઇ જવી તે--બદકામ કરવાના ઈરાદાથી કોઈ સ્ત્રીને ધણીની થોડા વખતની ગેરહાજરીમાં તેણીના ધણીના ઘરમાંથી અથવા તેણીને રેહેવાને માટે ભાડે રાખેલા ઘરમાંથી ફોસલાવી અથવા લાલચ આપી કાઢી જવી તે, કાઢી જનાર માણસ જે માણસના ઘરમાંથી તેને કાઢી છે તે માણસની તે સ્ત્રી છે એવું જાણતો હોય તો તે પીનલકોડની કલમ ૪૯૮ મુજબ સજા કરવા લાયક ગુન્હો ગણાય છે. મતીખાન વિ૦ મંગલુખાનશાસ, ૫ વિ. રી. ૫૦.

(મેસર્સ જેક્શન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ સને ૧૮૬૫).

૫ લાલચ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૮—લગ્નનું અનુમાન કરવું તે—પુરાવો—પોલીસ ઈનસ્પેકટર અને માજીસ્ટ્રેટની રૂબરૂ લીધેલી જુબાની—પરણેલી સ્ત્રીને કાઢી જવાને માટે પીનલકોડની કલમ ૪૯૮ મુજબ રાખેલા તોહોમતમાં સ્ત્રી પુરૂષ ભેગાં રહે છે એ બાબત ઉપરથી અને તે તેની પરણેલી ઓરત છે એવી તેઓની જુબાની ઉપરથી લગ્ન થએલું છે એવું અનુમાન કરવું જોઇએ. પોલીસ ઈનસ્પેકટરની રૂબરૂ આપેલી જુબાનીઓ કામની રજુઆત ચાલતી વખતે પુરાવામાં દાખલ કરી શકાતી નથી; અને માજીસ્ટ્રેટની રૂબરૂ લીધેલો પુરાવો સેસનની રજુઆત વખતે પુરાવા તરીકે કામમાં દાખલ કરવામાં અને જડજ અને આસેસરોની રૂબરૂ મુકવામાં આવ્યો હતો. અને તે ઉપરથી તેઓએ પોતાનો મત બાંધ્યો હતો એવું સાબીત થયા શીવાય આવી જાતનો પુરાવો હાઈ કોર્ટમાં રજુ થઈ શકે નહી અને અપીલની મજમુતીમાં તેનો ઉપયોગ પણ થઈ શકે નહી. રાણી વિ૦ વઝીરાહ અને બીજો, ૧૭ વિ. રી. ૫; ૮ બેં. લો. રી. અપે. ૬૩.

(મેસર્સ લોચ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જાનેવારી સને ૧૮૭૨).

રાણી વિ૦ પીતાંબરસીંઘના કેસથી આ કેસ રદ થઇ ગયો, ઈં. લો. રી. ૫ ક. ૫૬૬; ૫ ક. લો રી. ૫૯૭. જુઓ છીનાળું ૧૪.

રાણી વિ૦ જી. આર. સ્મીથનો કેસ આનાથી ઉલટો છે, ૪ વિ. રી. ૩૧. જુઓ છીનાળું ૩.

૬ લાલચ--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૮—એમાંથી એક ઠરાવ—કેદી કોઈ પયણેલી સ્ત્રીને તેણીના ધણીના કબજામાંથી અથવા ધણીના તરફથી જે માણસ સંભાળ રાખતો હતો તેના કબજામાંથી કોઈ માણસની સાથે બદકામ કરાવાના વિચારથી લેઇ ગયો છે અથવા તેણે ફોસલાવી છે અથવા એવા વિચારથી તેણીને સંતાડી રાખી અટકાવી છે એવા પીનલકોડની કલમ ૪૯૮ માં લખેલા શબ્દો પ્રમાણે બરોબર રીતે ઠરાવ લખવામાં આવ્યા હોય અને જો કે ઘણા ગુન્હાઓમાંનો કયો ગુન્હો બન્યો છે એ વિષે શક પડતી બાબત હોય અને તે વેહેમ દુર કરી ઉપલી કલમના કયા ભાગ મુજબ કેદી ગુન્હેગાર છે એનો નિર્ણય થઇ શકતો હોય તો તે ઠરાવ ખરેખરી રીતે કાયદા વિરૂદ્ધ નથી તો પણ તેનો ઉપયોગ કરવો જોઈએ નહી. રાણી વિ૦ મથુરાનાથરોય, ૨૨ વિ. રી. ૭૨.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૭૪.)

૭ લાલચ–લગ્ન–રીવાજ–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૮—અલયાસનટન કાયદો–રીવાજ જે સારી રીતે સ્થાપન થયેલો સાબીત થાય તો સાધારણ વિખ્યાતીની બાબત ગણાય એવો સ્પષ્ટ રીતે પુરાવો મ

જ્યા સીવાય અયલાસનટન રીવાજ પ્રમાણે સ્ત્રી પુરૂષનું ભેગુ રેહેવું તે એવી રીતનું લગ્ન ગણાતું નથી કે જેથી કરીને પીનલકોડની કલમ ૪૯૮ માં બતાવેલા ઇરાદાથી કોઈ માણુસ સ્ત્રીને ફોસલાવી લેઈ જાય તો તેને ઉપલી કલમ મુજબ સજા થઈ શકે. રાણી વિ૦ કોરગા, ઈ. લો. રી. ૬ મ. ૩૭૪.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૮૩

૮ લાલચ-સને ૧૮૬૦ નો ૪૫ મે પીનલકોડ કલમ ૪૯૮—લગ્નનો પુરાવો—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૬૦— જે સ્ત્રીને વિશે તોહોમત રાખવામાં આવ્યું છે તે સ્ત્રી અને ફરીઆદી, સ્ત્રી પુરૂષ તરીકે એકઠાં રહેતાં એવું પીનલકોડની કલમ ૪૯૮ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે સાબીત કરવાની જરૂર નથી. કાયદેસર લગ્ન થયું છે એ બાબત પુરાવાના આકટની કલમ ૬૦ મુજબ સાબીત કરવાની જરૂર છે. પીતાબરસીંઘની બાબત જુઓ [૫ ક. લો. રી. ૫૮૭; ઈ૦ લો૦ રી૦ ૫ ક. ૫૬૬). રાણી વિ૦ અરસાદઅલી, ૧૩ ક. લો. રી. ૧૨૫.

(મેસર્સ મીતર અને મેકફરસન જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી જુલાઈ સને ૧૮૮૩).

૯ લાલચ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૮—**મ** નામની સ્ત્રી જે **મ** નામના માણસની સ્ત્રી હતી એવું કેદી જાણતો હતો તેણીને બદ કામ કરવાના ઈરાદાથી તે લઈ ગયો એવું તેના ઉપર પીનલકોડની કલમ ૪૯૮ મુજબ તોહોમત રાખવામાં આવેલુ તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે જો કે સ્ત્રીએ લેઈ જવાની આજીજી કરી હતી અને તે ખુશીથી ગઈ હતી અને કેટલાક વખત સુધી કેદીએ તેણીની અરજ નામંજુર કરી હતી તોપણ તે ઉપલી કલમના અર્થ મુજબ કાઢી જવુ ગણાય છે. રાણી વિ૦ કુમરાસામી ૨ મ. હા. કો. રી. ૩૩૧.

[મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને બીટલસન જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી માર્ચ સને ૧૮૬૮].

સુંદરદાસ ટેવનની બાબતમાં નજર રાખવામાં આવી, ૪ મ. હા. કો. રી. ૨૦. જુઓ લાલચ ૩.

૧૦ લાલચ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૯૮—લગ્ન-સાબીતી-**લ** અને **ગ** નામના બંને માણસોને ફરીઆદીની સ્ત્રી ફોસલાવીને લેઇ જવાને માટે ગુન્હેગાર ઠરાવેલા તે, પીનલકોડની કલમ ૪૯૮ મુજબ, ગુન્હેગાર ઠરાવવાને માટે લગ્ન સબંધી ખરેખરી સાબીતીની જરૂર છે એવું અપીલમાં કારણ બતાવી, રદ કરવામાં આવ્યું હતું; કારણ કે ફરીઆદી, સ્ત્રી અને તેણીની માએ લગ્ન સબંધી બાબત વિષે સોગન ઉપર જુબાનીઓ આપી હતી તે ખરૂ જોતાં લગ્ન થયું હતું કે નહી અને થયું હતુ તો કાયદેસર હતું કે નહી એ વિષેનો કોર્ટને મત બાંધવાને માટે જોઈએ તેવો પુરાવો નોહોતો. કાયદેસર લગ્ન હતું કે નહી એ બાબત વિષે ઉલટસુલટ તપાસ તોહોમતદારોએ કરી નોહોતી. એમ ઠરાવવામાં આવ્યું કે લગ્ન જોઇએ તેવી રીતે સાબીત થયું હતું. રાણી વિ૦ પીતાબરસીંઘ, (ઈ. લો રી. ૫ ક. ૫૬૬) ના કેસ ઉપર ટીકા કરવામાં આવી રાણી વિ૦ સુબ્બાયન, ઈ. લો. રી. ૯ મ. ૯.

[મેસર્સ મુતુસ્વામી આયર અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી અગષ્ટ સને ૧૮૮૫.]

રાણી વિ૦ કાલુના કેસ ઉપર ટીકા કરવામાં આવે છે, ઈ. લો. રી. ૫ અ. ૨૩૩. જુઓ છીનાળુ ૧૫.

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવુ તે ૮.

,, છીનાળુ ૨, ૯.

,, સમાધાન ગુન્હાઓનું ૬.

,, છુટકો ૩૪, ૩૫.

,, માંડી વાળવું ફરીઆદનું ૩૮.

,, ફરીથી તપાસ ૩.

,, સજા ૨૯.

લોકોપકારક કૃત્ય—

૧ લોકોપકારક કૃત્ય—કાઢી નાંખવું તે—જાતે હાજર થવાને માટે નોટીસ આપેલી તે—પક્ષકારોને નોટીસ નીકળ્યાની ખબર હતી અને તેઓએ માજીસ્ત્રેટની રૂબરૂ તે વિષે કાંઈ વાંધો ઉઠાવ્યો નોહોતો અને હાજર નહી થવાનું તેઓએ કારણ બતાવ્યું હતું એમ સાબીત થયું હોય તો માજીસ્ત્રેટે કાઢેલો હુકમ રદ કરવાને માટે ગંદકી કાઢી નાંખવાની નોટીસની જાત બજાવણી થઇ નોહોતી એ સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ જોઈએ તેવું કારણ ગણાતું નથી. હોચન વિ. ઈલીઅટ, ૬ વિ. રી. ૮.

[મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોના રૂબરૂ, તા૦ ૧૫ મી જાનેવારી સને ૧૮૬૬.]

૨ લોકોપકારક કૃત્ય—ભીંત તોડી પાડવી તે—જમીનના ભોગવટાનો હક—લોકોને અડચણ કરે તેવી ભીંત તોડી પાડવાને માટે સને ૧૮૬૧ ના ૨૫ મા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૩૦૮ અને ૩૨૦ મુજબ માજીસ્ત્રેટને અરજી કરી હોય તો, જે જમીન ઉપર ભીંત ચણેલી હતી તે જમીન ઉપર ફરીઆદીના માણસોનો ભોગવટો હતો કે નહી એવા જુદા કારણ ઉપર કલમ ૩૨૦ મુજબ તજવીજ ચલાવવાને હાઈ કોર્ટ માજીસ્ત્રેટને ફરજ પાડી શકે નહી. રામલાલ મુકરજી અરજદાર, ૫ વિ. રી. ૬૬.

(મી૦ જેકસન જડજની રૂબરૂ, તા૦ ૯ મી એપ્રીલ સને ૧૮૬૬).

૩ લોકોપકારક કૃત્ય—ઉપદ્રવ કરવાને માટે ગાયન સંબંધી હથીઆરો વાપરવાં તે—મનાઈ કરવાનો માજીસ્ત્રેટે કરેલો હુકમ—બંને પક્ષકારો વચે એક બીજાની પાડોશમાં ગાયન સંબંધી હથીઆર વાપરવું જોઈએ નહી એવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ મોઘમ શબ્દોમાં માજીસ્ત્રેટ મનાઈ કરી શકે નહી પણ અરસપરસ ઉપદ્રવ થતો હોય તો એવી રીતની મનાઈ તે કરી શકે છે. સામચંદર ગીઅરગોસાઈ અને બીજો અરજદારો, ૬ વિ. રી. ૪૦.

(મેસર્સ જેકસન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૬૬).

બાયકંતરામશાહ રોય વિરૂદ્ધ મીજાનના કેસમાં નજર રાખવામાં આવી, ૧૮ વિ. રી. ૪૭; ૧૦ બેં. લો. રી. ૪૩૪. જુઓ લોકોપકારક કૃત્ય ૫૭.

૪ લોકોપકારક કૃત્ય—ટટુઓનું ભટકવું—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૦—કોઈ માણસ પોતાના ટટુઓ ભટકવા દેવાનું બંધ કરવાને ભુલી ગયો હોય તો તે પીનલકોડની કલમ ૨૯૦ મુજબ સજા થઇ શકે તેવો લોકોપકારક કૃત્યનો ગુન્હો ગણાતો નથી. જોયનાથમંડળ વિગેરે વિ૦ જામલશેખ અને બીજો, ૬ વિ. રી. ૭૧.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૮ મી સપટંબર સને ૧૮૬૬).

૫ લોકોપકારક કૃત્ય—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—એમ ઠરાવવામાં આવ્યું કે કોઇપણ માજીસ્ત્રેટ એ શબ્દોની વાખ્યામાં "આસીસ્ટંટ માજીસ્ત્રેટ આવી જવાથી તેને સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ હુકમ કરવાનો અધીકાર છે, જેની અંદર તાબડતોબ હુકમ કરવાની જરૂર હોય તેવી બાબતો આવી જાય છે, અને આ બાબતમાં તે કલમ ૩૦૮ ની કલમથી જુદી પડે છે અને તેથી કરીને તે પીનલકોડની કલમ ૧૮૮ સાથે વાંચવી જોઈએ. સરકાર વિ૦ મહમદબક્ષ, ૧ આગ્રા. હા. કો. રી. ૨૩.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી સપટંબર સને ૧૮૬૬).

૬ લોકોપકારક કૃત્ય—મ્યુનીસીપાલ કમીટીનો પ્રેસીડેન્ટ—માજીસ્ત્રેટનો અધીકાર—શેહેર સુધરાઇનો સને ૧૮૫૦ નો ૨૬ મો કલમ ૭ કલોઝ ૪—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રી

મીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—સને ૧૮૫૦ ના આકટ ૨૬ ના નિયમોની અંદર આવી જ તું ના હોય તેવું કૃત્ય કરવાની ગંદકી તરીકે મનાઈ કરવાનો હુકમ કોઈપણ માજીસ્ટ્રેટ મ્યુનીસીપાલીટીના પ્રેસીડેન્ટ તરીકે કાઢી શકે નહી. સરકાર વિ૦ શામસુંદર, ૧ આગ્રા. હા. કો. રી. ૩૪.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ડીસંબર સને ૧૮૬૬).

૭ લોકોપકારક કૃત્ય—લોકોની તનદુરસ્તી અને સલામતી સામે થયેલો ગુન્હો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૨, ૩૦૮—મોઢાનો હુકમ—દંડ—માજીસ્ટ્રેટના મોના હુકમથી મોરી બંધ નહી કરવાને માટે તોહોમતદારનો દંડ થયો હતો; તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૬૧ ના આકટ ૨૫ ના પ્રકરણ ૨૦ મુજબ માજીસ્ટ્રેટે મુકરદમો ચલાવવો જોઈતો હતો કારણ કે અપકારક કૃત્ય એવી જાતનું નોહોતું કે જેથી એકદમ ભયભીત થવાનો સંભવ હતો, પણ કલમ ૬૨ જેમાં તેવી જાતનું કૃત્ય તાબડતોબ બંધ કરવાનું ફરમાવેલું છે એ પ્રમાણે ચાલવું જોઈએ નહી. લખેત હુકમ નહી આપવામાં આવ્યાથી મુકરદમો ચલાવવાની પદ્ધતી ભુલ ભરેલી ગણી રદ કરવામાં આવી હતી. ફકત પ્રકરણ ૨૦ ની કલમ ૩૦૮ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટ અથવા કોઈ ભાગનો માજીસ્ટ્રેટ ચલાવી શકે છે. સરકાર વિ. ચુનીલાલ, ૨ આગ્રા હા. કો. રી. ૧.

(મેસર્સ ટરનર અને સ્પેંકી કામ ચલાઉ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૬૭)

૮ લોકોપકારક કૃત્ય—મુચરકાઓ—માજીસ્ટ્રેટ કોઇ પણ પક્ષકારને તેની જુબાની લીધા સીવાય રસ્તો અથવા ખાડી પેહેલાના જેવી બનાવવાનો હુકમ કરવો જોઇએ નહી તેમજ સુલેહ રાખવાને શા માટે તેનો મુચરકો આપવો જોઈએ નહી તેનું કારણ માગી શકે નહી. રાણી વિ૦ મહમદ અફઝલ અને બીજો, ૭ વિ. રી. ૫૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી એપ્રીલ સને ૧૮૬૭.)

૯ લોકોપકારક કૃત્ય—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૮—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ મુકરદમો ચલાવવો કોઈ માજીસ્ટ્રેટે શરૂ કર્યો હોય તો તે કોડના પ્રકરણ ૨૦ માં બતાવેલા નિયમો સીવાય બીજી રીતે તે ચલાવી શકે નહી. રાણી વિ૦ પીટીસીંઘ, ૮ વિ. રી. ૩૭.

(મેસર્સ જેકસન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઇ સને ૧૮૬૭.)

આબાસઅલી ચોધરી વિ૦ ઈલીમમી આંના કેસમાં નજર રાખવામાં આવી, ૧૪ વિ. રી. ૪૬; ૬ બેં. લો. રી. ૭૪. જુઓ લોકોપકારક કૃત્ય ૨૪.

૧૦ લોકોપકારક કૃત્ય—વિશેષ કાયદો—સને ૧૮૫૭ નો ૩ જો ઢોર પ્રવેશનો આકટ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૦—મીલકતના ભોગવટાના સબંધમાં અથવા કોઈ અમુક જાતના ભાગનો અથવા કોઈ વર્ગના લોકોનો સાર્વજનીક હક બજાવવામાં કાંઈ નુકશાન ભય અથવા દુખ થયું છે એવું પીનલકોડની કલમ ૨૯૦ મુજબ બનેલા લોકોપકારક કૃત્યના સબંધમાં સાબીત થવું જોઇએ. પીનલકોડ મુજબ ખરેખરી રીતે સજા થઈ શકે એવો કોઈ ગુન્હો બન્યો હોય તો તે ગુન્હાને માટે ખાસ કાયદોછે, (જેવો કે આ કેસમાં ઢોર પ્રવેશનો આકટ) એ બાબત ઉપરથી ગુન્હેગારો પીનલકોડમાં બતાવેલી સજામાંથી બચી જતા નથી. ઉનુરામ વિ૦ લેઇમસર; વેબસ્ટર વિ૦ ફીના વિગેરે, ૯ વિ૦ રી૦ ૭૦.

(મેસર્સ ફીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી મે સને ૧૮૬૮).

૧૧ લોકોપકારક કૃત્ય—માજીસ્ટ્રેટની ફરજ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૩૦૮—એમ ઠરાવવામાં આ

જુ કે પક્ષકારને તેના વિરૂદ્ધ હુકમ શા માટે કરવો જોઈએ નહી એવું કારણ પુછ્યા સીવાય અને અડચણો જો કે મુકરર દીવસે નહી બતાવતાં પાછળથી કેસ ચાલતાં પેહેલાં બતાવવામાં આવી હોય તો પણ તે સાંભળ્યા સીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ અપકારક કૃત્ય કાઢી નાંખવાને માજીસ્ટ્રેટ હુકમ કરી શકતો નથી. ટાંકુ પુરાવવાના માજીસ્ટ્રેટના અધીકારની રૂઈએ કલમ ૩૦૮ મુજબ તેની આસપાસ ફક્ત કઠેરો કરાવી શકાય છે; પણ ટાંકાથી ઘણા લોકોને નુકશાન થતું હોય તો લોકોપકારક કૃત્ય ગણી તે ઉપલી કલમ મુજબ પુરાવી શકે છે. ખીસ્ટુચંદર ચકરબતીનો કેસ, ૧૦ વિ. રી. ૨૭.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૬૮.)

૧૨ લોકોપકારક કૃત્ય—ટાંકુ ખોદાવવાનું ખરચ–સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૩૦૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ કરેલા હુકમમાં ફક્ત માજીસ્ટ્રેટે ફરીઆદ થયેલા અપકારક કૃત્યને કાઢી નાંખવાની સમજુતી આપવી જોઈએ. ટાંકાની બાબતમાં માજીસ્ટ્રેટ માલીકને ખોદવાનો હુકમ કરી શકે નહી. ટાંકાને માટે ખાડો ખોદાવવાનો હુકમ કરવાની માજીસ્ટ્રેટને ફરજ પડી હોય તો, ખાડો ખોદવામાં ગયેલી જમીન જે માલીકના ભોગવટામાં મુકાય તે માલીક પાસેથી તેમાં થયેલું ફક્ત ખરેખર ખરચ વસુલ કરવું જોઈએ. પોલદાસનો કેસ, ૧૦ વિ. રી. ૫૧.

(મેસર્સ ફીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૬૮.)

૧૩ લોકોપકારક કૃત્ય—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૨, ૩૦૮–ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૬૨ અને ૩૦૮ મુજબ હુકમો કેવી રીત મુજબ કાઢવા જોઈએ અને તે કાઢવાનો માજીસ્ટ્રેટનો અધીકાર એ વિષે વિચાર કરવામાં આવ્યો અને આ કલમો વચ્ચે તફાવત બતાવવામાં આવ્યો. હરીમોહન માસો વિગેરેની બાબત, ૧૦ વિ૦ રી૦ ૫૩; જેકૃષ્ણ મુકરજી, ૧ બેં. લો. રી. ક્રી. અ. ૨૦.

(મેસર્સ ફીઅર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી નવંબર સને ૧૮૬૮.)

ઉતમચંદર ચતરજીની બાબતમાં તફાવત બતાવવામાં આવ્યો, ૧૩ વિ. રી. ૭૨; ૫ બેં. લો. રી. ૧૦૧. જુઓ લોકોપકારક કૃત્ય ૨૨.

નિચેના કેસોમાં આ કેસ ઉપર નજર રાખવામાં આવી:—

ગોપીમોહન મોલીક વિરૂદ્ધ તારામની ચૌધરાણી, ૪ ક. લો. રી. ૩૦૯; ઈં. લો. રી. ૫ ક. ૭. જુઓ લોકોપકારક કૃત્ય ૬૨ (દિવાની રૂલીંગ).

પીતાબરડીનું રેફરન્સ, ૧૭ વિ૦ રી૦ ૫૭. જુઓ તોડવો સરકારી નોકરનો હુકમ ૧૩.

રાય લચમીપતસીંઘ અપેલેન્ટ, ૧૪ વિ. રી. ૧૭; ૫ બેં. લો. રી. અપે. ૮૧. જુઓ લોકોપકારક કૃત્ય ૨૩.

૧૪ લોકોપકારક કૃત્ય—ઘર પાડી નાખવું તે—કોઈ તાબાના માજીસ્ટ્રેટે પડી જાય અને ભય ઉત્પન્ન કરે એવી હાલતમાં ઘર છે એવું કારણ બતાવી એક કેસમાં તે ઘર પાડી નાખવાનો હુકમ કરેલો અને બીજા કેસમાં સાધારણ કામોને માટે ખુલ્લી રાખવી જોઈએ તેવી જગામાં દાણાની વખાર કરી છે તે ગેરવ્યાજબી છે એવું કારણ બતાવી તે કાઢી નાખવાનો હુકમ કરેલો તે હાઈ કોર્ટે તેની હકુમત નથી એમ ઠરાવી રદ કર્યો. પ્રો તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯; ૪ મ. હા. કો. રી. અપે. ૩૪.

૧૫ લોકોપકારક કૃત્ય—માજીસ્ટ્રેટનો હુકમ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૨, ૩૧૮—પંઢરપુરનું દેવળ જે સાર્વજનીક દેવળ ગણાય છે

ત્યાં વરસના ઘણા ખરા ભાગમાં મોટી જગ્યા ભરાય છે. આવી રીતે લોકોની ભીડથી નુકશાન ન થાય તે અટકાવવાના અને હવા સુધારવાના વિચારથી ફુલપાવર માજીસ્ટ્રેટે ત્યાંનું બારણું પોહોળુ અને ઊંચુ કરવાનો તે દેવળના વંશપરંપરાના ગોરોને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ લખેત હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ઉપલી કલમ મુજબ આવી રીતનો હુકમ કાયદેસર હતો. આ મીલકત જો ખાનગી મીલકત તરીકે હોત તો આવી રીતનો હુકમ કરી શકાત; અને વળી ઉપર બતાવેલી તકરારી કલમ મુજબ હુકમો કરવાનો માજીસ્ટ્રેટનો અધીકાર પુરેપુરો પાકી સમજણનો ગણાત. રાણી વિ૦ રામચંદ્ર ઈકનાથ, ૬ મું. હા. કો. રી. ૩૬.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી એપ્રીલ સને ૧૮૬૯).

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યોઃ—

રાણી વિ૦ બાપુજી ગંગારામ, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૨. જુઓ પોલીસ ૧૫.

બાયકંતરામશાહ રોય વિ૦ મીજાન, ૧૮ વિ. રી. ૪૭; ૧૦ બેં. લો. રી. ૪૩૪. જુઓ લોકોપકારક કૃત્ય ૫૭.

૧૬ લોકોપકારક કૃત્ય—બંધ તોડી નાખવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો. ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—ફકત પોલીસ કોનસ્ટેબલના રીપોર્ટ ઉપરથી બંધ તોડી નાખવાનો હુકમ માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ કરવો તે કોઈ રીતે વાજબી ગણાતું નથી; અને આવી રીતનો હુકમ કરતાં પેહેલાં તેણે પ્રતીવાદીઓનો પુરાવો લેવો જોઈએ અને જો જરૂર જણાય તો બંને પક્ષકારોનો પુરાવો લેવો જોઈએ. રાણી વિ બાયરૂદયાલસીંઘ વિગેરે, ૧૧ વિ. રી. ૪૬; ૩ બેં. લો. રી. ક્રી. અ. ૪.

(મેસર્સ નોરમન અને જેક્શન જડજોની રૂબરૂ, તા૦ ૩ જી મે સને ૧૮૬૯).

રાય લચ્મીપતસીંઘ અપેલેન્ટના કેસમાં નજર રાખવામાં આવી, ૧૪ વિ. રી. ૧૭; ૫ બેં. લો. રી. અપે. ૮૧. જુઓ લોકોપકારક કૃત્ય ૨૩.

૧૭ લોકોપકારક કૃત્ય—હરકત બંધ કરવાનો હુકમ કરવો તે—સને ૧૮૫૭ નો ૩ જો ઢોર પ્રવેશનો આક્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ માં બતાવેલો હુકમ કોઈ અમુક માણુસ અથવા માણુસોને કાંઈ અમુક કૃત્ય અથવા કૃત્યો કરવાને અથવા કરતા અટકાવવાને માટે તેમના ઉપર ખાસ અને કોઇ અમુક રીતે કાઢવાનો છે. સરીઆમ રસ્તાઓમાં ઢોર અથવા ઘોડાઓ છુટા મુકવા નહી એવો મોઘમ હુકમ કાઢવાનો માજીસ્ટ્રેટને તે કલમ મુજબ અધીકાર નથી, તેમજ તેવી રીતનો હુકમ સને ૧૮૫૭ ના આક્ટ ૩ જા મુજબ પણ કાઢી શકાય નહી, કારણ કે તે આક્ટ સરીઆમ રસ્તાઓ અને પુલોની બાજુ પરના પાક વિગેરેને ઢોરોથી નુકશાન થયું હોય તોજ લાગુ પડે છે. રાણી વિ૦ અમીરૂદીન વિગેરે, ૧૨ વિ૦ રી૦ ૩૬; ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૪૫; ૬ બેં. લો. રી. ૭૮ ન.

(મેસર્સ નોરમન અને જેક્શન જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જુલાઈ સને ૧૮૬૯).

સરકાર વિરૂદ્ધ મોઝુફર ખાલીફાના કેસનો આ કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૧૮ વિ૦ રી૦ ૨૧; ૯ બેં૦ લો૦ રી૦ અપે૦ ૩૬. જુઓ ઢોરનું ભટકવું તે ૧.

આબાસઅલી ચોધરી વિરૂદ્ધ ઈલીમમીઆંના કેસમાં નજર રાખવામાં આવી, ૧૪ વિ૦ રી૦ ૪૬; ૬ બેં૦ લો૦ રી૦ ૭૪. જુઓ લોકોપકારક કૃત્ય ૨૪.

૧૮ લોકોપકારક કૃત્ય—સુલેહનો ભંગ અટકાવવાનો હુકમ—સને ૧૮૬૧ નો ૨૫ મો. ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨ પ્રકરણ ૨૨—સુલેહનો ભંગ વિગેરે અટકાવવાનો હુકમ કાઢવાને માજીસ્ટ્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડ

ની કલમ ૬૨ મુજબ અધીકાર આપેલો છે તેમાં ફક્ત તે કોડના પ્રકરણ ૨૨ માં બતાવેલી સ્થાવર મીલકત આવી જાય છે. રાણી વિરૂદ્ધ ગોલકચંદર ગુહો, ૧૨ વિ૦ રી૦ ૩૮.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જુલાઈ સને ૧૮૬૯).

કારતીકચંદર બાલ વિરૂદ્ધ ચંદરનાથ ચક્રબતીના કેસમાં નજર રાખવામાં આવી, ૧૫ વિ૦ રી૦ ૫૬. જુઓ લોકોપકારક કૃત્ય ૪૭.

૧૯ લોકોપકારક કૃત્ય—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રાસીજર કોડ કલમ ૬૨—માહાઝીરનામામાં કેટલાક માણસોએ સહી કરવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ માજીસ્ટ્રેટે પ્રતીવાદીઓને નોટીસ આપ્યા સીવાય અથવા કેસની તપાસ કર્યા સીવાય હુકમ કાઢ્યો હોય તો તે કાયદા વિરૂદ્ધ ગણાય છે. પ્રો. તા૦ ૧૬ મી અગષ્ટ સને ૧૮૬૯; ૪ મ. હા. કો. રી. અપે. ૬૭.

૨૦ લોકોપકારક કૃત્ય—જમીનની તકરાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨ જમીન સંબંધી તકરારોને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ લાગુ પડતી નથી પણ ગંદકી અને એવી જાતની બીજી બાબતો જેમાં કાયદા વિરૂદ્ધ પરીણામોથી જોખમ થતું અટકાવવાને માટે તાબડતોબ બંદોબસ્ત કરવાની જરૂર જણાય તેવા કૃત્યને ઘણું કરીને ઉપલી કલમ લાગુ પડે છે. રાજબુલબ અધા વિ૦ ગોબીન્દચંદર મોઈત્રો વિગેરે, ૧૨ વિ. રી. ૬૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી અકટોબર સને ૧૮૬૯.)

૨૧ લોકોપકારક કૃત્ય—બાંધકામ પાડી નાખવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—કોઈ તાબાના માજીસ્ટ્રેટે કેટલુક બાંધકામ તોડી નાખવાને માટે બે માણસોને હુકમ કર્યો જેથી કરીને પાસેની ફરીઆદીની જમીન ઉપર રેલ આવવાનો ભય લાગ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે પ્રતીવાદીનું કૃત્ય એવું નોહોતું કે જેથી તાબાનો માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ મનાઈ કરી શકે. પ્રો. તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૧૯.

૨૨ લોકોપકારક કૃત્ય—ઝાડો કાપી નાંખવાં તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—જે હુકમ મુળથી રદ કરી શકાય નહી એવો હોય તે હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ કાઢવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી; તેના અધીકાર મુજબ તે ફક્ત મીલકતના માલીકને તેના ઉપર કેટલોક બંદોબસ્ત રાખવાનો હુકમ કરી શકે છે. ઘણાં ઝાડો કાપી નાખવાનો હુકમ આવી જાતના અધીકારમાં આવી જતો નથી. ઉત્તમચંદર ચતરજી વિ૦ રામચંદર ચતરજી, ૧૩ વિ. રી. ૭૨; ૫ બેં. લો. રી. ૧૩૧.

(મેસર્સ બેલી અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી મે સને ૧૮૭૦.)

હરીમોહન માલોની બાબતમાં તફાવત બતાવવામાં આવે છે, ૧ બેં. લો. રી. ક્રી. અ. ૨૦; ૧૦ વિ. રી. ૫૩. જુઓ લોકોપકારક કૃત્ય ૧૩.

ગુલામ હરબેશના રેફરન્સ ઉપર આ કેસમાં આધાર રાખવામાં આવે છે. ૧૦ વિ. રી. ૩૬; ૧ બેં. લો. રી. દ. ઉ. ૨૦. જુઓ લોકોપકારક કૃત્ય ૮૭.

ગોપીમોહન મોલીક વિ૦ તારામની ચોધરાણીના કેસમાં નજર રાખવામાં આવી, ૪ ક. લો. રી. ૩૦૯; ઈ. લો. રી. ૫ ક. ૭. જુઓ લોકોપકારક કૃત્ય ૬૨. (દિવાની રૂલીંગ)

૨૩ લોકોપકારક કૃત્ય—કારણ બતાવવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—હુકમ શા માટે કરવો જોઈએ નહી તેનું કારણ બતાવવાને પ્રથમ પ્રતીવાદીને બોલાવ્યા સીવાય અને રજુ કરી શકે તેવો કાંઈ પણ પુરાવો લીધા સીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ

ખ હુકમ કરવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની ૧ બરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૭૦.)

કાળીદાસ ભટાચારજી વિ૦ મોહેનદ્રોનાથ ચતરજીના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૧૨ વિ. રી. ૪૦; ૫ બેં. લો. રી. અપે. ૮૨ નં. જુઓ ફરીઆદ ૧૪.

બાયકંતરામ લાહાની અરજીની બાબતમાં નજર રાખવામાં આવી, ૧૦ બેં૦ લો૦ રી૦ ૪૩૪; ૧૮ વિ૦ રી૦ ૪૭. જુઓ લોકોપકારક કૃત્ય ૫૭.

નિચેના કેસોને લાગુ પડે છેઃ—

હરીમોહન માલોની બાબત, ૧૦ વિ૦ રી૦ ૫૩; ૧ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૨૦. જુઓ લોકોપકારક કૃત્ય ૧૩.

કાલીકાપ્રસાદનું રેફરન્સ, ૧૧ વિ૦ રી૦ ૫; ૫ બેં૦ લો૦ રી૦ અપે૦ ૮૨ નં. જુઓ લોકોપકારક કૃત્ય ૫૪.

રાણી વિ૦ ભાયરૂ દયાળસીંધ, ૧૧ વિ૦ રી૦ ૪૯; ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૪. જુઓ લોકોપકારક કૃત્ય ૧૯.

૨૪ લોકોપકારક કૃત્ય—અડચણ—ઈનસાફી મુકરદમો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૨, ૪૦૪—મી૦ ફીઅર જડજ વિરૂદ્ધ પડીને એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ કાઢેલો હુકમ ઈનસાફી મુકરદમાની જાતનો ગણાતો નથી, તેટલા માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ હાઈ કોર્ટ દરમીયાન થઈ શકતી નથી. આબાસઅલી ચોધરી અરજદાર વિ૦ ઈલીમમીઆહ વિગેરે, ૧૪ વિ૦ રી૦ ૪૬; ૬ બેં૦ લો૦ રી૦ ૭૪.

(મેસર્સ કાર્યકર્તા ચીફ જસ્ટીસ, બેલી, કેમ્પ, જેકસન અને ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી અગષ્ટ સને ૧૮૭૦.)

સીબચંદર ભટાચારજી વિ૦ સાદતઅલીખાનનો કેસ આનાથી વિરૂદ્ધ છે, ૪ વિ૦ રી૦ ૧૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૩.

શેખ લાલુ વિ૦ આદમ સીરકારના કેસમાં મંજુર રાખવામાં આવ્યો, ૧૭ વિ૦ રી૦ ૩૭. જુઓ લોકોપકારક કૃત્ય ૪૮.

લાલામીતર જીતસીંધ વિ૦ રાજકુમર સીરકારના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૧૮ વિ૦ રી૦ ૨૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૬.

નિચેના કેસોમાં લાગુ પડે છેઃ—

કાલીકાપ્રસાદનું રેફરન્સ, ૧૧ વિ. રી. ૫; ૫ બેં૦ લો૦ ૮૨નં. જુઓ લોકોપકારક કૃત્ય ૫૪.

રાણી વિ. અમીરૂદીન, ૧૨ વિ૦ રી૦ ૩૬; ૬ બેં૦ લો૦ રી૦ ૭૮નં. જુઓ લોકોપકારક કૃત્ય ૧૭.

રાણી વિ. પેટીસીંધ, ૮ વિ. રી. ૩૭. જુઓ લોકોપકારક કૃત્ય ૯.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવીઃ—

બાયકંતરામશાહ રોયની બાબત, ૧૦ બેં૦ લો૦ રી૦ ૪૩૪. જુઓ લોકોપકારક કૃત્ય ૫૭.

સરકાર વિ૦ મોઝુફરખાલીફા, ૧૮ વિ૦ રી૦ ૨૧; ૯ બેં૦ લો૦ રી૦ અપે૦ ૩૬. જુઓ ઢોરનું ભટકવું તે ૧.

ગોપીમોહન મોલીક વિ૦ તારામણી ચોધરાણી, ૪ ક૦ લો૦ રી૦ ૩૦૯; ઈં૦ લો૦ રી૦ ૫ ક૦ ૭. જુઓ લોકોપકારક કૃત્ય ૬૨ [દીવાની રૂલીંગ].

રાણી વિ૦ કાલીચંદ શાહ, ૭ બેં૦ લો૦ રી૦ ૩૨૨. જુઓ કબજો ૫૭.

૨૫ લોકોપકારક કૃત્ય—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૦—ગુણુકાઓ ડાક બંગલે જાય તે—કોઈ ગુણુકા ડાકબંગલામાં રેહેનાર માણસની અરજ ઉપરથી ત્યાં જતી હોય પણ તેણીના કૃત્ય અથવા ચાળા અથવા બોલવાની ઢબ ગેરવ્યાજબી હોય અથવા તેથી કરીને સાધારણ લોકોને અથવા જે લોકો સાર્વજનીક હક તરીકે બંગલામાં રેહેતા હતા તેમને કાંઈ દુખ ઉત્પન્ન થયું હોય એવો કાંઈ પણ પુરાવો નહી હોવા

થી તેણીને લોકોપકારક કૃત્ય કરવાને માટે પીનલકોડની કલમ ૨૯૦ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાતી નથી. રાણી વિ૦ મુસામત બેગમ, ૨ વા૦ દી૦ પ્રાં૦ ૩૪૯.

[મેસર્સ ટરનર કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને ટર્નબલ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી અગષ્ટ સને ૧૮૭૦.]

૨૬ લોકોપકારક કૃત્ય—જુગટુ રમવાનું સાધારણ ઘર—મુંબઈનો સને ૧૮૬૬ નો ૩ જો કલમ ૧૪—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૮—લાભ અથવા નફો મેળવવાને માટે કોઈ ઘર રાખવામાં આવ્યું હોય તો તે જુગટુ રમવાનું સાધારણ ઘર ગણાય છે અને તેથી લોકોપકારક કૃત્ય બને છે; પણ લોકોને ખરેખરી રીતે કાંઇ ઈજા હતી એવો પુરાવો ના હોય તો એમ કહી શકાય નહી કે દરેક માણસ જે પોતાના ઘરમાં જુગારીઓને બોલાવે તે અને તેમાં રમનાર સઘળા માણસો પીનલકોડની કલમ ૨૯૮ મુજબ લોકોપકારક કૃત્યને માટે ગુન્હેગાર છે રાણી વિ૦ હોનાગજી. ૭ મું૦ હા૦ કો૦ ૭૪.

[મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧ ડીસંબર સને ૧૮૭૦]

૨૭ લોકોપકારક કૃત્ય—કાઢી નાખવાની પદ્ધતિ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૮—લોકોપકારક કૃત્ય બંધ કરવાને માટે માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૨૦ ની કલમ ૩૦૮ અને તેની પછીની કલમો મુજબ મુકરદમો ચલાવવાને બંધાયેલો છે, પણ એવું કરવાને માટે પોલીસ ઉપર સંક્ષેપમાં હુકમ કાઢવાને તેને અધીકાર નથી. રાણી વિ૦ દામોદરદાસ, ૨ વા૦ દી૦ પ્રાં૦ ૪૫૨.

[મી૦ ટર્નબલ જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસંબર સને ૧૮૭૦]

૨૮ લોકોપકારક કૃત્ય—હકુમત—ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ—અડચણ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ છાએલું ઘર કાઢી નાખવું એવા કેસમાં ફક્ત ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ એકલો મુકરદમો ચલાવી શકે છે. જોઈન્ટ માજીસ્ટ્રેટ પાસે માજીસ્ટ્રેટનો ચાર્જ હોય તે વખતે તેને આવી રીતનો મુકરદમો ચલાવવાનો અધીકાર નથી. ગીરીશચંદર ચક્રવતી, ૧૫ વિ૦ રી૦ ૩૬.

[મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી માર્ચ સને ૧૮૭૧].

૨૯ લોકોપકારક કૃત્ય—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૦—સાપ્રાધ પ્રવેશ—સાર્વજનીક મોરી અથવા ખાઈ પુરવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૬—અરજદારોએ કોઇ એક ખાઈ અથવા નીક જે સાર્વજનીક રસ્તાનો થોડો ભાગ હતો અને જે લોકોની હતી તે થોડીક પુરી નાંખવાથી, પીનલકોડની કલમ ૨૯૦ મુજબ લોકોપકારક કૃત્યને માટે તેઓને ગુન્હેગાર ઠરાવવાને બદલે સાપ્રાધ પ્રવેશને માટે ગુન્હેગાર ઠરાવ્યા હતા; પણ તેઓને લોકોપકારક કૃત્યને માટે ગુન્હેગાર ઠરાવી જેટલી સજા થઈ શકે તેના કરતાં વધારે ભારે સજા નહી થવાથી હાઈ કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુજબ દરમીઆન થવાની ના પાડી. રૂપનારાયણ દત્ત અને બીજો અરજદારો, ૧૮ વિ૦ રી૦ ૩૮.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨ જી અગષ્ટ સને ૧૮૭૨].

૩૦ લોકોપકારક કૃત્ય—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—અડચણ—ખાનગી તકરાર—રસ્તા સંબંધી બંને પક્ષકારો વચે ખાનગી તકરાર ચાલતી હોય તો તેને ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨ લાગુ પડતી નથી. નીલકોમલ મુખોપધીઆ વિ૦ આનંદચંદર લશ્કર, ૧૮ વિ૦ રી૦ ૬.

[મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ડીસંબર સને ૧૮૭૨].

૩૧ લોકોપકારક કૃત્ય—અડચણ—સરકારી નોકર—હુકમ નહી માનવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—અને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૨૧, ૫૨૫, ૫૨૮—માજીસ્ટ્રેટે સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ માની કલમ ૫૨૧ મુજબ અપકારક કૃત્ય કાઢી નંખાવવાનો હુકમ કર્યો હોય તો તે હુકમ અમલમાં શા માટે લાવવો જોઈએ નહી એવું કારણ બતાવવાને જ્યાં સુધી હુકમ કરવામાં આવેલા માણસને બોલાવવામાં આવ્યો નથી ત્યાં સુધી તે હુકમ કાયમ ગણાતો નથી. કેસમાં આવી ગએલા માણસોને ભારે નુકશાન થવાની બીક અથવા ભય થવાનો વખત નજદીક છે એવું માલમ પડ્યા સીવાય કલમ ૫૨૮ મુજબ કાંઈપણ હુકમ થઈ શકે નહી; અને કોઈ કેસમાં માજીસ્ટ્રેટે કલમ ૫૨૧ મુજબ હુકમ કરી, પછીથી વધારે તપાસ ચલાવવાનું ઠરાવ્યું હોય તો, એમ ઠરાવવામાં આવ્યું હતું કે કલમ ૫૨૮ મુજબ ચલાવેલો મુકરદમો રદ થઈ ગયો છે એમ તેણે ધારવું જોઈએ, અને પીનલકોડની કલમ ૧૮૮ મુજબ પક્ષકારનો દંડ કરવાને બદલે મુકરદમો તેણે કલમ ૫૨૫ મુજબ ચલાવવો જોઈતો હતો. રાણી વિ૦ બોજેન્દ્રલાલ વિગેરે, ૨૧ વિ૦ રી૦ ૮૬.

[મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૭૪].

૩૨ લોકોપકારક કૃત્ય—અડચણ—હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૨—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૨ મુજબ બંદોબસ્ત કરવાને માજીસ્ટ્રેટનો અધીકાર છે એવું બતાવવાને માટે કોઈ જમીન અથવા પાણી અથવા કોઇ રસ્તાના હક વિષે બે માણસો વચે તકરાર ચાલે છે એ સાબીત કરવાની જરૂર છે. અધીકાર આપવાની મતલબ સુલેહ રાખવાને માટે છે. રેસીકલાલ નંદી વિ૦ કારતીક શેઠ, ૨૨ વિ૦ રી૦ ૪૮.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૭૪.)

બરેડવાનનો મહારાજા વિ૦ ડારજીલીંગ મ્યુનીસીપાલેટીનો ચેરમેનના કેસમાં નજર રાખવામાં આવી, ૪ ક૦ લો૦ રી૦ ૭૨૪. જુઓ કલમો ૧૧૪.

૩૩ લોકોપકારક કૃત્ય—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૧—કોઈ અમુક જગ્યા મશાન તરીકે વાપરવી જોઈએ નહી એવું ઠરાવવાની અરજી સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ માની કલમ ૫૨૧ માં આવી જતી નથી. ગુડાધર કામીલ વિ૦ બૈદનાથજાન વિગેરે, ૨૪ વિ. રી. ૬.

[મેસર્સ ગ્લોવર અને મીતર જડજો ની રૂબરૂ, તા૦ ૪ જુન સને ૧૮૭૫.]

૩૪ લોકોપકારક કૃત્ય—સને ૧૮૬૧ ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૬૨—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ કોઇ અમુક માણસ અથવા માણસો ઉપર હુકમ કાઢવાની જરૂર છે, પણ ફકત અમુક પ્રસગનાં સબંધમાં સાધારણ રીતે બધા લોકો ઉપર હુકમ કાઢવાની જરૂર નથી. પ્રો. તા૦ ૧૭ મા અગષ્ટ ૧૮૫૭, ૮ મ. હા. કો. રી. અપે. ૯.

૩૫ લોકોપકારક કૃત્ય—ગુણકાને કાઢી મુકવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૫૨૧—કોઈ ગુણકા જ્યાં સુધી પોતે ચુપકીથી અને રીતસર ચાલે છે અને બદફેલીથી રહી ખુલ્લી રીતે કાંઈ બેઆબરૂ કરતી નથી ત્યાં સુધી તે ધંધો ચલાવે છે એવું કારણ બતાવી તેણીને પોતાના ઘરમાંથી કાઢી મુકવાને દરમીયાન થવાનો માજીસ્ટ્રેટને સને ૧૮૭૨ ના આકટ આકટ ૧૦ માની કલમ ૫૨૧ મુજબ અધીકાર નથી. નંદોકુમારીપેશગર વિ૦ આનંદમોહન ગુહો થાકરટા, ૨૪ વિ. રી. ૬૮.

[મેસર્સ ગ્લોવર અને મીતર જડજો ની રૂબરૂ, તા૦ ૨૫ મા નવંબર સને ૧૮૭૫]

૩૬ લોકોપકારક કૃત્ય—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમો ૫૧૮, ૫૨૦—તપાસનારીકોર્ટ—ઇનસાફી મુકરદમા

બો—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ મુકરદમો ચલાવતાં અવલ પેહેલા દાખલામાં બતાવેલી હકીકત મુજબછે એ પ્રથમ જોવાનું મુકરદમો કલમ ૫૧૮ મુજબ બરોબર રીતે ચલાવી શકાય નહી તેવો હોય તો તે ઉપલી કલમમાં આવી જતો નથી, અને તે ઈનસાફી મુકરદમો હોવાથી કલમ ૨૫૭ મુજબ બનેલી તપાસનારી કોર્ટના મુકરદમામાં કલમ ૫૨૦ મુજબ આવી જતો નથી. ક્રીષ્ણમોહન બાયસેકની બાબત, ૧ ક. લો. રી. ૫૮.

[મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા० ૨૧ મી એપ્રીલ સને ૧૮૭૭]

ગોપીમોહન મુલીક વિ० તારામની ચોધરાણીના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૫ ક. ૭; ૪ ક. લો. રી. ૩૦૯. (દીવાની રૂલીંગ) જુઓ લોકોપકારક કૃત્ય ૬૨.

૩૭ લોકોપકારક કૃત્ય—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૧—કરેલો હુકમ પાછો ખેંચી લેવાનો અધીકાર—પુરાવાની કીંમત—તપાસનારી કોર્ટ—કોઈ કેસમાં તજવીજ કર્યા પછી માજીસ્ટ્રેટને એમ માલમ પડે કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૧ મુજબ મુકરદમો ચલાવવાને કાંઈ પુરતુ કારણ નથી તો તે બાબત છોડી દેવાનો માજીસ્ટ્રેટને અધીકાર છે. માજીસ્ટ્રેટે ઉપર મુજબ જે પુરાવા ઉપરથી ઠરાવ કર્યો હોય તે પુરાવાની કીંમત તપાસનારી કોર્ટ તરીકે હાઇકોર્ટ ધ્યાનમાં લેઈ શકતી નથી. શેહાની પરમાનીક વિ० જોગેનદ્રશાહ અને બીજો, ૧ ક. લો. રી. ૪૮૬.

(મેસર્સ જેકશન અને કનીંગહામ જડજોની રૂબરૂ, તા० ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮).

ઈશ્વરચંદરનાથ વિરૂદ્ધ કાલીચરનનાથના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈં० લો० રી० ૮ ક. ૮૮૩. જુઓ લોકોપકારક કૃત્ય ૪૧.

૩૮ લોકોપકારક કૃત્ય—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૨૧, ૫૨૫—પુરાવો—કોઇ માણસના ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૧ મુજબ હુકમ કાઢવામાં આવ્યો હોય અને તે તેની વિરૂદ્ધ કારણ બતાવવાને હાજર થાય તો માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૫ મુજબ પુરાવો લેવાને બંધાએલો છે. મોહરમંદર, ૮ ક. લો. રી. ૪૩૧.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા० ૨૦ મી મે સને ૧૮૮૧).

૩૯ લોકોપકારક કૃત્ય—જાથુનો હુકમ કાઢવાનો માજીસ્ટ્રેટનો અધીકાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ જાથુનો હુકમ કાઢવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. ગોપીમોહન મુલીક વિ० તારામની ચોધરાણી (ઈં લો. રી. ૫ ક. ૭; ૪ ક. લો. રી. ૩૦૯) ના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો. બ્રેડલી વિ० જેઈમસન, ઈં० લો० રી० ૮ ક. ૫૮૦; ૧૧ ક. લો. રી. ૪૧૪.

(મેસર્સ ટોટનહામ અને કનીંગહામ જડજોની રૂબરૂ, તા० ૬ ઠી માર્ચ સને ૧૮૮૨).

ચંદરનાથસેનની બાબતને લાગુ પડે છે, ઇ० લો० રી० ૨ ક. ૨૯૩. જુઓ હાઈકોર્ટનું ઉપરીપણું ૧.

ગોપીમોહન મુલીક વિરૂદ્ધ તારામની ચોધરાણીના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈં० લો० રી० ૫ ક. ૭; ૪ ક० લો० રી० ૩૦૯ (દિવાની રૂલીંગ). જુઓ લોકોપકારક કૃત્ય ૬૨.

૪૦ લોકોપકારક કૃત્ય—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૦—સજા—પીનલકોડની કલમ ૨૯૦ મુજબ લોકોપકારક કૃત્યના ગુન્હામાં દંડ નહી આપવા બદલ સખત મજુરી સાથે કેદની સજા કરવી તે કાયદેસર ગણાય છે. રાણી વિ० ચેલામંદુ, ઈ. લો. રી. ૫ મ. ૧૩૭.

(મેસર્સ ઇન્સ અને મુતુસ્વામી આયાર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી માર્ચ સને ૧૮૮૨).

૪૧ લોકોપકારક કૃત્ય—માજીસ્ત્રેટે કેસ પાછો ખેંચી લીધેલો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૧ મુજબ ચલાવાય તેવા મુકરદમામાં તે કલમ મુજબ વધારે તપાસ કરવાની જરૂર નથી એવી માજીસ્ત્રેટને ખાત્રી થાય તો તે બાબત છોડી દેવાનો તેને અધીકાર છે. સોહાની પરમાનીકની બાબત, (૧ ક. લો. રી. ૪૮૬) ઉપર આધાર રાખવામાં આવ્યો. ઈશ્વરચંદરનાથ વિ૦ કાલીચરનનાથની અરજીની બાબત, ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૮૮૩.

(મેસર્સ પ્રીનસેપ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી મે સને ૧૮૮૨).

સોહાની પરમાનીકની બાબત ઉપર આધાર રાખવામાં આવે છે, ૧ ક૦ લો૦ રી૦ ૪૮૬. જુઓ લોકોપકારક કૃત્ય ૩૭.

૪૨ લોકોપકારક કૃત્ય—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—માજીસ્ત્રેટની હકુમત—મીલકતનું રક્ષણ કરવું તે—મીલકતનો ફક્ત બચાવ કરવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ હુકમ કરવાનો માજીસ્ત્રેટને અધીકાર નથી. પ્રયાસીંઘની અરજીની બાબત, ઇ૦ લો૦ રી૦ ૧૦૩.

(મેસર્સ વીલસન અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જુલાઇ સને ૧૮૮૨).

૪૩ લોકોપકારક કૃત્ય—તટી ભર્યા વગરની ભીંત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમો ૨૯૦, ૪૩—સરીઆમ રસ્તાની આઠ વારની અંદર અને તે રસ્તામાં પડતી ભીંતને ખાનગી કારણને લીધે તટી ભરાવવી રહી ગઇ હોય તો તેથી લોકોપકારક કૃત્ય તરીકે સજા કરી શકાતી નથી. રાણી વિ૦ અનથોની, ઈ. લો. રી. ૬ મ. ૨૮૦.

(મેસર્સ ઈન્સ અને કરનાન જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી ફેબ્રુઆરી સને ૧૮૮૩).

૪૪ લોકોપકારક કૃત્ય—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૩—ઈમારતો બાંધવી તે—અપ્રતીબંધક હુકમ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૩ મુજબ કરેલા દરેક હુકમમાં કેટલા વખતની અંદર, અને કઈ જગાએ હુકમ કરવામાં આવેલા માણસે માજીસ્ત્રેટની રૂબરૂ હાજર થઈ હુકમ કરવાની અથવા સુધારવાની દરખાસ્ત કરવી જોઇએ તે તેની અંદર બતાવવું જોઈએ. તે કલમ મુજબ કોઈપણ અપ્રતીબંધ હુકમ થઈ શકે નહી રાણી વિ૦ બ્રાજોકંતોરોય ચોધરાણી, ઈ. લો. રી. ૯ ક. ૬૩૭.

(મેસર્સ મીતર અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી ફેબ્રુઆરી સને ૧૮૮૩).

૪૫ લોકોપકારક કૃત્ય—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૧—લોકોપકારક કૃત્ય જારી રાખવું અથવા ફરીથી કરવું તે—જારી નહી રાખવાનો અથવા ફરીથી નહી કરવાનો સરકારી નોકરે કરેલો હુકમ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૩૪, ૧૪૩, ૧૪૪, સેડ્યુલ ૫ નમુનો ૨૦—પીનલકોડની કલમ ૨૯૧ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે તેજ અમુક લોકોપકારક કૃત્ય નહી જારી રાખવાને અથવા ફરીથી નહી કરવાને માટે દરેક તોહોમતદાર ઉપર જુદો જુદો હુકમ કાઢવામાં આવ્યો હતો એ સાબીત કરવું જોઈએ. ગુન્હેગાર ઠરેલા માણસે અગાઉ કેટલીક વખતે અમુક ગંદકી કરી હતી, અને તે નહી કરવાને અથવા જારી નહી રાખવાને ફરમાવવામાં આવ્યું હતું તેમ છતાં પણ ગંદકી કરવાનું જારી રાખ્યું હતું એ સાબીત કરવું જોઇએ. ગંદકી જારી નહી રાખવાનું અથવા ફરીથી નહી કરવાનું ફરમાવી કોઈ માણસ સામે હુકમ કાઢવાનો માજીસ્ત્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૩ મુજબ અધીકાર છે. આ હુકમ તોડ

વાથી પીનલકોડની કલમ ૨૯૧ મુજબ સજા થઈ શકે તેવો ગુન્હો બને છે. કોઇ અમુક માણસ ઉપર હુકમ કાઢવો તે તેમાં બતાવેલું છે. લોકોપકારક કૃત્યને માટે મુકરદમો ચલાવવાનો મજીસ્ત્રેટનો અધીકાર ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણો ૧૦ અને ૧૧ માં આવી જાય છે. ક્રીમીનલ પ્રોસીજર કોડનું પ્રકરણ ૧૧ મું અગત્યના કેસોમાંજ તાબડતોબ હુકમો કરવાને માટે વ્યાજબી રીતે લાગુ પડેછે. ફકત આવી જાતના કેસોમાં સામેના પક્ષકારની ગેરહાજરીમાં હુકમ થઈ શકે છે, અને અમુક માણસને એવો હુકમ કરવામાં આવશે એવો સાધારણ નિયમનો અપવાદ આવી જાતના કેસોમાં થવા દેવામાં આવે છે. આવી જાતના અગત્યના કેસોમાં અમુક જગાએ વારંવાર આવતા જતા લોકો ઉપર પણ અમુક કૃત્યથી દુર રેહેવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ મુજબ કાઢી શકાય છે; પણ કોઈ જાહેરનામુ વારંવાર આવતા જતા લોકો ઉપર ઘણું કરીને કાઢવામાં આવ્યું ના હોય પણ અમુક વર્ગના લોકોના કેટલાક ભાગ ઉપર કાઢવામાં આવ્યું હોય તો ઉપર બતાવેલી સરત લાગુ પડતી નથી. રાણી વિ૦ જોખુ, ઈં. લો. રી. ૮ અ. ૯૯.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી જાનેવારી સને ૧૮૬૬.)

૪૬ લોકોપકારક કૃત્ય—સુલેહનો ભંગ—બખેડો—હંગામો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૨, ૨૮૨—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ કોઈ એક અમુક કૃત્યથી દુર રેહેવાનો અથવા કોઈ અમુક મીલકતનો બંદોબસ્ત રાખવાનો હુકમ કરવાથી બખેડો અથવા હંગામો બંધ થવાનો સંભવ છે એવી માજીસ્ત્રેટને ખાત્રી થયા સીવાય તેવી રીતનો હુકમ તે કરી શકે નહી, તેમજ જો કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ એવી રીતના કૃત્યોથી સુલેહનો ભંગ થવાનો સંભવ નજદીક છે એવો પુરતો પુરાવો માલમ પડે તો માજીસ્ત્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ સુલેહ રાખવાના જામીન કોઇ પણ પક્ષકારના લેઇ શકે છે, તોપણ ઉપલી કલમ મુજબ અથવા કલમ ૨૮૨ મુજબ અથવા કાયદાની બીજી કોઈ કલમ મુજબ અમુક ભાડુ નહી ઉઘરાવવાનો મુચરકો આપવાને માજીસ્ત્રેટ કોઈ પણ માણસને બોલાવી શકે નહી. લચમીપટસીંઘ અને બીજો અરજદારો, ૧૪ વિ. રી. ૩.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૭૦).

એ. ડી. ડનીના વિ૦ હેમચંદર ચોધરીના કેસમાં સાબીત થાય છે, ૧૨ વિ. રી. ૬૦; ૪ બેં. લો. રી. ક્રુ. બેં. ૪૬ જુઓ જામીનગીરી સલાહસંપ રાખવાની ૮.

૪૭ લોકોપકારક કૃત્ય—સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—**અ** નામના માણસે એવી ફરીઆદ કરી કે તેના શેઠના લાકડાંઓ કાપીને કોઇ અમુક જગ્યાએ ખડકેલાં તે લાકડાંઓ **બ** નામના માણસે ત્યાંથી ખસેડયા, અને **બ** એ એવું બતાવ્યું કે લાકડાંઓ **અ** ના શેઠે કાપ્યાં નોહોતાં પણ તેણે કાપેલાં હોવાથી તેણે તે પોતાની હમેશની લાકડાં મુકવાની જગ્યાએ ખડકયાં હતાં. એમ ઠરાવવામાં આવ્યું હતું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ માજીસ્ત્રેટ મુકરદમો ચલાવી શકતો નથી, પણ **બ** સામે રાખેલા તોહોમતની તપાસ કરી લાકડાં **અ** ને પાછાં અપાવવાને અથવા તપાસ કરતાં એમ માલમ પડે કે જે જગ્યાએ તે હતાં તે જગ્યાએ રેહેવા દેવા તો તે પ્રમાણે કરવાને તે બંધાયેલો હતો. કારતીકચંદરબાલ અરજદાર વિ૦ ચંદરનાથ ચકરબતી, ૧૫ વિ૦ રી૦ ૫૬.

(મેસર્સ જેકશન અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી એપ્રીલ સને ૧૮૭૧).

સરકાર વિ૦ મોઝુફર ખાલીફાના કેસમાં નજર રાખવામાં આવી, ૧૮ વિ૦ રી૦ ૨૧. જુઓ ઢોરનું ભટકવું તે ૧.

રાણી વિ૦ ગોલકચંદર ગુહોના કેસમાં નજર રાખવામાં આવેછે, ૧૨ વિ૦ રી૦ ૩૮. જુઓ લોકોપકારક કૃત્ય ૧૮.

૪૮ લોકોપકારક કૃત્ય—સુલેહનો ભંગ-જમીનનો કબજો-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—હકુમત—હાઈ કોર્ટનો અધીકાર-વકીલોને તકરાર કરવાનો હક—હુકમનામાની બજાવણીમાં વેચાયેલી જમીન રાખનાર માણસે સને ૧૮૫૯ ના આકટ ૮ ની કલમો ૨૬૩, ૨૬૪ મુજબ કબજો લેવાનો હુકમ મેળવ્યો, અને બીજો માણુસ જેનો તે જમીનમાં હક હતો તેની અને તે માણુસની વચે વેચાણ સરટીફીકટથી કેટલો હક મળ્યો છે એ વિષેની તકરાર ઉઠી. પક્ષકારોના હક સોધી કાઢયા સીવાય માજીસ્ટ્રેટે કેટલાક હુકમો કરયા જેની અસર, હરાજીમાંથી રાખનાર માણસને વેચાણ રાખેલી જમીનનો ભોગવટો કરવાને કેટલાક વખત સુધી બાતલ કરવાની હતી. એમ ઠરાવવામાં આવ્યું કે મીલકતના સબંધમાં પક્ષકારોના હકોનો દિવાની કોર્ટે નિર્ણય કરવો જોઈએ અને સુલેહનો ભંગ અટકાવવાને માટે જે કરવાની જરૂર હતી તે કરવાને માટે તેને ઉપર બતાવેલી કલમ મુજબ પુરે પુરો અધીકાર હતો. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ માજીસ્ટ્રેટે કરેલો કોઇ પણ હુકમ તેના અધીકાર ઉપરાંત અને હકુમત ' સીવાયનો હોય તો હાઇ કોર્ટ દરમીયાન થઈ રદ કરી શકે છે. સવાલ—આવા કેસોમાં વકીલોને તકરાર બતાવવાનો હક છે?

સેખ લાલુ વિ૦ આદમસરકાર, સરકાર વિ૦ સુરજકંત અચારજીઆ, ડેગુશેખ વિ૦ આદમસરકાર વિગેરે, ૧૭ વિ. રી. ૩૭.

(મેસર્સ બેલી અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૯ મી માર્ચ સને ૧૮૭૨).

આબાસઅલી ચોધરી વિ૦ ઈલીમમીઆના કેસમાં મંજુર રાખવામાં આવે છે, ૧૪ વિ. રી. ૪૬. જુઓ લોકોપકારક કૃત્ય ૨૪,

લાલા મીતર જીતસીંઘ વિ૦ રાજકુમાર સરકારના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવે છે, ૧૮ વિ. રી. ૨૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૬.

૪૯ લોકોપકારક કૃત્ય—સુલેહનો ભંગ—લેટર્સ પેટન્ટ આકટની કલમ ૧૫ મુજબ હાઈ કોર્ટનો અધીકાર-માજીસ્ટ્રેટની હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—મનાઈ હુકમ—સુલેહ રાખવાને બંધાયેલો તે—લેટર્સ પેટન્ટ આકટની કલમ ૧૫ થી મળેલી ખાસ હકુમત મુજબ હાઇ કોર્ટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ કરેલા હુકમો ફરીથી તપાસવાનો અધીકાર મળેલો છે. માજીસ્ટ્રેટ આ કલમ મુજબ ખબર મળ્યાથી પોતાની ખાત્રી થઈ છે એવું કારણ બતાવી કોઈ પણ હુકમ કરે તો તેમાં દરમીયાન થઈ શકાતું નથી; પણ ખબર કેવી જાતની છે એ જો તેણે બતાવી હોય તો એવી ખબરથી હુકમ કરવો વ્યાજબી છે કે નહી એનો હાઇ કોર્ટ તપાસ કરી શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ મનાઈ હુકમ કાઢતાં પેહેલા મનાઈ કરેલા કૃત્યથી હંગામો અથવા બખેડો થવાનો સંભવ હતો અને તે અટકાવવાથી હંગામો અથવા બખેડો થતો બંધ રેહેશે એવી જાતની ખબર અથવા પુરાવો માજીસ્ટ્રેટની રૂબરૂ મળી આવવો જોઇએ. સુલેહ રાખવાનું જામીનખત શા માટે કરી આપવું જોઈએ નહી એવો કોઇ માણસ ઉપર સમન કાઢયા પછી તે માણસથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે એવું માજીસ્ટ્રેટ જ્યાં સુધી પુરાવા ઉપરથી ઠરાવે ત્યાં સુધી તેના જામીન લેઈ શકાતા નથી. ગોસાઈ લચમનપ્રસાદપુરી વિગેરે વિ૦ પોહુમનારાયણપુરી, ૨૪ વિ૦ રી૦ ૩૦.

(મી૦ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી અગષ્ટ સને ૧૮૭૫.)

ચંદરકુમારરોય વિ૦ ઉમેશચંદર મોજુમદારના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૨૨ વિ. રી. ૭૮. જુઓ તપાસ ૧૧.

૫૦ લોકોપકારક કૃત્ય—મદદગારી—સુલેહનો ભંગ—સહીઆરા માલીકોની જમીન-હગામો—અપ્રાધ પ્રવેશ—નુકશાન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૧, ૧૪૭, ૪૨૫—કેદી તરફના શાહેદીઓની જુબાની—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૧૯, ૩૫૯, ૩૬૨—હાઇ કોર્ટની ખાસ હકુમત—હાઈ કોર્ટનું ચારટર કલોઝ ૧૫—**અ** નામના એક સહીઆરા માલીકે **બ** નામના બીજા સહીઆરીની મરજી વિરૂદ્ધ જમીનના એક કડકા ઉપર મકાન બાંધ્યું. આની તકરાર ઉઠવાથી માજીસ્ત્રેટે તજવીજ કરી, જે જમીનના કડકા ઉપર મકાન બાંધવામાં આવ્યું હતું તે કડકાનો કબજો **અ** એકલાનો છે એવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ હુકમ કર્યો. મી૦ જેકશન જડજનો મત—આવી રીતનો હુકમ ભુલ ભરેલો છે કારણ કે કલમ ૫૩૦ લાગુ પડે તેવી આ બાબત નથી. પછીથી **બ** એ આખી જમીનના કડકાનો પોતે સહીઆરી છે એવું ઠરાવવાનો, અને તે ઉપર મીલકત બાંધવાનો **અ** ને હક નથી એવું ઠરાવવાનો દિવાની કોર્ટમાં દાવો કર્યો, અને વળી એવી પણ માગણી કરી કે ચણેલું મકાન પાડી નંખાવવું જોઈએ. **બ** ના લાભમાં હુકમનામું થયાથી તેના ચાકરોએ જમીન ઉપર જઇ તે મકાન પાડી નાખ્યું. ડેપ્યુટી માજીસ્ત્રેટની રૂબરૂ તેમના ઉપર નુકશાન કર્યાનું તોહોમત રાખવાથી તેણે ગુન્હેગાર ઠરાવી તેમનો દંડ કર્યો. મી૦ જેકશન જડજનો મત—આ કેસમાં કાંઈ ગેરવાજબી નુકશાન થયેલું નહી હોવાથી તોહોમતદારોને નુકશાનને માટે ગુન્હેગાર ઠરાવી શકાય નહી. તોહોમતદારો જે **બ** ના નોકરો હતા તેમને તા૦ ૮ મી અકટોબરે એવું માલમ પડયું કે **અ** ના નોકરો આ ઇમારત નોબતખાનું રાખવાને માટે ચણે છે, તે ઉપરથી ઈમારત નહી કરવા દેવાને તેઓએ સામા થઇ વાંસો નીચે નાખી દીધા અને **અ** ના નોકરોને બાજુ ઉપર ફેંકી દેઈ તેમાંનો એક માણસ જે વાંસને બાઝી રહ્યો હતો તેને જમીનમાં ફેંકી દીધો. આ નોકરો ઉપર તા૦ ૯ મી અકટોબર સને ૧૮૮૭ ને રોજ હંગામાનું તોહોમત રાખવામાં આવ્યું હતું, અને જવાબ આપવાને તેઓને બોલાવવામાં આવ્યાથી તેઓએ કેટલાક શાહેદીઓના નામો બતાવ્યાં હતાં અને બીજે દીવશે સવારમાં તેઓના ઉપર હાજર રેહેવાના સમનો કાઢવામાં આવ્યા હતા પણ તેઓ મળ્યા નોહોતા. તોહોમતદારોએ પછીથી શાહેદીઓને હાજર રાખવાને માટે કેટલોક વખત માગ્યો. માજીસ્ત્રેટે આવી રીતનો વખત આપવાની ના પાડી અને તોહોમતદારોને તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૭૭ ને રોજ ગુન્હેગાર ઠરાવ્યા. મી૦ જેકશન જડજનો મત—આ વારંટનો મુકરદમો હોવાથી તોહોમતદારોએ બતાવેલા સઘળા શાહેદીઓ ઉપર સમન કાઢવાની માજીસ્ત્રેટની ફરજ હતી અને કેસ પણ પોતાની મરજી મુજબ તેણે મોકુફ રાખવો જોઈતો હતો. મી૦ જેકશન જડજે વળી વધારે એમ ઠરાવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૯ નો અર્થ એવો છે કે તોહોમતદારે નામ આપેલા શાહેદીઓમાંનો કોઈ શાહેદી ઢીલ અને હેરાન કરવાને માટે બતાવવામાં આવ્યો છે એવું માજીસ્ત્રેટનું ધારવું હોય તો તેણે પોતાનો વિચાર અમલમાં આણી આ શાહેદીની જરૂર છે કે નહી એ બાબતની તજવીજ કરવી જોઇએ; પણ તોહોમતદારોને શો જવાબ આપવાનો છે એ વિષેની તજવીજ કરી કેવી જાતનો જવાબ છે એ જાણ્યા પછી તોહોમતદારોએ નામ આપેલા સઘળા શાહેદીઓને સમન કાઢી બોલાવવાની કાંઈ જરૂર નથી એવું માજીસ્ત્રેટ ધારી શકે એવી કાંઈ ઉપલી કલમની મતલબ નથી; અને વળી હાલના કેસમાં ઢીલ અથવા હેરાન કરવાની કાંઇ પણ મતલબ નોહોતી અને તેથી કરીને વધારે મુદત આપવાનું ના પાડયાથી તોહોમતદારોના જવાબમાં તેના વિરૂદ્ધ અભિપ્રાય બાંધવાનો સંભવ થયો હતો. મી૦ જે

કશન જડજે વળી વધારામાં એમ પણ ઠરાવ્યું કે તકરારી જમીન ઉપર તોહોમતદારો કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુતો તરીકે નહી હોવાથી તેમજ કાયદા વિરૂદ્ધ કાંઈ પણ કૃત્ય કરવાને માટે પણ તેઓ એકઠા થએલા નહી હોવાથી, ગુન્હેગાર ઠરાવેલું તે અને પહતિ બંને કાયદા વિરૂદ્ધ હતા. મી૦ કનીંગહામ જડજે એમ ઠરાવ્યું કે, તોહોમતદારો ફક્ત ખાનગી અપકારક કૃત્ય ઓછું કરવાનો ઇલાજ કરતા હતા અને પોતાના બચાવનો કાયદેસર હક બજાવતા હતા. વળી વધારામાં એમ પણ ઠરાવ્યું કે નોબતખાનું રાખવાને માટે ઈમારત ચણાવવાથી બીગાડ થાય છે અને તેથી તે પીનલકોડની કલમ ૪૨૫ માં આવી જાય છે. મેસર્સ એનસ્લી અને મેકડોનલ જડજોએ વળી વધારામાં એમ ઠરાવ્યું કે કાયદા પ્રમાણે બતાવેલા સઘળા બીજા ઈલાજો પ્રથમ પુરા થઇ ગયા છે એવું સાબીત થયા સીવાય ફોજદારી બાબતોમાં હાઈ કોર્ટ પોતાની ખાસ હકુમતની રૂઈએ દરમીઆન થઈ શકતી નથી. તેટલા માટે જે પક્ષકારોને માજીસ્ત્રેટે હંગામાને માટે ગુન્હેગાર ઠરાવ્યા હતા તે પક્ષકારોનો સેસન કોર્ટમાં અપીલ કરવાનો હક છતાં તેમ નહી કરતાં ચારટર આકટના કલોઝ ૧૫ મુજબ હાઈ કોર્ટમાં દરખાસ્ત કરી તેમાં તે કોર્ટ જ્યાં સુધી ઉપર બતાવેલો ઈલાજ લીધો નથી ત્યાં સુધી દરમીયાન થશે નહી. રાણી વિ૦ રાજકુમારસીંધ, ઇ. લો. રી. ૩ ક. ૫૭૩.

(મેસર્સ જેકશન, કનીંગહામ, એનસ્લી અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૨૫, અને ૨૭ મી માર્ચ સને ૧૮૭૭.)

૫૧ લોકોપકારક કૃત્ય - સુલેહનો ભંગ-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રાસીજર કોડ કલમ ૫૧૮—હુકમ—હુકમની હદ—મી૦ એનસ્લી જડજનો મત—કોઈ પણ પ્રજાના દિવાની હકોમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ માજીસ્ત્રેટે પોતાના હુકમના અમલની હદ ઠરાવવી જોઇએ કે જે વખતની અંદર મનાઈ કરેલા કૃત્યથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે અને મનાઇ કરેલા માણસના કાયદેસર હકથી તે ઉપરાંત છે કે નહી એ વિષેની પુરેપુરી તજવીજ તે કરી શકે; અને જરૂર પડે તો ક્રીમીનલ પ્રોસીજર કોડની બીજી કલમો જેમાં સુલેહના ભંગ થવાના કેસો આવી જાય છે તે મુજબ તેણે નિરાકરણ કરવું જોઈએ. મી૦ બ્રાઉટન જડજનો મત—કોઇ હુકમ હકુમત વિનાનો સ્પષ્ટ રીતે માલમ પડે તો પછીના ખુલાસાથી તે કાયદેસર રદ થઈ શકતો નથી. અબદુલ વિ૦ લખીનારાયણ મંડલ, ઈ. લો. રી. ૫ ક. ૧૩૨.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી એપ્રીલ સને ૧૮૭૯.)

૫૨ લોકોપકારક કૃત્ય—સુલેહનો ભંગ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૬૮—મોહરમના તેહેવારની અંદર કેટલાક મુસલમાનોએ જમીન ઉપર થોડાક વખતને માટે ઝુપડું બાંધ્યું અને તેની અંદર ધર્મ સબંધી નીશાનીઓ મુકી હતી. માજીસ્ત્રેટે પીનલકોડની કલમ ૨૩૦ મુજબ લોકોપકારક કૃત્ય કરવાને માટે તેઓને ગુન્હેગાર ઠરાવ્યા હતા કારણ કે તેઓના કૃત્યથી ગામના હિંદુ રેહેવાસીઓ જેમના દેવલો તેની નજદીક આવ્યા હતા તેમને ખરેખરી અડચણ હતી અને તેટલા માટે લોકોના સુલેહનો ભંગ થવાનું ધાર્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવવું તે કાયદા વિરૂદ્ધ હતું. રાણી વિ. મુતુમીરા, ઈ. લો. રી. ૭ મ. ૫૫૦.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને હચીન્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ અને ૧૮ મી સપટંબર સને ૧૮૮૪.)

૫૩ લોકોપકારક કૃત્ય - જમીનદારોના દિવાની હકોની અંદર દરમીઆન થવાને માજીસ્ત્રેટનો અધીકાર—જમીનદારોની જાગીરની અંદર હારો બનાવી અને ઘણોજ અનુકુળ

હોય તેવા કોઈ દીવસે તે માંડવાના દિવાની હકોની અંદર કોઈ પણ માજીસ્ટ્રેટ સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ દરમીઆન થઈ શકતો નથી. શીબચંદર ભટાચારજી વિ૦ સાદતઅલીખાન અને બીજો, ૪ વિ. રી. ૧૨.

(મેસર્સ ટેવારી અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી સપટંબર સને ૧૮૬૫).

૫૪ લોકોપકારક કૃત્ય—હંગામો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—જમીનના પાસેના કડકાઓ ઉપર તેજ દિવસે હાટો માંડતા અટકાવવાનો માજીસ્ટ્રેટે બે હાટોના બરોબરીઆ માલીકોને હુકમ કર્યો, કારણ કે કાયદેસર રીતે કામે લાગેલા માણસો ઉપર હરકત અને નુકશાન અને હંગમો અથવા બખેડો થવાની ધાસ્તી લાગતી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે આ હુકમ બરોબર રીતે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ માં આવી જતો હતો, અને તેથી કરીને હાઇ કોર્ટે તેની અંદર દરમીઆન થવાની ના પાડી. કાલીકાપ્રસાદ વિગેરે, ૧૧ વિ. રી. ૫; ૫ બેં૦ લો૦ રી૦ અપે. ૮૨ ન.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જાનેવારી ૧૮૬૯.)

શીબચંદર ભટાચારજી વિ૦ સાદતઅલીખાનનો કેસ આનાથી વિરૂદ્ધ છે, ૪ વિ. રી. ૧૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૩.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવીઃ—

આબાસઅલી ચોધરી વિ૦ ઈલીમમીઆ, ૧૪ વિ. રી. ૪૬. જુઓ લોકોપકારક કૃત્ય ૨૪.

રાય લચમીપતસીંઘ અપેલેન્ટ, ૧૪ વિ. રી. ૧૭. જુઓ લોકોપકારક કૃત્ય ૨૩.

૫૫ લોકોપકારક કૃત્ય—હાટ—ફરીથી તપાસ કરવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—જે દિવશે હાટ માંડવું જોઇએ તે દિવશ ફેરવવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ પુરાવો લીધા સીવાય હુકમ કર્યો, અને પછીથી પુરાવો લીધા પછી તેને એમ માલમ પડયું કે પેહેલાનો હુકમ ગેરવાજબી અને હકુમત વિનાનો હતો, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે તેણે પોતાના પેહેલાના હુકમનો ફરીથી તપાસ વ્યાજબી રીતે કર્યો હતો. બનવારીલાલ વિ૦ ઓભોયચરન મુકોપધીઆ, બાબુ દેબનદરનાથ ટાગોરનો નાયબ, ૧૩ વિ. રી. ૭૩.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી મે સને ૧૮૭૦.)

૫૬ લોકોપકારક કૃત્ય—હાટ—સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૨, ૪૦૪—હમેશાં જે જગ્યાએ બજાર ભરાતું હતું ત્યાંથી આસરે અડધા માઈલને છેટે નવું હાટ માંડયું હતું તે વિશે ડેપ્યુટી માજીસ્ટ્રેટનું એવું ધારવું હતું કે અઠવાડીઆના એકજ દિવસે બે હાટો માંડવાથી સુલેહનો ભંગ થશે. એમ ઠરાવવામાં આવ્યું કે અમુક દિવસોએ અરજદારે હાટ માંડવું નહી એવો માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ કરેલો હુકમ તેના અખતીઆર ઉપરાંત અને હકુમત વિનાનો નોહોતો, અને તેટલા માટે કલમ ૪૦૪ મુજબ હાઇ કોર્ટે તેની અંદર દરમીયાન થઈ શકતી નથી. લાલામીતરજીતસીંઘ વિ૦ રાજકુમાર સીરકાર, ૧૮ વિ. રી. ૨૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૭૨.)

શેખલાલુ વિ૦ આદમ સીરકારના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવે છે, ૧૭ વિ૦ રી૦ ૩૭. જુઓ લોકોપકારક કૃત્ય ૪૮.

આબાસઅલી ચોધરી વિ૦ ઈલીમમીઆહના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૧૪ વિ૦ રી૦ ૪૬. જુઓ લોકોપકારક કૃત્ય ૨૪.

૫૭ લોકોપકારક કૃત્ય—હાટ—સુલેહનો ભંગ—હંગામો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—કોઈ જમીનદારે પોતાની જાગીરની કોઈપણ અમુક

જમાએ મુકરર કરેલા દિવશોએ હાટ માંડવું નહી એવો મનાઈ હુકમ કાઢવાનો માજીસ્ટ્રેટને અથવા માજીસ્ટ્રેટના અધીકારવાળા કોઈપણ અમલદારને કાયદેસર અધીકાર સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ મળેલો છે; કારણ કે આવી રીતના હુકમથી હંગામો અથવા બખેડો બંધ થવાનો સંભવ છે. બાયકંતરામશાહ રોય વિગેરે વિ૦ બીજાન, ૧૮ વિ. રી. ૪૭; ૧૦ એં. લો રી, ૪૩૪.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, બેલી, કેમ્પ, મીત્તર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૯ મી સપટંબર સને ૧૮૮૨].

ભોળાનાથ બોસ વિ૦ કમરૂદીનના કેસમાં આધાર લેવામાં આવ્યો, ૨૦ વિ. રી. ૫૩. જુઓ લોકોપકારક કૃત્ય ૫૮.

રાણી વિ૦ રામચંદ્ર ઇકનાથના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૬ મું. હા. કો. રી. ૩૬. જુઓ લોકોપકારક કૃત્ય ૧૫.

નિચેના કેસોને લાગુ પડે છેઃ—

રામચંદર ગીઅર ગોસાઈ અરજદારો, ૬ વિ. રી. ૪૦. જુઓ લોકોપકારક કૃત્ય ૩.

ગીરીશચંદર લાહુરી વિ૦ ફકીરચંદખાન, ૬ વિ. રી. ૭૨ [પરચુરણ રૂલીંગ].

રાણી વિ. કાલીકાપ્રસાદ, ૫ એં. લો. રી. અપે. ૮૧. જુઓ લોકોપકારક કૃત્ય ૨૩.

રાણી વિ૦ આબાસઅલી ચોધરી, ૬ એં. લો. રી. ૭૪. જુઓ લોકોપકારક કૃત્ય ૨૪.

રાણી વિ. ગોરાચદ ગોપ, એં. લો. રી. વો. ૪૪૩. જુઓ ખુન ૧૯.

શીબચંદર ભટાચારજી વિ. સાદતઅલી ખાનનો કેસ રદ થઈ જાય છે, ૪ વિ. રી. ૧૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૩.

નિચેના કેસો ઉપર નજર રાખવામાં આવીઃ—

અરઝનઉલાહ વિ. નાઝીર મુલીક, ૨૧ વિ. રી. ૨૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૯.

ગોપીમોહન મોલીક વિ૦ તારામની ચોધરાણી, ૪ ક. બો. રી. ૩૦૯; ઈ. લો. રી. ૫ ક. ૭. જુઓ લોકોપકારક કૃત્ય ૬૨ [દીવાની રૂલીંગ].

૫૮ લોકોપકારક કૃત્ય—હાટ—સુલેહનો ભંગ—હાઈ કોર્ટ—ઇનસાફી મુકરદમો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૭, ૫૧૮—બીજા હાટથી ફકત એક માઇલ દુર હતુ તેથી સુલેહના ભંગનો સંભવ હતો એવું કારણ બતાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ જે કેસમાં માજીસ્ટ્રેટે હાટ નહી માંડવાનો હુકમ કરેલો તે કેસમાં સેસન જડજે ભલામણ કરી કે હુકમ રદ કરવો જોઈએ કારણ કે સુલેહનો ભંગ નજદીક હોય તોજ કલમ ૫૧૮ લાગુ પડે છે. એમ ઠરાવવામાં આવ્યું કે જે કેસોમાં માજીસ્ટ્રેટને ખાત્રી થાય એવી ખબર મળે તેવા સઘળા કેસોમાં કલમ ૫૧૮ ના બીજા ખુલાસા મુજબ હુકમ થઈ શકેછે, અને આ હુકમ એવો હતો કે જેને માટે માજીસ્ત્રેટને અધીકાર હતો તેથી તે કાયદા વિરૂદ્ધ ગણાતો નથી અને હાઇ કોર્ટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ રદ કરી શકે નહી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ કરેલા હુકમો ઇનસાફી મુકરદમાઓ ગણાતા નથી અને તેથી તેઓનો સમાવેશ કલમ ૨૯૭ માં થઈ જતો નથી. ભોળાનાથ બોસ વિ૦ કમરૂદીન, ૨૦ વિ. રી. ૫૩.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુલાઈ સને ૧૮૭૩.)

બાયકંતરામશાહ રોયની બાબત ઉપર આધાર રાખવામાં આવે છે, ૧૦ એં. લો. રી. ૪૩૪. જુઓ લોકોપકારક કૃત્ય ૫૭.

કાલીનારાયણ રોય ચોધરી વિ૦ અબદુલ ગફુરખાનના કેસમાં વિચાર કરવામાં આવ્યો, ૨૨ વિ૦ રી૦ ૨૪. જુઓ અપહરણ ૧૧.

અરઝનઉલાહ વિ૦ નાઝીર મુલીકના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૨૧ વિ૦ રી૦ ૨૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૯.

૫૯ લોકોપકારક કૃત્ય—હાટ—ઈનસાફી મુકરદમાઓ—હાઈકોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦

મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૪, ૨૯૭, ૫૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૯૪, ૨૯૫ અને ૨૯૬ મુજબ હાઈ કોર્ટની રૂબરૂ આવેલા કેસોમાં તે કોર્ટનો અધીકાર ફ કત કલમ ૨૯૭ માં બતાવ્યા પ્રમાણે છે, એ ટલે ફકત ઈનસાફી મુકરદમાઓની ભુલો વિષે તે કોર્ટ નીરાકરણ કરી શકે છે. કોઇ માજી સ્ટ્રેટે ખબર ઉપરથી અને કાંઈપણ પુરાવો લી ધા શીવાય અને રીતસર તજવીજ કર્યા શી વાય ફરીથી હાટ નહીં માંડવાનો કોઈ માણ સ ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ હુકમ કર્યો હોય તો તે ઇનસાફી મુકરદમો ગણાતો નથી. અરઝનઉલાહ વિ૦ નાઝીર મુલીક વિગેરે, ૨૧ વિ૦ રી૦ ૨૨.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ડીસેંબર સને ૧૮૭૩).

ભોળાનાથસેન વિ૦ કમરૂદીનના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૨૦ વિ. રી. ૫૩. જુઓ લોકોપકારક કૃત્ય ૫૮.

કાલીનારાયણરોય ચોધરી વિ૦ અબદુલ ગફુરખાનના કેસમાં વિચાર કરવામાં આવ્યો, ૨૨ વિ૦ રી૦ ૨૪. જુઓ અપહરણ ૧૧.

ચંદરનાથ સેનની બાબતમાં અર્થ કરી બતાવવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૨ ક૦ ૨૯૩. જુઓ ઉપરીપણું હાઈ કોર્ટનું ૧.

ગોપીમોહન મુલીક વિ૦ તારામની ચો ધરાણીના કેસમાં નજર રાખવામાં આવી, ૪ ક. લો. રી. ૩૦૯; ઈ. લો. રી. ૫ ક ૭. જુઓ લોકોપકારક કૃત્ય ૬૨ [દિવાની રૂલીંગ].

બાયકંતરામ શાહ રોય વિ૦ મીજાનના કેસને લાગુ પડે છે. ૧૮ વિ. રી. ૪૭. જુઓ લોકોપકારક કૃત્ય ૫૭.

ધોલામઝરબેશના રેફરન્સને લાગુ પડે છે, ૧૦ વિ. રી. ૩૬. જુઓ લોકોપકારક કૃત્ય ૮૫.

ઇમામુદીન ભીનાના રેફરન્સને લાગુ પ ડે છે, ૧૩ વિ. રી. ૭૩. જુઓ મુચરકો ૩૩.

૬૦ લોકોપકારક કૃત્ય—હાટ—પોલીસ અમલદાર—હુકમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—ક્રીમીન લ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ ના ખુલા સામાં બતાવેલી પદ્ધતિ કરતાં જુદી જાતની પદ્ધતિ પસંદ કરવાથી જે ઢીલ થશે તેથી જે માણસ ઉપર હુકમ કરવાનો છે તે માણસે વેઠેલા દુખ કરતાં વધારે દુખ થવાનો સંભવ બનશે અથવા ૩૯ મા પ્રકરણના ઈરાદા પ્ર માણે બનશે નહી એવું જે કેસોમાં માજીસ્ટ્રે ટનું ધારવું હોય તેવાજ કેસોમાં ફકત ઉપલી કલમનો અમલ થાય છે. અરજદારની જુબાની લીધા સીવાય અને તેને તકરાર બતાવવાનો વખત આપ્યા સીવાય ફક્ત પોલીસના રીપો ર્ટ ઉપરથી અમુક દીવસે તેની જમીનમાં હા ટ નહી માંડવાનો માજીસ્ટ્રેટે તેને હુકમ કર્યો હતો, કારણ કે અરજદારના હાટની નજદીક અરજદાર જે દિવસે હાટ માંડતો તેના પછી ના દિવસે બીજો કોઇ માણસ ઘણા વખત થી હાટ માંડતો હતો. એમ ઠરાવવામાં આ વ્યું હતું કે કલમ ૫૧૮ મુજબ કરેલો હુકમ તેના અધીકાર ઉપરાંત હતો, કારણ કે પોલી સનો રીપોર્ટ અનિશ્ચીત અને અપુર્ણ હ તો, અને આવી રીતના ખાનગી હકથી કલ મ ૫૧૮ મુજબ હુકમ કરવાનું અથવા ક્રી મીનલ પ્રોસીજર કોડ મુજબ બીજો કોઈ હુ કમ કરવાનું કારણ મળતું નથી. બાનીમાધબ ઘોસ વિ. ઉમાનાથરોય ચોધરી, ૨૧ વિ. રી. ૨૬.

[મેસર્સ ફીઅર અને મોરીસ જડજો ની રૂબરૂ, તા૦ ૧૦ મી જાનેવારી સને ૧૮૭૪.]

ચંદરનાથસેનની બાબતમાં અર્થ કરી બતાવવામાં આવ્યો, ઈ. લો. રી. ૨ ક. ૨૯૩. જુઓ ઉપરીપણું હાઇ કોર્ટનું.

નિચેના કેસોમાં નજર રાખવામાં આ વી:—

ગોપીમોહન મોલીક વિ. તારામની ચો ધરાણી, ૪ ક. લો. રી. ૩૦૯; ઈ. લો. રી. ૫ ક. ૭. જુઓ લોકોપકારક કૃત્ય ૬૨ [દિ વાની રૂલીંગ].

હરસીમોહપત્રો વિ. દીનોબંદોપત્રો, ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૫૨૩. જુઓ ખંડણી આપનારા માહાલો.

કાલીનારાયણ રોય ચોધરી વિ૦ અબદુલ ગફુરખાન, ૨૨ વિ૦ રી૦ ૨૪. જુઓ અપહરણ ૧૧.

૬૧ લોકોપકારક કૃત્ય-હાટ-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—હકુમત-બે બરોબરીઆ હાટ માંડનારાઓમાંના એકને પોતાનું હાટ માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ એટલે બધે છેટે માંડવાનો હુકમ કર્યો કે જ્યાં જે વિચારથી હાટ માંડવામાં આવ્યું હોય તે વિચાર વ્યર્થ જાય, એમ ઠરાવવામાં આવ્યું હતું કે આ હુકમ ગોપીમોહનમુલીક વિ૦ તારામની ચોધરાણી [ઈં૦ લો૦ રી૦ ૫ ક. ૭; ૪ ક. લો. રી. ૩૦૯] ના કુલબે ચના કેસની અંદર આવી જાય છે અને તેથી હકુમત ઉપરાંત ગણી રદકરી શકાય છે. શરતચંદર બાનરજી વિગેરે વિ૦ બામચરન મુકરજી, ૪ ક. લો. રી. ૪૧૦.

[મેસર્સ મોરીસ અને વાઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૭૯.]

ગોપીમોહન મુલીક વિ૦ તારામની ચોધરાણીના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૫ ક. ૭; ૪ ક૦ લો૦ રી૦ ૩૦૯. [દિવાની રૂલીંગ]. જુઓ લોકોપકારક કૃત્ય ૬૨.

હરસીમોહોપત્રો વિ૦ દીનોબંધુપત્રોના કેસમાં નજર રાખવામાં આવી, ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૫૨૩. જુઓ ખંડણી આપનારા માહાલો.

૬૨ લોકોપકારક કૃત્ય—હાટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—હુકમ કરવાનો માજીસ્ટ્રેટનો અધીકાર—બરોબરીઆ હાટ માંડનારાઓ-હક ઠરાવવાનું હુકમનામુ—થોડા વખત કરતાં વધારે મુદત સુધી અમલ થઈ શકે તેવો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ કરવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. જે જાથુનો હુકમ ગણાય છે તેવો હુકમ કરવો તે બીલકુલ માજીસ્ટ્રેટના અધીકાર ઉપરાંત ગણાય છે. વાદીએ તકરારમાં એવું બતાવ્યું કે મંગળવારે અને શુકરવારે પોતાની જમીન ઉપર ઘણા વરસ સુધી તેણે દુકાન માંડી હતી; અને પ્રતીવાદીએ આ દિવસોએ સામે દુકાન માંડી વાદીની દુકાને ઘરાક આવતા અટકાવ્યા હતા; આથી એવી તકરાર થઈ કે ઉપર બતાવેલા દિવસોએ વાદીએ હાટ માંડવી નહી એવો મનાઈ હુકમ માજીસ્ટ્રેટે કાઢયો, અને તેથી વાદીને નુકશાન થયું. ઉપર બતાવેલી હકીકત ખરી છે એમ ધારી મંગળવારે અને શુકરવારે હાટ માંડવાનો વાદીનો હક છે એવું ઠરાવી તેના લાભમાં હુકમનામું કરી આપવું જોઈએ એમ ઠરાવવામાં આવ્યું ગોપીમોહન મુલીક વિ૦ તારામની ચોધરાણી, ઇ૦ લો૦ રી૦ ૫ ક. ૭; ૪ ક૦ લો૦ રી૦ ૩૦૯.

[મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, જેકશન, પોન્ટીફેક્ષ, એનસ્લી, બર્ચ, મોરીસ, વાઈટ, મીતર, મેકડોનલ, પ્રીનસેપ, વીલસન, અને ખાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી એપ્રીલ સને ૧૮૭૯.]

૬૩ લોકોપકારક કૃત્ય—હાટ માંડવુ તે—માજીસ્ટ્રેટનો અધીકાર-હુકમ ફરીથી તપાસમાં લેવો તે—રદ કરેલો હુકમ ફરીથી ચલાવવો તે-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—સીલહટ પ્રગણાની હાયલાકંડીના આસીસ્ટંટ માજીસ્ટ્રેટે તા૦ ૭ મી જુન સને ૧૮૮૧ ને રોજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ એવો હુકમ કર્યો કે કોઈ ચાહની વાડીના ઉપરીએ બીજી નોટીસ નીકળે ત્યાં સુધી ગુરૂવારે બજાર ભરવો જોઈએ નહી. તા૦ ૨૫ મી અગષ્ટ સને ૧૮૮૧ ને રોજ આસીસ્ટંટ કમીશનરે પોતાનો હુકમ ફરીથી ધ્યાનમાં લેવાથી તેને એવો નિર્ણય થયો કે જાથુનો હુક

મ કાઢવાનો તેને અધીકાર નથી તેથી ડેપ્યુટી કમીશનરનો અભીપ્રાય પુછી કેસ તેજ વખતે ફાઈલ ઉપરથી કાઢી નાખ્યો. તે અમલદારે દરમીયાન થવાની ના પાડી કારણ કે તેના ધારવા પ્રમાણે હુકમ કાયદા વિરૂદ્ધ નોહોતો. તે ઉપરથી આસીસ્ટંટ કમીશનરે એવુ ઝાહેર કર્યુ કે તેનો તા૦ ૭ મી જુન સને ૧૮૮૧ નો હુકમ પુરેપુરો અમલમાં છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ સીલહટના કામ ચલાઉ શેસન જડજે હાઈ કોર્ટનો અભીપ્રાય માગવાથી એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ત્રેટે પોતાનો તા૦ ૭ મી જુન સને ૧૮૮૧ નો હુકમ તા૦ ૨૫ મી અગષ્ટ સને ૧૮૮૧ રોજ રદ કરી કેસ ફાઈલ ઉપરથી કાઢી નાંખેલો હોવાથી નવેસરથી મુકરદમો ચલાવ્યા સીવાય તે હુકમ ફરીથી અમલમાં લાવવાનો અધીકાર નોહોતો. ખેડલી વિ૦ જેઈમસન, ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૫૮૦.

(મેસર્સ કનીંગહામ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ ૧૮૮૨.)

ચંદરનાથ સેનની બાબત ઉપર આધાર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૨ ક૦ ૨૯૩. જુઓ ઉપરીપણું હાઇ કોર્ટનું.

ગોપીમોહન મુલીક વિ૦ તારામની ચોધરાણીના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૫ ક. ૭; ૪ ક. લો. રી ૩૦૯. જુઓ લોકોપકારક કૃત્ય ૨૬ (દિવાની રૂલીંગ)

૬૪ લોકોપકારક કૃત્ય—જ્યુરી—સ્થાનીક અપકારક કૃત્યો—હુકમ કાઢી તેનો અમલ કરવો તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૪—ભય નજદીકમાં હોય તો જ્યુરીથી તજવીજ થાય ત્યાં સુધી તે અટકાવવાને તાબડતોબ બંદોબસ્ત કરવાનો માજીસ્ત્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૪ મુજબ અધીકાર છે, પણ ભય જતો રહ્યા પછી જ્યુરી મુકરર કરવામાં નાઆવી હોય તો આવી રીતનો હુકમ થઈ શકે નહી. રાણી વિ૦ રાજા ઈન્દુભુશન દેબ રોય, ૧ વિ. રી. ૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી અગષ્ટ સને ૧૮૬૪).

૬૫ લોકોપકારક કૃત્ય—જ્યુરી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૦૮, ૩૧૩—અપકારક કૃત્ય કાઢી નાખવાને માટે જે માણસો ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબ નોટીસ કાઢવામાં આવી હતી તે માણસે એ માજીસ્ત્રેટની રૂબરૂ કારણ બતાવ્યું હતું પણ પુરાવો લેવાને અથવા જ્યુરી બોલાવવાને માગણી કરી નોહોતી, તેમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ કાઢેલા માજીસ્ત્રેટના હુકમની અંદર હાઈ કોર્ટે દરમીઆન થવાની ના પાડી, કારણ કે તે હુકમ કાયદા વિરૂદ્ધ હતો એવું કાંઈ માલમ પડયું નોહોતું. તોપણ આવી જાતના કેસોમાં માજીસ્ત્રેટે જે કારણો ઉપરથી તે કામ ચલાવે છે તે કારણો અને અપકારક કૃત્ય કાઢી નાખવાને માટે બતાવેલી અડચણો નામંજુર કરવાના કારણો પુરેપુરા લખી લેવા જોઈએ. રાણી વિ૦ આલાહબક્ષ વિગેરે, ૧૨વિ૦ રી૦ ૨૪; ૭ બેં. લો. રી. ૪૮૨ ન.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુલાઈ સને ૧૮૬૯).

બેનજીલો વિ૦ કારગીલના કેસમાં નજર રાખવામાં આવી, ૯ બેં. લો. રી. ૪૧૭. જુઓ લોકોપકારક કૃત્ય ૯૦.

૬૬ લોકોપકારક કૃત્ય—જ્યુરી—લવાદો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૦—કોઈ અપકારક કૃત્ય સંબંધી કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૦ મુજબ લવાદોને સોંપતી વખતે માજીસ્ત્રેટે ઠરાવ આપવાની લવાદોને અમુક મુદત ઠરાવી આપવી જોઈએ; અને જ્યારે કોઈપણ કારણથી નીમાએલા જ્યુરરોમાં ફેરફાર થઈ નવો જ્યુરર નીમાય ત્યારે આવી રીતે હુકમ કરવો જોઈએ. માજીસ્ત્રેટે આવી રીતે હુકમ કરેલો ના હોય અને લવાદોને પોતાનો ફેંસલો આપતાં કાંઈપણ વાર લાગી હોય તો માજીસ્ત્રેટ પોતાના મુળના હુકમનો અમલ કરી શ

કે નહી. શામકંત બધોપધીઆની બાબત, ૧૪ વિ. રી. ૬૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી નવંબર સને ૧૮૭૪).

રાણી વિ૦ સાચી વલદે સાચીઓલરના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૭ વિ. રી. ૭૬. જુઓ જુદો લેખ ૧૫.

૬૭ લોકોપકારક કૃત્ય—અપીલો—હાઈ કોર્ટનો ફરીથી તપાસમાં લેવાનો અધીકાર—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ અપકારક કૃત્ય કાઢી નાખવાનો માજીસ્ટ્રેટે કરેલો હુકમ વ્યાજબી છે કે નહી એની તપાસને માટે ઠરાવેલી જ્યુરીએ આપેલા ફેંસલા ઉપર અપીલ કરવાનો કાંઇપણ હક નથી: આવી રીતે જ્યુરીએ આપેલો ફેંસલો ઇનસાફી મુકરદમો ગણાતો નથી કે જેની દરમીઆન હાઈ કોર્ટ કલમ ૪૦૪ મુજબ થઈ શકે. શીતારામ વિ૦ રામનંદ, ૧૬ વિ. રી. ૫૮.

(મેસર્સ એનસ્લી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી અકટોબર સને ૧૮૭૧).

૬૮ લોકોપકારક કૃત્ય - જ્યુરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૧—કોઈ કેસમાં જે પક્ષકાર ઉપર અપકારક કૃત્યની મદદગારીનો હુકમ કાઢવામાં આવ્યો હતો તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૩ મુજબ જ્યુરી નીમવાની અરજ કરી, તે ઉપરથી માજીસ્ટ્રેટે ફરીઆદી અને તેના બે શાહેદીઓને નીમી તેમાંના પેહેલા શાહેદીને સરપંચ ઠરાવ્યો અને બાકીના બેને જ્યુરીના મેમ્બરો ઠરાવ્યા. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતે નીમેલી જ્યુરી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૩ મુજબ યોગ્ય ઈનસાફદાર ગણાતા નથી, તેથી ચલાવેલો મુકરદમો રદ કરી નવી જ્યુરી નીમવાનો હુકમ કર્યો. બ્રીનદાબન દત્ત વિ૦ દવારકાનાથસેન, ૨૨ વિ. રી. ૪૭.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૭૪).

૬૯ લોકોપકારક કૃત્ય—જ્યુરીનો રીપોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૩ મુજબ ચલાવેલા મુકરદમાઓ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૩ મુજબ માજીસ્ટ્રેટ જ્યુરીનો રીપોર્ટ કામમાં દાખલ કરે તો તેમાંના ઘણા મતે થએલી ભલામણ પ્રમાણે ચાલવાને તે બંધાએલો છે. કેટલાક જ્યુરરો એક બીજા સાથે દરેક બાબતમાં મળતા આવ્યા ના હોય, પણ માજીસ્ટ્રેટે કરેલો હુકમ એકંદર જોતાં તે કરવાની જરૂર નોહોતી એ વિષે તેઓ સઘળા એકમત થયા હોય તો આ બધા જ્યુરરો હુકમ વિષે વાંધો ઉઠાવે છે એમ ધારવું જોઈએ. રાણી વિ૦ નાકોરીપરોશ અને બીજો, ૨૫ વિ. રી. ૩૧.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી એપ્રીલ સને ૧૮૭૬).

૭૦ લોકોપકારક કૃત્ય—જ્યુરીનો અભીપ્રાય માગેલો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૧ મુજબ ફરીઆદ ચલાવેલી તે—ગાયોને કતલ કરવી તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૧ મુજબ ફરીઆદ ચલાવવામાં બે બાબતો સાબીત કરવાની જરૂર છે, પેહેલું એ કે ફરીયાદ થએલું કૃત્ય અપકારક કૃત્ય હતું; અને બીજુ એ કે તે કૃત્ય સરીઆમ જવા આવવાના રસ્તામાં અથવા કોઈ સાર્વજનીક જગાએ થયું હતું. ઢોરોની કતલ કરવી તે માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૧ મુજબ "અપકારક કૃત્ય" ઠરાવી કેટલાક મુસલમાનોના ખાનગી વાડામાં તે નહી કરવાનો હુકમ કાઢયો. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદ થએલું કૃત્ય જો કે હિંદુઓના ધર્મ સંબંધી વેહેમોથી ત્રાસદાયદ ગણાય છે તોપણ તે વ્યાજબી રીતે અપકારક કૃત્ય તરીકે ગણી શકાતું નથી, અને ખાનગી જગાએ અને સરીઆમ રસ્તા ઉપર તે કૃત્ય કરવામાં નહી આવ્યાથી ગમે તે રીતે પણ તે કલમ ૫૨૧ માં લાવી શકાતું નથી. વળી એમ પણ ઠરા

વવામાં આવ્યું કે તેહેમતદારેએ પંચ જેમ ને તેના વિરૂદ્ધ ફૈસલો આપ્યો નોહોતો તેમ ને પંચાતનામું કરી આપ્યાથી તેઓના કાય દેસર હકો જતા રેહેતા નથી, અથવા તકરારી અપકારક કૃત્ય બંધ કરવાની અગત્યતાનો સવાલ જેને માટે પંચ ઠરાવ્યા હતા તેને મા ટે પંચ ઠરાવવા જોઈએ નહી એ બાબતને પણ કોઈ રીતે અસર થતી નથી. મઝહુરઅલી વિગેરે વિરૂદ્ધ ગનડાઉરી સાહુ, ૨૫ વિં રી૦ ૭૨.

(મેસર્સ ક્રમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જુન સને ૧૮૭૯)

૭૧ લોકોપકારક કૃત્ય—જ્યુરી—અરજી—રસ્તો ખુલ્લો મુકવાનો હુકમ—સ્થાનીક તજવીજ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૧—જે માણુસ ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૧ મુજબ નોટીસ કાઢવામાં આવી હોય તે માણુસ જ્યુરી નીમવાની અરજ કરે તો માજીસ્ત્રેટ તે નીમવાને બંધાયેલો છે, અને સ્થાનીક તજવીજ કરી માજીસ્ત્રેટ તે બાબતનો ઠરાવ કરી શકતો નથી. મોથુરચંદરદાસ, ૨ ક. લો. રી, ૫૦૯.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી મે સને ૧૮૭૮.)

૭૨ લોકોપકારક કૃત્ય—જ્યુરીનો ઘણો મત—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૩—સાર્વજનીક રસ્તા—અડચણુ દુર કરવી તે—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૩ મુજબ મુકરર કરેલી જ્યુરીના થોડા મત પ્રમાણે ચાલવામાં ના આવે તો ઘણા મતે થયેલા રીપોર્ટ ઉપરથી પણ માજીસ્ત્રેટ ઉપલી કલમ મુજબ મુકરદમો ચલાવી શકતો નથી. દુરગાચરનદાસ વિ૦ શાસીભુસન ગુહો, ઈ. લો. રી. ૧૩ ક. ૨૭૫.

(મેસર્સ પ્રીનસેપ અને બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૩ જી અગષ્ટ સને ૧૮૮૬.)

૭૩ લોકોપકારક કૃત્ય—નુકશાન કરે તેવો વેહેપાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૮—નોટીસો—નુકશાન કરે તેવા વેહેપાર કરનાર માણુસોને સાધારણ રીતે ન્યુસપેપરમાં નોટીસ આપી હોય તો તે બસ નથી. વેહેપાર નુકશાનકારક છે એટલુજ નહી પણુ તે બંધ કરવો જોઈએ એવી આવા માણુસોને પોતાને ખબર આપવી જોઈએ. ઓચીન અને બંગલુ અપેલેન્ટો, ૧ ઈન્ડ. જ્યુરી, ૫૯.

(ચી૦ ઓફટ સેસન જડજ, તા૦ ૨૫ મી નવંબર સને ૧૮૬૫.)

૭૪ લોકોપકારક કૃત્ય—નુકશાન કરે તેવો વેહેપાર—મદ્રાસનો ૧૮૬૫ નો ૧૦ મો કલમ ૧૧૪—પેહેલેથી વપરાતી હદમાં નુકશાન કરે તેવો વેહેપાર ચલાવવો તે મદ્રાસના સને ૧૮૬૫ ના આકટ ૧૦ ની કલમ ૧૧૪ મુજબ ગુન્હો ગણાતો નથી. નુકશાન કરે તેવા વેહેપારોને કોઈ હદ નવી બક્ષીસ દાખલ આપવામાં આવી હોય તોજ ઉપલી કલમ લાગુ પડેછે. પ્રો. તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૧૬.

૭૫ લોકોપકારક કૃત્ય—નુકશાન કરે તેવો વેહેપાર—ઘણા વર્ષનો હક—કોઈ વેહેપાર કરવાની પેહેલેથી મંજુરી મેળવી હોય અને પાછળથી આશપાશના પાડોશીઓને તેનાથી લોકોપકારક કૃત્ય થયું હોય તો તે ધંધો જારી રાખવાનો માલીકનો હક નથી. અપકારક કૃત્ય કરતી વખતે કોઈ પણ માણુસને ઈજા થઈ હોય તેવું નોહોતું એજ ફકત કારણ બતાવી નુકશાનકારક વેહેપાર ચલાવી કોઈ અમુક જગાની હવામાં બીગાડો કરવાનો કોઈપણ માણુસને હક નથી, અને ઘણા વર્ષ સુધી ધંધો ચલાવ્યો હોય તો તેથી તે કાયમ રાખવાનો હક મળતો નથી, અને લોકોના વર્ગની તનદુરસ્તીને ખરેખરો ભય ઉપજાવે એવું લોકોપકારક કૃત્ય ગમે તેટલા લાંબા વખતથી ચાલતુ હોય તોપણુ તે કાયદેસર ગણી શકાતું નથી. કલકત્તાના પ્રગણાઓના મ્યુનીસીપાલ કમીશનરો વિ૦ મહમદઅલી અને બીજો, ૧૬ વિ. રી. ૬; ૭ ક્રી. લો. રી. રી. ૪૫૯.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જજસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુન સને ૧૮૭૧.)

કલકતાના પ્રગણાઓના મ્યુનીસીપાલ કમીશનરો વિ૦ અમનતઅલીના કેસમાં નજર રાખવામાં આવી, ૭ બે. લો. રી. ૫૧૬. જુઓ લોકોપકારક કૃત્ય ૭૬.

૭૬ લોકોપકારક કૃત્ય—નુકશાન કરે તેવો વેહેપાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૦૮, ૩૧૦, ૩૧૧, ૩૧૩—કસાઈવાડો—લોકોની તનદુરસ્તીને નુકશાન અને અપકારક કૃત્ય ગણી કોઈ વહેપાર બંધ કરવાનો માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ હુકમ કર્યો હોય તો, વેહેપાર લોકોના સુખને અને તનદુરસ્તીને નુકશાનકારક હતો એવો માજીસ્ત્રેટને વ્યાજબી રીતે પુરાવો મળ્યો નોહોતો, અથવા બતાવેલું કારણ એવું હતું કે વેહેપાર બંધ કરવાને કરેલો હુકમ વ્યાજબી અને યોગ્ય નોહોતો એવી માજીસ્ત્રેટને ખાત્રી થવી જોઈતી હતી, એ બેમાંની ગમે તે બાબત સાબીત થયા સીવાય હાઈ કોર્ટ દરમીયાન થશે નહી. કોર્ટ માજીસ્ત્રેટના મુદ્દાના ઠરાવો, કામના દફતરમાં એવી રીતે ઠરાવો આપવાને કાંઈ પણ પુરાવો નથી એવું માલમ પડયા સીવાય ખરા તરીકે ગણે છે. કલકત્તાના પ્રગણાઓમાં મ્યુનીસીપાલ કમીશનરો વિ૦ અમનતઅલી, ૭ બેં૦ લો૦ રી૦ ૫૧૬.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુલાઈ સને ૧૮૭૧.)

કલકત્તાના પ્રગણાઓના મ્યુનીસીપાલ કમીશનર વિ૦ મહમદઅલીના કેસ ઉપર નજર રાખવામાં આવે છે, ૭ બેં૦ લો૦ રી૦ રી૦ ૪૯૯; ૧૬ વિ૦ રી૦ ૬. જુઓ લોકોપકારક કૃત્ય ૭૫.

૭૭ લોકોપકારક કૃત્ય—નુકશાનકારક વેહેપાર—લોકોની તનદુરસ્તી—લોકોની આરોગ્યતાનું રક્ષણ કરવું તે—છાવણીઓ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—કોઈ લશ્કરી છાવણીના જોઈંટ માજીસ્ત્રેટે તે જગાના સીવીલ સરજનની સલાહથી ઢોરના ચામડાઓ એકઠા નહી કરી રાખવાનો કોઈ માણુસ ઉપર હુકમ કાઢયો, અને તે માણુસને તેના ચામડાંઓ શેહેરથી દુર લેઈ જવાનો હુકમ કર્યો. હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે આ હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ માં આવી જાય છે માટે કાયદા પ્રમાણે તેની અંદર થઈ શકાતું નથી. અફ્ઝુ અરજદાર, ૨૨ વિ૦ રી૦ ૨૨.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૭૯.)

૭૮ લોકોપકારક કૃત્ય—સાર્વજનીક રસ્તામાં અડચણ કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૮૩—કોઈ માણુસને અડચણ, નુકશાન અથવા ભય ઉપજેલું એવું તકરારમાં નહી માલમ પડવાથી તોહોમતદારો ઉપર સાર્વજનીક રસ્તામાં અડચણ કરવાનું સાધારણ રીતે તોહોમત રાખી તેમની સંક્ષેપમાં તપાસ ચલાવી ગુન્હેગાર ઠરાવ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૨૮૩ મુજબ ગુન્હેગાર ઠરાવવું કાયમ રાખી શકાતું નથી. રાણી વિ૦ રામસીંગ, ૧૧ ક૦ લો૦ રી૦ ૪૬૨.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ,

૭૯ લોકોપકારક કૃત્ય—ખાનગી રસ્તાની અડચણ—સામેના પક્ષકારને આપેલી નોટીસ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૮—કોઈ ખાનગી રસ્તાને અડચણ કરવી તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ અપકારક કૃત્ય ગણાતું નથી. અપકારક કૃત્ય કાઢી નાખવાનો હુકમ કાઢતાં પેહેલાં શા માટે હુકમનો અમલ થવો જોઈએ એનું કારણ બતાવવાને ડેપ્યુટી માજીસ્ત્રેટે સામેના પક્ષકારને બોલાવવો જોઈએ. રાણી વિ૦ જનોકનાથ ભટાચારજી, ૨ વિ. રી. ૩૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૬૫).

૮૦ લોકોપકારક કૃત્ય—અડચણ—કસ્બાના ૭ મા કાયદાના સને ૧૮૬૩ નો આક્ટ ૬ ઠો—કસ્બાના ૭ મા કાયદાના સને ૧૮૬૩ ના આક્ટ ૬ ઠા મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે કલકત્તાના બઝારના માલીકે રસ્તામાં અડચણ કરવાને માટે ખરેખરી રીતે પરવાનગી આપી હતી એ સાબીત કરવાની જરૂર છે. કલકત્તા શેહેરના જસ્ટીસ ઓફ ધ પીસ વિ૦ હીરાલાલ સીલ, બર્કનો રીપોર્ટ ૪૧૨.

(મી૦ નોરમન જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી સપટંબર સને ૧૮૬૫).

૮૧ લોકોપકારક કૃત્ય—ધોરી રસ્તામાં અડચણ કરવી તે—ધોરી રસ્તામાંથી કાયદા વિરૂદ્ધ અડચણ દુર કરવાને માટે ડેપ્યુટી માજીસ્ટ્રેટે સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૨૦ મુજબ મુકરદમો ચલાવવો જોઈએ પણ કલમ ૩૨૦ જે જમીન અને પાણીના ભોગવટા સંબંધી તકરારોને લાગુ પડે છે તે પ્રમાણે મુકરદમો ચલાવવો જોઈએ નહી. બરોદાપ્રસાદ મુસ્તાફી વિરૂદ્ધ મદુસુદત બીસ્વાસ, ૫ વિ. રી. ૫.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જાનેવારી સને ૧૮૬૬).

૮૨ લોકોપકારક કૃત્ય—અડચણ—જવાના માર્ગનો હક—સને ૧૮૬૩ નો આક્ટ ૬ ઠો—"ગલીઓ, રસ્તાઓ અને ઘેરી લીધેલી જગામાંથી જવા આવવાના રસ્તાઓ અને બીજા ધોરી રસ્તાઓ" એ શબ્દોનો અર્થ, જે જગાઓમાં થઈને લોકોને બજારમાં જવા આવવાના રસ્તાનો હક માલીકે અરપણ કરવાથી અથવા તેની કબુલાતથી મળેલો છે તેવી જાતની જગા એવો અડચણ કરવાના કેસમાં, થવો જોઇએ. કલકત્તાનો જસ્ટીસ ઓફ ધ પીસ વિ૦ બરડવાનની માહારાણી, ઈન્ડ. જ્યુરી. ૧૦૨.

(મી૦ ફીઅર જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૬૬).

રાણી વિ૦ હીરાલાલદાસના કેસમાં નજર રાખવામાં આવી, ૮ બેં. લો. રી. ૪૨૨. જુઓ રજીષ્ટર કરવું તે ૪.

૮૩ લોકોપકારક કૃત્ય—મોરીની અડચણ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૦૮, ૩૨૦—ફરીઆદીની હદની અંદર ફાટ પડેલી મોરી, સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રાસીજર કોડની કલમો ૩૦૮ અને ૩૨૦ ની અંદર આવી જતી નથી પણ તે બાબત દિવાની કોર્ટ લાયક છે. ટ્રેયલખોનાથ બોસની બાબત, ૫ વિ. રી. ૫૮.

(મેસર્સ સેટનકાર અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી માર્ચ સને ૧૮૬૬).

૮૪ લોકોપકારક કૃત્ય—સરીઆમ રસ્તા ઉપરની અડચણ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૨૦—સને ૧૮૫૦ નો ૧૮ મો—સરીઆમ રસ્તામાં કાયદા વિરૂદ્ધ અડચણ થાય છે એવું કારણ બતાવી ઈમારત કાઢી નાખવાનો ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટે અરજદાર ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ હુકમ કાઢયો. તે માજીસ્ટ્રેટની પછી આવનાર માજીસ્ટ્રેટે કલમ ૩૧૦ મુજબ પાંચ માણસોની જ્યુરી મુકરર કેરી અને હુકમ ચોગ્ય અને વ્યાજબી છે કે નહી એ વિષેનો પંદર દીવશમાં રીપોર્ટ કરવાનો હુકમ કર્યો. જ્યુરરોને સમજુતી નહી મળવાથી તેઓએ પોતાની ફરજના જુદા જુદા વિચારો લીધા; પણ તેમાંના ચાર જણાએ તે હદ નજરે જોઈ એકમતે એવું ઠરાવ્યું કે તકરારી મકાન કોઈ પણ રીતે ધોરી રસ્તામાં આવેલું નથી. આવી રીતનો રીપોર્ટ આવ્યાને પાંચ દીવશ થયા પછી જ્યુરરોએ ઠરાવેલા વખતની અંદર રીપોર્ટ કર્યો નથી એવું કારણ બતાવી માજીસ્ટ્રેટે પંદર દીવશની અંદર મકાન તોડી નાખવાનો અરજદાર ઉપર બીજો હુકમ કાઢયો. અરજદારે

કલમ ૩૧૩ મુજબ કારણું બતાવ્યું પણ તેનું કાંઇ વળ્યું નહી; અને હુકમ ફરીથી કાયમ કરવામાં આવ્યો હતો. તે વખતની અંદર અરજદારે સેસન જડજને અરજ કરવાથી તેણે કલમ ૪૩૪ મુજબ કામ મંગાવ્યું; પણ જડજને દરમીઆન થવાનો અધીકાર નથી એવું માજીસ્ટ્રેટે લખીવાળી તેના તરફથી જવાબ આવવાની રાહ જોયા સીવાય સરકારી નોકરે કાઢેલા હુકમનું અપમાન કર્યું, એવું અરજદાર ઉપર તોહોમત રાખી તેની તપાસ ચલાવવા માંડી અને પીનલકોડની કલમ ૧૮૮ મુજબ પચીસ દીવસની કેદની સજા કરી. તોહોમતદારનું ઘર પણ પાડી નાંખવામાં આવ્યું હતું. આખરે કામના કાગળો સેસન જડજ તરફ મોકલવામાં આવ્યા હતા અને અપકારક કૃત્ય કાઢી નાખવાનો હુકમ કાયદા વિરૂદ્ધ કરેલો હોય એવું કોઈ રીતે માલમ પડતું નથી તેવો સેરો તેની પછી આવનાર જડજે કરી કામના કાગળો પાછા મોકલ્યા. ગુન્હેગાર ઠરાવેલો રદ કરી એમ ઠરાવવામાં આવ્યું કે કલમ ૪૩૪ મુજબ સેસન જડજનો હુકમ માજીસ્ટ્રેટે માન્ય કરવો જોઈતો હતો; અને હુકમનું અપમાન કરવાને માટે ગુન્હેગાર ઠરાવી અરજદારને કેદ કરવાનો માજીસ્ટ્રેટને અધીકાર નોહોતો કારણ કે તે હુકમ કાયદેસર છે કે નહી એ ઠરાવવું તે વખતે વ્યાજબી રીતે જોતાં અપીલ કોર્ટના વિચાર ઉપર હતું. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબ ઘર પાડી નાખવાનો હુકમ "યોગ્ય અને વ્યાજબી નથી" એવી માજીસ્ટ્રેટને ખાત્રી થવાને માટે અરજદારે પુરતુ કારણ બતાવ્યું હતું. સવાલ—આવી રીતના કેસમાં નુકશાનને માટે દાવો કરવાથી માજીસ્ટ્રેટને સને ૧૮૫૦ ના આકટ ૧૮ નો લાભ મળી શકે? રાણી વિ૦ દલસુખરામ હરીભાઈ, ૨ મું૦ હા૦ કો૦ રી૦ ૩૮૪.

(મેસર્સ સોસી ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી એપ્રીલ સને ૧૮૬૬).

ગણપ્રસાદ બીન સોભારામના કેસ ઉપર નજર રાખવામાં આવી, ૯ મું. હા. કો. રી. ૧૬૦. જુઓ ભુલ ૫.

૮૫ લોકોપકારક કૃત્ય—અડચણ—નદીની સુકી તળેટીમાં ટાંકુ કરવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—નદીનો કાયદેસર રીતે ભોગવટો કરવાને અડચણ પડે છે અને પાણીના અટકાવથી લોકોની તનદુરસ્તીને નુકશાન થાય છે એવું કારણ બતાવી નદીની પારો કાઢી નાખવાનો હુકમ નદીની સુકી તળેટીની ટાંકીના માલીક ઉપર કાઢવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ માજીસ્ટ્રેટને અધીકાર નથી. ઘેલામદરબેશનું રેફરન્સ, ૧૦ વિ. રી. ૩૬.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી સપટંબર સને ૧૮૬૮).

રાણી વિરૂદ્ધ રામચંદ્ર મુકરજીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૫ બેં. લો. રી. ૧૩૧. જુઓ લોકોપકારક કૃત્ય ૨૨.

ઉતમચંદર ચતરજી વિ૦ રામચંદર ચતરજીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૧૩ વિ. રી ૭૨. જુઓ લોકોપકારક કૃત્ય ૨૨

ગોપીમોહન મુલીક વિ૦ તારામની ચૌધરાણીના કેસમાં નજર રાખવામાં આવી, ૪ ક. લો. રી. ૩૦૯; ઈ. લો. રી. ૫ ક. ૭. જુઓ લોકોપકારક કૃત્ય ૬૨ [દિવાની રૂલીંગ].

૮૬ લોકોપકારક કૃત્ય—અડચણ—જ્યુરી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૦—કોઈ અપકારક કૃત્ય અથવા અડચણ દુર કરવાને માટે માજીસ્ટ્રેટે કાઢેલો હુકમ વ્યાજબી છે કે નહી એની તજવીજ કરવાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૦ મુજબ કોઈ કેસમાં જ્યુરી મુકરર કરવામાં આવી હોય તો તે જ્યુરીએ આપેલા ફેંસલા પ્રમાણે ચાલવાને ઉપલી કલમ મુજબ માજીસ્ટ્રેટ બંધાએલો છે રાણી વિ૦ પોહોલી મુલીક અને બીજો, ૧૨ વિ. રી. ૨૮.

(મેસર્સ જેકસન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુલાઈ સને ૧૮૬૯.)

૮૭ લોકોપકારક કૃત્ય—અડચણ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૮—અડચણ દુર કરવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ ચલાવાય તેવા મુકરદમાઓ ડીસ્ટ્રીકટના કોઈ પણ ભાગના અધીકારવાળા જોઈન્ટ માજીસ્ટ્રેટ તરફથી ઉત્પન્ન થઈ શકે છે. પનચન બોસ અને બીજો અરજદારો, ૧૫ વિ. રી. ૪૧.

(મેસર્સ નોરમન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૭૧.)

૮૮ લોકોપકારક કૃત્ય—ધોરી રસ્તામાં અડચણ કરવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૮—ધોરી રસ્તામાંથી અડચણ દુર કરવાની ફરીઆદ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ મંડાયેલી તેવા કેસમાં રસ્તો સાર્વજનીક છે કે નહી એ વિષે માજીસ્ટ્રેટે પ્રથમ તજવીજ કરવી જોઈએ. જો રસ્તો સાર્વજનીક માલમ પડે તો મુકરદમો ચલાવવાની તેની હકુમત છે અને ના માલમ પડે તો તેને પોતાનો હાથ ઉઠાવી અડચણ દુર કરવાનો હુકમ કાઢવો જોઇએ નહી. બેચરામ બાટાચારજી વિગેરે, અરજદારો ૧૫ વિ. રી. ૬૭.

(મેસર્સ લોચ અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી મે સને ૧૮૭૧.)

ચંદરનાથસેન વિ૦ રામદયાલ ધુટકના કેસમાં આના ઉપર નજર રાખવામાં આવી અને બાહાલ રાખવામાં આવ્યો, ૬ ક. લો રી. ૩૭૭; ઈં૦ લો૦ રી૦ ૫ ક. ૮૭૫. જુઓ લોકોપકારક કૃત્ય ૭૭.

૮૯ લોકોપકારક કૃત્ય—અડચણ—જ્યુરી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૦—જ્યુરીનો સરપંચ ફકત માજીસ્ટ્રેટે મુકરર કર્યો હોય તો જ્યુરી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૦ મુજબ કાયદેસર મુકરર કરેલી ગણાતી નથી. ફેંસલો આપવાનો વખત પુરો થયા પછી ઘણા વખતે ઉપલી કલમ મુજબ જ્યુરીએ ફેંસલો આપ્યો હોય તો, તે કાયદા વિરૂદ્ધ ગણાય છે અને માજીસ્ટ્રેટથી મંજુર રાખી શકાતો નથી પણ તેણે આવી રીતનો કેસ પોતે ચલાવી ફેંસલો આપવો જોઈએ. દીનોનાથ ચકરબતી વિ૦ હરગોવીંદપાલ, ૧૬ વિ. રી. ૨૩; ૭ બેં. લો. રી. અપે. ૫૭.

(મેસર્સ જેકશન અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જુલાઇ સને ૧૮૭૧).

૯૦ લોકોપકારક કૃત્ય—ધોરી રસ્તામાં અડચણ કરવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૦૮, ૪૦૪—હકુમત—હાઈ કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૮ મુજબ કારણ બતાવવામાં આવ્યું હોય તો તે કલમના અર્થ મુજબ ધોરી રસ્તો અથવા અડચણ છે કે નહી એની તજવીજ કરવી તે માજીસ્ટ્રેટની ફરજ છે અને તે પ્રમાણે તેણે કરવું જોઈએ. એવી રીતની તજવીજ ચલાવવામાં તેની હકુમત નથી એમ કહી શકાય નહી. જો કાયદાના કોઈપણ મુદ્દા વિષે ભુલથી ફેંસલો આપે તો કેસ કલમ ૪૦૪ માં આવી જાય છે; પણ જો તે પોતાની રૂબરૂ રજુ થએલા પુરાવા ઉપરથી ફેંસલો આપે અને જો કે પુરાવા ઉપર નજર રાખતાં તેનો ફેંસલો ભુલ ભરેલો હોય તોપણ તકરારી કલમમાં તેનો કેસ આવી જતો નથી; તેમજ પુરાવા ઉપરથી આપેલો ભુલ ભરેલો ફેંસલો તેની હકુમત ઉપરાંત પણ ગણાતો નથી કે જેથી ઉપરીપણાના સાધારણ અધીકાર મુજબ હાઈ કોર્ટ દરમીઆન થઈ શકે. એનજીલો વિ૦ કારજીલ વિગેરે, ૧૮ વિ. રી. ૪૧; ૯ બેં૦ લો૦ રી૦ ૪૧૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૪ અગષ્ટ સને ૧૮૭૨).

રાણી વિ૦ આલાબક્ષના કેસ ઉપર નજર રાખવામાં આવે છે, ૭ બેં. લો. રી. ૪૮૨ ન. જુઓ લોકોપકારક કૃત્ય ૬૫.

૯૧ લોકોપકારક કૃત્ય—અડચણુ—રસ્તાનો હક-સુલેહનો ભંગ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૦૮, ૩૨૦—જો કે કોઇ રસ્તો ખાનગી હોય અને તેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦ લાગુ પડે છે એમ માલમ પડે એટલે તકરાર ઉઠયા પેહેલાં થોડા દીવશ ઉપર અમુક વર્ગના લોકો જેઓએ તે વાપરી હતી તેમના ઉપયોગને માટે તે ખુલ્લી હોય તો કલમ ૩૦૮ મુજબ હુકમ કરવાનો ડેપ્યુટી માજીસ્ટ્રેટને અધીકાર છે. તારીનીચરન શાહ વિ૦ બોનોમાલી નાગ, ૧૫ વિ. રી ૩૩.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩).

૯૨ લોકોપકારક કૃત્ય—સાર્વજનીક રસ્તામાં અડચણુ કરવી તે-તોહોમત-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૮૩, ૨૯૧—સાર્વજનીક રસ્તામાં અથવા નૌકા શાસ્ત્રના માર્ગમાં કોઈ માણુસને ભય, અડચણ, અથવા નુકશાન કરવાને માટે પીનલકોડની કલમ ૨૮૩ મુજબ અને લોકોપકારક કૃત્ય જારી રાખવાને માટે પીનલકોડની કલમ ૨૯૧ મુજબ કેટલાક માણુસોને જોઈંટ માજીસ્ટ્રેટે અને આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવેલા તે હાઈ કોર્ટે તપાસનારી કોર્ટના અધીકાર તરીકે રદ કર્યું; જેની અંદર વળી એમ પણુ સાબીત થયું હતું કે ફરીઆદીની જુબાની માજીસ્ટ્રેટની રૂબરૂ અથવા સોગન ઉપર લીધી નોહોતી અને જેની અંદર તોહોમત વિષેની હકીકત અથવા કોઇપણુ જાતનો પુરાવો નોહોતો. પીનલકોડની કલમ ૨૯૧ મુજબ લોકોપકારક કૃત્ય કરવાને માટે ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં એ ગુન્હાને માટે અપરાધી ઠર્યો હતો અને સરકારી નોકરે એવી રીતનું અપકારક કૃત્ય બંધ કરાવવાનો હુકમ કાઢયો હતો એ સાબીત કરવું જોઈએ. મોહેસચંદર વિગેરે કેદીઓ, ૨૦ વિ. રી. ૫૫.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી મે સને ૧૮૭૩).

૯૩ લોકોપકારક કૃત્ય—અડચણુ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૨૧, ૫૨૬—કલમ ૫૨૧ માં બતાવ્યા પ્રમાણે અડચણુ કાયમ ના હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૬ મુજબ માજીસ્ટ્રેટ કાંઈ પણુ હુકમ કરી શકતો નથી. કોઇ પણુ અડચણુ થવાની છે તેને માટે કાંઈ પણુ કરવાને હુકમ કાઢવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી. કાશીચંદર ચકરબતી વિ. યારમહમદ, ૨૧ વિ. રી. ૧૦.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧ ડીસેંબર સને ૧૮૭૩.)

રાણી વિ. આલાહબક્ષના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ૭ બેં૦ લો૦ રી૦ ૪૮૨. જુઓ લોકોપકારક કૃત્ય ૬૫.

રાણી વિ. ઓખોયકુમારશોના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૧૩ બેં૦ લો૦ રી૦ ૩૦૭. જુઓ સાપ્રાધ ખોટો ઉપયોગ ૧૩.

૯૪ લોકોપકારક કૃત્ય—અડચણુ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૧૮, ૫૨૧-અડચણુ દુર કરવાને માટે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૧૮ મુજબ સેકન કલાસ માજીસ્ટ્રેટે હુકમ કાઢયાથી માજીસ્ટ્રેટે અપીલમાં એમ ઠરાવ્યું કે જો કે તાબાના માજીસ્ટ્રેટે હકુમત સીવાય મુકરદમો ચલાવ્યો હતો તો પણુ અડચણુ દુર કરાવાને માટે કલમ ૫૧૮ મુજબ તેને અધીકાર હતો અને તે મુજબ તેણે હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટનો હુકમ કલમ ૫૧૮ મુજબ કાયદા વિરૂદ્ધ હતો અને તેથી કરીને તેણે કલમ ૫૨૧ અને તેની પછીની કલમો મુજબ મુકરદમો ચલાવવો જોઈતો હતો. બીનદાબન દત્ત અરજદાર, ૨૧ વિ. રી. ૨૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જાનેયારી સને ૧૮૭૪.)

૯૫ લોકોપકારક કૃત્ય—પગ રસ્તા ઉપ ર અડચણ કરવી તે—જ્યુરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૩—રસ્તામાં જવાય તે માર્ગમાંથી અડચણ દુર કરવાને અથવા તે હુકમનો શા માટે અમલ કરવો જોઇએ નહી તેનું કારણ બતાવવાને જે કેસમાં માજીસ્ટ્રેટે કોઇ માણસને હુકમ કરેલો તે કેસમાં પછીથી તોહોમત રાખેલા પક્ષકારની અરજી ઉપરથી માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૩ મુજબ જ્યુરી મુકરર કરી એમ ઠરાવવામાં આવ્યું હતું કે, જ્યુરીને જે સ્વાલ તપાસવાનુ કેહેવું જોઈએ તે સવાલ એ હતો કે માજીસ્ટ્રેટનો પ્રથમનો હુકમ વ્યાજબી અને યોગ્ય છે. અને તેટલા માટે અમુક જમીનના કડકા ઉપર થઈને જવાના માર્ગ સબંધી પક્ષકારો વચ્ચે શુદ્ધ બુદ્ધિથી સવાલ ઉઠયો હતો કે નહી એ ધ્યાનમાં લેવાતું છે. રેયઉમેશચંદરસેન વિ૰ ઈચનાથ મોઝુમદાર, ૧૨ વિ. રી. ૬૪.

(મેસર્સ પીઅરસન અને મોરીસ જડજોની રૂબરૂ, તા૰ ૩૦ મી માર્ચ સને ૧૮૭૪.)

ચંદરનાથસેન વિ૰ રામદયાળ દત્તકના કેસમાં નજર રાખવામાં આવી અને બાહાલ રાખવામાં આવ્યો; ૬ ક. લો. રી. ૩૭૯; ઈ. લો. રી. ૫ ક. ૮૭૫. જુઓ લોકોપકારક કૃત્ય ૯૭.

૯૬ લોકોપકારક કૃત્ય—અડચણ હંગામો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૮—કાયદેસર કામે લાગેલા કોઈપણ માણસને નુકશાન અથવા દુખ થતું હોય અને મનુષ્ય જાતની જીંદગી તનદુરસ્તી અને સલામતીને ભય ઉત્પન્ન થતો હોય અથવા જ્યાં હંગામો અથવા બખેડો ઉઠવાનો સંભવ હોય તેવા કેસોમાંજ ફકત અડચણ દુર કરવાનો હુકમ કરવાનો માજીસ્ટ્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ અધીકાર છે. શ્રીનાથદત્ત વિ૰ અનોડાચરનદત્ત, ૨૩ વિ૰ રી. ૩૪.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૰ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૫.)

ચંદરનાથસેનની બાબતમાં અર્થ કરી બતાવવામાં આવ્યો, ઈ. લો. રી ૨ ક. ૨૯૩ જુઓ ઉપરીપણું હાઇ કોર્ટનું ૧.

હરશી માહાપત્રો વિ૰ દીનોબંદોપત્રોના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૭ ક. ૫૨૩. જુઓ ખંડણી આપનારા માહાલો.

૯૭ લોકોપકારક કૃત્ય—પગ રસ્તાના માર્ગમાં અડચણ કરવી તે—માજીસ્ટ્રેટનો હુકમ—જ્યુરીના કાનો—માજીસ્ટ્રેટે ચલાવેલી પદ્ધતિ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૨૧, ૫૨૩, ૫૩૨—સાર્વજનીક કેહેવાતા ધોરી રસ્તામાંથી અડચણ દુર કરવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૧ મુજબ હુકમ કાઢતાં પેહેલાં માજીસ્ટ્રેટે કલમ ૫૩૨ મુજબ ચલાવેલા મુકરદમામાં એવું નીરાકરણ કર્યું હશે કે રસ્તો સાર્વજનીક ઉપયોગને માટે ખુલો છે. કલમ ૫૨૩ મુજબ મુકરર થયેલી જ્યુરીનું કામ ફકત કલમ ૫૨૧ મુજબ કાઢેલો માજીસ્ટ્રેટનો હુકમ વ્યાજબી અને યોગ્ય છે કે નહી એ ધ્યાનમાં લેવાનું છે. પણ મીલકતમાં પક્ષકારોના હકો છે કે નહી એનું નિરાકરણ કરવું તે તેમની ફરજનો કાંઈ પણ ભાગ ગણાતો નથી.તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે કોઇ કેસમાં માજીસ્ટ્રેટે કાયદાનો ખોટો અર્થ કરી કલમ ૫૨૧ મુજબ રસ્તામાંથી અડચણ દુર કરવાને માટે હુકમ કર્યો હોય અને વળી આવી રીતનો પગ રસ્તો સાર્વજનીક ધોરી રસ્તો ગણાય કે નહી એ બાબતનો પોતે છેવટનો નિર્ણય કરતાં પેહેલાં તે હુકમ ધ્યાનમાં લેવાને માટે વધારામાં કલમ ૫૨૩ મુજબ જ્યુરી મુકરર કરી હોય તો આવી રીતની હકીકત ઉપરથી ફકત ખુલ્લો રસ્તો એ છે કે કલમ ૫૨૧ મુજબ મુળથી ચલાવેલો મુકરદમો બંધ રાખી કલમ ૫૩૨ મુજબ બંદોબસ્ત કરવો જોઇએ. ચંદરનાથસેનની બાબત, ઈ. લો. રી. ૫ ક. ૮૭૫; ૬ ક. લો. રી. ૩૭૯.

(મેસર્સ મોરીસ અને પ્રીનસેપ જડજો ની રૂબરૂ, તા૦ ૨૮ મી મે સને ૧૮૮૦)

નિચેના કેસોમાં મંજુર રાખવામાં આવે છેઃ—

બેચરામ ભટાચારજીની બાબત, ૧૫ વિ૦ રી૦ ૬૭. જુઓ લોકોપકારક કૃત્ય ૮૮.

પીતમ બરજગી વિ૦ નસરૂદી, ૨૫. વિ. રી. ૪. જુઓ જ્યુરી ૮૬.

રોયઉમેશચંદરસેન વિ૦ ઈચનાથ મોઝુમદાર, ૨૧ વિ૦ રી૦ ૬૪. જુઓ લોકોપકારક કૃત્ય ૯૫.

ઈમાનદીખાનની બાબતમાં તફાવત બતાવવામાં આવ્યો, ૮ ક. લો. રી. ૩૯૯. જુઓ લોકોપકારક કૃત્ય ૯૮.

બોઈરબચંદરદત્તના કેસમાં નજર રાખવામાં આવી, ૧૦ ક. લો. રી. ૧૯૩. જુઓ જ્યુરી ૧૦૨

૯૮ લોકોપકારક કૃત્ય ધોરી રસ્તામાં અડચણ કરવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૧—તકરારી જગા ધોરી રસ્તો અથવા સાર્વજનીક જગ્યા માજીસ્ટ્રેટ ધારે છે એ સ્પષ્ટ રીતે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૨૧ મુજબ તે મુકરદમો ચલાવે છે એ હકીકત ઉપરથી સાબીત કરવું તે પુરતી સાબીતી ગણાયછે; અને એવી રીતનું ન હી એ વિષે કાંઇ પણ વાંધો ઉઠાવવામાં ના આવ્યો હોય અને ઉપલી કલમ મુજબ કરેલો હુકમ વ્યાજબી અને યેગ્ય છે એવું જ્યુરીને માલમ પડયુ હોય તે તેની અંદર હાઈ કોર્ટ દરમીયાન થઈ શકે નાહી. ઈમાનદીખાનની બાબત, ૮ ક૦ લો૦ રી૦ ૩૯૯

(મેસર્સ પોન્ટીફેક્ષ અને રીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી માર્ચ સને ૧૮૮૦.)

ચંદરનાથ સેનની બાબતમાં તફાવત બતાવવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૫ ક૦ ૮૦૫. જુઓ લોકોપકારક કૃત્ય ૯૭.

૯૯ લોકોપકારક કૃત્ય—ધોરી રસ્તામાં અડચણ કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૮૩—મદ્રાસનો પોલીસને આકટ સને ૧૮૫૯ નો ૧૪ મો કલમ ૪૮ કલોઝ ૩—રસ્તાની બાજુઓમાં માંછલાની જાળો સુકવવી તે ઉપલા આકટમાં આવી જતું નથી તે—કોઇ શેહેરના ધોરી રસ્તાની બાજુએ માંછલાની જાળો સુકવવી તે સને ૧૮૫૯ ના આકટ ૧૪ ની કલમ ૪૮ ના કલોઝ ૩ મુજબ સજા કરવા લાયક ગુન્હો બનતો નથી, તેમજ કોઇ અમુક માણુસને અથવા અનેક માણુસોના વર્ગને અડચણ થયેલી સાબીત થયા સીવાય પીનલકોડની કલમ ૨૮૩ મુજબ ગુન્હો ગણાતો નથી. રાણી વિ૦ ખાદર મોઇદન ઈ૦ લો૦ રી૦ ૪ મ૦ ૨૩૫.

(મેસર્સ ઈન્સ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી અકટોબર તા૦ ૭ મી નવંબર સને ૧૮૮૧.)

૧૦૦ લોકોપકારક કૃત્ય—અડચણ—દુર કરવામાં ભુલ થએલી તે—માજીસ્ટ્રેટની બેન્ચનો અધીકાર—બંગાળાનો સને ૧૮૭૬ નો ૫ મો કલમો ૨૧૫, ૨૧૬—બંગાળાના સને ૧૮૭૬ ના આકટ ૫ ની કલમ ૨૧૫ મુજબ તકરારી અડચણ દુર કરવાને માટે અ નામના માણસ ઉપર નોટીસ કાઢવામાં આવી હતી. નોટીસમાં બતાવ્યા પ્રમાણે નહી કરવાથી અ નું. હુકમ તોડવાને માટે કલમ ૨૧૬ મુજબ મ્યુનસીપાલટીની બેન્ચ આગાડી કામ ચલાવવામાં આવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે તકરારમાં બતાવેલી અડચણ સુદ્ધાની હકીકત તરીકે અડચણ ગણાય કે નહી એની તપાસ કરવાનો કોર્ટને અધીકાર નોહોતો. ડાકાની મ્યુનીસીપાલ કમીટી, ઈ૦ લો૦ રી૦ ૯ ક. ૩૮.

(મેસર્સ પ્રીનસેપ અને ઓફીનલી જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી મે સને ૧૮૮૨).

૧૦૧ લોકોપકારક કૃત્ય—અડચણ—કાઢી નાખવું તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૩ મુજબ તજવીજ—આવી રીતની તજવીજને બાધ ન

આવે તેવા પ્રથમના હુકમો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૩—કોઈ એક સાર્વજનીક ઘોરી રસ્તામાંથી અડચણ કાઢી નાખવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૩ મુજબ અરજી કરવામાં આવ્યાથી તે જગાનો માજીસ્ટ્રેટે જાતે તપાસ કરી અને કાંઈપણ પુરાવો લીધા શીવાય પક્ષકારોને દિવાની દાદ માગવાનો અભીપ્રાય બતાવી રસ્તો સાર્વજનીક રસ્તો નથી એવું ઠરાવી તેણે હુકમ કાઢવાની ના પાડી. પછીથી દીવાની દાવો કરી તે ચાલતાની દરમીઆન ઉપર બતાવેલા ઈરાદાથી સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૩૩ મુજબ બીજી અરજી કરવામાં આવી હતી પણ દીવાની દાવો ચાલે છે અને સુલેહનો ભંગ થવાનો સંભવ નથી એવું કારણ બતાવી માજીસ્ટ્રેટે અરજી નામંજુર કરી દીવાની દાવાના ફેંસલામાં રસ્તો સાર્વજનીક ઘોરી રસ્તો ઠરાવવામાં આવ્યો હતો. પછીથી કલમ ૧૩૩ મુજબ અડચણ દુર કરાવાની ત્રીજી અરજી માજીસ્ટ્રેટને કરવામાં આવી હતી પણ તેણે એવું ઠરાવ્યું કે પેહેલાના બે હુકમો કરેલા હોવાથી તે દરમીઆન થઇ શકતો નથી. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટ એવી રીતની તજવીજ કરવાને બંધાએલો હોવાથી તેનો હુકમ ગેરવ્યાજબી હતો, કારણ કે પ્રથમનો ઠરાવ ફકત માજીસ્ટ્રેટે તે જગાની જાતે તપાસ કરી પુરાવો લીધા શીવાય કરેલો હોવાથી તે બીલકુલ ઠરાવ ગણાતો નથી પણ ફકત માજીસ્ટ્રેટનો અભીપ્રાય ગણાય છે, અને તેથી ઈનસાફની રાહે તજવીજ ગણાતી નથી, અને બીજો ઠરાવ દીવાની દાવો ચાલે છે એ ઉપર અને પ્રથમના ગેરવ્યાજબી હુકમ ઉપર આધાર રાખી કરેલો હોવાથી ઉપલી બાબતની કદી તજવીજ થઈ હોય એવું ગણાતું નથી અને તેથી ફરીને આમાંના કોઈપણ હુકમથી હાલની ફરીઆદની તજવીજ કરવામાં માજીસ્ટ્રેટને કોઈપણ રીતે બાધ લાગતો નથી. મખનલાલ શાહ વિ૦ મખનચોરા શાહ, ઈ. લો. રી. ૧૧ ક. ૨૭૧.

[મેસર્સ ટોટનહામ અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫].

૧૦૨ લોકોપકારક કૃત્ય—અડચણ દુર કરવાનો હુકમ કરવાની અરજી—તકરારી હક—ફોજદારી અદાલતની હકુમત—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૩૩, ૧૩૫—અડચણ દુર કરવાને કોઈ માણસને બોલાવવાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૩ મુજબ અરજી કરવામાં આવી હોય અને એ માણસ શુદ્ધ બુદ્ધિથી હકની તકરાર ઉઠાવેતો એમ ઠરાવવામાં આવ્યું કે કેસ દિવાની લાયક ગણાય છે. ફરીઆદ થયેલી હૈયાતીમાં હોય અગર ના હોય તે વિષેની તજવીજ ફક્ત કલમમાં આવી જાય છે પણ હક વિષેના તકરારી સવાલોની તપાસ તેની અંદર આવી જતી નથી. અસકરમીઆ વિ૦ સબદારમીઆ, ઈ૦ લો૦ રી૦ ૧૨ ક. ૧૩૭.

[મેસર્સ વીલસન અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૮૫].

લાલમીઆ વિ. નાઝીરખલાશીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૧૨ ક૦ લો૦ રી૦ ૬૫૬. જુઓ લોકોપકારક કૃત્ય ૧૦૩.

બસરૂદીનભુઇયાહ વિ૦ બાહારઅલીના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૧૧ ક૦ ૮. જુઓ કબજો ૧૩૪.

૧૦૩ લોકોપકારક કૃત્ય—સાર્વજનીક રસ્તાની અડચણ દુર કરવી તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૩—હકનો સવાલ-સાર્વજનીક રસ્તાઓમાંથી અડચણો દુર કરવાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૩૩ અને તે પછીની કલમોમાં આપેલા અધીકારનો સાર્વજનીક હકની હૈયાતી વિશેની શુદ્ધ બુદ્ધિથી તકરાર હોય તે તેની અંદર અમલ થઇ શકતો નથી; કારણ કે ઉપલી કલમોની પદ્ધતિમાં હક વિશેના વાંધા ભરેલા સવાલોની તપાસ આવી જતી

નથી. લાલમીઆ વિ૦ નાઝીરખલાશી, ઈં૦ લો૦ રી૦ ૧૨ ક. ६.૯૬.

[મેસર્સ પ્રીનસેપ અને ગ્રાટ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી માર્ચ સને ૧૮૮६]

બસરૂદીન ભુઈયાહ વિ૦ બાહારઅલીન કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૧૧ ક૦ ૮ જુઓ કબજો ૧૩૪.

અરકરમીઆ વિ૦ સબદરમીઆના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૧૨ ક૦ ૧૩૭ જુઓ લોકોપકારક કૃત્ય ૧૦૨.

જુઓ તોડવો હુકમ સરકારી નોકરનો ૧૩
,, દંડ બદલ કેદ ૬.
,, અવ્યવસ્થા ૧૦.
,, પોલીસ ૧૪, ૨૫.
,, કબજો ૪૬.

૧૦૮ લોકોપકારક કૃત્ય—સને ૧૮६૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૬૮, ૨૮૨, ૨૯૦—ભરતીવાળી આરપાર જઇ શકાય તેવી નદીમાં અડચણ કરવી તે—ભરતીવાળી આરપાર જઈ શકાય તેવી નદીમાં માછલાં પકડવાને માટે કેટલાક માણસોએ વાંસનો આરપાર લકડકોટ મુકવાથી, જો કે આવી રીતના કોટમાં હોડીઓને જવા આવવાના માર્ગ તરીકે એક સાંકડુ બાકુ મુકયું હતું તોપણ તે રસ્તો હોડીના શીવાય બીજાને માટે બંધ કર્યાથી પેટા ટુકડીના અમલદારની અરજ ઉપરથી તેઓને પીનલકોડની કલમ ૨૮૩ મુજબ અડચણ કરવાને માટે ગુન્હેગાર ઠરાવ્યા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે જો કે આવી જાતના કેસને પીનલકોડની કલમ ૨૮૩ લાગુ પડે છે કે નહી એ શક ભરેલું છે તોપણ તેઓએ પીનલકોડની કલમ ૨૬૮ મુજબ ગુન્હો કર્યાથી તે કોડની કલમ ૨૯૦ મુજબ તેઓને સજા થઈ શકે છે. ઉમેશચંદર કારની બાબત, ઈં. લો. રી. ૧૪ ક. ६૫६.

(મેસર્સ સર ડબલ્યુ. કોમર. પેથેરામ નાઈટ ચીફ જસ્ટીસ અને જસ્ટીસ બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૮૭).

લોકોનું નુકશાન—

લોકોનું નુકશાન—ઇરાદો—તોહોમત પુરાવાથી કાયમ રાખી શકાતું નથી એવું કારણ બતાવી ગુન્હાઓ અને સજાઓ રદ કરવામાં આવી. તેઓએ લોકોને અથવા બીજા કોઈ માણસને નુકશાન અથવા બીગાડ કર્યો હોય અથવા કરવાનો ઈરાદો કર્યો હોય.એવું સાબીત થયું નથી. તેઓનો ગુન્હો અપરાધ કરતાં ભુલ ગણાય છે અને તેને માટે પોલીસ આકટ મુજબ સજા થઇ શકે છે. સરકાર વિરૂદ્ધ અબદુલ હક અને બીજો, ૩ આગ્રા હા૦ કો૦ રી૦ ૧.

(મેસર્સ પીઅરસન અને ટરનર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮६૮).

લોર્ડઝ ડે આકટ—

લોર્ડઝ ડે આકટ—ઇગ્રેજી પ્રજા:—આબકારી નિયમો—ઇગ્રેજી પ્રજાના ફોજદારી કેસોમાં લોર્ડઝ ડે આકટ લાગુ પડતો નથી. આબકારી નિયમ તોડવાને માટે મ નામના માણસને ગુન્હેગાર ઠરાવી દંડ થયો હતો એમ ઠરાવવામાં આવ્યું કે અપરાધ કાયમ રાખી શકાય નહી કારણ કે આબકારી નિયમ કાયદો ગણાતો નથી. રાણી વિરૂદ્ધ એ. અબ્રામ, ૧ બેં. લો. રી. ક્રી. અ. ૧૭.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી સપટંબર સને ૧૮६૮).

વ

વકીલો—

૧ વકીલો—માજીસ્ટ્રેટે મુખત્યારને કાઢી મુકેલો તે—કાંઈ પણ બદફેલી અથવા લુચાઈ આવી જાય એવો ગુન્હો કર્યા શિવાય સાધારણ રીતે કોઇ પણ મુખત્યારને કાઢી મુકવાનો માજીસ્ટ્રેટને અધિકાર નથી. રાણી વિ. રામચંદ ચોધરી. ૧ વિ. રી. ૩૪.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી ડીસંબર સને ૧૮૬૪].

૨ વકીલો—મુખત્યારોને ધંધામાંથી દુર કરવા તે—પુરાવો—જે પુરાવાથી કોઈ પણ ફોજદારી ગુન્હાને મજબુતી મળતી ના હોય તો ચાલતો કેસ મુખત્યારનો હોવાથી તેવી જાતના કેસોમાં તેને ધંધામાથી વ્યાજબી રીતે દુર કરી શકાતો નથી. નીલકંત બીસ્વાસ મુખત્યારનું રેફ્રન્સ, ૯ વિ. રી. ૨૯.

[મી૦ જેકસન જડજની રૂબરૂ, તા૦ ૭ મી માર્ચ સન ૧૮૬૮]

૩ વકીલો—વકીલને સસપેન્ડ કરેલો તે—સન ૧૮૬૫ નો આકટ ૨૦ મો કલમ ૧૬—કોઇ જીલ્લા જડજને, પોતાની રૂબરૂ ચાલતા કેસની તકરારમાં ગેરવ્યાજબી શબ્દો વાપરવાને માટે સન ૧૮૬૫ ના આકટ ૨૦ ની કલમ ૧૬ માં બતાવેલી સજા વકીલને થઈ શકે છે એવું માલમ પડવાથી કોઈ વકીલનું નામ રોલમાંથી કાઢી નાંખવાની ભલામણ કરેલી તેવા કેસમાં હકીકત ઉપરથી હાઇકોર્ટે દરમીયાન થવાની ના પાડી; અને ઠરાવ્યું કે જીલ્લા જડજે તે વકીલને બોલાવવાનો હુકમ કરી માફી આપવી જોઇતી હતી પરઆહની જડજ કોરટનો વકીલ મી૦ આર. કુઝ. ૧૪ વિ૦ રી૦ ૫૩

[મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ સપટેંબર સન ૧૮૭૦]

૪ વકીલો—સર્ટીફીકટ શિવાય રેવન્યુ કોર્ટમાં મુખત્યાર તરીકે વકીલાત કરવાને માટે માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવેલો તે—સન ૧૮૬૫ નો આકટ ૨૦ મો કલમ ૩૪—હકુમત-કોઇપણ અમલદારને આસીસ્ટંટ કલેકટર અને આસીસ્ટંટ માજીસ્ટ્રેટ એ બંને ઓદ્ધાઓ મુજબ કામ ચલાવવાનો અધિકાર હોય તો કલેકટર તરીકે પોતાની રૂબરૂ થએલા ગુન્હાને માટે કોઈપણ માણસને તે માજીસ્ટ્રેના ઓદ્ધા તરીકે ગુન્હેગાર ઠરાવી શકતો નથી. તે ઉપરથી તે માજીસ્ટ્રેટ પોતે કલેકટરના ઓદ્ધા તરીકે કામ ચલાવતો હોય તે વખતે કોઈ માણસે સર્ટીફીકટ શિવાય તેની કોર્ટમાં વકીલાત કરી હોય તો તેનો સન ૧૮૬૫ ના આકટ ૨૦ ની કલમ ૩૪ મુજબ માજીસ્ટ્રેટ તરીકે દંડ કરવાનો તેને અધિકાર નથી રામદયાળસીંગની બાબ. ૫ બેં૦ લો૦ રી૦ અપે૦ ૮૯

(મેસર્સ લોચ અને માર્કબાય જડજોની રૂબરૂ તા૦ ૯ મી નવંબર સન ૧૮૭૦)

૫ વકીલો—કોઈ મુખત્યારને સસપેન્ડ કરવો અથવા કાઢી મુકવો તે-પદ્ધતિ—તોહોમત—સને ૧૮૬૫ નો આકટ ૨૦ મો કલમો ૧૫, ૧૬—"પોતાની ધંધા સબંધી ફરજ બજાવતી વખતે ઘણી ગેરવ્યાજબી વર્તણુક" એ શબ્દો "ઉપર બતાલી એવી કોઇ ગેરવર્તણુક" એના સબધમાં હોવાથી સને ૧૮૬૫ ના વકીલ મુખત્યારના આકટની કલમ ૧૬ માં બતાવેલી પદ્ધતિ ફક્ત ધંધા સબંધી ગેરવર્તણુના કેસોમાં લાગુ પડે છે. "બીજા વ્યાજબી કારણને માટે" એ ઉપર બતાવેલા આકટની કલમ ૧૫ ના શબ્દો ધંધા સંબધી ગેરવર્તણુંક શીવાય બીજી જાતના કેસોને લાગુ પડવાથી ગમે તે કોઇ બીજા વ્યાજબી કારણને માટે કોઇપણ મુખત્યારને સસ્પેન્ડ કરી શકાય છે અથવા કાઢી મુકાય છે. કોઈ મુખત્યારે ધંધા સંબંધી ગેરવર્તણુંકમાં આવી ન જાય અને જેને માટે તેના ઉપર ફોજદારી પણ માંડી શકાય નહી એવી કાંઇ અયોગ્યતા કરેલી માલમ પડે તો હાઇ કોર્ટ તેની તજવીજ કરી શકે છે અને તેની નજરમાં ધંધા શીવાય બીજુ કાંઈ વ્યાજબી કારણ આવે તો તે લખેત તોહોમત ઘડયા શીવાય અથવા નોટીસ આપ્યા શીવાય કોઈપણ મુખત્યારને સસ્પેન્ડ કરી શકે છે અથવા કાઢી શકે છે. ગોલાબખાન મુખત્યાર અરજદાર, ૧૬ વિ૦ રી૦ ૧૫; ૬ બેં૦ લો૦ રી૦ અપે. ૮૩; ૭ બેં૦ લો૦ રી૦ ૭૮૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જુન સને ૧૮૭૧).

૬ વકીલો—મુખત્યારને સસ્પેન્ડ કરવો તે—લુચાઈ—સને ૧૮૬૫ નો આકટ ૨૦

મો—બે વખત ગુન્હેગાર ઠર્યાથી કોઈ મુખત્યારને સસ્પેન્ડ કર્યા પછી હાઈ કોર્ટે પાછો ધંધો ચલાવવાની પરવાનગી આપેલી તે મુખત્યારનો કેસ અને આ કેસોની હકીકતમાં કાંઈ લુચ્ચાઇ કરવાને માટે તે ગુન્હેગાર હતો અથવા ફોજદારી કોર્ટોમાં મુખત્યાર તરીકે કામ કરવાને તે લાયક નોહોતો એવું કાંઈ સાબીત થયું નોહોતું. કૈલાશનાથ ચૌધરી મુખત્યારની બાબત, ૧૬ વિ૦ રી૦ ૪૧.

(મેસર્સ એનસ્લી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી અગષ્ટ સને ૧૮૭૧).

૭ વકીલો—મુખત્યારને સસ્પેન્ડ કરવો તે—સને ૧૮૬૫ નો ૨૦ મો—જાણીબુજીને ખોટી હકીકત બનાવવાને માટે કોઇ માજીસ્ટ્રેટે મુખત્યારને ત્રણ માસ સુધી સસ્પેન્ડ કરેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યુ હતું કે મુખત્યારને સસ્પેન્ડ કરવાનો માજીસ્ટ્રેટને સને ૧૮૬૫ ના આકટ ૨૦ મુજબ અધીકાર નથી તેથી તેને સસ્પેન્ડ કરવાનો હુકમ રદ કરવામાં આવ્યો હતો. બનચનીધી માહનતીની બાબત, ૧૭ વિ૦ રી૦ ૬.

(મેસર્સ જેકશન અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જાનેવારી સને ૧૮૭૨).

૮ વકીલો—સને ૧૮૬૫ નો ૨૦ મો કલમો ૧૧, ૧૩ -"ધંધો ચલાવવો" તે શબ્દોનો અર્થ—મુખત્યાર—જે પક્ષકાર કોર્ટમાં અરજી આપે છે તે પક્ષકારને અરજી લખી આપવી તે સને ૧૮૬૫ ના આકટ ૨૦ ની કલમ ૧૧ ના અર્થ મુજબ મુખત્યાર તરીકે કામ કરવું ગણાતું નથી; અને સરટીફીકેટ શીવાય મુખત્યાર તરીકે ધંધો ચલાવવાને માટે કલમ ૧૩ મુજબ તે લખનારને સજા થઈ શકતી નથી. કાલીચરનચંદની બાબત, ૯ બેં૦ લૉ૦ રી૦ અપે૦ ૧૮.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જુલાઈ સને ૧૮૭૨).

૯ વકીલો—સને ૧૮૬૫ નો ૨૦ મો કલમ ૧૧-મુખત્યાર-ફોજદારી કોર્ટ-"કામ કરવું તે"-વકીલ મુખત્યારના સને ૧૮૬૫ ના આકટ ૨૦ ની કલમ ૫ માં "કામ કરવું" એ શબ્દનો અર્થ, મુખ્ય પક્ષકારના એજંટ તરીકે કાંઈ કામ કરવું કે જો કોર્ટ પક્ષકારે કરેલા કામ તરીકે ગણે, એવો થાય છે. કેદી અથવા તેને રીતસર અખતીઆર આપેલો વકીલ જેના ઉપર તેના બચાવના પુરાવાની ખરેખરી જુંબદારી છે તેમની વચ્ચે જા આવ કરવાને કેદીના કોઈ ખાનગી એજંટને અટકાવવો એવું કાંઈ આકટના શબ્દો ઉપરથી નીકળી આવતું નથી. તેમજ એવી કાંઈ તે શબ્દોની મતલબ પણ નથી. ફજલઅલી અરજદાર, ૧૯ વી૦ રી૦ ૮.

(મેસર્સ ફીઅર અને એન્સ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જાનેવારી, ૧૮૭૩.)

૧૦ વકીલો—સને ૧૮૬૫ નો ૧૦ મો—મુખત્યારને સસપેંડ કરવો અથવા થોડી મુદતને માટે અટકાવવો તે—સને ૧૮૬૫ ના આકટ ૨૦ મુજબ કોઈ પણ મુખત્યારને સસપેંડ કરવાનો માજીસ્ટ્રેટને અધીકાર નથી, રૂપો બેવાહ વી૦ કીફાયુ, ૨૧ વી૦ રી૦ ૪૧

[મેસર્સ કેમ્પ અને એંસલી જડજોની રૂબરૂ તા૦ ૧૭ મી ફેબ્રુઆરી સન ૧૮૭૪]

૧૧ વકીલો—સન ૧૮૭૯ ના આકટ ૧૮ માની કલમો ૧૦, ૩૨—વકીલ—મુખત્યાર-કાયદા વિરૂદ્ધ ધંધો કરવો તે સન ૧૮૬૯ કા આકટ ૧૮ ની કલમ ૧૦ ની સરત તોડીને કોઈ મુખત્યાર અથવા વકીલ ધંધો ચલાવે તો તેને ઉપલા આકટની કલમ ૩૨ મુજબ જે કોર્ટની રૂબરૂ તે એવી રીતે ધંધો ચલાવતો હોય તે કોર્ટ સજા કરી શકે છે. ગંગા દયાળની અરજી, ઈં૦ લૉ૦ રી૦ ૭ અ૦ ૩૭૫.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ તા૦ ૧૫ મી માર્ચ સન ૧૮૮૨)

૧૨ વકીલો—સને ૧૮૭૯ ના આકટ ૧૮ ની કલમો ૧૫, ૪૦—વકીલને કેટલાક વખતની દરમીઆન સસ્પેન્ડ કરવો તે—પોલીસના કાગળો—પોલીસે તજવીજ કરતી વખતે શાહેદીઓની જુબાનીઓ અથવા કબુલાતો લી

ધો હોય તે ચાલતા વિષ્યના સંબંધમાં કેદી ની મીલકત કરતાં પોલીસની મીલકત વધારે વાર લગી ગણાતી નથી; અને આવી રીતના દસ્તાવેજો કોઈ વકીલને તેના અસીલે આપ્યા હોય અને તે દસ્તાવેજોનો તેણે પોતાના અ સીલના ફાયદાને માટે ઉપયોગ કર્યો હોય અ ને જો કે તે દસ્તાવેજો અસીલની પાસે ગમે તેવી ગેરવ્યાજબી રીતે આવ્યા હોય પણ વકીલ તે મેળવવામાં સામેલ રહ્યો ના હોય અથવા તે માં પક્ષકાર ના રહ્યો હોય તો તે ગેરવર્ત ણુકને માટે કોઈ રીતે ગુન્હેગાર ગણાતો નથી. સને ૧૮૭૯ ના ૧૮ ની કલમ ૧૪ ના કલોઝ ૫ માં થોડા વખતને માટે સસપે ન્ડ કરવાનો અધીકાર તે આકટની કલમ ૪૦ સાથે વાંચતા, કોઇ વકીલનો તેના બચા વમાં જવાબ લીધા પછી અને હાઈ કોર્ટમાં તપાસ ચાલી હુકમો આવે ત્યાં સુધી ફકત બજાવી શકાય છે. કીસ્તોલાલ નાગ, ઈ. લો. રી. ૧૦. ક. ૨૫૬.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ અને મે કડોલન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ ડીસંબર સને ૧૮૮૩.)

૧૩ વકીલો—સને ૧૮૭૯ નો ૮ મો કલમ ૧૨—કોઈ વકીલને ફોજદારી ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૭— હાઈ કોર્ટને રીપોર્ટ થયેલો કેસ—ગુન્હેગાર ઠરાવવું કાયદા વિરૂદ્ધ હતું એ બતાવવાને ત કરાર કરવા દીધેલી તે–પીનલકોડની કલમ ૪૧૭ મુજબ ઠગાઈને માટે ગુન્હેગાર ઠરેલા કોઇ વકીલના કેસમાં ડીસ્ટ્રીકટ જડજે હાઈ કોર્ટને ધંધો ચલાવવાની પરવાનગી આપવાને તે નાલાયક છે એવા હુકમો કાઢવાને રીપોર્ટ કર્યો. કેસ સાંભળ્યા પછી વકીલના કૃત્યોથી કાયદા પ્રમાણે ઠગાઈનો ગુન્હો બનતો નથી એવું સાબીત કરવાને માટે પાછળનો ગુન્હો બતાવવાની વકીલ (કાઉનસલ) ને પરવાન ગી આપવામાં આવી હતી. વકીલ દુરગાચર ની બાબત, ઈ. લો. રી. ૭ અ. ૨૯૦.

(મેસર્સ પેથરામ ચીફ જસ્ટીસ, ઓ લડફીલ્ડ, બ્રોધર્સ્ટ, મહમદ અને ડુચેઈટ જડ જોની રૂબરૂ, તા૦ ૧૭ મી જાનેવારી સને ૧૮૮૫.)

૧૪ વકીલો—સને ૧૮૭૯ ના આકટ ૧૮ માની કલમ ૩૨ નો અર્થ—બાહાર મુ ખત્યાર તરીકે ધંધો કરનારની જવાબદારી– મુખત્યારના કૃત્યો–સીવીલ પ્રોસીજર કોડની ક લમ ૩૭-સને ૧૮૭૯ નો આકટ ૧૮ મો સુધારેલો અને મજબુત કરેલો આકટ છે, જુના કાયદા કરતાં તેમાં સુધારો થએલી એક બાબત એ છે કે તાબાની કોર્ટોમાં ધંધો કર નાર મુખત્યારોની ફરજો તેમનો અધીકાર અ ને કામો શા છે એ બાબતના નિયમો બાંધ વાનો હાઇ કોર્ટને અખતીયાર છે. વકીલોના આકટમાં બતાવેલી સરતોને અનુસરીને હાઈ કોર્ટે ઠરાવેલા નિયમ પ્રમાણે જે મુખત્યારનો અધીકાર અને કામ ગણાય છે તે કોઇ મા ણસે પોતે કમાવાને માટે રીતસર સરટીફી કેટ મેળવ્યા સીવાય, અને મુખત્યાર તરીકે નામ નોંધાવ્યા સીવાય કમાવાના વિચારથી કરે તો તે મુખત્યાર તરીકે ધંધો ચલાવ્યો ગણાય છે, અને તેથી તે ઉપલા આકટની કલમ ૩૨ મુજબ સજાને પાત્ર થાય છે. કલ મ ૩૨ ના " કોઈ માણસ એ શબ્દોના અ ર્થમાં બાહારના માણસો તેમજ જે માણ સોએ સરટીફીકટ લીધું નથી તેવા લાયક અ ને નોંધાયેલા મુખત્યારો આવી જાય છે. ગ નામના એક મુખત્યારે જો કે સરટીફીકેટ મેળવ્યું નોહોતું તોપણ કેટલાક માણસો જે તેને દર માસે પગાર આપતા હતા તેમના તરફથી દિવાની કોર્ટોના વકીલો કરી તેમને સલાહ આપતો હતો. વકીલોના આકટ મુજબ ગ ઉપર ચાલેલા મુકરદમામાં તેને આ હકીકત બતાવી " જે ગામના માણસ તરફથી મને કાગળ અને વકીલાતનામાં આવે છે તે મા ણસ તરફથી હું કામ કરું છું. જે માણસ મને કામે લગાડે છે તે માણસ તરફથી મને દર માસે પગાર મળે છે. દરેક માણસ જેના

તરફથી હું કામ કરૂં છું તે જુદા કુટુંબના હોય છે અને જુદા ગામમાં રેહે છે." એમ ઠરાવવામાં આવ્યું કે સીવીલ પ્રાસીજર કોડ ની કલમ ૩૭ ના અર્થ મુજબ ખાનગી નોકર અથવા કોર્ટે મજુર કરેલોએજન્ટ ગણાતો નથી, તેથી મુખત્યાર તરીકે કામ કરવાને માટે વકીલોના આકટની કલમ ૩૨ મુજબ તેને સજા થઈ શકે છે, વળી. એમ પણ ઠરાવવામાં આવ્યું કે જે કોર્ટમાં એ ધંધો ચલાવ્યો તે ઉપર નજર રાખતાં તે કોર્ટમાં ધંધો ચલાવવાને પરવાનગી મળેલા સરટીફીકેટ ઉપર જે સ્ટાંપ જોઈએ તેનાથી દસ ગણો કરતાં વધારે દંડ નહી" એ કલમ ૩૨ માં બતાવેલા શબ્દોનો અર્થ "અઢીસો રૂપીઆ કરતાં ઉપરાંત દંડ નહી" એની બરોબર ગણાય છે. તાસુલકહુસેન વિ૦ ગીરધારી નારાયણ, ઈ. લો. રી. ૧૪ ક. ૫૫૬.

(મેસર્સ જસ્ટીસ મીતર, પ્રીનસેપ, વીલસન, ટોટનહામ અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી મે સને ૧૮૮૭).

વકીલાતનામું—

૧ વકીલાતનામું—પદ્ધતિ—સેસન જડજે કેદીનો અપરાધ મંજુર રાખ્યો છે તે કેદીને અપીલ કરવાને માટે વકીલાતનામુ લખી આપવાની પરવાનગી આપવાને તે બંધાએલો છે. રાણી વિ૦ વૈયાપુરી ગોનડન, ૧ મ. હા. કો. રી. ૪.

(મેસર્સ સ્ટ્રેન્જ અને ફીલીપ્સ જડજોની રૂબરૂ, તા૦ ૩ જી સપટંબર સને ૧૮૬૨).

૨ વકીલાતનામું—કેદી—કેદીઓ વિગેરેને તેમની મરજીમાં આવે તેમને વકીલાતનામું આપવાને માટે પુરેપુરો વખત આપવો જોઇએ. શેક દાદાભાઇ વલદે શેક મહમદની અરજી, ૧ મું. હા. કો. રી. ૧૬.

(મેસર્સ સોસી ચીફ જસ્ટીસ, ફોરબ્સ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જુલાઈ સને ૧૮૬૩).

૩ વકીલાતનામું—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૬ મુજબ હાઈ કોર્ટનો કોઈ અખતીઆર મળેલો વકીલ, એડવોકેટ અથવા એટરની કેદી તરફથી તેના બચાવમાં જવાબ આપવાને હાજર થાય તો વકીલાતનામું કોર્ટમાં રજુ કાંઇ કરવાની કાંઇ જરૂર નથી. પ્રો. તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૪; ૭ મ. હા. કો. રી. અપે. ૪૦.

જુઓ જુઠો પુરાવો ૪૦.
" જુઠો લેખ ૧૩.

વર્ધમાન સજા—

૧ વર્ધમાન સજા—પૂર્ણ ગુન્હો—અપરાધી ઠરાવવું તે—એક ગુન્હો, બીજા ગુન્હાનો પૂર્ણ ભાગ હોય એવા બે ગુન્હાઓને માટે અપરાધી ઠરાવવું તે ખરૂ જોતાં એકજ ગુન્હને માટે બે વાર સજા કરવી ગણાય છે અને તેટલા માટે તે કાયદા વિરૂદ્ધ છે; સરકાર વિ૦ લાલા વનસીંઘ વિગેરે, ૧ આગ્રા. હા. કો. રી. ૩૧.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી નવંબર સને ૧૮૬૬).

રાણી વિ૦ મંગરૂના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૬ વા. ડી. પ્રાં. ૨૯૩. જુઓ મનુષ્યહરણ ૨૩.

૨ વર્ધમાન સજા—એકજ કૃત્ય અને ઈરાદો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૩૫, ૪૩૬—તોહોમતદારના ઈરાદા અથવા માહીતી સાથે ગણુતાં તેના કૃત્યથી વધારે ભારે ગુન્હો થતો હોય અને તેજ કૃત્ય વળી વધારે હલકા ગુન્હાની વાખ્યામાં આવી જતુ હોય તો તેથી વધારે સજાને પાત્ર ગણાતો નથી. જે કેસોને માટે જુદી કલમો બતાવી છે તે કેસોમાં તેજ કૃત્યને માટે જુદી સજા બતાવવામાં આવી. રાણી વિ૦ દોયબસયા અને બીજો, ૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૧૩.

(મેસર્સ વેસ્ટ અને નહાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૪).

૩ વર્ધમાન સજા—જુદા જુદા તોહોમતો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૫૪ દાખલો ફ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૭, ૧૪૮, ૩૨૪—પીનલકોડની કલમો ૧૪૭, ૧૪૮ અને ૩૨૪ મુજબ એકઠી સજા કરી હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૪ મુજબ વધારે ભારે ગુન્હાને માટે જેટલી સજા થઈ શકે તેના કરતાં તે સજા વધારે હોવી જોઈએ નહી. સવાલ—પીનલકોડની કલમો ૧૪૭ અને ૩૨૪ મુજબ ઠરાવેલા ગુન્હાઓને માટે જુદી સજા કાયદેસર ગણાય છે. રાણી વિરૂદ્ધ જબદર કાઝી અને ગોલાબખાન, ઈ. લો. રી. ૬ ક ૭૧૮; ૮ ક. લો. રી. ૩૯૦.

(મેસર્સ મીતર અને મેકલીન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૮૧).

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છેઃ—

રાણી વિ૦ ટકયાબીન ટમના, ઇ૦ લો૦ રી૦ ૧ મું૦ ૨૧૪. જુઓ કેટલાક ગુન્હાઓ ૨.

રાણી વિ૦ દરઝુલા, ૯ વિ૦ રી૦ ૩૩. જુઓ સજા ૧૬.

નિચેના કેસોને લાગુ પડે છેઃ—

રાણી વિ૦ કાલાચંદ, ૭ વિ. રી. ૬૦. જુઓ હંગામો ૪.

રાણી વિ૦ રામઆધીન, ઈ. લો. રી. ૨ અ. ૧૩૯. જુઓ કેટલાક ગુન્હા ૩.

રાણી વિ૦ દીનાશેખ, ૧૦ વિ. રી. ૬૩. જુઓ તોહોમત ૨૦.

નીલરતનસેન અરજદાર, ૧૬ વિ. રી. ૪૫. જુઓ હંગામો ૮.

રાણી વિ૦ બધસીંગ, ઈ. લો. ૨ અ. ૧૦૧. જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૬.

નુજાન અપેલેન્ટ, ૭ મ. હા. કો. રી. ૩૭૫. જુઓ મનુષ્યહરણ ૧૯.

રાણી વિ૦ ગોલામ આબાસ, ૧૨ મું. હા. કો. રી. ૧૪૭. જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૩૭.

રાણી વિ૦ ટકયા બીન ટમના, ઈ. લો. રી. ૧ મું. ૨૧૪. જુઓ કેટલાક ગુન્હાઓ ૨.

રાણી વિ૦ લોકનાથ સરકારના કેસમાં નજર રાખવામા આવી, ઈ. લો. રી. ૧૧ ક. ૩૪૯. જુઓ વર્ધમાન સજા ૪.

૪ વર્ધમાન સજા—રીવાજ—ભય ઉપજાવે તેવાં હથીઆરોથી વ્યથા અને હંગામો કરવાને માટે ગુન્હેગાર ઠરાવેલો તે—જુદા ગુન્હાઓ—જુદા તોહોમતો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૧, ૧૪૮, ૧૪૯, ૩૨૪—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૫, ૨૩૫—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૧૪, ૪૫૪—સને ૧૮૮૨ નો ૮ મો કલમ ૪—બે માણસો ઉપર પ્રાણઘાતક હથીઆરથી હંગામો કરવો અને બુદ્ધિપૂર્વક ભય ઉપજાવે તેવા હથીઆરથી વ્યથા કરવી એ બંને જુદા ગુન્હાઓ ગણાયછે, અને આવી રીતના ગુન્હાઓને માટે તોહોમત રાખેલા માણસને ઈજા થયેલા માણસોમાંના દરેકને વ્યથા અને હંગામો કરવાના સંબંધમાં ગુન્હેગાર ઠરાવી સજા થઈ શકે છે. પીનલકોડની કલમ ૧૪૮ મુજબ પ્રાણઘાતક હથીઆરોથી હંગામો કરવાનુ, અને કલમ ૧૪૯ સાથે રાખી કલમ ૩૨૪ મુજબ ભય ઉપજાવે તેવા હથીઆરથી क નામના માણસને વ્યથા કરવાનું એ બંને તોહોમતો अ અને ब નામના માણસો ઉપર રાખવામાં આવ્યા હતા, અને વધારામાં કલમ ૩૨૪ મુજબ ड નામના માણસ ઉપર વ્યથા કરવાનું તોહોમત ब ઉપર રાખવામાં આવ્યું હતું, અને अ ઉપર પણ ब એ ड ને કરેલી વ્યથાના સંબંધમાં કલમ ૧૪૯ સાથે રાખી કલમ ૩૨૪ મુજબ વળી તોહોમત રાખવામાં આવ્યું હતું. अ અને ब ને સઘળા તોહોમતોને માટે અપરાધી ઠરાવી તોહોમત રાખેલા દરેક ગુન્હાના સંબંધમાં જુદી જુદી સજાઓ એક પછી બીજી અમલમાં આવે તેવી રીતે કરવામાં આવી હતી; કલમ ૩૨૪ મુજબ બનેલા ગુન્હાઓ હંગામાની દરમીયાન થયેલા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે કેટલાક કૃત્યો જેને માટે કેદીઓને ગુન્હેગાર ઠરા

બવામાં આવ્યા છે તે કૃત્યો પીનલકોડની ક લમ૭૧ માં આવી જતા નથી કારણ કે વ્ય થા કરવી તે એવું બળ હતું કે જે એકલા થી હંગામાનો ગુન્હો બને છે, અને તેથી ક રીને કરેલી કેટલીક સજાઓ ક્રીમીનલ પ્રોસી જર કોડની કલમ ૨૩૫ મુજબ પુરેપુરી કા યદેસર હતી. રાણી વિ૦ લોકનાથ સરકાર, ઈ૦ લો૦ રી૦ ૧૧ ક૦ ૩૪૯.

[મેસર્સ ટોટનહામ અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ સને ૧૮૮૫.]

નિચેના કેસોને લાગુ પડે છેઃ—

રાણી વિ૦ દરજુલા, ૯ વિ. રી. ૩૩. જુઓ સજા ૧૬.

રાણી વિ૦ જબ્બદારકાઝી, ઈ. લો. રી. ૬ ક. ૭૧૮. જુઓ વર્ધમાન સજા ૩.

રાણી વિ૦ દીનાશેખ, ૧૦ વિ. રી. ૬૩. જુઓ તોહોમત ૨૦.

રાણી વિ૦ શાહાબતસેખ, ૧૩ વિ. રી. ૪૨. જુઓ જુદા ગુન્હાઓ ૨.

રાણી વિ૦ ડુંગરસીંઘના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈ. લો. રી. ૭. અ. ૨૯. જુઓ કેટલાક ગુન્હાઓ ૭.

જુઓ રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવો તે ૨.

,, સજા ૯, ૧૪, ૧૬.

,, જુદા ગુન્હાઓ ૩.

વધારે પુરાવો—

વધારે પુરાવો—હકુમત--અપેલેટ કોર્ટ—તાબાની અદાલત—ફરીઆદ કરવાની પરવાનગી—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૧, ૧૬૯, ૧૭૧, ૪૨૨—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૨ મુજબ કોઈ અપેલેટ કોર્ટે તાબાની કોર્ટને વધારે પુરાવો લેવાનો હુકમ કર્યો હોય અને તે કોર્ટમાં કોઈ શાહેદીએ જુબાની આપતી વખતે કલમ ૧૬૯ માં બતાવ્યા પ્રમાણે સરકારી ન્યાયની સામે કાંઇ પણ ગુન્હો કર્યો હોય તો જે તાબાની કોર્ટની રૂબરૂ એવી રીતે જુબાની આપવામાં આવી હોય તે કોર્ટ કલમ ૧૭૧ ના લખાણ મુજબ માજીસ્ટ્રેટની તજવીજને માટે કેસ મોકલી શકે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧ માં બતાવેલા "પ્રથમ આવા કેસોના ઠરાવને માટે અથવા અપીલ થયાથી અથવા બીજી કોઈ કોર્ટ અથવા અમલદાર તરફ કમીટ કરવાને માટે" એ શબ્દોની મતલબ ફોજદારી અદાલતોના કામોની પુરેપુરી ગણત્રી તરીકે ધારવાની નથી. રાણી વિ૦ બકતીઅર માઈફરઝ, ૧૫ વિ૦ રી૦ ૬૪; ૬ બેં૦ લો૦ રી૦ ૬૫૮.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ, લોચ, મેકફરસન, પોલ અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૨ જી મે ૧૮૭૧.)

જુઓ છુટકો ૩૦.

,, ફરીથી મોકલવું તે.

વધારે તપાસ—

૧ વધારે તપાસ--સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૩૫, ૪૩૭—ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટને વધારે તજવીજ કરવાનો હુકમ કરવાને ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટનો અધીકાર—નિચા દરજ્જાનો માજીસ્ટ્રેટ—કોઇ કામમાં ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટે કેટલાક તોહોમતદારોને છોડી મુકેલા તે કામનું દફતર ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટે મંગાવી કેસની વધારે તજવીજ કરવાનો બીજા ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટને હુકમ કરેલો તેમાં, નોબીનક્રીસ્ટો મુકરજી વિ૦ રસીકલાલ લાહા (ઈ૦ લો૦ રી૦ ૧૦ ક૦ ૨૮૬) અને રાણી વિ૦ નવાબજાન, (ઈ૦ લો૦ રી૦ ૧૦ ક૦ ૫૫૧) ના ફેંસલાઓ ઉપર આધાર રાખી એમ ઠરાવવામાં આવ્યું કે ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટનો હુકમ અધીકાર ઉપરાંત હોવાથી કાયદા વિરૂદ્ધ હતો. ઝીનગુરી, વિ૦ બચુ, ઈ૦ લો૦ રી૦ ૭ અ૦ ૧૩૪.

(મી૦ ડુથોઈટ જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી અગષ્ટ સને ૧૮૮૪).

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છેઃ—

નોબીનકીસ્ટો મુકરજી વિરૂદ્ધ રસીકલાલ લાહ, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૨૬૮. જુઓ છુટકો ૪૦.

રાણી વિ૦ નવાબજાન, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૫૫૧. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૨૨.

ઓપેનદ્રોનાથ ઘોસ વિ૦ ડખીનીએવાનો કેસ રદ થઈ ગયો, ઈ૦ લો૦ રી૦ ૧૨ ક૦ ૪૭૩. જુઓ વધારે તજવીજ ૬

૨ વધારે તપાસ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭—ફરીથી તપાસ કરવો તે—ડીસ્ત્રીક્ટ માજીસ્ટ્રેટનો અખ્તીયાર—તોહોમતદારને માજીસ્ટ્રેટે છોડી મુકેલો હોય તેવા કેસમાં માજીસ્ટ્રેટે શાહેદીઓ ઉપર ખરેખરી રીતે ભરોંસો રાખવો જોઈએ તેવી રીતે ભરોંસો રાખ્યો નથી, એવું કારણ બતાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ વધારે તજવીજ કરવાનો હુકમ થઈ શકતો નથી. જે કેસમાં બીજા શાહેદીઓની જુબાનીઓ લેવાઈ હોય અથવા તેમની જુબાનીઓ બરોબર રીતે લેવાઈ ન હોય તેવા કેસમાંજ ફક્ત વધારે તજવીજ થવી જોઈએ; અને પ્રથમ લેવાએલો પુરાવો ફરીથી લેવો જોઈએ એવું કલમ ૪૩૭ માં બતાવેલું નહી હોવાથી જે માજીસ્ત્રેટે મુળ તજવીજ ચલાવી હોય તે માજીસ્ત્રેટે સાધારણ રીતે પુરાવો લેવો જોઈએ. તાબાના માજીસ્ત્રેટે કોઈ કેસમાં ગેરવ્યાજબી રીતે તોહોમતદારને છોડી મુકયોછે અને વ્યાજબી કારણ બતાવ્યા શીવાય શાહેદીઓ ઉપર ભરોંસો રાખવાની ના પાડેલી છે એવું કોઈ કેસમાં ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટનું ધારવું હોવાથી વધારે તજવીજ કરવાનો તેણે બીજા માજીસ્ત્રેટને હુકમ કર્યો અને તે માજીસ્ત્રેટે તોહોમતદારને તેજ પુરાવાથી ફરીથી રજુઆત ચલાવી ગુન્હેગાર ઠરાવ્યો. આ કેસમાં એમ ઠરાવવામાં આવ્યું કે અપરાધ રદ કરવો જોઈએ. રાણી વિ૦ અમીરખાન, ઈ૦ લો૦ રી૦ ૮ મ. ૩૩૬.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ અને ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫).

દરસનલાલ વિરૂદ્ધ ઝુમકલાલના કેસમ આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૧૨ ક. ૫૨૨. જુઓ વધારે તપાસ ૫.

૩ વધારે તપાસ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૦૩, ૪૩૭—એકજ કૃત્યમાંથી જુદા જુદા તોહોમતો નીકળી આવે તે—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—વધારે તજવીજ—ફરીથી તપાસ કરવો તે ફરીઆદીના ઝાડની કેટલીક ડાળીઓ કાપી લેવાને માટે બ નામના માણસ ઉપર ચોરી અને બીગાડનું એ બંને તોહોમતો રાખી બીગાડને માટે તાબાના માજીસ્ત્રે રજુઆત ચલાવી ફરીઆદીના ઝાડ ઉપર બનો હક હતો એવું કારણ બતાવી તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટે ફરીઆદીની અરજી ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ વધારે તજવીજ કરવાનો હુકમ કર્યો; અને સેસન જડજનો અભીપ્રાય લખી પુછવાથી એમ ઠરાવવામાં આવ્યું કે ચોરી સંબંધી તોહોમતની તજવીજ ચાલેલી નહી હોવાથી હુકમ કાયદેસર હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ હુકમ કરવાનો ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટને અખ્તીયાર નોહોતો અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૩ મુજબ ચોરીના તોહોમતની રજુઆત ચાલી શકતી નથી. રાણી વિ૦ ઈરામરેડી, ઈ૦ લો૦ રી૦ ૮ મ. ૨૯૬.

(મી૦ બ્રાંડટ જડજની રૂબરૂ, તા૦ ૨૩ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫.)

૪ વધારે તપાસ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭—નવી તજવીજ—હકુમત—નોટીસ—ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટ—તાબાનો માજીસ્ત્રેટ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૩ મુજબ કોઈ ફરીઆદ માંડી વાળવામાં આવી હોય અથવા કોઈ તાબાના માજીસ્ત્રેટે તોહોમતદારને છોડી મુકયો હોય અને જો કે વધારે પુરાવો માલમ પડી આવે

અથવા એવી રીતનો પુરાવો છે એમ બતાવવામાં આવ્યું હોય તોપણ માંડીવાળેલી ફરીઆદની અથવા છોડી મુકેલા તોહોમતદારના કેસની વધારે તજવીજ કરવાનો કોઈ તાબાના માજીસ્ત્રેટને હુકમ કરવાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને કલમ ૪૩૭ મુજબ અધીકાર નથી. કલમ ૪૩૭ માં બતાવેલા "વધારે ચોકસી" એ શબ્દોનો અર્થ ફકત "વધારે મળી આવેલો પુરાવો અથવા વધારે બાબતો વિષેની ચોકશી" એવો થતો નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ વધારે તજવીજ કરવાનો હુકમ કરતાં પેહેલાં છોડી મુકેલા માણસને અથવા જેના ઉપરની ફરીઆદ માંડીવાળવામાં આવી હોય તે માણસને નોટીસ આપવાની ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને કાંઈ જરૂર નથી. આવી રીતની તજવીજ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય તો જે તાબાના માજીસ્ત્રેટને હુકમ કરવામાં આવ્યો હોય તેની હકુમત ગણાય છે અને તે પ્રમાણે તેનો અમલ કરવાને તે બંધાયેલો છે. જ્યાં સુધી આવી રીતનો હુકમ રીતસર પાછો ખેંચી લેવામાં આવ્યો નથી ત્યાં સુધી તેનો અમલ ગણાય છે. પેહેલાંનો સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની વચે અને હાલના ક્રીમીનલ પ્રોસીજર કોડની વચે તફાવત બતાવવામાં આવ્યો. રાણી વિ૰ ગાઉડાપા, (ઈં૰ લો૰ રી૰ ૨ મું. ૫૩૪. જુઓ છુટકો ૨૯) ના કેસનો અર્થ કરી બતાવવામાં આવ્યો. ચંદીચરન ભટાચારજી વિ૰ હેમચંદર બાનરજી (ઈં૰ લો૰ રી૰ ૧૦ ક. ૨૦૭. જુઓ છુટકો ૩૯) ના કેસ ઉપર ટીકા કરવામાં આવી. જીબનક્રીસ્ટો રોય વિ૰ શીબચંદરદાસ (ઈં૰ લો૰ રી૰ ૧૦ ક. ૧૦૨૭. જુઓ છુટકો ૪૪); અને રાણી વિ૰ હસનુ [ઈં૰ લો૰ રી૰ ૬ અ. ૩૬૭. જુઓ છુટકો ૪૨] અને રાણી વિ૰ અમીરખાન [ઈં૰ લો૰ રી૰ ૮ મ. ૩૩૬. જુઓ વધારે તજવીજ ૨] ના કેસો ઉપર ટીકા કરવામાં આવી અને શક પડયો. રાણી વિ૰ દોરાબજી હોરમસજી, ઈં૰ લો૰ રી૰ ૧૦ મું. ૧૩૧.

[મેસર્સ નહાનાભાઇ હરીદાસ અને વેડરબર્ન જડજોની રૂબરૂ, તા૰ ૯ મી સપટંબર સને ૧૮૮૫].

નિચેના કેસોને લાગુ પડે છે.

ક્રીસ્ટોરામ મોહારા વિ૰ એનીસ, ૨૦ વિ૰ રી૰ ૪૭. જુઓ છુટકો ૧૯.

નવાબસીંધ વિ૰ કોડીલસીંધ, ૨૪ વિ૰ રી૰ ૭૦. જુઓ કબજો ૯૧.

રાણી વિ૰ દેવમા શોમેશ્વર શીખર, ઈં૰ લો૰ રી૰ ૧ મું. ૬૪. જુઓ સમાધાન ગુન્હાઓનું ૪.

૫ વધારે તપાસ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭—વધારે તજવીજનો હુકમ કરવાનો સેસન જડજનો અધીકાર—શાહેદીઓ ઉપર તાબાના માજીસ્ત્રેટે જેટલો ભરોંસો રાખવો જોઈએ તેટલો ભરોંસો બરોબર રીતે રાખવામાં આવ્યો નથી એજ ફકત કારણ ઉપરથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ મુકરદમો ફરીથી ચલાવવાનો હુકમ કરવાનો સેસન જડજને અધીકાર નથી. તે કલમમાં બતાવ્યા પ્રમાણે "વધારે ચોકશી" એ શબ્દોનો અર્થ વધારાનો પુરાવો લેવો એવો થાય છે, પણ તેજ પુરાવો ફરીથી સાંભળવો એવો કાંઈ થતો નથી. દરસનલાલ વિ૰ જુમકલાલ, ઈં૰ લો૰ રી૰ ૧૨ ક. ૫૨૨.

[મેસર્સ મીતર અને એગન્યુ જડજોની રૂબરૂ, તા૰ ૨૭ મી નવંબર સને ૧૮૮૫].

નિચેના કેસો ઉપર નજર રાખવામાં આવે છે:—

ચંદીચરન ભટાચારજી વિરૂદ્ધ હેમચંદર બાનરજી, ઈં૰ લો૰ રી૰ ૧૦ ક. ૨૦૭. જુઓ છુટકો ૩૯.

જીબનક્રીસ્તો રોય વિ૰ શીબચંદર દાસ, ઈં૰ લો૰ રી૰ ૧૦ ક. ૧૦૨૭. જુઓ છુટકો ૪૪.

રાણી વિરૂદ્ધ અમીરખાન, ઈં૰ લો૰ રી૰ ૮ મ. ૩૩૬. જુઓ વધારે તપાસ ૨.

૬ વધારે તપાસ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—નીચા દરજ્જાની ફોજદારી કોર્ટ—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનો અખ્તીકાર—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને પોતાના ડીસ્ટ્રીકટના ગમે તે વર્ગના માજીસ્ટ્રેટની રૂબરૂ ચાલેલા કામનું દફતર મંગાવીને જોવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ મુજબ અખ્તીકાર છે. એમેનદ્રોનાથ ઘોસ વિરૂદ્ધ દખીનીએવા, ઈં લો૦ રી૦ ૧૨ ક૦ ૪૭૩.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, મીતર, વીલસન, અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જાનેવારી સને ૧૮૮૬).

નીચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છેઃ—

રાણી વિ૦ પીરયા ગોપાલ, ઈં લો૦ રી૦ ૯ મું૦ ૧૦૦ જુઓ હકુમત ૪૫.

પદમનભાની બાબત, ઈં લો૦ રી૦ ૮ મ. ૧૮. જુઓ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ.

રાણી વિ૦ લસ્કરી, ઈં લો૦ રી૦ ૭ અ. ૩૫૪. જુઓ દફતર નીચેની કોર્ટનું ૨.

નોબીન કીસ્તો મુકરજી વિ૦ રસીકલાલ લાહાનો કેસ રદ થઇ જાય છે. ઈં લો૦ રી૦ ૧૦ ક. ૨૬૮. જુઓ છુટકો ૪૦.

ઝીનગુરીબચુ ઈં લો૦ રી૦ ૭ અ. ૧૩૪. જુઓ વધારે તજવીજ ૧.

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૨૨.
,, નીચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૬૦.
,, જામીન ૨.
,, કમીટ કરવુ તે ૫૮.
,, છુટકો ૧૧, ૧૩. ૧૭, ૩૯, ૪૨, ૪૪, ૪૫.
,, જુઠી ખબર ૨,
,, ગાંડો ૬.
,, લોકોપકારક કૃત્ય ૩૧.

૭ વધારે તપાસ—રીવાજ—કારણ બનીતવાવા નોટીસ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭—ફુલબેન્ચે એમ ઠરાવ્યું કે જે કેસમાં માજીસ્ટ્રેટે તો હોમતદારને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૩ મુજબ છોડી મુકયો હોય તે કેસમાં તેજ બાબત ઉપરથી વધારે ચોકશી કરવાનો સેસન જડજ અથવા હાઈ કોર્ટ હુકમ કરી શકે છે, અને આવી જાતની હકીકતમાં વધારે ચોકશી ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ પોતે અથવા તાબાના માજીસ્ટ્રેટને કરવાનો હુકમ કરી શકે. રાણી વિ૦ દોરાબજી હોરમસજી [ઈં લો૦ રી૦ ૧૦ મું ૧૩૧] ના કેસ ઉપર નજર રાખવામાં આવી. રાણી વિ૦ ભોલસીંઘ ૬ વીકલીનોટસ ૧૮૮૩ પાનું ૨૫૦; રાણી વિ૦ હસનુ [ઈં લો૦ રી૦ ૬ અ. ૩૬૭]; ચંદી ચરન ભટાચારજી વિ૦ હેમચંદર બાનરજી [ઈં લો૦ રી૦ ૧૦ ક૦ ૨૦૭; જીબનકીરતો રોય વિ૦ શીબચંદરદાસ [ઈં લો૦ રી૦ ૧૦ ક. ૧૦૨૭); દરસનલાલ વિ૦ જુમકલાલ [ઈં લો૦ રી૦ ૧૨ ક. ૫૨૨]; અને રાણી વિ૦ અમીરખાન [ઈં લો૦ રી૦ ૮ મ. ૩૩૬] ના કેસોમાં આ કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ માં બતાવેલા અખ્તીકારનો અમલ કરતી વખતે વધારે ચોકશી કરવાનો હુકમ કરતાં પેહેલા એવી રીતનો હુકમ શા માટે કરવો જોઇએ નહી તેનું કારણ બતાવવાને છોડી મુકેલા માણસને પ્રથમ સેસન જડજોએ અને માજીસ્ટ્રેટોએ તક આપવી જોઈએ અને પછીથી મુખતવે કરીને એવા કેસોમાં ચોતરફ વિચાર કરી ઘણી સાવચેતીથી અને કરકસરાઈથી તેને ઉપયોગમાં લેવી જોઈએ. આવી રીતની હકીકતોમાં તેઓએ શી રીતે પોતાની મરજી મુજબ વિચાર ચલાવવો જોઇએ, એ વિષે રાણી વિ૦ ગાયદીનના [ઈં લો૦ રી૦ ૪ અ. ૧૪૮] છોડી મુકયા ઉપર અપીલ થયેલા કેસમાં મેસર્સ સ્ટ્રેઈટ અને ટીલર જડજોએ ટીકા કરેલી તે લાગુ પડે છે. રાણી વિ૦ ચોઢુ, ઈં લો૦ રી૦ ૯ અ. ૫૨.

[મેસર્સ સરજોન એજ નાઈટ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઈટ, ઓલ્ડફીલ્ડ, બ્રોધર્સ્ટ અને ટીલર જડજોની રૂબરૂ, તા૰ ૨૨ મી અક ટોબર સને ૧૮૮૬.]

વ્યથા—

૧ વ્યથા—ભારે અને આકસ્મીક ગુસ્સો-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૨૪, ૩૩૪—ભારે અને આકસ્મીક ગુસ્સાથી ગુસ્સો કરનાર માણસને વ્યથા કરવી તે પીનલકોડની કલમ ૩૩૪ મુજબ ગુન્હો ગણાય છે પણ કલમ ૩૨૪ મુજબ ગુન્હો ગણાતો નથી. રાણી વિ૰ ભાલા ચુલા, ૧ મું૰ હા૰ કો૰ રી૰ ૧૭.

[મેસર્સ સોસી ચીફ જસ્ટીસ, ફોરબ્સ અને ટકર જડજોની રૂબરૂ, તા૰ ૨૯ મી જુલાઈ સને ૧૮૬૩.]

૨ વ્યથા—મહાવ્યથા—દસ દિવસ સુધી અશકિત થઈ હોય તો તે મહાવ્યાનો ગુન્હો ગણાય છે. પંદર દીવસ સુધી અશકિત થઈ હોય તો બુદ્ધિપુર્વક વ્યથા ગણાય છે. રાણી વિ૰ બીશનુરામ અને બીજો, ૧ વિ રી. ૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૩૦ મી અગષ્ટ સને ૧૮૬૪.)

૩ મહાવ્યથા—મદદગારી—ખોટી રીતે ગુન્હેગાર ઠરાવવું તે-કાનની પાછળ મુક્કો મારવાથી નીચે પડી ગયા પછી જ્યાં મરી ગયેલો માલમ પડેલો ત્યાં ઝાડે લટકાવવામાં આવેલા કોઈ માણુસના કેસમાં માજીસ્ટ્રેટે કેદીઓમાંના એકને બુદ્ધિપુર્વક વ્યથા કરવાને માટે અને બાકીનાને તેની અંદર મદદગારી કરવાને માટે ગુન્હેગાર ઠરાવ્યા. ગુન્હામાં સામેલ માલમ પડેલા પક્ષકારોને સેસન કોર્ટમાં કમીટ કરવાના વિચારથી અપરાધ રદ કરવામાં આવ્યો. ગોર ગોબીન્ડો થાકુર અને બીજો, ૬ વિ૰ રી૰ ૫૫.

[મેસર્સ નોરમન અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૰ ૨૦ મી અગષ્ટ સને ૧૮૬૬.]

૪ વ્યથા—મહાવ્યથા—પુરાવો—કબુલાત—કોઈ સ્ત્રીએ પોતાના ધણીને ચીડવવાથી તેણે તેણીને પાંસળામાં લાત મારી અને તેથી તે મરી ગઈ તે કેસમાં તેણીના પાંસળામાં દરદ હતું એવી ધણીને માહિતી નહીં હોવાથી મુક્કાથી અને ત્યાર પછીની તરતની તેની વરતણુંક ઉપરથી મનુષ્યોની જીંદગીને જોખમમાં નાંખે એવી વ્યથાનો તેના કૃત્યથી સંભવ બનશે એવો તેનો ઈરાદો અથવા માહીતી નોહોતી. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમો ૩૧૯ અને ૩૨૧ મુજબ ધણી ગુન્હેગાર હતો પણ કલમો ૩૨૦ અને ૩૨૨ મુજબ ગુન્હેગાર ગણાતો નથી. કેટલાક સાહેદીઓની રૂબરૂ ધણીએ પોતાની સ્ત્રીને મારી નાખવાનું કબુલ કરેલું અને તે લાત માર્યા પછી મરી ગઈ હતી એ બાબત તેની સામે દર્શનીક પુરાવા તરીકે ગણવામાં આવી હતી. રાણી વિ. બીસગોનોશયો, ૮ વિ. રી ૨૯.

[મેસર્સ સેટનકાર અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૰ ૨૯ મી જુન સને ૧૮૬૭].

૫ વ્યથા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૨૪—પીનલકોડની કલમ ૩૨૪ મુજબ વ્યથાના કેસના તોહોમત અને ઠરાવમાં ભારે અને આકસ્મીક ગુસ્સાથી વ્યથા કરવામાં આવી નોહોતી એ બાબત આવી જવું જોઈએ નહી. તા. તા૰ ૧૬ મી માર્ચ સને ૧૮૬૮; ૪ મ૰ હા૰ કો૰ રી૰ અપે. ૫.

૬ વ્યથા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૩૦—ડાકણુ—પીનલકોડની કલમ ૩૩૦ ની અંદર કેસ લાવવાને માટે, પીનલકોડ મુજબ સજા થઇ શકે તેવી કોઈ ગેરવર્તણુક અથવા ગુન્હાની કબુલાત જબરાઇથી મેળવવાના વિચારથી ફરીઆદીને વ્યથા કરવામાં આવી હતી એ સાબીત કરવાની જરૂર છે. તેથી કરીને જાદુ કરવાના તોહોમત રાખેલા કેસમાં જબરાઈથી કબુલાત લેવામાં આવી હોય તો તેવા કેસને ઉપલી કલમ લાગુ પ

હતી નથી. રાણી વિરૂદ્ધ બાપુ મુનકુ વિગેરે, ૧૩ વિ૦ રી૦ ૨૩.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦).

૭ વ્યથા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૨૩—ઇરાદા સીવાય છોડીને મારી નાખવી તે—મરનાર જે આઠ દસ વર્ષની છોડી હતી તેણીને મારી નાંખવાના વિચારથી નહી પણ સજા કરવાના વિચારથી પીઠ ઉપર એક લાત અને મોં ઉપર બે ત માચા મારેલા જે ઉપરથી તેણીનું મોત થયું એવી કેદીની પોતાની કબુલાત ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૩૨૩ મુજબ બુદ્ધિપુર્વક વ્યથાનો ગુન્હેગાર ઠરાવી એક વર્ષ સખત મજુરીની સજા કરવી જોઇએ. રાણી વિ૦ બેશોરબેવા, ૧૮ વિ. રી. ૨૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૭૨).

૮ વ્યથા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૨૪—પીનલકોડની કલમ ૩૨૪ ના અર્થાન્વય ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે મોહોત થવાનો સંભવ બને તેવી હથીઆર વાપરવાની રીત હોવી જોઇએ તે કાંઈ જરૂરનું નથી. પ્રો. તા૦ ૫ મી નવંબર સને ૧૮૭૨; ૭ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૧૧.

૯ વ્યથા—અવિચારી અને ભુલ ભરેલા કૃત્યથી મોહોત કરવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૦૪ અ, ૩૨૩—કોઈ માણસે મોહોત કરવાના અને મોહોતનો સંભવ બને તેવી શરીરને ઈજા કરવાના અથવા તેના કૃત્યથી મોહોત થવાનો સંભવ બનશે એવું તે જાણતો હતો અથવા તેના કૃત્યથી મહાવ્યથાનો સંભવ બનશે એવો ઇરાદો કર્યા શીવાય ફક્ત વ્યથા કરવાના ઈરાદાથી બીજા માણસને ઈંટ મારી અને તે ઈંટ તેની બરોળની આસપાસ વાગવાથી તેની અંદર દરદ હોવાથી તે ફાટી જઈ તેનું મોહોત થયું. એમ ઠરાવવામાં આવ્યું કે થએલો ગુન્હો અવિચારી અને ભુલ ભરેલા કૃત્યથી થએલા મોહોતનો ગુન્હો ગણાતો નથી પણ બુદ્ધિપૂર્વક વ્યથા કરવાનો ગુન્હો ગણાય છે. રાણી વિ૦ શઘીરસીંઘ, ઈં૦ લો૦ રી૦ ૩ અ૦ ૫૫૭.

[મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૭ મી માર્ચ સને ૧૮૮૧].

નીદારમરતી નગભુશનામ કેદીના કેસમાં મંજુર રાખવામાં આવે છે, ૭ મ૦ હા૦ કો૦ રી૦ ૧૧૯. જુઓ ખુન ૮૪.

૧૦ વ્યથા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૨૩, ૩૫૨—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ. ૨૧૦—સાપ્રાધ બળ—ફરીઆદીએ કામની તકરારમાં એવું બતાવ્યું કે તેને પકડી પગ હાથ બાંધીને જમીન સરસો ફેંકી દીધો અને તમાચો માર્યો અને અંગુઠો ભાગી નાંખ્યો અને ત્રણ માણસો છાતી ઉપર ચડી બેસી તેમાંના એકે બીજાને કાપ મુકવાની આજ્ઞા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે ફરીઆદીએ વ્યથાનો કેસ બતાવી આપ્યો અને તેથી કરીને સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૦ મુજબ ફરીઆદીને પોતાની ફરીઆદ પાછી ખેંચી લેવાની માજીસ્ટ્રેટે પરવાનગી આપવી તે વ્યાજબી ગણાતું નથી. સમબસીવના વિ૦ ભોગાપા, ઈં૦ લો૦ રી૦ ૫ મ૦ ૩૭૮.

(મેસર્સ મુતુસ્વામી આયર અને ટારંટ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી અને ૫ મી અગષ્ટ સને ૧૮૮૨.

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૦.
,, તોહોમત ૯.
,, કમીટ કરવું તે ૪૬.
,, કમપન સેસન ૧૩.
,, સમાધાન ગુન્હાઓનું.
,, ડાકાઈટી.
,, છુટકો ૨૪.
,, બમણો દોષવાન.

જુઓ ભુલ ૩.
,, નજીવી ફરીઆદ ૨.
,, ખુન ૭૮, ૧૦૩, ૧૦૪.
,, ગુન્હાઓ ઘણા ગુન્હાઓનો મળી થયેલા.
,, હંગામો ૪, ૯.
,, સજા ૧૬.
,, જુદા તોહોમતો.
,, કેટલાક ગુન્હાઓ ૩, ૮.
,, ચોરી ૨૭.
,, દેશનિકાલ.

વાપર વેરો—

૧ વાપર વેરો—સાર્વજનીક રસ્તા ઉપર કાયદા વિરૂદ્ધ કર નાંખેલો તે-સને ૧૮૫૧ નો ૮ મો—સને ૧૮૫૧ ના આકટ ૮ ની કલમ ૬ મુજબ સાર્વજનીક રસ્તા ઉપર કાયદા વિરૂદ્ધ વાપર વેરો એકઠો કરવાને માટે વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવાને ઉપલા આકટની કલમ ૨ ના અર્થ મુજબ તે રસ્તો સાર્વજનીક રસ્તો હોવો જોઈએ. નોરેનદ્રો નારાયણસીંઘ અને બીજો અરજદારો, ૬ વિ૦ રી૦ ૪૮.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જુલાઈ સને ૧૮૬૬).

૨ વાપર વેરો—ચઢી ગએલું ભાડુ—કાયદા વિરૂદ્ધ પકડવું તે—વાપર વેરાના ખેડુત કોઇ અ નામના માણસે સરકારી ભાડુ ચઢાવી દીધું હતું. માજીસ્ટ્રેટે તેના ઉપર સમન કાઢી એમ જણાવ્યું કે તેના ઉપર ચઢી ગએલા ભાડાની રકમના રૂ૨૬૨) નહી આપવાના ગુન્હાને માટે ફરીઆદ કરવામાં આવી છે અને તેનો જવાબ આપવાને માટે તેણે માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થવું જોઈએ. ઠરાવેલા દીવસે અ હાજર થયો નોહોતો પણ કેટલાક કારણો બતાવી ભાડાની માગણી મોકુફ રાખવાને અરજી કરી હતી. બીજે દીવસે માજીસ્ટ્રેટે નીચે મુજબ હુકમ કર્યો "દેણદાર પ્રતીવાદી જાતે હાજર નહી થવાથી સમનનું અપમાન થયું ગણાય છે તેથી હુકમ કરવામાં આવે છે કે તેને પકડવાનું વારંટ કાઢવું જોઈએ." વારંટ કાઢયા પછી તેની સામે કામ ચલાવવામાં આવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટે ચલાવેલા સઘળા મુકરદમાઓ ગેરશિરસ્તે ચાલેલા હતા તેથી રદ કરવા જોઈએ. બંકાબીહારી ઘોસ, ૨ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૧૭.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જાનેવારી સને ૧૮૬૯).

વારંટ—

જુઓ નાસી જનાર ગુનેહેગાર ૧.
,, પકડવું તે ૨.
,, પકડવું વારંટ શીવાયનું
,, ફરીઆદ ૨૪.
,, અપમાન કોર્ટના હુકમનું ૧૨.
,, માંડીવાળવું ફરીઆદનું ૮.
,, તોડવો સરકારી નોકરનો હુકમ ૯, ૧૬.
,, સરકારી નોકર ૧૦.
,, ઝડતી વારંટ શીવાયની.
,, શાહેદીઓને હાજર રાખવાનું. જુઓ શાહેદી ૧.

વારંટનો મુકરદમો—

૧ વારંટનો મુકરદમો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૫—૭ માસ કરતાં ઉપરાંત સજા થઈ શકે તેવો ગુનેહો—જે ગુન્હાઓને માટે ૭ માસ કરતાં ઉપરાંત સજા પીનલકોડ મુજબ થઇ શકે તેવા ગુન્હાઓની રજુઆત ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ મુજબ ચલાવી શકાતી નથી અને તેથી કરીને તે કોડની કલમ ૨૭૧ માં તે ગુન્હાઓ આવી જતા નથી. નનામો કેસ. ૪ બેં. લો. રી. ફુ. બેં. ૫૧.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, બેલી, કેમ્પ, મેકફરસ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી સપટંબર સને ૧૮૬૯.)

સરકાર વિ૦ ચંદરકુમારસેનનો કેસ ૨૬ થઈ જાય છે, ૫ વિ૦ રી૦ ૪. જુઓ ગેર વ્યાજબી બક્ષીસ ૬.

૨ વારંટનો મુકરદમો–ફરીઆદી–તોહોમતદાર–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૯૨–વારંટના મુકરદમામાં તોહોમતદારની ગેર હાજરીમાં ફરીઆદી તરફના કેટલાક સાહેદીઓ અને ફરીઆદીની જુબાનીઓ ડેપ્યુટી માજીસ્ટ્રેટે લીધી હોય તો તે ગીરશીરસ્તો ગણાતો નથી. તોહોમત ફરમાવ્યા પછી તોહોમતદાર જે કાંઈ હક માગી શકે તે એ છે કે ફરીઆદી અને તેના જે શાહેદીઓની પોતાની રૂબરૂ જુબાનીઓ લેવામાં આવી હોય તે શાહેદીઓને ઉલટસુલટ તપાસને માટે પાછા બોલાવી શકે છે. વારંટના મુકરદમામાં રજુઆત ચાલવાની દરમીયાન ગમે તે વખતે કોઈપણ પક્ષકારનો પુરાવો સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૧૯૨ લાગુ પાડીને કામના પુરાવામાં દાખલ કરવો તે તદન માજીસ્ટ્રેટની મરજી ઉપર છે; પણ આ કલમમાં બતાવ્યા પ્રમાણે મરજી મુજબ અધીકારનો અમલ કરી ફરીઆદીના શાહેદીઓને તોહોમતદારના કેસની અંદર દરમીઆન થવા દેવાને માટે પુષ્ટ કારણ મળી આવવું જોઇએ રાણી વિ૦ કાસીસીંધ, ૨૧ વિ રી ૬૧.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી માર્ચ સને ૧૮૭૪.)

જુઓ છુટકો ૬, ૨૨, ૨૩, ૩૮.

,, લોકોપકારક કૃત્ય ૫૦

,, તપાસ વારંટના મુકરદમાની ૧૫

વાહાણ—

વાહાણ—જોખમ ભરેલી રીતે ચલાવવું તે–તોહોમત–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૮૨, ૩૩૬–દરીયાને લાયક ના હોય તેવું વાહાણ ખલાસીઓએ ચલાવ્યાથી ભાડુ લેઈ બેસાડેલા ઉતારૂઓની જીંદગી જોખમમાં આવી પડી હોય તો તેઓને કલમ ૨૮૨ મુજબ ગુન્હેગાર ઠરાવવા જોઈએ પણ પીનલકોડની કલમ ૩૩૬ મુજબ તેઓને ગુન્હેગાર ઠરાવી શકાતા નથી. રાણી વિ૦ ખોડા જગતા, ૧ મું૦ હા૦ કો૦ રી૦ ૧૧૭.

(મેસર્સ ફોરમ્સ અને કાઉચ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૬૪)·

વિરૂદ્ધ શાહેદી—

વિરૂદ્ધ શાહેદી—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૧૪—માજીસ્ટ્રેટની રૂબરૂ કહેલી વાતથી જુદી વાત કોઈ શાહેદીએ સેસન કોર્ટમાં રજુઆત ચાલતી વખતે કહી હોય તો ફકત તેટલાજ કારણ ઉપરથી તે શાહેદી વિરૂદ્ધ છે એમ ગણાતુ નથી. આખી વાત ધ્યાનમાં લેઈ તેમાંના તફાવત ઉપરથી શાહેદીઓ આ પક્ષકારના વિરૂદ્ધ છે કે પેલા પક્ષકારના વિરૂદ્ધ છે એનું બરાબર રીતે અનુમાન કરવાનું નથી પણ શાહેદી એવો છે કે બીજા કોઈ ખાત્રી લાયક પુરાવાથી ટેકો મળ્યા શીવાય તેનું કહેવું માનવું જોઈએ નહીં એ બાબત વિષે અનુમાન કરવાનુંછે. રાણી વિ. કાલાચંદ સીરકાર, ઈ૦ લો૦ રી૦ ૧૬ ક. ૫૩.

(મેસર્સ વીલસન અને પોરટર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી એપ્રિલ સને ૧૮૮૯).

રાણી વિ૦ અમનઉલ્લાહના કેસને લાગુ પડે છે, ૨૧ વિ૦ રી૦ ૪૯. જુઓ પુરાવો ૩૯.

વિરૂદ્ધમાં અભિપ્રાય બંધાય તે—

વિરૂદ્ધમાં અભિપ્રાય બંધાય તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૬—કમીટીંગ માજીસ્ટ્રેટની રૂબરૂ તોહોમતદારે આપેલી જુબાની ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૬ મુજબ સહી લેવામાં ના આવી હોય અને તેથી કેસના ગુણદોષ વિષે જવાબ આપતી વખતે ગેરવ્યાજબી અસર ના થઈ હોય તો ઉપલી કલમના અર્થ મુજબ તેથી કરીને તેના વિરૂદ્ધ કાંઈ અભીપ્રાય બાંધી શકાતો નથી. સેસન કોર્ટમાં કેસ ચાલ

તી વખતે તેની જુબાની પુરાવામાં દાખલ કરવી જોઈએ નહીં એ વિષે વાંધો ઉઠાવવાની કેદીના વકીલને તક મળી હતી પણ તે મુજબ વાંધો નહીં ઉઠાવ્યાથી હાઇ કોર્ટે એમ ઠરાવ્યું કે તેના વિરૂદ્ધ અભિપ્રાય બંધાયો નથી. રાણી વિ૦ દેવા દયાળ, ૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૨૩૭

[મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૪].

જુઓ રાણી વિ૦ દયા આનંદ ૧૧ મું. હા૦ કો૦ રી૦ ૪૪. જુઓ કબુલાત ૫૯.

રાણી વિ૦ મુનશી શેખના કેસમાં નજર રાખવામાં આવી, ઈં૦ લો૦ રી૦ ૮ ક ૬૧૬. જુઓ કબુલાત ૭૨.

જુઓ કબુલાત ૧૧.

„ ભુલ.

વિશેષ કાયદો—

૧ વિશેષ કાયદો - સેસન જડજ—માજીસ્ટ્રેટ—સને ૧૮૬૨ નો ૫ મો કલમ ૨૯—કોઈ વિશેષ કાયદો સને ૧૮૬૨ ના ૫ માની કલમ ૨૯ અને પીનલકોડની કલમ ૪૦૯ એ બંને કલમો મુજબ સેસન જડજની રૂબરૂ તોહોમતદાર ઉપર તોહોમત રાખી તેને પાછળની કલમ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યુ હતું કે પેહેલાના વિશેષ કાયદા મુજબ સેસન જડજ ગુન્હેગાર ઠરાવી શકે નહી' કારણ કે તે કાયદા મુજબ ગુન્હેગાર ઠરાવવાનો ફક્ત માજીસ્ટ્રેટ એકલાને અધીકાર છે. ભુબનસીંધ કેદી, ૯ વિ૦ રી૦ ૩૬.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી માર્ચ સને ૧૮૬૮).

૨ વિશેષ કાયદો—સજા—દંડ—ફ્રસ્ટ ક્લાસ માજીસ્ટ્રેટના તાબાનો માજીસ્ટ્રેટ—કોઇ વિશેષ કાયદામાં બતાવેલો ગુન્હો જેને માટે ૭ માસની કેદ અથવા ફક્ત દંડની સજા કરવામાં આવી હોય તેવા ગુન્હાની રજુઆત ચલાવવાનો ફ્રસ્ટ ક્લાસ માજીસ્ટ્રેટના તાબાના માજીસ્ટ્રેટનો અધીકાર છે. આવી જાતના કેસને પીનલકોડની કલમ ૬૭ લાગુ પડે છે પણ કલમ ૬૫ લાગુ પડતી નથી. ચંદરપ્રસાદસીંધનું રેફરન્સ, ૧૦ વિ. રી. ૩૦.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૬૮).

૩ વિશેષ કાયદો—પીનલકોડ મુજબ ગુન્હો નહી થએલો તે—વિશ્વાસઘાત—સને ૧૮૫૦ નો આકટ ૧૩ મો—પીનલકોડમાં કોઈ ગુન્હાને માટે સજા બતાવવામાં ના આવી હોય અને બીજો કોઈ કાયદો (જેવો કે વિશ્વાસઘાતનો સને ૧૮૫૦નો ૧૩ મો) કે જેમાં તેને માટે સજા બતાવવામાં આવી હોય તો તે ગુન્હો કરનાર માણસની રજુઆત ઉપર બતાવેલા કાયદા મુજબ થઈ શકે છે. મેસર્સ વોટસન અને કો. અરજદારો વિ૦ બાયકંતનાથદાસ, ૧૪ વિ૦ રી૦ ૮૦.

(મેસર્સ બેલી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ડીસંબર સને ૧૮૭૦).

જુઓ શિક્ષા ૧૨.

„ જકાત ૩૬.

„ લોકોપકારક કૃત્ય ૧૦.

વેરો—

છેવટનો. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૨૨, ૨૩.

લેવાની નોટીસ. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૩.

વેહેપારી ખલાસી—

૧ વેહેપારી ખલાસી—સને ૧૮૫૯ નો આકટ ૧ લો કલમ ૩-સને ૧૮૫૯ ના આકટ ૧ લાની કલમ ૩ વેહેપારી ખલાસીઓએ આપેલી જુબાનીઓને લાગુ પડે છે. રાણી વિ. રામકોમલ મીતર, ૧ હાઇડસ રીપોર્ટ ૧૯૫.

[મી૦ નોરમન જડજની રૂબરૂ, સને ૧૮૬૨—૬૩.

૨ વેહેપારી ખલાસી—સને ૧૮૫૯ નો આકટ ૧ લો કલમ ૮૩—૧૭ અને ૧૮

વિકટોરીઆ ચેપટર ૧૦૪ કલમ ૨૪૩ કલોઝ ૧ અને ૨ તથા કલમ ૨૮૮—વાહાણના વેહેપારીને સને ૧૮૫૪ નો આકટ, (૪૩ અને ૪૪ વિકટોરીઆ ચેપટર ૧૬) કલમ ૧૦—વેહેપારી ખલાસીના મુસારા બાબતનો સને ૧૮૮૦ નો આકટ—છોડી દેવાને માટે કેદ—૧૭ અને ૧૮ વિકટોરીઆ ચેપટર ૧૦૪ ની કલમ ૨૪૩ ના કલોઝ ૧ અને ૨ નો સુધારો ૪૩ અને ૪૪ વિકટોરીઆ ચેપટર ૧૬ ની કલમ ૧૦ થી થયેલો છે તેથી સને ૧૮૫૯ ના આકટ ૧ લાની કલમ ૮૩ ના કલોઝ ૧ અને ૨ મુજબ થયેલા ગુન્હાઓને માટે કલકતાના ખલાસીઓને કેદ થઈ શકે છે તેને કાંઇ અસર થતી નથી. બુસ વિ० કોનીન, ઈ. લો. રી. ૧૨ ક. ૪૩૮.

(મેસર્સ કનીંગહામ અને ઘોસ જડજોની રૂબરૂ, તા० ૭ મી જાનેવારી સને ૧૮૬૬.)

વેહેપારી વાહાણનો આકટ—

વેહેપારીના વાહાણનો આકટ—૧૭ અને ૧૮ વિકટોરીઆ ચેપટર ૧૦૪ કલમ ૨૪૩—સને ૧૮૫૪ નો વેહેપારીના વાહાણનો આકટ (૧૭ અને ૧૮ વિકટોરીઆ ચેપટર ૧૦૪ કલમ ૨૪૩) ઇંગ્રેજી હીંદુસ્તાનને લાગુ પડતો નથી. જાણી બુજીને વારંવાર ખલાસીઓના કાયદેસર હુકમો તોડવાના કેસોને સને ૧૮૫૯ ના આકટ ૧ લાની કલમ ૮૩ ને કલોઝ ૫ મો લાગુ પડે છે. રીઅરડન વિ. વીલીઅમ જોનની બાબત, ૮ મ० હા० કો० રી० ૮૫.

(મેસર્સ ઈન્સ અને ફેરબસ જડજોની રૂબરૂ, તા० ૩ અગષ્ટ સને ૧૮૭૫).

વેચાણ ચોરીની મિલકતનું—

૧ વેચાણ ચોરીની મીલકતનું—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૧૭—ગાય ચોરી જવી તે—ચોરી કરતી વખતે હૈયાતીમાં ના હોય તેવી ગાય વેચવી તે—ચોરીને માટે માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવેલો તે—ર નામના માણસની ગાય ચોરાઆ પછી ચોરને દોઢ વર્ષ પછી ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ચોરી થયાને ૭ માસ થઈ ગયા પછી ન નામના એક અજાણ્યા માણસે તે ગાય ખરીદ કરી અને તે ગાય જે વખતે તેના કબજામાં હતી તે વખતે તેને એક વાછરડુ થયું હતું. માજીસ્ટ્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૭ મુજબ એવો હુકમ કર્યો કે ગાય અને વાછરડુ બંને ન એ ર ને સોંપવું જોઈએ. એમ ઠરાવવામાં આવ્યું કે ચોરી થતી વખતે વાછરડાનો કાચો ગર્ભ પણ નહી રહેલો હોવાથી તે સોંપવાનો હુકમ કાયદા વિરૂદ્ધ હતો. વરનેડીની બાબત, ઈ० લો० રી० ૧૦ મ. ૨૫.

(મેસર્સ જસ્ટીસ કરનાન અને પારકર જડજોની રૂબરૂ, તા० ૨૩ મી સપટંબર સને ૧૮૮૬).

વેચાણ ખાનગી દુકાનોમાં ફળોનું—

વેચાણ ખાનગી દુકાનોમાં ફળોનું—સને ૧૮૭૩ નો આકટ ૬ ઠો મ્યુનીસીપાલ આકટ કલમ ૬૬—આવી રીતનું વેચાણ અટકાવવાનો મ્યુનીસીપાલેટીનો અધીકાર—બજારની વાખ્યા—અમદાવાદ શેહેરની મ્યુનીસીપાલેટીએ એવું ઝાહેરનામું કાઢયું કે મ્યુનીસીપાલ બજારના છસો યાર્ડની અંદર કોઈપણ માણસે પરવાનો લીધા શિવાય શાકભાજી અને ફળો વેચવાની દુકાન ઉઘાડવી અથવા માંડવી જોઈએ નહીં અને જે કોઈ માણસ આ ઝાહેરનામાની સરત મુજબ ચાલશે નહીં તેને માટે કાયદેસર ઈલાજ કરવામાં આવશે. તોહોમતદારે એક ઘર ભાડે લેઈ મ્યુનીસીપાલેટીનો પરવાનો લીધા શિવાય મ્યુનીસીપાલ બજારથી છસો યાર્ડની અંદર ફળો વેચવાની દુકાન માંડી. બીજા વર્ગના માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવી દરેક તોહોમતદારનો પાંચ રૂપીઆ દંડ કર્યો. રાજા પબાખોજીના કેસ ઉપર આધાર રાખી ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે ગુન્હો અને સજા ફેરવી નાંખી. એમ ઠરાવવામાં આવ્યું કે મુંબાઇના સને ૧૮૭૩ ના આકટ ૬ ની કલમ ૬૬ મુ

જબ બજાર તરીકે પરવાનો આપેલી મ્યુનીસીપાલેટીની દુકાનો શિવાય બીજી કોઈ જગાનો બજાર તરીકે કોઈપણ માણસ ઉપયોગ કરી શકે નહીં એવો હુકમ કાઢવાનો મ્યુનીસીપાલેટીને અધીકાર હતો; પણ બીજી જગાએ બજાર તરીકે નહીં વેચતાં બીજી કોઈ રીતે ફળો વેચતાં અટકાવવાનું ઝાહેરનામું કાઢવાનો તેઓનો અધીકાર નોહોતો. વળી તોહોમતદારે સાધરણ અર્થ મુજબ "શાકભાજી" નહીં વેચતાં ફકત એકલાં ફળો વેચવાની દુકાન માંડેલી હોવાથી ઉપલા આકટની કલમ ૬૬ માં કરેલી મનાઈથી તેને કાંઇપણ અસર થતી નથી. મ્યુનીસીપાલીટીએ કરેલી મનાઇથી દુકાનોમાં માલ વેચવાના લોકોના ખાનગી હકોને અસર થતી હોય તો મુંબાઈના સને ૧૮૭૩ ના ડીસ્ત્રીકટ મ્યુનીસીપાલ આકટ મુજબ આપેલા અધીકારથી તે ઉપરાંત ગણાય છે. તોહોમતદારે પોતાનો માલ વેચવાને દુકાન વાપરી હોય તો તે મુંબાઈના સને ૧૮૭૩ ના આકટ ૬ ઠાની કલમ ૬૬ ના અર્થ મુજબ "બજાર" ગણાતું નથી. લંડનનો મેયર વિરૂદ્ધ લો [૪૯ લો. જસ્ટીસ. કવીન. બેન્ચ ૧૪૪]; અને મેનચેસ્ટર વિ૦ લાયન્સ (લો. રી. ચેનસેલર. ડીવીઝન ૨૮૭) ના કેસો નો આધાર લેવામાં આવ્યો. રાજા પબાબોજીના કેસનો અર્થ કરી બતાવવામાં આવ્યો. રાણી વિ૦ મગન હરજીવન અને બીજો, ઈં૦ લો૦ રી૦ ૧૧ મું. ૧૦૬.

(મેસર્સ વેસ્ટ અને નહાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૮૬).

વૈદક સંબંધી પુરાવો—

૧ વૈદક સંબંધી પુરાવો—દફતર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬૮—ઉપરીએ મંજુર રાખેલી એવી કોઇ તાબાના દાકતરે કરેલા રીપોર્ટની મતલબ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૮ મુજબ પુરાવામાં લેઈ શકાતી નથી. માજીસ્ત્રેટની રૂબરૂ ખુન થએલા માણસે આપેલી જુબાની અને વૈદક સંબંધી જુબાની સેસન કોર્ટના દફતરની જોડે સામેલ રાખવી જોઈએ. ચીનતામનીની અરજદાર, ૧૧ વિ. રી. ૨.

[મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯].

૨ વૈદક સંબંધી પુરાવો—સંતોષપૂર્વક નહી તે—વૈદક સંબંધી તપાસ સંતોષપૂર્વક નહી થએલી તેવો કેસ. રાણી વિ૦ મીજાન રોહીમાન વિગેરે, ૧૧ વિ૦ રી૦ ૮.

[મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯]

૩ વૈદક સંબંધી પુરાવો—શિક્ષણીય મનુષ્યવધ—મહાવ્યથા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭—જે કેસમાં તોહોમતદારે કોઇ સ્ત્રીને માર મારીને તેણીનું મ્હોત કરેલું તે કેસમાં જે દાકતરે મુઆ પછી તપાસ કરેલી તેણે એમ ધાર્યું કે બરોળની ગાંઠ ફાટી જવાથી મ્હોત થયુંછે અને સીવીલ સરજને એમ બતાવ્યું કે મ્હોત થવાના કારણ વિષે કાંઈ મત બાંધી શકાતો નથી. ડેપ્યુટી માજીસ્ત્રેટે તોહોમતદારને મહાવ્યથાને માટે ગુન્હેગાર ઠરાવી છ માસની સખત મજુરી સાથે કેદની સજા કરવાથી માજીસ્ત્રેટે એમ ધાર્યું કે તોહોમતદાર ઉપર શિક્ષણીય મનુષ્યવધનું તોહોમત રાખી તેને સેસન કોર્ટમાં કમીટ કરવો જોઈતો હતો, પણ તેણે હાઇ કોર્ટને એવી ભલામણ કરી કે જે ગુન્હાને માટે સજા કરવામાં આવી છે તે ગુન્હાને માટે યોગ્ય સજા ગણાય તેવી રીતે સજા વધારવી જોઈએ. એમ ઠરાવવામાં આવ્યું કે બતાવેલી રીત પ્રમાણે કેસનું નિરાકરણ હાઈ કોર્ટ કરી શકતી નથી; પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ ડેપ્યુટી માજીસ્ત્રેટે ઠરાવેલો ગુન્હો કોર્ટે રદ કરી એવો હુકમ કર્યો કે શિક્ષણીય મનુષ્યવધ અને મહાવ્યથાના તોહોમતો રાખી

તોહોમતદારને સેસન કમીટ કરવો જોઈએ. રાણી વિ૦ હરીશપાલ, ૨૦ વિ૦ રી૦ ૬૩.

(મેસર્સ જેકશન અને ગીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી સપટંબર સને ૧૮૭૩).

૪ વૈદક સબંધી પુરાવો—તોહોમતદારને તરજુમો કરી સમજાવવું તે—સીવીલ સરજનની જુબાની-ઈંગ્રેજીમાં આપેલી સીવીલ સરજનની જુબાનીનો તરજુમો કરી તોહોમતદારને સમજાવવામાં આવ્યો નોહોતો એ બાબત જો તે જુબાની કેદીના વકીલે સમજીને સાહેદીઓને જરૂરીઆત સવાલો પુછ્યા હોય તો, કાંઈ અગત્યની ગણાતી નથી. રાણી વિ. ભુબન મોહનડી, ૨૪ વિ. રી. ૫૦.

(મેસર્સ માર્કબાય અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી અગષ્ટ સને ૧૮૭૫.)

૫ વૈદક સબંધી પુરાવો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૧૯, ૩૨૩—પોલીસ તજવીજ ચાલતી વખતે સાહેદીઓએ આપેલી જુબાનીઓ—વૈદક સબંધી સાહેદીએ આપેલી જુબાની—અનુભવી માણસોએ કેવી રીતે મત ખોળી કાઢેલા તે—માજીસ્ત્રેટની રૂબરૂ તપાસાએલા વૈદક સબંધી સાહેદીઓને સેસન કોર્ટમાં તપાસવા તે—મ્હોત થયા પછી તપાસીને રીપોર્ટો કરેલા તે—કોઈ પોલીસ અમલદારે કેસની તજવીજ કરતી વખતે જે માણસોની જુબાનીઓ લખી લીધી હોય તે જુબાનીઓ પોતે જુબાની આપતી વખતે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૧૧૯ મુજબ પોતાની યાદદાસ્ત તાજી કરવાને માટે જોઈ શકે છે, પણ તે જુબાનીઓ પુરાવા તરીકે કામમાં લેઈ શકાતી નથી, અને માજીસ્ત્રેટની રૂબરૂ સાહેદીઓએ આપેલી જુબાનીઓ અને પ્રથમ આપેલી જુબાનીઓની વચે તફાવત બતાવવાને માટે આવી રીતના દસ્તાવેજો જડજે જ્યુરીની રૂબરૂ વાંચવા જોઈએ નહી. માણસના મ્હોત વિષે તજવીજ ચાલતી હોય તે માણસનું મુડદુ તપાસી મ્હોત થયા પછી જે દાકતરે તજવીજ કરેલી તે દાકતરની જુબાની પ્રથમ કઈ જાતનું નુકશાન થયેલું તેણે જોયું તે, અને બીજુ શી રીતે ઈજા થઈ હતી તે વિષેની કીસબી માણસની જુબાની તરીકે, અને મ્હોત થવાનું શું કારણ હતું તે સાબીત કરવાને, કામના પુરાવામાં દાખલ કરી શકાય છે. આવી રીતે આપેલી જુબાનીમાંથી સત્ય ખોળી કાઢવાને માટે યોગ્ય રસ્તો એ છે કે બીજા સાહેદીઓએ પોતાની જુબાનીમાં જે બાબતો સાબીત કરવાને યત્ન કર્યો હોય તો બાબતો અનુમાનાશ્રયરૂપ તરીકે બીજા સાંહેદી અગાડી મુકી તે વિષેનો તેનો મત પુછવો જોઈએ. જે દાકતરની જુબાની માજીસ્ત્રેટની રૂબરૂ લેવામાં આવી હોય તે દાકતરને બોલાવી તેની જુબાની ફરીથી લેવાને સેસન જડજને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૩ મુજબ કાંઈ બાધ આવતો નથી, અને માજીસ્ત્રેટની રૂબરૂ લેવાએલી જુબાની અપુર્ણ અને તેમાં કેટલાક સમજુતીની જરૂર છે એવુ જે કેસમાં માલમ પડે તેવા દરેક કેસમા સાહેદીને બોલાવી સેસન જડજે તેની જુબાની લેવી જોઈએ. કોઈ દાકતર જુબાની આપતી વખતે મ્હોત્ત થયા પછી પોતે કરેલો રીપોર્ટ પોતાની યાદદાસ્ત તાજી કરવાને માટે જોઈ શકે છે પણ તે રીપોર્ટ પુરાવા તરીકે કામમાં દાખલ થઈ શકતો નથી અને તેમાંથી કાંઈ પણ હકીકત લેઈ શકાતી નથી. રાણી વિ૦ શેકુનીસાંધ, ઈ૦.લો૦ રી૦ ૯ ક. ૪૫૫.

(મેસર્સ ગીતર અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ સપટંબર સને ૧૮૮૨.)

વૈદક સબંધી અમલદાર (દાકતર)—
જુઓ મહાવ્યથા ૧૩.

વૈદક સંબંધી સાહેદીઓ (દાકતરો)—
જુઓ જુઠો પુરાવો ૩૯.
„ ગાંડો ૧૩.

શ.

શરીયામ ધોરી રસ્તાઓ—
બંધ કરવા તે. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૨૧.

શિક્ષણીય મનુષ્યવધ ખુનથી ઉતરતા દરજ્જાનું—
જુઓ નીચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૩૫, ૪૨.
,, ખુન.

શિક્ષણીય મનુષ્યવધનો ખુન થએલું તે—
જુઓ ગાંડો ૭ ૧૩.
,, ખુન.

શિક્ષા [ગુન્હેગાર ઠરાવી કરેલી તે]—

૧ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—કપટથી પોષ્ટનો કાગળ છુપાવવો તે—સને ૧૮૫૦ નો ૧૭ મો પોષ્ટ આફીસ કલમ ૫૦—ટપાલનો કાગળ કપટથી છુપાવવાનું તોહોમત રાખી કોઈ કેદીને સને ૧૮૫૦ ના આકટ ૧૭ ની કલમ ૫૦ મુજબ ગુન્હેગાર ઠરાવી સજા કરેલી, તેના ઉપર અપીલ થવાથી ગુન્હો અને સજા બાહાલ રાખવામાં આવ્યાં હતાં, એ કામમાં એમ ઠરાવવામાં આવ્યું કે બંને કૃત્યોનો એક બીજા સાથે સંબંધ હોવાથી અને તે એકજ ફોજદારી કૃત્યનો ખરેખરી રીતે ભાગ હોવાથી કપટથી તેજ કાગળ તેજ પ્રસંગે ઉડાવવાને માટે તેજ કલમ મુજબ તેને પછીથી ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિ૦ દલપાથીરો, ૧ મ૦ હા૦ કો૦ રી૦ ૮૩.

[મેસર્સ સ્કોટલંડ ચીફ જસ્ટીસ અને ફ્રેરી જડજોની રૂબરૂ, તા૦ ૧ લી ડીસંબર સને ૧૮૬૨].

૨ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—સેસન કોર્ટે સજા અને ગુન્હો રદ કરેલો તે—હાઈ કોર્ટના અભીપ્રાય માટે કેસો મોકલેલા તે—સેસન કોર્ટના તાબાની કોર્ટે તેનાથી ૨જુઆત ચલાવી શકાય નહીં તેવા ગુન્હાને માટે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવ્યો હોય તોજ તે કોર્ટ સજા અને ગુન્હો રદ કરી શકે છે. તાબાની કોર્ટના અખતીયાર શિવાયના કોઇ ગુન્હાને માટે કેદી અપરાધી ઠરયો હોય તો સેસન કોર્ટે હાઈ કોર્ટનો અભિપ્રાય લખી પુછવો જોઇએ. રાણી વિ૦ ઇચબર ડોબી વિગરે, ૪ વિ૦ રી૦ ૧૧.

[મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી સપટબર સને ૧૮૬૫].

રાણી વિ૦ રામચરન કેરીના કેસ ઉપર નજર રાખવામાં આવી, એં૦ લો૦ રી૦ વો૦ ૪૮૮. જુઓ જુદો ગુન્હો ૧.

૩ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—અપીલમાં ફેરવવાનો સેસન જડજનો અધીકાર—ફોજદારી ગુન્હો નહી બનેલો તેવી બાબતમાં ડેપ્યુટી માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવેલો તે—કોઈ કેસમાં ડેપ્યુટી માજીસ્ટ્રેટે કેદીને ગુન્હેગાર ઠરાવ્યો હોય અને તે ઉપર અપીલ થવાથી સેસન જડજને એમ લાગે કે તેના ઉપર ફોજદારી ગુન્હો સાબીત કરવાને કામમાં જોઇએ તેવો પુરાવો નથી તો તે ગુન્હો ફેરવવાને સેસન જડજને પુરેપુરો અધીકાર છે. પચાનન બીસ્વાસ વિગેરે, ૫ વિ. રી. ૫૬.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૬૬.)

૪ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—હાઈ કોર્ટની હકુમત—બીજા કેસમાંથી મળી આવેલા બીજી જાતના પુરાવા ઉપરથી અપરાધ ફેરવવો તે—**અ** નામના માણસે તોહોમત રાખવાથી કેદીને કોર્ટે સાપ્રાધ ધમકીને માટે ગુન્હેગાર ઠરાવ્યો હતો અને તે ગુન્હો જ્યુડીશીયલ કમીશનરે અપીલમાં મંજુર રાખ્યો હતો; પણ **બ** નામના માણસે તેજ દીવશે હુમલો અને અપહરણ કર્યાનું તેના ઉપર તોહોમત રાખવાથી બીજી કોર્ટે તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયો હતો. તે કોર્ટે જ્યુડીશીયલ કમીશનરને એમ બતાવ્યું કે **બ** ના કેસમાં સાબીત થયેલી હકીકત ઉપરથી મજબુત રીતે એવું અનુમાન થાય છે કે

અ નો કેસ જુદો છે; અને તે ઉપરથી જ્યુડીશીઅલ કમીશનરે અ ના કેસમાં કેદીનો અપરાધ ઠરાવેલો, તે પુરાવા ઉપરથી નહી પણ બ ના કેસમાં મળી આવેલા બીજી જાતના પુરાવા ઉપરથી રદ કરવાની સુચના આપી. એમ ઠરાવવામાં આવ્યું કે આ બાબતમાં હાઈ કોર્ટને અધીકાર નથી પણ જ્યુડીશીયલ કમીશનરે પોતે બતાવેલાં કારણો લખી માફીને માટે સરકારને અરજ કરવી જોઈએ. નસરઅલી વિરૂદ્ધ ૭. હાર્ટ, ૬ વિ. રી. ૪૨.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૬૬).

૫ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—વધુ પુરાવો શોધી કાઢવો તે—રીવાજ—કોઈ કેદીને રીતસર ફોજદારી ગુહાને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય અને પછીથી નવો પુરાવો માલમ પડે જે રજુઆત વખતે મળી આવ્યો હોત તો તે નિર્દોષ ઠરી છુટી ગયો હોત એવું સેસન જડજ ધારતો હોય તેવા કેસમાં સુલભ રસ્તો એ છે કે યોગ્ય અધીકારીને માફી આપવાને માટે અરજ કરવી જોઈએ પણ કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ નહી. રાણી વિરૂદ્ધ હાર્ટ, ૧ ઈન્ડ. જ્યુરી. ઉ. દ. ૩૮૩.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૬૬).

૬ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—કાયદા વિરૂદ્ધ રદ કરવી તે—નિચેની કોર્ટે ઠરાવેલો ગુન્હો કાયદા વિરૂદ્ધ હોય તોપણ તે રદ કરવાનો તેને અધીકાર નથી. ગનાઉરીભુઈઆ અને બીજો, ૬ વિ. રી. ૭૦.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૫ મી સપટંબર સને ૧૮૬૬).

૭ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—કાયદા વિરૂદ્ધ રદ કરવી તે—કોઈ કેસમાં ફરીઆદી તરફનો પુરાવો લેવામાં નહી આવ્યાથી કેદીને કાયદા વિરૂદ્ધ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે એમ ઠરાવવામાં આવ્યું હતું. સમીરૂદીન વિગેરે, ૬ વિ. રી. ૫૨.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ડીસંબર સને ૧૮૬૬).

૮ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—કારણો—કેદી ગુન્હેગાર છે એ વિષેનો પુષ્કળ પુરાવો હોય પણ તેના કારણો બરોબર રીતે બતાવવામાં ના આવ્યાં હોય તો તેટલાંજ કારણ ઉપરથી ગુન્હો ફેરવવો જોઇએ નહી. રાણી વિ૦ પીઆરીશેર, ૮ વિ. રી. ૪૦.

(મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુલાઈ સને ૧૮૬૭).

૯ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—કેટલાક તોહોમતો રાખી ગુન્હેગાર ઠરાવવું તે—વધારામાં કરેલી સજા—સાપ્રાધ ધમકી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૫૦૬, ૫૦૭—કોઈ માણુસ ઉપર બે ભાગોનું તોહોમત રાખી તેને વાસ્તવીક રીતે એક ગુન્હાને માટે અપરાધી ઠરાવેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે સેસન જડજે તેને પીનલકોડની બે કલમો મુજબ ગુન્હેગાર ઠરાવ્યો, તે ઉપરથી થએલા ગુન્હાને માટે કાયદામાં જે સજા લખેલી છે તેના કરતાં બે વર્ષની સજા વધારામાં કરવી તે ગેરવાજબી ગણાય છે. રાણી વિરૂદ્ધ યોરા કારૂબેગ, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૩૨.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી સપટંબર સને ૧૮૬૭).

જુઓ રાણી વિરૂદ્ધ ગનુ લાડુ, ૨ મું૦ હા૦ કો૦ રી૦ ૧૨૬. જુઓ કેટલાક તોહોમતો.

૧૦ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—તાબાના માજીસ્ટ્રેટે રજુઆત નહી ચલાવેલો ગુન્હો—ગુન્હો રદ કરવાનો ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૨૭, ૪૩૪—કોઈ તાબાના માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવી કરેલી

સજા ઉપર અપીલ થવાથી ડીસ્ત્રીક્ટ માજીસ્ટ્રેટ એમ ધારે કે પુરવા ઉપરથી કેદી ઉપર જે ગુન્હો સાબીત થાય છે તેની રજુઆત માજીસ્ત્રેટથી થઈ શકે એવી નહી હોવાથી કાયદા વિરૂદ્ધ કૃત્ય થયું છે તો તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ હાઈ કોર્ટના અભીપ્રાય માટે કેસ મોકલવો જોઈએ; તે માજીસ્ત્રેટ પોતે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૭ મુજબ ગુન્હો રદ કરી યોગ્ય તો હોમત રાખી કેદીને સેસન કોર્ટમાં કમીટ કરી શકતો નથી. રાણી વિ૦ ચનવરયા બીન ચનબાસ્યા, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૬૫.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૬૮).

રાણી વિ. તુકારામ રઘોના કેસમાં કબુલ રાખવામાં આવ્યો, ૨ મું૦ હા૦ કો૦ રી૦ ૨૩૪. જુઓ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે ૧૩.

રાણી વિ. કાલાબીન હરીગામાના કેસમાં નજર રાખવામાં આવી, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૭૨. જુઓ અભીપ્રાય લખી પુછવો તે ૮.

૧૧ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—જો કે કોઈ ગુન્હો પીનલકોડની કલમ ૧૯૩ મુજબ થયો હોય તોપણ તે કોડની કલમ ૧૮૧ મુજબ ગુન્હેગાર ઠરાવવું કાયદેસર ગણાય છે. પણ કલમ ૧૮૧ જેમાં કેદની મુદત ઠરાવી નથી તે મુજબ સજા કરવી કાયદા વિરૂદ્ધ ગણાય છે. પ્રો. તા૦ ૪ નવંબર સને ૧૮૬૮; ૪ મ. હા૦ કો૦ રી૦ અપે૦ ૧૮.

૧૨ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—પીનલકોડ અને વિશેષ કાયદા મુજબ કાયદા વિરૂદ્ધ ઠરાવેલું તે—એકજ ગુન્હાને માટે પીનલકોડ અને વળી કોઇ ખાસ કાયદા મુજબ ગુન્હેગાર ઠરાવવું તે કાયદા વિરૂદ્ધ ગણાય છે. રાણી વિ. હુસનઅલી, ૫ વા. દી. પ્રાં ૪૯.

[મી૦ ટરનર જડજની રૂબરૂ, તા. ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૩].

૧૩ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—તાબાના માજીસ્ત્રેટથી તજવીજ થઈ ના શકે તેવો ગુન્હો—શિક્ષા રદ કરવાનો ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટનો અધીકાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૪, ૨૯૭—કોઈ તાબાના માજીસ્ત્રેટથી તજવીજ થઈ શકે તેવા ગુન્હાને માટે અપરાધી ઠરાવી કરેલી શિક્ષા ઉપર થયેલી અપીલમાં ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટ એમ ધારે કે કેસના પુરાવા ઉપરથી તાબાના માજીસ્ત્રેટથી તજવીજ થઈ શકે નહી તેવો ભારે ગુન્હો બન્યો છે, તેમાં એમ ઠરાવવામાં આવ્યુ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૪ મુજબ ગુન્હો અને શિક્ષા રદ કરવાનો ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટને અધીકાર નથી પણ તેણે હાઈ કોર્ટના હુકમને માટે તે બાબતનો રીપોર્ટ કરવો જોઈએ. રાણી વિ. તુકારામ રઘો, ૧૨ મું૦ હા૦ કો૦ રી૦ ૨૩૪.

(મેસર્સ કેમબોલ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુલાઈ સને ૧૮૭૫).

રાણી વિ. ચનવરયા બીન ચનબાસયાના કેસમાં કબુલ રાખવામાં આવ્યો, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૬૫. જુઓ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે ૧૦.

રાણી વિ. હીરામનસીંઘના કેસમાં તફાવત બતાવવામાં આવે છે.

૧૪ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—જડજ ના હોય તેવા માણસની રૂબરૂ હાજર થઇ ગુન્હેગાર ઠરાવેલો તે—ફરીથી તપાસ કરવાનો હુકમ નહી કરેલો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૪, ૪૬૪—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આક્ટ કલમ ૩૩—કામ ચલાવવાનો માજીસ્ત્રેટને અધીકાર નથી એમ ઠરાવી અપીલમાં સેસન જડજ, ગુન્હેગાર ઠરાવી કરેલી સજા રદ કરી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૪ મુજબ કેસ ફરી

થી ચલાવવાનો હુકમ ના કરે તો પછીથી તે હુકમ કરવાનો તેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૪ મુજબ બાદ આવતો ન થી. આવી રીતના કેસમાં શિક્ષા રદ કરવા નો હુકમ નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુક મની બરોબર ગણાતો નથી. કોઈ કેસમાં ખોટી પ્રતીજ્ઞાની ફરીઆદ માંડવાને માટે ૫ રવાનગી આપી હોય અને કેસની રજુઆત યોગ્ય અધીકારવાળી કોર્ટે ચલાવી ના હોય અને ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા અપીલમાં રદ કરવામાં આવી હોય તો જે અપેલેન્ટ કોર્ટે શિક્ષા રદ કરી હોય તે કોર્ટનો કાંઈ પણ હુ કમ મેળવ્યા સીવાય કેસમાં આપેલી મંજુરી ઉપરથી યોગ્ય અધીકારવાળી કોર્ટ કેદીની ફરીથી રજુઆત ચલાવી શકે છે. જે મા ણસ જડજ ના હોય તેની રૂબરૂ કોઇ સાહે દીએ જુબાની આપી હોય અને તે સાહેદી જીવતો ના હોય તો પુરાવાના આકટની કલમ ૩૩ મુજબ તેનો ઉપયોગ, યોગ્ય અધીકાર વાળી કોર્ટની રૂબરૂ ફરીથી રજુઆત ચાલ તી વખતે થઈ શકતો નથી. ह નામના મા ણુસે अ નામના માણુસ ઉપર વિશ્વાસઘાત નું તોહોમત મુકયું અને म નામના માણસે તેની મજબુતીમાં જુબાની આપી. अ ને નિ ર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યાથી ह ઉ પર જુઠી ફરીઆદ કરવાને માટે અને म ઉપર ખોટી પ્રતીજ્ઞાને માટે કામ ચલાવવા માં આવ્યું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે પ્રથમના કેસમાં શાહેદીઓએ આપેલી જુબાનીઓ ह ની વિરૂદ્ધ બીજા કેસમાં લેઈ શકાય છે પણ પુરાવાના આકટની કલમ ૩૩ મુજબ म ની વિરૂદ્ધ લેઈ શકાતી નથી; "સ વાલો" એ શબ્દોનો કલમ ૩૩ માં "સઘ ળા સવાલો" એવો અર્થ થાય છે અને તેથી કરીને જો કે બીજી વખતની રજુઆતમાં વધારાના મુદ્દાઓ આવી જતા હોય તોપણ બંને રજુઆતોના સાધારણ મુદ્દાઓ સબંધી પુરાવો ह ની વિરૂદ્ધ બીજી રજુઆતમાં વ્યાજબી રીતે દાખલ કરવામાં આવ્યો હતો. રામી રેદીની બાબત, ઈં૦ લો૦ રી૦ ૩ મ. ૪૮.

(મેસર્સ ઈન્સ અને મુતુસ્વામી આય ર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી મે સને ૧૮૮૧).

૧૫ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—માજીસ્ટ્રેટની રૂબરૂ લેવાએલા પુરાવાથી મજબુ તી ના મળે તેવા કોઈ જુદા ગુન્હાનું તોહો મત વધારી સેસન જડજે ગુન્હેગાર ઠરાવી. સજા કરેલી રદ કરવામાં આવેલી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૫૫, ૪૭૨, ૪૭૪—ખુન થયાની ખબ ર કાયદેસર રીતે આપવાને ह નામનો માણુ સ બંધાયેલો છતાં તે પ્રમાણે જાણી બુજીને ખબર નહી આપ્યાથી પીનલકોડની કલમ ૨૦૨ મુજબ તેના ઉપર તોહોમત રાખી સે સન કોર્ટની રજુઆતને માટે માજીસ્ટ્રેટે કમી ટ કર્યાથી રજુઆત ચાલતી વખતે જે ગુન્હાને માટે તેને કમીટ કરવામાં આવ્યો હતો તે ગુન્હો કર્યો છે એવું તેણે બતાવ્યુ. સરકારી વકીલની અરજ ઉપરથી સેસન જ ડજે, કેદી તરફથી સામી તકરાર ઉઠાવવામાં આવી તોપણ ખુન થયેલા માણુસનું મુડદુ દાટવામાં મદદ કર્યાનું તોહોમત રાખવામાં આવેલી क નામની સ્ત્રીને મદદ કરવાનું તો હોમત પીનલકોડની કલમો ૨૦૧ અને ૧૦૯ મુજબ વધાર્યું, અને ह નો તેને માટે જ વાબ માગી क નામની સ્ત્રીને માફી આપી તેણીની સાહેદી તરીકે જુબાની લેઈ બે વ ર્ષની સખત મજુરી સાથે ह ને સજા કરી એમ ઠરાવવામાં આવ્યું કે સેસન જડજે ह ઉપર રાખેલા તોહોમતની મજબુતીમાં મા જીસ્ટ્રેટની રૂબરૂ પુરાવો નહી હોવાથી સેસન જડજનું ચાલવું અધીકાર ઉપરાંત હતું. તે થી નવા વધારેલા તોહોમત ઉપર ગુન્હેગાર ઠરાવી કરેલી સજા કાયદા વિરૂદ્ધ ગણાય છે. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે સેસન જડજે ह ને क કરતાં વધારે ગુન્હેગાર ધાર વાથી રજુઆત બંધ કરી કેસનું ઉતર મા

જીસ્ટ્રેટ તરફ મોકલી ह ઉપર ભારે તોહોમત રાખવાનું કારણ છે કે નહી એ વિષેની તજવીજ કરવાની સુચના આપવી એ યોગ્ય રસ્તો હતો. માજીસ્ટ્રેટે તોહોમતદારને કમીટ કર્યા શીવાય કોઈપણ ગુન્હાની (ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૫૫, ૪૭૨ અને ૪૭૪ માં બતાવ્યા શીવાય) તજવીજ સેસન કોર્ટ કરી શકે નહી એવું ઠરાવવાની મતલબ, કેદીની પ્રથમ તજવીજ થયાથી તેના ઉપર રાખેલા ગુન્હાની હકીકતથી વાકેફ થવાની તેને તક મળે અને તેથી તે પોતાનો જવાબ આપવાને શક્તિવાન થાય, તે છે. રાણી વિ૦ એમ. કે. રામાવરમા રાજા, ઈ૦ લો૦ રી૦ ૩ મ. ૩૫૧.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને ઈન્સ જડજોની રૂબરૂ, તા૦ ૩ અગષ્ટ ૧૮૮૧).

રાણી વિ. આપાસુભન મંડરેના કેસમાં નજર રાખવામાં આવી. ઈ૦ લો૦ રી૦ ૮ મું૦ ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

૧૬ શિક્ષા ગુન્હેગાર ઠરાવી કરેલી તે—કારણોની હકીકત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૭, ૪૬૪—જે કેસો ઉપર અપીલ નથી તેવા કેસોમાં જો કે ઘણું કરીને માજીસ્ટ્રેટને પોતાના ઠરાવનાં કારણો લખવાની જરૂર નથી તોપણ ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરવામાં આવેલા કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૭ ના ક્લોઝ ह મુજબ રાખેલા રજીષ્ટરમાં ગુન્હેગાર ઠરાવવાનાં કારણોની ટુંકી હકીકત દાખલ કરવી જોઈએ; પણ કેટલીક હકીકત ઉપરથી એમ કરવામાં ના આવ્યું હોય તો પાછળથી તેનો ઈલાજ થઇ શકે છે. દોલતસીંઘની બાબત, ૬ ક૦ લો૦ રી૦ ૨૭૩.

[મેસર્સ જેકશન અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી માર્ચ ૧૮૮૦].

જુઓ અપરાધી ઠરાવી શિક્ષા કરવાના કારણો.
„ ૨૬ થઈ ગયેલો કાયદો.

શિક્ષાનો વધારો પેહેલાના અપરાધને લીધે—

શિક્ષાનો વધારો પેહેલાના અપરાધને લીધે—સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમો ૭૫, ૧૭૯, ૫૧૧—ગુન્હો કરવાનો પ્રયત્ન—પ્રથમ ગુન્હેગાર ઠરેલો તે—કોઈ માણુસ ચોરી (પીનલકોડના પ્રકરણ ૧૭ મુજબ સજા થઇ શકે તેવો ગુન્હો) ને માટે ગુન્હેગાર ઠર્યો હોય તો ચોરીના યત્ન કરવાને માટે ગુન્હેગાર ઠર્યાથી પીનલકોડની કલમ ૭૫ માં બતાવેલી વધારે સજા તેને થઈ શકતી નથી. રાણી વિ૦ શ્રીચરનબોરી, ઈ. લો. રી. ૧૪ ક. ૩૫૭.

(મેસર્સ સર કોમર પેથેરામ નાઈટ ચીફ જસ્ટીસ અને કનીંગહામ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૮૭).

શેહેર—

શેહેર—વાખ્યા—સને ૧૮૫૯ નો આક્ટ ૨૪ મો કલમ ૪૮—સને ૧૮૫૯ ના આક્ટ ૨૪ ની કલમ ૪૮ મુજબ થએલા કેસોને માટે "શેહેર" એ શબ્દની વાખ્યા બતાવવાને કોઇપણ કાયદાના આક્ટ મુજબ ડીસ્ત્રીક્ટ માજીસ્ટ્રેટને અથવા સ્થાનીક સરકારને અધીકાર નથી. પ્રો. તા૦ ૨૫ મી અગષ્ટ સને ૧૮૭૧; ૪ મ. હા. કો. રી. અપે. ૩૪.

સ

સખત કેદ—

સખત કેદ—મદ્રાસનો સને ૧૮૬૬ નો ૧ લો કલમ ૨૨—સને ૧૮૬૮ નો ૧ લો જનરલ ક્લોઝીઝ આક્ટ કલમ ૫—મદ્રાસના ૧૮૬૬ ના આક્ટ ૧ લા મુજબ દંડ કરેલો તે નહીં આપવાને બદલે સખત મજુરીની સજા કરવાનો કેન્ટોન્મેન્ટ માજીસ્ટ્રેટને સને ૧૮૬૮ ના જનરલ ક્લોઝીઝ આક્ટની કલમ ૫ મુજબ અધીકાર નથી. રાણી વિ૦ ગોનદાદુ ઈ૦ લો૦ રી૦ ૮ મ. ૩૫૦.

(મી૦ બ્રાંડટ જડજની રૂબરૂ, તા૦ ૨૩ મી ફેબ્રુઆરી સને ૧૮૬૫).

સજા—

૧ સજા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૧૧—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૧ નો અર્થ બરોબર કરવો જોઇએ, અને જે કેસોમાં દંડ અથવા કેદની સજા થઈ શકે છે તેવા કેસોનેજ તે ફક્ત લાગુ પડેછે પણ જે કેસોમાં દંડ અને કેદ બંને સજાઓ થઇ શકે છે તેવા કેસોને તે કલમ લાગુ પડતી નથી. મીનપુરીના સેસન જડજનું રેફ્રન્સ, ૧ વા. દી. પ્રાં ૩૦૨.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ અને બીટલસન જડજોની રૂબરૂ, તા૦ ૪ થી મે સને ૧૮૬૯).

૨ સજા -ફેરવવાનો માજીસ્ત્રેટનો અધીકાર કોઈ માજીસ્ત્રેટે એક વખત કેદીને સજા કરી હોય તો તે ફેરવવાનો તેને અધીકાર નથી. રાણી વિ૦ ટુકીઆ વલદે ગાનજી, ૧ મું૦ હા૦ કો૦ રી૦ ૩.

(મેસર્સ સોસી ચીફ જસ્ટીસ, ન્યુટન, અને ફોરબસ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઇ સને ૧૮૬૩).

૩ સજા—હકુમત—કોઇ ખાસ ફોજદારી અપીલમાં સજા માફ કરવાનો અથવા ઓછી કરવાનો હાઇ કોર્ટનો અધીકાર—માજીસ્ત્રેટની કરેલી સજા કાયદાની ભુલ નથી એમ ગણી જે કેસમાં સેસન જડજે મંજુર રાખી હોય તે કેસમાં હાઈ કોર્ટ, સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૫ મુજબ સજા ઓછી કરી શકતી નથી અથવા માફ કરી શકતી નથી. આ કેસમાં કોર્ટને સજા સખત છે એમ માલમ પડ્યુ તોપણુ તે દરમીઆન થઈ શકી નહી. રામધોન મંડલ અને બીજો અપેલેન્ટો, ૪ વિ૦ રી૦ ૧૫.

[મેસર્સ લોચ, કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી સપટંબર સને ૧૮૬૫].

બીશમભરશાહ અરજદારનો કેસ રદ થઈ ગયો, ૬ વિ. રી. ૭; એં૦ લો૦ રી૦ વો૦ ૪૮૪. જુઓ સજા ૫, ૬.

૪ સજા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૫—સજા કમી કરવી તે—સજા ઓછી કરવાના ઈરાદાથી દરમીઆન થઈ હાઈ કોર્ટ સેસન જડજની માફક જ્યુરીએ આપેલો ફેંસલો રદ કરી શકતી નથી. જે કેસમાં ગુન્હો સાબીત થયો હોય પણ તેને માટે કરેલી સજા ઘણી સખત છે એમ ધારવામાં આવ્યું હોય તેવા કેસોને કલમ ૪૦૫ લાગુ પડે છે, પણ જે કેસોમાં ગુન્હેગાર ઠરાવવું ગેરવ્યાજબી છે એમ માલમ પડ્યું હોય તેવા કેસોને ઉપલી કલમ લાગુ પડતી નથી. રાણી વિ૦ બીશેનાથ મીતર, ૬ વિ૦ રી૦ ૬.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી જુન સને ૧૮૬૬.)

૫ સજા—કમી કરવી તે-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૮૦૫, ૪૨૮—અપીલમાં સેસન જડજે મંજુર રાખી હોય અથવા બદલી હોય તેવી માજીસ્ત્રેટે કરેલી સજા ઘણી સખતછે એવું કારણ બતાવી તે ઓછી કરવાનો હાઇ કોર્ટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૦૫ અને ૪૨૮ મુજબ અધીકાર નથી. બીસમભર શાહની અરજીની બાબત, એં૦ લો૦ રી૦ વો૦ ૪૮૪.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, કેમ્પ, સેટનકાર, કેમ્પબેલ અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુન સને ૧૮૬૬).

૬ સજા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૦૫, ૪૨૮—સેસન જડજે અપીલમાં મંજુર રાખેલી અથવા કરેલી સજા ઓછી કરવી તે—અપીલમાં સેસન જડજે મંજુર રાખી હોય તેવી માજીસ્ત્રેટે કરેલી સજા અથવા તેની સજા ફેરવીને અપીલમાં સેસન જડજે કરેલી સજા ઘણી સખત છે એવું કારણ બતાવી તે કમીટ કરાવાનો હાઈ કોર્ટને અધીકાર નથી. બીશમભરશાહ અરજદાર, ૬ વિ. રી. ૭.

[મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, કેમ્પ, સેટનકાર, કેમ્પબેલ, અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જુન સને ૧૮૬૬].

રામઘોની મંડલનો કેસ ૨૬ થઈ જાય છે, ૪ વિ૦ રી૦ ૧૫ જુઓ સજા ૩.

૭ સજા—કાયદા વિરૂદ્ધ ગણી સજા ફેરવવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—રીતસર સરકારી નોકરે કાઢેલા હુકમનું અપમાન કરવાને માટે પીનલકોડની કલમ ૧૮૮ મુજબ ફુલપાવર માજીસ્ત્રેટે સખત કેદની સજા કરેલી તે ફેરવીને આસાન કેદ ઠરાવી કારણ કે માજીસ્ત્રેટના ઠરાવમાં એવું લખ્યું નોહોતું કે કેસ ઉપલી કલમના છેવટના ભાગમાં આવી જાય છે, અને તેવી જાતના કેસમાંજ ફકત સખત મજુરીની સજા કરવાનો અખતીયાર આપેલો છે. રાણી વિ૦ રતનરાવ બીન માધવરાવ ચવાન, ૩ મું હા. કા. રી. ૩૨

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૪ અકટોબર સને ૧૮૬૬)

૮ સજા—કાયદા વિરૂદ્ધ સજા કરેલી તે—ચાર વર્ષની કેદની સજા માજીસ્ત્રેટના અધીકાર ઉપરાંત હોવાથી કાયદા વિરૂદ્ધ ગણાય છે. ઝુમક ચમાર, ૬ વિ. રી. ૯૦.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ડીસંબર સને ૧૮૬૬.)

૯ સજા—દરમીયાન થવાનો હાઈ કોર્ટનો અધીકાર—કેદની હદ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬—કોઈ યોગ્ય અધીકારીએ એક વાર સજા કરી હોય તો અપીલ, અભીપ્રાય, અથવા તપાસવાના અધીકાર સીવાય ખાનગી માણુસ કરતાં વધારે દરમીયાન થવાનો હાઈ કોર્ટને અધીકાર નથી. જો કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ માં બતાવેલું નથી તોપણુ ચૌદ વર્ષ ઉપરાંત કેદની સજા થઈ શકે છે કારણુ કે તે હદ ફક્ત એકી વખતે કરેલી સજા અથવા એકજ વખતે રજુઆત ચલાવેલા તોહોમતોને લાગુ પડે છે. રાણી વિ. પુબન, ૭ વિ. રી. ૧.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૩ જાનેવારી સને ૧૮૬૭.)

૧૦ સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૨૩, ૩૨૪—સજા કાયદા વિરૂદ્ધ હતી કારણ કે કોઈ વસ્તુ તપાવીને વ્યથા કરવાનું તોહોમત પીનલકોડની કલમ ૩૨૪ મુજબ રાખવું જોઈતું હતું એવું કારણ બતાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટે કોઈ કેસમાં અભીપ્રાય માગેલો અને જે કેસમાં પીનલકોડની કલમ ૩૨૩ મુજબ વ્યથા કરવાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવેલો તેની તજવીજ કરવાનો બીજા વર્ગના તાબાના માજીસ્ત્રેટને અધીકાર નોહોતો તેમાં, કેસની હકીકત જોતાં તોહોમતદાર ઉપર યોગ્ય તોહોમત રાખી તેની ફરીથી રજુઆત ચલાવવાનો હુકમ કરવાનું કોર્ટને ખરૂ નહી લાગવાથી કોર્ટે કાંઈ પણુ હુકમ કર્યો નહી. રાણી વિ૦ અબાકોમગીરસોજી, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૧

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન, અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જુન સને ૧૮૬૭.)

૧૧ સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૨૩, ૩૨૪—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૭—પીનલકોડની કલમ ૩૨૩ મુજબ તોહોમત નહી રાખતાં કલમ ૩૨૪ મુજબ તોહોમત (જેની રજુઆત બીજા વર્ગના તાબાના માજીસ્ત્રેટથી થાય નહી) રાખવું જોઈતું હતું એવું કારણુ બતાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૭ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટે કોઇ કેસમાં અભીપ્રાય માગેલો તેમાં એવી ટીકા કરવામાં આવી કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૭ મુજબ કેસનો અભીપ્રાય માગવો જોઇતો નોહતો કારણુ કે તે કલમ ફકત, તાબાની કોર્ટના ફેંસલા સામે થયેલી અપીલ ચલાવતાં, સેસન કોર્ટને લાગુ પડે છે. રાણી વિ૦ નબાજી વલદ વીઠોજી, ૪ મું. હા. કો. રી. ૨

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન અને વેરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઇ સને ૧૮૬૭).

જુઓ રાણી વિ. ગનૂ વલદે રામચંદ્ર, ૪ મું. હા. કો. રી. જુઓ હકુમત ૭.

૧૨ સજા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૭ તાબાનો માજીસ્ટ્રેટ—ફુલપાવર માજીસ્ટ્રેટ—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૭ મુજબ બીજા વર્ગના તાબાના માજીસ્ટ્રેટે મોકલેલા કેસમાં ફુલપાવર માજીસ્ટ્રેટે સજા કરેલી તે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે અભીપ્રાય લખી પુછવાથી રદ કરવામાં આવી કારણ કે તે કલમ મુજબ કેસો ચુકવવાનો અધીકાર ફક્ત એકલા ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને છે રાણી વિ. કુએરીઓ રતનો, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૮.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઈ સને ૧૮૬૭).

૧૩ સજા—મોકુફ રાખવી તે—સેસન જડજને થોડા વખતને માટે પોતે કરેલી સજા બંધ રાખવાનો અધીકાર નથી. પ્રો. તા. ૧૭ મી જાનેવારી સને ૧૮૬૮; ૪ મ. હા. કો. રી. અપે. ૧.

૧૪ સજા—વર્ધમાન સજા—કોઈ કેસમાં ખરેખરી રીતે ફક્ત એકજ ગુન્હો બન્યો હોય પણ જે કૃત્યો ઉપરથી કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવે છે તે કૃત્યો ઉપરથી બીજા પણ તોહોમતને માટે ગુન્હેગાર ઠરી શકે એવું હોય તો દરેક ગુન્હાને માટે વધારે સજા કરવી જોઇએ નહી રાણી વિ. રાધાનાથપોલ અને બીજો, ૯ વિ. રી. ૧૨.

(મેસર્સ મેકફરસન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જાનેવારી ૧૮૬૮).

રાણી વિ. કાલીસંકર સંદયાલના કેસમાં મંજુર રાખવામાં આવ્યો. ૩ બેં. લો. રી. ક્રી. અ. ૧૪; ૧૨ વિ. રી. ૨. જુઓ સજા ૨૩.

૧૫ સજા—સેસન જડજ—આસીસ્ટંટ સેસન જડજે કરેલી સજા રદ કરવાનો અધીકાર—એકજ જાત ઉપરથી બનેલો ગુન્હો—એમ ઠરાવવામાં આવ્યું કે આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટે કરેલી સજા કાયદા વિરૂદ્ધ છે તોપણ તેની મંજુરી સેસન જડજ પાસે માગી હોય તે વખતે સજા રદ કરી નવી સજાઓ કરવાનો તેને અધીકાર નથી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે એક કરતાં વધારે ગુન્હાઓ સાબીત થાય અને તે એક બીજા સાથે સંબંધ રાખતા હોય તો પણ ફકત એક ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવી બીજાને માટે નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે બરોબર નથી. રાણી વિ. વિનાયક ત્રીંબક (૨ મું. હા. કો. રી. ૩૯૧) ના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો. રાણી વિ. મુરાર ત્રીકમ, ૫ મુ. હા. કો. રી. ૩.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જાનેવારી સને ૧૮૬૮)

રાણી વિ૦ વીનાયક ત્રીમબકના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૨ મું૦ હા૦ કો૦ રી૦ ૩૯૧. જુઓ કેટલાક ગુન્હાઓ ૧.

રાણી વિરૂદ્ધ અનુ બીન આકુના કેસમાં નજર રાખવામાં આવી, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૮૩. જુઓ રાત્રે ઘર ફાડવું તે ૭.

૧૬ સજા—વર્ધમાન સજાઓ—તોહોમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૩૪, ૨૩૭ સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૮, ૪૨૪—કેદીઓ ઉપર પ્રાણઘાતક હથીઆરોથી હંગામો કરવાનું અને ગોળી મારીને વ્યથા કરવાનું એ બંને તોહોમતો રાખેલાં તેમાં છેવટના ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવાનો આધાર તેઓ બંદુકની ગોળીઓવાળાની ટોળીમાંના હતા તે બાબત ઉપર હોવાથી, તેઓને વધારે સજા કરવી અને હંગામો અને વ્યથા એ બંને ગુન્હાઓને માટે ગુન્હેગાર ઠરાવવા એ કાયદા વિરૂદ્ધ છે. સજા તે બેમાંના એક અથવા બી

જા ગુન્હાને માટે થવી જોઇએ. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૩૪ અને ૨૩૭ માં બત.બ્યા પ્રમાણે તોહોમતનામું એવી રીતે ઘડવું જોઈએ કે પીનલકોડની જે કલમ મુજબ તોહોમત રાખવામાં આવ્યું હોય તે કલમને તે લાગુ પડી શકે. કોઈ કામમાં હંગામો અને મારામારી બંને ટોળીઓ વચ્ચે થઈ હોય તો દરેક ટોળીના અંગભૂતોને જુદી રજુઆત ચલાવવાને માટે કમીટ કરવા જોઈએ, પણ તેમની એકઠી રજુઆત ચલાવવી જોઈએ નહી. રાણી વિરૂદ્ધ દુરજુલા વિગેરે, ૯ વિ० રી० ૩૩.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા० ૧૪ મી માર્ચ ૧૮૬૮).

રાણી વિ० કાલાચંદનો કેસ આનાથી વિરૂદ્ધ છે, ૭ વિ० રી० ૬૦. જુઓ હંગામો ૪.

રાણી વિ० શેખ બાઝુના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૮ વિ० રી० ૪૭; બેં० લો० રી० વો० ૭૫૦. જુઓ એકઠા તોહોમતો.

જબદાર કાઝીના કેસ ઉપર નજર રાખવામાં આવી, ઈં० લો० રી० ૬ ક. ૭૧૮; ૮ ક० લો० રી० ૩૯૦. જુઓ વર્ધમાન સજા ૩.

રાણી વિ० લોકનાથ સરકાર, ઈં० લો० રી० ૧૧ ક. ૩૪૯. જુઓ વર્ધમાન સજા ૪.

રાણી વિ० કીકાભાઈ પરભુદાસ, ૯ મું० હા० કો० રી० ૪૫૧. જુઓ આબરૂ લેવી તે ૧૩.

રાણી વિ० કાલીશંકર સંદયાલના કેસમાં બાહાલ રાખવામાં આવ્યો, ૩ બેં० લો० રી० ક્રી० અ. ૧૪. જુઓ સજા ૨૩.

૧૭ સજા—સજાઓ એકઠી કરવી તે—સમદ્રપાર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫—પીનલકોડની કલમ ૩૯૨ મુજબ ચઉદ વર્ષની સમુદ્રપારની સજા કરેલી રદ કરવામાં આવી કારણ કે જે ગુન્હાને માટે આવી રીતે સજા કરવામાં આવી હતી તે ગુન્હો પ્રથમ અપરાધી ઠર્યા પછી કરવામાં આવ્યો નોહોતો અને તેથી કરીને કલમ ૭૫ ગેરવાજબી રીતે લગાડવામાં આવી હતી. કેદીને જેટલી સજા કરવાનો સેસન જડજને અધીકાર છે તે સજા, કેદીને પ્રથમ કરેલી કેદની સજા જે તે ભોગવતો હોય તેની અંદર પીનલકોડની કલમ ૭૫ અથવા બીજી કોઈ રીતે ઉમેરીને તે સઘળી સજાને બદલે, જે ગુન્હાને માટે તેને છેવટ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય અને તેને માટે તેને જેટલી સજા થઈ શકે તેના કરતાં, વધારે મુદત સુધી સમુદ્રપારની સજા સેસન જડજ કરી શકતો નથી. રાણી વિ० સકયા વલદે કાવજી, ૫ મું. હા કો. રી. ૩૬.

(મેસર્સ ન્યુટન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા० ૨૦ મી મે સને ૧૮૬૮).

૧૮ સજા—સને ૧૮૬૬ ના આકટ ૬ ઠા મુજબ ગુન્હેગાર ઠરેલો તે—સાગરદત્ત નામના માણસને વાહાણમાં ચઢાવવાના ઠાબેલા શણ કરતાં બીજી જાતની શણની બખાર કલકત્તામાં પરવાનો લીધા શીવાય રાખવાને માટે ગુન્હેગાર ઠરાવી તેનો ત્રણસો રૂપીઆ દંડ કર્યો હતો અને ગુન્હેગાર ઠરાવ્યા પછીથી તે વખાર ચાલુ રાખવામાં આવે તો નિત્યનો વીસ રૂપીઆ મોસુલ ઠરાવ્યો હતો. રાણી વિ० જસ્ટીસીસ ઓફ ધ પીસ, ૧ બેં. લો. રી. ક્રી. અ. ૪૧.

[મેસર્સ નોરમન અને ફીઅર જડજોની રૂબરૂ, તા० ૧૦ મી સપટંબર સને ૧૮૬૮].

ક્રીસ્ટોધોની દત્ત વિ० કલકત્તાના મ્યુનીસીપાલ કમીશનરોના ચેરમેનના કેસમાં અર્થ કરી બતાવવામાં આવ્યો, ૨૫ વિ. રી. ૬. જુઓ પુરાવો ૪૫.

કલકતાના પ્રગણાઓના મ્યુનીસીપાલ કમીશનરોનો ચેરમેન વિ० આનીસુદીનમીઅના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ૧૨ બેં० લો० રી० અપે. ૨; ૨૦ વિ० રી० ૬૪. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૧૫.

ડબલ્યુ એન. લવની અરજીની બાબત, ૯ બેં. લો રી અપે. ૩૫; ૧૮ વિ. રી. ૪૪. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૧૪.

રાણી વિ૦ તારીનીચરન બોસ, ૨૧ વિ. રી. ૩૧. જુઓ સોગન ૧.

૧૯ સજા—તપાસણી—રીતસર ઠરાવ આપી સજા કરવામાં આવી હોય તો જડજ તે ફરીથી તપાસમાં લેઈ શકે નહી. પ્રો. તા૦ ૧૩ મી નવંબર ૧૮૬૮, ૪ મ હા. કો. રી. અપે. ૧૯.

૨૦ સજા—એમાંની એક સજા—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૮૧-એમાંથી એક ગુન્હાને માટે ઠરાવ આપવાનો અધીકાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૮૧ માં આપેલો છે તે, એ કલમોમાંની કઈ કલમમાં ગુન્હો આવી જાય છે એ વિષે શક પડે તેવા કેસોને ફક્ત લાગુ પડે છે પણ જેમાં બને તોહોમતો એકજ કલમમાં આવી જતાં હોય તેવી જાતના કેસોને ઉપલી કલમ લાગુ પડતી નથી. રાણી વિ૦ બેદુનોશયો વિગેરે, ૧૧ વિ. રી. ૩૭.

(મેસર્સ માર્કબાય અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૩ જી એપ્રીલ સને ૧૮૬૯).

૨૧ સજા -ચોરી—કોઇ તોહોમતદારે રાત્રે ઘરમાં એકજ ઓરડામાંથી બને જુદા જુદા માણસોની મીલકત ચોરેલી તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે ચોરીના બે ગુન્હાઓને માટે તેને જુદી સજા થઈ શકે નહી. રાણી વિરૂદ્ધ શેખ મોનીઆહ, ૧૧ વિ૦ રી૦ ૩૮.

(મેસર્સ લોચ અને જેક્શન જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૬૯).

૨૨ સજા—કેદ અથવા દંડ—કોઈ માણસને પીનલકોડની બે કલમો મુજબ ગુન્હેગાર ઠરાવ્યો હોય અને તેમાંની એક કલમમાં કેદ અથવા દંડ એમાંની એક સજા ફક્ત લખેલી હોય તો દંડની સજા થઇ શકે નહી. રાણી વિરૂદ્ધ ભુબનમોહન વિગેરે, ૧૧ વિ૦ રી૦ ૩૯.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી એપ્રીલ સને ૧૮૬૯).

૨૩ સજા—સાપ્રાધ બળ—કેદીને છોડી મુકવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમો ૨૦૮, ૩૫૩—કોઈ કેસમાં ખરે ખરી રીતે ફક્ત એકજ ગુન્હો બન્યો હોય અને તેના કેટલાંક કૃત્યો એકંદર ધ્યાનમાં લેતાં તે ગુન્હો બન્યો છે એમ માલમ પડે તો તે કાયદેસર જુદા ગુન્હાઓ તરીકે ધારી શકાય નહી; અને કેદીને આવા ગુન્હાઓને માટે તે મજ મુખ્ય ગુન્હાને માટે કાયદેસર સજા થઈ શકે નહી. રાણી વિ૦ કાલીશંકર સંદયાલ વિગેરે, ૧૨ વિ૦ રી૦ ૨; ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૧૪.

(મેસર્સ મેકફરસન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૬૯).

ગોબીનચંદર રોય અરજદારોની બાબતમાં તફાવત બતાવવામાં આવ્યો, ૧૬ વિ૦ રી૦ ૬૦. જુઓ સજા ૪૩.

નિચેના કેસો બાહાલ રાખવામાં આવે છે:—

રાણી વિ૦ શ્રીમંતઆદપ, ૨ વિ૦ રી૦ ૬૩. જુઓ ચોરી ૫.

રાણી વિ૦ સરૂપનાપીટ, ૩ વિ૦ રી૦ ૫૪. જુઓ ગેરકાયદેસર મંડળી ૩૫.

રાણી વિ૦ બોધીખાન, ૫ વિ.રી. ૭૯. જુઓ કેફ.

રાણી વિ૦ રાધાનાથ પોલ, ૯ વિ. રી. ૧૨. જુઓ સજા ૧૪.

રાણી વિ૦ દરજુલા, ૯ વિ. રી. ૩૩. જુઓ સજા ૧૬.

રાણી વિ૦ ડેનાશેખ, ૧૦ વિ૦ રી૦ ૬૩; ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૧૫ મં. જુઓ તોહોમત ૨૦.

૨૪ સજા—અપરાધી ઠરેલા કેસમાં જરૂરની હોય તે—માજીસ્ટ્રેટ કોઇપણ માણસને ગુન્હાને માટે અપરાધી ઠરાવે તો કાંઈક સજા

કરવાને માટે તે બંધાએલો છે. પ્રો. તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૬૯; ૪ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૬૬.

૨૫ સજા--હાઈ કોર્ટ—સજા થોડી મુદત સુધી મોકુફ રાખવી તે-કેદ-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૫—હકીકત ઉપરથી આપેલા ઠરાવની મજબુતીમાં કાંઇપણ પુરાવો નથી એવો નિર્ણય થયા શીવાય તપાસનારી કોર્ટ તરીકે હાઇ કોર્ટ તેની અંદર હાથ ઘાલી શકતી નથી; તેમજ સજા માજીસ્ત્રેટે ઘણી સખત કરેલી છે એ કારણ ઉપરથી પણ હાથ ઘાલી શકે નહી, કારણ કે કલમ ૪૦૫ સેસન કોર્ટમાંથી આવેલા કેસોનેજ ફક્ત લાગુ પડે છે. કેદની સજા થોડી મુદત સુધી મોકુફ રાખી તેનો આગળ ઉપર અમલ કરવાનો હુકમ કરી શકાય નહી, પણ જે વખતથી સજા કરવામાં આવી હોય તે વખતથી તે શરૂ થવી જોઇએ. તોહોમતદારની અરજ ઉપરથી તેને અપીલ કરવા દેવાને માટે ડેપ્યુટી માજીસ્ત્રેટે કેદની સજા ભોગવવાનું થોડી મુદત સુધી બંધ રાખેલું તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે સજા કાયદા પ્રમાણે ગેરવ્યાજબી હતી અને તેથી તેનો અમલ થઈ શકતો નથી. કીશનસુંદર ભટ્ટાચારજી અને બીજો અરજદારો, ૧૨ વિ૦ રી૦ ૪૭; ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ. ૫૦.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૬૯).

ઓમોય કુમારની બાબતમાં તફાવત બતાવવામાં આવ્યો, ૭ ક૦ લો૦ રી૦ ૩૫૩. જુઓ પુરાવો ૫૪.

૨૬ સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫, ૪૫૭—પીનલકોડની કલમ ૪૫૭ મુજબ પેહેલા વર્ગના તાબાના માજીસ્ત્રેટે કેદીને ૭ માસની સખત મજુરી સાથે સજા કર્યા પછી પીનલકોડની કલમ ૭૫ મુજબ તે વધારે સજાને લાયક છે એમ માલમ પડવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ મુજબ છ માસની વધારે સજા કરેલી તેમાં હાઇ કોર્ટે છેવટની કરેલી સજા રદ કરી હતી. પ્રો. તા૦ ૨ નવંબર સને ૧૮૬૯; ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૩.

૨૭ સજા-દરેક કેદીનો અમુક દંડ કરેલો તે—સજા કરતી વખતે દરેક કેદીનો અમુક દંડ કરવો જોઈએ. પ્રો. તા૦ ૧૧ મી નવંબર સને ૧૮૬૯, ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૫.

૨૮ સજા—કારણો—માજીસ્ત્રેટે કરેલા હુકમો અથવા સજાઓ ફેરવતી વખતે, ઓછી કરતી વખતે, અથવા બાહાલ રાખતી વખતે, સેસન જડજે પોતાના કારણો બતાવવાં જોઈએ. પ્રો. તા૦ ૧૦ મી ડીસંબર સને ૧૮૬૯; ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૧૨.

૨૯ સજા—છીનાળુ—ફોસલાવવું તે—ફોસલાવીને લેઈ જવાને માટે માજીસ્ત્રેટે ફરીવાદીને ગુન્હેગાર ઠરાવ્યા પછી સેસન જડજે તેને છીનાળાને માટે કમીટ કરવાનો હુકમ કરેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે એક કેસનો જરૂરીઆત ઈરાદો બીજા કેસમાં મુખ્ય ગુન્હો હોવાથી માજીસ્ત્રેટે કરેલી સજા એકદમ રદ કરવી જોઈતી હતી. પ્રો. તા૦ ૧૦ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦; ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૧૬.

૩૦ સજા—ફટકા મારવાનો આકટ સને ૧૮૬૪ નો ૬ ઠો—પીનલકોડ મુજબ સજા થઈ શકે તેવા એક અથવા બે ગુન્હાઓને માટે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તો કોર્ટને એક કેસમાં સખત કેદની સજા કરવાનો અખતીયાર છે અને બીજા કેસમાં સને ૧૮૬૪ ના આકટ ૬ ઠા મુજબ ફટકા મારવાનો અખતીયાર છે. પ્રો. તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦, ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૧૮.

૩૧ સજા—સને ૧૮૫૭ નો આકટ ૩ જો કલમ ૧૩—સને ૧૮૫૭ ના આકટ ૩ જાની કલમ ૧૩ મુજબ કેટલાક માણસોને ગુ

ન્હેગાર ઠરાવી પંદર દીવશની કેદ અને દંડ અને દંડ ના આપે તો સાત દીવસની વધારાની કેદની સજા કરી. દંડને બદલે કેદ ઠરાવવાનું આકટમાં કાંઇ લખાણ નોહોતું પણ તે કલમ મુજબ કેદીઓ ૭ માસની કેદ અને પાંચસો રૂપીઆ દંડની સજાને માટે પાત્ર હતા. હાઈ કોર્ટે કરેલી સજાની અંદર હાથ ઘાલવાની ના પાડી. પ્રે. તા૦ ૯ મી માર્ચ ૧૮૭૦; ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૨૧.

૩૨ સજા—ફેરફાર કરવો તે—અપીલ કોર્ટને કેલેનડર મોકલ્યા પેહેલાં કોઇ પણ વખતે સજામાં ફેરફાર કરવાની માજીસ્ટ્રેટને છુટ છે. પ્રે. તા૦ ૨૯ મી માર્ચ ૧૮૭૦, ૫ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૧૯.

૩૩ સજા—સજાને માટે તાબાના માજીસ્ટ્રેટે કેસ મોકલેલો તે—તોહોમતદારની ગેરહાજરીમાં સજા કરેલી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૭—કોઈ તાબાના માજીસ્ટ્રેટે રજુઆત ચલાવેલા મુકરદમાઓ તોહોમતદારને સજા કરવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૭ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને મોકલવામાં આવ્યા હોય તો સજા કરતી વખતે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થવાનો તોહોમતદારનો હક છે. રાણી વિ. રઘા નારણજી, ૭ મું. હા. કો. રી. ૩૧.

(મેસર્સ ગીબ્સ અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુન સને ૧૮૭૦).

૩૪ સજા—એક માસ કરતાં ઉપરાંત સજા નહી કરવી તે—સાથે રજુઆત થયેલા તોહોમતદારોમાંના એકને એક માસ ઉપરાંત સજા થયાથી અપીલ કરેલી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૧૧—કેટલાક માણસોની એકઠી રજુઆત ચલાવી હંગામાને માટે પીનલકોડની કલમ ૧૪૭ મુજબ ગુન્હેગાર ઠરાવ્યા અને તેમાંના બેનો પચાસ રૂપીઆ દંડ કર્યો, અને દંડ ના આપે તો એક માસની સખત મજુરી સાથે કેદ ઠરાવી અને બાકીના માણસોને વધારે સખત સજા કરી, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૧ મુજબ વધારેમાં વધારે સજા ઉપરથી, કેસ ઉપર અપીલ થઈ શકે કે નહી એ શોધી કાઢવાનું છે, એવું સેસન જડજે ધારી સઘળા કેદીઓની અપીલ ચલાવી. જે તોહોમતદારોનો ફક્ત પચાસ રૂપીઆ દંડ થયો હતો તે તોહોમતદારોના સંબંધમાં સેસન જડજે કરેલો હુકમ હાઈ કોર્ટે રદ કર્યો અને મુળની કરેલી સજાઓ બાહાલ રાખી. રાણી વિ. કાલુભાઈ મેઘાભાઇ, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૩૫.

(મેસર્સ વેસ્ટ ચીફ જસ્ટીસ અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુન ૧૮૭૦.)

૩૫ સજા—તાબાના માજીસ્ટ્રેટે કરેલી સજા—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે કરેલી સજા રદ કરવી તે—સેસન કોર્ટમાં કમીટ કરવું તે—પીનલકોડની કલમ ૩૨૪ મુજબ (તાબાનો માજીસ્ટ્રેટ તજવીજ કરી શકે તેવો) મારવાના અથવા કાપવાના હથીઆરથી બુદ્ધિપુર્વક વ્યથા કરવાને માટે પેહેલા વર્ગના તાબાના માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવી કરેલી સજા ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે રદ કરી અને બુદ્ધિપુર્વક મહાવ્યથા (જેની સેસન કોર્ટથી તજવીજ થઈ શકે) નું તોહોમત રાખી તેણે તોહોમતદારને સેસન કોર્ટમાં ઇનસાફને માટે કમીટ કરવાનો હુકમ કર્યો. હાઇ કોર્ટે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનો હુકમ રદ કરી તાબાના માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવી કરેલી સજા બાહાલ રાખી. રાણી વિ૦ હનમાપા બીન મલાપા, ૭ મું. હા. કો. રી. ૩૭.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુન સને ૧૮૭૦)

૩૬ સજા—સને ૧૮૭૦ નો ૭ મો કોર્ટ ફીનો આકટ કલમ ૩૧—સને ૧૮૭૦ ના આકટ ૭ ની કલમ ૩૧ મુજબ ફી પાછી આપવાનો હુકમ કરવો તે સજાનો પુર્ણ ભાગ ગણાય છે અને ફી કોર્ટે કરેલા દંડ તરીકે ગણવી જોઈએ, અને અપીલ કરવામાં આવી હોય તો તે ચાલે ત્યાં સુધી તેને અનામત

ખાતે રાખવી જોઇએ. પ્રો. તા૦ ૨૦ મી જુલાઇ સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૨૮.

૩૭ સજા—મુંબાઈનો સને ૧૮૬૭નો ૩ જો કલમો ૧૧, ૧૪—કેનટોનમેન્ટ માજીસ્ટ્રેટ—દંડ અને દંડ બદલ કેદ—એકી વખતે કરેલી સજા—લશ્કરી છાવણીના આકટ (મુંબાઈનો સને ૧૮૬૭ નો ૩ જો) ની કલમો ૧૧ અને ૧૨ મુજબ ગુન્હેગાર ઠરાવેલા કેસમાં દંડ અને દંડ બદલ કેદ એ બંને સજા એકી વખત કરવી તે કાયદા વિરૂદ્ધ ગણાય છે. દંડ વસુલ કરવાને માટે જોઈએ તેટલી મીલકત ના હોય તોજ ઉપલા આકટની કલમ ૧૪ મુજબ દંડ બદલ કેદની સજા થઇ શકે છે. પોલીસ અથવા દાકતરોના રીપોર્ટો આ આકટ મુજબ ફરીઆદ માંડવાને માટે જોઈએ તેવી મંજુરી ગણાતી નથી. સોગન ઉપર અથવા પ્રતિજ્ઞા પુર્વક ફરીઆદ કરવાની જરૂર છે. રાણી વિ૦ ભગુની છોડી લાડુ, ૬ મું. હા. કો. રી. ૮૭.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી અગષ્ટ સને ૧૮૭૦.)

૩૮ સજા—સને ૧૮૫૯ નો ૨૪ મો કલમ ૪૮—સને ૧૮૫૯ ના આકટ ૨૪ ની કલમ ૪૮ મુજબ ગુન્હેગાર ઠરાવી સખત મજુરી સાથે કેદની સજા કરવી તે કાયદા વિરૂદ્ધ ગણાય છે. પ્રો. તા૦ ૩૧ મી અગષ્ટ સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૩૪.

૩૯ સજા—રાત્રે ઘર પ્રવેશ કરવો તે—રાત્રે ઘર પ્રવેશ કરવાને માટે પાંચ જુદા જુદા તોહોમતો ત્રણ માણુસો ઉપર રાખી દરેક કેસને માટે તેમને બે વર્ષની સખત મજુરી સાથે સજા કરવામાં આવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે દરેક કેદીને ફકત ચાર વર્ષની સજા કરવાનો માજીસ્ટ્રેટને અધીકાર હતો, પણ શિક્ષા ઠરાવ્યા પ્રમાણે સઘળી સજાઓ આ કેસમાં એકજ વખતે અમલમાં આવશે. પ્રો. તા૦ ૭ મી નવંબર સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૪૨.

૪૦ સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૭૫—પીનલકોડના પ્રકરણ ૧૭ મુજબ સજા થઈ શકે તેવા ગુન્હાને માટે કેદી પ્રથમ ગુન્હેગાર ઠર્યાથી, પીનલકોડની કલમ ૪૭૫ મુજબ તેને ગુન્હેગાર ઠરાવી માજીસ્ટ્રેટે ચાર વર્ષની સખત મજુરી સાથે કેદની સજા કરી. એમ ઠરાવવામા આવ્યું કે માજીસ્ટ્રેટને ફકત બે વર્ષની સજા કરવાનો અધીકાર હતો. પ્રો. તા૦ ૧૬ મી નવંબર સને ૧૮૭૦; ૬ મ. હા. કો. રી. અપે. ૨.

૪૧ સજા—હાઈ કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૦૪, ૪૦૫—કોઈ કેસમાં ગમે તેવી હલકી કાયદેસર સજા કરવામાં આવી હોય તો તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ તેની અંદર હાથ ઘાલી શકતી નથી કારણ કે સજા કાયદા વિરૂદ્ધ છે એવું કલમ ૪૦૫ મુજબ કોર્ટ કહી શકતી નથી. મેસર્સ વેટસન અને કો અરજદારો વિ૦ બાયકંતનાથ દાસ, ૧૫ વિ. રી. ૨૮૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી મે સને ૧૮૭૧.)

રાણી વિ૦ ગોરાચંદ ગોપના કેસમાં અર્થ કરી બતાવવામાં આવે છે, ૫ વિ૦ રી૦ ૪૫; એં૦ લો૦ રી૦ વો. ૪૪૩. જુઓ ખુન ૧૯.

૪૨ સજા—રદ થએલો કાયદો—સને ૧૮૫૭ નો ૩ જો—સને ૧૮૭૧ નો ૧ લો—કાયદા વિરૂદ્ધ ઢોરો પકડેલા સાબીત થવાથી કેદીને બરોબર રીતે ગુન્હેગાર ઠરાવેલો હતો, પણ સને ૧૮૫૭ નો ૩ જો જે સને ૧૮૭૧ ના ૧ લાથી રદ થઈ ગયો હતો, તે જુના કાયદા પ્રમાણે સજા કરવામાં આવ્યાથી હાઈ કોર્ટે દરમીઆન થવાની ના પાડી, કારણ કે પાછળનો આકટ ગુન્હેગાર ઠરાવી સજા કરતી વખતે અમલમાં હોવાથી કાંઇપણ અન્યાય થએલો ગણાતો નથી. મોહેશનાથ વિ૦ હરીમોહન ઘોસાલ, ૧૬ વિ. રી. ૧૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુન સને ૧૮૭૧).

૪૩ સજા—વર્ધમાન સજા–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૩, ૩૫૩– ગેરકાયદેસર મંડળી—સાપ્રાધ બળ –પીનલકોડની કલમો ૧૪૩ (ગેરકાયદેસર મંડળીનો અંગભૂત) અને ૩૫૩ (સરકારી નોકર ઉપર સાપ્રાધ બળ વાપરવું તે) મુજબ ગુન્હેગાર ઠરાવી વધારે સજા કરેલી ચાલતા કેસમાં હાઈ કોર્ટે બાહાલ રાખી હતી ગોબીન્દચંદરરોય વિગેરે અરજદારો, ૧૬ વિ રી. ૬૦.

(મેસર્સ બેલી અને પોલ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી નવંબર સને ૧૮૭૧).

રાણી વિ૦ રબીઉલાહના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ૭ વિ. રી. ૧૩. જુઓ ખુન ૮૩.

રાણી વિ૦ ચંદરકંત લાહોરીના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ૧૨ વિ. રી. ૨. જુઓ સજા ૨૩.

૪૪ સજા—મુખ્ય ગુન્હો—તોહોમતના દરેક ભાગ વિષે ઠરાવ લખવો તે ફકત કાયદા વિરૂદ્ધ નથી એટલુંજ નહી પણ તે ઘણો જ સુલભ રસ્તો ગણાય છે. ગુન્હો ઠરાવી શકાય તેવા કૃત્યોનો આધાર એક જાથુના કૃત્ય ઉપર હોય તો મુખ્ય ગુન્હાને માટે ફકત સજા કરવી જોઈએ. પ્રો. તા૦ ૨૦ મી ડીસંબર સને ૧૮૭૧; ૬ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૪૭.

૪૫ સજા—સેસન જડજનો અધીકાર– ગુન્હેગાર ઠરાવ્યા પેહેલાના વખતથી સજા અમલમાં આવશે એવું ઠરાવવાનો સેસન જડજને અધીકાર નથી. રાણી વિ૦ બલસીંઘ, ૪ વા. દી પ્રાં. ૮.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી જાનેવારી સને ૧૮૭૨).

૪૬ સજા—મોહોત– કામનું દફતર મળ્યા પછી કેટલી મુદતની અંદર મોહોતની સજા બાહાલ રાખવાના હુકમો કાઢવા તેના સબંધમાં હાઇ કોર્ટે તા૦ ૩૦ મી અગષ્ટ સને ૧૮૭૧ ને રોજ હુકમ કરેલો તેનો અમલ હવે વધારે વાર થઈ શકતો નથી. પ્રો. તા૦ ૩ જી એપ્રીલ સને ૧૮૭૩; ૭ મ. હા. કો. રી. અપે. ૨૧.

૪૭ સજા—મોહોત—સજા બાહાલ રાખવી તે—ગુન્હો કરતી વખતે કેદી જે સજા ભોગવતો હોય તેના કરતાં મોહોત શીવાય વધારે ભારે સજા થઇ શકે નહી એ બાબત ઉપરથી ગુન્હેગારને વ્યાજબી રીતે મોહોતની સજા કોર્ટ કરી શકે નહી. રાણી વિ. નગા શીયડી, ૧૯ વિ. રી. ૬૮.

(મેસર્સ કેમ્પ અને ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી એપ્રીલ ૧૮૭૩).

૪૮ સજા—અભીપ્રાય માગવો તે— સજા—સજા બરોબર રીતે કરેલી નથી એ કારણ ઉપરથી તે રદ કરવાની ભલામણ કરી જે કેસમાં માજીસ્ટ્રેટે કામના કાગળો મોકલી હાઈ કોર્ટનો અભીપ્રાય માગેલો તે કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે માજીસ્ટ્રેટને એવી હકીકત માલમ પડી નથી કે જેથી વધારે ભારે સજા અથવા જુદુ તોહોમત મુકવાની જરૂર જણાય અને તેથી હાઇ કોર્ટને દરમીયાન થવું પડે. તોહોમત ગેરવ્યાજબી રીતે રાખેલુ છે અથવા કરેલી સજા ગુન્હાને માટે સ્પષ્ટ રીતે બરોબર નથી એ સાબીત થાય તેવી બાબત કેસના દફતરમાં હોવી જોઈએ. રાણી વિ૦ હરનાથસીંઘ, ૨૦ વિ. રી. ૨૨.

(મેસર્સ જેકસન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી મે સને ૧૮૭૩).

૪૯ સજા—હાઈ કોર્ટ—હકીકત વિષેના સવાલો—હુકમ—ઠરાવ – સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૪, ૨૯૭–જે સજાઓ અને હુકમો ઠરાવોથી જુદા હોય તેવા હુકમો અને સજાઓને કલમ ૨૯૪ લાગુ પડેછે. અયોગ્યતાથી અથવા કાયદા વિરૂદ્ધ હુકમો થયેલા હોય તો સજાઓ અને હુકમોમાં ફેરફાર કરી શકાયછે અથવા તેઓ રદ કરી શકાય છે; પણ કાયદેસર કાંઇ અગત્યની ભુલ થઇ છે કે જેથી ગુન્હેગાર ઠરાવી કરેલી

શિક્ષા કાયદા વિરૂદ્ધ અને ગેરવ્યાજબી થઈ જા ય છે એવું સાબીત કર્યા શીવાય ઠરાવની અંદર (જે કેસોની હકીકત ઉપર કાયદા પ્રમાણે અપીલ થાય છે તે કેસો શીવાય) હાઈ કોર્ટ દરમીયાન થઈ શકતી નથી. કોઇ કેસના પુરાવા ઉપર પુખ્ત અને લક્ષ પુર્વક રીતે વિચાર કરીને સેસન જડજે તોહોમતદારની વિરૂદ્ધ નિર્ણય કર્યો હોય, અને પુરાવાના વજન વિષે હાઈ કોર્ટનો મત ગમે તેટલો વિરૂદ્ધ હોય તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ હાઈ કોર્ટને દરમીયાન થવું તે વ્યાજબી ગણાતું નથી. રાણી વિ. એલી લીઓસ, ૨૦ વિ. રી. ૬૧; ૧૨ બેં. લો. રી. ૨૪૯.

(મેસર્સ ગ્લોવર અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી અગષ્ટ ૧૮૭૩).

નિચેના કેસોને લાગુ પડે છેઃ—

રાણી વિ. રાજકુમાર બોસ, ૧૦ બેં. લો. રી. અપે. ૩૬; ૧૯ વિ. રી. ૭૧. જુઓ જ્યુરી ૬૬.

મુનશી સૈયદ અબદુલ કાદરખાન વિ૦ પરનીઆહનો માજીસ્ટ્રેટ, ૧૧ બેં. લો. રી. અપે. ૮; ૨૦ વિ. રી. ૨૩. જુઓ તપાસણી ૮.

રાણી વિ૦ કુનજુ લીથ, ૧૧ બેં. લો. રી. ૧૪; ૨૦ વિ. રી. ૧. જુઓ જ્યુરી ૬૫.

રાણી વિ૦ રામકાનુ, ૧૨ બેં. લો. રી. ૨૫૩ ન; ૧૯ વિ. રી. ૨૮. જુઓ ભુલ ૭.

રાણી વિ૦ ઈલાહીબક્ષ, બેં. લો. રી. વો. ૪૫૯. જુઓ સોમતી ગુન્હામાં ૬.

જગતચંદર ચકરબતીની બાબતમાં અર્થ કરી બતાવવામાં આવ્યો, ઈ. લો. રી. ૨ ક. ૧૧૦. જુઓ તપાસણી ૧૭.

૫૦ સજા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૦—હાઈ કોર્ટનો ફેંસલો (તા૦ ૧૩ મી નવંબર સને ૧૮૭૧ ની સાલનો મુકરદમો) જે ૬. મ. હા. કો. રી. અપે. ૩૮ માં રીપોર્ટ થયેલો છે તે નવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૦ ને લાગુ પડે છે. પ્રો. તા૦ ૧૦ મી ડીસેંબર સને ૧૮૭૨; ૬ મ. હા. કો રી. અપે. ૨૯.

૫૧ સજા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૧૪, ૩૧૮—કેટલાક ગુન્હાઓને માટે સજા એકઠી કરેલી તે—મંજુર—અપીલ—કેટલાક ગુન્હાઓને માટે એકજ વખતે ગુન્હેગાર ઠરાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૪ મુજબ એકંદર સજા કરી હોય તો તે મંજુરી મેળવવાને અર્થ અપીલ કરવાને માટે એક સજા તરીકે ગણાવી જોઈએ. રાણી વિ૦ રામજીવ ગોવડા, ઈ. લો. રી ૧ મું. ૨૨૩

(મેસર્સ મેલવીલ અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૮૭૬.

ત્રીંબક રાનુ વિ૦ નાના ભવાનીના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે., ૧૨ મું. હા. કો. રી. ૧૪૪ [દીવાની રૂલીંગ)

૫૨ સજા—કાયદેસર ગણાય તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૦—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૦૯—પીનલકોડની કલમ ૧૯૦ મુજબ સજા થઇ શકે તેવી જાતનો ગુન્હો કર્યાનુ તોહોમત કેટલાક કેદીઓ ઉપર રાખી તેમને ગુન્હેગાર ઠરાવી દરેક માણસનો પચીસ રૂપીઆ દંડ કર્યો અને દંડ ના આપે તો તે કલમ મુજબ પુરેપુરી ત્રીસ દીવશની સખત મજુરી સાથે કેદની સજા ઠરાવી હતી. હાઈ કોર્ટે ઘણા મતે, [મી૦ કીનડરસલી જડજ વિરૂદ્ધ પડીને] સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૯ ઉપર નજર રાખીને, ઠરાવ્યું કે સજા કાયદેસર હતી. રાણી વિ. મહમદ સાહેબ, ઈ. લો. રી. ૧ મ. ૨૭૭.

(મેસર્સ ઈન્સ કામ ચલાઉ ચીફ જસ્ટીસ, કીનડરસ્લી, બસ્ટીડ અને ટારન્ટ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી સપટંબર સને ૧૮૭૭).

રાણી વિરૂદ્ધ ડરબાનો કેસ આનાથી વિરૂદ્ધ છે, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૪૬૧. જુઓ દંડ ન આપવા બદલ કેદ ૧૪.

૫૩ સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫—બીજી વાર ગુન્હેગાર ઠરાવવો તે—"ડાકાઇટીથી મેળવેલી ચોરીની મીલકત રાખવાને માટે" ગુન્હેગાર ઠર્યાથી સાત વર્ષની સજા પુરેપુરી ભોગવ્યા પછી ત રતજ કોઇ માણસ ઘર પ્રવેશ અને ચોરીને માટે ગુન્હેગાર ઠર્યો હોય તો સાત વર્ષની સ મુદ્રપારની સજા તે યોગ્ય સજા ગણાય છે જીંદગીપર્યંત સમુદ્રપારની સજા વધારે સખત સજા ગણાય છે. પ્રથમ ગુન્હો કર્યાથી ના ના ગુન્હાઓમાં એટલી બધી સજા વધારવાનો કાંઇ કાયદા બાંધનારાઓનો વિચાર નથી. શા મજીનો શયો અપેલેન્ટ, ૧ ક. લો. રી. ૪૮૧.

(મેસર્સ જેકશન અને કનીંગહામ જ ડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી ફેબ્રુઆરી સને ૧૮૭૮).

૫૪ સજા- મોહોત—અમલ કરવામાં અકસ્માત થવાનો સંભવ—બદલે કરેલી સ જા—કોઈ ગુન્હેગારને આપેલી સરતથી એમ બ ન્યું કે જો તેને ફાંસી દેવામાં આવે તો શી રચ્છેદન થાય તેથી મોહોતની સજા બદલીને જીંદગીપર્યંત સમુદ્રપારની સજા કરવામાં આ વી હતી. બુધુજોલાહ અપેલેન્ટ, ૨ ક૦ લો૦ રી૦ ૨૧૫.

[મેસર્સ માર્કબાય અને પ્રીન્સેપ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૭૮].

૫૫ સજા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૭ કેદ અ ને દંડ બંને સજા -સંક્ષેપમાં ઇનસાફ કરવો તે--અપીલ કરવાનો હક—અપેલેટ કોર્ટની ફ રજ - ફરીથી રજુઆત ચલાવવી તે--ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ દંડ અને કેદ બંને સજા ક રે તો તેના ઉપર અપીલ ચાલી શકે છે. તેટ લા માટે આવી રીતના કેસમાં તે પોતાનું દ ફતર ક્રીમીનલ પ્રાસીજર કોડની કલમ ૨૨૭ મુજબ રાખી શકે નહી. સેશન જડજની રૂબ રૂ જે કેસ અપીલમાં આવ્યો હોય તે કેસ ની ફરીથી રજુઆત ચલાવવાનો હુકમ કરવા ને અધીકાર છે. શેરમહમદ અને બીજો રૂ ક૦ લો૦ રી૦ ૫૧૧.

[મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજો ની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૮૭૮].

બેપુદુલા વિ૦ નાજીમશેખના કેસને લા ગુ પડે છે, ૨ ક૦ લો૦ રી૦ ૩૭૪ જુઓ સંક્ષેપમાં ઈનસાફ ૨૨.

૫૬ સજા—હકુમત—ત્રીજા વર્ગનો અ ધીકાર—બીજા વર્ગનો અધીકાર—માજીસ્ટ્રેટ— સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૪—ફકત ત્રીજા વર્ગના અધીકા રવાળા ડેપ્યુટી માજીસ્ટ્રેટે તા૦ ૨૨ મી મે સ ને ૧૮૭૮ ને રોજ બીજા વર્ગના અધીકાર મુ જબ પીનલકોડની કલમ ૪૧૭ મુજબ તોહો મતદારને ત્રણ માસની કેદની સજા કરી. અ પીલ કર્યાથી માજીસ્ટ્રેટે તા૦ ૧૮ મી જુને સજા રદ કરી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલ મ ૨૮૪ મુજબ નવેસરથી રજુઆત ચલાવ વાનો હુકમ કર્યો. તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૭૮ થી તે તા૦ ૩૧ મી મે સને ૧૮૭૮ સુધી ડેપ્યુટી માજીસ્ટ્રેટને બીજા વર્ગના માજી સ્ટ્રેટનો અધીકાર આપવામાં આવે છે એવુ જાહેરનામું સરકારે તા૦ ૨૬ મી જુને કાઢયુ હતું. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટનો હુકમ કાયદા વિરૂદ્ધ ગણાતો નથી; કારણ કે તા૦ ૨૨ મી મે સને ૧૮૭૮ ને રોજે તેને બીજા વર્ગના માજીસ્ટ્રેટનો અધીકાર હતો. સ રજીની બાબત, ૩ ક. લો. રી. ૨૮૧.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજો ની રૂબરૂ, તા૦ ૨૪ મી જુન સને ૧૮૭૮).

૫૭ સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૯૩—કેદ—સને ૧૮૭૨ નો ૧૦ મા ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૭ કલોઝ ૬—પીનલકોડની કલમ ૧૯૩ મુજબ ગુન્હેગાર ઠરાવી દરેક કેસમાં કેદની કેટલીક સજા કરવાની કોર્ટની ફરજ છે. રાણી વિ. ખો ડાઈસીંઘ, ૩ ક. લો. રી. ૫૨૭.

(મેસર્સ જેકશન, માર્કબાય અને પ્રીનસે

જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઈ સને ૧૮૭૮).

૫૮ સજા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૩—જુદા ગુન્હાઓ—ગુન્હેગાર ઠરાવવું તે—અપીલ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૩ મુજબ અપીલ થઈ શકે કે નહી એનો નીર્ણય કરવામાં, એકજ રજુઆતમાં કોઈ માણસ ઉપર જુદા જુદા ગુન્હાઓનું તોહોમત રાખી સજા કરવામાં આવી હોય તો તે આખી સજા એક સજા તરીકે ગણવી જોઈએ. રાણી વિ. હરધન ટામુલી, ૩ ક. લો. રી. ૫૧૧.

(મેસર્સ મીતર અને પ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી સપટંબર ૧૮૭૮)

૫૯ સજા—બદલવુ તે-વધારવી તે-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮-સેસન જડજ-આસીસ્ટંટ સેસન જડજ-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮ ના કલોઝ ૨ મુજબ "બદલવું તે" એ શબ્દોમાં સજાનો વધારો કરવાનો અધીકાર આવી જતો નથી. તેથી કરીને આસીસ્ટંટ માજીસ્ટ્રેટ કોઈ કેસમાં ત્રણ વર્ષ કરતાં ઉપરાંત સજા કરે તો સેસન જડજ તેમાં વધારો કરી શકતો નથી. રાણી વિ રામા પ્રેમા, ઈ. લો. રી. ૪ મું. ૨૩૯.

[મેસર્સ પીન્હે અને મેલવીલ જડજોની રૂબરૂ, તા. ૭ મી જાનેવારી સને ૧૮૭૦.]

૬૦ સજા-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬-ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ મુજબ જે માજીસ્ટ્રેટના અભીપ્રાય માટે કેસ મોકલવામાં આવ્યો હોય તે માજીસ્ટ્રેટ, અભીપ્રાય માટે મોકલનાર માજીસ્ટ્રેટને યોગ્ય સજા કરવાનો અધીકાર છે એવું કારણ બતાવી કેસ પાછો મોકલી શકતો નથી. આવી રીતે કેસ પાછો મોકલ્યા પછી જે કાંઈ હુકમો કરવામાં આવે તે સઘળા કાયદા વિરૂદ્ધ ગણાય છે. દુલા ફકીર વિ. ભાગીરત સરકાર ૬ ક. લો. રી. ૨૭૬.

[મેસર્સ પ્રીનસેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા. ૭ મી એપ્રીલ સને ૧૮૮૦.]

૬૧ સજા—સેસન જડજે બાહાલ રાખેલી તે-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬-સજાને માટે સેસન જડજની મંજુરી મેળવવાની જરૂર છે એ વિષની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬ જે કેસોમાં, દંડ અથવા ફટકા મારવાની સજા વધારામાં કર્યા સીવાય, ફકત ત્રણ વર્ષ ઉપરાત કેદની સજા કરવામાં આવી હોય તેજ કેસોને લાગુ પડે છે રાણી વિ૦ સમશેરખાન, ઈ. લો. રી. ૨ ક. ૬૨૪; ૭ ક. લો. રી. ૧૫૮.

[મેસર્સ પ્રીનસેપ અને કનીંગહામ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ફેબ્રુઆરી સન ૧૮૮૧.]

૬૨ સજા—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડની કલમ ૭૫—પ્રથમ ગુન્હેગાર ઠરાવેલા તે—બીજી વાર ગુન્હેગાર ઠર્યા પછી પીનલકોડની કલમ ૭૫ ની મતલબ વધારે સજા કરવાની છે પણ કાંઈ સખત સજા ઓછી કરવાની નથી. કોઈ બનેલા ગુન્હાને માટે ઠરાવેલી સજા પુરતી હોય તો તે કલમ મુજબ ઈલાજ કરવો જોઈએ નહી રાણી વિ શીઓસરન ટાટો, ઈ. લો. રી. ૯ ક. ૮૭૭.

[મેસર્સ પ્રીનસેપ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૪ થી મે સને ૧૮૮૨].

૬૩ સજા—વર્ધમાન સજા—કૃત્યો એકઠાં કરવાથી એક ગુન્હો બને તેવા કૃત્યોમાં એક કરતાં વધારે ગુન્હાને માટે જુદા જુદા ગુન્હેગાર ઠરાવવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૩, ૧૪૭, ૩૨૪, ૩૫—

સને ૧૮૮૨ નો આક્ટ ૮ મો કલમ ૪—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૩૫-કાયદા વિરૂદ્ધ મંડળીના અગભૂતોનું ચાર માણસો ઉપર તોહોમત રાખવામાં આવ્યું હતું અને તેઓની સાધારણ મતલબ દિવાની કોર્ટે દેણદારને પકડવાને કાઢેલા કાયદેસર પ્રોસેસની સામા થવાની હતી. **અ** અને **બ** નામના માણસોને તે માણસને બતાવવાને માટે સાથે લેઈ દિવાની અદાલતનો બેલીફ કેદનું વારંટ લેઇ ગયો, અને સાધારણ મતલબ પાર પાડવાને માટે તેના ઉપર એવી રીતે બળ અને જુલમ થયો કે તેથી, દિવાની અદાલતનો બેલીફ અને **અ** નામના માણસ ઉપર પ્રાણઘાતક હથીઆરથી હુમલો થયો. પીનલકોડની કલમો ૧૪૭ અને ૩૫૩ મુજબ સઘળા તોહોમતદારોને ગુન્હેગાર ઠરાવી ડેપ્યુટી માજીસ્ટ્રેટે પેહેલાની કલમ મુજબ છ માસની અને બીજી કલમ મુજબ બે માસની સખત મજુરી સાથે સજા કરી. તેણે વળી એક તોહોમતદારને **અ** ઉપર હુમલો કરવાને માટે પીનલકોડની કલમ ૩૨૪ મુજબ ગુન્હેગાર ઠરાવી તે ગુન્હાને માટે એક માસની સખત મજુરી સાથે કેદની સજા કરી, અને એવો હુકમ કર્યો કે એક સજા પુરી થયા પછી બીજી સજા અમલમાં લાવવી જોઈએ. એમ ઠરાવવામાં આવ્યું કે **અ** ઉપર હુમલો થવાથી હંગામાનો ગુન્હો પુરે પુરો બન્યો છે, અને બેલીફ ઉપરનો હુમલો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫ ની પેટા કલમમાં આવી જાય છે. વધારે એમ ઠરાવવામાં આવ્યું કે **અ** ઉપર હુમલો થયો નથી તોપણ હંગામાને માટે ગુન્હેગાર ઠરાવી કરેલી સજા અને બેલીફ ઉપરનો હુમલો કાયદેસર હતા કારણ કે તોહોમતદારનાં કૃત્યો જુદાં લઈએ તો પીનલકોડની કલમો ૧૪૩ અને ૩૫૩ મુજબ ગુન્હાઓ બને છે, અને એકઠા લેઈએ તો કલમ ૧૪૭ મુજબ ગુન્હો બને છે; અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫ ની ૬ ઠ્ઠી પેટા કલમ મુજબ પીનલકોડની કલમ ૧૪૩, ૧૪૭, અને ૩૫૩ મુજબ ગુન્હાઓનું તોહોમત રાખી તેની એકઠી રજુઆત ચલાવી શકાય છે, અને તેટલા માટે જો તે ગુન્હાઓને માટે જુદા જુદા ગુન્હેગાર ઠરાવી દરેકને માટે સજા કરવામાં આવી હોય તો તે સજા એવી સરતે કરવી જોઇએ કે સને ૧૮૮૨ ના આક્ટ ૮ ની કલમ ૪ મુજબ સુધારો થયેલી પીનલકોડની કલમ ૭૧ માં બતાવેલી સજા કરતાં વધી જાય નહી, અને તે પ્રમાણે હાલના ચાલતા કેસમાં કરેલી સજા વધી ગયેલી નથી. રાણી વિ૰ ચંદ્રકંત ભટાચારજી, ઈં. લો. રી. ૧૨ ક. ૪૯૫.

(મેસર્સ મીતર અને બીવરલી જડજોની રૂબરૂ, તા૰ ૧૧ મી ડીસંબર સને ૧૮૮૫.)

૬૪ સજા—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૩—મુળની કોર્ટના ફેંસલામાં ફેરફાર કરવાનો અપેલેટ કોર્ટનો અધીકાર—સેસન કોર્ટે પીનલકોડની કલમ ૪૦ મુજબ કોઇ તોહોમતદારની રજુઆત ચલાવી તેને ગુન્હેગાર ઠરાવી સજા કરી હોય અને હાઈ કોર્ટ એમ ધારે કે તે કલમ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી તેવી બાબતમાં જે ગુન્હાનું તોહોમત રાખવામાં આવ્યું નોહોતું તેવા કોઈ બીજા ગુન્હાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૩ મુજબ ઠરાવમાં ફેરફાર કરવાને તે કોર્ટે ના પાડી. રાણી વિ૰ ઈમદાદખાન, ઈં૰ લો૰ રી૰ ૮ અ. ૧૨૦.

(મી૰ પેથેરામ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૰ ૨૧ મી ડીસબર સને ૧૮૮૫.)

૬૫ સજા—૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૫, ૨૩૫—સને ૧૮૯૦ નો ૪૫ મો અને સને ૧૮૮૨ નો ૮ મો પીનલકોડ કલમો ૭૧, ૩૮૦, ૪૫૭—કેટલાક ગુન્હાઓને માટે એકી વખતે

ગુન્હેગાર ઠરાવવું તે—પીનલકોડની કલમ ૪૫૭ મુજબ રાત્રે ચોરી કરવાના ઈરાદાથી ઘર ફાડવું અને કલમ ૩૮૦ મુજબ ચોરી કરવી એ બંને ગુન્હાઓ એકજ કૃત્યમાંથી ઉત્પન્ન થયેલા હોવાથી ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટે એકઠી રજુઆત ચલાવી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો હતો. કેદીને કલમ ૪૫૭ મુજબ બે વર્ષની સખત કેદ, અને કલમ ૩૮૦ મુજબ છ માસની કેદ અને સો રૂપીઆ દંડ અને દંડ ના આપે તો ત્રણ માસની વધારે સખત મજુરી સાથે કેદની સજા કરી. તોહોમતના બે ભાગોને માટે કરેલી સજા એકંદર જોતાં ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ જેણે કેસ ચલાવ્યો હતો તેના અધીકાર ઉપરાંત થાય છે એવું કારણ બતાવી ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે કેસમાં હાઈકોર્ટનો અભીપ્રાય માગ્યો. જે સેસન જડજને અપીલ કરવામાં આવી હતી તેનો મત પણ એવો હોવાથી તેણે સજા કમી કરી બે વર્ષની સખત કેદ ઠરાવી. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારે કરેલા બે જુદા ગુન્હાઓ એકઠા કરવાથી પીનલકોડની કોઇ પણ કલમ મુજબ સજા થઈ શકે તેવો "જુદો ગુન્હો નહી બનવાથી" કલમ ૭૧ લાગુ પડતી નથી, અને તપાસ કરનાર માજીસ્ટ્રેટે કરેલી સજા તેના અખતીયાર પાકી સજાથી બમણી નહી થવાથી ક્રામીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫ મુજબ સજાઓ કાયદેસર ગણાય છે. મી૦ જારડીન જડજનો મત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૪ માં લખેલા સજા કરવાના નિયમો સને ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫ માં લખવા રહી જવાથી હવે પીનલકોડની કલમ ૭૧ અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫ માં તે લગાડવા જોઈએ. રાણી વિ. સખારામભાઉ, ઈ૦ લૉ૦ રી૦ ૧૦ મું૦ ૪૯૩.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ફેબ્રુઆરી સને ૧૮૬૬.)

રાણી વિ૦ દુકયા બીન ટમનાના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ઈ. લૉ. રી. ૧ મું૦ ૨૧૪. જુઓ કેટલાક ગુન્હાઓ ૨.

જુઓ જામીન ૩.
,, તોહોમત ૨૦.
" કમીટ કરવું તે ૧૮.
" રચના પીનલકોડની કલમની.
" જજમેન્ટ ૩.
" હુકુમત ૩.
" સજા કમી કરવી તે.
" જવાબ ગુન્હો કર્યાનો ૫.

સજા કમી કરવી તે—

સજા કમી કરવી તે—અપીલ—જે કેદીએ સેસન જડજને અપીલ કરી ના હોય તે કેદીની સજા ઓછી કરવાનો તેને અધીકાર નથી એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ૦ મુલીઆ નાના, ૫ મું, હા. કો. રી. ૨૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૬૮.)

જુઓ ખુન ૩, ૪૨.
,, તપાસણી ૩.

સ્ટાંપ—

૧ સ્ટાંપ—સને ૧૮૬૨ નો ૧૦ મો કલમ ૩—સ્ટાંપ ચોરવો તે—સને ૧૮૬૨ નો આકટ ૧૦ મો અમલમાં હતો તે વખતે કલમ ૩ મુજબ બનેલો ગુન્હો સને ૧૮૬૮ ના આકટ ૧ લાની કલમ ૬ મુજબ હજુ સુધી ગુન્હો ગણાય છે, અને તેની તજવીજ તે આકટ મુજબ થઈ શકે છે. સને ૧૮૬૮ ના આકટ ૧ લા ના ક્લોઝ એકની કલમ ૩ અમલમાં આવવાથી, અને સને ૧૮૬૯ ના આકટ ૧૮ ના પરીસિસ્ટ ૩ જા ની કલમ ૨ ફકત ૨૬ થઇ જવાથી, સને ૧૮૬૨ ના આકટ ૧૦ માના ૨૬ થઈ ગયેલા ભાગોનો એક બીજાની અંદર અમલ થઈ શકતો નથી. પ્રો. તા૦ ૩૦ મી જુલાઈ સને ૧૮૭૨; ૭ મુ. હા. કો. રી. અપે. ૮.

૨ સ્ટાંપ—સ્ટાંપની ટીકીટ ચોઢેલી પોંહોંચ—આપવાને ના પાડવી તે—જુઠું તોહોમત—આપેલા પૈસાને માટે ટીકીટ ચોડીને પોહોંચ આપવાની ના પાડવી તે કાયદા પ્રમાણે ગુન્હો નહી હોવાથી જે માણસે ટીકીટ ચોડી પોંહોંચ આપવાની ના પાડેલી તેના ઉપર જુઠું તોહોમત રાખવું તે તોહોમત રાખવા લાયક ગુન્હો નથી. રાણી વિ ગાપોકોમ કુસાજી, ૧ મું. હા. કો. રી. ૯૨.

(મેસર્સ એરસ્કાઈન, ન્યુટન અને વેસ્ટ્રોપ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી નવેંબર સને ૧૮૬૩).

૩ સ્ટાંપ—કોરા કાગળ ઉપર સાફ અક્ષરે નકલ કરેલો દસ્તાવેજ—સને ૧૮૬૨ નો ૧૦ મો કલમ ૩- સ્ટાંપના કાગળ ઉપર દસ્તાવેજ કરવો જોઇએ તેવા દસ્તાવેજની સાફ અક્ષરે કોરા કાગળ ઉપર ફકત નકલ કરવી તે સને ૧૮૬૨ ના ૧૦ મા આકટ મુજબ કાંઈપણ ગુન્હો ગણાતો નથી. રાણી વિ૦ જોટી બીન સદુ, ૧ મું. હા. કો. રી. ૩૭.

(મેસર્સ ન્યુટન અને વ્હકર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૬૪).

૪ સ્ટાંપ—સને ૧૮૬૨ નો ૧૦ મો કલમ ૩—કોરા કાગળ ઉપર લખેલો દસ્તાવેજ—સાફ અક્ષરે નકલ કરવી તે—શાહેદી તરીકે સહી કરવી તે—એમ ઠરાવવામાં આવ્યું કે ફકત કોરા કાગળ ઉપર સાફ અક્ષરે કોઈ દસ્તાવેજની નકલ કરી લેવાથી સને ૧૮૬૨ ના આકટ ૧૦ ની કલમ ૩ મુજબ ગુન્હો બનતો નથી; તેમજ તે દસ્તાવેજમાં શાહેદી કર્યાથી પણ ગુન્હો બનતો નથી. રાણી વિ૦ જેઠા મોતી, રાણી વિ૦ વીરજી કુંવરજી, ૨ મું૦ હા૦ કો૦ રી૦ ૧૨૯.

(મેસર્સ કાઉચ અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી માર્ચ સને ૧૮૬૫).

જુઓ રાણી વિ૦ જોટી બીન સદુ, ૧ મું. હા. કો. રી. ૩૭. જુઓ સ્ટાંપ ૩.

૫ સ્ટાંપ—સને ૧૮૬૦ નો ૩૬ મો કલમ ૨૬—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૬, ૬૭—ગેરશિરસ્તે ચાલેલો મુકરદમો—સ્ટાંપ આકટ મુજબ ગુન્હેગાર ઠરાવી કરેલી સજા સેસન જડજના અભીપ્રાય ઉપરથી ફેરવવામાં આવી કારણ કે જે માજીસ્ટ્રેટે મુકરદમાઓ ચલાવ્યા હતા તે મુકરદમાઓ ઘણાજ ગેરશિરસ્તે ચાલેલા છે. તા. દેવસનવટ બીન શીવરામસનવટ, ૩ મું. હા. કો. રી. ૩૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૩ જી આકટોબર સને ૧૮૬૬).

૬ સ્ટાંપ—દંડ—સને ૧૮૬૨ નો ૧૦ મો કલમ ૩—"જે કેસમાં વધારે દંડ કરવામાં આવ્યો હોય તે કેસ શીવાય" અને "વધારે નહી" એ સને ૧૮૬૨ ના આકટ ૧૦ માની કલમ ૩ ના શબ્દો, સો રૂપીઆનો અને નહી ભરેલા સ્ટાંપની કીંમતથી દશ ગણો દંડ કરતાં વધારે રકમનો દંડ, એ બંનેને લાગુ પડે છે. શાખ કરનાર માણસો અને દસ્તાવેજ લખનાર માણસ જેને નીચે લખીતંગ તરીકે સહી કરી હોય તેમનો "બનાવવું, અમલમાં લાવવું,સહી કરવી, અથવા સામેલ થવું" એ કલમમાં બતાવેલા શબ્દોની અંદર સમાવેસ થઈ જતો નથી, અને તેટલા માટે તેઓને તે કલમ પ્રમાણે સજા થઈ શકતી નથી. પ્રો. તા૦ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭; ૩ મું. હા. કો. રી. અપે. ૨૭.

૭ સ્ટાંપ—ગેરશિરસ્તે ચાલેલો મુકરદમો—સને ૧૮૬૨ નો ૧૦ મો કલમો ૩, ૫૨—ફરીઆદ—કલેકટરની મંજુરી—સને ૧૮૬૨ ના આકટ ૧૦ માની કલમ ૩ મુજબ ગુન્હેગાર ઠરાવી કરેલી સજા ફેરવી નાંખી કારણ કે તજવીજ ચલાવનાર માજીસ્ટ્રેટની રૂબરૂ કાંઈપણ ફરીઆદ થઇ નોહોતી. ફરીઆદ કરવાની મંજુરીનો શેરો કરી તેની નીચે કલેકટરે સહી કરી હોય તો તે, સમન કાઢી શકાય તેવી રીતે, ફરીઆદને બદલે કબુલ રાખી શકાતી નથી. રાણી વિ૦ બાઈ, દીવાળી ૫ મું. હા. કો. રી. ૪૮.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી જુન સને ૧૮૬૮).

૮ સ્ટાંપ—દીવાની કોર્ટની ફરીઆદ—અને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૮ મુજબ મુનસફે કરેલી ફરીઆદ ઉપર જો કે તે કોર્ટની મોહોર ના પડેલી હોય તોપણુ તેના ઉપર સ્ટાંપ ચોઢવાની કાંઈ જરૂર નથી. રાણી વિ૦ સજન વલદે વીઠુ, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૦૪.

(મેસર્સ ન્યુટન અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસંબર સને ૧૮૬૮).

૯ સ્ટાંપ—સને ૧૮૬૨ નો ૧૦ મો કલમ ૩—કલેકટરે ફરીઆદ કરવાની પરવાનગી નહી આપેલી તે—સને ૧૮૬૨ ના આકટ ૧૦ ની કલમ ૩ મુજબ ફરીઆદ કરવાની મંજુરી સ્ટાંપ રેવન્યુ કલેકટરે અથવા તેવી બાબતમાં સરકારે ખાસ રીતે અખતીઆર આપેલા કોઈ અમલદારે ના આપી હોય તો તે આકટની કલમ ૫૨ મુજબ તે તદન ગેરશિરસ્તે થએલી ગણાય છે. રાણી વિ. અજુધાપ્રસાદ, ૨ વા. દી. પ્રાં. ૧૮૮.

(મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી મે સને ૧૮૭૦).

૧૦ સ્ટાંપ—સ્ટાંપની રકમ ચોરવી તે—ઈરાદો—સને ૧૮૬૯ ના આકટ ૧૮ ની કલમ ૨૫ માં બતાવેલા ગુન્હામાં, રકમ ભરવાનું ઉડાવવું તે જરૂરીઆત મુદ્દો ગણાતો નથી. એમ ઠરાવવામાં આવ્યું કે કાયદા પ્રમાણે જોઈએ તેટલા રૂપીઆના કાગળ ઉપર બક્ષીસ આપનારે બક્ષીસપત્ર નહીં કરી આપ્યાથી તેને વાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો પણ જે માણસને બક્ષીસનામું કરી આપ્યુંછે તે માણસે તે કલમ મુજબ કાંઈ પણ ગુન્હો કર્યો નથી. પ્રો. તા૦ ૨૮ મી નવંબર ૧૮૭૦; ૬ મ. હા. કો. રી. અપે. ૫.

૧૧ સ્ટાંપ—પુરાવાની નકલો—તા૦ ૧૫ મી સપટંબર સને ૧૮૭૦ ને રોજ ઈન્ડિઆ સરકારે બાતલ કરેલા દસ્તાવેજોમાં પુરાવાની અને ગુન્હેગાર ઠરાવવાના કારણોની નકલો આવી જતી નથી. અપીલ કરવાને માટે જે માણસોને આવા દસ્તાવેજોની નકલો લેવી હોય તેમણે નકલો લેવાને માટે સ્ટાંપના કાગળો રજુ કરવા જોઈએ. પ્રો. તા૦ ૫ મી જાનેવારી સને ૧૮૭૧; ૬ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૧૨.

૧૨ સ્ટાંપ—ફરીઆદ—ઢોરનું પકડવું તે—૧૮૫૭ નો ૩ જો—૧૮૭૦ નો ૭ મો કોર્ટ ફીનો આકટ કલમ ૩૧ અને પરીશીષ્ટ ૨ આરટીકલ ૧, કલોઝ બ—કાયદા વિરૂદ્ધ કોઈ ઢોરને પકડીને રાખવું જેને સને ૧૮૫૭ ના આકટ ૩ જાની કલમ ૧૪ લાગુ પડે છે તે, કોર્ટ ફીના (સને ૧૮૭૦ નો ૭ મો) આકટના પરીશીષ્ટ બીજાના આરટીકલ પેહેલાના કલોઝ બ અને કલમ ૩૧ ના અર્થ મુજબ "ગુન્હો" નથી. આવી રીતની ફરીઆદો ઉપર સ્ટાંપ ચોઢવાની કાંઈ જરૂર નથી. આવી રીતની ફરીઆદો જો સ્ટાંપના કાગળ ઉપર થઈ હોય તો ફરીઆદીને તે રકમ તોહોમતદાર આપશે એવો હુકમ કરવાનો કોર્ટને અધીકાર નથી. રાણી વિરૂદ્ધ આવજી બીન નારૂ, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૨૨.

(મેસર્સ બેલી અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી મે સને ૧૮૭૧).

૧૩ સ્ટાંપ—સને ૧૮૬૯ નો આકટ ૧૮ મો કલમો ૨૪, ૨૯—પદ્ધતિ—દંડ કરી શકાય તેવો પક્ષકાર—સ્ટાંપ આકટની કલમ ૨૪ મુજબ થયેલી ફરીયાદમાં, આકટની વિરૂદ્ધ ગુન્હો બનેલો છે કે નહી અને તેની રૂબરૂ યોગ્ય અમલદારે ફરીઆદ કરી છે કે નહી એ માજીસ્ત્રેટે નિરાકરણુ કરવાનું છે. કલમ ૨૯ અને ત્યાર પછીની કલમોના શબ્દો મુજબ ગુન્હો કર્યાથી જે માણસ પોતે જવાબદાર થયો હોય છે, અને જેના ઉપર કલેકટરે અથવા તે ને રીતસર અખતીયાર આપેલા કોઈ અમલદારે ફરીઆદ માંડેલી છે તે માણસને માજી

ર્ટથી કલમ ૪૪ મુજબ ગુન્હેગાર ઠરાવી શ કાય છે. પ્રોમીસરી નોટ અથવા તેવી જાતનો બીજો કોઈ દસ્તાવેજ જેના ઉપર આકટ મુ જબ સ્ટાંપ લગાવવાનો છે તેના ઉપર વખત સર સ્ટાંપ લગાડવામાં ના આવ્યો હોય તો જે માણુસે તે લખી છે તે માણુસનો દંડ થાય છે, પણુ જેને લખી આપવામાં આવી છે તે નો દંડ થઈ શકતો નથી. જે કેસમાં ડીસ્ટ્રી કટ માજીસ્ટ્રેટે પોતે કલેકટર તરીકે ફરીઆદી કરી હોય તેવો કેસ પોતે ચલાવવો જોઈએ નહી. રાણી વિ. નાદીચંદ પોડાર, ૨૪ વિ૦ રી૦ ૧.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજો ની રૂબરૂ, તા૦ ૨૯ મી એપ્રીલ ૧૮૭૫).

રાણી વિ. ગંગાધર જુનજોના કેસમાં નજર રાખવામાં આવી. ઇ. લો. રી ૩ ક. ૬૨૨; ૨ ક. લો. રી. ૧૭૯. જુઓ સ્ટાંપ ૧૫.

૧૪ સ્ટાંપ—સને ૧૮૬૯ નો આકટ ૧૮ મો કલમ ૨૯, અને પરીશીષ્ટ, ૨, આરટીક લ ૩૮—બીજાને આપી દેવાનો દસ્તાવેજ—કલેકટરે ફરીઆદ માંડેલી તે—સ્ટાંપ ચોરવા નો ઈરાદો—પુરેપુરા સ્ટાંપના કાગળ ઉપર દ સ્તાવેજ નહી કર્યાથી સને ૧૮૬૯ ના આકટ ૧૮ ની કલમ ૨૯ મુજબ તોહોમતદાર ઉપ ર ફરીઆદ થઈ હતી. દસ્તાવેજમાં નિચે મુ જબ લખવામાં આવ્યુ હતું. "સંવત ૧૨૮૩ ના જેઠ શુદ ૯ ની તારીખના કબાલાથી અ અને બ નામના માણુસોએ મને ૩૬૯૫) મા ટે જમીનના બે ગુંઠા અને ૩ કાવરી વેચાતી આપેલી છે, અને ૩૨૫) ની કીંમતના ચાર જમીનના કોટાઓ મેં વેચનારને પાછા આ પ્યા છે અને તેને બદલે ઉપર બતાવેલા વેચ નારાઓએ, મને તેમની ઝીરત નામની જમી નમાંથી ચાર કોટા આપેલા છે. આવી રીતે એક બીજા વચે અરસપરસ કરેલી જમીનમાં હું અથવા મારા વાલી વારસો કોઈ રીતે હર કત હેલો કરીશું નહી. આ ઉપરથી મેં આ ચીઠી વેચાણુખત તરીકે અથવા આમન સામ ન દસ્તાવેજ તરીકે કરી આપી છે જે જરૂર પડે કામમાં લેઈ શકાય ". આ દસ્તાવેજ ફક ત આઠ આનાના કાગળ ઉપર કર્યો હતો અ ને રજીષ્ટર કરાવવાને તોહોમતદારે તે રજુ કર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૬૯ ના આકટ ૧૮ ના પરીશીષ્ટ બેના આરટીકલ ૩૮ ના અર્થ મુજબ વેચાણુ દસ્તાવેજ ગણા ય છે. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે કેટલો અને શો દંડ ઠરાવવો જોઈએ એ શો ધી કાઢવાને માટે, અને સને ૧૮૬૯ ના આ કટ ૧૮ ની કલમ ૨૯ મુજબ ફરીઆદ થયે લા માણુસનો કપટ કરી સ્ટાંપ ચોરાવવાનો ઈ રાદો હતો કે નહી એ વિચાર કરવાને માજી સ્ટ્રેટ બંધાયેલો હતો. રાણી વિ. દવારકાનાથ ચોધરી, ઇ. લો રી. ૨ ક. ૩૯૯.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, કેમ્પ, મે કફરસન, માર્કબાય અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી જાનેવારી ૧૮૭૭).

રાણી વિ. પ્રેમજી ભગવાનના કેસ ઉપ ર નજર રાખવામાં આવે છે. ૧૦ મું. હા. કો. રી. ૨૯૫. જુઓ રૂ. ૩.

૧૫ સ્ટાંપ—ફરીઆદ કરવાને માજીસ્ટ્રેટે અખતીયાર આપેલો તે—સ્ટાંપના કાયદાની વિરૂદ્ધ ગુન્હેગારો ઉપર ફરીઆદ માંડવાને, સ્ટાં પ આકટની કલમ ૪૩ મુજબ ડીસ્ટ્રીકટ કલે કટરે જે માજીસ્ટ્રેટને અખતીયાર આપેલો છે તે માજીસ્ટ્રેટ, જે માણુસો ઉપર ફરીઆદ થઈ હોય તે માણુસોની પોતે રાજુઆત ચલાવી શ કતો નથી. ફરીઆદ ચલાવવાને માટે કલેકટરે માજીસ્ટ્રેટ શીવાય બીજા કોઈ માણુસને નીમ વો જોઈએ. રાણી વિ. ગંગાધર જુનજો, ઈ. લો. રી. ૩ ક. ૬૨૨; ૨ ક. લો. રી. ૧૭૯.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડ જોની રૂબરૂ, તા૦ ૧૬ મી એપ્રીલ ૧૮૭૮).

રાણી વિ. નાદીચંદ પોડારના કેસ ઉપ ર નજર રાખવામાં આવે છે. ૨૪ વિ. રી. ૧. જુઓ સ્ટાંપ ૧૩.

૧૬ સ્ટાંપ—સને ૧૮૭૯ નો આકટ ૧ લો—સ્ટાંપના કાયદા વિરૂદ્ધ થયેલો ગુન્હો—સને ૧૮૬૯ નો ૧૮ મો કલમ ૩૪—અને

૧૮૬૯ અને સને ૧૮૭૯ ના સ્ટાંપ આકટો વિરૂદ્ધ બનેલા ગુન્હાઓની ફોજદારી કરવી તે નો જુમો મુળથી કલેકટરને શીર હોવાથી, ઉપલા આકટોમાંના ગમે તે આકટ મજબ થયેલા ગુન્હાનું તોહોમત કોઈ માણસ ઉપર રાખ્યુ હોય તેની રજુઆત પોતે ચલાવી શકતો નથી. રાણી વિ. હુકીન નંદનલાલ, ઈ. લો. રી. ૨ અ. ८०६.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા. ૧૨ મી એપ્રીલ ૧૮૮૦).

૧૭ સ્ટાંપ—સને ૧૮૭૯ નો ૧ લો કલમો ૩૭, ૪૦—પંચાત - ફેંસલો—સ્ટાંપની રકમ ચોરાવવી તે છ માણસોએ પોતાની જાતના ગામડીઆઓ વચેની તકરારમાં પંચાતી તરીકે ચાલી, લખેત ફેંસલો આપ્યો. પછીથી કટકની મુનસફની કોર્ટમાં કરેલા દાવામાં એક તકરારી પક્ષકારે તે ફેંસલો પુરાવામાં દાખલ કર્યો, અને એવું કારણ બતાવ્યું કે દસ્તાવેજ ઉપર સ્ટાંપ નહી ચોડવામાં આવ્યાથી તે કમજ કરી કલેકટર તરફ મોકલવો જોઈએ. એ પ્રમાણે મોકલવાથી કલેકટરે લખનાર ઉપર ફરીઆદી માંડવાનો હુકમ કર્યો. જે ડેપ્યુટી માજીસ્ત્રેટ તરફ તે મોકલવામાં આવ્યો હતો તે ડેપ્યુટી માજીસ્ત્રેટે લવાદ તરીકે વરતેલા છ માણસો ઉપર સમન કાઢયા અને દરેકનો પચીસ રૂપીઆ દંડ કર્યો. ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે હાઈ કોર્ટનો અભીપ્રાય લખી પુછવાથી એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવવું ગેરકાયદેસર હોવાથી તે રદ થવું જોઈએ. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે સ્ટાંપ આકટની કલમ ૩૭ માં બતાવેલી પદ્ધતિ મુજબ મુકરદમો બરોબર રીતે ચલાવવો જોઈએ, અને કલમ ૪૦ મુજબ ફરીઆદ કરવાનો હુકમ કરતાં પેહેલાં યોગ્ય સ્ટાંપની રકમ ચોરવાના ઈરાદાથી ગુન્હો કરવામાં આવ્યો હતો કે નહી એ વિષે મત બાંધવાને કલેકટર બંધાયેલો છે. રાણી વિ. સોદાનંદ માહાનટી, ઈ. લો. રી. ૮ ક. ૨૫૯; ૧૭ ક. લો. રી. ૩૬૧.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસંબર સને ૧૮૮૧).

૧૮ સ્ટાંપ —સને ૧૮૭૯ નો ૧ લો—કોર્ટ ફી ની ટીકીટો—પરવાના મળ્યા વગરના માણસોએ કરેલુ વેચાણ—સને ૧૮૬૯ લો ૧૮ મો (જનરલ સ્ટાંપ આકટ) કલમ ૪૯—સને ૧૮૭૦ નો ૮ મો (કોર્ટ ફી આકટ) કલમ ૩૪—પરવાનો લીધા સિવાય કોર્ટ ફીની ટીકીટો વેચવી તે ગુન્હો ગણાતો નથી. રાણી વિ૦ જાલુ, ઈ. લો. રી. ૪ અ. ૨૧૬.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઈટ, ઓલ્ડફીલ્ડ, બ્રોધર્સ્ટ, અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જાનેવારી સને ૧૮૮૨.)

૧૯ સ્ટાંપ—સને ૧૮૭૯ નો ૧ લો કલમ ૫૧—બગડેલા સ્ટાંપો મજરે લેવાની અરજી—કલેકટરે કરેલી તજવીજ —સને ૧૮૭૯ ના આકટ ૧ લાના પ્રકરણ ૬ ના પરીશીષ્ટ ૫૧ માં એમ બતાવેલું છે કે " કલેકટરે કવી રીતનો પુરાવો લેવો જોઈએ એ વિષે ગવરનર જનરલ જે નિયમો ઠરાવે તે પ્રમાણે આગળ બતાવેલા કેસોમાં બગડેલા છાપેલા સ્ટાંપો મજરે આપવામાં આવશે. તે કલમના સબંધમાં બતાવેલા નિયમ પ્રમાણે ઉપલા આકટના પ્રકરણ ૬ મજબ જે માણસ પૈસા પાછા મળવાની માગણી કરે તે માણસની સોગન ઉપર મોંની જુબાની કલેકટર લેઈ શકે છે. તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે બગડેલા સ્ટાંપો મજરે મળવાની અરજીઓની તપાસ કરવી, સોગન ઉપર જુબાની લેવી અને અરજીઓ મંજુર કરવી અથવા ના મંજુર કરવી તે કાયદા પ્રમાણે કલેકટરનું કામ છે અને બીજા કોઇ અધીકારનું કામ નથી, અને તે પોતાનો અધીકાર બીજા માણસને સોંપી શકતો નથી. તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૯ ના આકટ ૧ લાના પ્રકરણ ૬ મુજબ જે માણસે પૈસા મજરે લેવાની અરજ કરી હોય અને કલેકટરે તેની અરજી તજવીજને માટે ડેપ્યુટી કલેકટર તરફ મોકલી હોય તો અર

જ્યારે રજુ કરેલા સાહેદીઓને તે સોગન આપી શકતો નથી, અને તેથી કરીને આવા સાહેદીઓએ કહેલી હકીકતના સબંધમાં તમના ઉપર પીનલકોડની કલમો ૧૮૧ અથવા ૧૯૩ મુજબ તોહોમત મુકી શકાતું નથી. રાણી વિ૦ નીઆઝઅલી, ઈ. લો. રી. ૫ અ. ૧૭.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, અને સ્ટ્રેઈટ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી જુલાઈ સને ૧૮૮૨.

૨૦ સ્ટાંપ--સને ૧૮૭૯ નો આક્ટ ૧ લો કલમો ૩૪, ૩૭, ૪૦, ૬૧, ૬૯—કોરા કાગળ ઉપર દસ્તાવેજ કરવો તે--સ્ટાંપ ચોડયા વગર દસ્તાવેજ લેવો તે--ફરીઆદ માંડવાને કલેકટરે આપેલી મંજુરી--મદદગારી અ નામના માણસે બ નામના માણસને સાદા કાગળ ઉપર દસ્તાવેજ કરી આપ્યો, જે ચાર આનાના કાગળ ઉપર ખરૂ જોતાં કરવો જોઈતો હતો. બ એ અ ની ઉપર દીવાની કોર્ટમાં દાવો કરી પુરાવામાં આ દસ્તાવેજ રજુ કર્યો. દીવાની કોર્ટે બ ને દંડ અને સ્ટાંપની રકમ આપવાને બોલાવ્યો, પણ બ એ ના પાડયાથી દસ્તાવેજ કબજે કરી તે કોર્ટે કલેકટર તરફ તે મોકલ્યો. દીવાની કોર્ટના મત સાથે મળી કલેકટરે દંડ અને સ્ટાંપની રકમ માગ્યા શીવાય અ અને બ બંને માણસો ઉપર, ફોજદારી કોર્ટમાં ફરીઆદ માંડવાની મંજુરી આપી. ફરીઆદ માંડયાથી એવો પરીણામ થયો કે સને ૧૮૭૧ ના આક્ટ ૧ લાની કલમ ૬૧ મુજબ અ ગુનેગાર ઠર્યો અને અને બ, અ ના ગુન્હામાં મદદ કર્યા નો ગુન્હેગાર ઠર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવવું તે કાયદા વિરૂદ્ધ હતું, કારણ કે દંડ અને સ્ટાંપની રકમ ભરવાની તક કલેકટરે આપી નોહોતી. વળી વધારામાં એમ ઠરાવવામાં આવ્યું કે કોરા કાગળ ઉપર કરેલો દસ્તાવેજ ફકત લીધાથી, એવી જાતનો દસ્તાવેજ કરવાની મદદગારીનો ગુન્હો બનતો નથી. રાણી વિરૂદ્ધ જાનકી, ઈ૦ લો૦ રી૦ ૭ મું. ૯૨.

(મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૨ જી નવંબર સને ૧૮૮૨).

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:--

રાણી વિ. પીરયા ગોપાલ, ઈ. લો. રી. ૯ મું. ૧૦૦. જુઓ હકુમત ૪૫.

રાણી વિ. મીઠુલાલ, ઈ. લો. રી. ૮ અ. ૧૮. જુઓ સ્ટાંપ ૨૪.

૨૧ સ્ટાંપ—સને ૧૮૭૯ નો આક્ટ ૧ લો કલમ ૬૧--પ્રોમીસરી નોટ--પુરેપુરો સ્ટાંપ નહી ચોડેલો તે—કબુલ કરવું તે—સને ૧૮૭૯ ના સ્ટાંપ આકટની કલમ ૬૧ માં લખેલા "શીકારવું" તે શબ્દના અર્થમાં "કબુલ રાખવું" એવો અર્થ આવી જતો નથી, પણ "શીકારનાર તરીકે અમલ કરવો" એવો અર્થ આવી જાય છે. રીતસર સ્ટાંપ લગાડયા શીવાય દાવામાં રજુ થએલી પ્રોમીસરી નોટ લેવી તે સને ૧૮૭૯ ના સ્ટાંપ આકટની કલમ ૬૧ મુજબ ગુન્હો ગણાતો નથી. રાણી વિરૂદ્ધ ગુલામહુસેન સાહેબ, ઈ. લો. રી. ૭ મ. ૭૧.

[મી૦ ટરનર ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૭ મી જુન સને ૧૮૮૩].

રાણી વિ. પીરયા ગોપાલના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૯ મું. ૧૦૦. જુઓ હકુમત ૪૫.

૨૨ સ્ટાંપ—સને ૧૮૭૯ નો ૧ લો કલમો ૬૪, ૬૯-પોહોંચ આપવાની ના કેહેવી તે—ફરીઆદ કરતાં પેહેલાં કલેકટરની મંજુરીની જરૂર છે તે—હકુમત—સને ૧૮૭૯ ના સ્ટાંપ આકટ ૧ લાની કલમ ૬૪ વિરૂદ્ધ ગુન્હો કર્યાને માટે તે આકટની કલમ ૬૯ મુજબ પ્રથમ કલેકટરની મંજુરી મેળવ્યા સીવાય ફરીઆદ કરી શકાતી નથી. રાણી વિ૦ જેઠમલ, ઈ. લો. રી. ૯ મું. ૨૭.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી અગષ્ટ સને ૧૮૮૪.)

૨૩ સ્ટાંપ—સને ૧૮૭૯ નો ૧ લો કલમ ૩, કલોઝ ૭, આરટીકલ ૫૨ અને પરીશીષ્ટ (આઈ)–પોહોંચ–કોઇ લેણદારે પોતાના દેણદારના ચોપડામાં રકમ લખી, તે દેવાને પેટે માંડી વાળવામાં આવી છે એવી નીચે સહી કરી હોય તો સ્ટાંપ આકટના કલોઝ ૧૭ ની કલમ ૩ ના અર્થ મુજબ તે "પોહોંચ" ગણાય છે, અને તેથી કરીને ઉપલા આકટના આરટીકલ ૫૨ ના પરીશીષ્ટ [આઇ] મુજબ તેના ઉપર ટીકટ ચોડવી જોઇએ. રાણી વિ૦ જગરનાથ, ઈ૦ લો૦ રી૦ ૧૧ ક. ૨૬૭.

[મેસર્સ ટોટનહામ અને ઘોસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૮૮૫.]

બ્રોજીનદરકુમાર વિ૦ બ્રામોમોઈ ચોધરાણીના કેસને લાગુ પડે છે, ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૮૮૫ (દિવાની રૂલીંગ)

બીનજારામ વિ૦ રામમોહનરોયના કેસને લાગુ પડે છે, ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૨૮૨. [દિવાની રૂલીંગ].

બ્રોજોગોબીંદ શાહ વિ. ગોલકચંદર શાહના કેસને લાગુ પડે છે, ઈ૦ લો૦ રી૦ ૯ ક. ૧૨૭ [દિવાની રૂલીંગ]

૨૪ સ્ટાંપ—સને ૧૮૭૯ નો ૧ લો કલમ ૬૧—ટીકટ ચોટયા વગરની પોહોંચ–આપવામાં મદદ કરવી તે–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૦૭—કોઈ કરજદારે પોતાના લેણદારને રૂપીઆની રકમ આપી તેની પાસેથી, ટીકટ ચોડવાની ખાત્રી આપી ટીકટ વગરની પોહોંચ કબુલ કરી. એમ ઠરાવવામાં આવ્યું કે આથી પીનલકોડની કલમ ૧૦૭ ના અર્થ મુજબ ટીકટ વગરની પોહોંચ લેવાના ગુન્હામાં મદદગારી ગણાતી નથી. રાણી વિ૦ બાહાદરસીંઘ [વિકલી નોટસ ૧૮૮૫, પાનું ૩૦] ના કેસનો તફાવત બતાવવામાં આવ્યો: રાણી વિ૦ જાનકી [ઈ. લો. રી ૭ મું. ૮૨] અને રાણી વિ૦ ભૈરન [વિકલી નોટસ ૧૮૮૪ પાનું ૩૭] ના કેસો ઉપર નજર રાખવામાં આવી. રાણી વિ. મીથુલાલ, ઈ. લો. રી. ૮ અ. ૧૮.

[મી૦ પેથેરામ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૨૬ મી અકટોબર સને ૧૮૮૫.]

રાણી વિ૦ બાહાદુરસીંઘના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો, વિ૦ નોટસ પાનું ૩૦.

રાણી વિ૦ જાનકીના કેસમાં નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૭ મું. ૮૨. જુઓ સ્ટાંપ ૨૦.

રાણી વિ૦ ભૈરનના કેસ ઉપર નજર રાખવામાં આવી, વિકલી નોટસ ૧૮૮૪ પાનું ૩૭.

જુઓ સાપ્રાધ ખોટો ઉપયોગ ૭, ૧૨.

સ્ટાંપનો કાગળ—

જુઓ ખોટો છાપનો કાગળ.

„ પુરાવો ૬.

સણ—

સણનો સંગ્રહ કરવો તે—પરવાનો-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૫ મું–સને ૧૮૭૨ નો ૨ જો કલમો ૪, ૩૪–પરવાનો લીધા શીવાય વખારમાં સણ એકઠું કરી રાખવાને માટે સને ૧૮૭૨ ના આકટ ૨ જા ની કલમ ૪ મુજબ ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં ઉપલા આકટની કલમ ૩૪ માં કહ્યા પ્રમાણે ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ માં બતાવેલી રીત મુજબ મુકરદમાઓ ચલાવવા જોઈએ, ભગવાન ચંદર કુનડુ અને બીજો અરજદારો, ૧૯ વિ૦ રી૦ ૪.

[મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી નવંબર સને ૧૮૭૨].

સત્તા ડેપ્યુટી માજીસ્ટ્રેટની—

સત્તા ડેપ્યુટી માજીસ્ટ્રેટની—સાપ્રાધ પ્રવેશ –કાયદા વિરૂદ્ધ મંડળી—બીગાડ-જમીનની તકરારો—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ માજીસ્ટ્રેટને કેસ મોકલવાને બદલે, કાયદા વિરૂદ્ધ મંડળી, બીગાડ અને સાપ્રાધ પ્રવેશના તોહોમતો રાખેલા કેસોનું નીરાકરણ ડેપ્યુટી માજીસ્ટ્રેટે કરવું જોઈએ. બીજા વર્ગના તાબાના

માજીસ્ટ્રેટના અધીકારવાળો ડેપ્યુટી માજીસ્ટ્રેટ ઉપલી કલમો મુજબ મુકરદમાઓ ચલાવી શક્તો નથી. રાણી વિ૰ ઉતમમાલ વિગેરે, ૨ વિ૰ રી૰ ૨.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૪ થી જાનેવારી સને ૧૮૯૫).

સતા તપાસણી ઉપરથી કોર્ટની—

સતા તપાસણી ઉપરથી કોર્ટની—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૫—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૫ મુજબ મુકરદમાઓ ચલાવી કલમ ૧૪૬ મુજબ હુકમ કરેલો તે—તપાસ ઉપરથી પુરાવો લીધેલો તે—માજીસ્ટ્રેટે કોઈ કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૫ મુજબ હુકમ કર્યો હોય અને કેસમાં વ્યાજબી રીતે હુકમ કલમ ૧૪૬ મુજબ કરવો જોઇતો હતો એમ લાગે તો, નિચેની કોર્ટે જે હુકમ કરવો જોઈતો હતો તે હુકમ હાઈ કોર્ટ તપાસના અધીકાર તરીકે કરી શકશે. તપાસના અધીકાર ઉપરથી હાઈ કોર્ટ કેસના આખા પુરાવામાં દરમીયાન થયેલી તેવો કેસ. રાજા બાબુ વિ૰ મદનમોહનલાલ, (ઈં. લો. રી. ૧૪ ક. ૧૬૮) ના કેસનો અર્થ કરી બતાવવામાં આવ્યો. સડોવાહ કારખાનાનો ઉપરી મી૰ રીડ વિ૰ રાજપોર કારખાનાનો ઉપરી મી૰ રીચરડસન, ઈં૰ લો૰ રી૰ ૧૪ ક. ૩૬૧.

(મેસર્સ સર ડબલ્યુ કોમર પેથેરામ નાઇટ ચીફ જસ્ટીસ અને કનીંગહામ જડજોની રૂબરૂ, તા૰ ૧૬ મી માર્ચ સને ૧૮૮૭).

સતી—

જુઓ ખુન ૫૫.

„ આત્મ હત્યા ૨.

સોધન—

જુઓ ચોરી ૨૨.

સ્થાનીક તજવીજ નોટીસ આપ્યા વગરની—

સ્થાનીક તજવીજ નોટીસ આપ્યા વગરની—આસેસરોનો મત લીધા પછી સેસન જડજે ચલાવેલો મુકરદમો—જે ગુન્હાની રજુઆત ચાલતી હોય તે ગુન્હાની તકરારી જગ્યા જોવાની સેસન જડજને જરૂર જણાય તો તેણે તે બાબતની પક્ષકારોને અને આસેસરોને નોટીસ આપવી જોઈએ. આવી રીતની નોટીસ આપ્યા સીવાય અને આસેસરોનો મત લેઇ રજુઆત પુરી કર્યા પછી તેણે તે જગ્યા જોવા જવું જોઇએ નહી. આ ઉધ બેહારી નારાયણસીંધ અપેલેન્ટ, ૧ ક. લો. રી. ૧૪૩.

(મેસર્સ પ્રીનસેપ અને માકફાય જડજોની રૂબરૂ, તા૰ ૧૩ મી સપટંબર સને ૧૮૮૭.)

જુઓ કબજો ૮૧, ૧૧૦.

„ લોકોપકારક કૃત્ય ૭૧.

સ્થાનીક સરકારે કરેલી અપીલ—

૧ સ્થાનીક સરકારે કરેલી અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૭૨, ૨૯૭—સને ૧૮૭૪ નો ૧૧ મો કલમ ૨૩—મુદત—સને ૧૮૭૪ ના આકટ ૧૧ ની કલમ ૨૩ મુજબ સુધારો થયેલી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૨ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમ સામે, ઠરાવ આપ્યાને છ માસ થઇ ગયા પછી જો સ્થાનીક સરકારે અપીલ કરી હોય, અને સુધારો થયેલો આકટ પસાર થઈ કાયદો થયો તે દીવસે છ માસ પુરા થતા હોય, તોપણ તેને મુદતનો બાધ લાગે છે. સુધારો થયેલી કલમ (૨૭૨) એકલી વાંચવી જોઈએ પણ મુદતના કાયદાના સાધારણ કલોઝ તરીકે વાંચવી જોઈએ નહી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૭ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમની દરમીયાન કોર્ટ થઈ સકશે નહી. રાણી વિ. દોલજી બાલાભાઇ વિગેરે, ૧૧ મું. હા. કો૰ રી. ૧૧૭.

(મેસર્સ વેસ્ટ અને લારપન્ટ જડજોની રૂબરૂ, તા૰ ૨૫ મી જુન સને ૧૮૭૪).

હરી વિ. વીશનના કેસને લાગુ પડે છે. ૧૦ મું. હા. કો. રી. ૨૦૪ (દિવાની રૂલીંગ)

જુઓ રાણી વિ. જ્યાદુલા, ઈં. લો. રી. ૨ ક. ૪૩૬. જુઓ સ્થાનિક સરકારે કરેલી અપીલ ૨.

૨ સ્થાનીક સરકારે કરેલી અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૨—નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે—સને ૧૮૭૧ નો ૯ મો મુદતનો આકટ કલમ ૫, કલોઝ ब અને પરીસીષ્ટ ૨, આર્ટીકલ ૧૫૩—સને ૧૮૭૪ નો ૧૧ મો કલમ ૨૩—નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમની તારીખથી તે ૭ માસની અંદર સ્થાનીક સરકારે જો અપીલ કરી હોય તો તે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૨ મુજબ મુદતની અંદર ગણાય છે. સાઠ દીવસની મુદતનો નિયમ લાગુ પડતો નથી. રાણી વિ. જ્યાદુલા, ઈં. લો. રી. ૨ ક. ૪૩૬.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, કેમ્પ, જેક્શન, મેકફરસન અને એનસ્લી જડજોની ૩ બરૂ, તા૦ ૨૬ મી માર્ચ સને ૧૮૭૭).

જુઓ રાણી વિ. દોલજી બાલાભાઈ, (આ કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૭૨ એકલી વાંચવી જોઈએ) ૧૧ મું. હા. કો. રી. ૧૧૭. જુઓ સ્થાનીક સરકારે કરેલી અપીલ ૧.

૩ સ્થાનીક સરકારે કરેલી અપીલ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૨—કોઈ જડજ અથવા માજીસ્ટ્રેટે કેસનો વિચાર કરી તોહોમતદારોને નિર્દોષ ઠરાવી છોડી મુકયા છે તેવા કેસમાં સ્થાનીક સરકાર વિરૂદ્ધ પડે છે તેટલા માટે બેશક સ્થાનીક સરકારે અપીલ કરવી જોઈએ, અથવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૨ માં આપેલો સ્વતંત્ર અધીકારનો અમલ કરી હાઈ કોર્ટે સાધારણ ન્યાયની રીતમાં વાંધો ઉઠાવવો જોઈએ એવું કાંઇ નથી. જે કેસોમાં નીચેની કોર્ટથી એવી રીતની ભુલ થઈ હોય કે જેથી કરીને ન્યાયની રીતમાં અને લોકોના હકની અંદર ઘણુંજ નુકશાન થએલું માલમ પડે તેવા કેસોની અંદરજ ફકત આવી રીતનો અધીકાર બજાવી શકાય છે. તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે નિર્દોષ ઠરાવી છોડી મુકવાના સેસન જડજના મુળના ઠરાવ ઉપરથી સ્થાનીક સરકારે અપીલ કરેલી હોવાથી અને કેસની હકીકત ઉપર નજર રાખતાં તે ઠરાવ વ્યાજબી રીતે અને પ્રમાણીકપણે થએલો હોવાથી આવી રીતની અપીલ કાઢી નાંખવી જોઈએ. રાણી વિ૦ ગવદીન, ઈં. લો. રી. ૪ અ. ૧૪૮.

(મેસર્સ સ્ટ્રેઇટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી નવંબર સને ૧૮૮૧).

૪ સ્થાનીક સરકારે કરેલી અપીલ—જ્યુરીના ફેંસલા ઉપરથી હકીકત ઉપર કરેલી અપીલ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૧૭, ૪૧૮, ૪૨૩—જ્યુરીથી રજુઆત ચલાવેલા કેસમાં સવાલો સ્પષ્ટ રીતે હકીકત સંબંધી હોય તો નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમ ઉપર, સને ૧૮૮૨ ના આકટ ૧૦ માના લખાણ મુજબ સ્થાનીક સરકારની અરજ ઉપરથી અપીલ ચાલી શકતી નથી. આવી રીતની અપીલ ચાલવાને માટે કલમ ૪૧૮ માં બતાવેલા કારણથી મજબુતી મળવી જોઇએ. બંગાળા સરકાર વિ૦ પરમેશર મુલીક, ઈં. લો. રી. ૧૦ ક. ૧૦૨૯.

(મેસર્સ મીતર અને પીગટ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી અગષ્ટ સને ૧૮૮૪).

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૧૩, ૧૯.
„ નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૩૫, ૪૧, ૪૨.
„ બદદાનત.
„ પુરાવો ૪૯.
„ જકાત ૩૬.
„ તપાસણી ૧૨, ૧૪, ૩૨.

સબ ઇનસ્પેકટરે—

ટટુ ખરીદ કરેલુ તે. જુઓ ઢોર પ્રવેશ ૫.

સમાધાન—

૧ સમાધાન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ પ્રકરણ ૧૫ મું—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૧–પીનલકોડ મુજબ છ માસ ઉપરાંત સજા થઇ શકે તેવા લાંચ અને બીજી જાતના ગુન્હાઓની તજવીજ ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ મુજબ ચાલી શકતી નથી તેટલા માટે તે કોડની કલમ ૨૭૧ મુજબ તેનું રાજીનામું આપી શકાતું નથી. તા૦ ૨૯ મી મે સને ૧૮૬૯ ને રોજ નંબર ૧૦૦ નો કાગળ જેસોરના કામ ચલાઉ સેસન જડજે હાઇ કોર્ટના રજીસ્ટ્રારને લખેલો તે. ૧૨ વિ૦ રી૦ ૫૯.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, બેલી, કેમ્પ, મેકફરસન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી સપટંબર સને ૧૮૬૯.)

સરકાર વિ૦ ચંદરકુમારસેનના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવે છે, ૫ વિ. રી. ૪. જુઓ ગેરવ્યાજબી બક્ષીસ ૬.

૨ સમાધાન—લેણદાર—કરજ—બદદાનત–કપટ–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૨–કેટલાક માસીક હફતાની રકમો બરોબર વસુલ કરવાના જામીન તરીકે **क** નામના માણસે દાવો **ब** નામના માણસને વેચાણ આપ્યાથી, **अ** નામના માણસે **क** ના દાવાનું સમાધાન નહી કરવાનો તેની સાથે કરાર કરેલો, તેમ છતાં પછીથી **अ** નામના માણસે **क** ની સાથે દાવાનું સમાધાન કર્યું એમ ઠરાવવામાં આવ્યું હતું કે, **क** ની સાથે કપટથી અથવા બદદાનતથી સમાધાન કરવામાં આવ્યું હતુ એ સાબીત થયા સીવાય, પીનલકોડની કલમ ૪૨૨ મુજબ **अ** ને ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. નોબીનચંદર મુદક અરજદાર, ૨૩ વિ. રી. ૪૬.

(મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી જુલાઇ સને ૧૮૭૪.)

સમાધાન ગુન્હાઓનું—

૧ સમાધાન ગુન્હાઓનું–બુદ્ધિપુર્વક વ્યથા કરવી તે ફરીઆદ પાછી ખેંચી લેવી તે–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૮—પીનલકોડની કલમ ૩૨૩ મુજબ બુદ્ધિ પુર્વક વ્યથા કરવાનો ગુન્હો એવો છે કે તેનું કાયદેસર સમાધાન થઈ શકે છે, તેટલા માટે આવા કેસની ફરીઆદ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૮ મુજબ પાછી ખેંચી લેવાની પરવાનગી આપી શકાય છે. રાણી વિ૦ જેઠા ભલા, ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૬૮.

(મેસર્સ મેલવીલ અને કેમબોલ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી માર્ચ સને ૧૮૭૩.)

રાણી વિ૦ રહીમતના કેસમાં મંજુર રાખવામાં આવ્યો નહી. ઈ. લો. રી. ૧ મું. ૧૪૭. જુઓ સમાધાન ગુન્હાઓનું ૫.

૨ સમાધાન ગુન્હાઓનું—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૪—પીનલકોડની કલમ ૪૦૪ મુજબ બનેલો ગુન્હો, જે ગુન્હાઓને માટે રાજીનામું આપી શકાય તેવી જાતનો ગુન્હો ગણાતો નથી. પ્રે. તા૦ ૩૦ મી જુન સને ૧૮૭૪, ૭ મ. હા. કો. રી. અપે. ૩૪.

રાણી વિ. રહીમતના કેસમાં નજર રાખવામાં આવી. ઈ. લો. રી. ૧ મું. ૧૪૭. જુઓ સમાધાન ગુન્હાઓનું ૫.

૩ સમાધાન ગુન્હાઓનું—હુમલો–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૪–ઇરાદો સાબીત ના થાય તેવું કૃત્ય—કોઈ માણસ ઉપર હુમલો કરવો અને ઈરાદા પુર્વક મહાવ્યથા કરવી તે ઈરાદા શીવાયનું કૃત્ય નહી હોવાથી તેનું રાજીનામું આપી શકાય નહી. પીનલકોડની કલમ ૨૧૪ ના **ब** દાખલામાં લખેલો " હુમલો " એ શબ્દનો અર્થ કોડની વાખ્યામાં બતાવેલો હુમલો ગણાતો નથી; તેનો વધારે સાધારણ અને મોઘમ અર્થ કરવો જોઇએ. રાણી વિ૦ મદનમોહન, ૬ મ. હા. કો. રી. ૩૦૨.

[મી० ટરનર જડજની રૂબરૂ, તા० ૧૯ મી અગષ્ટ સને ૧૮૭૪].

રાણી વિ० રહીમતના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૧ મું. ૧૪૭. જુઓ સમાધાન ગુન્હાઓનું ૫.

૪ સમાધાન ગુન્હાઓનું—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૧૫, ૨૯૬,—ફરીઆદ ફરીથી માંડવી તે—વારંટનો મુકરદમો "માંડીવાળવો" તે—પક્ષકારોએ અંદર અંદર સમાધાન કર્યાથી પીનલકોડની કલમ ૨૧૪ મુજબ રાજીનામું આપી શકાય તેવો વારંટનો મુકરદમો "માંડીવાળવામાં" આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે "માંડીવાળવું તે" ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૧૫ મુજબ છોડી દેવાની બરોબર ગણાય છે, તેથી ફરીઆદ ફરીથી ચલાવવાનું કોઈ પણ રીતે યોગ્ય જણાય તો સમાધાનથી કાંઈ બાધ આવતો નથી. રાણી વિ० દેવમા, ઈ० લો० રી० ૧ મું० ૬૪.

[મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા० ૮ મી ડીસેંબર ૧૮૭૫.)

રાણી વિ० દોરાબજી હોરમસજીના કેસમાં નજર રાખવામાં આવી, ઈ० લો० રી० ૧૦ મું० ૧૩૧. જુઓ વધારે તપાસ ૮.

૫ સમાધાન ગુન્હાઓનું—બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૪—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૧૦—જ્યારે કોઈ પણ અમુક ગુન્હાની વાખ્યાના બતાવેલા કૃત્યમાં "બુદ્ધિપુર્વક," "ઈરાદાથી," "કપટથી," 'બદદાનતથી" અથવા એવા કોઇ બીજા શબ્દોમાં અમુક ઇરાદાનો સમાવેશ થઈ જતો હોય અને ગુન્હો ઈરાદા વગરનો ના હોય તો પીનલકોડની કલમ ૨૧૪ જેના અપવાદની અંદર રાજીનામું આપી શકાય તેવા ગુન્હાઓ બતાવેલા છે તેની અંદર તે આવી જતો નથી. ઉપર બતાવેલા અર્થ મુજબ સમાધાન થઈ શકે તેવા ગુન્હાની અંદર ઇરાદો કોઈ પણ રીતે સાબીત થવો જોઈએ નહી, અને જેને માટે નુકશાન થયેલો માણસ તેની મરજી હોય તો ફોજદારી કરવાને બદલે દિવાની દાદ માગી શકે એવો તે ગુન્હો હોવો જોઈએ. તેટલા માટે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાના ગુન્હાનું રાજીનામું થઇ શકતું નથી. રાણી વિ० જેઠા ભલા [૧૦ મું० હા० કો० રી० ૬૮] નો કેસ નામંજુર થયો. રાણી વિ० રહીમત, ઈ. લો. રી. ૧ મું. ૧૪૭

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, કેમબેલ, વેસ્ટ અને નહાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા० ૧૬ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬).

રાણી વિરૂદ્ધ જેઠા ભલાનો કેસ નામંજુર થાય છે, ૧૦ મું० હા० કો० રી० ૬૮ જુઓ સમાધાન ગુન્હાઓનું ૧.

રાણી વિરૂદ્ધ મથવાનના કેસ ઉપર નજર રાખવામાં આવી, ઈ० લો० રી० ૧ મ० ૧૬૧. જુઓ સમાધાન ગુન્હાઓનું ૬.

નિચેના કેસોને લાગુ પડે છેઃ—

શામચરન બોસ વિરૂદ્ધ ભોળાનાથ દત્ત, ૬ વિ. રી. ૯. (દીવાની રૂલીંગ).

રાણી વિ० ગોપીમોહન મીતર ૨૨ વિ. રી. ૨૬. જુઓ મનુષ્યહરણ ૨૨

પ્રો. તા० ૩૦ મી જુન સને ૧૮૭૪, ૭ મ. હા. કો. રી. અપે. ૩૪. જુઓ સમાધાન ગુન્હાઓનું ૨.

રાણી વિ० મદનમોહન, ૬ વા० દી० પ્રાં० ૭૦૨; ૯ મ. જ્યુરીસ્ટ. ૩૪૧. જુઓ સમાધાન ગુન્હાઓનું ૩.

૬ સમાધાન ગુન્હાઓનું—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૮—પરણેલી સ્ત્રીને ફોસલાવી લેઇ જવી તે -સાપ્રાધ વિશ્વાસઘાત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૦૬, ૪૯૮—બદકામ કરવાના ઇરાદાથી કોઇ પરણેલી સ્ત્રીને ફોસલાવીને લેઈ જવી અને સાપ્રાધ વિશ્વાસઘાત કરવો તે બંને ગુન્હાઓને માટે કાયદેસર રાજીનામું થઈ શકતું નથી. કઈ જાતના ગુન્હાઓમાં કાયદેસર રાજીનામું આપી શકાય

છે તે મોઘમ સવાલને માટે જુઓ રાણી વિ. રહીમતનો કેસ, (ઈ. લો. રી. ૧ મું. ૧૮૭). રાણી વિરૂદ્ધ મથવાન, ઈ૦ લો૦ રી૦ ૧ મ૦ ૧૯૧.

(મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ, હોલોવે, ઈન્સ અને ફીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી નવંબર સને ૧૮૬૬).

રાણી વિ૦ રહીમતના કેસ ઉપર નજર રાખવામાં આવે છે, ઈ. લો. રી. ૧ મું. ૧૪૭. જુઓ સમાધાન ગુન્હાઓનું ૫.

૭ સમાધાન ગુન્હાઓનું—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૧૩, ૨૧૪—પીનલકોડની કલમ ૪૦૬ મુજબ સાપ્રાધ વિશ્વાસઘાતના ગુન્હાનું, તે કોડની કલમો ૨૧૩ અને ૨૧૪ માં બતાવ્યા પ્રમાણે કાયદેસર રાજીનામું આપી શકાતું નથી. ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનું રેફરન્સ, ૬ ક૦ લો૦ રી૦ ૩૯૨.

(મેસર્સ જેકશન અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૪ જુન સને ૧૮૮૦.)

૮ સમાધાન ગુન્હાઓનું—ઠગાઇ અને જુઠો લેખ સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૪—બીલ ઉપર નજર રાખતાં આકટનો અર્થ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૮—ઠગાઇ અને જુઠો લેખ એ બંને ગુન્હાઓનું કાયદેસર રાજીનામું થઈ શકતું નથી. પીનલકોડની કલમ ૨૧૪ માં સુધારો કરીને કાયદા બાંધનારાઓ જે બીલ લાવ્યા હતા તે ઉપર નજર રાખી કેટલાક ગુન્હાઓનું કાયદેસર રાજીનામું લેઈ શકાય છે એવું માજીસ્ટ્રેટે નિરણય કર્યું. એમ ઠરાવવામાં આવ્યું કે બીલ જે પસાર થઈને કાયદો થયો નોહોતો તે ઉપર આધાર રાખી, માજીસ્ટ્રેટે કરેલો ઠરાવ ગેરવ્યાજબી ગણાય છે, અને જે બાબત કાયદા બાંધનારાઓના વિચાર ઉપર હતી તેના ઉપર નજર રાખ્યા સીવાય તે કલમનો અર્થ કરવો એ તેની ફરજ હતી. રેનાકહુસેન વિ૦ હરબનસીંઘની અરજી, ઈ૦ લો૦ રી૦ ૩ અ. ૨૮૩.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૧૧ મી નવંબર સને ૧૮૮૦).

૯ સમાધાન ગુન્હાઓનું—આવી રીતે સમાધાન થયેલું પીનલકોડની કલમ ૨૧૧ મુજબ રાખેલા તોહોમતનો જવાબ નથી તે—સમાધાન થઈ શકે તેવા ગુન્હાઓ—પીનલકોડની કલમ ૨૧૧ મુજબ તોહોમત રાખેલા ગુન્હેગારને મુળના તોહોમતને માટે રાજીનામું થયેલુ છે એવા જવાબ ઉપરથી છોડી મુકવો તે સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧૧—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૪૨, ૩૪૫ – તકરારમાં બતાવેલા ગુન્હાને માટે રાજીનામું આપેલું છે તે, ફરીઆદી ઉપર પીનલકોડની કલમ ૨૧૧ મુજબ રાખેલા તોહોમતનો નિર્ણાયક જવાબ ગણાતો નથી. અ નામના માણુસે ગેરવ્યાજબી અટકાવને માટે મ નામના માણુસ ઉપર તોહોમત મુકયું. પોલીસે કેસ જુઠો છે એવો રીપોર્ટ કર્‌યાથી અને અ પોતાની ફરીઆદ સાબીત કરવાને હાજર નહી થવાથી ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે પીનલકોડની કલમ ૨૧૧ મુજબ તેના ઉપર ફોજદારી માંડવાનો હુકમ કરી, કેસ ડેપ્યુટી માજીસ્ટ્રેટ તરફ મોકલ્યો. આવી રીતની ફરીઆદ થયાનું સાંભળ્યા પછી મ નામના માણુસે એવી તકરાર બતાવી કે મ ઉપર કરેલી ફરીઆદનુ તેણે સમાધાન કર્યું હતું, તેથી પીનલકોડની કલમ ૨૧૧ મુજબ તેના ઉપર તોહોમત રાખી શકાતું નથી. ડેપ્યુટી માજીસ્ટ્રેટે કાંઈ પણ પુરાવો લીધા સીવાય કેસ માંડી વાળ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતનો રસ્તો કાયદા વિરૂદ્ધ ગણાય છે કારણ કે પીનલકોડની કલમ ૨૧૧ મુજબ રાખેલા તોહોમતનો આ નિર્ણાયક જવાબ ગણાતો નથી. રાણી વિ૦ અતરઅલી, ઈ૦ લો૦ રી૦ ૧૧ ક. ૭૯.

(મેસર્સ વીલસન અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૩ જી નવંબર સને ૧૮૮૪.)

જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે, ૨૨.
,, છીનાળુ ૩, ૧૨.
,, મનુષ્યહરણ ૨૨.

સમન—

૧ સમન—કાઢવા તે—માજીસ્ત્રેટ કાયદે૨ સમનો કાઢવાનો હુકમ કરી શકે તે પેહેલાં ફરીઆદીની જુબાની ઉપરથી મુકરદમો ચલાવવાનાં કેટલાંક કારણોસાબીત થવાં જોઈએ. હરેનાથ રોય અરજદાર, વિ૦ રી૦ સપટબંર ૨ ૩૩.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી જુન સને ૧૮૬૧.

૨ સમન—કાઢવા તે—ફરીઆદીની જુબાની—ફરીઆદીની જુબાની લેતાં પેહેલાં ફરીઆદ થએલા પક્ષકારો ઉપર ડેપ્યુટી માજીસ્ત્રેટે કાઢેલા સમનો કાયદા વિરૂદ્ધ ઠરાવવામાં આવ્યા હતા. રાજબમંડલ વિ૦ લોચનમંડલ, વિ. રી. સપટંબર ૩૭.

(મેસર્સ લોચ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨ જી જુલાઈ સને ૧૮૬૪).

૩ સમન—જુઠુ સરટીફીકેટ આપવું તે—મદદગારી—સમનનું જુઠુ સરટીફીકેટ કાઢવામાં મદદગારી કરવી તે—સમન બરોબર રીતે બજાવવામાં આવ્યો છે એને માટે આ પેલી પહોંચમાં નામ લખેલો ચોકીદાર જો કે ગામમાં રહેતો નહોતો તોપણ સમન બજાવનારો માણસ ગામમાં બીલકુલ અજાણ્યો હોવાથી તેને ઠગવાનો સંભવ બને એવું હોવાથી અને ગુન્હો થવાની તેને માહીતી નહી હોવાથી કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યો હતો. રાણી વિ૦ હીસામુદીન, ૩ વિ. રી. ૩૭.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જુન સને ૧૮૬૩).

૪ સમન—શાહેદી ઉપર કાઢવા તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૮૯, પ્રકરણો ૧૨ અને ૧૫—સેસન કોર્ટ ચલાવી શકે તેવા ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૨ માં બતાવેલા કેસોને કોડની કલમ ૧૮૯ લાગુ પડે છે; પણ માજીસ્ત્રેટથી તજવીજ થઇ શકે તેવા પ્રકરણ ૧૫ માં બતાવેલા કેસોને ઉપલી કલમ લાગુ પડતી નથી. ભોઈદોનાથ બનીઆ વિ૦ ભીકુદાસ, ૯ વિ. રી. ૩.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જાનેવારી સને ૧૮૬૮).

૫ સમન—કાઢવા તે—સોગન ઉપર કરેલી ફરીઆદ—ખુશીથી હાજર થવું તે—હુકમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૬૬, ૧૭૯, ૨૪૮, ૨૫૭—કોઇ તોહોમતદાર માજીસ્ત્રેટની રૂબરૂ તોહોમતનો જવાબ આપવાને ખુશીથી હાજર થયો હોય તો (ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમે ૪૩ અને ૬૬ મુજબ) વારંટ અથવા સમન કાઢવાને માટે સોગન ઉપર ફરીઆદ થવી જોઈએ એ કાંઈ અગત્યનું ગણાતું નથી. ફરીઆદ સાંભળી તે ઉપરથી માજીસ્ત્રેટ સમન કાઢે તો તે અમલની રૂઈએ ચાલે છે એમ ગણાતું નથી પણ ઈનસાફની રાહે ચાલે છે એમ ગણાય છે. સોગન ઉપર ફરીઆદ ના થઈ હોય તો જે સરતો મુજબ માજીસ્ત્રેટે કામ ચલાવવું જોઈએ તે સરતો ઉપર વિચાર કરવામાં આવ્યો, અને તે સવાલ ઉપર આધાર રાખતાં કેસો તપાસી તેનો અર્થ કરી બતાવવામા આવ્યો. રાણી વિ૦ સદાશીવપા પાડુરંગપા, ૫ મું. હા. કો. રી. ૨૯.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૬૮].

નિસેના કેસોનો અર્થ કરી બતાવવામાં આવે છે:—

રાણી વિ૦ બાગુ વલદે આઉસારી, ૪ મું. હા. કો. રી. ૩૪. જુઓ ફરીઆદ ૬.

રાણી વિ૦ રણછોડદાસ નથુભાઇ, ૪ મું. હા. કો. રી. ૩૫. જુઓ કમીટ કરવું તે ૧૬.

રાણી વિ૦ દીપચંદ ખુશ્યાલ, ૪ મું. હા. કો. રી ૩૦. જુઓ ફરીઆદ ૪.

રાણી વિ૦ જાફરઅલીના કેસમાં નજર રાખવામાં આવી, ૮ મું. હા. કો. રી. ૧૧૩. જુઓ ફરીઆદ ૨૪.

૬ સમન—સમન કાઢવાનો તેહેસીલ દારનો અખતીયાર—તેહેસીલદારને પોતા સીવાય બીજા કોઈ માણસની રૂબરૂ હાજર થવાને કોઇ માણુસ ઉપર સમન કાઢવાનો મદ્રાસના સને ૧૮૬૯ ના આકટ ૩ જા મુજબ અધીકાર નથી. પ્રો. તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૭૨; ૭ મ. હા. કો. રી. અપે. ૧૦.

૭ સમન—સમન કાઢવાનો તેહેસીલ દારનો અધીકાર—મદ્રાસના સને ૧૮૬૯ ના આકટ ૩ જા મુજબ ફકત કાયદેસર સમન કહાડવાનો તેહેસીલદારને અખતીયાર છે, અને એવી રીતે કાઢેલા સમનનું અપમાન કરવું તે ગુન્હો ગણાય છે. પ્રો તા૦ ૪ થી નવંબર સને ૧૮૭૨; ૭ મ. હા. કો. રી. અપે. ૧૧.

૮ સમન—બજાવવા તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૮૬, ૧૮૭—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૬ મુજબ ફકત કોઇ શાહેદીને સમન બતાવવામાં આવ્યો હોય તો તે પુરતી રીતે બજાવણી થઈ ગણાતી નથી. મુળ સમન શાહેદીને આપવો જોઈએ અથવા તે સમન તેને બતાવી તેની નકલ આપવી જોઈએ. રાણી વિ૦ કરસન દાનતરામ, ૫ મું. હા. કો. રી. ૨૦.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮.]

૯ સમન—બજાવવા તે—સમન ઉપર સહી કરવાની ના પાડવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૩—કોઈ શાહેદીએ સમન ઉપર સહી કરી આપવાની ના પાડી હોય તો તેથી પીનલકોડની કલમ ૧૭૩ મુજબ પોતાની ઉપર જાણી જોઈને સમનની બજાવણી અટકાવવાનો ગુન્હો બનતો નથી. રાણી વિ૦ કાલયા બીન ફકીર, ૫ મું હા. કો. રી. ૩૪.

[મેસર્સ ન્યુટન કાનચલાઉ ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૬૮.]

ભુબનેશ્વર દત્તની બાબતમાં આધાર રાખવામાં આવ્યો, ૨ ક૦ લો૦ રી૦ ૮૦; ઈં૦ લો૦ રી૦ ૩ ક૦ ૬૨૧. જુઓ સમન ૧૧.

૧૦ સમન—લેવાની ના પાડવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૫૪, ૧૭૩—સમન લેવાની ના પાડવી તે પીનલકોડની કલમ ૧૭૩ મુજબ ગુન્હો ગણાતો નથી. રાણી વિ૦ પુનમાલઈ, ઈં૦ લો૦ રી૦ ૫ મ. ૧૯૯.

(મેસર્સ કરનાન અને કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી એપ્રીલ સને ૧૮૮૨).

૧૧ સમન—પહોંચ આપવાની ના પાડવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૩—સમનની પહોંચ આપવાની ના પાડવી તે પીનલકોડની કલમ ૧૭૩ મુજબ ગુન્હો ગણાતો નથી. ભુબનેશ્વર દત્ત, ઈં. લો. રી. ૩ ક. ૬૨૧; ૨ ક. લો. રી. ૮૦.

[મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી ડીસંબર સને ૧૮૭૭.]

રાણી વિ૦ કાલયા ફકીરના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૫ મું. હા કો. રી. ૩૪. જુઓ સમન ૯.

૧૨ સમન—ફરમાવ્યા પ્રમાણે હાજર ના રહેવું તે—ઉપજ—સને ૧૮૨૭ નો ૧૭ મો કલમો ૨૬, ૨૯—" જો કે કાઢેલો સમન તોહોમતદાર ઉપર વખતસર બજાવવામાં આવ્યો હતો, " તોપણ સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૧૭ ની કલમો ૨૬ અને ૨૯ મુજબ ચાલતા રેવન્યુ કેસમાં માહાલકારીની કચેરીમાં સાહેદી આપવાને જાણી બુજીને હાજર નહીં રહેવાથી " પિનલકોડની કલમ ૧૭૪ મુજબ ગુન્હેગાર ઠરાવેલો તે કેસમાં એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવવું કાયદા વિરૂદ્ધ હતું. રાણી વિ૦ નારાયણપા, ૫ મું. હા. કો. રી. ૩૯.

[મેસર્સ ન્યુટન કામચલાઉ ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૬૮].

૧૩ સમન—ફરમાવ્યા પ્રમાણે હાજર થવામાં કસુર કરેલી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—સમન કાઢવામાં આવેલો માણસ હાજર રહેવાને બંધાયેલો હતો અને તેણે ના પાડી અથવા તે જાણી બુઝીને હાજર થયો નહીં એવું સાબીત થયા શીવાય પીનલકોડની કલમ ૧૭૪ મુજબ સરકારી નોકરે કાઢેલા હુકમનું અપમાન કરવાને માટે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવેલો તે કાયદા વિરૂદ્ધ ગણાતું નથી. શ્રીનાથ ઘોસનું રેફરન્સ ૧૦ વિ૦ રી૦ ૩૩.

[મેસર્સ જેકશન અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી સપ્ટેમ્બર સને ૧૮૬૮].

૧૪ સમન—કસુર કરવી તે—તાબાનો માજીસ્ટ્રેટ, પીનલકોડની કલમ ૧૭૪ મુજબ પોતે કાઢેલા સમન મુજબ હાજર થવામાં કસુર કરવાને માટે મદ્રાસના સને ૧૮૬૩ ના આકટ ૧ લાની કલમો ૧ અને ૨ અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૩ ની સરત મુજબ, કોઈ માણસોને ગુન્હેગાર ઠરાવી શકતો નથી. પ્રો. તા૦ ૧૮ મી મે ૧૮૬૯. ૪ મ. હા. કો. રી. અપે. ૫૧.

૧૫ સમન—કસુર કરવી તે—મદ્રાસનો સને ૧૮૬૩ નો આકટ ૧ લો રદ થઈ ગયો છે તોપણ તાબાનો માજીસ્ટ્રેટ જે સમન કાઢે છે તે પોતે કાઢેલા સમનની કસુરના ગુન્હાની તજવીજ કરી શકે છે. પ્રો. તા૦ ૨૬ મી જુલાઈ ૧૮૬૯; ૪ મ. હા. કો. રી. અપે. ૫૨.

રાણી વિ૦ હીરાલાલદાસના કેસમાં નજર રાખવામાં આવી, ૮ બેં. લો. રી. ૪૨૨; ૧૭ વિ. રી. ૩૯. જુઓ રજીસ્ટ્રેશન ૪.

૧૬ સમન—સને ૧૮૪૩ નો આકટ ૧૧ મો કલમ ૮—માહાલકારીએ કાઢેલા હુકમ મુજબ હાજર નહીં થવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—બીજા વર્ગના તાબાના માજીસ્ટ્રેટના અધીકારવાળો માહાલકારી સને ૧૮૪૩ ના આકટ ૧૧ ની કલમ ૮ મુજબ સમનો કાઢી શકતો નથી તેમજ આવી રીતે કાઢેલા સમનો ઉપરથી કોઈ માણસ હાજર ના થયો હોય તો તે પીનલકોડની કલમ ૧૭૪ મુજબ ગુન્હેગાર ગણાતો નથી. રાણી વિ૦ વેંકાજી ભાસકર, ૮ મું. હા. કો. રી. ૧૯.

(મેસર્સ લોયડ અને કેમબેલ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી એપ્રીલ સને ૧૮૭૧.)

૧૭ સમન—કસુર કરવી તે—કોઈ તાબાના માજીસ્ટ્રેટે પોતે તેહેસીલદાર તરીકે કાઢેલા સમનોની કસુરને માટે પીનલકોડની કલમ ૧૭૪ મુજબ કેટલાક માણસોને ગુન્હેગાર ઠરાવેલા તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૧૭૪ ના પેહેલા ભાગ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય છે. મદ્રાસના સને ૧૮૬૯ ના આકટ ૩ જા મુજબ સમનો કાઢવાનો તેહેસીલદારને અધીકાર છે. પ્રો. તા૦ ૩૦ મી નવંબર ૧૮૭૧; ૬ મ. હા. કો. રી. અપે. ૪૪.

૧૮ સમન—કસુર કરવી તે—તા૦ ૨૭ મી મેની મુદત નાખેલા કેસમાં શાહેદી તરીકે તોહોમતદાર ઉપર સમન કાઢવામાં આવ્યો હતો. સમન તોહોમતદારને હાથોહાથ પોહોચાડવામાં આવ્યો નોહોતો તોપણ તેના બારણે ચોઢવામાં આવ્યો હતો. મુદત ઠરાવેલા દિવશે કેસ ચલાવવામાં આવ્યો નોહોતો તોપણ ઝાહેરાંત રીતે ઢંઢેરો પીટાવી કેસ તા૦ ૫ મી જુન સુધી બંધ રાખવામાં આવ્યો હતો. પછીથી ઠરાવેલા દિવશે તોહોમતદાર હાજર થયો નોહોતો. આ ઉપરથી પીનલકોડની કલમ ૧૭૪ મુજબ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો સમનની તોહોમતદારને ખબર આપવામાં આવી હતી કે જેથી કરીને તે પ્રથમ ઠરાવેલા દિવશે હાજર થઇ શકે એવો કેસમાં પુરાવો નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હો થયાનો પુરા

વો નહી હોવાથી અપરાધ રદ કરવો જોઇએ. ઝાહેરાંત ઢંઢેરો પીટાવી કેસની રજુઆત બંધ રાખવી તે વાંધો ઉઠાવાય તેવી અને ગેરવ્યાજબી ગણાય છે. પ્રો. તા० ૧ અગષ્ટ સને ૧૮૭૧; ૬ મ० હા० કો० રી० અપે. ૨૯.

૧૯ સમન—કસુર કરવી તે—સને ૧૮૩૧ ના રેગ્યુલેશન ૬ મુજબ કલેકટરની રૂબરૂ કરેલા દાવામાં પ્રતીવાદી તરીકે તોહોમતદાર ઉપર સમન કાઢવામાં આવેલો તેની કસુરને માટે પીનલકોડની કલમ ૧૭૪ મુજબ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. કઈ જગ્યાએ તેને હાજર રેહેવું જોઈએ એ સમનમાં બતાવવામાં આવ્યું નોહોતું. એમ ઠરાવવામા આવ્યું કે આ કારણ ઉપરથી ગુન્હો કાયદા વિરૂદ્ધ હતો. પ્રો. તા० ૨૦ મી ડીસંબર ૧૮૭૨ ૭ મ. હા. કો. રી. અપે. ૧૪.

૨૦ સમન - સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૭૧, ૪૭૩—સેટસમેન્ટ અમલદાર જે માજીસ્ટ્રેટ પણ હતો તેણે પોતાની કોર્ટમા હાજર રેહેવાને માટે સેટલમેન્ટ અમલદાર તરીકે કેઈ માણસ ઉપર સમન કાઢયો, અને આ માણસ હાજર થવાનું ભુલી જવાથી, તેણે માજીસ્ટ્રેટ તરીકે તેના ઉપર પીનલકોડની કલમ ૧૭૪ મુજબ તોહોમત રાખી, રજુઆત ચલાવી તેને ગુન્હેગાર ઠરાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમો ૪૭૧ અને ૪૭૩ ઉપર નજર રાખતાં ગુન્હેગાર ઠરાવવું કાયદા વિરૂદ્ધ હતું. રાણી વિ० સુખરી, ઈ. લો. રી. ૨ અ. ૪૦૫.

(મી० ઓલડફીલ્ડ જડજની રૂબરૂ, તા० ૧૩ મી જુન સને ૧૮૭૯.

૨૧ સમન—હાજર નહી થવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—સમનમાં શી બાબતો લખવી જોઈએ તે—જગ્યા અને હાજર થવાનો વખત નહી લખેલો તે—કઈ કોર્ટ, જગ્યા અને કયે દિવસે અને કેટલા વાગે સમન થયેલા માણસે હાજર રેહેવું જોઇએ તે સ્પષ્ટ અને બરોબર રીતે સમનમાં બતાવવું જોઈએ, અને વળી એમ પણ બતાવવું જોઈએ કે રજા લીધા સીવાય તે માણસે કોર્ટનું મકાન છોડીને અને તે કેસની મુદત નાખવામાં આવી હોય તો … તારીખે મુદત નાંખી છે એ નકી કર્યા સીવાય જવું જોઇએ નહી. કઈ જગ્યાએ અને કેટલા વાગે હાજર થવું જોઇએ એ સમનમાં લખેલું ના હોય તો, એમ ઠરાવવામાં આવ્યું કે સમન કરેલા માણસને કસુરથી ગેરહાજર રેહેવાને માટે પીનલકોડની કલમ ૧૭૪ મુજબ કાયદેસર ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિ० રામસરન, ઈ. લો. રી. ૫ અ. ૭.

(મી० સ્ટ્રેઇટ જડજની રૂબરૂ, તા० ૭ મી જુલાઈ સને ૧૮૮૨.)

૨૨ સમન—કસુર કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—મદ્રાસનો સને ૧૮૬૯ નો ૩ જો વસ્તીપત્રક અને જમાબંધી તૈયાર કરવાને માટે હાજર થઈ ખબર આપવાને કોઇ તેહેસીલદારે ગામડાના કરનાન ઉપર સમન કાઢયો હોય તો તે મદ્રાસના સને ૧૮૬૯ ના આકટ ૩ જામાં આવી જતો નથી, અને આવી રીતે કાઢેલા સમનની કસુરને માટે પીનલકોડની કલમ ૧૭૪ મુજબ ગુન્હો બનતો નથી. રાણી વિ० સુબ્રામાનયમ, ઈ० લો० રી० ૫ મ. ૩૭૭.

(મેસર્સ મુતુસ્વામી આયર અને ટારટ જડજોની રૂબરૂ, તા० ૨ અને ૫ મી અગષ્ટ સને ૧૮૮૨.)

રાણી વિ० સુબાનાનો કેસ રદ થઇ ગયો, ઈ० લો० રી० ૭ મ. ૧૯૭. જુઓ સમન ૨૪.

૨૩ સમન—કસુર કરવી તે—મદ્રાસનો ૧૮૬૧ નો રેગ્યુલેશન ૪ થો કલમો ૧૫, ૧૬—એકઠી હકુમત—મદ્રાસના સને ૧૮૧૬ ના

રેગ્યુલેશન ૪ થાની કલમો ૧૫ અને ૧૬ ના ખાસ લખાણથી પીનલકોડની કલમ ૧૭૪ નું લખાણુ વિરૂદ્ધ નથી. ગામડાના મુનસફે કાઢેલા સમનની કસુરના સાધારણ કેસોનું નિરાકરણુ રેગ્યુલેશન મુજબ કરવું જોઇએ. પણુ જો તોહોમત પીનલકોડ મુજબ રાખવામાં આવ્યું હોય તો ફોજદારી કોર્ટે તે મુજબ કેસ ચલાવવો જોઈએ. રાણી વિ૦ રામચંદ્રપા, ઈ. લો. રી. ૬ મ. ૨૪૯.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૮૮૩.)

૨૪ સમન--કસુર કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—મદ્રાસનો સને ૧૮૬૯ નો આકટ ૩ જો—રેવન્યુ તપાસ—સમન કાઢવાનો અધીકાર—કરનાન—ગામડાના હીસાબો મંગાવવા તે—ડોલ—વસ્તી પત્રક—મદ્રાસના સને ૧૮૬૯ ના આકટ ૩ જા મુજબ કલેકટરો અને તેના હાથ નિચેના અમલદારો ગમે તેવી રીતે મોઘમ તજવીજ કરવાના હોય તોપણુ તેઓ પોતાના વહીવટ ચલાવવાના અધીકાર મુજબ સમન કાઢી શકે છે. રાણી વિ૦ સુબાના, ઈ. લો. રી. ૭ મ. ૧૯૭.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ, કરનાન, કીનડરસ્લી અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી સપટંબર સને ૧૮૮૩.)

રાણી વિ૦ વાનમ સુબ્રામનયમનો કેસ રદ થઈ જાય છે, ઈ. લો. રી. ૫ મ. ૩૭૭. જુઓ સમન ૨૨.

૨૫ સમન—કસુર કરવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૭૪—કોઈ માણસ સમનમાં ફરમાવ્યા પ્રમાણે ફોજદારી તોહોમતનો જવાબ આપવાને માટે માજીસ્ટ્રેટની કોર્ટમાં હાજર થયો હોય પણ સમનમાં બતાવેલા વખતે માજીસ્ટ્રેટ કોર્ટમાં નહી માલમ પડવાથી વાટ જોયા સીવાય તે જતો રેહે તો પીનલકોડની કલમ ૧૭૪ મુજબ ગુન્હેગાર ગણાય છે. રાણી વિ૦ કીસન બાપુ, ઈ. લો. રી. ૧૦ મું. ૯૩.

(મેસર્સ નાનાભાઈ હરીદાસ અને વેડર્નબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી અગષ્ટ સને ૧૮૮૫.)

રાણી વિ૦ સધરલાંડના કેસને લાગુ પડે છે, ૧૪ વિ૦ રી૦ ૨૦ જુઓ જુઓ કેદનું વારંટ ૧.

૨૬ સમન—ખબરની મતલબ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨ મુજબ કાઢેલા સમનમાં, મળેલી ખબરની મતલબ બતાવવી જોઈએ. વળી સમનો કાઢ્યામાં આવેલા પક્ષકારોને કારણુ બતાવવાને માટે બોલાવવા જોઇએ. સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ કાઢેલા સમનો. રાણી વિ૦ નીજાબત હુસેન, ૧ વા. દી. પ્રાં. ૭૦૪.

(મેસર્સ પીઅરસન અને ટરનર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી જુલાઈ સને ૧૮૬૯.)

જુઓ નાસી જનાર ગુન્હેગાર ૨, ૫.
,, ફરીઆદ ૧૨, ૨૧,
,, તોડવો સરકારી નોકરનો હુકમ ૧૧.

સમનનો મુકરદમો—

જુઓ ફરીઆદ ૪૬.
,, માંડીવાળવું ફરીઆદનું ૩૪.

સમન પ્રમાણે હાજર થવામાં કસુર કરવી તે—

જુઓ ફરીઆદ કરવાની પરવાનગી.
,, સમન ૧૩, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૫.
,, કેદનું વારંટ ૧.

સરકારી ગુન્હાઓ—

સરકારી ગુ હાઓ—હકુમત - ઈગ્રેજી હદની અંદર અથવા બહાર કરેલાં કૃત્યોને માટે ઈગ્રેજી પ્રજાની રાજ્યાત—કોઈ માણસ ખરેખરી રીતે ઈગ્રેજી પ્રજા હોય અને તેણે ઈગ્રે

જી હદની બહાર બધાં કૃત્યો કર્યાં હોય અથવા બધાં કૃત્યો ઈંગ્રેજી હદની અંદર કર્યાં હોય અથવા થોડાંક કૃત્યો બહાર કર્યાં હોય અને થોડાંક અંદર કર્યાં હોય અને તે કૃત્યોથી જો પીનલકોડ મુજબ ગુન્હો બનતો હોય તો તેની રજુઆત ઈંગ્રેજી હદની કોર્ટમાં ચલાવાય છે. રાણી વિ૰ મોલવી અહમદઉલા ૯, ૨ વિ. રી. ૬૩.

(મેસર્સ ટ્રેવોર અને લોચ જડજોની રૂબરૂ, તા૰ ૧૩ મી એપ્રીલ સને ૧૮૬૫).

સરકાર ચલણી નોટ—

સરકાર ચલણી નોટ—ચોરી—મુળના માલીકનો હક—અપીલ થઇ શકે તેવો હુકમ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૧૮, ૪૧૯—ચલણી નોટ વટાવવી તે—વેચાણ—સને ૧૮૭૨ નો ૯ મો કરારનો આકટ કલમો ૭૪, ૭૬, ૧૦૮—સરકાર ચલણી નોટની ચોરી **અ** નામના માણસ પાસેથી થઈ હતી અને તે **ક** નામના માણસને માટે શુદ્ધબુદ્ધિથી **બ** એ વટાવી હતી. ચોરીને માટે **ક** ને ગુન્હેગાર ઠરાવી માજીસ્ત્રેટે નોટ **બ** ને આપવાનો હુકમ કર્યો હતો. **અ** નામના માણસે સેસન જડજને અપીલ કરી હતી પણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૯ મુજબ દરમીઆન થવાને તેને અધીકાર નથી એવું તેનું ધારવું હતું; તોપણ તેણે કેસ હાઈ કોર્ટના હુકમ માટે મોકલ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૯ મુજબ કેસનું જડજ નિરાકરણ કરી શકે છે, અને તે કલમમાં લખેલા "અપીલ કોર્ટ" એ શબ્દોમાં ઘણું કરીને, જે કોર્ટની રૂબરૂ અપીલ ચાલે છે તે કોર્ટજ એકલી આવી જતી નથી. વળી વધારે એમ ઠરાવવામાં આવ્યું કે કરારના આકટની કલમ ૭૬ લાગુ પડતી નથી કારણ કે સરકાર ચલણી નોટને વટાવી પૈસા લેવા તે વેચાણનો કરાર નથી, અને તેથી કરીને નોટ **બ** ના હાથમાં પ્રમાણીકપણે આવ્યાથી, માજીસ્ત્રેટનો હુકમ કાયદેસર હતો. રાણી વિ૰ જોગેશ્વર મોચી, ઈં૰ લો૰ રી૰ ૩ ક. ૩૭૯; ૧ ક૰ લો૰ રી૰ ૩૩૯.

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૰ ૨૪ મી જાનેવારી સને ૧૮૭૮).

સાલમના કલેકટરની અરજીની બાબતમાં લાગુ પડે છે, ૭ મ. હા. કો. રી. ૨૩૩. જુઓ ચલણી નોટ.

રાણી વિ૰ નીલામબર બાબુના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૭ અ. ૧૬૨.

રાણી વિ૰ અહમદના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૯ મ. ૪૪૮. જુઓ મીલકત ૬.

સરકારી ગેઝીટ—

જુઓ આસેસરો ૭.

સરકારી વકીલ—

જુઓ ફરીઆદ કરવી તે ૬.

" પુરાવો ૩૪.

સરકારી હોડી મુકવાની જગા—

સરકારી હોડી મુકવાની જગા—સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમો ૧૮૮, ૪૪૧—સને ૧૮૧૯ નો રેગ્યુલેશન ૬ ઠો કલમ ૬—સરકારી નોકરે કાઢેલા હુકમનું અપમાન કરવું તે—સને ૧૮૫૧ નો ૮ મો—સરકારી હોડી મુકવાની જગાથી ત્રણ માઈલને છેટે કોઈ માણસ ભાડે હોડી ચલાવતો હોય તો, તેવી રીતનું ચલાવવું તે પીનલકોડની કલમ ૪૪૧ ના અર્થ મુજબ "સાપ્રાધ પ્રવેશ" ગણાતો નથી. સરકારી હોડી મુકવાની જગામાં, અથવા તેની નજદીક કોઈ માણસે હોડી ચલાવવી નહી એવો કોઇ સરકારી નોકરે હુકમ કાઢયો હોય અને તે હુકમનું અપમાન જે કોઇ માણસ કરે તે પીનલકોડ મુજબ સજાને પાત્ર થાય છે. મથરા વિ૰ જવાહીર, ઈ. લો. રી. ૧ અ. ૫૨૭.

(મી૰ સ્પેંકી જડજની રૂબરૂ, તા૰ ૧૫ મી ડીસંબર સને ૧૮૭૭).

સરકારી નોકર—

૧ સરકારી નોકર—કાયદેસર હુકમના માનવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૨૧૭—જ્યુરીને સોંપવું તે—ફેસલાનો આધાર જ્યુરીના ઉપર છે એવું કોઈ જડજ તેમને સ્પષ્ટ રીતે બતાવે તો, કેદી ગુન્હેગાર છે અથવા નિરપરાધી છે એ વિષેનો પોતાનો મત તે આપી શકે છે. જે માણસને કેદીએ છોડીને નસાડી મુકયો તે માણસ સજાના ભયમાં હતો અને તેને બચાવવાના ઈરાદાથી છોડીને નસાડી મુકયો હતો એટલું ફકત પીનલકોડની કલમ ૨૧૭ મુજબ ગુન્હો ઠરાવવાને માટે સાબીત કરવું જરૂરનું છે. રાણી વિરૂદ્ધ અબદુલ જાલીલ, વિ૦ રી૦ સપટંબર ૫.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૨ જી ફેબ્રુઆરી સને ૧૮૬૪.)

૨ સરકારી નોકર—ગુન્હેગાર હવાલદારો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૨૩–પીનલકોડની કલમ ૨૨૩ ના અર્થ મુજબ ગુન્હેગાર હવાલદારો "સરકારી નોકરો" ગણાય છે. રાણી વિ૦ કાલાચંદ મોઇટ્રી, ૭ વિ૦ રી૦ ૬૩.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી મે સને ૧૮૬૭.)

૩ સરકારી નોકર—વિરૂદ્ધ ગુન્હો—માજીસ્ટ્રેટ—કલેકટર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૮—કોઈ કોર્ટ અથવા સરકારી નોકર વિરૂદ્ધ થયેલો ગુન્હો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૮ મુજબ જે કલેકટર ચલાવે છે તેણે પોતે માજીસ્ટ્રેટ તરીકે કેસની તજવીજ કરવી જોઇએ નહી; તેમજ કેટલાક ખાસ કેસો શીવાય માજીસ્ટ્રેટ તરીકે પોતાની રૂબરૂ શાહેદી તરીકે જુબાની આપવી જોઈએ નહી. નેહાલમાહતી કેદી, ૯ વિ૦ રી૦ ૧૩.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૩ જી ફેબ્રુઆરી સને ૧૮૬૮.)

૪ સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૨–અપીલ–પુરાવો ફરીથી તપાસમાં લેવો તે - કોઇ એનજીનીયરને જો કે પૈસા ખરચવાની મંજુરી આપવાનો અધિકાર ના હોય તો પણ તે મ્યુનીસીપાલ પૈસા આપ લે કરતો હોય તો પીનલકોડની કલમ ૨૧ ના ૧૦ મા કલોઝના અર્થ મુજબ સરકારી નોકર ગણાયછે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૨ મુજબ કોઈ અપેલેટ કોર્ટે નિચેની કોર્ટને વધુ પુરાવો લેવાનો હુકમ કર્યો હોય તો તેથી કેસના ગુણદોષ ઉપર હાઈ કોર્ટને અપીલ થઈ શકતી નથી. રાણી વિ૦ નાનતરામ ઉતમરામ, ૬ મું. હા. કો. રી. ૬૪.

(મેસર્સ ગીબ્સ અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી સપટંબર ૧૮૬૯.)

રાણી વિ૦ મોહેશચંદર ચતોપધીઆ, ૨ વિ૦ રી૦ ૧૩.

૫ સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૪૦૯—નાયબ નાજર—પીનલકોડની કલમ ૪૦૯ ના અર્થ મુજબ નાયબ નાજર સરકારી નોકર ગણાય છે પણ નાજરનો ફકત ખાનગી નોકર ગણાતો નથી. રાણી વિ૦ મહમદહુસેન, ૨ વા૦ દી૦ પ્રાં૦ ૨૯૮.

[મી૦ સ્પેંકી જડજની રૂબરૂ, તા૦ ૧૮ મી જુલાઈ સને ૧૮૭૦.]

૬ સરકારી નોકર—ખોટું દફતર બનાવવું તે—મદદગારી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૦૭, ૨૧૮—કોઇ દફતર બનાવવાનું તોહોમત **મ** નામના માણસ ઉપર રાખ્યું હતું, અને તે તેણે કેટલાક ટાંચણથી **ડ** નામના માણસના વાંચવા ઉપરથી બનાવ્યું હતું. **ડ** એ જુઠુ ટાંચણ બનાવેલું વાંચવાથી ખોટું દફતર તૈયાર થયું હતું. કોર્ટનુ એવું ધારવું હતું કે પીનલકોડની કલમ ૨૧૮ માં બતાવેલો ગુન્હો **ડ** એ કર્યો છે એવું ખરેખરી રીતે અનુમાન થઈ શકતું ન

થી એવું કોર્ટનું ધારવું હતું, તોપણ ઉપલી કલમમાં બતાવેલા ગુન્હાની મદદગારીનો તે ગુન્હેગાર હતો અને તે બાબતમાં ન ની ગુન્હો થાય નહી તેવી માહીતી અથવા ઈરાદો નોહોતો. તેથી તેઓને ગુન્હેગાર ગણાતો નથી. રાણી વિ૦ બ્રીજમોહનલાલ, ૭ વા. દી. પ્રાં. ૧૩૪.)

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૮૭૫.)

૭ સરકારી નોકર--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૧ કલૉઝ ૯ અને કલમ ૧૯૩—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૫૫, ૪૫૬ – તોહોમત- તોહોમત નહી રાખેલા ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવું તે—ફરીથી તજવીજ ચલાવવી તે—સરકારે સોંપેલું કામ કેટલેક દરજ્જે કરવાને માટે નોકર રાખેલો માણુસ એવો પીનલકોડની કલમ ૨૧ ના કલૉઝ ૮ માં "અમલદાર" એ શબ્દનો અર્થ થાય છે. તે માણુસને પોતાને કેટલોક અધીકાર હોવો જોઈએ અથવા તેનું કામ કોઇ અધીકારવાળા માણુસને મદદ કરવાનું હોવું જોઈએ. તે ઉપરથી કોઈ ઈઝારદાર એટલે ગામડાનો ભાડવાત જેણે જંગલની ઉપજના હીસાબમાંથી કેટલીક રકમ સરકારમાં ભરી બાકી પોતે રાખવાનું માથે લીધું હોય તે અમલદાર ગણાતો નથી, અને તેટલા માટે કલમ ૨૧ ના અર્થ મુજબ તે સરકારી નોકર ગણાતો નથી. કાયદેસર તજવીજ ચલાવી પુરાવો લેવાનો અધીકાર ના હોય તેવા જંગલના અમલદારની રૂબરૂ રજુ કરવાના ઈરાદાથી જુઠા હીસાબો રાખવા તે પીનલકોડની કલમ ૧૯૩ ના અર્થ મુજબ જુઠો બનાવટી પુરાવો ગણાતો નથી. આસીસ્ટંટ સેસન જડજે કોઈ માણુસ ઉપર, [૧] સરકારી નોકર તરીકે સાપ્રાધ વિશ્વાસઘાત કરવાનો યત્ન કરવાનું, [૨] નુકશાન કરવાના ઈરાદાથી સરકારી નોકર તરીકે ખોટો દસ્તાવેજ બનાવવાનું, [૩] કોઇ માણુસને શિક્ષામાંથી બચાવવાને માટે સરકારી નોકર તરીકે ખોટો દસ્તાવેજ કરવાનું, એ પ્રમાણે તોહોમતો રાખી જો કે તેણે કપટ કરવાના ઇરાદાથી દસ્તાવેજ બનાવ્યો હતો એવું જડજને લાગ્યું તોપણ, સરકારી નોકર નથી એવું કારણ બતાવી તેને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યો હતો. હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે પુરાવાનો પ્રયત્ન કરવાને માટે તેને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૫૫ અને ૪૫૬ મુજબ ગુન્હેગાર ઠરાવવો જોઈતો હતો, અને તે તોહોમતની હકીકત અને સાપ્રાધ વિશ્વાસઘાતના તોહોમતની હકીકત એક હોવાથી કામ ચાલતી વખતે ઉઠાવેલી તકરાર, જો કે સરકારે પોતાની અપીલમાં સ્પષ્ટ રીતે બતાવી નોહોતી તોપણ, ચાલવા દીધી અને તોહોમતદારની ફરીથી તપાસ ચલાવવાનો હુકમ કર્યો. રાણી વિ૦ રામજીરાવ જીવબાજીરાવ, ૧૨ મું. હા. કો. રી. ૧.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી ફેબ્રુઆરી સને ૧૮૭૫.)

રાણી વિ૦ ગુલાબદાસ કુબેરદાસના કેસમાં મંજુર રાખવામાં આવે છે, ૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૯૮. જુઓ સેસન કેસ ૧.

રાણી વિ૦ અબદુલ સાહેબના કેસને લાગુ પડે છે, ૧૦ મ. જ્યુરી. ૫૫.

૮ સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૧, ૧૦૯—ગવરનર જનરલે કરેલી ગોઠવણી મુજબ સરકારની મજુરીથી સરકારી સોલીસીટરે કલકત્તાની પોલીસ કોર્ટોમાં કામ ચલાવવાને નીમેલો માણુસ પીનલકોડની કલમ ૨૧ ના અર્થ મુજબ સરકારી નોકર ગણાય છે. રાણી વિ. બતો કીસ્તોદાસ, ઈ. લો. રી. ૩ ક. ૪૯૭.

(મેસર્સ જેકશન અને કનીંગહામ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી માર્ચ સને ૧૮૭૮).

૯ સરકારી નોકર—ખોટું દફતર બનાવવું તે—જુઠો લેખ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૧૮, ૪૬૩—કેટલાક દસ્તાવેજો કબજામાં હોય તેવા કોઈ સરકારી નોકરને તે રજુ કરવાને બોલાવ્યાથી દસ્તાવેજો રજુ કરવાના નહી હોવાથી તેણે પોતાને સન્ન

માંથી બચાવવાના ઈરાદાથી એવી જાતના કેટલાક દસ્તાવેજો ખોટા બનાવી રજુ કર્યા. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતના બનાવટી દસ્તાવેજો તેના ઉપર તોહોમત રાખેલી જાતનું દફ્તર અથવા લખાણ ગણાતું નથી. અને તેથી પીનલકોડની કલમ ૨૧૮ મુજબ તેને કાયદેસર ગુન્હેગાર ઠરાવી શકાય નહી; તેમજ આવી જાતના દસ્તાવેજો કલમ ૪૬૩ માં બતાવેલા ઈરાદાથી બનાવેલા નહી હોવાથી કલમ ૪૭૧ મુજબ તે કાયદેસર ગુન્હેગાર ઠરી શકે? રાણી વિ૦ માઝહરહુસેન, ઈં૦ લો૦ રી૦ ૫ અ. ૫૫૩.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઇટ, ઓલ્ડફીલ્ડ, બ્રોધર્સ્ટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી માર્ચ સને ૧૮૮૩).

રાણી વિ૦ સૈયદહુસેનના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૭ અ. ૪૦૩. જુઓ જુઠો લેખ ૪૯.

રાણી વિ૦ ગીરધારીલાલના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૮ અ. ૬૫૩. જુઓ જુઠો લેખ ૫૧.

૧૦ સરકારી નોકર—અટકાવ—વારંટ પાછું મોકલવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૩—મીલકતની જપ્તી કરવામાં સરકારી નોકરને અટકાવ કરવાને માટે પીનલકોડની કલમ ૧૮૩ મુજબ કોઇ માણસને ગુન્હેગાર ઠરાવ્યો હતો. ગુન્હો તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૮૩ ને રોજ થયો હતો પણ જે વારંટ મુજબ સરકારી નોકરે જપ્તી કરી હતી તે વારંટ તેના પેહેલાના દિવશે પાછું મોકલવાનું હતું. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવવું કાયદા વિરૂદ્ધ હતું. રાણી વિ૦ આનંદલાલ બેરા, ઈ. લો. રી. ૧૦ ક. ૧૮; ૧૩ ક. લો રી. ૨૦૯.

(મેસર્સ પ્રીનસેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨ અગષ્ટ સને ૧૮૮૩.)

૧૧ સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમો ૨૧, ૩૫૩—સગીરની કોર્ટનો સીપાઇ સરકારી નોકર ગણાતો નથી તે—જે જાગીર સગીર કોર્ટના તાબામાં હતી તે જાગીરના વહીવટદારે રાખેલો સીપાઇ પીનલકોડની કલમ ૨૧ ના અર્થ મુજબ સરકારી નોકર ગણાતો નથી. રાણી વિ૦ આરપી, ઈ. લો. રી. ૭ મ. ૧૭.

(મી૦ ટરનર ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૧૦ મી મે સને ૧૮૮૩.)

૧૨ સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૨૧—સરકારે રાખેલા મજુરો—સરકારે રાખેલો ગાડીવાન પીનલકોડની કલમ ૨૧ ના અર્થ મુજબ સરકારી નોકર ગણાતો નથી. રાણી વિ૦ નચીમતુ, ૭ મ. ૧૮.

(મી૦ ટરનર ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૩૧ મી જુન સને ૧૮૮૩.)

૧૩ સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીલનકોડ કલમ ૨૧—કોઈ પણ માણસને પગાર મળતો હોય અગર ના મળતો હોય તોપણ કોઈ સરકારી નોકરની જગ્યાની ફરજ અને જુમેદારી પોતાને સીર લેવાનું તે પસંદ કરે અને સરકારી નોકર છે એવી રીતે પોતે ઓળખાતો હોય તો, તે માણસ સરકારી નોકર ગણાય છે, અને પછીથી તે એમ કહી શકે નહી કે તે સરકારી ફરજો બજાવતો હતો તથા સરકારી નોકર તરીકે ઓળખાતો હતો તોપણ પીનલકોડની કલમ ૨૧ માં બતાવેલી વાખ્યાના અર્થ પ્રમાણે તે "સરકારી નોકર" નથી. રાણી વિ૦ પરમેશ્વર દત્ત, ઈ. લો. રી. ૮ અ. ૨૦૧.

(મી૦ સ્ટ્રેઇટ જડજની રૂબરૂ, તા૦ ૫ મી ફેબ્રુઆરી, સને ૧૮૮૬.)

જુઓ હુમલો સરકારી નોકર ઉપરનો.
,, ઠગાઈવેષ ધારણ કરીને.
,, સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકરનો.
,, તોડવો હુકમ સરકારી નોકરનો.
,, કેદમાંથી નાસી જવું ૩.
,, જુઠી ખબર.
,, જુઠો લેખ ૩૬.
,, ગેરવ્યાજબી બક્ષીસ.

જુઓ અપમાન સરકારી નોકરના હુક મનું.
,, અડચણ સરકારી નોકરની.
,, ફરીઆદ કરવાની પરવાનગી ૨૯, ૪૪, ૪૫, ૪૬.

સરકારી નોકર--

હુકમ તોડવો તે.
જુઓ સરકારી હોડી મુકવાની જગ્યા.
,, લોકોપકારક કૃત્ય ૩૧.
,, સજા ૭.
,, સમન ૭, ૧૨, ૨૫.
,, ટોલ ૨.

સરકારી નોકરે કરેલો હુકમ—

સરકારી નોકરે કરેલો હુકમ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૮૮—પીનલકોડની કલમ ૧૮૮ મુજબ ગુન્હેગાર ઠ રાવતાં પેહેલાં, તોહોમતદારે અમુક કૃત્ય કર વું નહી એવો સરકારી નોકરે કાઢેલો હુકમ તેના જાણવામાં હતો એ સાબીત થવું જોઈ એ. રાણી વિ૦ રામટોનુસીંધ, ૧૨ વિ૦ રી૦ ૪૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી અગષ્ટ સને ૧૮૬૯.)

જુઓ તોડવો સરકારી નોકરનો હુકમ.
,, કબજો ૧૨૦, ૧૪૦.
,, સરકારી હોડી મુકવાની જગ્યા.

સરખા પાટા ઓળંગવા તે—

સરખા પાટા ઓળંગવા તે-માજીસ્ત્રેટે કાઢેલી નોટીસ—કેટલાક ગામડાઓમાં વેપારને માટે સ રખા રેલવેના પાટાઓ ઓળંગવાની મનાઈ-સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૧૨ કલમ ૧૯, કલોઝ ૧, ૬—કેટલાક ગામોના રેલવેના પાટાઓ ઉપર થઈને વેહેપારનો માલ ન લેઈ જવાની નોટીસ કાઢેલી તે બાતલ કરવામાં આવી હ તી કારણ કે સને ૧૮૨૭ ના રેગ્યુલેશન ૧૨ ની કલમ ૧૯ ના કલોઝ ૧ અને ૬ હામાં તે આવી જતી નથી. સને ૧૮૨૭ ના રેગ્યુલે શન ૧૨ મુજબ કાઢેલો મનાઈ હુકમ, ૮ મું. હા. કો. રી. ૨૩.

(મેસર્સ લોયડ અને કેમબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી એપ્રીલ સને ૧૮૭૧.)

સરક્યુલરો—

સરક્યુલરો--ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટે કાઢે લા તે-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૭૭-ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૭ મુજબ ચાલવું પડશે એવું તાબાના માજીસ્ત્રેટો ધારે તો તેઓએ કેસ લેવા જોઈએ નહી એવા ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટે કાઢેલા સરક્યુલરો વિષે સેસન જડજે અભી પ્રાય લખી પુછવાથી તે રદ કરવામાં આવ્યા હતા, કારણ કે કલમ ૨૭૭ નો ખોટો અર્થ કરી કાઢેલા હતા, અને તે માજીસ્ત્રેટના અધી કાર ઉપરાંત હતા. રાણી વિ૦ ગુનાબીન રંગ નક વિગેરે, ૩ મું. હા. કો. રી. ૨૬.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન, અને ગીબ્સ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી અગષ્ટ સને ૧૮૬૬.]

સરટીફીકેટ આપવું તે—

૧ સરટીફીકેટ આપવું તે—રૂલનીસી કાઢવાની અરજ કરયા પેહેલાં કોર્ટમાં પાછું મોકલવું તે—કોઈ કેસમાં ન્યાયાધીસોને ગુન્હેગાર ઠરાવવાનું સરટીફીકેટ આપવામાં આવ્યું હોય તો તે રદ કરવાને માટે, રૂલનીસી કાઢવાની અરજ કર્યા પેહેલાં કોર્ટમાં પાછું મોકલાવવું જોઈએ. રાણી વિ. જસ્ટીસ ઓફ ધ પીસ, ૧ ઈન્ડ. જયુરી. ઉ. દ. ૨૯૩.

(મી૦ ફીઅર જડજની રૂબરૂ, તા૦ ૧૪ મી મે સને ૧૮૬૬).

૨ સરટીફીકેટ આપવું તે—ગુણદોષ ઉપરથી ગુન્હેગાર ઠરાવવું તે—ગુણદોષ ઉપરથી ફેંસલો આપવામાં ભુલ થએલી તે—દરમીઆન થવાનો હાઈ કોર્ટનો અધીકાર—સને ૧૮૬૫ ના આકટ ૧૩ ની કલમ ૧૧૧-સરટીફીકેટ આપી કેસ હાઈ કોર્ટમાં મોકલવામાં આવ્યો હોય તો, કેદીએ ગુન્હો કર્યો છે કે તે નિરપરાધી છે એ વિષે માજીસ્ત્રેટે ખરો નિર્ણ

થ કર્યો છે કે નહી એની તપાસ કરવાનો પોલીસના સને ૧૮૬૫ ના આકટ ૧૩ ની કલમ ૧૧૧ મુજબ હાઈ કોર્ટને અધીકાર નથી. કેટલાક વાસ્તવીક યોગ્ય કારણ ઉપરથી ગુન્હેગાર ઠરાવવાને વાંધો ઉઠાવવાને જેવી કે હકુમત વિગેરે, અને પદ્ધતિની ફક્ત ભુલ ઉપરથી ગુન્હો રદ થતો અટકાવવાને ફક્ત તે કલમની મતલબ લાગુ પડે છે. પણ તોહોમતદારે ગુન્હો કર્યો છે કે નહી એ સવાલનો માજીસ્ટ્રેટે ખોટો નિર્ણય કર્યો છે એવું કારણ બતાવી હાઈ કોર્ટને દરમીઆન થવાનો હક ઉપલી કલમથી મળતો નથી. તોપણ માજીસ્ટ્રેટની હકુમત નથી એવું સાબીત કરવાને આફીડેવીટ કરી શકાય છે અને જો કે એવી રીતે કરેલા આફીડેવીટથી માજીસ્ટ્રેટનો ફેંસલો વિરૂદ્ધ માલમ પડે, તોપણ કેસના ગુણદોષ ઉપરથી માજીસ્ટ્રેટે આપેલો ફેંસલો ફરીથી તપાસમાં લેવાને તે ઉપરથી કાંઈ કારણ મળતું નથી. રાણી વિ૦ નાથાલાલ પીતાંબર, ૧૦ મું. હા. કો. રી. ૧૦૨.

[મી૦ ગ્રીન જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી માર્ચ સને ૧૮૭૩].

૩ સરટીફીકેટ આપવું તે—સને ૧૮૭૫ નો ૧૦ મો હાઈ કોર્ટનો ક્રીમીનલ પ્રોસીજર આકટ કલમો ૧૧૫, ૧૪૭—અભીપ્રાય પુછવાથી કરેલો હુકમ—સને ૧૮૫૬ નો આકટ ૧૩ મો કલમ ૩૬—મીલકત આપી દેવાનો હુકમ—શાહેદીઓની જુબાની—હાઇ કોર્ટના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૭ માં બતાવેલો "કેસ" ફોજદારી મુકરદમાની જાતના સવાલને લાગુ પડવો જોઇએ, પણ અડધો દીવાની કેસ, જેવો કે કલમ ૧૧૫ માં બતાવ્યા પ્રમાણે પોલીસ માજીસ્ટ્રેટનો અભીપ્રાય માગેલા કેસની બાબત તેમાં આવી જતી નથી. સરટીફીકેટ આપવાનો હાઈ કોર્ટનો અધીકાર તે કોર્ટના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૭ થી જતો રહ્યો નથી. હાઇ કોર્ટના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૫ માં લખેલા "કોઇ મીલકત" એ શબ્દોમાં શાહેદીએ કોઇ કેસમાં માજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કરેલી મીલકત તેમજ કેદીના શરીર ઉપરથી પોલીસે લીધેલી મીલકત આવી જાય છે. સને ૧૮૭૫ નો ૧૦ મો હાઈ કોર્ટનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૫ મુજબ માજીસ્ટ્રેટનો અભીપ્રાય માગેલો તે પક્ષકારોના છેવટના હકોના નિર્ણય કરવાની તજવીજ ગણાતી નથી, અને આવી રીતે અભીપ્રાય માગેલા કેસમાં શાહેદીઓ લેવાને માજીસ્ટ્રેટ બંધાયેલો નથી, પણ ખરેખરી રીતે, આ હકદારોના જવાબો લેઈ તે ઉપરથી માજીસ્ટ્રેટના ધારવા પ્રમાણે જે માણસે પ્રાઈમાફેસી કેસ સાબીત કર્યો હોય તે માણસને વ્યાજબી રીતે મીલકત સોંપાવવાનો તે હુકમ કરી શકે છે, અને આવી રીતે આપેલો માજીસ્ટ્રેટનો ઠરાવ પછીથી તપાસમાં લેવાનો હાઈ કોર્ટને અધીકાર નથી. રાણી વિ૦ રામદાસ સામળદાસ, ૧૨ મું૦ હા૦ કો૦ રી૦ ૨૧૭.

(મી૦ મેરીઓટ જડજની રૂબરૂ, તા૦ ૧૭ મી અગષ્ટ સને ૧૮૭૫.)

જુઓ સજા ૧૮.

સરટીફીકેટ તોહોમતદારની જુબાની ઉપરનું—

૧ સરટીફીકેટ તોહોમતદારની જુબાની ઉપરનું—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫—માજીસ્ટ્રેટની શાખ—ક્રીમીનલ પ્રો કોડની ક.૨૦૫માં બતાવેલું સરટીફીકેટ ઉપરી અમલદારના હાથથી આપવાની કાંઇ જરૂર નથી પણ તેના ઉપર તેની સહી થવી જોઇએ. માજીસ્ટ્રેટની સાખ ખરી છે એવી કોઇ કેસમાં જ્યુરીને ખાત્રી થઈ હોય તો સોગન ઉપર સહી કબુલ કરવાને માજીસ્ટ્રેટને બોલાવવાની કાંઇ જરૂર નથી. રાણી વિ૦ ફેઝા હુસેન વિગેરે, ૮ વિ૦ રી૦ ૫૫.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જુલાઈ સને ૧૮૬૭)

રાણી વિ૦ મુસામત નીરૂનીના કેસને લાગુ પડે છે, ૭ વિ૦ રી૦ ૪૯. જુઓ મદદગારી ૩.

૨ સરટીફીકેટ તોહોમતદારની જુબાની ઉપરનું—હાઈ કોર્ટ—રજુઆત બંધ રાખવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૯૯, ૨૦૫, ૩૬૭—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૯ શાહેદીઓની જુબાનીને લાગુ પડે છે પણ કેદીઓની જુબાનીને લાગુ પડતી નથી. એમ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારની જુબાની અમલદારની રૂબરૂ, અને તેની સમક્ષ લીધી હતી અને તેમાં તોહોમતદારે બતાવેલી હકીકત પુરેપુરી આવી ગઈ છે એવું સરટીફીકેટ કોઈ કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૫ મુજબ માજીસ્ત્રેટના હાથથી આપવામાં ના આવ્યું હોય અને તે જુબાની સેસન જડજે કામમાંથી બાતલ કરી હોય અથવા આસેસરોની રૂબરૂ ના મુકી હોય તો તે વ્યાજબી ગણાય છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૭ મુજબ કોઈ શાહેદીની જુબાનીને માટે માજીસ્ત્રેટે કેસ મુલતવી નહી રાખ્યાથી કાયદા પ્રમાણે સેસન જડજની ભુલ થઈ છે એવું તપાસવાના અધીકાર તરીકે હાઈ કોર્ટ ઠરાવી શકતી નથી. રાણી વિ૦ રાધુજાના વિગેરે, ૧૨ વિ૦ રી૦ ૪૪; ૩ બેં. લો૦ રી૦ ૫૯.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ઓગષ્ટ સને ૧૮૬૯).

સરફીકેટ રજીસ્ટર કર્યાનું—

સરટીફીકેટ રજીષ્ટર કર્યાનું—વાહાણના માલીકે નહી રજુ કરેલું તે—સને ૧૮૩૮ નો ૧૯ મો કલમ ૧૩—દંડ—પુરેપુરો દંડ આપવાની ફરજ—જે માણસો કાંઈ અમુક કૃત્યો કરે તેમનો "ફીથી દસ ગણો દંડ" અથવા "દસ રૂપીઆ દંડ" કરવો જોઈએ એવું કાયદા બાંધનારાઓએ સને ૧૮૩૮ ના આકટ ૧૯ ની કલમ ૧૩ માં ઠરાવ્યું તે વખતે ઠરાવેલો દંડ પુરેપુરો લેવો જોઇએ એવી તેમની મતલબ હતી. રજીષ્ટર કર્યાનું સરટીફીકેટ નહી રજુ કરવાથી કોઈ વાહાણના માલીકનો બે રૂપીઆ દંડ થએલો કસ્ટમ ખાતાના અધીકારીઓએ માગ્યો તે વખતે સજા કાયદા વિરૂદ્ધ ગણી હાઇ કોર્ટે રદ કરી અને પુરેપુરો દસ રૂપીઆ દંડ કર્યો. રાણી વિરૂદ્ધ મહસનીઆ રામા, ઈં૦ લો૦ રી૦ ૭ મું૦ ૨૮૦.

(મેસર્સ મેલવીલ, કેમબેલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૮૩).

રાણી વિરૂદ્ધ કાલા લાલંગના કેસને લાગુ પડે છે, ઇ૦ લો૦ રી૦ ૮ ક. ૨૧૪ જુઓ જકાત ૨૬.

સરટીફીકેટ વેચાણનું—

જુઓ લોકોપકારક કૃત્ય ૪૮.

સરટીફીકેટ સને ૧૮૬૦ ના ૨૭ મા મુજબ—

જુઓ કબજો ૨૮, ૪૦, ૭૧, ૮૭.

સ્વભાવીક ઉત્પન્ન થયેલું મીઠું—

સ્વભાવીક ઉત્પન્ન થએલું મીઠું—અર્થ—જે મીઠું સ્વભાવીક રીતે ઉત્પન્ન થયું હોય અને મનુષ્ય જાતને ખાવામાં લાયક કરવાને માટે તેને કોઈપણ ક્રીયાથી બનાવવામાં ના આવ્યું હોય તો તે "સ્વભાવીક ઉત્પન્ન થએલું મીઠું" ગણાય છે. સ્વભાવીક મીઠું ઘરમાં ખાવાને માટે એકઠું કરવું, અથવા તે કામને માટે કોઇ માણસના કબજામાંથી મીઠું જડી આવવું, અથવા જે જગાએ તેનો સંગ્રહ કરી રાખવામાં આવ્યો હોય તે જગાએથી ઘેર લેઇ જવું તે, સને ૧૮૦૫ ના રેગ્યુલેશન ૧ લાની કલમ ૧૮ મુજબ મનાઇ કરેલા કૃત્યોમાં આવી જતું નથી. મીઠાની જકાતનો સને ૧૮૭૧ નો

આકટ જે પ્રગણાઓમાં ચાલે છે તે પ્રગણાઓમાં સ્વભાવીક ઉત્પન્ન થએલું મીઠું લેવું અગવા તે જકાત ચોરાવવાના ઈરાદાથી રાખવા તે ગુન્હો ગણાય છે. સ્વભાવીક રીતે ઉત્પન્ન થએલા મીઠાના કેસો. ઈ. લો. રી. ૩ મ. ૧૭.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ, ઇન્સ, કરનાન અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી એપ્રીલ સને ૧૮૮૧).

સ્વીકારવું—

૧ સ્વીકારવું—પુરાવો—કેદીના વકીલે કબુલ રાખેલું તે—કેદીના વકીલે કરેલી કબુલાતો તેની વિરૂદ્ધ પુરાવામાં લેઇ શકાતી નથી. રાણી વિરૂદ્ધ કાઝીમ મંડલ, ૧૭ વિ૦ રી૦ ૪૯.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી એપ્રીલ સને ૧૮૭૨).

૨ સ્વીકારવું—પુરાવો—કબુલાતો જુબાની તરીકે લેવામાં આવી હોય તો તે પુરેપુરી લખી લેવી જોઈએ. ગોલકચંદર ચોધરી વિરૂદ્ધ ચીતાગોંગનો માજીસ્ત્રેટ, ૨૫ વિ૦ રી૦ ૧૫.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી જાનેવારી સને ૧૮૭૬).

૩ સ્વીકારવુ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમો ૨૫, ૨૬—પકડતાં પેહેલાં પોલીસ અમલદારની રૂબરૂ કબુલ કરેલું તે—પકડતાં પેહેલાં કોઇ માણસે પોલીસ અમલદારની રૂબરૂ કબુલાત આપી હોય તો તે પુરાવામાં લેઇ શકાય છે. રાણી વિ૦ ડાબીપ્રસાદ, ઈ. લો. રી ૬ ક. ૫૩૦; ૭ ક. લો. રી. ૪૫૧.

(મી૦ પ્રીનસેપ જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી જાનેવારી સને ૧૮૮૧).

રાણી વિ૦ મેકડોનલનો કેસ મંજુર રાખવામાં આવે છે, ૧૦ એં. લો. રી. અપે. ૨. જુઓ કબુલાત ૪૨.

નિચેના કેસોમાં લાગુ પડે છેઃ—

રાણી વિ૦ જોરા હાસજી, ૧૧ મું. હા. કો. રી. ૨૪૨. જુઓ હકીકત પોલીસ અગાડીની.

હીરનમીઆંની બાબત, ૧ ક. લો. રી. ૨૧. જુઓ કબુલાત ૮૫.

રાણી વિરૂદ્ધ હરીબોલચંદર ઘોસ, ઈ૦ લો૦ રી૦ ૧ ક. ૨૦૭. જુઓ કબુલાત ૮૪.

રાણી વિ૦ રામા બીરપા, ઈ. લો. રી. ૩ મું. ૧૨. જુઓ કબુલાત ૨૦.

રાણી વિ૦ જગરૂપ, ઈ. લો. રી. ૭ અ. ૬૪૬. જુઓ કબુલાત ૪૯.

જુઓ કબુલાત ૪૨, ૮૬.

સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુન્હો—

સૃષ્ટી ક્રમ વિરૂદ્ધ ગુન્હો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૭૭—તોહોમત-વખત, જગ્યા અને માણસ વિષેની બાબતો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૨—એમ ઠરાવવામાં આવ્યું કે કોઈ માણસની સૃષ્ટી ક્રમ વિરૂદ્ધ ગુન્હાને માટે રજુઆત ચલાવી, તે ગુન્હાને માટે તેને ગુન્હેગાર ઠરાવ્યો હોય, પણ કયારે કઈ જગ્યાએ અને કયા જાણીતા અથવા અજાણ્યા માણસ સાથે ગુન્હો કર્યો છે એ બતાવવામાં ના આવ્યું હોય તો આવી બાબતોની સાબીતી સીવાય, ફક્ત તે હમેશાં સ્ત્રીનો પેહેરવેશ પેહેરતો, અને ગુન્હો કરે તેવી ખરેખરી નીશાનીઓ માલમ પડી આવતી એ ઉપરથી ગુન્હો કાયમ રાખી શકાતો નથી. રાણી વિ૦ ખૈરતી, ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૨૦૪.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૩૧ મી જાનેવારી સને ૧૮૮૪.)

સાખ માજીસ્ત્રેની—

સાખ માજીસ્ત્રેટની—પુરાવો—જ્યુરી—મદદગારી—કોઈ શાહેદીની વધારે જુબાની શા

માટે માજીસ્ટ્રેટ લેઈ શકે નહી એવું લખી તે ઉપર પોતે સાખ કરી હોય તો તે લખેલી હકીકતની સ્પષ્ટ સાબીતી ગણાય છે અને જ્યુરીની રૂબરૂ તે મુકવી જોઇએ. કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીના કેટલાક માણસો જેમાંના કેટલાક હથીઆરવાળા હોવાથી અને તે માંનો એક **અ** નામનો માણસ હથીઆર વિનાનો હોવાથી તેણે લાકડી ઉપાડી મારી હોય તો **બ** (**અ** નો શેઠ) જેના મોઘમ હુકમથી માર મારેલો તે **અ** નામના માણસે કરેલા હુમલામાં મદદગારનો ગુન્હેગાર ગણાય છે. રાણી વિ૰ રસુક ઉલાહ વિગેરે, ૧૨ વિ. રી. ૫૧.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૰ ૨ સપટંબર સને ૧૮૬૯.)

જુઓ મદદગારી ૩.

„ સરટીફીકટ તોહોમતદારની જુબાની ઉપરનું.

„ કબુલાત ૪૧, ૫૩, ૭૩.

„ તપાસ તોહોમતદારની ૭, ૮, ૧૦, ૧૧.

„ જુઠો લેખ ૬.

સાધારણ અપવાદ—

સાધારણ અપવાદ—ધમકીથી કરેલાં કૃત્યો-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૯૪-કેદીઓ ના પાડશે તો એકદમ મારી નાખવામાં આવશે એવી બીક બતાવી તેઓને કૃત્ય કરવાની ફરજ પાડી હતી એવું પીનલકોડની કલમ ૯૪ નો લાભ લેવાને માટે સાબીત કરવું જોઈએ. રાણી વિ૰ સુનુ વિગેરે, ૧૦ વિ. રી. ૪૮.

(મી૰ ગ્લોવર જડજની રૂબરૂ, તા૰ ૨૮ મી અકટોબર સને ૧૮૬૮.)

જુઓ પોલીસ ૧૧.

સાપ્રાધ વિશ્વાસઘાત—

૧ સાપ્રાધ વિશ્વાસઘાત—ગીરો નામુકર જવું તે-જમીન આપી દેવાની ના પાડવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૫—ગીરો મુકયાનું નામુકર જઈ તકરારમાં બતાવેલી ગીરવી જમીન આપવાની ના પાડયાથી પીનલકોડની કલમ ૪૦૫ મુજબ સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો થાય તેવી રીતે દસ્તાવેજનો બદદાનતથી ખોટો ઉપયોગ ગણાતો નથી. રાણી વિ૰ જાફર નાયક અને બીજો, ૨ સુ. હા. કો. રી. ૧૨૭.

(મેસર્સ કાઉચ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૰ ૭ મી ડીસેંબર સને ૧૮૬૪.)

૨ સાપ્રાધ વિશ્વાસઘાત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૫—પાઘડી ગીરવી રાખનારે તે પહેર્યાથી સાપ્રાધ વિશ્વાસઘાતનું તેના ઉપર તોહોમત રાખી તેને ગુન્હેગાર ઠરાવેલો તે રદ કરવામાં આવ્યુ. પીનલકોડ મુજબ "બદદાનત" એ શબ્દનો અર્થ. પ્રો. તા૰ ૧૮ મી સપટંબર ૧૮૬૬; ૩ મ. હા. કો. રી. અપે. ૬.

૩ સાપ્રાધ વિશ્વાસઘાત—ગીરવી રાખેલો માલ બીજાને ત્યાં ગીરો મુકવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૫—જે માણસ પોતાને ત્યાં ગીરવી મુકેલો માલ બીજાને ત્યાં ગીરવી મુકે તો તે સાપ્રાધ વિશ્વાસઘાતને માટે ગુન્હેગાર ગણાય છે. એમાં બે મુદ્દા છે. (૧) સ્પષ્ટ અથવા અનુમાનથી સીદ્ધ થાય તેવા કરારથી અથવા કાયદામાં બતાવેલી આજ્ઞા પ્રમાણે કરેલી સોંપરત જે રીતે પાળવાની છે તે મુજબ નહી વર્તીને વ્યવસ્થા કરવી તે, (૨) બદદાનતથી વ્યવસ્થા કરવી તે. પ્રો તા૰ ૨૩ મી મે સને ૧૮૭૧; ૬ મ. હા. કો. રી. અપે. ૨૮.

૪ સાપ્રાધ વિશ્વાસઘાત—તોહોમત માંડીવાળવું તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રાસીજર કોડ કલમ ૬૭—જે મીલકતના સંબંધમાં સાપ્રાધ વિશ્વાસઘાતનું તોહોમત રાખવામાં આવ્યું હોય તે મીલકતનો વહીવટ અથવા કબજો જે માણસને વિશ્વાસ રાખી સોંપવામાં આવ્યો હોય તે માણસે બદ

દાનતથી ખોટો ઉપયોગ કર્યો છે એવું સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો ઠરાવવાને માટે સાબીત કરવું જોઇએ. મી૦ ગ્લોવર જજનો મત--તોહોમત માંડીવાળતાં પહેલાં જે કેસની અંદર ફરીઆદી અને તેના શાહેદીઓ બંનેની જુબાનીઓ લેવાને ક્રીમીનલ પ્રોસીજર કોડમાં માજીસ્ટ્રેટને ફરમાવેલું છે તે કેસમાં એમ ધારેલું છે કે પ્રાઈમાફેસી કેસ કયારનો સાબીત થઈ ગયો છે; અને જે કેસમાં આવી રીતનો પ્રાઈમાફેસી કેસ ફરીઆદી સાબીત કરે છે તેવા કેસમાં તોહોમત માંડીવાળતાં પહેલાં પ્રથમ ફરીઆદીના સઘળા શાહેદીઓની જુબાની લેવાને માજીસ્ટ્રેટ બંધાયેલો છે. પણ જે કેસમાં સપષ્ટ રીતે પ્રાઈમાફેસી કેસ સાબીત થતો નથી તેવા કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૭ મુજબ ચાલી એકદમ કેસ માજીસ્ટ્રેટે માંડીવાળવો તે વ્યાજબી ગણાય છે. ઈસરચંદર ઘોસ વિ. પીઅરીમોહન પાલીત, ૧૬ વિ. રી. ૩૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અગષ્ટ ૧૮૭૧.)

જુઓ બેમાંથી એક તોહોમત ૧.
,, નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૩૬.
,, ઢોર પ્રવેશ ૫.
,, ઠગાઈ કરવી ૮.
,, કમીટ કરવું તે ૨૯.
,, ફરીઆદ ૧૧.
,, સમાધાન ગુન્હાઓનું ૬, ૭.
,, શિક્ષા ૧૪.
,, સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે ૧૨, ૧૪.
,, માંડીવાળવું ફરીઆદનું ૨૭.
,, પુરાવો ૪.
,, જુઠો લેખ ૪૭.
,, એકઠાં તોહોમતો ૪.

જુઓ હકુમત ૭, ૧૬.
,, જ્યુરી ૨.
,, પ્રથમની તપાસ ૨.
,, ચોરીની મીલકત ૧૪.

સાપ્રાધ વિશ્વાઘાત માલ લેઈ જનારનો—

સાપ્રાધ વિશ્વાસઘાત માલ લેઈ જનારનો—લેઇ જવાને ઈંગ્રેજી હિંદુસ્તાનના બંદરમાં સોંપેલો માલ પારકા બંદરમાં લેઈ જઈ તેનો પોતાના તરીકે ઉપયોગ કરવો તે—**ર** નામના માણસે **ક** નામના બંદરમાં ચોખા મોકલવાને માટે **મ** નામના બંદરમાં સોંપેલો તે ચોખા પરહદના **ગ** નામના બંદરમાં લેઈ જઈ વેચી ખાધા. તે માણસને **મ** નામના બંદરમાં પીનલકોડની કલમ ૪૦૭ મુજબ સાપ્રાધ વિશ્વાસઘાતનું તોહોમત રાખી ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ તે ગુન્હાની તજવીજ કરવાનો ત્યાંની સેસન કોર્ટનો અધીકાર નોહોતો. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ૨૩ અને ૨૪ વિકટોરીઆ ચેપટર ૨૮ થી વધારો થયેલા ૧૨ અને ૧૩ વિકટોરીઆ ચેપટર ૨૯ મુજબ કોર્ટને અખતીયાર મળવાને કાંઈ પણ ગુન્હો દરીયામાં થયો નોહોતો. રાણી વિ૦ બાપુડાલદી, ઈ. લો. રી. ૫ મ. ૨૩.

(મેસર્સ ઈન્સ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨.)

સાપ્રાધ વિશ્વાઘાત ભાગીદાર તરીકે—

સાપ્રાધ વિશ્વાસઘાત ભાગીદાર તરીકે-શેઠ અને નોકર—તોહોમતદારને જે માલ વેચવાને આપ્યો હતો તે માલની કીમતને માટે તેણે સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. હાઈ કોર્ટમાં એવી તકરાર બતાવવામાં આવી હતી કે તોહોમત કાયમ રાખી શકાતું નથી કારણ કે તોહોમતદાર ફરીઆદીનો ભાગીદાર હતો. મી.

જેકશન જડજે એમ ઠરાવ્યું કે પુરાવા ઉપર થી માજીસ્ટ્રેટે અને સેસન જડજે એવો ઠરાવ કર્યો છે કે કેદી ભાગીદાર નોહોતો પણ નોકર હતો; અને આવી રીતના ઠરાવમાં કાયદાની ભુલ માલમ પડયા સીવાય તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટથી દરમીયાન થઈ શકાતું નથી: ઠરાવ કાયદા પ્રમાણે ખરો હતો. કેદીના જવાબ ઉપરથી એવો અર્થ થઇ શકે નહી કે તે ભાગીદાર હતો પણ ફક્ત નફામાં તેનો થોડો હીસ્સો હતો અને આવી રીતના હકથી તે ભાગીદાર ગણાતો નથી. મેસર્સ કેમ્પ અને મીતર જડજોએ (કેદીને છોડી મુકીને) એમ ઠરાવ્યું કે જો કે નફામાં ભાગ આપવાથી શેઠ અને નોકરનો સબંધ જતો રેહેતો નથી તોપણ આ કેસમાં તોહોમતદારે સ્પષ્ટ રીતે તકરારમાં બતાવ્યું હતું કે તે ભાગીદાર હતો; અને તેને નફામાં હીસ્સો મળતો હતો એટલુંજ નહી પણ નિચેની કોર્ટે તોહોમતદાર નોકર હતો એવો ખરેખરી રીતે નિર્ણય કર્યો નોહોતો; તેથી ફરીને ફરીઆદીએ હીસાબ માગવાને માટે દિવાની દાવો કરવો જોઈએ. લાલચંદરાય અરજદારના મુકરદમાની તપાસ ૯ વિ રી ૩૭

(મેસર્સ કેમ્પ, જેકશન અને મીતર જડજોની રૂબરૂ. તા૦ ૨૬ મી માર્ચ ૧૮૬૮).

ગોરબેનોદ દત અરજદારો ૨૧ વિ. રી. ૧૦. જુઓ લોકોપકારક કૃત્ય ૯૩.

નિર્જેનદ્રોલાલ ચતરજી વિ. ઓખોય કુમારશાનો કેસ રદ થઇ ગયો. જુઓ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે ૧૩.

સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકરનો—

૧ સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકરનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૯—કોઈ થાણદારને પોતાના પોલીસ થાણાનો પગાર સોંપવામાં આવેલો તે બદદાનતથી તેના ઉપયોગમાં લીધો હોય તો તે સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હેગાર થાય છે. રાણી વિ સબદારમીઆ, ૩ વિ. રી ૪૪.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ. તા૦ ૧૧ મી જુલાઈ ૧૮૬૫).

૨ સાપ્રાધ વિશ્વસઘાત સરકારી નોકરનો—મીઠાની વખારમાંથી મીઠું ઘટેલું તે—સાપ્રાધ વિશ્વાસઘાતનો સપષ્ટ પુરાવા શીવાય ઘણું મીઠું ઘટવા ઉપરથી મીઠાના દરોગાને પીનલકોડની કલમ ૪૦૯ મુજબ સાપ્રાધ વિશ્વાસઘાતને માટે ગુન્હેગાર ઠરાવવું તે વ્યાજબી નથી. રાણી વિ. બીનબાધર પટનાઈક, ૫ વિ. રી. ૨૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૬૬).

૩ સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકરનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૯—કેદીની જુબાની—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૭૩—અવ્યવસ્થા—પ્રથમની તજવીજ ગેરશિરસ્તે થયાથી અને સેસન કોર્ટમાં કેદીની જુબાની ગેરશિરસ્તે લીધાથી સરકારી નોકર તરીકે સાપ્રાધ વિશ્વાસઘાતનું તોહોમત રાખી કોઈ માણસને સજા કરેલી રદ કરવામાં આવી. રાણી વિ. જે એમ. ડીઆઝ ૫ મું. હા. કો. રી. ૫૧.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન અને વેરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી ડીસંબર ૧૮૬૬).

૪ સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકરનો—નાજર એક અગત્યના ડીપાર્ટમેન્ટનો ઉપરી છે. અને તે જે રીપોર્ટ કરે અથવા કબુલ કરે તે ખરૂ છે કે નહી તેની જુમેદારી તેને શીર છે. જુમેદારીમાંથી મુકત થવાને માટે તે એમ તકરાર બતાવી શકે નહી કે તેના મોહરીરે ઠગાઈ કરી હતી. રાણી વિ. ટાફુઝલઅલી ૭ વિ. રી. ૭૩.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૨૭ મી મે ૧૮૬૭).

૫ સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકર નો—ખાનગી જામીન—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૦૮, ૪૦૯—કોઇ કોર્ટના ઈનસ્પેકટરે સરકારી નાણા વિગેરેની સોંપરત (ઘટ પડે તો નુકશાનનો જવાબ દેવાને ખાનગી જામીન લેઈ) કોનસ્ટેબલને ગેર વ્યાજબી રીતે કરેલી તેમાં કોનસ્ટેબલે બદદાનતથી પૈસા પોતાના ઉપયોગમાં લીધા; અને જો કે તે રકમ પછીથી તેણે ભરી આપી તોપણ આ કેસ પીનલકોડની કલમો ૪૦૮ અને ૪૦૯ મા આવી જાય છે એમ ઠરાવી દસ વર્ષની સમુદ્રપાર અને પાંચસો રૂપીઆ દંડની સજા કરેલી તે કમી કરીને દંડની એક વર્ષની સખત મજુરી સાથે સજા કરી. રાણી વિ૦ બાનીમાધબ ઘોસ, ૮ વિ. રી. ૧.

(મેસર્સ સેટનકાર અને ગ્લોવર જડજોની રૂબરૂ તા૦ ૧ લી જુન ૧૮૬૭).

૬ સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકર નો—સન ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૯—કોઈ ગામડાનો સરાફ જેનું કામ સરકારી ઉપજ ઉઘરાવવાની મદદ કરવાનું હોવાથી તેણે ખેડુતોની પાસેથી દાણા લેઈ ખાનગી ગોઠવણથી પૈસા વસુલ થઇ ગયા છે એવી રીતે પોહોંચો આપી. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૪૦૯ મુજબ સરકારી નોકર તરીકે સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હેગાર થઇ શકતો નથી, કારણ કે તેજ જાતમાં સરકારી ઉપજ ઉઘરાવવી એવો કાંઇ તેને અખત્યાર નોહોતો, અને જે માણસે તેને દાણા આપ્યા તે માણસ પોતે તેથી કરીને જમાબંધીની જુમેદારીમાંથી મુકત થઈ જતો નથી. પ્રો, તા૦ ૧૨ મી ફેબ્રુઆરી સન ૧૮૬૯.

૭ સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકરનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૦૬, ૪૦૯—હકુમત—યોગ્ય સજા—તપાસનારી કોર્ટ—કોઇ ગુન્હો પીનલકોડની કલમ ૪૦૯ મુજબ બન્યો છે તેથી તેની રજુઆત સેસન કોર્ટ ચલાવી શકે છે એવું ઠરાવવાને બદલે તે પીનલકોડની કલમ ૪૦૬ મુજબ બન્યો છે એવું માજીસ્ત્રેટે ભૂલથી ઠરાવી પોતાની હકુમત છે એમ ધારી રજુઆત ચલાવી તહોમતદારને સજા કરેલી તેમાં તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટે એમ ઠરાવ્યું હતું કે મુકરદમો કાયદા વિરૂદ્ધ ચલાવવામાં આવ્યો છે તેથી સેશન કોર્ટના ઇનસાફને માટે કેસ મોકલવાનો માજીસ્ત્રેટને હુકમ કરવામાં આવ્યો હતો. પીનલકોડની કલમ ૪૦૯ મુજબ ગુન્હો થવાને માટે મિલકત સરકારી હોવી જોઇએ એ કાંઈ જરૂરનું નથી. પણ તે સરકારી નોકરના ઓહ્દાની રૂઈએ તેને સોંપવી જોઈએ એ જરૂરનું છે. રામસુંદર પોડર વિગરે. ૨ ક૦ લો૦ રી૦ ૫૧૫.

[મેસર્સ એ-સ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ તા૦ ૧૩ મી જુન સને ૧૮૭૮]

૮ સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકરનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૯—તહોમતદારે મુખી તરીકે કેટલાક દેવળોની રકમોને માટે પૈસાની જુજ રકમો સરકારી તીજોરીમાંથી ઉપાડી લીધી અને તેની ફરજ પ્રમાણે જે રકમો જે માણસોને આપવી જોઈએ તે માણસોને એકદમ આપી નહી, પણ એમ માલમ પડ્યું કે આ માણસો તેને સોંપવાને ખુશી હતા અને તેઓએ ખરેખરી રીતે તોહોમતદારને પહોંચો આપી હતી જે તેણે રેવન્યુ અધીકારીઓને મોકલી દીધી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે સરકારે તોહોમતદાર ઉપર રાખેલો ભરોંસો તેણે પુરેપુરો પાળ્યો હતો, અને બદદાનતનો કાંઇપણ પુરાવો મળ્યા શીવાય કેટલી મુદત સુધી પૈસા ફકત રાખેલા તેટલા ઉપરથી પીનલકોડની કલમ ૪૦૯ મુજબ સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો બનતો નથી. રા

ણી વિ૦ ગણપત તાપીદાસ, ઈં. લે. રી. ૧૦ મું. ૨૫૬.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસેંબર સને ૧૮૮૫).

જુઓ નિચેની કોર્ટના ફેસલા સામે અરજી ૩૬.
„ કમીટ કરવું તે ૬૧.
„ ચોરી ૩૯.

સાપ્રાધ વિશ્વાસઘાત નોકર તરીકે—

૧ સાપ્રાધ વિશ્વાસઘાત નોકર તરીકે—શેઠ અને નોકર—કોઇ અમુક રકમનો હીસાબ શેઠ જોડે નકી કર્યા પછી તે રકમ વેહેપારીને આપવાને માટે નોકરને સોંપેલી તે—વેહેપારીએ નોકરને ઈનામ આપેલું તે—ઈનામનો લાભ માગવાનો શેઠનો હક-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૦૫, ૪૦૯—રકમો નકી કરી ના હોય તેવા ચાલતા ખાતાને પેટે રૂપીઆ ભરવાને કોઇ શેઠે પોતાના નોકરને રકમ સોંપી હોય અને વેહેપારી નોકરને હીસાબમાં ઓછું મુકયા બદલ કાંઇ ઇનામ આપે તો તે કૃત્ય કીંમતમાં ઘટાડો કર્યાની બરોબર ગણાય છે, અને એવી રીતે ઘટાડો કરી નોકરે મેળવેલી રકમ શેઠના ફાયદાને માટે મેળવેલી ગણાય છે, અને તે પૈસા હમેશાં શેઠની માલકત ગણાય છે, અને તેનો તે પોતે ઉપયોગ કરે તો સાપ્રાદ્ધ વિશ્વાસઘાતનો ગુન્હો બને છે, પણ જે કેસમાં શેઠે પોતે વેહેપારી સાથે હીસાબ નકી કરી નોકર સાથે રૂપીઆ મોકલ્યા હોય અને તે રૂપીઆ ભરી વેપારી પાસેથી નોકર કાંઈ ઈનામ દાખલ લે તો સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો બનતો નથી, કારણ કે જે માણસ પાસેથી તે પૈસા લે છે તે માણસનો પૈસા આપવાનો હક છે એવું તે ધારે છે, તોપણ ન્યાયશાસ્ત્રના ખરે ખરા વ્યાજબી નિયમો મુજબ તે પૈસાનો હીસાબ તે પોતાના શેઠને આપવાને બંધાએલો છે. હેનો કેસ. (લે. રી. ૧૦ ચેનસલરી અપીલ ૩૯૩) ઉપર નજર રાખવામાં આવી. કોઈ કેસમાં સેસન કોર્ટે તોહોમતદારની રજુઆત ચલાવી, ગુન્હેગાર ઠરાવી તેને પીનલ કોડની કલમ ૪૦૯ મુજબ સજા કરી હોય અને ઉપલી કલમ મુજબ ગુન્હો કાયમ રહી શકતો નથી એવું હાઈ કોર્ટનું ધારવું હોય તોપણ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૩ મુજબ ઠરાવમાં ફેરફાર કરી તોહોમત રાખવામાં નહી આવેલા બીજા કોઈ ગુન્હાને માટે અપરાધી ઠરાવવાને હાઈ કોર્ટે ના પાડી. ગુન્હામાં સામેલ ગણેલા માણસે આપેલી જુબાનીની કેટલીક અગત્યની બાબતોને મજબુતી મળવાની જરૂર છે એ વિષેની ટીકા. રાણી વિ૦ રામસરન (વીકલી નોટસ. ૧૮૮૫. પાનુ ૩૧૧) ના કેસ ઉપર નજર રાખવામાં આવી. રાણી વિ. ઇમદાદખાન, ઈં. લે. રી. ૮ અ. ૧૨૦.

(મી૦ પેથેરામ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસેંબર સને ૧૮૮૫).

રાણી વિ૦ રામપતના કેસને લાગુ પડે છે, ઈં. લે. રી. ૧ અ. ૫૩૦. જુઓ ગેર વ્યાજબી બક્ષીસ ૧૩.

૨ સાપ્રાધ વિશ્વાસઘાત નોકરનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૮—કોઇ નોકરને અમુક કામને માટે પૈસા આપ્યા હોય અને તેણે તે પૈસા અમુક કામમાં વાપર્યા ના હોય અને તેનો હીસાબ માગવાથી તેણે તે કામમાં વાપર્યા છે એવું જુઠું બતાવ્યું હોય તો પીનલકોડની કલમ ૪૦૮ મુજબ તે સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હેગાર ગણાય છે વોટસન અને કો. વિ૦ ગોલાબખાન, ૧૦ વિ૦ રી૦ ૨૮; ૧ બેં. લો. રી. ૬. ઉ. ૨૧.

[મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અગષ્ટ સને ૧૮૬૮].

૩ સાપ્રાધ વિશ્વાસઘાત સરકારી નોકરનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ ક

લમ ૪૦૯—કોઈ જમીનદારના ગુમાસ્તાની ફરજ પોતાના શેઠની ઉઘરાણીના પૈસા પોતાના પૈસાથી જુદા રાખવાની અને તેમાંથી તેના નામે ખરચ કરી બાકીના પૈસા તેના શેઠને આપી દેવાની હોય, અને તેણે વિશ્વાસ ઘાતથી તે પૈસા પોતાના ઉપયોગમાં લીધા હોય તો ફોજદારી ગુન્હાને માટે તે જવાબદાર થાય છે અને જે કેસમાં જમીનના માલીકે ગુમાસ્તાને પોતાના પૈસા તેના પૈસા સાથે રાખવાની છુટ આપી હોય અને તે ગુમાસ્તાએ એવી રીતે આપેલા પૈસા કપટથી અને બદદાનતથી પોતાના ઉપયોગમાં લીધા હોય અને પોતાનુ કપટ છુપાવવાને માટે ખોટો હીસાબ બતાવ્યો હોય તો તે સાપ્રાધ ખોટા ઉપયોગનો ગુન્હો ગણાય છે. રાણી વિ૦ કરીમબક્ષ, ૩ વા. દી. પ્રાં. ૩૦.

[મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧.]

જુઓ કબુલાત ૫૧.

સાપ્રાધ ખોટો ઉપયોગ દેવળના ટ્રસ્ટી તરીકે—

સાપ્રાધ ખોટો ઉપયોગ દેવળના ટ્રસ્ટી તરીકે—સાધારણ ફોજદારી કોર્ટોની હકુમત—સાધારણ ફોજદારી કાયદો સને ૧૮૬૩ ના ૨૦ મા આકટથી અથવા સને ૧૮૬૭ ના ૭ મા આકટથી બાતલ થઈ જતો નથી. પ્રો૦ તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬; ઈં૦ લો૦ રી૦ ૧ મ. ૫૫.

જુઓ હંગામો ૧, ૨.

„ સજા ૨૩.

સાપ્રાધ બળ સરકારી નોકર ઊપરનુ—

જુઓ હંગામો ૮.

„ ઝડતી લેવાનું વારંટ ૩.

„ સજા ૪૩.

„ જુદા ગુન્હાઓ ૩.

સાપ્રાધ ઘરપ્રવેશ—

૧ સાપ્રાધ ઘર પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૫૨—**અ** નામનો માણસ બનાવટી કેદનું વારંટ લેઈ ઘરમાં પેસે અને તેમાંના એક માણસને એવી રીતના વારંટના અધીકારથી તેની મરજી વીરૂદ્ધ પકડે તો પીનલકોડની કલમ ૪૫૨ મુજબ એ માણસને ગેરવ્યાજબી અટકાવની બીક બતાવી ઘર પ્રવેશ કરવાનો તે ગુન્હેગાર ગણાય છે. રાણી વિ૦ નંદમોહન સારકાર, ૩ વિ૦ રી૦ ૩૩.

[મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુલાઈ સને ૧૮૬૯].

૨ સાપ્રાધ ઘર પ્રવેશ—ઘર ફાડવું તે—પીનલકોડની કલમો ૪૪૨, ૪૪૫, ૪૫૭—**ટ** નામનો માણસ પોતાના કાકાના ઘરનો માણસ હોવાથી તેણે તીજોરી ઉઘાડી તેમાંથી કેટલીક મીલકત લીધી. પીનલકોડની કલમ ૪૫૭ મુજબ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ઉપલી કલમ મુજબ વ્યાજબી રીતે તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. રાણી વિ૦ તાસુદકહુસેન, ૬ વા. દી. પ્રાં. ૩૦૧.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૧૯ મી અગષ્ટ સને ૧૮૬૯).

૩ સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૪૪—માલ રાખવાને માટે કોઈ મકાનનો ઉપયોગ કરવો તે—કોર્ટે એવું અનુમાન કર્યું કે ઢોર બાંધવાનો વાડો જેની ચારે બાજુ પ્રથમ ભીંતો હતી અને તેની એક બાજુ સચ થઈ શકે તેવી નહીં હોવાથી થુરીઆથી બંધ કરેલુ એક બાકુ હોય તો તે માલ રાખવાને માટે કામમાં આવે તેવું મકાન પીનલકોડની કલમ ૪૪૨ ના અર્થ પ્રમાણે ગણાય છે. રાણી વિ૦ દુલી, ૬ વા. દી. પ્રાં. ૩૦૭. (તા૦ ૧ લી સપટંબર સને ૧૮૭૪).

જુઓ સાપ્રાધ પ્રવેશ.
„ ડાકાઇટી ૮.
„ મહાવ્યથા
„ ગેરવ્યાજબી બક્ષીસ ૭.
„ કેદખાનું
„ પ્રવેશ.

સાપ્રાધ ધમકી

૧ સાપ્રાધ ધમકી—સજા—ત્રણ શાહેદીઓને ધમકી દેવાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી દરેકને ધમકી દેવાને માટે ચાર માસની સજા અને એકંદર એક વર્ષની સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું હતું કે જો કોઈ માણસ એક વખત ગુન્હો થાય તેવી રીતે ત્રણ જુદા જુદા માણસોને ધમકાવે, અને તેમાંનો દરેક માણસ તેના ઉપર જુદું તોહોમત મુકે તો તેને દરેક ગુન્હાને માટે જુદો ગુન્હેગાર ઠરાવી જુદી સજા કરવી જોઇએ. તોપણ આ કેસમાં કામની હકીકત અને પુરાવો સજા થઈ શકે તેવો નોહોતો, અને તે થીકરીને સજા ઘણીજ સખત અને ગેરવ્યાજબી ગણી ફેરવવામાં આવી હતી. ગુલઝારખાન અરજદારના કેસનું રેફરંસ, ૯ વી૦ રી૦ ૩૦.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૬૮).

૨ સાપ્રાધ ધમકી—નુકશાન કરવાની ધમકી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૫૦૩—કોઈ પુખ્ત ઊંમરની સ્ત્રીનો ભાઈ જે ફરીઆદી હતો તેની પાસે તોહોમતદાર જઈ તેને એવું કહ્યુ કે તે સરકારમાંથી આવ્યો છે અને જો ફરીઆદી તેની બેનને જવા નહી દે તો સરકાર તેને છ માસની કેદની સજા કરશે. એમ ઠરાવવામાં આવ્યું કે આ શબ્દોથી (કોડના અર્થ મુજબ કાંઈ નુકશાન કરે તેવી ધમકી નહી હોવાથી) પીનલકોડની કલમ ૫૦૩ ના અર્થ મુજબ સાપ્રાધ ધમકી અથવા કાયદામાં બતાવેલો કાંઈ ગુન્હો બનતો નથી. કોઈ કેસની હકીકતમાં કાંઈ ખાસ માલમ પડે તો ફોજદારી અપેલેટ કોર્ટે જો કે તોહોમતદારની જે કોર્ટે તજવીજ કરી હોય તે કોર્ટની શીક્ષા બાહાલ રાખે તો પણ, તે ધ્યાનમાં લેવું જોઇએ. રાણી વિ૦ મોરબા ભાસકરજી, ૮ મુ૦ હા૦ કો૦ રી૦ ૧૦૧.

(મેસર્સ કેમબેલ અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુલાઇ ૧૮૭૧).

૩ સાપ્રાધ ધમકી—અપમાન અને ઉપદ્રવ—અનુમાન નહી પણ ખરેખરો કબજો—ઘરના કબજાવાળા માણસને ધમકી બતાવવાનો તિરસ્કાર કરવાનો અથવા ઉપદ્રવ કરવાનો ઈરાદો હોય તો તેનો અર્થ અનુમાન લભ્ય કબજાવાળા માણસને દુખ અથવા તિરસ્કાર કરવો એવો થતો નથી પણ ખરેખરા કબજાવાળા માણસને દુખ અથવા તિરસ્કાર કરવો એવો અર્થ થાય છે. ઈશરચંદર કરમોકર વિ૦ સીતળદાસ મીતર, ૧૭ વિ. રી. ૪૭; ૮ બેં. લો. રી. અપે. ૬૨.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૬ એપ્રીલ સને ૧૮૭૨.)

૪ સાપ્રાધ ધમકી—હકુમત—મુસાફરી—ભુલ સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૫૦૩—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૭, ૭૦—રેલવેમાં મુંબઈથી કલકતે મુસાફરી કરતી વખતે, પીનલકોડની કલમ ૫૦૩ મુજબ સાપ્રાધ ધમકીનો ગુન્હો બનેલો હોવાથી એમ ઠરાવવામાં આવ્યું હતું કે તોહોમતની તજવીજ ચલાવવાનો હાઉરાહના માજીસ્ટ્રેટને અધીકાર નોહોતો, કારણ કે તેની ખરેખરી વિષયીક સાધારણ હકુમતની અંદર ગુન્હો બન્યો નોહોતો; અને વળી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૭ માં કેસ આવી જતો નથી, કારણ કે તે કલમના બ દાખલાથી જે જગ્યાએ ફરીઆદી અથવા ગુન્હેગાર પોતાની મુસાફરીમાં પેહેલવેહેલો મુકામ કરે તે જગ્યાના માજીસ્ટ્રેટને તજવીજ ચલાવવાનો અખતીયાર મળે છે. આવી રીતની મુસાફરી એક છેડાથી બીજા

છેડા સુધી સાથે લાગી થવી જોઇએ. કોઇ કેસની વ્યાજબી રીતે રજુઆત પાસેના ડીસ્ટ્રીકટ અથવા સેસનના ભાગમાં થવી જોઈએ તે પ્રમાણે નહી થતાં, બીજા કોઈ ડીસ્ટ્રીકટમાં થઈ હોય તેવી જાતની ભુલ ફકત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૭૦ માં આવી જાય છે; પણ જે કેસોમાં ખરેખરી સ્થાનીક હકુમત, નવી રજુઆત ચલાવવાને હુકમ કરવાનો જે કોર્ટનો અધીકાર હોય તે કોર્ટની હકુમત સાથે સબંધ રાખે નહી તેવી હોય, અને જે ભાગ અથવા પ્રગણામાં ગુન્હાની ખરેખરી રીતે તજવીજ થઈ હોય તે ભાગ અથવા પ્રગણું તે ઈલાકાની અંદર કોઈ રીતે આવી જતું ના હોય, તેવા કેસોને ઉપલી કલમ લાગુ પડતી નથી. પીરન વલદે કરીમનઆયાહ વિ૦ સી. ડી. પી ૬૩, ૨૧ વિ૦ રી૦ ૬૬; ૧૩ બેં. લો. રી. અપે. ૪.

(મેસર્સ પીઅર અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨ એપ્રીલ સને ૧૮૭૪.)

રાણી વિ૦ મેલનીના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૧ મ. હા. કો. રી. ૧૯૩. જુઓ રેલવે ગુન્હો ૧.

રાણી વિ૦ મુસામત ઈટવારયાના કેસ ઉપર નજર રાખવામાં આવી, ૧૪ બેં. લો. રી. ૫૪. જુઓ સોગન ૩.

રાણી વિ૦ અબદલઅલીના કેસ ઉપર નજર રાખવામાં આવી, ૨૫ વિ. રી. ૪૫. જુઓ મુસાફરી.

૫ સાપ્રાધ ધમકી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૦, ૫૦૩, ૫૦૮—ધમકી—રોમનકેથોલીક ધર્મના પાદરીએ ન્યાત બાહાર મુકેલા તે-પાદરીના કૃત્યો કાયદા વિરૂદ્ધ છે એવું દિવાની કોર્ટમાં ફરીઆદી સાબીત કરે ત્યાં સુધી ફોજદારી મુકરદમો બંધ રાખવો તે-કોઈ કેસમાં ધર્મ સબંધી હકુમતને ધર્મ સબંધી મંડળીના નીયમોથી બીજી કોઈ રીતે મંજુરી નહી મળેલી હોવાથી અધીકાર ઉપરાંત તે બજાવવામાં આવેલી હોય, અથવા જે કેસમાં આવા નિયમોથી સાધારણ કાયદાનું ઓલંઘન થઈ જતું હોય અને તેમાંના ગમે તે કેસમા એવા પરીણામો થાય કે જેથી ફોજદારી કયદાની રૂઈએ તે અટકાવવાની જરૂર પડે તો ફોજદારી કોર્ટને અધીકાર નથી એવું ઠરાવવાની છુટ મળતી નથી. ન્યાત બાહાર મુકવાની કાયદા વિરૂદ્ધ સજા કરવાની બીક બતાવી, દેવળની મીલકતના સબંધમાં દિવાની દાવો લાવવાનો કાયદેસર હક ઠરાવે નહી એવા વિચારથી ન્યાત બાહાર મુકેલો હોય એવી કોઈ રોમનકેથોલીક માજીસ્ટ્રેટને ફરીઆદ કરી. જ્યાં સુધી ધર્મ સબંધી અધીકારીઓનુ કૃત્ય કાયદા વિરૂદ્ધ છે એવું દિવાની દાવાને ફરીઆદી સાબીત કરે નહી ત્યાં સુધી માજીસ્ટ્રેટે રજુઆત ચલાવવી બંધ રાખવી જોઈએ, એ કેસની હકીકત જોતાં સુલભ રસ્તો છે એમ ઠરાવવામાં આવ્યું. ડી. કુઝની બાબત, ઈ. લો. રી. ૮ મ. ૧૪૦.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૬ અકટોબર અને તા૦ ૨ ડીસંબર સને ૧૮૮૪.)

જુઓ શિક્ષા ૪, ૯.
„ સાપ્રાધ પ્રવેસ.
„ જામીનગીરી સુલાહ શાંતી રાખવાની ૧૯.
„ વારંટ કમીટ કરવાનું.

સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—

૧ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે— દિવાની અદાલત—હીસાબ કરીને બાકી નીકળે તે આપવાને ફરીઆદીએ તોહોમતદારને મુદત આપી તેટલીજ બાબત ઉપરથી બદદાનતથી ઉપયોગ કરવાને માટે ગુન્હેગાર ઠરાવવું, અથવા તે બાબત ફકત દિવાની કોર્ટ લાયક છે એવું બતાવવું જતું રેહેતું નથી. શ્રીકંત બીસ્વાસ, ૫ વિ. રી. ૫૬.

(મી૦ મેકફરસન જડજની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૬૬.)

૨ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૩—પીનલકોડની કલમ ૪૦૩ ની અંદર કેદીનો કેસ લાવવાને માટે ઉપયોગ કરેલી વસ્તુ ખરેખરી રીતે કેદીના પોતાના ઉપયોગમાં વપરાયેલી સાબીત થવી જોઈએ. તે ઉપરથી જડેલી વસ્તુ કેદીએ ફક્ત પોતાના કબજામાં રાખેલી હોવાથી ઉપલી કલમ મુજબ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવાના ગુન્હામાંથી તેને નિર્દોષ ઠરાવી, છોડી મુકવામાં આવ્યો હતો. રાણી વિ૦ અબદુલ, ૧૦ વિ૦ રી૦ ૨૩૦.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જુલાઈ સને ૧૮૬૮.)

૩ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૪—કોઇ મરનારે મરતી વખતે સોંપેલા પૈસાનો બદદાનતથી કોઈ માણસ (પીનલકોડની કલમ ૪૦૪ મુજબ) ખોટો ઉપયોગ કરે અને જોકે તે પૈસા તેણે પોતાના ઉપયોગમાં લીધા ના હોય તોપણ બદદાનતથી ખોટો ઉપયોગ કર્યાનો તે માણસ ગુન્હેગાર થઇ શકે છે. ઈનાયત હુસેન અરજદાર, ૧૧ વિ૦ રી૦ ૧.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૬૯).

૪ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—મરનાર માણસની મીલકતનો ઉપયોગ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૪—રીપોર્ટ માગવાનો સેસન જડજનો અધીકાર—એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૪૦૪ (મરનારે મુકેલી "મીલકત" નો ખોટો ઉપયોગ કરવો અથવા પોતાના ઉપયોગમાં લેવા સંબંધી) સ્થાવર મીલકતને લાગુ પડતી નથી. જે કેસમાં સેસન જડજ કામના કાગળો મંગાવી શકે નહી એટલે તાબાના માજીસ્ટ્રેટે તજવીજ ચલાવી હોય અને તેના ઉપર ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટને અપીલ થઈ હોય તેવા કેસમાં સેસન જડજે ડીસ્ત્રીકટ માજીસ્ટ્રેટનો રીપોર્ટ માગવો જોઈએ નહી. ડીસ્ત્રીકટ અથવા ફુલપાવર માજીસ્ટ્રેટે ચલાવેલા કેસો જેની અંદર સેસન જડજ કામના કાગળો મંગાવી શકે છે તેવા કેસની અંદર રીપોર્ટ માગવાનો પણ તેને અધીકાર છે. રાણી વિ. ગીરધર ધરમદાસ, ૬ મું. હા. કો. રી. ૩૩.

૫ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—ઉઘરાણીના પૈસા નોકરે રાખેલા તે—જે પૈસા એકઠા કરવાનો નોકરનો હક છે અને જે પૈસા તેને પોતાના શેઠના કરજદાર પાસેથી એકઠા કર્યા હોય તેવા પૈસા તે પોતાના હાથમાં ચઢી ગયેલા પગારને પેટે રાખે તો તે સાપ્રાધ ખોટા ઉપયોગને માટે ગુન્હેગાર ગણાય છે. રાણી વિ. બીસેસરરોય, ૧૧ વિ. રી. ૫૧.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી મે ૧૮૬૯).

૬ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૪—કોઇ મરનારે મરતી વખતે મીલકત મુકી હોય તેનો પીનલકોડની કલમ ૪૦૪ મુજબ બદદાનતથી ખોટો ઉપયોગ કરવાનો ગુન્હો ઠરાવવાને માટે તોહોમતદારે તે પોતાના ઉપયોગમાં લેવી જોઈએ એની કાંઇ જરૂર નથી. મી૦ માર્કબાય જડજે એમ ઠરાવ્યું કે જે મુદાઓ કોઇ જીવતા માણસના સંબંધમાં સપ્રાધ ખોટો ઉપયોગ કરવાના ગુન્હાને માટે જરૂરના છે તે સઘળા મુદાઓ પીનલકોડની કલમ ૪૦૪ મુજબ ગુન્હો થવાને માટે જરૂરના છે. રાણી વિ. નોબીનચંદર સીરકાર, ૧૨ વિ. રી. ૩૯.

(મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જુલાઈ ૧૮૬૯).

૭ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—સરકારી નોકર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૯—કોઇ સરકારી અમલદારની યોગ્ય ફરજના ભાગ તરીકે અથવા કોઈ અમુક હુકમથી ભરોંસા ઉપર સોંપરત થવી જોઈએ એવું કોઇ પીનલકોડની કલમ

૪૦૯ માં બતાવેલું નથી. તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું હતું કે કોઈ ઓફીસના હેડ કલાર્કે પોતાના ઉપરીની મંજુરીથી એકાદ હાથ નીચેના માણસને ટીકટોનો વહીવટ સોંપેલો તેમાં ટીકટો ઉચાપત થવાથી કલમ ૪૦૯ ના અર્થ મુજબ સરકારી નોકરે સાપ્રાધ ખોટો ઉપયોગ કર્‍યાનો તે માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. રાણી વિ૦ રામધનડી, ૧૩ વિ. રી. ૭૭.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી મે સને ૧૮૭૦).

૮ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—તોહોમત-શાહેદીઓની જુબાનીઓ-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૩--પીનલ કોડની કલમ ૪૦૩ મુજબ બદદાનતથી ખોટો ઉપયોગ કર્‍યાનું જે કેસમાં તોહોમતદાર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તેમાં બતાવવું જોઈએ કે ગીલકત કયા માણસની હતી. જ્યાં અગાડી બીજા માણસોની સાથે મીલકતમાં તોહોમતદારનો જે ભાગ હોય તે કબજે લેઇ વેચે તો બેશક તે ગુન્હેગાર ગણાતો નથી. માજીસ્ટ્રેટની રૂબરૂ શાહેદીઓએ આપેલી જુબાનીઓ અપીલના પુરાવામાં દાખલ કરતાં પેહેલાં જુબાનીઓમાં અથવા બીજી કોઈ જગાએ બતાવવું જોઈએ કે જુબાનીઓ શાહેદીઓને વાંચી સંભળાવવામાં આવી હતી અથવા તેનો અર્થ કરી બતાવવામાં આવ્યો હતો. રાણી વિ૦ પરબતીચરન ચકરબતી, ૧૪ વિ. રી. ૧૩.

(મેસર્સ ફીઅર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨ જી જુલાઈ સને ૧૮૭૦).

૯ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૩--ભુલથી પૈસા આપેલા તે—કોઇ માણસને ભુલથી પૈસા આપવામાં આવ્યા હોય અને પૈસા લેતી વખતે અથવા પછીથી પૈસા પાછા આપતાં પેહેલાં કોઈપણ વખતે તે માણસને ભુલ માલમ પડી હોય, તેમ છતાં તે પૈસાનો ઉપયોગ કરવાને તેણે નિર્ણય કર્યો હોય તો સાપ્રાધ ખોટો ઉપયોગ કરવાને માટે તે ગુન્હેગાર છે પણ ઠગાઇને માટે ગુન્હેગાર નથી. રાણી વિરૂદ્ધ શામસુંદર, ૨ વા૦ દી૦ પ્રાં૦ ૪૭૫.

૧૦ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૩—તોહોમત—કોઈ માણસને સોંપેલી પૈસાની દરેક જુદી રકમનો ખોટો ઉપયોગ કરવો તે જુદો ગુન્હો ગણાય છે અને તેની સાથે સબંધ રાખતી હકીકતોની જુદી તજવીજ ચલાવવી જોઈએ. આવા કેસમાં તોહોમતો ઘડવામાં કેટલીક સ્પષ્ટ જુદી રકમો પસંદ કરવાની અને તે રકમો ઉપર મુખ્યત્વે કરીને પુરાવો રજુ કરવાની કમીટ કરનાર અમલદારની ફરજ છે. સી. એ. ચેતર અપેલેન્ટ, ૧૫ વિ. રી. ૫.

(મેસર્સ જેકશન અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૭૧).

૧૧ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો કલમ ૪૦૩—વેપારની બાબત—કેદી જેણે ફરીઆદણ પાસેથી કેટલાંક ચામડાંઓ રાખ્યાં હતાં પણ કીંમત આપવાની ના પાડેલી તે તેની અને ફરીઆદણની વચ્ચે વેપાર સંબંધી બાબત હતી એમ ધારી પીનલકોડની કલમ ૪૦૩ મુજબ બદદાનતથી ખોટો ઉપયોગ કરવાનો તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો નોહોતો. રાણી વિ. બોયસ્તુમ મોચી અરજદાર, ૧૭ વિ. રી; ૧૧.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૩ ફેબ્રુઆરી ૧૮૭૨).

૧૨ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—પોસ્ટની ટીકટો—સાપ્રાધ વિશ્વાસઘાત—સને ૧૮૬૬ નો ૧૪ મો પોસ્ટ આફીસ આકટ કલમ ૪૯—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૨૬—કાગળ ઉપર જોઈએ તેટલી ટીકટો ચોહોડી વધે તે પૈસા પાછા આપવાને તોહોમતદારને સોંપરત કર્યાથી તે પૈસા પાછા નહી આપતાં બે આનાની ટી

ટો ખાઇ ગયો તેને માટે પીનલકોડ મુજબ સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો નહી ગણતાં પોસ્ટ આફીસના સને ૧૮૬૬ ના આકટ ૧૪ ની કલમ ૪૯ મુજબ ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. સાપ્રાધ વિશ્વાસઘાતનું તોહોમત રાખી ગુન્હેગાર ઠરાવી શકાય તેના કરતાં વધારે સજા તોહોમતદારને થયેલી નહી હોવાથી અને પોસ્ટ આફીસના આકટ મુજબ ગુન્હેગાર ઠરાવ્યાથી તેના વિરૂદ્ધ અભીપ્રાય બંધાયેલો સાબીત નહી થવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૬ મુંજબ હાઈકોર્ટ સજા રદ કરી શકતી નથી અથવા તેમ ફેરફાર કરી શકતી નથી; તેમજ જે કેસોમાં ગુન્હાની મહત્વતા કરતાં ખોટો ઉપયોગ કરેલી રકમ ઘણી જુજ કીંમતની છે એ ધ્યાનમાં લેવું ભુલ ભરેલું ગણાય છે તેવી જાતના કેસોમાંનો આ પણ એક કેસ હતો એવું હાઇ કોર્ટ બતાવી શકે નહી. નોબીનચંદર દતની બાબત, ૧૭ વિ. રી. ૫૦.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી એપ્રીલ ૧૮૭૨).

૧૨ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે-ભાગીદાર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ કલમ ૪૦૫–કોઈ ભાગીદાર જે પોતાને સોંપેલી મજીઆરી મીલકતનો અથવા જે પોતાના તાબામાં હોય તેવી મીલકતનો બદદાનતથી ખોટો ઉપયોગ કરે અથવા પોતાના કામમાં વાપરે અથવા તેમાંની કાંઈપણ મીલકત બદદાનતથી વેચે તો તે પીનલકોડની કલમ ૪૦૫ મુજબ સાપ્રાધ ખોટો ઉપયોગ કરવાને માટે ગુન્હેગાર ગણાય છે. નીજેન્દ્રલાલ ચતરજી વિ૦ ઓખોયકુમર શા વિગેરે, ૨૧ વિ. રી. ૫૯; ૧૩ બેં. લો. રી. ૩૦૭

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, જેકશન, ફીઅર, બર્ચ અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી માર્ચ સને ૧૮૭૪).

લાલચંદ રાયના કામની તપાસણી રદ થઇ જાય છે, ૯ વિ. રી. ૩૭. જુઓ સાપ્રાધ વિશ્વાસઘાત ભાગીદારનો ૬.

રાણી વિ૦ ગોર એન્ડો દત્તના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૧૩ બેં. લો. રી. ૩૦૮ ન. જુઓ કપટથી મીલકતનું ખસેડવું ૩.

રાણી વિ૦ અલાહબક્ષનાં કેસને લાગુ પડે છે, ૧૩ બેં. લો. રી. ૩૧૦ ન. જુઓ ચોરી ૨૩.

જુઓ જુઠો પુરાવો બનાવવો ૮.
,, એકઠાં તોહોમતો ૪.
,, હકુમત ૭.

સાપ્રાધ પ્રવેશ—

૧ સાપ્રાધ પ્રવેશ—ઝાડો કાપવાં તે–કોઈ માણસ બીજાની મીલકત ઉપર પેશીને ઝાડો કાપી લે તો તે મીલકતનો સાપ્રાધ પ્રવેશ ગણાય છે. રાણી વિ. જીનતબીબી, ૧ વિ. રી. ૪૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસંબર સને ૧૮૬૪).

૨ સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—કોઈ માણસ બીજાના કબજાની જમીનમાં જોર જુલમથી પેશી તેના ઉપર ઈમારત બાંધે અથવા કબજાવાળા માણસને હેરાન કરવાના ઇરાદાથી બીજુ કાંઈ કૃત્ય કરે તો, છેવટે તે જમીનનો હકદાર કોણ થશે એ સવાલ ઉપર સબંધ રાખ્યા શીવાય, પીનલકોડની કલમ ૪૪૧ ના અર્થ મુજબ તે માણસ સાપ્રાધ પ્રવેશનો ગુન્હેગાર થાય છે. રાણી વિ૦ રામદયાલ મંડલ, ૭ વિ. રી. ૨૮.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૪ થી ફેબ્રુઆરી સને ૧૮૬૭).

રાણી વિ૦ સરવાનસીંઘના કેસ ઉપર નજર રાખવામાં આવી, ૧૭ વિ. રી. ૧૧. જુઓ સાપ્રાધ પ્રવેશ ૫.

૩ સાપ્રાધ પ્રવેશ—રઈયતોએ જુઠી જુબાનીઓ આપેલી તે—ગળીના વાવનારે ફરી આદ કરેલા સાપ્રાધ પ્રવેશના કેસમાં કેટલીક રઈયતોએ સોગન ઉપર જુઠી જુબાની આપી કે ગયા વર્ષમાં તકરારી જમીનની અંદર

રનું વાવેતર થયું હતું પણ ગળીનું વાવેતર થયું નોહોતું તેને માટે તેમને કેટલી સજા કરવી જોઇએ એ વિષે ટીકા થઇ સજા ઓછી કરવામાં આવી. મી૦ સેટનકાર જડજે કામમાં બતાવેલાં કારણો ઉપરથી સજા વધારે કમી કરી હોત. રાણી વિ૦ ધરણીદતરાય અને બીજો, ૮ વિ. રી. ૭.

(મેસર્સ સેટનકાર અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જુન સને ૧૮૬૭).

૪ સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—પીનલકોડની કલમ ૪૪૧ મુજબ સાપ્રાધ પ્રવેશનો ગુન્હેગાર ઠરાવવાને માટે મીલકત ફરીઆદીના કબજામાં હતી અને કબજાવાળા માણસને "ધમકી આપવાના, તિરસ્કાર કરવાના, ઇજા કરવાના, અથવા ગુન્હો કરવાના" ઇરાદાથી પ્રવેશ કરવામાં આવ્યો હતો એ સાબીત કરવું જોઈએ. કાલીનાથ નાગ ચોધરીનું રેફરન્સ, ૯ વિ. રી. ૧.

[મેસર્સ કેમ્પ અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસંબર સને ૧૮૬૭]

રાણી વિ૦ મેહેરવાનજી બેજનજીના કેસમાં નજર રાખવામાં આવી, ૬ મું૦ હા૦ કો૦ રી૦ ૬. જુઓ ઠગાઈ કરવી તે ૯.

૫ સાપ્રાધ પ્રવેશ—જમીનની તકરાર-જમીનનો દરતા જ- સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—મી૦ જેકશન જડજે [માજીસ્ટ્રેટનો હુકમ રદ કરીને અને મી૦ માર્કબાય જડજ વિરૂદ્ધ પડીને] એમ ઠરાવ્યું કે, ફરીઆદી જમીનમાં પોતાનો હક સાબીત કરી શક્યો નહી તેટલા માટે પીનલકોડની કલમ ૪૪૧ મુજબ સાપ્રાધ પ્રવેશના કેસની તજવીજ ચલાવવાને માજીસ્ટ્રેટે ના પાડવી જોઇએ નહી. જો કે કબજો હકથી મળ્યો ના હોય તોપણ કોઇ માણસના કબજાની મીલકતના સબંધમાં ગુન્હો થઈ શકે છે. રાણી વિરૂદ્ધ સરવાનસીંધ વિગેરે, ૧૧ વિ. રી. ૧૧.

[મેસર્સ જેકશન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ફેબ્રુઆરી સને ૧૮૬૯].

રાણી વિ૦ રામદઆલ મંડલના કેસમાં લાગુ પડે છે, ૭ વિ. રી. ૨૮. જુઓ સાપ્રાધ પ્રવેશ ૨.

૬ સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૧--સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૮-કબજો-કબજાવાળા માણસને દુખ દેવાના, ધમકી બતાવવાના, અથવા તિરસ્કાર કરવાના અથવા ગુન્હો કરવાના ઈરાદાથી સાપ્રાધ પ્રવેશ કરવામાં ના આવ્યો હોય પણ શુદ્ધબુદ્ધિથી હક ઝાહેર કરવાને માટે કરવામાં આવ્યો હોય તો તેથી સાપ્રાધ પ્રવેશ થતો નથી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૮ મુજબ કોઈ ફરીઆદી કબજો લેવાની અરજ કરે તો કબજાના સવાલનો નિર્ણય કરવો જોઈએ. ગોકળચંદ વિ૦ શેઠ રોસનલાલ, ૨ વા. દી, પ્રાં. ૮૨.

(મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦.)

૭ સાપ્રાધ પ્રવેશ--સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—હક સબધી સવાલો-હક સબંધી સવાલોની ફોજદારી કોર્ટોએ તજવીજ કરવી જોઈએ નહી એ હમેશાં ફરમાવેલું છે તોપણ જે કેસોમાં આવા સવાલોનો આધાર જુના દસ્તાવેજોના લખાણ ઉપર અથવા જે કૃત્યોને માટે ઘણું કરીને પુરેપુરૂ દફતર રાખવામાં આવ્યું ના હોય તેવા કૃત્યો ઉપર હોય તો તેની તજવીજ કોઈ પણ રીતે ફોજદારી કોર્ટ કરી શકે નહી. હક બદદાનતથી અથવા કપટથી ઠરાવવામાં આવ્યો હતો એવું ઠરાવવાને માટે ફરીઆદીએ સાબીત કરવું જોઈએ કે હક ઠરાવવાને માટે તોહોમતદારને વ્યાજબી કારણ નોહોતું અને તોહોમતદારે પીનલકોડમાં બતાવેલા શબ્દોના અર્થ મુજબ કપટથી અથવા બદદાનતથી હક ઠરાવ્યો હતો. રાણી વિ૦ કીશનપરસાદ ૨ વા. દી. પ્રાં. ૨૦૨.

(મેસર્સ ટરનર કામચલાઉ ચીફ જસ્ટીસ અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી મે સને ૧૮૭૦.)

૮ સાપ્રાધ પ્રવેશ—પદ્ધતિ—હાઈ કોર્ટનો અભીપ્રાય માગવો તે-જોઈન્ટ માજીસ્ટ્રેટ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧-સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૪—પીનલકોડની કલમ ૪૪૧ મુજબ સાપ્રાધ પ્રવેશનો ગુન્હો ઠરાવવાને માટે ધમકી આપવાનો, તિરસ્કાર કરવાનો, કોઈ માણસને દુખ દેવાનો, અથવા ગુન્હો કરવાનો ઈરાદો હતો એ સાબીત કરવાની જરૂર છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ હાઈ કોર્ટનો અભીપ્રાય લખી પુછવાનો ડીસ્ટ્રીકટના જોઇન્ટ માજીસ્ટ્રેટને અધીકાર નથી. આવી રીતના અભીપ્રાયો ફકત સેસન જડજથી અથવા ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટોથી લખી પુછાય છે. રાણી વિ૦ સુરામનીસંત, ૧૪ વિ૦ રી૦ ૨૫.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જુલાઈ ૧૮૭૦).

૯ સાપ્રાધ પ્રવેશ—એકઠું કુટુંબ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—પીનલકોડની કલમ ૪૪૧ માં બતાવેલી પ્રવેશની વાખ્યામાં કેસ લાવવાને માટે, પ્રવેશ ગુન્હો, ધમકી, તિરસ્કાર અથવા દુખ દેવાના ઈરાદાથી થવો જોઈએ. મજીઆરા ઘરમાં એકત્ર કુટુંબનો કોઈ માણસ પેસે તો તે એકઠા કુટુંબના માણસે પ્રવેશનો ગુન્હો કર્યો એમ ગણાતું નથી, પણ કુટુંબના બીજા કોઈ માણસથી સાધારણ રીતે વપરાતી હોય એવી કોઈ ઓરડીમાં તે માણસ પેસે તો તે ઉપલા ગુન્હાને માટે ગુન્હેગાર થાય છે. પ્રાણકીસ્ટો ચંદર વિગેરે વિ. બીસોનાથચંદર, ૧૫ વિ. રી ૬; ૬ બે. લો. રી. અપે. ૮૦.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૭૧).

૧૦ સાપ્રાધ પ્રવેશ—વંશપરંપરાના હક પ્રમાણે તળાવમાંથી માછલાં પકડવાં તે—સાપ્રધ પ્રવેશની વાખ્યામાં પેસવું તે અને જે ઇરાદાથી પક્ષકાર પેઠો હોય તે એ બંને જરૂરના મુદ્દાઓ છે. તે ઉપરથી અ અને બ નામના બંને માણસોએ કાંઈ પણ આપ્યા શીવાય તળાવમાંથી માછલાં પકડવાનો પોતાનો હક બધે ઠેકાણે સાબીત કરેલો; અને ભાડુ વસુલ કરવાને સને ૧૮૫૯ ના આકટ ૧૦ મુજબ તેઓના ઉપર કરેલા દાવામાં જમીનદાર અને ભાડવાતનો સંબંધ ક નામના માણસે નહી સાબીત કર્યાથી, એમ ઠરાવવામાં આવ્યું કે અ અને બ નામના માણસોને સાપ્રાધ પ્રવેશને માટે કોઈ રીતે ગુન્હેગાર ઠરાવી શકાય નહી, તેથી કરીને ક જો તેમને પ્રવેશ કરનારાઓ તરીકે ધારતો હોય તો તેણે કબજો લેવાનો અથવા આગળ ઉપર ભાડુ આપવાને તેઓ જવાબદાર છે એવું ઠરાવવાનો દાવો દિવાની કોર્ટમાં કરવો જોઈએ. શ્રીસતીધર પારૂઈ વિગેરે, વિ. ઈદોભૂશન ચકરબતી, ૧૮ વિ. રી. ૨૫; ૯ બે. લો. રી. અપે. ૧૯.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨ જુલાઈ ૧૮૭૨).

રાણી વિ. ચરનાઈહના કેસમાં નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૨ ક. ૩૫૪. જુઓ સાપ્રાધ પ્રવેશ, ૧૪.

૧૧ સાપ્રાધ પ્રવેશ—ખાનગી બચાવનો હક–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૯૬, ૧૦૪–કોઇ માણસે પોતાના દોસ્તની મદદ લેઈ બીજા માણસ જેણે તેની સ્ત્રી સાથે બદકામ કરવાના ઈરાદાથી તેના ઘરમાં પ્રવેશ કર્યો હતો તેના ઉપર સખતાઈથી વેર વાળ્યું તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે કાંઇ ગુન્હો બન્યો નથી. કારણ કે પીનલકોડની કલમો ૯૬ અને ૧૦૪ મુજબ પ્રવેશ કરનારને એકદમ મોત થાય તેવી સજા શીવાય બીજી સજા કરવી વ્યાજબી ગણાય છે; અને કાંઇ પણ ગુન્હો કરવામાં મદદ કરેલી નહી હોવાથી તે ન

મીત્રને પણ નિર્દોષ ઠરાવી છોડી મુકયો હતો. રાણી વિ. ધમન તેલી અને બીજો, ૨૦ વિ૦ રી૦ ૩૬.

(મેસર્સ માર્કબાય અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જુન સને ૧૮૭૩.)

૧૨ સાપ્રાધ પ્રવેશ—સુલેહનો ભંગ—ગેરશિરસ્તો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૩, ૫૩૦—સાપ્રાધ પ્રવેશના ગુન્હાનો જવાબ આપવાને માટે સમન કરેલા માણસે હાજર થઈ લખીત જવાબ દાખલ કર્યો હોય અને માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૦ મુજબ મુકરદમો લખી લીધા સીવાય ચલાવેલો, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે આવી જાતનો ગેરશિરસ્તો કલમ ૨૮૩ માં આવી જાય છે, કારણ કે તેમાં બતાવેલો નિયમ માજીસ્ત્રેટની રૂબરૂ, ચાલેલા સઘળા મુકરદમાઓને લાગુ પડે છે. ગોરમોહનમાજી વિ૦ દુલભમાજી, ૨૨ વિ. રી. ૮૧.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી સપટેંબર સને ૧૮૭૪.)

રાણી વિ૦ સીતાનાથરોય, ૩ વિ. રી. ૯. જુઓ કબજો ૯.

હારવી વિ૦ બ્રાઈસ, ૪ વિ. રી. ૨૬. જુઓ કબજો ૧૩.

દામોદર બિધાધર વિ૦ શ્યામાનંદદી, ૮ ક૦ લો૦ રી૦ ૫૪૧; ઈં૦ લો૦ રી૦ ૭ ક૦ ૩૮૫. જુઓ કબજો ૧૨૫.

શેક મંગલો વિ૦ દુરગાનારાયણ નાગનો કેસ વિરૂદ્ધ છે, ૨૫ વિ૦ રી૦ ૭૪. જુઓ કબજો ૧૦૨.

૧૩ સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—એકઠા માલીકોની જમીન જમીન ઉપર કોઈ સહીઆરીએ બાકીના સહીઆરીઓની કબુલાત મેળવ્યા સીવાય મકાન બાંધેલું તે એ અથવા વધારે એકઠા માલીકોમાંના એક માલીકે પાડી નાંખ્યું હોય તો તે સાપ્રાધ પ્રવેસનો ગુન્હેગાર ગણાતો નથી. દેનોનાથ ધટક વિ૦ રાજકુમાર સા, ઇં૦ ૯૧૦ રી૦ ૩ ક. ૭૩; ૨ ક. લો રી. ૬૨.

(મેસર્સ જેકશન અને કનીંગહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ અને ૨૭ મી માર્ચ ૧૮૭૭).

બીજોસીંધ વિ. ખુબલાલના કેસને લાગુ પડે છે, જુઓ ગેરવ્યાજબી મંડળી, ૧૯.

શંકરસીંધ વિ. બરમાહ માહતો, ૨૩ વિ. રી ૨૫. જુઓ ગેરવ્યાજબી મંડળી ૨૨.

૧૪ સાપ્રાધ પ્રવેશ—સાર્વજનીક નદીમાં માછલાં પકડવાનો ખાસ હક ઉલંઘન કરવો તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૭—કોઈ સાર્વજનીક નદીના કોઈ ભાગમાં માછલા પકડવાનો ખાસ હક કાયદા વિરૂદ્ધ ઉલંઘન કરવો તે એવી જાતનો ગુન્હો નથી કે જે પીનલકોડમાં બતાવ્યા પ્રમાણે "સાપરાધ પરવેશ" ની વાખ્યામાં આવી શકે. રાણી વિ૦ ચારૂનાયીઆહ, ઈં૦ લો૦ રી૦ ૨ ક. ૩૫૪.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૪ મે સને ૧૮૭૭.)

નિચેના કેસોને લાગુ પડે છે:—

ખેતરનાથદત વિ૦ ઇન્દ્રોજનલીઆ, ૧૬ વિ૦ રી૦ ૭૮. જુઓ ચોરી ૨૬.

શ્રીસ્તાધર પેરોર્ડ વિ૦ ઇન્દ્રોભુશન ચકરબતી, ૧૮ વિ૦ રી૦ ૨૫. જુઓ સાપરાધ પ્રવેશ ૧૦.

કાશીચંદરદાશ વિ૦ હરીકીશોરદાસ, ૧૯ વિ૦ રી૦ ૪૭. જુઓ મુચરકો ૫૩.

ભુશનપીરૂઈ વિ૦ દીનોનાથ બાનરજી ૨૦ વિ. રી, ૧૫. ૧ જુઓ ચોરી ૩૦.

૧૫ સાપ્રાધ પ્રવેશ—હુકમનામાનો લેહેણદાર—સને ૧૮૭૬ નો ૪ થો પ્રેસીડેન્સી માજીસ્ત્રેટનો આકટ કલમ ૧૬૭—પ્રેસીડેન્સી માજીસ્ત્રેટના આકટની કલમ ૧૬૭ માં લખેલા "છ માસ ઉપરાંત કેદ અથવા બસો રૂપીઆ દંડ" એ શબ્દો તેઓના અર્થ પ્રમાણે મુખ્ય સજાઓને લાગુ પડે છે, પણ દંડ ન આપ્યા બદલ ઠરાવેલી કેદને લાગુ પડતા નથી

કારણ કે દંડ આપવામાં ન આવે તોજ તેવી રીતની કેદ ઠરાવી શકાય છે. સુર્ય ઉગ્યા પેહેલાં તોહોમતદારો [હુકમનામાના લેહેણદારો] એ અખતીઆર મળેલા કોર્ટ બેલીફની સાથે જઇ મીલકત કબજે લેવાના ઈરાદાથી ફરીયાદીનું બારણું ભાગીને ઉઘાડયુ; તે ઉપરથી તે ઓને રાત્રે છાનામાના ઘર પ્રવેશ કરવાને માટે અથવા રાત્રે ઘર ફાડયાને માટે ગુન્હેગાર ઠરાવેલા, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે સાપ્રાધ પ્રવેશના ગુન્હાને માટે તેઓ અપરાધી નહી હોવાથી, ઉપર બતાવેલા ગુન્હાઓ થવાને માટે જેવા ઈરાદાની જરૂર છે તેવી જાતનો ઈરાદો માલમ પડતો નથી, અને તેઓના ઉપર તોહોમત રાખવામાં આવેલા ગુન્હાઓમાંના ગમે તે ગુન્હાનો સાપ્રાધ પ્રવેશ મુળતત્વ હોવાથી અપરાધ રદ થવો જોઈએ. જોથરામ દવે, ઈ. લો. રી. ૨ મ. ૩૦.

(મેસર્સ ઈન્સ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી સપટંબર સને ૧૮૭૮).

૧૬ સાપ્રાધ પ્રવેશ–બીગાડ–સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૨૫, ૪૪૧– સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૫૪—કોઈ માણસ શુદ્ધબુદ્ધિથી પોતાનો હક છે એવું ધારીને, અને ધમકી, તિરસ્કાર અથવા બીજા કોઈ માણસને ઉપદ્રવ અથવા કાંઇ ગુન્હો કરવાના ઈરાદા શીવાય, બીજાના કબજાની જમીનમાં પેસે અને જો કે તે વખતે તેનો તે જમીન ઉપર કાંઇપણ હક ના હોય તોપણ તેને સાપ્રાધ પ્રવેશનો ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. તેવીજ રીતે કોઇ માણસ મીલકત પોતાની છે એવું શુદ્ધબુદ્ધિથી ધારી નુકશાન થાય તેવી રીતે તે વાપરે તો, બીગાડને માટે તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. તોપણ હક છે એવો ફકત ઈકરાર આવી જાતના કેસોમાં કરવાથી તે સાપ્રાધ પ્રવેશ અને બીગાડના તોહોમતોનો પુરતો જવાબ ગણાતો નથી. તકરારમાં બતાવેલા ગુન્હેગારનો શો ઈરાદો હતો એ નિર્ણય કરવાની ફરજ ફોજદારી અદાલતની છે; અને તે છેવટે એવો નિર્ણય કરે કે શુદ્ધબુદ્ધિથી હક બજાવવામાં તે પ્રમાણે થયું નથી તો ગુન્હો બને તેવી બીજી હકીકતો સાબીત થઇ છે એમ ધારી કોર્ટ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી શકે છે. કોઇ માણસે બીગાડ કરવાના ઈરાદાથી પ્રવેશ કર્યો હોય અને તે વખતે બીગાડ પણ થયો હોય તો એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૪૫૪ ના કલોઝ ૩ મુજબ એ માણસને ઉપર બતાવેલા ગુન્હાઓમાંના ગમે તે ગુન્હા મુજબ સજા થઈ શકે તેના કરતાં વધારે સખત સજા થઈ શકતી નથી. આવી જાતના કેસમાં સાબીત થએલા દરેક ગુન્હાને માટે સજા કરવામાં ઉપર બતાવેલા કાયદાના લખાણથી કોર્ટને કાંઇ બાધ આવતો નથી. રાણી વિ૦ બુધસીંઘ, ઇ૦ લો૦ રી૦ ૨ અ૦ ૧૦૧.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૭૯).

જબદાર કાઝીના કેસમાં નજર રાખવામાં આવી, ૮ ક. લો. રી. ૩૯૦. જુઓ વર્ધમાન સજા ૩.

જુઓ શીસ્તીધરપારૂઈની બાબત, ૯ બે. લો. રી. ૧૦ અપે. ૧૯; ૧૮ વિ૦ રી૦ ૨૫. જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૦.

જુઓ રાણી વિરૂદ્ધ સરવાનસીંધ, ૧૧ વિ૦ રી૦ ૧૧. જુઓ સાપ્રાધ પ્રવેશ ૫.

જુઓ બાકર હાલસન વિ૦ દીનોબંધુ બીસ્વાસ, ૩ બે. લો. રી. ઓ. અ. ૧૭. જુઓ બીગાડ ૬.

૧૭ સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—**અ** નામનો માણસ જેને **બ** ની જમીન છે એવી ચેતવણી મળી હતી તેણે પછીથી **બ** ની જમીનની હદ પાસે એક હરણને ગોળી મારવાથી તે હરણ **બ** ની જમીનમાં નાશી ગયું અને તેથી તેને મારવાને માટે તે માણસ તેની પાછળ પડયો. એમ ઠરાવવામાં આવ્યું કે આ

વી રીતે ब ની જમીનમાં પાછળ પડવાથી સાપ્રાધ પ્રવેશનો ગુન્હો બનતો નથી. ચંદુ નારાયણ વિ૦ જે. જી. ફાર્કહરસન, ઈ. લો. રી. ૪ ક. ૮૩૭.

(મેસર્સ બર્ચ અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી માર્ચ સને ૧૮૭૯).

૧૮ સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—क, ग, અને બીજા કોઈ માણસની એકઠી મજીઆરી કેટલી સ્થાવર મીલકત હતી. ह નામના માણસે તે મીલકત કબજે લેવાને માટે ग ઉપર હુકમનામું કરાવ્યું, અને તે બજાવી સને ૧૮૭૭ ના આકટ ૧૦ માની કલમ ૨૬૪ મુજબ મીલકત કબજે કરી. क નામની સ્ત્રીએ શુદ્ધબુદ્ધિથી અને પોતાનો હક ઠરાવવાના વિચારથી અને ધમકી, તિરસ્કાર અથવા ह ને કાંઇપણ ઈજા કરવાના અથવા કાંઈપણ ગુન્હો કરવાના ઇરાદા શીવાય અને ग પોતાના સહીઆરીઓની સાથે હક ઠરાવવાના વિચારથી તે મીલકતમાં રહ્યા. એમ ઠરાવવામાં આવ્યું કે ઉપલી હકીકત ધ્યાનમાં લેતાં સાપ્રાધ પ્રવેશને માટે તેઓને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. જે જમીનમાંથી કોઇ માણસને દિવાની પ્રોસેસથી કાઢી મુકવામાં આવ્યો હોય અથવા જેનો કબજો બીજા માણસને સોંપવામાં આવ્યો હોય તે જમીનમાં, પોતાના સહીઆરીઓ સાથેનો એકઠો હક અથવા પોતાનો સ્વતંત્ર હક ઠરાવવાને માટે ફરીથી પ્રવેશ કરવો અથવા તેમાં રહેવું તે, કાંઈપણ ધમકી, તિરસ્કાર ઈજા અથવા ગુન્હો કરવાનો ઈરાદો ખરેખરી રીતે સાબીત થયા શીવાય ફોજદારી ગુન્હો ગણાતો નથી. ગોવીંદપ્રસાદ, ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૪૬૫.

(મી૦ સ્ટ્રેઈટ જડજની રૂબરૂ, તા૦ ૧૫ મી અકટોબર સને ૧૮૭૯).

જુઓ રાણી વિરૂદ્ધ બુધસીંઘ, ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૧૦૧. જુઓ સાપ્રાધ પ્રવેશ ૧૬.

૧૯ સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—ભાડા દાખલ કબજ રાખવું તે—બંગાળાનો ભાડાનો સને ૧૮૬૯ નો ૮ મો કલમો ૭૨, ૭૪, ૭૬-ब નામના માણસનો નોકર अ તેના ભાડવાત क નામના માણસની જમીન ઉપર જઈને તેને પોતાનો પાક લણવામાં અટકાવ કરવાથી સાપ્રાધ પ્રવેશને માટે अ ને ગુન્હેગાર ઠરાવ્યો હતો. ब ને તે ગુન્હામાં મદદગારીનો ગુન્હેગાર ઠરાવ્યો હતો. अ અને बએ કેસમાં એવી તકરાર બતાવી કે તેઓ ભાડા દાખલ કાંઇપણ ચીજ કબજ કરવામાં પોતાને, કાયદેસર હક બજાવતા હતા. બંગાળાના ભાડાનો સને ૧૮૬૯ ના આકટ ૮ ની કલમ ૭૨ મુજબ ચઢી ગએલા ભાડાની હીસાબ સાથે લખેત માગણી क પાસે કરવામાં આવી નોહોતી, અને તે આકટની કલમ ૭૬ મુજબ बએ પોતાના નોકરને કાંઇપણ લખેત અધીકાર આપ્યો નોહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે કાયદા પ્રમાણે અથવા શુદ્ધબુદ્ધિથી ફરીઆદીનો પાક ભાડા બદલે કબજ કરવાના ઇરાદાથી તેઓ ચાલ્યા હતા એ સાબીત કરવાનું તેમને શીર છે; અને અપરાધ ઠરાવેલો કાયદેસર હતો. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ભાડા દાખલ કબજ કરવાનું હોય તેમ છતાં પણ કલમ ૭૪ મુજબ ઉભો પાક અને એકઠો નહી કરેલો માલ લણીને ખેડુત એકઠો કરી શકે છે. જો કે अ શુદ્ધબુદ્ધિથી ચાલતો હતો તોપણ क ને પોતાનો પાક લણતો અટકાવવાને તેનો કાંઈપણ હક ન હોતો. ગ્રુમકનોનીઆહ વિ૦ શુદાશીબ રોય, ઈ. લો. રી. ૭ ક. ૨૬.

(મેસર્સ પોન્ટીફેક્ષ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી માર્ચ સને ૧૮૮૧).

૨૦ સાપ્રાધ પ્રવેશ—ન્યાત બહાર મુકેલી સ્ત્રી ઉપર કોઈ હિંદુએ તોહોમત રાખેલુ તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—કોઈ હિંદુ સ્ત્રીને ન્યાત બાહાર મુકવાથી તેણીનો પોતાના ધણીની સાથે ઘરનો એકઠો ભોગવટો એવી રીતે જતો રહેતો નથી જો તે ખોરાકી માગવાને ઘરમાં પેસે

તો તે પ્રવેશ કરનાર ગણાય છે. રાણી વિ૰ મરીમુતુ, ઈં૰ લો૰ રી૰ ૪ મ. ૨૪૩.

(મેસર્સ ઇન્સ અને કરનાન જડજોની રૂબરૂ, તા૰ ૨૨ મી નવંબર સને ૧૮૮૧).

૨૧ સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—લોકલફંડ બજારનો કર છુપાવવો તે ગુન્હો ગણાતો નથી—લોકલફંડ બજારનો કર છુપાવવાના ઈરાદાથી બજારમાં પેસવું તે સાપ્રાધ પ્રવેશ ગણાતો નથી. રાણી વિ૰ વરધાપા, ઈં૰ લો૰ રી૰ ૫ મ૰ ૩૮૨.

(મેસર્સ મુતુસ્વામી આયર અને ટારંટ જડજોની રૂબરૂ, તા૰ ૨૯ મી અગષ્ટ સને ૧૮૮૨).

૨૨ સાપ્રાધ પ્રવેશ—હંગામો—કબજો લેવાનો હક—જમીનનો કબજો પ્રવેશ કરનારનો છે અને જે સામો થાય છે તેની ખેડેલી જમીનમાં જબરજસ્તીથી પ્રવેશ કરી હંગામો થયાના તોહોમતમાં કબજો લેવાનો હક છે એ તકરાર કાંઈ જવાબ ગણાતો નથી. રાણી વિ૰ અપાવુ, ઈં૰ લો૰ રી૰ ૬ મ. ૨૪૫.

(મી૰ ઈન્સ જડજની રૂબરૂ, તા૰ ૧૨ અને ૧૯ મી ડીસેંબર સને ૧૮૮૨).

૨૩ સાપ્રાધ પ્રવેશ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૪૧—દુખ—માજીસ્ટ્રેટની બેન્ચ-ગેરશિરસ્તો—કોઈ મેમ્બર ગેર હાજર હોય તે—કોઈ તકરારી જમીન જેના ઉપર અ નામનો માણસ હક રાખતો હતો તે ઉપર પોતે ઝુંપડું બાંધ્યું અને બીજા હકદારની ફરીઆદ ઉપરથી તેને પીનલકોડની કલમ ૪૪૧ મુજબ સાપ્રાધ પ્રવેશને માટે ગુન્હેગાર ઠરાવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે અપરાધી ઠરાવેલો કાયદા વિરૂદ્ધ છે કારણ કે ઝુંપડી બાંધતી વખતે તોહોમતદારનો ઈજા કરવાનો વિચાર નોહોતો. નુકશાન અથવા બીગાડથી સ્વભાવીક રીતે ઈજા થઈ શકે છે પણ કલમ ૪૪૧ માં બતાવેલી ઈજા ગણાતી નથી. પ્રથમ નીમણુકી અને બે ઓનરરી માજીસ્ટ્રેટોની બનેલી બેન્ચની રૂબરૂ ચાલવાની ઠરાવેલી રજુઆતમાં કામ શરૂ કર્યા પછી એક ઓનરરી માજીસ્ટ્રેટ ગેરહાજર હતો અને તેની ગેરહાજરીમાં અગત્યનો પુરાવો લેવામાં આવ્યો હતો. બીજે દીવસે તે પાછો હાજર થયો અને તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવાના છેવટના હુકમ ઉપર તેણે સહી કરી. એમ ઠરાવવામાં આવ્યું કે ગેરશિરસ્તો થયાના કારણ ઉપરથી ઠરાવેલો ગુન્હો કાયદા વિરૂદ્ધ હતો. સંભુનાથ સરકાર અને રામકમલ ગુહા અરજદારોની બાબત, ૧૩ ક. લો. રી. ૨૧૨.

(મેસર્સ પ્રિનસેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૰ ૩૦ મી અગષ્ટ સને ૧૮૮૩).

જુઓ બેલીફ.
,, તોહોમત ૧૦.
,, ઠગાઇ કરવી તે ૯.
,, કંપનસેશન ૧૪.
,, માંડી વાળવું ફરીઆદનું ૧૮, ૨૫.
,, તોડવો સરકારી નોકરનો હુકમ ૧૧
,, અપમાન ભરેલી ભાષા.
,, ખાનગી બચાવ ૧૯, ૨૦, ૨૨.
,, સરકારી હોડી મુકવાની જગ્યા.
,, લોકોપકારક કૃત્ય ૨૯, ૫૦.
,, મુચરકો ૮, ૨૨, ૫૭, ૬૧, ૬૨
,, સંક્ષેપમાં તપાસ ૨૭.

સાંભળેલો પુરાવો—

સાંભળેલો પુરાવો—ભુલ—જવાબ સાંભળેલા પુરાવા ઉપરથી આપવામાં આવશે એવું ધારી ગુન્હો બન્યા પછી તરતજ ફરીઆદીએ પેહેલ વેહેલી કહેલી હકીકત શું હતી એ વિશેનો સ્વાલ ડેપ્યુટી માજીસ્ટ્રેટે અરજદારના વકીલને પુછવા દીધો નહી. અરજદારના સંબંધમાં તેણે આપેલો ઠરાવ રદ કરવામાં આવ્યો હતો અને નવેસરથી ફેંસલો આપવાને કેસ પાછો મોકલવામાં આવ્યો હતો. કેદારનાથ બોસ અરજદાર, ૧૮ વિ. રી. ૧૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૰ ૧૫ મી જુન સને ૧૮૭૨.)

જુઓ જ્યુરી ૪૩, ૮૫.

સારી વર્તણુક—

જુઓ કેદમાંથી નાસી જવુ ૮, ૧૧, ૧૫.
,, જામીનગીરી સારી વર્તણુકની.
,, ફટકા મારવા તે ૨૭.

સાસ્ત્ર—

જુઓ શાસ્ત્રની ચોપડીઓ.

સાસ્ત્રની ચોપડીઓ—

સાસ્ત્રની ચોપડીઓ—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો કલમો ૫૭, ૬૦—અનુભવી માણસો—પુરાવાના આકટની કલમ ૬૦ ની પેહેલી સરત અને કલમ ૫૭ ના છેલાની પેહેલાના પેરેગ્રાફ મુજબ પેટ ઉપર એકાએક ઘા કરવાથી કેવો પરીણામ બને તે વિશે ટેલરનું બનાવેલું મેડીકલ જ્યુરીસ પ્રુડન્સ કોર્ટે જોયું. હટીમ, ૧૨ ક. લો. રી૦ ૮૬.

(મેસર્સ મેકડોનલ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ ગી એપ્રીલ ૧૮૮૨.)

રાણી વિ૦ હરીચરન ચકરબતીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૧૦ ક. ૧૪૦; ૧૩ ક. લો. રી. ૩૫૮. જુઓ તપાસ તોહોમતદારની ૧૫.

સાર્વજનીક ઝરો—

૧ સાર્વજનીક ઝરો—જળાશય—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૭૭—પીનલકોડની કલમ ૨૭૭ માં વપરાયેલા "સાર્વજનીક ઝરો અથવા જળાશય" એ શબ્દો માં જાહેરાત નદીનો સમાવેશ થઈ જતો નથી. તેટલા માટે એમ ઠરાવવામાં આવ્યું કે માંછલાં પકડવાને માટે નદીમાંથી ડાળીઓ કાપી નાખવાથી તે કલમ મુજબ ગુન્હો બનતો નથી. રાણી વિ૦ હાલોધર પોરો, ઈ. લો. રી. ૨ ક. ૬૮૩.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી મે સને ૧૮૭૭.)

૨ સાર્વજનીક ઝરો—નદીનું પાણી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૭૭—પીનલકોડની કલમ ૨૭૭ માં બતાવેલો "સાર્વજનીક ઝરો" એ શબ્દોમાં નદીની તળેટી ઉપર પાણીના વેહેતા વેહેળીયાનો સમાવેશ થઈ જતો નથી. રાણી વિ૦ વીટીચે કકાન, ઈ. લો. રી. ૪ મ. ૨૨૯.

(મેસર્સ ઇન્સ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી અકટોબર સને સને ૧૮૮૧.)

સાર્વજનીક પુજા—

સાર્વજનીક પુજા—સાર્વજનીક શેરીઓમાં થઇને જવાનો વરઘોડો—હકની તકરાર—સુલેહના ભંગની ધાસ્તી લાગે તે વખત માજીસ્ટ્રેટની ફરજ—ધર્મ સંબંધી પુજા અથવ ક્રીયા કરવાને એકઠા થયેલા લોકોનો ખાસ બચાવ કરવામાં કાયદો ખાનગી પુજા કરતાં ધર્મસમાજ સંબંધી પુજા બતાવે છે; અને ધર્મ સંબંધી મંડળીઓએ વાજબી રીતે માજીસ્ટ્રેટ અથવા પોલીસને ખબર આપવી જોઈએ કે રીવાજ મુજબ તેઓ કયે વખતે પુજા કરવાને એકઠા થાય છે કે જેથી કરીને બીજા માણસોનો હક ગેરવાજબી રીતે ઓછો થાય નહી. પુજા કરવાની જગા પવીત્ર છે અથવા ત્યાં રાત દિવસ પુજા થાય છે એવી તકરાર બતાવી કોઈ પણ જાત જાહેરાત શેરીઓમાંથી વરઘોડો લેઇ જવાનો બીજા માણસોનો હક હમેશને માટે છીનાવી લેવાની માગણી કરી શકે નહી. સાર્વજનીક શેરીઓમાંથી વરઘોડો લેઈ જતાં કોઈ પણ જાત બીજી જાતને અટકાવે અને તેમાં સુલેહનો ભંગ થવાનો સંભવ રેહે તેવી બાબતમાં માજીસ્ટ્રેટની ફરજો વીશે વિચાર કરવામાં આવ્યો. મુથીઆલુચીટી વિ૦ બાપનસાહેબના કેસમાં બતાવેલો આધાર તપાસી તેનો અર્થ કરી બતાવવામાં આવ્યો અને તે બાહાલ રાખવામાં આવ્યો. રાણી વિ૦ સુંદરામ, ઈ. લો. રી. ૬ મ. ૨૦૩.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ, ઈન્સ અને કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૭, ૨૮ મી નવંબર અને તા૦ ૧, ૨ અને ૪ ડીસંબર સને ૧૮૮૨, અને તા૦ ૪ થી જાનેવારી સને ૧૮૮૩.)

મુથીઆલુચેટી વિ૦ બાપનસાયબનો કેસ તપાસ્યો અને તેનો અર્થ કરી બતાવી તે બાહાલ રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૨ મ. ૧૪૦. (દિવાની રૂલીંગ)

સાર્વજનીક શેરી—

સાર્વજનીક શેરી– સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૩૨–સમશાન–કોઇ એક ગામના હિંદુ અને મુસલમાન રેહેવાશીઓ વચે કોઈ ઝાહેરાંત શેરીમાં થઈ હિંદુ લોકોના મુડદાઓ, બાળવાની જગાએ લેઈ જવાના હક વિશે તકરાર ઉઠયાથી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૯ મુજબ માજીસ્ટ્રેટે એવો હુકમ કર્યો કે હિંદુ લોકોએ મુડદાઓ ઘણાજ નજીકને રસ્તે થઈને બાળવાની જગાએ લેઈ જવા જોઈએ, પણ આવા કામોને માટે મુડદાઓ મુસલમાન લોકો વાંધો લે છે તે સરીઆમ મોહોલામાંથી લેઈ જવા જોઈએ નહી. એમ ઠરાવવામાં આવ્યું કે માજીસ્ટ્રેટનો હુકમ કાયદા વિરૂદ્ધ હતો. નારાયણની બાબતમાં, ઈ. લો. રી. ૭ મ. ૪૯.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી મે સને ૧૮૮૩.)

જુઓ જાહેરાંત પુજા.

સાક્ષી—

નું નાસી જવું તે. જુઓ અપમાન કોર્ટનું ૫.

ની ગેરહાજરી. જુઓ પુરાવો ૫૦.

નો મુચરકો લેવો. જુઓ પોલીસ ૮.

એ બીજાને નામે જુબાની આપેલી તે. જુઓ જુઠો પુરાવો ૪.

ની બીજા કેસમાં લીધેલી જુબાની વાંચેલી તે. જુઓ જુબાની ૧.

નું જાતે હાજર થવું બંધ રાખેલું તે. જુઓ કબુલાત ૨૨.

નો દંડ થએલો તે–જુઓ તોહોમત ૨૬.
,, અપમાન કોર્ટના હુકમનું ૮.

ઉપર સમનો કાઢવા તે. જુઓ સમન ૪.

ની પ્રથમની હકીકત. જુઓ કબુલાત ૩૪.

ને ફરીથી બોલાવી જુબાની લેવી તે. જુઓ પુરાવો ૯૯.

ઉપર સમન કાઢવો તે. જુઓ કબજો ૭૩, ૧૩૬.

શિક્ષાનો વધારો—

૧ શિક્ષાનો વધારો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫—પ્રથમ ગુન્હો કર્યાને માટે પીનલકોડની કલમ ૭૫ મુજબ વાજબી રીતે વધારે સજા કરવાને માટે બંને ગુન્હાઓ પીનલકોડના પ્રકરણો ૧૨ અને ૧૭ માં આવી જવા જોઈએ, અને કોડ અમલમાં આવ્યા પછી થયેલા હોવા જોઈએ. રાણી વિ૦ મોલુકચંદ ખાલીફા. ૩ વિ૦ રી૦ ૧૭.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી મે સને ૧૮૬૫).

૨ શિક્ષાનો વધારો—અપીલમાં સજા વધારવાનો સેશન કોર્ટનો અધીકાર—અપિલમાં સજા વધારવાનો સેસન જડજને કાંઈપણ અધીકાર નથી. રાણી વિ૦ બુલો રામદાસ. ૪ વિ૦ રી૦ ૨૦.

(મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૬ નવંબર સને ૧૮૬૫).

૩ શિક્ષાનો વધારો—ડાકાઇટી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૦—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૯૭—કેસની હકીકત ઉપર નજર રાખીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૦ અને પીનલકોડની કલમ ૩૯૭ મુજબ હાઈ કોર્ટે કેદી જેને ડાકાઈટીને માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો તેની સજામાં વધારો કર્યો. રાણી વિ૦ ગુજરી પાન્ડે અને બીજો, ૨૦ વિ૦ રી૦ ૨૧; ૧૧ બેં૦ લો૦ રી૦ અપે. ૩.

(મેસર્સ જેકશન અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી મે સને ૧૮૭૩).

૪ શિક્ષાનો વધારો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૦—આ કેસમાં સેસન જડજે ઠરાવેલો મહાવ્યથાનો ગુન્હો બદલીને હાઈ કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૦ માં આપેલા અધીકાર મુજબ ખુનનો ગુન્હો ઠરાવ્યો અને તે મુજબ સજામાં વધારો કર્યો. રાણી વિ૦ સશીરૂદી પાલવન અને બીજો, ૨૨ વિ૦ રી૦ ૫; ૧૨ બેં. લો. રી. અપે. ૨૩.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૭૪).

૫ શિક્ષાનો વધારો—બીગાડ-કેદી જેણે અપીલ કરી નહોતી તે—બીગાડને માટે પાંચ કેદીઓને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. એક કેદીએ અપીલ કરી. અપીલ ચાલતી વખતે હાજર થવાની નોટીસ પાંચે જણને મોકલવામાં આવી હતી પણ તેમાંના ફક્ત ત્રણ માણસો હાજર થયા. તોપણ ઉપરી આસીસ્ટન્ટ માજીસ્ત્રેટે સઘળાઓની સજામાં વધારો કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ગેરહાજર રહેલા કેદીઓ અને જેઓનો અપીલ કરવાનો ઈરાદો નહોતો તેઓની સજામાં કરેલો વધારો રદ કરવો જોઈએ. પ્રે. તા૦ ૪ થી માર્ચ સને ૧૮૭૫; ૮ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૭.

૬ શિક્ષાનો વધારો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૦—અપેલેન્ટને આપેલી નોટીસ—ડીસ્ત્રીક્ટ માજીસ્ત્રેટે અપીલમાં અપેલેન્ટને નોટીસ આપ્યા શીવાય ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૦ મુજબ શીક્ષામાં વધારો કરેલો, તે હુકમ કાયદા વિરૂદ્ધ ગણી રદ કરવામાં આવ્યો હતો. રાણી વિ૦ હીકમતઅલી અને આસ્ટ્રનઅલી, ૨૪ વિ. રી. ૭૨.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી ડીસંબર સને ૧૮૭૩).

૭ શિક્ષાનો વધારો—અપેલેટ કોર્ટ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કો[illegible] [illegible]લમ ૨૮૦—અપેલેટ કોર્ટને છેવટની સજાની સરત ઉપર આધાર કરીને કરેલી કોઈ પણ સજામાં વધારો કરવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૦ મુજબ અધીકાર છે. કોઈ તાબાનો માજીસ્ત્રેટ કરી શકે તેવી કોઈપણ સજા કરવાનો અપેલેટ કોર્ટ તરીકે ફર્સ્ટ ક્લાસ માજીસ્ત્રેટને અધીકાર છે. હાઈ કોર્ટનો મુકરદમો. તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬; ઈં. લો. રી. ૧ મ. ૫૪.

૮ શિક્ષાનો વધારો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૬—ગુન્હેગાર ઠરાવવું તે—ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટ—અભીપ્રાય લખી પુછવો તે—સજામાં વધારો કરવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ મુજબ જે માજીસ્ત્રેટને અભીપ્રાય લખી પુછવામાં આવ્યો હોય તે માજીસ્ત્રેટ ઇનસાફને માટે સેસન કોર્ટમાં કેસ કમીટ કરવાનો હુકમ કરી શકે છે. ચીનીમેરી ગડુ, ઈં. લો. રી. ૧ મ. ૨૮૯.

(મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ, હોલોવે અને ઈન્સ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૭૬.)

બખારી મુલીકનો કેસ વિરૂદ્ધ છે. ૧૦ વિ. રી. ૫૦. જુઓ માંડીવાળવું ફરીઆદનું ૯.

રાણી વિ૦ અબદુલાના કેસમાં નજર રાખવામાં આવી, ઈં. લો. રી. ૪ મું. ૨૪૩. જુઓ હુકમ.

અબરૂલ વાહબ વિ૦ ચંદ્રના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો, ૧૩ ક. ૩૦૫. જુઓ હકુમત માજીસ્ત્રેટની.

૯ શિક્ષાનો વધારો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૫—એમ ઠરાવવામાં આવ્યું કે કોઈ માણસ પીનલકોડના પ્રકરણો ૧૨ અને ૧૭ મુજબ ત્રણ વર્ષ સજા થઈ શકે તેવો ગુન્હો કરે અને તે ગુન્હાને માટે ગુન્હેગાર ઠર્યા પેહેલાં ઉપલા પ્રકરણો મુજબ સજા થઇ શકે તેવો બીજો કોઈ ગુન્હો કરે તો તેને માટે પીનલકોડની કલમ ૭૫ માં બતાવ્યા મુજબ વધારે સજા થઈ શકતી નથી. રાણી વિ૦ મેધા, ઈં. લો. રી. [illegible] અ. ૬૩૭.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૨ એપ્રીલ સને ૧૮૭૮.)

૧૦ શિક્ષાનો વધારો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૨૩, ૪૩૯—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૩૦—કોઈ હેડ કોનસ્ટેબલને પીનલકોડની કલમ ૩૩૦ મુજબ ગુન્હેગાર ઠરાવી તેની રજુઆત સેસન જડજે ચલાવીતેને ચાર માસની આસાન કેદની સજા કરી. હાઈ કોર્ટે અપીલ માંડીવાળી તપાસનારી કોર્ટ તરીકે એવો હુકમ કર્યો કે કરેલી સજામાં વધારો કરવો જોઇએ. રાણી વિ૦ મેથરઅલી, ઈ. લો. રી. ૧૧ ક. ૫૩૦.

[મેસર્સ પ્રીનસેપ અને પીગટ જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી એપ્રીલ સને ૧૮૮૫.]

૧૧ શિક્ષાનો વધારો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૭૧, ૧૯૩, ૨૧૧—સાથે કરેલી સજાઓ—સને ૧૮૮૨ નો ૧૦ ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૫—તોહોમતદાર જે હેડ કોનસ્ટેબલ હતો તેને પીનલકોડની કલમ ૨૧૧ મુજબ જુઠી ફરીઆદ કરવાને માટે અને કલમ ૧૯૩ મુજબ ખોટી પ્રતીજ્ઞા કરવાને માટે ગુન્હેગાર ઠરાવ્યો હતો, અને સેસન જડજે દરેક ગુન્હાને માટે ત્રણ ત્રણ માસની આસાન કેદની સજા કરી અને તોહોમતદારની .પાછલી વર્તણુક ધ્યાનમાં લેઈ એવો હુકમ કર્યો કે સજા સાથે ભોગવવી જોઈએ. એમ ઠરાવવામાં આવ્યું કે સજાઓ અયોગ્ય અને કાયદા વિરૂદ્ધ હતી. તે ઉપરથી સજાઓ વધારીને દરેક ગુન્હાને માટે ત્રણ માસની સખત મજુરી ઠરાવી હતી; અને બે ગુન્હાઓ જુદા જુદા હોવાથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫ મુજબ હાઇ કોર્ટે એવો હુકમ કર્યો કે એક સજા પુરી થયા પછી બીજી સજા શરૂ થવી જોઈએ. રાણી વિ૦ અબદુલ આજીજ, ૭ વી. રી. ૫૯ ના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો. રાણી વિ૦ પીરમહમદ, ઈ. લો. રી. ૧૦ મું. ૨૫૪.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજો ની રૂબરૂ, તા૦ ૧૦ મી ડીસેંબર સને ૧૮૮૫).

રાણી વિ૦ રામ પરતાપના કેસ ઉપર નજર રાખવામાં આવે છે. ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૧૨૧. જુઓ કેટલાક ગુન્હાઓ ૬,

જુઓ નીચેની કોર્ટના ફેંસલા સામે અરજી.
- ,, જુઠું તોહોમત ૧૦.
- ,, જ્યુરી ૫.
- ,, ખુન ૧૭, ૪૪.
- ,, તપાસણી ૧, ૩૩.
- ,, સજા ૫૯.
- ,, ફટકા મારવા તે ૧૯, ૨૪.

સુલેહનો ભંગ

જુઓ નીચેની કોર્ટના ફેંસલા સામે અરજી.
- ,, ખરાબ આજીવીકા ૨.
- ,, કમીટ કરવું તે ૩૭.
- ,, બેન્ચ માજીસ્ટ્રેટની ૧.
- ,, છુટકો ૩૨.
- ,, પુરાવો ૮૩, ૯૯.
- ,, પોલીસ રીપોર્ટ ૨.
- ,, કબજો ૭, ૮, ૧૨, ૧૪, ૧૭ ૧૯, ૨૧, ૨૩, ૨૭, ૨૯, ૩૧, ૩૨, ૩૭, ૩૯, ૪૧, ૪૪, ૪૫, ૫૩, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૫, ૬૭, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૭, ૭૯, ૮૨, ૮૭, ૯૧, ૯૪, ૯૫, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૧૩, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૨૧, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૭, ૧૩૧, ૧૩૨, ૧૪૦.
- ,, લોકોપકારક કૃત્ય ૧૮, ૩૨, ૪૬, ૬૩.
- ,, રીપોર્ટ સબ માજીસ્ટ્રેટનો.
- ,, જામીનગીરી સારી વર્તણૂકની.
- ,, જામીનગીરી સલાહ શાંતીની.
- ,, કેદી તરફના સાહેદીઓ.

સુલેહનો ભંગ ચીડાવીને કરાવવાનો ઈરાદો—

સુલેહનો ભંગ ચીડાવીને કરાવવાનો ઈરાદો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૫૦૪—**અ** નામના માણસે **બ** નામના માણસને એટલી બધી ગાળો દીધી કે જેથી **બ** ને ઘણોજ ત્રાસ ઉપજ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે **અ** એ **બ** ને એટલો બધો ગુસ્સે કર્યો કે જેથી સાધારણ બાબતમાં પણ સુલેહનો ભંગ થઈ શકે તેવું હોવાથી, **અ** ને પીનલકોડની કલમ ૫૦૪ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. રાણી વિ૦ જોગયા, ઈ લો. રી. ૧૦ મ. ૩૫૩.

[મેસર્સ સર. આરથર. એફ. એચ. કોલીન્સ નાઇટ ચીફ જસ્ટીસ અને પારકર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઈ સને ૧૮૮૭].

સેસન કેસ—

૧ સેસન કેસ સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪, ૨૯૬, ૪૭૩—હકુમત—ઈનસાફી મુકરદમામાં ખોટી પ્રતીજ્ઞા કરવી તે - અપમાન કોર્ટના હુકમનું-સેસન કોર્ટ—આસીસ્ટન્ટ જડજ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪ મુજબ કોઇ કેસ "સેસન" કેસ બનાવવાને માટે ખાસ તે કેસ સેસન કોર્ટે ચલાવવો જોઈએ તે કાંઈ જરૂરનું નથી. તે કોડની કલમ ૪૭૩ મુજબ કામોને માટે આસીસ્ટંટ સેસન જડજ સેસન જડજથી જુદો ગણાય છે. તે ઉપરથી સેસન જડજના હુકમનું અપમાન કર્યાથી બનેલા ગુન્હાની તજવીજ આસીસ્ટંટ સેસન જડજ કરી શકે છે. રાણી વિ. ગુલાબદાસ કુબેરદાસ, ૧૧ મું. હા. કો. રી. ૯૮.

[મેસર્સ વેસ્ટ અને નહાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૭૪].

૨ સેસન કેસ—વાખ્યા—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૯૬—સેસન કોર્ટનો અધીકાર—પીનલકોડની કલમ ૪૫૭ મુજબ રાખેલા તોહોમતમાં આસીસ્ટન્ટ સેસન જડજે અપેલેન્ટને છોડી મુકયા પછી તેના ઉપર પીનલકોડની કલમો ૩૮૦ અને ૪૫૭ મુજબ તોહોમતો રાખી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ મુજબ તેને સેસન કોર્ટના હુકમથી કમીટ કરવામાં આવ્યો હતો. ફુલબેન્ચે [મેસર્સ સ્પેન્કી અને ઓલ્ડફીલ્ડ જડજો વિરૂદ્ધ પડી] એમ ઠરાવ્યું કે કમીટ કાયદા વિરૂદ્ધ કરવામાં આવ્યું હતું અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ ના અર્થ મુજબ " સેસન કેસ " નો માયનો ખાસ સેસન કોર્ટથી ચલાવવા લાયક કેસ એવો થાય છે. રાણી વિ૦ કનયનસીંઘ, ઈ૦ લો૦ રી૦ ૧ અ. ૪૧૩.

[મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન ટરનર, સ્પેંકી અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જુલાઈ સને ૧૮૭૭]

રાણી વિ૦ ભુપસીંઘના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૨ અ ૫૭૦. જુઓ છુટકો ૩૩.

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવે છેઃ -

જોયનકરસીંઘ વિ૦ માનપાટક, ૨૧ વિ. રી. ૪૧. જુઓ કમીટ કરવું તે ૬૨; ૭ મહા. કો. રી. અપે. ૨૮. જુઓ જુદો પુરાવે ૫૪.

રાણી વિ૦ સીતલપ્રસાદ, ૫ વા. દી પ્રાં. ૧૬૮. જુઓ કમીટ કરવું તે ૬૦.

રાણી વિ૦ તારાચંદ બાગદીના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો, ૭ ક. લો. રી. ૧૬૯. જુઓ સેસન કેસ ૩.

૩ સેસન કેસ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૬ માં " સેસન કેસ " એ શબ્દ ફક્ત સેસન કોર્ટથી ચલાવાય તેવા કેસનેજ લાગુ પડે છે. રાણી વિ૦ તારાચંદ બાગડી વિગેરે ૭ ક.લો. રી. ૧૬૯.

(મેસર્સ ટોટનહામ અને પીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૮૦).

જોયકરનસીંઘ વિ૦ માનપાટકના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૨૧ વિ૦ રી૦ ૪૧. જુઓ કમીટ કરવું તે ૬૨.

રાણી વિ૦ કંચનસીંઘના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈં૦ લો૦ રી૦ ૧ અ. ૪૧૩. જુઓ સેસન કેસ ૨.

સેસન કોર્ટ—

૧ સેસન કોર્ટ—કાયદા વિરૂદ્ધ કમીટ કરવું તે—આવી જાતનું કમીટ કરેલું રદ કરવાની પદ્ધતિ—જુઠું તોહોમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૩, ૨૧૧—કાયદા વિરૂદ્ધ છે એ કારણ બતાવી કમીટ કરવાનો હુકમ.રદ કરવાનો સેસન જડજને ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ અધીકાર નથી. કમીટ કરવાનો હુકમ કાયદા વિરૂદ્ધ ગણી રદ કરવો જોઇએ એવો સેસન જડજનો મત હોય તો તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ હાઈ કોર્ટને દરખાસ્ત કરવી જોઇએ. કોઈ ફરીઆદીની અરજીના સંબંધમાં તેની જુબાની લેવી તે કાયદામાં ફરમાવ્યા પ્રમાણે તપાસ ગણાય છે, તેટલા માટે તે ઈનસાફી મુકરદમાનો ભાગ ગણાય છે. તેથી કરીને આવી રીતે લીધેલી જુબાનીમાં કોઇ માણસ જાણીબુજીને ખોટી પ્રતીજ્ઞા કરે તો તેના ઉપર પીનલકોડની કલમ ૧૯૩ મુજબ કાયદેસર તોહોમત રાખી શકાય છે. કોઈ ફરીઆદીમાં બુદ્ધિપૂર્વક વ્યથાનું તોહોમત જાણીબુજીને અને નુકશાન કરવાના ઈરાદાથી ખોટું મુકયું હોય તો પીનલકોડની કલમ ૨૧૧ મુજબ કાયદેસર રીતે ફરીઆદી ઉપર તોહોમત રાખી શકાય છે. રાણી વિ૦ મતાદયાળ, ૪ વા. દી. પ્રાં. ૬.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૭૨).

સેસન જડજ—

સેસન જડજ—ઠરાવનું કારણ—બરોબર ગુન્હાની નોંધ—ઠરાવનાં કારણો, અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૮૨ મુજબ જે ગુન્હાને માટે કેદીને ગુન્હેગાર ઠરાવ્યો હોય તે ગુન્હાની બરોબર રીતે લખી લીધેલી નોંધ ઈંગ્રેજીમાં સેસન જડજે આપવી જોઈએ. રાણી વિરૂદ્ધ ભુબન નેસર કાસામી, ૪ વિ૦ રી૦ ૧૯.

(મી૦ ગ્લોવર જડજની રૂબરૂ, તા૦ ૨૬ મી અકટોબર સને ૧૮૬૫).

સેસન કોર્ટનું દફતર—

૧ સેસન કોર્ટનું દફતર—મુખ્ય દસ્તાવેજો—સેસન કેસમાં કામના મુખ્ય દસ્તાવેજો દફતરના મુખ્ય ભાગમાં રાખવા જોઈએ પણ કાગળના ઢગલાની અંદર જણાઈ ના આવે તેવી રીતે મુકવા જોઈએ નહી. રાણી વિરૂદ્ધ શેક ભીખન, ૮ વિ. રી. ૩૦.

(મી૦ સેટનકાર જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી જુન સને ૧૮૬૭).

૨ સેસન કોર્ટનું દફતર—જવાબ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩ ઝ, ૩૭૩ અને ૩૭૪—કેદીઓએ સેસન કોર્ટમાં આપેલો જવાબ સેસનના દફતરમાં આવી જવો જોઇએ. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૩૭૨, ૩૭૩ અને ૩૭૪ ના સબંધમાં આવી રીતનું દફતર કેવી રીતે બતાવવું જોઇએ તે બતાવવામાં આવે છે. ગોપાળ હાજમ વિગેરેનું રેફરન્સ, ૧૫ વિ૦ રી૦ ૧૬.

(મેસર્સ જેકશન અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી ફેબ્રુઆરી સને ૧૮૭૧).

સોગન—

૧ સોગન—પુરાવો—મ્યુનીસીપાલ કમીશનર—સને ૧૮૭૨ નો આકટ ૬ ઠો કલમ ૫—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૬—સોગન આપવામાં ના આવ્યા હોય અથવા સોગન આપવાની રીતમાં કાંઈ ગેરશિરસ્તો થએલો માલમ પડે તો તેથી કાંઈ મુકરદમો રદ થઇ જતો નથી.

મ્યુનીસીપાલ કમીશનર જે ન્યુસપેપરનો એડીટર હતો અને જેણે પોતાના ન્યુસપેપરમાં કેસનું નિરાકરણ કરતાં પેહેલાં હુકમ કાયદા વિરૂદ્ધ નથી અને પોતે મ્યુનીસીપાલ કમીશનર તરીકે કેસમાં બેસવાને ના પાડી હોત તો સારૂ કેહેવાત એ વિષે સખત ટીકા કરી હતી, તે હુકમની અંદર દરમીઆન થવાને હાઇ કોર્ટે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૯૬ મુજબ ના પાડી. રાણી વિ૦ તારીનીચરન બોસ, ૨૧ વિ. રી. ૩૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી જાનેવારી સને ૧૮૭૪).

ડબલ્યુ. એન. લવની બાબતમાં આધાર રાખવામાં આવે છે, ૧૮ વિ૦ રી૦ ૪૪. ૯ બેં. લો. રી. અપે. ૩૫. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૧૪.

સાગરદત્ત અરજદારની બાબત, ૧ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૪૧; ૧૮ વિ૦ રી૦ ૪૪ ન.

રાણી વિ૦ હરીબોલચંદરની બાબતમાં આધાર રાખવામાં આવ્યો છે, ૨૫ વિ૦ રી૦ ૩૬.

૨ સોગન–પુરાવો–શાહેદી–સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૧૧૮—સને ૧૮૭૩ નો ૧૦ મો કલમ ૧૩—પુરાવાના સને ૧૮૭૨ ના આકટ ૧ લાની કલમ ૧૧૮ મુજબ નવ વર્ષની છોડી યોગ્ય શાહેદી ગણાતી હતી તો પણ તેણીએ સોગન ઉપર જુબાની આપેલી નહી હોવાથી આ કેસમાં તે કામના પુરાવામાં લેવાને કોર્ટે ના પાડી, એવું ધારીને કે જો કે સોગન આપવામાં આવ્યા ના હોય તોપણ શાહેદીએ આપેલી જુબાની કામના પુરાવામાં સોગનના આકટની કલમ ૧૩ મુજબ લેઈ શકાય એવું બતાવેલું છે, તેથી કરીને ભુલથી સોગન અથવા પ્રતીજ્ઞા આપ્યા શીવાય જાણીબુજીને નવ વર્ષની છોડીએ આપેલી જુબાની કામમાં દાખલ થઇ શકતી નથી. રાણી વિ૦ અનંતોચકરબતી વિગેરે, ૨૨ વે. રી. ૧; ૧૪ બેં. લો. રી. ૨૯૫ નં.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી એપ્રીલ સને ૧૮૭૪).

રાણી વિ૦ સેવાભોગટાના કેસમાં નજર રાખવામાં આવી, ૧૪ બેં. લો. રી. ૨૯૪. જુઓ સોગન ૧૪.

૩ સોગન—પુરાવો-છોકરૂ—ગેરશિરસ્તો-વધારે તોહોમત—તોહોમતદાર-ઉલટસુલટ તપાસ-સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમ ૧૧૮—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૩—સને ૧૮૭૩ નો ૧૦ મો કલમ ૧૩—કાચી વયની ઉમરની છોકરી જે પુછેલા સવાલો સમજતી હતી તેથી પુરાવાના આકટની કલમ ૧૧૮ મુજબ તે યોગ્ય શાહેદી ગણી શકાય છે એવું સેસન જડજનું ધારવું હોવાથી ફક્ત સાદી પ્રતીજ્ઞા ઉપરથી, તેણીની જુબાની સેસન જડજે લીધેલી કારણ કે સોગનથી કેટલી જુમેદારી છે તેની તેણીને ખબર નોહોતી, તે જુબાની સોગનના સને ૧૮૭૩ ના આકટ ૧૦ માની કલમ ૧૩ મુજબ પુરાવામાં દાખલ કરી શકાય છે એમ ઠરાવવામાં આવ્યું હતું. બંને રજુઆતોમાં એકજ ગુન્હો બન્યો છે કે શી રીતે તે સોધી કાઢવું હોય તે સીવાય, જે કોર્ટની અગાડી બીજી વાર રજુઆત ચાલતી હોય તે કોર્ટે પ્રથમની રજુઆતમાં આપેલી જુબાનીઓ જોવી જોઈએ નહી એવું દવારકાનાથ દત (૭ વિ૦ રી૦ ૧૫) ના ફેંસલામાં બતાવેલું છે તે ઉપર આધાર રાખવામાં આવ્યો. કોઈ કેદી ઉપર પ્રથમ કલમ ૩૦૨ મુજબ તોહોમત રાખી તેને માટે નિર્દોષ ઠરાવી છોડી મુકી તેને બીજે દીવશે છોડી મુકેલા ગુન્હાને માટે કલમ ૩૦૭ મુજબ તેના ઉપર તોહોમત રાખી પ્રથમના તોહોમતને માટે શાહેદીઓની ઉલટસુલટ તપાસ કરવાની તેને તક આપ્યા સીવાય પછીના ગુન્હાને માટે તેને કમીટ કરવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે આ ગેરશિરસ્તો ક્રીમીનલ પ્રોસી

જરૂર કોડની કલમ ૨૮૩ માં આવી જતો નથી, અને તેથી કરીને કેદીના બચાવમાં તેના વિરૂદ્ધ અભીપ્રાય બંધાયો હતો. તે ઉપરથી કલમ ૩૦૭ મુજબની રજુઆત રદ કરી નવી રજુઆત ચલાવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. રાણી વિ૦ મુસામત ઈટવરયા ૨૨ વિ૦ રી૦ ૧૪; ૧૪ બેં. લો. રી. ૫૪ અપે. ૧.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી મે સને ૧૮૭૪).

રાણી વિ૦ દવારકાનાથ દતના કેસને લાગુ પડે છે. ૭ વિ. રી. ૧૫, જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે, ૨.

રાણી વિ. પીરાનના કેસને લાગુ પડે છે. ૧૩ બેં. લો. રી. અપે. ૪. જુઓ સાપ્રાધ ધમકી, ૪.

રાણી વિ. મનીઆ દયાલના કેસ ઉપર નજર રાખવામાં આવી, ઈ. લો. રી. ૧૦ મું. ૪૯૭. જુઓ જ્યુરી, ૧૧૨.

૪ સોગન—પુરાવો—સાદી પ્રતીજ્ઞા—સને ૧૮૭૩ નો ૧૦ મો—ઘણા મતે (મી. જેકશન જડજ વિરૂદ્ધ પડીને) એમ ઠરાવવામાં આવ્યું કે જડજના હુકમથી કોઈ સાહેદીની જુબાની ફક્ત સાદી પ્રતીજ્ઞાથી લેવામાં આવી હોય તો તે પુરાવામાં દાખલ કરી શકાય છે; સોગનના (સને ૧૮૭૩ નો ૧૦ મો) આક્ટની કલમ ૧૩ માં "ભુલ" એ શબ્દના અર્થમાં દૈવયોગે અથવા ભુલથી બનેલી ભુલો આવી જતી નથી પણ કોઇ પણ રીતે થયેલી ભુલ આવી જાય છે. રાણી વિ. સેવા ભોગટા, ૨૩ વિ. રી. ૧૨ ; ૧૪ બેં. લો. રી. ૨૯૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, કેમ્પ, જેકશન, ફીઅર અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ડીસેંબર સને ૧૮૭૪).

જુઓ જુઠો પુરાવો, ૮, ૩૫, ૫૬, ૬૮, ૧૦૦.

,, સાહેદી, ૪.

સોરતી—

૧ સોરટી—જુગાર—સને ૧૮૬૭ નો આક્ટ ૩ જો કલમો ૧, ૪—સોરતીની ટીકટો જે ઉપરથી એવો નીર્ણય કરવાનો હોય કે ટીકટવાળો અથવા ટીકટ ખરીદ કરનારો માણસ આખી અથવા થોડી સરત જીતશે કે નહી એ સને ૧૮૬૭ ના આક્ટ ૩ જાની કલમો પેહેલી અને ચોથી મુજબ જુગાર રમવાના હથીઆરો ગણાય છે, અને તેઓ પત્તાની જાતના જુગારના હથીઆરો છે. નનામો કેસ, ૧૨ વિ. રી. ૩૪.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જુલાઈ સને ૧૮૬૯).

૨ સોરટીની ઓફીસ વિષે સરકારની મંજુરી—સને ૧૮૭૦ નો ૨૭ મો કલમ ૧૦—સને ૧૮૭૦ ના આક્ટ ૨૭ ની કલમ ૧૦ મુજબ સોરટી કાઢવાની ઓફીસ રાખવાનું તોહોમત રાખતાં પેહેલાં સ્થાનીક સરકારની મંજુરી મેળવવાની જરૂર છે. સરકાર વિ. નગચો, ૧૫ વિ. રી. ૨; ૬ બેં. લો. રી. અપે. ૯૮.

(મેસર્સ નોરમન કામચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી જાનેવારી સને ૧૮૭૧).

૩ સોરટી—પરહદની સોરટી—જાહેર ખબર—ન્યુસપેપર—છાપનાર—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૯૪ અ—પીનલકોડની કલમ ૨૯૪ અ ના બીજા પેરેગ્રાફમાં " આવી કોઈ પણ જાતની સોરટી " એ શબ્દનો અર્થ " સરકારે મંજુરી નહી આપેલી કોઈ પણ સોરટી " એવો થાય છે અને તેની અંદર પરહદની સોરટી આવી જાય છે. તે કલમના ઉપલા પેરેગ્રાફમાં "છાપનાર" એ શબ્દમાં, છપાવનાર અને જે ન્યુસપેપરમાં જાહેર ખબર તરીકે છાપવામાં આવે તેનો માલીક એ બંને આવી જાય છે. કોઈ એક મુંબઇના ન્યુસપેપરના માલીકે પોતાના પેપરમાં મેલઓને સોરટીના સંબંધમાં જાહેર ખબર આ

પેલી તે ઉપરથી, તેને પીનલકોડની કલમ ૨૯૪ અ મુજબ સજા કરવામાં આવી હતી. રાણી વિ. મંચરજી કાવસજી શાપુરજી, ઈં. લે. રી. ૧૦ મું. ૯૭.

(મેસર્સ નાનાભાઈ હરીદાસ અને વેડ નબનં જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી અગષ્ટ સને ૧૮૮૫).

સોબતી ગુન્હામાં—

૧ સાબેતી ગુન્હામાં—ગુન્હો કબુલ કરનારની જુબાની—મજબુતી—ગુન્હો કબુલ કરનારની જુબાની બીજા માણુસોની બિરૂદ્ધ પુરાવા તરીકે જોઈએ તેવી નથી. રાણી વિ૦ ઈશાનમંડળ વિગેરે, ૩ વિ. રી. ૮.

(મેસર્સ જેકશન અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી મે સને ૧૮૬૫.)

૨ સોબતી ગુન્હામાં—જુબાની—મજબુતી—સને ૧૮૫૫ નો આકટ બીજો કલમ ૨૮—જો કે કેદી ગુન્હામાં સામેલ હતો એ સાબીત થાય તેવી રીતે મજબુતી ના મળતી હોય તોપણુ ગુન્હાના સોબતીની જુબાની ઉપરથી જયુરી ગુન્હેગાર ઠરાવી શકે છે. સને ૧૮૫૫ ના આકટ ૨ જાની કલમ ૨૮ ફકત અસલની સુપ્રીમ કોર્ટના નિયમો અને ચાલતા રીવાજને લાગુ પડે છે, અને તેથી એમ સાબીત થતું નથી કે ગુન્હાના સોબતીની જુબાની ઉપર આધાર રાખવાને પ્રગણુાઓની કોર્ટમાં મજબુતી મળે તેવા પુરાવાની કાયદેસર જરૂર છે. રાણી વિ૦ ગોડાઈ રાઉટ, ૫ વિ. રી. ૧૧.

(મેસર્સ સેટનકાર અને મેકફરસન જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી જાનેવારી સને ૧૮૬૬).

રાણી વિ૦ ઈલાહીબક્ષના કેસમાં નજર રાખવામાં આવી, બેં. લો. રી. વો. ૪૫૯. જુઓ સોબતી ગુન્હામાં ૫.

૩ સોબતી ગુન્હામાં—જુબાની—ગુન્હેગાર ઠરાવવાને ગુન્હાના સોબતીની જુબાની એકલી યોગ્ય ગણાતી નથી. જે ગુન્હાને માટે કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે તે ગુન્હાની સાથે પરબારી સંબંધ રાખતી બાબતોને મજબુતી મળવી જોઈએ. જેવી રીતે એક ગુન્હાના સોબતીની જુબાનીને મજબુતી મેળવવાની જરૂર છે તેવીજ રીતે બે અથવા વધારે ગુન્હાના સોબતીઓની જુબાનીને પણુ મજબુતી મળવાની જરૂર છે. રાણી વિ૦ દવારકા, ૫ વિ. રી. ૧૮; ૧ ઈન્ડ. જ્યુરી. ઉ. દ. ૧૦૦.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૮૬૬.)

રાણી વિ૦ ઈલાહીબક્ષના કેસ ઉપર નજર રાખવામાં આવી. બેં. લો. રી. વો. ૪૫૯. જુઓ સોબતી ગુન્હામાં ૫.

૪ સોબતી ગુન્હામાં—ગુન્હાના સોબતીઓની અને મહાપરાધીને સંતાડનારની જુબાનીઓ—મજબુતી—આસેસરોએ જગા જોવી તે—મજબુતી મળ્યા વગરની ગુન્હાના સોબતીઓની અને મહાપરાધીને સંતાડનારની જુબાની ઉપરથી જે કેદીઓને ખુનના ગુન્હામાં ગુન્હેગાર ઠરાવેલા તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યા હતા. તકરારી ગુન્હાની જગા આસેસરોએ જોઇ હોય તેવા કેસોમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે, તે જગાએ શાહેદીઓને તપાસવાનું કામ જડજ પોતે આસેસરોને સોંપી શકે નહી, અને તેમને તે જગાએ લેઈ જવાને માટે જે કોર્ટના અમલદારને ઠરાવવામાં આવ્યો હોય તેના સીવાય બીજા કોઈ માણુસો સાથે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૮ મુજબ તેઓ બોલી શકે નહી અથવા વાત ચીત કરી શકે નહી, રાણી વિ૦ ચતરધારીસીંગ વિગેરે, ૫ વિ. રી. ૫૯.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી એપ્રીલ સને ૧૮૬૬.)

૫ સોબતી ગુન્હામાં—જુબાની—મજબુતી—કેસ એકંદર કરવામાં ભુલ અથવા ખામી થવાથી ગુન્હેગાર ઠરાવવું રદ કરી નવી રજુઆત ચલાવવાનો હાઈ કોર્ટે હુકમ કરેલો તે—મજબુતી ના મળી હોય તેવી ફકત એક અથવા બે ગુન્હાના સોબતીઓની જુબાની

ઓ ઉપર આધાર રાખી ગુન્હેગાર ઠરાવેલા કેસ માં કર્યો હોય તો તે કાયદેસર ગણાયછે. કેસની હકીકત પ્રમાણે જડજે સમજુતી આપ્યા સીવાય અથવા ટીકા કર્યા સીવાય ગુન્હાના સોબતીઓની જુબાની જ્યુરી પાસે મુકવી જોઇએ નહી. હકીકતના સવાલ ઉપર જડજે જ્યુરીને ગેરવ્યાજબી સલાહ આપી હોય અથવા પુખ્ત ઈનસાફની રાહે વિચાર કરીને જડજે જે સલાહ જ્યુરીને હકીકતના સવાલો વિષે આપવી જોઈએ તે ના આપવામાં આવી હોય તો, કેસ એકંદર કરવામાં તે એવી રીતની ભુલ ગણાય છે કે જે ઉપરથી વ્યાજબી રીતે હાઈ કોર્ટ અપીલમાં અથવા તપાસના અધીકાર તરીકે જ્યુરીનો ફેંસલો રદ કરી શકે છે. કેસ એકંદર કરવામાં કાંઈ કસુર અથવા ખામી થઇ હોય તો ગુન્હાઓ રદ કરી નવી રજુઆત ચલાવવાનો હુકમ કરવાનો, જે કેસોમાં ભુલ અથવા ખામીથી કેદીના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ નુકશાન થયેલું અથવા તેથી અન્યાય થયેલો હાઈ કોર્ટને માલમ પડે તેજ કેસોમાં, હાઈ કોર્ટને અધીકાર છે. ઈલાહીબક્ષ અપેલેન્ટ, ૫ વિ રી. ૮૦; બેં. લો. રી. વો. ૪૫૯.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, કેમ્પ, સેટનકાર, જેકશન અને ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૨૯ મી મે સને ૧૮૬૬.)

રાણી વિ૦ રાજકુમાર બોસના કેસમાં મંજુર રાખવામાં આવ્યો, ૧૯ વિ. રી. ૭૧ જ્યુમી ૬૬.

રાણી વિ૦ અમીરતા ગોવીંદાના કેસમાં મંજુર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૧૦ મું. ૪૯૭. જુઓ જ્યુરી ૧૧૨.

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યો.

રાણી વિ૦ બીશેનાથ પાલ, ૧૨ વિ. રી. ૩. જુઓ પુરાવો ૭૮.

રાણી વિ૦ મોહીમચંદરદાસ, ૧૫ વિ. રી. ૩૭. જુઓ સોબતી ગુન્હામાં ૧૭.

રાણી વિ૦ જાફરઅલી, ૧૯ વિ. રી. ૫૭. જુઓ કબુલાત ૪.

રાણી વિ૦ ઉધનબીંડ, ૧૯ વિ. રી. ૬૮ જુઓ સોબતી ગુન્હામાં ૨૨

રાણી વિ૦ સાધુમંડલ, ૨૧ વિ. રી. ૬૯ જુઓ કબુલાત ૯.

લખી નારાયણ નાગોરીની અરજીની બબત, ૨૪ વિ૦ રી૦ ૨૪. જુઓ તપાસણી ૧૫.

રાણી વિ૦ ચંદરકુમાર મોઝુમદાર, ૨૪ વિ૦ રી૦ ૭૭. જુઓ જ્યુરી ૮૫.

રાણી વિ૦ રામસ્વામી મદલીઆર, ૬ મું૦ હા૦ કો૦ રી૦ ૪૭. જુઓ જ્યુરી ૪૭.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ૦ ખોતુબશેખ, ૬ વિ૦ રી૦ ૧૭. જુઓ સોબતી ગુન્હામાં ૬.

રાણી વિ. નવાબજાન, ૮ વિ. રી. ૧૯. જુઓ જ્યુરી ૩૩.

રાણી વિ૦ સમશેર બેગ, ૯ વિ. ૫૧. જુઓ જ્યુરી ૩૮.

રાણી વિ૦ ગાગલુ, ૪ બેં. લો. રી. રીપો. ૫૦.

રાણી વિ૦ શેખ મીયાદાદ, ૬ મું. હા. કો. રી. ૧૦. જુઓ જ્યુરી ૪૪.

રાણી વિ૦ પેસ્તનજી દીનશા, ૧૦ મુ. હા. કો. રી. ૭૫ જુઓ હકીકત જડજની છેવટની

રાણી વિ૦ શામચંદર હારીના કેસમાં આ કેસની ભલામણ કરવામાં આવી, ૧૫ વિ૦ રી૦ ૧૨. જુઓ ચોરી ૧૮.

૬ સોબતી ગુન્હામાં—જુબાની—મજબુતી—જડજે જ્યુરીને ખોટું સમજાવવું તે—મજબુતી ના મળી હોય તેથી ગુન્હાના સોબતીઓની જુબાનીઓ ઉપર ભરોસો રાખવામાં કેટલો ભય છે એ જ્યુરીને નહી બતાવ્યાથી ખોટુ સમજાવવામાં આવ્યું છે એ કારણ ઉપરથી કેટલાક કેદીઓને ડાકાઈટીના ગુન્હેગાર ઠરાવી આપેલો ફેંસલો રદ કરવામાં આવ્યો હતો રાણી વિરૂદ્ધ ખોતુબ શેખ વિગેરે, ૬ વિ૦ રી૦ ૧૭.

(મેસર્સ નોરમન અને કેમ્પબેલ જડજોની રૂબરૂ, તા૦ ૨ જી જુલાઇ સને ૧૮૬૬).

રાણી વિ૦ ઈલાહીબક્ષના કેસને લાગુ પડે છે, ૫ વિ૦ રી૦ ૮૦. જુઓ સોબતી ગુન્હામાં ૫.

૭ સોબતી ગુન્હામાં—જુબાની—જે સ્ત્રી સાથે કોઈ માણસે બદકામ કરયું હોય તે સ્ત્રી ને તે માણસ તેના તરફથી શાહેદી તરીકે બોલાવી શકે છે. કોઇ માણસ ગુન્હામાં સામેલ હોય તે કારણ ઉપરથી કેદીના તરફથી અથવા તેના વિરૂદ્ધ શાહેદી આપવાને તે નાલાયક ગણાતો નથી. શેખ બીચુ, ૬ વિ. રી ૯૨.

(મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી ડીસંબર ૧૮૬૬).

૮ સોબતી ગુન્હામાં—જુબાની—મજબુતી—કોઈ ગુન્હાના સોબતીની જુબાનીના ટેકામાં કેટલી મજબુતી જોઈએ એ વિષે ઈંગ્રેજી રીવાજ પ્રમાણે ચાલવું જોઈએ એમ ઠરાવવામાં આવ્યું. તે રીવાજ એ છે કે બે અથવા વધારે માણસો તેજ ગુન્હામાં સામેલ હતા એવું તે માણસ બતાવે તો કેસની હકીકત વિષે તેની જુબાનીને મજબુતી મળવી જોઈએ એટલુંજ નહીં પણ કેદીઓ તેજ હતા એ વિષે પણ મજબુતી મળવી જોઈએ; અને કોઇ પણ કેદી વિષેની તેની જુબાનીને ટેકો ના મળે તો તે કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ. (રાણી વિ૦ ગાનુના કેસ ઉપર થયેલી ટીકા જુઓ. ૬ મું. હા. કો. રી. ક્રી. ક. ૫૭) રાણી વિ૦ ઈમામ વલદે બાબન, બાલા, વલદે બાબન, ૩ મું. હા. કો. રી. ૫૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને વેસ્ટ્રડન જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી એપ્રીલ ૧૮૬૭).

જુઓ રાણી વિ૦ સ્ટબ્સ, ૧ ઇન્ડ. જ્યુરી. ઉ. ૬. ૧૧૫.

૯ સોબતી ગુન્હામાં—ગુન્હો કબુલ કરનાર તપાસ—પુરાવાની જાત જે ઉપરથી કોર્ટે ગુન્હેગાર નહી ઠરાવેલો તે—ડાકાઈટી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૯૫—ડાકાઈટીનું તોહોમત રાખેલા કેદીઓને ગુન્હેગાર ઠરાવવાને માટે બીજા શાહેદીઓની જુબાનીઓ નહી લેતાં ગુન્હો કબુલ કરનાર જેને રજુઆત વખતે હાજર રેહેવાનું કાંઈ પણ કારણ નહોતું તેણે આપેલી જુબાની, અને ચાર કેદીઓમાંના દરેકના ઘરમાંથી ફક્ત ચોરીની એક ચીજ જડી આવી હતી એટલાજ કારણ ઉપરથી, કેસની હકીકત જોતા ગુન્હેગાર ઠરાવવું પુરતુ ગણાતું નથી એમ ઠરાવવામાં આવ્યું. રાણી વિ૦ રામસાગર વિગેરે, ૮ વિ. રી ૬૭.

(મેસર્સ લોચ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી અગષ્ટ ૧૮૬૭).

૧૦ સોબતી ગુન્હામાં—જેને માફી આપેલી છે તે—જુબાની—માફી આપ્યા પછી જે ગુન્હાના સોબતીએ જુબાની આપી હોય અને તેને બીજી કોઈ રીતે મજબુતી ના મળતી હોય તો એકલી તેજ જુબાની ઉપરથી કોઈ પણ કેદીને ગુન્હેગાર ઠરાવવો જોઇએ નહી. રાણી વિ૦ નનહુ વિગેરે, ૯ વિ. રી ૨૧.

(મેસર્સ જેકશન અને કેમ્પ જડજોની રૂબરૂ, તા૦ ૪ થી માર્ચ સને ૧૮૬૮).

૧૧ સોબતી ગુન્હામાં—જુબાની—મજબુતી ના મળી હોય તેવી કોઈ ગુન્હાના સોબતીની જુબાની ઉપરથી ગુન્હેગાર ઠરાવવું પુરતું ગણાતું નથી એવો કાંઈ કાયદાનો નિયમ નથી. આવી રીતના કેસોમાં આસેસરોએ કયા નમુના મુજબ તોહોમત બતાવવું જોઈએ તે બતાવવામાં આવ્યું. પ્રો૦ તા૦ ૨૦ મી માર્ચ સને ૧૮૬૮; ૪ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૭.

૧૨ સોબતી ગુન્હામાં—જુબાની—મજબુતી—કેદીની અગાઉની વર્તણુંક વિષેનો પુરાવો—જે કેસમાં કેદી સામે મુખ્ય પુરાવો ગુ

ન્હો કબુલ કરનારની જુબાની હોય તે કેસ માં જે ખામી તે જુબાનીમાં માલમ પડી હોય તે લક્ષપુર્વક રીતે સેસન જડજે જ્યુરીને બ તાવવી જોઇએ, અને તે માણસ સરત ઉપ ર મળેલી માફીથી આવું બોલે છે તે પણ તેણે કહેવું જોઈએ. કેદીને ગુન્હેગાર ઠ રાવે તેવી હકીકત સાથે સબંધ રાખે તેવા બીજા પુરાવાથી ગુન્હો કબુલ કરનારની જુ બાનીને મજબુતી મળવી જોઈએ. કેદીની અગાઉની વર્તણુક અને ચાલચલગત વિષેનો પુરાવો, તેના વિરૂદ્ધ અભીપ્રાય બંધાઈ તેને નુ કશાન કરે તેવો હોવાથી, અને કેદી ઉપર રા ખેલા તોહોમતને લાગુ પડે તેવી હકીકતનો પરભાર્યો પુરાવો નહી હોવાથી, જ્યુરી પાસે જવા દેવો નહીં. રાણી વિ૦ બાયકંતના થ બાનરજી, ૧૦ વિ૦ રી૦ ૧૭; ૩ બેં૦ લો રી૦ ૩.

(મેસર્સ ફીઅર અને હોબહાઉસ જ ડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી જુલાઈ સને ૧૮૬૮),

રાણી વિ૦ મોહેશ બીસ્વાસના કેસમાં નજર રાખવામાં આવી. ૧૦ બેં૦ લો૦ રી૦ ૪૫૫ ન. જુઓ સોબતી ગુન્હામાં ૧૯.

રાણી વિ૦ બેગીન બીસ્વાસના કેસમાં નજર રાખવામાં આવી, ઈં૦ લો૦ રી૦ ૧૦ ક. ૯૭૦. જુઓ પુરાવો ૬૬.

રાણી વિ૦ ગોરાચંદ ઘોસના કેસમ મંજુર રાખવામાં આવ્યો, ૧૧ વિ૦ રી૦ ૨૯; ૩ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૧. જુએ જ્યુરી ૪૬.

૧૩ સોબતી ગુન્હાનો—જુબાની—ગુ ન્હો કબુલ કરનાર—કમીટીંગ માજીસ્ટ્રેટની રૂ બરૂ શાહેદી તરીકે ગુન્હો કબુલ કરનારની જુ બાની લેવામાં આવી હોય તે, જુબાની જે જ્યુરી કેદીની રજુઆત ચલાવે છે તે જ્યુરી ની રૂબરૂ સેસન જડજે મુકવાની પરવાનગી આપવી જોઈએ નહીં. પ્રો૦ તા૦ ૩૧ મી અકટોબર ૧૮૬૮; ૫ મ. હા. કો. રી. અ પે. ૨૧.

૧૪ સોબતી ગુન્હામાં—જુબાની—ગુન્હો કબુલ કરનારની જુબાનીને મજબુતી મળેલી તે—ડાકાઇટીની ટોળીના માણસો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૦૦—ડાકાઈટીના ટોળીના માણસોનું તોહો મત પીનલકોડની કલમ ૪૦૦ મુજબ જે કે સમાં રાખવામાં આવ્યું હોય તે કેસમાં ગુ ન્હો કબુલ કરનારની જુબાનીની મજબુતી વિ ષેનો નિયમ સાધારણ રીતે બતાવવામાં આ વ્યો. રાણી વિ૦ કાલાચંદરદાસ, ૧૧ વિ. રી ૨૧.

(મેસર્સ નારમન અને જેકશન જડજે ની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૬૯.)

૧૫ સોબતી ગુન્હામાં—જુબાની—મ જબુતી—મજબુતી ના મળેલી ગુન્હો કબુલ કરનારની જુબાની (જે મુખ્યત્વે કરીને ખાત્ર રાખવા લાયક નથી) ઉપરથી ગુન્હો ઠરાવી શકાતો નથી. રાણી વિ૦ ચીરંગઅલી અને બીજો, ૧૨ વિ. રી. ૫.

(મેસર્સ મેકફરસન અને જેકશન જડ જોની રૂબરૂ, તા૦ ૧૪ મી જુન ૧૮૬૯.)

૧૬ સોબતી ગુન્હામાં—જુબાની—મ જબુતી—એમ ઠરાવવામાં આવ્યું કે જે કેસ માં ગુન્હાના સોબતીએ આપેલી જુબાનીને બીજી કોઈ રીતે મજબુતી ના મળતી હોય તો આવી રીતની જુબાની ઉપરથી ગુન્હેગાર ઠરાવી શકાતું નથી, એજ ફકત સેસન જડજે કેહેવું જોઈએ એ ખરો રીવાજ નથી, પણ તેણે વળી એમ બતાવવું જોઈએ કે આવી રીતે ચાલવું તે ડાહાપણ અને રીવાજ બંનેથી ઉલટું ગણાય છે. તોપણ આવી રીતે ના કા હ્યું હોય તો કાયદા પ્રમાણે તે ભુલ ગણાતી નથી, રાણી વિ૦ ઈમામના કેસ ઉપર ટીકા કરવામાં આવી, ૩ મું. હા. કો. રી. ક્રી. કે. ૫૭. રાણી વિ૦ ગનુ બીન ધારોજી, ૬ મુ હા. કો. રી. ૫૭.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને વો રડન જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી સપટંબર સને ૧૮૬૯.)

૧૭ સોબતી ગુન્હામાં—જુબાની જ્યુરી—એકંદર કરવું તે—મજબુતી—કેદી તરફનો પુરાવો—ચાલચલગત વિષેનો પુરાવો-જે કેસમાં ગુન્હો કબુલ કરનાર ગુન્હાના સોબતી પોતે જુબાની આપેલી તે કેસમાં જ્યુરીને કેસ સોંપતી વખતે ગુન્હો કબુલ કરનારની જુબાની ઉપરથી ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં તેને મજબુતી મળવાની જરૂર છે, એ બાબત સેસન જડજે જ્યુરીના લક્ષમાં આણેલી, તેમ છતાં પણ જ્યુરીએ મજબુતી નહી મળેલી ગુન્હાના સોબતીની જુબાની ઉપરથી કેદીને ગુન્હેગાર ઠરાવ્યો. કેસમાં બતાવેલા ફુલબેન્ચના ઠરાવ ઉપર આધાર રાખીને એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતે ગુન્હેગાર ઠરાવેલા કેસમાં હાઇ કોર્ટ દરમીઆન થઈ શકતી નથી. કેદી તરફના પુરાવાના જુદા જુદા ભાગો ઉપર ટીકા કરવી કાંઇપણ અગત્યની નથી એવું બતાવી સેસન જડજે જ્યુરીને કેસ સોંપતી વખતે ટીકા નહી કરેલી હોવાથી, અને સાંભળેલો અને ચાલચલગત વિષેનો પુરાવો જ્યુરી પાસે મુકયાથી અને ગુન્હો ઠરાવવા લાયક બીજો પુરાવો કેસમાં નહી હોવાથી હાઇ કોર્ટે કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકયો. ચાલચલગત વિષેનો પુરાવો જ્યુરીની રૂબરૂ મુકવો જોઈએ નહી પણ સજા કરતી વખતે સેસન જડજે ફકત તે ધ્યાનમાં લેવો જોઈએ. રાણી વિ૦ મોહીમચંદ્રદાસ વિગેરે અપેલેંટો, ૧૫ વિ. રી. ૩૭. ૬ બેં. લો. રી. અપે. ૧૦૮.

(મેસર્સ જેકશન અને મુકરજી જડજોની રૂબરૂ, તા૦ ૮ મી માર્ચ સને ૧૮૭૧.)

ઈલાહીબક્ષ અપેલેન્ટના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૫ વિ૦ રી૦ ૮૦. જુઓ સોબતી ગુન્હામાં ૫.

૧૮ સોબતી ગુન્હામાં—જુબાની—દાખલ કરવી તે—યોગ્યતા—હાઇ કોર્ટનો અધીકાર—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૪—કેદી સામે બે શાહેદીઓએ આપેલી જુબાનીઓ ગુન્હાની સાબેતી તરીકે આપેલી જુબાનીઓ છે તેથી પુરાવામાં દાખલ કરી શકાય નહીં એવું જડજે ધારેલું, તો પણ કેદીને વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવવાને તે કાયદેસર પુરતો પુરાવો કેસમાં ગણાતો નથી, એવુ નહીં ધારવાથી દાખલ કરવાનો સવાલ યોગ્યતાના સવાલથી તદન જુદો છે એવુ ધારીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૪ મુજબ દરમીયાન થવાને હાઇ કોર્ટે ના પાડી. બંગાલા સરકાર વિ૦ કાઝી મુદીન, ૧૮ વિ૦ રી૦ ૩

(મેસર્સ બેલી અને મિતર જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી મે સને ૧૮૭૨).

૧૯ સોબતી ગુન્હામાં—જુબાની—મજબુતી—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૩૦—ગુન્હો કબુલ કરનાર શાહેદીની જુબાની ઉપર ભરોંસો રાખવાને માટે જે મજબુતીની જરૂર છે તે મજબુતી ગુન્હાના સોબતીઓની જુબાનીથી સ્વતંત્ર રીતે મળી આવવી જોઈએ, અને ગુન્હો થયો તે વખતે કેદી હાજર હતો અને તેણે ગુન્હો કરવાના કૃત્યમાં ભાગ લીધો હતો એવું ગુન્હાના સોબતીની જુબાનીના જે ભાગમાં સાબીત થાયછે તે ભાગને આધાર મળે તેવી રીતે મજબુતી મળી આવવી જોઇએ. સાધારણ રીતે હકીકત ખરી છે એટલુંજ ફકત બસ નથી પણ તોહોમતદારોને અસર થાય તેવા ખાસ મુદ્દાઓ ખરા છે એ બતાવવું જોઈએ. ગુન્હો કર્યાની કેદીની કબુલાત ગણી શકાય તેવી તેણે બતાવેલી હકીકત એકઠી રજુઆત ચાલતા બીજા કેદીઓની સામે પુરાવાના આકટની કલમ ૩૦ મુજબ, તે અમુક હકીકત આવી જાય તેવી રીતે ધ્યાનમાં લેઇ શકાય છે, તેમજ કબુલ કરનાર માણુસની સામે પણ ધ્યાનમાં લેઈ શકાય છે. રાણી વિ૦ મોહેશબીસ્વાસ વિગેરે, ૧૯ વિ૦ રી૦ ૧૬; ૧૦ બેં. લો. રી. ૪૫૫.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી જાનેવારી સને ૧૮૭૩).

રાણી વિ૦ બાયકંતનાથ બાનરજી, ૩ બે૦ લો૦ રી૦ ૩. ૧૦ વિ૦ રી૦ ૧૭. જુઓ સોબતી ગુન્હામાં ૧૩.

રાણી વિ૦ એપીન બીસ્વાસના કેસમાં મંજુર રાખવામાં આવ્યો, ઇ. લો. રી. ૧૦ ક. ૯૭. જુઓ પુરાવો ૬૬.

નિચેના કેસોમાં આધાર રાખવામાં આવ્યો:—

રાણી વિ૦ બેલાટઅલી મુનશી, ૧૯ વિ. રી. ૬૭. જુઓ કબુલાત ૫.

રાણી વિ૦ સાધુમંડલ, ૨૧ વિ૦ રી૦ ૬૯. જુઓ કબુલાત ૯.

નિચેના કેસો ઉપર નજર રાખવામાં આવીઃ—

અશુટોશ ચકરબતીની બાબત, ૩ ક. લો. રી. ૨૮૦. જુઓ કબુલાત ૧૯.

રાણી વિ૦ અમરીત ગોવીંદ, ૧૦ મું. હા. કો. રી. ૪૯૭. જુઓ કબુલાત ૬.

રાણી વિરૂદ્ધ મલાપા રનાપા, ૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૧૯૬. જુઓ સોબતી ગુન્હામાં ૧૬.

રાણી વિ૦ નુરબક્ષ કાઝી, ઈ. લો. રી. ૬ ક. ૨૭૯. જુઓ કબુલાત ૨૪.

રાણી વિ૦ બાયકંતનાથ બાનરજીના કેસને લાગુ પડે છે, ૨ બે. લો. રી. ક્રી. અ. જુઓ સોબતી ગુન્હામાં ૧૩.

૨૦ સોબતી ગુન્હામાં—મજબુતી—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો કલમો ૧૧૪, ૧૩૩—મજબુતી નહી મળેલી ગુન્હાના સોબતીએ આપેલી જુબાની ઉપરથી કોઈ કેદીને ગુન્હેગાર ઠરાવવો તે જો કે પુરાવાના આકટની કલમ ૧૩૩ મુજબ કાયદા વિરૂદ્ધ નથી તોપણ ઉપલા આકટની કલમ ૧૧૪ ના બ દાખલા ઉપર આધાર રાખીને કોર્ટે આ કેસમાં એવો વિચાર કર્યો કે ગુન્હાના સોબતીની જુબાની ભરોંસો રાખવા લાયક નથી. રાણી વિ૦ લચમીપ્રસાદ, ૧૯ વિ. રી. ૪૩.

(મેસર્સ કેમ્પ અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી માર્ચ સને ૧૮૭૩).

૨૧ સોબતી ગુન્હામાં—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૧૩૩—મજબુતી નહી મળેલી કોઈ ગુન્હાના સોબતીએ આપેલી જુબાની ઉપરથી ગુન્હો ઠરાવેલો છે એજ ફક્ત કારણ ઉપરથી પુરાવાના આકટની કલમ ૧૩૩ મુજબ ગુન્હેગાર ઠરાવેલું કાયદા વિરૂદ્ધ ગણાતું નથી. રાણી વિ૦ કાલા વિગેરે અપેલેન્ટો, ૧૯ વિ. રી. ૪૮.

(મી૦ કેમ્પ જડજની રૂબરૂ, તા૦ ૨૨ મી માર્ચ સને ૧૮૭૩).

૨૨ સોબતી ગુન્હામાં—જુબાની—કબુલાત—મજબુતી—સને ૧૮૭૨નો ૧ લો પુરાવાનો કલમો ૧૧૪, ૧૩૩—તોહોમતદારની વિરૂદ્ધ ગુન્હાનો સોબતી જો કે પુરાવાના આકટની કલમ ૧૩૩ મુજબ યોગ્ય શાહેદી ગણાય છે અને તેને આપેલી જુબાની ઉપરથી ગુન્હેગાર ઠરાવવું જો કે કાયદા વિરૂદ્ધ ગણાતું નથી તો પણ ગુન્હાના સોબતીએ આપેલી જુબાની જેના કોઈપણ અગત્યના મુદ્દાને, તેની સાથે રજુઆત ચાલેલા કેદીની કબુલાત જેને પણ તેવી રીતની મજબુતીની જરૂર છે તે, શીવાય બીજી કોઇ રીતે મજબુતી ના મળતી હોય તો તે ઉપરથી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવો તે જોખમ ભરેલું છે. રાણી વિ૦ ઉધન બીંડ વિગેરે, ૧૯ વિ. રી. ૬૮.

(મેસર્સ કેમ્પ અને ફીઅર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી એપ્રીલ સને ૧૮૭૩).

ઇલાહીબક્ષ અપેલેન્ટના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૫ વિ. રી. ૮૦. જુઓ સોબતી ગુન્હામાં ૫.

૨૩ સોબતી ગુન્હામાં—કબુલાત—કમીટ કરવું તે—છુટકો—જ્યુરી—સોગનનો સને ૧૮૭૨ નો ૧૦ મો કલમ ૧૩—ગુન્હાનો સોબતી જે પ્રથમ તેની પોતાની કબુલાતથી તેજ ગુન્હાને માટે ગુન્હેગાર ઠર્યો હતો તેને આપેલી મજબુતી મળ્યા વિનાની જુબાની ઉપરથી આ કેસમાં ગુન્હેગાર ઠરાવવાને કોર્ટે (મેસર્સ મીતર, પોન્ટીફેક્ષ અને ગ્લોવર જડજો વિરૂદ્ધ પડીને) ના પાડી. મી૦ ગ્લોવર જડજ

નો મત—સેસન કોર્ટથી ચલાવવા લાયક કેસ માં એક વખત છોડી મુકયા પછી તોહોમત દારને સેસન કોર્ટમાં કમીટ કરવાનો માજીસ્ટ્રેટને અધીકાર છે. સવાલ—સેસન કોર્ટની રજુઆતમાં જો કોઈ જ્યુરીને સોગન આપવામાં ના આવ્યા હોય તો તે ભુલ સોગનના સને ૧૮૭૩ ના આકટ ૧૦ ની કલમ ૧૩ માં આવી જાય છે. રાણી વિ૦ રામસોદી ચકર બતી, ૨૦ વિ. રી. ૧૯.

(મેસર્સ ગ્લોવર, મીતર અને પોન્ટીફેક્ષ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુન સને ૧૮૭૩).

૨૪ સોબતી ગુન્હામાં—પુરાવો— મ, ફ્રી—કોઇ ગુન્હાને માટે તોહોમત રાખવામાં આવેલા માણસને કેટલીક સરતોની કબુલાતે માફી આપવામાં આવી હતી. જુબાની લીધાથી તેને ગુન્હાની હકીકત વાસ્તવીક રીતે બતાવી કેદી ગુન્હામાં સામેલ હતો એવી રીતે તેણે તેનું નામ દીધું. પછીથી તેણે પોતાનુ કહેલું પાછું ખેંચી લીધું. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતની હકીકત કેદીના વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાય નહી. રાણી વિ૦ હરદેવા, ૫ વા. દી. પ્રાં, ૨૧૭.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી જુલાઈ સને ૧૮૭૩).

૨૫ સોબતી ગુન્હામાં—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો આકટ કલમો ૩૦, ૧૧૪, ૧૩૩, ૧૫૭—મજબુતી—કબુલાત—ગુન્હાના સોબતીએ આપેલી જુબાનીની મજબુતીમાં સ્વતંત્ર અને વિશ્વાસ રાખવા લાયક બાબત ઉપરથી મળી આવેલા પુરાવાની જરૂર છે, અને તેણે પોતે કહેલી પેહેલાંની હકીકત જો કે રજુઆત વખતે આપેલી જુબાનીને મળતી આવતી હોય તોપણ તેથી મજબુતી મળતી નથી. કોઈ ગુન્હાના સોબતીએ બીજા કેદીઓની વિરૂદ્ધ જુબાની આપી હોય તો તેની મજબુતીમાં, કેદીઓમાંના એકાદ કેદીએ આપેલી જુબાની લેઈ શકાતી નથી. રાણી વિ૦ મલાપા બીન કાપન વિગેરે, ૧૧ મું. હા. કો. રી. ૧૯૬.

(મેસર્સ નાહાનાભાઈ હરીદાસ અને વા. રપંટ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુલાઈ સને ૧૮૭૪).

નિચેના કેસોને લાગુ પડે છેઃ—

રાણી વિ૦ મોહેશ બીસ્વાસ, ૧૯ વિ રી. ૧૬. જુઓ સોબતી ગુન્હામાં ૧૯.

રાણી વિ૦ બનવારીલાલ, ૨૧ વિ.રી. ૫૩. જુઓ કબુલાત ૭.

રાણી વિ૦ બેપીન.બીસ્વાસના કામમાં મંજુર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૧૦ ક. ૯૭૦. જુઓ પુરાવો ૬૬.

રાણી વિ૦ અશુટોસ ચકરબતીના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૪ ક. ૪૮૩. જુઓ કબુલાત ૧૯.

રાણી વિ૦ બુધુ નાનકુના કેસમાં આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૧ મું. ૪૭૫. જુઓ સોબતી ગુન્હામાં ૨૭.

અશુટોસ ચકરબતીના કેસમાં નજર રાખવામાં આવી, ૩ ક. લો. રી. ૨૭૦. જુઓ કબુલાત ૧૯.

૨૬ સોબતી ગુન્હામાં—જુબાની—જે ગુન્હાનું તોહોમતદાર ઉપર તોહોમત રાખવામાં આવ્યું હોય તે ગુન્હામાં થોડા અથવા વધારે જે માણસો સામેલ ના હોય તેમની એકલી જુબાની ઉપરથી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવી શકાતો નથી. બનેલા ગુન્હાની શાહેદીને ખબર હતી પણ તે અટકાવવાને અથવા તેની ખબર આપવાને તેણે કાંઈ પણ સાધનો વાપર્યાં નહી એવું કોઇ શાહેદીએ કહ્યુ હોય તો તેની જુબાની ગુન્હાના સોબતી કરતાં વધારે સારી રીતે ધ્યાનમાં લેઈ શકતી નથી. રાણી વિ૦ ચંદા ચંદાલીઆની વિગેરે, ૨૪ વિ. રી. ૫૫.

(મેસર્સ માર્કબાય અને મેકડોનલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી સપ્ટંબર સને ૧૮૭૫.)

૨૭ સોબતી ગુન્હામાં—જુબાની—મજબુતી—સાથે રજુઆત થયેલા કેદીની કબુલાત—તોહોમતદાર તેજ છે એ વિષેની મજબુતી મળ્યા વગરની ગુન્હો કબુલ કરનારની જુબાની ઉપર આધાર રાખીને ગુન્હેગાર ઠરાવવું કાયમ રાખી શકાતું નથી અને સાથે રજુઆત થયેલા કેદીઓએ પોતે ગુન્હામાં સામેલ હતા એવું બતાવી આપેલી કબુલાત આવી રીતની જુબાનીની મજબુતી તરીકે કબુલ રાખી શકાતી નથી. રાણી વિ૦ બુધુ નાનકુ, ઈ. લો. રી. ૧૪ ક. ૪૩૫.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, ૧૮૭૬.)

રાણી વિ૦ મલાપા રપાનાના કેસમાં આધાર રાખવામાં આવે છે, ૧૧ મું. હા. કો. રી. ૧૯૬. જુઓ સોબતી ગુન્હામાં ૨૫.

રાણી વિ૦ હુલગુના કેસને લાગુ પડે છે, ઈ૦ લો૦ રી૦ ૧ મ. ૧૬૩. જુઓ કબુલાત ૧૫.

રાણી વિરૂદ્ધ બેપીન બીસ્વાસના કેસમાં મંજુર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૯૭. જુઓ પુરાવો ૬૬.

૨૮ સોબતી ગુન્હામાં—જુબાની—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૧૩૩—ભુલ નહી થાય તેવા શબ્દોમાં પુરાવાના (સને ૧૮૭૨ નો ૧ લો) આકટની કલમ ૧૩૩ માં એવું બતાવેલું છે કે મજબુતી નહી મળેલી ગુન્હાના સોબતીની જુબાની ઉપરથી ગુન્હેગાર ઠરાવેલો છે એજ ફકત કારણ ઉપરથી તે કાયદા વિરૂદ્ધ ગણાતું નથી, અને મજબુતી મળવાની જરૂર છે એવું ધારવું તે એ લખાણ અમલમાં લાવવાને ના પાડવાની બરોબર છે. જો કે ગુન્હાના સોબતીએ આપેલી જુબાની લક્ષપૂર્વક રીતે અને સાવચેતીથી લેવાયેલી જોઈએ અને તેના ઉપર વિશ્વાસ રાખવો જોઈએ નહી તોપણ જ્યુરી અથવા કોર્ટ તેના ઉપર વિશ્વાસ રાખી તે ઉપરથી કોઈ માણસને ગુન્હેગાર ઠરાવે તો તે, કાયદા વિરૂદ્ધ ગણાતુ નથી એવા ઈંગ્લાંડમાં ચાલતા નીયમની સાથે પુરાવાના આકટની કલમ ૧૧૪ નો નીયમ મળતો આવે છે. રાણી વિ૦ રામસ્વામી પંડયાચી, ઈ૦ લો૦ રી૦ ૧ મ. ૩૯૪.

(મેસર્સ મોરગન ચીફ જસ્ટીસ અને કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૫ મી માર્ચ સને ૧૮૭૮).

૨૯ સોબતી ગુન્હામાં—જુબાની—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૪૪, ૩૪૫, ૩૪૭—તોહોમતદારની કબુલાત—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો, કલમ ૨૪—માફી—ખાસ સેસન કોર્ટથી ચલાવી શકાય નહી તેવા ગુન્હાઓની અંદર બીજા માણસો સાથે સામેલ ધારવામાં આવેલા કોઈપણ માણસને માજીસ્ટ્રેટે માફી આપી સાહેદી તરીકે તેની જુબાની લીધેલી, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે આવા માણસને માફી આપવાનો સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૪૭ માં અધીકાર આપેલો નહી હોવાથી તેની સોગન ઉપર જુબાની લેઈ શકાતી નથી અને તેથી તેની જુબાની કામમાં દાખલ થઈ શકતી નથી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે આવી રીતના માણસે બતાવેલી હકીકત કબુલાત તરીકે કામના પુરાવામાં, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૪ અને પુરાવાના આકટની કલમ ૨૪ ઉપર આધાર રાખતાં, દાખલ થઈ શકે અને લાગુ પડે તેવી નોહોતી. રાણી વિ૦ અશગર અલી, ઈ. લો. રી. ૨ અ. ૨૬૦.

(મેસર્સ પીઅરસન અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી એપ્રીલ સને ૧૮૭૯).

રાણી વિ૦ બેહારીલાલ બોસના કેસમાં તફાવત બતાવવામાં આવે છે, ૭ વિ૦ રી૦ ૪૪. જુઓ પુરાવો ૧૬.

રાણી વિ૦ રેમડીઓસના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે; ૩ મુ૦ હા૦ કો૦ રી૦ ૫૯. જુઓ માફી ૫.

રાણી વિ૦ હનમંતાના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૧

મું૦ ૬૧૦. જુઓ એકઠી તપાસ ૨.

૩૦ સોબતી ગુન્હામાં—જુબાની—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૪૯, ૩૪૯—ગુન્હાના સોબતીની સાથે ગુન્હો કબુલ કરનારની રજુઆત—કમીટીંગ માજીસ્ત્રેટની રૂબરૂ ગુન્હો કબુલ કરનારે આપેલી જુબાની—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ માં બતાવેલી સરતે આપેલી માફી પાછી ખેંચી લેવી તે—મી૦ ફીલ્ડ જડજનો મત—કમીટીંગ માજીસ્ત્રેટની રૂબરૂ ગુન્હો કબુલ કરનાર માણસની લીધેલી જુબાની, તેને કેટલીક સરતોએ આપેલી માફી પાછી ખેંચી લીધા પછી, સેસન કોર્ટની રૂબરૂ ચાલતી રજુઆતમાં ગુન્હાના સોબતીઓની વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાય કે નહીં એ વિશે મોટો શક છે. ગુન્હો કબુલ કરનારને સરતે આપેલી માફી. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ મુજબ પાછી ખેંચી લીધી હોય તો, જડજે ગુન્હાના સોબતીઓની રજુઆત પુરી થતાં સુધી રાહ જોવી જોઈએ, અને પછીથી ઠરાવ આપતાં પેહેલાં જો તે ગુન્હેગાર માલમ પડે તો ગુન્હો કબુલ કરનાર ઉપર કામ ચલાવવું જોઈએ. જોયુદી પરમાનીક વિગેરેની બાબત, ૭ ક. લો. રી. ૬૬.

[મેસર્સ વાઇટ અને ફીલ્ડ જડજોની રૂબરૂ, સને ૧૮૮૦].

રાણી વિ૦ નાહાના માલાના કેસમાં નજર રાખવામાં આવી, ૧૩ ક. લો. રી. ૩૨૬. જુઓ સોબતી ગુન્હામાં ૩૧.

૩૧ સોબતી ગુન્હામાં—જુબાની—સરતે આપેલી માફી—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૮—સવાલ—ગુન્હો કબુલ કરનારે પોતે બતાવેલી પેહેલાંની હકીકત પાછી ખેંચી લીધા, પછી અને તેથી સરતે આપેલી માફી પણ પાછી ખેંચી લીધા પછી કમીટીંગ માજીસ્ત્રેટની રૂબરૂ તેને આપેલી જુબાની સેસન કોર્ટમાં ગુન્હાના સોબતીઓની વિરૂદ્ધ પુરાવામાં લેઈ શકાય છે? જુઓ જોયુદી પરમાનીક, ૭ ક. લો. રી. ૬૬. રાણી વિ૦ નાહાના માલા, ૧૩ ક. લો. રી. ૩૨૬.

(મેસર્સ પ્રીનસેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી અગષ્ટ સને ૧૮૮૩].

જોયુદુ પરમાનીકના કેસને લાગુ પડે છે. ૭ ક. લો. રી. ૬૬. જુઓ સોબતી ગુન્હામાં ૩૦.

૩૨ સોબતી ગુન્હામાં—સને ૧૮૮૨ ને ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૩૮—જે ગુન્હાના સોબતીએ ગુન્હો કબુલ કર્યો છે તેને આપેલી માફી—જુબાની—મજબુતી—એકજ ગુન્હાને માટે તોહોમત રાખવામાં આવેલા બીજા બે માણસો સાથે તોહોમત રાખેલા તોહોમતદારને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૩૮ મુજબ સેસન કોર્ટે માફી આપી. માફી કબુલ કરી આ માણસની શાહેદી તરીકે બીજા તોહોમતદારોની વિરૂદ્ધ જુબાની લીધી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે માફી વ્યાજબી રીતે અપાયેલી હોવાથી તેની જુબાની કામમાં દાખલ કરી શકાય તેવી હતી. મી૦ ડુથોઈટ જડજનો મત—જે માણસને ખાસ રીતે ગુન્હાને માટે અપરાધી ઠરાવવમાં આવ્યો હોય તે માણસનો કેસ આવી જતો નથી એવો કલમ ૩૩૮ માં "ધારવામાં આવેલા" એ શબ્દનો અર્થ કરવો જોઈએ અને ગુન્હામાં સામેલ હતો એવું કબુલ કરનાર માણસને જો કે ગુન્હેગાર ઠરાવવામાં ન આવ્યો હોય તોપણ તેવો કેસ તેમાં આવી જતો નથી. રાણી વિ. કાલુ, ઈ. લો. રી. ૭ અ. ૧૬૦.

(મેસર્સ પેથેરામ ચીફ જસ્ટીસ અને ડુથોઈટ જડજોની રૂબરૂ, તા૦ ૧૪ મી નવબર સને ૧૮૮૪).

૩૩ સોબતી ગુન્હામાં—જુબાની—મજબુતી સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો અકટ કલમ ૧૧૪ બ અને ૧૩૩—પુરાવાન આકટની કલમો ૧૧૪ અને ૧૩૩ માં બતાવ્યા પ્રમાણે હિંદુસ્થાનનો કાયદો કોઇ પણ રી

તે તે બાબતમાં ઈંગ્લાંડના કાયદાથી જુદો નથી, એટલે કોઈ ગુન્હાના સોબતીએ આપેલી મજબુતી મળ્યા વગરની જુબાની ઉપર આધાર રાખીને ગુન્હેગાર ઠરાવવું તે કાયદા વિરૂદ્ધ ગણાતું નથી; તોપણ અનુભવ ઉપરથી એમ સાબીત થાય છે કે તે જોખમ ભરેલુ છે અને તેથીકરીને આવી રીતની મજબુતી મળ્યા વગરની જુબાની ઉપર આધાર નહી રાખવાને હિંદુસ્થાન અને ઈંગ્લાંડના જડજોએ લક્ષપુર્વક રીતે સાવચેતી રાખવી જોઈએ અને જો તેઓ કેસની રજુઆત જ્યુરી સાથે ચલાવતા હોય તો આવી રીતે ચાલવું જોખમ ભરેલું છે એવી જ્યુરીને પણ સાવચેતી આપવી જોઈએ. તોહોમત રાખવામાં આવેલો ગુન્હો કરવામાં ખરેખરી રીતે તોહોમતદાર સામેલ હતો એવું સાબીત કરવાને માટે સાથે કબુલાત આપનાર કેદી અથવા ગુન્હાના સોબતીએ આપેલી જુબાની શિવાય બીજા સ્વતત્ર પુરાવાથી કેટલીક મજબુતી મળવી જોઈએ. ગુન્હાના બીજા સોબતીથી પેહેલા સોબતીની પદ્ધતિમાં કાંઇ સુધારો થતો નથી, અને બે સોબતીઓ હોય તો બંનેની જુબાનીઓને મજબુતી મળવાની જરૂર.છે. ફક્ત એક માણુસ વિશે નહીં પણ ગુન્હાના સોબતીએ આપેલી જુબાનીથી અસર થયેલા સઘળા માણુસો વિશે તેને આપેલી જુબાનીથી મજબુતી મળવી જોઈએ, અને તેને આપેલી જુબાનીથી એકાદ કેદી વિશે મજબુતી મળતી હોય તો તેથી કરીને મજબુતી મળ્યા શિવાય બીજા કેદીની વિરૂદ્ધ તેની જુબાની મંજુર રાખી શકાતી નથી. રાણી વિ૦ વેબ [૬. સી. અને પી. ૫૯૫]; રાણી વિ૦ ડાઇક (૮ સી. અને પી. ૨૬૧); રાણી વિ૦ એડીસ (૬. સી. અને પી. ૩૮૮); અને રાણી વિ૦ વીલકીસ [૭ સી. અને પી. ૨૭૨] ના કેસો ઉપર નજર રાખવામાં આવી. કબજાવાળો માણુસ ખુન કરવામાં સામેલ હતો એવું ગુન્હાના સોબતીએ પોતાની જુબાનીમાં બતાવ્યું હોય તો ખુન થએલા માણુસ પાસેથી લીધેલી મીલકતનો કબજો તે તેને આપેલી જુબાનીની પુરતી મજબુતી ગણાતી નથી, તોપણ અપહરણ કરવામાં અથવા બદદાનતથી ચોરીની મિલકત રાખવામાં કેદી સામેલ હતો એના પુરાવાની બેશક તે મજબુતી ગણી શકાય છે. ખુનના તોહોમતને માટે મ સ અને ર નામના માણસોની રજુઆતમાં ફરીઆદી તરફના પુરાવામાં નિચેની બાબતો આવી જતી હતી. (૧) તેજ ગુન્હાને માટે સાથે રજુઆત ચલાવવામાં આવેલા પ નામના માણસની કબુલાત, (૨) ગુન્હાના સોબતીની જુબાની (૩) મરનારની મિલકત ર ના ઘરમાંથી જડી આવી એવું જે શાહેદીઓએ પોતાની જુબાનીઓમાં લખાવેલું તેમની જુબાનીઓ, અને (૪) મરનારને જે દીવસે છેલો જીવતો જોયો હતો તે દિવશે મડદુ દાટવામાં આવેલી જગ્યાએ કેદીઓને એકઠા જોયા હતા એવું જે શાહેદીઓએ પોતાની જુબાનીમાં લખાવેલું તેમની જુબાનીઓ. એમ ઠરાવવામાં આવ્યું .કે સાથે કબુલાત આપનાર કેદીની અથવા ગુન્હાના સોબતીની જુબાનીઓને આથી કાંઈ પુરતી મજબુતી મળતી નથી. રાણી વિ૦ રામસરન, ઈં૦ લો૦ રી૦ ૮ અ. ૩૦૬.

(મેસર્સ સ્ટ્રેઈટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી નવંબર સને ૧૮૮૫).

રાણી વિ. બાલદીઓના કેસમાં નજર રાખવામાં આવી, ઈં. લો. રી. ૮ અ. ૫૦૯.

જુઓ સોબતી ગુન્હામાં ૩૪.

૩૪ સોબતી ગુન્હામાં—જુબાની—મજબુતી—ડાકાઈટી—ચોરીની મીલકતનો કબજો—ઘણા માણુસો ઉપર તોહોમત રાખવામાં આવેલા કેસમાં ગુન્હો કબુલ કરનારની જુબાની ફોજદારી કોર્ટે ધ્યાનમાં લેતી વખતે દરેક તોહોમતદાર તેજ હતો એ વિષેની તેને બતાવેલી હકીકતને મજબુતી મળવી જોઈએ. રાણી વિ. રામસરન, (ઈં. લો. રી. ૮ અ. ૩૦૬); રાણી વિ. કયુઅર (વિકલી નોટસ ૧૮૮૬ પાનું ૬૫), અને રાણી વિ. મુલીન્સ

(૩ કોક્ષ સી. સી. ૫૨૬) ના કેસો ઉપર નજર રાખવામાં આવી. પીનલકોડની કલમ ૪૬૦ મુજબ अ, ब, म અને र ઉપર તોહોમત રાખી તેમની એકઠી રજુઆત ચલાવવામાં આવી હતી. તે સઘળા માણસોની વિરૂદ્ધ મુખ્ય પુરાવો ગુન્હો કબુલ કરનારની જુબાની હતી. अ, ब અને म સામે વધારામાં એ પુરાવો હતો કે જે રાત્રે ગુન્હો થયો હતો તે રાત્રે તેઓએ ગુન્હો બનેલા ઘરમાંથી કેટલોક ચોરીનો માલ રજુ કર્યો હતો र ની વિરૂદ્ધ એ પુરાવો હતો કે જે જગ્યાએ ચોરીની મીલકત દાટેલી હતી તે જગ્યા ब એ બતાવી તે વખતે र નામનો માણસ હાજર હતો એવો તેની વીરૂદ્ધ પુરાવો હતો, પણ કાંઇ પણ બાબત કેહેવાને અથવા તે વિષે કાંઇ સુચના આપવાને તે હાજર થયો નહોતો. अ, ब અને म ના સંબંધમાં એમ ઠરાવવામાં આવ્યું કે ચોરી થયા પછી તરતજ તેમના કબજામાંથી થોડીક મીલકત માલમ પડવાથી, તેઓ ગુન્હો કરવામાં સામેલ હતા એવી ગુન્હો કબુલ કરનારે આપેલી જુબાનીને તેથી કાંઇ એવી રીતની મજબુતી મળતી નથી કે જેથી કોર્ટ તેની જુબાની ઉપર આધાર રાખી શકે. એમ ઠરાવવામાં આવ્યું કે र ના સબંધમાં ગુન્હો થાય તેવી માહીતી સાબીત કરવાને પુરતુ કારણુ નહી હોવાથી, અને ब ના સબંધમાં કાંઇપણુ મીલકત તેની પાસેથી અથવા તેના બતાવવાથી માલમ પડેલી નહી હોવાથી र અને न બંને માણસોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈતા હતા. રાણી વિ૰ બાલદીઓ, ઈ૰ લો૰ રી૰ ૮ અ૰ ૫૦૫.

(મી૰ સ્ટ્રેઈટ કામ ચલાઉ ચીફ જસ્ટીસની રૂબરૂ, તા૦ ૨૮ મી જુન સને ૧૮૮૬).

રાણી વિ૰ રામશરનના કેસ ઉપર નજર રાખવામાં આવે છે, ઈ. લો. રી. ૮ અ. ૩૦૬. જુઓ સોબતી ગુન્હામાં ૩૩.

૩૫ સોબતી ગુન્હામાં—પુરાવો—મજબુતી—પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમ ૧૩૩—રીવાજ—પ્રથમના કેસોની સાથે ધારેલા મુકાબલા ઉપર આધાર નહીં રાખતાં કેસના ગુણદોષ ઉપરથી હકીકતના સવાલોનો નિર્ણય કરવો તે—નિર્દોષ ઠરાવી છોડી મુકવાના ઠરાવ ઉપર સ્થાનીક સરકારે અપીલ કરેલી તે—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૭—મી૰ એજ ચીફ જસ્ટીસનો મત—કોઈ ગુન્હાના સોબતીએ આપેલી જુબાની જેને મજબુતી મળી ના હોય તેના ઉપર આધાર રાખી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવો તે જો કે સાધારણ નિયમ તરીકે ઘણુંજ જોખમ ભરેલું ગણાશે તોપણ જડજે બીજા શાહેદીની માફક આ શાહેદીની જુબાની ધ્યાનમાં લેઈ તેનો તોલ કરવો જોઈએ; અને તે જુબાની લેતી વખતે ગુન્હાનો સોબતી કેવી પદ્ધતિમાં હતો અથવા જુઠું કેહેવામાં તેનો શો હેતુ હતો એ બાબત જડજે ઉપલક ધ્યાનમાં લેવી જોઇએ નહી. વાતની સંભવતા અને ઉપલા વિચારોને માટે પુરતી છુટ મુકયા પછી ગુન્હાના સોબતીની જુબાનીને જો કે મજબુતી મળતી નથી તો, પણ તે ખરી છે, અને તે જુબાની જો માનીએ તો કેદી ઉપર રાખેલું તોહોમત સાબીત થાય છે એવો જડજે છેવટ નિર્ણય કર્યો હોય તો તેવી બાબતમાં ગુન્હેગાર ઠરાવવાની તેની ફરજ છે. રાણી વિ૰ રામસામી પંડયાચી [ઈં. લો. રી. ૧ મ. ૩૯૪]; રાણી વિ૰ હરડીઓદાસ [વિકલી નોટસ સને ૧૮૮૪ પાનું ૨૮૬] અને રાણી વિ૰ રામસરન [ઈં૰ લો૰ રી૰ ૮ અ. ૩૦૬] ના કેસો ઉપર નજર રાખવામાં આવી. રાણી વિ૰ રામસરનનો કેસ લો મી૰ સ્ટ્રેઈટ જડજે સમજાવ્યો અને તેનો તફાવત બતાવ્યો. મી૰ બ્રોધર્સ્ટ જડજનો મત ઉપલા મતથી વિરૂદ્ધ હતો—ગુન્હા નાસોબતીઓએ શાહેદી તરીકે આપેલી જુબાનીઓની અગત્યની બાબતોને મજબુતી મળવી જોઈએ એ વિષેની ટીકાઓ. રાણી વિરૂદ્ધ રામસરન [ઈં૰ લો૰ રી૰ ૮ અ. ૩૦૬] રાણી વિ૰ રામસોહઈ ચકરબતી [૨૦ વિ. રી. ક્રી. અ.

૧૯] અને રાણી વિરૂદ્ધ બુધુ નાનકુ [ઈં. લો. રી. ૧ મું. ૪૭૫] ના કેસો ઉપર નજર રાખવામાં આવી. મેસર્સ એજ ચીફ જસ્ટીસ અને ઓધર્સ્ટ જડજોનો મત--જે બાબ તોમાંથી ઉત્પન્ન થાય તે પ્રમાણે દરેક કેસને તેની પોતાની હકીકત મુજબ ફેંસલો આપ વો જોઈએ, પણ ધારવામાં આવેલી બીજા કેસોની સાથે મુકાબલો થાય તેવી બા બતો ઉપરથી તેનો ફેંસલો આપવો જોઈએ નહી. રાણી વિ૦ ગાયદીન (ઈં. લો. રી ૪ અ. ૧૪૮) ના ફેંસલાનો તફાવત બ તાવવામાં આવ્યો. નિર્દોષ ઠરાવી છોડી મુકવા ના ઠરાવ ઉપર સ્થાનીક સરકારે કરેલી અપી લોનો નિર્ણય કરવામાં લાગુ પડે તેવા નિયમોના સંબંધમાં મી૦ ઓધર્સ્ટ જડજે રાણી વિ૦ ગાયદીનના ફેંસલા ઉપર આધાર રાખ્યો. મી૦ એજ ચીફ જસ્ટીસનો મત—દેહાંત દંડ ની સજા ઠરાવેલા કેસોમાં નિર્દોષ ઠરાવી છો ડી મુકવાના ઠરાવ ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧૭ મુજબ સ્થાનીક સરકારે કરેલી અપીલોમાં કેદી છુટા હોય તે વખતે તેની અંત્યાવસ્થા વિષેની બાબતો ઉપર હરક ત બતાવવી તે ખરૂ પુછતાં વ્યાજબી ગણા તું નથી. અને આવી જાતના કેસોમાં તોહોમ તદારને પકડી કેદ કરવાને માટે સરકારે ક્રી મીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૭ મુજબ અરજ કરવી જોઈએ. રાણી વિ૦ ગોવરધન ઈં. લો. રી. ૯ અ. ૫૨૮.

[મેસર્સ સર. જોન. એજ નાઈટ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઇટ અને ઓધર્સ્ટ જડજોની રૂબ રૂ, તા૦ ૧૦ મી જુન સને ૧૮૮૭].

જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે અ રજી ૧૦.
,, તોહોમત ૨૦.
,, કમીટ કરવું તે ૬૯.
,, કબુલાત ૧૨, ૮૧.
,, ખોટા સીકા ૧.
,, જુબાની ૨.
,, પુરાવો ૧૨, ૯.
,, જયુરી ૩૩, ૪૧, ૧૦૬.
,, ખુન ૨૨.

સંભાળ નાની ઊંમરના છોકરાની—

સંભાળ નાની ઊંમરના છોકરાની—દિ વાની અદાલત—કોઇ બાપે પોતાનો નાનો છો કરો કે જે અગીઆર વર્ષની ઊંમરનો હતો તેની સંભાળને માટે દિવાની કોર્ટને અરજ કર્યાથી કોર્ટે તે છોકરો તેની માની સાથે રેહેતો હતો તેને તેણીના કબજામાંથી તેના બાપને સોંપવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે કોર્ટે કાયદા વિરૂદ્ધ હુકમ કર્યો હતો કારણ કે એ સવાલનું નિરાકરણ દિવાની કોર્ટથી થવું જો ઇએ કુલસમબીબી, વિ૦ શેક એદુ, ૨૫ વિ. રી. ૩૫

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડ જોની રૂબરૂ, તા૦ ૨૫ મી એપ્રીલ ૧૮૭૬)

સંક્ષેપમાં ઇનસાફ—

૧ સંક્ષેપમાં ઇનસાફ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯—કેન્ટોનમેન્ટ માજીસ્ટ્રેટ—કોઇ કેન્ટોનમેન્ટ માજી સ્ટ્રેટે રીતસર તજવીજ ચલાવ્યા શીવાય સને ૧૮૬૧ ના ૨૫ માની કલમ ૨૯ મુજબ સંક્ષે પમાં ગુન્હેગાર ઠરાવી સજા કરેલી તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે તે ગેરશિરસ્તે અને કા યદા વિરૂદ્ધ થએલું ગણાય છે. વળી એમ ઠ રાવવામાં આવ્યું કે કોઈ અમુક કેસ તાબા ના માજીસ્ટ્રેટની કોર્ટની ફાઇલમાંથી કાઢી ના ખવાનો હુકમ કરવાનો જો કે ડીસ્ટ્રીકટ મા જીસ્ટ્રેટને અધીકાર છે તોપણ જે કેસો હૈયા તીમાં નથી અને જેની રજુઆત કોઇ તાબા ના માજીસ્ટ્રેટની રૂબરૂ ચાલતી નથી તેવા કે સો બીજી જગાએ મોકલવાનો હુકમ સાધાર ણ મુકરદમામાં થઈ શકે કે નહી એ શક ભ રેલું છે. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે પોલીસ આકટની કલમ ૨૯ મુજબ ફરીઆદ થયા શીવાય કેસો ચલાવવાનો કેન્ટોનમેન્ટ મા જીસ્ટ્રેટને અધીકાર છે. સરકાર વિ. ગીરધારી લાલ અને બીજો, ૧ આ૦ હા૦ કો૦ રી૦ ૨૪.

[મેસર્સ સ્પેંકી અને ટર્નબલ જડજોના ઠરાવ, તા૦ ૧૯ મી સપટંબર સને ૧૮૬૬].

૨ સંક્ષેપમાં ઇનસાફ—સને ૧૮૬૬ નો ૪ થો કલમ ૨૯—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૧૯—પીનલકોડની કલમ ૧૧૯ મુજબ સજા થઈ શકે તેવા ગુન્હાને માટે સને ૧૮૬૬ ના આકટ ૪ થાની કલમ ૨૯ મુજબ કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવાનો પોલીસ માજીસ્ટ્રેટને અધીકાર છે. રીણી વિ૦ માહબલખાન, ૧ બેં. લો. રી. કા. અ. ૭૯.

[મી૦ નોરમન જડજની ઠરાવ, તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૬૮].

૩ સંક્ષેપમાં ઈનસાફ—ચોરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૨—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૨ માં અખતીઆર આપ્યા પ્રમાણે સંક્ષેપમાં રજુઆત ચલાવેલા કેસો કલમમાં બતાવેલા કેસોની અંદર આવી જાય છે એવું સ્પષ્ટ રીતે સાબીત થવું જોઈએ. જો કેસ ચોરીનો હોય તો ખરેખરી કેટલી કીંમતની મીલકત ચોરાઇ હતી તે સાબીત થવું જોઈએ. રાણી વિ૦ આબીન પરીદા વિગેરે, ૨૦ વિ. રી. ૧૭.

[મેસર્સ જેકશન અને મીતર જડજોની ઠરાવ, તા૦ ૨૯ મી મે સને ૧૮૭૩].

૪ સંક્ષેપમાં ઈનસાફ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૮ માં બતાવેલા સંક્ષેપમાં રજુઆત ચલાવવા લાયક કેસો તે પ્રકરણમાં બતાવેલી રીત મુજબ બરોબર રીતે ચલાવવા જોઈએ. રાણી વિ૦ જોહરીસીંગ, ૨૨ વિ૦ રી૦ ૨૮.

[મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની ઠરાવ, તા૦ ૧૬ મી જુન સને ૧૮૭૪].

૫ સંક્ષેપમાં ઈનસાફ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૮ માં આપેલા અધીકારની મતલબ એવી નથી કે તે પ્રકરણમાં કેસ લાવવાને માટે કોઈ તોહોમતદાર ઉપર મુકેલું તોહોમત બદલવાનો માજીસ્ટ્રેટોને અધીકાર છે; પણ માજીસ્ટ્રેટથી સંક્ષેપમાં રજુઆત ચલાવી શકાય નહી તેવા કોઈ ભારે ગુન્હાનું તોહોમત રાખવામાં આવ્યું હોય તો, તેવા ગુન્હાઓને માટે બતાવેલી પદ્ધતી મુજબ કેસો ચલાવી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવો અથવા તેને નિર્દોષ ઠરાવી છોડી મુકવો અથવા તેને રજુઆતને માટે કમીટ કરવો એ માજીસ્ટ્રેટની દેખીતી ફરજ છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૨ માં બતાવેલા ગુન્હાઓમાંના કોઈપણ ગુન્હાનું તોહોમત સ્પષ્ટ રીતે મુકવામાં આવ્યું હોય તો તે કોડના પ્રકરણ ૧૮ માં બતાવેલી પદ્ધતિ મુજબ કેસ ચલાવવો જોઈએ. ચંદરશેખર ઠાકોર વિ૦ નીતાલુ અને બીજો, ૨૨ વિ૦ રી૦ ૨૯.

[મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની ઠરાવ, તા૦ ૧૭ મી જુન સને ૧૮૭૮.]

નિચેના કેસો ઉપર આધાર રાખવામાં આવ્યો:—

હરનશેખ વિ૦ રામધન બીસ્વાસ ૨૪ વિ૦ રી૦ ૨૧ જુઓ ગેરવાજબી કેદ ૮.

રાણી વિ૦ બાની માધબદાસ; ૨૩ વિ. રી. ૩ જુઓ સક્ષેપમા તપાસ ૯.

બીપુ ઢુલા વિ૦ નીજામ શેખ, ૨ ક. લો. રી૦ ૩૭૪. જુઓ સંક્ષેપમાં રજુઆત ૨૨.

૬ સંક્ષેપમાં ઈનસાફ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૮ અને ૩૪—માજીસ્ટ્રેટને સંક્ષેપમાં રજુઆત ચલાવવાનો અધીકાર ના હોય તેવા કોઇપણ કેસના ગુન્હામાં પ્રકરણ ૧૮ માં બતાવેલી રીત પ્રમાણે સંક્ષેપમાં રજુઆત ચલાવ્યાથી હાઈ કોર્ટે તે કોડની કલમ ૩૪ ના ૪ થા કલમ મુજબ મુકરદમો રદ કર્યો. ખેતરમોહન ચઉધરી અરજદાર, ૨૨ વિ૦ રી૦ ૪૩.

[મેસર્સ ફીઅર અને મોરીસ જડજોની ઠરાવ, તા૦ ૨૫ મી જુલાઈ સને ૧૮૭૪].

રાણી વિ૦ જદુનાથ શાહના કેસમાં

આધાર રાખવામાં આવ્યો, ૨૩ વિ૦ રી૦ ૩૩. જુઓ અફીણ ૧૩.

રાણી વિ૦ બૈદનાથદાસના કેસમાં નજ૨ રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૩ ક૦ ૩૬૬; ક૦ લો૦ રી૦ ૪૪૨ જુઓ સંક્ષેપમાં રજુઆત ૨૧.

૭ સંક્ષેપમાં ઈનસાફ—ચોરી—હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૨—કોઈ કેસમાં તોહોમતદાર ઉપર સાડા આઠ આનાની પેટીમાંથી પચાસ રૂપીઆ ચોરવાનું તોહોમત રાખવામાં આવેલું તેવા કેસમાં માજીસ્ત્રેટે પેટીની કાંઈ કીંમત નથી એવું ધારી સાડા આઠ આના કાઢી નાંખી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૨ મુજબ કેસનો ઈનસાફ સંક્ષેપમાં ચલાવી એમ ઠરાવ્યું કે પુરાવો લીધા શીવાય પેટીની કીંમત પોતાના અખતીઆરથી તદન કાઢી નાંખવાનો માજીસ્ત્રેટને હક નથી, કારણ કે કેસનું સંક્ષેપમાં રજુઆત ચલાવી નિરાકરણ કરવાનું તે ઉપર આધાર રાખે છે; કેસના ગુણદોષ ઉપર જેવી રીતે પુરાવો લેઈ શકાય તેવી રીતે આવા કેસમાં બરોબર પુરાવો લેવો જોઈતો હતો, અને તે પ્રમાણે પુરાવો લેવાએલો નહી હોવાથી આ કેસ ચલાવવાનો માજીસ્ત્રેટને અધીકાર નથી એવું કોર્ટે અનુમાન કર્યું. રાણી વિ૦ બઝલેઅલી, ૨૨ વિ. રી. ૬૫.

(મેસસ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૭૪).

૮ સંક્ષેપમાં ઈનસાફ—જોરજુલમથી લેઈ લેવું તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૮—સને ૧૮૫૧ નો આકટ ૮ મો કલમો ૩, ૬—સને ૧૮૫૧ ના આકટ ૮ ની કલમ ૬ મુજબ કાયદા વિરૂદ્ધ તોલ માગવાનું તોહોમત રાખવામાં આવ્યું હોય તો ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૮ મુજબ તેની સંક્ષેપમાં રજુઆત ચલાવી શકાય નહી. સને ૧૮૫૧ ના આકટ ૮ મુજબ તોલ ઉઘરાવવાનો અધીકાર બંગાળાના લેફટેનન્ટ ગવરનરને આપેલો છે અને તે ફકત તોલ લેવાને દરવાજે ઉઘરાવી શકાય છે. કોઈ જુદા સરકારી ઠરાવથી તોલનું જ ખાતુ સરકારે કોઈપણ રીતે જાહેર કરવું જોઈએ. સને ૧૮૫૧ ના આકટ ૮ ની કલમ ૬ માં લખેલા "જોરજુલમથી લેવું" એ શબ્દોનો અર્થ પીનલકોડના અર્થ જેવો થતો નથી પણ તેનો માયનો દબાણથી તોલ માગવું એવો થાય છે; ઉપલા આકટની કલમ ૩ મુજબ તોલ આપે ત્યાં સુધી કુલીઆદીની ગાડી ઘોડા પકડી રાખવો એ ચાલતા કેસમાં દબાણનો અર્થ થાય છે. ઉત્તમચંદ ગંગુલી વિ૦ ઈસરચંદર મુકરજી, ૨૨ વિ રી. ૭૬.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૪ થી સપટંબર સને ૧૮૭૪).

૯ સંક્ષેપમાં ઈનસાફ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૪૧, ૩૪૨, ૩૫૨, ૩૫૩—કેદીઓ ગુન્હેગાર છે તો તેમના ઉપર પીનલકોડની કલમ ૩૫૩ મુજબ તોહોમત રાખવું જોઈતું હતું કે જેને માટે સંક્ષેપમાં રજુઆત ચલાવી શકાય નહી એવી તેમના તરફથી જો કે તકરાર કરવામાં આવી હતી તોપણ ચાલતા કેસમાં પીનલકોડની કલમો ૩૪૧ અને ૩૫૨ મુજબ તેમને ગુન્હેગાર ઠરાવ્યા હતા. માજીસ્ત્રેટના પોતાના ઠરાવ ઉપરથી સેસન જડજે નીચેના કારણો બતાવી ભલામણ કરી કે ગુનેહેગાર ઠરાવી કરેલી સજા રદ કરવી જોઈએ. (૧) હકીકત ઉપરથી એમ સાબીત થાય છે કે તોહોમતદારને પીનલકોડની કલમો ૩૪૨ અથવા ૩૫૩ મુજબ ગુન્હેગાર ઠરાવવા જોઈતા હતા અને (૨) માજીસ્ત્રેટથી સંક્ષેપમાં રજુઆત ચલાવી શકાય તેવી રીતે વધારે નહાના ગુન્હાનું તોહોમત રાખવાનો તેને અધીકાર નોહોતો. સેસન જડજના અભીપ્રાય સાથે મળી એમ ઠરાવવામાં આવ્યું કે કલમ ૩૫૩ મુજબ તે

હોમતદારની રજુઆત ચલાવવી જોઈતી હતી. તે ઉપરથી સંક્ષેપમાં ચલાવેલા માજીસ્ટ્રેટના મુકરદમાઓ રદ કરી નવી રજુઆત ચલાવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. રાણી વિ. બાની માધવદાસ વિગેરે, ૨૩ વિ. રી. ૩.

(મેસર્સ કેમ્પ અને બર્ચ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી નવંબર સને ૧૮૭૪).

ચંદરશીખર ઠાકોર વિ૦ નીડાલુના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૨૨ વિ૦ રી૦ ૨૯. જુઓ સંક્ષેપમાં રજુઆત ૫.

હારન શેખ વિ૦ રામધન બીસ્વાસના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો, ૨૪ વિ૦ રી૦ ૨૧. જુઓ ગેરવ્યાજબી કેદ ૮.

૧૦ સંક્ષેપમાં ઈનસાફ—હંગામો—તોહોમતદાર—સરકારી ન્યાય—બીગાડ અને કાયદા વિરૂદ્ધ મંડળીના ગુન્હાઓની માફક હંગામાના તોહોમતની સંક્ષેપમાં રજુઆત ચલાવેલી તેમાં બતાવેલા ફેંસલા ઉપર આધાર રાખી સેસન જડજે તોહોમતદારની અરજ ઉપરથી માન્યું કે સંક્ષેપમાં રજુઆત ચલાવવાનો હુકમ રદ કરી હંગામાના ગુન્હાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૧૫ મુજબ રજુઆત ચલાવી શકાય આ કેસમાં તોહોમતદારની અરજ ઉપરથી હાઈ કોર્ટે દરમીઆન થવાની ના પાડી અને તકરાર બતાવવામાં આવેલા કેસમાં સરકારી ન્યાયના ફાયદાને માટે અભીપ્રાય માગ્યો હતો એવું ઠરાવી ચાલતા કેસમાં અને તે કેસમાં તફાવત બતાવ્યો. રાણી વિ. અબુશેખ વિગેરે, ૨૩ વિ. રી. ૧૯.

(મેસર્સ ફીઅર અને એનરલી જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી જાનેવારી સને ૧૮૭૫).

૧૧ સંક્ષેપમાં ઈનસાફ--સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ ૧૮ મું—હકુમત--માજીસ્ટ્રેટે પોતાની રૂબરૂ કોઈ માણસ ઉપર ભારે ગુન્હાનું તોહોમત રાખ્યું હોય તો તે તોહોમત પોતાની ખુશીથી બદલીને સંક્ષેપમાં રજુઆત ચલાવી શકાય તેવું હલકુ તોહોમત રાખવાનો તેનો અધીકાર નથી. જે જાતનું તોહોમત હોય તે પ્રમાણે રજુઆત ચલાવવી જોઈએ. એમદલ શેખ વિ૦ મોહામમદી શેખ, ૨૪ વિ. રી. ૪૮.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી અગષ્ટ સને ૧૮૭૫).

૧૨ સંક્ષેપમાં ઈનસાફ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૩૫, ૫૩૬—પુરાવો--સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૩૬ માં આવી જાય તેવી જાતના ગુન્હાઓની રજુઆત સંક્ષેપમાં ચલાવી શકાતી નથી, પણ સમનના મુકરદમામાં બતાવેલી હમેશની પદ્ધતિ મુજબ કેસ ચલાવવો જોઈએ; અને પુરાવો કલમ ૩૩૫ માં બતાવ્યા પ્રમાણે પુરેપુરો લખી લેવો જોઈએ. હરકીશોર માલો વિ૦ ભારોતી જેલીઆની, ૨૪ વિ૦ રી૦ ૬૧.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી નવંબર સને ૧૮૭૫).

૧૩ સંક્ષેપમાં ઈનસાફ—પદ્ધતિ—કેસનું દફતર અને ઠરાવ લક્ષ પુર્વક અને લાંબો હોય તેમ છતાં પણ જો કોઇ કેસની પદ્ધતિ સંક્ષેપમાં રજુઆત ચલાવી શકાય તેવી જાતની હોય તો તે રજુઆત સક્ષેપ ગણાય છે. રાણી વિ૦ ડેમારામ, ૨૪ વી. રી. ૬૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૭૫).

૧૪ સંક્ષેપમાં ઈનસાફ—ગુન્હેગાર ઠરાવવું તે–કેદની મુદત પુરી થયા પછી અભીપ્રાય માગેલો તે–સંક્ષિપ્ત ગુન્હેગાર ઠરાવી સજા કરેલી તે–માજીસ્ટ્રેટની રૂબરૂ સંક્ષેપમાં ગુન્હેગાર ઠરાવી કરેલી સજાની મુદત પુરી થઈ ગયેલા કેસમાં સેસન જડજે અભીપ્રાય લખી પુછવાથી હાઇ કોર્ટે કેસ તપાસવાની ના પાડી, કારણ કે એમ કરવુ તે કેદીને ફાયદાકારક નથી કેમકે માજીસ્ટ્રેટે ચલાવેલો મુકરદમો જો રદ થાય તો જે તોહોમત તેના ઉપર પ્રથમ રાખેલું હશે તેને માટે ફરીથી ર

જુઆત ચલાવવાના જોખમમાં તે આવી પડશે. કોપીલ ડોલાઈ વિગેરે વિ૦ કાનદાઈ જેના ૨૪ વિ૦ રી૦ ૭૧.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૩ ડીસેમ્બર સને ૧૮૭૫).

૧૫ સંક્ષેપમાં ઈનસાફ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૧—જુદો પુરાવો—બીગાડના ગુન્હાની સાથે ચોરીનો ગુન્હો એકઠો હોય તોપણ સને ૧૮૭૨ ના આકટની કલમ ૨૨૧ મુજબ તેની સંક્ષેપમાં રજુ વાત ચલાવી શકાય છે. કોઈ ઇનસાફી મુકરદમામાં નકી જુબાની આપવાનું કામ ચલાવવાને માટે મંજુરી મેળવવાની કાંઈ જરૂર નથી. રાણી વિ૦ રામેતર પાનરી. ૨૫ વિ૦ રી૦ ૫.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી ડીસેંબર સને ૧૮૭૫).

૧૬ સંક્ષેપમાં ઈનસાફ—કેવી રીતે નીરણય કરવાની પદ્ધતિ—સંક્ષેપમાં રજુઆત ચલાવવા લાયક કેસ છે કે નહીં એનો નિર્ણય ફરીઆદ ઉપરથી કરવો જોઈએ, પણ પુરાવો લખી લીધા પછી તોહોમતદારે ચોરેલી મીલકતની કીંમત ઠરાવી તે ઉપરથી માજીસ્ત્રેટે નિર્ણય કરવો જોઇએ નહીં, પણ થઇ ગયેલી રજુઆત જે મુળથી કાયદા વિરૂદ્ધ હોય તેવી જાતની રજુઆત ચલાવવાનો આથી કાંઇ અધીકાર મળતો નથી. રામચંદર ચતરજી વિરૂદ્ધ કાન ઈલાહી અને બીજો, ૨૫ વિ૦ રી૦ ૧૪.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬).

૧૭ સંક્ષેપમાં ઇનસાફ—સને ૧૮૬૧ નો ૫ મો કલમ ૨૯-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૨૯, ૧૪૮—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૮—સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ મુજબ સજા થઈ શકે તેવા કૃત્યો અથવા તેવી ભુલો " પીનલકોડ શિવાય બીજા કાયદા મુજબ સજા થઇ શકે તેવા ગુન્હાઓના વર્ગ" ની અંદર આવી જાય છે; (ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૮) અને તેથીકરીને તે ગુન્હાઓ તે કોડની કલમ ૧૪૮ ની અંદર આવી જાય છે. રાણી વિ૦ ગોલામ અરબી, ૨૫ વિ૦ રી૦ ૨૦.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી ફેબ્રુઆરી સને ૧૮૭૬).

રાઘુસીંગ અરજદારના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે. ૧૭ વિ૦ રી૦ ૩૪ ૮ બેં૦ લો૦ રી૦ ૬૦. જુઓ પોલીસ ૧૯

૧૮ સંક્ષેપમાં ઈનસાફ માજીસ્ત્રેટનો અધીકાર—સંક્ષિપ્ત હકુમત—"માજીસ્ત્રેટની બદલી થવી તે"—ફરલોથી અધીકાર ઉપર અસર થાય તે—કાયદો અમલમાં આવે નહીં તેવા ડીસ્ત્રીકટના આસીસ્ટન્ટ કમીશનરને એક જગાને માટે ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટનો અને સંક્ષેપમાં ઇનસાફ કરવાનો અખત્યાર મળ્યો હોય અને ફરલો ઉપરથી પાછા આવ્યા પછી તેને બીજી જગ્યાએ મોકલી ત્યાં અગાડી ફક્ત ફર્સ્ટ કલાસનો અખત્યાર આપવામાં આવ્યો હોય તો બીજી જગ્યાએ થએલી નિમનોક એવી રીતની " બદલી " ગણાય કે જેથા કરીને તેનો મુળ અધીકાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૬ મુજબ કાયમ રહી શકે. હાઈ કોર્ટે એમ ઠરાવ્યું કે આસીસ્ટન્ટ કમીશનરને સંક્ષેપમાં ઈનસાફ કરવાનો અધીકાર બીજી જગ્યાએ નથી; અને તેથીકરીને આવી રીતનો અધીકાર બજાવી ગુન્હેગાર ઠરાવેલો રદ કરવો જોઈએ. પરસુરામ બોરૂઆહ અરજદાર, ૨૫ વિ૦ રી૦ ૫૨.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુન સને ૧૮૭૬);

૧૯ સંક્ષેપમાં ઈનસાફ-સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૭-થોડો પુરાવો જોઈએ તેવા નાના અને ટુંકા કેસોમાંજ ફકત ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૭ મુજબ સંક્ષેપમાં ઇનસાફ

ચલાવી શકાય તેવું હોવાથી, એમ ઠરાવવામાં આવ્યું કે એકસો ત્રીસ પાના કરતાં વધારે લાંબો માજીસ્ત્રેટનો મુકરદમો જે સાત દીવસ સુધી ચલાવવામાં આવ્યો હોય તે કાયદાના નિયમથી ઉલટું છે. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે શુદ્ધ બુદ્ધીથી હક ઠરાવવાનો દાવો કર્યો હોય તો તેમાં માજીસ્ત્રેટ સંક્ષેપમાં રજુઆત ચલાવી ફોજદારી તોહોમત રાખી શકે નહી. વળી પીનલકોડની કલમ ૪૨૬ મુજબ બીગાડને માટે ગુન્હેગાર ઠરાવવાને, તોહોમતદારે ગેરવ્યાજબી ઈરાદાથી નુકશાન કર્યું હતું, અને તે કરવું વ્યાજબી નોહોતું એ તેના જાણવામાં હતું, અને જે પક્ષકારના હુકમોથી તેણે કર્યું હતું તે પક્ષકારનો કાંઈ હક નોહોતો એ બાબતો ફરીઆદીને સાબીત કરવાની છે. ઈસરચંદર મંડલ વિગેરે વિ૦ રોહીમશેખ વિગેરે, ૨૫ વિ૦ રી૦ ૬૫.

(મેસર્સ મેકફરસન અને મોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૭૬.)

શાકરમહમદ વિ૦ ચંદરમોહન શાના કેસને લાગુ પડે છે, ૨૧ વિ૦ રી૦ ૩૮. જુઓ તપાસ ૨.

ગામીરૂલા સરકાર વિ૦ અનદુલશેખના કેસ ઉપર નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક૦ ૪૦૮. જુઓ સંક્ષેપમાં ઈનસાફ ૨૭.

૨૦ સંક્ષેપમાં ઈનસાફ–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૨, ૨૩૪, ક્લોઝ ૪–હકુમત–માજીસ્ત્રેટને મળી આવેલી હકીકત ઉપરથી સંક્ષેપમાં રજુઆત થઈ શકે નહી એવો ગુન્હો સાબીત થતો હોય તો, પોતાની હકુમત ઠરાવવાને માટે તેમાંની કેટલીક હકીકત ઉપરથી ફકત બનેલા ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવાનો તેને અધીકાર નથી. આવી રીતે ચલાવેલા મુકરદમાઓ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪ના ૪ થા ક્લોઝ મુજબ કાયદા વિરૂદ્ધ ગણાય છે કારણ કે ગુન્હેગારની સંક્ષેપમાં રજુઆત ચલાવવાનો તેનો અધીકાર નોહોતો. ચંદરશીખર સુકલ વિગેરે વિ૦ ધરમનાથ તેવારી, ૧ ક. લો. રી. ૪૩૪.

(મેસર્સ એનસ્લી અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી જાનેવારી સને ૧૮૭૮.)

૨૧ સંક્ષેપમાં ઈનસાફ—દંડ અને મીલકત જપ્ત કરવાની સજા થઇ શકે તેવો ગુન્હો સને ૧૮૫૬ નો ૨૧ મો કલમ ૪૯–સમનના મુકદદમાઓ–સજા–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪, ૮, ૧૪૮, ૧૪૯, ૨૨૨–સને ૧૮૫૬ ના આકટ ૨૧ ની કલમ ૪૯ મુજબ બનેલા ગુન્હાની તજવીજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૨ મુજબ સંક્ષેપમાં થઈ શકે છે. કલમ ૪૯ માં બતાવ્યા પ્રમાણે મીલકત જપ્ત કરવી તે ફકત ગુન્હેગાર ઠરાવવામાંથી નીકળી આવે છે, પણ તે ગુન્હાને માટે ઠરાવેલી સજાનો ભાગ ગણાતો નથી. રાણી વિરૂદ્ધ બૈદનાથદાસ, ઇ. લો. રી. ૩ ક. ૩૬૬; ૧ ક. લો. રી. ૪૪૨

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, કેમ્પ, જેકશન, માર્કબાય અને એનસલી જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮).

ખેતરમોહન ચૌરંધીના કેસને લાગુ પડે છે. ૨૨ વિ. રી. ૪૩. જુઓ સક્ષેપમાં રજુઆત ૬.

જદુનાથશાહના કેસને લાગુ પડે છે. ૨૩ વિ. રી. ૩૩. જુઓ અપીલ ૧૩.

૨૨ સંક્ષેપમાં ઈનસાફ–સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૨–હકુમત–પોલીસની તજવીજ–પોલીસે મોકલેલા માણસોને માજીસ્ત્રેટે છોડી મુકેલા તે–ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૨ મુજબ સંક્ષેપમાં રજુઆત ચલાવી શકાય કે નહી એ બાબતનો નિર્ણય ફરીઆદ કયા પ્રકારની છે તે ઉપરથી થઈ શકે છે. ફરીઆદ થએલા કૃત્યો ઉપરથી માજીસ્ત્રેટ સંક્ષેપમાં રજુઆત

ચલાવી શકે નહી. તેવા ગુન્હો બન્યો હોય તો સંક્ષેપમાં ઈનસાફ કરવાનો તેને અખીકાર નથી. માજીસ્ત્રેટે કોઈ કેસ પોલીસ તરફ તજવીજને માટે મોકલ્યો હોય અને પોલીસે કેટલાક માણસોને પકડી તેમની વિરૂદ્ધ પુરાવો મોકલ્યો હોય તો છોડી મુકતાં પહેલાં તે પુરાવો ધ્યાનમાં લેવાને તે બંધાયલો છે. એપુ ટુલા વિ. નાઝીમશેખ વિગેરે. ૨ ક. લો. રી ૩૯૪.

(મેસર્સ માર્કબાય અને પ્રીનસેપ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી મે ૧૮૭૮).

દ્વારકાનાથ મુઝુમદાર વિ. નાલુદાસના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે. ૨૧ વિ. રી. ૮૯. જુઓ ફરીઆદ ૩૫.

ચંદરશેખર ઠાકોર વિ. નીતાલુના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે. ૨૨ વિ. રી. ૨૯. જુઓ સંક્ષેપમાં તપાસ ૫.

શેરમહમદની બાબત ઉપર નજર રાખવામાં આવી. ૨ ક. લો. રી. ૫૧૧. જુઓ સજા ૫૫.

૨૩ સંક્ષેપમાં ઈનસાફ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૨૩, ૨૮૮—અપીલ થઈ શકે તેવા કેસોનું દફતર—ઠરાવ—મુકરદમો ચલાવવામાં ભુલ અથવા ખામી થએલી તે—માજીસ્ત્રેટે ક નામના માણસની સંક્ષેપમા રજુઆત ચલાવી તેને ગુન્હેગાર ઠરાવ્યો હતો. તે માણસે સેસન જડજને અપીલ કરવાથી, જે પુરાવા ઉપરથી ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે તે પુરાવાની મતલબ માજીસ્ત્રેટના ઠરાવમાં આવી જતી નથી એવું ફકત સેસન જડજે કારણ બતાવી ગુન્હો રદ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ફકત આવી જાતની કસુર ઉપરથી સેસન જડજે ગુન્હો રદ કરવો જોઈતો નોહોતો, પણ આવી રીતની કસુર થયાથી અપીલનું નિરાકરણ થઈ શકતું નથી એવું તેને માલમ પડે તો, જે ઠરાવમાં પુરાવાની મતલબ બરોબર રીતે લખવી જોઈએ તે ઠરાવમાં તે મતલબ માજીસ્ત્રેટ પાસે લખાવવી જોઈતી હતી, અને તે કારણને માટે જરૂર જણાય તો શાહેદીઓને ફરીથી તપાસવા જોઈતા હતા અથવા કેસની ફરીથી રજુઆત ચલાવવાનો હુકમ કરવો જોઈતો હતો. રાણી વિ૦ કરશન સોંઘ, ઈ૦ લો૦ રી૦ ૧ અ ૬૮૦.

(મેસર્સ પીઅરસન અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી જુન સને ૧૮૭૮).

રાણી વિરૂદ્ધ ખેરાજમુલાહનો કેસ વિરૂદ્ધ છે, ૨૦ વિ૦ રી૦ ૧૩; ૧૧ બેં૦ લો૦ રી૦ ૩૩. જુઓ નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી ૨૯.

૨૪ સંક્ષેપમાં ઈનસાફ- પ્રાણઘાતક હથીયારવાળી કાયદા વિરૂદ્ધ મંડળી—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૩, ૧૪૪—કોઇપણ માજીસ્ત્રેટ પોતે સંક્ષેપમાં રજુઆત ચલાવી શકે તેને માટે કેસના બે ભાગ પાડી શકે નહી. સંક્ષેપમાં રજુઆત ચલાવી શકાય નહી તેવા કોઈ ગુન્હાનું તોહોમત સોગન ઉપર રાખવામાં આવ્યું હોય તો, માજીસ્ત્રેટે તે મુજબ કેસનો મુકરદમો ચલાવવો જોઈએ, પણ ફરીઆદીની જુબાની અને ભારે કેસ ગણાય તેવી હકીકત ખરૂ જોતાં અતીશયોક્તિવાળી છે અને ભરોસો રાખવા લાયક નથી એવું સ્પષ્ટ રીતે માજીસ્ત્રેટ સાબીત કરી શકે તો તે પ્રમાણે કેસ ચલાવી શકાય નહી. કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભૂત હોય તે વખતે પ્રાણઘાતક હથીઆર રાખવાનું તોહોમત કોઇ માણસ ઉપર રાખી તેને માજીસ્ત્રેટ પાસે મોકલ્યો હોય તો, પ્રાણઘાતક હથીઆર તેની પાસે હતાં તે બાબત, કેસ સંક્ષેપમાં પોતાથી ચલાવી શકાય અને કેદીથી અપીલ થઈ શકે તેવી રીતે ત્રણ માસ કરતાં ઉપરાંત સજા કરવી નહી તેવા ઈરાદાથી તોહોમતનામામાં નહી લખવાની તેને છુટ મળતી નથી. રાણી વિ૦ અબદુલ કરીમ; રાણી વિ૦ ગુલામમહમદ, ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૧૮; ૩ ક. લો. રી. ૮૧.

(મેસર્સ એનસ્લી અને બ્રાઉટન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુલાઈ સને ૧૮૭૮).

૨૫ સંક્ષેપમાં ઈનસાફ—દંડ—દંડ ન હીં આપ્યા બદલ કેદ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો, ૩૨, ૩૩, ૨૬૨—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૬૭—સને ૧૮૮૨ નો આકટ ૮ મો—જે કેસોમાં દંડ વસુલ કરવાના પ્રોસેસ તરીકે આસાન કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હોય તે કેસોમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૨ જેમાં સંક્ષેપની રજુઆતને માટે કેદની મુદત બાંધેલી છે તે લાગુ પડતી નથી, કારણ કે તે કલમ ફકત કેદની મુખ્ય સજાને લાગુ પડે છે. રાણી વિ૦ અસધર, ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૧૧.

(મી૦ ટીરલ જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૮૩).

૨૬ સંક્ષેપમાં ઇનસાફ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૨ (અ), ૨૬૨—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૭૩—એકાંત કેદ - સંક્ષેપમાં ઇનસાફ કરેલા કેસમાં સજા તરીકે એકાંત કેદ ઠરાવવી તે કાયદા વિરૂદ્ધ નથી. રાણી વિ૦ અનુખાન, ઈ૦ લો૦ રી૦ ૬ અ. ૮૩.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૧૧ મી સપ્ટેંબર સને ૧૮૮૭ .

૨૭ સંક્ષેપમાં ઈનસાફ—માજીસ્ટ્રેટની હકુમત—સાપ્રાધ પ્રવેશ—બીગાડ, સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૭—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૬૦—માજીસ્ટ્રેટથી તજવીજ ચલાવી શકાય નહીં તેનો શુદ્ધબુદ્ધિથી હક વિષેનો દાવો થયા શિવાય સાપ્રાધ પ્રવેશ અને બીગાડને માટે કોઇપણ માણસનો સંક્ષેપમાં ઈનસાફ થઇ શકે છે. શાકરમહમદ વિ૦ ચંદર મોહનશા (૨૧ વિ૦ રી૦ ક્રી૦ ૩૮)નો કેસ મંજુર રાખવામાં આવ્યો નહીં ગમીરૂલા હ સરકાર વિ૦ અબદુલ શેખ ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૪૦૮.

(મેસર્સ પ્રિન્સેપ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪).

શાકરમહમદ વિ૦ ચંદર મોહનશાહ, નો કેસ મંજુર રાખવામાં આવતો નથી. ૨૧ વિ૦ રી૦ ૩૮. જુઓ બીગાડ ૧૩.

સોનાઈ સરદાર વિ૦ બખતર સરદારના કેસને લાગુ પડે છે. ૨૫ વિ૦ રી૦ ૪૬. જુઓ બીગાડ ૧૫.

ઈસરચંદર મંડળ વિ. રોહીમશેખ, ૨૫ વિ. રી. ૬૫. જુઓ સંક્ષેપમાં તપાસ ૧૯.

૨૮ સંક્ષેપમાં ઈનસાફ-ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનો ચારજ હોય તેવા ડેપ્યુટી માજીસ્ટ્રેટનો અધિકાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૭૯, ૪૧૭—અધીકાર મળે તેવા વિચારથી તોહોમતો જુદા પાડવાં તે—ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટનો ચારજ સોંપવામાં આવ્યો હોય તેવા ડેપ્યુટી માજીસ્ટ્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ મુજબ ચાલવાનો અધીકાર મળતો નથી. કોઈ તોહોમતદાર ઉપર બે ગુન્હાઓનું તોહોમત રાખવામાં આવ્યું હોય તેમાં એક ગુન્હાની રજુઆત સંક્ષેપમાં થઈ શકે તેવુ હોય અને બીજાની રજુઆત તે પ્રમાણે ચલાવી શકાય નહી તેવું હોય તો માજીસ્ટ્રેટ તે ગુન્હાની દરકાર રાખ્યા સિવાય બંને ગુન્હાઓની રજુઆત સંક્ષેપમાં ચલાવી શકે નહી. રામનંદ માહટન વિ. કોયલાશ માહટન, ઈ. લો. રી. ૧૧ ક. ૨૩૬.

(મેસર્સ ફીલ્ડ અને બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૩ માર્ચ સને ૧૮૮૫).

૨૯ સંક્ષેપમાં ઈનસાફ—પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ—અપીલ થઈ શકે નહી તેવા કેસોમાં ગુન્હેગાર ઠરાવવું તે—તપાસનારી કોર્ટ તરીકે હાઇ કોર્ટ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૭૦, ૪૩૭—હાઈ કોર્ટમાં અપીલ થઈ શકે નહી તેવા દરેક કેસમાં પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટે કેદીને ગુન્હેગાર ઠરાવવાના પોતાના કારણો બતાવવા જોઈ

એ, કે જે ઉપરથી ગુન્હાને મજબુતી મળી શકે તેવાં અગત્યનાં કારણો છે કે નહી એ વિશે હાઈ કોર્ટ વિચાર કરી શકે કોઈ કેસમાં તોહોમતદાર ઉપર ચોરીનું તોહોમત રાખી તેને ૭ માસની સખત મજુરી સાથે સજા કરેલી તેમાં માજીસ્ત્રેટે લખી લીધેલી પુરાવાની નોટ ઉપરથી તેને કાયદેસર રીતે ગુન્હેગાર ઠરાવી શકાય તેવા પુરતા અગત્યના કારણો માલમ પડયાં નહી, તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૦ ના કલોઝ (આઈ) મુજબ ગુન્હેગાર ઠરાવવાના કારણો પણ માજીસ્ત્રેટે બતાવ્યાં નોહોતાં, તેવા કેસમાં તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટે એમ ઠરાવ્યુ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ માં ગમે તે બતાવેલુ છે તો પણ ગુન્હો અને સજા રદ કરવી જોઇએ. યાકુબ વિ. આદમસન, ઈ. લો. રી. ૧૩ ક. ૨૭૨.

(મેસર્સ પ્રીનસેપ અને બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૪ થી અગષ્ટ સને ૧૮૮૬).

રાણી વિ૦ પંજાબસીંગના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૫૭૯. જુઓ ગુન્હેગાર ઠરાવવાના કારણો ૧.

જુઓ તોહોમત ૩૫.
,, અપમાન કોર્ટના હુકમનું ૧૨.
,, ઈનકમ ટેક્ષ ૧.
,, અફીણ ૧૩.
,, સજા ૫૫.
,, વારંટ કમીટ કરવાનુ.

સંક્ષેપમાં ઈનસાફ કરવાની પદ્ધતિ—

સક્ષેપમાં ઈનસાફ કરવાની પદ્ધતિ—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૦ (કલોઝ આઇ)—ગુન્હેગાર ઠરાવવાનાં કારણો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૦ (કલોઝ આઇ) નો અર્થ એવો થાય છે કે જે કેસમાં બસો રૂપીઆ દંડ અથવા મુખ્ય સજા તરીકે કેદની સજા થઈ શકે તેવા ભારે ગુન્હામાં અપરાધી ઠરાવવાના કારણો લખવાને માજીસ્ત્રેટ બંધાએલો છે કે જેથી કરીને પક્ષકાર હાઈ કોર્ટમાં કેસ લાવી શકે; પણ જેમાં ફક્ત થોડો દંડ ઠરાવી શકાય તેવા નાના કેસોમાં માજીસ્ત્રેટે પોતાના ઠરાવના કારણો ટુંકામાં લખવાં જોઈએ. કોઇ કેસમાં દસ રૂપીઆ દંડ ઠરાવ્યો હોય અને તે ના આપે તો કેદની સજા કરી હોય તો તે કેસમાં ઉપલી કલમના અર્થ મુજબ કેદની સજા થએલી ગણાતી નથી મોતીરામ વિ૦ બેલાસીરામ, ઈ. લો. રી. ૧૪ ક. ૧૭૪.

(મેસર્સ સર. ડબલ્યુ. કોમર પેથેરામ નાઈટ ચીફ જસ્ટીસ અને બીવરલી જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ડીસંબર ૧૮૮૬).

હ

હક જવાબ આપવાનો—

૧ હક જવાબ આપવાનો—રીવાજ—એક જ તોહોમતનામામાં બે કેદીઓ ઉપર જુદા, જુદા ગુન્હાઓનું તોહોમત રાખવામાં આવ્યુ હોય અને એક કેદીના તરફ પુરાવો લીધો હોય તો સરકારને બીજા કેદી તરફથી જવાબ આપવાનો હક મળતો નથી. રાણી વિ. શેક આબાસ અને મોનીરૂદીન ૨ હાઈડસ રીપોર્ટ ૨૪૭

(મી૦ મેકફરસન જડજની રૂબરૂ, સને ૧૮૬૪).

૨ હક જવાબ આપવાનો—કેદી તરફના સાહેદીઓ નહીં લીધેલા તે—ફરીઆદી તરફનો જવાબ— સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૯, ૨૯૨—ફરીઆદી તરફનો પુરાવો લેઈ લીધા પછી જડજે પુછેલા સવાલના જવાબમાં કેદીના વકીલે કહ્યુ કે તેનો ઈરાદો સાહેદીઓને બોલાવવાનો છે. કોર્ટ પછી ઉઠી ગઈ, અને બીજે દિવસે વકીલે એવુ જાહેર કર્યું કે વિચાર કર્યાથી સાહેદીઓ બોલાવવા બંધ રાખવાની

તેની મરજી છે. જડજે ફરીઆદીનો જવાબ લીધો. એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૮૯ અને ૨૯૨નો ખરો અર્થ કરતાં જો કે એવી રીતનો અધીકાર મળે છે તો પણ કેદી તરફના કોઇ પણ સાહેદીને બોલાવવામાં ના આવ્યો હોય તો ફરીઆદીનો જવાબ લેવો જોઈએ એવો કાયદા બાંધનારાઓએ કદી અર્થ કર્યો નોહો તો; કારણ કે સ્પષ્ટ રીતે કાયદાની મતલબ એવી છે કે એક બાજુએ આપેલા પુરાવા ઉપર બીજી બાજુને ટીકા કરવા દેવી જોઈએ પણ હાલના ચાલતા કેસની માફક વધારે ફાયદો ફરીઆદીને આપવો જોઇએ નહીં. રાણી વિ૦ હરીચરન ચકરબત્તી ઈ૦ લો૦ રી૦ ૧૯ ક. ૧૪૦.

(મેસર્સ પ્રિન્સેપ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી અગષ્ટ સને ૧૮૮૩).

હક બચાવમાં જવાબ આપવાનો—

જુઓ સાપાધ પ્રવેશ ૧૧.
,, માંડી વાળવું ફરીઆદનું ૧૮.
,, હુમલો સરકારી નોકર ઉપર.
,, જ્યુરી ૬૦.
,, ખુન ૨૧, ૫૬, ૬૦, ૬૮, ૭૬,
,, જવાબ ગુન્હો કબુલાતનો ૪.
,, ખાનગી બચાવ.

હક તોહોમતદારનો પોતાના શાહેદીઓ લેવરાવવાનો—

કેદી તરફના શાહેદીઓ ૧, ૫, ૧૦, ૧૩, ૧૬, ૨૦, ૨૩, ૨૭, ૨૯.

હક જવા આવવાના રસ્તાનો—

જુઓ મામલતદાર ૨.
,, કબજો ૧, ૫, ૮, ૪૭, ૧૧૪, ૧૨૬, ૧૩૪.
,, લોકોપકારક કૃત્ય ૩૨, ૮૨, ૯૧, ૯૫.

હકીકત અને કબુલાત—

હકીકત અને કબુલાત-લખી લેવાને માજીસ્ટ્રેટનો અધીકાર—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૨૨—જે માણસે માજીસ્ટ્રેટની રૂબરૂ શાહેદી તરીકે જુબાની આપી હોય તે માણસની જુબાની અને તોહોમતદારની કબુલાત લખી લેવાનો માજીસ્ટ્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડ (સને ૧૮૭૨ નો ૧૦ મો) ની કલમ ૧૨૨ મુજબ અધીકાર છે. રાણી વિ૦ માલકા, ઈ૦ લો૦ રી૦ ૨ મું. ૬૪૩.

મેસર્સ કેમબેલ અને પીન્હે જડજોની રૂબરૂ, તા૦ ૪ થી જુલાઈ સને ૧૮૭૮).

હકીકત પોલીસના રૂબરૂ કહેલી તે—

હકીકત પોલીસની રૂબરૂ કહેલી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૧૯—સને ૧૮૭૨ નો ૧ લો પુરાવાનો કલમો ૧૫૫, ૯૧, ૧૫૯—તપાસ ચાલતી વખતે પોલીસ અમલદારની રૂબરૂ કહેલી હકીકત લખી લેવાની ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૧૯ મુજબ કાંઈ જરૂર નથી, કારણ કે ઉપલી કલમ અથવા પુરાવાના આકટની કલમ ૯૧ મુજબ આવી રીતની હકીકત વિષેના મ્હોંના પુરાવા કામમાં દાખલ થઈ શકતા નથી. ખરેખરી રીતે જો હકીકત લખી લેવામાં આવી હોય તો એવી રીતનું લખાણ કામના દફતરમાંનો કાંઈપણ ભાગ ગણાતો નથી અથવા તે પુરાવામાં પણ લેઈ શકાતો નથી પણ પુરાવાના આકટની કલમ ૧૫૯ મુજબ યાદદાસ્ત તાજી કરવાને માટે તે કામમાં લેઈ શકાય છે. તેથી કરીને જે માણસે એવી હકીકત બતાવી હોય તેને તે વિષે વાજબી રીતે સવાલો પુછી શકાય છે; અને તેની આબરૂને બટો લગાડવાને માટે પોલીસ અમલદાર પોતે અથવા બીજો કોઈ માણસ જેના સાંભળતાં એવી રીતની હકીકત કહી હોય તેની જુબાની પુરાવાના આકટની કલમ ૧૫૫ મુજબ.તે મુદ્દા ઉપર લેઇ શક

૫ છે. રાણી વિ૦ ઉતમચંદ કપુરચંદ, ૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૧૨૦.

(મેસર્સ નાનાભાઈ હરીદાસ અને લાર પંટ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જુન સને ૧૮૭૪)

કાલીચરન ચુનારીની બાબતથી જુદો અભીપ્રાય લેવામાં આવ્યો. ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૧૫૪; ૧૦ ક. લો૦ રી૦ ૫૧. જુઓ પુરાવો ૫૯.

હકીકત જડજની છેવટની

હકીકત જડજની છેવટની-ફરીથી તપાસમાં લેઈ શકાય નહીં તેવો કાયદાનો મુદ્દો ફેરવવાની જડજે ના પાડેલી તે—એડવોકેટ જનરલનું સરટીફીકટ-બની શકે નહીં તેવા ઉપાયોથી ખુનમાં મદદગારી કરેલી તે-જાદુ-પ્રીવી કાઉન્સીલ-અપીલ કરવાની પરવાનગી-હાઈ કોર્ટના ચારટરના ૨૫ મા કલોઝ અથવા ૨૬ મા કલોઝ મુજબ એડવોકેટ જનરલે આપેલા સરટીફીકેટ મુજબ કેસ રાખી મુકવાથી ફોજદારી કેસમાં ઉપરી તરીકે જડજે બનાવેલી હકીકત રજુઆતમાં શો ઠરાવ થયો તે વિષેની છેવટની હકીકત ગણાય છે. તે હકીકતનો તફાવત બતાવવાને માટે, તે વખતે હાજર હોય તે માણસોએ અથવા જ્યુરરોએ કરેલી આફીડેવીટો અથવા કાઉનસલે લીધેલી નોટ પુરાવામાં લેઇ શકાતી નથી. કોઇ કાયદાના સવાલ વિષે હાઈ કોર્ટનો મત માગવો કે નહીં એ જે જડજ ફોજદારી રજુઆત ચલાવે છે તેની મરજી ઉપર છે, અને લેટર્સ પેટન્ટ આકટના કલોઝ ૨૬ મુજબ તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટ આવી રીતનો મરજી મુજબ અધીકાર ફરીથી ધ્યાનમાં લેઈ શકે નહીં. જડજે ખોટું સમજાવ્યું હોય તો લેટર્સ પેટન્ટ આકટના કલોઝ ૨૬ મુજબ એડવોકેટ જનરલે સરટીફીકટ આપવું જોઇએ એવી બાબત તે ગણાતી નથી. જડજે જ્યુરીને ખોટું સમજાવ્યું છે કે નહીં એ બાબતનો વીચાર કરતી વખતે એકંદર કરેલા આખા કેસનો પરીણામ ધ્યાનમાં લેવો જોઈએ અને તેવી રીતે ધ્યાનમાં લેતા એકંદર કરી વ્યાજબી રીતે જ્યુરીને સમજાવવામાં આવ્યો છે એવું કોર્ટને લાગે તો જો કે કેટલીક મુદ્દાની બાબતો જ્યુરીને સમજાવવી રહી ગઈ હોય તોપણ હાઇ કોર્ટ દરમીઆન થઈ શકતી નથી. જાદુથી અથવા બીજા કોઇ અશકય સાધનોથી ખુનમાં મદદ કરવી તે પીનલકોડ મુજબ ગુન્હો ગણાય છે રીવાજ, હકુમત અથવા કાયદા સંબંધી કાંઈ અગત્યનો સવાલ આવી ગયા શિવાય ફોજદારી કેસોમાં પ્રિવી કાઉન્સીલને અપીલ કરવાની પરવાનગી હાઇ કોર્ટ આપી શકતી નથી. આવા કેસોમાં અપીલ કરવાની પરવાનગી આપતી વખતે કોર્ટે શી રીતે ચાલવું તે ઉપર વિચાર કરવામાં આવ્યો, અને આવી રીતે પરવાનગી આપવામાં કેટલાક દાખલાઓ બતાવવામાં આવ્યા. રાણી વિ૦ પેસતનજી દીનશા. ૧૦ મું. હા. કો. રી ૭૫.

(મેસર્સ વેસ્ટ્રોપ, ગીબ્સ, સારજંટ, બેલી, અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી મે સને ૧૮૭૩).

નિચેના કેસો ઉપર નજર રાખવામાં આવે છે:—

ઈલાહીબક્ષ અપેલેન્ટ, ૫ વિ. રી. ૮૦; બેં. લો. રી વા. ૪૫૯. જુઓ સોબતી ગુન્હામાં ૫.

રાણી વિ૦ નવાબ જાન, ૮ વિ૦ રી૦ ૧૯. જુઓ જ્યુરી ૩૩,

રાણી વિ૦ દયાલ જૈરાજ, ૩ મું૦ હા. કો. રી. ૨૦. જુઓ જ્યુરી ૨૧.

રાણી વિ૦ આપા સુભન મંડરે, ઈ. લો. રી. ૮ મું. ૨૦૦. જુઓ તોહોમત ૪૧.

રાણી વિ૦ શીબ ચંદર મીતરના કેસમાં નજર રાખવામાં આવી. ઈ. લો. રી. ૧૦ ક. ૧૦૭૯ જુઓ જ્યુરી ૧૦૭.

હકીકત પોલીસના કબજામાં હોય તે વખતે બતાવેલી તે—

હકીકત પોલીસના કબજામાં હોય તે વખતે બતાવેલી તે—પુરાવાનો સને ૧૮૭૨

નો ૧ લો કલમ ૨૭—કોઈ ગુન્હાને માટે તોહોમત રાખવામાં આવેલા કોઈપણ માણસે પોલીસના કબજામાં હોય તે વખતે કાંઈ હકીકત બતાવી હોય અને તેની સાથે મીલકત મળી આવવા વિષેની કાંઇ પણ હકીકત નો સબંધ હોય તો તે પુરાવાના આકટની કલમ ૨૭ મુજબ પુરાવામાં લેઇ શકાય છે. જે હકીકત ઉપરથી તરતજ મીલકત જડી આવે તેવું હોય તો મીલકત જડી આવવા સબંધીની હકીકત બ્યાજબી રીતે પુરાવામાં લેઇ શકાય છે. મળી આવેલી હકીકત ગમે તે પ્રકારની હોય તો પણ તે સઘળા કેસોને લાગુ પડે છે, અને તે હકીકત અને માલમ પડેલી મીલકત વચ્ચે એવી પ્રકારનો સબંધ હોવો જોઇએ કે તેના ઉપરથી મીલકત માલમ પડે અને તે હકીકત કામના પુરાવામાં લેઇ શકાય તેવી રીતની ખબર મળવી જોઈએ; અને મીલકત માલમ પડે નહીં તેવી પુરાવામાં મળી આવેલી બીજી રીતની હકીકત કામમાં દાખલ કરી શકાતી નથી. તેથીકરીને ગોઠવણી કરવામાં આવી હતી એવું કોઈ સાહેદીએ પોતાની જુબાનીમાં લખાવ્યું હોય તો તે ગોઠવણી તેના ધારવા પ્રમાણે ખરી હતી એવું બતાવ્યા શીવાય તે પુરાવામાં લેવાને પુરતું કારણ મળી આવતું નથી. રાણી વિ૦ જોરા હાસજી વિગેરે, ૧૧ મું૦ હા૦ કો૦ રી૦ ૪૨.

(મેસર્સ વેસ્ટ અને પીન્હે જડજોની રૂબરૂ; તા૦ ૩ ડીસેંબર સને ૧૮૭૧).

રાણી વિ૦ રામા બીરપાના કેસમાં આધાર રાખવામાં આવ્યો, જુઓ કબુલાત ૨૦.

રાણી વિરૂદ્ધ ડાબીપ્રસાદના કેસ ઉપર નજર રાખવામાં આવી, ૭ ક૦ લો૦ રી૦ ૪૫૧; ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૫૩૦. જુઓ સ્વીકારવું તે ૯૩.

રાણી વિ૦ પનચનના કેસ ઉપર નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૪ અ૦ ૧૯૮. જુઓ કબુલાત ૩.

હકીકત (જુબાની) તોહોમતદારની—

હકીકત તોહોમતદારની—પુરાવો—પોલીસ કોનસ્ટેબલ અથવા માજીસ્ત્રેટને આપેલા જવાબો—હકુમત—લેટર્સ પેટન્ટ આકટની કલમ ૨૯—સને ૧૮૬૨ ના આકટ ૧૮ માની કલમ ૪૧—ઈનસાફની રાહે આપેલી નોટીસ—દેણદારને પકડવું તે—ग નામના માણસે બંગાળાની બેકમાં ખોટા શેરો કરી પ્રોમીસરી નોટ રજુ કર્યાથી તેને પકડવામાં આવ્યો હતો. न નામનો માણસ ग ને ઓળખતો હતો એવું પોલીસ કોનસ્ટેબલે તેને પુછવાથી તેણે જવાબ આપ્યો કે સાધારણ માણસ તરીકે તે તેને ઓળખતો હતો પછીથી પોલીસ કોનસ્ટેબલે નોટ વિષે તે કાંઈ જાણતો હતો એવું પુછયું હતું. न એ જવાબ આપ્યો કે તે કાંઇ જાણતો નથી. न ને કાંઈ પણ ધમકી, બીક અથવા ચેતવણી આપવામાં આવી નોહોતી. એમ ઠરાવવામાં આવ્યુ કે પોલીસ કોનસ્ટેબલના પુછેલા સવાલના જવાબો न એ આપ્યા હતા તે પુરાવામાં લેઈ શકાય છે. न ને પછીથી ग નામના સીરામપુરના ડેપ્યુટી માજીસ્ત્રેટની કોર્ટમાં લાવવામાં આવ્યો હતો, જેણે તેની જુબાની લીધા પેહેલાં એવી ખબર આપી હતી કે ચોરીની પ્રોમીસરી નોટ રાખ્યાનું તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યું છે માટે તેને કાંઈ કહેવુંછે એવું પુછયું હતું. न એ હા કહેવાથી માજીસ્ત્રેટે તેને કાંઈપણ ચેતવણી આપ્યા શીવાય, કેવી રીતે નોટ તેને મળી હતી એ અને બીજા સવાલો તેને પુછયા હતા અને તેના જવાબો લખી લેવામાં આવ્યા હતા. न ને ફરીથી બોલાવી પુછયું હતું કે બેંકમાં લેઇ જવાને નોટ ग ને આપી હતી તે રજુ થએલી નોટ હતી કે બીજી કોઈ નોટ હતી. ડેપ્યુટી માજીસ્ત્રેટે न ને કહ્યું હતું કે આ સવાલનો જવાબ આપવાને બંધાએલો નથી; પણ તે જવાબ આપશે તો લખી લેવામાં આવશે, અને જવાબ આપવાને વાંધો ઉઠાવશે તો તે પણ લખી લેવામાં આવશે. ડેપ્યુટી માજી

સ્રેટે **ન** નો કેસ હાઇ કોર્ટમાં કમીટ કર્યો હતો. રજુઆત ચલાવ્યાથી એમ ઠરાવવામાં આવ્યું કે બંગાળાના જસ્ટીસ ઓફ ધ પીસ અથવા માજીસ્રેટ તરીકે ડેપ્યુટી માજીસ્રેટે પુછેલા સવાલોના જવાબો કામના પુરાવામાં લેઈ શકાય છે. તોહોમત રાખવાને અધીકાર હોય એવા કોઈ માણસે તોહોમત મુકયું હોય તો તેને માટે કેદી ઉપર કામ ચલાવવાનો હાઈ કોર્ટને અધીકાર હતો, અને “ ગુન્હો કર્યો નથી ” એવી તકરાર કેદીએ બતાવી હોય તો તેથી કરીને તોહોમત મોકલી દેવાનો તે અમલદારને અધીકાર મળતો નથી. સાધારણ મુદ્દાની તકરાર બતાવતાં પેહેલાં અધીકાર નથી એ વિષે વાંધો લેવો જોઈએ. કલકતામાં થયેલા કોઈ પણ ફોજદારી ગુન્હાની તપાસ અથવા રજુઆત પ્રગણાની કોર્ટ જેને બીજી રીતે અધીકાર મળેલો છે તેવી કોર્ટમાં મોકલવાનો હક બજાવવાને અથવા પ્રગણામાં બનેલા ગુન્હાની રજુઆત હાઈ કોર્ટમાં કરવાને તે કોર્ટ ધારે તો તેને લેટર્સ પેટન્ટ આકટની કલમ ૨૯ મુજબ અધીકાર છે. “ તપાસ ચલાવી શકે તેવી ” એ શબ્દોની અંદર સ્થાનીક હકુમતના સબંધમાં અધીકારવાળી કોર્ટ એનો સમાવેશ થતો નથી પણ તેમાં કઈ જાતનો ગુન્હો સજા અને ગુન્હેગારના સબંધમાં ફકત અધીકાર હોય તેવી કોર્ટ એ શબ્દોનો સમાવેશ થાય છે. **ન** ઉપર રાખેલા તોહોમતની પ્રથમની તપાસ કરવાને હાઇ કોર્ટ ડેપ્યુટી માજીસ્રેટને હુકમ કરી શકે છે પણ પુરાવો અથવા તોહોમત ઉપરથી એવું કાંઈ સાબેત થયું નોહોતું કે.તે કોર્ટે એવી રીતનો હુકમ કર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૮ ની કલમ ૪૧ મુજબ જ્યુરીને સોગન આપતાં પેહેલાં વાંધો ઉઠાવવો જોઈતો હતો. હાઈ કોર્ટ ઊંચા દરજ્જાની અધીકારવાળી કોર્ટ હોવાથી હકુમત નથી એ કાંઈ અનુમાન કરવાનું નથી પણ તેથી ઉલટું ધારવાનું છે, ડેપ્યુટી માજીસ્રેટ (ર) બંગાળાનો જસ્ટીસ ઓફ ધ પીસ હતો એ બાબતની ઈનસાફની રાહે નોટીસ લેવાને હાઇ કોર્ટ બંધાએલી હતી. રાણી વિ૦ નબાડ વીપચંદ્ર ગોસ્વામી, ૧૫ વિ રી. ૭૧ **ન**; ૧ બેં૦ લો૦.રી૦ ક્રી૦ અ૦ ૧૫.

(મેસર્સ પીકોક ચીફ જસ્ટીસ, નોરમન અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૭ અને ૮ મી એપ્રીલ સને ૧૮૬૮).

રાણી વિ૦ અમીરખાનના કેસમાં નજર રાખવામાં આવી, ૭ બેં૦ લો૦ રી૦ ક્રી૦ ૨૪૦; ૧૫ વિ. રી. ૬૯. જુઓ બીજી જગાએ કેસ મોકલવો તે ૯.

૨ હકીકત તોહોમતદારની—મજબુતી મળી શકે તેવો પુરાવો—તોહોમતદારની જુબાનીઓ ફકત આપનાર પક્ષકારની વિરૂદ્ધ ફક્ત પુરાવામાં લેઈ શકાય છે, પણ બીજાઓની સામે મજબુતી મળે તેવી રીતે પુરાવામાં લેઈ શકાતી નથી. રાણી વિ૦ હરગોવીંદ, ૨ વા. દી. પ્રાં ૩૩૬.

(મીં૦ ટર્નબલ જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી અગષ્ટ સને ૧૮૭૦).

જુઓ રાણી વિ૦ કાલીચરન લાહાર વિગેરે, ૬ વિ. રી. ૮૪. જુઓ કબુલાત ૧

જુઓ રાણી વિ૦ બસીરૂદી વિગેરે, ૮ વિ. રી. ૩૫. જુઓ કબુલાત ૨.

હકીકત માજીસ્રેટે લખી લીધેલી

હકીકત માજીસ્રેટે લખી લીધેલી—પુરાવો—ઈનસાફી મુકરદમો—જુઠી જુબાની આપવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૯૧ અને ૧૯૨—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૪—કેસની પ્રથમની તપાસ કરવાનો થર્ડ કલાસ માજીસ્રેટને અધીકાર નહીં હોવાથી તે માજીસ્રેટે સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૪ મુજબ જુબાની લખી લીધી હોય તો તે પીનલકોડની કલમો ૧૯૧ અને ૧૯૩ ના અર્થ મુજબ ઈનસાફી મુકરદમાના ભાગમાં એવી રીતની જુબાની ગ

જણાતી નથી કે જે પછીથી પ્રથમની તપાસ કરી શકે તેવા અધીકારવાળા માજીસ્ટ્રેટની રૂબરૂ લીધેલી જુબાનીથી વિરૂદ્ધ પડતી હોય તો, તેના ઉપરથી ઈનસાફી મુકરદમામાં ખોટી પ્રતીજ્ઞા કરવાનું એમાંથી એક બાબત ઉપરથી તોહોમત રાખી શકાય. રાણી વિ૦ ભરમા બીન નીંગાપા, ઈં૦ લો૦ રી૦ ૧૧ મું ૭૦૨.

(મેસર્સ સર ચાર્લસ સારજંટ નાઈટ ચીફ જસ્ટીસ, વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી ડીસેંબર સને ૧૮૮૬).

હકીકત કલમ ૧૬૨ મુજબ પોલીસ અમલદારે લીધેલી તે—

હકીકત કલમ ૧૬૨ મુજબ પોલીસ અમલદારે લીધેલી તે—સને ૧૮૮૨ નો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૬૨—પુરાવો-પુરાવાનો સને ૧૮૭૨ નો ૧ લો કલમો ૧૫૫ અને ૧૫૭—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૨ મુજબ લીધેલી જુબાની તોહોમતદાર તરફથી પુરાવામાં લેઇ શકાતી નથી. પણ જો કે તે પુરાવામાં લેઈ શકાતી નથી તોપણ જે પોલીસ અમલદારે તે લીધી હોય તે અમલદાર પોતાની યાદદાસ્ત તાજી કરવાને માટે પુરાવાના આક્ટની કલમ ૧૫૯ મુજબ કામમાં લેઈ શકે છે. અને જે પક્ષકારની વિરૂદ્ધ તેવી રીતે જુબાની આપવામાં આવી હોય તે પક્ષકાર એવી રીતે આપેલી જુબાનીની ઉલટ સુલટ તપાસ કરી શકે છે. જુબાની આપનાર માણસને પણ તે વિષે સવાલો પુછી શકાયછે, અને તેની શાખને બટો લગાડવાના વિચારથી પોલીસ અમલદાર અથવા બીજા કોઈ માણસની જેની રૂબરૂ તે જુબાની લેવામાં આવી હોય તે માણસની તે મુદ્દા ઉપર પુરાવાના આક્ટની કલમ ૧૫૫ મુજબ જુબાની લેઈ શકાય છે. રાણી વિ૦ ઉતમચંદના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો. રાણી વિ૦ સીતારામ વીઠલ, ઈં૦ લો૦ રી૦ ૧૧ મું૦ ૬૫૭.

[મેસર્સ વેસ્ટ અને બર્ડવુડ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૮૭].

હકુમત—

૧ હકુમત—એલેરી ટાપુની સેસન કોર્ટ—સુંદરપુરના જાગીરદાર અથવા રાજાની પ્રજા—રામનદુગ ગામના લોકો ઉપર તે ગામના મેદાનમાં બનેલા ગુન્હાઓની તજવીજ એલેરીની સેસન કોર્ટ પીનલકોડ મુજબ કરી શકતી નથી. રામનદુગ તે સુંદરપુરનો ભાગ ગણાય છે અને ત્યાંનો રાજા રજવાડાની પાદ્ધતિમાં ગણાય છે. સુંદરપુરના મરનાર રાજા અને મદ્રાસ સરકાર વચ્ચે થએલી સંધીમાં નીચે મુજબ સરતો હતીઃ—યુરોપીયન લોકો, ઉપર બતાવેલા ટાપુમાં પોતાના ઘરો બાંધી રહે છે તેથી નોકરો, વેહેપારીઓ, ખાનગી માણસો અને બીજા ઘણાઓને ત્યાં રેહેવાનું થશે માટે સુલેહ રાખવાનો પોલીસ, માજીસ્ટ્રેટનું કામ અને લોકો જે કાંઇ ગુન્હા કરે (જેવા કે, જોરજુલમ, ચોરી અને બીજા નાના ગુન્હાઓ) તેને માટે તપાસ કરી સજા કરવી તે કંપની સરકારને મેં સોંપી દીધું છે." એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતની સંધીથી એલેરીની સેસન કોર્ટને અધીકાર મળતો નથી, પણ અમુક વર્ગના લોકો જેવા કે યુરોપીઅનો તેમના ચાકરો અને બીજા રેહેવાશીઓની બાબતમાં ખાસ ફોજદારી હકુમત આપી દેવામાં આવે છે પણ તેથીક રીતે રાજાની પ્રજા ઉપર કાંઇ સત્તા મળતી નથી, અને આવી રીતના માણસોએ કરેલા ગુન્હાઓની રજુઆત અને સજાને માટે યોગ્ય લાગે તેવો બંદોબસ્ત કરવાને સરકાર બંધાએલી નથી. રાણી વિરૂદ્ધ વેનકન, ૩ મ૦ હા૦ કો૦ રી૦ ૩૫૪.

(મેસર્સ સ્કોટલાંડ ચીફ જસ્ટીસ, હોલોવે, અને કોલેટ જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી અગષ્ટ સને ૧૮૬૭).

૨ હકુમત—તાબાનો માજીસ્ટ્રેટ—સને ૧૮૫૭ નો ૩ જો કલમ ૧૩—સને ૧૮૬૨ ના આક્ટ ૧૭ ની રદ થઈ ગએલી કલમથી

સને ૧૮૫૭ ના આકટ ૩ જા ની કલમ ૧૩ મુજબ તાબાના માજીસ્રેટના અધીકારને કાંઈ અસર થતી નથી. રાણી વિ૦ મીર સાહેબ કાસમીઆ, ૧ મું. હા. કો. રી. ૧૦૦.

(મેસર્સ વેસ્ટ્રોપ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી નવંબર સને ૧૮૬૩).

૩ હકુમત—સેસન જડજ—અપીલમાં સેસન જડજે કરેલી સજા—સેસન જડજ માજીસ્રેટના ઠરાવ ઉપર થયેલી અપીલમાં દંડને બદલે માજીસ્રેટ કરી શકે તેના કરતાં વધારે મુદતની સજા કરી શકતો નથી. રાણી વિ૦ હરીબીન વીઘોજી. ૧ મું. હા. કો. રી. ૧૩૯.

(મેસર્સ ફોરબસ અને કાઉચ જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી ૧૮૬૪.)

૪ હકુમત—જોઈન્ટ જડજ—ગવરનર જનરલની કબુલાત—સને ૧૮૪૫ નો આકટ ૨૯ મો—મંજુરી સને ૧૮૪૫ ના આકટ ૨૯ ની કલમ ૫ મુજબ જોઇન્ટ જડજની નીમનોક કરતાં પેહેલાં સરકારની કબુલાત લેવી જોઈએ તે નીમનોક કરતાં પેહેલાં લેવી જોઈએ. પછીથી લીધેલી મંજુરીનો નિયમ ફોજદારી કેસમાં લાગુ પડતો નથી. રાણી વિ૦ રામ બીન ગોપાલ, ૧ મું. હા૦ કો૦ રી૦ ૧૦૭.

(મેસર્સ સોરી ચીફ જસ્ટીસ, વેસ્ટ્રોપ અને ટકર જડજોની રૂબરૂ, તા૦ ૨૦ મી જાનેવારી સને ૧૮૬૪).

રાણી વિ૦ એ. મોરટન અને મુરતીઝા અલીના કેસમાં નજર રાખવામાં આવી. ઈં૦ લો૦ રી૦ ૯ મું૦ ૨૮૮, જુઓ હકુમત ૪૬.

૫ હકુમત—હાઈ કોર્ટ ચારટર કલમ ૧૩—ખાસ મુળની દીવાની હકુમત—અલહાબાદની સેસન જડજની કોર્ટ ઉપર કલકતાની હાઈ કોર્ટનો અધીકાર નથી, કારણ કે ચારટર આકટની કલમ ૧૩ મુજબ હાઈ કોર્ટના ઉપરીપણા નીચે તે કોર્ટ ગણાતી નથી. ગ્રેટ ઈસ્ટરન હોટેલ કંપની લીમીટેડ વિ૦ ઇન્ડીઆનો સ્ટેટ સેક્રેટરી, ૧ ઈન્ડ જ્યુરી ૨૧૯.

[મી૦ ફીઅર જડજની રૂબરૂ, તા૦ ૨૧ મી મે સને ૧૮૬૬].

૬ હકુમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૨૦—માજીસ્ટ્રેટોને ખાસ ફુલપાવરનો અધીકાર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦ મુજબ આપી શકાય છે, અને કોઈ પણ માજીસ્ટ્રેટે આપેલી મોહમ સતાને તેમાં બતાવેલા કેસોની અંદર કલમ ૬૨ મુજબ બાધ આવે છે. પ્રો. તા૦ ૨૧ મી ફેબ્રુઆરી ૧૮૬૭. ૩ મ. હા. કો. રી. અપે. ૨૩.

૭ હકુમત—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૦૩, ૪૦૬—સાપ્રાધ ખોટો ઉપયોગ કરવો તે—સાપ્રાધ વિશ્વાસ ઘાત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ-નવી રજુઆત—બદદાનતથી મીલકતનો ખોટો ઉપયોગ કરવાને માટે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવેલા કેસમાં તોહોમત પીનલકોડની કલમ ૪૦૬ મુજબ સાપ્રાધ વિશ્વાસઘાતનું મુકવું જોઈએ જેની રજુઆત જે સેકન કલાસ માજીસ્રેટે સજા કરી હતી તેનથી થઈ શકે નહી, એવું કારણ બતાવી ડીસ્ટ્રીકટ માજીસ્રેટે કોઈ કેસમાં અભીપ્રાય માગેલો તે કેસમાં હાઈ કોર્ટે ગુન્હો અને સજા બંને રદ કરી રજુઆત યોગ્ય કોર્ટથી ચલાવવાનો હુકમ કર્યો. રાણી વિ૦ ગનુ વલદે રામચંદ્ર, ૪ મું૦ હા૦ કો૦ રી૦ ૩.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૬૭)

જુઓ રાણી વિ. નાબાજી વલદે વીઠોજી ૪ મ. હા. કો. રી. ૨. જુઓ સજા ૧૧.

૮ હકુમત—સને ૧૮૩૮ નો ૧૯ મો કલમ ૧૩—નોંધવું તે-એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૩૮ ના આકટ ૧૯ ની કલમ ૧૩ મુજબ બનેલા ગુન્હાને માટે અપરાધી ઠરાવવાનો અધીકાર ફુલપાવર માજીસ્રેટને છે. રાણી વિ૦ કાસમજી વલદે હીમનજી મહાસંકર, ૫ મું. હા. કો. રી. ૬

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૬૮.)

૯ હકુમત—તાબાનો માજીસ્ત્રેટ—સને ૧૮૫૫ નો આકટ ૨૨ મો—સને ૧૮૫૫ ના આકટ ૨૨ ની કલમ ૬૨ મુજબ "માજીસ્ત્રેટ" એ શબ્દમાં તાબાનો માજીસ્ત્રેટ આવી જાય છે તેથી કરીને ઉપલા આકટની કલમ ૪૬ મુજબ થયેલા ગુન્હાને માટે વાહાણના માલીકની રજુઆત ચલાવવાનો આવી રીતના માજીસ્ત્રેટને અધીકાર છે. રાણી વિ૦ ટંગાટુકા, ૫ મું. હા. કો. રી ૧૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૩ મી ફેબ્રુઅરી સને ૧૮૬૮).

૧૦ હકુમત—સેસન કોર્ટ—મુકરદમાઓ રદ કરવાનો અધીકાર—ફુલપાવર માજીસ્ત્રેટની રૂબરૂ ચાલેલા મુકરદમાઓ રદ કરવાનો સેસન જડજે કરેલો હુકમ અધીકાર વિનાનો ઠરાવી રદ કરવામાં આવ્યો. સેસન કોર્ટના મુકરદમાઓ વિષે ફુલપાવર માજીસ્ત્રેટે કરેલી ટીકાઓ નામંજુર કરવામાં આવી રાણી વિ૦ ગોવીંદ બીન બાબાજી, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૧૫.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ તા૦ ૧૩ મી ફેબ્રુઆરી સને ૧૮૬૮).

૧૧ હકુમત—પરહદનો મુલક-પદ્ધતિ-કોઈ કેસ ઈંગ્રેજી હદમાં અથવા પરહદમાં થએલો છે એ વિષે શક પડતો હોય તો શાહેદીઓની જુબાનીઓ લેઈ માજીસ્ત્રેટના મતમાં શું આવે છે તે વિષે તજવીજ ચલાવ્યા શીવાય, હકુમતના સવાલનું નિરાકરણ થઈ શકે નહી. મોતીચંદ બાબુ વિ૦ મોહેનદ્રનાથ હાલદાર વિગેરે, ૯ વિ. રી. ૨૯.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૭ મી માર્ચ સને ૧૮૬૮)

૧૨ હકુમત—કાયદા વિરૂદ્ધ હુકમ—સેસન જડજ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૫—પીનલકોડની કલમ ૧૮૨ મુજબ થએલા ગુન્હાને માટે ફુલપાવર માજીસ્ત્રેટે ગુન્હેગાર ઠરાવી (જેની રજુઆત માજીસ્ત્રેટથી થઈ શકે તેવી હતી) કરેલી સજા સેસન જડજે અપીલમાં રદ કરી તોહોમતદાર ઉપર પીનલકોડની કલમ ૨૧૧ મુજબ મુકરદમો ચલાવવાનો હુકમ કર્યો, એવું ધારીને કે ફરીઆદ ઉપરથી તે કલમ મુજબ મુકરદમો ચલાવવાને તે માજીસ્ત્રેટ બંધાએલો હતો. સેસન જડજે ફરીથી મુકરદમો ચલાવવાને ફુલપાવર માજીસ્ત્રેટને હુકમ કરેલો તે હાઈ કોર્ટે ફેરવી નાંખ્યો, કારણ કે આ કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૫ માં આવી જતો નથી, અને આવી રીતનો હુકમ કરવાને જડજને અધીકાર હતો એવું કાંઈ કાયદામાં બતાવેલું નથી. રાણી વિ૦ ગોપાળ લક્ષમન અને બીજો, ૫ મું૦ હા૦ કો૦ રી૦ ૨૫.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી માર્ચ સને ૧૮૬૮].

૧૩ હકુમત—પોર્ટ હારીસનો સને ૧૮૬૬ નો ૧૪ મો—તાબાનો માજીસ્ત્રેટ—પોર્ટ આરીસનો સને ૧૮૬૬ ના આકટ ૧૮ ની કલમ ૪૭ મુજબ થયેલા ગુન્હાને માટે કેદીની રજુઆત ચલાવવાનો તાબાના માજીસ્ત્રેટને અધીકાર નથી. રાણી વિ૦ વીઠુ બીન માલુ, ૫ મું. હા. કો. રી. ૩૬.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ટકર જડજોની રૂબરૂ. તા૦ ૨૦ મી મે સને ૧૮૬૮].

૧૪ હકુમત--સને ૧૮૫૮ નો આકટ ૧ લો કલમ ૬—સને ૧૮૫૮ ના આકટ ૧ લા મુજબ જે ભુલો અથવા કૃત્યો ઉપર માજીસ્ત્રેટને કામ ચલાવવાનો અધીકાર છે તે કૃત્યો પેહેલી કલમમાં આવી જાય છે. ઉપલા આકટની કલમ ૬ મુજબ બનેલા કેસોની તપાસ માજીસ્ત્રેટથી થઈ શકતી નથી. પ્રો૦ તા૦ ૨૩ મી નવેંબર સને ૧૮૬૮. ૪ મ. હા. કો રી. અપે ૨૦.

૧૫ હકુમત--ઈંગ્રેજી પ્રજા--જસ્ટીસ ઓફ ધ પીસ—દંડ નહીં અપાવા બદલ ઠરાવેલી કેદ--માજીસ્ત્રેટ જસ્ટીસ ઓફ ધ પીસ હોય તો પણ પીનલકોડ મુજબ બનેલા ગુન્હા માટે ઈંગ્રેજી પ્રજાની તપાસ કરવાનો તેને અધીકાર નથી. આવી પ્રજાની રજુઆતની બાબતમાં તેની હકુમત ત્રીજા જોર્જ ના ૫૩ મા ચેપટરની કલમ ૧૫૫ અને સને ૧૮૫૩ ના આકટની કલમ ૧૭૫ માં બતાવ્યા પ્રમાણે છે, અને દંડ નહીં આપવા બદલ કેદની સજા કરવાનો આમાંના કોઈપણ આકટ મુજબ તેને અધીકાર નથી. રાણી વિ૦ ડીક્ષન, ૬ મું૦ હા૦ કો૦ રી૦ ૧૪.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૧ એપ્રિલ સને ૧૮૬૯).

૧૬ હકુમત--સને ૧૮૪૯ નો આકટ ૧ લો કલમ ૯—ફીરંગી લોકોનું સંસ્થાન ગોઆમાં કોઇનાનાં વાસણ કલાઈ કરવાનો ધંધો કરનારે સાપ્રાધ વિશ્વાસઘાતનો ગુન્હો કરયો હતો. એવું સાબીત થવાથી તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, પણ માંગલોરના જે જડજે કેસ ચલાવ્યો તેણે સને ૧૮૪૯ ના આકટ ૧ લા ની કલમ ૯ મુજબ કાંઈ પણ લખીત હુકમ કરયો નહોતો. એમ ઠરાવવામાં આવ્યું કે કેસની રજુઆત નવેસરથી થવી જોઈએ. પ્રો. તા૦ ૧૦ મી જાનેવારી સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૧૩.

૧૭ હકુમત—ઈંગ્રેજી પ્રજા—જસ્ટીસ ઓફ ધ પીસ-બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૨૬—કોઈ માજીસ્ત્રેટ જસ્ટીસ ઓફ ધ પીસ હોવાથી પીનલ કોડની કલમ ૪૨૬ મુજબ બીગાડને માટે તોહોદારને ગુન્હેગાર ઠરાવ્યો હતો, તે કેસમાં હાઈ કોર્ટે ગુન્હો અને સજા રદ કરીને તોહોમતદારને ઈનસાફને માટે હાઈ કોર્ટમાં કમીટ કરવાનો હુકમ કર્યો, પણ ફરીઆદીએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૭૧ મુજબ તોહોમત પાછુ ખેચી લીધું હોય તો આવી રીતનો હુકમ થઈ શકતો નથી. રાણી વિ૦ વેલસ ૭ મું. હા. કો. રી. ૧.

(મેસર્સ વોરડન અને લોયડ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી માર્ચ સને ૧૮૭૦.)

૧૮ હકુમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૩૨ અ-તાબાના માજીસ્ત્રેટે ચલાવેલા મુકરદમાની ફરીથી તપાસ ચલાવી આસીસટંટ માજીસ્ત્રેટે એવો હુકમ કર્યો કે કેટલીક ઉપજ તેને જે આદમીનો હક ઠરાવ્યો હતો તેને આપવી જોઈએ. તાબાના માજીસ્ત્રેટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૨ અ મુજબ કાંઇ પણ હુકમ કર્યો નોહોતો. એમ ઠરાવવામાં આવ્યુ કે આસીસ્ટંટ માજીસ્ત્રેટે કરેલા હુકમો કાંઇ પણ હકુમત વિનાના હતા. પ્રો. તા૦ ૨૯ મો માર્ચ ૧૮૭૦; ૫ મ. હા. કે. રી અપે. ૨૧

૧૯ હકુમત—ભરદરીઓ—ભરદરીઆ ઉપર થએલો ગુન્હો-મુખ્ય લાગુ પડે તેવો કાયદો-પદ્ધતિ-સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલ કોડ-મદદગારી-૯ મા જોર્જનું ચેપટર ૭૪ કલમ ૭, ૩૦ અને ૩૧, ચેપટર ૧૨૪ કલમ ૧૧-વાહાણના વેપારીનો આકટ-ઈંગ્રેજી હિંદુસ્થાનના કીનારાથી ત્રણ માઇલ છેટે દરીઆમાં ઈંગ્રેજી વાહાણનો નાશ કરવાને માટે ઈંગ્રેજી પ્રજાની રજુઆત મુંબઈની હાઇ કોર્ટમાં ચાલેલી તેને લાગુ પાડેલો કાયદો ઈંગ્રેજી કાયદો ગણાય છે પણ ૩૦ અને ૩૧ વિકટોરીઆ ચેપટર ૧૨૪ ની કલમ ૧૧ માં બતવેલું છે તોપણ તે પીનલકોડ ગણાતો નથી તેવીજ રીતે કોઈ કેદીઓ દરીઆમાં એવી જાતનું વાહાણ બાળી મુકવાને માટે એકો કરી તેવી રીતે બાળી નાંખેતો તેમને તે કાયદો લાગુ પડે છે. આવી જાતના કેસોમાં હાઇ કોર્ટના સાધારણ ક્રીમીનલ પ્રોસીજર કોડની પદ્ધતિ મુજબ મુકરદમો ચલાવવામાં આવે છે. ભર દરીઆમાં બનેલા ગુન્હાઓને માટે કાયદો બાંધવાનો હિંદુસ્થાનના કાયદા બાંધનારાઓને અખતીયાર છે કે નહી એ વિષે વિચાર કરવામાં આવ્યો. ત્રણ માલઈથી વધારે અ

ઘેના કોઈ પણ વાહાણુનો નાશ કરવાનો ગુન્હો અથવા તે ગુન્હામાં ઈંગ્રેજી હિંદુસ્થાનમાં મદદ કરવી તે હાલના અમલમાં આવતા કોઈ પણ હિંદુસ્થાનના કાયદામાં આવી જતો નથી. રાણી વિ૦ એમસ્ટન વિટવેલ, ૭ મું. હા. કો. રી. ૮૯.

(મેસર્સ વેસ્ટ્રોપ ચીફ જસ્ટીસ, બેલી અને ગ્રંન જડજોનો રૂબરૂ, તા૦ ૨૨ મી અને ૩૦ મી જુલાઈ સને ૧૮૭૦).

રાણી વિ૦ કુલીમુદીનના કેસને લાગુ પડે છે, ૭ વિ. રી. ૫૩. જુઓ જકાત ૩.

રાણી વિ૦ રામ લુગનલાલ મુનશીના કેસને લાગુ પડે છે, ૭ વિ૦ રી૦ ૫૪. જુઓ પોષ્ટ આફીસ ૧.

રાણી વિ૦ થોમ્પસનના કેસને લાગુ પડે છે, ૧ બેં. લો. રી. ક્રી. ૧. જુઓ ભર દરીઓ.

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ૦ કેસ્ટયારામ, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૬૩. જુઓ હકુમત ૨૩

રાણી વિ૦ નવરોજજી દાદાભાઈ, ૯ મું. હા. કો. રી. ૩૫૮. જુઓ કબુલાત ૫૧.

રાણી વિ૦ મુરગાચેતી, ઈં૦ લો૦ રી૦ ૫ મું૦ ૩૩૮. જુઓ ચોરીની મીલકત ૨૬

૨૦ હકુમત—ગામડાના માજીસ્ટ્રેટને ગાળો દેવી તે—સને ૧૮૧૬ ના ૧૧ મા રેગ્યુલેશનની કલમ ૧૦ મુજબ કેસ ચલાવતાં ગામડાના માજીસ્ટ્રેટને કોઈ માણસે ગાળો દીધી હોય તો તેનો દંડ કરવાનો તેને અધીકાર નથી. પ્રો. તા૦ ૨૬ મી જુલાઇ સને ૧૮૭૦; ૫ મ. હા. કો. રી. અપે. ૩૩.

૨૧ હકુમત—મહીસોરમાં બનેલા ફોજદારી કૃત્યો—મહીસોરમાં કરેલા ફોજદારી કૃત્યોને માટે મહીસોરના રેસીડન્ટની તપાસ કરવાનો ટેલીચરીના જોઇન્ટ માજીસ્ટ્રેટને અધીકાર નથી. પ્રો. તા૦ ૨૧ મી નવંબર સને ૧૮૭૦; ૬ મ. હા. કો. રી. અપે. ૩.

રાણી વિ૦ વીટકીનસના કેસ ઉપર આધાર રાખવામાં આવે છે, ૨ મ૦ હા૦ કો૦ રી૦ ૪૪૪. જુઓ યુરોપી ઈંગ્રેજી પ્રજા ૧૪.

૨૨ હકુમત—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૮ મુજબ અનામત મુકેલી રકમ જે પાછી મળવાને માટે અરજી કરેલી તે રકમ સરકારી ખાતે જમા કરવાનો હુકમ કરવાને માજીસ્ટ્રેટને અખતીઆર નથી. પ્રો. તા૦ ૧૩ મી ડીસેમ્બર સને ૧૮૭૦; ૬ મ૦ હા૦ કો૦ રી૦ અપે૦ ૯.

૨૩ હકુમત—કીનારાથી ત્રણ માઇલની અંદર ભર દરીઆમાં—ઈંગ્રેજી હિંદુસ્થાનની હદ—૧૨ અને ૧૩ વિક્ટોરીઆ ચેપટર ૯૬—૨૩ અને ૨૪ વિક્ટોરીઆ ચેપટર ૮૮ ભર દરીઆને માટે કાયદો બાંધવાનો અધીકાર—બીગાડ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૪૨૫, ૪૨૭ ભર દરીઆમાં ગુન્હો બન્યો હોય પણ તે ઇંગ્રેજી હિંદુસ્થાનના કીનારાથી ત્રણ માઇલની અંદર બન્યો હોય તો તે ઈંગ્રેજી હિંદુસ્થાનની હદની અંદર બનેલો ગણાય છે અને તેને માટે પીનલકોડમાં બતાવ્યા પ્રમાણે સજા થઇ શકે છે. ૧૨ અને ૧૩ વિક્ટોરીઆ ચેપટર ૯૬ ની કલમો ૨ અને ૩, જે ૨૩ અને ૨૪ વિક્ટોરીઆ ચેપટર ૮૮ થી હિંદુસ્થાનને લાગુ પડે છે તે સ્ટેટયુટો પ્રમાણે આવા ગુન્હાઓની રજુઆતો ચલાવવાનો ગામડાની સાધારણ ફોજદારી અદાલતોનો અધીકાર છે જો કે કોઈ ઈંગ્રેજી હિંદુસ્તાનના કીનારાથી ત્રણ માઇલની અંદર થયેલા ગુન્હાઓને માટે કાયદો બાંધવાનો હિંદુસ્થાનના ગવરનર જનરલને અધીકાર છે તોપણ હિંદુસ્થાનની ઈંગ્રેજી હદની બાહાર બનેલા ગુન્હાઓને માટે કાયદા બાંધવાનો અધીકાર નથી. ૧૨ અને ૧૩ વિક્ટોરીઆ ચેપટર ૯૬ કલમો ૨ અને ૩ ના અર્થ અને અસર ઉપર વિચાર કરવામાં આવ્યો. રાણી વિ૦ થોમ્પસન (૧ બેં.

ઈ. લો. રી. ૧૭ ના કેસ ઉપર ટીકા કરવામાં આવી. થાણા જીલ્લાના માનોરી ગામના કેટલાક વતનીઓએ હોડીઓમાં બેસી ફીનારાની ત્રણ માઈલની અંદરની માછલાં પકડવાની નીશાનીઓ જે કાયદેસર રીતે કરવામાં આવી હતી તે કાઢી નાંખી. એમ ઠરાવવામાં આવ્યું હતુ કે (૧) થાણાના ફુલપાવર માજીસ્ટ્રેટને ગુન્હેગારોની તજવીજ કરવાનો અખતીયાર છે; [૨] પીનલકોડનો મુખ્ય કાયદો આ કેસને લાગુ પડે તેવો ગણાય છે; અને [૩] તે કોડની કલમો ૪૨૫ અને ૪૨૭ ના અર્થ મુજબ બીગાડનો ગુન્હો ગણાય છે. રાણી વિ૦ કાસટયા રામા, ૮ મું. હા. કો. રી. ૬૩.

[મી૦ કેમ્પબેલ જડજની રૂબરૂ, તા૦ ૨૦ મી સપટબર સને ૧૮૭૧].

રાણી વિ૦ ટેનુ બનુ બીસ્વાસના કેસને લાગુ પડે છે. ૧૨ વિ૦ રી૦ ૧ જુઓ બીગાડ ૬.

રાણી વિ૦ થોમપસનના કેસને લાગુ પડે છે. ૧ બેં. લો. રી. ત્રી. ૧. જુઓ બરદરીઓ.

રાણી વિ૦ એમસ્ટન વીટવેલના કેસને લાગુ પડે છે. ૭ મું. હા. કો. રી. ૮૯. જુઓ હકુમત ૫૯.

૨૪ હકુમત—હદ બાહાર બનેલો ગુન્હો—સેસન જડજની રૂબરૂ અપીલ ચાલતી વખતે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો કે ઠરાવી આપેલી સ્થાનીક હદની અંદર જે શેહેરમાં ગુન્હો બન્યો હતો તે શેહેર નહીં આવી જવાથી કામની રજુઆત ચલાવવાનો ઉપરી આસીસ્ટંટ માજીસ્ટ્રેટને અધીકાર નોહોતો. ઉપર બતાવેલા શેહેરની હદમાં બનેલા ફોજદારી કેસોની તજવીજ કરવાનો થોડા વખતને માટે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે તે માજીસ્ટ્રેટને મોઘમ હુકમ કર્યો હતો એવું સાબીત થયું હતું. ઉપર મુજબ કેસની હકીકત જોતાં એમ ઠરાવવામાં આવ્યું કે ઉપરી આસીસ્ટંટ માજીસ્ટ્રેટને અધીકાર નોહોતો. પ્રે. તા૦ ૨૭ મી નવંબર સને ૧૮૭૧; ૬ મ૦ હા૦ કો૦ રી૦ અપે. ૪૩.

૨૫ હકુમત—મદ્રાસનો સને ૧૮૬૫ નો ૩ જો—સને ૧૮૬૫ ના આકટ ૩ જાથી મદ્રાસ ઈલાકામાં માજીસ્ટ્રેટોને આપેલો અધીકાર સને ૧૮૬૯ નો ૮ મો સુધારો થએલો ક્રીમીનલ પ્રોસીજર કોડના સેડ્યુલથી જતો રહેતો નથી. પ્રે. તા૦ ૪ થી જુન સને ૧૮૭૨; ૭ મ. હા. કો. રી. અપે. ૬.

૬ મ. હા. કો. રી. અપે. ૩૧ ના કેસને લાગુ પડે છે, જુઓ મહાવ્યથા ૧૬.

૨૬ હકુમત—સજા માફ કરવાની સરતો તોડવી તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૨૨૭—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૩—પ્રીન્સ ઓફ વેલ્સ, સીંગાપુર અને મલાકાના બેટોની દફતર જોનારી કોર્ટે કોઇ માણસને ચોરીને માટે ગુન્હેગાર ઠરાવી હીંદુસ્થાનના ગવરનર જનરલે ઠરાવેલી જગાએ દસ વર્ષ સુધી સમુદ્રપારની સજા કરેલી તે માણસને આઠ વર્ષ સુધી કેદમાં રાખ્યા પછી પરવાનગીની ટીકટ આપી રત્નાગીરીની જેલમાંથી છોડી મુકવામાં આવ્યો હતો. સજા પુરી થયા પેહેલાં તે માણસે કારવારમાં કોઈ રેહેવાના મકાનમાંથી ચોરી કરી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે જે સરતથી માફી આપેલી તે સરત તોડવાને માટે પીનલકોડની કલમ ૨૨૭ મુજબ ગુન્હેગારની રજુઆત ચલાવવાને માટે કારવરના માજીસ્ટ્રેટને અધીકાર નોહોતો. રાણી વિ. આહીન આકોંગ, ૯ મું. હા. કો. રી. ૩૫૬.

(મેસર્સ લોયડ અને કેમબેલ જડજોની રૂબરૂ, તા૦ ૫ મી સપટબર સને ૧૮૭૨).

૨૭ હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૨૩, ૧૨૭, ૧૪૧—પોલીસ રીપોર્ટ—પોલીસ રીપોર્ટ ઉપરથી તોહોમતની તજવીજ કરવાનો થર્ડ કલાસ માજીસ્ટ્રેટનો અધીકાર—પોલીસ ચોકીનો જે અમલદાર પાસે ચારજ હોય તે અમલદારે મોકલેલા તોહોમતદારની તપાસ કોગનીઝેબલ ગુન્હાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૩ મુજબ થર્ડ કલાસ માજીસ્ટ્રેટ કરી શકે

છે. રાણી વિ૦ લાલા શંભુ, ૧૦ મું૦ હા૦ કો૦ રી૦ ૭૦.

(મેસર્સ મેલવીલ અને કેમબોલ જ ડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી મારચ સને ૧૮૭૩).

રાણી વિ૦ જાફરઅલીના કેસને લાગુ પડે છે, ૮ મું૦ હા૦ કો૦ રી૦ ૧૧૩. જુઓ ફરીઆદ ૨૪.

૨૮ હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૬—ડીસ્ટ્રીકટ—પરહદ—પરદેશી—પરહદમાં રહેનારા કોઈ પારકા રાજ્યના માણસે ગુન્હો કરવાની ઉશકેરણી કરી, અને તે ઉશકેરણીથી ગુન્હો ઈંગ્રેજી હદમાં બનેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડમાં બતાવેલા કોઈપણ ડીસ્ટ્રીકટમાં ઉશકેરણી થએલી નહી હોવાથી, ઉશકેરનાર માણસ તે કોડની કલમ ૬૬ મુજબ બનેલી કોઈપણ ઈંગ્રેજી કોર્ટને જવાબદાર નથી. રાણી વિરૂદ્ધ પીરતાઈ, ૧૦ મું. હા. કો. રી. ૩૫૬.

(મેસર્સ મેલવીલ અને વેસ્ટ જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુલાઈ સને ૧૮૭૩).

રાણી વિરૂદ્ધ એસ. મુરગાચેતીના કેસ ઉપર નજર રાખવામા આવી, ઈં૦ લો૦ રી૦ ૫ મું. ૩૩૮. જુઓ ચોરીની મીલકત ૨૬.

૨૯ હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૧—સુધારેલા મુકરદમાઓ મોકલવાનો તાબાના માજીસ્ટ્રેટ ઉપર હુકમ કરવાનો ઉપરી આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટને અધીકાર નથી; પણ તાબાનો માજીસ્ટ્રેટ ઉપરી માજીસ્ટ્રેટના હાથ નિચેનો માજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૧ મુજબ ગણાતો હોય તો તે માજીસ્ટ્રેટ તેની પાસેથી મુકરદમા વિષેનો ખુલાસો માગી શકે છે. પ્રો. તા૦ ૪ થી અગષ્ટ સને ૧૮૭૩; ૭ મ. હા. કો. રી. અપે. ૨૬.

૩૦ હકુમત—કેલેનડરો ફરીથી તપાસવા તે—કોઈ સેસન જડજ પોતાના તાબાના માજીસ્ટ્રેટો તરફથી આવેલા કેલનડરો તપાસીને ડીવીઝન માજીસ્ટ્રેટે ચલાવેલો મુકરદમો રદ કરવાનો હુકમ કાઢી શકતો નથી. પ્રો. તા૦ ૧૮ મી અગષ્ટ ૧૮૭૩; ૭ મ. હા. કો. રી. અપે. ૨૭.

૩૧ હકુમત—ગાયકવાડી હદમાં ડાકાઈટી થયેલી તે—ઈંગ્રેજી હદમાં ઈનસાફ થયેલો તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૭—વાલનપુર નામના ગાયકવાડી ગામડામાં ડાકાઈટી બનેલી હોવાથી અને તોહોમતદારે સંતાડેલી થોડીક ચોરીની મીલકત ઈંગ્રેજી હદમાંથી જડી આવવાથી, એમ ઠરાવવામાં આવ્યું કે ડાકાઈટીને માટે ગુન્હેગાર ઠરાવેલું કાયમ રાખી શકાતું નથી કારણ કે તે મુખ્ય ગુન્હો હોવાથી તે પુરે પુરી રીતે વાલનપુરમાં બનેલો ગણાય છે; જો વાલનપુર ઈંગ્રેજી હદમાં હોત તો મીલકત લેઇ જવા લાવવામાં ત્યાર પછીથી બનેલા કૃત્યો કાયદેસર અર્થ મુજબ પેહેલા મુખ્ય ગુન્હા સાથે એવી રીતે મળી જાત કે જેથી કરીને જે પ્રગણામાં મીલકત લેઇ જવામાં આવી હતી તે દરેક પ્રગણામાં રજુઆત ચલાવવાનો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૭ મુજબ અધીકાર મળત. પણ એમ ઠરાવવામાં આવ્યું હતું કે ચોરીની મીલકત સંઘરવાને માટે ગુન્હેગાર ઠરાવી કરેલી સજાઓ કાયમ રાખી શકાય, કારણ કે, ચોરીની મીલકત ઇંગ્રેજી હદમાં રાખવામાં આવી હતી. રાણી વિ૦ લાખયા ગોવીંદ, ઈં૦ લો૦ રી૦ ૧ મું૦ ૫૦.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી અકટોબર સને ૧૮૭૫.)

જુઓ રાણી વિ૦ અડીવી ગડુ, ઈં૦ લો૦ રી૦ ૧ મ૦ ૧૭૧. જુઓ હકુમત ૩૨.

રાણી વિ૦ એસ. મુરગા ચેતીના કેસ ઉપર નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૫ મું૦ ૩૩૮. જુઓ ચોરીની મીલકત ૨૬.

રાણી વિ૰ સંકર ગોપના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો, ઈ૰ લો૰ રી૰ ૬ ક૰ ૩૦૭; ૭ ક૰ લો૰ રી૰ ૪૧૧. જુઓ ચોરીની મીલકત ૨૪.

૩૨ હકુમત—પરહદમાં થયેલી ચોરી—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૭—તોહોમતદારે મીલકતની ચોરી પરહદમાં કરી હતી પણ તે મીલકત સાથે તે ઈંગ્રજી હદમાંથી પકડાયો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ચોરીના ગુન્હાને માટે કેદીની રજુઆત ચલાવવાનો તે ડીસ્ટ્રીકટની કોર્ટોને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૭ મુજબ અધીકાર મળતો નથી. રાણી વિ૰ અડીવી ગડુ, ઈ૰ લો૰ રી૰ ૧ મ. ૧૭૧.

(મેસર્સ હોલોવે, ઈન્સ અને કીનડરસ્લી જડજોની રૂબરૂ, તા૰ ૩૧ મી અકટોબર સને ૧૮૭૬.)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવી:—

રાણી વિ૰ શંકરગોપ, ઇ૰ લો૰ રી૰ ૬ ક૰ ૩૦૭; ૭ ક૰ લો૰ રી૰ ૪૧૧. જુઓ ચોરીની મીલકત ૨૪.

રાણી વિ૰ એસ. મુરગાચેતી, ઈ૰ લો૰ રી૰ ૧ મું૰ ૫૦. જુઓ હકુમત ૩૧.

૩૩ હકુમત—પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટો—મદ્રાસનો સને ૧૮૭૪ નો ૧૬ મો—ખાસ અને સ્થાનીક કાયદાઓ—સને ૧૮૭૪ ના આકટ ૧૬ થી રદ થઈ ગયેલો મદ્રાસનો સને ૧૮૬૫ ના આકટ ૩ જા થી ખાસ અને સ્થાનીક કાયદાઓથી બનેલા. ગુન્હાઓની રજુઆત ચલાવવાનો મદ્રાસ ઈલાકામાં માજીસ્ટ્રેટોનો અધીકાર જતો રહેતો નથી. રાણી વિ૰ કંડાકારો, ઈ૰ લો૰ રી૰ ૧ મ૰ ૨૨૩.

(મેસર્સ ઈન્સ અને કરનાન જડજોની રૂબરૂ, તા૰ ૨૨ મી૰ ડીસેંબર સને ૧૮૭૬)

૩૪ હકુમત—હાઈ કોર્ટનો સને ૧૮૩૫ નો આકટ ૬ ઠો—સને ૧૮૬૯ નો આકટ ૨૨ મો કલમ ૫—૨૪ અને ૨૫ વિકટોરીઆ ચેપટર ૨૬૭ કલમ ૨૨; ચેપટર ૧૦૪ કલમો ૯, ૧૧ અને ૧૩—ચોથા વીલીયમના ૩ અને ૪ ચેપટર કલમ ૮૫—૧૬ અને ૧૭ વિકટોરીઆ ચેપટર ૨૯૫—૧૭ અને ૧૮ વિકટોરીઆ ચેપટર ૨૧૭—અધીકાર આપવો તે—હાઇ કોર્ટના અધીકારમાંથી કેટલાક પ્રગણાઓ સને ૧૮૬૯ ના આકટ ૧૨ મુજબ લેઇ લેવામાં આવ્યા હતા અને કલમ ૫૫ મુજબ દિવાની અને ફોજદારી હકુમત બંગાલાનો લેફટેનન્ટ ગવરનર ઠરાવે તે અમલદારને સોંપવી જોઈએ. કોસયાહ અને જીનટીઆની ટેકરીઓમાં ઉપલા આકટનો અમલ કરવાને કલમ ૯ મુજબ લેફટેનન્ટ ગવરનરને અધીકાર આપવામાં આવ્યો હતો. કલકતાના ગેઝીટમાં તા. ૪ અકટોબર સને ૧૮૭૧ ના ઝાહેરનામાથી ઉપલા આકટનો, કોસયાહ અને જીનટીઆના ટાપુમાં અમલ કરવાનો હુકમ કર્યો, અને તે પ્રગણાની દિવાની ફોજદારી હકુમત આસામના કમીસનરને સોંપી. સને ૧૮૭૬ ના એપ્રીલ માસમાં ખુનના ગુન્હાનને માટે બે કેદીઓ ઉપર કામ ચલાવ્યું હતું, અને તેઓને ગુન્હેગાર ઠરાવી આસામના કમીશનરે સમુદ્રપારની સજા કરી હતી. કેદીઓએ હાઈ કોર્ટમાં અપીલ કરવાથી (મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, પોન્ટીફેક્ષ અને મેકફરસન જડજો વિરૂદ્ધ પડીને) ઘણા મતે એમ ઠરાવ્યું કે અપીલ સાંભળવાનો હાઈ કોર્ટને અધીકાર છે અને તે અધીકાર સને ૧૮૬૯ ના આકટ ૨૨ થી જતો રેહેતો નથી. સવાલ—હાઈ કોર્ટના અધીકારમાંથી ઉપલા પ્રગણાઓ કાઢી લેવાનો ગવરનર જનરલને કાયદા પ્રમાણે અધીકાર છે. મેસર્સ જેકશન, એનસ્લી, માર્કબાય અને કેમ્પ જડજોએ એકમત થઈને એવું ઠરાવ્યું કે, સને ૧૮૬૯ ના આકટ ૨૨ માં બતાવ્યા પ્રમાણે લેફટેનન્ટ ગવરનરને કાયદા બાંધવા સબંધી કૃત્યો સોપવાનો ગવરનર જનરલને અધીકાર નોહોતો. લાંબા વખતના રીવાજથી સોંપરત કરવાનો અધીકાર કાયદે

સર ધારી શકાતો નથી તેમજ પારલામેન્ટે કબુલ રાખ્યાથી મંજુર રાખી શકાતો નથી. સને ૧૮૬૯ નો આકટ ૨૨ મો તેટલા માટે કાયદેસર ગણાતો નથી. પોન્ટીફેક્ષ અને મેકફરસન જડજોએ એકમત થઈને આપેલો મત—આવી રીતની સોંપરત કરવાની સ્પષ્ટ રીતે કોઈ પણ ઠેકાણે મના કરવામાં આવી નથી અને તે આકટ હિંદુસ્થાનના કાઉન્સીલ આકટના મરયાદા બાંધેલા લખાણમાં આવી જતો નથી. મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, મેકફરસન અને પોન્ટીફેક્ષ જડજોનો મત—હિંદુસ્થાનનો કાઉન્સીલ આકટ પાસ થયો ત્યાર પહેલાં તકરારી સોંપરત કરવાનો અધીકાર ઘણા વર્ષથી અમલમાં આવતો હતો અને તે આકટ જે બીજી રીતે કાયદા વિરૂદ્ધ ગણાય તે લાંબા વખતના રીવાજથી ગુહયાર્થ રીતે મંજુર રાખવામાં આવ્યો હોય એવું ધારવું જોઈએ. મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, જેકશન, માર્કબાય, એનસ્લી અને કેમ્પ જડજોનો મત—ગવરનર જનરલની કાઉન્સીલમાં કાયદા બાંધનારાઓએ કરેલા આકટો કાયદેસર છે એ વિષેનો સવાલ ઉઠાવવાનો હાઈ કોર્ટને અધીકાર છે. મેસર્સ પોન્ટીફેક્ષ અને મેકફરસન જડજોનો મત—હિંદુસ્થાનના કાઉન્સીલ આકટની મનાઇમાં કોઇ રીતે આકટ આવી જતો નથી એવી ખાત્રી થાય તો હાઈ કોર્ટને આવી રીતનો અધીકાર મળતો નથી. રાણી વિ૦ બરાહ અને બુકસીંગ, ઈ૦ લો૦ રી૦ ૩ ક૦ ૬૩; ૧ ક૦ લો૦ રી૦ ૧૬૧.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, કેમ્પ, જેકશન, મેકફરસન, માર્કબાય, પોન્ટીફેક્ષ અને એનસ્લી જડજોની ફુલ બેંચ, તા૦ ૨૬ મી માર્ચ, સને ૧૮૭૭.)

નિચેના કેસોને લાગુ પડે છેઃ—

રાણી વિ૦ અમીરખાન, ૬ બેં૦ લો૦ રી૦ ૩૯૨. જુઓ હીબીઅસ કોરપસ ૨

રાણી વિ૦ મીઅરસ, ૧૪ બેં૦ લો૦ રી૦ ૧૦. જુઓ યુરોપી ઈંગ્રેજી પ્રજા ૧૦.

ફેદા હુસેનની અરજીની બાબત, ઈ૦ લો૦ રી૦ ૧ ક૦ ૪૩૧. (દિવાની રૂલીંગ).

દામોદર ગોરધન વિ૦ દેઓરામ કુનજો, ઈ૦ લો૦ રી૦ ૧ મું૦ ૩૬૭ (દિવાની રૂલીંગ)

૩૫ હકુમત—હાઈ કોર્ટનો અધીકાર-ગવરનર જનરલનો કાયદા બંધવા સબંધી અધિકાર—સોંપરત કરવી તે—કેટલીક સરતે કાયદો બાંધવો તે—૨૪ અને ૨૫ વિકટોરીઆ ચેપટર ૧૦૪—સને ૧૮૬૯ નો ૨૫ મો કલમ ૯-૨૪ અને ૨૫ વિકટોરીઆ ચેપટર ૧૦૪ ના અર્થ મુજબ ઈંગ્રેજી હિંદુસ્થાનના કોઈપણ ભાગની હકુમતના અમલનો આધાર ગવરનર જનરલના સાધારણ અધીકાર ઉપર છે. ગવરનર જનરલના કાયદ બાંધવાના અધીકાર મુજબ કોઇપણ મુલક અથવા દેશ હાઈ કોર્ટના અધીકારમાથી લેઇ લેવામા આવે તો, તે ૨૪ અને ૨૫ વિકટોરીઆ ચેપટર ૧૦૪ અને લેટર્સ પેટન્ટ આકટમાં સ્પષ્ટ રીતે બતાવેલા અધીકાર મુજબ લેઇ લેવામાં આવે છે. હિંદુસ્થાનના ગવરનર જનરલે પાસ કરેલી સને ૧૮૬૯ ના આકટ ૨૨ ની કલમ ૯ મુજબ બંગાલાના લેફટેનટ ગવરનરને કાંઈપણ ફેરફાર કરયા શીવાય વખતે વખતે જૈનટીઆ નાગા અને ખાસી ટેકરાઓને ઉપલા આકટની બીજી કલમો લગાડવાનો હુકમ કાઢવાનો અધીકાર છે, અને તે મુજબ ગેરો નામની ટેકરીના પ્રગણાની દિવાની ફોજદારી હકુમત. લેફટેનન્ટ ગવરનર ઠરાવે તે તારીખથી બંગાલા કોડના રેગ્યુલેશન મુજબ બનેલી દીવાની ફોજદારી કોર્ટોના અધીકારમાંથી કાઢી લઈ તે ઠરાવે તે અમલદારોને સોંપવાની છે. કલકતાની હાઈ કોર્ટે ઘણા મતે એમ ઠરાવ્યું કે હિંદુસ્થાનની કાયદા બાંધનારી સભા ઈંગલાંડની પારલામેન્ટના હુકમ મુજબ ચાલે છે તેથી તેને એક પ્રતીનીધી અથવા એજન્ટ તરીકે ગણવી જોઈએ અને તેથી કરીને સને ૧૮૬૯ ના આકટ ૨૨ નો અમલ વધારવાનો અધીકાર લેફટેનન્ટ ગવરનરને સોંપ્યાથી કાય

દા બાધવાના અધીકારની સોંપસ્ત કરી એવું ગણાય છે તેથી તે કાયદા વિરૂદ્ધ અને કાંઇપણ કામનું નથી. પ્રિવી કાઉનસીલની જ્યુડીશીઅલ કમીટીએ ઠરાવ્યુ કે ઘણા મતે આપેલો હાઈ કોર્ટનો ફેસલો હિંદુસ્થાનના કાયદા બાંધવાના અધીકારનો ખોટો અર્થ સમજી આપેલો છે. જે પારલામેન્ટના આકટથી તે ઉત્પન્ન થયો તે આકટમાં સ્પષ્ટ રીતે મર્યાદા બાંધ્યા પ્રમાણે કાયદા બાંધનારાઓને અધીકાર આપેલો છે, તોપણ તે હદ મુજબ વર્તતાં પારલામેન્ટની માફક કાયદા બાંધવાનો અધીકાર વધારવાને તેઓને સદરપરવાનગી છે. કાયદા બાંધવાની સદરપરવાનગી કોઈ અમુક પ્રજાને માટે હોય તો તેનો અમલ કુલ અખતીયારથી અથવા કેટલીક સરતો મુજબ સારી રીતે થઈ શકે છે. અમુક અધીકાર અથવા વિશ્વાસ રાખવા લાયક માણસોને કાયદા બાંધનારી સભાએ આપેલા મર્યાદા બાંધેલા મરજી મુજબ અધીકારના સબંધમાં કેટલીક સરતે કાયદો બાંધવો તે સાધારણ છે અને ઘણી ખરી બાબતોમાં તે ઘણી સુલભ રીત ગણાય છે. રાણી વિ૦ બુરાહ, ઈ. લો. રી. ૪ ક. ૧૭૨.

(લોર્ડ સેલબોર્ન, સર. જે. ડબલ્યુ કોલવીલ, સર. બી. પીકોક, સર. એમ ઇ. સ્મીથ, અને સર. આર. પી. કલીઅર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જુન સને ૧૮૭૮).

નિચેના કેસોને લાગુ પડે છે:—

ફેદાહુસેનની અરજીની બાબત, ઈ. લો. રી. ૧ ક. ૪૩૧. (દીવાની રૂલીંગ).

રાણી વિરૂદ્ધ મીઅરસ, ૧૪ બેં૦ લો૦ રી૦ ૧૦૬. જુઓ યુરોપી ઈંગ્રેજી પ્રજા ૧૦.

રાણી વિ૦ રે, ૭ મું. હા. કો. રી. ૭૭. જુઓ પ્રીવીકાઉન્સીલને કરેલી અપીલ ૨.

૩૬ હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૪ પકરણ ૪૧—રંગુનની ખાસ અદાલત—કેસ એક જગાએથી બીજી જગાએ મોકલેલો તે—બ્રહ્માની અદાલતનો સને ૧૮૭૫ નો આકટ ૧૭ મો કલમ ૩૫—જ્યુડીશીયલ કમીશનરે સેશન કોર્ટમાંથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૪ અને સને ૧૮૭૫ ના આકટ ૧૭ ની કલમ ૩૫ મુજબ પોતાની કોર્ટમાં મંગાવેલા કેસમાં મ્હોત અથવા બીજી કોઇ સજા કરેલી તેના ઉપર અપીલ સાંભળવાનો બ્રહ્માની ખાસ કોર્ટને અધીકાર નથી; કારણ કે કેસ આવ્યા પછી ચલાવેલા તે જ્યુડીશીઅલ કમીશનરની મુળની હકુમતનો અમલ થયેલ ગણાય છે રાણી વિ૦ સીટઉ, ઈ૦ લો૦ રી૦ ૪ ક. ૬૬૭.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ડીસેંબર સને ૧૮૭૮).

રાણી વિ૦ મંગળ તલકચંદના કેસ ઉપર નજર રાખવામાં આવી, ઈ૦ લો૦ રી૦ ૧૦ મું. ૨૭૪. જુઓ બીજી જગાએ કેસ મોકલવો તે ૨૪

૩૭ હકુમત—સને ૧૮૭૨ નો ૧૧ મો કલમો ૩, ૯—સાઈપ્રસ ટાપુમાં ગુન્હો કર્યા બદલ હીંદુસ્થાનના દેશી રાજ્યમાં રેહેનારી ઈંગ્રેજી પ્રજાની જવાબદારી—"રજવાડો"—સને ૧૮૬૯ નો આકટ ૫ મો આરટીકલો ૧૭૦, ૧૭૧—અભીપ્રાય માગેલો તે—મ્હોતની સજાની મંજુરી આપવી તે—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૮૮, ૨૯૭—ડીવીઝન કોર્ટ ફુલ કોર્ટ—મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ વિરૂદ્ધ પડીને એમ ઠરાવ્યું કે હીંદુસ્થાનના લશ્કરમાં સીપાઈ તરીકે નોકરી કરનાર હીંદુસ્થાનના દેશી રાજ્યમાં રહેનારી કોઈ ઈંગ્રેજી પ્રજાએ સાઇપ્રસ ટાપુમાં ખુન કરેલુ અને તોહોમત આગ્રામાં રાખેલું તેની રજુઆત સને ૧૮૭૨ ના આકટ ૧૧ ની કલમ ૯ મુજબ આગ્રાની ફોજદારી અદાલતોથી થઈ શકે છે, કારણ કે તે આકટના અર્થમાં બતાવ્યા પ્રમાણે હીંદુસ્થાનના દેશી રાજ્યમાં રહેનારી ઈંગ્રેજી પ્રજા ઉપર નજર રાખતાં સાઈપ્રસ ટાપુ તે "રજવાડો" ગણાય છે. મી૦ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસનો મ

ત—હીંદુસ્થાનમાં રહેનારી ઈંગ્રેજી પ્રજાએ હીંદુસ્થાનના મુલકની બાહારના કોઈ ઈંગ્રેજી મુલકમાં ગુન્હો કર્યો હોય તેની રજુઆત અને સજાને માટે કાયદાઓ બાંધવાનો અખતીઆર હીંદુસ્થાનના ગવરનર જનરલને છે એ વિષે વિચાર કરવામાં આવ્યો. કોઇ માજીસ્ત્રેટે ખુનના કેસમાં તજવીજ કરવાનો પોતાનો અખતીઆર નથી એવું ધારી તજવીજ કરવાને ના પાડેલી તે માજીસ્ત્રેટને હાઇકોર્ટની ડીવીઝન કોર્ટે તેને એવી રીતની તજવીજ કરવાનો અધીકાર છે એવું ધારી તજવીજ કરવાનો હુકમ કર્યો. માજીસ્ત્રેટે કેસની તપાસ કરી તોહોમતદારને ઈનસાફને માટે સેશન કોર્ટમાં મોકલ્યો. સેસન કોર્ટે તોહોમતદારને રાખેલા તોહોમતને માટે ગુન્હેગાર ઠરાવી મ્હોતની સજા કરી. સેસન કોર્ટે કેસના કાગળો હાઈ કોર્ટની મંજુરી મેળવવાને મોકલ્યાથી કેસ ફુલ કોર્ટની રૂબરૂ રજુ થયો. મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, સ્પેંકી અને ઓલ્ડફીલ્ડ જડજોએ એમ ઠરાવ્યું કે સજાની મંજુરી આપતી વખતે ડીવીઝન કોર્ટના હુકમથી તોહોમતદારને ગુન્હેગાર ઠરાવેલો તે યોગ્ય હકુમતવાળી કોર્ટે ઠરાવ્યો હતો કે નહી એ સવાલનું નિરાકરણ કરવાને ફુલ કોર્ટને કાંઈ બાધ લાગતો નથી. રાણી વિ૦ સરમુખસીંઘ, ઈ. લો. રી. ૨ અ. ૨૧૮.

(મેસર્સ સ્ટુઅર્ટ ચીફ જસ્ટીસ, પીઅરસન, સ્પેંકી અને ઓલ્ડફીલ્ડ જડજોની રૂબરૂ. તા૦ ૨૮ મી માર્ચ સને ૧૮૭૯).

૩૮ હકુમત—માજીસ્ત્રેટની હકુમત—મદ્રાસનો સને ૧૮૬૫ નો આકટ ૩ જો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૮—સને ૧૮૭૪ નો આકટ ૧૬ મો—મદ્રાસ ઈલાકામાં અમલમાં આવતા હોય તેવા કોઇ ખાસ અથવા સ્થાનીક કાયદા વિરૂદ્ધ કાંઇપણ ગુન્હો બન્યો હોય તો તેની તપાસ તે ઈલાકાનો દરેક માજીસ્ત્રેટ, જો કે તે વખતે હઈયાતીમાં હોય તેવા કોઈ આકટ અથવા રેગ્યુલેશનમાં ઉલટું બતાવ્યું હોય તોપણ, સને ૧૮૬૫ ના આકટ ૩ જા મુજબ કરી શકે છે, તેમજ ત્યાર પછી પાસ થએલા કોઈપણ ખાસ અથવા સ્થાનીક કાયદાની વિરૂદ્ધ કાંઇપણ ગુન્હો બન્યો હોય અને તે કાયદામાં કેટલાક બીજા અધીકારીઓથી તેની તપાસ થઈ શકે એવું ના બતાવ્યું હોય તો તેની તપાસ પણ ઉપલા આકટ મુજબ થઈ શકે છે. ત્યાં સુધીમાં પાસ થએલા ખાસ અથવા સ્થાનીક કાયદાઓથી થએલો અટકાવ કાઢી નાંખી, કોઇ ખાસ અથવા સ્થાનીક કાયદાઓ પ્રમાણે સજા થઈ શકે છે તેવા ગુન્હાઓની તપાસ, તે કાયદાઓમાં બતાવ્યા પ્રમાણે કોઇ અમુક માજીસ્ત્રેટ ચલાવી શકે એવું હોય તોપણ, માજીસ્ત્રેટો પોતાની સાધારણ અધીકારવાળી હદમાં કરી શકે અને સને ૧૮૬૫ નો આકટ ૩ જો અમલમાં આવ્યા પછી પાસ થએલા કોઈ ખાસ અથવા સ્થાનીક કાયદા મુજબ બનેલા ગુન્હાની પણ તપાસ કરવાનો તેઓને અધીકાર છે એવું ઠરાવવાની આ. આકટની મતલબ હતી. સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૮ મુજબ ખાસ અને સ્થાનીક કાયદાઓ પ્રમાણે સજા થઈ શકે તેવા ગુન્હાઓ ઉપર તાબાના માજીસ્ત્રેટની હકુમત નથી. આવા કાયદાઓ મુજબ એક વર્ષ કરતાં ઓછી સજા થઇ શકે તેવા ગુન્હાઓની રજુઆત ચલાવવાનો ત્રીજા વર્ગના માજીસ્ત્રેટનો અધીકાર નથી, તેમજ ત્રણ વર્ષ કરતાં ઓછી સજા થઇ શકે તેવા ગુન્હાઓની રજુઆત ચલાવવાને બીજા વર્ગના માજીસ્ત્રેટનો અધીકાર નથી. સને ૧૮૭૪ નો આકટ ૧૬ મો રદ થઈ જવાથી, સને ૧૮૬૫ નો આકટ ૩ જો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૮ ના લખાંણમાં બતાવ્યા પ્રમાણે જ્યાં સુધી હૈયાતીમાં છે ત્યાં સુધી તાબાના માજીસ્ત્રેટની હકુમતને કાંઈ અસર થતી નથી. રાણી વિ૦ અચી, ઈ૦ લો૦ રી૦ ૨ મ ૧૬૧.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને ઈ. સ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ મી જાનેવારી સને ૧૮૮૦).

૩૯ હકુમત—ફોજદારી કોર્ટોની હકુમત-ખંડણી આપનારા માહાલો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૭૦—પારકી હકુમત અને પરહદનો સને ૧૮૭૯ નો ૨૧ મો કલમ ૯—સને ૧૮૦૫ ના રેગ્યુલેશનો ૧૨, ૧૩, અને ૧૪—ઈંગ્રેજી હિંદુસ્થાનમાં સીંઘભમ પ્રગણામાં રહેનારા કે દીઓને પીનલકોડની કલમ ૩૩૧ મુજબ મો હોરભંજમાં ગુન્હો કર્યાને માટે તે જગ્યાએ ગુન્હેગાર ઠરાવ્યા હતા મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, પોન્ટીફેક્ષ અને મોરીસ જડજોનો મત—મોહોરભંજનો મુલક ઈંગ્રેજી હિંદુસ્થાનની હદમાં ગણાતો નથી; પણ ઈંગ્રેજી હદની બાહાર થયેલા ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવવું તે સને ૧૮૭૯ ના આક્ટ ૨૧ ની કલમ ૯ મુજબ કાયદેસર ગણાય છે. મી૦ મીતર જડજનો મત—મોહોભંજ ઇંગ્રેજી હિંદુસ્તાનની હદમાં ગણાય છે પણ ક્રીમીનલ પ્રોસીજર કોડના અર્થ મુજબ ખંડણી આપનારા માહાલોથી "પ્રગણું" બને છે, અને હિંદુસ્થાનની સરકારે કાઢેલા હુકમ મુજબ આ માહાલોના સુપ્રિનટેન્ડેન્ટને સેસન જડજનો અધીકાર મળેલો છે તેથી (ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૭૦) ના લખાણ ઉપર નજર રાખી) પીનલકોડ મુજબ ગુન્હેગાર ઠરાવેલું રદ કરવું જોઇએ નહીં. મી૦ પ્રિનસેપ જડજનો મત—મોહોરભંજ ઈંગ્રેજી હિંદુસ્થાનની હદમાં ગણાય છે, પણ જે આક્ટો ઈંગ્રેજી હિંદુસ્થાનને લાગુ પડે છે તે આક્ટો મોહોરભંજને લાગુ પડતા નથી. સાધારણ કાયદો બાંધવાના હદની બાહાર તે મુલક સ્પષ્ટ રીતે રાખવામાં આવ્યાથી જ્યાં સુધી તેને બાતલ કરેલો હુકમ રદ કરી નાખવામાં આવે નહીં ત્યાં સુધી ઈંગ્રેજી હિંદુસ્થાનમાં ચાલતા કાયદાનો અમલ થઈ શકતો નથી. રાણી વિ૦ કેશબ મોહાજન અને રાણી વિ૦ ઉદીતપ્રસાદ, ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૯૮૫.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, પોન્ટીફેક્ષ, મોરીસ, મીતર અને પ્રીનસેપ જડજોની ૩૫૩, તા૦ ૧૧ મી માર્ચ સને ૧૮૮૨.)

નિચેના કેસોને લાગુ પડે છેઃ—

નીમતઅલી વિ૦ ગુરદાસ, ૨૨ વિ. રી. ૩૫૫ (દિવાની રૂલીંગ).

ગુગુલાલ વિ૦ ફતેલાલ, ઈં. લો. રી. ૬ ક. ૧૭૧. (દિવાની રૂલીંગ),

દામોદર ગોરધન વિ૦ દીઓરામ કાનજી, ઈં૦ લો૦ રી૦ ૧ મું૦ ૩૬૭ (દિવાની રૂલીંગ)

નિચેના કેસોમાં નજર રાખવામાં આવીઃ—

રાણી વિ૦ હરો કાલ, ઈં૦ લો૦ રી૦ ૬ ક. ૨૮૮ જુઓ હકુમત ૪૧.

હરસી મહાપત્રો વિ૦ દીનાબંધુ પત્રો, ઈં૦ લો૦ રી૦ ૭ ક૦ ૫૨૩; ૯ ક૦ લો૦ રી૦ ૯૩. જુઓ ખંડણી આપનારા મહાલો.

૪૦ હકુમત—પરદેશીનો સને ૧૮૭૨ નો ૧૧ મો અને સને ૧૮૭૯ નો ૨૧ મો આક્ટ—પરહદમાં બનેલો ગુન્હો હિંદુસ્થાનમાં રહેનારી પ્રજા—રાણી સરકારની સાથે સપનાણા હિંદુસ્થાનના દેશી રાજ્યમાં રેહેનારી કોઈ ઈંગ્રેજી પ્રજાએ રેહેવાના મકાનમાં ચોરી કરેલી તેને બાજુ બાઇ દેશી રાજ્યમાંથી પકડી અમદાવાદ તેની ખુશીથી લાવવામાં આવ્યો હતો. પોલીટીકાલ એજન્ટે સરટીફીકટ આપ્યું હતું કે તેના ધારવા પ્રમાણે કેસની તજવીજ ઈંગ્રેજી હિંદુસ્થાનમાં ચલાવવી જોઈએ. માજીસ્ટ્રેટે અમદાવાદમાં પ્રથમની તજવીજ ચલાવી કેસ ઈનસાફને માટે સેસન કમીટ કર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૯ ના આક્ટ ૨૧ ની કલમ ૯ મુજબ ગુન્હાની તજવીજ જેવી રીતે અમદાવાદમાં ગુન્હો બન્યો હોય તેવી રીતે ચલાવવાને અમદાવાદના સેસન જડજને અધીકાર હતો, કારણ કે જ્યારે તોહોમતદારને પરહદમાંથી અમદાવાદ લાવવામાં આવ્યો ત્યારે ઉપલી કલમના અર્થ મુજબ તે ઈંગ્રેજી હદમાં "માલમ પડેલો" ગણાય છે. આ કલમમાં

બતાવ્યા પ્રમાણે "જડી આવેલા" એ શબ્દો જે જગ્યાએ કોઈ માણસ માલમ પડે તે જગ્યા જોડે સંબંધ રાખતા નથી પણ ખરેખરી રીતે જે જગ્યાએ તે માણસ હાજર હોય તેવી કોઇપણ જગ્યા સાથે સંબંધ રાખે છે રાણી વિ૦ મગનલાલ, ઈ. લો. રી. ૬ મું. ૬૨૨.

[મો૦ લેથામ જડજની રૂબરૂ, તા૦ ૩ જી મે સને ૧૮૮૨].

૪૧ હકુમત—અપીલ—તપાસણી—ઈંગ્રેજી હીંદુસ્થાનની હદની બાહાર બનેલો ગુન્હો—મેહેરબાન જે ઇંગ્રેજી હીંદુસ્થાનની અંદર આવેલું નથી ત્યાં બનેલા ગુન્હાઓ ઉપર હકુમત ચલાવી ખંડણી આપનારા માહાલોના સુપ્રીન્ટેન્ડેન્ટે સજા કરી હોય તો તે ઉપર અપીલ અથવા તપાસવાના અધીકાર તરીકે દરમીઆન થવાનો હાઈ કોર્ટને અધીકાર નથી. રાણી વિ૦ કેશબ માહાજન [ઈં૦ લો૦ રી૦ ૮ ક ૯૮૫] અને હરસી મોહોપત્તો વિ૦ દીનાબંધનપત્રો [ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૫૨૩; ૯ ક૦ લો૦ રી૦ ૯૩] ના કેસો ઉપર નજર રાખવામાં આવી. રાણી વિ૦ હરેકોલ, ઈં૦ લો૦ રી૦ ૯ ક. ૨૮૮.

[મેસસ વીલસન અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૩૧ મી અગષ્ટ સને ૧૮૮૨].

નિચેના કેસોને લાગુ પડે છેઃ—

હરસી માહાપત્તો વિરૂદ્ધ દીનાબંધનપત્રો, ઈં૦ લો૦ રી૦ ૭ ક. ૫૨૩; ૯ ક૦ લો૦ રી૦ ૯૩. જુઓ ખંડણી આપનારા માહાલો.

રાણી વિ૦ કેશબ મોહાજન, ઈં૦ લો૦ રી૦ ૮ ક. ૯૮૫. જુઓ હકુમત ૩૯.

૪૨ હકુમત—ખાસ અધીકારવાળો અમલદાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૦, ૩૪, ૨૦૯—તજવીજ ચલાવનાર માજીસ્ટ્રેટના અધીકારમાં આવી ના જાય તેવા કોઇ ગુન્હાનું તોહોમત તોહોમતદાર ઉપર રાખી શકાય એવું પુરાવા ઉપરથી સાબીત થાય તો, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫ મુજબ ખાસ અધીકાર મળેલા કોઈ અમલદારે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ મુજબ કેસ પોતે કદાપી ચલાવવો જોઈએ નહી. રાણી વિ૦ પરમાનંદ, ઈં૦ લો૦ રી૦ ૧૦ ક. ૮૫.

(મેસર્સ પ્રીનસેપ અને ઓકીનલી જડજોની રૂબરૂ, તા૦ ૪ થી સપટેમ્બર સને ૧૮૮૩)

૪૩ હકુમત—બીજા વર્ગના માજીસ્ટ્રેટની હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯—સને ૧૮૭૭ નો ૩ જો રેજીસ્ટ્રેશન આકટ કલમ ૨૯—સને ૧૮૭૯ ના આકટ ૧૨ થી સુધારો થયેલા સને ૧૮૭૭ ના રેજીસ્ટ્રેશન આકટની ક કલમ ૮૩ મુજબ બીજા વર્ગના માજીસ્ટ્રેટને મળેલી હકુમતને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯ થી કાંઈ અસર થતી નથી. રાણી વિ૦ ક્રીષ્ન, ઈં૦ લો૦ રી૦ ૭ મ૦ ૩૭૭.

[મો૦ બ્રાંડટ જડજની રૂબરૂ, તા૦ ૨૯ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪].

૪૪ હકુમત—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૮૮—"ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ" શબ્દનો અર્થ—ખોરાકીપોષાકને માટે સ્ત્રીએ ધણી સામે કરેલી ફરીઆદ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૮ મુજબ થયેલી ફરીઆદ, જે માજીસ્ટ્રેટની હકુમતમાં ફરીયાદ કર્યાની તારીખે ધણી અથવા બાપ ખરેખરી રીતે રેહેતો હોય તેવો માજીસ્ટ્રેટ જેને એવી જાતની ફરીઆદ ચલાવવાનો અધીકાર મળ્યો હોય તે ચલાવી શકે છે. કલમ ૪૮૮ માં બતાવેલા "ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, પેટા ટુકડીનો માજીસ્ટ્રેટ ને પેહેલા વર્ગનો માજીસ્ટ્રેટ" એ શબ્દોનો અર્થ, ફરીઆદ થએલો માણસ જે અમુક પ્રગણામાં રહેતો હોય તે પ્રગણાનો માજીસ્ટ્રેટ એવો થાય છે. શેક ફકરૂદીન ઈં૦ લો૦ રી૦ ૯ મું૦ ૪૦.

(મેસર્સ વેસ્ટ અને નાહાના ભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૮૪).

ટી. ટોડની અરજીની બાબતમા તફાવત બતાવવામાં આવે છે, ૫..વા. દી. પ્રાં. ૨૩૭. જુઓ ખોરાકી પોષાકી ૨૧.

૮૫ હકુમત--પેહેલા વર્ગના માજીસ્ત્રેટ કરતાં ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટનું ઉપરીપણું–સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭–" નિચા દરજ્જાનો " એ શબ્દનો અર્થ---ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ મુજબ છોડી મુકેલા માણસને કલમ ૪૯૬ મુજબ કમીટ કરવાનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે હુકમ કરેલો તે—આવી રીતનું કમીટ કરવું કાયદેસર છે તે--અધીકાર ઉપરાંત—પેહેલા વર્ગના માજીસ્ત્રેટની કોર્ટ તે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટના તાબાની અને નિચા દરજ્જાની કોર્ટ ગણાય છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭ માં સ્પષ્ટ રીતે બતાવેલુ છે કે ગમે તે વર્ગના માજીસ્ત્રેટો હોય તોપણ તે સઘળા માજીસ્ત્રેટો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટના તાબાના માજીસ્ત્રેટો ગણાય છે. ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ અમલ બજાવવામાં અને ઈનસાફના કામોમાં બીજા સઘળા માજીસ્ત્રેટો કરતાં ઊંચા દરજ્જાનો માજીસ્ત્રેટ ગણાય છે. ખાસ સેસન કોર્ટથી રજુઆત ચલાવી શકાય તેવા કોઈ પણ ગુન્હાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ મુજબ ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટે કોઈ પણ માણસને છોડી મુકયો હોય અને કલમ ૪૩૬ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે તેને સેસન કોર્ટમાં કમીટ કરવાનો હુકમ કરેલો અને તે પ્રમાણે કમીટ કરવામાં આવેલો અને કલમ ૨૧૫ મુજબ સેસન જડજે તેવી બાબતમાં હાઇ કોર્ટનો અભીપ્રાય માગેલો તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે કલમ ૪૩૬ મુજબ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે કરેલો હુકમ અધીકાર ઉપરાંત નોહોતો, અને તે મુજબ સેસન કોર્ટમાં કમીટ કરેલો કેસ કાયદેસર હતો; તેથી કરીને કલમ ૨૧૫ મુજબ રદ કરી શકાતો નથી. કોડમાં બતાવ્યા પ્રમાણે "હાથ નિચેનો" એ શબ્દનો અર્થ સરખો અધીકાર બજાવી શકે નહી એવો થાય છે, અને તેની સાથે તાબા નિચેનો એવો અર્થ આવી જાય છે જેનો માયનો " પદ્ધતિમાં ઉતરતો એવો થાય છે. રાણી વિ૦ પીરયા ગોપાલ, ઈ. લો. રી. ૯. મું. ૧૦૦.

(મેસર્સ વેસ્ટ અને નાનાભાઈ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી સપટંબર સને ૧૮૮૪.)

ઓપેનદ્રોનાથ ઘોસ વિ૦ દખીનાબેવા, ઈ૦ લો૦ રી૦ ૧૨ ક. ૪૭૩. જુઓ વધારે તપાસ ૬.

નોબીનકીસ્ટો મુકરજી વિ૦ રસીકલાલ લાહના કેસથી જુદો અભીપ્રાય બતાવવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક. ૨૬૮. જુઓ છુટકો ४०.

રાણી વિ૦ નોવાબજાનના કેસથી જુદો અભીપ્રાય બતાવવામાં આવે છે, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક૦ ૫૫૧. જુઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવું તે ૨૨.

નિચેના કેસને લાગુ પડે છે:—

રાણી વિ૦ પદમનભપાઈ, ઈ૦ લો૦ રી૦ ૨ મું૦ ૩૮૪. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૪૩.

રાણી વિ૦ જાનકી. ઈ. લો. રી. ૭ મું. ૮૨. જુઓ સ્ટાંપ ૨૦.

રાણી વિ૦ ભગવાન ભીવસન, ઈ૦ લો૦ રી૦ ૭ મું૦ ૩૭૯. જુઓ કરાર તોડવો તે ૨૫.

રાણી વિ૦ જોતીરાજનક, ઈ૦ લો૦ રી૦ ૮ મું૦ ૩૮૮. જુઓ ચોરીની મીલકત ૩૦.

માંગલોરના મ્યુનીસીપાલ કમીશનરો વિ૦ ડેવીસ, ઈ. લો. રી. ૭ મ. ૬૫. જુઓ મ્યુનીસીપાલ ગુન્હા ૩૨.

રાણી વિ૦ ચકરૂસાહુ, ઈ૦ લો૦ રી૦ ૭ મ૦ ૧૮૫. જુઓ જકાત ૩૮.

દીનમહમદની અરજીની બાબત, ઈ૦ લો૦ રી૦ ૫ અ૦ ૨૨૬. જુઓ ખોરાકીપોષાકી ૩૫.

રાણી વિ૦ હસનુ, ઈ. લો. રી. ૬ અ. ૭૬૭. જુઓ છુટકો ૪૨.

રાણી વિ૦ ગુલામહુસેન સાહેબ, ઈ૦ લો૦ રી૦ ૭ મ૦ ૭૧. જુઓ સ્ટાંપ ૨૧.

૪૬ હકુમત—રીવાજ–પદ્ધતિ–નીઝામના રાજ્યની રેલવેના સુપરીનટેન્ડન્ટની ઈનસાફની કોર્ટમાં ચાલતા મુકરદમાને લાગુ પડે તેવો સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ–મુકરદમાઓની મંજુરી–પાછળની મંજુરી કાંઇ કામની નથી તે–હાઈ કોર્ટે ગેરશીરસ્તે કમીટ કરેલું મંજુર રાખેલું તે–સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧૯૭, ૫૩૨–રેલવેના સુપ્રીન્ટેન્ડન્ટની ઈનસાફની કોર્ટનો હાઈ કોર્ટમાં કમીટ કરવાનો અધીકાર–એડવોકેટ જનરલે પસંદ કરી રાખેલા તોહોમતો–સને ૧૮૬૫ નો લેટર્સ પેટન્ટ આકટ કલોઝ ૨૪–યુરોપી ઈંગ્રેજી પ્રજા–નીઝામના રાજ્યમાં સિકંદરાબાદની રેલવેના સુપરીન્ટન્ડેન્ટની ઈનસાફની કોર્ટને સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ લાગુ પડે છે. કોઈ કેસમાં માજીસ્ત્રેટે તપાસ કરી યુરોપી ઈંગ્રેજી પ્રજા જે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૭ ના અર્થ મુજબ સરકારી નોકર ગણાતી હતી તેને નીઝામની રેલવેના સુપરીન્ટેન્ડેન્ટની કોર્ટે તે કલમમાં બતાવ્યા પ્રમાણે પ્રથમ મંજુરી મેળવ્યા સીવાય ઈનસાફને માટે મુંબઇની હાઇ કોર્ટમાં કમીટ કરેલો, તેમાં એમ ઠરાવવામાં આવ્યુ કે ચલાવેલો મુકરદમો કાયદા વિરૂદ્ધ અને હકુમત વીનાનો હતો અને પછીથી મેળવેલી મંજુરી કાંઇ કામની નોહોતી; પણ વળી એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૨ લાગુ પડે છે, અને હાઇ કોર્ટની ફોજદારી સેસનમાં બેઠેલા જડજનો કમીટ કરેલું કબુલ રાખી કેદીની રજુઆત ચલાવવાનો અધીકાર છે. મી૦ સાર્જન્ટ ચીફ જસ્ટીસ–યુરોપી ઈંગ્રેજી પ્રજાના સબંધમાં બનેલા સઘળા ફોજદારી ગુન્હાઓને માટે નીઝામની રેલવેના સુપરીન્ટેન્ડેન્ટની કોર્ટ મુંબાઈની હાઇ કોર્ટની તાબાની કોર્ટ ગણાય છે. મી૦ બેલી જડજનો મત–સને ૧૮૬૫ ના લેટર્સપેટન્ટ આકટના કલોઝ ૨૪ ના અર્થ મુજબ નીઝામની રેલવેના સુપ્રીન્ટેન્ડેન્ટની ઈનસાફની કોર્ટ મુબાઈની હાઈ કોર્ટના તાબાની કોર્ટ ગણાતી નથી, અને તેથી કરીને તે કોર્ટે ઈનસાફને માટે કોઇ કેદીને હાઈ કોર્ટમાં કમીટ કર્યો હોય તો ઉપલા કલોઝ પ્રમાણે એડવોકેટ જનરલે રાખેલા તોહોમતોને માટે તેની રજુઆત હાઈ કોર્ટ કરી શકતી નથી. રાણી વિ૦ એ મોરટન અને મુરતીઝાઅલી ઈ લો. રી. ૯ મું. ૨૮૮.

(મેસર્સ સારજંટ ચીફ જસ્ટીસ, બેલી અને સ્કોટ જડજોની રૂબરૂ, તા૦ ૨૭ અને ૨૮ નવંબર સને ૧૮૮૪.

રાણી વિ૦ રામ બીન ગોપાળના કેસને લાગુ પડે છે, ૧ મું. હા. કો. રી. ૧૦૭. જુઓ હકુમત ૪.

રાણી વિ૦ પરશરામ કેશવના કેસને લાગુ પડે છે, ૭ મું. હા. કો. રી. ૬૧. જુઓ ફરીઆદ કરવાની પરવાનગી ૧૮.

રાણી વિ૦ જગનનાથના કેસને લાગુ પડે છે, ઈ લો. રી. ૩ અ. ૨૫૮. જુઓ કમીટ કરવું તે ૩૫.

૪૭ હકુમત—સેસન જડજ—જોઈંટ સેસન જડજ—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૭ અને સને ૧૮૮૨ નો ૧૦ મો કલમો ૯, ૧૯૫ અને પ્રકરણ ૩૨—માજીસ્ત્રેટે છોડી મુકેલો તે—કમીટનો હુકમ કરવાનો જોઈંટ સેસન જડજનો અધીકાર—ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ ૩૨ મુજબ જોઈન્ટ સેસન જડજ, જડજનો અધીકાર બજાવી શકતો નથી. તે ઉપરથી કોઈ કેસમાં માજીસ્ત્રેટે કેટલા કેદીઓને છોડી મુકેલા અને પ્રારંભથી ફરીઆદીની અરજી ઉપરથી જોઇન્ટ જડજે તેઓને સેસન કોર્ટમાં કમીટ કરવાનો હુકમ કરેલો તેમાં હાઈ કોર્ટે જોઇન્ટ સેસન જડજનો હુકમ રદ કરી, કેસનો વાજબી રીતે સાબીત થાય તો કમીટ ક

રવાનો હુકમ અથવા અરજીનું નિરાકરણ, સેસન જડજે કરવું જોઈએ એમ ઠરાવ્યુ. મુસા અસમલની અરજીની બાબત, ઈ. લો.રી. ૯ મું. ૧૬૪.

[મેસર્સ વેસ્ટ અને નહાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી ડીસેંબર સને ૧૮૮૪]

શોઈનડુનોશયો વિરૂદ્ધ રંગલાલ જાહ, ૨૫ વિ. રી. ૨૧. જુઓ કબજો ૯૯.

૪૮ હકુમત—જડજ—ફરીઆદી માજીસ્ત્રેટનો ખાનગી નોકર હોય તેવી બાબતમાં તેની હકુમત—આવી જાતના કેસમાં ગુન્હેગાર ઠરાવી કરેલી સજા કાયદેસર ગણવી તે—તજવીજ કરનાર માજીસ્ત્રેટ ફરીઆદીનો શેઠ છે એજ ફકત બાબત ઉપરથી જો કે ફરીઆદ બીજા માજીસ્ત્રેટને મોકલવી જોઇએ એ જરૂરનું છે તોપણુ તેથી કરીને તેની હકુમત જતી રહેતી નથી. બસાપાની અરજીની બાબત, ઇ. લો. રી. ૯ મું. ૧૭૨.

[મેસર્સ વેસ્ટ અને નહાનાભાઇ હરીદાસ જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ડીસેંબર સને ૧૮૮૪].

વુડ વિરૂદ્ધ કલકત્તાની કોરપોરેશનના કેસને લાગુ પડે છે, ઈ. લો. રી. ૭ ક. ૩૨૨. જુઓ મ્યુનીસીપાલ ગુન્હો ૨૨.

૪૯ હકુમત—ઈંગ્રેજી હીંદુસ્તાનની હદ બાહાર બનેલા ગુન્હાઓ—ઈંગ્રેજી હીંદુસ્થાનની કોર્ટોને ચલાવવાનો અધીકાર—રાજકોટ—ઈંગ્રેજી હીંદુસ્થાન—૨૧, ૨૨, વિકટોરીઆ ચેપટર ૧૦૬—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૮૧, ૪૧૦, ૪૧૧—૨૧ અને ૨૨ વિકટોરીઆ ચેપટર ૧૦૬ ના અર્થ મુજબ રાજકોટનો ભાગ ઇંગ્રેજી હીંદુસ્થાનની હદનો ભાગ ગણાતો નથી. તોહોમતદાર જે રજવાડી પ્રજા હતી તેણે રાજકોટના સદરબજારમાં ચોરી કરેલી અને ચોરીની મીલકત તેના કબજામાંથી થાણામાં માલમ પડેલી, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હો ઇંગ્રેજી હદમાં બનેલો નહી હોવાથી અને તોહોમતદાર રજવાડી પ્રજા હોવાથી પીનલકોડની કલમ ૩૮૧ મુજબ ગુન્હેગાર ઠરાવવાને થાણાના સેસન જડજને અધીકાર નથી. પણ બદદા તથી ચોરીની મીલકત રાખવાને માટે પીનલકોડની કલમ ૪૧૦ મુજબ તે જડજ તેને ગુન્હેગાર ઠરાવી શકે છે. રાણી વિરૂદ્ધ અબદુલ લતીબ, વલદે અબદુલ રહીમન, ઈ૦ લો૦ રી૦ ૧૦ મું. ૧૮૬.

[મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી નવંબર સને ૧૮૮૫].

૫૦ હકુમત—પેરીમનો ટાપુ ઈંગ્રેજી હીંદુસ્થાનનો ભાગ ગણાય તે—પેરીમમાં ચાલતો કાયદો—એડનના પોલીટીકલ રેસીડન્ટની કોર્ટની હકુમત—એડન પ્રગણામાં અને સેસનના ભાગમાં પેરીમનો ટાપુ આવી જાય છે તે—સને ૧૮૬૪ નો બીજો કલમ ૨૯—પેરીમમાં બનેલા ફોજદારી કેસમાં એડનના પોલીટીકલ રેસીડેન્ટે કરેલી સજા ઉપર મુંબાઈ હાઈ કોર્ટમાં અપીલ કરેલી તે—એમ ઠરાવવામાં આવ્યું કે મુંબાઈ સરકારના અમલદારોએ પેરીમ ટાપુ જાથુના રહેઠાણ તરીકે રોકેલો હોવાથ ૨૧ અને ૨૨ વિકટોરીઆ ચેપટર ૧૦૬ ની વાખ્યા પ્રમાણે તે ઈંગ્રેજી હીંદુસ્થાનનો ભાગ ગણાય છે, અને આ આકટ પ્રમાણે બીજા મુલકો સાથે આ ભાગ રાણી સરકારને સોંપવામાં આવ્યાથી તે આકટ ઉપરથી તા૦ ૨ જી સપટંબર સને ૧૮૫૮ ને રોજ કાયદો બંધાયો. અને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ અને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ પુરેપૂરો આખા હીંદુસ્થાનમાં લાગુ પડે છે તેથી તેની અંદર પેરીમનો ટાપુ પણ આવી જાય છે. સેસનના ભાગોની સ્થાનીક હદમાં ફેરફાર કરવાનો અને ક્રીમીનલ પ્રોસીજર કોડ અમલમાં આવ્યો તે વખતના ભાગો કાયમ રાખવાનો સ્થાનીક સરકારને તે કોડની કલમ ૭ માં અધીકાર આપેલો છે. પેરીમનો ટાપુ એડન પ્રગણામાં અથવા એડનના સેસનના ભાગોમાં ઉમેરી ત્યાંના લશ્કરના ઉપરી અમલદારને તેના ઓદ્ધાની રૂઈએ બીજા વર્ગના મ:

જીસ્ટ્રેટનો અધીકાર અને ઈનસાફને માટે એડનની સેસન કોર્ટમાં કમીટ કરવાનો અધીકાર મુંબાઈ સરકારે તા૦ ૬ ઠી મે સને ૧૮૮૪ ના જાહેરનામાથી આપ્યો હતો. ક્રીમીનલ પ્રાસીજર કોડની કલમ ૭ ને માટે સને ૧૮૬૪ ના આકટ બીજાની ભાષા ઉપર નજર રાખી એમ ઠરાવવામાં આવ્યું કે એડનના રેસીડેન્ટની કોર્ટ તે સેસન કોર્ટ ગણાય છે, અને સને ૧૮૬૪ નો બીજો જે સ્થાનીક હદને લાગુ પડે છે તે સ્થાનીક હદ તે તારીખના જાહેરનામાથી પેરીમનો ટાપુ અંદર ગણાયો તે તારીખની સ્થાનીક હદ ગણાય છે. પેરીમના ટાપુમાં ખુન કરવાને માટે કોઈ કેદીને ત્યાંના માજીસ્ટ્રેટે એડનના રેસીડેન્ટની કોર્ટમાં ઈનસાફને માટે કમીટ કર્યો હતો. ગુન્હેગાર ઠરી મ્હોતની સજા કરવાથી તે કેદીએ મુંબાઈની હાઇ કોર્ટમાં અપીલ કરી. એડનના [સને ૧૮૬૪ નો બીજો] આકટની કલમ ૨૯ માં એમ લખેલું છે કે "કોઈ ફોજદારી કેસમાં રેસીડન્ટે કરેલી સજા અથવા હુકમ ઉપર અપીલ ચાલી શકતી નથી." તોપણ ઉપલુ લખાણુ પેરીમના ટાપુમાં બનેલા ગુન્હાઓને લાગુ પડશે કે નહી એ વિષે હાઇ કોર્ટને શક પડવાથી અપીલ દાખલ કરી. રાણી વિરૂદ્ધ મંગલ ટેકચંદ ઈ. લો. રી. ૧૦ મું. ૨૫૮.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી સપટંબર સને ૧૮૮૫.)

૫૧ હકુમત– સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨, ૧૫ અને સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૧, ૩, ૭, ૯—પેરીમ ટાપુ—એડનનો સને ૧૮૬૪ નો ૨ જો સેસન કોર્ટ ચલાવી શકે તેવા પેરીમ ટાપુમાં બનેલા ગુન્હાઓ ઉપર એડનના રેસીડેન્ટની હકુમત—પેરીમનો ટાપુ એડન પ્રગણામાં અથવા એડનના સેસનના ભાગોમાં ઉમેરવાનો અને ત્યાંના લશકરના ઉપરી અમલદારને એડનની સેસન કોર્ટમાં કમીટ કરવાનો અધીકાર નંબર ૨૩૩૬ ૪ થી મે સને ૧૮૮૪ ના જાહેરનામાથી મુંબાઈ સરકારે આપેલો છે, તોપણ એડનના પોલીટીકલ રેસીડેન્ટની કોર્ટની તે ટાપુ ઉપર કાંઈ હકુમત નથી અને તેથી કરીને એડનના પોલીટીકલ રેસીડેન્ટની કોર્ટ તે ટાપુની સેસન કોર્ટ ગણાતી નથી. તેટલા માટે પેરીમ ટાપુમાં કોઈ માણસે ખુન કર્યાથી ત્યાંના માજીસ્ટ્રેટે તેને એડનના પોલીટીકલ રેસીડેન્ટની કોર્ટમાં ઈનસાફને માટે કમીટ કરેલા અને તે કોર્ટે તેને ગુન્હેગાર ઠરાવી મોતની સજા કરેલી, તે કેસમાં ગુન્હો રદ કરી કેદીની રજુઆત યોગ્ય કોર્ટની રૂબરૂ ફરીથી ચલાવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. પેરીમનો ટાપુ જો કે એડનના પોલીટીકલ રેસીડેન્ટના તાબામાં છે તોપણ તે એડનનો ભાગ ગણાતો નથી અને તેથી કરીને એડનના સને ૧૮૬૪ ના આકટ ૨ જાના લખાણનો અમલ પેરીમ ટાપુમાં થઈ શકતો નથી. સને ૧૮૬૪ ના આકટ ૨ જાથી એડનમાં જુદી સેસન કોર્ટ બનતી નથી. બતાવવામાં આવેલી કોર્ટ રેસીડેન્ટની કોર્ટ ગણાતી હતી અને તે કોર્ટ અને સેસન કોર્ટનો અધીકાર એક જાતનો નથી રાણી વિ૦ મંગળ ટેકચંદ, ઈ. લો. રી. ૧૦ મું. ૨૬૩.

(મેસર્સ બર્ડવુડ અને જારડીન જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૮૮૬)

૫૨ હકુમત—પરહદમાં મજુરી કરવાનો કરાર તોડ્યો તે—સને ૧૮૫૦ નો આકટ ૧૩ મો—ન નામના માણસે ગ નામના માણસ પાસેથી અગાઉથી પૈસા લેઇ પરહદમાં મજુરી કરવાનો કરાર કરી આપ્યો. આ કરાર તોડવાથી ન ઉપર સને ૧૮૫૯ ના આકટ ૧૩ મુજબ ફોજદારી માંડવામાં આવી હતી તેમાં પૈસા પાછા આપવાનો અને તે ના આપે તો કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો. એમ ઠરાવવામાં આવ્યું કે હુકમ કાયદા વિરૂદ્ધ છે. ઈ. લો. રી. ૧૦ મ. ૨૧.

(મીં૦ જસ્ટીસ પારકરની રૂબરૂ, તા૦ ૨૮ મી સપટંબર સને ૧૮૮૬.)

૫૩ હકુમત—માજીસ્ટ્રેટની—૧૮૮૨ નો

૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૪૯—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૪૧૧—ચોરીની મીલકત રાખવી તે—બીજા વર્ગનો માજીસ્ટ્રેટ પોતે સજા કરી શકે તેના કરતાં વધારે સજા કરવા લાયક ગુન્હો છે એવું ધારી તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૯ મુજબ કેસ ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ તરફ મોકલ્યો. ડીસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટે કેસના કાગળો બીજા વર્ગના માજીસ્ટ્રેટ તરફ મોકલી કેસ સેસન કોર્ટમાં કમીટ કરવાનો હુકમ કર્યો. હુકમ કર્યા પ્રમાણે કેસ વખતસર કમીટ કરવામાં આવ્યો હતો. બીજા વર્ગના માજીસ્ટ્રેટે ચલાવેલો મુકરદમો કાયદા વિરૂદ્ધ નથી, અને બીજા વર્ગના માજીસ્ટ્રેટનો કમીટ કરવાનો અખતીયાર જતો રેહે એવું કાંઇ કૃત્ય કરવામાં આવ્યું નથી એવું ધારી હાઈ કોર્ટે દરમીયાન થવાની ના પાડી. રાણી વિ. ચંદુ ગોવાલા, ઈ. લો. રી. ૧૪ ક. ૩૫૫.

(મેસર્સ સર ડબલ્યુ કોમર પેથેરામ નાઈટ ચીફ જસ્ટીસ અને નોરીસ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી માર્ચ સને ૧૮૮૭.)

જુઓ કમીટ કરવુ તે ૧૮, ૨૧, ૩૮, ૫૭, ૬૫.
„ ફરીઆદ ૪, ૮, ૨૬, ૩૨.
" સાપરાધ વિશ્વાસઘાત સરકારી નોકર તરીકે ૭.
„ કેદમાંથી નાસી જવું ૨.
„ યુરોપી ઈંગ્રેજી પ્રજા ૧૩.
„ ખંડણી આપનાર માહાલો.
„ ઝાંઝીબાર.

હથીઆરો—

૧ હથીઆરો—કબજો—કેદીઓ પાસે હથીઆરો હતા એ વિષેનો ખાત્રીપુર્વક પુરાવો હોય અને ફકત હથીઆર રાખ્યાથી કોઈ અમુક પ્રગણામાં ગુન્હો બનતો હોય અને તેની તપાસ કરવામાં પોલીસે કાયદા વિરૂદ્ધ મુકરદમો ચલાવ્યો હોય તેમ છતાં પણ એવી રીતે કાયદા વિરૂદ્ધ હથીઆર રાખવાથી તેઓને સજા થઈ શકે છે. રાણી વિ૦ શીઓપરશનરી, ૨ વા. રી. પ્રાં. ૫૭.

[મેસર્સ ટરનર અને સ્પેંકી જડજોની રૂબરૂ, તા૦ ૧ ફેબ્રુઆરી સને ૧૮૭૦]

૨ હથીઆરો—સને ૧૮૬૧ નો ૩૧ મો—પરવાના સીવાય હથીઆરોનો કબજો—સને ૧૮૬૦ ના આકટ ૩૧ મુજબ પરવાના શીવાય હથીઆરો કબજામાં રાખવાને માટે કોઈ માણસ ઉપર કેદનું વારંટ અને હાજર રેહેવાને માટે સમન કાઢવાને, હુકમ કરવાને માજીસ્ટ્રેટે ચલાવે। મુકરદમ, ઓ કાયદા વિરૂદ્ધ ગણી રદ કરવામાં આવ્યા હતા. રામશરપ્રસાદ નારાયણસીંગ અરજદાર, ૧૮ વિ. રી. ૧; ૯ બે. લો. રી. અપે. ૩૪.

(મેસર્સ બેલી અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી મે સને ૧૮૭૨.)

૩ હથીઆરો—પરવાના સીવાયનો કબજો—સને ૧૮૬૦ નો ૩૧ મો કલમ ૩૨—ગાયા શેહેરમાં પરવાનો મેળવ્યા સીવાય હથીઆરો રાખવાથી સને ૧૮૬૦ ના આકટ ૩૨ મુજબ કાંઈ પણ ગુન્હો બનતો નથી એમ ઠરાવવામાં આવ્યું હતું કારણ કે તે આકટની કલમ ૩૨ નું લખાણ ઉપલા પ્રગણાને લાગુ પડતું નથી. મોદનારાયણપુરી અરજદાર, ૧૮ વિ૦ રી૦ ૨૬; ૯ બે. લો. રી. ૩૪ ન.

[મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૫ મી જુલાઈ સને ૧૮૭૨].

૪ હથીઆરો—સને ૧૮૭૮ નો આકટ ૧૧ મો કલમો ૧૩, ૧૯, ૨૯—પાકને નુકશાન કરનાર જંગલી જાનવરોને મારવાનો પરવાનો લીધા પછી ભેંસોને ગમત દાખલ ગોળીથી મારવી તે ગુન્હો ગણાતો નથી જે પ્રગણામાં ભેંસની જાતના જાનવરથી પાકને ઘણુંજ નુકશાન થાય છે તે પ્રગણામાં હથીયારના સને ૧૮૭૮ ના ૧૬ મા નિયમના અગીઆરમા નમુના મુજબ પરવાનો (પાકને નુકશાન કરે તેવાં જગલી જાનવરોને મારવાનો) કોઈ માણસે લીધો હોય તો ઉપલા આ

કટના ૧૩ મા નિયમના આઠમા નમુના મુજબ પરવાનો લીધા શીવાય ગમત દાખલ ભેંસની જાતના જાનવરને ગોળી મારી શકાય છે. રાણી વિરૂદ્ધ બોમયા, ઈં૦ લો૦ રી૦ ૫ મ. ૨૬.

(મેસર્સ કરનાન અને ફીનડરસ્લી.જજોની રૂબરૂ, તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૮૨).

૫ હથીઆરો—સને ૧૮૭૮ નો આકટ ૧૧ મો કલમ ૧૯, કલોઝ (એફ) અને કલમો ૨૫, ૩૦—મંદીરના હથીઆરો—પુજાના કામમાં વપરાતા હથીઆરો દંડ દાખલ સરકાર જપ્ત કરવા તે—ખાસ અધીકાર મળેલો પોલીસ ઈનસ્પેકટર—હથીઆરો રાખવાનો પરવાનો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૭૯ અને ૫ રીશીષ્ટ (આઇ. વી)—"બીજા કાયદાઓ વિરૂદ્ધ ગુન્હાઓ—પટના શેહેરના સીખ લોકોના દેવળમાં પુજાને માટે બસેં વર્ષથી ચાર નહાની ટોપો, ચાર પીસ્તોલો અને એકત્રીસ બંદુકો રાખવામાં આવતી હતી. દેવળનો મહંત સને ૧૮૭૮ ના આકટ ૧૧ મુજબ પરવાનો માગવાનું ભુલી ગયો હતો. આ બાબતની તપાસને માટે રાખેલા પોલીસ ઈનસ્પેકટરને ખબર મળ્યાથી તેણે દેવળની ઝડતી લીધી અને હથીઆરો માલમ પડવાથી દેવળનો ચાર્જ જે માણસ પાસે હતો તેના ઉપર ફોજદારીમાં ફરીઆદ માંડી. હથીઆરના સને ૧૮૭૮ ના આકટ ૧૧ ની કલમ ૧૯ ના કલોઝ (એફ) મુજબ પટનાના ડેપ્યુટી માજીસ્ત્રેટે તેને ગુન્હેગાર ઠરાવી પચાસ રૂપીઆ દંડ કર્યો અને દંડ ના આપે તો બે માસની સખત કેદ ઠરાવી. ડેપ્યુટી માજીસ્ત્રેટે વળી એવો પણ હુકમ કર્યો કે હથીઆરો દંડ દાખલ સરકાર જપ્ત કરીને તેની જે કીંમત ઉપજે તે પોલીસ ઈનસ્પેકટર અને ખબર આપનારને વેહેંચી આપવી જોઇએ. સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૫૭૯ અને હથીઆરના સને ૧૮૭૮ ના આકટ ૧૧ ની કલમ ૧૯ ના કલોઝ એફ ઉપર નજર રાખી પટનાના સેસન જડજે અભીપ્રાય માગવાથી એમ ઠરાવવામાં આવ્યું કે પોલીસ ઈનસ્પેકટરે ચલાવેલા મુકરદમાઓ અને તે હોમતદારને ગુન્હેગાર ઠરાવેલો તે કાયદા વિરૂદ્ધ નોહોતા. હથીઆરના આકટની કલમો ૨૫ અને ૨૭ મુજબ પરવાનો માગવો જોઇએ અથવા બાતલ થવું જોઈએ એ સરતો નહી પાળવાને માટે હથીઆરના આકટમાં દેવળના માણસોને કાંઇ બાતલ કરેલા નથી એ નિયમો. પરવાનાથી હથીઆરો રાખવામાં આવ્યા હોય અગર ના આવ્યા હોય તોપણ હથીઆરો કાયદા વિરૂદ્ધ કામને માટે રાખવામાં આવેલા છે અથવા લોકોની શાંતીને ભય ઉપજાવે તેવી બાબતોથી રાખેલાં છે. એવું જે કેસોમાં માજીસ્ત્રેટનું ધારવું હોય તે કેસોને લાગુ પડે છે. ઝડતી લેનાર અમલદાર સીવાય બીજો કોઇ ખાસ અધીકારવાળો અમલદાર હાજર હોવો જોઈએ એવી હથીઆરના આકટની કલમ ૩૦ ની મતલબ છે. રાણી વિ૦ ટેગ્રસીંઘ, ઈં૦ લો૦ રી૦ ૮ ક૦ ૪૭૩.

મેસર્સ કનીંગહામ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી માર્ચ ૧૮૮૨.)

૬ હથીઆરો—સને ૧૮૭૮ નો ૧૧ મો કલમો ૪, ૫, ૯—દારૂખાનાને માટે બાદુકનો દારૂ અને હવાઈઓ રાખવી તે દારૂગોળો ગણાતો નથી—પરવાનો લીધા સીવાય હવાઇઓ આવી જાય તેવું દારૂખાનું બનાવવું અથવા રાખવું તે હથીઆરના સને ૧૮૭૮ ના આકટની કલમ ૫ ની મનાઈમાં આવી જતું નથી. તે આકટની કલમ ૪ માં લખેલી હવાઈઓ તે લઢાઈની હવાઇઓ છે. રાણી વિ૦ સુપી, ઈં૦ લો૦ ૫ મ૦ ૧૫૯.

(મેસર્સ ઈન્સ અને મુતુસ્વામી આયાર જડજોની રૂબરૂ, તા૦ ૨૪ મી ફેબ્રુઆરી અને ૧૬ મી માર્ચ સને ૧૮૮૨)

રાણી વિ૦ ખાસીમના કેસમાં તફાવત બતાવવામાં આવ્યો, ઈં૦ લો૦ રી૦ ૮ મ૦ ૨૦. જુઓ હથીઆરો ૯.

૭ હથીઆરો—સને ૧૮૭૮ નો ૧૧ મો કલમ ૪—પરવાનો મેળવ્યા શીવાય કામમાં ના આવે તેવો બંદુકનો દારૂ રાખવો તે ગુન્હો નથી—હથીઆરના સને ૧૮૭૮ ના આકટની કલમ ૪ માં બતાવેલા "હથીઆરો" ની વાખ્યામાં ઘોડો ભાગી જવાથી નિર ઉપયોગી થઈ ગએલી બંદુક આવી જતી નથી. પરવાનો મેળવ્યા શીવાય આવું હથીઆર રાખવું તે ગુન્હો ગણાતો નથી. રાણી વિ૦ સીદાપાઈ, ઈ. લો. રી. ૬ મ. ૬૦.

(મેસર્સ ઇન્સ કામ ચલાઉ ચીફ જસ્ટીસ મુતુસ્વામી આયર અને ટારન્ટ જડજોની રૂબરૂ, તા૦ ૨૧ મી અગષ્ટ સને ૧૮૮૨).

૮ હથીઆરો—સને ૧૮૭૮ નો ૧૧ મો કલમ ૪—ઉપયોગમાં આવે તેવી બંદુકની નળી—ઉપયોગમાં આવે તેવી બંદુકની નળી હથીઆરના સને ૧૮૭૮ ના આકટની કલમ ૪ માં બતાવ્યા પ્રમાણે "હથીઆરો" ની વાખ્યામાં આવી જાય છે. અને પરવાનો લીધા શીવાય તે રાખવાથી ઉપલા આકટની કલમ ૧૯ ના કલોઝ (એફ) મુ બ સજા થઈ શકે છે. રાણી વિ૦ વયાપુરી, ઈ૦ લો૦ રી૦ ૭ મ. ૭.

(મી૦ ટરનર જડજની રૂબરૂ, તા૦ ૨૫ મી મે સને ૧૮૮૩).

૯ હથીઆરો—સને ૧૮૭૮ ના આકટ ૧૧ની કલમ ૧૯—ફટાકીઆ બનાવવાને માટે પરવાનો મેળવ્યાસિવાય દારૂ રાખવો તે—દારૂખાનુ બનાવવાનો વિચાર હોય અગર ના હોય તોપણ દારૂખાનુ રાખવું તે હથીઆરના સને ૧૮૭૮ ના આકટ ૧૧ ની કલમ ૧૯ મુજબ ગુન્હો ગણાય છે. રાણી વિ૦ સુપી (ઈ૦ લો૦ રી૦ ૫ મ૦ ૧૫૯) ના કેસનો તફાવત બતાવવામાં આવ્યો. રાણી વિ. ખાસીમ ઈ૦ લો૦ રી૦ ૮ મ૦ ૨૦૨.

(મેસર્સ ટરનર ચીફ જસ્ટીસ અને મુતુસ્વામી આયર જડજોની રૂબરૂ, તા. ૧૯ મી ડીસંબર સને ૧૮૮૪).

૧૦ હથીઆરો-સને ૧૮૭૮ નો આકટ ૧૧ મો કલમો ૧૫, ૧૯—હથીઆરો રાખવાં તે—બદામી તાલુકો-સને ૧૮૬૦ નો ૩૧ મો કલમ ૩૨-કલોઝ ૧, ૨—હથીઆરો બનાવવાં, પરદેશથી મંગાવવાં અને વેચવાં સંબંધીનો સને ૧૮૬૦ નો આકટ ૩૧ ની કલમ ૩૨ નો કલોઝ ૨, જે વખતે હથીઆરનો સને ૧૮૭૮ નો આકટ ૧૧ મો અમલમાં આવ્યો તે વખતે, કલાદગી કલેકટરેઈટના બદામી તાલુકામાં લાગુ પડતો નોહોતો. સને ૧૮૬૬ ના આકટ ૬ થી સુધારો થયેલો સને ૧૮૬૦ નો આકટ ૩૧ મો બીજી જગ્યાઓની સાથે બદામી તાલુકામાં પણ ચલે છે એવું મુંબાઈ સરકારે નંબર ૧૧૧૨ તા૦ ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૭૮ ના રોજ ઝાહેરનામાથી પ્રગટ કર્યુંછે તે સને ૧૮૬૦ ના આકટ ૩૧ ની કલમ ૩૨ ના કલોઝ ૧ મુજબ લઢાઈની સામગ્રી બંધ રાખવાનો હુકમ ગણાતો નથી. તેટલા માટે સને ૧૮૭૮ ના આકટ ૧૧ ની કલમ ૧૫ મુજબ ગવરનર જનરલની મંજુરીથી ઉપલી કલમ બદામી તાલુકાને લાગુ પડે છે એવું ઝાહેરનામુ કાઢેલું નહી હોવાથી તે તાલુકામાં પરવાનો લીધા સિવાય હથીઆરો રાખવાં તે ઉપલા આકટની કલમ ૧૯ મુજબ સજા થઇ તેવો ગુન્હો ગણાતો નથી. મુંબઈ સરકાર વિ૦ દદયામા બસાપા, ઈ૦ લો૦ રી૦ ૯ મુ૦ ૪૭૮.

(મેસર્સ નાહાનાભાઇ હરીદાસ અને વેડર્નબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુન સને ૧૧૮૮૫).

જુઓ તોડવો સરકારી નોકરનો હુકમ ૮.

હથીઆરનો અ કટ—

૧ હથીઆરનો સને ૧૮૮૧નો આકટ—૪૪ અને ૪૫ વિકટોરીઆ ચેપટર ૫૮ કલમ ૧૪૫-લશકરના સને ૧૮૮૧ ના આકટની કલમ ૧૪૫ હિંદુસ્થાનની ઈંગ્રેજી ફોજના સીપાઈઓને લાગુ પડતી નથી. ઈ૦ લો૦ રી૦ ૮ મ૦ ૩૬૫.

૨ હથીઆરનો સને ૧૮૭૮ નો આકટ કલમો ૫-૧૯—હથીઆરના સને ૧૮૭૮ ના

આકટ મુજબ ब નામના માણુસે જામગરી વાળી બંદુક રાખવાનો પરવાનો લીધા પછી આંચકાથી ફોડાય તેવી બંદુક તેણે રાખી. આંચકાથી ફોડાય તેવી બંદુક રાખવાની તેને પરવાનગી આપી નોહોતી એવું કારણ બતાવી ઉપલા આકટની કલમ ૧૯ મુજબ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ગુન્હેગાર ઠરાવવું તે કાયદા વિરૂદ્ધ હતું. રાણી વિ૦ બોદાપા, ૬૦ લો. રી૦ ૧૦ મ૦ ૧૩૧.

(મેસર્સ મુતુસ્વામી આયર અને બ્રાંડટ જડજોની રૂબરૂ, તા૦ ૧૭ મી ડીસેમ્બર સને ૧૮૮૬).

હાજર જામી —

૧ હાજર જામીન—કેદ—હાજર જામીનોને કેદ કરવાનો અખતીઆર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૪ માં આપેલો નથી પ્રો. તા૦ ૨૦ મી અગષ્ટ સને ૧૮૬૯; ૪ મ. હા. કો. રી. અપે. ૬૮.

૨ હાજર જામીન—મુચરકો—એક કોર્ટમાં તોહોમતદાર હમેશાં હાજર રહે એવી સરતથી કોઈ માણુસે જામીન આપ્યા હોય તો, એમ ઠરાવવામાં આવ્યું હતું કે જે કોર્ટમાં હાજર રાખવાને માટે તે જવાબદાર થયો છે તે કોર્ટે તોહોમતદારને કામ પ્રસંગે તે જગા છોડી જવાની પરવાનગી આપી હોય અથવા પાછળથી કેસ બીજી કોર્ટમાં મોકલવામાં આવ્યો હોય તો જામીન આપનાર માણુસ પોતે આપેલા મુચરકાની જવાબદારીમાંથી છુટો થઈ જાય છે. રાણી વિરૂદ્ધ મોતાલાલ, ૧૩ વિ રી. ૫૩.

[મેસર્સ નોરમન અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૪ થી એપ્રીલ સને ૧૮૭૦].

૩ હાજર જામીન—વારંટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૨૦— કોઇ હાજર જામીનની મીલકત જપ્ત કરવાને માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૦ મુજબ વારંટ કાઢતાં પેહેલાં, જામીન ખતમાં બતાવેલો દંડ શા માટે આપવો જોઈએ નહી તેનું કારણ બતાવવાને તેને બોલાવવો જોઇએ; અને આવી રીતની નોટીસ આપવામાં આવી હતી એવું દફતર ઉપરથી સ્પષ્ટ રીતે સાબીત થવું જોઈએ. બેદી કોઇઅરતની વિરૂદ્ધ દુરગાદાસ ભટાચારજી, ૧૫ વિ. રી. ૮૨; ૭ બેં લો. રી. અપે. ૩૭.

[મેસર્સ નોરમન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૧૨ મી મે સને ૧૮૭૧].

૪ હાજર જામીન—જામીન ખત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૦૦, ૩૦૫—હાજર જામીનોએ કરી આપેલા જામીન ખતનો શા માટે અમલ કરવો જોઈએ નહી એવું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૦૫ મુજબ કારણ બતાવવાને માટે તેઓને બોલાવ્યા હોય અને તેઓએ બતાવેલી હકીકત પુરાવાથી સાબીત ના થતી હોય તો, એમ ઠરાવવામાં આવ્યું હતું કે જામીન ખત બજાવવાનો હુકમ કરેલો વ્યાજબી હતો. મી૦ ફીઅર જડજનો મત—એક મુખ્ય ગુન્હેગારને માટે અને બીજુ હાજર જામીનનો માટે એવા બે જામીન ખતો અનુક્રમણીકાના (એફ) નમુનામાં જો કે બતાવેલાં છે તોપણ આવી જાતનાં બે જામીન ખતો એક કાગળમાં કરી લેવાને બદલે બે જુદા જુદા કાગળો ઉપર કરી લેવામાં આવ્યા હોય તોપણ તે કલમ ૩૦૦ ના લખાણુની અંદર આવી જાય છે. તારીનીચરન મોઝુમદાર અરજદાર, ૧૯ વિ૦ રી૦ ૨૯.

(મેસર્સ ફીઅર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૩૦ મી જાનેવારી સને ૧૮૭૩)

૫ હાજર જામીન—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૫૦૫, ૫૧૬—સુલેહનો ભંગ નહી કરવાના જામીન આપવાનો હુકમ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૫ મુજબ કરતી વખતે કા

યદાનું ઓલંઘન થતું અટકાવવાને જરૂર ના જણાય તેવી સરત નાખવાને માજીસ્ત્રેટને અધીકાર છે. તે એ કે તોહોમતદારે બે આબરૂદાર પઈસાવાળા અને એક બીજા સાથે સંબંધ ના રાખે તેવા અને તેના ઘરની એક માઈલની અંદર રેહેતા હોય તેવા બે જામીનો આપવા જોઈએ. જે કારણ ઉપરથી જામીનો ના કબુલ કરવાને માજીસ્ત્રેટને કલમ ૫૧૬ મુજબ અધીકાર આપેલો છે તે કારણ વ્યાજબી અને કાયદેસર હોવું જોઈએ. નારાયણ સુબોધી અરજદાર, ૨૨ વિ૦ ૩૭.

(મેસર્સ જેકશન અને મેકડોનલ જડજોની રૂબરૂ, તા૦ ૯ મી જુલાઈ સને ૧૮૭૪.)

જુઓ નાસી જનાર ગુન્હેગાર ૪.

,, રાજદંડ ૩.

હાથ નિચેના માજીસ્ત્રેટો—

૧ હાથ નિચેના માજીસ્ત્રેટો—ફુલપાવર માજીસ્ત્રેટ—ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ—સેસન કોર્ટ—હાઈ કોર્ટનો અભીપ્રાય માગેલો તે—સુધારો થયેલો સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૨૩ ગ અને ૪૩૪—એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩ ગ ના લખાણ મુજબ કલમ ૪૩૪ ના લખાણને માટે ફુલપાવર માજીસ્ત્રેટ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટના તાબાનો માજીસ્ત્રેટ ગણાય છે પણ સેસન કોર્ટના તાબાનો માજીસ્ત્રેટ ગણાતો નથી. રાણી વિ૦ કેશવશેઠ, ૯ મું. હા કો. રી ૭૪.

(મેસર્સ ગીબ્સ અને મેલવીલ જડજોની રૂબરૂ, તા૦ ૧ ડીસેંબર સને ૧૮૬૯.)

૨ હાથ નિચેના માજીસ્ત્રેટો—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૮૪—ત્રીજા વર્ગનો માજીસ્ત્રેટ પ્રગણાના ભાગમાં ફરવા નીકળેલો તે—પ્રગણાના ભાગના માજીસ્ત્રેટે, સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૪ મુજબ ત્રીજા વર્ગના માજીસ્ત્રેટ તરફ તજવીજને માટે ચોરીનો કેસ મોકલ્યો, જે માજીસ્ત્રેટ તે વખતે સરકારી કામોને માટે પોતાના ભાગમાં ફરવા નિકળ્યો હતો. આ માજીસ્ત્રેટ જેની હકુમત હતી તેને તોહોમતદાર ગુન્હેગાર છે એવું માલમ પડ્યું તોપણ પોતાના અખતીયાર પૈકી વધારે સજા કરવા લાયક ગુન્હો છે એવું ધારી તેણે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૬ ના લખાણ મુજબ કેસના કાગળો પ્રથમના માજીસ્ત્રેટ તરફ મોકલ્યા. આ ઉપરથી પ્રથમના માજીસ્ત્રેટે ઉપલી કલમ મુજબ તોહોમતદારને બે વર્ષની સજા કરી. એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૧ મુજબ ત્રીજા વર્ગનો માજીસ્ત્રેટ, ડીસ્ત્રીકટના ભાગના માજીસ્ત્રેટના હાથ નિચેનો માજીસ્ત્રેટ ગણાય છે, અને તેથી કરીને તે માજીસ્ત્રેટની પદ્ધતિ કાયદા પ્રમાણે હતી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે ત્રીજા વર્ગનો માજીસ્ત્રેટ ડીસ્ત્રીકટના ભાગના માજીસ્ત્રેટનો "હાથ નિચેનો" માજીસ્ત્રેટ નોહોતો કારણકે સને ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૨૮૪ લાગુ પાડવી નોહોતી કારણ કે તે કલમ, સજા કાયદા વિરૂદ્ધ હોય અથવા અધીકાર ન હોય તેવા કોઈ માજીસ્ત્રેટે કેસ બીજે ઠેકાણે મોકલ્યો હોય તેવી બાબતોને લાગુ પડતી નથી, પણ હકુમત નહી હોવાથી કાયદા વિરૂદ્ધ ગુન્હેગાર ઠરાવવું ગણાતું હોય તેવી બાબતને લાગુ પડે છે. રાણી વિ૦ કાલુ, ઈ૦ લો૦ રી૦ ૪ અ૦ ૩૬૬.

(મેસર્સ સ્ટ્રેઈટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી માર્ચ સને ૧૮૮૨.)

૩ હાથ નિચેના માજીસ્ત્રેટો—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૫૨૬—બંગાલોરનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ અને સેસન જડજ હાઈ કોર્ટના તાબાના ગણાય છે તે—બંગલોરનો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટ અને દિવાની સેસન જડજ અને સદર બજારનો સેસન જડજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૦૬ ના અર્થ મુજબ મદ્રાસ હાઇ કોર્ટના હાથ નિચેના માજીસ્ત્રેટો ગણાય છે. સ્કોટ વિ૦ રીકેટસ, ઈ૦ લો૦ રી૦ ૯ મ૦ ૩૫૬.

(મેસર્સ કરનાન અને પારકર જડજો ની રૂબરૂ, તા૦ ૯ મી એપ્રીલ સને ૧૮૮૬).

હાઈ કોર્ટ—

૧ હાઈ કોર્ટ—હુકુમત—સેસન જડજે અડધો ઈનસાફની રાહે આપેલો મત—કેદની સજા દરમીઆન થવાનો અધીકાર નથી એવું સેસન જડજે કબુલ કરી પુરાવા ઉપર પોતાનો મત આપવો જોઇતો નોહોતો એવી કેસની ટીકા કરવામાં તે કાયદા વિરૂદ્ધ ચાલ્યો છે એવું ઠરાવી તેણે ચલાવેલા મુકરદમાઓ રદ કરવાનો હાઈ કોર્ટને અધીકાર નથી. પાલ આરીઅર વિગેરે અપેલેન્ટો, ૫ વિ. રી. ૨.

(મેસર્સ પીઅર અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૬૬).

૨ હાઈ કોર્ટ—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૪—નિચેની કોર્ટનો મુકરદમો કોઇપણ રીતે કાયદા વિરૂદ્ધ ચલાવવામાં આવ્યો હોય તોજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૪ મુજબ હાઈ કોર્ટ દરમીયાન થઈ શકે છે. રાણી વિ૦ જોમ કીશનલાલ, ૧૨ વિ૦ રી૦ ૪૬.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૯ મી અગષ્ટ સને ૧૮૬૯).

૩ હાઈ કોર્ટ—હુકમનામાની નકલો—અડધી ઈનસાફની બાબતનો જે હુકમથી નીર્ણય કરવામાં આવ્યો હોય તે હુકમ તા૦ ૧૭ મી નવંબર સને ૧૮૬૮ ના હાઈ કોર્ટના નીયમમાં આવી જાય છે. અને આવી રીતના હુકમોની નકલો સેસન કોર્ટમાં મોકલવી જોઇએ. તેમજ ફુલપાવર માજીસ્ત્રેટે ચલાવેલા દરેક મુકરદમાની નકલો કેલન્ડર તપાસ્યા પછી મોકલવી જોઇએ. પણ તજવીજ ઉત્પન થાય તેવા અને પ્રોસેસ કાઢવા સબંધીના હુકમો ઉપલા નિયમમાં આવી જતા નથી. પ્રો. તા૦ ૧૬ મી નવંબર સને ૧૮૬૯; ૫ મ. હા. કો. રી. અપે. ૭.

૪ હાઈ કોર્ટ—જડજો અને માજીસ્ત્રેટો તરફની અરજીઓ—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૬ ની મતલબનો અમલ કરવાને માટે જડજો અને માજીસ્ત્રેટોએ હાઈ કોર્ટની મારફતે અરજીઓ કરવી જોઇએ. પ્રો. તા૦ ૨૫ મી નવંબર સને ૧૮૬૯; ૫ મ. હા. કો. રી. અપે. ૯.

જુઓ તપાસણી.

,, હાઈ કોર્ટનું ઉપરીપણું.

હાઈ કોર્ટનું ઉપરીપણું—

૧ હાઇ કોર્ટનું ઉપરીપણું—૨૪ અને ૨૫ વીકટોરીઆ ચેપટર ૧૦૪ કલમ ૧૫—સને ૧૮૭૨ ના આકટ ૧૦ મુજબ કરેલો હુકમ કલમ ૫૧૮—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ માજીસ્ત્રેટે કરેલા રીતસર હુકમોની અંદર ચારટર આકટની કલમ ૧૫ મુજબ હાઇ કોર્ટ દરમીયાન થઈ શકતી નથી. ચંદરનાથસેનની અરજીની બાબત, ઈ. લો. રી. ૨ ક૦ ૨૯૩.

(મેસર્સ ગાર્થ ચીફ જસ્ટીસ, કેમ્પ, મેકફરસન માર્કબાય અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી ડીસેંબર અને તા૦ ૨૦ મી ફેબ્રુઆરી સને ૧૮૭૭).

નિચેના કેસોમાં અર્થ કરી બતાવવામાં આવે છેઃ—

અરઝનઉલાહ વિ૦ નાઝીર મુલીક, ૨૧ વિ૦ રી૦ ૨૨. જુઓ લોકોપકારક કૃત્ય ૫૯.

બાનીમાધબ ઘોસ વિ૦ વુમાનાથરોય ચોવરી, ૨૧ વિ. રી. ૨૬. જુઓ લોકોપકારક કૃત્ય ૬૦.

ચંદરકુમાર રોય વિરૂદ્ધ ઉમેશચંદર મોઝુમદાર, ૨૨ વિ. રી. ૭૮. જુઓ તપાસણી ૧૧.

શ્રીનાથ દત્ત વિ૦ ઉનોડાચરન દત્ત, ૨૩ વિ૦ રી૦ ૩૪. જુઓ લોકોપકારક કૃત્ય ૯૬.

તેજરામ વિગેરે વિ૦ હરસુખના કેસ ઉપર નજર રાખવામાં આવે છે, ઈ. લો. રી. ૧ અ. ૧૦૧. (દીવાની રૂલીંગ).

બ્રેડલી વિ૦ જેઈમસનના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો, ઈ. લો. રી. ૮ ક. ૫૮૦; ૧૧ ક. લો. રી. ૪૧૪. જુઓ લોકોપકારક કૃત્ય ૩૯.

૨ હાઈ કોર્ટનું ઉપરીપણું—૨૪ અને ૨૫ વિક્ટોરીઆ ચેપ્ટર ૧૦૪ કલમ ૧૫—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ કરેલા હુકમો, કલમ ૫૧૮, ૨૯૭—ઈનસાફી મુકરદમાઓમાં કરેલા હુકમો—એમ ઠરાવવામાં આવ્યું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૧૮ મુજબ કરેલા હુકમો, ઇનસાફી મુકરદમાઓમાં કરેલા હુકમો નહી હોવાથી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૨૯૭ મુજબ દરમીઆન થવાનો હાઈ કોર્ટને અધીકાર નથી; પણ તા૦ ૬ ઠી સપટંબર સને ૧૮૮૧ ને રોજ કરેલો હુકમ કાયદા વિરૂદ્ધ હોવાથી ૨૪ અને ૨૫ વિક્ટોરીઆ ચેપટર ૧૦૪ ની કલમ ૧૫ મુજબ હાઈ કોર્ટ તે રદ કરી શકે છે. ચંદરનાથસેનની અરજીની બાબત, ઈ. લો. રી. ૨ ક. ૨૬૩ ઉપર આધાર રાખવામાં આવ્યો. બ્રેડલી વિ૦ જોર્ડમસન, ઈ. લો. રી. ૮ ક. ૫૮૦.

(મેસર્સ કનીંગહામ અને ટોટનહામ જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ સને ૧૮૮૨).

હાઇ કોર્ટનો તપાસનારી કોર્ટ તરીકે અધિકાર—

હાઈ કોર્ટનો તપાસનારી કોર્ટ તરીકે અધિકાર—અપીલમાં નિર્દોષ ઠરાવી છોડી મુકયા પછી ફરીથી તજવીજ ચલાવી હાઈ કોર્ટે કરેલો હુકમ—નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૪૨૩ (અ) અને ૪૩૯ જો કે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ઠરાવ બદલીને ગુન્હેગાર ઠરાવવાનો ઠરાવ હાઈ કોર્ટ કરી શકે નહી તોપણ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરીથી જોઈ જવાનો હાઈ કોર્ટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ મુજબ અધીકાર છે. અપીલમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાના સેસન કોર્ટે કરેલા હુકમોના સબંધમાં હાઇ કોર્ટ હુકમ ફેરવીને અપીલ ફરીથી ચલાવવાનો કલમ ૪૩૯ મુજબ હુકમ કરી શકે છે. આવી રીતની અપીલ ચલાવવાને સેસન કોર્ટ, અથવા કલમ ૫૨૬ મુજબ અપીલ ચલાવવાને હાઇ કોર્ટ સોંપરત કરે તેવી સરખા દરજ્જાની કોર્ટ એ યોગ્ય કોર્ટો ગણાય છે. રાણી વિરૂદ્ધ બળવંત, ઈ૦ લો૦ રી૦ ૯ અ. ૧૩૪ (ફુલ બેન્ચ).

(મેસર્સ સર જોન એજ નાઈટ ચીફ જસ્ટીસ, સ્ટ્રેઈટ, ઓલ્ડફીલ્ડ, બોધર્સ્ટ અને ટીરલ જડજોની રૂબરૂ, તા૦ ૨૫ મી નવંબર સને ૧૮૮૬).

હીબીઆસ કોરપસ—

૧ હીબીઅસ કોરપસ—નાની ઊંમરનો—વિચાર—પાછુ મોકલવું તે—આરીડાવીટ—સુધારો—હીબીઅસ કોરપસનો હુકમ ખરો છે એમ ધારવું જોઈએ અને તેનો રદીઓ આરીડાવીટથી આપી શકાતો નથી. ત્રીજા જોર્જના ૫૬ મા સ્ટેટયુટના ચેપટર ૧૦૦ ની કલમ ૪ મુજબ ઈંગલાંડની અંદર ફોજદારી કેસોમાં રીટર્નની સામે આરીડાવીટ કરી તકરાર લેઈ શકાય છે. પણ તે સ્ટેટયુટ આ દેશમાં લાગુ પડતો નથી. હીબીઅસ કોરપસનું વારંટ પાછુ મોકલ્યુ હોય તો તેમાં સુધારો થઇ શકે છે. સોળ વરસની નાની ઊંમરની છોડી જેણે તેણીના કાયદેસર વાલીના કબજામાંથી કોઈ માણસ લલચાવી લઈ ગયો હોય તો તેણીએ પોતાના વીચારથી આપેલી કબુલાતથી તે માણસ બચી જતો નથી. હીબીઅસ કોરપસના કોઇ રીટર્ન પત્રકમાં એમ બતાવ્યું હોય કે છોડી (જો કે તેણીની માએ તેર વર્ષ અને નવ મહીના કહ્યા હતા) સોળ વર્ષની હતી તેવી બાબતમાં કોર્ટે એમ ઠરાવ્યું કે કોના રક્ષણ નિચે રહેવાનું તે પસંદ કરે છે એ વિષેનો વીચાર કરવાને તે પુખ્ત ઊંમરની હતી રાણી વિ૦ વેધ્રન; એસ૦ એમ૦ ગનેશસુંદરી ડેબીની બાબત, ૫ બેં૦ લો૦ રી૦ ૪૧૮.

(મી૦ પ્રીઅર જડજની રૂબરૂ. તા૦ ૧૧ મી મે સને ૧૮૭૦.

હેમનાથ બોસની બાબતને લાગુ પડે છે. ૧ હાઈડસ રીપોર્ટ. ૧૧૧.

મધુસુદન માનજી વિ૦ ડેબીન ગોબીન્ડાંન્યુગીના કેસને લાગુ પડે છે. ૧ બેં. લો. રી. ૪૯.

ગંગાપ્રસાદ ગોસાઈની બાબતને લાગુ પડે છે. ૫ બેં૦ લો૦ રી૦ અપે ૪૩; ૫ બેં. લો. રી. ૮૦.

૨ હીબીઅસ કોરપસ—હાઈ કોર્ટની હકુમત—પ્રગણામાં હુકમ કાઢવાનો અધીકાર—હીબીઅસ કોરપસ આકટ—સને ૧૮૧૮ નો રેગ્યુલેશન ૩ જો—સને ૧૮૫૮ નો આકટ ૩ જો—સને ૧૮૫૦ નો આકટ ૩૪ મો—૧૩ ત્રીજો જોર્જ ચેપટર ૬૩ કલમ ૩૬—૩૭ ત્રીજો જોર્જ ચેપટર ૧૪૨ કલમ ૮—૨૧ ત્રીજો જે કલમ ૭૦— ૩ અને ૪ વિલીઅમ નવમો, ચેપટર ૮૫ કલમ ૪૩—કોઇ ઈંગ્રેજી મુસલમાન પ્રજાને કલકત્તામાંથી પકડી પ્રગણામાં લેઈ જઈ તેને સને ૧૮૧૮ ના રેગ્યુલેશન ત્રીજામાં બતાવેલા નમુના પ્રમાણે ગવરનર જનરલના વારંટથી જેલમાં નાંખ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતે પકડનાર અને પકડાયેલો માણસ તે, રાજ્યના કુલ્યો ગણુતા નથી પણ આવી બાબતની તપાસ મ્યુનીસીપાલ કોર્ટથી થઈ શકે છે જેલના સુપ્રીન્ટેન્ડેન્ટ (યુરોપી ઈંગ્રેજી પ્રજા) ઉપર હીબીઅસ કોરપસનો હુકમ કાઢવાને માટે હાઇ કોર્ટમાં અરજી કર્યાથી એમ ઠરાવવામાં આવ્યું કે પ્રગણાની અંદર હીબીઅસ કોરપસનો હુકમ કાઢવાને તે કોર્ટને અધીકાર છે, અને તે અધીકાર હજુ સુધી ચાલુ આવેલો છે. દેશીઓ અને જે પ્રજા ઈલાકાના કોર્ટની હકુમત નીચે છે તેમનેજ ફકત સને ૧૮૧૮ નો રેગ્યુલેશન ત્રીજો લાગુ પડે છે. તે ત્રીજા જોર્જના ૩૭ મા સ્ટેટયુટના ચેપટર ૧૪૨ ની કલમ ૮ મુજબ મંજુર થયો હોતો. પણ ત્રીજા જોર્જના ૧૩ મા સ્ટેટયુટના ચેપટર ૬૩ ની કલમ ૩૬ મુજબ મંજુર થયો નોહોતો. કાયદો બાંધનારી સત્તાને તે બાબતનો કુલ અખતીયાર હોવાથી તે મંજુર થયો હતો જે હકીકત ઉપરથી તે મંજુર થયો હતો તે ધ્યાનમાં લેતાં જે ઉપલા રેગ્યુલેશન મુજબ કલકતામાં લાગુ પડ઼ે છે તે અધીકાર ઉપરાંત નોહોતો. હીબીઅસ કોરપસનો હુકમ કાઢવાને જે માણસની વિરૂદ્ધ અરજ કરવામાં આવી હતી તે માણસ ગવરનર જનરલના લખેત હુકમ મુજબ ચાલ્યો હતો અને તેથી કોર્ટ હુકમ કાઢી શકશે નહી. અમીરખાનની બાબત, ૬ બેં૦ લો૦ રી૦ ૩૯૨.

(મી૦ નોરમન જડજની રૂબરૂ, તા૦ ૨૮ મી અગષ્ટ સને ૧૮૭૦.)

રાણી વિ૦ અમીરખાનના કેસ ઉપર નજર રાખવામાં આવી. ૯ બેં૦ લો૦ રી૦ ૩૬. જુઓ લઢાઇ ચલાવવી તે ૩.

૩ હીબીઅસ કોરપસ—સને ૧૮૧૮ નો રેગ્યુલેશન ૩ જો—સને ૧૮૫૦ નો આકટ ૩૪ મો—સને ૧૮૫૮ નો આકટ ૩ જો—૩ અને ૪ વિલીયમ ચોથાનું પ્રકરણ ૮૫ કલમ ૪૩—પ્રજા ધર્મ—અપીલ—કેદ—વારંટ—પકડવું તે—હીબીઅસ કોરપસનો હુકમ કાઢવાનો જડજને અખતીયાર છે અને એવો હુકમ કાઢવાનું ના પાડે તો તેના ઉપર અપીલ ચાલી શકે છે એવું ધારીને એમ ઠરાવવામાં આવ્યું કે સને ૧૮૧૮ ના રેગ્યુલેશન ત્રીજામાં બતાવેલા નમુના પ્રમાણે કાઢેલા વારંટથી કેદીને બંધીખાનામાં નાંખ્યો છે એવું સાબીત થવાથી કેદ કાયદેસર ગણવામા આવી હતી. વ્યાજબી રીતે પકડાયેલો છે એના ઉપર નજર રાખ્યા સીવાય ગવરનર જનરલે બનાવેલા નમુના પ્રમાણે ખરેખરી રીતે વારંટ કાઢવામાં આવેલું છે એજ ફકત બાબત ઉપરથી કેદ કાયદેસર ગણી શકાય છે. રાજ્ય સબંધી કારણોને માટે કેદમાં નંખાયેલા પરદેશીઓ અથવા લઢાઇના કેદીઓનેજ ફકત ઉપલો રેગ્યુલેશન લાગુ પડતો નથી. સને ૧૮૧૮ ના રેગ્યુલેશન ત્રીજાની મતલબ સ્પષ્ટ રીતે સને ૧૮૫૦ ના આકટ ૩૪ મા અને સને ૧૮૫૮ ના આકટ ત્રીજાથી, સને ૧૮૧૮ના રેગ્યુલેશન ત્રીજાનું લખાણ સ્પષ્ટ રીતે ફરીથી ગોઠવવામાં આવ્યું હતું, અને તેથી કરીને આ છેવટના આકટોના પરીણામ તરીકે કેદ કાયદેસર ગણી શકાય

છે. ૩ અને ૪ વિલીયમ ચોથાના પ્રકરણ ૮૬ ની કલમ ૪૩ મુજબ હિંદુસ્તાનના કાયદા બાંધનારાઓને આપેલા અધીકારથી આ આકટો વિરૂદ્ધ નથી. અમીરખાનની બાબત, ૬ બેં૦ લો૦ રી૦ ૪૫૯.

(મેસર્સ ફીઅર અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી નવંબર સને ૧૮૭૦).

રાણી વિ૦ જેકશનના કેસ ઉપર નજર રાખવામાં આવી, ૧૩ બેં૦ લો૦ રી૦ ૪૭૪. જુઓ લશ્કરી અધીકારીઓ.

રાણી વિ૦ મુરાદ અને મુકર્સીધના કેસ ઉપર નજર રાખવામાં આવી, ઈં૦ લો૦ રી૦ ૩ ક. ૬૨. જુઓ હકુમત ૩૪.

૪ હીબીઅસ કારપસ - હાઈ કોર્ટની હકુમત—પ્રગણામાં હુકમ કાઢવાનો અધીકાર— હીબીઅસ કોરપસ આકટ - સને ૧૮૧૮ નો રેગ્યુલેશન ત્રીજો—સને ૧૮૫૮ નો ૩ જો—સને ૧૮૫૦ નો ૩૪ મો—૧૩ જોર્જ ત્રીજો પ્રકરણ ૬૩ કલમ ૩૬ ૩૭ જોર્જ ત્રીજો પ્રકરણ ૧૪૨ કલમ ૮—૨૧ જોર્જ ત્રીજો પ્રકરણ ૭૦—૩ અને ૪ ચોથો વિલીયમ પ્રકરણ ૮૫ કલમ ૪૩—કોઇ ઈંગ્રેજી મુસલમાન પ્રજાને કલકત્તામાંથી પકડી પ્રગણામાં લેઈ જઇ તેને સને ૧૮૧૮ ના રેગ્યુલેશન ત્રીજામાં બતાવેલા નમુના પ્રમાણે ગવરનર જનરલના વારંટથી જેલમાં નાખ્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતે પકડનાર અને પકડાએલો માણસ તે રાજ્યના કૃત્યો ગણાતા નથી, પણ આવી બાબતની તપાસ મ્યુનીસીપાલ કોર્ટથી થઈ શકે છે. જેલના સુપ્રીન્ટેન્ડેન્ટ (યુરોપી ઈંગ્રેજી પ્રજા) ઉપર હીબીઅસ કોરપસનો હુકમ કાઢવાને માટે હાઈ કોર્ટમાં અરજી કરયાથી, એમ ઠરાવવામાં આવ્યું કે પ્રગણાની અંદર હીબીઅસ કોરપસનો હુકમ કાઢવાને તે કોર્ટને અધીકાર છે, અને તે અધીકાર હજુ સુધી ચાલતો આવે છે. દેશીઓ અને જે પ્રજા ઈલાકાના કોર્ટની હકુમત નીચે છે તેમનેજ ફક્ત સને ૧૮૧૮ નો રેગ્યુલેશન ત્રીજો લાગુ પડે છે. તે ત્રીજા જોર્જના ૩૭ મા સ્ટેટયુટના ચેપટર ૧૪૨ ની કલમ ૮ મુજબ મંજુર થયો હતો પણ ત્રીજા જોર્જના ૧૩ મા સ્ટેટયુટના ચેપટર ૬૩ ની કલમ ૩૬ મુજબ મંજુર થયો નોહોતો. કાયદો બાંધનારી સત્તાને તે બાબતનો કુલ અખતીઆર હોવાથી તે મંજુર થયો હતો. જે હકીકત ઉપરથી તે મંજુર થયો હતો તે ધ્યાનમાં લેતાં જે ઉપલા રેગ્યુલેશન મુજબ કલકત્તામાં લાગુ પડે છે તે અધીકાર ઉપરાંત નોહોતો. હીબીઅસ કોરપસનો હુકમ કાઢવાને જે માણસની વિરૂધ્ધ અરજ કરવામાં આવી હતી તે માણસ ગવરનર જનરલના લખેત હુકમ મુજબ ચાલેલો હતો. બંગાળા સરકારની અરજીની બાબત. રાણી વિ. અમીરખાન, ૭ બેં૦ લો૦ રી૦ ૨૪૪, ૨૫૦.

(મેસર્સ નોરમન કામ ચલાઉ ચીફ જસ્ટીસ અને લોચ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી એપ્રીલ સને ૧૮૭૧).

રાણી વિ૦ અમીરખાનના કેસમાં નજર રાખવામાં આવી. ૭ બેં૦ લો૦ રી૦ ૨૪૦. જુઓ બીજી જગ્યાએ કેસ મોકલવો તે ૯.

હુકમ—

હુકમ—કમીટ કરવું તે–સને ૧૮૭૨ ને ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૪૬—ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬ માં " ઠરાવ અને સજા " એ શબ્દોની જોડે લખેલો "હુકમ" એ શબ્દનો અર્થ છેવટનો હુકમ એટલે વધારે સજા કરવાને માટે કોઇ તાબાના માજીસ્ટ્રેટે જે માજીસ્ટ્રેટ તરફ કેસના કાગળો મોકલ્યા હોય તેવા માજીસ્ટ્રેટે નિરાકરણ કરેલો કેસ એવો થાય છે. સેસન કોર્ટમાં મોકલવા લાયક વ્યાજબી રીતે કેસ છે કે નહીં એવો વિચાર તે માજીસ્ટ્રેટ કરી શકે છે, અને તેથીકરીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૩ મુજબ ઈનસાફને માંટે કમીટ કરવાનો અધીકાર જતો રહેતો નથી. રાણી વિ૦ અબદુલ ઈ. લો. રી. ૪ મું. ૨૪૦.

(મેસર્સ સારજન્ટ ચીફ જસ્ટીસ, એમ. મેલવીલ, કેમબેલ, પીન્હે અને મેલવીલ

જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૮૦).

ભીખારી મુલીકના રેફરન્સના કેસ ઉપ ર આધાર રાખવામા આવે છે. ૧૦ વિ. રી. ૫૦. જુઓ કમીટ કરવું તે ૧૮.

ચીનીમરી ગડુની બાબત આનાથી વિરૂદ્ધ છે. ઈ. લો. રી, ૧ મ. ૨૮૯. જુઓ વધારો સજાનો ૮.

અબદુલ વાહબના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો. ઈ. લો. રી. ૧૩ ક. ૩૫ જુઓ માજીસ્ટ્રેટની હકુમત.

હુકમ બજાવણી અમલદારનો—

હુકમ બજાવણી અમલદારનો—આવી રીતનો હુકમ કાયદેસર છે કે નહીં એ વિષે નો સવાલ લાવવાનો ઈનસાફી કોર્ટોનો અધી કાર—કોઈ અમલમાં લાવનાર અમલદારે ફી મીનલ પ્રોસીજર કોડ મુજબ કાંઈ હુકમ કર્યો હોય અથવા ઝાહેરનામું કાઢયું હોય અને તે હુકમ અથવા ઝાહેરનામાની સરત તોડવાને માટે જ્યાં સુધી કોઈ માણસ પાસેથી દંડ લે વાનો પ્રયત્ન કરવામાં આવે નહીં ત્યાં સુધી એ હુકમ અથવા ઝાહેરનામું કાયદેસર છે કે નહીં એ વીષેનો સવાલ કોઈ ઈનસાફ આપ નાર અમલદાર ઉઠાવી શકતો નથી. હુકમ બ્યાજબી થયેલો છે કે નહીં એ વિચાર કરવા ની ફરજ ઈનસાફ આપનાર અમલદારની પ છીથી ગણાય છે. રાણી વિ૦ સુરજ નારાય ણુદાસ, ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૮૮.

(મેસર્સ જેકશન અને ટોટનહામ જડ જોની રૂબરૂ, તા૦ ૧૫ મી જુન ૧૮૮૦.)

હુકમ બીજા માજીસ્ટ્રેટનો—

હુકમ બીજા માજીસ્ટ્રેટનો—હકુમત—એક માજીસ્ટ્રેટ બીજા માજીસ્ટ્રેટે કરેલો હુકમ રદ કરી શકતો નથી. જોયચંદર બંધોપધ્યા વિ૦ ગુરૂ કોપાલી, ૧૮ વિ. રી. ૪૦.

(મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને એ ન્સી જડજોની રૂબરૂ, તા૦ ૨૩ મી અગષ્ટ સ

હુમલો—

૧. હુમલો—સજા—દંડ—કેદ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૬૫, ૩૫૨,—પીનલકોડની કલમો ૬૫ અને ૩૫૨. ઉપર નજર રાખતાં હુમલો થયેલા કે સમાં પચાસ રૂપીઆ દંડ અને દંડ ના આ પે તો એક માસ કેદની સજા કરવી તે કાય દા વિરૂદ્ધ ગણાય છે. જેહાનબક્ષ અને બીજો અરજદારો, ૧૬ વિ, રી ૪૨.

(મેસર્સ કેમ્પ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૨ સપટંબર સને ૧૮૭૧.)

૨ હુમલો—હકુમત—સને ૧૮૭૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૭૦, ૨૮૨—પરનીઆહના આસીસ્ટંટ માજીસ્ટ્રેટે ચ લાવેલા હુમલાના કેસમાં તે પ્રગણાના સેસન જડજને અપીલ થવાથી તેણે તજવીજ કરવા નો હુકમ કરેલો તેમાં હુમલો માલદાહમાં થ યેલો સાબીત થવાથી તોહોમતદારને છોડી મુ કવામાં આવ્યો કારણ કે પરનીઆહના માજી સ્ટ્રેટની હકુમત નોહોતી. એમ ઠરાવવામાં આ વ્યું કે તોહોમતદારે આપેલા જવાબમાં તેના વિરૂદ્ધ અભિપ્રાય બંધાયેલો નહી હોવાથી આ વી રીતનો હુકમ કરવાનો સેસન જડજનો ક્રી મીનલ પ્રોસીજર કોડની કલમ ૭૦ મુજબ કાંઈ અધીકાર નોહોતો; અને વળી વધારામાં એમ ઠરાવ્યું કે કઈ જગ્યાએ હુમલો બન્યો હતો એ વિષેની તપાસ કરવાનો તેણે હુકમ કરવો જોઈતો નોહોતો, કારણ કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૨ મુજબ તોહોમ તદારના અપરાધ અથવા નિરપરાધીપણા ઉ પર તે સવાલનો કાંઈ સબંધ નથી. શેખ મ હમદ ગોલાબ વિ૦ મોહાબીરસીંધ વિગેરે, ૨૩ વિ. રી. ૩૪.

(મેસર્સ ગ્લોવર અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૧૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૫.)

જુઓ શાખ માજીસ્ટ્રેટની.

„ કમીટ કરવું તે ૪૬.

„ કંપનસેસન ૩૬.

„ ફરીઆદ ૩૯.

જુઓ સમાધાન ગુન્હાઓનું ૩.
,, શિક્ષા ૪.
,, છુટકો ૪૧.
,, માંડીવાળવું ફરીઆદનું ૧, ૧૮ ૨૩.
,, બમણી શિક્ષા.
,, જુદો પુરાવો કરવો તે ૩.
,, મહાવ્યથા ૩.
,, જ્યુરી ૯.
,, ખાનગી બચાવ ૮.
,, મુચરકો ૪૦, ૬૨
,, તપાસણી ૨૫.
,, સજા ૬૩.
,, સંક્ષેપમાં ઈનસાફ ૯.
,, ગેરકાયદેસર મંડળી ૭.

હુમલો સરકારી નોકર ઉપરનો—

૧ હુમલો સરકારી નોકર ઉપરનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૩૫૩—પીયાડાના કલેકટર જેને કેદખાનામાં શાંતી રાખવાનું કામ સોંપવામાં આવ્યું હતું તેની પાસેથી સોંપેલો પરવાનો ઝુંટાવી લેવા નો યત્ન કરી કેદીઓએ તેના ઉપર રસ્તામાં હુમલો કર્યો હતો. એમ ઠરાવવામાં આવ્યું કે ફરજ બજાવતી વખતે સરકારી નોકર ઉપર હુમલો કરવાને માટે પીનલકોડની કલમ ૩૫૩ મુજબ કેદીઓને કાયદેસર ગુન્હેગાર ઠરાવવા માં આવ્યા હતા. રાણી વિ૦ મેથીમુલાહ વિ ગેરે, ૧૩ વિ૦ રી૦ ૪૯.

(મેસર્સ કેમ્પ અને જેકશન જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી માર્ચ સને ૧૮૭૦).

૨ હુમલો સરકારી નોકર ઉપરનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૩૫૨, ૩૫૩—નેર્નની રેવન્યુ બુકમાં સરકારી નિય મો અથવા હુકમો છાપેલા તે—સરકારી અ મલદારોના કામને માટે ગાડાઓ વેઠે પકડવા કેવી રીતે કાયદેસર ગણાય તે—મી૦ નેર્નની રેવન્યુ બુકના ૨૬ અને ૨૭ મા પાનામાં શર કારના અમલ કરવાના હુકમો અને નિયમો છાપેલા છે તે કાયદો ગણાતો નથી, અને કોઈ સરકારી નોકર તે મુજબ ચાલ્યો હોય અને તેનું કૃત્ય બીજી રીતે કાયદા વિરૂદ્ધ મ ણાતુ હોય તો, તે સરકારી નોકર તરીકે પો તાની ફરજ બજાવે છે એવું ગણાતું નથી. તે ઉપરથી જંગલ ખાતાના અમલદારને માટે ગાડા વેઠે પકડવાનું કામ કોઈ રેવન્યુ ખાતાના સીપાઈને સોંપેલું તે સીપાઈએ ગાડા પકડતો અટકાવી તોહોમતદારે તેના ઉપર હુમલો ક રેલો એવી ફરીઆદ કરવાથી ફર્સ્ટ ક લાસ માજીસ્ટ્રેટે સરકારી નોકરને ફરજ બજા વવામાં અડચણ કરી હુમલો કરવાને માટે પીનલકોડની કલમ ૩૫૩ મુજબ તોહોમતદા રને ગુન્હેગાર ઠરાવી તેને એકવીસ દીવસની સખત મજુરી સાથે કેદની સજા કરેલી, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે પીનલ કોડની કલ મ ૩૫૩ મુજબ ગુન્હેગાર ઠરાવેલો રદ કર વો જોઇએ. કામના પુરાવા ઉપરથી તોહોમ તદાર ઉપર પીનલકોડની કલમ ૩૫૨ મુજબ ફકત હુમલો કરવાને માટે તોહોમત રાખી શકાય છે. રખમાજીની અરજીની બાબત ઈં લો. રી. ૯ મું. ૫૫૮.

(મેસર્સ નાનાભાઈ હરીદાસ અને વેડ નબર્ન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી જુલાઈ સને ૧૮૮૫).

૩ હુમલો સરકારી નોકર ઉપરનો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૯૯, ૩૫૩—યોગ્ય અમલદારે નિશાન કરી હુકમના માની બજાવણીમાં કેદનું વારંટ કાઢેલું તે—સને ૧૮૮૨ નો ૧૪ મો સીવીલ પ્રોસીજર કોડની કલમો ૨૫૧, ૨,—ખાનગી બચાવનો હક—સીવીલ પ્રોસીજર કોડની કલમ ૨૫૧ મુજબ કરજદારને પકડવાને કેદનું વારંટ કાઢી તેના ઉપર કોર્ટનો સીકો અને મુનસાનમનું નિશાન કરી, યોગ્ય અમલદારને બજાવવાને આપ્યું હતું. કરજદા ર અમલદારની સામો થવાથી પીનલકોડની કલમ ૩૫૩ મુજબ સરકારી નોકર ઉપર સા પ્રાધ બળ અથવા હુમલો કરવાને માટે તેને ગુન્હેગાર ઠરાવ્યો હતો. કેસ ફરીથી તપાસ

માં લેતી વખતે સીવીલ પ્રોસીજર કોડની ક લમ ૨૫૧ મુજબ એવી તકરાર ઉઠાવવામાં આવી હતી કે વારંટ ઉપર ફક્ત નીશાન ક રેલું હોવાથી તે કાયદા વિરૂદ્ધ હતું અ ને તેથી કાયદેસર રીતે તે બજાવી શકાતું ન થી, અને તેટલા માટે પીનલકોડની કલમ ૩૫૩ મુજબ કાંઈ પણ ગુન્હો બનેલો નથી. એમ ઠરાવવામાં આવ્યું કે આવી રીતની તક રાર ચાલી શકતી નથી, અને જો કે વારંટ ઉપર સહી કરનાર માણસે પોતાનું નામ પુ રેપુરૂ લખવું જોઈએ એ વ્યાજબી હતું તો પણ સહી ફક્ત નામના નીશાનથી કરેલી હોવાથી તે બજાવવાની અમલદારની ફરજ નોહો તી એમ તે ઉપરથી કહી શકાતું નથી. પીનલકો ડની કલમ ૯૯ ઉપર નજર રાખી વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે તોહોમતદારે પો તાના ખાનગી બચાવના હકમાં કર્યું હતુ તે કારણથી ગુન્હો બનતો બંધ પડતો નથી રાણી વિ૦ જાંકીપ્રસાદ, ઈં૦ લો૦ રી૦ ૮ અ૦ ૨૯૩.

(મી૦ ઓલ્ડફીલ્ડ જડજની રૂબરૂ, તા૦ ૪ થી મે સને ૧૮૮૬).

જુઓ જુદા ગુન્હાઓ ૩.

હોડી મુકવાની જગા--

૧ હોડી મુકવાની જગા– હકુમત--મું બાઈનો હોડી મુકવાનો સને ૧૮૫૦ નો ૨૫ મો આકટ "જીલ્હાનો માજીસ્ટ્રેટ" સને ૧૮૭૨ નો રેગ્યુલેશન ૧૨ મો—મુંબાઈના હોડી મુક વાના આકટની કલમ ૯ મુજબ ફુલપાવર મા જીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરાવેલો તે હકુમત નથી એ મ ગણી રદ કરવામાં આવ્યો હતો કારણ કે ઉપલા આકટની વિરૂધ્ધ બનેલા સઘળા ગુ ન્હાઓની સંક્ષેપમાં રજુઆત ચલાવી તેનો નિર્ણય કરવાનો "જીલ્હાના માજીસ્ટ્રેટ" એકલા ને અખતીઆર છે. રાણી વિ૦ પરભકર એ નસોમન, ૩ મું. હા. કો. રી. ૧૧.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ, ન્યુટન અને વોરડન જડજોની રૂબરૂ, તા૦ ૧૧ મી જુલાઈ સને ૧૮૬૬].

જુઓ રાણી વિ૦ સદુ વલદે પાવડી, ૩ મું. હા. કો રી. ૩૯. જુઓ અફીણ ૩

૨ હોડી મુકવાની જગા---સને ૧૮૧૯ નો રેગ્યુલેશન ૬ ઠો--અકસ્માત થયો હોય તે વી બાબતમાંજ ફક્ત સને ૧૮૧૯ ના રેગ્યુલે શન ૬ ઠાની કલમ ૨૨ નો ક્લોઝ બીજો લા ગુ પડે છે. હોડી બરોબર રીતે રાખવામાં આવી નથી અને તે ભય ઉપજાવે તેવી સ્થી તીમાં છે એવું માજીસ્ટ્રેટ ધારે તો તેણે કલ મ ૧૪ મુજબ વરતવું જોઈએ. રાણી વિ૦ ડીયાનટ ઉલ્લાહ, ૭ વિ. રી. ૩૨.

[મેસર્સ કેમ્પ અને માર્કબાય જડજોની રૂબરૂ, તા૦ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૬૭].

૩ હોડી મુકવાની જગા–મુંબાઇનો હોડી મુકવાનો સને ૧૮૫૦ નો આકટ ૨૫ મો–અ ર્થ-ભાડુ લેઈ મુંબાઇથી પુરન ઉતારૂઓ લે ઈ જવાને માટે મુંબઈની હોડીના અ કટ મુજબ ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે ગુન્હેગાર ઠરા વી કરેલી સજાને માટે સેસન જડજે અભી પ્રાય લખી પુછવાથી સજા ફેરવવામાં આવી હતી કારણ કે તોહોમત રાખવામાં આવેલા કૃત્યથી ઉપલા આકટની કલમ મુજબ કાંઈપ ણ ગુન્હો બનતો નથી. રાણી વિ૦ માલહારી બીન શીવજી ૩ મું. હા. કો. રી. ૪૧.

[મેસર્સ કાઉચ ચીફ જસ્ટીસ અને ન્યુટન જડજોની રૂબરૂ, તા૦ ૬ ઠી માર્ચ સ ને ૧૮૬૭].

હંગામો—

૧ હંગામો—ખુનમાં મદદગારી—મનુ ષ્ય હરણ—ખુન કર્યાની સાબીતી શિવાય ખુ નની મદદગારીને માટે કાંઇપણ રીતે ગુન્હેગા ર ઠરાવી શકાતો નથી. કોઈ સ્ત્રીને ફોસલા વીને લેઈ જવામાં જે માણસોએ ધણીને મદદ કરી હોય તે માણસોને મનુષ્ય હરણને માટે ગુન્હેગાર ઠરાવી શકાય નહીં; પણ બળાત્કારે અને બળ વાપરી અંધારી રાતે તેણીને કબ જે લેવામાં જો તે માણસોએ ધણીને મદદ કરી હોય તો તેઓ હંગામાના ગુન્હાને માટે ગુન્હેગા ર ગણાય છે. રાણી વિ૦ અસ્કર અને બી જો વિ૦ રી૦ ૧૨ મી સપટંબર.

[મેસર્સ સ્ટીઅર અને સેટનકાર જડ જોની, રૂબરૂ, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૮૬૪].

૨ હંગામો—ઢોર પ્રવેશ—પાંચ કરતાં વધારે માણસોની બનેલી ટોળી જેની સાધાર ણ મતલબ પ્રવેશ કરવાને માટે પકડેલા મા ણસોનાં ઢોરને સાપ્રાધ બળથી કબજે લેવા એ વી તેઓના કૃત્ય ઉપરથી જણાતી હતી, અ ને જે ટોળીએ એવી રીતે બળ વાપરી ઢોરો લીધેલા તે ટોળીમાં કેદીઓ સામેલ હોવાથી તેમને હંગામાને માટે ગુન્હેગાર ઠરાવી પીનલકોડની કલમ ૧૪૭ મુજબ શીક્ષાને તેઓ પાત્રછે એવું ઠરાવવામાં આવ્યું હતું; પણ સ ને ૧૮૫૭ ના આકટ ૫ ની કલમ ૧૧ મુ જબ તેઓને ગુન્હેગાર ઠરાવ્યા નહોતા. બોકુ શેખ વિગેરે, વિ૦ રી૦ ૨૧.

(મી૦ જેકશન જડજની રૂબરૂ, તા૦ ૧૨ મી એપ્રિલ સને ૧૮૬૪).

૩ હંગામો—અકસ્માત હંગામો થયાને માટે જમીનદાર જવાબદાર નથી તે—અનુમા ન કરવાને કાંઈપણ કારણ ના હોય અથવા થવાનો કાંઈપણ સંભવ માલમ પડી આવે નહીં તેવી રીતનો અકસ્માત અને અગાઉથી નહીં ધારેલો હંગામો થયાને માટે પીનલકોડની કલમ ૧૫૫ મુજબ જમીનદારને જવાબદાર ગ ણવો જોઈએ નહીં. રાણી વિ૦ હરનાથ રોય, ૩ વિ૦ રી૦ ૫૪.

(મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજો ની રૂબરૂ, તા૦ ૨૫ મી જુલાઈ સને ૧૮૬૫).

૪ હંગામો—કાયદા વિરૂદ્ધ મંડળી—વ્ય થા—જે માણસની જગ્યા ઉપર હંગામો થ યો હોય તે માણસને મારી નાંખવો, અને પ્રાણઘાતક હથીઆરથી સજીને હંગામો કર વો તે બંને ગુન્હાઓ જુદા જુદા ગણાય છે. અને તેથીકરીને પીનલકોડની કલમો, ૧૪૮, ૧૪૯ (જે કલમ ૧૪૮ ની સરત તરીકે વં ચાય છે) અને ૩૨૪ મુજબ જુદા જુદા ગુ ન્હાઓ તરીકે સજા થઈ શકે છે. રાણી વિ૦ કાલાચંદ વિગેરે, ૭ વિ૦ રી૦ ૫૦.

(મેસર્સ નોરમન અને સેટનકાર જડજો ની રૂબરૂ, તા૦ ૨૯ મી એપ્રિલ સને૧૮૬૭)

રાણી વિ૦ દુરઝુલાનો કેસ આનાથી વા ૨૬ છે. ૯ વિ૦ રી૦ ૩૩ જુઓ સજા ૧૯.

રાણી વિ૦ રામ આધીનના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો, ઈ૦ લો૦ રી૦ ૨ અ. ૧૩૯. જુઓ કેટલાક ગુન્હાઓ ૩.

જબદર કાઝી અપેલેન્ટના કેસ ઉપર નં જર રાખવામાં આવી. ૮ ક૦ લો૦ રીતે ૩૯૦; ઈ૦ લો૦ રી૦ ૬ ક. ૭૧૮. જુઓ વ ર્ધમાન સજા ૩.

૫ હંગામો—પ્રાણઘાતક હથીઆરો. પ્રાણઘાતક હથીઆરથી હંગામો કરવાના કે સમાં જે બાજુવાળાઓ ઉપર તે હથીઆરો વા પરી મહાવ્યથા કરવાનું તોહોમત રાખવામાં આ વ્યું હોય તે બાજુવાળા માણસોને બીજી બા જુ કરતાં વ્યાજબી રીતે વધારે સખત સજા કરવામાં આવે છે. રાણી વિ૦ મુરત માહટ ન વિગેરે, ૮ વિ૦ રી૦ ૩.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૩ જી જુન સને ૧૮૬૭).

૬ હંગામો—પોલીસની ફરજ—હંગામા માં કોઈ માણસને ભારે જખમ થયું હોય તો કીઆ પક્ષકારે તે જખમ કર્યું છે તે ધ્યાન માં લીધા શીવાય તપાસ કરવાને પોલીસ બં ધાયેલી છે. પોલીસે પોતાની ફરજ કાયદા ઉ પરાંત બજાવી છે એવી સાબીતી મળ્યા શી વાય ફરજ બજાવતી વખતે કોર્ટના બચાવમાં પોલીસનો હક છે એમ ઠરાવવામાં આવ્યું હ તું. રાણી વિ૦ દાસુસીંગ ૮ વિ૦ રી૦ ૩૬.

(મેસર્સ કેમ્પ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૮ મી જુલાઈ સને ૧૮૬૭).

૭ હંગામો—ભીંત કાઢી નાંખવી તે—સને ૧૮૬૧ નો ૨૫ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૬૨—હંગામો અથવા બખેડો થ વાનો સંભવ છે એવો પુરાવો મળ્યા શીવાય તકરારમાં બતાવ્યા પ્રમાણે બીજાની જમીન ઉપર ચણેલી ભીંત પાડી નાંખવાનો કોઈ મા ણસને હુકમ કરવાનો માજીસ્ત્રેટને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૬૨ મુજબ સંક્ષેપમાં અધીકાર નથી. રાધા કીશોર વિ૦ ગીરધારી શાહ, ૧૩ વિ૦ રી૦ ૧૯.

(મેસર્સ લોચ અને હોબહાઉસ જડજોની રૂબરૂ, તા૦ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૦).

૮ હંગામો—સરકારી નોકરને સાપરાધ બળ વાપરવું તે—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૧૪૭, ૩૫૩—કોઈ તોહોમતદારને હંગામાને માટે પીનલકોડની કલમ ૧૪૭ મુજબ અને કોનસ્ટેબલ જે તેને પકડવા ગયો હતો તેના ઉપર સાપરાધ બળ વાપરવાને માટે પીનલકોડની કલમ ૩૫૩ મુજબ તોહોમતો રાખી તેને ગુન્હેગાર ઠરાવ્યો હતો; તેમાં હાઈ કોર્ટે પેહેલાંની કલમ મુજબ ઠરાવેલો ગુન્હો રદ કર્યો. નીલરતનસેન વિગેરે અરજદારો, ૧૯ વિ. રી. ૪૫.

(મેસર્સ કેમ્પ અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૯ મી સપટેમ્બર સને ૧૮૭૧).

જબરદાર કાઝીના કેસ ઉપર નજર રાખવામાં આવી, ૮ ક૦ લો૦ રી૦ ૩૫૦, ઈંલો૦ રી૦ ૬ ક. ૭૧૮. જુઓ વર્ધમાનસજા ૩.

૯ હંગામો—પુરાવો—પરીક્ષા કરવાની અપેલેટ કોર્ટની ફરજ—ઇનસાફની રાહે નહી કરતાં જુદી રીતે કરેલા હુકમો—વ્યથાના ગુન્હાનો સમાવેશ હંગામાના ગુન્હાની અંદર થઈ જાય તોપણુ તોહોમતદારને પ્રથમ હંગામાને માટે અને પછીથી વ્યથાને માટે સજા કરી શકાતી નથી. મી૦ ડી. એન. મીતર જડજનો મત—પુરાવાની પરીક્ષા કરવાની જેવી રીતે મુળની કોર્ટની ખરેખરી રીતે તેમજ ઉપર ઉપરથી ફરજ છે તેવી રીતે અપેલેટ કોર્ટની પણુ ફરજ છે. મી૦ એનસ્લી જડજનો મત—કાયદામાં નહી ફરમાવેલી ઈનસાફની રાહે નહી કરતાં જુદી રીતની જડજે કરેલી ટીકા ઉપર ધ્યાન આપવાને અમલ કરનાર અમલદાર તરીકે માજીસ્ત્રેટ બંધાએલો નથી. ગુમાની વિગેરે અરજદારો, ૧૭ વિ૦રી૦૫૯

(મેસર્સ મીતર અને એનસ્લી જડજોની રૂબરૂ, તા૦ ૮ મી મે સને ૧૮૭૨).

૧૦ હંગામો—વસ્તુ કાયદેસર છે એવો વિચાર કરવો તે—હંગામાના ભારે કેસમાં હંગામો કરનારાઓને માજીસ્ત્રેટે નિર્દોષ ઠરાવી છોડી મુકયા હતા કારણુ કે વરઘોડો કેટલાક હુકમોની રૂઈએ કાયદા વિરૂદ્ધ હતો કારણુ કે જે જે હુકમો કાયદાના મુદ્દા તરીકે સાબીત કરવાની જરૂર હતી તે પ્રમાણે સાબીત નહી કરવાથી કૃત્ય વ્યાજબી હતું એવું તેઓએ ધારવું હશે એવું માજીસ્ત્રેટનું ધારવું હતું. એમ ઠરાવવામાં આવ્યું હતું કે કોઈ વસ્તુની કાયદેસર જરૂર છે જે, ખરી રીતે જરૂર નો હોતી, એવું ધારવું તે જે માણુસે કાયદાનો નીયમ તોડયો હોય તે માણુસના બચાવમાં જવાબ ગણી શકાતો નથી; વરઘોડો કાયદેસર હતો એ વિશેનો કામમાં કાંઈપણુ પુરાવો નો હોતો, અને જો એમ હોય તો કાયદાનો અમલ કરવાને અધીકાર મળેલા માજીસ્ત્રેટોની મદદ માગવાને તોહોમતદાર બંધાએલા હતા. પ્રો. તા૦ ૮ મી જાનેવારી સને ૧૮૭૩; ૭ મ. હા. કો. રી. અપે ૩૫.

૧૧ હંગામો—બંને પક્ષકારોની એકઠી રજુઆત—સાધારણુ મતલબ—હંગામાને માટે બંને ટોળીઓને ગુન્હેગાર ઠરાવી હતી. એક ટોળીમાં પાંચ માણુસો હતા જેઓ બધા થયેલી લડાઈમાં એકઠા મળ્યા હતા એવું સાબીત થયું હતું, અને વળી એમ પણુ માલમ પડયું હતું કે તેઓ તેમજ તેમના સામાવાળાઓ લડાઇ કરવાને માટે લાકડીઓ લેઇ આવ્યા હતા, અને તેઓ લડયા હતા. એમ ઠરાવવામાં આવ્યું કે તેઓની સાધારણુ મતલબ તેઓના સામાવાળા ઉપર હુમલો કરવાની હોવાથી હંગામાને માટે તેઓને ગેરવ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા નહોતા. બીજી ટોળીમાં ફકત ચાર માણુસો હતા. પેહેલી ટોળી સાથે તેઓની સાધારણુ મતલબ શું હતી એ કાંઈ જણાયું નોહોતું. લઢાઈ ઝાહેરાંત જગ્યામાં થઈ નહોતી. એમ ઠરાવવામાં આવ્યું કે હંગામાને માટે તેઓને વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા નોહોતા વળી એમ પણુ ઠરાવવામાં આવ્યું કે લઢાઈ જો ઝાહેરાંત જગ્યામાં થઈ હોત તો એમ અનુમાન થઈ શકત કે બંને ટોળીઓની સાધારણુ મતલબ બખેડો કરવાની હતી. રાણી વિ૦ મુઝુરહુસેન, ૫ વા. દી. પ્રાં. ૨૮.

(મી૦ પીઅરસન જડજની રૂબરૂ, તા૦ ૫ મી જુલાઈ સને ૧૮૭૩.)

૧૨ હંગામો—સાધારણ મતલબ—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૪૭ અથવા કલમ ૧૪૯—પીનલકોડની કલમો ૧૪૭ અને ૧૪૯ મુજબ કેટલાક માણસોને હંગામા વીગેરે ગુન્હાને માટે ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં તેઓએ એ કામમાં એવી રીતે ભાગ લીધો છે કે જેથી તેમના ઉપર ફોજદારી તોહોમત રાખી શકાય એ બાબત સ્પષ્ટ રીતે સોધી કાઢવાની જરૂર છે. તેઓની મતલબ સાધારણ હતી અને સાધારણ મતલબ તેઓ કાયદા વિરૂદ્ધ ઉપાયોથી અમલમાં લાવ્યા હતા એવું વળી પુરાવાથી સાબીત થવુ જાઈએ. રાણી વિ૦ ધોલા મહમદ વિગેરે, ૨૨ વિ૦ રી૦ ૧૭.

(મેસર્સ માર્કબાય અને મીતર જડજોની રૂબરૂ, તા૦ ૨૬ મી મે સને ૧૮૭૪).

૧૩ હંગામો—ઉલટસુલટ કેસ ચલાવવાની પદ્ધતિ-બરાબરી કલમો મુજબ હંગામાને માટે કામ ચલાવવું તે—આમનસામન ફોજદારી કેસોમાં શાહેદોની જુબાની લેવી તે-રીવાજ-તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટનો અધીકાર—સને ૧૮૮૨ નો ૧૦ મો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૫૪-હંગામો બનેલો અને બંને પક્ષકારોની ફરીઆદો થયેલી તેવા દરેક કેસમાં ફરીઆદી તરફના સાહેદીઓની વારા ફરતી પ્રથમ જુબાની ઓ લીધેલી, અને પછી વારાફરતી તેઓને ઉલટ સુલટ સવાલો પુછાયેલા અને તેમજ ફરીથી સવાલ પુછાયેલા તે ઉપરથી કોર્ટે એક કેસમાં તોહોમતદારને છોડી મુકયો, અને બીજા કેસમાં તેને જવાબ આપવાને બોલાવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે ચલાવેલી પદ્ધતિ ગેરવ્યાજબી હતી, અને તેથી કરીને નવેસરથી રજુઆત ચલાવવી જોઇએ. રાણી વિ૦ ચંદ્રનાથ સરકાર (ઈં૦ લો૦ રી૦ ૭ ક૦ ૬૫; ૮ ક૦ લો૦ રી૦ ૩૫૨) ના કેસ ઉપર આધાર રાખવામાં આવ્યો. હાઈ કોર્ટના આકટ મુજબ ઠરાવેલી તપાસનારી કોર્ટ તરીકે હાઈ કોર્ટના અધીકારમાં કોઈ પણ રીતે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ થી અસર થતી નથી. ચાકોરીલાલની બાબત, ૧૩ ક૦ લો૦ રી૦ ૨૭૫.)

(મી૦ પ્રીનસેપ જડજની રૂબરૂ, તા૦ ૧૩ મી અગષ્ટ સને ૧૮૮૩.)

૧૪ હંગામો—સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમ ૧૫૬—ગળીના કારખાનાનો ઉપરી—ગળીના કારખાનાના ઉપરીને પીનલકોડની કલમ ૧૫૬ મુજબ ગુન્હેગાર ઠરાવવાને માટે કાયદેસર પુરાવાથી નીચે મુજબ સાબીત કરવું જોઈએ (૧) હંગામો થયો હતો (૨) હંગામો જો થયો હતો તો તોહોમતદારના ફાયદાને માટે થયો હતો અને (૩) હંગામો થવાનો સંભવ છે એવું તોહોમતદારને માનવાનું કારણ હતું. રાણી વિ૦ બ્રઈસ, ઈં૦ લો૦ રી૦ ૧૦ ક૦ ૩૩૮.

(મેસર્સ મીતર અને પીગટ જડજોની રૂબરૂ, તા૦ ૨૨ મી સપટંબર સને ૧૮૮૩.)

૧૫ હંગામો—સાધારણ મતલબ પાર પાડવા અને હંગામો કરતી વખતે મહાવ્યથા કરેલી તે-જુદા ગુન્હાઓ—જુદી જુદી સજાઓ સને ૧૮૬૦ નો ૪૫ મો પીનલકોડ કલમો ૭૧, ૧૪૭, ૧૪૯, ૩૨૫—પીનલકોડની કલમ ૧૪૯ થી નવો ગુન્હો બનતો નથી, પણ જે તોહોમતદારનો કેસ તેમાં આવી જાય છે તે તોહોમતદાર પોતાના જવાબમાં તે કલમ મુજબ એવી તકરાર બતાવી શકે નહી કે સાધારણ મતલબ પાર પાડવામાં થયેલો ગુન્હો પોતાના હાથથી થયો નથી, અથવા તે એવી રીતનો ગુન્હો નથી કે જે સાધારણ મતલબ પાર પાડવામાં બનશે એવું મંડળીના અંગભુતો જાણતા હતા, એવું સ્પષ્ટ રીતે સાબીત કરવાની ઉપલી કલમની મતલબ હતી. કાયદા વિરૂદ્ધ બનેલી ટોળીની સાધારણ મતલબ પાર પાડતી વખતે મ નામના માણસે મહાવ્યથા કરી હતી. મ અને ટોળીના બીજા માણસો જેમને જાતે બળ અથવા જોર જુલમ વાપરયું હતું કે નહી એ વીષે પુરાવો નોહોતો તેમને પીનલકોડની કલમ ૧૪૭ મુજબ હંગામાને માટે અને પીનલકોડની કલમ ૩૨૫ મુજબ મહાવ્યથાને માટે ગુન્હેગાર ઠરાવી દરેકને ગુન્હાને માટે જુદી જુદી મુદતની કેદની સજા કરી હતી. વધારેમાં વધારે સજા જે મ નામના માણસને કરવામાં આવી હતી તે છ વર્ષની સખત મજુરી સાથે કેદની હતી તેમાં હંગામાને માટે એક વર્ષ અને મહાવ્યથા

ને માટે પાંચ વર્ષની સજા ઠરાવી હતી. એમ ઠરાવવામાં આવ્યું કે પીનલકોડની કલમ ૭૧ લાગુ પડે છે એમ અનુમાન કરીએ તોપણ સજાઓ કાયદા વિરૂદ્ધ નોહોતી, કારણ કે કેદની મુદતો એકઠી કરતાં, વધારેમાં વધારે સાત વર્ષની સખત મજુરી સાથે કેદની સજા જે કલમ ૩૨૫ મુજબ બનેલા ગુન્હાને માટે થઈ શકે તેના કરતાં, કોઈપણ કેદીની બાબતમાં વધારે સજા કરવામાં આવી નથી. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે કોઈપણ કેસમાં હંગામો તે કલમ ૩૨૫ મુજબ બનેલા ગુન્હાનો ભાગ ગણાતો નથી કે જેથી કરીને કલમ ૭૧ લાગુ પાડી શકાય નહી, અને તેથી કરીને સજાઓ કરેલી કાયદેસર હતી રાણી વિ૦ રામપ્રતાપ (ઈ. લો રી ૬ અ. ૧૨૧) ના કેસથી જુદો અભીપ્રાય લેવામાં આવ્યો રાણી વિ૦ ડુંગરસીંઘ (ઈ લો. રી. ૭ અ. ૨૯) રાણી વિ૦ રામસરૂપ (ઈ૦ લો૦ રી૦ ૭ અ. ૭૬૭) રાણી વિ૦ રબીઉલાહ (૭ વિ૦ રી૦ ક્રાં૦ ૧૩) રાણી વિ. લોકનાથ સરકાર (ઈ૦ લો૦ રી૦ ૧૧ ક ૩૪૯) રાણી વિ૦ પરસાદ ઈ૦ લો૦ રી૦ ૭ અ. ૪૧૪) રાણી વિ૦ ચંદ્રકંત ભટાચારજી ઈ૦ લો૦ રી૦ ૧૨ ક૦ ૪૫૮) અને રાણી વિ૦ હુકાયા બીન ટમના (ઈ૦ લો૦ રી૦ ૧ મું. ૨૧૪) ના કેસો ઉપર નજર રાખવામાં આવી. રાણી વિ૦ બીશેશર વિગેરે, ઈ૦ લો૦ રી૦ ૯ અ. ૬૪૫.

(મેસર્સ સર. જોન એજ નાઈટ ચીફ જસ્ટીસ અને બીજા જડજોની રૂબરૂ, તા૦ ૧૬ મી મે સને ૧૮૮૭).

જુઓ તોહોમત ૯, ૧૦, ૧૨.
,, સાપ્રાધ પ્રવેશ ૨૨.
,, વર્ધમાન સજા ૪.
,, ડાકાઈટી ૮.
,, છુટકો ૪૧.
,, ભુલ ૮.
,, પુરાવો ૩૬, ૮૪.
,, જુઠો પુરાવો ૭૨.
,, એકઠાં તોહોમતો.
,, ખુન ૬૭, ૬૮, ૮૭, ૧૦૫.

જુઓ ગુન્હાઓ કેટલાક ગુન્હાઓ મળીને થયેલા.
,, ભુલ ખબર આપવામાં ૭.
,, કબજો ૩૫.
,, ખાનગી બચાવ ૧૨, ૨૦.
,, લોકોપકારક કૃત્ય ૪૬, ૯૬.
,, મુચરકા ૩, ૫૨, ૬૮, ૮૯
,, તપાસણી ૧૯.
,, સજા ૧૬, ૩૪, ૬૩.
,, જુદા તોહોમતો ૨, ૩.
,, કેટલાક ગુન્હાઓ ૩, ૬, ૭, ૮
,, સંક્ષેપમા તજવીજ ૧૦.
,, ગેરકાયદેસર મંડળી ૧, ૨, ૧૬ ૧૭, ૧૯.

હંગામો પ્રાણઘાતક હથીઆર સાથે કરેલો—

જુઓ તોહોમત ૨૦.
,, કબુલાત ૨૫.
,, જુદા ગુન્હાઓ ૪.
,, ગેરકાયદેસર મંડળી ૨, ૫, ૨૦.

ક્ષ

ક્ષમા—

દંડની ફરીઆદ કર્યાથી. જુઓ માંડી વાળવું ફરીઆદનું.
સજાની. જુઓ હકુમત ૨૬.

જ્ઞ

જ્ઞાન—

ડાકાઈટી કરવાના ઇરાદાનુ.
જુઓ ડાકાઈટી ૧.
,, ફરીઆદ ૧૭.

સમાપ્ત.

અક્ષ વાર પક્ષકારોનો અનુક્રમણિકા (ઇન્ડક્ષ)

અ

પક્ષકારોના નામ	પૃષ્ઠ

જ

જી

ઝ

ટ

મ

પક્ષકારોનાં નામ	પૃષ્ઠ
રાણી વિ૦ ઇશ્વરચંદર જોગી, વિ. રી. ૨૧ મી સપટંબર	૭૮૨
રાણી વિ૦ ઈશ્વરચંદર શર, ઈ૦ લો૦ રી૦ ૧૧ ક. ૧૩.. ...	૩૩૩
રાણી વિ૦ એ. ઉખાશાવ, ઈ૦ લો૦ રી૦ ૭ મું. ૮૮	૫૮૯
રાણી વિ૦ ઉજરેહલ, ૩ વા૦ દી૦ પ્રાં૦ ૨૧૨...	૭૦૪
રાણી વિરૂદ્ધ ઉઝર, ઈ૦ લો૦ રી૦ ૧૦ ક.૭૭૫	૧૪૩
રાણી વિ૦ ઉટાલમુચી, ઇ૦ લો૦ રી૦ ૧૦ ક. ૧૦૨૬	૫૦૦
રાણી વિ૦ ઉતમકુનડું. ઈ૦ લો૦ રી૦ ૮ ક. ૩૬૪; ૧૦ ક. લો. રી ૪૬૬.	૧૯૮
રાણી વિ૦ ઉતમચંદ, ૨ વા૦ દી૦ પ્રાં૦ ૨૮૭... ...	૬૧૫
રાણી વિ૦ ઉતમચંદ કપુરચંદ, ૧૧ મું. હા. કો. રી. ૧૨૦...	૯૨૧
રાણી વિ૦ ઉતમલાલ વિગેરે, ૨ વિ૦ રી૦ ૨.. ...	૮૫૭
રાણી વિ૦ ઉતમ નારાયણસીંઘ, ૮ વિ૦ રી૦ ૭૯...	૩૮૨
રાણી વિ૦ ઉતમ ઘોખા, ૧૯ વિ૦ રી૦ ૩૮.	૪૩૩
રાણી વિ૦ ઉદનલાલ, ૩ વિ. રી. ૧ .	૩૬૧
રાણી વિ૦ ઉદયાચંગા વિગેરે, ૨૦ વિ૦ રી૦૨૦...	૪૩૬
રાણી વિ૦ ઉદોયપટ નાઈક વિગેરે, ૧૨ વિ૦ રી૦ ૬૮; ૪ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૫	૫૯૪
રાણી વિરૂદ્ધ ઉદીત ઘિ વિગેરે, ૨૫ વિ. રી૦ ૪૬.	૪૯૮
રાણી વિ૦ ઉધનગીંડ વિગેરે, ૧૯ વિ૦ રી૦ ૬૮...	૯૦૫
રાણી વિ૦ ઉનગનલાલ, ૧ વા.દી.પ્રાં. ૩૦૩	૪૮૮
રાણી વિરૂદ્ધ ઉનાથબંધુ બાનરજી, ૨૧ વિ૦ રી૦ ૩૭	૩૭૨
રાણી વિ૦ ઉપેનદ્રોનાથ દોસ, ઈ૦ લો૦ રી૦ ૧ ક. ૩૫૬... ...	૬૬૬
રાણી વિરૂદ્ધ ઉમરાવ, ૩ વા૦ દી૦ પ્રાં૦ ૩૧૭	૨૦૩
રાણી વિરૂદ્ધ ઉમાભાઈ ડેબીઆ, ૧૩ વિ૦ રી૦ ૨૫	૬૧૫
રાણી વિ૦ ઉમી, ઈ૦ લો૦ રી૦ ૬ મું. ૧૨૬	૬૭૪
રાણી વિરૂદ્ધ ઉમેશચંદર ચોધરી, ૧૪ વિ૦ રી૦ ૧: ૫ બેં૦ લો૦ રી૦ ૦૭ન...	૬૦૪
રાણી વિરૂદ્ધ ઉરામસંગ, ૬ વિ૦ રી૦ ૮૨...	૨૨૨
રાણી વિ૦ રૂકનીકંત મોઝુમદાર, ૩ વિ૦ રી૦ ૫૮	૪૨૧
રાણી વિ૦ રૂકતુદીન, ઈ૦ લો૦ રી૦ ૪ અ ૫૩...	૨૧૦
રાણી વિ૦ રૂચીઆહેન, ૨ વિ૦ રી૦ ૩૯...	૪૬૦
રાણી વિ૦ રૂપનરી, ૧૫ વિ૦ રી૦ ૯; ૬ બેં૦ લો૦ રી૦ ૨૯૬ ...	૧૬૫
રાણી વિ૦ રૂપા ગોવાલા, ૧૫ વિ૦ રી૦ ૪૨...	૩૨૩
રાણી વિ૦ રૂપા, ૨ વિ૦ રી૦ ૪૯...	૪૬૦
રાણી વિ૦ એ. અબ્રામ, ૧ બેં૦ લો૦ રી૦ ક્રી૦ અ૦ ૧૭... ...	૮૧૪
રાણી વિ૦ એનરેલ આહીર વિગેરે, ૭ વિ૦ રી૦ ૨૪ ...	૫૯૧
રાણી વિ૦ એડવર્ડ રે, ૭ મું૦ હા૦ કો૦ રી૦ ૬... ...	૭૪૮
રાણી વિ૦ એડવર્ડ અને બીજો, ઈ૦ લો૦ રી૦ ૯ મું૦ ૩૩૩ ...	૭૬૮
રાણી વિ૦ એમ દેવયાપુરી મુડલીઅર, ઈ૦ લો૦ રી૦ ૬ ક૦ ૬૫૫; ૮ ક૦ લો૦ રી૦ ૧૯૭... ..	૫૫૬
રાણી વિ૦ એમસ્ટન વિટલેલ, ૭ મું૦ હા૦ કો૦ રી૦૮૯... ...	૯૨૮
રાણી વિ૦ એલન, ઈ૦ લો૦ રી૦	૭૬૮

પક્ષકારોનાં નામ	પૃષ્ઠ

પક્ષકારોનાં નામ.	પૃષ્ઠ

પક્ષકારોનાં નામ	પૃષ્ઠ

પક્ષકારોનાં નામ — પૃષ્ટ

પક્ષકારોનાં નામ.	પૃષ્ટ

પક્ષકારોના નામ	પૃષ્ટ

પક્ષકારોના નામ	પૃષ્ઠ

પક્ષકારોનાં નામ	પૃષ્ટ

પક્ષકારોનાં નામ.	પૃષ્ટ

સ.

શુદ્ધિ પત્રક.

પાનું	કલમ	લીટી	ને બદલે	જોઈએ.
૧		૧૦	જુઓ કેદ ૨	જુઓ પકડવું તે ૨
૫૧		૨૩	અપીલ	નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી
,,		૧૧	,,	,,
૫૨		૨	,,	,,
૫૨	૨૧	૧૨	કાયદા વિરૂદ્ધ બક્ષીસ.	ગેરકાયદેસર બક્ષીસ
૫૩	૧૦૯	૧૬	એકની હૈયાતીમાં ફરીથી લગ્ન.	બે વાર લગ્ન ૨, ૬, ૮
,,	,,	૧૭	ઠગાઇ કરવી વેષ લેઈને ૫, ૬, ૮.	ઠગાઈ કરવી વેષ લેઈને ૭.
૫૮	૧૬૧	૩૬	કાયદા વિરૂદ્ધ બક્ષીસ લેવી.	ગેરકાયદેસર બક્ષીસ લેવી.
,,	૧૬૫	૩૮	,,	,,
૫૫	૧૭૦–૭૧	૩–૪	ખોટા લેખો	જુઠા લેખો
૫૬	૨૧૩	૧૯	કાયદા વિરૂદ્ધ બક્ષીસ.	ગેરકાયદેસર બક્ષીસ.
,,	૩૦૭	૨૩	અસ્વભાવીક ગુન્હો.	સૃષ્ટીક્રમણ.
,,	૪૦૬	૩૫	અપીલ.	નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી.
૬૧	૪૦૯	૧૮	અપીલ.	નિચેની કોર્ટના ફેંસલા સામે અરજી.
૭૨		૩૭	નાસી જવું કેદખાનામાંથી.	કેદખાનામાંથી નાસી જવું.
૭૮	૪૩૫	૩૮	આડા અવળો જવાબ દેવા.	જવાબ દેવામાં આડા અવળા જવું.
૮૦	૫૩૧	૩૪	જાહેરાંત સેરીઓ.	સાર્વજનીક સેરીઓ.
૮૧	૬૪૨, ૬૫૧.	૩૬	નાસી જવું કેદમાંથી.	કેદમાંથી નાસી જવું.
૮૨		૨૩	બંડ	હુલ્લડ.
,,	૪૬	૩૧	નાસી જવું કેદમાંથી.	કેદમાંથી નાસી જવું.
,,	૮૦	૩૩	,,	,,
૮૩	૧૧૫	૭	,,	,,
,,	૧૧૮	૧૦	,,	,,
,,	૧૬૭	૩૨	,,	,,
,,	૨૫૧	૩૫	,,	,,
૮૪	૩૩૬	૧૯	,,	,,
,,	૩૩૯	૨૨	,,	,,
,,	૪૧૩	૧	,,	,,
,,	૪૨૩	૯	,,	,,

,,	૪૩૯	૨૯	નાશી જવું કેદમાંથી	કેદમાંથી નાશી જવું.
૮૫		૧	,,	,,
,,	૫૮૮	૩૦	,,	,,
૨૩૩		૨	રામરચ્યાસીંગ વિગેરે ૪ વિ.રી. ૨૯.	ભાડુ પોરામાનીક ૪ વિ. રી. ૨૩.
,,		,,	મેસર્સ કેમ્પ અને સેટનકાર જડજોની રૂબરૂ, તા૦ ૨૮ મી નવંબર સને ૧૮૬૫.	મેસર્સ લોચ અને ગ્લોવર જડજોની રૂબરૂ, તા૦ ૧૦ મી નવંબર સને ૧૮૬૫.
,,		,,	ખુનનો ફેંસલો ૭૦ મો (જુઓ ૨૪૭ મે પાને.)	
૨૪૪		,,	(ખોટા શીક્કાના ૩ જા ફેંસલામાં પક્ષકારોનું નામ રહેલું તે).	રાણી વિ૦ કુનજાબેહારી ૫ વા૦ દી૦ પ્રાં૦ ૧૮૭.
૨૬૪		,,	(ગેરવ્યાજબી કેદના સાતમા ફેંસલામાં છેવટ લખવું રહી ગએલું તે).	પ્રો. તા૦ ૨૩ મી જુન સને ૧૮૭૦ ૫ મ. હા. કો. રી. અપે. ૨૪.
૩૦૧		૭ મી લીટી પછી વાંચવું.	(મોહેસ મીસ્રી અને બીજો અરજદારો, ૨૫ વિ.રી. ૬૭).	
૩૧૦		છેલી લીટી	(મુકવાથી) એ શબ્દો પછી "થએલા બીજા કોઈ પરીણામોથી" એ શબ્દો વાંચવા.	
૫૨૦		૨૧	"રાણી" એ શબ્દ પછી.	"વિ" એ વાંચવું.
,,		૪	"કીરતી ઓઝા વિ. રાજકુમાર"	"રાજકુમાર વિ કીરતી ઓઝા."
૪૦		૧૪ (અનુક્રમણીકા)	"કેસજા"	"કુનજા"